Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કૃષિ શબ્દકોશ

## (અંગ્રેજી-ગુજરાતી)

નરહરિ કે. ભટ્ટ
ભા. વિ.
ગૂજરાત વિદ્યાપીઠ

ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ-૩૮૦ ૦૧૪

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કૃષિ શબ્દકોશ

(અંગ્રેજી-ગુજરાતી)

નરહરિ કે. ભટ્ટ
ભા. વિ.
ગૂજરાત વિદ્યાપીઠ

ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ-૩૮૦ ૦૧૪

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાવલિ પુ૦ ૨૦૩

# કૃષિ શબ્દકોશ

## ( અંગ્રેજી-ગુજરાતી )

નરહરિ કે. ભટ્ટ
ભા. વિ.
ગુજરાત વિદ્યાપીઠ

ગૂજરાત વિદ્યાપીઠ
અમદા -૩૮૦ ૦૧૪

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રકાશક
વિનોદ રેવાશંકર ત્રિપાઠી
મંત્રી, ગૂજરાત વિદ્યાપીઠ મંડળ
ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ-૩૮૦૦૧૪

મુદ્રક
જિતેન્દ્ર ઠા. દેસાઈ
નવજીવન મુદ્રણાલય
અમદાવાદ-૩૮૦ ૦૧૪

© ગૂજરાત વિદ્યાપીઠ

પ્રથમ આવૃત્તિ, માર્ચ, ૧૯૮૯
નકલ ૧૦૦૦

કિંમત રૂ. ૨૬૦-૦૦ માર્ચ, ૧૯૮૯

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રસ્તાવના

ગુજરાતમાં માતૃભાષા દ્વારા શિક્ષણ વ્યાપક થતું જાય છે. આ માટે ગુજરાતીમાં વિજ્ઞાન–પરિભાષાકોશની આવશ્યકતા તાકીદની બની છે. વિજ્ઞાન-પરિભાષાકોશના આધારે ચોક્કસ વૈજ્ઞાનિક પરિભાષાનો સાર્વત્રિક ઉપયોગ શિક્ષકોએ તથા લેખકોએ કરવો જોઈએ, જેથી શિક્ષણમાં તથા પુસ્તક–લેખનમાં એકસૂત્રતા પ્રવર્તે. વ્યાપક ઉપયોગથી જ વૈજ્ઞાનિક પરિભાષા પ્રચલિત થઈ શકશે.

ગુજરાતની ૧૪ ગ્રામ વિદ્યાપીઠોમાં અને ૩૦૦ જેટલી ઉત્તર બુનિયાદી શાળાઓમાં કૃષિનો વિષય શીખવાય છે. એને અનુલક્ષીને વિજ્ઞાન-પરિભાષા-કોશનો પ્રારંભ કૃષિ-વિજ્ઞાનથી કરવાનું અમે નક્કી કર્યું.

શ્રી નરહરિભાઈ ભટ્ટે ખૂબ જ જહેમત ઉઠાવીને આ 'કૃષિ શબ્દકોશ' તૈયાર કરી આપ્યો છે. આ કોશમાં ખેડકાર્યને લગતી ખેતીવાડી ઉપરાંત કૃષિ-વિજ્ઞાન સાથે સંકળાયેલા કૃષિ ભૌતિકવિજ્ઞાન, કૃષિ રસાયણવિજ્ઞાન, કૃષિ વનસ્પતિવિજ્ઞાન, કૃષિ ઇજનેરી વિજ્ઞાન, કૃષિ ભૂમિવિજ્ઞાન, દુગ્ધાલય વિજ્ઞાન, પશુસંવર્ધન, પશુરોગ ચિકિત્સા વિજ્ઞાન, કૃષિ અર્થશાસ્ત્ર જેવા વિષયોના શબ્દો, પદો અને શબ્દગુચ્છોના પર્યાયો અને તેમની વિસ્તૃત સમજૂતીઓ આપવામાં આવ્યાં છે. ગુજરાતી ભાષાના સક્ષમ વિકાસ માટે આ ખૂબ જ મહત્ત્વનું પગલું છે. આ માટે શ્રી નરહરિભાઈ ભટ્ટના અમે ખૂબ જ આભારી છીએ.

આ કૃષિ-કોશ ગુજરાતીમાં અધ્યયન, અધ્યાપન અને સંશોધનકાર્યમાં સંકળાયેલા સહુ કોઈને ઉપયોગી બનશે એવી આશા છે. નવજીવન મુદ્રણાલયના પણ આ કોશના ઝીણવટભર્યા મુદ્રણકાર્ય માટે અમે આભારી છીએ. આ કોશ તૈયાર કરવા માટે યુ. જી. સી.ની સહાયતા મળી છે તે માટે તેના પણ અમે આભારી છીએ.

**રામલાલ પરીખ**
**કુલનાયક**
ગુજરાત વિદ્યાપીઠ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નિવેદન

મેં શરૂ કરેલી શબ્દકોશ શ્રેણીઓમાંના પ્રથમ કોશ – વિનયન કોશ પછી, કૃષિ શબ્દકોશ પ્રગટ થઈ રહ્યો છે, ત્યારે મને હર્ષ થાય છે. આ માટે મને તક આપવા મારી વિદ્યાસંસ્થા ગુજરાત વિદ્યાપીઠનો હું ઋણી છું. મને પ્રોત્સાહન આપવા માટે તેના કુલનાયક શ્રી રામલાલભાઈનો અત્રે હું આભાર માની લઉં.

આ કૃષિ શબ્દકોશમાં, ખેડકાર્યને લગતી ખેતીવાડી ઉપરાંત કૃષિવિજ્ઞાન સાથે સંકળાયેલા, કૃષિ ભૌતિકવિજ્ઞાન, કૃષિ રસાયણવિજ્ઞાન, કૃષિ વનસ્પતિવિજ્ઞાન, કૃષિ ઈજનેરી વિજ્ઞાન, કૃષિ ભૂમિવિજ્ઞાન, દુગ્ધાલયવિજ્ઞાન, પશુસંવર્ધન, પશુરોગ ચિકિત્સાવિજ્ઞાન, કૃષિ અર્થશાસ્ત્ર જેવા વિષયોના શબ્દો, પદો અને શબ્દગુચ્છોના પર્યાયો અને વિસ્તૃત સમજૂતીઓ આપવામાં આવી છે. સાથે સાથે વનસ્પતિવિજ્ઞાન અંગેની આંતરરાષ્ટ્રીય પરિપાટીને અનુસરીને દ્વિનામ પદ્ધતિ અનુસાર વનસ્પતિના લૅટિન શબ્દો અને તેના પર્યાયો અને સમજૂતીઓ આપવામાં આવી છે. આટલો આ સર્વગ્રાહી કૃષિશબ્દકોશ હોઈ તે અધ્યયન અને અધ્યાપન–કાર્યમાં રોકાયેલાઓને ઉપયોગી બનશે તો મારી મહેનત ફળી એનો હું સંતોષ માનીશ.

આના સંબંધમાં એક દુઃખદ ઘટના બની હતી તેનો ઉલ્લેખ કર્યા વિના હું રહી શકતો નથી. મારા આ કોશને પ્રસિદ્ધ કરવા ગ્રંથ નિર્માણ બોર્ડે ધાર્યું હતું અને આ માટે મેં મારી બધી જ હસ્તપ્રતો બોર્ડને સુપરત કરી હતી. બોર્ડે મારી હસ્તપ્રતો દોઢ વર્ષ કરતાં વધારે સમય રાખી મૂક્યા પછી કૃષિ યુનિવર્સિટીએ બોધભાષા તરીકે ગુજરાતીના સ્થાને અંગ્રેજી ભાષાને સ્થાન આપ્યાનું બહાનું કાઢી મારી હસ્તપ્રતો પાછી મોકલી હતી.

સૌ વિષયોમાં કૃષિ જેવા વિષય માટે અંગ્રેજી ભાષા બોધભાષા બને એ બેહૂદી ઘટના તો છે જ પરંતુ ગુજરાતમાં તેનો સ્વીકાર થાય તે શિક્ષણનો વિષય સંભાળનાર માટે કોઈ રીતે ગૌરવપ્રદ નથી.

વારંવાર પ્રૂફો મંગાવવાના મારા આગ્રહનો સ્વીકાર કરી મને સંતોષ થાય તેમ કરી આપવા માટે નવજીવન ટ્રસ્ટના મૅનેજિંગ ડિરેક્ટર શ્રી જિતેન્દ્રભાઈ દેસાઈનો હું આભારી છું.

નરહરિ ભટ્ટ

## શુદ્ધિ પત્રક

| પાનું | કૉલમ | પંક્તિ | અશુદ્ધિ | શુદ્ધિ |
|---|---|---|---|---|
| ૧૩૭ | બીજું | ૩૩ | **Condiophore** | **Conidiophore** |
| ૧૩૭ | બીજું | ૩૬ | **Condium** | **Conidium** |
| ૧૬૭ | પહેલું | ૧૭ | જમીનમાં ડો | જમીનમાં ખાડો |
| ૧૭૬ | બીજું | ૨૭ | **d. bread** | **d. breed** |

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કૃષિ શબ્દકોશ

## A

**aam.** કેરી. **a. haldi.** આંબાહળદર.

**abaca.** કેળના રેસામાંથી બનાવવામાં આવતું શણ; જુઓ *manila hemp*. **a. banana** જુઓ *manila hemp*.

**abaka.** જુઓ *manila hemp*.

**abattoir.** કતલખાનું.

**abaxial.** અક્ષથી દૂર, અપાક્ષ.

**ABC soil.** એ, બી અને સી સંસ્તરો સમેતની સ્પષ્ટ ભૂમિ પરિચ્છેદિકા.

**abdomen.** જઠર, ઉદર, પેટ; પૃષ્ઠવંશી પ્રાણીઓના પાચન અંગવાળું શરીર–અંગ. **abdominal.** જઠરને લગતું. **a. dropsy** જળોદર, દેહજલનો જઠરમાં ભરાવો થવાની વિકૃત અવસ્થા–રોગ. **a. viscera.** ઉદરાંગ.

**Abelmoschus** *esculentus* (L.) **Moench.** (Syn. *Hibiscus esculentus* (L.) કાર્પાસાદિકુળની શાકીય વનસ્પતિ, ભીંડા, જેના પ્રકાંડના રેસા બનાવવામાં આવે છે **A.** *ficulneus* **(L.)** રણભીંડી. **A.** *manihot* (L.) **Medic.** (*Syn. Hibiscus manihot* (L.) રણભીંડી, કાર્પાસાદિકુળની પ. બંગાળ, પશ્ચિમ ઘાટ, દ. કાનડા અને કેરળમાં થતી શાકીય વનસ્પતિ, જેના રેસાનાં દોરડાં બનાવાય છે. **A.** *moschatus* (**L**) **Medic.** (Syn. *Hibiscus abelmoschus* (L.) મશકદ, કસ્તુરી ભીંડી; એક વનસ્પતિ, જેના રેસાનું કાપડ બનાવવામાં આવે છે; જેનાં બીનું તેલ સુગંધી દ્રવ્યમાં ઉપયોગમાં આવે છે, અને જે દખ્ખણના ડુંગરાળ વિસ્તારમાં થાય છે.

**aberrant.** અસામાન્ય રચના ધરાવનાર (વનસ્પતિ); સામાન્ય પ્રકાર કરતાં ભિન્ન લક્ષણો ધરાવનાર (વનસ્પતિ). **aberration.** પર્યાવરણીય કારણે વ્યક્તિગત વનસ્પતિમાં થતો ફેરફાર; જે તેની સંતતિમાં ઉતરતો નથી.

**abi.** મે-જુનમાં વાવેલો અને નવેમ્બર-ડિસેમ્બરમાં લણાતો ડાંગરનો પાક.

**Abies** *pindrow* **Royle.** ફરનું ઝાડ, ફરાદિ કુળનું પશ્ચિમ હિમાલયમાં થતું ઊંચું વૃક્ષ, જેનું કાષ્ઠ ઈમારતી કામ, રેલવેના સલેપાટ અને પેટીઓ બનાવવાનાં કામમાં આવે છે. **A.** *webbliana*. તાલીસપત્ર.

**abiogenetic.** અજીવજનન વિષયક, સહસાજનન વિષયક. **abiogeny.** અજીવ-જનન ઘટના, સહસાજનન ઘટના.

**abiotic.** અજીવી. **a. disease,** જીવંત ન હોય તેવા કારણે થતો કોઈ રોગ, બિન-પરજીવીના કારણે થતો કોઈ રોગ.

**abjection.** અપક્ષેપ; ફૂગ દ્વારા બીજાણુને વૃંતથી અલગ કરવાની ઘટના.

**abjunction.** પડદા દ્વારા બીજાણુને વૃંતથી દૂર કરવાની ઘટના.

**ablactate.** (બચ્ચાને) દૂધ પીતું – માને ધાવતું છોડાવવું.

**abluent.** પરિમાર્જક, સાફ કરવા માટે ઉપયોગમાં આવતું કારક – અભિકર્મક.

**abnormal.** અસાધારણ, વિલક્ષણ, અ-સામાન્ય. **a. egg.** કોચલાની ભૂલભરેલી રચનાના કારણે ઘાટ વિનાનું બનતું ઈંડું: બેવડી જરદી, લોહીના ડાઘ, માંસના ડાઘ કે અન્ય રંગની જરદીવાળું ઈંડું. **a. milk.** અપસામાન્ય દૂધ; સમાંગ અને સુંવાળું હોવાને બદલે પાણી જેવું, ચીકાશ પડતું, ઘાસના રંગ જેવું, વાસ મારતું દૂધ, જે દૂધ દેનાર પ્રાણીને થયેલા કોઈ રોગ, તેને અપાયેલા ચારા કે દવા-દારૂ, તેની રક્ત-વાહિની ફાટી ગઈ હોય કે તેને કોઈ ઈજા થઈ હોય, અસ્વચ્છ દોહવાની પ્રથા કે ગંદા



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાસણ – આમાંના કોઈ એક કે ઘણાં કારણોના પરિણામે આવા પ્રકારનું થવા પામ્યું હોય તેવું અસામાન્ય દૂધ.

**abnus.** અબનૂસ; જુઓ *Macassar ebony.*

**abomasum.** વાગોળનાર પ્રાણીનું ચોથું કે સાચું આમાશય, જ્યાં ખાધેલા ખોરાક પર પાચક રસો પ્રક્રિયા કરી ખોરાકને પચાવે છે.

**aboospore.** લૈંગિક સમાગમ વિના પેદા થતો અંડકોષ.

**abortion.** ગર્ભસ્રાવ, ગર્ભપાત; અકાળે ભ્રૂણ કે ગર્ભધારણ કરેલા ગર્ભાશયમાંનાં દ્રવ્યોનો બહિર્નિકાશ, જે કોઈ યાંત્રિક ઈજા, ગભરાટ, ગર્ભાશયમાંના કોઈ વિશિષ્ટ ચેપના પરિણામે બનવા પામે છે. (૨) વનસ્પતિમાં કોઈ અંગનો વિકાસ કુંઠિત થવો. (૩) છોડાં કે મુદ્દલે બી નહિ થવાં. (૪) અકાળે થતું ફળનું પતન. (૫) વૃદ્ધિમાં આવતો અવરોધ. **abortive.** અવિકસિત, અપૂર્ણઘટિત, અવર્ધિત, નિષ્ફળ, વંધ્ય.

**abrasion.** અપઘર્ષણ, ઉઝરડો, ચામડી પર ઉપરછલ્લી ઈજા કે શ્લેષ્મીય ત્વચાને થયેલી ઈજા. (૨) ઘસારાથી કૃષિ ઓજારને લાગેલો ઘસરકો.

**Abroma** *augusta*(L.)*L.f.*, મુચુકુંદાદિ કુળનો ઉલટકંબલ નામનો ક્ષુપ, જેના રેસાનાં દોરડાં બનાવવામાં આવે છે, અને જે ઉત્તર પ્રદેશ, ખાસી ટેકરીઓ અને આસામમાં થાય છે.

**abruptly.** એકાએક, અપચ્છિન્ન. **a. acuminate.** અપચ્છિન્નાગ્ર (પર્ણ). **a. bulbous.** અપચ્છિન્ન કંદવાળું. **a. pinnate.** અપચ્છિન્ન પક્ષવત્; અંત્ય લઘુપર્ણ વિનાનું સંયુક્તપર્ણ.

**Abrus** *precatorius* (L). ચણોઠી, રતી; પલાશાદિકુળનો આરોહીક્ષુપ, જેનાં ફળ સૂક્ષ્મ કે કિંમતી વસ્તુઓનું વજન કરવા માટે સોનીઓ કે ઝવેરીઓ ઉપયોગમાં લે છે; વજન કરવાનું એક સાધન.

**abscess.** ગૂમડું, વિદ્રધિ; શરીરના ગમે તે ભાગમાં પરુ જામી જવું. **a. knife.** ગૂમડું ચીરવા માટેની છરી – શસ્ત્ર.

**abscissed.** વિયોજિત, અપચ્છેદિત. **abscission.** અપચ્છેદન, વિયોજન. (૨) પર્ણ, ફળ કે ફૂલનું પતન કે તાડન. **a. layer.** વિયોજન સ્તર. **a. tissue.** વિયોજન પેશી. **a. zone.** વિયોજન પ્રદેશ.

**Absidia** *ramosa*. ગાયને થતો ફૂગજન્ય ગર્ભપાત; જુઓ *bovine mycotic abortion.*

**absolute** નિરપેક્ષ, પરમ, શુદ્ધ. **a. deviation.** નિરપેક્ષ વિચલન. **a. error.** નિરપેક્ષ ત્રુટિ–દોષ – ભૂલ – ક્ષતિ.. **a. frequency.** નિરપેક્ષ આવર્તન–વારંવારતા. **a. growth rate.** વૃદ્ધિનો નિરપેક્ષ દર; ચોક્કસ સમય અને સંતતિમાં વનસ્પતિ કે તેના અંગની થતી વૃદ્ધિનો દર. **a. humidity.** અવકાશના એક ઘનફળ દીઠ પાણીની બાષ્પનો જથ્થો. (૨) પાણીની બાષ્પદ્વારા થતું વાયવીય દબાણ. (૩) નિરપેક્ષ આર્દ્રતા–ભેજ. **a. immunity.** નિરપેક્ષ રોગ પ્રતિરક્ષા; ચોક્કસ પ્રકારના દર્દની સામે સમસ્ત પ્રાણીજાતની પ્રતિરક્ષા, જેમાં રોગોત્પાદક સજીવની મોટી માત્રા આપવા છતાં કોઈ ફેર પડતો નથી. **a. measure of dispersion.** નિરપેક્ષ પ્રસરણ માપ. **a. scracity.** અત્યંત અછતની પરિસ્થિતિ. **a. temperature.** નિરપેક્ષ–પરમ ઉષ્ણતામાન; **a. transpiration.** નિરપેક્ષ ઉત્સ્વેદન; વનસ્પતિમાંથી પાણીનું થતું નિરપેક્ષ ઉત્સ્વેદન, બાષ્પીભવન. **a. water requirement.** એકર ઈંચના પાકની મોસમદીઠ પાકે શોષેલા પાણીની સામે પાક ઉત્પન્ન કરતી જમીને બાષ્પીભવનથી ગુમાવેલું પાણી.

**absorb.** શોષવું, અવશોષણ કરવું. **absorbate.** અવશોષ્ય; અવશોષિત. **absorbed.** અવશોષિત. **absorbent.** પાણી કે હવાને ગ્રહણ કરી પોતાની અંદર તેને વિતરિત કરનાર દ્રવ્ય, અવશોષક. **a. cotton.** પાણી કે અન્ય પ્રવાહી–ઔષધને શોષી લેનાર રૂ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**absorbing** શોષક, અવશોષણ કરનાર. **a. organ.** અવશોષક અંગ. **a. region.** અવશોષક પ્રદેશ. **a. state.** શોષક સ્થિતિ-અવસ્થા. **absorption.** સક્રિય અવશોષણ. (૨) પાચિત ખોરાકનું પાચન માર્ગમાંથી પરિવહન તંત્રમાં થતું શોષણ. **a., active.** સક્રિયઅવશોષણ. **a., maximum.** ગુરુતમ-અધિકતમ અવશોષણ. **a., passive.** નિષ્ક્રિય અવશોષણ. **a. apparatus.** અવશોષણ ઉપકરણ. **a. coefficient.** અવશોષણ ગુણાંક. **a. hand.** અવશોષણ પટ. **a. index.** અવશોષણાંક. **a. loss.** અવશોષમાં થતી હાનિ. **a. ratio,** અવશોષણ ગુણોત્તર. **a. spectrum.** અવશોષણ વર્ણપટ. **absorptive.** અવશોષક, શોષક, **a. root.** શોષક-ચૂસક મૂળ: પાણી, ખનિજ દ્રવ્યો ઇ.નું અવશોષણકરતું મૂળ. **absorptivity.** અવશોષકતા, શોષણ કરવાની શક્તિ-ક્ષમતા.

**abstract.** સાર, સારાંશ. (૨) સત્ત્વ, તત્ત્વ.

**abstriction.** વૃંતથી-દાંડીથી ખાસ કરીને સંકુચનથી થતી મુક્તિ.

**abut.** સંસક્ત થવું.

**Abutilon** *asiaticum* **P. Don.** કાંસકી, મખમલીખપાટ;-કાર્પાસાદિ કુળનોક્ષુપ, જેના રેસાનાં દોરડાં બનાવવામાં આવે છે. **A.** *avicennae*. **Gaertn** કા. કુળની નાની ખપાટ, ખાજ ખાજવણી. **A.** *fruticosum*. **Guill & Perr.** કા. કુળની ઝીણકી ખપાટ.**A.** *indicum*(**L.**)**Sweet.** કાંસકી, નાનકડી ખપાટ; કા. કુળની વનસ્પતિ, જેના રેસાનાં દોરડાં બનાવવામાં આવે છે. *A.muticum* **Sweet** (*Syn.A. asiaticum*. **P.Don**) મખમલી ખપાટ.**A.** *polyandrum*. **G.Don.** મખમલી ખપાટ; કા. કુળની વાયવ્ય ભારત, પશ્ચિમ દ્વીપકલ્પીય પ્રદેશ અને હિમાલયમાં થતી વનસ્પતિ, જેના પ્રકાંડના રેસાનાં દોરડા બનાવવામાં આવે છે. **A.** *ramosum*. ધોળી ખપાટ. **A.** *theophrastii* *Mepci* (Syn.**A.** *avicennae* **Gaertn**). નાની ખપાટ; વાયવ્ય ભારત, કાશ્મીર અને પ. બંગાળમાં થતી કા. કુળની વનસ્પતિ, જે શણ તરીકે ઓળખાય છે, અને જેના કામળા બનાવવામાં આવે છે.

**Acacia** *aneura* **F. Muell.** બબ્બુલાદિ કુળની મૂળ ઑસ્ટ્રેલિયાની વનસ્પતિ, જેનાં પાંદડાં નો ઘાસચારો થાય છે. **A.** *arabica* (**Lamk.**) **Willd.** બાવળ; બ. કુળનું ઝાડ, જેની સિંગોનો ઘાસચારો બને, છાલ ચામડાં કમાવવા માટે ઉપયોગી નીવડે, ગુંદર ખાદ્ય દ્રવ્ય છે અને તે મીઠાઈ બનાવવાના કામમાં આવે છે, જેનાં ડાળાં-ડાંખળાંનાં ટોપલા-ટોપલીઓ બને અને જેના કાષ્ઠના કોલસા બને. **A.** *auriculiformis* **A. Cunn.** ઑસ્ટ્રેલિયન બાવળ, બ. કુળનું સદાહરિત વૃક્ષ, જેનાં ફૂલ સુંદર છે અને જે શોભા માટે વિથી બનાવવા ઉગાડવામાં આવે છે. **A.** *catechu*(**L.f.**) **Willd.** લાલખેરિયો બાવળ; ખેર, ખદીર; બ. કુળનું વૃક્ષ, જે પર લાખનાં જંતુ વસાહત બનાવી રહે છે, જેનો રસ રંગકામ અને વાનગી સાચવવા ઉપયોગી બને, જેનો કાથો બને, જેનો ગુંદર પ્લાયવૂડને ચોંટાડવામાં કામમાં આવે છે, જેનો રસ કેનવાસ, માછલા પકડવાની જાળ રંગવા માટે ઉપયોગી બને, જેના કાષ્ઠ મજબૂત હોય છે અને જે મોટાભાગે પંજાબ, મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશ, આન્ધ્ર પ્રદેશમાં થાય છે અને જેના કાથાનો ઉદ્યોગ બરેલી, ગ્વાલિયર અને મુંબઈમાં કેન્દ્રિત થયો છે. **A.** *concinna* **D.C.** શિકાકાઈ, વન અરીઠાં; બ. કુળની પશ્ચિમના કાંઠાળ પ્રદેશો, આન્ધ્રપ્રદેશ, આસામ અને બિહારમ થતી આ વનસ્પતિનાં ફળનો ઉપયોગ વાળ અને રેશમી, ઊની વસ્ત્રો ધોવામાં થાય છે. **A.** *dealbata* **Link.** મૂળ ઑસ્ટ્રેલિયા અને ટાસ્માનિયાનું પણ નીલગિરી અને પાલનીમા વાવવામાં આવતું બ. કુળનું વન નિર્માણ માટે ઉપયોગી વૃક્ષ.**A.** *decurrens* **Willd** var. **dealbata** F. **Muell** (Syn. **A.** *decurrens* **Willd.** var.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



*mollis* **Lindl.** (Syn. **A.** *mollissima* **Willd.** બ. કુળનું અંગ્રેજીમાં *Black Wattle* તરીકે ઓળખાતું નીલગિરિમાં થતું વૃક્ષ; જેની છાલ ચામડાં કમાવવા માટે કામમાં આવે છે અને જેના કાષ્ઠના માવાના કાગળ બને છે. **A.** *eburnea.* તટક્રિયા બાવળ. **A.** *farnesiana* (L). **Willd.** ઝેરી બાવળ, ગંધ બાવળ, તલ બાવળ; બ. કુળનું મૂળ વેસ્ટઈન્ડિઝનું પણ ભારતભરમાં થતું વૃક્ષ; જેનાં ફૂલમાંથી સુગંધી દ્રવ્ય મળે છે. **A.** *ferruginea.* **D.C.** શાણખેર; બ. કુળનું ગુંદર આપતું ગુજરાત, આન્ધ્ર પ્રદેશ, અને પશ્ચિમઘાટમાં થતું એક વૃક્ષ. **A.** *jacquemontii.* **Benth.** રાતો બાવળ, તલબાવળ, કિંકર; બ. કુળનું ગુજરાત, પંજાબ અને રાજસ્થાનમાં થતું વૃક્ષ; જેનાં પાંદડાંનો ઘાસચારો બને, છાલના રેસા અને ચામડાં કમાવવાનું દ્રવ્ય મળે; જે ખાંડ અને તાડીમાંથી સ્પિરિટ બનાવવા માટે ઉપયોગમાં આવે છે અને જે પંજાબ, રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં થાય છે. **A.** *lebbek.* **Willd.** બ. કુળનું પાનખર વૃક્ષ; જેનું કાષ્ઠ કૃષિ ઓજારો, ફર્નિચર, પેટીઓ, પાટિયાં, નકશીકામ, પૈડાં ઇ. માટે ઉપયોગમાં આવે છે અને છાલના રેસાની માછલાંની જાળ બને છે. **A.** *leucophloea* (**Roxb.**) **Willd.** (Syn. *Mimosa leucophloea* (**Roxb.**). સફેદ કિંકર; બ. કુળનું પંજાબ રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં થતું વૃક્ષ, જેની છાલના રેસા બને, ચામડાં કમાવવામાં ઉપયોગી બને, અને જે ખાંડ અને તાડીમાંથી સ્પિરિટ બનાવવાના ઉપયોગમાં આવે છે. **A.** *melanoxylon* **R. Br.** ઑસ્ટ્રેલિયન બાવળ. **A.** *modesta* **Wall.** બ. કુળનું પંજાબમાં થતું વૃક્ષ; જેના કાષ્ઠનાં શેરડી પીલવાનું કોલું, કૃષિ ઓજારો બનાવવામાં આવે છે ઉપરાંત તે બળતણમાં ખપ લાગે છે; પથરાળ પ્રદેશમાં વનનિર્માણ માટે આ વૃક્ષ ઉપયોગી છે અને તે ગુંદર પણ આપે છે. **A.** *mollissima* **Willd.** બ. કુળનું મૂળ ઑસ્ટ્રેલિયાનું પણ નીલગિરિમાં થતું ઝાડ, જેનું કાષ્ઠ બળતણ માટે ઉપયોગી બને છે. **A.** *nilotica* (**L**) **Willd** *ex. Del. subsp indica* **Benth.** (Syn. *A. arabica* (**Lamk**) **Willd.** બાવળ, કાળો બાવળ, બ. કુળનું વૃક્ષ, જેની સિંગોનો ચારો બને, છાલ-ચામડાં કમાવવા માટે ઉપયોગી બને અને જેનાં ડાળખાંના ટોપલા-ટોપલીઓ બને **A.** *pycnantha* **Benth.** અંગ્રેજીમાં *Golden wattle* તરીકે ઓળખાતું, મૂળ ઑસ્ટ્રેલિયાનું પણ નીલગિરિમાં થતું વૃક્ષ. **A.** *senegal* (**L**) **Willd.** (Syn. **A.** *verek* **Guill & Perr**). ગોરડ; બ. કુળનું મૂળ ઉ. આફ્રિકાનું પણ પંજાબ અને રાજસ્થાનમાં થતું વૃક્ષ; જેનો ગુંદર કાપડ કામ, મીઠાઈ અને પોલિશ કરવા માટે ઉપયોગી છે. **A.** *tomentosa* **Willd.** બ. કુળનું અંજાર નામનું વૃક્ષ. **A.** *tortilis.* બ. કુળનું ઈઝરાઈલ બાવળ નામે ઓળખાતું વૃક્ષ. **A.** *verek.* **Guill. & Perr.** બ. કુળનાં પંજાબ અને રાજસ્થાનમાં થતા બાવળનો પ્રકાર; જેનો ગુંદર કાપડ, પેસ્ટ, પૉલિશ અને મીઠાઈમાં ઉપયોગમાં લેવામાં આવે છે; જે કુમતા નામે પણ ઓળખાય છે.

**acalycine.** છાલ વિનાનું. આચ્છાદન વિનાનું દોરડું. **a. calycinous.** છાલ-રહિત,

**Acalypha** *hispida.* **Burm. f,** આમકલ્યાદિકુળની શણગાર માટેની શાક્ષ્ય વનસ્પતિ. (૨) બિલાડીનું પૂંછ, દાદરી, રુછાળો દોરડો. **A.** *indica* L. ખોકલી. દાદરો, વેંછી કાંટો; આ. કુળની વનસ્પતિ. **A.** *wilkesiana* **Muell-Arg.** ગાર્ડન એકેલિફા; આ. કુળની એક વનસ્પતિ.

**Acanthaceae.** વાસાદિકુળની વનસ્પતિઓ, જેમાં કણજેરો, અરડૂસી, કરિયાતુ ઈ.નો સમાવેશ થાય છે. **acanthaceous** કાંટાળુ

**Acanthiophilus** *helianthi.* કરડીને લાગુ પડતું એક પ્રકારનું જંતુ.

**acanthocarpus.** કાંટાળા આવરણ

For Private and Personal Use Only

ઝાલવાળું ફળ.

**Acanthospermum** *hispidum.* સહદેવ્યાદિકુળનું વર્ષાયુ ઘાસપાત; જુઓ *star burr.*

**Acanthus.** કાંટાળી વનસ્પતિ. **A.** *ilicifolius* **L.** નીપગુરૂ.

**acariasis.** જૂ અને ઈતડીના ઉપદ્રવવાળી વનસ્પતિ કે પ્રાણીની રોગાવસ્થા. **acaricide.** જૂ અને ઈતડીનો નાશ કરનાર પ્રક્રિયક-દ્રવ્ય. **acarids.** જૂ અને ઈતડી વર્ગનાં જંતુઓ. **acarocecidium.** ઈતડીથી વનસ્પતિને થતી ગાંઠનો રોગ. **acarology.** જૂ અને ઈતડીનું વિજ્ઞાન.

**acarpous.** ફળવિહીન, ગર્ભપત્ર વિનાનું, અનંડપ, અ-સ્ત્રીકેસરીય (વનસ્પતિ). **acarpous.** અફળ, અફલીય.

**acaudate.** પુચ્છવિહીન.

**acaryllagic.** કેન્દ્રીય પરિવર્તનવાળું (પુનર્જનન).

**accelerate.** પ્રવેગિત કરવું, ત્વરિત કરવું. **accelerated.** પ્રવેગિત, ત્વરિત. **a. growth.** પ્રવેગિત વૃદ્ધિ, **a. soil erosion.** પ્રવેગિત જમીન-ધોવાણ; રક્ષણ આવરણ વિનાની ઘસારો પામેલી જમીનનું બાહ્યાવરણ માનવ કે પશુના કાર્યથી દૂર થઈ જવું, જે જમીન નિર્માણ થવાની ક્રિયા કરતાં ય વધારે ઝડપથી બનવા પામે છે. **acceleration.** પ્રવેગ. **accelerator.** પ્રવેગક. (૨) કોઈપણ ઉત્સેચકની કાર્યક્ષમતામાં વધારો કરતું દ્રવ્ય.

**acceptor.** ગ્રાહી, સ્વીકારનાર.

**accessory.** સહાયક, વધારાનું આગંતુક, આનુષંગી. **a. bud.** વધારાની અક્ષીય કલિકા, ઉપકલિકા, અનુષંગી ઉપકલિકા. **a. cell.** ઉપકોષ, સહાયક કોષ. **a. character.** કોઈપણ જાતિના પ્રાણી કે વનસ્પતિના નિદાન માટે આવશ્યક ન હોય તેવું (રોગ) લક્ષણ, **a. chromosome.** સહાયક રંગસૂત્ર. (૨) લિંગી સૂત્ર. **a. food factors.** પ્રજીવકો-વિટામીનો જેવા ખોરાકનાં વધારાનાં અથવા સહાયક કારકો-દ્રવ્યો. **a. fructification.** નિમ્ન કોટિની વનસ્પતિની અલિંગી પ્રજનન માટેની ગમે તે પ્રક્રિયા. **a. multiplication.** અલિંગી પ્રજનન માટેની ગમે તે પ્રક્રિયા **a. organ.** સહાયક અંગ. **a. process.** ઉપ-પ્રવર્ધ. (૨) અનુષંગી પ્રક્રિયા. **a. spore.** અલિંગી બીજાણુ. (૨) સાધારણ પ્રકાર કરતાં જુદું અલિંગી બીજાણુ. **a. transfusion tissue.** ઉપસંક્રામક તંતુ, સમૂહ કોષ, સમૂહ પેશી

**acclimatization.** દશાનુકૂલન, દશાનુવર્તન, પરિસ્થિતિ-અનુકૂલન; બદલાયેલા વાતાવરણમાં સહનશીલતામાં થતો વધારો, જે નવા વાસસ્થાનમાં અનુકૂલન સાધવામાં સહાયભૂત થાય છે.

**accommodation.** પર્યાવરણમાંના ફેરફારને અનુકૂળ થવાની વનસ્પતિ અને પ્રાણીની ક્ષમતા, સમાનુકૂલન.

**accrescence.** અભિવૃદ્ધિ. **accrescent.** વર્ધમાન, વર્ધનશીલ. **accrete.** સંરૂઢ, **accretion.** અભિવૃદ્ધિ, સંચય, ઉમેરાયેલું દ્રવ્ય.

**accumbent.** મૂલાભિમુખ. (૨) -ને અઢેલીને. (૩) મૂલકની સામે બીજપત્રોની કિનાર ધરાવતું (ભ્રૂણ).

**accumulate.** સંચિત કરવું, એકઠું કરવું. **accumulated.** સંચિત. **accumulation.** સંચય. **a. of energy.** કાર્યશક્તિ અથવા ઊર્જાનો સંચય. **a. of salt.** લવણ સંચય. **a. of silt.** કાંપનો સંચય.

**acellular.** અકોષીય.

**acentric.** કેન્દ્ર વિનાનું. (૨) રંગસૂત્ર-કેન્દ્ર (વિનાના રંગતંતુકોનો એક હિસ્સો). અ-બિંદુ (રંગસૂત્ર).

**acephalous.** શીર્ષવિહીન, અ-શીર્ષી. (૨) સુવિકસિત પરાગાસન વિનાની (પરાગવાહિની). (૩) ઊર્ધ્વમુખી.

**acerose.** સોયાકાર.

**acervulus.** બીજાણુપાત્ર.

**acetabulum.** શ્રોણિ ઉલૂખલ.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**acetarious plants.** કચુંબર માટેની વનસ્પતિ, સલાડ વનસ્પતિ.

**acetic acid.** એસેટિક ઍસિડ, *pyroligenous acid* તરીકે પણ ઓળખાતું જલ્લદવાસવાળું, સ્પર્શ કરતા દાઝી જવાય તેવું, રંગવિહીન, મસાનો નાશ કરવાની ક્ષમતાવાળું અને સરકાનો મુખ્ય સક્રિય ઘટક બનતું અમ્લ-પ્રવાહી, જે જંતુઘ્ન છે. આથવણની જે પેદાશ છે અને જે ઘણી ખાદ્ય પેદાશને સુવાસિત કરે છે. **a. bacteria.** આ હ્કોહોલ-મદ્યાર્કમાંથી એસેટિક ઍસિડ બનાવનાર જીવાણુ.

**acetonaemia.** બચ્ચાને જન્મ આપ્યા બાદ-પ્રસૂતિ પછી ગાય ઇ. ને થતો એક રોગ, જેમાં ઘેન ચડે, ભૂખ મરી જાય, ઉશ્કેરાટ વધે; ગાભણી ગાય ઇ. ને પૂરતાં પ્રમાણમાં કાર્બોદિત પદાર્થો મળ્યા ન હોય તો આવી રોગાવસ્થા થાય છે.

**acetone.** ક્રીટોનનો એક પ્રકાર. (૨) સ્વચ્છ પણ ઝડપથી ઊડી જતું પ્રવાહી. (૩) દૂધ આપતાં પ્રાણીમા આ દ્રવ્ય માલુમ પડે તો માનવું કે આ પ્રાણીને આપવામાં આવતા ખોરાકનું તે ઉપચયન-ઑક્સિડાઈઝ કરી શકતું નથી. જે અવસ્થા પણ કાર્બોદિતોના અભાવનું સૂચક છે.

**acetous.** સરકાના ગુણ ધરાવતું, ખાટું.

**Achatina** *fulica*. ગોકળગાય.

**ache.** સતત ચાલું રહેવા પામતી કે લંબાયમાન પીડા, દુખાવો, શૂળ.

**achene.** ચર્મફળ, શુષ્ક અસ્ફોટક ફળ; નાનું સૂકું ફળ, જેનું બાહ્યાવરણ, ફળ પાકે ત્યારે ફાટતું નથી. **achenial.** ચર્મફળ સદૃશ. **achenium.** ચર્મફલિકા, એક-બીજી અસ્ફોટક ફળ.

**achlamydeous.** વજ્ર કે દલમણિ વિનાનું, અનાચ્છાદિત, અનાવૃત, અપરિદલીય. પરિપુષ્પ વિનાનું.

**Achoea** *janata*. એરંડાને નુકસાન કરતો કીટક.

**Achorion** *gallinae*. મરઘાં - બતકાંનો એક ચેપી - સંક્રામક રોગ.

**Achras** *sapota*. **L.** ચીકુ; **A.** *zapota* **L.** ચીકુ.

**Achroia** *grisella* **F.** મધપૂડામાં થતી એક પ્રકારની ઇયળ જે મધપૂડો ખાઈ જીવત ગુજારે છે.

**achromatic.** અવર્ણી, રંગવિહીન. **a. spindle.** કોષવિભાજનમાં બેઝિક રંગથી રંગાયેલા ન હોય તેવા તંતુઓ - ત્રાક. **achromatin.** બેઝિક રંગથી રંગી ન શકાય તેવો કેન્દ્રીય રસ. **achromic.** રંગવિહીન.

**Achyranthes** *aspera* **L.** અંઘાડી, અંઘેડો, સફેદ અંઘેડો; અપામાર્ગાદિકુળની શાકીય વનસ્પતિનો એક પ્રકાર. **A.** *muricata*. આ. કુળનો કણેજરો.

**Achyrontias** *styx*. તલનું એક પ્રકારનું ફૂદું.

**acid.** તેજાબ, ઍસિડ, અમ્લ. (૨) બેઇઝની સાથે સંયોજાતા તટસ્થ બનતું અમ્લીય દ્રવ્ય, જે કાર્બનિક કે અકાર્બનિક હોય, જે વાનસ્પતિક રંગને જેમકે લિટમસને ભૂરા પરથી લાલ બનાવે. (૩) જલદ્રાવ્ય હાઈડ્રોજન સંયોજનોને લગાડવામાં આવતો-રાસાયણિક અમ્લ. **a., boric.** બોરિક ઍસિડ. **a., butiric** બ્યૂટિરિક ઍસિડ, ખોરીવાસવાળો રંગવિહીન મેદીય ઍસિડ, જે બગડેલા માખણમાં થાય છે. **a., capric.** કેપ્રિક ઍસિડ. **a., caprile.** કેપ્રાઇલ ઍસિડ. **a., caproic.** કેપ્રોઇક ઍસિડ. **a., citric.** લીંબુમાંથી બનાવવામાં આવતો સાઈટ્રિક ઍસિડ. **a., dilute.** મંદ ઍસિડ. **a., fatty.** સ્નેહામ્લ, મેદીય ઍસિડ. **a., formic.** ફોર્મિક ઍસિડ. **a., lactic.** દુગ્ધામ્લ, લેક્ટિક ઍસિડ. **a., linoleaic.** લિનોલેનિક ઍસિડ. **a., myristic.** મિરિસ્ટિક ઍસિડ. **a., nonvolatile.** અનુડ્ડયનશીલ - અબાષ્પશીલ ઍસિડ. **a., oleic.** ઑલિક ઍસિડ; જલ્લદ વાસવાળો ઘણાંખરાં ચરબી દ્રવ્યોમાં જણાતું રંગવિહીન તૈલી પ્રવાહી, જે સાબુ બનાવવાના કામમાં આવે છે. **a., oxalic.** ઘણી વનસ્પતિઓમાં જોવામાં આવતો કાર્બનિક ઍસિડ. **a., palmitic.**

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માખણની ચરબીમાંનો એક મેદીય ઍસિડ. **a., stearic.** વાનસ્પતિક અને પ્રાણી તેલનો સંયોજિક સ્વરૂપમાં જોવામાં આવતો ઍસિડ. **a., sulphuric.** સલ્ફ્યુરિક ઍસિડ; $H_2SO_4$. સંજ્ઞા ધરાવતો ભારે ક્ષારણકર્તા ઍસિડ, જે વાનસ્પતિક અને પ્રાણીજ પેશીનું અપઘટન કરે છે અને જે સુપરફૉસ્ફેટ ખાતર બનાવવામાં ઉપયોગમાં આવે છે. **a., uric.** યૂરિક ઍસિડ, સફેદ સ્ફટિકીય સંયોજન, જે ચોપગા પ્રાણીઓના મૂત્રમાં જોવામાં આવે છે, અને પક્ષીઓ અને સરીસૃપોના પેશાબનું જે મુખ્ય ઘટક છે. **a., volatile.** ઉડ્ડયનશીલ-બાષ્પશીલ ઍસિડ. **a. casein.** ઍસિડ ઉમેરવાથી કે અમ્લતા વધારવાથી દૂધનાં ફોદાંફોદાં થવા કે દહીં જામવું તે, જે ખોરાક તરીકે ઉપયોગમાં આવે છે. (૨) ઠંડા જલરંગો, સુંદર, આવરણ કાગળ અને પ્લાસ્ટિક બનાવવા માટે જે ઉપયોગમાં આવે છે. **a. clay.** અમ્લ મૃત્તિકા. **a. dye.** અમ્લીયરંગ, ઍસિડ રંગ. **a. flavour.** ખાટો સ્વાદ, ખાટી સુવાસ. **a. fruits.** કાગદી લીંબુ, સંતરા જેવાં ખટ-મધુરાં ફળ, જેનાં ઠંડાં પીણાં બને છે, જે ખોરાકને મસાલેદાર બનાવે છે અને જેનો મુરબ્બો અને સાઇટ્રિક ઍસિડ બને છે, ઉપરાંત જે સૌંદર્યપ્રસાધનો બનાવવામાં ઉપયોગી બને છે. **a. forming fertilizer.** જમીનની અવશોષી અમ્લતામાં વધારો કરવાની ક્ષમતા ધરાવતું ખાતર. **a. lime.** ખાટું લીંબુ. **a. phosphate.** સુપરફૉસ્ફેટ. **a. proof.** અમ્લ અવરોધક, અમ્લ પ્રતિકારક. **a. radical.** અમ્લ મૂલક. **a. reduction.** અમ્લીય અપચયન. **a. rocks.** બેઈઝથી સંયોજિત થયા વિનાના મુક્ત સિલિકા ધરાવતા શૈલ; જેમકે ગ્રેનાઈટ, જેમાં મુખ્ય ઘટક તરીકે કાચમણિ એટલે ક્વાર્ટ્ઝ હાજર હોય છે, અને જે સાધારણ વરસાદમાં રેતાળ જમીન બનાવે છે. **a. soils.** અમ્લીય જમીનો; pH7·0 કરતાં ઓછી અમ્લ-પ્રક્રિયા આપનાર જમીનો. (૨) કૅલ્શિયમ, મૅગ્નેશિયમ, પોટૅશિયમ અને સોડિયમ આયનનું સતત નિક્ષાલન (leaching) થવાથી અને મોટાભાગે ઑક્સાઇડના રૂપમાં કે ઑક્સાઇડના સંયોજનના સિલિકેટના બનેલા હોય તેવા પ્રમાણમાં અદ્રાવ્ય ઍસિડ અવશેષ. (૩) ઍલ્યુમિનિયમ અને લોહના જમાવવાળી જમીનો. **a. solution.** ઍસિડ દ્રાવણ. **a. tolerance.** જમીનમાંની અમ્લતાને સહ્ય ગણનાર (વનસ્પતિ). (૨) ઘઉં, જવ, તમાકુ, રજકો, કોબી, કૉલિફ્લાવર, કાકડી, ગાજર, સ્પાઈનેક (પાલખ), રીંગણી, મરચી અને ભીંડા ઇ. અમ્લીય જમીન માટે સંવેદનશીલ હોય છે અને આવી જમીનમાં વાવવામાં આવે તો તેમને હાનિ પહોંચે છે. (૩) ડાંગર, ઓટ, રાઈ ધાન્ય (rye), મકાઈ, તમાકુ, વટાણા, મગફળી, સોયાબીન, એરંડો, બટાટા, શક્કરિયાં, ટમેટાં, સલગમ (ટ્રર્નિપ), મૂળા, સ્ટ્રૉબેરી, દ્રાક્ષ અને તડબૂચને અમ્લીયતા સહ્ય બને છે. **a. value.** ઍસિડ મૂલ્ય. **acidic.** અમ્લીય. **a. soil.** અમ્લીય જમીન. **acidify.** ખાટું બનાવવું, ઍસિડમાં પરિવર્તિત કરવું. **acidimeter.** અમ્લતા માપક સાધન; કોઈ સંયોજનમાં ઍસિડનું પ્રમાણ કેટલું છે તેનું માપ લેવા માટેનું સાધન. **acidity test.** અમ્લતા કસોટી. (૨) જીવાણુની સક્રિયાથી દૂધમાં કેટલા પ્રમાણમાં ખટાશ આવી છે તે જાણવાની કસોટી. (૩) આલ્કલી સંયોજનોની સામે અનુમાપન-ટાઈટ્રેશન વડે અમ્લતાનું માપ લેવાય છે. (૪) દુગ્ધામ્લ-લૅક્ટિક ઍસિડના સાધારણ 0.14 થી 0.16 ટકા કરતાં 0.20 ટકા જેટલું માપ મળે તો દૂધ હલકા પ્રકારનું ગણાય છે. **acidophilic.** અમ્લતારાગી. (૨) ઍસિડ સંયોજનને સહન કરી શકે કે તેમાં જીવી શકે તેવા (જીવાણુ), જે *aciduric* પણ કહેવાય છે. **acidosis.** અમ્લરક્તતા. **aciduric.** અમ્લતારાગી; જુઓ *acidophilic*.

**aciniform.** દ્રાક્ષનાં લૂમખાં જેવું. (૨) દ્રાક્ષ જેવા નાના ગર ધરાવતું. **acinus.** ગુચ્છ કોષ્ઠક; જુઓ *alveolus*.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**acne.** ખીલ.

**Aconitum** *chasmanthum* **Stapf ex Holmes.** મોહરી; વત્સનાભાદિ કુળની શાકીય વનસ્પતિ, જેનાં મૂળમાંથી 'એકોનાઈટ' નામનું ઔષધ મળે છે, જે સંધિવા, તાવ અને દુખાવામાં કામમાં આવે છે, અને જે પશ્ચિમ હિમાલય–હઝારાથી કાશ્મીર સુધીના પ્રદેશમાં થાય છે. **A.** *ferox* **Wall ex Ser.** વછનાગ, વ. કુળની વનસ્પતિ. **A.** *heterophyllum* **Wall. ex Royle** અતિવિષ નામની હિમાલયમાં થતી વ. કુળની વનસ્પતિ જે શક્તિવર્ધક, સ્નાયુસંકોચ માટે તથા શરદી અને અતિસારમાં ઔષધિ તરીકે ઉપયોગમાં આવે છે. **A.** *palmatum.* વખમા.

**Acorus** *calamus* **L.** ઘોડાવજ; વચાદિ-કુળની કાશ્મીર, મણિપુર અને મૈસુરની ભેજવાળી જમીનોમાં થતી સુવાસિત શાકીય વનસ્પતિ, જેની જડ–મૂળ વાતહર, ઉત્તેજક અને શક્તિવર્ધક ઔષધ તરીકે ઉપયોગમાં લેવાય છે. **A.** *gramineus* **Soland.** ખાસી ટેકરીઓમાં થતી વ.કુળની જંતુઘ્ન તરીકે ઉપયોગમાં આવતી વનસ્પતિ.

**acotyledon.** અદલ, નિર્દલ, બીજપત્ર-રહિત, બીજખંડ રહિત. **acotyledonous.** બીજપત્ર–બીજખંડ વિનાની (વનસ્પતિ).

**acquired.** મેળવેલું, ઉપાર્જિત. **a. character.** ઉપાર્જિત ગુણધર્મ–લક્ષણ; પર્યાવરણીય સંજોગોના પરિણામે ઉપાર્જિત કરવામાં આવતાં લક્ષણો, જે વંશાનુગત કારણોના પરિણામ સ્વરૂપ હોતાં નથી પરંતુ વ્યક્તિગત જીવન, કોઈ સજીવ સંરચનાત્મક અને કાર્યસંબંધી ફેરફાર પામે તે, પરંતુ જે તેની સંતતિને વારસામાં પ્રાપ્ત થતું નથી. **a. immunity.** ઉપાર્જિત રોગ પ્રતિરક્ષા; કોઈ વ્યક્તિ સાધારણ રીતે રોગના પ્રભાવ હેઠળ આવે અને તેને રોગનો સામનો કરવાની ક્ષમતા આવે તે. આવા પ્રકારની પ્રતિરક્ષા રસી લેવા ઇ.થી શરીરમાં પ્રતિપિંડો રચાવાથી આવે છે. **a. variation.** વ્યક્તિના વિકાસની સાથે ઊભી થતી સંરચનાકીય અસંગતિ.

**acquisition.** અધિગ્રહણ, પ્રાપ્તિ.

**acrandrous.** કેટલાક પ્રકારની લીલના પ્રકાંડની ટોચ પર જોવા મળતી પુંધાની.

**acre.** એકર; 43,560 ચો ફૂટ, 1/640 ચો. માઈલ, 4,840 ચો. વાર કે 4,047 ચો. મીટર જેટલું જમીનના માપનું એકમ. **a. furrow-slice.** એકર ચાસની માટી. **a. inch.** સિંચાઈના પાણીના માપનું એકમ; એક એકર સપાટી પર એક ઈંચ ઊંડું હોય તેટલું પાણી: એક કલાક સુધી ક્યુસેક પાણી વહે તે એક ઈંચ જેટલું થાય, જેનું વજન 101 ટન અને માપ 3,630 ઘન ફૂટ કે 27,154·2 ગેલન થાય. **a. foot.** એક ફૂટ ઊંડું એક એકરને આવરતું પાણી, માટી કે અન્ય દ્રવ્ય, જે 43,560 ઘન ફૂટ કે 3,25,850 ગેલન જેટલું થાય. **a. value.** એકરમૂલ્ય. **a. yield.** એક એકરદીઠ પાક–પેદાશ. **acreage.** એક ફૂટ ઊંડું હોય તેવું એક એકર જેટલી જમીનને આવરી લેતું પાણી, જમીન કે અન્ય દ્રવ્ય; આમ 43,560 ઘન ફૂટ અથવા 3,25,850 ગેલન પાણી થાય.

**acro–** અગ્રીય. અગ્રસ્થ, શિખરસ્થ, અર્થસૂચક પૂર્વગ. – **acro. carpous.** અગ્ર-ફલીય, શાખાના અગ્રભાગ પર રહેલું.

**Acrocarpus** *fraxinifolius.* **Wight & Arn.** પૂતિકરંજાદિ કુળનું આસામ, પ. બંગાળ, પશ્ચિમઘાટ, મૈસુરમાં થતું વૃક્ષ, જેના કાષ્ઠનું પ્લાયવૂડ, ફર્નિચર ઇ. બને છે.

**Acrocercops** *syngramma* **M.** કાજુમાં થતી ઈયળનો પ્રકાર, જે અંદર દર બનાવી રસ ચૂસે છે.

**acrodont.** અગ્રદંતી.

**acrodromous.** પર્ણની કિનારે સમાંતર રહેલી અને ટોચે મળી જતી (પર્ણ-શિરા).

**acrogene.** અગ્રવર્ધક.

**acrogens.** ફર્ન–પલ્લવ કે લીલ.

**acrogenous.** ટોચ પર બેઠેલું.

**acrogynous.** અગ્રયોનિક.

**acroinflorescence.** અગ્રાભિવર્ધી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પુષ્પવિન્યાસ.

**Acronychia** *pedunculata*(**L.**)**Miq** (*Acronychia laarifolia* **Blume**) નારંગીવર્ગનું ઉત્તર પ્રદેશ, પ.બંગાળ, પશ્ચિમ-ઘાટ અને ખાસી ટેકરીઓમાં થતું બાષ્પશીલ તેલ અને મસાલા આપતું નાનું ઝાડ.

**acronychius.** નહોર જેવું.

**acropetal.** અગ્રાભિવર્ધી, અગ્રાભિસારી; તળથી ટોચ તરફ ક્રમશઃ નીપજતું, જેમાં જૂનામાં જૂનાં અંગો તળિયે રહે, જ્યારે ટોચ પર નવાં અંગો હોય.

**acrosome.** અગ્રપિંડક.

**AC soil.** 'એ' અને 'સી' સંસ્તર ધરાવતી જમીનની પરિચ્છેદિકા, જેમાં સ્પષ્ટ રીતે 'બી' સંસ્તર વિકાસ પામ્યું હોતું નથી.

**actinobacillus.** કિરણદંડાણુ નામના સજીવથી ઢોર, ઘેટાં અને ડુક્કરને થતા રોગનો એક પ્રકાર, જેમાં ચામડી હેઠળ સખત ગાંઠ થાય છે. જીભ કડક બને છે અને જડબું ફૂલી જાય છે.

**Actinodaphne** *hookeri* **Meissn.** કર્પૂરાદિકુળનું પીસા નામનું ઝાડ.

**actinomorphic.** અરીયરૂપી. (૨) સમમિત રીતે કે અરીયરૂપે નીકળતાં (ફૂલો ઇ.)

**actinomyces.** કિરણકવક; અરીયદંડની માફક થતાં સૂક્ષ્મ સજીવોનો સમૂહ, જેના કારણે પશુઓમાં અનેક પ્રકારના રોગ થાય છે. **actinomycetes.** જમીનમાં થતાં કિરણકવક સૂક્ષ્મ જીવો, જે દેહધર્મીય રીતે ફૂગ જેવાં લાગે; સૂકી પરિસ્થિતિમાં જમીનમાં ઊંડે ઊતરે, જેથી વરસાદ પડ્યા બાદ જમીનમાંથી એક પ્રકારની સુવાસ આવે. **Actinomycosis.** કિરણકવક રુગ્ન, *Actinomyces bovis*. અથવા *ray fungus*. -કિરણફૂગથી ઘોડા, ડુક્કર, બકરાં અને ઘેટાંને થતો *Lumpyjaw, Ray Fungus* નામનો રોગ, જેમાં જડબું મોટું બને, ગૂમડાં થાય, અને ચાવવામાં મુશ્કેલી પડે છે.

**Actinopteris** *dichotoma*. મયૂરશિખા.

**action.** કાર્ય, કાર્યવિધિ.

**activated charcoal.** સક્રિયકૃત કોલસો; વાયુ, ગંધ કે રંગ દ્રવ્યનું શોષણ થાય તે માટે કોલસાની કરવામાં આવતી એક પ્રકારની માવજત, જેનો ઉપયોગ અતિસાર, વિષાક્તતા અને જઠર તથા આંતરડાના સોજામાં કરવામાં આવે છે. **a. sludge.** સક્રિયકૃત અવમલ (૨) સેપ્ટિક ટેંકમાં મળ ઠરે છે, જેમાં ગંદુ પાણી ઇ. રાખવામાં આવે છે અને વધારે ભારે દ્રવ્યો નીચે બેસે છે, જેનું આથવણ થતા ગેસ નીકળે છે, જેથી કાર્બનિક દ્રવ્યનું અપચયન થાય છે. **activation.** સક્રિયીકરણ. **activators.** સક્રિયકારકો. (૨) કોબાલ્ટ, નિકલ, મેન્ગેનીઝ અને મેગ્નેશિયમનાં દ્વિ-સંયોજન આયનો, જે પ્રાણીઓમાં ઉત્સેચકને ઉત્તેજિત કરે છે. **active.** સક્રિય. **a. acidity.** જમીનની જલીય અવસ્થામાં હાઈડ્રોજનની સક્રિયતા, જે pH મૂલ્યમાં દર્શાવવામાં આવે છે. સક્રિય અમ્લતા. **a.agent.** સક્રિય અભિકર્તા-પ્રક્રિયક; જંતુઘ્ન સૂત્રનો ઘટક, જેમાં વિષનો ગુણ હોય છે. **a. congestion of brain.** મગજમાં લોહીની સક્રિય સંકુલતા. **a.immunity.** સક્રિય રોગ-પ્રતિરક્ષા. (૨) પશુના શરીરમાં રસી આપવાથી રોગોત્પાદક સજીવની સામે મળતી કાયમી રોગ પ્રતિરક્ષા. **a. immunization.** રસીદ્વારા પશુને સંક્રામક કે ચેપી રોગની સામે રક્ષણ આપવું તે. **a. ingredient.** સક્રિય ઘટક-દ્રવ્ય. **a. principle.** સક્રિય સિદ્ધાંત. (૨) દ્રવ્યનો એવા પ્રકારનો હિસ્સો, જેને પ્રભાવિત કરી શકાતો હોય, પણ જે તેમાં ઉમેરાતાં અન્ય દ્રવ્યોના કારણે ન હોય.

**aculeate.** કાંટાળું, દંશવાળું, અણીદાર, છેદક.

**acuminate.** કોઈ બિંદુએ અણીદાર બનવું. (૨) લાંબી અણિવાળું.

**acute.** સૂક્ષ્માગ્ર, તીક્ષ્ણ. (૨) દીર્ઘકાલીન ન હોય પણ તીવ્ર હોય તેવું (દર્દ).

**Adansonia** *digitata* (**L.**) ગોરખ આંબલી, રૂખડો, અંગ્રેજીમાં *monkey bread*

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



*tree;* કહેવામાં આવે છે. આમલ્યાદિ કુળનું મૂળ આફ્રિકાનું પણ ભારતમાં આરબ વેપારીઓએ આણેલું ઝાડ, જેના રસનું ઠંડું પીણું બને છે. છાલના રેસાનાં દોરડાં બનાવવામાં આવે છે, કાષ્ઠના માવાનો કાગળ બનાવાય છે અને જે અતિદીર્ઘાયુ ઝાડ ગણાય છે.

**adaptability.** અનુકૂલનીયતા. **adaptable.** અનુકૂલનશીલ. (૨) પર્યાવરણને અનુકૂલ વનસ્પતિનું નિર્માણ કરી શકનાર. **adaptation.** અનુકૂલન, અનુરૂપન; પર્યાવરણ અનુસાર સંરચનાત્મક તથા દેહધર્મીય અનુકૂલનીયતા. (૨) કોઈ વ્યક્તિ કે જાતિની ચોક્કસ પર્યાવરણીય સંજોગોમાં જીવંત રહેવાની સંરચનાત્મક કે દેહધર્મીય ક્ષમતા. **adaptive.** અનુકૂલનક્ષમ. **a. enzyme.** અસાધારણ કિણ્વભોજનના કારણે જીવાણુદ્વારા નિર્માણ થતો ઉત્સેચક.

**additive.** યોગશીલ; ખોરાકમાં ઉમેરવામાં આવતું કંઈક, અથવા ખોરાકની કાર્યક્ષમતા વધારવા અને વધારે ઇચ્છવાયોગ્ય ગુણધર્મ લાવવા માટેનું પ્રતિક્રિયાત્મક મિશ્રણ.

**Adenanthera** *pavonina* **(L.)** રતાંજલી, રાતાંવાલ; પૂતિકરંજાદિ કુળનું પાનખરંતુ ઝાડ, જેના કાષ્ઠની ભૂકીમાંથી લાલ રંગ મળે છે, જે ધાર્મિક કામમાં ઉપયોગમાં આવે છે; જેનાં બી લાલ છે, અને જેને ઝવેરીઓ વજનના માપ તરીકે કે માળા બનાવવા માટે ઉપયોગમાં લે છે અને જે દક્ષિણ ભારત, પશ્ચિમઘાટ અને પૂર્વ ભારતમાં થાય છે.

**Adenoon** *indicum* **Datz.** મોપશંખી; સહદેવ્યાદિકુળની વનસ્પતિ.

**Adhatoda** *vasica* **Nees** (Syn. *Justicia adhatoda* **L.**) અરડૂસી (૨) વાસાદિકુળનું ઉ. ભારતનું સદાહરિત ઝાડ, જેનાં ડાળાં-પાંખળાં અને પાંદડાં લીલા ખાતર તરીકે ઉપયોગમાં આવે છે અને કફ નિસ્સારક તરીકે આયુર્વેદચિકિત્સા અનુસાર ઔષધની ગરજ સારે છે.

**adhesion.** આસંજન; પાસે પાસેની સપાટી દ્વારા સખત રીતે ચોંટી ગયેલા બે અસમાન દ્રવ્યો વચ્ચેનું આકર્ષણબળ. (૨) સોજો આવવાથી શરીરની બે જુદી જુદી પેશીઓ કે જુદાં જુદાં અંગોનું ચોંટી જવું. **adhesive.** આસંજક, ચોંટાડનાર. **a. agent.** આસંજક; બે ઘન દ્રવ્યોને ચોંટાડનાર પદાર્થ. (૨) છંટકાવમાં પર્ણો અને ફળોને પ્રવાહી કે ભૂકાને ચોંટાડી રાખતું દ્રવ્ય. **a. plaster.** આસંજક પ્લાસ્ટર. **adhesiveness.** આસંજકતા, ચોંટાડવાનો ગુણ.

**adiabatic.** રુદ્ધોષ્મ, સ્થિરોષ્મ; ઉષ્મા-ગરમીની માત્રાને સ્થિર રાખનાર.

**Adiantum** *lunulatum.* કાળી દાંડીનો હંસરાજ, કાળો હંસરાજ; હંસરાજાદિ કુળની વનસ્પતિનો એક પ્રકાર.

**Adina** *cordifolia* **(Roxb.) Hook f. ex Brandis** હળદરવો, હળદળવો; મંજિષ્ઠાદિકુળનું મૈસુર અને મધ્ય પ્રદેશમાં થતું ઝાડ; જેનું કાષ્ઠ નિર્માણકામમાં, તથા રેલવેના ડબ્બા બનાવવામાં ઉપયોગી બને છે.

**Adipose.** પ્રાણીચરબી. (૨ મેદીય, ચરબીવાળું.

**Adisura.** *atkinsoni.* **M.** સિંગવેધક કીટ, જેની ઇયળ સિંગો વીંધે છે અને દાણા ખાઈ જાય છે.

**adjacent.** સમીપ, નિકટવર્તી.

**adjustable.** સમાયોજનીય, મેળ બેસે તેવું. **a. hitch.** સમાયોજનીય યોજક. **adjusted.** સમાયોજિત, સરખું બેસાડેલું, મેળ બેસાડેલું. **a. price.** સરખી કરેલી – ઠીક કરેલી કિંમત. **adjustment.** સમાયોજન મેળ.

**adjuvant.** કોઈ પણ રસાયણ કે ખોરાકની તીવ્રતા વધારનાર કે તેને મંદ કરનાર, તેમાં ઉમેરેલો અન્ય પદાર્થ.

**administer.** દવા આપવી. (૨) વ્યવસ્થા - પ્રબંધ કરવો.

**admixture.** અધિમિશ્રણ.

**adnascens.** અન્ય કશાક પર ઊગવું – થવું – વધવું.

**adnate.** અભિલગ્ન; પ્રકાંડ કે પર્ણવૃંતની સાથે સંલગ્ન; (૨) સમગ્ર લંબાઈથી કોઈ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ અંગનું જોડાવું. **a. stipule.** અભિલગ્ન – જોડાયેલું – સંલગ્ન બનેલું અનુપત્ર.

**adnation.** સંલગ્નતા; એક અંગનું અન્ય અંગની સાથે તેની સળંગ લંબાઈ સાથે થતું જોડાણ.

**adobe soil.** ઈંટ બનાવવા માટે ઉપયોગમાં લેવામાં આવતી માટી.

**Adoretus** *duvauceli.* સફરજનનું પાન અને ફળ ખાનાર કીટક. **A.** *lasiophygus.* દ્રાક્ષની વેલ ખાતું કીટક. **A.** *versutus.* સફરજનનાં પાન અને ફળ ખાનાર કીટક.

**adrenal glands.** અધિવૃક્ક ગ્રંથિઓ; *Glandula suprarenalis, suprarenal glands* નામની પ્રત્યેક મૂત્રપિંડની ઉપરની ટોચ પરની નલિકારહિત ગ્રંથિઓ, જેમાંથી થતો અંતઃસ્રાવ – એડ્રિનલિન અને કોર્ટિન લોહીના દબાણમાં વધારો કરે છે. **adrenalin.** *epinephrin*, અધિવૃક્કગ્રંથિઓમાંથી મળતો સફેદ કે બદામી રંગનો સંશ્લેષિત ભૂકો, જેનો ઉપયોગ લોહીનું દબાણ વધારવા થાય છે.

**adsali.** ડિસેમ્બરથી એપ્રિલના ગાળામાં વવાતી એકરસાલી શેરડી.

**adsorb.** અધિશોષણ કરવું. (૨) સપાટી–પૃષ્ઠ પર એકઠું થવું. (૩) સંયોજનમાંના કોઈ દ્રવ્યને ઘન સપાટી પર જુદું પાડવું કે જુદી અવસ્થામાં લાવવું. **adsorbed.** અધિશોષિત. **a. cation.** અધિશોષિત ધનાયન. **adsorbent.** અધિશોષક, પોતાની સપાટી – પૃષ્ઠ પર અન્ય દ્રવ્ય – પદાર્થને ધારણ કરનાર – અધિશોષિત કરનાર દ્રવ્ય કે પદાર્થ. **adsorption.** અધિશોષણ; વાયુ, પ્રવાહી કે દ્રવિત દ્રવ્યોના પાતળા સ્તરનું કોઈ ઘન સપાટી – પૃષ્ઠની સાથે થતું આસંજન – જોડાણ. (૩) પૃષ્ઠ શોષણ. **a. complex.** અધિશોષણ સંકુલ; જમીનમાં રહેલાં દ્રવ્યોનો સમૂહ જે અધિશોષણક્ષમતા ધરાવતો હોય છે. **a. potential.** અધિશોષણ વિભવ.

**adulsa.** અરડૂસીનો છોડ.

**adult.** પ્રૌઢ, પીઢ, પૂર્ણ રીતે વૃદ્ધિ પામેલું. (૨) લૈંગિક રીતે યોગ્યતા પ્રાપ્ત કરી હોય તેવું પ્રાણી કે જંતુ.

**adulterate.** ભેળસેળ કરવી; અન્ય દ્રવ્ય ઉમેરીને કોઈ દ્રવ્યની ગુણવત્તા ઓછી કરવી – મંદ કરવી – બગાડવી. **adulterated milk.** ભેળસેળ કરેલું દૂધ. **adulteration.** ભેળસેળ, અપમિશ્રણ.

**advelorem duty.** યથામૂલ્ય – મૂલ્યાનુસારી – મૂલ્ય પ્રમાણેનું શુલ્ક.

**adventitious.** આગંતુક, અસ્થાનિક. (૨) અનૌરસ, અસાધારણ. (૩) દ્વિતીય કે ગૌણ વર્ધનશીલ પેશીમાંથી નીકળતું – ઊગતું (હવાઈ મૂળ). **a. bud.** અસાધારણ કલિકા. **a. root.** અસ્થાનિક-મૂળ.

**aecidium.** ફૂગવર્ગમાં બીજાણુ ઉત્પન્ન કરનાર સંરચના.

**Aegiceras** *corniculatum* (L.) **Blanco** (**Syn.** *Rhizophora corniculata* **L.** *Myrsinaceae* કુળનો સુંદરવન અને આંદામાનમાં થતો એક ક્ષુપ, જેની છાલ ચામડાં કમાવવામાં ઉપયોગી બને છે. **A. majus Gaertn.** કજલો; *Myrsinaceae* કુળની વનસ્પતિ.

**Aegilops** *cylindrica* **C.A. Mey.** બકરાનું ઘાસ, તૃણકુળની વનસ્પતિ.

**Aeginetia** *indica.* શેરડીનો ભૃંગ.

**Aegle** *marmelos* (**L.**) **Corr.** (Syn. *Crataeva marmelos* **L.**) બીલીપત્રનું વૃક્ષ, જેને અંગ્રેજીમાં *elephant apple, Bael fruit, Bengu quince* નામે ઓળખવામાં આવતું નારંગી વર્ગનું ઊંચું, પાકા ખાદ્ય અને પેટનાં દર્દોમાં ઔષધ તરીકે ઉપયોગમાં આવતાં ફળનું ઝાડ, જેનાં બીમાંથી સ્રવતો ચીકણો રસ વાર્નિશમાં ઉપયોગમાં લેવાય છે.

**Aegyptianella infection.** જુઓ *Aegyptianellosis.* **Aegyptianellosis.** પક્ષીઓમાં થતી ઈતડીથી મરઘાંને થતા રોગનો એક પ્રકાર; આ ઈતડી *Argas persicus* નામની છે, અને તેના કારણે થતા રોગથી મરઘાંને તાવ આવે,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભૂખ મરી જાય, સુરતી ચડે અને લકવો થાય છે.

**Aeluropus** *villosis* **Trin.** ખારિયો, તૃણકુળની વનસ્પતિનો એક પ્રકાર.

**aeolian.** વાતજ, હવાઈ, વાતોઢ. **a. deposit.** વાતોઢ નિક્ષેપ. **a. soil.** વાતોઢ જમીન, જે કૃષિની દૃષ્ટિએ બહુ સારી ગણાતી નથી અને જે રાજસ્થાન, કચ્છ અને પંજાબના નૈઋત્ય પ્રદેશમાં આવેલી છે.

**aerate.** વાયુનો ભરાવો કરવો, વાયુ આપવો. **aeration.** વાયુ મિશ્રણ. (૨) એકવાર, વારંવાર કે સમયાંતરે અથવા આવધિક હવાનો કરવામાં આવતો ફેરફાર. **a. porosity.** દ્રવ તનાવ. (૨) કોઈ વિશિષ્ટ મૂલ્યે હોય ત્યારે વાયુ ભરેલી માટીના જથ્થાનું પ્રમાણ, આ તનાવ પાણીના 40 થી 100 સે.મી.ની વચમાં દર્શાવવામાં આવે છે.

**aerial.** વાયવીય, જમીનની સપાટી પર ઊગતું (મૂળ). (૨) કોઈ પણ અક્ષ પર દેખાતાં (નાનાં કંદિલો). **a. dusting.** વિમાનમાંથી ભૂકારૂપે જંતુઘ્ન, ફૂગનાશક કે વનસ્પતિ સંહારક દ્રવ્ય વેરવું અથવા આવા દ્રવ્યનો છંટકાવ કરવો. **a. growth.** વાયવીય વૃદ્ધિ. **a. irrigation.** *overhead* અથવા *sprinkler irrigation.* નાળચાદ્વારા, પંખાના દબાણના બળ વડે પાણી છાંટવું અથવા સિંચાઈ કરવી, આવા પ્રકારની વ્યવસ્થામાં પાવર જનરેટર, પંપ, પાઈપ લાઈન, છંટકાવ કરનાર સાધન ઇ.નો સમાવેશ થાય છે. પાવર જનરેટર વીજળીક અથવા યાંત્રિક હોય. **a. propagation.** કલમ કરવાનો એક પ્રકાર, જેમાં કલમ માટે કરવામાં આવેલા કાપ પર માટી નહિ પણ લીલ જેવું દ્રવ્ય લગાડવામાં આવે છે. **a. root.** હવાઈ મૂળ; પ્રકાંડમાંથી જમીનની સપાટી પર ઊગેલું મૂળ જે હવામાં ખુલ્લું હોય છે. (૨) વૃક્ષારોહી વનસ્પતિનું મૂળ, જે કેટલાક કિસ્સામાં પ્રકાશ સંશ્લેષણનું પણ કામ કરે છે. **a. stem.** હવાઈ પ્રકાંડ.

**Aerides** *crispun* **Lind.** પાન સિંગ.

**aerobes.** વાયુજીવી સજીવો. (૨) જમીનને મુક્ત ઑક્સિજન મળતો હોય અને તેમાં હવાનો સંચાર થતો હોય તેવી જમીનમાં જીવી જાણતા જીવાણુઓ, જે હવાનો સંચાર બંધ થતાં અક્રિય બની જાય છે; આવા પ્રકારના જીવાણુઓ વનસ્પતિનાં વિકાસ અને વૃદ્ધિ માટે ઉપયોગી બને છે. **aerobic.** વાયુજીવી. જારકજીવી, વાયુપેક્ષી, જારક. (૨) આણ્વીય ઑક્સિજનની હાજરીમાં જ જીવતા રહેતા અને સક્રિય થતા હોય તેવા (જીવાણુઓ). (૩) વાયવીય-વાયુના કારણે સડો થાય તેમ જારક જીવાણુ અંગેનું કે તેમનાથી પ્રેરિત બનતું. **a. bacteria.** વાયુજીવી – વાયવીય – જારક જીવાણુ. **a. composting.** વાયવીય કારકથી મિશ્રખાતર તૈયાર કરવાની પ્રક્રિયા, જેમાં ઢોરનો પથારો, તેના કોઢમાંનો કચરોપુંજો, મૂત્રમિશ્રિત માટી, છાણ ઇ.ને દરરોજ કાઢી આ સૌને 12–18 ઈંચ ઊંચા અને 16 ફૂટ પહોળા તૈયાર કરેલા ખાડામાં નાખવામાં આવે છે; આમ ચોમાસુ બેસે તે અગાઉ આખો ખાડો ભરવામાં આવે છે. વરસાદ પડયા પછી વરસાદમાં આ ખાડાનાં દ્રવ્યો પલળી જાય ત્યારે તેને ચાર ફૂટની પટીમાં વારંવાર ફેરવવા અને ઉથલાવવામાં આવે છે. ત્રણ ચાર અઠવાડિયાંમાં આ સૌ દ્રવ્યો સંકોચાઈ જાય છે. આમ ચારેક મહિનામાં ખેતીકામ માટે મૂલ્યવાન મિશ્ર- કમ્પોસ્ટ ખાતર તૈયાર થાય છે. **a. decomposition.** વાયુથી થતો સડો. **a. nitrogen fixing bacteria.** વાયુજીવી નાઇટ્રોજન સ્થિર કરનાર જીવાણુ **a. phase.** જારક અવસ્થા. **a. respiration.** જારક શ્વસન. **aerobiosis.** ઑક્સિજનની હાજરીમાં અસ્તિત્વ.

**aerogrowth.** હવાઈવૃદ્ધિ. **aerometer.** વાયુની ઘનતા માપવાનું સાધન, વાયુ ઘનત્વ માપક સાધન.

**aerophyte.** વૃક્ષારોહી, દેહધર્મીય રીતે સ્વતંત્ર હોવા છતાં અન્ય વનસ્પતિના હવાઈ ભાગની સાથે સંકળાયેલી વનસ્પતિ,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હવાઈવનસ્પતિ.

**aerosole.** જંતુઘ્ન, પ્રતિજૈવ કે જીવાણુ-નાશક રસાયણની એવી રચના, જે સૂક્ષ્મ ટીપાંરૂપે છાંટવામાં આવે તો, ઘનસ્વરૂપે હોય તો ધુમાડા જેવો અને પ્રવાહીરૂપે હોય તો ધુમ્મસ જેવો દેખાવ થાય, વાયુવિલય.

**Aerva** *lanata*(**L.**) **Juss.** કેતકી,કપૂરી, મધુરી, ગોરખગાંજો; અપામાર્ગાદિ કુળની વનસ્પતિનો પ્રકાર. **A.** *scandens* બેલારો.

**Aeschynomene** *aspera* (**L.**) પલાશાદિ કુળની વનસ્પતિ, જેના પોચા કાષ્ઠની સોલાહેટ બનાવવામાં આવે છે, ઉપરાંત તેના રમકડાં, નમૂના, બાટલીઓના બૂચ, તરવા માટેનું જેકેટ, જીવન – રક્ષક પટ્ટા બનાવવામાં આવે છે. ભોંયઈક્કડ. **A.** *indica* (**L.**) પ. કુળની કાશ્મીર, પ. બંગાળ, આસામ અને દ. ભારતમાં થતી વનસ્પતિ, જેની સોલાહેટ બને છે.

**Aesculus** *indica* **Colebr. ex Camb** કનેર, પાંગલા; *Hippocastanaceae* કુળનું કાશ્મીર, પંજાબ અને ઉત્તર પ્રદેશમાં થતું ખાદ્ય ફળધારી અને શ્વાસચારા માટેનું ઝાડ; જુઓ *Indian horsechestnut*. **A.** *hippocastanum* મંદાર નામનું ઝાડ.

**aesikasiology.** જ્ઞાનેંદ્રિય વિજ્ઞાન.

**aestivation.** પુષ્પદળ વિન્યાસ, કલિકા વિન્યાસ. (૨) ગ્રીષ્મસમાધિ.

**aeterio.** સમૂહફળ.

**aetiology.** *etiology*. રોગહેતુ વિજ્ઞાન, રોગનાં કારણોના મૂળના અભ્યાસનું શાસ્ત્ર.

**affinitty.** સંબંધ, આકર્ષણ, બંધુતા.

**afforest.** વન નિર્માણ કરવું, કૃત્રિમ સાધનોની મદદથી વનનું પુનર્નિર્માણ કરવું. **afforestation.** વન નિર્માણ, વનપુનઃસર્જન.

**aflagellate.** અકશાંગી, કશા વિનાનું.

**A-frame ridger.** અંગ્રેજી વર્ણ 'A' આકારનું બંધ અને કિનાર બનાવવાનું સાધન.

**African millet.** નાગલી.

**African oil palm.** *oil palm*, *red oil palm*, *Elaeis guineensis* **Jacq.** પામાદિ કુળનું તેલ આપતું પશ્ચિમ આફ્રિકામાં થતું એક ઝાડ, જેના કાષ્ઠનું તેલ સાબુ બનાવવામાં તથા ડીઝલ એંજિનના બળતણ માટે કામમાં આવે છે; આ વૃક્ષ કેરળમાં પણ ઉગાડવામાં આવે છે.

**African pepper.** આફ્રિકાની પીપર.

**after birth.** જન્મોત્તર. (૨) જરાયુ, ઓર; જુઓ *placenta*. **after birth growth.** જન્મોત્તર વૃદ્ધિ.

**Afzelia** *palembinica* **Baker.** આંદામાનનું એક વૃક્ષ

**agamete.** અયુગ્મક, અજન્યુ, અન્ય જન્યુજનતા, સંયોગ વિના પ્રજનનક્ષમ પ્રજનન.

**agamous.** અલિંગી, લિંગ વિહીન, જન્યુવિહીન. **agamy.** અયુગ્મતા, અજન્યુતા.

**Aganosma** *dischotoma* (**Roth.**) **K. Schum** (Syn. *Echites dischotoma Roth.*) માલતી; કુટજાદિકુળનો શણગાર માટેનો આરોહી ક્ષુપ.

**Agapanthus** *africanus* **Hoffmgg.** અપામાર્ગાદિકુળની શણગારની વનસ્પતિ.

**agar.** અગાર, અગારમાંથી બનાવવામાં આવતું જીવાણુ કે અન્ય સંવર્ધન માધ્યમ, જે જીલેટીન જેવું દ્રવ્ય છે જેને લાલ લીલમાંથી બનાવવામાં આવે છે અને જે ખાદ્યમૂલ્ય ધરાવે છે.

**agastoya,** જુઓ *agati sesbania*.

**Agati** *grandiflora* **Desv.** પલાશાદિકુળનું આસામ, પ. બંગાળ, ગુજરાત, આન્ધ્ર પ્રદેશ અને તાલીમનાડુમાં થતું એક ઝાડ, જેનાં પાંદડાં, ફળ અને ફૂલની શાકભાજી બને છે, અને જે નાગરવેલના આલંબનની ગરજ સારે છે.

**agati sesbania,** *sesbania grandiflora L.* **Pers** (*Robinia grandiflora L.*, *Agati grandiflora Desv.*). આસામ, પ. બંગાળ, આન્ધ્રપ્રદેશ, ગુજરાત, તામીલનાડુમાં થતું, પલાશાદિકુળનું ઝાડ જેનાં ફૂલ, પાંદડાં અને ફળની શાકભાજી બને છે અને જે નાગરવેલને ટેકો આપે છે,અગથિયો.

**Agave.** કેતકી, કુંવાર; મજબૂત, ભેમવાળી

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મરુભૂમિમાં અને પડતર જમીનમાં ઉગાડવામાં આવતી વનસ્પતિ, જે વાડ તરીકે પણ ઉપયોગી બને છે અને જેના સફેદ રેશમ જેવા તંતુ મળે છે અને જે *American aloe*, *carata*, *century plant*, *Kantala* (**H.**) *Agave americana* **L.** ઇ. નામે પણ ઓળખાય છે અને જે કેતકીકુળની વનસ્પતિ છે. **A.** *americana* **L.** કેતકી; મૂળ દ. અમેરિકાનો કે.કુળનો શણગાર માટે બગીચામાં ઉગાડવામાં આવતો મજબૂત ક્ષુપ. **A.** *augustifolia*. **Haw.** અટબાક કેતકી. **A.** *cantala* **Roxb.** મૂળ મેક્સિકોની ટૂંકા પ્રકાંડવાળી કાષ્ઠીય શાકીય વનસ્પતિ, જેનાં પાનના તંતુનાં દોરડાં બનાવવામાં આવે છે અને જે મહારાષ્ટ્ર, બિહાર, તામીલનાડુ, ઉત્તરપ્રદેશ અને પંજાબમાં થાય છે. **A.** *conyzoides*. ઓસાડી. **A.** *rigida* **Mill.** સીસલ કેતકી. **A.** *sisalana* **Perr. ex Engelm** સીસલ કુંવાર, કે. કુળનો મૂળ મેક્સિકો તથા અમેરિકાનો પણ અહીં આસામ, બિહાર, પ. બંગાળ, તામીલનાડુ, મહારાષ્ટ્ર અને મૈસુરમાં ઉગાડવામાં આવતો ક્ષુપ, જેનાં પાંદડાંના તંતુનાં દોરડાં બનાવવામાં આવે છે અને જેના મીણનો ઉપયોગ કાર્બન કાગળ બનાવવા માટે કરવામાં આવે છે. **A.** *vera-crux* **Mill.** કે કુળની વનસ્પતિ જેનાં પાંદડાંના તંતુનાં દોરડાં પનાવવામાં આવે છે. (૨) કુંવારબુટી. **A. vivipara L.** જંગલી કેતકી. **A.** *wightii*. **Prain.** નાની કેતકી.

**age.** જીર્ણ થવું, વૃદ્ધ–મોટી ઉમરના થવું. (૨) વય, આયુષ્ય, યુગ. **a., glacial.** હિમયુગ. **a. group.** વય સમૂહ.

**Ageratum** *conyzoides* **L.** સહદેવ્યાદિકુળની સહદેવી. ધોળી સાદોડી, ઓસાડી, અજગંધા ઇ. નામની વનસ્પતિ.

**agglomerate.** પુષ્પશીર્ષની માફક ગુચ્છિત – ગુચ્છાકાર. (૨) પ્રજીવ સમુદાયના સૂક્ષ્મ પ્રજીવોને લગતું.

**agglutination.** રક્તકણનું કે સૂક્ષ્મ સજીવોનું, એગ્લુટિનિનથી જોડાવું. (૨) દેહકોષે પેદા કરેલું પ્રતિપિંડ. **a. test.** કેટલાક રોગના નિદાન માટે કરવામાં આવતી કસોટીનો એક પ્રકાર, જેમાં રોગગ્રસ્ત પ્રાણીમાંથી લોહીનો નમૂનો લઈ, તેના ગઠ્ઠામાંથી રક્તજળને છૂટું પાડવામાં આવે છે, જેમાં પ્રતિજન કે રોગોત્પાદક સજીવને દાખલ કરવાથી, સૂક્ષ્મસજીવોનો સમૂહ જોવામાં આવે છે.

**aggregant.** સમુચ્ચયી. **aggregate.** સમૂહ, સમુદાય. (૨) જુદા જુદા મૃદા – માટીના કણનું દળ – સમૂહ. (૩) એકઠું કરવું. **a. fruit.** સમૂહ ફળ, એકપુષ્પી ફળગુચ્છ. **a structure.** સમૂહ સંરચના – માળખું. **aggregation.** સમૂહન, સમૂહ બનાવવાની ક્રિયા.

**aghya grass.** તૃણકુળનો મહારાષ્ટ્ર, મૈસુર અને કેરળમાં થતા ઘાસનો એક પ્રકાર, જેનાં પાનમાંથી સુવાસિત તેલ મળે, અને જે સૌંદર્ય પ્રસાધનમાં વપરાય છે.

**agio.** જુવાર, બાજરી, મકાઈ, શેરડી અને અન્ય તૃણ ધાન્યોની પરજીવી વનસ્પતિ.

**Aglaia** *odoratissima* નિંબાદિકુળની એક વનસ્પતિ. **A.** *roxburghiana* **Miq.** પ્રિયંગુ; નિંબાદિકુળનું પશ્ચિમ દ્વીપકલ્પીય પ્રદેશમાં થતું સુવાસિત ફૂલવાળું ઝાડ, જેનાં ફૂલ સૌંદર્ય પ્રસાધનોમાં વપરાય છે.

**Aglaonema** *constatum* **Veitch** સુરણાદિકુળની વામનાકાર – શોભાની વનસ્પતિ.

**Agmark.** કૃષિ અને પશુસંવર્ધનની પેદાશની ગુણવત્તાના પ્રમાણપત્ર જેવો તેના નમૂના પર મારવામાં આવતો મારકો. **A. grades.** 1937ના કૃષિપેદાશ (વર્ગીકરણ અને વિક્રી) અધિનિયમ અનુસાર કૃષિ પેદાશોનું કરવામાં આવતું વર્ગીકરણ.

**agnijal.** દ્રાક્ષ જેવા ફળનું ઓરિસા અને બિહારમાં થતું નારંગી વર્ગનું વૃક્ષ.

**agrarian.** કૃષિ વિષયક. (૨) ખેડૂતોને લાભપ્રદ(કાર્ય). **a. revolution.**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કૃષિક્રાંતિ. **agrestal.** કૃષ્ય ભૂમિ, વણ-ખેડાયેલી જમીનમાં ઉગતી (વનસ્પતિ). જંગલી રીતે ઉગતી (વનસ્પતિ). **agricultural.** કૃષિ સંબંધી, ખેડ સંબંધી. **a. account.** કૃષિ હિસાબ, કૃષિને લગતું ખાતું. **a. chemistry.** કૃષિ રસાયણ; વનસ્પતિની રચના, તેના પરિવર્તન અને ખેડૂતની અર્થવ્યવસ્થા, જેના પર આધારિત હોય તેવી રસાયણવિજ્ઞાનની સાથે સંબંધ ધરાવતી શાખા. **a. commodity.** ખેતીની ગમે તે પેદાશ. **a. credit.** કૃષિ ધિરાણ – શાખ. **A. Credit Society.** કૃષિ ધિરાણ મંડળી. **A. Debt Relief Act.** કૃષિ ઋણ રાહત અધિનિયમ. **a. depression.** કૃષિ મંદી. **a development.** કૃષિ વિકાસ. **a. economics.** કૃષિ પ્રબંધ અને કૃષિ ઉત્પાદનની સાથે સંબંધ ધરાવતી અર્થશાસ્ત્રની શાખા. **a. economy.** કૃષિ અર્થવ્યવસ્થા. **a. engineering.** કૃષિ ઈજનેરી; કૃષિ અને ગ્રામજીવનના પ્રશ્નોનો નિવેડો લાવવા માટે ઇજનેરી વિદ્યાનાં તકનિકી જ્ઞાન અને અનુભવ ઇ.નો ઉપયોગ કરવો, જેથી શ્રમ ઓછો થાય, કાર્યકર દીઠ કૃષિ પેદાશમાં સુધારો અને વધારો થાય, ખેડૂતોનું જીવનધોરણ ઊંચું આવે અને કામદારોની આવકમાં વધારો થાય. (૨) કૃષિ ઓજારો, ઉપકરણો, સરંજામ અને મકાનની ડિઝાઇન, રચના, ઉપયોગ અને સિંચાઈ નો પ્રબંધ, વીજળીનો ઉપયોગ, અને કૃષિ પેદાશોની પ્રક્રિયા: એકંદર કૃષિ વ્યવસાય સાથેની આ સૌ ઘટનાઓના શાસ્ત્રીય અભ્યાસનો આ કૃષિ ઇજનેરીમાં સમાવેશ થાય છે. **a. extension.** કૃષિ વિસ્તરણ, કૃષિ કાર્ય અંગેની પ્રક્રિયાઓ અને સુધારાઓનો કૃષિ કાર્યની સાથે સંકળાયેલા સૌને વ્યવહારુ તાલીમ મળે તેવી વિસ્તૃત વ્યવસ્થા. **a. forecasting.** કૃષિ પેદાશ, એકંદરે કૃષિ કાર્યોનાં વિવિધ શક્ય પરિણામો અંગેની પૂર્વ ગણતરી – આગાહી – પૂર્વાનુમાન. **A. Geology.** કૃષિ ભૂવિજ્ઞાન; કૃષિ કાર્યની સાથે સંકળાયેલી જમીન, મૃદા, સિંચાઈની અનુકૂળતા માટે જમીનના પ્રકાર, તેનો ઢાળ, જમીનના સંસ્તરો, પરિચ્છેદિકાઓ ઇ. અંગેની ભૂ-વિજ્ઞાનની શાખા. **a. implements.** કૃષિ કાર્યની સાથે સંકળાયેલાં, તેમાં સહાયભૂત થતાં સઘળાં પ્રકારનાં ઓજારો, ઉપકરણો, સરંજામ ઇ. **a. improvement.** કૃષિ સુધારણા, **a. income.** કૃષિ કાર્યના પરિણામે મળતી આવક. **a labour.** કૃષિ કાર્યની સાથે સંકળાયેલા કામદારો, ખેત-મજૂરો. **a land.** કૃષિક્ષમ જમીન; પાક–કૃષિ પેદાશ અને પશુસંપત્તિની પેદાશ સાથે સંકળાયેલી સઘળા પ્રકારની જમીનો, જેમાં ખેતર પરનાં મકાનો, ખેતીની જમીન, રસ્તા, પાણીનો નિકાલ, સિંચાઈની ખેતર પરની સુવિધા, જળાશયો, જળસંગ્રહસ્થાનો, તળાવો, પાણીનો પુરવઠો ઇ. નો સમાવેશ થાય છે. **A. Law.** કૃષિ કાર્યોની સાથે સંકળાયેલી સઘળી બાબતોનું નિયમન કરતો અધિનિયમ. **a. machinary.** કૃષિ કાર્યના સાથે સંકળાયેલી સઘળા પ્રકારની યંત્ર-વ્યવસ્થા. **a. marketing.** ખેડૂતની પાસેથી કૃષિ પેદાશ ખરીદી તેનું વેચાણ કરવું, ખેડૂતોએ ઉત્પન્ન કરેલી પેદાશ, તેને વાપરનાર – ઉપભોક્તા સુધી પહોંચે ત્યાં સુધી અત્યારની અર્થવ્યવસ્થામાં તેને અનેક માધ્યમોના હાથમાંથી પસાર થવું પડે છે. (૨) કૃષિ બજાર – વિક્રી – વેચાણના વિશાળ અર્થમાં આ સૌ બાબતોનો સમાવેશ થાય છે. **a. operation.** કૃષિની સાથે સંકળાયેલાં સઘળાં પ્રકારનાં કાર્યો – કામકાજ. **a. policy.** કૃષિ કાર્યનું નિયમન કરતી નીતિ. **a produce.** કૃષિ કાર્યના પરિણામે મળતી સઘળા પ્રકારની પેદાશ. **A. Produce Grading Act.** કૃષિ પેદાશ વર્ગીકરણ અધિનિયમ. **a. product.** કૃષિ ઉત્પાદન. **a. profit.** કૃષિ કાર્યમાંથી મળતી પેદાશનું જે મૂલ્ય ઉપજે તેમાંથી આ કાર્યની સાથે સંકળાયેલા બધા જ પ્રકારનાં ખર્ચોને બાદ કરતાં શેષ રહેતી ચોખ્ખી આવક – નફો.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**a. regions.** કૃષિ કાર્યોની દૃષ્ટિએ સમાન ગુણધર્મો ધરાવતા પ્રદેશો. એક સમાન વરસાદ, અક્ષાંશ, કુદરતી વનસ્પતિ, જમીન, પાક અને પશુની દૃષ્ટિએ દેશના પાડવામાં આવતા કૃષિ વિસ્તારો, જેમાં સમશીતોષ્ણ હિમાલયનો વિસ્તાર, શુષ્ક ઉત્તરીય ઘઉં પેદા કરતો વિસ્તાર, પૂર્વનો ડાંગર પકવતો વિસ્તાર, મલબારનો નારિયેળીની ખેતીનો વિસ્તાર, દક્ષિણનો જુવાર – બાજરાનો વિસ્તાર ઇ. જેવા વિસ્તારોનો સમાવેશ થાય છે. આવા વિસ્તારોના પણ પેટા – વિસ્તારો પાડવામાં આવે છે, જે પ્રત્યેક પેટા – વિસ્તારમાં કૃષિ પેદાશને લગતી સમાન અનુકૂળતા હોય છે. આવા વિસ્તારો અને પેટા – વિસ્તારો પાડવાથી કૃષિ સંશોધનના કાર્યને અનુકૂળતા મળવાથી કૃષિ સુધારણાને વેગ આપી શકાય છે. **A. Revolution.** કૃષિક્રાંતિ. **A. Society.** કૃષિ મંડળી (સહકારી). **a. stage.** કૃષિ અવસ્થા. **a.year.** કૃષિ વર્ષ, પાક વર્ષ, **Agriculture.** કૃષિ, ખેતી, કૃષિવિજ્ઞાન. (૨) માનવીના ઉપયોગ અને ઉપભોગ માટે વનસ્પતિ અને પ્રાણીની પેદાશ, પ્રક્રિયા અને માવજત. **a., mechanical.** યાંત્રિક ખેતી. **agriculturist.** વિશાળ અર્થમાં કૃષિ કાર્ય કરતો ખેડૂત. **agrobiology.** કૃષિ જીવવિજ્ઞાન; વનસ્પતિ પોષણ અને વૃદ્ધિ, પાક પેદાશ અને ભૂમિ પ્રબંધને લગતી જીવ–વિજ્ઞાનની શાખા. **agroecology.** કૃષિ પાક અને પર્યાવરણ સાથેના સંબંધોનો અભ્યાસ; કૃષિ પરિસ્થિતિ વિજ્ઞાન. **Agrology.** ભૂમિ વિજ્ઞાન, જેમાં *pedology* (એટલે જમીનનો પ્રકાર, તેની ઉત્પત્તિ અને વર્ગીકરણ) અને *edaphology* (એટલે જમીન અને તેનો ઉપયોગ કરતા માનવી સુદ્ધાં જીવંત વસ્તુઓના સંબંધનો સમાવેશ થાય છે).

**agronomist.** કૃષિ નિષ્ણાત, કૃષિ તજજ્ઞ. **Agronomy.** કૃષિ પેદાશ અંગેનું વિજ્ઞાન, કૃષિવિજ્ઞાન.

**Agromyza** *obtusa*. ચણા અને તુવેરમાં પડતું કીટ જે સિંગોમાં ઈંડાં મૂકે છે. **A.** *phaseoli*. ચોળામાં પડતો કીટ.

**Agropyron** *repens* (**L.**) **P. Beauv** (Syn. *Triticum repens* **L.**) તૃણકુળની વનસ્પતિ, જેનાં મૂળનો કાઢો મૂત્ર-જનન માર્ગના રોગો તથા શરદીના દર્દની સારવારમાં ઉપયોગમાં આવે છે.

**Agrostis** *flammatra* **Schiff** ચણા, બટાટા, જુવાર, બાજરી. ઘઉં, જવ, રજકો, તમાકુ ઇ.માં પડતો કીટ. **A.** *procera* **Retz.** તૃણકુળનો ઘાસચારો; જુઓ *Eriochloa procera*. **A.** *ypsilon*. ચણા, બટાટા, જુવાર, બાજરી ઇ.માં પડતો કીટ.

**Agrostology.** તૃણવિજ્ઞાન, તૃણ વર્ગની વનસ્પતિને લગતી વનસ્પતિવિજ્ઞાનની એક શાખા.

**aguacate.** દક્ષિણ ભારતમાં થતું મૂળ અમેરિકાનું ફળ; જુઓ *avocado*.

**A. horizon.** જમીન પરિચ્છેદિકાનો ટોચનો સ્તર, જે પરિચ્છેદિકાની સાથે સત્ય જમીન બનાવે, આ પરિચ્છેદિકાના પણ $A_1$ અને $A_2$ એવા પેટા – વિભાગો પડે છે; જે પૈકી $A_1$ પેટા – વિભાગમાં ઊંચા પ્રકારનું કાર્બનિક દ્રવ્ય હોય છે, જ્યારે $A_2$ પેટા – વિભાગમાં વિશેષ પ્રમાણમાં નિક્ષાલન અને ઓછા પ્રમાણમાં કાર્બનિક દ્રવ્ય હોય છે.

**ahu.** શરદ અને ગ્રીષ્મમાં થતી ડાંગર.

**ahuacate.** એક પ્રકારનું દક્ષિણમાં થતું ફળ; જુઓ *avocado*.

**Ailanthus** *excela* **Roxb.** મોટો અરડૂસો; ઇ. ગુગ્ગુલાદિ કુળનું વૃક્ષ, જેના કાષ્ઠની દીવાસળી અને વર્તમાનપત્રોના કાગળ બનાવવામાં આવે છે. **A.** *malabarica* **D.C.** ગુગ્ગુલ ધૂપ; ગુગ્ગુલાદિ કુળનું દ. ભારતમાં થતું ઝાડ, જેની છાલમાંથી મળતી રાળનો ધૂપ તરીકે ઉપયોગ કરવામાં આવે છે, અને છાલમાંથી મળતા કાળા રંગનો ઉપયોગ સાટિન રંગવા માટે કરવામાં આવે છે, અને કાષ્ઠમાંથી દીવાસળી બનાવવામાં આવે છે. **A.** *triphysa* (**Dennst**) **Alston.** (Syn. *A.*

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



*malabarica* L.(..) ગૂગળ ધૂપ. જુઓ *Ailanthus malabarica* **DC.**

**air.** હવા, વાત, વાયુ. **a. bladder.** માછલીઓને તરવામાં મદદરૂપ થતું વાતાશય નામનું એક અંગ. **a. blast sprayer.** સંકેન્દ્રિત રીતે ફૂગનાશક કે જંતુઘ્નના છંટકાવ માટેનું સાધન, જે ફૂગ નાશક કે જંતુઘ્ન દ્રવ્યને અતિસૂક્ષ્મ સ્વરૂપમાં હવાનો પ્રવાહ બનાવી છાંટવામાં આવે છે; જુઓ *mist sprayer.* **a. borne plant disease.** વાતવાહિત ફૂગના બીજાણુથી વનસ્પતિને પ્રસરતો રોગ, જેમાં ફૂગના બીજાણુ વનસ્પતિનાં પાન અને પ્રકાંડ પર જામે છે. **a. breather.** શ્વસન માટે વાતાવરણમાંથી સીધે સીધો ઑક્સિજન ગ્રહણ કરતી (માછલી). **a. cavity.** વાત કોષ્ઠ, વાત વિવર. **a. cell.** વાતકોષ. (૨) ઈંડાના દ્રવ્યનો સંકોચ થવાથી તેના છેડા પર થતો વાતપૂરિત કોષ. **a. chamber.** વાત-કોષ્ઠ, વાયુવેશ્મ. **a. cleaner.** વાયુથી શુદ્ધ કરનાર સાધન. **a. cured hide.** વાત-શુષ્ક ચામડું. **a. curing.** ખુલ્લામાં થોડો સમય અને ત્યાર બાદ છાયા હેઠળ તમાકુને સૂકવવાની પદ્ધતિ; આ રીતે તમાકુનાં પાનના આખાય ગુચ્છને સૂકવ્યા બાદ તે પરથી પાન દૂર કરવામાં આવે છે. **a. dry.** લાંબો સમય ખુલ્લામાં રહેવા દઈને સૂકવવામાં આવતો (પદાર્થ). (૨) ઘાસ, લીલો ચારો ઇ.ને સૂકવી ભેજરહિત બનાવવાની (પ્રક્રિયા). **a. dry-soil.** બાષ્પીભવન અથવા બાષ્પોત્સર્જન દ્વારા પોતાનો ભેજ ગુમાવ્યો હોય તેવી જમીન, જેમાં કેવળ રાસાયણિક રીતે જે પાણી રહેવા પામ્યુ હોય તે જ હોય. **a. layering.** લીચી, લીંબુ, કાજુ અને દાડમ જેવાં ફળની ખેતી માટે ઉપયોગમાં લેવામાં આવતી પદ્ધતિનો પ્રકાર, જેમાં પસંદ કરેલા પ્રરોહની કલિકાની નીચેના ભાગમાં એક ઇંચ જેટલી છાલ દૂર કરી તેના પર માટી, શેવાળ, લીલ કે એવું દ્રવ્ય લગાડી તે પર આવરણ કરવામાં આવે છે અને આ આવરણ પર વારંવાર પાણી છાંટવામાં આવે છે, જેથી તેમાંનો ભેજ જળવાયેલો રહેવા પામે. **a. pore.** વાત રંધ્ર. **a. sac mite.** *Cytodites (Cytoleichus) nudus* નામની મરઘાં-બતકાંના શ્વાસમાર્ગમાં થતી ઈતડી. **a. sacs.** પક્ષીઓનો વાતપૂરિત અવકાશ જે ફેફસાંની સાથે જોડાયેલો હોય છે. (૨) ઘણાં જંતુઓમાં શ્વાસનળીમાં થતો ફુલાવો. (૩) ઘણાં પ્રાણીઓની શ્વાસનલિકાના અંત્ય વાત કોષો. (૪) વનસ્પતિના પ્રકારના વાત વિવર. **a. shutter.** વાતરોધક. **a. slaked lime.** બાળેલો ચૂનો જેણે હવામાં ખુલ્લો રહેવાના પરિણામે કાર્બન-ડાયોક્સાઇડ અને પાણી ગ્રહણ કર્યાં હોય છે.

**Aira** *caryophyllea* **L.** તૃણકુળનું શણગાર માટેનું ઘાસ.

**ajmud.** અજમોદ; *Trachyspermum roxburghianum* **(DC.) Craib.** (*(Carum roxburghianum* **Benth ex Kurz**). જીરકાદિકુળની મહારાષ્ટ્રમાં થતી શાકીય વનસ્પતિ, જેનાં બી—અર્થાત્ અજમો મસાલા તરીકે અને ઔષધ માટે ઉપયોગમાં આવે છે. **ajmuda.** અજમો.

**ajowan.** અજમો; જીરકાદિ કુળની મધ્યપ્રદેશ, આન્ધ્રપ્રદેશ, ગુજરાત, મહારાષ્ટ્ર અને ઉત્તર પ્રદેશમાં થતી શાકીય વનસ્પતિ, જેમાંથી ઔષધીય ગુણ ધરાવતું તેલ કાઢવામાં આવે છે, જેમાંનું થાઇમોલ નામનું દ્રવ્ય મેન્થોલની અવેજીમાં ઉપયોગમાં લેવામાં આવે છે; અજમો વાતહર, શક્તિદાયક, અને અપચો દૂર કરનાર દ્રવ્ય તરીકે વપરાય છે.

**Ajuga** *bracteosa* **Wall ex Benth.** રતપાના, નીલકંઠી.

**ak.** અર્કાદિકુળની ઉત્તર ભારતની શાકીય વનસ્પતિ, જેના તંતુ ઘાસપાત તરીકે અને ગોદડાં ઇ. ભરવા માટે ઉપયોગી બને છે, જુઓ *madar.* **a. grasshopper.** *Poecilocerus pictus* **Fab.** નામનું પપૈયાનું કીટ, જે અંજીર, રીંગણી, દીવેલા, ટમેટાં અને *ak* નામની વનસ્પતિને હાનિ પહોંચાડે છે, જેનાં ડિમ્ભ પાન ખાય છે.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**akee.** *Blighia sapida* **Koenig.** (*Cupania sapida* **Voigt.**) નામે ઓળખાતું મૂળ પશ્ચિમ આફ્રિકાનું પણ તામીલનાડુમાં થતું ખાદ્ય ફળવાળું ઝાડ.

**akene.** એકબીજ શુષ્ક અસ્ફોટી ફળ.

**akhrot.** અખરોટ.

**Akola hoe.** મહારાષ્ટ્રના અકોલામાં કાળી જમીનમાં કપાસની વાવણી માટે ઉપયોગમાં લેવામાં આવતું એક ઓજાર.

**Akund.** *Calotropis procera* (**Ait.**) **R. Br.** (*Asclepias gigantes* **L.**) નામનું અર્કાદિ કુળનું આન્ધ્ર પ્રદેશ અને પંજાબમાં થતું ઝાડ, જેના તંતુનાં દોરડાં બનાવવામાં આવે છે.

**alae.** પાંખ, પક્ષ.

**Alambadi.** તામીલનાડુના સાલેમ અને કોઇમ્બતુર વિસ્તારોમાં થતી પશુની એક ઓલાદ.

**Alandi.** પશ્ચિમ ભારતમાં થતાં દાડમનો એક પ્રકાર, જેમાં ફળ મધ્યમ કદનાં, ઘેરા લાલ રંગના દાણા, કઠણ બી અને મીઠા સ્વાદવાળાં હોય છે જે ધોળકામાં થતાં દાડમ કરતાં સહેજ વધારે અગ્લીય હોય છે.

**Alangiaceae.** અંકોલાદિ કુળની વનસ્પતિઓ.

**Alangium** *lamarckii* **Thwait.** આંકોલનું ઝાડ, આંકોલ. **A.** *decapetalum* **Lam** આંકોલનું ઝાડ. **A.** *salviifolium* (**L.f.**) **Wang.** (Syn. **A.** *lamarckii* **Thw.**). આંકોલ; અંકોલાદિકુળનું ભારતના શુષ્કપ્રદેશ ખાસ કરીને દક્ષિણનાં જંગલોમાં થતું ઝાડ, જેનાં કાષ્ઠનાં વાજીંત્રો બનાવવામાં આવે છે અને જેની છાલમાંથી કાઢવામાં આવતા આલ્કેલોઇડ દ્રવ્ય લોહીના ઊંચા દબાણમાં ઉપયોગી બને છે.

**alib ne.** રંગવિહીન, વિવર્ણ. **albinism.** વિવર્ણતા, રંગવિહીનતા. (૨) વનસ્પતિમાં હરિતપર્ણરહિતતા અને પ્રાણીઓમાં રંગવિહીનતા. **albino.** હરિતપર્ણ વિનાની વનસ્પતિ અથવા રંજકદ્રવ્યરહિત પ્રાણી.

**Albizzia** *amara* (**Roxb.**) **Boiv.** (Syn. **A.** *wightii Grah*; *Mimosa amara* **Roxb.**). હિંદીમાં લાલી નામે ઓળખાતું બબ્બુલાદિ કુળનું દખ્ખણ, કર્ણાટક અને દક્ષિણ કેરળમાંનાં પાનખર જંગલોમાં થતું ઝાડ, જેનું કાષ્ઠ બળતણ અને ઓજારોના હાથા બનાવવાના કામમાં આવે છે. સૂકાં પાંદડાંનું ખાતર બને છે અને સાબુની અવેજીમાં ઉપયોગમાં આવે છે. **A.** *chinensis* (**Osbeck**) **Merr.** (Syn. **A.** *stipulata* (**Roxb.**). હિંદીમાં સિરન નામે ઓળખાતું બ. કુળનું હિમાલય, પશ્ચિમ દ્વીપકલ્પીય પ્રદેશ અને નિકોબારમાં થતું ઝાડ, જેનાં પાંદડાં અને ડાળાં–ડાંખળાંનો ઘાસચારો બને છે, અને જેના કાષ્ઠના માવાના કાગળ બને છે. **A.** *lebbeck* (**L.**) **Benth.** (Syn. *Mimosa lebbeck* **L.**; *Acacia lebbeck* **Willd.**). કાળો શિરીષ, કાળો સરસ, સરસડો, બ. કુળનું રસ્તાની બાજુઓ પર ઉગાડાતું ઝાડ, જેનાં પાંદડાં અને ડાળખાંનો ઘાસચારો અને ખાતર બને છે, જેનાં કાષ્ઠ ફર્નિચર. રેલવેના ડબા અને ઈમારતી કામમાં ઉપયોગમાં આવે છે. **A.** *lucida* **Benth.** હિંદીમાં ગલવંગ નામે ઓળખાતું બ. કુળનું બિહાર અને આસામમાં થતું ઝાડ, જે લાખનાં જંતુઓની વસાહત તરીકે કામમાં આવે છે. **A.** *odoratissima* (**L.f.**) **Benth.** (Syn. *Mimosa odoratissima* **L.f.**). કાળો શિરીષ, બ. કુળનું ઝાડ જેનાં ડાખળાંનો ઘાસચારો થાય છે. **A.** *procera* (**Roxb.**) **Benth.** સફેદ શિરીષ. વધારે મજબૂત ઝાડ, જેની છાલમાંથી ઝેર બને છે. **A.** *stipulata* **Boiv.** બ. કુળનું દ. ભારત, આસામ, પ. બંગાળ અને દ. હિમાલયમાં થતું મોટું પાનખરંઉ વૃક્ષ, જેનું કાષ્ઠ ઈમારતી કામમાં, બળતણ ફર્નિચર અને ઘરેલું ઓજારો બનાવવામાં ઉપયોગમાં આવે છે, અને જેનાં પાદડાં અને ડાળખાં ખાતર તરીકે ઉપયોગમાં આવે છે.

**alhumen.** વેતક, ઈંડાના ચીકણા પદાર્થ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેવા પદાર્થ. (૨) ઈંડાની સફેદી, જેના ચાર થર હોય છે, જે આઘાત ઝીલે છે અને ભ્રૂણના ખોરાકની ગરજ સારે છે. (૩) પ્રાણીજ ઘનદ્ યા અને પ્રવાહીઓ, બી અને કંદિલ મૂળનું ઘટક દ્રવ્ય. (૪) ઘણાં બીનાં ભ્રૂણ અને આવરણ વચ્ચેનો ખાદ્ય ભાગ.

**albuminoides.** પ્રાણીઓનાં કંકાલ, સંરચના અને સંયોજકપેશીમાં રહેલું વિષમ પ્રોટીન, જે તટસ્થ દ્રાવણમાં અદ્રાવ્ય છે, અને જેમાં સરેશ (જીલેટિન) અને કાસ્થિ તથા અસ્થિમાં રહેલા કોલેજનનો સમાવેશ થાય છે. **albuminoid ratio.** જુઓ *nutritive ratio.*

**albuminous.** સફેદીવાળું. **a. cell** સફેદીવાળો કોષ. **a. seed.** મીંજ, મગજવાળું બીજ. **albumins.** જલદ્રાવ્ય સરળ પ્રોટીન, જે તપાવતાં સ્કંદિત થાય છે. આ પ્રોટીન દૂધ, લોહી, ઈંડાની સફેદી, સ્નાયુઓ, શાકભાજી ઇ.માં હોય છે.

**albuminuria** પેશાબમાં જતું એલ્બ્યૂમીન, જે રોગનો એક પ્રકાર છે.

**albumoses.** પ્રોટીનનું જલદ્રાવ્ય વ્યુત્પન્ન–પ્રોટિયોસીસ.

**alburnum.** રસદારૂ, રસકાષ્ઠ.

**Alcides** *mali* **Marskal.** સફરજનનાં પ્રકાંડનો વેધક કીટ.

**alcohol.** મદ્યાર્ક. **a. alizarin-test.** દૂધમાં પ્રોટીનની સ્થિરતાની કસોટી, જેમાં દૂધમાં આલ્કોહોલ ઉમેરવામાં આવતાં, સાધારણ પ્રકારના દૂધમાં કોઈ ફેરફાર કે વિકૃતિ આવતી નથી, પરંતુ દૂધમાં અમ્લતા થવા પામી હોય તો, દૂધ ફાટી જાય છે. આ કસોટીમાં એલિઝેરિન નામના દ્રવ્યની મદદ લેવામાં આવે છે. આ કસોટી દરમ્યાન દૂધ લાલ રંગ દર્શાવે તો દૂધ સાધારણ પ્રકારનું ગણાય, પીત–બદામી રંગ થાય તો દૂધમાં ખટાશ આવેલી ગણાય અને જાંબુડી રંગનું થાય તો, જેનું દૂધ લીધું હોય તે પ્રાણીના આંચળને સોજો આવેલો ગણાય છે. **alcoholic fermentation.** મદ્યાર્કીય આથવણ.

**aldrin.** 1, 2, 3, 4, 10, 10–હેક્ઝાક્લોરો–1, 4, 4 એ, 5, 8, 8 એ–હેક્ઝાહાઇડ્રો–1, 4–એન્ડો એક્ઝો 5, 8, ડાઇમીથેનોન ફથાલીન નામનું સ્પર્શીય અને જઠરીય વિષ, જે ખાતરની સાથે ભેળવી શકાય છે અને જે ભૂકાના રૂપમાં, જલવ્યાસૃત થતા ભૂકારૂપે, પાયસરૂપે મળી શકે છે. તે ડી.ડી.ટી. કરતાં વધારે ઝેરી છે અને તીડ, તીતીઘોડા, ઊધઈ ઇ.ની સામે ઉપયોગમાં આવે છે અને બટાટા, મકાઈ, ઘઉં અને શેરડીનાં જંતુઓની સામે ઉપયોગમાં લેવાય છે.

**Aleurites** *fordii* **Hemsl.** *China wood oil, Tung-oil tree.* જંગલી અખરોટ, આમલ્યાદિ કુળનું ટુંગ નામનું તેલ આપતું આસામ, પ. બંગાળ, બિહાર અને મૈસુરમાં થતું ઝાડ, તેનાં બીનું ટુંગ તેલ વાર્નિશ બનાવવામાં ઉપયોગી બને છે. **A.** *moluccana* **(L.) Willd.** (Syn. **A.** *triloba* **Forst.**)). દેશી જંગલી અખરોટ; અંગ્રેજીમાં *candle nut* કે *varnish tree* તરીકે ઓળખાતું, મૂળ મલાયા અને પ્રશાંતના દ્વીપનું પણ અહીં દક્ષિણ ભારત અને આસામમાં થતું એક ઝાડ, જેના બીમાંથી કાઢવામાં આવતું તેલ રંગ અને વાર્નિશ બનાવવામાં કામમાં આવે છે, જ્યારે છાલથી ચામડાં કમાવવામાં આવે છે. **A.** *tribola* **Forst.** જંગલી અખરોટ.

**Aleurocanthus** *spiniferus.* ખટમધુરાં ફળમાં પડતો સફેદ કીટ. **A.** *woglumi.* ખટમધુરાં ફળનો કીટ.

**Aleurolobus** *barodensis.* શેરડીમાં પડતી સફેદ માખ.

**aleuron, aleurone.** પ્રોટીન તત્ત્વ ધરાવતું, સમીતાયા; સામાન્ય જીવદ્રવ્યમાં જોવામાં આવતું પ્રોટીન, જે અનામત ખાદ્ય દ્રવ્ય તરીકે ઉપયોગમાં આવે છે અને જે એકદળી વનસ્પતિમાં ભ્રૂણપોષના પ્રોટીનવાળું સ્તર હોય છે.

**Alexander.** પીચ ફળનો એક પ્રકાર, જેનાં ફળ ગોળ અને મોટાં હોય છે; અને જેની છાલ લીલાશ પડતી સફેદ, ગર પણ તેવા જ રંગનો અને મીઠો હોય છે

**Alexandrian laurel.** નાગકેસર;

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



*Mammea longifolia* **Planch & Triana** *Ochrocarpus longifolius* (**Wight**) **Benth & Hook f.**. નાગપુષ્પાદિકુળનું દ. ભારતમાં થતું ખાદ્ય-ફળવારી ઝાડ, જેની સૂકી પુષ્પકળી લાલ રંગ આપે, જે વડે રેશમને રંગી શકાય છે.

**alfalfa.** ગદબ, રજકો.

**algae** (**alga** એ.વ.). કાઈ, લીલ, હરિત-દ્રવ્યવાળી સૂક્ષ્મ કે મોટી વનસ્પતિ, જે મોટા ભાગે પાણીમાં થાય છે, અને જે હરિત, વાદળી, પીળાશ પડતી લીલી અને ડાયેટોમ તરીકે ઓળખાય છે. ડાંગરના ખેતર જેવી સતત ભેજવાળી જમીન પર તે જોવામાં આવે છે. કેટલીક લીલ વાતા-વરણમાં રહેલા નાઇટ્રોજનનું સ્થિરીકરણ કરી શકે છે, જમીનનું વાતાયન સુધારે છે અને જમીનમાં કાર્બનિક દ્રવ્યોનો ઉમેરો કરે છે. **algal.** લીલને લગતું, લીલવાળું. **a. bloom.** પાણી સંપૂર્ણ-પણે લીલું થઈ જાય તેટલી હદે તેમાં થતો લીલનો ભરાવો. **a. crust.** લીલનો થર. **a. scum.** તાજી કે સડાની અવસ્થાએ પહોંચેલી લીલનો પાણી પર તરતો થર.

**algin.** એલ્જિન; ફૂગ-શેવાળ જેવું દ્રવ્ય, લીલમાંથી મળતો એલ્જિનિક એસિડ.

**Algology.** ફૂગવિજ્ઞાન, *Phycology*.

**algarroba.** કાબૂલી કિકર, મૂળ દ. અમેરિકાનું બબ્બુલાદિ કુળનું નાનું મધ્યમ કદનું એક ઝાડ.

**Alhagi** *camelorum* **Fisch.** જવાસો અંગ્રેજીમાં *camel thorn* નામે ઓળખાતો, પલાશાદિકુળનો મરુ ભૂમિમાં થતો કાંટાળો ક્ષુપ, જે ઊંટનો ઘાસચારો બને છે અને જેનાં ડાળખાં ચક-જાળી બનાવવા માટે ઉપયોગમાં આવે છે. **A.** *maurorum* **Baker** જવાસો. **A.** *pseudalhagi* જવાસો.

**aliar.** વિલાયતી મેંદી.

**alienation.** સ્વત્વાર્પણ. **a.of land.** જમીનનું સ્વત્વાર્પણ.

**aliform.** પક્ષવત્, પાંખ જેવા આકારનું. (૨) જંતુના સ્નાયુ જેવું.

**alignment.** સંરેખણ.

**alimentary canal.** પાચન નલિકા, અન્નમાર્ગ. **alimentation.** પોષણ આપવાની કે પોષણ મેળવવાની પ્રક્રિયા.

**alkali.** અલ્કલી. ઊસ, ખારું. (૨) સોડિયમ, પોટેશિયમ, કેલ્શિયમ અને મેગ્નેશિયમ કે એસિડને તટસ્થ કરી શકે તેવા એમો નિયમના મૂલક જેવા એક તત્વની સાથે ઓક્સિજન અને હાઇડ્રોજનનું રાસાય-ણિકસંયોજન. (૩) જમીનમાં વિવિધ ક્ષારોનો સંચય, જેની ક્ષારીય પ્રતિક્રિયા થાય, તેના બે પ્રકાર છે: (અ) શ્વેત, અને (આ) શ્યામ. શ્વેત અલ્કલીમાં સોડિયમ કે પોટેશિયમ કાર્બોનેટ સિવાયનાં એક બે લવણો હોય છે. સોડિયમ અને પોટેશિયમ લવણો શ્યામ અલ્કલી છે કેમકે તે જમીનમાં કાર્બનિક દ્રવ્યને દ્રાવ્ય બનાવી ઘેરો બદામી રંગ આપે છે અને તે વન-સ્પતિની વૃદ્ધિ માટે હાનિકારક છે. (૪) કોસ્ટિક સોડા, સોડિયમ હાઇડ્રોક્સાઇડ, કોસ્ટિક પોટાશ, સોડિયમ કાર્બોનેટ માટે વપરાતો સામાન્ય શબ્દ છે. **a. clay-pan.** વિનિમયક્ષમ સોડિયમના 15 ટકા કે તેથી વિશેષ હોય તેવું ભૂમિસંસ્તર. **a. earth metals.** ક્ષારીય મૃદા ધાતુઓ. **a. soil.** ઊસર ભૂમિ. સોડિયમ કાર્બોનેટ સમેતનાં લવણો એકઠાં થયાં હોય તેવી ભૂમિ. આ પ્રમાણે સોડિયમ માટીના જલવિશ્લેષણથી પણ થવા પામે છે, જે અલ્કલી પ્રતિક્રિયા કરે છે; ક્ષાર જમીન સરળતાથી અલ્કલી બને છે. **a. seep-weed.** વાસ્તુકાદિ કુળનો પંજાબ અને રાજસ્થાનમાં થતો ક્ષુપ, જે ઘાસચારા તરીકે ઉપયોગમાં આવે છે. જે હિંદીમાં લોનિયા કહેવાય છે, જેનું શાસ્ત્રીય નામ *Sueda fruticosa* **L. Forsk.** (*Chenopodium fruticosum* **L.**) છે. **a. soils.** મુદ્દલે વનસ્પતિ વિનાની અત્યંત કઠણ અને સંઘનિત જમીનો. **alkaline.** 7 કરતાં વધારે pH ધરાવતી-ક્ષારીય (જમીન). **alkalinity.** ક્ષારીયતા. **alkali-zation.** જમીનનાં વિનિમયક્ષમ સોડિયમ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દ્રવ્યો વધવાની પ્રક્રિયા.

**alkaloid.** કંટકાર્યાદિ (*Solanaceae*), અહિફેનાદિ (*Paperveraceae*), શિમ્બાદિ (*Leguminoseae*), વત્સનાભાદિ (*Ranunculaceae*), કુટજાદિ (*Apocynoceae*) અને મજિષ્ઠાદિ (*Rubiaceae*) કુળોની વનસ્પતિઓમાં સામાન્ય રીતે જોવામાં આવતું સંકુલ ચક્રીય નાઇટ્રોજન-ક્ષારક-બેઇઝ જેમાં નિકોટીન, ક્વિનાઇન, બ્રુસીન, મોર્ફિન, એટ્રોપીન, સ્ટ્રિકનીન, જેવાંનો સમાવેશ થાય છે અને જેમાંનાં ઘણાં ઔષધ અથવા વિષ તરીકે ઉપયોગમાં આવે છે.

**alkusi.** પલાશાદિકુળનો શાક તરીકે ઉપયોગમાં લેવાતાં ફળોનો ક્ષુપ, જેનું શાસ્ત્રીય નામ *Mucuna prurita* **Hook.** (*Mucunapruriens* **Baker non D.C.**) છે.

**Allamanda** *cathartica* **L.** કુટજાદિ કુળનો કાષ્ઠીય આરોહી ક્ષુપ.

**allele.** સમજનીન. (૨) એકાંતર વંશાગત લક્ષણોની ગમે તે જોડીમાંનું એક; ચોક્કસ રંગસુત્રમાં અન્ય જનીનનું સ્થાન ધરાવી શકનાર જનીન. (૨) વિકલ્પી. **allelic.** સમજનીનિક. **allelism.** સમજનીનની નિકટતા. **allelomorph.** સમજનીન, જુઓ *allele*. **a. characters.** સમજનીનિક લક્ષણો.

**alligator pear.** મૂળ અમેરિકાનું પણ હવે દક્ષિણ ભારતમાં, હળવાં શિયાળામાં થતું ફળ, જેનું કચુંબર થાય છે, તે તાજું ખાઈ પણ શકાય છે અને જેમાં પ્રજીવકો એ, બી, સી, અને ઈ છે તથા 1–4 ટકા પ્રોટીન છે.

**Allium** *ampeloprasum* **L.** વિલાયતી લસણ; લસૂનાદિકુળનાં દ્વિવર્ષાયુ છોડ. **A.** *ascalonicum* **L.** વિલાયતી લસણ, હિંદીમાં ગંધન અને અંગ્રેજીમાં *Shallot* નામધારી, કંદિલ મૂળ ધરાવતી મુખ્યત્વે તામીલનાડુમાં થતી, ખાદ્ય પાનવાળી, લસૂનાદિ કુળની વનસ્પતિ. **A.** *cepa* **L.** ડુંગળી, કાંદા; લસૂનાદિ કુળના ખાદ્યકંદવાળી વનસ્પતિ. **A.** *cepa* **L.** var *viviparum* (**Metz**), **A. Lef.** ઇજિપ્શિયન કાંદા તરીકે ઓળખાતી, લસૂનાદિ કુળની, નાના કંદની ઝુંગળી ધરાવતી વનસ્પતિ. **A.** *porrum* **L.** (Syn. *Allium-ampeloprasum* **L.**) વિલાયતી લસણ. **A.** *sativum* **L.** લસણ, લસૂનાદિ કુળની વનસ્પતિ, જેની કળીઓ મસાલા તરીકે ઉપયોગમાં આવે છે, લસણનો ભૂકો જઠરને ઉદ્દીપ્ત કરવા વાતહર તરીકે ઉપયોગી છે. **A.** *schoenoprasum* **L.** હિંદીમાં પિયાઝી નામે ઓળખાતી અંગ્રેજી *Chive* નામની હિમાલયના કાશ્મીરથી કુમાઉ પ્રદેશમાં થતી લસૂનાદિકુળની વનસ્પતિ. **A.** *tuberosum* **Rottl. ex Spreng.** લસૂનાદિકુળની પ. બંગાળમાં થતી અને સુવાસ આપતી વનસ્પતિ. **A.** *ulginosum* **Don.** (Syn. *tuberosum* **Rottl. ex spreng** પ. બંગાળમાં થતી, બંગગંધીન નામની લસૂનાદિકુળની વનસ્પતિ.

**all mash.** પૂરા રાશનવાળો મરઘાં બતકાનો ખોરાક.

**allo-,** પર અર્થસૂચક પૂર્વગ.

**allocarpy.** પર-ફલનથી થતું ફળ. **allogamy.** પર-નિષેચન, પર-ફલન, સંકર-ફલીકરણ-ફલન. **allometry.** સાપેક્ષ વૃદ્ધિનો અભ્યાસ. (૨) કદ વધતા પ્રમાણમાં પણ થતો ફેરફાર, ધોરણસરના વૃદ્ધિદર કે સમગ્રના વૃદ્ધિદરથી જુદો પડતો અમુક ભાગની વૃદ્ધિનો દર. (૩) પરમિતિ. **allopolyploid.** અપર-બહુસંખ્યક. **allosone.** વિષમ-રંગસૂત્ર, લિંગ-રંગસૂત્ર; *heterochromosome*. **allosyndesis.** પર-યુગ્મન. **allotetraploid.** પરચુત-સંખ્યક. **allotropus flower.** ફૂલની એવી રચના, જેથી જંતુ તેના મધુરસ સુધી સરળતાથી પહોંચી જઈ શકે.

**alluvial soil.** જલોઢ-જળવાહિત જમીન. (૨) ખૂબજ વિસ્તૃત અને કૃષિની દૃષ્ટિને અગત્યની ઈન્ડો-ગેન્જેટિક અને નદીમુખત્રિકોણ જમીનો. આવા પ્રકારની જમીનો પંજાબ, ઉત્તર પ્રદેશ, બિહાર,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ. બંગાળ, આસામ, ઓરિસા અને દ. ભારતના નદીમુખત્રિકોણ પ્રદેશોમાં આવેલી હોય છે આવી જમીનો મોટા ભાગે પર્વતો અને ડુંગરોના ધોવાણના પરિણામે નિર્માણ થઈ હોય છે અને તેમાં ડાંગર, ઘઉં, શેરડી,કપાસ ઇ. જેવા પાકો લેવામાં આવે છે. આવી જમીનોમાં નાઇટ્રોજન, ખાદ માટી (humus) અને ફોસ્ફરિક ઍસિડનું પ્રમાણ ઓછું હોવા છતાં તેમાં પોટાશ અને ચૂનો વિશેષ પ્રમાણમાં હોય છે.

**almond.** બદામ, જેનું શાસ્ત્રીય નામ *Prunus amygdalus* **Batsch.** (*P. communis* **L. Arcang;** *Amygdalus communis* **L.**) છે અને તે પદ્મકાદિકુળનું મૂળ પૂર્વ ભૂમધ્ય પ્રદેશનું પણ અહીં થતું કાષ્ઠીય ફળધારી પાનખર વૃક્ષ; જેનાં ફળ–બદામ પુષ્ટિદાયક અને ઔષધીય ગુણો ધરાવે છે, જેનું તેલ સુગંધી દ્રવ્યોમાં ઉપયોગમાં આવે છે. આ વૃક્ષ કાશ્મીર અને સિમલામાં થાય છે અને તેને કલમ કરીને ઉગાડવામાં આવે છે. બદામ મીઠી તેમ જ કડવી એવા બે પ્રકારના સ્વાદવાળી હોય છે. **a. moth.** *Ephestia cautella* **Walker.** નામનું બદામ ઉપરાંત ઘઉં, ડાંગર, ચોખા, અખરોટ, નારિયેળ, પિસ્તા, અંજીર, કાજુ અને કચૂકામાં પડતું ફૂદું, જેની ઈયળ લોટમાં બાચકાં બનાવે છે અને ખાદ્ય પદાર્થને ખાવા સાટે અયોગ્ય કરી મૂકે છે.

**Alnus** *nitida* **Endl.** હિંદીમાં કુનિસ અને સરોલી નામે ઓળખાતું પશ્ચિમ હિમાલય અને પંજાબમાં થતું મોટું ઝાડ, જેનાં કાષ્ઠની દીવાસળીઓ બને અને છાલમાંથી રંગ મળે અને ડાળખાંની ટોપલીઓ બને છે.

**Alocasia.** વિલાયતી અડુ. **A.** *cucullata* (**Lour.**) **Schott.** સૂરણાદિકુળનું પ. બંગાળ અને આસામમાં થતી ખાદ્ય મૂળધારી શાકીય વનસ્પતિ. **A.** *indica* (**Roxb.**) **Schott.** કાળી અળવી, માણકંદ, ખાદ્ય પ્રકાંડ અને કંદવાળી આસામ, પ. બંગાળ, મહારાષ્ટ્ર, તામીલનાડુ, મલબાર અને કેરળમાં થતી સૂરણાદિ કુળની શાકીય વનસ્પતિ. **A.** *macrohiza* (**L.**) **Scott.** મોટી માણકંદ; મુખ્યત્વે આસામમાં થતી ખાદ્યકંદધારી સૂરણાદિ કુળની શાકીય વનસ્પતિ.

**aloe.** કુંવાર, કુંવારપાઠું; મૂળ મેક્સિકોની ટૂંકાપ્રકાંડવાળી કાષ્ઠીય શાકીય વનસ્પતિ, જેનાં પાનના રેસામાંથી દોરડાં બનાવવામાં આવે છે અને જે મહારાષ્ટ્ર, બિહાર, તામીલનાડુ, ઉત્તરપ્રદેશ અને પંજાબમાં થાય છે. **A.** *barbadensis* **Mill.** (Syn. **A.** *vera* (**L.**). **Webb & Berth.** (**non Mill.**). કુંવાર, કડવી કુંવાર, હિંદીમાં ઘીકુંવાર નામે ઓળખાતી મૂળ વેસ્ટ ઈન્ડિઝની પણ દ. ભારતમાં જંગલી રીતે થતી વનસ્પતિ, જેના પાનનો રસ રેચક છે.

**aloo** (હિંદી) આલુ, બટાટા.

**Alopecurus** *pratensis* **L.** અંગ્રેજીમાં *Meadow foxtail* તરીકે ઓળખાતો તૃણકુળનો દીર્ઘાયુ ઘાસચારો.

**alpaca.** આલ્પાકા, દક્ષિણ અમેરિકાના પેરુ રાજ્યના આલ્પાકા નામના પ્રાણીના વાળના રેસા, જેને વણીને કાપડ અને અસ્તર બનાવવામાં આવે છે.

**alpha.** આલ્ફા. (૨) ગ્રીકવર્ણમાળાનો પ્રથમ વર્ણ. **a. humus.** કાળારંગના કાર્બનિક દ્રવ્યોનું અચોકસ સંયોજનનું મિશ્રણ.

**Alphonso.** પશ્ચિમ ભારતમાં થતી (આલ્ફોન્ઝો) આફૂસ નામની લોકપ્રિય કેરીની જાત, જે ગુજરાતમાં વલસાડ અને મહારાષ્ટ્રમાં રત્નાગિરિમાં થાય છે.

**Alpine strawberry.** પદ્મકાદિકુળની મૂળ યુરોપની પણ કુમાઉં, કુલુ, હિમાચલપ્રદેશ અને મહારાષ્ટ્રમાં થતી ખાદ્યફળની શાકીય વનસ્પતિ.

**Alpinia** *galanga* (**L.**)**Willd.**(Syn. *Languas galanga* (**L.**) **Stuntz.**). કુલિંજન, આદુવર્ગની અંગ્રેજીમાં *greater galangal* નામે ઓળખાતી મૂળ ઈન્ડોનેશિયા અને મલાયાની વનસ્પતિ, જેનાં કંદનો મસાલો અને બાષ્પશીલ તેલ બને

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે, જેનાં કુમળાં ફૂલ ખવાય છે. **A.** *nutans* **Rosc.** પન્નગચંપો, નાગ દામણી, આદુવર્ગની એક વનસ્પતિ. **A.** *speciosa* (**Wendl.**) **K. Schum.** (Syn. *A. nutans* **Rose.**). અંગ્રેજીમાં *Shell flower* તરીકે ઓળખાતી અને હિંદીમાં પન્નગચંપા નામે જાણીતી, આદુવર્ગની ટટાર, પર્ણધારી વનસ્પતિ.

**alsi.** અળસી.

**Alstonia** *scholaris* (**L.**) **R. Br.** સાત્વિન, સપ્તપર્ણી; કુટજાદિકુળનું શણગાર માટે વવાતું નાનું ઝાડ.

**Alternanthera** *amoena* **Voss.** (Syn. *Telanthera amoena* **Regel.**) કંચરી, નાદરંગ, અપામાર્ગાદિ કુળની પ. બંગાળ, ઓરિસા અને તામીલનાડુમાં થતી શાકભાજી માટે ઉપયોગી શાકીય વનસ્પતિ. **A.** *sessiles* (**Linn.**) **R.** જળજાંજવો, પાણીભાજી.

**Alternaria.** સામાન્ય મૃતોપજીવી ફૂગ, જે સડો કરે છે. **A.** *brassicae*. ગવાર, રાઈ તથા રાજીકાદિ કુળનું વનસ્પતિઓના પાનને સડો કરનાર જંતુ. **A.** *brassicicola*. રાજીકાદિકુળની વનસ્પતિનાં પાનને સડો કરતું જંતુ. **A.** *carthami*. કરડીને થતા એક રોગ માટે જવાબદાર જંતુ. **A.** *lini*. અળસીને થતા એક રોગ માટે જવાબદાર જંતુ. **A.** *palanduii*. ડુંગળીના પાનના રોગ માટે જવાબદાર જંતુ. **A.** *phaseoli*. વટાણાનાંપાનને થતા એક રોગ માટે જવાબદાર જંતુ. **A.** *porri*. ડુંગળીનાં પાનના રોગ માટે જવાબદાર જંતુ. **A.** *solani*. રીંગણી, મરચી, બટાટા, ટમેટાને થતા એક રોગ માટેનું જંતુ. **A.** *tenuis*. સૂર્યમુખીનાં પાનને થતા એક રોગ માટે જવાબદાર જતુ.

**alternate.** એકાંતર, એકાંતરિક. **a. bearing.** દ્વિવર્ષાયુફલદ, એકાંતર વર્ષે ફળ આપનાર. **a. grazing.** એકાંતર ચરાઈ. **a. host.** જીવનચક્રના એક જ ભાગ દરમિયાન રોગોત્પાદક સજીવ, જે વનસ્પતિ કે પ્રાણી પર પરજીવી બને તેવા પ્રકારની વનસ્પતિ અથવા પ્રાણી.

**alternating males.** મરઘાં કરતાં મરઘીની સંખ્યા બેવડી હોય ત્યારે પ્રત્યેક મરઘા દીઠ બે મરઘીના યુગ્મનની એકાંતરિક વ્યવસ્થા.

**alternating current (a.c.).** પ્રત્યાવર્તી પ્રકારનો વીજળીક પ્રવાહ-કરંટ.

**alternation.** એકાંતરણ. **a. of generations.** એકાંતર જનન, સંતતિઓનું એકાંતરણ, લિંગી અને અલિંગી સ્વરૂપોનું એકાંતરણ, અથવા કોષીય દૃષ્ટિએ એકગુણિત અને દ્વિગુણિત અવસ્થાનું એકાંતરણ. (૨) એવા પ્રકારનું પ્રજનન જેમાં પ્રત્યેક બીજી પેઢીમાં સમાન લક્ષણો જોવા મળે છે, એક પેઢી વટાવી ત્યાર પછીની એટલે બીજી પેઢીનાં દૃશ્યમાન થતાં લક્ષણો ધરાવતું પ્રજનન. **alternative.** વિકલ્પી, વૈકલ્પિક. (૨) આર્સેનિક, આયોડીન, કોડલિવર તેલ, લોહ અને પારાના સંયોજનો જેવું તંદુરસ્ત કાર્ય સ્થાપનાર ઔષધિ.

**Althaea** *rosea* (**L.**) **Cav.** ગુલખેર, કાર્પાસાદિ કુળની અંગ્રેજીમાં *Hollyhock* નામની શાકીય વનસ્પતિ, જેનાં પાનમાંથી એન્થોસાયેનિન નામના રંગો બને છે.

**altimeter.** ઊંચાઈ ઉત્તુંગતામાપક સાધન.

**Altingia** *excelsa* **Noron.** સિલરસ નામની, આસામમાં થતી એક વનસ્પતિ.

**alubelu.** ખાટીચેરી, પદ્મકાદિકુળનું પંજાબ હિમાચલ પ્રદેશ અને કુમાઉમાં થતું એક ઝાડ.

**alu-bukhara** પદ્માદિકુળનું સમશીતોષ્ણ પ્રદેશનું ફળ.

**alumina.** એલ્યુમિનિયમ ટ્રાયોક્સાઈડ, ફોસ્ફેટશૈલની અશુદ્ધિ, જેથી સુપરફોસ્ફેટ ભેજવાળો અને ચીકણો બને છે. **aluminium phosphide.** અનાજને આપવામાં આવતો ઝેરી વાયુ, જે ટિકડી રૂપમાં મળે છે.

**alveolate.** વાયુકોષ્ઠિત, અથવા કોઠાવાળું. **alveolus** (**alveoli** બ.વ.). વાયુકોટરિકા; નાનું ગર્ત કે કોષ્ઠ. (૨) દાંતને

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખાડો. (૩) ફેફસામાંનો વાયુ કોષ્ઠ. (૪) ગ્રંથિમાં ગર્ત. (૫) જઠરની દીવાલ પરની ગર્તિકા.

**Alysicarpus** *longifolius* **Wight & Arn.** પલાશાદિ કુળની ઘાસચારા માટેની શાકીય વનસ્પત્તિ. **A.** *rugosus.* **(Will.) DC.** શેવરા, પલાશાદિ કુળની ઘાસચારા માટેની શાકીય વનસ્પત્તિ.

**amalanch.** પાષાણભેદાદિ કુળની મૂળ યુરેશિયાની પશ્ચિમ હિમાલયના કુમાઉંથી કાશ્મીરમાં થતી ફળ માટેની વનસ્પતિ.

**Amalonado.** કોકોનો એક પ્રકાર.

**amaltas.** ગરમાળો.

**aman crop.** શિયાળામાં થતો ડાંગરનો પાક.

**amantmul.** હિંદીમાં કુંદરી તરીકે ઓળખાતી *Melothria heterophylla* **Cogn.** નામની પટોલાદિકુળની આરોહી શાકીય વનસ્પતિ, જેનાં પાન અને ફળ ખાદ્ય છે.

**amaranth.** તાંદળજો, કાંટાળો દાભો. **Amaranthaceae** એટલે અપામાર્ગાદિ કુળની વનસ્પાત, જેમાં અંઘેડો, ગોરખગાંજો, જલજંજવો ઇ.નો સમાવેશ થાય છે. **Amaranthus** *arvensis.* અપામાર્ગાદિ કુળનો કણેજરો. **A.** *blitum* **L.** *var oleracea* **Duthie.** અડબાઉ તાંદળજો, અંગ્રેજીમાં *Amaranth* તરીકે ઓળખાતી અપામાર્ગાદિ કુળની ભાજી. **A.** *caudatus* **L.** (Syn. **A.** *paniculatus* **L. A.** *cruentus* (**L.**). હિંદીમાં ચોલાઈ તરીકે ઓળખાતી અપામાર્ગાદિ કુળની લીલાપાનની ભાજી. **A.** *gangeticus* **Linn.** હિંદીમાં મોટી ચોલાઈ અને લાલ સાગ તરીકે ઓળખાતી પંજાબ, આસામ, મહારાષ્ટ્ર અને તામીલનાડુમાં થતી ભાજી. **A.** *oleraceous* **Willd.** તાંદળજાની ભાજી. **A.** *paniculatus* **L.** રાજગરો, અનારદાણા. **A.** *polygamus* **L.** તાંદળજો. **A.** *spinosus* **L.** હિંદીમાં કાંટાળી ચોલાઈ અથવા કાંટેવાલી ચોલાઈ તરીકે ઓળખાતો કાંટાળો ડાભો, કે કાંટાળો ઢીમડો. **A.** *tenuifolius* **Willd.** તાંદળજાની ભાજી. **A.** *tricolour* **L.** (Syn. **A.** *gangeticus* **L.**) મોટી ચોલાઈ, તાંદળજો, લાલ સાગ. **A.** *viridis* **Linn.** ઢીમડો, ડાભો, હિંદીમાં જંગલી ચોલાઈ નામની ભાજી.

**amarphal.** અમરફલ, સૂરણાદિ કુળનું મૂળ મેક્સિકોનું ફળ.

**amasesis.** ચાવી કે મોંમાં મમળાવી ન શકાય તેવું.

**amatangulu.** કુટજાદિકુળનો કાંટાળો ક્ષુપ, જેને ચેરી જેવડાં ખાદ્યફળ થાય છે અને જેનું શાસ્ત્રીય નામ *Carissa arduina* **Lamk.** (*Carissa bisponosa* **Desf.** *Arduina bispinosa* **L.**) છે.

**amati.** આમકલ્યાદિ કુળનું આસામ, ખાસી ટેકરીઓ અને પશ્ચિમઘાટમાં થતું નાનું ઝાડ.

**ambady.** અંબાડી, કાર્પાસાદિ કુળની વનસ્પતિ જેના તંતુનાં દોરડાં, માછલા પકડવાની જાળ, ખાંડના કોથળા ઇ. બને.

**ambara.** મરવાના ઘાટના ગોળ કે અંડાકાર ફળનું આમ્રાદિકુળનું ઝાડ, જેનાં ફળનું અથાણું બને અને જે પંજાબ, મહારાષ્ટ્ર, પ. બંગાળ અને આસામમાં થાય છે.

**ambia bahar.** કેટલાંક ઝાડમાં ડિસે. જાન્યુઆરીમાં બીજીવાર બેસતાં ફૂલ.

**ambient.** પરિવેશી, આસપાસનું, **a. temperature.** પરિવેશ ઉષ્ણતામાન.

**Ambri Kashmiri.** કાશ્મીરમાં થતાં સફરજનનો એક પ્રકાર.

**ambulatory.** પરિભ્રામી, ચાલતું, ચર, અસ્થિર, અસ્થાયી,

**ameiosis.** અનર્ધીકરણ, કોષવિભાજનમાં રંગસૂત્રનું અર્ધીકરણ થતું ન હોય તે.

**American aloe.** જંગલી કુંવાર.

**American beach.** નારંગીવર્ગનું *Evodia fraxinifolia* **Hook f.** નામનું હિમાલય અને ખાસી ટેકરીઓમાં થતું ખાદ્ય ફળનું ઝાડ.

**American Lotus.** કમળ.

**Americans.** પંજાબ, ઉત્તરપ્રદેશ,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાજસ્થાન, આન્ધ્રપ્રદેશ, અને મધ્યપ્રદેશમાં થતા કપાસનું વેપારી નામ.

**am haldi.** આંબાહળદર.

**Amherstia** *nobilis* **Wall.** પૂતિકરંજાદિ કુળનું મૂળ બ્રહ્મદેશનું સુંદર ફૂલોનું ઝાડ.

**amide.** નાઈટ્રોજન ધરાવતું કાર્બનિક સંયોજન, જેનું વાગોળનાર પ્રાણીઓના પ્રથમ અમાશયમાં સૂક્ષ્મ સજીવો પ્રોટીનમાં રૂપાંતર કરે છે.

**amino acids.** એમિનો એસિડો; નાઈટ્રોજન ધરાવતાં કાર્બનિક સંયોજનો, મોટા ભાગનાં જે પ્રોટીન અણુનું નિર્માણ કરે છે. આમાં કેટલાંક જરૂરી છે, જ્યારે બીજાં કેટલાંક અર્ધ-આવશ્યક છે, અને બીજાં નિવાર્ય છે.

**amitosis.** અસૂત્રીભાજન, કોષવિભાજનમાં રંગસુત્રનું સમવિભાજન થતું ન હોય તે.

**amla.** આંમળાં.

**amli.** આમલી.

**amlok.** ખજૂરાં.

**Ammannia** *baccifera* **L.** અગનબૂટી, જળઆગિયો.

**ammi.** અજમો.

**ammonia.** એમોનિયા; 80 ટકા નાઈટ્રોજન ધરાવતો જલદ્રાવ્યવાયુ, જે એમોનિયા (પ્રવાહી) અથવા જલીય એમોનિયા તરીકે ખાતરમાં વપરાય છે. મૂત્રના વિઘટનથી પણ એમોનિયા પેદા થાય છે. **a. fixation.** જમીનદ્વારા એમોનિયા આયનનું અધિશોષણ અથવા જલદ્રાવ્ય ન હોય કે વિનિમયક્ષમ ન હોય તેવાં ખનિજોનું અધિશોષણ. **ammoniated superphosphate.** 2 થી 4 ટકા નાઈટ્રોજન અને 14 થી 20 ટકા ફોસ્ફરિક એસિડવાળું સંયોજિત ખાતર. **ammonification.** એમોનિયીકરણ. (૨) સામાન્ય હેતુવાળા જીવાણુદ્વારા પ્રોટીનનું સરળ એમિનો એસિડમાં પરિવર્તન અને ત્યારબાદ એમોનિયા, કાર્બનડાયોક્સાઇડ અને પાણીમાં પરિવર્તનની થતી પ્રક્રિયા. **ammonium** એમોનિયમ, આયન $NH_4$. **a. chloride.** સાલ એમોનિયા, મ્યુરિયેટ એમોનિયા. 26 ટકા એમોનિયમ નાઈટ્રોજન ધરાવતું સફેદ સ્ફટિક સંયોજન, જેનો મોટાભાગે ઔદ્યોગિક હેતુ માટે ઉપયોગ કરવામાં આવે છે. **a. nitrate.** 33 થી 35 ટકા નાઇટ્રોજન (અર્ધું નાઇટ્રોજન રૂપમાં અને અર્ધું એમોનિયમના રૂપમાં) ધરાવતું સફેદ સ્ફટિકીય લવણ, જેનો જલદી પ્રભાવ પડે છે, જલદી જ્વલન્વિત થતું હોઈ તેને સંઘરી રાખી શકાતું નથી પણ જે ખાતર તરીકે ઉપયોગમાં આવે છે. **a. phosphate.** એમોનિયાની સાથે ફોસ્ફરિક એસિડની માવજત કરતા મળતી નીપજ, જેમાં મોનો-એમોનિયમ ફોસ્ફેટ, ડી-એમોનિયમ ફોસ્ફેટ અથવા આબે લવણોનું મિશ્રણ, જે ખાતર બને છે. **a. phosphate sulphate.** ફોસ્ફરિક એસિડ અને સલ્ફ્યુરિક એસિડની એમોનિયાની સાથે માવજત કરતાં મળતી નીપજ, જે મુખ્યત્વે એમોનિયમ સલ્ફેટ અને એમોનિયમ ફોસ્ફેટના મિશ્રણરૂપ હોય છે, જે ખાતર તરીકે ઉપયોગમાં આવે છે. **a. sulphate nitrate.** એમોનિયમ નાઇટ્રેટ અને એમોનિયમ સલ્ફેટનું મિશ્રણ, જે સફેદ સ્ફટિક રૂપે મળે છે અને જેમાં 26 ટકા નાઇટ્રોજન હોય છે, જેનો પોણો ભાગ એમોનિયમ સ્વરૂપમાં હોય છે અને બાકીનો ભાગ (6.5 ટકા) નાઇટ્રોજન રૂપે હોય છે. બધા પાકો માટે તે ખાતરની ગરજ સારે છે.

**ammophos.** 16 ટકા નાઇટ્રોજન અને 20 ટકા ફોસ્ફરિક એસિડ ધરાવતું ખાતર.

**amnion.** સરીસૃપો, પક્ષીઓ અને સસ્તનોના ભ્રૂણની કલા. (૨) જંતુઓની અંતઃસ્થ કલા. (૩) કેટલાક અંડાશયનું સ્થાન આવરણ. (૪) ઉલ્બ. **amnionic.** ગડી, પુટિકા, વિવરને લગતું. (૨) પ્રવાહીને લગતું, ઉલ્બીય. **amniotic sac.** ભ્રૂણપુટ, માદા જન્યુજનક અથવા ગુરુબીજાણુ.

**amoeba (amobae** બ.વ.**).** અમીબા, બહુરૂપી. (૨) સૂક્ષ્મ એકકોષી પ્રજીવ. પ્રાણીઓની આંત્ર દીવાલમાં જણાતું

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરજીવી સજીવ, અનુકૂળ સંજોગોમાં, જે મરણ કરે છે.

**Amomum** *aromaticum* **Roxb.** મોટી ઈલાયચી, અંગ્રેજીમાં જેને *Bengal cardamom* કે *Nepal cardamom* કહે છે; ઉત્તર બંગાળ અને ખાસી ટેકરીઓમાં થતી દીર્ઘાયુ શાકીય વનસ્પતિ, જે મસાલા તરીકે ઉપયોગમાં આવે છે. **A.** *dealbatum* **Roxb.** ખાસી ટેકરીઓ અને પ. બંગાળમાં થતી વનસ્પતિ, જેના દાણા એલચી તરીકે ઉપયોગમાં લેવાય છે. **A.** *subulatum* **Roxb.** મોટી એલચી, મુરંગ એલચી, બંગાળ કે નેપાલ એલચી તરીકે ઓળખાતી પ. બંગાળ, સિક્કિમ, આસામ અને તામીલનાડુના ભેજવાળા વિસ્તારોમાં થતી વનસ્પતિ, જેનાં દાણા મિઠાઈ બનાવવા માટે ઉપયોગમાં લેવાય છે.

**Amoora** *rohituka* **Wight & Arn.** રગતરોહિડો, પ. બંગાળ અને આસામમાં થતી નિંબાદિ કુળની વનસ્પતિ, જેનાં બીના તેલની દીવાબત્તી થાય છે.

**Amorphophallus** *campanulatus* **(Roxb) Blume ex Dene** (Syn. *Arum campanulatum* **Roxb.**). જંગલી સૂરણ, સૂરણાદિ કુળની ગુજરાત, મહારાષ્ટ્ર, પ. બંગાળ, મલબાર, તામીલનાડુ અને ઉત્તરભારતની કંદીય વનસ્પતિ. **A.** *commulatus* **Engles.** જંગલી સૂરણ.

**amorphophyte.** અનિયમિત ફૂલવાળી ગમે તે વનસ્પતિ.

**amorphous.** ગુંદર, કાચ ઇ. જેવું ચોક્સ સ્વરૂપ વિનાનું, અસ્ફટિકીય.

**Ampelocissus** *latifolia* (**Roxb.**) **Planch** (Syn. *Vitis latifolia* **Roxb.**). પાણીવેલ, પશ્ચિમઘાટ, નીલગિરિ અને અન્નમલાઈ સુધી થતો ખાદ્યફળનો આરોહી કાષ્ઠીય ક્ષુપ.

**amphibian.** જળ અને સ્થળ એમ બંનેમાં રહેતું ઉભયજીવી (પ્રાણી કે વનસ્પતિ). **amphibious.** ઉભયચર, જળ–સ્થળચર. **a. animal.** ઉભયચર પ્રાણી. **a. plant.** ઉભયવાસી વનસ્પતિ. **amphibiotic** ઉભયજીવી. (૨) ડિમ્ભ તરીકે જલચર અને પુખ્તાવસ્થાનું સ્થળચર. **amphicarpogenous.** ભોંયસિંગ જેવું ફળ, જે પરિપક્વ બનતા અગાઉ જમીનમાં દટાય છે. **amphicribal.** મધ્યદારૂક. **amphimixis.** ઉભય સંયોજન, સંયુગ્મન સમયે ભેગાં મળેલાં જન્યુઓની પુનર્રચના. **amphiphloic siphonstele.** ઉભય અન્નવાહિનીકીય નળાકાર રંભ.

**amphisara.** કાચલીવાળું ફળ.

**Amphistome.** વાગોળનાર પ્રાણીઓના આગલા આમાશય અને યકૃતમાં રહેતું શંકુઆકારનું પરજીવી જંતુ, જેના કારણે પ્રાણીના જડબાપર સોજો આવે છે.

**amphithecium.** પરિસ્તર.

**amphitropous.** આડું, અનુપ્રસ્થ.

**amphoteric.** ઉભયધર્મી.

**ampich.** અગ્નિજલ, ઉત્તરપ્રદેશમાં થતું ખાદ્ય ફળનું ઝાડ.

**amplification.** પ્રવર્ધન, આવર્ધન.

**amplitude.** કોણાંક.

**amplixicaul.** તળિયા આગળ પ્રકાંડને સ્પર્શતું (પર્ણ).

**ampule.** કળશ, ચંબુ.

**amputation.** વિચ્છેદન, અંગછેદન. **a. of style.** પરાગવાહિની છેદન.

**amra.** ગોળ કે અંડાકર ફળવાળું ઝાડ.

**Amritmabal.** મૈસુરની નાની ગાયની ઓલાદ.

**amrood.** જમરૂખ.

**amrul.** તામીલનાડુમાં થતી શાકીય વનસ્પતિ, જેનાં પાન અને બી ખવાય છે. જે કચુંબર તરીકે અને રાંધીને એમ બે રીતે ખવાય છે.

**Amsacta** *albistriga.* જુવાર, મકાઈ બાજરી, મગ, તલ, સીંગદાણા, કપાસમાં પડતી ઈયળ, જે પાન ખાય છે અને જેનો ઉપદ્રવ વધે તો વનસ્પતિનો નાશ થાય છે. **A.** *moorei.* જુઓ *Amsacta albistriga.*

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**Amygdalus** *communis* **L.** બદામ. પંજાબ અને કાશ્મીરની વનસ્પતિ. **A.** *persica* **L.** મૂળ ચીનની પણ હવે કાશ્મીર, પંજાબ, હિમાલય પ્રદેશ, કુલુ અને કુમાઉંનાં થતી ખાદ્ય ફળની વનસ્પતિ, જેના બીનું તેલ રાંધવા અને દીવાબત્તી માટે ઉપયોગમાં આવે છે.

**amylase.** કાંજીને ડિક્સ્ટ્રિનમાં અને ડિક્સ્ટ્રિનને માલ્ટોસમાં ફેરવનાર ઉત્સેચક.

**amyloplast.** મંડપ્લવક. કાંજી બનાવનાર મુખ્ય દ્રવ્ય.

**amylopsin.** કાંજીનું શર્કરામાં વિઘટન કરનાર અગ્ન્યાશયનો ઉત્સેચક, જે અગ્ન્યાશય રસનો મુખ્ય કાર્બોદિત છે.

**amylum.** સૂત્ર ($C_6H_{10}O_5$) વાનસ્પતિક કાંજી.

**Anabas** *testudineus.* આરોહી પર્ચ-નામની ખાદ્ય માછલી.

**Anab-e-shahi.** માલ્ટા નામે ઓળખાતી, હૈદરાબાદમાં થતી, સફેદ, અંડાકાર, પાતળી છાલવાળી મીઠી, મધ્યમ પ્રકારની લૂમવાળી દ્રાક્ષનો એક પ્રકાર.

**anabiosis.** પ્રતિકૂળ અવસ્થામાં નિષ્ક્રિય બની રહેવાની વનસ્પતિની ક્ષમતા.

**anabolic phase.** ચયાવસ્થા. **anabolism.** ચય, વિધાયક પ્રક્રિયા, સર્જક-ક્રિયા. (૨) ખોરાકના પાચનની પેદાશે આપેલાં દ્રવ્યોમાંથી શરીરની પેશીનું ઘડતર કરતી પ્રક્રિયા.

**Anacardiaceae.** આમ્રાદિકુળની વનસ્પતિ. **Anacardium** *occidentale* **L.** કાજુ; આમ્રાદિકુળનું મૂળ બ્રાઝિલનું પણ હવે કેરળ, મૈસુર, તામીલનાડુ, અને આન્ધ્રપ્રદેશનાં થતું ઝાડ, જેનાં કાજુ નામનાં ફળ ખાદ્ય છે; જેનું તેલ વાર્નિશ, ટાઈપરાઈટરના રોલ, ઔદ્યોગિક ટાઈલ, ગુંદર, શાહી. તેલી કાપડ,ઍસિડ અને આલ્કલીનો સામનો કરે તેવો સિમેન્ટ, રાળ, રબર માટે ઉપયોગી રેઝિન બનાવવામાં આવે છે; જેનું તેલ પગના વહાડિયામાં, પાણીવાળા બૉઈલર, એરકન્ડિશનના ઘટકો, બરફનાં કારખાનાં અને કાપડઉદ્યોગમાં ઉપયોગમાં આવે છે. **A.** *orientale* **L.** ભીલામો. (૨) પંજાબ, આસામ, ખાસી ટેકરીઓ, મધ્યપ્રદેશ અને પશ્ચિમઘાટમાં થતું ઝાડ, જેના ફળના પરિઆવરણમાંથી મળતું રેઝિન કાપડ પર રંગીન મારકો કરવામાં વપરાય છે અને જેનાં બીનું તેલ ઊધઈને મારવા માટે ઉપયોગમાં આવે છે. કાકમરી.

**anacthartic.** વમનકારી ઔષધી કે દ્રવ્ય.

**Anadrographis** *paniculata* **Nees.** લીલું કરિયાતું – કાલમેઘ, શોભાની શાકીય વનસ્પતિ.

**anaerobe.** અજારકજીવી – અવાતજીવી જીવાણુઓ; જમીનમાં રહેતા જીવાણુઓ જે પોતાનું જીવન ટકાવવા સ્વતંત્ર રીતે ઑક્સિજન લેવાને બદલે ઑક્સિજન ધરાવતાં સંયોજનોમાંથી ઑક્સિજન ગ્રહણ કરે છે. **anaerobic.** અજારક, અવાતજીવી. (૨) આણ્વિક ઑક્સિજનની ગેરહાજરીમાં સક્રિય રહેતો (સજીવ). **a. composting.** ખેતરમાંનાં નકામાં દ્રવ્યોને 15 × 15 × 3 ફૂટના ખાડામાં નાંખી તેના થર પર થર કરી, તે પર પાણી, છાણ અને મૂત્ર નાખ્યાં કરી કમ્પોસ્ટ ખાતર બનાવવાની એક પ્રક્રિયા; આવા ખાતરમાં એક ટકા જેટલું નાઈટ્રોજન હોય છે. **a. respiration.** અજારક–અવાત શ્વસન. **a. yeast.** અજારક યીસ્ટ.

**anaesthesia.** ચેતનાનું પૂર્ણ કે અંશતઃ હરણ. **anaesthetic.** નિશ્ચેતક, સંવેદનાહારક.

**anal fin.** ગુદમીનપક્ષ.

**analgesic.** વેદના ઓછી કરનાર મોર્ફિયા જેવી ઔષધી.

**analogous.** સમધર્મી, સદૃશ, તુલ્યરૂપ.

**analogues.** એક સરખાં કાર્ય કરતાં જુદી જુદી વનસ્પતિ કે પ્રાણીઓનાં અંગો.

**analogy.** સાદૃશ્ય, સમવૃત્તિતા. (૨) સંરચના કે વિકાસમાં નહિ પરંતુ કાર્યમાં સમરૂપતા.

**analyser.** વિશ્લેષક. **analysis.**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૃથક્કરણ, વિશ્લેષણ; સંયોજનનું સરળ ઘટકોમાં વિઘટન; સંયોજનની રચનાનું સૂક્ષ્મપરીક્ષણ.

**Anamirta** *cocculus* (**L.**) **Wight & Arn.** (Syn. *Menispermum cocculus* **L.**). કાકમારી. (૨) ખાસી ટેકરીઓ, ઓરિસા, મૈસુર અને મલબારનો ક્ષુપ, જેનાં ફળ માછલીઓને ઘેનમાં લાવે છે અને જે જંતુઘ્ન અને દીર્ઘકાલીન ચામડીના રોગમાં ઔષધ તરીકે ઉપયોગમાં આવે છે. **A.** *paniculata*, **Cobbr.** કાકફળ, કાકમારી.

**ananas.** અનેનાસ. **A.** *comosus* (**L.**). **Merr.** (Syn. **A.** *sativus* **Schult. f.**; *Bromelia comosa* **L.**). અનેનાસ; અનેનાસાદિ કુળનું મૂળ દ. અમેરિકાનું પણ હવે તામીલનાડુ, આન્ધ્રપ્રદેશ, કેરળ, મૈસુર, પ.બંગાળ,ત્રિપુરા, ઉત્તરપ્રદેશ અને મહારાષ્ટ્રમાં થતું ખાદ્ય ફળનું ઝાડ, જેનાં પાનના તંતુમાંથી કપડું બનાવવામાં આવે છે. **A.** *sativus* **Schult f.** અનેનાસ.

**anandrous.** પુંકેસરવિહીન.

**anaphase.** કોષકેન્દ્ર વિભાજન દરમિયાનની ભાજનોત્તર અવસ્થા, જે અર્ધીકરણમાં પશ્ચાવસ્થા હોય છે.

**anaphrodisia.** માદાપ્રાણીની એક શારીરિક વિકૃત અવસ્થા, જેમાં નાના અંડાશયો હોય છે અને મોટી સ્યૂનિકા બનવા પામતી નથી.

**anaplasmosis.** *Anaplasma marginale* નામના જંતુથી ઢોર તેમાં પણ ખાસ કરીને બહારથી લાવવામાં આવેલાં પશુને થતો એક ગંડિકા-રોગ, જેમાં રોગગ્રસ્ત પ્રાણી ભૂખ ગુમાવે, બંધકોશ થાય, રક્તક્ષીણતા આવે, કમળો થાય, અને છેવટે પ્રાણી મૃત્યુ પામે.

**anar.** દાડમ. **a. butterfly.** *Virachola isocrates* **Fabr.** નામનું દાડમનું જંતુ.

**Anasphal.** મૂળ ચીનનું ઝાડ, જેનું તેલ રસોઈ, મિઠાઈ અને સુગંધી દ્રવ્યો તથા ઔષધ તરીકે ઉપયોગમાં આવે છે.

**anastomosis.** જાલકરણ.

**anatomy.** શરીરરચના શાસ્ત્ર; આકારવિજ્ઞાન; (૨) પ્રાણીઓ અને વનસ્પતિઓની સંરચના, મોટાભાગે સૂક્ષ્મદર્શકની સહાય વિના જોવામાં આવતાં અંગો.

**anatropous.** અધોમુખી. **a. ovule.** અધોમુખી બીજાંડ.

**ancient crystalline and metamorphic rocks.** પ્રાચીન સ્ફટિકીય અને વિકૃત ખડકો, ભારતનાં દ્વીપકલ્પીય વિસ્તારના તલસ્થ ખડકો, જે ગ્રેનાઇટ, નીસ, સ્ફટિકીય શીસ્ટ ઇ. જેવાં હોય છે, અને જેના કારણે જમીન રાતો રંગ ધારણ કરે છે.

**ancipitous.** બેધારવાળું.

**Ancona.** લેઘોર્ન મરઘાંની ઓલાદ.

**Ancylostoma.** અંકોડા કૃમિ.

**Andaman Dwarf.** આંદામાનનું જલદી ફળતું વામન નારિયેરીનું ઝાડ.

**Andaman Giant.** મોટી ફળદાયી નારિયેરી.

**Andrews Cotton,** કેરળ અને મૈસુરમાં સફળતાપૂર્વક ઉગાડવામાં આવેલો સી આઈલેંડ નામનો કપાસ.

**andro-.** નરજાતિસૂચક પૂર્વગ.

**androcyte mother cell.** પુંજન્યુ માતૃકોષ. **androecium** (**androecia** બ.વ.). પુંકેસર મંડળ; વનસ્પતિનું નરજનન અંગ, પુંમંગ. **androgen.** નર અંતઃસ્રાવ, નરકારી દ્રવ્ય. **androgenesis** પુંજનન. **androgenous.** પુંજનક. **androgonial cell.** નર પ્રજનનકોષ **a. tissue.** પુંજનક પેશી. **androphore.** નરદંડ, પુંકેસરદંડ, પુંમંગવૃત્ત. **androsome.** પુંસૂત્ર. **androsporangial mother cell.** પુંબીજાણુ માતૃકોષ. **androsporangium.** પુંજન્યુધાની. **androspore.** નરજન્યુ, નરબીજાણુ, નરદંડ. **androzoid.** નરજન્યુ. **androgynophore.** નરનારી દંડ. **androgynous.** ઉભયાલિંગી પુંકેસર

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને સ્ત્રીકેસરવાળી (વનસ્પતિ).

**Andrographis** *paniculata* (**Burm f.**) **Wall.** *ex* **Nees**; કરિયાતું. શણગાર માટે વાવવામાં આવતી શાકીય વનસ્પતિ.

**Andropogon** *annulatus* **Forssk.** મારવેલ, તૃણકુળની વનસ્પતિ, મોટુ મીંઢડિયુ. **A.** *caesius* (**NeeS.**). ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ, આન્ધ્ર પ્રદેશ અને ઉત્તર પ્રદેશમાં થતા તૃણકુળના ઘાસનો એક પ્રકાર—જેનાં પાનમાંથી સુવાસિત તેલ મળે છે. **A.** *citratus* **DC.** લીલી ચા;, મહારાષ્ટ્ર, મૈસુર અને કેરળમાં થતી સુવાસિત તેલ ધરાવતી વનસ્પતિ, જેનું તેલ સુગંધી દ્રવ્યો અને પ્રસાધનોમાં વપરાય છે. **A.** *contortus* **L.** ડાભસૂળિયું પીળું ઘાસ, ઘાસચારા અને રેસા માટે ઉપયોગમાં આવતું ઘાસ, જે કાગળ અને પૂંઠા બનાવવા માટે ઉપયોગમાં આવે છે. **A.** *filiformis*. ઝીણકું કણેરું. **A.** *flexuosus* **Nees.** કેરળમાં થતું ઘાસ, જેનાં તેલનો ઉપયોગ સુગંધીદ્રવ્યો અને પ્રસાધનોમાં કરવામાં આવે છે. **A.** *gryllus* **L.** ઘાસચારાનુ ઘાસ. **A.** *halepensis* **Brot.** બરૂ ઘાસ. **A.** *martinii* જુઓ *Andropogon caesius*. **A.** *muricatus* **Retx.** કાળોવાળો, ખસ. મોટાભાગે રાજસ્થાન, ઉત્તર પ્રદેશ અને પશ્ચિમ કાંઠાના પ્રદેશોમાં થતું દીર્ઘાયુ ઘાસ, જેનાં સુકાયેલાં મૂળની સુવાસિત સાદડીઓ, પંખા, ટોપલા—ટોપલીઓ, ગરમ ઋતુમાં ઠંડી હવા માટે ટટ્ટીઓ બનાવવામાં આવે છે. મૂળમાંથી મળતા બાષ્પશીલ તેલનો સુગંધી દ્રવ્યો, પ્રસાધનો, સાબુ અને શરબતને સુવાસિત કરવા માટે ઉપયોગ કરવામાં આવે છે. ઉપરાંત કાગળ અને પૂંઠા બનાવવા માટે પણ આ વાળાનો ઉપયોગ કરવામાં આવે છે. શરીર પર સોજો ચડયો હોય તો, વાળાની પેસ્ટ ચોપડવામાં આવે છે. **A.** *nervosus* **Rottl.** પાવના, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર અને તામીલનાડુમાં થતા એક પ્રકારનો ઘાસચારો. **A.** *pertusus* (**L.**) **Willd.** એતરાઉ જિંજવો. **A.** *pumilus* **Roxb.** ગોવિંદવેલ. **A.** *purpureo-sericeus* **Hochsto ex A. Rich.** મુંબઈમાં થતો ઘાસચારો. **A.** *ravennae* **L.** ઊંચું ઊગતું ઘાસ, જેના પ્રકાંડના રેસા ખુરશીઓ, મુડા, છપ્પર અને દોરડાં બનાવવા માટે ઉપયોગમાં આવે છે. **A.** *schoenanthus* **L.** રોશડો, રોશઘાસ, **A.** **sorghum (L.) Brot.** જુવાર. **A.** *squarrosus* **Hook f. non L. f.** વાળો, ખસ, કાળોવાળો.

**anemia (anaemia).** રક્તક્ષીણતા, લાલ રક્તકોષની સંખ્યા ઓછી થઈ જવી, જેના પરિણામે પાંડુરોગ થાય છે.

**anemometer.** વાયુગતિ માપક સાધન. **anemophilous.** વાત પરાગિત, પવન પરાગિત. **anemoscope.** પવનની દિશા દર્શાવતી યુક્તિ.

**anesthesia.** જુઓ *anaesthesia*.

**Anethum** *foeniculum* **L.** વરિયાળી, સુવાસિત શાકીય વનસ્પતિ, જેનાં બી મીઠી સુવાસ અને સ્વાદવાળાં હોય છે. વરિયાળીનું પાણી કફ મિકસચરમાં વપરાય છે. આ વનસ્પતિ ગુજરાત, પંજાબ, આસામ અને મહારાષ્ટ્રમાં થાય છે; વરિયાળીમાંથી બાષ્પશીલ તેલ કાઢી લીધા બાદ રહેતા અવશેષ ઢોરના ચારા તરીકે ઉપયોગમાં આવે છે. **A.** *graveolens* **L.** (Syn. *Peucedanum graveolens*. (**L.**) **Hiern. f.**, સુવા, સવા, જમ્મુ અને કાશ્મીરમાં થતી વનસ્પતિ, જેનાં બી—સવા મસાલા માટે વપરાયછે તથા તે વાતહર છે. **A.** *sowa* **Kurz.** સવા.

**aneuploid.** વિષમગુણીય, વિષમગુણિત.

**aneurine.** *Aneurin*, થાયેમીન, પ્રજીવક—બી.

**angaru.** તિંદુરાદિકુળની *Diospyros ferrea* (**Willd.**) **Bakh.** *Maba buxifolia* (**Pers.**). શાસ્ત્રીય નામવાળું પશ્ચિમ દ્વીપકલ્પીય પ્રદેશ, ઓરિસા અને કોરોમંડલ કાંઠાપર થતું ખાદ્ય ફળનું ઝાડ.

**angelica** તિંદુરાદિકુળની **Angelica**

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



*archangelica* **L.** (Syn. *Archangelica officinalis* **Hoffm.**)ના શાસ્ત્રીય નામ ધરાવતું કાશ્મીરમાં થતું સુવાસિત શાક્ષીય વૃક્ષ. **A.** *glauca* **Edgew.** તિંદુરાદિકુળની ચોરા નામની કાશ્મીરની વનસ્પતિ.

**angio-,** આચ્છાદિત, આવરિત અર્થસૂચક-પૂર્વગ. **angiospermae.** આચ્છાદિત બીજધારી (વનસ્પતિ). **angiospermic parasite.** પરજીવી ગુણધરાવતી સપુષ્પ વનસ્પતિ. **angiospermous.** આવૃત બીજધારી (વનસ્પતિ).

**angiology.** રક્તસંચારવિજ્ઞાન.

**Angola grass.** તૃણકુળનું દીર્ઘાયુ ઘાસ, જે ગાંઠમાંથી મુક્ત રીતે ફૂટી ઝડપથી ઊગી નીકળે છે.

**angoor.** અંગૂર, દ્રાક્ષ.

**Angora goat.** મૂળ તુર્કી અને એશિયા-માઈનોરની ઓલાદ, જેના સંકરથી ભારતમાં ઊભી કરાયેલી બકરાંની ઓલાદ.

**angoumois grain moth.** *Sitotroga cerealella* Oliv. નામના, ઘઉં, જવ, ડાંગર, મકાઈ, બાજરી, જુવાર જેવાં છડયાં વિનાનાં સંઘરાયેલાં ધાન્યમાં પડતાં કીટ.

**Anguina** *tritici. Anguina tritici G.* નામના કૃમિથી ઘઉંને થતો એક રોગ.

**angular.** કોણીય. (૨) મોટા ભાગનાં પૃષ્ઠવંશી પ્રાણીઓના નીચલા જડબાનું ત્વચીય અસ્થિ. **a. leaf spot.** કોણીય-પર્ણડાઘ.

**anhydrosis.** પ્રાણીઓમાં પરસેવાનો અભાવ થાય તેવી તેમની અવસ્થા.

**animal.** પ્રાણી. **a. dispersal.** પ્રાણીપ્રસરણ. **a. fat.** પ્રાણી ચરબી, ઘીઝ, ટેલો જેવી પ્રાણીના શરીરમાંથી મેળવેલી ચરબી. **a. health.** પ્રાણી સ્વાસ્થ્ય. (૨) જીવંત દેહનું રસાયણ અને તેની સંરચના અને કાર્યની પરિસ્થિતિ, જેમાં, સાધારણ સંજોગોમાં કે પર્યાવરણમાં પ્રાણિપોષણ, ચયાપચય, પ્રચલન, પ્રજનન જેવાં વિવિધ કાર્યો કરવાની ક્ષમતા ધરાવતું હોય, જેના કારણે તે બેચેની અનુભવ્યા વિના તંદુરસ્ત રહેતું હોય. **a. husbandry.** પ્રાણી પ્રજનન; ખોરાક પ્રબંધ અને રોગ નિયમન માટેની વૈજ્ઞાનિક પદ્ધતિનો અમલ, જેથી તેમની દ્વારા આર્થિક લાભ મળ્યા કરે. પશુ સંવર્ધન. **A. Husbandry Regions.** વરસાદ, ઉષ્ણતામાન, પશુધનની ગુણવત્તા જાળવી શકનાર જમીનના આધારે સંકલિત રીતે પશુ સંવર્ધન અંગે સંશોધનકાર્ય કરી શકાય તે માટે દેશના પાડેલા અનુકૂળ વિસ્તારો; જેમાં હિમ લયનો વિસ્તાર, ઉત્તરી સૂકો વિસ્તાર, પૂર્વીય ભેજવાળો વિસ્તાર, પશ્ચિમનો ભેજ અને વરસાદવાળો વિસ્તાર, મધ્યમ વરસાદનો ભારતનો મધ્ય વિસ્તાર ઇ. વિસ્તારોનો સમાવેશ થાય છે. **a. hygiene.** પશુના સ્વાસ્થ્ય અંગેના નિયમો અને પાલતુ પ્રાણીની આરોગ્યકારી પરિસ્થિતિ અંગેનું વિજ્ઞાન. **a. industry.** પ્રાણીદ્વારા મેળવવામાં આવતી પેદાશની પ્રક્રિયા સમેતનું પશુ સંવર્ધન કામકાજ, પ્રાણીઉદ્યોગ. **a. kingdom.** પ્રાણીસૃષ્ટિ; સઘળાં સમૂહગત પ્રાણીઓ. પ્રાણીસૃષ્ટિની શાખાઓ કે સમુદાયો છે, જેમાં પ્રજીવથી માંડીને મેરુદંડી પ્રાણીઓનો સમાવેશ થાય છે. મેરુદંડીના ઉપ-સમુદાય; પૃષ્ઠવંશીમાં સસ્તન પ્રાણીઓનો સમાવેશ થાય છે. **a. science.** પ્રાણી વિજ્ઞાન; જુઓ *animal industry.* **a. starch.** સૂત્ર $C_6H_{10}O_5$, કાર્બોદિત પ્રાણી કાંજી, વનસ્પતિમાં જેમ *dextrins* હોય છે તેમ પ્રાણીઓમાં આવી *glycogen* (કાંજી) હોય છે. આ દ્રવ્ય કાંજી અને શર્કરામાંથી વ્યુત્પન્ન થાય છે. આવી જરૂર પડયે શરીર વાપરી શકે તે માટે તેનો યકૃતમાં સંગ્રહ થાય છે.

**animacule.** સૂક્ષ્મ પ્રાણી, જંતુ; નરી આંખે દેખાય નહિ તેવું પ્રજીવ જેવું સૂક્ષ્મ પ્રાણી.

**anion.** એનાયન; એસિડો, બેઈઝો અને લવણો, કેટલાંક દ્રાવકોમાં ઓગળે ત્યારે તેમના થતા વિઘટનથી બનતા વિદ્યુતભારિત ઘટકો.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**anise.** *Pimpinella anisum* **L.** નામની હિંદીમાં સૌંફ કે સોંફ તરીકે ઓળખાતી મૂળ ભૂમધ્ય સમુદ્રના વિસ્તારોની પણ ઉત્તર પ્રદેશ, પંજાબ, આસામ અને ઓરિસામાં થતી શાકીય વનસ્પતિ, જેનું તેલ સુગંધી દ્રવ્ય અને સાબુ બનાવવાના કામમાં લેવાય છે અને જેનાં ફળ સોપારીની અવેજમાં મુખવાસ તરીકે ખાવામાં આવે છે. **aniseed.** *anise* નાં બી.

**Anisochilus** *carnosus.* **(L.) Wall.** ઊભો રતવે લિયો.

**Anisomeles** *indica* **(L.) O. Kuntze** (Syn. **A.** *ovata* **R. Br.**) ચોધારો નામની શાકીય વનસ્પતિ, જે ઘાસચારા અને સુવાસ આપવા વપરાય છે. કાળોભાંગરો **a.** *malaberia.* મખમલી ચોધારો. **a.** *ovata* **R. Br.** ચોધારો, કાળો ભાંગરો, લસૂનાદિકુળની વનસ્પતિ.

**anisomorphic.** આકાર, કદ કે સંરચનાની દૃષ્ટિએ ભિન્ન.

**Anisoptera** *scaphula* (**Roxb.**) **Pierre** (Syn. *Hopea scaphulla* **Roxb**). આસામનું મોટું ગુંદર આપતું વૃક્ષ.

**anjan.** તૃણકુળનું ઘાસ. **a. grass.** તૃણકુળનું *Cinchrus setigerus* **Vahl.** નામનું વાયવ્ય ભારતનું ઘાસચારા માટેનું તથા જમીન જાળવણી માટે ખપનું ઘાસ.

**Anjar.** અંજાર.

**anjeer.** અંજીર.

**anjiri.** અંજીરી; *Ficus palmata* **Forsk.** (*Ficus virgata* **Roxb.**). નામનું વાયવ્ય ભારત અને રાજસ્થાનનું ખાદ્યફળધારી વૃક્ષ, જેની કુમળી કળીનું શાક થાય અને આક્ષીર દહીં બનાવવાના કામમાં આવે છે.

**anjun.** અંજુન; પૂતિકરંજાદિકુળનું *Hardwickia binata* **Roxb.** નામનું મોટું પાનખર, લાલ મજબૂત કાષ્ઠવાળું ઝાડ, જેનું કાષ્ઠ પુલ, ઘર, પૈડાં, કૃષિ ઓજારો ઇ. બનાવવામાં ઉપયોગી બને છે પાન ચારા તરીકે કામમાં આવે છે. છાલના રેસાનાં દોરડાં બને છે અને ગુંદર વાર્નિશ બનાવવા માટે ઉપયોગમાં આવે છે. આ વૃક્ષ મરુભૂમિમાં વન નિર્માણ માટે ઉપયોગી છે અને તે આન્ધ્રપ્રદેશ, મહારાષ્ટ્ર અને કોરોમંડલ કિનારે થાય છે.

**annato.** શેંદ્રી. **annato** *Bixa orellana* **L.** હિંદી સિંધૂરિયા નામના ઝાડનાં બીમાંથી કાઢવામાં આવતું તેલ; માખણ, ઘી, માર્ગેરીન, અને ચીઝ જેવી ખાદ્ય સામગ્રીને રંગ આપવા તથા ઊન, રંગ, વાર્નિશ અને સાબુમાં ઉપયોગી બને છે **a. tree.** *Bixa orellana* **L.** સિંધૂરિયું નામનું નાનું ઝાડ કે ક્ષુપ.

**Annona** *cherimolia* **Mill.** હનુમાનફળ, લક્ષ્મણફળ; સીતાફલાદિ કુળનું મૂળ. દ. અમેરિકાનું પણ મહારાષ્ટ્ર, નીલગિરિ અને પાલની ટેકરીઓમાં થતું, ખાદ્યફળ ધારી વૃક્ષ. **A.** *diversifolia* **Saff.** મૂળ દ. અમેરિકાનું દ. ભારતમાં થતું ખાદ્યફળધારી વૃક્ષ. **A.** *muricata* **L.** મામફળ; મૂળ વેસ્ટ ઇન્ડિઝનું પણ આસામ, મહારાષ્ટ્ર અને દક્ષિણ ભારતમાં થતું ફળઝાડ. **A.** *reticulata* **L.** રામફળ, મૂળ વેસ્ટ ઇન્ડિઝનું પણ દ.ભારતનું ફળઝાડ. **A.** *squamosa* **L.** સીતાફળ, અંગ્રેજીમાં *Sweet sop, sugar apple* તરીકે ઓળખાતું મૂળ દ. અમેરિકાનું પણ આસામ, પ. બંગાળ, ઉત્તર પ્રદેશ અને મહારાષ્ટ્રમાં થતું ફળઝાડ જેનાં બીનો ભૂકો વાળનાં જૂ મારવા માટે ઉપયોગી બને છે, પાન પણ જંતુઘ્ન છે.

**annual.** વાર્ષિક, વર્ષ દરમિયાન પૂર્ણ થતી સંરચના કે અંગોવાળું, એક વર્ષાયુ (વનસ્પતિ), વર્ષે વર્ષે થતું. **a. bearing.** દર વર્ષે ફળ આપનાર. **a. cut.** એક વર્ષ દરમિયાન જંગલમાં કાપવામાં આવતું (ઝાડ). **a. half-hardy.** અર્ધદૃઢ વાર્ષિક (છોડ). **a. layer.** ઝાડ કે અન્ય કાયમી વનસ્પતિએ દર વર્ષે કરેલું કાષ્ઠીય થર. **a. precipitation.** વરસાદ, હિમ, ઝાકળ, કરા, ધુમ્મસ અને અન્ય પ્રકારના અવક્ષેપ દ્વારા વર્ષ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દરમિયાન ધરતી પર પડતું પાણી. **a. rainfall.** વર્ષ દરમિયાન પડતો ઇંચ કે મિ.મી.માં મપાતો વરસાદ. **a. ring.** દ્વિદળ વનસ્પતિના આડછેદમાં દેખાતું વલય, જે વર્ષ દરમિયાન દ્વિતીયક વૃદ્ધિ દર્શાવે છે; વાર્ષિક વલય. **a. shoot.** વાર્ષિક પ્રરોહ. **a. yield.** વાર્ષિક ઊપજ.

**annuity bond.** વાર્ષિકી બૉંડ.

**annulus.** વલય.

**anodyne.** શૂળશામક, વેદનાશામક ઔષધ.

**anoestrum, anoestrus.** સ્તન પ્રાણીઓનાં બે મદ સમયો વચ્ચે આવતો લિંગીય કામુકતાનો અભાવ સૂચવતો વિશ્રામનો સમય, જ્યારે માદા પ્રાણી મદમાં આવતું નથી.

**Anogeissus** *acuminata* (**Roxb.**) **Wall, ex Bedd.** હિંદી ચકુરા, દરૂઆ નામે ઓળખાતું અર્જુનાદિ કુળનું ઝાડ, જેનું કાષ્ઠ બળ અને આઘાત જીરવવાની જરૂર હોય તેવા કામમાં તથા ઓંજનરોના હાથા બનાવવામાં ઉપયોગમાં આવે છે. **A.** *imberbis.* એક પ્રકારનું ઘાસ. **A.** *latifolia* (**DC.**) **Wall. ex Bedd.** ધાવડો, હિંદી ધાવડા નામનું અર્જુનાદિ કુળનું ભારતના સૂકા પ્રદેશમાં થતું વૃક્ષ, જેનો ગુંદર કાપડ રંગવા તથા પાન ચામડાં કમાવવામાં ઉપયોગમાં આવે છે, કાષ્ઠનાં પૈડાં બનાવવામાં આવે છે અને જે હિમાલય, મધ્ય પ્રદેશ, નીલગિરિ અને પશ્ચિમ દ્વિપકલ્પીય પ્રદેશોમાં થાય છે. **A.** *pendula* **Edgew** અર્જુનાદિ કુળનું હિંદીમાં ધાઓ નામનું વિથીનું ઝાડ.

**anoint.** તેલ, ચરબી કે મલમ ચોપડવું.

**Anomala** *dimidiata* **Hope.** બટાટામાં પડતું સફેદ જંતુ. **A.** *lineatopennis.* સફરજનનાં પાન અને ફળ ખાતું જંતુ. **A.** *polita* **BL.** સફરજનમાં પડતું જંતુ. **A.** *rugosa.* સફરજનનાં પાન અને ફળભક્ષક કીટ.

**anomaly.** વિસંગતિ.

**Anomis** *sabulifera* **Guen.** શણનું જંતુ.

**Anonaceae.** સીતાફલાદિ કુળ(ની વનસ્પતિઓ).

**anoplura.** ચૂષક વર્ગનાં જંતુની શ્રેણી.

**anorexia.** ભૂખ મરી જવી, ક્ષુધા નાશ.

**anshphal.** અંશફળ નામનું *Euphoria longan* (**Lour.**) **Steud.** (Syn. *E. Longana* **Lamk**; *Nephelium longana* **Camb.** દ. ભારતનું આસામ અને પ. બંગાળમાં થતું ખાદ્યફળનું ઝાડ.

**antacid, antiacid.** અમ્લતાવિરોધી ઔષધ.

**antagonism.** પ્રતિભાવ, વિરોધ. **antagonistic medicine.** અન્ય ઔષધિના કાર્યની વિરુદ્ધ કામ કરતી ઔષધી.

**antecedent.** પુરોગામી.

**antenna (antennae.** બ.વ.) સ્પર્શક, જંતુના શીર્ષ પરનું સંધિવાળું, ચલન, સંવેદન અંગ. (૨) ઍન્ટેના.

**ante-penultimate.** પૂર્વોપાંત્ય.

**anterior.** અગ્ર, બાહ્ય. **a. pituitary.** બ્રહ્મગ્રંથિનો મગજના તલ પ્રદેશમાં આવેલો અગ્ર ભાગ કે અગ્રખંડ, જે વિશિષ્ટ અંતઃસ્રાવ સ્રવે છે, જે શરીરની વૃદ્ધિનું નિયમન કરે છે; ગલગ્રંથિ, અધિવૃક્કબાહ્યક, અંડાશય અને વૃષણનું જે નિયમન કરે છે.

**antero-posterior.**, અગ્ર-પ્રશ્ચ.

**anthelmintic.** આંતરડામાંનાં કૃમિનો નાશ કરતું ગમે તે ઔષધ.

**anther.** બીજધારી વનસ્પતિનો-પરાગરજનો કોથળી જેવો ભાગ, પરાગાશય. **a. lobe.** પરાગ ખંડ. **antheridial cell.** પુંજનક કોષ, પુંધાની કોષ. **antheridium (antheridia** બ.વ.). ફૂગમાં નરલિંગી અંગ. **anthcriflorus.** પરાગ કોષધર. **antherodiophore.** પુંધાનીધર, નરદંડ, પુંધાની વૃંત. **antherozoid.** ચલપુંજન્યુ. **a. mother cell.** ચલપુંજન્યુ માતૃ કોષ.

**Antherea** *assama* મુગા નામના

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રેશમનો કીડો.

**anthesis.** પુષ્પોદ્ભવ સમય, પૂર્ણ પુષ્પોદ્ભવ, પુષ્પકલિકાનું ખુલવું, કલિકોદ્ભવથી ફળ બેસવા સુધીનો સમય.

**Anthistiria** *imberbis.* **Retz.** તૃણકુળનું હિમાલયના મેદાની પ્રદેશોમાં થતું દીર્ઘાયુ ઘાસ.

**Anthocephalus** *indicus* **A. Rich.** (Syn. *Anthocephalus cadamba* (**Roxb.**) **Miq;** *Nauclea cadamba* **Roxb.**). કદંબ; મધ્યમ કદનું, સોનેરી પીળા રંગનાં ફૂલવાળું શણગાર માટેનું ખાદ્યફળનું ઝાડ.

**anthocerotal.** શૃંગિકા.

**anthocyanin.** જલદ્રાવ્ય – રંજક દ્રવ્ય.

**anthophilous.** પુષ્પથી આકર્ષાતું (જંતુ).

**anthophore.** પુંકેસર નલિકા. **anthophorous.** પુષ્પધારક.

**anthophyte.** સપુષ્પ વનસ્પતિ.

**Anthorea** *mylitta.* ટસર રેશમનો કીડો.

**anthotaxy.** પુષ્પવિન્યાસ.

**anthoxanthin.** વનસ્પતિના ઝાંખા-પીળાથી સફેદ રંગ માટે વનસ્પતિના રસમાં રહેલું પીળું સ્ફટિકીય રંજકદ્રવ્ય.

**anthracnose.** રૂક્ષરોગ. વિશિષ્ટ પ્રકારની ફૂગના કારણે વનસ્પતિ પર દેખાતો વ્રણ, જે વનસ્પતિના ચોક્કસ પ્રકારના રોગનું લક્ષણ બને છે.

**anthrax.** ઢોર તથા ઘેટાં-બકરાંને *Bacillus anthracis* નામના દંડાણુથી થતા રોગનો એક પ્રકાર, જેમાં મોં, નસકોરાં અને ગુદામાંથી લોહીમિશ્રિત ફીણ નીકળે અને છેવટે રોગગ્રસ્ત પ્રાણીનું મરણ નીપજે.

**anthropic soils.** ઘણા લાંબા સમયથી ખેડવામાં આવતી જમીનો.

**anti-,** પ્રતિ કે વિરોધી અર્થ સૂચક પૂર્વગ.

**antiacid.** જુઓ *aatacid.*

**Antiaris** *toxicaria.* (**Pers.**) **Lesch.** (Syn. **A.** *saccidora* **Dalz.**). કરવત જાસુદ, ઉપાસ, અંગ્રેજી *Upas-tree,* નામે ઓળખાતું પશ્ચિમ ઘાટ અને તામીલનાડુમાં થતું ઝાડ, જેની છાલના રેસાનાં દોરડાં અને સાદડીઓ બને છે.

**anti-bacterial serum.** રોગોત્પાદક સૂક્ષ્મ સજીવોનો નાશ કરનાર કે તેમને નિષ્ક્રિય બનાવી દેનાર પ્રતિપિંડવાળી રસી.

**antibiosis.** પ્રતિસહજીવિતા. (૨) ખાસ કરીને જમીનમાંના રોગોત્પાદક બે સૂક્ષ્મ સજીવો વચ્ચેનો વિરોધ.

**antibiotic feed supplement.** પ્રતિજૈવદ્રવ્ય ધરાવતો પશુ અને મરઘાં-બતકાંનો આહાર, જેથી આ પ્રાણીઓની વૃદ્ધિનો દર વધે છે અને આવરદા લંબાય છે. **antibiotics.** પ્રતિજૈવદ્રવ્યો. (૨) પ્રાણીના શરીરને કોઈ માઠી અસર નિપજાવ્યા વિના, તેમાં રહેલા સૂક્ષ્મ જીવોના જીવન-ચક્રમાં અંતરાય કરનાર દ્રવ્ય, જે કેટલાક રોગો માટે ઉપયોગમાં લેવામાં આવે છે અને જેમાં સલ્ફા વર્ગનાં પેનિસિલીન, ઑરોમાઈસીન, સ્ટ્રેપ્ટોમાઈસીન, ક્લોરોમાઈસીન જેવાં દ્રવ્યોનો સમાવેશ થાય છે.

**antibody.** પ્રતિપિંડ. (૨) આક્રમક સૂક્ષ્મ સજીવો, વિષ કે પ્રતિજનની સામે પ્રતિરક્ષા માટે જીવંત પેશીમાં પેદા થતું વિશિષ્ઠ રક્ષણાત્મક દ્રવ્ય, જેમાં એગ્લુટિનિન, પ્રતિવિષ અને પ્રેસિપિટિનનો સમાવેશ થાય છે.

**anticlockwise.** વામાવર્ત; ઘડિયાળના કાંટાની વિરુદ્ધ દિશામાં.

**anticoagulant.** સાધારણ રીતે લોહીને જામતું કે ગઠ્ઠો થતું અટકાવનાર ગમે તે રાસાયણિક દ્રવ્ય. **anticoagulin.** હિરુડિન જેવું નીકળતા લોહીને ગઠ્ઠો થતું અટકાવનાર દ્રવ્ય.

**anticyclone.** પ્રતિચક્રવાત.

**Antidesma** *acuminatum* **Wall.** કાળો બિલોની નામનું ખાદ્યફળધારી આસામ, પ. બંગાળ અને બિહારમાં થતું ઝાડ. **A.** *bunius* (**L.**) **Spreng.** અંગ્રેજીમાં *Chinese laurel* નામનું ખાદ્યફળવાળું અને દોરડાં બનાવવામાં ઉપયોગમાં



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવતી છાલ ધરાવતું ખાસી ટેકરીમાં અને પશ્ચિમઘાટમાં થતું એક નાનું ઝાડ. **A.** *ghesaembilla* **Gaertn.** (Syn. **A.** *paniculata* **Roxb.**). ઉમતાઉ નામનું હિમાલય, આસામ અને પ. બંગાળમાં થતું ઝાડ, જેની છાલના રેસાનાં દોરડાં બનાવવામાં આવે છે. **A.** *paniculata* **Roxb.** જુઓ **A.** *bunius* **(L.) Spreng.**

**antidiuretic.** પ્રતિમૂત્રતા, મૂત્રનું પ્રમાણ ઘટાડનાર (ઔષધિ). (૨) બ્રહ્મગ્રંથિના પાછલા ખંડના અંતઃસ્રાવને લગતું.

**antidotes.** વિષઘ્ન, વિષની અસર દૂર કરનાર પ્રક્રિયક, મારક દ્રવ્ય.

**antienzyme.** ઉત્સેચકની પ્રક્રિયા અટકાવનાર દ્રવ્ય.

**anti-friction bearing.** ઘર્ષણ-શોષક ધારક.

**anti-fungal chemical.** ફૂગઘ્ન રસાયણ. (૨) આવાં રસાયણોમાં સોડિયમ બાયકાર્બોનેટ, સોડિયમ સિલિકેટ, ફોર્માલ્ડીહાઈડ, દ્રાવ્ય બોરેટ અને સોડિયમ પ્રકારના ક્લોરાઈટનો સમાવેશ થાય છે, જે ફળ ધોવાના કામમાં ઉપયોગી બને છે.

**Antigastra** *catalaunalis* **Diys.** તલનાં પાન અને દાણાને ખાનાર ઈયળ.

**antigens.** પ્રતિજન. (૨) આક્રમક રોગોત્પાદક સજીવો દ્વારા ઉત્પન્ન થતાં વિષ અને અન્ય દ્રવ્યો, જે પ્રતિપિંડો પેદા કરે છે અને જેનું કાર્ય ચોક્કસ હોય છે.

**Antigonon** *leptopus* **Hook & Arn.** મૂળ દ. અમેરિકાનો શોભા માટેનો ક્ષુપ.

**antihaemorrhagic vitamin.** પ્રજીવક 'બી', થાયેમીન હાઇડ્રોક્લોરાઈડ, જે રક્તસ્રાવ વિરોધી પ્રજીવક છે.

**antiinefective.** સલ્ફાનેમાઈડ, પેનિસિલીન જેવો ચેપની સામે અજમાવવામાં આવતો ઈલાજ.

**antilog.** પ્રતિલઘુ.

**antilogarithm.** પ્રતિલઘુગુણક.

**antimetabolic.** પ્રતિચયાપચયક.

**antiphlogistic.** શોથહારક; સોજો દૂર કરનાર કે મટાડનાર. **antiphlogistine.** શોથ–સોજો દૂર કરનાર દ્રવ્ય.

**antipodal.** પ્રતિધ્રુવીય. **a. cell.** પ્રતિમુખકોષ, પ્રતિધ્રુવકોષ.

**antipuritic.** ખંજવાળમાં રાહત આપનાર દ્રવ્ય.

**antipyretic.** તાવ કે શરીરનું ઉષ્ણતામાન ઘટાડનાર (ઔષધ કે દ્રવ્ય).

**antirinderpest serum.** ઢોરને થતા રિન્ડરપેસ્ટ નામના રોગની સામે કામચલાઉ પ્રતિરક્ષા આપતું દ્રવ્ય.

**antiscorbutic vitamin.** એસ્કોર્બિક ઍસિડ અથવા પ્રજીવક 'સી'.

**antiseptic.** પ્રતિપૂયકારી. (૨) જંતુનાં વૃદ્ધિ-વિકાસને કામચલાઉ રીતે રોકનાર રાસાયણિક કે ભૌતિક પ્રક્રિયક.

**antiserum.** ચોક્કસ પ્રકારના વિષને તટસ્થ બનાવનાર પ્રતિપિંડવાળી રસી. (૨) વારંવાર પ્રતિજનની માત્રા મેળવ્યા બાદ પ્રતિપિંડો પેદા કરનાર પ્રાણીના લોહીમાંથી બનાવવામાં આવતી રસી.

**antispasmodic.** તાણરોધક, આંચકીરોધક.

**antisterility vitamin.** વંધ્યતા વિરોધી પ્રજીવક 'ઇ.'

**antitoxins.** રોગોત્પાદક સજીવોએ ઉત્પન્ન કરેલા વિષને તટસ્થ કરનાર પ્રાણીશરીરના પ્રતિપિંડોએ પેદા કરેલાં દ્રવ્યો. (૨) પ્રતિજીવ વિષો.

**antiviral.** વિષાણુરોધક (દ્રવ્ય).

**antivitamin.** પ્રતિપ્રજીવક.

**antu.** ઉંદર મારનાર આલ્ફાનેફ્થિલ થાયોયૂરિયા, જે કુક્કર, ભૂંડ અને અન્ય માંસાહારી પ્રાણીઓ માટે ઝેરી છે. જો કે પાળેલાં મરઘાં–બતકાં, વનસ્પત્યાહારી પ્રાણીઓ અને સંભવતઃ માનવીઓ માટે ઝેરી નથી.

**Anuraphis** *helichrysi* **Kalt.** પીચનાં પાન વાળનારું મલોમશી નામનું જંતુ.

**anus.** ગુદાદ્વાર.

**aonla.** આંબળાં.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**aorta.** મહાધમની; હૃદયમાંથી લોહીને શાખાધમનીઓમાં લઈ જતી મુખ્ય રક્ત-વાહિની.

**apang.** અપંગ, તૃણકુળનું *Dichanthium annulatum* (**Forsk**) **Stapf.** નામનું ઘાસ.

**apatite** (CaF) $Ca_4$ $(PO_4)_3$ સૂત્ર ધરાવતુ થોડાં ક્લોરીન અને ફ્લોરીન સમેતનું સ્ફટિકીય કેલ્શિયમ ફૉસ્ફેટ, જે ખવાણનો વિરોધ કરે છે, અને જે ઘણા ખડકોમાં જોવામાં આવે છે. જમીનમાં રહેલા ફૉસ્ફરસનું મૂળ સ્રોત.

**apepsy.** અરુચિ.

**aperient.** રેચક, આંતરડાને પ્રવૃત્ત કરનાર ઔષધ.

**aperture.** મુખ, છિદ્ર, રંધ્ર.

**apetalous.** દલવિહીન, પુષ્પમણિ વિનાનું.

**apex.** ટોચ, અગ્ર, શિખર. **a. bank.** ટોચની બૅંક.

**Aphanamixis** *polystachya*(**Wall.**) **Parker** (Syn. **Amoora** *rohituka* **Wight & Arn.**). રોહિડો, રોહિતકા નામનું પ. બંગાળ અને આસામમાં થતું એક ઝાડ, જેનાં બીનું તેલ દીવાબત્તીના કામમાં આવે છે.

**aphid.** મલોમશી નામનું સૂક્ષ્મ જંતુ, જે વનસ્પતિ પર ચીકણો રસ બનાવી વનસ્પતિને હાનિ પહોંચાડે છે. વિષાણુ-જન્ય રોગનું વાહક જંતુ.

**aphim.** અફીણ.

**Aphis.** મલોમશી. **A.** *craccivora* **K.** કપાસ, ચોળા વ.માં પડતું મલોમશી જંતુ. **A.** *gossypii*. કપાસનું મલોમશી જંતુ.

**aphosphorosis.** ફૉસ્ફરસની ઊણપ.

**aphtha.** આંચળ પર, મોંની અંદર કે કેટલીકવાર ખરીધારી પશુનાં આંગળાંઓની વચમાં થતી ફોલ્લી.

**aphyllous.** અપર્ણી.

**apiarist.** મધમાખપાલક. **apiary.** મધુવાટિકા, મધુમક્ષિશાળા. (૨) મધ પેદા કરવા માટે મધપુડા કે અન્ય સાધનોમાં રાણી મધમાખ અને કામદાર મધમાખોની વસાહત. **apiculture.** મધમાખ ઉછેર. (૨) મધપૂડો બનાવવો, મધમાખનો ઉછેર કરવો વ. નું વિજ્ઞાન. **Apidae.** મધમાખ પરિવાર, જેમાં પેટા-પરિવારોનો પણ સમાવેશ થાય છે. **apiology.** મધમાખોના અભ્યાસ માટેનું વિજ્ઞાન; મધુમક્ષિકા વિજ્ઞાન.

**apical.** અગ્રીમ, અગ્રસ્થ, શિખરસ્થ. **a. bud.** અગ્ર કલિકા. **a. cap.** અગ્ર ટોપી. **a. cell.** અગ્રસ્થ કોષ. **a. dominance.** અગ્રસ્થ પ્રભુત્વ. **a. meristem.** અગ્રસ્થ વર્ધનશીલ પેશી.

**apicula** (**apiculus** એ૦વ૦). તીક્ષ્ણ અણિ. **apiculate.** તીક્ષ્ણાગ્ર.

**apileate.** અછત્રક.

**Apion** *corchori* **Marshall.** શણનો કીટ.

**Apis** *dorsata* **F.** ખડકોમાંની મધમાખ. **A.** *florea*. **F.** નાની મધમાખ. **A.** *indica* **F.** ભારતની સર્વસામાન્ય મધમાખ. **A.** *mellifera*. યુરોપની મધમાખ.

**Apium** *graveolens* **L.** *var dulce* (**Mill.**). અજમોદ, બોડો અજમો; હિંદીમાં અજમુદ તરીકે ઓળખાતી મૂળ યુરોપની પણ અહીં હિમાલય, ઉત્તર પ્રદેશ, પંજાબ દક્ષિણ ભારતમાં થતી વનસ્પતિ. **A.** *graveolens* **L.** *var. rapaceum* (**Mill.**) **DC** (Syn. **A.** *rapaceum* **Mill**). અજમુદ.

**aplano.** અચલ. **a. gamete.** અચલ યુગ્મક. **a. sporangium.** અચલ બીજાણુધાની. **a. spore.** અચલ બીજાણુ.

**Apluda** *aristata* **L.** તૃણકુળનું દીર્ઘાયુ ભંગેરુ નામનું ઘાસ. **A. mutica L.** (Syn. **A.** *aristata* **L.**). ઉત્તર પ્રદેશનું તૃણકુળનું ઘાસ ભંગેરૂ.

**apo—,** અપ, વિયુક્ત છે. અર્થ સૂચક પૂર્વગ.

**apobasidium.** વિયુક્ત પ્રકણી.

**apocarpous.** વિયુક્ત સ્ત્રીકેસરી, વિલગ્ન ગર્ભકોષી, પૃથક્ અંડપી, પૃથક્ કે અંશતઃ સંલગ્ન સ્ત્રીકેસર વાળું. **apocarpy.** વિયુક્ત સ્ત્રીકેસરી.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૨)**Apocynaceae.** કુટજાદિકુળ(વનસ્પતિ), જેમાં કરમદી, કરેણ, ટગર ચાંદનીનો સમાવેશ થાય છે.

**apoenzyme.** અપ-ઉત્સેચક.

**apogamic.** અપયુગ્મી. **a. seedling.** અપયુગ્મી રોપો. (૨) કાગદી લીંબુ જેવી વનસ્પતિનાં બીજથી વાનસ્પતિક રીતે પેદા કરવામાં આવતો રોપ, આનાં બી બહુ ભ્રૂણીય હોય છે, જેથી પ્રત્યેક બીમાંથી ત્રણ-ચાર રોપા ઊગે છે, જેમ નો એક લિંગી રીતે જ્યારે અન્ય વાનસ્પતિક રીતે થયેલો હોય છે; અપયુગ્મી રોપો. **apogamy.** અપયુગ્મજનન; ફલન વિના લિંગીય અંગો કે એવી સંરચનાથી પેદા થયેલું બી કે સંતતિ, જેનાં ભ્રૂણ એકગુણિત હોય છે. **apogenic.** અપજનિક, અપલિંગિક. **apogeny.** વંધ્યતા. **apogyny.** નારી પ્રજનન અંગોની વંધ્યતા.

**apogeotropism.** અપભૂઅનુવર્તન.

**apomixis.** ફલીકરણ વિના પ્રજનન, અસંયોગીજનન.

**apopetalous.** પૃથગ્દલીય, વિયુક્તદલીય.

**apophysis.** નિપ્રાવર, અપસૂત્ર. (૨) લીલના બીજાણુધાનીનો ફુલેલો દૂરનો છેડો.

**apospore.** અપબીજાણુ, અંડ બીજાણુ. **aposporous.** બીજાણુ નિરપેક્ષ, અપ-બીજાણુક. **apospory** અબીજાણુતા, અબીજાણુજનન. (૨) જીવન-ચક્રમાં બીજાણુજનનનો અભાવ.

**apothecium.** વિવૃતકાય. (૨) પ્યાલા-કાર ફલીકરણ.

**apotracheal parenchyma.** અપદારૂવાહિની મૃદૂતક.

**apparatus.** ઉપકરણ, પ્રયોગસાધન.

**apparent.** આભાસી, દેખીતું. **a. density of soil.** સમગ્ર રીતે સૂકીમૃદાનું એકમ દીઠ વજન, જે સત્યઘટત્વ કરતાં ઓછું હોય છે. મૃદાનું આભાસી ગુરુત્વ. **a. specific gravity.** આભાસી વિશિષ્ટ ગુરુત્વ.

**appendage.** ઉપાંગ. (૨) શાખા તરીકે ધડ કે ધડની સાથે જોડાયેલું અંગ.

**appendiculum.** ઉપાંગિકા.

**apple.** સફરજન. પદ્મકાદિ કુળના *Malus* કે *Pyrus* પ્રજાતિનું ઝાડ કે ફળ; *Malus sylvestris* **L. Mill.** (*Malus punila* **Mill.** *Pyrus malus* **L.**). મૂળ નૈઋત્ય એશિયાનું પણ અહીં હિમાચલ પ્રદેશ, કાશ્મીર, કુલુ, કુમાઉ, આસામ અને નીલ-ગિરિમાં, કલિકા કે ઉપરોપસંકર દ્વારા થતું ઝાડ. (૧) સફરજન જેવાં ફળને લગતો શબ્દ. **a. brown rot.** *Sclerotinia fructigena* **Aderh & Ruhl.** નામનાં જંતુથી સફરજનને લાગતો સડો. **a. fruit borers.** *Dyscerus fletcheri* **Mshll.** *D. malignus* **Mshll.** નામનાં સફરજન કોરતાં જંતુઓ. **a. leaf and fruit-eating beetles.** *Melolontha nepalensis* **Bl.,** *Adoretus duvauceli* **Bl.,** *A. versutus* **Har.,** *Anomala polita Bl.,* **A.** *lineatopennis* Bl. નામનાં સફરજનનાં પાન અને ફળ ખાતાં જંતુઓ. **a. pink disease.** *Pellicularia salmonicolor* (**B & Br.**) **Dastur.** નામનાં જંતુથી સફરજનને થતો એક રોગ. **a. powdery mildew** *Podosphaera leucotricha* (**Ell & Everh.**) **Salm.** નામના જંતુથી સફરજનને થતો એક રોગ. **a. root borer.** *Dorysthenes hugelii* **Redt.** નામનો સફરજનને કોરતો કીટ. **a. scab.** *Venturia inaequalis* (**Cooke**) **Wint.** નામના જંતુથી સફરજનને થતો એક રોગ. **a. shoot borer.** *Alcides mali* **Marshal.** નામનો સફરજનનો કીટ. **a. sooty-blotch** and **fly-speck.** *Leptothyrium pomi* (**Mont. Fr.**) **Sacc.** નામના જંતુથી સફરજનને થતો એક રોગ. **a. stem black.** *Coniothecium chomatosporum* **Corda.** નામના જંતુથી સફરજનને થતો રોગ. **a. stem borer** (૧) *Linda nigroscutata* **Fairm.** નામનો સફરજનનો કીટ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૨) *Zeuzera* sp. નામનો સફરજનનો કીટ. **a. stem brown.** *Botryosphaeria ribis* **G & D**થી સફરજનને થતો રોગ.

**appliance.** સાધન.

**applicable.** વ્યવહારસાધ્ય. **application (manure).** (ખાતર) લગાવવું તે. **applied.** વ્યાવહારિક, પ્રયોજ્ય, પ્રયુક્ત. **a. insect control.** જંતુ નિયંત્રણ માટે છંટકાવ, જંતુઘ્નદ્રવ્યો અને તે માટેની પદ્ધતિનો ઉપયોગ. **a. economics.** પ્રયુક્ત–પ્રયોજિત અર્થશાસ્ત્ર. **a. force.** પ્રયુક્તબળ, લગાડવામાં આવેલું બળ. **a. statistics.** પ્રયુક્ત આંકડાશાસ્ત્ર.

**appraisal.** અંદાજ.

**approach grafting.** આંબો, જામફળી ઇ. જેવાં સદાહરિત ઝાડની કલમ કરવાની એક પદ્ધતિ. **a. road.** પહોંચમાર્ગ.

**approved variety.** સ્વીકૃત–અધિકૃત નમૂનો–પ્રકાર.

**approximate.** આશરે, અંદાજે, લગભગ

**apricot.** જરદાળુ; પદમકાદિકુળનું *Prunus armeniaca* **L.** (*Armeniaca vulgaris* **Lamk**). નામનું સિમલા, કાશ્મીર, કુલુ અને કુમાઉમાં થતું ઝાડ, અને *Kaisha*, *New Castle*, *Royal*, *Shipley Early*, *St. Ambroise* જેવા તેના કેટલાક પ્રકારો. ફળ કુમળું હોય ત્યારે પીચ જેવું લાગે છે. **a. pink disease.** જરદાળુને થતો એક રોગ. **a. sun scald.** જરદાળુનો એક રોગ, જે પ્રખર સૂર્યનાં કિરણોથી થાય છે.

**Apsylla** *cistellata* **Buckton.** આંબાનું રોગકારી જંતુ.

**apterous.** પાંખવિનાનું.

**aqua.** પ્રવાહી, જલ, પાણી; દ્રાવણ. **a. ammonia.** એક્વા એમોનિયા. **a. culture.** કુંડામાં રોપ વાવવાની પ્રક્રિયા.

**aquarium.** જલજ સજીવોને ઉછેરવાનું પાણી ભરેલું કાચનું પાત્ર. (૨) જલજ પાણી કે વનસ્પતિને જીવતાં રાખવા માટેનું કૃત્રિમ જલાશય કે ટાંકી. (૩) મત્સ્યાલય.

**aquatic.** જલચર, જલીય, જલજ. (૨) પાણીને લગતું, પાણીમાં જીવતું. **a. habitat.** જલનિવાસ સ્થાન. **a. plant.** જલીય વનસ્પતિ. **aqueous.** જલીય. **a. root.** જલીય મૂળ. **a. tissue.** જલીય પેશી. (૨) પાતળી દીવાલના વાતરંધ્ર કે હરિતકણ વિનાની વનસ્પતિ. **aquifer.** ભૂમિગત જલનિર્માણ, જે પૂરતા પ્રમાણમાં પાણી આપતું હોય છે.

**Aquilaria** *malaccensis.* **Lamk.** અગર. પૂર્વ હિમાલય, પ. બંગાળ, આસામ, ગારો અને નાગ ટેકરીઓમાં થતું એક ઝાડ, જેમાંથી બાષ્પશીલ તેલ મળે, જે સુગંધી દ્રવ્યો અને ઔષધ બનાવવા ઉપયોગી બને છે.

**aquisition.** અધિગ્રહણ, સંપાદન.

**Arab.** સવારી અને ભારવહી ઘોડાની એક ઓલાદ, અરબી ઘોડો.

**Arabian coffee.** *Coffea arabica* **L.** નામનો ક્ષુપ, જે મૂળ ઇથિયોપિયાનો છે પણ ભારતમાં નીલગિરિ, મૈસુર અને કેરળમાં થાય છે. એકર દીઠ તેનો ઊતાર 600 રતલ સુધી થાય છે.

**arable.** ખેડવાણ, ખેડવાને યોગ્ય. **a. land.** ખેડવાણ ભૂમિ, કૃષિયોગ્ય જમીન.

**Araceae.** વચાદિકુળ (વનસ્પતિ), જેમાં ઘોડાવજ ઇ.નો સમાવેશ થાય છે.

**Arachis** *hypogaea* **L.** મગફળી; મૂળ બ્રાઝિલની પણ ગુજરાત, મહારાષ્ટ્ર, ઇ. ભારતમાં વિસ્તૃત રીતે વાવવામાં આવે છે, જેનાં બી (મગફળી) ખવાય છે, જેને ભૂંજીને ઉપયોગમાં લેવાય છે, જેને વાટીને તેનું દૂધ કઢાય છે અને તેલ કાઢી લીધા બાદ રહેલા ખોળનો ઉપયોગ ખાતર તરીકે તથા ઢોરના ખોરાક માટે થાય છે.

**arachnids.** અષ્ટપાદ વર્ગનું સંધિપાદ સમુદાયનું પ્રાણી, જેમાં કરોળિયા, વીંછી, જૂ, ઈતડી ઇ.નો સમાવેશ થાય છે.

**Araliaceae.** જિન્સેન વર્ગ (વનસ્પતિ), જેમાં જિન્સેનનો સમાવેશ થાય છે.

**ararut.** આરારૂટ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**aratdar.** આડતિયો, દલાલ, કમિશન એજન્ટ.

**Araucaria** *cunninghamii* **D. Don.** શણગાર માટેનું ઝાડ. **A.** *excelsa* **R. Br.** બગીચામાં ઉગાડાતી વનસ્પતિનો એક પ્રકાર.

**arbitrary,** સ્વૈચ્છ, સ્વૈચ્છિક. **a. correction** સ્વૈચ્છ સુધારો. **a. correlation.** સ્વૈચ્છ સહસંબંધ.

**arbitration.** લવાદી, મધ્યસ્થ (નિર્ણય).

**arboreal.** વૃક્ષ નિવાસી, વૃક્ષીય. **arborescent**,વૃક્ષ સદૃશ, ઝાડની માફક શાખાયુક્ત. **arboretum.** વૃક્ષ સમૂહ. **arboriculture.** ખાસ કરીને શણગાર અને છાયા માટે કાષ્ઠીય વૃક્ષોનું કરાતું સંવર્ધન.

**arbour.** લતાકુંજ, લતામંડપ. (૨) દ્રાક્ષની વેલને ટેકો આપવા અને છાયા કરવા કરાતી જાળીદાર રચના. **a. system of training.** દ્રાક્ષની વેલની એક પ્રકારની માવજત, જેમાં જાળીદાર સંરચનાની બંને બાજુપર વેલનો ૭ ફૂટના અંતર પર 30 ફૂટ પહોળી અને 8 ફૂટ ઊંચી રાખવામાં આવે છે. મૂળના ટુકડાને ક્યારીમાં રોપવામાં આવે છે અને જમીનથી ત્રણ ફૂટ ઉપર તેની મુખ્ય ત્રણ શાખા થવા દેવામાં આવે છે. મુખ્ય શાખાને બે સમક્ષિતિજ તારની સાથે પંખાકાર બાંધવામાં આવે છે. આમ કરાતી શાખાનું દર વર્ષે કર્તન કરવામાં આવે છે, નબળી શાખાઓને દૂર કરવામાં આવે છે અને આમ થતાં પ્રવર્ધોમાંથી નવા પ્રરોહ ઊગે છે.

**Archangelica** *officinalis* **Hoffm.** સુવાસિત શાકીય વનસ્પતિ, જેનાં મૂળ અને બી સુવાસ આપવા ઉપયોગમાં લેવાય છે.

**Arctium** *lappa* **L.** સહદેવ્યાદિકુળની હિમાલય, કાશ્મીર અને સિમલામાં થતી શાકીય વનસ્પતિ, જેનાં મૂળનો ઉપયોગ ઔષધ તરીકે થાય છે.

**Ardisia** *solanacea*. **Roxb.** ડિકના.

**Arduina** *bispinosa* **L.** કુટજાદિકુળની મૂળ દ. અમેરિકાની પણ હવે અહીં ઉત્તર પ્રદેશ, ગુજરાત, પંજાબ, રાજસ્થાન, મહારાષ્ટ્ર, તમીલનાડુ અને નીલગિરિમાં થતી ખાદ્યફળની વનસ્પતિ, જેનાં ફળમાંથી મળતા ક્ષીરમાંથી ચ્યૂઈંગ ગમ બનાવવામાં આવે છે, તથા માંસને નરમ બનાવવામાં પણ તેનો ઉપયોગ થાય છે. તે ઔષધ તથા કૃમિઘ્ન તરીકે ઉપયોગમાં લેવાય છે.

**area** વિસ્તાર, ક્ષેત્રફળ.

**Areca.** *catechu* **L.** સોપારી; તામ્રાદિકુળનું પાતળું, ઊંચું, તાડ જેવું, મૂળ મલાયાનું પણ અહીં મૈસુર, તામીલનાડુ, પ. બંગાળ, આસામ અને મહારાષ્ટ્રમાં થતું ઝાડ, જેની સોપારી પાનની સાથે ખવાય છે. તેનાં છાડાં પૂઠાં અને કાગળ બનાવવાના કામમાં આવે છે. **arecanut.** સોપારી. **a. anthracnose.** *Colletotrichum catechu* નામની ફૂગથી સોપારીને થતો રૂક્ષ રોગ. **a. foot-rot.** *Ganoderma lucidum* (**Leyss ex Fr.**)થી સોપારીના ઝાડને થતો રોગ જેમાં પાંદડાં પીળાં થાય છે. **a. fruit rot.** *Phytophthora arecae* (**Coleman**) **Pethi** નામની ફૂગથી સોપારીને થતો રોગ, જેમાં સોપારી તથા કુમળી કળી પર ડાઘ લાગે અને સોપારી સુકાઈ જાય છે. **a. koleroga,** જુઓ *arecanut fruit rot.* **a. mites.** સોપારીમાં પડતા *Raoiella indica*, **Hirst** અને *Oliogonychus* **sp.** નામનાં કીટ, જે તેનો રસ ચૂસે છે. **a. stem bleeding.** *Ceratostomella paradoxa* (**de Saynes**) **Dade** થી સોપારીને થતો રોગ, જેમાં ઝાડના તળિયે તિરાડો થાય અને કાળો રસ ઝમે છે. **a. stem-breaking.** સૂરજના તાપથી સોપારીના ઝાડને થતો એક રોગ, જેમાં ઝાડના ઉપરના ભાગ પર તિરાડો પડે, જે વધી તેના થડ પર ચીરા પાડે છે.

**arecoline.** સોપારીના ઝાડમાંથી મળતા આલ્કલોઈડનો એક પ્રકાર, જેનો ઉપયોગ કૃમિનાશક તથા રેચ માટે થાય છે.

**Arenga** *pinnata* (**Wurmb.**) **Merr.** (Syn. **A.** *saccharifera*

For Private and Personal Use Only

**Lab).** પામાદિ વર્ગનું ગોમતીપામ નામનું ઝાડ, જેના રસમાંથી ખાંડ બનાવવામાં આવે છે અને જે આસામ અને ઓરિસામાં થાય છે. **A.** *saccharifera* **Lab.** જુઓ *Arenga pinnata.*

**areola** (**areolae** બ.વ.). ક્ષેત્રિકા, પાદડાંની નસો વચ્ચેનો નાનો વિસ્તાર. (૨) વર્તુળ જગ્યા. (૩) વનસ્પતિનું કોષ કેન્દ્ર. (૪) સ્તનની ડીંટડીની આસપાસનું વર્તુળ, સ્તનાગ્રવલય. (૫) આંખની પૂતળીની આસપાસનો વિસ્તાર. **areolar.** અવકાશી.

**areole.** વાળ કે કંટક સમૂહે રોકેલી જગ્યા.

**Argas** *persicus.* મરઘા પર થતી ઈતડી, કે જૂ. (૨) આ જંતુથી તાવ આવે છે.

**Argemone** *mexicana* **L.** દારૂડી, પીળો ધતૂરો, શિયાલકંટી, કાંટાળી, અહિફેનાદિ વર્ગનો કાંટાળો ક્ષુપ, જેનાં બીનું તેલ દીવાબત્તી અને ઊંજણ તરીકે કામમાં આવે છે, અને જે ઉસર જમીનને નવસાધ્ય કરવા ઉપયોગમાં આવે છે. **argemonin** દારૂડી, પીળો ધતૂરો.

**Argyreia** *nervosa* (**Burm f.**) **Boj.** (Syn. *Convolvulus nervosus* **Burm. A.** *speciosa* **Sweet**; **f.** ઘાબેલ; સમુદ્રશોખ, શણગાર તરીકે વવાતો આરોહી ક્ષુપ. **A.** *splendens* **Sweet.** (Syn. *Convolvulus splendens* **Hornem.** વરધારો, *Silver morning–glory* નામનું શણગાર માટેનું ઝાડ.

**Argyroploce** *illepida* લાછીના ગોટલાને વેદક કીટ.

**arhar.** તુવેર.

**arid.** અર્ધ–મરુ કે રણ જેવી અતિ સૂકી (આબોહવા કે વિસ્તાર). **a. climate.** અર્ધ–મરુ કે રણ જેવી અતિસૂકી આબોહવા. **a. reigon.** વરસાદ દ્વારા પાણી મળે તે કરતાં વધારે પ્રમાણમાં પાણી કે ભેજનું બાષ્પીભવન થતું હોય તેવો વિસ્તાર.

**aril.** બીજોપાંગ, અધ્યાવરણ. (૨) ફલનબાદ કેટલાંક બી પર થતું વધારાનું બીજાવરણ.

**arinj.** *Acacia leucophloea* (**Roxb.**) **Willd.** (*Mimosa leucophloea* **Roxb.**). સફેદ કિકર, હરમા બાવળ, જેનાં પાનનો ઘાસચારો બને છે, છાલ ચામડાં કમાવવામાં ઉપયોગમાં આવે છે.

**Arisaema** *murrayi* **Hook.** સર્પકંદ. **A.** *tortuosum* (**Wall.**) **Schott.** ઊંચી શાકીય વનસ્પતિ, જેના કંદનો ઉપયોગ જંતુઘ્ન માટે થાય છે અને જે ખાસી ટેકરીઓ, મણિપુર, બિહાર, તામીલનાડુ અને સમશીતોષ્ણ હિમાલયમાં થાય છે.

**arista** (**aristae** બ.વ.). અનાજ કે ઘાસને થતો દાઢી જેવો પ્રવર્ધ, તૃણ–દાઢી.

**Aristida** *adscencionis* **L**, તૃણકુળનો લાંપડો, ઊંઠ લાંપડો નામની વનસ્પતિ. **A.** *depressa* **Retz.** તૃણકુળની વનસ્પતિ, જેની સાવરણીઓ બનાવવામાં આવે છે. **A.** *funiculata* **Boiss.** લાસો લાંપડો નામની વનસ્પતિ. **A. hystricula Edgew.** ભેંસ લાંપડો. **A.** *setacea* **Ret.** (Syn. *Chaetaria setacea.* (**Retz.**) **P. Beauv.** ઝાડુ અને બ્રશ બનાવવા માટે ઉપયોગમાં આવતી વનસ્પતિ.

**Aristolochiaceae.** કીટમાર્યાદિકુળ.

**Aristolochia** *bracteolata* **Lamk.** કીડામારી; ઉત્તર પ્રદેશ, પ. બંગાળ, મધ્યપ્રદેશ અને આન્ધ્રપ્રદેશમાં થતો ક્ષુપ, જે રેચક અને કૃમિઘ્ન તરીકે ઔષધરૂપે ઉપયોગમાં આવે છે. **A.** *brasiliensis* **Mart & Zucc.** પોતલચેલ નામની વનસ્પતિ. **A.** *grandiflora* **Sw.** અંગ્રેજી *Poison hogmeat* નામનો શણગાર માટેનો આરોહી ક્ષુપ. **A.** *indica.* **L.** નારવેલ નામની વનસ્પતિ. **A.** *macroura* **Gomez.** શણગાર માટેની વનસ્પતિ.

**arm.** હાથ, ભુજા, બાહુ. (૨) ઝાડ કે ક્ષુપની મુખ્ય શાખા કે વિસ્તાર. (૨) દ્વિવર્ષાયુ કે તેથી વધારે આયુષ્ય ધરાવતી દ્રાક્ષની વેલની શાખા. (૩) પ્રાણીના ખભા અને અગ્રબાહુ વચ્ચેનું અંગ.

**armature.** એક પ્રકારના હંસરાજના પ્રકાંડ અને પર્ણદંડ પર થતાં કાષ્ઠીય ભીંગડાં.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**Armeniaca** *vulgaris* **Lamk.** જરદાળુ.

**Armoracia** *rusticana* **Gaertn; Mey. & Schreb.** (Syn **A.** *lapathifolia* **Gilib.** (Syn. *Roripa armoracia* (**L.**). **Hitchc.,** *Cochlearia armoracia* (**L.**). અંગ્રેજીમાં *Horse-radish* નામે ઓળખાતી મૂળ યુરોપની પણ ઉત્તર ભારત અને દ. ભારતના ડુંગરાળ વિસ્તારોમાં થતી શાકીય વનસ્પતિ, જેનાં મૂળ, ખોરાકી ચીજોને સુવાસિત કરવા માટે ઉપયોગમાં આવે છે.

**army worm.** લશ્કરી કીટ.

**Arnebia** *hispidissima* (**Lehm.**) **D.C.** રતનજોત નામની શાકીય વનસ્પતિ, જેનાં મૂળમાંથી લાલ રંગ મળે જે કેશ-તેલને રંગ આપવા માટે કામમાં આવે છે.

**aroma** સુવાસ, સૌરભ. **aromatic.** સુવાસિત, સૌરભિક. (૨) સુવાસ આપવા કે ઔષધીય ઈલાજ માટેનું (દ્રવ્ય). **a. spirit of ammonia.** એમોનિયાનો એરોમેટિક સ્પિરિટ. **a. cardamom** સુગંધી એલચી.

**arrangement.** ગોઠવણી, રચના, વિન્યાસ.

**arrhizal.** કેટલીક પરજીવી વનસ્પતિની માફક સાચા મૂળ વિનાનું.

**arrowroot.** આરારૂટ.

**arsenic.** સોમલ. **As** સંજ્ઞાધારી રાસાયણિત તત્ત્વ, જે જંતુઘ્ન દ્રવ્યોમાં હોય છે અને જે જમીનમાં પણ હોય છે.

**Artabotrys** *uncinatus* (**Lam.**) **Merr.** (Syn. **A.** *odoratissimus* **R. Br.**) હરિચંપા નામની સુગંધી પુષ્પોવાળી બગીચાની વનસ્પતિ.

**Artemisia** *absinthium* **L.** અંગ્રેજીમાં *Wormwood* અને હિંદીમાં વિલાયતી અફસંતિન નામથી ઓળખાતી વનસ્પતિ, જેના ફૂલમાંથી સેન્ટોનિન નામનું ઔષધ બનાવવામાં આવે છે, જે ઉત્તેજક અને પૌષ્ટિક છે. **A.** *dracunculus* **L.** પશ્ચિમ હિમાલયમાં થતી વનસ્પતિ, જે મસાલા તરીકે ઉપયોગમાં આવે છે. **A.** *maritima* **L.** કિરમાની, અંગ્રેજીમાં *Worm seed* તરીકે ઓળખાતી *Santonica* નામની કાશ્મીરથી કુમાઉં સુધીના હિમાલયમાં થતી વનસ્પતિ, જેમાંથી સેન્ટોનિન નામનું દ્રવ્ય મળે છે. **A.** *pallens* **Wall.** દવંદ, નામની સૌરભિક શાકીય વનસ્પતિ. **A.** *parviflora* **Roxb.** તેલદવંદ નામની વનસ્પતિ. **A.** *scoparia,* **Waldst & Kit.** ગજરો નામની વનસ્પતિ. **A.** *vulgaris* **L.** કીરમાની, ઢોર દવંદ નામની વનસ્પતિ.

**artery.** ધમની, રોહિણી. (૨) હૃદયમાંથી શરીરના બધા ભાગમાં લોહીનું વહન કરનારી નલિકા.

**artesian well.** પાતાળકૂવો, ભૂગર્ભ-જળ મેળવવા સ્તરી ફોડીને બનાવેલો કૂવો.

**Arthraxon** *inermis* **Hook f.** અંગ્રેજીમાં *Vanguarin* તરીકે ઓળખાતી વનસ્પતિ. **A.** *lanxceolatus* **Hochst.** ગોવિંદર નામની વનસ્પતિ.

**arthritis.** સંધિવા, સંધિકોપ; શરીરના સાંધાપર આવતો સોજો. **a. rheumatic.** વાતજ સંધિકોપ. **a. traumatic.** વ્રણજ સંધિકોપ.

**Arthrocnemum** *indicum* **Moq.** હિંદીમાં મચુર તરીકે ઓળખાતી વનસ્પતિ.

**Arthropods.** સંધિપાદ પશુ પરજીવી, જેમાં અષ્ટપાદ અને જંતુઓનો સમાવેશ થાય છે.

**artichoke.** પ. બંગાળ, આસામ, મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ અને આન્ધ્ર પ્રદેશમાં થતી દીર્ઘાયુ *Jerusalem artichoke* નામની વનસ્પતિ.

**articular.** સાંધાવાળું, જોડાયેલું, સંલગ્ન. **a. facet.** સંધિમુખ. **a. rheumatic.** સંધિવાતીય. **articulation.** અસ્થિઓ અને ખંડ અથવા ધડના ખંડો વચ્ચેનો સાંધો.

**artificial.** કૃત્રિમ. **a. brooding.** મરઘીની મદદ વિના બચ્ચાંની કરાતી માવજત, જે કૃત્રિમ રીતે ગરમાવો આપીને

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરાય છે. આ સાવજત વર્ષમાં ગમે તે સમયે શક્ય છે, જેથી ઉષ્ણતામાનનું નિયમન કરાય છે અને જે વડે આરોગ્યપ્રદ વાતાવરણ રચી શકાય છે તથા બચ્ચાંને આયોજિત ખોરાક પણ આપી શકાય છે. **a. farm manure.** કૃત્રિમ કાર્બનિક–સેંદ્રિય ખાતર. **a. fertilizer.** કૃત્રિમ ખાતર. **a. hatching.** કુદરતી સિવાયની અન્ય કોઈ રીતથી ઈંડાનું કરવામાં આવતું સેવન, જેમાં આ માટેનાં સાધનોનો વધારે લાભ-પ્રદ ઉપયોગ કરવામાં આવે છે. **a. bybridization.** કૃત્રિમ સંકરન. **a. inoculation.** કૃત્રિમ રીતે રસીનો કરવામાં આવતો અંતઃક્ષેપ. **a. insemination.** કૃત્રિમ વીર્યદાન, બીજ સ્થાપન. (૨) નર પ્રાણીમાંથી વીર્ય લઈ માદા પ્રાણીની યોનિમાં ખાસ સાધનની મદદથી તેને આરોપવાની પ્રક્રિયા. **a. manure.** કૃત્રિમ ખાતર. **a. pollination.** કૃત્રિમ પરાગનયન. **a. regeneration.** વાવણી, રોપણી અને અન્ય કૃત્રિમ રીતે વનના પાકનું નવસર્જન કરવું. (૨) આ રીતે નવસર્જન કરાયેલી વનસ્પતિ. **a. selection.** કૃત્રિમ પસંદગી. **a. silk.** કૃત્રિમ રેશમ. **a. surface irrigation.** વનસ્પતિનાં મૂળના વિસ્તારમાં જમીન હેઠળ છિદ્રોવાળા નળ નાખી, તે દ્વારા સિંચાઈ આપવાની પદ્ધતિ. આ પદ્ધતિથી જમીન અમ્લીય કે ક્ષારીય બનવા પામે તથા પડોશની જમીનમાં પાણી ઝમવાથી ભેજ થાય. **a. vagina.** કૃત્રિમ યોનિ. (૨) નરપ્રાણીનું વીર્ય લેવા, એક છેડે કોઈ પાત્ર રાખેલી રબરની બે દીવાલવાળી ટ્યૂબ, બે દીવાલની વચમાં ગરમ પાણી રાખવામાં આવે છે જેથી નરપ્રાણીનું વીર્ય છૂટું કરી શકે છે.

**Artocarpus** *altilis* (**Park.**) **Fosb.** (**A.** *communis* **Forst**) દ. ભારતમાં થતું 2 ટકા જેટલાં કાર્બોદિત દ્રવ્યો ધરાવતું ફળ; જુઓ *bread fruit*. **A.** *chaplasha* **Boxb**. આસામ, પ. બંગાળ અને આંદામાનમાં થતું ઝાડ, જેનું કાષ્ઠ ફર્નિચર, ચાની પેટીઓ અને પેકિંગ ડબા બનાવવા ઉપયોગી છે. **A.** *communis* **Forst.** જુઓ **A.** *altilis* (**Park**) **Fosb.** A. *heterophyllus* **Lamk.** (Syn. **A.** *integr* (**Thunb.**) **Merr, A.** *integrifolia* **uct** (**L.**) *nonL.F.*) ફણસ; મૂળ પશ્ચિમનું ફળ ઝાડ, જેનાં ફળ અને બી શાક-ભાજીમાં વપરાય, છાલ ચામડાં કમાવવા ઉપયોગી બને, અને અંતઃસ્થ કાષ્ઠમાંથી પીળો રંગ નીકળે છે. આ ઝાડ ઉત્તર પ્રદેશ, પ. બંગાળ, બિહાર, આન્ધ્ર પ્રદેશ અને ઓરિસામાં થાય છે. **A.** *hirsutus* **Lamk.** જંગલી ફણસ, જેનાં ફળ મોટાં સંતરા કરતાં મોટાં થાય છે, જેનું કાષ્ઠ ઈમારતી કામમાં ઉપયોગમાં આવે છે. **A.** *incisa*. ફણસ. **A.** *lakoocha* **Roxb.** ખાદ્યફળનું ઝાડ.

**aru.** પીચ.

**arua.** *Ailanthus excelsa* **Roxb.** એક મોટું સુંદર ઝાડ, જેનાં પાન ઢોર, ઘેટાં-બકરાં ખાય છે.

**arum.** અળવી.

**Arundinaria** *falcata* **Nees.** (Syn. *Bambusa falcata* **Hort.**). તૃણકુળનું હિમાલયનું વાંસ નામનું વૃક્ષ, જેનાં ડાખળાંનાં ટોપલા–ટોપલી બને છે. **A.** *racemosa* **Munro.** ભુતાન અને પશ્ચિમ હિમાલયમાં થતું ઝાડ, જેનાં ટોપલાં–ટોપલીઓ બને છે અને ઘરનાં છાજ બનાવવામાં આવે છે. **A.** *spathiflora* **Trin.** નાનો વાંસ, જેનાં ટોપલા–ટોપલીઓ બને છે. **A.** *wightiana* **Nees.** ત્રાવણકોરની તૃણકુળની વનસ્પતિ, જેનાં ટોપલા–ટોપલીઓ, સાદડીઓ અને લાકડી બને છે.

**Arundinella** *intricata*. **Hughes.** આસામમાં થતું જમીનને જકડી રાખતું એક ઝાડ.

**Arundo** *donax* **L.** કાશ્મીર, આસામ અને નીલગિરિમાં થતી એક વનસ્પતિ જેના પ્રકાંડનાં ટોપલા–ટોપલીઓ અને સાદડીઓ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બને છે. **A.** *donax* **L.** શણગાર માટેનું ઘાસ.

**arusa.** *Adhatoda vasica* **Nees.** (*Justicia adhatoda* **L.**) વાસાદિકુળની વનસ્પતિ. જેનાં પાનનો ઉપયોગ ઔષધ તરીકે થાય છે.

**arvi.** અળવી.

**Arytaina** *punctipennis* **Cr.** ગળીના છોડનો રસ ચૂસતો કીટ.

**asafetida (asafoetida).** હિંગ *Ferula assafoetida* **L.**નાં મૂળમાંથી મળતા આક્ષીરમાંથી હિંગ બનાવવામાં આવે છે. આ વનસ્પતિ પંજાબ અને કાશ્મીરમાં થાય છે. રસ કડવો અને તીખો હોય છે. ખાદ્ય સામગ્રીને સુવાસ આપવા અને વઘારમાં તે વપરાય છે.

**asan.** *Terminalia tomentosa* **Wight & Arn.** હિમાલય અને દ્વીપકલ્પીય વિસ્તારોની અનેક પ્રકારની જમીનોમાં થતું પાનખર ઝાડ, જેનું કાષ્ઠ કઠણ અને મજબૂત છે અને તે બળતણ, ગાડાં બનાવવા, ઘર–બાંધકામ માટે ઉપયોગમાં આવે છે અને પાંદડાં ટસર રેશમના કીડા ખાય છે. ફળનો ઉપયોગ રંગકામ અને ચામડાં કમાવવા માટે થાય છે.

**ascariasis.** કૃમિકુળના ગોળકૃમિથી મરઘાં–બતકાંને થતો એક રોગ, જેમાં રોગગ્રસ્ત પંખીને ઝાડા થાય છે. **Ascarid.** કૃમિકુળનો પરજીવી ગોળકૃમિ, જે પ્રાણીનાં આંતરડામાં હોય છે. **Ascaridia** *galli*. મોટો ગોળકૃમિ, જે પ્રાણીઓનાં આંતરડાંમાં રહે છે.

**ascites.** જળોદર.

**Asclepiadaceae.** અર્કાદિકુળની વનસ્પતિ. **Asclepias** *curassavica* **L.** અર્કાદિકુળનો ક્ષુપ, જે શણગાર માટે વવાય છે.

**Ascochyta** *phaseolorum*. વટાણાને થતા એક રોગ માટે જવાબદાર જંતુ. **A.** *pinodella*. વટાણાના એક રોગ માટે જવાબદાર જંતુ. **A.** *pinodes*. વટાણાનો રોગકારી જંતુ. **A.** *pisi*. ચણાને થતા રોગ માટે જવાબદાર કીટ. **A.** *sorghi*. જોનસન તૃણ અને સુદાન તૃણના એક રોગ માટે જવાબદાર કીટ.

**ascospore.** ધાની બીજાણુ.

**ascorbic acid.** પ્રજીવક 'સી'; હેક્ઝ્યુરોનિક એસિડ, $C_6H_8O_6$ સૂત્ર ધરાવતું ફળ અને શાકભાજીમાં રહેલું જલદ્રાવ્ય પ્રજીવક, જે પ્રશીતાદ અટકાવે છે.

**Aseel.** દેશી ઓલાદનું મરઘું.

**asepsis.** સૂક્ષ્મ સજીવથી મુક્ત. **aseptic.** અપૂયિત; જીવાણુ કે અન્ય રોગોત્પાદક સૂક્ષ્મસજીવથી મુક્ત.

**asexual.** અલિંગી, સક્રિય લિંગી અંગ વિનાનું, પુંકેસર, સ્ત્રીકેસર, અંડકોષ ઇ. વિનાનું (ફૂલ). **a. propagation.** અલિંગી પ્રજનન, વાનસ્પતિક પ્રજનન.

**ash.** રાખોડી, ભસ્મ; વનસ્પતિ કે ખોરાકી પદાર્થનો દહન બાદ પાણી અને કાર્બનિક દ્રવ્ય બળી રહ્યા પછી રહેતો શેષ ભાગ, જેમાં ખનિજ તત્ત્વો રહેલાં હોય છે **a. content.** ખનિજ ઘટક. **a. gourd.** સફેદકોળું. *Benincasa hispida* (**Thunb.**) **Cogn.** (*B. cerifera* **Savi**). એક શાકીય આરોહી વનસ્પતિ, જેનું ફળ શાકભાજી તરીકે ઉપયોગમાં આવે છે; ફળમાં પ્રજીવકો 'એ', 'બી' અને 'સી' હોય છે. **a. pumpkin.** ભૂરું કોળું.

**Asiatic class.** પીછાંવાળા પગ ધરાવતાં મરઘાં–બતકાં, જેનાં ઈંડાં બદામી હોય છે.

**Asiatic cotton** *Gossypium herbaceum* **L.** મહારાષ્ટ્ર, તામીલનાડુ, મૈસુર અને આન્ધ્ર પ્રદેશમાં થતો કપાસ.

**asparagine.** શિંગી અને અન્ય બીમાંના એમિનો ઍસિડનું સંયોજન, જે વનસ્પતિના નાઈટ્રોજન ચયાપચયમાં મહત્ત્વનું છે.

**asparagus.** શતાવરી. *Garden asparagus, halyum, Asparagus officinalis* **L.** નામની લસુનાદિકુળની મૂળ યુરોપની શાકીય વનસ્પતિ **A.** *adscendens* **Roxb.** સફેદ મૂસળી નામની લસુનાદિકુળની મહારાષ્ટ્ર અને મધ્ય પ્રદેશમાં થતી વનસ્પતિ, જેનાં મૂળ અતિસાર અને

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મરડામાં ઉપયોગમાં આવે છે. **A.** *officinalis* **L.** શતાવરી; આ વનસ્પતિના પ્રરોહ ખવાય છે. **A.** *plumosus* **Baker.** પરદેશી આકલકરો નામની આરોહી વનસ્પતિ. **A.** *racemosus* **Willd.** શતાવરી, શતમૂળી, આકલકરો જાળવેલ. **A.** *sarmentosus* **L.** શતાવરી, જેનાં મૂળ ખાય છે.

**aspect.** ઢોળાવની બાજુ.

**aspergillosis.** મરઘાં–બતકાંને થતો ફેફસાંનો એક રોગ, જે *Aspergillus niger* નામની ફૂગથી થાય છે, જેમાં શ્લેષ્મ આવે, શ્વાસ ચડે અને મરઘું શ્વાસાવરોધ થઈ જવાથી મરણ પામે. **Aspergillus** *niger*. મરઘાં–બતકાંનાં ફેફસાંની રોગકારી ફૂગ.

**Asphodelus** *tenuifolius* **Cav.** ડુંગરો.

**asphyxia.** શ્વાસાવરોધ. **asphyxation.** શ્વાસાવરોધ; ઑક્સિજન અને કાર્બન ડાયોક્સાઈડના અપૂરતા વિનિમયથી શ્વાસ લેવામાં પડતી મુશ્કેલી. (૨) ઑક્સિજનની ઊણપના કારણે વનસ્પતિમાં થતી એક દેહધર્મીય અવસ્થા, જેમાં બી અંકુરિત બનતાં નથી અને છોડ સુકાઈ જાય છે, ફળ તૂટી પડે છે અને મૂળ સુકાઈ જાય છે.

**Aspidomorpha** *miliaris* **F.** શક્કરિયાનાં પાન ખાતો કીટ.

**aspirate.** શરીરના કોઈપણ વિવર કે વિદ્રધિમાંથી ચૂસીને પ્રવાહી કે વાયુને દૂર કરવો. (૨) ચૂસવું, શ્વાસ લેવો. **aspiration.** ચૂસણ. (૨) શ્વસન. **aspirator.** શોષક સાધન, ચૂસક.

**Aspondylia** *sesami* **Felt.** તલમાં પડતી માખ.

**Aspongopus** *brunneus* **N.** પટોલકુળની વનસ્પતિનો ચૂસક કીટ.

**aspurk.** ઘાસચારાની વનસ્પતિ.

**ass.** ગધેડું, *Equus asinus* નામનું ભારવાહી પાલતું પશુ, જેનો ઉપયોગ ખચ્ચર બનાવવા માટે થાય છે.

**Assam lemon.** લિંબુનો એક પ્રકાર.

**Assam rubber.** રબરનો એક પ્રકાર.

**Assam tea.** ભારતની વિખ્યાત ચાનો એક પ્રકાર.

**assay.** વિશ્લેષણ.

**assessment.** મૂલ્યાંકન, નિર્ધારણ, આંકણી.

**assets.** અસ્કયામતો.

**assimilation.** પરિપાચન. (૨) બહારથી લીધેલાં દ્રવ્યોનું વનસ્પતિ કે પ્રાણીની પેશીમાં થતું પરિવર્તન, સંશ્લેષણ, સ્વાંગીકરણ.

**association.** સમાન વૃદ્ધિ આવશ્યકતા ધરાવતી વનસ્પતિઓનો સમૂહ, જે તેમાંની મુખ્ય વનસ્પતિથી ઓળખાય છે. (૨) જમીનનો સમૂહ. (૩) સહનિવાસ.

**assumption.** સ્વીકાર, કલ્પના. (૨) પૂર્વાનુમાન, ધારણા.

**assured mean.** ચોક્કસ માધ્ય.

**assurgent.** વનસ્પતિના પ્રકાંડનાં ટોચનું વળવું, શીર્ષવલન.

**Aster,** *amellus* **L.** શોભાની એક પ્રકારની વનસ્પતિ. **A.** *chinensis* **L.** શોભા માટેની વનસ્પતિ.

**astral.** તારાકાર.

**astrocyte.** તારકાણુ.

**Asteracantha** *longifolia* **(L.) Nees.** એખરો, તલમાખણ નામની કમળો, સંધિવાના દર્દોમાં ઉપયોગી બનતાં પાન, મૂળ અને બી ધરાવતી શાકીય વનસ્પતિ.

**asthenia.** અશક્તિ, નબળાઈ.

**Astragalus** *heratensis* **Bunge.** ગ્લેઝ કરવા ઉપયોગી બનતો ગુંદર આપતો મોટો ક્ષુપ. **A.** *prolixus* **Sieb.** પંજાબમાં થતો એક ક્ષુપ, જેનો ગુંદર સૌંદર્ય પ્રસાધનો માટે ઉપયોગી છે. **A.** *strobiliferus* **Royle.** મીઠાઈમાં ઉપયોગી બનતા ગુંદરનું કાશ્મીરમાં થતું ઝાડ.

**astringent.** સંકોચક, પેશી સંકોચક ઔષધિ.

**asymmetrical.** અસમમિત, અસમરૂપ.

**asynapsis.** અસૂત્રયુગ્મન.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**Asystasia** *gangetica* **(L.) T. Anders.** (Syn. **A.** *coromandeliana* **Nees;** *Justicia gangetica* **L.** શોભા માટેનો ક્ષુપ.

**ata.** ભૂસા સાથેનો લોટ, આટો.

**Atalantia** *monophylla* (**Roxb.**) **DC.** (Syn. *Limonia monophylla* **Roxb non (L.)**. નારંગીવર્ગનો ક્ષુપ, જે મૈસુર, મહારાષ્ટ્ર, તામીલનાડુ, પશ્ચિમઘાટ, આન્ધ્ર પ્રદેશ અને આસામમાં થાય છે, જેનાં ફળનું તેલ દીર્ઘકાલીન સંધિવા અને લકવામાં ઉપયોગમાં આવે છે.

**atavism.** પૂર્વજતા પ્રત્યાવર્તન. (૨) એક કે બે પેઢી પસાર થઈ ગયા પછી સંતતિમાં પૂર્વજનાં લક્ષણોનું થતું પુનરાવર્તન.

**ataxia.** પ્રચલન શક્તિનો થતો હ્રાસ.

**atemoya.** સીતાફળ અને ચેરિમોયરના સંકરથી થતું સીતાફલાદિકુળનું રસાળ ફળ.

**Athalia** *proxima* **Klug.** રાઈનું કીટ, જે કોબી, ટર્નિપ, મૂળા ઇ.માં પણ પડે છે.

**Athel** *tamarisk. Tamarix aphylla* **L. Karst** (*Tamarix articulata* **Vahl.**). મરુભૂમિનું વૃક્ષ, જેનું કાષ્ઠ હળ, રેંટનું ચક્ર, નાનાં સાધનો બનાવવા અને બળતણ તરીકે ઉપયોગમાં આવે છે. આ વૃક્ષ વેરાન ભૂમિના વનીકરણ માટે ઉપયોગી છે. સામાન્ય રીતે તે ઉત્તર પ્રદેશમાં થાય છે.

**altas joint.** ખોપરીને ટેકો આપતો ગરદનનો પ્રથમ કશેરૂક, શિરોધર કશેરૂક.

**atmometer.** બાષ્પીભવન દર માપવાનું સાધન.

**atmosphere.** વાતાવરણ, પૃથ્વીને આવરતું વાયુનું આવરણ, જેમાં નાઈટ્રોજનના 78 ટકા, ઑક્સિજનના 21 ટકા અને અન્યવાયુઓના 1 ટકાનો સમાવેશ થાય છે. (૨) મૃદાભેજ તનાવનો એકમ, જે વર્ગ ઈંચે 15 પાઉંડ બરાબર થાય છે. **atmsopheric pressure.** વાતાવરણીય દબાણ.

**atomize.** કણિત કરવું, ચૂર્ણ કરવું. (૨) છંટકાવના સાધનમાં પાણીનાં ટીપાંના ઝીણા કણ બનાવવા. **atomizer.** પ્રવાહી કે ઘન પદાર્થને સૂક્ષ્મ કણમાં ફેરવનાર સાધન.

**atresia.** રંધ્ર કે છિદ્ર વિનાનું આંચળ, જે જન્મજાત ખોડ છે; બાકીના આંચળ કડક કે ગરમ થાય અને દુખવા લાગે ત્યારે આ ખોડ પરખાય છે.

**Atriplex** *hortensis* **L.** ચંદન બટવો, પાલખની ભાજી, ચીલની ભાજી; પ. બંગાળ, મહારાષ્ટ્ર, મૈસુર, કાશ્મીર અને આન્ધ્ર પ્રદેશમાં થતી ભાજી. **A.** *nummularia* **Lindl.** ઘાસચારાની એક શાકીય વનસ્પતિ.

**Atropa** *acuminata* **Royle ex Lindley.** હિંદીમાં સાગ અંગૂર, અંગ્રેજીમાં *Indian belladonna* નામે ઓળખાતી વનસ્પતિ, જેનાં મૂળનાં ટિંકચર અને પ્લાસ્ટર બને છે, અને જે કાશ્મીર અને હિમાચલ પ્રદેશમાં થાય છે. **A.** *belladonna* **L.** બેલેડોના, અંગ્રેજીમાં *Deadly nightshade* નામની સાગ અંગૂર વનસ્પતિ, જે મૂળ યુરોપની પણ કાશ્મીરમાં થાય છે અને જેનાં મૂળ શામક અને ઉત્તજક છે.

**atrophy.** અપક્ષય; અનુપયોગથી પેશી કે કોઈ અંગ કે અંગોનો થતો અપક્ષય, ક્ષીણતા, અપુષ્ટિ. (૨) કોઈ રોગના કારણે સમગ્ર છોડ કે તેના કોઈ ભાગ કે ભાગોના કદમાં થતો ઘટાડો કે તેના કોઈ અંગની થતી ક્ષીણતા.

**attachment.** સંલગ્નતા.

**Attacus** *ricinus.* એરંડાનાં પાન ખાતો આસામ, પ. બંગાળમાં થતો રેશમનો કીડો.

**attah bor.** રબર.

**attendant bee.** પરિચારિકા. કામદાર મધમાખ.

**attenuate.** ક્ષીણ કરવું, મંદ કરવું, મોળું બનાવવું, પાતળું કરવું. (૨) ઘટત્વ, બળ કે રોગકારી ક્રિયાશીલતા ઓછી થવી–બનવી; કોઈ સજીવની તીવ્રતા કમી કરવી. (૩) રાસાયણિક ક્રિયાથી રોગોત્પાદક સજીવની શક્તિને મોળી પાડવી. આ સિદ્ધાંતનો ઉપયોગ રસી બનાવવા માટે કરવામાં આવે છે. **attenuated.** મંદીકૃત, તનૂકૃત. **attenuation.** ક્ષીણતા,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મંદીકરણ, તનૂકરણ.

**attractants.** આકર્ષક, પ્રલોભક. (૨) જંતુઓ કે પ્રાણીઓને ઝેરી દ્રવ્ય તરફ આકર્ષનાર અને તે ખાઈને કે તેના સ્પર્શ, સ્વાદ કે ગંધથી મરણ નિપજાવતું દ્રવ્ય કે પ્રક્રિયક.

**Atylosia.** *Atylosia scarabaeoides* **Benth.** આપમેળે અંકુરિત થતો શિંગળીકુળનો ઘાસચારો.

**atypical.** સમાન સંજોગોમાં સાધારણ રીતે જોવામાં આવતા આકાર, સ્થિતિ કે પરિસ્થિતિ સાથે મેળ ન ખાનાર, અપ્રારૂપણીય.

**aubergine.** રીંગણી.

**Aucklandia** *costus* **Falc.** કાશ્મીર અને હિમાચલ પ્રદેશમાં થતી. *Saussurea lappa* **C.B. Clarke** નામની શાક્ષીય વનસ્પતિ, જેનાં મૂળમાંથી બાષ્પશીલ તેલ મળે, જેનાં મૂળ ઔષધીય ગુણ ધરાવે છે.

**auction.** લીલામ, હરાજી.

**anditory.** શ્રાવ્ય, શ્રવણ સાધનને લગતું.

**auger.** શારડી; કાણું–છિદ્ર પાડવાનું સાધન.

**augite.** એક ખનિજ; હોર્નબ્લેંડની સાથે પૃથ્વીના પોપડામાં 1 ટકા ખનિજ રૂપે રહે છે, જે કૅલ્શિયમ, સિલિકેટ, મૅગ્નેશિયમ, લોહ અને સોડિયમનાં જુદાંજુદાં પ્રમાણમાં હોય છે.

**Aulacophora** *foveicollis* **Lucas.** લાલ કોળાનું જંતુ. **A.** *intermedia* **Jac.** લાલ કોળાનું કીટ.

**Aurantium** *decumana* **Mill.** નારંગીવર્ગનું ખટમધુરું ફળ, જેમાં પ્રજીવકો 'એ', 'બી' અને 'સી' છે; જુઓ *pummelo.* **A.** *maximum* **(Burm.).** નારંગીવર્ગનું ખટમધુરું ફળ, જેમાં પ્રજીવકો 'એ' 'બી' અને 'સી' છે. **A.** *sinensis* **Mill.** નારંગીવર્ગનું દખ્ખણ, મહારાષ્ટ્ર, પંજાબ તથા રાજસ્થાનમાં થતું ખટમધુરું ફળ.

**aureomycin.** વૃદ્ધિનિયામક તરીકે પશુના આહારમાં આપવામાં આવતું પ્રતિજૈવ દ્રવ્ય, જે કેટલાંક દર્દોની સારવારમાં પણ ઉપયોગી બને છે.

**auricle.** કર્ણાકાર ઉપાંગ. (૨) બાહ્યકર્ણ, કર્ણપલ્લવ. (૩) હૃદયનું અંતઃસ્થ કોટર, આલિંદ. **auriculate.** પ્રકાંડની આસપાસ પહોળા પર્ણતલવાળું. (૨) કર્ણાકાર.

**auriform.** કર્ણાકાર, કાનના જેવા આકારવાળું.

**aus.** શરદની ડાંગર.

**Australian black-wood.** ઑસ્ટ્રેલિયામાં થતો *Acacia melanoxylon* **R. Br.** નામનો બાવળ.

**Australian pea.** વાલ.

**Australorp.** બ્લૅક ઑર્પિંગટન દ્વારા તૈયાર કરેલી મરઘાની એક ઓલાદ.

**Austro-white.** *Australorp* મરઘો અને *White Leghorn* મરઘીની સંકર ઓલાદ.

**autecology.** સ્વપરિસ્થિતિ વિદ્યા.

**authentic.** પ્રમાણભૂત, અધિકૃત.

**auto-,** સ્વ, સ્વયં અર્થસૂચક પૂર્વગ.

**autoallopolyploid.** સ્વ-અપર બહુગુણિત.

**autoblast.** સ્વતંત્ર સૂક્ષ્મ સજીવ કે કોષ.

**autocarp.** સ્વફલિત ફળ.

**autocatalytic reaction.** સ્વઉત્પ્રેરક પ્રતિક્રિયા.

**autochthonous bacteria.** સ્વસ્થાનિક જીવાણુ. **a. flora.** સ્વસ્થાનિક વનસ્પતિ.

**autoclave.** બાષ્પજંતુઘ્ન. (૨) પ્રેશર કૂકર.

**autogamous.** સ્વજન્યુક, સ્વ-યુગ્મક. (૨) સ્વફલનથી જનિત થનાર. **autogamic.** સ્વજાત. **autogenous.** સ્વજાત, સ્વયંજાત. **autogeny.** વ્યક્તિવિકાસ વૃત્ત.

**autograph.** સ્વલેખ, સ્વ-અક્ષર.

**autohaploid.** સ્વએકગુણિત.

**autoinfection.** પોષદના પોતાના જ પરજીવીથી લાગતો ચેપ–સંક્રમણ.

**autointoxication.** સ્વદેહ વિષાક્તતા.

**autoirrigator.** સ્વયંસિંચક.

**autolysis.** સ્વવિશ્લેષણ.(૨)કોષના મૃત્યુ બાદ જલવિશ્લેષણ દ્વારા પ્રોટીનનું થતું

For Private and Personal Use Only

સ્વવિલયન. (૨) ચૂંટયા બાદ ફળ અને શાકભાજીનું અથવા કતલ કર્યા બાદ પ્રાણીના માંસનું આપમેળે નરમ બનવું.

**automatic seed drill.** સ્વચાલિત બી ઓરવાની શારડી.

**automatic planter.** બળદ કર્ષિત સાદું આપમેળે બી અને ખાતર પાથરનાર સાધન.

**autonacrosis.** સ્વનિર્મિત કાર્બનડાયોક્સાઇડના કારણે થતી વિષાકતતા, સુષુપ્તાવસ્થા કે કુંઠિતાવસ્થા થવી.

**autonomic.** સ્વાયત્ત, સ્વયંપ્રેરિત. **autonomous.** સ્વાયત્ત, સ્વયંપ્રેરિત, સ્વયંચાલિત.

**autooxidation.** સ્વત: ઉપચયન, સ્વત: ઑક્સીકરણ.

**autoparasite.** અન્ય પરોપજીવી પરનું પરજીવી.

**autophagy.** સ્વાયત્ત જીવી.

**autophyte.** પ્રકાશ સંશ્લેષણથી પોતાનો ખોરાક જાતે બનાવનાર વનસ્પતિ, જે નથી પરજીવી કે નથી મૃતોપજીવી.

**autopolyploid.** સ્વ-બહુગુણિત.

**autopsy.** શબ પરીક્ષા, મરણોત્તર પરીક્ષા.

**autoregressive series.** સ્વ-સમાશ્રયી શ્રેણી.

**autotetraploid.** સ્વચતુર્ગુણિત, સ્વ-ચતુ:સંખ્યક.

**autotroph,** સ્વપોષિત. **autotrophic.** સ્વપોષિત. (૨) કાર્બનના સાધન તરીકે કાર્બન ડાયોક્સાઈડનો ઉપયોગ કરવાને શક્તિમાન અથવા ગંધક, હાઈડ્રોજન, એમોનિયમ અને નાઈટ્રિક લક્ષણો જેવાં અકાર્બનિક તત્ત્વોના અપચયમાંથી અને જીવપ્રક્રિયા અને કાર્બનડાયોક્સાઈડના ઉપચય માટે શક્તિમાન. **a. bacteria.** વાતાવરણમાંના કાર્બનડાયોક્સાઈડમાંથી કાર્બન મેળવનાર અને સાદા અકાર્બનિક દ્રવ્યોના ઉપચયથી શક્તિ મેળવનાર જીવાણુ. (૨) સ્વ-નિર્ભર જીવાણુ: આમાં અગત્યના જીવાણુઓમાં નાઇટ્રોજન બનાવનાર અથવા એમોનિયાનો નાઇટ્રેટમાં ઉપચય કરનાર જીવાણુંઓનો સમાવેશ થાય છે.

**autotoxin.** સજીવમાં જ થતા ફેરફારથી પેદા થતું વિષવાળું દ્રવ્ય.

**autumn.** શરદઋતુ, પાનખરઋતુ. **a. season.** શરદ–પાનખર ઋતુ.

**auxanometer.** વનસ્પતિની વૃદ્ધિ માપવાનું સાધન. **auximone.** ખાદ્ય વનસ્પતિમાં વૃદ્ધિ-પ્રેરક સાધન, જે અલ્પ પ્રમાણમાં જરૂરી બને છે. **auxins.** $C_{18}H_{32}O_5$ સૂત્ર ધરાવતો વૃદ્ધિકારક વનસ્પતિ અંત:સ્રાવ.

**available.** ઉપલબ્ધ થતું. **a. energy,** ચયાપચયક શક્તિ. **a. moisture.** ઉપલબ્ધ ભેજ. **a. nutrients.** વનસ્પતિની વૃદ્ધિ માટે આવશ્યક હોય તેટલું જમીનમાં રહેલા પોષક દ્રવ્યના પ્રમાણનો હિસ્સો, ઉપલબ્ધ પોષક દ્રવ્યો. **a. phosphoric acid.** જમીનમાં રહેલાં જલદ્રાવ્ય ફૉસ્ફૉરિક ઍસિડ (મોનો કેલ્શિયમ ફૉસ્ફેટ) અને સાઈટ્રેટ દ્રાવ્ય ફૉસ્ફૉરિક ઍસિડ (ડાયકેલ્શિયમ ફૉસ્ફેટ); ઉપલબ્ધ ફૉસ્ફૉરિક ઍસિડ. **a. water,** વનસ્પતિનાં મૂળ શોષી શકે તેટલું જમીનમાંનું પાણી.

**ave.** પક્ષી, વિહગ. **avian.** પક્ષીને લગતું **a. leucosis.** પક્ષીને વિષાણુથી થતો લકવાનો એક પ્રકાર, જેમાં લંગડાપણું આવે, ચાલ અનિયમિત બને, અંગ રહી જાય હૃદય બંધ પડે, શ્વાસ લેવામાં મુશ્કેલી જણાય, પાચનતંત્ર બગડે, આંધાપો આવે, આંખો નિસ્તેજ બને, રક્તક્ષીણતા વર્તાય, અર્બુદ થાય, અને હાડકાં ફૂલે. **avianized vaccine** પક્ષીને રિન્ડરપેસ્ટ રોગની સામે રક્ષણ આપવા વાપરવામાં આવતી રસી. **aviary.** પક્ષી ઉછેર ગૃહ, પક્ષીને રાખવા અને તેનું સંવર્ધન કરવા માટેનો વાડો. **aviculture.** પક્ષી સંવર્ધન.

**Avena** *fatua.* પાકમાં થતું વર્ષાયુ નીંદામણ. **A.** *ludoviciana* **Durieu.** મૂળ ઉરુગ્વેનું ઘાસ – ઓટ. **A.** *sativa* **L.** ઓટ; વાયવ્ય હિમાલયની વનસ્પતિ. **A.** *sterilis* **L.** *var culta* ભારતીય ઓટ, ઘાસચારાની શાકીય વનસ્પતિ.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**Averrhoa** *acida* **L.** આમકલ્યાદિ-કુળનું અંગ્રેજી *Stargoose-berry*, હિંદી હર ફરેરી, હરિફૂલ નામનું પ. બંગાળ અને દ. ભારતમાં થતું ખાદ્ય ફળ ધારી ઝાડ, જેનાં પાન પણ ખાદ્ય છે. છાલનો ઉપયોગ ચામડાં કમાવવા માટે થાય છે. **A.** *bilimbi* **L.** ખાદ્યફળધારી ઝાડ. **A.** *carambola* **L.** ખાદ્યફળધારી ઝાડ.

**Avicennia** *alba* **Bhume.** તિવાર, તવરિયા. **A.** *resinifera.* તિવાર, જે પ. બંગાળમાં સુંદરવન, કોરોમંડલ કિનારો અને આંદામાનમાં થાય છે. છાલ ચામડાં કમાવવામાં કામમાં આવે છે.

**avirulent strain.** ચોક્કસ પોષદ જાતિ કે પ્રકારમાં રોગ કરવાની શક્તિ ન હોય તેવો સાધારણ રીતે રોગોત્પાદક ગણાતો સજીવ.

**avitamic acid.** પ્રજીવક – 'સી'. **avitaminosis.** પ્રજીવકની ઊણપથી થતી શરીરની અવસ્થા કે રોગ.

**avocado.** *butterfruit, alligator pear, aguocate, ahuacate, avocat, avocato* ઇ. નામોથી જાણીતું *Persea americana* **Mill.** *P. gratissima. P. drymifolia* **Cham & Schlect.** ઇ. નામધારી મૂળ અમેરિકાનું ફળ, જેનું કચુંબર થાય, તાજું પણ ખવાય. અને તેમાં પ્રજીવકો 'એ', 'બી', 'સી' અને 'જી' તથા 1–4 ટકા પ્રોટીન આવેલ છે.

**avocat.** જુઓ *avocado.* **avocato.** જુઓ *avocado.*

**awn.** તૃણકેશ, ઘણી તૃણ વનસ્પતિમાં જણાતા વાળ–દાઢી જેવાં ફૂંછાં.

**axial feather.** પક્ષીની પાંખની મધ્યમાં આવેલું ટૂંકું પીંછું, જે દ્વિતીય પીંછાને પ્રાથમિક પીછાંથી છૂટું પાડે છે.

**axil.** અક્ષ, જેમાંથી પદડું કે શાખા થાય તેની સાથે પાંદડાં કે શાખાનો ખૂણો થાય. **axillary.** અક્ષીય, કક્ષીય. **a. bud.** અક્ષ કલિકા. **a. flower.** અક્ષ પુષ્પ. **a. meristem.** અક્ષીય વિભજ્યા–વર્ધનશીલ પેશી. **axis.** અક્ષ, ધરી, કક્ષ, કાણ. (૨) વનસ્પતિનું મુખ્ય પ્રકાંડ. (૩) બીજું ગ્રૈવ કશેરુક.

**Axonopus** *compressis* **(Swartz) P. Beauv.** મૂળ દક્ષિણ અમેરિકા અને બ્રાઝિલનું ઘાસ, જે આસામની ભેજવાળી જમીનમાં થાય છે અને તે લોન માટે અને ઘાસચારા માટે ઉત્તમ ગણાય છે.

**Ayrshire.** મૂળ સ્કોટલેંડનું દુગ્ધ-વ્યવસાયમાં ઉપયોગી પશુ, જેનું પુચ્છ સફેદ, શિંગડાં મોટાં, સમમિત આંચળ, ભારેવાટનું અને તાકાતવાન છે.

**Azadirachta** *indica* **A. Juss.** (*Syn. Melia azadirachta* **L.**). લીમડો, મૂળ બ્રહ્મદેશનું પણ ભારતમાં બધે થતું ઝાડ, જેનાં પાન અને અન્ય ભાગ ઔષધ તરીકે ઉપયોગી છે; પાન જંતુને દૂર રાખે છે. લિંબોળીઓનાં તેલ અને રસનો ઉપયોગ સાબુ અને ટૂથપેસ્ટ બનાવવા માટે થાય છે, અને તે જંતુઘ્ન છે.

**azonal soil,** મૂળ શૈલથી મુદ્દલ પરિવર્તન પામ્યા વિનાની અને વિકાસના બહુ ઓછાં લક્ષણો ધરાવતી જમીન.

**Azotobacter.** *Azotobacter chroococum* નામનો દ્રાવ્ય કાર્બોદિતોનો જમીનમાં ઉપયોગ કરીને, નાઈટ્રોજનને સ્થિર કરનાર જીવાણુ.

**azygous.** અયુગ્મક.

## B

**Babcock test.** ડો.એસ.એમ. બેબકોકે દૂધમાં રહેલાં ચરબીનાં તત્વો જાણવા માટે વિકસાવલી કસોટી.

**Babesia.** ઢોર, ઘેટાં–બકરાં, ઘોડા ઇ.માં રોગ પેદા કરતો એક એકકોષી પ્રજીવ. **B.** *bigemina.* એકકોષી જીવ, જે ઢોર અને ઘોડાનો પરજીવી હોઈ રક્તવાહિનીના રોગ પેદા કરે છે. **Bahesioses.** ઢોરને **Babesia** પ્રજીવથી થતો ચેપી રોગ.

**babul.** બાવળ, બબ્બુલાદિકુળનું *Acacia*

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



*arabica* **Willd.** (**A.** *nilotica* (L) **Del.**). નામનું મધ્યમ કદનું, સફેદ કાંટાળું, સોનેરી ફૂલો ધરાવતું, કાળી છાલવાળું વૃક્ષ, જેના અનેક પ્રકાર છે. તેનું લાલાશ પડતું બદામી કાષ્ઠ, સખત, મજબૂત અને કૃષિ ઓજારો, ગાડાં, પૈડાં વ. બનાવવા તથા બળતણ અને કોલસા બનાવવાના કામમાં આવે છે. છાલમાંથી ટેનિન મળે, તેના રસનો ગુંદર બને અને સિંગોનો ચારો બને. વેરાન ભૂમિના વનનિર્માણમાં તે ઉપયોગી બને છે. **b. acacia.** બાવળ. **b. gum.** કાગળ બનાવવા, કાપડની પ્રક્રિયા કરવા અને રંગરોગાનના ઘટક તરીકે ઉપયોગી બનતો બાવળનો ગુંદર.

**Baccaurea** *courtallensis* (**Wt.**) **Muell. Arg.** પશ્ચિમ ઘાટમાં થતું ખાદ્યફળનું ઝાડ.

**bacciferous.** બદરીફળ – બેરી પેદા કરનાર.

**Bachaur.** બિહારના સીતામઢી જિલ્લાની ભારવાહી પશુની ઓલાદ, જેની માદા દૂધ આપે.

**baciliform.** દંડાકાર. **bacillary.** જીવાણુજન્ય, દંડાણુજન્ય. **b. white diarrhoea.** મરઘાને થતો અતિસારનો રોગ. **bacillus** (**bacilli** બ.વ.). દંડાણુ. (૨) એક કોષી દંડાકાર સજીવ, બીજાણુ નિર્માણની શક્યતા ધરાવતો એક પ્રકારનો દંડાકાર સજીવ.

**backcross.** સંકર અને પિતૃમાંના એક સાથે સંકરન કે વિષમફલિતાંડ અને સમફલિતાંડ સાથે સંકરન, પિતૃ સંકરન. **b.c. parent.** સંકરના પિતૃ જે પર ફરી પાછી સંકરન પ્રક્રિયા કરવામાં આવે અથવા વારંવાર તેમની સંકર પ્રક્રિયા થાય; આવર્તી સંકરન. **backcrossing.** સંકર બી મેળવવા અપનાવાતી એક પદ્ધતિ.

**Bacopa** *monniera* (**L.**) **Pennell.** (Syn. *Herpestis monniria* (**L.**) **H. B. S. K.** બ્રાહ્મી.

**bacon.** પીઠ અને બાજુએ ધૂમાડો આપેલું કે ભૂંજેલું ડુક્કરનું માંસ.

**bacteria** (**bacterium** એ. વ.). જીવાણુ. (૨) એકકોષી હરિતપર્ણ અને કોષકેન્દ્ર વિનાનું વનસ્પતિ જીવનનું સાદામાં સાદું રૂપ, જેનું કદ સાધારણ રીતે 1 / 1000 મિ. મી. જેટલું હોય છે. અનુકૂળ સંજોગોમાં તે લંબાયમાન બની બે વિભિન્ન કોષમાં વિભાજિત થાય છે. તે ગોળ (ગોલાણુ), સર્પિલ (કુંતલાણુ), લહેરદાર કે વળેલા કે દંડાકાર (દંડાણુ), વાળા જેવું (કશા) પ્રવર્ધ ધરાવતું હોય છે. જે નળાકાર બીજાણુ ન બનાવે તે દંડાણુ હોય છે, જ્યારે બીજાણુ બનાવે તો જીવાણુ બને છે. તે વનસ્પતિ અને પ્રાણી પેશીમાં વૃદ્ધિ–વિકાસ પામે છે, ઉત્સેચક અને વિષ સ્રવે છે; મૃત કાર્બનિક દ્રવ્યો પર તે મૃતોપજીવી જીવન ગુજારે છે. વરસાદ, પવન કે જંતુઓ દ્વારા તે ફેલાય છે. પેશીમાં તે સીધું પ્રવેશી શકતું નથી પણ ઘા–વ્રણ કે કુદરતી ક્ષત દ્વારા તેમાં પ્રવેશ મેળવે છે. **b., aerobic.** હવા–વાતજીવી જીવાણુ. **b., anaerobic.** અવાત–અહવાજીવી જીવાણુ. **b., denitryfying.** વિનાઈટ્રીકારક જીવાણુ. **b., symbiotic.** વનસ્પતિનાં મૂળ પરની ગાંઠો, ગંડિકા કે કંદમાં રહેલું સહજીવી જીવાણુ. **b. activity.** જીવાણુની સક્રિયતા. **b. count.** કોઈ દ્રવ્યના એકમ ઘનફળમાં જણાતા જીવાણુની સંખ્યા અને પ્રકાર. **b. counting.** જીવાણુની ગણતરી. **b. culture.** જીવાણુ સંવર્ધન. **B. denitrificans.** એઝોટોબેક્ટર અને કલોસ્ટ્રિડિયમની સાથે રહેતા જીવાણુ નાઈટ્રોજન સંયોજનનું વિભાજન કરી, નાઈટ્રોજનને મુક્ત કરે છે. તે અજારક પરિસ્થિતિમાં સંવર્ધિત થાય છે અને જમીનમાં તથા ખાતરના ખાડામાં નિમ્નઘનીભૂત પડોમાં સક્રિય બને છે. **bacterial.** જીવાણુજ, જીવાણ્વિક, જીવાણુજન્ય, જીવાણુને લગતું. **b. bean blight.** *Xanthomonas phaseoli indicus* નામની ફૂગના કારણે વાલ, મગ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને અડદને થતા રોગનો એક પ્રકાર. **b. gall.** પોષદ પર પરજીવી જીવાણુથી થતી ગાંઠ. **b. growth.** જીવાણુજ વૃદ્ધિ. **b. gummosis.** જીવાણુના ચેપથી થતો ગુંદર જેવો સ્રાવ. **b. ooze.** વનસ્પતિને જીવાણુજન્ય રોગથી થતો ગુંદર જેવો સ્રાવ. **b. soft rot.** સંગ્રહ કરેલા કે અન્ય સ્થળે મોકલાતા માર્ગસ્થ શાકભાજી કે કોઈ વનસ્પતિને જીવાણુના કારણે થતો હાનિકારક રોગ, જેમાં વનસ્પતિ ધીમે ધીમે સડવા માંડે છે અને ચીકણી બને છે. **b. standard.** ચોક્કસ પ્રકારના દૂધના એકમ પ્રમાણમાં વધુમાં વધુ આવશ્યક બનતા જીવાણુઓ. **b. stripe.** અનાજ અને ઘાસને થતો જીવાણુજન્ય પર્ણરોગ. **bactericidal substance.** જીવાણુનાશક દ્રવ્ય. **bactericide.** જીવાણુનાશક પ્રક્રિયક, જંતુઘ્ન. **bacteriemia.** લોહીમાં જીવાણુની હાજરી. **bacterine.** તંદુરસ્ત શરીરમાં પ્રતિપિંડ પેદા કરવા તેમાં અંતઃક્ષેપ કરવા માટેના મૃત રોગોત્પાદક સજીવોની મેદાશ; આમ કરાતા સંક્રમણનો સામનો કરી શકાય છે. **Bacteriology.** જીવાણુવિજ્ઞાન. **bacteriophage.** જીવાણુનો નાશ કરનાર અને નાના, સક્રિય અને સંવેદનશીલ જીવાણુથી સ્વપ્રજનન કરનાર અતિ સૂક્ષ્મ વિષાણુ, જીવાણુભોજી(વિષાણુ). **bacteriosis.** જીવાણુજન્ય રોગ; જીવાણુરુગ્ન. **bacteriostatic.** જીવાણુને માર્યા વિના તેમનું પ્રગુણન અટકાવનાર (પ્રક્રિયક) કે આવી (પ્રક્રિયા). **bacterium.** (**bacteria**નું એ.વ.) જીવાણુ. **bacteroid.** કેટલાક જીવાણુનું અનિયમિત રૂપ.

**Bactrocera** *persicae* સીતાફળનું જંતુ, જેનાં બચ્ચાં ફળમાં દર બનાવે છે.

**badeola.** *Stellaria aquatica* **Scop.** નામની જલજ વનસ્પતિ, જેને સફેદ ફૂલ થાય છે.

**Badi chaulai.** ખાદ્યભાજી.

**badrang.** ચિરફળ; નારંગ કુળનું *Fagara budranga* **Roxb.** (*Zanthoxylum rhetsa* (**Roxb.**) **D.C.** નામનું પશ્ચિમઘાટ અને પ. બંગાળનું મોટું ઝાડ.

**bael.** બીલીપત્રનું ઝાડ; *Aegle marmelos* (**L.**) **Corr.** (*Crataeva marmelos* **L.**). નામનું *Bengal quince, bel apple, elephant apple* ઇ. નામોથી ઓળખાતું, ખાદ્ય પાકા ફળનું ઝાડ, જેનું કાચું ફળ, પેટનાં દરદો અને અતિસારમાં ઔષધ તરીકે ઉપયોગમાં આવે છે. તેનાં મૂળ આગળ સ્રવતું દ્રવ્ય સિમેંટ અને વાર્નિશમાં ઉપયોગી બને છે. **b. fruit.** બીલું.

**bagasse.** શેરડીમાંથી રસ કાઢી લીધા બાદ અવશેષ રહેતા કૂચા, જેનો ઉપયોગ દીવાલોનાં પાટિયાં, ગરમી અસંવાહક દ્રવ્યો અને ઢોરના ચારા માટે થાય છે.

**bage.** શિરીષ.

**baghu gosha.** *Citron Des Carmes-* નાસપતિનો એક પ્રકાર.

**Bagrada** *cruciferarum* **Kirk.** રાઈ, ટર્નિપ, કોબી, કોલિફ્લાવર અને મૂળા જેવી વનસ્પતિમાં પડતો કીટ, જેનાં ડિમ્ભ રસ ચૂસે છે.

**Bahama grass.** તૃણકુળનું દીર્ઘાયુ ઘાસ.

**Bahapatia.** તૃણકુળનું *Setaria palmifolia* (**Koenig.**) **Stapf.** નામનું, પહોળાં પાનનું, ઈન્ડોનેશિયામાં થતું દીર્ઘાયુ ઘાસ.

**bahera.** બહેડા.

**Bahia grass.** *Paspalum notatum* **Fluegge.** નામનો મૂળ અમેરિકાનો ઘાસચારો.

**baichi.** *Flacourtia indica* **Burm. f.**) **Merr.** (*F. ramontchi* **L. Herit.**). નામનું આસામ, મહારાષ્ટ્ર અને પ. બંગાળમાં થતું ખાદ્યફળનું ઝાડ.

**baikunti.** *Ribes grossularia* **L.** નામનું મૂળ યુરોપનું ઝાડ.

**baingan.** રીંગણી, રીંગણ.

**baisuri.** *Pluchea lanceo r* **Oli**

ક. શ્રો.–૪

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ver & Hiern.** નામની પંજાબ અને ઉત્તર પ્રદેશની શાકીય વનસ્પતિ, જે ખેતરમાં ઘાસપાત રૂપે હોય છે.

**bait.** પક્ષીઓ, પશુઓ, માછલીઓ અને જંતુઓને પકડવા અને પકડી મારી-નાખવા તેમને ધરવામાં આવતું પ્રલોભન-કારી આકર્ષક દ્રવ્ય.

**Bajoon.** *Corypha elata* **Roxb.** નામનું પ. બંગાળમાં થતું તાડનું ઝાડ, જેના ગરમાંથી કાંજી બનાવવામાં આવે છે.

**bajra.** બાજરી. **b. ergot.** *Claviceps microcephala* (**Wallr.**). નામના બાજરીમાં પડતા જંતુથી તેને થતો રોગ. **b. green-ear disease,** *Sclerospora graminicola* (**Sacc.**) **Schroter.**થી બાજરીના કણસલાને થતો એક રોગ. **b. leaf spot.** *Curvularia penniseti* નામના જંતુથી બાજરીને થતો રોગ. **b. rust.** *Puccinia penniseti*થી બાજરીને થતો ગેરુનો રોગ. **b. smut.** *Tolyposporium penicillariae* અને *T. senegalense*થી બાજરીને થતો અંગારિયાનો રોગ.

**bakal-bip.** પલાશાદિ કુળનો *Derris elliptica* (**Wall.**) **Benth.** નામનો એક આરોહી ક્ષુપ, જે આસામ, કેરળ, મૈસુર, તામીલનાડુ અને પંજાબમાં થાય છે.

**bakar.** બાકર; *Premma latifolia* **Roxb.** નામનું પ. બંગાળ અને દ. ભારતમાં થતું નાનું ઝાડ, જેનાં પાન કઢીમાં નખાય છે.

**baked clay tile-lined channel.** ભઠ્ઠીમાં પકવેલા માટીના ટાઈલ્સની દીવાલ ધરાવતી સિંચાઈની નીક.

**baked soil.** સૂર્યના તાપથી સુકાઈ ગયેલી ચળકાટ ધરાવતી જમીન.

**bakhar.** દક્ષિણમાં ઉપયોગમાં આવતા હળનો એક પ્રકાર.

**baking soda.** સોડિયમ બાયકાર્બોનેટ; રસોઈમાં ઉપયોગમાં લેવાતો બેકિંગ સોડા.

**bakla.** *Vicia faba* **L.** (*Faba vulgaris* **Moench.**). નામની વાયવ્ય ભારતમાં થતી શાકીય વનસ્પતિ.

**bakula.** બકુલ નામનું વૃક્ષ.

**Balaminaceae.** ગુલમેંદી વર્ગની વનસ્પતિ.

**balance.** સમતુલા, સમતોલ. (૨) ભાર કે વજનનું સમાન વિતરણ. (૩) જમીન, મજૂરી, મૂડી અને વહીવટનાં સાધનોની સમતુલા. (૪) જોખવા માટેનું સાધન–તાજવાં. **b. sheet.** સરવૈયું. **balanced.** સમતોલ, સંતુલિત. **b. fertilizer.** વનસ્પતિ કે પાકના વિકાસમાં ઉપયોગી બનતા જમીન માટેનાં પોષક દ્રવ્યોનું સુયોગ્ય પ્રમાણ ધરાવતું ખાતર. **b. ration.** પૂર્ણ સ્વાસ્થ્ય માટે જરૂરી બનતા ખોરાકમાં સમાવિષ્ટ થતાં પોષક દ્રવ્યોનું યોગ્ય પ્રમાણ તથા તેનાં યોગ્ય પ્રકાર અને પ્રમાણનું રાશન.

**Balanites** *aegyptiaca* (**L.**) **Delile** (Syn. *B. roxburghii* **Planch.**). ઈંગોરિયો, ગોક્ષુરાદિકુળનું નાનું ઝાડ, જેનાં ફળ કપડાં ધોવા તથા માળા બનાવવાના કામમાં આવે છે. જે દારૂગોળો અને ફટાકડા બનાવવામાં પણ ઉપયોગી બને છે. તેનાં બીનું તેલ ઘા રૂઝાવવા ઉપયોગમાં લેવામાં આવે છે. **B.** *roxburghii* **Planchs.** ઈંગોરિયો.

**Balanophora** *indica*. એક સપુષ્પ વનસ્પતિ, જેની ગંડિકા, કોઈના પાર્શ્વ મૂળ પર પરજીવી બને છે.

**Balansia** *oryzae*. ડાંગરના એક રોગ માટે જવાબદાર કીટ.

**bala tagra** *Valeriana wallichii* **D.C.** નામની હિમાલય, કાશ્મીર અને ખાસી ટેકરીઓમાં થતી શાકીય વનસ્પતિ, જેનાં મૂળમાંથી બાષ્પશીલ તેલ મળે.

**Baldwin.** કલમે થતું અમેરિકન પ્રકારનું સફરજન.

**bale.** ગાંસડી; રૂ, ઘાસ, ઊન ઇ.નું મજબૂત રીતે બાંધેલું પોટલું.

**ball.** ફેર રોપણીમાં રોપનાં મૂળની સાથે વળગેલી રહેતી માટી. (૨) મોટી ગોળી.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૩) પિંડ. **b. copra.** 8–12 મહિના ઊતરાં વિનાના નાળિયેરને સૂકવવા દેવાથી તેની અંદર રહેલું કોપરું છૂટું પડી કાચલી તોડતાં આખેઆખું નીકળે તે. **b. planting.** કુમળા રોપને જમીનમાંથી માટી સમેત ઉખેડી તેની થતી ફેર રોપણી.

**balling.** ચોક્કસ ઉષ્ણતામાને સરળ ચાસણીમાં શર્કરાના પ્રમાણનું માપ.

**ballistic.** ધડાકા સાથે ફૂટતું અને બીને વીખેરતું (ફળ).

**balm.** *Melissa officinalis* **L.** નામની દીર્ઘાયુ શાકીય વનસ્પતિ, જે ખોરાકી ચીજોને સોડમ આપવા ઉપયોગમાં લેવાય છે.

**balmota.** પલાશાદિ કુળની *Sesbania sesban* (**L.**) **Merr**, (*S. aegyptiaca* **Poir.**). નામની પવનના સપાટાની સામે આડશ તરીકે ઉગાડવામાં આવતી વનસ્પતિ.

**balraja.** તૃણકુળનો *Eleusine indica* (**L.**) **Gaertn.** નામનો ઘાસચારો.

**balsam.** વનસ્પતિમાંથી સ્રવતું સુવાસિત રાળ કે ગુંદર જેવું દ્રવ્ય; આવા સ્રાવનું ઝાડ. **b. apple.** *Momordica balsamina* **L.** નામની ગુજરાત, પંજાબ, ઉત્તર પ્રદેશ અને આન્ધ્ર પ્રદેશમાં થતી ખાદ્યફળની વેલ. **b. pear.** કારેલાં.

**Balsamodendron** *caudatum* **Wight & Arn.** ગુગ્ગુલાદિ કુળનું ઝાડ કે ક્ષુપ, જે આન્ધ્ર પ્રદેશ, તામીલનાડુ, મૈસુર અને કેરળમાં થાય છે; જેની શાખ અને પાનમાંથી મળતો ગુંદર ઔષધ, ધૂપ ઇ. માટે ઉપયોગી છે; ફળ ખાદ્ય છે. **B.** *mukul*. **Hook ex stocks.** અંગ્રેજી *Indian bdellium tree* નામનું ગુગ્ગુલાદિ કુળનું ગૂગળ, જેનો ધૂપ થાય છે. **B.** *roxburghii* **Arn.** ગુગ્ગુલાદિ કુળનું ગૂગળનું વૃક્ષ.

**baluksag.** ગુજરાત, પંજાબ, રાજસ્થાન અને તામીલનાડુમાં થતી *Gisekia pharnaceoides* **L.** નામની શાકીય વનસ્પતિ.

**bamboo.** વાંસ; તૃણકુળની **Bambuseae** પ્રજાતિની દીર્ઘાયુ વનસ્પતિ.

**Bambusa** *arundinacea* (**Retz.**) **Willd.** (Syn. *B. spinosa* **Roxb.**). નદીકાંઠે અને ભેજવાળાં સ્થાનોમાં થતો કાંટાળો વાંસ, જે કાગળ બનાવવા માટે ઉપયોગી છે, જેની કુમળી કળી ખવાય છે. **B.** *baccifera* **Roxb.** ખાસી ટેકરીઓમાં થતો વાંસ. **B.** *balooca* **Roxb.** પ. બંગાળ, આસામ, બિહાર અને ઉત્તર પ્રદેશમાં થતો વાંસ, જે ઈમારતી કામમાં ઉપયોગમાં આવે છે. **B.** *bambos*. વાંસ. **B.** *falcata* **Hort.** હિમાલયમાં થતો વાંસ, જેના પ્રકાંડમાંથી ટોપલા-ટોપલીઓ, તીર-કામઠાં, માછલાં પકડવાના દંડ બનાવવા અને ઘરનાં છાપરાં છાવવા માટે ઉપયોગમાં આવે છે. **B.** *polymorpha* **Munro.** પ. બંગાળ અને આસામનો વાંસ. **B.** *spinosa* **Roxb.** કાંટાળો વાંસ. **B.** *tulda* **Roxb.** આસામ અને પ. બંગાળમાં થતો વાંસ, જેનાં કાગળ, ટોપલા-ટોપલીઓ, પંખા ઇ. બને છે. **B.** *vulgaris* **Schrader ex Wendland.** વંસીની વાંસ નામનો વાંસ, જેની ચીપોની સાદડીઓ અને ટોપલા-ટોપલીઓ બને છે.

**bamethi.** પંજાબ અને ઉત્તર પ્રદેશમાં થતી *Melilotus parviflora* **Desf.** (*M. india* **All.**). નામની શિમ્બી વનસ્પતિ.

**banadrak.** આદુ કુળનું ભારતભરમાં થતું આદુ, જે મસાલા તરીકે ઉપયોગમાં આવે છે.

**banana.** કેળાં. *Musa paradisiaca* **L.** **M.** *sapientum* **L.**). નામનું તામીલનાડુ, મહારાષ્ટ્ર, આન્ધ્ર પ્રદેશ, પ. બંગાળ, મૈસુર અને બિહારમાં થતું જૂનામાં જૂનું ફળઝાડ. ખોરાકીમૂલ્ય અને પેશી-રચનાની દૃષ્ટિએ ઉત્તમમાં ઉત્તમ ફળ. જેના ઝાડને ગરમ, ભેજવાળું અને વર્ષા વાતાવરણ માફક આવે છે. કેળનાં પાન ખાવાની પતરાળી તરીકે ઉપયોગમાં આવે છે. કાચું કેળું શાક માટે ઉપયોગી છે. પ્રકાંડમાંથી કાંજી-સ્ટાર્ચ મળે છે. કેળાંનો ભૂકો બાળકોનાં ખોરાક બનાવવાનાં ઉપયોગમાં આવે છે, ઉપરાંત તેની ચોકલેટ પણ બને છે. **b. anthr-**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**acnose** *Gloeosporium musarum.* નામની ફૂગથી ફળને થતા રૂક્ષરોગ. **b. beetle.** *Nodostoma subcostatum* **Jac.** નામના કેળના કીટ. **b. black finger.** *Macrophoma muscae.* ફૂગથી કેળને થતા રોગ. **b. buncby top and mosaic.** કેળાને વિષાણુથી થતા એક રોગ. **b. cigar-end disease.** *Stachylidiam theobromae*-થી કેળાને થતા ફૂગજન્ય રોગ. **b. fibre.** કેળના રેસા, જેનું રેશમ જેવું કાપડ બને. આ રેસા પાનમાંથી મળે છે. **b. fig.** છાલ કાળી થાય ત્યાં સુધી કેળાંને પાકવા દેવામાં આવે છે, ત્યારબાદ છાલ કાઢીને સૂરજના તાપમાં તપાવી, ખજૂર કે અંજીર જેવાં બનાવવામાં આવે છે. **b. flour.** પૂરા વિકસેલાં કાચાં કેળાંના લોટ. પંચ-મિનિટ ગરમ પાણીમાં કેળાને બોળી, છાલ કાઢી, સૂકવી દળી લોટ બનાવવામાં આવે છે. **b. leaf spot.** *Mycosphercella musicola* અને *Cercospora musae* ફૂગથી કેળાને થતા એક રોગ. **b. main stalk and finger stalk rot.** *Botryodiplodia* sp. અને *Glocosporum* sp. ફૂગથી કેળાની લૂમ અને કેળાને થતા સડાના રોગ. **b. meal.** કેળાના લોટ. **b. Panama wilt.** *Fusarium oxysporum* var. *cubense* **(E. F. S.) Wr.** અને **Reink.** ફૂગથી કેળને થતા રોગના પ્રકાર. **b. stem weevil.** *Odioporus longicollis* **Ol.** નામની કેળની ઈયળ. **b. sucker.** કેળના ચૂસક કીટ. **b. weevil borer.** *Cosmopolites sordidus* **Germ.** નામના કેળનાં મૂળમાં દર કરી, છેક પ્રકાંડ સુધી પહોંચતા કીટ.

**Banarasi aonla.** મોટું પીળાશ પડતું આંબળું.

**Banarasi rai.** કાળી રાઇ.

**bandage.** જખમ પર બાંધવા માટે જંતુરહિત કરેલા પાટા.

**bandak.** *Bhutia badam, Corylus avellana* **L.** નામનું કાશ્મીર અને કુમાઉમાં થતું એક મોટું ફળ.

**band application.** સાંકડી પટ્ટીરૂપે ખાતર આપી તે પર માટી પાથરી દેવાની પદ્ધતિ.

**bandicoot.** *Bandicota indica.* નામના ખેતરો અને ગંદા આવાસોમાં જોવામાં આવતા કોળ, જે પાકને ભારે હાનિ પહોંચાડે છે અને ઘરના પાયા હચમચાવી મૂકે છે. **Bandicota** *indica.* મોટા કોળ.

**banding.** પશુપક્ષીઓના પગે પાટા બાંધી વેચાણ માટે તૈયાર કરવાં. (૨) જંતુઓ અને કીટોને સપડાવી મારી નાખવાં. (૩) ઝાડના થડને ઝેરી દ્રવ્યવાળા પાટો બાંધવા.

**bandorhulla.** ખાસી ટેકરીઓ, પ. બંગાળ, મણિપુર અને આંદામાનમાં થતું *Duobaaga granniflora* **Walp.** નામનું મોટું ઝાડ, જેનાં ફળ ખાદ્ય છે.

**bandra.** તૃણકુળનું *Setaria glauca* **(L.). Beauv.** (*Panicum glaucum* **L.**). નામનું ઘાસ, જેના દાણા ખવાય છે.

**Bangalora.** તોતાપુરી જેવી કેરીના પ્રકાર.

**Bangalore Blue.** *foxgrape* નામની દ્રાક્ષ.

**Bangalore chiku.** દ. ભારતમાં થતા ચીકુના એક પ્રકાર.

**Bangalore Purple.** મૈસુરમાં થતી દ્રાક્ષના *Bangalore Blue* નામના પ્રકાર.

**Banganapalle.** સુવર્ણરેખા નામની આન્ધ્રપ્રદેશમાં થતી કેરીના પ્રકાર.

**banga sarson.** સરસવના એક પ્રકાર.

**Bang's bacillus.** દંડાણુના એક પ્રકાર જેથી ગોવંશના પ્રાણીને ગર્ભપાત થાય છે. **B.'s disease** ગોવંશી પ્રાણીને થતા ગર્ભપાત.

**bania.** વાણિયા, ગામડાના વેપારી.

**Banisteria** *laevifolia* **Juss** બગીચાના એક આરોહી ક્ષુપ.

**banj.** ઓક.

**bank.** બૅંક. (૨) નાળું, નહેર, નદી, તળાવ,

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જળાગારની બને બાજુ પરનો ઢોળાવવાળો કિનારો. (૩) ચાસનો ઉપરનો ભાગ. (૪) ઝાડ વાવ્યા પછી માટી પાથરવી. **b. erosion.** નદી, સરોવર, તળાવ, ખાડી, અથવા નહેરની કિનારીને પાણીના વહેણથી થતું ધોવાણ.

**bankalami.** વનલક્ષ્મી *Ipomoea maxima* **(L.f.) G. Don ex Sweet** (*I. sepieria* **Koening ex Roxb.**). ક્ષુપનો એક પ્રકાર.

**bankanas disease.** ડાંગરને થતો સડાનો એક રોગ.

**bankapas.** વનકપાસ; *Hibiscus vitifolius* **L.** નામનો દ. ભારત તથા મધ્યપ્રદેશમાં થતો કપાસ.

**Bankel.** વનકેળ, રાંધવા માટે ઉપયોગી કેળાનો પ્રકાર.

**banmethi.** રણમેથી.

**ban-nil.** સર્પંખા, *Tephrosia purpurea* **Pers.** નામની શાકીય વનસ્પતિ. જેનું લીલું ખાતર થાય છે.

**Bannur sheep.** મૈસુરની ઘેટાંની એક જાત.

**banogol.** *Fagopyrum cymosum* **Meissn.** નામની હિમાલય અને ખાસી ટેકરીઓમાં થતી શાકીય વનસ્પતિ.

**banritha.** અરીઠા.

**bans.** કાંટાળો વાંસ. **b. kuban.** નક્કરવાંસ.

**bansi.** ઘાસનો એક પ્રકાર.

**bantam.** પાળેલું વામન મરઘું.

**banti.** બંટી; *Echinochloa stagnina* (**Retz.**) **Beauv.** તૃણકુળની વનસ્પતિ.

**banyan.** વડ; *Ficus bengalensis* **L. Moraceae.** નામનું વડવાઈઓવાળું વિશાળ છાયાવાળું વૃક્ષ, જેની વડવાઈમાંથી નવા પ્રરોહ ફૂટી ઝાડ ઊગી નીકળે છે.

**bao.** મધ્યમ પ્રકારની ઊંડા પાણીમાં થતી ડાંગરનો પ્રકાર.

**baobab.** ગોરખ આંબલી.

**bar.** વડ. (૨) સળિયો, દંડ.

**bara gokhru.** *Pedalium murex* **L.** નામની ગુજરાત, કોંકણ અને આન્ધ્ર પ્રદેશની શાકીય વનસ્પતિ, જેનાં પાન ખાદ્ય છે.

**baramasi.** (૧) બારમાસી. વર્ષભરનુ. (૨) બારમાસી આંબા, જે પર વર્ષભર મોર બેસી ફળ આવે છે. **b. chiku.** પ. બંગાળમાં થતા ચીકુનો એક પ્રકાર.

**Baramasia lemon.** લીંબુનો એક પ્રકાર.

**barani.** વરસાદી પાક.

**bara nimbu.** લીંબુ.

**bara sem.** *Canavalia gladiata* (**Jacq.**) **D.C.** (**C.** *ensiformis* **Baker non D.C.** *Dolichos gladiatus* (**Jacq.**). નામના ભારતભરમાં થતા વટાણા, જેનું લીલું ખાતર બને છે.

**bara zergi.** બહુવર્ષાયુ ઘાસ.

**barb.** (૧) પીછાંના અક્ષપરથી તિર્યક રીતે વિસ્તરતી રેસા જેવી રચના. (૨) વળેલ વાળ જેવો કાંટો. (૩) ગાયની જીભની હેઠળ ઉપહનુ ગ્રંથિનો રંધ્ર બનાવવા માટેનો ત્વચીય પ્રવર્ધ. (૪) ઘાસ કે કેટલાક ધાન્યના દાણા જેવી રચના. (૫) કાંટો.

**Barbados cherry.** *Malpighia glabra* **L.** ખાદ્ય ફળધારી વૃક્ષ કે ક્ષુપ.

**barbai.** એક પ્રકારનો આરોહી ક્ષુપ.

**Barbarea** *praecox* **R. Br.** મૂળ યુરોપની શાકીય વનસ્પતિ. **B.** *verna* (**Mill.**) **Aschers.** (Syn. **b.** *praecox* **R. Br.** નામની મૂળ યુરોપની શાકીય વનસ્પતિ.

**Barbari goat.** ઠીંગણા આકારના શરીરવાળા બકરાનો પ્રકાર.

**barbate.** દાઢીવાળું, વાળની કલગી જેવું.

**barbel.** માછલીની મૂછ જેવું, મોં પરનું પાતળું, નરમ સ્પર્શક.

**barbule.** પીંછાના રેસાઓમાં આંકડા જેવો પ્રવર્ધ.

**Barhus** *carnaticus*. એક પ્રકારની કાર્પ માછલી. **B.** *dubius*. કાર્પ માછલીનો પ્રકાર. **B.** *hexagonolobia*. માછલીનો એક પ્રકાર. **B.** *sarana*. એક ફૂટ લાંબી મૂછાળી માછલી.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**Barcelona nut.** જુઓ *hazel-nut.*
**bargad.** વડ.
**Bargur.** કોઇમ્બતુરના ઢોરની ઓલાદ.
**Bar harrow.** ત્રિકોણ દાંતાની દંતાળી.
**Barhee.** ઈરાકનું નરમ ખજૂર.
**bari chaulai.** ખાદ્ય ભાજીનો પ્રકાર.
**barium carbonate.** જલદ્રાવ્ય, સફેદ દ્રાવણ, જેનો ઉપયોગ ઉંદરને મારવા માટે થાય છે.
**bark.** છાલ. (૨) વાહીએવાની બહારની પેશી, સામુહિક રીતે જે અન્નવાહિની, બાહ્ય અને ફેલાવરણ બને છે. (૩) કોઈ વનસ્પતિની બાહ્ય નિર્જીવ પેશી અને ત્વચા. **b. eating caterpillar.** *Indarbela quadrinotata* **Wlk.** નામની જ્યમફળની છાલ ખાતી ઈયળ. **b. grafting.** જૂનાં અને રોગગ્રસ્ત ઝાડને નવપલ્લવિત કરવા માટેની કલમ કરવાની એક પદ્ધતિ.
**Barleria** *alba* **Lodd.** શોભાની વનસ્પતિ. **B.** *ciliata* **L.** (રક્તપુષ્પ) કાંટાશેરિયો. **B.** *cristata* **L.** શોભાની વનસ્પતિ (નીલપુષ્પ) કાંટાશેરિયો. **B.** *prionitis* **(L.).** કાંટાશેરિયો. **B.** *grandiflora* (શ્વેતપુષ્પ) કાંટાશેરિયો.
**barley.** જવ. *Hordeum vulgare* **L.** (*H. sativum* **Pers.**). તૃણકુળનો ઉત્તર પ્રદેશ, પંજાબ, રાજસ્થાન, મધ્યપ્રદેશ, પ. બંગાળનો ગરીબ લોકોનો મુખ્ય ધાન્યપાક, જે ઢોર અને ઘોડાને પણ ખવડાવવામાં આવે છે, ઉપરાંત તેની બીર અને વ્હિસ્કી બને છે. **b. black rust.** જુઓ *barley stem rust.* **b. covered smut.** ફૂગથી જવને થતો એક રોગ. **b. foot rot and root rot.** જવને થતો એક રોગ. **b. leaf rust.** *Puccinia hordei.* ફૂગથી જવને થતો રોગ **b. loose smut** *Ustilago nuda.* ફૂગથી જવને થતો રોગ. **b. net blotch.** *Helminthosporium teres* **Sacc.** ફૂગથી જવને થતો રોગ. **b. powdery mildew.** *Erysiphe graminis.* ફૂગથી જવને થતો રોગ. **b. sclerotial disease.** *Pellicularia rolfsii.* ફૂગથી જવને થતો રોગ. **b. stem rust.** *Puccinia graminis tritici* **(Pers) Eriks & Henn.** થી જવને થતો રોગ. **b. stripe.** *Helminthosporium gramineum* **Rabenb.** ફૂગથી જવને થતો રોગ. **b. stripe rust.** જવનો ફૂગજન્ય રોગ, જે *Puccinia glumarum* **(Scbdin) Eriks & Henn.** (*P. striformis*). થી થાય છે. **b. water.** જવનું પાણી. **b. yellow rust.** જવનો એક રોગ.
**barn.** ઘાસ, અનાજ, ઓજારો ઇ. રાખવાનું ખેતર પરનું ઘર. **b. cured.** સૂરજ કે હવાની સુકવણીથી જુદી રીતે થતી કૃષિ ઘરની સૂકવણી. **b. yard.** કૃષિઘરનું આંગણું, જેને વાડ કરી કૃષિપશુ અને અન્ય પ્રાણી રખાય છે. **b. yard fowl.** પાળેલાં મરઘાં-બતકાં ઇ. **b. yard grass.** *Echinochloa cruss-galli* **(L.). Beauv.** *Panicum cruss-galli* **(L.).** સામો, જે ઘાસચારા માટે ઉપયોગી છે. **b. yard millet.** સામો. **b. yard millet leaf spot.** સામા ઘાસને થતો ફૂગજન્ય રોગ. **b. yard millet shoot smut.** *Ustilago crusgalli* નામની ફૂગથી સામાને થતો ફૂગજન્ય રોગ. **b. yard millet smut.** *Ustilago panicifrumentacei* અને *U. paradoxa.* ફૂગથી સામાને થતો રોગનો પ્રકાર.
**Baroda hoe,** સુધારેલા કૃષિ ઓજારનો એક પ્રકાર.
**barred.** મરઘાંના શરીર પરના ચટાપટા ધરાવતું.
**Barred Plymouth Rock.** માંસ અને ઈંડાં માટે ઉછેરવામાં આવતાં મરઘાં-બતકાં. **Barred Rock.** જુઓ *Barred Plymouth Rock.*
**barrel.** પાળેલા પ્રાણીનું ધડ. (૨) નળાકાર લાકડા કે ધાતુનું પાત્ર, પીપ.
**barren.** વંધ્ય. (૨) સંતતિ, બી કે ફળ પેદા કરવા માટે અક્ષમ. (૩) વેરાન, ઉજ્જડ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(જમીન). **b. and unculturable waste.** પહાડ, પર્વત, રણ ઇ. જેવો મહેસૂલી ચોપડે નોંધાયેલો જમીનનો ખેતી થઈ ન શકે તેવો ખરાબાનો પ્રકાર.

**Barringtonia** *acutangula* **(L.) Gaertn.** તિવાર, સમુદ્રફલ નામનું નાનું ઝાડ, જેના કાષ્ઠનાં વહાણ બંધાય, ફળ ઔષધીય ગુણ ધરાવે, અને પાનના રસનો ઉપયોગ અતિસારમાં થાય છે. **B.** *asiatica* **(L.) Kurz.** (Syn. **B.** *racemosa* **(L.) Spreng.** સમુદ્રફળ. **B.** *speciosa* **(Forst.)**. વાડ માટે ઉપયોગમાં આવતી વનસ્પતિ.

**barrier.** અવરોધ, આડશ. **b. reef.** અવરોધક શૈલ.

**barrow.** ખસી કરાયેલું નરડુક્કર. (૨) નાનું ગાડું, ગાલ્લી.

**bar share.** એક પ્રકારનું હળનું ફળું.

**Bartlett.** પીઅર ફળનો એક પ્રકાર.

**Bartra miya** ઝીપરી, છીપરી.

**baru.** બરુ.

**barwari.** આરોહી ઘાસ.

**basak.** ઉ. ભારતનો સદાહરિત ક્ષુપ.

**basal.** તલસ્થ. (૨) મૂળ. આગળનું. **b. area.** તલસ્થ વિસ્તાર. **b. cell.** તલસ્થ કોષ. **b. cavity.** તલસ્થ પુટી–વિવર. **b. disc.** તલસ્થ ચકતી. **b. dose.** મૂળ માત્રા. **b. dressing.** મૂળને ખાતર આપવું. **b. growth.** અક્ષ તરફથી થતી વૃદ્ધિ. **b. leaf.** પ્રકાંડના તલસ્થ ભાગમાં થતું પર્ણ. **b. manure.** મૂળ ખાતર, તલખાતર. **b. metabolic rate.** મૂળ ચયાપચય દર; વિરામી સજીવોનો તેમની દેહ સપાટીના ચોરસ મીટર પર પેદા થતી ગરમીની ટકાવારી દ્વારા વ્યકત થતો ચયાપચય દર. **b. metabolism.** જીવન ટકાવવા માટે આવશ્યક અને પૂરતું હોય તેવું શરીરમાંનું રાસાયણિક ભૌતિક પરિવર્તન. **b. nerved.** પર્ણનાતલમાંથી નીકળતી શિરાઓ ધરાવતું (પર્ણ). **b. nucleus.** તલ કેન્દ્રક. **b. pit** તલ ગર્ત. **b. placenta.** તલ જરાયુવિન્યાસ. **b. rot.** તલ ક્ષય. **b. soil.** આધાર–તલસ્થ જમીન–મૃદા. **b. saturation.** હાઇડ્રોજન સિવાયના વિનિમયક્ષમ ધનાયનથી સંતૃપ્ત થતા દ્રવ્યની ક્ષમતા. **b. species.** મૂળ જાતિ. **b. sterile filament.** આદિ વંધ્ય તંતુમય કોષ. **base.** તળ, તળિયું, પાયો, મૂળ. (૨) પ્રોટીન મેળવતું તત્ત્વ, હાઈડ્રોક્સિલોન બનતા પાણીમાં દ્રાવ્ય તત્ત્વ, ગેસ કાઢયા વિના લવણ બનાવતું અમ્લની સાથે પ્રક્રિયા કરતું તત્ત્વ, સમાક્ષાર. (૩) પર્ણ કે શાખાનો પ્રકાંડ કે ધરની સાથેનો સંલગ્ન ભાગ. **b. exchange.** જમીનની એક રાસાયણિક ભૌતિક પ્રક્રિયા, જેમાં અવશોષેલા કેટાયનનું સ્થાન રાસાયણિક રીતે તેવાજ કેટાયનો લે છે; કેટાયન કે ધનાયન વિનિમય. **b.-exchange capacity.** માટીના પ્રત્યેક 100ગ્રામ એકમે જમીનની ધનાયન અવશોષવાની તુલ્યાંકમાં વ્યકત થતી ક્ષમતા. **b. exchange reaction.** ધનાયન વિનિમય પ્રતિક્રિયા. **basic.** મૂળ, તલસ્થ, આધારભૂત. **b. crops.** કૃષિ અર્થશાસ્ત્રમાં એકર વિસ્તાર, મૂલ્ય, વાતાવરણ ઇ.ની દૃષ્ટિએ અગત્યના પાક, જેમા ડાંગર, ઘઉં, કપાસ, શેરડી ઇ.નો સમાવેશ થાય છે. **b. number.** મૂળસંખ્યા. **b. price.** આધાર કિંમત. **b. rock.** આધાર શૈલ, અલ્પ સિલિક શૈલ. **b. slag.** ક્ષારીય ધાતુમલ. (૨) લોખંડના કારખાનાની આડપેદાશ, જેનો આધાર લોહની કાચી ધાતુમાં રહેલા ફોસ્ફરસ પર છે, સુપર ફોસ્ફેટ તરીકે તે દ્રાવ્ય નથી બનતી, તેની પ્રતિક્રિયા અલ્કીય છે, અને તેનો ઉપયોગ કરવા અગાઉ તેનો ભૂકો બનાવાવો જોઇએ.

**basalt** આગ્નેય શૈલનો એક પ્રકાર.

**basella.** પોઈ. **B.** *alba.* **L.** શાકીય વનસ્પતિ, પોઈ. **B.** *rubra* **L.** (Syn. *B. alba*) **L.** પોઈ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**basidial fungi.** પ્રકણીફૂગ. **basidio.** પ્રકણીઅર્થસૂચક પૂર્વ. **b. mycetes.** એક પ્રકારની પ્રકણી ફૂગ. **b. lichen.** પ્રકણી શૈવાક. **b. phore.** પ્રકણીધર. **b. spore.** પ્રકણી બીજાણુ. **basidium.** પ્રકણીધર. (૨), કેટલાક પ્રકારની ફૂગનું પટ્ટી કે પટ્ટી વિનાનું અલિંગી પ્રજનન અંગ.

**basil.** તુલસી.

**basin.** પાત્ર, પાણી રાખવા માટેનો ખાડો; ઝાડને પાણી મળી રહે તે માટે જમીનમાં કરાતો ખાડો, ક્યારી. (૨) નદીનું પાત્ર. **b. irrigation.** ફળ બાગની સિંચાઈ પદ્ધતિ, જેમાં ક્યારા કરી તે દ્વારા પાણી અપાય છે. **b. lister.** ઓછા વરસાદ અને સૂકી ખેતીના વિસ્તારમાં ઉપયોગી ઓજાર, જે વડે ક્યારીઓ બનાવી, વરસાદનું પાણી સંઘરવામાં આવે છે.

**basini bans.** ગરમ પ્રદેશમાં થતો વાંસ.

**basipetal.** અધરાભિવૃદ્ધિ, ટોચથી તળ તરફ વિકાસ પામતું, તળાભિસારી. **b. succession.** અધરાભિવૃદ્ધિ ક્રમ.

**basket brooder.** સાધારણ ઘૂમટ આકારની ટોપલીમાં ઈંડાં સેવવાની યુક્તિ, જેમાં, ટોપલીના તળિયે કોથળાનું કાપડ કે સિમેન્ટનું અસ્તર કરી ટોચ સુધી ખુલ્લું રાખવામાં આવે, જે દ્વારા સેવવા માટેના દીવાનો ધૂમાડો ચાલ્યો જાય છે. **b. planting.** ટોપલા-ટોપલીમાં કરાતી વાવણી.

**basna.** *Sesbania grandiflora* **L. Pers.** (*Robinia grandiflora* **L.** *Agati grandiflora* **Desv.**). ગુજરાત, પ. બંગાળ, આન્ધ્ર પ્રદેશ, તામીલનાડુની વનસ્પતિ, જેનાં ફૂલ, ફળ, પાનની શાકભાજી થાય છે, અને જે નાગરવેલને ટેકો આપે છે.

**Basrai dwarf.** વામન કેળાં કે મોરિશિયસ કેળાં જેવી કેળાંની એક જાત. આ કેળાંની લૂમનું વજન 60 રતલ જેટલું અને કેળાંની સંખ્યા 130 હોય છે.

**Bassia** *butyracea* **Roxb.** મહૂડો; ઉત્તર પ્રદેશ અને બિહારનું મોટું ઝાડ જેનાં ફૂલ ખવાય છે, અને જેનાં બીનું તેલ રસોઈમાં વપરાય છે. છાલ રંગવાના કામમાં આવે છે. **B.** *elliptica* **Dalz.** ભારતીય ગટ્ટાપર્ચાનું પશ્ચિમઘાટ, ઉત્તર કોંકણ અને તામીલનાડુમાં થતું ઝાડ, જેનાં બીનું તેલ સાબુ બનાવવા તથા દીવાબત્તીના કામમાં આવે છે. **B.** *latifolia* **Roxb.** મહૂડો. **B.** *longifolia* **L.** મહૂડો.

**bast.** કેટલાંક ઝાડની અંતઃસ્થ તંતુમય છાલ. (૨) અન્નવાહિની. **b.** *soft.* નરમ છાલ. **b. fibre.** છાલમાંથી મળતો શણ જેવો ઉપયોગી રેસો.

**bastard cedar.** રુદ્રાક્ષ. *Guazuma tomentosa* **Kunth.** નામનું મૂળ અમેરિકાનું પણ હવે પ. બંગાળ, આન્ધ્રપ્રદેશ અને તામીલનાડુમાં થતું ખાદ્ય ફળનું ઝાડ, જેના તંતુનો ઉકાળો ઘી બનાવવામાં ઉપયોગી બને છે. **bastard myrobalan.** બહેડા, જુઓ *belleric myrobalan.* **bastard oleaster.** રુદ્રાક્ષ કુળનું *Elaeagnus latifolia* **L.** નામનું સદા હરિત ઝાડ કે ક્ષુપ, જેનાં ફળ પાકતાં ખાઈ શકાય છે. **bastard tree.** *Erythrina variegata* **L.** var. *orientalis* (**L.**) **Merr.** (*E. indica* **Lamk.**). નામનું આસામ, તામીલનાડુ, ઓરિસા, આંદામાન અને નિકોબારમાં થતું ખાદ્યફળ અને બીનું ઝાડ, જેની છાલના રેસાનાં દોરડાં બને, ફૂલમાંથી લાલરંગ મળે, અને જે વાડ માટે વવાય છે.

**bat.** ચામાચીડિયું, ત્વક્પક્ષ શ્રેણીનું સસ્તન પ્રાણી. **b. guano.** ચામાચીડિયાંની સડેલી અઘારનું ખાતર.

**Bata.** *Labeo bata, bhangan bata, raj podah, raj bata* ઇ. નામધારી 2 ફૂટ લાંબી કાર્પ પ્રકારની માછલી.

**Batatas** *edulis*. શક્કરિયું.

**Batavian orange.** એક પ્રકારની મોસંબી.

**batavi nimbco.** નારંગવર્ગનું, *Citrus maxima* (**Burm.**). **Merrill** (*C.*

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



*grandis* **Osbeck.** *C. decumenus* **L.**; *C. aurantium subsp. sinensis var. decumana* **Engl.** *Auriantium decumana* **Mill,** *A. maximum* **(Burm.).** દ. નામનું ખટ મધુરું ફળ, જેમાં પ્રજીવક 'એ', 'બી' અને 'સી' હોય છે.

**batb-tub farming.** માટી વિના છોડ ઉગાડવાની પદ્ધતિ.

**bathua,** *Chenopodium album* **L.** નામનું શિયાળુ ઘાસપાત.

**Bati.** 130–150 સે.મી. સમાસશક્તિવાળું પ્યાલાના આકારનું માપ.

**Batocera** *rufomaculata.* આંબાના થડનો વેધક કીટ. **B.** *rugra.* આંબાના થડનો વેધક કીટ.

**battery.** બેટરી. **b. brooder.** મરઘી વિના બચ્ચાંને ઉછેરવાનું સાધન, જેમાં થોડો સમય, મર્યાદિત જગ્યામાં બચ્ચાંને રાખવામાં આવે છે, જે સ્થાનને તેલના દીવાથી ગરમ રાખવામાં આવે છે. **b. knapsack sprayer.** હસ્તચાલિત કે બાહ્ય ઊર્જા દ્વારા ચાલિત છંટકાવ માટેનો પંપ. **b. rearer.** જુઓ *battery brooaer.*

**Bauhinia** *acuminata* **L.** સફેદ કચનાર નામનું શોભા માટેનું નાનું ઝાડ. **B.** *candida* **Roxb.** કચનાર નામનું ઝાડ. **B.** *corymbosa* **Roxb.** સફેદ કચનાર નામનો ક્ષુપ. **B.** *galpinii* **N. E. Br.** ભૂસપી' બગીચાની વનસ્પતિ. **B.** *malabarica* **Roxb.** અંબલી; દ. ભારત, આસામ અને પ. બંગાળમાં થતું ઝાડ, જેની છાલ ચામડાં કમાવવા ઉપયોગી બને છે. **B.** *monandra* **Kurz.** *Jeruslem date* નામનું વૃક્ષ. **B.** *purpurea* **L.** રક્ત કચનાર નામનું ઝાડ, જેની છાલ રંગકામ અને ચામડાં કમાવવા ઉપયોગી બને છે અને જે ઉત્તર ભારત, આસામ, ખાસી ટેકરીઓ અને પશ્ચિમઘાટમાં થાય છે જેની છાલમાંથી ટેનિન બને છે. **B.** *racemosa* **Lamk.** આસુંદો નામનું નાનું ઝાડ, જેની છાલમાંથી રેસા મળે છે, અને જેની કળી અને ફળ ખવાય છે. **B.** *retusa* **Buch-Ham.** કંડલા નામનું બિહાર, મધ્યપ્રદેશ અને પંજાબમાં થતું ઝાડ, જેના ગુંદરનો ઉપયોગ કાપડને કાંજી પાવા અને કાગળ બનાવવા માટે થાય છે. **B.** *tomentosa* **L.** જંગલી પીળો ચંપો, પીળો આસુંદો. **B.** *vahlii.* **Wight & Arn.** ચમેલી; *Camel's foot chimber.* નામનું આસામ, મધ્યપ્રદેશ, બિહાર અને પંજાબમાં થતું ઝાડ, જેની છાલના રેસાનાં દોરડાં બને છે અને છાલ ચામડાં કમાવવા ઉપયોગી છે. **B.** *variegata* **L.** (Syn. *B. candida* **Roxb.**). કચનાર, નામનું સફેદ ફૂલોવાળું ઝાડ, જેનાં પાન અને ફૂલ ખવાય છે, છાલમાંથી રંગ બને છે અને ચામડાં કમાવવા જે ઉપયોગી બને છે.

**bay.** બદામી છાયાવાળો ઘોડાનો રંગ.

**bay-berry.** મૂળ ચીનનું અને હવે હિમાલય, ખાસી ટેકરીઓ અને આસામમાં થતું *Myrica nagi* **Thunb.** (*M. rubra* **Sieb & Zucc.**). નામનું ઝાડ, જેનાં ફળ ખવાય છે અને છાલ ચામડાં કમાવવા ઉપયોગી બને.

**BC soil.** *A.* પરિચ્છેદિકા વિનાનું જમીનનું સંસ્તર.

**Bdellonyssus** *bursa.* એક પ્રકારની પીંછામાં થતી ઈતડી.

**beaded.** મણકાકાર. **b. legume.** મણકાકાર શિમ્બ. **b. root.** મણકાકાર મૂળ.

**beak.** ચાંચ, પક્ષીનું ઉપરનું અને નીચેનું જડબું. (૨) બીજના ઉપરના પડનું ફોતરું.

**beali.** શરદ ડાંગર.

**beam.** હળનું વચલું લાકડું, બીમ. (૨) મોભ, પાટડો.

**bean.** કઠોળ; માનવી અને પશુમાટે ઉગાડવામાં આવતી પોષક દ્રવ્યવાળી શિમ્બી વર્ગની વનસ્પતિ, જેની સીંગ લીલી, સૂકવેલી અને દળીને પણ ખવાય છે. **b. anthracnose.** *Glomeralla lindemuthianum.* થી મગ અને અડદને થતો ફૂગજન્ય ક્ષતરોગ. **b. blight.** *Ascochyta phaseolorum.*થી મગ અને અડદને

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થતો ફૂગજન્ય રોગ. **b. dry root rot.** *Macrophomina phaseoli*થી વાલ, મગ અને અડદને થતા રોગનો એક પ્રકાર. **b. leaf spot.** *Cercospora cruenta* અને *C. dolichi*થી મગ, અડદ અને વાલને થતો રોગ. **b. powdery mildew.** વટાણાના પાનને ભૂકા જેવો થતો એક રોગ. **b. rot.** *Ascochyta phaseolorum.* ફૂગથી વાલ, મગ અને અડદને થતો રોગ. **b. rust** *Uromyces appendiculatus*થી વાલ, મગ અને અડદને થતો ફૂગજન્ય રોગ. **b. yellow mosaic.** મગ અને અડદને થતો વિષાણુજન્ય રોગ.

**beard.** માણસની દાઢી જેવી અન્ય પ્રાણીના માથા પર થતી વાળ જેવી રચના. (૨) કાંટા જેવું અણીદાર પ્રવર્ધ.

**beast.** ચોપગું પ્રાણી.

**beastings.** પ્રસૂતિબાદ માદાપશુને આવતું પ્રથમ દૂધ.

**beaten rice.** પૌંઆ. ડાંગરને બે ત્રણ દિવસ પાણીમાં પલાળી રાખ્યા બાદ માટીના વાસણમાં દેવતા પર તે ફૂટે ત્યાં સુધી રાખવામાં આવે છે; ત્યાર બાદ લાકડાના દસ્તાથી ખાંડતા ચોખા ચપટા બને છે; ફોતરાંને ઊણપી છૂટા પાડ્યા બાદ પૌંઆ બને છે.

**beating up.** કૃત્રિમ રીતે પુનર્જીવિત કરાયેલા વન વિસ્તારનાં નાશ પામેલાં ઝાડના સ્થાને નવાં ઝાડ કે રોપા ઉગાડવાની પ્રક્રિયા.

**Beaumontia** *grandiflora* **Wall.** એક આરોહી ક્ષુપ. **B.** *jerdoniana* **Wight.** શોભાની વનસ્પતિ.

**Beauty.** પ્લમનો એક પ્રકાર. ફળ મધ્યમ કદનું, ઘેરું લાલ, સ્વાદમાં મીઠું હોય છે.

**B. of Bath.** એક પ્રકારનું સફરજન.

**bed.** રોપ, શાકભાજી, ફૂલઝાડ કે ક્ષુપ ઉગાડવા માટેનો નાનકડો જમીનનો ટૂકડો, જે સામાન્ય રીતે જમીનની સપાટીથી સહેજ ઊંચો હોય છે. (૨) પશુનો પથારો. **b. rock.** આધાર શૈલ.

**Bedana.** કિસમીસ; આયાત કરેલી દ્રાક્ષનો પ્રકાર. **b. litchi.** બિહારમાં થતી લીચીનો પ્રકાર.

**bee.** મધમાખ; *Prospidae, Megachillidae, Xylocopidae, Ceratinidae, Colletidae, Nomadidae, Audrenidae, Anthophoridae, Bombidae, Apidae.* ૬૦ કુળોની ઉપયોગી, પરજીવી પ્રરાગવાહક અને મધ અને મીણ બનાવનાર મધમાખીઓ. **b. bread.** મધ અને મધુરસ સાથે ભળેલી અને મધમાખીએ એકઠી કરેલી પરાગરજ, જેને મધમાખી મધપૂડામાં મૂકે છે. **b. brush.** મધપૂડામાંથી મધ લેવા અગાઉ મધમાખીઓને ઉડાડી મૂકવામાટે ઉપયોગમાં લેવામાં આવતું, સાધન બ્રશ કે સાવરણી. **b. candy.** શર્કરા અને મધ જેવાં દ્રવ્યમાંથી મધમાખીઓ માટે બનાવેલો ખોરાક. **b. colony.** મધમાખી વસાહત. **b. culture.** મધમાખી સંવર્ધન. **b. eater.** મધમાખ ખાનાર. **b. escape.** મધપૂડામાં આપમેળે બંધ થતું મધમાખોની અવર-જવર સરળ કરતું દ્વાર. **b. farming.** મધ અને મીણ માટે તથા પરાગનયન માટે મધમાખ સંવર્ધન. **b. forage.** મધપૂડા પાસેની વનસ્પતિ, જેમાંથી મધમાખ મધુરસ ચૂસે છે. **b. glue.** મધપૂડાનું મીણ. **b. hive.** મધપૂડો. **b. keeping.** મધમાખી પાલન, મધમાખી ઉછેર. **b. milk.** કામદાર મધમાખ ડિંભને જે ખોરાક આપે તે. **b. pasturage.** મધપૂડા પાસેની વનસ્પતિ, જેમાંથી મધમાખ મધુરસ ચૂસે છે. **b. smoker.** મધપૂડામાંથી મધમાખોને ઉડાડી મૂકવા માટે કરાતો ધૂમાડો. **b. space.** મોકળાશપૂર્ણ મધમાખો અવર-જવર કરે તેવા મધપૂડામાંનો માર્ગ. **b. veil.** રેશમી મખમલનો હલકો મધમાખ ઉડાડતી વખતે મોં પર પહેરવામાં આવતો પડદો. **b. wax.** મધપૂડાનું મીણ. (૨) કામદાર મધમાખીના પૃષ્ઠીય

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બાજુના છેલ્લા ચાર ખંડોની ગ્રંથિમાંથી સ્રવતું કાર્બનિક સંયોજન, જેનો ઉપયોગ મધમાખીઓ મધપૂડો બનાવવામાં કરે છે. (૨) મધમાખ ઉછેર વ્યવસાયની આ એક આડ પેદાશ છે, તેનો રંગ પીળાશ પડતો ભૂખરો, અને સુવાસ મધ જેવી છે, ઠંડો પડતાં જે બરડ બને છે, તપાવવાથી તે શુદ્ધ બને છે, ઈથર કલોરોફોર્મ અને બાષ્પશીલ તેલોમાં તે દ્રાવ્ય છે પણ પાણીમાં અદ્રાવ્ય છે અને તેનો ઉપયોગ સૌંદર્ય પ્રસાધનો, મીણબત્તી ઇત્યાદિ બનાવવા માટે થાય છે.

**beedi.** બીડી.

**beef.** એક વર્ષ કે તેટલી ઉમરના પશુનું માંસ. **beefwood.** જંગલી સરુ.

**beestings.** પ્રસૂતિબાદનું માદાપશુનું પ્રથમ દૂધ.

**beet.** *Beta* પ્રજાતિ અને વાસ્તુકાદિ કુળની વનસ્પતિ. (૨) જુઓ *sugar beat*. (૩) જુઓ *beet root*. **B. heart rot and internal black spot.** બોરોનની ઊણપથી બીટને થતો એક રોગ. **B. leaf spot.** *Unromyces mucunae*. ફૂગથી બીટને થતા રોગનો એક પ્રકાર. **b. root** બીટરૂટ; *Beta vulgaris* **L.** નામની દ્વિવર્ષાયુ ખાદ્ય મૂળધારી શાકીય વનસ્પતિ. (૨) *Beta vulgaris* **L.** *var. bengalensis* **Roxb.** શાકભાજી માટે ઉપયોગમાં આવતાં પાનવાળું બીટરૂટ. **b. sugar.** સુગર બીટમાંથી બનાવવામાં આવતી શર્કરા–ખાંડ. **b. tops.** કાપણી વખતે સુગર બીટના દૂર કરવામાં આવતાં કુમળાં પર્ણો.

**beggarweed.** *Desmodium tortuosum* **D.C.** નામની શાકીય વનસ્પતિ.

**bego-molasses.** ઘઉંના થૂલા કરતાં બેવડું ખાદ્ય મૂલ્ય ધરાવતો ઘોડા અને ઢોરનો ખોરાક.

**Begonia.** શોભાની વનસ્પતિ.

**bel.** બીલીપત્ર.

**bel apple.** બીલીફળ.

**belch.** ઓડકાર. **belching.** ઓડકાર ખાવો તે.

**Belladonna.** કંટકર્યાદિ વર્ગનું બેલાડોના. **B. extract.** બેલાડોનાનો અર્ક–ટિંકચર.

**bellati.** સફેદ શિરીષ.

**Belle Isle cress.** *Barbarea verna* **Aschers.** (**B.** *praecox* **R. Br.**). નામની મૂળ યુરોપની નીલગિરિની શાકીય વનસ્પતિ.

**belleric myrobalan.** બહેડાં. *Terminalia bellerica* (**Gaertn.**) **Roxb.** (*Myrobalanus bellerida* **Gaertn.**).નામની *bastard myrobalan vibhitika* તરીકે પણ ઓળખાતું શોભાનું વૃક્ષ, જેનાં ફળ–બહેડાં રંગકામ અને ચામડાં કમાવવામાં ઉપયોગમાં લેવાય છે, અને ફળનો રસ ત્રાસંજક છે.

**bell pepper.** *Capsicum frutescens var. grossum.* નામની વર્ષાયુ વનસ્પતિ.

**bell shaped.** ઘંટાકાર.

**belly.** જઠર **b. fleece.** ઘેટાના પેટપર થતું ઊન.

**belt.** એકજ પ્રકારની જમીન અને આબોહવા ધરાવતો અને ચોકસ પ્રકારની વનસ્પતિ માટેનો જમીનનો અનુકૂળ પટ્ટો.

**Bemisia** *gossipiparida.* કપાસનાં પાનનો એક રોગ. **B.** *tabaci* **Genn.** તમાકુમાં પડતો સફેદ કીટ.

**Bench cross-section.** પાળા બંધનો અનુપ્રસ્થ વિભાગ, જે સિંચાઈ માટે અનુકૂળ બને છે. **B. terrace.** સોપાન રચના, જેથી ઢાળ પડતી જમીનને ખેતી માટે ઉપયોગી બનાવી શકાય છે.

**Ben Davis.** સફરજનનો એક પ્રકાર, જેમાં ફળ મધ્યમ કદનું, લંબગોળ, જાડી છાલનું પીળાશ પડતું લીલું, પીળાશ પડતા ગરવાળું અને સુવાસિત હોય છે.

**benders.** મધ્યમ લંબાઈનો રૂનો તાંતણો.

**bending.** જામફળનો ઉતાર વધારવા દબાણમાં હાથ ધરવામાં આવતી એક પદ્ધતિ.

**Bengal cardamom.** મોટી ઈલાયચી,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એલચો. *Amomum aromaticum* **Roxb.** નામની ઉત્તર બંગાળ અને ખાસીની ઈલાયચી.

**Bengal gram.** ચણા. *Cicer arietinum* **L.** નામનું અગત્યનું કઠોળ જેના પાનમાંથી મળતા મેલિક અને ઓક્ઝેલિક એસિડ પેટની ગડબડમાં ઉપયોગી બને છે.

**Bengal kino.** પલાશ, કેસૂડો.

**Bengal quince.** બીલીનું ઝાડ.

**Bengal...** પંજાબ, ઉત્તર પ્રદેશ અને રાજસ્થાનમાં થતો કપાસનો એક પ્રકાર.

**Bengal sage.** તુલસ્યાદિ કુળની *Meriandra benghalensis* **Benth.** મસાલા તરીકે ઉપયોગી વનસ્પતિ.

**benign.** બિનહાનિકારક (દર્દ). **b. disease.** ભારે હાનિ વિનાનો રોગ. **b. tumour** શરીરના ચોક્કસ ભાગમાં સ્થિર થતો અર્બુદ.

**Benincasa** *cerifera.* સફેદ કોળું. **B.** *hispida.* સફેદ કોળું.

**bent spike Pennisetum.** તૃણ-કુળનું *Pennisetum nervosum* **Trin.** નામનું ઘાસ.

**Benzene hexachloride BHC.** જંતુનાશક ભૂકી, જે પાણી છાંટી, ધૂમાડો આપીને, પાયસ-ઈમલ્ઝન બનાવીને ઉપયોગમાં લેવાય છે.

**ber.** બોર. **b.** *fruit fly. Carpomyia vesuviana* **Costa.** બોરનું જંતુ.

**Berberis** *aristata* **DC.** કાંટાળો ક્ષુપ, જે વાયવ્ય હિમાલય, નીલગિરિ, કુલુ અને કુમાઉમાં થાય છે, જેના મૂળ અને પ્રકાંડમાંથી પીળો રંગ મળે છે. **B.** *lycium* **Royle.** શક્તિદાયક અને રેચક દ્રવ્ય ધરાવતી વનસ્પતિ. **B.** *nepalensis* **Spreng.** રંગ આપતી છાલવાળી વનસ્પતિ. **B.** *vulgaris* **L.** એક વનસ્પતિ, જેનાં કાષ્ઠ અને છાલમાંથી પીળો રંગ મળે.

**Bergera** *koenigii* **L.** મીઠો લીમડો.

**Bergia** *ammannioides* **Roxb.** જળ-ઓખરાડ. **B.** *odorata* **Edgw.** (Syn **B.** *suffruticosa* **Fenzl.**) ગંધારો ઓખરાડ; લવાડિયું ઓખરાડ.

**Berkshire.** ડુક્કરની એક ઓલાદ.

**Bermuda butter cup,** *Oxalis pes-caprae* **L.**(*O.Cernua* **Thunb.**). ઘોળો પ્રોળક નામનું લોન માટેનું ઘાસ.

**berry.** (૧) સ્ટ્રોબેરી, રાસ્પબેરી જેવું બદરી ફળ. (૨) કોફી જેવું સરૂં બુંદ.

**Berrya** *ammonilla* **Roxb.** નાગ-બલાદિ કુળનું ત્રંહામાનનું વૃક્ષ, જેનું કાષ્ઠ ફર્નિચર, પેટીઓ, રેલવેના ડબા અને વેગન બનાવવામાં ઉપયોગમાં આવે છે.

**berseem.** *Egyptian clover, Trifolium alexandrinum* **Juslen.** નામનો રબી ઘાસચારો. **b. clover.** રબી ઘાસ-ચારો.

**beru.** લીમડો.

**Best of All.** મધ્ય મોસમનાં ટમેટાં.

**Beta** *vulgaris* **L.** બીટરૂટ, ગાર્ડન બીટ, શ્યુગર બીટ; દ્વિવર્ષાયુ શાકીય વનસ્પતિ; જેનાં મૂળ અને પાન શાકભાજી તરીકે ખવાય છે. **B.** *vulgaris var. bengalensis* **Roxb.** બીટરૂટ, જેનાં મૂળ સાકર બનાવવા ઉપયોગમાં લેવામાં આવે છે. **B.** *vulgaris* **L.** *var. rapa* **Dum.** શ્યુગર બીટ, જેનાં મૂળની ખાંડ બનાવવામાં આવે છે.

**betel nut.** સોપારી **betel pepper.** નાગરવેલ. **betelvine.** નાગરવેલ. **b. v. bug.** *Disphinctus politus* **W.** નાગરવેલનો કીટ. **b. v. foot rot.** *Phytophthora parasitica* var. *piperina* **Dast.** નામની ફૂગથી નાગરવેલને થતો એક રોગ. **b. v. leaf rot.** નાગરવેલને થતો એક રોગ. **b. v. wilt.** નાગરવેલને થતો એક રોગ.

**betua.** *Bambusa polymorpha* **Munro.** નામનો પ. બંગાળ અને આસામમાં થતો વાંસ, જેના કાગળ બનાવાય છે.

**Betula** *alnoides.* ભારતીય બર્ચ નામની એક વનસ્પતિ. **B.** *utilis.* ભોજપત્ર.

**beushan.** વેરેલી ડાંગરની આંતર-રોપણી.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**bhadi.** શરદ ડાંગર.

**bhaggachura.** દ. ભારત અને પ. બંગાળની શાકીય વનસ્પતિ.

**Bhakarwal** હિમાલયની તળેટીમાં થતી ઘેટાની એક ઓલાદ.

**bhalia bush.** *Moghania macrophylla.* નામનો ટટાર ક્ષુપ જે પર લાખનાં જંતુ વસાહત જમાવે છે

**Bhaluka.**, તૃણકુળનો ઈમારતી કામમાં આવતો વાંસ.

**bhang.** ભાંગ.

**bhanjura grass.** *Apluda mutica* **L.** (*A. varia* **Hack**; *A. aristata* **L.**) નામનું ઉત્તર પ્રદેશનું ઘાસ.

**bharangi.** *Clerodendrum serratum* **Spreng.** નામનો આસામ, પ. બંગાળ, મધ્ય પ્રદેશનો ક્ષુપ.

**bharband.** ભારતમાં થતી વનસ્પતિનો એક પ્રકાર.

**bhasa badha fisbery.** પ. બંગાળના સુંદરવનનો ભરતીઓટવાળો કળણ પ્રદેશ, જેમાં માછલાં પકડવામાં આવે છે.

**bhat.** સોયાબીન.

**bhat karela.** ભાટ કારેલા. *Momordica cochinchinensis* **Spreng.** (*M. mixta* **Roxb.**). શાકીય વનસ્પતિ પ્રકાર.

**bhatua.** ભૂરૂં કોળું.

**bhatwar.** સોયાબીન.

**BHC.** બેન્ઝીન હેક્ઝાક્લોરાઈડ.

**bhemal.** *Grewia oppositifolia* **Buch. Ham. ex Roxb.** નામનું ખાદ્યફળનું નાનું ઝાડ.

**bhillar.** અજમો.

**Bhilawra.** ભીલામાનું ઝાડ.

**bhilmora.** *Rumex hastatus* **D. Don.** નામની વનસ્પતિ, જેનાં પાન મસાલા તરીકે વપરાય છે.

**Bhokri.** મુંબઈ અને દક્ખણમાં થતો નાસીક-ગ્રીન નામની દ્રાક્ષનો પ્રકાર.

**B horizon** 'એ' સંસ્તર બાદનો જમીનનો થર.

**bhukka.** બીડીની તમાકુનાં પાનના ટૂકડા.

**bhusa.** ધાન્ય પાક, ખાસ કરીને ઘઉં અને કઠોળ ઝૂડ્યા બાદ રહેતું ભૂસું.

**Bhutia.** નેપાળ-તિબેટ સરહદ પરના ભારવાહી ઘોડાની ઓલાદ.

**Bhutia badam.** ખાદ્ય કાષ્ઠફળનું કાશ્મીર અને કુમાઉનું ઝાડ.

**bhutta.** મકાઈનો દોડો.

**biasi.** વેરેલી ડાંગરની આંતરરોપણી.

**bichloride of mercury.** $HgCl_2$. મર્ક્યુરિક ક્લોરાઈડ નામની ઝેરી જંતુનાશક ભૂકી.

**bicollateral bundle.** ઉભયપાર્શ્વીય પુલ.

**bid.** બોલી.

**bidari-kand.** પ. હિમાલય, કુમાઉં, ઓરિસ્સા અને પ. ભારતમાં થતો એક ક્ષુપ.

**bidentate.** દ્વિ-દંતી.

**bidha.** ડાંગરની ફેર રોપણીમાં ઉપયોગમાં આવતા હળનો એક પ્રકાર.

**biennial.** દ્વિ-વર્ષાયુ, દ્વિ-વર્ષી; બે ઋતુના આયુવાળી વનસ્પતિ, જે એક વર્ષ કે એક ઋતુમાં ખોરાક સંચિત કરે છે, જ્યારે બીજા વર્ષે કે બીજી ઋતુમાં ફળ-ફૂલ ધારણ કરે છે. (૨) અંકુર ફૂટવાથી માંડી બીજ ધારણ કરવા સુધીનું જીવનચક્ર બે વર્ષ કે બે ઋતુમાં પૂરું કરનાર વનસ્પતિ. **b. bearing.** એકાંતર વર્ષે ફળ-ફૂલ ધારણ કરનાર (વનસ્પતિ). **b. plant.** દ્વિ-વર્ષાયુ વનસ્પતિ.

**biestings.** પ્રસૂતિ બાદ માદા પ્રાણીનું પ્રથમ દૂધ.

**bifacial.** દ્વિ-પૃષ્ઠી, એક સરખા બહિચર્મવાળાં પાંદડાંવાળું.

**biflaggallate.** દ્વિ-કશાધારી, દ્વિ-પક્ષ્મ.

**bifoliar.** દ્વિ-પર્ણી. **b. spur.** દ્વિ-પર્ણીશંકુ. **bifoliate.** દ્વિ-પર્ણી.

**bifurcate.** દ્વિ-ભાજિત, દ્વિ-શાખી. (૨) બે ભાગ કરવા, બેમાં વિભાજિત કરવું.

**Bigarreau de Schrecken.** ચેરીનો એક પ્રકાર. **B. Napolean.** ચેરીનો એક પ્રકાર.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**Big Japanese.** મગફળીનો એક પ્રકાર.

**big jaw.** જડબું ફૂલી જાય તેવો *actinobacillosis, actinomycosis* નામનો રોગ.

**bignay.** આમટી; આસામ અને ખારી ટેકરીઓમાં થતું ખાદ્યફળધારી વૃક્ષ.

**Bignoniaceae.** પટોલાદિ કુળની વનસ્પતિ.

**Bignonia** *adenophylla* **Wall ex. G. Don.** વીથિમાટે ઉગાડાતું વૃક્ષ. **B.** *capensis* **Thunb.** મૂળ અમેરિકાનો શોભા માટે વવાતો આરોહી ક્ષુપ. **B.** *capreolata* **L.** ક્રોસવાઈન નામનો આરોહી ક્ષુપ. **B.** *crispa* **Buch-Ham.** સુવાસિત ફૂલોની વનસ્પતિ. **B.** *grandiflora* **Thunb.** મૂળ ચીનનો શોભાનો ક્ષુપ. **B.** *incarnata* **Aubl.** બગીચામાં વવાતો ક્ષુપ. **B.** *radicans* **L.** શોભાની વેલ. **B.** *speciosa* **R. Grah.** મૂળ બ્રાઝિલ અને આર્જેન્ટિનાનો પણ બગીચામાં વવાતો ક્ષુપ. **B.** *stans* **L.** વાડ તરીકે વવાતો ક્ષુપ. **B.** *undulata* **Smith.** વાડ તરીકે વવાતો ક્ષુપ. **B.** *unguiscati* **L.** મૂળ આર્જેન્ટિનાનો આરોહી ક્ષુપ. **B.** *venusta* **Ker-Gawl.** આરોહી ક્ષુપનો પ્રકાર.

**Bihar hairy caterpillar.** *Diacrisia obliqua* **W.** નામની નારંગી રંગની ઇયળ.

**bihi.** *Cydonia oblonga* **Mill.** (*C. vulgaris* **Pers.**). પશ્ચિમ એશિયાનું પણ પંજાબ, કાશ્મીર, અને નીલગિરીમાં થતું ખાદ્ય ફળ ઝાડ.

**bijsar.** *Pterocarpus marsupium* **Roxb.** નામનું વૃક્ષ, જેના કાષ્ઠનું ફર્નિચર બને, જેનો ગુંદર ઔષધીય ગુણ ધરાવતો, જ્યારે ફૂલો અને ફળી ખાદ્ય છે.

**bilaikaud.** ક્ષારવિદારી નામનું ચારા તરીકે ઉપયોગમાં આવતું ઝાડ.

**bilangra.** આસામ, મહારાષ્ટ્ર અને પ બંગાળમાં થતું વૃક્ષ.

**bilateral.** દ્વિ-પાર્શ્વિય. **b. agreement.** દ્વિ-પક્ષી કરાર. **b. symmetry.** દ્વિ-પાર્શ્વ સમમિતિ.

**bile.** પિત્ત; લીલાશ કે પીળાશ પડતું યકૃતમાંથી સ્રવતું પ્રવાહી.

**bilharziasis.** પ્રાણીઓના લોહીમાંના જંતુથી થતા રોગનો પ્રકાર. **bilharziosis.** જુઓ *bilharziasis.*

**biliary fever.** રક્તવિષાક્તતાનો *Borrelia gallinarum*થી મરઘાને થતો એક રોગ.

**bilimbi** ખાદ્ય ફળધારી ઝાડ, *Averrhoa bilimbi.* **L.**

**bilipped.** દ્વિ-ઓષ્ઠી.

**bill hook.** છોડ કાપવા માટેનું તીક્ષ્ણ અણી અને વાંકા પાનાવાળું ઓજાર.

**billy goat.** બકરો.

**bilocular.** દ્વિ-વિવરી, સાધારણ ફળમાં જોવામાં આવતા બેવડા વિવરો.

**bilra.** બીલું.

**Bimli.** અંબાડી નામનો રેસાનો પાક. **B. jute.** અંબાડીનું શણ.

**Bimlipatam jute** જુઓ *mesta.*

**bin.** કોઠી.

**bina** *Avicennia officinalis* **L.** (*A. tomentosa*; **Jacq.** *A. resinifara* **Forst.** આંદામાન અને કોરોમાંડલના કિનારા પર થતી વનસ્પતિનો એક પ્રકાર.

**binary.** દ્વિ-ગુણિત. **b. compound.** દ્વિ-મૂળ સંયોજન. **b. fission.** દ્વિ-વિખંડન.

**binder.** ઊનના રેસાને જોડનાર તાંતણો. (૨) માટી, ખોરાક ઇ.ની સંસંજતા વધારનાર દ્રવ્ય. **b. tobacco** સિગારની તમાકુને આવરતું તમાકુનું પાન.

**binomial.** દ્વિ-નામી; પ્રાણી કે વનસ્પતિ માટે ઉપયોગમાં લેવામાં આવતી શાસ્ત્રીય દ્વિ-નામી (પદ્ધતિ), જેમાં પ્રજાતિ અને જાતિનો ઉલ્લેખ હોય છે. **b. distribution.** દ્વિ-નામી વિતરણ.

**binucleate cell.** દ્વિ-કેન્દ્રકીય કોષ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**bio–.** જૈવ, જીવ અર્થસૂચક પૂર્વગ.

**Bioassay.** જૈવ પૃથક્કરણ, જૈવ પરીક્ષા, જૈવ વસ્તુની શક્તિની પ્રયોગ દ્વારા કરાતી કસોટી. (૨) દવા, અંતઃસ્રાવ કે પ્રજીવકોની કાર્યક્ષમતાની પ્રયોગદ્વારા કરાતી કસોટી. (૩) આવા દ્રવ્યો કે સંયોજનોનું ધોરણીકરણ.

**biochemical activity.** જૈવ રાસાયણિક સક્રિયતા. (૨) જીવંત સજીવો, પેશીઓ કે કોષમાં થતી રાસાયણિક પ્રક્રિયા.

**Biochemistry.** જૈવરસાયણ વિજ્ઞાન.

**bioclimatics.** જીવંત સજીવો પર આબોહવાની અસરનું વિજ્ઞાન, જૈવ હવામાન વિજ્ઞાન.

**bioflocculation.** જીવગુંફન.

**bio-gas plant.** ગોબરગેસ પ્લાંટ.

**biogenesis.** જીવજનન. **biogenic law.** જીવનજનન નિયમ. **biogeny.** જીવજનન.

**biological.** જૈવ, જીવશાસ્ત્રીય. **b. activity.** જૈવ સક્રિયતા. **b. barrier.** જૈવ અવરોધ. **b. control.** જૈવ નિયંત્રણ; જંતુ, વનસ્પતિ કે પ્રાણી જેવા અનિચ્છનીય કારકોનું નિયંત્રણ. **b. cycle** જૈવચક્ર. **b. effect.** જૈવ પ્રભાવ. **b. erosion.** ઉંદર જેવા દર કરતાં સજીવોના કારણે ખુલ્લી બનતી જમીનનું થતું ધોવાણ. **b. factor** જૈવકારક. **b. fixation.** જૈવ સ્થિરીકરણ. **b. immobilization.** કોઈ અંગનું ખોટકી જવું. **b. interchange.** જૈવ પ્રક્રિયાથી જમીનમાં કાર્બનિક કે અકાર્બનિક અવસ્થાઓની વચ્ચે તત્ત્વોનું થતું આંતરપરિવર્તન. (૨) કાર્બનિક સંયોજનોનું જૈવ વિઘટન. એક તરફ અકાર્બનિક દ્રવ્યોની મુક્તિ અને બીજી તરફ સૂક્ષ્મ પેશી સંશ્લેષણમાં તેમનો થતો ઉપયોગ. આ બંને પ્રક્રિયાઓ જમીનમાં સાધારણ રીતે ચાલ્યા કરતી હોય છે. **b. mineralization.** જૈવ વિઘટનની ક્રિયાના પરિણામે થતું કાર્બનિક સંયોજનોનાં તત્ત્વોનું અકાર્બનિક રૂપમાં પરિવર્તન. **b. phenomenon.** જૈવ ઘટના. **b. race.** જૈવ જાતિ. **biologicals.** જીવંત પ્રક્રિયા કે જીવંત દ્રવ્યમાંથી પેદાશો ઉપલબ્ધ કરવી. આમાં સીરમ, રસી, જીવાણુ સંવર્ધન પેદાશ, પ્રતિવિષ ઇ.નો સમાવેશ થાય છે. **Biology.** જીવશાસ્ત્ર, જીવવિજ્ઞાન; જીવંત સજીવોના અભ્યાસનું વિજ્ઞાન. **biolysis.** જીવંત સજીવોની પ્રવૃત્તિથી કાર્બનિક દ્રવ્યોનું થતું વિઘટન. (૨) સજીવોનું વિઘટન. **bioluminiscence.** જૈવદીપ્તિ, જૈવ પ્રકાશ. **biometry.** જૈવમિતિ; જૈવ અન્વેષણ માટે આંકડા પદ્ધતિનો થતો ઉપયોગ. **bionomics.** જીવપરિસ્થિતિ વિજ્ઞાન. (૨) સજીવો અને વાતાવરણ સાથે તેમના સંબંધોનો થતો અભ્યાસ. (૨) પરિસ્થિતિ વિજ્ઞાનની એક શાખા. **bionomy.** જીવપરિસ્થિતિ વિજ્ઞાન. **biophysical.** જૈવ-ભૌતિક; જીવંત સજીવ અને વાતાવરણની જલ સ્થિતિને લગતું. **Biophysics.** જૈવ ભૌતિકવિજ્ઞાન. **bioplasm.** જીવદ્રવ્ય, જીવરસ. **biopsy.** જીવંત સજીવમાંથી કાઢી લીધેલી પેશીની વૈજ્ઞાનિક પરીક્ષા, ઊતિપરીક્ષા. **biosequence.** સજીવોનાં કાર્યોની સાથે સંબંધ ધરાવતી વિવિધ જમીનોનો ક્રમ, જે જમીન રચનાનું કારક બને છે. **biosis.** જીવનક્રમ. **biossay.** જુઓ *bioassay*. **biosynthesis.** જૈવ સંશ્લેષણ. (૨) જીવંત શરીરનાં સરળ દ્રવ્યોમાંથી જટિલ સંયોજનોનું થતું સંશ્લેષણ. **biotic.** જૈવ; જીવનની સાથે સંબંધિત. **b. community.** જૈવ સમુદાય. **b. factor.** જૈવ કારક. **b. influence.** વનસ્પતિ પર થતી જૈવ અસરો, જે આબોહવાકીય પ્રભાવથી ભિન્ન હોય છે. **b. potential.** પ્રજનન કરવા તથા ટકી રહેવાની સજીવની જન્મજાત સમર્થતા. **biotope** જીવક્ષેત્ર. **biotype.** જીવપ્રરૂપ.

**biotite mica.** અબરખનો એક પ્રકાર.

**Biota** *orientalis* **Endl.** (Syn. *Thuja orientalis* **L.**). બગીચામાં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉગાડાતું એક નાનું ઝાડ.

**biotin.** પ્રજીવક – 'બી' સંકુલનો એક ઘટક, જે પ્રજીવક – 'એચ' તરીકે પણ ઓળખાય છે, જે ટાલિયાપણું દૂર કરે છે.

**biparous.** દ્વિ-શાખી.

**bipartite** દ્વિવિભાગીય. **b. distribution.** દ્વિભાગી વિતરણ.

**bipetallous.** દ્વિ-દળી, બે પાંડડીઓવાળું.

**bipinnate.** દ્વિપક્ષીય, દ્વિ-પિચ્છાકાર, દ્વિ-પક્ષવત્. (૨) દ્વિ-શાખિત પ્રકાંડ પર જોડમાં ઊગતી પર્ણિકા.

**bir.** બીડ, ઘાસ બનાવવા માટેની તૃણભૂમિ.

**bird.** પક્ષી, પંખી. (૨) મરઘાં-બતકાં જેવાં પાળેલાં પંખી. **b. pollinated.** પક્ષી પરાગિત. **b. scarer.** પક્ષીઓને ભગાડી મૂકવા માટેની યંત્રિક યુક્તિ. (૨) થોડા થોડા વખતે અવાજ કરવાની યુક્તિ. (૩) કેલ્શિયમ કાર્બોનેટ પર આધારિત યુક્તિ. **b.'s eye grape.** દ્રાક્ષને થતો રૂક્ષ-રોગ. **b.'s-foot trefoil.** *Lotus corniculatus* **L.** નામની ૫. હિમાલયમાં થતી કાયમી ઘાસચારા માટેની વનસ્પતિ.

**Bischofia** *javanica* **Blume.** જાવામાં થતો દેવદાર, જેની છાલમાંથી લાલ-રંગ મળે છે.

**bisect.** સમદ્વિભાજન. (૨) મૂળ અને પ્રરોહની ઊર્ધ્વ અને પાર્શ્વીય સંબંધ દર્શાવતી જમીન અને વનસ્પતિની પાર્શ્વબાજુ.

**biseriate.** દ્વિ-શ્રેણિક.

**bisexual.** દ્વિ-લિંગી, ઉભયલિંગી, દ્વિ-જાતીય. (૨) નર અને માદા એમ બંને જાતિનાં પ્રજનન અંગો ધરાવતું.

**Bishop's weed.** અજમો.

**bishop wood.** જાવાનું દેવદાર. જુઓ *Bischofia javanica* **Blume.**

**Bissetia** *steniella.* શેરડીનો પ્રકાંડ-વેધક કીટ.

**Biston** *suppressaria* **Guen.** ચાના છોડનો કીટક.

**bit.** ઘોડાના મોંમાં મુકાતો લગામનો ભાગ. (૨) કુહાડીનું પાનું.

**bitch.** કૂતરી.

**biting lice.** સરતનો અને પક્ષીઓમાં પડતી, કરડતી જૂ.

**bitmara.** *Gardenia campanulata* **Roxb.** નામનો આસામ અને બિહારમાં થતો ખાદ્ય પાન અને ફળધારી ક્ષુપ.

**bitter gourd.** કારેલાં, *Momordica charantia* **L.** નામની આરોહી શાકીય વનસ્પતિ. જેનાં ફળ–કારેલાંનું શાક થાય છે, તેમાં 'એ', 'બી' અને 'સી' પ્રજીવકો હોય છે.

**bitter orange.** ખાટું સંતરું.

**bituminous material lined channel.** ઓછા ખર્ચે, બિટ્યુમીન દ્રવ્યોવાળી માટીના અસ્તરવાળી બાજુઓ ધરાવતી નાળી, નહેર કે તેનો જલપ્રવાહ.

**biul.** જુઓ *Bhemal.*

**bivalent.** દ્વિ-સંયોજક. **b. bacterin.** બે પ્રકારના રોગ પેદા કરનાર જીવાણુની બનાવેલી રસી, જેથી બંને પ્રકારના રોગની સામે પ્રતિરક્ષા મળે છે. **b. chromosome.** અર્ધસૂત્રીકરણ દરમિયાન હાજર સમાંગ રંગસૂત્ર જોડીમાંનું એક રંગસૂત્ર.

**bivoltine.** વર્ષમાં બે ફાલ આપતો રેશમનો કીડો.

**Bixa** *orellana* **L.** મૂળ મધ્ય અમેરિકાનો દ. ભારતમાં થતો મોટો ક્ષુપ કે નાનું ઝાડ, જેનાં બીમાંથી મળતા રંગનો ઉપયોગ માખણ, ઘી, માર્ગેરીન અને પનીર જેવી ખાદ્યસામગ્રીને રંગ આપવા માટે થાય છે, ઉપરાંત તેથી ઊન, વાર્નિશ અને સાબુને પણ રંગી શકાય છે.

**black.** કાળું, શ્યામ.

**black alkali.** અલ્કલી જમીન, જેમાં સોડિયમ કાર્બોનેટ, કાર્બનિક દ્રવ્યને ઓગળી, ભેજ ઊડી જતાં સપાટી પર કાળાશ પડતા બદામી રંગનો પોપડો જામે છે. (૨) ક્ષારીય જમીન.

**black arm.** કપાસને થતો એક રોગ.

**black bean of coffee.** કૉફીના બુંદને થતા રોગનો એક પ્રકાર.

**black-berry.** કાળું બદામી ફળ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**black caraway.** કાશ્મીરની બહુ-વર્ષાયુ વનસ્પતિ.

**black cherry.** *Rubus moluccanus* **L.** (*R. alcaefolius* **Poir**). નામનો આસામ, ખાસી ટેકરીઓ, નીલગીરિ અને કેરળમાં થતો ખાદ્યફળનો ક્ષુપ.

**black cumin.** કાળીજીરી.

**black currant.** હિમાલય, આસામ અને પશ્ચિમ બંગાળમાં થતું *Antidesma ghesaembilla* **Gaertn** (*A. paniculata* **Roxb.**). નામનું ખાદ્યફળનું ઝાડ, જેની છાલનાં દોરડાં બને છે.

**black cutch.** લાલ એરિયો બાવળ, ખેર, ખદીર; *Acacia catechu* **(L.f). Willd.** નામનું ઝાડ, જેના કાષ્ઠનાં થાંભલા, કૃષિ ઓજારો, પૈડાં, હાથા બને છે; જેમાંથી રંગ બને અને ચામડાં કમાવવામાં આવે છે. તેમાંથી કાથો અને ગુંદર મળે છે, અને જે સૂકી, વેરાન જમીનનું વનીકરણ કરવામાં ઉપયોગી બને છે.

**black flies.** નાની કાળી માખી, જે કરડીને લોહી ચૂસે છે.

**black gram** અડદ; *Phaseolus mungo var. radiatus* **L.** નામનું ફોસ્ફરિક એસિડવાળું કઠોળ, જે મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશ, પંજાબ, મહારાષ્ટ્ર, ગુજરાત, પ. બંગાળ, આન્ધ્રપ્રદેશ અને મૈસુરમાં થાય છે અને જેના કાળા અને લીલા અડદ એવા બે પ્રકાર છે.

**black-leg.** ઢોરને થતો એક રોગ, જુઓ *black quarter.*

**black mulberry.** કાળો શેતૂર. *Morus nigra* **L.** નામનું મૂળ ઈરાનનું ઝાડ, જેનાં શેતૂર અન્ય કરતાં મોટાં, કાળાં અને રસદાર હોય છે.

**black musale.** કાળી મૂસળી, *Curculigo orchioides* **Gaertn.** નામની કાયમી શાકીય વનસ્પતિ.

**black mustard.** કાળી રાઈ, *Brassica nigra* **Koch.** નામની ઉત્તરપ્રદેશ, પંજાબ, આન્ધ્રપ્રદેશ, મૈસુર અને તામીલનાડુમાં થતી વનસ્પતિ, જેનાં બી–રાઈ મસાલામાં તથા પ્લાસ્ટર અને પોટીસ બનાવવામાં ઉપયોગી બને છે; અને જેનું તેલ–સરસિયું રસોઈ અને અથાણાંમાં વપરાય છે.

**Black Orpington.** મરઘા-બતકાનો એક પ્રકાર.

**black pepper.** કાળાં મરી, *Piper nigrum* **L.** નામની વનસ્પતિ.

**black plum.** જાબુંનું ઝાડ, જુઓ *Jambolana.*

**Black Prince.** ગુલાબી દ્રાક્ષ.

**black-quarter.** *Pseudo-anthrax* નામનો *Clostrium chauvoei*થી ઢોરને થતો એક રોગ, જેમાં તાવ આવે અને શરીરના પાછલા ભાગમાં સોજા થાય, પછી 48 કલાકમાં જ મરણ પામે.

**black roan.** કાળા અને સફેદ વાળ પરસ્પરમાં ભળી જતા પશુનો બનતો રંગ.

**Black siris.** કાળો શિરીષ; *Albizia odoratissima* (**L.f.**) **Benth.** નામનું મોટું, લગભગ સદા હરિત વૃક્ષ, જેના કાષ્ઠનો ઉપયોગ બળતણ માટે તથા ગાડાં અને તેનાં પૈડાં બનાવવા માટે થાય છે.

**black soil.** ગુજરાત, મહારાષ્ટ્ર, પશ્ચિમ મધ્યપ્રદેશ, આન્ધ્રપ્રદેશ અને તામિલનાડુની 2 થી 20 ફૂટ સુધી ઊંડી, કેલ્શિયમ કાર્બોનિટના મિશ્રણવાળી પોટાશ, મેગ્નેશિયમ અને લોહ ધરાવતી જમીનનો એક પ્રકાર.

**black tea.** આથો આવેલી વ્યાપારી મૂલ્ય ધરાવતી ચાનો પ્રકાર.

**black wattle.** *Acacia decurrens* **Willd** var. *mollis* (*A. mollissima* **Willd.**). નામનું મૂળ ઑસ્ટ્રેલિયાનું ઝાડ, જેની છાલ ચામડાં કમાવવામાં ઉપયોગી બને છે.

**black-wood acacia.** જુઓ *Australian black wood.*

**black zedoary** કાળી હળદી. *Curcuma caesia* **Roxb** નામની પશ્ચિમ બંગાળમાં થતી વનસ્પતિ, જેના કંદનો ઉપયોગ સૌંદર્ય પ્રસાધનમાં થાય છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**bladder.** કોથળી, મૂત્રાશય, ગમે તે કોષ.

**bladderdock.** ખારી ભાજી. *Rumex vesicarius* **L.** નામની શાકીય વનસ્પતિ, જેનાં પાન ખાદ્ય છે.

**blade.** પત્ર, દલ, ફલક, પાનું; ઘાસ કે પાનનો સપાટ ભાગ. (૨) મરઘાની કલગીનો પાછલો ભાગ. (૩) હથિયારનું પાનું. **b. harrow.** વળેલા પાનાવાળું આંતર-ખેડ માટેનું સાધન.

**blanching.** પ્રક્રિયા કરવા અગાઉ ફળ અને શાકભાજીની ગરમી દ્વારા કરાતી માવજત. આ પેદાશોને વરાળ કે ગરમ ઉકળતા પાણીમાં બાફી 10–12 સેકંડ ઠંડા પાણીમાં બોળવામાં આવે છે, અને તેમ કરીને તેમાં રહેલા સૂક્ષ્મ જીવોને દૂર કરવામાં આવે છે; ઉત્સેચકોને નિષ્ક્રિય કરવામાં આવે છે, સોડમ અને પોતમાં સુધારો કરવામાં આવે છે. (૨) કાગળ અને અન્ય આવરણથી ઢાંકીને વનસ્પતિને રંગવિહીન બનાવવામાં આવે છે.

**blanket application.** સમગ્ર વિસ્તાર પર પ્રવાહી કે ભૂકારૂપે રસાયણને છાંટવું–વેરવું.

**Blastania** *cerasiformes.* આંબ કુટામણી.

**blastoderm.** ઈંડામાં અંકુરનું સ્થાન. **blastodermic vesicle.** ભ્રૂણપુટ. **blastodisc.** ઈંડાની જરદીમાં જનન-અંકુર કોષ, જે, નરજન્યુથી ફલિત થાય તો સક્રિય બની વિકાસ સાધે.

**Blattaria.** વંદાની શ્રેણીનું જંતુ.

**bleaching.** વિરંજિત–રંગ વિહોણું કરવું. (૨) હરિત પર્ણનો નાશ કરીને કે વનસ્પતિને સૂર્યનો પ્રકાશ મળતો અટકાવી, તેનો રંગ દૂર કરવાની પ્રક્રિયા. **b. powder.** ક્લોરિનેટેટ લાઈમ. બ્લીચિંગ પાઉડર.

**bleat.** ઘેટાં–બકરાં અને વાછરડાંનો અવાજ.

**bleeding.** વનસ્પતિને થતાં કે કરવામાં આવતા કાપમાંથી, મૂળના દબાણના કારણે પાણીનું થતું સ્રવણ. (૨) રક્તસ્રાવ. **b. from nose.** નસકોરી ફૂટવી.

**blemish.** ડાઘ; દેખાવને અસર કરે છતાં ઉપયોગિતા ઘટાડે નહિ તેવો ડાઘ. **blemished yoke.** ડાઘવાળી જરદી.

**blend.** બંને પિતૃઓનાં લક્ષણો સંતતિમાં ઉતરે તે માટે સંકર કરવું. (૨) ધોરણ-સરની પેદાશ પ્રાપ્ત કરવા બે કે વધારે ઘટકોને મિશ્ર કરવા. **blended.** મિશ્રિત, સંમિશ્ર. **b. character.** સંમિશ્ર લક્ષણ. **b. inheritance.** મા-બાપનાં લક્ષણોનો વારસો. **blendings.** મિશ્રણ.

**Blenheim.** જરદાલુનો એક પ્રકાર **B. Orange.** સફરજનનો એક પ્રકાર.

**Blepheris** *edulis* **Pers.** ઉટીંગણ, ચોપાનીવેલ. (૨) પત્તબનો એક ક્ષુપ, જેનાં બી મૂત્રસ્રાવ, કફ નિસ્સારક અને વાજીકરણ માટે ઉપયોગમાં લેવાય છે. **B.** *mollugiuifolia* **Pers.** ઝીણું ઉટીંગણ.

**Blighia** *sapida* **Koenig.** (*Syn. Cupania sapida* **Voigt**). નામનું મૂળ પ. આફ્રિકાનું પણ હવે તામીલનાડુમાં થતું ફળધારી ઝાડ.

**blight.** પાન કે ખુદ સમસ્ત વનસ્પતિને ચીમળાવી મૂકે તેવો તેને થતો એક રોગ. (૨) વનસ્પતિનાં ફૂલ, પાન, ફળ. ઇ. જેવાં તેનાં અંગોનું થતું મૃત્યુ.

**blind check.** ઈંડામાં પડતી સૂક્ષ્મ ચિરાડ, જે ભાણબત્તીના પ્રકાશ દ્વારા કે બીજા ઈંડાની સાથે સહેજ ટપારવાથી પારખી શકાય છે.

**blind gut.** અન્ધાંત્ર.

**blind teat.** છિદ્ર કે રંધ્રવિનાનું આંચળ.

**blind weed plant.** *Ipomoea aquatica* **Forsk** (*I. reptans* **Poir non** *Convolvulus reptans* **L.**). નામની જલીય શાકીય વનસ્પતિ.

**blister.** ફોલ્લો. (૨) પ્રાણીની અંતઃ-ત્વચામાં બળતરાથી થતી ફોલ્લી. **b. beetles.** વનસ્પતિ ખાતું જંતુ, જેમના શરીરમાં ઍસિડ, કેન્થેરાઇડો હોય છે. **b. in the mouth.** મુખપાક. **bli-**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**stering ointment.** બળતરા કરવા અને તેથી થતી બળતરાના ઈલાજ તરીકે લગાડવામાં આવતો મલમ.

**bloat.** કર્ણવિવર રોગ, જેથી આથવણ થવું લીલું ઘાસ ખાવાથી પ્રાણીના મોંમાં સોજો આવે.

**block.** ખંડ. (૨) વનનો વિભાગ. (૩) ગ્રામ વિકાસ માટેનો નક્કી કરેલાં ગામોનો સમૂહ.

**blood.** રક્ત, લોહી. (૨) પ્રાણી શરીરના બધા ભાગ પર પોષણ અને ઑક્સિજન લઈ જતું અને, નકામાં દ્રવ્યોનું વહન કરતું પ્રવાહી. (૩) વનસ્પતિ અને પ્રાણીની ઓલાદ. **b. bay.** ઘોડાના શરીરનો રાતી છાંયવાળો રંગ. **b. clot.** ઈંડાની મીણબત્તીના પ્રકાશમાં થતી પરીક્ષા દરમિયાન તેમાં જોવામાં આવતો લોહીનો ગઠ્ઠો. (૨) લોહીનો ગઠ્ઠો. **b. fluke.** પ્રાણી શરીરના લોહીનું જંતુ, જે લોહી ચૂસે, જેથી તેનો ભોગ બનેલા પ્રાણીને રક્તક્ષીણતાનો રોગ લાગુ પડે છે. **b.-line.** ઓલાદ, વંશ; સગાઈ, પરિવાર. **b. meal.** લોહીનો ભૂકો, રક્તચૂર્ણ. પ્રાણી–લોહીને સૂકવી તેનો બનાવવામાં આવતો ભૂકો, જેમાં પચવામાં મુશ્કેલ પ્રોટીનનો ૭૦ ટકા હિસ્સો હોય છે. **b. plasma.** રક્તજળ. **B. Red.** *Cassoyne's Scarlet* નામનો સફરજનનો એક પ્રકાર, જે કાશ્મીરમાં થાય છે. **b. rings.** ઈંડાની જરદીમાં દેખાતું વલય. **b. serum.** રક્તજળ. **b. spot.** ઈંડામાં દેખાતો લોહીનો ડાઘ. **b. stock.** ઊંચી ઓલાદના ઘોડા. **b.-sucking insect.** મચ્છર, માખી, જૂ ઇ. જેવું લોહી ચૂસતું જંતુ. **b.-sucking lice.** સસ્તનોની પરજીવી લોહી ચૂસતી જૂ. **bloody discharge.** શરીરમાંથી થતો લોહીનો કે લોહી મિશ્રિત અન્ય દ્રવ્યોનો સ્રાવ. **b. egg.** સફેદી સાથે ભળેલા લોહીવાળું ઈંડું. **b. scours.** વાછરડાને થતો લોહીવાળા ઝાડાનો અતિસાર.

**bloom.** દ્રાક્ષ, પીચ જેવાં ફળોના બાહ્યાવરણની સાથે દેખાતી સુંવાળી સપાટી. (૨) કળી, પુષ્પપુંજ, ફૂલ. (૩) મોસમમાં દેખાતા પાણીના સૂક્ષ્મ સજીવો. (૪) તાજગી, પરિપક્વતાનું જોમ. **b. of fruit.** ફળની તાજગીભર્યું જોમ.

**blossom.** પુષ્પ મંજરી.

**blotch.** વનસ્પતિનું રોગગ્રસ્ત અંગ.

**blow fly.** માખીનો એક પ્રકાર.

**Blue Andalusian.** સ્પેનના મરઘાની એક ઓલાદ.

**blue butterfly.** *Cosmolyce (Polyommatus) baeticus* **L.** નામની કઠોળમાં પડતી ઈયળ.

**blue elephant aloe.** *Agave vera-cruz* **Mill.** નામની વનસ્પતિ, જેના તંતુનાં દોરડાં બને છે.

**blue-green algae.** નીલ-હરિત લીલ.

**blue-gum.** *Eucalyptus globulus* **Labill.** લવંગાદિ કુળના યુકેલિપ્ટસની એક જાતિ, જે નીલગિરિના નામે પણ ઓળખાય છે.

**blue lotus of India.** નીલકમળ. *Nymphaea stellata* **Willd.** નામનું કમલાદિ કુળનું કમળ, જેનાં મૂળ અને બી ખવાય છે.

**Blue Orpington.** ઑર્પિંગ્ટન ઓલાદનું મરઘું.

**blue panic grass.** તૃણકુળનું *Panicum antidotale* **Retz.** નામના ઘાસનો એક પ્રકાર, જે પંજાબ, ઉત્તર પ્રદેશ, અને પશ્ચિમ દ્વીપકલ્પીય વિસ્તારમાં થાય છે.

**blue panicum.** જુઓ *blue panic grass.*

**blue roan.** પ્રાણીના રોગનો એક પ્રકાર.

**blue rock pigeon.** *Columba livia* નામનું ઘર અને ખેતરનું કબૂતર.

**bluestone.** સલ્ફેટ ઑફ કૉપર, મોરથૂથું જુઓ *Sulphate of copper.* **blue vitriol.** મોરથૂથું.

**Blumea.** કપૂરિયો. **Blumea** *amplectens* **DC.** સહદેવ્યાદિકુળનું બરંબી.-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**B.** *balsamifera* **(L) D.C.** (Syn. *Conyza balsamifera* **L.**) સહદેવ્યાદિકુળનું પત્રીકપૂર, કપૂરિયું; જે હિમાલય, આસામ અને ખાસી ટેકરીઓમાં થાય છે. જેનાં પાન સુવાસિત છે, અને જેમાંથી કપૂર બનતું માનવામાં આવે છે. **B.** *eriantha* **DC.** સહદેવ્યાદિ કુળનું નિમૂરડી. **B.** *glomerata* **DC.** સહદેવ્યાદિકુળનું બાંભુરડો, ભમરડો. **B.** *lacera* **DC.** સહદેવ્યાદિકુળનું કપૂરિયું. **B.** *membranaceae* **DC.** સહદેવ્યાદિકુળનું મહાવીર. **B.** *wightiana*. સહદેવ્યાદિકુળનું માંકડમારી.

**boar.** ખસી કરાયા વિનાનું ડુક્કર. **b. pig.** એક વર્ષની હેઠળનું નર ડુક્કર.

**bobbi.** *Calophyllum apetalum* **Willd** (*C. wightianum* **T. Anders.**). નામનું કર્ણાટક, મહારાષ્ટ્ર અને કેરળમાં થતું ખાદ્ય ફળધારી ઝાડ.

**bobtail.** ટૂંકી પૂછડીવાળું (પશુ).

**body.** મોલ્ડબોર્ડ હળનું માળખું. (૨) મધ, ચીઝ, માખણ જેવાં દ્રવ્યની સમાંગતા. (૩) શરીર, દેહ. **b. cell.** દેહકોષ. **b. check.** ગર્ભાશયમાંજ ઈંડું તૂટયું હોય ને તેના કોચલા પર અન્ય દ્રવ્યો જામ્યા હોય તે. **b. louse.** શરીરપર થતી જૂનો પ્રકાર.

**Boehmeria** *diffusa* **L.** સારોડી, વખખાખરો, પુનર્નવા, રાતો વસેડો. **B.** *macrophylla* **D. Don.** ઉત્તરપ્રદેશ અને બિહારમાં થતી વનસ્પતિ, જેના પ્રકાંડના રેસામાંથી માછલાં પકડવાની જાળ બનાવવામાં આવે છે. **B.** *nivea* (**L.**) **Gaud.** આસામ અને પ. બંગાળમાં થતો ક્ષુપ, જેના મજબૂત રેસાના કોથળા, દોરા, દોરડાં, કાગળ અને ગેસ માટેના મેન્ટલ બનાવવામાં આવે છે. **B.** *repanda* **Willd.** સારોડી, વસેડો. **B.** *verticullata* **Poir.** ઓરબો, વખખાખરો, મોડો વસેડો.

**bog.** પંક, કળણ, શેવાળ પંક. **boggy.** શેવાળ પંકિલ.

**boil.** ગૂમડું, વિદ્રધિ.

**boiling point.** ઉત્કલન બિંદુ, ક્વથનાંક; પ્રવાહીનું બાષ્પીભવન થાય તેવું ઉષ્ણતામાન.

**bole.** નાળિયેરીનો નિમ્નતમ પ્રદેશ, ઝાડનું મુખ્ય પ્રકાંડ. જ્યાં મૂળ સ્થાનીય થાય છે. **b. area.** ઝાડના થડના તળનો વિસ્તાર, જે પરિધની ઊંચાઈ સાથેના ભાગાકારથી ગણાય છે.

**boll.** જીંડલુ, જેમાં રૂ હોય છે. **b. period.** જીંડવાં બાઝયા હોય પણ ફૂટયા ન હોય તેવા કપાસના છોડનો સમય.

**bolling.** કપાયેલી શાખાનું ઝાડ.

**bolt.** ચોકસ સંજોગોમાં કાંદા જેવી વનસ્પતિનો અકાળે ફૂટતો અંકુર.

**bolus.** ચાવેલો ખોરાક કે ગળેલી દવાનો લોંદો. (૨) પશુની દવાની મોટી ગોળી.

**Bombaceae.** શાલ્મલ્યાદિ નામનું વનસ્પતિનું કુળ.

**bombardment.** વર્ષા, આવર્ષણ.

**Bombax.** શીમળો. **Bombax** *ceiba* **L.** (Syn. *B. malabaricum* **DC**; *Salmalia malabarica* (**DC.**) **Schott & Endl.**). સિમૂલ, સેમૂર, શીમળો, રાતો શીમળો, જે પંજાબ, ઉત્તર પ્રદેશ, પૂર્વ અને પશ્ચિમ દ્વીપકલ્પીય વિસ્તારોમાં થાય છે, જેનાં ફૂલ ખાદ્ય છે, બીનો ચારો થાય છે, ફળમાંથી મળતું દ્રવ્ય ગાદલાં ભરવામાં ઉપયોગી બને છે. થડમાંથી મળતા ગુંદરનો આસંજક તરીકે ઉપયોગ કરવામાં આવે છે. **B.** *ellipticum* **H. B. & K.** કેસરી શીમળો. **B.** *insigne* **Wall.** સિમૂલ, પશ્ચિમઘાટ, આસામ અને આંદામાનમાં થતું મોટું ઝાડ, જેના કાષ્ઠની દીવાસળીઓ બને છે. **B.** *mori*. જુઓ શેતૂરના પાન ખાતો રેશમનો કીડો.

**Bombay Bold.** મગફળીનો એક પ્રકાર.

**Bombay Green.** ઉત્તર પ્રદેશની વહેલી પાકતી માલ્દા નામની કેરીનો પ્રકાર.

**Bombay hemp.** શણ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**Bombay locust.** *Patanga succincta* **L.** હરિત-પીળાશ પડતાં તીડ.

**Bombay mace.** *Myristica malabarica* **Lamk.** માંથી મળતું હલકા પ્રકારનું જાયફળ.

**Bonavist bean.** વાલ.

**bond.** બંધ, પાશ. **bonding.** બંધક.

**bone.** હાડકું, અસ્થિ; પૃષ્ઠવંશી પ્રાણીઓના હાડપિંજરનો ભાગ. **b. chewing.** મરેલાં પ્રાણીનાં હાડકાં ચાવવાં. **b. marrow.** અસ્થિમજ્જા, ઘણાં ખરાં હાડકાંના વિવરમાં રહેતું નરમ, પીળું કે રાતું દ્રવ્ય. **b. meal.** હાડકાંનો ભૂકો, જેનો ઉપયોગ ખાતર તરીકે થાય છે. **b. products.** સરેશ, ગુંદર, ફોસ્ફેરિક ખાતર, ઓસીન, હાડકાંનો ભૂકો, બટન, કાંસકો, પેપરકટર, સિગરેટ હોલ્ડર, રમકડાં ઇ. જેવી હાડકાંની બનાવટની વસ્તુઓ. **bonyosteo dystokia.** અસ્થિલકષ્ટ પ્રસવ.

**booi.** મરુભૂમિનો ક્ષુપ.

**boom sprayer** વિશાળ વિસ્તાર પર છંટકાવ માટેનું ઘણાં નાળચાંવાળું સાધન.

**boora sugar.** ભારતમાં પ્રાચીન સમયથી બનાવવામાં આવતું બૂરું-ખાંડ.

**boot.** કવચ જેવી દાણા કે ઘાસની ટોચ પરની પર્ણ રચના, જે પુષ્પવિન્યાસ થાય તે અગાઉ તેને આવરી લે છે. **b. stage.** ધાન્ય કે તૃણ વનસ્પતિનો પુષ્પવિન્યાસ થવા અગાઉની અવસ્થા.

**boota.** *Ipomoea hispida* (**Vahl**). **R & S.** (*I. eriocarpa* **R. Br.** *Convolvulus hispidus* **Vahl**). નામની શાકીય વનસ્પતિ જેનાં પાન અને પ્રકાંડ ખાદ્ય છે.

**bor.** જંગલી બોરનું ઝાડ. (૨) ઇન્ડિયા રબર.

**bora.** બોરી, કોથળો; 200–300 પાઉન્ડ રૂ માય તેવો કોથળો. **borah.** કોથળો.

**boracic acid.** બોરિક એસિડ.

**Borassus** *flabellifer* **L.** (Syn. **B.** *flabelliformis* **Murr.**). તાડ; પામાદિકુળનું ઊંચું, ટટ્ટાર, તાડી, નીરો, તાડગોળ અને રેસા આપતું ઝાડ, જેના રેસાના બ્રશ અને સાવરણી બને, પાંદડાંનાં પંખા, છત્રીઓ, ટોપલા-ટોપલીઓ અને સાદડીઓ બને. જે ભારતભરમાં જોવા મળે છે; જેનાં પાન તાડપત્રનો અગાઉ લખવા માટે ઉપયોગ થતો હતો.

**borax.** બોરેક્સ; સોડિયમ ટેટ્રાબોરેટ; મંદ ચેપ રક્ષક તરીકે ઉપયોગી બનતું દ્રવ્ય; ભારે સાંદ્ર હોય તો વનસ્પતિને હાનિ પહોંચાડે છે.

**Bordeaux mixture.** વિવિધ પ્રમાણમાં ચૂનાના પાણીની સાથે કોપર સલ્ફેટ-મોરથૂથાને ભેળવીને બનાવવામાં આવતું ફૂગનાશક દ્રવ્ય. આ મિશ્રણ લાકડાંનાં, માટીનાં કે તાંબાનાં પાત્રોમાં બનાવવામાં આવે છે. 4–4.50 ટકાનું 50 ગેલન જેટલું મિશ્રણ બનાવવા માટે 4 રતલ કોપર સલ્ફેટના ભૂકાને 25 ગેલન પાણીમાં ઓગાળવામાં આવે છે અને બીજા પાત્રમાં 4 રતલ ચૂનાનું પાણી નાંખીને બરાબર હલાવી બંને મિશ્રણોને ત્રીજા પાત્રમાં ભેગાં કરવામાં આવે છે. તાત્કાલિક ઉપયોગ કરવાનો ન હોય તો બંને મિશ્રણોને જુદાં જુદાં પાત્રોમાં રાખવામાં આવે છે. **B. paste.** એક ગેલન પાણીમાં એક રતલ મોરથૂથું ઓગાળવામાં આવે છે, ત્યાર બાદ એક રતલ કળી ચૂનામાં પાણી ઉમેરી એક ગેલન જેટલું બનાવી તેમાં મોરથૂથાનું મિશ્રણ ઉમેરી બંનેનું મિશ્રણ ઝાડના થડને બ્રશ વડે ચોપડી લેવામાં આવે છે, જેથી ઝાડને ફૂગ લાગતી નથી,

**border.** કિનારી, સરહદ. નીચી કિનારીની. બંને બાજુ પર આવેલી જમીનની પટ્ટી, જેમાં સિંચાઈ કરી શકાય છે. (૩) જમીનની હદ પર વાવેલાં ઝાડ કે ક્ષુપ. **b. irrigation.** નીચી કિનારીઓ બનાવી ક્યારી જેવા ખેતરના ભાગ પાડી સિંચાઈ આપવાની પદ્ધતિ. **b. strip irrigation.** જુઓ *border irrigation.*

**borecole.** નોલકોલ કરમ સાગ; *Bra-*

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



*ssica oleracea* **L.** var. *acephala* **D.C.** રાજકાદિકુળની શાકીય વનસ્પતિ, જેનાં પાન ભાજી તરીકે ખવાય છે.

**boric acid.** જંતુઘ્ન બોરિક ઍસિડ.

**boring.** પાણી મેળવવા જમીનમાં કરાતું શારકામ. (૨) શારકામ બાદ પાણી મળતા બનાવેલો કૂવો.

**boro.** વસંત ડાંગર.

**boron.** બોરોન; બોરેટ ($BO_3$) તરીકે વનસ્પતિને મળતું પોષક દ્રવ્ય, જે મૂળ દ્વારા શોષાતા કેલ્શિયમ સાથે સંબંધ ધરાવે છે અને પ્રોટીન સંશ્લેષણ, પોટેશિયમ ચયાપચયની સાથે પણ તેનો સંબંધ છે. **b. defficiency.** બોરોનની ઊણપથી વનસ્પતિને થતો રોગ.

**Borrelia** *anserina.* કુંતલાણુથી ઢોરને લાગુ પડતો એક પ્રકારનો રોગ. **B.** *gallinarum.* રક્ત વિષાણુતાથી પક્ષીઓને થતો એક રોગ. **B.** *hispida.* **Schum.** મધુરી જડી. ખરસટ શંખલો; મંજિષ્ઠાદિ કુળની એક વનસ્પતિ.

**Bos** *bubalis.* ભેંસ. **B.** *indicus.* ભારતીય ગોવંશીપ્રાણી. **B.** *taurus.* ખૂંધ વિનાનું યુરોપનું ગોવંશીપ્રાણી.

**Boswellia** *serrata* **Roxb. ex Colebr.** ગૂગળ, લોબાન; સાલેડી, ગુગ્ગુલાદિ કુળનું ઝાડ; જેની છાલ ચામડાં કમાવવા ઉપયોગી બને છે; જેનું ગુંદર જેવું દ્રવ્ય-રંગ બનાવવા, તથા સંધિવા તથા ધૂપ કરવા ઉપયોગમાં આવે છે. ફૂલ અને ળી ખાદ્ય છે. કાષ્ઠમાંથી પાટિયાં બનાવાય છે. મધ્યપ્રદેશનું કાગળનું કારખાનું-નેપા ફેક્ટરી આ વૃક્ષના કાષ્ઠનો ઉપયોગ કરે છે.

**bot.** બોટ નામની માખનું ડિમ્ભ. **b. fly** *Oestridae* કુળની માખી.

**botanic garden.** વૈજ્ઞાનિક મૂલ્ય ધરાવતો વનસ્પતિ ઉદ્યાન. **Botany.** વનસ્પતિ વિજ્ઞાન; વનસ્પતિની દેહરચના, કોષવિજ્ઞાન, આકારવિદ્યા, ફૂગવિજ્ઞાન, પુરાવનસ્પતિશાસ્ત્ર, વનસ્પતિ રોગવિજ્ઞાન, દેહધર્મવિદ્યા, વનસ્પતિ ભૂગોળ, નામકરણ વિદ્યા છે. બાબતોના અભ્યાસને આવરતું વિજ્ઞાન.

**Bothriochloa** *insulpta* (**Hochst.**) *A. camus.* તૃણકુળનું મૂળ આફ્રિકાનું કાયમી ઘાસ, જે જમીન સંરક્ષણ માટે ઉપયોગી બને છે. **B.** *odorata* (**Lisboa**) *A. camus.* તૃણકુળનું સુવાસિત ઘાસ. **B.** *pertusa* (**L.**) *A. camus* [Syn. *Andropogon pertusus* (**L.**) **Willd.**]. સધીરઃ તૃણકુળનું ઉત્તર પ્રદેશમાં થતું ઘાસ.

**Botryodiplodia** *theobromae.* ચાના છોડ અને સિંકોનાના થડનો વેધક કીટ.

**botryose.** વનસ્પતિ નિર્માણક ફૂલ, ગુચ્છાદાર ફૂલનો છોડ.

**Botryosphaeria** *ribis.* સફરજનના પ્રકાંડનો વેધક કીટ.

**bottle cap.** બાટલીનો બૂચ.

**bottle gourd.** દૂધી; *Lagenaria siceraria* (**Mol.**) **Standl.** [*L. leucantha*; *L. vulgaris* **Seringe**]. નામનો શાક તરીકે ઉપયોગમાં લેવાતા ફળનો વેલો. દૂધીનો ઉપયોગ હલવો બનાવવામાં પણ થાય છે. **b. g. plume moth.** *Sphenarches caffer* **Z.** પટોલાદિકુળની વનસ્પતિમાં પડતી કાંટાળી ઇયળનો પ્રકાર.

**bottom.** મોલ્ડબોર્ડ હળનું પાનું, ચોકઠું ઇ. સમેતનો હળનો ભાગ. (૨) તળિયું. **b. bar.** હળના ચોકઠાનો દાંડ. **b. dwelling fauna.** તળાવોના તળિયે કાદવમાં રહેતાં પ્રાણીઓ **b. feeder.** પાણીના તળિયે ખોરાક મેળવતી માછલી.

**botulism.** સાચવણી કરેલા ખોરાકી દ્રવ્યો કે પશુઆહારમાં થયેલું વિષીકરણ, જે પ્રાણહારક છે.

**Bouea** *oppositifolia* (**Roxb.**) **Meissn.** ખાદ્ય ફળધારી વૃક્ષ. આમ્રાદિ કુળનું ખાદ્ય ફળધારી ઝાડ.

**Bougainvillea** *buttiana* **Hoittum & Standley.** *Nyctaginaceae*

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ફુળનો કાંટાળો બોગનવેલ નામનો વેલો. **B.** *glabra* **Chois.** બગીચાની વનસ્પતિ. **B.** *spectabilis* **Willd.** બોગનવેલ.

**bough.** ડાળી.

**bougie.** સંકોચાયેલા અંગને પહોળું કરનાર સાધન, બૂજી. **b. ulterine.** ગર્ભાશય બૂજી.

**boulder.** ગોળાશ્મ, મોટો ગોળ 10–12 ઈંચ વ્યાસનો પથ્થર.

**bouli.** જુઓ *kinkur.*

**boundary.** સરહદ. **b. mark.** સીમાચિહ્ન.

**bound moisture.** કોષ દીવાલનાં કાષ્ઠીય તત્ત્વોની સાથે સંકળાયેલો ભેજ, જેથી બાષ્પ દબાણ હળવું બને છે. **b. water.** બદ્ધ જલ; કલિલનું પાણી, જે સહેજમાં ઠરી જતું નથી.

**Boussingaultia** *baselloides* **H. B. & K.** મહારાષ્ટ્ર અને દ. ભારતની આરોહી શોભાની વનસ્પતિ.

**Bovicola** *bovis.* ઢોરને કરડતી જૂ. **B.** *caprae.* બકરાંને કરડતી જૂ. **B.** *equi.* ઘોડાને કરડતી જૂ. **B.** *ovis.* ઘેટાને કરડતી જૂ.

**Bovimyces** *pleuro-pneumoniae.* ગોવંશી પ્રાણીને લાગુ થતો એક રોગ.

**bovine.** ગોવંશીય. (૨) ગોવંશી (*Bovidae* કુળ) પ્રાણી ગાય, સાંઢ ઇ. **b. mastitis.** દૂધાળાં ઢોરનાં આંચળનો થતો એક રોગ, જેમાં ઢોરને તાવ આવે છે, જેની દૂધ પર માઠી અસર થાય છે. **b. mycotic abortion** *Absidia ramosa* નામની ફૂગના ચેપથી ગોવંશી પ્રાણીને થતો ગર્ભપાત. **b. tuberculosis.** *tubercle bacillus* નામના જીવાણુથી ઢોરને થતો ક્ષયરોગ.

**bowel.** આંતરડું.

**box.** પેટી, મંજૂષા, કોષ્ઠ. **b. hive.** ખસેડી ન શકાય તેવો મધપૂડો. **b. myrtle.** કાયફળ. **b. stall** બાંધ્યા વિના પશુને પૂરી શકાય તેવું સ્થાન, પેટી–તબેલો.

**brace.** બંધની. (૨) હળનો દાંડો. (૩) ટેકણ, ટેકો આપતી યુક્તિ. **b. roots.** અવલંબન મૂળ, હવાઈ મૂળ.

**Brachiaria** *brizantha* (**Hochst.**) **Stapf.** તૃણકુળનું કાયમી ઘાસ, જે જમીનને બાંધે છે, જે ધાસપાત થવા દેતું નથી. **B.** *deflexa* (**Schumach**) **C.E. Hubb. ex Robyns.** તૃણકુળનું ઉત્તર પ્રદેશ, અને પંજાબમાં થતું ઘાસ, જેના દાણા અછતમાં ખવાય છે : **B.** *mutica* (**Forsk.**) **Stapf.** અંગ્રેજીમાં *Para grass* તરીકે ઓળખાતું તૃણકુળનું મૂળ દ. અમેરિકા અને પશ્ચિમ આફ્રિકાનું આસામ, દ. ભારત, મહારાષ્ટ્ર અને દિલ્હીમાં થતું ઘાસ.

**brachiate** શાખાયુક્ત, શાખિત; એકાંતર બાજુએ સામસામી શાખાવાળું.

**Bracbus** *audis.* કઠોળમાં પડતું જંતુ. **B.** *phaseoli.* કઠોળનું જંતુ.

**Brachycome** *iberidifolia* **Benth.** શોભા માટે વાવવામાં આવતી વનસ્પતિ.

**brachy meiosis.** લઘુ અર્ધસૂત્રીકરણ.

**brachysm** આંતરગાંઠને ટુંકાવીને વનસ્પતિને વામન બનાવવાની પ્રક્રિયા.

**Brachytrypes** *achatinus* **Stall.** મકાઈમાં પડતું જંતુ.

**bracken.** હિમાલયમાં 4,000થી 12,000 ફૂટની ઊંચાઈ પર થતી હંસરાજ વનસ્પતિ.

**bract.** નિપત્ર, પુષ્પપર્ણ. **b. scale.** નિપત્ર શલ્ક. **bracteate.** સપુષ્પપર્ણ, નિપત્રી. **bracteole.** નિપત્રચક્ર, નિપત્રી. **hractlet.** નિપત્ર ચક્ર.

**Brahma.** હલકું, કાળું મરઘું.

**Brahmani.** ગોવંશી પ્રાણી.

**brahmi sag.** છીછરા પાણીમાં થતી શાકીય વનસ્પતિ.

**brain.** મગજ, મસ્તિષ્ક (૨) ચેતાતંત્રનું કેન્દ્ર; પૃષ્ઠવંશી પ્રાણીઓમાં કરોડરજ્જુના અંતઃસ્થ છેડા પર આવેલું ચેતા દ્રવ્યનું દળ.

**brake horse-power.** ચાલક ચક્ર પર બ્રેક દ્વારા મપાતું એન્જિનનું ઉપયોગી બળ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**brakish.** ખાંભરું પાણી.

**bramble.** કાંટાળો આરોહી ક્ષુપ. (૨) *Rubus* પ્રજાતિ અને પદ્મકુલાદિ કુળની બ્લેક બેરી કે રાસ્પબેરી જેવી વનસ્પતિ.

**bran.** થૂલું, બીનાં છોતરાં. **b. bait.** જંતુ મારવા માટે થૂલું, વિષ અને ગળપણવાળું મિશ્રણ. **b. mash.** થૂલાનો પ્રાણી આહાર.

**branch.** શાખા, ડાળી; વનસ્પતિના મૂળ પ્રકાંડ – થડનું પાર્શ્વીય અંગ. **branching.** શાખાવિન્યાસ. **branchlet.** નાની શાખા, ડાળખી.

**brand.** ઢોર, ઘોડા અને ઘેટાં – બકરાંને ઓળખ માટે ગરમ લોખંડથી ડામ આપી લગાવવામાં આવતું ચિહ્ન. (૨) લોખંડનું બીબું, જેથી પ્રાણીને ચિહ્નિત કરવામાં આવે છે. (૩) વસ્તુઓને લગાવવામાં આવતો મારકો – ચિહ્ન. **branding equipment.** પ્રાણીઓને ચિહ્નિત કરવા માટેનું ઉપકરણ.

**brashy soil.** ખરબચડા, અણીદાર પથ્થરવાળી જમીન.

**Brassica** *alba* (**L.**) **Boiss.** સફેદ રાઈ. **B.** *campestris* **L.** *var. dichotoma* **Watt.** કાળો સરસવ, પંજાબમાં થતી તેલીબિયાંની વનસ્પતિ. **B.** *campestris* **L.** *var. sarson* **Prain** (*Syn B. compestris* **L** *var galuca* **Duth & Full**). પીળો સરસવ, રાઈકાદિકુળની તેલીબિયાની વનસ્પતિ જે ઉત્તરપ્રદેશ, પંજાબ, બિહાર અને આસામમાં થાય છે. જેનું તેલ રસોઈ તથા દીવાબત્તીમાં ઉપયોગી બને છે; ખોળ ઢોરને અપાય છે. **B.** *compestris var. rapa*, જુઓ *turnip*; સરસવ. **B.** *compestris var. sarson*, પીળો સરસવ. **B.** *campestris var. toria* સરસવ. **B.** *chinensis*. ઉત્તર ભારતના ડુંગરાળ પ્રદેશોમાં થતી વનસ્પતિ. **B.** *hirta* **Moench.** (*Syn B. alba* (**L.**) **Boiss**). સફેદ રાઈ, કુમળાં પાન અને કળી ખવાય છે. બીનું જાડું તેલ મળે છે. **B.** *Juncea* (**L.**) **Czern & Coss.** રાઈ, જેનું તેલ રસોઈમાં ઉપયોગી છે, અને જે પ. બંગાળ અને ઉત્તરપ્રદેશમાં થાય છે. **B.** *juncea* (**L**) **Czern & Coss.** *var. cuneifolia* **Prain.** (*Syn*, **B.** *Engosa* **Prain** *var. cuneifolia* **Prain.**). નૈનીતાલ, ઉત્તર પ્રદેશ, પ. બંગાળ અને આસામમાં થતી રાઈ. **B.** *napus* **L.** સફેદ રાઈ, જેનાં પાન ખાદ્ય છે, જે પંજાબ, પ. બંગાળ અને બિહારમાં ઉગાડાય છે. **B.** *nigra*. પંજાબ, (**L.**) ઉત્તર પ્રદેશની કાળી રાઈ. **B.** *oleracea* **L.** *var. acephala* **D.C.** કરમસાગ નામની આસામ, કાશ્મીર, મહારાષ્ટ્ર અને ગુજરાતમાં થતી વનસ્પતિ. **B.** *oleracea* **L.** *var. botrytis* **L.** રાઈકાદિકુળનું કોબી ફ્લાવર. **B.** *oleracea* **L.** *var. capitata* **L.** રાઈકાદિકુળની કોબી. **B.** *olercear* **L.** *var. caulorapa*. રાઈકાદિકુળનું નોલકોલ. **B.** *oleracea* **L.** *var. gemmifera* **D.C.** રાઈકાદિકુળની કોબી. *B. oleracea* **L.** *gongylodes* (*Syn var. caulorapa* **Pasq.**) નોલકોલ. **B.** *pekinensis* (**Lour**) **Rupr**, ચિનાઈ કોબી. **B.** *rapa* **L.** (*Syn. B. campestris* **L.** *var. rapa* **Met.**) શલગમ, જે પંજાબ અને ઉત્તરપ્રદેશમાં થાય છે. **B.** *rugosa var. cuneifolin*. મોટા પાનની રાઈકાદિકુળની રાઈ. **brassicas.** રાઈકાદિકુળની કોબી, શલગમ, નોલકોલ, ફ્લાવર, સરસવ, રાઈ ઇ. જેવી વનસ્પતિઓ.

**braxy.** ઘેટાંને થતો સોજા જેવો રોગ, જેમાં રોગી પ્રાણીનું એકાએક મરણ નીપજે છે.

**Brazil cherry** મૂળ બ્રાઝિલનું પણ હવે નીલગિરિમાં થતું ફળ.

**Brazilian lucerne.** પલાશાદિકુળનું મૂળ બ્રાઝિલનું ઘાસ; રજકો.

**breadfruit.** *Artocarpus altilis* (**Park.**) **Fosb** (*A. communis*

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**Forst**; *A. incisa* **L.F.**). નામનું મુખ્યત્વે દ. ભારતમાં થતું ફળ, જેમાં 28 ટકા શર્કરા, 'એ' અને 'બી' પ્રજીવકો હોય છે; ફળ રસોઈમાં વપરાય છે અને કાષ્ઠ ઈમારતી કામમાં આવે છે. **b.f. fruit rot** *Phytophthora palmivora*થી એકફૂટને થતો રોગ. **b.f. pink disease.** (*Corticium salmonicolor* નામના જંતુથી એકફૂટને થતો એક રોગ. **b.f. soft rot** *Rhizopus artocarpi*થી એકફૂટને થતો રોગ. **bread tree.** જુઓ *bread fruit*

**bread grain.** રોટલી બનાવવા લોટ થઈ શકે તેવું ધાન્ય.

**bread wheat.** *Tritium veulgare* નામનો ઘઉંનો પ્રકાર.

**bread yeast.** રોટીની યીસ્ટ.

**break** ઊનનું નબળું સ્થાન. (૨) ઘેટા જેવા પ્રાણીને પલોટવાની પ્રક્રિયા. (૩) કુંવારી કે પડતર જમીનને ખેડવી.

**breast.** સ્તન, થાન, સ્તનપ્રદેશ; ગળું અને પેટ વચ્ચેનું શરીરનું અંગ. (૨) મરઘાં – બતકાં અને ઘેટાંનું છાતીનું હાડકું, અને તેની આસપાસનો માંસલ ભાગ. (૩) મોલ્ડબોર્ડ હળનો અગ્રભાગ.

**breech.** પૂંછડીના તલથી પગ સુધીનો પ્રાણીના શરીરનો ભાગ. (૨) ઘેટાના પાછલા અંગ પર થતું ઊન.

**breed.** ઓલાદ. (૨) સમાન મૂળ અને અન્ય પ્રાણી કરતાં ભિન્ન લક્ષણો ધરાવતો પ્રાણી સમુદાય. (૩) નિયંત્રણ-દ્વારા વનસ્પતિ અને પ્રાણીઓનાં લક્ષણોમાં સુધારણા કરવી. સંવર્ધન કરવું. **b. association.** પ્રાણીની ઓલાદ સુધારણા માટેની સંસ્થા, જે ઓલાદ સુધારણાનાં લક્ષણો, ધોરણો નક્કી કરી તે અનુસારનાં પ્રાણીઓની નોંધ રાખે છે. **b. character.** કોઈ વનસ્પતિ કે પ્રાણીની ઓલાદને ભિન્ન દર્શાવતી માહિતીની વિગતો, ઓલાદનાં લક્ષણો. **breeder.** પ્રજનન માટે લૈંગિક રીતે તૈયાર થયેલી માછલી. (૨) પશુસંવર્ધન અને ઓલાદ સુધારણા નિષ્ણાત. (૩) ઓલાદ સુધારણા કે સંવર્ધન માટેની વનસ્પતિ, પ્રાણી. **b. in-and-in.** નજીકનું સગપણ ધરાવતાં પ્રાણી કે વનસ્પતિ વચ્ચેનું પ્રજનન. **breeding.** સંવર્ધન, પ્રજનન, ઓલાદ સુધારણા. (૨) વનસ્પતિ કે પ્રાણીની સુધારણા કે પરિવર્તનના અભ્યાસનું વિજ્ઞાન. **b. chute.** લાકડાનો માચડો, જે ગાય, ભેંસ કે અન્ય પ્રકારની માદાને નર સાથેના લૈંગિક યુગ્મન માટે જકડી રાખે છે. **b. index.** ડેરી પશુના ગર્ભાધાન દીઠ લૈંગિક યુગ્મનની સરેરાશ સંખ્યા સૂચક માહિતી. આ સંખ્યા સરેરાશ કરતાં વધે તો ગાય કે સાંઢનું નિયમન કરી શકાય છે. **b. pond.** મત્સ્ય સંવર્ધન માટેનું કાયમી કે મોસમી જલસંગ્રહ સ્થાન. **b. out** સંતતિમાં એક સરખી રીતે અનિચ્છનીય લક્ષણો દૂર કરવા. **b. true.** સંતતિમાં એક સરખાં લક્ષણો આપવાની ક્ષમતા. **b. type.** સંવર્ધન લક્ષણ.

**bressia.** ખરબચડા અને અણિયાળા ટૂકડા જોડાઈને બનેલો પથ્થર.

**brewer's yeast.** જુઓ *yeast.*

**brewery.** આસવની.

**Bridelia** *retusa.* **Spreng.** એકલ-કંટો. આમકલ્યાદિકુળનું રાજસ્થાન, મધ્ય પ્રદેશ, પશ્ચિમ દ્વીપકલ્પીય વિસ્તાર અને બિહારમાં થતું ખાદ્ય ફળવાળું ઝાડ **B.** *stipularis* **H & A.** પથ્થર પોટ.

**bridge grafting** રોગગ્રસ્ત કે નુકસાની થવાથી વનસ્પતિને બચાવવા ઉપયોગમાં લેવામાં આવતી કલમની એક પદ્ધતિ, જેમાં કલમના બંને છેડા નુકસાન-વાળા ભાગ પર સેતુરૂપ બને તેમ આલમાં ખોસવામાં આવે છે; જોડાણ થઈ જતાં કલમ ઊગી વિકાસ પામે છે.

**bridie.** જુઓ *clevis.*

**Bright Red Burbank.** જાપાનમાં થતા પ્લમનો એક પ્રકાર.

**Brilliant Gardenia.** દીકામરી.

**brilliantly clear juice.** ચોખ્ખો

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ફળ રસ.

**brimstone.** ગંધક.

**brine.** ખારું જળ, સમુદ્રનું જળ.

**brinjal.** રીંગણ, વેંગણ; *Solanum melongena* **L.** *var. esculentum.* નામની શાકીય વનસ્પતિ. **b. bacterial wilt.** *Pseudomonas solanacearum* નામના જંતુથી રીંગણને થતો જીવાણુજન્ય રોગ. **b. blight.** *Pellicularia (Sclerotium) rolfsii*થી રીંગણને થતો રોગ. **b. bud worm.** *Gnorimoschema (Phthorimaea) glapsigona* **M.** નામનું રીંગણનું જંતુ. **b. damping off.** *Pythium* **spp.** *Phytophthora* **spp.** અને *Pellicularia filamentosa*થી રીંગણીને થતો રોગ. **b. dry root rot.** *Macrophomina phaseoli* થી રીંગણીને થતો રોગ, જેમાં તેનાં મૂળ મરી જાય છે; **b.** *early blight. Alternaria solani*થી રીંગણીને થતો રોગ. **b. leaf caterpillars.** *Eublema olivacea* **M;** *Psara bipunctalis* **F.** *Phycita clientella* **Z.** નામની રીંગણમાં પડતી ઈયળો. **b. leaf-eating beetle.** *Epilachna spp.* નામનો રીંગણીનો કીટ **b. leaf spot** *Cercospora melongenae* ફૂગથી રીંગણને થતો રોગ. **b. leaky fruit rot.** *Pythium aphanidermatum*થી રીંગણને થતો રોગ. **b. little leaf virus.** રીંગણને થતો વિષાણુજન્ય રોગ. **b. phomopsis blight and fruit rot.** *Phomopsis vexans* થી રીંગણને થતો રોગ. **b. powedery mildew.** *Erysiphe cichoracearum* **D C** નામથી ફૂગથી રીંગણને થતો એક રોગ. **b. shoot and fruit borer.** *Leucinodes orbonalis* **Guen.** નામનો રીંગણીના પ્રકાંડ અને ફળનો વેધકકીટ. **b. stem borer.** *Euzophera perticella* **R.** નામનો રીંગણના પ્રકાંડનો વેધક કીટ. **b. sucking insects.** *Eurentius echinus* **D.** અને *Phenacoccus insolitus* **G.** નામનાં રીંગણનો રસ ચૂસતા કીટ.

**brisket.** ચોપગા પશુના આગલા પગ વચ્ચેની છાતી, અધરવક્ષ. (૨) આ ભાગનું માંસ.

**bristle.** દૃઢ લોમ. (૨) ડુક્કરના કડક આણીવાળા વાળની સંખ્યા, પ્રમાણ ઇ, પ્રાણીના પ્રકાર, દેશકાળ અને વાતાવરણ પર આધાર રાખે છે. વર્ષમાં બે વાર તે કાઢવામાં આવે છે· (૨) વનસ્પતિ પરના કાંટા જેવા પ્રવર્ધ. **bristly foxtail.** તૃણકુળનું *Setaria verticillata*(**L.**)નામનું તામીલનાડુ અને આન્ધ્રપ્રદેશમાં થતું ઘાસ.

**brix.** શેરડીના રસમાં ઘનદ્રવ્યની ટકાવારી, જે **brixometer**થી જાણી શકાય છે. **brixometer.** શેરડીના રસના ઘનદ્રવ્યો જાણવાનું–માપવાનું સાધન.

**broad-base ridge terrace.** જમીન સંરક્ષણની પાળા પદ્ધતિ, જેમાં ઓછા વરસાદવાળી જમીનની બંને બાજુએ નીચો પહોળો પાળો બનાવવામાં આવે છે.

**broad bean.** *Vicia faba* **L.** (*Faba vulgaris* **Moench**). નામની વાયવ્ય ભારતમાં થતી શાકીય વનસ્પતિ. **b.b. leaf spot.** *Alternaria brassicae phaseoli*થી બ્રોડબીનને થતો રોગ. **b. b. powedery mildew.** *Erysiphe polygoni* ફૂગથી બ્રોડબીનને થતો રોગ. **b. b. rust.** *Uromyces fabae* નામની ફૂગથી બ્રોડબીનને થતો એક રોગ.

**broadcast.** વનસ્પતિ વાવવા વેરેલું (બી). (૨) બી વેરવું.

**broccoli.** કોલિફ્લાવર.

**broiler.** 8–13 અઠવાડિયાંનું $\frac{3}{4}$ થી $2\frac{1}{2}$ રતલ વજનવાળું નર બચ્ચું. **b. mash.** બચ્ચાંનો ખોરાક.

**broken orange pekoe.** ઓરેંજ-પીકો નામની ચાનો પ્રકાર. **b. pekoe.** ચાનો એક પ્રકાર. **b. tea.** ચાનો એક

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રકાર.

**broken rice.** કણકી.

**Bromelia** *comosa.* અનેનાસાદિ કુળની વનસ્પતિ). *Bromelia ananas.* અનેનાસાદિકુળનું અનેનાસ,

**Bromus** *catharticus* **Vahl.** તૃણ-કુળનો ઘાસચારો.

**bronchi.** (બ.વ.) શ્વાસનળી. **bronchia** પ્રત્યેક શ્વાસનળીની શાખા. **bronchiole.** શ્વાસનળીનો પેટા-વિભાગ. **bronchitis.** શ્વાસનળીના સોજાનો રોગ જેમાંથી ન્યૂમોનિયા પણ થાય છે, ફેફસાંની પેશીમાં જીવાણુ-વૃદ્ધિથી આ રોગ થાય છે, જેમાં શરદી થાય અને નાકમાંથી શ્લેષ્મીય સ્રાવ થાય. **broncho-pneumonia.** શ્વાસનલિકા ફુપ્ફુસશોથ; શ્વાસનળી અને ફેફસાંનો સોજો, જેમાં તાવ આવે, શ્વાસ ભારે થાય. સફેદ શ્લેષ્મ સ્રવે, નાડીનો વેગ ઝડપી બને, અને રોગ ઉગ્ર હોય તો રોગી પ્રાણીનું મરણ પણ થાય; યોગ્ય સારવારથી બે અઠવાડિયાંમાં મટે પણ ખરો. **broncho-pulmonary.** શ્વાસનળી અને ફેફસાંને લગતું. **bronchus** (એ. વ.) (**bronchi** બ.વ.) શ્વાસનળી.

**brood** સંતત બચ્ચું. (૨) ગમે તે પ્રાણીનું બચ્ચું. (૩) મધમાખીનાં ઈંડાં, ડિમ્બ અને કોશેટા. (૪) ઈંડાં સેવવા કે વાતાવરણથી તેમને રક્ષવા. (૫) સંવર્ધન માટે રાખેલું પ્રાણી. (૬) ઈંડાં સેવવા તે પર બેસતી મરઘી. **b. capping.** મધપૂડામાં છિદ્રવાળા દ્રવ્યથી તેનાં ખાનાં બંધ કરવા માટેનું દ્રવ્ય. **b. cell.** મધમાખીના ડિમ્બનો ઉછેર કોષ. **b. chamber** મધમાખનાં બચ્ચાંનો ઉછેર કોષ્ઠ. **b. comb.** મધપૂડામાં લાકડાને બનાવેલો કોષ્ઠ. **b. frame.** ઈંડાં સેવવાનું લાકડાનું ચોકઠું. **b. nest.** જુઓ **brood comb. brooder.** ઈંડાંને કૃત્રિમ રીતે સેવવાનું સાધન, જેથી ઉષ્ણતામાનનું નિયમન કરાય છે, નિયમિત હવાની અવર જવર કરાય છે, ચેપ સામે રક્ષણ અપાય છે અને યોગ્ય બળતણથી આવશ્યક ગરમી અપાય છે. **b. house.** જુઓ **brooder. broodiness.** ઈંડાં પર સતત બેસવાનો પ્રયત્ન કરતી મરઘી અંગેનું. **brooding.** ઈંડાંમાંથી બચ્ચું નીકળે ત્યારથી તે પુખ્ત બને ત્યાં સુધી કૃત્રિમ કે કુદરતી રીતે તેમનો કરવામાં આવતો ઉછેર. **b. coop.** મરઘી અને બચ્ચાંને શત્રુઓ, હવામાન, ઇ.થી રક્ષવા તથા તેમને નિયમિત સૂકી હવા, પ્રકાશ ઇ. મળે તે માટેનું પાંજરું. **b. hen.** ઈંડાં સેવતી અને બચ્ચાંને ઉછેરતી મરઘી.

**broom rape.** *Orobanche ...nua* **Loef L.** *var. desertorum* **Beck.** તમાકુ અને રીંગણ પર આક્રમણ કરતો પરજીવી જંતુ (૨) *Orobanche cernua* અને *Orobanche indica* નામનો રીંગણીનો પરજીવી.

**Broussonetia** *papyrifera* (**L.**) *L'He'ritier in* **Vent.** ઉત્તર ભારતનું એક વૃક્ષ જેના મજબૂત રેસાના કાગળ, કાગળનાં ફાનસ અને છત્રીઓ બનાવવામાં આવે છે.

**brown.** બદામી. **b. algae** ભૂરી લીલ. **b. hay.** અતિ ભેજવાળા વાતાવરણમાં રાખેલું ઘાસ, જે આથવાણથી બદામી રંગનું બને. **b. hemp.** જુઓ *mesta.* **b. knol khol.** નોલકોલનો એક પ્રકાર. **b. leaf spot.** ભૂરો પર્ણ ડાઘ. **b. sarson.** રાજીકાદિકુળનું. *Brassica campestris* **L.** *var. dichotoma* **Watt.** તેલીબિયાં. સરસવ, શલગમ. **b. sugar.** શેરડીનો રસ કરે ત્યારે ઠરતી આસણી પર લાકડાનું સાધન ઘસતાં થતી ખાંડ; વધારે ગરમી આપતાં તેનો ગોળ બને.

**Brownea** *ari...a* **Benth.** પૂતિકરંજાદિ કુળનું શોભા માટેનું નાનું ઝાડ. **B.** *coccinea* **Jacq.** મૂળ વેસ્ટ ઇન્ડિઝનું ઝાડ. **B.** *grandiceps* **Jacq.** મૂળ વેસ્ટ ઇન્ડિઝનું ઝાડ.

**Brownian movement.** અતિ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સૂક્ષ્મદર્શકથી નિલંબિત કલિલમાં જોવામાં આવતી વ્યાસૂતકણોની આડી અવળી હલ–ચલ.

**browse** ઘાસ, પ્રરોહ, ડાળાં અને વનસ્પતિના અન્ય કુમળા ભાગ ચરી ખાવા. (૨) આવી રીતે ચરવામાં આવતી વનસ્પતિ.

**Brucella.** ગોળ દંડાણુ, જે માનવી અને પશુને રોગગ્રસ્ત કરે છે. **B.** *abortus.* ગર્ભપાત ગોળ દંડાણુ. **B.** *melitensis.* અન્નજ્વર ગોળ દંડાણુ. **brucellosis.** ગોળ દંડાણુથી પશુમાદાને થતો ગર્ભપાત.

**Bruguiera** *conjugata* (**L**) **Merr.** (*Syn* **B.** *gymnorrhiza* (**L.**) **Lamk.** *Rhizophora gymnorrhiza* **L.**). પ. બંગાળ અને આંદામાનમાં ભરતી-વાળી ભૂમિમાં થતું ઝાડ, જેની છાલ ચામડાં કમાવવાના કામમાં આવે છે. **B.** *cylindrica* **Wight & Arn** (*Syn. B. caryophylloides* **Blume**). એક ઝાડ, જેની છાલ ચામડાં કમાવવા ઉપયોગી બને છે. **B.** *parviflora* **Wight & Arn.** આંદામાનનું ઝાડ, જેનાં પાન અને છાલ ચામડાં કમાવવા ઉપયોગી બને છે.

**bruise.** ઉઝરડો; ઘા પડ્યા વિના પેશીને થતી ઈજા.

**Brunfelsia** *americana* **L.** બગીચામાં વાવવામાં આવતો શોભનો ક્ષુપ. **B.** *hopeana* **Benth.** (*Syn. Franciscea hopeana* **Hook**) શોભાનું નાનું ઝાડ. **B.** *latifolia* **Benth.** બગીચામાં ઉગાડવામાં આવતું શોભાનું ઝાડ.

**brush.** કાષ્ઠ પેદા ન કરતાં ક્ષુપ કે વૃક્ષ. (૨) ગાય કે ઘોડાના પૂંછડાનો છેવાડે આવેલો વાળવાળો ભાગ. (૩) ઘઉંના કણસલાનો ટોચનો ભાગ. **b. drag.** જુઓ *brush harrow.* **b. harrow.** લાકડાના ઢીમચાને લગાડેલા ટૂંકા અને કડક ડાંખળાની ખરપડી. **b. matting.** ભેજ જાળવવા અને ધોવાણ થતું અટકાવવા જમીન પર ડાળાં પાંખળાં પાથરવાની યુક્તિ. **b. wood.** નીચા છોડની વૃદ્ધિ. (૨) ઝાડનાં પડેલાં કે કાપેલાં ડાળખાં ઇ.

**brushing.** સેવેલા રેશમના કીડાને એકઠાં કરવાની પ્રક્રિયા.

**Brussel's sprouts.** *Brassica oleracea* **L.** *var. gemmifera* **D.C.** કોબી માફક વાવવામાં આવતું અને બેલ્જિયમમાં વિકસાવવામાં આવેલું મહારાષ્ટ્ર અને ગુજરાતમાં થતું કોબી જેવું શાક.

**Bryonoposis** *laciniosa* **Nand.** શિવલિંગી નામની પટોલાદિકુળની વનસ્પતિ.

**Bryophyllum** *calycinum* **Salisb.** પાન ફૂટી, ઘામારી.

**Brytophytum** *sensitivum.* ઝરેરા.

**bucca.** ગાલ.

**Buchanania** *augustifolia* **Roxb.** આમ્રાદિ કુળની હિંદીમાં પિયાલા અને અંગ્રેજીમાં *Cuddapah almond, Buchanan's mange* નામે ઓળખાતું મધ્યપ્રદેશ અને પશ્ચિમદ્વીપકલ્પીય પ્રદેશનું ખાદ્યફળનું ઝાડ. **B.** *lancifolia* **Roxb.** આમ્રાદિ કુળનું પૂર્વભારત અને આંદામાનમાં થતું ઝાડ. **B.** *lanzan* **Spreng.** (*Syn. B. latifolia* **Roxb.**). ચારોળી આમ્રાદિકુળનું હિંદીમાં ચિરોંજી અને અંગ્રેજીમાં *Cuddapah almond* તરીકે ઓળખાતું ઝાડ, જેની છાલ ચામડાં કમાવવાના ઉપયોગમાં આવે છે, બી ખાદ્ય છે, ગુંદર કાપડ રંગવા ઉપયોગી બને છે. **B.** *latifolia* ચારોળી. **Buchanan's mango.** જુઓ *Cuddapah almond.*

**Bucharian rhubarb.** પ્રચુર દુગ્ધાદિકુળની *Rheum rhabarbarum* **L.** (*Rheum undulatum* **L.**). નામની શાકીય વનસ્પતિ.

**buck.** હરણ, બકરાં, સસલાં ઇ.નું નર-પ્રાણી.

**bucket pump.** બાલદી સાથે જોડાયેલો પંપ, જે વડે છંટકાવ કરવામાં આવે છે. **b. sprayer.** છંટકાવ પ્રવાહીવાળી બાલદી સાથે જોડાયેલો પંપ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**Bucklandia** *populnea* **R. Br. ex Griff.** પીપળી. વનીકરણ માટે ઉપયોગી ઝાડ, જે પૂર્વ હિમાલય, ખાસી ટેકરીઓમાં થાય છે.

**Buck scraper.** અસમતલ જમીનને સમતલ બનાવવા માટેનું તથા ક્ષારીય પોપડી દૂર કરવા માટેનું સુધારેલું સ્ક્રેપર.

**buckwheat.** *Fagopyrum esculentum* લોટ બનાવવા અને પશુ આહારમાં વપરાતુ રાજગરાનું ધાન્ય.

**bud.** મુકુલ, કલિકા, કળી, પ્રકાંડ કલિકા, પુષ્પ કલિકા. (૨) સૂક્ષ્મપર્ણ કે ફૂલવાળું પ્રકાંડના છેડા પરનું પ્રવર્ધ. (૩) અવિકસિત પ્રરોહ કે પ્રકાંડ. (૪) અન્ય છોડના પ્રકાંડમાં કલમ કરવી. **b.-bearing cabbage.** રાજકાદિકુળની વનસ્પતિ. **b. chip.** કલમ કરવા માટેની કલિકા, કલમકલિકા. **b. grafting.** કલિકા રોપણ, આંખ ચડાવવી. **b. inhibition.** કલિકાનિરોધ. **b. mutation.** કલિકામાં થતું દૈહિક પરિવર્તન, જેમાં સાધારણ શાખા ફૂટે છે. **b. of inflorescence** પુષ્પવિન્યાસ કલિકા. **B. proliferalion** કલિકા પ્રગુણન. **b. rot.** કલિકામાં સડો લાવતો રોગ. **b. selection.** કલમ માટે યોગ્ય કલિકાની પસંદગી. **b. sport.** કલિકામાં દૈહિક પરિવર્તન, જેથી સાધારણ શાખા ફૂટે છે. **b. stick.** પ્રરોહ જેવી કલિકાને પ્રજનન માટે દૂર કરવામાં આવે છે. **b. union.** ઉછેરગૃહના રોપ રોપતાં કલિકા જમીનથી ઉપર રહે તેવી યુક્તિ પણ જો જમીનની અંદર રાખવામાં આવે તો કલિકાનાં મૂળ ફૂટે અને ઝાડ તેનાં મૂળ પર રહે પણ તે ઇચ્છવાયોગ્ય નથી. **b. variation.** કલિકા વિવિધતા. (૨) પ્રકાંડ, પર્ણ અથવા ફળમાં અલિંગી પ્રજનનના પરિણામે થતી વિવિધતા. **b. wood.** ફળ કે અન્ય વૃક્ષોની કલિકા કલમ માટે ઉપયોગમાં લેવાનું વાનસ્પતિક દ્રવ્ય, જે તંદુરસ્ત, જોમવાળા અને ભારે ફળદાયી ઝાડમાંથી મેળવવામાં આવે છે. **b. w.storage.** વાનસ્પતિક દ્રવ્યને જાળવવાની પદ્ધતિ. **budding.** કલિકારોપણ; આંખ ચડાવવી. (૨) પ્રકાંડની છાલમાં કલમ દાખલ કરી કલમ કરવાની પદ્ધતિ જે ખટમધુરાં ફળઝાડ, જાંબુ અને પાનખર ઝાડ માટે વપરાય છે. (૩) યીસ્ટમાં પ્રજનન પદ્ધતિ. **b.-cloth.** મીણકાપડ, જેનો ઉપયોગ કળીઓ ને સુકાઈ જતી અટકાવવા તથા આવરણ તરીકે થાય છે.

**Buddleia** *asiatica* **Lour.** એક પ્રકારનો ઊંચો ક્ષુપ **B.** *lindleyana* **Fort.** શણગારની વનસ્પતિ. **B.** *madagascariensis* **Lamk.** શણગારની વનસ્પતિ.

**huff** પશુઓનો બદામી પીળો-બદૂ રંગ.

**buffalow.** ભેંસ, *Bos bubalis*. **b. gnat.** *Simuliidae*. કુળની કાળીમાખ, જે જૂથમાં ઢોર પર હુમલો કરે છે, તેમને કરડી તેમના શરીર પર ઢીમણાં કરે છે. **b. grass.** જુઓ *paragrass*. **b.pox.** ભેંસોમાં વિષાણુથી થતો માતાનો રોગ.

**buffer.** (૧) અમ્લ અવરોધક. (૨) બફર ધરાવતાં સંયોજનના pH મૂલ્યમાં ફેરફાર લાવ્યા વિના એસિડ અને આલ્કલીને તટસ્થ બનાવનાર દ્રવ્ય. **b. soil compounds.** માટી અને જમીનના pH મૂલ્યના ફેરફારનો વિરોધ કરી શકનાર કાર્બનિક દ્રવ્ય અને કાર્બોનેટ તથા સલ્ફેટ જેવાં સંયોજનો. **b. strips.** કાયમી ઘાસ કે અન્ય ધોવાણ વિરોધી વનસ્પતિવાળી ખેડાણની જમીનની સરહદ વટી.

**buffo.** ભેંસનાં ચામડાં માટેનું વેપારી નામ.

**Buff Orpington.** ઓર્પિંગટન પ્રકારનું મરઘું.

**bulb.** કંદ, ટૂંકું બનેલું ભોંય ભીતરનું પ્રકાંડ, જેમ કે ડુંગળી, લસણ, જે પ્રજનન માટે ખોરાકનો સંગ્રહ કરે છે અને વનસ્પતિની અક્રિય અવસ્થા સૂચવે છે. (૨) કંદ જેવો વનસ્પતિનો કોઈ પણ ભાગ. **b. tunicated.** આવૃતકંદ. **b. veg-**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**etables.** કંદમય શાકભાજી. જેમાં કાંદા ઇ. નો સમાવેશ થાય છે.

**bulbel.** વનસ્પતિના પ્રજનન માટેનું બહુકોષી અંગ, લઘુકંદ. **bulbil.** જુઓ *bulbel.*

**bulk.** પ્રમાણ, જથ્થો, વિપુલતા. **b. density.** માટીના એકમ કદનું અવકાશ સહિત ભઠ્ઠીમાં સૂકવેલું વજન. **b. fertilizer.** પેક કર્યા વિના ગ્રાહકને વેચવામાં આવતું ઘન કે પ્રવાહી ખાતર. **bulky manure** જમીનની ભૌતિક પરિસ્થિતિમાં પરિવર્તન લાવવા, પ્રાણીજ કે લીલા ખાતરને ઉમેરવામાં આવે તે.

**bull.** ખસી ન કરાયેલો સાંઢ, **b. exerciser.** સાંઢને કસરત આપવાનું, તેને ગોળ ગોળ ફેરવવામાં મદદરૂપ બનતું સાધન.

**bull dozer.** મોટા પ્રમાણમાં માટી ખસેડવા માટેનું મોટા પાનાવાળું ટ્રેક્ટર જેવું સાધન, બૂલડોઝર.

**bullock.** બળદ; ખસી કરેલું ગોવંશી પ્રાણી.

**Bullock's Heart.** રામફળ, સીતાફલાદિ કુળનું *Annona reticulata* **L.** પાનખરતું ઝાડ.

**bulrush millet.** બાજરી. *Pennisetum typhoides* (**Burm.f.**) **Stapf &C. E Hubb** *Pennisetum typhoideum* **L.C. Rich.** *Alopecurus typhoides* **Burm f.** તૃણકુળનું ધાન્ય.

**bumble foot.** મરઘાના પગ પર થતો સોજો કે ગૂમડું.

**bumper.** પુષ્કળ, વિપુલ. ટોચ પરથી ઉભરાઈ જાય એટલું બધું. **b. crop.** વિપુલ પાક.

**bunch.** છોડ કે ફળનો સમૂહ. (દ્રાક્ષની) લૂમ. (ફળનું) ઝૂમખું. **b. grass.** તૃણકુળનો *Pennisetum ciliare* **L.** *Cenchrus ciliaris* **L.**). નામનો ઘાસચારો. **b. groundnut** મગફળી.

**bunchy top.** કેળાં કે શણને થતો વિષાણુજન્ય રોગ, જેથી છોડનો વિકાસ રૂંધાય છે અને ફળ બેસતાં નથી.

**bund.** ખેતરની સરહદ પર નીચી કિનારીવાળો બનાવેલો બંધ. **b.-former.** જલ અને જમીનના સંરક્ષણ માટે અને સિંચાઈની સગવડ કરવા ખેતરમાં ભાગલા પડે તેવી કિનારી કરનાર બળદકર્ષિત સાધન.

**bundh.** કાર્પ માછલીના ઉછેર માટે બંગાળનાં નાનકડાં જલાશયો, પુકુર.

**bundhies.** નાના બંધ.

**bundle.** પૂલ. સમૂહ.

**Bunium** *persicum* (**Boiss.**) **Fedts** (*Syn. Carum bulbocastanum* **Clarke non Kocb**). કાળી જીરી.

**Bunostomum.** અંકુશકૃમિ.

**bunt.** ઘઉંને થતો એક રોગ.

**bur clover.** લીલું ખાતર અને ઘાસચારાની પલાશાદિકુળની *Medicago hispida* **Gaertn.** નામની વનસ્પતિ.

**Burdizo castrator.** ખસી કરવા માટેનું સાધન.

**Burgandy mixture.** મોરથૂથાનું કે વોશિંગ સોડા સાથેનું મિશ્રણ, જે જંતુનાશક તરીકે ઉપયોગી છે.

**burlap.** શણનું બનાવેલું જાડું કાપડ, જે બારદાન તરીકે ઉપયોગી છે.

**Burlock clover.** પલાશાદિકુળનો ઘાસચારો.

**Burmese Satoon.** ગાલ્વેનાઇઝ કરેલી ગોળફરતી નળીની ધરીવાળું ઓજાર. નળીની સાથે લોખંડનાં આઠેક પાનાં જડેલાં હોય છે. આ સાધનને બે બળદ ખેંચી શકે, જેથી ડાંગરવાળી જમીનમાં સારી ખેડ થઈ શકે છે. નળી સાથે જોડેલાં પાનાં ફરે તેથી જમીનની માટીની ઊથલપાથલ થાય છે અને મૂળિયાં હટાઈ જાય છે. દિવસ દરમિયાન ત્રણ એકર જેટલી જમીન પર આ કામ આપે છે.

**burn.** અગ્નિ કે તપાવેલી ધાતુના સંસર્ગમાં આવવાથી પ્રાણી દાઝી જાય તે. તેથી શરીરમાં ઝેર ભેગું થાય. પ્રાણી મરી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ જાય. (૨) અતિ ખાતર આપવાથી વનસ્પતિને લાગતો દાહ. (૩) ભેજના અભાવે વનસ્પતિ ચીમળાઈ જાય તેવી તેની અવસ્થા.

**Burnihut orange** આસામમાં થતી નારંગીનો પ્રકાર;

**burr.** (૧) ફળનું ખરબચડું, ચીકણું કે કાંટાળું આવરણ. (૨) કપાસનાં જીંડવાનું પાકું છોડું. (૩) ધાસપાત. (૪) ઊન સાફ કરવામાં છોતરાં જેવું દૂર કરવું. **b. weed.** ગાડર, ગાડરો. (૨) સાઠ-દેવ્યાદિકુળનું *Xanthium strumarium* **L.** વર્ષાયુ ચોમાસામાં થઈ ઉનાળામાં કરમાઈ જતી વનસ્પતિ.

**burrow.** પ્રાણી શરીરમાં પરજીવી જંતુએ કરેલું દર. (૨) સસલાં, ઉંદર જેવાં પ્રાણીઓએ જમીનમાં બનાવેલું દર.

**bursa.** શ્યૂન, શરીરમાં પ્રવાહીવાળું વિવર – કોષ્ઠ – કોથળી, ખાસ કરીને સાંધા આગળ તે હોય છે. **bursitis.** શ્યુનમાં આવતો સોજો.

**Bursera** *penicillata* (**Sesse & Moc ex. D.C.**) **Engl.** (*Syn.B. delpechianum* **Poiss**). દ. ભારતનું ઝાડ, જેમાંથી મળતું સુવાસિત તેલ, સુગંધી દ્રવ્યોમાં ઉપયોગમાં આવે છે, તથા ખોરાકી ચીજો અને પીણાંને સુવાસિત બનાવે છે. **B.** *penicillata.* જુઓ *Mexican linaloe.* **B.** *serrata* **Wall. ex Colebr.** આસામનું ખાદ્ય ફળધારી ઝાડ.

**Butea** *frondosa.* **Koenig ex Roxb.** પલાશ. ખાખરો, પલાશાદિકુળનું નાનકડું ઝાડ, જે પર લાખનાં જંતુ વસાહત બનાવી રહે છે, ફૂલ – કેસૂડાંમાંથી પીળો રંગ મળે. સુકાયેલાં પાનના પતરાળા બને છે. **B.** *monosperma.* (**Lamk.**) **Taubert** પલાશાદિકુળનું પલાશવૃક્ષ. **B.** *superba* **Roxb.** પલાશાદિકુળનું પલાશલતા, કિંશુક, કાષ્ઠીય આરોહી વેલો. જેનાં ફૂલ – કેસૂડાંનો પીળો રંગ મળે.

**buttamgobhi** જુઓ *Brussels sprout.*

**butter.** માખણ. **b. bean.** નાના લીલા વટાણા. **b. culture.** જરૂરી સુવાસ લાવવા માખણ બનાવતી વખતે દુગ્ધામ્લના જીવાણુ સંવર્ધનનો ઉપયોગ કરવાની યુક્તિ. **b. fat.** બ્યુટિરિન, ઓલીન. પામિટિક ઍસિડ અને અન્ય ગ્લિસેરાઈડોના મિશ્રણવાળી દુગ્ધ – ચરબી, જે માખણનો મુખ્ય ઘટક છે. **b. fruit** જુઓ *avocado.* **b.-head lettuce.** લેટ્યુસ-પાલખ પ્રકારની વનસ્પતિ. જે ચાકણી લાગે છે. **b. milk.** છાશ, માખણ કાઢી લીધા પછી રહેતું પ્રવાહી. **b. oil.** પ્રક્રિયાત્મક માખણ બનાવવા ઉપયોગમાં લેવામાં આવતું શુદ્ધ કરેલું માખણ, જેમાં થોડું પાણી અને ચરબી વિનાનાં ઘન દ્રવ્યો હોય છે. પણ તેમાં ઘીની સોડમ હોતી નથી.

**butterfly pea.** *Centrosema pubescens.* **Benth.** પલાશાદિકુળનો શિમ્બી ચારો, જેને ઘણાં બી થાય છે, નાખી જમીનનું સંરક્ષણ થાય છે.

**button.** ત્રણ મહિના કરતાં ઓછી ઉંમરનું નાળિયેરનું માદાપુષ્પ. (૨) અનિયમિત કાષ્ઠફળ.

**buttress roots.** આધાર મૂળ. જમીનની બહાર પ્રકાંડમાંથી કમાન આકારમાં નીકળતાં જમીનમાં પ્રવેશ મેળવે તે ચગાઉનાં મૂળ, ઉષ્ણકટિબંધનાં જંગલોમાં આવાં મૂળ સામાન્ય રીતે હોય છે.

**Butwal orange.** ઉત્તર પ્રદેશના સહરાનપુર જિલ્લામાં થતા સફરજનનો એક પ્રકાર.

**butyric acid.** બ્યુટિરિક ઍસિડ; બગડેલા કે ખરાબ માખણમાં થતો રંગ વિનાનો ચરબીયુક્ત ખોરી વાસવાળો ઍસિડ.

**butyrin.** ગ્લિસરીન અને બ્યુટિરિક ઍસિડમાંથી મેળવવામાં આવતું ગમે તે સંયોજન, ખાસ કરીને દૂધની ચરબી અને માખણમાં તે ચાર ટકા સુધી રહેલું

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોય છે.

**Buxus** *wallichiana* **Baill** (Syn. *B. sempervirens* **L.**). અંગ્રેજીમાં *Box tree* અને હિંદીમાં વિકરી તરીકે ઓળખવામાં આવતું નાનું ઝાડ, જેના કાષ્ઠમાંથી ક્રોકેટ બૉલ, મોગરી, કોતરકામ, સંગીતનાં વાદ્યો ઇ. બનાવવામાં આવે છે, અને જે પશ્ચિમ હિમાલય અને પંજાબમાં થાય છે.

# C

**cabbage.** કોબી, રાજીકાદિકુળની *Brassica oleracea* **L.** *var. capitata* **L.** નામની નાનકડા પ્રકાંડની સાથે સંઘનિત રીતે વિંટળાયેલાં પાનવાળી 'એ', 'બી' અને 'સી' પ્રજીવકો ધરાવતી ઠંડી અને ભેજવાળી આબોહવામાં થતી શાકીય વનસ્પતિ. (૨) નારિયેરીના ટોચની મધ્યમાં નરમ અને બરડકળી, જેમાં ફોસ્ફરસ અને પોટાશ હોય છે. **c. bacterial leaf spot.** *Xanthomonas campestris var. armoriaceae.* ફૂગથી કોબીને થતો એક રોગ, જેનાં પાન સુકાઈ જાય. **c. borer.** *Hellula undalis* **F. A.** નામની કોબીની પાન કોરતી ઈયળ. **c. butterfly.** *Pieris brassicae* **L.** કોબીનો કીટક. **c. palm.** *Livistona australis* **Mart.** (*Corypha australis* **R. Br.**). નામનું પામાદિકુળનું વૃક્ષ, જેનાં પાન ખવાય છે.

**cabinet-type incubator.** ઈંડાં સેવવાનું હવાની અવર – જવર ધરાવતું યાંત્રિક સાધન. જેમાં પહોળો ભાગ ઉપર રહે છે, જેમાં ઈંડાં ગોઠવાય છે.

**cacao curing.** કોકોના બુંદને સૂકવવાની પ્રક્રિયા, જેમાં બુંદને ખાસ બનાવેલી પેટીઓમાં આથવવામાં આવે છે, જેથી તેનો કડવો સ્વાદ ચાલ્યો જાય છે અને થાયોબ્રોમીન નામનું રાસાયણિક સંયોજન તૈયાર થાય છે. આથો આવ્યા પછી બુંદદાણાને તડકામાં સૂકવવામાં આવે છે, બાદ છોડાં દૂર કરી ગરમાંથી તેલ અને મેદીય તત્ત્વોને કાઢી લેવા દબાવવામાં આવે છે અને તેમાંથી કોકો બનાવવામાં આવે છે. બાકી રહેલા ખોળમાંથી થાયોબ્રોમીન આલ્કેલોઇડ કાઢવામાં આવે છે. **c. tree.** કોકોનું ઝાડ; *Theobroma cacoa* **L.** નામનું પીળાં ફૂલ, થડ અને મોટી ડાળીઓવાળું વૃક્ષ, તેને લંબગોળ સિંગો થાય છે. આ ઝાડ નીલગિરિ અને પાલની ટેકરીઓ પર ઉગાડવામાં આવે છે. બુંદદાણામાંથી પીણાં માટે કોકો અને ચૉકલેટ બનાવવામાં આવે છે. બુંદનાં છોડાં ઢોરને ખવડાવવામાં આવે છે. બી વાવવાથી ઝાડ ઉગાડી શકાય છે.

**cachexia.** અંગ દૌર્બલ્ય, નબળાઈ.

**Cactus** *indicus* **Roxb** હાથલો થોર.

**Cadaba** *farinosa* **Forsk.** તેલિયો હેમકંદ, ધાનિયુ, કાળો કટકટિયો. **c.** *fruticosa* (**L.**) **Druce** (*Syn. C. farinosa* **Forsk**). ક્ષુપ કે નાનું ઝાડ, જે પંજાબ, રાજસ્થાન, ગુજરાત, મધ્યપ્રદેશ અને આન્ધ્રપ્રદેશમાં થાય છે. પાન ખાદ્ય છે. કાષ્ઠ ખરાદીમાં વપરાય છે.

**Cadastral surveys.** જમીનની સીમા અને પેટા-વિભાગોનું તેનો માલિકી હક્ક નક્કી કરવા હાથ ધરવામાં આવતું સર્વેક્ષણ.

**caducous.** શીઘ્રપાતી, વનસ્પતિનાં પાન જેવા ભાગના વહેલા પતન સંબંધી.

**caecal coccidiosis.** એક પ્રાણઘાતક રોગ, જેમાં મરઘા-બતકાંની આંત-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સારણીમાં સોજો આવે છે, લોહી પડે છે અને એકાએક મરણ નીપજે છે. **c. worm.** મરઘાં-બતકાંનાં આંતરડાં કે અવસારણીમાં થતા *Heterakis gallinae* નામનાં ગોળકૃમિ.**caecum.** અવસારણી; મોટા આંતરડાની શરૂઆતનું પ્રાણી-શરીરમાં રહેતું કોથળી જેવું અંગ, જેમાં ઉત્સર્જન માટેનાં દ્રવ્યો ઠલવાય છે.

**Caesalpinia** *bonduc* **Roxb.** કાકચિયા; કાંઠાળી વાડ તરીકે ઉગાડવામાં આવતો ક્ષુપ, જેનાં બી-કાકચિયા સંધિવા અને અતિસારમાં ઉપયોગમાં લેવામાં આવે છે. **C.** *bonducella* **Fleming.** કાકચાની વેલી કે કાંટાળો ક્ષુપ, જેનાં બીની માળા બને છે અને કાળા મરીની સાથે ટૉનિક તરીકે ઉપયોગમાં આવે છે. છાલનો પણ પૌષ્ટિક દવા તરીકે ઉપયોગ કરાય છે, **C.** *coriaria* (**Jacq.**) **Willd.** લીલી ડેડી નામનું મૂળ વેસ્ટ ઇન્ડિઝ અને દ. અમેરિકાનું પણ હવે વાયવ્ય ભારતમાં થતું ઝાડ. **C.** *crista* **L.** (*Syn.* **C.** *nuga* (**L.**) **Ait.** નક્તમાલા નામનો દ. ભારત અને પ. બંગાળામાં થતો ક્ષુપ, બીના ગરનો ઉપયોગ સૌન્દર્ય પ્રસાધનોમાં થાય છે, **C.** *digyna* **Rottler.** વાકેરી મૂળ નામનો પ. બંગાળ, આસામ અને આંદામાનનો ક્ષુપ, જેનાં મૂળ અને ફળને ચામડાં કમાવવા ઉપયોગમાં લેવામાં આવે છે. **C.** *gilliesii* **Wall.** શોભા માટેનો ક્ષુપ. **C.** *pulcherrima*(**L.**) **Swtz.**શંખાસુર,શંખેશ્વર, ગલતોરા. **C.** *sapiaria* **Roxb.** ચીલાર નામની વનસ્પતિ. **C.** *sappan* **L.** પતંગ નામનું પ. બંગાળ અને દ. ભારતમાં થતું ઝાડ, જેના કાષ્ઠમાંથી લાલરંગ મળે છે. જે સુતરાઉ, અને ઊની કાપડને રંગવામાં કામ લાગે છે અને જેની લાલ શાહી પણ બને છે.

**Caesarian section.** શસ્ત્રક્રિયા દ્વારા કરવામાં આવતી પ્રસૂતિ.

**caffeine.** કૅફિન, ચા અને કૉફીમાં રહેલું દ્રવ્ય.

**cage.** પાંજરું. (૨) મરઘાં-બતકાં અને તેમનાં બચ્ચાંને રાખવાનું તારની જાળીઓવાળું સ્થાન.



**Cainito.** મધુકાદિ વર્ગની શોભા માટેની વનસ્પતિ.

**cajan pea.** તુવેર. **Cajanus** *cajan* (**L.**) **Millsp** (*Syn.* **C.** *indicus* **Spreng**). તુવેરનો ક્ષુપ, જે મધ્ય ભારત, બિહાર, આન્ધ્રપ્રદેશ, મહારાષ્ટ્ર, ઉત્તરપ્રદેશ અને મૈસુરમાં ઉગાડાય છે, જેની શિંગો અને દાણાનું શાક થાય છે. પાન અને ડાંખળાં ચારા તરીકે ઉપયોગમાં આવે છે. તેમાંથી મળતો યુરિયેસ નામનો ઉત્સેચક મૂળમાં યુરિયાનું પ્રમાણ જાળવવા જરૂરી બને છે. તેનાં ડાંખળાંની ટોપલીઓ બને છે. ઉપરાંત તે પર લાખનાં જંતુ વસાહત બનાવી રહે છે; આ વનસ્પતિને અંગ્રેજીમાં *Pigeon pea* કહે છે. **C.** *indicus*. તુવેર.

**cake.** ખોળ; તેલીબિયાંનું તેલ કાઢી લીધા બાદ અવશેષ રહેતું તેનું દ્રવ્ય, જેનો ઉપયોગ ખાતર તરીકે અને મુખ્ય તથા પુરવણી ખોરાક તરીકે થાય છે. **caked.** સૂકું, સખત બનાવાયેલું દળ. **c. udder.** આંચળ કડક થઈ જાય તેવી અવસ્થા.

**calabash gourd.** દૂધી.

**Caladium** *amabile.* ચીનીગડુ.

**Calamintha** *hortensis* **L.** એક પ્રકારની વનસ્પતિ, જેનાં પાન અને પ્રકાંડ ખાદ્ય સામગ્રીને સુવાસિત કરવામાં વપરાય છે.

**Calamus.** ગાંઠો વિનાનો બરૂ જેવો પોલો પ્રકાંડ. (૨) પીંછાની દાંડી. **C.** *acanthospathus* **Griff.** ઈશાન ભારતની વનસ્પતિ, જેના કાષ્ઠની ચાની પેટીઓ બને, ઉપરાંત પુલ, ખુરશીઓ અને લાકડી પણ બને છે. **C.** *grandis* **Kurz.** હીરાદુખી, અપરંગ નામનો આંદામાનનો આરોહી તાડ જેનો ગુંદર જેવો સ્રાવ લાખને રંગવા ઉપયોગી બને છે. નેતર. **C.** *jenkinsianus* **Griff.** આસામનો ઊંચો તાડ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**C.** *latifolius* **Roxb.** પ. બંગાળ અને આસામનો આરોહી તાડ, જેનાં ડાળખાંની લાકડીઓ બને છે. **C.** *rotang* **L.** નેતર, વેતસ, મધ્ય પ્રદેશ અને દ. ભારતની વનસ્પતિ, જેની ટોપલીઓ બને છે. **C.** *tenuis* **Roxb.** આસામની વનસ્પતિ, જેની લાકડીઓ બને છે. **C.** *viminalis* **Willd.** *var. fasciculatus* **Becc.** મોટો વેતસ, નેતર, પ. બંગાળ, ઓરિસા અને આંદામાનની વનસ્પતિ, જેની લાકડીઓ બને છે.

**calcareous rock.** ચૂનાનો શૈલ. **c. soil.** મેગ્નેશિયમ કાર્બોનેટની સાથે પુરતા પ્રમાણમાં કેલ્શિયમ કાર્બોનેટવાળી જમીન, જેના પર હાઇડ્રોક્લોરિક ઍસિડની માવજત કરતાં ફીણ વળે છે. **calcicole.** ચૂનાવાળી જમીનમાં થતી વનસ્પતિ. **calciferol.** પ્રજીવક 'D₂'; "$C_{28}$" "$H_{43}$" OH ધરાવતું દ્રવ્ય. **calciferous.** કાર્બોનેટ ઑફ લાઇમ પેદા કરનાર કે તે વાળું; ચૂનાયુક્ત, ચૂનાવાળું. **calcification.** પેશીમાં અદ્રાવ્ય ચૂનાના લવણ, ખાસ કરીને કેલ્શિયમ કાર્બોનેટનો થતો નિક્ષેપ. (૨) સૂકી આબોહવામાં રાજસ્થાનની માફક મૃદા-પરિચ્છેદિકામાં ચૂનાના પડની થતી જમાવટ. **calcifuge.** અલ્પ પ્રમાણમાં કેલ્શિયમ કાર્બોનેટવાળી જમીનમાં થતી વનસ્પતિ. **calcify.** કાસ્થિ સખત બની અસ્થિમાં ફેરવાઈ જાય તેમ, ચૂનાનાં લવણ સખત બનવા પામે તે. **calciphilous.** ચૂનારાગી. **calciphobous.** ચૂના વિરોધી. **calciphyte.** કેલ્શિયમની જરૂર ધરાવતી વનસ્પતિ. **calcite.** $CaCo_3$ સ્ફટિક રૂપમાં કેલ્શિયમ કાર્બોનેટ, જે જલકૃત ખડકોમાં હોય છે અને જમીનને તે દ્વારા કેલ્શિયમ મળે છે અને રંગે તે સફેદ હોય છે.

**calcine.** રેશમના કીડાને થતો ફૂગજન્ય રોગ.

**calcium.** કેલ્શિયમ, સંજ્ઞા Ca; વનસ્પતિમાં વૃદ્ધિ – વિકાસ માટે આવશ્યક એક રાસાયણિક પોષક દ્રવ્ય, જે હાડકાંનું મુખ્ય ખનિજ તત્ત્વ છે. વનસ્પતિ તેને **$Ca^{++}$** કેલ્શિયમ આયન તરીકે શોષે છે અને કેલ્શિયમ પેક્ટેટ બનાવવા પેક્ટિન સાથે સંયોજાય છે તથા વનસ્પતિની કોષ-દીવાલ બનાવવામાં તે મહત્ત્વનો ભાગ ભજવે છે. જમીનના મુખ્ય નાઇટ્રોજનના સ્થિરીકરણ માટે જીવાણુને તે સક્રિય બનાવે છે, જે મૂળતંત્રના વિકાસ માટે આવશ્યક છે. તેનું વધારે પ્રમાણ હોય તો કેટલીક વનસ્પતિનો રોગ અટકાવે છે. પરંતુ બટાટામાં સ્કેબ નામનો રોગ કરે છે. જમીનને કલ્શિયમ આપવાથી તેની અમ્લતાનું જોર તટસ્થ થાય છે અને ભારે મૃદા જમીનોની સ્થિતિ સુધરે છે અને તે સફળતાપૂર્વક ખેડ કરવા યોગ્ય બને છે. **c. arsenate.** કેલ્શિયમ આર્સેનેટ, સૂત્ર $Ca(AsO_4)_2$, જલદ વિષ તરીકે જંતુઘ્ન રસાયણ, જેનો છંટકાવ કરતાં પાન ખાનાર જંતુને તે કાબૂમાં લે છે. ભૂકાના રૂપમાં તે ઉપલબ્ધ બને છે. **c. carbonate.** કેલ્શિયમ કાર્બોનેટ. સૂત્ર $CaCO_3$, જે ચૂનાના પથ્થર ઇ. તરીકે પણ ઓળખાય છે; ખનિજ ખોરાકમાં કેલ્શિયમ પૂરું પાડે છે. અને અમ્લતાને તે દૂર કરે છે. **c. chloride.** કેલ્શિયમ ક્લોરાઇડ, સૂત્ર $CaCl_2$; વિરંજન પ્રક્રિયક. **c. cyanide.** કેલ્શિયમ સાયેનાઈડ. સૂત્ર $Ca(CN)_2$, જંતુઓ અને ઉંદરનો નાશ કરનાર ઝેરી વાયુ. **c. deficiency** કેલ્શિયમની ઊણપના પરિણામે પ્રાણીઓ અને વનસ્પતિમાં નીપજતી દેહધર્મીય પરિસ્થિતિ, જેમાં મૂલાગ્રો સુકાઈ જાય છે, પાકની વૃદ્ધિ રૂંધાય છે. આની સાથે સાથે અમ્લતા વધે છે. પ્રાણીઓના લોહીમાં કેલ્શિયમનું પ્રમાણ ઘટે તો વાછરડાંની વૃદ્ધિ કુંઠિત બને છે, હાડકાં નરમ પડે છે અને સહેજમાં તે ભાગી જાય છે. દૂધનું પ્રમાણ ઘટે છે. આ અવસ્થાને અટકાવવા માટે લીલો ચારો, શિમ્બી વર્ગની વનસ્પતિ, જંતુરહિત બનાવેલો હાડકાનો ભૂકો અને ખનિજ દ્રવ્યોનું મિશ્રણ ઉપયોગી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બને છે. **c. gluconate.** કેલ્શિયમ ગ્લુકોનેટ. **c. hydroxide.** કેલ્શિયમ હાઇડ્રોક્સાઇડ,સૂત્ર $Ca(OH)_2$,જલાન્વિત કે પાણી સિંચિત ચૂનો, જે જમીનની pH વધારવા તે ઉપયોગી બને છે. **c. hydroxide solution.** ચૂનાનું પાણી. **c. metabolism.** કેલ્શિયમ ચયાપચય. વાનસ્પતિક અને પ્રાણીજ કોષો કેલ્શિયમનો ઉપયોગ કરી શકે તે માટેની ભૌતિક અને રાસાયણિક પ્રક્રિયાઓ. **c. meta-phosphate.** કેલ્શિયમ મેટા ફોસ્ફેટ, સૂત્ર $Ca(PO_3)_2$; ફોસ્ફરસ શૈલની વાયવીય ફોસ્ફેટ પેન્ટોક્સાઇડ ($P_2O_5$)ની સાથે ઊંચા ઊષ્ણતામાને માવજત કરતાં નીપજતી કાચિત પેદાશ; વ્યાપારી ખાતરના ઉપયોગ માટેનું તે ફોસ્ફરસનું વાહક છે, **c. oxide.** કેલ્શિયમ ઓક્સાઇડ, સૂત્ર $CaO$; બાળેલો ચૂનો, કળી-ચૂનો અથવા ચૂનો, જેનો ઉપયોગ કેલ્શિયમ વાહક ભૂકાનું મંદન કરવા માટે અને જમીનનું pH મૂલ્ય ઊંચું લાવવા માટે થાય છે. **c.-phospherous metabolism.** જીવંત સજીવમાં કેલ્શિયમ અને ફોસ્ફરસના અસ્થિ નિર્માણ કરતાં તત્ત્વોની પરસ્પર ફેરબદલી. **c.-phospherous ratio.** ઉત્તમ સ્વાસ્થ્ય જાળવવા પ્રાણીઓને જરૂરી બનતાં કેલ્શિયમ અને ફોસ્ફરસનો ગુણોત્તર, જેની પ્રાણીના પોષણ માટે આવશ્યકતા છે. વધુમાં વધુ ઉપયોગ કરવામાં આવે ત્યારે તેનો ગુણોત્તર 1:1 અને 2:1 હોય છે; અન્ય પ્રાણીઓ જેટલાં પશુઓ અસાધારણ કેલ્શિયમ – ફોસ્ફરસ ગુણોત્તરને સંવેદનશીલ હોતાં નથી. **c. sulphate.** કેલ્શિયમ સલ્ફેટ, સૂત્ર $CaSO_4$ વિવિધરૂપમાં રહેતું રસાયણ; અજલીકૃત કેલ્શિયમ સલ્ફેટ એટલે ચિરોડી અથવા જિપ્સમ, અને શુષ્ક કેલ્શિયમ સલ્ફેટ એટલે પ્લાસ્ટર ઑફ પેરિસ. જમીનમાં કેલ્શિયમ આપવા અને આલ્કલીદ્રવ્યને ઘટાડવા તે ઉપયોગી છે.

**aclculation.** ગણતરી. **c. machine.** ગણકયંત્ર **c. of data** આધાર સામગ્રીની ગણતરી.

**calculi** (બ.વ.) (calculus એ.વ.). અશ્મરી, પથરી; સ્થિરીભૂત પ્રવાહી કે અન્ય સ્રાવથી શરીરમાં થતી પથરી

**Calcutta Litchi.** પશ્ચિમ ઉત્તરપ્રદેશમાં થતી લીચીનો પ્રકાર.

**Calcuttia.** હુક્કા માટેની તીવ્ર વાસવાળી તમાકુ.

**Calendula** *officinalis* **L.** સહદેવ્યાદિ કુળની શોભાની વનસ્પતિ.

**calf.** વાછરડું. મોટા સસ્તન પ્રાણીનું ખાસ કરીને ગોવંશના પ્રાણીનું ત્રણ મહિના કરતાં મોટું પણ લિંગીય દૃષ્ટિએ અપરિપક્વ બચ્ચું. (૨) વાછરડાનું ચામડું. **c. crop.** એક મોસમમાં ઢોરના સમુદાયે જણેલાં બચ્ચાં. **c. diphtheria.** વાછરડાને થતો ડિપ્થેરિયા અથવા ઘટસર્પ નામનો સંક્રામક રોગ, જે *Fusiformis necrophorus* નામના દંડાણુથી થાય છે, જેમાં તાવ આવે, મોંમાં વેદના થાય, કફ થાય, ભારે શ્વાસ ચડે, મોંનાં શ્લેષ્મ ત્વચા થાય; આ રોગ *necrotic stomatitis* તરીકે પણ ઓળખાય છે. **c. rumen inoculation.** પાચનની સાથે સંકળાયેલા રોગોનો પ્રશ્ન ઉકેલવા વાછરડા વહેલા વાગોળવા માટે તે અંગેની એક પ્રક્રિયા, જેમાં ગાયના મોંમાંથી વાગોળવા માટેનો ખોરાક કાઢી લઈ તેનો થોડો થોડો હિસ્સો વાછરડાના મોંમાં મૂકવામાં આવે છે, જેથી જીવાણુ અને પ્રજીવો જેવાં સૂક્ષ્મ જીવોથી વાછરડા પરિચિત બને છે. **c. scours.** વાછરડાને થતો સફેદ ઝાડાનો અતિસાર. જુઓ *white scours.*

**caliche.** મૃદા સંયોજનમાં અવક્ષિપ્ત થયેલો દ્વિતીયક કેલ્શિયમ કાર્બોનેટ અથવા મેગ્નેશિયમથી સર્જાતું બનેલો થર, જે નરમ અને પાતળી પરિચ્છેદિકા રૂપે કે સખત હોય છે.

**California Advance.** ઉત્તર પ્રદેશ અને બિહારમાં થતું લોકેટ.

**Calla** *aethiopica* **L.** બગીચામાં ઉગા-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ટ્યામાં આવતી વનસ્પતિ. **C.** *aromatica* **Roxb.** સુવાસિત શાકીય વનસ્પતિ, જેનાં મૂળ તમાકુ અને ક્રીકણીની બનાવટમાં ઉપયોગમાં આવે છે.

**Callicarpa** *lanata* **L.** ઈસર. **C.** *longifolia* **Lamk.** નિર્ગુંડિયાદિ કુળનો વાટનો છોડ.

**Callistemon** *citrinus* **(Curtis) Skeels.** (Syn. **C.** *lanceolatus* **DC.**) શોભા માટેની વનસ્પતિ. **C.** *rigidus* **R. Br.** શોભા માટેની વનસ્પતિ.

**Callistephus** *chinensis* **(L.) Nees.** સહદેવ્યાદિ-કુળનો શણગાર માટેનો ક્ષુપ. **C.** *hortensis* **Cass.** લવંગાદિ કુળની શોભાની વનસ્પતિ.

**callose.** ક્રુપ્રાઍમોનિયામાં અદ્રાવ્ય કાર્બોહાઈડ્રેટ. **callous.** સખતબનેલું. **callus.** કિણક, ઉપધાની. (૨) ઘાનીઆસપાસ જામતો પેશીઓનો સમૂહ, અન્નવાહિનીની ચાલણી પટ્ટી આગળ જામતો જાડો થર. (૩) પ્રાણીઓમાં સખત, જાડો કે શૃંગીય ચર્મીય વિસ્તાર. (૪) વનસ્પતિના કાપ, મણ કે ઘાવાળા ભાગ પર જામતું રક્ષણકારી આવરણ. (૫) ભાંગેલા હાડકાના છેડા પર થતો સખત સ્રાવ, જે આખરે હાડકાંનો ભાગ બની હાડકાંને સાંધે છે. (૫) કેટલાંક ઘાસમાં થતો પ્રવર્ધ. **c. tissue.** કિણક પેશી.

**Calocarpum** *sapota* **(Jacq.) Merr.** (Syn. *Lucuma mammosa* **Gaertn f.**) મામેલેડ પ્લમ નામનું ખાદ્યફળનું ઝાડ.

**Calocoris** *angustatus.* જુવારનો કીટક.

**calomel.** રસકપૂર; સૂત્ર $Hg_2Cl_2$, મર્ક્યુરસ ક્લોરાઈડ, સ્વાદવિહીન સફેદ જુલાબ માટેનો ભૂકો.

**calomorphic soils.** વનસ્પતિને વધુમાં વધુ કેલ્શિયમ મળે તેવી જમીન.

**Calonyction** *muricatum* **G. Don.** ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, પ. બંગાળ અને બિહારમાં થતી શાકીય વનસ્પતિનો એક પ્રકાર.

**Callophyllum** *apetalum* **Willd.** (Syn. *C. wightianum* **T. Anders**). બોબી. નામનું મહારાષ્ટ્ર, કર્ણાટક કેરળ અને ઉત્તર કાનડામાં થતું ખાદ્યફળનું ઝાડ, જેના કાષ્ઠની પેક કરવાની પેટીઓ, ફર્નિચર, અને પ્લાયવૂડ બને છે. **C.** *elatum* **Bedd** [Syn. **C.** *tomentosum* **T. Anders proparte non Wight.**.] બોબી નામનું પશ્ચિમઘાટ, ઉત્તરકાનડાથી કેરળ સુધી થતું ઝાડ, જેનાં બીનું તેલ દીવાબત્તી, કાષ્ઠ ફર્નિચર બનાવવા, વહાણના બાંધકામ અને રેલવેના સલેપાટ બનાવવા ઉપયોગમાં લેવાય છે. **C.** *inophyllum* **L.** સરપન, સુલતાન ચંપો, નામનું દ. ભારત, અને આંદામાનમાં થતું ઝાડ, જેનાં બીનું તેલ દીવાબત્તી અને સાબુ બનાવવા ઉપયોગી બને છે, અને કાષ્ઠ ઈમારતી કામમાં, ફર્નિચર અને પ્લાયવૂડ બનાવવા ઉપયોગી બને છે. **C.** *wighitianum.* **A. Anders.** નાગપુષ્પાદિ કુળનું ઝાડ.

**Calopogonium** *mucunoides* **Desv.** પશ્ચિમઘાટમાં થતો ઘાસચારો, જે જમીનનું સંરક્ષણ કરે છે.

**calorie.** ઉષ્મા એકમ; એક ગ્રામ પાણીનું 1° સે. જેટલું ઉષ્ણતામાન વધારવા માટે જરૂરી બનતી ઉષ્મા. **calorimeter.** ઉષ્મા માપક સાધન.

**Calotropis** *gigantea* **(L.) R. Br. ex Ait.** મોટો આકડો, દીર્ઘાયુ વનસ્પતિનો એક પ્રકાર, **C.** *procera* **(Ait.) R. Br.** (Syn. *Asclepias gigantes* **L.**). મોટો આકડો, સફેદ આકડો, આન્ધ્ર પ્રદેશ અને પંજાબમાં થતી વનસ્પતિ, જેના રેસાનાં દોરડાં બને છે અને પ્રકાંડ અને પાનનું લીલું ખાતર બને છે.

**Calpe** *emarginata* **Fabr.** ખટમધુરા ફળનો ચૂસક કીટ.

**calycifloral.** વજ્રની અંદર દાખલ થતાં હોય તેવાં પાન અને પુંકેસરવાળું ફૂલ ધરાવતું. **calyciform.** વજ્ર'

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેવા – પ્યાલાના આકારનાં (ફૂલો). **calycle.** કેટલાંક ફૂલોમાં વજ્રના તલની આસપાસ સમાન અક્ષપર્ણોનો સમૂહ, જે બાહ્ય વજ્ર જેવો દેખાય છે. **calyx,** વજ્ર, ફૂલનો બહારનો ભાગ

**Calycopteris** *floribunda* **Roxb.** એક આરોહી ક્ષુપ. ઊક્ષી.

**cambial.** વર્ધમાન, એધા જેવું. **c., initial.** પ્રારંભિક એધા જેવું. **c. ring.** એધા વલય. **cambiformcell.** એધાકોષ. **cambium.** એધા; ઝાડના કાષ્ઠ અને તેની અંતઃસ્થ છાલ વચ્ચેનું શ્લેષીય પડ, જે અંદરની તરફ કાષ્ઠ બને છે અને બહારની તરફ છાલ બને છે. દ્વિ-દળી વનસ્પતિઓમાં તે પાર્શ્વીય વર્ધનશીલ પેશી હોય છે, જે દ્વિતીયક અન્નવાહિની અને દારૂવાહિની બનાવે છે.

**Cambodias.** કોઈમ્બતુર, સાલેમ, તિરુચિરપલ્લી, મદુરાઈ. રામનાથપુરમ અને તિરુનેલવેલીમાં થતો કપાસ.

**camel.** ઊંટ; *Camelus* પ્રજાતિનું વનસ્પત્યાહારી શિંગડાં વિનાનું, સમપાદાંગુલ – બેકી સંખ્યાનાં આંગળાંવાળું વાગોળનારું, ખૂંધવાળું, સસ્તન, ચોપગું પ્રાણી. (**Camelus** *bactrianus* બે ખૂંધવાળું ઊંટ છે. **Camelus** *dromedarius* એક ખૂંધવાળું ઊંટ છે). ભારવાહી પ્રાણી હોવા ઉપરાંત તે ખેડકામ, પાણી અને વાહન ખેંચવામાં ઉપયોગી બને છે. **c.bot** *Cephalopsis titillator* નામની ઊંટના નસકોરામાં ઈંડાં મૂકતી માખી, જ્યાંથી તેનાં બચ્ચાં કંઠનળીમાં થઈ શરીરમાં આગળ જાય છે. **c. hair.** યંત્રોના પટા, અને ઑઈલ પ્રેસ બેગ બનાવવા માટે ઉપયોગમાં લેવાતા ઊંટના કડક વાળ, જ્યારે નરમ બદામી રંગના વાળ ઓછા ઊતરે છે. **c.'s foot tree.** દેવકંચન, પૂતિકરંજાદિકુળનું *Bauhinia purpurea* **L.** નામનું ઝાડ, જેની છાલ ચામડાં કમાવવા ઉપયોગી બને છે તથા રંગવા માટે તથા તંતુ તરીકે પણ તે ઉપયોગી છે; ઝાડની કળી અને પાન પાક તરીકે કામ લાગે છે.

**c. thorn.** જવાસા, રણ પ્રદેશની કાંટાળી વનસ્પતિ, પલાશાદિકુળના *Alhagi pseudalhagi* (**Bieb.**) **Desv.** (*A. maurorum* **Baker**).

**Camellia** *kissi* **Wall** (Syn. **C.** *drupifera* **Dyer non lour.**). જંગલી ચા, જેનો નાનો છોડ થાય છે, જેનાં પાન ચા તરીકે વપરાય છે. જંગલી ચા.

**C.** *sinensis* (**L.**) **O. Kuntze** (Syn. *C. thea* **Link**, **C.** *theifera* **Griff.** *Thea sinensis* **L.**). ચા, જે આસામ, નીલગિરિ, મલબાર, પ. બંગાળ, દેહરાદૂન અને કુમાઉંમાં થાય છે.

**camouflage.** કૂટ-આવરણ, છદ્માવરણ

**campanulate.** ઘંટાકાર.

**camphor.** કપૂર; *Cinnamomum camphora*માંથી નીકળતું રંગવિહીન અથવા સફેદ સ્ફટિકમય ઈથર, આલ્કોહોલ, વાનસ્પતિક તેલમાં દ્રાવ્ય પણ પાણીમાં અદ્રાવ્ય ગુંદર જેવું દ્રવ્ય, જે રુધિરાભિસરણ અને શ્વાસ માટે ઉપયોગી છે **c. basil.** કપૂર તુલસી, *Ocimum killimandscharicum* **Guerke.** તુલસ્યાદિકુળનો કપૂર અને કપૂરનું તેલ આપતો 4થી 5 ફૂટ સુધી ઊગતો ક્ષુપ; બી અને મૂળના ટુકડામાંથી આ ક્ષુપ ઊગી નીકળે છે, પાનમાંથી કપૂરનું તેલ નીકળે છે. **c. tree.** *Cinnamomum camphora* (**L.**). **T. Nees & Eberm.** સુવાસિત પાનવાળું વૃક્ષ. પાનમાંથી કપૂર મળે છે.

**Campsis** *grandiflora* (**Thunb.**) **K. Schum** (Syn. *Bignonia grandiflora* **Thunb**; *Tecoma grandiflora* **Lois.**). મૂળ ચીન અને જાપાનનો શણગાર માટેનો ક્ષુપ. **C.** *radicans* (**L.**) **Seem** (Syn. *Bignonia radicans* **L.**). લટકણિયું, નામની મૂળ ઉત્તર અમેરિકાની શોભા માટેની વનસ્પતિ.

**campylotropus.** વક્રમુખી.

**can** ડબ્બો, પાત્ર.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**Canada thistle.** *Cnicus arvensis* નામની કાયમી, કાંટાળાં પાનવાળી હવાઈ પ્રરોહ ધરાવતી ઘઉંનાં ખેતરોમાં થતી વનસ્પતિ. **Canadian thistle.** જુઓ *Canada thistle.*

**canal.** નહેર. (૨) સિંચાઈનું પાણી અને નકામા પાણીનાં વહન કે અપવાહ માટે બનાવવામાં આવતી નાળી. (૩) પાચન-નળી જેવી પ્રાણીના શરીરમાં નળાકાર રચના. (૪) વનસ્પતિમાં વાહીનલિકા. **c., inundation.** પૂરનહેર. **c., irrigation.** સિંચાઈ માટેની નહેર. **c., perennial.** કાયમી નહેર. **c., seasonal.** મોસમી નહેર. **canalization** નહેર બનાવવી. (૨) પાણી ફેલાઈ ન જાય માટે નાળી બનાવી પા ... માટેની કરવામાં આવતી યુક્તિ.

**Cananga** *odorata* (**Lam.**) **Hook f & Thoms.** (*Syn. Canangium odorantum* **King**). સીતાફલાદિકુળનું ઝાડ, જેની પાંદડીઓમાંથી મળતા તેલનો સુગંધી દ્રવ્યોમાં ઉપયોગ કરવામાં આવે છે, આ હેતુ માટેની આ વનસ્પતિને ફિલિપીન, ઈન્ડોનેશિયા અને માલાગાસીમાં ઉગાડવામાં આવે છે.

**Canarium** *bengalense* **Roxb.** નરેળી નામનું આસામ, ઉત્તર પ. બંગાળમાં થતું ઝાડ, જેનો ગુંદર વાર્નિશ માટે કામમાં આવે છે. **C.** *commune* **L.** જંગલી બદામ, નામનું કેરળમાં થતું ઝાડ, જેનાં બીનું તેલ દીવાબત્તી માટે ઉપયોગમાં આવે છે. **C.** *euphyllum* **Kurz.** ધૂપ નામનું આંદામાનનું ઝાડ. જેનું કાષ્ઠ શોભાના કામમાં ઉપયોગમાં આવે છે તથા તેની પેટીઓ બને છે. **C.** *sikkimense* **King.** ગોકુળ ધૂપ નામનું દક્ષિણ ભારતનું ઝાડ, જેને છેદતાં મળતો ગુંદર સુવાસિત છે. **C.** *strictum* **Roxb.** કાળા ડામર નામનું ઝાડ, જેનું રેઝિન વાર્નિશ બનાવવા ઉપયોગમાં આવે છે, અને બર્ગંડી પિચના સ્થાને તે ઔષધ તરીકે કામમાં લેવામાં આવે છે

**Canvalia** *gladiata* (**Jacq.**) **D.C.** (*Syn. Dolichos gladiatus* **Jacq.**). ભારતભરમાં થતી વનસ્પતિ, જે લીલા ખાતર તરીકે કામમાં આવે છે.

**cancer.** માનવી અને અન્ય પ્રાણીઓને થતું દુષ્ટાર્બુદ – કેન્સરનું દર્દ.

**candle.** સળગાવેલી મીણબત્તી કે અન્ય કોઇ પ્રકાશ અને આંખની વચ્ચે ઈંડું રાખી તે તાજું હોવા વિષે કરાતી કસોટી. જેમાં તેની ખાદ્ય ગુણવત્તા, સેવી શકાવાની ગુણવત્તા, હવાકોષનું કદ, જરદીનું સ્થાન, લોહી કે અરગી હોવાપણું ઇ. અંગે પરીક્ષણ કરી શકાય જે. **candle out.** મીણબત્તીના પ્રકાશમાં ઈંડાની કસોટી કરી તેમનું વર્ગીકરણ કરવું. **candling.** મીણબત્તીની મદદથી ઈંડાનું કરવામાં આવતું પરીક્ષણ.

**candle nut.** જંગલી અખરોટ; *Aleurites moluccana* (**L.**) **Willd.** (*A. tribola* **Forst.**). નામનું મળ મલયાનું ઝાડ. જેનાં બીના તેલમાંથી રંગ અને વાર્નિશ બને છે, છાલ ચામડાં કમાવવા ઉપયોગી છે.

**candy.** મીઠાઈ; ચાસણીમાં ફળ કે શાક-ભાજીને જાળવી શકાય તે રીતે બનાવેલો મુરબ્બો. (૨) મધમાં ખાંડને મસળી બનાવવામાં આવતું સ્નિગ્ધ મિશ્રણ, જે મધમાખીની રાણી માટે ખોરાક બને છે.

**cane.** કેટલાક ફળ ઝાડનો મીઠો બનેલો સાંઠો. (૨) વાંસ, બરુ, જુવાર જેવી વનસ્પતિનો સાંઠો. (૩) ગમે તે પાતળો પોલો સાંઠો. (૪) શેરડી. (૫) નેતર, વેતસ. **c. fruit.** બ્લેક બેરી, રાસ્પબેરી ઇ. જેવા નાનાં ફળ. **c. sugar.** ઈક્ષુ શર્કરા, શેરડીના રસમાંથી બનાવેલી ખાંડ – સાકર. **c. system of training.** દ્રાક્ષની વેલની માવજતનો એક પ્રકાર.

**Canidio** *sporangium*. ફૂગી બીજાણુ ધાની.

**canine.** કૂતરાં, શિયાળ ઇ. કુળ. શ્વાનકુળ. **c. madness.** હડકવા. **c. tooth.**

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કૃંતક દાંત અને પ્રથમ દાઢ વચ્ચે ઉપલા અને નીચલા જડબામાં આવેલા અણીદાર દાંત, રાક્ષી. **Canis** *aureus*. શિયાળ.

**canker.** કાષ્ઠીય વનસ્પતિની છાલ અને અંતઃસ્થ પેશીનો રોગગ્રસ્ત વ્રણ. (૨) મોંમાં આવતું ચાંદું.

**Canna** *edulis* **Ker-Gawl.** કેનાં, ક્વિન્સલૅન્ડ આરારુટ, જેનાં મૂળમાંથી કાંજી મળે છે. **C.** *orientalis* **Rosc** (Syn. *C. indica* **L.**). ખાદ્ય કંદની એક વનસ્પતિ.

**Cannabis** *sativa* **L.** ભાંગ, ગાંજો; ઉત્તર પ્રદેશ, પ. બંગાળ, મહારાષ્ટ્ર મધ્ય પ્રદેશ, તામીલનાડુ, ઓરિસા ઇ.માં થતો ક્ષુપ, જેના રસથી નશો કરાય છે; સૂકાં પાનની ભાંગ બને છે. પ્રકાંડના રેસામાંથી દોરડાં, સાદડીઓ બને છે, બીનું તેલ સાબુ બનાવવાના ખપમાં આવે છે.

**canned fruit.** ડબ્બામાં ભરેલું ફળ. **cannery.** હવાબંધ પાત્રમાં ફળોને ભરવા માટેનું સ્થાન. **canning industry.** ફળને ડબ્બામાં ભરવાનો ઉદ્યોગ.

**cannibalism.** સ્વજાતિભક્ષણ. (૨) મરઘાં – બતકાં, ટર્કી જેવાં પક્ષીનાં એક બીજાનાં કે પોતાનાં પીંછાં, આંગળાં, ચાંચ, માથાં, કલગી, ગુદા ઇ. જેવા શરીરનાં અંગો અને ભાગો પર ચાંચ મારી, ખેંચા-ખેંચ કરી લોહી કાઢી તેને ચાખી પરસ્પરને ખાવા ધાય તેવા પ્રકારની વૃત્તિ. આમાં ઘણા કિસ્સામાં પ્રાણીનું મોત નીપજે છે. અધિયાર વાડામાં પ્રાણીઓને પૂરવા, પોષણ-રહિત ખોરાક આપવો, કરડતાં જંતુઓનો શરીર પર ઉપદ્રવ થવો ઇ. કારણોથી આવી રીતે પોતાને કે અન્યને બચકાં ભરવાની ટેવ પડે છે. આના ઉપાય તરીકે આવી વૃત્તિ જાગે તેવાં કારણો દૂર કરવાં, ખોરાકમાં લવણનું તત્ત્વ ઉમેરવું કે ચાંચને કાપી નાખવી.

**cannon bone.** પિંડીનું હાડકું, પ્રાણી શલાકા અસ્થિ; ઘોડાના આગલા કે પાછલા પગનું હાડકું.

**cannula.** પ્રવેશણી; પ્રાણીના આમા-શયમાં ધાતુની નળી દાખલ કરી શરીરના કોઈ વિવરમાં ભરાઈ રહેલા પ્રવાહી કે વાયુને બહાર કાઢવાનું સાધન.

**canopy.** છત્ર; ઝાડની ઘટાથી ડાળીએ ઇ.નું આવરણ.

**cantala.** કેતકી; *Manila maguey, aloe, Agave cantala* **Roxb.** ટૂંકા પ્રકાંડવાળી શાકીય વનસ્પતિ, જેનો ઉપયોગ દોરડાં ઇ. બનાવવા માટે થાય છે.

**cantaloupe.** સક્કરટેટી, *Cucumis melo var. cantalupensis.* નામનું એક ફળ.

**canthardin.** પ્રજનન માર્ગની વધારાની ગ્રંથિનું અને બ્લિસ્ટર ભીટલના લોહીનું વિષ.

**Canthium** *parviflorum* **Lamk.** ક્ષુપ કે નાનું ઝાડ, જે કોરોમંડળ કિનારે કે પશ્ચિમ દ્વીપકલ્પીય પ્રદેશમાં થાય છે, જેનાં પાન અને ફળ ખવાય છે, કાષ્ઠ મજબૂત હોઈ તેનાં રમકડાં બને છે.

**canvas.** કંતાન, ટાટ; શણના તંતુમાંથી પાસે પાસે વણેલા તંતુનું કાપડ, કેનવાસ

**cap.** મીણથી મધપૂડાના કોષને બંધ કરી દેવો. **c. cell** ટોપીકોષ.

**capacity** ક્ષમતા, ધારિતા, સામર્થ્ય.

**Cape gooseberry.** મોટી પોપટી; *Physalis peruviana* **L.** (*P. edulis* **Sims.**). નામની મૂળ પેરુની પણ હવે નીલગિરિમાં થતી સ્વાદિષ્ટ, અમ્લીય, સુવાસિત ફળધારી વનસ્પતિ, જેનાં ફળનો મુરબ્બો બને છે.

**caperbush** કેરડો; *Capparis spinosa* **L.** નામનો ગુજરાત, પંજાબ અને પશ્ચિમઘાટ પ્રદેશમાં થતો ક્ષુપ, જેની કળીઓને મુરબ્બાને સુવાસિત કરવા ઉપયોગમાં લેવામાં આવે છે. **capers.** *caperbush*ની ફૂલકળી.

**capillary.** કેશિકા, કેશ સદૃશ, વાળ જેવું. (૨) માટીના કણની આસપાસ અને તેમની વચ્ચે (રહેતો ભેજ). (૨) શરીરનાં વિવિધ અંગોમાં પાતળી દીવાલવાળી નલિકાઓની જાળગૂંથણી. **c. action.**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કેશિકાનું કાર્ય, કેશાકર્ષણ. (૨) જમીનની અંદર કે વનસ્પતિની ઉપર છિદ્રો મારફત પાણી કે અન્ય પ્રવાહીનું થતું વહન. **c. attraction.** કેશાકર્ષણ. (૨) જમીન અને પાણી વચ્ચેનું આકર્ષણ જેથી પાણી વધારે સૂકા ભાગ તરફ જાય છે. **c. capacity.** કેશાકર્ષીય ક્ષમતા. **c. condensation.** કેશાકર્ષણીય દ્રવણ. **c. conductivity.** અસંદ્રિત માટીની પાણી વહન કરવાની ક્ષમતા. (૨) અસંદ્રિત માટીનાં પાણીના વહનની ગતિનો તેને ધક્કો આપનાર બળની સાથેનો ગુણોત્તર. (૩) કેશાકર્ષણીય વાહકતા. **c. haemorrhage.** સૂક્ષ્મ રક્ત નલિકાકેશિકામાંથી થતું રક્તસ્રવણ. **c. potential.** એકમ જમીનમાંથી એકમ પાણીને ખેંચવા માટે જરૂરી બનતું ચૂસક બળ, જે સેન્ટિમીટર કોલમ ઊંચાઈ અનુસાર વ્યક્ત થાય છે. **c. water** કેશિકાજળ. (૨) ગુરુત્વાકર્ષીય પાણી વહી ગયા બાદ જમીનમાં રહેવા પામતું પાણી, જે નાનાં કેશિકા રંધ્રોમાં અને બિનકેશિકા રંધ્રોની સપાટી પર હોય છે, જેનો ઉપયોગ વનસ્પતિઓ તેમની વૃદ્ધિ માટે કરે છે.

**capital investment.** સઘળી કૃષિ મિલકતોની નાણા વર્ષની શરૂઆતમાં કિંમતની યાદી; આ મિલકતોમાં કૃષિ માટેનાં ઓજારો, બધાં મકાનો, યંત્રસામગ્રી, ઉપકરણો, પશુસંપત્તિ, પાક પુરવઠો ઇ.નો સમાવેશ થાય છે. **c. resources.** મૂડી સાધનો. **capitalized value.** મૂડીકૃત મૂલ્ય. **capitalistic farming.** મૂડીપ્રધાન ખેતી.

**capitular.** નાના ગુચ્છ કે શીર્ષમાં ફળ કે ફૂલનું ઊગવું.

**Capnodium** *ramosum*. કેરીને થતા રોગનો કીટ.

**capon.** નર મરઘા, જેનાં વૃષણ દૂર કરવામાં આવ્યાં હોય, જેનું માંસ સુવાસિત, નરમ, સ્વાદિષ્ટ અને સારું હોય છે. **caponisation.** મરઘાનાં વૃષણ દૂર કરવાની ક્રિયા, જે શસ્ત્રક્રિયા દ્વારા કરવામાં આવે છે અથવા ચામડી હેઠળ માદા અંતઃસ્રાવથી કરાય છે.

**caponette.** oestrogenના સંયોજનની મદદથી ઉછેરવામાં આવતું મરઘીનું માંસલ બચ્ચું.

**Capparis** *aphylla* **Roth.** કેરડાં, કેરાં. **C.** *decidua* **(Forsk.) Edgew.** (Syn. **C.** *aphylla* **Roth**). પશ્ચિમ દ્વીપકલ્પીય વિસ્તાર અને પંજાબમાં થતો પર્ણવિહીન ક્ષુપ, જેનાં ફળ, કળીઓ, પાકાં અને કાચાં ફળ ખવાય છે. કાષ્ઠ મજબૂત છે, જેનો ઉપયોગ ઓજારોના હાથા બનાવવા માટે થાય છે. **C.** *grandis* **L. f.** ડુમરો, ધુંટી નામનું રાજસ્થાનમાં થતું નાનું ઝાડ, જેનું તેલ દીવાબત્તી માટે કામમાં આવે છે. **C.** *horrida*. **L. f.** કાંટાળો ક્ષુપ. **C.** *sepiaria* **L.** કથારો, કથારી નામનો આરોહી ક્ષુપ. **C.** *spinosa*. **L.** કેરડો નામનું ગુજરાત અને પંજાબનું ઝાડ. **C.** *zeylanica* **L.** (Syn. **C.** *horrida* **L.f.**). ગિટારન નામનો કાંટાળો ક્ષુપ. જેની વાડ બને છે. ગોવિંદ મૂળ.

**Capric acid.** કેપ્રિક ઍસિડ; સૂત્ર $C_9H_{19}CO_2H$. (૨) માખણમાં રહેલો મેદીય ઍસિડ, જે ચીઝમાં માખણ જેવી સુવાસ આપે છે, ગાયના દૂધ કરતાં બકરીનાં દૂધમાં તે વધારે પ્રમાણમાં હોય છે. **caprinic acid.** કેપ્રિનિક ઍસિડ; જુઓ *capric acid*. **caproic acid.** કેપ્રોઇક ઍસિડ; સૂત્ર $C_5H_{11}$-$CO_2H$; કેપ્રિક ઍસિડની સાથે માખણમાં જોવામાં આવતો મેદીય ઍસિડ, તેની વાસ કેપ્રિક ઍસિડ જેવી મીઠી નથી.

**Capsicum** *annuum* **L.** મોટાં વટવાણી ગુલેર મરચાં; લાંબાં લીલાં મરચાં. **C.** *frutescens* **L.** લવિંગિયા મરચાં; એક ક્ષુપ, જેનાં મરચાં ઘણાં તીખાં હોય છે અને જે મસાલા તરીકે ઉપયોગમાં આવે છે.

**capsular.** પ્રાવર સંપુટિકા, સંપુટ જેવું (સૂકું, અસ્ફોટ ઘણી બાજુઓવાળું ફળ)

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**capsulated.** જીવંત પેશીમાં સંપુટમાં પુરાયેલું કે આવરિત, સંપુટિક. **capsule.** સંપુટ, પ્રાવર. (૨) કોઇ અંગને આવરતી સંપુટ જેવી ત્વચા. (૩) કેટલાક જીવાણુને આવરતું જાડું શ્લેષીય પડ. (૪) બીજાણુ, બી કે ફળવાળું પેટી જેવું બંધ પાત્ર. (૫) અસ્ફોટી બહુકોષી ફળ.

**capsularis jute.** *Corchorus capsularis* **L.** નામનો ભારતમાં થતાં શણનો એક પ્રકાર, જે ઊંચી અને નીચી એવી બંને પ્રકારની જમીનોમાં થાય છે, અને જેનાં પાન કડવાં છે.

**Capulin.** ચીનાઈ ચેરી.

**Carallia** *branchiata* (**Lour.**). **Merr.** પ. બંગાળ, આસામ, દ. ભારત અને આંદામાનમાં થતું ખાદ્ય ફળધારી વૃક્ષ.

**Caralluma** *fimbriata* **Wall.** મકરસીંગ, અર્કાદિકુળનો આન્ધ્રપ્રદેશમાં થતો ક્ષુપ, જેનો ઉપયોગ શાકભાજી તરીકે થાય છે.

**carambola.** *Averrhoa carambola* **L.** નામનું ઉષ્ણ કટિબંધનું પીળાં આકર્ષક ફળધારી વૃક્ષ, જેનો મીઠો તાજો રસ પીવાય છે, જ્યારે ખાટો રસ આંબલીની ગરજ સારે છે.

**Carapa** *moluccensis* **Lamk.** નિંબાદિકુળનું આંદામાનનું ઝાડ, જેનાં બીના તેલનો સાબુ બનાવવામાં આવે છે.

**Carassius** *vulgaris.* કાર્પ માછલીનો એક પ્રકાર.

**caraway.** કાળીજીરી, જીરકાદિકુળની *Carum carvi* **L.** નામની બિહાર, ઓરિસા, પંજાબ, પ. બંગાળ અને આન્ધ્રપ્રદેશમાં થતી શાકીય વનસ્પતિ, જેનાં ફળ મસાલા તરીકે ઉપયોગમાં આવે છે તથા ઔષધ તરીકે પણ કામમાં આવે છે.

**carbeen.** *Eucalyptus tesselaris* નામનું યુકેલિપ્ટસનું ઝાડ.

**carbohydrate.** શર્કરા દ્રવ્ય, કાર્બોદિત, જેમાં કાર્બન, હાઈડ્રોજન અને ઑક્સિજનના ઘટકો હોઈ તેને અંગ્રેજીમાં કાર્બોહાઈડ્રેટ કહેવામાં આવે છે; વનસ્પતિઓમાં પ્રકાશ સંશ્લેષણથી તેનું નિર્માણ થાય છે અને વનસ્પતિના સૂકા વજનનો મોટો ભાગ તેનો જ હોય છે, માટે પ્રાણીઓ તેના પર આધાર રાખે છે. શર્કરા તેનું સાદું રૂપ છે, જ્યારે તેનાં જટિલરૂપમાં કાંજી એટલે સ્ટાર્ચ, કાષ્ઠક એટલે સેલ્યુલોઝ,પેક્ટિન, ગુંદર, મ્યુસિલેજ ઇ.નો સમાવેશ થાય છે. પ્રાણીશરીરની શક્તિનું તે મુખ્ય સાધન છે, જે શરીરનું ઉષ્ણતામાન જાળવી રાખે છે; અને અંગોને ક્રિયાશીલ બનાવે છે. **c. metabolism.** શર્કરા દ્રવ્યો – કાર્બોદિતોનું અચાપચય **c. - nitrogen ratio C.N.** કાર્બોદિતો અને નાઇટ્રોજનનો ગુણોત્તર. વનસ્પતિનાં પ્રકાંડ અને પર્ણોમાં એકઠા થયેલાં કાર્બોદિત અને નાઇટ્રોજનનું સાપેક્ષ પ્રમાણ, જે વનસ્પતિનાં ભેમ, ફળબેસારો ઇ.થી ફેરવાય છે.

**carbolic acid.** કાર્બોલિક ઍસિડ.

**carbon.** કાર્બન, સંજ્ઞા **C.** વનસ્પતિઓ અને પ્રાણીઓનો અગત્યનો ઘટક અને મહત્ત્વનું રાસાયણિક તત્ત્વ, જે જમીન, ખાદમાટી, વનસ્પતિના અવશેષોમાં રહેલો હોય છે. **c. assimilation.** કાર્બન સ્વાંગીકરણ. **c. bisulphide.** કાર્બન બાઇસલ્ફાઇડ, સૂત્ર $CS_2$. સ્વચ્છ,દહનશીલ પ્રવાહી જે ઉંદર મારવામાં ઉપયોગી બને છે. **c. cycle.** કાર્બનચક્ર; સજીવો કાર્બનનો ઉપયોગ કરે, તેમાં આવતાં પરિવર્તનોનો ક્રમ, જેમાં એક સજીવ કાર્બનનો ઉપયોગ કરે છે, જે મરી જતાં સડવાથી કાર્બનમુક્ત થાય છે અને મૂળ અવસ્થા તરફ પાછો વળે છે. તેનો ફરી અન્ય જીવો ઉપયોગ કરે છે, આવી રીતે કુદરતમાં કાર્બનની ઘટમાળ – ચક્ર ચાલ્યા કરે છે. **c. deposition.** કાર્બન નિક્ષેપ. **c. dioxide.** અંગારવાયુ, સૂત્ર $CO_2$. કાર્બોનિક ઍસિડવાયુ. વાતાવરણમાં રહેલો રંગવિહીન ભારે વાયુ, જે કાર્બનિક દ્રવ્યો સડવાથી પેદા થાય છે અને વનસ્પતિ જેને ગ્રહણ કરે છે. **c. disulphide.** જુઓ *carbon bisulphide*. **c. nitrogen ratio.** કાર્બન નાઇટ્રોજન

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુણોત્તર: સેંદ્રિય કાર્બનના વજનનો જમીનમાં રહેલા કુલ નાઇટ્રોજન કે કાર્બનિક દ્રવ્યના વજનનો ગુણોત્તર. **c. tetrachloride.** કાર્બન ટેટ્રાક્લોરાઇડ, સૂત્ર $CCl_4$. ધુમાડો આપવા માટે ઘણીવાર ઉપયોગમાં લેવામાં આવતું રસાયણ, શ્વાસમાં તેની ઝેરી અસર થાય છે. **c. tool steel.** અતિ અલ્પ કે મુદ્દલે મિશ્રધાતુ ન હોય તેવું પોલાદ, જેનો ઉપયોગ કાપવા માટેના ઓજાર બનાવવામાં થાય છે. **carbonaceous.** કાર્બનને લગતું, કાર્બન ધરાવતું. **c. feeds.** મોટા ભાગે સ્ટાર્ચ ધરાવતો ખોરાક, જેમકે ધાન્ય. **carbonate.** કાર્બોનિક ઍસિડનું લવણ. **carbonation.** જમીન વિકાસની રાસાયણિક પ્રક્રિયા, જેમાં કાર્બનિક દ્રવ્યોનો સડો થતાં કાર્બન ડાયોક્સાઇડ બને છે. **carbonize.** કાર્બનીકરણ, કાર્બન બનાવવું, કાર્બનથી આવરિત કરવું. **carbnozing wool.** ઊનમાં રહેલા વાનસ્પતિક દ્રવ્યોને દૂર કરવાની પદ્ધતિ; જેમાં ઊનને સલ્ફ્યુરિક ઍસિડમાં ડુબાડવામાં આવે છે, બાદ તેને સુકવવામાં આવે છે; સાદડી બનાવવા ઉપયોગમાં લેવામાં આવતા ઊન માટે આ પ્રક્રિયા કરવામાં આવતી નથી.

**carbuncle.** પાકું; દૈહિક પેશીમાં આવતો સોજો.

**carcase, carcass.** શબ, મરેલા ઢોરનું શબ.

**card.** ઊન, શણ કે કપાસના રેસાને સીધા કરવા માટેનું તારના દાંતાવાળું ઓજાર.

**carding.** પીંજવાની પ્રક્રિયા. (૨) દાંતાદાર ઓજારથી રૂને સાફ કરી તેના તંતુને સીધા કરી પૂણીઓ બનાવવાની પ્રક્રિયા. (૩) ઊનને સાફ કરવાની પ્રક્રિયા. જેમાં ઊનની સાથે ભળેલાં અન્ય દ્રવ્યોને દૂર કરવામાં આવે છે. **c. wool.** ટૂંકા રેસાવાળું ઊન.

**cardamom.** એલચી; *Zingiberaceae* કુળનું *Elettaria cardamomum* (**L.**) *Maton var. minor* **Watt.** નામની ભારતના ભેજવાળા સદા હરિત જંગલોમાં થતી વનસ્પતિ, જે તેના એલચીદાણા માટે વાવવામાં આવે છે. એલચીદાણાનો ઉપયોગ ખાદ્ય સામગ્રીને સુવાસિત બનાવવા તથા ઔષધ માટે થાય છે; સમગ્ર પૂર્વઘાટનાં ડુંગરાળ જંગલો, કર્ણાટક અને કેરળમાં આ વનસ્પતિ થાય છે. **c. clump rot.** *Rhizoctonia balaticola* (**Taub**) **Butl** અને *Pythium spp.*થી એલચીના છોડને થતા રોગનો એક પ્રકાર જેમાં મૂળને સડો લાગતાં પાન ખરી જાય છે. **c. foorki disease.** એલચીના છોડને થતો વિષાણુજન્ય રોગ. **c. katte disease.** જુઓ *cardamom marble disease*. **c. marble disease.** વિષાણુ અને કેળના કાળા તડતડિયાથી એલચીના છોડને થતો એક રોગ જેમાં પાન પીળાં પડે છે અને ખરી જાય છે. **c. mosaic.** એલચીના છોડને થતો વિષાણુજન્ય રોગ. **c. thrips.** *Toenio thrips cardamomi* **R.** નામનાં એલચીના છોડ પર પડતાં જંતુઓ.

**cardia.** અન્નનળી અને જઠર વચ્ચેનું દ્વાર.

**cardiac.** હૃદય – હૃદયનું – ને લગતું – નો અર્થસૂચક પૂર્વગ. (૨) હૃદયને ઉત્તેજિત કરનાર.

**Cardiaca** *vulgaris* **Moench.** કાશ્મીર, કુમાઊ અને પંજાબમાં થતી કાયમી શાકીય વનસ્પતિ, જેમાંથી ઘેરો ઑલિવ જેવો હરિત રંગ મળે છે, અને જઠરનાં દર્દોમાં ઔષધ તરીકે ઉપયોગમાં આવે છે.

**Cardiospernum** *halicacabum* **L.** કાનફોડી, કાનફૂટી, કાગડોળિયો નામની વનસ્પતિનો પ્રકાર.

**Careya** *arborea* **Roxb.** કુંભી, વાકુંભા નામનું પ. બંગાળ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને ઓરિસામાં થતું મોટું ઝાડ, જેની છાલના રેસાનાં દોરડાં બને છે,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપરાંત ઝાલ ચામડાં કમાવવા ઉપયોગી બને છે અને રંગ આપે છે. પાંદડાંની બીડીઓ બને છે.

**Carica** *candamarcensis* **Hook. f.**. પપૈયાદિકુળનું મૂળ દ. અમેરિકાનું પણ કુનુર અને ઉટાકામંડમાં થતું ખાદ્યફળનું નાનું ઝાડ. **C.** *papaya* **L.** પપૈયું; પપૈયાદિકુળનું મૂળ વેસ્ટ ઇન્ડિઝ અને મધ્ય અમેરિકાનું પણ હવે ઉત્તર પ્રદેશ, પંજાબ રાજસ્થાન, ગુજરાત, મહારાષ્ટ્ર, તામીલનાડુ અને નીલગિરિમાં થતું ખાદ્યફળ-પપૈયાનું ઝાડ, જેનું આક્ષીર ચ્યૂઈંગ ગમ બનાવવા અને માંસને નરમ કરવા કામમાં લેવામાં આવે છે.

**caries.** દાંતના સડાનો એક રોગ.

**Carissa** *arduina* **Lamk** (Syn. **C.** *bispinosa*, **Desf.** *Arduina bispinosa* **L.**). કુટજાદિ કુળનો નાનો કાંટાળો છોડ, જેનાં ફળ ખાદ્ય છે. **C.** *bispinosa* **Desf.** કુટજાદિકુળનો ખાદ્ય ફળવાળો કાંટાળો છોડ. **C.** *carandas* **L.** કરમદી; કુટજાદિકુળનું નાનું ભારતભરમાં થતું કાંટાળું ઝાડ, જેનો વાડ બનાવવામાં ઉપયોગ થાય છે. **C.** *congesta* **Wight.** કુટજાદિકુળની એક વનસ્પતિ **C.** *edulis* **Vahl.** કુટજાદિ કુળના કરમદાની એક જાત. **C.** *grandiflora* **A. DC.** (Syn. *Arduina grandiflora* **E. May.**). નાતાલપ્લમ નામે ઓળખાતો કુટજાદિકુળનો મહારાષ્ટ્ર અને ગુજરાતમાં થતો ખાદ્ય ફળનો ક્ષુપ. **C.** *ovata*. કરમદાની એક જાત **C.** *spinarum* **L.** કુટજાદિકુળનું પંજાબ અને કાશ્મીરમાં વાડ માટે વવાતું ઝાડ. **caronda.** કરમદાં.

**carminative.** વાતસારક; પેટ તથા આંતરડાંની પ્રવૃત્તિને પ્રેરીને તેમાં થયેલા વાયુના ભરાવા તથા તેથી થતા શૂળને દૂર કરનાર.

**carnallite.** કાર્નેલાઇટ; પોટેશિયમ અને મૅગ્નેશિયમનો જલરહિત કલોરાઇડ, જે અન્ય સૈલાઇન નિક્ષેપોની સાથે મળી આવે છે.

**Carnatic carp.** *Barbus carnatics* નામની કાવેરીમાં મળી આવતી મુછાળી માછલીનો એક પ્રકાર; જે પૌરી નામે સ્થાનિક રીતે ઓળખાય છે, જેને માથું નાનું અને મોટાં ભીંગડાં હોય છે અને જે ખાઉધરી છે.

**carnivora** (બ.વ.) **carnivore** (એ.વ.). માંસભક્ષી સસ્તન પ્રાણીઓ. **carnivorous.** માંસભક્ષી.

**Carob.** *Ceratonia siliqua* **L.** નામનું પંજાબમાં થતું એક ઝાડ, જેનાં ફળનો ચારો થાય છે, બીનો પ્રોટીનયુક્ત લોટ બને છે, ભ્રૂણપોષમાં રહેલો ગુંદર રબર-ઉદ્યોગમાં, કાગળ બનાવવામાં આવે છે.

**carotene, carotin.** પ્રોવિટામીન-એ'; પર્ણપીતક; વનસ્પતિના હરિત અને પીળાં ભાગમાં રહેલું રંજક દ્રવ્ય, જે ખાવાથી પ્રજીવક – એ'માં તેનું પરિવર્તન થાય છે. આ દ્રવ્ય ગાજર, શકકરિયાં, દૂધની ચરબી અને ઇંડાંની જરદી તથા હરિત પર્ણમાં રહેલું હોય છે,

**carpel.** બીજપત્રયુક્ત અંડપ, મણિબંધ, સ્રીકેસર, જયાંગ. **carpellary** સ્રીકેસરી, અંડપી, જયાંગી, **c. scale.** અંડપશલ્ક. **carpellate.** અંડપયુક્ત સ્રીકેસરીય, જાયાંગી.

**carpet grass.** સાદડી માટેનું ઘાસ, તૃણકુળનું *Axonopus compressis* (**Swartz.**). **P. Beauv.** નામની આસામમાં થતી વનસ્પતિ.

**carpogonial,** પ્રાવરધાનીનું -ને લગતું. **c. filament.** પ્રાવરધાની તંતુ. **carpogonium.** પ્રાવરધાની. **carpology.** ફળ અને બીજની સંરચનાત્મક દેહરચનાનો અભ્યાસ. **carpophore.** પ્રાવરધાની દંડ. **carpophore.** અસામાન્ય ફળ પાત. **carposporangium** પ્રાવર બીજાણુધાની. **carpospore.** પ્રાવરબીજાણુ – પ્રાવરધાનીમાં ફલિત બનતું અંડપ - બીજાણુ. **carpo-**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**sporophyte.** પ્રાવરબીજાણુ અવસ્થા.
**carriage.** પ્રાણીનાં ઢબ, શારીરિક નિયંત્રણ અને વર્તાવ – વર્તન. (૨) વાહન.
**carrier.** વાહક. (૨) જે કોઈ રોગની સામે પ્રતિરક્ષિત હોય તેવા રોગના ઉત્પાદક સૂક્ષ્મ સજીવને પોતાના દેહમાં ધારણ કરનાર, અથવા તેનું વહન કરનાર ગમે તે વ્યક્તિ, પ્રાણી કે વનસ્પતિ. (૩) કોઈ પણ રસાયણનાં સંગ્રહ કે વહન માટે સરળતા કરી આપનાર અને તેના કદમાં વધારો કરનાર, તેમાં ઉમેરાતું દ્રવ્ય.
**carrion.** સડતું શબ.
**carron oil.** દાઝવા પર ઉપયોગમાં લેવામાં આવતું ચૂનાનું પાણી, અળશીનું તેલ અથવા દૂધ, ગોળ, મધ, પ્રવાહી પેરેફિન અને ગરમ વિનેગરનું સરખુ પ્રમાણ ધરાવતું સંયોજન.
**carrot.** ગાજર; છત્રકાદિકુળનું *Daucus carota* **L.** *var. sativa* **DC.** નામની મૂળધારી વનસ્પતિ. જે ઢોરના ચારા તથા માનવીના ખોરાક તરીકે ઉપયોગમાં આવે છે; કાચું અથવા રાંધીને તે ખાઈ શકે છે, તેમાં પ્રજીવકો 'એ', 'બી' અને 'સી', શર્કરા દ્રવ્યો અને લોહતત્વ હોય છે. **c. pronginess.** ગાજરના મૂલાગ્રની સામે સખત જમીન કે ભેજની અડચણ પડે કે વધારે પડતું ખાતર અપાઈ ગયું હોય ત્યારે તેનાં મૂળ અર્થાત્ ગાજરના ચાટપૂઠનાં આવતી વિકૃતિ.
**carrying capacity.** સરેરાશ મોસમી પરિસ્થિતિમાં પેદા થયેલી વનસ્પતિ પર નભાવી શકાત હોર અને ઘેટાંબકરાંની સંખ્યા; આનું માપ એકમ વિસ્તારમાં પડતા વરસાદથી મેળવી શકાય છે.
**cart.** ગાડું. **c. load.** ગાડું ભરાય તેટલો ભાર – બોજ. **carting.** ગાડું ભરવું, લઈ જવું
**carthamin.** કરડી, કસુંબીનાં બે મુખ્ય રંજક દ્રવ્યોમાંનું લાલ રંગ ધરાવતું દ્રવ્ય, જે પાણીમાં અદ્રાવ્ય છે. **Carthamus** *oxyacanthus* **M. Bieb.** જંગલી કસુંબી, કરડી, સહદેવ્યાદિકુળનો ઉત્તર પ્રદેશમાં થતો કાંટાળો ક્ષુપ; જેનાં બીનું તેલ રસોઈ અને દીવાબત્તી માટે ઉપયોગમાં લેવામાં આવે છે. **C.** *tinctorius* **L.** કસુંબી, કરડી; સહદેવ્યાદિ કુળનો તામીલનાડુ, મધ્યપ્રદેશ, આન્ધ્રપ્રદેશ, કર્ણાટક અને મહારાષ્ટ્રમાં થતો ક્ષુપ, જેનાં ફૂલમાંથી મળતા રંગનો ઉપયોગ કાપડ અને ખાદ્ય સામગ્રીને રંગ આપવામાં કરવામાં આવે છે, બીનું તેલ રસોઈ, દીવાબત્તી અને સાબુ બનાવવાના કામમાં આવે છે.
**cartilage.** કાસ્થિ, કૂર્ચા; હાડકા અંગે જોવામાં આવતી અર્ધપારદર્શક, આસામાની સફેદ, દૃઢ અને પ્રત્યાસ્થ પેશી; કેટલાંક કાસ્થિ ચૂનામય હાડકામાં ફેરવાય છે.
**Carum** *bulbocastanum* **Clarke non Koch.** કાલાજીરા. **C.** *carvi* **L.** છત્રકાદિકુળની બિહાર, ઓરિસા, પંજાબ, પ. બંગાળ અને આન્ધ્રપ્રદેશમાં થતી શાકીય વનસ્પતિ, જેનાં ફળ મસાલા તરીકે વપરાય છે તથા પેટના અને ગેસનાં દર્દોમાં ઔષધ તરીકે ઉપયોગમાં આવે છે **C.** *copticum* **Benth & Hook f.** જિરકાદિકુળનો અજમો, અજમેદો. **C.** *petroselinum* (**L.**) **Benth.** છત્રકાદિકુળની દ્વિવર્ષાયુ શાકીય વનસ્પતિ, જેનાં પાન સુવાસિત છે અને જે ખવાય છે. **C.** *roxburghianum* **Benth ex Kurz.** અજમાદિ શાકીય વનસ્પતિ.
**caruncle.** બીજચોલ.
**Carya** *illinoensis*.(**Wang.**)**Koch** (Sy. . **C.** *pecan* **Eng & Graeb C.** *olivaeformis* **Nutt.**). ઉત્તરપ્રદેશ, હિમાચલપ્રદેશ, અને પંજાબનું ખાદ્ય બીજધારી ઝાડ.
**caryopsis.** ઊંબા પ્રકારનું, એક કોષી, એક બીજધારી, અસ્ફોટી, બીની સાથે સંયુક્ત થયેલા ફલાવરણવાળું, ઘઉં કે જવ જેવું ધાન્યફળ.
**Caryota** *mitis* **Lour.** આંદામાનમાં થતો ઊંચો તાડ, જેનાં પાન શાકભાજી તરીકે ઉપયોગમાં આવે છે. **C.** *urens* **L.** શિવજટા નામનું ઓરિસા, ઉત્તર

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ. બંગાળ અને આસામનું ઊંચું ઝાડ, જેનાં પાનના રેસાનાં દોરડાં, ટોપલા-ટોપલીઓ અને નરમ બ્રશ બને છે, જેના રસનો ગોળ બને છે.

**casein.** કેસીન; દૂધનું એક ઘટક; દૂધના કુલ નાઇટ્રોજનના તે 75–80 ટકા જેટલું હોય છે, અને દૂધનાં સફેદ રંગ તથા શ્યાનતા માટે તે જવાબદાર હોય છે. ઍસિડ, આમ્લીય લવણ અને રેનેટથી તે અવક્ષિપ્ત થાય છે. ભેંસના દૂધમાં તેનું પ્રમાણ 4.3 ટકા અને ગાયના દૂધમાં 3.0 ટકા હોય છે; પ્રોટીનના સંશ્લેષણથી, તેમાં પણ મુખ્યત્વે ગ્લોબ્યુલીન અથવા રક્તજલના હીમોગ્લોબીનથી તે બને છે.

**caseinogen.** ફૉસ્ફરસ ધરાવતા દ્રવ્યની સાથે પ્રોટીનનું જોડાણ.

**Caseo-lymphadenitis.** ઘેટાં-બકરાંને થતો *Corynebacterium ovis* અથવા *Preisz-Nocard bacillus*થી થતો રોગ.

**cash crop.** ખોરાક, ચારો ઇ.થી ભિન્ન તરતજ બજારમાં વેચી શકાય તેવો રૂ, તમાકુ, શેરડી ઇ. જેવો રોકડિયો પાક.

**cashew.** કાજુ; આમ્રાદિકુળનું *Anacardium occidentale* **L.** નામનું ભારતમાં થતું ફળ, તેનું તેલ, મુરબ્બો અને દારૂ બનાવવાના ઉપયોગમાં આવે છે, તેમાં પ્રજીવક — 'સી', 7 થી 9 ટકા શર્કરા અને 0.5 ટકા ટૅનિક ઍસિડ રહેલાં છે. મોટા ભાગે તે દક્ષિણ ભારતના કાંઠાળા વિસ્તારમાં થાય છે. **c. apple.** કાજુનો કુચેલો, નરમ, રસાળ અને ખાદ્ય 'સી' પ્રજીવકવાળો ભાગ, જેમાં કેરોટીન રહેલું હોય છે, તેના રસને આથીને દારૂ બનાવવામાં આવે છે. **c. borer.** *Plocaederus ferrugineus* **L.** નામનું કાજુને કોરતું જંતુ. **c. gum.** કાજુના ઝાડમાંથી સ્રવતું ગુંદર જેવું દ્રવ્ય, ગરમ પાણીમાં તે દ્રાવ્ય છે અને હવામાં ખુલ્લું રાખતા તે સખત થઈ જાય છે. પુસ્તકો બાંધવાં અને ચામડાં કમાવવામાં તે ઉપયોગી બને છે. **c. nut.** કાજુ. **c. n. leaf-eating caterpillar.** *Cricula trifenestrata* **H.** નામની કાજુનાં પાનને ખાતી રેશમિક ઇયળ. **c. n. leaf-miner.** *Acrocercops syngramma* **M.** નામની કાજુનાં પાન ખાતી ઇયળ. **c. n. leaf thrip.** *Selenothrips rubrocinctus* **G** નામનું કાજુનાં પાન ખાતું થ્રિપ્સ-કીટ.

**Casimiroa** *edulis* **La llave & Lex.** નારંગી કુળનો મૂળ મેક્સિકો અને મધ્ય અમેરિકાનો પણ હવે ઇ. ભારતમાં થતો ખાદ્યફળનો ક્ષુપ.

**casing.** ડુક્કર, ઢોર ઇ.ના આંતરડાના ચોખ્ખા કરેલા ભાગ, જે સોસ તરીકે ઉપયોગમાં આવે છે.

**cassava.** કસાવા છોડમાંથી થતા સાબુચોખા જેવા દાણા.

**Cassia** *absus* **L.** ચીમેડ, પૂતિકરંજાદિ કુળની વનસ્પતિ. **C.** *accidentalis* **L.** (Syn. **C.** *occidentalis* **L.**). કાસુન્દો, સફેદ કાસુન્દો. **C.** *alata* **L.** દાદમર્દન નામનો પ. બંગાળ અને તામીલનાડુમાં થતો નાનો ક્ષુપ, જેનાં પાન દાદર અને ચામડીના રોગમાં ઉપયોગમાં આવે છે. **C.** *angustifolia* **Vahl.** સોનામુખી નામની મૂળ અરબસ્તાનની પણ તામીલનાડુ અને કર્ણાટકમાં થતી વનસ્પતિ, જેનાં પાન રેચક છે, અને જુલાબમાં તે અપાય છે. **C.** *artemisioides* **Gaudich. ex DC.** મૂળ ઑસ્ટ્રેલિયાનો પણ અહીં શોભા માટે ઉગાડતો ક્ષુપ. **C** *auriculata* **L.** આવળ, તરવાર, નામની મધ્યપ્રદેશ, તામીલનાડુ અને રાજસ્થાનમાં થતી વનસ્પતિ, જેની છાલ ચામડાં કમાવવામાં ઉપયોગી બને છે. **C.** *fistula* **L.** ગરમાળો, નામનું શોભા માટે વાવવામાં આવતું વૃક્ષ, જેની સિંગોના ગરનો જુલાબ માટે ઉપયોગ થાય છે. **C.** *glauca* **Lamk. K.** (Syn. *C. surattensis* **Burm.** મોથ તરવર નામનું વૃક્ષ. **C.** *grandis* **Lf.** વાડ બનાવવા ઉગાડવામાં આવતું ઝાડ. **C.** *javanica* **L.** જાવાની રાણી નામનું નાનું શોભા માટે વાવવામાં આવતું ઝાડ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**C.** *nodosa* **Buch-Ham.ex Roxb.** મૂળ બ્રહ્મદેશનું પણ અહીં શોભા માટે વાવવામાં આવતું ઝાડ. **C.** *obtusa* **Roxb.** ચમેડ, ચમેડી નામની વનસ્પતિ. **C.** *occidentalis* **L.** કાસુન્દ્રો, કાસુન્દ્રી, નામની વનસ્પતિ. **C.** *renigera* **Wall ex Benth.** વાડ માટે વવાતું ઝાડ. **C.** *siamea* **Lamk.** કસોદ નામનું ખાદ્યકુલનું ઝાડ. **C.** *sophera* **L.** જંગલી કુવાડિયો, કાસુન્દ્રી, કાસુન્દ્રો, કાળો કાસુન્દ્રો, નામનો બગીચામાં વાવવામાં આવતો ક્ષુપ. **C.** *tora* **L.** કુવાડિયો, પોવાડિયો, ચકુંદ નામની ભારતભરમાં થતી શાકીય વનસ્પતિ, જેનાં બી કોફી બનાવવામાં કામમાં આવે છે અને કુમળાં પાનની શાકભાજી બનાવવામાં આવે છે.

**Cassumunar ginger.** જંગલી આદુ, *Zingiber cassumunar* **Roxb.** નામની બહુવર્ષાયુ શાકીય વનસ્પતિ. જેનાં મૂળનો ઉપયોગ મસાલા માટે થાય છે.

**Cassytha** *filiformis* **L.** કર્પૂરાદિકુળની અમરવેલ.

**cast.** જન્મ આપવામાં આવતાં બચ્ચાંની સંખ્યા. (૨) કાપવા લાગેલ ઘેટાના શરીર પરથી ખરતું ઊન. (૩) પ્રાણીને અંકુશમાં લાવવા જમીન પર તેને સુવાડવું.

**Castanea** *crenata.* જાપાની ચેસ્ટનટ **C.** *sativa* **Mill** (Syn. **C.** *vesca* **Gaertn; C.** *vulgaris* **Lamk.** યુરોપીયન ચેસ્ટનટ.

**Castanopsis** *indica* **(Roxb.)A. D.C.** ખાસી ટેકરીઓમાં થતું મોટું ઝાડ. જેનાં પાન બીડી વાળવાના કામમાં લેવામાં આવે છે.

**Castanospermum** *australe* **A. Cunn. & Fraser.** મૂળ ઑસ્ટ્રેલિયાનું ખાદ્ય બીવાળું ભારતમાં થતું વૃક્ષ.

**castings.** અળસિયાની હગાર.

**castor.** એરંડો, દિવેલી; આમકલ્યાદિકુળનું *Ricinus communis* **L.** નામનું નાનું ઝાડ. જેનાં ફળ – એરંડામાંથી કાઢવામાં આવતું તેલ – એરંડિયું કે દિવેલ, ઔષધ, દીવાબત્તી, ઊંજણ ઉદ્યોગોમાં અને જુલાબ તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે; તેના ખોળનો ખાતર તરીકે ઉપયોગ થાય છે; સાંઠાનું બળતણ બનાવવામાં આવે છે ઉપરાંત તે છાપરાં છાવવા માટે પણ કામમાં આવે છે. **c. bean.** દિવેલાં. **c. butterfly.** *Ergolis merione* **C.** નામનું એરંડાનું લીલું, વાળવાળું પતંગિયું, જે તેનાં પાન ખાય છે. **c. hairy caterpillar.** એરંડા પર થતી વાળવાળી *Euproctis lunata* **Wlk.** નામની ઘેરા લાલ રંગની પાન ખાતી ઇયળ. **c. leaf spot.** *Cercospora ricinella* થી એરંડાને થતો ફૂગજન્ય રોગ. **c. oil.** દિવેલ, એરંડિયું. જે જુલાબ લેવામાં, ઊંજણ તરીકે અને ચામડાંને સરખાં કરવા ઉપયોગમાં લેવામાં આવે છે. **c. o.** *cake.* દીવેલાંનો ખોળ, જે અખાદ્ય છે પરંતુ ખાતર તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે. જેમાં 4 ટકા નાઇટ્રોજન, 1.9 $P_2O_5$, 1.4 $K_2O$ અને 2થી 15 ટકા અવશેષી તેલ હોય છે. **c. o. cake.** દિવેલીનો ખોળ. **c. pod borer.** *Dichocrocis punctiferalis* **Guen.** નામનો એરંડામાં પડતો કીટ. **c. powdery mildew.** *Leveillula taurica*થી એરંડાને થતો રોગ. **c. rust** એરંડાને *Melampspora ricini* **(Bivi) Pass.** ફૂગથી એરંડાને થતો ગેરુનો રોગ. **c. seedling blight.** *Phytophthora parasitica* ફૂગથી એરંડાને થતો રોગ. **c. semi-looper.** *Achoea janata* **L.** એરંડામાં પડતો કીટ.

**castrate.** ખસી કરવું; નરપ્રાણીનું વૃષણ દૂર કરવા અથવા તેનો ઉપયોગ નકામો કરવો. ફૂલમાંથી પુંકેસર દૂર કરવાં.

**castration.** નરપ્રાણીની ખસી કરવાની કે ચોક્કસ પ્રકારના ચીપિયાથી તેની શુક્રવાહિનીને બંધ કરવાની પ્રક્રિયા, જે બચ્ચું 6થી18 મહિનાનું હોય ત્યારે કરવામાં આવે છે. નાનપણમાં ખસી કરવાથી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રાણી મોટાં અને લાંબા હાડકાનું બને છે.

**casuarina.** જંગલી સરુ; શંકુ આકારનું સદા હરિત બીથી ઊગતું ઝાડ, જેનું કાષ્ઠ બળતણ તરીકે ઉપયોગમાં આવે છે. **c.** *equisetifolia* **L** (Syn. *C. muricata* **Roxb.**). જંગલી સરુ. **c.** *suberosa* જંગલી સરુ. **Ott. & Dict.** નીલગિરિમાં થતું ઝાડ, જેની છાલ ચામડાં કમાવવા માટે ઉપયોગી બને છે;

**catabolic phase.** અપચયી અવસ્થા. **catabolism.** *Katabolism.* ચયાપચયમાં અપચય–વિઘટનની અવસ્થા.

**catalase.** હાઇડ્રોજન પેરોક્સાઇડને વિભાજિત કરી પાણીને આણ્વિક ઑક્સિજનમાં પરિવર્તિત કરનાર ઉત્સેચક.

**catalyse.** ઉત્પ્રેરક કરવું. **catalyser. catalysor.** ઉત્પ્રેરક. **catalysis.** ઉત્પ્રેરણ, ઉત્પ્રેરકની હાજરીમાં પ્રતિક્રિયામાં આવતો પ્રવેગ અથવા પ્રતિક્રિયાનો અભાવ. **catalyst.** ઉત્પ્રેરક, પ્રતિક્રિયાને પ્રવેગિત કરનાર કે અટકાવનાર કે શરૂ કરનાર પ્રક્રિયક. **catalytic.** ઉત્પ્રેરક.

**cataphoresis.** વિદ્યુત સંચાર.

**cataphyll.** પ્રરોહનાં પ્રાથમિક પર્ણો.

**cataract.** પ્રાણીની આંખમાં આવતો મોતિયો, જે આંખની જોવાની શક્તિમાં બાધારૂપ બને છે.

**catarrh.** શ્લેષ્મકલા. ખાસ કરીને માથા, ગળા કે જઠરની કલાને આવતો સોજો, જેથી પાતળો પાણી જેવો સ્રાવ થાય. સળેખમ. શરદી. **c. fever.** શરદીનો તાવ, શ્લેષ્મ જ્વર.

**catch crop.** અંતવર્તી ફસલ– પાક, બે વારાફરતી આવતી મોસમની વચમાં વાવવામાં આવતો પાક. (૨) એક પાક નિષ્ફળ ગયા પછી વાવેલો પાક, અથવા સાધારણ પાક માટે મોડું થયું હોય ત્યારે પાછોતરો વાવેલો પાક. (૩) એક જ ઋતુમાં નિયમિત પાકની વચમાં વાવેલો પાક.

**catching net.** પક્ષીને પકડવાની જાળી.

**catchment area.** સ્રાવક્ષેત્ર, વાહક્ષેત્ર. (૨) કોઈ જળાશય, સરોવર કે તળાવ અથવા નદીને પાણી આપનાર ક્ષેત્ર. **c. basin.** જલવાહનું ક્ષેત્ર.

**catch up, ketch up.** ટામેટાનું મસાલેદાર કચુંબર, કેચપ.

**catechu.** (૧) કેટલીક વનસ્પતિનાં છાલ, કાષ્ઠ કે ફળમાંથી ટેનિનવાળું દ્રવ્ય. (૨) કાથો.

**category.** કક્ષા, કોટિ. વર્ગ.

**catena.** મૃદશૃંખલા.

**caterpillar.** ઇયળ. (૨) પતંગિયાનું કૃમિ જેવું ડિમ્ભ. (૩) પૂરક પૈડાંની સાથે જોડેલું વાહન અથવા સળંગ શૃંખલાવાળી સાંકળવાળું વાહન.

**Catesbaea** *spinosa* **L.** કાંટાળો ક્ષુપ, જે બગીચામાં વવાય છે.

**catface.** ટામેટાની દેહધર્મીય વિકૃતિ. (૨) ઝાડનો રુઝાતો કે રુઝાઈ ગયેલો વ્રણ,

**catfish.** *Mystus seenghala* નામની ભારતભરનાં જોવામાં આવતી નદીની માછલી.

**cathartic.** રેચક. આંતરડાંનો મળ સાફ કરનાર દ્રવ્ય.

**catheter.** મૂત્ર નલિકા. (૨) મૂત્ર કે અન્ય પ્રવાહીને શરીરમાંથી બહાર કાઢવા કે કોઈ પ્રવાહી અથવા કૃત્રિમ વીર્ય સ્થાપનાની પ્રક્રિયા દરમિયાન યોનિશીવામાં દાખલ કરવા માટે ઉપયોગમાં લેવાની ધાતુ, રબર કે પ્લાસ્ટિકની નળી કે તેવા પ્રકારનું સાધન.

**cation.** ધનાયન **c. exchange.** ધનાયન વિનિમય; દ્રાવણમાં રહેલા ધનાયન અને કલિલ પર રહેલા ધનાયન કે તલ – સક્રિય દ્રવ્યોની વચ્ચે થતો વિનિમય. **c. exchange capacity.** જમીનમાં શોષાયેલા વિનિમયક્ષમ ધનાયનની કુલ સંખ્યા, જે મિલિતુલ્યાંકમાં દર્શાવવામાં આવે છે.

**catkin.** એકલિંગી પુષ્પોનો સૂક્ષ્માગ્ર, એક પ્રકારનો બિડાલમુખી પુષ્પ વિન્યાસ.

**catla.** *Catla catla.* નામની કાર્પ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માછલી.

**catsup.** કચુંબર.

**cat tail millet.** કૂતરી ઘાસ, *Setaria glauca* (**L.**) **Beauv.** (*Panicum glaucum* **L.**). નામનું ઘાસ. જેના દાણા ખવાય છે.

**cattle.** પશુ. ઢોર; ગોવંશી પ્રૌઢ પશુ, જેમાં પાળેલાં સૌ પ્રાણીઓનો પણ સમાવેશ થાય છે. **c. census.** પશુ ગણતરી, કોઈ પ્રદેશ કે દેશના કુલ પશુઓની સંખ્યા. **c. distemper** પશુને થતો એક સંક્રામક રોગ. **c. feed.** પશુઆહાર, ચારો, દાણા. **c. influenza.** પશુને થતો એક સંક્રામક રોગ. **c. manure.** ઢોરનાં મળ – મૂત્ર ઇ.નું બનાવેલું ખાતર. **c. plague.** રિંડરપેસ્ટ નામનો ઢોરને થતો ચેપી રોગ. **c. shed.** પશુશાળા. **c. s., double row.** દ્વિ-પંક્તિક – બે હારમાં આવેલી પશુશાળા. **c. s., head to head.** સામ સામે માથા હોય તેવી – અભિમુખ પશુશાળા. **c. s., single row.** એક પંક્તિક – એક હારની પશુશાળા. **c. s., tail to til.** પશુના પાછલા ભાગ સામ સામે આવે તેવી – અભિપુચ્છ પશુશાળા. **c. trail.** પશુની અવરજવરથી થતો માર્ગ, ખરી માર્ગ. **c. urine.** પશુ મૂત્ર, જેમાં નાઇટ્રોજન ઝડપથી જીવાણુ ક્રિયાથી એમોનિયમ કાર્બોનેટમાં પરિવર્તિત થાય છે પણ બાષ્પીભવનથી તેનું એમોનિયા ઊડી જાય છે, જેને અટકાવવા માટે પશુનાં ઘાસપાત ઇ. ના પથારામાં ભેળવેલું મૂત્ર કામમાં આવે છે.

**cattley-guava.** *Psidium cattleyanum* **Sabine,** *P. littorale* **Raddi.** નામની મૂળ બ્રાઝિલનું ઠંડી સહન કરતું નીલગિરિનાં ઊંચા સ્થાનોમાં ઉગતી જામફળીનો એક પ્રકાર.

**caudal.** પુચ્છીય, શરીરનાં પાછલાં અંગોમાં અથવા તેની પાસે આવેલું. (૨) પુચ્છ સદૃશ શરીરની રચના. **c. fin.** પુચ્છીય મીનપક્ષ. **c. fold.** પુચ્છીય ગડી, પૂચ્છ અને ધડની સંધિ આગળની ગડી. **c. peduncle.** માછલીનું નિતંબ – ગુદમીન પક્ષથી પુચ્છ મીનપક્ષના તલ સુધીનો તેના શરીરનો ભાગ. **c. spot.** માછલીના પુચ્છમીન પક્ષ પરનું રંજક ધાબું **caudate,** પુચ્છીય.

**caudex.** તાડ સ્તંભ. (૨) પર્ણાક્ષ. (૩) ફર્ન – હંસરાજ સ્તંભ.

**caulescent.** જમીન પરનું પર્ણીય પ્રકાંડ સર્જન.

**caulicle.** કુમળાપ્રરોહ કે ભ્રૂણ – ગર્ભનું પ્રારંભિક વૃંત.

**cauliflower.** ફુલ કોબી, ફ્લાવર; *Brassica oleracea* **L.** var. *botrytis* નામની અગત્યની શાકીય વનસ્પતિ, જેની શાકભાજી બનાવવામાં આવે છે, અને જેમાં પ્રછદક – 'બ્રી' અને પ્રોટીન રહેલાં છે. તેને ઠંડી, ભેજવાળી ઋતુ અનુકૂળ આવે છે, એને એપ્રિલ-જુલાઈ, જુન – સપ્ટેમ્બર અને સપ્ટેમ્બર – નવેમ્બરમાં વાવવામાં આવે છે. **c. buttons.** અકાળે શીર્ષન થવાથી ફ્લાવર પર થતા નાના માથાનો ઘાટ. **c. fuzzy head.** મખમલ જેવી ફ્લાવર પર થતી માથા જેવી વિકૃતિ. **c. leafy head.** ફ્લાવરના શીર્ષ પર થતાં પર્ણ જેવા ભાગ. **c. ricey head.** દાણાદાર માથા જેવું ફ્લાવર.

**au line.** પ્રકાંડનું, સ્તંભીય. **caulis.** શાકીય વનસ્પતિનું પ્રકાંડ કે થડ.

**causal organism.** ફૂગ, જીવાણુ, કૃમિ ઇ. જેવા રોગનું કારણ બનાર સજીવ. **causative agent.** રોગોત્પાદક કારક – પ્રક્રિયક.

**caustic.** પેશીનો ક્ષયકારક પ્રક્રિયક. (૨) દાહક કે ક્ષારણકારક. **c. lime.** કેલ્શિયમ ઑક્સાઇડ, બાળેલો ચૂનો. **c. potash.** પોટેશિયમ હાઇડ્રોક્સાઈડ. **c. soda.** સોડિયમ હાઇડ્રોક્સાઇડ.

**cauterize** તપાવેલી ધાતુ કે દાહક

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઔષધથી પ્રાણીની ચામડીને બાળવી કે ડામ દેવો. **cautery.** રસાયણ કે ગરમીથી ચામડી અથવા પેશીને કાપવા કે બાળવા માટે ઉપયોગમાં લેવામાં આવતો પ્રક્રિયક કે તેથી પેદા થતી સ્થિતિ.

**cc.** *cubic centimeter*નું સંક્ષેપ રૂપ; ઘન સેન્ટિમીટર

**cecidiology.** વનસ્પતિ પર જંતુઓ, ઇતડી અથવા ફૂગથી થતી ગાંઠ અંગેના અભ્યાસની જીવવિજ્ઞાનની એક શાખા. **cecidium.** ગાંઠ.

**Cedrela** *toona* **Roxb ex. Rottl & Willd.** હિંદીમાં તૂન નામે ઓળખાતું પન્તણ, આસામ, બિહાર, પશ્ચિમઘાટ, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, અને નીલગિરિમાં થતું પીળાં રંગ આપતાં ફૂલોવાળું ઝાડ, જેના કાષ્ઠના ફર્નિચર, ચાની પેટીઓ, શટલ, લાકડીઓ. સિગારની પેટીઓ બનાવવામાં આવે છે. છાલના ચામડાં કમાવવામાં આવે છે. જુઓ *cedrela toona.*

**Cedrus** *deodara* **(Roxb ex Lamb).** (Syn. *Pinus deodara* **Roxb;** *Abies deodara* **Lindley.**); દેવદાર, દારુ. કાશ્મીરથી ગઢવાલ સુધીના હિમાલયમાં થતું ઊંચું, સદા હરિત ઝાડ; જેનું કાષ્ઠ ઈમારતી કામમાં તથા રેલવેના સલેપાટ બનાવવાના કામમાં આવે છે. કાષ્ઠમાંથી મળતા તેલથી સુગંધી દ્રવ્યો, બનાવવામાં અને ચામડીના રોગો અને ચાંદામાં તે ઉપયોગમાં લેવામાં આવે છે.

**Ceiba** *pentandra* (**L.**) **Gaertn.** (Syn. *Eriodendron anfractuosum* **DC.** *Bombax pentandrum* (**L.**). સફેદ શીમળો; જેના ફળમાંથી મળતા છૂંછા અથવા શીમળાના રૂના નામે ઓળખાતા દ્રવ્યનો ઉપયોગ ગાદી, તકિયા ભરવામાં થાય છે. આ છૂંછાના ગઠ્ઠા વળતા નથી; ઉપરાંત પરદેશોમાં તેના જીવન રક્ષક પટ્ટાઓ બનાવવામાં થાય છે કેમકે તે ઘણા હલકા હોય છે અને પાણીથી તે ભીંજતા નથી. આ ઉપરાંત પણ રેફ્રીજરેટરોમાં વિસંવાહક – ઇન્સ્યૂલેટર તરીકે તેનો ઉપયોગ કરવામાં આવે છે.

**Celastrus** *paniculata* **Willd.** માલકાંકણીની વેલ તરીકે ઓળખાતો ક્ષુપ, જેનાં બીમાંથી તેલ મળે છે.

**celeriac** મોટો અજમો અજમોદ. *Apium graveolens* **L.** *var. rapaceum* **DC.** (*A. rapaceum* **Mill**). નામની દ્વિવર્ષાયુ ખાદ્ય વનસ્પતિ, જેનું તેલ કાઢવામાં આવે છે અને બી-અજમો મસાલા તરીકે વપરાય છે, જે વાતસારક છે,

**celery.** અજમોદ, અજમો, *Apium graveolens* L. var. *dulce* નામની દ્વિવર્ષાયુ શાકીય વનસ્પતિ, જે શાકભાજી તરીકે ઉપયોગમાં આવે છે.

**cell.** કોષ, ગમે તે સજીવનું નાનામાં નાનું સંરચનાત્મક કે કાર્યકારી એકમ, જે જીવરસ, કોષકેન્દ્ર અને અન્ય સૂક્ષ્મ દ્રવ્યો ધરાવે છે. ઘણી ખરી વનસ્પતિઓમાં આ ઘટક અથવા કોષની ફરતે કોષ દીવાલ આવેલી હોય છે. (૨) મધપૂડાનો ષટ કોણીય કોષ્ઠ. (૩) અતિ નાનો બંધ ખંડ. **c. alongation**, કોષ દીર્ઘીકરણ. **c. as a unit.** એક એકમ તરીકે કોષ, એકમ કોષ. **c. conjugation.** કોષનું યુગ્મન કે સંલયન. **c. content.** કોષ અંતર્ગત દ્રવ્યો. **c. count.** લોહીના ચોક્કસ પ્રમાણમાં તેમાં રહેલા સફેદ કે લાલ કોષો કે રક્તકણોની સંખ્યા, આ ગણતરી રક્તક્ષીણતા અથવા પાંડુરોગ જેવા રોગનું નિદાન કરવા માટે આવશ્યક બને છે. **c. division.** કોષ વિભાજન. **c. doctrine.** કોષ-સિદ્ધાંત. **c. dynamics.** કોષ ગતિ-વિજ્ઞાન. **c. formation.** કોષ નિર્માણ. **c. inclusion.** કોષાંતર દ્રવ્યો. **c. lumen.** કોષ કોટર. **c. membrane.** કોષકલા, કોષ ત્વચા. **c. multiplication.** કોષ પ્રગુણન. **c. plasm.** કોષરસ. **c. product.** કોષ નીપજ. **c. proliferation.** કોષ બહુગુણન. **c. sap.** કોષરસ, કોષનું



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રવાહી દ્રવ્ય, રસધાનીનો રસ. **c. specialization.** કોષ વિશિષ્ટીકરણ. **c. substance**, કોષદ્રવ્ય. **c. theory.** કોષ સિદ્ધાંત. **c. vacuole.** કોષરસધાની. **c. wall.** કોષદીવાલ, કોષકવચ. (૨) વૃદ્ધિ પામતી વનસ્પતિના કોષ રસ દ્વારા સર્વતું ત્વચીય આવરણ, જે મોટા ભાગે કાષ્ઠકનું બનેલું હોય છે, પણ કેટલીક ફૂગમાં તે કાઈટીન અને કેટલીક લીલમાં તે સિલિકાનું હોય છે. **cellular.** કોષીય, કોષનું – ને લગતું. **c. plant.** વાહી પેશી વિનાની અપુષ્પ વનસ્પતિ.

**cellulose.** કાષ્ઠક. (૨) અક્રિય, જટિલ શર્કરા કાર્બોદિત દ્રવ્ય. (૩) વનસ્પતિના કોષ અને સામાન્ય રીતે કંકાલની દીવાલને ટેકો આપનાર આધાર વનસ્પતિ પરિપક્વ બને, કોષ દીવાલ સ્થૂલિત થાય અને લિગ્નિન સાથે ભળીને વધુ કાષ્ઠક પેદા કરે છે.

**Celosia.** *argentina* **L.** લાંપડી જેને શોભા માટે ઉગાડાય છે,

**Celtis** *australis* **L.** છાયા અને ચારા માટે ઉગાડવામાં આવતી વનસ્પતિ, જેના કાષ્ઠની હોકીની તથા ચાલવા માટેની લાકડીઓ બનાવવામાં આવે છે. **C.** *orientalis* **L.** બિહાર, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, આસામ, પશ્ચિમ દ્વીપકલ્પીય વિસ્તારો અને પ. બંગાળમાં થતો ક્ષુપ, જેનાં ફળ ખાદ્ય છે અને છાલના રેસાનાં દોરડાં બનાવવામાં આવે છે; કાષ્ઠમાંથી દારૂ ગોળા માટે ઉપયોગમાં લેવા માટે કોલસો બનાવવામાં આવે છે; કાષ્ઠના માવાના કાગળ બનાવવામાં આવે છે.

**Cenchrus** *biflorus* **Roxb.** અંજન, ધ્રામણુ, ધ્રામણઘાસ; જેનાં બી અછતના સમયમાં લોકો ખાય છે. **C.** *ciliaris* **L.** (Syn. *Pennisetum ciliare*(**L.**)(**Link.**). અંજન, ધ્રામણુ, ધ્રામણ નામનો મુખ્યત્વે પંજાબ અને દ. ભારતમાં થતો ઘાસચારો જે જમીનને સ્થિર કરવા ઉપયોગમાં આવે છે અને જેનાં બી ખાવાના કામમાં આવે છે. **C.** *prieurii* (**Kunth**) **Maire.** તૃણકુળની અર્ધ મરુભૂમિમાં થતી વનસ્પતિ. **C.** *setigerus* **Vahl.** અંજન નામનો વાયવ્ય ભારત અને તામીલનાડુમાં થતો ઘાસચારો.

**cenozoic era.** નૂતન જીવયુગ.

**Centaurea** *cyanus* **L.** કદર્પ; નામની એક વનસ્પતિ **C.** *imperiales* **L.** સુલતાન નામની વનસ્પતિ. **C.** *moschata* **L.** મીઠી સુલતાન નામની બગીચામાં ઉગાડવામાં આવતી વનસ્પતિ.

**Centaurium** *ramosissimum* (**Pers.**) **Druce** (Syn. *Erythraea ramosissima* **Pers.**). રતનજોત નામની શોભા માટે વપાતી શાખીય વનસ્પતિ.

**Centella** *asiatica* (**L.**) (Syn. *Hydrocotyle asiatica* **L.**). બ્રાહ્મી જે કોલેરાની સામે ઉપયોગમાં આવે છે.

**centigrade thermometer.** સેન્ટિગ્રેડ માપક્રમ દર્શાવતું ઉષ્ણતામાન માપવાનું સાધન – થર્મોમીટર, જેમાં 0° અંશ પાણી માટેનું ઠારબિંદુ અને 100° અંશ ઉત્કલન બિંદુ છે, જેના માપક્રમને ફેરનહાઇટ માપક્રમમાં ફેરવવા માટે, 9/5 વડે ગુણી જે જવાબ આવે તેમાં 32 ઉમેરવા આવે છે, જયારે કેલ્વિન માપક્રમ મેળવવા 273–15 ઉમેરવામાં આવે છે.

**Centipeda** *minima* (**L.**) **A. Br & Aschers.** એક વનસ્પતિ, જેની છીંકણી બનાવવામાં આવે છે.

**central.** કેન્દ્રીય, કેન્દ્રસ્થ, મધ્યસ્થ. **c. cell.** કેન્દ્રીયકોષ. **C. Cooperative Bank.** મધ્યસ્થ સહકારી બેંક, પ્રાથમિક શાખ મંડળીઓના સમવાયી તંત્રમાં તેની કેન્દ્રસ્થ બેંક તરીકે રચના કરવામાં આવે છે, જે પ્રાથમિક મંડળીઓને નાણાં સહાય, મૂડી ઇ. આપે છે, જે પ્રાથમિક મંડળીઓ પાસેથી ડિપોઝિટની રકમો રાખે છે, ઉપરાંત મહેસુલી જિલ્લાની તે કેન્દ્રસ્થ સહકારી બેંકનું કામકાજ કરે છે. **C. Food Technology Research Institute.** મૈસુરમાં ભારત સરકારે સ્થાપેલી ખોરાક પ્રાવિધિક સંશોધન સંસ્થા. **C. India.** મધ્યપ્રદેશમાં થતા કપાસનું

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વેપારી નામ. **C. India Medium Rainfall Region.** મુખ્ય પાક તરીકે જુવાર, બાજરી જેવાં ધાન્યોનો કાળી માટીનો કપાસનો મધ્યમ સરનો વરસાદ મેળવતો વિસ્તાર; જેમાં મધ્યપ્રદેશ, આન્ધ્રપ્રદેશના કેટલાક ભાગો, મધ્ય મહારાષ્ટ્ર, ગુજરાત, પશ્ચિમ તામીલનાડુ, દક્ષિણ તરફનો ઉત્તરપ્રદેશ ઇ.નો સમાવેશ થાય છે. આ વિસ્તારમાં અન્ય પ્રદેશો કરતાં ઘેટાંની સંખ્યા વધારે હોવા છતાં તેનું ઊન ઉચ્ચ પ્રકારનું હોતું નથી. **C. Inland Fisheries Research Station.** અંતર્દેશીય મત્સ્ય સાધનોની વૈજ્ઞાનિક તપાસ અને સંશોધન કરવા તથા આ માટેનાં સાધનોનાં યોગ્ય રક્ષા, પ્રબંધ અને વિકાસની પદ્ધતિ ઘડી કાઢવા 1950માં કલકત્તાના બરાકપુરમાં રચવામાં આવેલું મથક. **c. leader.** ફળઝાડની માવજતની એક પદ્ધતિ, જેમાં જમીન તળ પરથી તેનું થડ ઝડપથી અને વધારે જોસપૂર્વક વધે છે, અને નીચેની શાખાઓ ઓછી જોમવાળી બને છે. **C. Marine Fisheries Research Station.** દરિયાઇ મત્સ્ય સાધનોનાં વૈજ્ઞાનિક અભ્યાસ, સંશોધન અને વિકાસ માટે 1947માં સ્થાપવામાં આવેલું મથક **c. nervous system.** મધ્યસ્થ ચેતાતંત્ર; જે પૃષ્ઠવંશી પ્રાણીઓનાં મગજ અને કરોડરજ્જુનું બનેલું હોય છે, જે સંવેદના ગ્રહણ કરે છે અને જેમાંથી ચલ – સંવેદનો અપાય છે. **c. nodule.** કેન્દ્રીય ગ્રંથિ – ગાંઠ. **C. Potato Research Institute.** બટાટાના સંશોધનની સાથે સંકળાયેલી 1949માં સ્થાપવામાં આવેલી મધ્યસ્થ સંસ્થા. **C. Rice Research Institute.** 1946માં ડાંગરના પાક અંગે સંશોધન કરવા સ્થાપવામાં આવેલી મધ્યસ્થ સંસ્થા. **c. siphon.** કેન્દ્રીય નિતાલ. **centre.** કેન્દ્ર, હાર્દ. **centric.** કેન્દ્રીય. **c. mesophyll.** કેન્દ્રિય મધ્ય પર્ણ.

**centrifugal.** કેન્દ્રોત્સારી, કેન્દ્રત્યાગી, અપકેન્દ્રી. (૨) કેન્દ્રથી દૂર ધકેલાતા (બળનો સિદ્ધાંત). (૩) વનસ્પતિ વિજ્ઞાનમાં કેન્દ્ર પરથી બહારની તરફ ઊગતું. **c.f. force.** કેન્દ્રોત્સારી બળ; ગોળ ફરતો પિંડ, ગતિના અક્ષ પરથી ફેંકાઈ જાય તે પાછળ રહેલું બળ, જેના કારણે નિમ્ન વિશિષ્ટ ગુરુત્વવાળા પ્રવાહીમાંથી ઘન અને પ્રવાહી દ્રવ્યો છૂટાં પડે છે, આ જ બળના કારણે દૂધમાંથી માખણ છૂટું પડે છે. **c.f. pump.** ફરતા પ્રણોદકની મદદથી પાણી ફેંકી શકાય તેવો પંપ. **c.f. separation.** જુદા જુદા ઘટત્વવાળા પદાર્થોનું અપકેન્દ્રી બળથી છૂટા પડવું. **c.f. xylem.** અપકેન્દ્રી દારૂવાહિની. **centrifuge.** એવા પ્રકારનું સાધન કે ઉપકરણ, જેમાં પ્રવાહી પૂરેપૂરી રીતે ભરી અતિ ઝડપે ગોળ ગોળ ફેરવવામાં આવે તો તેમાંના વધારે ગુરુત્વ ધરાવતાં દ્રવ્યો છૂટાં પડી નીચે બેસે છે.

**centromere.** રંગસૂત્ર કેન્દ્ર, કોષકેન્દ્રના વિભાજન સમયે કોષકેન્દ્રની ત્રાકની સાથે જડાયેલો રંગસૂત્રનો ભાગ.

**Centrosema.** શાકીય શિમ્બી ઘાસચારો. **C.** *pubescens* **Benth.** શાકીય વનસ્પતિ, જે ઘાસચારા તરીકે ઉપયોગમાં આવે છે, અને જે જમીનનું ધોવાણ રોકે છે.

**centrosome.** તારાકેન્દ્ર, કોષકેન્દ્રની સાથે સંકળાયેલું સૂક્ષ્મ અંતર્ગત જીવદ્રવ્ય, જેનું પણ કોષકેન્દ્રના વિભાજન સમયે વિભાજન થાય છે.

**century plant.** કેતકી.

**cepaceous.** ડુંગળી કે લસણ જેવી વાસ કે તેવો સ્વાદ ધરાવતું.

**Cephaëlis** *ipecacuanha* (**Brot.**) **A. Rich** (Syn. *Psychotria ipecacuanha* **Stokes**). મૂળ અમેરિકાનો દાર્જિલિંગ, નીલગિરિ અને સિક્કિમમાં થતો નાનો ક્ષુપ, જેનાં મૂળ વમનકારક અને એમીબિક મરડા અને દંતપૂય–પાયોરિયામાં વપરાય છે.

**Cephalandra** *indica* **Naud.** ટિંડોરા; આસામ, બિહાર, ઓરિસા, પ. બંગાળ, મહારાષ્ટ્ર અને આન્ધ્રપ્રદેશમાં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થતો ક્ષુપ, જેનાં ફળનું શાક થાય છે.

**Cephaleuros** *parasiticus*. ચાને થતા રોગનું કારકજંતુ.

**Cephalewios.** ખાસ કરીને ચાનાં પાનની પરજીવી વનસ્પતિ.

**cephalocaudal.** શીર્ષ-પુચ્છીય, કોઈ પણ પ્રાણીનાં શીર્ષ અને પુચ્છ સંબંધી.

**cephalothorax.** શિરોવક્ષ.

**Cephalopsis** *titillator* નામનું ઊંટના નસ્કોરામાં ડિમ્બ મૂકતું જંતુ.

**Cephalosporium** *sacchari*. શેરડીને થતા રોગનું કારકજંતુ.

**Cephalostachyum** *pergracile* **Munro.** તૃણકુળનો વાંસ, જેની ચીપો સાદડી બનાવવા, અને ઈમારતી કામમાં વપરાય છે.

**Ceratochloa** *cathartica* (**Vahl**) **Hert.** (*Bromus catharticus* **Vahl**). મૂળ અમેરિકાની ઘાસચારાની વનસ્પતિ.

**Ceratonia** *siliqua* **L.** મક્કાની આંબલી નામનું મૂળ પૂર્વ ભૂમધ્ય પ્રદેશનું પણ હવે પંજાબમાં થતું ઝાડ, જેનાં ફળનો ઘાસચારો બને છે; જેનાં બીમાં ઊંચા પ્રકારનું પ્રોટીન રહેલું છે;

**Ceratostomella** *fimbriata*. શક્કરિયાને થતા એક રોગ માટે જવાબદાર કીટ. **C.** *paradoxa*. અનેનાસ, શેરડી, સોપારી, નારિયેળ ઇ.ને થતા રોગનું કીટ.

**Cercospora.** અપૂર્ણ ફૂગની પ્રજાતિ, જે વનસ્પતિને અનેક પ્રકારના રોગ માટે કારણભૂત બને છે. **C.** *arachidicola*. મગફળીને થતા રોગનું કારણ બનનાર ફૂગ. **C.** *betatae*. શક્કરિયાને થતા રોગનું કારણ બનનાર ફૂગ. **C.** *beticol*,. બીટનાં પાનને થતા રોગનું કારણ બનનાર ફૂગ. **C.** *canaraliae*. જુઓ *Sword bean leaf-spot*. **C.** *capsia*. મરચીના રોગનું કારણ બનનાર ફૂગ. **C.** *carthami*. કરડીના રોગનું કારણ બનનાર ફૂગ. **C.** *coffeicola*. કૉફીને થતા રોગનું કારણ બનનાર ફૂગ. જુઓ *coffee brown eye-spot*. **C.** *cruenta*. મગ, અડદ ઇ.નું રોગકારી જંતુ. **C.** *davisii*. વનમેથીના રોગનું જંતુ. **C.** *dolichi*. મગ, અડદ ઇ.નું રોગકારી જંતુ. **C.** *hibisci*. ભીંડાને થતા રોગનું કારણ બનનાર ફૂગ. **C.** *kopkei*. શેરડીને થતા રોગનું કારણ બનનાર ફૂગ. **C.** *melongenae*. રીંગણીને થતા રોગનું કારણ બનનાર ફૂગ. **C.** *musae*. કેળને થતા રોગનું કારણ બનનાર ફૂગ. **C.** *nicotinae*. તમાકુને થતા રોગનું કારણ બનનાર ફૂગ. **C.** *oryzae*. ડાંગરને થતા રોગનું કારણ બનનાર ફૂગ. **C.** *personata*. મગફળીના રોગનું કારણ બનનાર ફૂગ. **C.** *ricinella*. એરંડાનાં પાનને થતા રોગનું કારણ બનનાર ફૂગ. **C.** *sojina*. સોયાબીનને થતા રોગનું કારણ બનનાર ફૂગ. **C.** *sorghi*. મકાઈને થતા રોગનું કારણ બનનાર ફૂગ. **C.** *traversiana*. મેથીને થતા રોગનું કારણ બનનાર ફૂગ.

**Cercosporalla** *theae*. ચાને થતા રોગનું કારણ બનનાર ફૂગ.

**cercus.** પુચ્છિકા.

**cereal.** ધાન્ય; તૃણકુળનું કાંજી – સ્ટાર્ચ સમૃદ્ધ, શક્તિ સંચારક ધાન્ય, જેમાં પ્રજીવકો, ચરબી ઇ. આપેલાં છે. (૨) ધાન્યમાંથી બનાવેલો ખોરાક.

**cerebellum.** અનુમસ્તિષ્ક. **cerebral.** પ્રમસ્તિષ્કીય, મસ્તિષ્કીય. **c. haemorrhage.** મગજનો રક્તસ્રાવ. **cerebro-spinal.** મસ્તિષ્ક મેરુદંડીય. **c. sp. fluid.** મસ્તિષ્ક મેરુજલ; મગજ અને કરોડરજ્જુમાં જણાતું પ્રવાહી, જે કરોડરજ્જુની વાહિનીમાં વહે છે. **cerebrum.** પ્રમસ્તિષ્ક.

**Cereus** *grandiflorus* **Mill.** શોભા માટે ઉગાડાતી કાંટાળી વનસ્પતિ, જેને આકર્ષક, સુવાસિત ફૂલ થાય છે, જે રાતના ખીલે છે અને દિવસ ઊગતા બીડાઈ જાય છે.

**Ceriops** *candolleana*. **Arn.** ગોરન. **C.** *roxburghiana* **Arn**). ખડા ગોરન.

**Ceropegia** *hirsuta* **Wight & Arn.** ખાનતોડી નામનો આન્ધ્ર પ્રદેશનો આરોહી ક્ષુપ, જેના કંદ ખવાય છે. **C.** *lawii*

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**Hook.** સુંઢિયા કુઢેર નામની દ. ભારતની રસાળ શાક્ષીય વનસ્પતિ. **c.** *oculata* **Hook.** મહારાષ્ટ્ર અને તામીલનાડુની ખાદ્ય કંદધારી શાક્ષીય વનસ્પતિ. દૂધિયો કુઢેર. **C.** *tuberosa* **Roxb.** પાતાળ તુંબી નામની આન્ધ્રપ્રદેશ અને તામીલનાડુમાં થતી ખાદ્યકંદની શાક્ષીય વનસ્પતિ.

**Cerotellium** *desmium.* કપાસને થતા ગેરુના રોગ માટે જવાબદાર કીટ. **C.** *fici.* અંજીરને થતા એક રોગ માટે જવાબદાર જંતુ.

**certified seed.** પ્રમાણિત બી., યોગ્ય અંકુરણ, ઘાસપાતની હાજરી, અશુદ્ધિઓ, રોગવાહી જંતુ ઇ.ની દૃષ્ટિએ બી અંગે પ્રમાણપત્ર આપનાર અધિકારી તરફથી પ્રમાણપ્રાપ્ત થતાં બી.

**cervical.** ગ્રીવાને લગતું, ગ્રૈવ. **c. vertebra.** ગ્રૈવ કશેરુકા. **cervicitis.** ગર્ભાશય ગ્રીવા પર આવેલો સોજો, ગ્રીવાશોથ. **cervix.** ગ્રીવા, ગ્રીવા જેવી ગમે તે રચના, વિશેષ કરીને ગર્ભાશયની નીચેનો ભાગ. **c. uteri.** ગર્ભાશય ગ્રીવા.

**cespitis.** મૂળ ગૂંચ કે ઘાસથી જકડાયેલી જમીન તલ પરની માટી. **cespitose.** ગાઢ વૃદ્ધિવાળું.

**cess.** વેરો

**cess pit.** કચરાનો ખાડો, જેમાં મળ, કચરો ઇ. નાખવામાં આવે છે. **cess pool.** ખાળકૂવો; ઘરનું અપવાહિત પ્રવાહી, કચરો ઇ. જેમાં ઠલવાય તેવો ખાડો.

**cestode.** કૃમિ, પટ્ટીકૃમિ.

**Cestrum** *aurantiacum* **Lindl.** મૂળ ગ્વાટેમાલાની શોભા માટેની વનસ્પતિ. **C.** *diurnum* **L.** 'દિન કા રાજા' નામની મૂળ વેસ્ટ ઇન્ડિઝની શોભા માટેની વનસ્પતિ. **C.** *elegans* **Schlecht.** મૂળ મેક્સિકોની બગીચાની વનસ્પતિ. **C.** *nocturnum* **L.** રાતરાણી, મૂળ વેસ્ટ ઇન્ડિઝનું રાતના ખીલી સુવાસ ફેલવનાર ફૂલોવાળો છોડ. **C.** *parqui* **L' Herit.** રાતરાણી, મૂળ દ. યુરોપનો શોભા માટે વવાતો છોડ.

**ce vitamic acid.** પ્રજીવક 'સી'.

**Ceylon olive.** *Elaeocarpus serratus* **L.** નામનું રુદ્રાક્ષકુળનું કર્ણાટક અને કેરળમાં થતું ખાદ્ય ફળધારી વૃક્ષ. **C. raspberry.** રાસ્પબેરી. *Rubus lasiocarpus* **Sm.** નામનું પશ્ચિમ હિમાલય. સિક્કિમ, ખાસી ટેકરીઓ, પશ્ચિમઘાટ, કર્ણાટક અને પાલની ટેકરીઓમાં થતી ખાદ્ય ફળની વનસ્પતિ. **C. spinacb.** *Talinum triangulare* **Willd.** નામની વનસ્પતિ, જેનાં પાન અને ડાંડીની શાકભાજી થાય છે.

**chabeni.** ગંજેરી નાગવેલ. *Grewia tenax* (**Forsk.**) **Fiori** (**G.** *populifolia* **Vahl**) *chandar*; *tenax* (**Fork.**). નામનો ખાદ્ય ફળ અને ખીનો ક્ષુપ.

**chabrobe.** ચિકૂટ-માટેની આન્ધ્રપ્રદેશમાં થતી તમાકુનો પ્રકાર.

**Chaetochloa** *italica.* જવ.

**chafer.** એક પ્રકારનું જંતુ, જે પાકને હાનિ પહોંચાડે છે.

**chaff.** ભૂસું; અનાજના દાણા, સિંગદાણાને ઝડવાથી છૂટું પાડી શકાય છે. (૨) ઢોરના ખાણ તરીકે ઉપયોગમાં લેવામાં આવતું સરસ રીતે કાપેલું કે સૂકું ઘાસ કે સાંઠા. **c. cutter.** ઘાસ કાપનાર સાધન, **chaffy.** ખૂબ ભૂંસાવાળુ કે હલકા વજનવાળું.

**chain.** સાંકળ,શૃંખલા. (૨) જમીનની માપણી કરવા માટેની 66ફૂટ લાંબી પટ્ટી કે સાંકળ જેવું સાધન. **c. harrow.** સાંકળવાળી ખરપડી. **c. pump.** સળંગ સાંકળની મદદથી ચલાવવામાં આવતો પંપ, સરખા અંતરે તેના પર બાલ્દી કે અન્ય કોઈ પાત્ર બાંધેલું રહે જેથી પાણી ખેંચાય અને પાકને પાણી આપી શકાય.

**chakawat.** પાનધારી વનસ્પતિનો એક પ્રકાર.

**chakku.** કોલ્હુ; બળદ કે યંત્રથી તેલ કાઢવા માટેનું દેશી બનાવટનું સાધન,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધાણી, જે વડે 30–35 ટકા તેલ કાઢી શકાય છે.

**chakotra.** બીજોરું.

**chakunda.** ચમેડ વર્ગની શાકીય વનસ્પતિ.

**chalazae.** બીજક તલ, નાભિ, અંડપનું તલ, જ્યાં પાછળથી અંડકવચનું નિર્માણ થાય છે, બીજાંડ કોષ. (૨) સફેદ એલ્બ્યૂમીનના જાડા વીંટા, જે જરદીની આસપાસ હોય છે. **chalazogamy.** તલયુતિ.

**chalcid fly.** એક પ્રકારની માખી.

**chalk.** ચાક, નરમ સફેદ ચૂનાનો પથ્થર, પિતૃશૈલ તરીકે જમીનને સ્પષ્ટ લક્ષણ બક્ષે છે.

**Chamaerops** *ritchiena.* તાલાદિકુળની વનસ્પતિ.

**chamber.** કક્ષ, કોષ્ઠ. **c., brood.** મરઘાંનાં બચ્ચાં રાખવાનો કક્ષ. **c., food.** આહાર કક્ષ. **c., honey.** મધુકક્ષ.

**chameli.** ચમેલી, બટ મોગરો.

**champa.** એક પ્રકારની મેથી.

**champac.** રાયચંપો, સોનચંપો; *Michelia champaca* **L** નામનું સદાહરિત, જંગલનું સુગંધી ફૂલોનું ઝાડ, જેનાં ફૂલોમાંથી બાષ્પશીલ સુગંધી તેલ નીકળે છે, જે સંધિવા ઇ. દર્દોમાં ઉપયોગી બને છે.

**champamethi.** ચંપા મેથી; અમરુલ.

**champion.** અન્ય હરીફોને પરાજિત કરનાર પ્રાણી

**chamsur.** અશેળિયો.

**chance.** સંજોગ, સંયોગ, ભાગ્યવશાત્. (૨) તક. **c. seedling.** પવન કે પક્ષીવાહિત બીથી ઊગતું ફળ ઝાડ; મોટા ભાગનાં ફળઝાડની ઉત્પત્તિ આ પ્રમાણે થાય છે. **c. speed gear.** ચાલ બદલતું ગિયર.

**chandraki.** રેશમના કીડા પરિપક્વ બને તેવી ફરતી રકાબી.

**change agent.** બીજી પદ્ધતિની હિમાયત કરનાર વ્યક્તિ, શિક્ષક, કૃષિ વિસ્તરણ કાર્યકર. (૨) ખુદ નવી પદ્ધતિ.

**changeri.** ખાદ્યપાન અને બીની શાકીય વનસ્પતિ.

**chani hor.** ચણીબોર.

**chanihari.** ખાદ્ય પાનવાળી વનસ્પતિ, જંગલી મેથી.

**channa.** ચન્ના.

**channel.** નહેર કે નાની નદી. (૨) પાણીનાં બે સાધનોને જોડનારી નાળી. (૩) પ્રવાહી કે હવાનું વહન થતું હોય તેવો સાંકડો માર્ગ. **c. terrace.** જમીન સંરક્ષણ માટે કરવામાં આવતી પહોળી અને પ્રમાણમાં છીછરી યોગ્ય અંતરે ખોદવામાં આવતી સોપાનિક રચના.

**Chanos** *chanos.* ચાર ફૂટ લાંબી મિલ્કફિશ નામની દરિયાઈ માછલી.

**chaor.** જંગલનાં સાફ કરાયેલો તૃણ વિસ્તાર.

**chapari land.** ભારે પાણી ભરાયેલી જમીન.

**chapati.** રોટલી.

**character.** ગુણ, લક્ષણ. (૨) કોઈનાં રચના, પ્રકાર, આકાર, અથવા કાર્ય ઇ. અંગોની વિગતો, જેથી તેને અન્યથી પૃથક રીતે જાણી – ઓળખી શકાય. (૨) કોઈ પ્રાણી કે પેદાશની ઇચ્છનીય, આવશ્યક કે આકર્ષક ગુણવત્તા નક્કી કરવાનું સાધન. **c., acquired.** ઉપાર્જિત લક્ષણ – ગુણવત્તા. **c., inherited.** વંશાગત લક્ષણ – ગુણવત્તા. **characteristic.** લક્ષણ, વિશેષતા, લાક્ષણિકતા.. **characterize.** દર્શાવવું, વર્ણવવું, રજૂ કરવું, –નું લક્ષણ બનાવવું.

**charcoal.** કોલસો. **c. tree.** *Trema orientalis* **Blume** (*Celtis orientalis* **L.**). નામનો બિહાર, મધ્યપ્રદેશ, આસામ, અને પ. બંગાળમાં થતો ખાદ્ય ફળનો ક્ષુપ; જેની છાલના રેસાનાં દોરડાં અને ખરબચડું કાપડ બને છે, કાષ્ઠના કોલસા અને માવાના કાગળ બને છે.

**charged.** ભારિત. (વિદ્યુત) ભારવાળું.

**charkoni-sem.** પલાશાદિકુળની શાકીય વનસ્પતિ.

**charring.** અંશતઃ બાળવું, બળવું

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરવું તે.

**charsa.** ચામડાનો પાણી ખેંચવા માટેનો કોશ.

**chasmophyte.** ખડકની તિરાડમાં ઊગતી વનસ્પતિ.

**Chatham.** સરસ સૂકવીને સાફ કરેલી તમાકુ, જેનો ફતાર, હેરિસન સ્પેશિયલ નામની તમાકુ કરતાં વિશેષ હોય છે.

**chattel.** જંગમ – ચલ સંપત્તિ.

**chau.** પેકા ચાઉ.

**Chaubattia clay mud.** કલમ કરવા ઉપયોગમાં લેવામાં આવતી ખાસ માવજત કરવામાં આવી હોય તેવી માટી. **C. paste.** ફૂગનાશક રસાયણ, બે ઔંસ કોપર કાર્બોનેટ અને બે ઔંસ લિનોલીન મેળવીને બનાવેલું ફૂગનાશક મિશ્રણ.

**chaudhaari-phal.** એક પ્રકારનો આરોહી વેલો.

**chaulai.** રામદાણા, ચોળી; *Amaranthus caudatus* **L.** (**A.** *paniculatus* **L.**; **A.** *cruentus* **L.**). નામની ખાદ્ય ભાજી. **c. sag.** ખાદ્ય તાંદળજાની ભાજી.

**chaulumugra oil.** ચૌલમુગરાનું તેલ, જે *Hydnocarpus wightiana* નામની વનસ્પતિનાં બીમાંથી કાઢવામાં આવે છે અને તે જૂના સમયથી રક્તપિત્તના ઈલાજ તરીકે ઉપયોગમાં આવે છે.

**chaumarsa.** જુઓ *chaulai.*

**chayote** ખાદ્યફળવાળી આરોહી વેલ.

**chehulic** *myrobalan*. હરડે, હરિતકી.

**check.** પાણીની સપાટીનું નિયંત્રણ કરવા માટે સિંચાઈની ખાઈ પર મૂકેલું માળખું, જેમાં પ્રવાહના નિયંત્રણ માટે દરવાજા મૂકેલા હોય છે. (૨) અંદરની ત્વચા તૂટી ન હોય પણ કોચલું તૂટેલું હોય તેવું ઈંડું. **c. cross.** પરીક્ષાર્થે સંકર. **c. dam.** નીચો આડશવાળો બંધારો, જે પાણીના પ્રવાહને ધીમો પાડી, કાંપનો નિક્ષેપ થવા દે છે. આવો બંધારો પથ્થરનો હોય, ઈંટનો હોય, લાકડાનો હોય, વાંસનો હોય અને પ્રવાહના બંને છેડા સુધી પહોંચતો હોય. **c. method of irrigation.** નાની કિનારીઓવાળી ક્યારીઓમાં સિંચાઈનું પાણી પહોંચાડવાની પદ્ધતિ; ઘાસ અને ધાન્ય પાક માટે આ પદ્ધતિ અનુકૂળ છે, જેમાં જમીન ધીમે ધીમે પાણી શોષે છે, જેથી તે લાંબો સમય ટકે છે. **c. plot.** કૃષિ પ્રયોગની તુલના કરવા માટે તૈયાર કરેલો નાનો પ્લોટ.

**cheddar.** ગાયના દૂધમાંથી બનાવેલી ચીઝનો એક પ્રકાર, જેને ૬ મહિના માટે સૂકવીને સખત બનાવવામાં આવે છે.

**cheek.** ગાલ. (૨) પ્રાણીના મોંની ચરબીવાળી બાજુ.

**cheena narunga.** નારંગી કુળની વનસ્પતિનો એક પ્રકાર.

**cheese.** પનીર ચીઝ; દૂધને ફાડીને તેમાંથી પાણી દૂર કરી બનાવવામાં આવતી વાનગી, જેને મીઠું આપવામાં આવે છે અને ચોક્કસ પ્રકારની સુવાસ મળે તે માટે તેને જીવાણુ અને ઉત્સેચકની ક્રિયાથી પાકવા દેવામાં આવે છે. તેના નરમ, અર્ધ-સખત અને સખત એવા ત્રણ પ્રકાર છે. આ પોષક પદાર્થ લાંબા સમય માટે રાખી શકાય છે. **c., green.** કાચી ચીઝ. **cheesiness.** બગડેલી છાશ, જેની વાસ ચીઝ જેવી હોય છે.

**Cheiranthus cheiri L.** મૂળ દ. યુરોપની શોભા માટે ઉગાડવામાં આવતી શાકીય વનસ્પતિ.

**chekur manis.** ખાદ્ય પાનવાળો *Sauropus androgynous* **Merr.** નામનો ક્ષુપ.

**chelwa.** ચેલવા, જેના રેસાનાં દોરડાં બને છે.

**chemical.** રાસાયણિક દ્રવ્ય. (૨) રાસાયણિક. **c. analysis.** રાસાયણિક પૃથક્કરણ; કોઈ રસાયણનું તેના ઘટકોમાં વિઘટન કરવાની પ્રક્રિયા. **c. balance.** રાસાયણિક સમતુલા. **c. caponizing.** મરઘામાં માદાનાં લક્ષણો નીપજે તે માટે તેની ગરદનમાં ડાઈઈથાઈલ સ્ટિલ બેસ્ટ્રોલ અંતઃસ્રાવનો અંતઃક્ષેપ કરવો,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેથી જ અઠવાડિયામાં જ લડવાની તેની વૃત્તિ મરી જાય છે, કલગી પીળી પડે છે, પિંડી, ચામડી ઇ. મોટાં થઈ વજન વધે છે. (૨) મરઘાની રાસાયણિક રીતે ખસી કરવાની પદ્ધતિ. **c. composition.** રાસાયણિક રચના. **c. control.** રાસાયણિક નિયંત્રણ. **c. dehorning.** વાછરડાનાં શિંગડાંનાં મૂળમાં રસાયણ મૂકી તેની વૃદ્ધિ થતી રોકવી, શિંગડાંને ઊગતાં અટકાવવાં. **c. disintegration.** રાસાયણિક વિઘટન. **c. effect.** રાસાયણિક પ્રભાવ. **c. eluviation.** વિઘટન થતા મુક્ત થતી પેદાશ, સત્ય કલિલમાં દૂર થઈ અન્ય સંસ્તરમાં તેનો થતો નિક્ષેપ, રાસાયણિક નિક્ષેપ. **c. fertilizer.** રાસાયણિક ખાતર. **c. gardening.** જુઓ *hydroponics*. **c. manure.** રાસાયણિક ખાતર. **c. property.** રાસાયણિક ગુણવત્તા. **c. reaction.** રાસાયણિક પ્રતિક્રિયા. **c. theory.** રાસાયણિક સિદ્ધાંત. **c. treatment.** રાસાયણિક ઉપચાર – માવજત. **c. weathering.** રાસાયણિક ખવાણ. **c. weed control.** રસાયણિક ઘાસપાત નિયંત્રણ. **chemi-culture.** જુઓ *hydroponics*. **chemolysis** રાસાયણિક પ્રક્રિયકો વડે કાર્બનિક દ્રવ્યનું વિઘટન. **chemotherapy.** રસાયણિક ચિકિત્સા; ઔષધદ્વારા રોગ નિવારણ ચિકિત્સા. **chemotropism.** રસાયણ અનુવર્તન, રાસાયણિક અનુવર્તિતા. **chemurgy.** કૃષિ પેદાશનો ઔદ્યોગિક હેતુઓ માટે ઉપયોગ કરવા માટે અથવા વનસ્પતિમાંથી નવી મૂલ્યવાન પેદાશ મેળવવા કરાતું રાસાયણિક સંશોધન. **chemonasty.** રસાયણ પ્રેરણ.

**Chen Kadali.** દ. ભારતમાં થતાં કેળાનો એક પ્રકાર.

**Chenopodium** *ablum* **L.** ચીલની ભાજી, શાકીય વનસ્પતિ, જેનાં પાન અને કુમળાં ડાંખળાં ઘાસચારા અને શાકભાજી તરીકે ઉપયોગી છે. **C.** *ambrosioides* **L.** *var. anthelminticum* **(L.) A. Gray.** મૂળ વેસ્ટ ઇન્ડિઝ અને દ. અમેરિકાની દ. ભારત, પ. બંગાળ, કાશ્મીર અને મહારાષ્ટ્રમાં થતી કૃમિઘ્ન વનસ્પતિ. **C.** *fruticosum* **L.** લોણી ફળનો પંજાબ અને રાજસ્થાનમાં થતો ઘાસચારો. **C.** *murale* **L.** ઘાસચારાનો એક પ્રકાર.

**cherells.** કોકોને થતો એક રોગ, જેથી તેનાં બુંદદાણા ઝડપથી સુકાઈ જાય છે,

**cherimoya.** જુઓ *cherimoyer*.

**cherimoyer.** હનુમાન ફળ, લક્ષ્મણ ફળ, સીતાફળાદિ કુળનું *Annona cherimola* **Mill.** નામનું મધ્યમ કદનું ઉષ્ણકટિબંધમાં થતું ખાદ્ય અંડાકાર ફળનું ઝાડ, જેનાં ફળમાં 18 ટકા શર્કરા અને 1.8 ટકા પ્રોટીન હોય છે. બી વાવીને અને–અથવા કલમ કરીને એમ બંને રીતે આ ઝાડ વાવી શકાય છે.

**chernozem.** કાળા અને ઘેરા બદામી રંગના સંસ્તરવાળી જમીનનો પ્રકાર,

**cheroot.** ચિરૂટ; સિગાર જેવો તમાકુનો વીંટો.

**cherri.** જુઓ *cherry*. **cherry.** ચેરી, પદ્મકાદિ કુળનું *Prunus* પ્રજાતિનું ખાદ્યફળ. *Prunus avium* **L.** મીઠી ચેરી; *Prunus cerasus* **L.** રાંધવાની ચેરી. (૨) ચેરીનું વૃક્ષ ગોળાકાર કે હૃદયાકાર ફળવાળું હોય છે. તેનાં ફળનો રંગ પીળો અથવા લાલ હોય છે. 5,000 ફૂટની ઊંચાઈવાળા પ્રદેશમાં આ વૃક્ષ ઊગે છે. **c. apple.** કાશ્મીર અને ખાસી ટેકરીઓમાં થતું સફરજન. **c. coffee.** કોફીના બુંદ દાણાની સૂકી પ્રક્રિયાથી બનાવાતી દેશી કોફી. **c. crab.** કાશ્મીર અને ખાસીની ટેકરીઓમાં થતા સફરજનનો એક પ્રકાર. **c. pit.** ચેરી ફળનો ગોટલો, જેમાં તેનું બી રહેલું હોય છે. **c. sun scald.** સૂર્યના પ્રખર તાપથી ચેરીના વૃક્ષને થતો એક રોગ.

**cheshunt compound.** ફૂગનાશક સંયોજન, જે કોપર સલ્ફેટ (મોરથૂથુ) બે પાઉંડ, એમોનિયમ કાર્બોનેટ 11 પાઉંડને

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભેગાં કરી આ મિશ્રણને 24 કલાક સખત બંધ બાટલીમાં રાખવામાં આવે છે. આ મિશ્રણ અથવા સંયોજન જલદ્રાવ્ય છે. ધાતુના પાત્રમાં તેને રાખી શકાતું નથી.

**chest.** છાતી, આગલી ચાર પાંસળીઓ અને વક્ષાસ્થિ વચ્ચેનું અંગ.

**chestnut.** ચેસ્ટનટ ફળને મળતો ઘોડાનો રંગ, આવા ઘોડાની કેશવાળી અને પૂછડી કાળાં હોતાં નથી. (૨) સખત કાષ્ઠવાળું વૃક્ષ અને તે વૃક્ષ પર થતું ફળ – ચેસ્ટનટ. **c. soil.** ચેસ્ટનટ જમીન.

**chewing the cud.** વાગોળાતું ખોરાકી દ્રવ્ય; વાગોળનાર પ્રાણી એક વાર ખાઈ પ્રથમ આમાશયમાં ગયેલા આ ખોરાકને બહાર કાઢી વાગોળી, પુનઃ ગળી જાય તે દ્રવ્ય.

**chhanna.** છન્ના, માવો; ગાય કે ભેંસના ઉકળતા દૂધમાં દુગ્ધામ્લ (લેક્ટિક ઍસિડ) કે સાઈટ્રિક ઍસિડને નાંખી તેને ફાડીને બનાવવામાં આવતી વાનગી, જે મીઠાઈ બનાવવાના કામમાં લેવામાં આવે છે, જેના પેંડા, બરફી ઇ. બને છે.

**chhatri chiku.** મહારાષ્ટ્રમાં થતો બીજા નંબરનો ચીકુનો એક પ્રકાર, જેના ઝાડની ડાળીઓ ગોળ ચક્રાકાર – છત્રી જેવી હોય છે.

**chhirvel.** ખારવેલ; *Holostemma annulare* (**Roxb.**) **Schum** (*H. rheedii* **Wall.**). નામની પશ્ચિમ દ્વીપકલ્પીય વિસ્તારમાં થતી શાકભાજી તરીકે ઉપયોગમાં લેવાતાં પાન અને ફૂલવાળી શાકીય વનસ્પતિ.

**chhota pilu.** પિલ્વાદિ કુળનો *Salvadora perisica* **L.** નામનો ગુજરાત, રાજસ્થાન, પંજાબ અને કોંકણમાં થતો શાકભાજી તરીકે ખાઈ શકાય તેવાં પાન ધરાવતો મોટો ક્ષુપ.

**chhota sundi.** કમલાદિ કુળનું *Nymphaea esculenta* **Roxb.** નામની જલીય શાકીય વનસ્પતિ, જેનાં કંદ અને બી ખાદ્ય છે.

**chhoti chaulai.** ઉનાળાની શરૂઆતમાં વાવી શકાય તેવી *amaranthus (chaulai)* પ્રકારની શાકીય વનસ્પતિ, જેને નાના પાન થાય છે, અને કર્તન કરવાથી ફાયદો થાય છે.

**chhoti jergi.** તૃણકુળનું *Bothriochloa pertusa* (**L.**) *A. Camus.* (*Andropogon pertusus* (**L.**) **Willd.**). નામનું કાયમી ઘાસ.

**chian.** *Entada phaseoloides* (**L.**) **Merr** (*E. scandens* **Benth;** *Lens phaseoloides* **L.**). નામનો મધ્ય અને પૂર્વીય હિમાલય, પ. બંગાળ, ઓરિસા, બિહાર અને ઉત્તર પ્રદેશમાં થતો ખાદ્ય બી વાળો આરોહી ક્ષુપ, જે સાબુની અવેજીમાં વાળ ધોવાનાં કામમાં આવે છે.

**chichenda.** પરવળ. **chichinga.** પરવળ.

**chick.** મરઘીનું બચ્ચું. **c.-embryo vaccine.** રિંડરપેસ્ટ નામના દર્દની સામે પ્રાણીઓને રોગ પ્રતિરક્ષા આપવા માટે તૈયાર કરવામાં આવતી જીવંત વિષાણુની રસી. **chicken.** પાળેલાં મરઘાં – બતકાં, *Phasianidae* કુળની *Gallus domesticus* નામની મરઘાં – બતકાંની જાત. **c. mite.** મરઘાં – બતકાં તથા શાણ અને ચાના છોડને ઉપદ્રવ કરનાર ઈતડી.

**chickenpox.** અછબડા.

**chickna.** સહરાનપુરમાં થતી સંકર મોસંબી; જેમાં મીઠાશ અને અમ્લતા ઓછાં હોય છે.

**chick pea.** ચણા.

**chickweed.** *Stellaria aquatica* **Scop.** નામની સફેદ ફૂલવાળી જલીય શિયાળુ શાકભાજી.

**Chicory.** ચિકોરી; સહદેવ્યાદિકુળની *Cichoroum intybus* **L.** નામનો ચિકોરી ફળ આપતો છોડ, જેનાં મૂળને કાપીને સૂકવવામાં આવે છે, અને ત્યાર બાદ તેનું વર્ગીકરણ કરી, ફરતા લોખંડના નળાકાર સાધનમાં ભૂંજવવામાં આવે છે, ત્યાર બાદ તેને દળી તેનો ભૂકો બનાવવામાં આવે

For Private and Personal Use Only

છે. આ ભૂકાને ફ્રેન્ચ કૉફી નામનો કૉફીનો પ્રકાર બનાવવા માટે કૉફીમાં ભેળવવામાં આવે છે; આવા બનાવવામાં આવતા મિશ્રણમાં 60 ટકા કૉફી અને 40 ટકા ચિકોરી હોય છે.

**chigna.** સફેદ શિરીષ.

**Chilean nitrate.** સોડિયમ નાઈટ્રેટ, સુરોખાર.

**chiku.** ચીકુ. મધુકાદિકુળનું *sapota* તરીકે ઓળખાતું *Achras zapota* **L.** (*A. sapota* **L**; *Sapota achras* **Mill**; *Manilkara zapota* (**L.**) **Van Royen.**). નામનું મૂળ મેક્સિકોનું પણ ભારતના ભેજવાળા પ્રદેશ (વલસાડ, સુરત અને મહારાષ્ટ્ર)માં 50 થી 100 ઈંચ વરસાદ ધરાવતા ઉષ્ણ કટિબંધના વિસ્તારમાં અનેક પ્રકારની જમીનો પર ઉગાડવામાં આવતું ફળઝાડ, જેનાં મૂળ ઊંડે જતાં નથી, અને જેની વૃદ્ધિ – વિકાસ ધીમાં છે. તેનું ફળ – ચીકુ ગોળ, અંડાકાર કે શંકુ આકારનું હોય છે. પાકેલું તાજું ચીકુ મધના જેવા બદામી રંગનું હોય છે, તેનો ગર નરમ, ગળ્યો, દાણાદાર હોય છે. કાચું ચીકુ ખાઈ શકાતું નથી. વાનસ્પતિક રીતે ચીકુના ઝાડને વાવવામાં આવે છે.

**chill.** ધ્રુજારી આવે તેવી શરદીની સંવેદના. (૨) કોઈ પણ પેદાશનું ઉષ્ણતામાન ઘટાડીને તેની ગુણવત્તા અને આવરદા વધારી શકાય છે. **chilling injury.** નીચા ઉષ્ણતામાનથી, ફળ અને શાકભાજીને થતી હાનિ.

**chilli.** મરચાં. *Capsicum annuum* **L.** *C. frutescens* **L.** નામનો મરચીનો છોડ, જેનાં ફળ એટલે મરચાં લીલાં અને પાકાં એમ બંને પ્રકારના ખાવાના કામમાં આવે છે. સુકવેલાં મરચાંનો ભૂકો ખાદ્ય વસ્તુને તીખી બનાવવા માટે વાપરવામાં આવે છે. કેરીનું કે અન્ય કોઈ ફળનું અથાણું બનાવવામાં પણ તેનો ઉપયોગ કરવામાં આવે છે. ઊંડી, કાળી કપાસ માટે અનુકૂળ જમીન મરચી વાવવા માટે અનુકૂળ છે. **Ch. anthracnose and dieback** મરચાને *Colletotrichum capsici*થી મરચીનો થતો રોગ. **ch. bacterial leaf spot** *Xanthomonas vesicatoria*થી મરચાને થતો એક રોગ જેમાં પાંદડાં પર કાળાં ધાબાં પડે છે. **ch. blight.** *Alternaria solani* નામની ફૂગથી મરચાને થતો એક રોગ જેમાં પાન પર ડાઘા પડે અને છોડ અકાળે મરી જાય છે. **ch. damping off.** *Pythium aphanidermatum, Phytophthora spp* અને *Pellicularia filamentosa*થી મરચાને થતો રોગ, જેમાં છોડની પેશી સંકોચાય **ch. leaf curl.** (*Oidium sp.*) મરચાને થ્રિપ, વિષાણુ અને ભૂકારૂપે થતી ઊબથી લાગુ પડતો રોગ, જેમાં છોડની વૃદ્ધિ કુંઠિત બને છે, પાંદડાં ચીમળાઈ વળી જાય છે. **ch. leaf spot.** *Cercospora capsici*થી મરચાને થતો રોગ, જેમાં મરચીનાં પાન પર પાણી ભરેલા ગોળાકાર ડાઘ દેખાય છે. **ch. mosaic.** મરચાને થતો વિષાણુજન્ય રોગ, જેમાં પાન પર ડાઘ દેખાય છે. **ch. thrip.** *Scirtothrips dorsalis* **Hood.** નામનો મરચીનો કીટ. **ch. wilt** *Fusarium annuum*થી મરચાને થતો રોગ જેમાં છોડનાં મૂળ અને બાહ્ય સપાટી સડે છે.

**Chilotrea** *auricilia.* શેરડીના સાંઠાનો વેધક કીટ. **Ch.** *infuscatellus.* શેરડીના અંકુરનો વેધક કીટ. **Chilo** *tumidicostalis.* શેરડીના સાંઠાનો વેધક કીટ. **Ch.** *zonellus.* મકાઈ નો વેધક કીટ.

**chimaera** વિચિત્રોતકી, વિભિન્ન જનીન બંધારણ ધરાવતી ઓછામાં ઓછી બે પેશીઓવાળી વનસ્પતિ.

**China** ચીન; ચીનનું, ચિનાઈ. **Ch. clay.** ચિનાઈ માટી. **Ch. grass.** તૃણ-કુળની વનસ્પતિ. **Ch. jute.** જુઓ *Indian mallow.* **Ch. litchi.** બિહારમાં થતી લીચીનો એક પ્રકાર. **Ch. Pearl.** ફલાવરનો સુધારેલો એક પ્રકાર.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**Ch. tea.** વામન છોડ પર, ભારતમાં થતી ચાનો પ્રકાર, **Ch. wood oil tree.** જુઓ *tungtoil tree.* **Chinese.** ચિનાઈ, ચીનનું, ચીનને લગતું. **Ch. cabbage.** *Brassica pekinensis* નામની ઉત્તર ભારતમાં થતી કોબી. **Ch. chaste tree.** નિર્ગુંધી, નગોડ, *Vitex negundo* **L.** નામનો પડતર જમીનો અને નદીઓની કિનાર પર થતો પાનખર ક્ષુપ, જેનાં ડાખળાંનાં ટોપલા – ટોપલીઓ બનાવવામાં આવે છે. **Ch. cherry.** રુદ્રાક્ષ કુળનું *Munitingia calabura* **L.** નામનું ખાદ્ય ફળ આપતું ઝાડ. **Ch. chive** બંગ ગંધિના, *Allium uliginosum* **Don**(*A. tuberosum* **Roxb**). નામનો પ. બંગાળમાં થતો સુવાસિત ડુંગળી તરીકે ઓળખાતો છોડ, જેને અન્ય દ્રવ્યોને સુવાસિત બનાવવા ઉપયોગમાં લેવામાં આવે છે. **Ch. date.** બોર. **Ch. guava** જુઓ *cattley guava.* **Ch. laurel.** આમદી, *Antidesma bunius* (**L.**) **Spreng.** નામનું આસામ અને ખાસી ટેકરીઓમાં થતું નાનું ઝાડ, જેનાં ફળ ખવાય છે અને છાલના રેસાનાં દોરડાં બનાવવામાં આવે છે **Ch. layering.** જુઓ *air layering.* **Ch. open-leaf sarson.** *Brassica chinensis* નામનો ઉત્તર ભારતના ડુંગરાળ પ્રદેશમાં થતો એક પ્રકાર. **Ch. pear.** પદ્મકાદિ કુળની *Pyrus pyrifolia* (**Burm. f.**) **Nakai** *var. culta* (**Mok.**) **Nakai.** (*P. serotina* **Rehd** *var. culta* **Rehd.**). નામની નાસપતિ, જે મૂળ ચીનની છે પણ અહીં આસામ, પ. બંગાળ કાશ્મીર, કુમાઉ, નીલગીરિ, હિમાચલ પ્રદેશ અને દિલ્હીમાં થાય છે. જેનો વારંવાર ઉપયોગ સંકર અને ઉપરોપસંકર માટે કરવામાં આવે છે. **Ch. preserving gourd.** સફેદ કોળું. **Ch. Shanghai Fowl.** એશિયાની ઠીક ઠીક ઈંડા આપતી મરઘીનો પ્રકાર. **Ch. soap berry** અરીઠાનું ઝાડ; *Sapindus mukorossi* **Gaertn.** (*S. detergens* **Roxb.**). નામનું ઉત્તર-ભારત, પં. બંગાળ અને આસામમાં થતું ઝાડ, જેનાં અરીઠાં રેશમી અને ઊની વસ્ત્રો અને વાળ ધોવાના કામમાં આવે છે. **Ch. sumac.** *Rhus chinensis* **Mill** નામનું ઝાડ. **Ch. water chestnut** *Eleocharis dulcis* (**Burm. f.**) **Trin. ex Henchel** (*E. plantaginea* **R. Br.**; *E. tuberosa* **Schult.** (**L.**). નામની ઉત્તર પ્રદેશ, બિહાર, પ. બંગાળ, આસામ અને ઓરિસામાં થતી ખાદ્ય કંદિલ શાકીય વનસ્પતિ.

**chini.** મીઠા સંતરાનો એક પ્રકાર; **ch. orange** મીઠા સંતરાનો એક પ્રકાર.

**Chionachne** *koenigii* (**Spreng.**) **Thw.** તૃણકુળનું ઝાડ જેનાં ફળનાં ખોખાં, માળા, મણકા, શોભા માટેની ટ્રે અને પેટીઓ બને છે. **Ch.** *semiteres* (**Benth.**) **Henr** (*Syn. Polytoca semiteres* *Benth.*). એક પ્રકારનો ઘાસચારો.

**chip budding.** દ્રાક્ષમાં સફળ બનેલો કલિકા કલમનો એક પ્રકાર.

**chirchinda.** પરવળ.

**chiria-ka-dana.** *Sporobolus diander* (**Retz.**) **Beau.** નામનો કાયમી ઘાસચારો.

**Chiridia** *sernotata.* શક્કરિયામાં પડતો કીટક.

**chironji.** *Buchanania lanzan* **Spreng** (*B. latifolia* **Roxb.**). નામનું ઝાડ, જેની છાલ ચામડાં કમાવવા અને ફળ અને બી ખાવાના કામમાં આવે છે. ગુંદર કાપડ રંગવા માટે ઉપયોગી બને છે.

**chironomid.** ડિપ્ટેરા શ્રેણીનું જંતુ, જેનાં બચ્ચાં તળાવના તળિયે રહે છે.

**chital.** *Notopterus chitala* નામની એક પ્રકારની ખાદ્ય માછલી

**chitin.** સંધિપાદ પ્રાણીનું કંકાલ દ્રવ્ય બનાવતું કાર્બોદિતનું નાઈટ્રોજન વ્યુત્પન્ન.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**Chittagong.** આ નામનું મોટું મરચું.

**Chittidar.** ઉત્તર પ્રદેશનો જામફળનો એક પ્રકાર.

**chive.** *Allium schoenoprasum* **L.** નામની ડુંગળીવર્ગની વનસ્પતિ.

**chlamydospore.** જાડી દીવાલનું અલિંગી વિશ્રામી બીજાણુ.

**chloranthus.** હરિતપર્ણધારી (વનસ્પતિ).

**chlordane.** (2,3,4,5,6,7,8, 8-ઓક્ટોક્લોરો 2, 3, 3a, 4, 7, 7a હેક્ઝાહાઇડ્રો – 4, 7–મીથેનોઈડીન), જેમાં 64થી 67 ટકા ક્લોરીનયુક્ત ટર્પીન હોય છે, જઠર અને સંપર્ક વિષ તરીકે આ જંતુનાશક દ્રવ્ય સસ્તનો માટે ઝેરી છે.

**chlorenchyna.** નીલોતક, નીલપેશી.

**chloride of lime.** કેલ્શિયમ ક્લોરાઈડ, ક્લોરીનયુક્ત ચૂનો, જે રોગહારક પ્રક્રિયક તરીકે વર્તે છે, કેલ્શિયમ હાઈપોક્લોરાઈટ. **chlorinated lime.** જુઓ ક્લોરાઈડ ઑફ લાઈમ.

**chlorination.** ક્લોરીન વડે કે બ્લીચિંગ પાઉડર વડે કોઈ દ્રવ્યને જંતુરહિત બનાવવાની પ્રક્રિયા. **chlorine.** ક્લોરીન; વનસ્પતિનું ખાદ્ય તત્ત્વ, જે ક્લોરીન ($cl^-$) આયન તરીકે ગ્રહણ કરવામાં આવે છે; ક્લોરીનવાળાં સંયોજનો ચેપરક્ષક અને ગંધહારક દ્રવ્યો તરીકે ઉપયોગમાં આવે છે. **c. deficiency.** ક્લોરીનની ઊણપથી ટમેટા જેવી વનસ્પતિની દેહધર્મીય વિકૃતિ. **c. solution** ગાય-ભેંસના આંચળ ધોવા માટેનું ચામડીને અદાહક ક્લોરીન સંયોજન.

**Chlorosis** *barbata* Sw. મીંદડિયું ઘાસ. **Ch.** *gayana* **Kunth.** મૂળ બ્રાઝિલનું રોડસઘાસ તરીકે ઓળખાતું ઘાસ.

**chloroform.** ક્લોરોફોર્મ. રંગ વિહીન, ભારે, અદાહ્ય, અતિબાષ્પશીલ, આલ્કોહોલ, ઈથર, તેલ અને અન્ય કાર્બનિક દ્રાવકોમાં દ્રાવ્ય, જે શ્વાસ દ્વારા આપવામાં આવતું નિશ્ચેતનાકારક, ચેપહારક દ્રવ્ય છે.

**chlorophyll.** હરિત દ્રવ્ય, નીલદ્રવ્ય, નીલરસ, હરિતપર્ણ. (૨) વનસ્પતિનું હરિત રંજક દ્રવ્ય; બે હરિત રાસાયણિક સંયોજનોનું બનેલું દ્રવ્ય, જે વડે વનસ્પતિ પ્રકાશ સંશ્લેષણ દ્વારા કાર્બન ડાયોક્સાઇડ અને પાણીમાંથી શક્તિ મેળવે છે. આ બે રાસાયણિક દ્રવ્યો એટલે ક્લોરોફિલ – 'એ' અને ક્લોરોફિલ – 'બી' છે, જે કેરોટીન અને ઝેન્થોફિલ જેવાં બે પીત દ્રવ્યોની સાથે સંકળાયેલાં છે. **chlorophyllase.** વનસ્પતિઓમાં હરિતદ્રવ્ય સાથે જોવામાં આવતું એક ઉત્સેચક. **chlorophyllogen.** હરિતપર્ણજનક. **chloroplast.** નીલકણ, હરિતકણ, હરિતાણુ. **ch. plastid.** હરિતદ્રવ્ય સપડાયેલું હોય તેવી વાદળી સદૃશ સંરચના, જે ખોરાક, કાંજીના કણો અને રંજક દ્રવ્યો બનાવે છે. **chlorosis** હરિતદ્રવ્યહીનતા. પીતિમા; પર્ણના ઉપરના ભાગમાં શિરાઓનું પીળા પડી જવું, આ પ્રકારની વનસ્પતિમાં થતી દેહધર્મીય વિકૃતિ. **chlorotic** હરિતદ્રવ્યનો અભાવ.

**Chlorophytum** *tuberosum* **Baker.** કરલીની ભાજી, કરલીનો મધ્યપ્રદેશ, આન્ધ્રપ્રદેશ, તામીલનાડુ અને કેરળનો ક્ષુપ, જેનાં પાનની શાકભાજી થાય છે.

**chloropicrin** અશ્રુવાયુ. પીળા રંગનું જમીનને ધુમાયમાન કરનાર કૃમિનાશક, ઉંદર સંહારક અને ઘાસપાતનો નાશ કરનાર દ્રવ્ય; માણસો માટે તે ઝેરી છે.

**Chloroxylon** *swietenia* **D.C.** નારંગીકુળનું પશ્ચિમ ભારત, તામીલનાડુ અને નીલગિરિમાં થતું નાનું ઝાડ, જેના કાષ્ઠની પેટીઓ અને ફર્નિચર બને છે.

**chocolate mahaseer.** આસામ, હિમાચલ પ્રદેશમાં થતી માછલીનો પ્રકાર.

**chokargond.** પંજાબ, રાજસ્થાન, મધ્ય પ્રદેશનું નાનું ઝાડ.

**choke.** ગળામાં ખોરાક અટકી જવાથી થતી ગૂંગળામણ. **ch. weed.** અન્ય વનસ્પતિને હડસેલી મૂકનાર ઘાસપાત. **choking.** શ્વાસાવરોધ, કંઠરોધ; ગળામાં કોઈ દ્રવ્ય કે ખોરાક અટકી જવાથી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થતી ગૂંગળામણ, જેથી બેચેની થાય, લાળ ગળે અને શ્વાસ રોકાઈ જાય.

**Chokla sheep.** રાજસ્થાનમાં ઘેટાંની એક ઓલાદ જેના ઊનના ગલિચા બને.

**cholera.** વિષૂચિકા; પશુઓ અને પંખીઓમાં થતો એક પ્રકારનો કોલેરા.

**cholesterol.** પીતઘન; સૌ પ્રાણીપેશીમાં જોવામાં આવતો સ્ફટિકીય સ્ટેરોલ, પણ મોટા ભાગે પિત્તાશ્મ, ઈંડાની જરદી, ચેતાપેશી અને દૂધમાં તે હોય છે.

**choline.** પ્રજીવક 'બી' સંકુલનો એક ઘટક; વનસ્પતિઓ અને પ્રાણીઓમાં રહેલું કાર્બનિક સંયોજન, જે વૃદ્ધિ માટે આગત્યનું છે.

**chomophyte** તિરાડો, ફાટ અને શૈલ કાટમાળમાં ઉગતી વનસ્પતિ.

**Chonemorpha** *fragrans* **(Moon) Alston** (*Syn. C. macrophylla* **G. Don).** શોભા માટેનો એક આરોહી ક્ષુપ. જેના રેસાની માછલીઓ પકડવાની જાળ બનાવવામાં આવે છે.

**chora.** *Angelica glauca* **Edgew.** નામની કાશ્મીરમાં થતી શાકીય વનસ્પતિ જેનાં મૂળ મસાલા તરીકે ઉપયોગી બને છે.

**chorion.** જરાયુ. (૨) ઈંડાના કોચલાની અંદરની તંતુમય બે ત્વચા પૈકીની બહાર તરફની ત્વચા. (૩) સસ્તનોના અપ્રસૂત ભ્રૂણને આવરી લેતી બાહ્ય ત્વચા – જરાયુ, ઓર. (૪) વનસ્પતિ બીજના મૂળકોષ કેન્દ્રનું મેદીય નરમ દ્રવ્ય.

**Chorioptes** *symbiotes* ઢોરમાં *chorioptic mange* નામની વિકૃતિ પેદા કરનાર ઈતડી. **chorioptic mange.** *Chorioptes symbiotes* નામની ઈતડીથી ઢોરને થતો રોગનો એક પ્રકાર; પૂછડાનાં મૂળમાં ઈતડી લાગેલી હોય છે અને જેમાં મસા જેવી વિકૃતિ થાય છે.

**Chorizon.** મૃદા પરિચ્છેદિકાનું નિમ્નતમ સંસ્તર, જેમાં ખવાણ પામેલા શૈલદ્રવ્ય અને ખવાણ નહિ પામેલું શૈલદ્રવ્ય અનુક્રમે ઉપરના અને નીચેના ભાગમાં હોય છે.

**chota halkusn.** *Leucas aspera* **Spreng** નામનું ઘાસપાત.

**christophine.** એક આરોહી વેલ.

**Christ's thorn.** *Cariassa carandas* **L.** નામની રક્ષણાર્થક વાડ બનાવવામાં ઉપયોગી બનાતી વનસ્પતિ. જેમાં પ્રજીવક 'સી' હોય છે.

**chromatid.** રંગતતુક, **chromatin.** રંગક્ષમ રંગગ્રાહી. **ch. fibre.** રંગગ્રાહી તંતુ.

**chromatophore.** માછલીના ત્વચામાં જોવામાં આવતો રંજક કોષ.

**chromogen.** રંગજનક. **chromogenic bacteria.** દ્રવ્યમાં રંગ બનાવનાર જીવાણુ, રંગજનક જીવાણુ.

**chromoproteins.** હીમેટીન કે એવા કોઈ દ્રવ્ય સાથેનું પ્રોટીનનું સંયોજન. જે લોહીમાંના હીમોગ્લોબીનનું લાલ રંગ આપતું દ્રવ્ય છે.

**chromosome.** રંગસૂત્ર, ગુણસૂત્ર. કોષકેન્દ્રના વિભાજનના સમયે, કોષકેન્દ્રમાં દેખાતું સૂક્ષ્મ રંજક સૂત્ર, જે સૂત્ર જનીન ધરાવે છે. કોઈ પણ સજીવની જાતિમાં તેની સંખ્યા નિશ્ચિત હોય છે અને તે વંશાગત લક્ષણો માટેના સેતુની ગરજ સારે છે; લૈંગિક યુગ્મન સમયે બનતા ફલિતાંડમાં, નર અને માદા પિતૃઓ તરફથી સમાન ભાગે આ સૂત્ર જન્મનાર સંતતિમાં જાય છે. **ch. behaviour.** રંગસૂત્ર વર્તાવ. **ch. group.** રંગસૂત્ર સમૂહ. **ch. map.** રંગસૂત્ર ચિત્ર. **ch. ring.** રંગસૂત્ર વલય. **ch. theory.** રંગસૂત્રનો સિદ્ધાંત. **ch. theory of heredity.** આનુવંશિકતા અંગેનો રંગસૂત્રનો સિદ્ધાંત.

**chronic.** (૧) (રોગની) દીર્ઘકાલીનતા. (૨) જીર્ણ, પુરાણું, લાંબા સમયનું. **ch. bacillary diarrhoea** દીર્ઘકાલીન દંડાણુજન્ય અતિસાર. **ch. bacterial dysentry.** દીર્ઘકાલીન મરડો. **ch. bovine haematuria.** પ્રારંભમાં થોડે થોડે અને ત્યાર બાદ સતત ઢોરનાં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મૂત્રમાં લોહી કે લોહીના ગઠ્ઠા જતા હોય તેવા પ્રકારનો રોગ; ઑક્ઝેલેટવાળી વનસ્પતિ, ક્વીનોલેટ, સિલિકેટ, ખનિજ દ્રવ્યોની ઊણપ, ફૂગ, જીવાણુ, વનસ્પતિ-વિષ, હલકા પ્રકારનું ઘાસ: આ સૌ આ રોગ માટેનાં કારકોની ગરજ સારે છે. **ch. intestinal catarrh.** દીર્ઘકાલીન આમશ્લેષ્મદોષ.

**Chrozophora** *plicata*, **Dalz.** કાળો ઓખરાડ.

**chrysalis.** ડિમ્ભાવસ્થામાંથી પ્રૌઢાવસ્થામાં પરિવર્તન પામનાર પતંગિયામાં આવતી એક દૈહિક અવસ્થા.

**Chrysanthemum** *cinerariiafolium* (**Trev.**) **Vis.** (Syn. *Pyrethrum cineriifolium* **Trev.**). કાશ્મીર, નીલગિરિ અને વાયવ્ય હિમાલયમાં થતી એક શાકીય વનસ્પતિ, જેનાં ફૂલો જંતુનાશક દ્રવ્ય તરીકે ઉપયોગમાં આવે છે. **Ch.** *coccineum* **Willd.** આસામમાં થતી વનસ્પતિનો એક પ્રકાર, જેનાં ફૂલ જંતુનાશક દ્રવ્ય તરીકે ઉપયોગમાં આવે છે. **C.** *indicum* **L** (Syn. **Ch.** *japonicum* **Thunb,** *Pyrethrum indicum* **D C.**). ગુલદાઉદી, નામની મૂળ ચીન અને જાપાનની પણ હવે અહીં થતી શોભા માટેની વનસ્પતિ.

**Chrysobalanus** *icaco* **L.** મલબારમ થતો ક્ષુપ; જેનાં ફળ ખાદ્ય છે.

**Chrysopbyllum** *cainito* **L.** મૂળ વેસ્ટ ઈન્ડિઝનું પણ હવે અહીં ગુજરાત અને મહારાષ્ટ્રમાં થતું મધ્યમકદનું ખાદ્ય ફળનું ઝાડ, જે તુલસી ફળ તરીકે ઓળખાય છે. **Ch.** *roxburghii* **G. Don.** તુલસી ફળ, નામની કર્ણાટક, તામીલનાડુ અને આન્ધ્રપ્રદેશમાં થતી ખાદ્યફળધારી વનસ્પતિ.

**Chrysopogon** *aciculatus* (**Retz.**). **Trin.** અતિ ઊંચા વર્ષાવાળા પ્રદેશમાં થતું તૃણકુળનું કુદરતી લૉન ઘાસ, જે ખાવાથી પશુને ચાંદાં પડે છે. કુતરાના માંસના પરુમાંથી અંકુરિત થતાં બી ખેંચી કાઢી શકાય છે. **Ch.** *fulvus* (**Spreng**). (Syn. *Anaropogon montamus* **Koen ex Trin.**). ગોરિયા, ગોગર નામની તૃણકુળની કાયમી શાકીય વનસ્પતિ. **Cn.** *gryllus* (**L.**) **Trin** (Syn. *Andropogen gryllus* **L.**). તૃણકુળનો ઘાસચારો.

**chua oil.** ભારતના પાનખર જંગલના અગત્યના વૃક્ષ – સાલમાંથી કાઢવામાં આવતું તેલ.

**chuka.** *Croton oblongifolius* **Roxb**. નામની રેચક અને જંતુઘ્ન તેલ આપનાર વનસ્પતિ. (૨) *Rumex vesicarius* **L.** નામની શાકીય વનસ્પતિ, જેના પાન ખાદ્ય છે. (૩) ચૂક્રિકાદિકુળની *Rumex acetosa* **L.** નામની શાકભાજી તરીકે ઉપયોગમાં લેવાતાં પાન ધરાવતી વનસ્પતિ.

**chukkah.** *Rumex crispus* **L.** નામની વનસ્પતિ, જેના પાન શાકભાજી તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે.

**chukundar.** બીટ રૂટ.

**chuni.** ચૂની; તુવેરમાંથી દાળ બનાવતી વખતે મળતી આડ પેદાશ, જેમ. ભૂસું અને ભાંગેલા દાળના દાણા હોય છે, અને જે ઢોરના ખાણ તરીકે ઉપયોગમાં આવે છે.

**chuprialu.** ગુજરાત, આસામ, તામીલનાડુ, પ. બંગાળ, મધ્યપ્રદેશમાં થતો *Dioscorea alata* **L.** નામનો આરોહી ક્ષુપ, જેના કંદ શાકભાજી તરીકે ઉપયોગમાં આવે છે.

**churn.** માખણ મેળવવા દૂધ, છાશ કે દહીંને સખત વલોવવા આવતું હોય તે માટેનું વાસણ, મંથનપાત્ર. **churning.** વલોવવું, મંથન કરવું. (૨) વલોવવાનું સાધન, મંથનયંત્ર, વલોણું. **ch. acidity.** મંથન અમ્લતા. **churnmilk.** છાશ.

**churs.** પૌંઆ.

**chute.** સિંચાઈની નાળીમાં, ઢોળાવવાળી બાજુએ બાંધેલી ખાઈ, જેથી પાણીના પડવાનો વેગ ધીમો પાડી શકાય છે; આવી ખાઈ કોંક્રીટ, પથ્થર કે ઈંટની બનાવવામાં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવે છે.

**chutney.** ચટણી; કાપેલાં ફળ કે શાકભાજીની મસાલા મેળવીને તીખી કે મીઠી બનાવવામાં આવતી વાનગીનો પ્રકાર.

**chyle.** લસિકા પ્રવાહી, જેમાં મેદીય તત્વ વિશેષ હોય છે.

**chyme** અંશતઃ પચેલા ખોરાક અને પચેલા રસવાળું, જઠરમાંથી ગ્રહણીમાં જતું પ્રવાહી.

**cicataix.** વનસ્પતિમાં દેખાતું ક્ષતચિહ્ન.

**Cicca** *acida* (**L.**) **Merr.** (Syn. *Phyllanthus acidus* (**L.**) **Skeels;** *Averrhoa acida* **L.**). હરફારેવડી, રાયકાંકણ, ખાટાં આંબળાં; પ. બંગાળ, અને દ. ભારતમાં થતું નાનું ઝાડ, જેનાં ફળ અને પાન ખાવાના કામ આવે છે, છાલ ચામડાં કમાવવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે. **C.** *disticha.* આંબળાકુળનો શોભાનો છોડ.

**Cicer** *arietinum* **L.** ચણા; મૂળ દ. યુરોપની પણ હવે ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, બિહાર અને મધ્યપ્રદેશમાં થતી શાકીય વનસ્પતિ, જેનાં બી ખાદ્ય છે અને જે સલાડ અને ઘાસચારા માટે ઉપયોગી બને છે.

**Cichorium** *endivia* **L.** ઉત્તર ભારતમાં થતો શાકીય છોડ, જેનાં પાનની શાકભાજી થાય છે. **C.** *intybus* **L.** મૂળ યુરોપની પણ અહીં પંજાબ અને આન્ધ્રપ્રદેશમાં થતી વનસ્પતિ, જે શાકભાજી તરીકે ઉપયોગમાં આવે છે.

**cigarette beetle.** *Lisioderma serricorne* **Fab.** નામનું સંગ્રહેલી તમાકુ, ધાણા, રાઈ, જીરૂ, હળદર, સૂંઠ ઇ.માં પડતું જંતુ.

**Cigar filler.** સિગારની વચમાં મુકાતાં તમાકુનાં પાન. **c. wrapper.** સિગારને વિંટાળવા માટે ઉપયોગમાં લેવાતા તમાકુનાં પાન,

**cilia** (બ.વ.) (**cilium** એ.વ.). કેશતંતુ, ચલન રોમ, રોમ, લોમ, પક્ષ્મ, પાંપણ, બાહ્ય ત્વચા પરના વાળ જેવો પ્રવર્ધ, જે જલીય અને એક કોષી સજીવમાં પ્રચલન ક્રિયામાં સહાય કરે છે અને અન્ય પ્રાણીઓમાં શ્લેષીય દ્રવ્યનું ઉત્સર્જન કરે છે. (૨) પાંપણ. (૩) પાંદડાંને કિનારી પર વાળ જેવી રચના. **ciliate.** રોમિલ અંગની મદદથી ચાલતો પ્રજીવ.

**ciliated.** પક્ષ્મ – પાંપણ – રોમયુક્ત, રોમિલ.

**Cimex** *rotundatus.* માંકણ.

**cinchona.** કિવનાઈન; *Cinchona* નામનું સદાહરિત વૃક્ષ, જેમાંથી કિવનાઈન સલ્ફેટ અને અન્ય આલ્કેલોઈડ દ્રવ્યો કાઢવામાં આવે છે. મૂળ, પ્રકાંડ અને છાલમાંથી કિવનાઈન મળે છે. 5 થી 6 pH ધરાવતી જમીનમાં આ વૃક્ષ થાય છે. **c. hlack root rot.** સિંકોનાને *Resellinia spp.*થી થતો એક પ્રકારનો રોગ. **c. brown root disease.** સિંકોનાને *Fomes noxius*થી સિંકોનાને થતા રોગનો એક પ્રકાર. **C.** *calisaya* **Wedd.** કિવનાઈન; મૂળ દ. અમેરિકામાં પણ હવે નીલગિરિ અને સિક્કિમમાં થતું સિંકોનાનું ઝાડ, જેની છાલમાંથી કિવનાઈન મળે છે, જે મલેરિયાના ઈલાજ તરીકે ઔષધની ગરજ સારે છે. **C.** *ledgeriana* **Moens ex Trimen.** કિવનાઈન; પ. બંગાળ, ખાસી ટેકરીઓ અને દ. ભારતમાં થતું સિંકોનાનું વૃક્ષ, જેનું કિવનાઈન મલેરિયામાં ઔષધ તરીકે આપવામાં આવે છે. **c. pink disease.** *Corticium salmonicolor* નામના જંતુથી સિંકોના વૃક્ષને થતા રોગનો પ્રકાર. **c. seedling blight and damping off.** *Phytophthora spp.* અને *Macrophomina phaseoli*થી સિંકોનાને થતો એક રોગ. **c. stem canker** *Botryodiplodia theobromae*થી સિંકોનાને થતા રોગનો એક પ્રકાર. **c.** *succirubra* **Pavon ex Klozesc** કિવનાઈન; મધ્યપ્રદેશ અને દ. ભારતમાં થતું સિંકોનાનું ઝાડ, જેનું કિવનાઈન મલેરિયામાં ઔષધ તરીકે આપવામાં આવે છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**Cinnamomum** *camphora* (**L.**) **T. Nees & Eberm.** કર્પૂરાદિકુળનું કપૂર, ચિનાઈ કપૂર. કપૂરનું મૂળ-ચીન અને જપાનનું વાડ તરીકે વાવવામાં આવતું ઝાડ, જેનાં પાનમાંથી કપૂરનું તેલ મળે છે, જે સુગંધી દ્રવ્યો બનાવવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે; આ તેલનું કુન્તુરમાં નિસ્યંદન કરવામાં આવે છે. **C.** *cassia*. તજના ઝાડનો પ્રકાર. **C.** *iners*. તજના ઝાડનો પ્રકાર. **C.** *obtusiform*. તજના ઝાડનો પ્રકાર **C.** *tamala* (**Buch-Ham.**) **T. Nees & Eberm.** તમાલપત્ર; આસામના ડુંગરાળ પ્રદેશમાં થતું નાનું ઝાડ, જેનાં પાન મસાલા તરીકે ઉપયોગમાં આવે છે. **c.** *zeylanicum* **Bl.** તજ, દાલચીની, મૂળ શ્રીલંકાનું પણ હવે નીલગિરિ, દ. કાનડા, મલબાર, આસામ, અને કુમાઉમાં થતું વૃક્ષ, જેની છાલ અર્થાત્ તજ સુવાસ આપવા ઉપયોગમાં આવે છે અને તેનું તેલ ઔષધ તરીકે ઉપયોગમાં આવે છે, અને તે જંતુઘ્ન પણ છે.

**cinnamon.** તજ, દાલચીની; કર્પૂરાદિકુળના *cinnamomum zeylanicum* **Bl.** નામના ઝાડની છાલ. આ ઉપરાંત **C.** *cassia*, *C. iners* અને *C. obtusiform*ની છાલમાંથી પણ તજ મળે છે. છાલને ઝાડ પરથી ઉતારી કોથળામાં ભરી, એક દિવસ સૂકવવામાં આવે છે. એક એકરે 50-100 રતલ છાલ ઉતરે છે. છાલમાંથી તેલ કાઢવામાં આવે છે, જેનો ઉપયોગ સુગંધી દ્રવ્યમાં થાય છે, જે જંતુનાશક, વાતહર અને ઉત્તેજનાકારક છે. **c. bark.** ઝાડના જાડા થડમાંથી કાઢવામાં આવતી છાલ, જે ચાવવા માટે ઉપયોગી નથી. પણ તજનું તેલ કાઢવા માટે તે ઉપયોગમાં લેવાય છે. **c. oil.** તજના ઝાડની છાલને વરાળના નિસ્યંદનથી મેળવવામાં આવતું તેલ, જે ઔષધ તથા જંતુઘ્ન તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે.

**circular fodder cutter.** મુખ્ય ચાચડાવાળું પૈડાં ધરાવતું ઘાસ કાપવાનું સાધન,

**circulation.** શરીરની મુખ્ય વાહિનીઓ દ્વારા (લોહી કે લસિકાનું) પ્રવાહીનું અભિસરણ. (૨) વનસ્પતિ કોષના જીવરસનું પરિભ્રમણ. **circulatory.** પરિભ્રામક, અભિસારક; પ્રાણીશરીરમાં રક્તાભિસરણને લગતું. **c. stimulant** હૃદયની કાર્યશક્તિ – કાર્યદક્ષતા વધારવા માટેનું પ્રક્રિયક – અભિકર્તા. **c. system** પ્રાણીના શરીરમાં રક્તવાહિની, લસિકાવાહિની અને તેનાં અંગો સહિતનું અભિસરણ તંત્ર.

**Circula** *trifenestrata*. કાજુનાં પાન ખાનારી ઈયળ.

**circum boreal.** પરિઉત્તરીય.

**circumneutral.** 7.00 pH કરતા સહેજ ઊંચી કે નીચી જમીનના મૂલ્યને લગતું, જે જલદ અમ્લીય કે જલદ આલ્કલી નથી. **circum polar.** પરિધ્રુવીય, ધ્રુવપ્રદેશની આસપાસનું.

**cirum sessile.** પરિઅહંડી.

**Cirrhina** *cirrhosa*. સફેદ કાર્પ નામની માછલી. **c.** *mrigala*. એક પ્રકારની કાર્પમાછલી. **c.** *reba*. એક પ્રકારની કાર્પ માછલી.

**cirrhosis.** અધિતંતુરુજા. (૨) યકૃત અને અન્ય કેટલાંક અંગોનું થતું સ્થૂલન.

**cirrus.** તંતુ, તંતુકસંરચના.

**Cissampelos** *pareira* **L.** વેણીવેલ, એકનદી, નામનો પંજાબ, ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ અને દક્ષિણ ભારતમાં થતો આરોહીક્ષુપ, જેનાં મૂળ અતિસાર, મરડો, શરદી, કફ અને પેશાબની તકલીફમાં ઔષધ તરીકે ઉપયોગમાં આવે છે.

**cistern.** વરસાદનું પાણી કે અન્ય પ્રવાહી સંઘરવાનું કુદરતી કે કૃત્રિમ સ્થાન.

**Citharexylum** *subserratum* **Sw.** શોભા માટે વાવવામાં આવતું ઝાડ.

**citrate.** સાઈટ્રિક ઍસિડનું લવણ. **c.-soluble (reverted) phosphoric acid.** પાણીમાં અદ્રાવ્ય, પણ ઍમોનિયાના સાઈટ્રેટમાં દ્રાવ્ય. ખાતરમાંનો

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ફુલ ફોસ્ફરિક ઍસિડનો, ડાયકૅલ્શિયમ ફૉસ્ફેટના રૂપમાં દેખાતો ભાગ.

**citric acid.** લીંબુ, ગૂઝબેરી વર્ગનાં ફળો, રાસ્પબેરી વર્ગનાં ફળો ઇ.માં રહેલું સ્ફટિકીય સફેદ અમ્લીય દ્રવ્ય, જે ઔષધો, રંગકામ અને લેમન બનાવવા માટે ઉપયોગમાં આવે છે.

**citron.** બિજોરું. *Citrus medica* **L.** *C. tuberosa* **Mill;** *C. cedrata Raf;* **C.** *aurantium* var. *medica Wight & Arn: C. medica* var. *medica proper* **Hook. f.**). ખાસી ટેકરીઓ, માલનદ, પશ્ચિમઘાટ ઇ. પ્રદેશોમાં થતો સુવાસિત ફળધારી ક્ષુપ; ફળના જાડા ગરનું અથાણું બને છે.

**Citronella grass.** *Cymbopogon winterianus* **Jowitt.** નામનું તૃણકુળનું બાષ્પશીલ તેલ આપતું ઘાસ; તેલ કાર્બનિક સંયોજનોના સંશ્લેષણના કામમાં આવે છે. (૨) *Cymbopogon nardus* (**L.**). **Rendle** (*Andropogon nardus* (**L.**). નામનું તૃણકુળનું ઘાસ, જેમાંથી સિલોન પ્રકારનું બાષ્પશીલ તેલ નીકળે છે, જે સૌંદર્ય પ્રસાધનો માટે ઉપયોગમાં લેવાય છે.

**Citrullus** *colocynthis* (**L.**) **Kuntze.** ઈંદ્રાયણ, ઈંદ્રાણા નામની મૂળ એશિયા અને આફ્રિકાની પણ ઉત્તર ભારત, મધ્યપ્રદેશ, ગુજરાત અને દ. ભારતમાં થતી શાકીય વનસ્પતિ, જેનાં ફળ જુલાબ માટે ઉપયોગમાં આવે છે. **C.** *vulgaris* **Schrad ex Eckl. & Zeyh.** તડબૂચ. **C.** *vulgaris* var. *fistulosus* **Duth & Full.** ઉત્તર પ્રદેશ, પંજાબ અને રાજસ્થાનની વનસ્પતિ, જેનાં ફળનું શાક થાય.

**Citrus.** નારંગીકુળની અગત્યના ઝાડની પ્રજાતિ, જેનાં વૃક્ષો દક્ષિણચીન, મલાયા, અને આસામના હિમાલયના પ્રદેશોમાં થાય છે. ભારતનાં અગત્યનાં ફળોમાં આ પ્રજાતિનાં ફળો ત્રીજું સ્થાન ધરાવે છે. **C.** *acida* **Roxb.** નારંગી કુળનું ખાટું લીંબુ. **C.** *aurantifolia* (**Christm.**) **Swing.** (*Limonia aurantifolia* **Christm;** *L. acidissima* **Houtt;** *C. lima* **Lun;** *C. acida* **Roxb;** *C. medica* var. *acida* **Hookf.;** *C. hystrix subsp acida* **Engl.**). ઇ. નામધારી નારંગીકુળનું લીંબુ; કાગદી લીંબુ નામનું લગભગ ભારતભરમાં ઉગાડવામાં આવતું નાનું ઝાડ, પરંતુ વધારે તો તે આન્ધ્રપ્રદેશ, મહારાષ્ટ્ર, મૈસુર, આસામ, બિહાર, ઉત્તરપ્રદેશ, પંજાબ, પ. બંગાળ, મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં થાય છે. પૂર્વ ખાનદેશમાં આ લીંબુની છાલમાંથી કાઢવામાં આવતું તેલ મીઠાઈ, ઔષધો અને સૌંદર્ય પ્રસાધનો બનાવવા ઉપયોગમાં લેવામાં આવે છે. **C.** *aurantium* **L.** ખાટું લીંબુ, વ્યાપારી રીતે તે સ્વતંત્ર રીતે ઉગાડવામાં આવતું પણ આ પ્રજાતિનાં અન્ય વૃક્ષોની સાથે ઉગાડવામાં આવે છે. તેનાં પાનમાંથી બાષ્પશીલ તેલ કાઢવામાં આવે છે, જે મીઠાઈ, સૌંદર્ય પ્રસાધનો અને સુગંધી દ્રવ્યો બનાવવામાં ઉપયોગમાં આવે છે. **C.** *japonica* **Thunb.** મૂળ પૂર્વ એશિયાનું પણ હવે ઉત્તર ભારતમાં થતું ખાદ્યફળનું ઝાડ. **C.** *limettioides* **Tanaka** (Syn. **C.** *medica* var. *limetta* **Wight & Arn**). ઉત્તરભારત અને મધ્યપ્રદેશમાં થતું મીઠા લીંબુનું ઝાડ, જેનાં પાનમાંથી બાષ્પશીલ તેલ મળે, જે સૌંદર્ય પ્રસાધનો, મીઠાઈ ઇ.માં ઉપયોગી બને છે. **C.** *limon* (**L.**) **Burm** *f.* (Syn. **C.** *medica* **L.** var. *limon* **L;** *C. limonum* **Risso; C.** *medica* var. *limonum* **Wight & Arn.**). પંજાબ, ઉત્તરપ્રદેશ અને મહારાષ્ટ્રમાં થતું પાટ લીંબુનું ઝાડ. **C.** *margarita* **Lour.** ખાદ્યફળનું શોભાનું ઝાડ. **C.** *maxima* (**Burm.**) **Merril** (Syn. *C. grandis Osbeck;* **C.** *decumenus* **L;** **C.** *aurantium* **subsp.** *sinensis* var. *decumana* **Engl;** *Aurantium decumana* **Mill;** *Aurantium maxi-*

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



*mum* **Burm.**). ચિકોત્રા નામનું તામીલનાડુ, કર્ણાટક, મહારાષ્ટ્ર, પંજાબ, ઉત્તર પ્રદેશમાં થતું ખાદ્ય ફળધારી ઝાડ. **C.** *medica* **L.** (Syn. **C.** *tuberosa* **Mill; C.** *cedrata* **Raf.; C.** *aurantium* var. *medica* **Wight & Arn; C.** *medica* var. *medica proper* **Hook** *f*). બડા લીંબુ નામનું ખાસી ટેકરીઓ, આસામ, કુમાઉ, ઉત્તર પ્રદેશ, ગઢવાલ, પશ્ચિમઘાટનું ઝાડ. **C.** *paradisi* **Macf.** (Syn. **C.** *deumana* var. *racemosa* **Roem; C.** *decumana* var. *paradisi* **Nichols**). પંજાબ, ઉત્તર- પ્રદેશ, મધ્યપ્રદેશ અને પ. બંગાળમાં થતું ગ્રેપફ્રૂટનું ઝાડ. **C.** *reticulata* **Blanco.** (Syn. *C. nobilis* **Andrew**). નારંગીકુળનું ખાસી ટેકરીઓ, પ. બંગાળ, ગઢવાલ, સિક્કિમ, દહેરાદૂન, ત્રિપુરા, સિરમુર, ગુરદાસપુર, હોશિયારપુર અને કાંગડા, કુર્ગ, કુલુવેલી, પલનિસ, શેવરોય, તામીલનાડુ, વિદર્ભ અને મહારાષ્ટ્રમાં થતું ખાદ્ય ફળનું ઝાડ, જેની છાલ માર્મલેડ બનાવવા તથા બૉઈ-લરના બળતણમાં ઉપયોગી બને છે. નાગ-પુર અને કુર્ગમાં તેનાં છોડાંમાંથી બાષ્પશીલ તેલ કાઢવામાં આવે છે, જે મીઠાઈ, સૌંદર્ય પ્રસાધનો અને ઔષધ ઉદ્યોગમાં ઉપયોગમાં આવે છે. **C.** *sinensis* (**L.**) **Osbeck** (Syn. **C.** *aurantium* var. *sinensis* **L;** *Aurantinm sinensis* **Mill; C.** *aurantium* **Lour; C.** *aurantium* var. *aurantium proper* **Hook f;** *C. aurantium sub sp. sinensis documana* var. *sinensis* **Thell.**). મોસંબી, નારંગકુળનું દખ્ખણ, મહારાષ્ટ્ર, પંજાબ, અને રાજસ્થાનમાં થતું ખાદ્ય ફળ ઝાડ, જેનાં ફળ – મોસંબીનાં છોડાંમાંથી બાષ્પશીલ તેલ કાઢવામાં આવે છે. **C.** *trifoliata;* જુઓ *trifoliate orange.* **C.** *tuberosa* જુઓ *citron.*

**citrus aphis.** *Toxoptera citricidus* **Fab; T.***aurantii***Fab.** નામનાં લીંબુનાં ઝાડ તથા તેનાં કુમળાં પાનમાં રહેતા કાળા માથાના મલોમશી જંતુ. **c. bark-eating caterpillar.** *Indarbela quadrinotata* **Walk.** નામની લીંબુના ઝાડના થડને ખાતી ઇયળ **c. brown rot.** *citrus gummosis* નામનો એક રોગ. **c. canker.** *Xanthomonas citri* (**Hass.**) **Dowson.** નામના કીટથી લીંબુને થતો રોગ, જેમાં તેના લીલા ભાગ પર જાડા લીસોટા જેવું થાય છે. **c. decline.** લીંબુનો એક દેહધર્મીય રોગ, જે જમીનમાં ભેજની ઊણપ હોવાથી થાય છે. **c. diplodia gummosis.** *Diplodia natalensis*થી લીંબુને થતો રોગ. **c. exanthema.** તાંબાની ઊણપથી લીંબુને થતો એક રોગ. **c. fluted scale.** *Icerya purchasi* **Mask.** લીંબુમાં પડતો કીટ **c. foeliocellosis.** જસત અને/અથવા મૅન્ગેનીઝની ઊણપથી લીંબુના ઝાડને થતો એક રોગ. **c. foot rot.** લીંબુના ઝાડનો એક રોગ. **c. fruit-sucking moths.** *Othreis fullonia* **Cl.**; *O. ancillia;* **Cl.**; *O. materna* **L.**; *Achoea janata* **L;** *Calpe emarginata* **Fabr.** નામનાં લીંબુનાં ફૂદાં, જે લીંબુને કોરી તેનો રસ પી જાય છે. **c. green bug.** *Rhynchocoris humeralis Thunberg* નામનો લીંબુના ઝાડનો કીટ. **c. gummosis.** જે *citrus brown rot, citrus foot rot,* નામે ઓળખાતો *Phytophthera palmivora* અને *P. parasitica* **Dastur.**થી લીંબુ વર્ગનાં ઝાડને થતા રોગોના પ્રકારો, જેમાં ઝાડના તળિયે પાણી ભરાયેલું લાગે અને ઝાડમાંથી બદામી રંગનો રસ સ્રવે છે અને થડને ચીરા પડે છે. **c. leaf fall and fruit rot** *Phytophthora palmivora* **Butler.**થી લીંબુને થતા રોગનો પ્રકાર, જેમાં ઝાડનો નાની શાખા-ઓમાં આ કીટ પેશી સડો પેદા કરે છે. **c. leaf miner.** *Phyllocnistis citrella* **Stainton.** લીંબુના ઝાડની

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મોટી ઈયળ, જે ઝાડનાં પાન ખાઈ જાય છે, જે મોસંબી, લીંબુ ઇ. ફળોમાં પણ પડે છે. **c. mottle leaf.** જુઓ *citrus folliocellosis*. **c. pink disease.** *Corticium. salmonicolo* થી લીંબુને થતો રોગ **c. powdery mildew.** *Oidium tingitanium* **Carter.** થી લીંબુને થતો એક રોગ, જેમાં ઝાડનાં કુમળાં ડાંખળાં, પાન અને ફળ પર સફેદ ભૂકા જેવું થાય. **c. psylla.** *Diaphorina citri* **Kuw.** લીંબુમાં પડતો કીટ. **c. sooty mould.** *Melliola butleri*થી લીંબુને લાગતી ફૂગ. **c. tristeza.** લીંબુને થતો વિષાણુજન્ય રોગ. **c. white fly.** *Aleurocanthus spiniferus* **Quaint.** (*A. woglumi* **Ashby.** *Dialeurodes citri* **Ashm**). નામનો લીંબુનો કીટ, જેનાં ડિમ્ભ અને બચ્ચાં રસ ચૂસે છે. **c. wither tip.** *Colletotrichum gloeosporiaides*થી લીંબુને થતો રોગ, જેમાં તેનાં પાન ખરી પડે છે.

**civet fruit.** મલાયાના એક ઊંચા વૃક્ષનું ફળ

**cladode.** પર્ણ સદૃશ ચપટું બનેલું પ્રકાંડ. (૨) પર્ણના અક્ષમાંથી થતી શાખા.

**Cladosporium** *fulvum.* ટમેટાનો રોગકર્તા કીટ. **Cl.** *herbarum.* ઘઉંનો રોગકર્તા કીટ.

**clammy cherry.** રાજસ્થાન, મધ્યપ્રદેશ, ખાસી ટેકરીઓમાં થતું નાનું વૃક્ષ

**Clanis** *crameri.* ચાના છોડનું જંતુ.

**Clapp's Favourite.** પીઅરનો એક પ્રકાર.

**Clarias** *batrachus* એક પ્રકારની માછલી.

**Clarkia** *pulchella* **Pursh.** શોભા માટે વાવવામાં આવતી શાક્ષીય વનસ્પતિ.

**class.** વનસ્પતિઓ અને પ્રાણીઓના વર્ગીકરણમાં સમુદાયનો વિભાગ, જે શ્રેણીઓમાં વિભાજિત થાય છે. (૨) આબલતા, પ્રબળતા, પ્રકાર ઇ. જેવા વિશેષ ગુણધર્મો ધરાવતી જમીનોનો સમૂહ. (૩) સમાન લક્ષણો કે ગુણધર્મો ધરાવતાં પ્રાણીઓ, વનસ્પતિઓ, તંતુઓ, રેસાઓ ઇ.નો સમૂહ – વર્ગ. **classification.** સંબંધિત સમૂહો અનુસાર ઘટકોની વ્યવસ્થિત ગોઠવણી, ચોક્કસ યોજના પ્રમાણે વનસ્પતિઓ, પ્રાણીઓ, જમીનો, તંતુઓ, રેસાઓ ઇ.ની ગોઠવણી, વર્ગીકરણ.

**Clausena** *dentata* (**Willd**). **R & Schult** (Syn. *C. willdenowii* **Wight & Arn.**). નારંગીકુળનું પશ્ચિમઘાટ અને આસામમાં થતું ખાદ્ય ફળનું એક ઝાડ. **C.** *excavata* **Burm** *f.* (Syn. *Cookia punctata* **Retz.**). અગ્નિજાઘ નામનું ઓરિસા અને બિહારનું ખાદ્ય ફળનું ઝાડ. **C.** *lansium* (**Lour.**) **Skeels.** (Syn. *C. wampi* **Oliver**). નારંગીકુળનું મૂળ ચીનનું પણ હવે ઉત્તરપ્રદેશમાં થતું ખાદ્ય ફળનું ઝાડ.

**Claviceps** *microciphala* (**Wallr.**). બાજરીને થતો એક રોગ. **C.** *purpurea* (**Fr.**) **Tul.** પરજીવી ફૂગ, જે નીલગિરિના ઘાસ પર થાય છે. જેમાંથી મળતું દ્રવ્ય ઔષધીય ગુણ ધરાવે છે અને તે ગર્ભાશયને સંકોચવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે.

**clavate.** ગદાકાર.

**clavicle.** હાંસડીનું હાડકું.

**clavus.** ધાન્યને થતો ફૂગજન્ય રોગનો એક પ્રકાર.

**claw.** નહોર; કોઈ પણ પશુ કે પક્ષીની આંગળીઓ પરનો તીક્ષ્ણ નખ. (૨) કેટલાંક ફૂલોમાં પાંદડીનો પાતળો, લંબાયેલો નીચેનો ભાગ.

**clay** માટી, મૃદા. (૨) આગ્નેયશૈલના વિઘટનમાંથી રચાયેલું જમીનનું ઝીણું સ્વરૂપ; મોટા ભાગે તેમાં આયર્ન ઑક્સાઈડ, ક્વાર્ટ્ઝ, ફેલ્સપાર અને અબરખની સાથે કાર્બનિક દ્રવ્ય હોય છે; રાસાયણિક રીતે નિર્જલીકૃત એલ્યુમીનિયમ સિલિકેટ અને વિવિધ પ્રમાણમાં કેલ્શિયમ, મેગ્નેશિયમ, સોડિયમ અને લોહ હોય છે. આવી માટી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જમીનના ભૌતિક અને રાસાયણિક ગુણધર્મો પર અસર કરે છે. તે ઋણ વિદ્યુત ભારિત હોય છે. સૂકી હોય ત્યારે સખત બને છે અને ભીની થતાં ઢીલી બને છે. (૩) 0.002 મિ.મી. કરતાં ઓછા વ્યાસવાળો તે જમીનનો કણ છે. **c. composition.** માટીની રચના, જે મોટા ભાગે સિલિકેટ માટીથી થયેલી હોય છે અને તેથી તે સિલિકેટ માટી કહેવાય છે પણ એલ્યુમીનિયમ અને આયર્ન હાઇડ્રોક્સાઈડયુક્ત હોય તો તે સેસ્કિવ ઑક્સાઈડ કહેવાય છે. સિલિકેટ માટી કેઓલિની, મોન્ટ મોરીલિયોનિટી અને હાઇડ્રસ માઇકા કે ઇલ્લિટિક એવા ત્રણ ભાગમાં હોય છે. **c. complex.** પરસ્પર સરખા જેવા દેખાતા માટી અને ખાદમાટી (હ્યુમસ)નો બનેલો મૃદા સંકુલ હોય છે. **c.-lined channel.** કુદરતી માટીની કિનારવાળી સિંચાઈની નાળી. **c. pan.** ઘટ્ટ માટીનું સંસ્તર, જેમાં માટીનું તત્ત્વ વિશેષ હોય છે. **c. structure.** ઇલેક્ટ્રૉન સૂક્ષ્મદર્શકથી જોવામાં આવતી માટીના કણની રચના, જે ચોક્કસ રીતે સ્ફટિકીય, અનિયમિત પટ્ટકોણીય સ્લેટ જેવી દેખાય છે. **cleyey soil.** રેતાળ માટી, કાંપવાળી માટી અને કેવળ માટી જેવા વર્ગવાળી માટીવાળી જમીન.

**clean.** ત્રુટિ, ડાઘ કે બાહ્ય દ્રવ્ય વિનાનું. (૨) કોઈ દ્રવ્યમાંથી અનિચ્છનીય વસ્તુને દૂર કરવી; સાફ કરવું. (૩) ઘાસપાસ કાઢી નાંખીને ખેતર ખેડવું. **c. boled.** ઝાડનું ડાળાંડાંખળાં વિનાનું થડ. **c.-bred.** શુદ્ધ ઓલાદનું. **c. cotton.** બધાં જ પ્રકારનાં નકામાં કે વધારાનાં દ્રવ્યો વિનાનો કપાસિયો. **c. cultivation.** બધા જ પ્રકારનું ઘાસપાત દૂર કરવામાં આવ્યું હોય તેવું ઘન ખેડકામ. જે *clean cultivation*, *clean culture* અને *clean tillage*ના નામે પણ ઓળખાય છે. **c. rice.** છોતરાં કાઢી લીધાં હોય તેવો ઝડેલો ચોખાનો દાણો. **clearning.** જંગલમાં રોપ વાવવા પૂર્વે નકામાં કે અનિચ્છનીય છોડ, વેલા ઇ. વનસ્પતિને દૂર કરવાં તે. (૨) સાફસૂફી.

**clear.** જમીન નવસાધ્ય કરવા માટે ઝાડ, ઝાડી, ક્ષુપ, પથરા અને બીજાં અડચણરૂપ બનતી સઘળી વસ્તુઓને દૂર કરવી. **c.-cutting.** જંગલના કોઈ ભાગમાંથી સઘળાં વૃક્ષો, છોડવા અને દૂર કરવાં. **c. egg.** અફલિત ઈંડું.

**cleavage.** ફાટ. ફલિતાંડને ભ્રૂણમાં પરિવર્તિત કરતું કોષ વિભાજન.

**cleft-footed (cloven-footed).** ગાય માફક ફાટેલી ખરીવાળું. **cleft grafting.** ફાચર જેવી કલમ કરવી.

**Cleistanthus** *collinus* (**Roxb.**) **Benth ex Hook** *f.*; તામીલનાડુ, મલબાર, બિહાર, ઓરિસા અને મધ્ય પ્રદેશમાં થતું નાનું ઝાડ, જેનાં છાલ, પાંદડાં અને લીલાં ફળ ચામડાં કમાવવામાં કામમાં લેવામાં આવે છે.

**cleistogamy.** સ્વપ્રજનન ક્ષમ, સંવૃત પુષ્પ. (૨) અનુન્મિલિત પરાગનયન. (૩) અસંવૃત ફૂલમાં થતા ફલનની અવસ્થા. **cleistothecium.** સંવૃત પ્રાવરક.

**Clematis** *gouriana*. **Roxb.** મોરવેલ. **Cl.** *paniculata* **Thunb.** મૂળ જાપાનનો પણ અહીં શોભા માટે ઉગાડવામાં આવતો ક્ષુપ. **Cl.** *triloba* **Heyne.** મોરવેલ.

**Cleome** *brachycarpa* **Vahl.** કરિયાદી કુળની કસ્તુરી. **Cl.** *chelidonii* **L.** તળવણી. **Cl.** *icosandra* **L.** પીળી તળવણી, કાનફૂટી. **Cl.** *spinosa* **L.** સુવાસિત વનસ્પતિ. **Cl.** *viscosa* **L.** જંગલી રાઈ, જેનાં બી કઢીમાં ઉપયોગમાં લેવામાં આવે છે.

**Clerodendrum** *fragrans* **Vent.** ગુલબકાવલી, મારવાડી મોગરો, અત્તરદાણા ઇ. નામનો મૂળચીનનો શોભા માટે ઉગાડવામાં આવતો ક્ષુપ. **Cl.** *indicum* (**L.**) **Kuntze** (Syn. **Cl.** *siphonanthus* **R. Br.**) ભારંગી. શોભ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માટે ઉગાડવામાં આવતી વનસ્પતિ. **Cl.** *inerme* (**L.**) **Gaertn.** હરિયાઈ અરણી. **Cl.** *nutans* **Wall.** પરદેશી સીવણ. **Cl.** *phlomidis* **L.** અરણી. **Cl.** *serratum* (**L.**) **Spreng.** ભારંગી; આસામ, પ. બંગાળ અને મધ્યપ્રદેશમાં થતી એક વનસ્પતિ, જેનાં ફૂલ અને પાનની શાકભાજી થાય છે. **Cl.** *siphonanthus* **R.Br.** ભારંગી. **Cl.** *squamatum* **Vahl.** મૂળ ચીનમાં થતી પણ અહીં શોભારૂપ બનતી વનસ્પતિ. **Cl.** *viscosum* **Vent** કરી. **Cl. zebrina.** પરદેશી શીશમૂળ.

**clevis.** હળનું ઉંડાણ અને પહોળાઈ ઠીક કરવા માટે મોલ્ડબોર્ડના પાટિયાની સાથે લગાડેલી ઊભી કે આડી બ્રેકેટ.

**Clianthus** *dampieri* **A. Cunn ex Lindl.** શોભા માટેની વનસ્પતિ.

**climacteric.** શ્વસન પરાકાષ્ઠા. (૨) અવસ્થા પરિવર્તન. **Cl. peak.** પરિપક્વ, ખાસ કરીને સફરજન જેવાં ફળના શ્વસન દરની વધુમાં વધુ અવસ્થા – પરાકાષ્ઠા.

**climate.** આબોહવા; વાતાવરણીય કે હવામાનીય અસરોનો સરવાળો, જેમાં મુખ્યત્વે ઉષ્ણતામાન, ભેજ, પવન, દબાણ, બાષ્પીભવનનો સમાવેશ થાય છે, જે ભેગા મળીને કોઈ વિસ્તારનું લક્ષણ રચે અને તે પ્રત્યેક ઘટક જમીનના પ્રકાર, જમીન વનસ્પતિ ઇ. પર પ્રભાવ પાડે છે. **cl. index.** આબોહવાકીય આધાર સામગ્રીની સરળ રજૂઆત કરતો સૂચકાંક. **climatic stratification.** ચોક્કસ હવામાનને અનુકૂળ બનેલી પ્રાણીઓ કે વનસ્પતિની જાતિઓ. **climatography.** હવામાનનું વર્ણન. **climatology.** હવામાન વિજ્ઞાન.

**climax.** પરાકાષ્ઠા; ચરમાવસ્થા. (૨) આસુ આબોહવાની પરિસ્થિતિમાં વિકાસ સાધવાની ક્ષમતા ધરાવતો ખૂબજ વિકસિત પ્રકારનો વનસ્પતિ સમુદાય. **cl. dominant.** સ્થિત જૈવ સમુદાયમાં આગળ પડતી કોઈ પણ જાતિ. **cl. vegetation.** આસુ આબોહવાની પરિસ્થિતિમાં વિકાસ સાધવાની ક્ષમતા ધરાવતો ખૂબજ વિકસિત પ્રકારનો વનસ્પતિ સમુદાય.

**climber.** વેલ; તંતુકો વડે કે વિંટળાઈ જઈ અન્ય વનસ્પતિને વળગતી ગમે તે લાંબી અને પાતળી શાખા ધરાવતી વનસ્પતિ. **cl. cutting.** વેલનું કર્તન.

**climbing plant.** આરોહી વનસ્પતિ. **cl. root.** આરોહી મૂળ.

**cling.** કોઈ નમૂનાને વળગી રહેતા રૂના તંતુઓ. (૨) અતિસાર.

**clingstone.** પીચ જેવા ફળનો ગોટલો કે બીજ, જેની સાથે, ફળ પાકેલું હોય ત્યારે પણ તેનો ગર ચોંટેલો રહે. (૨) આવા ગોટલાવાળું ફળ.

**clinical.** નૈદાનિક; અવલોકનદ્વારા કોઈ પણ વ્યક્તિના રોગની કરાતી તપાસને લગતું. **cl. abnormalities.** રોગનું લક્ષણ; બીમાર પ્રાણીમાં જોવામાં આવતી અસાધારણ હાલત કે વર્તાવ, જે રોગનું નિદાન કરવામાં મદદરૂપ બને છે. **cl. evidence.** સીધા અવલોકનમાં નક્કી કરી શકાય તેવું રોગનું લક્ષણ. **cl. form.** રોગનાં લક્ષણો જોવામાં આવે તેવી રોગની અવસ્થા. **cl. infection.** નૈદાનિક લક્ષણો આગળ વધે તેવો ચેપ. **cl. symptoms.** નૈદાનિક લક્ષણો.

**Clinogyne** *dichotoma* **Salisb.** પ. બંગાળનો કાષ્ઠીય ક્ષુપ.

**clip.** કાતર. (૨) (અ) ટૂંકું ઊન. (આ) ઊન ઉતારવાની પ્રક્રિયા. (ઇ) વર્ષભરનું ઊનનું ઉત્પાદન. (૩) કોઈપણ પ્રાણીના ચામડી સુધીના વાળ ઉતારવા. (૪) વનસ્પતિની કાપકૂપ કરવી. (૫) વૃદ્ધિના પ્રારંભિક સમયમાં પાકની ટોચ કાપવી.

**Clisiocampa** *indica.* સફરજનનું જંતુ.

**Clitoria** *ternatea* **L.** ગરણી, ગોકર્ણી, બીબડી.

**clitoris.** ભગશિશ્ન; શિશ્નિકા. (૨) શિશ્ન જેવું માદા પ્રાણીની યોનિ ઉપરનું સમાંગ અંગ.

**cloaca.** અવસારણી, ઉત્સર્ગદ્વાર. (૨)

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આંત્રમાર્ગીય અને મૂત્રમાર્ગીય દ્વાર ખુલતા હોય તેવા સસ્તન સિવાયનાં પૃષ્ઠવંશી પ્રાણીઓના શરીરમાં આવેલા કોષ્ઠ. **cloacitis.** મરઘાની અવસારણીનો શોથ.

**clod.** હળ ચલાવવા કે ખોદવાથી બહાર પડતું ઢેફું, જેને પાણી આપતા ઢીલું બને છે. **cl. – crusher.** ઢેફાને ભાગનાર રોલર, **cl. – crushing roller.** લોખંડના વલયો કે રોલરો, તારાકાર ઘનિષ્ઠ સળિયાવાળું ઢેફાં ભાંગવા માટેનું સાધન. **cloddy** ઢેફાંવાળી (જમીન).

**clonal selection.** ક્લોન પસંદગી. **clone.** જનક વનસ્પતિનાં વાનસ્પતિક અંગો દ્વારા સ્વતંત્ર રીતે ઊગેલી પણ જનક વનસ્પતિને મળતી આવતી વનસ્પતિ. (૨) સમાન પિતૃથી અલિંગી રીતે ઉત્પન્ન થયેલી સઘળી વનસ્પતિનું સામૂહિક નામ.

**close.** નજીકનું, ઘનિષ્ઠ, ગાઢ. (૨) બંધ, સંવૃત. (૩) બંધ કરવું, ઢાંકી દેવું. **cl. breeding.** નિકટનાં પ્રાણીઓ વચ્ચે કરાતું પ્રજનન. (૨) પિતા–પુત્રી, ભાઈ–બહેન જેટલા ખૂબજ નજીકના સંબંધથી પ્રાણીઓના યુગ્મનથી કરવામાં આવતું પ્રજનન. **c.-centred tree.** ઝાડની કરવામાં આવતી ગોળ કાપકૂપ, જેમાં થડ મધ્યમાં જણાય. **cl. community.** સંવૃત સમુદાય. **cl. cropping.** ચરાણ ભૂમિને હાનિ પહોંચે તેવી રીતે વનસ્પતિના મુખ્ય ભાગ સુધી પ્રાણીઓને ચરવા દેવાં. **cl. fertilization** સ્વફલન, સ્વફલીભવન. **cl. grazing.** જુઓ *close cropping*. **cl. pairing species.** આસન્ન યુગ્મિત જાતિ. તદ્દન નજીકનાં પિતૃઓ દ્વારા પેદા થતી જાતિઓ. **closed.** બંધ, સંવૃત; ઢાંકણાવાળું. **cl. bundle.** બંધ પૂલ. **cl. herd.** પ્રાણી સમૂહ, જેમાં બહારનું પ્રાણી સંવર્ધન કે ઓલાદ માટે ઉપયોગમાં લેવામાં આવતું ન હોય. **cl. market.** બંધ બજાર. **closing layer.** અંતિમ સ્તર – પડ – થર.

**clostridium.** ગદાણુ. (૨) અજારક રીતે વૃદ્ધિ પામતી, સામાન્ય રીતે ધામાં બનતી બીજાણુધારી જીવાણુઓની જાતિ, જેમ થી ઘણી જાતિઓ રોગોત્પાદક હોય છે. **cl.** *pasteurianum*. નાઇટ્રોજનને સ્થિર કરનાર અ-સહજીવી જીવાણુ, જે અજારક પરિસ્થિતિમાં જીવી શકે છે. **cl.** *septicum*. પૂયક ગદાણુ. **cl.** *tetani*. ધનુર્વાત માટે જવાબદાર ગદાણુ. **cl.** *welchii*. અતિ ખાવાથી ઘેટાનાં બચ્ચાંને થતા રોગનું ગદાણુ.

**closure.** નિમિલન. (૨) સમાપ્તિ.

**clot.** ગઠ્ઠો, માખણના લોંદા કે લોહીના ગઠ્ઠા જેવું આધંધન દળ. (૨) ગઠ્ઠો વળવો, જામી જવું. **cl.-on-boiling test.** ઉકળતા પાણીમાં દૂધના નમૂનાને 10 મિનિટ માટે રાખી તેની અમ્લીયતાની કરવામાં આવતી કસોટી; આ દરમિયાન પપડી દેખાય તો તેમાં અમ્લીયતા આવી હોવાનું પ્રમાણ મળે છે. **clotted milk.** જાડા ગોલકોવાળું દૂધ.

**clothing wool.** અતિ ટૂંકા તંતુનું ઊન, તેના તંતુ એટલા બધા ટૂંકા હોય કે તેને સરખા કરી શકાય નહિ પણ તેનું ઊની કાપડ બનાવી શકાય.

**clouding.** પ્રવાહીની અપારદર્શક અનિચ્છનીય અવસ્થા. **cloudless.** નિરભ્ર, વાદળ વિનાનું સ્વચ્છ (આકાશ). **cloudy juice.** સફરજન, દ્રાક્ષ, અનેનાસ કે સંતરા અથવા મોસંબીને, દાબ આપી તેનો કાઢવામાં આવતો રસ અને ઝીણા કપડાં કે ગળણીથી ગાળેલો રસ.

**clove.** લવિંગ; *Eugenia caryophyllata* **Thumb.** (*Syzygium aromaticum* **L.**) **Merr. & Perry;** *E. aromatica* **O. Kuntze**) નામની વનસ્પતિની સુકાયેલી કળી, જેનો ઉપયોગ સુવાસ આપવા કરવામાં આવે છે. (૨) લસણની કળીની માફક જુદે કરી શકાય તેવો નાનો ભાગ. **cl. oil.** લવંગનું તેલ, જે લવંગનું નિસ્યંદન કરવાથી મળે છે, અને તે ઔષધીય ગુણ ધરાવે છે અને તેથી ઔષધોમાં, સુગંધી દ્રવ્યોમાં અને સાબુમાં ઉપયોગમાં આવે છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**cloven footed.** ફાટેલી ખરીવાળું.

**clover.** શિમ્બી ફુળની *Trifolium* પ્રજાતિની હલકા પ્રકારની વનસ્પતિ, જેનો સારો ચારો બને છે. (2) *Medicago, Lespedeza* અને *Melilotus* પ્રજાતિની વનસ્પતિ આગળ લગાડવામાં આવતો શબ્દ. **cl. crown wart.** *Physoderma trifolii* cloverને થતો રોગ. **cl. downy mildew.** *clover*ને થતો રોગ.**c. root-rot.** *Pellicularia filamentosa*થી *clover*ને થતો રોગ. **cl. rust.** *Uromyces trifolii* અને *U. minor.* નામની ફૂગથી થતો રોગ. **cl. sooty blotch.** *Cymadothia trifolii*થી *clover*ને થતો રોગ.

**club.** મગદળ, મગદળ જેવું જાડું. **cl. root.** મગદળી મૂળ. **cl. wheat.** ઘઉ *Triticum compactum* **Host.** નામની તૃણકુળની ચારા માટે ઉગાડવામાં આવતી વનસ્પતિ.

**clue.** સંકેત.

**clump.** વનસ્પતિનું ઝૂંડ. (૨) મૂળ કે મૂળ પ્રકાંડનો જથ્થો.

**cluster.** એકઠી થયા પછી અથવા શિયાળા દરમિયાન મધમાખીઓ એકબીજાને વળગી રહે તેવું સ્વરૂપ. (૨) પરસ્પરની ખૂબ જ પાસે પાસે ઊગતા, ગોઠવેલા, સંખ્યાબંધ છોડનો સમૂહ. **cl. bean.** ગવાર; શિમ્બી વર્ગની *Clyamopsis psoraoides* **DC. C.** *tetragonoloba* **(L.). Taub.** *Psoralea tetragonoloba* **(L.).** નામની વનસ્પતિ, જે ચારા તરીકે ખૂબ ઉપયોગમાં આવે છે. દાણા ઢોરને ખવડાવાય છે, લીલી ગવારનું શાક બનાવવામાં આવે છે, તેમાં પ્રજીવકો 'એ' અને 'સી' તથા લોહ છે. **cl. b. bacterial leaf spot.** *Xanthomonas cyamopsidis*થી ગવારને થતો એક રોગ; **cl. b. dry root rot.** *Macrophomina phaseoli*થી ગવારને થતો રોગ. **cl. b. leaf spot.** *Alternaria brassicae*થી ગવારને થતો રોગ. **cl. b. ozonium wilt.** *Ozonium texanum* var. *parasiticum*થી ગવારને થતો રોગ. **cl. b. powdery mildew.** *Leveikllula taurica*થી ગવારને થતો રોગ. **cl. b. root rot.** *Pellicularia filamentosa*થી ગવારને થતો રોગ. **cl. b. sclerotial disease.** *Pellicularia rolfii*થી ગવારને થતો રોગ **cl. fig.** ઉમરો; *Ficus goolereea* **Roxb.** નામની ખાદ્ય ફળની વનસ્પતિ, જેનાં પાનનો ચારો બને છે અને છાલ ચામડાં કમાવવામાં ઉપયોગી બને છે. **cl. primordium.** દ્રાક્ષના ઝૂમખામાં આખરે પરિણમતી પ્રાથમિક વૃદ્ધિ. **cl. thinning.** દ્રાક્ષ બાઝવા માંડે ત્યારે સારો પાક થઈ શકાય તે માટે પસંદગીયુક્ત દ્રાક્ષના ઝૂમખાને દૂર કરવાની પ્રક્રિયા.

**clutch.** ઈંડાંનો સમૂહ. (૨) મરઘાંનાં બચ્ચાંનો સમુદાય.

**Clytostoma** *callistegioides* **(Cham)** (Syn. *Bignonia speciosa* **R. Grah**). મૂળ બ્રાઝિલ અને આર્જેન્ટિનાનો પણ અહીં બગીચામાં ઉગાડવામાં આવતો ક્ષુપ.

**cm.** સેન્ટિમીટર; *centemeter*નું સંક્ષેપરૂપ, ઈંચનો લગભગ 2/5મો ભાગ.

**Cnemidocoptes** *gallinae.* મરઘાંબતકનો પરજીવી કીટ. **Cn.** *mutans.* મરઘાના પગમાં જંતુના કોરવાથી થતી રોગાવસ્થા.

**coagulant.** પ્રવાહીને ઘનીભૂત કરનાર દ્રવ્ય, જેમ કે રેનિન. (૨) લોહીને જામી જતું બનાવનાર પ્રક્રિયક કે કારક. **coagulate.** ઘનીભૂત બનાવવું, સ્કંદિત કરવું. **coagulated protein.** સ્કંદિત – ઘનીભૂત પ્રોટીન. **coagulation.** ઘનીભવન, સ્કંદન. (૨) દૂધ, લોહી ઇ. જેવા પ્રવાહીનું ગઠ્ઠામાં થતું રૂપાંતર. **coagulin.** ઘનીકારક પ્રક્રિયક. **coa-**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**gulum.** ઘનીભૂત – સ્કંદિત બનેલું ગમે તે દ્રવ્ય.

**coal ash.** કોલસાની રાખ.

**coalescence.** સંમિલન, સહવર્ધન.

**coalescent.** સહવર્ધનશીલ.

**coaltar.** ડામર.

**coarse.** ગમે તે મોટું અપ્રમાણ (લક્ષણ). (૨) ખરબચડું (ધાન્ય કે કણ). (૩) જાડું. **c. fragments.** બે મિ.મી. કરતાં વધારે વ્યાસ ધરાવતા જાડા ખનિજ કે શૈલ દ્રવ્યના કણ. **c. -grained wood.** વિશાળ અને દૃશ્યમાન વાર્ષિક વલયવાળું કાષ્ઠ. **c. grains.** જાડું ધાન્ય, જેના લોટની રોટલી બની શકે નહિ પણ જે ઢોરને ખવડાવવામાં આવે છે. **c. sands.** જાડી મોટી રેતી. રેતીના મોટા મોટા કણ. **c. sandy loam.** 45 ટકા ઝીણા કંકર અને મોટા કણવાળી રેતી ધરાવતી મૃદા. **c. soil.** ખરબચડી જમીન, ખરબચડી માટી. **c. texture.** જાડુ પોત. **c. variety.** મોટો – જાડો પ્રકાર.

**coat.** આવરણ, લેપ. (૨) કોઈ પણ પ્રાણી કે વનસ્પતિનું બાહ્ય આવરણ. **coated.** આવરણયુક્ત, આવરિત. **c. ginger.** સૂકવણી દરમિયાન છાલ કાઢી નાંખી ન હોય તેવું આદું – સૂંઠ.

**cob.** મકાઈનો ડોડો. (૨) માદા પુષ્પોદ્ભવ અથવા સ્કંધથી દૂર ગ્રંથિમાંથી થતો પ્રરોહ. (૩) નરહંસ. **c. filbert.** જુઓ *cobnut.* **c. nut.** ગોળાકાર, કોકવાર સપાટ જેવું બનેલું હેઝલનટ.

**cobalt.** કોબાલ્ટ, સંજ્ઞા. Co; જમીનમાં જોવામાં આવતું વિરલ દ્રવ્ય, જે પ્રજીવક બી$_{12}$નું ઘટક છે. અને જે વનસ્પતિ કરતાં પ્રાણીના પોષણ માટે વધારે મહત્ત્વનું છે. **c. deficiency disease.** કોબાલ્ટની ઊણપથી પ્રાણીઓને થતા રોગનો પ્રકાર, જેમાં શ્લેષ્મીકલા ખીળી પડે છે, દૂધનું પ્રમાણ ઘટે છે અને વાછરડાને અતિસાર થાય છે. આના ઈલાજ તરીકે કોબાલ્ટનો ક્લોરાઇડ કે સલ્ફેટવાળું ખાવાનું તેને આપવું જોઈએ.

**coca.** જે કોકેન વનસ્પતિ નામે પણ ઓળખાય છે. *Erythroxylaceae* કુળની *Erythroxylon* (*Erythroxylum coca.* **Lam.** નામની મૂળ પેરુ અને બોલિવિયાની વનસ્પતિ, જેનાં પાનના નિસ્યંદનથી કોકેન કાઢવામાં આવે છે. આ વનસ્પતિને ભેજવાળી આબોહવા માફક આવે છે: બી વાવીને કે કલમ કરીને તેને ઉગાડી શકાય છે. **cocaine.** કોકેન. **c. plant.** કોકા વનસ્પતિ.

**cocci** (બ.વ.) (**coccus.** એ.વ.). ગોળાણુ; ગોળ જીવાણુજ કોષ.

**coccidia.** પ્રાણીના પાચનતંત્ર પર આક્રમણ કરતાં સૂક્ષ્મ પરજીવી પ્રજીવ, જેનું આંતરડાની અંતઃકલાના કોષમાં પ્રગુણન થાય છે અને યજમાનના શરીરમાં તેનું જીવન ચક્ર પૂરું થાય છે, ઈંડા સદૃશ કોષ્ઠ પેદા કરે છે અને યજમાનના મળની સાથે ઉત્સર્જિત થાય છે. **coccidiosis.** *coccidia* વર્ગના પ્રજીવોના કારણે પ્રાણીઓને લાગુ પડતો રોગ. જેમાં વાછરડાને લોહીવાળો મરડો થાય છે.

**Coccinia.** *cordifolia.* (**L.**) (**Cogn. C.** *indica* **Wight and Arn.**) ટિંડોરાં.

**cocculiferous.** બેરફળધારી.

**Cocculus** *leaeba* **DC.** અરપ. **C.** *pendulus* (**Forsk**) **Diels** (Syn. C. leaeba **DC.**) આરપ. **C.** *villosus* *DC.* વેવડી, ભોંયવેલ.

**Coccus** *viridis.* **Gr.** કોફીનો શ્રટ.

**coccygeal.** પુચ્છીય. **c. vertebra.** પુચ્છકશેરુકા.

**Cochin.** મોટાં ઇંડાં મૂકતી મરઘીને એક પ્રકાર. જે *Chinese Shanghai Fowl*, *Cochin China Fowl* અને *Shanghai Fowl* નામે પણ ઓળખાય છે અને જે રંગે બફ, સફેદ, કાળાં હોય છે **C. China.** જુઓ *Cochin.* **C. oil** લેમન ગ્રાસનું તેલ.

**Cochlearia** *armoracia* **L.** મૂળ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યુરોપની સ્થાનીય વનસ્પતિ, જેનાં મૂળ મસાલા તરીકે ઉપયોગમાં આવે છે.

**Cochliobolus** *miyabeanus* **Ito et Kurib.** ડાંગરનો રોગકારી ઘટક.

**Cochlospermum** *gossypium*. **DC.** આન્ધ્રપ્રદેશ, બિહાર, મધ્યપ્રદેશમાં થતું ઝાડ. જેનાં ફૂલના રેસામાંથી મળતા રેશમી દ્રવ્યથી ગાદી તકિયા ભરવામાં આવે છે. **C.** *religiosum* **(L.) Alston** (Syn. *C. gossypium* **DC.** જુઓ *C. gossypium* **DC.** આન્ધ્રપ્રદેશ, બિહાર, અને મધ્યપ્રદેશમાં થતું ઝાડ, જેનાં ફૂલમાંથી મળતા રેસામાંથી મળતા દ્રવ્યથી ગાદી-તકિયા ભરવામાં આવે છે; ઝાડ ખાદ્ય ગુંદર પણ આપે છે.

**cock.** એકવર્ષની વય કરતાં મોટો કૂકડો, મરઘો. **cockrel.** એક વર્ષ કરતાં ઓછી વયનો કૂકડો. મરઘો.

**cockle.** કૃમિના આક્રમણથી થઈ ઉપર થતો ગઠ્ઠો.

**cockscomb.** લાંબડી; *Celosia argentea* નામનું વર્ષાયુ ઘાસપાત, જેનાં ઘણાં બી ઊગતી વનસ્પતિને અડચણરૂપ બને છે. (૨) મરઘાના માથા પર થતી કલગી.

**Cockspur grass.** મહારાષ્ટ્ર અને આન્ધ્રપ્રદેશનો ઘાસચારો.

**cock-up.** *Lates calcarifer* નામની કાંઠાળ ભાંભરા જળની માછલી.

**cocoa.** જુઓ *cacao*. **c. butter.** કોકોનો પાઉડર બનાવતી વખતે કોકોના બુંદમાંથી કાઢવામાં આવતું વધારાનું ચરબી દ્રવ્ય. કોકો પાઉડર, ખાંડ અને કોકો બટરના મિશ્રણમાંથી ચોકલેટ બનાવવામાં આવે છે. મીઠાઈ બનાવવામાં તેને ઉપયોગમાં લેવામાં આવે છે. **c. nib.** કોકોના બુંદદાણાને સાફ કરી, સેકાને મળતી પેદાશ, જેમાં ખાંડ ભેળવી કોકો પીણું બનાવવામાં આવે છે.

**Cocomyces** *prunophorae*. પ્લમનું રોગકારી જંતુ.

**coco-plum.** *Chrysobalanus icaco* **L.** નામનો ક્ષુપ.

**coconut.** નારિયેરી; *Cocos nucifera* **L.** નામનું કાયમી ઊંચું ઊગતું ઝાડ. જેનાં ફળ નારિયેળ અને તેના કોપરાનો ખોરાક બને છે, તેને સૂકવી તેમાંથી કોપરેલ નામનું તેલ કાઢવામાં આવે છે, જે રસોઈ અને સાબુ બનાવવા ઉપયોગમાં લેવાય છે. સૂકવેલા કોપરાને છીણી તેનું છીણ ખાવાના કામમાં આવે છે. નારિયેળનાં છોડાં–કાથીનાં દોરડાં અને સાદડીઓ બનાવવામાં આવે છે. વૃક્ષનાં પાનની સાવરણીઓ, પંખા વ. બનાવવા ઉપરાંત તે છાપરાં છાવવાના કામમાં આવે છે. તેના પ્રકાંડ–સ્તંભ ગામડાનાં ઘરના સ્તંભ અને ટેકણની ગરજ સારે છે. તેના કાચલાને અર્ધ બાળી જે કોલસો બને તે સક્રિયકૃત કોલસો કહેવામાં આવે છે. જે વાસ અને રંગ દૂર કરવા ઉપરાંત ખાંડના શુદ્ધીકરણમાં અને અન્ય રાસાયણિક પ્રક્રિયાઓમાં ઉપયોગી બને છે. પુષ્પોદ્ભવમાંથી રસ ઝરે તેમાંથી ગોળ બનાવવામાં આવે છે. લીલા નારિયેળનું પાણી અશક્ત અને માંદાને માટે પૌષ્ટિક પીણાની ગરજ સારે છે. મૂળ ઔષધિ માટે કામમાં આવે છે. સૂકવેલા કોપરામાંથી તેલ કાઢી લીધા બાદ શેષ રહેલા દ્રવ્યનો ખોળ બને, જે ખાણ તથા ખાતર માટે ઉપયોગી બને છે. આ બહુવિધ કલ્પતરુની ઉપમા પામેલું ઝાડ દરિયાકાંઠે અને ભેજવાળા વાતાવરણમાં ઊગે છે, તેને સૂર્યનો પ્રકાશ અનુકૂળ આવે છે. એક વર્ષાયુ રોપની ફેર રોપણી કરી તેને વાવવામાં આવે છે અને તેનો આવરદા 60 વર્ષનો ગણવામાં આવે છે. એક એકરમાં વર્ષે તે 3,000 જેટલા નારિયેળનો ફાલ આવે છે. **c. beetle.** *rhinoceros beetle*, *Oryctes rhinoceros* **L.** નામના નારિયેરીના કીટ, જે કુમળાં ઝાડને મારી નાખે છે. **c. black-headed caterpillar.** નારિયેળની કાળા માથાની ઈયળ. **c. bud rot.** જુઓ *coconut red rot*. **c. fruit rot.** જુઓ *coconut red rot*. **c. grey leaf rot.** *Pestalotia palmarum*થી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નારિયેરીને થતો રોગ. **c. leaf rot.** *Helminthosporium halodes* **Dreck,** *Colletotrichum paucisetum* **Petch** અને *Gliocladium roseum* **Bain**થી નારિયેળને થતો રોગ. **c. nut fall.** જુઓ *coconut red rot.* **c. oil.** કોપરેલ; સૂકવેલા કોપરાની કાચલીમાંથી કાઢવામાં આવતું તેલ, જે ખાવામાં, સાબુ, માર્ગેરિન અને વનસ્પતિ ઘી બનાવવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે. **c. o. cake.** કોપરેલનો ખોળ, જેમાં 2 ટકા પ્રોટીન હોય છે, જેનું ખાતર બને છે અને જે ખાવા માટે પણ ઉપયોગમાં લેવામાં આવે છે. **c. pit.** નારિયેરીનાં છોડાં, કાથી ઇ, માંથી પડતી રજ. **c. red palm weevil.** *Rhyncophorus ferrugineus* **Fb.** નામનો નારિયેળમાં પડતો કીટ. **c. red rot.** *bud rot, fruit rot* અને *nut rot* નામે પણ ઓળખાતો નારિયેળને થતો રોગ, જે *Phytophthora palmivora* **Butler.** નામના કીટથી થાય છે, જેમાં વૃક્ષનાં પાન ચીમળાઈ જઈ ફીકાં પડે છે અને તળ પ્રદેશ પર સડો લાગવાથી તે તૂટી પડે છે. **c. root disease.** નારિયેળનાં મૂળને લાગતો એક રોગ. **c. root rot.** *Ganoderma lucidum*થી નારિયેરીનાં મૂળને લાગતો સડો. **c. stem bleeding.** *Ceratostomella paradoxa*થી નારિયેરીને લાગતો રોગ, જેમાં તેના થડમાંથી લાલાશ પડતા બદામી રંગનો ચીકણો રસ સ્રવે છે અને થડમાં ચિરાડ પડે છે. **c. wilt.** નારિયેરીને થતો વિષાણુજન્ય એક રોગ, જેમાં તેનાં પાન કરમાવાં લાગે અને મૂળ સડવા માંડે છે. **Cocos** *nucifera* **L.** નારિયેરીનું ઝાડ.

**cocoon.** કોશેટો; કીડો કોશેટાનું રૂપ ધારણ કરે તે અગાઉ તેના ડિમ્ભને રહેવા માટે થતું રેશમ જેવું કોષ.

**cod-liver oil.** *Oleum morrhuae* નામનું કોડ નામની માછલી (*Gadus morrhuae*)ના યકૃતમાંથી કાઢવામાં આવતું તેલ, જે પ્રજીવક–'ડી'થી સમૃદ્ધ છે, અને ઔષધ તરીકે પુષ્ટિદાયક છે.

**codominant.** અન્ય ઝાડની એટલું પાસે કોઈ ઝાડનું ઊગવું, જેથી તેને સૂર્યનો પ્રકાશ મળવો મુશ્કેલ બને. (૨) કોઈ પ્રદેશની અન્ય જાતિઓની સાથે પ્રભુત્વમાં ભાગીદાર બનનાર ગમે તે વનસ્પતિ કે પ્રાણી

**coefficient.** ગુણાંક. **c. of correlation.** સહસંબંધનો ગુણાંક. **c. of digestibility.** પાચનનો ગુણાંક. **c. of discharge.** વાસ્તવિક અને સૈદ્ધાંતિક રીતે પાણીના પ્રવાહનો ગુણાંક. (૨) રંધ્રો, આડબંધો અને અન્ય જલશક્તિની સંરચનાઓમાંથી વહેતા પાણીનું ગુણન કરી મેળવાતા વાસ્તવિક પ્રવાહનો કરવામાં આવતો ગુણાંક. **c. of purity.** શેરડીનાં કુલ ઘન દ્રવ્યો અને તેની શર્કરા–એટલે ઇક્ષુ શર્કરા વચ્ચે વ્યક્ત થતી ટકાવારી દ્વારા દર્શાવવામાં આવતો ગુણાંક. શેરડી વધુમાં વધુ પરિપક્વ બની હોય ત્યારે આ ગુણાંક અધિકતમ હોય છે અને તેનો આંક 85–90 સુધી પહોંચે ત્યારે શેરડી પીલવા લાયક બની ગણાય છે.

**Coelomycetes.** અપૂર્ણ ફૂગનો એક મોટો સમૂહ.

**Coenurus** *cerebralis.* ઘેટાં–બકરાંને થતા રોગનું જંતુ.

**co-enzyme.** ઉત્સેચકનું ઉત્પ્રેરક કે તેને સક્રિય બનાવનાર દ્રવ્ય; સહઉત્સેચક.

**Coffea** *arabica* **L.** કૉફી; મૂળ આબીસિનિયાનું પણ અહીં નીલગિરિ, કુર્ગ, કર્ણાટક અને કેરળમાં થતું ઝાડ; જેના બીમાંથી ઉત્તેજક પીણું બને છે. **C.** *liberica* **Hiern.** લાઈબેરિયન નામની કૉફી; મૂળ આફ્રિકાના પશ્ચિમ કાંઠાના પ્રદેશનું પણ અહીં, કર્ણાટક અને કેરળમાં થતું ઝાડ, જેનાં બીનું પીણું બનાવવામાં આવે છે. **C.** *robusta* **Linden.** મૂળ કૉંગોનું પણ અહીં કેરળ, તામીલનાડુ અને કર્ણાટકમાં ઉગાડવામાં આવતું ઝાડ, જેનાં

For Private and Personal Use Only

બીનું પીણું બનાવવામાં આવે છે. **C.** *stenophylla* **G. Don.** સીએરા લીઓને નામની કોફી;ભારતમાં અખતરા રૂપ ઉગાડેલું પણ વેપારી દૃષ્ટિએ સફળતા મળી ન હોય તેવું ઝાડ. **coffee** કોફી; મંજિષ્ઠાદિકુળનો ક્રીમ રંગનાં ફૂલો અને બુંદ દાણા પ્રસ-વતો ક્ષુપ, જે કોફી મટેનાં બુંદ માટે ઉગાડવામાં આવે છે. તેને ભેજવાળું વાતા-વરણ અનુકૂળ થાય છે, તેને છાંયો જોઈએ. તે કલમથી ઊગે છે. અને ચોથા કે પાંચમાં વર્ષે ફળવા માંડે છે. આ ક્ષુપ 50 વર્ષ સુધી દર વર્ષે ફળ્યા કરે છે. બુંદને સૂકવી, દળી કોફી બનાવવામાં આવે છે. તેનાં બુંદમાં 3 ટકા જેટલું કેફિન નામનું દ્રવ્ય હોય છે. કોફીના અરેબિકા નામની કોફી એકર દીઠ 200–300 રતલ ચોખી કોફી આપે છે; જ્યારે કોફીઆ રોબસ્ટા નામની કોફીનો અરેબિકા કોફી કરતાં બેવડો ફાલ મળે છે. જેથી 6 રતલ તાજા બુંદમાંથી એક રતલ જેટલા સાફ કરેલા બુંદ મળે છે. **c. black bean.** કોફીને થતો દેહ-ધર્મીય રોગ, જેમાં બુંદ કાળાં પડે છે. **c. black root rot.** *Rosellinia* **spp**થી કોફીના મૂળને લાગતો સડો. **c. black rot.** *Pellicularia kole-roga* (**Cooke**).થી કોફીના ક્ષુપને થતા રોગનો એક પ્રકાર. **c. brown eye spot.** *Cercospora coffeicola*થી કોફીને થતો રોગ. **c. brown root diseasc.** *Fomes noxius*થી કોફીને થતો એક રોગ. **c. die-back.** *Colletotrichum coffeanum*થી કોફીના ક્ષુપને થતો એક રોગ. **c. green scale.** *Coccus viridis* **Gr.** નામના કોફી પર પડતા નાના, લીલા રંગના ભીંગડાંવાળા કીટ. **c. koleroga.** જુઓ *coffee black rot* **c. leaf diseasse.** જુઓ *coffee rust*. **c. nursery damping off and collar rot.** *Pellicularia filamentosa* (*Rhizoctonia solani*)થી કોફીના ક્ષુપને થતો રોગ.**c. pink disease.** *Pellicularia salmonicolor*-થી કોફીના ક્ષુપને થતો રોગ. **c. plant parasite.** *Balanophora indica* નામનું કોફીના ક્ષુપના પાર્શ્વીય મૂળ પરનું પરજીવી. **c. prunning.** બુંદવાળા કોફીના ક્ષુપની દરવર્ષે કરાતી કાપકૂપ. **c. red borer.** *Zeuzera coffeae* **Niet.** નામની ઈયળ, જે કોફીના ક્ષુપમાં દર કરી તેને હાનિ પહોંચાડે છે. **c. rust** *Hemileia vastatrix* **Birk.**અને **Br.**થી કોફીનાં ક્ષુપનાં પાનને લાગુ પડતો રોગ. **c. sbot-hole borer.** *Xyleborus morstatti* **Hog, X.** *compactus* **H.** નામના *robusta coffee*માં થતા કીટ. જે કુમળા છોડનાં ડાખળાંમાં દર બનાવી તેને નુકસાન પહોંચાડે છે. **c. species.** ભારતમાં થતી કોફીની ત્રણ જાતિઓ: *Coffea arabica, Coffea robusta* અને *Coffea liberica*. ચોથા પ્રકારની *coffea stenophylla*નો અખતરો કરવામાં આવ્યો પણ તેમાં નિષ્ફળતા મળી છે. **c. topping.** કોફીનો ક્ષુપ લગભગ પોણો મીટર ઊંચો આવે ત્યારે તેના મુખ્ય પ્રકાંડના ટોચના ભાગને કાપવાની એક પદ્ધતિ, જેના પરિણામે તેનાં વૃદ્ધિ–વિકાસ ઝડપી બને છે. **c. triage.** હલકા પ્રકારના ભાંગેલા કોફીના બુંદદાણા. **c. white stem borer.** *Xylotrechus quadripes* **Chev.** નામનો કોફીનો છોડનું પ્રકાંડ વેધતો કીટ.

**coffin bone.** ઘોડા અને તેના જેવાં અન્ય પ્રાણીઓની ખરીમાં ઢંકાયેલું હાડકું. **c. joint.** કોફિન અસ્થિની ઉપરની સંધિ.

**Cogon grass.** *Imperata cylindrica* (**L.**) **P. Beauv.** *I. arundinacea* **Cyrilli.** નામનું પંજાબ, મધ્યપ્રદેશ, આસામ અને દ. ભારતમાં થતું કાયમી ઘાસ, જે છાપરા છાવવા તથા કાગળ બનાવવા માટે ઉપયોગી બને છે, અને જેને આદીતક્રિયા ભરવામાં આવે છે.

**coherent.** સંલગ્ન, સુસંગત.

**cohesion.** પાણીના એક અણુનું બીજા

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અણુની સાથે જેવું આકર્ષણ હોય તેવું એક સરખાં લક્ષણોવાળાં દ્રવ્યોનું આકર્ષણ; સંસંજન. સંલગ્નતા. **c. tension theory.** સંયોગ તનાવ સિદ્ધાંત. **c. of water.** જલીય સંલગ્નતા. **cohesive force.** સંલાગી બળ, સંલગ્નબળ. **cohesiveness.** સંલગ્નતા.

**cohort.** ગોત્ર (પ્રાણી અને વનસ્પતિ વર્ગીકરણનો એક વિભાગ).

**coincidence.** સંપાત. સમાનુપાત. **coincident.** સમાનુપાતી.

**coir.** કાથી: નારિયેરીના કોચલાથી છૂટા પાડેલા રેસા. જેનાં દોરડાં, સાદડીઓ ઇ. બને છે.

**coitus.** મૈથુન. લિંગીય યુગ્મન.

**Coix** *gigantea* **Koen ex Roxb.** (Syn. **C.** *linguiata Hack.*) તૃણકુળની વનસ્પતિ. જેનાં ફળનાં કોચલાંની માળા, શણગારની રકાબીઓ અને પેટીઓ બને છે. **C.** *lachryma-jobi.* **L.** તૃણકુળનું ઊંચું ઘાસ.

**cola nut.** ૨ ટકા કેફિન ધરાવતું કાષ્ઠફળ, જેનો ઉપયોગ કોલા નામનો દારૂ, કોકો-ચોકલેટ અને ઔષધ બનાવવામાં થાય છે.

**Colchicum** *luteum* **Baker.** કાયમી શાકીય વનસ્પતિ,જે કાશ્મીરથી ચંબા સુધીના હિમાલય અને પંજાબમાં થાય છે; જેનાં મૂળ ઔષધ તરીકે સંધિવામાં ઉપયોગમાં આવે છે.

**cold.** શીત. શરદી. (૨) ઠંડું. **c. blooded.** ઠંડા લોહીવાળાં (પ્રાણીઓ); પર્યાવરણ પર લોહીનું ઉષ્ણતામાન નિર્ભર રહેતું હોય તેવાં (પ્રાણીઓ). (૨) ઘાતકી રીતે, ક્રૂર રીતે. **c. branding.** કોસ્ટિક લેપિટરી વડે પશુઓને ચિહ્નિત કરવાં, જેથી પશુને કોઈ અસુખ થતું નથી. અને ચિહ્ન કાયમી રહે છે. **c. brooding.** અવરજવર માટે નાનકડા દરવાજાવાળું પેટી જેવું સ્થાન. જેની દીવાલ પર ઘાસ કે પીંછાં હોય અને જેમાં મરઘીનાં બચ્ચાંને રાખવામાં આવતાં હોય. જે *hay-box brooding* પણ કહેવાય છે. **c. storage.** શીતાગાર. મચ્છીઓ ઇ.ને તાજી રાખવા માટેનું શીતઘર.

**Coldenia** *procumbens* **L.** લાસરિયો આખરાટ.

**Colemania** *sphenareoides* **Bol.** નામના મકાઈ, બાજરી, રાગી, વાલ, મઠ, મગ, મગફળીનો જંતુ.

**Coleoptera.** ભમરા વર્ગનાં જંતુઓનો સમૂહ.

**coleoptile.** એકદળી વનસ્પતિના રોપનું પહેલું પાન; ભ્રૂણાગ્રચોલ. આદિ સ્કંધાવરણ. **coleorhiza** મૂળાવરણ. મૂળચોલ, આદિમૂળાવરણ. ભ્રૂણમૂળપડી.

**Coleus** *amboinicus* **Lour** (Syn. *C. aromaticus* **Benth.**). શાકીય વનસ્પતિ, જેનાં પાન ખોરાકી વસ્તુઓને સુવાસ આપવા ઉપયોગમાં લેવામાં આવે છે. **C.** *forskohlii* **(Willd) Briq.** (Syn. *C. barbatus* **Benth.**). મૂળ આફ્રિકાની પણ અહીં દ. ભારત, ગુજરાત અને મહારાષ્ટ્રમાં થતી વનસ્પતિ. જેનાં મૂળ મસાલા તરીકે વપરાય છે. **C.** *parviflorus* **Benth.** (Syn. **C.** *rotundifolius* (**Poir.**) **A. Cheval. Blumet Perr.** અંગ્રેજીમાં જેને *Madagascar potato* કહેવામાં આવે છે, તે વનસ્પતિ કે ક્ષુપ. જેનાં કંદ (રતાળુ) ખાવામાં આવે છે.

**Cole vegetables.** કોબી, ફ્લાવર અને નોલકોલ વર્ગના શાકભાજીનો સમૂહ. જે *Brassica* પ્રજાતિ અને રાઈકાદિ કુળનાં તે હોય છે; મોટા ભાગે આ શાકભાજી શિયાળુ પાક છે.

**colic.** શૂળ. પેટની ગરબડના પરિણામે થતું શૂળ-ચૂંકનું દર્દ. (૨) સ્થિરાંત્રનું – તેને લગતું. **coliform.** સ્થિરાંત્રના સૂક્ષ્મ સજીવના કૉલિ સમૂહનું, જેનું આથવણ થઈ ઍસિડ અને વાયુ બને. **c. test.** દૂધના નમૂનામાં કૉલિફૉર્મ જીવાણુ જાણવા માટે કરવામાં આવતી કસોટી. **colitis.** સ્થિરાંત્રશોથ; સ્થિરાંત્રની ત્વચામાં આવતો સોજો.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**collagen.** પ્રાણી શરીરમાં રહેલું કોલેજન નામનું દ્રવ્ય; જે પ્રાણીઓની કંકાલ સંરચના અને સંયોજક પેશીઓમાં રહેલું વિષમ ઘી પ્રોટીન છે અને તે તટસ્થ દ્રાવકોમાં દ્રાવ્ય બનતું નથી.

**collapse.** અવસાદ, આઘાત જેવી મૂર્છા પડવા જેવી અવસ્થા.

**collar.** પ્રકાંડ અને મૂળની વચમાં આવેલ વનસ્પતિનો સહેજ ઉપસેલો ભાગ. **c. rot.** જમીનની પાસેના વનસ્પતિના પ્રકાંડ કે થડને થતો ક્ષત.

**collateral.** એક પાર્શ્વ, સંપાર્શ્વ, પાર્શ્વિય. **c. bundle.** પાર્શ્વીયપૂલ. **c. credit.** જમીન સાથેની શાખ–ધિરાણ. **c. relationship.** સમાનપૂર્વજ ધરાવતાં પ્રાણી કે વનસ્પતિ વચ્ચેનો સંબંધ.

**collective.** સામૂહિક. **c. farming society.** સામૂહિકકૃષિ સહકારી મંડળી. એવા પ્રકારની સહકારી મંડળી, જેમાં તેના સભ્યોની માલિકીની જમીનોને એકત્ર કરવામાં આવે છે અથવા સહકારી મંડળીના નામે ગણવામાં આવે છે. **c. fruit.** શેતૂર કે અનેનાસ જેવું પૂર્ણપુષ્પોદ્ભવથી થતું ફળ.

**collenchyma.** સ્થૂલકોણોતક.

**Colletotrichum** *agaves* સિસલ-હેમ્પના રૂક્ષરોગનું જંતુ. **C.** *camelliae.* ચાનો રોગકારી કીટક. **C.** *catechu.* સોપારીને થતા રૂક્ષરોગ માટે જવાબદાર કીટ. **C.** *falcatum.* **Went.** શેરડીને થતા એક રોગ માટે જવાબદાર કીટ. **C.** *gloeosporioides.* ખટમધુરાં ફળ અને આંબાને થતા રોગ માટે જવાબદાર કીટ. **C.** *graminicolum.* જોનસન ઘાસ. સુદાનઘાસ વગેરેને થતા રોગનો કીટ. **C.** *indicum.* કપાસને થતા રૂક્ષરોગનો કીટ. **C.** *Lindemuthianum.* લિમાબીનના રૂક્ષરોગનો કીટ. **C.** *papaveratum.* નાળિયેરીને થતા રોગનો કીટ. **C.** *piperi.* મરીને થતા રોગનો કીટ. **C.** *psidii.* જામફળને થતા રૂક્ષરોગનો કીટ.

**collod** કલીલ: એક મિ.મી.ના હજારમા ભાગ અથવા એક માઈક્રોન કરતા સૂક્ષ્મ કણવાળું અદ્રાવ્ય દ્રવ્ય, જે પાણીમાં અવલંબિત રહે છે અને અવક્ષેપની માફક તળિયે બેસતું નથી. સુકાઈ જતાં તે જેલ (Sol) અવસ્થા પ્રાપ્ત કરે છે. આમાં માટી અને આદ્રમાટી–હ્યુમસના કણ કલિલભાર ધરાવે છે. (૨) ૦.૦૦૧ મિ.મી. આસપાસ ધરાવતો અનિશ્ચિત કણ. (૩) પાણીમાં જેનું સત્ય દ્રાવણ થતું ન હોય અથવા પ્રાણી કે વાનસ્પતિક ત્વચામાં ઝડપથી પ્રસરતું ન હોય તેવું દ્રવ્ય. દ્રાવણમાં તે હોય તેમ છતાં દ્રાવણના ઉત્કલન બિંદુ કે બાષ્પાયનમાં કોઈ ફેર પડતો નથી. **c., irreversible.** અપરિવર્તનીય કલીલ. **c. state.** કલીલાવસ્થા. **colloidal.** કલીલીય: સ્ફટિકના સાધારણ રીતે હોય તે કરતાં મોટા કણવાળું (દ્રવ્ય). ઘન તરીકે કલીલીય અવસ્થા સામાન્ય રીતે અસ્ફટિકીય હોય છે. જેમકે કાંજી, જીલેટિન, ગુંદર ઇ. શ્લેષ્મ, લોહી, લસિકા અને મૂત્રમાં જટિત કાર્બનિક સંયોજનો. **c. clay.** એક માઈક્રોન કે 0·001 મિ.મી. કે તેથી ઓછા વ્યાસવાળા કણને. નાનામાં નાનો અંશ. **c. sulphur.** ગંધકનું અસ્થિર સ્વરૂપ; ફૂગનાશકની માફક કલીલીય ગંધકનું અત્યંત અસરકારક સ્વરૂપ.

**Collosobrucus** *chinensis* **L.** કઠોળનું જંતુ.

**colluvial soil.** ઢોળાવવાળી ગુરુત્વાકર્ષણના કારણે ટેકરીઓ તૂટવાથી થતી ભૂમિ રચના. (૨) મોટાભાગે પર્વતો અને ડુંગરોની તળેટીએ નિક્ષેપિત થતા શૈલ ટૂકડાથી રચાતી જમીન. **colluvium.** ગુરુત્વાકર્ષણના બળના કારણે ઢોળાવના તળિયે નિક્ષેપિત થતા શૈલટૂકડા.

**colocasia.** અળવી, જેને *taro, eddo, elephant ear* પણ કહેવામાં આવે છે. **C.** *esculenta* (**L.**) **Schott** Syn. **C.** *antiquorum* **Schott.** ; મૂળ અગ્નિ એશિયાની પણ ભારતભરમાં થતી શાકીય વનસ્પતિ. જેના કાંજીમય અળવી નામના કંદ થાય છે; અને જેનાં પત્તરવેલિયાં નામનાં

વાન શાકભાજી તરીકે ખાવામાં આવે છે. આ વનસ્પતિનો રસ કપડાંને લાગે તો તેને કાળો ડાઘ પડે છે, જે સહેલાઈથી જતો નથી. **c. blight.** *Phytophthora colocasiae* **Rach.**થી બળીને થતો રોગ. **c. leaf eaters.** *Monolepta signata* **O** અને *Prodenia litura* **F.** નામનાં પતરવેલિયાને ખાતાં જતું

**colon.** સ્થિરાંત્ર, બૃહદંત્ર. (૨) જંતુઓના આંતરડાનો બીજો ભાગ. (૩) પૃષ્ઠવંશી પ્રાણીઓનું મોટું આંતરડું.

**colony.** વસાહત. (૨) સંવર્ધન માધ્યમમાં ઊછરતા સૂક્ષ્મ સજીવોનો સમૂહ, જે મોટા ભાગે જીવાણુ કે રસીમાંથી પેદા થાય છે. (૩) સાથે રહેતાં કામદાર મધમાખીઓ, નરમધમાખી અને મધમાખરાણીનો સમુદાય. **c. brooders.** કેરોસીન, કોલસા, લાકડાં, તેલ, ગેસ કે વીજળીથી ઉષ્મા આપી સોની સંખ્યા સુધી બચ્ચાંને ઊછેરવાનું સામૂહિક સ્થાન.

**colostral milk.** વિયાયા બાદ ગાયનું તરતનું દૂધ; જુઓ *colostrum*. **colostrum.** પ્રસૂતિબાદ તરતનું ગાયનું દૂધ, જેનો રંગ રતાશ પડતો પીળો હોય છે, સ્વાદમાં તે કડવું અને સ્વાદ હોય છે, જેની પ્રતિક્રિયા અમ્લીય છે. થોડા તાપે તે જામી જાય છે; તેમાં પાણી, દુગ્ધશર્કરા, ચરબી અને કેસીન ઘટકોનું પ્રમાણ ઓછું હોય છે અને તેનાં કુલ ઘનદ્રવ્યો રાખ, એલ્બ્યુમિન, ગ્લોબ્યૂલિન, બિનપ્રોટીન નાઈટ્રોજન અને કેટલીક વાર પ્રોટીન તત્ત્વો સાધારણ દૂધમાં હોય તેનાં કરતાં વિશેષ હોય છે. તેને એક અઠવાડિયા સુધી ચવવા દેવામાં આવે છે. તે રેચક અને નવજાત બચ્ચાં માટે જરૂરી છે. તેની રોગપ્રતિકાર શક્તિ વધારે હોય છે.

**colt.** વછેરો. (૨) ઘોડી, ગધેડી કે તેનું ચાર વર્ષની હેઠળનું નરબચ્ચું.

**colter (coulter).** માટીના ઢેફાંને કાપતું હળનું પાનું.

**column.** સ્તંભ, મિનાર. **columnar.** બાહ્ય રેખા સ્તંભીય હોય તેવી (વનસ્પતિ). **c. structure.** સ્તંભીય માળખું-સંરચના.

**Colvillea** *racemosa* **Boj.** મૂળ માલાગાસીની, પણ અહીં બાગ માટે ઉગાડવામાં આવતી વનસ્પતિનો એક પ્રકાર.

**colza oil.** રસોઈ, દીવાબત્તી અને અથાણાંમાં ઉપયોગમાં આવતું સરસિયું.

**coma.** પૂર્ણબેભાનાવસ્થા. **comatose.** બેભાન, બેભાનાવસ્થા.

**comate seed.** લાંબા સુંવાળા રોમ કે કાંટાથી આવરિત બીજ.

**comb.** મરઘાના માથા પરની કલગી. (૨) મધપૂડામાં ષટ્કોણીય કોષની સમુચ્ચાવસ્થા. **c. foundation.** મધમાખના મીણની છાપ, જે પર મધમાખ મધપૂડો બનાવે છે. **c. honey.** મધપૂડામાં સચવાયેલું મધ. **c. out.** કપાસિયામાંથી રૂ છૂટું કરવું. **combination control.** સંયોગ નિયંત્રણ. **c. spray.** એક કે વધારે જંતુઘ્ન કે વનસ્પતિનો નાશ કરતાં રસાયણોનો સામૂહિક છંટકાવ. **combing.** લોઢવાની ક્રિયા. **c. wool.** લોઢવાનું ઊન.

**combine.** પાકને લણનાર, ઊપણનાર, સાફ કરનાર; આ સૌ કાર્યો કરનાર બહુલક્ષી યંત્ર. **combined water.** જમીનમાં લેવામાં આવતું રાસાયણિક રચના ધરાવતું પાણી, જે રાસાયણિક બળના કારણે ત્યાં રહે છે; લાલચોળ તાપથી તે બહાર આવે છે. **combining ability.** અંતર્જનિત સજીવની તેની સંકર સંતતિમાં ઇચ્છનીય લક્ષણો આપવાની ક્ષમતા.

**combustible.** દહનશીલ, જ્વલનશીલ. **combustion.** દહન, જ્વલન.

**come in (into) heat.** માદા પ્રાણીનું મદમાં આવવું.

**Comillas.** આસામના ડુંગરાળ પ્રદેશમાં થતા કપાસનું વેપારી નામ.

**Commelina.** *nudiflora* **L.** શીશમૂળી. **C.** *obliqua* **Buch-Ham.** કંજૂરા નામની કુમળા બાહ્ય અંકુરવાળી

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શાકીય વનસ્પતિ.

**commensal.** સહભોજી.(૨) યજમાનમાં સાથે રહેતા અને સાથે ખોરાક લેતા ભિન્ન. પરજીવી સજીવો. **commensalism.** સહભોજિતા, પરસ્પરને બાધા કર્યા વિના સમાન ખોરાક ખાનાર પ્રાણી સમુદાય.

**Commiphora** *caudata* (**Wight & Arn.**) **Engl.** (Syn. *Balsamodendron caudatum* **Wight & Arn.**). આન્ધ્રપ્રદેશ, તામીલનાડુ, મૈસુર અને કેરળમાં થતો ક્ષુપ, જેની છાલ અને પાનમાંથી મળતો ગુંદર અથવા ગૂગળ જેવો સ્રાવ ઔષધ અને ધૂપ તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે અને ફળ ખવાય છે અને તેનો મુરબ્બો પણ બને છે. **C.** *mukul* (**Hook ex Stocks**) **Engl.**(Syn. **Balsamodedron** *mukul* **Hook. ex. Stocks**). ગૂગળ, ધૂપ તરીકે તથા ઔષધના સ્થિરીકરણમાં ઉપયોગમાં આવે છે. **C.** *roxburghii* (**Arn.**) **Engl.** રાજસ્થાન અને ગુજરાતમાં થતો ગૂગળ, જે સુગંધી દ્રવ્યોના સ્થિરીકરણ માટે ઉપયોગમાં લેવામાં આવે છે.

**common carp.** *Cyprinus carpio* નામની શ્રીલંકામાં થતી કાર્પ માછલીનો પ્રકાર.

**common custard apple.** રામફળ.

**common field cricket.** *Brachytrypes achatinus* **Stall.** નામનું મકાઈ અને શણમાં પડતું જંતુ.

**common field rat.** *Gerbillus indicus* નામનો જુવાર અને બાજરીના ખેતરનો ઉંદર.

**common jujube.** બોર; *Ziziphus sativa* **Gaertn**; *Z. vulgaris* **Lamk.** નામની પંજાબ અને પ. બંગાળમાં થતી ખાદ્ય ફળ બોરની વનસ્પતિ

**common methi.** મેથી.

**common millet.** ચેણો; *Panicum milliaceum* **L.** નામની ઝડપથી પાકતી, દુષ્કાળ અને અછતનો સામનો કરતી, પંજાબ, ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, ગુજરાત, મહારાષ્ટ્ર, આન્ધ્રપ્રદેશ, કર્ણાટક, અને તામીલનાડુમાં થતી વનસ્પતિ, જે પ.છોતરા ચોમાસામાં સિંચાઈ વિના પણ થાય છે. **c.m. downy mildew.** *Sclerospora graminicola* (**Sacc.**)થી ચેણોને થતો રોગ. **c.m. head smut.** *Sphacelotheca destruens*થી ચેણોને થતો એક રોગ.

**common mulberry.** શેતુરનું ઝાડ; *Morus australis* **Poir.** (*M. acidosa* **Griff.**, *M. iadica auct. non* **L.**). નામનું ખાદ્યફળ – શેતુરનું ઝાડ.

**common murrel.** *Ophiciphalus striatus* નામની માછલી.

**common pear.** *Pyrus communis* **L.** નામની નાસપતીનો એક પ્રકાર.

**common salt.** સોડિયમ ક્લોરાઇડ નામનું દરરોજની વપરાશનું મીઠું; સૂત્ર **NaCL,** જેનો ઉપયોગ ઢોરના ખોરાકમાં, ખોરાકને સ્વાદિષ્ટ બનાવવા અને ખાદ્ય દ્રવ્યોની સાચવણી માટે . થાય છે.

**common sow thistle.** દુધાળી, સોનકી દૂધી; *Sonchus oleraceus* **L.** નામની વર્ષાયુ શાકીય વનસ્પતિ.

**common thyme.** *Thymus vulgaris* **L.** નામનો ક્ષુપ, જેમાંથી ઔષધીય ગુણવત્તા ધરાવતું બાષ્પશીલ તેલ કાઢવામાં આવે છે.

**common vetch.** *Vicia sativa* **L.** નામનો ઘાસ-ચારો.

**common wheat.** ઘઉં; *Triticum vulgare* **L.** નામની ઘઉંની એક જાત.

**community.** સમાજ, સમુદાય. **C. Development Programme.** 1952માં ભારતના પસંદ કરાયેલા આન વિસ્તારોમાં શરૂ કરેલો સામુદાયિક વિકાસ કાર્યક્રમ. **C. Development Projects.** 1952માં શરૂ કરવામાં આવેલી સામુદાયિક વિકાસની યોજનાઓ. **c. spirit.** સમૂહભાવના.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**comose.** ગુચ્છ કેશી, કેશમય, ફૂમતા-કાર, લોમગુચ્છ. **c. seed.** રેશમિલ બીજ, કેશ – તંતુમય બીજ.

**compact.** સઘન, સુસંહત. (૨) વાવવા ખાતર જમીનના કણને દબાવી જમીનને સઘન બનાવવી. (૩) સઘન રીતે સંઘનિત કરેલી જમીન.

**companion cropping.** આંતર પાક. **c. cell.** સાથી કોષ

**compartment.** વહીવટ, વર્ણન અને નોંધ માટે કાયમી રીતે નક્કી કરેલો જંગલનો પ્રાદેશિક ભાગ. (૨) ખંડ.

**compatibility.** સંગતતા, (૨) પરાગ-નયન અને ફલીકરણની દેહધર્મીય અને જનિનિક શક્યતા. (૩) ફળ છોડમાં એવી અવસ્થા, જેમાં નરજન્યુ માદાજન્યુને ફલિત કરે છે. **compatible.** સંયોજ્ય, સંગત. (૨) સરળતાથી ફલિત બની શકનાર.

**compensation.** (૧) સમંજન. (૨) વળતર.

**competition.** સ્પર્ધા, હરીફાઈ, પ્રતિ-યોગિતા. **c., crop.** પાક સ્પર્ધા **competitive plant.** ખેતરમાંથી બીજી જાતની વનસ્પતિને હડાવી દેનાર વનસ્પતિ. **c. market.** પ્રતિસ્પર્ધી બજાર.

**complemental feed.** ચરાણ ઉપરાંત વધારાનો કે તેનો પૂરક ખોરાક. **complementary crop.** પૂરક પાક. **c. factor.** એક કે બે સહયોગથી ચોક્કસ લક્ષણનું નિયંત્રણ કરનાર કારક. **c. genes.** વ્યક્તિગત પ્રભાવની દૃષ્ટિએ એક સરખાં હોય પરંતુ પરસ્પર મળીને આંતરક્રિયા દ્વારા નવા લક્ષણનું નિર્માણ કરતાં જનિન.

**complete.** પૂર્ણ. **c. fertilizer.** પૂર્ણ ખાતર; નાઈટ્રોજન, ફોસ્ફરિક ઍસિડ અને પોટાશ ધરાવતું ખાતર. **c. flower.** વજ, દલપુંજ, પુંકેસર અને સ્ત્રીકેસરવાળું પુષ્પ, પૂર્ણપુષ્પ. **completely saturated.** પૂર્ણ રીતે સંતૃપ્ત, ધારણ કરી શકે તે સઘળાં આયનો ધરાવતી (જમીન).

**complex virus.** જટિલ વિષાણુ; રોગનું કારણ બનનાર કે જેથી વિશેષ વિષાણુ; આ રોગનું લક્ષણ તેને માટે જવાબદાર વિષાણુઓ પૈકીના વ્યક્તિગત વિષાણુ પરથી અલગ જાણી શકાય નહિ.

**complicated fracture.** રક્ત વાહિનીઓ, ચેતા અથવા સ્નાયુઓને પણ ઈજા પહોંચી હોય તેવા પ્રકારનો જટિલ અસ્થિભંગ.

**component materials of soil horizons.** ઘન, પ્રવાહી અને વાયવીય દ્રવ્યોનું બનેલું ભૂમિ સંસ્તર; તેના અકાર્બનિક દ્રવ્યો મૂળ શૈલના રાસાયણિક અને ભૌતિક ખવાણથી બનેલાં હોય છે, જ્યારે કાર્બનિક દ્રવ્યો જીવંત વનસ્પતિ, પ્રાણીઓ અને તેમના અવશેષો તથા મૃદા સંયોજન અને પ્રવાહી તથા વાય-વીય પદાર્થોનાં બનેલા હોય છે; વાયવીય દ્રવ્યો મૃદા રંધ્રોમાં હોય છે.

**composite disease.** વિષાણુ – સંકુલથી થયેલો રોગ.

**composition.** સંગઠન, બંધારણ, સંરચના, બનાવટ. (૨) ચોક્કસ વિસ્તારમાં વિવિધ વનસ્પતિઓનું સાપેક્ષ રૂપ દળ. (૩) ખોરાક, ખાતર ઇ. કોઈ પણ મિશ્રણના ઘટકો

**compost.** કાર્બનિક નકામા પદાર્થોનું મિશ્રણ. (૨) નકામા કાર્બનિક પદાર્થોને કોહવડાવવા. **composting.** જમીનની ફળદ્રુપતા સુધારવા અને તેને જાળવી રાખવા માટે ગામડાં અને શહેરોના વનસ્પતિક અને પ્રાણીજ મળ અને કચરાને ઉપયોગી બનાવવાની પ્રક્રિયા. અનાજના સાંઠા, ઘાસપાત, મગફળીનાં છોતાં, ઘાસ, પાંદડાં પાંદડાંની કૂચ, ઘરનો કચરો, લાકડાંની રાખ, મળ–મૂત્રવાળી માટી અને આવાં દ્રવ્યોમાંથી ખેતરના જેવું ખાતર બનાવવાની પ્રક્રિયા; આવાં દ્રવ્યોનું ખાતર બનાવવામાં લગભગ બે મહિના જેટલો સમય લાગે છે.

**compound.** યૌગિક, સંયોજન, અનેક તત્ત્વોનું યૌગિક. (૨) સંયુક્ત (પુષ્પ), કળી

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વી કેસર ઇ.). **c., carbon.** કાર્બન સંયોજન. **c., nitrogen.** નાઇટ્રોજન સંયોજન. **c. aporophore.** સંયુક્તાક્ષી બીજાણુધર. **c. corymb.** સંયુક્ત સમશીખ. **c. fertilizer.** એમોફોસ માનો એમોનિયમ ફોસ્ફેટ, ડાય એમોનિયમ ફોસ્ફેટ, એમોનિયેટેડ સુપરફોસ્ફેટ અને પોટેશિયમ નાઈટ્રેટ જેવાં સાધારણ બે કે તેથી વિશેષ પોષક દ્રવ્યોનું બનાવવામાં આવેલું ખાતર. **c. fracture.** ચામડીને તોડીને ભાંગેલું હાડકું બહાર આવ્યું હોય તેવો અસ્થિભંગ. **c. fruit.** સંયુક્તફળ. **c. layering.** સર્પિલ સ્તરીકરણ. **c. leaf.** સંયુક્તપર્ણ. **c. middle lamella.** સંયુક્ત મધ્યપટલ. **c. sieve plate.** સંયુક્ત ચાળણી પટ્ટી. **c. stomach.** સંયુક્ત જઠર. વાગોળનાર પ્રાણીઓને જઠરના પ્રથમ, દ્વિતીય, તૃતીય અને ચતુર્થ એવા ચાર ખંડોમાં આમાશયો વાયેલાં હોય છે; પહેલાં ત્રણ આમાશયો અન્નનળીનો જ વિસ્તાર છે, જ્યારે ચોથું સત્ય જઠર છે. **c. structure.** એક કરતાં વધારે પ્રકારની જમીનના વ્યક્તિગત કણોનાં સમૂહનાં કદ, આકાર અને વિભિન્નતા. **c. umbel.** સંયુક્ત છત્રક.

**compress.** શરીર પર આવેલા સોજાને ઓછો કરવા કે રક્તસ્રાવને નિયંત્રણમાં લાવવા માટે ઉપયોગમાં લેવામાં આવતું ગમે તે દ્રવ્ય, ગોજ, પાટો, પટ્ટી ઇ. (૨) ગાદી, રૂની પટ્ટી. **compressed air sprayer.** હાથ પંપથી અંતર્દાબ લાવીને રસાયણ છાંટવાનું સાધન. **compression.** દબાણ, દાબ. **c. ratio.** દાબગુણોત્તર. **c. wood.** દબાયેલું–દાબેલું કાષ્ઠ.

**concave.** અવતલ, અંતર્ગોળ.

**conceive.** ગર્ભધારણ કરવો, ગર્ભ રહેવો. **conception.** ગર્ભધારણ. કોઈ પણ પ્રાણીનું થતું ફલન, ભ્રૂણના વિકાસનું પ્રથમ પગથિયું. **c. rate.** પહેલું મિલન, કે જેથી ગર્ભ રહે તેનો દર.

**concentrate.** ધાન્ય, અનાજ, ખોળ, અનાજની આડ પેદાશ અને પ્રાણીજ આડપેદાશ જેવા ઓછા તંતુઓ ધરાવતું પશુખાણ. (૨) પોષક દ્રવ્યની સાથે ઉપયોગમાં લેવામાં આવતું ઊંચી પોષણશક્તિ ધરાવતો ખાણ, ઢોર કે અન્ય પ્રાણીઓ માટેનો ખોરાક. **c. sprayer.** સંકેન્દ્રિત સ્વરૂપમાં ફૂગનાશક કે જંતુનાશક દ્રવ્યોના છંટકાવનું સાધન. **concentrated.** સંકેન્દ્રિત, સઘનિત. **c. organic manure.** ખોળ, હાડકાંનો ભૂકો, મૂત્ર, લોહી, સંકેન્દ્રિતરૂપમાં વાનસ્પતિક દ્રવ્યો જેવા કાર્બનિક પ્રકારનાં દ્રવ્યોનું બનેલું ખાતર. **concentration.** સંકેન્દ્રણ, સાંન્દ્રતા. (૨) કોઈ દ્રાવકમાં સક્રિય પદાર્થનું પ્રમાણ. **c. of produce.** ખેતર પરથી બજાર કે સર્વમાન્ય સ્થાન પર પેદાશને એકત્ર કરવી કે તેમનું પરિવહન કરવું.

**conchicle** શંખાકાર.

**concomitant.** સહવર્તી.

**concrete.** સઘન.(૨)કોન્ક્રીટ. **c. frost.** જમીનને સઘન બ્લૉક બનાવે તે રીતે બરફ જેવું સખત થયેલું ઝાકળ કે તુષાર. **c. lined channel.** કોન્ક્રીટ અસ્તરવાળી સિંચાઈ માટેની નહેર, જે લાંબા સમય માટે ટકે છે અને પાણીનો બગાડ અટકાવે છે.

**concretion.** કંકર. (૨) સ્રવતા પાણીના દ્રાવણથી લવણ અવક્ષેપથી બનેલો કણોનો સમૂહ. (૩) આયર્ન ઑક્સાઈડનું કેલ્શિયમ કાર્બોનેટ જેવાં કેટલાંક રાસાયણિક સંયોજનોનું સખત થયેલું સંઘટ્ટન. (૪) માણસ કે પશુની દેહગુહામાં પથરી જેવો બનેલો અકાર્બનિક દ્રવ્યનો ગઠ્ઠો, પથરી.

**concurrence.** સહગમન, સંગમન. **concurrent.** સહગામી.

**condensation.** સંઘનન. સંઘનનીભવન. (૨) બાષ્પના પ્રવાહીકરણની પ્રક્રિયા. **condensed milk.** નિર્વાત હેઠળ દૂધમાંના પ્રવાહી દ્રવ્યને દૂર કરી તેમાં શર્કરા ઉમેરી સંઘનિત બનાવેલું દૂધ. આવું દૂધ લાંબા સમય સચવાયેલું રહે છે અને દૂરના અંતર પર મોકલવા માટે તેનું કદ



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ નાનું થયેલું હોઈ સુગમ થાય છે.
**condiments.** મસાલા.
**condition.** કોઈ પ્રાણી, બીજ, ફળ કે ફૂલનો સામાન્ય દેખાવ અને/અથવા તેના સ્વાસ્થ્યની સ્થિતિ. **conditioned.** નિયંત્રિત, અનુકૂલિત, અનુબંધિત. **conditioner.** જમીનની સંરચનામાં સુધારો લાવતું, તેમાં ઉમેરવામાં આવતું ગમે તે દ્રવ્ય કે ખાતરમાં ભેળવવામાં આવેલું દ્રવ્ય.
**conditioning.** પ્રાણીઓ, વનસ્પતિ કે તેમની પેદાશોની પ્રક્રિયા કરવામાં આવે કે છેવટે તેમનો ઉપયોગ કરવામાં આવે તે અગાઉ તેમની કરવામાં આવતી માવજત. **c. of wheat.** ઘઉં કે ઘઉંની વિવિધ પેદાશોને ઉપયોગમાં લેવા અગાઉ તે પર કરવામાં આવતી પ્રક્રિયાઓ.
**conduct.** સંવહન, વહન. **conduction.** ચાલકતા, વાહકતા, સંવાહકતા.
**conducting.** વહન કરનાર, વહન કરતું સંવાહક. **c. cell.** સંવાહકકોષ, વાહકકોષ. **c. tissue.** પાણી અને અન્નનું વહન કરતી વનસ્પતિની જલવાહિની કે અન્નવાહિની પેશી. **conduction.** વહન, સંવહન. (૨) પ્રવાહી પોષણ, પાણી ઇ.નું એક સ્થાનેથી બીજે થતું વહન. **conductivity.** વાહકતા, સંવાહકતા.
**conduit.** પાણીના વહેણ માટેની ખુલ્લી કે ઢાંકેલી નળી. (૨) ધાતુનો નળ.
**cone.** શંકુ **c. of depression.** ઊંધા વળેલા ઘંટાકારે વધતી જતી પાણીની પ્રવણતા. **c. wheat.** ભારતમાં થતા અનેક પ્રકારના ઘઉં પૈકીનો એક પ્રકાર.
**conicle** શંકુ આકાર.
**Conference.** નાસપતીનો એક પ્રકાર. ફળ મધ્યમ કદનું, લીલી છાલવાળું હોય છે.
**configuration.** સમાકૃતિક રચના, વિન્યાસ.
**confirm.** અનુમોદન આપવું, પુષ્ટિ આપવી. **confirmation.** અનુમોદન, પુષ્ટિ.
**confluent.** સંલગ્ન, સંગામી, સહગામી.
**conformation.** કોઇ કાર્યકારી લક્ષણના સંદર્ભમાં જીવંત પ્રાણીનાં પ્રકાર અને સ્વરૂપની અનુરૂપતા. **conformity.** અનુરૂપતા.
**confounding.** સંકરણ.
**Congea** *tomentosa* **Roxb.** var. azurea **Clarke** (Syn. **C.** azurea **Wall.**) મોટો ક્ષુપ જે બગીચામાં વાવવામાં આવે છે.
**congenial.** સહેલાઈપૂર્વક પરસંકરણ ક્ષમતા ધરાવનાર. (૨) સરળતાથી જોડાઈ શકનાર.
**congenital.** જન્મજાત; જન્મ વખતે હાજર કે તે સમયથી, પરંતુ આનુવંશિક અર્થમાં નહિ. **c. dystokia.** જન્મજાત કષ્ટ પ્રસવ.
**congestion.** જમાવટ (લોહીની). **c. of brain.** મગજમાં લોહીની થતી જમાવટ. **c. of b., active.** સક્રિય રીતે મગજમાં થયેલી લોહીની જમાવટ. **c. of b., passive.** નિષ્ક્રિય રીતે મગજમાં થયેલી લોહીની જમાવટ. **c. of udder.** દૂધાળાં ઢોરનાં આંચળમાં આવતો સોજો કે તેમાં થતી લોહીની જમાવટ, જેમાં જમાવટ થયેલો ભાગ ગરમ બને છે. ઘણું દૂધ આપનાર પ્રાણીના સંબંધમાં આ વિકૃતિ બનવા પામે છે.
**Congo coffee.** કોંગો કોફી; *Coffea robusta* **Linden.** નામની મૂળ કોંગોની પણ અહીં કેરળ, તામીલનાડુ અને કર્ણાટકમાં થતી કોફી, જે ભારતમાં થતી ત્રણ પ્રકારની કોફી પૈકીની એક પ્રકારની છે.
**condiophore.** કણી બીજાણુ, અલિંગી બીજાણુનો ઉદ્ભવ બહિર્જાત પદ્ધતિ મુજબ અને વિશિષ્ટ કવકસૂત્ર ઉપર થાય છે.
**condium** (એ.વ.) (**conidia** બ.વ.). ફૂગનો ગમે તે અલિંગી બીજાણુ, જે અનુકૂળ માધ્યમ મળતા અંકુરિત થાય છે.
**conifer.** શંકુ આકાર (ઝાડ કે ક્ષુપનો સમૂહ). **coniferous.** શંકુ આકાર ધરાવતું (વૃક્ષ કે ક્ષુપ).
**Coniothecium** *chomatosporum*

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**Cordae.** સફરજનને થતા રોગનો કીટ.

**Coniothyrium** *arecae*. સોપારીના વૃક્ષના પાનને થતા રોગનો કીટ.

**conjugated nucleus.** યુગ્મિત કેન્દ્રક.

**conjugation.** યુગ્મન, સમકોષ સંયોગ, સંયુગ્મિત બીજાણુ નીપજે તે માટે બે સરખાં જન્તુઓનું એકીકરણ.

**conjunctiva.** આંખના ડોળાના દ્રશ્ય ભાગને આવનાર, પોપચાની આવશ્યક ત્વચા, નેત્રસ્તર, યુગ્મ. **conjuctivitis.** નેત્રયુગ્મકોપ, નેત્રસ્તર કોપ, નેત્રશ્લેષ્મ કોપ.

**connecting.** જોડતું, યોજક. **c. rod.** યોજક દંડ. **c. tissue** સંયોજક પેશી.

**conservancy.** મલસફાઈ. **conservation.** સંરક્ષણ. (૨) અત્યારના અને ભવિષ્યના સમય માટે કરવામાં આવનાર ઉપયોગ માટે કુદરતી સાધનોનું નિયંત્રણ અને સંરક્ષણ. (૩) જમીનની ઉત્પાદકતા, જાળવણી અને ધસારાનું કરવામાં આવતું નિયંત્રણ. **c. of forest.** વન સંરક્ષણ.

**conservative grazing.** ચરાણ ભૂમિના મર્યાદિત ભાગમાં ઢોરને ચરવા દેવા જેથી આગામી મોસમમાં આ વિસ્તાર ખાલી થઈ ન જાય. **conservatory.** નિદર્શનાલય. વનસ્પતિના નિદર્શન માટેનું કાચઘર. **conserve.** જમીન અને તેમની સુધારણા કરવી, અને તેનો તાર્કિક અને સમજપૂર્વકનો ઉપયોગ કરવો.

**considerable.** ઠીક ઠીક, ગણનાપાત્ર.

**consistence.** સુસંગતતા. (૨) મૃદાદળનું સંધનન કે સંસંજન. જેમકે ચીકણી, સુઘટ્ય ઢીલી, દઢ ઇ. માટી. **consistant.** સુસંગત.

**consociation.** ઉપસહવાસ.

**consolidation.** એકીકરણ. **c. of agricultural holdings.** કૃષિખાતાંઓનું એકીકરણ. **c. of holdings.** ખાતાંઓનું એકીકરણ.

**constant.** અચર, અચલ. (૨) અચલાંક. (૩) નિયતાંક. સ્થિરાંક.

**constipation.** કબજિયાત, બહુકોષ્ઠતા. (૨) ઉત્સર્જનમાં પડતી મુશ્કેલીના કારણે જરૂર કરતાં વધારે સમય માટે આંતરડાંમાં રહી જવા પામતો મળ; સૂકો કે અપાચ્ય ખોરાક ખાવાથી પ્રાણીમાં પેદા થતી આવા પ્રકારની અવસ્થા.

**constituent.** કોઈ દ્રવ્ય કે સંયોજનના ઘટકો.

**constitution.** બંધારણ, સંરચના. (૨) પરસ્પર સંબંધિત અંગો કે ભાગોનું તંત્ર. (૩) સ્વાસ્થ્ય, શક્તિ ઇ. જાળવવા માટેની કોઈ પ્રાણીની ક્ષમતા.

**constriction.** આકુંચન, સંકોચ. (૨) ખાંચો.

**consuming markets.** વસ્તુઓનો ઉપભોગ થતો હોય તેવું બજાર. **consumption.** વ્યય, ઉપભોગ. (૨) ક્ષયરોગ. **consumptive use.** ખાજની જમીનમાંથી જલબાષ્પ ઊડી જાય તે સાથે બાષ્પોત્સર્જન અને વૃદ્ધિદ્વારા વનસ્પતિદ્વારા પાણીનો થતો ઉપભોગ. **c. u. of water.** જુઓ *absolute water requirement*.

**contact.** સંપર્ક. **c. herbicide.** સંસ્પર્શક વનસ્પતિનાશક. આંતરિક અવશોષણ કરતાં વનસ્પતિની પેશીના સ્પર્શમાત્રથી વનસ્પતિનો નાશ કરનાર દ્રવ્ય. **c. insecticide.** ચૂસક જંતુઓનો સ્પર્શ થતાં તેમનાં શરીરમાં પ્રવેશીને તેમને મારી નાખનાર સંસ્પર્શક જંતુઘ્ન દ્રવ્ય, જેમાં નિકોટાઈન સલ્ફેટ, ફર્નાસુલ, સ્પસુંલ, ગંધક, ડીડીટી અને બીએચસી, એલ્ડ્રિન, ડાય એલ્ડ્રિન અને એન્ડ્રિનનો સમાવેશ થાય છે. **c. spray.** સ્પર્શથી મારનાર કે જંતુનો નાશ કરનાર છંટકાવનું દ્રવ્ય.

**contagious.** સંક્રામક. સ્પર્શથી જનાર, ચેપી. **c. agalactia.** પ્લ્યુરો-ન્યૂમોનિયા સમૂહના સજીવો દ્વારા ઘેટાં-બકરાંને થતો રોગ, જેમાં આંચળ, આંખો અને સાંધા પર સોજા આવે છે, નબળાઈ જણાય છે. સુકાઈ જવાય છે, આંચળ પર સોજા આવે છે, દૂધનો ઉતાર ઘટે છે અને છેવટે ગર્ભપાત પણ થઈ જાય છે. **c. bovine abortion.** *Brucella abortus* નામના

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જીવાણુથી ગાય કે ભેંસને પાંચ કે આઠમા મહિને થતો ગર્ભપાત. **c. bovine pleuro-pneumonia.** *Bovimyces pleuro-pneumoniae*થી ઢોરને થતો ન્યૂમોનિયાનો રોગ, જેમાં છેવટે રોગી ઢોરનું મરણ નીપજે છે. **c. caprine pleuro-pneumonia.** ઘેટાંને થતા રોગનો એક પ્રકાર, જેમાં રોગી પ્રાણીને તાવ આવે, શ્વસનતંત્ર બને, નાક સ્રાવ્યા કરે, કફ થાય અને છેવટે તે મરી જાય. **c. disease (infectious disease).** સંક્રામક રોગ, ચેપી રોગ. **c. ecthyma.** ઘેટાંના બચ્ચાં ઇ. ને થતો વિષાણુજન્ય રોગ, જેમાં મોંના ખૂણા અને મોઢાપર સોજો આવી, મસા જેવું બને છે. **c. pustular dermatitis.** જુઓ *contagious ecthyma.*

**contaminant** દૂષણકારક. **contaminate.** સંપર્ક દ્વારા કે હાનિકારક જીવાણુ, કૃમ કે રસાયણો ઇ. ને ભેળવીને દૂષિત કરવું. **contamination.** દૂષણ, પ્રદૂષણ.

**contiguous.** નિકટસ્થ, સંનિહિત, જોડાજોડ આવેલું.

**continual,** અવિરત, સતત. **c. constituent.** સતત ઘટક. **continuity.** સાતત્ય. **c. of life.** જીવન સાતત્ય. **c. of species.** પ્રાણી કે વનસ્પતિની જાતિનું સાતત્ય. **continuous.** સતત, અવિરત, નિરંતર, ચાલુ. **c.-action atomizer.** સતત છંટકાવ કરનાર સાધન: હાથપંપ, જેમાં પૂરતું દબાણ અપાયા બાદ છંટકાવ ચાલુ રહે છે. **c. brooders.** હૂનરોની સંખ્યામાં સેવાતાં ઈંડાંને કોલસો, ગેસ, કે તેલ દ્વારા સતત ગરમી આપીને સેવનાર સાધન. **c. cropping.** વર્ષોવર્ષ એની એ જ જમીન પર એનો એ જ પાક લેવો. **c. cultivation.** વર્ષોવર્ષ એની એ જ જમીન પર એનો એ જ પાક લેવો. **c. grazing.** સમસ્ત મોસમ દરમિયાન એની એ જ જમીન પર ઢોર ચરાવવા. **c. phase.** અવિરત અવસ્થા. **c. variation.** અવિરત વિભિન્નતા.

**contorted.** વ્યાવૃત્ત, વમળાયેલું, વક્રિત.

**contour.** સમોચ્ચ રેખા. (૨) જમીન પરની સરખી ઊંચાઈનાં સ્થાનોને જોડતી કાલ્પનિક રેખા. (૩) પક્ષીના શરીરને આવરતાં બહારનાં (પીછાં). **c. bench levelling.** ઢોળાવવાળી જમીનમાં યોગ્ય સિંચાઈ થઈ શકે તે માટે તેને તૈયાર કરવાની પ્રક્રિયા, જેમાં જમીનના પટ્ટા પાડી પ્રત્યેક પટ્ટો સ્વતંત્ર વિસ્તાર હોય તેમ તેને સમતલ કરી તેમાં સોપાન – પગથિયાં બનાવવામાં આવે છે. **c. border irrigation.** સહેજ ઢોળાવવાળી જમીનને સિંચાઈ આપવાની પદ્ધતિ, જેમાં સમસ્ત વિસ્તારની પટ્ટી બનાવી, સોપાન અને ચોકડીઓ જેવા પાળા કરવામાં આવે છે, જેથી પાળાથી પટ્ટીમાં પાણી ભરાય ત્યાં સુધી પાણી રોકાય છે. **c. checks.** ૯થી 12 સે.મી.ના અંતર પર ઊભી સમોચ્ચ રેખા બનાવી પાણી રોકવા માટે ઊભી કરવામાં આવતી આડશો. **c. farming.** પાળા ખેતી. (૨) જમીનના પાળા બનાવી ખેતી કરવી. ઊભા પાકના સાંઠા કે પ્રકાંડથી વહેતું પાણી અટકાવાય છે, તેનો વેગ ધીમો બનાવીને ધોવાણ અટકાવાય છે, જેથી પાક માટે જરૂરી ભેજ સંઘરી શકાય છે, ધોવાણથી થતી હાનિને રોકી શકાય છે અને પાકનું ઉત્પાદન વધારી શકાય છે. **c. feathers.** પક્ષીનો પિચ્છ કલાપ. **c. furrow.** પાળાની સાથે સાથે કે સરખા પ્રકારના બનાવેલા ચાસ. **c. furrow method.** પાળા દ્વારા ચાસમાં સિંચાઈ આપવાની પદ્ધતિ. **c. interval.** ઊંચાઈમાં તફાવત અથવા પાળા વચ્ચેનું ઊભું અંતર. **c. planting.** સમોચ્ચરેખા આગળ હારબંધ પાક વાવવો. **c. ploughing.** સરખા તળની રેખા કે સમોચ્ચરેખા પર ખેડ કરવી. **c. strip ploughing.** પાળા પટ્ટીની ખેડ. **c. system of**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**planting.** ટેકરી કે ઢોળાવ પર ફળ-ઝાડ કે અન્ય પાક વાવવાની પદ્ધતિ, જેમાં એક સરખા ઢોળાવ પર ઢોળાવના કાટખૂણે ઝાડની હાર વાવવામાં આવે છે, જેથી ધોવાણને અટકાવી શકાય છે. **c. terracing.** માટીના ઢેર રચી, ઢોળાવ પર સોપાન – પગથિયાં બનાવવાની પદ્ધતિ. **c. trenching.** વણખેડ જમીનમાં પાળા આગળ ખાઈ ખોદવાની પદ્ધતિ. **contouring.** ભારે વરસાદવાળા પ્રદેશોમાં ધોવાણ અટકાવવા માટે અથવા ઓછા વરસાદવાળા પ્રદેશોમાં ભૂમિગત ભેજ જાળવવા પાળા આગળ હળ ફેરવી ચાસ, કિનાર કે ખાઈ બનાવવી.

**contractible.** સંકોચનશીલ. **c. vacuole.** સંકોચનશીલ રસધાની.

**contributory.** સહાયકારી, પૂરક.

**contrivance.** યુક્તિ.

**control.** નિયંત્રણ, અંકુશ. (૨) વાનસ્પતિક કે પ્રાણીજ રોગ, જંતુ, ઘાસપાત ઇ.થી થતી હાનિ રોકવાની ગમે તે પદ્ધતિ. (૩) પ્રયોગમાં તુલનાના હેતુ માટે ઉપયોગમાં લેવામાં આવતું ધોરણસરનું માપ. **controlled price.** નિયંત્રિત કિંમત, અંકુશિત કિંમત.

**controversial.** વિવાદાસ્પદ.

**contusion.** અંતઃક્ષત, મૂઢમાર. (૨) પ્રાણીના શરીરની બહારની સપાટીની નીચેની પેશીને થતી હાનિ. (૩) ઉઝરડો.

**convalescence.** સાજા થવાનો સમય; માંદગી બાદ ધીમે ધીમે પુનઃ સ્વાસ્થ્ય મેળવવાની અવસ્થા, રોગોપશમનનો સમય – અવસ્થા. **convalescent.** માંદગી બાદ સાજી થઈ રહેલી વ્યક્તિ.

**convergent improvement.** એકોન્મુખી ક્રમોન્નતિ; કેન્દ્રગામી સુધારણા.

**convex.** ઉત્તલ, બહિર્ગોળ.

**convolute.** વલયિત, વિંટળાયેલું, સંવલિત (પર્ણ). **convolution.** વલયન. (૨) મસ્તિષ્ક કે આંતરડાનું વીંટળાઈ જવું.

**Convolvulus** *arvensis* **L.** ચાંદવેલ, વેલડી, ખેતરાઉ કુદરડી, હરણપગો, નારી. **C.** *batatas.* શક્કરિયા. **C.** *hispidus* **Vahl.** એક વનસ્પતિ. **C.** *microphyllus* **Sieb.** ધોળી શંખાવલી. **C.** *nervosus* **Burm. f.** ધાવેલ, શોભા માટે વાવવામાં આવતી વનસ્પતિનો એક પ્રકાર. **c.** *pluricaulis* **Choim.** શંખાવલી, શંખપુષ્પી. **C.** *reptans.* વનસ્પતિનો એક પ્રકાર. **C.** *splendens* **Hornem.** વનસ્પતિનો એક પ્રકાર.

**convulsion.** તાણ, આંચકો. (૨) કોઈ પ્રાણીના મગજ કે કરોડરજ્જુમાં વિપરીત કાર્યની નૈદાનિક અવસ્થા, જેમાં સ્નાયુઓ સંકોચાય છે, અને શરીરમાં ભારે જબરા આંચકા આવે છે.

**Conyza** *balsamifera* **L.** હિંદીમાં જેને કકરોંદા કહે છે તે હિમાલય, આસામ અને ખાસી ટેકરીઓમાં થતો નાનો છોડ છે, જેનાં પાન સુવાસિત છે અને જેમાંથી કપૂર નીકળતું હોવાનું માનવામાં આવતું હતું.

**Cookia** *punctata* **Retz.** અગ્નિજળ; ઓરિસા અને બિહારમાં થતી એક વનસ્પતિ, જેનાં ફળ ખાવાના કામમાં આવે છે.

**coop.** તારની નાની વાડ, જેમાં બચ્ચાંને રાખવામાં આવે છે.

**co-op.** સહકારી (મંડળી). **co-operation.** ચોક્કસ પ્રકારની આર્થિક આવશ્યકતા પૂરી પાડવા માટે સ્વૈચ્છિક રીતે એકઠા થઈ કોઈ સંસ્થાની રચના કરવાની એક પદ્ધતિ. 1904માં ગ્રામ ઋણ રાહત માટે આવા પ્રકારની સંસ્થા રચવાનો પ્રારંભ થયો મનાય છે. (૨) સહકાર, સહયોગ. **co.operative.** સહકારી, સહયોગી. **c. administration.** સહકારી પ્રબંધ, સહકારી વહીવટ. **C. Credit Societies Act.** 1904ની સાલમાં સહકારી ધિરાણમંડળીઓના કામકાજનું નિયમન કરતો ઘડવામાં આવેલો કાયદો, સહકારી ધિરાણ (સહકારી) મંડળીઓનો અધિનિયમ. **c. enterprise.** સહકારી સાહસ. (૨) સહકારી ધોરણે કોઈ ઔદ્યોગિક

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંસ્થાની કરવામાં આવતી રચના. **c. farming society.** સહકારી કૃષિ મંડળી. (૨) સ્વાશ્રય અને પારસ્પારિક સહકારના ધોરણે રચવામાં આવતી કૃષિ સંસ્થા. **c. marketing societies.** સહકારી બજાર મંડળીઓ; કૃષિ પેદાશનું વેચાણ કરવા માટેની સહકારી મંડળીઓ. **c. movement.** સહકારી આંદોલન; અર્થ વ્યવસ્થામાં સહકારી ધોરણે પ્રવૃત્તિ કરવાનો પ્રયાસ કરવા માટે હાથ ધરાતું આંદોલન. **c. organisation.** સહકારી સંસ્થા: સહકારના પાયા પર રચવામાં આવતી સંસ્થા. **c. principle.** સહકારી સિદ્ધાંત. **c. society.** સહકારી મંડળી. **c. undertaking.** સહકારના ધોરણે રચવામાં આવતો ઉદ્યોગ.

**cooperator.** સહકારી મંડળનો સભ્ય.

**Coorg Honey Dew.** મધુબિંદુ નામે પણ ઓળખાતું, ઉત્તર ભારતમાં થતા, લંબગોળ, ઓછાં મીઠાં, બી વિનાનાં પપૈયાંનું ઝાડ; જેના પ્રકાંડ પર પ્રમાણમાં નીચે ફળ બાઝે છે અને જેની સુવાસ વૉશિંગ્ટન નામના પપૈયાં જેવી છે. ઝાડ ખૂબ જ ફાલ આપે છે

**Coorg orange.** કૂર્ગ અને કેરળના વાયનાડમાં થતાં સંતરાનો એક પ્રકાર, જેનું ઝાડ બી વાવીને ઉગાડવામાં આવે છે, જે પુલી અને નારંગનાં નામે પણ ઓળખાય છે; જેનું ઝાડ મોટું, સ્તંભાકાર ઊંચું, સંહત-પર્ણ શોભાવાળું અને ખૂબ ફળ આપનારું છે.

**Copenhagen Market.** કોબીનો સુધારેલો એક પ્રકાર.

**copper.** તાંબુ, Cu સંજ્ઞા ધરાવતું વનસ્પતિનું અલ્પ ખનિજ પોષક દ્રવ્ય; જે $(Cu^{++})$ કોપર આયન તરીકે શોષાય છે. **c. acetoarsenite.** કોપર એસીટોઆર્સેનાઈટ, જે પેરિસ ગ્રીનના નામે ઓળખાય છે; જે લીલા રંગના જંતુકણનો ભૂકો છે અને જેને જહર વિષ તરીકે જંતુ મારવા માટે ઉપયોગમાં લેવામાં આવતું હતું પરંતુ પાંદડાંને હાનિકારક જણાતા તેનો હવે ફળબાગમાં ઉપયોગ કરવામાં આવતો નથી. **c. deficiency.** તાંબા જેવું અલ્પ ખનિજ તત્ત્વ પૂરતા પ્રમાણમાં શોષાતું ન હોઈ તેથી વર્તાતી ઊણપથી વનસ્પતિને થતો એક પ્રકારનો રોગ, જેમાં વનસ્પતિ ચીમળાઈ જાય છે. **c. fungicides.** ફૂગનો નાશ કરવા માટે ઉપયોગમાં લેવામાં આવતું તાંબાનું એક સંયોજન, જેમાં મુખ્યત્વે બોર્ડોમિક્સ્ચર, કોપર ઑક્સિક્લોરાઈડ, ક્યુપ્રસ ઑક્સાઈડ, પ્રીરીનોક્સ (તાંબા પર આધારિત છાંટવાનો ભૂકો) ઇ.નો સમાવેશ થાય છે. **c. iodide.** કોપર આયોડાઈડ. **c. sulphate.** મોરથૂથુ, જેનો ઉપયોગ જંતુઓનો નાશ કરવા માટે થાય છે.

**coppice.** જમીનની સપાટી સુધી ઝાડ પાડવા, જેથી તેના મૂળમાંથી પ્રરોહ થાય. (૨) તાજેતરમાં વૃક્ષો કાપી નાખ્યા હોય તેવો વિસ્તાર, જેમાં નવા અંકુર ફૂટ્યા હોય. (૩) ગુલ્મવન. **c. forest.** દ્વિતીયક પ્રરોહથી નિર્માણ પામતું વન. **c. mound.** મરુક્ષુપની આસપાસ જામતો માટીનો થર. **c. shoot.** જમીનની સપાટી સુધી કાપવામાં આવ્યાં હોય, બાળવામાં આવ્યાં હોય તેવાં ઝાડનાં ઠૂંઠાંમાંથી ફૂટતો અંકુર.

**copra.** કોપરું. સુકાયેલા નાળિયેરનું કાચલું; ભંડારમાં બે–ત્રણ મહિના સુધી કોપરાને સુકાવા દેવામાં આવે તો, કોપરાનો ગોળો છૂટો પડે છે, જે તેમાંથી કોપરેલ કાઢવા માટે ઉપયોગી બને છે. **c. oil** કોપરેલ; સૂકવેલા કે સુકાયેલા કોપરામાંથી કાઢવામાં આવતું તેલ, જે ખાવામાં, વેજીટેબલ, માર્ગેરિન અને સાબુ બનાવવા, ઊંજણ તરીકે અને માથાનું સુગંધી તેલ તૈયાર કરવામાં ઉપયોગી બને છે.

**coprophagous.** મલભક્ષી, મલજીવી, વિષ્ઠા ખાનાર.

**copulation.** લિંગીય પ્રજનન, મૈથુન.

**coral.** પરવાળાં. **c. tree.** પાઉેરવાં; *Erythrina variegata* **L.** var. *orientalis* **(L.) Merr.** નામનું પ. બંગાળના સુંદરવન, આંદામાન અને નિકો-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બાર. તામીલનાડુ અને ઓરિસામાં થતું ઝાડ, જેની કુમળી સિંગો અને બી ખાવામાં આવે છે, જેની છાલના રેસાનાં દોરડાં બને છે. ફૂલમાંથી લાલ રંગ મળે છે. આ ઝાડને વાડ માટે તથા કાળા મરીના વેલાને ટેકો આપવા માટે વાવવામાં આવે છે.

**Corallocarpus** *epigaeus* **(Rottl & *Willd.*) *Clarke*;** ગુજરાત, પંજાબ આન્ધ્રપ્રદેશ અને કર્ણાટકમાં થતી શાકીય વનસ્પતિ, જેનાં મૂળ મરડો તથા સંધિવામાં ઔષધિ તરીકે ઉપયોગમાં આવે છે.

**Corchorus** *capsularis* **L.** મોટી છૂંછ, શણ; પ. બંગાળ, આસામ, બિહાર, ઉત્તરપ્રદેશ અને ઓરિસામાં થતો ક્ષુપ, જેના રેસા કોથળા, ગુણપાટ, દોરડાં, સાદડીઓ અને કાગળ બનાવવા માટે ઉપયોગમાં આવે છે; તેની લાકડીઓ ઔષધીય કોલસો બનાવવાના કાચા માલની ગરજ સારે છે, જેમાં વાયુ અને પ્રવાહીનું અધિશોષણ કરવાની ઊંચી ક્ષમતા રહેલી છે. **C.** *fascicularis* **Lam.** ઊભી બહુરૂપી. **C.** *olitorius* **L.** બોર છૂંછ; પ. બંગાળ, આસામ, બિહાર. ઓરિસા અને ઉત્તર પ્રદેશમાં થતી વનસ્પતિ, જેના પ્રકાંડમાંથી મળતા રેસા જાડું કાપડ બનાવવા માટે કામમાં આવે છે. **C.** *trilocularis* **L.** નાની રાજગીરી, કડવી છૂંછ, લાંબી છૂંછ.

**Corcyra** *cephalonica*. નામનું ડાંગરનું ફૂદું.

**cord.** નાળ; ગર્ભસ્થ બાળકને તેની માતાની સાથે ઓર વડે જોડનાર રજ્જુ. (૨) વૃષણ-ધારક રજ્જુ. (૩) દોરડું.

**cordata.** મેરુદંડી (પ્રાણી).

**cordate.** હૃદયાકાર.

**Cordia** *dichotoma* **Forst f.** (Syn. *C. myxa* **Auct plur; non L.** *C. obliqua Willd.*). પંજાબ, રાજસ્થાન, મધ્યપ્રદેશ, પશ્ચિમ દ્વીપકલ્પીય પ્રદેશ અને ખાસી ટેકરીઓમાં ઇન્ડિયન ચેરી નામે થતી વનસ્પતિ. **C.** *gharaf* (**Forsk.**) *Ehrenb* **& Asch** (Syn. **C.** *rothii* **Roem & Schult.**) ગુંદી નામની ગુજરાત, પંજાબ, રાજસ્થાન અને આન્ધ્રપ્રદેશમાં થતું એક ઝાડ, જેનાં ફળ ખવાય છે. **C.** *rothii*. **Roem & Schult.** ગુંદી નામની વનસ્પતિ. **C.** *sebestan* **L.** લાલ લસુરા નામની નારંગી રંગનાં ફૂલોવાળી શોભાની વનસ્પતિ.

**cordial.** બધા જ પ્રકારનાં ગર, બી, ઇ. વિનાનો ચળકતો સ્વચ્છ ફળ રસ, જેને મંદન કરીને ઉપયોગમાં લેવામાં આવે છે.

**cordon system of training.** બે ફૂટ જેટલી દ્રાક્ષની વેલ વધે ત્યાર પછી તારની જાળી પર તેને સમક્ષિતિજ વીંટાળવાની પદ્ધતિ.

**Cordyline** *terminalis* **Kunth.** બગીચામાં થતો ક્ષુપ.

**core.** સફરજન, નાસપતી ઇ.નો બીવાળો અંતઃસ્થ ભાગ. (૨) ડબામાં ભરવા કે મુરબ્બો બનાવવા ફળનાં બીની સાથેના અંતઃસ્થ ભાગને દૂર કરવો. (૩) ગાભો.

**Coreopsis** *basalis* **Blake.** શોભા માટે વવાતી વનસ્પતિ.

**coriander.** ધાણા, કોથમીર. *Coriandrum sativum* **L.** નામની, મૂળ ભૂમધ્યના પ્રદેશની પણ અહીં મધ્યપ્રદેશ, કર્ણાટક અને બિહારમાં થતી સુવાસિત શાકીય વનસ્પતિ, જેનો ઉપયોગ ખાદ્ય વાનગીને સુવાસિત કરવા માટે થાય છે, જેનાં ફળ-ધાણા ઉત્તેજનાકારક છે અને તે, વાતહર, જઠરના દર્દ માટે અને પૌષ્ટિક દ્રવ્ય તરીકે ઉપયોગમાં આવે છે. (૨) ધાણા. **c. powdery mildew.** *Erysiphe polygoni* માંથી ધાણાને થતો એક રોગ.

**Coriaria** *nepalensis* **Wall.** હિમાલય, સિક્કિમ, ભુતાન અને મણિપુરમાં થતી વનસ્પતિ, જેનાં પાન ચામડાં કમાવવા કામમાં આવે છે.

**cork.** બૂચ, ત્વક્ષા. (૨) કાષ્ઠીય વનસ્પતિનું બહારનું કઠણ આવરણ.

**corm.** કાંતલ કંદ; ગોળાકાર, ઘન, લાંબો, બે કે ત્રણ આંતરગાંઠવાળો પ્રકાંડ-કંદ, ઘનકંદ. **cormel.** જૂના ઘનકંદથી બનેલો

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દ્વિતીયક ઘનકંદ. **cormlet.** જુઓ *cormel.* **cormous.** ઘનકંદવાળી (વનસ્પતિ). **cormus.** ઘનકંદ. **cormophyte.** થડ, મૂળ અને પર્ણમાં ભિન્ન બનેલા ભાગવાળી વનસ્પતિ.

**cormorant.** માછલી ખાનાર જલવાસી પંખી, જે માછલી પકડવા ડૂબકી મારે છે.

**corn.** ઘઉં કે જવ જેવા ધાન્યનો દાણો; અનાજ. **c. cob.** મકાઈના ડોડાનો કાષ્ઠીય અંતઃસ્થ ભાગ, જે ઢોરને ખાવા માટે અપાય છે. **c. on the cob.** મકાઈના કાચા–દૂધિયા દાણા. (૨) દાણા કાઢી લીધા વિનાનો મકાઈનો ડોડો. **cornlet.** મકાઈનો કાચો ડોડો.

**cornea.** આંખના ડોળાના અગ્રસ્થ તલનું પારદર્શક આવરણ. (૨) સંયુક્ત આંખના પારદર્શક ભાગનું પ્રત્યેક તત્વ. (૩) સ્વચ્છા, શુક્લ મંડળ.

**corneous.** શૃંગી, શૃંગીય.

**cornicle.** મરઘીના પગનો પ્રવર્ધ, જે વય વધતાં સખત બને છે, પણ મરઘીના પ્રવર્ધ જેવો નથી હોતો.

**Cornish.** ભારે, માંસ આપનાર મરઘાની ઇંગ્લેંડની ઓલાદ.

**cornua.** ગર્ભગ્રીવામાંથી ગર્ભાશયને બે ભાગમાં વહેંચનાર બે નલિકાઓ.

**corolla.** દલપુંજ, દલચક્ર, ફૂલમણિ, પુષ્પમણિ.

**Coromandel.** એક પ્રકારની ભોંયસિંગ, જેનાં ફોફાં નાનાં હોય છે, તેમાં એક કે બે જ દાણા હોય છે અને તેની સિંગમાંથી ૪૭ ટકા તેલ નીકળે છે. **C. ebony persimmon.** ટીમરૂ. *Diospyros melanoxylon* **Roxb.** *D. tupru* **Buch-Hem.** નામનું મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, બિહાર, અને પશ્ચિમ ભારતમાં થતું ખાદ્ય ફળધારી વૃક્ષ, જેનાં પાન બીડી બનાવવામાં, છાલ અને અર્ધ પાકાં ફળ ચામડાં કમાવવામાં ઉપયોગી છે.

**corona.** પુષ્પમુગટ, કેટલાંક પુષ્પોના દલપુંજની અંદરના ભાગમાં થતાં ઉપાંગો.

**coronal root.** મુગટ સદૃશ કે ચક્રીય મૂળ, જે જમીનની સપાટી પર હોય છે. **coronary.** મુગટ જેવું, મુગટ સદૃશ અથવા ચક્રીય કે ગોળ. **coronet.** પુષ્પ મુગટ.

**corporation., farming.** કૃષિનિગમ.

**corpus.** નિકાય, સંસ્થા. (૨) કોઈ પણ અંગનો સમાંગ ભાગ. **c. luteum.** લોહીના ગઠ્ઠામાંથી બનેલી અને માદા પ્રાણીના બીજમોચન બાદ ફાટેલા કોષ્ઠના અવકાશમાં ભરાઈ જતી અંતઃસ્રાવી સંરચના; જે ગાયોમાં પીળી અને ભેંસોમાં કેસરી હોય છે અને જે પ્રોજેસ્ટેરોન નામનો સ્રાવ સ્રવે છે.

**corpuscle.** કોઈ પણ પ્રવાહી કે આધાર દ્રવ્યમાં તરતો રહેતો જીવરસીય કોષ. (૨) રક્તકણ.

**correlation.** સહસંબંધ. **c., negative.** ઋણ સહસંબંધ. **c., positive.** ધન સહસંબંધ. **c., significance of** સહસંબંધનું મહત્વ. **c. coefficient.** સહસંબંધગુણાંક. **c. ratio** સહસંબંધ ગુણોત્તર.

**corrosion.** ખવાણ, ક્ષારણ, સંક્ષારણ. **corrosive sublimate.** સૂત્ર $HgCl_2$; મર્ક્યુરી બાયક્લોરાઈડ કે મર્ક્યુરિક ક્લોરાઈડ. (૨) તંબલી રંગનું વિષ, જે રંગ વિનાનું, ગંધ વિનાનું અને સફેદ દાણાદાર કે ભૂકારૂપે જલદ્રાવ્ય છે. ચેપ પ્રતિકારક અને જંતુનાશક તરીકે તે અસરકારક છે.

**corrugated.** નાળીદાર, લહેરદાર. **corrugation irrigation.** સિંચાઈની નાળી પદ્ધતિ, જે પાસેપાસે ઊગતા પાક માટે ઉપયોગમાં લેવાય છે. **corrugations.** પાસે પાસે ઊગતા ઘાસચારા કે નાના અનાજ જેવા પાકને સિંચાઈ આપવા માટે કરવામાં આવેલા નાના ચાસ.

**cortex.** વલ્કુટ, બાહ્યક, બાહ્યસ્તરીય પ્રાંતસ્થા. (૨) પ્રાથમિક દેહનો મધ્ય નલિકાને બહારથી બાહ્યાવરણથી અને અંદરથી અંતઃસ્થ ચર્મ – કલાથી આવરતો ભાગ. (૩) પ્રમસ્તિષ્કનું ધૂસર દ્રવ્ય. **corticu-**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**lar.** બાળકનું –ને લગતું.

**Corticium** *salmonicolor*. સીતાફળ, સિંકોના, અંડકૂટ, ખટમધુરાં ફળો, આંબો, ફણસ ઇ.ને થતા રોગ માટે જવાબદાર કીટક. **C.** *invisum*. ચાના છોડને થતા રોગનો કીટક. **C.** *solani*. કોબી, કોલિફ્લાવરનો રોગકારી કીટક.

**cortisone.** અધિવૃક્કગ્રંથિના બહારના ભાગે લોહીમાં સવેલો અંતઃસ્રાવ, જે શરીરનાં મહત્ત્વનાં કાર્યોનું નિયમન કરે છે. શરીરમાં પ્રોટીન અને ચરબીની જમાવટ કરે છે તથા શર્કરાદ્રવ્યોનું ચયાપચય કરે છે.

**Corum** *bulbocastanum* **Clarke-non Koch.** કાળાજીરા નામની કાશ્મીરની વનસ્પતિ. (૨) ભોંય સિંગ.

**Corvus** *macrohynchos*. કાગડો. **C.** *splendens*. કાગડો.

**Corylus** *avellana* **L.** ભિદક નામની ભારતનાં પર્વતીય સ્થાનો પર ઉગાડાતી વનસ્પતિ. **C.** *colurna* **L.** ભૂતિયા બદામ; મૂળ યુરોપનું પણ હવે કાશ્મીર અને કુમાઉંમાં થતું એક ઝાડ.

**corymb.** નીચલા પુષ્પવૃંત પરની કલગી.

**Corynebacterium** *ovis*. ઘેટાંમાં થતા એક રોગનો કીટ. **C.** *tritici*. ઘઉંના કણસલાના રોગ માટે જવાબદાર જીવાણુ. **c.** *michiganense*. ટમેટાંનો રોગકારી કીટક.

**Corypha** *australis* **R. Br.** ઊંચો તાડ. **C.** *elata* **Roxb.** પ. બંગાળમાં થતો, ઊંચો તાડ; જેના રસ–તાડીમાંથી ખાંડ, સિરપ અને સરકો બનાવવામાં આવે છે; થડમાંથી કાંજી મળે છે; ફળીઓ અને બી ખાવાના કામમાં આવે છે. **C.** *taliera* **Roxb.** તામીલનાડુના ઈશાન ખૂણાના પ્રદેશમાં થતો ઊંચો તાડ, જેનાં પાન છાપરાં છાવવાં તથા સાદડીઓ અને ટોપલા-ટોપલીઓ બનાવવા ઉપયોગમાં આવે છે. **C.** *umbraculifera* **L.** પ. બંગાળ અને આંદામાનમાં થતો ઊંચો તાડ, જેનાં પાનનાં પંખા, સાદડીઓ, છત્રીઓ બનાવવામાં આવે છે અને બીમાંથી બટન અને નાનકડાં અલંકારો બનાવવામાં આવે છે. **C.** *utan* **Lamk.** આંદામાનમાં થતો તાડ. જેના પુષ્પોદ્ભવમાંથી મળતા રસનો સરકો અને તાડી બનાવવામાં આવે છે અને પાનની સાદડીઓ અને કાગળો બનાવવામાં આવે છે.

**coryza.** શરદી, જેમાં નાક ગળ્યા કરે. (૨) શ્લેષ્મીય શરદી. આ રોગ મરઘાનાં બચ્ચાંને થાય છે.

**Coscinium** *fenestratum* (**Gaertn.**) **Colebr.** ઝાડી હળદર; કાષ્ઠીય વનસ્પતિ, જે દ. ભારત ખાસ કરીને પશ્ચિમઘાટ, નીલગિરિ અને કેરળમાં થાય છે; જેના પ્રકાંડમાંથી પીળો રંગ મળે છે.

**cos lettuce.** *Lactuca sativa* var. *longifolia*. નામની લેટ્યૂસ પ્રકારની શાકીય વનસ્પત.

**Cosmolyce** *baeticus* **L.** કઠોળમાં પડતી નાની લીલા રંગની ઈયળ.

**cosmopolitan.** સર્વદેશીય.

**Cosmopolites** *sordidus*. કેળના થડને કોરી ખાનાર કીટ.

**Cosmos** *sulphureus* **Cav.** મૂળ અમેરિકાથી પણ અહીં બગીચામાં વાવવામાં આવતી વનસ્પતિ.

**Cosmostigma** *racemosum* (**Roxb.**) **Wight.** એક આરોહી ક્ષુપ, જે પશ્ચિમઘાટ. કર્ણાટક અને આન્ધ્રપ્રદેશમાં થાય છે, જેનાં પાનને ચાંદા પર કામમાં લેવામાં આવે છે.

**cost.** પડતર, કોઈ પણ વસ્તુ બનાવવા માટે કરવામાં આવતું ખર્ચ. **c. of living.** જીવનખર્ચ. **c. price** પડતર કિંમત.

**costa.** શિરા. **costate.** શિરાયુક્ત.

**costus.** *Saussurea lappa* **C. B. Clarke.** (*Aucklandia costus* **Falc.**). નામની શાકીય વનસ્પતિ, જે કાશ્મીર અને હિમાચલ પ્રદેશમાં થાય છે, જેનાં મૂળમાંથી બાષ્પશીલ તેલ મળે છે, જે સુગંધી દ્રવ્યો બનાવવા માટે ઉપયોગમાં લેવાય છે. મૂળ ઔષધીય ગુણ ધરાવે છે. **C.** *speciosus* (**Koen. ex Retz.**) **Sm.** પ. બંગાળ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને દ. ભારતમાં શોભા માટે ઉગાડવામાં આવતી વનસ્પતિ.

**Cotinus** *coggygria* **Scop** (syn. *Rhus cotinus* **L.**). વાયવ્ય હિમાલયમાં થતો ક્ષુપ, જેનાં પાન ચામડાં કમાવવામાં ઉપયોગી બને છે.

**Cotoneaster** *acuminata* **Lindl.** હિમાલયમાં થતો એક ક્ષુપ, જેનાં ડાળાંમાંની લાકડીઓ બનાવવામાં આવે છે.

**cottage.** ઝૂંપડું, ગ્રામ પ્રદેશનું નાનું ઘર, કુટીર. **c. cheese.** કાચા કે પ્રાશ્વરીકૃત મલાઈ કાઢી લીધેલા દહીંમાંથી બનાવવામાં આવતી નરમ ચીઝ–પનીર, જે બનાવવાની પ્રક્રિયા દરમિયાન ક્ષારને દૂર કરી મીઠું દેવામાં આવે છે. આવી ચીઝ *Dutch cheese* અથવા *smierkase* નામે પણ ઓળખાય છે. **c. industries.** કુટીર ઉદ્યોગો.

**cotted.** ગૂંચવાયેલું. **c. fleece.** ઘેટાંની પીઠ પર ગૂંચવાઈ ગયેલું ઊન. **c. wool.** ગૂંચવાયેલું ઊન.

**cotton.** કપાસ. *Gossypium* પ્રજાતિનો ગમે તે છોડ. દુનિયામાં થતા રેસા આપતી વનસ્પતિઓમાં અતિ મહત્ત્વની વનસ્પતિ; 68 ટકા આવા પ્રકારની વનસ્પતિના રેસા ઉપયોગમાં લેવામાં આવે છે. છોડ વર્ષાયુ અથવા કાયમી પ્રકારનો છે. ભારતમાં થતા કપાસના મુખ્યત્વે ચાર પ્રકાર છે: *Gossypium arboreum* **L.**; *G. herbaceum* **L.**; *G. hirsutum* **L.** અને *G. barbadense*. પહેલા બેને દેશી કપાસ કહેવામાં આવે છે, જેનું રૂ ટૂંકા તારનું હોય છે. *G. hirsutum* **L.** અમેરિકન અને કમ્બોડિયન કપાસ કહેવાય છે, જેના તંતુ બારીક અને મધ્યમથી લાંબા પ્રકારના થાય છે. *G. barbadense* ઇજિપ્શિયન અને સી-આઇલૅન્ડ પ્રકારનું રૂ કહેવાય છે અને તેના તંતુ લાંબા હોય છે. 30થી 100 ઈંચના વરસાદવાળા ઉપોષ્ણ વિસ્તારોમાં કપાસ થાય છે, જેને પ્રમાણમાં સૂકી હવા માફક આવે છે. કપાસ બધા પ્રકારની, તેમાં પણ ખાસ કરીને ઇન્ડો–ગૅન્જેટિક કાંપની, મધ્ય ભારતની કાળી, દક્ષિણની મધ્યમ પ્રકારની કાળી અને પૂર્વ તથા દ. ભારતની લાલ લેટરાઈટ જમીનમાં થાય છે. કપાસને વાવવા અગાઉ ગાયના છાણ અને ગંધકની માવજત આપવામાં આવે છે. તેના રેસામાંથી કાપડ બને છે, તથા રબરના ટાયરના ઉત્પાદનમાં પણ તેનો ઉપયોગ કરવામાં આવે છે. કપાસિયા અને કપાસિયાનો ખોળ ઢોરને – ખાસ કરીને દૂધાળાં ઢોરને ખવડાવવામાં આવે છે અને કપાસિયાનું તેલ ખાવા તથા સાબુ બનાવવામાં ઉપયોગમાં આવે છે. **c., country.** દેશી કપાસ – રૂ. **c., foreign.** પરદેશી કપાસ – રૂ. **c. abroma.** *Abroma augusta* **L.f.** નામનું નાનું ઝાડ, જેના રેસામાંથી દોરડાં બનાવવામાં આવે છે અને જે ઉત્તરપ્રદેશ, ખાસી ટેકરીઓ અને આસામમાં થાય છે. **c. angular leaf spot, c. bacterial blight** અને **c. black arm.** *Xanthomonas malvacearum* (**Smith**) **Dowson.** નામના કીટથી કપાસને લાગુ પડતા રોગ, જેમાં પાન પર પાણી ભરેલા ડાઘ પડે, કુમળા અંકુર સુકાવા માંડે અને રૂ પીળું પડવા માંડે. **c. anthracnose.** *Colletotrichum indicum* **Dastur.** નામના જંતુથી કપાસને થતો રૂક્ષ રોગ, જેમાં જીંડવા નાનાં થઈ ખરી પડે છે. **c. aphid.** *Aphis gossypii* **Glov.** નામનું કપાસને લાગુ પડતું મલોમશી. **c. areolate mildew, Cotton grey mildew.** *Ramularia areola* **Atk.** નામના જંતુથી કપાસને થતો એક રોગ. **c. bale.** કપાસ અથવા રૂની ગાંસડી. **c. baling.** જીનમાં લોઢેલા કપાસને રૂને બજારમાં મોકલવા માટે હાઈડ્રોલિક પ્રેસથી ગાંસડી બનાવવાની પ્રક્રિયા. **c. boll.** કપાસનું જીંડવું, જેમાં રૂ અને કપાસિયો હોય છે. **c. bollworm.** *cotton spotted boll worm. cotton pink bollworm*

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નામનાં કપાસનાં જીંડવામાં પડતાં જંતુઓ. **c. bugs.** *red cotton bug, Dysdercus cingulatus* **Fb.** અને *dusky cotton bug, Oxycarenus laetus* **Kirby.** નામનાં કપાસનાં જંતુ, જે જીંડવા, તથા છોડનો રસ ચૂસે અને રૂનો રંગ બગાડે છે. **c. burs.** રૂને વળગી રહેતા જીંડવાના ભાગ. **c. cake.** કપાસિયાનો ખોળ, જે ઢોરને ખવડાવવામાં આવે છે અને જેને ખાતર તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે. **c. damping off.** *Phytophthora parasitica* તથા *Pythium* **sp.** થી કપાસને થતો એક રોગ. **c. dry root rot.** *cotton sore shin* નામનો *Macrophomina phaseoli*થી કપાસને થતો રોગ. **c. fibre.** કપાસિયામાંથી થતો એક કોષી, સેલ્યુલોસ – કાષ્ઠકવાળો તંતુ, જે તાંતણારૂપે અને પોલ-રૂપે મળે છે. **c. fuzz.** રૂનું પોલ. **c. gin.** કપાસમાંથી રૂના તાંતણાને લોઢી જુદા પાડવાનું યંત્ર, આ માટેનું કારખાનું – જીન કહેવાય છે. **c. grey weevil.** *Myllecerus spp.* નામનો કપાસમાં પડતો કીટ, જે રસ ચૂસે છે. **c. jassid.** *Empoasca devastans* **Dist.** *E. flavescenes* **Dist.** નામનાં કપાસમાં પડતાં તડતડિયાં જંતુ, જેનાં ડિમ્ભ અને બચ્ચાં રસ ચૂસે છે **c. leaf roller.** *Sylepta derogata* **Fabr.** નામનો કપાસનો કીટ, જે કપાસને ભારે હાનિ પહોંચાડે છે. **c. leaf spot** *Mycosphaerella gossypina* નામના જંતુથી કપાસને થતો રોગ. **c. lint.** રૂ. **c. oil.** કપાસિયાનું તેલ, જે ખાવામાં તથા સાબુ બનાવવા ઉપયોગી બને છે. **c. powdery mildew.** *Leveillula taurica* અને *Oidium* sp.થી કપાસને થતો રોગ, જેમાં તેનાં પાન પર ધોળો પાઉડર જેવો ભૂકો થાય છે. **c. red leaf.** અમેરિકન કપાસને લાગુ પડતો એક રોગ, જેમાં કપાસનાં પાન પીળાં પડે છે. **c. root rot** *Rhizoctonia bataticola* અને *R. solani*થી કપાસને થતો એક રોગ, જેમાં છોડ કરમાવા માંડે છે. **c. rust.** *Cerotelium desmium*થી કપાસને થતો ગેરૂનો રોગ. **c. sclerotial disease.** *Pellicularia rolfsii*.થી કપાસને થતો રોગ. **c. seed.** કપાસિયા; રૂને લોઢીને ભી અને રૂને છૂટા પાડી બાકી રહેતું બીજ, જેની સાથે રૂનો થોડો ભાગ વળગેલો રહે છે. કપાસિયામાં કાર્બોદિત, પ્રોટીન, અને પ્રજીવકો ઠીક ઠીક પ્રમાણમાં હોય છે, જે ખાસ કરીને દૂધાળાં ઢોર માટે આવશ્યક ખોરાક બને છે અને તેને પીલીને કાઢવામાં આવતું તેલ, રસોઈમાં તથા સાબુ બનાવવામાં ઉપયોગમાં લેવામાં આવે છે. **c. s. cake.** કપાસિયાને પીલી તેલ કાઢી લીધા બાદ અવશેષ રહેતું દ્રવ્ય, જે કપાસિયાનો ખોળ કહેવાય છે અને જે ઢોરને ખાવા માટે આપવામાં આવે છે અને ખાતર તરીકે પણ જે ઉપયોગમાં આવે છે. **c. s. oil.** કપાસિયાને પીલીને કાઢવામાં આવતું તેલ, જે ખાવાના કામમાં આવવા ઉપરાંત સાબુ અને ઊંજણ બનાવવા ઉપયોગમાં લેવાય છે. **c. sore shin.** જુઓ *cotton dry root rot.* **c. stem borer.** *Sphenoptera gossypii* **G.** નામનો કપાસમાં પડતો કીટ જે પ્રકાંડ કોરે છે. **c. stem weevil.** *Pempheres affinis* **F.** નામનું કપાસમાં પડતું જંતુ. **c. stenosis.** કપાસને લાગુ પડતો વિષાણુજન્ય રોગ, જેમાં પાન ચીમળાઈ પીળાં પડે છે. **c. tirak.** કપાસનો દેહધર્મીય રોગ, જેમાં પાન ખરે અને જીંડવાં પીળાં પડે છે. **c. wet rot.** *cotton damping off* નામનો *Phytophthora parasitica* અને *Pythium* sp.થી કપાસને થતો રોગ. **c. white fly.** *Bemisia tabaci* **Genn.** નામનો પંજાબમાં કપાસમાં પડતો કીટ, જે પાનનો રસચૂસે છે અને ચીકણો રસ સ્રવે છે. **c. wilt.** *Fusarium oxysporum* **F.**થી દેશી કપાસને થતો એક રોગ, જેમાં છોડ કરમાવા માંડે છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**cotyledon.** બીજપર્ણ, બીજદલ; સપુષ્પ વનસ્પતિમાં ભ્રૂણમાં શરૂઆતની અવસ્થામાં લાગતાં પ્રથમ પર્ણો, બીજપત્ર. (૨) કેટલાંક સસ્તન પ્રાણીઓમાં ભ્રૂણીય જરાયુ, માતૃ જરાયુ સાથે જોડાય તે વિસ્તાર. **cotyledony.** બીજપત્રીય.

**cotype.** સહરૂપી.

**coulter.** હળનું પાનું.

**count.** આંક. (૨) એક રતલ ઊનમાંથી કાંતેલ પ્રત્યેક 560 વાર તારની હોય તેવી આંટીઓની સંખ્યા, જે પરથી કંતાયેલા ઊનના તાર કેટલો પાતળો છે તે જાણી શકાય છે, જે આંકમાં દર્શાવવામાં આવે છે. આજ રીત કાંતવામાં આવેલા સૂતરનો આંક જાણવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે, જેમાં એક રતલ રૂ કાંતીને 840 વારની આંટીઓને ગણતરીમાં લેવામાં આવે છે. **c. number.** પ્રત્યેક 840 વાર તારની એક રતલ સૂતરની આંટીઓની સંખ્યા. જે સુતરનો આંક દર્શાવી, સુતર કેટલું બારીક છે તેનો અંદાજ આપે છે.

**counterfire.** વનમાં દાવાનળ થયો હોય ત્યારે આગળ વધતી આગની સાથે, વૃક્ષોની હારને પણ આગ લગાડવામાં આવે છે, જેથી દાવાનળની આગ આગળ વધી ફેલાતી અટકી જાય.

**counterirritant.** ચામડી હેઠળ થતી વેદનાને હળવી બનાવવા ચામડીથી ઉપરના ભાગ પર કોઈ દવા ચોપડવી જેથી બહારની બાજુએ ઝણઝણાટી થવાથી અંદર થતી વેદનાની તીવ્રતા ઓછી લાગે. આમ બહાર લગાવવામાં આવતી દવાઓમાં રાઈનું પ્લાસ્ટર, એમોનિયા, કપૂર, કેપ્સિકમ, ક્લોરોફોર્મ, આયોડિન, કોરોઝીવ સબ્લિમેટ. માયાનો બામ વ. નો સમાવેશ થાય છે.

**country** (૧) દેશ. (૨) ગામડું, ગ્રામ વિસ્તાર, ગ્રામ પ્રદેશ. (૩) દેશી ગામડિયું અર્થસૂચક પૂર્વગ. **c., native.** માતૃભૂમિ. **c. cotton.** દેશી રૂ. **c. fowl.** દેશી મરઘું. **c. life movement.** ગ્રામ જીવનની હિમાયત કરતું આંદોલન. **c. mallow.** *Abutilon indicum* **L.** **Sweet.** નામનો ક્ષુપ. જેના રેસાનાં દોરડાં બનાવવામાં આવે છે. કપાટ, કાંસકી. પેટારી. **c. plough.** દેશી હળ.

**couple.** જોડવું, જોતરવું, સંલગ્ન કરવું. (૨) યુગ્મ, જોડી. **coupling.** યુગ્મન, સંલગ્નતા. (૨) કમર. (૩) યુગ્મીકરણ, સંવર્ધન. (૪) મૈથુન. **c. phase.** સંલગ્નાવસ્થા.

**Couroupita** *guianensis* **Aubl.** શોભાનું એક ઝાડ.

**cousin mating.** પ્રત્યક્ષ જનક-જનેતા ન હોય પણ એકજ કુળના નજીકના પિતૃ સંતાનોનું સંયુગ્મન.

**covariance.** સહપરિવર્તન. **covariant.** સહપરિવર્ત. **covariation.** સહવિચરણ.

**cover.** ઘાસ, તૃણ, નાના ક્ષુપ ઇ. જમીન ધોવાણ અટકાવવા ભૂમિપર, ઊગ્યાં હોય તેવા વનસ્પતિનું આવરણ. (૨) માદાની સાથે કરાતો સંભોગ **c. crop.** ભૂમિ સંરક્ષક પાક. (૨) વર્ષાઋતુની શરૂઆતમાં કે તે આવવાની અગાઉ, જમીનના ધોવાણની સામે ભૂમિને રક્ષણ આપવા માટે વાવવામાં આવતો પાક. ઉનાળામાં આવો પાક વાવવાથી જમીનનો ભેજ મેળવવામાં તે મુખ્ય પાકનો હરીફ બને છે, જ્યારે વર્ષા દરમિયાન વાવવામાં આવે તો તે વધારાનો ભેજ ચૂસી લે છે. **covering.** આવરણ.(૨) બાસ્દાન, વેષ્ટન, આચ્છાદન. **c. device.** આચ્છાદન યુક્તિ. **c. pox.** શીતળા.

**covert.** પક્ષીનાં પીંછાંને ઢાંકતાં પીંછાંને લગતું. (૨) ઢાંકેલું, છૂપું, ગુપ્ત.

**covey.** પક્ષીનું ટોળું; તેતર.

**cow.** ગાય; ગોવંશી પ્રૌઢ માદા. **c. heifer.** એકવાર બચ્ચાંને જન્મ આપ્યો હોય તેવી ગાય. **c. hide.** ગાય, હરણ કે સાંઢનું ચામડું.

**cowa.** *Garcinia cowa* **Roxb.** (*G. kydia* **Roxb.**). નામનું પ. બંગાળ, આસામ, નીલગિરિ અને આંદામાનમાં થતું ખાદ્ય ફળધારી ઝાડ; જેનાં થડ અને શાખામાંથી સ્રવતો સુંદર વાર્નિશ બનાવવા માટે ઉપયોગમાં આવે છે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**Cowasji Patel.** મોડી કેરીવાળું આંબાનું ઝાડ; જેનાં અથાણાં બને છે, જેને માલ-ગોબા નામની પ્રખ્યાત કેરીઓ થાય છે. **cowpea.** ચોળા, ચોળી; *Vigna sinensis* (**L.**) **Savi ex Hassk** (*Dolichos sinensis* **L.**; *Vigna catjang* **Walp.**). નામની શિમ્બી શાકીય વનસ્પતિ, જે ઝડપથી ઊગે છે, વારાફરતી પાક લેવામાં તે ઉપયોગી બને છે, અને જેના દાણા, લીલા ખાતર, લીલા ચારા માટે વાવવામાં આવે છે. દાણા અને ચારામાં પ્રોટીન રહેલું છે અને ચારો ઢોરને મીઠો લાગે છે. **c. p. anthracnose.** *Glomerella lindemuthianum*થી ચોળીને થતો રક્ષરોગ. **c.p. aphid.** *Aphis craccivora* **K.** નામની ચોળીનાં પાન, પ્રકાંડ અને સિંગોમાં પડતી મશીમશી. **c. p. bacterial blight.** *Xanthomonas vignicola*થી ચોળીને થતો એક રોગ. **c.p.die-back.** *Colletotrichum capsici*થી ચોળીને થતો રોગ, જે ઉપરથી છેક મૂળ સુધી ફેલાઈ, સિંગોને ચીમળાવી મૂકે છે. **c. p. dry root-rot.** *Macrophomina phoseoli*થી ચોળીને થતો રોગ. **c.p. leaf spot.** *Cercospora canescens* અને **C.***cruenta*થી ચોળીને થતો રોગ. **c. p. mosaic.** ચોળીને થતો વિષાણુજન્ય રોગ, જેમાં તેનાં પાન પર પીળાં અને લીલાં ધાબાં થાય અને છોડનો વિકાસ અટકી જાય છે. **c.p. powdery mildew.** *Erysiphe polygoni*થી ચોળીને થતો રોગ, જેમાં દાણા પર પાઉડર જેવો ભૂકો લાગે છે. **c.p. root rot.** *Pellicularia filamentosa* નામની ફૂગથી ચોળીને થતો એક રોગ. **c. p. rust.** *Uromyces appendiculatus* નામની ફૂગથી ચોળીને થતો ગેરુનો રોગ. **c. p. stem fly.** *Agromyza phaseoli* **C.** નામની ચોળીની સિંગો પર ઈંડાં મૂકનાર, એક પ્રકારની માખી, જેનાં બચ્ચાં, સિંગોને ફોલી ખાય છે.

**cow pox.** ગાયના આંચળમાં થતો વિષાણુજન્ય માતાનો રોગ, જેમાં રોગગ્રસ્ત પ્રાણીને તાવ આવે અને ફોલ્લા થાય. જે આપમેળે જ શમી જાય છે.

**Cox's Orange Pippin.** મધ્યમ કદના, ગોળ, લંબગોળ અને સમમિત સફરજનનો એક પ્રકાર, જેની છાલ લાલ. ગર પીળો, નરમ, રસાળ અને સુવાસવાળો હોય છે. ભોજનાંત ફળાહાર માટે ઉત્તમ પ્રકાર, ઉતાર સારો આપે છે.

**crab.** કરચલો, *Gecarcinucus jacquemontic* નામનું સ્તરકવચી પ્રાણી, જે ડાંગરના છોડના તળને કાપી ભારે હાનિ પહોંચાડે છે. **c. grass.** *Digitaria* પ્રજાતિનું ઘાસ, જે ખેતરમાં ઉગાડવામાં આવતી વનસ્પતિને ભારે હાનિ પહોંચાડે છે. **c. stock.** કલમ કરવા માટે ઉપયોગી બનતો સફરજનનો પ્રરોહ.

**Craig's Defiance.** બટાટાનો એક પ્રકાર.

**cramp.** ખાલી ચડવી; શરીરની પેશીનું સંકોચાવું.

**craniotomy.** ખોપરીની શસ્ત્રક્રિયા. કર્પર છેદન. **cranium.** ખોપરી, કર્પર. મસ્તિક-પેટી.

**crank-type duster.** ફરતું રસાયણિક ભૂકી છાંટવાનું સાધન.

**Crataeva** *marmelos*. બીલેરું; બિલી; જુઓ **bael.**

**crawler tractor.** અસમતલ ભીની અને પૈડાં કામ કરી ન શકે તેવી જમીનમાં પૈડાં વિનાનું ભારે વજન ખેંચતું, ધીમી ગતિવાળું ટ્રૅક્ટર, જે ઊંડી ખેડ, જળનિકાસ અને જમીનને નવસાધ્ય કરવા જેવાં કામો માટે ઉપયોગી બને છે.

**cream.** મલાઈ, માખણ; દૂધની સપાટી પર જામતી દુગ્ધ ચરબી, જે કેન્દ્રોત્સારી પદ્ધતિથી દૂધમાંથી કાઢી શકાય છે. **c. regulation screw.** મલાઈ–માખણ નિયામક સ્ક્રૂ. **c. ripening.** માખણની સુવાસને સુધારવા કેટલાક સૂક્ષ્મ સજીવોનું સંરક્ષણ તેને બનાવતી વખતે ઉમેરવામાં આવે છે. **c. separator.** દૂધ કે છાશમાંથી માખણ છૂટું પાડવાનું

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કેન્દ્રોત્સર્ગી યંત્ર. **creamery.** મલાઈ ઘર, જેમાં દૂધ અને માખણ અને દૂધની પેદાશ બનાવવામાં આવે છે. **c. butter.** ડેરીમાં મલાઈમાંથી બનાવવામાં આવેલું માખણ. ભારતમાં પેદા થતા દૂધમાંથી માત્ર ૬ ટકા દૂધનો જ આ માટે ઉપયોગ કરવામાં આવે છે.

**credit.** શાખ, ધિરાણ, ઉધાર. **c., collateral.** જમાનતી શાખ. **c., land mortgage.** જમીનગીરો ધિરાણ – શાખ. **c. agency.** ધિરાણ કે શાખ આપનારી સંસ્થા. **c. co-operative.** ધિરાણ (સહકારી) મંડળી. **c. corporation.** શાખ નિગમ. **c. institute.** ધિરાણ – શાખ સંસ્થા. **c. society.** ધિરાણ – શાખ (સહકારી) મંડળી. **creditor.** લેણદાર. ઋણદાતા.

**creep.** મુખ્યત્વે ગુરુત્વાકર્ષણના બળથી ઢોળાવ પર ભૂમિ કે ભૂમિનાં દ્રવ્યોનું સરકવું; પાણીની સંતૃપ્તતા, ઠારણ અને બરફ ઓગળવાથી પણ સરકવાની આ પ્રક્રિયા બને છે. (૨) પાણીમાં ફોસ્ફરસ દ્રવ્યની ઊણપથી પ્રાણીઓને થતો એક રોગ, જેમાં હાડકાં પોચાં પડે છે, રક્તક્ષીણતા આવે છે અને તેમની ચાલ ચીગી બને છે.

**creeper.** મૂળ કે શાખા પ્રવર્ધથી જમીન પર વિસ્તરતી વનસ્પતિ. (૨) વેલ. (૩) વીંટળાવાની ટેવવાળી ગમે તે વનસ્પતિ.

**creeping sorrel.** ચંપામેથી

**cremation.** મરેલાં પ્રાણીની દાહ ક્રિયા. (૨) બળીને રાખ થઈ જવું.

**crenate.** નાના ગોળ દાંતવાળું.

**creosote.** કાષ્ઠના નિસ્યંદનથી નીપજતા ડામરનામાંથી બનાવેલું તેલ અને રંગવિહીન પ્રવાહી, જેનો ઉપયોગ પ્રાણીઓને ભગાડવા, કાષ્ઠનું સંરક્ષણ કરવા અને ઔષધ બનાવવામાં થાય છે; તે મંદ જંતુઘ્ન અને ચેપરક્ષક છે. **c. emulsion.** પાયસ એટલે ઇમલ્ઝનના રૂપમાં કાષ્ઠ સંરક્ષક દ્રવ્ય, જે ક્રિયોસોટ અને પાણીના સંયોજનથી બનાવવામાં આવે છે.

**crepitating.** ચામડી હેઠળ વાયુની મારફત કડાકાનો અવાજ.

**cresol.** ડામર કે કાષ્ઠમાંથી બનાવવામાં આવતું ગમે તે તેલી અને રંગ વિનાનું પ્રવાહી કે ઘન પદાર્થ, જેનો ઉપયોગ જંતુઘ્ન લાયસોલ બનાવવામાં થાય છે.

**cress.** તીખાં, ખાદ્યપાન ધરાવતી ખાદ્ય વનસ્પતિ.

**crest.** છોગું, કલગી. (૨) કેટલાંક પક્ષીઓના માથાપરનું પીંછાનું છોગું. (૩) મરઘાની કલગી. (૩) પશુની ગરદનની કિનારી. (૪) કેટલીક વનસ્પતિઓમાં પાંદડાંની દાંતાદાર કિનારી.

**crib.** પશુને ચારો કે ખાણ રાખવાનું પાત્ર.

**cribose.** ચાળણી જેવાં છિદ્રોવાળું.

**Cricket Ball.** દક્ષિણભારતમાં થતું એક પ્રકારનું ચીકુ.

**Cricus** *arvensis.* દીર્ઘાયુ ઘાસપાત.

**crimp.** ઊનના તંતુમાં જોવામાં આવતી કુદરતી લહેર. **crimpiness.** લહેરિયાપણું.

**crimson clover.** *Trifolium incarnatum* **L.** નામની ઘાસચારા માટેની વનસ્પતિ, જેનું મૂળ વતન અમેરિકા છે.

**Crinum** *defixum* **Ker-Gawl** (Syn *C. asiaticum* (**L.**) પિંડાર, સુખદર્શન નામની મોટી, કંદિલ શાખીય વનસ્પતિ, જેને શોભા માટે વાવવામાં આવે છે.

**Criollo.** કોકોનો એક ચડિયાતો પ્રકાર.

**crippled.** અપંગ, વિકલાંગ; રોગ, ઈજા કે અન્ય પ્રકારની દેહધર્મીય અવસ્થાના કારણે ચાલવામાં મુશ્કેલી અનુભવતું (પ્રાણી) (૨) અપૂર્ણપુષ્પ.

**crispledhead lettuce.** કોબી જેવા માથાવાળું. (૨) લેટ્યૂસ જેવું.

**criss-cross.** તિર્યક, તીરછું (સંકરણ).

**crissum.** અવસારણી પાસેનાં પક્ષીનાં પીછાં – કે શરીરનો ભાગ.

**cristate.** સશિખ, કલગીવાળું.

**criterion.** લક્ષણ, કસોટી.

**critical.** ક્રાંતિક. **c.day length·**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ક્રાંતિક દિનાવધિ; કેટલીક વનસ્પતિઓને તેમનાં વૃદ્ધિ-વિકાસ માટે જોઈતો નિમ્નતમ દિવસના પ્રકાશનો સમય, નિમ્નતમ પ્રકાશાવધિ c. **light period.** જુઓ *critical day length.* c. **photo period.** નિમ્નતમ પ્રકાશાવધિ, ક્રાંતિક પ્રકાશાવધિ c. **point.** ક્રાંતિક બિંદુ. c. **temperature.** ક્રાંતિક ઉષ્ણતામાન. (૨) બાષ્પીભવન જેવા ભૌતિક કારણે કોઈ પ્રાણી જે ઉષ્ણતામાને તેના શરીરની ગરમી ગુમાવે તે ઉષ્ણતામાન, આંતરિક કાર્ય અને પેશી ઉપચયન દ્વારા મળતી ગરમી સમતોલ બને અને જેની હેઠળ શરીરનું સાધારણ ઉષ્ણતામાન ટકાવવા માટે પેશી ઉપચયન જરૂરી હોય તે.

**Crocus** *sativus* **L.** કેસર, કાશ્મીર, અને ઉત્તરપ્રદેશનાં ભસૅર અને ચૌખત્તિયામાં થતી શાકીય વનસ્પતિ, જેના તાંતણા – એટલે કેસર મસાલા અને રંજકદ્રવ્ય તરીકે ઉપયોગમાં આવે છે.

**crop.** પક્ષીની અન્નનળીનો કોથળી બનાવતો વિસ્તાર, જે ખોરાકનાં સંગ્રહની ગરજ સારે છે અને જેના કારણે પક્ષી વધારે પ્રમાણમાં ખાઈ શકે છે, આવાજ પ્રકારનું અંગ જંતુઓ અને કૃમિમાં પણ હોય છે. (૨) સામૂહિક રીતે વાવવામાં આવતી વનસ્પતિનો સમૂહ. (૩) જમીનની ગમે તે પેદાશ, પાક. (૪) મધમાખની મધુકોષિકા. (૫) છટણી કરવી કે કાપવું. (૬) પાક વાવવો. c., **bumper.** વિપુલપાક. c., **cash.** રોકડિયો પાક. c., **complementary.** પુરક પાક. c., **diversified.** વિવિધ પાક. c., **erosion resistant.** ધોવાણ નિવારક પાક. c., **exhaustive.** ફળદ્રુપતાનો નાશ કરે તેવો – જમીનની પાક ઉત્પાદન માટે જરૂરી હોય તેવા શક્તિનો હ્રાસ કરતો પાક. c., **foodgrain.** ધાન્ય પાક. c., **forage.** ઘાસચારાનો પાક. c. **fruit** ફળ પાક. c., **harvested.** લણેલો પાક. c., **kharif.** ખરીફ પાક. c., **leguminous** શિંગખીવર્ગની વનસ્પતિનો પાક. c., **rabi.** રવિ પાક. c., **shallow** છિછરાં મૂળવાળો પાક. c., **soil binding.** જમીનને સ્થિર રાખતો – જકડી રાખતો પાક. c., **staple** મુખ્ય પાક. c., **supplementary** પૂરક પાક. c. **bound.** અતિ ખોરાક, અપાચ્ય ખોરાક, પીંછાં, ઘાસ, તંતુવાળો ખોરાક વ. ખાવાથી પ્રાણીના શરીરની અવસ્થા, જેમાં પેટ ફૂલે અને ભૂખ મરી જાય છે. c. **calendar.** પાકનું સમયપત્રક. c. **competition.** પાક સ્પર્ધા, પાક હરીફાઈ. c. **estimate.** પાકનો અંદાજ, કેટલો પાક ઉતરશે તેનો અડસટ્ટો. c. **forecast.** કેટલો પાક ઊતરશે તેની ધારણા – આગાહી. c. **index.** પાકનો સૂચકાંક. c. **insurance.** પાકનો વીમો. c. **land.** પાક હેઠળ રોકાતો ભૂમિ વિસ્તાર. c. **loan society.** પાકની સામે ધિરાણ આપતી (સહકારી) મંડળી – સંસ્થા. c. **mortgage system.** પાકને ગીરો મૂકી ધિરાણ મેળવવાની પદ્ધતિ, પાક ગિરો પદ્ધતિ. c. **plant.** ફળ, તંતુ, મૂળ, ફૂલ ઇ. માટે લેવામાં આવતો પાક. c. **ratio.** પાક ગુણોત્તર. c. **residue.** લણણી બાદ પાકના રહેતાં અવશેષ દ્રવ્યો, જેવાં કે પાંદડાં, સાંઠા, મૂળ, ઘાસ ઇ. c. **response.** પાક પ્રતિક્રિયા. c. **rotation.** વારાફરતી લેવામાં આવતો પાક. (૨) વરસાદ અને સિંચાઈની સગવડ હોય ત્યાં વર્ષમાં બે કે તેથી વધારેવાર પાક લેવાની પ્રથા હોય છે, જેથી જમીનની ફળદ્રુપતા ખલાસ થઈ જતી નથી; મજૂરીની સારી વિવિધતા જળવાઈ રહે છે; આમાં ડાંગરની સાથે હળદર; ડાંગરની સાથે શેરડી; ડાંગરની સાથે કેળ અને શેરડી; જુવારની સાથે તમાકુ અને મરચી; જુવારની સાથે નાગલી અને તમાકુ; જુવારની સાથે મગફળી અને કપાસ; બાજરીની સાથે તમાકુ, જુવાર અને કપાસ; બટાટાની સાથે ઘઉં ઇ. આના ઉત્તમ ઉદાહરણો છે. c. **sharing.** પાકનાં ભાગીદારીની પ્રથા; જેમાં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જોડાનાર ઠરાવેલા ધોરણે પરસ્પરમાં ભાગ વહેંચી લે છે. c. **statistics.** પાક અંગેના આંકડા. **c.year.** વાવણીથી માંડીને લણણી સુધીની સમયાવધિ. (૨) એક ફસલથી બીજી ફસલ સુધીનો સમય. c. **yield.** ચોકસ પાકનો એક એકરે મળતો ઉતાર – એકર દીઠ પાકનો ઉતાર. **cropping system** ચોકસ ભૂમિ – વિસ્તારમાં પાકનો પ્રકાર, ચોકસ સમયમાં કોઈ ભૂમિ વિસ્તારમાં લેવામાં આવતા પાકનો ક્રમ; ભૂમિ વ્યવસ્થા, ખેડ પદ્ધતિ, ખાતર, સિંચાઈ, ખેડૂતનું હિત, જમીનપરના તેના અધિકાર, જમીનનો વિસ્તાર, જમીનનો પ્રકાર, આબોહવા, પાકના પ્રકાર, કામદારો અને વીજળી તથા અન્ય પ્રકારની ઊર્જાની ઉપલબ્ધતા, ખેડૂતનાં પોતાનાં સાધન – સામગ્રી, ખોરાકની ટેવ અને આવશ્યકતાઓ, કૃષિ પેદાશના વેચાણની વ્યવસ્થા: આ સૌ કારકોનો પાક પ્રણાલીમાં સમાવેશ થાય છે. (૨) ભારતમાં પાકની ત્રણ પ્રણાલી અથવા પદ્ધતિઓ છે; એક વસ્તુપાક, મિશ્રવસ્તુ પાક અને વારાફરતી વસ્તુઓનો પાક. **croppy.** ટોચના છેડા પ્રમાણમાં સખત અને કડક હોય તેવા (શણના તંતુ). (૨) મોટી ખોરાકસંગ્રહ કોષવાળું પાલતું (પક્ષી).

**cross.** સંકર; જનીનીય રીતે જુદા પિતૃઓ દ્વારા થયેલી (સંતતિ). **c. c. breeding.** બે જુદી ઓલાદના શુદ્ધ પ્રાણીઓનું સંકરન; જુદી જુદી જાતિઓના નર – માદા પ્રાણીઓનું કે વનસ્પતિઓનું સંકરન. **c. cultivation.** પહેલી ખેડના કાટખૂણે બીજીવારની કરવામાં આવતી ખેડ. **c. fertility.** પર પરાગનયનથી કરવામાં આવતું પ્રજનન. **c.-fruitfulness.** આંતર ફળદ્રુપતા. (૨) બીજા ચોકસ પ્રકારના પરાગનયન દ્વારા ફળઝાડની ફળ આપવાની ક્ષમતા. **c.-immunity.** એક પ્રકારના પરજીવી કે જીવાણુની સામે યજમાન પ્રાણીની બીજા એવા પ્રકારના પરજીવી કે જીવાણુની સામેની પ્રતિરક્ષા. **c.-pollination.** પર પરાગનયન, એક છોડની પરાગરજ બીજા છોડના સ્ત્રીકેસર પર મૂકવાની પ્રક્રિયા. **c.-section.** અનુપ્રસ્થ છેદ. **c. sterility.** આંતરવંધ્યતા. **c.-unfruitfulness.** આંતર-અફળદ્રુપતા. **c. walls.** અનુપ્રસ્થ દીવાલો. **crossing over.** જનીન-વિનિમય.

**Crossandra** *infundibuliformis* **(L.)Nees** (Syn. *C. undulaefolia* **Salisb**). પ્રિયદર્શી નામની કાશ્મીર અને ઉત્તરપ્રદેશમાં શોભા માટે ઉગાડવામાં આવતી શાકીય વનસ્પતિ.

**Crotalaria** *anagyroides* **H.B. & K.** લીલાખાતર માટે ઉગાડવામાં આવતી વનસ્પતિ. **C.** *burhia* **Buch. Ham.** વગડાઉશણ, ઘુઘરિયા; નામનો પંજાબ, ગુજરાત, ઉત્તરપ્રદેશ, અને રાજસ્થાનમાં થતો મરુભૂમિનો ક્ષુપ; જેનાં ડાળખાં અને પાનનો ઘાસચારો બને છે, અને પ્રકાંડના રેસામાંથી દોરડાં બને છે. **C.** *juncea* **L.** શણ, ભારતભરમાં થતો ઊંચો ક્ષુપ;જેના પ્રકાંડના રેસાનાં સાદડીઓ, દોરડાં અને કાગળ બનાવવામાં આવે છે. ફૂલ અને ફળ ખાવામાં આવે છે અને લીલા પ્રકાંડ અને પાંદડાંનું લીલું ખાતર બને છે. **C.** *medicaginea* **Lamk.** રણમેથી, અડબાઉ મેથી; **C.** *mucronata* **Desv.** (Syn. *C. striata* **D.C.**). શણ, ભારતભરમાં થતી વનસ્પતિ, જેના પ્રકાંડની છાલના રેસામાંથી દોરડાં અને કેનવાસ બનાવવામાં આવે છે. **C.** *retusa* **L.**ઘૂઘરો. **C.** *sericea* **Retz.** મૂળ ઑસ્ટ્રેલિયાની પણ અહીં લીલાખાતર માટે વાવવામાં આવતી વનસ્પતિ. **C.** *striata* **D.C.** શણ, ભારતભરમાં થતી વનસ્પતિ, જેના રેસાનાં દોરડાં અને કેનવાસ બનાવવામાં આવે છે. **C.** *usaramoensis* **Bak.f.** મૂળ ઑસ્ટ્રેલિયાની પણ ભારતમાં લીલા ખાતર માટે વાવવામાં આવતી વનસ્પતિ.

**crotch.** ફળઝાડની મોટી ડાળીઓની સમાન સંધિ જેમાંથી પાર્શ્વીય ડાળીઓ ફૂટે છે. (૨) પશુના પગનો પાછલો અંગ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



c. **injury.** સખત ઠંડીના કારણે ફળઝાડને પહોંચતી હાનિ.

**croton.** જમાલગોટા. **C.** *aromaticus* **L.** (Syn. *C. lacciferus* **L.**). આન્ધ્ર પ્રદેશમાં થતો સુવાસવાળો ક્ષુપ, જેમાંથી ગુંદર–રેઝિન મળે છે, જેનો ઉપયોગ વાર્નિશ બનાવવા માટે થાય છે. **C.** *lacciferus* **L.** જુઓ *Croton aromaticus.* **C.** *oblongifolius* **Roxb.** ચૂકા નામની વનસ્પતિ, જેનાં બીમાંથી કાઢવામાં આવતું તેલ જંતુનાશક તરીકે અને જુલાબ લેવામાં ઉપયોગી બને છે. **C.** *tiglium* **L.** જમાલગોટા; નેપાળો નામનો મૂળ અગ્નિ એશિયાનો પણ આસામ, પ. બંગાળ અને દ. ભારતમાં થતો ક્ષુપ, જેનાં બીમાંથી ક્રોટોન નામનું તેલ નીકળે છે, જે જુલાબ તરીકે ઉપયોગમાં આવે છે. **croton oil.** પીળું, લગભગ શ્યામ, ઝેરી પ્રવાહી; જે ભારે જુલાબ – નેપાળાના જુલાબની ગરજ સારે છે; જે જમાલગોટાનું તેલ તરીકે ઓળખાય છે.

**crow.** કાગડો. *Corvus macrohynchos. C. Splendens.* નામનું સર્વત્ર જોવામાં આવતું અને કાળા રંગનું ડાંગર અને મકાઈ, ફળ અને ભોંયસિંગને ખાઈ જઈ આ પાકને ભારે નુકસાન પહોંચાડનાર પક્ષી.

**crow bar.** કોશ, પરાઈ

**crowd.** ટોળું, ભીડ. (૨) ખેતરમાં ગીચોગીચ ઉગતી વનસ્પતિ. (૩) એક બીજા પર દબાણ કરવું, ધક્કામુક્કી કરવી. **crowd out.** બીજી વનસ્પતિ મરી જાય તેમ તેના પર આક્રમણ કરવું, તેને ધકેલી મૂકવી.

**crowder.** જમીન સંરક્ષણ માટે ઢોળાવ પર બાંધ કરવા માટેનું સાધન.

**crowfoot.** કાકપદ; તૃણકુળનું *Dactyloctenium aegyptium* (**Desf**) **Beauv.** (*Eleusine aegyptiaca* **Desf.**). નામની ખાદ્ય બીવાળી વનસ્પતિ, જેનો ઘાસચારો બને છે.

**crown.** મુગટ, શિખર, ઘટા. (૨) દાંતનો ખુલ્લો ભાગ. (૩) ઝાડનો પર્ણયિ ટોચનો ભાગ. (૪) ઘાસનો ટોચનો ભાગ. (૫) બીજધારી વનસ્પતિનો મૂળ અને પ્રકાંડને જોડતો ભાગ. (૬) પ્રાણીના માથાનો ટોચનો ભાગ. **c. canopy.** પર્ણાવરણ; વનમાં સૌ ઝાડની રચાતી ઘટા **c. cover.** પર્ણાવરણ. **c. grafting.** છાલ–કલમ.

**Crucian carp.** માછલીનો એક પ્રકાર.

**crucible.** મૂસ.

**crucifer** રાઈકાદિકુળની ગમે તે વનસ્પતિ, જેમાં કોબી, રાઈ, ક્રેસ, ફુલાવર, ટર્નિપ ઇ.નો સમાવેશ થાય છે. **cr. black rot.** રાઈકાદિકુળની વનસ્પતિને *Xanthomonas compestris*થી થતા રોગનો પ્રકાર. **cr. black vein.** રાઈકાદિકુળની વનસ્પતિને *Xanthomonas compestris*થી થતો એક રોગ **c. boron deficiency.** જમીનમાં બોરોન તત્ત્વની ઊણપથી વનસ્પતિને થતો રોગ, જેમાં પ્રકાંડના ગરમાં કાળી પેશીનું મૃત્યુ થાય. **cr. club rot.** રાઈકાદિકુળની વનસ્પતિનાં મૂળને *Plasmodiophora brassicae*થી લાગતો સડો. **cr. damping off.** કોબીને *Pythium aphanidermatum*થી (**Eds.**) **Fitz.**થતો રોગ. **cr. flea beetle.** રાઈકાદિકુળની વનસ્પતિને *Phyllotreta crucifarae* નામનું જંતુ. **cr. leaf spot and blight.** રાઈકાદિકુળની વનસ્પતિને *Alternaria brassicicola* અને **A.** *brassicae*થી થતો એક રોગ **c. molybdenum deficiency.** જમીનમાં મોલિબ્ડેનમ તત્ત્વની ઊણપથી રાઈકાદિકુળની વનસ્પતિને થતો એક રોગ **cr. white blister.** રાઈકાદિકુળની વનસ્પતિને *Cystopus candidus*થી થતો એક રોગ. **cr. white rust.** જુઓ *crucifera white blister.*

**cruciform.** સ્વસ્તિકાકાર.

**crude.** કાચું, અપરિપક્વ. **cr. fat.** જે **ether extract** નામે પણ ઓળખાય છે તે ખોરાકમાં રહેલાં મેદ અને મેદીય



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દ્રવ્યો. **cr. fibre.** કઠણ રેસા: વનસ્પતિનો કડક, કાષ્ઠીય તંતુનો ભાગ, કાર્બોદિત, જેમાં મુખ્યત્વે સેલ્યુલોઝ, લિગ્નિન, પેન્ટોસાન અને અન્ય નદ્રાવ્ય અને અપાચ્ય દ્રવ્યો હોય છે, જે ખોરાકનું કદ વધારે છે અને પાચનક્રિયામાં મદદરૂપ બને છે. **cr. oil.** ક્રુડ પેટ્રોલિયમની એક પેદાશ–ક્રૂડ ઓઈલ, જે પ્રસરવાનો, ચોંટવાનો અને સંરક્ષક ગુણ ધરાવે છે. **cr. sap.** વનસ્પતિમાં ટોચ તરફ ચડતો વાનસ્પતિક પોષક દ્રવ્યવાળો રસ.

**crumb.** (૧)જમીનની કુદરતી સંરચના. (૨) નાના ગોળાકાર, છિદ્રાળુ અને સહેલાઈથી કચડી શકાય તેવા કંકર, મૃદુકણ. **cr. structure.** જમીનની કુદરતી સંરચના.

**crumpled.** કોકડું વળી ગયેલું.

**crusber.** વનસ્પતિમાંથી તેલ, રસ ઇ. કાઢવા માટેનું સાધન કે યંત્ર.

**crust.** પાતળું, સખત અને ભાગી જાય તેવું જમીનનું ઉપરનું પડ, પોપડો.

**crustacea.** સ્તરકવચી પ્રાણીઓનો સમુદાય જેમાં કરચલા, નાઝા, શ્રીમ્પ ઇ.નો સમાવેશ થાય છે.

**crutcb.** ઘેટાના પાછલા પગની વચ્ચેનો ભાગ. (૨) મેલું અથવા ઘેટાના મળવાળું ઊન, જે ઘેટાના પાછલા પગ પરથી ઉતારી લેવામાં આવે છે.

**cryolite.** ક્રિયોલાઇટ; સૂત્ર $Na_2AlF_6$; સોડિયમ ફ્લુઓએલ્યુમાઈટ અથવા સોડિયમ એલ્યુમીનિયમ ફ્લુઓરાઈડ નામનું જંતુનાશક રસાયણ, જેને કરડતાં કે રસ ચૂસતાં જંતુઓની સામે ભૂકારૂપે કે છંટકાવ તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે.

**cryophilic bacteria.** વૃદ્ધિ અને પ્રક્રિયા માટે ઓછા ઉષ્ણતામાનમાં ઉછરતા જીવાણુ.

**Cryophytum** *cristallinum* (**L.**) **N.E.Br. ex E.P. Phillips.** બગીચાની શાકીય વનસ્પતિ.

**cryoscope.** દૂધનું ઠારબિંદુ જાણવા માટેનું સાધન.

**cryptogam.** અપુષ્પ વનસ્પતિ; અ-બીજધારી અપુષ્પ વનસ્પતિ; પુષ્પ અને બીજ વિનાની અસ્પષ્ટ પ્રજનનાંગોવાળી વનસ્પતિ; જેમાં લીલ, ફૂગ, શેવાળ એટલે લાઈકેન, શેવાળ ઇ.નો સમાવેશ થાય છે અને જે બીજાણુ દ્વારા પ્રજનન કરે છે.

**Cryptolepsis** *buchanani* **R. & S.** સ્થાનિક મહત્વ ધરાવતાં છોડવાળી વનસ્પતિ.

**Cryptomeria** *japonica* (**L.F.**) **D. Don.** પશ્ચિમ હિમાલય, આસામ, નીલગિરિ અને દાર્જિલિંગમાં થતું એક વૃક્ષ, જેના માવામાંથી ક્રાફ્ટ કાગળ – વાંસ કાગળ બનાવવામાં આવે છે.

**crytopbyte.** જમીન પર અથવા પાણીમાં ઊગતી વનસ્પતિ, જેની કળી, પ્રરોહ ટોચ કે બીજાણુ પ્રતિકૂળ ઋતુમાં પણ જીવતાં રહે છે.

**cryptorchid.** વૃષણ કોથળીમાં જેના વૃષણ ઉતરતા ન હોય તેવું નર પ્રાણી.

**Cryptorphychus** *gravis.* કેરીમાં પડતું જંતુ. **Cr.** *mangifarae.* કેરીમાં પડતું જંતુ

**Cryptostegia** *grandiflora* (**Roxb.**) **R.Br.** રબર વેલ.

**criptoxanthin,** મકાઈ અને અન્ય ધાન્યોમાંનું કેરોટીનવાળું પીળું રંજક દ્રવ્ય.

**crystal.** સ્ફટિકીય, પાસાદાર. **cr. sugar.** શુદ્ધશર્કરા, ઈક્ષુશર્કરા જે કારખાનામાં યંત્રોની મદદથી દાણાદાર બનાવવામાં આવે છે. **crystallised fruit or vegetable.** પાસાદાર શર્કરાનું આવરણ ધરાવતી મીઠી વાનગી કે મીઠાઈ.

**crystalloid.** પ્રાણીજ ત્વચા દ્વારા દ્રાવણમાં સરળતાથી પ્રસરતું દ્રવ્ય. (૨) કેટલીક વાનસ્પતિક પેશીમાં જોવામાં આવતું પ્રોટીન સ્ફટિક.

**Cuban bast.** *Hibiscus tiliaceus* **L.** (*Paritium tiliaceum* **St. Hill.**). નામની પર્ણધારી વનસ્પતિ, જેની છાલના રેસામાંથી દોરડાં બને છે.

**cubeb. C.** *officinlis* **Raf.** શીતલચીની, કબાબ ચીની નામની કર્ણાટકમાં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થતી આરોહી વનસ્પતિ, જેનાં બદરી ફળ સુગંધી દ્રવ્યો બનાવવા તથા મસાલા તરીકે ઉપયોગમાં આવે છે.

**cucullate.** ઝાલીવાળું.

**cucumber.** કાકડી: જેનાં ફળ એટલે કાકડીનું શાક થાય છે, જેને આથીને ખારિયા નામનું અથાણું બનાવવામાં આવે છે, અને જેમ પ્રજીવકો-'બી' અને 'સી' છે.

**Cucumis** *anguria* **L.** મૂળ કેનેડાની આરોહી વનસ્પતિ, જેનાં ફળનું શાક થાય છે. **Cu.** *callosus.* ફાઠીમડાં. **Cu.** *melo* **L.** તડબૂચ. વાયવ્ય ભારતમાં થતી વનસ્પતિ. **Cu.** *melo* var. *agrestis.* **Naud.** તકમકઃ નામની ખાદ્ય ફળધારી વનસ્પતિ. **Cu.** *melo*, **var.** *cantalupensis* ગોળ, સરસ સુવાસ ધરાવતું ચીકણું કાકડી નામનું ફળ. **Cu.** *melo* **L.** var. *momordica* **Duth & Full.** ઉત્તર ભારતમાં થતું ફળ, જેને શાક બનાવીને ખાવામાં આવે છે. **Cu.** *melo* **L.** var. *utilissimus.* **Duch & Full** કાકડી; ભારત ભરમાં થતું લોકપ્રિય ફળ, જે આછા લીલા રંગનું હોય છે. **Cu.** *sativus.* **L.** કાકડી.

**Cucurbita** *maxima* **Duch.** લાલ કોળું અંગ્રેજીમાં જેને *winter squash* કહે છે. **Cu.** *moschata* (**Duch Poir.** કોળું. **Cu.** *pepo* **L.** સફેદ કોળું, જેને અંગ્રેજીમાં *Pumpkin* કહે છે. **Cu.** *siceraria* **Molina.** દૂધી. **cucurbitaceous vegetables.** પરોલાદિ કુળના કાકડી, કોળું, દૂધી, તડબૂચ જેવાં શાકભાજી.

**cucurbit bugs.** પરોલાદિ કુળની વનસ્પતિમાં પડતો *Aspongopus janus* **F.&A.** નામનો ચૂસક કીટ. **cu.** *downy mildew* પરોલાદિ કુળની વનસ્પતિને *Pseudoperonospora cubensis*થી થતો એક રોગ. **cu. fusarium root rot.** પરોલાદિ કુળની વનસ્પતિના મૂળને *Fusarium solani* નામના જંતુના કારણે થતો સડો-નો રોગ. **cu. mosaic.** પરોલાદિકુળની વનસ્પતિને થતો વિષાણુજન્ય રોગનો પ્રકાર **cu. powdery mildew.** પરોલાદિકુળની વનસ્પતિને *Erysiphe cichoracearum* **DC.** નામનાં જંતુથી થતો એક રોગ. **cu. stem rot.** પરોલાદિ કુળની વનસ્પતિને *Pellicularia* (*Sclerotium*) *rolfsii* નામના જંતુથી થતો સડાનો રોગ.

**cud.** વાગોળનાર પ્રાણી ખોરાકને ચાવી એકવાર ગળ્યા બાદ પ્રથમ આમાશયમાંથી બહાર કાઢી વાગોળે તે ખોરાક **cu. chewing.** વાગોળનાર (પ્રાણી).

**Cuddapah almond.** આમ્રાદિકુળનું *Buchanania Lanzan* **Spreng** (**B.** *latifolia* **Roxb.**). નામનું વૃક્ષ, જેની છાલ ચામડાં કમાવવા ઉપયોગી બને છે અને ગુંદર કાપડ રંગવાના કામમાં આવે છે. (૨) *Buchanan's mango,* Piyala (**M.**) **B.** *angustifolia* **Roxb.** મધ્ય પ્રદેશમાં થતું એક ઝાડ. જેનાં ફળ ખાદ્ય છે.

**Cudappahs and Vindhyas.** ભારતમાં પ્રાચીન શૈલ નિર્માણ, જેનાથી પરિપક્વ જમીનનું બંધારણ નીપજ્યું છે.

**Cudrania** *javanensis* **Trecul.** ઉત્તર પ્રદેશ, ઓરિસા અને આસામમાં થતો કાંટાળો ક્ષુપ, જેનાં ફળ ખવાય છે, અને કાષ્ઠમાંથી પીળો રંગ મળે છે.

**culinary.** રસોઈનું, રસોઈ અંગેનું.

**cull.** કુળ, ઓલાદ, પ્રકાર કે અન્ય પટકોમાંથી અનિચ્છનીય વ્યક્તિઓને દૂર કરવી. (૨) રદ કરાયેલી વ્યક્તિ. **culling.** ધણમાંથી કે મરઘાંના સમૂહમાંથી અફળદાયી કે અનિચ્છીય પ્રાણીને દૂર કરવું તે. (૨) ચોક્કસ લક્ષણો ધરાવતાં ન હોય તેવાં ફળ કે શાકભાજીને તેમનું વર્ગીકરણ કરતી વખતે દૂર કરવાં.

**Cullenia** *excelsa* **Wight.** પશ્ચિમઘાટ, મલબાર, કેરળ અને તામીલનાડુમાં થતું એક ઝાડ, જેનું કાષ્ઠ પેક કરવાનાં પાત્રો, ફર્નિચર, પેટીઓ, પેન્સિલો, થાંભલાં, રેલવેનાં સલેપાટ, અને પ્લાયવૂડ બનાવવાના કામમાં આવે છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**culm.** ફણગો, કલમ; ગાંઠ વિનાનો પરિપક્વ બનતાં પોલો અને ગરવાળો સાંઠો.

**cultigen.** જંગલી અવસ્થામાં જોવામાં આવતો ન હોય તેવી બાગાયત પાકનો ગમે તે પ્રકાર.

**cultivar.** સંવર્ધિત વનસ્પતિ, જે *cultural variety, culti- vated variety* નામે પણ ઓળખાય છે

**cultivate.** ખેડ કરવી, વાવવું, સંવર્ધિત કરવું. સંવર્ધન કરવું. (૨) જમીનને ઢીલી કરી તે પરથી ઘાસપાતને દૂર કરવાં. (૩) સંભાળવું, લણણી કરવી. **cultivated variety.** સંવર્ધિત વનસ્પતિનો પ્રકાર. **cultivations.** ખેતી, કૃષિ. (૨) રોપણી, સંભાળ. (૩) સંવર્ધન, **cultivator.** હળનાં કાર્યો કરનાર સાધન, હળ. (૨) ખેડ કરનાર, વનસ્પતિ કે ધાન્ય વાવનાર, તેની સંભાળ લેનાર, અને પાક તથા વનસ્પતિનો ફાલ લેનાર વ્યક્તિ, ખેડૂત.

**culturble waste.** મહેસૂલી ચોપડામાં, ખેતી થઈ ન હોય અથવા એક વાર ખેતી થતા અફળદાયી માલૂમ પડવાથી નોંધવામાં આવેલી અફળદ્રુપ જમીન. (૨) ખેડ હેઠળ લાવી ન શકાય તેવી સીમાંત પડતર જમીન.

**cultural.** વનસ્પતિ સંવર્ધનના પરિણામે પેદા કરેલું કે તેના અંગેનું. (૨) ખેડની રીત અંગેનું. **cu. practice.** ખેડ, સાચવણી, લણણી ઇ. સંબંધીનાં વ્યક્તિગત કે સામૂહિક કામો. **cu. variety.** સંવર્ધિત વનસ્પતિ. **culture.** સંવર્ધન. (૨) અગાઉથી તૈયાર કરેલા પોષક માધ્યમમાં સૂક્ષ્મ સજીવોનું કરવામાં આવતું સંવર્ધન. (૩) આવી રીતે સંવર્ધિત થયા હોય તેવા સૂક્ષ્મ સજીવો. (૪) પાક લેવા જમીનની કરવામાં આવતી માવજત. (૫) કૃષિ. (૬) દૂધ અને દૂધની પેદાશમાં ઉપયોગમાં લેવામાં આવતા જીવાણુઓ. (૭) વનસ્પતિ અને પ્રાણીઓનાં વૃદ્ધિ અને વિકાસ પ્રત્યે લેવામાં આવતી કાળજી. **cu. butter.** મલાઈમાં સંવર્ધન માટેના જીવાણુને ઉમેરીને બનાવવામાં આવેલું માખણ. **cu. media.** સૂક્ષ્મ સજીવોના સંવર્ધન માટે ઉપયોગમાં લેવામાં આવતી પ્રવાહી કે ઘન બનાવટો, સંવર્ધન માધ્યમ. **cu. solution.** વનસ્પતિને ઉગાડવા માટેનું રસાયણો ધરાવતું દ્રાવણ. **cultured butter milk.** આથો આવેલું દૂધ.

**culturing.** પોષક માધ્યમમાં ઘન, પ્રવાહી કે વાનસ્પતિક રોગોત્પાદક કે બિનરોગજનક કૃત્રિમ સજીવોનું સંવર્ધન કરવાની પ્રક્રિયા.

**culvert.** ઘરનાળું. (૨) ખેતરનાં પાણીનું વહન કરતી નાળીઓ, નહેરો ઇ.ને રસ્તાની સામેની બાજુ પર લઈ જવા તે પર બાંધવમાં આવેલી ધાતુ, કોન્ક્રિટ કે પોલાદની નળી.

**cumin.** જીરું. (૨) *Cuminum cyminum* **L.** નામની મૂળ ભૂમધ્યના પ્રદેશની પણ હવે પંજાબ અને ઉત્તરપ્રદેશમાં ઉગાડવામાં આવતી શાકીય વનસ્પતિ, જેનાં ફળ એટલે જીરાનો કઢી, સૂપ ઇ. પીણાંમાં વઘાર કરીને કે અન્ય રીતે સોડમ આપવા માટે ઉપયોગ કરવામાં આવે છે; ઉપરાંત તેનો ઔષધ તરીકે પણ ઉપયોગ કરવામાં આવે છે. **c. powdery mildew.** જીરાને *Erysiphe polygoni* **D.C.** નામની જીવાતથી થતો, ધોળા ભૂકા જેવો રોગ. **Cuminum** *cyminum* **L.** જીરું.

**cumulose soil.** સરોવર, તળાવ અને કળણ ભૂમિ પર કે તેની આસપાસ ઊગતી વનસ્પતિ કોહવાથી તાજેતરમાં બનેલી જમીન. (૨) કાર્બનપ્રધાન જમીન.

**cuneate.** ફાચર જેવું, ફાનાકાર. **cuneiforn.** ફાચર જેવું, ફાચરાકાર.

**cup copra.** કોપરાની કાચલી; નાળિયેળને તોડતા થતી પ્યાલાકાર બે કાચલીઓ, જેને સૂકવતા, કોપરું સુકાઈ જઈ ને કાચલીથી છૂટું પડે છે અને જેને સૂકા સ્થાનમાં રાખવી સૂરજમાં સૂકવવામાં આવે છે. જેથી તેને પીલીને કોપરેલ કાઢી શકાય.

**Cupania** *sapida* **Voigt.** મૂળ પશ્ચિમ આફ્રિકાનું પણ કોક કોકવાર તામીલનાડુમાં જોવામાં આવતું ખાદ્યફળધારી વૃક્ષ.

**Cupressus** *funebris* **Endl.** મૂળ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચીનની *weeping cypress* નામની વનસ્પતિ. **Cu.** *glauca* **Lamk.** ગોવામાં થતી સાયપ્રસ વનસ્પતિ. **Cu.** *sempervirens* **L.** મૂળ દ. યુરોપની પણ અહીં વાયવ્ય ભારતમાં થતી શોભાની વનસ્પતિ. **Cu.** *torulosa* **D.Don.** ગઢવાળ અને કુમાઉનું ઝાડ, જેના કાષ્ઠનું ફાનસ, પેન્સિલો ઇ. બનાવવામાં આવે છે.

**cuprocide.** જંતુઘ્ન તરીકે ઉપયોગમાં લેવામાં આવતું તાંબાનું દ્રાવણ.

**curative.** રોગનો ઈલાજ. (૨) રોગના ઈલાજ અંગેનું.

**Curculigo** *latifolia* **Dry.** આંદામાનમાં થતો રેસા માટેનો ક્ષુપ, જેનાં ફળ ખાદ્ય છે અને જેનાં પાનમાંથી માછલીઓ પકડવાની જાળ બનાવવામાં આવે છે. **C.** *orchioides* **Gaertn.** કાળીમુસળી નામની કાયમી શાકીય વનસ્પતિ, જે પશ્ચિમઘાટ અને હિમાલયમાં થાય છે અને જેનાં મૂળને દળીને તેનો લોટની માફક ઉપયોગ કરવામાં આવે છે.

**Curcuma** *amada* **Roxb.** આંબાહળદર; પ. બંગાળ, આન્ધ્રપ્રદેશ અને તામીલનાડુમાં થતી શાકીય વનસ્પતિ, જેનાં મૂળને મસાલા તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે. **Cu.** *angustifolia* **Roxb.** દ. ભારત, બિહાર, પ. બંગાળ અને મહારાષ્ટ્રમાં થતી વનસ્પતિ, જેનાં મૂળમાંથી કાંજી મળે છે. **Cu.** *aromatica* **Salisb.** (Syn. *C. Zdoearia* **Roxb.** *non* **Rosc.**). જંગલી હળદર, રણહળદર; પ. બંગાળ અને કેરળમાં ઉગાડવામાં આવતી વનસ્પતિ, જેનાં મૂળ પુષ્ટિકારક દ્રવ્ય અને વાતહર તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે. **Cu.** *caesia* **Roxb.** કાળી હળદર; પ. બંગાળમાં થતી વનસ્પતિ, જેનાં મૂળ સૌંદર્ય પ્રસાધન તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે. **Cu.** *domestica* *Valet* (Syn. *Cu.* **L.***onga.* **Koenig non L.**) હળદર: મહારાષ્ટ્ર, પ. બંગાળ, તામીલનાડુ, આન્ધ્રપ્રદેશ અને ઓરિસામાં ઉગાડવામાં આવતી વનસ્પતિ, જેનાં મૂળનો ભૂકો એટલે હળદર મસાલા તરીકે તથા કફ નિસ્સારક તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે; પહેલાના સમયમાં સ્ત્રીઓ અંગ – સૌંદર્ય માટે હળદરનો એક પ્રસાધન તરીકે ઉપયોગ કરતી હતી. **Cu.** *leucorhiza* **Roxb.** બિહારમાં થતી વનસ્પતિ, જેનાં મૂળમાંથી કાંજી મળે છે. **Cu.** *zedoaria* (**Berg.**) **Rosc.** (Syn. *Cu. Zerumbet* **Roxb**). કચૂરો, કચોરા; જંગલી હળદર; ભારતભરમાં થતી વનસ્પતિ જેનાં મૂળ સુગંધી દ્રવ્યો અને સૌંદર્ય પ્રસાધનો બનાવવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે. **Cu.** *Zerumbet* **Roxb.** જુઓ *Cu. Zedoaria Rosc.*

**curdle.** દહીં જેવું જામી જવું, ફોદાફોદા થઈ જવું, સ્કંધિત બની જવું. **curds.** દહીં; કૃત્રિમ કે કુદરતી રીતે દૂધનું દહીંમાં થતું પરિવર્તન. (૨) સફેદ રંગનો કોલિફ્લાવરનો શીર્ષભાગ, જે સૂરજનો તડકો, વરસાદ, હિમ કે જંતુના કારણે બદામી પીળો પડે છે. (૩) રેનેટના કારણે, કુદરતી કે કૃત્રિમ રીતે અથવા મેળવણ નાખીને દૂધનું બનાવવામાં આવતું દહીં.

**cure.** કોઈ પણ પેદાશની સૂકવણી કરીને, ધૂમાડો આપીને, મીઠું દઈને કે તેનું અથાણું બનાવીને તેની જાળવણી કરવી. (૨) ઈલાજ કરવો. (૩) સ્વાસ્થ્ય પાછું મેળવવું, સાજા થવું. (૪) ઈલાજ, ઉપાય. **curing.** સૂકવણી ઇ. દ્વારા જાળવણી. **cu. of cheese** ચીઝની સૂકવણી ઇ. દ્વારા કરવામાં આવતી જાળવણી.. **cu. of chillies.** સૂકવણી ઇ. દ્વારા મરચાંની કરવામાં આવતી જાળવણી. **cu. of fruits.** સૂકવણી ઇ.દ્વારા ફળની કરવામાં આવતી જાળવણી. **cu. of tobacco.** સૂકવણી ઇ. દ્વારા તમાકુની કરવામાં આવતી જાળવણી.

**curled dock.** *Rumex crispus* **L.** નામની શાકીય વનસ્પતિ.

**curliness.** વાંકડિયાપણું, લહેરિયાં. (૨) ઘેટાંના શરીર પર ઊન ઉગતા તેના પડતાં લહેરિયા; ખરબચડા ઊન કરતાં લહેરિયા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાળું ઊન એકમ – લંબાઈમાં વધારે લાંબુ અને નિયમિત હોય છે. **curling.** મુખ્ય શિરા આગળ પાંદડાંનું વળી જવું, પર્ણવલન.

**currant.** બી વિનાના સૂકવેલા અંજીર. (૨) *Ribes* પ્રજાતિની શોભા માટે ઉગાડવામાં આવતી વનસ્પતિ.

**current.** ચાલુ. **cu. annual increment.** ચોક્કસ વર્ષ દરમિયાન વૃક્ષોની થતી વૃદ્ધિ. **c. cross.** સંકરની પ્રથમ મોસમમાં થયેલી વનસ્પતિ કે પ્રાણીના સંતતિ. **cu. fallow.** મહેસૂલી વર્ગીકરણમાં નોંધાયેલી જમીનનો એક પ્રકાર, જે ખેડાણ હેઠળ ગણાય છે પરંતુ સંદર્ભ વર્ષ દરમિયાન તેમાં વાવણી કરવામાં આવેલી હોતી નથી.

**curry leaf tree.** મીઠા લીમડાનું ઝાડ; *Murraya koenigii* (**L.**) **Spreng** (*Bergera koenigii* **L.**) નામનો મોટો ક્ષુપ કે નાનું ઝાડ, જે તામીલનાડુ, મહારાષ્ટ્ર અને ઉત્તરભારતમાં થાય છે, જેનાં પાન કઢીને સુવાસિત કરવા ઉપયોગમાં લેવામાં આવે છે.

**Curtis.** નાના કદના, પણ સારા જાતના પેકનનટનો પ્રકાર.

**Curvularia** *penniseti.* બાજરીના પાનને થતા રોગનો કીટ.

**cuscuta.** વિષ્ણુ ક્રંથ. *Evolvulus alsinoides* નામની વનસ્પતિ, જે યજમાન વનસ્પતિના પ્રકાંડને વિંટળાઈ યજમાનના પ્રકાંડનો રસ ચૂસે છે. **cu.** *chinensis* **Lamk.** ચીડિયો, અમરવેલ; પરજીવી વનસ્પતિનો પ્રકાર. **cu.** *hyalina.* અમરવેલ, એક પરજીવી વનસ્પતિ.

**cusec.** પ્રતિ સેકંડ એક ઘનફૂટ જેટલાં વહેતા પાણીનો દર; આ દર સિંચાઈના માપના એકમની ગરજ સારે છે, આ દર અનુસાર એક કલાકમાં 100 ટન પાણીનું વહન થાય છે.

**cushion.** પક્ષીના પૃષ્ઠ પરનાં પીછાં. (૨) તકિયો. **cu. comb.** નીચી, અણી વિનાની, સંગીનકલગી

**cusp.** દાંતની અણી, દંતાગ્ર. **cuspidate.** સૂક્ષ્માગ્ર, કંટકાગ્ર, કરગ્રી, તીક્ષ્ણ.

**custard.** રાંધેલી દૂધની પેદાશ.

**custard apple.** સીતાફળ; *Annona squamosa* **L.** નામનું ફળ; જેનાં પાન અને સૂકવેલા ફળિયા ઔષધીય ગુણ ધરાવે છે. આ ફળનાં ઝાડને ગરમ, સૂકી હવા માફક આવે છે. પાણી ભરાઈ જવાથી મૂળને હાનિ પહોંચે છે. પથરિયાળ કે કંકર જમીનમાં આ ઝાડ થાય છે. બી વાવીને કે કલમ કરીને તેને વાવવામાં આવે છે. **cu. apple fruit fly.** સીતાફળીને લાગતું *Bactrocera persicae* નામનું જંતુ. **cu. apple mealy bug** *Pseudococcus virgatus* **C. P.** *Ferrisiana virgata* **Ckll.** નામનું સીતાફળમાં પડતું જંતુ. **cu. apple pink disease.** સીતાફળનો *Corticium salmonicolor*થી થતો રોગ.

**cutaneous.** ચર્મીય, ત્વચીય. **cu. abscess.** ત્વચીય વિદ્રધિ. **cu. form.** ત્વચાને થતા રોગનો એક પ્રકાર. **cu. myiasis.** *blow flies*ના ડિમ્બથી પ્રાણીઓની ચામડીને લાગતો એક પ્રકારનો રોગ. **cu. stimulant.** ત્વચાને ઉત્તેજિત કરતું મર્દન કે ગરમ સ્નાન જેવું પ્રક્રિયક.

**cut back.** પ્રરોહ કે ડાળીઓના અંત્ય ભાગની કરાતી છટણી. (૨) નાસલની સંખ્યા કે કદ ઓછું કરવું. **cut over** બધાં ઝાડ કાપી નાખવામાં આવેલો વિસ્તાર. **cutta.** ક૦ ક૦ કરવા.

**cutter bar.** કાપણી યંત્રનો કાપતો દંડ.

**cutting.** વનસ્પતિનો કાપેલો અને મૂળ થવા દેવામાં આવતો અંગ તે ભાગ. જેથી નવી વનસ્પતિ ઊગી શકે છે.

**cutch.** *Acacia catechu* – લાલ ખેરિયા બાવળના મધ્ય કાષ્ઠમાંથી મેળવવામાં આવતું ટૅનિન, જે આ કાષ્ઠને ઉકાળીને બનાવવામાં આવે છે. **cu. dye.** લાલ ખેરિયા બાવળમાંથી મેળવવામાં આવતો વાનસ્પતિક રંગ.

**cuticle.** બાહ્ય ચર્મ. રક્ષક ત્વચા, શૃંખલ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્તર. (૨) અધિચર્મની સખત બનેલી ત્વચા. (૩) ઈંડાના કોશલાના ચાર મુખ્ય ભાગમાંનો એક ભાગ. (૪) બાહ્ય કોષના કઠણ થવાથી બનતું જીવના તંતુનું બાહ્ય આવરણ. **cutin.** બાહ્ય સ્તરની દીવાલ પર જામેલું મીણ જેવું દ્વિતીયક સ્તર; અધિચર્મના સ્થૂલિત બનેલા કોષનું કાષ્ઠક (સેલ્યુલોઝ) જેવું બાહ્યાવરણ, જે અકોષી અને મીણ જેવું હોય છે. **cutinization.** બાહ્યત્વચીકરણ. **cutis.** ચામડી, ત્વચા.

**cuttails and tules.** જલજ કાયમી ઘાસ; ઘાસપાત.

**cutworm.** ફૂદાની ડિમ્ભાવસ્થા, જે નરમ ઈયળ જેવી હોય છે આવી કેટલીક ઈયળો છોડ પર ચડે છે, કેટલીક ફળોને ચાવી ખાય છે, કેટલીક જમીનની સપાટી તરફ વનસ્પતિને કાપી ખાય છે.

**Cyamopsis** *tetragonoloba* (**L.**) **Taub.** (Syn. *C. psoralioides* (**Lamk.**) **DC**; *Psoralea tetragonoloba* **L.**) ગવાર; ભારતભરમાં થતો ક્ષુપ; જેની સિંગોનું શાક થાય છે, તથા સિંગો અને તેના દાણા ઢોરને ખવડાવવામાં કામમાં આવે છે; જેનો ગુંદર ખોરાક, કાગળ અને કાપડ ઉદ્યોગોમાં ઉપયોગમાં આવે છે.

**cyanogenetic** *plant.* એવા પ્રકારની વનસ્પતિ, જે પ્રાણીઓ ખાય ત્યારે જોનસન ઘાસ, સુદાનતૃણ, વાંસની કૂંપળોની માફક હાઇડ્રોસાયેનિક નામનું વિષ કાઢે છે.

**cycas** *circinalis* **L.** નાગફેણી તાડ, જંગલી મદન મસ્તક ફૂલ નામનું મૂળ આફ્રિકાનું પણ અહીં બગીચામાં વાવવામાં આવતું ઝાડ. **Cy.** *revoluta* **Thunb.** સાગોપામ; મૂળ જાવાની પણ અહીં બગીચામાં ઉગાડવામાં આવતી વનસ્પતિ.

**Cyclanthera** *pedata*(**L.**)**Schrad.** મીઠાં કારેલા; મૂળ મધ્ય અમેરિકાની પણ અહીં ઉત્તર ભારતના ડુંગરાળ વિસ્તારોમાં ઉગાડવામાં આવતી વેલ, જેનાં ફળ-મીઠાં કારેલાંનું શાક થાય છે.

**cycle.** ચક્ર.

**Cydonia** *oblonga* **Mill.** (Syn. **Cy.** *vulgaris* **Pers.**). પંજાબ, કાશ્મીર અને નીલગિરિમાં થતું ખાદ્ય ફળનું ઝાડ. **Cy.** *vulgaris* **Pers.** જુઓ *Cydonia oblonga*. **Mill.**

**Cymadothia** *trifolii* ફલાવરને થતા રોગનું જંતુ.

**Cymbopogon** *caesius* (**Nees**) **Stapf** (Syn. *Andropogon caesius* **Nees**). તૃણકુળ કુળનું અંગ્રેજીમાં જેને *Ginger grass* કહે છે તે કેરળ અને તામીલનાડુમાં ઉગાડવામાં આવતું કાયમી ઘાસ, જેનાં પાનમાંથી બાષ્પશીલ તેલ મળે છે, જેનો ઉપયોગ સાબુ બનાવવામાં કરવામાં આવે છે. **Cy.** *citratus* (**DC.**) **Stapf** (Syn. *Andropogon citratus* **DC.**). તૃણકુળનું સુગંધ રોહિશા નામનું મહારાષ્ટ્ર, કર્ણાટક અને કેરળમાં થતું અંગ્રેજીમાં *West Indian lemongrass* તરીકે ઓળખાતું ઘાસ, જેમાંથી સુવાસિત તેલ કાઢવામાં આવે છે, જે સુગંધી દ્રવ્યો, સૌંદર્યપ્રસાદનો અને ચીજવસ્તુને સુવાસ આપવા માટે ઉપયોગી બને છે. **Cy.** *flexuosus* (**Nees ex Steud.**) **Wats** (Syn. *Andropogon flexulosus* **Nees ex. Steud Hook. f.** અંગ્રેજીમાં જેને *East Indian lemongrass* કહે છે તે તૃણ કુળનું મુખ્યત્વે કેરળ અને તામીલનાડુમાં ઉગાડવામાં આવતું ઘાસ, જેના પાનમાંથી કાઢવામાં આવતું તેલ સુગંધી દ્રવ્યો અને સૌંદર્ય પ્રસાધનો બનાવવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે. **Cy.** *jwarancusa* (**Jones**) **Schult.** પીપરમીંટ જેવી સુવાસ ધરાવતા પણ ઓછી પેદાશ આપતા તેલની તૃણકુળની વનસ્પતિ, જેનાં મૂળ તાવની માંદગીમાં ઔષધ તરીકે આપવામાં આવે છે. **Cy.** *martinii* **Roxb.**) **Wats.** (Syn. *Andropogen martinii* **Roxb.**). અંગ્રેજીમાં જેને *Gingergrass* અને હિંદીમાં ગંધેજ ઘાસ નામધારી ખાનદેશ, નાસિક, હૈદરાબાદ, અને ઉત્તર

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રદેશમાં ઉગાડવામાં આવતી વનસ્પતિ, જેનાં પાનમાંથી કાઢવામાં આવતું સુવાસિત તેલ સુગંધી દ્રવ્યો અને સૌંદર્યપ્રસાધનો બનાવવા ઉપયોગમાં લેવામાં આવે છે. આ વનસ્પતિનું ઘાસ 'મોતિયા' અને 'સોફિયા' એવા બે પ્રકારનું છે. 'મોતિયા' ઘાસમાંથી કાઢવામાં આવતું બાષ્પશીલ તેલ ઊંચા પ્રકારનું ગણવામાં આવે છે, જ્યારે 'સોફિયા' ઘાસમાંથી કાઢવામાં આવતું તેલ હલકીકોટિનું અને જિંજરગ્રાસ તેલ તરીકે ઓળખવામાં આવે છે. ભારતમાં થતાં સૌ પ્રકારના બાષ્પશીલ તેલોમાં આ તેલનું સ્થાન ચંદનના તેલ અને લેમનગ્રાસ તેલ પછી આવે છે. **Cy.***nardus* **(L.) Rendle** (Syn. *Andropogon nardus* **L.**) તૃણકુળનું અંગ્રેજીમાં *Citronella grass*. અને હિંદીમાં ગંજની ઘાસ તરીકે ઓળખાતું સિલોન પ્રકારનું ઘાસ, જેનાં પાનમાંથી કાઢવામાં આવતું તેલ સુગંધી દ્રવ્યો અને સૌંદર્ય પ્રસાધનો બનાવવા ઉપયોગમાં લેવામાં આવે છે, ઉપરાંત તેનો ઉપયોગ મચ્છરોને દૂર રાખવા માટે પણ થાય છે. તે, પેટની ગરબડ અને પેટના વાયુમાં વપરાય છે. **Cy.** *schoenanthus* **(L.) (Spreng** (Syn *Andropogan schoenanthus* **L.**) તૃણકુળનું અંગ્રેજીમાં *Camel hay* અને હિંદીમાં રૂસા ઘાસ તરીકે ઓળખાતું પંજાબ અને દ. ભારતમાં થતું ઘાસ; જેના પાનમાંથી મળતું બાષ્પશીલ તેલ સુગંધી દ્રવ્યો બનાવવા ઉપયોગમાં લેવામાં આવે છે. **Cy.** *winterianus* **Jowitt.** તૃણકુળનું અંગ્રેજીમાં *Citronella grass* તરીકે ઓળખાતું જાવા પ્રકારનું ઘાસ જેમાં આવેલાં દ્રવ્યો કાર્બનિક સંયોજનોના સંશ્લેષણમાં ઉપયોગી બને છે, આમાં સંશ્લેષિત મેન્થોલનો સમાવેશ થાય છે.

**cyme.** ગમે તે પુષ્પવિન્યાસ, અક્ષપૂરો થાય ત્યાં થતો પુષ્પ વિન્યાસ.

**cymose.** પરિમિત. **cy. inflorescence.** પરિમિત પુષ્પવિન્યાસ

**Cynanchum** *arnottianum* **Wight.** કાશ્મીરનો એક પ્રકારનો ક્ષુપ, જેનાં સૂકાં પાનનો ઉપયોગ માખીનાં નાનાં બચ્ચાંને મારવા માટે થાય છે.

**Cynara** *scolymus* **L.** હાથીચૂક નામની મૂળ ભૂમધ્યના પ્રદેશની પણ અહીં ભારતભરમાં ઉગાડવામાં આવતી વનસ્પતિ, જેનાં ફૂલની કલગી શાક તરીકે ખાવામાં આવે છે અને જેમાંથી ઈન્સ્યુલિન બનાવવામાં આવે છે જે મધુપ્રમેહમાં ઉપયોગી બને છે.

**Cynodon** *dactylon* **(L.) Pers.** ધરો, દ્રોખડ; અંગ્રેજીમાં *Bermuda grass* અને *Bahama grass* અને હિંદીમાં દૂબ તરીકે ઓળખવામાં આવતું કાયમી ઘાસચારાનું તૃણ, જેને મોટા ભાગે ટેનિસ રમવા માટેના ચોગાનમાં વાવવામાં આવે છે. **C.** *plectostachyus* **(k.Schum) Pilger.** ઘાસચારા અને જમીન સંરક્ષણ માટે વાવવામાં આવતું *East African stargrass* તરીકે અંગ્રેજીમાં ઓળખાતું ઘાસ.

**Cynometra.** *cauliflora* **L.** ખાદ્યફળ ધારી ઝાડ.

**Cyperus** *articulatus* **L.** ગુજરાત, પ. બંગાળ, ત્રિપુરા, અને મણિપુરમાં થતી કાયમી શાર્દ્રાય વનસ્પતિ, જેનાં કંદિલ મૂળનો ઉપયોગ સુગંધી દ્રવ્યો બનાવવા અને પ્રકાંડ સાદડી બનાવવા માટે કરવામાં આવે છે. **Cy.***bulbosus* **Vahl.** પ્રાંખડિયે.. **Cy.** *corymbosus* **Rottb.** (Syn.**C.** *tegetiformis* **Roxb.**). અંગ્રેજીમાં *Chinese matgrass* તરીકે ઓળખાતું પ.બંગાળ, કર્ણાટક અને તામીલનાડુમાં થતું ઘાસ, જેની સાદડીઓ બનાવવામાં આવે છે. **Cy.***esculentus* **L.** ચિંચોડા નામનું ઉત્તર પ્રદેશ, પંજાબ અને દક્ષિણ ભારતમાં થતી એક વનસ્પતિ, જેનાં મૂળ ખોરાક તરીકે ખાવામાં આવે છે. **Cy.** *exeltatus* **Retz.** ઘોડાચિયો ડુંગરો નામની વનસ્પતિ. **Cy.** *haspan* **Benth.** ખેતરાઉ મોથ. **Cy.** *iria* **L.** ભારતભરમાં થતી વનસ્પતિ, જે સાદડીઓ બનાવવામાં ઉપયોગમાં આવે છે. **Cy.** *longus* **L.** મોટા ભાગે રાજસ્થાનમાં થતી વનસ્પતિ, જેનાં મૂળ સુગંધી દ્રવ્યો બનાવવા ઉપયોગમાં આવે છે, **Cy.***malac-*

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



*census* **Lamk.** દ. ભારતમાં થતી વનસ્પતિ. જેનું પ્રકાંડ ચટાઈ એ. હેટ અને ટોપલા બનાવવા ઉપયોગમાં લેવામાં આવે છે. **Cy.** *rotundus* **L.** (Syn. *hexastachyos* **Rottb.**). મોથ ચીઢો, ચિયાં; અંગ્રેજીમાં *Nut grass* તરીકે ઓળખાતી ભારતભરમાં થતી વનસ્પતિ, જેનાં સૂકાં મૂળિયાં સુગંધી દ્રવ્યો બનાવવા ઉપયોગી બને છે. **Cy.** *scariosus* **R. Br.** નાગરમોથ નામની પ. બંગાળ, ઉત્તર પ્રદેશ અને પૂર્વ અને દક્ષિણ ભારતમાં થતી વનસ્પતિ, જેનાં મૂળિયાં વાળા ધોવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે.

**Cyphomandra** *betacea* (**Cav.**) **Sendt.** (Syn. *Solanum betaceum* **Cav.**). મૂળ પેરુનું પણ અહીં પ. બંગાળ, મહારાષ્ટ્ર આસામ, તામીલનાડુ, કર્ણાટક અને કેરળમાં થતું ખાદ્ય ફળનું ઝાડ.

**Cypress.** *Cupressus* પ્રજાતિ અને *Pinaceae* કુળનું ગમે તે વૃક્ષ.

**Cyprinus.** *carpio.* કાર્પ માછલીનો એક પ્રકાર. **Cy.** *carpio* var. *communis.* ભીંગડાવાળી કાર્પ માછલીનો એક પ્રકાર. **Cy.** *carpio* var. *specularis.* કાર્પ માછલીનો એક પ્રકાર.

**cyst.** કોષ્ઠ; જીવંત સજીવ, રસ કે અર્ધઘન દ્રવ્યવાળી પૂટી.

**cystase.** કાષ્ઠક – સેલ્યુલોસને દ્રવિત કરનાર ઉત્સેચક, જે મોટા ભાગે ઘાસનાં બીમાં હોય છે.

**cystic ovary.** ખરાબ કોષ્ઠવાળું અંડાશય. **c. stage.** પરજીવીના વિકાસક્રમની એક અવસ્થા, જેમાં તે કોઈ પુટી કે કોષ્ટમાં પુરાયેલું રહે છે; આ કોષ્ઠ આ પરજીવીને તેના યજમાન પેશીથી અલગ રાખે છે.

**cystine.** પ્રોટીનનો સફેદ સ્ફટિકીય એમિનો એસિડ, જે શિંગડા, વાળ ઇ.ની વૃદ્ધિ માટે આવશ્યક છે.

**cystolith.** વનસ્પતિના કોષમાં સ્થૂલિત બનેલો કેલ્શિયમ કાર્બોનેટનો નિક્ષેપ.

**Cystopus** *candidus.* રાઈ ને થતા શ્વેત ગેરુના રોગ માટે જવાબદાર કીટ. **Cy.** *corandidus.* જુઓ *cucifer white blister.*

**Cytodites** *nudus.* મરઘામાં થતી ઈતડી.

**cytogamy.** કોષનું યુગ્મન, સંકલન કે વિલિનીકરણ. **cytogenesis.** કોષનાં નિર્માણ, વૃદ્ધિ અથવા વિકાસ. **cytogenetics.** કોષ સંરચનાની દૃષ્ટિએ આનુવંશિકતાની ઘટનાનું નિરૂપણ. **cytokinesis.** કોષરસ વિભાજન. **cytology.** કોષ વિજ્ઞાન; કોષ વિદ્યા; વાનસ્પતિક અને પ્રાણીજ કોષના રચના, દેહધર્મ, વિકાસ અને પ્રજનન અંગેનો તેમાં પણ ખાસ કરીને કોષના રંગસૂત્રના સંદર્ભમાં અભ્યાસ. **cytolymph.** કોષરસ; કોપનું વધારે તરલ અથવા પ્રવાહી ઘટક. **cytolysis.** કોષ વિભાજન. **cytophagy.** અન્ય કોષદ્વારા કોષનું આવરિત બની જવું. **cytoplasm.** કોષકેન્દ્રને બાદ કરતાં કોષનો સમગ્ર જીવરસ.

**cyto-reticulum.** કોષરસજાળ.

**cytotaxonomy.** કોષ નામકરણવિધિ.

# D

**dab.** કુશ ઘાસ.

**dactyl.** આંગળી, અંગૂઠો.

**Dactylis** *glomerata* **L.** પંજાબ, કાશ્મીર, આસામ અને નીલગિરિમાં થતો ઘાસચારો.

**Dactyloctenium** *aegyptium* (**Desf.**) **Beauv.** (Syn. *Eleusine aegyptiaca* **Desf.**). વડોગામણ, ચામણ (ચોટલો); મકર બીવાળી અને ઘાસચારા તરીકે ઉપયોગી વનસ્પતિ.

**Dacus** *ciliatus* **Loew.** તડબૂચ અને પટોલાદિફળનાં અન્ય ફળોમાં પડતી માખ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**D.** *cucurbitae* **Coq.** તડબૂચ અને પરવળ કુળનાં અન્ય ફળોમાં પડતી માખ. **D.** *dorsalis* **Hendel.** કેરી, જામફળ, લોકેટ, દાડમ, જરદાળુ, પ્લમ, પીચ, વટાણા, અંજીર, સફરજન, કેળાં અને ખટમધુરાં ફળોમાં પડતી માખ. **D.** *zonatus* **Saunders.** પીચમાં પડતી માખ.

**Daedalacanthus** *nervosus* **(Vahl) T. Anders.** દશમૂળી નામની વનસ્પતિ.

**Daemia** *extensa* **R.Br.** ચમાર દૂધેલી.

**Daemonorops** *jenkinsianus* **Mart** (Syn. *Calamus jenkinsianus* **Griff.**). આસામ, ખાસી ટેકરીઓ અને સિક્કિમમાં થતો ઊંચો તાડ, જેના પ્રકાંડના ટોપલા-ટોપલીઓ બનાવવામાં આવે છે. **D.** *kurzianus* **Becc & Hook f.**; *D. grandis* **Kurz**; *Calamus grandis* **Kurz.** . હિરાદૂખી, અપરંગ; નામનું આંદામાનમાં થતું પાતળું આરોહી તાડનું ઝાડ, જેનાં ફળનો રસ લાખ રંગવા અને વાર્નિશ બનાવવા ઉપયોગમાં લેવામાં આવે છે.

**dahi.** દહીં.

**daihan.** જંગલમાં ઢોરની છાવણી. **d. cattle.** જંગલમાંની ઢોરની છાવણીનાં ઢોર.

**dairy.** ડેરી; દૂધની વિવિધ ક્રિયા, તેની વિવિધ પેદાશ અને તેના વેચાણનું સ્થાન; દુગ્ધાલય. (૨) દૂધ અને દૂધની પેદાશનાં ઉત્પાદન, પ્રક્રિયા અને વિતરણ અંગેનું. **d. bacteriology.** ડેરી જીવાણુ-વિજ્ઞાન; ડેરી ઉદ્યોગની સાથે સંબંધિત જીવાણુવિજ્ઞાનનો અભ્યાસ અને તેનો વિનિયોગ. **d. breed.** પૂરતું દૂધ આપવાની ક્ષમતા ધરાવનાર, પાળવાં પરવડે તેવાં અને વિશિષ્ટ લક્ષણો ધરાવતાં દુધાળાં ઢોરની ઓલાદ; મોટા ભાગે વધારે દૂધ આપતાં ઢોર: જેમાં સિંધી, સહિવાલ, થરપારકર અને ગિર ઓલાદનાં દુધાળાં ઢોરનો સમાવેશ થાય છે. **d. character.** ડેરી પશુનાં ઇચ્છવાજોગ લક્ષણો. **d. conformation.** ડેરી પશુ તરીકે યોગ્ય ગણાય તેવી ગાય માટેનાં લક્ષણો. ગાયના શરીરની સમક્ષિતિજ અને શિરોલંબ સપાટી ફાચર જેવી હોય તે ગાય વધુ દૂધ આપવાની ક્ષમતા ધરાવે છે તે સમજી શકાય છે. સારો ખોરાક લેતી જણાય છે, આંચળ બરાબર વિકસેલાં હોય છે અને તેની શિરા સ્પષ્ટ દેખાય છે, અને તેના કદના પ્રમાણમાં તેનું શરીર વિકસેલું હોય છે. **d. cow.** ડેરી ઓલાદનાં લક્ષણો ધરાવતી દૂધ આપતી ગાય. **d. equipment.** ડેરીના કામ-કાજમાં ઉપયોગી ઉપસ્કર. **d. farm.** આવકના મુખ્ય સાધન તરીકે દૂધ હોય તેવું ફાર્મ. **d.farmer.** દુગ્ધાલય ઉદ્યોગની સાથે સંકળાયેલાં પ્રાણીઓને પાળીને તેને ઉછેરનાર અને દૂધના વેચાણ દ્વારા આજીવિકા કે આવક મેળવનાર ખેડૂત. **d. goat.** દૂધ આપતી બકરી. **d. herd.** દુધાળાં ઢોરનું ધણ. **d. husbandry.** દુગ્ધાલયનાં પ્રાણીની સંભાળ, સંવર્ધન, તેમનાં ખાણ – ખોરાકની વ્યવસ્થા, અને દુધાળાં ઢોરને દોહવા સમેત ડેરી ઉદ્યોગની સાથે સંકળાયેલાં સઘળાં કામકાજ, જેમાં દૂધ-ઉત્પાદન અને વેચાણનો પણ સમા-વેશ થાય : આ સૌ કાર્યો. **d. industry.** દૂધ અને દૂધની સઘળી પેદાશોના ઉત્પાદનનો ઉદ્યોગ, દુગ્ધ ઉદ્યોગ. **d. man.** ડેરીફાર્મ સંભાળનાર, દુગ્ધ ઉદ્યોગની સાથે સંકળાયેલો ખેડૂત. **d. plant.** દૂધનું પાશ્ચરીકરણ, બાટલીઓમાં યંત્ર દ્વારા દૂધ ભરણ, તેનું વેચાણ તથા દૂધની વિવિધ બનાવટો તૈયાર કરવામાં આવતી હોય તેવું દુગ્ધ ઉદ્યોગની સાથે સંકળાયેલી બધી પ્રક્રિયા કરતું કારખાનું. **d. product.** મલાઈ, માખણ, સમાંગીકૃત (*homogenised*) દૂધ, છાશ, ચીઝ ઇ. જેવી દૂધની પેદાશ. *d. ration* દુગ્ધાલયનાં પ્રાણીઓની આવશ્યકતા અનુસાર ગમે તે ખાણ કે ખાણનું મિશ્રણ. **d. type** દુગ્ધાલય ઉત્પાદન માટેનાં આદર્શ લક્ષણો ધરાવનાર પ્રાણીનો પ્રકાર.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**Dakshi.** મોટા ભાગે પંજાબમાં થતી દ્રાક્ષનો પ્રકાર. જેમાં દ્રાક્ષ ગોળ ઝૂમખામાં હોય છે.

**dal.** દા.ત. કઠોળના દાણામાંથી ભરડીને છૂટા પાડેલા તેનાં બીજપત્રો – ખડબિયાં, જે પ્રોટીન પ્રચુર છે.

**dalal.** દલાલ, બજારનો કર્મચારી.

**Dalbergia** *latifolia* **Roxb.** કાલા સીસમ નામનું જંગલી સીસમ; પ. બંગાળ, બિહાર, મધ્યપ્રદેશ અને પશ્ચિમ દ્વીપકલ્પીય પ્રદેશોનું ઝાડ, જેના કાષ્ઠનું ફર્નિચર અને પેટી તથા કબાટ બનાવવામાં આવે છે. **D.** *melanoxylon* **Guill & Perr.** દ. આફ્રિકામાંનું સીસમ નામનું તામીલનાડુ, મહારાષ્ટ્ર અને પ. બંગાળમાં થતું ઝાડ, જેના કાષ્ઠમાંથી સંગીતનાં વાદ્યો, લાકડીઓ અને રમકડાં બનાવવામાં આવે છે. **D.** *sissoo* **Roxb.** સીસમ; પંજાબ, ઉત્તરપ્રદેશ, પ. બંગાળ અને આસામમાં થતું ઝાડ, જેનું કાષ્ઠ કોતરકામ અને રેલ્વે રમતનાં સાધન બનાવવા ઉપયોગી બને છે અને જેના માવામાંથી લખવા અને છાપવા માટેના કાગળો બનાવવામાં આવે છે.

**dalchini.** દાલચિની, તજ.

**Dalechampia** *indica* **Wight.** ખાજવણીની વેલ.

**Dallis grass.** *Paspalum dilatatum* **Poir.** નામનું મૂળ અમેરિકાનું પણ અહીં ઘાસચારા તરીકે વાવવામાં આવતું ઘાસ.

**Dalmaitan** *pyrethrum.* એક પ્રકારની વનસ્પતિ, જેનાં ફૂલમાંથી પાયરેથ્રમ નામનું જંતુઘ્ન દ્રવ્ય મળે છે.

**dalua.** વસંત કે ગ્રીષ્મ મોસમમાં થતી ડાંગર.

**dam.** ચોપગું માદા પશુ. (૨) જળ સંગ્રહ, પૂરનિયંત્રણ, સિંચાઈ ઇ. માટે પાણીના પ્રવાહનો અવરોધ કરવા તૈયાર કરવામાં આવતો બંધ.

**Damalinia** *bovis* કરડતી જૂનો પ્રકાર.

**dammar bee.** ડંખ વિનાની મધમાખ. *Melipona* spp; *Trigona* spp. નામની ભારતમાં થતી મધમાખનો પ્રકાર, જે ઝાડની બખોલો, ખડકો કે દીવાલોમાં મધપૂડા બનાવે છે, જે ઓછું મધ આપે છે, જે મેળવવું મુશ્કેલ બને છે.

**damp.** વાતાવરણમાં અથવા ઘન વસ્તુની સપાટી પર જામતો ભેજ. (૨) ભેજવાળું. **damping down.** આર્દ્ર – ભેજવાળું કરવું – બનાવવું. **d. off.** ક્લેદ ગલન: વનસ્પતિના કોઈ રોગના લક્ષણ તરીકે રોપનું એકાએક ગળી જવું કે મૃત્યુ પામવું, જે વિવિધ ફૂગને લીધે થવાનો સંભવ છે. **dampness.** સાપેક્ષ ભેજ. આર્દ્રતા. **damp wood termite.** જીવંત ઝાડ કે ભેજવાળાં લાકડાંમાં દર કરી રહેતી ઉધઈ.

**dandruff.** ખોડો; અથવા ત્વક્ ગ્રંથિઓની અતિ સક્રિયતાના કારણે ચામડી પર પોપડી બાઝવી, જે ખરજવું, આયોડીન વિષાક્તતા, જૂ અને પાચનની સાથે સંકળાયેલા કોઈ દીર્ઘજીવી રોગના પરિણામે બનવા પામે છે.

**dang.** પરિપક્વ ખજૂરની અવસ્થા, જ્યારે તેની ટોચ નરમ બનવા માંડે છે.

**Dangi.** મહારાષ્ટ્રના અહમદનગર અને નાસિક જિલ્લાની ડાંગી નામના ઢોરની ઓલાદ, જે સારું કામ આપે છે પણ જેનો દૂધનો ઉતાર ઓછો હોય છે.

**dantalu.** પાક રોપવા. નીંદવાનું સાધન. દંતાળુ.

**Daphne** *oleoides* **Schreb.** પશ્ચિમ હિમાલય અને કાશ્મીરમાં થતો ક્ષુપ, જેનાં મૂળ રેચક છે અને ફળમાંથી સ્પિરિટ મળે છે. **D.** *papyracea* **Wall** ex. **Steud.** (Syn *D. cannabina* **Wall.**). હિંદીમાં જેને સાતપૂડા, મહાદેવકા ફૂલ ઇ.ના નામે ઓળખવામાં આવે છે ને હિમાલય, ખાસી ટેકરીઓ, અને મણિપુરમાં થતી વનસ્પતિ, જેના પ્રકાંડમાંથી દોરડાં, કાગળ ઇ. બનાવવામાં આવે છે.

**dapple gray.** ઘોડાનો રાખોડી રંગ.

**darcheeni.** તજ, દાલચિની.

**Darjeeling orange.** સિક્કિમ સંતરા

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નામનાં કલકત્તાના બજારમાં મળતાં નેપાળ અને આસામ પ્રકારનાં સંતરાંનો એક પ્રકાર. **D. Red Round** ઉત્તર ભારતમાં મોડે ઉગાડવામાં આવતા બટાટાના પાકનો એક પ્રકાર, જેમાં મધ્યમ કદના પીળી છાલના, સંઘરતી વખતે તૂટી ન જાય તેવા બટાટાનો એક પ્રકાર.

**dark.** અંધારું, અ-પ્રકાશ, અંધકાર. (૨) કાળું, શ્યામ. **d. chamber.** અંધારો ખંડ. **d. period.** અંધકારાવધિ; વનસ્પતિના વિકાસમાં ગણતરીમાં લેવાતી એક કાળગણના. **d. section.** અંધકાર અનુભાગ.

**darnel grass.** *Lolium temulentum* **L.** નામનો ઘાસચારો, જેનાં બીમાં થોડા પ્રમાણમાં હાઇડ્રોસાયેનિક ઍસિડ રહેલો હોય છે.

**Dasyneura** *lini* **Barnes.** અળસીમાં પડતી માખનો પ્રકાર.

**data** બ.વ. , **datum** (એ.વ.) આધાર સામગ્રી.

**date.** ખજૂર, ખજૂરીનું મિષ્ટ અને પોષક ફળ; *date palm*, *Phoenix dactylifera* **L.** નામના ઝાડનું ફળ, જેમાં 75–80 ટકા શર્કરા દ્રવ્યો હોય છે, દૂધની સાથે તે ખાવામાં આવે તો ખોરાક સમતોલ બને છે. **d. curing.** સૂર્યના તાપમાં અથવા કૃત્રિમ રીતે ખજૂરની જાળવણી માટે કરવામાં આવતી તેની સૂકવણી; આ પ્રક્રિયામાં 4 થી 7 દિવસ સુધી ખજૂરને સૂર્યના તાપમાં ખુલ્લાં રાખવામાં આવે છે; જ્યારે કૃત્રિમ રીતે તેની સૂકવણી કરવા માટે ખજૂરને એક ટકા ઉકળતા કૉસ્ટિક સોડાના દ્રાવણમાં એક મિનિટ માટે રાખી જાળીવાળા પાત્રમાં મૂકી 54.5° સે. ઉષ્ણતામાને રાખવામાં આવે છે. **d. palm.** ખજૂરી; *Phoenix dactylifera* **L.** નામનું પામેસિકુળનું મૂળ અરબસ્તાનનું પંજાબ અને રાજસ્થાનમાં થતું ઊંચું ઝાડ. ઝાડનો રસ નશો કરવામાં ઉપયોગમાં લેવામાં આવે છે. આ ઝાડને લાંબો ઉનાળો અને દિવસ તથા રાત્રિનું ઊંચું ઉષ્ણતામાન આવશ્યક બને છે. બી વાવીને કે પ્રરોહથી તેને ઉગાડી શકાય છે. વાવ્યા પછી આઠ વર્ષે ખજૂર બેસે છે. **d. plum.** *Diospyros lotus* **L.** નામનું ખાદ્ય ફળધારી વૃક્ષ.

**Datisca** *cannabina* **L.** અકલબેર નામની કાશ્મીરથી નેપાળ સુધીના હિમાલયમાં થતી શાકીય વનસ્પતિ, જેનાં મૂળ ઊની અને સુતરાઉ કાપડ રંગવા માટેનો રંગ આપે છે.

**Datura** *alba* **Nees.** ધોળો ધતૂરો. **D.** *fastuosa* **L.** કાળો ધતૂરો. (*Syn. D. metel* **L.** ધોળો ધતૂરો. **D.** *innoxia* **Mill.**). સાદો ધતૂરો, મૂળ મેક્સિકોની પશ્ચિમ હિમાલય અને દ. ભારતમાં થતી વનસ્પતિ, જેનાં પાન દમ પર જપાય છે. **D.** *metel* **L.** ધોળો ધતૂરો, દમમાં ઉપયોગમાં લેવામાં આવતાં પાનવાળો ધતૂરો. **D.** *stramonium* **L.** ધતૂરો; મૂળ એશિયાનું એક પ્રકારનું ઘાસપાત, જેનાં પાન અને બી માદક છે અને ગુનાહિત વિષીકરણમાં તેનો ઉપયોગ કરવામાં આવે છે. દમના દર્દમાં ઔષધ તરીકે પણ તેનો ઉપયોગ કરવામાં આવે છે. **D.** *suaveolens* **Humb & Bonpl.** (*Syn. Brugmansia suaveolens* **Humb & Bonpl. ex Wild.** ધતૂરાનો એક પ્રકાર, જેને સુવાસિત ફૂલો માટે બગીચામાં વાવવામાં આવે છે.

**Daucus** *carota* **L.** var. *sativa* **DC.** ગાજર; વર્ષાયુ કે દ્વિવર્ષાયુ પંજાબ, ઉત્તર પ્રદેશ અને મધ્ય પ્રદેશમાં થતી ખાદ્ય મૂળ ધારી વનસ્પતિ.

**daughter.** દુહિતા, અનુગામી ફરજંદ. (૨) ગમે તે વનસ્પતિનું પ્રાથમિક વિભાજન કે તેની પ્રથમ સંતતિ. **d. cell.** દુહિતા કે અનુજાત કોષ. **d. chromosome.** દુહિતા કે અનુજાત રંગસૂત્ર. **d. colony.** અનુજાત સહવાસ. **d. nucleus.** અનુજાત કેન્દ્રક. **d. plant.** અનુજાત છોડ, બાળછોડ.

**daura, dauri.** બળદકર્ષિત રોપ રોપવા માટેનું સાધન.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**daw.** ઝરી કે દાતરડું.

**day length.** ચોવીસ કલાકના એક દિવસમાં સૂર્યનો પ્રકાશ આપતા કલાકો.(૨) વનસ્પતિનાં વૃદ્ધિ-વિકાસ માટે જે સમયનો પ્રકાશ અગત્યના કારકની ગરજ સારે છે તે. **d.-neutral plants.** દૈનિક પ્રકાશ મળવા પર જેના પુષ્પોદ્ભવ કે અન્ય વિકાસ ગતિનો આધાર ન હોય તેવી વનસ્પતિ. **d.-old chick.** એક દિવસ કરતાં પણ ઓછી વય મર્યાદાવાળું મરઘીનું બચ્ચું, જે ખરીદવામાં આવે છે.

**dazed.** નિર્જીવ, હલકાપ્રકારનો (શણનો તંતુ).

**DC** (*direct current*નું સંક્ષેપરૂપ). વીજળીનો એકદિશ પ્રવાહ.

**D.D.** ડાઇક્લોરો પ્રોપેન અને ડાઇક્લોરો પ્રોપિલીન, પ્રવાહી રૂપે જમીનને ધુમાયમાન કરનાર, પેટ્રોલિયમમાંથી બનાવવામાં આવતું રસાયણ, જે ઓછું બાષ્પશીલ હોઈ, તેનો ઉપયોગ સલામત છે.

**DDT** ડાઇક્લોરોડિફિનાઇલ ટ્રિક્લોરોઇથેન (*Dichlorodiphenyl trichloroethane*)નું સંક્ષેપરૂપ; ચેતા-વિષ, જે સંપર્કથી જંતુઓને મારી નાંખે છે, સંપર્ક ઉપરાંત જઠર વિષ તરીકે પણ તે કારગત નીવડે છે. તેમાં રહેલી વિષાક્તતા તેમાં હાજર *P. P.* આઇસોમરના કારણે છે, જે 80 ટકા સુધી હોય છે. આ દ્રવ્ય ભૂકારૂપે, પાણીમાં વ્યાસૃત કે પાયસરૂપે ઉપલબ્ધ છે, તે પટોલાદિ કુળની વનસ્પતિ માટે સંવેદનાત્મક છે અને માછલી માટે ઝેરી છે. ડીડીટી છાંટવામાં આવેલી વનસ્પતિને કાંટ્યા બાદ પંદર દિવસ પછી જ લણી શકાય છે.

**dead ripe.** અતિ પરિપક્વ (દાણા અથવા ફળ).

**dealkalization.** રાસાયણિક માવજત અને નિક્ષારણ દ્વારા જમીનમાંથી વિનિમેય સોડિયમને દૂર કરવાની પ્રક્રિયા; સોડિયમ જેવા એક સંયોજક ધાત્વીય આયનોના સ્થાને કેલ્શિયમ કે હાઈડ્રોજન આયન જેવા આલ્કલાઈન મૂદ્દ્રવ્યાયન રાખવામાં આવે છે; વિનિઃક્ષારીકરણ, વિક્ષારીયીકરણ.

**death.** મૃત્યુ; કોઈ પણ સજીવનાં જીવન-કાર્યોનો સંપૂર્ણપણે અને કાયમી અંત.

**debeaking.** ચંચુછેદન; મરઘાં-બતકાં પરસ્પરને ખાવા કે કરડવા માંડે ત્યારે તેની ઉપલી ચાંચને અણીદાર છરી વડે કાપી નાખવાની પ્રક્રિયા.

**debilitating.** નબળું બનાવું કે શક્તિનો હ્રાસ થવો. **debility.** અશક્તિ, શક્તિનો હ્રાસ.

**debit.** હિસાબની ઉધાર બાજુએ હોય રકમની નોંધ-નોંધ કરવી; ઉધાર.

**deblossom.** વનસ્પતિનું જોમ વધારવા તે પરથી કલીઓને દૂર કરવી.

**Debregeasia** *hypoleuca* **Wedd.** કાશ્મીર અને કુમાઉમાં થતો ઊંચો ક્ષુપ, જેના રેસા દોરડાં બનાવવા અને ફળ ખાવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે. **D.** *longifolia* (**Burm.** f.) **Wedd.** સંસારુ; ખાસી ટેકરીઓ, નીલગિરિ અને પશ્ચિમ ઘાટમાં થતી વનસ્પતિ, જેના પ્રકાંડના રેસાનાં દોરડાં બનાવવામાં આવે છે.

**debris.** કાટમાળ; શૈલ ચૂર્ણ; જે સ્થાને હોય ત્યાં, અથવા તે નિક્ષેપિત થયો હોય ત્યાં, તેના વિઘટનના કારણે જમા થતો ભંગાર. (૨) મરેલાં થડિયા, પાંદડાં અને કાપણી કરી લીધા બાદ ખેતરમાં પડી રહેવા પામતાં અવશેષ દ્રવ્યો.

**decalcification.** નિક્ષારણદ્વારા જમીનમાંથી કેલ્શિયમ કાર્બોનેટ કે કેલ્શિયમ આયનને દૂર કરવાની પ્રક્રિયા જે મૃદા નિર્માણના કુદરતી કાર્ય પૈકીની એક પ્રક્રિયા છે. (૨) ઋણ કેલ્શિયમ સમતુલામાં પ્રાણીનાં હાડકાંમાંથી કેલ્શિયમનું દૂર થઈ જવું.

**Decalepis** *hamiltonii* **Wight & Arn.** અન્નામલાઈ, તામીલનાડુ અને આન્ધ્ર પ્રદેશમાં થતો એક ક્ષુપ, જેનાં સુવાસિત મૂળ મસાલા તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે.

**decay.** વિઘટન, હ્રાસ કે અપક્ષય શક્ય બનાવે તેવી ગમે તે રાસાયણિક કે ભૌતિક

For Private and Personal Use Only

પ્રક્રિયા. (૨) બરફફૂગ કે જીવાણુ દ્વારા કાર્બનિક દ્રવ્યનો અપક્ષય. (૩) ખવાણ દ્વારા શૈલનું વિઘટન. (૪) અપક્ષય, સડો. **Deccan** દખ્ખણ. **D. hemp.** અંબાડી **D. Trap.** ભારતમાં શૈલનિર્માણનો એક પ્રકાર, જેમાં ફેરોમેગ્નેશિયમ અને એલ્યુમિનાના સંયોજનોથી સમૃદ્ધ જ્વાલામુખીનો લાવાનો સમાવેશ થાય છે. આ પ્રકારમાંથી રેગૂર કે કપાસ માટેની કાળી જમીનનું નિર્માણ થાય છે. **D. Wingless Grasshopper.** *Colemania sphenarioides* **Bol.** જુવાર, મકાઈ, બાજરો, રાગી, વાલ, મઠ, મગફળીનાં જંતુ.

**Deccani sheep,** નાનાં, મજબૂત, રાજસ્થાન અને મદ્રાસ ઊનનાં મિશ્રણ જેવું ઊન આપતા, દખ્ખણનાં કાળાં અને ભૂખરા રંગનાં ઘેટાંની ઓલાદ.

**deciduous.** પર્ણપાત કરતી કાયમી કાષ્ઠીય વનસ્પતિ. (૨) ખરી પડતાં (પાન, ફળ, ફૂલોનાં દળ કે દૂધિયા દાંત). **d. forest.** મોટાભાગે પર્ણપાતી–પાનખર વૃક્ષોનું વન. **d. tree.** વૃદ્ધિ મોસમમાં અને દર વર્ષે પર્ણપાત કરનાર વૃક્ષ, પાનખર વૃક્ષ.

**deck feather.** પક્ષીની પૂંછડીનાં મધ્ય પીંછાં પૈકીનું એક.

**declination.** અપક્ષય. **decline.** ક્રમશઃ અપક્ષય થવો; ક્રમિક રીતે શક્તિનો થતો ક્ષય. (૨) નીચેની તરફનો ઢોળાવ, પ્રવણતા. (૩) ખટમધુરાં ફળઝાડની એક દેહધર્મીય અવસ્થા. **declinous flower.** અપૂર્ણપુષ્પ. **declivity.** ઢોળાવવાળી જમીન સપાટી.

**decoction.** કાઢો, ઉકાળો. (૨) કોઈ પણ દ્રવ્યને ઉકાળીને તેના દ્રાવ્ય ઘટકોને દૂર કરવાની પ્રક્રિયા.

**decode.** સંકેત ઉકેલવો. સંકેતની ભાષા ઉકેલવી.

**decolouration.** વિરંજકરણ, વિરંગીકરણ, રંગ દૂર કરવો.

**decomposition.** વિઘટન. (૨) જટિલ રાસાયણિક સંયોજનોનું સરળ સંયોજનોમાં વિઘટન. (૩) ભૌતિક અને રાસાયણિક પરિવર્તન દ્વારા શૈલનું વિઘટન.

**decompound.** વિભાજિત કરવું. સંયોજનને વિઘટિત કરવું સંયોજનના ઘટકોને છૂટા પાડવા.

**deconic acid.** કેપ્રિક ઍસિડ. (૨) માખણમાં રહેલો મેદીય ઍસિડ, જેથી માખણને તેની વિશિષ્ટ સુવાસ સાંપડે છે.

**decore.** ફળની મીંજ દૂર કરવી.

**decorticate.** છાલ કે બાહ્યક દૂર કરવું.

**decorticated.** છાલફોતરાં. બાહ્યક રહિત.

**decrement.** ક્ષય. અપક્ષય. હ્રાસ.

**decrescent.** ઘટતું, ક્ષયમાન, ઓછું થતું.

**decrepitate.** તિરાડ પડવી, તિરાડ.

**decubital ulcer.** પથારીમાં ઘણા સમય સુધી એક જ પડખે કે ચત્તા પડી રહેવાના પરિણામે પડતું ચાંદું.

**decumbent.** અવશેલી. ભૂસ્તરી પ્રકાંડવાળી (વનસ્પતિ).

**decussate.** **X**–આકાર. ચતુષ્ક; ઉપર અને નીચેની કલિકા અને પર્ણની જોડીના કાટખૂણે જોડીમાં ગોઠવાતાં કલિકા અને પર્ણો; સ્વસ્તિકાકાર.

**dedifferentiation.** અ–વિભિન્નીકરણ.

**deep.** ઊંડું, ગહન. (૨) ઊંડું પાણીનું પાત્ર, દરિયો વ. **d. feeder.** ઊંડે સુધી પહોંચેલી મૂળ ધરાવતી વનસ્પતિ. **d. freeze.** અધિશીતક; 0°ફે. ઉષ્ણતામાને ખોરાકી વસ્તુઓને જાળવવા માટે ઠંડી પાડવી અને ઉષ્ણતામાન 32°ફે. સુધી જાળવી રાખવું. **d. litter system.** જ થય ઊંડા જલાન્વિત ચૂનાની સાથે લાકડાના વહેર, ઘાસ વ.નું મિશ્રણ કરી તેનું તળિયું બનાવી તે પર મરઘાં–બતકાંને રાખવા; આ બધું વર્ષ પૂરું થયે દૂર કરી નવેસરથી આવો પથારો બનાવવો. **d. seated.** ઊંડું, પાતાલીય. **d. soil.** જમીનનું ઊંડું ખાદમાટી – હ્યુમસનું પડ. (૨) શૈલના થર પર જાડી મૃદાનું પડ. **d. water rice.** નીચાણવાળા વિસ્તારોમાં

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



15-20 ફૂટ ઊંડા પાણીમાં ડાંગર વાવવાની એક પ્રથા. વર્ષા આવે ને જળેલાંના વરસાદમાં ડાંગરનાં બી વેરવામાં આવે છે, અને પાણીની સપાટી ઊંચી આવતાં બી ઊગવા માંડે છે. હોડીમાં બેસીને ડાંગરને લણવામાં આવે છે.

**deer's foot.** હરણપદી; *Convolvulus arvensis* નામનું ઘાસપાત, જેનાં મૂળ ઊંડાં જઈ ઘાસપાત ફેલાય છે; આવી વનસ્પતિ માટીને જકડી રાખવામાં મદદરૂપ થાય છે.

**defaecation.** મલોત્સર્ગ.

**defect.** ગમે તે પ્રાણી, મરઘું – બતકું કે કૃષિ પેદાશમાં જોવામાં આવતી ત્રુટિ, ક્ષતિ, અનિયમિતતા કે અપૂર્ણતા, જેના કારણે તેની ઉપયોગિતા ઘટે છે અને તેનું મૂલ્ય ઓછું ઊપજે છે. (૨) કોઈ પણ પશુ કે મરઘાં – બતકાંના પ્રકાર કે ઓલાદમાં જણાતી ખામી કે અનિયમિતતા.

**deferred grazing.** ઢોર ચરાવવાની એક પદ્ધતિ, જેમાં ચરાણભૂમિના સરખા ત્રણ ખંડ પાડી બેમાં ઢોરને ચરવાં દેવાં અને એક ખંડને ખાલી રાખવો. આવી રીતે વારાફરતી બે ખંડ પર ચરાણ કરવામાં આવે અને એક ખંડ ખાલી રાખવામાં આવે. આના પરિણામે ચરાણભૂમિ સારી રીતે જળવાય છે. એક બીજી પણ પદ્ધતિ છે, જેમાં સમસ્ત ચરાણભૂમિને એકવાર ચરાયા વિનાની રહેવા દઈ તે પર બી વેરવામાં આવે છે, જે ઢોરના ચાલવાથી પગ નીચેની જમીનમાં જઈ ઊગી નીકળે છે, જે માટે ચરતાં ઢોરનાં મળ-મૂત્ર મદદરૂપ બને છે. બી ઊગી નીકળ્યાં બાદ ઢોરને ચરવા દેવામાં આવે છે. **d. shoots.** સુષુપ્ત કળીમાંથી પ્રરોહ ફૂટી નીકળવો; વિલંબિત અંકુરન, મુકુલન.

**defertilization.** વિફલીકરણ, જેમાં ઈંડાંને 135°થી 145° ફે. ઉષ્ણતામાનવાળા પાણીમાં 15 મિનિટ માટે રાખવામાં આવે છે, જેથી ઈંડાની અંદરનું દ્રવ્ય નાશ પામ્યા વિના તેનો અંકુર નાશ પામે છે અને ઈંડું લાંબું ટકે છે.

**deficiency.** ઊણપ, ત્રુટિ; પ્રમાણ અથવા ગુણની દૃષ્ટિએ અપૂરતું. **d. disease.** ખોરાકમાં પુરતા પ્રમાણમાં પોષક તત્ત્વો ન મળવાના પરિણામે પ્રાણીઓ કે વનસ્પતિઓની થતી રોગાવસ્થા. **deficient.** કોઈ લક્ષણ અને/અથવા ભૌતિક વિકાસ ઓછો હોય તેવું (પ્રાણી કે વનસ્પતિ). **d. element.** અપૂર્ણ તત્ત્વ. **d. soil.** ન્યૂન પોષક જમીન.

**definite.** ચોકસ. (૨) પ્રાથમિક અક્ષ પર વહેલાં ફૂલ બાઝવાં. **d. inflorescence.** પરિમિત – ચોકસ પુષ્પવિન્યાસ.

**definition.** વ્યાખ્યા. (૨) પ્રાણીના સંવર્ધનમાં ઇચ્છનીય લક્ષણો દર્શાવતી રૂપરેખા અને સ્વરૂપની ચોકસતા અને સ્પષ્ટતા. **definitive host.** પરજીવી, જે યજમાનમાં પુખ્તતા મેળવી, લિંગીય પ્રજનન કરી શકે તેવો યજમાન.

**deflea.** ચાંચડને પ્રાણી શરીર પરથી દૂર કરવા.

**deflocculate.** રાસાયણિક રીતે કોઈ સંયોજનમાંથી વ્યક્તિગત ઘટકને જુદું પાડવું. ફલિલ અવસ્થામાંથી કણોને વિખેરવા. **deflocculation.** વિસામૂહીકરણ.

**deflorate.** છોડ પરથી ફૂલને દૂર કરવાં. (૨) પુષ્પપાત. **deflorated.** પુષ્પચ્યુત, ફૂલ દૂર કરાયાં હોય કે પુષ્પપાત થયો હોય તેવું. **defloration.** પુષ્પપાત, પુષ્પચ્યુતિ.

**defoliant.** પત્રપાતક. (૨) કોઈ પણ દ્રવ્ય, જે છોડને લગાડતા તેનાં પાંદડાં ખરી પડે તે. **defoliatilon.** પર્ણપાતન, પત્રપાત. **defoliater.** પર્ણપાતક.(૨) વનસ્પતિનાં પાંદડાંનો નાશ કરનાર જંતુ કે ગમે તે ઝાડ.

**deforestation.** વનોન્મૂલન. વનનો નાશ કરવાની, જંગલનાં ઝાડનો નાશ કરવાની પ્રક્રિયા.

**deformation.** સમસ્ત શરીર કે તેના કોઈ ભાગને થતી વિકૃતિ કે વિરૂપતા, જે ઘટના વારસાગત કે અકસ્માતના કારણે નીપજે. **deforming leg weakness.** મેગ્નેશિયમની ઊણપના પરિણામે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મરઘાંનાં બચ્ચાંમાં આવતી પગની વિકૃતિ, પરિણામે બચ્ચું પગ પરનો કાબૂ ગુમાવે છે. આ ખોટ દૂર કરવા તેના ખોરાકમાં મૅગ્નેશિયમવાળું દ્રવ્ય આપવું જોઈએ.

**deformity.** વિકૃતિ, વિરૂપણ.

**degeneration.** શરીરની કોઈ પેશી કે અંગનો અપક્ષય. જેથી તે તેનાં કાર્યો બજાવી શકે નહિ. (૨) કોઈ પણ દ્રવ્યનો બગાડ, અપક્ષય, હ્રાસ. **d. disease.** ક્રમિક અપક્ષય થાય તેવો વનસ્પતિ અથવા પ્રાણીને થતો રોગ.

**degerm.** અનાજમાંથી પ્રાંકુર કાઢવો અલગ કરવા.

**Deglet Noor.** અર્ધ-સૂકું ખજૂર, જે સંઘરવામાં ઉપયોગી બને છે.

**deglutinate.** અનાજના દાણામાંથી ગ્લુટેન નામના દ્રવ્યને દૂર કરવું.

**deglutition.** ગળી જવાની પ્રક્રિયા.

**degradatian of soil.** જમીનનું અપઘટન – નિમ્નીકરણ.

**degree.** અંશ, પ્રમાણ, કોટિ. (૨) ઉપાધિ. **d. brix.** શેરડી કે મિષ્ટ સંયોજનમાં રહેલાં શર્કરા દ્રવ્ય – સાકરનું પ્રમાણ, જે saccharimeter નામના સાધનથી મપાય **d. of accuracy.** ચોકસાઈ – યથાર્થતાનું પ્રમાણ – કોટિ. **d. of freedom.** સ્વતંત્રતાનું પ્રમાણ – અંશ. **d. of hardness.** કઠણતાનો અંશ. **d. of hydrolysis.** જલવિશ્લેષણનો અંશ.

**dehiscence.** સ્ફોટન, ફાટવું તે; ફળ કે બીનું ફાટવું. **d. of fruit.** ફળનું ફાટવું. **d. of sporocarp.** બીજાણુ પ્રાવરનું સ્ફુટન. **dehiscent.** સ્ફોટક, સ્ફુટનશીલ. **d. fruit.** સ્ફોટક ફળ.

**dehorning.** પ્રાણી નાનું હોય અને શિંગડું ફૂટવા પર હોય અથવા ફૂટ્યું હોય પણ કોમળ હોય ત્યારે તે પર કોઈ રસાયણ કે વીજળીના આંચકાનો પ્રયોગ કરી શિંગડાને ફૂટતું કે વિકાસ પામતું અટકાવવું; પ્રાણી મોટું થાય ત્યારે તેના શિંગડાને સાંડસી કે કરવતથી દૂર કરવું.

**Dehra Rose.** બિહારમાં થતી લીચીનો એક પ્રકાર.

**dehumidification.** વિ-આર્દ્રીકરણ.

**dehusk.** દાણા કે બીમાંથી છોડાં કે ફોતરાં દૂર કરવા.

**dehydration.** નિર્જલીકરણ. (૨) સંઘરવા માટે જેમ ફળમાંથી ભેજ દૂર કરવામાં આવે છે તેમ કોઈ દ્રવ્યમાંથી તેનો ભેજ કે જલીય દ્રવ્ય દૂર કરવું તે. **dehydrator.** કોઈ વસ્તુને સંઘરવા કે તેનું કદ અથવા વજન ઓછું કરવા તેનાં રહેલો ભેજ દૂર કરનાર કારક કે સાધન.

**dehydrogenation.** વિ-હાઈડ્રોજનીકરણ. (૨) તેલનું વિહાઈડ્રોજનીકરણ કરી તેને ઠારી વનસ્પતિ ઘી બનાવવાની પ્રક્રિયા.

**de-ionization.** અનાયોનીકરણ, આયનોને દૂર કરવા.

**delactation.** દૂધ આપવાનું બંધ કરવું કે બંધ થવું. (૨) બચ્ચાંને ધાવતું છોડાવવું.

**delayed.** વિલંબિત. **d. action.** વિલંબિત કાર્ય. **d. dormant spray.** સુષુપ્તિ બાદનો છંટકાવ. **d. response.** વિલંબિત પ્રતિભાવ.

**Delima** *sarmentosa* **L.** પ. બંગાળ, આસામ અને આંદામાનનું ઝાડ, જેનાં પાન ધાતુને પોલીશ કરવા ઉપયોગી છે.

**delinting.** લોઢયા બાદ કપાસિયાને વળગી રહેલા રૂના તાંતણાને દૂર કરવા, જે યાંત્રિક કે રાસાયણિક રીતે થઈ શકે છે; જેથી રોગ પર નિયંત્રણ લાવી શકાય છે, કપાસિયાને વાવતા સારી રીતે તે અંકુરિત થઈ શકે છે અને તેને વાવતા જરૂરી જગ્યા છોડી શકાય છે.

**deliquescence.** પ્રક્લેદન. (૨) કોઈ દ્રવ્યનું વાતાવરણમાં ભેજનું ગ્રહણ કરવું અને એવી રીતે પ્રવાહી બનવું. **deliquescent.** પ્રક્લેદનીય.

**delirium.** સન્નિપાત. (૨) તાવ, ઉન્માદ, ચિંતા કે વિષાક્તતામાં નીપજતી માનસિક તનાવની સ્થિતિ.

**delivery.** પ્રસવ. (૨) સોંપણી.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**Delonix** *elata* (**L.**) **Gamble** (Syn. *Poinciana elata* **L.**). સફેદ ગુલમહોર. મૂળ આબીસિનિયાનું પણ પીળા – સફેદ ફૂલ માટે અહીં શોભા માટે વાવવામાં આવતું નાનું ઝાડ. **D.** *regia* (**Boj.**) **Raf.** (Syn. *Poinciana regia* **Boj** ex. **Hook.**). ગુલમહોર, મૂળ માલાગાસીનું પણ અહીં શોભા માટે વાવવામાં આવતું ઝાડ.

**Delphinium** *ajacis* **L.** શોભા માટેનું ઝાડ. **D.***brunonianium* **Royle.** મસ્ક લાર્કસ્પર નામનું પશ્ચિમ હિમાલયનું ઝાડ, જેનાં પાનનો રસ જંતુનાશક તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે. **D.** *caeruleum* **Jacq.** ex. **Camb.** વાકંગુ નામનું હિમાલય, કુમાઉ અને પંજાબમાં થતું ઝાડ, જેનાં મૂળ જંતુનાશક તરીકે ઉપયોગી બને છે. **D.** *denudatum* **Wall.** નિરબિસી નામની વનસ્પતિ.

**delousing.** પશુ, પક્ષીના શરીર પરથી ડીડીટી, બેએચસી, ક્લોર્ડેન, મીથોક્સિક્લોર ટોક્સાફીન દ્વ.થી જૂને દૂર કરવી.

**delta.** ત્રિકોણ નદી મુખ. **deltoid.** ત્રિકોણ સદૃશ.

**demagnetize.** વિચુંબકિત કરવું.

**demand., stable.** સ્થિરમાંગ.

**demarkation.** ભેદરેખા નિર્ધારણ, સીમા નિર્ધારણ.

**demeton.** *O-diethyl 2-(ethylthio) ethyl phosphorothioate* નામનું *organo-phosphorus* (કાર્બનિક ફોસ્ફરસ) સંયોજન, જે રંગવિહીન શ્યાન પ્રવાહી છે, જેને પાણી, કાર્બનિક દ્રાવકો અને એરોમેટિક પ્રવાહીઓની સાથે મિશ્ર કરી જંતુઘ્ન તરીકે ઉપયોગમાં લઈ શકાય છે. આ સંયોજનને પેરાફિનની સાથે મિશ્ર કરી શકાતું નથી. આ જંતુઘ્ન મક્ષીમશી અને ઈતડી જેવાં સૂક્ષ્મ જંતુઓની સામે ઉપયોગમાં લઈ શકાય છે.

**Demodectic mange.** *Demodex folliculorum* નામની ઈતડીથી ઢોરને થતો એક પ્રકારનો રોગ, જેમાં રોગગ્રસ્ત પ્રાણીના ખભા અને ગળાની બાજુઓ પર ગાંઠો થઈ શરીર પર ફેલાય છે, ગાંઠોમાં ઈતડીવાળું પરુ થાય છે. **Demodex folliculorum.** ઉપર જણાવ્યા પ્રમાણેની ઢોરમાં પરુવાળી ગાંઠો બનાવનાર ઈતડી.

**demonstration.** નિદર્શન, પ્રતિપાદન, પ્રદર્શન.

**demulcent.** ગ્લિસરાઇન જેવું પીડા શામક ઔષધ.

**dendriform.** વૃક્ષસદૃશ, શાખિત.

**Dendrobium** *agregatum* **Roxb.** જોરવંશી.

**Dendrocalamus** *giganteus* **Munro.** વાંસ; આસામ, પ. બંગાળ અને મલબારમાં થતો ભારતમાં મોટામાં મોટો ગણાય તેવો વાંસ, જેના 25 સે. મી. જેટલા ફગણા ફૂટે છે. **D.** *hamiltonii* **Nees & Arn.** કાગદી વાંસ; દહેરાદૂનમાં થતું ઊભા છોગાવાળું ઘાસ, જેના કાગળ, ટોપલા–ટોપલીઓ અને ચટાઈ બનાવવામાં આવે છે. **D.** *strictus* (**Roxb.**)**Nees.** વાંસ, કબન નકોરવાંસ; ઉત્તર ભારત, મધ્યપ્રદેશ અને દ. ભારતમાં થતો વાંસ, જે ટોપલા–ટોપલીઓ, કાગળ અને બ્રશ બનાવવા ઉપયોગમાં આવે છે.

**dendrochronology.** વૃક્ષકાલાનુક્રમ વિજ્ઞાન. **dendroid venation.** વૃક્ષાકાર શિરા વિન્યાસ. **Dendrology** બાહ્ય લક્ષણો દ્વારા ઓળખવા સમેત વૃક્ષોનો અભ્યાસ; વૃક્ષ વિજ્ઞાન.

**Dendropbthoe.** સદા હરિત, ક્ષુપ જેવું, આંશિક પરજીવીની પ્રજાતિ. **D.** *falcata* (**L.f**) **Ettinghsh.** વાંદો.

**denitrification.** વિનાઈટ્રીકરણ, નાઈટ્રેટ કે નાઈટ્રાઈટનું વાયવીય નાઈટ્રોજનમાં જૈવ અપચયન; આ પ્રક્રિયાથી નાઈટ્રોજન હવામાં ઊડી જાય છે, જે કૃષિ માટે ઇચ્છવા જોગ નથી **denitrifying bacteria.** વિનાઈટ્રીકારક જીવાણુ.

**dense.** ગાઢ; કોઈ દ્રવ્યના ઘટકોની ઘનિષ્ટ રચના. (૨) પ્રમાણમાં ઓછી જગ્યા રોકતાં છિદ્રોવાળી (જમીન). **density.** ઘનત્વ; એકમ ઘનફળે દળ. (૨) કોઈ દ્રવ્યની



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધનતા.

**dental.** દંત્ય, દાંતનું. **d. pad.** ઢોર, ઘેટાં, બકરાં અને અન્ય વાગોળનાર પ્રાણીઓના ઉપલા જડબાના કઠળ અવાળાં. **dentate.** દાંતવાળું, દંત્ય. (૨) તીક્ષ્ણ કરવતી (જેવી કિનારવાળું પર્ણ). **dentine.** દાંતનો મોટો ભાગ ધરાવનાર, રાસાયણિક રીતે દાંત જેવું કઠણ પ્રત્યાસ્થ દ્રવ્ય, ડેન્ટાઈન. **dentition.** દંત વિન્યાસ, દંતોદ્ભેદન. (૨) કોઈપણ પ્રાણીમાં દાંતનો પ્રકાર, ગોઠવણી અને સંખ્યા; દાંતની રચના અને વૃદ્ધિ.

**dent maize.** તૃણકુળનું *Zea mays* સમૂહનું *Zea mays* var. *indentata* મકાઈનો એક પ્રકાર.

**denudation.** જમીન કે ધરતીના ઉપરના પડનો ઘસારો કરનાર કુદરતી પ્રક્રિયા, જેમાં કુદરતી અને સામાન્ય ઘસારાનો સમાવેશ થાય છે. (૨) કોઈ વિસ્તારમાં બધા જ પ્રકારના કુદરતી આવરણોને દૂર કરવા; અનાચ્છાદન, અનાવરણ. **denude.** જમીન પરની વનસ્પતિનું આવરણ દૂર કરવું. **denuded.** અનાચ્છાદિત, અનાવરિત, અનાવૃત.

**denutrition.** ખાદ્ય તત્ત્વોનું પોષક દ્રવ્યોમાં પરિવર્તન લાવવાની નિષ્ફળતા.

**deo-dhan.** તૃણકુળની *Sorghum vulgare* **Pers.** var. *saccharatum* **(L.) Boerl.** નામની જુવાર.

**deodorant.** ગંધહારક; દુર્ગંધને દૂર કરનાર કે તેની તીવ્ર વાસ ઘટાડનાર દ્રવ્ય, મોટા ભાગે કાર્બનિક દ્રવ્યના સડાનો ઉપચય – ઑક્સિડાઈઝ કરી તેની દુર્ગંધ દૂર કરવામાં આવે છે. **deodorize.** ગંધ – વાસ દૂર કરવી.

**Deoni.** પશ્ચિમ તેલંગણમાં જોવામાં આવતી કાળી અને સફેદ, લાલ અને સફેદ, ગિર અને ડાંગી જેવી ઓલાદ, જેના બળદ ખેતીને ઉપયોગી બને છે અને ગાયો સારું દૂધ આપે છે.

**depasture.** ચરાણમાં ઢોરને ચરવા દેવાં.

**depauperate.** કુદરતી કદ મેળવી ન શકનાર કે અલ્પ વિકસિત વનસ્પતિ.

**dependent.** પરાવલંબી. **d. plant.** પોતે પોતાનો ખોરાક બનાવી ન શકનાર અને પોષણ માટે અન્ય જીવંત કે મૃત દ્રવ્યો પર આધાર રાખતી વનસ્પતિ. **d. variable.** આધારિત ચર.

**dephospborylation.** વિ–ફૉસ્ફોરીકરણ.

**depilate.** ચામડી પરથી વાળ દૂર કરવા. **depilatory.** બેરિયમ સલ્ફેટ જેવું, ચામડી પરથી વાળને દૂર કરનાર રસાયણ.

**deplasmolysis.** રસારોહણથી – કે રસાસુતિથી કોષમાંનું પાણી ઓછું થાય તે પછી પુનઃ કોષનું થતું નવ સર્જન.

**depleted soil.** જમીનનો એવો ખરાબ ઉપયોગ થવો જેથી પાક પકવવા માટે તેની આવશ્યક ફળદ્રુપતાનો નાશ થયો હોય; ફળદ્રુપતા ગુમાવેલી જમીન. **depletion.** અવક્ષય, નિઃશેષણ

**deplume.** પક્ષીનાં પીંછાંને દૂર કરવાં. **depluming mite.** મરઘાં–બતકાંને લાગુ પડતી *Cnemidocoptes gallinae* નામની પરજીવી ઈતડી, જે પક્ષીની ચામડીમાં દર કરી તેનાં પીછાં ખેરવી નાંખે છે. આ જંતુ કરડયા કરે, જેથી તે સ્થાને સતત ખંજવાળવાથી પીછાં ખરી પડે છે.

**depolarization.** વિધ્રુવીકરણ

**Deporaus** *marginatus.* આંબાનાં પાન કાપતું જંતુ.

**deposit.** નિક્ષેપ. (૨) જમા. (૩) નિક્ષેપ કરવો. (૪) જમા કરવું. **deposited.** નિક્ષેપિત. (૨) જમા કરાવેલું. **deposition.** નિક્ષેપન. (૨) પૂરના કારણે નવી મૃદાનો ઉમેરો. (૩) જંતુઘ્ન રસાયણોના છંટકાવમાં વનસ્પતિ પર રહી જવા પામતો જંતુઘ્ન ભૂકો કે પ્રવાહી.

**depraved appetite.** સાધારણ રીતે ખાવામાં આવતાં ન હોય તેવાં દ્રવ્યો ખાવાની પશુ કે પક્ષીને થતી ઇચ્છા કે વૃત્તિ. આમાં અન્ય પ્રાણી કે રજને ચાટવાનો સમાવેશ થાય છે. આ લક્ષણ ખોરાકની ઊણપ સૂચવે છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**depreciation.** અવમૂલ્યન, મૂલ્યહ્રાસ. મકાન, યંત્રો ઇ.ના ઘસારાના કારણે તેના મૂલ્યમાં થતો ઘટાડો આવા ઘસારાનું મૂલ્યાંકન અને અંદાજ કાઢી તેનો સરવૈયામાં ઉલ્લેખ કરી તેને ગણતરીમાં લેવામાં આવે છે.

**depressant.** ઉપશામક, અવરોધક. **depressed.** ઘટેલું, હ્રાસિત. **depression.** મંદી, અવનમન. (૨) પ્રાણીની ચરબીમાં કે જમીનના તળમાં ખાડો – ગર્ત. (૩) કોઈ વિસ્તાર કે દેશની આવક અથવા મૂલ્યમાં થતો ઘટાડો. (૪) અવસાદન, અવનમન. **depressor.** અવમંદક, મંદક, અવસાદકારક.

**depth.** કોઈ પણ પ્રાણીની ટોચ રેખાથી નિમ્ન રેખા સુધીનું ઊંડાણ, (૨) ઊંડાણ.

**depulp.** ફળમાંથી ગર કે માવો કાઢી લેવો.

**dequeen.** મધપૂડામાંથી રાણી મધમાખને દૂર કરવી, મધપૂડાને રાણી મધમાખથી વંચિત કરવો.

**derivation.** વ્યુત્પન્ન, અવકલજ. (૨) કોઈ રાસાયણિક સંયોજનના સૂત્રમાં ફેરફાર કરીને તેમાંથી વ્યુત્પન્ન કરાતું (તેને સંબંધિત અન્ય સંયોજન).

**derma.** જુઓ *dermis.* **dermal myiasis.** એક પ્રકારની માખોના ડિમ્ભ પ્રાણીની ચામડીમાં દર કરી રહે તે. **dermatitis.** ત્વગ્શોથ. (૨) બકરાં – ઘેટાંને થતો વિષાણુજન્ય ચામડીનો રોગ આ રોગ રસાયણો, વનસ્પતિ, સૂર્યનો તડકો કે પોષક તત્ત્વોની ઊણપથી પણ થાય છે. **dermetogen.** અધિચર્મજન, (૨) વર્ધનશીલ પેશીનું નિર્માણ કરનાર બાહ્યસ્તર. **dermetomycosis.** ફૂગથી ચામડીને લાગતો એક પ્રકારનો ચેપ. **dermetophyces.** માત્ર ચામડીને જ ઉપદ્રવ કરનાર ફૂગ. **dermetosis.** ચામડીનો ગમે તે રોગ. **dermis.** સત્યત્વચા – ચામડી, અધિચર્મ અને અધોચર્મ વચ્ચેની ત્વચા.

**Dermanyssus** *gallinae.* એક પ્રકારની ઈતડી.

**Derris** *elliptica* (**Wall.**) **Benth.** આરોહી ક્ષુપનો પ્રકાર, જે આસામ, કેરળ, કર્ણાટક, તામીલનાડુ અને પંજાબમાં ઉગાડવામાં આવે છે, અને જેનાં મૂળ જંતુઘ્ન તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે. **D.** *ferruginea* (**Roxb.**) **Benth.** પૂર્વ હિમાલય અને આસામમાં થતી વનસ્પતિનો પ્રકાર, જેનાં મૂળમાંથી જંતુઘ્ન દ્રવ્ય મળે છે. **D. powder.** *Derris* spp. નામની વનસ્પતિનાં મૂળમાંથી બનાવવામાં આવતો જંતુનાશક ભૂકો, જેમાં નામનું વિષ હોય છે અને તે માછલાંના વિષ તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે. **D.** *trifoliata* **Lour.** મહારાષ્ટ્રના દરિયા કાંઠા પર, તામીલનાડુમાં, ઓરિસા, આસામ અને પ. બંગાળના સુંદરવનમાં થતી વનસ્પતિ, જેનાં મૂળમાંથી જંતુઘ્ન દ્રવ્ય મળે છે. **D.** *uliginosa* **Benth.** મુંબઈ, મદ્રાસ, ઓરિસાના દરિયાકાંઠા, સુંદરવન અને આસામની વનસ્પતિ.

**desalinization.** અપક્ષારીકરણ, વિલવણીકરણ, જમીનમાંથી નિક્ષારન દ્વારા ક્ષારને દૂર કરવો.

**descaling.** ભીંગડાં – પોપડી દૂર કરવાં.

**descending.** અવરોહી, અધોગામી. **d. axis.** નિમ્નાક્ષ, અવરોહી અક્ષ.

**descendent.** સંતતિ. **descent.** અનુવંશ.(૨) અવરોહ.

**desert.** રણ, મરુભૂમિ; કેવળ વેરાન અથવા છૂટીછવાયી વનસ્પતિ ધરાવતો વિસ્તાર. **d. ccimate.** મરુસ્થળી આબોહવા. **d. locust.** *Schistocerca gregaria* **Forsk.** નામની ભારતમાં જણાતી તીડની ત્રણ જાતિઓ પૈકીની એક જાતિ, જે ઝૂંડના ઝૂંડમાં આવી વિસ્તૃત રીતે પાક ખાઈ નુકસાન પહોંચાડે છે, વિશાળ માયા પર પ્રજનન કરે છે, લાંબાં લાંબાં અંતરો કાપે છે, ભારતના વાયવ્ય વિસ્તારોમાં ફૂલેફાલે છે.

**deshi.** દેશી, જેમકે દેશી હળ. **d. butter.** દહીંની છાશ બનાવી સ્થાનિક

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રીતે બનાવવામાં આવતું માખણ, જે મોટા ભાગે ઘી બનાવવા માટે તૈયાર કરવામાં આવે છે; આથી દૂધનું 70-80 ટકા સ્નેહક દ્રવ્ય પ્રાપ્ત થાય છે. **D. litchi.** બિહારમાં થતી લીચીનો એક પ્રકાર.

**desi.** દેશી. **d. fowl.** શુદ્ધ ઓલાદનું ન હોય તેવું, જુદાં જુદાં કદ, સ્વરૂપ, રંગનું મરઘું. **d. orange.** પઠાણકોટ સંતરા તરીકે ઓળખવામાં આવતાં સંતરા. **d. plough.** બાવળના લાકડાનું બનાવવામાં આવતું દેશી હળ. **d. tobacco.** ઊંચો છોડ, પહોળાં પાન, ગુલાબી ફૂલ ધરાવતી તમાકુનો પ્રકાર, જે બીડી, સિગાર, સિગારેટ અને હુક્કાના કામમાં આવે છે, તેની છિંકણી બને છે તથા ખાવાના કામમાં આવે છે.

**desiccate.** પૂર્ણ રીતે સૂકવવું. **desiccated coconut.** નારિયેળનું સફેદ, સ્વાદમાં મીઠું અને સુવાસિત સૂકવેલું કોપરુ, જે મોટા ભાગે રસોઈ અને મીઠાઈ બનાવવામાં ઉપયોગી બને છે. નાળિયેળના છોતરાં કાઢી કાચલી ભાંગી, તેમાંથી કોપરુ કાઢી, ધોઈ સાફ કરી તેને છીણવામાં આવે છે. છીણને સૂર્યના તડકામાં અથવા 160°-180° ફે. ગરમી આપવામાં આવે છે અને ડબ્બામાં ભરવામાં આવે છે. **d. milk.** સૂકવેલું દૂધ.

**Desirable.** *pecan nut*ની સારા પ્રકારની એક જાત

**Desmodium** *diffusum.* **DC.** ઝીપટી, પાંદડિયો સમેરવો **D.** *gaganticum* **(L.) D.C.** નહાનો પાંદડિયો. **D.** *laxiflorum.* જંગલી ગાંજો. રૂંછાળો પાંદડિયો. **D.** *paleaceum* **Guill & Perr.** મૂળ નાઈટ્રોજિયાનો કાયમી ઘાસચારો. **D.** *tortuosum* (**Sw.**)**D.C.** ઘાસચારો, જે જમીનને જકડી રાખે છે. **D.** *triflorum* (**L.**). જમીનને જકડી રાખતો ઘાસચારો.

**desmogen.** પ્રાથમિક વર્ધનશીલ પેશી, જેમાંથી વાહીપુલનું નિર્માણ થાય છે.

**Desmos** *longiflorus* (**Roxb.**)**Saff.** (Syn. *Unona longiflora* **Roxb.**). આસામ અને ઓરિસામાં થતું ખાદ્યફળનું ઝાડ.

**Desmostachya** *bipinnata* (**L.**) **Stapf.** (Syn. *Poa cynosuroides* **Retz.**). કુશ ઘાસ, દર્ભ; છાપરાં છાવવા ઉપયોગમાં લેવાતું બારમાસી ઘાસ, જેનાં દોરડાં બને છે. હિંદુઓ આ ઘાસ તેમની ધાર્મિક વિધિઓમાં ઉપયોગમાં લે છે; મરડામાં તે ઔષધ તરીકે કામમાં આવે છે.

**dessert fruit.** ભોજનાંત ફળાહાર માટેનું ગમે તે ફળ.

**destructive distillation.** ગરમીથી કાર્બન સંયોજનનું થતું વિઘટન અને શેષ બાષ્પશીલ પ્રવાહી અને તેલનું વધુ એકત્રીકરણ. **d. erosion.** ઘસારાનો હાનિકારક બનતો ત્વરિત વેગ.

**detailed reconnaissance soil survey.** વિગતવાર જમીનનું નિરીક્ષણ દ્વારા હાથ ધરવામાં આવતું સર્વેક્ષણ જેમાં સર્વેક્ષણ કરવામાં આવતા એક વિસ્તારનો નકશો બનાવવામાં આવે છે અને બાકીનાનું નિરીક્ષણ દ્વારા સર્વેક્ષણ કરવામાં આવે છે. **d. soil survey.** સર્વેક્ષણ કરતી વખતે નિરીક્ષણ દ્વારા નક્કી કરાતી જમીનની હદ.

**detasseling.** સંકર બી તૈયાર કરવા માદા તરીકે કામ લાગે તે માટે મકાઈના ઝૂંભા દૂર કરવા.

**detergency.** ગમે તે ધાત્વીય કે કાચિત તલ પરથી બધા પ્રકારનો મેલ દૂર કરવો. (૨) દૂધના સંપર્કમાં આવતાં બધાં જ સાધનોની ભૌતિક સાફસૂફી. **detergent.** પ્રક્ષાલક; સાફ કરવા કે મેલ દૂર કરવાનો ગુણ ધરાવતું ગમે તે રસાયણ, પરંતુ તેમાં મુખ્યત્વે સાબુ જેવું રસાયણ હોય છે, જેનું ક્ષીણ વળે અને તે આલ્કલી સલ્ફેટમાંથી બનાવવામાં આવે છે.

**determinant.** નિર્ધારક. **determinate growth.** પરિમિત કે નિશ્ચિત વૃદ્ધિ.

**detipped.** અગ્રવિચ્છેદિત.

**detoxicant.** ઝેરી દ્રવ્યની અસરનું

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તટસ્થીકરણ કરનાર (દ્રવ્ય). **detoxification.** નિર્વિષીકરણ.

**detritus.** કચરો.

**deutoplasm.** જરદીમાં રહેલું પોષક દ્રવ્ય.

**development.** વૃદ્ધિ, વિકાસ. (૨) ગર્ભાવસ્થાથી માંડીને પરિપક્વતા આવે ત્યાં સુધી વનસ્પતિ કે પ્રાણીનાં વૃદ્ધિ અને પરિવર્તનની પ્રક્રિયા. **developmental.** વિકાસને લગતું. **d. cycle.** વિકાસચક્ર. **d. farming** વિકાસલક્ષી કૃષિ – ખેતી.

**devernalization.** અ–વાસંતીકરણ.

**deviation.** વિચલન. **d., mean.** માધ્ય – સરેરાશ વિચલન. **d., standard.** ધોરણસરનું વિચલન. **d. range.** વિચલન પરિસર.

**device.** (૧) કરામત, યુક્તિ. (૨) સાધન.

**devil grass.** *Bermuda grass* તરીકે પણ ઓળખાતું, જમીન પર ફેલાઈ આંતરગાંઠ દ્વારા જમીનમાં મૂળિયાં ઘાલી વિશાળ વિસ્તાર પર ફેલાઈ ઉપયોગી વનસ્પતિને હાનિ પહોંચાડનાર તૃણકુળનું ઘાસપાત.

**dew.** ઝાકળ; વનસ્પતિ, જમીન ઇ. પર વાતાવરણમાંના ભેજ ઠરી ટીપાંરૂપે પડવો. (૨) અર્ધ–વેરાન પ્રદેશમાં આ પ્રકારનો ભેજ થોડો હોવા છતાં વનસ્પતિના વિકાસમાં તે ઉપયોગી બને છે. **d. gram.** મઠ. **d. point.** ઝાકળબિંદુ.

**dewlap.** ગોવંશના પ્રાણીના ગળાના હેઠળ લબડતી ચામડી, ગોદડી.

**dextrins.** કાંજીનું જલવિભાજન થતાં રચાતા પિંડો, જે કાંજી અને શર્કરાની વચ્ચેની અવસ્થા ગણાય છે; કોષીય ઉત્સેચકોના કારણે વનસ્પતિમાં પણ તે બને છે. **dextrin.** કાંજીનો ગુંદર.

**dextro-rotatory.** દક્ષિણાવર્તી ફરતું – ઘૂમતું, દક્ષિણાવર્તી (ભ્રમણ.) **dextrose.** દ્રાક્ષ શર્કરા; વનસ્પતિનાં રસ અને મૂળધારી પાકમાં પણ તે જણાય છે. ધ્રુવિત પ્રકાશના કિરણને જમણી તરફ વળાંક આપવાનો તે ગુણ ધરાવતી હોવાથી, તેનું dextrose નામ પાડવામાં આવ્યું છે.

**dhaincha.** ઢૈંચા, *Sisbania cannabina* (**Retz.**) **Pers.** (*S. aculeata* **Pers.** var. *cannabina* **Baker.**). નામની વનસ્પતિ, જે શણ જેવી છે અને અતિભેજવાળી, અતિસૂકી અને અતિક્ષારવાળી જમીનમાં થાય છે. જેનાં બી મેળવવા ડાંગરની પાળી પર કે ઊંચી જમીનમાં તેને ઉગાડવામાં આવે છે.

**dhak.** કેસૂડો, પલાશ.

**dhamani.** *Grewia tiliifolia* **Vahl** નામનું ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, તામીલનાડુ બિહાર અને ઓરિસામાં થતું ખાદ્યફળવાળું ઝાડ.

**dhania.** ધાણા, કોથમીર.

**dhar.** ધાર, કિનારી.

**Dharwar guava.** કર્ણાટકના ધારવાડ જિલ્લામાં થતાં લંબગોળ, સખત માવાવાળાં જામફળની એક જાત.

**dhaura.** *Anogeissus latifolia* **Wall.** નામનું ભારતના સૂકા વિસ્તારમાં થતું પાનખર ઝાડ, જેના પ્રકાંડમાંથી મળતાં ગુંદરને કાપડ છાપવા માટે ઉપયોગ કરાય છે અને પાન ચામડાં કમાવવામાં ઉપયોગી બને છે.

**dhencha.** *Sesbania bispinosa* (**Jacq.**) **W.F.Wight.** (*S. aculeata* **Pers.**). નામનું ઝાડ, જેનાં ડાળાં–પાંખળાં અને પાનનું લીલું ખાતર થાય છે.

**dhenki.** 15 ફૂટ ઊંડા કૂવામાંથી પાણી કાઢવા તામીલનાડુ, ઉત્તરપ્રદેશ અને બિહારમાં ઉપયોગમાં લેવામાં આવતું સાધન. જેમાં ડોલ બાંધી ઉત્તોલકથી પાણી કાઢવામાં આવે છે.

**Dholaka.** મોટું કદ, લીલી છાલ, ગુલાબી અને સફેદ દાણા અને મીઠા સ્વાદ ધરાવતા ધોળકામાં થતા દાડમનો પ્રકાર.

**Dholleras.** ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છમાં થતા કપાસનો એક પ્રકાર.

**dhol phulio.** *Eragrostis tremula* **Hochst.** નામનો ઘાસચારો.

**dholamudra** *Leea macrophylla*

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**Roxb.** ex. **Hornem.** નામની શાકીય વનસ્પતિ, જેનાં મૂળ ઔષધીય ગુણ ધરાવે છે અને ફળ ખાદ્ય છે.

**D. horizon.** મૃદા નિર્માણમાં મૂળ કે પરિણામ ન હોય તેવું જમીનનું સ્તર.

**diacetyl.** ડાઈ એસીટિલ; માખણ પરિપક્વ બને ત્યારે બનતું સૌરભીય રાસાયણિક સંયોજન, જે માખણમાં રહેલી સુવાસનું મુખ્ય ઘટક છે.

**Diacrisia** *obliqua.* રોમિલ ઈયળનો એક પ્રકાર.

**diad.** દ્વય, દ્વિક.

**diadelphous.** દ્વિ-ગુચ્છી, બેના સમૂહમાં તંતુ દ્વારા જોડાયેલા (પુંકેસર).

**diageotropisn.** ગુરુત્વાકર્ષણના કારણે વનસ્પતિ અંગનું પ્રકાશાનુવર્તન અનુસાર કાટખૂણે વળવું.

**diagnosis.** નિદાન; રોગનાં લક્ષણોના નિરીક્ષણ અને અભ્યાસ દ્વારા તેનાં પ્રકાર અને કારણો જાણવા, જે તેના ઉપચારમાં મદદરૂપ બને છે. **diagnostic agent.** દર્દનું નિર્ધારણ કરવા કસોટી કરતી વખતે–નિદાન કરવાના સમયે ઉપયોગમાં લેવામાં આવતું કોઈ દ્રવ્ય કે સિદ્ધાંત. **d. antigens.** નૈદાનિક પ્રતિજન. ચોક્કસ પ્રકારના દર્દના નિદાન માટે જૈવકારકનો કરવામાં આવતો ઉપયોગ. (૨) પશુમાં થતા ક્ષયરોગના નિદાન માટે ઉપયોગમાં લેવામાં આવતુ ટ્યુબરક્યુલિન. **diagnostics.** પ્રાણીઓમાં કેટલાંક દર્દો કે ચોક્કસ સંજોગો જાણવા ઉપયોગમાં લેવામાં આવતા જૈવકારકોનો સમૂહ: નૈદાનિક પ્રક્રિયકો.

**diagonal system of planting.** પ્રત્યેક કાયમી ઝાડના ચોરસની મધ્યમાં એક ઝાડ વાવવાની પ્રથા, આ રીતે વાવવામાં આવતા ઝાડની સંખ્યા ચોરસ કરતાં બેવડી થાય છે; કાયમી ઝાડની વચ્ચેનું અંતર 25 ફૂટ કરતાં વધે ત્યારે આ પ્રથા હાથ ધરવામાં આવે છે.

**diagonally.** વિકર્ણાભિમુખ.

**Dialeurodes** *citri.* ખટમધુરાં ફળઝાડનું જંતુ.

**dialysis.** અપોહન; અપશ્લેષણ.

**diammonium phosphate.** 21 ટકા નાઇટ્રોજનની સાથે 53 ટકા ફૉસ્ફોરિક એસિડ ધરાવતા સંયોજનવાળું રાસાયણિક ખાતર.

**diamondback moth.** રાજીકાદિ કુળની વનસ્પતિઓમાં પડતું *Plutella maculipennis* **Curt.** નામનું ફૂદું.

**diandrous.** દ્વિ-પુંકેસરી.

**Diantbus** *barbatus* **L.** શોભા માટે વાવવામાં આવતું ઝાડ. **D.** *caryophyllus* **L.** મૂળ દ.યુરોપનું પણ અહીં શોભા માટે વાવવામાં આવતું ઝાડ. **D.** *chinensis* **L.** (Syn. **D.** *sinensis* **Hort.**). શોભા માટેનું ઝાડ.

**diapause.** જંતુનાં ભ્રૂણ કે ડિમ્ભના વિકાસક્રમમાં આવતી કામચલાઉ રુકાવટ, ક્રિયાશિથિલતા.

**diaphoretic.** પ્રસ્વેદક. (૨) પોટેશિયમ નાઇટ્રેટ જેવું પરસેવાનો સ્રાવ કરતું પ્રક્રિયક.

**Diaphorina** *citri.* **Kuw.** ખટમધુરાં ફળનું જંતુ, જેનાં ડિમ્ભ અને મોટાં જંતુ ફળનો રસ ચૂસે છે;

**diapbragm.** મધ્યચ્છદ, ઉદરપટલ; જઠરીય અને વક્ષીય ગુહાની વચમાં આવેલું પાતળુ, સ્નાયવીય પડ, જે સંકોચાતા વક્ષગુહા પહોળી થાય છે, જે શ્વસનક્રિયાને સહાયભૂત બને છે.

**diarch.** દ્વિ-પટ્ટિક, બે જલવાહિની સમૂહોવાળું રંભ.

**diarrhoea.** અતિસાર; પાણી જેવા પાતળા ઝાડા થતા હોય તેવી પ્રાણીની શારીરિક અવસ્થા, જે દરમિયાન દસ્તમાં લોહી ભળે ત્યારે મરડો થયો કહેવાય. જોનસન રોગ કે રિન્ડરપેસ્ટ જેવા સંક્રામક રોગથી આવી અવસ્થા નીપજે છે.

**diary.** રોજ–બ–રોજના બનાવોની નોંધપોથી.

**diastase.** કાંજીનું શર્કરામાં ભંજન કરનાર ઉત્સેચક.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**diaster.** પશ્ચ-દ્વિભાજન અવસ્થા, જેમાં અર્ધ-સૂત્રોની જોડી કોષકેન્દ્રની ત્રાકના બંને છેડા પર હોય છે.

**diatom.** સિલિકાની કોષદીવાલ ધરાવતી લીલ; ગમે તે સૂક્ષ્મ કોષીય લીલ, જે વિપુલ પ્રમાણમાં જમીનમાં હોય છે. સજીવો મરી જતાં તેમની કોષ દીવાલો પાણીમાં ડૂબી જઈ ડાયેટોની માટી બનાવે છે. **diatomaceous earth.** સજીવો મરી જતાં તેમની કોષદીવાલો પાણીમાં ડૂબે ત્યારે તેમાંથી નિર્માણ થતી મૃદા.

**diazinon.** *O,O-diethyl-O-(2-isopropyl-1-methyl-b-phyrimidinyl) phosphorothioate* નામનું જંતુઘ્ન રસાયણ, પાણી અને આલ્કીય દ્રવ્યમાં દ્રાવ્ય બને છે.

**dibble.** બી વાવવા કે રોપ રોપવા જમીનમાં ડો કરવા માટેનું અણીવાળું સાધન. (૨) આવા સાધનથી વાવવું અથવા રોપવું. **dibbling.** ક્યારીઓમાં ચોકસ અંતર પર બી વાવવા, જેના માટે લોખંડ કે કાષ્ટની લાકડીનો ઉપયોગ કરવામાં આવે છે.

**dicalcium phosphate.** $CaHPO_4$ સૂત્રવાળો સુપર ફોસ્ફેટનો પ્રકાર, જેમાં 35-38 ટકા ફોસ્ફોરિક ઍસિડ હોય છે અને જે રાસાયણિક ખાતર તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે.

**dice.** નાના ચોરસ ટુકડા કરવા, ટુકડા કરેલું ગાજર.

**Dichanthium** *annulatum* (**Forsk**) **Stapf.** ઝીંઝવો નામનું પંજાબ, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ અને મધ્યપ્રદેશમાં થતું બારમાસી ઘાસ **D.** *caricosum* (**L.**) **A. Camus.** ઘાસચારાનો એક પ્રકાર.

**dichasial.** દ્વિ-શાખીય, બે શાખાવાળું.

**dichloroethyl ether.** જમીનને ધુમાયમાન કરનાર અને કૃમિનાશક રસાયણ.

**dichloropropylene.** જમીનને ધુમાયમાન કરનાર અને કૃમિનાશક રસાયણ.

**dichocrosis** *punctiferalis.* નામનો દિવેલાને કોરનાર કીટ.

**dichogamons.** પૃથક્પક્વાત્મક. (૨) સ્વફલન શક્ય બને નહિ તે માટે એક જ પુષ્પમાં પુંકેસર અને સ્ત્રી કેસરની જુદા જુદા સમયે થતી પક્વતા સંબંધી, ભિન્ન કાલપક્વતા નિર્માણક. **dichogamy.** ભિન્નકાલ પક્વતા; પૃથક્ પક્વતા. (૨) કોઈ ફૂલમાં પુંકેસર અને સ્ત્રીકેસર એક સાથે પરિપક્વ ન બને, જેથી તેમની પરિપક્વતા પરસ્પરને આવરી ન લે અને પરપરાગનયનની શક્યતા બને.

**Dichopsis** *elliptica.* જુઓ *Indian gutta pereha tree.*

**dichotomous.** દ્વિ-શાખી. **dichotomy.** દ્વિ-શાખ, વર્ધનશીલ પેશી સાથે થતી બે શાખા.

**Dichrostachys** *cinerea* **L., Wight.&Arn.** વેલ્લંતરો, મોર, દુંદિયું, મરુદ, વર્તુલી છે. નામનો વાયવ્ય ભારત, મધ્યપ્રદેશ, રાજસ્થાન, આન્ધ્રપ્રદેશ અને કર્ણાટકમાં થતો નાનો કાંટાળો ક્ષુપ, જેની છાલ ચામડાં કમાવવા અને મૂળ સંધિવા અને મૂત્ર રોગોમાં કામમાં આવે છે.

**Dicoma** *tomentosa* **Cass.** નવનંગી ધોળો હરણચરો.

**dicliny.** પુષ્પએકલિંગતા. (૨) જુદી લિંગીયતા ધરાવવું.

**dicot.** દ્વિ-દળ, બે બીજપત્રો. **dicotyledon.** દ્વિ-દળ, દ્વિ-પત્ર, દ્વિ-બીજપત્ર. (૨)આવૃત બીજધારી વનસ્પતિ, જેમાં પ્રથમ બે ભ્રૂણીય પત્રો અથવા બીજપત્રો હોય છે. **dicotyledonous.** દ્વિ-દળી, દ્વિ-બીજપત્રી.

**dicumbent.** ભૂસ્તરી, ભૂમીય સર્પી.

**didhen.** *Aeschynomene indica* **L.** નામની વનસ્પતિ, જેના કાષ્ટમાંથી સોલા-હેટ બને અને જે કાશ્મીર, પ. બંગાળ, અને આસામમાં થાય છે.

**die-back.** માથા તરફથી શરૂ થતો ક્ષય; કાષ્ટીય કે શાકીય વનસ્પતિઓમાં ટોચ પરથી શરૂ થઈ ક્રમશઃ છેક નીચે સુધી પ્રસરતી થડ કે પ્રકાંડ અને શાખાઓને લાગુ પડતી ક્ષયની બીમારી; થડ અને શાખાઓને લાગુ પડતો સુકારો.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**dieldrin.** 1,2,3, 4, 10,10–hexachlorocxo–6, 7–epoxy–1,4,4a, 5,6,7,8, 8a–octahydro–1, 4–endo, exo–5, 8–dimethanonaphthaline નામનું જંતુનાશક એલ્ડ્રિનની સાથે સંબંધ ધરાવતું એક રસાયણ, જેની અવશેષી વિષાકતતા લાંબો સમય રહે છે, જે જઠર અને સંપર્ક વિષ તરીકે કારગત બને છે અને જે બફારૂપે, પાણીમાં વ્યાપ્ત બને તે રીતે પાયસીકારક સંયોજનરૂપે ઉપલબ્ધ બને છે. સ્તનધારી પ્રાણીઓ માટે તે ઝેરી હોઈ તેનો સંભાળપૂર્વક વપરાશ કરવા કાળજી લેવી જોઈએ.

**die-off.** પાંદડાં ખરી પડે તે રીતે મરી જઈ જમીન પર ખરી પડવું.

**die-out.** અસ્તિત્વનો – જીવનનો અંત આવવો.

**diet.** કોઈ પ્રાણીના સાધારણ રીતે આપવામાં આવતા ખોરાક અને પીણાનાં પ્રકાર અને પ્રમાણ.

**diethylstilbestrol.** $C_{18}\ H_{20}O_2$ સૂત્રવાળો સંશ્લેષિત અંતઃસ્રાવ અને અનેક પ્રકારના ઈસ્ટ્રોજન નામના સ્ત્રી અંતઃસ્રાવોનું મૂળ સાધન, જેના કારણે માદા પાણી મદમાં – કામોષ્મામાં આવે છે.

**differential.** ભેદકારક, વિભિન્ન. **d. gain.** ભેદકારક લાભ. **d. host.** ચોક્કસ પ્રકારના વિષાણુ પ્રત્યે વિશિષ્ટ પ્રતિક્રિયા દર્શાવનાર વનસ્પતિ, જેથી વિષાણુ – વિષાણુ વચ્ચે ભેદ પારખી શકાય છે. **differentiation.** વિશિષ્ટીકરણ, વિભેદીકરણ.

**diffraction.** વિવર્તન.

**diffuse.** પ્રસારિત થવું, પ્રસરવું. (૨) અસ્થાનીય. (૩) સીમાંત આગળ અસ્પષ્ટ. **d. parenchyma.** પ્રસારિત અપદારૂવાહિની મૃદૂતક. **d. porous wood.** વિકીર્ણ છિદ્રિષ્ઠ કાષ્ટ. **diffused run off.** ઢોળાવના સમસ્ત વિસ્તાર પર એક સાથે વરસાદના પાણીનું વહી જવું. **diffusible.** પ્રસરણશીલ. **diffusion.** પ્રસરણ. **d. pressure.** પ્રસરણ દાબ.

**dig.** ખોદવું, ઉત્ખનન કરવું. (૨) ધરતીમાંથી ખોદીને બહાર કાઢવું.

**digamete.** દ્વિ – જન્યુ, દ્વિ – યુગ્મક.

**digenome,** દ્વિ – જનિન સમૂહ.

**Digera** *muricata*(**L.**)**Mart.**(Syn. **D.** *arvensis* **Forsk;** *Achyranthes muricata* (**L.**). કણજરો, કુભાર્ડ; નામની શાકીય વનસ્પતિ, જેનાં કુમળાં ડાળાં – પાંખળાં અને ફૂલોની શાકભાજી બને છે.

**digest.** પચાવવું, આત્મસાત કરી શકાય તેવા રૂપમાં શરીરમાં લીધેલા ખોરાકનું પરિવર્તન કરવું. (૨) ઉષ્મા અને રાસાયણિક કાર્યથી કોઈ દ્રવ્યને નરમ બનાવવું; દ્રાવ્ય કરવું કે તેનું પરિવર્તન કરવું. **digestant.** પાચનમાં સહાય કરનાર કારક. **Digested sludge.** શોધિત અવમલ. (૨) નગરના કચા અવમલને, મોટા પાત્રમાં બે અઠવાડિયાં સુધી અજારક વિઘટન દ્વારા પરિવર્તિત કરી બનાવેલો શોધિત અવમલ. **digester.** કોઈ પણ દ્રવ્યને ઉષ્મા, દાબ આપી કે રાસાયણિક ક્રિયાથી રાંધી શકાય, નરમ કરી શકાય કે વિઘટિત કરી શકાય તેવું બંધ વાસણ કે પાત્ર. **digestibility.** સુપાચ્યતા. પ્રાણીના શરીરમાં પાચક રસોની પ્રક્રિયા થઈ શકે તેવા તેને અપાયેલા ખોરાક તથા અન્ય ઘટકોની ટકાવારી. (૨) શરીરમાં આત્મસાત સ્વરૂપમાં ફેરવી શકાય તેવી કોઈ દ્રવ્યની ગુણવત્તા. **digestible.** સુપાચ્ય; શરીરમાં આત્મસાત કરી શકાય તેવો (ખોરાક). **d. crude protein.** ઢોરને ખવડાવવામાં આવેલા કુલ નાઇટ્રોજન સંયોજનોમાંથી બાદ કરાયેલા ઝાડા – પેશાબ દ્વારા ઉત્સર્જિત થયેલાં નાઇટ્રોજન સંયોજનો. **d. energy.** પાચ્યશક્તિ–ઊર્જા, **d. nutrient.** પોષક દ્રવ્યનો પચી શકે અને આત્મસાત કરી શકાય તેવો ભાગ. **digesting capacity.** પાચનક્ષમતા. **digestion.** પાચન; ખોરાકને લસિકા અને રક્તતંત્રમાં અવશોષી શકાય તેવી રીતે તેનું પ્રમાણમાં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સરળ રસાયણોમાં વિઘટન થવાની પ્રક્રિયા. (૨) ઉષ્મા અને રાસાયણિક ક્રિયાથી કોઈ પણ દ્રવ્યને નરમ કરવું, દ્રવ્ય બનાવવું કે પરિવર્તન કરવું તે. **d., salivary.** લાળ દ્વારા પાચન. **d., stomach.** જઠરપાચન. **d. coefficient.** કોઈ પ્રાણીને પચાવેલા પ્રત્યેક પોષક તત્ત્વની સરેરાશ ટકાવારી, જે પ્રાણીની જાત, વય અને અન્ય દેહધર્મીય પરિસ્થિતિ અનુસાર ભિન્ન ભિન્ન હોય છે. આ ટકાવારી પ્રયોગદ્વારા જાણી શકાય અને ખાવામાં આવેલા કુલ જથ્થા અનુસાર તેને દર્શાવી શકાય છે. **digestive** પાચનમાં સહાય કરનાર કારક. **d. juice.** પાચક રસ, ખોરાકને પચાવવામાં મદદરૂપ બનતો રસ. **d. tract.** પ્રાણીના શરીરમાં અન્નને પસાર થવા માટેનાં સઘળાં અંગો, પાચન માર્ગ.

**digitalis.** *Foxglove* તરીકે ઓળખાતી, *Digitalis purpurea* **L.** નામની મૂળ પ. યુરોપની પણ કાશ્મીર અને અન્ય ખીણ વિસ્તારોમાં થતી શાકીય વનસ્પતિ, જેનાં પાન હૃદય અને પરિવહન તંત્રનાં દર્દોમાં ઔષધ તરીકે ઉપયોગમાં આવે છે; આ વનસ્પતિ ઠંડા અને ભેજવાળા વાતાવરણમાં ઊગે છે. અને તેમાં ગ્લાયકોસાઇડો, ડિજિટોક્સિન, જિટોક્સિન અને જિટેલિન આવેલાં છે. **D.** *lanata* **Ebrh.** મૂળ યુરોપની પણ કાશ્મીરમાં ઉગાડવામાં આવતી શાકીય વનસ્પતિ, જેનાં પાનમાંથી બનાવવામાં આવતું ઔષધ હૃદયના રોગમાં તથા પૌષ્ટિક દ્રવ્ય તરીકે ઉપયોગી છે. **D.** *purpurea* **L.** મૂળ પ. યુરોપની પણ કાશ્મીરમાં વાવવામાં આવતી શાકીય વનસ્પતિ, જેનાં પાન હૃદયરોગ અને ટૉનિક તરીકે ઉપયોગમાં આવે છે.

**Digitaria** *cruciata* (**Nees**) **A Camus** var. *esculenta* **Bor.** ઘાસચારા તથા તેના દાણા માટે ખાસ ટેકરીઓમાં ઉગાડવામાં આવતી તૃણકુળની વનસ્પતિ. **D.** *sanguinalis* **Scop.** આરોતરો.

**digitate.** પર્ણવૃંતના અક્ષ પરની સર્વ પર્ણિકાઓ અંગેનું. **d. pinnate.** પંજાકાર પક્ષવત્.

**digression.** વિષયાંતર.

**dihybrid.** દ્વિ – સંકર.

**dikamali.** ડિકામાળી; *Brilliant gardenia, Gardenia resinifera* **Roth.** (*G. lucida* **Roxb.**). નામનો કર્ણાટક અને મહારાષ્ટ્રમાં સુગંધ માટે ઉગાડવામાં આવતો ક્ષુપ, જેના ગુંદરમાં બાષ્પશીલ તેલી દ્રવ્ય છે, જે ઘણાં દર્દોમાં ઉપયોગી બને છે અને માખો તથા કૃમિને દૂર રાખે છે.

**dikaryon.** દ્વિ – કેન્દ્રક. **d. phase** દ્વિ – કેન્દ્રકાવસ્થા.

**dilation.** વિસ્તરણ, મંદન.

**dill.** સવા; *Anethum graveolens* **L.** (*Peucedanum graveolens* **Benth. Hook f.**).નામની જમ્મુ અને કાશ્મીરમાં થતી વનસ્પતિ, જેનાં બી મસાલા તરીકે તથા વાતહારક તરીકે વપરાય છે.

**Dillenia** *indica* **L.** આસામ. પ. બંગાળ, મધ્યપ્રદેશ અને દક્ષિણ ભારતમાં થતું મધ્યમ કદનું ખાદ્ય ફળ, ફૂલવાળું ઝાડ; જેના કાષ્ઠના રેલવેનાં સલેપાટ અને પ્લાયવૂડ બનાવવામાં આવે છે. હાથીઓ તેના બીનું પ્રસરણ કરે છે, કેમકે હાથીઓને તેનાં ફળ ખૂબ ભાવે છે, માટે અંગ્રેજીમાં તેને *elephant apple* કહેવામાં આવે છે. **D.** *pentagyna* **Roxb.** પશ્ચિમ ભારત, બિહાર અને આસામમાં થતું કરમાલ નામનું ખાદ્ય ફળનું ઝાડ, જેની છાલના રેસામાંથી દોરડાં બનાવવામાં આવે છે અને જૂનાં પાનના કાચકાગળ બને છે.

**diluent.** સાન્દ્ર, જંતુઘ્ન રસાયણને ઓછું કરવા માટે ઉપયોગમાં લેવા માટે તેને મંદ કરનાર દ્રવ્ય, જેમાં પાણી, તેલ, માટી દા. ત. પાઇરોફાઇલાઇટ, શંખજીરૂ, બેન્ટોનાઇટ ઇ.નો સમાવેશ થાય છે. **dilute.** તનૂકૃત, મંદીકૃત, અપસાંદ્રિત. (૨) મંદ કરવું, તીવ્રતા કે સાન્દ્રતા ઓછી કરવી. **dilu-**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**tion.** અપમિશ્રણ.

**dimefox.** કાર્બનિક ફોસ્ફરસ સંયોજન, N, N, N', N', – tetramethyl phosphorodiamic fluoride, નામનું બાષ્પશીલ સ્પર્શીય જંતુઘ્ન, જેને વનસ્પતિની સપાટી પર લગાવવું સલામત નથી.

**dimension.** પરિમાણ, વિસ્તાર, માપ.

**dimethoate** O, O dimethyl S(N–methyl carbamoyl methyl) phosphorothiolothionate, કાર્બનિક – ફોસ્ફરસ જંતુઘ્ન, જેનો ઉપયોગ મલોમશીને કાબૂમાં લેવા માટે કરવામાં આવે છે, ઉપરાંત કરોળિયા, ઈતડી અને પાન કોરનાર જંતુઓ પર પણ તે કારગત નીવડે છે.

**Dimocarpus** *litchi*. જુઓ *litchi*.

**dimonoecious.** એક જ વનસ્પતિમાં પુંકેસર અને સ્ત્રીકેસર એમ બંને પ્રકારના જન્યુકોષધારી હોય તેવું. સંપૂર્ણ ફૂલધારી.

**dimorphism.** દ્વિરૂપતા. (૨) એક જ જાતિમાં બે વિભિન્ન રૂપોની ઘટના. (૩) એક જ છોડમાં બે વિભિન્ન ફૂલોની રચના.

**Dindigal Cheroot.** તામીલનાડુના ડિંડિગલમાં થતી સિગાર માટેની તમાકુનો એક પ્રકાર

**dioecious.** વિભિન્ન એક લિંગી છોડ પર નર અને માદા (પુષ્પો). (૨) જુદા જુદા છોડ પર જુદા જુદા પુષ્પોનાં પું અને સ્ત્રીકેસર. (૩) દ્વિ-લિંગી, દ્વિ-સદની, પૃથગ્‌લિંગી

**dioestrum.** માદાના અવસ્થા ચક્રમાં બે મદ અવસ્થા વચ્ચેનો સમય

**diorite.** આગ્નેય શૈલનો એક પ્રકાર.

**Dioscorea** *alata* **L.** સફેદ રતાળું; ગુજરાત, આસામ, તામીલનાડુ, પ. બંગાળ અને મધ્યપ્રદેશમાં થતો ખાદ્ય કંદનો આરોહી ક્ષુપ. **D.** *aculeata* **Ham.** કનક,ઘોળું ગોરાડુ: મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશ, ઓરિસા, પ. બંગાળ અને આસામમાં થતી ખાદ્ય મૂળધારી વનસ્પતિ. **D.** *bulbifera* **L.** (Syn. **D.** *sativa* **Thunb.**). ખાદ્ય મૂળધારી વનસ્પતિ. **D.** *deltoidea* **Wall.**ex.**Kunth.** પંજાબ અને કાશ્મીરમાં થતી ખાદ્ય મૂળધારી વનસ્પતિ, જેમાંથી કોર્ટિઝોન નામનો સ્ટેરોઈડ અંતઃસ્રાવ મળે છે. **D.** *esculenta* (**Lour.**) **Burkill** (Syn.**D.** *fasciculata* **Roxb.**). કનક, ધોળું ગોરાડુ નામની તામીલનાડુ, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, ઓરિસા, પ. બંગાળ અને આસામની ખાદ્ય મૂળધારી વનસ્પતિ. **D.** *pentaphylla* **L.** કાંદા. આલુ નામની ખાદ્ય મૂળધારી વનસ્પતિ **D.** *prazeri* **Prain & Bark.** પ. બંગાળ, આસામ અને પૂર્વ હિમાલયની શાકીય વનસ્પતિ, જેનાં મૂળ વાળ ધોવા માટે ઉપયોગી છે. **D.** *sativa*. ભારતભરમાં થતી ખાદ્ય મૂળધારી વનસ્પતિ, જેનાં મૂળનો ઉપયોગ શાકભાજી તરીકે અને ઊનને ધોવા માટે કરવામાં આવે છે.

**Diospysos** *assimilis* **Bedd.** અબનૂસ નામનું આન્ધ્રપ્રદેશ અને કેરળનું ખાદ્ય ફળનું ઝાડ. **D.***chinensis* **Blume.** હિમાલયના 3,000 થી 5,000 ફૂટ પર ઊગતું ફળ. **D.** *ebenum* **Koenig.** અબનૂસ. **D.** *embryopteris* **Pers.** પ. દ્વીપકલ્પીય પ્રદેશો અને મધ્ય પ્રદેશનું ખાદ્ય ફળધારી વૃક્ષ. **D.** *ferrea* (**Willd.**) **Bakh.** પ. દ્વીપકલ્પીય વિસ્તારનું અને ઓરિસાનું ખાદ્ય ફળનું ઝાડ. **D.** *kaki* **L.** f. હલવેતંદુ. **D.** *lotus* **L.** પંજાબ અને કાશ્મીરનું અમલોક નામના ખાદ્ય ફળનું ઝાડ. **D.** *melanoxylon* **Roxb.** મ. પ્રદેશ, બિહાર અને પશ્ચિમ દ્વીપકલ્પીય પ્રદેશનું ટિંબરુ નામની પાનધારી વનસ્પતિ, જેનું કાષ્ઠ દંડ, વળી, લાકડીઓ અને બિલિયર્ડની ચાવી બનાવવા ઉપયોગી છે અને પાન બીડી વાળવા ઉપયોગમાં લેવાય છે. **D.** *peregrina* (**Gaertn.**) **Gurke** (Syn. **D.** *embryopteris* **Pers.**). મધ્યપ્રદેશ અને પશ્ચિમ ભારતમાં થતી ટિંબરુ નામની ખાદ્ય ફળની વનસ્પતિ, જેનાં ફળમાંથી કાઢવામાં આવતા રંગનો ઉપયોગ સુતર અને લાકડું

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રંગવા માટે કરવામાં આવે છે. **D.** *sapota*. ખબનૂસ. **D.***tomentasa* **Roxb.** મધ્યપ્રદેશ, બિહાર, રાજસ્થાનમાં થતી વનસ્પતિ, જેનાં પાનની બીડીઓ વાળવામાં આવે છે. **D.** *tupru* **Ham.** બીડી વાળવાના પાનની વનસ્પતિ ટિંબરૂ.

**dip.** સાચવી રાખવા તૈયાર કરેલો ગમે તે પદાર્થ, જેમાં પેદાશ ડુબાડવામાં આવે છે.

**dipping.** પશુપંખી પરથી જંતુ, ઈતડી, જૂઇ. જંતુઓને દૂર કરવા તેમને જંતુઘ્ન રસાયણમાં થોડો સમય ડુબાડી રાખવાની પ્રક્રિયા.

**Diplococcus** *pneumoniae*. પ્રાણીઓને થતા ન્યૂમોનિયા માટે જવાબદાર યુગ્મગોલાણુ.

**Diplodia** *corchori*. શણના એક રોગ માટે જવાબદાર જંતુ **D.** *natalensis*. ખટમધુરાં ફળના ઝાડને થતા એક રોગનું જંતુ.

**diploid.** દ્વિગુણ, દ્વિ-ગુણિત. **d. apple.** પોતાની જ પરાગરજથી ફલિત થતું સફરજન. **d. cell.** દ્વિ-ગુણિત કોષ. **d. condition.** દ્વિ-ગુણિત અવસ્થા. **d. nucleus.** દ્વિકાય કેન્દ્રક. **d. number.** દ્વિ-ગુણિત સંખ્યા. **diploidization.** દ્વિ-સૂત્રીકરણ.

**Diploknema** *butryacea* (**Roxb.**). **H. J. Lam** (Syn. *Bassia butryacea* **Roxb.** *Madhuca butryacea* (**Roxb.**) **Macb.** મધુકાદિ કુળનું ઉત્તરપ્રદેશ અને બિહારમાં થતું મોટું ઝાડ, જેનાં ફૂલ ખાદ્ય છે, જેનાં બીનું તેલ રસોઈમાં કામમાં અને ઝાલ રંગવામાં કામમાં આવે છે.

**dipont.** દ્વિ-સૂત્રી.

**Dipsacus** *fullonum* **L.** (Syn **D.** *sylvestris* **Huds.**). મહારાષ્ટ્ર, પંજાબ, ઉત્તરપ્રદેશ અને કાશ્મીરમાં થતી શાકીય વનસ્પતિ, જેનાં ફળ ઊન ઉદ્યોગમાં ઉપયોગી બને છે.

**Diptera.** મચ્છર અને માખી શ્રેણીનાં જંતુઓનો સમૂહ. **dipteral** બે પાંખવાળું.

**dipterous.** બે પાંખધારી, બે પાંખ સદૃશ ઉપાંગોવાળું.

**Dipterocarpus** *alatus* **Roxb.** (Syn. **D.** *costatus* **Gaertn.**). આંદામાનમાં થતું ગર્જન નામનું વાર્નિશમાં ઉપયોગમાં આવતું દ્રવ્ય. **D.** *indicus* **Bedd** (Syn. *turbinatus* **Dyer**). ગર્જન નામનું પશ્ચિમ ઘાટમાં થતું ઝાડ, જેના કાષ્ઠનું તેલ વાર્નિશ અને શિલાપ્રેસ માટેની શાહી બનાવવાના કામમાં આવે છે. કાષ્ઠ મોટા ભાગે ઈમારતી કામમાં આવે છે. **D.** *pilosus* **Roxb.** (Syn. **D.** *macrocarpus* **Vesque**). સિલ્હટ, ચટગાંવ અને આંદામાનમાં થતું મોટું ઝાડ, જેના કાષ્ઠનો ઉપયોગ ચાની પેટીઓ, પેક કરવા માટેની પેટીઓ અને રેલવેનાં સલેપાટ બનાવવા માટે થાય છે. **D.** *turbercu latus* **Roxb.** ગર્જન નામનું આંદામાનનું ઝાડ, જેનું કાષ્ઠ ઈમારતી કામ અને ચાની પેટીઓ બનાવવા ઉપયોગી બને છે.

**direct.** સીધું, પ્રત્યક્ષ. **d. counting.** પ્રત્યક્ષ (જીવાણુ) ગણતરી **d. cultivation.** સીધી – પ્રત્યક્ષ કૃષિ-ખેતી. **d. current.** એકદીશ (વિદ્યુત) પ્રવાહ. **D. Microscopic Count.** કાચની તકતી પર દૂધના નમૂનાનો લેપ કરી તેને અભિરંજિત કરી તેમાં રહેલા જીવાણુની સૂક્ષ્મદર્શક સાધન વડે કરવામાં આવતી કસોટી, જે મંચ કસોટી અથવા *platform test* કહેવાય છે. **d. receipt.** પ્રત્યક્ષ પ્રાપ્તિ. **d. relationship.** સંવર્ધનમાં પિતૃઓની સંતતિઓ વચ્ચેનો સીધો સંબંધ.

**dirsanam.** શિરીષ.

**disaccharides.** $C_{12}H_{22}O_{11}$ સૂત્ર ધરાવતાં ઈક્ષુ શર્કરા (sucrose) અને દુગ્ધશર્કરા (lactose) અને ધાન્યશર્કરા (maltose) સમૂહનાં શર્કરા દ્રવ્યો – કાર્બોહિદ્રેતો, જે દ્વિ-શર્કરા તરીકે ઓળખાય છે.

**disafforest.** વનભૂમિનું સાધારણ ભૂમિમાં પરિવર્તન.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**disassimilation.** ઓછા જટિલ કે નકામાં દ્રવ્યોમાં પાચિત દ્રવ્યોનું પરિવર્તન.

**disbudding.** છોડ પરથી પુષ્પકલિકા અને/અથવા પ્રરોહકલિકાને, અન્ય કલિકાના હિતમાં અથવા અનિચ્છનીય પ્રરોહની વૃદ્ધિને અટકાવવા માટે દૂર કરવાં.

**disc-cultivator.** ચકતીઓવાળું હળ.

**Disc-drum Type Corrugator Furrower.** રેતાળ જમીનમાં એક સરખા ચાસ અને લહેરદાર પંક્તિ બનાવવા માટેનું સાધન, જેનો ઉપયોગ ખેતી થઈ ગયા બાદ જમીનને સરખી કરવા માટે પણ થાય છે.

**discharge.** વિભાર, સ્રાવ, નિઃસરણ પ્રવાહ. (૨) એકમ સમયમાં જલાગારમાંથી પસાર થતો પાણીનો પ્રવાહ, કાંપ કે અન્ય ગલ દ્રવ્ય. (૩) ઘા કે શરીરના ગમે તે ભાગ કે રંધ્ર–છિદ્રમાંથી થતો સ્રાવ.

**disc harrow.** ચકતીવાળી ખરપડી.

**discifom.** બિંબાકાર, ચકતી આકાર.

**discoloration.** વિવર્ણન, વિરંજન.

**discontinous phase.** ખંડિત અવસ્થા.

**discrepancy.** અસંગતિ.

**Disc-ridger.** ટ્રેક્ટર કર્ષિત કિનારવાળું સાધન.

**disease.** રોગ; સામાન્ય સ્વાસ્થ્યમાં ફેરફાર, જેથી પ્રાણી કે વનસ્પતિના સાધારણ કાર્યોમાં પડતો વિક્ષેપ. આ અવસ્થા વિષાણુ, રોગોત્પાદક જીવાણુઓ, પરજીવીઓ, અલ્પ કે અ-પોષણ, વંશાનુગત કારણે કે પર્યાવરણીય કારણોથી પેદા થાય છે. **d. carrier.** રોગવાહક. **d. control.** રોગોત્પાદક કારકોના કાર્યો કે પ્રભાવને અટકાવનાર કોઈપણ પ્રવૃત્તિ, જે રોગાવસ્થામાં અનુકૂળ પરિવર્તન લાવે છે. **d. cycle.** સાધારણ સજીવને ચેપ લાગે ત્યારથી માંડીને રોગાવસ્થાનો ક્રમપૂરો થતા સુધીની શૃંખલા; રોગચક્ર. **d. outbreak.** રોગનો ફાટી નીકળવો. **d. producing micro-organism.** રોગોત્પાદક સૂક્ષ્મ સજીવો. **d. resistant.** ચોક્કસ પ્રકારના રોગનો ભોગ ન બનનાર કે રોગનો સામનો કરી શકનાર પ્રાણી અથવા વનસ્પતિ.

**disinfect.** રોગોત્પાદક જંતુઓ, હાનિકારક સૂક્ષ્મ જીવોનો નાશ કરવો કે તેમને નિષ્ક્રિય બનાવવા અને પરજીવીઓનો નાશ કરવો. **disinfectant.** રોગોત્પાદક જંતુઓ, સજીવો અને તેમના બીજાણુઓનો નાશ કરતા રાસાયણિક કે ભૌતિક કારકો. **disinfection.** જંતુઘ્ન રસાયણની મદદથી વનસ્પતિ, પ્રાણી કે મકાનને ચેપરહિત બનાવવું, રોગાણુ નાશ.

**disinfest.** જંતુઓ, પરજીવીઓ, ઉંદર ઇ.નો નાશ કરવો કે તેમને મારી હઠાવવા. **disinfestant.** પેટ્રોલિયમ, નિકોટીન, સલ્ફેટ સંયોજન, સોડિયમ ફ્લુઓરાઇડ, જંતુઘ્નો જેવાં ગમે તે દ્રવ્યો કોઈપણ પ્રાણી, પક્ષી ઇ.ને ચેપરહિત બનાવે; આમાં રોગોત્પાદક સજીવોનો નાશ કરનાર અને તેમને નિષ્ક્રિય બનાવનાર દ્રવ્યોનો પણ સમાવેશ થાય છે. **disinfestation.** પરજીવીઓની પ્રવૃત્તિને અટકાવનાર કે તેમનો નાશ કરવા માટેનાં યાંત્રિક અથવા ભૌતિક સાધનો.

**dislocation.** અસ્થિભ્રંશ. અકસ્માત કે અતિશ્રમના કારણે કોઈપણ પ્રાણીના હાડકાનું ખસી જવું. પરિણામે વેદના થાય, સોજો આવે કે વિકૃતિ થવા પામે.

**disorder.** ગરબડ. વનસ્પતિ કે પ્રાણીના રોગ જેવી અકુદરતી શારીરિક અવસ્થા.

**disorganization.** વિઘટન. ગેરવ્યવસ્થા.

**disparity.** અસમતા.

**dispersal.** વનસ્પતિ કે પ્રાણીઓનું પ્રસરણ–વિસ્તરણ. **dispersed.** વ્યાસૃત. વિસ્તરિત. **d. soil.** નિમ્ન પારગમ્યતાવાળી કલિલાવસ્થાવાળી જમીન, જે સુકાઈ જતાં સંકોચાય, તૂટે અને સખત બને જ્યારે ભીની થતાં ઝડપથી નરમ બની સુઘટ્ય બને. **d. state.** વ્યાસૃત અવસ્થા.

**dispersing agent.** જલીય વ્યાસૃત જંતુઘ્ન અને સંકેન્દ્રિત પેસ્ટ જેવી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને વિસ્તૃત રીતે ઝટકાવ થઈ શકે તે માટે તેમાં ઉમેરવામાં આવતું કોઈપણ દ્રવ્ય. **dispersion of produce.** ઉત્પાદન – છેવટના બજારમાં ઉત્પાદનની લે – વેચ સાથે સંકળાયેલી પ્રવૃત્તિ. **dispersive action.** વિક્ષેપ ક્રિયા.

**Disphinctus** *politus* **W.** નાગરવેલનો કીટ.

**displacement.** સ્થાનફેર.

**disposition.** (પ્રાણીનો) મિજાજ.

**disproportionate.** અપ્રમાણ, પ્રમાણ બાહ્ય, પ્રમાણ વિનાનું.

**dissect.** પરીક્ષણ માટે કોઈ પ્રાણી કે વનસ્પતિનો છેદ કરવો. જીવંત પ્રાણી કે વનસ્પતિને ચીરવું. **dissected.** વિભાજિત, વિચ્છેદિત, ખંડિત. **dissection.** વ્યવચ્છેદન.

**dissemination.** રોગિષ્ઠ સજીવમાંથી તંદુરસ્ત સજીવમાં રસી લઈ જવી. (૨) વિપ્રીર્ણન. (૩) બીનું કુદરતી રીતે થતું પ્રસરણ – વિખેરણ.

**dissolved bone.** વિગલિત અસ્થિ.

**distal.** દૂરવર્તી, દૂરસ્થ. (૨) મૂળ અક્ષથી દૂરનું (ભાગો).

**distil.** નિસ્યંદિત કરવું, કોઈ દ્રવ્યમાંથી ગરમી દ્વારા હવા કે વરાળ દૂર કરી, તે રીતે દૂર કરવામાં આવેલા વાયુ કે વરાળને સંઘનિત કરવા. **distillate.** નિસ્યંદનથી – આસવનથી મેળવેલું દ્રવ્ય. **distilled water.** નિસ્યંદનથી – વરાળથી મેળવેલું પાણી. **distillery** આસવની. **d. waste.** ખીર અને આસવન કરેલા સ્પિરિટના આથવણ અને નિસ્યંદન બાદ મેળવેલું અવશેષ દ્રવ્ય, જેમાં ઠીક પ્રમાણમાં પોટાશ અને થોડો એમોનિયા હોય છે, જેનો ખાતરમાં ઉપયોગ કરવામાં આવે છે.

**distortion.** વિકૃતિ.

**distribution.** વિતરણ. (૨) પૃથ્વી પર સજીવોનું વિતરણ – પ્રસરણ. **d. of seed.** બીનું પ્રસરણ – વિતરણ. **d. system.** વિતરણ પદ્ધતિ. **distributive market.** વિતરણની સઘળી પ્રક્રિયાઓની સાથે સંકળાયેલું બજાર. **distributary.** ઉપનહેર, વિતરણ નલિકા. (૨) સહાયક નદી. **distributor.** વિતરક.

**disturbed profile.** જમીનનાં સંસ્તરો ગૂંચવાઈ ગયાં હોય તેવી જમીનની પરિચ્છેદિકા.

**ditch.** ખાઈ; સિંચાઈના કે અપવાહિત પાણીના વહન માટે ખોદવામાં આવેલી નાળી કે ખાઈ.

**Ditylenchus** *angustus* **Butter.** ડાંગરમાં પડતી ઈયળનો એક પ્રકાર.

**diuretic.** ગુર્દા કે મૂત્રપિંડમાંથી સ્રાવનું પ્રમાણ વધારનાર ઔષધ, મૂત્રના પ્રમાણમાં વધારો લાવનાર ઔષધ, મૂત્રવર્ધક (ઔષધ કે દ્રવ્ય).

**diurnal.** દૈનિક, દિવસ દરમિયાન ખીલી રાત્રિ દરમિયાન બિડાઈ જતો (કળીવાળો છોડ). **d. change.** દિવસ દરમિયાન થતું પરિવર્તન.

**diva.** *Hitchenia caulina* **Baker.** નામનો ક્ષુપ.

**divalent.** દ્વિ–સંયોજક.

**divergence.** અપસાર, અપકેન્દ્રતા. **d. angle.** અપસારી કેન્દ્ર. **divergent.** અપસારી, વિગામી.

**diversification.** કૃષિમાં વિવિધતા આણવાની ઘટના. (૨) વિવિધ પ્રાણીઓ કે વનસ્પતિઓનું સંવર્ધન. **diversified farming.** ખેતીમાં કરવામાં આવતી વિવિધતા.

**diversion box.** એક જ સ્થાનમાંથી મુખ્ય નહેર કે નાળીને બે કે ત્રણ ખાઈને પાણી આપવાનું હોય ત્યારે યોગ્ય કે જરૂરી ખાઈમાં પાણીને વાળવા માટે કરાતી સંરચના. **d. chamber.** સિંચાઈ માટે પૂરેપૂરું કે થોડું પાણી વાળવા માટેનો કક્ષ. **d. channel.** ટેકરી પર કરેલી નાળી, જેથી ધોવાણ ઓછું થાય અને વધારાનું પાણી એકદમ વહી ન જાય તેવી નાળી. **d. dam.** એક પ્રવાહમાંથી બીજા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રવાહમાં પાણી વાળવા માટે રચાયેલો બંધ. **d. ditch.** પાણીના પ્રવાહને ફેરવવા માટેની ખાઈ. **d. terrace.** પાણીના પ્રવાહને રોકવા અને તેની ગતિને ધીરી કરવા ખેતરના ઢોળાવ પર નીચી પ્રવણતાવાળી પહોળી અને પ્રમાણમાં છીછરી સોપાન રચના.

**diversity.** ભિન્નતા.

**division.** વિભાગ. (૨) જનક છોડમાંથી કુદરતી રીતે જુદી રીતે થતી વનસ્પતિનું પ્રજનન, જેમાં મૂળ, ચૂસકો, મુગટ વ.નો સમાવેશ થાય છે. **d. hoard.** મધપૂડામાં રખાતો વિભાજક લાકડાનો પડદો. **d. box.** પાણીના પ્રવાહના બધા ભાગો કે થોડાને નાળીઓમાં જુદા પાડતી રચના.

**doab.** બે પ્રવાહોની સંધિની વચ્ચમાં અને તેની ઉપર રહેતો જમીન માર્ગ.

**dock.** પુચ્છમૂળ. (૨) પશુની પૂછડીમાં રહેલો માંસલ ભાગ. (૩) પશુની પૂછડી કાપી નાંખવી કે ટૂંકાવવી. **docking.** પૂછડીને કાપવાની પ્રક્રિયા.

**Doctorfish.** ઠંડા પાણીની 22 ઈંચ લાંબી માછલીનો એક પ્રકાર, જેનાં ભીંગડાં નાનાં હોય છે અને ઘેરો સોનેરી રંગ હોય છે.

**Docynia** *indica* **Wall. Decne** (Syn. *Pyrus indica* **Wall.**). પૂર્વ હિમાલય અને ખાસી ટેકરીઓમાં થતું ખાદ્ય ફળધારી વૃક્ષ.

**dodders.** વિષ્ણુકંથ નામનો યજમાનને વીંટળાતો આરોહી વેલો.

**Dodonaea** *viscosa* **(L.) Jacq.** વિલાયતી મેંદી, જખમી નામનો વાડ બનાવવા માટેનો ઉપયોગી ક્ષુપ.

**doe.** હરણી. (૨) માદા સસલું.

**dofasli.** દોફસલી, બે મોસમનું.

**dog louse.** કૂતરાના શરીર પર થતી જૂ, બગાઈ.

**doka.** ખજૂર પૂરેપૂરું કદ ધરાવે અને તેનો લીલો રંગ બદલાઈ લાલ થાય તેવી તેની પરિપક્વ બનવાની અવસ્થા.

**dokra.** 200–300 રતલ સુધીના રૂની ઢીલી ગાંસડી.

**Dolichos** *biflorus* **Roxb.** કુલથી, કળથી,ભારતભરમાં ઘાસચારા માટે વાવવામાં આવતી શાકીય વનસ્પતિ. **D.** *dissectus.* મઠ. **D.** *gladiatus* **Jacq.** વટાણાનો એક પ્રકાર. **D.** *lablab* **L.** વાલ શાકીય વનસ્પતિ, પાપડી; ડુંગરાઉ કળથી. **D.** *lablab* var. *lignosus.* શાકીય વનસ્પતિ. **D.** *lablab* var. *typicus.* જુઓ *garden bean.* **D.** *sinensis.* ચોળી, શાકીય વનસ્પતિ.

**dolomite.** સૂત્ર $MgCO_3Ca CO_3$ સૂત્ર ધરાવતું કેલ્શિયમ મેગ્નેશિયમ કાર્બોનેટ નામનું ખનિજ જલનિર્મિત શૈલનો ઘટક; ચૂનાનું પ્રમાણ વધારે હોય ત્યારે તે ડોલોમાઈટ લાઈમ સ્ટોન કહેવાય છે. **d. limestone.** ડોલોમાઈટવાળો ચૂનાનો પથ્થર.

**dome.** ઘૂમટ.

**domestic.** પાલતું, ઘરેલું. (૨) પાળેલાં ઘોડા, ખચ્ચર, મરઘાં–બતકાં, ડુક્કર, ગાય, ભેંસ, કૂતરાં જેવાં ઘરની આસપાસ માણસના ઉપયોગ અને સેવામાં આવતાં પ્રાણીઓ, (૩) પરદેશથી ભિન્ન એવું સ્થાનીય, સ્વદેશી. **d. animal.** પાલતું–પાળેલું પ્રાણી. **d. fowl.** મરઘીનાં બચ્ચાં; પાલતું મરઘાં. **domesticate.** જંગલી પ્રાણી, પક્ષી કે વનસ્પતિને નિયંત્રણમાં લાવી, સંભાળપૂર્વક તેનું સંવર્ધન કરી ઉછેરવું. પાળવું.

**dominance.** પ્રભાવિતા, ઑસ્ટ્રિયન પાદરી ગ્રેગોર મેન્ડેલે સૂચવેલા લક્ષણયુગ્મ પૈકીના એકનો પ્રભાવ. **dominant.** પ્રભાવી, એક સંવર્ધિત પ્રભાવશાળી લક્ષણ. (૨) કોઈ વિસ્તારની લાક્ષણિક પ્રભાવશાળી (વનસ્પતિ). **d. trees.** વૃક્ષરાજીમાં સરેરાશ કરતાં મોટાં ઝાડ, જેની ઘટા સામાન્ય વૃક્ષ સપાટી ઉપર છવાઈ જાય છે.

**domoor.** ચારા માટેનાં પાન, કમાવવા માટેની છાલ અને ખાઈ શકાય તેવાં ફળનું ઝાડ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**don.** બિહાર અને ઉત્તર પ્રદેશમાં છ ફૂટ સુધી પાણી ખેંચવા કે ઊચકવા માટે હોડી આકારનું સાધન.

**dona planting.** પાંદડાંના પડિયા બનાવી તેમાં બી કે ધરુ રાખી પડિયા સમેતની કરવામાં આવતી રોપણી. દ્રોણ રોપણી.

**donar molecule.** દાતા અણુ.

**donkey.** ગધેડું; ભારવાહી પ્રાણી.

**doob.** ભૂરતરી ઘાસપાતનો પ્રકાર..

**doodbi.** દૂધી.

**Dorking.** મરઘાની ઇંગ્લિશ ઓલાદ.

**dormancy.** પ્રસુપ્તાવસ્થા, તંદ્રાવસ્થા, સુષુપ્તિ. (૨) પ્રાણી, જંતુ કે વનસ્પતિની વિરામાવસ્થા, જેમાં વધારે અનુકૂળ પરિસ્થિતિ નીપજે ત્યાં સુધી તેનો વિકાસ અટકી જાય છે. (૨) કાર્બન ડાયોક્સાઇડ સાંદ્રતાના કારણે જીવરસની ક્રિયાશીલતામાં આવતી મંદતા. **dormant.** પ્રસુપ્ત, તંદ્રિત, સુષુપ્ત, વિરામિત, અક્રિય (પ્રાણીઓના વિકાસમાં આવતી એક અવસ્થા). **d. bud.** સાધારણ રીતે અક્રિય પણ કેટલીક પરિસ્થિતિમાં વિકસિત બની શકનાર કળી, જે સામાન્ય રીતે શિયાળામાં અક્રિય રહે છે. **d. grafting.** વનસ્પતિ દેહધર્મીય રીતે અક્રિય હોય ત્યારે તેના પર કરવામાં આવતી કલમ. **d. prunning.** વનસ્પતિ દેહધર્મીય રીતે અક્રિય હોય ત્યારે તેની કરવામાં આવતી કાપકૂપ. **d. spray.** વનસ્પતિ અક્રિય હોય ત્યારે તેના પર કરવામાં આવતો છંટકાવ.

**dorsal** પૃષ્ઠીય, અભિપૃષ્ઠ; શરીરનો પાછલો અથવા ઉપરનો ભાગ (પૃષ્ઠ). **d. fin.** પૃષ્ઠીય મીનપક્ષ, **dorsa-lumbar.** પૃષ્ઠીય કટીય.

**Dorysthenes** *hugelii* **Redt.** સફરજનના ઝાડનાં મૂળનો વેધક કીટ.

**dose.** માત્રા. **d., lethal.** ઘાતક, મરણમાં નીપજે તેવી–તેટલી માત્રા. **d., maximum.** અધિકતમ માત્રા. **d., toxic.** વિષાક્તમાત્રા.

**dotted.** બિંદુમય, બિંદુકિત.

**double.** બેવડું, દ્વિ–ગુણિત. **d. bond.** બેવડું બંધન. **d. cover.** માદા પ્રાણીની સાથે દિવસાંતરે જુદા જુદા એક એક નરનું મૈથુન કાર્ય, જેથી ગર્ભ રહ્યાની ખાતરી મળે. **d. crop.** એક જ ખેતરમાં બે વખત લેવામાં આવતો પાક. **d.cr. area.** બેવડા પાકનો વિસ્તાર. **d. cropping.** એક જ ખેતરમાં બે વખત પાક લેવાની પ્રક્રિયા – ઘટના. **d. cross.** બે એકલ સંકરથી નીપજેલા બીનું સંકર, બે વિષમ યુગ્મિત એકલ સંકર વચ્ચે કરવામાં આવતું સંકર. **d. eye.** વનસ્પતિ પર બે કળીની સાથે વાનસ્પતિક પ્રજનન માટે કરવામાં આવતો કાપ **d. fertilization.** દ્વિગુણ ફલીકરણ, દ્વિ–સંસેચન. **d. mating.** જુઓ *double cover*. **d. roller gin.** બે રોલરવાળું જીન, જે બેની વચમાં લોઢવા માટે કપાસિયાને મૂકવામાં આવે છે. **d. top cross.** સંકર બી મેળવવા માટે કરવામાં આવતું સંકર, જેમાં કૃષિની રીતે યોગ્ય, એકલ અને વધારે પાક આપનારની સાથે વિશાળ અને વિવિધ જનિન ધરાવનારની સાથે કરવામાં આવતું સંકર. **d. transplantation.** લાંબી અવધિની ડાંગરના ધરુની કરવામાં આવતી બેવડી ફેર રોપણી; છ અઠવાડિયાંનું ધરુ થતાં તેને એક ઉછેરગૃહમાંથી કાઢી બીજા ઉછેરગૃહમાં રોપવામાં આવે છે, ત્યાર બાદ આ બીજા ઉછેરગૃહમાંથી કાઢી ફરી પાછી એક મહિના બાદ તેની રોપણી કરવામાં આવે છે. **d.-yoke egg.** બે જરદીવાળું ઈંડું.

**douche.** ડૂશ, બસ્તી. (૨) પાણીનો મારો આપી શરીરગુહાની કરવામાં આવતી માવજત.

**dough stage.** ધાન્ય દાણાના વિકાસની એક એવી અવસ્થા, જેમાં તેનો અંતઃસ્થ ગર બાંધેલી કણક જેવો હોય છે.

**doura.** દેશી બનાવટનું એક ઓજાર. (૨) એક જ સમયે બે બળદ જોડીને તેને પાકની હારમાં કામમાં લેવામાં આવે છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**down.** ઓસિકા કે કુનિચરમાં ઉપયોગમાં આવતું પીંછાનું એક પ્રકારનું દ્રવ્ય.

**downy mildew.** ફૂગ દ્વારા વનસ્પતિને લાગુ થતો રોગનો એક પ્રકાર, જેમાં યજમાનનાં પાંદડાં, પ્રકાંડ, ફૂલ અને ફળ પર ફૂગ લાગે છે.

**Doyenne du Comice.** પીઅરનો એક પ્રકાર, જેમાં ફળ મધ્યમ કદનું હોય છે.

**Dracaena** *draco* **L.** વિલાયતી વાંસ.

**Dracontomelon** *mangiferum* **Blume.** આમ્રાદિફળનું આંદામાન અને નિકોબારમાં થતું ખાદ્યફળનું ઝાડ.

**draft.** ગતિની સમાંતરે કર્ષક ઓજારનું સમક્ષિતિજ કર્ષણ, દૈશિક કર્ષણ. **d. animal.** ભારવાહી પશુ; ભારે વજન, ઓજાર કે યંત્ર ખેંચવા માટેનું પશુ. **d. breed.** ભારે વજન ખેંચવા માટે સંવર્ધિત કરેલું ગમે તે ઓલાદનું પ્રાણી, જેમાં અમૃતમહાલ, કૃષ્ણાવેલી, ખિલ્લરી અને હલ્લીકર નામનાં પ્રાણીઓનો સમાવેશ થાય છે. **d. hook.** ખેંચવામાં મદદરૂપ થતો આંકોડો. **d. link.** કર્ષક કડી, ખેંચવામાં મદદરૂપ બનતી કડી.

**drag.** જમીનની સપાટી પર વહેતા પાણી કે પવનને અંતરાય કરનાર બળ. (૨) ખેંચવું, ઘસડવું. **d. harrow.** લાંબા વધેલા અણીદાર આંકોડાવાળી ખરપડી, જે જમીનની અંદર રહેલા ઘાસપાનને ખેંચી કાઢવા માટે ઉપયોગી બને છે.

**dragon fly.** વાણિયો; *Odonata* ગોત્રનું હાનિકારક માખી જેવું જંતુ, બચ્ચું હોય કે અવિકસિત અવસ્થામાં હોય ત્યારે તે જલવાસી જીવન જીવે છે.

**drain.** અપવાહિકા, નાળી, મોરી, ગટર. (૨) કૃત્રિમ કે કુદરતી નાળી, જે વધારાના કે નકામા પાણીનો નિકાલ કરે છે. (૩) સ્રવણથી એકઠું થયેલું પાણી. (૪) જમીન પરથી ઢોળાવ દ્વારા કે તલીય રીતે પાણીનો અપવાહ કરવા માટે નાળી કે નીક બનાવવી. **d., lateral** પાર્શ્વીય – બાજુ પરથી અપવાહી નીક. **d., main.** મુખ્ય અપવાહી નીક. **drainage** ગટર, સ્રવણ, જલ નિકાલ, અપવાહ. (૨) કૃત્રિમ રીતે નકામા પાણીનો કરવામાં આવતો નિકાલ. **d., open.** ખુલ્લી મોરી, ખુલ્લી ગટર, ખુલ્લી અપવાહી નીક. **d., tile.** ટાઈલવાળી ગટર. **d., underground.** ભોંયભીતર જલ નિકાલ માટેની મોરી – નીક, ગટર. **d. coefficient.** કોઈ વિસ્તારના પાણીનો અપવાહ, જેની ઊંડાઈ 24 કલાક દીઠ ઈંચના માપમાં દર્શાવવામાં આવે છે. **d. modulus** જુઓ *drainage coefficient*. **d. terrace.** ઓછામાં ઓછું ધોવાણ થાય તે રીતે પાણીનો અપવાહ કરવા માટે સોપાનાકાર કરવામાં આવતી નીક. **d. water.** ગુરુત્વાકર્ષણનું બળ હોવા છતાં, જે પાણીનું શોષણ જમીન કરી શકતી ન હોય તેવું પાણી. **d. tile** ખુલ્લા સાંધા સાથે જોડવામાં આવેલો ટૂંકી લંબાઈ ધરાવતો જમીનમાંથી પાણીના નિકાલ માટેનો કોંક્રીટ કે નળિયાનો પાઈપ.

**Drake.** પોચા કોચલાની બદામનો એક પ્રકાર, જેનું બીજ લંબગોળ હોય છે. (૨) નર બતક.

**Draschia** *megastoma*. ગોળકૃમિ, જે પ્રાણીઓ અને પશુઓમાં પરજીવી તરીકે રહે છે.

**draught.** જુઓ *draft*. **d. animal.** ભારવાહી પશુ. **d. bread.** ભારવાહી પશુની ઓલાદ.

**drawdown.** કૂવામાંથી પાણી કાઢવામાં આવતા પાણીની સપાટીનું કામચલાઉ રીતે નીચે ઊતરવું. (૨) કૂવાની પાણી ધારણ કરવાની ક્ષમતા અથવા પાણીને પંપ દ્વારા ખેંચવાનો દર પાણીની સપાટીના નીચે ઊતરવાના કે પાણીના સ્રવણ થવા પર આધાર રાખે છે. **d. hoe.** બગીચાના કામમાં ઉપયોગમાં લેવામાં આવતું ઓજાર. **d. well.** પાણી ખેંચી તેને બહાર કાઢવાનો કૂવો.

**dredge.** નીકોને ઊંડી કરવા અને મોરી, ગટર કે ખાઈઓને સાફ કરવા માટેનું સાધન.

**Dregea** *volubilis*. **Benth.** માલતી, ડોડીવેલ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**drench.** મોં, નાક કે ગળા મારફતે પ્રાણીને પ્રવાહી દવા આપવી તે. (૨) તરબોળ કરવું, પલાળવું.

**dressing.** ગાંજ, રૂ અને દવાના પાટા જેવું ઘાની આસપાસ બાંધવામાં આવતું જંતુનાશક દ્રવ્ય. (૨) ખાતર ઇ. લગાડવું. (૩) બીને ફૂગનાશક ભૂકામાં રાખવાં. (૪) મરી ગયેલા પક્ષી પરથી લોહી અને પીછાં દૂર કરવાં. (૫) શબ પરથી વધારાની ચરબી અને હાડકાં દૂર કરવાં. (૬) પાટા-પિંડી કરવી.

**dried.** સૂકવેલું, **dr. blood.** કતલ કરવામાં આવેલાં પ્રાણીનું સૂકવી, દળીને ખાતર તરીકે વેચવામાં આવતું ભૂકારૂપનું લોહી, જેમાં 10-12 ટકા ઊંચા પ્રકારનું નાઇટ્રોજન અને 1-2 ટકા ફોસ્ફોરિક એસિડ હોય છે, જેની તરત જ અસર થાય છે. બધા જ પ્રકારના પાક અને બધાજ પ્રકારની જમીન માટે તે ઉપયોગી બને છે. તેનો ખોળની માફક જ ખાતર તરીકે ઉપયોગ કરવામાં આવે છે. **dr.egg.** પટા, ઝંટકાવ કે ફુંકી મારફતે સૂકવેલાં ઇંડાં, જે લાંબો સમય અને પ્રમાણમાં ઊંચા ઉષ્ણતામાનમાં પણ સાચવી રાખી શકાય છે. **dr. milk.** દૂધની ભૂકી દૂધનો પાઉડર, જેને જરૂરી પ્રમાણમાં પાણીમાં આગાળી પુનઃ દૂધનું રૂપ આપી શકાય છે, લાંબો સમય જેને સાચવી શકાય છે, જેની હેરફેરનું ખર્ચ ઓછું આવે છે અને બાળકો માટે દૂધ તરીકે કે અન્ય કોઈ ખાદ્ય સામગ્રીની સાથે જેને ઉપયોગમાં લઈ શકાય છે.

**drift.** વિચલન. (૨) સુરંગની દિશા. (૩) અનિયમિત અપવહન. **dr. map.** ઉપ-સુરંગનો નકશો. **dr. sand.** અપોઢ રેતી **dr.sprayer.** હવાના સપાટાથી છંટકાવ કરવાનું સાધન. **dr.theory.** સ્થાનાંતર સિદ્ધાંત.

**drill.** બી વાવવા માટે ક્યારીમાં દોરવામાં આવતી રેખા. (૨) ચાસમાં રોપેલાં બીની હાર. (૩) બી વાવવા માટેનું સાધન, જેને ખાતર પાથરવા માટે પણ ઉપયોગમાં લેવામાં આવે છે. (૪) શારડી. (૫) શારડી ફેરવવી, છિદ્ર પાડવું, વીંધવું. **drilling.** છિદ્ર પાડવું તે. (૨) શારડીની મદદથી બી વાવવા કે ખાતર પાથરવું. **dr. planter.** ઘઉં અને જવ જેવા ધાન્ય પાકને વાવવા માટેનું યંત્ર, જે ટ્રેક્ટર કે બળદની સાથે લગાડી શકાય છે, ખાતર પાથરવા માટે પણ તેનો ઉપયોગ થાય છે.

**drinking vessel.** પીવાનું પાત્ર

**drip of a tree.** વરસાદ દરમિયાન ઝાડપરથી પાણી પડતું હોય–પાણી ટપકતું હોય તે સ્થાન. (૨) ઝાડનું પરિસર.

**drizzle.** ઝરમર વરસાદ વરસવો, પાણીનાં ઝીણાંઝીણાં ટીપાં જાણે હવામાં તરતાં હોય તેવો વરસાદ વરસવો.

**Dr. Jules-Guyot.** એક પ્રકારની નાસપતી, જેનાં ફળ મોટાં, છાલ પીળી, ગર રસાળ, સરસ સુવાસવાળાં હોય છે અને ફળનો ઉતાર સારો હોય છે.

**drone.** અફલિત ઇંડામાંથી નીકળતો કામદાર મધમાખ કરતાં મોટો, મધને એકઠું ન કરનાર અને ડંખ વિનાનો નર મધમાખ. (૨) કામ કર્યા વિના બેઠાડું ખાનાર.

**droop.** પોષણ કે પાણીના અભાવે નમી જવું–ઢળી પડવું.

**drop.** એક તળ પરથી બીજા તળપર સિંચાઈનું પાણી પડી શકે તે માટે ઊભું કરવામાં આવતું માળખું. **d.-inlet dam** વેગ નિયંત્રક મોરી–બાંધ. **dropper.** કેટલીક કંદિલ વનસ્પતિના વાનસ્પતિક પ્રરોહનું નીચે ઊતરતું પ્રવર્ધ, જે ટોચે નવું પ્રવર્ધ બનાવે છે. **dropping board.** મરઘાના ચરકને પડવા માટે પાટિયાનું બનાવવામાં આવતું પ્લેટફોર્મ. **droppings.** પ્રાણી કે પક્ષીઓનુ ઉત્સ-ર્જિત દ્રવ્ય, ચરક.

**dropsy.** જલશોથ, જલસંચય. (૨) શરીરની અમે ગુહા કે પેશીમાં વધારે પડતો થતો પાણીનો ભરાવો.

**Drosicha** *magnifarae.* આંબાનો



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મધ્યિયો.

**drought.** લાંબો સુકારો. (૨) વનસ્પતિના મૂળ પ્રદેશમાં ભેજની ઊણપ દર્શાવતો સમય; વનસ્પતિની વૃદ્ધિમાં ગંભીર બાધા ઊભી કરે તેવો લાંબા સમય સુધી જમીનનો ભેજ દૂર કરનાર સુકારો. (૩) જળદુકાળ, અનાવૃષ્ટિ. **dr. resistance.** શુષ્કતા અવરોધ. (૨) સુકારામાં પણ ટકી શકનાર (વનસ્પતિ).

**drove.** એક જ જાતિના પશુઓનો સમૂહ.

**drum.** કર્ણપટલ, કાનનો પડદો. (૨) નગારું. **dr.-head cabbage.** લંબગોળ કોબીનો પ્રકાર. **dr-stick tree.** સેકતો, સરગવાની સિંગોનું ઝાડ જેની સિંગોનું શાક બને છે અને બીમમાંથી તેલ નીકળે છે.

**drupe.** અષ્ટિફળ; એક બીવાળું–ઠળિયાનું ફળ; એવા પ્રકારનું ફળ જેના ફલાવરણને કાષ્ઠક અંતરાવરણ હોય છે. (૩) અસ્ફોટી ફળ. ઊંચા પ્રકારનું એક કોષી, એક કે બે બીવાળું ફળ. (૪) માવાદાર પીચ, પ્લમ, ચેરી ઇ. જેવું ફળ. **drupel.** નાનું અષ્ટિ-ઠળિયાવાળું ફળ. (૨) રાસ્પબેરી જેવા ફળ-ગુચ્છનું વ્યક્તિગત ફળ. **drupeole.** નાનું અષ્ટિ-ઠલિયાવાળું ફળ.

**dry.** શુષ્ક, સૂકું. (૨) વાછરડાને જન્મ આપે તેના થોડા સમય અગાઉ ગાભણી ગાયને દૂધ આપતી બંધ કરવી. (૩) વસૂકી ગયેલી (ગાય). (૪) ભેજને દૂર કરી કોઈ પેદાશને સાચવવી. **dr. basis.** સૂકા દ્રવ્યના આધારે ઘટકોની ગણતરી કરવા માટે પૃથક્કરણ કરાતું (ખાતર કે ઢોરો માટેનો ખોરાક). **dr. bund.** ઉનાળા દરમિયાન સુકાઈ જતો બંધારો–બંધ. **dr. date.** શર્કરા દ્રવ્યનું પ્રમાણ વધારે અને ભેજનું પ્રમાણ ઓછું હોય તેવું ખજૂર. ખારેક. **dr. farming.** ઓછા, અચોક્સ અને અનિયમિત વરસાદવાળા પ્રદેશમાં કરવામાં આવતી ખેતી. (૨) ભારતમાં આવો પ્રદેશ કુલ ખેતી લાયક પ્રદેશના ત્રીજા ભાગ જેટલો છે; આર્થિક રીતે અને એક સરખા ધોરણે ઇષ્ટતમ પ્રમાણમાં પાક મેળવી શકાય તે માટે ઓછા અને કવેળાના વરસાદનો વધુમાં વધુ ભેજ જળવાઈ રહે તે માટે સુધારેલી કૃષિપદ્ધતિ, જેમાં પાળા બનાવવા, પાળાદ્વારા ખેતી કરવી, ખાતર આપવું ઇ. નો સમાવેશ થાય છે. **dr. feeds.** ભૂસું, ઘાસ ઇ. જેવાં સૂકાં ખાણ. **dr. fruit.** સખત ફલાવરણ ધરાવતું ફળ, સૂકો મેવો. **dr. gangrene.** લોહી નહિ મળવાના પરિણામે સુકાઈ કે મરી જતી પેશી. **dr. habitat.** શુષ્ક નિવાસ સ્થાન. **dr. hand milking.** આંચળમાંથી પૂરેપૂરું દૂધ દોહવાઈ જાય તે રીતે દોહવું. **dr. heat.** ઓછા ભેજ-વાળી ગરમ હવા. **dr. land.** કુદરતી વરસાદ (સિંચાઈના નહિ)ના પાણીથી પાક વાવવામાં આવતો હોય તેવી જમીન. (૨) વેરાન કે અર્ધ-વેરાન વિસ્તાર, મરુભૂમિ. **dr. land. farming.** જુઓ *dry farming*. **dr. mash.** કોઈપણ પ્રકારના પ્રવાહીને ઉમેર્યા વિનાજ પીસેલા ધાન્ય કે અન્ય ખાદ્ય પેદાશનું મરઘાં-બતકાં માટેનું ખાણ. **dr. matter.** શુષ્કદ્રવ્ય. **dr. milking.** જુઓ *hand milking*. **Dr. Northern Wheat Region.** સૂકો ઉત્તરનો ઘઉંનો પ્રદેશ; પંજાબ, ઉત્તર પ્રદેશ, પશ્ચિમ મધ્યપ્રદેશ અને રાજસ્થાનના કેટલાક વિસ્તારો સમેત ભારતના ઉત્તરના ઘઉં ઉગાડતા વિસ્તારો, જેને કૃષિસંશોધન માટે વર્ગીકૃત કરવામાં આવે છે; જેમાં વાર્ષિક વરસાદ 762 મિ. મી. કરતાં ઓછો પડે છે, જેની જમીન જલોઢ માટીની બનેલી હોય છે અને જેમાં ઘઉં, જવ, ચણા, મકાઈ અને કપાસનો મુખ્ય પાક થાય છે. **dr. salt curing.** મીઠામાં ચામડાંને રાખી હવામાં સૂકવવાની પ્રક્રિયા. **dr. season.** ઓછામાં ઓછા વરસાદવાળી ઋતુ. **dr. substance.** સૂકું દ્રવ્ય–પદાર્થ. **dr. weight method.** કોઈપણ પદાર્થના ભેજયુક્ત દ્રવ્યને બાદ કર્યા પછી તેનું વજન કરવાની પદ્ધતિ, નિર્જલ શુષ્ક તોલ પદ્ધતિ. **dr. wood termite.** સૂકા લાકડામાં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વસાહત જમાવનાર ઊધઈ. **drying oil.** 120 ઉપરાંત આયોડીન મૂલ્ય ધરાવતું તેલ, જે ખુલ્લું રાખતા રાખ–રેઝિન જેવું સુકાઈ જાય છે અને જેને લિનોલિયમ ઇ. માટે ઉપયોગમાં લેવામાં આવે છે. આવા તેલમાં અળશીના તેલ જેવા તેલનો સમાવેશ થાય છે.

**dryad.** છાયા આપતી વનસ્પતિ.

**duab.** જુઓ *doab.*

**Duabanga** *sonneratioides* **Buch.-Ham** (Syn. **D.** *grandiflora* **Walp).** આસામ, ખાસી ટેકરીઓ, બંગાળ, મણિપુર અને આંદામાન નિકોબારમાં થતું મોટું ઝાડ, જેનાં ફળ ખાદ્ય છે અને જેના કાષ્ઠની ચાની પેટીઓ અને હોડકાં બનાવવામાં આવે છે.

**dual-purpose cattle breeds.** બેવડા હેતુવાળી ઢોરની ઓલાદ, જેમની માદા દૂધ આપે છે અને નર ભારવહન અને ખેતી કરવામાં ઉપયોગી બને છે. આવી ઓલાદમાં હરિયાણા, કાંકરેજ ઇ. પ્રકારનાં પ્રાણીઓનો સમાવેશ થાય છે. **du.-p. fowl.** સારી સંખ્યામાં ઈંડાં અને ઊંચાં પ્રકારનું માંસ આપનાર મરઘાં-બતકાંની ઓલાદ, જેમાં રોડ-આઈલૅંડ, પ્લિમથ રૉક, ન્યૂહૅમ્પશાયર ઇ.નો સમાવેશ થાય છે.

**Duchesnea** *indica* **Focke** (Syn. *Fragaria indica* **Andr.**). બારમાસી શાકીય વનસ્પતિ. જે મોટાભાગે સમશીતોષ્ણ હિમાલય, પંજાબ, આસામ, ખાસી ટેકરીઓ અને નીલગિરિમાં થાય છે અને જેનાં ફળ ખાદ્ય છે.

**duck.** બતક; *Anatidae* કુળનું માંસ અને ઈંડાં માટે ઉછેરવામાં આવતું પક્ષી. (૨) માદા બતક. **du. foot.** રોગના કારણે ખરી પહોળી બની જાય તેવો પશુના પગનો આકાર. **du. footed.** પાછલી આંગળી આગળ તરફ લઈ જનાર પક્ષી સંબંધી. **du.-weeds.** તરતી વનસ્પતિનો સમૂહ. **du.-wheat.** ઠાંઠેરી બાક પ્રકારના ઘઉં. **duckling.** બતકનું બચ્ચું.

**duct.** વાહિની, નલિકા, નાડી. (૨) પ્રવાહી કે ગમે તે દ્રવ્યનું વહન કરતી નળી. (૩) સંપર્ક સ્થાને દીવાલ ગુમાવનાર કોષોની શ્રેણી. **ductless glands.** નાલિકારહિત ગ્રંથિઓ. સ્રાવ માટે જેને નળીઓ હોતી નથી અને જે પોતાનો સ્રાવ સીધોજ લોહી કે લસિકામાં ઠાલવે છે તેવી ગ્રંથિઓને અંગ્રેજીમાં *Endocrine glands* એટલે અંતઃસ્રાવી ગ્રંથિઓ કહેવામાં આવેછે. આમ સીધે સીધો જ ઠલવાતો અંતઃસ્રાવ શરીરમાં પરિભ્રમણ કરે છે. આવા પ્રકારની ગ્રંથિઓમાં ગલ (*thyroid*), ઉપગલ, (*parathyroid*), પીયૂષ (*pituitary*), બાલ્ય (*thymus*), અધિવૃક્ક (*adrenal*) ઇ. ગ્રંથિઓનો સમાવેશ થાય છે. **ductule.** નાની નલિકા; ઝીણી સૂત્રાકાર નલિકાનો અંત્ય છેડો.

**dudhiakalmi.** *Ipomoea alba* **L.** (**I.** *bona-nox* **L.**). દૂધિયાકલમી નામની શોભાની વનસ્પતિ.

**due.** આદેય, દેયું.

**dufan.** બે પંક્તિક બી વાવવાની શારડી.

**Duke of York.** પીચનો એક પ્રકાર.

**dulari.** કુમળા છોડની આંતરખેડ માટેનું સાધન.

**dumb rabies.** હડકવાનો એક પ્રકાર.

**dummy.** મધપૂડામાં લાકડાનો પડદો, જેથી મધમાખનું દુશ્મનોથી રક્ષણ થાય છે. (૨) કૃત્રિમ વીર્ય સ્થાપન માટે નરપ્રાણીનું વીર્ય એકઠું કરવા માટે માદાની યોનિની ગરજ સારે તેવી લાકડાની માદા પ્રાણીનો દેખાવ આપે તેવી અને ઘણી વાર જેના પર માદા પ્રાણીનું ચામડું ઓઢાડેલું હોય તેવી કૃત્રિમ માદા.

**Dun.** પશુનો એક પ્રકારનો રંગ.

**Duncan.** ગ્રેપફ્રૂટનો એક પ્રકાર.

**dune.**, **sand d.** રેતીનો ઢૂવો.

**dung.** છાણ, ગોબર. (૨) પશુ કે પક્ષીનું ઉત્સર્જિત દ્રવ્ય.

**dunnage.** ભંડારોમાં, કોથળાના ઢગલા હેઠળ પાથરવામાં આવતું ઘાસ, રેતી, જાળી ઇ.

**duodenum.** ગ્રહણી. આદ્યાંત્ર. (૨)

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સસ્તન પ્રાણીઓનાં નાના આંતરડાનો, જઠર પૂરું થાય ત્યાંથી શરૂ થતો અને મધ્યાંત્ર આગળ છેડો ધરાવતો ભાગ.

**duplex.** દ્વિ-પ્રભાવક.

**duplicate factor.** સમગુણક કારક. **du. gene.** સમગુણક જનિન. **duplication.** પ્રતિરૂપ, નકલ, દ્વિગુણીકરણ, સમગુણન.

**duramen.** ઝાડના થડનો મધ્યનો, કાળો, સખત ભાગ, કેન્દ્રસ્થ કાષ્ઠ.

**Duranta** *repens* **L.** (Syn. *D. plumieri* **Jacq.**). એક ક્ષુપ અથવા નાનું ઝાડ, જે વાડ બનાવવાના ઉપયોગમાં આવે છે.

**durian.** 80-100 ફૂટ ઊંચું થતું, કાંટાળુ, સ્વાદિષ્ટ ફળવાળું મલાયાનું ઝાડ, જેનાં કાચા ફળને રાંધી તેનું શાક બનાવવામાં આવે છે.

**Durio** *zibethinus* **Murr.** મૂળ મલાયાનું પણ અહીં નીલગિરિમાં થાય છે અને જેનાં ફળનું શાક બને છે.

**durra.** જુવાર.

**durum wheat.** જેની મેકેરોની નામની વાનગી બની શકે તેવો લોટ આપનાર ઘઉંનો પ્રકાર; *Triticum durum* **Desf.** ડુરમ ઘઉં, મોટા ભાગે આ પ્રકારના ઘઉં મહારાષ્ટ્રમાં થાય છે.

**durva.** ધરો ઘાસ, દુર્વા; હિંદુઓની ધાર્મિક વિધિમાં ઉપયોગમાં લેવામાં આવતા ઘાસનો એક પ્રકાર.

**Dusehri.** ઉત્તરપ્રદેશ અને પંજાબમાં થતી લોકપ્રિય કેરીની એક જાત જેમાં ફળ લાંબું, પાતળું અને રેસાવિનાના રસવાળું હોય છે, રસ મીઠો અને સુવાસિત હોય છે.

**dusky cotton bug.** *Oxycarenus laetus* **Kirby.** નામનું કપાસમાં પડતું જંતુ; જેનાં બચ્ચાં જીંડવાને કોરી ખાય છે.

**dust.** ધૂળ, રજ; પવનથી ઊડી શકે તેવા માટીના ઝીણા રજકણો. (૨) જંતુઘ્ન દવાનો ભૂકો, જે વનસ્પતિ અને પ્રાણીઓ પર છાંટી શકાય છે. **du. bath.** ધૂલિસ્નાત. **du. formulation.** કોઈ જંતુઘ્ન દવામાં ટાલ્કમ-શંખજીરુ કે અન્ય યોગ્ય વસ્તુની જોઈતા પ્રમાણમાં મેળવણી, જેમાં જંતુઘ્ન દવાનું પ્રમાણ સામાન્ય રીતે ૩થી 10 ટકા હોય છે. **du. mulch.** જમીન પરથી બનાવેલી માટીની રજ.

**du. tea.** ચાની ભૂકી.

**duster.** જંતુઘ્ન અને ફૂગનાશક ભૂકો છાંટવા માટેનું હાથ-ચાલિત યાંત્રિક સાધન. **du. cum-sprayer.** *spray duster* તરીકે પણ ઓળખાતું જંતુઘ્ન પ્રવાહી અને ભૂકી એમ બે પ્રકારનાં રસાયણોનો છંટકાવ કરી શકાય તેવું સાધન.

**dutch cheese.** જુઓ *cottage cheese.*

**duty of water.** સિંચાઈના પાણીનો ઉપયોગ, પાકની સમગ્ર મોસમ દરમિયાન સતત આપવામાં આવતું એક ક્યુસેક આવરિત થતા એકરની સંખ્યા, આ સંખ્યા પાક અને જમીનનો પ્રકાર, મોસમ અને સિંચાઈની પદ્ધતિ અનુસાર ફેરવાય છે.

**Dwarapudi.** ક્રિકેટના બોલના આકારના ચીકુનો એક પ્રકાર.

**dwarf.** (૨) વામન. એક જ જાતિના અન્ય છોડ, ઝાડ કે પ્રાણીની તુલનામાં પરિપક્વ કે પ્રૌઢ બનતા નાનું કદ ધરાવનાર છોડ, ઝાડ કે પ્રાણી. (૩) રોગ, પાણીનો અભાવ, ખનિજદ્રવ્યની ઊણપ જેવાં કારણોને લીધે વનસ્પતિ કે પ્રાણીની કુંઠિત બનતી વૃદ્ધિ, પરિણામે નાનું રહેવા પામતું કદ. **dw. coconut palm.** વામન નાળિયેરી; વાવ્યા પછી માત્ર ત્રણ જ વર્ષમાં ફળ આપનાર કદમાં નાનું હોય તેવું નાળિયેરીનું ઝાડ, ઊંચી જાતના નાળિયેરીના કોપરા જેવાં આ વામન વૃક્ષના કોપરાં હોતાં નથી; આવા વામન વૃક્ષોમાં ચૌઘાટ વામન, લક્ષદ્વીપ અને માલદ્વીપ વામન, આંદામાન વામન, ઇ. વામન નાળિયેરી વૃક્ષોનો સમાવેશ થાય છે. **dw. wheat.** ભારતમાં થતા ઘઉંનો એક પ્રકાર *Triticum sphaerococcum* **Perciv.** **dwarfing.** રોગ, પાણીના અભાવ, ખનિજદ્રવ્યની અનુપલબ્ધતા, વાવવાની પ્રવિધિ ઇ. કારણોસર વનસ્પતિની થતી કુંઠિત વૃદ્ધિ. **dwarfism.** વામનતા.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**Dyscerus** *fletcheri*. સફરજનનો વેધક કીટ. **D.** *malignus*. સફરજનનો વેધક કીટ.

**Dye Reduction Test.** દૂધના નમૂનામાં જીવાણુની સક્રિયતા માટેની કસોટી. દૂધમાં જીવાણુની વૃદ્ધિ અને સક્રિયતાના કારણે દૂધમાં ઑક્સિજનના વપરાશના દરનું માપ; દૂધમાં ઑક્સિજનની સપાટીની નીચે ઊતરે ત્યારે મીથિલિન બ્લ્યૂ અથવા રેસાઝયૂરિન જેવા સૂચકોનો ઉપયોગ કરવામાં આવે છે.

**dynamic.** સક્રિયતાદર્શક કે સક્રિયતા ઉત્પાદક; ગતિશીલ. ગત્યાત્મક.

**dynamometer.** ડાયનેમોમીટર. (૨) કૃષિ સાધનના કર્ષણ અને જમીનમાં ઊતરે ત્યારે તેના જમીન તરફથી થતા અવરોધને માપવાનું સાધન.

**Dysdercus** *cingulatus*. કપાસનું રાતું ચૂસિયું છે. **D.** *koenigii*. કપાસનું રાતું ચૂસિયું.

**dysentery.** મરડો, લોહી કે શ્લેષ્મ કે બંને સાથે થતા પાતળા ઝાડા.

**dyspepsia.** અપચો. (૨) પાચનક્રિયાની ગરબડ, જે પાચનતંત્રના ગમે તે ભાગને અસર પહોંચાડે છે.

**dysphagia.** ગળવામાં-ખોરાક ગળે ઉતારવામાં નડતી મુશ્કેલી.

**dyspnea. dyspnoea.** શ્વાસ લેવામાં પડતી મુશ્કેલી, કષ્ટશ્વસન

**dystocia.** કષ્ટ પ્રસવ; બચ્ચાની પ્રસૂતિ કરવામાં ગર્ભિણી માદાને થતું કષ્ટ, મુશ્કેલી. **d., bonyosteo.** અસ્થિલ કષ્ટ પ્રસવ. **d., congenital.** જન્મજાત કષ્ટ પ્રસવ. **d., foetal.** ભ્રૂણીય કષ્ટ પ્રસવ.

**dystrophia.** દોષિત પોષણ, દોષપૂર્ણ પોષણ. **dystrophy.** દોષપૂર્ણ પોષણ.

**dysuria.** કષ્ટ મૂત્રસ્રાવ. પેશાબ કરતા થતું કષ્ટ – મુશ્કેલી.

# E

**ear.** કાન, કર્ણ, શ્રવણેંદ્રિય. (૨) ધાન્યનું કણસલું. (૩) કણસલું બનાવવું. **e.-covert.** પક્ષીના કાનને ઢાંકનાર પીંછાં. **e. -leaf** બીજપત્ર. **e. leaved.** કાન જેવાં પાંદડાંવાળી (વનસ્પતિ). **e. notcher.** ઓળખ માટે પ્રાણીઓના કાનમાં છિદ્ર પાડવાનું સાધન. **e. stage.** કણસલાં બાઝે તેવી વનસ્પતિના વિકાસની અવસ્થા. **e. tag.** ઓળખ માટે પ્રાણીના કાનને લગાડવામાં આવતી ચિઠ્ઠી.

**Earias** *fabia* **Stoll.** કપાસની ઈયળ, જે ઉગતા પ્રરોહને કોરી છોડને નુકસાન પહોંચાડે છે. **E.** *insulana*. કપાસની ઈયળ.

**early.** સામાન્ય કરતાં જેને વહેલાં ફળ પાકે અને પર્ણ આવે તેવી (વનસ્પતિ). **E. Beatrice.** પીચફળનો એક પ્રકાર, જેની છાલ ચળકતી લાલ હોય છે. **E. Drumhead.** કોબીનો સુધારેલો પ્રકાર. **e. lamb.** સમય પહેલાં જન્મેલું ઘેટાનું બચ્ચું. **E.large Red litchi.** ઉત્તર પ્રદેશમાં થતી લીચીનો એક પ્રકાર, **e. maturity.** અન્ય કરતાં વહેલા વનસ્પતિ કે પ્રાણીનો થતો વૃદ્ધિ – વિકાસ, તેમને આવી જતી વહેલી પરિપક્વતા – પ્રૌઢતા. **E. Rivers.** ભારતમાં થતી ઉત્તમ ચેરી, જેનું ફળ મોટું, સુવાસિત અને નાના ઠળિયાવાળું હોય છે, જે વહેલું ઊતરે છે અને વિપુલ પ્રમાણમાં થાય છે. (૨) એક પ્રકારનું મોટા કદનું, તૃણજેવા રંગનું સુવાસિત પીચ. **E. Shanbury.** સફરજનની મધ્યમ કદની ગોળ આકારની એક જાત, જેની છાલ સુંવાળી પીળા રંગની હોય છે. **E. Transport. Gage.** પ્લમનો એક પ્રકાર. **e. variety.** સામાન્ય સમય કરતાં વહેલું પાકતું (ફળ).

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**earth** પૃથ્વી. (૨) માટી. (૩) છોડનાં મૂળ કે તેની આસપાસ માટી લગાડવી. **e. channel.** ખેતરમાં સિંચાઈનું પાણી પહોંચાડવા કરવામાં આવતી અરેખિત માટીની ઊંડી નીકો, જેમાં પાણી પ્રસરી જવાનો ભય રહે છે અને તેની આસપાસ લીલ કે ઘાસપાત જામી ન જાય તે માટે સતત કાળજી રાખવી પડે છે. **e. nut.** કાળાજીરા નામનો *Bunium persicum* (**Boiss.**) **Fedts.** (*Carum bulbocastanum* **Clarke** non **Koch**). કાશ્મીરમાં થતો બહુવર્ષાયુ છોડ, જેનાં કંદ શાકભાજી તરીકે અને બી મસાલામાં ઉપયોગમાં આવે છે. (૨) ભોંયસિંગ. **earthing blade.** માટી પૂરવા કે ચડાવવાનું (ઓજારનું કે યંત્રનું) પાનું. **e. up.** માટી ચડાવી શકાય તેવું કરવામાં આવતું ખોડાણ.

**earthworms**, અળસિયાં, લાંબું, ભીની જમીનમાં દર બનાવી રહેતું નિશાચર, સજીવની સાથે માટી ખાનારું જંતુ, જે જમીનની ફળદ્રુપતામાં વધારો કરે છે અને ખેડૂતનું મિત્ર બનીને રહે છે. **e. cast**, અળસિયાનું ઉત્સર્જિત દ્રવ્ય – મળ.

**ear-to-row selection.** સારાં કણસલાં પસંદ કરી, તે દ્વારા સુધારેલી ખેતી કરવાની રીત.

**East African star grass**, વિશાળ, વિસ્તારમાં થતું કાયમી ઘાસ.

**Easter Beurre.** નાસપતીનો એક પ્રકાર.

**Eastern Rice Region.** પૂર્વભારતનો ચોખા પકવતો પ્રદેશ; જેમાં આસામ, પ. બંગાળ, બિહાર, ઓરિસા, પૂર્વ મધ્યપ્રદેશ, પૂર્વ ઉત્તર પ્રદેશ અને આન્ધ્ર પ્રદેશના થોડા ભાગનો સમાવેશ થાય છે અને જે સંકલિત સંશોધન કાર્ય માટે ઉપયોગી બને છે.

**Eastern Spanish sparrow.** ઘરમાખ.

**Eastern Wet Region.** આસામ, પ. બંગાળ, બિહાર, ઓરિસા, પૂર્વ-ઉત્તર પ્રદેશ, પૂર્વ તામીલનાડુ, કેરળનો બનેલો 50 ઇંચ કરતાં વધારે વરસાદ મેળવતો પશુ સંવર્ધન અને કૃષિ સંશોધન માટેનો ભારતનો મહત્ત્વનો વિસ્તાર.

**East Indian Arrowroot.** કાંજી આપતાં મૂળ ધરાવતી બિહાર, પ. બંગાળની વનસ્પતિ.

**East Indian lemon grass.** *Cymbopogon flexuosus* (**Nees** ex **Steud.**) **Wats.** (*Andropogon flexuosus* **Nees**).નામનું ઘાસ, જેનું તેલ સૌંદર્ય પ્રસાધનો અને સુગંધી દ્રવ્યો બનાવવામાં ઉપયોગી બને છે. **E.I.L.g. oil.** લેમન ઘાસમાંથી કાઢવામાં આવતું વેપારી દૃષ્ટિએ ઉપયોગી તેલ, જે કોચીન તેલથી પણ ઓળખાય છે, જેમાં 70 ટકા આલ્કોહોલ હોય છે અને જે સૌંદર્ય પ્રસાધનો અને સુગંધી દ્રવ્યો બનાવવામાં ઉપયોગી બને છે.

**East Indian lotus.** કમળ; *Nelumbo nucifera* **Gaertn.** (*Nymphaea nelumbo* **L.**; *Nelumbium speciosum* **Willd.**). જલીય વનસ્પતિ, જેનાં મૂળ, બી, કુમળાં પાન ખાદ્ય છે.

**eau-de-cologn.** કોલનવોટર.

**ebans.** અબનૂસ.

**ecbolic.** શીઘ્ર પ્રસવકારી દ્રવ્ય.

**Ecbolium** *linneanum* **Kurz** (*E. dentalia* **Clarke**). બગીચામાં થતો એક ક્ષુપ.

**eccentric.** અપકેન્દ્રીય.

**ecdysis.** ત્વક્નિર્મોચન. નિર્મોચન, અપાવરણ, આવરણના બાહ્ય સ્તરને દૂર કરવાનું કૃત્ય

**ecesis.** સુસ્થિતિ. (૨) વનસ્પતિ અંકુરિત અને, વૃદ્ધિ પામે અને પ્રજનન કરી શકે તેવી રીતે નવા પર્યાવરણમાં તેનું થતું અનુકૂલન.

**Echhornia** *crassipes* **Solms.** બહુ વર્ષાયુ,તરતી, મૂળધારી, જલીય વનસ્પતિ, જે મોટા ભાગે તળાવો, ખાડીઓ, નહેરો અને ધીમી વહેતી નદીમાં જોવા મળે છે અને જે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ. બંગાળના ડાંગરના પાકને ભારે નુકસાન કરે છે.

**echinate.** કાંટાળું, કાંટાવાળું.

**Echinochloa** *colona* (**L.**) **Link.** (Syn. *Panicum colonum* **L.**). સામો; તૃણકુળનો મોટા ભાગે મહારાષ્ટ્ર અને આન્ધ્ર પ્રદેશમાં થતો ઘાસચારો, જેના દાણા – સામો ખાઉતની અવસ્થામાં લોકો ખાય છે. **E.** *crusgalli* (**L.**) **Beauv.** (Syn. *Panicum crusgalli* **L.**). સામો ઘાસ: તૃણકુળની મહારાષ્ટ્ર અને આન્ધ્ર પ્રદેશમાં થતી વનસ્પતિ, જે ઘાસચારા અને ધાન્ય પાક તરીકે વાવવામાં આવે છે. **E.** *frumentacea* (**Roxb.**) **Link.** Syn. *Panicum crusgalli* **L.** var. *frumentaceum* **Roxb.**). તૃણકુળની ઉત્તરપ્રદેશ અને મધ્યપ્રદેશમાં થતી વનસ્પતિ, જે ઘાસચારા અને ધાન્ય પાક તરીકે વાવવામાં આવે છે. **E.** *stagnina* (**Retz.**) **P. Beauv.** તૃણકુળનો ઘાસચારો, જેનાં બી ખવાય છે, પ્રકાંડ સ્વાદે મીઠું અને ઢોરને તે બહુ ભાવે છે.

**Echinops** *echinatus* **Roxb.** શૂળિયો ડકટો.

**Echites** *caryophyllata* **Roxb.** માલતીની વેલ. **E.** *dichotoma* **Roth.** માલતી.

**eclampsia.** ગર્ભ અપસ્માર (૨) ગર્ભક્ષેપ

**eclipta** *erecta* **L.** ભાંગરો.

**ecobiotic adaptation.** ચોકસ નિવાસસ્થાનમાં ચોકસ જીવન ઢબનું અનુકૂલન. **ecoclimatic adaptation.** કોઈ ચોક્સ વિસ્તારના ભૌતિક અને આબોહવાકીય સંજોગોમાં સધાતું અનુકૂલન. **ecological.** પર્યાવરણીય. (૨) પ્રાણીઓ અને વનસ્પતિના પર્યાવરણ કે નિવાસસ્થાનને લગતું. **e. endemics,** પરિસ્થિતિકીય – પર્યાવરણીય નિવાસી. **e. factors.** પર્યાવરણીય – પારિસ્થિતિક કારકો. **e. unit.** પારિસ્થિતિક ઘટક. **Ecology.** પરિસ્થિતિ વિજ્ઞાન. વનસ્પતિ અને પ્રાણીઓનો તેમના પર્યાવરણના સંબંધમાં કરવામાં આવતો અભ્યાસ.

**ecosystem.** નિવસનતંત્ર **ecotype.** ચોકસ પ્રકારના પર્યાવરણના વાતાવરણથી વનસ્પતિમાં આવતું પરિવર્તન.

**economic.** આર્થિક. **e. adjustment.** આર્થિક સમાયોજન. **e. botany.** આર્થિક વનસ્પતિવિજ્ઞાન. **e. capacity.** આર્થિક ક્ષમતા. **e. character.** આર્થિક લક્ષણ. **e. class.** આર્થિક વર્ગ. **e. effect.** આર્થિક પ્રભાવ. **e. efficiency.** આર્થિક દક્ષતા. **e. end.** આર્થિક પ્રયોજન – ઉદ્દેશ. **e. enquiry.** આર્થિક તપાસ. **e. entmology.** માણસને થતા નુકસાનને દૂર કરનાર અને તેના લાભમાં વધારો કરનાર જંતુશાસ્ત્રની એક શાખા. **e. function.** આર્થિક કાર્ય. **e. goods.** આર્થિક – મૂલ્યવાન પદાર્થો. **e. holding.** લાભકારક જમીનનું ખાતું. **e. ideal.** આર્થિક આદર્શ. **e. interest.** આર્થિક હિત. **e. motive.** આર્થિક પ્રયોજન. **e. need.** આર્થિક આવશ્યકતા. **e. phase.** આર્થિક અવસ્થા. **e. poison.** ગમે તે જંતુઘ્ન કે ફૂગનાશક રસાયણો. **e. policy.** આર્થિક નીતિ. **e. problem.** આર્થિક સમસ્યા. **e. productivity.** આર્થિક ઉત્પાદકતા. **e. recovery.** આર્થિક ઉપલબ્ધિ. **e. reform.** આર્થિક સુધારણા – સુધારો. **e. sense.** આર્થિક દૃષ્ટિકોણ. **e. stability.** આર્થિક સ્થિરતા. **e. status.** આર્થિક દરજ્જો. **e. structure.** આર્થિક માળખું. **e. transition.** આર્થિક સંક્રમણ – સંક્રાંતિ સમય. **e. unit.** લાભકારી એકમ. **e. yield.** લાભકારી ઊપજ. **Economics.** અર્થશાસ્ત્ર.

**ecto-.** બાહ્ય અર્થસૂચક પૂર્વગ.

**ectoblast.** બાહ્ય પડ, બાહ્યાવરણ.

**ectoderm.** બહુકોષી પ્રાણીનું બાહ્યાવરણ. (૨) ઉચ્ચ કોટિના સસ્તનોનું અધિચર્મ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ectoparasite.** ચાંચડ, જૂ. ઇ. જેવાં પ્રાણીના બાહ્ય અંગ પર થતા પરજીવીઓ.

**ectophloic siphonost.** બાહ્ય અન્તવાહિની નળાકાર.

**ectophyte.** બાહ્ય વાનસ્પતિક પરજીવી.

**ectoplasm.** બાહ્ય જીવરસ, બાહ્ય કોષ રસ. બાહ્ય કોષ દ્રવ્ય.

**ectosite.** બાહ્ય પરજીવી.

**ectotrophic.** બાહ્ય પોષક; આવૃત બીજધારી વનસ્પતિના મૂળની બહારનું કવક મિસીતંતુ અંગેનું. **e. mycorrhiza.** બાહ્ય પોષક કવક મિસીતંતુ.

**ectozoan.** બાહ્ય પ્રાણીપરજીવી.

**eczema.** ખરજવું. (૨) બિનપરોપજીવી ચામડીનો એક રોગ, જેમાં ચામડીને ખૂજલી આવ્યા કરે, સોજો આવે, ઝીણી ઝીણી ફોલ્લીઓ થાય, રસ સ્રવે, વાળ ખરી પડે. (૩) વિશિષ્ટવશ્યતા (*allergy*), પ્રકાશ સંવેદનશીલતા, રસાયણો પ્રત્યે અતિ સંવેદિતા, આળાપણું, દોષપૂર્ણ ખોરાક ઇ. આ રોગ થવાનાં કારકો છે.

**edaphic.** પર્યાવરણીય પ્રભાવથી ભિન્ન વનસ્પતિની વૃદ્ધિ અંગે જમીન અને તેવા પ્રકારના માધ્યમોના પ્રભાવ અંગેનું. **edaphology.** ભૂમિવિજ્ઞાન. (૨) વનસ્પતિનાં વૃદ્ધિ–વિકાસની સાથે સંબંધ ધરાવતા ભૂમિવિજ્ઞાનનાં અંગો, વિવિધ પ્રકારની જમીનો અને જમીનોના માનવી દ્વારા થતા ઉપયોગ સમેત જીવંત વસ્તુઓ વચ્ચેના સંબંધોનો વૈજ્ઞાનિક અભ્યાસ.

**EDCT.** ઈથિલીન, ડાઈક્લોરાઇડ અને કાર્બન ટેટ્રાક્લોરાઇડનું 75 :25ના પ્રમાણમાં મિશ્રણ, જે પ્રવાહી રૂપમાં મળે છે, બાષ્પશીલ છે અને જે ધૂમાડો કરવામાં ઉપયોગમાં લેવામાં આવે છે.

**Edgeworthia** *buxifolia* **Falc.** ખાદ્યફળનું નાનું ઝાડ, **E.** *tomentosa* (**Thunb.**) **Nakai** (Syn. *E. gardnery* (**Wall.**) **Meissn.**). આસામ અને મણિપુરનો શોભાનો ક્ષુપ જેના અંતઃ રેસાના કાગળ બનાવવામાં આવે છે.

**edible.** ખાદ્ય. ખાવાને યોગ્ય. **e. amaranth.** *Amaranthus tricolor* **L.** (*Amaranthus gangeticus* **L.**). કૂંડામાં વાવવામાં આવતી વનસ્પતિ, પ્રજીવકો 'બી' અને 'સી' ધરાવતી વનસ્પતિ, જે પંજાબ. આસામ, મહારાષ્ટ્ર અને તામીલનાડુમાં થાય છે **e. oil.** માણસોના ખાવામાં કામ લાગતું વાનસ્પતિક તેલ. **e. passion fruit.** મૂળ બ્રાઝિલની *Passiflora edulis* **Sims.** નામની નીલગિરિમાં થતી ફળધારી વનસ્પતિ.

**eelworm.** એક પ્રકારની ઈયળ. **e. disease.** મૂળગાંઠનો કૃમિથી થતો રોગ.

**effloresce.** કલિકા સર્જન. (૨) હવામાં ખુલ્લું રાખવાથી થતો ભૂકો. (૩) સપાટી પર આવું સ્ફટિકમય બનાવવું.

**efflorescence.** પુષ્પોદ્ભવ. (૨) ખુલ્લી જમીનની સપાટી પર કોઈપણ દ્રાવ્ય લવણની પોપડી કે આવરણ, જે જમીન પરના ભેજના બાષ્પીભવનથી થાય છે.

**effluent.** મોટો પ્રવાહ. (૨) સરોવર, ગટરની ટાંકી ઇ.માંથી વહેતે પ્રવાહ. (૩) ગટરનું ગંદુ પાણી.

**effoliation.** પર્ણપાત.

**egg.** ઈંડું, અંડ. (૨) વનસ્પતિમાં પકવમાદા જનન કોષ, બીજાંડ. (૩) માદા પ્રાણીમાં અંડ, જે ફલિત થતા ભ્રૂણ – ગર્ભનું રૂપ ધારણ કરે છે. (૪) પક્ષીઓ. સરીસૃપો અને કેટલીક પ્રાણી જાતિઓની માદાઓએ પેદા કરેલો અંડાકાર પ્રજનન દેહ, જે ચૂનામય આવરણ અથવા મજબૂત કલામાં ઢંકાયેલો હોય છે અને જેમાં બચ્ચું વિકાસ પામે છે. **e., fertilized.** ફલિતાંડ. **e. albumen.** ઈંડાની સફેદી. **e. albumin.** ઈંડાનું એલ્બ્યુમિન દ્રવ્ય. **e. apparatus.** અંડોપકરણ. **e. bound.** ઈંડાને બહાર આવવા માટેનો માર્ગ પૂરતો પહોળો થાય તે અગાઉ નાની મરઘી પહેલીવાર બળપૂર્વક ઈંડા મૂકવાનો પ્રયત્ન કરે ત્યારની તેની દેહધર્મીય

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અવસ્થા. જે દરમિયાન મરઘી બેચેન બને છે, અંડનલિકા ગુદામાર્ગે કે અવસારણીમાં ઊતરી આવે છે અને છેવટે મરઘીનું મરણ થાય છે. આના ઉપાય તરીકે અંડમાર્ગમાં આંગળીએ ઘુસાડી ઈંડાને બહાર કાઢવામાં આવે છે. **e. candling.** ઈંડાની પરીક્ષા કરવા મીણબત્તીના પ્રકાશનો થતો ઉપયોગ. **e.-case.** ઈંડાના પરિવહન માટે સગવડકારક ઈંડાં મૂકવાની પેટી. **e. cell.** (૨) અંડકોષ; પ્રાણીઓ અને વનસ્પતિઓનો માદા પ્રજનન કોષ, માદા જન્યુકોષ. **e.-cycle.** સાતત્યનો ભંગ થયા વિના સતત ઈંડાં મૂકવાની સક્રિય ઘટના. **e. flat.** પેટીમાં ઈંડા ભાંગે નહિ તે માટે નીચલો ઈંડાનો થર થયા બાદ તે પર મૂકવામાં આવતું પૂઠા કે કાગળનું સ્તર. **e. grader.** પ્રકાર કે વર્ગ અનુસાર ઈંડાને છૂટાં પાડવાનું સાધન, જેમાં ફરતા પટ્ટાના કાર્યથી ક્રમાનુસાર ઈંડાનું વર્ગીકરણ થાય છે. **e. killing wash.** ઈંડાનો નાશ કરતો છંટકાવ. **e. laying.** મરઘી કે માદા મધમાખ ઈંડા મૂકે તે. **e.-membrane.** ઈંડાના કોચલાનું સખત પેશીનું આવરણ, અંડકલા. **e. plant.** વેંગણી, રીંગણાં, રીંગણ. **e. producing station.** અંડોત્પાદક મથક. **e. production.** અંડોત્પાદન. **e. shell.** ઈંડાનું કોચલું; ઈંડાનું બહારનું પાતળું, સખત, બરડ આવરણ, જે મુખ્યત્વે કેલ્શિયમ કાર્બોનેટનું બનેલું હોય છે, જેથી અંડદ્રવ્ય રક્ષાય છે, કોચલામાં હજારો સૂક્ષ્મ નળાકાર છિદ્રો હોય છે, જેના બે સ્તર હોય છે: એક પાતળું ચાડું સખત બહારનું સ્તર અને બીજું અંદરનું ખુલ્લું તથા દાણાદાર સ્તર. **e.-tooth.** ગર્ભસ્થ બચ્ચાના ઉપલા જડબાનો નાનકડો અણીદાર ભાગ કે ચાંચ, જે વડે તે કોચલાને તોડીને કોચલાની બહાર આવે છે. **e. tree.** *Garcinia xanthochymus* **Hook. f.** (*G. tinctoria* **Dunn.**). નામનું ઓરિસા, મહારાષ્ટ્ર, કર્ણાટક અને નીલગિરિમાં થતું ખાદ્ય ફળવાળું ઝાડ, જેનાં કાચાં ફળ રંગકામમાં ઉપયોગી બને છે. **e. tube.** અંડવાહિની. **e. type fowl.** લેગોર્ન, માઇનોર્કા, એન્કોના, કેમ્પિન જ. જેવી મોટાં ઈંડાં આપતી મરઘીનો પ્રકાર. **e. white.** ઈંડાની સફેદી. **e.-yolk.** ઈંડાની જરદી; મરઘીની ઈંડાનો મધ્યસ્થ પીળો ભાગ, જેમાં અંડકોષ હોય છે.

**Egyptian** ઇજિપ્તનું. **E. clover.** ઉત્તર ભારતમાં થતું ઘાસ. **E. cotton.** ઇજિપ્શિયન રૂ – કપાસ; કાર્પાસાદિકુળનો *Gossypium arboreum* **L.** var. *nadam* (**Watt**) **Prokh;** (*G. barbadense* **L.**). નામનો કેરળ અને કર્ણાટકમાં થતો કપાસનો છોડ; જેનું મૂળ વતન અમેરિકા છે; જે કપાસ, દેવ-કપાસ તરીકે પણ ઓળખાય છે. **E. henna.** મેંદી. **E. indigo.** *Indigofera articulata* **Gouan.** (*I. argentea* **L.** var. *caerulea* **Baker**). અડબાઉ ગળી નામનો ક્ષુપ, જે ઘાસચારા માટે ઉપયોગમાં આવે છે. **E. onion.** ડુંગળીનો એક પ્રકાર. **E. privet.** મેંદી.

**Ehretia** *acuminata* **R. Br.** ખાદ્ય ફળ ઝાડ.

**Eichhornia** *crassipes* **Solms.** જળકુંભી.

**ejaculate.** પ્રક્ષેપિત વીર્ય. (૨ શરીરમાંથી વીર્ય બહાર કાઢવું, તેનું નિષેચન કરવું. **ejaculation.** વીર્યનું પ્રક્ષેપન – સ્ખલન. **ejaculatory ducts.** મૂત્રનળીમાંનું છિદ્ર, જે દ્વારા પ્રક્ષેપન દરમિયાન શુક્ર પસાર થાય છે, શુક્રવાહિની.

**ekdania.** *Bridelia retusa* **Spreng.** નામનું રાજસ્થાન, મધ્યપ્રદેશ, બિહાર અને પશ્ચિમ ભારતમાં થતું એક વૃક્ષ, જેની છાલ ચામડાં કમાવવાના કામમાં આવે છે અને પાનનો ચારો બને છે.

**eksali.** ડિસેમ્બરથી એપ્રિલના ગાળામાં વાવવામાં આવતી શેરડીનો પ્રકાર.

**Elaeagnus** *angustifolia* **L.** (Syn. *E. hortensis* **Bieb**). રુદ્રાક્ષફળનો પ.

For Private and Personal Use Only

હિમાલય અને કાશ્મીરમાં થતો ખાદ્યફળ-ધારીક્ષુપ. **E.** *latifolia* **L.** આન્ધ્રપ્રદેશ, ખાસી ટેકરીઓ અને પશ્ચિમ ઘાટમાં થતી ખાદ્યફળ ધારી વનસ્પતિ. **E.** *umbellata* **Thunb.** મણિપુર અને કાશ્મીરમાં થતી ખાદ્યફળની વનસ્પતિ.

**Elaeis** *guineensis* **Jacq.** મૂળ આફ્રિકાનું, હવે કેરળમાં થતું તાડનું ઝાડ, જેનાં ફળમાંથી કાઢવામાં આવતું તેલ સાબુ, માર્ગેરીન અને તથા ડીઝલથી ચાલતી મોટર ગાડીઓ માટેનું બળતણ બનાવવામાં ઉપયોગી બને છે; જે ઑઈલ પામ તરીકે પણ ઓળખાય છે.

**Elaeocarpus** *floribundus* **Blume.** જલપાઈ; આસામ અને પ. બંગાળમાં થતું ખાદ્યફળનું ઝાડ. **E.** *ganitrus* **Roxb.** રુદ્રાક્ષનું ઝાડ. **E.** *lanceaefolius* **Roxb.** રુદ્રાક્ષાદિ વર્ગનું ખાસી ટેકરીઓ અને આસામમાં થતું ઝાડ, જેનાં ફળની માળા અને બટન બનાવવામાં આવે છે. **E.** *serratus* **L.** જલપાઈ; કાનડા અને કેરળમાં થતુંખાદ્ય ફળધારી ઝાડ. **E.** *sphaericus* **(Gaertn.). K. Schum.** (Syn. *E. ganitrus* **Roxb.**). રુદ્રાક્ષ, બિહાર, પ. બંગાળ, આસામ અને મધ્ય પ્રદેશમાં થતું ઝાડ, જેના કાષ્ઠફળની માળા, બેરખા, અને બટન બનાવવામાં આવે છે અને જેનાં ફળ ખાવામાં આવે છે. **E.** *tuberculatus* **Roxb.** કેરળમાં થતું એક ઝાડ, જેના કાષ્ઠફળની માળા બનાવવામાં આવે છે.

**elastic.** પ્રત્યાસ્થ, સ્થિતિસ્થાપક. **elasticity.** પ્રત્યાસ્થતા, સ્થિતિસ્થાપકતા.

**elastin.** પ્રાણીના કંકાલ માળખા તથા સંયોજક પેશીમાં રહેલા પ્રોટીનનો એક પ્રકાર, જેમાં જીલેટિન અને કોલેજનનો સમાવેશ થાય છે.

**Elate** *sylvestris*. જંગલી ખજૂર.

**Elberta.** પીચ ફળનો એક પ્રકાર.

**electric** વિદ્યુત્.(૨) વીજ અર્થસૂચક પૂર્વગ. **e. brooder.** વીજળીથી ગરમ કરવામાં આવતું ઈંડાં સેવવાનું સાધન. **e. charge.** વીજભાર. **e. circuit.** વિદ્યુત્ પરિપથ. **e. current.** વીજ-વિદ્યુત્ પ્રવાહ. **e. field.** વીજ-વિદ્યુત્ ક્ષેત્ર. **electricity.** વીજળી. **electro-** વિદ્યુત્ અર્થસૂચક પૂર્વગ. **electro-culture.** વીજ સંવર્ધન. **e.c. experiment.** વીજ સંવર્ધન પ્રયોગ.

**electrode.** વીજાગ્ર, ઇલેક્ટ્રોડ.

**electrolysis.** વિદ્યુત્ વિશ્લેષણ.

**electron.** વીજાણુ, ઇલેક્ટ્રોન. **e. microscope.** ઇલેક્ટ્રોન સૂક્ષ્મદર્શક.

**electro-osmosis.** વીજ રસાકર્ષણ.

**electrophoresis.** વિદ્યુત્ સંચાર, વિદ્યુત્ ક્ષેત્રના પ્રભાવ હેઠળ લટકતા કણોનું સંચાલન.

**electrostatic bond.** સ્થિરવીજ બંધન.

**electro-valency.** વીજ સંયોજકતા.

**electuary.** મધ જેવી કે ઘન અવસ્થા થઈ શકે તેવી રીતે જેઠીમધ-લિકોરાઈટનાં મૂળનો ભૂકો, ગોળ, ચાસણી કે એવી પેદાશની સાથે ઓષધનું મિશ્રણ.

**element.** તત્ત્વ, મૂળભૂત રાસાયણિક તત્ત્વ. **e., deficient.** અપૂર્ણ તત્ત્વ. **e., essential.** આવશ્યક તત્ત્વ. **e., major.** મુખ્ય તત્ત્વ. **e., minor.** ગૌણ તત્ત્વ. **e., rare.** વિરલ તત્ત્વ.

**elemental.** તત્ત્વીય, તત્ત્વને લગતું. (૨) શુદ્ધ, મૂળ સ્વરૂપ ધરાવતું, મૂળ સ્વરૂપનું. **e. nitrogen.** શુદ્ધ નાઇટ્રોજન. **e. sulphur.** શુદ્ધ ગંધક, (૨) ઊભ[illegible]ના નિયંત્રણ માટે ઉપયોગમાં લેવામાં આવતો ગંધકનો ભૂકો.

**Eleocharis** *dulcis* **(Burm. f.) Trin.** ex **Henschel** Syn. *E. plantagineus* **(Retz.) Roem. & Schult.** *E. tuberosa* **Schult.**). ઉત્તરપ્રદેશ, બિહાર, પ. બંગાળ આસામ અને ઓરિસામાં થતી ખાદ્ય કંદવાળી શાખીય વનસ્પતિ.

**elephant.** હાથી **e. apple.** *Dillenia indica* **L.** કરંબલ નામનું હિમાલય,

આસામ, પ. બંગાળ, મધ્યપ્રદેશ અને દ. ભારતમાં થતું મધ્યમકદનું ખાદ્ય ફળફૂલવાળું વૃક્ષ. (૨) જુઓ *bael* અને *wood apple*. **e.ear.** અળવી; વાઆદિકુળની *Colocasia esculenta* (**L.**) **Schott.** (*C. antiquorum* **Schott.**). નામની ખાદ્ય કંદવાળી વનસ્પતિ, જેનાં પાન – પત્તરવેલિયા શાકભાજી તરીકે ઉપયોગમાં આવે છે, મૂળ ફ્રમિન્ન છે. **e. foot yam.** સૂરણ; *Amorphophallus campanulatus* (**Roxb.**) **Blume** ex. **Donc** (*Arum campanulatum* **Roxb.**). નામની ખાદ્ય કંદધારી વનસ્પતિ, જે ગુજરાત, મહારાષ્ટ્ર, પ. બંગાળ, કેરળ, તામીલનાડુ અને ઉત્તરભારતમાં થાય છે. **e. grass.** હાથીતૃણ; તૃણકુળનું *Pennisetum purpureum* **Schum.** નામનું મૂળ દ. આફ્રિકાનું ઘાસ.

**Elephantopus** *scaber L.* ભોંયપાત્રી, ખરસટ, ગળજીભી.

**Elettaria** *cardamomum* **Maton.** નાની ઈલાયચી, એલચી; કેરળ, કર્ણાટક, મહારાષ્ટ્ર, આસામ અને તામીલનાડુમાં થતો એલચીનો છોડ, જેના દાણા ખાદ્ય વસ્તુઓને સુવાસિત બનાવવા, મસાલા તરીકે, ઔષધ માટે અને ઉત્તજના માટે ઉપયોગમાં લેવામાં આવે છે.

**Eleusine** *aegyptiaca* **Desf** (**L.**) બહુવર્ષાયુ શાકીય વનસ્પતિ, જેનાં બી ખાવાના કામમાં આવે છે અને ઘાસનો ઘાસચારો બને છે. **E.** *coracana* (**L.**) **Gaertn.** નાગલી. આન્ધ્રપ્રદેશ, તામીલનાડુ, કર્ણાટક, ઓરિસા, બિહાર, ઉત્તરપ્રદેશ અને મહારાષ્ટ્રમાં થતી શાકીય વનસ્પતિ, જે દ. ભારતના ખેડૂતોના મુખ્ય ખોરાકી તત્ત્વની ગરજ સારે છે; ઉત્તરભારતની ડુંગરાળ કોમો પણ તે ખાય છે; તેની ભાખરી અને મીઠાઈ પણ બને છે. ડુંગરાળ કોમો તેના દાણાનો દારૂ બનાવે છે; અંકુરિત દાણા આમટાં પરથી વાળ દૂર કરવા અને આમડાં કમાવવા ઉપયોગમાં આવે છે. **E.** *indica* (**L.**) **Gaertn.** અડબાઉ નાગલી, અડબાઉ આમણ. ભારતભરમાં થતા ઘાસચારાનો એક પ્રકાર.

**elevation.** (૨) ઊંચાઈ, ઉત્સેધ, ઉન્નયન. (૩) દરિયાની સપાટીથી ઊંચાઈ.

**elevator.** નીચા સ્થાન પરથી ઊંચા સ્થાન પર વસ્તુઓ કે વ્યક્તિઓને ચડાવવાનું સાધન – યુક્તિ લિફ્ટ. (૨) અનાજનું ગોદામ.

**elimination.** વિલોપન, નિરસન, અપનયન.

**elixir.** સુરભિત રસ.

**elliptical.** લંબગોળ, દીર્ઘવલયિત, અંડાકાર.

**elongation.** દીર્ઘીકરણ.

**Elsholtzia** *cristata* **Willd.** નીલગિરિમાં થતી શાકીય વનસ્પતિ, જેનાં પાનમાંથી બાષ્પશીલ તેલ મળે છે.

**Elton.** લંબગોળ, લાલ ઝાલવાળા સુવાસિત ચેરીનો પ્રકાર.

**Eluropus** *villosus.* ખારિયો, ખારિયું ઘાસ.

**elucidation.** સ્પષ્ટીકરણ.

**eluvial horizon.** દ્રાવણમાં કે જલનિલંબનમાં ઝીણાં દ્રવ્યો દૂર થાય તેવું ભૂમિનું સંસ્તર. **e. layer.** નિક્ષાલિત સ્તર. **eluviation.** નિક્ષાલન; જમીનમાં એક સ્થાનેથી બીજા સ્થાને અથવા એક સંસ્તરથી બીજા સંસ્તરે, પાણીના સંચલન દ્વારા દ્રાવણમાં, કલિલ દ્રાવણમાં કે નિલંબનમાં દ્રવ્યનું સ્થાનાંતર; સામાન્ય રીતે આ સ્થાનાંતર નીચેની તરફ થાય છે, જે યાંત્રિક હોય અથવા રાસાયણિક પણ હોય.

**eluvium.** કાંપ. (૨) ખડક ખવાણના પરિણામે અવશેષ રહેતું દ્રવ્ય, જે પોતે જમીન હોય કે જમીનનું નિર્માણ કરનાર હોય.

**Elytrophorus** [illegible] જંગલી ર.બ.

**emaciation.** કૃશતા, શરીર પરથી ચરબી ઘટી જવાથી કૃશ બનવું, શરીરની ઘસારાની અવસ્થા.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**emanation.** નિર્ગમ, ઉત્સાર.

**emarginate.** અગ્રગર્તી, નનાગ્ર. (૨) પર્ણાગ્રમાં ગર્તવાળું (પર્ણ).

**emasculation.** ખસીકરણ, વિપુંસીકરણ, નપુંસીકરણ. (૩) કળી કે પુષ્પમાંથી પુંકેસર દૂર કરવા. **emasculatome.** લોહી કાઢ્યા વિના ખસી કરવાનો ચીપિયો. **emasculator.** ખસી કરવા માટેનું સાધન.

**Embelia** *ribes* **Burm** f. વાવડિંગ નામનો ક્ષુપ, જેનાં બી કૃમિનાશક છે.

**Emblic.** આંબળા. *Indian gooseberry, myrobalan,* Aonla, *Phyllanthus emblica* **L.** (*Emblica officinalis* **Gaertn.**). ઇ. નામનું ઊષ્ણ કટિબંધીય ભારતીય પ્રદેશનું મધ્યમ કદનું, જંગલ કે ડુંગરોપર થતું વૃક્ષ, જેનાં ફળનો મુરબ્બો થાય છે. જેમાં પ્રજીવક – 'સી' રહેલું છે, અને જેની છાલ, પાન અને ફળ ચામડાં કમાવવામાં કામમાં આવે છે. **Emblica** *fischeri* **Gamble.** આંબળા. ખાદ્ય ફળનું ઝાડ, જે અંગ્રેજીમાં *Myrobalam emblic* તરીકે ઓળખાય છે. **E.** *officinalis* **Gaertn.** (Syn. *Phyllanthus emblica* **L.**). આંબળાંનું ઝાડ, જેનાં ફળ અતિસાર અને મરડાના ઇલાજ માટે વાપરવામાં આવે છે, જેની છાલ, પાન અને ફળ ચામડાં કમાવવા ઉપયોગી બને છે.

**embolism.** લોહીના ભ્રમણમાં થતો અવરોધ, રક્તવાહિનીમાં આવતો અવરોધ, શલ્ય રોધન. **embolus.** રક્તવાહિની અવરોધ. શલ્ય.

**embrocation.** સોજા કે વેદનાવાળા શરીરના ભાગ પર ચોપડવામાં આવતું પ્રવાહી, અવલેહ.

**embryo.** ભ્રૂણ, ગર્ભ. (૨) આવૃત બીજધારી વનસ્પતિના બીજની અંદર નિર્માણ થતો બાળ છોડ. (૩) ગર્ભાશય કે શરીરમાં રહેલો વિકાસની પ્રક્રિયા દરમિયાનનો અવિકસિત સજીવ. (૪) નરજન્યુ અને માદાજન્યુ અથવા શુક્રકોષ અને અંડકોષના યુગ્મનથી પેદા થતો બીજાણુજનક. **e. cell.** ભ્રૂણ કોષ. **e. culture.** ભ્રૂણ સંવર્ધન. **e. factor. embryo sac.** ભ્રૂણ સંપુટ, ભ્રૂણપુટ, બીજાંકુરાશય. (૨) ઉચ્ચ વનસ્પતિમાં પરિપક્વ માદા પ્રજનન કોષ. (૨) સરતનોના જીવનમાં અતિ શરૂઆતના સમયમાં રચાતો પુટ. ભ્રૂણવૃદ્ધિકારક. **embryogeny.** ભ્રૂણોદ્ભવ. **Embryology.** ભ્રૂણવિજ્ઞાન ગર્ભવિદ્યા; ભ્રૂણનિર્માણ અને તેના વિકાસ અંગેની જીવવિજ્ઞાનની શાખા.

**embryonated.** નાના, અપક્વ પરજીવી ધરાવતું પરજીવી અંડવાળું. **embryonic.** ભ્રૂણીય. (૨) અપક્વ, કાચું. **e. sac.** ભ્રૂણીય સંરચના બનાવનાર અવિકસિત કોષનો એક વર્ગ. **embryonomy.** ભ્રૂણ વિકાસ. **embryotomy.** ભ્રૂણ વિચ્છેદન, ગર્ભછેદન.

**emergence.** ઉદ્ગમન. (૨) વનસ્પતિમાં પ્રથમ પર્ણોનો થતો ઉદ્ભવ. (૩) કોશેટામાંથી કે કોષિત અવસ્થામાંથી જંતુનું નિર્ગમન.

**emetic.** વમનકારી. ઊલટી કરાવતું કોપર સલ્ફેટ જેવું દ્રવ્ય.

**emetine.** દક્ષિણ આફ્રિકાનો તાડ, જેનાં મૂળમાંથી ઇપેકેક નામનું ઔષધીય ગુણનું દ્રવ્ય મળે છે.

**EMF. Electro Motor Force**નું સંક્ષેપરૂપ, જેનો અર્થ વિદ્યુત ચાલક બળ થાય છે.

**Emile d' Heyst.** લંબગોળ, શંકુઆકાર અને રસદાર પીઅરનો એક પ્રકાર.

**Emilia** *sagittata* **D.C.** (Syn. *E. flammea* **Cass;** *Cacalia sagittata* **Vahl**). શોભાની વનસ્પતિ. **E.** *sonchifolia* **DC.** સદામદી નામની વનસ્પતિ.

**eminence.** દેખી શકાય તેવો ઉભાર કે સોજો.

**emission.** ઉત્સર્જન.

**Emmalocera** *depressella*. શેરડીના સાઠાને વેધનાર કીટ.

**emmer wheat.** ઘઉંની પાંચ જાતો

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પેઢીની *Triticum dicoccum* **Schrank.** (*T. dicoccum* **Schubl.**). નામના કર્ણાટક અને મહારાષ્ટ્રમાં થતી સોજી રવો બનાવવા માટે ઉપયોગી બનતી ઘઉંની જાત.

**emollient.** લેપ, બાહ્ય લેપ માટેનું તેલી દ્રવ્ય, જે સ્નાયુઓને નરમ બનાવી શાંત પાડે છે, સોજો અને પીડા દૂર કરે છે.

**Emperor.** ઉત્તરપ્રદેશના સહરાનપુરમાં થતાં આકર્ષક રંગવાળાં એક પ્રકારનાં સંતરાં.

**Emperor Francis.** મોડી થતી મોટા ફળવાળી ચેરીનો એક પ્રકાર.

**emphysema.** શરીરની પેશીમાં, ખાસ કરીને ફેફસામાં વાયુનો થતો ભરાવો.

**empirical.** પ્રાથમિક. (૨) અજમાયશ અને ભૂલ પર આધારિત, પ્રાયોગિક, આનુભવિક. **e. formula.** પ્રાયોગિક સૂત્ર.

**Empoasca** *devastans* **Dist.** કપાસમાં પડતું તડતડિયું, ભીંડાનું તડતડિયું. **E.** *flavescenes.* કપાસમાં પડતું તડતડિયું. **E.** *karri var. motti* **Pruthi.** બટાટામાં પડતું તડતડિયું.

**empty bract.** અપુષ્પી પુષ્પપર્ણ. **e. seed.** ભ્રૂણવિહીન બીજ, ખાલી બી.

**empyema.** શરીરના ગમે તે વિવરમાં થતું પરૂ.

**emulsifiable concentrate.** જંતુનાશક દ્રવ્યની સાથે પાણી કે બીજું કોઈ પ્રવાહી ભેળવતાં થતું પાયસીકારક પ્રવાહી. **emulsification.** પાયસીકરણ. **emulsifier.** પાયસીકારક. **emulsifying agent.** કોઈ જંતુઘ્ન પાયસમાં કોઈ દ્રવ્ય ઉમેરતાં તેલનાં ગોલકો અને અન્ય દ્રાવ્ય પ્રવાહીમાં પાણી ઉમેરતાં સંઘનિત થવાની વૃત્તિનો વિરોધ કરે છે અને આમ પાયસને સ્થિર કરે છે. **emulsion.** પાયસ. (૨) જલીય પ્રવાહીમાં મેદીય કે રેઝિનયુક્ત દ્રવ્યોને નિલંબિત રાખનાર પદાર્થ. **e. spray.** છંટકાવ માટેનું પાયસીકૃત જંતુઘ્ન. **emulsoid.** પાયસ સદૃશ. (૨) વ્યાસૃત અવસ્થા, વ્યાસરણ માધ્યમ સાથે સંબંધિત અવસ્થા. (૩) એવા પ્રકારનું પાયસ, જેના નિલંબિત કણો કલિલ હોય છે અને તેમાં તે નિલંબિત હોય તે પ્રવાહીને અવશોષે છે, દાખલા તરીકે ઉકાળતા પાણીમાં નાખવામાં આવતી કાંજી.

**enarthrosis.** ઉલૂખલ સાંધો.

**enamel.** દંત વલ્ક.

**enation.** ફૂગ, જીવાણુ કે વિષાણુ જેવા પરજીવીના કારણે વનસ્પતિના અંગપર થતી બહિર્વૃદ્ધિ.

**encephalic.** મસ્તિકનું, મસ્તિષ્કપ્રાય. **encephalitis.** મસ્તિષ્ક રુજા, મસ્તિષ્ક શોથ. (૨) પુંજગોલાણુ, માલાગોલાણુ જેવા જીવાણુના ચેપના કારણે મગજમાં આવતો સોજો, જેમાં ફરફરાટ, અનિયમિત હલન-ચલન, અવસાદ, અર્ધાંગવાયુ અને છેવટે મૃત્યુ નીપજે છે. **Encephalomyelitis.** મસ્તિષ્ક મજ્જાશોથ. (૨) પ્રાણીઓના મસ્તિષ્ક દ્રવ્ય અને કરોડરજ્જુને જીવાણુ, પ્રજીવ, વિપાણુ, વિષ કે વિષાક્ત ખોરાકના કારણે થતા રોગનો પ્રકાર. (૩) વિષાણુના કારણે આવો રોગ ઘોડા, ઢોર, ઘેટાં, કૂતરાં અને અન્ય પ્રાણીઓને પણ થાય છે.

**enclosure.** વાડો.

**encrustation.** શરીર પર સખત પોપડી જામવી.

**encyst** (૧) સંપુટ, શિષ્ટ ઇ.માં પુરાઈ જવું. (૨) પરિકોષ્ઠ. **encystment.** પુટીભવન, પરિકોષ્ઠીભવન.

**endarch.** અંતરારંભ, વનસ્પતિના કેન્દ્ર તરફ આદ્ય જલવાહિનીની ગતિ, પરિણામે આદ્ય જલવાહિની કેન્દ્રથી દૂર વિકસે છે.

**endemic.** કોઈ ચોકસ વિસ્તારમાં સતત બન્યા કરતું, માટે સ્થાનિક. **e. species.** ચોકસ સ્થાનનાં પ્રાણીઓ કે વનસ્પતિઓની જાતિઓ. **endemism.** સ્થાનીયતા.

**endive.** *Cichorium endivia* **L.** કસની નામની ખાદ્યપાનની શાકીય વનસ્પતિ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**endo —.** અંતઃ સૂચક પૂર્વગ.
**endoblast.** ગર્ભાંતરપટ.
**endocardium.** હૃદયાવરણ, હૃદયને આવરતી કલા – ત્વચા.
**endocarp.** અંતઃફલાવરણ, કોઈ પણ ફળના ચર્મનું અંદરનું પડ.
**endochrome.** કોષની અંદરનું રંજક દ્રવ્ય કે ગમે તે રંજક દ્રવ્ય.
**endocrane.** ખોપરીનું અંદરનું પડ.
**endocrine.** અંતઃ સ્રાવી (નલિકા રહિત ગ્રંથિમાંથી થતો અંતઃસ્રાવ, જે લોહીમાં સીધોજ ભળે છે અને દેહની કેટલીક પ્રક્રિયાઓનું નિયમન કરે છે.). **e.glands.** અંતઃસ્રાવી ગ્રંથિઓ, નલિકા રહિત ગ્રંથિઓ; શરીરની કેટલીક પ્રક્રિયાઓનું નિયમન કરતા અંતઃસ્રાવો સ્રવનાર શરીરમાં આવેલી ગ્રહ્ય ગલ, ઉપગલ, બાલ્ય, અધિવૃક્ક અગ્ન્યાશય જેવી ગ્રંથિઓ.
**endoderm.** અંતશ્ચર્મ, અંતઃત્વક, **endodermis.** અંતઃસ્તર, બાહ્યક – પ્રાંતસ્થાનું અંદરનુંપડ, જેમાં કોઈ વાર સ્ટાર્ચના કણો હોય છે. **endodermoid.** અંતઃત્વચા-રૂપ.
**endogen.** અંતર્જનિત, અંતર્જાત. (૨) પ્રકાંડની અંદરના કાષ્ઠને વિકસાવનાર વનસ્પતિ. **endogenous.** અંતર્જાત; મુખ્યત્વે મૂળની મધ્યની પેશીમાંથી ઉદ્ભવતા (અંગો, જે અંગો અંતરારંભમાંથી ઉદ્ભવે છે).
**endometritis.** ગર્ભાશય કલાશોથ.
**endomitosis.** અંતઃસૂત્રભાજન, અંતઃ સમભાજન.
**endomorph.** અન્યમાં પુરાયેલું ખનિજ.
**endoparasite.** યજમાનની અંદર રહીને પોષણ મેળવતું પરજીવી, અંતઃપરજીવ.
**endophalloderm.** અંતઃકપત્વચા.
**endophyllous.** પત્ર વેષ્ટિત.
**endophyte.** અંતર્જીવી, અન્ય સજીવની અંદર જીવતી વનસ્પતિ. **endophytic.** અંતર્જીવી(વનસ્પતિ).
**endoplasm.** જીવરસની અંતઃસ્થ કોમળ કલા, અંતર્દ્રવ્ય, અંતરૅસ. **endoplasmic reticulum.** અંતરૅસજાલ.
**endosmosis.** અંતરાસૃતિ, અંતરાભિસરણ. (૨) કોષકલાની અંદર પ્રવાહી કે અને દ્રાવણનું અંતઃપ્રસરણ (૩) છિદ્રિષ્ટ ત્વચા દ્વારા પ્રવાહીનું ગમન.
**endosperm.** ભ્રૂણપોષ. (૨) મગજ, મીંજ, બીજમાં પોષણ સંઘરનાર પેશી જે ભ્રૂણને આવરે છે. **endospermic.** ભ્રૂણપોષયુક્ત, સપુષ્ક, ભ્રૂણપોષક. **e. seed.** ભ્રૂણપોષવાળું બી.
**endospore.** અંતર્બીજાણુ, અંતરંજ, કોષમાં રહેલો બીજાણુ.
**endothelium.** રક્તવાહિનીઓ ઇ. ને આવરતું કોષપડ, અંતઃસ્તર, અંતઃપ્રાવર.
**endothermic.** ઉષ્માશોષક. **e. reaction.** ઉષ્માશોષક અભિક્રિયા.
**endotrophic.** અંતઃપોષક. (૨) કેટલીક આવૃત બીજધારી વનસ્પતિમાં બાહ્યકમાં મૂળની અંદર રહેતી કવકમૂળતા.
**endproduct.** અંત્યપેદાશ.
**endrin.** 1,2,3,4,10,10 -હેક્ઝાક્લોરો-એક્સો 6, 7 -ઍપોક્સી – 1, 4, 4a, 5, 6, 7, 8, 8a -ઑક્ટહાઇડ્રો – 1, 4 5, 8 ડિમેથેનો- નેફ્થેલીન; એક જંતુનાશક રસાયણ, જે સંપર્ક કે જઠર વિષ તરીકે કામ કરે છે.
**enema.** બસ્તી. ગુદાદ્વારા પ્રાણીને અપાતો જુલાબ.
**energy.** ઊર્જા, શક્તિ. **e., gross.** કુલ ઊર્જા. **e., metabolizable.** ચયાપચયી ઊર્જા. **e. net.** પ્રાપ્ય ઊર્જા.
**engage.** કામે લગાડવું.
**Engelhardtia** *spicata* ઝાડ. પૂર્વ હિમાલય અને આસામમાં જોવામાં આવતું ઝાડ, જેની છાલ ચામડાં કમાવવા ઉપયોગી બને છે.
**engine.** ઍન્જિન, એંજિન. **e., external combustion.** બાહ્યદહન ઍન્જિન. **e., internal combustion.** અંતર્દહન ઍન્જિન. **e., petrol.** પેટ્રોલ ચાલિત ઍન્જિન. **e., steam.** વરાળ ચાલિત ઍન્જિન. **e. room.**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એન્જિન વૃક્ષ.

**English Walnut.** આખરોટ.

**engraft.** કલમ બનાવવી.

**Enicostema** *verticillatum* **Engl.** (Syn. *E. littorale* **Bl.**). મામેજવો, નાનું કરિયાતુ નામની શાકીય વનસ્પતિ, જે પેટનાં દર્દોનાં જુલાબ અને ટૉનિક તરીકે ઉપયોગમાં આવે છે.

**enology.** દારૂ બનાવવાનું શાસ્ત્ર અને કલા, મદ્યવિદ્યા.

**enphytic.** ચોક્કસ સ્થાનનો (વનસ્પતિનો રોગ).

**enrich.** મૂલ્યવાન દ્રવ્યો ઉમેરવાં. (૨) જમીનને ખાતર અને ખનિજ આપવાં, ગુણવત્તાસુધારવી.

**ensheathing leaf base.** પરિવેષ્ટિ પર્ણતલ.

**ensiform.** ખડગાકાર.

**ensilage.** સાઇલેજ બનાવવું, લીલા ચારાને બંધ ખાડામાં રાખી સાઇલેજ બનાવવું. **ensilaging** લીલા ચારાને સાચવવાની અનેક પ્રકારની પ્રક્રિયા પદ્ધતિ.

**Entada** *phaseoloides* (**L.**) **Merr.** (Syn. *E. scandens* (L.) **Benth.** *Lens phaseoloides* **L.**). પૂર્વ હિમાલય, પ. બંગાળ, ઓરિસા, બિહાર અને ઉત્તર પ્રદેશનો મોટો બારેવડી ક્ષુપ, જે વાળ ધોવાના કામમાં આવે છે.

**enteric.** આંત્ર, આંતરડાનું, આંતરડાને લગતું, આંત્રીય. **enteritis.** આંત્ર શોથ. ખાસ કરીને નાના આંતરડાની અંતઃ કલા પર આવતો સોજો. જેથી પ્રવાહી ઝાડા થાય અને દુર્ગંધ મારે; આ સોજો વિશિષ્ટ પ્રકારના જીવાણુ, વિષાણુ વનસ્પતિ, કે રાસાયણિક વિષ, પરજીવી કે અતિ આહારથી થાય છે. **enteron.** પાચનતંત્ર, આંત્રતંત્ર. **Enterotoxaemia.** આંત્ર વિષાક્રાન્ત . (ર. ઘેટાં અને તેમનાં નાનાં બચ્ચાંને *Clostridium welchii* નામના જીવાણુથી થતો. ઝડપને હાનિકારક, પ્રાણઘાતક રોગ.

**Enterolobium** *saman* **Prain** ex **King.** વિલાયતી શિરીષ; મૂળ મધ્ય અમેરિકા અને વેસ્ટ ઈન્ડિઝનું પણ અહીં કર્ણાટકમાં જોવામાં આવતું મોટું વૃક્ષ, જેનાં ફળ ઢોરને ખાવા માટે આપવામાં આવે છે.

**entomogenous.** કીટક જાત. **entomologist.** કીટકવિજ્ઞાની. **Entomology.** કીટકવિજ્ઞાન, જંતુને લગતી પ્રાણી વિજ્ઞાનની એક શાખા. **entomophagous.** કીટભક્ષી, જંતુભક્ષક. **entomophilous** કીટ પરાગિત (પુષ્પો).

**entozoa.** પેટનાં કૃમિ જેવા અંતઃસ્થ પરજીવી.

**entails.** અંતરંગ; શરીરની અંદરનાં, ખાસ કરીને દેહવિવરમાં આવેલ , પાચનમાર્ગ, હૃદય, યકૃત, વૃક્ક, ગર્ભાશય, પ્લિહા , ફેફસાં ઇ. જેવાં અંગો.

**Entyloma** *oryzae* **H & P.** ડાંગરના પાનને થતા ગેરૂના રોગ માટે જવાબદાર કીટ.

**enucleate.** અકોષકેન્દ્રીય.

**envelope.** અંડાવરણ. (૨) ગમે તે આવરણવાળી સંરચના. **enveloping.** પરિવેષ્ટિ. આવરિત.

**environment.** પર્યાવરણ, જે સૂર્ય પ્રકાશ, ઉષ્ણતામાન, ભેજ, ઇ. જેવી બધી જ પ્રકારની બાહ્ય સામૂહિક અસર, કે જીવન, વૃદ્ધિ, સ્વાસ્થ્ય અને સજીવની પ્રવૃત્તિ પર પ્રભાવ પાડે છે. **environmental variation.** પર્યાવરણીય વિવિધતા.

**enzootic.** કોઈ ચોક્કસ વિસ્તારમાં પશુઓને થતો કોઈ રોગ અથવા કોઈ વિસ્તારમાં વારંવાર હોય. હતો પશુઓને લાગુ થતો રોગ.

**enzymatic.** કોઈ ઉત્સેચક કે ઉત્સેચકોના સમૂહના ઉત્પ્રેરક કાર્ય સંબંધી (પ્રતિક્રિયા કે પ્રક્રિયા). ઉત્સેચકીય. **enzyme.** ઉત્સેચક, વિકર. (૨) જીવંત સજીવોના ચયાપચયક પરિવર્તનોથી વેગવાન બનાવનાર જૈવ ઉત્પ્રેરક તત્વો (૩) જીવંત કોષોએ નિર્માણ કરેલાં જટિલ રાસાયણિક દ્રવ્યો,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે પોતે પરિવર્તન પામ્યા વિના અન્ય દ્રવ્યોમાં ચોક્કસ પરિવર્તન લાવે છે. **e. substrate complex.** ઉત્સેચક અભિક્રિયા સંકુલ.

**ene.** નૂતન (યુગ).

**eolation.** ભૂમિતલમાં ફેરફાર લાવનાર, પવનનાં સર્જનાત્મક અને વિનાશક કાર્યો. **eolian.** પવનનાં કાર્યો અંગેનું, જેમકે પવનથી થતો જમીનનો ઘસારો. (૨) વાયુ – કે પવનવાહિત ભૂસ્તરીય (નિક્ષેપો).

**Ephedra** *gerardiana* **Wall.** એફીડ્રીન. (૨) પર્વતીય હિમાલયમાં થતો નાનો છોડ, જેના પ્રકાંડમાંથી બનાવવામાં આવતું ઔષધ દમ, શરદી અને હે-ફીવર નામના દર્દોમ ઉપચાર તરીકે કામમાં લેવામાં આવે છે. **E.** *intermedia* **Schrenk & Mey.** કાશ્મીર અને કુરૂમાં થતો ક્ષુપ, જેની દવા દમમાં કામમાં આવે છે. E. *Pachyclata.* હોમ નામનો ક્ષુપ. **E.** *vulgaris* **Hook.** f. non **A. Rich.** સોમ, હોમ નામનો ક્ષુપ. **ephedrine.** એફીડ્રીન; *Ephedra gerardiana* **Wall.** નામના ક્ષુપના પ્રકાંડમાંથી દમ, શરદી, તાવ માટે મળતું ઔષધીય દ્રવ્ય.

**ephemeral.** અલ્પજીવી, સ્વલ્પાયુ (વનસ્પતિ કે પ્રાણી). **ephemeral fever.** ત્રણ દિવસની અવધિનો જ્વર; પશુ અને કોઈકવાર ઘેટાંને થતો તાવનો રોગ, જેમાં સ્નાયુઓ, પગ, માથું, ગરદન અને કમર કડક બને છે.

**Ephestia** *cautella* **Walker.** બદામનું ફૂદું, અંજીરનું ફૂદું.

**epi-.** અધિ –, ઉપરિ અર્થસૂચક પૂર્વગ.

**epibasal.** અધિતલ, તલોત્તર.

**epiblast.** અધિસ્તર.

**epiblema.** અધિસ્તર.

**epicalyx.** ઉપવજ, ભૂમિઉપવજ. (૨) કેટલાંક પુષ્પોમાં તેના સાધારણ વજની બહાર જોવામાં આવતું વધારાનું વજ.

**epicarp.** બાહ્ય ફલાવરણ, બાહ્યાવરણ, બાહ્ય સ્તર; ફળોમાં ફલાવરણનું બાહ્યસ્તર.

**epicormic.** સુષુપ્ત કળીમાંથી ઊગતું. **e. branch.** સુષુપ્ત કે આગંતુક કળીમાંથી ઝાડના થડની ઉપર ઊગતી શાખા.

**epicotyl.** અધિ બીજપત્રાક્ષ. (૨) પ્રથમ બીજપત્ર ઉપરના પ્રાંકુર પ્રકાંડનો ભાગ.

**epidemic.** વિશાળ રીતે ઝડપથી ફેલાઈ જતો (રોગ).

**epiderm.** અધિસ્તર, અધિચર્મ, અધિત્વચા. **epidermis.** અધિસ્તર, અધિચર્મ, અધિત્વચા, બાહ્યત્વચા. (૨) પ્રકાંડ, મૂળ અને પાનનું બહારનું રક્ષક પડ. (૩) પ્રાણીની ચામડીનું બહારનું પડ.

**epididymis.** અધિવૃષણ. (૨) શુક્રકોષને સંઘરનાર વૃષણના ઉપલા છેડા પરની કુંડલિત નલિકા.

**epigeal.** ઉપરિભૂમિક, અધિભૂમિક. (૨) જે છોડના બીજપત્રો જમીનની ઉપર ઊગે તે છોડ સંબંધી.

**epigenesis.** જનન વિકાસવાદ; પ્રક્ષજનન.

**epigynous.** ઉપરિજાત. (૨) જે પુષ્પોના અંડાશય પુષ્પાસનની અંદર ડૂબેલા હોય તે પુષ્પો અંગેનું. **epigyny.** ઉપરિજાયતા.

**Epilachna** sp. રીંગણીનાં પાનને ખાતી ઈયળ. **E.** *circularis.* બટાટામાં પડતો કીટ. **E.** *dodecastigma.* બટાટામાં પડતો કીટ. **E.** *ocellata.* બટાટામાં પડતો કીટ. **E.** *vigintioctopunctata.* બટાટામાં પડતો કીટ.

**epilation.** મૂળમાંથી વાળ દૂર કરવા.

**epilepsy.** પ્રાણીઓને, ખાસ કરીને કૂતરાંને થતો દીર્ઘજીવી ચેતાતંત્રનો એક રોગ, જેમાં રોગગ્રસ્ત પ્રાણીની ચેતના એકાએક ચાલી જાય છે, આંચકી આવે છે, જડબાં કડક બની જાય છે. આંખો ફાટી જાય છે, લાળ ઝરે છે, શ્વાસ લેવામાં તકલીફ પડે છે અને ઝાડા – પેશાબ થઈ જાય છે. (૨) અપસ્માર.

**epinasty.** ઊર્ધ્વગતિ ક્રમ. (૨) વનસ્પતિના કોઈ અંગની ઉપરની બાજુએ થતી વૃદ્ધિ, જેથી નીચેની તરફ વક્રક્રિયા થાય છે.

**epinephrin.** પ્રાણીના અધિવૃક્ક ગ્રંથિ-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બાંધી કે સંશ્લેષિત રીતે તૈયાર કરવામાં આવતો સફેદ કે બદામી ભૂકો, જેનો ઉપયોગ લોહીનું દબાણ વધારવા કે ચેતાતંત્રથી ઉત્તેજના ઇ. માટે કરવામાં આવે છે.

**epiphyte.** વૃક્ષારોહી, ઉપરિ આરોહી; દેહધર્મીય રીતે સ્વતંત્ર હોવા છતાં અન્ય વનસ્પતિની ઉપર ઊગતી વનસ્પતિ. **epiphytic root.** વૃક્ષારોહી – ઉપરિજીવી મૂળ.

**epiphytotic.** એકાએક અને નુકસાન થાય તે રીતે રોગનું વધી જવું. (૨) વનસ્પતિમાં વ્યાપક અને સર્વ સામાન્ય રોગ.

**epiphytotis.** રોગકારી પરજીવીના પ્રજુસ્નનથી વનસ્પતિમાં રોગનું વધી જવું.

**epiderm.** બીનું બાહ્યાવરણ, બાહ્ય બીજાવરણ.

**epitaxis.** નસકોરી ફૂટવી. (૨) ઢોર, ઘોડાં, કૂતરાં અને અન્ય પ્રાણીની નસકોરીમાંથી લોહી નીકળવું, જે પરજીવી, ચોક્સ રોગ, ઈજા કે અતિ શ્રમના કારણે બનવા પામે છે.

**epithelioma.** અધિચ્છદ કોષનો અર્બુદ. **epithelium.** અધિચ્છદ; સમસ્ત દેહ સપાટીને આવરી લેતી પેશી, જેને કોષના એક કે વધારે થર હોય છે, જે આકાર અને ગોઠવણી કે રચના સંબંધી વિવિધતા ધરાવે છે.

**epithem.** સ્રાવીકોષ.

**epizootic.** એક સાથે અનેક પ્રાણીઓને માણસોને થતી મહામારી જેવો રોગ. **e. abortion.** ગાયોને થતો સંક્રામક – ચેપી ગર્ભપાત. **e. aphtha.** પ્રાણીઓને થતો ખરવાસાનો – મોં અને પગનો રોગ. **epizootiologist.** પ્રાણીઓમાં થતા વ્યાપક રોગનો નિષ્ણાત. **epizootiology.** પ્રાણીઓમાં થતા વ્યાપક રોગનાં કારણો અને કારકોનું વિજ્ઞાન.

**epsome salt.** જુલાબમાં લેવામાં આવતું વિલાયતી મીઠું; સૂત્ર $MgSO_4$ $7H_2O$. નિર્જલીકૃત મેગ્નેશિયમ સલ્ફેટ.

**equation.** સમીકરણ.

**equilibrium.** સમતુલા; કોઈ પણ દ્રવ્ય પર ગમે તે દિશામાં લાગતાં બળોનો ભૌતિક સરવાળો શૂન્ય બને તે અવસ્થા.

**equalization of produce.** ભાવિ વેચાણ કે વિતરણ માટે વસ્તુઓને આગળ પર લઈ જવી, સાચવી રાખવી.

**equine.** અશ્વ કે તેના કુળનાં પ્રાણીઓ ઘોડા, ગધેડા, ખચ્ચર, જેવા. **e. encephalomyelitis.** ઘોડાના મધ્યસ્થ ચેતાતંત્રને અસર કરતો વિષાણુજન્ય રોગ, જેનાં લક્ષણો હડકવાનાં લક્ષણો જેવાં હોય છે. **e. infuenza.** ઘોડાં અને ખચ્ચરોને થતા ચેપી કે સંક્રામ રોગનો એક પ્રકાર.

**equinoctial plant.** દિવસના ચોક્સ સમયે ખુલે અને બિડાય તેવાં ફૂલનો છોડ.

**equipment.** ઉપસ્કર, સરંજામ; પદાર્થો, સાધનો, યુક્તિઓ, યંત્ર, ઓજાર ઇ. **e., immoveable** અચલ – સ્થિર ઉપસ્કાર. **e., moveable** ચલ – જંગમ ઉપસ્કર.

**equitant.** મધ્યશિરા આગળ કલિકામાં વળતાં (પર્ણો); આમ પર્ણો વળતાં પર્ણ કિનાર બાજુપરની પર્ણ કિનાર પર આવી જાય છે.

**equivalent.** તુલ્ય. **e. acidity.** તુલ્ય અમ્લતા. (૨) ઉપયોગમાં લેવામાં આવતા ખાતરના પ્રમાણના કારણે જમીનમાં થતી અમ્લતાને તટસ્થ બનાવવા આવશ્યક બનતાં શુદ્ધ કેલ્શિયમ કાર્બોનેટનું વજનમાં પ્રમાણ; યુરિયામાં 1.6 રતલ, કેલ્શિયમ સલ્ફેટ નાઇટ્રેટમાં 3.6 રતલ, એમોનિયમ ક્લોરાઇડમાં 5.1 રતલ અને એમોનિયમ સલ્ફેટમાં 5.2 રતલ. **e. basicity.** તુલ્ય ક્ષારીયતા. **e. point.** તુલ્યાંક.

**Equus** *asinus*. ગધેડું. **E.** *caballus*. ઘોડું.

**era.** યુગ.

**eradicant.** રોગ થયા બાદ તે માટેના સજીવનું નિયંત્રણ. (૨) વનસ્પતિનો નાશ કરવા માટે ઉપયોગમાં લેવામાં આવતું ગમે તે રસાયણ કે સંયોજન. **eradication.**



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉન્મૂલન. (૨) રોગ થયા પછી રોગોત્પાદક કારક કે કારકોનો નાશ કરી રોગનું નિયંત્રણ. (૩) સંભાવ્ય યજમાન વનસ્પતિનો નાશ. (૪) કીટ, રોગ અને ઘાસપાત ઇ. નું નિયંત્રણ.

**Eragrostis** *abyssinica* (**Jacq.**) **Link.** તૃણ કુળનો ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર અને ગુજરાતમાં થતો ઘાસચારો, જેને અંગ્રેજીમાં *Lovegrass* કહે છે, અને જેનાં બી અછતના સમયમાં લોકો ખાય છે. **E.** *cilianensis* (**All**) **Link.** તૃણકુળનો અંગ્રેજીમાં *Lovegrass* નામે ઓળખાતો ઘાસચારો **E.** *curvula* (**Schard.**)**Nees.** તૃણકુળનું *Weeping lovegrass* નામનું મૂળ અમેરિકાનું પણ અહીં ઘસારા અને ધોવાણને રોકવા ઉગાડાતા ઘાસનો પ્રકાર. **E.***interrupta* (**Lamk.**) **Beauv.** તૃણકુળનું ઘાસ, જે સાવરણી બનાવવા ઉપયોગમાં લેવામાં આવે છે. **E.** *lehmanniana* **Nees.** તૃણકુળનું *Lehmanni lovegrass* નામે ઓળખાતું જમીન ધોવાણને નિયંત્રણમાં લેવા વાવવામાં આવતા ઘાસનો પ્રકાર. **E.** *lef* (**Zuccagni**) **Trotter.** (Syn. **E.** *abyssinica* (**Jacq.**) **Link.** મૂળ અમેરિકાની મહારાષ્ટ્ર, ગુજરાત અને ઉત્તરપ્રદેશમાં થતી તૃણકુળની વનસ્પતિ. **E.** *tremula* **Hochst. ex steud** ધોલકુલિયો નામનો ઘાસચારો.

**erect.** ટટ્ટાર (વનસ્પતિ). **e. ground nut.** મગફળીનો એક પ્રકાર.

**eremacausis.** કાર્બનિક દ્રવ્યનું કુદરતી દહન, જેથી વેરાન પ્રદેશની જમીનમાં ખાદમાટી – હ્યુમસનો પૂરો અભાવ થાય કે તેનું પ્રમાણ ઓછું થાય.

**eremium.** મરુભૂમિનો વનસ્પતિ સમુદાય.

**ergastic substance.** કોષાંતરીય નિર્જીવ પદાર્થ.

**Ergolis** *merione*. દિવેલામાં પડતો કીટ.

**ergone.** પ્રજીવક કે અંતઃસ્રાવ તરીકે વર્ગીકૃત થઈ ન શકે તેવું પ્રજીવક અથવા અંતઃસ્રાવ જેવું દ્રવ્ય.

**ergot.** અર્ગટ; *Claviceps purpurea* **Tal.** નામની ફૂગથી ધાન્યને થતો રોગ, જેની પુષ્પોદ્ભવ પર માઠી અસર પડે છે. **ergotism.** અર્ગટના સંક્રમણવાળો ખોરાક ખાવાથી માનવી અને પ્રાણીઓમાં થતા રોગનો એક પ્રકાર, જેમાં લાળ ઝર્યા કરે, મોં લાલ લાલ થઈ જાય, ઊલટી આવે, શૂળ ઊપડે અને ઝાડા થઈ જાય છે.

**Erianthus** *arundinaceus* (**Retz.**) **Jesw.***ex.* **Heyne** (Syn. *Saccharum arundinaceum* **Retz.**). સરુ, રામસર નામનું તૃણકુળનું ભારત ભરમાં થતું બહુવર્ષાયુ ઘાસ, જેનાં પાનમાંના રેસાની ખુરશીઓ, સ્ટૂલ, ટોપલો, ટોપલા ટોપલીઓ અને પડદા – ચીક બનાવવામાં આવે છે. **E.** *munja* (**Roxb.**) **Jesw.** (Syn. *Saccharum munja* **Roxb.**) મુંજ, તૃણકુળની પંજાબ અને ઉત્તર પ્રદેશમાં થતી વનસ્પતિ, જેના પ્રકાંડના રેસા ટોપલી – ટોપલીઓ, ચટાઈઓ અને દોરડાં બનાવવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે; પાંદડાં છાપરાં છાવવા અને કાગળ બનાવવામાં ઉપયોગમાં આવે છે, અને ઘાસ જમીનને થતા ઘસારા અને ધોવાણ પર નિયંત્રણ કરે છે. **E.** *ravennae* (**L.**)**P. Beauv.** (Syn. *Andropogon ravennae* **L**; *Saccharum ravennae* **L.** મુંજ. તૃણકુળનું ઘાસ, જેના પ્રકાંડના રેસાની ખુરશીઓ. મૂડા, ઝાંપરા અને દોરડાં બનાવવામાં આવે છે.

**Eriobotrya** *japonica*. (**Thunb.**) **Lindl.** લોકેટ નામનું મૂળ ચીન અને જપાનનું સદાહરિત વૃક્ષ.

**Eriochloa** *procera* (**Retz.**) **C.E. Hubb.** (Syn. *E. polystachya* **Hook f. non H. B. & K.**, *Agrostis procera* **Retz.**). તૃણકુળનો ઘાસચારો.

**Eriodendron** *anfractuosum* **DC.** ધોળો શેમળો; વાયવ્ય ભારતમાં થતું ઝાડ,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેનાં ફળના ફૂચ્ચાં ઓશિકાં અને સોફા ભરવા માટે ઉપયોગમાં આવે છે; પરદેશોમાં જેનો ઉપયોગ જીવન રક્ષક પટા અને એવાં અન્ય સાધનો બનાવવા માટે કરવામાં આવે છે. આ ઉપરાંત રેફ્રિજરેટરોમાં ઉષ્માશોષક તરીકે તેને ઉપયોગમાં લેવામાં આવે છે.

**Erioglossum** *rubiginosum* (**Roxb.**) **Bume.** મધ્ય પ્રદેશ, આસામ અને દ. ભારતમાં થતી ખાદ્ય ફળધારી વનસ્પતિ.

**Eriolaena** *quinguelocularis* **Wt.** બજેરી ધામણ નામની વનસ્પતિ.

**eriophyes.** આંબામાં પડતી ઈતડી

**Eriosoma** *lanigerum.* રોમિલ મલો-મશી.

**eri silk.** *eri silkworm* નામના કીડાના કોશેટામાંથી મળતું સફેદ રેશમ. **eri silkworm.** *Attacus ricinis* નામના આસામ, પ. બંગાળમાં થતા પાળેલા રેશમના કીડા, જે એરંડાનાં પાન ખાય છે.

**erode.** પાણી, પવન કે અન્ય પ્રક્રિયકો દ્વારા જમીનનો ઘસારો થવો. (૨) ઘસારો થવો, કોષ અને તેના પડ ઘસાવા. **eroded area.** ઘસારો પામેલો વિસ્તાર.

**erodible.** ઘસારો પામનાર. **erosion.** ઘસારો, ધોવાણ. (૨) વરસાદ, વહેતું પાણી, પવન કે ભૂસ્તરીય કારણો દ્વારા જમીનની સપાટીને લાગતો ઘસારો. (૩) મૃદુ દ્રવ્યો એક સ્થાન પરથી બીજા સ્થાન પર ઘસડાઈ જાય તે માટે જવાબદાર સઘળા પ્રકારની પ્રક્રિયાઓ. (૪) પાણી, પવન હિમ, બરફ, ગુરુત્વાકર્ષણ ઇ. બળોના કારણે જમીન કે શૈલનું વિઘટન અને હેરફેર. (૫) દબાણ, સોજો, ખંજવાળ, ઇ.થી શરીરની પેશીઓનો થતો ક્રમિક નાશ. **e., geological** ભૂસ્તરીય ઘસારો. **e., gully** ગલી ઘસારો. **e. sheet** પૃષ્ઠ ઘસારો. **e., wind** પવનથી થતો ઘસારો. **e. class.** જમીનના ઘસારાનો નકશો બનાવવા માટે કરાતું ઘસારાનું વર્ગીકરણ. **e. ratio.** ઘસારા-ગુણોત્તર. **e. resistant crop.** વિસ્તૃત મૂળતંત્ર, ઘાડી લીલોચરી ઇ. દ્વારા જમીનના ઘસારાને નિયંત્રિત કરતા પાક. **erosive.** ઘસારો પામનાર.

**error.** ત્રુટિ, ભૂલ.

**Eruca** *sativa* **Mill.** મૂળ યુરોપની અહીં મુખ્યત્વે ઉત્તરભારતમાં થતી વનસ્પતિ, જેનાં બીમાંથી કાઢવામાં આવતું તેલ દીવાબત્તી માટે ઉપયોગમાં લેવામાં આવે છે અને વનસ્પતિ ચારા તરીકે કામમાં આવે છે. **E.** *vesicaria* (**L.**) **Cav.** એક વનસ્પતિ.

**eructation.** ઓડકાર ખાવો, પેટમાંથી વાયુ કાઢવો.

**Eruum lens.** મસુર.

**Erwinia** *carotovora.* બટાટાનો રોગ-કારી કીટક.

**Ervatamia** *coronaria* **Stapf.** ટગર ચાંદની.

**Erycibe** *wightiana* **Grah** (Syn. *E. paniculata* **Roxb.** var. *wightiana* **C.B. Clarke.**). શોભા માટે થતો મોટો આરોહી ક્ષુપ

**Erysiphe** *cichoracearum.* **DC** ભીંડા, તમાકુ અને રીંગણીને થતા એક રોગનું કીટ **E.** *graminis.* જવ અને ઘઉંને થતા એક રોગનું જંતુ. **E.** *polygoni.* અનેક વનસ્પતિઓને થતા ભૂકીવળતા રોગ માટેનું જંતુ.

**erythema.** અતિરક્તિમાં, ચામડી પરનો સોજો.

**Erythraea** *ramosissima* **Pers.** રતન જોત.

**Erythrina** *blakei* **Hort. ex Parker.** સુંદર લાલ ફુલ માટે વાવવામાં આવતો છોડ. **E.** *crista-galli* **L.** મૂળ બ્રાઝિલનું શોભાનું ઝાડ. **E.** *Indica Lamk* var. *par-*

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



*cellii*. **Hort.** પાનરવા નામનું શોભાનું ઝાડ. **E.** *suberosa* **Roxb.** પંજાબ અને રાજસ્થાનનું નાનું ઝાડ, જેની છાલના રેસાનાં દોરડાં બનાવવામાં આવે છે. **E.** *variegata* **L.** var. *orientalis* (**L.**) **Merr** (Syn. *E. indica* **Lamk.**). પાનરવો, અંગ્રેજીમાં *Coral tree* નામનું આંદામાન, નિકોબાર, આસામ, તામીલનાડુ અને ઓરિસાનું ખાદ્ય બીનું ઝાડ, જેની છાલના રેસાના દોરડાં બને અને ફૂલમાંથી લાલ રંગ મળે.

**erythrocyte.** લાલ રક્ત કોષ.

**escape.** મૂળ ઉગાડેલી પણ હવે જંગલી અવસ્થામાં દેખાતી વનસ્પતિ.

**Eschscholzia** *californica* **Cham.** ઉત્તરભારત, કેરળ અને નીલગિરિમાં થતી લીંબુની સુવાસ ધરાવતી વનસ્પતિ, જેનાં પાનમાંથી બાષ્પશીલ તેલ મળે છે, જેનો ઉપયોગ સુગંધી દ્રવ્યો માટે થાય છે.

**esculent.** ખાદ્યવા. (૨) માનવખાદ્ય માટે યોગ્ય વનસ્પતિ.

**escutcheon.** આંચળની બરાબર ઉપર તરફનો અને પાછળનો ભાગ, જે ઉપર તરફ વળે છે.

**eskar.** હિમનદ મૃદ્‌કંટક.

**espalier.** ફળઝાડની એક પ્રકારની માવજત, જેમાં દીવાલ આગળ છોડ વાવવામાં આવે છે અને તેની ડાળીઓને દીવાલની સમાંતર ભૌમિતિક આકૃતિમાં રહે તેવી તેને માવજત આપવામાં આવે છે.

**essence.** સાર, સત્ત્વ, તત્ત્વ. (૨) બાષ્પશીલ તેલ કે વનસ્પતિનાં સંગ્રહીત પેદાશનું કેન્દ્રીભૂત મોટું પ્રમાણ. **essential.** આવશ્યક, સારભૂત, સાત્ત્વિક, સત્ત્વમય. (૨) બાષ્પશીલ. **e. amino acid.** અન્ય એમિનો ઍસિડ કે અન્ય દ્રવ્યોથી શરીરમાં જેવું સંશ્લેષણ થતું ન હોય અથવા શરીરના ઉપયોગ માટે જરૂરી હોય તેટલી માત્રામાં બનાવી શકાય તેવાં ન હોય તેવાં એમિનો ઍસિડ; આવશ્યક એમિનો ઍસિડ. **e. commodity.** અતિજરૂરની વસ્તુ. **e. element.** આવશ્યક તત્ત્વ. (૨) કોઈ પ્રાણી કે વનસ્પતિનાં વૃદ્ધિ – વિકાસ માટે આવશ્યક તત્ત્વ, જેવાં કે *critical element* (ક્રાંતિક તત્ત્વ), *trace elements* (થોડી માત્રમાં વિરલ ખનિજ તત્ત્વો). **e. floral organs.** વનસ્પતિના પ્રજનન માટે પ્રાથમિક રીતે આવશ્યક કે જવાબદાર અંગો, જેવાં કે પુંકેસર, સ્ત્રીકેસર ઇ. **e. host.** જેના વિના પરજીવી વિકાસ પામી પુખ્ત બની શકે તેમ ન હોય તેવો તેના વિકાસ માટેના એક તબક્કા માટેનો યજમાન **e. oil. ethereal volatile oil.** ઉડ્ડયનશીલ તેલ, બાષ્પશીલ તેલ. વિવિધ ઘટકોવાળું અને વનસ્પતિનાં અંગોમાં રહેલું, વિશિષ્ટ સુવાસવાળું ગમે તે બાષ્પશીલ તેલ, જે હવાનો સ્પર્શ થતાં ઊડી જાય કે જેની બાષ્પ બને છે, જેનો ઉપયોગ ઇસેન્સો, સુગંધી દ્રવ્યો, અત્તરો, અપાકર્ષક કે આકર્ષક દ્રવ્યોની બનાવટમાં થાય છે. **e. organ.** જનનાંગ. (૨) મૌલિક કે આવશ્યક અંગ.

**Essex.** નાનું, સરળતાથી ચરબીવાળું બનાવી શકાય તેવા ડુક્કરની ઓલાદ.

**estate tax.** સંપત્તિવેરો.

**established market.** સુસ્થાપિત બજાર.

**ester.** એસ્ટર; આલ્કોહોલ એટલે મદ્યાર્ક અને કાર્બનિક ઍસિડની આંતરક્રિયાથી થતું કાર્બનિક લવણ; પાણી દૂર કરીને કાર્બનિક કે અકાર્બનિક ઍસિડમાંથી બનાવેલું સંયોજન. **e. number.** એસ્ટર અંક; ચરબી અને મીણનો સ્થિરાંક.

**estimate.** (પાકની પેદાશનો) અંદાજ કાઢવો. (૨) અંદાજ, અડસટ્ટો. **estimation.** અંદાજ, આકલન.

**estivate (aestivate).** ગ્રીષ્મ નિદ્રા કરવી, ગ્રીષ્મ શયન કરવું. **estivation. (aestivation).** ગ્રીષ્મ નિદ્રા, ગ્રીષ્મ શયન.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**estuary.** નદીમુખ, ખાડી.

**etaerio.** સમૂહફળ. **e. of berries.** બેરીગુચ્છ. **e. of achenes.** બીજફળ ગુચ્છ.

**ether.** ઈથર **e. extract.** ઈથરમાં ઓગળી જતું પશુ આહારનું એક ઘટક, જે ચરબી કે ચરબીજન્ય ઘટક છે. **e. extractive.** જુઓ **fat. ethereal oil.** બાષ્પશીલ તેલ.

**ethmoid bones.** નાસા – વિવરની દીવાલનો ઠીક ઠીક ભાગ રોકતાં હાડકાં.

**ethylene dibromide.** જમીનને ધુમાયમાન કરનાર દ્રવ્ય, જે વજનદાર અને રંગવિહીન છે પણ ઓછું બાષ્પશીલ, ઓછું વિષાક્ત અને ઓછું જોખમકારક છે, જે મૂળમાં રહેલાં કૃમિ સામે વાપરવામાં આવે છે અને જેનો જમીનમાં અંતઃક્ષેપ થાય છે. **e. oxide.** પવન કરતાં ભારે, વાસ વિનાનું, ધુમાયમાન કરાય તેવું રસાયણ, જે ઓછા ઉષ્ણતામાનમાં વપરાય છે. સૂકવેલાં ફળો, મેવો, તેલીબિયાં અને વનસ્પતિ તેલને વાયુ આપવા માટે તે ઉપયોગમાં લેવામાં આવે છે.

**etiolation.** પાંડુરતા; વનસ્પતિ કે વનસ્પતિના કોઈ ભાગને હરિત બનવામાં મળતી નિષ્ફળતા; અંધકારમાં છોડને ઉછેરવામાં આવતા કે રોગથી આવી પાંડુરતા નીપજે છે.

**etiology (aetiology).** રોગના કારણોનું વિજ્ઞાન. (૨) પ્રયોજન વિજ્ઞાન.

**Eublema** *olivacea.* રીંગણીનાં પાનમાં પડતી ઈયળ.

**eucalypt.** યુકેલિપ્ટસ. **eucalyptus.** એ જ પ્રજાતિનું, ઑસ્ટ્રેલિયામાં થતું ગમે તે ઝાડ, જેમાં યુકેલિપ્ટસનું તેલ, કિનો અને ટેનિન મળે છે. આ પ્રજાતિનું ભારતમાં થતું એક માત્ર વ્યાપારી ઝાડ *Eucalyptus globulus* છે. **E.** *canaldulensis*. મૂળ ઑસ્ટ્રેલિયાનું મધ્યમ કદનું, મોટું, સફેદ રંગનું લાલ ટકાઉ કાષ્ઠ ધરાવતું ઝાડ. **E.** *citriodora* **Hook.** ઉત્તર ભારત, કેરળ અને નીલગિરિમાં થતું લીંબુની સુવાસ ધરાવતું, બાષ્પશીલ તેલ આપતાં પાનનું ઝાડ. **E.** *coolabah.* યુકેલિપ્ટસ પ્રજાતિનું મૂળ ઑસ્ટ્રેલિયાનું મજબૂત, ટકાઉ કાષ્ઠ ધરાવતું બળતણ માટે ઉપયોગી વૃક્ષ. **E.** *globulus* **Labill.** મૂળ ઑસ્ટ્રેલિયાનું પણ નીલગિરિ, અન્નમલાઈ, પાલની ટેકરીઓ, સિમલા અને શિલોંગમાં થતું ઝાડ, જેનાં સૂકવેલાં પાનમાંથી યુકેલિપ્ટસ તેલ નીકળે છે, જે દમ, શરદી તથા સુગંધી દ્રવ્યો બનાવવામાં ઉપયોગી બને છે, કાષ્ઠ મુખ્યત્વે બળતણ માટે કામમાં આવે છે. પાણી ભરાઈ રહેતા હોય તે વિસ્તારમાં મલેરિયાની સામે રક્ષણ તરીકે તેને વાવવામાં આવે છે. તેના કાષ્ઠનો માવો ઓઈલ લિપિ માટેના કાગળ બનાવવાના કામમાં આવે છે. **E.** *melanophloia.* **F. Muell.** ઑસ્ટ્રેલિયાનું યુકેલિપ્ટસ પ્રજાતિનું ઘેરી છાલવાળું, બળતણ, ઇમારતી લાકડું અને વાડના થાંભલા આપતું ઝાડ. **E.** *obosa.* યુકેલિપ્ટસ પ્રજાતિનું મૂળ ઑસ્ટ્રેલિયાનું ખરબચડી છાલવાળું ઝાડ. **E.** *rostrata* **Schlecht.** યુકેલિપ્ટસ પ્રજાતિનું મહારાષ્ટ્ર, આસામ અને પંજાબમાં થતું ઝાડ, જેનાં પાનનો ઘાસચારો બને છે. **E.** *salmonophloia.* **F. Muell.** યુકેલિપ્ટસ પ્રજાતિનું, પાતળું, સુંવાળી છાલનું બાષ્પશીલ તેલ ધરાવતું, છાયા આપતું ઝાડ. **E.** *terminalis.* યુકેલિપ્ટસ પ્રજાતિનું મૂળ ઑસ્ટ્રેલિયાનું ઝાડ. **E.** *tesselaria.* યુકેલિપ્ટસ પ્રજાતિનું ખરબચડી છાલનું ઝાડ. **eucalyptus oil.** યુકેલિપ્ટસ ઝાડનાં પાનનું બાષ્પશીલ તેલ, જેની વિશિષ્ટ વાસ હોય છે, જે મદ્યાર્ક અને તેલમાં દ્રાવ્ય છે, જે કફ નિસ્સારક અને જંતુઘ્ન છે; નીલગિરિમાં તેનો ગૃહઉદ્યોગ છે અને તેથી તે નીલગિરિના નામે પણ ઓળખાય છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**Euchlaena** *mexicana* **Schrad.** મૂળ મધ્યઅમેરિકાનું પણ આસામ, મહારાષ્ટ્ર અને પંજાબમાં થતું ઘાસચારાનું ઊંચુ ઘાસ.

**Eugenia** *alba.* સફેદ જાંબુ. **E.** *aquea* **Burm f.** લાલજાંબુ, ખાસી ટેકરીઓ અને સિક્કિમનું ઝાડ. **E.** *aromatica* **O. Kuntze.** લવંગાદિ કુળનું નીલગિરિ અને કેરળમાં થતું ઝાડ, જેનાં સુકવેલાં ફળ એટલે લવિંગ મસાલા અને ઔષધ તરીકે ઉપયોગમાં આવે છે. **E.** *caryophyllata* **Thunb.** જુઓ *Egenia aromatica.* **E.** *cuspidata* **Berg.** શોભા તરીકે ઉગાડવામાં આવતું ઝાડ. **E.** *formosa* **Wall.** (Syn. *Syzygium mappaceum* (**Korth.**) **Mansf.** આસામ અને પ. બંગાળમાં થતું ખાદ્યફળ – જાંબુનું ઝાડ. **E.** *fruticosa* **Roxb.** જંગલી જાંબું. **E.** *jambolana* **Lamk.** ભારતભરમાં થતું ખાદ્યફળ – જાંબુનું ઝાડ, **E.** *jambos* **L.** આસામ, બિહાર, આન્ધ્રપ્રદેશ, તામીલનાડુ, મહારાષ્ટ્ર અને પ. બંગાળમાં થતું જાંબુનું ઝાડ. **E.** *javanica* **Lamk.** ખાસી ટેકરીઓ અને સિક્કિમમાં થતું લાલ જાંબુનું ઝાડ. **E.** *malaccensis* **L.** મૂળ મલાકાનું સફેદ જાંબુનું ઝાડ. **E.** *uniflora* **L.** પિતંગા નામનું દ. ભારતમાં થતું ખાદ્યફળ ધારી ઝાડ.

**Eulaliopsis** *binata* (**Retz.**) **C.E. Hubb.** બિબની નામનું ઘાસ.

**Eulophia** *pratensis* **Lindl.** શતાવરી.

**Euphorbia** *antiquorum* **L.** ભારતના ગરમ પ્રદેશોમાં થતો ત્રિધારો થોર નામનો ક્ષુપ. **E.** *cerifera.* ચોધારો થોર. **E.** *hirta* **L.** લાલદૂધી, રાતીદૂધી અથવા નાગલા દૂધેલી નામનું વર્ષાયુ ઝાડ. **E.** *ligularia.* થોરનો એક પ્રકાર. **E.** *milii* **Ch. des Moulins.** થોરનો ટોચનો ભાગ. (૨) માલાગાસીમાં થતો એક આરોહી ક્ષુપ. **E.** *neriifolia. auct. pl. non.* **L.** થોર. **E.** *pulcherrima* **Willd.** ex. **Klotz.** શોભા માટે વવાતો મૂળ દ. અમેરિકાનો ક્ષુપ. **E.** *resinifera.* પાંચ ધારો થોર. **E.** *tirucalli* **L.** ખરસાણી થોર, જેનાં મૂળનો ઉપયોગ માછલીઓ અને પક્ષીઓને ઝેર આપવા માટે થાય છે.

**Euphoria** *longan* (**Lour.**) **Steud.** આંશફળ નામનું દ. ભારતમાં શોભા માટે ઉગાડવામાં આવતું ખાદ્યફળનું ઝાડ.

**Euphrasia** *officinalis* **L.** આંખના દર્દમાં લોશન તરીકે ઉપયોગી બનતી એક વનસ્પતિ.

**Euproctis** *lunata* **Wlk.** એરંડામાં પડતી વાળવાળી ઇયળ.

**Eureka.** પાણીની અછતવાળી અથવા હલકા પ્રકારની જમીનોમાં થતો બદામનો એક પ્રકાર. **E. lemon.** લીંબુનો એક પ્રકાર.

**European.** યુરોપનું–ને લગતું. **E. bee.** *Apis mellifera.* નામની યુરોપમાં થતી મધમાખનો એક પ્રકાર. **E. beech.** *Fagus sylvatica* **L.** કુલુ અને નીલગિરિમાં થતું ઊંચું ખાદ્યફળ ધારી વૃક્ષ. **E. black-herry** *Vilaiti anchu, Rubus fruticosus* **L.** ઇ. નામનો કાશ્મીર, આસામ અને નીલગિરિમાં થતો ક્ષુપ. **E. black currant.** નાબર. *Ribes nigrum* **L.** નામનો કાશ્મીરમાં થતો ખાદ્યફળધારી ક્ષુપ. **E. chestnut.** *Castanea sativa* **Mill** (*C. vesca* **Gaertn**; *C. vulgaris* **Lamk.**). દાર્જીલિંગ, ખાસી ટેકરીઓ, પંજાબ અને હિમાચલ પ્રદેશમાં થતું ઊંચુ ઝાડ. **E. elder.** ખાદ્ય ફળનો ક્ષુપ. **E. gooseberry.** હિંદીમાં વૈકુંઠી નામે ઓળખાતું એક ઝાડ. **E. meal worm.** લોટ, ભૂસું, ભાંગેલા દાણા વ. માં પડતું જંતુ. **E. pennyroyal.** *Mentha pulegium* **L.** બાષ્પશીલ તેલ આપતી પાનવાળી શાકીય વનસ્પતિ. **E. white water-**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**lily.** સફેદ પોયણું, જે કાશ્મીરમાં થાય છે.

**Euryale** *ferox* **Salisb.** મખાણા નામની કાંટાળી જળનિવાસી વનસ્પતિ.

**Eurytrema** *pancreaticum.* અગ્નાશયનું પરજીવી જંતુ.

**eutrophy.** તંદુરસ્તીજનક પોષણ. (૨) ઇષ્ટતમ પોષક તત્ત્વો ધરાવતાં મૃદ–સંયોજનો કે પાણી.

**eutropy.** સૂર્યનાં કિરણોની તરફ વનસ્પતિનું થતું આવર્તન.

**Euzophera** *perticella.* રીંગણીના પ્રકાંડનો વેધનાર કીટ.

**evaporated.** બાષ્પીભૂત. **e. milk.** બાષ્પીભૂત દૂધ. (૨) સંઘનિત કરાયેલું હોય તેવું પરંતુ ગળ્યું બનાવ્યું ન હોય તેવું, ઉચ્ચ ઉષ્ણતામાને જંતુરહિત કરવામાં આવ્યું હોય તેવું દૂધ, જેનો મુખ્યત્વે ઉપયોગ બાળકોને ખવડાવવા માટે કરવામાં આવે છે. **evaporation.** બાષ્પીભવન, વરાળ થવી. **evapo-transpiration.** વનસ્પતિના ઉત્સ્વેદન અને બાષ્પીભવનથી ગુમાવવામાં આવતો પાણીનો કુલ જથ્થો, જેમાં વનસ્પતિએ મેળવેલા પાણીના કુલ જથ્થાનો અને ખાલી જમીન અને પાણીની સપાટી પરથી બાષ્પીભવન થયેલા પાણીનો પણ સમાવેશ થાય છે.

**evergreen.** સદાહરિત. (૨) સદાપર્ણિત. (૩) લીલાં પાન જેથી સંપૂર્ણપણે વંચિત ન થનાર ઝાડ. **e. forest.** સદાહરિત વન.

**eve's apron.** બિહાર, ઓરિસા, ખાસી ટેકરીઓ અને મણિપુરમાં જોવામાં આવતું ઝાડ, જેની છાલના રેસાનાં દોરડાં બને છે, જેનાં ફળ ખાદ્ય છે, જે કઢી અને મુરબ્બો બનાવવાના કામમાં આવે છે અને જેનાં પાનનો ચારો થાય છે.

**Evodia** *fraxinifolia* **Hook f.** ખાસી ટેકરીઓ અને પ. બંગાળમાં થતી વનસ્પતિ, જેનું કાષ્ઠ પોચું હોઈ તેની ચાની પેટીઓ બનાવવામાં આવે છે.

**evolute.** ખુલ્લું થવું, ખુલવું, પાછું વળવું.

**Evolvulus** *alsinoides* **L.** કાળી શંખાવલી. **E.** *arvensis* **L.** વેલડી, ખેતરાઉ કુદરડી. **E.** *linifolius* **L.** ઝીણકી કુદરડી.

**ewe.** ઘેટી, માદા ઘેટું.

**exanthema.** માંદી પેશીમાંથી થતો ગુંદર કે અન્ય દ્રવ્યનો સ્રાવ. (૨) ચામડી પર સોજો આવે તેવું ગમે તે દર્દ.

**exarch.** બહિરારંભ.

**excavation.** વિવર નિર્માણ. (૨) ઉત્ખનન.

**excess.** વધારાનું. **ex. profit.** વધારાનો નફો. **ex. water.** વધારાનું પાણી, વનસ્પતિની વૃદ્ધિ માટે જરૂરી હોય તે કરતાં પણ વધારે પ્રમાણમાં રહેલું – ખાસ કરીને વરસાદનું પાણી.

**exchange.** વિનિમય, આપલે. (૨) ટેલીફોન કે શેરોનું મથક. **ex., bases of** વિનિમયના આધાર. **ex. capacity.** વિનિમય ક્ષમતા. **ex. market.** વિનિમય બજાર. **ex. ratio.** વિનિમય ગુણોત્તર. **ex. value.** વિનિમય મૂલ્ય. **exchangeable** વિનિમય થઈ શકે તેવું, વિનિમેય. **ex. phosphate.** વિનિમેય ફોસ્ફેટ. **ex. potassium** વિનિમેય પોટેશિયમ.

**excision** અપચ્છેદન, ચીરો.

**Excoecaria** *acerifolia* **F. Didr.** સંધિવાના દર્દમાં ઉપયોગી બનતો પાનવાળો હિમાલયમાં થતો ક્ષુપ. **Ex.** *agallocha* **L.** ટગર, જેના કાષ્ઠના દીવાસળીનાં ખોખાં બનાવવામાં આવે છે.

**excrescences.** કોઈ રોગથી વનસ્પતિને આવતી વિકૃતિ.

**excreta.** શરીર કે શરીરની કોઈ પણ પેશીમાંથી ઉત્સર્જિત થતું દ્રવ્ય. (૨) વનસ્પતિમાં થતું નકામું દ્રવ્ય. (૩) મળ. **excretion.** મળત્યાગ. (૨) વનસ્પતિના નકામાં દ્રવ્યોનો ત્યાગ.

**Exelastis** *atmomosa.* પ્લમ તથા ચણામાં પડતું જંતુ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**exfoliation.** પાન અથવા કલિકાની પતરી ખેરવવી.

**exhaustion.** થાક, શ્રાંતિ. (૨) પાકનો ઉતાર ઓછો થાય તેવી રીતે વનસ્પતિનાં પોષક દ્રવ્યનો થતો ક્ષય.

**exine.** બાહ્ય કવચ, બાહ્ય પડ, બાહ્યાવરણ.

**exo-.** બાહ્ય અર્થસૂચક પૂર્વગ.

**Exobasidium** *vexans* **Massee.** ચાનું રોગકારી જંતુ.

**exocarp.** ફલાવરણનું બાહ્યસ્તર.

**exogonium** *purga* **(Hayne) Lindl.** પૂર્ણે અને નીલગિરિની શાકીય વનસ્પતિ. જેનાં મૂળની ઔષધિ જુલાબ માટે કામમાં આવે છે.

**exosmosis.** ત્વચામાંથી વાયુ કે તરલનું પારગમન (થવું).

**exostosis.** અસ્થિની બહિર્વૃદ્ધિ.

**exotic.** આગત (વનસ્પતિ); બહારથી લાવેલી – આણવામાં આવેલી (વનસ્પતિ).

**expectorant.** શ્વસનમાર્ગમાંથી કફ અને શ્લેષ્મને દૂર કરનાર (ઔષધ), કફ નિસ્સારક.

**expeller.** બીમાંથી તેલ કાઢવાનું યંત્ર, જેથી તેલ અને ખોળ છૂટા પડે છે.

**expiration.** ફેફસાંમાંથી હવા બહાર કાઢવી, ઉચ્છ્વાસ. (૨) વનસ્પતિ અને પ્રાણીઓ દ્વારા અંગારવાયુ – કાર્બન ડાયોક્સાઈડનું નિર્ગમન.

**exposure.** પ્રવણતા કે ઢાળની તરફની દિશા.

**extension** શાળેતર શિક્ષણ. (૨) કૃષિ સંશોધનના પરિણામે ખેડૂતને નિદર્શન અને અન્ય માધ્યમો દ્વારા માહિતગાર કરવાનાં વિસ્તરણ શિક્ષણ, તાલીમ અને સેવા. **ex. agents.** સુધારેલી કૃષિ રીતથી ખેડૂતોને માહિતગાર કરનાર કર્મચારી.

**external.** બાહ્ય, બહારનું. **ex. seed-borne disease** વનસ્પતિને થતો રોગ, જેમાં બીમાંજ રોગોત્પાદક સજીવ એકરૂપ બન્યા વિનાના હોય છે. ફૂગનાશક દ્રવ્યથી આ રોગને નિયંત્રણમાં લાવી શકાય છે. **ex. seed treatment.** બી દ્વારા ફૂગવાહી રોગના સંક્રમણને અટકાવવા માટે કરવામાં આવતી તેની માવજત.

**extract.** સત્ત્વ. (૨) કાચુ ઔષધ કોઈ પણ દ્રાવણમાં પલાળી, અક્રિય દ્રવ્યમાંથી પીગળેલું સક્રિય દ્રવ્ય છૂટું પાડી તેને કેન્દ્રીભૂત કરવું અથવા તે પૂરેપૂરું સુકાઈ જાય ત્યાં સુધી તેનું બાષ્પીભવન કરવું – થવા દેવું અને આમ કરીને તેનું મેળવવામાં આવતું સત્ત્વ.

**extremity.** અંગ, ઉપાંગ, અંગનો દૂરસ્થ ભાગ.

**exudate.** પ્રાણી કે વનસ્પતિની રોગગ્રસ્ત પેશીમાંથી થતો પ્રવાહી સ્રાવ, સ્રવણ. **exudation.** ગમે તે ઘા કે છિદ્રમાંથી ગુંદર, રેઝિન, ભેજ જેવો થતો સ્રાવ. (૨) પ્રાણી શરીરનું સ્ખલન કે સ્રવણ. **ex. pressure.** વનસ્પતિમાં તરલને ઊંચે ચડવા મદદરૂપ બનતું મૂળ તરફનું દબાણ.

**eye.** દૃષ્ટિ માટેનું અંગ. (૨) વિવિધ પ્રાણીઓ અને નિમ્ન વનસ્પતિનો રંજક ભાગ. (૩) કંદની કળી. **e. cancer.** આંખના અધિચ્છદીય કોષમાં કે પ્રાણીઓના એવા અંગમાં થતું કેન્સર – દુષ્ટાર્બુદ. **e. spots.** ઘણી નિમ્ન વનસ્પતિ અને પ્રાણીઓમાં દેખાતો રંજક ભાગ, જે જોવાનું કાર્ય કરે છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# F

$F_1$. પ્રથમ પેઢીની સંતતિ અથવા પ્રથમ સંકરની સંતતિ, જ્યારે પછીની સંતતિ. $F_2$ $F_3$...ઇ. કહેવાય છે.

**Faba** *vulgaris* **Moench.** ભારતના વાયવ્ય સરહદ વિસ્તારમાં ટટાર ઊગતી વનસ્પતિ. **fabaceous.** શિમ્બી કે વટાણા કુળની (વનસ્પતિ). **fabiform** વટાણા આકારનું.

**fabricating property.** ગઢાઈ.

**face.** પાસું, પાર્શ્વ. (૨) ચહેરો. **f.to-face.** પશુ આહાર આપવાની કુંડીની એવી વ્યવસ્થા, જેની બંને બાજુઓની સામ સામે પશુની હાર ગોઠવાઈ શકે.

**factor.** મુદ્દો, અંગ. (૨) કારણ, કારક. (૩) ઘટક, ઉપાદાન, ગુણક. (૪) પરિણામ લાવતું જૈવ, વાતાવરણીય કે પોષણકારક. **factorial.** ક્રમગુણિત. **f. experiment.** બહુ ઉપાદાની પ્રયોગ. **factors.** પરિબળો, કારકો.

**factory.** કારખાનું. **f.farm.** વ્યાવસાયિક કૃષિ ફાર્મ. **f. method.** કારખાના પદ્ધતિ. **f. waste.** કારખાનાની રદ્દી.

**facultative.** અનાગ્રહી, ઐચ્છિક, વૈકલ્પિક. (૨) કોઈ વિશિષ્ટ લક્ષણથી જ મર્યાદિતપણે લક્ષણ પ્રાપ્ત કરી શકે તેમ હોય તે (અંગ). **f. organisms.** એક કરતાં વધારે સંજોગો કે પરિસ્થિતિમાં જીવી શકતા સજીવો. (૨) અજારક શ્વસન ધરાવતા અને જરૂર ઊભી થતા અજારક શ્વસનની પરિસ્થિતિમાં પણ ટકી શકે તેવા સજીવો. **f. parasite.** વૈકલ્પિક પરજીવી. સામાન્ય રીતે ફૂગ ઇ. જેવું કાર્બનિક દ્રવ્યોપજીવી હોવા છતાં પરજીવી બની શકે તે સજીવ. **f. saprophyte.** વૈકલ્પિક મૃતોપજીવી, વૈકલ્પિક મૃતભક્ષી. (૨) વૈકલ્પિક કાર્બનિક દ્રવ્યોપજીવી.

**faecal.** મળ સંબંધી. **faeces.** મળ, આંતરડામાંથી ઉત્સર્જિત થતું દ્રવ્ય.

**Fagara** *budrunga* **Roxb.** પશ્ચિમ ઘાટ અને પ. બંગાળનું મોટું ઝાડ, જેનાં ફળ મસાલા તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે, જેનાં બીમાંથી સૌરભિક તેલ મળે છે અને જેના કાષ્ઠમાંથી સુતરાઉ કાપડના ઉદ્યોગ માટે શટલ બનાવવામાં આવે છે. **F.***oxyphylla*(**Edgew.**)**Engl.**(Syn. *Zanthoxylum oxyphyllum* **Edgew.**). તિમાર નામનો કુમાઉ અને ખાસી ટેકરીઓમાં થતો ક્ષુપ, જેના કુમળા અંકુર શાકભાજી તરીકે ખાદ્ય બને છે.

**Fagopyrum** *cymosum* **Meissn.** હિમાલય અને ખાસી ટેકરીઓમાં થતો ઊંચો ક્ષુપ, જેનાં પાનની શાકભાજી બને છે. **F.** *esculentum* **Moench.** મૂળ મધ્ય એશિયાની ઉત્તર ભારતના ડુંગરાળ વિસ્તારમાં થતી વનસ્પતિ, જેનાં બી ખવાય છે. **F.** *tataricum* (**L.**) **Gaertn.** રાજગરો.

**Fagus** *sylvatica* **L.** એક આરોહી ક્ષુપ. જેને શોભા માટે ઉગાડવામાં આવે છે.

**falcate.** દાંતાદાર. (૨) દાંતરડા આકારનું.

**fair price.** વાજબી કિંમત.

**fall.** પાનખર. (૨) પર્ણ કે ફળ જેવા વનસ્પતિના ભાગનું પતન. (૩) જમીનનો ઢાળ. (૪) વરસાદનું પ્રમાણ. (૫) જન્મ આપવો. **f. of potential.** સ્થિતિમાનનો તફાવત, વિભવનો તફાવત.

**fallage.** ઝાડ કાપવાનું કાર્ય.

**fallen hides.** કતલ સિવાયના કારણે મરેલા ઢોરનાં મેળવવામાં આવતાં ચામડાં.

**falling sickness.** અપસ્માર, વાઈ.

**fallopian tube.** અંડવાહિની નલિકા; ગર્ભાશયનાં શૃંગ સાથે જોડાયેલી સમક્ષિતિજ નલિકા, જે દ્વારા અંડનું વહન થાય છે.

**fallow.** પડતર. **f. land** પડતર જમીન; ખેતી માટે અયોગ્ય જાહેર કરવામાં આવેલી પડતર અને વણખેડ



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જમીન; ઘણીવાર તેમાં જંગલની વનસ્પતિ ઉગાડવામાં આવે છે. (૨) જમીનમાંથી ઘાસપાત દૂર કરવા અને પછીના પાક માટે ભેજ જળવાય તે માટે ખેડ કરીને વનસ્પતિવિહીન રાખેલી ખેડવાણ જમીન.

**false.** અસત્ય, કૂટ, નકલી, ખોટું, જૂઠું. **f. annual ring.** નકલી વાર્ષિક વલય (વૃક્ષનું). **f. branching.** કૂટ શાખાવિન્યાસ. **f. fruit.** કૂટ ફળ. (૨) કાજુ જેવું પરાગાસન કે ફળના અન્ય ભાગ પર થયેલું ફળ. **f. moult.** કાળજી નહિ રાખવા જેવાં કારણોથી પીછાં ખરી પડવાં. **f. oestrus.** ગર્ભવતી અથવા ઋતુ વિના માદા પ્રાણીને થતો મદ – કામોષ્મા, જે તંદુરસ્ત પ્રાણીમાં બનવા સંભવ છે. રોગગ્રસ્ત અંડાશયના કારણે આ પ્રમાણે બનવાનું શક્ય છે. **f. saffron.** કુસુંબીનો મિશ્ર પાક. **f. tissue.** કૂટ પેશી. **f. yeast.** મિથ્યા – કૂટ યીસ્ટ – ખમીર.

**family.** કુળ, કુટુંબ, પરિવાર. (૨) વર્ગીકરણમાં પરસ્પર સંબંધિત પ્રજાતિનો સમૂહ; કુળનો સમૂહ ગોત્ર બને છે. **f. farm.** પારિવારિક ખેતર – ફાર્મ. **f. labour.** પારિવારિક શ્રમ.

**famine.** દુષ્કાળ, દુકાળ, અકાળ. (૨) વિસ્તૃત રીતે ખોરાકની તીવ્ર અછત. **F. Commission.** દુષ્કાળની પરિસ્થિતિમાં રાહતનાં પગલાં સૂચવવા સરકાર તરફથી નીમવામાં આવતું આયોગ - કમિશન.

**fan.** પંખો. (૨) પંખાકાર ગોઠવાઈ જવું. **f. belt.** પંખાનો પટ્ટો. **fanning.** ચાની પ્રક્રિયાનો એક પ્રકાર, જેમાં ચાનાં ચૂંટેલાં પાનને હવાની અવર જવર થતી હોય તેવા સ્થાનમાં 18–24 કલાક રાખવામાં આવે છે.

**fancier.** ચોક્કસ પ્રકાર કે ઓલાદનાં પ્રાણી કે વનસ્પતિના સંવર્ધન – ઓલાદનાં રસ લેનાર સંવર્ધક.

**FAO. Food and Agriculture Organisation.** આ નામની રાષ્ટ્રસંઘની ખોરાક અને કૃષિ સંસ્થાના અંગ્રેજી શબ્દનું સંક્ષેપરૂપ. આ સંસ્થા દ્વારા તેના સભ્ય દેશોમાં થતા કૃષિ ઉત્પાદન, તેનો કરવામાં આવતો ઉપભોગ, વ્યાપારી કાર્યક્રમો અને ખોરાકની જરૂરિયાતો અંગે વિચારણા અને સૂચનો કરે છે.

**Faraday's Laws of Electrolysis.** વિદ્યુત વિશ્લેષણ અંગે વૈજ્ઞાનિક ફેરેડેએ ઘડેલા નિયમો.

**Faradaya** *splendida* **F. Muell.** મૂળ ઓસ્ટ્રેલિયાનો શોભા માટેનો આરોહી ક્ષુપ.

**farash.** ઝાઉફરશ તરીકે ઓળખાતું મધ્યમકદનું ઝાડ, જેની ગંડિકા ચામડાં કમાવવામાં ઉપયોગી બને છે, જેના કાષ્ઠનાં હળ, પાણી કાઢવા માટેની રેંટનું ચક્ર, નાનાં ઓજારો બનાવવા તથા બળતણ તરીકે કામમાં આવે છે, ઉપરાંત તે મરુભૂમિનું વનીકરણ કરવામાં પણ ઉપયોગી બને છે.

**faridbuti.** શેઢા અશેળિયો, નડબાઉ અશેળિયો; ફરિદબૂટી તરીકે ઓળખાતી રાજસ્થાન અને ઉત્તરભારતમાં થતી વનસ્પતિ.

**farinaceous.** મંડમય, મંડાત્મક, કાંજીયુક્ત.

**farm.** ખેતીના હેતુ માટે જમીન ખેડવી. (૨) પાક અને/અથવા પ્રાણીની પેદાશ માટેના કામમાં ઉપયોગમાં લેવામાં આવતો જમીનનો ભાગ. (૩) ફાર્મ, ખેતર. **f., factory** ફેક્ટરી ફાર્મ, વ્યાવસાયિક કૃષિફાર્મ. **f., diversified** વિવિધ વ્યવસાયાત્મક ફાર્મ. **f., industrial** ઔદ્યોગિક ફાર્મ. **f., owned** માલિકીનું-પોતિકું ફાર્મ. **f., rented** ભાડે-ગણોતે આપેલું ફાર્મ. **f., specialized** વિશિષ્ટ કાર્ય માટેનું ફાર્મ. **f. animals.** કૃષિની સાથે સંકળાયેલાં બળદ, ગાય, જેવાં પાળેલાં પ્રાણીઓ. **f. book-keeping.** ખેતીવાડી અંગેનો હિસાબ રાખવો. **f. building.** ખેતર પર ઓજાર, કૃષિ સરંજામ, માલ સામાન ઇ. રાખવા માટેની ઈમારત; હથિયારવાડો, સ્ટોર, મરઘાં–બતકાંઘર. **f. business.** કૃષિ-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાર્ય અંગેનાં ઉત્પાદન અને નભાવની પ્રવૃત્તિ, નાણાં–વ્યવહાર ઇ. જેવો વ્યવસાય. **f. capital.** ફાર્મ મૂડી. **f. costings.** ખેતી ખર્ચનો અભ્યાસ. **f. credit.** કૃષિકાર્ય અંગેનું ધિરાણ. **f. crops.** ખેતી સાથે સંકળાયેલા પાક. **f. economics.** કૃષિ અર્થશાસ્ત્ર. **f. economy.** કૃષિ–અર્થવ્યવસ્થા. **f. equipment.** કૃષિ કાર્યોની સાથે સંકળાયેલાં ઉપસ્કર. **f. expenses.** ખેતીવાડીને અંગેનાં ખર્ચાં. **f. forestry.** બળતણ, નાના પાયાપર ઈમારતી લાકડું, ચરાણની સગવડ, ઘાસચારો, પાનના ખાતરની બાબતમાં ફાર્મને આત્મનિર્ભર બનાવવા તથા વાવાઝોડા અને જમીન ધસારા પર નિયંત્રણ કરી શકાય તે માટે, સામાન્ય ખેતી કાર્ય ઉપરાંત ખેતર પર નાના પાયાપર વનનું નિર્માણ કરવું–ઝાડ વાવવાં; આ માટે કુલ ફાર્મ વિસ્તારનો 10-15 ટકા ભાગ ઉપયોગમાં લઈ શકાય. **f. hand** કૃષિ કામમાં રોકવામાં આવતા કર્મચારીઓ. **f. implements.** ખેતી અંગેનાં ઓજારો ઇ. **f. income.** ખેતી કાર્યમાં થતી આવક. **f. management.** ચોખ્ખી આવક મળી રહે તે રીતે કૃષિ કાર્યની વ્યવસ્થાનું શાસ્ત્ર અને કલા. **f. manure.** જુઓ *farmyard manure*. **f. maps.** ખેતરનું કદ, જમીનનો પ્રકાર, તેની ગુણવત્તા, પાકની માવજત ઇ. ની વિગતો દર્શાવતો નકશો. **f. stead.** મુખ્ય મકાનો, બાજુનો વાડો, શાકભાજી ઇ. વાવવાની જગ્યા સમેત ખેતરનો હિસ્સો. **f. yard.** ખેતરમાં પ્રાણીઓ રાખવાનો વાડો. **f. y. manure** ખેતરના વાડામાં રાખવામાં આવતાં પ્રાણીઓનાં મળ–મૂત્ર, તેમનાં આ મળ–મૂત્રવાળો ઘાસનો પથારો, તેમને આપવામાં આવતો ઘાસચારો, લીલોતરી, કઠોળ, ગોતું, દાણા, ઇ. નો પડી રહેતો જથ્થો; આ સૌ મહત્ત્વનું કાર્બનિક ખાતર બની રહે છે અને ભારતમાં તેનો વિશાળ પાયાપર ઉપયોગ કરવામાં આવે છે. આવા કાર્બનિક ખાતરમાં નાઈટ્રોજન ઇ. ખનિજ દ્રવ્યો પુષ્કળ પ્રમાણમાં હોય છે. આવા મળ–મૂત્રયુક્ત જથ્થામાંથી નાઈટ્રોજન જેવાં દ્રવ્યો ઊડી ન જાય તે માટે, તેમને ખાડામાં સઘન રીતે સડી જાય તેમ સંઘરવામાં આવે છે. પ્રાણીઓને કેવળ ઘાસ કે ચારો ખોરાકમાં અપાય અને તેમાં મળ–મૂત્ર મળે તે કરતાં તેમને શિમ્બી-વર્ગના દાણા, ઘાસ, ખોળ ઇ. આપવામાં આવે અને તેમાં મળ–મૂત્ર ભળે તો તેવા મળ-મૂત્રમાં ગુણવત્તા વિશેષ હોય છે. આવા સડતા ખાતરમાં રાસાયણિક ખાતર ઉમેરી તે ફળ ઝાડને આપવામાં આવે તો તેના સારાં પરિણામ મળે છે. **farming** કૃષિકાર્ય, ખેતીકાર્ય. **f., capitalist** મૂડીપ્રધાન–મૂડીવાદી ખેતીકાર્ય. **f., collective** સામૂહિક ખેતીકાર્ય. **f., cooperative** સહકારી ખેતીકાર્ય. **f., developmental** વિકાસલક્ષી ખેતીકાર્ય. **f., diversified** વિવિધ વ્યવસાયલક્ષી ખેતીકાર્ય. **f., exhaustive** ફળદ્રુપતાનો નાશ થાય ત્યાં સુધી કરાતું ખેતીકાર્ય. **f., intensive** શ્રમ અને મૂડીપ્રધાન ખેતીકાર્ય. **f., joint** સંયુક્ત ખેતીકાર્ય. **f., joint-stock** સંયુક્ત જવાબદારી આધારિત ખેતીકાર્ય. **f., restorative** ફળદ્રુપતા પુનઃસ્થાપક ખેતીકાર્ય. **f., sewage** મળ-મૂત્ર, મળ-જળ કૃષિકાર્ય. **f., small scale** નાના પાયા પરનું ખેતીકાર્ય. **farmer.** ખેડૂત, ખેતીનો વ્યવસાય કરનાર ગમે તે વ્યક્તિ.

**farrow.** ડુક્કરનાં બચ્ચાંની સુંવાર. **farrowing.** ભૂંડણનું વિયાવું.

**Farsetia** *jacquemontii* **Hook f.** ફરિદબૂટી નામની રાજસ્થાન અને ઉત્તર-ભારતમાં થતી વનસ્પતિ, જેનાં કુમળા અંકુરનો મસાલો થાય છે.

**fasciation.** પ્રપટ્ટન. (૨) વનસ્પતિની વર્ધનશીપેશીના સંયુક્ત વિકાસના પરિણામે અંગોની થતી યુતિ, જેના કારણે રાક્ષસી વૃદ્ધિ થવા પામે છે. (૩) ઘણી શાખાઓ એકત્ર થઈ ગઈ હોય તેવું તેનું વિસ્તૃતીકરણ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**fascicle.** ઝૂંડ, ગુચ્છ. (૨) પર્ણો, કલિકાઓ અને ફળનું ગાઢ સંગ્રહન. **fascicular cambium.** ગુચ્છીય એધા. **f. tissue system.** ગુચ્છીય પેશીતંત્ર. (૨) વાહી ઊતકતંત્ર. **fasciculated.** ગુચ્છાદાર. **f. root.** ગુચ્છાદાર મૂળ. **fasciculation.** પુલીકરણ. (૨) ગુચ્છીય વિન્યાસ. **fasciculum.** સ્નાયુ-પેશી સમૂહ – ગુચ્છ.

**Fasciola** *gigantica.* ઢોર, ભેંસ, ઘેટાં–બકરાંમાં થતું એક પ્રકારનું પરજીવી. **F.** *hepatica.* ઢોર, ભેંસ, ઘેટાં–બકરાંમાં થતું એક પ્રકારનું પરજીવી. **F.** *jacksoni.* હાથીઓમાં જોવામાં આવતું એક પ્રકારનું પરજીવી. **fascioliasis.** માણસો અને અન્ય પ્રાણીઓમાં એક પ્રકારની પરજીવી (*Fasciola hepatica*)થી થતો એક રોગ.

**Fasli year.** ફસલી વર્ષ. (૨) જુલાઈ તા. 1 થી જુન તા. 30 સુધીનું કૃષિ વર્ષ.

**fastigate.** સાવરણી જેવું ઊભી અને સમાંતર શાખાઓવાળું; શાખાયુક્ત.

**fat.** મેદ, ચરબી, સ્નિગ્ધ–સ્નેહક દ્રવ્ય, તેવો પદાર્થ. (૨) કાર્બન, હાઇડ્રોજન અને ઑક્સિજનનું સંયોજન, જેમાં ફૉસ્ફરસ અને નાઇટ્રોજન પણ સંભવી શકે, જેમાં શર્કરાદ્રવ્યો કરતાં ઑક્સિજનનું પ્રમાણ ઓછું હોય છે. સરખા પ્રમાણમાં શર્કરા દ્રવ્યો કરતાં તેમાં અઢીગણી વિશેષ શક્તિ હોય છે. (૩) દૂધનું તૈલી દ્રવ્ય, જે માખણનું મુખ્ય ઘટક બને છે. (૪) કોપરેલ, અળશીનું તેલ ઇ. જેવાં વનસ્પતિનાં તેલી દ્રવ્યો. (૫) પ્રાણીજ કે વાનસ્પતિજ ચરબીમાંથી મેળવેલું ગમે તે ખોરાકી દ્રવ્ય. (૬) સૂકા ખોરાકમાંથી ઈથર વડે નિષ્કર્ષિત કરાતાં દ્રવ્યો. **f. content.** ટકાવારીમાં દર્શાવવામાં આવતો દૂધમાંનો ચરબીનો ઘટક. **f. globules.** દૂધમાંનાં કુદરતી ચરબી ગોલકો–કણો. **f. metabolism.** ચરબી ચયાપચય. **f. soluble vitamins.** ચરબી–તેલ દ્રાવ્ય પ્રજીવકો. **f. test.** કોઈ પણ પેદાશમાં રહેલા ચરબી ઘટક જાણવાની કસોટી. **fattening.** પ્રાણી કે પક્ષી જાડાં થાય તેવી રીતે તેમને ખવડાવી તગડાં બનાવવાં. **fatty.** ચરબીયુક્ત, મેદયુક્ત, મેદીય. **f. acid.** સ્નેહામ્લ. (૨) કાર્બનિક મોનોબેઝિક ઍસિડ, જેમાંનાં કેટલાંક ઍસિડ ગ્લિસરાઇનની સાથે સંયોજાઈને ચરબી અને તેલ બને છે. **f. oil.** ચરબીયુક્ત તેલ.

**fatigue.** શ્રાંતિ, થાક. (૨) કોઈ અંગના કોષની લાંબી ઉત્તેજનાનું પરિણામ. (૨) જમીનની ઉત્પાદકતાને પહોંચતી હાનિ.

**fauces.** ગલદ્વાર. (૨) રંધ્ર.

**fauna.** સમગ્ર પ્રાણી સમૂહ. (૨) કોઈપણ દેશ, પ્રદેશ, વિસ્તાર કે સમયનાં સઘળાં પ્રાણીઓનો સમૂહ.

**favoid.** મધુકોષ્ઠ.

**favourable** અનુકૂળ.

**favus.** મરઘાં – બતકાંને *Achorion gallinae* નામની ફૂગથી થતા ચેપી રોગનો એક પ્રકાર; જેમાં તેમની કલગી, કાનની બૂટ ઇ. જગ્યા પર સફેદ ડાઘ જણાય છે, જે ફેલાઈ જતાં સમગ્ર શરીર પર સફેદ પોપડી બાઝે છે.

**fawn.** પ્રાણીની ચામડીનો રંગ. (૨) હરણનું બચ્ચું.

**feather.** પીંછું. (૨) પક્ષીની અધિચર્મીય સંરચના, જે તેના સમસ્ત શરીરને આવરી લે છે. **f. eating.** જૂ કરડવાથી, કે ખોટા પોષણથી પીંછાં ખેંચવાની પક્ષીઓની ટેવ; આમ કરતાં લોહી નીકળે તો પક્ષીઓમાં પરસ્પરને ખાઈ જવાની વૃત્તિ થાય છે. **f. follicle.** ચામડીમાંની ગર્તા, જેમાંથી પીંછાં ઊગી નીકળે છે. **f.- legged.** પગ અને આંગળાં પર પીંછાં હોય તેવાં બચ્ચાં. **f. mite.** *Bdellonyssus bursa* (*Liponyssus bursa*) નામનાં મરઘાં – બતકાં પર થતાં પરજીવી, જે પીંછાં અને ગુદાદ્વારા આગળ ઈંડાં મૂકે જેથી, આ ઉપદ્રવવાળાં પ્રાણીઓને ખજવાળ આવે છે. **f. pecking.** એક બીજાને કરડી તેમનાં પીંછાં ખેંચવાની આદત, જેમાં આગળ વધતાં પરસ્પરને ખાઈ જવા સુધી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પહોંચી જવાય છે. **f. pulling.** પરસ્પરનાં પીંછાં ખેંચવાની ક્રિયા. **f. rot.** પક્ષીઓને થતા રોગનો એક પ્રકાર, જેમાં પીંછાં ખરવા માંડે છે. **feathering.** પીચ્છીકરણ, પીંછાં આવવાં – ઊગવાં – બેસવાં. **feathery bamboo.** બંસિની વાંસ; ઉદ્દાવાંસ *Bombusa vulgaris* **Schrader.** નામનો વાંસ, જેની ચીપોનાં ટોપલા – ટોપલીઓ બનાવવામાં આવે છે, અને લીલો વાંસ ખવાય છે, આ વાંસ દેશના ગરમ પ્રદેશોમાં થાય છે.

**feature.** ચિહ્ન, લક્ષણ.

**febrifuge.** શરીરનું ઉષ્ણતામાન ઘટાડનાર, તાવ ઉતારનાર, પ્રતિજ્વર. **febrile.** તાવને લગતું, શરીરનું ઉષ્ણતામાન વધારનાર.

**fecund.** ઉર્વર, ફળદ્રુપ, પ્રજનનક્ષમ. **fecundate.** ગર્ભ ધારણ કરવો, ફલિત કરવું. (૨) પરાગનયનિત બનાવવું, સંસેચન કરવું. **fecundity.** ઉર્વરતા, પ્રજનનક્ષમતા, ફળદ્રુપતા.

**feed.** ઘાસ, દાણ અને અન્ય પ્રકારની પ્રક્રિયાકૃત ખોરાક. (૨) જરૂરી પોષકદ્રવ્યો પૂરાં પાડવાં. (૩) ખવડાવવું. **f. back.** પ્રતિપોષી. **f. grain.** ઢોરને ખોરાકમાં આપવામાં આવતો ગમે તે દાણો. **f. hopper.** મરઘાંને ખોરાકમાં આપવાનું પાત્ર, ખાડો ઈ. **f. stuff.** પ્રાણીઓ માટે પોષક ખોરાક અને તેવાં દ્રવ્યો કે દ્રવ્યોનું મિશ્રણ. **f. supplement.** પ્રાણીના ખોરાકમાં આપવામાં આવતાં દ્રવ્યોમાં રહેલાં પોષક તત્ત્વો કરતાં વિશેષ પોષક તત્ત્વોવાળો ખોરાક. જેમાં એક કે તેથી વધારે પોષક દ્રવ્યો હોઈ શકે, આ દ્રવ્યો પ્રાણીનો સાધારણ ખોરાક આપવા અગાઉ તેમાં ઉમેરવામાં આવે છે. (૨) પૂરક ખોરાક. **feeder.** પૂરક. **feeding.** પ્રાણી કે વનસ્પતિનું અન્ન – ખોરાક ગ્રહણ. (૨) પ્રાણીને ખોરાક ઉપલબ્ધ કરવો. **f.alley.** ચારો નાંખવાનો માર્ગ. **f. root.** જમીનમાંથી પાણી અને પોષક દ્રવ્યો શોષનાર કુમળાં મૂળ. **f. schedule.** ખાદ્યની યાદી, ખાદ્ય અનુસૂચિ. **f. standard.** ખાદ્ય ધોરણ. (૨) કૃષિ-પ્રાણી પાસેથી ઈષ્ટતમ કામ લઈ શકાય અને તેમની વૃદ્ધિ થાય તે માટે તેમને આવશ્યક પોષક દ્રવ્યો આપવા માટેનું સ્વીકૃત ધોરણ. **f. stuff.** ખોરાકી દ્રવ્યો.

**feeler.** સ્પર્શક. (૨) પ્રાણી કે જંતુઓનાં મોં આગળના વાળ કે રોમ, જે વડે તે સામેની વસ્તુને પારખી શકે છે.

**Feijoa** *sellowiana* **Berg.** મૂળ દ. અમેરિકાનો પણ તેનાં ખાદ્ય ફળ માટે દ. ભારતમાં ઉગાડવામાં આવતો ક્ષુપ.

**feldspar (felspar).** પૃથ્વીના 48 ટકા પોપડાનું નિર્માણ કરતાં મૃદા નિર્માણક સિલિકેટ ખનિજનો અગત્યનો સમૂહ, જે પોટેશિયમ, સોડિયમ અને કેઓલિનિટિક મૃદાનો પ્રાથમિક સ્રોત છે; જેનાં બે અગત્યના સમૂહો છે. આ ખનિજ સફેદ રંગનું હોય છે અને સરળતાથી તેનું ખવાણ થાય છે અને જલ-વિશ્લેષણથી તેની માટી બને છે.

**fell.** ઝાડ પાડવું. **felling cycle.** વન સંવર્ધન પદ્ધતિ અનુસાર કોઈ એક વિસ્તારમાં ઝાડ પાડવાના ક્રમિક કાર્યક્રમની વચ્ચે પસાર થતો સમય; વૃક્ષપાતચક્ર.

**felt.** પ્રાણીઓનાં બચ્ચાંનું બહ્યાવરણ, વાળ, પીંછાં, ઊન સમેતનું સમગ્ર ચામડું.

**female.** અંડ પ્રસવી કે અપત્ય પ્રસવી – ઈંડાં મૂકનાર કે બચ્ચાંને જન્મ આપનાર માદા પ્રાણી. **f. cell.** સ્ત્રીલિંગ કોષ, નારીકોષ. **f. cone.** નારી શંકુ. **f. flora.** નારીપુષ્પ, માદાપુષ્પ. **f. flower.** નારી પુષ્પ. **f. gamete.** માદાજન્યુ, સ્ત્રી પ્રજનન કોષ. **f. gametangium.** માદાજન્યુધાની. **f. genital organ.** માદાનું જનન અંગ. **f. like.** સ્ત્રૈણ, સ્ત્રી જેવું. **f. organ.** સ્ત્રી પ્રજનન અંગ, યોનિ. **f. prothallus.** સ્ત્રી સૂકાય. **feminine.** સ્ત્રૈણ, સ્ત્રીલિંગી, નારીજાતીય.

**femur.** ઉર્વસ્થિ; પૃષ્ઠવંશી પ્રાણીઓનું

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાંધનું હાડકું. (૨) જંતુના પગને ત્રીજો સાંધો.

**fen.** દલદલ.

**fence.** વાડ. **fencing.** વાડ બનાવવી.

**fenestrate.** ગવાક્ષિત.

**fennel.** વરિયાળી. (*Foeniculum vulgare* **Mill**; *F. foeniculum* **Karst**; *F. ffiocinale* **All**; *Anethum foeniculum* **L.**). સુવાસિત દ્વિવર્ષાયુ વનસ્પતિ; જે મુખ્યત્વે ગુજરાત, પંજાબ, આસામ અને મહારાષ્ટ્રમાં થાય છે, જેનાં બી એટલે વરિયાળી વાયુહારક અને ઉત્તેજનાકારક છે. તેમાંથી બાષ્પશીલ તેલ કાઢી લેવાયા બાદ વધેલું અવશેષ દ્રવ્ય ઢોરનો ખોરાક બને છે.

**fenugreek.** મેથી; *Trigonella foenumgraecum* **L.** નામની શાકીય વનસ્પતિ, જેને ઘાસચારા તથા શાકભાજી માટે ભારતભરમાં ઉગાડવામાં આવે છે, જે ગડપથી ઊગી નીકળે છે; તેનાં પાનમાં પ્રજીવક 'એ' રહેલું છે, ઉપરાંત પ્રજીવક 'સી' અને લોહ પણ છે. આ વનસ્પતિના બે પ્રકાર છે : *methra* નામનો એક પ્રકાર ઘાસચારા માટે અને બીજો *methi* નામનો શાકભાજી માટે વાવવામાં આવે છે. આ શિયાળાનો પાક છે; તેનાં બી – એટલે મેથી રસોઈમાં વપરાય છે. **f. downy mildew.** *Peronospora trigonellae*થી મેથીને થતો એક રોગ. **f. leaf spot.** *Cercospora traverisana*થી મેથીને થતો રોગ. **f. powdery mildew.** *Erysiphe polygoni* નામની ફૂગથી મેથીને થતો રોગ. **f. rust.** *Uromyces anthylidis* ફૂગથી મેથીને થતો ગેરૂનો રોગ.

**feracious.** ઉર્વર, ફળદ્રુપ.

**feral.** જંગલી, અપાલતુ.

**ferment.** ખમીર, ઊભરો; આથવણ કરનાર કાર્બનિક દ્રવ્ય, ઉત્સેચક. (૨) સંકુલ સંયોજનનું સાદા સંયોજનમાં વિઘટન થવું. (૩) આથવણ. **fermentation.** આથવણ. (૨) કાર્બોહાઇડ્રેટ – કાર્બોદિત અને દૂધ જેવાં સંકુલ સંયોજનોનું આથાના પ્રભાવ હેઠળ વાયુ નિર્માણ દ્વારા થતું વિઘટન. (૨) સંઘરવામાં આવેલી તમાકુની ઉત્સેચકીય સૂકવણી, જે તેની ગુણવત્તામાં સુધારો લાવે છે. (૩) સૂક્ષ્મ સજીવોનું પ્રથમ આમાશયમાં થતું પાચન. (૪) જીવાણુ અને ફૂગની વિવિધ જાતોના ચયાપચયનાં અંગો જેવી વિવિધ ઉપચય પ્રક્રિયાઓ. **f. cycle.** આથવણ ચક્ર. **fermented milk.** આથવણ કરાયેલું દૂધ. (૨) સંવર્ધિત છાસ. (૩) દુગ્ધામ્લ – લેક્ટિક ઍસિડ જીવાણુથી દૂધમાં ખટાશ આણી તેનાં સ્વાદ, સુવાસ અને પ્રકારમાં થતું પરિવર્તન.

**fern.** હંસરાજ, હંસરાજકુળની શ્રેણીની ગમે તે અપુષ્પ વનસ્પતિ; જેને મૂળ, પ્રકાંડ અને પર્ણ હોઈ બીજધારી વનસ્પતિ જેવી દેખાય છે પણ તે બીજાણુ પેદા કરે છે.

**Feronia** *limonia* (**L.**) **Swingle.** કોઠી નામની વનસ્પતિ, જેનું ફળ – કોઠું ખાદ્ય છે, અને જેનો ચીકણો સ્રાવ ગુંદર તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે.

**Ferrisiana** *virgata.* સીતાફળનો ચીકટો કીટ.

**ferrud.** *Erythrinn variegata* **L.**var. *orientalis* (**L.**) **Merr.** (*E. indica* **Lamk.**). નામનું આસામ, તામીલનાડુ, ઓરિસા, આંદામાન અને નિકોબારમાં થતું પાંડેરવા નામનું ઝાડ; જેની છાલના રેસાનાં દોરડાં બને છે અને જે વાડ તરીકે વાવવામાં આવે છે.

**ferruginous soil.** લિમોનાઈટ અને હેમેટાઈટ જેવાં લોહ ખનિજોવાળી જમીન, જે રાતા રંગની હોય છે.

**fertile.** અવંધ્ય, ફળદ, ફળદ્રુપ, ઉર્વર. (૨) જીવંત સંતાન પેદા કરવાની ક્ષમતા ધરાવનાર. (૨) ઈંડાનું, બીજનું. (૩) વિકાસક્ષમ. **f. egg.** ભ્રૂણીય વિકાસ માટે ક્ષમતા ધરાવનાર ફલિતાંડ, **fertility.** ઉર્વરતા, પ્રજનનક્ષમતા. (૨) વનસ્પતિનાં બીને પરિપક્વ બનાવવાની તથા પ્રાણી અને પક્ષીની બચ્ચાં પેદા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરવાની ક્ષમતા. (૩) અન્ય પર્યાવરણીય કારણે અનુકૂળ હોય ત્યારે વિશિષ્ટ વનસ્પતિની વૃદ્ધિ માટે યોગ્ય ગુણવત્તા અને યોગ્ય સમતુલામાં યોગ્ય સંયોજનો પૂરાં પાડવાની જમીનની ક્ષમતા. **f., soil** જમીનની ફળદ્રુપતા. **f. erosion.** ફળદ્રુપતાનું ધોવાણ. **f. exhaustion.** ઉર્વરતા – ફળદ્રુપતાનો ક્ષય. **f. vitamin.** ઉર્વરતાપ્રેરક પ્રજીવક 'ઈ'.

**fertilization.** નિષેચન, ફલીકરણ. (૨) બે જન્યુઓની યુતિ. (૩) જમીનને ખાતર આપવું. (૪) ગર્ભાધાન. **fertilize.** ફલિત કરવું, વનસ્પતિનાં વૃદ્ધિ અને વિકાસને સહાયભૂત બને તે માટે જમીનને જરૂરી ખનિજ અને કાર્બનિક પોષક દ્રવ્યો આપવાં. (૨) કોઈ પ્રાણીના અંડને કે વનસ્પતિને ફલિત કરવું અથવા પુષ્પના સ્ત્રી કેસરને પરાગનયનિત કરવું. **fertilized.** ફલિત, નિષેચિત. **f. egg.** ફલિતાંડ, નિષેચિત અંડ. **fertilizer.** ખાતર; વનસ્પતિને નાઈટ્રોજન, ફૉસ્ફરસ, પોટાશ ઇ. જેવાં એક કે વિશેષ આવશ્યક પોષક દ્રવ્યો મળી રહે તે માટે જમીનને કુદરતી કે કૃત્રિમ પ્રકારના કાર્બનિક અથવા અકાર્બનિક દ્રવ્યો આપવાં, જેમાં દ્રાવ્ય રૂપમાં કે તરત જ ભળી શકે તેવાં રાસાયણિક સંયોજનો હોય છે. (૨) સામાન્ય વ્યવહારમાં રાસાયણિક, કૃત્રિમ કે અકાર્બનિક ખાતર તરીકે ઓળખાતાં દ્રવ્યો. **f., artificial** કૃત્રિમ – સંશ્લેષિત ખાતર. **f., chemical** રાસાયણિક ખાતર. **f., mineral** ખનિજ ખાતર. **f., natural** કુદરતી ખાતર. **f., phosphate** ફૉસ્ફરસવાળું ખાતર. **f. potash** પોટાશયુક્ત ખાતર. **f. analysis.** પ્રયોગશાળામાં પૃથક્કરણ કરીને, ખાતરના ઘટકોની ખરેખરી ટકાવારી જાણવી. **f. application** વનસ્પતિ માટે આવશ્યક દ્રવ્યો જમીનને આપવા, ખાતર આપવું. **f. attachment.** જમીનમાં ખાતર પાથરી શકાય તે માટે, યંત્ર કે અન્ય ઉપસ્કરની સાથે લગાડવામાં આવતી યુક્તિ. **f. brand.** ખાતરનો ચોક્કસ પ્રકાર દર્શાવતી – સૂચિત કરતી છાપ. **f. formula.** મિશ્ર ખાતરમાં ખાતરનાં દ્રવ્યોની મેળવણી કરવા માટે જરૂરી બનતું તેનું પ્રમાણ અને તેનો પ્રકાર કે કોટિ. **f. grade.** નાઇટ્રોજનની કુલ સંખ્યાની દૃષ્ટિએ ખાતરમાં રહેલા વનસ્પતિ માટે પોષક ઘટકો વિષે ઓછામાં ઓછી ખાતરીદર્શક ખાતરની કોટિ. નાઇટ્રોજન માટે N લખાય, ફૉસ્ફરસયુક્ત ઍસિડ માટે $P_2O_5$ અને જલદ્રાવ્ય પોટાશ માટે $K_2O$ લખાય.

**Ferula** *assafoetida* **L.** હિંગ. પંજાબ અને કાશ્મીરમાં થતી બહુવર્ષાયુ શાકીય વનસ્પતિ, જેનાં મૂળમાંથી ઝરતો કે કાઢવામાં આવતો ગુંદર જેવો રસ એટલે હિંગ ખોરાકી વસ્તુઓને સુવાસ આપવા ઉપયોગમાં લેવામાં આવે છે; ઉપરાંત તેને દમ, શરદી અને વાયુગોળ તથા અપચામાં ઔષધ તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે. **F.** *galbaniflua* **Boiss. & Buhse.** ગૌશિર, ગંધ બિરજ; ભારતમાં થતી વનસ્પતિ, જેના તેલી ગુંદરનો ઉપયોગ સુગંધી દ્રવ્યો બનાવવા અને દીર્ઘકાલીન શરદી તથા દમમાં ઔષધ તરીકે કરવામાં આવે છે. **F.** *jaeschkeana* **Vatke.** હિંગ; કાશ્મીરમાં થતી વનસ્પતિ, જેનો તેલીગુંદર ખોરાકને સુવાસિત બનાવવા કામમાં લેવાય છે. **F.** *narthex* **Boiss.** હિંગ.

**fescue.** તૃણકુળનું *Festuca* પ્રજાતિનું ગમે તે ઘાસ.

**Festuca** *elatior* **L.** તૃણકુળની ઇ. ભારતમાં થતી દીર્ઘાયુ ઘાસચારાની વનસ્પતિ. **F.** *gigantea*, **(L.) Vill.** તૃણકુળનો કાશ્મીરથી કુમાઉ સુધીના હિમાલયમાં થતો ઘાસચારો. **F.** *ovina* **L.** તૃણકુળનો ઘાસચારો. **F.** *rubra* **L.** હિમાલય અને ખાસી ટેકરીઓમાં થતો તૃણકુળનો ઘાસચારો.

**fetid (foetid.)** સડેલું, દુર્ગંધ મારતું.

**fetlock.** ઘોડાના સાંધાની પાછળના વાળ. (૨) ઘોડાના ડાબડાની ઉપરનો સાંધો.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**feudal levies.** સામંતશાહી વસૂલી.
**fever.** તાવ; શરીરનું ઊંચું ઉષ્ણતામાન. (૨) રોગોત્પાદક સજીવો કે ઝેરી વનસ્પતિથી આવતો તાવ. **f. tick.** પશુને લાગુ પડતી જૂ.
**fibre.** તંતુ, તાંતણો, સૂત્ર, રેસો. (૨) ચેતા, સ્નાયુ, સંયોજકપેશીનો તંતુ. (૨) યાંત્રિક બળ માટેનો વનસ્પતિનો લંબાયેલો પ્રત્યાસ્થ કોષ, જે મોટા ભાગે બને છડાપર પાતળો બને છે અને જે પ્રકાંડને ટેકો અને રક્ષણ આપે છે. (૩) પ્રાણીજ ખોરાકનું પૃથક્કરણ કરતાં શર્કરા દ્રવ્યો, ઍસિડ, પ્રોટીન અને રાખોડીને દૂર કરાયા બાદ અવશિષ્ટ રહેતાં અદ્રાવ્ય દ્રવ્યો, જે મોટા ભાગે કાષ્ઠક એટલે સેલ્યુલોઝ અને લિગ્નિન કોષ દીવાલના બનેલા હોય છે. **f. board.** સંઘનિત તંતુ–રેસાનું ઈમારતી દ્રવ્ય. **f. crop.** કપાસ, શણ ઇ. જેવા રેસાવાળા પાક. **fibrillae.** મૂળની તંતુ જેવી શાખા; કેટલાક કોષોમાં સ્રવતા સૂક્ષ્મ પ્રત્યાસ્થ તંતુઓ. **fibrosis.** તંતુભવન. (૨) શરીરનાં અંગોમાંથી તન્વીય રચના. **fibrous.** રેસામય, તંતુમય. **f. drupe.** રેસામય અષ્ઠિલા. **f. layer.** રેસામય સ્તર. **f. root system.** સંખ્યાબંધ પાર્શ્વીય મૂલિકાઓ ધરાવતું મૂળતંત્ર. **fibro-vascular.** રેસામય વાહક–વાહીપુલ સંબંધી, જેમાં દૃઢોતક અને વાહકતત્ત્વોનો સમાવેશ થાય છે. **f.v. bundle.** રેસામય વાહીપુલ; પ્રકાંડ, પર્ણ અને વનસ્પતિના બીજા ભાગમાં રસવાહી અને અન્નવાહી કોષો પર્ણમાં જે શિરા કહેવાય છે.
**fibrin.** ફિબ્રિન; રક્ત, રક્તજલીય પ્રવાહી અને સ્નાયવીય પેશીમાં જણાતાં પ્રત્યાસ્થ, સંઘનિત, અદ્રાવ્ય, સફેદ પ્રોટીન. **fibrinogen.** પ્રાણીનાં લોહી અને દેહદ્રવ્યનો દ્રાવ્ય પ્રોટીન, જે થ્રોમ્બિનની ક્રિયાથી ફિબ્રિન બને છે. **fibrinous.** ફિબ્રિનયુક્ત. **f. exudate.** સંઘનિત ફિબ્રિનનો પેશીમાંથી થતો સ્રાવ.
**fibula.** બહિર્જંઘાસ્થિ.
**Ficus.** *Moraceae* કુળની ખાદ્યફળની વનસ્પતિ. **F.** *altissima* **Bhume.** આસામ, ખાસીટેકરીઓ અને આંદામાનમાં થતું ઝાડ, જેનાં વાયવીય મૂળો દોરડાં બનાવવા અને છાલ કાગળ બનાવવા ઉપયોગમાં આવે છે. **F.** *auriculata* **Lour.** (Syn. *F. roxburgii* **Wall**; *F. macrophylla* **Roxb.**). અંગ્રેજીમાં *Eve's apron* અને હિંદીમાં તિમલા, તિરમલ નામનું બિહાર, ઓરિસા, ખાસી ટેકરીઓ અને મણિપુરમાં થતું ઝાડ, જેની છાલના રેસાનાં દોરડાં બને છે, ફળ ખાવાના કામમાં આવે છે અને જેની કઢી અને મુરબ્બો બનાવવામાં આવે છે. પાનનો ચારો બને છે. **F.** *benghalensis* **L.** વડ (ન્યગ્રોધ) નામનું મોટું વૃક્ષ. **F.** *carica* **L.** અંજીરનું ઝાડ; મૂળ અરબસ્તાનનું પણ અહીં ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, પંજાબ, આન્ધ્રપ્રદેશ, અને મહારાષ્ટ્રમાં થતું ખાદ્યફળ – એટલે અંજીરનું ઝાડ. અંજીરના આક્ષીરમાંથી મળતા રેનેટનો ઉપયોગ ચીઝ અને ઔષધી બનાવવા માટે કરવામાં આવે છે. **F.** *elastica* **Roxb.** રબરનું ઝાડ, જેના આક્ષીરનું રબર બનાવવામાં આવે છે. **F.** *glomerata* **Roxb.** ઉમરો, ઉંબરડો, ગુલેર નામનું ઝાડ, જેનાં પાનનો ઘાસચારો બને છે, ફળ ખવાય છે અને છાલ ચામડાં કમાવવાના કામમાં આવે છે. **F.** *gibbereea* **Roxb.** ઉમરો, ઉબરડો. **F.** *hispida* **L. f.** ઢેડ ઉંબરડો, કાળો ઉમરો, કઠુંબર. **F.** *infectoria* **Roxb.** પિલકન નામનું શોભા માટે ઉગાડવામાં આવતું ઝાડ, જેના પર લાખનાં જંતુઓ વસાહત બનાવીને રહે છે. **F.** *krishnae* **C.DC.** માખણ કટોરી નામનું વાડનું નાનું ઝાડ. **F.** *lacor* **Bucb-Hem.** પિલકન નામનું ઝાડ જેના પર લાખનાં જંતુ વસાહત કરી રહે છે. **F.** *macrophylla.* અંગ્રેજીમાં *Eve's apron* નામથી ઓળખાતું ઝાડ. **F.** *palmata* **Forsk.** અંજીરી.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**F.** *religiosa* **L.** પીપળો. **F.** *repens.* વડવેલ. **F.** *rumphii* **Blume.** પંજાબ, મધ્યપ્રદેશ અને આસામમાં થતું ખાદ્ય ફળધારી ઝાડ. **F.** *tsjakela* **Burm.** f. (Syn. *F venosa* **Dryand**). દ. ભારતનું ઝાડ, જેનાં પાન રેશમના કીડાના ખોરાકની ગરજ સારે છે. **F.** *virgata* અંજીરી.

**field.** ખેતર, ક્ષેત્ર. **f. bean.** વાલ પાપડી. *Hyacinth bean. Dolichos lablab* **L.** var. *lignosus* (*Lablab niger* **Medic.**). નામની વનસ્પતિ જેનાં બી – વાલ ખાવાના કામમાં આવે છે. **f. bindweed.** *Convolvulus arvensis*. નામનું ચાંદવેલ, વેલડી, ખેતરાઉ કુદરડી, હરણપગો, નારી ઇ. નામે ઓળખાતી ઊંડાં મૂળધારી વનસ્પતિ. **f. capacity.** ક્ષેત્ર ક્ષમતા; ગુરુત્વાકર્ષીય બળથી પાણીનો અપવાહ થયા બાદ પણ કેશાકર્ષણ બળથી વધુમાં વધુ પાણી જાળવી રાખવાની જમીનની ક્ષમતા. **f. condition.** ખેતરની પરિસ્થિતિ. **f. crop.** વિસ્તૃત ખેતી પદ્ધતિથી ખેડવામાં આવેલા ખેતરમાં વાવવામાં આવતી શાકીય વનસ્પતિ. **f. mint.** ફુદીનો *Mentha arvensis* **L.** નામની વનસ્પતિ, જેમાંથી બાષ્પશીલ તેલ મળે છે, અને જે ખોરાકને સુવાસિત બનાવે છે. **f. rat.** કોળ, ઉંદર. *Nesokia indica* નામનો મોટા દર બનાવીને ખેતરોમાં રહેતો અને દાણા ખાઈ પાકને હાનિ પહોંચાડતો ઉંદર. **f. strip cropping.** એક સરખા ઢોળાવવાળા ખેતરનાં સમાંતર પટ્ટીમાં વાવવામાં આવતા પાક.

**fig.** અંજીર. *Ficus carica* **L.** નામનું શેતૂર અને જેકફ્રૂટ વર્ગનું ઝાડ, જેમાં પ્રજીવકો 'એ' અને 'સી' તથા કૅલ્શિયમ અને લોહ આવેલાં છે. સુકાયેલાં અંજીરમાં 45થી 65 ટકા શર્કરા દ્રવ્ય હોય છે. અંજીરને ડબ્બામાં પુરવામાં આવે છે. **f. beetle.** *Olenecambtus biolobus* **Fab.** નામનો અંજીરનો ઢાલપક્ષ કીટ. **f. mosaic.** અંજીરનો વિષાણુજન્ય રોગ, જેમાં પાન ખરી પડે છે. **f. rust.** *Cerotelium fici* (**Cast**) **Arth.** નામના જંતુથી અંજીરને થતો એક રોગ **f. sunburn.** સૂર્યના તડકાથી અંજીરને લાગતો દાહ.

**filament.** તંતુ, તાંતણો. (૨) પુંકેસર દંડ. (૩) પરસ્પરને વળગી રહેતા કોષ, જે લીલ અને જીવાણુમાં બનવા પામે છે.

**filaria.** હાથીપગાનો રોગ. **f. worms.** રક્તવાહિની અને લસિકાવાહિનીમાં રહેતા સામાન્ય રીતે લાંબા અને રેસા જેવા કૃમિ, જેના કારણે પ્રાણીનાં મુખ અને કાન પર ઘા જેવા ડાઘ પડે છે.

**filial generation.** પ્રથમ સંતતિ, $F_1$.

**filiform.** તંતુ સદૃશ, સૂત્રાકાર. (૨) રોગના કારણે કેટલીક વનસ્પતિનાં પાન તંતુ આકાર ધારણ કરે તેવી અવસ્થા.

**filler.** ખાતરના સૂત્ર અનુસાર તેના ઘટકો ભેળવવામાં આવ્યા બાદ વજન સરખું કરવા માટે તેમાં ઉમેરવામાં આવતાં દ્રવ્યો, જેમાં રેતી, લાકડાનો વહેર, ડોલોમાઈટ, ચૂનાનો પથ્થર, ખોળ ઇ.નો સમાવેશ થાય છે. સાધારણ રીતે જમીનની સુધારણા કે ખાતરની આવશ્યકતા જેવાં દ્રવ્યો ઉમેરવામાં આવે છે. **f. leaf.** સિગારનો મધ્ય ભાગ બનાવનાર તમાકુનો ભાગ અથવા આ હેતુ માટે વપરાતી વિશિષ્ટ પ્રકારની તમાકુ.

**filly.** ઘોડાનું માદા બચ્ચું.

**film.** દૂધનો ઉપયોગ કરી લીધા બાદ તેના પાત્રને વળગી રહેલી સુકાઈ ગયેલા દૂધની કિનારી. **f. water.** અસંતૃપ્ત જમીનમાં સપાટીના કણને વળગી રહેલું પાણી.

**filter.** ચાળણી, ગળણી. (૨) પ્રવાહી કે વાયુમાંના ઘન પદાર્થોને જુદા પાડવા ઉપયોગમાં લેવાતું છિદ્રોવાળું સાધન. (૩) ગાળી લેવું. **f. point.** જમીનમાંથી પાણી ખેંચી લેવા માટે 2 ઇંચ વ્યાસવાળા 10 ફૂટના ખંડમાં ગાલ્વેનાઈઝ કરેલા લોખંડના પાઈપને જમીનમાં ઊતારવામાં આવે છે. તેનો નીચેનો છેડો સંકુ



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આકારનો હોય છે, સપાટી છિદ્રોવાળી હોય છે. જમીન હેઠળના પાણીની સપાટીએ પાઈપ પહોંચે ત્યારે પાણી ધસી આવે છે, જેને હાથ વડે કે યંત્રની મદદથી કાઢી લેવામાં આવે છે. **f. press mud.** ખાંડના કારખાનામાં ફિલ્ટર પ્રેસમાં પ્લાસ્ટિક સ્થિતિમાં શેરડીના રસનો રહેવા પામતો કચરો, જેનું ખાતર બને છે. **filterable** ગાળી શકાય તેવું. **f. virus.** સાધારણ જીવાણુને જેનાથી ગાળી શકાતા નથી, તેનાં છિદ્રોવાળા સાધનમાં ગળાઈને પસાર થતા વિષાણુ.

**fimbriated.** ઝાલરદાર. (૨) પાંખડી, ટશૂળ, નલિકા, સ્પર્શક માફક કિનારી આગળ વળેલું. **f. arrangement.** ઝાલર વિન્યાસ.

**Fimbristylis** *globulosa* **(Retz.) O. Kuntze.** પૂર્વ હિમાલય અને આસામમાં થતું એક ઝાડ, જેનાં ટોપલા – ટોપલીઓ બનાવવામાં આવે છે.

**fimetarius.** છાણ કે ખાતરના ઢગલા પર ઊગતું.

**fin.** મીનપક્ષ. (૨) માછલીનું અંગ, જે વડે તે તરે છે અને પોતાની સમતુલા જાળવી શકે છે. (૩) હળની સપાટ પ્લેટ. **f. ray.** મીનપક્ષ કિરણ. (૨) ખંડમય, વાળી શકાય તેવા શાખિત કે અશાખિત દંડાકાર માછલીના મીનપક્ષને ટેકો આપનાર ત્વચા. **f. rot** જીવાણુ અને *saprolegnia* જેવી જળફૂગથી માછલીને થતા રોગનો એક પ્રકાર.

**final.** અંતિમ, છેવટનું. **f. cut.** મુખ્ય પાકની કાપણી વખતે દૂર કરાતાં દ્રવ્યોનું પ્રમાણ. **f. felling.** છાયાવૃક્ષ પદ્ધતિ હેઠળ પુનર્નિર્માણ થયા બાદ છેલ્લું બી અથવા છાયાવૃક્ષને દૂર કરવાની પ્રક્રિયા. **f. host.** જેમાં પરજીવી પરિપક્વતા મેળવે તેવો યજમાન. **f. intake of water.** અંતર્ગ્રહણનો સ્થિર દર પ્રાપ્ત થયા બાદ જમીનમાં સ્રવતા પાણીનું પ્રમાણ.

**fine.** સરસ. (૨) ઝીણું, બારીક, સૂક્ષ્મ. **f. gravel.** 2 મિ.મી.થી 1/2 ઇંચના વ્યાસવાળા કણ ધરાવતા મેવલ. **f. plucking.** ચાના છોડનાં છેવાડાં પાન કે અંકુરને ચૂંટવાની પ્રક્રિયા. **f. pruning.** ઝાડ પરથી નાનાં ડાંખળાં અને પ્રવર્ધોને દૂર કરવાં – કાપવાં. **f. sand.** બારીક રેતી. **f. texture.** બારીક ગઠન. **f. variety.** સરસ પ્રકાર.

**finger.** આંગળી. **f. millet.** નાગલી, બાવટો. *Eleusine coracana* **Gaertn.** નામની તામીલનાડુ, આન્ધ્રપ્રદેશ અને મહારાષ્ટ્રમાં મોટા પાયા પર ઉગાડવામાં આવતી વનસ્પતિ, જે 20–40 ઇંચ વરસાદવાળી, રાતી, કાળી કે રાખોડી રંગની જમીનમાં થાય છે અને જેનો દાણો પોષક છે. **f. print.** આંગળાંની છાપ. **F. pr. cherimoyer.** રસાળ ગર અને ઓછાં બીવાળું હનુમાન ફળ.

**fingerling.** માછલીનું 1થી 6 ઇંચની લંબાઈ ધરાવતું બચ્ચું.

**fire.** આગ, અગ્નિ. **F. Ball.** ઉત્તર પ્રદેશમાં થતું સરસ, ગોળ, ઘેરા રાતારંગનું, ઠીક ઠીક કદવાળું લોકેટ નામનું ફળ.

**firing.** ગોળી છોડવી. (૨) બરતરફ કરવું, કાઢી મૂકવું. (૩) જ્વલન, દાઝી જવું, દાઝવું. **f. order.** જ્વલન ક્રમ.

**firm.** દૃઢ. (૨) અંગૂઠા અને તર્જની વડે દાબી શકાય પણ દાબનો પ્રતિકાર કરતી (ભીની માટી). (૩) પેઢી, વ્યાપારી પ્રતિષ્ઠાન.

**Firmiana** *colorata* **(Roxb.) R.Br.** (Syn. *Sterculia colorata* **Roxb.**). તાલીસપત્રી, આસામ, મધ્ય પ્રદેશ, દ. ભારત પશ્ચિમઘાટ અને આંદામાનમાં થતું એક ઝાડ, જેની છાલનાં દોરડાં અને પાનનો ઘાસચારો બને છે.

**first** પહેલું, પ્રથમ. **f. bottom.** પહેલું તળિયું. (૨) કોઈપણ નદી કે પ્રવાહના પૂરનું સાધારણ તળિયું, જે પૂરના સમયે ધોવાણ પામે છે. **f. filial generation.** પ્રથમ સંતતિ. **f. law of thermodynamics.** ઉષ્માગતિશાસ્ત્રનો ઉષ્મા અને ઊર્જાના પારસ્પરિક

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિનિમયને સમજાવતો પહેલો નિયમ. **f. milk.** પ્રસૂતિબાદ લેવાતું પ્રથમ દૂધ. **f. service conception rate.** પહેલીવાર સંયુગ્મનબાદ ધણમાંનાં માદા પ્રાણીને ગર્ભ રહે તેની ટકાવારી. **f. watering after germination.** અંકુર ફૂટયા પછી અપાતી પહેલી સિંચાઈ. **f. w. before sowing.** વાવણી કરવા અગાઉ અપાતી પહેલી સિંચાઈ.

**fish.** માછલી, મત્સ્ય, મીન; મીનપક્ષ વડે પ્રચલન કરતું અને પોતાની સમતુલા જાળવતું જલીય પૃષ્ઠવંશી અંડ–પ્રસવી પ્રાણી, જે ચૂર્ણદ્વારા પાણીમાંના ઑક્સિજનનું શ્વસન કરે છે. **f. berry.** કાકમારી. *Anamirta cocculus* **L. Wight & Arn.**(*Menispermum cocculus* **L.**). નામનો આરોહી ક્ષુપ. જે ખાસી ટેકરીઓ, ઓરિસા, કર્ણાટક અને કેરળમાં થાય છે, જેનાં ફળ માછલીને બેભાન બનાવે છે તથા જંતુઘ્ન તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે. **f. manure.** સૂકવેલી માછલી, માછલીનું ચૂર્ણ, મત્સ્ય તેલ કાઢી લીધા બાદનો અવશેષ ઇ.નું બનાવવામાં આવતું ખાતર, જેમાં 8 ટકા કાર્બનિક નાઈટ્રોજનઅને 4–6 ટકા ફોસ્ફોરિક ઍસિડ હોય છે અને જે સૌ પ્રકારના પાક અને સૌ પ્રકારની જમીનમાં કામમાં આવે છે. **f. meal.** સ્વચ્છ, સૂકવેલી કોહવાટ લાગ્યો ન હોય. કોડ, સાર્ડિન, હેલિબટ અને અન્ય પ્રકારની તેલ કાઢી લીધેલી કે તેલ કાઢયા વિનાની માછલી કે તેના કરવામાં આવેલા ટુકડાનો ભૂકો, જે મરઘાં–બતકાં માટેના પ્રોટીન ખોરાક તરીકે અને પાક માટે ખાતરની ગરજ સારે છે. **f. moth.** કંસારી. **f. oil.** માછલીમાંથી કાઢવામાં આવતું તેલ. કોડ, સાર્ડિન, હેલિબટ અને અનેક પ્રકારની માછલીનું તેલ, જેમાં 'એ' અને 'ડી' પ્રજીવકો છે અને ખાદ્ય મિશ્રણોમાં ઉપયોગી બને છે. **f. o. soap.** માછલીના તેલમાંથી બનાવેલો સાબુ. **f. poison.** મીન વિષ. **f. pond fertilizer.** માછલી પોતાના ખોરાક માટે આડકતરી રીતે જે પ્લેન્કટોન જેવા હરિયાઈ સજીવો પર આધાર રાખે તેવા સજીવો ઉત્પન્ન થઈ શકે તેવું મત્સ્યાલયમાં નાંખવામાં આવતું દ્રવ્ય. **f. powder.** જુઓ *fish manure.* **f. seed.** મત્સ્ય સંવર્ધનમાં ઉપયોગમાં લેવામાં આવતા માછલીનાં ફલિત અંડો, કાય કે નાની માછલીઓ. **fishery.** મત્સ્યાલય. (૨) માછલીનો વ્યવસાય.

**fission.** કોષ વિભાજન, વિખંડન. (૨) પ્રજીવો અને જીવાણુમાં સર્વ સામાન્ય રીતે જોવામાં આવતી પ્રજનન પદ્ધતિ,જેમાં કોષનું ક્રમિક રીતે સામસામી બાજુએ સંકોચન થાય છે અને તેના બે ખંડો પડી કોષના બે ભાગ બને છે, જેમાં વિભાજિત ખંડો ભેગા મળે છે; આ ક્રમ બે બાજુઓ ભેગી મળે અને બે નવા કોષોનું નિર્માણ થાય ત્યાં સુધી ચાલુ રહે છે.

**fissure.** ફાટ, ચિરાડ.

**fistula.** નાલીવણ. (૨) શરીરના પોલા વિવર અથવા વિદ્રધિને ચામડીની સપાટીની સાથે અથવા તળ-ત્વચાને જોડનાર કુદરતી દૈહિકમાર્ગ.

**fits.** અપસ્માર, વાઈ, તાણ.

**fitting reaction.** યોગ્ય પ્રતિક્રિયા.

**fixation** રાસાયણિક કે ભૌતિક પ્રક્રિયક દ્વારા કોષને મારવાની કે સંધનિત કરવાની પ્રક્રિયા. (૨) દ્રાવ્ય પ્રકારો ઓછા દ્રાવ્ય કે અદ્રાવ્ય બને ત્યારબાદ પોષક દ્રવ્યોને જમીનમાં સ્થિર કરવા, જેમ કે નાઈટ્રોજન સ્થિર બને. (૩) સ્થિરીકરણ, યૌગિકીકરણ. **f. of nitrogen.** સહજીવી અને અસહજીવી જીવાણુદ્વારા વાતાવરણમાં રહેલા નાઈટ્રોજનનું જમીનમાં થતું સ્થિરીકરણ.

**fixed** સ્થિર બનેલું-કરવામાં આવેલું. **f. ammonia.** જમીનમાં સ્થિર બનેલો ઍમોનિયા, જે જલદ્રાવ્ય નથી કે જેનો સહેલાઈથી વિનિમય પણ થતો નથી. **f. phosphorus.** જમીનની સાથે પ્રતિક્રિયા થવાના પરિણામે ઓછો દ્રાવ્ય બનેલો ફોસ્ફરસ. (૨) ઉપલબ્ધ બનતો સાધારણ ફોસ્ફરસ. (૩) લાગાડવામાં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવેલો ફોસ્ફરસ. (૪) ફસલની પહેલી મોસમમાં વનસ્પતિએ ગ્રહણ કર્યો ન હોય તેવો ફોસ્ફરસ. (૪) દ્રાવ્ય ફોસ્ફરસ. (૫) પાકને અપ્રાપ્ય સ્વરૂપમાં જમીનની ઘન અવસ્થાની સાથે ભળેલો ફોસ્ફરસ. (૬) અનુપલબ્ધ ફોસ્ફરસ. (૭) ઝડપથી કે સાધારણ રીતે ઉપલબ્ધ સ્વરૂપમાં ન હોય તેવો ફોસ્ફરસ. **f. potassium.** જલદ્રાવ્ય ન હોય કે ઝડપથી વિનિમય ક્ષમ બની શકતો ન હોય તેવો જમીનમાં રહેલો પોટેશિયમ.

**flaccid.** શિથિલ, ઢીલું.

**flacherie.** રેશમના કીડાને થતા રોગનો એક પ્રકાર.

**Flacourtia** *indica* (**Burm. f.**) **Merr.** (*Syn. F. ramontchi* **L' He'rit**). કંસાઈ, તાલિસપત્રી; આસામ, મહારાષ્ટ્ર અને પ. બંગાળમાં થતું ખાદ્યફળનું નાનું ઝાડ. **F.** *inermis* **Roxb.** દ. ભારતનું શોભા માટેનું ઝાડ. **f.** *jangomas* (**Lour.**) **Raeusch.** પાણી આંબળા. **F.** *ramontchi* **L' He'rit.** ખિલંગા, કંતાઈ, તાલીસપત્રી.

**flag.** લીલા ઝાડ પર મરેલાં કે રંગવિનાનાં પાંદડાં વાળી ડાળી. (૨) નમી જવું. **f. leaf.** ધાન્યના પુષ્પોદ્ભવનની તદ્દન હેઠળનું પહેલું પર્ણ. (૨) મકાઈના તંતુ દેખાવા લાગે તે પહેલાંનું મકાઈના છોડપરનું ધ્વજ જેવું પર્ણ. **f. smut.** અંગારિયાની ફૂગથી ઘઉં અને બીજી તૃણવર્ગની વનસ્પતિને થતો એક રોગ. **f. stone.** 6 થી 15 ઈંચ લાંબો રેતિયો, ચૂનાનો, સ્લેટ, શેઈલ કે શિસ્ટનો પ્રમાણમાં પાતળો પથ્થર.

**flagella**(બ.વ.) **flagellum.**(એ.વ.). સૂક્ષ્મ, ચલ, વાળ જેવા, કેટલાક પ્રજીવો અને જીવાણુમાં જોવામાં આવતા પ્રવર્ધો, જે સજીવોને પ્રચલનમાં મદદરૂપ બને છે. (૨) કશા, રોમ. પક્ષ્મ. **flagellates** કશાવડે પ્રચલન કરતા એકકોષી જીવીય સજીવો.

**Flagellaria** *indica* **L** આરોહી વૃક્ષ, જે બંગાળના સુંદરવનમાં થાય છે.

**flake.** પપડી, શલ્ક, પતરી.

**Flame of the Forest.** ખાખરો, પલાશ, કેસૂડાનું ઝાડ; પલાશાદિ કુળનું *Butea monosperma* (**Lamk.**) **Taubert.** (*B. frondosa* **Koenig ex. Roxb.**). નામનું લાલ પુષ્પોદ્ભવ ધરાવતું પાનખર વૃક્ષ, જે લાખની ખેતી માટે ઉપયોગી બને છે, જેનો ગુંદર ઔષધ તરીકે ઉપયોગમાં આવે છે અને જેને રેતીને બાંધનાર તરીકે નહેરની કિનાર પર વાવવામાં આવે છે.

**flame thrower.** જ્વાળા કરવા માટે, કેરોસીન ભરેલી ટાંકીવાળું છંટકાવનું સાધન; વનસ્પતિ પર જામેલાં તીડ અને નકામા ઘાસપાતને બાળવા માટે તેનો ઉપયોગ કરવામાં આવે છે.

**flange.** કિનાર.

**flank.** કૂખ, પડખું, પાંસળીની પાછળ અને કમરની ઉપરનો ભાગ.

**flap and patch budding.** ફળ અને અન્ય છોડના કલિકાસર્જનની એક પદ્ધતિ, જેમાં પ્રકાંડની બાજુએ છોડની છાલ ઉતારવામાં આવે છે. પૂરું જોડાણ થાય તે માટે છાલની પાછળ કળી ખૂસાડવામાં આવે છે અને તેને બાંધી દેવામાં આવે છે.

**flash** ચમકારો. **f. pasteurization.** પાશ્ચુરીકરણની ઝડપી – ત્વરિત પ્રક્રિયા.

**flat** સપાટ. **f. grain beetle** *Laemophloeus minutus* **Oliv.** નામનું લાલાશ પડતું લાંબાં સ્પર્શક ધરાવતું અનાજ પર આક્રમણ કરતું ઢાલપક્ષ જંતુ. **f. key.** ચપટી ચાવી. **f. planting.** સમતળ વાવણી. **f. roller.** સપાટ રોલર. **f. sowing.** સમતળ વાવણી. **f. type incubator.** ઈંડાં પર સપાટ રહે તેવું એક પડવાળું ઈંડાં સેવતું સાધન, જેમાં 50-500 ઈંડાં સમાઈ શકે છે, અને જેને બહારથી ગરમી આપવામાં આવે છે.

**flatulence.** વાયુ – વિકાર; શરીરનાં વિવરમાં વાયુ ભરાઈ જાય તે પ્રકારનો પાચનતંત્રનો વિકાર.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**flavour.** સુવાસ, સોડમ. **f. fermentation.** સુવાસ આથવણ. **flavoured milk.** સ્કીમ કરેલા દૂધમાં ચોક્કસ ચરબીની ટકાવારી ધરાવતું ધોરણસરનું દૂધ, જેમાં સુવાસ આપનાર દ્રવ્યો, ચોકલેટ, ફળનું સિરપ, પ્રજીવકો ઇ.ને ઉમેરવામાં આવે છે.

**flaw.** ક્ષતિ, દોષ, ત્રુટિ.

**flax.** અળશી, અળશીમાંથી કાઢેલા તંતુ. (૨) શણનો એક પ્રકાર. **f. seed.** અળશી.

**flaying.** મૃત પ્રાણીનું ચામડું – ખાલ ઉતારવી.

**flea.** ચાંચડ; નાનકડું, કૂદતું, સક્રિય ત્રણ જોડ પગ ધરાવતું, ઘેરા બદામી રંગનું, પાર્શ્વીય સપાટ દેહરચના ધરાવતું *Pulicidae* કુળનું, પ્રાણીનું લોહી ચૂસતું જંતુ; જે બિલાડાં અને કૂતરાંના શરીરમાં પટ્ટી કૃમિ અને માણસના દેહમાં પ્લેગ અને ટાઈફોઈડનાં જંતુને દાખલ કરે છે. મરઘાં – બતકાંનું તે બાહ્ય પરજીવી છે અને શરીરનાં વિવિધ અંગોને વળગીને રહે છે. **f. beetle.** ચાંચડી; વનસ્પતિના પર્ણમાં કાણાં પાડતું કૂદતું, નાનું *Chrysomelidae* કુળનું જંતુ.

**fleece.** ઘેટાના સમગ્ર શરીર પરથી મળતું ઊન. (૨) કપાસિયાને લોઢ્યા પછી રૂના પોલ જેવો તેને વળગી રહેતો ભાગ. **flesh.** માંસ, સ્નાયુઓવાળો પ્રાણી શરીરનો ભાગ. (૨) ફળ કે બટાટા જેવા કંદનો માવો, ગર કે રસવાળો ભાગ. **f. fly.** એક પ્રકારની માખ. **f. layer.** રોગવા લેયર બનાવવા ઉપયોગમાં લેવામાં આવતું માંસનું પડ. **f. side.** ચામડી કે ચામડાની અંદરની બાજુ. **fleshing.** પ્રાણીના શરીર પર માંસનું વિતરણ. **fleshy** માંસલ. (૨) ગરવાળું, માવાદાર, દળદાર. (૩) નરમ, મૃદુ. **f. fruit.** માવાવાળું ફળ. **f. udder.** માંસલ આંચળ.

**flex.** વાળવું, નમાવવું. (૨) અંગના હલનચલનને લગતું. **flexibility.** વાળી શકાય તેવો ગુણ, નમ્યતા, સુનમ્યતા. **flexible.** નમ્ય, સુનમ્ય.

**flight feathers.** પાંખનાં પીછાંનો બાહ્ય સમૂહ. **flights.** પક્ષીની પાંખના ત્રીજા સાંધા પર આવેલાં બહારની તરફની પાંખનાં પીછાં, જે પાંખ બંધ હોય ત્યારે દેખાતાં નથી.

**flint.** ચકમક; મુખ્યત્વે સિલિકા ધરાવતું $SiO_2$ સૂત્રનો ઘટ્ટ અસ્ફટિકીય કે ફૂટ સ્ફટિકીય શેષ; ચાક અને ચૂનાના ખવાણનો અવશેષ. **f. maize.** *Zea mays* var. *indurata* મકાઈનો એક સમૂહ; ઓછી કાંજી અને નરમ કે કઠણ દાણાવાળી મકાઈ, જે મરઘાં – બતકાંના ચણ તરીકે ઉપયોગી બને છે. **flinty.** મકાઈનો સખત, અર્ધપારદર્શક ભ્રૂણપોષ કે ઘઉંનો માવો.

**float.** બોયું. (૨) જમીનને સમતળ બનાવવા માટેનું લાકડાનું સપાટ સાધન. (૩) સુથારના રંદા જેવું લાંબું, સપાટ ખેંચવાનું સાધન. **fl. control.** પ્લવ નિયંત્રણ. **floatation method.** વાવવા અગાઉ ઘઉંમાંથી રોગોત્પાદક કૃમિ અને જીવાણુવાળા ભાગ દૂર કરવાની રીત, જેમાં ઘઉંના દાણાને માટીના અથવા ધાતુના પાણી ભરેલા વાસણમાં રાખી, પાણીને સતત હલાવવામાં આવે છે, જેથી પાણીની ઉપર તરતા કૃમિ કે જીવાણુવાળા ભાગને દૂર કરી શકાય છે; સાથે સાથે ઘઉંને તડકામાં સૂકવવામાં આવે છે. **floating rice.** ઊંડા પાણીમાં વાવવામાં આવતી ડાંગર.

**flocculation.** સંસાદન; આંતરકણ આકર્ષણના પરિણામે થતા સંઘાતથી બનતો કલિલ કણોનો સમૂહન; કલિલમાં કણોનું વ્યાસરણ થવાને બદલે તેનો થતો સમૂહ. **flocculent.** ઊન જેવું દેખાય તેવા નરમ મીણ જેવા દ્રવ્યથી આવરિત. (૨) ઝીણા ઊની તાંતણાથી આચ્છાદિત. **f. precipitate.** ઊર્ણ અવક્ષેપ **flocculus** (એ.વ.) (**flocculi** બ.વ.). નાનું વાદળ જેવું દળ. (૨) જમીનમાં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જીણા કણોનો નાનો સમૂહ, જે ચૂનો અને અન્ય દ્રવ્યોનો ઉમેરો થતાં સમૂહમાં એકત્ર થાય છે. (૩) ગુચ્છો.

**flock.** ધણ, સમૂહ. (૨) એક ઘટક તરીકે પાળવામાં આવતાં પક્ષીઓ કે પ્રાણીઓનો સમૂહ. **f. mating.** મરઘીઓના મોટા સમુદાયમાં મરઘાને રાખી સંવર્ધન કરવાની રીત.

**flood.** પૂર. (૨) કુદરતી રીતે કે માનવ સર્જિત ખેતરમાં પાણીનો થતો પ્રસારો. (૩) વનસ્પતિને ભેજ આપવા, ઘાસપાતનું નિયંત્રણ કરવા કે હિમથી પાકને બચાવવા માટે થોડા ઈંચ જેટલા પાણીને ખેતરમાં વહેવડાવવું. (૪) પડોશના કે દૂરના વિસ્તારોમાં પહોંચી જાય તેમ કુદરતી જળાશયોમાંથી પાણીનું વિશાળ પ્રમાણમાં ઊભરાઈ જવું. **f. irrigation.** પૂર સિંચાઈ. **f. plain.** નદીના કાંપથી બાંધેલી પાળની કિનારી નજીકની જમીન, જે રક્ષણના ઉપાયો કરવામાં ન આવે તો પૂરનો ભોગ બને છે.

**Flooded Box tree.** *Eucalyptus coolbah* નામના યુકેલિપ્ટસ ઝાડનો પ્રકાર.

**floor.** જમીનના તળ પર એકઠું થયેલું નકામું વાનસ્પતિક દ્રવ્ય, જેમાં કચરો-પૂંજો અને ખાદમાટીનો પણ સમાવેશ થાય છે. (૨) જંગલમાં જમીનનું તળ. **f. price.** તળિયાની કિંમત, નિમ્નતમ કિંમત.

**flora.** પાદપજાત, વનસ્પતિ સમુદાય, વનસ્પતિ. (૨) કોઈ એક દેશના ચોક્કસ વિસ્તાર કે સમયની વનસ્પતિ. (૩) વનસ્પતિ, જમીન કે પાણીમાં રહેલા જીવાણુઓ. **floral.** પુષ્પીય, ફૂલને લગતું. **f. apical meristem.** પુષ્પીય અગ્રસ્થ વર્ધનશીલ પેશી. **f. axis.** પુષ્પાક્ષ. **f. bud.** વિકસ્યા વિનાની કળી. **f. diagram.** પુષ્પાકૃતિ. **f. envelop.** પુષ્પાવરણ. **f. formula.** પુષ્પસૂત્ર. **f. leaf.** પુષ્પપત્ર. **f. nectary.** જંતુને આકર્ષનાર અને પરાગનયનમાં મદદરૂપ બનનાર પુષ્પીય મધુ રસ. **f. mechanism.** પુષ્પરચના. **f. receptacle.** પુષ્પનો આધાર બનતો પ્રકાંડનો ફુલેલો ભાગ. **f. stimulation.** પુષ્પીય ઉદ્દીપન. **florescence.** પુષ્પોદ્ભવન. **floret.** પુષ્પક. ગુચ્છીય પુષ્પોદ્ભવમાં નાનકડું પુષ્પ, પુષ્પિકા. **floriculture.** પુષ્પોદ્પાદન; ફૂલો અને શોભા માટેની વનસ્પતિનું ઉદ્પાદન અને સંવર્ધન; પુષ્પોદ્યાન, ફૂલોદ્યાનની વિદ્યા. **floriferous.** ઘણાં પુષ્પો પેદા કરનાર (વનસ્પતિ). **florigen** પુષ્પનકર. **florist.** માળી, ફૂલોનો વ્યવસાય કરનાર.

**Florida velvet bean.** *Mucuna deeringiann* (**Bort.**) **Merr.** (*Stizolobium deeringianum* **Bort.**). નામની શાકીય વેલ, જે ચારા અને ખાતર તરીકે ઉપયોગમાં આવે છે.

**floscular.** જુઓ **flosculous.** **flosculous.** ગુચ્છીય, પુષ્પધારી.

**floss.** નરમ દ્રવ્ય. (૨) કોશેટામાં રેશમના છૂટા ટૂકડા. (૩) જીન જેવા કપાસ કે અન્ય વનસ્પતિના તંતુ.

**flour.** લોટ; ઘઉં જેવા ધાન્યના દાણાનો દળેલો લોટ; જેમાં મુખ્યત્વે ભ્રૂણપોળની કાંજી અને ગ્લુટેન હોય છે. **f. beetle.** લોટનું જંતુ. **f. moth.** લોટનું ફૂદું. **floury.** લોટ જેવું બારીક. (૨) ઝીણી માટી, જેમાં મુખ્યત્વે કાંપ અથવા કાંપના કણ આકારની એકત્ર થયેલી માટી હોય છે.

**flow.** નળ, દરવાજે કે નીકમાંથી ચોક્કસ સંજોગોમાં દબાણ હેઠળ વહેતું પાણી, જે દર સેકંડે ઘન ફૂટે, દર દિવસે એક ફૂટ લેખે ઇ. રીતે ઉલ્લેખાય છે. (૨) ચોક્કસ સમયમાં ગાય કે ભેંસના સમૂહે આપેલા દૂધનું પ્રમાણ. (૩) નળમાંથી પાણીનું પડવું. **f. contron.** પ્રવાહ-પૂરનું નિયંત્રણ. **f. rate.** ગાય કે ભેંસ જે દરે દૂધ આપે તે દર. **f. velocity.** પ્રવાહની દિશામાં સાધારણ રીતે પ્રદેશના એકમે અને એકમ સમયમાં વહેતા પાણીનું પ્રમાણ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**flower.** ફૂલ, પુષ્પ. (૨) પુંકેસર, સ્ત્રીકેસર કે બંને ધારણ કરનાર પ્રાંકુર. (૩) બીજધારી વનસ્પતિની પ્રજનનક્ષમ સંરચના, જેમાં નર, અને/અથવા માદા અંગો હોય છે, જેની આસપાસ વજ્ર અને દલપુંજના એક કે બે આવરણો હોય છે. **f. complete** પુર્ણ પુષ્પ; પુષ્પ જેમાં પુંકેસર અને સ્ત્રીકેસર બંને હોય તે પુષ્પ. **f., solitary** એકાકી પુષ્પ. **f. bearing.** પુષ્પદાયી, સપુષ્પ, પુષ્પ ધારણ કરનાર. **f. bud.** પુષ્પકલિકા, ફૂલકળી. **f. cluster.** પુષ્પસમૂહ, પુષ્પગુચ્છ. **f. head.** ગુચ્છિત બન્યા હોય તેવા મધ્યમ કદનાં અને નાનાં ફૂલો સમેતનો પુષ્પોદ્ભવ. **f. stock.** પુષ્પદંડ, પુષ્પવૃંત. **flowerless.** પુષ્પવિહીન. **flowering.** પુષ્પન, સપુષ્પ, પુષ્પોદ્ભવન. **f. hormone.** પુષ્પ અંતઃસ્રાવ. **f. plant.** સપુષ્પ વનસ્પતિ. **f. shoot.** સપુષ્પ પ્રરોહ. **f. stage.** ફૂલ બેસવાની શરૂઆત થાય તેવી વનસ્પતિની અવસ્થા.

**fluctuation.** વધઘટ.

**flue.** તમાકુને સૂકવવાની પ્રક્રિયા દરમિયાન ગરમ હવાને ભંડારમાં પસાર થવાનો માર્ગ. **f. cured tobacco.** ભંડારમાં ગરમ હવાથી સૂકવેલી તમાકુ. **f. curing.** ખાસ ભંડારમાં સિગારેટ માટે તમાકુ સૂકવવાની પ્રક્રિયા, જેમાં નિયમિત ઉષ્ણતામાને તમાકુને પીળી બનાવી તેને ચોકસ રંગ થાય ત્યાં સુધી સૂકવવામાં આવે છે, જે માટે 5–6 દિવસ પ્રક્રિયા ચાલુ રહેવા દેવામાં આવે છે અને જેના પરિણામે તમાકુ ચળકતો લીંબુના જેવો રંગ ધારણ કરે છે, તેમાં નાઈટ્રોજનનું પ્રમાણ ઘટે છે અને શર્કરા મળે છે.

**Fluggea** *leucopyrus* **(Koen.) Willd.** શીવણો. **F.** *microcarpa.* ધોળી ફળી, શીવણી.

**fluff.** પીંછાનો નરમ રૂંવા જેવો ભાગ. (૨) પક્ષીના પાછલા ભાગ તથા જાનુ પરનાં પીંછાં. **f. lice.** પક્ષીના પીંછામાં રહી પક્ષીને કરડતું જંતુ.

**fluid.** તરલ, પ્રવાહી. **f. resources.** તરલ–પ્રવાહી સાધનો. **fluidity.** વાયુ કે પ્રવાહીનો વહેવાનો ગુણધર્મ, પ્રવાહિતા, પ્રવાહીપણું.

**fluke.** પાંદડાં જેવો, શંકુ આકાર કે નળાકાર કૃમિ, જે પાલતું પ્રાણીઓ અને પક્ષીઓનાં આંત્રતંત્ર, લોહી, યકૃત અને અન્ય અંગોમાં પરજીવી બનીને રહે છે. (૨) ગોકળગાયનો વચગાળાનો યજમાન.

**flume.** નાળીને રક્ષવા માટે માટીની નીકો કે કિનારી બનાવવી શક્ય ન હોય ત્યાં નીકો, નાળી કે અન્ય વિસ્તારોને પાણી પહોંચાડવા માટે લાકડું, ધાતુ કે કોન્ક્રીટની બનાવવામાં આવી હોય તેવી નાળી.

**fluorescence.** પ્રતિદીપ્તિ. (૨)આઘાત પ્રકાશ કરતાં વધારે તરંગ લંબાઈ ધરાવતા પ્રકાશમાં, એકવાર પ્રકાશ ગ્રહણ કરી તેની કરવામાં આવતી પ્રતિદીપ્તિ.

**fluorine.** પ્રાણીનાં દાંત અને હાડકાંમાં સાધારણ રીતે હાજર રહેતું રસાયણ. (૨) રેશનમાં તેનું પ્રમાણ વધારે હોય તો તેનું પરિણામ અનિચ્છનીય બને છે. **fl. poisoning** જુઓ *fluorosis.* **Fluorosis.** લાંબા સમય સુધી ખોરાકમાં ફલોરીન લેવાના પરિણામે પશુને થતો હાનિકારક રોગ, જેથી તેની વૃદ્ધિ કુંઠિત બને છે, પગ ખોડંગાય છે, દાંત વાંકાચૂકા આવે છે, જડબું અને હાડકાં જાડાં બને છે.

**flush.** જમીનનું પડ નરમ બને તેમ ખેતરને પાણી પાવું. (૨) જોરદાર એકાએક થતી નવી વૃદ્ધિ. (૩) ઝડપથી પાણી આપીને કોઈપણ દ્રવ્યને ખાલી કરવું, સાફ કરવું કે ધોઈ નાંખવું. **fl. cut.** ડાળી કે પ્રકાંડને સમાંતર રહે તે રીતે કોઈ પણ ઝાડની ડાળીને સરખી રીતે કાપવી. **fl. season.** વધુમાં વધુ સંખ્યામાં ઈંડાં પેદા થાય તેવો સમય ઋતુ.

**flute budding.** છાલ કાપીને આંખ કરવી અથવા કલમ ચડાવવી-**fluted.**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખટ મધુરાં ફળની અસમાન છાલ, જેમાં પારખી શકાય તેવી ઊભી કિનારીઓ હોય છે, તેને લગતું.

**fly.** માખ, માખી; *Muscidae* કુળનું બે પાંખવાળું જંતુ, જેમાંનાં કેટલાંક લોહી ચૂસે, કેટલાંક રોગના વાહક બને છે, કેટલાંક પરજીવી હોય છે અને કેટલાંક કચરો ઇ. સાફ કરનારાં હોય. છે. **f. weevil.** *Angoumois* નામનું અનાજનું ઊડતું ધનેડું. **f. wheel.** યંત્રના ફરતા દંડની સાથે જોડેલું ભારે ચક્ર, જેનો ભ્રમણ દર એક સરખો હોય છે. **flying foxes.** ચામાચીડિયાં, વાગોળ. (૨) ઊડવા માટે ત્વચાધારી – ત્વક્પક્ષ સસ્તન પ્રાણી, જે જૂથચારી અને નિશાચર હોય છે. જેમાં *Pteropus gigenteus* **Brunnich.** મુખ્ય છે. આ પ્રાણી ફળફૂલના બગીચાને નુકસાન કરે છે.

**foal.** વછેરો, ઘોડાનું બચ્ચું. **foaling.** ઘોડીનું વિયાવું, વછેરાને જન્મ આપવો.

**fodder.** પાકનાં સૂકાં પ્રકાંડ અને પાંદડાં અથવા લીલો ઘાસચારો અથવા ઢોરને આપવામાં આવતો વનસ્પતિનો કાપેલો હિસ્સો. **f. bajra.** બાજરો, બાજરી; *Pennisitum typhoideum* નામનો વર્ષા મોસમનો ગુજરાત, પંજાબ, તામીલનાડુ અને આન્ધ્ર પ્રદેશનો ઝડપથી ઊગી નીકળતા ઘાસચારા ધાન્યનો પાક, જે જુવાર કે મકાઈના ઘાસચારા કરતાં સ્વાદિષ્ટ છે તથા તેમાં પ્રોટીન રહેલું છે. **f. cluster bean.** ગુવાર. **f. cowpea.** ચોળા, ચોળી. *Vigna sinensis* (*V. catjang*). નામનો ખરિફ શિમ્બી વર્ગનો ઘાસચારો, બી અને લીલા ખાતર માટે વવાતો પાક. જુવાર અને મકાઈને જોઈતી આબોહવા આ પાકને માફક આવે છે; **f. Italian millet.** કાંગ; *Setaria italica* (**L.**) **Beauv.** (Syn. *Panicum italicum* **L.**). નામનો કાંગ અને ચીણો તરીકે ઓળખાતો ગુજરાત, મહારાષ્ટ્ર, તામીલનાડુ અને આન્ધ્રપ્રદેશમાં થતો ઝડપથી ઊગતો પ્રોટીન ધરાવતો ઘાસચારો અને શાકભાજીનો પાક. **f. jowar.** *Andropogon sorghum.* ગુવાર, કુલથી, મગ, ઇ.ની સાથોસાથ ઉગાડવામાં આવતો, સાઈલેજ કરવા માટેનો ઉત્તમ પાક. (૨) જુવાર. **f. methra.** મેથી, મેથી દાણા; *Trigonella foenum-graecum* **L.** નામનો ઓછી સિંચાઈ ધરાવતો રબિ પાક. **f. moth** મઠ; *Phaseolus aconitifolius* **Jacq.** નામનો બાજરી અને જુવારની સાથે ઉગાડવામાં આવતો કઠોળનો પાક **f. oats.** *Avena ludoviciana* **Durieu.** નામનું ઘાસ. (૨) *Avena strigosa* **Schreb.** નામનું એક પ્રકારનું ઘાસ. (૩) *Avena sativa* **L.** નામનું ઘોડા માટે લશ્કરના ખેતરમાં ઉગાડવામાં આવતો ઓટ અને જવનો પાક. **f. panivaragu.** *Panicum miliaceum* **L.** નામનો વરી, ચીણો નામનો ઝડપથી ઊગતો ઘાસચારો. **f. ragi.** બાવટો, નાગલી. **f. senji.** *Melilotus parviflora* **Desf.** પંજાબ અને ઉત્તરપ્રદેશની કાંપવાળી જમીનમાં થતો ઘાસચારો. **f. shaftal.** સપ્ટેમ્બરમાં પંજાબમાં ઉગાડવામાં આવતો ઘાસચારો. **f. soyabean.** સોયાબીન. **f. velvet-bean.** પંજાબમાં થતો શિમ્બી વર્ગનો ઘાસચારો.

**Foeniculum** *vulgare* **Mill.** (Syn. *F. foeniculum* **Karst**; *F. officinale* **All**; *Anethum foeniculum* **L.**). ગુજરાત, પંજાબ, આસામ અને મહારાષ્ટ્રમાં થતી શાખીય વનસ્પતિ, જેનાં ફળ એટલે વરિયાળી મસાલા તરીકે ઉપયોગમાં આવે છે. ઉપરાંત તેને વાતહર તરીકે પણ ઉપયોગમાં લેવાય છે. વરિયાળીમાંથી તેલ કાઢી લીધા બાદ રહેલા અવશેષ ઘાસચારા તરીકે ઉપયોગમાં આવે છે.

**foetal circulation.** ભ્રૂણ રક્તાભિસરણ. **f. membrane.** ગર્ભ ઉપકલા.

**foetus.** ભ્રૂણ, ગર્ભ. (૨) માદા પ્રાણીના ગર્ભમાં વિકાસ પામતું બચ્ચું.

**fog.** ધુમ્મસ. (૨) હવામાં નિલંબિત પાણીના અતિ સૂક્ષ્મ કણ, જે ઓછી દૃશ્યતા ધરાવે છે. **f. drip.** ઝાડ, ક્ષુપ ઇ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વનસ્પતિ પરથી જમીન પર ટપકતો ભેજ. **f. or smoke generator.** હવામાં લાંબો સમય નિલંબિત રહે તેમ પ્રવાહીના અતિ સૂક્ષ્મકણોને છાંટવાનું સાધન, જેનો ગીચ ઝાડી માટે ઉપયોગ કરવામાં આવે છે અને જે ઝાડપાન પર બરાબર પથરાઈ જાય છે.

**fold.** ગડી. કરચલી. (૨) ઢોર, બકરાં – ઘેટાંને રાખવાનો વાડો.

**foliaceous.** પર્ણસદૃશ, સપર્ણી. **f. bract,** પર્ણસદૃશ પુષ્પપર્ણ. **foliage.** પલ્લવ, સત્ય પર્ણ. (૨) વનસ્પતિ પર સામૂહિક રીતે થતાં પર્ણોનો સમૂહ. **f. plant.** રંગ અને/અથવા પર્ણશોભા માટે વાવવામાં આવતી વનસ્પતિ. **foliar application.** વનસ્પતિની ઉપર દ્રાવણરૂપે ખાતરનો કરાતો છંટકાવ. **f. nutrition.** પર્ણોદ્વારા વનસ્પતિ માટે પોષણ આપવું, જેને પર્ણરંધ્રો અને પર્ણાવરણ શોષી લે છે. કાષ્ઠીય અને શાકીય એમ બંને પ્રકારની વનસ્પતિ પ્રકાંડ પરથી પોષણ શોષી શકે છે. નાઈટ્રોજન, ફૉસ્ફરસ, પોટેશિયમ, કૅલ્શિયમ, મૅગ્નેશિયમ, ગંધક, લોહ, જસત, બોરોન, તાંબુ, મેંગેનીઝ, મોલિબ્ડેનમ ઇ. વનસ્પતિનાં વૃદ્ધિ – વિકાસ માટે આવશ્યક પોષક દ્રવ્યો છે. **f. spray.** વનસ્પતિનાં પર્ણો પર કરવામાં આવતો છંટકાવ. (૨) પર્ણો પર સીધી રીતે ખાતર અને પોષક દ્રવ્યોનો છંટકાવ. **foliate.** પર્ણમય. **foliation.** પર્ણીભવન. પલ્લવીભવન.

**folic acid.** પ્રજીવક 'એમ', 'બી'$_{10}$ અને 'બી'$_{11}$ અને પ્રજીવક 'બી' સંકુલનો એક ઘટક, જે કેટલાંક પર્ણોમાં તથા યીસ્ટ અને યકૃતમાં જોવામાં આવે છે અને જે રક્તકોષ અને જીવાણુની વૃદ્ધિ કરે છે.

**follicle.** પુટિકા, પુટિકા જેવી સંરચના, જેમાંથી વાળ કે પીછાં ઊગે છે. (૨) અંડાશયમાં પ્રવાહી વિવર, જેમાં ઈંડું વિકસે છે. (૩) એક સ્ફોટક ફળ. (૪) એક સ્ત્રીકેસરીય શુષ્ક ફળ, જે તેનાં બીને વિખેરવા મધ્ય સેવનીમાંથી ફાટે છે. **f. mite.** *Demodex folliculorum* **(Simon).** નામની ઈતડી, જે ઢોરના શરીર પર ખંજવાળ લાવી ઢીમણાં બનાવે છે. **F. Stimulating Hormone (F.S.H.).** પ્રાણીઓમાં શુક્રકોષ પેદા કરનાર અંતઃસ્રાવ. **follicular hormone.** અંડવાહિનીની પુટિકામાં પેદા થતો સ્ત્રી અંતઃસ્રાવ. **f. mange.** *Demodectic mange, Domodex folliculorum* નામની ઈતડીથી ઢોરને થતો એક રોગ, જેમાં પ્રાણીના ખભા પર ગાંઠો થાય છે, જે સમસ્ત શરીર પર ફેલાઈ જાય છે.

**fomentation.** વેદના દૂર કરવા માટે બહારથી કરવામાં આવતો વરાળનો શેક.

**Fomes** *noxius.* સિંકોના, કૉફી, ચા, જેકફ્રૂટ – ફણસ અને રબરને લાગુ પડતો રોગ.

**food.** ખોરાક. **f. animal.** ગાય, ભેંસ, ડુક્કર, ઘેટાં – બકરાં ઇ. જેવાં કતલ કરીને જેમનું માંસ ખાવાના ઉપયોગમાં લેવામાં આવે તેવાં પ્રાણીઓ. **f. chain.** અન્નશૃંખલા. (૨) કોઈ પણ પ્રદેશનાં પ્રાણીઓ કે વનસ્પતિની શ્રેણી, જે ક્રમમાં પછીથી આવનાર શ્રેણીનાં પ્રાણીઓનો ખોરાક બને છે; જેમ કે લીલોતરીને પ્રાણીઓ ખાય, આ પ્રાણીઓને અનેક હિંસ્ર પ્રાણીઓ ખાય. **f. constituent.** પ્રોટીન, શર્કરા દ્રવ્યો, ચરબી ઇ. જેવાં ખોરાકમાં રહેલાં ઘટકો. **f. crops.** માનવ ઉપભોગ માટે મુખ્યત્વે ઉગાડવામાં આવતા ધાન્ય પાકો. **f. nutrient.** ખોરાકના પોષક ઘટકો. **f. poisoning.** અન્ન વિષાક્તતા. **f. preservation.** ખાદ્ય વસ્તુઓની સાચવણી. (૨) ખોરાક બગડ્યા વિના તાજો રહે તેવી તેની કરવામાં આવતી માવજત. **f. spoilage.** કુદરતી કે સાચવણીની અવસ્થામાં, સુકાઈ જવાથી, સૂક્ષ્મ સજીવો થવાથી, ફૂગ, જીવાણુઓ, યીસ્ટ, ઉત્સેચકો, રાસાયણિક પ્રક્રિયા, ઉપચય (ઑક્સિડેશન), અપચય (રીડક્શન) ઇ.થી ખોરાકનો થતો

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બગાડો. **f. stuffs.** ખાદ્ય પદાર્થો. **f. technology.** ખોરાકી પદાર્થોનાં પ્રમાણ, મૂલ્ય, બનાવટ, સમૂહ, વેચાણ ઇ. નું વિજ્ઞાન અને કલા. **f. units.** કુલ પાચક પોષક દ્રવ્યો. **f. vacuole.** ખાદ્ય રસધાની, ખાદ્યધાની.

**foot and mouth.** ખરીધારી પ્રાણીઓને થતો એક વિષાણુજન્ય જીવલેણ રોગ, જેમાં રોગગ્રસ્ત પ્રાણીને તાવ આવે, મોં, આંચળ, ખરી ઇ. પર ફોલ્લા થાય. **f. and tail necrosis.** ભેજવાળા ગંદા વાડામાં રહેવાના કારણે પ્રાણીને થતો એક રોગ, જેમાં પગ પર વ્રણ થાય અને ખરીની પેશી મરી જાય છે. **f. hills.** પર્વત કે પર્વતમાળામાં તેની તળેટી કે ઢોળાવ પરની ટેકરીઓ. **f. rot.** પશુના પગમાં થતો સડાનો રોગ. (૨) વનસ્પતિના મૂળને ફૂગના કારણે થતો રોગ. **f. sprayer.** પગ ચાલિત છાંટવાનું સાધન.

**forage.** વનસ્પતિનાં પ્રકાંડ અને પાનવાળો ઘાસ, પૂળા જેવો ખોરાક. (૨) ચરવા જવું. **f. crop.** ઘાસચારાનો પાક. **f. fish.** મોટાં પ્રાણીનો ખોરાક બનતી માછલી. **f. value.** પશુના ખોરાકમાં આવતાં દ્રવ્યોમાં ઘાસચારાનાં અન્ય દ્રવ્યોની તુલનામાં રહેલું પોષક મૂલ્ય.

**forager.** કામદાર મધમાખ; ખોરાક મેળવવા જતી મધમાખ.

**foramen.** રંધ્ર, છિદ્ર.

**Forastero.** એક પ્રકારનો કોકો.

**force.** બળ, શક્તિ. **f. of adhesion.** સંસંજન બળ, સંશક્તિ બળ.

**forceps.** ચીપિયો; પકડવા, દબાવવા ઇ. કાર્યો માટેનું સાધન.

**forcing** કૃત્રિમ પ્રકાશ, સિંચાઈનું પાણી આપવાનું બંધ કરવાં ઇ. જેવી પ્રક્રિયાઓ દ્વારા સાધારણ કરતાં વધારે ઝડપથી વનસ્પતિને પરિપક્વ બનાવવાની ઘટના.

**fore —.** આગલું —, અગ્ર અર્થસૂચક પૂર્વગ.

**forearm.** અગ્ર બાહુ, અગ્ર હાથ-પગ.

**forebrain.** અગ્ર મસ્તિષ્ક.

**forecast.** કોઈ ચોક્કસ સમય પૂરતા બનનાર હવામાનની પરિસ્થિતિની કરાતી આગાહી. (૨) પૂર્વાનુમાન, પૂર્વ ધારણા, પૂર્વ કથન.

**foreground.** અગ્રભૂમિ.

**foreign material.** બહારનું દ્રવ્ય, અન્યસ્થાનીય દ્રવ્ય.

**foreleg.** અગ્ર પાદ, આગલો પગ.

**foremilk.** દોહવા અગાઉ લેવામાં આવતું દૂધ, જે રાસાયણિક અને જીવાણુની દૃષ્ટિએ હલકા પ્રકારનું હોઈ તેનો ત્યાગ કરવો જોઈએ.

**forepastern.** પશુની ખરી પછીનો તેના આગલા પગનો ભાગ.

**forequarters.** પશુના આગલા બે ચતુર્થાંશ અંગો – આંચળ ઇ.

**forerihs.** પાલતું પ્રાણીના સ્કંધાસ્થિ પછીની પાંસળીઓ.

**forerunner.** પુરોગામી.

**foreshank.** ખરી નીચેનો આગલા પગના નીચેનો ભાગ

**foreudder.** ઢોરનાં આગલાં બે આંચળ.

**forest.** જંગલ, વન. (૨) જમીનનો વિશાળ પટ રોકતો મોટા ભાગે ઝાડ અને અન્ય કાષ્ઠીય વનસ્પતિનો સમુદાય, જેનું વિશાળ રીતે ઉષ્ણકટિબંધીય સદા હરિત, ઉષ્ણકટિબંધીય ભેજવાળા પાનખર, ઉષ્ણકટિબંધીય સૂકા પાનખર, ઉષ્ણકટિબંધીય કાંટાળ, ઉષ્ણકટિબંધીય ચીડ, ભેજયુક્ત સમશીતોષ્ણ અને પર્વતીય જંગલો અનુસાર વર્ગીકરણ કરવામાં આવે છે. **f. cover.** જંગલની જમીનને આવરતાં બધાં જ પ્રકારનાં વૃક્ષો અને સંબંધિત વનસ્પતિ. **f. floor.** ખનિજ જમીન પર બધાં જ મૃત વનસ્પતિ દ્રવ્યો, જેમાં નકામી વસ્તુઓ અને બળ્યા વિનાની ખાદમાટી (હ્યુમસ)નો સમાવેશ થાય છે. (૨) જંગલની ખનિજ જમીન પરનાં બધા જ પ્રકારનાં કાર્બનિક દ્રવ્યો. **f. fly.** જંગલની એક પ્રકારની માખી. **f. influence.** જંગલનો તેનાં પાણી, જમીન, આબોહવા ઇ.નો સ્વાસ્થ્ય પર પડતો પ્રભાવ. **f.**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**land.** જંગલની વનસ્પતિવાળી બીજા ઉપયોગમાં આવતી ન હોય તેવી જમીન. **f. litter.** જંગલની જમીન પર પડેલાં પાંદડાં, મરી ગયેલી ડાળીઓ, છાલ, સડતું કાષ્ઠ ઇ. **f. management.** જંગલ પ્રબંધ–વહીવટ. (૨) જંગલ અંગેની નીતિનો અમલ કરવા વ્યાપારી રીતો અને ટૅકનિકલ સિદ્ધાંતોનો કરવામાં આવતો વિનિયોગ. **f. protection.** વન સંરક્ષણ. **F. Research Institute.** વન સંશોધન સંસ્થા, જેની 1906માં દહેરાદૂન ખાતે સ્થાપના કરવામાં આવી હતી. **f. soil.** વનવનસ્પતિના પ્રભાવ અને તેથી નિર્ણિત બનતી જમીન. **f. type.** વનનો–જંગલનો પ્રકાર. **f. utilization.** વનમાં થતો પાક અને તેની વિવિધ પેદાશો લણવા, વેચવાની સાથે સંબંધ ધરાવતાં સઘળાં કાર્યો **forester.** વનવિદ્યાની તાલીમ ધરાવનાર ધંધાદારી વ્યક્તિ, વન-રક્ષક, વનપાલ. **forestry.** વનવિદ્યા; વન નિર્માણ અને વન સંવર્ધનનાં કાર્ય, વ્યવસાય અને કલા. (૨) સામૂહિક રીતે વનમાં થતાં વૃક્ષોની ઉત્પાદન ક્ષમતાની વ્યવસ્થિત ઉપયોજિતા, પુનર્નિર્માણ અને સુધારણા, જેમાં વૃક્ષારોપણ તથા નવા વન નિર્માણનાં કાર્યોનો સમાવેશ થાય છે.

**forfeiture.** જપ્તી.

**fork.** બે ડાળીઓ ભેગી મળતી હોય તે સ્થાન. (૨) હાથાવાળું ઓજાર. (૩) કાંટો.

**forkert budding.** કલિકા રોપણની એક પદ્ધતિ.

**form.** પ્રકાર, રૂપ, આકૃતિ.

**formation.** નિર્માણ, રચના. **f. of cells.** કોષ નિર્માણ. **f. phase.** નિર્માણ અવસ્થા. **f. region.** નિર્માણ પ્રદેશ.

**formaldehyde.** જલદ્રાવ્ય વાયુ, જેનું જલીય સ્વરૂપ જોરદાર વિસંક્રામક છે, જે મેથીલ આલ્કોહોલમાંથી મેળવવામાં આવે છે, ફૉર્માલ્ડીહાઈડ. **formalin.** ફોર્માલ્ડીહાઈડનું 40 ટકા સંયોજન, જે વનસ્પતિ અને પ્રાણીજ પેશીના રક્ષણ માટે વપરાય છે.

**formic acid.** ફૉર્મિક ઍસિડ.

**formula** સૂત્ર; ખાતર, ખાણ, અને અન્ય મિશ્રણો કે સંયોજનો બનાવવામાં ઉપયોગમાં લેવામાં આવતાં દ્રવ્યોનાં પ્રમાણ, કોટિ ઇ. દર્શાવતું પદ.

**formulation.** નિરૂપણ.

**fortified.** મૂળમાં ન હોય તેવાં ઉમેરવામાં આવતાં પોષક દ્રવ્યો ધરાવતી પેદાશ, જેમ કે પ્રજીવક–'ડી' ઉમેરવામાં આવ્યું હોય તેવું દૂધ.

**Fortunella** *japonica* (**Thunb.**) **Swingle** (Syn. *Citrus japonica* **Thunb.**). નારંગી કુળનો મૂળ પૂર્વ એશિયાનો પણ અહીં ઉત્તર ભારતમાં થતો ખાદ્યફળનો શોભાનો ક્ષુપ. *F. margarita* (**Lour.**) **Swingle** (Syn. *Citrus margarita* **Lour.**). નારંગીકુળના ખાદ્ય-ફળનો શોભાનો ક્ષુપ.

**fossil.** વનસ્પતિ કે પ્રાણીનો અશ્મીભૂત અવશેષ.

**Foster.** એપકૂટનો પ્રકાર. (૨) પાળવું, ઉછેરવું. **f. mother.** પાલક માતા. (૨) ઈંડાને કૃત્રિમ રીતે સેવવા માટેનું સાધન.

**foundation.** વિકાસાર્થે સંવર્ધન કે ઉછેર માટે ઉપયોગમાં લેવામાં આવતાં વનસ્પતિ, પ્રાણીઓ અને પક્ષીઓ. (૨) પાયો, આધાર. **f. seed.** બીનો જથ્થો, જેમાંથી બીની સંખ્યાવૃદ્ધિ એવી રીતે કરવામાં આવે, જેથી તેની શુદ્ધતા અને તેનાં આનુવંશિક સ્વરૂપ અને ગુણવત્તા જળવાયેલાં રહે. **f. spur.** ફળ ઝાડમાંનું એક કળીવાળું પ્રવર્ધ, જે એપ્રિલ માસમાં કર્તન કરવામાં આવે તેમ છતાં જળવાયેલું રહે, જે ત્યાર પછીના પાક માટેનો પ્રરોહ બને છે.

**fountain.** સતત પાણીનો પુરવઠો જળ-વાયેલો રહે તેવું સાધન. (૨) ફુવારો.

**four-way hybrid.** બે એકાકી સંકરમાંથી પરિણમતું સંકર.

**fowl.** મરઘાં–બતકાં. (૨) પરિપક્વ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મરઘાંનાં બચ્ચાં. (૩) ગમે તે મોટું પક્ષી. **f. breed.** મરઘા પ્રકારનો ઉપવિભાગ, જેમકે રોડ આઈલૅંડ, લેગ્હોર્ન. **f. cholera.** મરઘાં ઇ.ને લાગુ થતો જીવાણુ રક્તતાનો રોગ, જે *Pasteurella avise-ptica* નામના જીવાણુથી થાય છે, જેમાં રોગનાં બાહ્ય લક્ષણો વરતાય તે અગાઉ પ્રાણી મરી જાય છે. **f. class.** વિવિધ પ્રકારનાં પક્ષીઓથી ભિન્ન રીતે મરઘાં ઇ.નું ધોરણીકૃત વર્ગીકરણ, જે ભૌગોલિક રીતે કરવામાં આવે છે. **f. diphtheria.** મરઘાં–બતકાંને થતો માતાનો એક રોગ. **f. flu.** મરઘાં–બતકાંને થતો એક ચેપી–સંક્રામક રોગ. **f. gapeworm.** *Syngamus trachea* નામનું પક્ષીની શ્વાસનળીને ચેપ લગાડતું ગોળકૃમિ. **f. house.** મરઘાં–બતકાં ગૃહ, કુક્કુટ ઘર. **f. leukaemia.** પક્ષીના રક્તકણને થતો એક રોગ. **f. paralysis.** મરઘાં–બતકાંના રક્તકોષને થતા રોગનો પ્રકાર. **f. pest.** રોગગ્રસ્ત મરઘાં ઇ.નાં ચરક અને ખોરાકથી દૂષિત બનેલું પાણી પીવાથી મરઘાં–બતકાંને થતો જબરો, ચેપી અને જીવલેણ રોગ, જેનાં લક્ષણો ઝડપથી વરતાય છે, ચાલ નબળી બને છે, માથું ઢળી પડે છે અને શરીર પર સોજા ચડે છે. **f. plague.** જુઓ *fowl pest.* **f. pox.** મરઘાં–બતકાંને થતો જીવલેણ વિષાણુજન્ય માતાનો રોગ. **f. shed.** કુક્કુટ શાળા. **f. strain.** મરઘાંના વિકાસ માટે જવાબદાર પાલકના નામે ઓળખાવામાં આવતો કુક્કુટ પ્રકાર. **f. tick.** *Argus persicus* નામનું મરઘાં–બતકાંનું લોહી ચૂસતું જંતુ **f. tuber-culosis.** મરઘાં–બતકાંને થતો ક્ષયરોગ. **f. type.** વ્યાપારી ધોરણે ઉપયોગ અને પેદાશ અનુસાર મરઘાં–બતકાંના વર્ગીકરણ પ્રમાણેનો તેનો પ્રકાર, જેનો આધાર ઈંડાં, માંસ જેવી તેની પેદાશ પર રહે છે. **f. typhoid.** મરઘાં–બતકાંને થતો આંત-રડાના રોગનો પ્રકાર. **f. variety.** મરઘાં–બતકાંની ઓલાદનો પેટા-વિભાગ.

**fox glove.** દ્વિવર્ષાયુ શાકીય વનસ્પતિનો એક પ્રકાર; જુઓ *digitalis.*

**foxgrape.** *Vitis labruca* નામની કાષ્ઠીય વેલ.

**foxtail millet.** કાંગ.

**fracture.** અસ્થિભગ, હાડકું ભાંગી જવું.

**Fragaria** *chiloensis* (**L.**) **Duch-esne.** કુમાઉ, કુળુ અને હિમાચલ પ્રદેશની ખાદ્યફળની શાકીય વનસ્પતિ. **F.** *indica* **Andr.** હિમાલય, પંજાબ, આસામ, ખાસી તથા નીલગિરિની ટેકરીઓમાં થતી *Indian strawberry* નામની શાકીય વનસ્પતિ **F.** *nilgerrensis* **Schlecht. ex. J. Gay.** ખાસી ટેકરીઓ અને નીલગિરિમાં થતી ખાદ્યફળની વનસ્પતિ. **F.** *vesca* **L.** ખાદ્યફળની એક વનસ્પતિ.

**fragment.** ટુકડો, ખંડ. **fragmen-tation.** વિખંડન, ખંડીભવન, સંવિભાજન.

**fragrance.** સુવાસ, મીઠી સુગંધ, સુગંધ. **fragrant albizia.** કાળો શિરીષ. **f. wintergreen.** પ. બંગાળમાં થતી ડુંગળીના વર્ગની એક વનસ્પતિ.

**framework.** માળખું. (૨) મુખ્ય પ્રકાંડના સંબંધમાં વૃક્ષની ટોચ, શાખાઓ કે ડાળખાંનો આકાર–પ્રકાર **frame-working.** જૂનાં ફળઝાડનું પુનઃસર્જન કરવાની રીત અથવા કોઈ એક પ્રકારને ટકાઉ બનાવવાની રીત, જેમાં ટોચ પરની વધારાની શાખા કે પાતળી ડાળીઓને કાપી બાકીના માળખાને જેમનું તેમ રહેવા દેવામાં આવે છે.

**frass.** કીટમલ, કચરો. (૨) ડિમ્ભનું ઉત્સર્જિત દ્રવ્ય. (૩) દર કરનાર કીટનો કચરો.

**fraternal twins.** દ્વિ-અંડી યમજ જોડકાં.

**freak.** સંવર્ધનમાં જોવામાં આવતો વનસ્પતિનો અસાધારણ પ્રકાર.

**freckle.** વનસ્પતિને થતો કાળા રંગનો વ્રણ.

**free.** અસંલગ્ન, મુક્ત. (૨) વનસ્પતિનો અસંલગ્ન, નહિ જોડાયેલો ભાગ. **f.**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**acidity.** જમીનની જલીય વનસ્પતિની અનુમાપનીય અમ્લતા. (૨) મુક્ત અમ્લતા. **f. air.** વાતાવરણની મુક્ત હવા. **f. cell formation.** મુક્ત કોષનિર્માણ. **f. central.** મુક્ત કેન્દ્રસ્થ. **f. flow.** વાળવામાં આવ્યું ન હોય તેવું સીધું વહેણ. (૨) મુક્તવહેણ. **f. hold.** જમીનને ધારણ કરવાની જીવનભરની ઘટના. (૨) મુક્ત ધારણાધિકાર ધરાવવું (ખાતું). **f. lateral stipule.** અસંલગ્ન પાર્શ્વીય ઉપપર્ણ. **f. placentation.** મુક્ત જરાયુવિન્યાસ. **f. play.** મુક્ત વ્યવહાર. **f. water.** ગુરુત્વાકર્ષણીય પાણી. (૨) વધારાનું પાણી. (૩) અપવાહી પાણી. **f. weir.** કૂબ્યા વિનાનો આડબંધ. **f. yard.** ખુલ્લું કુક્કુટ ઘર. (૨) ખુલ્લો (પશુઓ માટેનો) વાડો. **f. world market.** ખુલ્લું વિશ્વ બજાર.

**freeze.** 32°ફે. કે 0°સે. સુધી ઉતરેલા ઉષ્ણતામાનવાળી આબોહવા. (૨) 0° ફે. સુધી ઉષ્ણતામાનને ઉતારી દઈને ખોરાકી વસ્તુએ.ની જાળવણી કરવી અને 32°ફે. સુધી ઉષ્ણતામાનને જાળવી રાખવું. **f.-drying.** નિર્વાત દ્વારા ઠારેલી પેદાશમાંથી બાષ્પશીલ દ્રવ્યને ઉડાડી દેવાં. **freezing mixture.** હિમકારી મિશ્રણ. **f. point.** હિમાંક, ઠારબિંદુ.

**French bean.** ફણસી. *Phaseolus vulgaris* **L.** શાકીય વનસ્પતિનો એક પ્રકાર. **Fr. b. anthracnose.** ફણસીને *Colletotrichum lindemuthianum* **(Sace & Magn Brir. Cav).** નામના જંતુથી થતો એક રોગ.

**French crab.** એક પ્રકારનું સફરજન, જે કલમ કરવા માટે અનુકૂળ છે.

**frenching.** પાકને થતો બિનપરજીવી રોગ, જેમાં પાન સુકાય છે અને સ્થૂલિત બની વળી જાય છે.

**frequency.** વારંવારતા, આવર્તન. **fr. group.** આવર્તન સમૂહ. **fr. table.** આવર્ત કોષ્ટક.

**fresh.** હમણાં જ બચ્ચાંને જન્મ આપનાર (ગાય). (૨) હમણાં જ કાપણી કરેલા ખાદ્ય (પાક). (૩) તાજું. **fr. cow.** હમણાં જ વાછરડાને જન્મ આપ્યો હોય તેવી ગાય. **fr. water grey mullet.** *Mugil corsula* નામની ખાડી અને ભાભરાપાણી-વાળા પ. બંગાળ અને ઓરિસામાં થતી માછલીનો એક પ્રકાર. **fr. w. leech.** યજમાનના શરીરના તાજા ભાગ પર હુમલો કરતી શાંત પાણીમાં રહેલી જળો, જેના કારણે યજમાનનું લોહી સ્રવે છે. **fr. w. shark.** *Wallago attu* નામની ૭ ફૂટ સુધી વધતી તાજા પાણીની કેટ નામની માછલી.

**friability.** છૂટી પડી જાય તેવી માટીની સરળતા. **friable.** સરળતાપૂર્વક છૂટા થઈ જવાનો ગુણ.

**fringe-lipped carp.** *Labeo fimbriatus* નામની કાર્પ માછલી.

**frog.** તળિયાના ભાગને એકઠા રાખી શકે તેવો હળનો ભાગ. (૨) ધાતુનો અનિયમિત આકારનો ભાગ, જેની સાથે હળના ભાગ જોડાયેલા રહે છે. (૨) મંડૂક, મેડક, દેડકો.

**frond.** પલ્લવ કે તાડનું પાંદડું, પર્ણાંગ પત્ર.

**front.** આગલું. મોખરાનું. (૨) મોખરો. **fr. axle.** અગ્રઅક્ષ. **fr. mounted.** અગ્રારૂઢ. **frontal.** લલાટીય. (૨) અગ્રસ્થ. (૩) મોખરાનું. **fr. parietal.** લલાટ પાર્શ્વિકા.

**frost.** હિમ. (૨) નિમ્ન ઉષ્ણતામાનનું પરિણામ, જેનો વનસ્પતિ પર પ્રભાવ પડે છે અને વનસ્પતિ તથા પ્રાણીઓની ઘણી જાતિઓનું વિતરણ શક્ય બને છે. (૨) ઉત્તર ભારતના ઊંચાણ પર આવેલા પ્રદેશોમાં દર શિયાળે પડતું હિમ. **fr. damage.** વનસ્પતિ, તથા સદા હરિત ફળઝાડને હિમના કારણે થતી ભારે હાનિ, જેથી કુમળાં ફળ–ઝાડ મરી જાય છે; લીંબુ જેવાં ખટમધુરાં ફળ અને જામફળના ઝાડનાં પ્રરોહ અને ફળને નુકસાન થાય છે. આવાં પ્રકારનું નુકસાન રોકવા અનેક

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપાયો હાથ ધરવામાં આવે છે, જેમાં હિમનો સામનો કરી શકે તેવા છોડ વાવવામાં આવે છે. હિમ સામેના રક્ષણ માટે આડા આવરણરૂપ વનસ્પતિને ઉગાડવામાં આવે છે. (૨) હિમદાહ. **fr. lifting.** જમીનની અંદરનું પાણી ઠરી જવાથી જમીન ફૂલે અને પરિણામે નાનાં છોડ જમીનની બહાર આવે. **frosted teat.** અતિઠંડીથી આંચળને થતું નુકસાન. **frozen.** ઠીંગરાઈ ગયેલું. (૨) 40°ફે. કે ૦° સે. ઉષ્ણતામાને વનસ્પતિની ઠરી કે મરી જવાની અવસ્થા. **fr. egg.** જીવાણુની વૃદ્ધિ ન થાય તે માટે ઠારવામાં આવતાં ઈંડાં.

**fructification.** ફલન, ફલોત્પત્તિ, ફલનકાર્ય. **fructify.** ફળવું, ફલિત થવું.

**fructose.** ફળ શર્કરા, કાર્બોદિતનું સરળ રૂપ, સૂત્ર $C_6H_2O_6$.

**fruit.** ફળ. (૨) વનસ્પતિનું ફલિત અને વિકાસ પામેલું અંડ. (૩) પરિપક્વ બનેલું બીજાશય. **fr., aggregate** સંયુક્ત ફળ. **fr., composite** સંયુક્ત ફળ. **fr., simple** સરળ ફળ, સાદું ફળ. **fr.-body.** બીજાણુધારી સંરચના. **fr.cake.** ફળકેક. **fr.crop.** ફળ પાક. **fr. drop.** કાચા કે પાકા થવા આવેલાં ફળનું પડી જવું – પતન થવું. **fr. fall.** કાચા કે પાકા ફળનું થતું પતન. **fr. fly.** ફળમાખ. **fr. fl. of mango.** કેરીની ફળમાખ. **fr. pit.** *Prunus* પ્રજાતિનાં ફળનાં બી અને અંતઃફલાવરણ. **fr. product.** ફળની પેદાશ. **fr. rot.** ફૂગ કે જીવાણુથી ફળને થતો સડો. **fr. spot.** ફળનો ડાઘ. **fr. spur.** ફૂલ અને ફળ બેસતા હોય તેવી મજબૂત ડાળી. **fr. sugar.** ફળ શર્કરા. **fr.sweating.** ઠંડાગારમાંથી બહારના પ્રમાણમાં ગરમ વાતાવરણમાં ફળને લાવતાં તેના નરમ ભાગ પર વળતાં પાણીનાં ટીપાં, જેના પરિણામે ઊબ કે સડો થવા માંડે છે. **fr. vegetables.** ટમેટાં, રીંગણ, મરચાં, ભીંડા ઇ. જેવાં શાકભાજી. **fruiting.** છોડને ફળ બેસવા. (૨) ફળ ધારણ કરનાર (શાખા-ડાળ કે શેરડી). **fruition.** ફલન, ફલીભવન, ફલીકરણ.

**frutescent.** દેખાવમાં ક્ષુપ સદૃશ.

**fry.** એક ઈંચ જેટલી લાંબી માછલીનો એક પ્રકાર.

**fuel oil.** બળતણ તરીકે ઉપયોગમાં આવતી કેરોસીન કરતાં વધારે ઝડપથી સળગી ઊઠતી પેટ્રોલિયમની પેદાશ.

**fugacious.** ઝડપથી નાશ પામતું, અલ્પજીવી (ફૂલ).

**fulcrum.** આલંબ, ઉપપર્ણ કે તંતુ જેવું ટેકો આપતું અંગ. (૨) ઉચ્ચાલનની નીચેનો આધાર. (૩) આધાર બિંદુ.

**full.** પૂર્ણ. **f. blood** અ-સંકરિત (પ્રાણીઓ), (પ્રાણીઓની). શુદ્ધ ઓલાદ. **f. bloom.** પુષ્પોદ્ભવન પામેલા છોડની અવસ્થા. **f. cream cheese.** મલાઈ કાઢી લીધા વિનાના દૂધની બનાવેલી ચીઝ – પનીર. **f. feed.** પ્રાણીની ભૂખ સંતોષે તેટલા પ્રમાણમાં તેને આપવામાં આવતો ખોરાક. **f. fleece.** કાપી શકાય તેટલું વધવા દેવામાં આવેલું ઊન વાળું (ઘેટું). **f. fleshed.** માંસલ (પશુ કે પક્ષી). **f. hand milking.** પૂરા હાથમાં આંચળને સમાવી લઈ દોહવાની પ્રક્રિયા. **f. mouth.** પૂરા દંતક દાંતવાળું (પ્રૌઢ પશુ). **f. pink.** સક્કરજનની કળી પૂરેપૂરી ખીલે તેવી અવસ્થા. **f. slip stage.** તડબૂચની પરિપક્વતાની એવી અવસ્થા, જેમાં ફળને વૃંત-દાંડીથી સરળતાથી લઈ શકાય. (૨) ઉપભોગ માટે પાકની લણણી કરી શકાય તેવી અવસ્થા. **f. water capacity.** પૂર્ણ જળધારણ ક્ષમતા; પાણી ધારણ કરવાની ખેતરની ક્ષમતા.

**Fuller's teasel.** *Dipsacus fullonum* **L.** (*D. sylvestris* **Huds.**). *Dipsacaceae* કુળની વનસ્પતિ, જેની પેદાશ ઊનીકામમાં ઉપયોગમાં આવે છે.

**Fumaria** *officinalis* **L.** પિત્તપાપડો. (૨) પિત્તાશયના રોગમાં ઉપયોગમાં આવતી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શાખીય વનસ્પતિ.

**fumigant.** જંતુઓ અને વનસ્પતિને ઝેરરૂપ નીવડે તેવું વાયુરૂપમાં આપવામાં આવતું ઘન કે પ્રવાહી દ્રવ્ય, જેનો ઉપયોગ બંધ ભંડાર, તંબુ કે ખોરાકભીતરના સ્થાનમાં સરળતાપૂર્વક કરી શકાય છે. આવું દ્રવ્ય બનાવવા માટે સાયમેગ, કાર્બન બાય સલ્ફાઇડ, પેરાડિક્લોરોબેન્ઝીન, ક્લોરોપિક્રિન, ઇથિલીન, ડાયબ્રોમાઇડ અને ઇથિલીન ડાયક્લોરાઇડનો ઉપયોગ કરવામાં આવે છે.

**fumigate.** રોગોત્પાદક સજીવો, જંતુઓ ઇ.નો નાશ કરવા વાયુ કે બાષ્પ છોડનાર ઝેરી દ્રવ્યોનો ઉપયોગ કરવો. (૨) ઝેરી દ્રવ્યથી ધુમાયમાન કરવું. **fumigation.** જંતુના નાશ માટે ઝેરી વાયુઓનો ઉપયોગ, મોટા ભાગે કીટકો અને ઉંદરોની સામે તેનો ઉપયોગ કરવામાં આવે છે.

**function.** ગમે તે અંગ કે ભાગનું કાર્ય.

**functional.** સાધારણ રીતે થતું (કાર્ય). (૨) બાકીના ભાગથી ભિન્ન એવું કાર્યકારી કે સક્રિય (અંગ). (૩) કોઈ કાર્ય કે કર્તવ્ય બજાવવા માટે પ્રાથમિક રીતે અનુકૂલિત કે યોજિત. **f. disease.** કોઈ પણ જાતની, પેશીમાં પરિવર્તન દર્શાવ્યા વિનાની ગેરવ્યવસ્થા, જે ચાલુ રહેવા પામતા ઓળખી ન શકાય તેવું આંગિક પરિવર્તન થાય. **functionaries.** ઉત્પાદકો પાસેથી ઉપભોક્તાઓ સુધી કોઈ માલ, સામાન કે પેદાશને પહોંચાડનાર ઉત્પાદક, ગામડાનો કે ફરતો વેપારી કે પ્રાથમિક બજારનો કમિશન કે વાહનવ્યવહારનો એજંટ – અભિકર્તા. (૨) નિકાસ કે અંત્ય બજારનો વેપારી વિશ્લેષક કે શિપિંગ એજંટ. (૩) માલ ચડાવનાર આડતિયો.

**fundamental tissue.** આધાર પેશી.

**fundus.** જઠર, મૂત્રનળી જેવા અંગનું આધાર તળ. (૨) વનસ્પતિ અક્ષના ભોંય-ભીતર અને બહારના અંગની હદ.

**fungaceous.** ફૂગ જેવું, ફૂગ સદૃશ.

**fungal disease.** ફૂગથી થતો રોગ.

**fungi** (બ.વ.) (**fungus** એ.વ.). હરિત દ્રવ્ય વિનાની પરજીવી કે મૃતભક્ષી જીવંત વનસ્પતિ, જેનો દેહ સહુત શરીર બનાવે તેવા પરસ્પરથી ગૂંચવાયેલાં સૂત્રો કે કવકતંતુનો બનેલો હોય છે અને જે અલિંગી બીજાણુ, બીજાણુધાની અને બીજાણુ પેદા કરે છે; જેમાંથી ઘણીફૂગ વિશિષ્ટ પ્રકારના જાડી દીવાલવાળાં અંગો બનાવે છે, જે જાડી દીવાલવાળો બીજાણુ અંડ – બીજાણુ ઇ. બનાવે છે. વનસ્પતિ અને પ્રાણીઓમાં તે રોગ પેદા કરે છે; કેટલીક ફૂગ માનવી અને વનસ્પતિમાં પરજીવી બનીને રહે છે અને તેમનામાં રોગ પેદા કરે છે. **fungicidal.** ફૂગનાશક.

**fungicide.** ફૂગના કારણે વનસ્પતિ કે પ્રાણીને થતા રોગનું નિયંત્રણ કરનાર કે તેને અટકાવનાર દ્રવ્ય, જેમાં મોટા ભાગે તાંબુ અને ગંધક તથા પારો અને કાર્બનિક ગંધક સંયોજનો હોય છે.

**fungiform.** ફૂગ જેવું, ફૂગના સ્વરૂપનું.

**fungistat.** ફૂગની વૃદ્ધિ અને પ્રજનન અટકાવનાર – તેને સ્થગિત કરનાર પણ મારક ન હોય તેવું પ્રક્રિયક કે રસાયણ.

**fungus** (એ.વ.) (**fungi**·બ.વ.). **f. spores.** ફૂગના પ્રજનન કોષ; ફૂગ બીજાણુ.

**funicle** બીજક વૃંત, બીજનાળ, બીજદંડ. (૨) અંડાશયના જરાયુમાંથી નીકળતો દંડ, જેમાં અંડક હોય છે.

**funnel-shaped.** ગળણી આકારનું.

**Furcraea** *foetida* (**L.**) **Haw.** (Syn. *F. gigantea* **Vent.**). કેતકી વર્ગનો મૂળ અમેરિકાનો પણ અહીં દ. ભારત, પ. બંગાળ અને આસામમાં થતો *Green Aloe* નામનો ક્ષુપ, જેનાં પાનના રેસાનાં દોરડાં, સાદડીઓ, કોથળા અને બૂટનાં તળિયાં બનાવવામાં આવે છે.

**furious rabis.** હડકવાનો તીવ્ર બનેલો રોગ, તીવ્ર હડકવા.

**furrow.** હળ ખેડ્યા પછી જમીનમાં ખુલ્લી થતી રેખા, ચાસ. **f. bank** (**f. crown**). ચાસની કિનારીની ધાર, ચાસ પૂર્યા પછી થતો ઉપરનો ભાગ. **f. drain.** હળથી કરેલા ચાસ – ઢાળિયાં દ્વારા ખેતરમાંનું વધારાના પાણીને વહેવ-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ડાવવું. **f. face.** ચાસ પાર્શ્વ. (૨) જમીનમાં કરેલા ચાસની ઊભી બાજુ. **f. grade.** સિંચાઈ માટે ચાસની પ્રવણતા – ઢોળાવ. **f. irrigation.** ચાસ દ્વારા નાના વહેણ વડે ખેતરને પાણી પાવાની વ્યવસ્થા. (૨) મકાઈ, જુવાર, રોરડી, કપાસ, તમાકુ, મગફળી, બટાટા, વિવિધ શાકભાજી જેવા કાચા પાકને પાણી પાતા, પાણી જમીનમાં ઊતરી જાય છે. **f. press.** ચાસની માટી દબાવનાર સાધન. **f. slice.** ચાસનો વિભાગ કે ખંડ. **f. sole.** હળની અણી ફરે તેવો ચાસનો તળિયાનો ભાગ. **f. stream.** ચાસમાં લઈ જવાતા સિંચાઈના પાણીનું વહેણ. **f. system.** ચાસ દ્વારા કરવામાં આવતી સિંચાઈ અંગેનું તંત્ર. **f. wall.** ચાસની બંને બાજુ પરથી દીવાલ. (૨) ચાસની બાજુની ખેડયા વિનાની જમીન. **f. wheel.** ચાસ ચક્ર.

**furuncle.** વિદ્રધિ, ગૂમડું.

**Fusarium.** ફૂગની એક પ્રજાતિ; મોટા ભાગની તેની જાતિઓની ફૂગ મૃતોપજીવી હોય છે, જ્યારે ઘણી ફૂગ વનસ્પતિ પરની પરજીવી હોય છે, જેના પરિણામે વનસ્પતિ ચીમળાઈ જાય છે, ફળને સડો લાગે છે. પ્રકાંડ, મૂળ, પાંદડાં અને અન્ય અંગો પીળાં પડે છે. આની સામેના અસરકારક ઉપાયમાં, આવી ફૂગનો સામનો કરી શકે તેવી વનસ્પતિ વાવવી જોઈએ કે તે માટેના આવશ્યક પગલાં લેવાં જોઈએ. **F.** *annum.* મરચીનું મ્લાનીભવન કરનાર જંતુ. **F.** *coeruleum.* બટાટાનો એક પ્રકારના સુકારાના રોગ માટે જવાબદાર જંતુ. **F.** *cucurbitae.* પટોલાદિકુળની વનસ્પતિને સડો લાવનાર જંતુ. **F.** *lini.* અળશીને થતા રોગનું જંતુ. **F.** *monoliniforme.* ડાંગરના છોડના મૂળને થતા સડાનું જંતુ. **F.** *orthoceras var. ciceri.* ચણાનો રોગોત્પાદક જંતુ. **F.** *orthoceras var. entidis.* કઠોળનો રોગોત્પાદક જંતુ. **F.** *orthoceras var. lethyri.* લાંગનું રોગકારક જંતુ. **F.** *oxysporum.* કપાસ, ટમેટાને ચીમળાવી નાખતા રોગનું જંતુ. **F.** *oxysporum var. cubense.* કેળનો રોગકારી કીટ. **F.** *solani.* પટોલાદિકુળની વનસ્પતિનું રોગકારી જંતુ. **F.** *udum.* તુવેરનું રોગકારક જંતુ. **F.** *udum var. crotalariae.* શણનું રોગકારી જંતુ. **F.** *vasinfectum.* કપાસ અને તમાકુને રોગ કરનાર જંતુ.

**fusifoun.** ત્રાકાકાર, ત્રાકની આકારનું. (૨) બંને છેડે પાતળું બનતું.

**Fusiform** *nodosus.* ઘેટાના પગને થતો સડાનો એક રોગ.

**Fusiformis** *necrophorus.* વાછરડાને થતા ડિફથેરિયાના રોગ માટે જવાબદાર જંતુ.

**futures (markets).** ચોક્કસ ભાવિ મહિનામાં માલ વેચવા કે ખરીદવાનો કોંટ્રાક્ટ, વાયદાનો સોદો.

**Fuyu.** જાપાનનું ફળધારી વૃક્ષ.

**fuzz.** 1/64થી 1/16 ઇંચ લાંબો રૂનો તાંતણો, જેને વળ આપવામાં આવ્યો હોતો નથી, અને લોઢતી વખતે જે કપાસિયાથી છૂટો પડતો નથી અને વેપારી દૃષ્ટિએ તેનો કોઈ ઉપયોગ પણ નથી.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# G

**gab.** ખાદ્યફળનું એક ઝાડ.

**gabbro.** અગ્નિકૃત ખડક – શૈલનો એક પ્રકાર.

**gable.** વલભી, છાપરાની બાજુ પર ત્રણ ખુણિયો ઉપરનો ભાગ.

**Gaddi.** હિમાલયની તળેટી અને કાશ્મીરનું સફેદવાળની ઓલાદનું ઘેટું.

**gad-fly.** ઘોડાને વળગતી *Tabanidae* કુળની માખનો પ્રકાર.

**Gaillardia** *pulchella* **Foug.** શોભાની એક વનસ્પતિ.

**gait.** પ્રાણીની ચાલવાની ઢબ.

**gaithi.** ખાદ્ય મૂળધારી શાકીય વનસ્પતિ; રતાળું.

**galactagogue.** પ્રાણીના દૂધનો સ્રાવ વધારનાર ગમે તે દ્રવ્ય. **galactin.** દુગ્ધોત્પાદક અંતઃસ્રાવ.

**galactose.** કુદરતમાં દ્વિ – અને ત્રિ – શર્કરાની સાથે મળતી ઈક્ષુ શર્કરા.

**gale.** ઝંઝાવાત, જમીનથી 32 ફૂટ ઊંચે 40 કે તેથી વિશેષ માઈલની ઝડપે ફૂંકાતો પવન.

**galea.** દેખાવ, કાર્ય અથવા સ્થાન જેવી રચના ધરાવતું દળ કે અન્ય વસ્તુ.

**Galerucella** *birmanica.* એક જંતુ.

**galgal.** લીંબુ.

**galia.** બીડી માટેની તમાકુનાં પાન.

**gall.** સોજો; (૨) અન્ય સજીવના આક્રમણથી વનસ્પતિ પેશી પર થતો સોજો. (૩) પિત્ત; યકૃતનો સ્રાવ. (૪) ફૂગ, જીવાણુ કે જંતુના કારણે વનસ્પતિ પર આવતો સોજો. (૫) ધૂસરી ઘસાવાથી બળદની ગરદન પર થતો વ્રણ. **g. bladder.** પિત્તાશય, પ્રાણીના શરીરમાં પિત્ત સંઘરનાર વટાણા જેવી કોથળી. **g.sickness.** *Anaplasma marginale* નામના પરજીવીના કારણે આપાતી પશુઓને થતો લોહીનો એક રોગ, જેમાં એકાએક ઉષ્ણતામાન વધી જાય છે, ભૂખ મરી જાય છે, સુસ્તી આવે છે, કબજિયાત અને પાંડુરોગ થાય છે અને કમળો થઈ પ્રાણી મરણ પામે છે.

**Galleria** *mellonella.* મધપૂડાની ઈયળ.

**gallery.** ગેલરી, સુરંગ. (૨) ખાવા કે ઈંડું મૂકવા માટે વનસ્પતિની છાલ કે લાકડામાં જંતુઓ દ્વારા કોરાતો ગોળ માર્ગ – દર.

**gallinaceous.** પાલતું મરઘાં – બતકાં, ફેઝંટ, તેતર ઇ. જેવા *Galliformes* સમૂહનાં (પ્રાણી).

**gallon** 277.3 ઘન ઈંચ કે 4.546 લિટર પ્રવાહીનું માપ. **g. per minute.** સિંચાઈ કે જળપ્રવાહમાં પાણીના પ્રવાહ આપવાનું એકમ કે સૂચકાંક.

**Gallus** *gallus murghi.* જંગલનું મરઘું. **G.g.** *sonnerati.* પશ્ચિમ અને દક્ષિણ ભારતનું જંગલી મરઘું.

**galwang.** *Albizia lucida* **Benth.** નામનું લાખનાં જંતુની વસાહત ધરાવતું લાલવંગ નામે હિંદીમાં ઓળખાતું ઝાડ.

**gama grass.** *Gautemala grass* નામે ઓળખાતું એક પ્રકારનું ઘાસ.

**Gamboge tree.** વિલાયતી આંબલી; *Garcinia cambogia* **Desr.** નામનું મધ્યમ કદનું, વાર્નિશ બનાવવાના કામમાં આવે તેવા ગુંદરનો સ્રાવ કરતું રેચક ફળનું ઝાડ.

**game.** ખોરાક અને શિકારનાં પ્રાણી. (૨) રમત. **g. bird.** કૂકડા લડાઈ માટે પાળવામાં આવતું પક્ષી. (૨) ખોરાક કે શિકાર માટેનું ગમે તે જંગલી પક્ષી.

**gamete.** પ્રજનન કોષ, જન્યુ કોષ; પુંકોષ, લિંગ કોષ; ગુમ્ફિત ફલિતાંડ બનાવતો અન્યની સાથે યુગ્મિત થતો કોષ; કેન્દ્રયુક્ત જીવરસીય કોષ; પરિપક્વ નર કે



કૃ. કો.–૧૫

For Private and Personal Use Only

માદા પ્રજનન કોષ. (૨) યુગ્મક. **gametic.** જન્યુકીય. **g. lethal factor.** જન્યુકીય ઘાતક કારક. **g. mutation.** જન્યુકીય ઉત્પરિવર્તન. **g. sterility.** જન્યુકીય વંધ્યતા. **gametocyte.** જન્યુ માતૃકોષ. **gametogenesis.** જન્યુજનન. **gametogony.** યુગ્મક જનન. **gametophore.** જન્યુધર. **gametophyte.** જન્યુજનક, પ્રજનન કોષજનક. **gametophytic** લૈંગિક, જન્યુજનનકીય.

**gamma globulin.** કેટલાંક સંક્રમણો-રોગની સામે રક્ષણ આપનાર પિંડો ધરાવતું પ્રવાહી, લોહીનું પ્રોટીન.

**gamma rays.** ગામા કિરણો. (૨) ઈલેક્ટ્રોનની સાથેસાથ કેટલાંક કિરણોત્સર્ગી દ્રવ્યો દ્વારા અપાતા લઘુતરંગી ક્ષ-કિરણો, પારજાંબલી કિરણો જેવાં કિરણો.

**gammexane.** જંતુઘ્ન તરીકે ઉપયોગમાં આવતું બેન્ઝીન હેક્ઝાક્લોરાઇડના પરમાણુની ગામા રચના ધરાવતું દ્રવ્ય; ગેમેક્સેન.

**gamodesmic.** નિર્માણના સમયે જ જોડાયેલી (વાહકપેશી).

**gamopetalae.** પુષ્પોદ્ભવમાં વજ્રની સાથે પાંદડીઓ જોડાયેલી હોય તેવો દ્વિદળી વનસ્પતિનો સમૂહ. **gamopetalous.** એક સાથે જોડાયેલાં દળવાળા પુષ્પ મુગટ ધરાવતાં પુષ્પો. **g. corolla.** સંયુક્ત પુષ્પ મુગટ. **gamophyllous.** પરસ્પરની સાથે જોડાયેલું (પરિદલ વજ્ર), **gamosepalous.** યુક્ત વજ્રપત્રી, જોડાયેલા વજ્રપત્રી સંબંધી. **g. calyx.** સંયુક્ત વજ્ર. **g. corolla.** સંયુક્ત પુષ્પ-મુગટ.

**gamut.** પૂર્ણ સ્વરાવલી.

**gandana.** એક પ્રકારની દીર્ઘાયુ વનસ્પતિ.

**gander.** નરહંસ.

**gandhela.** મીઠા લીમડાનાં પાન.

**gandhy bug.** ચોખાનું ગંધ મારતું જંતુ.

**gandhyghas** જુઓ *ginger grass*.

**gandice.** ગુજરાતમાં થતી બીડી માટેની તમાકુનો એક પ્રકાર.

**gandina.** વિલાયતી લસણ.

**gandora.** રંગે લીલું હોવા છતાં પાકવા જેવી અસર ધરાવતું ખજૂર.

**gang.** ટોળકી. (૨) ખેડવાના સમયે ઉપયોગમાં લેવામાં આવતાં ઓજારોનો સમૂહ.

**gangativa.** શાક તરીકે ઉપયોગમાં લેવામાં આવતી શાકીય વનસ્પતિ.

**ganghunian.** પ્રકાંડની છાલમાં રેસા મેળવવા માટે ઉગાડવામાં આવતી વનસ્પતિનો પ્રકાર.

**ganglion.** ચેતાકંદ. (૨) ચેતા તંતુઓ, જેમાંથી નીકળતા હોય તેવો ચેતા કોષનો સમૂહ. (૩) ચેતાકેન્દ્ર. (૪) ચેતાકેન્દ્ર ધરાવતું કેન્દ્રીય ચેતાતંત્રમાંનું ધૂસર દ્રવ્ય.

**gangrene.** વિધ્વંસન; ઊતિમૃત્યુ, પેશી-મૃત્યુ, કોથ. (૨) જીવાણુ સંક્રમણ, ઈજા, ચેપ, ઇ.ના કારણે મોટા પાયા પર શરીરની પેશીનું થતું મૃત્યુ. (૩) જીવાણુથી નીપજતા મૃત્યુને ભેજયુક્ત પેશી મૃત્યુ કહેવાય છે, જ્યારે સૂકું પેશી મૃત્યુ તે વિના થાય છે.

**ganja.** ગાંજો.

**ganna.** શેરડી.

**Ganoderma** *lucidum*. નાળિયેરી અને સોપારીના ઝાડનાં મૂળને લાગતા સડાનું જંતુ.

**ganthian.** મધ્યમ પ્રકારનાં, સુવાળાં, લીસાં પાનની જલીય વનસ્પતિ.

**Gaolao.** વર્ધા અને છિંદવાડાના ભાર-વાહી પશુની ઓલાદ.

**gaorani.** આન્ધ્રપ્રદેશના હૈદરાબાદ વિસ્તારમાં થતો એક પ્રકારનો કપાસ.

**gape.** માછલીઓ અને પક્ષીઓના ખુલ્લાં જડબાંનો અવકાશ.

**gapes.** *gapeworm* નામના કૃમિના કારણે મરઘાંને થતા રોગનો એક પ્રકાર. **gapeworm.** મરઘાંને થતો કૃમિ, જે લોહી ચૂસે, જેથી શ્વાસનળીમાં ચેળ લાવે.

**garbage.** કચરો પૂંજો. (૨) પ્રાણીઓનું ઉત્સર્જન, નકામી શાકભાજી ઇ., જે ડુક્કરનો ખોરાક બને છે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**Garcinia** *atroviridis* **Griff. ex T. Anderson.** આસામમાં થતું એક ઝાડ, જેનાં ફળ ખવાય છે અને જે રંગ-કામમાં ફટકડીની સાથે રંગ સ્થાપનમાં ઉપયોગી બને છે. **G.** *binucao* **Choisy.** ખાદ્યફળની વનસ્પતિ. **G.** *cambogia* **Desr.***var. cambogia* વિલાયતી આંબલી; કોંકણથી ત્રાવણકોર સુધીના વિસ્તારમાં થતું ખાદ્યફળનું ઝાડ. **G.** *cowa* **Roxb. ex DC.** (Syn. *G. kydia* **Roxb.**). પ. બંગાળ, આસામ, નીલગિરિ અને આંદામાનમાં થતું ખાદ્યફળનું ઝાડ, જેનાં પ્રકાંડ અને ડાળીઓ પરથી મળતો સુંદર વાર્નિશ માટે કામમાં આવે છે. **G.** *echinocarpa* **Thw.** મુખ્યત્વે ત્રાવણકોરમાં થતું ઝાડ, જેનાં બીમાંથી મળતું તેલ દીવાબત્તી અને સાબુ બનાવવા માટે ઉપયોગમાં આવે છે. **G.** *indica.* **(Dupetit-Thouars) Choisy.** કોકમનું ઝાડ, મહારાષ્ટ્ર અને દક્ષિણ ભારતમાં થતા આ ઝાડનાં ફળ અને ઘી ખાદ્ય છે. **G.** *mangostana* **L.** મંગુસ્તાના નામનું નીલગિરિ, મહારાષ્ટ્ર અને તામીલનાડુના પશ્ચિમ ભાગમાં થતું ખાદ્ય ફળનું ઝાડ. **G.** *morella* **Desr.** ખાસી ટેકરીઓ, પશ્ચિમઘાટ, દ. કાનડા, કર્ણાટક, ત્રાવણકોરમાં થતું ઝાડ, જેનાં ગર, પાંદડાં, ફૂલો અને ફળોમાંથી લેવામાં આવતો ગમ્બોજ નામનો રસ જલરંગો – વોટર કલર તથા ધાતુ પર સોનેરી રંગનો સ્પિરિટ બનાવવા માટે ઉપયોગમાં આવે છે. **G.** *xanthochymus* **Hook f. ex T. Anderson.** તુમુલ, તમાલ; ઓરિસા, મહારાષ્ટ્ર, કર્ણાટક, નીલગિરિ, પ. બંગાળ અને આંદામાનમાં થતું ખાદ્ય ફળનું ઝાડ, જેનાં કાચા ફળમાંથી સવતો રસ રંગ-કામ માટે ઉપયોગમાં આવે છે.

**garden.** બગીચો, બાગ. (૨) શાકભાજી, ફળ, ફૂલ, શાકીય અને શોભાની વનસ્પતિ ઉગાડવા અલગ રહેતો જમીનનો ભાગ. (૩) બગીચાની વનસ્પતિ. **g. asparagus.** મૂળ યુરોપ અને પ. એશિયાની શાકીય વનસ્પતિ. **g. bean.** વાલ, પાપડી; *Dolichos lablab* var. *typicus* નામની વેલ. **g. beet.** બીટરૂટ. **g. celery.** જુઓ *celery*. **g. cress.** અશેળિયો, શાકભાજી તરીકે ઉપયોગી વનસ્પતિ. **g. crop.** બગીચામાં ઉગાડવામાં આવતાં શાકભાજી, ફળ, ફૂલ ઇ.નો ગમે તે પાક. **g. heliatrope.** કાશ્મીરમાં થતી વનસ્પતિનો એક પ્રકાર. **g. land.** લિફ્ટ સિંચાઈ દ્વારા જરૂરી પાણી આપીને પાક ઉગાડવામાં આવતો હોય તેવી જમીન. **g. l. crop.** બગીચા માટેની જમીનમાં થતો પાક. **g. pea.** મટર, વટાણા; *Pisum sativum* **L.** var. *arvense* **Poir.** (*P. arvense* **L.**). શાકીય પાક, જેના લીલા વટાણા ખાવાના કામમાં અને અન્ય વસ્તુઓ લીલા ખાતર તરીકે ઉપયોગમાં આવે છે. વટાણામાં પ્રોટીન ઉપરાંત પ્રજીવકો 'એ', 'બી', અને 'સી' હોય છે. તેને ઠંડા હવાપાણી માફક આવે છે, હિમથી તેની સિંગોને નુકસાન થાય છે. આ પાકને ઓક્ટોબર – નવેમ્બરના ગાળામાં વાવવામાં આવે છે. **g. rhubarb.** દીર્ઘાયુ મોટાં પર્ણોવાળું એક વૃક્ષ. **g. snail.** *Helix* પ્રજાતિની બગીચાના પાકને હાનિ પહોંચાડતી ગોકળ-ગાય. **g. sorrel.** *Rumex acetosa* **L.** નામની શાકીય વનસ્પતિ, જેનાં પાનનું શાક થાય છે. **g. strawberry.** *Fragaria chiloensis* **(L.) Duchesne.** નામની શાકીય વનસ્પતિ, જેનાં પાનની શાકભાજી થાય છે. **g. tool.** પાવડો, ખરપડી, હળ ઇ. જેવાં બગીચાના કામમાં ઉપયોગમાં લેવામાં આવતાં ઓજાર.

**Gardenia** *campanulata* **Roxb.** ખાદ્ય પાન અને ફળનું આસામ અને બિહારમાં થતું એક ઝાડ. (૨) દીકામાળી. **G.** *gummifera* **L.f.** દીકામાળી, માલણ; દ. ભારતમાં સામાન્ય રીતે થતું ઝાડ, જેના રસનો વાતહર, ઉદ્દીપક અને અપચામાં ઔષધ તરીકે ઉપયોગ કરવામાં આવે છે. **G.** *jasminoides* **Ellis.** (Syn.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



*G. florida* **L.**). ગંધરાજ; મૂળ ચીન અને જાપાનનું પણ હવે અહીં વાવવામાં આવતું શોભા માટેનું ઝાડ, જેનાં ફળમાંથી પીળો રંગ મળે છે અને ફૂલમાંથી બાષ્પશીલ તેલ મળે છે, જે સુગંધી દ્રવ્યોની બનાવટમાં ઉપયોગમાં આવે છે. **G.** *latifolia* **Ait.** પાપડા, પાફર; વાડ માટેનું નાનું ઝાડ. **G.** *lucida* **Roxb.** ડીકામાળી, માલણ, શોભાનું ઝાડ. **G.** *resinifera* **Roth.** (Syn. *G. lucida* **Roxb.**). ડીકામાળી.

**garlic.** લસણ; લસુનાદિકુળની *Allium sativum* **L.** નામની મસાલા તરીકે ઉપયોગમાં આવતી વનસ્પતિ, જેની કળી શાકભાજીને સુવાસિત કરવા માટે વપરાય છે. ઉપરાંત તે ઉધરિયો, પેટનાં દર્દો, પ્રસુતિ બાદની માંદગી, લોહીનું દબાણ ઇ. દર્દોમાં ઔષધ તરીકે ઉપયોગમાં આવે છે. તેના તેલમાં ગંધકનું સંયોજન હોય છે. **g. bligbt.** *Alternaria palandui* નામના જંતુથી લસણને થતો એક રોગ. **g. thrip.** લસણના છોડમાં થતું થ્રિપ નામનું જંતુ.

**Garuga** *pinnata* **Roxb.** ગોગર નામનું ખાદ્ય ફળનું ઝાડ.

**gas.** વાયુ. **g. disease.** માછલીમાં નાઈટ્રોજન અને ઑક્સિજનનું પ્રમાણ વધી જતાં થતો વાત રોગ, જેમાં શરીરમાં વાયુનો ભરાવો થવા પામે છે. **gaseous exchange.** વાયુ વિનિમય.

**Gascoyne's Scarlet.** એક પ્રકારનું કાશ્મીરમાં થતું સફરજન.

**gasp.** થાક લાગતાં મોં વડે શ્વાસ લેવો, હાંફવું.

**Gasterophilus** *intestinalis bengalensis* અને *G. nasalis*. નામનું ઘોડાના મોંમાં જઠર સુધી જતું જંતુ.

**gesteropod.** ઉદરપદા. (૨) ચપટા પગવાળા સર્પિલ છીપવાળા મૃદુકાય પ્રાણી. **gastropod.** ઉદરપાદ પ્રાણી.

**gastric** જઠરનું, –ને લગતું. **g. catarrh.** જઠરશ્લેષ્મ. **g. gland.** જઠર ગ્રંથિ. **g. juice.** જઠરરસ. **g. stimulant.** જઠરમાં ખોરાકનું પાચન કરનાર પ્રક્રિયક **gastritis.** જઠરની કલા–ત્વચાને થતો તીવ્રશોથ, જઠરરુજા. **gastroenteritis.** જઠરની કલા–ત્વચા કે આંતરડાને અંદર રહેલા પરજીવીના કારણે આવતો સોજો, જેથી થતા ઝાડા ઊલટીનો રોગ.

**Gastrochilus** *pandurata* **Ridley.** આંદામાન અને કોકણમાં થતી દીર્ઘાયુ શાકીય વનસ્પતિ, જેનાં મૂળ મસાલા તરીકે ઉપયોગમાં આવે છે.

**gather.** પાક લણવો. (૨) ઢોરને એકત્ર કરવાં.

**Gattine.** રેશમના કીડાને થતો રોગ, જેમાં આંતરડાંમાં ખોરાક ન હોવાથી કીડા અર્ધપારદર્શક દેખાય, કીડાવાળા ઓરડામાં ઊંચું ઉષ્ણતામાન હોવાથી આ પ્રમાણે બને છે.

**gauge.** માપ.

**gauj.** *Milletia auriculata* **Baker ex. Brand.** નામની કાષ્ઠીય આરોહી ઘાસચારા માટેની વનસ્પતિ, જેનાં મૂળનો ભૂકો ઢોરનાં જંતુ દૂર કરવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે.

**Gaultheria** *fragrantissima* **Wall.** વિંટરગ્રીન વર્ગનો ખાસી ટેકરીઓ, નીલગિરિ અને કેરળમાં થતો સુવાસધારી ક્ષુપ, જેનાં ફળ ખાદ્ય છે અને જેનાં પાનમાંથી કાઢવામાં આવતું બાષ્પશીલ તેલ અન્ય દ્રવ્યોને સુવાસિત બનાવવા ઉપયોગમાં લેવામાં આવે છે. ઉપરાંત તે અનેક જંતુઘ્ન દ્રવ્યો બનાવવાના કામમાં આવે છે.

**Gautemala grass.** *Tripascum laxum* **Nash.** નામનું તૃણકુળનું ઝડપથી ઊગતું ઘાસ.

**gauze.** ગોઝ; ઘા પર બાંધવા માટે ઉપયોગમાં લેવામાં આવતું જાળીવાળું મલમલ કે રેશમનું – જંતુરહિત બનાવેલું કપડું.

**gear.** ગિયર, દાંતા.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**gel.** જેલ, અવક્ષેપિત કણોવાળું કલિલ સંયોજન.

**gelatine.** સરેશ; પ્રાણીઓની પેશીઓમાંથી મેળવવામાં આવતું જેલી જેવું દ્રવ્ય, જેનો ઉપયોગ આઈસક્રીમના સ્થિરીકરણ તથા જીવાણુના ખોરાક તરીકે થાય છે.

**geld.** વંધ્ય પ્રાણી. (૨) ખસી કરવામાં આવેલું પ્રાણી. (૩) પ્રાણીને ખસી કરવી. **gelding.** ખસી કરવામાં આવ્યો હોય તેવો ઘોડો.

**Gelonium** *multiflorum* **A. Juss.** વન નારંગી; વાડ બનાવવા માટે ઉગાડવામાં આવતું ઝાડ.

**gemma** (એ.વ.) (**gemmae** બ.વ.). નવા સજીવ તરીકે વિકસતું વનસ્પતિ કે પ્રાણીનું પ્રવર્ધ, કલિકા કે અંકુર. (૨) લીલ પરનું કોષીય અંગ, જે લીલથી છૂટું પડી સ્વતંત્ર રીતે વિકસે છે. **gemmate.** અંકુરવાળું, કલિકાવાળું. **gemmation.** અંકુરણ, કલિકાસર્જન. **gemmiferous.** અંકુરધારી, કલિકાધારી. **gemmiform.** અંકુર સદૃશ, કલિકા સદૃશ. **gemmiparous.** અંકુરથી પેદા થતું, અંકુરજન્ય, કલિકાજન્ય. **gemmule.** વનસ્પતિ ભ્રૂણનું ઊગતું અંગ. (૨) લઘુ કલિકા. (૩) મીઠા પાણીનો છિદ્રકાય સજીવ

**gene.** જીન, જનિન. (૨) રંગસૂત્રમાં રહેલો પ્રોટીનનો સૂક્ષ્મ અણુ, જે આનુવંશિકતાનો એકમ બને છે અને પછીની પેઢીને આનુવંશિક લક્ષણો આપી તેનું નિયંત્રણ કરે છે આ જનિન રંગસૂત્ર પર રેખીય રીતે ગોઠવાયેલાં હોય છે. **g. change.** જનિન પરિવર્તન. **g. complex.** જનિન સંકુલ. **g. frequency.** જનિન આવર્તન. **g. interaction.** જનિન આંતરક્રિયા. **g. locus.** જનિન સ્થાન. **g. manifestation.** જનિન આવિર્ભાવ **g. mutation.** જનિન ઉત્પરિવર્તન. **g. pair.** જનિન યુગ્મ. **g. substitution.** જનિન અવેજી.

**genetic.** ઉત્પત્તિ સંબંધી. (૨) આનુવંશિકત સંબધી. **g. association.** જનિન સાહચર્ય. **g. barrier.** આનુવંશિક અવરોધ. **g. cell.** જનિન કોષ. **g. complex.** કોઈ સજીવમાંનાં આનુવંશિક કારકોનો પ્રકાર. **g. equilibrium.** જનિન સમતુલા. **g. factor.** જનિન-કારક. **g. gene.** આનુવંશિક જનિન. **g. isolation.** જનિન પૃથકતા. **g. method.** જનિન પદ્ધતિ. **g. selection.** નજરમાં ન આવે તેવા ગુણના ધોરણે પસંદગીયુક્ત સંવર્ધન. **g. significance.** જનિન રહસ્ય. **g. variation.** જનિન વિભિન્નતા. **genetics.** આનુવંશિકતા વિદ્યા; અનુવંશિકતા વિજ્ઞાન; જનિન વિજ્ઞાન. (૨) એક વંશ દ્વારા સજીવો જે લક્ષણો દર્શાવે તેની વચ્ચેનાં સામ્ય અને વિવિધતાના અભ્યાસને લગતું વિજ્ઞાન. (૩) કોઈ ચોકસ સજીવ કે વનસ્પતિના પૂર્વજો નું વિજ્ઞાન.

**genealogy.** વંશાવલી, એક પિતૃની પેઢીઓ.

**general.** સામાન્ય, સાધારણ, સર્વ સાધારણ. **g. anaesthetic.** શ્વાસમાં લેતાં નિશ્ચેતન બનાવનાર ક્લોરોફોર્મ કે ઈથર જેવું દ્રવ્ય. **g. combining ability.** સંકર સંયોજનમાં ચોક્સ અંતઃપ્રજનિતનું સામાન્ય કાર્ય. **g. infestation.** મોટા વિસ્તારમાં જંતુઓનો ઉપદ્રવ. **g. purpose.** ચોક્સ કે ઘણા હેતુ માટે ઉપયોગમાં લેવામાં આવતું (પ્રાણી, હથિયાર કે ઓજાર). **g.p. tractor.** સઘળાં કૃષિ કાર્યો માટે ઉપયોગમાં આવતું ટ્રેક્ટર.

**generation.** પ્રજનન, જાતિનો વિકાસ. (૨) કુદરતી કે કૃત્રિમ રીતે કરવામાં આવતું પ્રજનન. (૩) પેઢી કે ઓલાદ આગળ વધારવાનું પગલું. (૪) પેઢી. **generative.** પ્રજનનિક, પ્રજનનક્ષમ, ઉત્પાદક. **g. organs.** પ્રજનન અંગો. **generic.** એક જ પ્રજાતિની બધી જાતિઓમાં સર્વ સામાન્ય. **generitype.** જુઓ *genotype.*

**genesis.** ઉત્પત્તિ; જમીન, વનસ્પતિ કે પ્રાણીની ઉત્પત્તિ કે ઉત્ક્રાંતિમય વિકાસ.

**geniculate.** ઘૂંટણ જેવું વળેલું. (૨)

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધૂંટણ જેવી સંધિ.

**genital.** પ્રજનન અંગ સંબંધી. **g. eminance.** નરપ્રાણીના પ્રજનન લિંગ જેવું નાનું, ચળકતું, પ્રાથમિક ઉપસેલું અંગ. નરપ્રવર્ધ. **g. organs, generative organs, genitalia.** જનનાંગો, બાહ્ય જનનાંગો **genitals** બાહ્ય પ્રજનન અંગો.

**Genoa lemon.** આન્ધ્રપ્રદેશના કુડાપ્પામાં થતાં લીંબુનો પ્રકાર, જે બી વિનાનાં હોય છે.

**genome.** રંગસૂત્રની સંખ્યા; જનિન સમૂહ; રંગસૂત્રો અને તેના કારણે જનિનોનો પૂર્ણ સમૂહ, જે બેમાંથી એક પિતૃ તરફથી વારસામાં મળે છે.

**genotype. biotype. generitype.** કોઈ પણ વ્યક્તિનું જનિનીય કે કારકીય બંધારણ. (૨) સમાન જનિનીય બંધારણ ધરાવતી વ્યક્તિઓનો સમૂહ, જીનરૂપ

**genus** (એ.વ.) (**genera** બ.વ.). પ્રજાતિ; વનસ્પતિ અને પ્રાણીઓના વર્ગીકરણમાં ગાઢ રીતે સંકળાયેલી જાતિઓનો સમૂહ; આવી પ્રજાતિઓનો સમૂહ કુળ બને છે.

**Gentiana** *kurroo* **Royle.** કાશ્મીર અને વાયવ્ય હિમાલયમાં થતી શાકીય વનસ્પતિ, જેનાં મૂળ જઠર અને મૂત્ર માર્ગીય ગરબડમાં તથા ટોનિક તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે.

**geo –**, ભૂ –. જમીન અર્થસૂચક પૂર્વગ.

**geographic environment.** ભૌગોલિક પર્યાવરણ. (૨) ઋતુઓ, વરસાદ, ઉષ્ણતામાન, પૂર, અનાવૃષ્ટિ, જમીન, સ્થાન ઇ. જેવી કોઈ એક વિસ્તારની, પ્રાણી અને વનસ્પતિની જાતિઓ પર પ્રભાવ પાડતી કુદરતી ઘટના.

**geologic erosion.** ભૂસ્તરીય ઘસારો, સામાન્ય ઘસારો. **Geology.** ભૂસ્તર વિજ્ઞાન, ભૂવિજ્ઞાન; ખડકોમાં અભિભૂત થતાં પૃથ્વીનાં સંરચના, પ્રવૃત્તિ અને ઇતિહાસનું વિજ્ઞાન.

**geometric mean.** ભૌમિતિક માધ્ય.

**geometrical progression.** ભૌમિતિક શ્રેણી.

**geophagous.** મૃદ્ ભક્ષી, માટી ખાનાર; માટી પર જીવનાર (સજીવ).

**geophyte.** જમીન પરની વનસ્પતિ. (૨) કંદ, મૂળ ઇ. જેવા જેનાં અંગો ભૂગર્ભીય હોય તેવી વનસ્પતિ.

**geoponics.** કૃષિ વિજ્ઞાન, ભૂકર્ષણ, ભૂકૃષિ.

**geotropic.** ભૂ – વર્તિક. **geotropism.** ભૂ – અનુવર્તન, ગુરુત્વાનુવર્તન, ભૂ–અભિવર્તન, (૨) મૂળનો વિકાસ થવામાં બને છે તે ગુરુત્વાકર્ષણના ઉદ્દીપનને અનુરૂપ પ્રક્રિયા; જેની વિરુદ્ધની પ્રક્રિયા પ્રકાંડ (જે ગુરુત્વાકર્ષણના બળની વિરુદ્ધ રીતે વિકસે છે)ની વૃદ્ધિ દ્વારા વ્યક્ત થાય છે.

**geranium.** બકચંચુકુળની ગમે તે શાકીય વનસ્પતિ. **Geranium** *nepalense* **Sweet.** હિંદીમાં ભંડા તરીકે ઓળખાતી સમશીતોષ્ણ હિમાલય, ખાસી ટેકરીઓ અને નીલગિરિમાં થતી વનસ્પતિ, જેનાં મૂળ ઔષધીય તેમને રંગ આપવામાં ઉપયોગી બને છે. **g. oil.** સુગંધી દ્રવ્યોના ઉત્પાદનમાં ઉપયોગમાં લેવામાં આવતું તેલ, જે પેલારગોનિયમની અનેક જાતિઓમાંથી કાઢવામાં આવે છે.

**Gerbera** *jamesonii* **Bolus ex Hook f.** શોભા માટેની વનસ્પતિ.

**Gerbillus** *indicus* જુવાર અને બાજરાના ખેતરનો ઉંદર.

**germ.** ગર્ભ, અંકુર. (૨) એક કોષી સૂક્ષ્મ સજીવ. (૩) બી, કળી, કલિકા. (૪) વિકસતું ઈંડું. **g. cell** અંકુરકોષ, જનકકોષ. (૨) નવી વ્યક્તિમાં વિકાસ પામતો કોષ. **g. nucleus.** અંડ અથવા શુક્ર કેન્દ્રક. **g. plasm.** આનુવંશિકતાનું દ્રવ્ય અથવા તેનો ભૌતિક આધાર. **g. pore.** જનિન છિદ્ર, જનિન રંધ્ર. **g. spot.** અંડની જનિનિક ચકતી, જે જરદીની સપાટી પરના નાના વર્તુળ વિસ્તારમાં દેખાય છે અને જ્યાંથી ભ્રૂણીય

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિકાસનો પ્રારંભ થાય છે. **g. tube.** જનનનલિકા, અંકુરનલિકા (૨) અંકુરિત થતા બીજાણુ દ્વારા થતી ટૂંકી પાતળી નલિકા (કવકસૂત્ર). (૩) શુક્રકોષકેન્દ્ર. અંડ અને ભ્રૂણપોષના કોષકેન્દ્રના સંપર્કમાં આવે છે. **germen.** પ્રજનન ગ્રંથિ. **germinal.** અંકુર વિષયક, વિકાસની પ્રાથમિક અવસ્થામાં. **g. apparatus.** ભ્રૂણીય સામગ્રી, ભ્રૂણીય ઉપકરણ. **g. disk** જુઓ *germ spot*. **g. epithelium.** જનન અધિચ્છદ. **g. spot.** અફલિત અંડનું કોષકેન્દ્ર. **germinate.** વૃદ્ધિ અને વિકાસનો પ્રારંભ થવો. (૨) બી અને ભ્રૂણ સંબંધી. **germination.** અંકુરણ, સ્ફુરણ, કલિકા સર્જન. (૨) વૃદ્ધિનો પ્રારંભ. (૩) બી કે ભ્રૂણનો વિકાસ, અંકુર નિર્માણ. **g. percentage.** ચોક્કસ પરિસ્થિતિમાં બીના અંકુર ફૂટવાની ટકાવારી. **g. test.** ચોક્કસ સમૂહમાં કાર્યક્ષમ બીની ટકાવારી જણાવતી કસોટી. **g. tube.** અંકુર નલિકા. **germinative energy.** અંકુરણ સમયે પ્રરોહ અને મૂળની સાપેક્ષ શક્તિ. **germinator.** બીને વાવવામાં આવે તે અગાઉ તેની કસોટીની યુક્તિ. **germicide.** જંતુઘ્ન, જીવાણુઘ્ન.

**gestate.** ગર્ભાધાનથી જન્મ સુધી ગર્ભાશયમાં બચ્ચાને વહન કરવું. **gestation.** ગર્ભાધાન; ભ્રૂણનું ગર્ભાશયમાં વહન કરવું, ગર્ભાશયમાં ભ્રૂણનું વહન થાય તેવો ગર્ભાધાન અને જન્મ દરમિયાનનો સમય. (૨) ગર્ભાવસ્થાની અવધિ. **g. period.** ગર્ભના વિકાસનો સમય, જે ગાયમાં 282 દિવસનો, ભેંસમાં 310 દિવસનો, ઘોડીમાં 340 દિવસનો, બકરીમાં 145-152 દિવસનો, ઊંટડીમાં 365 દિવસનો, ઘેટીમાં 140-150 દિવસનો, હરણીમાં 112-116 દિવસનો હોય છે.

**geyser.** ગરમ પાણીનો ઝરો – ફુવારો.

**Ghagus.** પગ પર પીછાં હોય તેવો મરઘાનો એક પ્રકાર.

**ghain.** *Elaeagnus umbellata* **Thunb.** નામની શાકીય વનસ્પતિ, જે મણિપુર અને કાશ્મીરમાં થાય છે, અને જેનાં ફળ ખવાય છે.

**ghamar.** એક પ્રકારનું ઘાસ.

**ghaneri.** દીર્ઘાયુ વનસ્પતિનો એક પ્રકાર.

**ghatti-gum.** ભારતના સૂકા પ્રદેશના પાનખર વૃક્ષમાંથી મળતો ગુંદર.

**ghee.** ઘી; ઘરમાં બનાવેલા માખણને તપાવી બનાવવામાં આવતી દૂધની સ્નેહલ પેદાશ.

**gheran.** બીડી માટેની તમાકુના પર્ણનો નાનો ટુકડો.

**gherkin** *Cucumis anguria* **L.** નામની કાકડી.

**ghiabato.** *Ipomoea hispida*(**Vahl**) **R & S.** (*I. eriocarpa* **R.Br.**). નામની પાન અને પ્રકાંડ શાકભાજી માટે ઉપયોગમાં લેવામાં આવે તેવી ભારતભરમાં થતી શાકીય વનસ્પતિ.

**ghia torai.** ગલકાં.

**ghiwain.** ભારતના પર્વતીય વિસ્તારની નાની સદાહરિત વનસ્પતિ.

**ghogar.** *Garuga pinnata* **Roxb.** નામનું ઝાડ, જેનાં પાનની ગાંઠો ચામડાં કમાવવાના કામમાં આવે છે અને કાષ્ઠનું ફર્નિચર બનાવવામાં આવે છે.

**gia kaddu.** દૂધી.

**giant.** રાક્ષસ. (૨) રાક્ષસી, મોટું. **g. bee.** ખડકોમાં થતી મધમાખ. **g. fescue.** *Festuca gigantea* (**L.**) **Vill.** નામનું પ. હિમાલયનું ઘાસ. **g. granadilla.** *Passiflora quadrangularis* **L.** નામનું મૂળ અમેરિકાનું ખાદ્યફળનું ઝાડ. **G. Kew.** પાછળથી ફળતો, મોટા અનેનાસનો એક પ્રકાર. **g. leaf hill mustard.** રાઈ; *Brassica juncea* (**L.**) **Czern & Cross** var. *cunneifolia* **Roxb.** (*B. rugosa* **Prain** var. *cunneifolia* **Prain**). નામની ઉત્તર ભારતમાં થતી પાન ધરાવતી શાકીય વનસ્પતિ, જેનાં પાન ખાવ છે. **g. mallee.** *Eucaly-*

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



*ptus obosa* નામનું મૂળ ઑસ્ટ્રેલિયાનું યુકેલિપ્ટસનું ઝાડ. **G. Snowball.** ઉત્તર ભારતનું સુધારેલું કોબી ફ્લાવર. **g. star grass.** તૃણકુળનું *Cynodon plectostachyus* **Pilger.** નામનું ઘાસચારા માટે થતું દીર્ઘાયુ ઘાસ. **g. taro.** *Alocasia cucullata* **Schott.** ખાદ્ય કંદ માટે પ. બંગાળ અને આસામમાં વાવવામાં આવતી શાકીય વનસ્પતિ. (2) *Alocasia macrorhiza* **Schott.** આસામ, પ. બંગાળ, મહારાષ્ટ્ર, તામીલનાડુ, મલબાર અને કેરળમાં થતી ખાસ પ્રકાંડ અને કંદની વનસ્પતિ.

**Gibberella** *fujikuroi* **Saw.** ડાંગરનાં મૂળને થતા સડાના રોગનો કારક કીટ.

**gibberellic acid.** $C_{19}H_{22}O_6$ સૂત્રવાળું ટેટ્રા–સાઇક્લિક ડાઇહાઇડ્રોક્સી – લેક્ટોનિક ઍસિડ; વનસ્પતિની વૃદ્ધિને પ્રેરતા અંતઃસ્રાવ પૈકીનો એક અંતઃસ્રાવ, જમીનને તેના વડે સંતૃપ્ત બનાવીને મૂળને તે પહોંચે તેમ કરવામાં આવે છે, જેથી પ્રરોહ લાંબા વધે છે અને ઉતાર વધે છે.

**gibberellins.** કેટલાક સજીવોમાંથી તારવેલાં વનસ્પતિની વૃદ્ધિને પ્રેરનારાં દ્રવ્યોનો સમૂહ, જે વનસ્પતિના કુદરતી અંતઃસ્રાવની ગરજ સારે છે.

**gibbets.** ખોરાક તરીકે ઉપયોગમાં આવતાં હૃદય, યકૃત, જઠરથેલી (*gizzard*) જેવાં મરઘીનાં અંતઃસ્થ અંગો.

**gid.** ઘેટાં–બકરાંને *Multiceps multiceps* (*Coenurus cerebralis*) નામના જંતુથી થતો મગજનો રોગ. **g. bladder worm.** ઘેટાં–બકરાના મગજને રોગ કરનાર જંતુ *Multiceps multiceps* (*Coenurus cerebralis*).

**gigantism** વિશાળતા. (૨) રાક્ષસી આકારની વનસ્પતિ. (૩) રાક્ષસી કદની પ્રાણી–વૃદ્ધિ.

**gilas.** ચેરી.

**Gilia** *rubra* (**L.**) **Heller** (Syn. *Polemonium rubrum* **L.**). દીર્ઘાયુ શોભા માટેની વનસ્પતિ.

**gill.** ચૂઈ; માછલી અને અન્ય પ્રાણીઓનું શ્વાસ લેવાનું અંગ. **g. membrane.** ચૂઈનું બાહ્ય પાતળું પડ. **g.-rot.** ચૂઈને થતો એક રોગ.

**gilla** *Entada phaseoloides* (**L.**) **Merr.** (*E. scandens* **Benth.** *Lens phaseoloides* **L.**). નામનો હિમાલય, પ. બંગાળ, ઓરિસા, બિહાર અને ઉત્તર પ્રદેશમાં થતો ખાદ્ય બીનો મોટો આરોહી ક્ષુપ, જેનાં બી વાળ ધોવાના કામમાં આવે છે.

**gilt.** ડુક્કરનું માદા બચ્ચું.

**gin.** કપાસ લોઢવાનું યંત્ર. (૨) આ માટેનું કારખાનું, જીન. **ginning.** લોઢવાની ક્રિયા. **g. outrun.** એક પ્રકારના કપાસિયાની સાથે લોઢેલા રૂની ટકાવારી.

**gingelly.** તલ.

**ginger.** આદુ, સૂંઠ. *Zingiber officinale* **Rosc.** મસાલા અને ઔષધ તરીકે ઉપયોગમાં લેવાતા કંદવાળી શાકીય વનસ્પતિ. સુકાઈ જતા અને પાંચમા ભાગનું વજન ધરાવતું આદુ સૂંઠ બને છે. **g. curing.** આદુની સૂકવણીની પ્રક્રિયા. (૨) જમીનમાંથી આદુને કાઢી, પાણીમાં પલાળી છાલ ઉખાડી લીધા બાદ સૂર્યના તડકામાં તેને સૂકવવામાં આવે છે. **g. grass.** તૃણકુળનું ગંધીઘાસ તરીકે ઓળખાતું *Cymbopogon martinii* (**Roxh.**) **Wats.** (*Andropogon martinii* **Roxb.**). નામનું ગુજરાત, મહારાષ્ટ્ર, આન્ધ્રપ્રદેશ અને ઉત્તર પ્રદેશમાં થતું ઘાસ, જેનાં પાનમાંથી સુવાસિત તેલ મળે છે, જે સુગંધી દ્રવ્યો બનાવવા ઉપયોગમાં આવે છે, જેનો 'મોતિયા' નામનો પ્રકાર પામરોઝા ઑઇલ કહેવાય છે, જ્યારે 'સોફિયા' પ્રકાર નિમ્ન કોટિનો જિંજર ગ્રાસ ઑઇલ કહેવાય છે. (૨) તૃણકુળનું *Cymbopogon Caesius* (**Nees**) **Stapf.** (*Andropogon caesius* **Nees**). કેરળમાં થતું દીર્ઘાયુ ઘાસ. **g. grassoil.** જિંજર તૃણનું તેલ. **g. rhizome rot.** આદુના મૂળ–કંદને થતો સડાનો રોગ. **g. soft**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**rot.** *Pythium* spp. થી આદુને થતો સડાનો રોગ. **g. tincture.** 90 ટકા મદ્યાર્કમાં આદુને ખાંડીને કાઢવામાં આવતું તેનું ટિંક્ચર, જેને ચૂનાના દ્રાવણમાં સતત હલાવી તેનો રંગ દૂર કરી ગાળી, વધેલા ડૂચાને ફરી સ્પિરિટમાં પલાળી તેને ગાળવામાં આવે છે અને અગાઉનાં ગાળણમાં ભેળવવામાં આવે છે.

**Ginko** *biloba* **L.** કુંવારી, બાલકુંવારી નામની મૂળ ચીનની વનસ્પતિ, જેને શોભા માટે વાવવામાં આવે છે.

**Gir.** રાજસ્થાન અને ગુજરાતનું મોટું મજબૂત ગોવંશી પ્રાણી – જેની ગાય ઘણું દૂધ આપે છે અને સાંઢના બળદ ભાર ખેંચે છે. **G. type bread.** વાંકડિયા શીંગડાંવાળાં ગોવંશી પ્રાણી – ગાય સાંઢની ઓલાદ.

**Girardinia** *palmata* (**Forsk.**) **Gaud.** (Syn. *G. heterophylla* (**Vahl**). **Decne.** કાશ્મીર, આસામ અને ખાસી ટેકરીઓમાં થતી શાકીય વનસ્પતિ, જેના રેસાનું જાડું કાપડ, દોરડાં ઇ. બને છે.

**girdling.** વનસ્પતિને ઝેર આપવા તેના પર કરવામાં આવતા ઘા-કાપા. (૨) છાલને ફરતાં કુંડાળાં કરવાં.

**Gironniera** *cuspidata* (**Bl.**) **Kurz** (Syn. *G. reticulata* **Thw.**). સિક્કિમ, પશ્ચિમ ઘાટ, ખાસી ટેકરીઓ અને કર્ણાટકમાં થતું ખાદ્યફળનું મોટું ઝાડ.

**girth.** ઘેરાવો. (૨) પ્રાણીના ખભા પછવાડેનો શરીરનો ઘેરાવો.

**Gisekia** *pharnacioides* **L.** ગુજરાત, પંજાબ, રાજસ્થાન અને તામીલનાડુમાં થતી ખાદ્યપાનધારી દ્રીર્ઘયુ વનસ્પતિ.

**git.** ઘાસનો એક પ્રકાર.

**gitoran.** ગોવિંદ ફળ. *Capparis zeylonica* **L.** (*C. horrida* **L.f.**). નામનો વાડ માટેનો કાંટાળો ક્ષુપ, જેનાં પાન કઢીમાં નખાય છે અને ખાવાના કામમાં પણ આવે છે.

**gizzard.** પેષણી, દળણી, જઠરઘંટી. (૨) પક્ષીના પાચનતંત્રનું સ્નાયવીય દીવાલો, શૃંગી પડવાળું ખોરાકને દળતું અંગ.

**Givotia** *rottleriformis* **Griff.** દ. ભારતનું ઝાડ, જેનાં બીમાંથી ઊંજવા માટેનું તેલ કાઢવામાં આવે છે.

**glabrous.** વાળ વિનાનું સરખી, સુંવાળી સપાટી ધરાવતું.

**glacial.** હિમને લગતું. **g. age.** હિમયુગ. **g. drift.** હિમપ્રવાહના કારણે થયેલો નિક્ષેપ. **g. soil.** હિમ નદીના વહેવાના કારણે બરફ અને તુષારના ઘસાવાથી બનેલી જમીન. **glaciation.** હિમનદનું ભૂસ્તરીય કાર્ય, હિમાચ્છાદન.

**glacis.** મોટી નદીનો કુદરતી ઢોળાવ.

**glade** વનમાર્ગ.

**gland.** ગ્રંથિ. (૨) શરીરમાં ઉપયોગમાં આવતા કે શરીરમાંથી ઉત્સર્જિત થતા દ્રવ્યને સ્રવતી ગ્રંથિ, જેમાંથી સ્રવતા સ્રાવો પૈકી કેટલાક ચેતાથી ઉત્પ્રેરિત થાય છે, જ્યારે બીજા અંતઃસ્રાવોથી ઉત્પ્રેરિત થાય છે. પ્રાણી શરીરમાં રહેલી આવી ગ્રંથિઓમાં અશ્રુ, ગલ, ઉપગલ, બાહ્ય, અધિવૃક્ક, પક્વાશય ઇ.ની અગત્યની ગ્રંથિઓ છે. **g. cistern.** આંચળની બરાબર પછવાડે, જ્યાં દુગ્ધ ગ્રંથિમાંથી દૂધ એકત્ર થાય છે તે સ્થાન, જેનાં આકાર અને ક્ષમતા એક સરખાં નથી હોતાં. **glandiferous.** ગ્રંથિ ધરાવતું. **glandiform.** ગ્રંથિના જેવું, ગ્રંથિના આકારનું. **glandular.** ગ્રંથિમય, ગ્રંથિલ. **g. hair.** ગ્રંથિલ વાળ – રોમ. **g. pubescent.** ગ્રંથિલ રોમિલ. **g. tissue.** ગ્રંથિલ પેશી. (૨) એક કે અનેક કોષોની મૃદુતક્ષીય અને દાણાદાર જીવરસથી ભરેલી પેશી, જે વનસ્પતિમાં સુગંધિત સ્રાવ કરે છે.

**glass** કાચ. **g. eye.** બરાબર સફેદ કીકી હોય તેવો કાચ જેવો પ્રાણીનો આંખનો ડોળો. (૨) કાચની બનાવટી આંખ. **g. house.** કાચઘર. (૨) વનસ્પતિનાં ઉછેર અને સંવર્ધન માટેનું

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાચનું બનાવેલું ઉછેરગૃહ. **glassy shell** ધાત્વીય અવાજ કરતું પાતળા કવચવાળું (ઈંડું).

**glauconite.** અલ્પ પ્રમાણમાં જમીનમાંથી મળતું ઝાંખા લીલા રંગનું ખનિજ. (૨) લોહ અને પોટેશિયમનું નિર્જલીકૃત એલ્યુમિનિયમ સિલિકેટ. **glaucoscent.** આસમાની હરિત. **glaucous.** આસમાની હરિત.

**glazed fruit or vegetable.** સુકાઈ ગયેલી ચાસણીના આવરણવાળું ચળકતું ફળ કે શાક.

**Gleditsia** *triacanthos* **L.** ત્રિ-પાંખિયા બાવળ નામનું કાંઠાળુ ઉત્તર અમેરિકાનું ઝાડ, જેની સિંગો ઢોરને ખાવા માટે અપાય છે.

**glenoid cavity.** સ્કંધ કૂપ. (૨) સ્કંધાસ્થિ ઉલૂખલ.

**gliadin.** અનાજમાં ગ્લુટેન બનાવવા ગ્લુટેનિક સાથે આંતરક્રિયા કરતું દ્રવ્ય; જે ઘઉંના બીજમાં રહેલા પ્રોલેમીન રૂપે હોય છે.

**gliding joint.** સરકતો સાંધો.

**gliricidia.** *Gliricidia maculata* **(H.B. & K.).** મૂળ અમેરિકાનું લીલા ખાતર તરીકે ઉપયોગમાં આવતાં પાનવાળું ઝાડ.

**globate.** ગોળાકાર. **globular.** ગોળાકાર. **globule.** ગોલક, ગોળી. (૨) ટીપું.

**globe artichoke.** *Cynara scolymus* **L.** નામનો શાકીય દીર્ઘાયુ છોડ.

**Globocephalus.** અંકોડા કૃમિ.

**globulin.** સરળ પ્રોટીનનો સમૂહ; જે જલ અદ્રાવ્ય છે પણ મીઠાના દ્રાવણમાં દ્રાવ્ય બને છે, ઉકાળતાં સ્કંદિત બને છે; વનસ્પતિના બીમાં એલ્બ્યૂમીન તરીકે હોય છે.

**glochidiate.** વાંકી અણીવાળું.

**Gloeosporium** *ampelophagum* **(Pass.) Sacc.** દ્રાક્ષની વેલને થતા રૂક્ષરોગનું જંતુ. **G.** *musarum.* કેળને થતા રૂક્ષરોગ માટેનું જંતુ. **G.** *psidii.* **(Delacr).** જામફળના રૂક્ષરોગ માટે જવાબદાર જંતુ.

**glomerate.** સઘન રીતે ગુચ્છાકાર.

**Glomerella** *lindemuthianum.* વટાણા, ચણા, ઇ.ને થતા રૂક્ષરોગનો કીટ. **g.** *tucumanensis* *Ark* & *Muller* શેરડીને થતા લાલ સડાનો કીટ.

**glomerule.** પુષ્પશીર્ષનો ગુચ્છો. (૨) નાના સજીવો, પેશી, રક્તવાહિની ઇ.નો ગુચ્છો.

**Gloriosa** *superba* **L.** દૂધિયો વછનાગ નામની શોભા માટેની આરોહી વનસ્પતિ, જે વછનાગ, ખડનાગ, કંકાસની, કલગારી ઇ. નામે પણ ઓળખાય છે.

**glottis.** કંઠદ્વાર, શ્વાસનળીનું દ્વાર, જેની આસપાસ સ્વરતંતુ હોય છે.

**glucase.** ધાન્ય શર્કરામાંથી ઇક્ષુ શર્કરા બનાવનાર વનસ્પતિ ઉત્સેચક. **gluco-corticoids.** અધિવૃક્ક ગ્રંથિના બાહ્યાવરણની પેશીમાંથી સ્રવતો અંતઃસ્રાવ, જે રક્તવાહિનીમાં ઠલવાતા પ્રોટીન અને મેદની દ્રાક્ષ શર્કરા – ગ્લુકોઝ બનાવવાના દરમાં વધારો કરે છે.

**gluco-proteins.** ઈંડાની સફેદીમાં જોવામાં આવતા પ્રોટીનનો સમૂહ.

**glucose.** દ્રાક્ષ શર્કરા. **Dextrose.** $C_6H_{12}O_6$ સૂત્ર ધરાવતી એક શર્કરા, ષટશર્કરા તરીકે વિસ્તૃત રીતે ફેલાયેલું દ્રવ્ય, અનેકબહુશર્કરાના જલ વિશ્લેષણની અંત્ય પેદાશ. સ્ટાર્ચ (કાંજી), કાષ્ઠક (સેલ્યુલોઝ), ડેકિસ્ટ્રન, રેફિનોઝ, ઇક્ષુશર્કરા, ધાન્ય શર્કરા, દૂધ શર્કરા ઇ. અંશતઃ કે પૂર્ણપણે દ્રાક્ષ શર્કરાના અવશેષ રૂપે હોય છે. આ શર્કરાનો પ્રકાર, વનસ્પતિનાં બી અને પાનમાં હોય છે. પાકી દ્રાક્ષ, ગળ્યાં ફળ, મધુરસ, ઈંડાની જરદી અને સફેદી, લોહી અને મૂત્રમાં પણ તે હોય છે; તેના સફેદ સ્ફટિકો પાણીમાં દ્રાવ્ય છે.

**glucosides.** સરળ શર્કરા સાથે સંયોજાતા નાઇટ્રોજીનસ પદાર્થો. વનસ્પતિ સૃષ્ટિમાં આ સર્વ સાધારણ રીતે હોય છે, જેમાં પોષક તત્ત્વ બિલકુલે નજીવું હોય છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**glue.** ગુંદર; સંસંજન ગુણ ધરાવતું સ્થાન દ્રવ્ય.

**glutamin.** જુઓ *amino acids* અને *amides.*

**glutelins.** સરળ પ્રોટીનનો સમૂહ પ્રાણી અને તટસ્થ દ્રાવણોમાં જે દ્રાવ્ય નથી જ્યારે ઍસિડ અને આલ્કલીમાં તે દ્રાવ્ય બને છે.

**gluten.** ઘઉંના દાણામાં રહેલો પ્રોટીન પ્રચુર ઘટક, નરમ ઘઉંના દાણામાં તે 8 ટકા અને કઠણ દાણામાં 26 ટકા જેટલો હોય છે અને ઘઉંના લોટના પદાર્થોને ભૂંજવા કે શેકવામાં તે મહત્ત્વનો પ્રભાવ પાડે છે.

**glutenin.** ગ્લુટેન બનાવવા *gliadin*ની સાથે આંતરપ્રક્રિયા કરતું ધાન્યનું દ્રવ્ય.

**glutinous.** ચીકણી કે ચળકતી સપાટી ધરાવતું સુંવાળું (દ્રવ્ય).

**glycerine.** ગ્લિસેરીન: જે વાનસ્પતિક અને પ્રાણીજ તેલ અને ચરબીમાં હોય છે અને સાબુનીકરણ દ્વારા તેને મેળવવામાં આવે છે. સ્વચ્છ, તટસ્થ સ્વાદમાં મીઠું અને ચાસણી જેવું પ્રવાહી, જે પાણીમાં દ્રાવ્ય છે; મલમ બનાવવા તથા ઔષધના વાહક તરીકે તે ઉપયોગી બને છે. **glycerol.** ગ્લિસેરીન.

**Glycine** *javanica* **L.** દ. ભારતમાં થતી એક વેલ, જેનો ઉપયોગ જમીનને સ્થિર કરવા તથા અન્ય પાકોને આવરણ આપવા માટે થાય છે. **G.** *max* **L.** **Merr.** (*Syn. G. soja* (**L.**). **Sieb & Zucc**; *G. hispida* **Moench Maxim**; *Soja max* (**L.**) **Piper.**) સોયાબીન; મૂળ અગ્નિ એશિયાની પણ ભારતમાં પંજાબ, પ. બંગાળ, ખાસી ટેકરીઓ, આસામ, મણિપુર, હિમાચલ પ્રદેશ, કાશ્મીર અને બિહારમાં ઉગાડવામાં આવતી શાકીય વનસ્પતિ, જેનાં બીની દાળ બનાવવામાં આવે છે, જેનાં બીમાંથી મળતું તેલ રસોઈના કામમાં તથા મીણબત્તી, વાર્નિશ, સાબુ, રંગ અને જંતુઘ્ન બનાવવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે. તેલ કાઢી લીધા બાદ રહેતા ખોળને ખાતર તરીકે કામમાં લેવામાં આવે છે.

**glycogen.** પ્રાણીજ કાંજી; (૨) યકૃતની કાંજી; સૂત્ર $C_6H_{10}O_5$, એક શર્કરા દ્રવ્ય. (૩) વનસ્પતિમાં રહેલા દ્રવ્યનું પ્રાણી શરીરમાંનું પ્રતિદ્રવ્ય, જે કાંજી અને શર્કરાનું વ્યુત્પન્ન છે અને શરીરને જરૂર પડે ત્યારે કામમાં આવે તે રીતે તે યકૃતમાં સંઘરાય છે.

**Glycomis** *pentaphylla* (**Retz.**) **DC.** કિરમીરા. (૨) વન લીંબુ.

**Glycophyte.** જે વાતાવરણ કરતાં રસાકર્ષણ દબાણ વધવા પામે ત્યારે ક્ષારીય મૃદુ દ્રાવણમાં બરાબર વધતી ન હોય તેવી વનસ્પતિ.

**glycoproteins.** જુઓ *glucoproteins.*

**Glycyrrhiza** *glabra* **L.** જેઠીમધ; મૂળ ભૂમધ્ય પ્રદેશની પણ અહીં પંજાબ, જમ્મુ અને કાશ્મીરમાં થતી શાકીય વનસ્પતિ: જેનાં મૂળમાંથી કાઢવામાં આવતો રસ મીઠાઈમાં અને તમાકુને સુવાસ આપવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે; ઉપરાંત તેનાં મૂળ રેચક છે અને કફ તથા ગળાના દર્દોમાં ઔષધની ગરજ સારે છે.

**Glyptotermis** *dilatatus* **Havil.** રબરના વૃક્ષના પ્રકાંડ પર આક્રમણ કરતો કીટક.

**Gmelina** *arborea* **L.** (*Syn. Premna arborea* **Roth.**). શીવણ, સેવન; મહારાષ્ટ્ર, પ. બંગાળ, તામીલનાડુ, આન્ધ્રપ્રદેશ અને મલબારમાં થતું મોટું, ખાદ્ય-ફળનું ઝાડ, જેનાં કાષ્ઠને ઈમારતી કામમાં અને ફર્નિચર બનાવવા ઉપયોગમાં લેવામાં આવે છે અને જેના માવાના કાગળ બને છે.

**gnat.** ડાંસ, મોટો મચ્છર. (૨) લોહી ચૂસવા માટેના મુખાંગ ધરાવતું ઊડતું જંતુ.

**gneiss.** ગ્રેનાઈટ શૈલમાંથી બનેલો આગ્નેય ખડક. (૨) વિવિધ પહોળાઈ ધરાવતા પટાવાળાં, ક્વાર્ટ્ઝ અને ફેલ્ડસ્પાર તથા બાયોટાઈટ અને હોર્નબ્લેંડ ખનિજવાળાં શૈલ.

**Gnetum** *gnemon* **L.** મુખ્યત્વે મણિપુર, આસામ અને ખાસી ટેકરીઓમાં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થતો ખાદ્ય બીનો ક્ષુપ, જેની છાલના રેસાનાં દોરડાં બને છે. **G.** *ula* **Brongn.** ખાદ્યબીનો ક્ષુપ, જેનાં બીમાંથી કાઢવામાં આવતું તેલ રાંધવા માટે અને દીવાબત્તી કરવા માટે ઉપયોગી બને છે.

**Gnorimoschema** *glapsigona.* શીંગણીનું જંતુ. **G.** *heliopa.* તમાકુના દંડને કોરનાર કીટ. **G.** *operculella.* બટાટાનું ફૂદું.

**Goa bean.** ચોધારી ફળી, ચાર ખુણી સિંગ; *Psophocarpus tetragonolobus* (**L.**) **DC.** નામની આરોહી વેલ, જેની કાચી સિંગો શાક તરીકે ખાવામાં આવે છે.

**goat.** બકરો, બકરી; ગોવંશની *Capra* પ્રજાતિનું શીંગડાવાળું વાગોળનાર પ્રાણી, દૂધ, માંસ અને વાળ આપતું પ્રાણી. **g.-adapted virus disease.** પશુને થતા રિંડરપેસ્ટ નામના રોગમાં આપવામાં આવતી બકરીમાંથી કાઢેલી રસી; જુઓ *goat virus vaccine.* **g. and sheep brucellosis.** માલ્ટા અને ભૂમધ્ય તાવ તરીકે જાણીતો બકરાં–ઘેટાંને થતો સંક્રામક–ચેપી રોગ, જેથી અકાળે ગર્ભપાત થાય, દૂધ ઓછું આવે, આંચળ પર સોજા ચડે અને નરપ્રાણીના વૃષણ પર સોજા આવે. **g. hair.** $1\frac{1}{2}$ થી 5 ઇંચની લંબાઈવાળા બકરાંના વાળ, જેની સાથે હલકા પ્રકારનું ઊન કે રૂને ભેળવી હલકા કામળા કે બ્રશ બનાવવામાં આવે છે. ભારતમાં તેનાં દોરડાં, મોજાં, કામળા, સાદડીઓ, ઊંટના જીનના પટા અને કાપડ બનાવવામાં આવે છે. **g.-hair dressing.** બકરાંના વાળને વેચવા અગાઉ તેની કરવામાં આવથી જરૂરી માવજત, જેમાં તેને ધોવા, સાફ કરવા, જંતુરહિત બનાવવા, સરખા કરવા, પેક કરવા સુધીનાં કાર્યોનો સમાવેશ થાય છે. **g. herd.** બકરાંનું ધણ, **g. pox.** બકરાંને થતો વિષાણુજન્ય માતાનો રોગ. **g. virus vaccine.** રિન્ડરપેસ્ટ નામના રોગમાં પશુને આપવામાં આવતી બકરામાંથી કાઢવામાં આવતી રસી. **g. warble-fly.** *Hypoderma crossi* નામની બકરાની ચામડીને ભારે હાનિ પહોંચાડતી માખી.

**gobar gas plant. bio gas plant.** દીવાબત્તી અને રાંધવામાં ઉપયોગમાં લઈ શકાય તેવો વાયુ અને પ્રાણીજ કચરાનો અજારક પાચનથી બનાવવામાં આવતો ગોબરગૅસનો પ્લાંટ.

**Godus** *morrhuse.* કોડ નામની માછલી.

**goiter** (**goitre**) ગલગંડ. (૨) જમીન અને ખોરાકમાં આયોડીનની ઊણપથી ગલગ્રંથિને આવતો સોજો, જેમાં રોગગ્રસ્ત બચ્ચાનું મરણ નીપજે છે.

**Gola.** બટાટાનો એક પ્રકાર, જેનો ગર સફેદ હોય છે અને જે રાંધતા એક સરખો રહે છે. (૨) કેરીનો એક પ્રકાર.

**golden.** સોનાનું, સોનેરી. **G. Acre.** કોબીની સુધારેલી એક જાત. **G. Ball.** ઉત્તરભારતમાં થતા ટર્નિપનો એક પ્રકાર. **G. Carp.** *crucian carp. Carassius vulgaris* નામની માછલી. **g. nematode.** *Heterodera rostochiensis* **Woll.** નામનું ઉઠાકામડમાં બટાટાને હાનિ કરતું કૃમિ. **g. shower.** ગરમાળો. **g. wattle.** *Acacia pycantha* **Benth.** નામનું ઝાડ, જેની છાલનો રસ *Indian catechu*ની બરાબરી કરી શકે તેવો હોય છે. **g. yellow.** મુખ્ય લોકટનો વેપારી પ્રકાર. **g. y. sweet pea.** ઘુઘરા, *Crotalaria retusa* **L.** નામની ભારતભરમાં થતી વનસ્પતિ, જેની છાલમાંથી રેસા મળે છે.

**gol mirch.** કાળા મરી.

**golphul.** સુંદરવન અને આંદામાનનું ટટાર તાડનું વૃક્ષ.

**Gomuti palm.** *Arenga pinnata* (**Wurmb.**) **Merr.** ગોમતીપામ–નામનું તાડનું ઝાડ, જેના રસમાંથી ખાંડ બનાવવામાં આવે છે.

**gonad.** જનનગ્રંથિ, પ્રજનનકોષ બનાવનાર લિંગ-ગ્રંથિ, જે અંડાશય હોય કે વૃષણ પણ હોય. **gonadectomy.**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જનનગ્રંથિ છેદ; વૃષણોચ્છેદન. **gonadin.** ગૌણ લિંગીલક્ષણોનું નિયંત્રણ કરતો લિંગ-ગ્રંથિનો મુખ્ય અને સક્રિય સિદ્ધાંત. **gonadodrophins.** પ્રાણીની બ્રહ્મ-ગ્રંથિનો અંતઃસ્રાવ. **gonadotrophic hormone.** જનનગ્રંથિને ઉત્તેજિત કરતો ગમે તે અંતઃસ્રાવ.

**gonag.** જંગલી ડાંગર.

**gondi.** *Cordia gharaf* (**Forsk.**) **Ehrenb & Asch** (*C. rothii* **Roem & Schm.**). નામનું ગુજરાત, પંજાબ અને આન્ધ્રપ્રદેશમાં થતું ખાદ્ય ફળનું ઝાડ.

**gondni.** પંજાબ, રાજસ્થાન અને તામીલનાડુમાં થતો એક ક્ષુપ.

**gondwana.** ગોંડવાના શૈલ. (૨) ભારતના દ્વીપકલ્પીય વિસ્તારનો અતિ પુરાણો નદી નિક્ષેપિત કાંપજન્ય શૈલ, જેમાં ફળદ્રુપતા ઓછી હોય છે.

**Goniocotes** *gallinae.* કરડતી જૂ.

**gonidium.** અલિંગી બીજાણુ.

**good.** સારું. **g. drainage.** ઊગતી વનસ્પતિ કે અન્ય જરૂરી લીલોતરીને નુકસાન થતું અટકાવી શકાય તે રીતે જમીન પરના કે ભૂગર્ભ પાણીનો નિકાલ કરવામાં આવતી સારી વ્યવસ્થા. **g. mouth.** સારા દાંતવાળું (પ્રાણી). **g. tilth.** બીનો અંકુર ફૂટે અને વનસ્પતિની વૃદ્ધિ થાય તે માટે અનુકૂળ બને તેવી જમીનની સ્થિતિ.

**goods.** માલસામાન. **g., permanent** કાયમી માલસામાન. **g., temporary** કામચલાઉ માલસામાન.

**go off feed.** તંદુરસ્ત અને સાધારણ ભૂખમાં ખાવાનું બંધ કરવું; ચોક્કસ માત્રા અને ચોક્કસ પ્રકારનું ખાણ આપવું.

**goose.** હંસ; જાળવાળા પગવાળું બતક અને હંસ વચ્ચેનું પ્રાણી. (૨) માદા હંસ. **g. grass.** અડબાઉ ચામણ, ચારા તરીકે ઉપયોગમાં લેવામાં આવતું *Eleusine indica* (**L.**) **Gaertn.** નામનું ઘાસ

**gooseberry.** મોટું લીલું, કાળું, લાલ ફળ.

**gootee.** જુઓ *air layering.*

**gopali.** ચોધારો, કાળો ભાંગરો; *Anisomeles indica* (**L.**) **O. Kuntze** (*A. ovata* **R. Br.**). કાષ્ઠીય વનસ્પતિ, જેનો ઘાસચારો થાય છે અને જે સુવાસ માટે કામમાં લેવામાં આવે છે.

**gorakhimli.** ગોરખ આંબલી.

**gore.** રક્ત, લોહી. (૨) પ્રાણીનાં શીંગડાં વડે શરીરમાં છિદ્ર પાડવું.

**Gordonia** *excelsa* **Bhume.** ખાસી-ટેકરીઓમાં થતું ઝાડ, જેની છાલમાંથી કાળો રંગ મળે છે, જે ટોપલીઓને રંગવાનાં કામમાં આવે છે.

**gorgan nut.** *Euryale ferox* **Salisb** નામની ખાદ્ય કાંટાળી શાકીય વનસ્પતિ, જે કાશ્મીર, બિહાર, આસામ, મણીપુર, ત્રિપુરા, પં બંગાળ અને ઉત્તર પ્રદેશમાં થાય છે, જેનાં બી શેકીને ખાવાનાં કામમાં આવે છે.

**gorge.** અકરાંતિયાની માફક ખવડાવવું.

**goria.** *Chrysopogon fulvus* (**Spreng.**) **Chiov** (*C.montanus* **Trin.**). નામની દીર્ઘાયુ શાકીય વનસ્પતિ.

**gorru.** એક પ્રકારની શારડી.

**gorrukalapai.** એક પ્રકારની શારડી.

**gosadan.** ઘરડાં, નકામાં બનેલાં પ્રાણીઓની ખસી કરી તેમને અલગ રાખવાનો વાડો. ગોસદન, પાંજરાપોળ. **goshala.** ગોશાળા, ધર્માર્થે પાંજરાપોળ.

**gosling** લિંગ નક્કી થવા અગાઉનું હંસનું બચ્ચું.

**gossamer.** હલકું પાતળું દ્રવ્ય.

**Gossypium.** *arboreum* **L.** (Syn. *G. nanking* **Meyen;** *G. indicum* **Tod;** *G. neglectum* **Tod.**). કપાસ, દેશીકપાસ, દેવ કપાસ; કાર્પાઆદિકુળનો ભારતભરમાં થતો છોડ, જેના કપાસિયામાંથી કાઢવામાં આવતું રૂ કાંતીને બધા જ પ્રકારનાં કાપડ, રબર ટાયરના અસ્તર અને અન્ય વણાટના કામમાં લેવામાં આવે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. તેના સાંઠાનો કાગળ બનાવવા માટે ઉપયોગ કરવામાં આવે છે. તેના કપાસિયા અને તેલ કાઢયા બાદના ખોળનો ઢોર માટેના ખોરાક તરીકે ઉપયોગ કરવામાં આવે છે. કપાસિયાનું તેલ ખાવાના તથા સાબુ બનાવવાના કામમાં આવે છે. **G.** *arborem* **L.** var *nadan* (**Watt**) **Prokh.** (Syn. *G. barbadense* **L.**). ઇજિપ્શિયમ રૂ-કપાસ તરીકે જાણીતો મૂળ અમેરિકાનો પણ અહીં મલબાર અને દ. કાનડામાં થતો છોડ, જેના રૂનું કાપડ બને અને કપાસિયાનું તેલ ખાવાના તથા સાબુ બનાવવાના કામમાં આવે છે. **G.** *barbadens* **L.** અમેરિકન રૂ. **G.** *herbaceum* **L.** કપાસ; મહારાષ્ટ્ર, તામીલનાડુ, આન્ધ્ર પ્રદેશ અને કર્ણાટકમાં થતો છોડ, જેના કપાસિયાના રેસાનું કાપડ બનાવવામાં આવે છે, અને કપાસિયા તથા તેને પીલી બનાવેલાં ખોળ ઢોરને ખાવા માટે આપવામાં આવે છે. **G.** *hirsutum* **L.** (Syn. *G. mexicanum* **Tod**; *G. religiosum* (**L.**). અમેરિકન કપાસ; પંજાબ, ઉત્તર-પ્રદેશ; રાજસ્થાન, મધ્યપ્રદેશ, અને મહારાષ્ટ્રમાં થતો કપાસ; જેના રૂમાંથી કાપડ, રબર, ટાયરનું અસ્તર અને અન્ય વણાટની વસ્તુઓ બનાવવામાં આવે છે; તેના કપાસિયા અને કપાસિયાને પીલીને તેલ કાઢયા બાદનો અવશેષ રહેલો ખોળ ઢોરને ખાવા માટે આપવામાં આવે છે, તેનું તેલ ખાવાના કામમાં આવે છે. **G.** *indicum* **Tod.** કપાસ, દેશીકપાસ. **G.** *mexicanum* **Tod.** અમેરિકન કપાસ; **G.** *nanking* **Meyen.** કપાસ, દેશી કપાસ, દેવકપાસ; **G.** *neglectum* **Tod.** કપાસ, દેશીકપાસ, દેવકપાસ, **G.** *stockisii* **Mast.** હીરાગુંદી કપાસ, **gossypol.** કપાસિયામાં જોવામાં આવતું ચળકતા પીળા રંગનું સ્ફટીકમય ઝેરી દ્રવ્ય.

**got-ber** મધ્ય પ્રદેશનું લાખના જંતુની વસાહતવાળું ઝાડ.

**go to seed.** ઉપયોગમાં લઈ ન શકાય તેટલી હદનું (ફળનું) પરિપકવ બની જવું. **go to stalk.** બી કે ફળના ભોગે વાનસ્પતિક રીતે વધવું.

**gourami.** *Osphronemus gorami* નામની જાવા અને મોરેશિયસની માછલી.

**gourd.** વિવિધ આકાર અને કદ ધરાવતું, ગર ધરાવતું તૂમડાં, આકારનું શાક, ફળ ઇ, જેમાં દૂધી, ગલકું, કોળું ઇ.નો સમાવેશ થાય છે. **g., ash** ભૂરું કોળું. **g., bitter** કારેલાં. **g., bottle** દૂધી. **g., pumpkin** કોળું. **g., ridge** તુરિયું. **g., snake** ચીભડું. **g., spunge** ગલકું.

**gout.** લોહીમાં યુરિક એસિડ જમા થવાથી મરઘાં અને ટર્કી પક્ષીને થતો સાંધાનો રોગ. (૨) અમ્લ વા. જેમાં પગ, કોણીના સાંધા પર સોજા આવે અને જેનો આકાર બદલ્યા કરે અને ગૂમડા જેવી ગાંઠો થાય છે. સાંધાનો રોગ.

**governing.** નિયામક.

**Governor Wood.** મોટું, પીળી છાલવાળું, ચળકતા રંગનું, સુવાસિત ચેરી.

**gowshala.** ગોશાળા.

**grade.** કોટિ, કક્ષા, વર્ગ. (૨) ઢાળ. (૩) અંતઃ અને આંતરકુલ સંસર્જન કે સ્થિરતાના ધોરણે જમીન રચનાનું વર્ગીકરણ અથવા સામૂહીકરણ. (૪) સમાંગતા, કદ, સાચો પ્રકાર, રોગ કે ડાઘરહિતતા, ગુણવત્તા ઇ. ધોરણે ઉત્પાદિત માલનું વર્ગીકરણ. (૫) જેમાંથી એક શુદ્ધ ઓલાદનું અને બીજું સંકર ઓલાદનું હોય તેવા પિતૃઓનું પ્રાણી. **g. up.** શુદ્ધ ઓલાદ દ્વારા પ્રાણીની ઓલાદની સુધારણા કરવી, **graded.** વર્ગીકરણ કરાયેલું. **g. eggs.** કદ અને ગુણવત્તાની દૃષ્ટિએ વર્ગીકૃત કરી, અલગ કરી લેબલ લગાડવામાં આવ્યાં હોય તેવાં ઈંડાં. **g. terrace.** પાળાબંધી સોપાન. **gradient.** ક્રમિકતા, પ્રવણતા, ઢાળ. (૨) ઊંચાઈ, દબાણ, ઉષ્ણતામાનના પરિવર્તનનો દર. **grading.** ચોક્કસ શુદ્ધ ઓલાદના નરનો પેઢી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દર પેઢી ઓલાદ સુધારવા માટે કરવામાં આવતો ઉપયોગ. (૨) કદ, આકાર, વજન, ભૌતિક અને રાસાયણિક લક્ષણો જેવી ગુણવત્તાના આધારે ઉત્પાદિત વસ્તુઓનું વર્ગીકરણ. (૩) જમીનની સપાટીને સરખી કરવી. **graduated.** ક્રમચિહ્નાંકિત, અંશાંકિત.

**graft.** કલમ, ઉપરોપ સંકર. (૨) જુદા જુદા પ્રકારનું વાનસ્પતિક જોડાણ કે એકીકરણ, જેમાં મૂળવાળો પ્રકાર સ્કંદ (stock) કહેવાય, જ્યારે તેને જોડવામાં આવેલો ભાગ કલમાંકુર કે કલમ કહેવામાં આવે છે. (૩) આવી રીતે કલમ કરવાથી થવા પામતી વૃદ્ધિ. **g. chimaera.** કલમ સંકર. **g.-hybrid.** કલમ અને સંકરના જોડાણથી અને બંનેનાં લક્ષણો ધરાવતી સંકર પેદાશ. **g. union.** મૂળ પ્રકાંડ અને કલમ કરેલા ભાગનું જોડાણ. **graftage.** વાનસ્પતિક રીતે વનસ્પતિને ઉગાડવી. **grafting.** સ્કંદ ધરાવતા છોડની સાથે અન્યની કલમ જોડવી, કલમ કરવી; મૂળ સ્કંદ અને કલમ એવા બે ભાગથી વનસ્પતિ ઊભી કરવાની પદ્ધતિ. કલમ કરવાની પદ્ધતિ. **g., saddle** કાઠી કલમ બાંધવી. **g., side** પાર્શ્વીય કલમ કરવી. **g., slice** ત્રાંસી કલમ કરવી. **g., tongue** જીભી કલમ કરવી. **g., top** ટોચ કલમ કરવી. **g., wedge or cleft** ફાચર કલમ કરવી. **g. by approach.** આંબા જેવા સદા હરિત ઝાડની કલમ. **g. clay.** કલમબંધ માટી. (૨) કલમ કરેલા સાંધાને જોડવા બનાવેલી માટી. :: pHની 75ટકા મૃતતત્ત્વ ધરાવતી માટી જેમાં એકભાગ ગાયનું છાણ અને એટલી જ ઘોડાની લાદ હોય છે. આ બંનેને પાણીમાં ભીંજવી; આથો આવે ત્યાં સુધી મિશ્રણ રાખી, તેને મસળી બનાવવામાં આવતી કલમ બાંધવા માટે વિશિષ્ટ પ્રકારની માટી. **g. knite.** કલમ કરવાના કામમાં લેવામાં આવતી સીધા પાનની છરી. **g. wax.** મધપૂડાનું મીણ, ટેલો, રેઝિનનું મિશ્રણ, જે કલમના ભાગને સાંધવા માટે વાપરવામાં આવે છે, જેથી કલમ કરેલાં અંગોમાં પાણી કે પવન પ્રવેશી શકે નહિ.

**grain.** અનાજનું બી કે ધાન્યનું ફળ, દાણો, અનાજનો કણ. (૨) માખણ બનાવવામાં માખણની બનતી દાણાદાર અવસ્થા. (૩) કાષ્ઠના તંતુની ગોઠવણી, દિશા અને તેના પ્રકાર, કાષ્ઠની દાણાદાર અવસ્થા. **g., sound** અક્ષત દાણો. **g. binder.** દાણાબંધક. **g. box.** બીને ઓરવા માટે, શારડીની સાથે જોડવામાં આવતી બીને રાખવાની પેટી. **g. crop.** અનાજની - ધાન્યની ફસલ. **g. density.** દાણાનું ઘટત્વ. **g. drill.** દાણા-બી ઓરવા માટેની શારડી. **g. dryer.** લણેલા દાણાનો ભેજ દૂર કરવાની યાંત્રિક યુક્તિ, જેમાં ગરમ કર્યા વિનાની હવા પસાર કરવામાં આવે છે. **g. moth.** ધાન્યમાં પડતું કુદું. **g. pan.** અનાજ ભરવાનું પાત્ર, કોઠી. **g. screenings.** અનાજને વીણવાની પદ્ધતિ, જેમાં ભાંગેલા, હલકા પ્રકારના દાણા અને અન્ય પ્રકારની અશુદ્ધિઓને દૂર કરવામાં આવે છે. ઢોરને તેના ખાણમાં અનાજના દાણા આપ્યા પછી આ રીતે અનાજને સાફ કરી તેને વીણવામાં આવે છે. **g. smut.** ધાન્યને થતો અંગારિયાનો રોગ.

**grainage.** રેશમના કીડાનાં બી પૂરાં પાડનાર સંસ્થા **graineur.** રેશમના કીડાના બીની સંસ્થાનો સંચાલક.

**gram.** ચણા, *Bengal gram*. (૨) 0.035 ઔંસનો મેટ્રિક પદ્ધતિમાં વજન માટેનો એકમ. **gr. blight.** *Mycosphaerella pinodes* (**B & Bolx**) **Niessl** (*Ascochyta sisi* **Lib.**). નામના કીટથી ચણાને થતો રોગનો એક પ્રકાર, જેમાં ચણાનાં પાન, પ્રકાંડ અને દાણાને બદામી રોગના ડાઘ લાગે છે. **gr. caterpillar.** ચણામાં પડતી *Heliothis armigera* **Hubn.** નામની

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઈયળ, આ ઈયળ કપાસનાં જીંડવામાં પણ પડે છે. **gr. cutworm.** *Agrostis ypsilon* **Rott**; *A. flammatra*, **Schiff**; નામની ચણા, બટાટા, ઘઉં, જવ, તમાકુ, ખસખસ, રજકો ઇ. માં પડતી ઈયળ, જે આ વનસ્પતિઓનાં મૂળને કાપી ખાય છે. **gr. dry root rot.** *Macrophomin phaseoli* નામનાં જંતુથી ચણાને થતો એક રોગ. **gr. podfly** *Agromyza obtusa* **M.** નામનું ચણામાં પડતું જંતુ. **gr. root rot.** *Opercullela podwickii*થી ચણાનાં મૂળને થતો રોગ. **gr. rust.** ચણાને *Uromyces cicerisariemtini*થી ચણાને થતો ગેરુનો રોગ. **gr. stem rot.** *Sclerotinia sclerotiorum*થી ચણાના છોડના પ્રકાંડને લાગતો સડો. **gr. wilt.** *Fusarium orthoceros* var. *ciceri* નામની ફૂગથી ચણાને થતો એક રોગ.

**gram (mc).** સેન્ટિમીટર-ગ્રામ-સેકંડ પદ્ધતિમાં દળના માપ માટેનો એકમ

**Gram H.C.V.** ડેન્માર્કના જીવાણુ-વિજ્ઞાની, જેણે 1884ની સાલમાં કસોટી હેઠળના નમૂનાને મદ્યાર્કથી રંજિત કરી તેમાં રહેલા જીવાણુની ચોકસતા જાણવાની ગ્રામ નામની પદ્ધતિ વિકસાવી. **gram negative.** નમૂનામાં જીવાણુની હાજરી જાણવા મદ્યાર્કની મદદથી કરવામાં આવતી કસોટીમાં જો રંગ પકડે નહિ તો તેને ગ્રામ નેગેટીવ–ગ્રામ ત્યાગી કસોટી કહે છે. **gr. positive.** આ કસોટીમાં નમૂનો તેનો અસલ જાંબલી રંગ ગુમાવતો નથી માટે તેને ગ્રામ-પોઝિટીવ ગ્રામ-રાગી કસોટી કહેવામાં આવે છે. **gr. stain.** ડેન્માર્કના ગ્રામ એચ.સી.વી.નામના જીવાણુ વિજ્ઞાનીએ નમૂનામાં રહેલા જીવાણુ જાણવા. મદ્યાર્કની મદદથી વિકસાવેલી કસોટીમાં નમૂનાને રંજિત કે વિરંજિત બનાવવાની પદ્ધતિ.

**gramineus.** તૃણની શ્રેણીને લગતું **graminivorons.** તૃણભક્ષી, ઘાસ ખાનાર. **graminology.** તૃણ વિજ્ઞાન.

**gram pasand.** એક પ્રકારનું ઘાસ.

**granary.** છડેલા દાણાને જાળવી રાખનાર ભંડાર. (૨) મબલખ અનાજ પેદા કરતો પ્રદેશ.

**Grand Duke.** પ્લમ ફળનો એક પ્રકાર, જેમાં ફળ મોટું, અંડાકાર, વિષમ અડધિયાવાળું, ચપટી ટોચ અને કાળી છાલ તથા લીલા ગરવાળું હોય છે.

**granite.** અમ્લ, આગ્નેય, સ્ફટિકીય ખરબચડા દાણાદાર શૈલ, જેમાં ફેલ્સપાર, ક્વાર્ટ્‌ઝ, અબરખ અને હોર્નબ્લેન્ડે મુખ્ય હોય છે. **g. chips.** ગ્રેનાઈટ શૈલના નાના ટુકડા.

**grant.** અનુદાન.

**granular.** દાણાદાર, કણીદાર. **g. fertilizer.** દાણાદાર ખાતર. **g. soil.** નાના ગોળ કણવાળી મૃદા. **g. tissue.** રુઝાઈ રહેલા ઘામાં થતી દાણાદાર પેશી રચના. **granulate.** દાણાદાર-કણીદાર બનવું. (૨) દાણાદાર, કણીદાર. **granulation.** ઘા રુઝાતા થતી સૂક્ષ્મ લાલ ચરબીજ રચના. (૨) કણ તરીકે દળનું સંઘનન. (૩) મધમાં દ્રાક્ષ શર્કરા જેવા સ્ફટિક જામવા, અથવા શર્કરાની અન્ય ચાસણીમાં સ્ફટિક બનવા. **granule.** દાણો, કણી. **granuloma.** ખજવાળ આવતી હોય તે સ્થાને અર્બુદ કે પેશીનો કણ થવો.

**granum.** હરિતદ્રવ્ય.

**grape.** દ્રાક્ષ; *Vitis vinifera* **L.** દ્રાક્ષાદિ કુળની મીઠા, પોષક, ઝૂમખાદાર ફળ પેદા કરનાર વેલા; જે પંજાબ, ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર, કર્ણાટક, આન્ધ્રપ્રદેશ અને તામીલનાડુમાં ટૂંકા શિયાળા ધરાવતા સૂકા પ્રદેશમાં થાય છે; પાનખર અને શિયાળામા વિરામ કરી વસંતમાં ખીલી ઊઠી ઉનાળામાં પરિપક્વ બને છે. વર્ષમાં તે બે ફાલ આપે છે **gr. sugar.** ગ્લુકોસ નામે જાણીતી દ્રાક્ષ શર્કરા. **gr. vine.** દ્રાક્ષનો વેલો. **gr. v. anthracnose.** *Gloeosporium ampelophagnum* (**Pass**)

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**Sacc.** નામના જંતુથી દ્રાક્ષની વેલને થતો રૂક્ષ રોગ. **gr.v. black rot.** *Guignardia bidwelli* થી દ્રાક્ષના વેલાને થતો રોગ. **gr.v. brown leaf spot.** *Cercospora viticola*થી દ્રાક્ષની વેલનાં પાનને લાગતો એક રોગ. **gr. v. chafer beetle.** *Adoretus lasiophygus* **E.** નામનું દ્રાક્ષની વેલને થતું ઢાલપક્ષજંતુ. **gr. v. downy mildew.** *Plasmopara viticola* **Berl. and** *de* **Toni**થી દ્રાક્ષની વેલને થતો રોગ. **gr. v. flea beetle.** *Scelodonta strigicollis* **Mots.** નામનું દ્રાક્ષની વેલને નુકસાન કરતું જંતુ. **gr. v. girder beetle.** *Sthenias grisator* **Fabr.** નામનો દ્રાક્ષની વેલનો કીટ. **gr. v. powdery mildew.** દ્રાક્ષની વેલને *Uncinula necato* (**Schw.**) **Burr.** નામની ફૂગથી દ્રાક્ષની વેલને થતો રોગ. **gr .v. rust.** *Phakospora vitis* નામની ફુગથી દ્રાક્ષની વેલને થતો ગેરુનો રોગ. **gr. v. thrips.** *Rhipiphorothrips cruentatus* **M.** નામનાં દ્રાક્ષની વેલમાં પડતાં થ્રિપ જંતુ. **gr. v. zinc deficiency disease.** જસતની ઊણપથી દ્રાક્ષની વેલને થતો રોગ.

**grape fruit.** ગ્રેપ ફ્રૂટ નામનું ફળ. *Pamparapanasa, china bombilimaas, Citrus paradisi* **Macf.** (*C.decumana* var. *racemosa* **Roem;** *C. decumana* var. *paradisi*, **Nichols**; *C. racemosa* **Marc** ઇ. નામો ધરાવતું નાસ્તા વખતે ખવાતું ફળ, જેમાં પ્રજીવકો 'સી' અને 'બી' હોય છે. એસિડ અને થાયેમીન ધરાવતું ફળ.

**grass.** તૃણ, ઘાસ; જેમાં તૃણકુળના વર્ષાયુ કે દીર્ઘાયુ પોલા પ્રકાંડવાળા ઘાસનો સમાવેશ થાય છે અને જેમાં શેરડી, વાંસ, બાજરી, જુવાર જેવા ધાન્યો પાકોનો પણ સમાવેશ થાય છે **gr. cover.** વિપુલ ઊગેલા ઘાસથી રચાતું આવરણ, જે જમીનને જકડી રાખી તેને થતા ધોવાણને અટકાવે છે. **gr. egg.** બદામી અથવા વેરાસિલેટિયા રંગની જરદી અને તેમાંનું સફેદ તત્ત્વ હરિત હોય તેવું ઈંડુ. આવા પ્રકારની ઘટના છૂવાણુથી બનવા પામે છે. **gr. farming.** ચારા માટે ઉગાડવામાં આવતું ઘાસ. **gr. land.** તૃણભૂમિ, ભૂમિ જે પર ઘાસ ઊગતું હોય પણ જે પર ખેતી કાર્ય થતું ન હોય. **gr. l. management.** તૃણભૂમિની વ્યવસ્થા અને માવજત. **gr. pea.** લાંગ. **gr. poisoning.** આછા સફેદ રંગ ધરાવતા પ્રાણીઓને લાગુ થતો એક પ્રકારનો રોગ, જે આછા રંગના પ્રાણીઓના ચોક્કસ પ્રકારનું ઘાસ ખાવાથી થાય એ; આવાં પ્રાણીઓ આ પ્રકારના ઘાસ પ્રત્યે સંવેદનશીલ હોય છે. **gr. staggers.** *grass tetany hypomagnesaemia, grass staggers, lactation tetany.* ઇ. નામે ગાયોને થતો જીવલેણ રોગ, જેમાં મેગ્નેશિયમની ઊણપ અને લોહીમાં કૅલ્શિયમ મેગ્નેશિયમ ગુણોત્તરમાં થતા વિક્ષેપથી શિયાળાના પાછલા ભાગમાં આવા પ્રકારનો રોગ થાય છે. આની સામે દૂધ પર નભતાં વાછરડાંને મેગ્નેશિયમ અને લોહવાળો પૂરક ખોરાક આપવો જોઈએ.

**gravel.** શૈલ કે ખનિજના, રેતીના કણ કરતાં મોટા દાણા. **gravelly loam.** 25 થી 50 ટકા ગ્રેવલ અને વધારે પ્રમાણમાં રેતી, અને અલ્પ પ્રમાણમાં કાંપ ધરાવતી વતોઢ મૃદા. **gr. soil.** મોટી ટકાવારી ધરાવતા ગ્રેવલના કદના ટુકડાવાળી જમીન.

**gravid.** અંડવાળી કે ગર્ભ ધારણ કરેલા ગર્ભાશયવાળી (માદા).

**gravimetric method.** ભારમિતીય પદ્ધતિ. (૨) પાણીનો ભેજ માપવાની પદ્ધતિ, જેમાં માટીના નમૂનાને 105-110° સે. ઉષ્ણતામાને સૂકવવામાં આવે છે, જેથી તેમાંનું પાણી દૂર થયાનું અને સૂકી માટીનું વજન મેળવી શકાય છે. **gravitational water.** ગુરુત્વાકર્ષણથી



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જમીનમાં ફરતું પાણી. (૨) પંપથી ભિન્ન રીતે ગુરુત્વથી આપવામાં આવતું પાણી.

**graze.** ઘાસમાં ઢોરને ચરાવવાં. **grazier.** ઢોર ચારનાર.

**grease.** ખાધ ડુક્કરની ચરબી, જે 40° સે. કરતાં નીચા ઉષ્ણતામાને ઘનીભૂત થાય છે અને ઢોર અને ઘેટાની ટેલો નામની ચરબીથી ભિન્ન હોય છે. (૨) મરેલાં પ્રાણીની પિગાળેલી ચરબી. (૩) ઊંજણ માટે ઉપયોગમાં લેવામાં આવતી ચરબી.

**greasy.** ચીકણું. પેટ્રોલિયમની પેદાશ. **gr. wool.** માવજત કરાયા વિનાનું, અને મીણ, પ્રસ્વેદ, રેતી, વાનસ્પતિક દ્રવ્ય, છાણ, ભેજ ઇ. ધરાવતું ઊન.

**greater cardamom.** મોટી એલચી, એલચો. *Murrung elaichi, Amomum subulatum* **Roxb.** નામની એલચી, જેના છોડ પ. બંગાળ, આસામ, તામીલનાડુ અને સિક્કીમમાં થાય છે અને જેને મીઠાઈમાં સુવાસ માટે ઉપયોગમાં લેવામાં આવે છે.

**greater galangal.** *Alpinia galanga* **(L.) Willd;** (*Languas galanga* **(L.) Stuntz).** નામની દીર્ઘાયુ વનસ્પતિ, જેનાં મૂળ મસાલા તરીકે અને ખાખરીલ તેલ કાઢવા ઉપયોગમાં લેવામાં આવે છે; જેનાં કાચાં ફળ ખાય છે, અને બી મસાલા તરીકે વપરાય છે.

**greater wax-moth.** *Galleria mellonella* **L.** નામની મધપૂડાની ઇયળ.

**greater yam** આસામ, ગુજરાત, તામીલનાડુ, પ. બંગાળ, મધ્ય પ્રદેશ ઇ.માં થતો કંદધારી આરોહી ક્ષુપ.

**Great Scot.** નીલગિરિમાં થતો બટાટાનો એક પ્રકાર.

**Grecian foxglove.** *Digitalis lanata* **Ehrh.** નામની મૂળ યુરોપની પણ કાશ્મીરમાં થતી વનસ્પતિ, જેનાં પાનનું ઔષધ બને છે, જે હૃદયરોગમ કામમાં આવે છે.

**green.** તૃણાચ્છાદિત જમીનનો ટુકડો. (2) અપક્વ, કાચું, લીલું. (3) સાફ કર્યાં વિનાનું. (4) લીલી વનસ્પતિ, લીલોતરી. (૫) લીલો (રંગ). **gr. almond.** પિસ્તાં, *Pistacia vera* **L.** નામનું ઉત્તર ભારતમાં થતું ઝાડ, જેનાં બી એટલે પિસ્તાં ખવાય છે અને તેને મીઠાઈમાં સુવાસ આપવા ઉપયોગમાં લેવામાં આવે છે. **gr. belt.** મનોરંજન કે કૃષિ માટે અલગ રાખવામાં આવતો જમીનનો પટ્ટો. **gr. feeds.** સુકવ્યા વિનાનો લીલો ચારો. **gr. fodder.** લીલોચારો. **gr. gram.** મગ. *Phaseolus aureus* **Roxb.** (*P. mungo* **auct.** *non* **L;** *P. radiatus* **auct.** *non* **L.).** નામનું લીલા દાણા, શાકભાજી તથા કઠોળ તરીકે રાંધીને ખાવામાં આવતું ધાન્ય; તેની દાળ ખાવાના કામમાં આવે છે અને ઘાસ ઢોરને ચારા તરીકે આપવામાં આવે છે. **gr. bay.** સૂકવ્યા વિનાનું ઘાસ. (૨) સાફ કર્યાં પછી પણ લીલું રહેતું ઘાસ. **gr. honey.** મધપૂડામાંનું, ભેજ દૂર થયો ન હોય તેવું મધ. **gr. house.** વનસ્પતિગૃહ, પાદપગૃહ; વનસ્પતિ ઉછેરગૃહ. (૨) ઉષ્મા આપવામાં આવતું હોય તેવું કાચનું કે પ્લાસ્ટિકનું ગૃહ. **gr.knol khol.** નાજુક-કુમળું નોલકોલ. **gr.leaf manuring.** લીલાં પાનનું ખાતર. **gr. leafy vegetables.** પોષક પાન ધરાવતી લગભગ 20 પ્રકારની ભાજી, જેમાં પ્રજીવકો અને ખનિજ લવણ હોય છે અને જે બીથી વાવવામાં આવે છે. (૨) લીલાં પાનવાળી શાકભાજી, ભાજી. **g. manure crops.** ખાતર તરીકે પાક ઉગાડવો, જેમાં મોટા ભાગે શણના પાકનો સમાવેશ થાય છે. (૨) લીલા પડવાસનું ખાતર. **gr.m. trampler.** લીલું ખાતર દબાવવાનું ઓજાર – સાધન. **gr. manuring.** લીલું ખાતર આપીને પાક પકવવો. **gr. mint.** ફુદીનો. **gr. onion.** કંદ ગોળ અને પરિપક્વ બને તે પહેલાં જ કાઢી લીધેલી ડુંગળી. (૨) લીલી – કાચી ડુંગળી. **gr. peach aphid.** *Myzus persicae* **Sulz.** નામનું તમાકુમાં પડતું મોલોમશી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નામનું જંતુ, જે તમાકુનાં પાન, પ્રકાંડ, ફળ, પ્રાવર ઇ.નો રસ ચૂસે છે, જેથી છોડ રોગિષ્ઠ દેખાય છે; પાન સૂકવવા અક્ષમ બને છે, અને તે પરથી બટાટાને વિષાણુનો રોગ સંક્રામિત થાય છે. **gr. peas.** લીલા વટાણા, અપક્વ વટાણાના દાણા. **gr. pepper.** લીલાં મરચાં. **gr. scale.** *Coccus viridis* નામનાં જંતુ. **gr. tea.** લીલી ચા. **gr. tinged aolna.** લીલાં આંબળાં. **gr. vegetables.** લીલી શાકભાજી. **gr. vitriol.** ફેરસ સલ્ફેટ. **gr. wattle.** *Acacia decurrens* નામનું ઝાડ, જેનાં ફૂલમાંથી સુગંધી દ્રવ્ય મળે છે, જે ગ્રીન વેટલ તરીકે ઓળખાય છે, જેનું કાષ્ઠ બળતણ માટે કામમાં આવે છે અને જેને વનીકરણ માટે વાવવામાં આવે છે. **gr. wood.** સૂકવ્યા વિનાનું કાષ્ઠ. **gr. w. cutting.** નરમ કાષ્ઠને કાપવાની પ્રક્રિયા. **greening.** સૂર્યના તડકામાં બટાટાને ખુલ્લા રાખી તેના રંગમાં પરિવર્તન લાવવું.

**greens.** માનવીના ખોરાકના ઉપયોગમાં આવતાં લીલાં પાન, આવી વનસ્પતિ.

**gregarious.** જૂથચારી. (૨) જૂથમાં ઊગતું **gr. flowering.** એક કે વધારે વર્ષોમાં થતો પુષ્પોદ્ભવ.

**Grevillea** *robusta* **A. Cunn. ex R. Br.** અંગ્રેજીમાં *Silver oak* અથવા *Silky oak* તરીકે ઓળખાતું શોભા માટે ઉગાડવામાં આવતું ઝાડ, જેનાં પાન ચા અને કોફીના બગીચામાં ખાતર તરીકે ઉપયોગમાં આવે છે; જેનું કાષ્ઠ કઠણ છે અને કબાટ ઇ. બનાવવા માટે તેને ઉપયોગમાં લેવામાં આવે છે.

**Grewia** *asiatica* **L.** (Syn. *G. elastica* **Royle**). ફાલસા; ખાદ્ય ફળ માટે ભારતભરમાં ઉગાડવામાં આવતી એક વનસ્પતિ, જેના કાષ્ઠમાંથી ગોલ્ફનો દંડ બનાવવામાં આવે છે. **Gr.** *elastica* **Royle.** ફાલસા. **Gr.** *glabra* **Blume** (Syn. *Gr. laevigata auct.*; *plur. non* **Vahl.** કથ બેવળ નામનું દ. ભારતીય દ્વીપકલ્પના પૂર્વ અને પશ્ચિમ પ્રદેશોમાં થતું ઝાડ, જેની છાલના રેસાનાં દોરડાં બને છે. **Gr.** *histula* **Vahl.** ખડધામણી નામની વનસ્પતિ. **Gr.** *laevigata auct., plur. non* **Vahl.** કથ બેવલ નામની વનસ્પતિ. **Gr.** *microcos* **L.** નામની એક વનસ્પતિ જેના સિગારેટને વિંટાળવાના કાગળ બનાવવામાં આવે છે. **Gr.** *oppsitifolia* **Buch-Ham. ex. Roxb.** ભેમલ બિયૂના નામનું હિમાલયમાં થતું નાનું ઝાડ, જેનાં ફળ ખવાય છે, છાલના રેસાનાં દોરડાં બનાવવામાં આવે છે, અને પાનનો ચારો બને છે. **Gr.** *tenax* **(Forsk.) Aschers & Schwt.** (Syn *G. populifolia* **Vahl;** *Chadara tenax* **Forsk.**). ગંગેટી, નાગવેલ અને છતેલી નામની પંજાબ, રાજસ્થાન અને તામીલનાડુમાં થતી ખાદ્ય બી અને ફળવાળી વનસ્પતિ. **Gr.** *tiliaefolia* **Vahl.** ધામણી નામની ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, તામીલનાડુ, બિહાર અને ઓરિસામાં થતી ખાદ્ય ફળની વનસ્પતિ, જેનું કાષ્ઠ બિલિયર્ડના કયૂ અને ક્રિકેટની રમતનાં સ્ટમ્પ બનાવવાના કામમાં આવે છે. **Gr.** *villosa* **Willd.** પારેખડા નામની વનસ્પતિ, જે ગુજરાત, આન્ધ્રપ્રદેશ અને તામીલનાડુમાં થાય છે અને જેનાં ફળ ખાવાના કામમાં આવે છે.

**grey jungle fowl.** *Gallus sonnerati.* નામનું પશ્ચિમ અને દક્ષિણ ભારતનું જંગલી મરઘું.

**Grey mullet.** *Mugil cephalus, thirutha, chaala madavai* નામની માછલીનો પ્રકાર.

**grinder.** દાણા પીસવાનું યાંત્રિક સાધન, ઘંટી.

**grinders.** દાઢ.

**gripes.** શૂળ, દૂખાવો

**gristle.** કાસ્થિ.

**grit.** નાના ખરબચડા પથ્થરના ટૂકડા, જે મરઘીનાં બચ્ચાંને, તેનો ખોરાક જઠરમાં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દળાય તે માટે આપવામાં આવે છે.

**gritty.** દાણાદાર.

**groin.** જઠર અને જાંગ વચ્ચેનો પ્રાણીના શરીરનો ભાગ, કટિપ્રદેશ.

**Gros Colman.** આયાત કરેલી દ્રાક્ષનો એક પ્રકાર, જે ગોળ અને કાળા રંગની હોય છે.

**gross.** કુલ, સમગ્ર. **gr. change.** સૂક્ષ્મદર્શક સાધનની મદદ વિના નજરે દેખાતું પરિવર્તન. **gr. energy.** કુલ ગરમી, કુલ ઊર્જા, કુલ દહન. (૨) વસ્તુની સઘળી ઉપચયન પેદાશોનું પૂરેપૂરું દહન થતાં ઊર્જાનું જે પ્રમાણ રહે તે ઊર્જા, આવી વસ્તુની ઉષ્માનું કુલ નહિ પણ તેનાં પોષક તત્ત્વોનું મૂલ્ય સ્પષ્ટ છે. **gr. pathological change.** રોગના પરિણામે કોઈ અંગ કે પેશીમાં નજરે દેખાય તેવું આવેલું પરિવર્તન.

**ground** ભૂમિ, આધાર. **gr. colour.** પાકતાં અને પાકેલાં ફળનો લાલ રંગ. **gr. cover.** જંગલમાં શાકીય વનસ્પતિ અને નીચા ઊગતા ક્ષુપ. (૨) જમીનની નજીક ઊગીને તેને આવરિત કરતી વનસ્પતિ. **gr. curing.** જમીન પર પાથરી કોઈ દ્રવ્યની કરવામાં આવતી સૂકવણી. **gr. meristem.** આધાર વિભાજ્યા, આધાર વર્ધનશીલ પેશી. **gr. sulphur.** 325 રંધ્ર ધરાવતી ચાળણીમાં ચાળવામાં આવતો ગંધકનો ભૂકો, જે ફૂગનાશક તરીકે ઉપયોગી બને છે; ભૂકો જેમ બારીક તેમ તેની ગુણવત્તા વધારે હોય છે. **gr. water.** જમીનને શારી કે ખોદીને મેળવવામાં આવતું ભૂગર્ભ પાણી. **gr.w. flow.** જલીય પ્રવણતા અનુસાર ભૂગર્ભ જળનો પ્રવાહ. **gr.w. level.** ભૂગર્ભ જલની સપાટી.

**groundnut.** મગફળી, ભોંયસિંગ; *Arachis hypogaea* **L.** નામની અતિ મહત્ત્વની તેલીબિયાંની વનસ્પતિ, જેનું મૂળ વતન બ્રાઝિલ છે, જેને મુખ્યત્વે ગુજરાત, મહારાષ્ટ્ર, આન્ધ્ર પ્રદેશ અને તામીલનાડુમાં ઉગાડવામાં આવે છે. આ પાકનો 12 ટકા ભાગ તેનાં બી માટે, 8 ટકા ભાગ ખાવા માટે, અને 70 ટકા ભાગ ખાદ્ય તેલ કાઢવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે. વાવવામાં આવતી તેની વિવિધ જાતો, વૃદ્ધિનો પ્રકાર, તેને ઊગવા અને ફળવા માટે જરૂરી બનતો સમય, તેનાં પાનનાં કદ અને પ્રકાર, ફળનાં કદ અને આકાર, દાણાના આકાર અને તેને આવરતું છોડું, રંગ ઇ.ની દૃષ્ટિએ તે વિવિધતા ધરાવે છે. તેની મુખ્ય જાતોમાં કોરોમંડળ, બોલ્ડ, પી નટ અને રેડ નાતાલ છે. મુખ્યત્વે તે ખરીફ પાક તરીકે વાવવામાં આવે છે. તેની સિંગો વાતાવરણમાંથી નાઈટ્રોજન લે છે પણ મોટાભાગે તે પોટાશ અને ચૂનામાંથી તેની વૃદ્ધિ માટે આવશ્યક પોષણ મેળવે છે. **grn. cake.** મગફળીને પીલીને તેમાંથી તેલ કાઢી લીધા બાદ શેષ રહેતી તેની પેદાશ, જે મગફળીના ખોળ તરીકે ઓળખાય છે; તેમાં ઊંચા પ્રકારનું પોષક તત્ત્વ અને પ્રોટીન રહેલાં છે. તેને દળીને તેનો લોટ બનાવવામાં આવે છે, જે બાળકો અને મોટેરાંઓ માટે પોષક ખોરાક બને છે. તેનું સહેલાઈથી પાચન થાય છે. મધુપ્રમેહના રોગીઓ માટે તે અનુકૂળ ખોરાકની ગરજ સારે છે. ઘઉં અને બીજાં ધાન્યના લોટની સાથે ભેળવી તેની ખાદ્ય વસ્તુ બનાવી શકાય છે. મગફળીનો ખોળ ઢોરને ખાવા માટે અપાય છે, ઉપરાંત તેનું સારુ ખાતર બને છે. **grn. collar rot.** *Pellicularia rolfsii*થી મગફળીને થતો રોગ, જેમાં છોડ પીળો પડી સુકાઈ જાય છે. **grn. dry root rot.** *Macrophomina phaseoli* થી મગફળીને થતો એક રોગ. **grn. haulms.** મગફળીને કાઢી લીધા બાદ રહેતા ભાગનો ઢોરના ચારા તરીકે ઉપયોગ કરવામાં આવે છે. રજકા કરતાં તે હલકો હોવા છતાં તેમાં ઠીક પ્રમાણમાં પોષક તત્ત્વો રહેલાં છે. **grn. irregular leaf spot.** *Mycosphaerella arachidicola*થી મગફળીને થતા રોગનો પ્રકાર. **grn. kernels.** મગફળીના દાણા, જેમાં સરેરાશ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને સમૂહ્ય 25થી33 ટકા વાનસ્પતિક પ્રોટીન રહેલું છે, 10-20 ટકા શર્કરા દ્રવ્યો, અને 40–50 ટકા ચરબી હોય છે. તેમાં રહેલું પ્રોટીન સુપાચ્ય છે, ઉપરાંત મગફળીમાં ફોસ્ફરસ, ચૂનો અને પ્રજીવકો 'એ' અને 'બી' રહેલાં છે. મગફળીને વાટીને તેનું દૂધ અને આ દૂધનું દહીં બનાવવામાં આવે છે. **grn. leaf miner.** મગફળીના પાન કોરતો *Stomopteryx nerteria* **M.** નામનો કીટ. **grn. mosaic.** મગફળીને થતો વિષાણુજન્ય રોગ. **grn. oil.** મગફળીનું તેલ, જે રાંધવામાં વપરાય છે. વનસ્પતિ ઘી બનાવવા માટે પણ તે ઉપયોગી બને છે. તે સાબુ, સૌંદર્ય પ્રસાધનો, મીણબત્તી, મલમ ઇ. બનાવવા માટે કામમાં આવે છે **grn. peg.** ફલિત થયા પછી અંડાશય વિસ્તાર પામી મોટા ફળરૂપે જમીનમાં આગળ વધી જેને ફળ બાઝે છે તે. **grn. quality.** મગફળીની ગુણવત્તાનું માપ તેમાં ફોફાં, તેનું કુદરતી વજન, દાણાનું કદ, તેનો રંગ, તેમાં રહેલા તેલનું પ્રમાણ ઇ. ઘટકો દ્વારા નીકળે છે. મગફળીની ગુણવત્તા. **grn. root rot.** *Pellicularia filamentosa*થી મગફળીને થતો એક રોગ. **grn. rosette.** મગફળીને થતો વિષાણુજન્ય રોગ, **grn. shell.** મગફળીનાં ફોફાં, જે મગફળીના કુલ વજનના 20-40 ટકા ધરાવે છે અને જે બાળવામાં કામમાં આવે છે, તેની રાખમાં 1.5 ટકા પોટાશ અને 3 ટકા ચૂનો હોય છે. કૃત્રિમ ખાતરમાં મંદક તરીકે તે ઉપયોગી બને છે. **grn. stem borer.** *Sphenoptera perroteti* **G.** નામની મગફળીના પ્રકાંડને કોરતી ગાભમારા ઈયળ. **grn. tikka disease.** *Cercospora personata* **(B & C) Ell & Everth** અને *C. arachidicola* **Hori**, થી મગફળીને થતો એક રોગ. **grn. thrip** મગફળીનો થ્રિપ નામનો કીટ.

**group.** જૂથ; સમૂહ. **gr. variation.** એકજ જાતના સમૂહોની વિવિધતા, જે વ્યક્તિઓની વિવિધતાથી ભિન્ન હોય છે.

**grove.** નાનું વન, વૃક્ષસમૂહ, બગીચો, ઝાડ. (૨) બાંકો

**grow.** ઉગતા. અને જાડાઈમાં વધવું. (૨) ઊગવું (૩) ખેતી કરવી, વાવવું. **gr. wild.** ગમે તેમ ઊગવું. **growing.** ઊગતું, વધતું, વર્ધનશીલ, મોટું થતું. **gr. conditions.** જમીન, વરસાદ, સૂર્યનો પ્રકાશ, ઉષ્ણતામાન, ખેતી ઇ. જેવી જીવવા અને વધવામાં કારણભૂત બનતી પર્યાવરણીય પરિસ્થિતિ. **gr. mash.** મોટાં થતાં પક્ષીઓને આપવામાં આવતું ખાણ. **gr. period.** વર્ધીકાળ, વધવાનો-વૃદ્ધિનો સમય. **gr. point.** વર્ધીઅગ્ર, વર્ધનશીલપેશી, સર્જક બિંદુ, અગ્રકોષવર્ધન. **gr. region.** સર્જકક્ષેત્ર, વર્ધીપ્રદેશ. **growth.** વૃદ્ધિ. (૨) જીવંત સજીવના કદમાં થતો વધારો. (૩) અર્બુદ, સોજો ઇ. (૪) પ્રાથમિક અવસ્થાથી માંડી પરિપક્વતા ધારણ કરવામાં આવે ત્યાં સુધી સજીવનો થતો વિકાસ. **gr., sliding** વિસર્પી વૃદ્ધિ. **gr., vegetative** વાનસ્પતિક વૃદ્ધિ. **gr. correlation.** વૃદ્ધિ સહસંબંધ. **gr. habit.** વૃદ્ધિક્રમ. **gr. hormone.** વૃદ્ધિકારક અંતઃસ્રાવ. **gr. inhibitor.** વૃદ્ધિ નિરોધક. **gr. layer.** વૃદ્ધિનો વાર્ષિક ક્રમ દર્શાવનાર સ્તર. **g. movement.** વૃદ્ધિ ગતિ. **gr. percent.** વનનાં પ્રમાણ અને ગુણવત્તા વચ્ચેનો ગુણોત્તરની શરૂઆતના સમય અને ત્યારપછીની સમયની દૃષ્ટિએ ટકાવારી. **gr. promoting vitamin.** વૃદ્ધિપ્રેરક પ્રજીવક-'એ.' **gr. regulating substances.** વનસ્પતિની વૃદ્ધિનાં નિયામક દ્રવ્યો. **gr. rings.** વાર્ષિક વૃદ્ધિદર્શક વનસ્પતિના આડછેદમાં દેખાતાં વલયો. **g. stages.** વનસ્પતિની વૃદ્ધિનાં ચોક્કસ તબક્કાઓ – સમયો. **gr. substance.** વૃદ્ધિ દ્રવ્ય.

**grub.** (૨) ઊળ. ઢાલ પક્ષ સજીવનું ડિમ્ભ. (૩) ઝાડ કે ક્ષુપને કાપી લીધા પછી જમીન

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પર પડી રહેવા પામતું ઠૂંઠું અને તેનાં મૂળ. **grubber.** મૂળની સાથે વનસ્પતિને ઉખાડનાર યાંત્રિક સાધન.

**gruel.** ગરમ કે ઠંડા પાણીમાં તૈયાર કરવામાં આવતો ઢોરનો ખોરાક, ગોતું.

**Guaiacum** *officinale* **L.** શોભાનું ઝાડ.

**Gualtheria** *fragmentissima* **Wall.** એક સૌરભિક છોડ.

**guanabara.** મામફળ.

**guano.** પેરુમાં આવેલા દ્વીપોમાં મળતી દરિયાઈ પક્ષીઓની હગાર, જે નાઇટ્રોજન અને ફૉસ્ફૉરિક ઍસિડથી સમૃદ્ધ હોય છે અને જે ખાતર તરીકે ઉપયોગી છે. માછલી-માંથી બનાવવામાં આવતા ખાતરને પણ આ નામ આપવામાં આવે છે.

**guar.** ગવાર.

**guard cell.** રક્ષકકોષ.

**Guatemala gama grass.** *Tripsacum laxum* **Nash.** નામનું તૃણકુળનું ઘાસ.

**guava.** જામફળ, જમરૂખ; *Psidium guajava* **L.** નામનું મૂળ અમેરિકાનું પણ ભારતભરમાં ખાસ કરીને ગુજરાત, પંજાબ, ઉત્તર પ્રદેશ, બિહાર, મહારાષ્ટ્ર અને આન્ધ્ર પ્રદેશમાં થતું ફળ, જેનું ઝાડ મધ્યમ કદનું, મજબૂત અને દીર્ઘાયુ હોય છે. જામફળ સ્વાદિષ્ટ, અમ્લીય છે અને તેમાં પ્રજીવક 'સી', કૅલ્શિયમ અને ફૉસ્ફરસ હોય છે. **g. anthracnose.** *Colletotrichum psidii* (**Delacr**) **Sheld.** અને *Gloeosporium psidii* **Delacr.** થી જામફળને થતો રૂક્ષરોગ. **g. fruit canker.** *Pestalotiopsis psidii* (**Pat**) **Venkatakrishniah.** નામના કીટથી જામફળને થતો રોગ. **g. mealy scale.** *Pulviaaria psidii* **Maskell.** નામનો જામફળનો ચીકટો કીટ.

**Guazuma** *tomentosa* **Kunth.** રૂદ્રાક્ષ:મૂળ અમેરિકાનું પણ અહીં પ. બંગાળ. આન્ધ્રપ્રદેશ અને તામીલનાડુમાં થતું ઝાડ, જેનાં ફળ ખાદ્ય છે, છાલના રેસાનાં દોરડાં બનાવવામાં આવે છે, અને છાલના કાઢાનો ઉપયોગ ખાંડને શુદ્ધ કરવા માટે થાય છે. **G.** *ulmifolia* **Lamk.** રૂદ્રાક્ષ.

**gugal.** મીઠો ગૂગળ; *Commiphora roxburghii* **Arn. Engl.** (*Balsamodendron roxburghii* **Arn.** નામનું રાજસ્થાન અને ગુજરાતમાં થતું ઝાડ, જેની છાલના રસનો ઉપયોગ સુગંધી દ્રવ્યોના સ્થિરીકરણ માટે કરવામાં આવે છે. **guggul.** ગૂગળ. **g. dhup.** *Ailanthus triphysa* (**Dennst.**) **Alston** (*A. malabarica* **DC.**). ગૂગળ ધૂપ નામનું દ. ભારતનું ઝાડ, જેની છાલમાંથી નીકળતા રસનો ધૂપ કરવામાં આવે છે, પાનમાંથી કાળો રંગ મળે છે, જેના વડે સાટિન કાપડને રંગી શકાય છે અને કાષ્ઠની દીવાસળીઓ બનાવવામાં આવે છે.

**Guignardia** *bidwelli.* દ્રાક્ષની વેલના એક રોગ માટે જવાબદાર જંતુ. *G. camelliae.* ચાના છોડને થતા એક રોગ માટે જવાબદાર જંતુ.

**Guilandina** *moringa.* સરગવાનું ઝાડ.

**guinea.** *Numida? meleagris.* નામનું ઉત્તર આફ્રિકાની જાતનું પાલતું પક્ષી. **g.grass.** ગિની ઘાસ. *Panicum maximum* **Jacq.** નામનું મૂળ આફ્રિકાનું દીર્ઘાયુ ઘાસ, જેને ઘાસચારા માટે ઉગાડવામાં આવે છે. ઘણા પ્રકારની જમીનોમાં તે ઊગી શકે છે, પણ બંધિયાર પાણીવાળી જમીન તેને માફક આવતી નથી. **g. squash.** રીંગણી.

**Guizotia** *abyssinica* **Cass.** ખરસાણી, રામતલ, કાળા તલ તરીકે ઓળખાતું મૂળ આફ્રિકાનું પણ હવે મધ્ય પ્રદેશ, આન્ધ્ર પ્રદેશ અને ઓરિસામાં થતું ઝાડ, જેનાં બીમાંથી કાઢવામાં આવતું તેલ રસોઈના કામમાં આવે છે, ઉપરાંત દીવાસળી, સાબુ અને રંગમાં પણ તેને ઉપયોગમાં લેવામાં આવે છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**Gujhia weevel.** *Tanymecus indicus* **Faust.** નામનું ઘઉં, ખસખસ, જવ, વટાણા, ચણા, ડાંગર અને રાઈમાં પડતું ધનેડું, ઉપરાંત તે જુવાર, મકાઈ, કપાસ, શણ, દાળ, કરડી, બટાટા, તમાકુ, કોબી, ફ્લાવર ઇ.ને પણ હાનિ પહોંચાડે છે; રાતના આ વનસ્પતિઓનાં કુમળાં મૂળને કાપી તેમને ભારે નુકસાન પહોંચાડે છે.

**gujjar.** ગુજ્જર; ઉત્તર પ્રદેશનો યાયાવર ઘેટાં અને ઢોર ચારનાર અને પાળનાર.

**gujur.** પીળાં ફૂલની ગુજરાતમાં થતી એક શાકીય વનસ્પતિ.

**Gulabi grape.** ગુલાબી દ્રાક્ષ નામની ગોળ, જાડી છાલ, નરમગર અને ગુલાબ જેવી વાસ ધરાવતી દ્રાક્ષનો એક પ્રકાર, જે બ્લેક પ્રિંસ તરીકે ઓળખાય છે.

**gulabilitchi.** ઉત્તર પ્રદેશની લીચીનો એક પ્રકાર.

**gulab jaman.** ગુલાબજાંબુ.

**gular.** શ્વાસચારા માટે પાન, ચામડાં કમાવવા માટે છાલ અને ખાવા માટે ફળધારી એક વૃક્ષ.

**gulga.** શિંગોડા.

**gull.** માછલી ખાતું દરિયાઈ પક્ષી–ગલ.

**gullet.** અન્નનળી.

**gully.** જમીનના ઢાળ પર વરસાદના પાણીને વહી જતી નીક. (૨) વહેતા પાણીની નીક. **g. control.** યાંત્રિક રીતે કે વનસ્પતિ વાવીને પાણીને વહી જતું અટકાવી જમીનના ધોવાણને નિયંત્રિત કરવાની યુક્તિ. **g. erosion.** નીકદ્વારા પાણી વહેવાથી થતું જમીનનું ધોવાણ. **g. head.** પાણી વહેતું હોય તેવી નીકનો ટોચનો ભાગ. **g. plugging.** સ્થિરીકારક વનસ્પતિને વાવીને નીકદ્વારા થતા ધોવાણને અટકાવવાની યુક્તિ. **gullying.** નીકના વહેતા પાણીથી થતું ધોવાણ.

**gum.** ગુંદર; પાણીમાં દ્રાવ્ય પરંતુ સુકાઈ જતાં સંસંજનનું કામ કરતો ઝાડ કે ક્ષુપનો ઝરતો શ્યાન રસ. **g. myrtle.** *Angophora.* નામની પ્રજાતિનું લવંગાદિકુળનું એક ઝાડ. **g. tree.** યુકેલિપ્ટસ. **g. turpentine.** જીવંતચીડના ઝાડમાંથી સ્રવતા ઓલિયો રેઝિનમાંથી મળતું બાષ્પશીલ તેલ. **gums.** કાષ્ઠીય વનસ્પતિમાં ઝરતા અતિપારદર્શક રસ, વનસ્પતિને છેદ થતાં રસ ઝરવાનું ઝડપી બને છે. **gummy.** ગુંદર જેવા દ્રવ્યવાળું (ઊન).

**gumarabic acacia.** ગોરડ, *Acacia senegal* (**L.**) **Willd.** (Syn. *A. verek* **Guill & Perr.**). નામનું ઝાડ, જેની છાલમાંથી ગુંદર નીકળે છે.

**gumbo.** ભીંડાં.

**gum gatti.** *Anogeissus latifolia* **Wall.** ધવુઆ, ભૂતખાવડો, પાનધર નામનું પાનખર ઝાડ, જેના પ્રકાંડમાંથી મળતો ગુંદર કાપડ રંગવામાં વપરાય છે, જે 'ગટ્ટીગમ' કહેવાય છે. આ ઝાડ હિમાલય, મધ્યપ્રદેશ, નીલગિરિ ઇ.માં થાય છે.

**gumming.** જુઓ *gummosis.* **gummosis.** વનસ્પતિના છેદમાંથી ઝરતું ચીકણું દ્રવ્ય. જે વનસ્પતિના રોગના લક્ષણરૂપ છે; ફૂગ, જંતુ, જમીનમાં અતિશય નાઇટ્રોજનનું પ્રમાણ ઇ. આવા રોગનાં કારણો હોય છે.

**Gundapuro.** ખાસી ટેકરીઓ, નીલગિરિ અને કેરળની સૌરભિક શાકીય વનસ્પતિ.

**gundhy bug.** ડાંગરનો કીટ.

**gunera.** એક પ્રકારનું ઘાસ.

**gunj.** બજાર, મંડી.

**gunny.** અનાજ, ખાતર ઇ. ભરવા માટેનો શણનો કોથળો.

**guntaka.** માટી ભાંગવાનું સાધન.

**guol.** ઉપહિમાલય, ઓરિસા અને આસામમાં થતું ખાદ્ય ફળનું ઝાડ.

**gur.** ગોળ.

**Gurber's test.** દૂધમાં ચરબીની ટકાવારી જાણવા માટેની કસોટી; થોડા સલ્ફ્યુરિક ઍસિડ, આલ્કોહોલ અને દૂધને બ્યુટિરોમીટર નામના સાધનમાં રાખી,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દૂધાવી થોડા થોડા સમય સેન્ટ્રિફ્યૂજમાં 3 મિનિટ ઘુમાવવામાં આવતાં દૂધમાં રહેલું ચરબીનું તત્ત્વ છૂટું પડે છે. આવી રીતે દૂધમાં રહેલી ચરબીની ટકાવારી જાણી શકાય છે.

**gurgura.** *Raptonia buxifolia* **A. DC.** (*Monotheca muscatensis* **A. DC.,** *Edgeworthia buxifolia* **Falc.**). નામનું ખાદ્ય ફળનું નાનું ઝાડ.

**gurial.** એક તંતુધારી ઝાડ, જેની કળીઓ અને ફળ ખાદ્ય છે.

**gut.** પ્રાણી રચના અનુસાર લાંબું કે ટૂંકું તેના પાચનતંત્રનું અંગ, આંતરડું.

**gutter.** નીક, ગટર, મોરી; ગંદા પાણીના અપવાહની નાળી. **g.-fly.** સુતરાઉ કાપડની મિલોની એક ગાડ પેદાશ, જે ખાતર તરીકે કામમાં આવે છે.

**gutting.** માછલીના વક્ષ પર છરીનો ચીરો મૂકી તેનાં અંતરંગ બહાર કાઢવા.

**Gymnema** *sylvestre.* (**Retz.**) **Schult.** મધુમારી, જે મધુ પ્રમેહના દર્દમાં ઉપયોગી બને છે.

**Gymno-.** અનાવરિત, અનાચ્છાદિત અર્થસૂચક પૂર્વગ.

**gymnocladus** *assamicus* **U.N. ex. P.C. Kanjilal.** આસામનું એક ઝાડ, જેનાં બી વાળ ધોવાના કામમાં આવે છે.

**Gymnosperm.** અનાચ્છાદિત બીજધારી વનસ્પતિ. (૨) અંડાશયમાં વિવૃત – ખુલ્લું – અનાવરિત બીજ.

**Gymnosporia** *montana* **Roxb.** વિકરો, વિકળો.

**gyn-, gynaeco- gyno-.** સ્ત્રી, માદા અર્થસૂચક પૂર્વગ.

**gynaeceum.** જાયાંગ, સ્ત્રી કેસર ચક્ર, પુષ્પના સ્ત્રીકેસરની યુતિ કે સહવાસથી થતી રચના, જે પરાગાસન, પરાગવાહિની અને અંડાશયથી ઓળખાય છે. **gy. cover.** સ્ત્રીકેસરીય વેષ્ટન.

**gynaecomastia.** સ્ત્રીસદ્દશ.

**gynaecomorph.** સ્ત્રી જેવી દેખાતી નરવ્યક્તિ.

**gynandromorph.** શરીરનો એક ભાગ નારીનાં લક્ષણો અને બીજો નરનાં લક્ષણો ધરાવતી વ્યક્તિ, ઉભયલિંગી સ્વરૂપી વ્યક્તિ. (૨) નર અને માદાનાં લક્ષણો ધરાવતું પ્રાણી.

**gynandrous.** એક જ કોલમમાં પુંકેસર અને સ્ત્રીકેસર ધરાવતું, પુંજાયાંગ; પુષ્પો જેમાં પુંકેસર ચક્ર અને સ્ત્રીકેસર ચક્ર જોડાયેલાં હોય તે.

**gynandrophore.** પુંજાયાંગધર.

**gynandrosporous.** સ્ત્રી–પું બીજાણુ સૂચક.

**gynobase.** સ્ત્રીકેસર તલ, જાયાંગતલ, અંડાશયમાંથી વૃદ્ધિ પામતી પણ તેનાથી મુક્ત વનસ્પતિ.

**Gynocardia** *odorata* **R.Br.** ચોલમુગરા, નામનું ખાસી ટેકરીઓ અને સિક્કિમનું ઝાડ, જેનાં બીનું તેલ – ચોલમુગરા તેલ રક્તપિત્તમાં ઉપયોગમાં આવે છે.

**gynogenesis.** જાયાંગીકરણ, જાયાંગી જનન. (૨) અંડમાં પુંજન્યુ પ્રવેશવા છતાં ફલીકરણ થતું નથી તેમ છતાં થતો અંડનો વિકાસ.

**gynophore.** જાયાંગધર, નારી અંગવાળા અક્ષનું અનુલંબન, નારીજન્યુ ધર.

**gynostemium.** પુંજાયાંગક, પુંકેસર ચક્ર અને સ્ત્રીકેસર ચક્રના યુગ્મનથી થતી રચના.

**gypsum.** ચિરોડી નામનું ખનિજ.

**gyrate.** સર્પિલ, ચક્રાકાર વિન્યાસ.

For Private and Personal Use Only

# H

**habit.** વનસ્પતિ જાતિની વ્યક્તિઓનાં સામાન્ય આકાર, દેખાવ અને વૃદ્ધિનો પ્રકાર; વનસ્પતિનું સામાન્ય સ્વરૂપ. (૨) આદત, ટેવ, સ્વભાવ. (૩) આવરણ. (૪) પોશાક.

**Habitant.** કોઈ સ્થાન કે વિભાગનું કાયમી નિવાસી પ્રાણી કે વનસ્પતિ. **habitat.** વાસસ્થાન, નિવાસસ્થાન, વાસ, રહેઠાણ. કોઈ એક સજીવનું પર્યાવરણ. **h. factor.** કોઈ સજીવની વૃદ્ધિ પર પર્યાવરણની કે રહેઠાણની થતી અસર. **h. of growth.** કોઈ એક વાસસ્થાનની વનસ્પતિનાં મૂળ, પ્રકાંડ શાખા ઇ.નો સામાન્ય આકાર કે વિન્યાસ.

**Habronema.** *Habronema megastoma,* (*Droschia megastoma*), *Habronema microstoma, Habronema muscae,* ઇ. નામનું પશુ અને પક્ષીઓમાં થતું પરજીવી ગોળકૃમિ, જેને વચગાળાના યજમાન તરીકે ઘરની કે તબેલાની માખની જરૂર પડે છે. આ કૃમિના કારણે જઠરમાં અર્બુદ થાય છે કે તેની આવરણ ત્વચાને ખંજવાળ આવે છે અને ઝાડા થયા કરે છે.

**Hachiya.** જાપાનનું અંડાકાર, શંકુવાળું, મોટું ફળ, જેની છાલ ચળકે છે, રંગ ઘેરો નારંગી અને ગર પીળા રંગનો હોય છે.

**hackberry.** *Celtis australis* **L.** નામનું ઉત્તર ભારતનું છાયા માટે થતું એક ઝાડ, જેના કાષ્ઠનાં રમતનાં સાધનો બનાવવામાં આવે છે.

**haematic.** રક્તનું, લોહીનું, લોહીને લગતું.

**haematin.** હીમોગ્લોબીનના વિઘટનના કારણે થતું રંજક દ્રવ્ય, જેમાં લોહ હોય છે અને ઑક્સિજનના વહનનો તે ગુણ ધરાવે છે

**haematite.** $Fe_2O_3$, સૂત્ર ધરાવતું લોહની કાચી ધાતુમાં જણાતું લોહનું જલવિહીન સેસ્કવાઈડ; અસ્ફટિક રૂપમાં તે જમીનને લાલ રંગ આપે છે.

**Haematopinus** *asini.* લોહી ચૂસતી જૂ. **H.** *eurysternus.* લોહી ચૂસતી જૂ. **H.** *tuberculatus.* લોહી ચૂસતી જૂ.

**Haematoxylon** *campechianum* **L.** પતંગ નામનું શોભાનું કાંટાળું ઝાડ, જેના કાષ્ઠમાં હીમેટૉક્સિલિન નામનો રંગ આવેલો છે.

**haemoglobin.** રક્તકોષનું રંજક દ્રવ્ય, જેમાં પ્રોટીન સાથેનું હીમેટીન હોય છે. શ્વાસમાં લેવામાં આવતા ઑક્સિજનને તે શોષે છે. **haemoglobinuria.** પશુના મૂત્રમાં હીમોગ્લોબીનની હાજરી, જે રોગના લક્ષણ રૂપે હોય છે. **haemolysis.** લાલ રક્ત કોષનો નાશ અને હીમોગ્લોબીનનું ચાલી જવું.

**haemonchosis.** મોટાં ઉદરમાં થતા કૃમિ અથવા *Trichostrongyles* નામના *Haemonchus* પ્રજાતિના જંતુથી થતો એક રોગ. આ પ્રજાતિના *Haemonchus contortus*થી ઢોર, ઘેટાં અને બકરાંને, *Haemonchus longislipes*થી ઊંટ અને ઘેટાંને, *Haemonchus similis* અને *Mecistocirrus digitatus*થી ઢોરને રોગ થાય છે. રોગગ્રસ્ત પ્રાણીને રક્તક્ષીણતા થઈ નીચલા જડબામાં સોજો આવે છે, પેટ ફૂલે છે, ઝાડા થાય છે, કબજિયાત રહે છે અને ધીમે ધીમે કરતાં પ્રાણી નબળું પડી છેવટે મરણ પામે છે. **Haemonchus** *contortus.* ઢોર, ઘેટાં-બકરાંમાં રોગ લાવતું કૃમિ. **H.** *longistipes.* ઊંટ અને ઘેટાંને રોગ આપતું કૃમિ. **H.** *similis.* ઢોરને રોગિષ્ઠ બનાવતું જંતુ.

**haemophilia.** એક પ્રકારનો વંશાનુગત



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રોગ, જેમાં લોહી ગંઠાતું નથી અને થોડો પણ ઘા પડતાં પુષ્કળ લોહી વહેવા માંડે છે, જે ક્રમે કરતું બંધ થતું નથી; આ રોગ સ્ત્રી તરફથી તેનાં સંતાનોને લાગુ પડે છે.

**haemorrhage.** ઘા કે રોગના પરિણામે રક્તવાહિનીમાંથી થતો પુષ્કળ રક્ત સ્રાવ. (૨) લોહીનું વહેવું, રક્તસ્રાવ થવો. **haemorrhagic.** લોહીયાળ. **h. filariasis.** *Parafilaria bovicola* નામના જંતુથી ઢોરને થતો પરજીવીજન્ય રોગ, જેમાં ગરદન, પગ, કાન, ખભા અને જઠરમાંથી રક્તસ્રાવ થાય છે. આ રોગ બળદમાં વિશેષ થાય છે. **H. septicaemia.** *Pasteurella septica* નામના ઇંડાણુથી ઢોર અને ભેંસોને થતો જીવાણુ-રક્તતાનો ગંભીર પ્રકારનો રોગ, જેમાં તાવ આવે છે, માથા અને ગળા પર સોજા આવે છે અને માત્ર 24 કલાકમાં જ મરણ થાય છે. રોગી પ્રાણી બચી જવા પામે તો તેને તીવ્ર આંત્રકોપ થાય છે, ઝાડામાં લોહી પડે છે, ન્યૂમોનિયા થાય છે, આંખ અને જીભ કાળાં પડી સૂઝી જાય છે. **haemostatic.** રક્તસ્રાવને અટકાવનાર પ્રક્રિયક.

**hail.** કરા, જેથી ઊભા પાકને નુકસાન થાય છે. **h. stones.** કરા. **h. storm.** કરાનું તોફાન; કરા, અને વાવાઝોડાની સાથે થતો વરસાદ

**hair.** વાળ, લોમ, કેશ. (૨) એક કે તેથી વિશેષ કોષનું અધિચર્મ પરનું તંતુ આકારનું પ્રવર્ધ. ઘણાં પ્રાણીઓના વાળ ઊનની માફક તંતુ તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે. **h. balls.** ગાય જેવાં પ્રાણીના પેટમાં જણાતા વાળના ગોળા; પોતાને કે અન્ય પ્રાણીઓને ચાટવાના પરિણામે મોં દ્વારા પેટમાં જતા વાળના બનતા ગોળા. **h. fibre.** વાળનો તંતુ, જે કડક હોવાથી કાંતી શકાય નહિ કે તેને વળ પણ આપી શકાય નહિ. કંતાય તો તેનો તાંતણો ખરબચડો બને છે. **h. slips.** તાજા કે ખરાબ રીતે ઉતરડવામાં આવેલા ચામડામાંથી ગુચ્છમાં વાળ છૂટા પડવા, જે ચામડું સડવા માંડયું છે તેની પ્રથમ નિશાનીરૂપ હોય છે. **h. weeds.** પાણીમાં ડુબેલી લીલ, જે માછલીનો ખોરાક બને છે. **h. worm.** વિવિધ પ્રકારની કૃમિઓને લાગુ પડતું સર્વ સામાન્ય નામ. **h. caterpillar.** *Diacrisia obliqua* **WLK.** નામની શણ, કઠોળ, તલ, બાજરી, મગફળી અને ધાન્યની ઈયળ, જે પાન અને અંકુરને ખાય છે. જેનાં ઉપદ્રવથી છોડ પરનાં સઘળાં પાન ખરી પડે છે.

**haldi.** હળદર.

**haldu.** *Adina cordifolia* (**Roxb.**) **Benth & Hook.** નામનું કર્ણાટક અને મધ્યપ્રદેશમાં થતું ઝાડ.

**half.** અર્ધું. **h.-breed.** એક જ જાતના બે વનસ્પતિ પ્રકારની ઓલાદ. (૨) બે જાતિઓ વચ્ચેનું સંકર. **h.-brother** કે **h. sister.** એક જ મા પણ જુદા પિતા અથવા એક જ પિતા પણ જુદી માતાઓનું સંતાન; સાવકા ભાઈ કે સાવકી બહેન. **h. hardy annual.** અર્ધદ્દઢ વાર્ષિક છોડ. **h. life.** અર્ધજીવનકાળ. **h. shovel.** અર્ધ પાવડો. **h.-slip stage.** મરક મેલનની અવસ્થા, જેમાં વૃંતથી ફળને અપૂર્ણ રીતે કે વેલમાંથી ખેંચીને છૂટું કરાય છે. (૨) દૂરના બજારમાં મોકલવા માટે પાક લણવામાં આવે તેવા પ્રકારની પાકની અવસ્થા.

**halganne.** ભારતીય શુદ્ધપર્ણાંનું ઝાડ.

**Hallikar.** કર્ણાટકમાં થતું ભારવાહી પશુ પરંતુ તેની માદા ઓછું દૂધ આપે છે.

**halminthes.** પરજીવી કૃમિ સમુદાય.

**halo.** કોઈ વનસ્પતિના વ્રણની આસપાસ ઘણીવાર જણાતો રોગગ્રસ્ત પેશીનો સાંકડો. પટ્ટો. **h. length.** કપાસિયાને વિંટળાઈને રહેલા તંતુની વધુમાં વધુ મિ.મી.ના માપની લંબાઈ.

**halophyte.** દરિયા કિનારે થતી વનસ્પતિ, જે ક્ષારીય જમીનમાં થાય છે, લવણોદ્ભિદ. ક્ષારીય પાણીમાં ઊગવાની ક્ષમતાવાળી વનસ્પતિ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**Halopyrum** *mucronatum* (**L.**) **Stapf.** રેતીના ઢૂવાને નવસાધ્ય કરવા માટે ઉપયોગમાં આવતી વનસ્પતિ.

**Haloxylon** *recurvum*, (**Moq.**) **Bunge ex Boiss.** ખારો, ખારીલાણી નામની વનસ્પતિ, જે કાચા સોડિયમનો સ્રોત ધરાવે છે.

**halter.** ઘોડા અને ઢોરની લગામ. (૨) પ્રાણીઓને કાબૂમાં રાખવા માટેનું દોરડું કે પટ્ટો.

**halvun.** મૂળ યુરોપની નાની શાકીય વનસ્પતિ, જેનું શાક બને છે.

**ham.** ડુક્કરના પગના માંસનો ટુકડો.

**Hamalin.** પંજાબમાં થતા વહેલા પાકતા સંતરાનો એક પ્રકાર.

**Hamelia** *patens* **Jacq.** ચીડિયા ઝાડ. જેને નારંગી-લાલ રંગનાં ફૂલો માટે બગીચામાં વાવવામાં આવે છે.

**hamerophyte.** ઉગાડવામાં આવતી વનસ્પતિનો એક પ્રકાર.

**Hamiltonia** *suaveolens* **Roxb.** ગાગદમ, ગીહસ નામનો શોભા માટે વાવવામાં આવતો છોડ.

**hamulus** (એ.વ.) (**hamuli** બ.વ.). નાનો અંકોડો કે અંકોડા જેવું પ્રવર્ધ.

**hand.** ખેતર પર કામે રોકવામાં આવતી વ્યક્તિ, કામદાર, મજૂર. (૨) પશુની જમીનથી તેના ખભા સુધીની ઊંચાઈ માપવાનો 4 ઈંચ જેટલો એકમ. (૩) કેળાની અર્ધલૂમ. (૪) તમાકુની બાંધેલી એક ઝપ્પી. (૫) હાથથી ઉપયોગમાં લેવામાં આવતું ગમે તે ઓજાર. (૬) હાથ. **h. breeding.** પશુ-પંખીઓની મૈથુન ક્રિયાની સંખ્યા નિયંત્રિત કરનાર માલધારીનું સંવર્ધન અંગેનું કામ. **h. duster.** હાથથી જંતુઘ્ન દ્રવ્ય છાંટવાનું સાધન. **h. feeding.** ચોક્કસ માપ અનુસાર મરઘાં-બતકાંને ખોરાક કે ચણ આપવું, જે આ પ્રાણી સ્વતંત્ર રીતે ધારે તેટલું ખાય તેથી ભિન્ન પ્રકાર. **h.hoe.** બગીચાનું ઉપકરણ, ખરપડી, ખૂરપી. **h. leveller.** 3-4 ફૂટ લાંબુ, 5 ઈંચ પહોળું અને એક ઈંચ જેટલી જાડાઈ ધરાવતું પાટિયું, જેની મધ્યમાં 5 ફૂટ લાંબો વાંસ જોડેલો હોય, જેને એક વ્યક્તિ સીધું પકડી, બીજો ખેંચી, જમીનને સરખી કરી શકે છે. **h. mating.** જુઓ *hand breeding*. **h. pollination.** સંકર બીજ મેળવવા હાથથી પરાગનયન કરવાની પ્રથા. **h. pounding.** હાથ છડ. (૨) ડાંગરને ખાંયણી, પરાઈ, ચક્કી ઇ.થી છડવાની રીત, જેથી મિલનાં યંત્રોદ્વારા છડવામાં આવે તે કરતાં ચોખા ઠીક પ્રમાણમાં પ્રાપ્ત થાય છે. **h. pump.** એક વ્યક્તિ દ્વારા છંટકાવ કરવાનું સાધન, હાથે ચલાવી શકાય તેવો પંપ. **h. weeding.** હાથથી ઘાસપાત-દૂર કરવાની રીત.

**hank.** ઊન કે સુતરની આંટી. (૨) સાધારણ રીતે 560વારનું માપ.

**hanumanphal.** હનુમાનફળ.

**hapa.** માછલીને કામ ચલાઉ રાખવા માટે કાપડની બનાવેલી અને પાણીમાં રાખવામાં આવતી જલસંગ્રહ ટાંકી.

**haploid** એક સંખ્યક, એકકીય, એક ગુણિત; પ્રાણીના દૈહિક કોષમાં સાધારણ રીતે રહેતી પ્રત્યેક રંગસૂત્રની જોડી પૈકીનું એક રંગસૂત્ર.

**Haplophragma** *adenophyllum* (**Seem.**) **P. Dop** (Syn. *Bignonia adenophylla* **Wall ex. G. Don**). વિથી માટે ઉગાડવામાં આવતું ઝાડ.

**harara.** મધ્યમ કદનું હરેડેનું ઝાડ, *Terminalia chebula* **Retz.** જેનાં ફળ એટલે હરડે ઔષધીય ગુણો ધરાવે છે, ઉપરાંત હરડે તથા આ ઝાડની છાલ ચામડાં કમાવવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે.

**harbour.** આશ્રય આપવો. (૨) બંદર.

**hard.** કઠોર, કઠણ, મજબૂત. **h. bast.** કઠોર અંતર્છાલ. **h. breeder.** મુશ્કેલ પ્રજનનક્ષમ (માદા). **h. centres.** બંને બાજુ સ્વચ્છ અને નરમ હોવા છતાં વચમાં કઠણ ત્વક્ષા જેવાં દ્રવ્ય હોય તેવો શણનો તંતુ. **h. cheese.** અલ્પ ભેજ-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાળી કઠણ ચીજ. **h. dough stage.** કઠણ અને પકવવામાં આવતા ફળની અવસ્થા. **h. fruit.** રસ વિનાનું કઠણફળ. **h. palate.** કઠોર તાળવું. **h. pan.** કઠણ સ્તર. (૨) કાર્બનિક દ્રવ્યો કે સિલિકા સેસ્ક્વી ઓક્સાઇડ કે કૅલ્શિયમ કાર્બોનેટ જેવાં દ્રવ્યોના કારણે કઠણ થઈ ગઈ હોય તેવી જમીનનું સંસ્તર, જે પાણી મળવા છતાં સહેલાઈથી નરમ બનતું નથી. **h. soap.** આલ્કલી સોડિયમ સંયોજનની બાવજતવાળી સ્ટીએરીન ચરબીનું બનાવેલું પ્રક્ષાલક પ્રક્રિયક અથવા સાબુ. **h. solder.** પાકી જોડ, પાકો સાંધો, પાકું રેણ. **h. starch.** દાણાની મીંજની બાજુના સ્ટાર્ચ અથવા કાંજીના કોષ. **h. variety.** કઠણપ્રકાર. **h. wart.** શૃંગી કોષના આવરણવાળો કઠણ મસો. **h. water.** કૅલ્શિયમ અને કાર્બોનેટનું પાણીમાં એટલું પ્રમાણ હોય, જેથી તેમાં સાબુ દેતાં તેનું ફીણ થવાને બદલે અવક્ષેપ થાય. (૨) ભારે જલ. **h. wheat.** પ્રોટીનના વિશેષ પ્રમાણવાળો ઘઉંનો લોટ. **h. wood.** કઠણ કાષ્ઠ. (૨) ઝાડના થડનો મધ્યભાગ, જેનું કાષ્ઠ કઠણ હોય છે. **h.w. cutting.** કઠણ કાષ્ઠને કાપવાની ક્રિયા.

**Hardwickia** *binata* **Roxb.** અંજન; આન્ધ્રપ્રદેશ, મહારાષ્ટ્ર અને કોરોમંડળના કાંઠે થતું એક ઝાડ, જેની છાલના રેસાનાં દોરડાં બનાવવામાં આવે છે, કઠણ કાષ્ઠમાંથી મળતા ઓલિયોરેઝિનનો ઉપયોગ વાર્નિશ બનાવવા માટે થાય છે અને કાષ્ઠ પુલો, થાંભલા, રેલવેના સલેપાટો બનાવવા તથા શોભા માટે ઉપયોગમાં આવે છે. **H.** *pinnata* **Roxb.** પશ્ચિમ-ઘાટ, કેરળ અને કર્ણાટકમાં થતું ઝાડ, જેના થડમાંથી મળતું ઓલિયોરેઝિન કાષ્ઠની સાચવણી કરવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે. અને તેના તેલનાં સાબુ અને વાર્નિશ બનાવવામાં આવે છે.

**hardy.** પ્રતિકૂળ કે વિવિધ પર્યાવરણીય કારકોનો સામનો કરી શકનાર. **h. animal.** આસહિષ્ણુ પ્રાણી, હઠીલું પ્રાણી **h. annual.** જ્યાં ઉગાડવામાં આવતું હોય ત્યાં ફેરરોપણી વિના વર્ષાયુ વનસ્પતિ વાવવી. (૨) પ્રતિકૂળ હવામાનમાં ટકનાર વર્ષાયુ સપુષ્પ વનસ્પતિ. **h. bessoms.** સખત મૂળ ધરાવનાર (વનસ્પતિ). **h. orange.** ત્રિપર્ણી સંતરાં.

**hare.** શશકવર્ગનું **Leppus** *spp.* સસલા જેવું પણ કદમાં તેનાથી મોટું; કૂંતક, લાંબા કાનવાળું અને ખડકોનું ચોપગુ પ્રાણી.

**harfarebari.** હરિફૂલ નામનું આંબળા ફળનું શોભા માટે વાવવામાં આવતું વૃક્ષ.

**hariali.** હરિયાળી.

**Hariana.** હરિયાણાના રોહતક, હિસ્સાર, કરનાળ, ગુરગાંવ ઇ. જિલ્લાની ભારવાહી નર અને દૂધ આપનાર માદાની ઓલાદ.

**Harichal.** એક પ્રકારનાં કેળાં, જેના એક લૂમખાનું વજન લગભગ 60 રતલ થાય અને જેમાં લગભગ 160 કેળાં હોય છે.

**Harija.** બિહારમાં થતાં એક પ્રકારના જામફળ.

**harir.** હરડે, હરિતકી. **haritaki.** હરડે.

**harness.** લગામ.

**Harrison Special.** સિગારેટના કામની તમાકુનો એક પ્રકાર, જેનાં પાન લાંબાં હોય છે, વિપુલ પ્રમાણમાં તે ઊગે છે, જેનો સરસ રંગ થાય છે, જે કોઠારમાં સંઘરી રાખવામાં આવે ત્યારે પણ આ રંગ ઝાંખો પડતો નથી.

**harrow.** રાંપડી કે ખરપડી નામનું દેશી ઓજાર, જેને રવિ અને ખરિફ પાક માટે પૂર્વતૈયારી માટે ઉપયોગમાં લેવામાં આવે છે, જે વડે માટીનાં ઢેફાં ભાંગવામાં આવે છે, જમીનને સમતળ બનાવી શકાય છે, બી અને ખાતર પર આવરણ કરી શકાય છે અને ઠૂંઠાને દૂર કરી શકાય છે. **h., bar** દંડ રાંપડી. **h., chain** સાંકળ રાંપડી. **h., drag** કર્ષક રાંપડી. **h. heavy** ભારે રાંપડી. **h., lever**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉત્તોલક રાંપડી. **h., light** હલકી રાંપડી. **h., medium.** મધ્યમ રાંપડી. **h., seed** બી વાવવા માટેની રાંપડી. **h., zigzag** આડી તેડી રાંપડી. **h. cart.** રાંપડીગાડું **h. plough.** રાંપડી હળ. **harrowing.** રાંપડી ચલાવવી.

**hart.** નરહરણ.

**Hartho.** *Securingena leucopyrus* **(Willd.) Muell.Arg.** (*Phyllanthus leucopyrus* **Koen ex Roxb., Flueggea** *leucopyrus* (**Koen.**) **Willd.**). નામનો ઉત્તરપ્રદેશ, પંજાબ, મહારાષ્ટ્ર અને તામીલનાડુમાં થતો ખાદ્યફળનો ક્ષુપ.

**harvest.** કોઈપણ ફસલને કાપવી, લણણી કરવી. (૨) આ પ્રમાણે લણેલી ફસલ કે પાક. **h. cut.** કાપેલો પાક અથવા જંગલમાં ઝાડ સમુદાયમાંથી કાપેલાં ઝાડ. **harvested crop.** લણેલો પાક. **harvester.** ફસલ કાપનાર, પાક લણનાર, ઘાસના પૂળા એકત્ર કરનાર યંત્ર; કાપણીનાં સઘળાં કામ કરનાર યંત્ર.

**hashish.** બીડી તરીકે અથવા ચાવવા માટે ભાંગનાં ટોચનાં પાંદડાં કે કુમળાભાગ.

**hassock.** ગૂંથવાયેલાં ઘાસનાં ઝૂંડાં.

**hastate.** ભાલાકાર.

**hat.** હાટ, મંડી, બજાર. (૨) ગ્રામ ધોરણે પ્રાથમિક બજાર.

**hatch.** કુદરતી કે કૃત્રિમ રીતે ઇંડાં સેવી તેમાંથી બચ્ચાં બહાર લાવવાં. (૨) ઇંડાંને સેવ્યા બાદ બહાર આવેલું બચ્ચું. (૩) ઈંડાં સેવવાં. **h. out.** પૂરેપૂરી રીતે વિકસીને ઈંડામાંથી બહાર આવવું. **hatchability.** સામાન્ય રીતે ફલિત અંડના ભ્રૂણીય વિકાસ અને સેવાયા બાદ ઈંડાંની બહાર બચ્ચું નીકળવાની ક્ષમતા. (૨) સેવવામાં આવતાં ફલિત ઈંડાંની ટકાવારી. **hatchery.** જ્યાં ઇંડાં સેવાઈ બચ્ચાં નીકળતાં હોય તે સ્થાન. (૨) માછલીને સેવવાનું સ્થાન. **hatching.** ઈંડાં સેવવાં. **h. egg.** સારી ઓલાદના પંખીનું સેવવામાં સફળતા પ્રાપ્ત થઈ શકે તેવા પ્રકારનું ઇંડું. **h. membrane.** નિર્ગમન ત્વચા. **h. pit.** માછલીનાં ફલિત ઇંડાં એકત્ર થતાં હોય ત્યાંનો ગર્ત–ખાડો, જેમાં પાણી હોય છે. **h. tray.** ઈંડાં સેવવા માટેની રકાબી. **hatchling.** ઇંડાંમાંથી સદ્ય નીકળતું માછલીનું બચ્ચું.

**hathichuk.** એક પ્રકારની દીર્ઘાયુ શાકીય વનસ્પતિ.

**haulm.** ઘાસનું પ્રકાંડ. (૨) વનસ્પતિનું પ્રકાંડ. (૩) વટાણા ઇ. નું પ્રકાંડ.

**haustellum.** ચૂસવાનાં કામમાં આવે તેવું જંતુનું સૂંઢ જેવું અંગ. **haustorium** (એ.વ.) (**haustoria** બ. વ.). ખોરાકને ગ્રહણ કરવા માટેનો કવકસૂત્રનો જીવંત કોષનો ખાસ ભાગ. (૨) યજમાન પ્રાણીના વાહકતંત્રની સાથે જોડાયેલું પરજીવીનું રસ ચૂસવા માટેનું સૂત્ર જેવું અંગ. (૩) ચૂસક મૂળ.

**havalige.** દેવદાર, રાતો દેવદાર; આસામ, પ. બંગાળ, પશ્ચિમઘાટ અને કર્ણાટકમાં થતું એક ઊંચું ઝાડ, જેના કાષ્ઠની ચા માટેની પેટીઓ, પાટિયાં અને ફર્નિચર બનાવવામાં આવે છે.

**haw.** ઘોડાં, કૂતરાં ઇ.નું આંખનું ત્રીજું પડ.

**hawk moth.** *Achyrontia styx* **Wist.** નામની તલમાં પડતી ઈયળ, જે તલના છોડનાં પાન ખાય છે, ઉપરાંત રીંગણી, બટાટા ઇ.માં પણ તે પડે છે.

**hay.** ઢોરને ખાવા માટેનો સૂકા ઘાસ અથવા પાનવાળો તૃણીય ચારો. સૂકવવામાં આવેલા આવા ઘાસનાં પોષક તત્ત્વોને કોઈ હાનિ પહોંચતી નથી. (૨) સૂકું ઘાસ. **h. bale.** સૂકાઘાસની તાર બાંધેલી ચોરસ આકારની ગાંસડી. **h. box brooding.** ખૂબ જ ઠંડી ન હોય ત્યારે મરઘીનાં બચ્ચાંને ઉછેરવાની એક રીત. **h. cock.** નાનો શંકુ આકારનો ખેતરપરનો ઘાસનો જથ્થો. **h. crop.** કુદરતી રીતે ઊગેલો કે વાવેલો ઘાસનો પાક. **h. fever.** કફજ જ્વર. **h.-making.** કુદરતી રીતે કે તડકો અને પવનની ક્રિયાથી અથવા ગરમ હવાને પસાર કરીને લીલા ઘાસને સૂકવવાની પ્રક્રિયા, જેમાં અજલી-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરણ કોષ્ઠમાં ઘાસને રાખી સૂકવવાનો પણ સમાવેશ થાય છે. **h-m. crops.** સૂકું ઘાસ બનાવવા માટે વાવવામાં આવતી તૃણકુળથી વનસ્પતિ, જેમાં સોયાબીન, ઓટ, સુદાન ઘાસ, રોડઘાસ, રજકો ઇનો સમાવેશ થાય છે.

**hazel-nut.** *Barcelona nut, Bhutia badam, Corylus avellana* **L.** નામની કાશ્મીર અને કુમાઈના 5થી 10 હજાર ફૂટની ઊંચાઈના પ્રદેશોમાં થતું કાષ્ઠ ફળધારી વૃક્ષ, જેને બી વાવીને ઉગાડવામાં આવે છે, અને જેમાંથી ખાદ્યતેલ મળે છે.

**H-budding.** અંગ્રેજી વર્ણ 'H' આકારનો પ્રકાંડ પર છેદ મૂકી, તેથી પડેલા કાપની છાલને ઊંચી કરી તેમાં કલમ બેસાડવાની રીત.

**head.** માથું, શીર્ષ, ટોચનો ભાગ. (૨) ઢોરની કુલ સંખ્યા. (૩) શાખા છૂટી પડતી હોય તેવો પ્રકાંડનો ભાગ. **h. in.** માથું પાછળ કરવું. **h. land.** એક ચાસ અથવા પંક્તિ પૂરી થાય ત્યારે ખેડ કરતા ઓજારને પણ ફેરવવામાં સરળતા રહે તે માટે વણખેડ રહેવા દેવામાં આવતો ખેતરનો ભાગ. **h. louse.** માથાના વાળમાં પડતી જૂ. **h. maggot fly.** *Oestrus ovis* નામની માખ, જે તેનાં ડિમ્બને ઘેટાં-બકરાંનાં નસકોરાંમાં મૂકે છે, જ્યાંથી આ ડિમ્બ અને માખનાં બચ્ચાં નાસામાર્ગ વાટે, નાસાવિવરમાં પહોંચે છે, જેથી નાકમાંથી સ્રાવ થવા માંડે છે અને એકંદર પ્રાણીને હાનિ થાય છે. **h. mould.** ફૂટ – ખોટા અંગારિયાનો રોગ. **h. on.** કલિકા કલમની માફક પ્રકાંડ પર ઊગવું. **h. out.** પુષ્પ-ગુચ્છની માફક વિન્યાસ થવો. **h. prunning.** દ્રાક્ષની વેલની માફક છોડનું એવી રીતે કર્તન કરવું, જેથી પરિપક્વ પ્રકાંડ તેની ટોચ પર અંતર્વેલિત શંકુની માફક વલયની રચના કરે. **h. row.** ખેતરના છેડાપર. નિયમિત પંક્તિના કાટખૂણે કરવામાં આવતી વાવણી. **h. smut.** મકાઈ અને જુવારને થતો ફૂગજન્ય અંગારિયાનો રોગ. **h. space.** ફળનું પાત્ર ભરાઈ જાય ત્યારે પછી તેની ટોચ પરનો ખાલી રાખવામાં આવતો ભાગ. **h. system of training.** પંજાબમાં દ્રાક્ષની વેલ પર કામમાં આવતી એક પ્રકારની પ્રક્રિયા, જેમાં વેલની ટોચ પરનો કેટલોક ભાગ કાપી એક કે બે અંકુર રહેવા દેવામાં આવે છે, જેમાંના એકને ઉનાળામાં ફૂટવા દેવામાં આવે છે અને તેને ટેકો આપીને સીધો ઊગવા દેવામાં આવે છે. ડિસેમ્બરમાંની સુષુપ્તિ અવસ્થામાં પડખાની શાખાઓને ઊગવા દેવામાં આવે છે. **h.-to-row.** અનાજના પાકમાં ઉત્તમ પ્રકારના બીની પસંદગી કરવાની પ્રથા, જેમાં જુદા જુદા પ્રકારમાંથી બીને પસંદ કરી તેને જુદી જુદી પંક્તિમાં વાવવામાં આવે છે. દરેક દસમી હાર વધારે ઉતાર આપનાર બી વડે વાવવામાં આવે છે, જેથી થતી પેદાશની તુલના કરી શકાય. આવી રીતે વાવણી કરવા આવેલી હોય તે પ્રત્યેક હારના પાકને અલગ અલગ ઊપણી સાફ કરી તેનાં બી તારવવામાં આવે છે. આ પ્રક્રિયા વારંવાર કરવાથી ઉત્તમ પ્રકારના અને વધારે ઉતાર આપનાર બી મેળવી શકાય છે. **header.** ધોવાણ થતું અટકાવવા નીકના ઉપલા ભાગ પર કરવામાં આવતી એક પ્રકારની રચના.

**heading back.** નાના ઝાડને પુનર્રોપણી માટે કાપવાં, ઉપરાંત ઇચ્છિત ઊંચાઈ અને આકાર મેળવે તે માટે ઝાડની ટોચ કાપવી, જેથી તેના પ્રત્યેક ભાગને સૂર્યના પ્રકાશનો લાભ મળી શકે, રાસાયણિક દ્રવ્યો છાંટવાની સરળતા થાય અને સરળતાપૂર્વક ફળ વીણી કે ઉતારી શકાય. **h. stage.** વનસ્પતિની વૃદ્ધિની અવસ્થા, જે દરમિયાન, ધાન્ય પાકના કણસલામાંથી નવો ફૂટતો શીર્ષભાગ દેખાવો શરૂ થાય છે.

**heart.** હૃદય; પ્રાણીઓનું વિવિધ સંખ્યા ધરાવતા કોષ્ઠવાળું, સમસ્ત શરીરમાં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લોહીના પરિભ્રમણ માટે તાલબદ્ધ રીતે સંકોચાતું પોલું સ્નાયવીય અંગ. (૨) ઝાડ કે ફળનો કેન્દ્રસ્થ ભાગ, ગર્ભભાગ. **h. burn.** અસ્થિ-પિત્ત દાહ. **h. centre.** ગરની તદ્દન આસપાસનું કાષ્ઠ. **h. girth.** પ્રાણીના સ્કંધાસ્થિની પછવાડેના તથા આગલા પગની પાછળના ભાગનું સેન્ટિમીટરમાં કરવામાં આવતું માપ, જે પરથી તેના વજનનો અંદાજ કાઢવામાં આવે છે. **h. muscle.** હૃદયની સ્નાયુ પેશી. **h. rot.** વનસ્પતિને થતા રોગનું એક લક્ષણ, જેમાં તેના પ્રકાંડના મધ્ય ભાગને સડો લાગવા માંડે છે. **h. wood.** અંતઃકાષ્ઠ, મધ્ય કાષ્ઠ; કાષ્ઠીય વનસ્પતિના પ્રકાંડનું કેન્દ્રસ્થ કાષ્ઠ, જે સાધારણ રીતે કાળું અને ઘટ્ટ હોય છે અને જેમાં જીવંત પેશી હોતી નથી.

**heat.** ઉષ્મા, ગરમી. (૨) વિવિધરૂપે દર્શાવવામાં આવતી ઊર્જા. (૩) ચોક્કસ અંગોનું મર્દન કરવાથી ઉત્પન્ન થતી સંવેદના. (૩) કામોષ્મા, મદ; નરની સાથે મૈથુન કરવા માદા પ્રાણીમાં જાગતી કામુકતાની અવસ્થા. **h., specific** વિશિષ્ટ ગરમી, વિશિષ્ટ ઉષ્મા. **h. compressor evaporator.** ઉષ્મા સંકોચક બાષ્પક. **h. exchanger.** ઉષ્મા વિનિમયકારક, ગરમીમાં વિનિમય કરનાર પ્રક્રિયક. **h. increment.** ચયાપચયની પ્રક્રિયામાં ખાવા અને પચાવવાના કામમાં ઉષ્માના રૂપમાં ઊર્જાનો થતો વધારો અને વ્યય. **h. injury.** ઊતિમૃત્યુ. (૨) અતિ ગરમીના પરિણામ સ્વરૂપ વનસ્પતિને પહોંચતી હાનિ, જેના લક્ષણ તરીકે તેની વૃદ્ધિ અટકે છે, પાન પર દાહનાં ચિહ્નો જણાય છે, પાન ખરવા માંડે છે, ફળ કવખતે પાકવાની શરૂઆત કરે છે અને આ પ્રક્રિયામાં છેવટે તે સુકાઈ જઈ ખરી પડે છે. **h. of combustion.** દહન-ઉષ્મા. **h. of oestrus.** ઋતુકાળની ઉષ્મા. (૨) નર પ્રાણી સાથે મૈથુન કરવાની માદા પ્રાણીને થતી કામેચ્છા, કામોષ્મા, મદ. **h. of reaction** અભિક્રિયાની ઉષ્મા. (૨) દ્રાવકનો એક ગ્રામ અણુ પૂરતા પ્રમાણમાં દ્રાવણમાં દ્રાવ્ય થાય તે માટે જરૂરી બનતી ઉષ્મા – ગરમીનું પ્રમાણ. **h. period.** મદકાળ. **h. prostration.** સૂર્યાઘાત, લૂ લાગવી. (૨) સૂર્યના તડકામાં ખુલ્લા રહેવાથી અથવા અતિ શ્રમના પરિણામે પશુ, પંખીના સામાન્ય સ્વાસ્થ્ય પર થતી માઠી અસર, જેમાં તેની અસર પામનાર પ્રાણી અસ્વસ્થ બને છે, તેના શરીરનું ઉષ્ણતામાન વધે છે, શ્વસનક્રિયા ઝડપી બને છે, ચાલતાં ચાલતાં તે પડી જાય છે, તાણ આવે છે અને છેવટે મરણ નીપજે છે. **h. regeneration.** ઉષ્માનું પુનરુત્પાદન. **h. resistant.** ઉષ્માનો પ્રતિરોધ કરનાર. **h. r. spore.** ગરમી-ઉષ્માનો પ્રતિરોધ કરનાર બીજાણુ. **h. reversible.** ઉષ્માપ્રતિવર્તક. **h. rigor.** ઉષ્મા-પ્રેરિત કઠિનતા – અક્કડતા. **h. sensitive.** ઉષ્માવશ્યતા, ઉષ્માની જેને તરત સંવેદનશીલતા લાગતી હોય તે (પ્રાણી કે વનસ્પતિ). **h. spot.** ઈંડાની એક પ્રકારની ખામી. (૨) મીણબત્તીના પ્રકાશની સામે ઈંડાને ધરવામાં આવે ત્યારે પકવ ઈંડાની અંદરની જરદીમાં જોવામાં આવતી લાલાશ, જે અકાળે અથવા સમય અગાઉ ઈંડું પરિપકવ બનવા માંડયાના પરિણામરૂપે હોય છે. ઈંડાને એકસરખું ઉષ્ણતામાન મળવાને બદલે વધારે ઊંચું કે નીચું ઉષ્ણતામાન મળવાના પરિણામે તેના કુદરતી વિકાસમાં બાધા પડવાથી આવી અવસ્થા નીપજે છે. **h. stroke.** લૂ, સૂર્યાઘાત; જુઓ *heat prostration*. **h. unstable.** ઉષ્મા – ગરમીના પરિણામે નીપજતી અસ્થિરતા. **heater.** હીટર, તાપક. (૨) કોઈ પદાર્થને ગરમી આપનાર – તપાવનાર સાધન. **heating.** ગરમી આપવાની પ્રક્રિયા.

**heaves (in horses).** (ઘોડાને થતો) દમનો વ્યાધિ.

**heavy.** એકમ ઘનફૂટે પ્રમાણમાં વધારે વજન ધરાવતું (દ્રવ્ય કે ઉત્પાદન). (૨)

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખેડવામાં મુશ્કેલી જણાય તેવી કઠણ ભૂમિ. **h. boned.** પ્રમાણમાં વધારે મોટાં હાડકાં ધરાવતું પ્રાણી, જે તેની ઓલાદ કે પ્રકારનાં અન્ય કે સાધારણ પ્રાણીની તુલનામાં વિશેષ હોય છે. **h. float.** ઈંડાની જરદીમાં દેખાતા મોટા હવા-કોષ; સૂર્યના તડકામાં અથવા ગરમીમાં ઈંડાં રાખવાથી આવા પ્રકારની ઘટના બનવા પામે છે. **h. metal.** ભારે વજન ધરાવતી ધાતુ. **h. soil.** ખેડવામાં મુશ્કેલ કઠણ ભૂમિ. **h. textured.** માટી અને કાંપનું વધારે પ્રમાણ ધરાવતી બારીક કણવાળી (માટી).

**hectare.** 100 અર, 10,000 ચોરસ મીટર અથવા 2.47 એકર જેટલું જમીનનું માપ.

**hedgehog.** જંતુ આહારી શૂળિયું નામનું ચોપગું પ્રાણી, જે દુશ્મનની સામે સ્વબચાવમાં દડો બની જાય છે.

**hedges.** વાડ; ખેતરમાં અનિચ્છનીય વ્યક્તિઓના પ્રવેશને અટકાવવા ખેતરની આસપાસ કરવામાં આવતી વાડ, આમાં પણ તારની વાડ કરવામાં આવે તો રક્ષણ સારું મળી શકે છે. ભારતમાં ખેતરની વાડ બનાવવા માટે મુખ્યત્વે *Inga dulcis* (પરદેશી આંબલી કે એકાદશી ઝાડ), *Parkinsonia aculeata* **L.** (રામતરુ અથવા વિલાયતી બાવળ), *Prosopsis juliflora* (**SW.**)**DC**;(કાબૂલી કીકર), *Carissa carandas***L.** (કરમદાનું ઝાડ), *Casuarina equisetifolia* **Forst** (જંગલીસરુ); *Zizyhus spp* *Duranta plumieri* **Jacq,** *Cactus* (થોર); *Sesbania aegyptiaca* (સેવરી જયંતિ); *Acacia modesta* **Wall.** (એક પ્રકારનો બાવળ); અને *Acacia spp. Commiphera berryi* **Engl.** (બાવળનો એક પ્રકાર);*Ipomoea carnea*, *Punica granatum* **L.** (દાડમડી); *Thevetia nerifolia* **Schum** (પીળી કરેણ) ઇ. જેવાં વૃક્ષોનો ઉપયોગ કરવામાં આવે છે. (૨) ભાવિ આપત્તિ અથવા વાયદા લેવડ-દેવડ.

**hedge selling.** હાનિનું નિવારણ કરવા વાયદાનું કરવામાં આવતું વેચાણ.

**Hedychium** *coronarium* **Koenig ex Retz.** સોનટકા નામની શોભાની દીર્ઘાયુ વનસ્પતિ, જે દ. ભારત અને ખાસી ટેકરીઓમાં થાય છે, જેના પ્રકાંડના માવાનો ઉપયોગ કાગળ બનાવવા માટે કરવામાં આવે છે. **H.** *spicatum* **Buch.Ham.ex Smith.** કપૂરકાચલી; હિમાલય, અને કુમાઉમાં થતો વનસ્પતિ પ્રકાર, જેનાં મૂળ સુગંધી આપવા ઉપયોગમાં લેવાય છે, તેનાં મૂળમાંથી કાઢવામાં આવતું બાષ્પશીલ તેલ સુગંધી દ્રવ્યો અને ઔષધનિર્માણ કામમાં ઉપયોગી બને છે.

**heel.** એડી, ચોપગા પ્રાણીનાં અંગનો પાછલો ભાગ. (૨) વનસ્પતિના પ્રકાંડના કાપનો જૂના પ્રકાંડ સાથેનો તળ ભાગ. **h. in.** ફેર રોપણી માટેના ધરુના મૂળને કામ ચલાઉ રીતે માટીથી ઢાંકવાની રીત. **h. of landside.** હળ પરનો જમીનનો પાછલો ભાગ.

**hegira.** જુવારનો દાણો.

**heifer.** વાછરડાને જન્મ આપ્યો ન હોય તેવી ગોવંશી પ્રાણીની માદા.

**height of head.** ઝાડના જમીન પરના નિમ્નતમ ભાગથી તેની ટોચ સુધીના ભાગનું અંતર. (૨) ઝાડની ઊંચાઈ.

**Helianthus** *annuus* **L.** સૂર્યમુખી, સૂરજમુખી; મૂળ કેનેડાનું પણ અહીં શોભા માટે વાવવામાં આવતો છોડ, જેના બીમાંથી કાઢવામાં આવતું સૂરજમુખી તેલ રસોઈ અને દીવાબત્તીના ઉપયોગમાં લેવામાં આવે છે, ઉપરાંત તેની મદદથી સાબુ, વાર્નિશ અને રંગ બનાવવામાં આવે છે. **H.** *rigidus*. નાનો સૂર્યમુખીનો છોડ. **H.** *tuberosus*. **L.** અંગ્રેજીમાં જેને *Jerusalem artichoke* અને હિંદીમાં જેને હાથીચૂક કહે છે તેવો પ. બંગાળ, આસામ, મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ, અને આન્ધ્રપ્રદેશમાં થતો ખાદ્ય કંદનો છોડ, કંદમાંથી ઔદ્યોગિક આલ્કોહોલ બનાવવામાં આવે છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**helical.** સર્પિલ, કુંડલિત. **helicoid.** કુંડલિત રચના સંબંધી. **helix.** સર્પિલ. (૨) ગોકળગાય સમેતની પ્રજાતિ.

**Helichrysum** *bracteatum* **Andr.** અમરફૂલ નામનો મૂળ ઑસ્ટ્રેલિયાનો, અહીં શોભા માટે વાવવામાં આવતો છોડ.

**Helicteres** *isora* **L.** મરડાસિંગી જેનાં પાન અને કુમળી ડાળીઓનો ઉપયોગ મરડા તથા અતિસારમાં થાય છે.

**helio-.** સૂર્ય અર્થસૂચક પૂર્વગ.

**heliophyte.** પૂરેપૂરો સૂર્યનો પ્રકાશ સહન કરી શકનાર વનસ્પતિ. **heliosis.** વનસ્પતિનાં પાન પર સૂર્યનો પ્રકાશ કેન્દ્રિત રીતે પડવાથી તેનો રંગ ઊડી જાય કે તેના પર ડાઘ પડી જાય તેવો તેને થતા રોગનો એક પ્રકાર. **heliotherapy.** સૂર્યોપચાર, સૂર્યનાં કિરણો દ્વારા કરવામાં આવતી ચિકિત્સા. **heliotropism.** સૂર્યપ્રકાશ પ્રેરિત વનસ્પતિને થતો વળાંક. (૨) સૂર્યાનુવર્તન.

**Heliothis** *armigera* **Hubn** ચણામાં પડતી ઇયળ.

**heliotrope tree.** *Ehretia acuminata* **R. Br.** નામનું હિંદીમાં ગુઆલ નામે ઓળખાતું હિમાલય, ઓરિસા અને કાશ્મીરમાં થતું ખાદ્ય ફળનું ઝાડ.

**Heliotropium** *arborescens* **L.** સૂર્યગંધા નામનો મૂળ પેરુનો પણ અહીં શોભા માટે વાવવામાં આવતો છોડ. **H.** *indicum.* L. હાથી સૂંઢા. **H.** *marifolium.* ઝીણકુ હાથી સૂંઢ. **H.** *peruvianum* **L.** સૂર્યગંધા નામનો મૂળ પેરુનો છોડ. **H.** *ovalifolium.* વેલાળા હાથી સૂંઢા નામનો છોડ. **H.** *supinum.* ઘોડિયો ઓખરાડ નામનો છોડ.

**Hellula** *undalis.* **F. A.** કોબીને કોરનાર કીટ.

**helminth.** ગમે તે પરજીવી કૃમિ, જેમાં સૂત્રકૃમિ, અંકોડાકૃમિ, ગોળકૃમિ ઇ.નો સમાવેશ થાય છે. **helminthic.** કૃમિનું, કૃમિને લગતું. **helminthiosis.** શરીરમાં રહેતા પરજીવી કૃમિના કારણે થતો રોગ.

**Helminthosporium** *avenae.* ઓટના પાનને રોગ કરનાર કૃમિ. **H.** *blight.* ડાંગરને થતા રોગ માટે જવાબદાર કૃમિ. **H.** *frumentacei.* બાજરી – જુવાર જેવા ધાન્યના પાનમાં રોગકારી કૃમિ. **H.** *gramineum.* જવનો રોગકારી કૃમિ. **H.** *halodes.* નાળિયેરનો કૃમિ. **H.** *heveae.* રબરના ઝાડનું રોગકારી જંતુ. **H.** *leucostylum.* રાગી ધાન્યને રોગ કરનાર કૃમિ. **H.** *nodulosum.* રાગી ધાન્યનો કૃમિ. **H.** *oryzae.* ડાંગરના રોગનો કૃમિ. **H.** *sacchari.* શેરડીમાં પડતો કૃમિ. **H.** *sativum.* જવનો કૃમિ. **H.** *sigmoideum* var. *irregularae.* ડાંગરનો કૃમિ. **H.** *teres.* જવનો કૃમિ. **H.** *tetramera.* રાગીનો કૃમિ. **H.** *turcicum* મકાઈનો કૃમિ.

**Helopetis** *antonii* **WLK.** ચામાં પડતું જંતુ. **H.** *theivora.* ચામાં પડતું જંતુ.

**helophyte.** કળણમાં ઊગતી વનસ્પતિ.

**help cell.** સહાયક કોષ.

**hematin.** (**haematin**). કાર્બનિક લોહ સંયોજન, જે પ્રોટીનની સાથે સંયોજાઈ લોહીનું હીમોગ્લોબીન બનાવે છે. (૨) જુઓ *haematin.*

**hemeranthous.** દિવસ દરમિયાન પ્રફુલ્લિત બનતું – ખીલતું.

**Hemerocallis** *fulva* **L.** દિવસ દરમિયાન ખીલતો શોભાનો છોડ.

**hemi-.** અર્ધ અર્થસૂચક પૂર્વગ.

**hemi-cellulose.** રાસાયણિક રીતે સેલ્યુલોસની સાથે સંકળાયેલા ન હોય તેવા બહુ શર્કરા દ્રવ્યોમાંનું એક શર્કરા દ્રવ્ય, જે બીજપત્રની કોષ દીવાલ, ભ્રૂણપોષ અને કાષ્ઠીય પેશીના ઘટક તરીકે હોય છે અને જે વનસ્પતિ માટે સંઘરેલા કે અનામત ખોરાકની ગરજ સારે છે.

**Hemicryptophytes.** દીર્ઘાયુ ઘાસ કે અન્ય વનસ્પતિ, જેના પ્રરોહ, પ્રતિકૂળ ઋતુમાં જમીનની સપાટી પર મરી જાય



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે પરંતુ જે પ્રજનનક્ષમ અંકુરને જાળવી રાખે છે.

**hemicycle.** અર્ધચક્રીય.

**Hemidesmus** *indicus* **(L.) Schult.** સારસાપરિલા, અનંતમૂળ કાપૂરી ઇ. નામધારી દ. ભારતમાં થતો ક્ષુપ, જેનાં મૂળ ટૉનિક, અને મૂત્રલ છે.

**Hemileia** *vastrix* **Birk.** કૉફીના છોડને થતા ગેરુના રોગનો કીટ.

**hemiparasite.** અંશતઃ પરજીવી.

**hemiplegia.** અર્ધપક્ષાઘાત. (૨) અર્ધાંગ ઘાત – લકવો.

**hemiptera.** માંકણ, મલોમશી, કાળી માખી ઇ. જેવા લોહી ચૂસનાર જંતુઓનું કુળ.

**Hemp.** ગાંજો, ચરસ, ભાંગ. *Cannabis sativa* **L.** નામની મૂળ એશિયાની પણ અહીં ઉત્તર પ્રદેશ, પ. બંગાળ, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, તામીલનાડુ, ઓરિસામાં ઉગાડવામાં આવતી વનસ્પતિ, જેનાં માદા ફૂલો અને પાનમાંથી ચરસ નીકળે છે, જેથી નશો કરવામાં આવે છે; જેનાં નર અને માદા એમ બંને પ્રકારનાં ફૂલો અને સુકાયેલાં પાનની ભાંગ બને છે; જેના રેસામાંથી – શણમાંથી દોરડાં, સાદડીઓ ઇ. બનાવવામાં આવે છે અને જેનાં બીમાંથી કાઢવામાં આવતું તેલ સાબુ અને રંગ બનાવવા ઉપયોગી બને છે.

**Hemti.** મોતિહારી નામની પ. બંગાળમાં થતી ખાવાની તમાકુ.

**hen.** એક વર્ષની મરઘી. **h. battery.** મરઘીનાં સમૂહ અને હારમાં ગોઠવેલાં પાંજરાં, જેમાં પ્રાણી, ખોરાક, ઈંડાં અને ચરક દૂર કરવાની સગવડ હોય છે. **h.-day average.** ચોક્કસ સમય દરમિયાન સંખ્યાબંધ મરઘીઓએ મૂકેલાં ઈંડાંને તે સમયના દિવસોની સંખ્યાથી ભાગતા આવતી સરેરાશ; આ ગણતરી મહિના અનુસાર કરવામાં આવે છે, જે દ્વારા મળતી આવક વિશે અંદાજ કરી શકાય છે. **h.-house average.** ચોક્કસ સમય દરમિયાન સંખ્યાબંધ મરઘીઓએ મૂકેલાં ઈંડાને તે સમૂહની મરઘીઓની સંખ્યાથી ભાગતા મળતી સરેરાશ; આ ગણતરી વર્ષ અનુસાર કરવામાં આવે છે, જેથી વાર્ષિક આવકનો આંકડો મેળવી શકાય છે.

**henny.** મરઘી સદૃશ કૂકડો.

**henna.** હીના, મેંદી; *Egyptian privet, Egyptian henna, mignonette tree* વ. નામોથી ઓળખવામાં આવતી મેંદીનો *Lawsonia inermis* **L.** (*L. alba* **Lamk.**). નામનો મૂળ અરબસ્તાન અને ઈરાનનો છોડ, જે ભારતમાં બધે જ થાય છે, જેનાં લીલાં કે સુકાયેલાં પાનને વાટીને હાથે પગે મેંદી મૂકવામાં આવે છે, જેનો લાલ રંગ થાય છે. મેંદીનાં પાન ઘાસચારા માટે ઉપયોગમાં આવે છે અને તેનાં ફૂલો સૌંદર્યપ્રસાધનો બનાવવા ઉપયોગી બને છે.

**hepatic.** યકૃતનું, યકૃતને લગતું. **hepatic lobe.** યકૃતીય ખંડ, યકૃત ખંડ. **H. Necrosis.** પેશી મૃત્યુ નિપજાવનાર યકૃત દંડાણુના કારણે ઢોરને થતો એક રોગ, જે થવાનું કારણ રોગગ્રસ્ત પ્રાણી મરી જાય ત્યાર પછી જ જાણી શકાય છે, જેથી રોગ દરમિયાન નિદાન અને ઉપચાર કરી શકાતાં નથી. **hepatitis.** યકૃત કોપ, યકૃત પર આવતો સોજો, જે ચેપી રોગના કારણે થાય છે. (૨) કમળાનો એક પ્રકાર.

**heptachlor.** હેપ્ટાક્લોર; ક્લોરીનયુક્ત હાઈડ્રોકાર્બન, 1, 4, 5, 6, 7, 8, 8—હેપ્ટાક્લોરો 3a,4,5, 5a–ટેટ્રાહાઈડ્રો–4, 7–એન્ડો – થાનોઈન્ડેનનું રાસાયણિક સંયોજન; જેમાં BHC (બેન્ઝીન હેક્ઝાક્લોરાઈડ) કરતાં વધારે વિષાક્તતા છે અને તે જઠર અને સંપર્ક વિષની ગરજ સારે છે અને તે જલદ્રાવ્ય ભૂકારૂપે કે પાયસ તરીકે મળે છે અને તેનો ઉપયોગ તીડ, તીતીઘોડા, થ્રિપ, હાલપક્ષ જંતુઓ, ઈયળ, સફેદ ઊધઈ જેવાં જંતુઓની સામે કરવામાં આવે છે, આ ઉપરાંત પણ તે ઊધઈ અને કૃંતકવર્ગનાં કૃમિઓની સામે પણ કારગત નીવડે છે.

**herb.** છોડ, છોડવો; શાકીય વનસ્પતિ, સપુષ્પ વનસ્પતિ; જેના પ્રકાંડમાં કાષ્ઠીય

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પેશી હોતી નથી અને જે ફળ અને ફૂલ પાકતા નાશ પામે છે, જેનું મૂળ વર્ષાયુ, દ્વિ – વર્ષાયુ કે દીર્ઘાયુ હોય છે પણ તેનો ઉપરનો ભાગ વર્ષાયુ જ હોય છે. (૨) કેટલીક વનસ્પતિ સૌરભિક – સુવાસિત અને ઔષધીય ગુણ ધરાવતી ભેષજ્ય કે જડી-બુટ્ટી હોય છે. **h. of grace.** સદાબ; *Ruta graveolens.* **L.** નામની નાની દીર્ઘાયુ વનસ્પતિ, જેનાં પાન તીવ્ર સુવાસ ધરાવે છે અને જે મસાલા તરીકે ઉપયોગમાં આવે છે, અને જેનાં બી વાવીને કે છેદ દ્વારા ઉગાડી શકાય છે. **herbaceous.** કાષ્ઠીય સંરચના વિહોણી – શાકીય (વનસ્પતિ). **herbage.** સામૂહિક રીતે શાકીય વનસ્પતિ (ખાસ કરીને પ્રાણી ખોરાક તરીકે તેના મૂલ્ય સંબંધી). (૨) તૃ–કાષ્ઠીય વનસ્પતિ. **herbarium** (એ.વ.) (**herbaria** (બ.વ.). વનસ્પતિ સંગ્રહાલય, ઉદ્ભિજ્જાલય. વાનસ્પત્યમ્. **h. sheet.** ઉદ્ભિજ્જાલય પત્ર, વાનસ્પત્યમ્ પત્ર, જેની ઉપર વનસ્પતિનાં નમૂના, તેનાં નામ, જાતિ, પ્રજાતિ, કુળ સમેત અનેક પ્રકારની વિગતો સાથે નોંધ ચોંટાડવામાં આવે છે અને જેનો ઉપયોગ વનસ્પતિ વિજ્ઞાનના અભ્યાસ અને આંતરરાષ્ટ્રીય વ્યવહાર માટે થાય છે. **herbicidal.** શાકીય વનસ્પતિઓનો નાશ કરનારાં (દ્રવ્યો). **herbicide.** શાકીય વનસ્પતિનો નાશ કરનાર દ્રવ્ય. **herbivore.** શાકીય વનસ્પત્યાહારી. **herbivorous.** શાકીય વનસ્પતિભક્ષી, તૃણભક્ષી.

**herd.** ઢોર, ઘેટાં, ડુક્કર જેવાં પ્રાણીઓનો સમૂહ – ધણ. **h. book.** જાણીતા પિતૃત્વ તથા વિવિધ સમૂહનાં પશુઓનું પત્રક, જેમાં દૂધાળાં પ્રાણીની નોંધ રાખવામાં આવે છે અને જે પરથી ટકાવારી અને ગુણવત્તા જાણી શકાય છે. **h. improvement test.** સમગ્ર વર્ષ માટે સમસ્ત ધણની પેદાશની નોંધ દ્વારા તેની કસોટીની નોંધ રાખવામાં આવે છે. **h. test.** સમસ્ત દુધાળાં ઢોરની દૂધની પેદાશની કરવામાં આવતી પરીક્ષા.

**hereditable.** વંશાનુગત, આનુવંશિક. (૨) વારસામાં આપી શકાય તેવું. **hereditary.** વંશાનુગત, આનુવંશિક, પેઢી દર પેઢી અતૂટ ઊતરી આવેલું. (૨) જનિનીય તંત્ર દ્વારા નિયંત્રિત વ્યવસ્થા, જેમાં પેઢી દર પેઢી ગુણધર્મો ઊતરી આવે છે. **h. causes.** ચોક્કસ ગુણધર્મનો વિકાસ અથવા આવિષ્કારનું નિયંત્રણ કરનાર જનિનીય કારકો – કારણો. **heredity.** આનુવંશિકતા. (૨) પિતૃથી સંતતિ તરફ ચોક્કસ લક્ષણો લઈ જતું તંત્ર. **heretability.** એક પેઢી પરથી બીજી પેઢી તરફ ગુણધર્મો, લક્ષણો વહન કરવાની ક્ષમતા. **heretable.** પિતૃ તરફથી સંતતિ તરફ લઈ જઈ શકાય તે, આનુવંશિકતાક્ષમતા વારસામાં મેળવી શકાય તેવું.

**Heritiera** *fomes* **Buch.Ham.** (Syn. *H. minor* **Roxb.**). સુંદરી નામનું નાનું અથવા મધ્યમ કદનું સદાહરિત ઝાડ, જે સુંદરવન અને કલકત્તામાં ઉગાડવામાં આવે છે, જેનું કાષ્ઠ હોડીઓ, ફર્નિચર, પાટિયાં, થાંભલા અને પાટડાં બનાવવા તથા બળતણ તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે. **H.** *littoralis* **Dry.** સુંદરી.

**hermaphrodism.** ઉભયલિંગતા. (૨( એક જ વ્યક્તિમાં નર અને માદા એમ બંને જાતિનાં જનનાંગો હોય અને એક કે બંનેની બાહ્ય અને આંતરિક પ્રજનન સંરચના હોય. **hermaphrodite.** નર અને માદા એમ બંનેના જનનાંગો ધરાવતી વ્યક્તિ.

**hermetic.** સંલયન દ્વારા હવાચુસ્ત બંધ. **hermetically sealed.** હવાચુસ્ત બંધ (પાત્ર).

**hernia.** સારણગાંઠ; ઉદરના કુદરતી વિવરમાંથી કોઈ અંગનું ખસી જવું.

**heroin.** હેરોઈન નામનો દર્દશામક અને માદક પદાર્થ.

**Herpestis** *monnieria* (**L.**) **H.B.** **& K.** (Syn *Bacopa monnieri* (**L.**) **Pennell.** બામબ્રાહ્મી, જલનેવરી નામની એક વનસ્પતિ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**Herse** *convolvuli.* શક્કરિયામાં પડતી ઈયળ.

**hespiridium.** અધિ આવરણ અને મધ્યાવરણ, એમ બંને જોડાયેલાં હોય તેવું ઉચ્ચ કોટિનું, ઘણા કોષવાળું, ઓછાં બી વાળું સંતરા પ્રકારનું અસ્ફોટી ફળ.

**hessian.** શણિયું; ઊંચા પ્રકારનાં સફેદ શણનું વણેલું કાપડ, જેનો ઉપયોગ કોઈ પદાર્થને વિંટાળવા માટે કરવામાં આવે છે.

**Heterakis** *gallinae.* મરઘાનાં બચ્ચાંના કોષ્ઠમાં રહેતા કૃમિનો એક પ્રકાર.

**hetero-.** વિષમ અર્થ સૂચક પૂર્વંગ.

**heteroantagonistic.** ઈતર વિરોધી.

**heterocarpus.** એક કરતાં વધારે પ્રકારનાં ફળ પેદા કરનાર.

**heterocellular.** વિભિન્ન કોષીય.

**heterochlamydeous.** વિભિન્ન દળવાળું.

**heterochromosome.** વિષમ રંગસૂત્ર.

**heterochromous.** વિભિન્ન રંગવાળું.

**heterocytotropic** વિવિધ કોષાનુવર્તી.

**Heterodera** *rostochiensis.* સોનેરી કાર્પ માછલી.

**Heterodoxus** *spiniger.* કરડતી જૂ.

**heteroecious.** ભિન્નાશ્રયી, એક કરતાં વધારે પોષદ સજીવો પર પોતાનું જીવનચક્ર ચલાવતું (પરજીવી). (૨) એક પ્રકારની વનસ્પતિ પર રહી, ભિન્ન પ્રકારની વનસ્પતિ પર ઊગી નીકળે તેવા બીજાણુ પેદા કરતી (ફૂગ).

**heterofermentation.** વિષમ આથવણ.

**heterogametes.** વિભિન્નજન્યુઓ, વિભિન્નજનન કોષો, જન્યુઓ. **heterogamous.** વિભિન્ન જાતીય. (૨) એક જ પુષ્પોદ્દભવમાં બે કે તેથી વધારે જાતનાં પુષ્પો પેદા કરનાર, જે ઘણીવાર એક લિંગીય પરિસરીય સમૂહ અને સંપૂર્ણ કેન્દ્રસ્થ સમૂહ હોય. **heterogamy.** વિભિન્ન જન્યુતા, વિવિધલિંગી પુષ્પતા.

**heterogen.** વનસ્પતિ કે પ્રાણીના સંકરદ્વારા, ઉત્પરિવર્તનદ્વારા થતો સમૂહ

**heterogeneity.** વિજાતીય ગુણ કે પરિસ્થિતિ. **heterogeneous.** વિષમાંગ, વિષમરૂપ, મિશ્રજાતીય, વિષમગુણધર્મો કે લક્ષણો ધરાવતું. **h. data.** વિષમપ્રકારની આધાર સામગ્રી. **h. form.** વિષમરૂપ.

**heterogenesis.** એક જ પ્રકારના પિતૃઓ સિવાયની રીતે સજીવનો થતો જન્મ; વિષમોદ્દભવ.

**heteromorphic.** વિષમરૂપી. **heteromorphism.** વિષમરૂપતા.

**heteronomous.** વૃદ્ધિના વિવિધ નિયમોને અધીન.

**heterophase.** ભિન્ન પ્રભાવી.

**heterophile antibody.** વિષમરાગી પ્રતિપિંડ. (૨) સૂક્ષ્મ સજીવો અથવા રોગોની અસંબંધિત જાતિઓની સામે સંપૂર્ણપણે પ્રતિક્રિયા કરતા પ્રતિપિંડો. **h. antigen.** વિષમરાગી પ્રતિજન; અસંબંધિત જાતિદ્વારા ઉત્તેજિત થતા પ્રતિપિંડોની સામે પ્રતિક્રિયા કરતા પ્રતિજનો.

**Heterophragma** *quadriloculare* (**Roxb.**) **K. Schum.** વાઈપર સર્પદંશ પર ઔષધની ગરજ સારતી મૂળધારી વનસ્પતિ.

**heterophyllous.** વિભિન્નપર્ણી, એક જ છોડપર થતાં જુદા જુદા આકારનાં પર્ણોવાળું. **heterophylly.** વિભિન્નપર્ણી, એક જ છોડ પર થતાં જુદા જુદા આકારનાં પર્ણોવાળું.

**heteroploid.** વિષમ સંખ્યક, વિષમગ્રીય. (૨) સત્ય એકગ્રીય (એક સંખ્યક) અથવા દ્વિગ્રીય (દ્વિસંખ્યક) સંખ્યાવાળાં રંગસૂત્રો ધરાવતો સત્વ. **heteroploidy.** વિષધરસૂત્રતા, વિષમગ્રીયતા.

**heteropnuestes** *fossilis.* સામાન્ય કેટ નામની માછલી.

**Heteropogon** *contortus.* (**L.**) **Beauv. ex Roem et. Schult.** (Syn. *Andropogon contortus* **L.**). અંગ્રેજીમાં *Speargrass* અને હિંદીમાં

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તરીકે ઓળખાતું દીર્ઘાયુ ઘાસ, જે ચારા તરીકે અને ચટાઈ બનાવવા ઉપયોગમાં આવે છે. ઉપરાંત જમીનના સંરક્ષણ તથા કાગળ અને પૂઠાં બનાવવા ઉપયોગી બને છે.

**Heteroptera.** માકણ જેવાં જંતુઓની શ્રેણી.

**heterosis.** સંકર જોમ.

**heterosomal factor.** વિષમસૂત્ર-કારક.

**heterosporous.** વિભિન્ન બીજાણુક, અસમબીજાણુક. **heterospory.** વિભિન્ન – અસમબીજાણુકતા.

**heterostyly.** વિભિન્ન પરાગવાહિની અંગેનું. (૨) એકજ જાતિનાં પુષ્પોમાં જુદી જુદી લંબાઈ ધરાવતી પરાગવાહિની અંગેનું.

**heterothallus.** વિષમસૂકાય. **heterothallium.** વિષમસૂકાયતા. **heterothallism.** અમુક ફૂગમાં એવા પ્રકારની સ્થિતિ હોય કે એક છોડનાં જન્યુ બીજા છોડના જન્યુની સાથે યુગ્મિત થાય.

**heterotic vigour.** સંકર જોમ.

**heterotroph.** અન્ય કાર્બનિક દ્રવ્યમાંથી પોતાનું પોષણ મેળવનાર વનસ્પતિ. **heterotrophic.** વિષમ પોષક (પરજીવી), પર પોષિત (પરજીવી.)(૨)કાર્બનિક માધ્યમની હાજરીમાં વૃદ્ધિ પામવાની ક્ષમતા ધરાવનાર. (૩) કાર્બનિક કાર્બન સંયોજનના વિઘટનથી જીવન પ્રક્રિયા માટે શક્તિ મેળવવાની ક્ષમતા ધરાવનાર. (૪) કોષ સંશ્લેષણમાટે એકમાત્ર કાર્બનસ્રોત તરીકે કાર્બનડાયોક્સાઇડનો ઉપયોગ કરવાને અસમર્થ. **h. bacteria.** પરપોષિત જીવાણુ, પરાવલંબી જીવાણુ. (૨) જમીનમાંના મોટાભાગના જીવાણુઓ, જે તેમના શક્તિ-સ્રોત માટે કાર્બનિક દ્રવ્યો પર આધાર રાખે છે અને સેલ્યુલોઝ અને અન્ય શર્કરા દ્રવ્યો, પ્રોટીન, ચરબી અને મીણના વિઘટનની સાથે સંબંધ ધરાવે છે. વનસ્પતિને ઉપલબ્ધ બની શકે તેવા સ્વરૂપમાં નાઇટ્રોજન, ફોસ્ફરસ અને અન્ય પોષક દ્રવ્યોને મુક્ત કરે છે. આ સૌ જીવાણુઓમાં નાઇટ્રોજનના સ્થિરીકરણમાં સંકળાયેલા જીવાણુઓ મુખ્ય હોય છે. **h. organisms.** પોતાની શક્તિ માટેની જરૂર માટે કાર્બનિક દ્રવ્યમાં રહેલા શર્કરા દ્રવ્યોનો ઉપયોગ કરતા સજીવો.

**heterotypic.** વિભિન્નરૂપી.

**heteroxenous.** બહુપોષક. **h. parasite.** પોતાના સંપૂર્ણ વિકાસ માટે ઘણા અથવા વિભિન્ન યજમાનોની આવશ્યકતા ધરાવતા પરજીવીઓ.

**heterozygote.** વિષમ યુગ્મક, વિષમ ફલિતાંડ. (૨) વિષમ લક્ષણો ધરાવતા પિતૃઓને જનિનના લિંગી યુગ્મનની પેદાશ. **heterozygous.** વિષમ યુગ્મી. (૨) પ્રભાવી અને અપ્રભાવી પ્રકારના એક એક જનિનની બનેલી જનિનની જોડ ધરાવતી (પરિસ્થિતિ, ઘટના).

**Heterusia** *cingala* **Moore.** ચાના છોડ પર થતી ઈયળ. *H. magnifica.* ચાના છોડ પર થતી ઈયળ.

**H.E.T.P.** હેક્ઝાઇથિલ ટેટ્રાફોસ્ફેટ નામનું મલોમશી, થ્રિપ, ભીંડગાંવાળાં જંતુઓ, ચૂસકો અને ઈતડી પર નિયંત્રણ લાવનાર કાર્બનિક ફોસ્ફરસ સંયોજન, જે ભૂકારૂપે જલવિશ્લેષણથી પાણીની હાજરીમાં તેની લાક્ષણિકતા ગુમાવે છે. સસ્તન પ્રાણીઓ માટે આ દ્રવ્ય વિષમય છે.

**Hevea** *brasiliensis* (**H. B. &. K.**) **Müell.—Arg.** પેરા રબર, હીવિયા રબર નામનું મૂળ બ્રાઝિલનું પણ અહીં કેરળ, તામીલનાડુ, કર્ણાટક અને ઈશાન આસામમાં થતું ઊંચુ ઝાડ; જેની છાલમાંથી મળતા આક્ષીર–લેટેક્સનો ઉપયોગ રબર બનાવવા માટે થાય છે. આ પ્રમાણે બનાવેલું રબર ટાયરો, ટયૂબો, વોટરપ્રૂફ કપડાં અને અનેકવિધ વીજળીનાં સાધનો બનાવવાના કામમાં આવે છે. **H. rubber.** હીવિયા રબર.

**hexa—.** ,ષટ્, ષડ્ છ અર્થસૂચક પૂર્વગ.

**hexachloride of benzene.** બેન્ઝીન હેક્ઝાક્લોરાઇડ.

**hexachlorophene.** જંતુઘ્ન તરીકે ઉપયોગમાં આવતું એક રાસાયણિક સંયોજન

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**hexagonal system of planting.** વાવણીની ષટ્કોણીય પદ્ધતિ નામની બગીચામાં ફળઝાડ વાવવાની એક પદ્ધતિ; જેમાં સમભુજ ત્રિકોણના પ્રત્યેક ખૂણામાં ફળઝાડ વાવવામાં આવે છે, જેથી છ ઝાડનો ષટ્કોણ બને છે અને સાતમું ઝાડ વચમાં વાવવામાં આવે છે. પુષ્કળ પાણી ધરાવતી, ફળદ્રૂપ અને મોંઘી જમીનમાં આ પદ્ધતિ ફાયદાકારક બને છે. પ્રત્યેક ઝાડ અન્ય ઝાડથી એક સરખા અંતર પર રહે છે. ઝાડ વાવવાની ચોરસ પદ્ધતિ કરતાં આ પદ્ધતિમાં 15 ટકા વધારે ઝાડ વાવી શકાય છે.

**hexamerous.** ષડવયવી, છ અંગો ધરાવતું.

**hexaploid.** છ રંગસૂત્રોનું (કેન્દ્ર). (૨) ષડ્ગુણિત.

**hexonic acid.** જુઓ *caproic acid.*

**hexose.** એક શર્કરા; સૂત્ર $C_6H_{12}O_6$, જેમાં ડેક્સ્ટ્રોઝ, લેવ્યુલોઝ, ગેલેક્ટોઝ અને મેનોઝનો સમાવેશ થાય છે.

**hibernate.** શીત સમાધિમાં જવું, શીત સમાધિમાં પડવું; શીત નિદ્રા લેવી.

**hiberanation.** શીત સમાધિ, હિમશયન, શિયાળાની સુષુપ્તાવસ્થા.

**Hibiscus** *abelmoschus.* **L.** ભીંડી ભીંડો. જુઓ *musk melon.* ગરમ પ્રદેશનો છોડ, જેના રેસાનું કાપડ બનાવવામાં આવે છે; બીના તેલમાંથી સુગંધી દ્રવ્યો બનાવવામાં આવે છે અને જે દક્ખણ અને કર્ણાટકમાં થાય છે. **H.** *cannabinus.* **L.** અંબાડી, ભીંડી. પ. બંગાળ, આન્ધ્રપ્રદેશ, આસામ, બિહાર અને પંજાબમાં થતો છોડ, જેના પ્રકાંડના રેસાનાં દોરડાં, કાગળનો માવો બને છે અને બીનું તેલ ખાવાના કામમાં આવે છે. **H.** *collinus* **Roxb.** શોભા માટે ઉગાડવામાં આવતું નાનું ઝાડ. **H.** *esculentus* **L.** ભીંડા; મૂળ આફ્રિકાનો પણ ભારતભરમાં થતો છોડ, જેનાં ફળ એટલે ભીંડાનું શાક બનાવવામાં આવે છે અને પ્રકાંડના રેસા બનાવવામાં આવે છે. **H.** *ficulneus* **L.** (Syn. *Abelmoschus ficulneus* (**L.**) **Wight & Arn.**). રણભીંડી; પંજાબ, પ. બંગાળ અને દ. ભારતમાં થતો છોડ, જેના લીલા પ્રકાંડમાંથી આવતા શ્લેષ્મીય રસનો ખાંડ સાફ કરવા માટે ઉપયોગ થાય છે અને બી સુવાસ આપવા ઉપયોગમાં આવે છે. **H.** *furcatus* **Roxb.** આસામ, નાગપુર, ઓરિસા, આન્ધ્રપ્રદેશ, પ. બંગાળ અને કર્ણાટકમાં થતો ખાદ્ય પાનનો છોડ, જેના રેસાનાં દોરડાં બનાવવામાં આવે છે. **H.** *lampas* **Cav.** વનકપાસ: ઊંચો છોડ જેના પ્રકાંડના રેસાનાં દોરડાં બનાવવામાં આવે છે. **H.** *macrophyllus* **Roxb.** પ. બંગાળ અને પૂર્વ દ્વીપકલ્પીય વિસ્તારમાં થતો નાનો ક્ષુપ, જેના પ્રકાંડના રેસામાંથી દોરડાં બનાવવામાં આવે છે. **H.** *manihot.* વગડાઉ ભીંડી, શણભીંડી, જેના રેસામાંથી વિંટાળવાનું કાપડ બનાવવામાં આવે છે અને જે પ. બંગાળ, પશ્ચિમઘાટ. દ. કાનડા અને કેરળમાં જોવામાં આવે છે. **H.** *micranthus* ચીકણો ભીંડો. **H.** *mutabilis* **L.** ગુલિયા જૈબ નામનો મૂળ ચીનનો ક્ષુપ, જેની છાલના રેસાનાં દોરડાં બનાવવામાં આવે છે. **H.** *rosa-sinensis* **L.** ગુલર, શોભાનો છોડ, જેના પાનમાંથી બૂટ પોલિશમાં કામ લાગે તેવો રંગ મળે છે. **H.** *sabdariffa* **L.** ફુંછ, પટવા નામનો મૂળ વેસ્ટ ઈન્ડિઝનો પણ અહીં આન્ધ્રપ્રદેશ, બિહાર, પંજાબ, આસામ અને તામીલનાડુમાં થતો છોડ, જેના પ્રકાંડના રેસાનાં દોરડાં બનાવવામાં આવે છે. **H.** *schizopetalus* (**Mast.**) **Hook. f.** (Syn. **H.** *rosa-inensis* **L.** var. *schizopetalus* **Mast.**). મૂળ પૂર્વ આફ્રિકાનો પણ અહીં તેનાં લાલ ફૂલ માટે શોભા તરીકે ઉગાડવામાં આવતો છોડ. **H.** *surattensis* **L.** રણભીંડી; પ. બંગાળમાં ઉગાડવામાં આવતો ખાદ્ય પાનનો છોડ, જેના રેસા જાડું કાપડ અને દોરડાં બનાવવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે. **H.** *syriacus* **L.** શ્વેત જવ; મૂળ જાપાનનો પણ અહીં તેના ખાદ્ય ફૂલો માટે વાવવામાં આવતો છોડ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**H.** *tiliaceus* **L.** (Syn. *Paritium tilaceum* **St. Hil.**). ચેલવા નામનો સુંદરવન અને દક્ષિણભારતમાં થતો છોડ, જેની છાલના રેસાનાં દોરડાં બનાવવામાં આવે છે. **H.** *vitifolius* **L.** વનકપાસ નામનો ઉત્તર ભારત અને મધ્ય પ્રદેશમાં થતા મજબૂત રેસાનો છોડ.

**hidden hunger.** જમીન કે ખોરાકમાં કેટલાંક જરૂરી દ્રવ્યોની ઊણપની પરિસ્થિતિથી થતી વનસ્પતિ અને પ્રાણીની અવસ્થા, જે કોઈ બાહ્ય લક્ષણોથી પારખી શકાતી નથી; જેને ઊણપના રોગ તરીકે ઓળખવામાં આવે છે.

**hide.** પ્રાણીનું, ખાસ કરીને ઢોર, ઘોડા, ઘેટાં, બકરાંનું કેળવ્યા વિનાનું કે કેળવેલું ચામડું. **h. bound.** શરીરની સાથે ચામડી ચોંટી ગયેલી હોય તેવું (પ્રાણી). **h. curing.** ચામડું કોહવાઈ જાય નહિ અને તેને સાચવીને રાખી શકાય કે બીજે મોકલી શકાય તે માટે તેની કરવામાં આવતી સૂકવણીની માવજત, જેમાં મુખ્યત્વે ચાર પદ્ધતિ છે; તે ભેજવાળું હોય ત્યારે તેને મીઠું અપાય છે, સૂકવણી કરી મીઠાની પ્રક્રિયા કરવામાં આવે છે અને હવામાં ખુલ્લું સૂકવવામાં આવે છે.

**Hieroglyphus** *banian.* ડાંગરનો તીતીઘોડો. **H.** *nigrorepletens.* મકાઈ અને જુવાર – બાજરીનું જંતુ.

**high** ઊંચું. **h. blood pressure.** લોહીનું ઊંચું દબાણ. **h. count.** ઊંચા પ્રકારનું જીવાણુ ચેપ ધરાવતું (દૂધ). **h. grade.** મિશ્ર ઓલાદનું પ્રાણી, જેમાં શુદ્ધ ઓલાદનું લોહી પ્રબળ હોય છે. (૨) મધ્ય કરતાં ઊંચી કોટિનું રૂ. (૩) વનસ્પતિ માટેના ઊંચા પ્રકારના ખોરાકી દ્રવ્યવાળું ખાતર. **h. grading.** ઉત્તમ પ્રકારના ઝાડને અન્ય ઝાડના જથમાંથી અલગ કરવું. **h. pressure high volume sprayer.** ઊંચાં અને ગાઢ રીતે ઊગેલાં ઝાડ કે પાક પર છંટકાવ કરનાર સાધન, જેની ટાંકી મોટી હોય છે અને ઊંચા દબાણે વધારે પ્રમાણમાં છંટકાવ કરી શકાય છે, જેથી દિવસમાં 20 એકર જેટલી ભૂમિના પાકને આવરી શકાય છે. **h. temperature short time pasteurization.** ઊંચા ઉષ્ણતામાને ટૂંકા સમયમાં પાશ્ચરીકરણ કરવાની પ્રક્રિયા. **h. volume spraying.** એકર દીઠ લગભગ 60 ગેલન છંટકાવ કરવાની પદ્ધતિ, જેમાં પાન ઉપર મોટાં ટીપાંનું આવરણ થઈ દ્રાવણ બાદ, જમીન પર ટપકયા કરે છે.

**highly evolved.** અતિ ઉત્ક્રાંત.

**hill.** નાનો ડુંગર, ટેકરી. (૨) ઢગલો, ટીંબો. (૩) આસપાસની જમીનથી સહેજ ઊંચો કરવામાં આવેલો ઢગલો, કિનાર ઇ. **h. banana.** તામીલનાડુ અને કર્ણાટકના ડુંગરાળ ઢાળ પર થતાં કેળાં, જેનો માવો સફેદ, માખણ જેવો અને સહેજ ખાટો હોય છે અને તેની છાલ જાડી હોય છે. **h. bunt.** *Tilletia foetida* **(Wallr) Liro.** અને *T. ceries* **(DC.) Tul.**થી ઘઉંને થતો રોગ. **h. coconut.** જંગલી બદામ; ખાદ્ય બીવાળું દ. ભારતનું એક ઝાડ. *Stercularia foetida* **L. h. frost.** તુષાર. **h. gooseberry.** જુઓ *hill guava.* **h. guava.** *Rhodomyrtus tomentosa* **Wight.** નામનું દક્ષિણ ભારતના ડુંગરાળ વિસ્તારનું ઝાડ, જેનાં ફળ ખાદ્ય છે, અને છાલથી ચામડાં કમાવવામાં આવે છે. **h. lemon.** પહાડી લીંબુ. **h. mango.** *Commiphora caudata* **(Wight & Arn.) Engl.** (*Balsamodendron caudatum* **Wight & Arn.**). આન્ધ્ર પ્રદેશ, તામીલનાડુ, કર્ણાટક અને કેરળમાં થતું એક ઝાડ, જેની છાલમાંથી મળતો ગુંદર ઔષધ તરીકે અને ધૂપ માટે ઉપયોગમાં આવે છે, ફળ ખાદ્ય છે, અને તેનો મુરબ્બો બનાવવામાં આવે છે. **h. system.** સ્ટ્રોબેરી, રાસ્પબેરી અને નાનાં ફળઝાડને વાવવાની એક પદ્ધતિ, જેમાં છોડને હારમાં છૂટા છૂટા વાવવામાં આવે છે. **h. type cattle.** નાનાં સફેદ ટપકાંવાળાં, કાળા અણિયાળાં શીંગડાંવાળાં

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રાણી. **hilling.** ટેકરી બનાવવી. **hilly climate.** પર્વતીય આબોહવા

**Hillawi.** ઈરાકમાં થતા ખજૂરનો એક પ્રકાર.

**hilograss.** *Paspalum conjugatum* **Berg.** તૃણકુળનો ઘાસચારો.

**hilium** બીજનાભિ, નાભિ. (૨) કાંજીના કણોનું આંગિક કેન્દ્ર. (૩) વૃંતથી અલગ પડે ત્યાં બીજના કવચ પરનું ક્ષત ચિહ્ન. (૪) બીજની આંખ. (૫) વાહિની ચેતા ઇ. પ્રવેશે ત્યાં નાનકડું દ્વારક.

**Himalayan.** હિમાલયનું. **H. bamboo.** *Arundinaria falcata* **Nees.** (*Bambusa falcata* **Hort.**). તૃણકુળનું હિમાલય, અને સિક્કિમમાં થતું વાંસનું ઝાડ, જેના પ્રકાંડના ટોપલા ટોપલીઓ, તીર અને ઘરનાં છાપરાં બને છે. **H. black cedar.** *Kunis, saroli, Alnus nitida* **Endl.** કુનિસ, સરોલી નામનું હિમાલય અને પંજાબમાં થતું એક ઝાડ, જેના કાષ્ઠની દીવાસળી બનાવવામાં આવે છે અને છાલ ચામડાં કમાવવા માટે ઉપયોગી બને છે. **H. Region.** હિમાલયનો વિસ્તાર, જેમાં ભુતાન, નેપાળ, કુમાઉ, ગઢવાલ, સિમલા, કાંગરા, કુલુ, જમ્મુ અને કાશ્મીરનો સમાવેશ થાય છે અને જ્યાં ઘેટાં–બકરાંને ઉછેરી ઊન ઉત્પન્ન કરવામાં આવે છે, જેનાં ઘેટાંનું ઊન સફેદ હોય છે. ઘેટાં ઉછેર એ આ પ્રદેશનો મુખ્ય વ્યવસાય છે. **H. yellow raspberry.** *Rubus ellipticus* **Smith.** નામનો પ. હિમાલય, દ. ભારત, પશ્ચિમઘાટ, અને ખાસી ટેકરીઓનો ખાદ્ય ફળનો ક્ષુપ. **H. rhuburb.** *Rheum emodi* **Wall.** નામનો પર્વતીય હિમાલયનો છોડ, જેનાં મૂળ અને કંદમાંથી જુલાબ માટેની ઔષધિ મળે છે, જે ટોનિક અને રેચક પણ છે.

**hind.** હરણી. (૨) પાછલી તરફનું, પાછલું, પશ્ચ. **h. leg.** ચોપગાપ્રાણીનો પાછલો પગ. **h. left quarter.** પાછલું વામ ચતુર્થક, પાછલું ડાબી તરફનું આરમાંનું એક અંગ. **h. limb.** પાછલું અંગ. **h. quarter.** ચોપગા પ્રાણીની 13મી પાંસળીની પાછળ શરૂ થતા પાછલા ચોથા ભાગનું કોઈ એક અંગ. પાછલું ધડ. **h. quarter udder.** પાછલું આરમાંનું એક આંચળ. **h. right quarter.** પાછલું જમણી તરફનું ચતુર્થક, પાછલું જમણી તરફનું પડ.

**hing.** હિંગ.

**hinny.** ટટ્ટૂની સાથે ગધેડીના સંકરથી થતું પ્રાણી.

**hip.** (૧) શ્રોણિ. (૨) ચોપગા પ્રાણીને કટિ અને જાનુ અસ્થિનો ઉપલો ભાગ. (૩) ચોપગા પ્રાણીનો પાછલો પગ કટિને સ્પર્શે તે પાછલો ચતુર્થ ભાગ. (૪) માવાદાર પોલું ફળ. **h.— joint.** શ્રોણિ સંધિ; કટિમેખળા અને ઉર્વસ્થિને જોડતો સાંધો.

**Hippobasca.** *capensis.* જુઓ *tick-fly.* **H.** *masculata.* જુઓ *tick fly.*

**Hippophae** *rhamnoides* **L.** ધૂરચૂક નામનો ક્ષુપ કે છોડ, જેનાં ફળ ખાદ્ય છે અને જે હિમાલયમાં થાય છે. **H.** *salicifolia* **D. Don.** હિમાલયમાં થતું નાનું પાનખર ઝાડ, જેની છાલ, કેન્સરના દર્દમાં ઔષધિ તરીકે ઉપયોગી નીવડવાની સંભાવના છે.

**Hiptage** *benghalensis* (**L.**) **Kurz.** (Syn. *H. madablota* **Gaertn.**). મધુમાલતી, માધવીલતા; બગીચામાં ઉગાડવામાં આવતી સુંદર ફૂલોની વેલ.

**hirankuri.** ખેતરની જમીનને જકડી રાખનાર વનસ્પતિ.

**hiran padi.** ખેતરની જમીનને જકડી રાખનાર વનસ્પતિ.

**hirsute.** કડક રોમિલ આવરણવાળું; રોમિલ પીંછાથી આવરિત.

**hirudinea.** જળો.

**hisalu.** જુઓ *Himalayan yellow rasberry.*

**Hispa** *armigera.* ડાંગરનો કીટ.

**hispid.** કડકવાળ, શૂળ કે કંટકવાળું.

**Hissar.** હરિયાણાના હિસાર અને

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



*હંસીનું કાંકરેજ અને હરિયાણા ઓલાદની વચ્ચેનું ભારવાહી પ્રાણી*

**histamine.** કાર્બન, હાઈડ્રોજન અને નાઈટ્રોજનનું બનેલું અફકલી પ્રકારનું રાસાયણિક સંયોજન, હિસ્ટડીન નામના એમિનો એસિડથી પ્રાણી શરીરમાં દાખલ થાય છે, જે લોહીમાં દબાણ થતા લોહીનું દબાણ ઓછું થાય છે.

**histo-.** પેશી, ઊતિ અર્થસૂચકપૂર્વગ.

**histogen.** પેશીજન. **h. concept.** આંગિક પેશીનું ઉત્પાદન. **histogeny.** પેશી ઉત્પત્તિ. **histological differentiation.** પેશીવિષયક વિભિન્નતા. **histology.** પેશીવિજ્ઞાન.(૨) પ્રાણી અને વનસ્પતિની રચનાની વિગતોના અભ્યાસનું શાસ્ત્ર. **histolysis.** પેશી વિશ્લેષણ. **histopathologic.** અસાધારણ અથવા રોગગ્રસ્ત પેશીના છેદની સૂક્ષ્મદર્શક પરીક્ષામાં દૈહિક સંરચનામાં થતું (પરિવર્તન).

**histones.** સરળ પ્રોટીનનો સમૂહ, જે અપક્વ શુક્રકોષમાં જોવા મળે છે.

**hitch.** કામચલાઉ બાંધવાના ઉપયોગમાં લેવામાં આવતાં અંકોડા, દોરડાંની ગાંઠ કે ગાળો. (૨) ઓજાર કે યંત્રને ઊર્જાના સ્રોતની સાથે જોડનાર, જેમ કે ટ્રેક્ટર અને પ્રાણીની જોડ. (૩) ખૂંટાની સાથે પશુને બાંધવું.

**Hitchenia** *caulina* **(Grah.) Baker.** અવર; કોંકણ અને મહાબળેશ્વરમાં થતો નાનો છોડ, જેનાં કંદ ખાદ્ય છે, અને પાનના કાગળ બનાવવામાં આવે છે.

**hive.** મધમાખના ઉછેર માટે બનાવવામાં આવતો કૃત્રિમ મધપૂડો. **h. body.** મધપૂડાનું મધમાખના ઉછેર માટેનું સ્થાન. **h. tool.** છેડાને ટીપીને સપાટ કરવામાં આવેલું ઓજાર, જે વડે મધપૂડાના ચોકઠાને છૂટું પાડી શકાય છે અને મધપૂડાના મીણ અને નકામાં દ્રવ્યોને દૂર કરી શકાય છે.

**boar.** વર્ષભર પાણીને સંઘરી શકે તેવું નીચું સ્થાન.

**hock.** ચોપગા પ્રાણીનો ઘૂંટણનો પાછલો ભાગ, ઘૂંટણનો પાછલો સાંધો. **h. joint.** પાછળના ઘૂંટણનો સાંધો.

**hodding.** આંતરસંવર્ધન.

**hoe.** ખરપડી, પાવડો. (૨) જુદી જુદી લંબાઈ ધરાવતા હાથાવાળું, હાથથી ઉપયોગમાં લેવામાં આવતું, પાનાવાળું ઓજાર, જે ઘાસપાતને દૂર કરવા માટે, બગીચા કે ખેતરના પાકની હાર વચ્ચેની માટીને દૂર કરવા વાપરવામાં આવે છે. **hoeing.** ગોડવું, પાવડા કે ખરપડી વડે ઘાસપાતને દૂર કરવા કે માટીને સરખી કરવી.

**hog** ખસી કરવામાં આવેલું ડુક્કર, જેને કતલ કરવા માટે ઉછેરવામાં આવે છે. **h. bristles** ડુક્કરના કડક વાળ. **h. cholera.** ડુક્કરને થતો સંક્રામક જીવલેણ રોગ, જેમાં તાવ આવે, ભૂખ મરી જાય, નબળાઈ આવે અને મરણ થાય. **h. millet.** ચણી. **h. plum.** *Spondias manifera* **Willd.** (*S. pinnata* **(Koen.) Kurz**; *Mangifera pinnata* **L. f.**) અંબાડો; ગોળ, અંડાકાર, કેરી જેવું ફળ, જેનાં બીની આસપાસ રેસા હોય છે અને જેનાં ફળનો મુરબ્બો બનાવવામાં આવે છે.

**Holarrhena** *antidysenterica* **L. Wall ex. DC.** કૂરચી, કુટજ, કડવો ઇંદ્રજવ, ઇ. નામનું નાનું ઝાડ જેનાં પાન, છાલ અને બી મરડાના દર્દમાં ઔષધ તરીકે ઉપયોગી બને છે;

**Holcus** *halepensis.* **L.** જોનસનતૃણ.

**hold.** પાકે ત્યાં સુધી ફળને ઝાડ પર રહેવા દેવું. (૨) કેટલીક જમીનો ભેજ સંઘરી રાખે છે તેમ જાળવવી. (૩) કૃષિ પેદાશ તરીકે કોઈ દ્રવ્યને સંઘરવું, ભંડાર કે કોઠારમાં સાચવી રાખવું. (૪) અનુકૂલ કે લાભકારક બજાર કિંમત મળે ત્યાં સુધી કૃષિ પેદાશને વેચવી નહિ પણ સંઘરી રાખવી.

**holding.** જમીનનું ખાતું; વ્યક્તિ ધારણ કરતી હોય તેવી જમીનનો ભાગ. **h. method of pasteurization.**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાશ્ચરીકરણની ધારક પદ્ધતિ.

**Holigarna** *caustica* (**Dennst.**) **Oken** (Syn. *H. longifolia* **Buch. Ham ex Roxb.**). પ. બંગાળનું ઝાડ, જેનાં ફળમાંથી કાળો વાર્નિશ મળે છે.

**hollock.** *Terminalia myriocarpa* **Heurck & Müell-Arg.** ભેજવાળા સ્થાનમાં ઊગતું ઊંચું સદા હરિત ઝાડ, જેનું કાષ્ઠ બળતણ, ઇમારતીકામ, હોડીઓ, ફર્નિચર, ચાની પેટીઓ અને પ્લાયવૂડ બનાવવા ઉપયોગી બને છે.

**holophyte.** લીલો છોડ. (૨) પ્રકાશ સંશ્લેષણથી પોતાનો ખોરાક બનાવનાર વનસ્પતિ.

**Holoptelea** *integrifolia* (**Roxb.**) **Planch.** પાપરી, કણજો, કાંજુ નામનું ઝાડ, જેના કાષ્ઠનું ફર્નિચર, પેટીઓ અને પ્લાયવૂડ બનાવવામાં આવે છે, જે, હિમાલય, અજમેર, બિહાર, આસામ અને કેરળમાં થાય છે.

**Holostemma** *annularis* (**Roxb.**) **K. Schum** (Syn. *H. rheedii* **Wall.**). ચિરવેલ; ખણેર નામની વનસ્પતિ, જેનાં પાન, ફૂલ અને ફળની શાકભાજી થાય છે.

**Holotrichia** *longipennis* **BL.** સફેદ ઊળ નામનું બટાટા, શેરડી અને મકાઈમાં પડતું જંતુ.

**Homalomena** *aromatica* (**Roxb**). **Schott** (Syn. *Cella aromatica* (**Roxb.**). સુવાસવાળો છોડ, જેનાં મૂળની તમાકુ અને છીંકણી બનાવવામાં આવે છે, અને જે આસામમાં થાય છે. **H.** *rubescens* **Kunth.** સિક્કિમ અને ખાસી ટેકરીઓમાં થતો છોડ, જેનાં મૂળમાંથી બાષ્પશીલ તેલ કાઢવામાં આવે છે અને તેનાથી સુગંધી દ્રવ્યો બનાવવામાં આવે છે.

**home.** ઘર, પોતાનું ઘર. **h. farm.** પોતિકું ફાર્મ-ખેતર-કૃષિકાર્ય માટેનું સ્થાન. **h.garden.** પોતાના ઘર આગળ, આંગણા કે વાડામાં શાકભાજી ઉગાડવા માટેનો બગીચો. **h. -grown.** ખરીદેલું નહિ પણ પોતાના ખેતર કે વાડામાં વાવેલું. સ્થાનીય રીતે ઉગાડવામાં આવેલું. **h. stead.** ખેતર સમેત તેમાં આવેલું ખેડૂતનું ઘર.

**homo –.** સમાન, એક અર્થ સૂચકપૂર્વંગ.

**homocellular.** એકકોષી, સમકોષી.

**homochlamydeous.** સમદળી.

**homogamous.** એક પુષ્પી: સમપુષ્પી. (૨) ઉભયલિંગી અથવા એકજ લિંગતા ધરાવતાં પુષ્પોવાળું. **homogamy.** એકજ ફૂલમાં નર અને માદા તત્ત્વોનું એક સાથે પરિપક્વ બનવું. (૨) એકજ પ્રકારનાં ફૂલો થવાં.

**homogeneous.** સમાંગ, બધી રીતે એક સરખાં લક્ષણો ધરાવતું.

**homogenetic.** સમાન વંશ કે મૂળ ધરાવતું. **homogeny.** સમાન પૂર્વજના કારણે એક સરખાં લક્ષણો કે સમાનતાઓ.

**homogenization.** દૂધની મલાઈ જામવાની પ્રક્રિયા અટકે તે રીતે તેની ચરબીના મોટાં ગોલકોને નાનાં ગોલકોમાં વિભાજિત કરવાની પ્રક્રિયા, જેથી દૂધથી તેની ચરબી છૂટી પડતી નથી. (૨) દૂધને જંતુઘ્ન બનાવતી એક મહત્ત્વની પ્રક્રિયા. (૩) સમાંગીકરણી.

**homlogous.** સમજાત, **સમધર્મી.** **h. chromosome.** સમધર્મી રંગસૂત્રો; કદ, આકાર અને કાર્યમાં એક સરખાં હોય તેવાં દૈહિક કોષમાંના રંગસૂત્રોની જોડી, જે પૈકી એક જનક તરફથી અને બીજું જનેતા તરફથી મળેલું હોય છે. **h. organ.** સમધર્મી અંગ. **h. pair.** સમાનધર્મી યુગ્મ. **h. series.** સમજાત શ્રેણી. **h. theory.** સમજાત – સમધર્મવાદ. **homology.** સમાન આનુવંશિકતાના કારણે થતાં સમધર્મિતા, સમજાતતા, કે સમાન લક્ષણો.

**homomorphic.** સમરૂપી. **homomorphism.** સમરૂપતા. **homomorphous.** સમરૂપ.

**homonomous.** વૃદ્ધિના સમાન

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિયમ ધરાવતું.

**homophyllous.** સમપર્ણીય.

**homoplastic.** સમાન સંરચનાવાળું,

**Homoptera.** મલોમશી, સફેદ માખ, તડતડિયાં અને ભીંગડાંવાળાં જંતુઓની એક શ્રેણી.

**homospory.** સમબીજાણુકતા. (૨) એક સરખાં હોય તેવાં અલિંગી બીજાણુઓની રચના.

**homothallic.** નર અને માદા બંનેનું કાર્ય કરે તેવું કવકસૂત્ર પેદા કરનાર કવકજાળવાળી ફૂગ. (૨) સમસૂકાયક. **homothallism.** સમસૂકાયતા.

**homotype.** સંરચનાના બીજા ભાગ કે અંગ જેવા ભાગ કે અંગ. **homotypic division.** સમરૂપ વિભાજન.

**homozygote.** સમયુગ્મજ; કોઈપણ ભિન્ન યુગ્મકની એક સરખી કલા ધરાવતાં રંગસૂત્રોવાળો સજીવ, જેના પ્રજનનકોષ સરખા હોય છે અને તેની વ્યક્તિઓ સત્ય પ્રજનન કરે છે; સમયુગ્મ, સમકુલિતાંટ. (૨) એવું લિંગી યુગ્મન જેમાં પિતૃઓમાંથી મળતી જનિનની જોડી એક સરખી હોય છે. **homozygous.** સમયુગ્મજ, સમયુગ્મી; એક પ્રકારના પ્રભાવી કે નિષ્પ્રભાવી જનિનની બનેલી (જોડી). **h.z. allolomorph.** સમયુગ્મી વિભિન્નયુગ્મક.

**honey.** મધ; મધમાખી દ્વારા એકત્ર કરવામાં આવેલા અને વધુ ઘટ્ટ પ્રવાહી તરીકે મધપૂડામાં સંઘરાયેલા વનસ્પતિના મધુરસમાંથી વ્યુત્પન્ન કરવામાં આવેલું સુવાસિત, શ્યાન અને સ્વાદુ દ્રવ્ય; જેમાં ઈક્ષુ શર્કરા (ગ્લુકોઝ) અને ફળશર્કરા (લેવ્યુલોઝ) હોય છે, જેમાં વધારે સંકીર્ણ શર્કરાદ્રવ્યો, ભેજ, રાખ, વનસ્પતિરંજક દ્રવ્ય, અમ્લ, ઉત્સેચક, પ્રજીવકો અને પરાગરજ પણ હોય છે. આ દ્રવ્ય–મધુ, રેચક, રક્તશુદ્ધીકારક, શરદી, કફ અને જ્વરહારક, આંખ, જીભના વ્રણ મટાડે છે અને ગળાનો સોજો તથા દાહને ઠંડક આપે છે. **h. bee.** મધમાખ, મધુમક્ષિકા. **h. chamber.** મધુકક્ષ, મધુપૂડામાં મધ અને મધમાખનું સ્થાન, મધુકોષ્ઠ. **h. comb.** મધપૂડો. (૨) મધમાખ મધ સંઘરે તે માટેની મીણની તેણે બનાવેલી સંરચના. (૪) પાંચ કે છ બાજુ ધરાવતા વિભાગોવાળી જમીનની કુદરતી રચના. **h.c. frost.** સ્ફટિકીય પ્રકારનું જમીનમાંનું તુષાર, જેના કારણે જમીનમાં પાણી પ્રવેશી શકે છે. **h. c. stomach.** જલતંત્ર. **h. crop.** મધપૂડામાંથી મેળવેલા મધનો જથ્થો. **h. dew.** મધુ ઓસ; ઘણી વનસ્પતિઓના પર્ણવૃંત,પર્ણ પર જોવામાં આવતો મિષ્ટ સ્રાવ. (૨) અર્ગોટના કવકસૂત્રે સ્રવેલું શ્યાન પ્રવાહી. (૩) મલોમશી જેવાં જંતુઓએ સ્રવેલો મિષ્ટ રસ. **h. extractor.** મધુનિષ્કર્ષક; કેન્દ્રાપસારી પદ્ધતિથી મધપૂડામાંથી મધ કાઢવાની યુક્તિ. **h. flow.** મધુસ્રાવ. **h.guide.** મધુસૂચક. **h.locust.** કાંટાળુ ઝાડ જેની સિંગો ઢોરને ચારા તરીકે અપાય છે. **h. sac.** મધુધાની; જુઓ *honey stomach*. **h. stomach.** મધમાખની અન્નનળીમાં ફૂલેલો પાછલો ભાગ, જેમાં તે મધુરસ તથા મધનું વહન કરે છે. **h. tree.** ટૂંકું પ્રકાંડ અને વિસ્તૃત ઘટાવાળું, ઉપ-હિમાલય પ્રદેશનું ઝાડ.

**hood.** છત્ર.

**hoof.** ખરી; કેટલાંક પ્રાણીઓના પગના અગ્ર ભાગે આવેલું કઠણ શૃંગીય આવરણ. **h. and horn meal.** ખરી અને શીંગડાંને સૂકવી તથા દળીને બનાવવામાં આવતું ખાતર. **h. and mouth disease.** મોં અને ખરવાસાનો રોગ; ખરી અને મોંમાં થતો એક પ્રકારનો રોગ. **h. rasp.** ઢોરને નાળ જડવા, ખરીને ઘસીને સાફ કરવાની કાનસ.

**hook.** અંકોડો, અંકુશ, કડી. **h. climber.** અંકુશ આરોહી. **h. worm.** અંકુશકૃમિ; *Bunostomum sp. Globocephalus sp.* કે *Ancylostoma sp.* નામનાં ઢોર, ઘેટાં,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બકરાં, કુકર અને કુતરાંનાં આંતરડામાં પડતાં કૃમિ, જેનાં ડિમ્બ પ્રાણીઓનું લોહી ચૂસે, જેથી રક્તક્ષીણતા, સોજા, અરુચિ, નબળાઈ થાય અને છેવટે મત્યુ પણ નીપજે છે. **h. disease.** અંકુશ-કૃમિના કારણે થતા રોગનો એક પ્રકાર.

**hookah.** હોકો, પાણીમાંથી ધુમાડો પસાર થાય તેવી રીતે તમાકુનો ધુમાડો લેવાનું સાધન.

**hoove.** જઠર પર સોજો આવે તેવા પ્રકારનો ઢોરને થતો એક રોગ.

**hop.** *Humulus lupus* **L.** નામની મૂળ યુરોપ અને એશિયાના શાકીય વનસ્પતિ, જેને શંકુ આકારનાં ફળ થાય છે, અને જે ઔષધ તથા દારૂ બનાવવાના કામમાં લેવામાં આવે છે. **h. clover.** *Medicago lupulina* **L.** નામની વનસ્પતિ, જેનું લીલુ ઘાસ થાય છે.

**Hopea** *odorata* **Roxb.** દ. ભારત અને આંદામાનમાં થતું મધ્યમ પ્રકારનું ઝાડ, જેના રેઝિનમાંથી વાર્નિશ બનાવવામાં આવે છે. **H.** *scaphula* **Roxb.** આસામમાં થતું મોટું ઝાડ, જેમાંથી ગુંદર મળે છે.

**hopper.** બી કે ખાતર રાખવા માટેની શારડી અથવા ખાતર વિતરક લાકડાનું બનાવેલું સાધન, જે દ્વારા બી કે ખાતર પાથરવામાં આવે છે. (૨) કૃષિ ઓજારો રાખવાની પેટી. (૩) કુદતાં તીતીઘોડા કે તીડ.

**hordein.** સરળ પ્રોટીનનો સમૂહ.

**Hordeum** *sativum* **Pers**). (Syn. *H. vulgare* **L.** જવ; મોટા ભાગે ઉત્તર પ્રદેશ, પંજાબ, રાજસ્થાન, મધ્યપ્રદેશ, બિહાર, અને પ. બંગાળમાં થતી ધાન્ય વનસ્પતિ; જેનાં પાન અને પ્રકાંડનો ઘાસચારો બને છે. તેનો ઉદ્યોગમાં અને ધાન્યશર્કરા તથા દારૂ બનાવવામાં ઉપયોગ કરવામાં આવે છે.

**horizon** સંસ્તર. **h.-A.** એ સંસ્તર. **h.-B.** બી સંસ્તર. **h.-C.** સી-સંસ્તર. **h-d** ડી - સંસ્તર. **horizons.** જમીનમાં ઊભો છેદ કરતાં જણાતા કુદરતી સ્તરો. જમીનના નિર્માણ દરમિયાન ચોકસ ક્રમમાં આવાં સંસ્તર બને છે; દુનિયાભરમાં બધી જ ભૂમિ પરિચ્છેદિકામાં વિવિધ રીતે વર્ગીકૃત કરેલા સંસ્તરો હોય છે. જેને પેટા-વર્ગની સાથે વિશાળ રીતે 'એ', 'બી', 'સી', અને 'ડી' એવા સંસ્તરોમાં વર્ગીકૃત કરવામાં આવે છે. (૨) ક્ષિતિજ. **horizontal.** સમક્ષિતિજ ક્ષિતિજ, અનુપ્રસ્થ. **h. bench-terrace** બેંચ સોપાન. **h. coil pasteurizer.** અનુપ્રસ્થ કુંડલિત પાશ્ચરીકરણ માટેનું સાધન. **h. eluviation.** 'એ'-સંસ્તર. **h. engine.** અનુપ્રસ્થ એન્જિન. **h. illuviation.** 'બી'-સંસ્તર. **h. silo.** જમીનના તળને સપાટ રહે તેવી સમાંતર બાજુ ધરાવતી લાંબી સાઈલો સંરચના, જેના બંને છેડા પર ઘાસ ભરવા માટે દ્વારક હોય છે. **h. suction.** ચાસ માટેની આવશ્યક પહોળાઈ કરી શકનાર હળની અણીનો વળાંક. **h. training.** સમક્ષિતિજ તાર, જાળી વગેરે પર વનસ્પતિ ફેલાઈ શકે, તેવી તેને આપવામાં આવતી માવજત.

**hormonal weedicides.** ઘાસપાત-નાશક અંતઃસ્રાવ. (૨) ઉગતા ઘાસપાત, પ્રકાંડ કે પાનને અંતઃસ્રાવ આપવામાં આવતાં પ્રકાંડ જાડું બની ચિરાઈ જાય છે અને તેની વૃદ્ધિ અટકી જાય છે, પરિણામે વનસ્પતિ આખરે મરી જાય છે. **hormone.** અંતઃસ્રાવ; વૃદ્ધિકારક દ્રવ્ય. (૨) અંગમાં નિર્માણ પામતું એક દ્રવ્ય, જે બીજા અંગની દેહધર્મીય ક્રિયાને ઉત્તેજિત કરે છે; ઊગતી વનસ્પતિને અંતઃસ્રાવ આપવામાં આવે ત્યારે તેની વૃદ્ધિ કુંઠિત કરે છે, વૃદ્ધિમાં પરિવર્તન લાવે છે; આવી અનેક પ્રકારની દેહધર્મીય ક્રિયાઓની તે ઉત્પ્રેરક બને છે. ઘાસપાતનો નાશ કરવા માટે પણ તેનો ઉપયોગમાં લેવામાં આવે છે. **h., lectogenic** દુગ્ધોત્પાદક અંતઃસ્રાવ; એવો અંતઃસ્રાવ જે માદા પ્રાણીની ક્ષીરગ્રંથિઓમાં દૂધનું નિર્માણ કરે છે. **h. of pregnancy.** ગર્ભાવસ્થા દરમિયાન અંડાશયમાં સંઘરાતો

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રોજેસ્ટીન નામનો અંતઃસ્રાવ.

**horn.** શીંગડું, શૃંગ; ઘણાં પ્રાણીઓના માથા પરનું કઠણ, જાડું બનેલું પ્રવર્ધ. (૨) શીંગડા જેવું ગમે તે પ્રવર્ધ. (૩) પ્રત્યેક ગર્ભાશયનો અગ્રભાગ. (૪) માછલીનો કાંટો. (૫) ગોકળગાયનો અગ્રભાગ. (૬) વનસ્પતિનો ગમે તે કંટક જેવો અગ્રભાગ. **h. cancer.** પ્રાણીના શીંગડાને લાગુ પડતો કેન્સરનો રોગ, જેના ઉપાય તરીકે શીંગડાને કાપી નાખવામાં આવે છે. **h. core.** શીંગડાનો અંતઃસ્થ ભાગ. **h. fracture.** પ્રાણીના શીંગડામાં તરડ પડવી કે ભાંગી જવું, જેના પરિણામે તેમાંથી લોહી નીકળે છે. **horns of uterus.** ગર્ભાશયનાં શૃંગો.

**hornblende.** એક ખનિજ તત્ત્વ. (૨) કૅલ્શિયમ સિલિકેટ, મેગ્નેશિયમ અને સોડિયમ સિલિકેટની સાથે લોહ ધરાવતું કાળાશ પડતા રંગનું ખનિજ, જે ગ્રેનાઇટ અને મોટા ભાગના શૈલના ભાગ રૂપે હોય છે.

**horse.** ઘોડો, *Equus caballus*. **h. bot fly.** જુઓ *h. stomach bot*. **h. chestnut.** કાશ્મીરમાં થતું એક ઝાડ. **h. dung.** ઘોડાની લાદ; કલમની પ્રક્રિયામાં મૂળ છોડ અને તેને કલમ કરેલા ભાગને બાંધેલા રાખવા માટે માટી સાથે ભેળવીને ઘોડાની લાદનો બંધક તરીકે કરવામાં આવતો ઉપયોગ. **h.-eye bean.** કૌંચા. *Mucuna prarita* **Hook** (*M. pruriens* **Baker non DC.**). નામની શાકાય વનસ્પતિ, જેનાં ફળનું શાક થાય છે. **h. fly.** ઠીક ઠીક મોટી લોહી ચૂસનારી માખ, જે ઘોડા, ભેંસ, ઊંટ અને હાથીને વળગે છે, જે ગરમ ભેજવાળા વાતાવરણ અને વર્ષાઋતુમાં થાય છે. **h. manure.** સુકાયેલી ઘોડાની લાદનું ખાતર. **h.-pox.** ઘોડાને થતો વિષાણુજન્ય શીતળાનો રોગ. **h. power.** અશ્વશક્તિ. **h. sleeping sickness.** ઘોડાના મધ્યસ્થ ચેતાતંતુ પર માઠી અસર કરનાર, વિષાણુજન્ય રોગ; જેમાં હડકવા થયો હોય તેવાં લક્ષણો જોવામાં આવે છે; ઘણીવાર સૂર્યાઘાત અથવા લૂ અને અતિ તાપના પરિણામે પણ આ રોગ થાય છે. **h. stomach hlot.** *Gastrophilus intestinalis bengalensis*અને*G. nasalis*. નામનાં જંતુથી ઘોડાને થતો રોગ, જેમાં આ જંતુનાં ડિમ્બ ઘોડાના મોંમાં ઘૂસી દર બનાવે અને જઠર સુધી પહોંચી જાય છે, જેના પરિણામે ઘોડાની પાચન ક્રિયાપર માઠી અસર થાય છે, નબળાઈ આવે છે અને રોગ તીવ્ર બનતાં છેવટે ઘોડો મરણ પામે છે.

**horse gram.** કુલથી; *Dolichos biflorus* **Roxb.** નામની દ. ભારતની કઠોળની વનસ્પતિ, જેને ખોરાક અને ઘાસચારા માટે ઉગાડવામાં આવે છે; જેનું લીલું ખાતર બને છે, જુલાઈ માસમાં તેને વાવવામાં આવે છે અને જે આન્ધ્રપ્રદેશ, તામીલનાડુ અને કર્ણાટકમાં થાય છે. **h.g. anthracnose.** *Glomerella lindemuthianum* નામના જંતુથી કુલથીને થતા રૂક્ષરોગનો એક પ્રકાર. **h.g. die back.** *Colletotrichum capsici*થી કુલથીને થતો એક રોગ. **h.g. dry root rot.** *Macrophomina phaseoli*થી કુલથીને થતો રોગ. **h.g. leaf spot.** *Cercospora dolichi* નામના જંતુથી કુલથીને થતો રોગ. **h.g. root rot.** *Pellicularia filamentosa* નામના જંતુથી કુલથીને થતા રોગનો એક પ્રકાર. **h.g. rust.** *Uromyces appendiculatus*થી કુલથીને થતો ગેરુનો રોગ. **h. parslane.** *Trianthema portulacastrum* **L.**(*T. monogyna* **L.**). એક શાકીય વનસ્પતિ, જે હિંદીમાં સાંઠી નામે ઓળખાય છે.

**horse radish.** *Armoracia lapathifolia* **Gilib.** (*Roripa armoracia* (**L.**) **Hitchc**;*Cochlearia armoracia* **L.**). મૂળ યુરોપની પણ ઉત્તર ભારત તથા દ. ભારતમાં થતી શાકીય વનસ્પતિ, જેનાં મૂળનો ઉપયોગ ખાદ્ય વસ્તુઓને સુવાસ આપવા માટે થાય છે. **h.r. tree.** સરગવાનું ઝાડ, મીઠા સરગવાનું ઝાડ, જે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



*Moringa oleifera* **Lamk.** (*M. pterygosperma* **Gaertn**;*Guilandina moringa* **L.**). તરીકે પણ ઓળખાય છે.

**horse tamarind.** વિલાયતી બાવળ, લાસો બાવળ.

**horticultural crop.** વ્યાપારી હેતુ માટે કે વપરાશ માટે ઉગાડવામાં આવતો બાગયતી પાક. **h. variety.** વનસ્પતિના ઉગાડવામાં આવતા સઘળા પ્રકારને અપવામાં આવતું નામ. **horticulture.** બગીચાકૃષિ,બાગાયત ખેતી, જેમાં શાકભાજી, ફળ, ફૂલ અને શોભાકારી વનસ્પતિની કૃષિનો સમાવેશ થાય છે, તેના અભ્યાસની કૃષિવિજ્ઞાનની એક શાખા.

**hose.** રબર કે પ્લાસ્ટિકની વીંટાળી શકાય તેવી પાણી છાંટવા કે વહેવડાવવા માટેની નળી.

**host.** પરપોષક, યજમાન, પોષદ, પોષક. (૨) એક સજીવ, જેમાં અન્ય સજીવ તેનું સમસ્ત કે અંશતઃ જીવન ગાળે છે; જેમાં તે પોષણ અને રક્ષણ મેળવે છે. (૩) કલમ કરવામાં આવતો કે ફેર રોપણી મેળવતો સજીવ. **h. range.** ચોક્કસ રોગકારકથી પ્રભાવિત બનનાર વિવિધ વનસ્પતિ કે પ્રાણી. **h. specific.** એક જ યજમાનમાં રહેનાર (પરજીવી).

**hot.** મરચા જેવા તીવ્ર તીખા સ્વાદવાળું. (૨) ગરમ. **h. bed.** સડતાં ખાતર, વીજળી, વરાળ કે ગરમ પાણીના નળથી જમીન ગરમ થાય તેવા પ્રકારની ક્યારી. (૨) સંરક્ષિત ગરમ ક્યારી. **h. house.** ગરમ વનસ્પતિ ઘર, કાચઘર.**h. pickles.** તીખું અથાણું. **h. water treatment.** ગરમ પાણીથી કરવામાં આવતી માવજત. (૨) બીને ચાર પાંચ કલાક પાણીમાં પલાળી એક મિનિટ માટે ગરમ પાણીમાં પલાળી ફરી 10 મિનિટ માટે ગરમ પાણીમાં રાખવામાં આવે છે. આવા બીને વાવવા અગાઉ સૂકવવામાં આવે છે. આવા પ્રકારની ગરમ પાણીની માવજત આપવાથી બીમાં રહેલી ફૂગને દૂર કરી શકાય છે.

**house** ઘર. (૨) વનસ્પતિના ઉછેર માટે ખાસ બનાવવામાં આવતું કાચઘર. **h. fly.** *Musca domestica* નામની ઘેર ઘેર જોવામાં આવતી સર્વસામાન્ય માખ. આ કુળની *Musca vicina* નામની માખ ભારતના મેદાનોમાં જોવામાં આવે છે, જ્યારે *Musca nebulo* નામની બજારમાં જોવામાં આવતી માખ છે. આ માખ લોહી ચૂસતી નથી તેમ છતાં તે અનેક પ્રકારના રોગનાં જંતુની વાહક બને છે. **h. rat.** *Rattus rattus* નામનો સર્વાહારી ઘેર ઘેર જોવામાં આવતો ઉંદર, જે સૌ પ્રકારની ખાદ્ય સામગ્રી ખાય છે અને તેને હાનિ પહોંચાડે છે. **h. sparrow.** *Passer domesticus; Eastern Spanish sparrow, P. hispaniolensis transcaspicus* નામની ખેતરમાંનાં ઘઉં, ઓટ, જુવાર, ચણા, મકાઈ, બાજરી ઇ. જેવા ધાન્ય પાકને ખાઈ જતી ચકલી.

**Houtbois strawberry.** *Fragararia nilgerrensis* **Schlecht ex. F. Gay.** નામની નીલગિરિ અને ખાસી ટેકરીઓમાં થતી ખાદ્ય ફળની શાકીય વનસ્પતિ.

**hoven.** ઢોર અને ઘેટાને થતા રોગનો એક પ્રકાર.

**Hovenia** *dulcis* **Thunb.** મૂળ ચીનનું પણ અહીં કુમાંઉ, સિક્કિમ અને પ. બંગાળમાં થતું ખાદ્ય ફળનું વિશાળ વૃક્ષ.

**Hubum clover.** *Melilotus alba* var. *annua* **Desr.** નામની મૂળ યુરોપની પણ અહીં ઉત્તર ભારતમાં થતી, ઘાસચારા તથા મધમાખ ઉછેર માટે ઉપયોગી બનતી વનસ્પતિ.

**hull.** ફળ કે બીનું બાહ્યાવરણ, છોતરું, ફોતરું, છોડું. **huller.** બીમાંથી છોતરાં દૂર કરવાનું–છડીને ફોતરાં દૂર કરવા માટેનું યંત્ર કે તે સાધન. **hulling.** ડાંગરને છડીને ચોખા જુદા પાડવાની પ્રક્રિયા, ડાંગર છડામણ; ભારતમાં જે માટેની મિલો હોય છે.

**humble plant.** લજામણી.

**humerus.** ભુજાસ્થિ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**humic acid.** માટી અને કમ્પોસ્ટ ખાતરમાં કાર્બનિક દ્રવ્ય સડવાથી થતી ગમે તે અલ્કલી અંત્ય પેદાશ, જે લવણ બનાવતો મંદ ઍસિડ છે. **humic mulch.** સપાટી પર જોવામાં આવતા સડેલા કાર્બનિક અવશેષો.

**humid.** આર્દ્ર, ભેજયુક્ત. **h. climate.** વનસ્પતિને ટેકારૂપ બનતી ભેજવાળી આબોહવા. (૨) સાપેક્ષ રીતે વધારે ભેજયુક્ત આબોહવા. **humidify.** વાતાવરણમાં પાણીની બાષ્પ ઉમેરવી. (૨) ગમે તે દ્રવ્યમાં ભેજનો ઉમેરો કરવો. **humidity** આર્દ્રતા, ભેજ. (૨) અવકાશની એકમ જગ્યામાં પાણીની બાષ્પનું પ્રમાણ. **h., absolute** નિરપેક્ષ આર્દ્રતા. **h., relative** સાપેક્ષ આર્દ્રતા. **h., specific** વિશિષ્ટ આર્દ્રતા. **h. mixing ratio.** આર્દ્રતા મિશ્રણ ગુણોત્તર. **humidification.** સેન્દ્રિયીકરણ. (૨) સડાની એવા પ્રકારની અવસ્થા કે પ્રક્રિયા, જેમાં વનસ્પતિ કે પ્રાણી અવશેષ એટલા બધા વિઘટિત થઈ જાય કે તેની મૂળ સંખ્યા કે આકાર ઓળખવાં મુશ્કેલ બને છે.

**humin.** મંદ અલ્કલીથી જમીનમાંથી કાઢવામાં આવ્યું હોય પણ ઓગળ્યું ન હોય તેવું કાર્બનિક દ્રવ્ય.

**humour.** દેહદ્રવ, દેહરસ.

**hump.** ખૂંધ, ઢેકો. **h. sore.** ઘણાં સસ્તન પ્રાણીઓનાં લોહી અને લસિકા વાહિનીનો તથા સંયોજક પેશીમાં રહેતાં લાંબા પાતળા સૂત્ર જેવાં કૃમિ, જેથી ઢોરના ઢેકા પર અને ભેંસના કાન પર વ્રણ જેવું બનાવે છે.

**Humulus** *lupulus* **L.** મૂળ યુરોપનો પણ વાયવ્ય હિમાલયમાં થતો એક છોડ, જેનાં ફૂલ દારૂ ગાળવાના કામમાં લેવામાં આવે છે.

**humus.** ખાદમાટી, પંક. (૨) વનસ્પતિ અને પ્રાણીના જમીનમાં રહેલા સડેલા અને વિઘટન પામેલા અવશેષો. (૩) વિઘટનની આગળની સ્થાયી અવસ્થાએ પહોંચેલું કાર્બનિક દ્રવ્ય; મોટા ભાગે તેનો રંગ કાળો હોય છે અને તેમાં નાઇટ્રોજન તત્ત્વ રહેલું હોય છે અને કાર્બન નાઈટ્રોજન ગુણોત્તર 10:1 નો હોય છે. તેમાં ઊંચા પ્રકારનું કૅટાયન વિનિમય, જલશોષકતા ઇ. જેવી રાસાયણિક અને ભૌતિક ગુણવત્તા હોય છે.

**hundi.** હાંડી. (૨) પહોળા મોંવાળું ધાતુ કે માટીનું બનાવવામાં આવેલું પાત્ર, જેનો ઉપયોગ માછલીનાં બીની હેરફેર કરવા માટે થાય છે.

**hundredweight.** 112 પાઉન્ડ ધરાવતું તોલનું એકમ.

**hunka.** કડક તંતુ

**hurhur.** કઢીમાં ઉપયોગમાં લેવામાં આવતાં બીવાળી વનસ્પતિ. *Cleome viscosa L.*

**huricane** ઝંઝાવાત, વાવાઝોડું.

**husbandry** સંવર્ધન કૃષિકાર્ય. (૨) ઉત્પાદનની પ્રક્રિયા અને વ્યવસાયની કલા, વિજ્ઞાન ઇ. **h., animal** પ્રાણી સંવર્ધન –ઉછેર. **h., poultry** મરઘાં-બતકાં સંવર્ધન–ઉછેર.

**husk.** ભૂસું, છોતરું; વિવિધ બી અને ફળનું સૂકું, કઠણ અને ખરબચડું બાહ્ય આવરણ.

**hyacinth bean.** વાલ.

**Hyakume.** ભારતમાં થતો જાપાની પાર્સિમોનનો એક પ્રકાર, જેનું ફળ ગોળાકાર અને મોટું હોય છે, ઝાલ પીળાશ પડતી નારંગી રંગની અને માવો ઘેરો લાલ અને કયારેક રેસામય પણ સ્વાદમાં મીઠો હોય છે.

**hyaline.** રંગવિહીન લગભગ પારદર્શક. **hyaloplasm.** પારદર્શકરસ.

**hybrid.** સંકર; બે જુદી જુદી જાતિ, પ્રકાર કે વર્ગનાં પ્રાણી કે વનસ્પતિનું સંકર સંતાન. (૨) ઘણા સરખા પરંતુ જનિનની દૃષ્ટિએ જુદા પિતૃઓનું સંકર જાતિ સંકર કહેવાય છે. (૩) ખૂબ જ જુદા પિતૃઓનું સંતાન આંતરજનિનિક સંકર કહેવાય છે. (૪) રંગસૂત્રોની સંખ્યામાં જુદા જુદા પિતૃઓનું સંકર સંતાન સાંખ્યિક સંતના

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કહેવાય છે. (૫) રંગસૂત્રોની સંરચના જુદા પ્રકારની હોય તેવા પિતૃઓનું સંકર સંતાન સંરચનાત્મક સંકર કહેવાય છે. **h. structural** સંરચનાત્મક સંકર. **h. chicks.** એક જ કે જુદી ઓલાદના અંતઃપ્રજનનના સંકરથી થયેલા બચ્ચાં. **h.eucalyptus.** કર્ણાટકના નીલગિરિનાં વિવિધ યુકેલિપ્ટસ ઝાડના પરાગનયનથી થતા સંકર યુકેલિપ્ટસ. **h. production.** સ્વપરાગનયન. (૨) સંકરઉત્પાદક નીવડે માટે પસંદ કરવામાં આવેલી વનસ્પતિનું સંકરણ અને યોગ્ય બી ઉત્પન્ન કરવા માટેની વેપારી આવશ્યકતા અનુસાર કરવામાં આવતી પેદાશ. **h. sterility.** સંકર વંધ્યતા. **h. tomato.** ટમેટાનો સંકર પ્રકાર, જેનો પાકવાનો સમય વધારે હોય છે અને વધારે પેદાશ આપે છે. **h. vigour.** સંકર જોમ. **hybridization.** સંકરણ, સંકરપ્રક્રિયા. (૨) કુદરતી કે કૃત્રિમ રીતે સંકર પ્રકારનું નિર્માણ. નવી સંકર પેદાશમાં ઇચ્છિત લક્ષણો લાવવાના હેતુથી તે લક્ષણો ધરાવતા વનસ્પતિ પ્રકારો વચ્ચે કલમ કે ઉપરોપસંકર કરી સંકર પ્રક્રિયાની અજમાયશ. **hybridize.** સંકરની પ્રક્રિયા કરવી.

**Hydnocarpus** *alpina* **Wight.** નીલગિરિ અને પશ્ચિમઘાટમાં થતું વિશાળ વૃક્ષ, જેનાં બીનું તેલ રક્તપિત્તની સારવારમાં ઉપયોગમાં લેવામાં આવે છે. **H.** *kurzii* **(King) Warb.** ચોલમુગરા કુળનું ઝાડ, જેનાં બીનું તેલ ચોલમુગરા તેલ–રક્તપિત્તની સારવારમા ઉપયોગમાં લેવામાં આવે છે. આ ઝાડ આસામ, ચટગાંવ અને બ્રહ્મદેશમાં થાય છે, જ્યાં તેનું તેલ કાઢવામાં આવે છે. **H.** *laurifolia* **(Dennst.) Sleumer.** ચોલ મુગરા, તેલ રક્તપિત્તની સારવારમાં વપરાય છે. **H.** *wightiana* **Blume.** ચોલમુગરા, જેનું તેલ રક્તપિતની સારવારમાં ઉપયોગમાં લેવામાં આવે છે.

**hydragogue.** શરીરમાંથી પાણી કાઢનાર, પાણી જેવો જુલાબ કરનાર, જલવિરેચક.

**hydrate.** જળવાયુ ગમે તે સંયોજન.

**hydrated lime.** જલાન્વિત ચૂનો.

**hydration.** જલન્વિતીકરણ–જલગ્રહણ. જલયોજન. (૨) ખડકોમાં મૃદાનિર્માણ દરમિયાન ચોક્કસ પ્રકારના ખનિજની સાથે પાણીના અણુઓનું થતું રાસાયણિક સંયોજન. **h. of protoplasm.** જીવરસનું જલગ્રહણ.

**hydraulic.** પ્રવાહી તેમાંય વિશેષ કરીને પાણી અંગેનું. જે ગુરુત્વાકર્ષણ કે દબાણના બળને કારણે ગતિમાન બને છે કે વિરામાવસ્થામાં રહે છે. **h. conductivity.** જલીયવાહકતા–ચાલકતા. **h. elements.** ઊંડાણ, વિસ્તાર, ભેજયુક્ત પરિમિતિ, જલીય ત્રિજ્યા, પ્રવણતા, વેગ, ઘર્ષકતા, ઊર્જા અને સ્થાનતા જેવા નળીઓ ઇ.માં પાણીના વહન માટે જવાબદાર બનતાં કારકો. (૨) જલીય.**h. enzyme.** જલવૈશ્લેષિત ઉત્સેચક. **h. friction.** પ્રવાહીના વહનની સામે કામ કરતાં સઘળાં બળો–ઘર્ષકોનો કુલ પ્રભાવ. **h. gradient.** જલદાબપ્રવણતા. **h. grease gun.** દ્રવચાલિત ઊંજ ગન. **h. lift.** જલચાલિત લિફ્ટ-ઉત્થાલક. **h. power lift.** જલચાલિત શક્તિ લિફ્ટ. **h. press.** જલચાલિત દાબ વડે તેલીબીયાંમાંથી તેલ કાઢવાની યુક્તિ. **h. sprayer.** અંજિન, પંપ, ટાંકી, પૈડાંવાળું કે પૈડાં વિનાનું ચોકઠું, વાલ્વ સાથેનું દાબ નિયંત્રક, દાબ માપક ચૂસક, વિતરણ પાઇપ, ભૂંગળી, નાળચું ઇ. ધરાવતું દાબની મદદથી છંટકાવ કરવાનું સાધન. **Hydraulics.** દ્રવવિજ્ઞાન; ગતિમાન જળ કે અન્ય પ્રવાહીનો અભ્યાસ કરવાની ઈજનેરી વિજ્ઞાનની શાખા.

**Hydrilla** *verticillata*, હાઇડ્રિલાનો છોડ.

**hydro–.** જલ અર્થસૂચકપૂર્વગ.

**hydrobiology.** જલીય વનસ્પતિ અને પ્રાણીઓનું વિજ્ઞાન; જલજીવવિજ્ઞાન.

**hydrocarbon.** હાઈડ્રોજન અને કાર્બન તત્ત્વો ધરાવતું સંયોજન.

**hydrocephalous.** જલશીર્ષી (એક રોગ).

**Hydrocera** *triflora* **(L) Wight**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**& Arn.** શોભાની જલીય વનસ્પતિ.
**hydrochloric acid. HCL.** આલ્કલીના દળમીતિય વિશ્લેષણમાં વપરાતો તીવ્ર ખનિજ ઍસિડ
**hydroclimate.** તળાવો, સરોવરો ઇ. જેવાં જળાશયોની આબોહવા.
**Hydrocotyle** *asiatica* **L.** બ્રાહ્મીનો છોડ; જે વિષૂચિકા – કૉલેરાની સારવાર અને મગજની અસ્થિરાવસ્થામાં ઉપચાર તરીકે કામમાં આવે છે.
**hydrocyanic acid.** પ્રુસિક ઍસિડ તરીકે ઓળખાતું, જંતુનાશક અને જુવાર જેવી વનસ્પતિમાં રહેલું દ્રવ્ય, જે ઘણીવાર ખાવામાં આવતાં પ્રાણીઓનું મરણ નીપજે છે. **hyc.a. gas. HCN.** મૃત્યુકારક તીવ્ર વાયુ, જે સોડિયમ સાયેનાઇડની સાથે સલ્ફ્યુરિક ઍસિડને ભેળવીને બનાવવામાં આવે છે. ઘણા પ્રકારના કેલ્શિયમ સાયેનાઇડ મળે છે, જેને ભેજવાળી હવામાં ખુલ્લો રાખવાથી HCN મુક્ત થાય છે. તેનો ઉપયોગ કરવા માટેની આવશ્યક માત્રાનો, જે પર તેનો પ્રયોગ કરવાનો હોય તે વસ્તુના પ્રકાર, જંતુનો પ્રકાર અને ખુલ્લા રાખવાના સમય પર આધાર રાખે છે. વખાર કે ભંડારમાં સંઘરવામાં આવેલી કૃષિ પેદાશોને ધૂમાડો આપવાના હેતુસર તેનો ઉપયોગ કરવામાં આવે છે.
**hydrofluoric acid. HF.** તીવ્ર ખનિજ ઍસિડ.
**hydrogen. H** સંજ્ઞા ધરાવતું, રંગવિહીન ઝડપથી સળગી ઊઠે તેવું હલકામાં હલકું વાયવીય રાસાયણિક તત્ત્વ, જે વનસ્પતિની વૃદ્ધિ માટે મહત્ત્વનું તત્ત્વ છે. **h. ion-concentration.** પ્રવાહી કે જમીનમાં હાજર રહેતા હાઇડ્રોજન આયનનું પ્રમાણ, જે pH સંજ્ઞા દ્વારા જાણી શકાય છે, જે દ્વારા જમીનની અમ્લતા કે આલ્કલીનો ખ્યાલ આવે છે, અને જે કૃષિકાર્યમાં અતિ ઉપયોગી છે. **h. peroxide.** અન્ય તત્ત્વો કરતાં વિશેષ પ્રમાણમાં ઑક્સિજન હોય તેવું હાઇડ્રોજનનું સંયોજન, જેનો ઉપયોગ વિસંક્રામક તરીકે અને વિવર્ણીકરણ માટે કરવામાં આવે છે. **h. swell.** પાત્રની અંદરના ટિનના કારણે ડબામાં ભરવામાં આવેલી વસ્તુઓનો થતો ફુલાવો. **hydrogenolysis.** હાઇડ્રોજન વિશ્લેષણ.
**hydrogenation.** બંધ વાસણમાં 160 થી 180°. સે. ઉષ્ણતામાને નિકલની હાજરીમાં વાનસ્પતિક તેલમાંથી, દબાણ હેઠળ શુદ્ધ હાઇડ્રોજનના પરપોટા કરવાની પ્રક્રિયા, જેમાં હાઇડ્રોજનનો ઉમેરો કરવામાં આવે છે અને તેલમાં રહેલા અસંતૃપ્ત સંયોજનોને સંતૃપ્ત સંયોજનમાં પરિવર્તિત કરવામાં આવે છે. સાબુ, મીણબત્તી, માર્ગરીન, વનસ્પતિ ઘી ઇ.ની બનાવટમાં આ રીતે તેલનો ઉપયોગ કરવામાં આવે છે.
**hydrogenic soil.** ઠંડા અને ભેજવાળા પ્રદેશોમાં પરિચ્છેદિકામાં પાણી રહેવાના પરિણામે તેના પ્રભાવ હેઠળ થતી જમીનની રચના.
**hydrograph.** સમયના સાપેક્ષમાં પાણીના વહેણની વધઘટ દર્શાવતો આલેખ. **hydrography.** પાણીના વહેણની નોંધ, તેનું માપ અને પૃથક્કરણ.
**hydrologic cycle.** જલચક્ર. (૨) વાતાવરણમાંથી પૃથ્વી તરફ અને પૃથ્વી પરથી વાતાવરણ તરફ વિવિધ તબક્કે પાણીનું થતું પરિભ્રમણ; આ સૌ તબક્કા અને પ્રક્રિયામાં વરસાદ, વહેણ, સ્રવણ, સંગ્રહ, બાષ્પીભવન, બાષ્પાયન ઇ. નો સમાવેશ થાય છે. **hydrology.** વાતાવરણમાં, જમીન પર અને ભૂમિગત પાણીના અભ્યાસનું વિજ્ઞાન; જલવિજ્ઞાન. **hydrolysis.** જલવિશ્લેષણ. (૨) કોઈ દ્રવ્યમાં પાણી ઉમેરીને તેનું કરવામાં આવતું વિઘટન; મોટા ભાગે મંદીકૃત ઍસિડ કે ઉત્સેચકની મદદથી આવા પ્રકારનું વિઘટન કરવામાં આવે છે. **hydrolytic enzyme.** જલવિશ્લેષિત ઉત્સેચક. **h. rancidity.** જલીય ખોરાપણું. **hydrometer.** પ્રવાહીનું વિશિષ્ટ ઘટત્વ કાઢવા માટેનું સાધન. **hydromorphic soil.** અતિશય પાણીની હાજરીમાં થતો



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જમીનનો વિકાસ. **hydrophilic colloid.** જલરાગી કલિલ. **hydrophobia.** જલભીતિ. (૨) હડકવા. **hydrophobic colloid.** જલવિરાગી કલિલ.

**hydrophyte.** જલીય વનસ્પતિ, ભેજવાળા વાતાવરણમાં થતી વનસ્પતિ.

**hydro-pneumatic sprayer.** હવાદાબથી સંચાલિત છંટકાવ કરવા માટેનું સાધન.

**hydroponics.** માટી વિના પાણીમાં વનસ્પતિનું કરવામાં આવતું સંવર્ધન, જેમાં વિશાળ રીતે રેતી સંવર્ધન અને કેવલ સંવર્ધનનો સમાવેશ થાય છે, જે માટે પોષક દ્રવ્યો પૂરાં પાડવામાં આવે છે.

**hydroscope.** જલદર્શક સાધન. **hydroscopic.** હવામાંથી ભેજને શોષવા કે હરવાની ક્ષમતા **h. water.** ગુરુત્વાકર્ષણ અને કેશાકર્ષણ દ્વારા પાણી દૂર થયા પછી જમીનમાં રહેવા પામતું પાણી.

**hydrosols.** પાણી મુખ્ય ઘટક હોય તેવી કુદરતી જમીનનો સમૂહ.

**hydrostatic.** સ્થિરદ્રવી.

**hydrotropic.** જલાનુવર્તી. **hydrotropism.** જલાનુવર્તિતા.

**hydroxide of lime.** જલાન્વિત ચૂનો.

**hygiene.** સ્વાસ્થ્ય અને શરીર સંરક્ષણનું શાસ્ત્ર; સ્વાસ્થ્ય વિજ્ઞાન

**hygro—.** ભેજ, આર્દ્રતા અર્થસૂચક પૂર્વગ.

**hygrogenic movement.** આર્દ્રતાજન્ય હલન-ચલન.

**hygroma.** વારંવાર ક્ષત-વ્રણ થવાથી પ્રાણીના સાંધાને આવતો સોજો.

**hygrometer.** આર્દ્રતા માપક સાધન, હવામાં રહેલી સાપેક્ષ આર્દ્રતા માપવાનું સાધન.

**hygromorphic.** આર્દ્રતારૂપી.

**hygrophilous.** આર્દ્રતારાગી.

**hygrophyte.** આર્દ્રભૂમિ ઉદ્ભિદ, આર્દ્રભૂમિ – ભેજવાળી ભૂમિમાં થતી વનસ્પતિ.

**hygroryza** *aristata* **(Retz.) Nees ex Wight & Arn.** સરોવરો, તળાવો, જળાશયો ઇ. માંનાં પાણી પર તરતી અને ધીમે ધીમે ખસતી વનસ્પતિ, જેને શિયાળામાં ઢોરને ખાવા માટે આપી શકાય તે માટે આસામમાં ઉગવવામાં આવે છે.

**hygroscope.** આર્દ્રતાદર્શક. **hygroscopic.** ભેજ શોષવા અને ભેજને જાળવી રાખવાનો કોઈ પણ દ્રવ્યનો ગુણ. **h. coefficient.** 50 ટકા સાપેક્ષ આર્દ્રતા અનુસાર જમીનમાં રહેલી ભેજની ટકાવારી, જે pF 6.0 ને લગભગ મળતી આવે છે; **h. moisture.** સૂકી જમીનની ભેજ ધારણ કરવાની ક્ષમતા. જમીનની સપાટી અ-પ્રવાહી રૂપમાં ભેજ શોષે, જે મૃદાના કણનું ઘટક બને અને જે કોઈપણ રીતે વનસ્પતિને ઉપયોગી બનતું નથી. આવા ભેજને ધારણ કરવાની જમીનની ક્ષમતા. **h. water.** ભેજશોષક પાણી.

**hymen.** માદા પ્રાણીના મૂત્ર માર્ગના બાહ્ય રંધ્ર આગળની ત્વચીય કલા, જે યોનિને પૂર્ણ રીતે કે અંશતઃ બંધ રાખે છે. (૨) કૌમાર્ય ત્વચા.

**hymenium.** કેટલીક ફૂગમાં રહેલું પ્રજનન પડ, ફૂગ ફલિત પિંડનું બીજાણુ ધરાવતું પડ.

**Hymenodictyon** *excelsum* **(Roxb.) Wall.** ભ્રમરાચ્છલી; બિહાર, મધ્ય પ્રદેશ અને પશ્ચિમ ભારતમાં થતું એક ઝાડ, જેની છાલ ચામડાં કમાવવા ઉપયોગી બને છે. જેના કાષ્ઠની દીવાસળી, ચાની અને પેક કરવાની પેટીઓ બનાવવામાં આવે છે. **H.** *obovatum* **Wall.** વાડ માટે વાવવામાં આવતું મોટું ઝાડ.

**Hymenoptera.** પારદર્શક ત્વચા જેવી પાંખની બે જોડ ધરાવતી મધમાખી અને કીડીઓ જેવાં જંતુઓનો સમૂહ.

**Hyoscyamus** *niger* **L.** ખોરાસાની અજમો; મૂળ યુરોપની પણ સમશીતોષ્ણ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હિમાલય, કાશ્મીર અને ગઢવાલમાં થતી વનસ્પતિ, જેનાં પાનમાંથી ઔષધ બનાવવામાં આવે છે, જે શામક, નશાકારક છે અને દમ તથા ઉટાટિયાના ઉપચાર તરીકે ઉપયોગી બને છે.

**hyper—.** અતિ, અર્થસૂચક પૂર્વગ.

**hyperacidity.** અતિ અમ્લતા.

**hyperaesthesia.** ત્વચા, ઇંદ્રિય કે અંગની અતિ સંવેદનશીલતા.

**hyperglycaemia.** રક્ત શર્કરામાં થતો વધારો, અતિ રક્તશર્કરા.

**hyperhidrosis.** કેટલાક તાવના રોગોમાં વળતો અતિ પરસેવો.

**hyperimmune.** વારંવાર એક જ પ્રકારના રોગોત્પાદક પ્રક્રિયકના સંસર્ગમાં આવવાથી થતી રોગપ્રતિરક્ષા. **h. serum.** એકના એક ચોક્કસ પ્રકારના ચેપનો વારંવાર ભોગ બન્યા બાદ સાજા થતા કે રોગ પ્રતિરક્ષા મેળવનાર પ્રાણીની રક્ત જળ – રસી.

**hyperparasite.** અતિપરજીવી; અન્ય પરજીવીમાં પરજીવી બનીને રહેતો જીવ. **hyperparasitism.** અતિ-પરજીવિતા, અન્ય પરજીવીમાં પરજીવી બનીને રહેવાની ક્ષમતા.

**hyperplastic.** ઘણી સંખ્યામાં કોષ પેદા કરનાર (રોગ).

**hyperploidy.** અતિસૂત્રતા, રંગ સૂત્રોની અતિ સંખ્યાકતા.

**hypersensitivity.** અતિ સંવેદનશીલતા. (૨) રોગકારક હૃદયના હુમલા દરમિયાન સજીવની થતી તીવ્ર પ્રતિક્રિયા, જેમાં રોગગ્રસ્ત પેશીનું મૃત્યુ થાય છે, જેથી ચેપ ફેલાતો અટકે છે.

**hypersusceptible.** સાધારણ વ્યક્તિ રોગથી ઉન્મુક્ત હોય તેવા ચેપ કે વિષ પ્રત્યે સંવેદનશીલ (સજીવ).

**hypertrophy.** અતિવૃદ્ધિ; કોઈ વનસ્પતિમાં રોગના કારણે થતી વૃદ્ધિ, જેવી કે પુષ્પોદ્ભવ, ફળ, પ્રકાંડ, મૂળની વૃદ્ધિ, જેના પરિણામે વૃદ્ધિ પામતાં અંગો કે ભાગો વિકૃતિ દર્શાવે છે. (૨) અર્બુદ નિર્માણ સિવાયની કોઈ અંગ કે ભાગના કદની થતી વૃદ્ધિ.

**hypervitaminosis.** અતિ પ્રજીવકો લેવાના પરિણામે થતો રોગ.

**hypha.** કવકસૂત્ર. (૨) કવકતંતુ, ફૂગનું વાનસ્પતિક રેસા જેવું તત્ત્વ. **hyphoid.** કવકતંતુ સદૃશ.

**Hyphaene** *thebaica* **(L.) Mart.** ઇંગોતાડ, જેનાં પાનથી છાપરાં છાવવામાં આવે છે, ઉપરાંત તેની ચટાઈ, હેટ અને ટોપલા–ટોપલીઓ બનાવવામાં આવે છે.

**hypno—.** સુષુપ્તિ, નિદ્રા, ઘેન અર્થસૂચક પૂર્વગ.

**hypnospore.** સુપ્ત બીજાણુ.

**hypnotic.** નિદ્રાપ્રેરક. **hypnotism.** સંમોહન. (૨) સંમોહન વિદ્યા.

**hypo—.** અધઃ, અધર–અધો, નિમ્ન ઇ. અર્થસૂચક પૂર્વગ.

**hypobasal.** અધઃતલસ્થ. (૨) બે કોષ પૈકી નિમ્નકોષ, જેના કેટલાક પ્રજનક બીજાણુનું વિભાજન થાય છે.

**hypocalcaemia.** લોહીમાં કેલ્શિયમ તત્ત્વની ઊણપ.

**hypocarp.** કાજુ જેવાં કેટલાંક ફળનું મંદીકૃત પરિચક.

**hypochlorites.** ઑક્સિજન, ક્લોરીન અને સોડિયમ હાઇપોક્લોરાઇડ જેવી ધાતુઓનું બનેલું જંતુઘ્ન કે વિસંક્રામક સંયોજન.

**hypocotyl.** અધરાક્ષ; બીજપત્ર હેઠળનો અંકુરના પ્રકાંડનો અંકુર. બીજોધર; ભ્રૂણમાં બીજપત્ર હેઠળના પ્રકાંડનો ભાગ. **h. arch.** બીજપત્રાધાર કમાન.

**hypoderm.** વનસ્પતિમાં અધિસ્તર હેઠળની પેશી, અધઃસ્તર. (૨) અધઃત્વચા. **hypoderma.** જુઓ *hypoderm*. **h.** *bovis*. ઢોરના પગના વાળની માખ. **h.** *crossi*. બકરાના પગના વાળની માખ. **h.** *lineatum*. ઢોરના પગના વાળની માખ. **hypodermic.** ચામડી–ત્વચા હેઠળનું અધઃત્વક્. **hypodermis.** અધઃત્વચા, અધઃસ્તર, અધઃપ્રાવરક. (૨) બાહ્ય સ્તરની હેઠળની પેશી.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**hypogeal.** અધોભૂમિક. (૨) એવાં અંકુરક સંબંધી, જેનાં બીજપત્રો જમીનની નીચે રહે છે. **hypogeous.** જમીનની સપાટી હેઠળ ઊગતું કે પરિપક્વ બનતું.

**hypoglottis.** અધોજિહ્વા, જીભની હેઠળનો ભાગ.

**hypoglycaemia.** ન્યૂન મધુરક્તતા.

**hypogynous.** અધોજાય. (૨) બહિર્ગોળ પરાગાશય ધરાવતું પુષ્પ, જેનાં બહારનાં પુષ્પીય અંગો નાંડાશયની નીચેથી ઉદ્ભવે છે. **hypogyny.** અધોજાયતા.

**hypomagnesaemia.** ધનુર્વા. (૨) આંચકી અને નિશ્ચેતનતા જેવાં લક્ષણો ધરાવતો ગાયને થતો ઝવલેણ રોગ, જે લોહીમાં કેલ્શિયમ-મેગ્નેશિયમ ગુણોત્તરમાં થતા ફેરફાર અને મેગ્નેશિયમની ઊણપના પરિણામે છે.

**hypomycetes.** અપૂર્ણ ફૂગનો એક વર્ગ, જેમાં મુક્ત કે સામૂહિક બીજાણુધર પર બીજાણુઓનું નિર્માણ થાય છે.

**hyponasty.** અધઃસ્પંદન.

**hypophysis.** અધોવર્ધ. (૨) પ્રાણીઓના મગજના તલપર રહેલી બ્રહ્મગ્રંથિ, જે અનેક અંતઃસ્રાવો સ્રવે છે અને સમસ્ત અંતઃસ્રાવ પર નિયંત્રણ રાખે છે. (૩) બીજપત્રમાં મૂળ ટોચ નિર્માણક કોષ.

**hypoplasia.** અવસાધારણ કોષ નિર્માણ. **hypoplastic.** અવવિકાસી. (૨) પેશી કે અંગમાં કોષરચના અટકી જવા પામી હોય કે અવસાધારણ હોય તેવા પ્રકારનું (દર્દ).

**hypoploid.** અવસૂત્રાત્મક, અવગુણિત.

**hypopodium.** પ્રકાંડસહિત પર્ણનો તળ પ્રદેશ.

**Hyssopus** *officinalis* **L.** મૂળ યુરોપનો પણ કાશ્મીરથી કુમાઉના હિમાલય પ્રદેશમાં થતો ક્ષુપ.

**hypostasis.** અભિભવન.

**hypothellus.** અધઃસૂકાય.

**hypotheca.** ઉપવેષ્ટ.

**hypothesis.** પરિકલ્પના, ધારણા.

**hysterectomy.** સંપૂર્ણ કે અંશતઃ ગર્ભાશય છેદન.

**hysteresis.** પૂર્વોપચાર પ્રભાવ.

**hysteria.** વાઈ, અપસ્માર, આંચકી.

# I

**Iberis** *amara* **L.** (Syn. *I. coronaria* **Hort.**). શોભા માટેનો છોડ.

**icaco plum.** ખાદ્યફળ ધારી કેરળમાં થતું નાનું ઝાડ કે ક્ષુપ.

**ice.** બરફ. **i. cream.** આઇસક્રીમ; મલાઈ કાઢી લીધેલા કે મલાઈવાળા દૂધમાં ખાંડ, સુગંધી દ્રવ્યો ઇ. નાંખી તેને ઠારીને ઘટ્ટ બનાવેલી એક મિષ્ટ અને પ્રિય વાનગી. **i. c. box.** આઇસક્રીમની પેટી. **i. c. mix.** આઇસક્રીમ મિશ્ર.

**Icerya** *purchasi.* ખટમધુરાં ફળનું એક જંતુ.

**Ichnacarpus** *frutescens* **(L.) Ait & Ait. f.** દૂધીલતા, કાળી દૂધી, શ્યામલતા; ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ અને પ. બંગાળના સુંદરવનમાં થતો શોભાનો ક્ષુપ, જેના પ્રકાંડમાં રેસાનાં દોરડાં બનાવવામાં આવે છે.

**ideal.** આદર્શ. **i. gas.** આદર્શવાળું. **i. solution.** આદર્શ દ્રાવણ.

**identical.** સમરૂપ. **identification.** ઓળખ, પિછાન. **identify.** ઓળખવું,પિછાન થવી-આપવી. **identity.** ઓળખ, તદ્રૂપતા.

**ideomotor.** વિચારપ્રેરક.

**Idiocerus** *atkinsoni.* આંબાનો મધિયો. **I.** *clypealis.* આંબાનો મધિયો. **I.** *niveosparsus.* આંબાનો મધિયો.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**idiopathic.** કોઈપણ દૃશ્ય કારણ વિનાનો રોગ કે શારીરિક અવસ્થા.

**idiosyncracy.** પ્રકૃતિ વિશેષતા.

**idle land.** ખેડવામાં આવેલી હોય પરંતુ તેનો ઉપયોગ કરવામાં આવતો ન હોય તેવી ત્યજાયેલી કે પડતર જમીન.

**igneous rocks.** અગ્નિકૃત ખડકો, આગ્નેય ખડકો. (૨) પૃથ્વીના પેટાળમાં આવેલા મેગ્માના બનેલા ખડકો. (૩) ઓગળેલ રસ ઠરી જવાથી બનેલા શૈલ, જેના બે મુખ્ય ભાગ છે: પ્લુટોનિક અને વોલ્કેનિક. આવા પ્રકારના સામાન્ય શૈલોમાં ગ્રેનાઇટ, સાયેનાઇટ, બસાલ્ટ, ડાયોરાઇટ, ગેબ્બ્રો અને પેરિડોટાઇટ શૈલોનો સમાવેશ થાય છે. ઉપરોક્ત બે પ્રકારના શૈલો પૈકી પ્લુટોનિક શૈલ એટલે જમીનના ખૂબજ દબાણથી ઉષ્માના કારણે બનેલો શૈલ અને વોલ્કેનિક શૈલ એટલે જ્વાળામુખીના કારણે બનેલા શૈલ, **ignition.** પ્રજ્વલન.

**ilama.** મૂળ મેક્સિકોનું *Annona diversifolia* **Saff.** નામનું દક્ષિણ ભારતનું ઝાડ.

**ileo-caecal valve.** શેષ અંધાંત્ર કપાટ–વાલ્વ. (૨) નાનું અને મોટું આંતરડું જેમાં મળે ત્યાં આગળનો વાલ્વ. **ileum.** શેષાંત્ર. (૨) જંતુના પાછલા આંતરડાનો બાહ્ય ભાગ.

**ilium.** કટિ મેખલાનું પૃષ્ઠ અસ્થિ. (૨) પડખાને ટેકવતો શ્રોણિ અસ્થિનો ભાગ.

**Illicium** *anisatum.* બાદિયાન્ **I.** *graffithii* **Hook. f. & Thoms.** સદાહરિત, સૌરભિક ક્ષુપ કે નાનું ઝાડ. **I.** *verum* **Hook. f.** બાદિયાન ખટાઈ, અનસફળ; મૂળ દક્ષિણ ચીનનું પણ અહીં થતું એક ઝાડ, જેનાં ફળમાંથી કાઢવામાં આવતું તેલ જે સુગંધી દ્રવ્યો, મીઠાઈ બનાવવા માટે ઉપયોગી બને છે, તે ઉપરાંત કફ નિસ્સારક અને વાયુહારક ઔષધિ તરીકે પણ તે ઉપયોગમાં આવે છે.

**illipe butter.** ફુગવારા. (૨) ઉત્તર પ્રદેશ અને બિહારમાં થતું મોટું વૃક્ષ, જેનું તેલ રસોઈમાં ઉપયોગમાં આવે છે અને છાલ રંગ કામમાં આવે છે.

**illumination.** રોશની.

**illuvial horizon.** ઘસડાઈ આવેલી માટીનું સંસ્તર, જે સંસ્તર–'બી' કહેવામાં આવે છે. **illuviation.** એક સંસ્તરમાંથી બીજા સંસ્તરમાં ઘસડાઈ આવેલી માટીના નિક્ષેપની પ્રક્રિયા, વિનિક્ષેપન. (૨) અંતઃસ્રાવી પાણીદ્વારા દ્રાવણ કે નિલંબિતરૂપે ઢસડાઈ આવેલા દ્રવ્યના નિક્ષેપથી થતા સંચયની પ્રક્રિયા ઉપલા સંસ્તરથી નીચલા સંસ્તરમાં થાય છે.

**ilu.** પંજાબ, મધ્યપ્રદેશ અને આસામનું દીર્ઘાયુ તૃણ.

**image.** પ્રતિબિંબ, પ્રતિમા, બિંબ.

**imago.** પૂર્ણકીટ. (૨) જંતુ રૂપાંતરમાં અંતિમ અને પ્રૌઢ અવસ્થા.

**imbibe.** અંતર્ગ્રહણ કરવું. **imbibition.** અંતર્ગ્રહણ, અંતઃશોષણ. (૨) શોષણની એક પ્રક્રિયા, જેમાં જેલ (**jel**)-માંનાં કાર્બનિક દ્રવ્યો-પ્રવાહી ગ્રહણ કરે અને આ પ્રક્રિયામાં તે ફૂલે, જેમકે પાણીનું શોષણ કરતાં બી ફૂલે; મૂળ પાણીનું શોષણ કરે તેની આ એક રીત છે. **imbibitional moisture.** માટીના કણો આર્દ્ર–ભેજમુક્ત રહે તે માટે આવશ્યક હોય તે કરતાં વધારે પ્રમાણનો ભેજ. (૨) કલિલીય માટી ભેજ ગ્રહણ કરે ત્યારે જમીન દેખીતી રીતે ભીની થાય છે; માટીના કણો કદમાં વધી ફૂલે છે. આ કણો એટલા સંઘટ્ટ બને છે કે, તેનો ભેજ વનસ્પતિને માટે ઉપલબ્ધ બને છે.

**imbricate.** પરસ્પર ઉપર છવાઈ જતા ભાગ.

**imli.** આંબલી.

**immature.** અપરિપક્વ, પૂરો વિકાસ થયો ન હોય તેવું (પ્રાણી કે વનસ્પતિ). **i. profile.** જમીનની વિકાસ પામી રહેલી પણ પૂરો વિકાસ થયો ન હોય તેવી અવિકસિત પરિચ્છેદિકા. **i. soil.** જેની પરિચ્છેદિકાનો વિકાસ થયો ન હોય તેવી જમીન. **i. staple.** તંતુ પૂરેપૂરું વિકાસ પામ્યું ન હોય તેવું રૂ. (૨)

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હલકા પ્રકારનું અપક્વ રૂ, જેની ગાંસડીઓ બાંધવામાં આવે છે.

**immiscible.** અ-મિશ્રણીય.

**immobile.** અચર, અગતિશીલ, નિશ્ચલ. **immobilization.** સૂક્ષ્મ સત્ત્વ કે વનસ્પતિ પેશીમાં અકાર્બનિક તત્ત્વનું કાર્બનિક તત્ત્વમાં પરિવર્તન, જેના પરિણામે અગાઉ સીધી રીતે વનસ્પતિને જે તત્ત્વ મળી શકતું હતું તે હવે મળી શકતું નથી. (૨) કોઈપણ વસ્તુને સ્થગિત કરતી ક્રિયા, જેમકે કોઈ અંગને થયેલી ઈજા રૂઝાતી ન હોય, પરિણામે અંગ કામ કરતું અટકે અને સ્થગિત બની જાય. (૩) અચરતા.

**immune.** રોગ પ્રતિરક્ષાની અવસ્થા. **i. globulin.** પ્રતિરક્ષક ગ્લોબ્યુલિન. **i. serum.** પ્રતિરક્ષા કરતા પિંડોવાળી રસી, જેનો અંતઃક્ષેપ વિષાણુ કે જીવાણુની રોગોત્પાદક પ્રક્રિયાને અટકાવે છે. **immunity.** ઉન્મુક્તતા, રોગપ્રતિરક્ષા. (૨) સજીવની કુદરતી કે ઉપાર્જિત રીતે રોગનો પ્રતિકાર કરવાની સમર્થતા. **immunization.** રોગપ્રતિરક્ષા માટેની પ્રક્રિયા. **immunize.** રોગ, ચેપ કે સંક્રમણની સામે પ્રતિરક્ષા ઊભી કરવી. **immunizing agent.** રોગ પ્રતિરક્ષા કરનાર, શરીરમાં દાખલ કરવામાં આવતા કારકો, જે પ્રતિપિંડો ઊભા કરે છે અને જે રોગનો સામનો કરે છે. **immuno-diagnosis.** રોગની સામે પ્રતિરક્ષા મેળવવાના હેતુસર કરવામાં આવતું નિદાન. **immunogenicity.** ચોક્કસ રોગ કે વિષની સામે પ્રતિરક્ષા મેળવવાની ક્ષમતા. **immunological.** રોગ-પ્રતિરક્ષાત્મક. **immunology.** રોગ-પ્રતિરક્ષાવિજ્ઞાન. **immunopharmacology.** રોગ પ્રતિરક્ષા ઔષધવિજ્ઞાન. **immuno response.** રોગપ્રતિરક્ષા પ્રિતભાવ.

**immutable.** અનુત્પરિવર્તનશીલ.

**impact.** સંઘાત. **i. loss.** અન્ય દ્રવ્યો પર પાણીના ફોરાંનો સંઘાત થવાના પરિણામે થતા દબાણથી થતી હાનિ. (૨) ખુલ્લી જમીન પર પાણી પડવાથી માટીના સંચય પર વિસરણની થતી ક્રિયા – માટી ખસવા માંડે.

**impaction.** દૃઢપણે પેક કરવાની કે સમાવેશ કરવાની અવસ્થા. **i. of rumen.** વધારે પડતું ખાઈ જવાથી અથવા સુપાચ્ય ન હોય તેવી વસ્તુઓ ખાઈ જવાથી વાગોળનાર પ્રાણીનું પ્રથમ આમાશય સખત બની જાય તેવી અવસ્થા, જેના પરિણામે આવા પ્રાણીને સુસ્તી આવે, દૂધ ઓછું આપે અને કબજિયાત રહે.

**imparipinnate.** અસમાન રીતે પીચ્છાકાર. (૨) અસમ સંખ્યાવાળી પર્ણિકાનાં સંયુક્ત પર્ણો. **i. compound leaf.** નાસંયુગ્મ પક્ષવત સંયુક્ત પર્ણો.

**Impatiens** *balsamina* **L.** ગુલમેંદી નામના ખાદ્ય બીની શોભાની શાકીય વનસ્પતિ, જે દેશભરમાં થાય છે.

**impeded drainage.** ગુરુત્વાકર્ષીય રીતે ઢાળ તરફના પાણીના વહેણમાં આવતો અવરોધ.

**impeller.** સેન્ટ્રીફ્યુગલ – કેન્દ્રત્યાગી પંપની ચકતી અથવા પરિભ્રામક (રોટર).

**Imperata** *cylindrica* **(L.) P. Beauv.** *var. major* **(Ness) C. E. Habb ex Hubb & Vaughan** [Syn. *I. arundinacea* **Cyr.**). પંજાબ, મધ્યપ્રદેશ, આસામ અને દ. ભારતમાં થતું દીર્ઘાયુ ઘાસ, જેનું પ્રકાંડ છાપરાં છાવવા તથા કાગળ બનાવવાના કામમાં આવે છે, જેનાં ફળ ગાદલાં–ઓશિકાં ભરવાના કામમાં આવે છે; ઘાસ અતિ વરસાદવાળા વિસ્તારમાં જમીનનું ધોવાણ થતું રોકે છે.

**imperfect.** અપૂર્ણ. **i. flower.** અપૂર્ણ પુષ્પ. (૨) પુંકેસર અને સ્ત્રીકેસર વિનાનું પુષ્પ. **i. fungi.** અપૂર્ણ ફૂગ. (૨) લિંગીય અવસ્થા વિનાનો ફૂગનો સમૂહ.

**imperforated teat.** છિદ્ર વિનાનો આંચળ, જે જન્મજાત ખોડ છે અને જે

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છોડનું નિવારણ કરવા માટે શસ્ત્રક્રિયા આવશ્યક બને છે.

**Imperial.** સક્કરજનનો એક પ્રકાર. **i. bushel.** 1.0321 અમેરિકન બુશેલ જેટલું ઇંગ્લંડમાં ઉપયોગમાં લેવામાં આવતું વજનનું માપ, જે 32 ક્વાર્ટ્સ જેટલું થાય છે.

**impermeability.** અપ્રવેશ્યતા. (૨) સાધારણ દબાણથી પાણીને પ્રવેશવા ન દેવાનો ગુણ કે અવસ્થા. (૩) અભેદ્ય. **impermeable.** અ-પ્રવેશશીલ.

**impervious.** પ્રવાહી કે મૂળના પ્રવેશનો વિરોધ કરનાર. **i. soil.** વનસ્પતિના મૂળ કે પાણીના નીચે ઉતરવાના ગુણનો વિરોધ કરનાર માટીનું સ્તર. **imperviousness.** અ-પ્રવેશશીલતા. (૨) પાણીના સ્રવણને અલ્પતમ બનાવવાનો ગુણ.

**implant.** પેશીનો કલમ કરેલો ભાગ. (૨) દાખલ કરવું, રોપવું. **implantation.** રોપણ, આરોપણ, નિરોપણ.

**implement.** ઓજાર.(૨) કામ કરવામાં સહાયભૂત બનતું અને જેના પરિણામે વધારે ઉત્પાદક અને અસરકારક કામ થઈ શકે તેવું સાધન.

**impotence (-cy).** પ્રજનન અક્ષમતા, જે કામ ચલાઉ પ્રકારની કે કાયમી હોય. **impotent.** પ્રજનન ક્ષમતા, શક્તિ કે જોમનો અભાવ, જે થોડા સમય માટે કે કાયમી હોય. **i. pollen.** ફલિનીકરણ કરવાને અસમર્થ પરાગરજ.

**impoverished soil.** ઉપરાઉપરી પાક લેવાના પરિણામે આર્થિક રીતે ઉત્પાદકતા ગુમાવી હોય તેવી જમીન.

**impregnation.** કૃત્રિમ રીતે કે મૈથુન દ્વારા માદાના શરીરમાં વીર્યનો પ્રવેશ અથવા માદાને ગર્ભવતી બનાવવી. (૨) માદા પુષ્પનું ફલિનીકરણ.

**improved** સુધારેલું. **i. breed.** શરીરની રચના અને પ્રજનનના ગુણધર્મ ઇ.ની દૃષ્ટિએ એક સરખું સંવર્ધન મૂલ્ય ધરાવતો કોઈ પણ પ્રાણી સમૂહ. (૨)સુધારેલી ઓલાદ. **i. chicken.** વાઇટ લેઘોર્ન, રોડ આઈલેંડ રેડ જેવા ભારતમાં આયાત કરેલાં મરઘાં; અહીં તેમને વાતાવરણથી અનુકૂલિત બનાવવામાં આવે છે. **I. Ghana.** ઘાનામાંથી આયાત કરીને અહીં વાવવામાં આવતી બાજરી, જે સારો ઉતાર આપે છે. **I. Golden yellow.** લોકેટનો એક સારો પ્રકાર. **I. Pale yellow.** જાપાનથી આયાત કરેલા લોકેટનો એક પ્રકાર.

**improvement cutting.** વૃક્ષો સારી રીતે ફૂલે-ફાલે તે હેતુ માટેની કાપકૂપ અથવા કાષ્ઠ સિવાયની પણ વૃક્ષોની આવશ્યકતામાં સુધારો થાય તે માટેની કાપકૂપ. (૨) છોડને રોપ્યા બાદ તેનો યથાયોગ્ય વિકાસ થાય તે માટે તેની આસપાસના અનિચ્છનીય ઝાડને દૂર કરવાં.

**inactive.** અક્રિય, સુષુપ્ત.

**in-and-in breeding.** સુધારણા માટે કે અનિચ્છનીય ગુણધર્મને દૂર કરવા માટે પેઢી દર પેઢી નજીકના સંબંધી પ્રાણીઓ કે વનસ્પતિઓનું કરાતું પ્રજનન.

**inappetence.** અરુચિ.

**inarching.** આંબો, જામફળી જેવાં સદાહરિત ઝાડ સંબંધી કલમનો એક પ્રકાર, જેમાં કલમાંકુર પૂર્ણ બને ત્યાં સુધી પિતૃ છોડના ભાગરૂપે તે રહે છે.

**inarticulated.** જોડયા વિનાનું, અખંડિત.

**inbred.** 50 ટકા કરતાં કે તેથી વિશેષ સમાન આનુવંશિકતા ધરાવતી વ્યક્તિ. (૨) સાધારણ રીતે સંકરથી પરાગનયન થઈ શકે તેવી વનસ્પતિની સ્વપરાગનયનના પરિણામે થતી સંતતિ વનસ્પતિ. (૩) ગાઢ કે નજીકની સગાઈ કે સંબંધ ધરાવતાં પ્રાણીઓ કે વનસ્પતિઓનું કરવામાં આવતું પ્રજનન. **i. line.** સ્વપરાગનયન દ્વારા અને ઓછામાં ઓછી પાંચ પેઢી સુધી એકસૂત્રતા આવે ત્યાં સુધી ઉછેરવામાં આવતી વનસ્પતિ. **inbreeding.** અંતઃપ્રજનન; પશુઓ અને પક્ષીઓમાં ગાઢ સગાઈ ધરાવતા પિતૃઓ દ્વારા કરવામાં આવતું

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રજનન. (૨) મરઘાં–બતકાંમાં આવા અંતઃપ્રજનનનાં સારાં પરિણામ મળતાં નથી.

**inception.** પ્રારંભ.

**incidence.** પ્રભાવની મર્યાદા; પ્રભાવનો વિસ્તાર. (૨) આવર્તન.

**incipient erosion.** પ્રાથમિક અવસ્થામાંનો ઘસારો.

**incision.** કાપ, છેદ.

**incisor.** કૃંતક (દાંત), મોંના આગલા દાંત.

**incitant.** કારણભૂત સજીવ. (૨) ફૂગ, જીવાણુ, કૃમિ ઇ. જેવાં ચોકસ રોગોત્પાદક (સજીવો).

**inclement weather.** અરુચિકર હવામાન.

**inclusion.** સમાવેશ. (૨) સમાવિષ્ટ કરવામાં આવતું દ્રવ્ય કે પદાર્થ. **i. body.** અંતઃસ્થ પિંડ. **i.s in eggs.** લોહી કે માંસના ડાઘ ઇ. જેવાં બાહ્ય દ્રવ્યોની ઈંડાની જરદીમા કે તેના એલ્બ્યૂમીનમાં હાજરી.

**incompatibility.** પરાગનલિકામાં પરાગરજ અટકી પડે અને અંડાશયમાં તે પહોંચી શકે નહિ તેથી તેની ફલિત થવાની અશક્તિ, (૨) અસમર્થતા કે અક્ષમતા.

**incomplete.** અપૂર્ણ, અધૂરું. **i. fertilizer.** વનસ્પતિનાં વૃદ્ધિ અને વિકાસ માટે આવશ્યક ખાતરનાં ત્રણ દ્રવ્યો પૈકી એક કે બે જ દ્રવ્યો ધરાવતું ખાતર. (૨) અપૂર્ણ ખાતર. **i. flower.** દલ, પુંકેસર, સ્ત્રીકેસર જેવા એક કે વધારે અંગો વિનાનું પુષ્પ. (૨) અપૂર્ણ પુષ્પ. **i. metamorphosis.** અપૂર્ણ પરિવર્તન. (૨) જંતુ પરિવર્તન કે રૂપાંતરની પ્રક્રિયા કે ઘટનામાં જંતુઓને પ્રૌઢરૂપમાં ઉછેરવામાં આવે અને સરળ પરિસ્થિતિ વિના તેમનો વિકાસ કરવા દેવામાં આવે.

**increment.** કોઈ ઝાડ તેના જીવન દરમિયાન વર્ષે વર્ષે તેના કાષ્ઠ નિર્માણમાં વધારો કર્યા કરે, અથવા કોઈ વન–પ્રદેશમાં તેમાંનાં સઘળાં વૃક્ષોના વાર્ષિક કાષ્ઠ નિર્માણમાં થતો વધારો.

**incross.** અંતઃસંકરન. **i. breed.** અંતઃસંકર ઓલાદ.

**incubate.** સેવન કે વિકાસ માટે સુયોગ્ય પરિસ્થિતિમાં ઈંડાં, ભ્રૂણ, જીવાણુ ઇ.ને રાખવાં. **incubation.** કુદરતી કે કૃત્રિમ રીતે ઉષ્મા આપીને ઈંડાંનું કરાતું સેવન કે સંવર્ધન. (૨) વનસ્પતિ કે પ્રાણીમાં પરજીવી સજીવના પ્રવેશથી ચેપ લાગે અને તેથી થતા રોગનાં લક્ષણો પ્રગટ થાય ત્યાં સુધીનો વચગાળાનો રોગને માટે વિકસવાનો સમય. (૩) સંવર્ધન માટે ચોકસ પાત્ર – ઇન્ક્યુબેટરમાં પ્રજીવ કે જીવાણુને તેના સંવર્ધન માટે રાખવું. **i. period.** રોગોત્પાદક સજીવો શરીરમાં દાખલ થાય અને રોગનાં લક્ષણો પ્રગટ થાય ત્યાં સુધીનો રોગને વિકસવા માટેનો વચગાળાનો સમય. (૨) ઈંડાં મૂકવા અને તેના સેવન વચ્ચેનો સમય, જે મરઘાં માટે 21 દિવસ, બતક માટે 28 દિવસ, હંસ માટે 30-34 દિવસ, ટર્કીપક્ષી માટે 28 દિવસ અને ગિની પક્ષી માટે 26-28 દિવસનો હે.ય છે. **i. stage.** ઉદ્ભવન અવસ્થા, પરિપક્વતા અવસ્થા. **incubator.** ઈંડાં સેવવા માટેનું યાંત્રિક સાધન, જે મોટા ભાગે પેટીના ઘાટનું હોય છે અને તેમાંથી ગરમ હવા પસાર કરવામાં આવે છે અને નિયંત્રિત ઉષ્મા આપવામાં આવે છે. (૨) ભ્રૂણ, જીવાણુ સંવર્ધન ઇ. માટે ઉપયોગમાં લેવામાં આવતું તેવા પ્રકારનું સાધન.

**incubous.** પ્રત્યેક પર્ણની ટોચ, તેની ઉપરના પર્ણના તળની સાથે વળેલી રહે તેવી પર્ણની અવસ્થા. **incumbent.** –ની ઉપર રહેલું, તળ પર રહે તે રીતે નીચેની તરફ વળેલું.

**incurving horns.** આંખ તરફ વળેલાં પશુનાં શીંગડાં.

**Indarbela** *quadrinotata.* છાલ ખાતી ઈયળ; ખટમધૂરાં ફળ, તથા કેરીની છાલ ખાતી ઈયળ.

**indefinite.** અમર્યાદ, અચોકસ, અનિશ્ચિત

**indehiscent.** પરિપક્વ બનવા છતાં ફાટે નહિ તેવો ફળોનો ગુણ. (૨)

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અસ્ફોટક. (૩) ખુલતાં ન હોય તેવાં (પુષ્પો અથવા ફળની રચના).

**indenated.** કઠણ બનેલું.

**indeterminate.** અનિશ્ચિત. (૨) અચોક્કસ રીતે વિકાસ ચાલુ રહે તેવી ક્ષમતા ધરાવનાર. (૩) ટમેટાંનો એક પ્રકાર, જેમાં પ્રત્યેક ત્રીજી આંતરગાંઠ આગળ કલિકાનું ઝૂમખું થાય છે. જે ત્રણ પર્ણથી વિખૂટું રહે છે.

**index.** સૂચક. **i. feather.** મોટાં પાંખનાં પ્રાથમિક અને દ્વિતીયક પીંછાં વચ્ચેનું પીંછું, જે, પાંખ પહોળી થતાં પ્રાથમિક અને દ્વિતીયક પીંછાં વચ્ચેનો અવકાશ જણાવા દેતું નથી. **i. number.** સૂચકાંક. (૨) ભિન્ન સ્થાનો અને સમયમાં થતાં ઉત્પાદનનાં મૂલ્યો અંગેની માહિતીનું તુલનાત્મક માપ. **i. species.** અન્ય વાતાવરણમાં ટકી ન શકનાર સજીવની જાતો. **indexing.** વનસ્પતિમાં રહેલા સુષુપ્ત રોગનો નિર્ણય કરવા, તેના નમૂનાનું બી, અંકુર કે તેના કોઈ ભાગની કલમને રોપવાની પ્રક્રિયા. **i. host,** કોઈ પણ રોગના ચેપને જાણવા માટે રોગશીલ વનસ્પતિ પર કરાતો પ્રયોગ.

**Indian abutilon.** ખપાટ કાંસકી, પેટારી ઇ. વનસ્પતિ, જેની પાણીમાં પ્રક્રિયા કરી દોરડાં બનાવવા રેસા કાઢવામાં આવે છે.

**Indian Agricultural Research Institute.** ભારતીય કૃષિ સંશોધનસંસ્થા, જે 1905માં બિહારમાં પુસામાં સ્થાપવામાં આવી હતી અને જેની 1936માં નવી દિલ્હીમાં ફેરબદલી કરવામાં આવી. જે અત્યારે પણ પુસા સંસ્થા તરીકે ઓળખાય છે. આ સંસ્થામાં કૃષિ વિજ્ઞાન, વનસ્પતિ વિજ્ઞાન, જંતુ વિજ્ઞાન, ફૂગ વિજ્ઞાન, વનસ્પતિ રોગ વિજ્ઞાન જેવા વિવિધ વિભાગોમાં કૃષિની સાથે સંબંધિત સંશોધન કાર્યો કરવામાં આવે છે.

**Indian almond.** જંગલી બદામ. *Terminalia catappa* **L.,** નામનું ઝાડ, જેનાં ફળ ચામડાં કમાવવા માટે ઉપયોગી બને છે.

**Indian arrowroot.** ચવર. *Hitchenia caulina* **Baker.** નામનો મહારાષ્ટ્ર અને કોંકણમાં થતો ક્ષુપ, જેનાં પાનના કાગળ બનાવવામાં આવે છે, જેનાં કંદ ખાવામાં લેવાય છે. (૨) દેવકંદ, *Tacca leontopetaloides* (**L.**) **O. Kuntze** (*T. pinnatifida* **Forst.**). નામની શાકીય વનસ્પતિ, જેનાં મૂળ ખાદ્ય છે.

**Indian bdellium tree.** ગૂગળ. *Commiphora mukul* (**Hook. ex Stocks**) **Engl.** (*Balsamodendron mukul* **Hook ex. Stocks**). નામનું વૃક્ષ, જેની છાલ ગુંદર જેવી રાળ આપે છે, જેનો ઉપયોગ ધૂપ કરવા માટે થાય છે અને જે ઔષધ તરીકે પણ વપરાય છે.

**Indian bean.** વાલ; *Dolichos lablab* **L.** var. *lignosus* **Prain.** નામની અર્ધટટ્ટાર વનસ્પતિ, જેને બી માટે વર્ષે વર્ષે વાવવામાં આવે છે.

**Indian black berry.** જાંબુ.

**Indian buck wbeat.** જુઓ *duck wheat*.

**Indian butter bean.** વાલ.

**Idian butter tree.** ફુગવારા; મહુડો *Diploknema butyracea* (**Roxb.**) **H. J. Lam.** *Bassia butyracea* **Roxb,** *Madhuca butyracea* (**Roxb.**) **Macb.** ઉત્તર પ્રદેશ અને બિહારમાં થતું મોટું ખાદ્ય ફળનું ઝાડ, જેના બીનું તેલ-ઊભિયું રસોઈમાં વપરાય છે, અને છાલ રંગ કામમાં ઉપયોગમાં આવે છે.

**Indian cassia.** તમાલપત્ર. *Cinnamomum tamala* (**Bucb-Ham.**) **T. Nees & Eberm.** નામનું ઝાડ, જેનાં પાન મસાલા તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે.

**Indian cattle.** બળદ.

**Indian cberry.** પંજાબ, રાજસ્થાન,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મધ્યપ્રદેશ, પશ્ચિમભારત અને ખાસી ટેકરીઓમાં થતું *Cordia dichotoma* **Forst. f.** (*C. myxa auct plur, non* **L**; *C. obliqua* **Willd.**). નામનું ખાદ્ય ફળનું સારંગ નામનું ઝાડ.

**Indian chestnut.** *Castanopsis indica* **A.DC.** ખાસી ટેકરીઓ અને પ. બંગાળમાં થતું બીડીને વીંટાળવા માટેનાં પાનવાળું મોટું ઝાડ.

**Indian clover.** *Melilotus parvifera.* નામનો અગત્યનો શિયાળુ ઘાસચારો.

**Indian Colza.** સરસવ; ઉત્તરપ્રદેશ, આસામ, પંજાબ, પ. બંગાળ અને બિહારમાં થતો તેલી બિયાંનો પાક.

**Indian Council of Agricultural Research (I.C.A.R.).** ભારતીય કૃષિ સંશોધન સમિતિ; 1929માં ખાસ કાયદો કરીને, ઇમ્પિરિયલ કાઉન્સિલ ઑફ ઍગ્રિકલ્ચરલ રિસર્ચ નામની સ્થાપવામાં આવેલી કૃષિ સંશોધન સંસ્થા, જે હવે ઇન્ડિયન કાઉન્સિલ ઑફ ઍગ્રિકલ્ચરલ રિસર્ચના નામે ઓળખાય છે.

**Indian crab apple.** *Docynia indica* **Decne** (*Pyrus indica* **Wall.**). નામનું પૂર્વ હિમાલય અને ખાસી ટેકરીઓમાં થતું ખાદ્ય ફળધારી વૃક્ષ.

**Indian dill.** સવા. *Anethum sowa* **Roxb.** ભારતભરમાં થતી શાકીય વનસ્પતિ, જેનાં પાન સુવાસ આપવા ઉપયોગમાં લેવામાં આવે છે અને ફળ એટલે સવા વાતહર છે અને પેટની ગરબડમાં ઔષધ તરીકે ઉપયોગમાં આવે છે; નાનાં બાળકોને તેનું પાણી – ડિલ વોટર પાવામાં આવે છે.

**Indian frankincense.** *Boswellia serrata* **Roxb ex Colebr.** નામનું લોબાન, સાલેડી, સલાઈ ઇ. નામે ઓળખાતું પંજાબ અને પ. દ્વીપકલ્પમાં થતું વૃક્ષ, જેની છાલ ચામડાં કમાવવા માટે ઉપયોગમાં આવે છે, જેનો ઓલિયો રેઝિન ગુંદર ધૂપ કરવા ઉપયોગમાં લેવામાં આવે છે, ફૂલ અને ફળ ખાદ્ય છે, કાષ્ઠ મજબૂત છે અને તેનો ઉપયોગ કાગળ બનાવવા માટે થાય છે.

**Indian game.** સુમાત્રા અને ભારતીય મરઘીનું ઇંગ્લિશ બ્લેક બ્રેસ્ટેડ રેડ ગેઇમ મરઘાની સંકર ઓલાદનું કોર્નિશ નામનું મરઘું.

**Indian gooseberry.** આંબળાં

**Indian gutta percha tree.** *Palaquium ellipticum* **Dalz.**) **Engl.** (*Bassia elliptica* **Dalz**; *Dichopsis elliptica* **Benth.**). નામનું કર્ણાટક અને તામીલનાડુમાં થતું વૃક્ષ, જેનાં બીનું તેલ સાબુ બનાવવા તથા દીવાબત્તી માટે ઉપયોગમાં લેવામાં આવે છે.

**Indian hemp.** શણ

**Indian honeybee.** ભારતીય મધમાખ; *Apis indica* **F.** નામની ભારતમાં ઉછેરવામાં આવતી મધમાખ, જે ઝાડ અને ખડકોની બખોલો, પેટીઓ, ખાલી કેરોસીનના ડબ્બા, માટીનાં વાસણોમાં રહે છે, જે સમાંતર મધપૂડા બનાવે છે અને ઝુંડમાં રહે છે.

**Indian horse chestnut.** *Aesculus indica.* **Colebr ex Wall.** નામનું કાશ્મીર, પંજાબ અને ઉત્તરપ્રદેશમાં થતું ઘાસચારા માટે ઉપયોગમાં લેવાતાં પાન ધરાવતું અને ખાદ્ય ફળવાળું ઝાડ.

**Indian Institute of Sugar-Research.** 1952માં શેરડીના સંશોધન માટે લખનૌમાં સ્થાપવામાં આવેલી સંસ્થા.

**Indian kino tree.** *Pterocarpus marsupium* **Roxb.** નામનું બિયો તરીકે ઓળખાતું ઝાડ, જેનાં કાષ્ઠનું ફર્નિચર બનાવવામાં આવે છે, થડને છેદી તેમાંથી મળતો કિનો નામનો ગુંદર ઔષધીય ગુણ ધરાવે છે; ફળ અને બી ખવાય છે, અને જે દક્ષિણ અને પશ્ચિમ ભારતમાં થાય છે.

**Indian laburnum.** ગરમાળો; *Cassia fistula* **L.** નામનું મધ્યમ કદનું અનેક પરિસ્થિતિમાં પણ થતું પીળાં ફૂલનાં ઝુમખાવાળું, સૂકારાનો પણ સામનો

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરવાની ક્ષમતા ધરાવતું વૃક્ષ, જેને બી વાવીને ઉગાડવામાં આવે છે, જેના કાષ્ઠનું બળતણ થાય છે, ઉપરાંત તે કૃષિ અને ઈમારતી કામમાં ઉપયોગી બને છે; ગરમાળાનો ગોળ રેચક ગણાય છે.

**Indian leek.** પ. બંગાળમાં ઉગાડવામાં આવતી ડુંગળી કુળની વનસ્પતિ.

**Indian mallow.** નાની ખપાટ, ચિનાઈ શણ, *Abutilon theophrasti* **Medic** (*A. avicennae* **Gaertn.**). નામની શાકીય વનસ્પતિ, જેનાં રેસાનાં દોરડાં બનાવવામાં આવે છે અને જે વાયવ્ય ભારત, કાશ્મીર અને પ. બંગાળમાં થાય છે.

**Indian meal moth.** લોટનું કુદું, *Plodia interpunctella* **Huhn.** નામનું કૂદું, જે લોટમાં ઈંડાં મૂકે છે, જેમાંથી નીકળતી ઈયળ લોટ ખાય છે; આ જંતુનું જીવનચક્ર પાંચ અઠવાડિયામાં પૂરું થાય છે.

**Indian Meteorological Depatment.** પૂનામાં આવેલું ભારતભરમાં હવામાન અંગેની વેધશાળાઓ ધરાવતું, હવામાન અંગેનું સંશોધન ખાતું, જે હવામાન, દબાણ, ઉષ્ણતામાન, ભેજ, પવન, વરસાદ, વાદળ, પાક. ઇ. અંગેની માહિતી એકત્ર કરે છે, જેના આધારે રોજ રોજ હવામાન અંગેની આગાહી પ્રગટ કરે છે; જેનાં પ્રાદેશિક કેન્દ્રો મુંબઈ, મદ્રાસ, નાગપુર, દિલ્હી અને કલકત્તામાં છે, જે ખેડૂતો માટે હવામાન અંગેની માહિતી અને સૂચના ધરાવતી પત્રિકાઓ પ્રગટ કરે છે, જે દ્વારા વરસાદનાં આગમન, પ્રકાર, જોર ઇ. અંગે આગાહીઓ કરે છે અને પસંદ કરેલા સામૂહિક ઘટકોને ખબર આપે છે.

**Indian millet.** બાજરી.

**Indian mustard.** રાઈ; *Brassica juncea* (**L.**) **Czern & Cross.** નામની પંજાબ, ઉત્તરપ્રદેશ, બિહાર અને પ. બંગાળમાં થતી તેલીબિયાની વનસ્પતિ; જેનાં બી એટલે રાઈમાં 35-41 ટકા તેલ હોય છે. જેનો સ્વાદ તીખો હોય છે અને જે ખાવામાં તથા અથાણાં માટે ઉપયોગી બને છે. તેલ કાઢી લીધા બાદ બીનો અવશેષ–ખોળ ઢોરને ખાવા માટે આપવામાં આવે છે.

**Indian nettle tree.** ખાદ્ય ફળનું ઝાડ.

**Indian oat.** ઓટ, જવ; *Avena sterilis* **L.** નામની ઉત્તરપ્રદેશ, પંજાબ; બિહાર, પ. બંગાળ, ઓરિસા અને તામીલનાડુમાં થતી શાકીય વનસ્પતિ.

**Indian olive.** *Olea ferruginea* **Royle.** નામનું પ. હિમાલયમાં થતું ઝાડ, જેનાં કાષ્ઠની લાકડીઓ બનાવવામાં આવે છે.

**Indian persimmon.** *Diospyros peregrina* (**Gaertn.**) **Gurke** (*D. embryopteris* **Pers.**). ટીંબરુ નામનું પશ્ચિમ ભારત, મધ્યપ્રદેશમાં થતું ઝાડ, જેનાં ફળ ખવાય છે અને જેનો રંગ કાપડ અને કાષ્ઠ રંગવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે.

**Indian poke.** *Phytolacca acinosa* **Roxb.** નામની દીર્ઘાયુ પહોળા ખાદ્ય-પાનની વનસ્પતિ.

**Indian rape.** સરસવ, ટર્નિપ; *Brassica campestris* **L** var. *toria* **Duth & Full.** નામનો ઉત્તર પ્રદેશમાં થતો તેલીબિયાંનો પાક, જેનાં બીમાં 45 ટકા તેલ હોય છે, જે ખાવાના કામમાં આવે છે અને તેલ કાઢી લીધા બાદ અવશેષ રહેલો ખોળ ઢોરને ખાવા અપાય છે.

**Indian red jungle fowl.** *Gallus gallus murghi* નામનું ઉત્તર અને ઇશાન ભારતમાં થતું જંગલી મરઘું.

**Inidan rhododendron.** *Melastoma malabathricum* **L.** નામનો શોભા માટેનો મોટો ક્ષુપ, જેનાં પાન રેશમના કીડાને ખાવા માટે આપવામાં આવે છે અને ફળ ખવાય છે.

**Indian rose wood.** ગાઢ દાણાદાર કઠણ કાષ્ઠ ધરાવતું ઝાડ; જેનાં કાષ્ઠના ફર્નિચર અને ખેતીનાં ઓજારો બનાવવામાં આવે છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**Indian senna.** *Cassia angustifolia* **Vahl.** નામની મૂળ અરબસ્તાનની વનસ્પતિ, જેનાં પાન ઔષધીય ગુણ ધરાવે છે અને તે ટિંક્ચર બનાવવાનાં કામમાં આવે છે. મોટાભાગે તે દ. ભારતમાં થાય છે.

**Indian shot.** *Canna orientalis* **Rosc** (*C. indica L.* var. *orientalis* **Rosc.**). નામની ખાદ્ય કંદધારી વનસ્પતિ.

**Indian sorrel.** ચંપામેથી, અમરૂલ. *Oxalis corniculata* **L.** (*Xanthoxalis corniculata* **Small**). નામની શાકીય વનસ્પતિ, જેનાં પાન અને બી ખાદ્ય છે, જે કચુંબર તરીકે પણ ખાવાના કામમાં આવે છે.

**Indian spinach.** *Basella rubra* **L.** (*B. alba* **L.**). નામની શાકીય વનસ્પતિ, જે પાલખ તરીકે ઓળખાય છે અને જેનાં પાનનું શાક થાય છે; બી વાવીને તથા વાનસ્પતિક પ્રક્રિયાથી તેને ઉગાડવામાં આવે છે.

**Indian squash.** *Citrullus vulgaris* **Schrad** var *fistulosus*. **Duth & Fall.** નામનું તડબૂચ.

**Indian strawberry.** *Duchesnea indica* **Focke** (*Fragaria indica* **Andr.**). ઇન્ડિયન સ્ટ્રૉબેરી નામની દીર્ઘાયુ શાકીય વનસ્પતિ, જેનાં ફળ ખવાય છે.

**Indian tarpon.** *Megalops cyprinoides* નામની માછલીનો પ્રકાર.

**Indian tree cotton.** કપાસ, રૂ.

**Indian valerian.** *Valeriana wallichii.* **DC.** ટગર નામની હિમાલય, કાશ્મીર અને ખાસી ટેકરીઓમાં થતી શાકીય વનસ્પતિ, જેનાં મૂળમાંથી બાષ્પશીલ તેલ કાઢવામાં આવે છે, જે સુગંધી દ્રવ્યો અને ઔષધ બનાવવાના કામમાં આવે છે.

**Indian Veterinary Research Institute.** ભારતીય પશુરોગ સંશોધન સંસ્થા, જેની 1890માં પૂણેમાં સ્થાપના કરવામાં આવી, ત્યારબાદ ઉત્તરપ્રદેશના મુક્તેશ્વર અને ઈઝ્ઝતનગરમાં તેને ફેરવવામાં આવી.

**Indian walnut.** જંગલી અખરોટ.

**Indian water-lily.** *Nymphaea esculenta* **Roxb.** નામની જલીય વનસ્પતિ, જેનાં કંદ અને બી ખવાય છે.

**India rubber.** રબરનું ઝાડ; *Ficus elastica* **Roxb.** નામનું ઝાડ, જેની છાલનો રસ–ક્ષીરનું રબર બનાવવામાં આવે છે.

**India wheat.** *Fagopyrum tataricum* **Gaertn.** નામનો વર્ષાયુ છોડ, જેનાં ફળ હલકા પ્રકારનાં છે, તેના લોટનો રંગ શ્યામ અને સ્વાદ કડવો છે.

**indicator.** દર્શક. (૨) માટીની પરીક્ષા માટે ઉપયોગમાં લેવામાં આવતું એક સાધન, જેના રંગમાં ક્ષારીયતા કે અમ્લીયતા અનુસાર ફેરફાર થાય છે. **i. host.** બીજી વનસ્પતિમાં સુષુપ્ત રહેતા વિષાણુનાં લક્ષણો દર્શાવતી વનસ્પતિ. **i. plants.** વિશિષ્ટ જમીન કે સ્થાનનાં લક્ષણો ધરાવતી વનસ્પતિ. **i. Test.** દૂધમાં જીવાણુની સક્રિયતાના કારણે *pH*ની દૃષ્ટિએ અમ્લીયતા થઈ હોય તો તે માપવાની કસોટી, જેમાં વિશિષ્ટ પ્રકારનાં રંજક દ્રવ્યોનો ઉપયોગ કરવામાં આવે છે.

**indifferent plant.** પ્રકાશ કે દિવસની દૃષ્ટિએ તટસ્થ વનસ્પતિ.

**indigenous.** સ્થાનીય, દેશી. (૨) કુદરતી રીતે દેશમાં થતું.

**indigestion.** ચેપ, અતિ ખોરાક ઇ. જેવાં વિવિધ કારણોના પરિણામે પ્રાણીના પાચનતંત્રમાં થતી ગરબડ, અપચો.

**indigo.** ગળી, નીલ; *Indigofera tinctoria* **L.** આવરણ તથા લીલા ખાતર માટે થતો ક્ષુપ, આમાં ઔષધીય ગુણ છે. **I. psyllid.** *Arytaina punctipennis* **Cr.** નામનું ગળીના છોડવાનું રસ ચૂસતું જંતુ, જેથી તેનાં પાન વળી જાય અને પ્રકાંડના છેડે ગાંઠો થાય છે.

**Indigogfera.** રંગ, ગળી ઇ. માટે ઉગાડવામાં આવતી વનસ્પતિઓનો સમૂહ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**I.** *argentea L.* var. *caerulea* **Baker.** ઇજિપ્તની ગળી. **I.** *articulata* **Gouan.** (Syn. *I. argentea* **L.** var. *caerulea* **Baker.**). ઇજિપ્શિયન ગળી; ગડો, ગુડો, અડબાઉ ગળી. **I.** *cadecaphylla* **Jacq.** ગળી, ભોંયગળી; મૂળ શ્રીલંકાની પણ અહીં આવરણ અને લીલા ખાતર માટે ઉગાડવામાં આવતી વનસ્પતિનો એક પ્રકાર. **I.** *hirsuta*.**L.** રૂંવાળી ગળી. **I.** *oblongifolia* **Forsk.** ઝીલ નામે ઓળખાતી એક વનસ્પતિ **I.** *teysmanni* **Miq.** મૂળ શ્રીલંકાની પણ અહીં આવરણ અને લીલા ખાતર માટે ઉગાડવામાં આવતી વનસ્પતિ **I.** *tinctoria* **L.** ગળી; આવરણ અને લીલા ખાતર માટે ઉગાડવામાં આવતો નાનો ક્ષુપ

**indespensable element.** અનિવાર્ય, અપરિહાર્ય તત્ત્વ.

**individual selection.** સંવર્ધનમાં ઇચ્છિત લક્ષણો ધરાવતું વ્યક્તિગત પ્રાણી.

**Indocalamus** *wightianus*(**Nees**) **Nakai** (*Arundinaria wightiana* **Nees.**). વાંસ, જે ટોપલાટોપલીઓ અને સાદડી કે ચટાઈ બનાવવામાં ઉપયોગી બને છે, અને કણઠકમાં થાય છે.

**Indore ridger.** સુધારેલું, કૃષિ કામમાં ઉપયોગમાં આવતું એક ઉપકરણ કે ઓજાર, જે વનસ્પતિને નુકસાન પહોંચાડયા વિના ઉપયોગી બને છે. બળદની મદદથી આ ઓજારને ઉપયોગમાં લઈ શકાય છે.

**induce.** પ્રેરવું. **induced resistance.** કૃષી કામની રીત અને પોષક દ્રવ્યોનો આશરો લેવાના પરિણામે જંતુઓ કે રોગનો સામનો કરવાની વનસ્પતિમાં આવતી ક્ષમતા સમર્થતા.

**induction period.** વનસ્પતિના પુષ્પોદ્ભવ માટે દિવસની માત્રા.

**indurated soil.** ભીનું કરવા છતાં ઘટ્ટતા ગુમાવી ન દેનાર જમીનનું સંસ્તર.

**inert.** અક્રિય. **i. matter.** અક્રિય પદાર્થ. (૨) બીજમાં આકાર્યક્ષમ અશુદ્ધિ. (૩) ખોરાકમાં કચરો અને અન્ય અપોષક દ્રવ્ય.

**infect.** જંતુ, પરજીવી, ફૂગ, ઇ.ના અંતઃક્ષેપથી રોગ ઉત્પન્ન કરવો. **infection.** હાનિ પહોંચે તે રીતે રોગોત્પાદક સૂક્ષ્મ સજીવનું શરીરની પેશી પર થતું આક્રમણ. (૨) યજમાનના શરીરમાં પરજીવી, જીવાણુ, વિષાણુ, ઇ.ની થતી વૃદ્ધિ, ચેપ, સંક્રમણ. **i. stage.** રોગાવસ્થા, જે દરમિયાન રોગનો ઉપદ્રવ થયો હોય તે પ્રાણી કે વનસ્પતિ તેનો ભોગ બને, રોગનાં લક્ષણો જણાય અને રોગ આગળ વધે છે. (૨) ચેપ કે સંક્રમણની અવસ્થા. **i. thread.** કવકતંતુ, જે યજમાનને ચેપ લગાડે છે. **infectious.** ચેપી. સંક્રામક. (૨) ચેપ કે સંક્રમણ થયું હોય તેવા રોગને લગતું. **i. abortion.** ચેપના પરિણામે થતો ગર્ભપાત. **i. arthritis.** ચેપી – સંક્રમણ સંધિશોથ — સાંધામાં થતો રોગ અથવા સોજો, જેના કારણે લંગડાપણું આવે છે અને જેનું કારક જીવાણુ હોય છે. **i. bronchitis.** શ્વાસનળીમાં ચેપના કારણે આવતો સોજો. આ રોગ તીવ્ર, સંક્રામક અને ઝડપથી વધતો વિષાણુજન્ય છે, જે મરઘાં – બતકાંનાં બચ્ચાંને થાય છે; મોટાં પશુઓ પણ આ રોગનો ભોગ બને છે, જેના કારણે શ્વાસોચ્છ્વાસમાં તકલીફ પડે છે, છાતીમાં કફ થાય છે, નાકમાંથી શ્લેષ્મ ઝર્યા કરે છે, નાસાવિવર (sinuses)માં સોજો આવે છે અને રોગની તીવ્રતા વધી જતાં છેવટે આ ઉપદ્રવનો ભોગ બનનાર પ્રાણીનું મરણ નીપજે છે. **i. coryza.** ચેપી શરદી, જેમાં માથાના વિવર અને શ્વાસમાર્ગના ઉપરના છેડા પર સોજો આવે અને નાક અને આંખમાંથી પાણી પડયા કરે છે. આંખો ચોંટી જાય છે અને છેવટે રોગગ્રસ્ત પ્રાણીનુંમરણ થાય છે. **i. disease.** વિષાણુ કે અન્ય ચેપી સૂક્ષ્મ સજીવથી એક પરથી બીજાને લાગુ પડતો સંક્રામક અથવા ચેપી રોગ, જેમાં નાક અને કાનમાંથી શ્લેષ્મ સ્રવ્યા કરે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને ગળફો નીકળે. આવો રોગ દૂષિત પાણી, મળ, માખી, જૂ, મચ્છર, ચાંચડ ઇ.નો ચેપ લાગવાથી થાય છે, કપડાંથી પણ ચેપ ફેલાવા પામે છે. **i. enterotoxaemia.** ઘેટાં-બકરાંનાં આંતરડાંને થતો સંક્રામક રોગ. **i. organism.** બીમાર યજમાન તરફથી તંદુરસ્ત વ્યક્તિ કે સજીવમાં રોગ ઉત્પન્ન કરે તેવા જીવાણુ અથવા વિષાણુનો થતો હુમલો. **infective.** યજમાનમાં પ્રવેશ મેળવી સ્થિર થવાનો ગુણ. **i. stage.** ઈંડાં કે ડિમ્ભના વિકાસમાં સહેલાઈથી ચેપ લાગે તેવી અવસ્થા.

**inferior.** હલકી કે નિમ્ન કોટિનું (ઉત્પાદન). **i. ovary.** દલની નીચે ગોઠવાયેલું અંડાશય; અધઃસ્થ આદિ બીજાશય.

**infertile.** પ્રજનન માટે અક્ષમ કે અસમર્થ (નર કે માદા પ્રાણી). (૨) અફળદ્રુપ (ઈંડું). (૩) બીજને પેદા ન કરી શકનાર (પુષ્પ). (૪) સાધારણ પાક પેદા કરી ન શકતી હોય તેવી (જમીન). **i. egg.** મરઘાએ ફલિત કર્યું ન હોય તેવું મરઘીએ મૂકેલું ઈંડું, જે ભ્રૂણીય વિકાસ સાધી શકતું નથી અને જે ઈંડાની ગુણવત્તા લાંબા સમય સુધી જળવાઈ રહે છે.

**infestation.** બાધા, પીડા, જૂ, ચાંચડ અને માંકડ જેવા બાહ્ય અને કૃમિ જેવા આંતરિક પ્રાણી પરજીવીઓનું આક્રમણ – ઉપદ્રવ. (૨) રોગોત્પાદક શક્યતા ધરાવે તે રીતે જમીન, વનસ્પતિ, પ્રાણી ઇ.નાં રોગ કે રોગકારી તત્ત્વની હાજરી.

**infilling.** કૃત્રિમ રીતે પુનઃસર્જિત વન વિસ્તારમાં નવા છોડ રોપીને વૃક્ષ હાનિ નિવારવાની પ્રક્રિયા.

**infiltration.** જમીનમાં થતું પાણીનું સ્રવણ. (૨) છિદ્રિષ્ટ દ્રવ્યમાં પ્રવાહીનું અવશોષણ. **i. capacity.** સ્રવણ અથવા અંતઃપ્રવેશની શક્તિ – દર. **i. complex.** એક સરખા ભૌતિક સંજોગો, જમીનની ભૌતિક પરિસ્થિતિ, પ્રવણતા, આવરણ ધરાવતા વિસ્તારોનો સમૂહ, જેમાં પ્રવાહીનું સ્રવણ એક સરખું હોય છે. **i. rate.** ચોક્કસ પરિસ્થિતિમાં, ચોક્કસ સમયમાં જમીનમાં પાણીનું થતું વધુમાં વધુ સ્રવણ અને તેના અંતઃપ્રવેશનો દર. **i. velocity.** એકમ સમયમાં સ્રવતા – અવશોષાતા પાણીના પ્રમાણનો દર; સ્રવણ વેગ. **infiltrometer.** ચોક્કસ દરથી અથવા ચોક્કસ પ્રમાણમાં જમીન પાણીને અવશોષે તેનું માપ કરવાનું સાધન.

**infindibula.** ફેફસામાં વાયુકોષની આસપાસના માર્ગો.

**inflammation.** સોજો, સોથ, કોપ. (૨) રતાશ, વેદના, ઉષ્મીયતા, સ્રાવ ઇ. જેવાં લક્ષણો દ્વારા જણાતી પેશીની સ્થિતિ. **i. of the udder.** આંચળ પર આવતો સોજો.

**inflate.** ફૂલવું, હવા કે ગેસનો ભરાવો થવો – કરવો.

**inflection,** (**inflexion**). નતિ, પરિવર્તન.

**inflorescence.** પુષ્પોદ્ભવ, પુષ્પ વિન્યાસ, પુષ્પવ્યૂહ, પુષ્પમંજરી, પુષ્પક્રમ, પુષ્પવાળુ પ્રકાંડ અક્ષ, પુષ્પની રચનાવાળું પુષ્પગુચ્છ.

**in foal.** ગર્ભિણી (ઘોડી)નું–ને લગતું.

**infra class.** નિમ્નવર્ગ, અવવર્ગ.

**infraorbital.** આંખની ગુહા હેઠળનું.

**infra red.** અવરક્ત, અધોરક્ત. **i. r. wavelength.** અવરક્ત (કિરણની) તરંગ લંબાઈ.

**infraspecific.** ઉપજાતિ કે ઉપપ્રકાર જેવું જાતિના પેટા – વિભાગ અંગેનું.

**infructescence.** સઘન સંરચના ધરાવતાં ફૂલોનો વિન્યાસ. (૨) ફૂલો પડી ગયાં બાદ અને ફળ વિકસ્યાં હોય ત્યારે થતો ફળ – વિન્યાસ. **in full head.** પુષ્પ વિન્યાસ પૂરો થયો હોય તેવા ધાન્ય કે તૃણ પાકના વિકાસની અવસ્થા અંગેનું.

**infundibulum.** અંડાશયની તદ્દન બાજુમાં અંડવાહિનો ગળણી જેવો આકાર; (૨) નિવાપાકર અંગ. **infundibuliform.** ગળણી આકાર, નિવાપાકર.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**infuse.** પ્રવાહીમાં ભેળવવું, રેડવું. **infusion.** શિરા કે અગમાં દ્રાવણનો અંતઃપ્રવેશ. (૨) ઠંડા કે ગરમ પાણીમાં વાનસ્પતિક ઔષધ ઉમેરીને બનાવેલું સંયોજન.

**Inga** *dulcis* **Willd.** વિલાયતી આંબલી, જંગલ જલેબી નામનું ભારત ભરમાં થતું વૃક્ષ, જેનાં બી ખાદ્ય છે, જે ઝાડ એકાદશીના ઝાડના નામે પણ ઓળખાય છે. **I.** *pterocarpa* **DC.** ઝાળહળતાં પીળાં ફૂલોવાળું ઝાડ.

**ingest.** મોં વાટે પાચન માર્ગમાં કોઈ દ્રવ્યને પોષણ માટે મોકલવું. **ingesta.** પોષણ માટે મોં વાટે પાચન તંત્રમાં લેવામાં આવેલું કે મોકલવામાં આવેલું કોઈ પણ દ્રવ્ય. **ingestion.** મોંવાટે ખોરાક લેવો, ખોરાકને ગ્રહણ કરવો; અંતર્ગ્રહણ.

**ingluvies.** મરઘાં કે અન્ય પક્ષીમાંનું ખોરાક ગ્રહણ કરતું અંગ. (૨) વાગોળનાર પ્રાણીનું પ્રથમ આમાશય.

**ingrowtb.** અંતર્વૃદ્ધિ.

**inhabitant.** વતની, રહેવાસી.

**inhalant.** ફેફસામાં લેવામાં આવતી બાષ્પશીલ ઔષધિ, શ્વાસને લગતા રોગમાં જે દ્વારા ઉપચાર કરવામાં આવે છે. **inhale.** (૧) અંતઃશ્વાસ. (૨) શ્વાસ લેવો – સુંઘવું.

**in heat.** નરપ્રાણી સાથેના મૈથુન માટે માદાની અવસ્થા, માદાપ્રાણીનું કામમાં – મદમાં આવવું, માદાપ્રાણીની કામેચ્છા.

**inherent.** જન્મજાત, વારસાગત. (૨) સ્વાભાવિક. **i. resistance.** જંતુ કે રોગનો પ્રતિકાર કરવાની વનસ્પતિની ક્ષમતા – સમર્થતા – ગુણવત્તા, જે સંભવતઃ તેની સંરચના કે બંધારણની સાથે જન્મજાત રીતે જડાયેલી હોય છે. (૨) આનુવંશિક પ્રતિકાર સામર્થ્ય. **i. regulation.** આનુવંશિક નિયમન – નિયંત્રણ. **inheritance.** વંશાગતિ, વારસો. (૨) જનિન દ્વારા પિતૃનાં લક્ષણો સંતતિમાં ઊતરી આવે તે ઘટના. **inherited.** વારસાગત, પ્રાપ્ત, વંશાગત, આનુવંશિક. **i. character** વંશાગત લક્ષણ, આનુવંશિક લક્ષણ, બેમાંથી એક કે બંને પિતૃ દ્વારા સંતતિએ મેળવેલું લક્ષણ. **i. soil characteristics.** મૂળાગત જમીનનાં લક્ષણો. **inherently.** સ્વભાવતઃ.

**inhibit.** નિરોધવું, દબાવવું, અટકાવવું, અંકુશિત કરવું. **inhibiting factor.** નિરોધકારી કારક – પ્રતિષેધક. **inhibition.** નિરોધ, અવરોધ, અંતરાય. **inhibitor.** અટકાવે, નિરોધે, દબાવે તેવું ગમે દ્રવ્ય. **i enzyme.** નિરોધક ઉત્સેચક. **i. germination.** નિરોધક અંકુરણ.

**initial.** આદ્ય, પ્રાથમિક, આદિ, પ્રારંભિક. **i. gamme.** આદિ કુડમલ. **i jacket.** આદિ કવચ. **i. of antheridium.** આદિપુંજન્યુધાની. **i. of cotyledon.** આદિબીજપત્ર. **i. sporangium.** આદિ બીજાણુધાની. **i. stage.** પ્રારંભિક અવસ્થા. **initiatiou.** નિર્માણ, પ્રારંભ.

**injection.** અંતઃક્ષેપ, અંતઃપ્રવેશ. (૨) મોં દ્વારા આપી શકાય તેમ ન હોય ત્યારે અથવા તે વિના અને ઝડપી પ્રભાવ લાવવો હોય ત્યારે પોલી સોય કે પિચકારી દ્વારા અથવા દબાણથી ઔષધિ કે પોષક દ્રવ્યનો પેશી કે રક્તવાહિનીમાં કરાતો અંતઃક્ષેપ, ઇન્જેક્શન.

**injury.** હાનિ, ઈજા.

**inlaying.** ઉપરોપસંકર અથવા કલમ કરવાનો એક પ્રકાર, જેમાં પ્રકાંડનો થોડો ભાગ છોલીને તેમાં કલમાંકુરને દાખલ કરી તેને બાંધી લેવામાં આવે છે.

**inlet.** ઢાંકેલી મોરી, નીક કે નાળીનું તલ જોડાણ, પ્રવેશદ્વાર

**in milk.** દૂધ આપતું (પ્રાણી), દુધાળું (ઢોર). (૨) વસૂકી જવાની અવસ્થાથી ભિન્ન એવી દૂધ આપવાની માદા પ્રાણીની અવસ્થા.

**innate.** જન્મ જાત, વંશાનુગત, આનુવંશિક.

**inner bark.** કાષ્ઠીય વનસ્પતિમાં બાહ્ય ત્વક્ષા અને એધાની વચ્ચે દેહધર્મીયરીતે સક્રિય હોય તેવી પેશીનું પડ, અંતશ્છાલ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**inoculation.** રસી આપવાની પ્રક્રિયા. (૨) રોગનિવારક, રોગપ્રતિકારક, રોગ પ્રતિરક્ષાત્મક, નિદાનાત્મક કે અન્ય કોઇ વસ્તુમાટે જીવંત પેશીમાં કે સંવર્ધક માધ્યમમાં જીવંત કે મૃત-સજીવને ખાસ કરીને રોગોત્પાદક વિષાણુનો કરાતો અંતઃક્ષેપ. (૩) જમીન કે બીજપર ગાંઠ નિર્માણક જીવાણુને દાખલ કરવાની પ્રક્રિયા. **i., artificial** કૃત્રિમ રસી આપવાની પ્રક્રિયા. **i. stage.** રસી આપવાની અવસ્થા. **inoculum.** રસીદ્વારા અંતઃક્ષેપ કરવામાં આવેલાં કોષ, જીવાણુ, બીજાણુ, વિષ ઇ. જેવું દ્રવ્ય.

**inorganic.** અકાર્બનિક. કાર્બનિક પ્રકારનું ન હોય તેવું. (૨) કાર્બોનેટ કે સાયનિક સિવાય જેમાં કાર્બન ન હોય તેવું સંયોજન. **i. insecticide.** અકાર્બનિક જંતુઘ્ન દ્રવ્ય-રસાયણ. (૨) આર્સેનિક જેવું અકાર્બનિક જંતુઘ્ન, જેમાં લેડ કે કેલ્શિયમ આર્સેનેટ અને પેરિસ ગ્રીન જેવાં જંતુઘ્નોનો સમાવેશ થાય છે. **i. manure.** અકાર્બનિક ખાતર. **i. nitrogen.** વાનસ્પતિક કે પ્રાણીજ સ્વરૂપમાં ન હોય તેવાં ખનિજ તત્ત્વોની સાથે નાઇટ્રોજનનું સંયોજન, અકાર્બનિક નાઇટ્રોજન. **i. soil.** અકાર્બનિક જમીન; ખનિજ જમીન-મૃદા, જે માટી કે જમીનમાં શૈલ જેવા દ્રવ્યો હોય તેવી જમીન.

**inositol.** પ્રજીવક 'બી$_2$'નો ઘટક, જે ટાલિયાપણું અટકાવે છે.

**insalivation.** લાળ મિશ્રિત.

**in season.** કૃષિ પેદાશને લણવામાં આવે, તેનું પ્રમાણ વધારે હોય અને પ્રમાણમાં તે સસ્તી હોય તેવો વર્ષ દરમિયાનનો સમય, મોસમ.

**insect.** જંતુ. (૨) સ્પષ્ટ શીર્ષ, ઉરસ અને જઠર ધરાવતું સંધિપાદ સમુદાયનું હવાશ્વાસી પ્રાણી, જેને એક જોડ સ્પર્શક (મૂછો), ત્રણ જોડ પગ અને સાધારણ રીતે બે જોડ પાંખ હોય છે. આમાંનાં કેટલાંક સજીવો પ્રાણી અને વનસ્પતિને ઉપદ્રવરૂપ બને છે, કેટલાંક જંતુ આહારી હોય છે, કેટલાંક વનસ્પતિ માટે પરાગવહન અને પરાગનયન કરે છે અને કેટલાંક ખાદ્ય તથા અન્ય ઉપયોગી પદાર્થ પેદા કરે છે. **i. box.** જંતુ પેટી. **i. collection.** જંતુ સંગ્રહ. **i. control.** જંતુ નિયંત્રણ. (૨) શત્રુની ગરજ સારતાં જંતુઓને જૈવિક રીતે અથવા રાસાયણિક રીતે નિરોધવા અથવા મારવા. **i. enemy.** માનવીને ઇચ્છિત બાબતને હાનિકારક હોય તેવું કે વિનાશક જંતુ. (૨) એક જંતુ પર જીવતું બીજું જંતુ, પક્ષી કે સસ્તન પ્રાણી. **i. parasite.** અન્ય જંતુ પર ઈંડાં મૂકનાર જંતુ; ઈંડાંનાં ડિમ્ભ એ જંતુને ખાઈ મારી નાંખે છે. **i. predators.** અન્ય જંતુને ખાઈ જનાર જંતુઓ. **i. vector.** વિષાણુ, જીવાણુ કે બીજાણુ અથવા રોગોત્પાદક ફૂગનું કવકતંતુને વહન કરી, રોગ માટે સંવેદનશીલ પ્રાણી કે વનસ્પતિમાં તેનો અંતઃક્ષેપ કરનાર જંતુ. (૨) રોગવાહક જંતુ. **insectary** મોટી સંખ્યામાં જંતુઓનો ઉછેર થતો હોય તેવું સ્થાન. **insectary.** મોટા પાયા પર જંતુનું સંવર્ધન કરવામાં આવતું હોય તેવી પ્રયોગશાળા. **insecticidal** જંતુઘ્ન અથવા મારક ગુણવત્તાવાળું. **insecticide.** જંતુઓનું નિયંત્રણ કરવા બનાવવામાં આવેલું રાસાયણિક દ્રવ્ય કે સંયોજન; જેમાં વાયુ, પ્રવાહી કે ઘન પદાર્થ હોય અને તેનું પ્રવાહી, વાયુ, ધૂમરો, ભૂકો, જલદ્રાવ્ય ભૂકો, પાયસ (ઇમલ્શન) અને દ્રાવણમાં રૂપાંતર કરવામાં આવેલું હોય તે જંતુઘ્ન રસાયણ. **i. emulsion.** જંતુઘ્ન પાયસ – ઇમલ્શન. (૨) પાણી કે સસ્તા દ્રાવણમાં કોઈ સક્રિય દ્રવ્ય દ્રાવ્ય બનતું ન હોય ત્યારે બનાવવામાં આવતું જંતુઘ્ન રસાયણ; પહેલાં તો તેને થોડી થોડી માત્રાનાં યોગ્ય દ્રાવણમાં ઓગાળવામાં આવે છે, અને જરૂરી માત્રાનાં સંકેન્દ્રણમાં તેનું પાયસીકરણ કરવામાં આવે છે; તેમાં સક્રિય ઘટકોની ઊંચી માત્રા હોવાથી તે સંકેન્દ્રિત રૂપમાં હોય છે. **i. solution.** જંતુઘ્ન દ્રાવણ; પાણી કે સસ્તા દ્રાવકમાં દ્રાવ્ય બનાવેલું જંતુઘ્ન

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દ્રવ્ય, જે દ્રવ્ય ઊંચી ટકાવારીમાં હોવાથી ઇમલ્શન કરતાં વધારે ખર્ચાળ હોય છે. **i. solvent.** જંતુઘ્ન દ્રાવક. (૨) છંટકાવ તરીકે વાપરી શકાય તે માટે સ્ફટિક કે ભૂકાના રૂપમાં જંતુઘ્ન દ્રવ્યને દ્રાવ્ય કરવામાં આવે છે, તેના માધ્યમ તરીકે સામાન્ય રીતે પાણીનો ઉપયોગ કરવામાં આવે છે; એસીટોન, ઇથિલ-આલ્કોહોલ, બેન્ઝીન, ઝાયલીન, અળશીનું તેલ, મગફળીનું તેલ, કપાસિયાનું તેલ, ટર્પેન્ટાઈન, કેરોસીન, પેટ્રોલિયમ અને અન્ય દ્રાવકો; મેથિલનેફ્થેલીન ઊંચા પ્રકારનાં દ્રાવકો છે. **insectifuge.** જંતુને માર્યા વિના તેમને દૂર કરનાર દ્રવ્ય. **insectivorous.** જંતુભક્ષી. **insectology.** જંતુ વિજ્ઞાન.

**inseminate.** મૈથુન દરમિયાન માદાની યોનિમાં વીર્યનું સ્થાપન કરવું. (૨) મૈથુન સિવાયની અન્ય કોઈ રીતથી માદાનીયોનિમાં વીર્યનું સ્થાપન કરવું. **inseminating tube.** માદા પ્રાણીની યોનિમાં વીર્યનો પ્રવેશ કરાવવા ઉપયોગમાં લેવામાં આવતી પિચકારીવાળી રબર કે કાચની નળી. **insemination.** ફલીકરણ અથવા ગર્ભાધાનને સરળ બનાવવા માદાના પ્રજનન માર્ગમાં વીર્યને દાખલ કરવાની પ્રક્રિયા; વીર્યદાન. **inseminator.** ગર્ભાશય ગ્રીવામાં કૃત્રિમ વીર્યારોપણ માટે ઉપયોગમાં લેવામાં આવતું સાધન. (૨) માદા પ્રાણી માટે કૃત્રિમ વીર્યસ્થાપન કરનાર વ્યક્તિ.

**inserted.** નિવિષ્ટ.

**insidious.** નજરે પણ ચડે નહિ તેમ ક્રમશઃ (રોગનો હુમલો). **i. disease.** છૂપી રીતે કે ધીમે ધીમે લાંબા સમયગાળામાં લાગુ થતો રોગ.

**insipid.** સુવાસ રહિત.

**in situ.** યથાવત્. (૨) તત્સ્થાને.

**insolation.** આતપન. (૨) સૂર્યનાં કિરણોમાં ખુલ્લું રાખવાની ક્રિયા. (૩) સમક્ષિતિજ તલના દર એકમે થતા સૌર વિકિરણનો દર.

**insoluble.** અદ્રાવ્ય.

કૃ. કો.–૧૯

**inspiration.** ફેફસામાં શ્વાસ દ્વારા હવા લેવી, શ્વાસ લેવો. (૨) વનસ્પતિ દ્વારા ઑક્સિજનનું થતું અવશોષણ. **inspirator.** હવા કે બાષ્પને અંતર્ગ્રહણ કરવાનું સાધન.

**inspissate.** ઘટ્ટ કરવું, સંઘનિત કરવું. **inspissated.** બાષ્પીભવનથી ઘટ્ટ બનેલો (રસ). (૨) ઘટ્ટ બનેલું, સુકાયેલું કે ઓછું પ્રવાહી બનાવેલું.

**instaminate.** પુંકેસર વિનાનું.

**instar.** નિર્મોચન અવસ્થાઓ વચ્ચેની કોઈ અવસ્થામાંનું જંતુ.

**Institute of Plant Industry.** વનસ્પતિ ઉદ્યોગમાં સંશોધન કરવા માટે 1924માં ઇંદોરમાં સ્થાપવામાં આવેલી સંસ્થા.

**instrument.** યંત્ર, સાધન, ઓજાર.

**insufflation.** ઉપચાર માટે વિવરમાં પાઉડર કે બાષ્પને ફૂંકીને દાખલ કરવું.

**insulation.** બહિ:પ્રભાવ પ્રતિરક્ષણ. (૨) અવાહક દ્રવ્યથી ગરમી, ઠંડી, વિદ્યુત પ્રવાહની સામે રક્ષણ આપવાની અવસ્થા. (૩) વિસંવાહન. **insulin.** મધુપ્રમેહ વિરોધી અગ્ન્યાશયની અંતઃસ્રાવી પેદાશ.

**insusceptible.** સારવારને અનુકૂળ પ્રતિચાર ન આપનાર. (૨) અસંવેદનશીલ.

**intake.** અંતર્ગ્રહણ. (૨) પાણીને વાળવાનું સ્થાન. (૩) એકાએક નળી સાંકડી થઈ જવી.

**integrated farming.** સંકલિત ખેતી. (૨) સંકલિત વ્યવસાય તરીકે કૃષિ પેદાશના ઉત્પાદનની પ્રક્રિયા, વેચાણ અને વિતરણનાં કાર્યોનું એકીકરણ.

**integrifolious.** સમગ્ર પર્ણસમેત.

**integument.** આદિ બીજાવરણ, આવરણ, અંડક આવરણ. (૨) પ્રાણીની ત્વચા જેવું આવરણ. (૩) આવરણ સદૃશ રચના. (૪) જંતુના શરીરની દીવાલ. **integumentary tapetum** આવરણીય પોષક પેશી.

**intensity.** કૃષિ વ્યવસાયની ક્રિયાની પછવાડેનાં બળો, શક્તિ અને સંકેંદ્રીકરણ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૨) તીવ્રતા, ઘનીભૂતતા. **i. of light.** પ્રકાશની તીવ્રતા. **i. of rainfall.** ચોક્કસ સમયમાં થતી વર્ષાનો દર, જે કલાક, ઈંચ કે મિ.મીમાં વ્યક્ત કરવામાં આવે છે.

**intensive.** તીવ્ર,ઘનીકારક. **i.cropping.** વિશિષ્ટ પ્રકારની જમીન અને પાકની માવજત દ્વારા વધુમાં વધુ પાક લેવાની તથા આ હેતુ માટે આવશ્યક બનતી માત્રામાં બધાં કારકોનો વધારેમાં વધારે નીપજ મેળવવા માટે સમયસર ઉપયોગ કરવાની પ્રથા. **Intensive District Agricultural Programme.** પેકેજ પ્રોગ્રામ તરીકે પણ ઓળખાતો, ઝડપી અને ઠીક પ્રમાણમાં કૃષિ ઉત્પાદન વધારવા માટે 1960માં સ્વીકારવામાં આવેલો કાર્યક્રમ. **i. farming.** સઘન ખેતી. (૨) ખેતરના કૃષિક્ષમ વિસ્તારમાં મોટા પ્રમાણમાં મૂડી અને શ્રમનો ઉપયોગ કરવો; આવી સઘન ખેતીના ઉદાહરણ તરીકે દુગ્ધાલય, મરઘાં-બતકાં, શાકભાજી અને ફળના ઉદ્યોગોને ગણાવી શકાય.

**interaction.** અન્યોન્ય-આંતર ક્રિયા.

**interbreeding.** બે સંકર જાતિઓને પરસ્પરની સાથે પ્રજનનમાં સંયુગ્મિત કરવી. (૨) ચોક્કસ પ્રકાર નક્કી કરવા કે ઇચ્છિત લક્ષણ મેળવવા એક જ કુળમાં કે પ્રકારમાં પ્રજનન કરાવવું. (૩) અંતઃ પ્રજનન.

**intercalary.** અંતર્નિવિષ્ટ. **i. meristem.** અંતર્નિવિષ્ટ વર્ધનશીલ પેશી. **intercalation** અંતર્નિવેશન.

**intercellular.** આંતરકોષીય. **i. c. space.** આંતરકોષીય અવકાશ. **i. c. suhstance.** આંતરકોષીય દ્રવ્ય.

**interception.** આંતરરોધન. (૨) વર્ષાનું પાણી વનસ્પતિ ગ્રહણ કરે અને જમીન તરફ પહોંચે તે પહેલાં થતું તેનું બાષ્પીભવન **i. channel.** સપાટી પરના પાણીને રોકવા ઢોળાવની બાજુએ કે તળિયે કરવામાં આવતી નીક કે નાળી. **i. loss.** વર્ષાનું પાણી વનસ્પતિ ગ્રહણ કરે પણ બાષ્પીભવનથી તે ઊડી જાય તેથી નીપજતી ઊણપ. **i. terrace.** આંતરરોધન સોપાન.

**interchange.** અંતરવિનિમય.

**interconversions.** આંતરરૂપાંતરો, આંતરપરિવર્તનો.

**intercrop.** વચલો પાક. **inter cropping.** એક જ જમીનમાં બે કે વધારે, જુદા જુદા સમયે પાકે તેવા પાક એક સાથે વાવવા, જેથી કોઈપણ પાકને આવશ્યક એવી સાધારણ વૃદ્ધિમાં અંતરાય નડે નહિ; એક પાક પાકવાની અવસ્થાએ પહોંચવા આવે ત્યારે સોરા બીજો પાક લણી લેવામાં આવ્યો હોય છે અને આમ કરવા છતાં પરિપક્વ અવસ્થાએ પહોંચતા પાકને જરૂરી મોકળાશ મળી રહે છે.

**intercrossing.** આંતર – સંકરન, આંતરસંવર્ધન.

**intercultivation.** આંતરકૃષિ.

**intercurrent.** વચમાં આવતું. (૨) એક રોગ આગળ વધે તે દરમિયાન થતો બીજો રોગ.

**interdigital.** આંગળીઓ, અંગૂઠા અથવા નહોરની વચ્ચેનું.

**interface.** આંતરપૃષ્ઠ. **interfacial.** આંતરપૃષ્ઠીય.

**interfascular cambium.** આંતરપુલીય એધા. **i.f. region.** આંતરપુલીય પ્રદેશ.

**interfertility.** પરપરાગનયન દ્વારા સક્ષમ બી પેદા કરવાની વનસ્પતિની ક્ષમતા.

**interfoliar.** આંતરપર્ણી.

**interfruitfulness.** અન્ય ચોક્કસ પ્રકારના પરાગનયન બાદ ફળને પરિપક્વ બનાવતી ફળની ક્ષમતા.

**intergeneric cross.** જુદી જુદી પ્રજાતિઓની જાતિઓ વચ્ચે કરાતું સંકર. **i. hybrid.** ભિન્ન પ્રકારના પિતૃઓની સંતતિ.

**intergrading.** ક્રમશઃ મળી જવું.

**intermediary.** મધ્યગ. **interme-**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**diate.** વચગાળાનું. **i. host.** અંતિમ અને વિશિષ્ટ યજમાનમાં જવા અગાઉ વચગાળાના યજમાન(માં વિકાસ પામતો પરજીવી). **i. shelter belt.** મૂળ આશ્રય પટ્ટા માટે બનાવવામાં આવતો સાંકડો વચગાળાનો આશ્રયપટ્ટો. **i. stock.** કલમાંકુર અને અન્ય કલમ સ્કંધ વચ્ચેનો સ્કંધ.

**intermittent.** આંતરે આંતરે બનતું, એકાંતરે બનતું. **i. attack.** લક્ષણો દેખાયા વિના થોડા થોડા સમય બાદ જોવામાં આવતાં લક્ષણો, એકાંતરે થતો (રોગનો) હુમલો–ઉથલો. **i. grazing.** ચરાણ માટે નિયત કરેલા બે વાડા, જેમાં વારાફરતી વિશ્રાંતિ મળી રહે, અને પરિણામે ઘાસનાં વૃદ્ધિ અને વિકાસ સરળ બને છે. (૨) એકાંતર ચરાણ. **i. parasite.** પોષણની આવશ્યકતા ઊભી થતાં યજમાનને વળગતો પરજીવી. (૩) એકાંતર પરજીવી. **i. stream.** વર્ષાઋતુમાંજ પાણી મેળવી ચાલુ થતો વહેળો.

**internal** આંતરિક, અંતઃ. **i. balancing.** અંત–સમતુલા. **i. combustion engine.** અંતર્દહન એન્જિન. **i. ear.** અંતઃકર્ણ. **i. examination.** આંતરિક પરીક્ષા. **i. haemorrhage.** અંતઃરક્તસ્રાવ, શરીરની અંદરજ થતો રક્તસ્રાવ, જેમાં લોહી શરીરની અંદરજ રહેવા પામે છે. **i. beater.** આંતરતાપક **i. necrosis.** પ્રાણી કે વનસ્પતિની આંતરિક પેશીનું થતું મૃત્યુ. **i. parasite.** અન્યપ્રાણીના શરીરમાંથી પોષણ મેળવી તેમાં રહેતો પરજીવી. **i. seed-borne disease.** ફરી ચેપ ધરાવતા બીમાં રહેલી રોગોત્પાદક ફૂગ, જેની દ્વારા વનસ્પતિને લાગુ થતો રોગ. **i. seed treatment.** બીમાં રહેલી રોગોત્પાદક ફૂગની ગરમ પાણી કે સૂર્યના તડકામાં ગરમી આપીને કરવામાં આવતી માવજત.

**internode.** વનસ્પતિ પરની બે ગાંઠ કે બે સંધિ વચ્ચેની જગ્યા.

**interpetiolar.** આંતરવૃંતીય.

**interplant.** એક જાતનાં બીની વચ્ચે વચ્ચે અન્ય જાતનાં બી વાવવા, અથવા એક પ્રકારની એક હાર બનાવી, સાથે સાથે બીજા પાકની પણ હાર બનાવવી. (૨) અગાઉ વાવ્યા હોય અથવા કુદરતી રીતે ઊગ્યાં હોય તેવાં ઝાડની વચ્ચે વચ્ચે નાનાં ઝાડ કે ક્ષુપ વાવવા.

**interphase nucleus.** વિરામાવસ્થામાં રહેલું કેન્દ્રક.

**interplay.** પારસ્પરિક પ્રભાવ.

**interrelation.** આંતરસંબંધ,

**interrow tillage.** જમીનની પરિસ્થિતિ સુધરે અને ઘાસપાત દૂર થાય તે માટે બે હારની વચ્ચે ખેડકામ (કરવું).

**interrupted.** સતત રીતે પાન કે ફૂલ ન બેસતાં હોય તેવી (વનસ્પતિ).

**intersex.** નર અને માદાની વચ્ચેના પ્રાથમિક અને દ્વિતીયક લિંગ લક્ષણો ધરાવતા (સજીવો).

**interspersion.** વિવિધ વનસ્પતિની ભેળસેળ.

**intersterility.** બીજા પ્રકારની પરાગરજનો ઉપયોગ કરવા માત્રથી કોઈ ફળ કાર્યક્ષમ બી ઉત્પન્ન કરે નહિ તેવી ઘટના. (૨) અંતર્વંધ્યતા.

**interstice.** અંતરાલ.

**interunfruitfulness.** બીજા પ્રકારની પરાગરજનો ઉપયોગ કરવા માત્રથી કોઈ વનસ્પતિનું ફળ પરિપક્વ બને નહિ તેવા પ્રકારની ઘટના. (૨) અંતર્વંધ્યતા.

**interval.** અંતરાળ.

**intervascular pitting.** અંતરવાહીગર્તન.

**interveinal.** ખાસ કરીને પર્ણની શિરાઓ વચ્ચેનું. (૨) આંતરશિરા.

**interxylary cork.** આંતર દારૂવાહિની ત્વક્ષા. **i.x. phloem.** આંતરદારૂવાહિની અન્નવાહિની.

**interzonal soil.** આંતરપ્રદેશ જમીન.

**intestinal.** આંત્ર–, આંતરડાને લગતું. **i. catarrh.** આંત્રશ્લેષ્મ. **i. cell**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**stimulating hormone.** આંત્ર કોષ ઉત્તેજક અંતઃસ્રાવ. **i. coccidiosis.** આંત્ર બદરાણુ ઋગ્ન. (૨) મરઘામાં એક અથવા બીજા ગોલાણુથી થતો ગભીર પ્રકારનો રોગ, જેથી ચાંચ ફીકી પડે છે, શરીર પર વ્રણ જેવા ડાઘ દેખાય છે. **i. colic.** આંત્ર શૂળ. **i. digestion.** આંત્રપાચન. **i. gland.** આંત્રગ્રંથિ. **i. juice.** આંત્રરસ. **i. lumen.** આંત્રગુહા. **i. wall.** આંત્રદીવાલ. **i. worm.** આંતરડાંમાં રહેલું કૃમિ.
**intestine.** જઠરથી ગુદા સુધી વિસ્તરેલું નલિકાકાર અંગ, જે નાના આંતરડાથી શરૂ થઈ મધ્યાંત્રમાં થઈ શેષાંત્રમાં પરિણમે છે; આંતરડું.

**intine.** અંતઃપડ, અંતરાવરણ.

**intra—.** અંતઃ, અંતર્ અર્થ સૂચકપૂર્વગ.

**intracambial.** એધાંતર

**intracaudally.** પુચ્છપેશીની અંદર રહેલું. (૨) અંતઃપુચ્છપેશીય.

**intracellular.** કોષાંતરીય, અંતઃકોષીય. **i. fungus.** કોષાંતરીય ફૂગ. **i. space.** કોષાંતરીય અવકાશ.

**intracervical method.** યોનિમાં નહિ પણ ગર્ભાશય ગ્રીવા કે ગર્ભાશયમાં કૃત્રિમ વીર્યદાન દ્વારા વીર્યને દાખલ દાખલ કરવાની પદ્ધતિ.

**intractability.** કામ કરવું મુશ્કેલ બને તેવું (જમીનનું લક્ષણ).

**intracutaneous.** ત્વચાના આવરણની વચમાંનું.

**intradermal.** અંતઃત્વચાવરણીય. **intradermic injection.** ત્વચામાં (દવાનો કરવામાં આવતો) અંતઃક્ષેપ.

**intramolecular.** અણ્વાંતરીય. **i. respiration.** અણ્વાંતરીય શ્વસન. **intramuscular.** સ્નાયવાંતરીય. **intramuscular injection.** સ્નાયુની અંદર દવાનો કરાતો અંતઃક્ષેપ. **intramusculary.** સ્નાયુની અંદરનું, સ્નાયવાંતરીય.

**intramyceliar.** કવકજાલાંતરીય.

**intrnasal instillation.** નાકની અંદર પ્રવાહી કે દવા મૂકવી.

**intranuclear vacuola.** કોષકેન્દ્રાંતરીય રસધાની.

**intraparietal.** અંતઃપાર્શ્વિક.

**intrapetiolar.** પર્ણવૃંતાંતરીય.

**intraperitoneal injection.** પરિતનગુહામાં અંતઃક્ષેપ, પરિહૃદરાંતરીય અંતઃક્ષેપ.

**intraspecifpic.** કોઈ જાતિની અંદરનું. **i. struggle.** આંતરજાતીય સંઘર્ષ.

**intraspinal injection.** કરોડમાં કરવામાં આવતો અંતઃક્ષેપ.

**intratracheal.** શ્વાસનળી વચ્ચેનું.

**intrauterine.** ગર્ભાશયાંતરીય.

**intravenous injection.** શિરાભ્યાંતર–શિરાની અંદર (કરાતો) અંતક્ષેપ.

**intrazonal soil.** મૂળદ્રવ્ય, ઢાળ કે વય જેવા કેટલાંક સ્થાનીય કારકો દર્શાવતી જમીન.

**introduced.** તત્સ્થાનીય ન હોય તેવી વનસ્પતિ, પ્રાણી, રોગ ઇ. ને આકસ્મિક રીતે કે ઇરાદાપૂર્વક લાવવામાં કે પ્રવેશવા દેવામાં આવે તે, આગત (વનસ્પતિ, પ્રાણી, રોગ ઇ.). **introduction.** જે સ્થાનનાં વનસ્પતિ, પ્રાણી કે રોગ ન હોય તે સ્થાનમાં તેમનો કરવા આવતો પ્રવેશ.

**introgressive hybridization.** અંતર્ગામી સંકરણ.

**intrusive growth.** આંતરભેદીવૃદ્ધિ.

**Intsia** *hookeri* **Prain** (Syn. *Afzelia palembanica* **Baker**). આંદામાનનું ઝાડ, જેના કાષ્ટનો ઉપયોગ ઈમારતી કામમાં અને ફર્નિચર બનાવવા માટે થાય છે, જેમાંથી પીળો રંગ મળે છે, જેથી કપડાં અને ચટાઈઓને પણ રંગવામાં આવે છે.

**intumescence.** પ્રકાંડ, પર્ણ કે ફળ પર કોષવૃદ્ધિના કારણે થતી ગાંઠ જેવી વૃદ્ધિ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**inulin.** કેટલાક છોડમાં જોવા મળતો જલ દ્રાવ્ય કાર્બોહાઇડ્રેટ કાર્બોદિત.

**invaginated.** અંતર્વિષ્ટ, અંતર્વલિત. **invagination.** અંતર્વલન.

**invasion.** તત્સ્થાનીય વનસ્પતિ કે પ્રાણીની હરીફાઈમાં બહારનાં પ્રાણી કે વનસ્પતિનું આગમન કે આક્રમણ.

**inventory.** કૃષિ હિસાબના ભાગ તરીકે કૃષિ અંગેની સઘળી અસ્કયામતો અને જવાબદારીઓની, તે સૌની કિંમત સાથે સરખાવવામાં આવતી યાદી.

**inverse.** પ્રતિલોમ, ઊલટું. **inversion.** પ્રતિપન્ન. પ્રતિલોમ, વ્યુત્ક્રમણ. (૨) રંગસૂત્રમાં ક્રમ બદલાય તે રીતે જનિનોના સમૂહોની પુનર્રચના. (૩) ઇક્ષુ-શર્કરાનું દ્રાક્ષ શર્કરામાં થતું પરિવર્તન **invert.** વ્યુત્ક્રમિત. **i. sugar.** અપવૃત શર્કરા. **i. theory.** વ્યુત્ક્રમણ સિદ્ધાંત. **inverted.** વ્યસ્ત, ઊલટું, વ્યુત્ક્રમિત. **i. syphon.** ગરનાળાનો ઉપયોગ થઈ શકતો ન હોય ત્યારે રસ્તાની પેલી પાર સિંચાઈના પાણીને લઈ જવા માટે કરવામાં આવતી સંરચના, જેમાં કૉંક્રીટના પાઇપથી જોડાયેલા અંતર્ગ્રહણ અને બહિષ્કરણ માટેની ટાંકીઓની રચના કરવામાં આવે છે, જેમાં પાણીના પ્રવાહને રોકવાના દરવાજા હોય છે. **i. T.** કૃષિકારોપણની અંગ્રેજી વર્ણ T. આકારની પદ્ધતિ.

**invertase** ઇક્ષુ શર્કરાનું દ્રાક્ષશર્કરા કે ફળશર્કરામાં પરિવર્તન લાવનાર વાનસ્પતિક ઉત્સેચક.

**invertebrate.** અપૃષ્ઠવંશી (પ્રાણી). (૨) કરોડરજ્જુ કે કરોડસ્તંભ વિનાનું (પ્રાણી).

**investigation.** અન્વેષણ.

**inviscate.** ચીકણા દ્રવ્ય કે ચીકણી સપાટી પર જંતુને સપડાવવું. (૨) શ્યાન દ્રવ્યની સાથે ભેળવીને કોઇ દ્રવ્યને ચીકણું બનાવવું.

**involucre.** નાનાં પર્ણ કે નિપત્રન એક કે વધારે વળાંક. **involute.** પ્રત્યેક બાજુએ પર્ણ કિનારીનું વળી જવું. **involution.** (ગર્ભાશયનું) સંકોચાઇ જવું, પ્રત્યાવર્તન.

**involuntary muscle.** અનૈચ્છિક સ્નાયુ.

**iodine.** જમીનમાં રહેલું આયોડીન જેવું અલ્પ ખનિજ, આયોડીન જેવું અને પાણીના સ્વાસ્થ્ય માટે આવશ્યક તત્વ, જેને જમીન કે પાણીમાંથી વનસ્પતિ તરત જ શોષી લે છે. આ અલ્પ ખનિજ તત્ત્વ પ્રાણીની ગલગ્રંથિની યોગ્ય કામગીરી માટે આવશ્યક છે. **i. deficiency.** આયોડીનની ઊણપને લીધે પ્રાણીના સ્વાસ્થ્યમાં આવતો ફેરફાર, જેમાં ગલગ્રંથિ ફૂલે છે, વાળ ખરી પડે છે અને નવા વાછરડાનું મરણ નીપજે છે. **i. number.** ચરબી અને તેલની સંતૃપ્તતાનું પ્રમાણ.

**iodoform.** આયોડોફોર્મ નામની ઘા પર લગાવવામાં આવતી દવા.

**ion exchange.** આયન વિનિમય. **ions.** આયનો; ઍસિડ, બેઇઝ અને લવણને કેટલાક દ્રાવણોમાં ઓગાળવામાં આવતાં, તેમના વિઘટનથી વીજભારિત બનતાં એકમો.

**IPC** આઇસોપ્રોપિલ ફીનાઈલ કાર્બોનેટ નામનું ઘાસપાતનો નાશ કરતું સંયોજન, જે પાણીમાં અદ્રાવ્ય છે અને ભૂકારૂપે છાંટી શકાય છે.

**ipecac.** જુઓ *Ipecacuanha.*

**Ipecacuanha.** *Ipecac. Cephaelis ipecacuanha* (**Brot.**)**A. Rich.** (*Psychotria ipecacuanha* **Stockes**). નામનો એક શાખીય છોડ, જેનાં મૂળમાંથી ઇમેટિન નામના આલ્કેલોઇડ તત્વનું ઔષધીય દ્રવ્ય પ્રાપ્ત થાય છે.

**Ipomoea** *alba* **L.** (Syn. **I.** *bana noxb*). હિંદીમાં દૂધિયાક કલમી નામે ઓળખાતી શોભા માટેની વનસ્પતિ, જેનું કાષ્ટ નિર્માણ કામો અને ફર્નિચર માટે ઉપયોગમાં લેવામાં આવે છે. **I.** *angulata* **Lamk.** લાલ ફૂલ માટેનો મૂળ મેક્સિકોનો છોડ. **I.** *aquatica*

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**Forsk** (Syn. *I. reptaas* **Poir** *non convolvulus* **L.**). જલીય શાકીય વનસ્પતિ, **I.** *batalas* (**L.**) **Poir.** (Syn. *Convolvulus batatas* **L.**) શક્કરિયાં નામની ભૂસ્તરી શાકીય વનસ્પતિ, **I.** *cairica* (**L.**) **Sweet.** (Syn. *I. palmata* **Forsk;** *Convolvulus cairicus* **L.**). રેલવેવેલ. નામની વનસ્પતિ, **I.** *digitata* **L** ક્ષીરવિદારી નામની વનસ્પતિ. **I.** *eriocarpa* **R. & Br.** ભોકાગરિયો નામનો છોડ. **I.** *hispida* (**Vahl**) **R. & S.** બૂટા નામની શાકભાજી માટેની વનસ્પતિ. **I.***leari*.(**Hook**) **Paxt.** આસમાની ફૂલની શોભાની વનસ્પતિ. **I.** *maxima* (**L.f.**) **G. Don ex. Sweet.** શાકભાજી માટે વાવવામાં આવતી વેલ. **I.** *muricata* (**L.**) **Jacq.** ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ, પ. બંગાળ અને બિહારમાં જોવામાં આવતી ખાદ્ય વનસ્પતિ. **I.** *reptans* (**L.**) **Poir.** (Syn. *Convolvulus reptan* **L.** જલીય શાકીય વનસ્પતિ. **I.** *sepiaria* **Roxb.** શાકભાજી માટે વાવવામાં આવતી એક વેલ, જે ગૂમડવેલ, હનુમાનવેલ નામે પણ ઓળખાયછે.

**iris.** આંખની પૂતળી, કીકી.

**Iris** *germanica* **L.** કાશ્મીરમાં થતી વનસ્પતિ, જેના કંદમાંથી મેળવવામાં આવતા ઓરિસ ઓઈલ નામના તેલનો સુગંધી દ્રવ્યો બનાવવા માટે ઉપયોગ થાય છે.

**iron.** સંજ્ઞા Fe, લોહ, લોઢું; વનસ્પતિને ખોરાક પૂરું પાડતું ધાત્વીય તત્વ. જેને ફેરસ આયર્ન **F++** કે ફેરિક આયર્ન તરીકે **F+++** શોષે છે. અથવા જટિલ કાર્બનિક સંયોજન તરીકે વનસ્પતિ તેને શોષે છે જે વનસ્પતિમાંના હરિતદ્રવ્ય માટે જવાબદાર છે, ઉપરાંત વનસ્પતિના વિકાસ અને શ્વસન માટે જરૂરી એવું ઉત્સેચકીય તત્વને સહાયભૂત બને છે. **i., cast** ઢાળેલું લોહ. ભરતર લોઢું, **i., chilled** ઠારેલું લોખંડ. **i., pig** ભરતર લોખંડ. **i., wrought** ઘડતર લોખંડ. **i. bacteria.** ખરાબ અપવાહ ધરાવતી જમીનમાંથી જલાન્વિત ફેરિક ઓક્સાઇડનું સ્રવણ કરનાર જીવાણુ. આવા પ્રકારની જમીનમાં ફેરસ બાયકાર્બોનેટ હોય છે. **i. chlorosis.** લોહની ઊણપના કારણે વનસ્પતિનાં પાન પીળાં પડી જાય તેવા પ્રકારનો તેનો રોગ. **i. deficiency.** લોહની ઉણપ, જે મોટા ભાગે ફળઝાડમાં વરતાય છે, જેથી પાન પીળાં પડે છે. **i. minerals.** બિનસિલિકેટ લોહ સંયોજના ખડકોમાં મળી આવતું ખનિજ, જે ખડકને ઘેરો કાળો રંગ બક્ષે છે. આમાં હેમેટાઈટ, મેગ્નેટાઈટ, પાઈરાઈટ ઇ. હોય છે. **i. phosphate** $FePO_4$ ફેરસફેટિક શૈલમાં મળી આવતું સંયોજન, આ દ્રવ્યની અતિશયતાના કારણે, તે વાળા શૈલમાંથી સુપરફૉસ્ફેટ બનાવવામાં આવે તો તે ચીકણું અને ભેજવાળું બને છે.

**Irpex** *destruens.* ચાને થતા એક રોગ માટે જવાબદાર જંતુ.

**irradiance.** કિરણોત્સાર, વિકિરણ, કિરણીયન.**irradiated.** પ્રજીવક–'ડી'નું પ્રમાણ વધારવા પારજાંબલી કિરણોની માવજત અપાયેલાં (ખોરાકી દ્રવ્યો). **i. milk.** કાર્બન આર્કદીપ કે કવાર્ટ્ઝ મર્ક્યુરી વેપરદીપના પાર જાંબલી કિરણોત્સારની માવજત અપાયેલું દૂધ, જેથી તેમાં પ્રજીવક 'ડી' ની વૃદ્ધિ થાય છે. **irradiation.** પ્રજીવક 'ડી' નું પ્રમાણ વધારવા પારજાંબલી કિરણોની આપવામાં આવતી માવજત; કિરણોત્સાર.

**irratic.** અનિયત.

**irregular.** અનિયમિત, અસમાન દળવાળાં (પુષ્પો). **i. calyx.** અનિયમિત વજ્ર.

**irrigable area.** સિંચાઈ થઈ શકે તેવો વિસ્તાર. **irrigate.** વનસ્પતિનાં વૃદ્ધિ-વિકાસ માટે કુદરતી વરસાદ ઉપરાંત તેને પાણી આપવું – સિંચાઈ કરવી. **irrigation.** સિંચાઈ. (૨) વનસ્પતિનાં વૃદ્ધિ વિકાસ માટે સિંચાઈનું પાણી આપવું. (૩) ભારતમાં દુનિયામાં સૌથી વધારે સિંચાઈ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે, છતાં તેના કુલ વિસ્તારના અલ્પપ્રમાણની જમીનને સિંચાઈ નો લાભ મળે છે. **i. basin** જલપ્રદેશ સિંચાઈ. **i., bed** ક્યારી સિંચાઈ. **i., canal** નહેરદ્વારા સિંચાઈ. **i., flood** પ્રવાહિત સિંચાઈ. **i., lift** નદી કે જળાશયમાંથી પાણી ખેંચીને આપવામાં આવતી – લિફ્ટ સિંચાઈ. **i., spray** છંટકાવ કરીને અપાતી સિંચાઈ. **i., underground** ભૂમિગત સિંચાઈ. **i. canal.** સિંચાઈની નહેર. **i. head.** સિંચાઈ માટે સંઘરેલા પાણીનું માપ. (૨) સિંચાઈના પાણીના પ્રવાહનો દર. **i. ditch.** સિંચાઈની નાની નહેર. **i. efficiency.** નદી કે અન્ય કુદરતી જલાશયમાંથી પાણી વહેવડાવવામાં આવ્યું હોય તેનો, વનસ્પતિએ શોષેલા પાણીની સાથેનો ગુણોત્તર. **i. project.** સિંચાઈ માટેની યોજના. **i. requirement.** વરસાદ સિવાય વનસ્પતિનાં વૃદ્ધિ – વિકાસને માટે પાણીની જોઈતી આવશ્યકતા.

**irritability.** ઉશ્કેરાઈ જવાની ક્ષમતા, ઉદ્દીપનનો પ્રતિચાર કરવાની શક્તિ. **irritant.** ચેતા પર અસર કરનાર અને તેની પ્રતિક્રિયા કરનાર.

**Ischaemum** *angustifolium* (**Trin.**) **Hack.** બબની, બેગર નામનું ઉત્તરપ્રદેશ, બિહાર. અને ઓરિસામાં થતું દીર્ઘાયુ ઘાસ, જે કાગળ, દોરડાં, દોરીઓ અને ચટાઈ બનાવવા ઉપયોગી બને છે. **I.** *aristatum*. **Burm.** ભરડા, ગજ નામનું ઘાસ. **I.** *muticum* **L.** જમીનને જકડી રાખતું ઘાસ. **I.** *pilosum* **Hack.** એક પ્રકારનું ઘાસ. **I.** *rugosum* **Salisb.** સૂકી અને ભેજવાળી જમીનમાં થતી વનસ્પતિ, જેના કુમળા છોડ ઢોરને ઘાસચારા તરીકે આપવામાં આવે છે અને જેનો દાણો અછતના સમયમાં ખાવાના કામમાં લેવામાં આવે છે.

**ischiatic.** નિતંબનું.

**ischium.** પૃષ્ઠવંશી પ્રાણીઓની કટિમેખળાના પ્રત્યેક અર્ધા ભાગનું પાછલું અસ્થિ, આસનાસ્થિ.

**Iseilema** *laxum* **Hack.** ઉત્તરપ્રદેશ, બિહાર અને દ. ભારતમાં થતો તૃણકુળનો ઘાસચારો.

**isfinaj.** પાલખની ભાજી.

**iso—.** સમ અર્થ સૂચક પૂર્વગ.

**isobar.** સમદાબ રેખા.

**isobilateral.** સમદ્વિપાર્શ્વ, સમાન બાજુ સ્તરવાળાં (પર્ણો).

**isodiametrical.** સમવ્યાસીય.

**isogamete.** સમજન્યુ. **isogametic.** સમજન્યુક. **isogamous.** સમજન્યુક, સમયુગ્મી. **isogamy.** સમયુતિ, સમયોગ. (૨) સમાન જન્યુનું યુગ્મન. (૩) સંલયન પામતાં જન્યુનો સમાન આકાર.

**isogenetic.** સમજનિન.

**isolate.** અલગ રાખીને સંવર્ધન કરાતા સમૂહો. (૨) અન્ય પ્રાણીઓથી કોઈ પ્રાણીને પૃથક્ – અલગ રાખવું, જેથી રોગનો ચેપ લાગે નહિ કે પ્રાણી રોગગ્રસ્ત બને નહિ. **isolation.** અન્યથી પૃથગ્વાસ, વિલગનતા, પૃથક્તા. **i. strip.** જમીનના કોઈ પ્લોટનો અલગ કરેલો ભાગ, જેને પ્લોટ જેવી માવજત કરવામાં આવે છે.

**isomere.** સમાવયવ. (૨) સમ–અવયવી સંરચના કે ભાગ; સમાંગ સંરચના કે ભાગ. **isomeric compound.** સમાવયવી સંયોજન. **isomerous.** સમસંખ્યક, સમ–અવયવી. (૨) વિવિધ પ્રમિચક્રોનાં સમાન સંખ્યાવાળાં (પુષ્પો).

**isomorphism.** સમરૂપી. (૨) જુદી જુદી જાતિઓના વ્યક્તિગત સદસ્યોની દેખાતી સમરૂપતા, સમરૂપતા.

**isosome.** સમસૂત્ર.

**isophase.** સમપ્રભાવક, સમપ્રભાવી.

**Isoptera.** જંતુ શ્રેણીમાં ઊધઈ નો વર્ગ.

**isotherm.** સમાન ઉષ્ણતામાન ધરાવતાં સ્થાનોને સાંકળતી નકશા કે આલેખમાં દોરેલી રેખા, સમોષ્ણતામાન (રેખા).

**isotonic.** સમાન રસાકર્ષણ દાબવાળું.

**isotope.** સમસ્થાનિક. (૨) સમાન પરમાણુ આંક અને તત્ત્વોના આવર્ત–

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કોષ્ઠકમાં સમાન સ્થાન ધરાવતું પણ જુદો પરમાણુભાર ધરાવતાં રાસાયણિક તત્ત્વનાં બે કે વધારે સ્વરૂપ. (૩) કૃષિ સંશોધન કાર્યમાં કિરણોત્સારી સમસ્થાનિકોનો ઉપયોગ કરવામાં આવે છે.

**isotype.** જુદા જુદા પ્રદેશોનાં પ્રાણીઓ અને વનસ્પતિઓનો સમાન પ્રકાર – રૂપ.

**Israeli babul.** *Acacia tortilis* નામનું ઇઝરાયલી બાવળ તરીકે ઓળખાતું છત્ર જેવી ઘટાવાળું ઝાડ.

**Italian** ઈટલીનું.**I. lemon.** ઈટલીમાંથી લાવીને અહીં સંવર્ધિત કરવામાં આવેલું લીંબુનું ઝાડ, જેનાં ફળ એટલે લીંબુ મોટાં, અંડાકાર, બી રહિત, જાડી છાલ અને રસાળ ગરવાળાં હોય છે, આ જાફા લીંબુ જેવાં હોય છે. **I. millet.** કાંગ; *Setaria italica* (**L.**) **Beauv.** (*Panicum italicum* **L**; *Chaetochloa italica* **Scribn.**). નામની આન્ધ્રપ્રદેશ કર્ણાટક, મહારાષ્ટ્ર અને ગુજરાતમાં ઉગાડવામાં આવતી વનસ્પતિ, જે સુકારાનો સામનો કરી શકે છે, હલકી, કાળી કપાસની જમીનોમાં વરસાદ કે સિંચાઈનું પાણી આપીને તેને ઉગાડવામાં આવે છે, જેના દાણા ભાતના સ્થાને રાંધીને ખાવામાં આવે છે, તેની ખીર બનાવી શકાય છે, તેનું ઘાસ પાતળું હોઈ તેને ઝૂડયા વિના ઢોરને નીરી શકાય છે.**I.m.blast.** કાંગને થતો *Piricularia oryzae* નામની ફૂગથી થતો રોગ. **I. m. downy mildew.** *Sclerospora graminicola* નામની ફૂગથી કાંગને થતો રોગ. **I. m. rust.** *Uromyces setariae italicae* (**Diot**) **Yoshino.** નામથી કાંગને થતો ગેરુનો રોગ.**I.m. smut.** *Ustilago crameri* નામની ફૂગથી કાંગને થતો અંગારિયાનો રોગ. **I.m.udbatta disease.** *Balansia oryzae* નામની ફૂગથી કાંગને થતો રોગ.

**Italian Red Pear.** ટમેટાંનો એક પ્રકાર, જેમાં છોડ ઊંચા, ટમેટાં લાલચોળ, મધ્યમ કદનાં અને બારે ઝૂમખાંવાળાં થાય છે.

**I.X.L.** બદામનો એક પ્રકાર.

**Ixodidae.** એક પ્રકારનું જંતુ, મોટી સંખ્યાની પ્રજાતિ અને જાતિઓ ધરાવે છે અને જે ઢોરમાં વિવિધ પ્રકારના રોગનો ફેલાવો કરે છે.

**Ixora** *acuminata* **Roxb.** સફેદ ઇક્ઝોરા નામની વનસ્પતિ. **I.** *arborea* **Roxb ex Sm** (Syn. **I.** *parviflora* **Vahl non Lamk.**). જલપાઈ નામનું નાનું ઝાડ, જેની ડાળીઓની મસાલા બનાવવામાં આવે છે. **I.** *chinensis* **Lamk.** મૂળ મલાયાનું પણ અહીં શોભા માટે વાવવામાં આવતું ઝાડ. **I.** *coccinea* **L.** રંજના રૂકિમણી, રંગન નામનો વાડ માટે વાવવામાં આવતો છોડ. **I.** *fulgens* **Roxb.** શોભા માટેનું વૃક્ષ. **I lutea Hutch.** શોભા માટે વાવવામાં આવતું ઝાડ. **I.** *parviflora* **Vahl.** નેવરી નામનું ઝાડ. **I.** *undulata* **Roxb.** સુગંધી સફેદ ફૂલનું ઝાડ.

# J

**jack.** ગર્દભ કુળનું ખસી કરાયા વિનાનું નરપ્રાણી, જેનું ઘોડીની સાથે સંકર કરી ખચ્ચર બનાવવામાં આવે છે. **jass** જુઓ **Jack.**

**jackal.** શિયાળ; *Canis aureus* **L.** કૂતરાને મળતું, ગામનો કચરો–પૂંજો, મરેલાં પ્રાણીઓ, નાનાં પશુ-પક્ષીઓને ખાઈ જતું પ્રાણી, જે પ્રાણીઓ ઉપરાંત મકાઈ, બદરી

For Private and Personal Use Only

ફળ, શેરડી અને દ્રાક્ષના પાકને નુકસાન પહોંચાડે છે અને મરઘાં-બતકાં, બકરાં, ઘેટાંનાં બચ્ચાંને ઉપાડી જાય છે.

**jack bean.** *Canavalia gladiata* (**Jacq.**) **DC.** (*C. ensiformis* **Baker non DC**). નામની તરવારડી નામની શાકીય વનસ્પતિ, જેની સિંગો ખાવાના કામમાં આવે છે.

**jack fruit.** ફણસ; *Artocarpus heterophyllus* **Lamk.** (**A.** *integra* (**Thunb.**) **Merr**; (*A. integrifolia* **L.**). નામનું કોફી, સોપારી, એલચી. અને મરીના બગીચાઓમાં છાયો આપવા માટે ઉગાડવામાં આવતું ઝાડ, જેનાં ફળ એટલે ફણસના ઘણા ઉપયોગો છે. આ ઝાડના રસ-અક્ષીરનો માટીનાં વાસણો તથા કોશનાં છિદ્રો પૂરવા માટે ઉપયોગ થાય છે; તેનું કાષ્ઠ બાંધકામ અને ફર્નિચર બનાવવામાં ઉપયોગી બને છે; પાનનો ઢોર માટેનો ચારો બને છે. આ ઝાડ ભેજવાળી ગરમ હવામાં થાય છે. **j.f. black root rot.** *Rosellina sp.* નામની ફૂગથી ફણસના ઝાડનાં મૂળને થતો સડો **j.f. brown root disease.** *Fomes noixus* નામની ફૂગથી ફણસના ઝાડના મૂળને થતો એક રોગ. **j. f. bud weevel.** *Ocnyromera artocarpi* **M.** નામનો ફણસમાં પડતો કીટક, જે કુમળી કળીઓ અને ફણસમાં દર કરે છે. **j.f. charcoal rot.** *Ustulina zonata* નામની ફૂગથી ફણસને થતો એક રોગ. **j.f. inflorescence rot.** *Rhizopus artocarpi* નામની ફૂગથી ફણસને થતો એક રોગ, જેમાં તેનાં નારી પુષ્પો ખરી પડે છે. **j.f. pink disease.** *Corticium salmonicolor* નામની ફૂગથી ફણસને થતો એક રોગ. **j.f. rot.** *Phytophthora palmivora* નામની ફૂગથી ફણસને લાગતો સડો. **j. f. shoot borer.** *Margaronia caesalis* નામની ફણસમાં પડતી ઇયળ. **j. tree.** ફણસનું ઝાડ; જુઓ *Jack fruit.*

**jackstock.** ખચ્ચર નિર્માણ માટે ઉપયોગમાં લેવામાં આવતા નર ગદ્દેભ.

**Jaffa orange.** પેલેસ્ટાઇનમાં થતાં જાફા સંતરા નામે ઓળખાતાં સંતરા, જોકે ભારતમાં આ પ્રકારનાં સંતરાં વાવવામાં આવે છે પણ તેણે હજી વેપારી મહત્ત્વ મેળવ્યું નથી.

**Jaffarabadi.** ગુજરાતમાં ગિરપ્રદેશમાં થતી જાફરાબાદી ભેંસના નામે ઓળખાતી ભેંસની ઓલાદ, જેનું પ્રાણી મોટું છે અને દૂધ સારા પ્રમાણમાં આપે છે.

**Jaffna tobacco.** શ્રીલંકામાં મૂળ વતન ધરાવતી પણ અહીં હવે થતી ખાવા માટેની તમાકુનો પ્રકાર, જેને સ્વાદિષ્ટ બનાવવા ધુમાડો આપવો આવશ્યક બને છે.

**Jagir.** રાજ્ય તરફથી મળતી જાગીર.

**jai.** એક પ્રકારનો ઘાસચારો.

**jaiphal.** જાયફળ.

**jalap.** જુલાબ તરીકે ઉપયોગમાં લેવાતાં મૂળ ધરાવતી *Ipomoea purga* **Hayne** (*Exogonium purga* (**Hayne**) **Lindl.**). નામનું આસામ, પ. બંગાળમાં થતું ખાદ્ય ફળધારી ઝાડ, જેના ફળનો મુરબ્બો બનાવવામાં આવે છે,

**Jalkumbhi.** જલકુંભી; પ્રકાંડ વિનાની પાણીમાં તરતી એક પ્રકારની વનસ્પતિ.

**jalpai.** રુદ્રાક્ષવર્ગનું *Elaeocarpus floribundus* **Blume.** નામનું જલપાઈ તરીકે ઓળખાતું આસામ અને પ. બંગાળનું ખાદ્યફળધારી વૃક્ષ.

**jam.** મુરબ્બો; ખાંડ અને ફળના માવાને બાફીને બનાવવામાં આવતી એક મિષ્ટ વાનગી, જે લાંબો વખત રાખી શકાય છે.

**Jamaica sorrel.** એક વનસ્પતિ.

**Jamaica switch sorrel.** વિલાયતી મેંદી. *Dodonaea viscosa* (**L.**) **Jacq.** નામનો પાનખર જંગલમાં ઝડપથી ઊગતો ક્ષુપ, જે વેરાન અને ખડકાળ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભૂમિમાં થાય છે, અને જેનું કાષ્ઠ બળતણના કામમાં આવે છે. વનમાં આગ લાગ્યા પછી તથા વેરાન અને સૂકા ઢોળાવવાળી જમીનમાં તેને વાવવામાં આવે છે.

**jamalgota.** નેપાળો; *Croton tiglium* **L.** નામની, વનસ્પતિ, જેના તેલનો જુલાબ લેવામાં આવે છે.

**jamberry.** ટમેટાં, મૂળ મેક્સિકોનું ફળ.

**jambo.** ગુલાબજાંબુ.

**jambolana.** જાંબુ; *Syzygium cumini* (**L.**)**Skeels.** (*Myrtus cumini* **L;** *Eugenia jambolana* **Lamk.**). નામનું ભારતભરમાં વાવવામાં આવતું મધ્યમ કદનું ઝાડ, જેનું ફળ એટલે જાંબુ બોરથી માંડીને કબૂતરના ઇંડા જેવડું વાદળી રંગનું થાય છે. બી વાવીને ઝાડ ઉગાડવામાં આવે છે. **jamun.** જાંબુ.

**jamcha** માખ પકડવાની જાળી માટેનું કપડું.

**James Grieve.** મધ્યમ કદનું, પીળી છાલવાળું રસાળ ગરવાળું એક પ્રકારનું સફરજન.

**jamphal.** જામફળ.

**jamrul.** *Eugenia formosa* **Wall.** [*Syzygium mappaceum* (**Korth.**) **Mansf.**]. નામનું ખાદ્યફળનું આસામ અને પ. બંગાળમાં થતું એક ઝાડ.

**Jamunapuri goat.** મોટું કદ, બહિર્ગોળ મોં, ઊંચું અને લટકતા કાનવાળા બકરાની એક ઓલાદ.

**jand.** સમી, ખીજડો; *chhonkar, sami, Prosopis spicigera* **L.** નામનું વેરાન અને સૂકા પ્રદેશમાં કાંપવાળી જમીનમાં થતું વૃક્ષ, જેનું કાષ્ઠ બળતણ તરીકે, તથા કોલસા બનાવવા ઉપયોગમાં આવવા ઉપરાંત તેનાં ઓજાર કે હથિયારના હાથા તથા ખેતીનાં ઓજારો બનાવવામાં આવે છે; તેનાં પાનનો ચારો થાય છે.

**janda.** માટી સરખી કરવા માટે હાથથી ચલાવાતું એક સાધન.

**jangal jalabi.** વિલાયતી આંબલી; *Pithecellobium dulce* (**Roxb.**) **Benth.** (*Mimosa dulcis* **Roxb**); *Inga dulcis* **Willd.**). નામનું ઝાડ.

**jangli** જંગલી. **j. adrak.** જંગલી આદુ. **j. akhrot.** જંગલી અખરોટ. **j. aushbah.** સારસાપરિલા. **j. badam.** જંગલી બદામ. **j.chachinda.** *Trichosanthes cucumerina* **L.** નામની ભારતભરમાં થતી શાકીય વનસ્પતિનો એક પ્રકાર. **j.-gailia.** *Alysicarpus longifolius* **Wight & Arn.** નામની ઘાસચારા માટેની શાકીય વનસ્પતિ. **j. haldi** આંબા હળદર *Curcuma aromatica* **Salisb** (*C. zedoaria* **Roxb non Rosc.**). નામની પ. બંગાળ અને કેરળમાં થતી વાતહર શાકીય વનસ્પતિ; **j-karela.** જંગલી કારેલાં; નાનાં કારેલાં. **j. mattar.** જંગલી વટાણા. *yellow velching* નામની પંજાબ, ઉત્તર પ્રદેશ, પ. બંગાળ અને મધ્ય પ્રદેશમાં થતી ઘાસચારા માટેની વનસ્પતિ. **j. piaz.** કફ નિસ્સારક કંદવાળી બિહાર અને હિમાલયમાં થતી જંગલી ડુંગળી નામની વનસ્પતિ. **j. seh.** કાશ્મીર, ખાસી ટેકરીઓમાં થતાં સફરજનની એક જાત.

**Japanese.** જાપાનનું. **j. barnyard grass.** જુઓ *japanese barnyard millet.* **j. barnyard millet.** સામો નામે ઘાસ તરીકે ઓળખાતું *Echinochloa frumentacea* (**Roxb.**) **Link** (*Panicum crus-galli* **L.** var. *frumentacea* **Roxb.**). નામનું વર્ષાયુ ખરીફ પાક તરીકે વાવવામાં આવતું ઘાસ, જેનાં બી એટલે સામો ગરીબ લોકો રાંધીને ખાય છે. આ વનસ્પતિ સુકારો તેમ જ પાણી ભરાઈ જાય તેનો સફળતાથી સામનો કરે છે. **J. clover.** *Lespedeza striata* (**Thunb.**) **Hook. & Arn.** નામની મૂળ ઉરુગ્વેની ઘાસચારા માટેની વનસ્પતિ. **J. paddy weeder.** જાપાનથી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આણેલું ડાંગર લણવાનું સાધન. **J. pedal thresher.** ડાંગરને છડવા માટેનું પગ ચાલિત જપાની સાધન. **J. peppermint.** *Mentha arvensis* **DC.** var. *piperascens* **Holms.** નામની ફુદીનાના કૂલના નામે ઓળખાતી વનસ્પતિ, જેમાંથી બાષ્પશીલ તેલ કાઢવામાં આવે છે, જેનું મેન્થોલ બનાવવામાં આવે છે, અને જે કાશ્મીરમાં થાય છે. **J. persimmon.** *Diospyros Kaki L.f.* (*D. chinensis* **Blume**). નામનું 3,000-5,000 ફૂટની ઊંચાઈએ થતું ઝાડ, જે ચિનાઈ અંજીરના નામે ઓળખાય છે. **J. raisin tree.** *Hovenia dulcis* **Thunb.** નામનું મૂળ ચીનનું પણ અહીં કુમાંઉ અને પ. બંગાળમાં થતું મોટું ઝાડ.

**japonica.** ડાંગરનો એક પ્રકાર, જે જપાનમાં થાય છે.

**jarewa.** ખેતરાઉ નિંજવો તરીકે ઓળખાતું *Bothriochloa pertusa* (**L.**). **A Camus.** (*Andropogon pertusaus*) (**L.**) **Willd.**). નામની દીર્ઘાયુ ઘાસચારાની વનસ્પતિ.

**jarosse.** લાંગ.

**Jasminum** *angustifolium* **Vahl.** વનમલ્લિકા, જંગલી જસમીન નામનો શોભા માટે વાવવામાં આવતો નાનો છોડ. **j.** *arborescens* **Roxb** (Syn. *J. roxburghianum* **Wall.**). ચમેલી, ખાસ ફૂલવાળી શોભાની વનસ્પતિ. **J.** *auriculatum* **Vahl.** જૂઈ; દખ્ખણમાં થતો છોડ, જેનાં ફૂલ માથાનું તેલ બનાવવા માટે ઉપયોગમાં લેવાય છે. **J.** *flexile* **Vahl.** માલતી; શોભાની આરોહી વેલ. **J.** *humile* **L.** (Syn. *J. inodorum* **Jacq**; *J. revolutum* **Sims**). પીળી ચમેલી, પીળી માલતી; નીલગિરિ, પુલની ટેકરીઓ, પશ્ચિમઘાટ અને કેરળમાં થતો ક્ષુપ, જેનાં ફૂલમાંથી સુગંધી તેલ કાઢવામાં આવે છે, જે સૌરભીય દ્રવ્યો બનાવવા કામમાં આવે છે. **J.** *malabaricum* **Wight.** હિંદીમાં કુસર નામે ઓળખાતો દખ્ખણ, પશ્ચિમઘાટમાં થતો સુવાસિત ફૂલોનો આરોહી ક્ષુપ. **J.** *multiflorum* (**Burm f.**) **Andr.** (Syn. *J. pubescens* **willd** રણમોગરો **J.** *officinale* L. મોતિયો; કુમાઉ, રાજસ્થાન, મધ્યપ્રદેશ અને ઉત્તર પ્રદેશમાં થતો ક્ષુપ, જેનાં ફૂલના તેલનું માથાના વાળમાં નાખવા માટે સુવાસિત તેલ બનાવવામાં આવે છે. **J.** *primulinum* **Hemsley.** ચીનમાં થતો ક્ષુપ. **J.** *pubescens* **Willd.** રણમોગરો. **J.** *sambac* (**L.**) **Ait.** (Syn. *Nyctanthes sambac* (**L.**). મોગરો, બટ મોગરો, ડોલર મોગરો, નામનો ફૂલ છોડ, જેના ફૂલનું તેલ સુગંધી દ્રવ્યો બનાવવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે.

**Jat** જાટ; રાજસ્થાન, પંજાબ, હરિયાણા અને ઉત્તર પ્રદેશનો ખેડૂત.

**jatinga orange.** આસામમાં થતું નારંગીનું ફળઝાડ.

**jatri.** જાયફળ.

**Jatropha** *curcas* **L.** રતનજોત, મોગલાઈ એરંડો, સફેદ એરંડો નામનું કારોમાંડલ કિનારે થતું નાનું ઝાડ, જેનાં બીના તેલમાંથી મીણબત્તી, સાબુ, અને ઊંજણ બનાવવામાં આવે છે; ઉપરાંત તે દીવાબત્તીમાં પણ ખપમાં આવે છે, તેનો જુલાબ પણ લેવામાં આવે છે. **J.** *gossypifolia* **L.** રતનજોત, વિલાયતી એરંડો; શણગાર માટે વાવવામાં આવતો મૂળ બ્રાઝીલનો એક છોડ. **J.** *hastata* **Jacq.** (Syn. *J. panduraefolia* **Andr.**). લાલ ફૂલ માટે શોભા કાજે ઉગાડવામાં આવતું જત્રોફા. **J.** *multifida* **L.** નેપાળો, ચિનાઈ એરંડો, નામનો ક્ષુપ. **j.** *panduraefolia* **Andr.** જત્રોફા. **J.** *podagrica* **Hook.** મૂળ પનામાનું લાલ ફૂલનું ઝાડ.

**jaur.** જુવાર.

**Java.** અમેરિકન વર્ગની મરઘાની જૂનામાં જૂની એક ઓલાદ. (૨) જાવાનું,-ને લગતું. **J.almond.** જંગલી બદામ; *Canarium*

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



*commune* **L.** નામનું દ. ભારતમાં થતું ઝાડ, જેનાં બીનું તેલ દીવાબત્તી માટે ઉપયોગમાં લેવામાં આવે છે. **J. cedar.** જાવાનું દેવદાર વૃક્ષ, જે *bishop wood* તરીકે પણ ઓળખાય છે, જેની છાલમાંથી રંગ બનાવવામાં આવે છે. **J. plum.** જાંબુ.

**javi.** ઉત્તર પ્રદેશ, પંજાબ, બિહાર, પ. બંગાળ અને ઓરિસામાં થતો એક પ્રકારનો ઘાસચારો.

**jaw.** જડબું; ખુલ્લો કે આવરિત, દાંતવાળો કે દાંત જેવી સખત રચનાવાળો, ખુલતો અને બંધ થઈ શકતો, સસ્તન પ્રાણીના મોંનો એક ભાગ.

**jawasa.** એક બારમાસી કાંટાળો ક્ષુપ.

**jayanti.** શેવરી નામની પવનનો અવરોધ કરતી એક પ્રકારની વનસ્પતિ.

**jeera.** જીરું.

**jellose.** આંબલી.

**jelly.** જેલી. (૨) મુરબ્બાની માફક ફળના રસ અને ખાંડને ઉકાળીને બનાવવામાં આવતી એક વાનગી, જે ચળકતી અને પારદર્શક હોય છે.

**jennet.** માદા ગર્દભ, ગધેડી.

**jenny.** માદા ગર્દભ, ગધેડી.

**Jersey.** દુગ્ધાલય – ડેરી ઉદ્યોગમાં મહત્ત્વની ગણાતી, નાનું કદ ધરાવતી, વધારેમાં વધારે ચરબી તત્ત્વવાળું દૂધ આપતી ગાયનો એક પ્રકાર, જેનો ઉપયોગ ભારતમાં સંકર જાતિ પેદા કરવા માટે થાય છે. તેનાં શીંગડાં નાનાં અને વળેલાં હોય છે, તુંડ પર સફેદ વલય જેવો રંગ હોય છે.

**Jeruslem.** જેરુસલેમ. **J.artichoke.** હાથીચૂક તરીકે ઓળખાતી *Helianthus tuberosus* **L.** નામની મૂળ અમેરિકાની પણ પ. બંગાળ, આસામ, ઉત્તર પ્રદેશ અને આન્ધ્ર પ્રદેશમાં થતી દીર્ઘાયુ, શાકીય વનસ્પતિ, જેનાં કંદ ખાવામાં ઉપયોગી બને છે, જેનાં ખાદ્ય કંદ ઔદ્યોગિક મદ્યાર્ક બનાવવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે. **J. thorn.** વિલાયતી કિકર, *Christ's thorn, Parkinsonia aculeata* **L.** નામનો વિલાયતી બાવળ, જેને વાડ બનાવવા વાવવામાં આવે છે.

**Jews-mallow.** શણ.

**jhal.** પીલુ.

**jharber.** ચણીબોર; *Ziziphus rotundifolia* **Lamk.** (*Z. nummularia* (**Burm. f.**) **Wight & Arn;** *Rhamnus nummularia* **Burm f.**). નામનું મહારાષ્ટ્ર, વાયવ્ય સરહદ પ્રાંત અને આન્ધ્ર પ્રદેશમાં થતું ખેતરાઉ બોરડી નામનું ઝાડ.

**jharidar palak.** પાલખની ભાજી.

**jharua.** સામો ઘાસ.

**jhau.** *Tamarix dioica* **Roxb.** નામની ભૂરી પાસ ઝાડ, ખડીમાઈ ઇ. નામે ઓળખાતી વનસ્પતિ જેના ટોપલા–ટોપલીઓ બને છે. (૨) *Tamarix gallica auct. non* **L.** પડવાસ, નામની વનસ્પતિ, જે ચામડાં કમાવવા ઉપયોગમાં લેવામાં આવે છે.

**J. H. Hale.** પીચનો એક પ્રકાર, જેનું ફળ મોટું, ગોળ, પીળાશ પડતું લાલ હોય છે.

**jhingan.** *Lannea coromandelica* (**Houtt.**) **Merr.** [*L. grandis* (**Denst.**) **Engl;** *Odina wodier* **Roxb.**]. મેવડો, મોયણો નામનું પાનખર જંગલનું ઝાડ, જેના કાષ્ઠનાં પાટિયાં, કૂવિ ઓજારો બનાવવામાં આવે છે; છાલમાંથી ગુંદર મળે છે, અને ધોવાણવાળા પ્રદેશમાં વન નિર્માણ માટે તે ઉપયોગી વૃક્ષ છે.

**jhum.** આદિવાસીઓની વારાફરતી જમીનને બાળીને ખેતી કરવાની એક ઝૂમ નામની પદ્ધતિ.

**jhumkalata.** મૂળ બ્રાઝિલનું *Passiflora edulis* **Sims.** નામનું ઉત્તરપ્રદેશ, પંજાબ અને તામીલનાડુમાં થતું ખાદ્યફળનું ઝાડ.

**jiban.** ખાદ્યફળનું બિહાર, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, આસામ અને પ. બંગાળમાં થતું *Trema orientalis* **Bhume** (*Celtis orientalis L.*). નામનું એક ઝાડ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**Job's tears.** *Coix lacryma-jobi* **L.** (*C. lachryma* **L.**). નામની દીર્ઘાયુ વનસ્પતિ, જેના દાણા મોતી જેવા સફેદ હોય છે અને જેનો અનાજ તરીકે ઉપયોગ કરવામાં આવે છે.

**Johne's bacillus.** જુઓ *Johne's disease*. **Johne's disease.** ગાય, ભેંસ, ઘેટા, બકરાંને, *Mycobacterium paratuberculosis* અથવા *Johne's bacillus* નામના જંતુથી થતો અતિસારનો રોગ, જેમાં રોગગ્રસ્ત પ્રાણીના જડબાની નીચે સોજો આવે છે, શ્લેષ્મી ઝાડા થાય છે, તરસ લાગ્યા કરે છે, રક્તક્ષીણતા જણાય છે અને છેવટે પ્રાણી મરી જાય છે; આ રોગ *paratuberculosis*, *Paratuberculus enteritis*, *chronic bacillary diarrhoea*, *chronic bacterial dysentery* ઇ. નામે પણ ઓળખાય છે.

**Johnson grass** બરૂ; *Sorghum halepense* **(L.) Pers.** (*Holcus halepensis* **L.**). નામનું જુવાર જેવું દીર્ઘાયુ ઘાસ, જેનાં મૂળ કાયમ રહે છે અને તેમાંથી ઘાસ ફૂટી નીકળે છે, જે મકાઈ અને જુવાર જેવું લાગે છે. તેનો સારો ઘાસચારો થાય છે. **J.g. ascochyta leaf spot.** *Ascochyta sorghi* નામની ફૂગથી બરૂને થતો એક પ્રકારનો રોગ. **J.g. downy mildew.** *Sclerospora sorghi* નામની ફૂગથી બરૂને થતો એક રોગ. **J. g. head smut.** *Sphacelotheca reiliana* નામની ફૂગથી જોનસન ઘાસને થતો રોગ. **J. g. loose smut.** *Sphacelotheca cruenta* નામથી ફૂગથી બરૂને થતો અંગારિયાનો રોગ. **J. g. red leaf spot.** જોનસન તૃણને થતો એક ફૂગજન્ય રોગ. **J. g. rust.** *Puccinia purpurea* નામની ફૂગથી બરૂને થતો રોગ.

**joint farming society.** સંયુક્ત સહકારી કૃષિ મંડળી, જેના સભ્યોની જમીન પર સહકારી ધોરણે ખેતી કરવામાં આવે છે.

**joint ill.** વાછરડાંની ડૂંટી પર થતો સંક્રામક રોગ.

**joint oil.** સાંધાના સ્નાયુઓ માટે ઉપયોગમાં લેવામાં આવતું સ્થાન તેલ.

**Jonathan.** મધ્યમ કદનું અંડાકાર, સુંવાળી છાલવાળું, પીળા ગરનું, સંઘરવા માટેનું સફરજન.

**Jonnavalasa.** આન્ધ્ર પ્રદેશમાં થતા મધ્યમ કદ અને ગોળ ચીકુનો એક પ્રકાર.

**jowar.** જુવાર.

**Juglan's** *nigra*. કાળા અખરોટ. **J. regia.** અખરોટ.

**juice grape.** રસ માટેની દ્રાક્ષનો એક પ્રકાર.

**jujube.** બોર; *Ziziphus mauritiana* **Lamk.** (*Z. jujuba* **Lam. non Mill.**). નામનું બોરડીનું ઝાડ, જેનાં ફળ-બોરમાં પ્રજીવકો 'એ', 'બી' અને 'સી' છે. બોરડીનાં ઝાડ પર લાખનાં જંતુઓ વસાહતો બનાવી રહે છે. **jungliber.** જંગલી બોર.

**jungli dhan.** જંગલી ડાંગર.

**Juniperus** *communis* **L.** ક્ષુપનો એક પ્રકાર. **J.** *macropoda* **Boiss.** ધૂપ; મૂળ યુરોપનો પણ અહીં કાશ્મીરથી કુમાઉના હિમાલયમાં થતો ક્ષુપ, જેના કાષ્ઠની પેન્સિલો અને પેનહોલ્ડરો બનાવવામાં આવે છે અને જેના તેલનો લિનોલિયમ બનાવવા ઉપયોગ કરવામાં આવે છે. **J.** *recurva* **Buch.-Ham.** એક ઝાડ કાષ્ઠની પેન્સિલો બનાવવામા આવે છે.

**Jurinea** *macrocephala* **Benth.** ધૂપ નામની હિમાલયમાં થતી એક પ્રકારની શાકીય વનસ્પતિ, જેનાં મૂળનો રસ ધૂપ માટે ઉપયાગમાં લેવામાં આવે છે.

**Justicia** *adhotoda* **L.** અરડૂસો. *J. betonica* **L.** ભારતભરમાં થતી એક વનસ્પતિ જેનાં પાનનો પોટીસ તરીકે શેક કરવામાં આવે છે. **J.** *gendarussa* **L. f.** (Syn. *Gendarussa*

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



*vulgaris* **Nees.**). તુર્ઈ, કાળો અરડૂસો. **J.** *procumbens*. પિત્તપાપડો, ખડશેલિયો.

**jute.** શણ, શણના છોડના તંતુ, જેની, કાચાં કે તૈયાર કરીને ગ્રેટ બ્રિટન, બેલ્જિયમ, ફ્રાન્સ, ઈટલી, અમેરિકા જેવા દેશોમાં નિકાશ કરવામાં આવે છે, જે ચીજ વસ્તુઓને પેક કરવા, કોથળા અને ગુણપાટ બનાવવા ઉપયોગમાં લેવામાં આવે છે. **J. apion.** *Apion corchari* **Marshall.** નામનું શણનું જંતુ. **j. black band disease.** *Diplodia corchori* નામની ફૂગથી શણને થતો રોગ. **j. crop.** અંબાડી, મોતી, નામનો *Corchorus capsularis* **L.** અને *C. olitorius* **L.** નામનો ક્ષુપ, જેના રેસામાંથી શણ બનાવવામાં આવે છે. **j. dry rot.** જુઓ *jute stem rot.* **j. fibre extraction.** શણના રેસા કાઢવાની પ્રક્રિયા, જેમાં 8 થી 10 છોડના સાંઠાને લઈ ઝૂડવામાં આવે છે, જેથી તેના રેસા છૂટા પડે છે. આવી રીતે છૂટા પડેલા રેસાને આંગળી પર વીંટાળી સાંઠાથી રેસા છૂટા પડે ત્યાં સુધી તેને પાણીમાં હલાવવામાં આવે છે, બાદ છૂટા પડેલા રેસાને પાણીમાં ધોઈ સાફ કરવામાં આવે છે. **j. powdery mildew.** *Oidium sp.* નામની ફૂગથી શણને થતો રોગ. **j. retting.** શણના સાંઠાને પાણીમાં પલાળવાની એક પ્રક્રિયા, આ માટે ધીમા વહેતા ઠીક ઠીક ઊંડાણવાળા સહેજ ગરમ પાણીને પસંદ કરવામાં આવે છે. આવા પાણીમાં શણના સાંઠાને બે ત્રણ દિવસ પલાળી રાખવામાં આવે છે. આ પ્રક્રિયા જુલાઈથી સપ્ટેમ્બર વચ્ચે 10-15 દિવસમાં આટોપી લેવામાં આવે છે. **j. sclerotial disease.** *Pellicularia rolfsii* નામની ફૂગથી શણને થતો એક રોગ. **j. semi-looper.** *Anomis sabulifera* **Guen.** નામનું જંતુ, જે શણનાં પાન ખાઈ છોડને ભારે નુકસાન પહોંચાડે છે અને તેની વૃદ્ધિ કુંઠિત કરે છે. ઘણીવાર તેનો ઉપદ્રવ વધતાં પાન ખરી પડે છે, **j. stem rot.** *Macrophomina phaseoli* (**Maubl.**) **Ashby.** નામની ફૂગથી શણના છોડના પ્રકાંડને થતા સડાનો રોગ.

# K

**kabab chini.** *Piper cubeba* **L. f.** (*Cubeba officinalis* **Raf.**). નામની એક આરોહી વેલ, જેનાં ફળ ઔષધીય ગુણ ધરાવે છે અને જે મસાલા તરીકે પણ વપરાય છે.

**kabra.** *Capparis spinosa* **L.** નામની ગુજરાત અને પશ્ચિમ ઘાટમાં થતી એક વનસ્પતિ, જેનાં ફૂલ મુરબ્બાને સુવાસિત કરવા માટે વપરાય છે.

**kabuli.** બહારથી લાવીને રોપવામાં આવેલું, નાનું, મધ્યમ કદનું દ. ભારત, પ. બંગાળ અને ઓરિસ્સાનું એક ઝાડ.

**kacbalu.** અળવી.

**kachnal.** *Bauhinia racemosa* **Lamk.** આસોતરો, આસુંદ્રો, આસોટી, વનરાજ ઈ. નામની વનસ્પતિ.

**kachnar.** એક નાનું ઝાડ, જેની છાલના રેસાનાં દોરડાં બનાવવામાં આવે છે.

**kachra.** ઉત્તર ભારતમાં થતું એક ઝાડ, જેનાં ફળની શાકભાજી થાય છે.

**kachura.** *Curcuma zedoaria* **Rosc.** (*C. zerumbet* **Roxb.**). એક શાકીય વનસ્પતિ, જેનાં કંદ સુગંધી દ્રવ્યો અને સૌંદર્ય પ્રસાધનો બનાવવા ઉપયોગી બને છે.

**kadal.** પંજાબ અને રાજસ્થાનમાં થતી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાસ્તા નામની પહોળાં પાનની દીર્ઘાયુ વનસ્પતિ.

**kadavanchi.** *Momordica tuberosa* **Cogn.** (*M. cymbalaria* **Fenzl ex Naud;** *Luffa tuberosa* **Roxb.**). મહારાષ્ટ્ર અને તામીલનાડુની ખાદ્યફળની શાકીય વનસ્પતિ.

**kadbi.** જુવારના સાંઠા કુમળા હોય ત્યારે કાપીને તેનું બનાવવામાં આવતું સૂકું ઘાસ.

**kaddu.** કોળું.

**kadhi neem.** મીઠા લીમડાનાં કઢીને સુવાસ આપવા ઉપયોગી બનતાં પાન.

**Kaempferia** *galanga* **L.** ચંદ્રમૂળા, સિધોલ નામનો શોભાનો છોડ, જેનાં મૂળ મસાલા તરીકે ઉપયોગમાં લેવાય છે. ઉપરાંત વાતહર તરીકે પણ તે ઔષધની ગરજ સારે છે. **K.** *rotunda* **L.** ભોંય ચંપો નામની વનસ્પતિ.

**kafir corn.** જુવારનો એક પ્રકાર.

**kaghzi bans.** કાગદી વાંસ; *Dendrocalamus hamiltonii* **Nees & Arn.** નામનું દહેરાદૂનમાં થતું ઘાસ, જેના કાગળો, ટોપલા-ટોપલીઓ અને ચટાઈઓ બનાવવામાં આવે છે.

**kaghzi nimbu.** ખાટાં કાગદી લીંબુ.

**kahu.** પૂર્વ હિમાલયની એક શાકીય વનસ્પતિ.

**kaiger.** સોનખેર નામનું વૃક્ષ, જેનો ગુંદર મળે છે.

**kaiphal.** કાયફળ; હિમાલય અને ખાસી ટેકરીઓનું એક ઝાડ. જેનાં ફળ ખાદ્ય છે અને છાલનો ઉપયોગ ચામડાં કમાવવા માટે થાય છે.

**kainit (kainite).** પોટેશિયમ અને સોડિયમ ક્લોરાઈડ અને કોકવાર મેગ્નેશિયમનો સલ્ફેટ ધરાવતું પોટાશ લવણ, જેમાં ઓછામાં ઓછા 12 ટકા પોટાશ ($K_2O$) છે અને તે રાસાયણિક ખાતર તરીકે વપરાય છે.

**Kaisha.** જરદાળુનો એક પ્રકાર; જેનું જરદાળુ મધ્યમ કદનું, પીળી છાલવાળું સુવાસિત નારંગી-પીળા રંગનું હોય છે.

**kaju.** કાજુ.

**kaki.** બહારથી ભારતમાં દાખલ કરવામાં આવેલા એક પ્રકારના ફળની જાત.

**kakki.** *Grewia glabra* **Blume** (*G. laevigata auct. plur. non* **Vahl.**). રેસાવાળી છાલનું ઝાડ, જેનાં રેસાનાં દોરડાં બને છે.

**kakmari.** ખાસી ટેકરીઓમાં થતો આરોહી ક્ષુપ, જેનાં ફળ માછલીને બેભાન બનાવવા કામમાં લેવામાં આવે છે, જે જંતુઘ્ન પણ છે.

**kakri.** કાકડી; *Cucumis melo* **L.** *var. utilissimus* **Duth & Full.** ભારતભરમાં થતી શાકીય વનસ્પતિ.

**kakrol.** ભાતકારેલા.

**kakun.** કાંગ, કોદરી, જે આન્ધ્રપ્રદેશ, કર્ણાટક, મહારાષ્ટ્ર અને ગુજરાતમાં થાય છે અને ભાત તરીકે તેને રાંધવામાં આવે છે.

**kala.** કાળા, કાળું. **k. anchu.** *Rubus lasiocarpus* **Sm.** નામની વનસ્પતિ. **k. hisalu.** જુઓ *K.* **anchu.** **k. jira.** કાળી જીરી. **k. mucha.** જુઓ *Johnson grass.* **k. shisham.** *Dalbergia latifolia* **Roxb.** નામનું જંગલી સીસમનું ઝાડ **k. siris.** કાળો શિરીષ. **k. til.** કાળા તલ. **k. zira.** મગફળી.

**Kalanchoe** *laciniata* **DC.** હેમસાગર નામની મહારાષ્ટ્ર, દખ્ખણ અને પ. બંગાળમાં થતી રસાળ પાનવાળી વનસ્પતિ, જેનાં પાન ઘા પર લગાડવામાં આવે છે, **K.** *pinnata.* જખ્મે હયાત નામની વનસ્પતિ.

**kalbasu.** *Labeo calbasu, kalbainsi* ઇ. નામ ધરાવતી કાર્પ માછલી, જે બે ફૂટ સુધી વધે છે; તેના શરીરનો રંગ એક સરખો કાળો હોય છે, અને જે ગોકળગાય અને તળાવના તળિયે રહેલા નાના જીવોને ખાય છે.

**kale.** કોબી. *Brassica oleracea* **L.** var. *acephala* **DC.** નામે ઓળખાતી શાકીય વનસ્પતિ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**kaliar.** દેવકંચન, રક્તકંચન, લાલ કચનાર. *Bauhinia purpurea* **L.** નામનું ઝાડ, જેનાં ફળની શાકભાજી થાય.

**kali** કાળી. **K. haldi.** કાળી હળદર. **k. mirch.** કાળામરી. **k. musli.** કાળી મુસળી **k. rai.** કાળી રાઈ. **K. Sahebi.** પાતળી છાલ, લાંબો ઘાટ, નરમ બી, મોટું ઝૂમખું હોય તેવી દ્રાક્ષનો એક પ્રકાર. **k. sarson.** સરસવ.

**kalipatti chicku.** મહારાષ્ટ્રમાં થતા એક પ્રકારનાં ચીકુ, જેને ઘેરાં લીલાં પાન, પ્રસરતી શાખા અને અંડાકાર ફળ હોય છે.

**kallar.** ખારાપાટ અને અફળી પ્રકારની જમીનો. **k. soil.** ખારાપાટ અને અફળણી જમીન.

**kalli pakku.** નાજુક કાચી સોપારી, જેના બે ભાગ કરી સૂકવવામાં આવે છે.

**kalmi sag.** નાડાની વેલ, કલમી સાગ; *Ipomoea aquatica* **Forsk.** (*I. reptans* **Poir non** *Convolvulus reptans* **L.**). નામની વનસ્પતિ.

**kalo bilauni.** *Antidesma acuminatum* **Wall.** નામનું પ. બંગાળ અને બિહારમાં થતું ખાદ્ય ફળનું ઝાડ.

**kalonji.** કાળીજીરી.

**Kalpa.** બળદ ખેંચી શકે તેવું કૃષિ સાધન.

**kalvari.** કવરી; *Capparis spinosa* **L.** નામની ગુજરાત, પંજાબ અને પશ્ચિમ-ઘાટમાં થતી વનસ્પતિનો પ્રકાર, જેની કળીઓનો ઉપયોગ મુરબ્બાને સુગંધિત કરવા માટે કરાય છે.

**kamal.** કમળ. **k. kakdi.** કમળ કાકડી.

**kamala.** કપિલો. *Mallotus phillippinensis* **Müell.** નામનું પ. બંગાળ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને ઓરિસામાં થતું ઝાડ, જેનાં ફળને રોમ હોય છે, જે માંથી મળતો રંગ રેશમને રંગવા માટે ઉપયોગી છે. (૨) પ્રાવરફળ પરના વાળ.

**kambu.** બાજરી.

**kamkasturi.** *Ocimum tectorius* **Soland.** નામની વનસ્પતિ, જેનાં પાનને દાદર પર લગાડવામાં આવે છે.

**kamrakh.** કરમબોલા; *Averrhoa carambola* **L.** નામનું સોનેરી પીળું કુમળી છાલવાળું ફળ.

**kanchari.** કંચરી નામનું પ. બંગાળ, ઓરિસા અને તામીલનાડુમાં થતું *Alternanthera amoena* **Voss.**) (*Telanthera amoena* **Regel.**). નામની શાકીય વનસ્પતિ.

**kanchkela.** કેળાનો એક પ્રકાર.

**Kandelia** *candel* (**L.**) **Druce** (Syn. *K. rheedii* **Wight & Arn.**). ગોરિયા નામનો પ. બંગાળ, પશ્ચિમ દ્વીપકલ્પીય પ્રદેશ અને આંદામાનના ભરતી-ઓટની કળણ ભૂમિમાં થતો ક્ષુપ, જેની છાલ ચામડાં કમાવવામાં ઉપયોગી બને છે.

**Kandhari.** મધ્યમ કદ, અંડાકાર, જાડી છાલ, મીઠોગર ધરાવતી દ્રાક્ષનો પ્રકાર.

**kandiari.** ખાદ્ય ફળધારી ક્ષુપ, ખાદ્ય-ફળનો પ. બંગાળમાં થતો એક ક્ષુપ. **k. palak.** પાલખ.

**kandla.** *Bauhinia retusa* **Roxb.** નામનું બિહાર, મધ્યપ્રદેશ અને પંજાબમાં થતું એક ઝાડ, જેનો ગુંદર કાપડને કાંજી આપવા માટે વપરાય છે.

**Kangayam.** કોઈમ્બતુરની મધ્યમ કદની ભારવાહી પશુની ઓલાદ.

**kanghi.** કાંસકી; *Abutilon asiaticum* **G. Don.** નામનો ક્ષુપ, જે મખમલી કપાટ તરીકે પણ ઓળખાય છે, જેના રેસાનાં દોરડાં બનાવવામાં આવે છે.

**kangooni.** કાંગ, કોદરી.

**kangu.** કાંગ, કોદરી.

**kanj.** જંગલી નારંગીનું ઝાડ.

**kanju.** *Holoptelea integrifolia* (**Roxb.**) **Planch.** નામનું મોટું પાનખર ઝાડ, જેનું કાષ્ઠ બોબીન અને કૃષિ ઓજારો બનાવવાનાં કામમાં આવે છે, આ ઝાડને નહેરની કિનારીઓ પર વાવવામાં આવે છે.

**kanjura.** *Commelina obliqua*

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**Buch. Ham** નામની ખાદ્યપાનની શાકીય વનસ્પતિ.

**kankar.** કંકર, ચૂનાના ગઠ્ઠા.

**Kankhura.** *Boehmeria nivea* **Gaud.** નામનો ક્ષુપ, જેના રેશમ જેવા રેસા વણી શકાય છે અને તેનાં દોરડાં કોથળા ઇ. બને છે.

**kankrej.** કચ્છના રણના અગ્નિ તરફના પ્રદેશમાં થતી કાંકરેજ નામની ભારવાહી પશુની ઓલાદ, જેનું માદા પ્રાણી–ગાય ઘણું દૂધ આપે છે. સરકારી ફાર્મ પર તે સરેરાશ 3,000 પાઉંડ દૂધ આપે છે.

**Kanor.** *Aesculus indica* **Colebr ex Wall.** નામનું કાશ્મીરમાં થતું એક ઝાડ.

**kans.** છાપરું છાવવાનું કાંસ નામનું ઘાસ.

**kanta alu.** *Dioscorea pentaphylla* **L.** નામની ભારતભરમાં થતી ખાદ્ય મૂળધારી વનસ્પતિ.

**kantai.** આસામ, મહારાષ્ટ્ર અને પ. બંગાળમાં થતું ખાદ્ય ફળનું ઝાડ.

**kanta-katchu.** *Lasia spinosa* **(L.) Thw.** *C L. heterophylla* **Schott**). નામની પ. બંગાળ આસામ અને હિમાલયમાં થતી દીર્ઘાયુ શાકીય વનસ્પતિ, જેનાં પાનનું શાક થાય છે.

**kantala.** જંગલી કુવાર.

**kantewali chaulai.** શાકભાજી અને ઘાસચારા માટે ઉપયોગી બનતી વનસ્પતિ.

**kantiari.** જંગલી કરડી.

**kanupka.** *Evodia flaxinifolia* **Hook f.** ઉપહિમાલય પ્રદેશ અને ખાસી ટેકરીઓમાં થતું ખાદ્ય ફળનું ઝાડ.

**kapas.** કપાસ, કપાસિયા.

**kapok.** ધોળો શેમળો; *Eriodendron anfractuosum* **DC.** [*Ceiba pentandra* **(L.) Gaertn.**]. નામનું ટ્ટાર ઝાડ, જેના સફેદ રેસા, ગોદડાં–ગાદલાં તથા જીવન રક્ષક પટ્ટા બનાવવામાં ઉપયોગી બને છે.

**Kappadam.** કેરળમાં થતી નાળિયેરીનો એક પ્રકાર.

U.-20

**kar.** શરદમાં થતી ડાંગરનો એક પ્રકાર.

**karam sag.** *Brassica oleracea* **L.** var. *acephala* **DC.** નામની લોકપ્રિય રાઈ, જેનાં પાન અને મૂળ ખાદ્ય છે.

**Karanda.** *Carissa carandas* **L.** કરમદાં નામનું વાડ બનાવવા માટે ઉપયોગી ઝાડ.

**karanjali.** હાથ બેરિયો બાવળ.

**karanjia.** *Pongamia pinnata* **(L.) Pierre** (*P. glabra* **Vent.**). નામનું કરંજનું ઝાડ.

**karas.** અજમોદ.

**karaunda.** કરમદાનું ઝાડ.

**kar crop.** મે-જુનમાં ઉગાડાતો ડાંગરનો પાક.

**Karela guava.** ઉત્તર પ્રદેશમાં થતા જમરૂખનો એક પ્રકાર.

**karen potato.** *Dioscorea esculenta* (**Lour.**) **Burkill** (*D. aculeata* **L.**; *D. fasciculata* **Roxb.**). નામની સુસનિયાલુ નામે ઓળખાતી મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશ, ઓરિસા, પ. બંગાળ અને આસામમાં થતી ખાદ્ય વનસ્પતિ.

**karer.** *Capparis decidua*(**Forsk.**) **Pax** (*C. aphylla* **Roth.**). કેરડો નામનો ક્ષુપ, જેનાં ફૂલ, કળી, લીલાં અને પાકાં ફળ ખવાય છે; જેના કાષ્ઠના ઓજારના હાથા બનાવવામાં આવે અને તે ઊધઈનો સામનો કરી જાણે છે.

**karimganj orange.** જુઓ *Khasi orange*.

**karing kappal.** તામીલનાડુના કરૂરમાં થતી સિગાર માટેની તમાકુ.

**karira.** જુઓ *karer*.

**karmal.** *Dillenia pentagyna* **Roxb.** નામનું કરમલ નામે ઓળખાતું બિહારનું ઝાડ, જેના રેસાનાં દોરડાં બને છે.

**karnah sheep.** કાશ્મીરના ઘેટાની

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઓલાદ, જેનું ઊન ભારે અને સુંવાળું હોય છે.

**Karnal bunt.** *Neovossia indica* **(Mitra) Mundkur.** નામની ફૂગથી ઘઉંને થતો એક રોગ.

**karpur tulsi.** *Ocimum kiltmandscharicum* **Guerke.** નામનો ક્ષુપ, જેનાં પાનના રસમાંથી કપૂર બને છે.

**karshya.** જુઓ *sal.*

**kartak.** *Dicanthium caricosum* **(L.) A. Camus.** નામનું ઘાસ.

**karumcha.** કરમદાનું ઝાડ.

**karyo** કોષકેન્દ્ર, કેન્દ્રક. **k. kinesis.** કોષકેન્દ્ર વિભાજન, સમવિભાજન. **k. gamete.** કોષકેન્દ્ર યુતિ. **k. lymph.** કોષકેન્દ્ર રસ. **k. plasm.** કોષકેન્દ્ર રસ. **k. some.** કોષકેન્દ્ર કાય. **k. type.** કોષકેન્દ્ર રૂપ. **k. t. mutation.** કોષકેન્દ્ર પ્રકારનું ઉત્પરિવર્તન.

**kasa.** છાપરા છાવવા માટેનું ઘાસ.

**kasaula (kasala).** કસાલા નામનું પંજાબમાં ઉપયોગમાં લેવામાં આવતું ઘાસપાત દૂર કરવા તથા કપાસ વાવવા માટેનું ઓજાર.

**Kashmir Valley sheep.** કાશ્મીરમાં થતી ઘેટાંની એક ઓલાદ, જેનું ખરબચડું, સુંવાળું અને મિશ્ર પ્રકારનું ઊન હોય છે.

**kasni.** ઉત્તર ભારતની એક શાકીય વનસ્પતિ.

**kaspat.** ઘઉંનો એક પ્રકાર.

**kassod tree.** કસોદ; *Cassia siamea* **Lamk.** નામનું મધ્યમ કદનું શોભા માટેનું ઝાડ, જેનું કાષ્ઠ બળતણમાં વપરાય છે અને વેરાન અને નહેરોની કિનારી પર તેને વાવવામાં આવે છે.

**kasturi bhindi.** કસ્તુરી ભીંડાં; *Abelmoschus moschatus* **Medic.** (*Hibiscus abelmoschus* **L.**). નામની કર્ણાટક અને દક્ષિણની દ્વિવર્ષુ શાકીય વનસ્પતિ, જેનાં બીનું બાષ્પશીલ તેલ સુગંધી દ્રવ્યો બનાવવા માટે ઉપયોગમાં આવે છે.

**kasuri methi.** *Trigonella corniculata.* નામની એક પ્રકારની મેથી, જેને ચળકતાં નારંગી રંગનાં ફૂલો થાય છે.

**katabolism (Catabolism).** અપચય; પ્રાણીના શરીરમાં ચાલતી વિઘટનની પ્રક્રિયા.

**kataila.** એક દીર્ઘાયુ, હાનિકારક ઘાસપાત.

**kataili chaulai.** શાકભાજી અને ઘાસચારાની વનસ્પતિ.

**kat-ber.** ગુટ બોરડી, ઘોડા બદરી નામની એક પ્રકારની બોરડી.

**katedar palak.** કાંટાળી પાલખની ભાજી.

**katha.** ખેરિયા બાવળનો ગુંદર, કાથો, જે પાનની સાથે ખવાય છે.

**kath bewal.** *Grewia glabra* **Blume** (*G. laevigata auct, plur non* **Vahl**). નામનું ઝાડ, જેના રેસાનાં દોરડાં બનાવવામાં આવે છે.

**Kathiawar Bold.** મોટાં ફોફા ધરાવતી મગફળીનો એક પ્રકાર.

**kathiawari.** કાઠિયાવાડી ઘોડાના નામે ઓળખાતી ઘોડાની ઓલાદ.

**kathu.** લોટ બનાવવા અને ઢોરને ખાણ આપવા માટેનો ઘઉંનો પ્રકાર.

**kathumbar.** કાળો ઉમરો.

**katsup.** કચુંબર.

**kau.** પશ્ચિમ હિમાલયમાં થતું *Olea ferruginea* **Royle.** નામનું ઝાડ જેનાં ફળ ખાદ્ય છે અને જેનાં ફળમાંથી સુતર અને લાકડું રંગવા માટેનો રંગ મળે છે.

**kauki.** *Manilkara kauki* **(L.). Dub.** (*Mimusops kauki* **L.**). નામનું આન્ધ્રપ્રદેશ અને કેરળમાં થતું ખાદ્ય ફળનું ઝાડ.

**kauri.** પાનખર ઋતુમાં થતી ડાંગર.

**kaval.** સંરક્ષિત વિસ્તાર.

**kavatta grass.** *Setaria pallidefusca* **(Schumach.) Stapf &**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**Hubbard.** નામનો ઘાસચારો, જેના દાણા ખાવાના કામમાં આવે છે.

**kavitha.** *Feronia limonia* **(L.) Swingle** (*F. elephantum* **Correa**). નામનું ખાદ્ય ફળધારી ઝાડ.

**kawa.** ખાદ્યફળનો એક ક્ષુપ.

**kawanch.** શાકભાજી તરીકે ઉપયોગી બનતી ફળવાળી વનસ્પતિ.

**Kedrostis** *rostrata* **(Rotti.) Cogn.** ગુજરાતમાં થતી એક શાકીય વનસ્પતિ.

**keel.** પક્ષીનું ઉરોસ્થિ. (૨) શિમ્બી વર્ગની વનસ્પતિની હોડી જેવી રચના. (૩) ઘાસની પત્તીની કિનારી. (૪) નૌતલ. **k. bone.** પક્ષીનું ઉરોસ્થિ. **k. disease.** બતકોને *Salmonella anatum.* નામના દંડાણુથી થતો એક રોગ.

**kela.** કેળાં.

**keliu.** બીડી માટેની પંજાબમાં થતી પહોળાં પાનની તમાકુનો એક પ્રકાર.

**kelp.** દરિયાઈ વનસ્પતિ, જેમાંથી અગાઉ ખાતર માટે પોટાશ કાઢવામાં આવતો હતો., સૂકી કેલ્પમાં 1.6થી 3.3 ટકા નાઇટ્રોજન, 1થી 2 ટકા ફારફોરિક ઍસિડ અને 15-20 ટકા પોટાશ હોય છે.

**Kelsey** હૃદયાકાર પ્લમ ફળનો એક પ્રકાર.

**kenaf.** શણનો એક પ્રકાર.

**kendu.** ખાદ્યફળધારી ઝાડ.

**Kenkatha.** ઉત્તર પ્રદેશના બંદા જિલ્લાની ઢોરની એક ઓલાદ.

**Kenwariya.** ઉત્તર પ્રદેશના બંદા જિલ્લાના ઢોરની ઓલાદ, જેનાં ઢોર પણ મજબૂત હોય છે.

**keora.** સુગંધી કેવડો.

**keratin.** પીછાં, નહોર, શીંગડાં, નખ ઇ૦ જેવાં શૃંગી દ્રવ્યો બનાવતું સંકુલ નાઇટ્રોજન સંયોજન (પ્રોટીન). **keratoid.** શૃંગાકાર, શૃંગી દ્રવ્ય ધરાવતું. **keratose.** શૃંગીય દ્રવ્ય.

**keratitis.** સ્વચ્છા કોપ; આંખની સ્વચ્છાને આવતો સોજો.

**kernel.** બીજ, બીજાવરણની અંદરનું દ્રવ્ય કાષ્ઠ ફળનો ખાદ્ય, નરમ અંતઃસ્થ ભાગ.

**kesar.** કેસર.

**ketchup (catchup).** કચુંબર.

**ketogenesis.** કીટોન પિંડો કે કીટોન-જનન. **keton bodies** ડાય ઍસેટિક ઍસિડ, હાઇડ્રોક્સી બ્યૂટિરિક ઍસિડ, ઍસીટોન જેવા પ્રાણીનાં યકૃતમાં પેદા થતાં રાસાયણિક દ્રવ્યો, જેના અતિ ઉત્પાદનથી કીટોસિસ નામનો રોગ થાય છે; મૂત્રમાંથી કીટોન દૂર કરવામાં આવે તો કીટોનુંરિયા કે ઍસિટોનિયા નામના રોગ થાય છે. **ketonuria.** મૂત્રમાંથી કીટોન દૂર કરાતાં થતા રોગનો એક પ્રકાર. **ketosis.** ઢોર અને ઘેટાંને થતો ચયાપચય અંગેનો એક રોગ, જેમાં ભૂખ મરી જાય, ચામડી અને ચરબીની સ્થિતિ બગડે અને પાચનતંત્રમાં ગરબડ ઊભી થાય.

**ketsup.** કચુંબર, કેચપ.

**Kew.** મદ્રાસમાં થતા અનેનાસનો એક પ્રકાર.

**key.** ચાવી. મુખ્ય, પાયાનું. **k. element.** મુખ્ય, પ્રધાન કે પાયાનું તત્ત્વ, **k. feather.** પ્રાથમિક અને દ્વિતીયક પીંછાના વચ્ચે થતું ટૂંકું પીંછું. **k. gene.** મુખ્ય જનિન. **k. species.** પુષ્કળ પ્રમાણમાં થતી વનસ્પતિની જાતિ. **k. village.** 500 ગાયો અને ભેંસોવાળું ગામ. (૨) ગામનો કોઈ વિસ્તાર કે ગામોનો સમૂહ, જે ગ્રામસુધારણાના પાયાનું કામ કરે છે. **K. V. Scheme.** મુખ્ય ગામનાં બધાં નરપ્રાણીઓની ખસી કરવાની અથવા તેમને દૂર કરી ઓલાદી સાંઢને તેટલી જ સંખ્યામાં લાવવાની યોજના, જેનો હેતુ પશુધનને સંક્રામક રોગથી બચાવવા, ઘાસચારાની પેદાશની સુધારણા કરવા અને કૃત્રિમ વીર્યદાનની સગવડ ઊભી કરવા, દુધાળાં અને ભારવાહી ઢોરની ઓલાદ સુધારવાનો છે. **k. way.** ચાવી ખાંચો.

**khadar.** કાંપના નિક્ષેપથી નદીતટની નિર્માણ થતી જમીનો.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**khadel.** દક્ષિણ ભારતમાં ઉગાડવામાં આવતું ૨૭ ટકા કાર્બોહિદ્રેતો ધરાવતું ફળ, જેમાં કેલ્શિયમ, પ્રજીવક 'એ' અને 'બી' હોય છે.

**khadira.** ખેરિયો બાવળ, ખદિર વૃક્ષ.

**khaja.** એક ખાદ્ય ફળધારી વૃક્ષ.

**khajeria.** બિહાર, ઉત્તર પ્રદેશ અને ઉત્તર પ. બંગાળનું ખાદ્ય ફળ – ઝાડ.

**khajoor.** ખજૂર.

**kbajur.** જંગલી ખજૂર.

**khalili.** વહેલી પાકતી એક પ્રકારની દ્રાક્ષ.

**khamalu.** સફેદ રતાળુ.

**khanda.** *Ephedra gerardiana* **Wall.** નામનો નાનો ક્ષુપ, જેમાંથી દમ અંગેનું ઔષધ બનાવવામાં આવે છે. **k. rori.** જંગલી મેથી.

**Khandesh.** એક પ્રકારની મગફળી.

**Khantodi.** *Ceropegia hirsuta* **Wight & Arn.** નામનો ખાનતોડી નામે ઓળખાતો આન્ધ્રપ્રદેશ અને તામિલનાડુમાં થતો ખાદ્ય કંદનો આરોહી ક્ષુપ.

**khapra beetle.** *Trogoderma granaria* **Everts.** નામનું સંઘરેલાં ઘઉં, અનાજ, અન્ય ધાન્ય અને કઠોળને નુકસાન પહોંચાડતું જંતુ.

**khar batua.** *Chenopodium murale* **L.** નામનો રબિ મોસમનો વર્ષાયુ ઘાસચારો.

**kharbuza.** તડબૂચ.

**khari.** ક્ષાર જમીન.

**kharif.** ખરીફ મોસમ. કૃષિ પેદાશની બે મોસમો પૈકીની એક મોસમ. **k. crop.** ખરીફ મોસમમાં થતો પાક. **k. fodders.** ખરીફ મોસમમાં વાવવામાં આવતા ઘાસચારાની વનસ્પતિ, જેમાં મુખ્યત્વે મકાઈ, બાજરી, મઠ, સોયાબીન, કુલથી, નાગલી, ગવાર ઇ૦નો સમાવેશ થાય છે.

**kharna khatta.** ખટમધુરાં ફળનો પંજાબ, ઉત્તર પ્રદેશમાં થતો એક પ્રકાર.

**kharnuh.** *Ceratonia siliqua* **L.** નામનું મૂળ ભૂમધ્ય સમુદ્રના વિસ્તારનું પણ પંજાબમાં થતું ઝાડ, જેના લોટમાં પ્રોટીન છે.

**Kharpudi.** *Ceropegia lawii* **Hook.** નામની ખાદ્યકંદની વનસ્પતિ.

**kharvat.** ખારપાટ અને અલ્કલી પ્રકારની જમીન.

**Khasadia.** ખાસડિયા પ્રકારનાં કેળાં, જેનો ઉપયોગ રસોઈમાં થાય છે.

**Khasi orange.** આસામમાં થતાં લોકપ્રિય સંતરાં, જેને બી વાવીને ઉગાડવામાં આવે છે.

**khatıbuti.** ખાદ્યપાન અને બી ધરાવતી એક વનસ્પતિ.

**khatik.** ખાટકી, ખાસ કરીને હિંદુ કસાઈ.

**Khati litchi.** પશ્ચિમ ઉત્તરપ્રદેશમાં થતો લીચીનો એક પ્રકાર.

**Khatkmitti.** *Oxalis pes-caprae* **L.** મૂળ દ. આફ્રિકાની પણ અહીં ઉગાડવામાં આવતી શાકપાન માટેની વનસ્પતિ.

**khatta.** ખાટાં લીંબુ.

**kheel.** પૌંઆ.

**kheera.** કાકડી.

**kheri.** મઠ.

**Kherigarh.** ઉત્તર પ્રદેશના ખેરી જિલ્લાની સફેદ, સાંકડું મોં અને ઊભાં શીંગડાંવાળી ભારવાહી પશુની ઓલાદ.

**khesari.** લાંગ.

**Khillari.** અમૃતમહાલને મળતી મહારાષ્ટ્રની ઢોરની એક ઓલાદ.

**khip.** પંજાબ, ઉત્તરપ્રદેશ, રાજસ્થાન, ગુજરાતમાંની એક પ્રકારની વનસ્પતિ, જેનાં પાન ખાવાના કામમાં આવે છે, રેસાનાં દોરડાં બનાવવામાં આવે છે.

**khirni.** રાયણ.

**khoa.** માવો; દેવતા પર ખુલ્લા તાવડામાં દૂધને ઉકાળી દૂધનો પ્રવાહી ભાગ બાળીને તૈયાર કરવામાં આવતી વાનગી, જે મીઠાઈ બનાવવા ઉપયોગી બને છે.

**khobani.** જરદાળુનો એક પ્રકાર.

**khorial.** ખાદ્ય ફળનું ઝાડ.

**khubani.** જરદાળુ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**Khudrawi.** મૂળ ઈરાનનની પણ હવે પંજાબમાં થતી ખજૂરી.

**khurmani.** જરદાળુ.

**khurpa.** ખુરપી, એક કૃષિ ઓજાર. **khurpi.** ખુરપી, ઘાસપાત કાઢવા માટેનું ઓજાર.

**khus.** વાળા, ખસ.

**kiasi.** *Hibiscus furcatus* **Roxb.** નામની આસામ, નાગપુર, ઓરિસા, આન્ધ્રપ્રદેશ, પ. બંગાળ અને કર્ણાટકમાં થતી ખાદ્ય પાનધારી શાકીય વનસ્પતિ, જેના પ્રકાંડના રેસાનાં દોરડાં બનાવવામાં આવે છે.

**kid.** બકરીનું બચ્ચું. (૨) બકરીનું ચામડું. (૩) હરણનું બચ્ચુ. **kidding.** બકરીના બચ્ચાને જન્મ આપવો.

**kidney.** મૂત્ર પિંડ, વૃક્ક. (૨) સસ્તન પ્રાણીઓ, પક્ષીઓ અને સરીસૃપોની ઉદરગુહામાં વાલ આકારના અંગની જોડ, જે લોહીમાંથી નાઇટ્રોજન દ્રવ્યને દૂર કરે છે અને મૂત્રસ્રાવ સરળ બનાવે છે. **k. bean.** ફણસી. **k. worm.** *Stephanurus dentatus* નામનું વૃક્કની આસપાસની ચરબી કે કોષ્ઠમાં, વૃક્કમાં, ગર્ભાશયમાં, યકૃતમાં અને ડુક્કરનાં અંગોમાં રહેતું કૃમિ, જે હાનિ પહોંચાડે છે.

**kierpa.** *Carallia brachiata* (**Lour.**) **Merr.** નામનું પ. બંગાળ, આસામ, દ. ભારત અને આંદામાનમાં થતું ખાદ્ય ફળનું ઝાડ.

**Kigelia** *pinnata* **DC.** નામનું મૂળ પ. આફ્રિકાનું વિથી માટે ઉગાડવામાં આવતું ઝાડ.

**kikar.** બાવળ.

**kikuya grass.** *Pennisetum clandestinum* **Hochst. ex Chiov.** નામનું દીર્ઘાયુ ઘાસ.

**kiln.** ભઠ્ઠી; સેકવા, બાળવા, ભૂંજવા માટેનો તપાવેલો ખંડ. **k. dry.** ભઠ્ઠીમાં સૂકવેલું.

**kimu.** *Morus serrata* **Roxb.** નામનું પશ્ચિમ હિમાલયમાં થતું ખાદ્ય ફળનું ઝાડ, જેનાં પાનનો ઘાસચારો થાય છે.

**kinase.** અચોક્કસ રચનાવાળું સક્રિયક.

**kinetic.** ગતિશીલ.

**Kingiodendron** *pinnatum* (**Roxb.**) **Harms** (Syn. *Hardwickia pinnata* **Roxb.**). નામનું પશ્ચિમઘાટ, કેરળ અને કર્ણાટકમાં થતું વૃક્ષ, જેના પ્રકાંડને છેદીને મળતું ગુંદર જેવું દ્રવ્ય લક્કડકામને જાળવવાનાં કામમાં આવે છે, જેનું તેલ સાબુ અને વાર્નિશ બનાવવા ઉપયોગી બને છે.

**kingdom, vegetable.** વનસ્પતિ સૃષ્ટિ.

**King of Pippins.** મધ્યમ કદ, અંડાકાર, સુંવાળી છાલ, નારંગી – પીળું, પીળાશ પડતો મીઠો ગર ધરાવતા સફરજનનો એક પ્રકાર.

**kinkar.** રાતો બાવળ.

**kino gum.** *Pterocarpus marsupium* બીયો, બીઅડાંમાંથી મળતો ગુંદર; બંધકોશમાં જેનો ઔષધિ તરીકે ઉપયોગ કરવામાં આવે છે, અને જેની પરદેશમાં ભારે માંગ રહે છે.

**kiphaliya.** ખાદ્ય ફળધારી દીર્ઘાયુ શાકીય વનસ્પતિ.

**kips.** ઓછા કદના કે અપ્રૌઢ પ્રાણીનું ચામડું.

**kirath.** વિલાયતી લસણ.

**Kirganelia** *reticulata* (**Poir.**) **Baill.** (Syn. *Phyllanthus reticulatus* **Poir.**). કંબોઈ નામનો આરોહી ક્ષુપ, જેનાં મૂળમાંથી લાલ રંગ મળે છે.

**kirni.** પશ્ચિમઘાટ કોરોમંડલ કિનારે થતું ખાદ્ય ફળનું ઝાડ, જેનું કાષ્ઠ મજબૂત ટકાઉ છે.

**kirta.** ખાદ્ય મૂળધારી શાકીય વનસ્પતિ.

**Kirtabarti.** આન્ધ્રપ્રદેશમાં થતો લોકપ્રિય ચીકુનો એક પ્રકાર.

**Kishmish.** બી વિનાની આયાત કરવામાં આવતી પણ હવે પંજાબ અને તામીલનાડુમાં થતી દ્રાક્ષનો પ્રકાર, કીસમીસ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**kitchen gardening.** ઘર–કુટુંબની વપરાશ કે જરૂરિયાત પૂરતાં ઘરના વાડામાં ઉગાડવામાં આવતાં શાકભાજી.

**Kleinhovia** *hospita* **L.** મધ્યમ કદનું વાડ માટે વાવવામાં આવતું ઝાડ.

**klendusity.** અન્ય વનસ્પતિઓને ચેપ લાગે ત્યારે જેને ચેપ લાગતો ન હોય તેવી સંવેદનશીલ વનસ્પતિ.

**knapsack sprayer.** સતત છંટકાવ થઈ શકે તેવો છંટકાવ માટેનો ખભા પર લટકાવાતો પંપ, જે દિવસમાં એક એકર જેટલી જમીનને આવરી લઈ શકે છે. **k. type duster.** ખભે લટકાવી શકાય તેવો ભૂકી છાંટવાનો પંપ.

**kniffen.** દ્રાક્ષને માવજત આપવાનો એક પ્રકાર, જેમાં દ્રાક્ષની વેલને તારની સાથે લટકાવવામાં આવે છે.

**kniss.** પંજાબ અને કાશ્મીરમાં થતી ખાદ્ય મૂળની વનસ્પતિ.

**knol khol.** નોલકોલ.

**knot.** ગાંઠ. (૨) કાષ્ઠના નવા સ્તર આગળના શાખાઓના તળમાં થતી ગાંઠ. **k. grass.** કોદરી, મોટી કોદરી, જંગલી કોદરી.

**Kochia** *indica* **Wight.** બૂઈ નામની વાયવ્ય ભારતમાં થતા ઘાસચારાની વનસ્પતિ. **K.** *scoparia* (**L.**) **Schrad.** var. *culta* **Farwell** (Syn. *K. trichophylla* **Voss.**). નામની શોભાની વનસ્પતિ.

**kodo millet.** કોદરા.

**kodon.** કોદરા

**kodu.** કોદરા

**Koelaria** *cristata* (**L.**) **Pers.** દીર્ઘાયુ ઘાસનો એક પ્રકાર.

**kohl rahi.** નોલકોલ.

**kokam.** કોકમ. જુઓ *kokam butter tree.* **kokam butter tree.** કોમકનું ઝાડ; *Garcinia indica* (**Thou**) **Choisy.** મહારાષ્ટ્રમાં થતું કોકમનું ઝાડ.

**kokko.** *lebbek tree, Albizia lebbeck.* (**L.**) **Benth.** (*Mimosa lebbek* **L**; *Acacia lebbec* **Willd.**). નામનું પીળો શિરીષ, સરસડો નામે ઓળખાતું સફેદફૂલ, લાંબી સિંગો, ઘેરાકાળા રંગના કાષ્ઠવાળું પાનખર વૃક્ષ, જેનાં કાષ્ઠનાં કૃષિ ઓજારો, ફર્નિચર, પેટીઓ, કબાટો, પાટિયાં, પૈડાં ઇ. બને છે; છાલ ચામડાં કમાવવા ઉપયોગી બને છે.

**Kokoona** *zeylanica* **Thw.** કોકમનું ઝાડ, જેનાં બીમાંથી કોકમનું તેલ મળે છે, જે દીવાબત્તી માટે ઉપયોગમાં લેવામાં આવે છે તથા વહાણવટામાં કામ લાગે છે

**kole cultivation.** દરિયાકાંઠે ડાંગર વાવવાની એક પદ્ધતિ, જેમાં દરિયાનું ખારું પાણી ડાંગરની ક્યારીમાં ઘૂસી જાય નહિ તે માટે પાળા બાંધવામાં આવે છે અને વરસાદના ભરાઈ ગયેલા પાણીને પંપની મદદથી બહાર કાઢવામાં આવે છે, અને ખેડ કાર્ય વિના ધરુની રોપણી કરવામાં આવે છે

**kolhu.** શેરડી પીલવાનું કોલું.

**koncz-dumbar.** જુઓ *kathumbar.*

**koorkan.** દ. ભારત અને મધ્ય પ્રદેશમાં થતો ક્ષુપ, જેના કંદની શાકભાજી થાય છે.

**koravai murrel.** એક પ્રકારની માછલી.

**koshta.** મીઠા પાટ નામનું શણ.

**kothi.** અનાજ ભરવાની કાચી કે પાકી કોઠી.

**kottu pakku.** સુકાયેલી પાકી સોપારી.

**kovai fruit.** ટિંડોરા.

**kozhimeen.** મધ્યમ કદની કાર્પ માછલી.

**kreis test.** ખાદ્ય તેલ અને ચરબી ખોરાં થયાં છે કે નહિ તે જોવા માટેની કસોટી; જેમાં નમૂનામાં બેન્ઝીન અને હાઈડ્રોક્લોરિક એસિડ મિશ્ર કરી ફ્લોરોગ્લુસિનોલ સાથે આલ્કોહોલમાં હલાવવામાં આવે છે.

**Krishna Valley.** મહારાષ્ટ્ર, આન્ધ્રપ્રદેશની સરહદ પરથી ગોવંશી પ્રાણીની ઓલાદ, જેના બળદ મોટા, મજબૂત અને ધીમા ભારવહન માટે ઉપયોગી નીવડે છે.

**kuari.** પાનખરમાં થતી ડાંગર.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**kuchla.** ઝેર કચોલું,

**kudaliya.** જમીનને બાંધી રાખનાર શાકીય વનસ્પતિ.

**kudzu vine.** *Pueraria phaseoloides* **Benth.** નામની શિમ્બી વનસ્પતિ, જેનો સારો ચારો બને છે.

**kufri.** તૃણ કુળનો એક ઘાસચારો.

**kulai.** કરસીનીભાજી.

**Kuleha.** ઑસ્ટ્રેલિયાથી અહીં લાવી ઉગાડવામાં આવેલું યુકેલિપ્ટસનું ઝાડ, જે સુકારાનો સામનો કરી શકે છે.

**kulfa.** નાનાં, રસાળ પાન, નાજુક પ્રકાંડવાળી વેલ, જેનાં પાનનો ઉપયોગ પાલખની ભાજીની માફક કરવામાં આવે છે.

**kulinjan.** *Alpinia galanga* **(L.) Willd.** નામની એક વનસ્પતિ, જેનાં મૂળનો ઉપયોગ મસાલા તરીકે કરવામાં આવે છે.

**kultha.** કુલથી.

**kumach.** લીલા પડવાશ તરીકે ઉગાડવામાં આવતો આવરણ પાક.

**kumal.** શણનો એક પ્રકાર.

**kumali.** *Leea edgeworthii.* **Santapu** (*L. aspera* **Edg** *non* **Wall**). નામનો દ્રાક્ષાદિકુળનો ખાદ્ય ફળનો ક્ષુપ

**kumbhi.** વાકુંભા નામનું પ. બંગાળ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને ઓરિસાનું મોટું ઝાડ, જેની છાલના રેસાના દોરડાં બનાવવામાં આવે છે.

**kumeria.** એક પ્રકારનું ઘાસ.

**kumquat.** મૂળ પૂર્વ એશિયાનું નાનું ખાદ્યફળનું ઝાડ કે શોભાનો ક્ષુપ.

**kumra.** સુંવાળી છાલ, નળાકાર, મોટા પટાવાળી કાકડીના જેવી વનસ્પતિ.

**kumri.** કર્ણાટકમાં ફરતી કૃષિ પ્રથા. (૨) ઘોડાને થતો એક રોગ, જેમાં તે લંગડાય છે.

**kumta.** ઉત્તર આફ્રિકાનું એક ઝાડ, જેમાંથી ગુંદર મળે.

**kundri.** એક આરોહી વનસ્પતિ.

**kundroo.** ટિંડોરા.

**kunis.** વાયવ્ય ભારતનું એક ઝાડ, જેના કાષ્ઠની દીવાસળીઓ બનાવવામાં આવે છે.

**Kunte.** ખરપટીનો એક પ્રકાર.

**kura.** છોડા, ભૂસું.

**kuruvai.** શરદઋતુમાં થતી ડાંગર.

**kuruvazhai.** તામીલનાડુના ડિંડિગલમાં થતી સિગાર માટેની તમાકુની એક જાત.

**kusa grass.** દુર્વા, કુશતૃણ, જેનાં દોરડાં બનાવવામાં આવે છે અને જે છાપરાં છાવવાના કામમાં આવે છે; ઉપરાંત ઔષધ તરીકે પણ તે ઉપયોગી બને છે.

**kusum.** લાખનાં જંતુની વસાહતવાળું ઝાડ.

**kutbel.** ભારત ભરમાં થતું ખાદ્ય ફળનું ઝાડ.

**kutcha.** કાચું, કામ ચલાઉ, ચોકસાઈ વિના બનાવેલું. **k. arbhatiya.** કાચો આડતિયો; પ્રાથમિક ઉત્પાદક અને ખરીદનાર વચ્ચેનો નાના પાયા પરનો જથ્થાબંધ વેપારી, આડતિયો કે દલાલ.

**Kutchi sheep.** દેશી ઘેટાના નામે જાણીતી કચ્છના ઘેટાની એક ઓલાદ, જેના માથાનો રંગ બદામી હોય છે, જે બેઠી દડીનો શરીરનો ઘાટ ધરાવતું હોય છે, અને જેના ઊનમાંથી લશ્કરી જવાનોના હોઝિયરી પહેરવેશ બનાવવામાં આવે છે.

**kuth.** એક ઔષધિ.

**kutki.** સામો.

**kutu.** હલકા ધાન્યનો એક પ્રકાર.

**kuwarbuti.** દક્ષિણ ભારતની વનસ્પતિ.

**Kydia** *calycina* **Roxb.** નાનું શોભા માટેનું ઝાડ, જેનું કાષ્ઠ દીવાસળી પેક કરવાની પેટીઓ, પેન્સિલો, અને પ્લાયવૂડ બનાવવાનાં કામમાં આવે છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# L

**label.** લેબલ; વનસ્પતિ, પ્રાણી કે કોઈ પેદાશની ઓળખ, માહિતી, રચના ઇ. માટે તેને લગાડવામાં આવતી કાગળ, પૂંઠા, ધાતુ કે અન્યની ચિઠ્ઠી.

**labellum.** નિમ્ન દલ. (૨) હોઠ જેવી કેટલીક વનસ્પતિની નીચેની પાંદડી.

**Labeo** *cabasu*. ૨ ફૂટ ઊંચી વધતી, કાળા રંગની માછલીનો પ્રકાર. **L.** *fimbriatus*. એક પ્રકારની માછલી. **L.** *kontius*. માછલીનો એક પ્રકાર.

**labial.** ઓષ્ઠીય. હોઠનું, –ને લગતું, –ના જેવું. **labiate.** બે સરખા ભાગમાં વિભાજિત – એક ઉપર બીજું હોય તેમ. (૨) કોઈ ફૂલનાં વજ્ર અને કિરીટ, જેનો દેખાવ હોઠ જેવો હોય; યુક્તદળી પુષ્પમુગટ, જેમાં દલ હોઠનો આકાર ધરાવતું હોય તે સંબંધી.

**labium.** હોઠ, ઓષ્ઠ; હોઠ જેવી રચના. (૨) જંતુનું દ્વિતીય જમ્ભ – જડબું.

**labile.** પરિવર્તનશીલ. **l. gene.** પરિવર્તનશીલ જનિન.

**lablab bean.** વાલ; *Dolichos lablab* **L.** var. *typicus* (*Lablab niger* **Medic**); *Bonavist bean, hyacinth bean, Indian bean, Indian butter bean* ઇ. નામો ધરાવતી શાકીય વેલ, જેની લીલી સિંગો એટલે પાપડી કહેવાય છે, જે ઘાસચારા તરીકે પણ પશુને નીરવામાં આવે છે. **l. leaf spot.** *Cercospora dolichi* નામની ફૂગથી પાપડીને થતો રોગ. **l. niger.** વાલ પાપડી. **l. powdery mildew.** *Laveillula taurica* var. *macrospora* નામની ફૂગથી વાલ પાપડીને થતો એક રોગ. **l. rust.** *Uromyces appediculatus* નામની ફૂગથી વાલ પાપડીને થતો ગેરૂનો રોગ. **l. yellow mosaic.** વાલને થતો વિષાણુજન્ય રોગનો એક પ્રકાર.

**laboratory.** પ્રયોગશાળા.

**labyrinth.** ભુલભુલામણી, ગહન.

**lac.** લાખ; લાખનાં જંતુના સ્રાવથી થતી પેદાશ, જેનો વિવિધ ઉપયોગ થાય છે. વિશ્વભરમાં લાખની પેદાશમાં ભારતનો 80 ટકા સુધીનો હિસ્સો છે. અને ભારતમાં પેદા થતી લાખનો 90 ટકા હિસ્સો પરદેશ ચડે છે. **l. insect.** *Laccifera lacca* **Kerr.** નામના શીંગડાંવાળાં જંતુના વર્ગનાં લાખનાં જંતુ, જેમનાં શરીરમાં લાખની ગ્રંથિઓ હોય છે, જેમાંથી લાખનો ચીકણો રસ સ્રવે છે. એક રતલ જેટલી લાખ પેદા કરવા દોઢ લાખ જેટલાં જંતુઓનો સ્રાવ જરૂરી બને છે. આ લાખના 'કુસુમી' અને 'રંગિની' એવા બે પ્રકાર છે અને વર્ષમાં બે વાર જંતુઓ સ્રાવ કરે છે. **lac tree.** *Schleichera oleosa* (**Lour.**) **Oken** (*S. trijuga* **Willd**; *Pistacia oleosa* **Lour.**). નામનું નાના થડવાળું, મોટું પાનખર ઝાડ, જેને બી વાવીને ઉગાડવામાં આવે છે. તેનાં બીનું તેલ દીવાબત્તી કરવા તથા સાબુ અને સુગંધી દ્રવ્યોની બનાવટોમાં ઉપયોગી બને છે, તેનાં કુમળાં ખવાય છે.

**lacerated.** વિદારિત. (૨) ઝાલરવાળું, કાંગરીવાળું. (૩) ઊંડા ખરેમાં વિદારિત.

**laceration.** તોડવા ખેંચવાથી (કાપવાથી નહિ) થતો વ્રણ.

**Lacbnosterna** *consanguin* **Blanch.** બટાટામાં પડતું જંતુ.

**lachrymal** (**lacrimal**). અશ્રુ સ્રવતું કે અશ્રુ – આંસુ જેવું. (૨) અશ્રુ-ગ્રંથિ સમીપ આવેલું.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**lachrymation. lacrimation.** અશ્રુસ્રવણ, આંસુ સ્રવવાં – આવવાં.
**laciniate** અનિયમિત ખંડોમાં વિદારિત કરવું, તોડવું, ફાડવું.
**lack.** અભાવ, અછત. (૨) આવશ્યકતા, જરૂરિયાત.
**lacquer.** સોનેરી રંગનો આલ્કોહોલમાં દ્રાવ્ય બનાવેલો લાખનો વાર્નિશ, જેને લાકડા પર આવરણ કરવા લગાવવામાં આવે છે.
**lact-albumin.** જલદ્રાવ્ય પરંતુ તપાવતા સ્કંદિત બનતાં સરળ પ્રોટીનનો વર્ગ.
**lactate.** દૂધ પેદા કરવું કે સ્રવવું. **lactating.** દુગ્ધ ગ્રંથિમાંથી દૂધ સ્રવતું (પ્રાણી). **lactation.** દુગ્ધ ગ્રંથિમાંથી થતું દૂધનું ઉત્પાદન કે સ્રવણ. **l. period.** પ્રત્યેક બચ્ચાના જન્મ બાદ માદા દૂધ આપે તે સમય. (૨) બચ્ચું પેદા થાય અને ધાવતા માંડે ત્યારથી માંડીને દૂધ આવતું બંધ થાય ત્યાં સુધીનો સમય ગાળો **l. tetany.** ગાયનો મૃત્યુકારક એક રોગ; જુઓ *grass tetany.* **lacteal.** દૂધનું; લસિકા કે અન્ય દુગ્ધ પ્રવાહીનું વાહક. **lactescence.** દૂધિયું, દૂધ જેવું, દૂધ સદૃશ. (૨) દૂધ જેવું પ્રવાહી આપનાર. **lactic.** દૂધનું. **l.acid.** દુગ્ધામ્લ;[$CH_3$ $CH(OH)CO_2H$]. આલ્ફાહાઇડ્રોક્સી પ્રોપિયોનિક ઍસિડ. દૂધના લેક્ટોસ કે સ્ટાર્ચવાળા ગેલફેના આથવણના પરિણામે ખાટા દૂધમાં પેદા થતો ઍસિડ; ગ્લાઇકોજનના ચયાપચયથી સ્નાયુઓમા પરિણમતી ખાટ પેદાશ. કુદરતી રીતે દૂધ ખાટું થતાં, આ ઍસિડ પેદા થાય છે અથવા શર્કરા, સ્ટાર્ચ ઇ. જેવી ખોરાકી વસ્તુઓમાં આથવણ પેદા કરવાથી પણ આ ઍસિડ પેદા કરી શકાય છે, જેનો ઉપયોગ સંવર્ધિત કરેલા દૂધ, અથાણાં, મૃદુ પીણાં વ. માં કરવામાં આવે છે. **l. a. culture.** લેક્ટિક ઍસિડનું સંવર્ધન. (૨) માખણ ઇ. બનાવતી સંસ્થાઓમાં – ક્રીમરીઓમાં દૂધ ઇ.માં યોગ્ય પ્રમાણમાં ખટાશ લાવવા માટે લેક્ટિક ઍસિડ પેદા કરવા માટેના સજીવોનું કરાવું શુદ્ધ સંવર્ધન. **l.a. fermentation.** લેક્ટિક ઍસિડનું આથવણ. (૨) દુગ્ધ શર્કરાનું લેક્ટિક ઍસિડમાં પરિવર્તન લાવનાર સજીવોની ક્રિયાશીલતા. **lactiferous.** આક્ષીરી. (૨) દૂધ બનાવતું કે દૂધને વહન કરતું. **lactoflavia.** પ્રજીવક – 'બી'₂, રિબોફ્લેવિન. **lactogen.** દુગ્ધોત્પાદક; જે જીલેક્ટિન, પ્રોલેક્ટિન તરીકે પણ ઓળખાય છે, અને જે ગાયના શરીરમાં પેદા કરતા દુગ્ધજનક અંતઃસ્રાવો છે અને જે પ્રાગ્ર‍ંથિના અંતઃખંડમાંથી પેદા થાય છે. લોહીના જેટલા સ્રોત પ્રમાણમાં આ અંતઃસ્રાવો હોય તેટલા પ્રમાણમાં દૂધ પેદા થાય છે. **lactogenic.** દૂધનો સ્રાવ કરનાર કે દૂધનો સ્રાવ પેદા કરનાર, દુગ્ધોત્પાદક. **l. hormones.** દુગ્ધોત્પાદક અંતઃસ્રાવો. (૨) દૂધના ઉત્પાદન માટે આવશ્યક એવા ગાય કે દૂધ આપનાર ગમે તે માદા પ્રાણીના શરીરમાં પેદા થતા અંતઃસ્રાવો, આમાં લેક્ટોજન, કોર્ટિલેક્ટિન અને થાઇરોક્સિન મુખ્ય છે. **lactoglobulin.** દૂધમાં મળતા ત્રણ પ્રોટીન પૈકીનું એક પ્રોટીન, જે રક્તરસમાં રહેલા ગોલક-ગ્લોબ્યુલીન દ્વારા સીધું વ્યુત્પન્ન છે. **l.g. fraction.** વધારે ગંધક અને કેસીન કરતાં ઓછું ફૉસ્ફરસ ધરાવતો દૂધના પ્રોટીનનો નાનકડો અંશ. **lactometer.** દૂધનું વિશિષ્ટ ગુરુત્વ માપવા માટેનું સાધન; દૂધમાં પાણીની ભેળસેળ કરવામાં આવી છે કે નહિ અને ભેળસેળ કરવામાં આવી હોય તો તેમાં કેટલું પાણી ઉમેરવામાં આવ્યું છે, તે આ સાધનથી જાણી શકાય છે. **lactose.** દુગ્ધ શર્કરા; $C_{12}H_{22}O_{11}$ સૂત્રધરાવતી આ દુગ્ધ શર્કરા, જે સસ્તન પ્રાણીઓના દૂધમાં તેના એક ઘટક તરીકે સાચા દ્રાવણ તરીકે હોય છે અને દૂધની છાશ, ચીઝ ઇ. બનાવવામાં આવે ત્યારે છાશ ઇ. માં તે જાય છે. ગાયના દૂધમાં તેનું સરેરાશ પ્રમાણ 4. 6અને ભેંસના દૂધમાં તેનું સરેરાશ પ્રમાણ 4.8 હોય છે, અને તેનું

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સજીવો દ્વારા ઝડપથી આથવણ થઈ લેક્ટિક ઍસિડમાં પરિવર્તન થાય છે.

**Lactuca** *indica* **L.**(Syn. *L. brevirostris* **Champ.**). મૂળ ચીન અને દ. જાપાનની પણ આસામ, મેઘાલય અને સિક્કિમમાં થતી શાકીય વનસ્પતિ, જે યકૃતના દર્દોના કામમાં આવે છે. **L.** *remotiflora* **DC.** પાથરી, પાથરડા નામની વનસ્પતિ. **L.** *runcinata* **DC.**ઉદરકાની નામનું ઝાડ. **L.** *sativa* **L.** (Syn. *L. scariola* **L.** var. *sativa.* **C.B. Clarke**). સલાડ નામની ખાદ્ય પાનવાળી શાકીય વનસ્પતિ, જેનાં બીમાંથી અર્ધ–શુષ્કન તેલ મળે છે, અને જે ખોરાકી ચાલેમાં વપરાય છે. *L. scariola* **L.** જંગલી સલાડનું ઝાડ.

**lacunar collenchyma.** અવકાશી સ્થૂલકોણોત્તક.

**lacustrine.** સરોવરનું – ને લગતું; સરોવરીય. **l. deposit.** સરોવરના તળિયે થતો નિક્ષેપ. **l. rock.** સરોવરીય શૈલ. **l. soil.** સરોવરના તળમાં અને પાણીની ક્રિયાથી નિર્માણ પામતી જમીન.

**ladle.** કડછી, મોટો લાકડાનો ચમચો, કડછો, ડોયો.

**lady beetle.** મલોમશીપર પરજીવી જંતુ. જે ઉપકારક છે. **lady bird.** ઓન પખી. **l. b. beetle.** જુઓ *lady beetle.*

**lady's finger.** ભીંડા, *Okra, gumbo* ઇ. નામે ઓળખાતી *Abelmoschus esculentus* (**L.**) **Moench.** (*Hibiscus esculentus* **L.**). નામની પ્રજીવકો 'એ', 'બી', 'સી', પ્રોટીન, અને ખનિજ ધરાવતી શાકીય વનસ્પતિ, જેમાં સારા પ્રમાણમાં આયોડીન હોય છે અને તેને લાંબી, ગરમઋતુ અનુકૂળ પડે છે. **l. f. damping off.** *Pythium aphanidermatum* અને *Phytophthora palmivora.* નામની ફૂગથી ભીંડાને થતો એક રોગ. **l. f. dry root rot.** *Macrophomina phaseoli.* થી ભીંડાને થતો રોગ. **l. f. grey leaf weevil.** *Myllocerus sp.* નામનું ભીંડામાં પડતું જંતુ. **l. f. leaf hopper bug.** *Empoasca devastans.* નામનું ભીંડાનું જંતુ. **l. f. leaf spot.** *Cercospora hibisci.* થી ભીંડાને થતો રોગ. **l.f. powdery mildew.** *Erysiphe cichoracearum* **DC.**થી ભીંડાને થતો રોગ. **l.f. rust.** *Puccinia parri.* થી ભીંડાને થતો ગેરુનો રોગ. **l. f. yellow vein mosaic.** ભીંડાને થતો વિષાણુ – જન્ય રોગ.

**Lady Sudeley.** સુવાસિત ગરવાળા સક્કરજનનો એક પ્રકાર.

**Laemophloeus** *minutus.* વનસ્પતિ પર હુમલો કરતાં ઢાલપક્ષ જંતુનો એક પ્રકાર.

**Laestadia** *theas.* ચાના છોડને થતા રોગનું જંતુ.

**laevulose. levulose.** ફળ શર્કરા, ઇક્ષુ શર્કરા. ડેક્સ્ટ્રોસ સાથે મધ અને વનસ્પતિ રસમાં પેદા થતી શર્કરા, જે ધ્રુવિત કિરણને ડાબી તરફ વાળે છે.

**Lagenaria** *siceraria* (**Molina**) **Standley** (Syn. *L. vulgaris* **Ser.**; *Cucurbita siceraria* **Molina.**). દૂધીની વેલ, જેનાં ફળ–દૂધીનું શાક થાય છે.

**Lagerstroemia** *flosreginae* **Retz.** ખુશરાનું ઝાડ. **L.** *hypoleuca* **Kurz.** આંદામાનમાં થતું એક ઝાડ, જેનું કાષ્ઠ થાંભલા અને ચોકઠાં બનાવવાના કામમાં આવે છે. **L.** *indica* **L.** પરદેશી મેંદી નામનો શોભા માટે વાવવામાં આવતો ક્ષુપ. **L.** *lanceolata* **Wall.** કર્ણાટક, મહારાષ્ટ્ર અને તામીલનાડુનું ઝાડ, જેના કાષ્ઠનું ફર્નિચર, વહાણો ઇ. બનાવવા ઉપરાંત તે ઈમારતી કામ માટે ઉપયોગમાં લેવામાં આવે છે. **L.** *parviflora* **Roxb.** સેજ નામનું એક મોટું વૃક્ષ, જેના કાષ્ઠનું ફર્નિચર અને કૃષિ ઓજારો બનાવવામાં આવે છે. **L.** *speciosa* (**L.**) **Pers.** (Syn. *L. flosreginae* **Retz**; *Mun*

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



*chausia speciosa* **L.**). વાડ માટે વવાતું નાનું ઝાડ; જેનું લાકડું નિર્માણકામ, ફરશબંધી ઇ. માટે ઉપયોગમાં આવે છે. **L.** *thorelii* **Gagnep.** ખરી સનવાની નામનું વાડ માટે વાવવામાં આવતું ઝાડ.

**lagoon.** નીચી રેતીની કિનારીના કારણે જુદું પડતું દરિયાનું પાણી રેતીનો ટેકરો થવાથી દરિયાનો જુદો પડતો ખારા પાણીનો વિસ્તાર.

**lagphase** પશ્ચાવસ્થા.

**lajalu.** જળરિસામણી નામની જલીય શાકીય વનસ્પતિ.

**lajwanti.** લજામણી.

**lakda.** તમાકુના પાનની મધ્યશિરા.

**Lakshmanphal.** લક્ષ્મણફળ.

**lalambari.** લાલ અંબાડી, પટવા, છૂંછ.

**lal anchu.** ખાદ્યફળની વનસ્પતિ.

**Lal Boria.** રેડ નાતાલ નામની મગફળી. **Lal Dona.** રેડ નાતાલ નામની મગફળી.

**lal chandan.** લાલચંદન.

**lal jhou.** ફળ, પૈડાં અને બળતણ માટેના લાકડાનું ઝાડ.

**lal jamrool.** ખાસી ટેકરીઓમાં થતું ખાદ્યફળનું નાનું વૃક્ષ.

**lal achnar.** રક્તકંચન, દેવકંચન; રંગવા, કમાવવા અને તંતુ બનાવવાના ઉપયોગમાં આવતી છાલવાળું ઝાડ.

**Lal Kel.** દ. ભારતનું *Chen Kadali* નામનાં મોટાંફળ; જા ... કડણ પાકે ત્યારે લાલ બનતાં કેસરી રંગનાં મીઠા સ્વાદના ગરવાળાં સુવાસિત લાલકેળાં.

**lallei.** *Albizia amara* **Bov.** (*A. wightii* **Grah;** *Mimosa amara* **Roxb.**). નામનું લાલેઈ નામે ઓળખાતું દક્ષિણ, કર્ણાટક અને દ. કેરળમાં થતું, બળતણ અને ઓજારના હાથા બનાવવા માટેના કાષ્ઠવાળું વૃક્ષ, જેનાં પાનનું ખાતર બનાવવામાં આવે છે.

**Lallemantia** *royleana* (**Wall. ex Benth.**) **Benth.** પંજાબની દીર્ઘાયુ શાકીય વનસ્પતિ, જેનાં બી કબજિયાતમાં ઉપયોગી બને છે.

**lal sabuni.** શાક માટેની વનસ્પતિ.

**lal. sag.** જુઓ *edible amaranth.*

**Lal Velchi.** એલચી કેળા નામે કેળાનો એક પ્રકાર.

**lamb.** ઘેટાનું બચ્ચું, મોટું થયું ન હોય તેવું ઘેટા-વર્ગનું બચ્ચું. (૨) ઘેટાના બચ્ચાને જન્મ આપવો – ઘેટાની પ્રસૂતિ. **lambing.** (ઘેટાના) બચ્ચાને જન્મ આપવો. **l. pen.** ઘેટી બચ્ચાને જણે તે માટે અલગ રાખવામાં આવતો વાડો.

**lamella.** પેશીની પાતળી પટ્ટી. **lamellar.** સ્તરીય. **l. chamber.** સ્તરીય ગુહા. **l. collenchyma.** સ્તરીય સ્થૂલકોણોતક. **lamelliform.** સ્તરરૂપ.

**lameness.** લંગડાપણું, પગની અકુદરતી પ્રવૃત્તિ દ્વારા વ્યક્ત થતું આળાપણું, નાદુરસ્તી કે અસ્વાસ્થ્ય.

**lamina** (એ. વ.). **laminae** (બ.વ.). પાતળું પડ કે ભીંગડું; પર્ણદળ, પર્ણફલક, પર્ણપાત્ર. **laminated.** ફલકમય, પર્ણદળમય. (૨) સમક્ષિતિજ અથવા જમીનતળ અનુસાર ખૂબ પાતળા થરવાળી (જમીન). **l. wood.** ગુંદર અથવા યાંત્રિક રીતે જોડવામાં આવેલા લાકડાના પડ.

**Laminitis.** સુત્રશોથ.

**Lamium** *album* **L.** પંજાબ, કાશ્મીર અને કુમાઉંની દીર્ઘાયુ શાકીય વનસ્પતિ.

**lampati.** આસામ, ખાસી ટેકરીઓ, પ. બંગાળ, મણિપુર અને આંદામાન-નિકોબારમાં થતું *Duabanga sonneratioides* **Buch.-Ham** (*D. grandiflora* **Walp.**). નામનું ખાદ્યફળનું વૃક્ષ.

**lamp brooder.** સાધારણ પેકિંગના લાકડાનું બનાવેલું અને સાધારણ દીવાથી ગરમી આપતું ઈંડાં સેવવા માટેનું ખોખું.

**Lamprachaenium** *microcephalum* **Benth.** બહાદંડી નામનું વૃક્ષ.

**Lamziekte.** રાજસ્થાનના કેટલાક સૂકા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિસ્તારોમાં કે જ્યાં જમીનમાં ફૉસ્ફરસની ઊણપ હોય અને ઢોર *Clostridium botulinum* ની દ્રવ્ય ધરાવતાં હાડકાં ખાતાં હોય ત્યાં તેમને થતો એક પ્રકારનો રોગ, જેમાં તેમને નબળાઈ જણાય, મોંમાંથી લાળ ઝરે, જડબાં, જીભ અને ગ્રસનીને લકવો થાય, પરિણામે ખોરાક ગળી શકાય નહિ અને થોડા જ કલાકમાં મૃત્યુ નીપજે.

**lanate.** ઊની, ઊન જેવો દેખાવ થાય તેવા રોમિલ પ્રવર્ધથી આવરિત.

**lanceolate.** ભાલાકાર. (૨) લાંબાં અને મધ્યમાં પહોળાં પાન હોય તેવું ભાલાના ફળું જેવું.

**land.** ભૂમિ, જમીન, સ્થળ, પ્રદેશ; સંપૂર્ણ કુદરતી અને સંવર્ધિત પર્યાવરણ, જેમાં ઉત્પાદન કરવામાં આવે છે. જમીન ઉપરાંત તેના અન્ય ગુણોમાં ખનિજ નિક્ષેપો અને પાણીનો પુરવઠો, જીવંત વનસ્પતિ આવરણ, સુધારણનાં કાર્યો જેવા ભૌતિક સંજોગોનો સમાવેશ થાય છે. **l., arable** ખેડવા યોગ્ય-કૃષ્યભૂમિ. **l., cultivated** ખેડેલી-કૃષ્ટભૂમિ. **l., culturable waste** ખેડવા યોગ્ય-કૃષ્ય પડતર જમીન. **l., forest** વનભૂમિ, વનસ્થલી, જંગલ. **l., marginal** સીમાંત ભૂમિ. **L., pasture** ચરાણભૂમિ. **l., uncultivated** વણખેડાયેલી જમીન. **l., unculturable waste** ખેડી ન શકાય તેવી પડતર જમીન. **l., waste** પડતર જમીન. **l. abandonment.** ભૂમિ પરિત્યાગ. **l. abuse.** ભૂમિ–જમીનનો દુરુપયોગ. **l. and stock sbare system.** ભૂમિ અને સાધન–સામગ્રીની ભાગીદારીની પદ્ધતિ. **l. capability.** ચોક્કસ હેતુ માટેની, તે હેતુ પર લાવવા માટેની જમીનની ક્ષમતા. ભૂમિનાં ભૌતિક લક્ષણોના કારણે મુશ્કેલી અને જોખમ જણાય જેમાં આબોહવા જેવાનો પણ સમાવેશ થાય છે **l. classification.** કોઈ ચોક્કસ પ્રકારના ઉપયોગ કે તેનાં લક્ષણો કે તેની કાર્યદક્ષતા અનુસાર ચોક્કસ હેતુ માટેના જમીનના ઘટકોનું કરવામાં આવતું વર્ગીકરણ; આવા પ્રકારનું વર્ગીકરણ જમીનમાં અંતર્ગત લક્ષણો અથવા તેના ઉપયોગની ક્ષમતા અનુસાર કરવામાં આવે છે. **l. colonization.** ભૂમિ વસાહતીકરણ; જમીનને વસવા યોગ્ય બનાવવી. **L. Grant Colleges.** કૃષિ અને યાંત્રિક કળાઓ શીખવવા માટે અમેરિકાના પ્રત્યેક રાજ્યમાં કાયદા અનુસાર સ્થાપવામાં આવતી કૉલેજો. **l. improvement.** જમીન સુધારણા, ભૂમિસુધારણા. **l. lease legislation.** જમીન પટે આપવા અંગેનો ધારો. **l. leech.** પાતળી, નાની, પશુનું લોહી પીતી, ભેજવાળી જમીનોમાં થતી જળો. **l. lord.** જમીનનો માલિક, જમીનદાર. **l. lordism.** જમીનદારીની પ્રથા; ગણોતિયા પાસેથી કરાવેલું ગણોત માલિકને મળે તેવા પ્રકારની જમીન ભોગવટાની પ્રથા. **l. measure.** જમીનની માપણી. **l. mortgage.** જમીનનો ગીરો, જમીનને ગીરવે મૂકવાની પ્રથા. **L. M. Bank.** જમીન-ગીરો બૅંક. **l. m. credit.** જમીન ગીરો ધિરાણ. **l. owner.** જમીનનો માલિક. **l. policy.** જમીન અંગેની નીતિ. **l. put to non-agricultural use.** બિનખેતીના ઉપયોગ હેઠળ મૂકવામાં આવતી જમીન. **l. reclamation.** જમીનને સાફ કરી, ધોવાણનું નિયંત્રણ કરી, સિંચાઈ માટેનાં જળાશયો રચીને, જમીનની ગુણવત્તા અને/અથવા તેના પર્યાવરણમાં ફેરફાર કરીને જમીનનો વધારે ઇષ્ટ ઉપયોગ કરી શકાય તેવી ક્ષમતા ધરાવતી તેને બનાવવી; ભૂમિ નવસાધ્યીકરણ. **l. revenue.** જમીન મહેસૂલ. **l. scape.** જમીનનો પ્રકાર, વનસ્પતિ, ટેકરીઓ, ખીણ, ખેડવામાં આવેલાં ખેતરો, નદીઓ, વહેણ જેવા અન્ય વિસ્તારોની તુલનામાં પૃથ્વી પરના ચોક્કસ વિસ્તારમાં જુદા તરી આવતાં લક્ષણોનો સરવાળો. (૨) વૃક્ષો રોપીને, ક્ષુપો ઉગાડીને, ફૂલઝાડ વાવીને, સોપાનો,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શૈલ ઉદ્યાનો, દીવાલો ઇ. જેવી શોભા કરીને સુંદર બનાવેલો વિસ્તાર. **l. se. gardening.** ઉપયોગની સાથે સુંદરતાનો મેળ બેસાડીને માનવ ઉપયોગ અને આનંદ માટે જમીનનો વિકાસ કરવાની કળા અને તે અંગેનું શાસ્ત્ર. **l. settlement.** જમાબંધી, ભૂમિ બંદોબસ્ત. **l. side.** મોલ્ડબોર્ડ હળના તળિયાનો ભાગ, જે ચાસની દીવાલ-કિનારી તરફ ઢળે છે. **l. slide.** માટી, ખડક કે બંનેનું સરકવું-પડવું-ધસી આવવું. **l. slip.** જુઓ *landslide*. **l. taxation system.** જમીનના કરવેરાની પદ્ધતિ. **l.tenure.** જમીન ધારણ કરવા – જમીનનો ભોગવટો કરવા માટેનો પટો; આ માટેની અવધિ. **l. t. system.** જમીન ધારણ કરવાની – જમીનનો ભોગવટો કરવાની પદ્ધતિ. **l. type.** ભૂ-પ્રકાર, જમીનનો પ્રકાર. (૨) ખાડા-ટેકરા, આબોહવા અને વનસ્પતિ જેવાં એક કે અનેક કુદરતી કારણો અનુસાર જમીનનું ભૌગોલિક વર્ગીકરણ. ઘણીવાર કૃષિ, ચરાણ, વન એવા જમીનના પ્રકારો પાડવામાં આવે છે. **l. use.** ઓછામાં ઓછા ખર્ચે વધારેમાં વધારે મળતર મળે તેવી રીતે જમીનની વિવેકપૂર્વક વ્યવસ્થા કે તેનો ઉપયોગ કરવો, જેમાં યોગ્ય ખેડ-કાર્ય, તેને વનસ્પતિનાં પોષક તત્ત્વો આપવા, કાર્બનિક દ્રવ્યોની જાળવણી અને પુરવણી કરવી, જમીન માટે પાણી અને હવાની આવશ્યક ઉપલબ્ધતા મેળવવી, જમીનના યોગ્ય અને આવશ્યક પાક લેવા, વનસ્પતિની વૃદ્ધિને અસર કરતા જૈવ કારકોનું નિયંત્રણ કરવું, જમીનને થતાં ધોવાણ પર નિયંત્રણ કરવું, વધારે પડતી ક્ષારીયતા જેવાં હાનિકારક તત્ત્વોને દૂર કરવા ઇ. નો સમાવેશ થાય છે. **l. u. map.** જમીનના વિવિધ ઉપયોગો દર્શાવતો માર્ગદર્શક નકશો. **l. u. planning.** જમીનના વિવિધ ઉપયોગોનું પૂર્વ આયોજન અને તે અનુસાર તેનો કાર્યક્ષમ અમલ. **l. value.** જમીનનું મૂલ્ય. **l. wheel.** આંતરચક્રી

**Langra.** ઉત્તર પ્રદેશ, પંજાબ અને બિહારમાં થતી લંગડા નામની કેરીનો પ્રકાર, જે પાકેલી હોવા છતાં તેની છાલ લીલી રહે છે, તેનો રસ રેસા વિનાનો, પુષ્કળ અને મીઠો હોય છે, ગોટલો પાતળો અને નાનો હોય છે.

**langsat.** *Lansium domesticum* **Jack.** નામનાં મલાયામાં થતાં ફળનો એક પ્રકાર.

**Langhan.** મધ્યમ વજન, એક કલગી, સફેદ ચામડીવાળી મૂળ ચીનની મરઘાની ઓલાદ.

**Languas** *galanga* (**L.**) **Stuntz.** કાયમી શાકીય વનસ્પતિ.

**laniary.** કોઈ પણ વસ્તુને ચીરવા અને કાપવા માટે અનુકૂલિત બનેલા રાક્ષી (દાંત).

**laniferous. lanigerous.** ઊનવાળું, ઊન ધરાવતું.

**Lanka.** ગોદાવરીના ટાપુઓ પર થતી ચીરુટ માટેની સુવાસિત તમાકુ.

**lanky.** પાતળું અને ઊંચું, સૂકલકડી.

**Lannea** *coromandelica* (**Houtt.**) **Merr.** (Syn. *L. grandis* (**Dennst.**); *Odina wodier* **Roxb.**). મવેડો નામનું ઝાડ, જેનાં પાન ભાતની સાથે ખાવામાં આવે છે. કાષ્ઠના માવાના કાગળ અને પૂઠાં બનાવ- વામાં આવે છે; પ્રકાંડ છેદીને મળતા ગુંદરને મીઠાઈ બનાવવા ઉપયોગમાં લેવામાં આવે છે ઉપરાંત તેને શાહી બનાવવાના કામમાં પણ લેવામાં આવે છે.

**lanolin.** ઊનની ચરબી; મીણ જેવું સ્યાન, પીળા રંગનું, એસિડ અને આલ્કલીનું વિરોધી દ્રવ્ય, જેનું સહેલાઈથી પાણીમાં પાયસીકરણ – ઈમલ્ઝન થાય છે અને જે મલમ બનાવવાના કામમાં લેવામાં આવે છે.

**Lansium** *anamallayanum* **Bedd.** પશ્ચિમઘાટમાં થતું એક ઝાડ, જેનાં ફળ ખાવાના કામમાં આવે છે. **L.** *domesti*

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



*cum* **Jack.** ખાદ્યફળનું દ. ભારતનું ઝાડ.

**Lantana** *camara* **L.** (Syn. *L. camara* var. *aculeata* **L.**) ધનેરી, ઈંદ્રધનું નામની મૂળ અમેરિકાની પણ અહીં શોભા માટે ઉગાડવામાં આવતી વેલ.

**Laphygma** *exigua*. રજકો, વટાણા, તમાકુનાં પાનને હાનિ કરતી ઈયળ.

**lapinized vaccine.** રિન્ડરપેસ્ટ નામના રોગથી પશુઓને પ્રતિરક્ષા આપવા માટે વિષાણુની અપાતી રસી.

**Lappa clover.** ઘાસચારા માટેની *Burlock clover, Trifolium lappaceum* **L.** નામની વનસ્પતિ.

**laptuna.** દાણા માટે તામીલનાડુમાં ઉગાડવામાં આવતા ઘાસનો એક પ્રકાર.

**lard.** તંદુરસ્ત ડુક્કરનું માંસ, તળવામાં જેનો ઉપયોગ થાય છે.

**large.** મોટું **L. Agra.** ઉત્તર પ્રદેશ અને બિહારમાં થતું લીકેટ નામનું એક ફળ. **l. fluke.** ગાય, ભેંસ, ઘેટાં, બકરાંના યકૃત અને પિત્તનળીનું પરજીવી, ચપટું, પર્ણાકાર કૃમિ, જે રક્તક્ષીણતા, બંધકોશ, અતિસાર, સોજો, ક્રમશ: ઇ. રોગનું કારણ બને છે. **L. Indian Bamboo.** આસામ, પ. બંગાળ અને કેરળમાં થતું મોટા વાંસનું ઝાડ. **l. intestine.** બૃહદાંત્ર, મોટું આંતરડું. **l. -leaved caladium.** કાળી અળવી; *giant taro, Mankanda, Alocasia indica* **(Roxb.) Schott.** નામની આસામ, પ. બંગાળ, મહારાષ્ટ્ર, તામીલનાડુ અને કેરળમાં થતી ખાદ્ય પ્રકાંડ અને મૂળ ધરાવતી શાકીય વનસ્પતિ. **L. Murrel.** *Ophicephalus marulius*. નામની 4 ફૂટ જેટલી લાંબી થતી મ્યુરેલ નામધારી માછલી. **l. roundworm.** ઢોર, ઘોડાં, કૂતરાં, મરઘાં, બતકાંનાં આંતરડામાં રહેતું પરજીવી કૃમિ, જેના કારણે ભૂખ મરી જાય, જઠરમાં દર્દ થાય, અતિસાર થાય અને ઉપદ્રવ વધી જતાં જ્વરે તેનો ભોગ બનેલા પ્રાણીનું મરણ પણ નીપજે. **l. sample test.** મોટા નમૂનાની કસોટી. **l. scale cultivation.** મોટા પાયા પર કરવામાં આવતી ખેતી **L. White Yorkshire.** માંસ માટે ઉછેરવામાં આવતું મોટી ભુંજર ધરાવતા ડુક્કરની એક જાતિ.

**Laria** *affinis*. વટાણાનું જંતુ.

**larva** (એ.વ.). **larvae** (બ.વ.). ડિમ્ભ; જંતુનાં ઈંડાં બાદની અવસ્થા, ઈયળ, માખીનાં બચ્ચાં (maggot) અને ડોળ (grub)નો આ અવસ્થામાં સમાવેશ થાય છે. **larval** ડિમ્ભનું–ને લગતું. **l. fluke.** પાણીમાં થતા કૃમિની અપક્વાવસ્થા. **l. tapeworm.** વાગોળનાર પ્રાણી તથા ડુક્કરના પરજીવી ફીતાકૃમિના ડિમ્ભ–ઈયળ. **larvicide.** જંતુનાં ડિમ્ભને મારનાર દ્રવ્ય; ડિમ્ભઘ્ન.

**larviparous.** જીવંત ડિમ્ભ પેદા કરનાર.

**laryngitis.** કંઠ કોપ, સ્વરયંત્ર કોપ.

**larynx.** સ્વરયંત્ર. (૨) પક્ષી સિવાયનાં સઘળાં સસ્તન પ્રાણીઓમાં રહેલું સ્વરયંત્ર.

**Lasia** *spinosa* **(L.) Thw.** (Syn. *L. heterophylla* **Schott**). પ. બંગાળ, આસામ અને હિમાલયમાં થતી દીપડિયું શાકીય વનસ્પતિ, જેનાં કુમળાં પાન ખાવાના કામમાં આવે છે.

**Lasioderma** *serricorne*. સંઘરેલી તમાકુ પર પડતું જંતુ.

**Lasiosiphon** *eriocephalus* **Decne.** રામી નામનો પશ્ચિમઘાટમાં થતો ક્ષુપ, જેની છાલના રેસા સોના પર કામમાં આવે છે.

**lasobaval.** વિલાયતી બાવળ.

**lasoora.** ખાદ્યફળધારી વૃક્ષ.

**late.** પોતાની જ જાતની અન્ય વનસ્પતિ કરતાં મોડાં ફળ કે ફૂલ બેસતાં હોય તેવી (વનસ્પતિની જાતિ). (૨) સાધારણ કરતાં મોસમમાં મોડી બનતી (ઘટના). **L. Black Bigarreau.** સીમલામાં જેને ઉગાડવા માટે પ્રયત્ન કરવામાં આવ્યો હતો તેવી ચેરી, જેનાં ફળ તાજાં સુવાસતાં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને સારાં પ્રકારનાં હોય છે અને જેને વહેલાં ફૂલ બાઝે છે. **l. cultivation.** પાછળથી કે મોડી કરવામાં આવતી ખેતી. **L. Devonian.** મોડા થતાં મોટા કદનાં, નક્કર પીચનો પ્રકાર, **L. Drumhead.** કોબીનો સુધારેલો પ્રકાર.

**lateness.** પુષ્પોદ્ભવમાં થતો વિલંબ.

**latent.** સુષુપ્ત, ગુપ્ત. (૨) સુષુપ્ત પણ અનુકૂળ સંજોગોમાં વિકાસ પામનાર (કળી ઇ.). **l. bud.** સક્રિય રીતે પેદા થતાં પ્રરોહની તુલનામાં સુષુપ્ત કે અર્ધ-સુષુપ્ત રહેતી કળી. **l. heat.** ગુપ્ત ઉષ્મા. **l. infection.** ઝાડ પર હોય અને પાકવા આવ્યાં હોય તેવાં ફળને લાગતો ફૂગનો ચેપ, જે નરી આંખે જોવામાં આવતો ન હોય અને ફળ પાકવા માંડે તેમ તેના પર ડાઘ દેખાય અને ફળની પેશીમાં તે ફેલાવા માંડે. **l. period.** સંક્રમણ કે ચેપ લાગવા અગાઉનો સમય. **l. virus.** રોગનાં લક્ષણો બાહ્ય રીતે દેખાય નહિ તેવો વનસ્પતિમાં રહેલો વિષાણુ.

**lateral.** પાર્શ્વ, પાર્શ્વીય. (૨) ઝાડની ડાળી, ડાખળાં કે અક્ષની બાજુ પર રહેલું. (૩) પ્રણાલીના મુખ્ય અંગમાંથી નીકળતી શાખાઓ. **l. bud.** શાખા કે પ્રવર્ધ સાથેની કલિકા. **l. conjugation.** પાર્શ્વયુગ્મન. **l. dorsal.** પાર્શ્વપૃષ્ઠ. **l. erosion.** સ્તરીય–પાર્શ્વીય ધોવાણ. **l. horn.** પાર્શ્વશૃંગ **l. leaf.** પાર્શ્વ-પર્ણ, પાર્શ્વીય પાન. **l. line.** માછલીના પ્રત્યેક પડખા પર દેખાતી છિદ્રોની અનુ-પ્રસ્થ રેખા. **l. sterile filament.** પાર્શ્વ આદિ તંતુમય કોષ. **l. vein.** પાર્શ્વ શિરા.

**laterite soils.** વારાફરતી સૂકી અને ભેજવાળી ઋતુઓની વર્ષા-પરિસ્થિતિમાં મૂળ સંઘના ધોવાણથી બનેલી જમીન. આગલી પરિસ્થિતિમાં બનેલી જમીન બે પ્રકારની હોય છે: એક પ્રકારમાં જમીન રંગે ફીકી, છીછરી અને વનસ્પતિનાં પોષક દ્રવ્યોમાં ઊણપ ધરાવતી હોય છે, જ્યારે બીજા પ્રકારમાં ઘેરો રંગ અને વધારે ખાદમાટી–હ્યુમસ ધરાવતી હોય છે. કૃષિની દૃષ્ટિએ તેની ફળદ્રુપતા ઓછી અને નાઇ-ટ્રોજન, ફોસ્ફરિક ઍસિડ, પોટાશ અને ચૂનાની તે ઊણપ ધરાવે છે. સારી વિક-સેલી આવી જમીનો દક્ખણ, કર્ણાટક, કેરળ, ઓરિસા, મહારાષ્ટ્ર, આસામ અને પ. બંગાળના ઉચ્ચ પ્રદેશો અને ટેકરીઓમાં આવેલી હોય છે. **laterization.** જમીનને ઘણે ઊંડે સુધી ભારે વરસાદવાળા વિસ્તારોમાં અતિ ધોવાણના કારણે જમીનના ઉપલા પડ પર કેલ્શિયમનું ધોવાણ થવાની પ્રક્રિયા, જેથી એલ્યુ-મિનિયમ અને લોહ ત્યાં કેન્દ્રિત થાય છે. દ. ભારતની જમીનો પર આવા પ્રકારની પ્રક્રિયા સતત થતી રહે છે.

**Lates** *calcarifer.* એક પ્રકારની ખાદ્ય માછલી.

**latex.** આક્ષીર; કેટલીક વનસ્પતિઓમાં જોવામાં આવતો દૂધ જેવો કે સ્વચ્છ, કેટલીક વાર રંગીન રસ કે પાયસ (ઇમ-લ્ઝન), જે વનસ્પતિના સ્રાવી કોષોમાં તૈયાર થતો હોય છે; આમાં પણ વિશેષ કરીને રબર અને ગટ્ટાપર્ચાનાં ઝાડનો રસ મુખ્ય હોય છે. વિશ્વમાં આ રસ એટલે આક્ષીરમાં રબરના ઝાડના રસ – આક્ષીરનો મોટો હિસ્સો હોય છે. *Apocynaceae* (કુટજાદિ), *Euphorbeaceae* (આમલક્યાદિ) અને *Moraceae* કુળોનાં ઝાડોને આક્ષીર-વાળાં ગણવામાં આવે છે. **latexosis.** વનસ્પતિદ્વારા આક્ષીરનું થતું ઉત્પાદન. **laticiferous** આક્ષીરી.

**lathe.** સંઘાડો.

**latheticus** *oryae.* લોટમાં પડતું લાંબા માથાવાળું જંતુ.

**lathyrus.** લાંગ; *Lathyrus sativus* **L.** નામનું એક પ્રકારનું કઠોળ, જે હલકા પ્રકારની દાળ પણ ઊંચા પ્રકારનો ઘાસ-ચારો આપે છે. આ દાળ એટલે લાંગ ખાવાથી માણસમાં લાંગ નામનો રોગ થાય છે અને પશુના ખાવામાં આવે તો તેને ઝેર ચડી તે મરી જાય છે. લાંગની સાથે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાથ ઊગતો *atka* (*Vicia sativa*) નામનો દાણો પણ હાનિકારક છે. લાંગ ગુજરાત, ઉત્તરપ્રદેશ, અને દક્ષિણમાં થાય છે અને પાણી ભરાયેલું રહે તેવી નીચાણવાળી ભૂમિમાં તે સારી રીતે થાય છે. **L.** *aphaca*. જંગલી વટાણા; આરોહી શાકીય વનસ્પતિનો એક પ્રકાર; **l. downy mildew.** *Peronospora lathyripalulstris*.થી લાંગને થતો એક રોગ. **l.** *ochrus* **DC.** ઘાસ ચારા માટે ઉગાડવામાં આવતી વનસ્પતિ. **l. powdery mildew.** *Erysiphe polygoni*. થી લાંગને થતો રોગ. **l. rust.** *uromyces fabae*. થી લાંગને થતો એક રોગ. *L. sativus*. **L.** લાંગ નામની વનસ્પતિ; **L. wilt.** *Fusarium orthoceras* var. *lathyri*. થી લાંગને થતો એક રોગ.

**Latipes** *senegalensis* **Kunth.** તૃણકુળનું જમીન બાંધનાર ઘાસ.

**latitude.** અક્ષાંશ.

**latmahuria.** *Digera muricata* **(L.). Mart.**(*D. arvensis* **Fork;** *Achyranthes muricata* **L.**). નામની શાકીય વનસ્પતિ; જે કણજરો, કુબઈ, ઇ. નામે પણ ઓળખાય છે.

**lattice.** જાળી.

**lauki.** દૂધી.

**Launaea** *aspleniifolia* **Hook. f.** ઉત્તરભારત અને પ. બંગાળમાં થતી દ્વિવર્ષાયુ કે દીર્ધાયુ શાકીય વનસ્પતિ. **L.** *glomerata* **Hook. f.** પોટીસ કરવા માટે લોટની સાથે ઉકાળવામાં આવતી સૌરાષ્ટ્ર, કચ્છ અને માઉન્ટ આબુમાં થતી શાકીય વનસ્પતિ. **L.** *mucronata* **(Forsk.) Muschler.** (Syn. *L. chondrilloides* **Hook. f.**). કબજિયાતમાં ઉપયોગમાં લેવામાં આવતી એક શાકીય વનસ્પતિ. **L.** *nudicaulis* **Hook. f.** બકરાંના ચારા તરીકે ઉપયોગી બનતી વનસ્પતિ. **L.** *sarmentosa* **(Wilid.) Alston.** (Syn. *L. pinnatifida* **Cass.**). રેતીને જકડી રાખતી દરિયાના રેતાળ કાંઠાની વનસ્પતિ.

**Launku.** એક પ્રકારની આરોહી વેલ.

**Laurus** *nobilis* **L.** સોડમ આપવા માટે ઉપયોગી બનતાં પાનવાળી વનસ્પતિ.

**Lavandula** *angustifolia* **Mill.** (Syn. *L. officinalis* **Chaix**; *L. vera* **DC**; *L. spica* **L.**). લવંડર; જમ્મુ અને કાશ્મીરમાં થતો ક્ષુપ, જેનાં ફૂળમાંથી બાષ્પશીલ તેલ મળે છે, અને જેનો ઉપયોગ લવંડર જળ બનાવવા માટે થાય છે. **L.** *bipinnata* **Kuntze** (Syn. *L. burmanni* **Benth.**). બિહાર, છોટા-નાગપુર, ઓરિસ્સા, મધ્યપ્રદેશ, રાજસ્થાન, મહારાષ્ટ્ર, દક્ષિણ અને કોંકણમાં થતી મજબૂત, પાતળી, ટટ્ટાર સૌરભિક શાકીય વનસ્પતિ. **L.** *stoechas* **L.** ધરુનામની સૌરભિક વનસ્પતિ.

**lavanga chural.** સાફ કરી સૂકવવામાં આપેલો સોપારીનો ચૂરો.

**Laveo** *rohita*. એક પ્રકારની કાર્પ માછલી.

**law.** કાયદો, કાનૂન, નિયમ. **l. of conservation of energy.** ઊર્જાસંરક્ષણનો નિયમ; ઊર્જાનું નિર્માણ કે તેનો નાશ થતો નથી પણ તેનું એક સ્વરૂપમાંથી બીજા સ્વરૂપમાં પરિવર્તન કરી શકાય છે. **l. of conservation of matter.** દ્રવ્ય સંરક્ષણનો નિયમ. **l. of constant cost.** સ્થિર ખર્ચ – પડતરનો નિયમ. **l. of constant proportion.** સ્થિર પ્રમાણનો નિયમ. **l. of diminishing returns.** ઘટતા મળતરનો નિયમ; ઉત્પાદનમાં જેમ જેમ ઉમેરો કરવામાં આવે, આવશ્યક પ્રમાણ કરતાં વધારે ખાતર ઉમેરવામાં આવે તો પેદાશમાં ઘટાડો થતો જાય છે. **l. of equivalent.** તુલ્યાંકનો નિયમ. **l. of increasing cost.** વધતા – વર્ધમાન ખર્ચ–પડતરનો નિયમ. **l. of inheri tance.** વંશાગતિ–વારસા–આનુવંશિકતાનો નિયમ. **l. of mass action.**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સામૂહિક કાર્યનો નિયમ. **l. of maximum production.** અધિકતમ ઉત્પાદનનો નિયમ. **l. of minimum production.** ન્યૂનતમ ઉત્પાદનનો નિયમ. **l. of multiple proportions.** ગુણક પ્રમાણનો નિયમ. **l. of osmotic pressure.** રસાકર્ષણનો નિયમ. **l. of photochemical equivalent.** પ્રકાશ રાસાયણિક તુલ્યાંકનો નિયમ; પ્રતિક્રિયામાં પ્રવેશતા પ્રત્યેક અણુને ઊર્જાના એક ક્વૉન્ટમના અવશોષણથી કરવામાં આવતી ઉત્તેજના. **l. of reciprocal proportions.** પારસ્પરિક પ્રમાણનો નિયમ. **l. of static friction.** સ્થિર ઘર્ષણનો નિયમ. **l. of substitution.** પ્રતિસ્થાપનનો નિયમ.

**lawn.** લૉન; સુશોભન માટે ઘર આંગણે ઉગાડવામાં આવતું અને સારી માવજત માગતું ઘાસ. **l. mover.** લૉનનું ઘાસ કાપવાનું સાધન.

**Lawsonia** *inermis* **L.** (*Syn. L. alba* **Lamk.**). મેંદી; મૂળ અરબસ્તાન અને ઈરાનની પણ ભારતભરમાં વાડ માટે વાવવામાં આવતી વનસ્પતિ; જેનાં પાનને વાટીને હાથ–પગને રંગ આપવામાં આવે છે.

**laxative.** મૃદુ રેચક.

**lay.** માદાના જનન અંગમાં પેદા થયેલા ઈંડાંને મૂકવું. (૨) ઘાસ ઉગાડવા માટે ઉપયોગમાં લેવાતી આવતી ખેડાણ યોગ્ય જમીન. **l. of land.** ચોક્કસ જમીનના ભાગનું સ્થળ વર્ણન. **layer.** ઈંડું મૂકવાની ક્ષમતા ધરાવતું માદા પ્રાણી. (૨) માતૃ વનસ્પતિની સાથે સંકળાયેલું રહેવા છતાં, ઊગી શકે તે રીતે બાંધી રાખેલો કે માટીથી આવરિત કરેલો પ્રરોહ કે પ્રકાંડ. (૩) સ્તર, પડ. **layerage.** જુઓ **layering. layerage.** અલિંગી વનસ્પતિ પ્રજનનની એક પદ્ધતિ. (૨) પ્રરોહ, પ્રકાંડ કે ડાળીને મૂળ વનસ્પતિથી છૂટી પાડયા વિના, જમીનમાં દાટવાની પદ્ધતિ, જેથી તેનો ફણગો ફૂટી ત્યાંથી નવો છોડ ઊગી નીકળે. જમરૂખ જેવી વનસ્પતિ, કલમ કરવાથી ઊગી શકતી ન હોય તેમાં આ પદ્ધતિ ઉપયોગી બને છે. આમાં દબાવેલા ભાગને દાબ આપવો જરૂરી બને છે. **l., mould** માટીના ઢગલા દ્વારા દબાવવું. **l. ability.** ચોક્કસ મરઘીની ઈંડાં મૂકવાની ક્ષમતા, જે ચોક્કસ સમયમાં તે કેટલાં ઈંડાં મૂકે છે તેના પર આધારિત છે. **l. batteries.** ઈંડાં મૂકનાર મરઘીના પાંજરા, જેમાં ઈંડાં સરકીને, મરઘીથી અલગ થાય છે અને સેવાય છે. **l. cycle.** ઈંડાં મૂકવાનો ક્રમ; એકાંતરે ઈંડાં મૂકવાનો ક્રમ. **l. flock.** ઈંડાં માટે મરઘાં–બતકાંનું રાખવામાં આવતું ઘટક. **l. house.** અંડઘર, ઈંડાઘર. **l. mash.** ઈંડાં મૂકનાર પક્ષીને ઈંડાં ઉત્પાદનમાં સહાયભૂત બનતો ખોરાક. **l. nest.** ઈંડાં મૂકનાર પક્ષી માટે ખાસ પ્રકારનો બનાવેલો માળો, તેમાં ખાસ કરીને "12×12"ની ખુલ્લી પેટી હોય છે. **l. pan.** ઈંડાનો વાડો. **l. sequence.** એકાંતર દિવસે મરઘી ઈંડાં મૂકે તેવો ક્રમ; ઈંડાં મૂકવા માટેનો સમય ગાળો મરઘીની ઈંડાં મૂકવાની ક્ષમતા નક્કી કરે છે. **l. trials.** પક્ષીનાં ઈંડાં મૂકવાની ક્ષમતા જાણવા માટે રાખવામાં આવતું પત્રક, જેથી વધારે ઈંડાં મેળવવા પક્ષી સંવર્ધકોને સહાય મળે છે.

**lea.** *lay* અને *ley* તરીકે પણ ઓળખાતી ઘાસ ઉગાડવા માટે વાપરવામાં આવતી ખેડવા યોગ્ય જમીન.

**leach.** અપક્ષાલન કરવું. (૨) જમીનમાં પાણી વહાવી અથવા પાણીનો નિકાલ કરીને વહેતા પાણી મારફતે દ્રાવ્ય ખનિજ દ્રવ્યોને દૂર કરવા ઉપરાંત જમીનમાં રહેલાં આલ્કલી અને/અથવા ક્ષારીય તત્ત્વોને પણ દૂર કરવાં. **leached saline land-soils.** અપક્ષાલનથી દ્રાવ્ય ક્ષાર દૂર કરાયાં હોય તેવી જમીન. (૨) ક્ષારીય જમીન, જે હજુ પણ ક્ષાર-તત્ત્વ ધરાવતી હોય પરંતુ જેમાંથી અપક્ષાલનથી નવસાધ્ય કરવાની પ્રક્રિયા વડે દ્રાવ્ય ક્ષાર દૂર



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરવામાં આવ્યા હોય તેવી જમીન.

**leaching.** અપક્ષાલન, નિક્ષાલન. (૨) કોઈ દ્રવ્યમાંથી પાણી પસાર કરી દ્રાવ્ય દ્રવ્યને દૂર કરવાની પ્રક્રિયા. (૩) પુષ્કળ સિંચાઈ આપી અને અપવાહ કરીને આલ્કલી અને દ્રાવ્ય ક્ષાર દૂર કરવાની પ્રક્રિયા.

**lead.** સીસું; **Pb** સંજ્ઞા ધરાવતું રાસાયણિક તત્ત્વ. **l. arsenate.** $Pb_3(AsO_4)_2$ સૂત્ર ધરાવતું સફેદ સ્ફટિકીય સંયોજન, જે જઠરીય વિષ છે અને જંતુઘ્ન તરીકે જેને ઉપયોગમાં લેવામાં આવે છે; તેનું બેસિક સ્વરૂપ ઍસિડ સ્વરૂપ કરતાં વધારે સ્થિર છે.

**leader.** વૃક્ષ કે છોડનો અંત્ય કૂણો કે પ્રરોહ. (૨) મુખ્ય કે પ્રભાવિત પ્રકાંડ.

**leaf.** પાન, પાંદડું, પર્ણ. (૨) ગાંઠની આગળ થતું પાર્શ્વીય અંગ, જે તેના અક્ષ પર કલિકા ધારણ કરે છે; સામાન્ય રીતે આ અંગ લીલું અને ચપટું હોય છે. (૩) તમાકુ કે ચાનું પાન. (૪) ધાતુનું અતિપાતળું પડ, વરખ. **l. apex.** પર્ણાગ્ર. **l. base.** પર્ણતળ, પર્ણમૂળ. **l. blade.** પર્ણ ફલક, પર્ણ દલ. **l. bract.** પર્ણસદૃશ પુષ્પપર્ણ. **l. bud.** પર્ણ કલિકા. **l. buttress.** પર્ણ આધાર. **l. cover.** પલ્લવ આવરણ **l. curl.** પર્ણ વલન. **l. drop.** અકાળે થતો પર્ણપાત, અંશતઃ કે પૂર્ણ પર્ણપાત. **l. fall.** પર્ણપાત. **l. fibre.** પર્ણતંતુ. **l. gap.** પર્ણાવકાશ. **l.let.** પર્ણિકા; નાનું અપક્વ પર્ણ. (૨) સંયુક્ત પર્ણનો જુદો વિભાગ. **l. lettuce.** લેટ્યૂસ જેવું પર્ણ. (૨) લહેરદાર, ચુંથાયેલી કિનારવાળું પર્ણ. **l. miner.** ડિમ્ભાવસ્થામાં પર્ણના અધિચર્મીય સ્તરો વચ્ચે દર બનાવી પર્ણ ખાનાર જંતુ. **l. mosaic.** પાંદડાંને થતો વિષાણુજન્ય રોગ. **l. mould.** વનની વનસ્પતિના આવરણની હેઠળ થતું છિદ્રાળું ખાદમાટી–હ્યુમસ જેવું દ્રવ્ય. (૨) કૂંડામાં રોપ વાવવા માટે તૈયાર કરવામાં આવતું પર્ણ કમ્પોસ્ટ ખાતર. **l. premordium.** પર્ણ આદ્યાંગ. **l. scar.** પર્ણ ડાઘ. **l. sheath.** ઘાસ અને ઘાસ જેવી વનસ્પતિમાં પ્રકાંડને ફરી વળતો પર્ણનો નીચલો ભાગ. (૨) પર્ણ ચોલ, પર્ણપુટી. **l. skin.** પર્ણ ત્વચા. **l. s. theory.** પર્ણત્વચા સિદ્ધાંત. **l. spine.** પર્ણ શૂળ, પર્ણ કંટક. **l. -stalk.** પર્ણવૃંત. **l. stem.** પર્ણવૃંત. **l. surface.** પર્ણ સપાટી, પર્ણતળ. **l. tea.** જુઓ *tea processing*. **l. tendril.** પર્ણ તંતુ. **l. trace.** પર્ણપ્રદાય, પર્ણાવિશેષ. **leafage.** પલ્લવ.

**leafy.** સંખ્યાબંધ અથવા મોટાં પાનવાળી (શાકીય વનસ્પતિ) જેમ કે લેટ્યુસ–પાલખ ઇ. **l. bracts.** પર્ણસદૃશ પુષ્પ. **l. vegetables.** મુખ્યત્વે પર્ણ હોય તેવી શાકભાજી. (૨) પાલખ, તાંદળજો, મેથી ઇ. જેવી શાકભાજી.

**leaker.** તૂટેલું ઈંડું, જેમાંથી અંદરનું દ્રવ્ય બહાર આવે છે.

**leaky butter.** અતિજલીય માખણ. **l. quarter.** દૂધ આપતાં માદા પ્રાણીના આંચળની એક પ્રકારની ખામી, જેમાં આંચળમાંથી દૂધ બહાર સ્રવ્યા કરે; આંચળમાંના છિદ્રની કોઈ ખામીને લીધે દૂધને આ રીતે નુકસાન થાય છે.

**lean.** સૂકલકડું. (૨) પ્રાણીના મૃત શરીરના એવા અંગનું માંસ, જેનાથી તેને ભૌતિક રીતે છૂટું પાડવું મુશ્કેલ બને છે અને જેમાં અંતરંગો ન હોય.

**lean-to.** અન્ય મકાનની સાથે કે તેની સામે બંધાયેલો વાડો કે છાપરી.

**lease.** લેખિત કરાર કરીને ઘર, જમીન કે ખેતર પટે – ભાડે – ગણોતે આપવું.

**leather.** ચર્મ (૨) પશુઓ અને તેમાં પણ ગોવંશના પ્રાણીઓનું શુદ્ધ કરેલું અને કમાવેલું ચામડું. **L. Carp.** *Cyprinus carpio* var. *nudus.* નામની કાર્પ પ્રકારની માછલી, જેના પર ભીંગડાં હોય છે, જે ઘટના સાધારણ રીતે કાર્પ માછલીના સંબંધમાં લેવામાં આવતી નથી.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**leathery.** ચર્મીય.

**leaven.** ચીરટ જેવું આથવણ માટેનું કારક ઉમેરી આથવણ કરાવવું.

**lebbeck-tree.** પીળો શિરીષ.

**lecithin.** ફૉસ્ફરીકૃત ચરબી અથવા કોષરસનું ફૉસ્ફોલિપિડ.

**lectins.** પ્રોટીન દ્રવ્યોનો સમૂહ, કુદરતી પ્રતિપિંડો; જે શિમ્બા વટાણામાંથી મેળવી શકાય છે.

**ledger.** (ખેડૂતની) ખાતાવહી, જેમાં ખેડૂત જમા-ઉધારનો હિસાબ રાખે છે.

**Leea** *aspera* **M. Laws** non **Wall. ex Roxb.** ખાદ્ય ફળધારી, ક્ષુપ. *L. edgeworthii* **Santapau** (Syn. *L. aspera* **M. Laws** non **Wall.**). વાયવ્ય હિમાલય, બિહાર અને પશ્ચિમ દ્વીપકલ્પીય વિસ્તારમાં થતો ખાદ્ય ફળનો ક્ષુપ. **L.** *indica* (**Burm f.**) **Merr.** (Syn. *L. sambucina* **Willd.**). ભારતભરમાં થતો મોટો ક્ષુપ. જેનાં મૂળ અતિસારમાં અને મરડામાં ઉપચાર તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે. **L.** *macrophylla* **Roxb. ex Hornem.** વનસ્પતિનો એક પ્રકાર, જેનાં મૂળ દાદર અને વાળામાં ઉપયોગમાં લેવામાં આવે છે. આ વનસ્પતિનાં પાન અને ફળ ખાદ્ય છે. **L.** *robusta* **Roxb.** સિક્કીમ, આસામ, પ. બંગાળ, ઓરિસ્સા, દક્ષિણ અને આંદામાનની વનસ્પતિ.

**leeches.** જળો; જમીન કે જળનાં જંતુ, જે ઢોર પર પરજીવી બને છે અને તેમને ભારે હાનિ પહોંચાડે છે; જેને તે વળગે તેનું તે લોહી ચૂસે છે અને સાથે સાથે ઘામાં લાળના ઉત્સેચકનો અંતઃક્ષેપ કરે છે, જેથી લોહી ગંઠાઈને બંધ પડતું નથી. આથી તેનો ભોગ બનતું પ્રાણી ધીમે ધીમે લોહી પીવાઈ જવાથી નબળું પડે છે.

**leechi.** લીચી.

**leek.** વિલાયતી લસણ; *Allium porrum* **L.** (*A. ampeloprasum* **L.**). એક દ્વિવર્ષાયુ છોડ; જેની કળી અને કુમળા પ્રકાંડને શાકમાં ખાઈ શકાય છે. વનસ્પતિના મૂળ આગળ કળી બાઝે અને ડુંગળી જેવો દેખાવ કરે છે.

**Leersia** *hexandra* **SW.** ઘાસચારા માટેની એક વનસ્પતિ.

**leg.** પગ, પાદ. **l. feathers.** પક્ષીનાં પગ પરનાં પીછાં **l. mange.** પક્ષીના પગમાં *Cnemidocoptes mutans*. નામના જંતુથી આવતી ખજવાળની અવસ્થા. **leggy.** લાંબા પ્રકાંડવાળો (છોડ).

**Leghorn.** ભૂમધ્ય સમુદ્રના પ્રદેશનાં મરઘાં – બતકાંની ઓલાદ, જેનું પક્ષી કદમાં નાનું, સક્રિય, સફેદ, કાળું અને બફ રંગનું હોય છે. તેનાં ઈંડાંનો વેપાર કરી શકાય છે. તેનું માંસ પણ ખાદ્ય છે.

**legume.** શિમ્બ, સિંગ, દ્વિ-સ્ફુટિત સિંગ. (૨) એક સ્ત્રી-કેસરી ફળ, જેનાં બીને વિખેરવા માટે કિનારી તથા મધ્ય શિરા આગળથી તે ફાટે છે. (૩) એક કોષી, બે પડદાંવાળી, બે ધારી અને કિનારી પર ફાટતી સિંગ કે ફળી. (૪) શિમ્બી કુળની શણ, સોયાબીન ઇ. જેવી વનસ્પતિ, જેને ફળ અને બી માટે વાવવામાં આવે છે, ઉપરાંત લીલા ખાતર અને સાઈલો બનાવવા માટે પણ તેને ઉગાડવામાં આવે છે; તેનાં મૂળ ઊંડે સુધી જાય છે. નાઇટ્રોજનનું તે સ્થિરીકરણ કરે છે. સિંગ અને બીમાં પુષ્કળ પ્રોટીન હોય છે અને ખનિજ તથા પ્રજીવકો પણ તેમાં હોય છે. **l. inoculation.** વાવવા અગાઉ, જમીનને અથવા શિમ્બી વર્ગની વનસ્પતિનાં બીને જીવાણુ સંવર્ધનનું દ્રવ્ય આપવામાં આવે છે, જેથી મૂળ પર જીવાણુવાળી ગાંઠ થાય છે અને છોડ વિકાસ પામે છે. **legumin.** વાનસ્પતિક કેસીન. (૨) શિમ્બી વર્ગની વનસ્પતિનું ગ્લોબ્યુલિન. **leguminous.** શિમ્બીવર્ગની ગમે તે વનસ્પતિ કે કાષ્ઠીય છોડ, શિમ્બી.

**Lehmann love grass.** *Eragrostis lehmanniana* **Nees.** નામનું, મૂળ અમેરિકાનું પણ અહીં જમીનના ધોવાણને રોકવા માટે અને ઘાસચારો મેળવવા વાવવામાં આવે છે.

**lemma.** બાહ્ય પુષ્પકવચ. (૨) બે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિપત્ર પેશીનું નીચેનું નિપત્ર.

**lemon.** લીંબું; નારંગી વર્ગનું *Citrus limon* (**L.**) **Burm. f.** (*C. medica* **L.** var. *limon* **L.**; *C. limonum* **Risso.**; *C. medica* var. *limonum* **Wight & Arn.**). ઈ. નામધારી અંડાકાર, થોડાં બીવાળું ફળ, જેનો મોટા ભાગે અથાણાં, સરબત અને મીઠાઈ બનાવવા માટે ઉપયોગ થાય છે, ઉપરાંત તેમાં સાઈટ્રિક ઍસિડ હોય છે. **l. butterfly.** *Papilio demoleus* **L.** નામનું લીંબુમાં પડતું જંતુ, જેની ઈયળ તેનાં પાન કોરી ખાય છે. **l.-grass.** લેમનગ્રાસ નામનું તૃણ, જેનું તેલ સુગંધી દ્રવ્યો બનાવવા ઉપયોગમાં લેવામાં આવે છે. **l. g. oil.** લેમનગ્રાસનું તેલ, જેનો ભારતીય પ્રકાર દુનિયાભરની લેમન ગ્રાસના તેલનો 80 ટકા હિસ્સો ધરાવે છે. **l.-scented Spotted Gum.** *Eucalyptus citriodora* **Hook.** નામનું ઑસ્ટ્રેલિયાના ક્વિન્સલૅંડ રાજ્યમાં થતું યુકેલિપ્ટસનું ઝાડ, જેનું કાષ્ઠ બળતણ તરીકે તથા ઘર બાંધવાના કામમાં આવે છે, અને તેનાં પાનમાંથી તેલ કાઢવામાં આવે છે. **l.-vine.** ખાદ્ય કળીવાળી વેલ.

**Lens** *culinaris* **Medic.** (Syn. *L. esculenta* **Moench**; *Ervum lens* **L.**). મસૂર નામની શાકીય વનસ્પતિ, જેને આન્ધ્રપ્રદેશ, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ, ઉત્તરપ્રદેશ, રાજસ્થાન અને પ. બંગાળમાં તેનાં ખાદ્ય બી – મસૂરની દાળ માટે વાવવામાં આવે છે. પાન અને પ્રકાંડનો ઘાસચારો થાય છે. **L.** *phaseoloides* **L.** મધ્ય અને પૂર્વ હિમાલય, પ. બંગાળ, ઓરિસા, બિહાર અને ઉત્તરપ્રદેશનો મોટો ક્ષુપ. **lenticular.** મસુરાકાર. **lentil.** મસૂર; *Lens culinaris* **Medic**; *L. esculenta* **Moench**; *Ervum lens* **L.** નામની ઉત્તર ભારત મધ્યપ્રદેશ, અને ગુજરાતમાં થતી વનસ્પતિ, જેની દાળ એટલે મસૂર ખાવાના કામમાં આવે છે, જેનાં સૂકાં પાન, પ્રકાંડ, છોડાં, ભાંગેલા દાણા ઢોરને ખોરાક તરીકે આપવામાં આવે છે. **l. dry root rot.** *Macrophomina phaseoli.* નામના જંતુથી મસૂરને થતો એક રોગ. **l. rust.** *uromyces fabae.*થી મસૂરને થતો રોગ. **l. wilt.** *Fusarium orthoceras* var. *lentidis.* નામના જંતુથી મસૂરને થતો એક રોગ.

**lenticel.** વાતરંધ્ર; વનસ્પતિની કાંઠ કે ફળના બાહ્યાવરણ પરનું છિદ્ર, જે દ્વારા અંતઃપેશી અને બાહ્ય વાતાવરણની વચ્ચે વાયુનો વિનિમય થાય છે.

**Leonotis** *nepetaefolia* (**L.**) **W. Ait.** દીપમાળ નામની શાકીય વનસ્પતિ, જેનાં ફૂલની રાખ દાદર અને ચામડી ખંજવાળમાં ઉપયોગમાં લેવામાં આવે છે.

**Leonurus** *cardiaca* **L.** (Syn. *Cardiaca vulgaris* **Moench.**). કાશ્મીર, કુમાઉ અને પંજાબમાં થતી દીર્ઘાયુ શાકીય વનસ્પતિ, જેમાંથી ઘેરો – ઑલિવ – લીલો રંગ મળે છે, ઉપરાંત આ વનસ્પતિ પેટની ગરબડમાં ઉપયોગમાં લેવામાં આવે છે.

**Lepidium** *sativum* **L.** અશેળિયો નામની વનસ્પતિ, જેના કુમળાં અને પરિપક્વ બી શાકભાજી અને દાળ તરીકે ખાવાના કામમાં આવે છે.

**Lepidoptera.** પતંગિયા અને ફૂદાં વર્ગના ભિંગડાંવાળી પાંખ ધરાવતા કીટની શ્રેણી.

**Lepironia** *articulata* (**Retz.**) **Domin** (Syn. *L. mucronata* **Rich.**). એક દીર્ઘાયુ વનસ્પતિ, જેનાં ટોપલા, ટોપલીઓ તથા સાદડીઓ બનાવવામાં આવે છે.

**Lepisma** *saccharina* **L.** કંસારી, જે લોટ, અને અન્ય ખાદ્ય વસ્તુઓ પર જીવન ગુજારે છે.

**Leprosis.** કોઢ, કુષ્ટરોગ.

**Leptadenia** *pyrotechnica* (**Forsk.**) **Decne.** (*L. spartium* **Wight.**). નામનો ગુજરાત, પંજાબ, ઉત્તર

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રદેશ, રાજસ્થાન ઇ.નો ખાદ્ય ફળનો ક્ષુપ.

**leptocephalus.** ઈયળનું ચપટું, પારદર્શક પટ્ટીજેવું બચ્ચું.

**Leptocorisa** *acuta.* ડાંગરની કંટીનાં ચૂસિયાં જંતુ. **L.** *varicornis.* ડાંગરની કંટીમાં થતું ચૂસિયાં જંતુ.

**leptonema.** ભિન્ન સૂત્રીભવન.

**leptospira.** અતિકુંતલાણુ.

**Leptothyrium** *pomi* **Mont. Fr.**) સફરજનનો રોગકારીજંતુ.

**lesion.** ક્ષત, વ્રણ, ઘા.

**Lespedeza** *sericea.* **Miq. non Benth.** ઘાસચારા માટેની વનસ્પતિ. **L.** *striata* (**Thunb.**) **Hook & Arn.** ઘાસચારાની વનસ્પતિ.

**lesser grain borer.** *Rhizopertha dominica* **Fabr.** નામનો ભંડારમાં સંઘરેલા સઘળા પ્રકારનાં ધાન્યમાં પડતો કીટ, જે લોટ અને ફળમાં પણ પડે છે. **l. wax moth.** *Achroia grisella* **F.** મધપૂડાની ઈયળ, જે મધપૂડાના બાહ્ય ભાગને ખાય છે. **l. yam.** *Dioscorea esculenta* (**Lour.**) **Burkill** (*D. aculeata* **L.**; *D. fasciculata* **Roxb.**). નામનો મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, ઓરિસા, પ. બંગાળ અને આસામમાં થતો ખાદ્ય મૂળનો ક્ષુપ.

**let down milk.** દૂધના સ્રાવને પ્રેરવા આંચળનું મર્દન કરવું કે વાછરડાને થોડું ધાવવા દેવું.

**lethal.** ઘાતક, મૃત્યુજનક, મારક. **l. dose.** ઘાતક માત્રા. **l. factor.** ઘાતક કારક. **l. gene.** સજીવ કે કોષનું મૃત્યુ નીપજાવનાર જનિન.

**letpet.** જંગલી ચા; ચાની અવેજીમાં ઉપયોગમાં લઈ શકાય તેવાં પાનવાળી વનસ્પતિ.

**lettuce.** સલાડની ભાજી; *Lectuca sativa* **L** નામની વર્ષાયુ શાકીય વનસ્પતિ.

**leucaemia, leukaemia, leukemia** અપક્વ શ્વેતકણાધિક્ય. (૨) શરીરના કેટલાક ભાગમાં પ્રાણીઓને થતો લસિકાગ્રંથિના સોજાનો રોગ, જેમાં શ્વાસ લેવામાં તકલીફ પડે, પાચનતંત્ર શિથિલ બને અને ચાલવામાં મુશ્કેલી લાગે.

**Leucadendron** *argenteum* **R. Br.** મૂળ દ. આફ્રિકાનું, સુંવાળું રેશમ જેવાં પાન ધરાવતું ઝાડ, જે પાનની સાદડીઓ અને શોખની વસ્તુઓ બનાવવામાં આવે છે.

**Leucaena** *glauca* **Benth.** વિલાયતી બાવળ, લાસો બાવળ, જેનાં કૂમળાં ફળ અને બી ખાદ્ય છે અને પાનનો ઘાસચારો થાય છે. **L.** *leucocephala* (**Lamk.**) **de Wit.** લાસો બાવળ, વિલાયતી બાવળ, મૂળ અમેરિકાનું ખાદ્ય ફળ અને બીનું ઝાડ.

**Leucas** *aspera* (**Willd.**) **Spreng.** કુબી, કુબો; શરદી અને કફમાં ઉપયોગી બનતી વનસ્પતિ. *L. cephalotes* (**Roth**) **Spreng.** ખેતરાઉકુબો, કોશીનોકુબો, જેનાં ફૂલ કફ અને શરદીમાં ઉપયોગી અને છે. *L. linifolia* **Spreng.** ઝીણાં પાનનો કુબો. *L. longifolia.* લાંબાં પાનનો કુબો. *L. stelligera,* ડુંગરાઉ કુબો. *L. urticaefolia* કુબો.

**Leucinodes** *orbonalis.* રીંગણીનો કીટ.

**Leuco-.** શ્વેત અર્થસૂચક પૂર્વગ.

**leucocyte** શ્વેતરક્તકોષ. (૨) અસ્થિમજ્જામાં થતો અને અમિબાના પ્રચલન જેવો રંગવિહીન જીવરસ; જેના ઘણા પ્રકાર સૂક્ષ્મ સજીવોનો નાશ કરે છે અને લોહી તથા પેશીમાં આવેલા બાહ્ય દ્રવ્યને દૂર કરે છે. **leucocytozoon infection.** ટર્કી અને બીજાં પક્ષીને *Leucocytozoon* નામના પરજીવીનો લાગતો ચેપ.

**leucoplastid.** શ્વેતકણ.

**leucophyll.** શ્વેતપર્ણ.

**leucosin.** ઘણાં ધાન્યોમાં રહેલું એલ્બ્યુમિન દ્રવ્ય.

**leukaemia, leukemia, leucaemia.** જુઓ **leucaemia.**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**Levant cotton.** એક પ્રકારનો કપાસનો છોડ. **l. nut.** એક પ્રકારનો આરોહી ક્ષુપ;

**levee.** પૂર દરમિયાન નીચાણવાળી મીનમાં પાણી ભરાઈ જાય નહિ તે માટે ઠેકઠેકાણે કરવામાં આવતા માટીના બંધો.

**Leveillula** *taurica.* શણ, ટમેટાં, કપાસ ઇ.ને રોગ કરનાર જંતુ.

**level.** સમતળ સપાટ, સ્તર. (૨) સોપાન બનાવવા, સમક્ષિતિજ રેખાઓને, જુદી જુદી ઊંચાઈ પર લાવવા માટેનું સાધન. (૩) કોઈ મિશ્રણમાં રહેલા ઘટકોનું પ્રમાણ. (૪) જમીનને સમતળ બનાવવી. **l. of significance.** સાર્થકતાની કક્ષા **l. terrace.** સોપાન બનાવવાં. **leveller** જમીનને સમતળ બનાવવા ઉપયોગમાં લેવામાં આવતું પાટિયું; જેથી જમીન એક સરખી બને, અને માટીનાં ઢેફાં ભાગે. **levelling board.** જમીનને સમતલ બનાવવા ઉપયોગમાં લેવામાં આવતું પાટિયું.

**lever.** ઉત્તોલક. **l., gang** ગેંગ ઉત્તોલક. **l., master** પ્રમુખ – મુખ્ય ઉત્તોલક. **l., spacing** અંતરક – વચ્ચે જગ્યા – અવકાશ બનાવનાર ઉત્તોલક.

**levorotation.** વામ – ડાબી તરફનું ભ્રમણ. **levorotatory.** વામાવર્ત.

**levulose.** ફળ શર્કરા.

**levy.** આકારણી. (૨) મહેસૂલ ઉઘરાવવું (૩) ફરજિયાત પ્રાપ્તિ લેવી.

**ley farming.** કૃષિ ધાન્યની સાથે વારાફરતી ઘાસ વાવવા, જેથી જમીનની ફળદ્રુપતામાં વધારો થાય, ઢોરને જરૂરી ચારો મળી રહે અને જમીનની સંરચના જળવાઈ રહે.

**liability.** દેયતા, જવાબદારી.

**liane.** કાષ્ઠીય આરોહી વનસ્પતિ.

**liberation cutting.** નાનાં ઝાડ બરાબર વિકસી શકે તે માટે તેના પર છાંયો કરનાર મોટાં ઝાડની છાંયો આપતી ડાળીઓ ન કાપવી.

**Liberian coffee.** પશ્ચિમ આફ્રિકામાં થતો *Coffea liberica* **Hiern.** નામનો કોફીના બુંદદાણાનો છોડ, જે હવે અહીં તામિલનાડુ અને કેરળમાં પણ વાવવામાં આવે છે.

**lice.** જૂ, યૂકા. (૨) માણસો, પશુઓ અને પક્ષીઓને કરડતું, તેમના લોહીને ચૂસતું ઊડી ન શકતું, નાનું જંતુ.

**lichens.** શૈવાક; લીલની સાથે પારસ્પરિક સહજીવનવૃદ્ધિ પામતી સમાનસંરચના ધરાવતી ફૂગની એક જાત.

**lichi.** લીચી.

**lick.** પશુઓને ખોરાકમાં મીઠું મળી રહે તે માટે તેમને પૂરક ખોરાક તરીકે પૂરા પાડવામાં આવતા મીઠાના ગાંગડા.

**licorice.** જેઠીમધ; જુઓ *liquorice.*

**Licuala** *peltata* **Roxb.** એક વૃક્ષ, જેનાં પાનનાં છાપરાં છાવવામાં આવે છે.

**Liebigs law of the Minimum.** વનસ્પતિની વૃદ્ધિ માટે આવશ્યક ઓછામાં ઓછાં પ્રમાણ ધરાવતાં પોષક તત્ત્વો અંગેનો બેરન વોન લાઈબિગનો નિયમ.

**lie dormant.** અંકુરિત ન બનવું, સુષુપ્ત પડી રહેવું. **l. idle.** (પાક લીધા વિના ખેતરને) નિષ્ક્રિય પડયા રહેવા દેવું.

**life** જીવન. **l. cycle.** જીવનચક્ર, વ્યક્તિગત જાતિ પુખ્તાવસ્થા પ્રાપ્ત કરે ત્યાં સુધીની અવસ્થાઓ. **l. history.** જીવનવૃત્ત. **l. irrigation.** ધરુ રોપતી વખતે પહેલી સિંચાઈ આપ્યા પછી 3 કે 5 દિવસ બાદ આપવામાં આવતી સિંચાઈ, જેથી નવા રોપને પોષણ મળે અને સ્થિર થવામાં તેને સહાય મળે.

**lift.** જળાશય, કુવા, નદી ઇ.માંથી પાણી ઊંચે ચડાવવું-ઊંચકવું. **l., hydraulic** દ્રવચાલિત – હાઇડ્રૉલિક લિફ્ટ. **l., mechanical** યંત્રચાલિત લિફ્ટ. **l., neumatic** વાતચાલિત લિફ્ટ. **l. irrigation.** લિફ્ટ દ્વારા આપવામાં આવતી સિંચાઈ. **lifting.** રોપ કે ધરુની પુનઃ રોપણી કરવા અગાઉ તેને ઉછેરગૃહ કે ક્યારામાંથી કાઢવા.

**ligament.** બંધની; અસ્થિ, કાસ્થિ ઇ.ને

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જોડનાર અને તેમને તેમનાં સ્થાનમાં રાખનાર સખત, ઘન, તંતુમય બંધન કે પડ. **ligate.** તૂટેલી રક્તવાહિનીને બાંધી લેવી. **ligature.** રક્તવાહિની કે કોઈ સંરચનાને સંકોચવા તેને બાંધવામાં ઉપયોગી બનતી દોરી, તાર કે તેવું કોઈ સાધન; બંધ.

**light.** પ્રકાશ. (૨) સાધારણ માનવ આંખની દૃશ્ય મર્યાદામાં રહેલી તરંગ લંબાઈ ધરાવતી વિકિરક ઊર્જા, અને તેનો વિસ્તાર થતાં લાંબી અને ટૂંકી તરંગ લંબાઈ મેળવતાં તે પારજાંબલી અને અવરક્ત પ્રકાશ બને, જે આંખ માટે દૃશ્યમાન બનતો નથી. વધારે પડતા પ્રકાશના પરિણામે વનસ્પતિનો હરિતરંગ ઝાંખો બને છે અને તે અપૂરતો હોય તો હરિતપર્ણો બને નહિ. ફળના રંગનો આધાર પણ પ્રકાશ છે. જુઓ *phototropism*, *photosynthesis* અને *photo periodism*. (૩) (વજનમાં) હલકું. **l. demander.** પોતાના શ્રેષ્ઠ વિકાસ માટે પુષ્કળ પ્રમાણમાં પ્રકાશની આવશ્યકતા ધરાવતી (વનસ્પતિ). **l. float.** વિસ્તારિત વાયુકોષ અને ઘેરા રંગની જરદીવાળાં ઈંડાં, જેનો દેખાવ ગરમી આપેલા જેવો હોય છે. સૂર્યના પ્રકાશમાં કે ગરમ જગ્યામાં ઈંડાંને રાખવાથી આવી અવસ્થા થાય છે. **l. grazing.** કોઈ વિસ્તારમાં ઢોરને થોડાં ચરવા દેવાં. **l. harrow.** હલકી ખરપડી. **l. period.** વનસ્પતિનાં વૃદ્ધિ-વિકાસ માટે જરૂરી બનતો પ્રકાશ સમય. જુઓ *photoperiodism*. **l. plucking.** ચાનાં પાંદડાંને છોડ પરથી ઉતારવાં. **l. ration.** મર્યાદિત કે ઓછા પ્રમાણમાં આપવામાં આવતું રાશન – ખોરાક. **l. reaction.** પ્રકાશાધિન પ્રતિક્રિયા. **l. soil.** રેતાળ જમીન જેવી જમીન, જેમાં ઓજારોનો ઉપયોગ અને ખેડકામ સરળતાથી થઈ શકતું હોય; હલકી જમીન. **L. Sussex.** સસેક્સ ઓલાદનાં મરઘાં, ભારતમાં તે ઉનાળામાં ઈંડાં મૂકે છે.

**lightning.** વીજળી.

**lights.** સાફ કરેલાં પ્રાણી કે પક્ષીનાં ફેફસાં.

**ligneous.** કાષ્ઠવત્, કાષ્ઠનાં લક્ષણો ધરાવતું. **lignification.** કાષ્ઠ નિર્માણની પ્રક્રિયા, લિગ્નિનના કારણે વનસ્પતિની દીવાલનું સ્થૂલન થાય તે.

**lignified.** કાષ્ઠીભૂત. **lignin.** વનસ્પતિની કોષ દીવાલોને સ્થૂલિત બનાવનાર સેલ્યુલોસની સાથેનું જટિલ દ્રવ્ય, આમ થતાં કાષ્ઠનું નિર્માણ થાય છે. **lignocellulose.** મુખ્યત્વે કાષ્ઠીય પેશીનું નિર્માણ કરતું દ્રવ્ય.

**ligulate.** જિહ્વાયુક્ત. **ligule.** જિહ્વા. (૨) પર્ણદલ, પર્ણપ્રાવર કે પર્ણવૃંતના સંધિસ્થાન પર થતો ત્વચીય પ્રવર્ધ. (૩) જિહ્વાકાર દલપુંજ

**Ligustrum** *compactum* **Hook. f. & Thoms.** મધમાખના ચારા માટે ઉપયોગી ક્ષુપ.

**Lilium** *candidum* **L.** એક દીર્ઘાયુ વનસ્પતિ, જે શોભા માટે વવાય છે.

**lima bean.** *Phaseolus limensis* **Macf.** નામની બી ધરાવતી આરોહી વનસ્પતિ, જેનાં બી કઠોળ તરીકે ખાવામાં ઉપયોગી બને છે. **l. b. anthracnose.** *Colletotrichum lindemuthianum.* નામના જંતુથી લિમા બીનને થતો રૂક્ષરોગ. **l. b. ashy stem blight.** *Macrophomina phaseoli.* નામના જંતુથી લિમા બીનને થતો રોગ. **l. b. common and yellow mosaic.** લિમા બીનને થતો વિષાણુજન્ય રોગ. **l. b. leaf spot.** *Cercospora cruenta*.થી લિમા બીનને થતો એક રોગ. **l. b. powdery mildew.** *Erysiphe polygoni*.થી લિમા બીને થતો રોગ. **l. b. rust.** *Uromyces appendiculatus.* જંતુથી લિમા બીનને થતો ગેરુનો રોગ.

**limb.** શાખા. (૨) બાહુ, પાદ, પક્ષ, પાંખ. (૩) અંગ. **l., fore** અગ્રપાદ,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આગલા પગ, આગલું અંગ, અગ્રઅંગ. **l., hind** પશ્ચપાદ, પાછલા પગ, પશ્ચાંગ.

**lime.** ચૂનો, કેલ્શિયમ ઑક્સાઇડ; આમાં કેલ્શિયમ કાર્બોનેટ ($CaCO_3$), કેલ્શિયમ હાઇડ્રોક્સાઇડ [$Ca(OH)_2$]નો સમાવેશ થાય છે, જેનો ઉપયોગ અમ્લ જમીનોની અમ્લતાને તટસ્થ કરવા માટે થાય છે. આલ્કલી જમીન પર તેનો ઉપયોગ કરવાથી ફળ છોડને હાનિ પહોંચે છે. જમીનના pH મૂલ્યને ઠીક કરવા ભીના કે ભેજવાળા વિસ્તારને માટે તે ઉપયોગી બને છે અને અપક્ષાલનથી મેગ્નેશિયમ ધોવાઈ જતું અટકાવવા પણ તે ઉપયોગી બને છે. (૨) લીંબુ, કંટાળા સદાહરિત ઝાડનું ફળ. **l., quick** કળી ચૂનો. **l. -berry.** *Triphasia trifolia* (**Burm f.**). **P. Wilson** (*T. trifoliata* **DC.**, *Limonia trifolia* **Burn f.**). નામની નારંગીકુળની ફળવાળી વનસ્પતિ. **l. pan.** કેલ્શિયમ કાર્બોનેટના અવક્ષેપથી સખત બનેલા મૃદાકણો. **l. sulphur.** ઊબના નિયંત્રણ માટે ઉપયોગમાં લેવામાં આવતું દ્રવ્ય.

**liming.** જમીનની અમ્લતા દૂર કરવા ચૂનાનો કરવામાં આવતો ઉપયોગ, જેથી જમીનના રગના સુધરે છે અને વનસ્પતિના પોષક દ્રવ્ય તરીકે તે દ્વારા કેલ્શિયમ મળે છે.

**limestone.** ચૂનાનો પથ્થર. **l. st. chips.** ચૂનાના પથ્થરના નાના ટુકડા. **l. st. grit.** ચૂનાના નાના પથ્થર, જે મરઘાંને ખોરાક તરીકે આપવામાં આવે છે. **l. st. material.** ચૂનાના પથ્થરનો ઝીણો ભૂકો, બાળેલો ચૂનો, કાગળની મિલ, ખાંડ અને ખાતરનાં કારખાનાંમાંનો કચરો ઇ. જમીનને ચૂનો આપવા માટેનાં દ્રવ્યો છે.

**Limnanthemum** *cristatum* **Griseb.** એક પ્રકારની શાકીય વનસ્પતિ, જે તાવ અને કમળામાં ઔષધ તરીકે ઉપયોગી બને છે.

**limno—.** શુદ્ધ જળ, સરોવર ઇ. અર્થસૂચક પૂર્વગ. **limnology.** સરોવર જીવનની વિદ્યા; સરોવરની ભૌતિક ઘટનાની વિદ્યા.

**Limnophila** *indica* (**L.**) **Druce** (Syn. *L. gratioloides* **R.Br.**). એક ચેપરક્ષક વનસ્પતિ, જેનો ઉપયોગ હાથીપગા રોગમાં દીપરેલની સાથે થાય છે. *L. rugosa.* (**Roth**) **Merr.** (Syn. *L. roxburghii* **G. Don.**). એક વનસ્પતિ, જેનાં સુવાસિત પાન રસોઈકામમાં ઉપયોગી બને છે, ઉપરાંત તે વાળને સુવાસિત બનાવે છે. જેનો ગુંદર મળે છે અને જેની કાષ્ઠની લાકડીઓ બને છે.

**Limonia** *acidissima* **L.** હિંદીમાં કુનથ્થ તરીકે ઓળખાતું એક ઝાડ. *L. monophylla* **Roxb. non L.** કર્ણાટક, મહારાષ્ટ્ર, તામીલનાડુ, પશ્ચિમઘાટ, આન્ધ્રપ્રદેશ અને આસામમાં થતો એક ક્ષુપ, જેનાં ફળમાંથી કાઢવામાં આવતું તેલ સંધિવા અને પક્ષાઘાતમાં કામમાં આવે છે. *L. trifolia* **Burm f.** ખાદ્ય ફળની વનસ્પતિ.

**limonite.** 2 $Fe_2O_3 \cdot 3H_2O$,. હાઇડ્રૂસ ફેરિક્ની ઑક્સાઇડ ઑફ આયર્ન, જમીનના પીળા, રાતા અને બદામી રંગનો મૂળ સ્રોત.

**Linaria** *maroccana* **Hook f.** મૂળ મોરોક્કોની શોભા માટે વાવવામાં આવતી શાકીય વનસ્પતિ.

**Linda** *nigroscultata.* સફરજનને કોરનાર કીટ.

**lindane.** બેન્ઝીન હેક્સાક્લોરાઇડનું 99 ટકા ગામા આઈસોમર, જે જઠર અને સ્પર્શીય જંતુઘ્ન તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે. ઉપરાંત ધુમાડો આપવા માટે પણ તે ઉપયોગી છે. છંટકાવ કરવા ભૂકારૂપે, પાણી દ્વારા પ્રસારવા માટે અને પાયસ – ઈમલ્ઝાન તરીકે પણ તે મળે છે.

**Lindenbergia** *indica* (**L.**)**Vatke** (Syn *L. urticaefolia* **Lehm.**) ભીંતચટ્ટી, જેનો રસ શરદીમાં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપયોગી બને છે.

**line.** હીંદી, રેખા. **l. breeding.** અર્ધ-નિકટ અંતઃ પ્રજનન: એક જ વંશની માદાની સાથે સતત નરપ્રાણીથી પ્રજનન કરાવવું, જેથી ઇચ્છિત લક્ષણોવાળી સંતતિ પેદા થાય. કેટલીક ઇચ્છનીય વ્યક્તિઓ વચ્ચે અંતઃ પ્રજનન કરાવવાની ચોક્કસ પદ્ધતિ. **l.-sowing.** ચોક્કસ અંતર પર પંક્તિવાર બી વાવવાની પદ્ધતિ: બળદ દ્વારા કરવામાં આવતી ખેતી કે આંતરખેડ અને ખાતર માટે આ પદ્ધતિ ઉપયોગી બને છે અને વનસ્પતિના ઊગવા માટે ઉચ્ચતમ પરિસ્થિતિનું તે નિર્માણ કરે છે. **linear.** રેખામાં, રેખીય, પટ્ટી કે સૂત્ર જેવું. **lined channel.** કૉંક્રીટ, પથ્થર કે ઈંટનું ચણતર કામ કરીને, કે કુદરતી માટી, મુરમના નળિયાં કે બિટયુમિનસ પદાર્થોથી સિંચાઈ માટે બનાવેલી નાળી કે નીક. આ પ્રમાણે કરવાથી પાણી વહી જવાથી થનાર નુકસાનને નીવારી શકાય છે અને લીલ કે ઘાસપાસ થવા માટે કોઈ અવકાશ રહેતો નથી.

**lingri.** 4,000થી 12,000 ફૂટની ઊંચાઈ પર હિમાલયમાં થતી વનસ્પતિનો એક પ્રકાર.

**liniment.** મોચ, મચકોડ, ઉઝરડા ઇ. માટે ચોળવાનું દ્રવ્ય: ચોળવાની દવા.

**linkage.** એક જ રંગસૂત્રોમાં ભૌતિક રીતે રહેતાં લક્ષણ નિર્માણની જનિનના કારણે થતી સહલગ્નતા. **l., sex** લિંગ સહલગ્નતા. **l. group.** સહલગ્ન સમૂહ. **l. theory.** સહલગ્નતા સિદ્ધાંત.

**Linnanthemum** *cristatum.* કુમુદિની. **L.** *indicum.* કુમુદ.

**Linognathus** *pedalis.* લોહી ચૂસતી જૂ. **L.** *setosus.* લોહી ચૂસતી જૂ. **L.** *stenopsis.* લોહી ચૂસતી જૂ. **L.** *vituli.* લોહી ચૂસતી જૂ.

**linseed.** અળશી; *Linum usitatissimum* **L.** નામની વર્ષાયુ તેલીબિયાંની શાકીય વનસ્પતિ, જેનાં બીમાંથી કાઢવામાં આવતું અળશીનું તેલ વાર્નિશ, સાબુ અને છાપવા માટેની શાહી બનાવવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે. તેના સાંઠા કે પ્રકાંડનું બળતણ થાય છે અને તેમાંથી જાડા રેસા બનાવવામાં આવે છે. આ વનસ્પતિ ભારત ઉપરાંત આર્જેન્ટિના, સોવિયેટ રશિયા અને અમેરિકામાં થાય છે. **l. aphid.** *Myzus persicae* **Sulz.** નામનું અળશીમાં પડતું મલોમશી. **l. blight.** *Alternaria lini.* નામના જંતુથી અળશીને થતો એક રોગ **l. cutworm.** *Agrotis spp.* નામની અળશીના મૂળ આગળ થતી ઇયળ, જે, છોડના મૂળને કાપી ખાય છે. **l. gall fly.** *Dasyneura lini* **Barnes.** નામનું અળશી અને તલને નુકસાન કરતું જંતુ. **l. oil.** અળશીનું તેલ; અળશીનાં બીમાંથી કાઢવામાં આવતું આ તેલ, રંગ, વાર્નિશ, છાપવાની શાહી, ઑઇલ ક્લોથ અને વૉટરપ્રૂફ કાપડ બનાવવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે. **l. o. cake.** અળશીના બીમાંથી તેલ કાઢી લીધા બાદ અવશેષ રહેતો ખોળ ઢોરના ખોરાક અને ખાતર તરીકે ઉપયોગમાં આવે છે. **l. rust.** *Melampsora lini* (**Pers.**) **Lev.** નામના બીજાણુથી અળશીને થતો ગેરૂનો રોગ. **Linum** *grandiflorum* **Desf.** var. *rubrum* **Vilm.** અળશીવર્ગની મૂળ ઉત્તર આફ્રિકાની પણ અહીં શોભા માટે ઉગાડવામાં આવતી વનસ્પતિ. **L.** *mysorensis* **Heyne.** અળશી વર્ગની ઉંદરી નામની વનસ્પતિ. **L.** *usitatissimum* **L.** અળશી; મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, મહારાષ્ટ્ર, બિહાર અને રાજસ્થાનમાં થતો અળશી વર્ગનો છોડ, જેના પ્રકાંડના રેસાનો ઉપયોગ કાપડ, દોરા અને વિંટાળવાના કાગળ બનાવવા માટે કરવામાં આવે છે. અળશીનું તેલ વાર્નિશ, સાબુ અને છાપવાની શાહી બનાવવા ઉપયોગમાં લેવામાં આવે છે.

**lint.** રૂનું તંતુ, રૂ. (૨) કપાસિયાના

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અધિચર્મના રોમ. (૩) કપાસિયાને લોઢીને તેમાંથી છૂટું પાડવામાં આવતું રૂ. (૪) ઘાની સારવારમાં ઉપયોગમાં લેવામાં આવતું ઔષધીય રૂ. **l. cotton.** કપાસિયામાંથી દૂર કરવામાં આવતા રૂના તંતુ. **l. fibre.** 5/16થી $2\frac{1}{4}$ ઇંચ લાંબો અને વિવિધ વ્યાસ ધરાવતો રૂનો તંતુ, જેની સળંગ લંબાઈનું ખાલી કોતર હોય છે અને કોષની પહોળાઈનો $\frac{1}{3}$ ભાગ હોય છે. તેનું પક્વ, અર્ધપક્વ અને અપક્વ એ પ્રમાણે વર્ગીકરણ થાય છે. **l. frequency.** દર વર્ગ સપાટીએ, એકસરખા રૂના તંતુનું ગ્રામમાં વજન. **l. hair.** રૂ. **l. index.** 100 કપાસિયા દીઠ, તેમાંથી કાઢેલા રૂનું કરવામાં આવતું વજન. **l. percentage.** કપાસિયાને લોઢયા બાદ મળતા રૂની ટકાવારી. **linters.** કપાસિયામાંથી દૂર કરવામાં આવેલા રૂના તાંતણા.

**Lipaphis** *erysimi*. રાઈમાં પડતું મલોમશી જંતુ.

**lipase.** લોહી, વિવિધ વનસ્પતિ અને પ્રાણીઓનાં અંગોમાંની ચરબીનું વિઘટન કરતો ઉત્સેચક. (૨) દૂધમાં જોવામાં આવતું કડવી અને સાબુની વાસવાળું દ્રવ્ય, લાઇપેસ.

**Lipeurus** *caponis*. કરડતી જૂ. **L.** *heterographus*. કરડતી જૂ. **L.** *variabilis* કરડતી જૂ.

**lipid.** મેદ, તેલ જેવું દ્રવ્ય. **lipide.** વનસ્પતિ અને પ્રાણીઓમાં જણાતું, સ્ટેરોલ, કેરોટીન અને ટર્પીન જેવું મેદદ્રાવ્ય દ્રવ્ય. **lipoid.** મેદીય દ્રવ્ય; ચરબી કે ચરબીજ પેશી જેવું. **lipolysis.** ઉત્સેચકો, ઍસિડ, આલ્કલી અને અન્ય રીતે ચરબીનું ગ્લિસેરોલ અને મેદીય ઍસિડ મેળવવા માટે કરવામાં આવતું જલ – વિશ્લેષણ. **lipolytic organism.** ચરબીનું રાસાયણિક વિઘટન કરનાર સજીવ. **lipoprotein.** મેદયુક્ત પ્રોટીન.

**Liponyssus** *bursa*. પક્ષીની પાંખમાં તથા ગુદાદ્વારમાં ઈંડાં મૂકતી ઈતડી.

**lippia.** રતવેલિયો **Lippia** *nodiflora* **Rich** [Syn. *Phyla nodiflora* **(L.) Greene.**]. એક અળશી વર્ગની વનસ્પતિ.

**liquefaction.** જલીકરણ, જલાન્વીપીકરણ, કોઈ દ્રવ્યનું થતું જલીકરણ. **liquescent.** પ્રવાહી બનતું - બનવાની ક્ષમતાવાળું. **liquid.** પ્રવાહી, તરલ. **l. endosperm.** પ્રવાહી ભ્રૂણપોષ. **l. fertilizers.** જલદ્રાવ્ય કે પ્રવાહીરૂપે વનસ્પતિને આપવામાં આવતાં પોષક દ્રવ્યો, ખાતરો. **l. manures.** મુખ્યત્વે મૂત્રમય, પ્રાણીઓનાં પ્રવાહી ઉત્સર્ગ દ્રવ્યો, જે ખાતર તરીકે ઉપયોગમાં આવે છે.

**Liquidambar** *orientalis* **Mill.** શીલારસ; જેમાંથી મળતું સ્ટિરેક્સ નામનું રેઝિન ધુમાડો કરવા માટે તથા સાબુ અને વિવિધ પ્રકારનાં સુગંધી દ્રવ્યો બનાવવા ઉપયોગમાં લેવામાં આવે છે.

**liquorice. licorice.** જેઠીમધ, *Glycyrrhiza glabra* **L.** નામની મૂળ ભૂમધ્ય પ્રદેશની પણ પંજાબ, જમ્મુ અને કાશ્મીરમાં થતી વનસ્પતિ; જેનાં મૂળમાંથી કાઢવામાં આવતો રસ મીઠાઈ બનાવવા અને તમાકુ ઉદ્યોગમાં સુવાસ આપવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે; ઉપરાંત ટૉનિક મંદ રેચક તરીકે તથા શરદી, કફ અને ગળાના દર્દમાં તે ઉપયોગી બને છે.

**Lisbon lemon.** લીંબુનો એક પ્રકાર.

**list.** સૂચિ, યાદી. (૨) બે ચાસને ભેગા કરતા રચાતી કિનારી કે ધાર. **lister.** કિનારી અને ચાસ બનાવવા માટે ઉપયોગમાં લેવામાં આવતું બળદકર્ષિત બેવડું મોલ્ડબોર્ડ સાધન, જે કદ અને ઊંડાણ મેળવવા ફેરવી શકાય છે.

**Litchi. leechee. Lichi.** *Litchi chinensis* **Gaertn Soun.** ( *Vephelium litchi* **Camb.**; *Dimocarpus litchi* **Lour.**). ઉ. નામવાળું મૂળ અગ્નિ ચીનનું પણ અહીં ઉત્તર બિહાર, પંજાબ, ઉત્તરપ્રદેશ અને પ. બંગાળમાં થતું લાલી-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નામનું ફળ. **l.** *chinensis.* (**Gaertn**) **Sonn.** લીચી.**l. fruitstone borer.** *Argyroploce illepida* **But.** નામની લીચીમાં પડતી ઇયળ, જે ફળને કોરી ખાય છે, જેથી ફળ ખાઈ શકાતું નથી. **l. leaf-curl mite.** *Eriophyes sp.* નામની લીચીની ઈતડી, જે લીચીનાં પાનને વાળે છે.

**litho—.** શૈલ, પથ્થર અર્થસૂચક પૂર્વગ.

**lithochromic soil.** જેમાંથી જમીનનું નિર્માણ થયું હોય તે મૂળ શૈલના રંગવાળી જમીન. **lithocyst.** પ્રસ્તરકોષ, શૈલકોષ. **lithosols.** અપૂર્ણ ખવાણવાળા શૈલની જમીન.

**litmus paper.** કોઈ પણ દ્રવ્યની અમ્લતા જાણવા ઉપયોગમાં લેવામાં આવતો જાંબલી વાદળી રંગનો શોષક કાગળ; એસિડમાં તેનો રંગ લાલ થાય છે અને આલ્કલીથી તે વાદળી બને છે. આવો લાલ રંગનો પણ લિટમસ કાગળ હોય છે, જે આલ્કલીથી વાદળી રંગનો બને છે.

**litre.** પ્રવાહીનું ધોરણસરનું માપ, જે 61.025 ઘ. ઈંચ કે 1.0567 પ્રવાહી ક્વાર્ટ થાય છે.

**Litsea** *chinensis* **Lamk.** મેદાલકડી. **l.** *cubeba* (**Lour.**) **Pers.** (Syn *L. citrata* **Bl.**). સિતંબર નામનું હિમાલય અને ખાસી ટેકરીઓમાં થતું, રેશમના કીડાના ખોરાક તરીકે કામમાં આવતાં પાન ધરાવતું ઝાડ. **L.** *glutinosa* (**Lour.**) **C. B. Robinson** (Syn. *L. sebifera* **Pers.**). પંજાબ, ખાસી ટેકરીઓ, પ. બંગાળ, આસામ અને દ. ભારતમાં થતો સુવાસિત ક્ષુપ, જેનાં ફળનું તેલ સાબુ અને મીણબત્તી બનાવવા ઉપયોગમાં આવે છે; ઉપરાંત સંધિવામાં પણ તે ઉપયોગમાં લેવામાં આવે છે. તેની છાલ અતિસાર અને મરડામાં કામ લાગે છે. **L.** *monopetala* (**Roxb.**) **Pers.** (Syn *L. polyantha* **Juss.**). આસામમાં થતી વનસ્પતિ, જેનાં પાન મુગા નામના રેશમના કીડાને ખાવા માટે આપવામાં આવે છે.

**litter.** પથારો, પશુની પથારીમાંનો કામમાં લેવામાં આવતો વનસ્પતિનો અવશિષ્ટ કચરો, જેમાં ધાન્યની પરાળ કે ઘાસ, સૂકું ઘાસ, પાંદડાં, મકાઈ, બાજરી તથા જુવારના સાંઠા, લાકડાનો વહેર ઇ.નો સમાવેશ થાય છે. (૨) એક જ વેતરમાં જન્મતાં બચ્ચાં, ઝુંબર. (૩) નકામાં દ્રવ્યો.

**little.** નાનું. **l. bee.** *Apis florea* **F.** મેદાનની મધમાખી, જે ઝાડીની શાખા પર લટકતો મધપૂડો બનાવે છે. **l. gourd.** ટિંડોરા. **l. leaf disease.** ઝાડ અને વેલને થતો એક રોગ, જે જસતની ઊણપ, કૃમિ, મૂળનો સડો કે વિષાણુથી થાય છે અને જેથી પાનનું કદ નાનું થઈ જાય છે. **l. millet.** સામો.

**littoral.** તટવર્તી, પીઠ પ્રદેશ, સમુદ્ર કાંઠા પરનો પ્રદેશ.

**live.** જીવંત, જીવતું. (૨) વીજળીના સક્રિયપ્રવાહ – કરંટવાળું. **l. fence.** કાંટાળી અથવા વનસ્પતિને પાસે પાસે ઉગાડીને બનાવવામાં આવતી વાડ, જેને જીવંત રાખવામાં આવે છે. (૨) ચાલુ વીજળીનો પ્રવાહ ધરાવતી વાડ. **l. fishes.** વિશિષ્ટ પ્રકારનાં શ્વસન અંગો ધરાવતી અને સીધો હવાનો શ્વાસ લેતી માછલીઓ, જેની ઘણી માંગ રહે છે. **l. virus.** રોગોત્પાદક શક્તિ ધરાવતો વિષાણુ. **l. weight.** જીવતા પ્રાણીનું કુલ વજન.

**liveability. viability.** શક્તિ; (૨) જીવન અને વૃદ્ધિ માટેનું જોમ. (૩) મરઘાં–બતકાં અને નાનાં બચ્ચાંનાં વૃદ્ધિ-વિકાસ માટેનું અગત્યનું કારક.

**liver.** યકૃત, પિત્તરસનો સ્રાવ કરતું અને ગ્લાયકોજન તરીકે શર્કરાને સંઘરનાર પ્રાણીનું એક મોટું અંગ, જે રક્તકોષ નિર્માણ અને વિઘટનમાં ભાગ ભજવે છે. કેટલાંક પૃષ્ઠવંશી પ્રાણીઓનું તે પાચક અંગ છે, જેનો અર્ક–એક્સ્ટ્રેક્ટ રક્તક્ષીણતા–પાંડુરોગમાં દર્દીને આપવામાં આવે છે. **l. fluke.** ઘેટાં, ઢોર અને ડુક્કરના યકૃતનું જંતુ, જેથી યકૃતના સડાનો રોગ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાય છે. **l. starch.** જ્વાઈ કોજન.

**livestock.** પશુધન; મરઘાં-બતકાં સિવાયનાં ખેતર પરનાં પશુઓ.

**Livistona** *australis* **Mart** (Syn. *Corypha australis* **R. Br.**). ખજૂરીના ઝાડનો એક પ્રકાર, જેને અંગ્રેજીમાં *Cabbage palm* કહે છે, જેનાં કુમળાં પાન ખાવાના કામમાં આવે છે. **L.** *chinensis* **R.Br. ex Mart.** (Syn. *L. mauritiana* **Wall ex Voigt**). ચિનાઈ તાડ, જેને શણગાર માટે વાવવામાં આવે છે, જેના પંખા બનાવવામાં આવે છે અને તેના રેસાનાં દોરડાં બને છે. **L.** *jenkinsiana* **Griff.** સિક્કિમ, આસામ અને નાગા-ટેકરીઓમાં થતું ઊંચા તાડનું ઝાડ, જેનાં પાન છાપરાં છાવવાના કામમાં આવે છે. **L.** *rotundifolia* **Mart.** જવાફેન પામ નામનું ઊંચું, ટટાર, પાતળું ઝાડ.

**lixiviate.** પાણીના પ્રસરણ દ્વારા દ્રાવ્ય અને અદ્રાવ્ય ઘટકોને અલગ અલગ કરવા. **lixiviated soil** અપક્ષાલિત જમીન. (૨) જમીન નિર્માણમાં, ખાસ કરીને ભેજવાળા પ્રદેશમાં થતી એક કુદરતી પ્રક્રિયા.

**load.** ભાર, વજન.

**loam.** દુમટ જમીન, (૨) ચોક્કસ રીતે રેતાળ કે માટીવાળી ન હોય તેવી જમીન, જેમ ઠીક પ્રમાણમાં કાર્બનિક દ્રવ્યો હોય છે. આવી જમીનમાં 7 થી 27 ટકા માટી, 28 થી 50 ટકા કાંપ અને 52થી ઓછા ટકા રેતી હોય છે. **loamy.** જમીનનું વિશાળ વર્ગીકરણ, જેમાં રેતાળ દુમટ, માટીવાળી દુમટ, દુમટ, કાંપ અને કાંપ-દુમટનો સમાવેશ થાય છે. **l. sand.** રેતાળ લોમ માટે આવશ્યક હોય તેથી ઓછા પ્રમાણમાં રેતી અને કાંપ હોય તેવી જમીન.

**lobate.** ખંડયુક્ત, ખંડવાળું. **lobated.** ખંડયુક્ત, ખંડવાળું. **lobe.** ખંડ. (૨) કાનની બૂટ. (૩) કોઈ પણ લટકતું અંગ; અંગનો પેટા-વિભાગ. **lobose.** ખંડયુક્ત, ખંડોમાં વિભાજિત. **lobule.** ખંડનો પેટા-ખંડ.

**lobia.** ચોળા, ચોળી.

**local** સ્થાનિક, સ્થાનીય, એક જ ભાગ, પ્રદેશ કે વિસ્તારમાં સિમિત. **l. anaesthesia.** શરીરના ચોક્કસ ભાગ કે અંગમાં સિમિત કરાયેલું સંજ્ઞાહરણ. **l. infection.** પ્રાણી કે વનસ્પતિના દેહના એકાદ અંગને લાગતો ચેપ. **l. stimulant.** જે અંગ કે ભાગને લગાડવામાં આવે તેને ઉત્તેજિત કરનાર કારક. **locality factors.** આબોહવા, જમીન, સ્થાન, અને જૈવ જેવા સ્થાનિક કારકો, જેના પર વનસ્પતિનાં વૃદ્ધિ-વિકાસ અવલંબે છે. **localization.** ચોક્કસ સ્થાનનાં લક્ષણો ધરાવતું, તે વિસ્તાર પૂરતું મર્યાદિત. (૨) સ્થાનિકીકરણ, વિકેન્દ્રીકરણ. **localized disease.** સમગ્ર સજીવને લાગુ પડે તેની વિરુદ્ધ તેના કોઈ એક અંગને લાગુ પડતો રોગ. **locate.** કોઈનું સ્થાન નક્કી કરવું, કોઈની સીમા-મર્યાદા નક્કી કરવી. **locative.** ચોક્કસ સ્થાન દર્શાવતું. (૨) અધિકરણ કે સ્થળવાચક. (૩) સપ્તમી, સાતમી (વિભક્તિ).

**locellus.** અંડાશયનો એક નાનો ખંડ.

**Lochnera** *pusilla* (**Murr.**) **K. Schum.** બારમાસી, સદા સુહાગણ, રાતા ફૂલની બારમાસી. **L.** *rosea.* (**L. Spach.** [Syn. *Vinca rosea* **L.**; *Catharnthus roseus* (**L.**) **G. Don.**]. રાતી બારમાસી, સદા સોહાગણ.

**lock.** વાળની લટ. (૨) રૂ કે ઊનની સેર. (૩) ખંડમાં રૂ. (૪) અંડાશયમાં એકલ વિવર. (૫) તાળું. **l. jaw.** ધનુર્વા, ધનુર્વાત.

**locomotion.** પ્રચલન; એક સ્થાન પરથી બીજા સ્થાન પર થતી ગતિ.

**locomotory.** પ્રચલન ધરાવતું.

**locular.** નાના કોષવાળું, અંડાશય કે પરાગાશયના વિવરવાળું. **loculus**(એ.વ.).

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**loculi** (બ.વ.). અંડાશયમાં નાનો કોષ.

**Locusta** *migratoria* **L.** યાયાવર તીડ.

**locusts.** તીડ; વનસ્પતિનો નાશ કરનાર, ટોળામાં ફરતાં, તીતીઘોડા જેવા આફ્રિકા કે એશિયાઈ પાંખધારી ખાદ્ય પંખી. ભારતમાં તીડની ત્રણ જાતિઓ જણાઈ છે: (૧) રણનાં તીડ (*Schistocerca gregaria* **Forst.**), (૨) યાયાવર તીડ (*Lucusta migratoria* **L.**) અને (૩) બોમ્બે તીડ (*Patanga succiacta* **L.**). આ પૈકી પહેલા પ્રકારનાં તીડ ભારે હાનિકારક હોઇ વધારે ભયજનક છે, તે 1.2 લાખ ચો. માઈલના વિસ્તારના 64 દેશો કે સ્થાનોને નુકસાન પહોંચાડે છે. આ પ્રકારનાં તીડના નિયંત્રણ માટે સરકારે સ્થાનીય થાણાં ઊભાં કર્યાં છે.

**lodging.** ઢળી જવું, ખેતરમાં પાક ઢળી જાય કે પ્રકાંડ તેના કારણે તૂટી જાય, તે. ઢળી જવાના પ્રકાર અનુસાર પાકને નુકસાન થાય છે. સુધારેલી ખેતી અપનાવી હોય કે વધારે પ્રમાણમાં ખાતર આપવામાં આવ્યું હોય તેવા પાકમાં આ ઘટના બનવા પામે છે. આવી ઘટનાને બનતી અટકાવવા માટે કણસલાના તળિયા આગળ ચાર છ છોડને એક સાથે બાંધવામાં આવે છે; છ અઠવાડિયાં બાદ પાનને દૂર કરવામાં આવે છે અથવા એક ચોરસ ફૂટનું અંતર છોડીને બી વાવવામાં આવે છે. ઉપરાંત ઊંચા પ્રકારનું નાઇટ્રોજન આપવાથી, ખૂબ પાક થવાથી કે પવનના સપાટાથી પણ આવા પ્રકારની ઘટના બનવા પામે છે.

**Lodoicea** *maldivica* **(Gmel.) Pers.** (Syn. *L. seychellarum* **Labill.**). દરિયાઈ નાળિયેરી, જેનાં પાન છાપરાં છાવવા અને કોચલાં પાણીનાં પાત્રો બનાવવાના કામમાં આવે છે.

**loess.** પીળી, ઝીણી માટીનો નિક્ષેપ ધરાવતી (જમીન); વાતોઢ (જમીન).

**logarithm.** લઘુગુણક.

**logging.** કાષ્ઠ માટે ઝાડ કાપવાં.

**Lohi sheep.** ખરબચડાં, લાંબા રેસાવાળું ઊન ધરાવતાં રાજસ્થાનનાં ઘેટાં, જે દૂધ અને માંસ માટે ઉત્તમ ઓલાદ ગણાય છે.

**loin.** કમર, કટિ. (૨) તરતી પાંસળી અને નિતંબાસ્થિ વચ્ચે કમરના અસ્થિની આસપાસનો પ્રાણીના શરીરનો ભાગ.

**lokat.** જુઓ *loquat.*

**Lolium perenne L.** દીર્ઘાયુ ઘાસચારા માટેનું રાઈ તૃણ **L.** *temulentum* **L.** તૃણકુળનો એક પ્રકારનો ઘાસચારો.

**lomentum.** જોડાયેલાં બીની સિંગ, સિંગ. (૨) પાકતાં ફાટી જાય તેવી ફળી.

**Lonchocarpus** *speciosus* **Bolus.** વાડ માટે વવાતું ઝાડ.

**long.** લાંબું. **l. chain.** દીર્ઘશૃંખલા, લાંબી સાંકળ. **l. day.** દીર્ઘ પ્રકાશાપેક્ષી (વનસ્પતિ). **l. cycle.** દીર્ઘ-પ્રકાશાવધિ ચક્ર. **l.-fruited bloodwood.** એક પ્રકારનું યુકેલિપ્ટસનું ઝાડ. **l.-headed flour beetle.** *Lathe-ticus oryae* **Waterh.** નામનું સંઘરેલા અનાજના લોટ અને સૂકી વનસ્પતિમાં પડતુ કીટ **l. melon.** કાકડી તરીકે જાણીતી શાકીય વનસ્પતિ **l. pepper.** લીંડી પીપર. **l. staple.** $1\frac{1}{8}$ ઇંચ કે તેથી લાંબો રૂનો તંતુ. **l.-term credit.** 5 થી 20 વર્ષની મુદતવાળી ખેડૂતોને કાયમી સુધારણા કરવા માટે અથવા ટ્રેક્ટર જેવાં મોટાં અને કિંમતી સાધનો ખરીદવા માટે આપવામાં આવતું ધિરાણ; આવું ધિરાણ બેંકો અથવા પ્રાથમિક સહકારી જમીનગીરી બેંકો આપતી હોય છે. **l.t. farm credit.** દીર્ઘાવધિ કૃષિ ધિરાણ. **l. whip-grafting.** કલમ કરવાની એક પદ્ધતિ, જેમાં સ્કંધને 15°થી 25° અંશના ખૂણે અને કલમાંકુરને 65°થી 75° અંશના ખૂણે કાપી જોડવામાં આવે છે. **longevity.** જીવનાવધિ, આયુઃકાળ; દીર્ઘજીવન.

**longan.** અંશફળ; દક્ષિણભારત, આસામ અને પ. બંગાળમાં થતું ખાદ્યફળધારી વૃક્ષ.

**longicorn.** કેટલાંક દ્વિપક્ષ જંતુઓના જેવાં લાંબાં સ્પર્શકવાળું.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**Longitarsus** *nigripennis*. મરીમાં પડતું જંતુ.

**longitude.** રેખાંશ. **longitudinal.** અનુલંબ, અનુદૈર્ધ્ય. (૨) રેખાંશીય.

**lonia.** ઘાસચારા તરીકે ઉપયોગમાં આવતો એક ક્ષુપ.

**Lonicera** *japonica* **Thunb.** મૂળ ચીન અને જાપાનની પણ અહીં સુગંધી ફૂલો માટે બગીચામાં વાવવામાં આવતી વનસ્પતિ. **L.** *nitida* **E. H. Wils.** મૂળ ચીનની પણ અહીં વાડ તરીકે વાવવામાં આવતી વનસ્પતિ. **L.** *sempervirens* **L.** શોભા માટે ઉગાડવામાં આવતી વનસ્પતિ.

**loop.** ફાંસો, ગાળો. **loopers.** ગાળા જેવી ચાલ ધરાવતી ઈયળ.

**loose housing.** બાંધ્યા વિના પશુ છૂટથી ખોરાક, પાણી વ.ના સ્થાને જઈ શકે અને હરી ફરી શકે તેવા તેમના વાડા અંગેની વ્યવસ્થા.

**lop.** ડાળીઓ, વનસ્પતિ કે છોડનો ટોચનો ભાગ કે નાનાં ઝાડવાં કાપવાં. **lopping** ક્ષુપ કે ઝાડનું કરાતું કર્તન.

**lope.** પશુની લાંબી ચાલ.

**lopped comb** એક તરફ ઢળી પડતી મરઘાની કલગી.

**Lopholepis** *ornithocephala* **(Hook.) Steud.** એક દીર્ઘાયુ ઘાસ.

**loquat.** *Japan plum* કે *Japanese medlar*, *Eriobotrya japonica* **(Thunb.) Lindl.** નામનું મૂળ ચીનનું પણ ભારતમાં પ્રથમ સહરાનપુરમાં ઉગાડવામાં આવેલું ફળ, જેનું ઝાડ સદાહરિત, મજબૂત અને 25 ફૂટ ઊંચું થાય છે. ફળ મુખ્યત્વે ભોજનાંતે ફળાહાર માટે ખાવામાં આવે છે, તે ઉપરાંત તેની જેલી, ચટણી, મુરબ્બો ઇ૰ બનાવવામાં આવે છે. તે બી વાવીને, કલમ કરીને ઇ૰ વિવિધ રીતે વાવવામાં આવે છે. ફળ ગુચ્છમાં થાય છે, તેનો રંગ સોનેરી પીળો, સુવાસ સાધારણ અને સ્વાદ મીઠો હોય છે.

**Loranthus** *longiflorus*. વાંદો; ખાસ કરીને આંબા પર થતો પરજીવી, જે રસ ચૂસે, જેના રસાળ, ઝાંખા લીલા રંગનાં પાન, લીલા ફૂલ અને ચળકતાં બહુરીફળ પક્ષીઓને આકર્ષે છે. આ પરજીવીને વેળાસર દૂર કરવામાં ન આવે તો ઝાડનો રસ ચૂસી ચૂસીને તે ડાળીઓને મારી નાખે છે.

**loss of appetite.** રોગના લક્ષણ તરીકે ભૂખ મરી જવી; અરુચિ.

**loss of cud.** રોગના એક લક્ષણ તરીકે ગળેલો ખોરાક, વાગોળવા માટે પ્રથમ આમાશયમાંથી મોંમાં પાછો ન આવે તે ઘટના.

**lotion.** અવલેપ, બાહ્ય લેપ, જે મોટા ભાગે સંક્રમણ અથવા ચેપનો વિરોધી હોય છે.

**Lotus** *corniculatus* **L.** ઘાસચારા માટેની દીર્ઘાયુ વનસ્પતિ, જે પશ્ચિમ હિમાલયમાં થાય છે. **L.** *hispidus*. **Desf.** ઘાસચારા માટેની વનસ્પતિ. **L.** *tetragonolobus* **L.** ઘાસચારા માટેની વનસ્પતિ. **L.** *uliginosus* **Schkuhr.** ઘાસચારા માટેની વનસ્પતિ.

**Lotus of the East.** પદ્મકમળ.

**loung.** લવિંગ.

**lounga pattai.** તજ.

**louse.** જૂ, પૂકા; નાનું, પાંખ વિનાનું, છ પગવાળું, પશુ-પંખી પર પરજીવી જીવન ગાળતું, લોહી ચૂસતું જંતુ, જે વાળને નુકસાન કરે છે, દુધાળાં ઢોર અને ઈંડાં મૂકનાર પક્ષીની પેદાશ ઓછી કરે છે, નર-માદાની માત્ર એક જ જોડી થોડાં મહિનામાં 1,20,000 જેટલાં ઈંડાં મૂકે છે. **l., biting** *Mallophaga* શ્રેણીની કરડતી જૂ. **l., true** *Anoplura* શ્રેણીની જૂ. **l., fly** સસ્તનો અને પક્ષીઓ પર થતી પરજીવી જૂ. **lousicide.** પ્રાણીની પરજીવી જૂને મારી નાખનાર ગમે તે રસાયણ. **lousiness.** પૂકા એટલે જૂના સંક્રમણ અથવા ચેપથી પ્રાણીના સ્વાસ્થ્ય પર થતી માઠી અસર, જેમાં ઉપદ્રવ પામનાર પ્રાણી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સતત ખંજવાળ્યા કરે છે, પ્રાણીની ચામડી ખરબચડી બને છે, વાળ તથા ઊનને નુકસાન પહોંચે છે.

**lovage.** અજમો.

**low.** નીચું, નિમ્ન. **l. blood pressure.** લોહીનું નીચું દબાણ. **l. pressure low volume sprayer.** ઓછા ખર્ચે થોડા પ્રમાણમાં ઓછા દબાણે છંટકાવ કરનાર સાધન. **l. volume spraying.** એક એકરે 20 ગેલન જેટલા પ્રવાહીનો કરવામાં આવતો છંટકાવ, જેથી વનસ્પતિની ઉપર તે જામી જાય નહિ. **lower.** નીચું. **l. middle.** પ્રાણીના જઠરની નીચેનો ભાગ. **l. thigh.** ઘૂંટણ અને એડીની વચ્ચેનો પક્ષીના પગનો ભાગ.

**luban.** ચામડાં કમાવવા માટે ઉપયોગી બનતું *Boswellia serrata* **Roxb. ex Colebr.** નામનું ઝાડ.

**lubricant.** ઊંજણ; યંત્રનું ઘર્ષણ અને ઘસારો ઓછો કરવા ઉપયોગમાં લેવામાં આવતું તેલ અથવા ગ્રીઝ; મોટા ભાગે આ ઊંજણ પેટ્રોલિયમની એકાદ પેદાશ હોય છે. **lubricate.** ઊંજવું. **lubricating** ઊંજતું. **l. fluid.** સ્નેહક દ્રવ્ય; ઊંજવા માટેનું પ્રવાહી-તરલ દ્રવ્ય. **l. jelly.** ઘાની સારવાર માટે વાપરવામાં આવતું અર્ધ-ઘન પેટ્રોલિયમ સંયોજન, જે મોટા ભાગે સફેદ વેસેલાઈન હોય છે. **l. oil.** યંત્રોને ઊંજવા અને છંટકાવ માટે ઉપયોગમાં લેવામાં આવતું પરિશુદ્ધ કરેલું તેલ **lubricity.** ચીકાશ, લપસી જવાનો-સરકી જવાની ગુણવત્તા.

**lucent.** ચળકતું.

**lucerne.** ગડબ, રજકો. (૨) સિંચાઈનું પાણી જ્યાં સતત મળ્યા કરતું હોય ત્યાં ઉગાડાતી ઘાસચારા માટેની વનસ્પતિ. (૨) સૂકા વિસ્તારોમાં અતિ ગરમ અને અતિ ઠંડા વાતાવરણમાં તે ઊગી શકે છે, પરંતુ ભેજવાળા વાતાવરણમાં નરમ પણ આબોહવા તેને સહ્ય બનતી નથી. રેતાળથી વાતોઢ એમ ગમે તે પ્રકારની જમીનમાં તેને ઉગાડી શકાય છે પરંતુ ઊંડી વ તોઢ જમીનમાં ફળદ્રુપ જમીનમાં તે સારી રીતે થાય છે. સાધારણ રીતે મધ્ય-ઑક્ટોબરથી મધ્ય-નવેમ્બરને સમય ગાળો તેના વાવવા માટેનો અનુકૂળ સમય છે. **l. bacterial disease.** *Xanthomonas alfalfae.* નામના જીવાણુથી રજકાને થતો એક રોગ. **l. caterpillar.** *Laphygma exigua* **Hubn.** નામની રજકામાં પડતી ઈયળ, જે બાજરી, સૂર્યમુખી, ગળી, તુવેર, કોબી, ડુંગળી, મકાઈ, ધાણા, શણ અને કપાસમાં પણ પડે છે. **l. common leaf spot.** *Pseudopeziza medicaginea.* નામના જંતુથી રજકાને થતા રોગનો એક પ્રકાર. **l. crown wart.** *Physoderma alfalfae.* નામના જંતુથી રજકાને થતો મૂળની ગાંઠોનો એક પ્રકારનો રોગ. **l. downy mildew.** *Peronospora aestivalis.* નામના જંતુથી રજકાને થતી છાબ. **l. dry rot.** *Macrophomina phaseoli.*થી રજકાને થતો રોગ. **l. rust.** *Uromyces striatus.* થી રજકાને થતો રોગ.

**lucifugous.** દિવસના પ્રકાશનો વિરોધી.

**Lucknow 49.** મહારાષ્ટ્રમાં ઉગાડવામાં આવતા જામફળનો એક પ્રકાર, જેનું વૃક્ષ વામન હોય છે અને તેનાં ફળ ગોળ હોય છે. ફળનો માવો કે ગર સફેદ હોય છે.

**Lucuma** *mammosa* **Guertn. f.** ખાદ્યફળનું ઝાડ.

**Luffa** *acutangula* (**L.**) **Roxb.** (Syn. *Cucumis acutangulus* **L.**). તુરિયાની વેલ, જે ભારતભરમાં બધે થાય છે, જેનાં ફળ એટલે તુરિયાનું શાક થાય છે; તુરિયાં સુકાતાં તેના રેસાવાળા ભાગનો ઉપયોગ નાહવા માટેની વાદળીની ગરજ સારે છે. **L.** *acutangula* var. *amara.* કડવાં તુરિયાનો વેલો. **L.** *aegyptiaca* **Mill.** (Syn. *L. cylindric- auct. pl. non.* **M. J. Roem**). ગલકાનો વેલો, જેનાં ફળ એટલે ગલકાંનું શાક

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થાય છે; અને જે ભારતભરમાં બધે થાય છે; સુકાયેલા ગલકાના રેસાવાળો ભાગ નાહવાની વાદળીની ગરજ સારે છે. **L.** *echinata* **Roxb.** કુકડવેલ, કુકડપાડાનો વેલો. ગુજરાત, પ. બંગાળ અને દહેરાદૂનમાં થતો વેલો, જેનાં ફળ જુલાબ માટે ઉપયોગમાં લેવામાં આવે છે. **l.** *gourd.* ગલકાનો વેલો. **L.** *tubersosa* **Roxb.** મહારાષ્ટ્ર અને તામીલનાડુમાં થતો ખાદ્ય ફળનો વેલો; જેને હિંદીમાં કડવંચી કહે છે.

**lumbar.** કટિપ્રદેશ, કટિપ્રદેશનું–ને લગતું.

**lumber.** વહેરેલું કે ચીરવામાં આવેલું લાકડું. (૨) કાષ્ઠ મેળવવા માટે ઝાડ કાપવાં. **lumbering.** કાષ્ઠ મેળવવા માટે વનનાં ઝાડ કાપવાં.

**lumen.** વનસ્પતિના કોષનો કેન્દ્રસ્થ ભાગ. (૨) એકમ અંતર પર આવેલા વિસ્તાર પર એક કેન્ડેલા પરથી પડતા પ્રકાશનું પ્રમાણ. **luminiferous.** પ્રકાશિત, પ્રકાશવાહી, પ્રકાશમય. **luminous.** પ્રદીપ્ત, પ્રકાશિત.

**Lumnitzera** *racemosa* **Willd.** આંદામાન અને નિકોબાર તથા પ. બંગાળના સુંદરવનમાં થતું નાનું ઝાડ.

**lump.** પિંડ, લોંદો. **lumpy.** લોંદાવાળું. **l. jaw.** ફૂગના કારણે પ્રાણીઓને થતો એક પ્રકારનો રોગ, જે, કિરણકવક *Actinomyces bovis* કે *ray fungus.* નામની ફૂગથી ઘોડા, ડુક્કર, બકરાં અને ઘેટાંને થાય છે, જેની માઠી અસર જડબાને થાય છે અને રોગગ્રસ્ત પ્રાણી ખોરાકને ચાવી શકતું નથી.

**lunak.** ચારા તરીકે ઉપયોગી બનતી વનસ્પતિ.

**lunate.** અર્ધચંદ્રાકાર.

**lung.** હવાશ્વાસી ઉચ્ચ પ્રાણીઓમાં જોડમાં કે એકલ રહેલું, શ્વાસ માટેનું અંગ, ફેફસું. **l. fever.** રક્તસ્રાવી જીવાણુરક્ત સંક્રમણ નામનો પ્રાણીઓના ફેફસાંને થતો રોગ. **l. fluke.** *Paragonimus westermanni.* નામનું નાનું યકૃત અને કોઈવાર મગજ, કરોડરજ્જુ અને કૂતરાં, બિલાડાં, ડુક્કર અને અન્ય પ્રાણીઓનાં બીજાં અંગોમાં પડતું જંતુ. **l. worm.** સરતન પ્રાણીઓના શ્વસન માર્ગો અને હૃદયની રક્તવાહિનીઓમાં પડતાં કૃમિ, જેથી શ્વાસનળીમાં ચળ આવે, નાસાસ્રાવ રહે, પરિણામે શ્વાસ લેવામાં તકલીફ પડે.

**lupine.** શિમ્બીકુળનું ફૂલ બાગમાં, આવરણ અને ઘાસચારા માટે ઉગાડવામાં આવતું એક ઝાડ.

**Lupinus** *albus* **L.** ઘાસચારા અને લીલા ખાતર માટે વાવવામાં આવતી શાકીય વનસ્પતિ. **L.** *luteus* **L.** ઘાસચારા અને શોભા માટે ઉગાડવામાં આવતી વનસ્પતિ.

**luscious.** સ્વાદ અને સુવાસમાં સુમધુર.

**lusb.** રસાળ, પુષ્કળ જથ્થામાં ઊગતી (વનસ્પતિ). **l. growth.** વનસ્પતિની વિપુલવૃદ્ધિ.

**lushai orange.** આસામમાં થતી લોકપ્રિય નારંગીનો પ્રકાર.

**lustre.** ચમકાટ, પ્રકાશને પરિવર્તિત કરવાનો દ્રવ્યનો ગુણ.

**luteinizing hormone (L.H.).** જે *Interstitial cell stimulating hormone* (**I.C.S.H.**) નામે પણ ઓળખાય છે. જે નર પ્રાણીમાં કામુકતા પ્રેરે છે, જેથી નર પ્રાણીને મૈથુનની ઇચ્છા જાગે છે; કામુકતાપ્રેરક અંતઃસ્રાવ.

**Luvunga** *scandens* (**Roxb.**) **Buch.-Ham. ex Wight.** નારંગ કુળની સુગંધ કોકલ નામની મોટી, કાંટાળી, આરોહી વનસ્પતિ, જે પ. બંગાળ, આસામ અને ખાસી ટેકરીઓમાં થાય, જેનાં ફળમાંથી બાષ્પશીલ તેલ કાઢવામાં આવે છે, જે સુગંધી દ્રવ્યો અને ઔષધ નિર્માણમાં કામમાં આવે છે.

**lycaenid butterflies.** કઠોળમાં પડતાં જંતુ, જેનાં ડિમ્ભ કળી અને ફળને ખાય છે.

**lycopene.** $C_{40}H_{56}$ સૂત્ર ધરાવતું ટમેટાંને લાલ રંગ બક્ષનાર કેરોટીન દ્રવ્ય.

**Lycopersicom** *esculentum* **Mill.**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(Syn. *Solanum lycopersicum* **L.**). ટમેટાં, મૂળ દ. અમેરિકાનો, ખાદ્યફળ–ટમેટાં માટે ઉગાડવામાં આવતો છોડ. **L.** *peruvianum* **Mill.** ટમેટાંનો છોડ. **L.** *pimpinellifolium* (**Juslen.**) **Mill.** ટમેટાંનો છોડ.

**lye.** સાબુ બનાવવા, ફળને સાફ કરવા તથા તેની છાલ દૂર કરવા માટે ઉપયોગમાં લેવામાં આવતું કૉસ્ટિક દ્રવ્ય. **l. peeling.** કૉસ્ટિક સોડાના દ્રાવણમાં ફળને તથા શાકને ગરમ કરી, તેની છાલ ઉતારવાની પ્રક્રિયા, આમ કરવાથી ફળ અને શાકની છાલ નરમ પડે છે અને તેને કાઢવામાં સરળતા પડે છે.

**lymph.** લસિકા; લોહીમાંથી મળતું પારદર્શક, પીળું પ્રવાહી, જેમાં જળ, એલ્બ્યૂમીન, ફિબ્રિન અને લવણ હોય છે પણ રક્તકોષો હોતા નથી, અને જેનું લસિકાવાહિનીઓમાં અભિસરણ થાય છે. **l. duct.** લસિકાવાહિની. **lymphatic.** લસિકાનું, લસિકાને સ્રવતું, લસિકાને વહન કરતું. **lymphoid.** લસિકાને લગતું, લસિકાસદૃશ.

**Lyon bean.** *Mucuna cochinchinensis* (**Lour.**) **A. Chebal** (*Mucuna nivea* **DC.**). આવરણ અને ઘાસચારા માટે વાવવામાં આવતી વનસ્પતિ, જેની સિંગોનું શાક થાય છે.

**lypolitic.** ચરબીભંજક.

**lyre-horned breed.** કાંકરેજ ઓલાદનાં પશુ, જેનાં શીંગડાં અંદરની તરફ વાળેલાં હોય છે.

**Lysidice** *rhodostegia* **Hance.** ચીનના ગુલાબના નામે ઓળખાતો શોભાનો છોડ.

**lysimeter.** જમીનમાંથી કુદરતી અવસ્થામાં નકામું પાણી એકઠું કરવાની એક રીત, જેમાં જમીનની સપાટીની હેઠળ કોઈ પાત્ર મૂકવામાં આવે છે, જેમાં આ કુદરતી નકામું પાણી એકઠું થાય છે, જે દ્વારા ગાળવાહ થતાં પાણીમાં રહેલાં પોષક તત્ત્વોનું માપ મેળવી શકાય. આ યુક્તિ દ્વારા પાણીના બાષ્પીભવનનો પણ અભ્યાસ કરી શકાય છે.

**lysine.** ઢોરને માટે અનિવાર્ય એવો એક પ્રકારનો એમિનો એસિડ, જેની ઊણપ દૂધની પેદાશ પર માઠી અસર કરે છે. આ દ્રવ્ય ઊગતા ઘાસમાં હોય છે. સાઈલો કરેલું 5થી 10 કિ.ગ્રા. આવું ઘાસ દૂધાળાં ઢોર માટે પૂરતું થાય છે.

**lysis.** રોગનાં લક્ષણોનું ધીમે ધીમે અદૃશ્ય થવું. (૨) કોષનું વિઘટન કે તેનું વિલયન.

**lytic.** વિલય, વિલયનશીલ, વિલય પામે તેવું.

**lysol.** જંતુ કે સંક્રમણ અથવા ચેપનાશક ક્રેસિલિક એસિડ.

**lysozyme.** જીવંત પેશીદ્વારા પેદા થતું દ્રવ્ય, જે જીવંત જીવાણુકોષને વિખેરી નાંખે છે.

**Lythrum** *fruticosum* **L.** શોભાનો છોડ, જેમાંથી ગુંદર નીકળે છે. ફૂલમાંથી પીળો અને લાલ રંગ મળે છે. છાલ અને પાન ચામડાં કમાવવા માટે ઉપયોગી બને છે.

# M

**Maba** *buxifolia* (**Pers.**). ખાદ્યફળનું એક ઝાડ.

**Macadamia** *ternifolia* **F. Müell.** કાષ્ઠફળનું એક ઝાડ.

**Macaranga** *denticulata* **Müell.-Arg.** પૂર્વ હિમાલય, આસામ, પ. બંગાળ, બિહાર અને ઓરિસામાં થતું મધ્યમ કદનું એક ઝાડ, જેના કાષ્ઠનાં વાડ,



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચાની પેટી વગેરે બનાવવામાં આવે છે. **M.** *indica* **Wight.** રમેલો નામનું નીલગિરિ, કેરળ, પૂર્વ હિમાલય, આન્ધ્ર-પ્રદેશ અને આંદામાનમાં થતું લાલ રંગનો સુંદર આપતું એક ઝાડ. **M.** *peltata* **(Roxb.) Müell-Arg.** ચાંદકાલ, ચાંદા નામનું દ. ભારત અને ઓરિસ્સામાં થતું એક ઝાડ. **M.** *tanaria* **Müell-g.** ધા પર પોટીસ બાંધવાના ઉપયોગમાં આવતા દ્રવ્યનું વૃક્ષ.

**macaroni wheat.** *Triticum durum* તથા *durum wheat* નામના ઘઉં, જેમાંથી સેમોલિના અને વર્મિસિલી બનાવવામાં આવે છે.

**Macassur ebony.** અબનૂસ; *Diospyros ebenum* **Koenig** (*D. assimilis* **Bedd.**; *D. sapota* **Roxb.**). નામનું ખાદ્યફળધારી ઝાડ.

**mace** જાયફળ.

**macerate.** વાટીને કે ભીંજવીને ફળના પટકાને છૂટા પાડવા અને તેમને નરમ કે મંદ બનાવવા. **maceration.** સમર્દન. (૨) કારકથી પેશીની કરવામાં આવતી માવજત, જેથી તે તેના અંગભૂત કોષોમાં વિભાજિત થઈ શકે. (૩) મંદીકરણ, વિઘટન.

**Machilus** *bombycina* **King ex Hook. f.** આસામના શિવસાગરમાં થતું મધ્યમકદનું ઝાડ, જેનાં પાન મુગા રેશમના કીડાને ખાવા માટે આપવામાં આવે છે.

**machine.** યંત્ર; વિશિષ્ટ કામગીરી કરવામાં સહાયભૂત બનતું વિવિધ ભાગો ધરાવતું યાંત્રિક શક્તિથી ચલાયમાન કરવામાં આવતું સાધન. **m. milking.** શક્તિથી ચાલતા સાધન – યંત્ર દ્વારા ગાય–ભેંસને દોહવાની પ્રક્રિયા.

**machni.** એક પ્રકારનો ઘાસચારો.

**macro—.** બૃહદ્—, મોટું — ઇ૦ અર્થ-સૂચક પૂર્વગ.

**macro-elements.** સજીવો કે પેશીઓની અંદર કુદરતી તત્ત્વો તરીકે મોટા પ્રમાણમાં રહેલાં, નાઇટ્રોજન, ફૉસ્ફરસ અને પોટૅશિયમ જેવાં તત્ત્વો.

**macronutrients.** મોટાં પોષક તત્ત્વો; જુઓ *macro-elements*

**Macropes** *excavatus.* શેરડીનો કાળો કીટક.

**Macrophoma** *musae.* કેળમાં રોગ કરનારી ફૂગ.

**Macrophomina** *phaseoli.* રીંગણ, કપાસ, સિંકોના, મગફળી, ચણા, શણ, ચિમા બી, રજકો, બટાટા, રાગી, ટમેટા, તુવેર, સોયાબીન, ભીંડા, તલ, શક્કરિયાં ઇ૦માં પડતું રોગકારી જંતુ.

**macropores.** ગુરુત્વાકર્ષણથી પાણી જમીનમાં ઊતરી શકે તેવાં જમીનમાં આવેલાં મોટાં છિદ્રો. **macroporous.** મોટા રંધ્રોવાળી (જમીન).

**macroscleroid.** લંબ દઢક.

**macroscopic.** સૂક્ષ્મ દર્શકની સહાય વિના નરી આંખે જોઈ શકાય તેવું.

**macrosiphum** *pisi.* તુવેરનું જંતુ.

**macrosmatic.** ઘ્રાણની – સુંઘવાની સુવિકસિત સંજ્ઞાવાળું.

**macrosporangium.** મહાબીજાણુધાની, સપુષ્પ વનસ્પતિનું બંડજ. **macrospore.** મહાબીજાણુ. **macrosporophyll.** મહાબીજાણુ પર્ણ. **macrosporocarp.** મહાબીજાણુ પ્રાવર.

**macro-structure.** બૃહત્ સંરચના.

**macro-vegetation.** મોટા કદની વનસ્પતિ.

**macro-zoospore.** મહાચલબીજાણુ.

**Madagascar potato.** [*Coleus rotundifolius* (**Poir.**) **A. Cheval.** *C. parviflorus* **Benth**; *Plectranthus tuberosus* **Blume.**]. નામનો કંદવાળો ક્ષુપ, જેના કંદ ખાવાનાં કામમાં આવે છે અને તે રતાળુ તરીકે ઓળખાય છે.

**madar.** *Calotropis gigantea* (**L.**) **R.Br.** *ex* **Ait Ak.** ઉત્તર ભારતનો મોટો દીર્ઘાયુ ક્ષુપ, જેનાં બીજ થી મેળવવામાં આવતું રૂંછ ગાદી, તકિયા ભરવા માટે ઉપયોગમાં લેવામા આવે છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**Madeira vine.** જાડાં ચળકતાં પાન અને સુવાસિત ફૂલોવાળો વેલો.

**Madhubindu.** પ્રકાંડ પર નીચેની તરફ ઊગતા લગભગ બીજવિહીન પપૈયાનો ઉત્તરભારતમાં થતો એક પ્રકાર.

**Madhuca** *butyracea* (**Roxb.**) **Macb.** મહુડાનું ખાદ્યફળો ધરાવતું એક મોટું ઝાડ, જેનાં બીનું તેલ એટલે ડોળિયું રાંધવાના કામમાં આવે છે, છાલ રંગવાના કામમાં ઉપયોગી બને છે. **M.** *indica* **J.K. Gmel** (Syn. *M. latifolia* (**Roxb.**) **Macb;** *Bassia latifolia* **Roxb.**). ઉત્તરપ્રદેશમાં તથા બિહારમાં થતું મહુડાનું ઝાડ, જેનાં ફળ-મહુડાં ખાવાના કામમાં આવે છે અને જેનો દેશીદારૂ બનાવવામાં આવે છે. તેના બીનું ડોળિયું રાંધવાના તથા સાબુ બનાવવાના કામમાં આવે છે. બીમાંથી ડોળિયું કાઢી લીધા બાદ શેષ રહેતા ખોળનો ઉપયોગ ખાતર તરીકે કરવામાં આવે છે. **M.** *longifolia* (**L.**) **Macb.** (Syn. *Bassia longifolia* (**L.**). લાંબાં પાનવાળું મહુડાનું ઝાડ. **M.** *malabarica* (**Bedd.**) **Parker** (Syn. *Bassia malabarica* **Bedd.**). પશ્ચિમના દ્વીપકલ્પીય પ્રદેશમાં થતું મહુડાનું ઝાડ. **mohua.** મહુડાનું ઝાડ જેના બીમાંથી કાઢવામાં આવતા તેલનો ઉપયોગ સાબુ બનાવવા અને દીવાબત્તી માટે કરાય છે અને ખોળનું ખાતર થાય છે. **mohua.** ઉત્તરપ્રદેશ, બિહાર, આન્ધ્રપ્રદેશ, કર્ણાટક, પ. બંગાળ, મહારાષ્ટ્રમાં થતું મહુડાનું ઝાડ, જેનાં ફૂલ–મહુડાનો ઉપયોગ મદ્યાર્ક બનાવવા માટે કરવામાં આવે છે. **m. tree** મહુડાનું ઝાડ. **m. butter.** *Bassia latifolia* **L.** એટલે મહુડાના બીમાંથી કાઢવામાં આવતું તેલ, જેનો ઉપયોગ સાબુ બનાવવા અને દીવાબત્તી કરવા માટે થાય છે; તથા તેનું તેલ કાઢી લીધા પછી રહેલા અવશેષ-ખોળનો ઉપયોગ ખાતર તરીકે કરવામાં આવે છે. **m. refuse.** મહુડાના નિસ્યંદનનો કચરો. **mowra fat.** *Madhuca longifolia* (**L.**) **Macb.** ઉત્તરપ્રદેશ, બિહાર, પ. બંગાળ, મહારાષ્ટ્ર, આન્ધ્રપ્રદેશ, કર્ણાટકમાં ઉગાડવામાં આવતા ઝાડ, મહુડાનાં બીમાંથી કાઢવામાં આવતું તેલ.

**Madras Uganda.** મદુરાઈ, રામનાથપુરમ, તિરુનેલવલી, ચિંગલપુટ, દક્ષિણ આર્કટ, ચિત્તૂર અને નેલોર નામના તામિલનાડુના જિલ્લાઓમાં થતો કપાસનો પ્રકાર

**Maerna** *oblongifolia* (**Forsk.**) **A. Rich.** (Syn. *M. arenaria* (**DC.**) **Hook. f. &. Thoms.**). હેમકંદ નામનો પંજાબ, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, રાજસ્થાન, ગુજરાત અને દખ્ખણમાં થતો એકઆરોહી ક્ષુપ, જેનાં મૂળ ટૉનિક અને ઉત્તેજના માટે ઉપયોગી છે.

**maggot.** માખીનાં પગ વિનાનાં ડિમ્ભ. **m. in wounds.** પશુને પડેલા ખુલ્લા-ઘામાં ઈંડાં મૂકતી માખી, જેનાં ડિમ્ભ પેશીઓનો નાશ કરે છે.

**magnesia.** MgO, મેગ્નેશિયમ ઑક્સાઈડ, નિર્જલીકૃત મેગ્નેશિયમ કાર્બોનેટ, પ્રતિ અમ્લ અને રેચ તરીકે ઉપયોગમાં લેવામાં આવતો પાઉડર. **m. magma.** મિલ્ક ઑફ મેગ્નેશિયા; મંદ પ્રતિ અમ્લ અને રેચક ઔષધિ.

**magnesium.** Mg. સંજ્ઞા ધરાવતું રાસાયણિક તત્ત્વ, જે પ્રાણી અને વનસ્પતિની વૃદ્ધિ માટે આવશ્યક છે; જેને મેગ્નેશિયમ આયન (**$Mg^{++}$**) તરીકે વનસ્પતિ શોષે છે અને જે હરિતપર્ણનું મહત્ત્વનું ઘટક છે, જે પાનનો ઘેરો રંગ જાળવી રાખે છે. બીજ નિર્માણ અને તેના તેલી ઘટક માટે તે ફૉસ્ફરસનું વાહક છે; સ્ટાર્ચની હેરફેર અને પોષક દ્રવ્યોના નિયંત્રણમાં તે ઉપયોગી બને છે. **m. carbonate.** મેગ્નેશિયમ કાર્બોનેટ. **m. deficiency.** મેગ્નેશિયમ તત્ત્વની ઊણપથી વનસ્પતિની પતી અવસ્થા, જેમાં તેનાં પાન પીળાં પડે, કપાસનાં પાન ગુલાબી લાલ બને, સોયાબીનનાં પાન પીળાં થાય, સફરજનનાં પાન પર પટ્ટા થાય. આવી અવસ્થાના ઉપાય તરીકે તેના પર મેગ્નેશિયમ સલ્ફેટનો

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છંટકાવ કરવામાં આવે છે. **m. sulphate.** મેગ્નેશિયમની ઊણપના પરિણામે વનસ્પતિની નીપજતી અવસ્થાના નિવારણાર્થે છંટકાવ માટે ઉપયોગી બનતું દ્રાવણ.

**magnet.** ચુંબક. **m., bar** સળિયા રૂપનું ચુંબક, દંડ ચુંબક. **magnetic.** ચુંબકીય, ચુંબકનું ને લગતું. **m. coil.** ચુંબકીય ગૂંચળું. **m. couple.** ચુંબકીય યુગ્મ. **m. field.** ચુંબક-ક્ષેત્ર. **m. needle.** ચુંબકીય સોય. **magnetization.** કોઈ પદાર્થને ચુંબકિત કરવો, ચુંબકના પ્રભાવ હેઠળ લાવવો કે મૂકવો. **magnetism.** ચુંબકત્વ. **magnetomotive force.** ચુંબકીયચાલક બળ.

**magnetite.** મેગ્નેટાઇટ; બિનસિલિકેટ સંયોજનોમાં ખડકોમાં જોવામાં આવતું દ્રવ્ય, જે ખડકોને રંગ આપે છે.

**magnifying.** વિસ્તારક, પ્રવર્ધક.

**magnitude.** પરિમાણ.

**Magnolia** *grandiflora* **L.** ચંપો નામનું નાનું ઝાડ.

**Magra sheep.** બિકાનેર અને રાજસ્થાનમાં જોવામાં આવતી ઘેટાની ઓલાદ, જેનાં ઘેટાં સારા પ્રમાણમાં અને સારું ઊન આપે છે.

**magur.** માછલીનો એક પ્રકાર.

**mahabaribach.** એક પ્રકારનું આદુ.

**mahali.** સોપારીને લાગતા સડાનો પ્રકાર.

**Mahalwari system.** મહાલવારી પ્રથા.

**Mahan.** મોટું કદ ધરાવતો પેકન નામના કાષ્ઠફળનો એક પ્રકાર.

**maharukh.** જમીનને જકડી રાખતું 40–50 ફૂટ ઊંચું ઊગતું, વીથિ માટે ઉપયોગી ઝાડ.

**mahoe.** એક શાકીય વનસ્પતિ.

**mahogany.** *Swietenia mahogoni* (**L.**) **Jacq.** નામનું તામિલનાડુમાં થતું ઈમારતી વૃક્ષ.

**mahua tree.** મહુડો.

**maida.** મેંદો; ભૂસા વિનાનો મિલમાં તૈયાર કરવામાં આવતો ઘઉંનો લોટ.

**maidan.** મેદાન, ખુલ્લી તૃણભૂમિ.

**main.** મુખ્ય. **m. axe.** મુખ્ય ધરી, મુખ્ય અક્ષ. **m. crop.** મુખ્ય અથવા ખૂબ જ અગત્યનો પાક. **m. drain.** મુખ્ય નીક, મુખ્ય મોરી. **m. effect.** મુખ્ય પ્રભાવ-અસર. **m. frame.** મુખ્ય ઢાંચો. **m. feathers.** પક્ષીનાં મુખ્ય કડક પીંછાં. **m. plot.** મુખ્ય પ્લૉટ, જમીનનો મુખ્ય ખંડ. **m. tail feathers.** પક્ષીની પૂંછડીનાં મુખ્ય કડક પીંછાં.

**maina.** ઘાસચારા માટેની વનસ્પતિ.

**mainphal.** પુંડરિક. (૨) *Vangueria pubescens* **Kurz.** નામનો પ. બંગાળ, સિક્કિમ, ખાસી ટેકરીઓમાં થતો એક ક્ષુપ, જેનાં કુમળાં પાનની શાકભાજી બનાવીને ખાવામાં આવે છે.

**maintenance.** નિભાવ. **m. of milk secretion.** દૂધના સ્રાવની જાળવણી. **m. ration.** શરીરની તંદુરસ્તી અને સ્વાસ્થ્યને જાળવવા કે જીવંત રહેવા માટે આવશ્યક બનતો ખોરાક, જે શક્તિ અને વિશ્રાંતિ આપે, અને શરીરનું વજન કાયમ ટકાવેલું રાખે.

**maize.** મકાઈ; *Indian corn, Zea mays* **L.** નામનું મૂળ અમેરિકાનું ધાન, બાજરી અને જુવાર પછીનું સ્થાન મેળવતું, આદિવાસીઓનો મુખ્ય ખોરાક બનતું ધાન્ય, જેને ઢોર માટેના ચારા તરીકે પણ ઉગાડવામાં આવે છે. મકાઈના દાણામાંથી કાંજી બનાવવામાં આવે છે. આ પાક ફળદ્રુપ અને પાણીનો સારો નિકાલ ધરાવતી જમીનમાં ગરમ અને ઠંડા એમ બંને પ્રકારના વિસ્તારોમાં થાય છે. વૃદ્ધિના પ્રારંભના સમયમાં ભેજ અને સારા ખાતરની તેને જરૂર પડે છે. **m. borer.** *Chilo zonellus* **Swinh.** નામનું મકાઈને કોરતું જંતુ, જે મકાઈ ઉપરાંત જુવાર, બાજરી, ડાંગર, શેરડીને પણ કોરીને હાનિ પહોંચાડે છે. તેની

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઈયળ આ સઘળા પાકોને ભારે નુકસાન કરે છે. **m. brown spot.** *Physoderma zeamaydis.* નામની ફૂગથી મકાઈને લાગુ પડતો એક રોગ, જેમાં મકાઈનાં પાન પર પાણી ભરેલા ડાઘ લાગે છે. **m. downy mildew.** *Sclerospora philippinensis* **Weston.** નામની ફૂગથી મકાઈને થતો એક રોગ, જેમાં તેના દાણા પર સફેદ રેખાઓ જેવું દ્રવ્ય થાય છે. **m. head smut.** *Sphacelotheca reiliana.* નામના જંતુથી મકાઈને થતો એક રોગ, જેમાં તેના પર કાળા ડાઘ લાગે છે. આ રોગ થયો હોય તેવા છોડની વૃદ્ધિ અટકી જાય છે. **m. leaf blight.** *Helminthosporium turcicum* **Pass.** નામના ફૂગથી મકાઈનાં પાનને ભારે હાનિ પહોંચાડતો એક રોગ. **m. leaf rust.** *Puccinia sorghi.* નામના જંતુથી મકાઈના પાનને થતો ગેરુનો રોગ. **m. leaf spot.** *Cercospora sorghi.* નામના જંતુથી મકાઈને થતો એક રોગ, જેમાં પાન પર બદામી ગોળ ડાઘા પડે છે. **m. pine borer.** મકાઈના સાંઠાને કોરતી ઈયળ. **m. smut.** *Ustilago zeae.* નામની ફૂગથી મકાઈને થતો અંગારિયાનો રોગ. **makai.** મકાઈ. **makka** મકાઈ.

**major.** મુખ્ય, મોટું. **m. distributory.** મુખ્ય પેટા-નહેર, મુખ્ય સહાયક નદી. **m. element.** મુખ્ય તત્ત્વ. **m. mineral.** મુખ્ય ખનિજ – લવણ તત્ત્વો.

**Majorana** *hortensis* **Moench** (Syn. *Origanum majorana* **L.**). ડમરો મરવો નામની ભારતભરમાં થતી શાકીય વનસ્પતિ, જેનો ઉપયોગ ખોરાકી વસ્તુઓને સુવાસ આપવા માટે થાય છે, જેનાં પાન અને પુષ્પાગ્રોનો વાતહારક અને શક્તિદાયક ઔષધિ તરીકે ઉપયોગ કરવામાં આવે છે.

**makedshingi.** *Caralluma fimbriata* **Wall.** નામની આન્ધ્ર પ્રદેશમાં થતી એક પ્રકારની શાકીય વનસ્પતિ.

**make weight materials.** કુલ વજન મેળવવા ખાતરમાં ઉમેરવામાં આવતાં વિશેષ અન્ય દ્રવ્યો.

**makhana.** એક જલજ વનસ્પતિ.

**makhmali sem.** ખાદ્ય બીજધારી એક પ્રકારની વનસ્પતિ.

**makra.** ખાદ્ય બી અને ચારા માટે ઉપયોગમાં લેવામાં આવતી વનસ્પતિનો એક પ્રકાર.

**Malabar** મલબાર. **M. cardamom.** સામાન્ય રીતે ઉગાડવામાં આવતી એલચીનો એક પ્રકાર, જેનો છોડ મધ્યમ પ્રકારનો હોય છે અને જે કર્ણાટકમાં થાય છે. **M. coconut region.** કૃષિ સંશોધન કાર્યના એક મહત્ત્વના ભાગ તરીકે વર્ગીકૃત કરવામાં આવેલો એક કૃષિ વિસ્તાર, જેમાં કેરળ, પશ્ચિમ ભારતનો કાંઠાળ પ્રદેશ, કર્ણાટક અને આ સૌના પડોશમાં આવેલા વિસ્તારોનો સમાવેશ થાય છે અને જેમાં કોફી, રબર, નાળિયેરી, સાબુચોખા, કાળાં મરી, એલચી અને ડાંગર પકવવામાં આવે છે. **M. kino.** બિયો, બીબડા નામનું ઝાડ. **M. mountain ebony.** આંબલી; *Bauhinia malabarica* **Roxb.** નામનું દક્ષિણ ભારત, આસામ અને પ. બંગાળનું વૃક્ષ, જેનાં પાન ખોરાકી વસ્તુઓને સુવાસિત બનાવવા અને છાલ ચામડાં કમાવવાના કામમાં આવે છે અને કુમળાં બી ખાવાના કામમાં આવે છે. **M. nut.** અરડૂસી; *Adhatoda vasica* **Nees** (*Justicia adhatoda* **L.**). નામનો સદાહરિત છોડ, જેનાં ડાળખાં અને પાન ઔષધીય ગુણ ધરાવતાં હોઈ શરદીના દર્દોમાં ઉપયોગમાં લેવામાં આવે છે, તેમાંથી વસાકા નામનું કફહારક ઔષધ બનાવવામાં આવે છે અને પાનનું ખાતર પણ બનાવવામાં આવે છે. **M. nutmeg.** *Myristica malabarica*

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**Lamk.**માંથી ઉપલબ્ધ બનતું નિમ્ન કોટિનું જાયફળ, જે જંગલી જાયફળ, રણ જાયફળ અથવા કાયફળ તરીકે પણ ઓળખાય છે.

**Malabari.** શુદ્ધ નહિ પણ, બે કે ત્રણ પ્રકારની મલબાર કાંઠાની બકરાંની મિશ્ર ઓલાદ, જેમાં સુરતી ઓલાદ મુખ્ય છે, અને જેના પૂર્વજો અરબસ્તાન અને મેસોપોટેમિયાનાં બકરાં હતાં.

**Malachra** *capitata* **L.** રણભીંડી, પરદેશી ભીંડી નામની ભારતના ગરમ વિસ્તારોમાં થતી વનસ્પતિ, જેના પ્રકાંડના રેસાનાં કાપડ, દોરીઓ અને દોરડાં બનાવવામાં આવે છે.

**malaria.** મલેરિયા, ટાઢિયો તાવ; *Plasmodium gallinaceum* અને *P. bubalis.* નામના પરજીવીઓના સંક્રમણના પરિણામે પક્ષીઓ અને ભેંસોને થતા રોગનો પ્રકાર.

**malathion.** O, O- dimethyl S- (1, 2-dicarbethoxyethyl) *phosdhordithioatc* નામનું કાર્બનિક ફોસ્ફરસ સંયોજન, જે જંતુઘ્ન ગુણધરાવે છે. આના શુદ્ધ સંયોજનમાં 99 ટકા સક્રિય ઘટક હોય છે, તે સહેજ જલદ્રાવ્ય છે અને આલ્કોહોલ, એસ્ટર, ઈથર, કીટોન, અને વાનસ્પતિક તેલો જેવા કાર્બનિક દ્રાવકોમાં તેને ભેળવી શકાય છે. છંટકાવ કરવા માટે તે ભૂકારૂપે મળી શકે છે, જે ઝડપથી જલ વિશ્લેષણ કરે છે અને તે તેની કાર્યક્ષમતા ગુમાવે છે. તેને સંક્રામક જંતુઘ્ન તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે. સંઘરેલાં અનાજ જેવાં દ્રવ્યોનાં જંતુ, કીટ, મલોમશી. ચૂષકો, થ્રિપ, ભીંગડાંવાળાં જંતુ ઈ० જેવ નુકસાનકારક સજીવોના નિયંત્રણ માટે તેનો વિશાળ રીતે ઉપયોગ કરવામાં આવે છે.

**Malay.** સંવર્ધન સ્થળનું નામ ધરાવનાર મરઘું, જેની માદા ઈંડાં આપે છે, અને પક્ષી ખાવાના ઉપયોગમાં લેવામાં આવે છે.

**Malaya jam.** જુઓ. *Malayan apple.* **Malayan apple.** *Syzigium malaccense* (**L.**) **Merr. & Perry;** *Eugenia malaccensis* **L.** *Mala apple, mountain apple, Malaya jam* ઈ० નામો ધરાવતું શોભા માટે ઉગાડવામાં આવતું મૂળ મલાકાનું ફળઝાડ.

**male.** શુક્રાણુ અથવા શુક્રપિંડ પેદા કરનાર પ્રાણી, નર, પું. (૨) ફૂલનાં પુંકેસર. (૩) વનસ્પતિને ફલિત કરનાર. **m. flora.** નરપુષ્પ. **m. gamete.** પુંજન્યુ, નરજનન કોષ. **m. gametangium.** પુંજન્યુધાની. **m. gametangium mother cell.** પુંજન્યુધાની માતૃકોષ. **m. genital system.** નર જનનતંત્ર. **m. inflorescence.** નરપુષ્પવિન્યાસ. **m. process.** મરઘીનાં બચ્ચાંમાં જોવામાં આવતું અવિકસિત જનન અંગ, નરપ્રવર્ધ.

**malformation.** કુરૂપતા. (૨) વનસ્પતિમાં થયેલા કોઈ રોગના કારણે, તેના પર ફોલ્લા, મસા, અર્બુદ, પર્ણવલન, રોમલ મૂળ, સ્થાનીય વ્રણ, ઇ० જેવી વિકૃતિઓ થાય છે,

**malfunctioning.** વિક્રિયા.

**mali.** માળી, બાગબાન.

**malignant.** વિષાક્ત, જલદ, અતિદુષ્ટ. (૨) મરણ નીપજાવે તેવું. (૩) સારવાર કે ઉપચારનો પ્રતિચાર ન આપે તેવું. (૪) ઊથલો ખાતું અથવા વધારે તીવ્ર બનતું, અસાધ્ય. **m. catarrhal fever.** આફ્રિકા અને યુરોપના કેટલાક દેશોમાં પુખ્ત ઢોરને લાગુ થતો વિષાણુજન્ય રિન્ડરપેસ્ટ જેવો, નાક અને આંખમાંથી સતત ચીકણો સ્રાવ કરતો એક રોગ. **m. oedema.** *Clostridium septicum.* નામના જીવાણુથી સ્નાયવીય પેશીમાં થતો વ્રણ સંક્રમણથી ઢોર અને ઘેટાંની થતી એક રોગ–અવસ્થા, જે ઢોર-માદાની પ્રસૂતિ બાદ અને ઘેટામાં ઊન ઉતારી લીધા પછી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કે ખસી કરાવ્યાના અંતે ઉપસ્થિત થાય છે, જેમાં રોગી પ્રાણીને સોજા આવે છે અને તેની પેશી મરી જાય છે. **m. tumour.** અસાધ્ય અર્બુદ, વિષાક્ત રસોળીનો રોગ, જે રોગી પ્રાણીના શરીર પર એક ઠેકાણે શરૂ થઈ ધીમે ધીમે આખા શરીર પર ફેલાઈ જાય છે.

**malleable cast iron.** ઘનવર્ધનીય, ધાતવર્ધનીય કે ટીપીને લાંબું કરી શકાય તેવું ઢાળેલું લોખંડ. **m. iron.** ઘનવર્ધનીય-ધાતવર્ધનીય લોહ.

**Malling root stock.** સફરજનનું જાણીતું અલિંગી મૂળ કલમ-સ્કંધ, જેનું અતિવામન, (૨) અર્ધ-વામન, (૩) જોમદાર, અને (૪) અતિ જોમદાર–આ પ્રમાણેની ચાર કોટિમાં વર્ગીકરણ કરવામાં આવે છે.

**mallophaga.** નામની જૂની શ્રેણી.

**Mallotus** *philippensis* (*Lamk*) **Müe-Arg.** કપિલો નામનું પ. બંગાળ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને ઓરિસ્સાનું એક વૃક્ષ, જેનાં ફળ પરથી મળતો લાલ રંગ રેશમને રંગવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે; ઉપરાંત સૂત્રકૃમિની સામે પણ તેનો ઔષધ તરીકે ઉપયોગ કરવામાં આવે છે.

**malnutrititon.** કુ-પોષણ, કંગાળ-ખોરાક, અલ્પ ખોરાક કે ખોરાકના અભાવના પરિણામે થતી અતંદુરસ્ત અવસ્થા.

**malodorous.** દુર્ગંધ મારતું.

**Malpighia.** શોભાનાં નાનાં ઝાડ, છોડ કે ક્ષુપ ધરાવતી પ્રજાતિ. **M.** *glabra* **L.** ખાદ્ય ફળનો બાર્બેડોસ ચેરી નામનો છોડ. **M.** *punicifolia* **L.** તામિલનાડુ અને કર્ણાટકમાં થતો ખાદ્યફળનો છોડ. **M.** *ureus* **L.** ખાદ્યફળની એક વનસ્પતિ.

**malt.** જવનો રસ. (૨) પૂરતા પ્રમાણમાં ઉત્સેચકો બને ત્યાં સુધી જવના દાણાને ફણગવા દેવામાં આવે અને ત્યાર બાદ તેમને સુકાવા દેવામાં આવે છે, જેના પરિણામે આ પેદાશ બને છે. (૨) ધાન્ય શર્કરા. **m. extract.** જવ અને ધાન્યના મિશ્રણમાંથી મળતી શર્કરા. **m. sugar.** ધાન્ય શર્કરા. **maltase.** ધાન્ય શર્કરાને દ્રાક્ષ શર્કરામાં ફેરવનાર ઉત્સેચક. **maltose.** ધાન્ય શર્કરા; $C_{12}H_{22}O_{11}H_2O$ સૂત્ર ધરાવતી દ્વિ-શર્કરા. બીના અંકુરણ દરમિયાન સ્ટાર્ચ એટલે કાંજી પર થતા આથવણના પરિણામે આ ઘટના બનવા પામે છે. ખોરાકમાંનું કાંજીનું દ્રવ્ય પ્રાણીઓ પચાવે ત્યારે પણ આ શર્કરાનું નિર્માણ થાય છે.

**malta.** મોસંબીનો એક પ્રકાર. (૨) ભૂમધ્ય સમુદ્રમાં આવેલો એક ટાપુ. **M. Blood Red.** ભારતમાં ઉગાડવામાં આવતી મોસંબીની એક જાત. **M. Common.** પંજાબ અને ઉત્તર પ્રદેશના કેટલાક વિસ્તારોમાં થતી મોસંબીનો એક પ્રકાર. **M. fever.** ઘેટાં-બકરાંને થતા રોગનો એક પ્રકાર. **M. orange.** મીઠી મોસંબી.

**Malthusian theory.** ટી. આર. માલ્થૂસ (1766-1834) નામના ઇંગ્લૅન્ડના એક પાદરીએ ખોરાક વૃદ્ધિ અને વસ્તી વધારાના સંબંધ અંગે રજૂ કરેલો એક સિદ્ધાંત, જે અનુસાર ખોરાકની વૃદ્ધિની તુલનામાં વસ્તીનો વધારો ખૂબ જ ઝડપથી થવા પામે છે.

**Malus** *baccata* (**L.**) **Borkh.** (Syn. ***Pyrus*** *baccata* **L; *P.*** *baccata* **L.**var. *sibirica* **Maxim.**). જંગલી સફરજન; કાશ્મીર અને ખાસી ટેકરીઓમાં થતું નાનું ઝાડ, જેનાં ફળનું શાક થાય છે. **M.** *sylvestris* (**L.**). વિલાયતી કંગાઈ નામનું મૂળ પૂર્વ યુરોપ અને પ. એશિયાનું પણ અહીં હિમાચલ પ્રદેશ, કાશ્મીર, કુલુ, કુમાંઉ, આસામ અને નીલગિરિમાં થતું ખાદ્યફળધારી ઝાડ.

**Malva** *parviflora* **L.** વાયવ્ય હિમાલય, કાશ્મીર, પંજાબનાં મેદાનો, મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ, પ. બંગાળ, દખ્ખણ, કર્ણાટક અને મદુરાઈમાં થતું એક ઝાડ.

**Malvi.** ગ્વાલિયર, મધ્ય ભારત અને

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હૈદરાબાદમાં થતી ઢોરની એક ઓલાદ, જેમાં પ્રદેશ અનુસાર વિવિધતા હોય છે, જેનો બાંધો મજબૂત હોય છે અને ભારવાહી પશુ તરીકે તે ઉપયોગી પ્રાણી છે.

**mamma.** માદા સ્તનધારી પ્રાણીનું દુગ્ધ-સ્રાવી અંગ. **mammal.** પૃષ્ઠવંશી પ્રાણી સમુદાયનું સસ્તન પ્રાણી, જેની માદા બચ્ચાંને ધવડાવે છે. **mammalia.** પૃષ્ઠવંશી પ્રાણીઓનો સસ્તન સમુદાય. **mammary** સ્તનને લગતું. **m. artery.** સ્તન ધમની. **m. gland.** સ્તન-ગ્રંથિ, દુગ્ધ ગ્રંથિ, આંચળ. (૨) સસ્તન પ્રાણીઓમાં ચામડી અને સ્નાયુ પેશીના બાહ્ય સ્તરની વચ્ચે રહેલી ગ્રંથિ. માદા પ્રાણીઓની જુદી જુદી જાતિઓમાં આ ગ્રંથિનાં પ્રકાર, સ્થાન અને સંખ્યા જુદાં જુદાં હોય છે. શરીરની વક્ષીય બાજુએ બંને તરફ સરખી સંખ્યામાં આ ગ્રંથિઓ આવેલી હોય છે. પ્રત્યેક ગ્રંથિને એક એક આંચળ હોય છે. પ્રાણીની પ્રથમ ગર્ભાવસ્થામાં આ ગ્રંથિનો વધારેમાં વધારે વિકાસ થયેલો હોય છે. **m. groove.** સ્તન ખાંચ. **m. system.** માદા પ્રાણીના, ખાસ કરીને દુગ્ધાલયના પ્રાણીમાં આવેલાં દુગ્ધ – ગ્રંથિ, આંચળ, રક્ત નલિકા ઇ.નું બનેલું તંત્ર.**m. veins.** દુગ્ધશિરા. **mammitis. mastitis.** સ્તનકોપ, સ્તન કે આંચળ પર આવતો સોજો. **mammogenic hormones.** સ્તનગ્રંથિ અને આંતરસ્રાવોની સાથે ગાઢ રીતે સંકળાયેલી પેશીઓનાં વૃદ્ધિ અને વિકાસની સાથે જવાબદાર ગાય ઈ. પ્રાણીઓના દેહમાં રહેલાં અંતઃસ્રાવો.

**Mammea** *americana* **L.** વેસ્ટ ઈન્ડિઝમાં અસલ વતન ધરાવતું ખાદ્ય ફળનું એક ઝાડ. **M.** *longifolia.* **Planch & Triana** (*Syn. Ochrocarpus longifolius* (**Wight**). **Benth & Hook f.**). નાગકેસર; દ. ભારતમાં ઉગાડવામાં આવતું એક ઝાડ, જેનાં ફળ ખાવાના કામમાં આવે છે અને સૂકી પુષ્પ કળીઓમાંથી લાલ રંગ મળે છે, જે રેશમને રંગવામાં કામમાં આવે છે. **mammee-apple.** જુઓ *Mammea americana* **L.**

**Mammillate cherimoyer.** મોટા કંદ ધરાવતું નીલગિરિમાં થતું મધ્યમ કદનું ઝાડ.

**mammooty.** તામિલનાડુમાં ઉપયોગમાં લેવામાં આવતું કૃષિ ઓજાર.

**mammi.** ઘઉંના કણસલાને લાગતા રોગનો એક પ્રકાર.

**management.** ઉત્પાદનની પ્રક્રિયાઓની મર્યાદા નક્કી કરે, તેના નિરાકરણ માટે જરૂરી માહિતીને એકત્ર કરે. તે અંગેના નિર્ણયો લે, આ નિર્ણયો અનુસાર કાર્ય કરે, તે અંગેની સઘળી જવાબદારી ઉઠાવે—આ સૌને આવરી લેતી માનવે યોજેલી તંત્ર વ્યવસ્થા કે પ્રબંધ.

**manavari.** તામિલનાડુમાં તળાવના પાણીની સિંચાઈથી ઉગાડવામાં આવતો ડિસેમ્બર–ફેબ્રુઆરીની મોસમ દરમિયાનનો પાક.

**manda.** *Cudrania javanensis* **Trecul.** નામનો ઉત્તરપ્રદેશ, ઓરિસા અને આસામમાં થતો ખાદ્યફળનો ક્ષુપ.

**mandania.** રાતો દેવદાર.

**mandarin-lime.** મેન્ડેરીન અને લીંબુના સંકરમાથી પેદા થયેલી રંગપુર અને કુસાઈ પૈકીની એક જાત.

**mandarin orange.** સંતરાં, નારંગી; નારંગીકુળની *tangarine, Citrus reticulata* **Blanco** (*C. nobilis* **Andrew**). નામનો ભારતમાં થતો નારંગીનો પ્રકાર, જેમાં ખાસ કરીને નાગપુરી સંતરાં, કૂર્ગ સંતરાં, ખાસી સંતરાં, દેશી સંતરાં ઇ. જેવી સંતરાની જાતોનો સમાવેશ થાય છે. બધાજ પ્રકારના ઉષ્ણ અને ઉપોષ્ણ પ્રદેશોમાં આ સૌ પ્રકારનાં સંતરાં થાય છે, જેમાં મહારાષ્ટ્ર પ્રદેશમાં થતાં સંતરાંનો પ્રકાર ઉત્તમ ગણાય છે. તેની છાલનો ઉપયોગ માર્મલેડ બનાવવા માટે થાય છે. સંતરામાંથી કાઢવામાં આવતું તેલ મિઠાઈ, સૌંદર્યપ્રસાધનો અને ઔષધ નિર્માણમાં ઉપયોગી બને છે.

For Private and Personal Use Only

**mandi.** મંડી. બજાર.

**mandible.** પૃષ્ઠવંશધારી પ્રાણીઓનું નીચલું જડબું.

**Mandya sheep.** કર્ણાટકનું ઉચ્ચ પ્રકારનું માંસ આપતું લાંબા પગ અને પાતળા શરીરવાળું ઘેટું.

**mane.** યાળ; ઘોડા અને અન્ય પ્રાણીઓના ઉપલી ગરદન પર ઊગતા વાળનો ગુચ્છો.

**manganese.** મેન્ગેનીઝ નામનું રાસાયણિક વિરલ તત્વ, જે વનસ્પતિનું એક ખોરાકી દ્રવ્ય છે. મેન્ગેનીઝ આયન ($Mn^{++}$) તરીકે તે લગભગ લોહની જેમ વર્તે છે, જે વનસ્પતિનાં હરિત પર્ણોના નિર્માણમાં અને વનસ્પતિ પેશીમાં ઉપચય-અપચય એટલે ઑક્સિડેશ-રિડકશનની પ્રક્રિયામાં મહત્વનો ભાગ ભજવે છે. (૨) પ્રાણીઓનાં પ્રજનન, વૃદ્ધિ અને દુગ્ધ નિર્માણ માટે તે મહત્ત્વનું એક તત્વ છે. **m. chlorosis.** મેન્ગેનીઝની ઊણપના પરિણામે વનસ્પતિમાં વિવર્ણતાનો થતો રોગ. **m. deficiency.** કુદરતી પ્રક્રિયા માટે આવશ્યક માત્રામાં વનસ્પતિને મેન્ગેનીઝ નહિ મળવાના પરિણામે નીપજતી રોગાવસ્થા; જેને, એક રતલ મેન્ગેનીઝ સલ્ફેટ અને અર્ધો રતલ કળી ચૂનાને 100 ગેલન પાણીમાં મિશ્ર કરી આ મિશ્રણનો છંટકાવ કરી નિયંત્રણ હેઠળ લાવવામાં આવે છે. (૨) પ્રાણીઓને પૂરતા પ્રમાણમાં મેન્ગેનીઝ મળે નહિ તો તેમની વૃદ્ધિને હાનિ પહોંચે છે.

**mange.** ખૂજલી, ચેળ, ખંજવાળ. (૨) વાળવાળાં પ્રાણીઓ અને પક્ષીઓને ઈતડીના કારણે થતો ચામડીનો એક પ્રકારનો રોગ, જેમાં આ ઈતડી વાળ હેઠળની ચામડીમાં ઘૂસી ઈંડાં મૂકી દર બનાવે છે, જેથી તેના ઉપદ્રવનો ભોગ બનેલાં પશુ કે પક્ષીને ખંજવાળ આવે છે, તેની ચામડી ખડબચડી બને છે, તે પર ભીંગડાં વળે છે અને ચાઠા પડી જાય છે. **mangy,** ખંજવાળ આવતી હોય તેવી.

**mangel.** *mangle, mangel-wurzel, mangold, Beta vulgaris* var. *macrorhiza* નામની દ્વિ-વર્ષાયુ શાકીય વનસ્પતિ.

**Mangifera** *indica* **L.** આંબો; ગુજરાત, ઉત્તરપ્રદેશ, પંજાબ, મહારાષ્ટ્ર, આન્ધ્ર પ્રદેશ, પ. બંગાળ અને તામીલનાડુમાં થતું ખાદ્યફળ અર્થાત્ કેરીનું વૃક્ષ. **M.** *pinnata* **L.f.** અંબર, આમ્ર; પંજાબ, મહારાષ્ટ્ર, પ. બંગાળ અને આસામમાં થતું ખાદ્યફળનું ઝાડ, જેની છાલ ચામડાં કમાવવા ઉપયોગી છે. **Mango.** કેરી. આંબાનું ફળોના રાજા તરીકે ઓળખાતું પ્રજીવકો 'એ' અને 'સી' ધરાવતું ફળ, જેનું વૃક્ષ સદાહરિત અને વિશાળ ઘટા ધરાવતું હોય છે. ભારતમાં થતી ફળ ખેતીમાં આ ફળ ઝાડની કૃષિ અર્ધોઅર્ધ ભૂમિ રોકે છે; ખાસ કરીને તે ગુજરાત, ઉત્તરપ્રદેશ, બિહાર, આન્ધ્રપ્રદેશ, પ. બંગાળ, તામિલનાડુ, ઓરિસા, મહારાષ્ટ્ર, કેરળ, મધ્યપ્રદેશ અને પંજાબમાં થાય છે. પાંચ હજાર કરતાં ઊંચી ભૂમિમાં આ વૃક્ષ થઈ શકતું નથી. છોડવા જેવી કુમળી અવસ્થામાં તેને હિમ અને તુષારથી રક્ષણ આપવું પડે છે. વાવાઝોડા અને હિમના કારણે તેનાં મોર ખરી જાય છે, પરિણામે કેરીનો ઉતાર ઘટી જાય છે. આવાં બે વૃક્ષોની વચમાં 30 થી 35 ફૂટનું અંતર રાખવામાં આવે છે. આંબો કલમ કરીને કે ગોટલો વાવીને ઉગાડવામાં આવે છે. કેરીની વિવિધ જાતો છે. **m. anthracnose.** *Colletotrichum gloeosporides* **Hayes.** નામના જંતુથી આંબાને થતો એક પ્રકારનો વૃક્ષરોગ, જેમાં તેની કુમળી ડાળીઓ, મોર અને કેરી પર ફોલ્લા જેવી ગાંઠો થઈ રોગગ્રસ્ત ભાગ કાળો પડે છે. **m. bacterial leaf spot.** *Pseudomonas mangiferae-indicae.* નામનાં જંતુથી આંબાને થતો રોગ. **m. bark-eating caterpillar.** *Interbela quadrinotata* **Walker.** નામની આંબામાં પડતી બદામી રંગની ઈયળ, જે ઝાડનાં થડ અને

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ડાળીઓમાં દર કરી, ઝાડનાં અંગોને કોરી ખાય છે. **m. canker and die-back.** આંબાનાં પાન અને ડાળખાંને થતા રોગનો પ્રકાર. **m. fruit fly.** *Dacus dorsalis* **Hendel.** નામનો કેરીનો કીટ, જે જામફળ, લોકેટ, દાડમ, જરદાળુ, પ્લમ, પીચ, વટાણા, અંજીર, સફરજન, કિવન્સ, કેળાં અને ખટમધુરાં ફળોમાં પણ પડીને ભારે હાનિ પહોંચાડે છે. **m. ginger.** આંબા હળદર. *Cucuma amada* **Roxb.** નામનો હળદરનો એક પ્રકાર, જેનાં મૂળ આદુ જેવાં દેખાય છે અને તેની સુવાસ કેરી જેવી આવે છે, માટે તે આંબાહળદર તરીકે ઓળખાય છે અને તેનું અથાણું બનાવવામાં આવે છે. **m. hopper.** *Idiocerus clypealis* **Leth**; *I. atkinsoni* **Leth**;*I. niveosparsus* **Leth.**નામનાં કેરીમાં પડતાં જંતુ, જે રસ ચૂસીને પાકને ભારે હાનિ પહોંચાડે છે; મોરને ખેરવી નાખે છે; આના ઉપદ્રવના કારણે મધ જેવો કાળો રસ ઝરે છે, જેને આંબાનો મધિયો કહેવામાં આવે છે. **m. leaf-cutting weevil.** *Deporaus marginatus* **Pasc.** નામનું આંબામાં પડતું નાનું, ભૂખરું દ્વાલપક્ષ કીટ. **m. leaf gall makers.** *Procontarinia matteiana* **Kieff.** નામનો આંબાનો કીટ, જેનાં ડિમ્ભ પાંદડાં ખાઈ જાય છે અને ગાંઠો બનાવે છે. **m. mealy-bug.** *Drosicha mangiferae* **Gr.** નામનો આંબાના મેઢ તરીકે ઓળખાતો કેરીને મોટું નુકસાન કરતો કીટ, જે જામફળ, ફણસ, લીચી, પપૈયા, દાડમ અને ખટમધુરાં ફળોને પણ નુકસાન પહોંચાડે છે, જેનાં ડિમ્ભ અને પુખ્ત જંતુ ડાળખાં આગળ જામે છે, રસ ચૂસે છે, અને મોર આવે ત્યારે ભારે ઉપદ્રવ કરી ફળ બેસવાની પ્રક્રિયામાં અડચણ ઊભી કરે છે, જેને મધ જેવો રસ ઝરે છે, જેથી આ વનસ્પતિને ફૂગજન્ય રોગ કરે છે. **m. mites.** *Eriophyes* sp., *Typhlodromus* sp; *Tryophagus asiaticus* **Evans.** નામની આંબાના પ્રરોહ પર આક્રમણ કરતી ઈતડી. **m. nut weevil** *Cryptorhychus mangifarne* **Fabr.**; *C. graves.* **Fabr.** નામનો કેરીનો ઠોળ નામનો કીટ. **m. pink disease.** *Corticium salmonicolor*.નામના જંતુથી કેરીને થતો એક રોગ. **m. powdery mildew.** *Oidium mangifarae* **Berthet.** નામની ફૂગથી કેરીને થતો એક રોગ. **m. shoot gall psyllid.** *Apsylla cistellata* **Buckton.** નામનો કેરીનો કીટ, જે ખીલતી કળીમાં શંકુ આકારની ગાંઠ બનાવે છે અને મોર બેસવા દેતો નથી. **m. sooty mould.** *Capnodium ramosum.* થી કેરીને વળતી ઊબ. **m. stem borer.** *Batocera rufomaculata* **De Geer.** (*B. rugra* **L.**). નામનો કેરીનો કીટ, જે અંજીર, શેતૂર અને ફણસ પર પણ આક્રમણ કરે છે, જેનાં ઠોળ ઝાડની ડાળિઓ અને થડમાં દર કરી અંદરનું કાષ્ઠ ખાય છે.

**mangosteen.** *Garcinia mangostana* **L.** નામનું ટેનિન દ્રવ્ય ધરાવતી છાલવાળું દક્ષિણ ભારતમાં થતું એક ફળ: જે વાતહર તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે, મૂળ તે ઈસ્ટ ઇન્ડિઝનું હતું. **m. oil tree.** કોકમનું ઝાડ.

**mangrove.**કળણ કે ભેજવાળી જમીનમાં થતી વનસ્પતિ;

**man bour.** એક કલાક દરમિયાન એક વ્યક્તિ દ્વારા થતા કાર્યનું એકમ.

**manifold stomach.** વાગોળનારા પ્રાણીનું તૃતીય આમાશય.

**Manihot** *esculenta* **Crantz.** (Syn. *M. utilissima* **Pohl**). મોગો સક્કરકંદ, કસાવા; મૂળ બ્રાઝિલનો પણ હવે કેરળ, તામિલનાડુ અને કર્ણાટકમાં થતો છોડ, જેના કંદમાંથી કાંજી, સાબુચોખા, સેમોલિના અને લોટ બનાવવામાં આવે છે, જેનું વ્યાપારી મહત્વ છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**manila grass.** *Zoisia matrella* (**L.**) **Merr.** નામનું દીર્ઘાયુ ઘાસ, જે રેતીના ઢૂવાને નવસાધ્ય બનાવવા ઉપયોગમાં લેવામાં આવે છે.

**Manila hemp.** *abaca, aboka, abaca banana, manilla*, એવાં વિવિધ નામોથી ઓળખાતો *Musa textilis* **Nee.** નામનો ફિલીપીનમાં થતી વનસ્પતિનો એક પ્રકાર, જેનાં પાન અને પ્રકાંડમાંથી મજબૂત રેસા મળે છે, જેનાં દોરડાં બને છે. જે યંત્ર માટે ઉપયોગમાં આવે છે; આ ઉપરાંત તેના કાગળ બનાવવામાં આવે છે: આ વનસ્પતિ દ.ભારતમાં પણ થાય છે સઘળા પ્રકારના વાનસ્પતિક રેસાઓમાં મનિલા હેમ્પના રેસા સૌથી મજબૂત હોય છે.

**Manila maguey.** દોરડાં બનાવવાના કામમાં આવતા રેસા ધરાવતી મુખ્યત્વે મેક્સિકોમાં થતી એક વનસ્પતિ.

**manila tamarind.** વિલાયતી આંબલી, *Pithecellobium dulce* (**Roxb.**) **Benth.** (*Mimosa dulcis* **Roxb**; *Inga dulcis* **Willd.**). નામનું ફળધારી ઝાડ, જેનું કાષ્ઠ ઈમારતી કામ, વાડ, થાંભલા, બળતણ ઇ. જેવા કામમાં ઉપયોગી બને છે; તેનાં પાનનો ઘાસચારો બને છે, વેરાન ભૂમિને નવસાધ્ય કરવા તથા સરકતી રેતીને સ્થિર કરવા તેને ઉગાડવામાં આવે છે. અનાવૃષ્ટિનો તે ઠીક ઠીક સામનો કરી શકે છે, હલકી અને પડતર જમીનમાં પણ તે ઊગી શકે છે.

**Manilkara** *hexandra* (**Roxb.**) **Dub.** (Syn. *Mimusops hexandra* **Roxb.**). રાયણનું ઝાડ; જે ગુજરાત, દિલ્હી, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર અને આન્ધ્ર પ્રદેશમાં થાય છે. **M.** *Kauki* (**L.**) **Dub.** (Syn. *Mimusops Kauki* **L.**). ખિરણી નામનું ઉત્તર ભારત, આન્ધ્રપ્રદેશ અને મલબારમાં થતું ખાદ્ય ફળનું ઝાડ. **M.** *Zapota* (**L.**). **Van Royen.** સપોટા, ચીકુ; મૂળ અમેરિકાનું પણ અહીં પ. બંગાળ, તામિલનાડુ અને મહારાષ્ટ્રમાં થતું ખાદ્યફળનું ઝાડ, જેના ફળનો ચીકણો રસ ચીકલ તરીકે ઓળખાય છે અને ચ્યુઈંગ-ગમ બનાવવા તેને ઉપયોગમાં લેવામાં આવે છે. તેનાં કુમળાં પાન ખાવામાં લેવાય છે.

**manilla.** જુઓ *Manila hemp.*

**manioc.** સાબુ ચોખા, સાબુ ચોખાનો લોટ.

**manipulation.** હસ્તકૌશલ્ય.

**Manipuri.** મણિપુરના ઘોડાની એક ઓલાદ. આ ઓલાદનું પ્રાણી નાનું પણ પ્રમાણબદ્ધ, નાનું માથું, મજબૂત સ્નાયુઓવાળી ગરદન, લાંબુ મોં, પહોળી છાતી, સરસ પગ, રૂઆબદાર અને ઝડપી ચાલ ધરાવે છે. આ પ્રાણીની પોલોની રમતમાં અને લશ્કરનો ભાર વહન માટે સારી માંગ રહે છે.

**mankanda.** આસામ, પ. બંગાળ, મહારાષ્ટ્ર, તામિલનાડુ અને કેરળમાં થતો માણકંદ નામનો છોડ.

**manna.** કેટલીક વનસ્પતિઓનો મીઠો સ્રાવ.

**mannan.** બી અને કાષ્ઠના માવાનું બહુશર્કરા કે દ્વિશર્કરા દ્રવ્ય. **mannose.** કાર્બોદિત, શર્કરા દ્રવ્ય; દ્રાક્ષ શર્કરાનો સમઘટક, જે કુદરતમાં દ્વિ કે બહુશર્કરા તરીકે ઓળખાય છે.

**mantis.** *Mantidae* કુળનું અન્ય જંતુ પર પરજીવી, ખેડૂતો માટે ઉપકારક જંતુ.

**manometer.** દબાણ માપક સાધન.

**man power.** માનવ શક્તિ.

**manual.** હાથનું, હાથથી થતું, હાથથી કરવામાં આવતું. (૨) પક્ષીના હાથ જેવા અંગ પરનું પીંછું, જે પ્રથમ, પ્રાથમિક અથવા મૂળ પીંછું કહેવામાં આવે છે. **m. lift.** હાથથી ઊંચકવું, હાથથી ઊંચકી શકાય તેવું. **manubrial cell.** હસ્તકોષ.

**manufactures.** ઉત્પાદન કરવામાં આવેલો માલ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**manure.** ખાતર. (૨) ઘાસના પથારાનાં દ્રવ્યો સમેત કે તે વિના પણ પ્રાણીનાં વિઘટનની વિવિધ અવસ્થાનાં મળમૂત્ર. (૩) જમીનની ફળદ્રુપતા વધારનાર કે જમીનને ફળદ્રુપ કરનાર સેંદ્રિય કે બિન-સેંદ્રિય દ્રવ્ય. **m., complete** ખાતરનાં સઘળાં તત્ત્વો ધરાવતું પૂર્ણ ખાતર. **m., general** સામાન્ય ખાતર. **m., green** લીલું ખાતર. **m., inorganic** અકાર્બનિક–અનિંદ્રિય ખાતર. **m., organic** કાર્બનિક ખાતર, સેંદ્રિય ખાતર. **m. handling.** ખાતરની વ્યવસ્થા. **m. pit.** ખાતર માટેનો ખાડો. **m. spreader.** ખાતરને ફેલાવનાર, ખાતરને પાથરનાર. **manurial trial.** ખાતરનો અખતરો. **manurial value.** ખાતરનું મૂલ્ય. **manuring.** ખાતર નાંખવું, ખાતર આપવું.

**manus.** હાથ. (૨) પૃષ્ઠ વંશી પ્રાણીનો અગ્રઉપાંગનો હાથ જેવો ભાગ.

**manyplies.** વાગોળનાર પ્રાણીનું તૃતીય આમાશય.

**Maoutia** *puya* **(Hook) Wedd.** પોઈ; ઉત્તર પ્રદેશ, બિહાર અને આસામમાં થતો છોડ, જેના રેસાની માછલી પકડવાની જાળ બનાવવામાં આવે છે.

**mar.** પુરતા પ્રમાણમાં સેંદ્રિય દ્રવ્યવાળી ઉત્તર પ્રદેશમાં આવેલી પૂરતા જલનિકાલ વિનાની ભેજવાળી જમીન.

**Maranta** *arundinacea* **L.** તિખર, આરારૂટ. મૂળ અમેરિકાની પણ અહીં ખાદ્ય કંદ માટે વવાતી શાકીય વનસ્પતિ.

**marble.** આરસપહાણ, સંગેમરમર. **marbled.** કેટલાક પ્રકારના આરસ જેવું.

**marc.** ફળ, શેરડી, ખીર ઇ.ની પ્રક્રિયાના અંતે પડી રહેતું અદ્રાવ્ય અવશિષ્ટ દ્રવ્ય.

**marcescent.** ચીમળાયાં વિનાજ ઝાડ પર સુકાઈ જતાં(પાન).

**marcottage.** ફળીની નીચે, ચૂંટેલા પ્રરોહનાં એકાદ ઈંચ લંબાઈમાં છાલ કાપી તેને માટી, લીલ ઇ.થી ઢાંકી દઈ ગુણપાટના કકડાથી વિંટાળી એ ભાગને ભેજયુક્ત રાખવાની કટાળાજનક પ્રક્રિયા.

**mare.** ઘોડી, અશ્વવર્ગનું માદા પ્રાણી. **m. mule.** માદા ખચ્ચર.

**Margarina** *indica* **S.** કોળાની ઈયળ.

**Margaronia** *caesalis* **W.** ફણસના પ્રકાંડને કોરતો કીટ.

**margin.** કિનાર, (૨) સીમ, રેખા. (૩) હાંસિયો. **m. of safety.** સુરક્ષા મર્યાદા. **marginal.** સીમાંત, લાભદાયક ખેતી ન થઈ શકે તેવી સીમાંત (જમીન). (૨) સીમા, કિનારા પરનું, તટવર્તી, ધારાવર્તી. **m. meristem.** સીમાંત વર્ધન-શીલ પેશી. **m. variegation.** પર્ણો કે પર્ણિકાઓ દર્શાવતી ઝાંખી પેશીનો સાંકડો કે વિશાળ પ્રદેશ. **m. weeds.** જળાશયો કે કળણોમાં ઊગતું ઘાસપાત, જે જંતુઓનું રહેઠાણ બને છે.

**Marglobe.** મોસમની અધવચ્ચે થતાં ટમેટાં; જેના છોડ મોટા, ટટાર, લોમવાળાં હોય છે, જેનાં ટમેટાં મોટાં, ગોળ, સુંવાળાં, જાડી છાલવાળાં, નક્કર, ઊંડાં લાલાશ પડતાં, સહેજ ખાટા સ્વાદ ધરાવતાં હોય છે.

**margosa.** લીમડો.

**mari.** શિવજટા.

**Marie Louise d'uccle.** પીઅરફળની એક જાતિ, જેમાં ફળ મોટું, લંબગોળ, પીળાશ પડતી લાલ છાલવાળું, સુવાસિત હોય છે.

**marine.** સમુદ્રી. **m. soil.** નદી-વાહિત અથવા સમુદ્રે નિક્ષેપિત કરેલાં દ્રવ્યોની બનેલી અને સમુદ્ર ખસતા નિર્માણ પામેલી જમીન.

**marker.** હાથવડે બી વાવવા અગાઉ પંક્તિની નિશાની કરવા બળદ કે માનવ-કર્ષિત ઓજાર.

**market.** બજાર; વસ્તુઓનાં ખરીદ-વેચાણ થતાં હોય તેવું બંદર સ્થાન, હાટ, મંડી. (૨) ક્રય-વિક્રય; લે-વેચ કરવી. **m., closed** બંધ બજાર. **m., competitive** પ્રતિસ્પર્ધી બજાર. **m., decentralised** વિકેંદ્રિત બજાર.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**m., established** સુસ્થાપિત બજાર. **m., exchange** વિનિમય બજાર, વસ્તુઓના વિનિમયનું બજાર. **m., forward** વાયદા બજાર. **m., imperfect** અપૂર્ણબજાર. **m., integrated** સંકલિત બજાર. **m., local** સ્થાનિક બજાર. **m., monopolistic** ઈજારાશ્રિત બજાર. **m., open** ખુલ્લું બજાર, પ્રતિસ્પર્ધી બજાર. **m., perfect** પૂર્ણ બજાર. **m., primary** પ્રાથમિક બજાર. **m., retail** છૂટક બજાર. **m., secondary** દ્વિતીયક બજાર; ગૌણ બજાર. **m., speculative** સટ્ટા બજાર. **m., spot** હાજર બજાર. **m., terminal** સીમાંત બજાર, અંત્ય બજાર, અંતિમ બજાર. **m., wholesale** જથ્થાબંધ લે-વેચમાટેનું બજાર. **m. chain.** બજાર પરંપરા, બજારની હારમાળા. **m. demand.** બજારની માંગ, બજારમાંગ. **m. discrimination.** મૂલ્યમાં ભેદભાવ. **m. gardening.** બજારમાં વેચવાના હેતુ માટે શાકભાજી પેદા કરવા; વેચવા માટેનાં શાકભાજીની ઘનિષ્ઠ ખેતી. **m. garden tractor.** નાનું ચાર પૈડાંનું શાકભાજીની ખેતી માટે ઉપયોગમાં લેવાના હેતુવાળું ટ્રેક્ટર. **m. information.** બજાર અંગેની માહિતી. **m. price.** બજાર કિંમત, બજારમાં પ્રચલિત કિંમત. **m. p. mechanism.** બજાર કિંમત પ્રબંધ – વ્યવસ્થા. **m. rate.** બજાર ભાવ, બજારમાં પ્રચલિત દર. **m. report.** બજારનો હેવાલ. **m. summary.** બજારની માહિતીનો સાર. **m. supply.** બજાર પુરવઠો. **m. trend.** બજારનું વલણ. **m. value.** બજારમૂલ્ય.

**marketable.** વિક્રેય, વેચી શકાય તેવું. **marketing.** લે–વેચ, ક્રય–વિક્રય. **m., direct** સીધો–સ્વયં ક્રય–વિક્રય. **m., indirect** આડતી અથવા ઉત્પાદક વિનાની લે–વેચ. **m., orderly** વ્યવસ્થિત ક્રય–વિક્રય. **m., organised** વ્યવસ્થિત ક્રય–વિક્રય; **m., regular** નિયમિત ક્રય–વિક્રય. **m., regulated** નિયંત્રિત ક્રય–વિક્રય. **m. agency** ક્રય–વિક્રયનો વ્યવસાય કરતી સંસ્થા–પેઢી–એજંસી. **m. chain.** ક્રય–વિક્રયની પરંપરા. **m. channel.** ક્રય–વિક્રય માધ્યમ. **m. function.** ક્રય–વિક્રય કાર્ય–વ્યવસાય. **m. margin.** ક્રય–વિક્રયમાં વળતર. **m. mechinism.** ક્રય–વિક્રય તંત્ર. **m. method.** ક્રય–વિક્રય પદ્ધતિ. **m. practice.** ક્રય–વિક્રય વ્યવહાર. **m. process.** ક્રય–વિક્રય પ્રક્રિયા. **m. quota.** ક્રય–વિક્રય કોટા–હિસ્સો–રાશિ. **m. quotatilon.** ક્રય–વિક્રય ભાવતાલ. **m. services.** ક્રય–વિક્રય અંગેની સેવાઓ. **m. society.** ક્રય–વિક્રય માટેની સહકારી મંડળી. **m. system.** ક્રય–વિક્રય પદ્ધતિ.

**marking.** ખસી કરવી. (૨) ચિહ્ન ઉમાવવા કે કાનને ચિહ્નિત કરવા. **m. nut tree.** ભીલામો, ભીલામાનું વૃક્ષ; *Semecarpus anacardium* **L.f.** (*Anacardium orientale* **L.**). નામનું પંજાબ, આસામ, ખાસી ટેકરીઓ, મધ્યપ્રદેશ અને પશ્ચિમ ભારતમાં થતું વૃક્ષ, જેનાં ફળનો રસ નિશાની કરવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે; જ્યારે તેના બીમાંથી કાઢવામાં આવતું તેલ ઊધઈના નિયંત્રણ માટે તથા ફરસને સાફ કરવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે. તેનાં કાષ્ઠ ફળથી ચામડાં કમાવવામાં આવે છે.

**marl.** કાર્બોનેટ લાઈમ અને માટી ધરાવતી જમીન, જેનો ઉપયોગ ચૂનાની ઊણપવાળી જમીનને સુધારવા માટે કરવામાં આવે છે.

**marmalade plum.** *sapote*; *Calocarpum sapota* (**Jacq.**) **Merr.** (*Lucuma mammosa* **Gaertn. f.**). નામના ખાદ્ય ફળનું ઝાડ.

**marmandai.** *Pluchea lanceolata* **Oliver & Hiern.** નામની પહોળાં પાનની પંજાબ, ઉત્તર પ્રદેશની આસનારા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માર્ટની વનસ્પતિ.

**marmor.** શિરાયુક્ત, હરિતલુપ્તતા.

**marrow.** મજ્જા. ઘણાખરાં અસ્થિઓના પોલાણમાં થતો નરમ, મેદીય, પીળો કે લાલ પેશી ભરતો રસ, જે હાડકાના બંધારણ અનુસાર જુદો જુદો હોય છે. (૨) કેટલીક વનસ્પતિનો માવો. (૩) વાનસ્પતિક મજ્જા રસ.

**Marrubium** *vulgare* **L.** પહાડી-ગંધન નામની મૂળ યુરોપ અને મધ્ય એશિયાની પણ અહીં કાશ્મીરમાં થતી શાકીય વનસ્પતિ; જેનાં સુકાયેલાં પાન ઔષધ બનાવવાના કામમાં આવે છે.

**Marsdenia** *roylei* **Wight.** મૂર્વા નામનો પશ્ચિમ અને પૂર્વ હિમાલય, સિમલા અને કુમાઉંમાં થતો આરોહી ક્ષુપ, જેના પ્રકાંડના રેસાનાં મજબૂત દોરડાં અને માછલાં પકડવાની જાળ બનાવવામાં આવે છે. **M.** *tenacissima* (**Roxb.**) **Mooa.** ટેગુસ, રાજમહાલ શણ નામની વાયવ્ય હિમાલય, મધ્ય પ્રદેશ અને બિહારમાં થતી એક પ્રકારની વનસ્પતિ, જેના પ્રકાંડના રેસાની ધનુષ્યની પણછ બનાવવામાં આવે છે. **M.** *tinctoria* **R. Br.** આન્ધ્ર પ્રદેશ, આસામ અને ખાસી ટેકરીઓમાં થતી વનસ્પતિ, જેના પ્રકાંડના રેસાનાં દોરડાં બનાવવામાં આવે છે અને પાનમાંથી ગળી બનાવવામાં આવે છે.

**marsh.** સપાટ, વૃક્ષવિહીન, પાણી ભરાયેલી દલદલી ભૂમિ. **m. land.** દલદલી ભૂમિ. **marshy soils.** કાંઠાળ મટ્ટીઓ, કાંપવાળા પ્રદેશો, લુપ્ત કે સુકાઈ ગયેલી નદીઓ કે સરોવરો, જેમાં પાણી ભરાઈ રહેતું હોય તેવાં સ્થાનોની ભેજવાળી જમીનો. લોહનું અપચયન થવાથી આવી જમીનો આસમાની રંગની બનવા પામે છે. આવા પ્રકારની જમીનો ઓરિસ્સાના કાંઠાળ વિસ્તારો, પ. બંગાળમાં સુંદરવન, ઉત્તર બિહારના મધ્ય ભાગો અને તામિલનાડુના અગ્નિ વિસ્તારોમાં આવેલી છે.

**Marsh Seedless.** ગ્રેપફ્રૂટનો એક પ્રકાર, જે મધ્યમથી મોટા કદનાં, બી વિનાનાં થાય છે.

**martigula.** ખાદ્યફળધારી કાંટાળી વનસ્પતિનો એક પ્રકાર.

**Martman.** દ. ભારતમાં થતો કેળનો એક પ્રકાર;

**Martynia** *annua* **L.** (Syn. *M. diandra* **Glox.**). વીંછુડો નામની પરજીવી વનસ્પતિ, જેને વાઘનો નખ કે શેતાનનો નખ કહે છે.

**Marvelgrass.** *zarga, bara zergi* નામનું તૃણકુળનું *Dichanthium annulatum* (**Forsk.**) **Stapf** નામનું દીર્ઘાયુ ઘાસ.

**Marwari.** ભારતની ઘોડાની એક ઓલાદ, જેને રાજસ્થાનના મારવાડ વિસ્તારમાં ઉછેરવામાં આવે છે. જે કાઠિયાવાડ ઓલાદના ઘોડા જેવી છે. આ ઓલાદના ઘોડાની ચાલ ઝડપી છે. **M. sheep.** કાળા મોં, લાંબા પગ અને સરસ શરીર ધરાવનાર, ખરબચડા સફેદ ઊનવાળા રાજસ્થાનમાં જોધપુર અને જયપુરનો ઘેટાંનો પ્રકાર.

**masai.** પથ્થરની રંગીન કાંકરીવાળું ચણતર.

**masel.** *Iseilema laxum* **Hack.** નામનું ઘાસચારા માટેનું ઘાસ, જે આન્ધ્ર પ્રદેશ અને બિહારમાં થાય છે અને તેને બી વાવીને ઉગાડવામાં આવે છે

**mash.** ચૂર્ણ. (૨) ઢોર અને મરઘાં-બતકાંને ખવડાવવા દળેલા ખાદ્ય દ્રવ્યોનું મિશ્રણ. **m. concentrate.** 20-40 ટકા પ્રોટીન ધરાવતું મરઘાં-બતકાંનું દળેલું ખાણ. **m. hopper.** મરઘાં-બતકાંનાં દળેલા ખોરાક મિશ્રણ-મેશ રાખવા માટેનું પાત્ર. **m. supplement.** પ્રોટીન, ખનિજ અને પ્રજીવકો દ્વારા મેશના ધાન્યના આધારભૂત ખોરાકી દ્રવ્યમાં થતી પુરવણી.

**mashoni.** *Teramnus labialis* **Spreng.** નામની શાકીય વનસ્પતિ.

**masked.** છૂપાં-ગુપ્ત (રોગનાં લક્ષણો).

**masonry** ચણેલ, **m. dam.** પાકો-ચણેલો બંધ. **m. weir.** ચણતર કામનો આડબંધ. **m. well.** ચણેલો કૂવો.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**mass.** દળ, દ્રવ્ય, રાશિ, દ્રવ્યમાન. (૨) સમુદાય. **m. action.** દ્રવ્ય રાશિ પ્રભાવ. **m. and weight.** દળ અને વજન. **m. flow.** રાશિ પ્રવાહ. **m. selection.** વનસ્પતિના સંવર્ધનમાં બિનજરૂરી છોડને દૂર કરી વાવવા માટે મોટી સંખ્યામાં છોડને પસંદ કરવા. (૨) પ્રાણી સંવર્ધનમાં વ્યક્તિગત કામગીરી અનુસાર પ્રાણીઓની કરવામાં આવતી પસંદગી, સામૂહિક પસંદગી. **massive.** દળદાર, ઘટ્ટ. **m. soil structure.** સંચનિત કે ઘટ્ટ મૃદાના સમાંગ અને મોટા દળ, જેમાં અનિયમિત તિરાડ પડે છે.

**mast cell.** મારટ કોષ.

**mastication.** ખોરાક ચાવવાની પ્રક્રિયા, ચર્વણ ક્રિયા. અગાઉની તેને મોંમાં દળવા–ચાવવાની ક્રિયા.

**mastitis.** આઉ–સ્તનગ્રંથિ કોપ, દુધાળાં ઢોરનાં આંચળ પર આવતો સોજો, જે એક સર્વ સામાન્ય રોગ છે, જે આંચળના થોડા ભાગને અસર કરે છે અથવા આંચળને કાયમનું નુકસાન કરે છે. આ રોગનાં લક્ષણ તરીકે દૂધ ઓછું આવે, અસાધારણ પ્રકારનું દૂધ આવે, તાવ જેવી ગરમી, વેદના થાય. સોજાવાળો ભાગ કઠણ બને; રોગોત્પાદક જંતુઓ ઈજા પામેલા ભાગ મારફતે આંચળમાં પ્રવેશ મેળવે. (૨) સ્તન કોપ.

**masur.** મસૂર.

**matar.** મટર, વટાણા.

**matazor.** પહોળાં પાનવાળી દ્વીર્ધાયુ શાકાય વનસ્પતિ.

**mate.** પ્રજનન માટે વિરુદ્ધ લિંગીય પ્રાણીઓનું યુગ્મન કરવું. (૨) વનસ્પતિના સંબંધમાં પરાગનયન કરવું. **mating.** મિલન, સંગમ, યુગ્મન. **m. flight.** મિલન ઉડ્ડયન, ખાસ કરીને મધમાખીઓમાં આવું ઉડ્ડયન થાય છે. **m. season.** કુદરતી રીતે વિરોધી જાતિઓના પ્રાણીઓનું સંગમન-યુગ્મન થાય તેવી વર્ષની મોસમ, જ્યારે ગર્ભધારણનો દર ઊંચો રહે છે. આ પ્રાણીઓની જાતિ અનુસાર જુદા જુદા સમયે આવી મોસમ આવે છે.

**material.** દ્રવ્ય, સાધન. (૨) ભૌતિક. **m. asset.** ભૌતિક સંપત્તિ.

**materia medica.** દ્રવ્યગુણશાસ્ત્ર.

**maternal inheritance.** માતૃક આનુવંશિકતા, માતૃપ્રધાન વંશાગતિ-વારસો. **metrodinal.** માતૃપ્રધાન. **metroclinous.** માતાસદૃશ.

**maternity pen, maternity stall.** પ્રસૂતિવાડો; બચ્ચાંને જન્મ આપવા માટે, માદા પ્રાણીને અલગ રાખવા માટેનો વાડો.

**Matricaria** *chamomilla* **L.** મૂળ યુરોપની પણ પંજાબ અને ઉત્તર પ્રદેશમાં થતી વનસ્પતિ, જેનું બાષ્પશીલ તેલ સુગંધી દ્રવ્યો બનાવવા ઉપરાંત ઔષધ નિર્માણમાં કામ લાગે છે, તે ટૉનિક છે, અને પાચનતંત્રને ક્રિયાશીલ બનાવે છે.

**matrix.** આધારદ્રવ્ય. (૨) ગર્ભાશય. (૩) એવું સ્થાન જેમાં વસ્તુનું નિર્માણ થઈ તે વિકાસ પામે છે. (૪) પ્રાણીના અંગનો રચનાત્મક ભાગ. (૫) કોષ વચ્ચેનું દ્રવ્ય, આંતરકોષદ્રવ્ય.

**matted growth.** ગૂંચવાયેલી વૃદ્ધિ.

**Matthiola** *incana* **R.Br.** તોંદરી નામની શોભા માટેની વનસ્પતિ.

**mattocking.** કુહાડી કે કોદાળીની મદદથી કેળની ખેતીમાં હાથ ધરવામાં આવતી એક પ્રક્રિયા, જેમાં કેળના પિતૃ છોડમાંથી ક્રમશઃ ફૂટ પ્રકાંડને કેળની લૂમો લઈ લીધા બાદ, ત્યાર પછીના સંવર્ધન કાર્ય દરમિયાન, દૂર કરવામાં આવે છે. આ પ્રક્રિયાના પરિણામે અડચણ વિના વૃદ્ધિ શક્ય બને છે. મૂળ કે પિતૃ મૂળમાં ખોરાકી દ્રવ્ય સંગ્રહાયેલું રહે છે.

**maturation.** પરિપક્વતા, પક્વીભવન. અંકુર-કોષના વિકાસની પરિપૂર્ણતા આપવી. **m. division.** પરિપક્વતા વિભાજન. **m. embryo.** પરિપક્વતા ભ્રૂણ. **m. phase.** પરિપક્વતાની અવસ્થા. **m. region.** પરિપક્વતા પ્રદેશ. **mature.** પરિપક્વ; વૃદ્ધિ અને વિકાસની સંપૂર્ણ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અવસ્થાએ પહોંચેલી (ગમે તે વનસ્પતિ, વનસ્પતિની પેદાશ કે પ્રાણી). **m. forest.** પૂરેપૂરી ઉપયોગિતાની અવસ્થાએ પહોંચેલું જંગલ-વન. **m. green stage.** છોડ પરનાં ટમેટાં લીલાં હોવા છતાં પૂરેપૂરાં વિકસિત બન્યાં હોય તેવી તેની અવસ્થા, જેમાં તેનાં બીના વિવરમાં ગર જેલી જેવો બન્યો હોય છે. આ સમયે, દૂરના અંતર પર મોકલવા માટેનાં ટમેટાં છોડ પરથી ઉતારવામાં આવે છે. **m. profile.** જમીનની પરિચ્છેદિકા, જેણે પૂરો વિકાસ મેળવ્યો હોય. માનવીના પગ પેસારા વિનાના કુદરતી વનસ્પતિના સમતળ પ્રદેશમાં આ શકય બને છે. **matured area.** પાકો સિંચાઈનો વિસ્તાર. **maturity.** પરિપકવતા, પ્રૌઢતા. (૨) પૂર્ણ અથવા સંપૂર્ણ વૃદ્ધિ, વિકાસ કે પકવતાની અવસ્થા.

**maund.** મણ; 82 રતલના વજનનું એકમ; જેનું પ્રમાણ રાજ્યે રાજ્યે જુદું જુદું હોય છે.

**Mauritius.** મધ્યાવધિ અનેનાસનો એક પ્રકાર, જે પીળી અને લાલ એવી બે છાલવાળા હોય છે.

**M. grass.** જુઓ *para grass.*

**M. raspberry.** *Rubus rosnefolius* **Sm.** નામનો કુમાંઉ, ખાસી ટેકરીઓ અને મણિપુરમાં થતો ખાદ્ય ફળનો ક્ષુપ.

**maxilla.** અધિહનુ, ઉપલું જડબું; અગ્રહનુનો એક ભાગ. (૨) પક્ષીઓ અને સંધિપાદ પ્રાણીઓનો અધિહનુની તદ્દન પછવાડે આવેલાં ઉપાંગો કે વધારાનાં જડબાં.

**maxima** (બ.વ.). **maximum** (એ.વ.). વધુમાં વધુ, અધિકતમ. **maximum absorption.** અધિકતમ અવશોષણ. **m. available water.** જમીનની ક્ષમતા તથા મ્લાનીભવન ગુણોત્તર વચ્ચેનો તફાવત. (૨) અધિકતમ ઉપલબ્ધ બનતું પાણી. **m. sustained annual yield.** કોઈ એક જંગલમાં એકસરખું અધિકતમ વાર્ષિક મળતર. **m. waterholding capicity of soil.** ગુરુત્વાકર્ષણની વિરુદ્ધ વધારેમાં વધારે પાણીને સંઘરવાની-ટકાવવાની જમીનની ક્ષમતા

**maypop.** એક ખાદ્ય ફળધારી વનસ્પતિ.

**mayuna.** પુંડરિક.

**mazari palm.** *Nannorrhops ritchieana* **H. Wendl.** (*Chamaerops ritchieano* **Griff.**). નામની નીચી, જૂથબંધ રીતે પંજાબમાં થતી ખજૂરી, જેનાં પાન રેસા આપે છે, અને ફળની શાકભાજી થાય છે.

**McCormic bullock mower.** ધાન્ય પાકને લણવાનું એક યંત્ર, જેને ચલાવવાથી તેના દાંતાની સાથે જોડાયેલાં પાનાં આમતેમ ફરી ઊભા પાકને વાઢે છે.

**Mcleen litchi.** બિહારમાં થતો લાછીનો એક પ્રકાર.

**MCPA. 2-methyl-4-chlorophenoxyacetic acid;** સોડિયમ લવણને મળતો આવતો અને ઘાસપાતનો નાશ કરવાની 2, 4-D) ક્ષમતા ધરાવતો અંતઃસ્રાવ; એક એકર દીઠ 1-2 પાઉંડ ઍસિડની જરૂર પડે છે.

**meadow.** તૃણભૂમિ, બીડ, ઘાસભૂમિ. (૨) ઘાસચારા અને ચરાણ માટે તૃણ અને શિમ્બી વર્ગની વનસ્પતિ ઉગાડવામાં આવતી હોય તેવી જમીન. (૩) ઘાસ અને શાકીય વનસ્પતિ ઊગતી હોય તેવી કુદરતી ભૂમિ. **m. fescue.** *Festuca elatior* **L.** નામનો દક્ષિણ ભારતમાં થતો ઘાસચારા માટેના ક્ષુપનો એક પ્રકાર. **m. foxtail.** *Alopecurus pratensis* **L.** નામનો ઘાસચારો. **m. strip.** બીડની ભૂમિ પટ્ટી.

**meal.** ધાન્યનો ચાળ્યા વિનાનો લોટ. (૨) દળેલા કપાસિયા, અળશી, સોયાબીન ઇ.નો ખોળ. **mealy.** લોટવાળું, લોટ જેવું સૂકું અને ભૂકાના સ્વરૂપનું. **mealy bug.** *Pseudococcidae* કુળનું ચારો

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નામનું લાંબું, ગોળ, ફળ ઝાડ તથા અન્ય છોડને ઉપદ્રવ કરતું જંતુ. **m.b. of mango.** આંબાનો મેઢ.

**mean.** બે વિરોધી છેડાની વચ્ચેની અવસ્થા, ગુણવત્તા કે વચલો માર્ગ. (૨) સરેરાશ, માધ્ય. **m., arithmetic** સમાંતર માધ્ય–સરેરાશ; ગાણિતિક સરેરાશ. **m., geometric** ગુણોત્તર માધ્ય. **m., harmonic** સમ માધ્ય. **m. absolute error.** સરેરાશ નિરપેક્ષ ત્રુટિ. **m. annual increment.** વનસ્પતિને તેની વર્ષોમાં દર્શાવાતી વયથી ભાગતાં આવતો સરેરાશ વૃદ્ધિ દર. **m. a. precipitation.** વાતાવરણમાંથી વર્ષમાં મળતો સરેરાશ ભેજ. **m.a. rainfall.** ચોક્કસ વિસ્તારમાં વર્ષ દરમિયાન પડતો સરેરાશ વરસાદ, જે ઈંચ કે મિ.મી.માં માપવામાં આવે છે. **m.a. temperature.** ચોક્કસ વિસ્તારનું વર્ષ દરમિયાનનું સરેરાશ ઉષ્ણતામાન. **m. cycle length.** પ્રાણીઓમાં બે ક્રમિક મદ અવસ્થા વચ્ચેનો સરેરાશ ગાળો – અંતર, આ ગાળો – અંતર વધી જાય તો તે રતિજન્ય રોગ કે વણપરખાયેલા રોગ સૂચિત ભ્રૂણ મૃત્યુ દર્શાવે છે. **m. effective pressure.** સરાસરી અસરકારક દબાણ. **m. fibre length.** રેસાની સરાસરી લંબાઈ, જે ચોક્કસ પ્રકારના સાધનની મદદ વડે માપી કે જાણી શકાય છે. **m. sea level.** ચોક્કસ સ્થળની સરેરાશ દરિયાઈ સપાટી. **m. square deviation.** સરરાશ વર્ગ વિચલન. **m. value.** સરેરાશ મૂલ્ય. **m. velocity.** સરેરાશ વેગમાન. (૨) પ્રવાહના ચોક્કસ ભાગનો સરેરાશ વેગ.

**measles.** ઓરી.

**measurable precipitation.** 0.005 ઈંચ કરતાં વધારે થતા વરસાદ જેવો અવક્ષેપ. **measurement.** માપ. **measuring weir.** પાણીનું વહેણ માપવા માટે આડબંધમાં રાખેલો બોયો.

**meat.** ખાવા માટે ઉપયોગમાં લઈ શકતો હોય તેવા પ્રાણીના શરીરના સઘળા ભાગ, ખાદ્ય પ્રાણીનાં પેશીઓ અને રક્ત નલિકા સમેતનો ચરબીયુક્ત ભાગ. (૨) વનસ્પત્યાહારી કે નિમ્ન કોટિનાં પ્રાણીઓનો આહાર કરનાર પ્રાણીઓનું માંસ સ્વાદુ હોય છે. મુખ્ય ખાદ્ય માંસમાં સસ્તન પ્રાણીઓ, પક્ષીઓ અને માછલીના માંસનો સમાવેશ થાય છે. માંસમાં ઉચ્ચ પ્રકારના અને સરળતાપૂર્વક પચી શકે તેવા પ્રોટીન હોય છે અને ચરબીનું તે મુખ્ય સ્રોત બને છે; ઉપરાંત તેમાં ફૉસ્ફરસ, લોહ, તાંબુ, પ્રજીવકો 'એ' અને 'બી' હોય છે (૩) અનાજ કે કાષ્ઠ ફળની મીંજ. **m. animal.** ખાવા માટેના કેવળ માંસ માટે ઉછેરવામાં આવતું પ્રાણી. **m. by-product.** માંસ સિવાયનો મૃત પ્રાણીનો અમે તે સ્વચ્છ ભાગ. **m. meal.** દળીને બનાવેલો પ્રાણી પેદાશનો પૂરક ખોરાક; માંસચૂર્ણ, જે દાંત, નખ, ખરી, લોહી, મળમૂત્ર, જઠરનાં દ્રવ્યો સિવાયના પ્રાણી શરીરના ભાગોને સૂકવી કે દળીને બનાવવામાં આવે છે. **m. production.** માંસ – ઉત્પાદન; ખાદ્ય માંસ મેળવવા પ્રાણીઓનો કરાતો ઉછેર. **m. spot of egg.** અંડ નલિકામાંથી પસાર થતી વખતે ઈંડાની જરદીમાં ભળી જવા પામતો મરઘીના લોહીનો અંશ. **m. type fowl.** મોટા હાડપિંજરવાળાં પક્ષીઓનો પ્રકાર, જેમાં બ્રહ્મા, કોચિન, લગશાન, કોર્નિશ, ગેમ, જર્સી, જાયંટ અને ચિતાગોંગનો સમાવેશ થાય છે.

**mechanical.** યાંત્રિક, યંત્રચાલિત, યંત્ર સંચાલિત. **m. analysis of soil.** માટીનું યાંત્રિક રીતે કરવામાં આવતું પૃથક્કરણ, કણ વિશ્લેષણ. (૨) માટીમાં રહેલા વ્યક્તિગત કણના વિતરણની ટકાવારી નક્કી કરવાની પ્રક્રિયા. **m. composition of soil.** માટીના કણની ભૌતિક રચના. **m. control.** બંધ, સોપાન ઇ. સંરચના દ્વારા ધોવાણનું કરવામાં આવતું



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિયંત્રણ. **m. disintegration.** ભૌતિક કે નૈસર્ગિક વિઘટન. **m. eluviation.** યાંત્રિક અપવહન, જેમાં જમીનનો ઝીણો ખનિજમય ભાગ નીચલા સ્તર તરફ ધોવાઈ ને જાય છે. **m. energy.** યાંત્રિક કાર્યશક્તિ, યાંત્રિક ઊર્જા. **m. equivalent heat.** ઉષ્માનો યાંત્રિક તુલ્યાંક; યાંત્રિક ઊર્જાનું ઉષ્મામાં પરિવર્તન કરવામાં આવે ત્યારે નીપજતું ઉષ્માનું પ્રમાણ પરિવર્તિત ઊર્જાના સમપ્રમાણમાં હોય છે. **m. lift.** પાણીને ઊંચે ખેંચવાની યાંત્રિક યુક્તિ, યાંત્રિક લિફ્ટ. **m. lubricator.** યાંત્રિક ઊંજક. **m. refregeration.** યાંત્રિક પ્રશીતક. **m. seed drill.** બી વાવવાની યાંત્રિક યુક્તિ, જેમાં હારબંધ ચાસમાં આપમેળે બી ઓરાય, જમીન સાથે સંપર્કમાં આવતા પૈડાંની સાથે આ યુક્તિ જોડાયેલી હોય છે. જમીનમાં ઓરવા ધારેલાં બીને એક પેટીમાં મૂકવામાં આવે છે, જે પૈડું ફરતું જાય તેમ ગળણી જેવી રચનામાં થઈ જમીનમાં ઓરાય છે. **m. separation.** યાંત્રિક પૃથક્કરણ. **m. separator.** યાંત્રિક પૃથક્કર્તા; (૨) દૂધમાંથી મલાઇને અલગ કરવાની યાંત્રિક યુક્તિ. **m. soil analysis.** માટીનું યાંત્રિક પૃથક્કરણ; યાંત્રિક સાધન દ્વારા માટીના કણના સમૂહોને છૂટા પાડી, પ્રત્યેક સમૂહની ટકાવારી કાઢવામાં આવે છે. **m. tissue.** વનસ્પતિનું માળખું બનાવનાર ગમે તે પેશી. **m. vapour compressor evaporator.** યાંત્રિક બાષ્પ દબાણ બાષ્પક. **mechanics.** યંત્રવિજ્ઞાન. (૨) કરામત. **mechanism.** પ્રક્રમ, તંત્ર, કાર્યરહસ્ય, યંત્રવિન્યાસ. **mechano-receptor.** યંત્રગ્રાહી અંગ.

**meconic acid.** અફીણમાંથી પ્રાપ્ત થતો સફેદ સ્ફટિકીક ઍસિડ.

**meconium.** કોશિત કે અન્ય ચૂર્ણીય પ્રકારની નકામી પેદાશ. (૨) નવજાત સસ્તન પ્રાણીના આંતરડાનો ભાગ. (૩) અફીણના છોડનો રસ.

**mecron.** જંગલની જમીનનું વાનસ્પતિક દ્રવ્ય.

**meda.** *Litsea monopetala* (**Roxb.**) **Pers.** (*L. polyantha* **Juss.**). નામની આસામમાં થતી વનસ્પતિનો એક પ્રકાર, જેનાં પાન મુગા નામના રેશમના કીડાને ખવડાવવા કામમાં લેવામાં આવે છે.

**media** (બ.વ.). **medium** (એ. વ.). માધ્યમ.

**mediacid.** 4.5 થી 5.0 pH મૂલ્યવાળી અમ્લભૂમિ.

**medial.** મધ્યમાં આવેલું સરેરાશ પરિમાણવાળું, (૨) સરેરાશ 9.0 થી 9.5 pH મૂલ્યવાળી અમ્લભૂમિ. **median.** મધ્યમાં આવેલું. **m. nerve.** મધ્ય ચેતા. **m. suspensory ligament** મધ્ય નિલંબિત બંધની.

**mediastinum.** મધ્યસ્થાનિક.

**medicable.** ઉપચાર કરી શકાય તેવું.

**Medicago** *denticulata* **Willd.** ઘાસચારા માટેની કિનારી, ઢાળ વગેરે માટે ઉપયોગી બનતા પ્રકારની એક વનસ્પતિ. **M.** *falcata* **L.** પીત રજકો. **M.** *hispida* **Gaertn.** લીલા ખાતર માટેની વનસ્પતિ. **M.** *lupulina* **L.** લીલા ખાતર અને ઘાસચારા માટેની વનસ્પતિ. **M.** *obscura* **Retz.** એક પ્રકારનો ઘાસચારો. **M.** *sativa* **L.** રજકો, ગડબ; વિલાયતી ગાવંઠ નામે ઓળખાતી ઘાસચારા માટેની વનસ્પતિ. **M.** *turbinata* **Wilid.** ઘાસચારાનો એક પ્રકાર.

**medical.** ઔષધીય, ઉપચારાત્મક. **m. industry.** ઔષધઉદ્યોગ, ભૈષજ ઉદ્યોગ. **medicament.** ઉપચાર માટે ઉપયોગમાં લેવામાં આવતું દ્રવ્ય. **medicate.** ઔષધદ્વારા ઉપચાર કરવો, ઔષધ આપવું. **medication.** ઈજા પામેલા કે માંદા પ્રાણીને દવા-દારૂ આપવા. (૨) જંતુના ઉપદ્રવનો સામનો કરી શકે તે માટે વનસ્પતિની પેશીમાં રસાયણનો કરાતો અંતઃક્ષેપ. **medicinal.** ઔષધીય. (૨) રોગનિવારક (ગુણ).

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**medicine.** દવા, ઔષધ. (૨) રોગ નિવારક દ્રવ્યો દ્વારા સ્વાસ્થ્ય પુનઃ મેળવવા કે સાચવવાની કલા-વિદ્યા, આયુર્વિજ્ઞાન. (૩) તંદુરસ્તી કે સ્વાસ્થ્ય પુનઃ મેળવવા કે તેને જાળવવા માટે આંતરિક રીતે લેવામાં આવતાં દ્રવ્યો.

**Medinilla** *hasseltii* **Blume.** ખાદ્યપાન અને ફળવાળો કાષ્ઠીય વેલો.

**Mediterranean.** લેગ્હોર્ન, માઈનોર્કા, અન્ડાલ્યુસિયન, સ્પેનિશ અને એન્કોના જેવા મૂળ ઈટાલીનાં મરઘાંની ઓલાદ. એશિયાની ઓલાદ કરતાં આ ઓલાદનાં મરઘાં વજનમાં હલકાં હોય છે, તેમના કાનની બૂટ સફેદ અને તેમનાં ઈંડાં પણ સફેદ હોય છે. (૨) ભૂમધ્યસમુદ્ર કે ભૂમધ્ય. **M. climate.** પ્રમાણમાં સૂકા ઉનાળા અને ભેજવાળા શિયાળા હોય તેવાં ખટમધુરાં ફળોને માફક આવતી આબોહવા.

**medium** (એ.વ.). (**media** બ.વ.). માધ્યમ. (૨) સૂક્ષ્મ સજીવોના સંવર્ધનમાં કામમાં આવતું અને પેશીનું પ્રવર્ધન કરતું દ્રવ્ય. (૩) ધમનીનું મધ્યાવરણ. (૪) રેતી, પીટ, લીલ ઇ. જેવું દ્રવ્ય કે માટી, જેમાં છોડને ઉછેરવામાં આવે છે. **m. cane.** *Saccharum sinense* નામનો પાતળી અને મધ્યમ પ્રકારની પાનશાહી, નાગરી, મુંગો ઇ. જેવી શેરડીનો સમૂહ, જે ઉત્તર ભારતમાં થાય છે. **m. digging body.** મધ્યમ હળકાય. **m. d. plough.** મધ્યમ ખોદનારું હળ. **m. harrow.** મધ્યમ ખરપડી. **m. sands.** 0.5થી 0.25 મિ.મી.ની વચ્ચેના કણવાળી રેતી, મધ્યમ શ્રેણીની રેતી. **m. sandy loam.** 30 ટકા કે વિશેષ પ્રમાણમાં પણી જાડી કે મધ્યમ પ્રકારની પણ 25 ટકા કરતાં ઓછી જાડી રેતી અને 30 ટકા કરતાં ઓછી ઘણી ઝીણી રેતીનો વર્ગ, જેમાં માટીનો ઘટક 20 ટકા કરતાં વધારે ન હોય અને કાંપ 10 ટકાથી વધે નહિ. **m. scale production.** મધ્યમ પાયાનું ઉત્પાદન. **m. soil.** રેતાળ કાંપ કે કાંપ જેવી જમીન, જેનું દ્રવ્ય ઢીલી રેતી અને કડક મૃદા જમીનની વચ્ચેનું હોય છે. **m. term loan.** ત્રણથી પાંચ વર્ષમાં ભરપાઈ કરી શકાય તેવી, નાના પાયા પરની જમીન સુધારણા કરવા, કૃષિ ઓજારો, બળદો ઇ. ખરીદવા, સહકારી ધિરાણ મંડળીઓએ ખેડૂતોને કરેલું ધિરાણ – આપેલી લોન. **m. texture.** મધ્યમ પોત. **m. variety.** વચલો – મધ્યમ પ્રકાર. **m. volume spraying.** પર્ણતળ પર છંટકાવ કરેલું દ્રવ્ય મોટ ટીપાં કે નાના સંચયના સ્વરૂપનું હોય અને સરળી જતું ન હોય તેવા પ્રકારનો છંટકાવ. સામાન્ય રીતે એક એકરે 20 થી 60 ગેલનનો આ રીતે છંટકાવ કરવામાં આવતો હોય છે.

**medulla,** અસ્થિ-મજ્જા. (૨) કરોડની મજ્જા. (૩) કોઈ પણ અંગ, ખાસ કરીને વૃક્કનો મધ્ય ભાગ. (૪) સસ્તન પ્રાણીના વાળનો મધ્ય ગર. (૫) વનસ્પતિની આંતરિક કોમળ પેશી. **m. cell.** ઊનના તંતુના કેન્દ્રમાં આવેલા ગોળ કોષનું પડ. **m. oblongata.** લંબમજ્જા મેરુ શીર્ષ. (૨) કરોડરજ્જુની સાથે ચાલુ રહેતો મગજનો પાછળનો ભાગ. **medullary rays,** દૃઢોતક કોષના સમૂહો જે વાહીપૂલની વચ્ચમાં કિરણની માફક વિસ્તરતા હોય છે અને જે વનસ્પતિનાં ખોરાક અને પાણીને પંખાકાર ફેરવે છે; મધ્યકમાંથી બહાર વાહીપૂલ તરફ લંબાયમાન થતી પેશીની દૃઢોતક પેશી.

**mega-.** મોટું, બૃહદ્ અર્થસૂચક પૂર્વગ.

**Megalops** *cyprinoides*. એક પ્રકારની માછલી,

**mega evolutiin.** બૃહદ્ ઉત્ક્રાંતિ.

**mega gametophyte.** મહાબીજાણુ-જનક.

**megaloblast.** મહારક્તકણ.

**meganucleus.** બૃહદ્ કોષકેન્દ્ર.

**megaphyllous.** મોટાં પાનવાળું.

**megaschizont,** મહાખંડપ્રસૂ.

**megasporangium.** ગુરુ બીજાણુ-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધાની. **megaspore.** ગુરુ બીજાણુ, સ્ત્રી-રજ. **m.s. mother cell.** બે અર્ધ સૂત્ર વિભાજનમાંથી પસાર થતો કોષ, ગુરુ બીજાણુ કોષ, જે માદાયુગ્મક ધરાવે છે **megasporophyll.** મહાબીજાણુ પર્ણ, સ્ત્રીરજોત્પાદક પર્ણ.

**megathermic tree.** તાડ જેવું, ગરમ આબોહવા અને ઊગવા માટે લાંબી મોસમની આવશ્યકતાવાળું વૃક્ષ.

**mehal.** *Prunus pashia* **Buch.-Ham.** નાનું ઝાડ.

**mehndi.** મેંદી.

**Mehsana.** ગુજરાત રાજ્યના મહેસાણા જિલ્લાની મધ્યમ કદની દૂધ આપતી જલદી પુખ્ત બનનાર ભેંસની ઓલાદ.

**meiosis.** અર્ધસૂત્ર વિભાજન, અર્ધસૂત્રીભવન. (૨) જન્યુનિર્માણની પુરોગામી પ્રક્રિયા, જેમાં સંખ્યાબંધ પ્રત્યેક રંગસૂત્રની જોડી જુદી થાય છે અને પરિણામે નીપજતા દુહિતા અથવા અનુજાત કોષોમાં રંગસૂત્રોની સંખ્યા દૈહિક સંખ્યા કરતાં અર્ધી થાય છે, જે સાધારણ કોષ વિભાજનથી ભિન્ન ક્રિયા હોય છે. (૨) એવા પ્રકારનું કોષકેન્દ્રનું વિભાજન, જેમાં વિભાજન અગાઉના સમરૂપ રંગસૂત્રોનું યુગ્મ બને, જેથી વિભાજન બાદ રચાતા પ્રત્યેક કોષકેન્દ્રને અર્ધી સંખ્યામાં રંગસૂત્રો મળે છે, જે એકગુણિત હોય છે-એકગુણિત સૂત્રીકરણ બાદ અર્ધીકરણની પ્રક્રિયા થાય છે, જેથી ચતુષ્કીય કોષકેન્દ્રનું નિર્માણ થાય છે. **meiotic sterility.** અર્ધસૂત્રી વંધ્યતા.

**Meiwa kumquat.** *Fortunella crassifolia* નામની મૂળ ચીનની સદા-હરિત વનસ્પતિ, જેનો સુવાસિત ફળનો મુરબ્બો થાય છે.

**Melaleuca** *leucadendron* **L.** કાજેપુરી નામનું મૂળ ઑસ્ટ્રેલિયાનું પણ અહીં વાડ બનાવવા માટે ઉગાડવામાં આવતું ઝાડ, જેનાં પાન અને ડાળખામાંથી બાષ્પશીલ તેલ નીકળે છે, જેનો ઉપયોગ જંતુઘ્ન તરીકે, ખાસ કરીને મચ્છર મારવા માટે થાય છે, અને જે કાજેપુટ તેલ કહેવાય છે.

**Melampsora** *lini* **(Pers).** અળશીને **Lev.** ગેરુનો રોગ કરનાર જંતુ. **M.** *ricini.* **(Bioi).** એરંડાને ગેરુનો રોગ કરનાર જંતુ.

**melanin,** રંગ દ્રવ્ય. (૨) મરઘા-મરઘીની ચામડીમાં જણાતું રંગદ્રવ્ય. (૩) વાળ કે ચામડીમાં જણાતો ઘેરો બદામી કે કાળો રંગ. **melanized soil.** ખાદમાટી એટલે હ્યુમસના કારણે ઊંડે સુધી કાળો રંગ ધરાવતી જમીન. **melanosis.** ચામડી પરનો ઘેરો બદામી રંગ.

**Melanopsichium** *eleusinis.* રાગીને ગેરુનો રોગ કરનાર જંતુ.

**Melanorrhoea** *usitata* **Wall.** મણિપુર અને પ. બંગાળમાં થતું મોટું વૃક્ષ, જેમાંથી વાર્નિશ જેવું દ્રવ્ય મળે છે, જે સિમેન્ટ તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે.

**melassic acid.** ગોળની મોલાસિસ અર્થાત્ કાકવી તથા ગ્લુકોસમાં આલ્કલી-ક્રિયાથી પેદા થતો ઍસિડ.

**Melastoma** *malabathricum* **L.** શોભનો ક્ષુપ.

**Melia** *azadirachta* **L.** લીમડો. **M.** *azedarach* **L.** બકાન લીમડો નામનું વાડ માટે ઉગાડવામાં આવતું નાનું ઝાડ, જેનાં પાનનો રસ કૃમિઘ્ન તરીકે અને બી સંધિવામાં ઔષધ તરીકે ઉપયોગી બને છે.

**Melilotus** *alba* **Medic.** શિમ્બી વર્ગનો ઘાસચારો. **M.** *indica* **(L.) All** (Syn. *M. parviflora* **Desf.**). રણ-મેથી; પંજાબ અને ઉત્તર પ્રદેશમાં શિયાળુ પાક તરીકે ઉગાડવામાં આવતી અને પશુને ઘાસચારા તરીકે આપવામાં આવતી વનસ્પતિ. **M.** *officanalis* **(L.) Lamk.** ઘાસચારાનો પ્રકાર.

**Melinis.** *Melinis minutiflora* **P. Beauv.** મૂળ આફ્રિકાનું શ્યાન તેલ સ્રવતું એક પ્રકારનું ઘાસ, જેને પ્રાણીઓ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉત્સાહભેર આરોગે છે. તેનું જીરા જેવી વાસ ધરાવતું તેલ જંતુઘ્ન છે અને આસામમાં મલેરિયા માટે જવાબદાર એનોફિલીસ માદા મચ્છરને દૂર રાખવા તેનો ઉપયોગ કરવામાં આવે છે.

**Meliola** *butleri*. ખટમધુરા ફળમાં રોગ નીપજાવનાર જંતુ.

**Melissa** *officinalis* **L.** મૂળ યુરોપની શાકીય વનસ્પતિ, જે ખાદ્ય સામગ્રીને સુવાસિત બનાવવા માટે ઉપયોગી બને છે, જેનું તેલ સુગંધી દ્રવ્યો બનાવવા અને પીણાંને સુવાસિત બનાવવા ઉપયોગી બને છે.

**Melittology.** મધમાખને લગતી કીટ-વિજ્ઞાનની એક શાખા. **melliferous.** મધવાળું, મધ ધરાવતું, મધ આપતું.

**mellow.** નરમ, નાજુક, રસદાર, પાકું (ફળ). (૨) સારી રીતે પક્વ બનેલું (ફળ). **m. soil.** મોટા પ્રમાણમાં હ્યુમસ એટલે ખાદમાટીવાળી, ઝડપથી ભૂકો થઈ જતી જમીન.

**Melocanna** *bambusoides* **Trin.** (Syn. *Bambusa baccifera* **Roxb.**). ખાસી ટેકરીઓમાં થતું તરાઈ વાંસ નામનું ઘાસ, જે ચટાઈઓ, ટોપલા-ટોપલીઓ અને કાગળ બનાવવાના કામમાં આવે છે.

**Malochia** *corchorifolia* **L.** ગુજરાત અને તામિલનાડુમાં થતો ક્ષુપ, જેનાં પાનનું શાક થાય છે અને પ્રકાંડમાંથી રેસા મળે છે.

**Melodinus** *monogynus* **Roxb.** સુવાસિત સફેદ ફૂલો માટે બગીચામાં ઉગાડવામાં આવતો મોટો છોડ, જેનાં ફળ ખાદ્ય છે.

**Melolontha** *nepalensis* **Bl.** સફરજનનાં પાન અને ફળને કોરતો કીટ

**melon.** તડબૂચ. *Musk melon*થી ઓળખાતું *Cucumis melo* **L.** નામનું વાયવ્ય ભારતનું ફળ. જેનો ભોજનાંતે ફળાહાર થાય છે, અને જેમાં પ્રજીવકો 'એ', 'બી' અને 'સી' રહેલાં છે, જેને ગરમ અને સૂકું હવામાન અનુકૂળ પડે છે. અલ્પ ભેજ અને સૂર્ય પ્રકાશથી તડબૂચના શર્કરા દ્રવ્યનો સારો વિકાસ થાય છે. **m. fly.** *Dacus cucurbitae* **Coq.**; *D. ciliatus* **Loew.** નામનું તડબૂચ, કોળું, કાકડી, દૂધી, પરવળ અને કારેલા જેવાં ફળોમાં પડતું જંતુ, જેના પાંખ વિનાનાં ડિમ્ભ કિંમતી ફળને કોરી ખાય છે.

**Melophagus** *ovinus*. સસ્તન પ્રાણીઓ અને પક્ષીઓને વળગતી એક પ્રકારની માખ.

**Melothria** *heterophylla* (**Lour.**) **Cogn.** અનંતમૂળ નામનો ભૂસ્તરી, કે આરોહી વેલો, જે ભારતભરમાં થાય છે, જેનાં પાન અને ફળ ખાદ્ય છે. **M.** *maderaspatana* (**L.**) **Cogn.** ચણકચીભડી નામની વનસ્પતિ

**melting point.** ગલન બિંદુ.

**member.** શરીરનું કોઈ અંગ કે તેનો કોઈ ભાગ. (૨) વનસ્પતિનો કોઈ વિશિષ્ટ ભાગ.

**membrane.** કલા, ત્વચા. (૨) કોઈ પ્રાણી કે વનસ્પતિનું પાતળું પડ, ત્વચા કે પેશીનું આવરણ. (૩) કોષ કે એકકોષી સજીવોનું પાતળું આવરણ. (૪) જમીન, રસાયણો કે જમીનને તળિયે પાણી શોષાય નહિ તે માટે મૂકેલું પ્લાસ્ટિક જેવું અલ્પ પારગમ્ય પડ.

**Memecylon** *edule* **Roxb.** (Syn. *M. tinctorium* **Koenig**). અંજન નામનું ઓરિસા, આસામ, અને પશ્ચિમ ભારતનું નાનું ઝાડ, જેનાં ફળ ખાદ્ય છે અને ફળમાંથી મળતા રંગથી ચટાઈ અને કાપડને રંગવામાં આવે છે.

**Menacanthus** *stramineus*. કરડતી જૂ.

**Mendel Gregor** (1822-1884). આધુનિક જનિનવિજ્ઞાનનો પિતા ગણાતો ઑસ્ટ્રિયાનો પાદરી. **Mendelian.** મેંડલે વિકસાવેલા જનિનવિજ્ઞાનના સિદ્ધાંતોને લગતું. **M. genetics.**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મેંડેલે વિકસાવેલા નિયમો અનુસારનું જનિનવિજ્ઞાન. **Mendelism.** ગ્રેગોર મેંડેલે શોધેલો વનસ્પતિઓ અને પ્રાણીઓનાં લક્ષણોની આનુવંશિકતાનો નિયમ. પિતૃઓ પૈકીના કોઈમાનાં પ્રભાવી કે નિષ્પ્રભાવી લક્ષણો, તેના સંતાનમાં વંશાનુગત ઊતરે. તેના ગુણોત્તરનું આ નિયમ નિયમન કરે છે; મેન્ડેલવાદ. **Mendel's law.** મેંડેલનો સિદ્ધાંત. 1886માં ગ્રેગોર મેંડલે વનસ્પતિઓ પર કરેલા સંકર અંગેના પ્રયોગોના પરિણામે વંશાનુગત રીતે પછીની પેઢીમાં ઊતરી આવતા જનિન કે લક્ષણ નિર્ધારણ સંબંધી તારવેલા બે સિદ્ધાંતો પૈકીનો એક સિદ્ધાંત. આ બે સિદ્ધાંતો પૈકીનો એક સિદ્ધાંત પૃથકતા અંગેનો છે, જ્યારે બીજો સિદ્ધાંત સ્વતંત્ર ચયન અંગેનો છે. આ સિદ્ધાંતો અનુસાર આનુવંશિકતા ચોક્કસ પ્રકારના નિયમોને અધીન રહે છે. વિરુદ્ધ લક્ષણો ધરાવતા પિતૃતોની સંતતિ પ્રભાવી લક્ષણો ધરાવતા પિતૃ જેવી હશે; જ્યારે સંકરના પરિણામે નીપજતી સંતતિમ બીજી પેઢીમાં જે સંતતિ પેદા થશે તેમાં પ્રભાવી પિતામહના 25 ટકા, જનક-જનેતા પૈકીના 50 ટકા અને નિષ્પ્રભાવી પિતામહના 25 ટકા લક્ષણો વારસામાં ઊતરી આવે છે.

**meningitis.** મસ્તિષ્કાવરણશોથ નામનો ક્યારેક ઘાતક નીવડતો રોગ.

**Menispermum** *acuminatum* **Lamk.** ૫. બંગાળ અને આસામમાં થતો આરોહીક્ષુપ, જેની લાંબી અને વાળી શકાય તેવી ડાળીઓ છાપરાં છાવવા તથા ટોપલા-ટોપલી બનાવવા ઉપયોગી બને છે. **M.** *cocculus* **L.** કાકમારી નામનો ખાસી ટેકરીઓ, ઓરિસા, કર્ણાટક અને મલબારમાં થતો ક્ષુપ, જેનાં ફળ માછલીને પકડવા અગાઉ તેને બેભાન બનાવવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે; ઉપરાંત તે જંતુઘ્ન તરીકે તથા દીર્ઘજીવી રોગમાં ઉપયોગમાં આવે છે.

**Menopon** *gallinae.* કરડતી જૂ.

**mensuration.** ક્ષેત્રમિતિ; વ્યક્તિગત વૃક્ષ તથા વૃક્ષ-જૂથનાં ઘનફળ, વૃદ્ધિ અને વિકાસનું માપ લેવું તથા તેમાંથી મળતી વિવિધ પેદાશોનો અંદાજ કાઢનારું શાસ્ત્ર.

**Mentha** *arvensis* **DC. Holmes.** ફુદીનો, જે પશ્ચિમ હિમાલય, પંજાબ, કુમાઉ અને ગઢવાલમાં થાય છે, જેનાં પાનમાંથી નીકળતા બાષ્પશીલ તેલનો ઉપયોગ કેટલાક પ્રકારની સિગારેટ તથા ઔષધ બનાવવા માટે કરવામાં આવે છે. **M.** *arvensis* **D.C.** var. *piperascens* **Holmes.** જાપાનનો ફુદીનો; કાશ્મીરની વનસ્પતિ, જેનાં પાનમાથી કાઢવામાં આવતા બાષ્પશીલ તેલમાંથી મેન્થોલ બનાવવામાં આવે છે, જેનો ઉપયોગ શરદીમાં કરવામાં આવે છે. **M.** *longifolia* (**L.**) **Huds** (Syn. *M. sylvestris* **L.**). જંગલી ફુદીનો; મૂળ યુરોપ અને એશિયાની પણ અહીં ઉત્તર પ્રદેશ અને પંજાબમાં થતી શાકીય વનસ્પતિ, જેનો ઉપયોગ સુવાસ આપવા માટે કરવામાં આવે છે. સૂકાં પાન વાતહર છે. **M.** *piperita* **L.** વિલાયતી ફુદીનો, મૂળ યુરોપની પણ કાશ્મીર અને પંજાબમાં થતી શાકીય વનસ્પતિ, જેનાં પાન સુવાસ આપવા ઉપયોગમાં લેવામાં આવે છે, પાનમાંથી કાઢવામાં આવતું તેલ સુગંધી દ્રવ્યો અને સાબુ બનાવવાના કામમાં આવે છે, ઉપરાંત વાયુ, ઊબકા, તાવ અને શરીરને સ્ફૂર્તિ લાવવા માટે તેનો ઉપયોગ કરવામાં આવે છે. **M.** *pulegium* **L.** મૂળ યુરોપની પણ અહીં જમ્મુ અને કાશ્મીરમાં થતી શાકીય વનસ્પતિ, જેના પાનનું બાષ્પશીલ તેલ સુગંધી દ્રવ્યો અને સૌંદર્ય પ્રસાધનો બનાવવા ઉપયોગમાં લેવામાં આવે છે. **M.** *spicata* (**L.**) **Huds.** (Syn. *M. viridis* **L.**). પહાડી ફુદીનો; પંજાબ, ઉત્તર પ્રદેશ અને મહારાષ્ટ્રમા થતી શાકીય વનસ્પતિ, જેનાં પાનનું તેલ ખાદ્ય પદાર્થોને સુગંધ આપવા માટે ઉપયોગી બને છે.

**menthol.** મેન્થોલ; પીપરમિંટ તેલમાંથી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મેળવવામાં આવતું સ્ફટિકીય દ્રવ્ય, જે શરદીના ઉપચાર માટે ઉપયોગી બને છે.

**mercerize.** રસાયણોનો ઉપયોગ કરીને કપડાને રંગવા માટે તૈયાર કરવા, તેનું મર્સરીકરણ કરવું.

**merchandise.** વિક્રયમાલ, વેચવા માટેની ચીજ-વસ્તુઓ.

**Merchuba.** નાજુક શાકભાજી.

**mercurial ointment.** ૩૦ ટકા પારાનો બનાવેલો મલમ, જે જૂને અંકુશમાં લેવા માટે ઉપયોગી બને છે. **mercuric chloride.** પારાનું બાઈક્લોરાઈડ; ફૂગ, મચ્છર, અળસિયાં ઇ. જેવા સજીવોને નિયંત્રણમાં રાખવા ઉપયોગમાં લેવામાં આવતું રસાયણ. **mercurous chloride.** કેલોમલ, એક રેચક દ્રવ્ય. **mercury.** Hg. સંજ્ઞા ધરાવતું રાસાયણિક તત્વ, પારો, જે વિવિધ ઔષધિઓ અને જંતુનાશક દવાઓ બનાવવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે.

**Meriandra** *benghalensis* **Benth.** એક શાકીય વનસ્પતિ, જે મૂળ ઇથિયોપિયાની છે પણ ભારતભરમાં બધે જ ઉગાડવામાં આવે છે અને તેનો ઉપયોગ રસોઈ કામમાં થાય છે.

**mericarp.** વેશ્મફાડી ફળનો એક બીજવાળો ભાગ.

**Merino.** મેરિનો નામે ઓળખાતી ઘેટાની એક ઓલાદ; જેનું ઘેટું બેઠી દડીનું, સોનેરી પગવાળું અને ચાર ઇંચ જેટલાં લાંબા રેસાવાળું ઊન આપે છે. આ ઓલાદનાં ઘેટાંને ઑસ્ટ્રેલિયા, દક્ષિણ આફ્રિકા, અમેરિકા ઇ. સ્થળોએ ઉછેરવામાં આવે છે.

**merismatic.** કોષ કે ખંડોમાં વિભાજિત બનવું કે અલગ થવું.

**meristem.** વર્ધનશીલ પેશી, વિભજ્યા, સર્જક કોષ સમુદાય નિર્માણપેશી, સક્રિય કોષ વિભાજનને શક્ય બનાવતી તરુણ પેશી. (૩) વર્ધનશીલ સ્થાનો પર દેખાતા વિવિધતા પામતા કોષ. **merstematic.** વિભાજનશીલ. **m. cells.** વર્ધમાન કોષ, વિભજ્યા કોષ, વિભાજન પામી વિવિધ અંગોનું નિર્માણ કરતા કોષ. **m. tissue.** વિભજ્યા પેશી, વર્ધમાન પેશી.

**meristele.** મધ્યરંભનો વનસ્પતિમાંનો એક ભાગ.

**Merremia.** *vitifolia* (**Burn f.**) **Hallier** *f.* નાવલી નામની વનસ્પતિ.

**mesarch.** મધ્ય રંભ, આદ્યદારૂવાહિની.

**mesentery.** આંત્ર-પુલ; અંતરંગોને તેમાં પણ ખાસ કરીને આંતરડાને તેમનાં સ્થાનમાં ગોઠવેલા રાખનાર ગડી, જેમાં નલિકા અને ચેતા આવેલાં હોય છે.

**meso —.** મધ્ય, અંતરિયાળ, વચગાળાનું, મધ્યવર્તી અર્થસૂચક પૂર્વગ.

**mesocarp.** મધ્ય ફલાવરણ, ફલાવરણનું મધ્ય પડ. (૨) ઠળિયાવાળા ફળનું જાડું, માવાવાળું અને ખાદ્ય મધ્ય પડ.

**mesochite.** મધ્ય સ્તર.

**mesocotyl.** મધ્ય બીજપત્ર.

**mesoderm.** બાહ્યચર્મ અને અંતશ્ચર્મ વચ્ચેનું ભ્રૂણીય પડ; મધ્ય ચર્મ, મધ્ય ત્વચા.

**mesomorphic.** મધ્યરૂપી.

**mesophilic.** મધ્ય તાપરાગી.

**mesophyll.** મધ્યપર્ણ, મધ્યપેશી પર્ણ, પર્ણની હરિત મૃદૂતક પેશી.

**mesophyte.** મધ્યોદ્ભિદ. (૨)સાધારણ ભેજથી સમશીતોષ્ણ આબોહવામાં થતી વનસ્પતિ.

**mesosporophyll.** મધ્ય બીજાણુપર્ણ.

**mesotherm.** મધ્યમ પ્રકારની આબોહવામાં પુષ્કળ પાણીમાં થતી વનસ્પતિ. (૨) ઉચ્ચ અને નિમ્ન આબોહવાના એકાંતરણમાં ઊગતી વનસ્પતિ.

**mesozoic age.** મધ્યજીવયુગ.

**mesquite.** *Prosopis juliflora* (**Sw.**) **D.C.** (*Mimosa juliflora* (**Sw.**). *honey locust, Kabuli kikar* ઇ. નામો ધરાવતું મધ્યમ કદનું વૃક્ષ, જે અનેક પ્રકારની જમીનોમાં થાય છે.

**mesta.** શીંડી, અંબાડી; *Hibiscus can-*

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



*nabinus* **L.** નામની તંતુવાળી વનસ્પતિ, જેના તંતુનાં દોરડાં, માછલાં પકડવાની જાળ, કેનવાસ અને ગુણપાટ બનાવવાના કામમાં આવે છે. ખાંડ ભરવા માટેના કોથળા બનાવવા તેને શણની સાથે મિશ્ર કરવામાં આવે છે. આ વનસ્પતિનાં પાન, કુમળાં પ્રરોહ અને ફળનો સ્વાદ ખાટો હોય છે. બી દુધાળાં ઢોરને ખાવા માટે આપવામાં આવે છે.

**Mesua** *ferrea* **L.** નાગકેસર, નાગચંપો, નાગેશ્વરચંપો નામનું પૂર્વહિમાલય, આસામ, પ. બંગાળ, પશ્ચિમઘાટ, કેરળ અને આંદામાનમાં થતું ઝાડ, જેનાં ફૂલ અને પુષ્પકલિકા સૌંદર્ય પ્રસાધનો બનાવવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે. તેનાં સુવાસિત ફૂંઠાં ઓશિકા ભરવા માટે ઉપયોગી બને છે અને ફળ ખાવાના કામમાં આવે છે. બીનું તેલ સાબુ અને ઊંજણ બનાવવા ઉપયોગમાં આવે છે ઉપરાંત તેની દીવાબત્તી બનાવવામાં આવે છે. તેનું કાષ્ઠ થાંભલા, રેલવેના સલેપાટ અને પુલો બનાવવામાં ઉપયોગી બને છે.

**meta—.** સાથે, સહ, પશ્ચ, અર્થસૂચક પૂર્વંગ.

**metabolism.** ચયાપચય. (૨) જીવંત કોષોમાં થતી રાસાયણિક પ્રક્રિયાઓનો સરવાળો, જેના પરિણામે ખોરાકનું જીવનરસમાં પરિવર્તન થાય છે ઉપરાંત શરીરની પ્રવૃત્તિ માટે તે શક્તિ સંગ્રહ માટે અનામત દ્રવ્ય પેદા કરે છે અને નકામાં દ્રવ્યોનું ઉત્સર્જન કરે છે. ચયાપચય પ્રક્રિયામાં તેનું ઘડતરનું કાર્ય ચય કહેવાય અને વિઘટનનું કાર્ય અપચય કહેવાય છે. **m., ash** રાખ ચયાપચય. **m., basal** મૂળ ચયાપચય. **m., basal rate of** મૂળ ચયાપચયનો દર. **m., carbohydrate** શર્કરા દ્રવ્યોનું ચયાપચય. **m., fat** મેદીય અથવા ચરબી દ્રવ્યોનું ચયાપચય. **m., protein** પ્રોટીન દ્રવ્યોનું ચયાપચય. **metabolite** ચયાપચયે પેદા કરેલાં દ્રવ્યો. **metabolizable energy.** ચયાપચયના હેતુ ધરાવતી ઊર્જા; જેને ઉપલબ્ધ શક્તિ પણ કહેવામાં આવે છે. પ્રાણી જેનો ઉપયોગ કરી શકે તેવી તેને ખોરાક લેવાથી મળતી શક્તિમાંથી મળમૂત્ર દ્વારા ખર્ચાતી શક્તિની બાદબાકી કરીને શક્તિનું માપ મેળવી શકાય છે.

**metacercaria.** કૃમિની ડિમ્ભીય અવસ્થા, જેમાંથી બીજી ડિમ્ભીય અવસ્થા નીપજે છે, જે છેવટના પોષક માટે સંક્રામક બને છે.

**metachromatins.** વિરામાવસ્થામાં કોષકેન્દ્રમાંના ઘેરા રંગકણો.

**metacyclic.** અનુચક્રીય.

**metagenesis.** પેઢીનું એકાંતરણ.

**metal.** ધાતુ. **metallic bond.** ધાત્વીય બંધન. **m. cation.** ધાત્વીય ધનાયન.

**metaldehyde.** ગોકળગાય અને અન્ય સજીવોને આકર્ષવા માટે વાપરવામાં આવતું 2-3 ટકા ઝેર, જે એસીટાલ્ડીહાઈડનો સ્ફટિકીય પોલિમર હોય છે.

**metamere.** શરીરમાં એક સરખા અનેક ખંડોમાંનો એક ખંડ.

**metamorphic rocks.** રૂપાંતરિત શૈલ; વિકૃત ખડકો; પૃથ્વીનાં હલનચલન, દબાણ અને ગરમીના પરિણામે જલકૃત અને આગ્નેય ખડકોના વિવિધ ઘટકોમાં થતાં પરિવર્તનથી બનતો ખડક. રેતિયો પથ્થર ક્વાર્ટ્ઝ એટલે કાચમણિમાં રૂપાંતર પામે છે. કાંપ અને મૃદાના પથ્થરોના સ્લેટ શૈલ બને છે. ચૂનાના પથ્થર પરિવર્તન પામીને કેલ્સાઈટ અને આરસ બને છે. ગ્રેનાઈટના નીસ શૈલ બને છે. **metamorphose.** પરિવર્તન, રૂપાંતરણ.

**metamorphosis.** રૂપાંતર, પરિવર્તન. (૨) ભ્રૂણ અવસ્થામાંથી પુખ્તાવસ્થામાં પ્રાણી પ્રવેશે ત્યારે તેના રૂપ અને સંરચનામાં આવતું પરિવર્તન; એક સંરચનાનું બીજી સંરચનામાં થતું પરિવર્તન.

**metaoestrum.** અનુમદ કાળ.

**metaphase.** ભાજના, મધ્યાવસ્થા; કોષવિભાજનની એક અવસ્થા, જેમાં રંગસૂત્રો વિષુવવૃત્તીય તળમાં ગોઠવાય છે. આ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અવસ્થા ભાજનોત્તર અવસ્થાની પુરો-ગામી છે.

**metaphloem.** અનુદારૂવાહિની, પ્રાથમિક દારૂવાહિની.

**metaphosphate fertilizer.** સાધારણ એસિડ ફૉસ્ફેટ અને સુપરફૉસ્ફેટ કરતાં $P_2O_5$ની વધારે ટકાવારી ધરાવતું ખાતર.

**metaplasm.** નિર્માણિક દ્રવ્યવાળા જીવરસનો ભાગ.

**metastasis.** અંગના એક ભાગ પરથી બીજા ભાગ પ્રત્યેનું દૈહિક કાર્ય, રોગનું પારગમન. (૨) સજીવ આત્મસાત્ કરે તે દરમિયાન રાસાયણિક સંયોજનોનું બીજામાં થતું પરિવહન.

**metastrongyles.** ફેફસાંમાં પડતું કૃમિ. **Metastrongylidae.** ફેફસાનાં કૃમિનું કુળ. **Metastrongylus** *apri.* ડુક્કરના ફેફસાંમાં લેવામાં આવતું કૃમિ. આ પ્રજાતિનાં ઈંડાંમાં લગભગ પૂર્ણ રીતે વિકસેલા ભ્રૂણ હોય છે અને તે પોષદના શરીરની બહાર સેવાય છે; આમાં વચગાળાના પોષદની ગરજ અળસિયા પૂરી પાડે છે.

**metasystox.** મેથિલડેમેટોન તરીકે જાણીતું દ્રવ્ય, O, O-dimethyl-O-2-.ethylmercaptoethyl thionophosphate. કાર્બનિક–ફૉસ્ફેટ સંયોજન, સિસ્ટોક્સ કરતાં ઓછા ઝેરી છે, અને જે સફેદ માખી, મોલોમશી અને ઈતડી માટે દૈહિક જંતુઘ્નની ગરજ સારે છે.

**metatarsus.** પ્રપદાસ્થિ; આંગળીઓ અને ગુલ્ફાસ્થિ વચ્ચેનો ભાગ.

**metaxenia.** અનુપરાગ પ્રભાવ. (૨) ભ્રૂણ અને ભ્રૂણપોષની બહાર રહેલા બીજ અને ફળ પર પરાગનો થતો પ્રત્યક્ષ પ્રભાવ.

**metazoa.** બહુકોષી પ્રાણી.

**meteorological.** હવામાન વિષયક.

**meteorology.** હવામાન વિજ્ઞાન, મોસમવિજ્ઞાન; વાતાવરણમાં થતી ભૌતિક પ્રક્રિયા તથા શિલાવરણ અને જલાવરણની સંકલિત પ્રક્રિયાઓના અભ્યાસનું વિજ્ઞાન.

**metha.** રબી ઘાસચારો.

**methallyl chloride.** CH=C $(CH_3) = CH_2Cl$ સૂત્ર ધરાવતું, જમીન અને અનાજને ધુમાડો આપવા માટે ઉપયોગમાં લેવામાં આવતું રાસાયણિક સંયોજન.

**methanesulphonyl fluoride.** $CH_2\text{-}SO_2F$ સૂત્ર ધરાવતું પાદપગૃહ માટેનું ધુમાડો આપવાનું દ્રવ્ય.

**methi.** મેથી. **methra.** સામાન્ય મેથી.

**methionine.** પ્રાણીઓ માટે આવશ્યક એવો ગંધક દ. ધરાવતો એક એમિનો ઍસિડ.

**meth kalai.** મઠ.

**methoxychlor.** Dichloromethoxyphenyl trichloroethane નામનું ક્લોરીનયુક્ત હાઇડ્રોકાર્બન જંતુઘ્ન દ્રવ્ય, જે ડીડીટીની સાથે સંબંધ ધરાવે છે.

**methyl bromide.** $CH_3Br$ સૂત્ર ધરાવતું અતિ ઝેરી ધુમાડો આપીને જંતુનો નાશ કરતું દ્રવ્ય, જેનો વાયુ હવા કરતાં 3.3 ભારે છે.

**methyldemeton.** જુઓ *metasystox.*

**methylene blue reduction test.** મીથિલીન બ્લ્યૂનો સૂચક તરીકે ઉપયોગ કરીને દૂધના જીવાણુ ગુણની કરવામાં આવતી કસોટી, જેમ જેમ મીથિલીન બ્લ્યૂ રંગ બદલે તેમ તેમ જીવાણુની સંખ્યા વધારે થાય છે.

**methyl formate.** ધુમાડો આપવાનું જંતુઘ્ન દ્રવ્ય.

**methyl red.** કોલિફોર્મ દંડાણુ જેવાં કેટલાક જીવાણુનું વર્ગીકરણ કરવા રંજકના રાસાયણિક સૂચકનો કરવામાં આવતો ઉપયોગ.

**Metriona** *circumdata.* નામનું શક્કરિયામાં પડતું જંતુ.

**metritis.** ગર્ભાશય શોથ, ગર્ભાશય પર આવતો સોજો.

**Metroxylon** *sagu* **Rottb.** (Syn. *M. rumphii* **Mart.**).સાગો નામનું ઊંચું

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તાડનું વૃક્ષ, જેની સાગો કાંજી ખાદ્ય છે.

**Mettupalayam.** નીલગિરિમાં થતા બટાટાનો પ્રકાર.

**Mewati.** રાજસ્થાનમાં પશ્ચિમ અલ્વર અને ભરતપુરની ઢોરની એક ઓલાદ, જેનાં પ્રાણી મજબૂત પણ નરમ સ્વભાવનાં હોય છે અને તે ભારે ખેડકાર્ય અને ભારવહન માટે ઉપયોગી બને છે.

**Mexican groundcherry.** મૂળ મેક્સિકોનું ટામેટા જેવું ફળ. **M. husk tomato.** મૂળ મેક્સિકોનું ટામેટા જેવું ફળ.

**Mexican linaloe.** *Bursera penicillata* (**Sesse & Moc. & DC.**) *B. delpechianum* **Poiss.**). નામનું દક્ષિણ ભારતમાં થતું એક ઝાડ, જેનાં સુગંધીદાર ફળમાંથી તેલ કાઢવામાં આવે છે, જે સુગંધી દ્રવ્યો, ખોરાક અને પીણાંને સુવાસિત બનાવવા ઉપયોગમાં લેવામાં આવે છે.

**Mexican poppy.** દારૂડી, પીળો ધતૂરો; *prickly poppy, Mexican prickly poppy, Bharbhand, Argemone mexicana* **L.** ઇ. વિવિધ નામોવાળો વર્ષાયુ ક્ષુપ. કાંટાળા પ્રાવરમાં અસંખ્ય બી આવેલાં હોય છે.

**Meyna** *laxiflora* **Robyns** (Syn. *Vangueria spinosa* **Hook f.**). પુંડરિક; પ. બંગાળ અને દક્ષિણ ભારતમાં થતો ખાદ્ય ફળનો ક્ષુપ.

**mhote.** કોસ. (૨) બળદ કે બળદની જોડીની મદદથી કૂવામાંથી પાણી ખેંચવા માટેનો ચામડાનો બનાવેલો કોસ; આ માટે ધાતુના બનાવેલા કોશનો પણ ઉપયોગ કરવામાં આવે છે. એક જ બળદ મદદમાં હોય તો 30-40 ફૂટ ઊંડું પાણી ખેંચી શકાય છે, પણ 50 ફૂટ કે તેથી વધારે ઊંડું પાણી ખેંચવા માટે બે બળદની જરૂર પડે છે.

**miasma.** સંક્રામક કે ખરાબવાસવાળો વાયુ.

**micas.** અબરખ. પોટાશ અબરખ અથવા મસ્કોવાઇટ અબરખ જેવો અબરખનો એક પ્રકાર છે. જે સફેદ અને પારદર્શક હોય છે; જ્યારે મેગ્નેશિયમ અબરખ અથવા બાયોટાઇટ અબરખ તેનો બીજો પ્રકાર છે અને તે કાળુ હોય છે, જે મૃદાની રચના માટે ઉપયોગી છે.

**micell.** ઉપસૂક્ષ્મ, સ્ફટિકમય, બહુઆણ્વીય સંરચનાનું એકમ, જે કોષની દીવાલ બનાવતી પૂર્ણ અણુઓમાંથી રચાય છે. **mecella.** જુઓ *micell.* **mecelle.** જુઓ *micell.*

**michai.** ગુલાબી ગરિયો, કાંટાળો અરિયો; *Ipomoea muricata* (**L.**) **Jacq;** (*Calonyction muricatum* **G. Don**). નામની ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ, પ. બંગાળ અને બિહારમાં થતી શાકીય વનસ્પતિ.

**Michelia** *champaca* **L.** ચંપક, પીળો ચંપો, રાયચંપો, સોનચંપો, સ્વર્ણચંપકાદિ કુળનું મોટા ભાગે દ. ભારત, પશ્ચિમઘાટ, આસામ અને પ. બંગાળમાં ઉગાડવામાં આવતું મોટું ઝાડ, જેના ફૂલમાંથી કાઢવામાં આવતું તેલ સુગંધી દ્રવ્યો બનાવવાના કામમાં લેવામાં આવે છે. **M.** *fuscata* **Blume. ex Wall.** (Syn. *M.* **figo** (**Lour.**) **Spreng**). સ્વર્ણચંપકાદિ કુળનું આસામ, પ. બંગાળ અને કર્ણાટકમાં થતું એક ઝાડ, જેનાં પાન સિગારને વીંટાળવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે.

**micorrbiza.** જેનો અર્થ ફૂગમૂળ થાય છે, ફૂગ-કવક જાળ અને કેટલાંક ઝાડ કે ક્ષુપનાં મૂળની સાથે સહજીવન પણ કહેવાય છે. કેટલાક પ્રકારના નાઇટ્રોજનનું પોષક વનસ્પતિ અવશોષણ કરી સહજીવનમાં સહાયભૂત બને છે.

**micro—.** સૂક્ષ્મ અર્થસૂચક પૂર્વગ.

**microaerophilic.** સૂક્ષ્મવાતજીવી (સજીવ).

**microbe.** સૂક્ષ્મજીવાણુ, સૂક્ષ્મ સજીવ, સૂક્ષ્માણુ. **microbial.** સૂક્ષ્મ જીવોને લગતું. **m. activity.** સૂક્ષ્મજીવી ક્રિયા. **m. insecticide.** જંતુનો નાશ કરવા

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માટે રોગોત્પાદક સૂક્ષ્મ સજીવોનો કરવામાં આવતો ઉપયોગ. જેનો અવશેષ હાનિકારક નથી; આ વિધિથી વનસ્પતિને કોઈ ઝેરી અસર થતી નથી અને ઉપયોગી જંતુઓને તે બિનહાનિકારક છે. **m. processes.** જમીન અને અન્ય દ્રવ્યોને સુધારવા માટે સૂક્ષ્મજીવોની સક્રિયતા અને તેમનો પડતો પ્રભાવ.

**microbiological population.** સૂક્ષ્મજીવોની સંખ્યા. **microbiologist.** સૂક્ષ્મજીવવિજ્ઞાની. **Microbiology.** સૂક્ષ્મજીવવિજ્ઞાન, સૂક્ષ્મ જીવાણુના અભ્યાસની વિજ્ઞાનની એક શાખા.

**microcephaly.** લઘુશીર્ષતા; એક શારીરિક વિકૃતિ.

**microchemical.** સૂક્ષ્મરસાયણ.

**microclimate.** સ્થાનિક પર્યાવરણના કારણે સામાન્ય હવામાનમાં થતો ફેરફાર. (૨) ઘણા નાના વિસ્તારમાં વાતાવરણીય ફેરફારનો ક્રમ.

**micrococcus.** નાના, ગોળ જીવાણુ કોષની સામાન્ય પ્રજાતિ.

**microconidia.** સૂક્ષ્મ અલગી બીજાણુ, અપૂર્ણ ફૂગના નાના બીજાણુ. જે સામાન્ય રીતે જુદા બીજાણુ આવરણમાં કે જુદા સમયે પેદા થાય છે.

**Microcos** *paniculata* **L.** (Syn. *Grewia microcos* **L.**). આસર નામનું આસામ, પ. બંગાળ અને કર્ણાટકમાં થતું નાનું ઝાડ, જેનાં પાન સિગારને વિંટાળવા ખપમાં લેવામાં આવે છે.

**microelements.** અલ્પમાત્રામાં જરૂરી બનતા ખનિજ તત્ત્વો, વિરલ તત્ત્વો. જુઓ *micro-nutrients*.

**microendemic.** સૂક્ષ્મ કે થોડા પ્રમાણ સ્થાનિક (રોગ).

**microevolution.** લઘુ ઉત્ક્રાંતિ.

**microfauna.** સૂક્ષ્મદર્શકની મદદ વિના જોઈ શકાય નહિ તેવાં પ્રજીવો કે કૃમિઓ જેવા સજીવો.

**microfibril.** સૂક્ષ્મતંતુ. (૨) કાષ્ઠમાંની કોષ દીવાલના સેલ્યુલોસના આધારનું ઉપસૂક્ષ્મદર્શી સૂત્ર સદૃશ એકમ. (૩) ઊનના નાના કાંતવામાં આવેલા રેસા.

**microfilaria** (એ.વ.). **microfilariae** (બ.વ.). ફાઈલેરિડ પરજીવી તરીકે ઓળખાતા કેટલાંક ગોળકૃમિનાં નાનાં, અપક્વ સ્વરૂપો, જે સસ્તન પ્રાણીઓના લોહી કે પેશીમાં પરજીવી તરીકે રહેતાં હોય છે.

**microflora.** સૂક્ષ્મ પુષ્પ. (૨) સૂક્ષ્મદર્શકની સહાય વિના જોઈ ન શકાય તેવી લીલ, ફૂગ, જીવાણુ, કિરણકવક જેવા વનસ્પતિના ભાગો. (૩) કોઈ પ્રદેશથી ભિન્ન એવા ચોક્કસ સ્થાનની વનસ્પતિ.

**microgamete.** લઘુયુગ્મક, લઘુજન્યુ. **microgametangium.** સૂક્ષ્મજન્યુધાની. **microgametocyte.** લઘુ યુગ્મજનકાણુ. **microgametophyte.** સૂક્ષ્મજન્યુજનક.

**microinjection.** સૂક્ષ્મ અંતઃક્ષેપ.

**Micromeria** *capitellata* **Benth.** કુમાંઉ, દેહરાદૂન. છોટાનાગપુર, બિહાર, પશ્ચિમઘાટ અને નીલગિરિની સૌરભિક વનસ્પતિ.

**micrometabolic.** અલ્પ પ્રમાણમાં ચયાપચયિક.

**micrometer.** તદ્દન નાના પદાર્થોનાં લંબાઈ, પહોળાઈ ઇ.ને અત્યંત ચોકસાઈપૂર્વક સૂક્ષ્મદર્શક ઇ.ની સહાયથી માપવાનું સાધન.

**micromutation.** સૂક્ષ્મ ઉત્પરિવર્તન.

**micron.** માઈક્રોન. (૨) બીજાણુ, જીવાણુ, મેદ ગોલકો, માટીના કણો ઇ. જેવા સૂક્ષ્મ પિંડોનું માપ લેવા માટેનું એકમ, જે મિ. મીટરનો એક હજારમો, એક ઈંચનો પચીસ હજારમો અને એક મીટરનો દસ લાખમો ભાગ છે. **micronized sulphur.** 10 માઈક્રોન કરતાં નાના કદના વનસ્પતિના રોગોમાં છંટકાવ તરીકે ઉપયોગી બનતા ગંધકના કણો.

**micronucleus.** લઘુસૂક્ષ્મકેન્દ્રક.

**micro-nutrients.** સૂક્ષ્મ પોષક

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તત્ત્વો; વિરલ પોષકતત્ત્વો જેવા નાની માત્રામાં જરૂરી બનતાં આયોડીન, કોબાલ્ટ, તાંબુ, જસત, વેનેડિયમ જેવાં સ્વાસ્થ્યકારક દ્રવ્યો

**microorganism.** અત્યંત સૂક્ષ્મ સજીવો.

**microparasite.** કેવળ સૂક્ષ્મદર્શક વડે જ જોઈ શકાય તેવા લઘુ પરજીવી.

**Micropedology.** જમીન વિજ્ઞાનની એક શાખા, જે જમીનના દળની સૂક્ષ્મ રચના, ગોઠવણી અને ખનિજ સંયોજનોનો અભ્યાસ કરે છે; સૂક્ષ્મ ભૂમિવિજ્ઞાન.

**micropores.** પાણીના પ્રવાહને પૂર્ણપણે અટકાવે નહિ તોપણ તેને ભૂમિમાં ઊતરતી વખતે અડચણરૂપ થાય તેવા સૂક્ષ્મરંધ્રો.

**micropyle.** અંડદ્વાર, બીજાંડદ્વાર, બીજદ્વાર, અંડછિદ્ર, બીજરંધ્ર. (૨) પરાગનલિકા અંડાશયમાં પ્રવેશી શકે તેવું છિદ્ર. (૩) અંડપડમાંનું રંધ્ર, જે દ્વારા શુક્રાણુ સામાન્ય રીતે અંડાશયમાં પ્રવેશી શકે છે. (૪) મૂલક અને બીજનાભિ વચ્ચેનું છિદ્ર. (૫) અંડકમાંનું છિદ્ર, જે પાછળથી બીજાવરણનું રંધ્ર બને છે.

**microscope.** એક કે વધારે કાચની મદદથી નરી આંખે વિગતપૂર્વક દેખી શકાય તે રીતે કોઈ વસ્તુને વિસ્તારી શકે તેવું સાધન; સૂક્ષ્મદર્શક સાધન. **microscopic.** સૂક્ષ્મ, સૂક્ષ્મદર્શક, સૂક્ષ્મદર્શીય; સૂક્ષ્મદર્શક સાધનની મદદ વિના નરી આંખે વિગતો જોઈ ન શકાય તેટલું સૂક્ષ્મ. **m. count.** સૂક્ષ્મદર્શક સાધનનો ઉપયોગ કરીને દૂધમાં રહેલા જીવાણુ જેવાં દ્રવ્યની સંખ્યાની સીધી ગણતરી. **m. particles.** સૂક્ષ્મકણો. **m. plant.** ફૂગ કે લીલ જેવી સૂક્ષ્મ વનસ્પતિ.

**microsome.** લઘુ કે સૂક્ષ્મ દેહ, શરીર.

**microsporangium.** લઘુ બીજાણુધાની: અલિંગી નાના બીજાણુ કે લઘુ બીજાણુને નિર્માણ કરતું દ્વિતીય પ્રજનન અંગ, જે સપુષ્પ વનસ્પતિમાં પરાગાશય હોય છે. **microspore.** લઘુ બીજાણુ, વિષમ બીજાણુક વનસ્પતિના નિર્માણ થતા બે પ્રકારના અલિંગી એકગુણિત બીજાણુ પૈકીનો નાનો બીજાણુ. (૨) પરાગરજ. (૩) લઘુબીજાણુ માતૃકોષના બે અર્ધસૂત્રીભાજન (સમસૂત્રીભાજનથી પણ) દ્વારા નિર્માણ થતા ચાર કોષ પૈકીનો એક કોષ, જે કેવળ નરજન્યુ ધારણ કરે તેવો જન્યુજનક. **m. mothercell.** સૂક્ષ્મ જીવાણુ માતૃકોષ, જેમાંથી અન્ય કોષનું નિર્માણ થાય તેવો કોષ, જે પરાગમાતૃકોષ તરીકે પણ ઓળખાય છે. **microsporogenesis.** લઘુ બીજાણુજનક; લઘુ બીજાણુવિકાસ. **microsporophyll.** પુંજનોત્પાદક પર્ણ, પરાગરજોત્પાદક પર્ણ, લઘુબીજાણુ પર્ણ.

**microstructure of soil.** જમીન કે મૃદાની સૂક્ષ્મરચના.

**microtechnique.** સૂક્ષ્મ પ્રક્રિયા, સૂક્ષ્મ પ્રવિધિ.

**Microtermis** *obesi*. શેરડીમાં પડતું જંતુ.

**microthermic tree.** ઠંડી આબોહવા અને ટૂંકી વૃદ્ધિ મોસમ સહ્ય કરનાર ઝાડ.

**Microtoena** *insuavis* **(Hance) Prain ex Dunn** (Syn. *M. cymosa* **Prain**). એક ક્ષુપ, જેનું બાષ્પશીલ તેલ સુગંધી દ્રવ્યો બનાવવા ઉપયોગમાં લેવામાં આવે છે.

**microzoospore.** સૂક્ષ્મ ચલ બીજાણુ.

**mid-bloom.** ઝાડને પ્રફુલ્લિત બનવાનો મધ્ય સમય.

**mid-brain.** મધ્ય-મસ્તિષ્ક, મધ્ય મગજ.

**middens.** જમીનમાં રહેતા કે ક્રિયાશીલ બનતાં અળશિયાં જેવા સજીવો જેનું ઉત્સર્જિત થતું દ્રવ્ય.

**middle.** ક્રમ અને ગણતરીમાં રહેલું વચલું. (૨) ઢોરનો જઠરનો પ્રદેશ. **m. capacity.** પ્રાણીઓમાં જાંગ અને ખભા વચ્ચેના વિસ્તારનું પરિમાણ, જે ચારા કે ખાણને ઊચકવા ઇ.ની ક્ષમતાનું

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સૂચક છે **m. ear.** મધ્યકર્ણ. **m. lamellar.** મધ્યપડ, મધ્યપટલ, પ્રથમ કોષકલા. (૨) કોષકેન્દ્રના વિભાજન બાદ કોષકેન્દ્રની ત્રાકની મધ્ય પટીનું સ્થૂલન થયા બાદ આ કોષકલાનું નિર્માણ થાય છે, પાછળથી કાષ્ઠકમાંથી તેની પરિપૂર્તિ થાય છે. **m. man.** વસ્તુઓના ઉત્પાદકની પાસેથી તેના ઉપભોક્તા પ્રત્યે વસ્તુઓ પહોંચાડનાર મધ્યગ અથવા વચલો વેપારી. **M. White Yorkshire.** ડુક્કરની ઓલાદનો એક પ્રકાર, જેનાં પ્રાણી મજબૂત હોય છે, જે જલદી પ્રૌઢ બને છે. આયાત કરવામાં આવેલી અન્ય જાતો કરતાં તે ટકવામાં સારાં રહે છે અને સ્થાનિક જાતિની સુધારણા કરવામાં તે ઉપયોગી બને છે.

**middling.** ત્રણ કોટિ પૈકીની બીજી કોટિ. **middlings.** ઘઉં દળવામાં જુદા પડતા જાડા કણો.

**midge.** મચ્છર કરતાં નાનું, પાણીમાં વૃદ્ધિ પામતું અને પ્રાણીનું લોહી ચૂસતું જંતુ, જે કેટલાંક કૃમિ માટે વચગાળાના પોષદની ગરજ પણ સારે છે.

**midget.** અત્યંત લઘુ વ્યક્તિ, વામન, ઠિંગુજી.

**mid-rib.** મધ્ય શિરા.

**midriff.** ઉદરપટલ.

**mignonette tree.** મેંદી. **mignonetre vine.** શોભાની એક વેલ.

**migration.** સ્થળાંતર. (૨) ઋતુ, હવામાન, ખોરાકની ઉપલબ્ધતા અનુસાર પક્ષીઓ, જંતુઓ, માછલીઓનું વતન છોડી બીજે જવું. (૩) વનસ્પતિનું નવી ભૂમિ કે વિસ્તારમાં ખસવું. **migratory locust.** યાયાવર તીડ; *Locusta migratoria* **L.** નામના પીળાશ પડતાં ઘણાં રાજ્યોમાં છૂટાં છૂટાં જોવાનાં આવતાં તીડ.

**milch.** પાલતું, સસ્તન પ્રાણીઓ પૈકી દૂધ આપનાર કે દૂધ માટે પાળેલું (પ્રાણી). **m. cow.** દુધાળી ગાય.

**mildew.** ભીંબ; વનસ્પતિ પર થતી તંતુ આકારની ફૂગ. (૨) વનસ્પતિની એક પ્રકારની રોગાવસ્થા, જેમાં રોગોત્પાદક કારક વનસ્પતિના રોગગ્રસ્ત ભાગ પર આવરણ બનાવે છે, આ આવરણ ચાદર આકારનું, ભૂકારૂપે કે સફેદ હોય છે.

**Miliusa** *velutina* (**Dunal**) **Hook f & Thoms.** ઉત્તરભારત, આસામ, ઓરિસા, ત્રાવણકોર અને આન્ધ્રપ્રદેશમાં થતું ઝાડ, જેના કાષ્ઠનાં ઓજારના હાથા, ફર્નિચર, વસ્તુઓ પેક કરવાનાં ખોખાં ઇ. બનાવવામાં આવે છે અને જેનાં ફળ ખવાય છે.

**milk.** દૂધ. (૨) બચ્ચાંના પોષણ માટે સસ્તન પ્રાણીઓની માદા તેની દુગ્ધગ્રંથિમાંથી સ્રવે તેવું સફેદ કે મલાઈ રંગનું પ્રવાહી. (૩) બચ્ચાંને જન્મ આપવા અગાઉના 15 અને જન્મ આપ્યા બાદના 5 દિવસ જરૂર પ્રમાણે વધારે દિવસને બાદ કરતાં એક કે વધારે ગાયને પૂરેપૂરી દોહીને મેળવેલું દુગ્ધગ્રંથિના સ્રાવનું પ્રવાહી, જેના મહત્ત્વના ઘટકોમાં પાણી, ચરબી, કેસીન, એલ્બ્યૂમીન, ગ્લોબ્યૂલીન, લેક્ટોસ, દુગ્ધશર્કરા, રાખ અને પ્રજીવકોનો સમાવેશ થાય છે. એ જ પ્રમાણે ઓછાવત્તા પ્રમાણમાં આ ઘટકો અન્ય પ્રાણીઓના દૂધમાં હોય છે. (૪) કેટલીક વનસ્પતિઓએ સ્રવેલો રસ કે પ્રવાહી. (૫) ગાય કે અન્ય કોઈ સસ્તન માદાના આંચળમાંથી દોહીને કાઢેલું પ્રવાહી. **m., adulterated** અપમિશ્રિત દૂધ. ભેળસેળ કરેલું દૂધ. **m., chilled** ઠારેલું દૂધ. **m., condensed** સંઘનિત કરેલું દૂધ. **m., separated** મલાઈ કાઢી લીધેલું દૂધ, સપરેટ દૂધ. **m., whole** પૂર્ણ–મલાઈ–સહિતનું દૂધ. **m. cistern.** ગાયના આંચળનો ભાગ, આંચળની સાથે જોડાયેલું નલિકાવાળું વિવર **m. cooperative society.** દૂધ સહકારી મંડળી. **m. distribution.** દૂધ વિતરણ. **m. dry.** આંચળમાંથી છેલ્લાં ટીપાં સુધી દૂધ કાઢી લેવું. **m. duct.** દુગ્ધનલિકા. **m. fat.** દુગ્ધસ્નેહ, દૂધમાં રહેલું ચર-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બીનું દ્રવ્ય; દૂધમાં સૂક્ષ્મગોલકોમાં અવલંબિત રીતે રહેતા ગોલક ઘટકો, જે પ્રત્યેક ગોલક કલાથી આવરિત હોય છે અને જે 27° ફે. ઉષ્ણતામાને કે વલોવવાથી ઘનરૂપ બને છે. **m. fever.** *parturient paresis, parturient hypocalcaemia, parturient apoplexy* ઇ. નામથી ઓળખાતો બચ્ચાંને જન્મ આપ્યા પછી ગાય, ભેંસ કે બકરીને થતો રોગ, જેમાં રોગગ્રસ્ત પ્રાણી પૂર્ણ રીતે કે અંશતઃ ભાન ગુમાવે છે અને તેનાં આંચળના પાછલા ભાગને લકવો થાય છે. **m. filter.** દૂધને ગાળવાની ગળણી, દૂધ નિસ્યંદક. **m. fish.** *Chanos chanos* નામની ચાર ફૂટ સુધી વધતી સામાન્ય દરિયાની માછલી. **m. fistula.** આંચળથી દુગ્ધવાહિની દ્વારા આઉની અંદર સુધી પહોંચતો વણ કે ચીરો. **m. flow.** એક દિવસ, એક અઠવાડિયું કે એક મોસમ દરમિયાન દુધાળા પ્રાણીએ કે તેના સમગ્ર જૂથે આપેલો દૂધનો કુલ જથ્થો. **m. formation.** દુગ્ધનિર્માણ. **m. heater.** દૂધતાપક. **m. hormones.** દૂધના નિર્માણ માટે જવાબદાર અંતઃસ્રાવો, જે બ્રહ્મગ્રંથિના અગ્ર ખંડ દ્વારા અથવા અંડાશય, નલિકારહિત ગ્રંથિ, અધિવૃક્ક ગ્રંથિ અને જરાયુથી પણ સ્રવે. તેના ત્રણ સમૂહો બને છે. એસ્ટ્રોજનિત (oestrogenic), સ્તનગ્રંથિજનિત (mammogenic) અને દુગ્ધજનિક (lactogenic). **m. of lime.** કળીચૂના (કેલ્શિયમ ઓક્સાઈડ) માં પાણી મેળવવાના અંતે અવલંબિત બનતું સફેદ દૂધ જેવું દ્રવ્ય, જે જંતુઘ્ન છે અને જેને ધોળવાના કામમાં લેવામાં આવે છે. **m. figment.** દૂધમાં જોવામાં આવતાં રંજક દ્રવ્યો, જેમાં મખ્યત્વે કેરોટીન અને લેક્ટોફ્લેવીન હોય છે. લોહીમાંના રંજકદ્રવ્યો, વંશાગત ગુણ કે પ્રાણીને ખવડાવવાની પરિસ્થિતિના કારણે દૂધનાં આ રંજક દ્રવ્યોનું નિર્માણ થતું હોય છે. **m. plasma.** દૂધમાંના ચરબી ઘટકથી ભિન્ન એવું તેનું પ્રવાહી ઘટક. **m. pressure.** દૂધનું દબાણ. **m. record.** દોહેલા દૂધની રાખવામાં આવતી નોંધ, દૂધ નોંધપત્રક. **m. sample.** દૂધનો નમૂનો. **m. secreting granules.** દુગ્ધસ્રાવી કણિકાઓ. **m. s. tissue.** આંચળમાંની ગોલીય પેશી; દુગ્ધસ્રાવી પેશી. **m. secretion.** દુગ્ધસ્રાવ. **m. serum.** ચરબી અને કેસીન વિનાનું દૂધ. **m. shed.** ગ્રામ વિસ્તારોમાંથી દૂધ એકઠું કરી, જ્યાંથી શહેરી વિસ્તારોને દૂધ પહોંચાડવામાં આવતું હોય તે સ્થાન. **m. solids.** દૂધમાંથી પાણીને બાદ કરતા રહેતાં તેનાં ઘન દ્રવ્યો. **m. stage.** પરિપક્વ અવસ્થાએ પહોંચવા અગાઉ દૂધ જેવો બનતો દાણાનો ગર. **m. stone.** અતિ ઊંચા તાપમાને ગરમ કરતાં દૂધમાં થતો પથ્થર જેવો ઘનભાગ. **m. strainer.** દૂધ ગાળવાની ગળણી. **m. sugar.** દુગ્ધશર્કરા, અંગ્રેજીમાં જેને લેક્ટોસ કહે છે. **m. teeth.** દુધિયા દાંત. (૨) સસ્તન પ્રાણીઓમાં ઊગ્યા બાદ પડી જઈ કાયમી દાંતને સ્થાન આપનાર શરૂઆતના દાંત. **m. thistle.** દૂધી; વર્ષાયુ શાકીય વનસ્પતિ. **m. vein.** દુગ્ધ શિરા. **m. weed.** *Euphorbia prostrata* નામની બી પેદા કરતી વનસ્પતિ. **m. wells.** સસ્તન પ્રાણીના દૂધનું સ્થાન, જે તરફ તેના પડખાની બંને બાજુએ શિરાઓ જતી હોય છે.

**milking animal.** દૂધ આપતું–દુધાળું પ્રાણી. **m. cow.** દૂધ આપતી દુધાળી ગાય.

**milled rice.** ડાંગરનાં ફોતરા–છોતરા કાઢી લીધેલા–છડેલા ચોખા.

**milleped.** સહસ્રપાદ પ્રાણી.

**millets.** નાના દાણાવાળી અનાજ અને ઘાસચારા તરીકે ઉપયોગી બનતી જુવાર, બાજરી, મકાઈ જેવી વનસ્પતિ. **m., bulrush** બાજરી. **m., common** ચેણો. **m., finger** રાગી. **m., Italian** કાંગ, કોદરી. **m., little.** સામો.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**Millettia** *auriculata* **Baker ex Brandis.** હિંદીમાં ગજ નામે ઓળખાતું ઉત્તર ભારત, ઉત્તરપ્રદેશ, પંજાબ, મધ્ય પ્રદેશ, બિહાર, આન્ધ્ર પ્રદેશની કાષ્ઠીય આરોહી ઘાસચારા માટેની વનસ્પતિ, જેનાં મૂળનો ભૂકો ઢોર પરનાં જંતુને મારવા માટે કરવામાં આવે છે. **M.** *ovalifolia* **Kurz.** અંગ્રેજીમાં *Moulmein rosewood* તરીકે ઓળખાતું, વીથિ માટે ઉગાડવામાં આવતું વૃક્ષ. **M.** *pachycarpa* **Benth.** એક વનસ્પતિ, જેનાં મૂળ ઝેરી છે અને તે માછલી અને પક્ષીઓને ઝેર આપવા વપરાય છે.

**millimetre.** મીટરના એક હજારમાં અને એક ઈંચના પચીસમાં ભાગનું માપ.

**millimicron.** માઈક્રોનનો એક હજારમો ભાગ.

**milling** અનાજને ઝૂડવાની ક્રિયા. **m. quality.** ઝૂડયા વિનાની ડાંગરના કુલ જથ્થા અને તેને ઝૂડયા બાદ સાંપડેલા ચોખાના જથ્થાની ટકાવારી.

**Millingtonia** *hortensis* **L.f.** નીમ-ચમેલી નામનું ઊંચું અને વીથિ માટે વાવવામાં આવતું વૃક્ષ.

**million.** દસ લાખ.

**milo.** જુવાર, *Sorghum vulgare* var. *subglabrescens* નામની અનાવૃષ્ટિ સહન કરનાર, ઢોરચારા માટેની વનસ્પતિ, જે લાલ જુવાર તરીકે પણ ઓળખાય છે.

**milt.** સસ્તન પ્રાણીઓમાં પ્લીહા, અન્ય પૃષ્ઠવંશીઓનું તેવા જ પ્રકારનું અંગ અને માછલીઓનાં વૃષણ. **milter.** શુક્રાણુ મૂકવાની અવસ્થામાં નર મત્સ્ય-માછલી.

**mimicry.** અનુકૃતિ, ચાળાં.

**Mimosa** *amara.* (**Roxb.**). હાલેઈ; સૂકા પાનખર જંગલનું દખ્ખણ, કર્ણાટક અને દ. કાનડામાં 1,000 મીટર સુધી વધતું ઝાડ; જેનું કાષ્ઠ બળતણ અને ઓજારોના હાથા બનાવવા ઉપયોગી બને છે, અને સુકાયેલાં પાન સાણ તરીકે અને ખાતર માટે ઉપયોગમાં લેવામાં આવે છે. **M.** *dulcis.* વિલાયતી આંબલી. **M.** *juliflora.* મૂળ દ. અમેરિકાનું મધ્યમ કદનું ઝાડ. **M.** *lebbeck* **L.** શિરીષ, રસ્તાની બાજુ પર ઊગતું સર્વ સામાન્ય વૃક્ષ, જેનાં પાનનો ચારો બને છે, અને તે ચા અને કોફીના બગીચામાં છાયો આપવા વાવવામાં આવે છે. કાષ્ઠનું ફર્નિચર બને છે, ઉપરાંત તે ઈમારતી કામમાં પણ લેવામાં આવે છે, ઘરના આંતરિક સુશોભન માટે પણ શિરીષનું કાષ્ઠ ઉપયોગમાં લેવામાં આવે છે. **M.** *leucophloea* (**Roxb.**) **Willd.** ચારા તરીકે ઉપયોગી પાનવાળું વૃક્ષ. **M.** *odoratissima.* કાળો શિરીષ, શોભાનું વૃક્ષ. **M.** *pudica* **L.** લજામણી, ભૂરતરી શોભા માટેનો વેલો. **M.** *rubicaulis* **Lam.** વાડ માટેનો છોડ.

**Mimusops** *elengi* **L.** બોરસલી. ઉત્તર ભારત, પશ્ચિમ ભારત, દ. ભારતમાં થતું સુવાસિત ઝીણાં ફૂલનું ઝાડ. ફૂલની માળા બનાવવામાં આવે છે અને તેમાંથી અત્તર પણ કાઢવામાં આવે છે. પાકાં ફળ ખવાય છે. **M.** *hexandra* **Roxb.** ખિરણી નામનું ગુજરાત, દિલ્હી, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર અને આન્ધ્રપ્રદેશમાં થતું ખાદ્ય ફળનું ઝાડ. **M.** *kauki* **L.** ખિરણી નામનું ઉત્તર ભારત, આન્ધ્રપ્રદેશ અને મલબારમાં થતું ખાદ્ય ફળનું ઝાડ. **M.** *littoralis* **Kurz.** એક વૃક્ષ, જેની છાલમાંથી રંગ મળે છે.

**Mina** *lobata* **Cerv** [Syn. *Quamoclit lobata* (**Cerv.**) **House;** *Ipomoea lobata* (**Cerv.**) **Thello.**]. મૂળ મેક્સિકોનો, પણ અહીં શોભા માટેનો વેલો.

**mine.** દર કરવું, વનસ્પતિમાં દર બનાવી વનસ્પતિને ખાવી. (૨) દર. (૩) ખાણ.

**mineral.** ખનિજ; અકાર્બનિક રાસાયણિક તત્ત્વ અથવા સંયોજન. (૨) સૈદ્ધાંતિક રીતે ચોકસ રાસાયણિક રચના ધરાવતું સમાંગ કુદરતી અકાર્બનિક દ્રવ્ય.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૩) દ્રવ્યનું અકાર્બનિક લક્ષણ. **m., primary** મૂળ-પ્રાથમિક ખનિજ. **m., secondary** ઉત્તરજાત – દ્વિતીયક ખનિજ. **m. acid.** ખનિજ અમ્લ. **m. decomposition.** ખનિજ અપઘટન. **m. elements.** જમીન, વનસ્પતિ અને વનસ્પતિજ પેદાશના અકાર્બનિક ઘટકો. (૨) દ્રવ્યનો અકાર્બનિક પ્રકાર. **m. hardness. Moh's scale.** ઘર્ષણ કે લિસોટાનો અવરોધ કરવાના ખનિજના ગુણધર્મ જાણવા માટેની મોહની કસોટી, જે ખનિજની કઠિનતાનો આંક દર્શાવે છે. **m. matter.** ખનિજ દ્રવ્ય. કાર્બનિક દ્રવ્યના પૃથક્કરણમાં નીપજતું અકાર્બનિક દ્રવ્ય જેમ કે બળવાના પરિણામે નીપજતી રાખ. **m. mixture.** લવણ, ચૂનાનો પથ્થર, ફૉસ્ફેટ, લઘુતત્ત્વો જેવાના સંયોજનથી બનતો ખોરાક. **m. oil.** પેટ્રોલિયમ અને અન્ય હાઈડ્રોકાર્બન ખનિજમાંથી મળતું તેલ, ખનિજ તેલ. **m. salts.** ખનિજ ક્ષારો. **m. soil.** ખનિજ દ્રવ્યોવાળી જમીન, જેમાં 20 ટકા કરતાં ઓછાં કાર્બનિક દ્રવ્યો હોય છે, અથવા એક ફૂટની જાડાઈ કરતાં ઓછી જાડાઈની કાર્બનિક પડવાળી જમીન. **mineralization.** ખનિજીકરણ. (૨) કોઈ કાર્બનિક સંયોજનમાં છૂટાં પડેલા તત્ત્વનું ઉપલબ્ધ પ્રકારમાં સૂક્ષ્મ સજીવના વિઘટનથી થતું પરિવર્તન.

**Minerology.** ખનિજ વિજ્ઞાન.

**minim.** ટીપું. એકડ્રામ પ્રવાહીનો 60મો ભાગ.

**minima.** નિમ્નિષ્ઠ. **minimal.** અતિસૂક્ષ્મ, ઓછામાં ઓછું, અલ્પિષ્ટ. **minimum.** ઉપલબ્ધ બનતું ઓછામાં ઓછું, ન્યૂનતમ. **m. efficient unit.** ન્યૂનતમ કાર્યક્ષમ એકમ. **m. price.** ન્યૂનતમ – ઓછામાં ઓછી કિંમત. **m. temperature.** ચોક્કસ સમયમાં નોંધવામાં આવેલું ઓછામાં ઓછું ઉષ્ણતામાન. **m. tillage.** ઝડપી અંકુરણ અને સારા ઊભા પાક માટે આવશ્યક બનતું કૃષિકાર્યં ખેડાણ.

**minnow.** મીઠા પાણીની કાર્પ કે કાર્પે કરતાં મોટી ન બનતી માછલી.

**minor.** લઘુ, અલ્પ. **m. elements.** નાઇટ્રોજન, ફૉસ્ફૉરિક ઍસિડ અને પોટાશ જેવાં ત્રણ પ્રાથમિક પોષક તત્ત્વો સિવાયનાં, વનસ્પતિની વૃદ્ધિ માટે આવશ્યક પણ અલ્પ પ્રમાણમાં જોઈતાં તાંબુ, જસત, કેલ્શિયમ, મેગ્નેશિયમ, બોરોન અને મેન્ગેનીઝ જેવાં તત્ત્વો. **m. forest products.** ગૌણ વન્ય પેદાશ. (૨) ઈમારતી લાકડાં સિવાયની વન્ય પેદાશ, જેમાં ચામડાં કમાવવા માટેનાં દ્રવ્યો, રેસાઓ, તંતુઓ, વાંસ, નેતર, ઘાસચારો, ગુંદર, રાળ, મધ, લાખ, ઘાસચારા સિવાયનું ઘાસ, અને સુગંધિત કાષ્ઠનો સમાવેશ થાય છે. **m. plant food elements.** જુઓ *minor elements*.

**Minorca.** *Redfaced Spanish.* નામે પણ ઓળખવામાં આવતાં ભૂમધ્ય સમુદ્રના પ્રદેશનાં મોટાં, સફેદ અને કાળાં રંગનાં ઈંડાં મૂકતી મરઘીની ઓલાદ.

**mint.** ફુદીનો. *Mentha longifolia* (**L.**) **Huds** (*M. sylvestris* **L.**). નામની સુવાસિત વનસ્પતિ.

**minus farm income.** ખોટ દર્શાવતી કૃષિજન્ય આવક.

**Mirabilis** *jalapa* **L.** ગુલબાસ: વાયવ્ય હિમાલય, પ. બંગાળ અને મણિપુરમાં થતી શોભાની વનસ્પતિ, જેનાં બીનો ભૂકો, સૌંદર્ય પ્રસાધનો માટે ઉપયોગમાં લેવામાં આવે છે અને ફૂલમાંથી લાલ રંગ મળે છે. પાન ખાઈ શકાય છે.

**miracidium.** રોમિલ ભ્રૂણ અથવા કૃમિનાં ઈંડાંમાંથી નીકળતું ડિમ્ભ.

**mirage.** મૃગજળ.

**mire.** પંક, કાદવ, ભીની જમીન – માટી.

**Mirror carp.** *Cyprinus carpio* var. *specularis* નામની સામાન્ય કાર્પ માછલીનો એક પ્રકાર.

**mirtenga.** *Psilium* [illegible]

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**(Wall. ex Colebr).** (*Bursera serrata* **Wall ex colebr.**). નામનું આસામ, બિહાર, ઓરિસામાં થતું ખાદ્ય ફળધારી વૃક્ષ.

**misappropriation.** ઉચાપત.

**miscarriage.** કસુવાવડ, અકાળ પ્રસૂતિ, ગર્ભસ્રાવ.

**miscellaneous type fowl.** ઈંડાં, માંસ કે બંનેની ગરજ સારતું ન હોય તેવું મરઘું

**miscibility.** મિશ્રણીયતા, બે દ્રવ્યો ખાસ કરીને બે પ્રવાહીઓનો પરસ્પરમાં ભળી જવાનો – મિશ્ર થવાનો ગુણ. **miscible.** મિશ્રણીય.

**mist.** ધુમ્મસ. (૨) વિભાજનની સરસ અવસ્થાવાળા દૃશ્યમાન કદના પ્રવાહીના કણ, જે છંટકાવ માટેનું દ્રવ્ય બની શકે છે. (૩) પૃથ્વીની સપાટીની પાસે અવલંબિત અવસ્થામાં રહેતું પારદર્શક પાણી-ભેજ, ધુમ્મસ. **m. blower.** જુઓ *mist sprayer.* **m. sprayer.** *concentrate sprayer, mist blower, drift sprayer, air blast sprayer* ઇ. નામોથી જાણીતું ફૂગનાશક કે જંતુઘ્ન દ્રવ્યને છાંટવા માટેનું સાધન, જે ફૂગ–નાશક કે જંતુઘ્ન દ્રવ્યના ઝીણા ઝીણા અંશ બનાવી, ઝડપી ગતિવાળા પવન પ્રવાહમાં પ્રસારી દે છે, જે પાણીની સાથે ભેળવવા 20–30 ટકા જેટલી શક્તિવાળું દ્રાવણ બને છે.

**mites.** ઈતડી. *Acarina* શ્રેણીનું અષ્ટ-પાદ જંતુ, જે સંધિપાદ સમુદાયનું હોવા છતાં વિભિન્ન ખંડોમાં તેનું શરીર વહેં-ચાયેલું હોતું નથી. આ જંતુ વનસ્પતિ અને પ્રાણીઓ પર પરજીવી જીવન ગાળે છે અને ચામડીના વિવિધ રોગોનું કારણ બને છે. તેમાં ત્રણ જાતિઓ છે અને તે મરઘાં – બતકાં પર પરજીવી જીવન ગુજારે છે. **miticide.** ઈતડી મારવા માટે પેરાથિયન જેવું બનાવવામાં આવેલું રાસાયણિક દ્રવ્ય કે રાસાયણિક સંયોજન.

**mitha.** મીઠું. **m. kaddu.** કોળું. **m. karela.** *Cyclanthera pedata* **Schrad.** નામનું વર્ષાયુ શાક. **m. neem.** કઢીને સુવાસિત કરતાં પાનવાળો મીઠો લીમડો. **m. nimboo.** મીઠા લીંબુ. **m. pat.** એક પ્રકારનું શણ.

**mitosis.** સમસૂત્ર વિભાજન, સમ વિભાજન, સૂત્રીભાજન. (૨) એક પ્રકારનું કેન્દ્રકનું વિભાજન, જેમાં રંગસૂત્રો અનુલંબ રીતે કે હાતણના ફડચારિયાની માફક ઊભા વિભાજન પામી અલગ થાય છે અને દુહિતા અથવા અનુજાત કેન્દ્રક તરીકે તેમનું પુનર્ઘટન થાય છે અને પ્રત્યેકમાં જનકકોષકેન્દ્રની સંખ્યાસમ હોય છે. આ સમસૂત્ર વિભાજનની પ્રથમ ભાજના, ભાજના, ભાજનોત્તરા અને પૂર્ણાવસ્થા એવી ચાર અવસ્થા હોય છે; અર્ધસૂત્રી-ભાજનમાં દુહિતા કોષકેન્દ્રમાં અર્ધ રંગસૂત્રો હોય છે તેથી ભિન્ન આ સમ-વિભાજનમાં દુહિતા કોષકેન્દ્રમાં સમ-સંખ્યામાં રંગસૂત્રો હોય છે. **mitotic division.** સમસૂત્ર વિભાજન.

**Mitragyna** *parvifolia* **(Roxb.) Korth.** (Syn. *Stephegyne parvifolia* **Korth.**). કદંબ, ધારાકદંબ નામનું ભારતમાં થતું વૃક્ષ, જેની છાલના રેસાનાં દોરડાં બનાવવામાં આવે છે, અને જેના કાષ્ઠનું ફર્નિચર અને કૃષિ ઓજારો બના-વવામાં આવે છે.

**mix.** સૂત્ર. (૨) બે કે વધારે દ્રવ્યોનું વિશિષ્ટ હેતુ માટે બનાવવામાં આવેલું મિશ્રણ. (૩) વનસ્પતિ કે પ્રાણીઓનું સંકરન કે અંતઃપ્રજનન કરવું. **mixed.** મિશ્ર. **m. breeds.** મિશ્ર ઓલાદ; વિભિન્ન ઓલાદના સંકરનથી પેદા થતી પ્રાણીઓ કે પક્ષીઓની મિશ્ર ઓલાદ. **m. cropping.** એક જ જમીનમાં એક સાથે બે કે તેથી વધારે પાક વાવવાની પદ્ધતિ; આમાં એક મુખ્ય અને બાકીના ગૌણ પાક હોય છે. આ પદ્ધતિમાં એકાંતર પાક પદ્ધતિ જેવા ફાયદા હોય છે, જેમાં પૂર્ણ પાક નિષ્ફળ જતા હાનિ થતી નથી, જમીનનો સારો ઉપયોગ કરવામાં



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવે છે અને ખોરાકી અને ઘાસચારાનાં દ્રવ્યોના સંબંધમાં ખેડૂતની આવશ્યકતા સંતોષાય છે. **m. fertilizers.** મિશ્ર ખાતરો. (૨) ચોકસ પ્રમાણમાં બે કે તેથી વધારે ખાતરોનું મિશ્રણ; જુદું જુદું ખાતર વાપરવા કરતાં વધારે સમતોલ રીતે આવું ખાતર છુટક છુટક કરતાં વધારે સારી રીતે ઊણપને પહોંચી વળે છે. આવા મિશ્રણમાં ત્રણે ત્રણ પોષક દ્રવ્યનો સમાવેશ થાય છે. **m. flow pump.** સિંચાઈ માટે પાણી મેળવવાનો પંપ. **m. rice cultivation.** મિશ્ર ડાંગરની ખેતી. **m. societies.** મિશ્રિત મંડળીઓ. **mixibility.** મિશ્રતા, મિશ્રણક્ષમતા, મિશ્રણીયતા. **mixture.** મિશ્રણ, બે કે તેથી વધારે દ્રવ્યોનું મિશ્રણ.

**mobile.** ચલ, ફરતું. **m. demonstration.** ફરતું-નિદર્શન. **m. nutrient.** ચલ પોષક તત્ત્વ. **m. soil colloids.** સ્રવતા પાણીની સાથોસાથ ફરતા હોય તે રીતે વ્યાસુત માટીના કલિલ. **mobilise.** પ્રવૃત્ત કરવું, કામે લગાડવું, જમાવ કરવો. **mobility.** ગતિશીલતા, ચલિષ્ણુતા. **m. of labour.** મજૂરોની ગતિશીલતા.

**mobil oil.** મોબિલ તેલ. (૨) વાહનો કે યંત્રોના સંચાલનમાં વપરાતું તૈલી દ્રવ્ય.

**moco.** તામિલનાડુમાં ઉગાડવામાં આવતો દીર્ઘાયુ કપાસનો છોડ, જેનું રૂ હાથે કાંતવામાં વધુ ઉપયોગી નીવડે છે અને કપાસિયામાંથી તેને સહેલાઈથી છૂટું પાડી શકાય છે.

**modal length.** ચોક્સ રૂના નમૂનામાં રેસા અથવા તંતુની અધિકતમ લંબાઈ, જેનું માપ ઈંચમાં દર્શાવવામાં આવે છે.

**modan.** કેરળની સૂકી ખેતી પદ્ધતિ.

**model farm.** આદર્શ ફાર્મ.

**mode of farming.** કૃષિપદ્ધતિ.

**modification.** રૂપાંતર, પરિવર્તન, ફેરફાર, સુધારણા. **modified leader.** ફળઝાડની એક વિશેષ પ્રકારની ઉછેર પદ્ધતિ, જેનાં મધ્ય અક્ષના ભાગને વગર અડચણે પહેલાં ચાર કે પાંચ વર્ષ માટે વધવા દેવામાં આવે છે, ત્યારબાદ પાર્શ્વીય શાખાઓને ખુલ્લી મધ્યમ પદ્ધતિ અનુસાર વધવા દેવામાં આવે છે, પરિણામે વૃક્ષ વિસ્તાર પામે છે અને તેના પ્રત્યેક ભાગને સૂર્ય પ્રકાશ મળી શકે છે. આ પદ્ધતિ જમરૂખ, સફરજન અને અંજીરના ઝાડના સંબંધમાં અનુસરવામાં આવે છે, જેમાં ઝાડનો ભાગ વિશિષ્ટ રીતે વૃદ્ધિ સાધે છે. **m. l. shoot.** પરિવર્તિત અગ્રપ્રરોહ. **m. live virus.** અકુદરતી પોષદમાંથી વિષાણુને પસાર થવા દેવામાં આવે છે, જેથી તે તેની રોગોત્પાદકતા ગુમાવે છે, પરંતુ ઉત્પાદન માટે જરૂરી પ્રતિપિંડો તથા રોગને સંવેદનશીલ હોય તેવાં પ્રાણીઓમાં રોગપ્રતિરક્ષા, પેદા કરી શકે છે. **m. mean.** પરિવર્તિત-રૂપાંતરિત-સુધારેલું માધ્ય. **m. stem.** સાધારણ ટટાર પ્રકાંડથી ભિન્ન એવું કંદમૂળ, ભૂસ્તરી વનસ્પતિ જેવું પ્રકાંડ. **modifier.** રૂપાંતરકારક.

**mogha.** હારમાં બી વાવવા માટેનું ઓજાર, જેમાં 3 થી 4 ફૂટ લાંબી વાંસની નળી હોય છે, જેની ટોચે છિદ્રોવાળું લાકડાનું પ્યાલું કે ગળણી હોય છે, જેમાં હાથેથી બી ઓરવામાં આવે છે, વાંસની નળીનો છેડો દેશી હળના પાનાની અણિની આગળ હોય છે. હાથથી ચાસ બનાવતી વખતે પ્યાલામાં હાથથી ઓરાયેલાં બી ચાસમાં પડે છે ને એ રીતે બી વવાય છે.

**moha.** મહુડો.

**mohair.** અંગોરા બકરાંના ચળકતા વાળનો લાંબો તાંતણો, આવા તાંતણાનું બનાવેલું કાપડ.

**mohua.** જુઓ *mowra fat.*

**moi.** ખેતરને સમતલ બનાવવા માટે વાપરવામાં આવતું દાદરા આકારનું લાકડાનું ઓજાર.

**moist.** ભેજયુક્ત, આર્દ્રતાવાળું. **m. gangrene.** જીવાણુના સંક્રમણથી થતું પેશી મૃત્યુ. **m. mash.** પાણી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દૂધથી ભીંજવવામાં આવતું ગોતું. (૨) ઘોડાને ખાવા માટે આપવામાં આવતી ચણી.

**moisture.** આર્દ્રતા, ભેજ. (૨) ગમે તે વનસ્પતિ કે પ્રાણીમાં રહેલા ભેજ અથવા પાણીનું કુલ પ્રમાણ. (૩) રાસાયણિક સંયોજનમાંના પાણીને બાદ કરતાં, જમીનમાંથી ઉપલબ્ધ બનતું કે મળી શકતું ન હોય તેવા પાણીનું કુલ પ્રમાણ. (૪) પશુ આહારમાં કે અન્ય પ્રકારના ખોરાકમાં પાણીનો ઘટક. (૫) બાષ્પ કે વરાળ ઇ. રૂપે થોડા જથ્થામાં રહેલું પાણી કે અન્ય પ્રવાહી. **m., capillary** કેશાકર્ષણનો ભેજ. **m. determination.** આર્દ્રતા–ભેજ નિર્ધારણ. **m. equilibrium point.** આર્દ્રતા–ભેજ તુલ્યાંક. **m. equivalent.** જમીનમાં રહેલા પાણીનો જથ્થો, જેને સૂકી જમીનના વજનની સાથેની ટકાવારીમાં દર્શાવવામાં આવે છે. જમીનની ભેજગ્રાહ્યતા જાણવા માટે પ્રયોગશાળામાં આ વસ્તુ નક્કી કરી શકાય છે. **m. holding capacity.** આર્દ્રતા ધારણ કરવાની ક્ષમતા. **m. penetration.** સિંચાઈ કે વરસાદ બાદ કેટલે ઊંડે સુધી પાણી પહોંચી શકે છે તે ઘટના. **m. percentage.** સૂકી જમીનનું વજન અને તેમાંના પાણીનો ગુણોત્તર, સૂકી જમીનની ટકાવારી ગણાય છે. **m.-retantive soil.** ઊંચી ટકાવારીમાં પાણીને ધારણ કરવાની જમીનની ક્ષમતા, જેનો આધાર માટીના કલિલ પ્રમાણ પર રહે છે. રેતીવાળી જમીન કરતાં માટીવાળી જમીનમાં વધારે પ્રમાણમાં પાણી રહી શકે છે. **m. stress.** આર્દ્રતાનું બળ. **m. tension.** સેન્ટિમીટરમાં પાણીના એકમ સ્તંભ દ્વારા દર્શાવવામાં આવતું જમીનમાંના પાણીનું બળ. એક હજાર સેન્ટિમીટર એક વાતાવરણીય તનાવ બરાબર થાય છે. આર્દ્રતા તનાવ

**mokha.** જંગલી કારેલાં.

**molar.** મોલર; ગ્રામાણુ–લિટર. **m. solution.** ગ્રામ અણુ દ્રાવણ. **m. weight.** ગ્રામ અણુ વજન.

**molars.** કિનારીવાળા કે ગોળ ચારો કે ખોરાક દળવાને અનુકૂલિત થયેલા પ્રાણીના દાંત. (૨) દાઢ.

**molascake.** કાકવી–મોલાસીસ; રસ કાઢી લીધેલા શેરડીના કૂચા અને તલના ખોળના મિશ્રણના ખંડ–જેમાં ખનિજ મિશ્રણને પણ ઉમેરવામાં આવે છે. આ પ્રકારનું મિશ્રણ ઢોરને ખવડાવવામાં આવે છે. **molasses.** કાકવી; ખાંડ બનાવી લીધા પછી અવશેષ રહેલું શ્યાન પ્રવાહી, જેનો ઉપયોગ મેથિલેટેડ સ્પિરિટ, પાવર આલ્કોહોલ, મદ્યાર્કીય પીણાં, કિણ્વ, ઢોરનો ખોરાક ઈ. બનાવવામાં થાય છે. (૨) ગમે તે વનસ્પતિના રસનું નિસ્યંદન કર્યા બાદ બનતું સિરપ–ચાસણી જેવું તત્ત્વ. (૩) ગોળની રસી.

**mole.** છછૂંદર; નળાકાર લાંબું, ટૂંકી પૂંછડી અને નાનાં અંગો અને તીક્ષ્ણ દાંતવાળું જમીનમાં દર કરીને રહેતું અળશિયાં અને જંતુનાં ડિંભ ખાતું સસ્તન પ્રાણી. **m. cricket.** *Gryllotalpa africana* **Pal–Beaur** નામનું ખેતરમાં દર બનાવતું, બટાટાના કંદને કોરી ખાતું જંતુ.

**molecular.** અણુ સંબંધી, આણ્વીય; કોઈ પણ દ્રવ્યના અણુ અંગેનું, –ને લગતું. **molecule.** અણુ, ભૌતિક દ્રવ્યના પરમાણુના સૂક્ષ્મસમૂહો. રાસાયણિક ગુણધર્મો ગુમાવ્યા વિના કોઈ પણ દ્રવ્યનું વિભાજન કરતા પરિણમતું તેનું નાનામાં નાનું સ્વરૂપ. **m. drainage.** મોલહળ દ્વારા જમીનમાં ખુલ્લી નાળી દ્વારા પાણીનો નિકાલ કરવાની પદ્ધતિ.

**mollusc.** *Mollusca* સમુદાયનું મૃદુ શરીર અને કવચધારી પ્રાણી.

**molyhdenosis.** મોલિબ્ડેનમ નામના રાસાયણિક તત્ત્વની વિષાક્તતા. **molybdenum.** મોલિબ્ડેન્ટ ($Mo-O_4$) આયન તરીકે અવશોષાતું વનસ્પતિનું સૂક્ષ્મ ખાદ્ય તત્ત્વ, જે ઉત્સેચક તંત્રમાં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપયોગમાં આવે છે. અને વનસ્પતિમાં તે ઉપચય અને અપચય પ્રતિક્રિયા કરે છે. તે સહજીવી અને અસહજીવી નાઈટ્રોજન સ્થિરીકરણ માટે આવશ્યક છે. કેટલીક વનસ્પતિઓ આ તત્ત્વનો વધારે પડતો સંગ્રહ કરે તો તે ઝેરી બને છે. **m. deficiency.** વનસ્પતિમાં મોલિબ્ડેનમની ઊણપથી ઉપસ્થિત થતી અવસ્થા, જેથી તેની વૃદ્ધિ કુંઠિત બને છે, પાનની પેશી સુકાઈ જાય છે. કોબી, કોલિફ્લાવર, બટાટા, લેટ્યુસ ઇ.ની ટોચ સુકાઈ જાય છે. **m. poisoning.** ઢોર, ઘેટાં, બકરાંના ખોરાકમાં મોલિબ્ડેનમ આપવાથી તેમને ચડતું ઝેર, પરિણામે તેમને રક્તક્ષીણતાનો રોગ થાય, અતિસાર થાય અને તેનું માદા પ્રાણી દૂધ ઓછું આપે.

**momentum.** વેગ, ગતિમાત્રા.

**Momordica** *amara* **Roxb.** સૂકા મિશ્ર પાનખર જંગલનું વૃક્ષ. **M.** *balsamina* **L.** જંગલી કારેલાં; ગુજરાત, પંજાબ, દહેરાદૂન અને આન્ધ્રપ્રદેશમાં થતી શાકીય વનસ્પતિ. **M.** *charantia* **L.** કારેલાં નામની આરોહી શાકીય વનસ્પતિ, જે ભારતમાં બધે જ થાય છે અને જેનાં ફળ એટલે કારેલાં શાકમાં ખાવામાં આવે છે. **M.** *cochinchinensis* **Spreng** (Syn. *M. mixta* **Roxb.**). વાડ-કારેલાં નામની ભારતમાં થતી શાકીય વનસ્પતિ, જેનાં ફળ ખાદ્ય છે. **M.** *cylindrica* **L.** એક આરોહી વર્ષાયુ વનસ્પતિ, જેનાં કાચાં ફળ ખાવાના કામમાં આવે છે. **M.** *dioica* **Roxb ex Willd**, કાંટાળીવેલ, એક શાકીય આરોહી વનસ્પતિ, જેનાં ફળ-કંકોડાની શાકભાજી થાય છે. **M.** *mixta* **Roxb.** વાડ કારેલા નામની શાકીય વનસ્પતિ. **M.** *tuberosa* **Cogn** (Syn *M. cymbalaria* **Fenzl ex Naud;** *Luffa tuberosa* **Roxb.**). મહારાષ્ટ્ર અને તામિલનાડુમાં થતી ખાદ્ય ફળની શાકીય વનસ્પતિ.

**monadelphous.** એકગુચ્છી, એકજ નળીરૂપ બને તેવી રીતે પોતાના જ તંતુઓની સાથે જોડાયેલાં (પુંકેસર).

**monandrous.** એક પુંકેસરી.

**monarch.** એક સૂત્ર.

**money crops.** તમાકુ, તેલીબિયાં, કપાસ, શેરડી ઇ. જેવાં રોકડિયા એટલે વધારે મળતર આપે તેવા પાક.

**Money maker.** મધ્યમ કદના વહેલા પાકતા પેકનનટ નામના કાષ્ઠફળનો એક પ્રકાર.

**mongrel.** અજ્ઞાત ઓલાદનું પ્રાણી કે વનસ્પતિ. (૨) સંકર પેદાશ. **m. seed.** સંખ્યાબંધ જાત કે પ્રકારનું વાવવા માટેનું બી, જે શુદ્ધ કે એક જ પ્રકારનું નથી હોતું.

**moniliform.** માળાકાર.

**monkey bread tree.** ગોરખ આંબલી, રૂખડો; *Adansonia digitata* **L.** નામનું શીતળ પીણાં બને તેવું, દોરડાં બનાવવાના રેસાવાળું, કાગળ બનાવવા ઉપયોગી, અંતઃચર્મ ધરાવતું દીર્ઘાયુ ઝાડ. **m. nut.** જુઓ *ground nut*. **m. pod.** વિલાયતી શિરીષ.

**mono—.** એક, એકલું, એકલ અર્થસૂચક પૂર્વગ.

**monoacidic.** એકાસ્લિક, એક અમ્બલીય.

**mono-ammonium phosphate.** શુદ્ધ અવસ્થાનાં 12.17 ટકા ફોસ્ફોરિક ઍસિડ ધરાવતું ખાતર તરીકે ઉપયોગમાં આવતું એક રસાયણ; જેનો ખાતરમાં ઉપયોગ થાય છે. સંયોજન ખાતરમાં 11 ટકા નાઇટ્રોજન અને 48 ટકા ફૉસ્ફોરિક ઍસિડ હોય છે.

**monobasic.** એક બેઈઝવાળું.

**monocarpellary.** એક સ્રીકેસરી.

**monocarpic.** એકજવાર ફળ આપી-ને – ફલિત થઈ ને મરી જતું. **monocarpous.** જુઓ *monocarpic*.

**monocephalous.** એક શીર્ષી, એક ટોચ અથવા એક શીર્ષવાળું ફળ કે અંડાશય. (૨) એક શીર્ષ કે છત્રકવાળું ફૂલ.

**monochasial.** એક શાખાવાળું. **mo-**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**nochasium.** એક શાખા.

**monochlamydeous.** એક દલપુંજી.

**monochromatic.** એક રંગી.

**monoclinic.** બધાજ અક્ષો અસમાન હોય અને જેમાં એક તિરછો હોય તેવો એક નતાક્ષ (આકાર).

**monocotyledon.** એક બીજદલ, એકદલી, એકદલી વનસ્પતિ, એક બીજપત્ર, એક અંત્ય ભ્રૂણીય બીજપત્રવાળી આવૃત બીજધારી વનસ્પતિ. આ વનસ્પતિનાં પાનને સાધારણ રીતે સમાન પર્ણવિન્યાય હોય છે અને તેનાં પુષ્પોના ત્રણ ભાગ હોય છે. **monocotyledonous.** એક બીજપત્રી (વનસ્પતિ).

**monoculture.** વર્ષોવર્ષ એક જ જમીનમાં એક જ પાક લેવાની પદ્ધતિ, જેમાં ઘઉં અને ડાંગર વાવવામાં આવે છે.

**monocyte.** અખંડ કોશેષ શ્વેતકણ. **monocytic.** અખંડ કોષવાળું, જેમાં મોટા, અંડાકાર અથવા ખાંચ ધરાવતા કોષકેન્દ્રવાળા શ્વેતરક્ત કોષ હોય છે.

**monodactylous.** એક અંગુલિક. (૨) એક આંગળી, ખરી કે નહોરવાળું.

**monoecious.** ઉભયલિંગી, એક જ વનસ્પતિમાં નર અને માદા તત્ત્વો હોય તો પણ આ તત્ત્વો જુદાં જુદાં પુષ્પોમાં હોય છે.

**monoembryonic mango.** કેરીની બે જાતિઓમાંની એક જાતિ, જેના ગોટલામાં એક જ ભ્રૂણ હોય છે, જેથી તેમાંથી એક જ છોડનું નિર્માણ થાય છે.

**monoestrus.** એક મદકાલીય; એક વર્ષ કે પ્રજનન કાળમાં એક જ વાર આવતી મદની અવસ્થા.

**monogastric.** એક જઠરીય.

**monoglucoside of delphinidin dimethyl ether.** દ્રાક્ષ જેવા ફળના રંગ માટે જવાબદાર સંકુલ કાર્બનિક રસાયણ.

**monogynous.** એક જ સ્ત્રીકેસર ધરાવતું, એક જ સ્ત્રીકેસરાગ્રવાળું. **monogyny.** એક જ માદાની સાથે યુગ્મન કરાવવાની પ્રથા.

**monohaploid.** એક અર્ધસંખ્યક, એકગુણિત.

**monohybrid.** એક સંકર, એક જ લક્ષણમાં જેના પિતૃઓ ભિન્ન હોય.

**monolepta** *signata.* તમાકુ અને અળવીનાં પાન ખાનાર કીટક.

**monolayer.** એક સ્તર, એક સ્તરીય.

**monolith.** એક અખંડભૂમિ પરિચ્છેદિકા.

**monolocular.** એક કોટરીય.

**monometric.** એક મિતીય; લંબાઈનાં સરખા અને પરસ્પરને લંબ અક્ષોવાળું.

**monomolecular adsorption.** એક અણ્વીય અધિશોષણ.

**monomorphic.** એકરૂપી, એક આકારીય. (૨) વિકાસ દરમિયાન પોતાનો આકાર કે સ્વરૂપ નહિ બદલનાર. **monomorphous.** જુઓ: *monomorphic.*

**mononucleate.** એક કોષ કેન્દ્રી.

**mononuclear.** એક કોષકેન્દ્ર ધરાવતું.

**monopetalous.** એક દળી. (૨) એક જ નળીમાં જોડાયેલાં દળોવાળું.

**monophagous parasite.** એક જ યજમાનમાં સીમિત બનતું પરજીવી.

**monophylectic.** એક અક્ષી, એક જ ઉદ્ભવ સ્થાનવાળું.

**monophyllus.** એકપત્રી, એક પર્ણી, એક પર્ણક ધરાવતી (વનસ્પતિ), એક જ પર્ણ ધરાવતી (વનસ્પતિ).

**monoploid.** એક ગુણિત, એક સૂત્રીય એકકીય. (૨) રંગસૂત્રની જોડી પૈકીનું એક જ રંગસૂત્ર ધરાવનાર સજીવ કે કોષ.

**monopodial.** એક અક્ષીય. **monopodium.** એક પ્રકારનો શાખા વિન્યાસ, જેમાં અંત્ય કલિકામાંથી મુખ્ય અક્ષવૃદ્ધિ પામે છે, જ્યારે પાર્શ્વ અક્ષની વૃદ્ધિ સક્રિય હોતી નથી. એક મુખ્ય કે પ્રાથમિક અક્ષ, જેમાંથી બધી જ મુખ્ય પાર્શ્વીય શાખાઓનો વિકાસ થાય છે.

**monopolistic market.** ઈજારાશ્રિત – ઈજારાવાળું બજાર. **monopoly scarcity.** ઈજારાજન્ય અછત.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**monopterous.** કેટલીક વનસ્પતિમાં એક જ પક્ષધારી (બીજ).

**monosaccharides.** એક શર્કરા દ્રવ્યો. (૨) સરળ શર્કરા જેમાં પેન્ટોઝ ($C_6-H_{10}-O_5$) અને હેક્ઝોસ ($C_6-H_{12}-O_6$)નો સમાવેશ થાય છે.

**monosaturated.** એક સંતૃપ્ત.

**monosomic.** એક સૂત્રી, એક ગુણિત સૂત્રકાય. (૨) યોગ્ય પૂરક તરીકે એક ગસૂત્ર વિનાનો દ્વિકીય સજીવ.

**monospermous.** એક બીજવાળું.

**monostelic.** એક મધ્યરંભી.

**monostichous.** એક સ્તર કે એક પંક્તિવાળું કે તે અનુસાર ગોઠવાયેલું.

**Monotheca** *muscatensis* **A.DC.** પંજાબમાં થતું ખાદ્યફળનું ઝાડ.

**monothecous.** એક વિવરીય, એક કોટરીય.

**monotonous.** એક રાગ.

**monotrophic,** એક જ પ્રકારના ફૂલ પર જતી (મધમાખી). (૨) એક યજમાન પોષદ.

**monotypic.** એક પ્રતિકાય.

**monovalent.** એક સંયોજક.

**monoxenous parasite.** પૂર્ણ વિકાસ મેળવવા માટે એક જ પોષદની આવશ્યકતા ધરાવતો પરજીવી.

**monostylic.** એક દારૂક.

**monozygot.** એક યુગ્મક. **mono zygotic twins.** એક યુગ્મજ જોડકાં.

**monsoon.** દક્ષિણ એશિયા, તેમાં પણ ખાસ કરીને હિંદી મહાસાગરમાં ભેજવાળી હવાવાળી ઋતુગત પવનો વાય અને વરસાદ લાવે; નૈઋત્ય અને ઈશાનનાં ચોમાસાં. નૈઋત્યની અને ઈશાનની ચોમાસાની મોસમ. **m. climate.** ચોમાસાની આબોહવા. **m. plough.** ચોમાસાનું હળ.

**Monstera** *deliciosa* **Liebm.** (Syn. *M. lennea* **Koch.**). અમર ફળ નામની મૂળ મધ્ય અમેરિકાની પણ અહીં થતી ખાદ્યફળની આરોહી વનસ્પતિ, જે શોભા માટે ઉગાડવામાં આવે છે. આ વનસ્પતિનું ફળ નરમ ગરવાળું, અનેનાસના જેવી સુવાસ ધરાવતું, મીઠા સ્વાદવાળું હોય છે.

**Monstreueuse de Mezel.** મધ-મોસમી, લાંબા ઘેરી લાલ છાલ, રેસાવાળું ચેરીફળની એક જાત.

**montane.** પર્વતીય, પર્વત પર રહેનાર. (૨) પર્વતીય (દેશ કે પ્રદેશ). **m. region.** પર્વતાળ પ્રદેશ.

**Monthan.** *Bankel*, *Khasadia* અને *Kanchkela* ઇત્યાદિ નામે પણ ઓળખાતાં ગુજરાત, કેરળ, તામિલનાડુ અને મહારાષ્ટ્રમાં થતાં પીળી છાલ, મીઠા ગળવાળાં, રાંધવામાં ઉપયોગી બનતાં કેળાંનો એક પ્રકાર.

**monticule.** નાની ટેકરી. (૨) જ્વાળામુખી પ્રસ્ફોટજન્ય ટેકરી. (૩) પ્રાણીના શરીર પર થતો નાનો ઢેકો.

**montmorillonite.** એક પ્રકારનું ખનિજ; જલીય એલ્યુમિનિયમ સિલિકેટ.

**monumental output.** સ્મરણીય પેદાશ.

**mooli.** મૂળો.

**moonflower.** દુધિયા કલમી નામનું *Ipomoea alba* **L.** (*I. bona-nox* **L.**). નામની શોભા માટે ઉગાડવામાં આવતી વનસ્પતિ, જેનાં પાન ખાવાના કામમાં આવે.

**moong.** મગ.

**moong-phali.** મગફળી.

**moonj.** મુંજ.

**Moore.** પેકનનટનો એક પ્રકાર.

**morai.** કર્ણાટક અને પ. બંગાળમાં વપરાતી ડાંગરના ઘાસના દોરડામાંથી બનાવવામાં આવેલી ચોખા સંઘરવાની ટોપલી.

**morain.** હિમોઢ, હિમદ્વારા ઘસડાઈ આવતાં દ્રવ્યો.

**morass.** કળણ કે ભેજવાળી જમીન.

**moratorium.** ઋણ-દેવાંની માફીનો સમય.

**morbidity.** રુગ્ણાવસ્થા. (૨) રોગની અવધિ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**mordant.** રંગસ્થાપક.

**Moretan Bay Ash.** યુકેલિપ્ટસનો એક પ્રકાર.

**Morinda** *angustifolia* **Roxb.** દારૂહરિદ્રા, વનહળદર; આસામ, ખાસી ટેકરીઓ અને સિક્કિમમાં થતો આરોહી ક્ષુપ, જેનાં મૂળમાંથી પીળો રંગ મળે છે. **M.** *bracteata* **Roxb.** શેતુર. ઓરિસા, પ. બંગાળ, રાજસ્થાન અને આંદામાનમાં થતું એક ઝાડ, જેનાં મૂળમાંથી મળતો લાલ રંગ લિનન અને ટોપલા–ટોપલીઓને રંગવામાં કામમાં લેવામાં આવે છે. **M.** *citrifolia* **L.** શેતુર; હિમાલય, દાર્જિલિંગ, કોંકણ અને આંદામાનમાં થતું ઝાડ, જેનાં મૂળ અને કૂક્ષમાંથી મળતો પીળો અને લાલ રંગ કાપડ રંગવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે. **M.** *tinctoria* **Roxb.** બિહાર અને મધ્યપ્રદેશમાં થતી વનસ્પતિ, જેનાં મૂળમાંથી લાલ રંગ મળે છે, જેનો ઉપયોગ લિનન અને ઊની વસ્તુઓ રંગવા માટે થાય છે, જેનાં કાચાં ફળનું શાક કરવામાં આવે છે.

**Moringa** *oleifera* **Lamk.** (Syn. *M. pterygosperma* **Gaertn;** *Guilandina moringa* **L.**). સરગવાનું નાનું ઝાડ; જેની સિંગો–સરગવાનું શાક બનાવીને ખાવામાં આવે છે; અને તેનાં બીમાંથી કાઢવામાં આવતા તેલનો ઉપયોગ સંધિવા અને નજલોના દર્દોમાં કરવામાં આવે છે, તેનું કાષ્ઠ સુતરાઉ કાપડની મિલોના શટલ બનાવવા ઉપયોગી બને છે.

**Morning glory.** મોર્નિંગગ્લોરી નામનું ઝાડ.

**morphia.** મોર્ફિયા; અફીણનું આલ્કેલોઈડ, જે માદક દ્રવ્ય છે અને તેનો ઉપયોગ વેદના હળવી બનાવવા માટે કરવામાં આવે છે. **morphine.** જુઓ *morphia.*

**morphogenesis.** સજીવો અને તેના ભાગ કે અંગોના વિકાસનો ઇતિહાસ; સંરચના વિકાસવૃત્ત. **Morphology.** આકાર વિદ્યા. (૨) વનસ્પતિ અને પ્રાણીઓનાં કાર્યો નહિ પણ તેમનાં સ્વરૂપ કે બાહ્ય આકાર અંગેની જીવવિજ્ઞાનની એક શાખા. (૨) ભૂમિવિજ્ઞાન, જમીનના સ્તર, જમીનની પરિચ્છેદિકામાં તેની ગોઠવણી ઇ.ના અભ્યાસની શાખા. (૩) જમીનનાં ભૌતિક અંગો, સ્વરૂપ ઇ. અંગેનું શાસ્ત્ર. **m., soil** ભૂમિ આકારવિદ્યા.

**mortality.** મૃત્યુ. મરણ. (૨) જંતુ આક્રમણ, રોગ, અનાવૃષ્ટિ, પૂર, પવન ઇ.ના કારણે વનસ્પતિ અને પ્રાણીઓનું મોટા પાયા પર નીપજતું મરણ. (૨) ચોક્કસ સમયમાં થયેલા મૃત્યુનો દર, મૃત્યુની સંખ્યા.

**mortgage.** ગિરો. **m. indebtedness.** ગિરોના કારણે પરિણમતી ઋણગ્રસ્તતા.

**Morus** *acidosa* **Griff.** શેતૂરનું ઝાડ, જેનાં પાન રેશમના કીડાનો ખોરાક બને છે. **M.** *alba.* **L.** સફેદ શેતૂર; મૂળ ચીનનું પણ અહીં પંજાબ, ઉત્તરપ્રદેશ, કાશ્મીર અને વાયવ્ય હિમાલયમાં થતું ઝાડ, જેનાં ફળ–શેતૂર ખવાય છે અને કાષ્ઠમાંથી હોકીની લાકડીઓ બનાવવામાં આવે છે. **M.** *australis* **Poir** (Syn. *M. acidosa* **Griff;** *M. indica* **auct. non L.**). શેતૂર, જેનાં પાન રેશમના કીડાનો ખોરાક બને છે અને ફળ એટલે શેતૂર ખાવાના કામમાં આવે છે. **M.** *nigra.* **L.** કાળો શેતૂર-**M.** *rubra,* લાલ શેતૂર. **M.** *serrata* **Roxb.** પશ્ચિમ હિમાલયમાં થતું શેતૂરનું ઝાડ, જેનાં ફળ ખાદ્ય છે અને પાનનો ચારો બને છે.

**mosaic.** વનસ્પતિનો અમે તે વિષાણુજન્ય રોગ, જેમાં તેનો દેખાવ કાબરચીતરો થાય છે.

**Mosambi.** મોસંબી; વેપારી ધોરણે થતી અગત્યની મીઠા ફળની ખેતી. ફળ નાનાથી માંડીને મધ્યમ કદનાં થાય છે.

**mosquito** *Culicidae* કુળનું જંતુ; જેની એનોફિલીસ નામની માદા, મનુષ્યો, પશુઓ અને પક્ષીઓ પર ઉપદ્રવ કરી, તેમનું લોહી ચૂસે છે અને મલેરિયા નામનો ટાઢિયો તાવ લાગે છે; તેના કરડવાથી પક્ષીઓમાં બળિયાનો રોગ થાય છે, ઘોડામાં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મસ્તિષ્કનો રોગ નીપજે છે; ઉપરાંત તે હાથીપગા રોગના સજીવોની વાહક બની આ રોગનો ફેલાવો કરે છે.

**moss.** લીલ અને હંસરાજ વચ્ચેની અપુષ્પ વનસ્પતિ. (૨) ભીની છિદ્રાળુ જમીન. **m. peat.** કળણમાં જોવામાં આવતી લીલ. **mossy.** શણના રેસાને લગતું. (૨) ચરેલુ પક્ષીનો અનિયમિત કાળો રંગ.

**motes.** રજકણ. (૨) કપાસ લોઢવામાં જોવામાં આવતા કપાસિયાના ટૂકડા કે નકામી વસ્તુઓ. (૩) ઊનનો કચરો.

**moth.** ફૂદું. *Lepidoptera* શ્રેણીનું નિશાચર જંતુ, પુખ્ત જંતુને ભીંગડાંવાળી પાંખો હોય છે, જે પતંગિયાથી ભિન્ન પ્રકારનું હોય છે, તેના શરીર પર ભારે રોમ હોય છે. ઘણાં ફૂદાં પાક અને સંઘરેલા અનાજને નુકસાન પહોંચાડે છે. (૨) મઠ. **m. bean.** મઠ, *Phaseolus aconitifolius* **Jacq.** (*Ph. trilobus* **Wall**; *Dolichos dissectus* **Lamk.**). નામની પીળાં ફૂલવાળી અનાવૃષ્ટિનો સામનો કરતી ખરીફ કઠોળની શાખીય વનસ્પતિ. ઘણી વાર તેનો લીલા ખાતર તરીકે ઉપયોગ કરવામાં આવે છે. ભારતના લગભગ બધા ભાગોમાં તેને ઉગાડવામાં આવે છે, જેમાં રાજસ્થાનનો પાક આગળ પડતો છે.

**mother.** માતા, માતૃ. (૨) માદા પિતૃ. (૩) મોલ્ડ – શેબફૂગ દ્વારા આથવણ દરમિયાન વિનેગરમાં પેદા થતું શ્લેષી દ્રવ્ય. **m. axis.** માતૃ–મુખ્ય અક્ષ. **m. block.** રોગમુક્ત ગણવામાં આવતી વનસ્પતિનો સમૂહ અથવા સત્ય વનસ્પતિ; જેમાંથી વ્યાપારી ધોરણે કલમ કરી તે દ્વારા વનસ્પતિનું કરવામાં આવતું પ્રજનન. **m. bulb.** માતૃગોલક–કંદ, જેના પર ઘણા શંકુ થાય છે, જેને ઉગાડવા માટે પ્રત્યેકને અલગ અલગ કરવામાં આવે છે. **m. cane.** દ્રાક્ષની માફક શેરડીની શાખા, જેનો ચાલુ વાવવામાં ઉપયોગ કરવામાં આવે છે. **m. cell.** માતૃકોષ. **m. clove.** પરિપક્વ સુકાયેલું લવિંગ જેવું ફળ પણ જે લવિંગ જેવું સુવાસિત નથી. **m. culture.** માતૃ સંવર્ધન. (૨) દૂધ કે દૂધની પેદાશ, જેમાં ચોક્કસ પેદાશ મેળવવા જીવાણુ મૂકવામાં આવે છે. **m. plant.** ગમે તે વનસ્પતિ, જેના અંશોનો પ્રજનન માટે ઉપયોગ કરવામાં આવે છે. **m. root.** શક્કરિયાની માફક વાવવા માટે રોપવામાં આવતું મૂળ. **m. tree.** માતૃ – વૃક્ષ, જેમાંથી તેના અન્ય પ્રકાર થાય છે.

**motia.** એક પ્રકારનું ઘાસ.

**mottled yolk.** ઈંડામાં જોવામાં આવતી એક પ્રકારની ખામી, જેમાં જરદી બગડેલી હોય છે, મોટા ભાગે ગરમીની ઋતુમાં ઈંડાંમાં આવા પ્રકારની ખામી થવા પામે છે. **mottling.** કુદરતી રંગોની આસપાસ જુદા રંગોના ડાઘ; જે વનસ્પતિમાં થયેલા કોઈ પ્રકારના રોગનું સૂચક છે.

**mould.** ફૂગ, ઊબ. (૨) નરી આંખે દેખાય તેવું, સૂક્ષ્મ, જીવંત સજીવ, જે ભેજવાળી જગ્યામાંના ખોરાક પર થાય છે, પાણીની અવસ્થામાં તે સફેદ, ભૂખરું, બદામી, નરમ લાગે છે. ઑક્સિડની હાજરીમાં તે ઝડપથી વધે છે અને તેને ગરમી આપવાથી કે તેને ઉકાળવામાં આવે તો તેનો ઝડપથી નાશ પણ થાય છે. **mouldy.** ફૂગવાળું, ઊબવાળું, ઉબાઈ ગયેલું; વિષાકતાના કારણે ઊબ વળે તે, જે નુકસાનકારક છે. **m. egg.** ઈંડાના કોચલા ઉપર અને તેની અંદર ઊબ કે ફૂગ લાગી હોય તેવું ઈંડું, મોટા ભાગે ઈંડામાં તિરાડ પડી હોય ત્યારે ફૂગ કે ઊબ વળે છે.

**mouldboard.** મોલ્ડબોર્ડ નામના હળનો પંખ જેવો ભાગ, જે માટીને ઉથલાવવા અને ઉખેડવામાં આવેલા મૂળને પૂરવાના કામમાં આવે છે. **m. b. plough.** મોલ્ડબોર્ડવાળું લોખંડનું હળ. કાપવાનું કામ કરવા ઉપરાંત તે માટીને ઉથલાવવા માટે પણ કામમાં આવે છે. બળદની જોડીની મદદથી કૂપર નં. 11 અને 25, મેસ્ટન અને મોનસૂન નામના અનેક પ્રકારના મોલ્ડબોર્ડ હળનો ઉપયોગ કરવામાં આવે છે. ભીનાશવાળી પરિસ્થિતિમાં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જમીનને ખુલ્લી કરવા માટે શરૂઆતમાં તેનો ઉપયોગ કરવામાં આવે છે. ઘાસપાત અને અગાઉની મોસમમાં લણી લીધા બાદ જમીનમાં રહી જવા પામેલા ઠૂંઠાંને ઉખાડી દાટી દેવામાં તેનો ઉપયોગ કરવામાં આવે છે. લાકડાના હળ કરતાં માટીને ઉથલાવવામાં તેની કામગીરી વિશેષ હોય છે. લાકડાના હળ કરતાં એટલાજ સમયમાં મોલ્ડબોર્ડ હળ આ માટે બેવડું કામ આપે છે.

**moult.** પીછાં, વાળ, ચામડી કે શિંગડાં જેવાં બાહ્ય આવરણોને સમયે સમયે ત્યજવાં, જે પ્રમાણે સાપ કાંચળી ત્યજે તેમ. (૨) શરીરનાં વિવિધ આવરણો ત્યજવાની પ્રક્રિયા. (૩) નિર્મોચન પ્રક્રિયા. **moulting** દર વરસે નવું આવરણ મેળવવા મરઘી તેનાં પીછાંનો ત્યાગ કરે તેવી તેની દેહધર્મીય પ્રક્રિયા. સાધારણ પરિસ્થિતિમાં પહેલાં નવાં પીછાં ફૂટવા માંડે ત્યારપછી જ નિર્મોચન શરૂ થાય છે. એકવાર જૂનું આવરણ દૂર થઈ જાય ત્યાર બાદ નવું આવરણ પૂરેપૂરી રીતે છવાઈ જાય છે. સારાં ઈંડાં મૂકનાર મરઘી તેની આવા પ્રકારના નિર્મોચન પ્રક્રિયા પરથી પારખી શકાય છે. સારાં ઈંડાં મૂકનારી મરઘી નિર્મોચનની ક્રિયા મોડી શરૂ કરે છે. એકવાર સંપૂર્ણપણે તે પીછાં વિનાની-અનાવૃત બની જાય ત્યાર બાદ તે પુનઃ નવાં પીછાંથી સજ્જ બને છે. ખરાબ ઈંડાં આપનાર મરઘી તેનાં થોડાં પીછાં ખેરવે અને મોડાં ઈંડાં મૂકે છે.

**mound.** ટીંબો, એકાદ છોડ કે વધારે છોડની આસપાસનો ઢેર, માટીનો થર કે માટીની કિનાર. **m. building termite.** જુદાં જુદાં કદ અને આકારના રાફડા બનાવનાર ઊધઈ, જેમાં ઊભા અને અનુપ્રસ્થ ખંડો બનાવેલા હોય છે. **m. layering.** સફરજન જેવાં ઝાડ સંબંધી અજમાવવામાં આવતી એક યુક્તિ, જેમાં છોડ 6–8 ઈંચ જેટલો ઊંચો આવે ત્યારે તેની કુમળી ડાળીઓને જમીનમાં દાટી, ફૂટવા દેવામાં આવે છે. આ પ્રમાણે ફૂટેલા પ્રરોહને માતૃછોડથી છૂટા પાડી સ્વતંત્ર રીતે ઊગવા દેવામાં આવે છે.

**mountain apple.** *Syzigium malaccense*(**L.**)**Merr. & Perry;** *Eugenia malaccensis* **L.** નામના સફરજનનો એક પ્રકાર.

**mountain ebony.** કંચનનું વૃક્ષ; *variegated Bauhinia, Kachnar, Bauhinia variegata* **L.** (*B. candida* **Roxb.**). નામનું મધ્યમ કદનું ઝાડ, જેનું કાષ્ઠ કૃષિ ઓજારો બનાવવામાં, છાલ ચામડું કમાવવામાં, પાન અને ફૂલ શાકભાજી તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે. કંચનનું ઝાડ ભારતનું એક સુંદર ફૂલઝાડ છે અને તેને વીથિ બનાવવા વિશાળ રીતે વાવવામાં આવે છે.

**moutain papaya.** *Carica candamarcensis* **Hook.** *f.* નામનું નાનકડું ખાદ્યફળ આપતું ઝાડ.

**mounting.** સ્થાપન, જડવું તે.

**mouse** (એ.વ.). **mice** (બ.વ.). ઉંદરડું, ઉંદર, કૃંતક પ્રજાતિનું પ્રાણી.

**mouth** સ્વરોચ્ચારનાં અંગો ધરાવતું શરીરની પછવાડે વિવર ધરાવતાં રંધ્રવાળું ચર્વણ અંગ. **m. borne diseases.** મોં દ્વારા શરીરમાં પ્રવેશ મેળવતા રોગો. **m. parts.** મુખાંગો. **m. speculation.** મોંની અંદરના ભાગોનું નિરીક્ષણ કરવા કે મોંની સારવાર કરવા કે ઔષધ પીવડાવવા પ્રાણીના મોંને ખોલવાનું સાધન.

**moveable dam.** અંશતઃ કે પૂર્ણ રીતે ખોલી શકાય તેવા પ્રકારની પાણીની આડશ ખોલવામાં ઉપયોગી બનતા ભાગોમાં દરવાજે બંધ કરવાનાં સાધનો-નો સમાવેશ થાય છે.

**movement.** હલનચલન. **m., hygroscopic** આર્દ્રતાજન્ય હલનચલન, ગતિ. **m., induced** પ્રેરિત હલનચલન. **m., nastic** વિતરાગી ગતિ. **m., spontaneous** સ્વયંપ્રેરિત ગતિ. **m., tactic** પરપ્રેરિત ગતિ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**mow.** ઘાસ વઢાડવું-કાપવું. **mower.** ઘાસ કાપનાર યંત્ર-સાધન.

**mowra fat** *Mohua, Madhuca longifolia* (**L.**) **Macb.** (*Bassia longifolia* **L.**). નામધારી ઉત્તર પ્રદેશ, બિહાર, આન્ધ્ર પ્રદેશ, કર્ણાટક, પ. બંગાળ, મહારાષ્ટ્રમાં થતું મહુડાનું ઝાડ, જેનાં ફૂલ એટલે મહુડા મદ્યાર્ક બનાવવા ઉપયોગમાં આવે છે. બીમાંથી મળતા ડોળિયાનો ઉપયોગ રસોઈમાં કરાય છે.

**moyena.** મેનફળ.

**mrigal.** *Cirrhina, mrignla, mori, naini, mirikali, yerrameen* ઇ. નામધારી નાના માથાવાળી, રેખા જેવી લાંબી, લાલ મીનપક્ષ ધરાવતી, ૩ ફૂટ જેટલી લાંબી કાર્પ પ્રકારની માછલી.

**mrig bahar.** કેટલાંક ફળઝાડને ખીલવાની જૂન-જુલાઈની ઋતુ.

**mucilage.** શ્લેષ્મ, ક્લેદ. (૨) કોષ, ફાટર કે કોષ દીવાલમાં ઉત્પન્ન થતો શ્લેષી-ચીકણો કાર્બોદિત પદાર્થ. **mucilagenous.** શ્લેષી, શ્લેષમય, ચીકણું.

**mucopurulent.** શ્લેષ્મ અને પરુ મિશ્રિત શરીરનો સ્રાવ. **mucosa.** શ્લેષ્મ કલા, **mucous.** શ્લેષ્મ સ્રવતું, શ્લેષ્મમય, શ્લેષ્મ આવરિત, શ્લેષ્મીય. **m. discharge.** શ્લેષ્મસ્રાવ. શ્લેષ્મ જેવા ચીકણા દ્રવ્યનો સ્રાવ. **m. membrane.** પ્રાણીના પાચન કે શ્વસન માર્ગ અને અન્ય પોલાં અંગોને આવરતી પાતળી ત્વચા, જે શ્લેષ્મથી ભીની રહે છે. **mucus.** શ્લેષ્મકલાનો સ્રાવ, ચીકણો, કલા કોષની ગ્રંથિઓમાંથી સ્રવતો સ્રાવ.

**muck.** મોટા ભાગે કાર્બોદિત દ્રવ્ય ધરાવતું, એક ફૂટ જેટલી જાડાઈવાળું જમીનનું પડ, જેમાં વનસ્પતિના અવશેષ પારખી શકાતાં નથી. (૨) કોહવાટની અવસ્થાનું ભેજવાળું છાણ કે ખાતર.

**mucro.** અણિ અથવા શંકુ આકારનો ભાગ કે અંગ. **mucronate.** તીક્ષ્ણ અણિવાળું (પર્ણ). (૨) કંટકાગ્ર.

**Mucuna** *cochinchinensis* (**Lour.**) **A. Cheval** (Syn. *M. nivea* **DC.**). આવરણ અને લીલા ખાતર માટે ઉગાડવામાં આવતો પાક, જેની સિંગો શાક તરીકે ખાવામાં આવે છે. **M.** *deeringinna* (**Bort.**) **Merr.** (Syn. *Stizolobium deeringianum* **Bort.**), મખમલી ઘાસ નામની આવરણ તથા લીલા ખાતર માટે ઉગાડવામાં આવતી મૂળ ઑસ્ટ્રેલિયાની વનસ્પતિ. **M.** *gigantea* **DC.** સુંદરવન, આંદામાન અને મલબારમાં થતી ખાદ્ય બીની વનસ્પતિ. **M.** *nivea* **DC.** આવરણ અને લીલા ઘાસ માટેની વનસ્પતિ. **M.** *prurita* **Hook** (Syn. *M. pruriens* **Baker.** કાર્વચ નામની શાક તરીકે ઉપયોગમાં લેવામાં આવતાં ફળની વનસ્પતિ.

**mud.** કાદવ. (૨) તાજો નિક્ષેપિત કાંપ.

**Muehlenbeckia** *platycadas* (**F. Müell**) **Meissn** (Syn. *Coccoloba platyclada* **F. Muell ex Hook.**). એક નાનો ક્ષુપ, જે મૂળ સોલોમન ટાપુનો છે અને અહીં શોભા માટે ઉગાડવામાં આવે છે.

**Muehlenbergia** *huegelii* **Trin.** ખાદ્ય ફળની વનસ્પતિ.

**mugani.** ઝડપથી ઊગતી આરોહી વેલ.

**muga silk.** મુગા રેશમના કીડાના તંતુને કાંતીને બનાવવામાં આવતું સોનેરી રંગનું રેશમ. **m. s. worm.** *Antherea assama*. નામના મુગા રેશમ બનાવનાર બિહાર અને પ. બંગાળના કીડા, જે સુમ અને સોલા ઝાડનાં પાન ખાય છે.

**Mugil** *cephalus*. એક પ્રકારની માછલી; **M.** *corsula*. મીઠા જળની એક પ્રકારની માછલી.

**mugvan.** એક પ્રકારની આરોહી વનસ્પતિ

**mulberry.** શેતૂર ઉષ્ણકટિબંધનું *Morus alba, Morus nigra* અને *Morus rubra* નામનાં ઝાડ, જેનાં ફળ એટલે શેતૂર મીઠાં છે અને તે ખાઈ શકાય છે, તેનો મુરબ્બો બનાવવામાં આવે છે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને પાન રેશમના કીડાનો ખોરાક બને છે, જે સફેદ, શ્યામ અને સામાન્ય શેતૂરનાં ઝાડ તરીકે પણ ઓળખાય છે. **m. silk.** શેતૂરના રેશમના કીડાના કોશેટામાંથી તંતુ કાઢી કાંતવામાં આવતું રેશમ, જે મોટા ભાગે કર્ણાટક, પ. બંગાળ, તામિલનાડુ અને કાશ્મીરમાં થાય છે. **m. s. worm.** *Bombyx mori.* નામના શેતૂર પર નભતા રેશમના કીડા.

**mulch** જમીનનો ભેજ જાળવવા, પાણીને વહી જતું તથા જમીનનું ધોવાણ થતું અટકાવવા, ઘાસપાસની વૃદ્ધિને રોકવા, શિયાળાની કાતીલ ઠંડીથી વનસ્પતિને રક્ષવા તથા જમીનની સુધારણા કરવા વનસ્પતિ અવશેષ તથા અન્ય દ્રવ્યોનો જમીનની ઉપર કરવામાં આવતો પથારો. (૨) જમીનની સુધારણા કરવી. (૩) પથારા તરીકે કામમાં આવતું કે પથારાનાં દ્રવ્યો જમીનને આપવાં. **m. farming.** કાર્બનિક અવશેષોને જમીનમાં ખેડીને ઉતારવાને બદલે જમીન પર તેમને રહેવા દેવાની ખેતીની એક પદ્ધતિ.

**mule.** ખચ્ચર; નર ગધેડો અને માદા ટટ્ટુનું સંકર ભારવાહી વંધ્ય પ્રાણી. ઘોડા કરતાં તે ગરમીને સહન કરી શકે છે, અને ઓછી સંભાળ માંગી લે છે. ઘોડા કરતાં તે વધારે ખડતલ છે અને લશ્કરમાં તેનો ભારવહન માટે ઉપયોગ કરવામાં આવે છે.

**mulga** *acacia. mulga wattle* તરીકે પણ ઓળખાતું *Acacia aneura* **F. Muell.** નામનું મૂળ ઑસ્ટ્રેલિયાનું ઝાડ, જેનાં પાન ચારા તરીકે પશુને આપવામાં આવે છે. **m. wattle.** જુઓ *mulga acacia.*

**Mulgao.** દ. ભારતની માલગોબા નામની મીઠી કેરીની એક જાત, જેનાં અથાણાં બનાવવામાં આવે છે.

**mulhatti.** જેઠીમધ.

**mulletry.** મત્સ્યફાર્મ, જેમાં મ્યુલેટ નામની કાર્પ માછલીઓ ઉછેરવામાં આવે છે.

**multi—.** બહુ, અનેક અર્થસૂચક પૂર્વગ.

**multiaction evaporator.** બહુકાર્ય બાષ્પક.

**multicarpellate.** બહુ સ્ત્રીકેસરી.

**multicellular.** બહુકોષી.

**multicostate.** બહુશિરિ. **m.c. palmate.** બહુશિરિ હસ્ત સદૃશ.

**multi-factor.** બહુકારક. **multifactorial design.** બહુ ઉપાદાનીય અભિકલ્પ.

**multifold.** ઘણા ભાગમાં વિખંડિત.

**multiflorus.** ત્રણ કરતાં વધારે પુષ્પોવાળું.

**multifoliate.** બહુપર્ણી.

**multiform.** બહુ સ્વરૂપી, બહુ પ્રકારનું.

**multigerminal disk.** એક કરતાં વધારે અંકુર સ્થાન ધરાવતી ઈંડાની જરદી.

**multilateral** બહુ પાર્શ્વીય.

**multilayer adsorption.** બહુસ્તરીય અધિશોષણ. **mulit layered.** બહુસ્તરીય, બહુ કોટરીય. **m.l. sclerenchymatous hypodermis.** બહુસ્તરીય દૃઢોતક અધઃસ્તર.

**multilocular.** બહુ કોટરીય.

**multinuclate.** બહુ કેન્દ્રકીય.

**multiparasitism.** એક કરતાં વધારે પ્રાથમિક પરજીવીઓના ઉપદ્રવનો એક સાથે ભોગ બનેલો એક પોષદ.

**multiparous.** બહુપ્રસૂ. (૨) એક જ વેતરમાં ઘણાં બચ્ચાં જણનાર. (૩) એક જ પેઢીમાં ઘણી સંતતિઓને જન્માવનાર, પેદા કરનાર.

**multiperforate.** બહુ છિદ્રી. **multiperforated septum.** બહુ છિદ્રી પડદો.

**multiple.** ગુણક. **m. annual ring.** બે કે તેથી વધારે વાર્ષિક ફૂટવલયોવાળું ઝાડનું વાર્ષિક વલય. **m. cropping.** એક જ વર્ષમાં એક જ ખેતરમાં વારાફરતી બે કે તેથી વધારે લેવામાં આવતા પાક. **m. cross.** સંકર બી અંગેની એક પ્રથા, જેમાં અંતઃપ્રજનનવાળી ચાર હાર કરવામાં આવે છે, જેથી વધારે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિવિધતા મળે. **m. epidermis.** બહુ અધિસ્તર. **m. factor hypothesis.** બહુકારક પરિકલ્પના. **m.f. inheritance.** સરખા પ્રભાવવાળા ઘણા જનિન દ્વારા નક્કી થતાં લક્ષણો ધરાવતી આનુવંશિકતાનો એક પ્રકાર. **m. factors.** ચોક્કસ લક્ષણ પર એક પ્રકારનો પ્રભાવ પાડતાં કારકો. **m. hypodermis.** બહુ અધઃસ્તર. **m. plough.** બે કે વધારે તળવાળુ હળ. **m. superphosphate.** બેવડું સુપરફૉસ્ફેટ.

**multiplication.** સંખ્યાવૃદ્ધિ. (૨) ગુણાકાર. **m. plot.** પસંદ કરવામાં આવેલાં થોડાં બીમાંથી ઘણાં બી ઉગાડી શકાય તેવો પ્લોટ. **multipurpose.** બહુવિધ પ્રયોજન. **m. farm sprayer.** ઘાસપાત, પાક અને ફળ ઝાડના છંટકાવ માટે જરૂરી બનતું હાઇડ્રૉલિક સાધન. **m. food.** ત્રણ ભાગ સિંગદાણાનો લોટ, એક ભાગ ચણા, પ્રજીવકો 'એ' અને 'ડી' તથા કેલ્શિયમ લવણ ધરાવતું મિશ્રણ, જે પ્રોટીન અને ખનિજની ગરજ સારે છે. પ્રત્યેક ઢોર દીઠ દિવસમાં બે ઔંસ આવું મિશ્રણ પ્રોટીન, પ્રજીવકો અને ખનિજ દ્રવ્યોની ત્રીજા ભાગની આવશ્યકતા પૂરી પાડે છે. **multivoltine.** વર્ષમાં બે કરતાં વધારે ફાલ આપનાર રેશમના કીડાનો એક પ્રકાર.

**mummification.** રોગના કારણે ફળ સંકોચાઈને સખત બની જઈ ઝાડની સાથે જોડાયેલું રહે તેવી ઘટના. (૨) અજાત બચ્ચાનું (ગર્ભમાંજ) સુકાઈને સંકોચાઈ જવું. **mummy.** રોગથી સુકાઈ, સંકોચાઈ જઈને ઝાડની સાથે વળગેલું રહેતું ફળ.

**mundakan.** સપ્ટેમ્બર – ઑક્ટોબરમાં વાવી જાન્યુઆરી – ફેબ્રુઆરીમાં લેવાતો ડાંગરનો બીજો પાક.

**Mundla.** મામફળ.

**mungaru.** પૂર્વ-વર્ષા વરસાદ.

**mung bean.** મગ.

**mungo.** પાતળી અને મધ્યમ કદની શેરડી.

**mungrela.** કાળીજીરી.

**munja.** મુંજ તૃણ. **m. grass.** તૃણકુળનું *Sentha, sarkanda, munja, Erianthus munj* (**Roxb.**) **Jesw.** (*Saccharum munja* **Roxb.**). ઇ. નામો ધરાવતું ટોપલા – ટોપલીઓ, અને દોરડાં બનાવવામાં ઉપયોગમાં લેવામાં આવતું ઘાસ, જેનો ઉપયોગ છાપરાં છાવવા માટે પણ કરવામાં આવે છે.

**Muntingia** *calabura* **L.** રુદ્રાક્ષકુળનું ખાદ્ય ફળવાળું ઝાડ.

**murela.** જંગલી કારેલાં, કંટોળા.

**muriate of ammonia.** એમોનિયમ ક્લોરાઇડ. **muriate of potash. KCl.** વ્યાપારી ધોરણે મળતો પોટૅશિયમ ક્લોરાઇડ, 48થી 62 ટકા પોટાશ ($K_2O$) (મોટા ભાગે ક્લોરાઇડના સ્વરૂપે), ધરાવતા ખાતર તરીકે ઉપયોગમાં લેવામાં આવતું પોટાશ લવણ. વાવણી કરવા અગાઉ કે વાવણી કરતી વખતે આ ખાતર એકલું કે બીજા ખાતરની સાથે આપવામાં આવે છે, જે જમીનમાં અમ્લ – અવશેષ રહેવા દે છે.

**murmura.** મમરા.

**Murrah.** દિલ્હી અને પંજાબમાં જોવામાં આવતી, કાળી ભેંસ, સફેદ ચિહ્નો વિનાની દૂધાળી ભેંસની એક ઓલાદ.

**Murraya** *exotica* **L.** [Syn. *M. paniculata* (**L.**) **Jack**]. કામિની, જાસવંતી, મનોકામના નામની વનસ્પતિનો એક પ્રકાર. **M.** *koenigii* (**L.**) **Spreng** (Syn. *Bergera koenigii* **L.**). મીઠો લીમડો; તામિલનાડુ, મહારાષ્ટ્ર અને ઉત્તર ભારતનાં ઉગાડવામાં આવતું નાનું ઝાડ, જેનાં પાન કઢીને સુવાસિત કરવા ઉપયોગમાં લેવામાં આવે છે.

**Murray red gum.** સમમિતિ ધરાવતું, ટટ્ટાર, મોટું ઝાડ, જેનું કાષ્ઠ મજબૂત છે અને તેનો નિર્માણ કામોમાં ઉપયોગ કરવામાં આવે છે. પહેલાં ઉછેર-ગૃહમાં વાવી રોપની ફેરરોપણી કરવામાં આવે છે.

For Private and Personal Use Only

**murrel.** સાપના જેવું માથું ધરાવતી માછલી.

**murrum.** મુરમ જમીન.

**murrung elaicni.** મોટી એલચી, એલચો.

**Musa** *paradisiaca* **L.** (Syn. *M. sapientum* **L.**). મધ્ય પ્રદેશ, બિહાર, ઉત્તર પ્રદેશ, આન્ધ્રપ્રદેશ, મહારાષ્ટ્ર, તામિલનાડુ અને કેરળમાં થતું ખાસ-કરીને કેળાંનું ઝાડ, જેનાં પાન પતરાળી તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે, તેનાં ફળ લીલાં કેળાંનું શાક થાય છે. કેળના સ્તંભમાંથી સ્ટાર્ચ – કાંજી મળે છે. કેળાંના પાઉડરને બેબીફૂડ, ચૉકલેટ અને બિસ્કીટ બનાવવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે. **M.** *textilis* **Nee.** મનિલા શણ; મૂળ ફિલિપીનનું પણ અહીં દ. ભારતમાં ઉગાડ-વામાં આવતું શણ, જેના રેસાનાં દોરડાં બને છે.

**Musca** *domestica*. ઘરમાખ. **M.** *nebulo*. બજારમાખ. **M.** *vicina*. ઘરમાખ.

**muscardine.** ચૂનાકાયા નામનો રેશમના કીડાને થતો ફૂગજન્ય રોગ, જેમાં રેશમના કીડાના સમગ્ર શરીર પર સફેદ આવરણ જેવું પડ છવાઈ જાય છે, પરિણામે કીડાનું મરણ નીપજે છે.

**muscle.** સ્નાયુ; ચલનકાર્ય ધરાવતા સંકોચનશીલ તંતુઓનો જથ્થો; શરીરનો સ્નાયવીય પેશી ધરાવતો ચરબીજ ભાગ. **m. contracture.** સાંધા કડક થઈ જતા હોય તેવો પ્રાણીઓનો મૃત્યુકારક જન્મજાત રોગનો એક પ્રકાર. **muscular.** સ્નાયુનું – તે સંબંધી, સ્નાયવીય. **m. stomach.** પક્ષીઓના જઠરમાં પક્ષીઓએ ખાધેલા ખોરાકને દળતી ગિઝાર્ડ નામની દળણી અથવા પેશણી. **musculature** શરીર કે અંગનું સ્નાયવીયતંત્ર.

**muscology.** શેવાળનું વિજ્ઞાન.

**muscovado.** બાષ્પીભવન અને કાકવી કાઢી લીધા પછીની શેરડીના રસની શુદ્ધ કર્યા વિનાની ખાંડ.

**muscovite.** અબરખનો એક પ્રકાર.

**m. mica.** મસ્કોવાઇટ પ્રકારનું અબરખ, જે સફેદ અને પારદર્શક હોય છે.

**museum.** સંગ્રહાલય; પ્રાચીન અને ઐતિહાસિક નમૂના, કલા, વિજ્ઞાન ઇ.ના નમૂના પ્રદર્શિત કરવામાં આવતું હોય તે માટેનુ સ્થાન.

**mush.** નરમ ગર. (૨) એક પ્રકારની ખીર.

**mushkadhana.** કસ્તુરી ભીંડી.

**mushkapur.** કપૂરનુ ઝાડ.

**mushkwalee.** બાષ્પશીલ તેલ ધરા-વતી કાશ્મીરમાં થતી એક પ્રકારની શાકીય વનસ્પતિ,

**mushroom.** બિલાડીનો ટોપ; પ્રકણી ફૂગનો ફળધારી સજીવ. (૨) ખાઈ શકાય તેવી એક પ્રકારની છત્રક ફૂગ. (૩) ઉગાડ-વામાં આવતી સામાન્ય બિલાડીનો ટોપ નામની વનસ્પતિ અને જંગલી પણ ખાઈ શકાય તેવી વનસ્પતિ.

**Musket Red.** દ. ભારતમાં થતી લોક-પ્રિય દાડમની એક જાત, જેનાં ફળ એટલે દાડમ મધ્યમ કદનાં હોય છે, તેની કળીઓ નરમ અને રસ મીઠો હોય છે.

**muskmallow.** કસ્તુરી ભીંડી; *Abelmoschus moschatus* **Medic.** (*Hibiscus abelmoschus* **L.**). નામનો વર્ષાયુ કે દ્વિવર્ષાયુ, દ. ભારત અને કર્ણા-ટકમાં થતો ક્ષુપ: જેનાં બીમાંથી કાઢવામાં આવતું બાષ્પશીલ તેલ સુગંધી દ્રવ્યો માટે ઉપયોગમાં લેવામાં આવે છે અને રેસાનું કાપડ બનાવવામાં આવે છે.

**musk melon.** તડબૂચ.

**Mussaeuda** *glabra* **Vahl.** શોભા માટે વવાતું નાનુ ઝાડ. **M.** *luteola*. **Delile.** શોભાનો ક્ષુપ.

**mustard** રાઈ; **m. aphid.** *Lipaphis crysimi* **Davis.** નામનું રાઇમાં પડતું મલોમશી જંતુ, જે મૂળા, પાલખ, ટર્નિપ, નોલકોલ, કોબી, કોલિફ્લાવર ઇ. અનેક વનસ્પતિમાં પડે છે. આ જંતુ આ વનસ્પતિઓનાં પાન અને ફૂલ ખાઈ રસ ચૂસે છે, પાનને વાળી દે છે, અને પરિણામે છોડ કરમાઈ જાય છે. આ જંતુ ચીકણો

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રસ સ્રવે છે.ભારે ઉપદ્રવમાં છોડ તદ્દન કાળો પડી જાય છે. **m. blight.** *Alternaria brassicae* (**Berk.**) **Sacc.** નામના જંતુથી રાઈ અને સરસવને થતા રોગનો એક પ્રકાર, જેમાં આ છોડના પાન પર ગોળ કુંડાળાં વધે છે. **m. downy mildew.** *Peronospora parasitica* (**Fr.**) **Tul.** નામના જંતુથી રાઈ વર્ગની વનસ્પતિને થતો એક રોગ. **m. saw-fly.** *Athalia proxima* **Klug.** નામનો રાઈનો કીટ, જે કોબી, ટર્નિપ, મૂળા, ઇ.માં પડે છે અને પાન ખાઈ તેમાં કાણાં પાડે છે. **m. tree.** *Salvadoraceae* કુળનું છોટા પિલુ નામે ઓળખાતું *Salvadora persica* **L.** નામનું પંજાબ, રાજસ્થાન, ગુજરાત અને કોકણમાં થતું ખાદ્ય પાનધારી ઝાડ. **m. white rust.** *Cystopus candidus* (**Pars. Exchev.**). **Lev.** નામના જંતુથી રાઈને થતો ગેરુનો રોગ.

**mustiness.** ઊબની તીવ્ર ગંધ.

**musty egg.** ગંધ મારતું ઈંડું.

**musumbi.** મોસંબી.

**mutant.** પિતૃ સ્વરૂપમાં ન હોય તેવું એકાએક પરિવર્તન પામનાર (વ્યક્તિ.) **mutation.** ઉત્પરિવર્તન, વિકૃતિ. (૨) પિતૃઓ તરફથી મળ્યું ન હોય પણ વણી સંતતિઓને વારસામાં આપી શકાય તેવું લક્ષણ કે લક્ષણો જે ઘટના જનિન પરિવર્તનના કારણે અથવા ક્ષ–કિરણો, પારજાંબલી કિરણો ઉપમારક હવામાન અને કેટલુંક રસાયણોની માવજતથી બનવા પામે છે. ઇચ્છિત એ લાભ મેળવવા આ બાબતોનો ઉપયોગ કરવામાં આવે છે. **m. theory.** ઉત્પરિવર્તનનો સિદ્ધાંત.

**mutton.** ઘેટાંનું માંસ. ઘરડાં ઘેટાંનું માંસ સખત હોઈ તે રાંધવાના કામમાં આવતું નથી, નાનાં ઘેટાંને ખસી કરવામાં આવી હોય તો તેનું માંસ નરમ રહે છે. માતાનું દૂધ છોડાયેલા ઘેટાંનાં બચ્ચાનું માંસ સારી જાતનું ગણવામાં આવે છે.

**mutualism.** સહજીવન. (૨) પરસ્પરવાદ.

**Muzafarpore Litchi.** બિહારમાં ઉગાડવામાં આવતી લીચીનો એક પ્રકાર.

**muzzle.** તુંડ, પ્રાણીનો આગળ પડતો મોંનો ભાગ. (૨) પ્રાણી બચકું ભરી ન શકે તે માટે તેના મોંને બંધ રાખવા માટે તેના પર બાંધવામાં આવતો પટ્ટો.

**mycelium.** કવકજાળ; મિસીતંતુ, ફૂગની તંતુજાળ. (૨) મોટા ભાગે તંતુમય હોય તેવો ફૂગનો શાકીય ભાગ.

**mycobacterium** પાતળા, વાંકડી, દંડાકાર સૂક્ષ્મ સજીવ. **m.** *paratuberculosis.* નામના જંતુ, જેથી ઢોર, ભેંસો, ઘેટાં, બકરાંને થતો એક રોગ.

**mycology.** ફૂગવિજ્ઞાન, ફૂગના અભ્યાસ માટેની વનસ્પતિ વિજ્ઞાનની શાખા.

**mycorrhiza.** કવકમૂલતા, ફૂગ મૂળ યુગ્મ. (૨) વનનાં વૃક્ષો અને બીજી કેટલીક વનસ્પતિનાં મૂળની સાથે સહજીવન ગુજારતી કવકજાળ. **m. endotrophic.** અંતઃપોષક કવકમૂળતા.

**mycosis.** ફૂગથી વનસ્પતિ કે પ્રાણીને લાગતા ચેપનો એક પ્રકાર. **mycotic disease.** ફૂગથી થતી પ્રાણીઓની રોગાવસ્થા; જેમાં ચામડીના અને શરીરના અંદરના એમ બે પ્રકારના રોગોનો સમાવેશ થાય છે. ચામડીના રોગોમાં દાદર જેવા રોગોનો સમાવેશ થાય છે.

**Mycosphaerella** *arachidicola.* નામનું જંતુ, જેથી મગફળીને થતો એક પ્રકારનો રોગ **M.** *goosypina.* નામનું જંતુ, જે કપાસમાં એક પ્રકારનો રોગ કરે છે. **M.** *musicola.* કેળને રોગ કરનાર એક પ્રકારનું જંતુ. **M.** *pinodes.* વટાણાના એક રોગ માટે જવાબદાર જંતુ.

**myelitis.** કરોડરજ્જુ પર આવતો સોજો.

**myiasis.** વ્રણ–ઘામાં પડતાં જંતુથી થતો એક પ્રકારનો રોગ; આમાં ખુલ્લા ઘામાં જંતુઓ ઈંડાં મૂકે છે અને ડિમ્ભ બની પેશીઓને ખાય છે. ઘાને બરાબર ઢાંકી દીધો ન હોય ત્યારે આવી પરિસ્થિતિ બનવા પામે છે.

**Myllocerus** spp. કપાસમાં પડતું

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એક પ્રકારનું જંતુ, જે પાનની પેશીઓ ખાય છે.

**myocarditis.** હૃદયને આવતો સોજો.

**myocardium.** હૃદયનો સ્નાયુ.

**myology.** પેશી વિજ્ઞાન.

**myriapod.** સહસ્રપાદ; ઘણા પગવાળો સજીવ.

**Myrica** *nagi* **Thunb** (Syn. *M. rubra* **Sieb & zucc.**). કાયફળ. મૂળ ચીનનું પણ અહીં હિમાલય, ખાસી ટેકરીઓ અને આસામમાં થતું ખાદ્ય ફળનું ઝાડ, જેની છાલમાંથી પીળો રંગ મળે છે અને તે ચામડાં કમાવવાના કામમાં આવે છે.

**myricin.** મદ્યાર્કમાં મધપૂડાનું મીણ દ્રાવ્ય કર્યા પછી અવશેષ રહેતો મીણ જેવો પદાર્થ.

**Myristica** *beddomeii* **King.** જંગલી જાયફળ **M.** *canarica* **Bedd.** પિંડી; પશ્ચિમ ઘાટ, તામિલનાડુ અને કેરળમાં થતું એક પ્રકારનું ઝાડ. **M.** *fragrans* **Houtt.** જાયફળ; નીલગિરિ, કેરળ, કર્ણાટક અને પ. બંગાળમાં થતું ઝાડ, જેનાં ફળ એટલે જાયફળ મસાલા તરીકે અને ખાદ્ય સામગ્રીને સુવાસિત બનાવવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે. જાયફળનું તેલ સંઘવા માટે તથા સુગંધી દ્રવ્યો બનાવવા માટે ઉપયોગી બને છે, જે ઘાસપાત માટે ઝેરી છે. આ તેલનું ચ્યુઈંગ ગમ બનાવવામાં ઉપરાંત સૌંદર્ય પ્રસાધનો અને અર્કને સુગંધીદાર બનાવવામાં વપરાય છે. **M.***malabarica* **Lamk.** રણ જાયફળ, બોમ્બે જાયફળ, રામપત્રી, કાયફળ ઇ. નામે ઓળખાતી પશ્ચિમઘાટમાં થતી વનસ્પતિ, જેનાં બીમ થી કાઢવામાં આવતું તેલ ફીતકૃમિને નિયંત્રણમાં લેવા માટે કામમાં આવે છે.

**myrmecophilus.** રાફડામાં રહેતાં, કીડીઓ સિવાયનાં જંતુ. (૨) કીડીઓની સાથે સહજીવનમાં રહેતી (વનસ્પતિ) અથવા કીડીઓના કારણે ફલરૂપ બનતી (વનસ્પતિ).

**myrobalan.** ચામડાં કમાવવા માટે ઉપયોગમાં લેવામાં આવતાં વિવિધ ફળોનાં જંગલમાં થતાં ઝાડનો વર્ગ, જેમ *Terminalia bellirica* (**Gaertn**) **Roxb.** (*belleric myrobalan* એટલે બહેડાં), *Terminalia chebula* **Retz.** (*chebulic myrobalan* એટલે હરડે) અને *Embelica officinalis* (*embelic myrobalan* એટલે આંબળાં) ઇ. નો સમાવેશ થાય છે આ સૌમાં *Terminalia chebula* **Retz.** એટલે હરડેમાં ચામડાં કમાવવાનો સૌથી વિશેષ ગુણ હોય છે, વેપારી દૃષ્ટિએ તેના પાંચ જુદા જુદા પ્રકાર પડે; જેનો મોટા ભાગે ભારતમાં ઉપયોગ થાય છે, જે બાવળ અને *Cassia auricularia* **L.** એટલે આવળની સાથે ઉપયોગમાં લેવામાં આવે છે. આ ઉપરાંત સુતરાઉ કાપડને રંગતી વખતે તેના પર રંગને પાકો બનાવવા અથવા રંગને સ્થાપવા માટે તેનો ઉપયોગ કરવામાં આવે છે તથા રેશમ રંગવા તથા શાહી બનાવવામાં પણ તે ઉપયોગી બને છે

**Myrobalan** *bellerica* **Gaertn.** બહેડાનું ઝાડ; જે વીથિ માટે તથા રંગકામ અને ચામડાં કમાવવા માટે ઉપયોગમાં લઈ શકાય તેવા તેનાં ફળ એટલે બહેડાં માટે વાવવામાં આવે છે. **myrrh.** *Commifera* પ્રજાતિનાં ઝાડ અને ક્ષુપમાંથી મળતો સુવાસિત ગુંદર કે રાળ જેવો પદાર્થ, જે સુગંધી દ્રવ્યો ઇ. બનાવવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે.

**Myrsine** *africana* **L.** ચાપર નામનો કાશ્મીરમાં થતો એક ક્ષુપ, જેનાં ફળ કૃમિઘ્ન ઔષધ તરીકે ઉપયોગી બને છે, ખાસ કરીને ફીતકૃમિમાં તેને ઉપયોગમાં લેવામાં આવે છે. **M.** *capitellata* **Wall.** ખાસી ટેકરીઓમાં, આસામ, ઉત્તર કાનડા, પૂર્વ હિમાલય તથા નીલગિરિમાં થતું ફળઝાડ.

**Myrtus** *communis* **L.** વિલાયતી મેંદી, સુગંધી મેંદી, વાયવ્ય ભારતનો નાનો છોડ, જેનાં લીલાં અને સૂકાં ફળ મસાલા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તરીકે ઉપયોગી છે અને પાનમાથી કાઢવામાં આવતું બાષ્પશીલ તેલ સુગંધી દ્રવ્યોમાં ઉપયોગમાં લેવામાં આવે છે. **M.** *cumini* **L.** ભારતભરમાં થતું મોટું જાંબુનું ઝાડ, જેનાં ફળ એટલે જાંબુ ખાદ્ય છે અને તેના ઠળિયા ઢોરને ખાવા માટે આપવામાં આવે છે.

**Mysore cardamom.** મુખ્યત્વે કેરળ અને તામિલનાડુના કેટલાક ભાગમાં ઉગાડવામાં આવતો એલચીનો છોડ, જેને ખરબચડાં પાન થાય છે અને ત્રિધારી એલચી બને છે.

**Mysore** *hybrid.* કર્ણાટકના નંદી પર્વત પર થતા યુકેલિપ્ટસના વિવિધ પ્રકારના સંકરમાંથી પેદા થતો યુકેલિપ્ટસના ઝાડનો એક પ્રકાર.

**Mystus** *seenghala.* નદીમાં થતી મોટી માછલીનો એક પ્રકાર.

**Myzus** *persicae* **Sulz.** બળશી, બટાટા, લીલા વટાણા ઇ.માં થતું મલોમશી જંતુ.

# N

**nabar.** *Ribes nigrum* **L.** નામનો કાશ્મીરમાં થતો ખાદ્યફળનો ક્ષુપ.

**nadarang.** શાક તરીકે ઉપયોગમાં આવતો પ. બંગાળ, ઓરિસા અને તામિલનાડુમાં થતો કંચરી નામનો ક્ષુપ.

**nag.** નાનો સવારી માટેનો ઘોડો કે ટટ્ટુ.

**nagaphana.** નાગફેણ, નામની કાંટાળી ઝાડી.

**nagari.** *Saccharum sinense.* નામની પાતળી, મધ્યમ કદની શેરડીનું જૂથ, જેને ઉત્તર ભારતમાં ઉગાડવામાં આવે છે.

**Nagendram fish.** *Osteochilus thomassi.* નામની કાવેરી અને કૃષ્ણા નદીઓમાં થતી ૨ ફૂટ લાંબી, લાંબા તુંડવાળી, પ્લેન્કટોન પર જીવતી માછલી.

**nagkesar.** નાગકેસર.

**Nagori.** જોધપુરની ઈશાને જોવામાં આવતી ઢોરની ઓલાદ, જેના મોટા બળદો રસ્તાના કામ માટે ઉપયોગી બને છે.

**Nagpuri.** મધ્ય અને દ. ભારતની, નાનું કદ ધરાવતી, પહોળાં, લાંબાં શિંગડાંવાળી, ઓછું દૂધ આપતી ભેંસની ઓલાદનો એક પ્રકાર, જેના પાડાને ભાર ખેંચવા માટે કામમાં લેવામાં આવે છે, પણ સ્વભાવે તે એદી છે.

**Nagpur santra.** પ્રખ્યાત નાગપુરી સંતરાં; આ સંતરાં પકવતાં ઝાડ ઊંચાં, ઘણાં ફળ આપનાર હોય છે, જે નાગપુર સિવાય અન્ય સ્થળોએ બરાબર થતાં નથી.

**nahani khapat.** ગિનાઈ શણના નામે ઓળખાતો શણના તંતુ ધરાવતો કાશ્મીર, પ. બંગાળ અને વાયવ્ય ભારતમાં થતો છોડ, જે નાની ખપાટ ઉપરાંત ખાજ ખાજવણી તરીકે પણ ઓળખાય છે.

**naked** નગ્ન, અનાવૃત, અનાવૃત બીજધારી વનસ્પતિના અંડાશયમાં આવૃત ન હોય તેવાં (બી). (૨) વૃક્ષવિહીન, પર્ણવિહીન, વેરાન. (૩) પરિફલાવરણ, પર્ણ, રોમ, ભીંગડાં, કવચ ઇ. વિનાનું. **n. flower.** પાંદડી કે વજ્રપત્ર વિનાનું ફૂલ. **n. ovule.** નગ્ન બીજાંડ, અનાવૃત બીજાંડ. **n. seed.** ચર્મફળ, નાનું સૂકું ફળ.

**nakh.** *Pyrus communis.* **L.** નામનું પીઅર, નાસપતી નામનું ફળ.

**nandi.** નંદી, વૃષભ, આખલો, સાંઢ.

**nanism.** વામન વૃદ્ધિ. **nannadrium.** પુંવામન.

**Nannorrhops** *ritchieana* **H. Wendl.** (Syn. *Chamaerops ritchiena* **Griff.**). હિંદીમાં મઝારી નામે ઓળખાતું પંજાબમાં થતું નાની ખજૂરીનું ઝાડ, જેનાં ફળની શાકભાજી બનાવીને

For Private and Personal Use Only

ખાઈ શકાય છે, જેનાં પાનના રેસાનાં દોરડાં, પંખા, ટોપલા-ટોપલીઓ અને હેટ બનાવવામા આવે છે.

**nanny.** ઘેટી, માદા ઘેટું.

**nap.** લોઢવામાં આવેલા કપાસના ગૂંચવાયેલા રૂના તંતુ. (૨) નરમ સપાટી.

**nape.** બોચી, પ્રાણીની ગરદનનો પાછલો ભાગ.

**naphthalene.** નેફ્થેલીન; $C_{10}H_8$ સૂત્ર ધરાવતા ક્રીઓસોટ ધરાવતું, ડામરમાંથી મેળવવામાં આવતું રસાયણ, જેનો ઉપયોગ ધુમાડો આપવા માટે કે જંતુને ભગાડવા માટે કરવામાં આવે છે. ઉપરાંત ફિનાઈલની ગોળીઓ તરીકે સામાન્ય રીતે ઓળખાતી ગોળીઓના રૂપમાં તેને કપડાંના કબાટ અને પેટીઓમાં રાખી કપડાંને જંતુઓથી રક્ષવામાં આવે છે. **n. acetic acid.** વનસ્પતિનાં મૂળનો વિકાસ થાય તે માટે અંતઃસ્રાવ મિશ્રણમાં ઉપયોગમાં લેવામાં આવતો કાર્બનિક ઍસિડ.

**Napier grass.** હાથીઘાસ નામે પણ ઓળખાતું *Pennisetum purpureum* **Schum.** નામનું ગરમ અને ભેજવાળા વાતાવરણમાં ઉગાડવામાં આવતું મૂળ દ. આફ્રિકાનું દીર્ઘાયુ અને વિપુલ પ્રમાણમાં થતું એક પ્રકારનું ઘાસ. ઘાસચારા માટે ઉપયોગમાં લેવામાં આવતું આ પ્રકારનું ઘાસ વાવ્યા પછી ત્રણ મહિનામાં વઢાડી શકાય છે, અનાવૃષ્ટિમાં પણ તે ઊગી શકે છે. અર્ધ-વેરાનભૂમિમાં તેને ઉગાડવાની સામાન્ય રીતે ભલામણ કરવામાં આવે છે.

**napiform.** કુંભીરૂપ, ટર્નિપ જેવું, ભ્રમરાકાર.

**napped.** સુતરની સાદડી બનાવવા સંબંધી. **nappy.** ખરબચડું કે ચીકણું રૂ.

**napunyah.** *Eucalyptus ochrophloia.*નામધારી નીચી લટકતી શાખાઓ, સખત અને પીળી છાલ ધરાવતા, છાયા અને કાષ્ઠ આપતા યુકેલિપ્ટસ વૃક્ષનો એક પ્રકાર.

**narakiya.** *Gironniera cuspidata* (**BL.**) **Kurz** (*G. reticulata* **Thw.**). નામનું સિક્કિમ, પશ્ચિમઘાટ, ખાસી ટેકરીઓ અને કર્ણાટકમાં થતું મોટું ખાદ્યફળનું વૃક્ષ.

**Naranga.** દ. ભારતનો લોકપ્રિય સંતરાનો પ્રકાર, જે કર્ણાટકના કુર્ગ અને કેરળમાં બી વાવીને ઉગાડવામાં આવે છે, તેનું ઝાડ ઊંચું, મોટું, સ્તંભાકાર, ઘટ્ટ ઘટાવાળું, ઓછા કાંટાવાળું હોય છે અને તે વિપુલ પ્રમાણમાં સંતરા આપે છે અને તે કુર્ગ સંતરાના નામે ઓળખાય છે.

**narceine.** અફીણમાંથી મેળવવામાં આવતું એક પ્રકારનું આલ્કલોઇડ, જેને ઘણી વાર મોર્ફિયાના બદલે ઉપયોગમાં લેવામાં આવે છે.

**narcha.** *Corchorus capsularis* **L.** નામનો સફેદ શણનો પ. બંગાળ, આસામ, બિહાર, ઉત્તર પ્રદેશ અને ઓરિસામાં થતો છોડ, જેના રેસામાંથી કોથળા, ગાંસડીઓ બાંધવાના ગુણપાટ બનાવવામાં આવે છે.

**Narcissus** *jonquilla* **L.** મૂળ દ. યુરોપ અને ઉત્તર આફ્રિકાના નાર્ઈજીરિયાનો, શોભા માટે અહીં ઉગાડવામાં આવતો છોડ. **N.** *tazetta* **L.** (Syn. *N. canaliculatus* **Guss.**) નરગીસ નામનાં સુવાસિત ફૂલનો શોભા માટે ઉગાડવામાં આવતો છોડ. **N.** *pseudo-narcissus* **L.** નરગીસ, દીપક.

**narcosis.** માદક દ્રવ્ય લેવાના પરિણામે આવતી બેભાનાવસ્થા અથવા ઘેન, તંદ્રા કે સુષુપ્તિની અવસ્થા. **narcotic.** સ્વાપક, માદક (પદાર્થ દ્રવ્ય). (૨) બેભાનાવસ્થા – બેશુદ્ધિ પ્રેરતું (ઔષધ). (૩) સુસ્તી, તંદ્રા, ઊંઘ ઇ. લાવનાર (દ્રવ્ય).

**Nardostachys** *jatamansi* (**D. Don**) **DC.** જટામાંસી; નામનો દીર્ઘાયુ છોડ, જે હિમાલયના પર્વતીય પ્રદેશ, કુમાઉ, સિક્કિમ અને ભુતાનમાં થાય છે, જેનાં મૂળમાંથી કાઢવામાં આવતું બાષ્પશીલ તેલ સુગંધી-દ્રવ્યો અને ઔષધીય દ્રવ્યો બનાવવા ઉપયોગમાં લેવામાં આવે છે.

**Narenga** *porphyrocoma* (**Hance ex trim.**) **Bor** (Syn. *Saccharum narenga* (**Wall**) **ex Hack.** એક



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રકારનું ઘાસ, જેના માવાના કાગળ બનાવવામાં આવે છે;

**nares.** નસ્કોરાં.

**Nari plough.** ટયૂબ અને બી ઓરવા માટેનું પાત્ર ધરાવતું, સાદામાં સાદા પ્રકારનું દેશી હળ; જેના પાત્રમાં રાખવામાં આવતાં બી, ટયૂબ મારફતે હળના ફળુ આગળ, હળ ચલાવવામાં આવે ત્યારે, ચાસમાં ઓરાય છે.

**narrow.** સાંકડું, સંકીર્ણ. **n.-based ridge terrace.** સામાન્ય રીતે બંધ અથવા બાંધ તરીકે ઓળખવામાં આવતો જમીન સંરક્ષણ માટેનો એક પ્રકાર, જેમાં જમીનના ઢોળાવ પર, સાંકડા તળ ધરાવતા પાળા બનાવવામાં આવે છે. આ પાળામાં પાણીના નિકાલ અથવા અપવાહ માટેની ગોઠવણ હોય છે. ઢોળાવ, જમીનનો પ્રકાર અને વરસાદના પ્રમાણ પર પાળા બનાવવામાં આવે છે, જેમાં બે પાળા વચ્ચેનો ઊર્ધ્વ અવકાશ *3 થી 6* ફૂટ જેટલો છોડવામાં આવે છે. *10* ટકા જેટલો ઢાળ ધરાવતી જમીન પર આવા પ્રકારના પાળા બાંધવામાં આવે છે.

**narthex asafoetida.** હિંગ. *Ferula narthex* **Boiss.** નામની કાશ્મીરમાં થતી વનસ્પતિ, જેના રસ એટલે હિંગનો ઉપયોગ રસોઈની વાનીઓને વઘાર આપીને સુવાસિત બનાવવા માટે તથા વાત પ્રકૃતિમાં કરવામાં આવે છે.

**nasal** નાકનું–ને લગતું. **n. bone.** નાકનું હાડકું, નાસાસ્થિ. **n. inflammation.** નાકમાં આવતો સોજો. **n. septum.** નાકમાં આવેલું કાસ્થિનું પડ.

**nascent.** નવજાત. **n. oxygen.** તાજો-નવજાત ઑક્સિજન–પ્રાણવાયુ.

**Nashpati.** દાણાદાર માવાવાળુ *Chinese pear.* નામે પણ ઓળખાતા નાસપતિ ફળનો એક પ્રકાર.

**Nasik Green.** ગોળ, મોટાં બી, જાડી છાલ, મીઠો સ્વાદ ધરાવતી મુંબઈ–દખ્ખણના પ્રદેશમાં થતી દ્રાક્ષનો એક પ્રકાર.

**Nasik guava.** મહારાષ્ટ્રના નાસિકના વિસ્તારમાં થતો જમરૂખનો એક પ્રકાર, જેનાં ફળ નાસપતિ આકારનાં, લાંબાં, સખત ગરવાળાં અને પુષ્કળ બી ધરાવતાં થાય છે.

**nastic.** અદિશપ્રેરિત. (૨) વીતરાગી. **n. movement.** સ્વચ્છંદ ગતિ. **nasty.** સ્વચ્છંદી, અદિશ પ્રેરિત.

**Nasturtium** *officinale* **R. Br.** [Syn. *N. fontanum* **Aschers;** *Rorippa nasturtium-aquabicum*(**L.**) **Hayek.**]. બ્રાહ્મીસાગ નામની પ. બંગાળ, ઓરિસા અને પંજાબમાં થતી એક પ્રકારની શાકભાજી.

**nasut.** આસામ, તામિલનાડુ, ઓરિસા, આંદામાન અને નિકોબારમાં થતું એક પ્રકારનું ઝાડ, જેની છાલના રેસામાંથી દોરડાં બનાવવામાં આવે છે.

**Natal grass.** *Pennisetum pedicellatum* **Trin.** નામનું ઘાસ. **N. plum.** *Carissa arduina* **Lamk.** (Syn. *C. bispinosa* **Desf**; *Arduina bispinosa* **L.**). નામનો ખાદ્યફળનો કાંટાળો છોડ.

**natant.** પાણીપર તરતું.

**National Extension Service.** સ્વાવલંબનના પાયાપર ગ્રામજનો પોતાનાં વિવિધ પ્રકારનાં વિકાસાત્મક કાર્યો શરૂ કરી શકે તે માટે આવશ્યક પાયાના કર્મચારીઓ અને નાણાં પૂરાં પાડવાની જોગવાઈ ધરાવનાર 1953માં શરૂ કરવામાં આવેલી રાષ્ટ્રીય વિસ્તરણ સેવા યોજના.

**national debt.** રાષ્ટ્રીય ઋણ.

**national economy.** દેશની અર્થવ્યવસ્થા, રાષ્ટ્રીય અર્થ વ્યવસ્થા.

**nationalization.** રાષ્ટ્રીયકરણ.

**native.** કોઈપણ વિસ્તાર કે પ્રદેશમાં કુદરતી રીતે થતી, જે બહારથી આણી દાખલ કરવામાં આવી ન હોય પણ સ્થાનીય હોય (તેવી વનસ્પતિ). **n.coffee.** કોફીના બુંદની સૂકી પ્રક્રિયા વડે બનાવેલી કોફી.

**Natu.** આન્ધ્ર પ્રદેશમાં ઉગાડવામાં આવતી *toka aker* અને *karra vittanem.* નામની

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચિરૂટ માટેની તમાકુનો ઊંચો છોડ.

**natural.** કુદરતી પ્રાકૃતિક. (૨) સ્વાભાવિક, સામાન્ય. **n. affinity.** કુદરતી બંધુતા. **n. brooding.** બચ્ચાંની સંખ્યા ઓછી હોય ત્યાં મરઘી દ્વારા બચ્ચાંને ઉછેરવાની પ્રથા. **n. calf-nursing.** દૂધ દોહવા અગાઉ વાછરડાને શરૂઆતમાં તેની માને ધાવવા દેવામાં આવે; દોહવા અગાઉ કે દોહી લીધા બાદ વાછરડાને ધાવવા દેવાની પ્રથા. **n. cheese.** પ્રાકૃતિક — કુદરતી પનીર – ચીઝ. **n. classification.** કુદરતી વર્ગીકરણ. **n. control.** પ્રાકૃતિક નિયંત્રણ. **n. cross.** માનવીની મદદ વિના કુદરતમાં થતું અંતઃ પ્રજનન કે અંતઃસંકરન. **n. enemy.** અન્ય પર જીવતો કુદરતમાંનો સૂક્ષ્મ સજીવ; જૈવ નિયંત્રણ માટે પણ આવા કુદરતી દુશ્મનને દાખલ કરવામાં આવે છે. **n. flora.** નૈસર્ગિક વનસ્પતિ સમાજ. **n. gift.** કુદરતી બક્ષિસ. **n. habitat.** કુદરતી પર્યાવરણ, પ્રાણી કે વનસ્પતિનું નિવાસસ્થાન. **n. hatching.** મરઘી દ્વારા ઈંડાને સેવવાની ઘટના. નાના સમૂહ માટે આ પ્રથા યોગ્ય અને કરકસરયુક્ત છે. **n. immunity.** કુદરતી રીતેજ રોગની સાથે સંપાદિત થતી પ્રતિરક્ષા. વનસ્પતિ કે પ્રાણીની રોગ કે ચેપ સામે રક્ષણ મેળવવા કે પામવાની નિજી કુદરતી શક્તિ કે ક્ષમતા. **n. indigo.** *Indigofera* નામની વનસ્પતિમાંથી મેળવવામાં આવતો વાદળી રંગ. **n. lac inoculation.** પ્રાકૃતિક લાખ નિવેશન. **n. levee.** પ્રાકૃતિક તટબંધી. **n. order.** પ્રાકૃતિક શ્રેણી. (૨) કુદરતી ક્રમ. **n. regeneration.** આપ મેળે જ વવાઈ ગયાં હોય તેવાં બી દ્વારા વનના પાકનું પુનઃઊગવું. **n. reproduction.** પોતાની મેળે જ વવાઈ ગયેલ બી, પ્રરોહ, મૂળ ઇ.થી વનસ્પતિનું પુનઃઊગવું. **n. resources.** ખનિજ નિક્ષેપો, જમીન, પાણી. ઇ. જેવાં કુદરતે આપેલાં સાધનો **n. revegetation.** કુદરતી રીતે જ વનસ્પતિનો થતો પુનરુદ્ભવ. **n. selection.** નૈસર્ગિક પ્રસંદગી; ચોક્કસ પરિસ્થિતિમાં ટકવાની ક્ષમતા નહિ ધરાવનાર કે મરણના કારણે કુદરતી પરિસ્થિતિમાં આપમેળે થતી પસંદગી. **n. subsurface irrigation.** જમીનની સપાટી હેઠળના થર દ્વારા વનસ્પતિનાં મૂળ સુધી પાણી પહોંચવાથી થતી સિંચાઈ. **n. system.** નૈસર્ગિક પદ્ધતિ. **n. vegetation.** કુદરતી રીતે ઊગતી વનસ્પતિ.

**naturalist.** પ્રકૃતિવાદી. **naturalization.** સામાન્ય રીતે જે વિસ્તારના ન હોય તેમાં દાખલ કરવામાં આવેલ પ્રાણી કે વનસ્પતિ સફળતાપૂર્વક તે વિસ્તારમાં ગોઠવાઈ જાય અથવા તે વિસ્તાર તેમનાં વૃદ્ધિ અને વિકાસ માટે અનુકૂળ થઈ જાય. **naturalize.** એક નિવાસસ્થાનમાંથી અન્ય નિવાસસ્થાનમાં વનસ્પતિ કે પ્રાણીને દાખલ કરી તેમાં તેમને વૃદ્ધિ અને વિકાસ માટે સ્થિર કે અનુકૂલિત કરવાં. **naturalized disease.** રોગોત્પાદક કારક બહારનું હોવા છતાં નવા પ્રદેશમાં કે જે પ્રદેશનું તે ન હોય તે પ્રદેશમાં તેથી સ્વાભાવિક બની જતો રોગ. **naturally occurring.** નિસર્ગોત્પન્ન, કુદરતી રીતે બનતું. **nature.** પ્રકૃતિ, કુદરત. (૨) સ્વભાવ.

**nausea.** ઊબકા; ઊલટી આવતી હોય તેવી જઠરની હાલત, વમનેચ્છા. **nauseate.** ઊબકાના કારણે ખોરાક કાઢી નાંખવો, અસ્વસ્થતાની લાગણી થવી. **nauseous.** ઊબકા આવે તેવું.

**navarai.** તામિલનાડુમાં તળાવની સિંચાઈ મેળવતા વિસ્તારોમાં જાન્યુઆરી – મે દરમિયાનની પાકની બીજી મોસમ.

**navel.** નાભિ, ડૂંટી; ભ્રૂણની સાથે નાયડાથી જોડાયેલા માના ઉદર પરનું અંગ. **n. cord.** નાળ, નાયડો; જરાયુ અને ભ્રૂણને જોડતો રજ્જુ. **n. ill.** નાભિરોગ; જે *omphalophlebitis* કે *joint-ill* તરીકે પણ ઓળખાય છે. જન્મ સમયે કે ત્યારબાદ બચ્ચાંને નાભિદ્વારા લોહીમાં લાગતો

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચેપ, જેમાં નાભિને સોજો આવે અને દુર્ગંધ મારતો સ્રાવ થાય તાવ, આવે, સુસ્તી અને નબળાઈ વર્તાય અને ચેપ યકૃત અને સાંધા સુધી ફેલાઈ જાય. **n. infection.** નાભિ સંક્રમણનું દર્દ જુઓ *navel-ill*. **n. orange.** ટોચ પર નાભિના આકાર જેવી દેખાતી મીઠી નારંગીનો એક પ્રકાર.

**navelling.** તર્જની આંગળીથી પકડી, અંગૂઠાથી દબાવી, દબાણ ઓછું વધતું કરી આંચળને દાબ આપવાની પ્રથા; આ રીતનો ઉપયોગ કરવાથી આંચળ ઢીલાં થાય છે.

**navicular.** બોટના આકારનું, નૌકાકાર.

**neck.** ગ્રીવા, ગરદન, માથાને ખભાની સાથે જોડતું પ્રાણીનું અંગ. (૨) વૃંત, દાંડી. **n., loose** ઢીલું વૃંત. **n. canal cell.** ગ્રીવા માર્ગકોષ. **n. cell.** ગ્રીવા કોષ. (૨) અંડધાનીનો ઉપરનો ભાગ.

**necrobacillosis.** ઊતિ – પેશી નાશક દંડાણુ. *Fusiformis necrophorus*.નામના દંડાણુથી થતા રોગનો સમૂહ, આ રોગમાં વાછરડાનો ડિફથેરિયા, ઊતિનાશક મુખ-કોપ ઇ. નો સમાવેશ થાય છે. **necrosis** પેશીનાશ, પેશીક્ષય, પેશીમૃત્યુ, ઊતિનાશ, ઊતિક્ષય. વનસ્પતિના પ્રકાંડ કે તેની શાખાનું થતું મરણ. (૨) સૂક્ષ્મ સજીવોના આક્રમણ જેવાં કારણોસર પ્રાણીની પેશીના કોષ કે કોષોનું નીપજતું મરણ. **necrotic.** પેશીક્ષયકારક, પેશીવિનાશક. **n. centre.** કોઈ વ્રણના કેન્દ્રમાં આવેલ કોષનો અપક્ષય કે મૃત્યુ. **n. stomatitis.** પેશીક્ષયકારી મુખકોપ. જુઓ *calf diphtheria*.

**nectar.** મકરંદ, મધુ, મધુરસ. (૨) સામાન્ય રીતે ફૂલોમાંની અને ક્યારેક પર્ણોમાંની મધુગ્રંથિઓમાં સ્રવતો શર્કરાયુક્ત રસ કે મધ. (૩) ફૂગોએ બનાવેલું બીજાણુ-વાળું દ્રવ્ય, જે જંતુઓને આકર્ષે છે. **n. flow.** ફૂલોમાંથી મધુરસ સ્રવવાનો સમય. **nectariferous.** મધુગ્રંથિમય. **n. disc.** મધુગ્રંથિ બિંબ. **nectary.** મધુગ્રંથિ, મકરંદકોષ, ફૂલકે વનસ્પતિના કોઈ અન્ય ભાગની મધુસ્રાવી ગ્રંથિ.

**Nectria** *cinnabarina*. ચાનુ જંતુ, જે તેને એક રોગ કરે છે.

**neel.** ગળી.

**needles.** સોય. (૨) સોય આકારનાં પર્ણો, સૂચિ પર્ણો.

**neelophal.** શ્વેતકમળ.

**Neelum.** તોતાપુરી પ્રકારની કેરી.

**neem tree.** લીમડો; *Persian lilac, margosa, Nim, Azadirachta indica* **A. Juss.** (*Melia azadirachta* **L.**). નામનું કઠણ, નિકટ દાણાદાર કાષ્ઠ ધરાવતું ઝાડ, જેના કાષ્ઠનું ફર્નિચર, કૃષિ ઓજારો બનાવવામાં આવે છે, ઉપરાંત તેને ઇમારતી કામ માટે પણ ઉપયોગમાં લેવામાં આવે છે. લીમડાનાં પાન, છાલ, ફૂલ અને બી એટલે લીંબોળીઓમાં ઔષધીય ગુણો રહેલા છે. આ ઝાડ બધાજ પ્રકારની જમીનોમાં થાય છે. અનાવૃષ્ટિ અને હિમનો પણ તે સામનો કરી શકે છે. બીના તેલનોઉપયોગ સાબુ બનાવવામાં થાય છે; જ્યારે તેલ કાઢી લીધા બાદ રહેલા શેષ દ્રવ્યનો ખોળ અને ખાતર તરીકે ઉપયોગમાં આવે છે.

**neera.** તાજી તાડી, નીરા.

**neer pakku.** પાણીમાં પલાળી રાખેલી ભેજયુક્ત પકવસોપારી.

**negative.** અપવૃત, પ્રતિલોમ, ઋણ. **n. adsorption.** ઋણાત્મક અધિ-શોષણ. **n. feed back.** વિરુદ્ધ પ્રતિ-પુષ્ટિ. **n. reaction.** ઋણ પ્રતિક્રિયા, ઊલટી પ્રતિક્રિયા. **n. response.** ઋણ પ્રતિવર્ત – પ્રતિક્ષેપ. **n. tropism** પ્રકાશથી વિરુદ્ધ દિશામાં વનસ્પતિનાં મૂળ ફેલાય તેમ ઉત્પ્રેરણાથી વિરુદ્ધ દિશામાં ખસવાની વૃત્તિ. (૨) ઋણ અનુવર્તિતા.

**Nelumbium** *speciosum* **Willd.** કમળ કાકડી, સૂર્યકમળ, પદ્મકમળ; જેનાં મૂળ, બી, અને કુમળાં પાન ખવાય છે. **Nelumbo** *nucifera* **Gaertn.** (Syn. *Nymphaea nelumbo* **L**; *Nelumbium speciosum* **Willd.**). કમળ, કમળકાકડી, સૂર્યકમળ; કમલાદિ કુળની

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જલજ વનસ્પતિ, જેનાં મૂળ, બી અને કુમળાં પાન શાક તરીકે ખાવાના કામમાં આવે છે. મોટાં પાકાં પાનની પત્રાવલી બનાવવામાં આવે છે.

**Nemagon.** 1, 2- ડિબ્રોમો – 3 ક્લોરોપ્રોપેન નામનું કૃમિનાશક દ્રવ્ય, જેનો જમીનને ધુમાડો આપવામાં આવે છે. આ રસાયણનો ઉપયોગ બટાટા, તમાકુ અને ડુંગળી પર કરી શકાતો નથી કેમ કે આ પાક જંતુઘ્ન ધુમાડા પ્રત્યે સંવેદનશીલ હોઈ તેથી તેને હાનિ પહોંચે છે. આ રસાયણ દાણાદાર છે અને તે પાયસ એટલે ઈમલ્ઝન રૂપે મળી શકે છે.

**nemas.** કૃમિ, સૂત્રકૃમિ. **nematocide.** કૃમિ – સૂત્રકૃમિનો નાશ કરનાર (દ્રવ્ય). **nematode.** કૃમિ, ગોળકૃમિ. સૂત્રકૃમિ. સૂક્ષ્મ સજીવથી માંડીને મીટર જેટલી લંબાઈ ધરાવતા જંતુ જેવડો ખંડરહિત, સૂત્ર જેવો, માનવીઓ, પશુઓ અને વનસ્પતિનો પરજીવી સજીવ. વનસ્પતિનો સજીવ કૃમિ વનસ્પતિના ગમે તે ભાગને હાનિ પહોંચાડે છે. મોટા ભાગનાં આ કૃમિ ઈંડાં મૂકે છે. કેટલાંક કૃમિને વચગાળાના યજમાનની જરૂર પડે છે. પ્રાણીઓમાં પરજીવી જીવન ગાળતાં કૃમિ ગોળ આકારનાં હોય છે, જ્યારે માનવીના દેહનાં પરજીવી કૃમિ અંકોડાકૃમિ જેવા હોય છે અને તેના આંતરડાંમાં રહેતાં હોય છે. **n. root galls.** મૂળને થતી ગડિકાઓ. **nematodirus.** ઘેટાં અને ઊંટમાં થતા *Nematodirus filicollis* અને *Nematodirus spathiger* નામનાં અતઃસ્થ પરજીવી; તેનો ભારે ઉપદ્રવ થાય ત્યારે જ તે હાનિકારક બને છે, જ્યારે તેના કારણે ભારે અતિસાર થાય છે. **nematoid.** સૂત્રસદૃશ, તંતુમય. **Nematology.** કૃમિ અને પ્રાણીઓ અને વનસ્પતિઓ સાથેના તેમનાં સબંધોનો અભ્યાસ કરતી પ્રાણી વિજ્ઞાનની એક શાખા.

**Nendran.** મહારાષ્ટ્રમાં રાજેલી નામે જાણીતી, 9-10 ઈંચ લાંબી, રાંધવાનાં કેળાની એક જાત, જેનો ગર કઠણ અને કાંજીમય પણ મીઠો હોય છે. તેને તાજો ખાવામાં આવે તો પચવામાં મુશ્કેલ પડે છે. ખાવા અગાઉ તેને વરાળથી બાફવામાં આવે છે. આ જાતનાં કેળાંની વેફર બનાવવામાં આવે છે.

**neo—.** નવું અર્થસૂચક પૂર્વગ.

**neocarpy.** અન્ય રીતે અપક્વ છોડ દ્વારા ફળનું ઉત્પાદન.

**Neodarwinism.** નવ્ય ડાર્વિનવાદ.

**neoeluvium.** તાજેતરમાં જ થયેલા નિક્ષેપ કે હિમના સંચલનથી થયેલું નૂતન કાંપ નિર્માણ.

**Neohouzeaua** *dullooa* **A. Camus** (Syn. *Teinostachyum dullooa* **Gamble**). આસામ અને પ. બંગાળમાં થતો એક પ્રકારનો ઊંચો વાંસ, જેના પ્રકાંડના છત્રીના હાંડા બનાવવામાં આવે છે, ઉપરાંત તેનાં ટોપલા – ટોપલીઓ, ચટાઈઓ અને કાગળ બનાવવામાં આવે છે.

**Neo-Lamarchism.** નવ્ય લેમાર્કવાદ.

**Neomaskellia** *bergii.* શેરડીમાં થતી સફેદ માખી.

**neopallium.** નવ પડ.

**neoplasm.** ગમે તે અસાધારણ, નવી વૃદ્ધિ, ખાસ કરીને થતો અર્બુદ.

**Neovossia** *indica* **Mitra.** ઘઉમાં એક પ્રકારનો રોગ કરનાર જંતુ.

**Nepal cardamom.** મોટી એલચી, એલચો, જેનાં દાણાનો ઉપયોગ મીઠાઈનો સુવાસ આપવા માટે થાય છે.

**Nepal ebony persimmon.** *Diospyros tomentosa* **Roxb.** *Kendu* ઇ. નામની ખાદ્ય ફળધારી મધ્ય પ્રદેશ, બિહાર, રાજસ્થાન અને ઓરિસામાં થતી વનસ્પતિનો એક પ્રકાર, જેનાં પાન બીડીવાળવા ઉપયોગી બને છે.

**nepenthes.** કળશપર્ણ, કીટાહારી વનસ્પતિનો એક પ્રકાર.

**Nepeta** *cataria* **L.** મૂળ યુરોપની પણ હવે અહીં કાશ્મીરમાં થતી વનસ્પતિ, જે સુવાસ આપવા ઉપયોગી બને છે. જેનાં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સૂકાં પાન દાંતના દુખાવા માટે ઉપયોગી બને છે.

**Nephantis** *serinopa* **Meyr.** નાળિયેરી તથા પામાદિકુળની વનસ્પતિની કાળા માથાની ઈયળ, જે પાન ખાઈ જાવે છે.

**Nephelium** *lappaceum* **L.** મૂળ મલાયાનું પણ અહીં નીલગિરિમાં થતું એક વૃક્ષ, જેનાં ફળ ખાય છે. **N.** *litchi* **Camb.** લીચી. **N.** *longana* **Camb.** અંશફળ નામનું દ. ભારત, આસામ અને પ. બંગાળમાં થતું એક ખાદ્યફળનું વૃક્ષ. **N.** *mutabile* **Blume.** ખાદ્યફળધારી વૃક્ષનો એક પ્રકાર.

**nephology.** મેઘ – વાદળના અભ્યાસનું વિજ્ઞાન.

**Nephotettix** *apicalis* **Mots.** નામનું ડાંગરમાં પડતું જંતુ, જેનાં ડિમ્ભ અને બચ્ચાં ડાંગરના કુમળાં પાનનો રસ ચૂસે છે, જેથી છોડ પીળો પડે છે. **N.** *bipunctatus.* નામનું ડાંગરનાં કુમળાં પાન ખાતું જંતુ.

**nephritic.** વૃક્કનું, મૂત્રપિંડનું – ને લગતું. **nephritis.** વૃક્કકોપ, મૂત્રપિંડ પર આવતો સોજો. **nephrosis.** વૃક્ક રુજા,

**Ne-plus-Ultra.** મોટાં કાષ્ઠફળ અને આકર્ષક કોચલાવાળી બદામનો એક પ્રકાર.

**neps.** પ્રકાશ અને કાળી ભૂમિકાની સામે ધરીને તંતુને જોતાં તેમાં જોવામાં આવતા મીંડાં જેવા ભાગ.

**Neptunia** *oleracea* **Lour** (Syn. *N. prostrata* (**Lamk.**) **Baill.**). લાજાળુ, જળ રિસામણી નામની એક વનસ્પતિ.

**Neptunian.** પાણીની ક્રિયાથી પેદા થયેલું, જલજ.

**neretic.** તટતલજીવ.

**Nerium** *indicum* **Mill** (Syn. *N. odorum* **Soland.**; *N. oleander* **Blanco**). કરેણ; મૂળ ભૂમધ્ય સમુદ્રના પ્રદેશનો પણ અહીં વાડ માટે વાવવામાં આવતો એક પ્રકારનો છોડ. **N.** *tinctorum* **Roxb.** મીઠો ઈંદ્રજવ, દૂધી; રાજસ્થાન, મધ્ય પ્રદેશ અને તામિલનાડુમાં થતું એક ઝાડ, જેનાં ફળ અને પાનમાંથી આસમાની રંગ મળે છે. **N.** *tomentosum* **Roxb.** ધરોલી, દૂધી; પંજાબ, રાજસ્થાન, બિહાર, અને આસામમાં થતું ઝાડ, જેનાં મૂળ અને બીમાંથી પીળો રંગ મળે છે, અને જેનાં પાન અને કુમળાં ફળ ખાવાના કામમાં આવે છે.

**nervate.** શિરા ધરાવતું (પર્ણ). **nervation.** પર્ણમાં શિરા કે ચેતા વિન્યાસ. (૨) કલામય પાંખ, શિરા વિન્યાસ. **nerve.** ચેતા; મગજ અને દેહના પ્રત્યેક ભાગની સાથે સંકળાયેલા સંખ્યાબંધ તંતુમય ઉત્તેજનાનું વહન કરતું તંત્ર, જે પ્રેરણા, સંવેદના અને ગતિની લાગણીનું વહન કરે છે. (૩) જંતુની પાંખની શિરા. (૪) પર્ણની શિરા. **n. axon.** ચેતાક્ષ. **n. ending.** ચેતાંત્ય. **nervine.** ચેતામાં ઊપજેલી ગરબડને દૂર કરનાર ઔષધ. **nervous.** ચિંતિત, ગભરાયેલું, ઉશ્કેરાટ અનુભવતું. **n. system.** ચેતાતંત્ર. **nervure.** જંતુની પાંખ બનાવનાર ટયૂબ (૨) પર્ણની મુખ્ય શિરા. **neural.** ચેતાકીય, મધ્યસ્થ ચેતાતંત્રને લગતું. **n. lymphomatosis.** મરઘાંને થતા લકવાનો એક પ્રકારનો રોગ. **neurilemna.** ચેતાપડ. **neuritis.** ચેતારુજા. **n. of chickens.** મરઘાંને થતો લકવો. **neuroma.** ચેતા કે ચેતા પેશી પર થતો અર્બુદ. **neuromuscular junction.** ચેતા–પેશી જોડાણ, ચેતા અને સ્નાયુ વચ્ચેનું જોડાણ. **neuron.** ચેતાકોષ. **neurosis.** ચેતાતંત્રમાં ગરબડ થવાથી કાર્યમાં પડતો વિક્ષેપ; ચેતારુજા. **neurotic.** ચેતાતંત્રને અસર કરતું (ઔષધ). (૨) ચેતારુજા થયેલી હોય (તે). **neurotoxicity.** મગજ અને ચેતાતંત્રની ઝેરમય-અવસ્થા – વિષાક્તતા **neurotropic.** ચેતાભિવર્તન.

**nest box.** મરઘાં–બતકાંના વાડાની અંદર કે બહાર ઈંડાં મૂકવા માટે લાકડાં કે ખાલી કેરોસીનના ડબ્બાની બનાવવામાં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવતી પેટી. **nestling.** માળો છોડી જઈ શકે તેટલી ઉંમરનાં થયાં ન હોય તેવાં પક્ષીનાં બચ્ચાં.

**net.** ચોખ્ખું, સાફી. (૨) જાળી. **n. cash income.** એક વર્ષ દરમિયાન ખેતીમાં થયેલી કુલ આવકમાંથી ખેતી અંગે કરવામાં આવેલા કુલ ખર્ચની બાદબાકી કરતાં બાકી રહેતી આવક, સાફી આવક, ચોખ્ખી આવક. **n. duty of water.** પાક લેવા માટે લીધેલા પાણીનું પ્રમાણ, જેનું માપ પાણી જ્યાંથી આપવામાં આવતું હોય ત્યાંથી લેવામાં આવે છે. **n. energy.** ઉત્પાદનના હેતુ માટે પ્રાણીને મળી શકતી કુલ શક્તિ, પાચન માટે વપરાયેલી શક્તિ અને વધેલા ચયાપચયને ખોરાક લેવામાં સ્વીકારેલી શક્તિમાંથી કરાયેલી બાદબાકી; ઉપલબ્ધ કે મળી શકતી ઊર્જા. **n. e. value.** પ્રાપ્ય ઊર્જા મૂલ્ય. **n. income.** કુલ આવકમાંથી તે મેળવવા માટે થયેલા ખર્ચને બાદ કરતા બાકી કે શેષ રહેતી આવક, સાફી કે ચોખ્ખી આવક. **n. increment.** કોઈ પણ જંગલમાં વૃક્ષમાં સધાયેલી વૃદ્ધિ, જેની ગણતરી વધવા પામેલા ઉપયોગમાં લઈ શકાય તેવા કાષ્ઠ દ્વારા કરી શકાય છે. **n. return.** ખર્ચને બાદ કરતાં, મળેલું ચોખ્ખું મળતર. **n. sown area.** ચોક્કસ વર્ષ દરમિયાન પાક લેવામાં આવ્યો હોય તેવા વિસ્તારમાં વર્ષ દરમિયાન વધારે પાક લીધો હોય તેવા વિસ્તારનો કુલ સરવાળો; મહેસૂલી ચોપડામાં આવા કુલ વિસ્તારની નોંધ રહે છે.

**nettle tree.** ઘાસચારા અને છાયો આપવા માટે ઉગાડવામાં આવતું ઝાડ.

**Neurada** *procumbens* **L.** મુખ્યત્વે પંજાબમાં થતો ક્ષુપ, જેનો ઘાસચારો બને છે.

**neuter.** અલિંગી; પુંકેસર કે સ્ત્રીકેસર વિનાનું.(૨) લિંગીય રીતે અવિકસિત, અકાર્યશીલ–અક્ષમ (સજીવ કે જંતુ).ખસી કરવામાં આવ્યું હોય તેવું (કોઈ પ્રાણી). **neutral** અમ્લીય કે ક્ષારીય ન હોય તેવું. (૨) લિંગીય રીતે અવિકસિત–અકાર્યશીલ–અક્ષમ. (૩) તટસ્થ. **n. day plant.** દિવસના પ્રકાશના પ્રમાણ કે વિસ્તાર પર જે વનસ્પતિને તેના પુષ્પોદ્ભવ કે અન્ય કાર્ય માટે આધાર રાખવો પડતો ન હોય તેવી વનસ્પતિ. **n. female flower.** વંધ્ય માદા પુષ્પ, અકાર્યશીલ માદા પુષ્પ, પ્રજનન માટે અક્ષમ માદા પુષ્પ. **n. -point.** નિષ્પ્રભાવી બિંદુ. **n. soil.** 6.6 થી 7.3 pH મૂલ્યવાળી અમ્લીય કે ક્ષારીય ન હોય તેવી જમીન, સમભાવી જમીન. **n. sporangium.** તટસ્થ બીજાણુધાની. **n. spore.** તટસ્થ બીજાણુ. **n. zoospore.** તટસ્થ ચલબીજાણુ.

**neutralizer.** અમ્લતાને તટસ્થ કરવા ઉપયોગમાં લેવામાં આવતું કારક (અલ્કલી). (૨) તટસ્થતા કારક.

**neutrophil.** ઉદાસીન રજકણ.

**newari muli.** મોગરી; એક શાકીય વનસ્પતિ.

**new born.** નવજાત.

**New Castle.** ભોજનાંત ફળાહાર માટેના જરદાળુનો એક પ્રકાર; જેનું ફળ ગોળ, મધ્યમ કદનું, નારંગી–પીળા રંગનું રસાળ મીઠા ગરવાળું હોય છે. (૨) એક પ્રકારનો મરઘાં–બતકાને થતો ચેપી રોગ. **N. C. disease.** પારગમ્ય વિષાણુના કારણે મરઘાં–બતકાંને થતો એક સંક્રામક અને જીવલેણ રોગ. બધીજ વય ધરાવતાં મરઘાં–બતકાંને આ રોગ લાગુ પડે છે, જેના ઉપદ્રવના પરિણામે રોગી પક્ષીને વારંવાર છીંકો આવ્યા કરે, ઉધરસ આવે અને બચ્ચાંને શ્વાસ લેવામાં મુશ્કેલી અનુભવવી પડે. ઘણા કિસ્સામાં તો રોગનું લક્ષણ સ્પષ્ટપણે માલૂમ પડે તે અગાઉજ બચ્ચાં મરણ પામે છે અને જો ઊગરી જાય તો અતિસાર લાગુ પડે છે અને છેવટે પગ અને પાંખને લકવો થાય છે. આ રોગમાં મરણનું પ્રમાણ 80-90 ટકા જેટલું ઊંચું હોય છે.

**New Hampshire.** રોડઆઈલૅંડ પ્રકારના મરઘામાંથી વિકસાવેલી મરઘાં–

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બતકોની એક અમેરિકન જાત જે મોટાં, હલકાં, બદામી ઈંડાં મૂકે છે.

**Newton Wonder.** મોટાં ગોળ, સહેજ ચપટાં, પીળી છાલ, સુવાસિત રસાળ ગરવાળા સફરજનનો એક પ્રકાર.

**new wood.** ચાલુ વર્ષમાં વનસ્પતિની થતી વૃદ્ધિ, જેમાં આગલા વર્ષની તુલનામાં કાષ્ઠ નરમ હોય છે.

**New Zealand flax.** *New Zealand hemp.* નામે ઓળખાતું, *Phormium tenax* **Forst.** નામનું વૃક્ષ, જેનાં પાનમાંથી ચળકતા, નરમ અને વાળી શકાય તેવા રેસા મળે છે, જેની સાદડીઓ અને અનેક પ્રકારનાં દોરડાં બનાવવામાં આવે છે. આ ઝાડનું મૂળ વતન ન્યૂઝીલૅન્ડ છે. **N.Z. hemp.** જુઓ *New Zealand flax.* **N.Z. spinach.** *Tetragonia tetragonoides* **Kuntze** (*T. expanse* **Murr.**). નામની શાકીય વનસ્પતિનો એક પ્રકાર; જેનાં પાનનું શાક થાય, અને જેને ઉત્તર ભારત, કર્ણાટક અને દાર્જિલિંગમાં ઉનાળુ પાક તરીકે ઉગાડવામાં આવે છે, જે અનાવૃષ્ટિનો સામનો કરી શકે છે. વર્ષમાં અનેકવાર તે કાપી શકાય છે.

**niacin.** નિકોટિનિક ઍસિડ, જે પ્રજીવક-'બી' સંકુલનું સભ્ય છે, અને તે વલ્કમર્મ-પેલાગ્રા નામના દર્દમાં અસરકારક બને છે.

**nibs.** કચરેલા બુંદદાણાના ટુકડા.

**nibble.** થોડા થોડા કરીને ટુકડાને ચાવવા.

**nickel.** સંજ્ઞા Ni ધરાવતું ધાત્વીય રસાયણીક તત્ત્વ, જે જમીનમાંથી મળી આવે છે. વનસ્પતિને તે બહુ ઉપકારક નથી.

**nicker bean.** *Entada phaseoloides* **(L.) Merr.**(*E. scandens* **Benth;** *Lens phaseoloides* **L.**). નામનો આરોહી, ખાદ્ય બીવાળો ક્ષુપ, જે વાળ ધોવા માટેના સાબુની ગરજ સારે છે.

**Nicobar Dwarf.** પાતળા, ટૂંકા થડ અને નાનાં પાનવાળું, હલકા પ્રકારના કોપરાવાળા નાળિયેરના ઝાડનો એક પ્રકાર.

**Nicotiana** *rustica* **L.** વિલાયતી તમાકુ નામની મૂળ મધ્ય અમેરિકાની પણ હવે અહીં પંજાબ, બિહાર અને પ. બંગાળમાં ઉગાડવામાં આવતી શાકીય વનસ્પતિ, જેનાં પાનની બીડી બનાવવામાં આવે છે અને તેમાંથી જંતુઘ્ન દ્રવ્ય તૈયાર કરવામાં આવે છે. **N.** *tabacum* **L.** તમાકુ; મૂળ નામે રિકાનો પણ અહીં આન્ધ્રપ્રદેશ, કર્ણાટક, ઉત્તર પ્રદેશ અને પ. બંગાળમાં ઉગાડવામાં આવતો છોડ, જેનાં પાનની બીડીઓ બનાવવામાં આવે છે, જેમાં આલ્કેલોઈડ દ્રવ્યો આવેલાં છે, અને જે જંતુઘ્ન તરીકે ઉપયોગમાં આવે છે. તેનાં બીમાંથી કાઢવામાં આવતું તેલ દીવાબત્તી માટે ઉપયોગમાં લેવામાં આવે છે. તેનાં રંગ અને વાર્નિશ પણ બનાવવામાં આવે છે. તેલ કાઢી લીધા પછી શેષ રહેતું ખોળ ખાતર તરીકે કામમાં આવે છે. આ તમાકુમાંથી છીંકણી બનાવવામાં આવે અને તેમાં 40 ટકા નિકોટીન હોય છે, મુખ્યત્વે તે સ્પર્શીય જંતુઘ્ન તરીકે કામ આપે છે, ઉપરાંત તેમાંથી નિકોટીન સલ્ફેટ અને જંતુઘ્ન દ્રવ્યો બનાવવામાં આવે છે.

**nicotine.** $C_{10}H_{14}N_2$ સૂત્ર ધરાવતું તમાકુનાં પાન અને પ્રકાંડમાંથી મળતું આલ્કેલોઈડ સિગાર પ્રકારની તમાકુમાં સિગારેટ પ્રકારની તમાકુ કરતા અનુક્રમે 2થી3 ટકા જેટલું વધારે હોય છે, બીડી માટે ઉપયોગમાં લેવામાં આવતી તમાકુમાં 6થી 8 ટકા હોય છે, જ્યારે હુકામાં વપરાતી તમાકુમાં તેની ટકાવારી 0.5 થી 1.5 હોય છે. સુંઘવા માટેની છીંકણીમાં તેનું પ્રમાણ 3.2 થી 4.8 ટકા હોય છે. શુદ્ધ સ્વરૂપમાં તે રંગ વિનાનું પ્રવાહી હોય છે, વ્યાપારી રીતે 'તેને નિકોટીન સલ્ફેટ તરીકે જંતુઘ્ન રૂપે ઉપયોગમાં લેવામાં આવે છે અને ધુમાડારૂપે તેને ઉપયોગમાં લેવામાં આવે છે, ખાસ કરીને મલોમશી નામના સજીવોની સામે તેનો ઉપયોગ કરવામાં આવે છે. તેના ઉપયોગથી પ્રાણીઓમાં ચેતાની ઉત્તેજના થાય છે, સ્રાવમાં વૃદ્ધિ આવે છે અને આંતરડાંનો સંકોચ કરે છે.

**n. sulphate.** તમાકુના પાનમાંથી મેળવવામાં આવતો એક પ્રકારનો આલ્કેલોઇડ, જેનો ઉપયોગ જંતુનાશક તરીકે કરવામાં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવે છે. **n. acid.** $C_5 H_5 NO_2$ સૂત્રવાળું, પ્રજીવક 'બી' સંકુલનું વહકચર્મ નામના રોગની સામે ઉપયોગમાં લેવામાં આવતું દ્રવ્ય, જે નિકોટીનના ઉપચય એટલે ઑક્સિડેશન દ્વારા મેળવી શકાય છે.

**nictate. nictitate.** આંખનું પલકવું, આંખનાં પોપચાંની કરવામાં આવતી ઉઘાડ – વાસ, ખાસ કરીને, આ ક્રિયા આ માટેની ત્વચાદ્વારા થાય છે. **nictating membrane. nictitating membrane.** સરીસૃપો, પક્ષીઓ અને સસ્તન પ્રાણીઓમાં ત્રીજું પોપચું, જે આંખને બાહ્યદ્રવ્યોથી સ્વચ્છ રાખે છે, જે આંખનું વધારાનું પોપચું છે અને આંખની ઉઘાડ – વાસમાં સહાયભૂત થાય છે.

**nidus.** નીડ; માળો. (૨) જંતુઓનું ઈંડાં મૂકવાનું સ્થાન. (૩) બીજાણુ કે બીજનો વિકાસ થાય તે માટેનું સ્થાન. (૪) રોગના કારણ અને તેના વિકાસનું સ્થાન, રોગોત્પત્તિ સ્થાન. (૫) ઝુંડ સમુદાય.

**Nigella** *damascena* **L.** મૂળ દ. યુરોપની અહીં શોભા માટે વાવવામાં આવતી લવ – ઇન – એ – મિસ્ટ નામની વનસ્પતિ. **N.** *sativa* L. કાળીજીરી; પંજાબ, પ. બંગાળ, આસામ અને બિહારમાં થતો છોડ, જેનાં બી મસાલા તરીકે ઉપયોગમાં આવે છે; અને ચામડી પરના સોજા ઉપર તલના તેલની સાથે ઓળખવામાં આવે છે.

**niger.** ખરસાણી, રામતલ, કાળાતલ *nigerseed. Guizotia abyssinica* (**L.f.**) **Cass.** નામનો મૂળ આફ્રિકાનો પણ અહીં મધ્યપ્રદેશ, આન્ધ્રપ્રદેશ, અને ઓરિસામાં થતો તેલીબિયાનો પાક, જેનાં બી માંથી કાઢવામાં આવતું તેલ – ખરસાણીનું તેલ રસોઈમાં તથા દીવાબત્તી કરવામાં ઉપયોગમાં લેવામાં આવે છે; ઉપરાંત રંગ, વાર્નિશ અને સાબુ બનાવવામાં પણ તેનો ઉપયોગ કરવામાં આવે છે. બીમાંથી તેલ કાઢી લીધા પછી, શેષ રહેલો ખોળ ખાતર તરીકે ઉપયોગમાં આવે છે. આ છોડને છીછરી આછી કાળાશ પડતી રાતી કે બદામી રંગની જમીનમાં જુલાઈ – ઑગસ્ટમાં એકલો અથવા બાજરી, રાગી, એરંડો, ભોંયસિંગ કે કઠોળની સાથે વાવવામાં આવે છે. **n. seed.** ખરસાણીનાં બી.

**night blindness.** રાત્રિ અંધતા, રતાંધળાપણું, જે પ્રજીવક – 'એ'ની ખામી હોવાના કારણે બનવા પામે છે.

**night pens.** રાત દરમિયાન ઘેટાના સંરક્ષણ માટેનો વાડો.

**night soil.** માણસે ઉત્સર્જિત કરેલાં મળ-મૂત્ર, જે પાક માટે સારા ખાતરની ગરજ સારે છે. **n. s. compost,** મળ-મૂત્રનું મિશ્ર-કમ્પોસ્ટ ખાતર.

**nigrescence.** કાળું પડવું, શ્યામ બનવું. **nigrescent.** કાળું, શ્યામ.

**Nili and Ravi.** પાકિસ્તાનની ભેંસની ઓલાદનો એક પ્રકાર, જે પંજાબમાં પણ જોવામાં આવે છે, જેનાં પ્રાણી – ભેંસ – પાડા સુરા ઓલાદ જેવાં પણ વધારે ભરાવદાર અને સફેદ ચિહ્નો ધરાવતાં હોય છે. આ ઓલાદની ભેંસો ઠીક પ્રમાણમાં દૂધ આપે છે.

**Nilkamal.** નીલકમળ.

**nim.** લીમડો.

**nimbus.** વર્ષામેઘ, વરસાદનું વાદળ.

**nip.** રૂના તાંતણામાંની ગાંઠ. (૨) અતિશય ઠંડી કે હિમના કારણે વનસ્પતિ અને પ્રાણીના સ્વાસ્થ્યને પહોંચતો ધક્કો.

**Nipa** *fruticans* **Thunb.** કહોજી નામનું પ. બંગાળના સુંદરવન અને આંદામાનમાં થતું ભૂસ્તરી વૃક્ષ, જેનાં પાન છાપરાં છાવવા, હેટ, ટોપલા–ટોપલીઓ, સાદડીઓ અને સિગારેટને વિંટાળવા માટેના કાગળો બનાવવાના કામમાં આવે છે. **N. palm.** જુઓ *Nipa fruticans* **Thunb.**

**nipple.** બંને જાતિના સસ્તન પ્રાણીની દુગ્ધ વાહિનીના અંત્ય છેડે આવેલી ડીંટડી. (૨) નાનો શંકુ આકારનો ચામડી, કાચ, ધાતુ ઇ. પરનો ઉપસેલો ભાગ.

**nirgandi.** નગોડનું ઝાડ; *Vitex negundo* **L.** નામનું પાણીના પ્રવાહો અને પડતર જમીન પર થતું ઝાડ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**nitrate.** નાઈટ્રેટ. **n. of ammonia.** એમોનિયમ નાઈટ્રેટ. **n. of calcium.** કેલ્શિયમ નાઈટ્રેટ. **n. of lime.** મુખ્યત્વે નાઈટ્રેટ ઍસિડનું લવણ; કેલ્શિયમ નાઈટ્રેટ. **n. of potash.** $KNO_3$ સૂત્રવાળું નાઈટ્રિક ઍસિડનું પોટેશિયમ લવણ, જે ખાતર કે ખાતરના મિશ્રણમાં ઉપયોગી બને છે અને તેમાં 46.6 ટકા પોટાશ હોય છે. **n. of soda** $NaNO_3$ સૂત્ર ધરાવતું નાઈટ્રિક ઍસિડનું નાઈટ્રિક લવણ વ્યાપારી ખાતર માટે નાઈટ્રોજનનું મુખ્ય સાધન, શુદ્ધ રૂપમાં તેનાં 16.48 ટકા નાઈટ્રોજન હોય છે અને ચિલીના નિક્ષેપોમાંથી કુદરતી રૂપમાં તે મળે છે. **n. reduction.** નાઈટ્રેટનું નાઈટ્રિક રૂપમાં થતું અપચયન **nitrates.** સોડિયમ, પોટેશિયમ, કેલ્શિયમ જેવાં કેટલાંક ધાત્વિક તત્ત્વોની સાથે નાઈટ્રોજન અને ઑક્સિજનનાં સંયોજનો, જે વ્યાપારી ખાતર માટેના મુખ્ય સાધન બને છે.

**nitre.** પોટાશનો નાઇટ્રેટ સુરોખાર (સૉલ્ટપીટર), $KNO_3$, જે ખાતર તરીકે ઉપયોગમાં આવે છે, સોડિયમ નાઈટ્રેટ અથવા ચિલી સૉલ્ટપીટર. **nitrification.** નાઇટ્રોજીનસ સંયોજનોમાંથી નાઇટ્રોજનનું નિર્માણ. જીવાણુના એક સમૂહે જમીનમાં પ્રોટીનનું વિઘટન કરવાથી પેદા થયેલાએમોનિયા. $NH_3$નું પ્રથમ નાઇટ્રોજનમાં પરિવર્તન, ત્યારબાદ જીવાણુનો બીજો સમૂહ તેનું નાઇટ્રેટસ $NO_2$માં પરિવર્તન કરે. આમ થતાં દ્રવ્યનો વનસ્પતિ ઉપયોગ કરે છે. **nitrifiers.** જુઓ *nitrifying bacteria.* **nitrifying bacteria.** જમીનમાં રહેલા જીવાણુઓ એમોનિયાનું નાઈટ્રાઈટ (*Nitrosomonas*)માં પરિવર્તન કરે તેવા બે પ્રકારના 10 થી 12 ઇંચ સુધીના ટોચમાં રહેતા જીવાણુઓ. 25°થી30°સે. ઉષ્ણતામાન અને સારી ખેડવામાં આવેલી. સારી રીતે હવા મેળવતી, જમીનની પાણી ધરાવવાની ક્ષમતાના 60 ટકા ભેજ ધરાવતી અને તટસ્થ રિઍક્શનવાળી જમીનમાં જીવાણુઓ કાર્યરત રહે છે. જમીનનું pH મૂલ્ય 5.0 કરતાં ઘટે ત્યારે તેની પ્રવૃત્તિ ઘટે છે અને 6.0 સુધી વધતાં તે પુનઃ ક્રિયાશીલ બને છે. મોટા પ્રમાણમાં સેંદ્રિય દ્રવ્ય ઉમેરવામાં આવે તો આ જીવાણુઓની ત્યારે વૃદ્ધિ થવા પામે છે પરંતુ થોડા સમય માટે નાઈટ્રેટ અદૃશ્ય થાય છે. આ સવાલનો ઉકેલ પણ છે, પૂરતાં પ્રમાણમાં ખાતરમાં નાઈટ્રોજન ઉમેરવું જોઈએ અથવા પાકને વાવવા અગાઉ ઠીક ઠીક સમય પહેલાં આગળથી સેંદ્રિય દ્રવ્ય ઉમેરવું જોઈએ.

**Nitrobacter.** જમીનમાં નાઈટ્રેટમાં પરિવર્તન કરનાર જીવાણુઓ, જે *nitrifying becteria* કહેવાય છે. **nitrobacteria.** નાઇટ્રોજનનું જમીનમાં દ્રાવ્ય નાઈટ્રેટમાં પરિવર્તન કરનાર સૂક્ષ્મ જીવાણુઓ.

**nitro-chalk.** 40 ટકા ચૂનાના પથ્થર અથવા ડોલોમાઇટની સાથે એમોનિયમ નાઇટ્રેટના મિશ્રણને આપવામાં આવતું વેપારી નામ, જે દાણાદાર, બિનજોખમી અને એમોનિયમ કરતાં ઓછું ભેજગ્રાહી છે. તેમાં અર્ધો નાઈટ્રેટના રૂપમાં અને અર્ધો એમોનિયાના રૂપમાં 20.5 ટકા નાઈટ્રોજન હોય છે. ખાસ કરીને અમ્લીય જમીનમાં તે ખાતર તરીકે ઉપયોગી બને છે.

**nitrogen.** N સંજ્ઞાવાળો, રંગ વિનાનો, સ્વાદ વિનાનો, ગંધ વિનાનો નાઈટ્રોજન નામનો વાયુ, જે વાતાવરણમાં 78 ટકા સુધી હોય છે. વનસ્પતિના ખોરાક તરીકે નાઈટ્રોજન એક મહત્ત્વનું તત્ત્વ છે, અને વનસ્પતિ એમોનિયમ ($NH_4+$) કે નાઈટ્રેટ ($NO_3-$) આયન રૂપમાં ગ્રહણ કરે છે. જીવંત વનસ્પતિના કોષના જીવંત દ્રવ્ય – જીવરસ માટેનો તે મહત્ત્વનો ઘટક છે; ઉપરાંત તે પ્રોટીન અને હરિતપર્ણ રોપણ મહત્ત્વનો ઘટક છે. પર્ણોને તે તંદુરસ્ત ઘેરો રંગ આપે છે, પ્રકાંડ અને પર્ણોની વૃદ્ધિને પ્રેરે છે. ખોરાક તથા ઘાસચારાના પ્રોટીન તત્ત્વમાં તે વધારો લાવે છે, ફૉસ્ફરસ અને પોટેશિયમના ઉપયોગનું કંઈક અંશે તે નિયંત્રણ કરે છે. જમીનમાં તેનું પ્રમાણ જરૂર કરતાં ઓછું કે અતિ વધારે થઈ જાય તો વનસ્પતિમાં અનિચ્છનીય અસર

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉભી થાય છે. **n. assimilation.** જીવંત સજીવોનાં કોષ દ્રવ્યોમાં નાઈટ્રોજન સંયોજનોનું સમાંગીકરણ. જીવંત સજીવો દ્વારા કાર્બનિક કોષ દ્રવ્યોમાં નાઈટ્રોજનનું થતું સમાંગીકરણ. **n. balance.** પ્રાણી શરીરમાં નાઈટ્રોજનની રહેતી સમતુલા. **n. carrier.** નાઈટ્રોજન ધરાવતું અને ખાતરના દ્રવ્ય તરીકે વર્ગીકૃત કરવામાં આવતું ગમે તે કાર્બનિક અથવા અકાર્બનિક સંયોજન. **n. cycle.** નાઈટ્રોજન ચક્ર; કુદરતમાં ચક્રીય રીતે થતું નાઈટ્રોજન પરિવર્તન. નાઈટ્રેટ અને એમોનિયા જેવાં સરળ નાઈટ્રોજન ધરાવતાં સંયોજનોને પહેલાં વનસ્પતિ ગ્રહણ કરે છે અને જટિલ કાર્બનિક નાઈટ્રોજન ધરાવતાં સંયોજનો બનાવે છે, જેમાં પ્રોટીન મુખ્ય હોય છે. વનસ્પતિ પેશીમાં રહેલા પ્રોટીનને પ્રાણીઓ ખોરાક દ્વારા વાપરી નાખે છે, બાદ આ પ્રાણીઓ છાણ અને મૂત્ર દ્વારા તેનું ઉત્સર્જન કરી ખાતર તરીકે જમીનને પાછાં આપે છે. પ્રાણીનાં મૃત અવશેષો પણ છેવટે જમીનને મળે છે. આ સમગ્ર પ્રક્રિયામાં નાઈટ્રોજન ગુમાવાતો ન હોય તો વનસ્પતિ પેશીમાંનો નાઈટ્રોજનનો સઘળો જથ્થો જમીનને પાછો મળી જાય છે અને આમ નાઈટ્રોજનનું ચક્ર કે તેની ઘટમાળ કુદરતમાં સતત ચાલ્યા કરે છે. **n. deficiency.** નાઈટ્રોજનની ઊણપ; વનસ્પતિના યોગ્ય કાર્ય અને વૃદ્ધિ માટે આવશ્યક થાય તેટલા પ્રમાણમાં જેટલા નાઈટ્રોજનનું ઓછું પ્રમાણ, અને આમ આ ઊણપના પરિણામે વનસ્પતિના વિકાસની રુકાવટની નીપજતી અવસ્થા, જેમાં તેનાં ટોચ અને મૂળની વૃદ્ધિ કુંઠિત બને છે, પ્રરોહ અને શાખા પાતળાં થાય છે, પર્ણો નાનાં બની પીળાં પડે છે અને અકાળે તે ખરી પડે છે. નાઈટ્રોજનની અતિશય ઊણપ હોય તેવી પરિસ્થિતિમાં ઘટાડો થાય છે, દાણો નબળો બને છે કે ફળનો ઉતાર ઓછો થાય છે. **n. excesses.** નાઈટ્રોજનની અતિશયતા. વનસ્પતિને નુકસાન થાય તેટલા પ્રમાણમાં જમીનમાં નાઈટ્રેટ અને એમોનિયમ લવણોના રૂપમાં નાઈટ્રોજન હોય, તો પરિણામે પેદાશનાં પાન કરમાઈને કાળાં પડે છે; જવ, બટાટા, તમાકુ, શેરડી, અને ફળ જેવા પાકો રોગના ભોગ બને છે, અનાજના પાકના પ્રકાંડ પરની ગાંઠોમાં વધારો થાય છે. **n. fixation.** નાઈટ્રોજન સ્થિરીકરણ; કુદરતી નાઈટ્રોજનનું કાર્બનિક સંયોજનો અથવા નાઈટ્રોજનનું સ્થિરીકરણ કરનાર સૂક્ષ્મ જીવો દ્વારા જૈવ પ્રક્રિયામાં ઝડપથી ઉપયોગમાં લઈ શકાય તેવા સ્વરૂપમાં પરિવર્તન. શિમ્બી વર્ગની વનસ્પતિઓમાં મૂળ ગંડિકામાં સજીવો આ પ્રક્રિયા કરે તો તેને સહજીવી કહેવાય છે અને સૂક્ષ્મ જીવો સ્વતંત્ર રીતે ક્રિયાશીલ બને તો તે અસહજીવી કહેવાય છે. **n. fixing bacteria.** નાઈટ્રોજનનું સ્થિરીકરણ કરનાર જીવાણુઓ. શિમ્બી વર્ગની વનસ્પતિની મૂળ ગંડિકામાં સહજીવી તરીકે રહેતી રિઝોબિયમ *Rhizobium* જાતિ, જે હવામાંથી નાઈટ્રોજન મેળવી, વનસ્પતિ તેને ઉપયોગમાં લઈ શકે તેવું હવામાંથી મેળવેલા આ નાઈટ્રોજનનું તે પરિવર્તન કરે છે; જ્યારે એઝોટોબેક્ટર – *Azotobacter* પ્રજાતિની જાતિઓ અસહજીવી તરીકે સ્વતંત્ર રહી સ્વતંત્ર રીતે ક્રિયાશીલ બને છે. આમ સહજીવી અને અસહજીવી એમ બંને પ્રકારના જીવાણુઓ નાઈટ્રોજનનું સ્થિરીકરણ કરે છે. **n. fixing capacity.** નાઈટ્રોજનને સ્થિર કરવાની ક્ષમતા. **n.f. plant.** નાઈટ્રોજનને સ્થિર કરનાર વનસ્પતિ; હવામાંના નાઈટ્રોજનને ગ્રહણ કરી, મૂળની ગંડિકામાં રહેતા જીવાણુઓની મદદથી આમ ગ્રહણ કરેલા નાઈટ્રોજનને સ્થિર કરનાર વનસ્પતિ. **n.-free extract.** નાઈટ્રોજનરહિત નિષ્કર્ષ; દ્રાવ્ય અને પચી શકે તેવા કાર્બોદિત – શર્કરા દ્રવ્યો, જે કાચા તંતુ, ચરબી, કાચું પ્રોટીન, રાખોડી અને પાણીને ખોરાકમાંથી દૂર કરીને રહે છે. ધાન્ય, મકાઈ, મૂળ ધરાવતા પાકમાં રહેલી ઊંચી ટકાવારીનું એક

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શર્કરા – *monosaccharides*, દ્વિ-શર્કરા *disaccharides* અને બહુશર્કરા *polysaccharides*માં વર્ગીકરણ કરવામાં આવે છે. **n. liberation.** નાઈટ્રોજનને છૂટો કરવો. **n. losses.** નાઈટ્રોજન હાનિ. **n. ratio.** નાઈટ્રોજન ગુણોત્તર. **n. metabolism.** નાઈટ્રોજન ચયાપચય. **nitrogenase.** નાઈટ્રોજીનેસ. **nitrogenous.** નાઈટ્રોજનયુક્ત, નાઈટ્રોજનીય. **n. manure.** નાઈટ્રોજન ધરાવતું ખાતર. નાઈટ્રોજનીય ખાતર. **n. solution.** એમોનિયમ નાઈટ્રેટ અને યુરિયા જેવા નાઈટ્રોજન લવણો **n. transformation.** જમીનમાં નાઈટ્રોજનનું રૂપાંતર. **nitrojection.** જમીનમાં અંતઃક્ષેપ કરીને કૃષિ એમોનિયાને દાખલ કરવાની પદ્ધતિ.**nitrophilous.** નત્રક્ષીરાગી (વનસ્પતિ). **nitrophospbate.** નાઈટ્રોફોસ્ફેટ. **Nitrosomonas.** એમોનિયાનું નાઈટ્રોજનમાં ઉપચય – ઓક્સાઈડ કરનાર જમીનમાં રહેતા જીવાણુઓનો વિશિષ્ટ સમૂહ; જુઓ *nitrifying bacteria.* **N. europea.** એમોનિયાનો નાઇટ્રેટમાં ઉપચય કરનાર જમીનમાં રહેતા એક પ્રકારના જીવાણુઓ. **nitrous etber.** નાઈટ્રસ ઈથર.

**nits.** જૂનાં ઇંડાં.

**noble cane.** મોટી શેરડી. **n. sugar cane.** મોટી શેરડી.

**Noblesse.** એક પ્રકારનું ઠીક ઠીક કદ ધરાવતું, ગોળાશ પડતું અંડાકાર, પીળી છાલ, મીઠો રસ અને સુવાસિત પીચનો પ્રકાર.

**noctiflorous.** રાતના પુષ્પોદ્ભવ પામનાર. **nocturnal.** નિશાચર, રાત્રિચર, રાતમાં બનનાર, ખોરાક ઇ. મેળવવા રાત્રિ દરમિયાન વિચરનાર.

**noctuida.** કૃંતક કૃમિનો એક સમૂહ.

**nodal tissue.** પેશી ગ્રંથિ. **node.** ગંડિકા, પર્ણસ્થાન, ગાંઠ, પર્વ સંધિ. (૨) પર્ણો ફૂટતાં હોય ત્યાં આગળની પ્રકાંડ સાથેની સંધિ કે ગાંઠ. (૩) લસિકા ગ્રંથિ. (૪) સખત અર્બુદ. **nodose.** ગાંઠવાળું, ગંઠિલ. **nodosity,** ગાંઠ હોવાપણું, ગાંઠ. **nodular worms.** ગંડિકા કૃમિ; ઢોર, ઘેટાં અને ભૂંડના મોટા આંતરડામાં થતાં *Strongyloid* નામનાં કૃમિ, જે ગાંઠ જેવા અર્બુદ પેદા કરી, ઝેરી સ્રાવ કરે છે, પરિણામે બચ્ચાને દીર્ઘકાલીન અતિસારનું દર્દ લાગુ પડે છે, જેથી તે નબળા થાય છે અને છેવટે મૃત્યુ પામે છે. આવા પ્રકારનાં કૃમિની સર્વ સામાન્ય જાતિઓમાં ઢોરમાં પડતાં *Oesophagostomum radiatum* (*Bosicola radiatus*), ઘેટાં બકરામાં પડતા *Oesophagostomum columbianum*, *Oesophagostomum asperum* અને *Oesophagostomum venulosum* અને ડુક્કરમાં પડતાં *Oesophagostomum brevicamdum*નો સમાવેશ થાય છે. **nodulated.** નાઈટ્રોજનને સ્થિર કરનાર જીવાણુ રહેતા હોય તેવા મૂળની ગાંઠ ધરાવતી (વનસ્પતિ). **nodule.** ગ્રંથિ, ગાંઠ, પર્ણ સંધિ. (૨) મૂળ ગંડિકા, લસિકાગ્રંથિ જેવી ગાંઠ આકારની રચના. (૩) નાનું ગાંઠ આકારનું અર્બુદ કે ચેતા કેંદ્ર. **n. bacteria.** વનસ્પતિની ગાંઠમાં રહેતો જીવાણુ. **nodus.** ગાંઠવાળું સ્થાન.

**no deflection.** શૂન્ય આવર્તન.

**Nodostoma** *subcostatum.* કેળામાં પડતું જંતુ.

**noils.** ઊનના લાંબા તંતુમાંથી કાઢેલો નાનો તંતુ.

**nomad.** પોતાનાં પશુ માટે કે ખુદ પોતાના માટે ખોરાકની શોધમાં એક સ્થાનેથી બીજા સ્થાને ભટકતી યાયાવર જાતિ.

**nomenclature.** નામ પદ્ધતિ, નામકરણ, નામતંત્ર. (૨) વનસ્પતિ કે પ્રાણીઓને નામ આપવાની આંતરરાષ્ટ્રીય રીતે માન્ય પદ્ધતિ. **nominal.** નામનું, નામ માત્ર.

**nona.** રામફળ; સીતાફલાદિકુળની વનસ્પતિનો એક પ્રકાર, જેને અંગ્રેજીમાં *Bullock's heart* કહેવાય છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**non-acid forming fertilizer.** જમીનની અવશેષ અમ્લતામાં વધારો કરી ન શકનાર ખાતર.

**non-agricultural society.** બિન-કૃષિ (સહકારી) મંડળી.

**non-automatic seed drill.** હાથેથી (આપ મેળે ન હોય તેમ) બી ઓરવાની શારડી.

**non-bearing plant.** અફલી – ફળન આપનાર – જેના પર ફળ ન બેસે તેવા પ્રકારની વનસ્પતિ.

**non-becterial.** અજીવાણ્વીય.

**non-capillary pores.** અ-કેશાકર્ષીય રંધ્રો – છિદ્રો.

**non-chromosomal.** અ–રંગ સુત્રીય બાહ્ય.

**non-ciliated.** અ-પક્ષ્મ, જેને પાંપણ કે રોમ નથી તે.

**non-competing crop.** અપ્રતિસ્પર્ધી પાક.

**non-cordate.** અમેરુદંડી (પ્રાણીઓ).

**non-credit society.** શાખેતર – ધિરાણનો વ્યવસાય ન કરનાર (સહકારી) મંડળી.

**non-cumulation.** અ – સંચયી.

**nondescript.** ચોક્કસ વર્ગ કે સમૂહનું ન હોય તેવું, અવર્ગીકૃત, અજ્ઞાતકુલ ધરાવતું (પ્રાણી કે વનસ્પતિ).

**non-disjunction.** અવિયોજન.

**non-drying oil.** કોપરેલ જેવું 90 ટકા ઓછું આયોડીન મૂલ્ય ધરાવતું તેલ, જેને હવામાં ખુલ્લું રાખતા પોતાની સમરૂપતા ગુમાવતું નથી.

**non-endospermic germination.** અ-ભ્રૂણપોષી અંકુરણ. **n.e. fission.** અ-ભ્રૂણપોષી વિઘટન.

**non-essential element.** અનાવશ્યક તત્ત્વ.

**non-flowering plant.** અ-પુષ્પી છોડ, અપુષ્પી વનસ્પતિ.

**non-bomologous,.** અસમધર્મી.

**non-ionic.** અનાયનિક, આયનરહિત.

**non-irrigated.** સિંચાઈ વિનાની – સિંચાઈ ન મેળવનાર (જમીન).

**non-irritant.** અક્ષોભક, શામક.

**non-lactating mammany gland.** નિષ્ક્રિય દુગ્ધોત્પાદક ગ્રંથિ, દૂધ પેદા ન કરનાર – દૂધ ન સ્રવનાર દુગ્ધ – ગ્રંથિ.

**non-leguminous.** અશિમ્બી (વનસ્પતિ).

**non-lignified.** ખોરાકમાં રહેલા કાચા તંતુનો અકાષ્ઠીય પ્રકાર, (જેમાં લિગ્નિન હોતું નથી.)

**non-magnetic.** અ-ચુંબકીય.

**non-marketable.** અ-વિક્રેય, જેને વેચી શકાતું ન હોય તે.

**non-member.** સભ્યેતર.

**non-motile.** અચર, અચલ.

**non-nucleated.** કોષકેન્દ્ર વિનાનું, અ-કોષકેન્દ્રીય.

**non-occupying rigbts.** અ-ધારણાધિકાર. **n.o. tenant.** અ-ધારક ગણોતિયો.

**non-palatable.** અસ્વાદુ (ઢોર માટે).

**non-parasite disease.** જૈવ રોગ; વનસ્પતિની વૃદ્ધિ માટે આવશ્યક પોષણ અને પર્યાવરણના અભાવના પરિણામે તેને થતો રોગ; આમાં જમીનમાં રહેલાં લવણોની ઊણપ કે તેનો અતિરેક, તેમની અપ્રાપ્યતા ઈ.નો સમાવેશ થાય છે; ઉપરાંત અસંક્રમણીય કે ચેપવિનાના રોગોનો પણ તેમાં સમાવેશ થાય છે.

**Non-Pareil.** પંજાબ અને હિમાલય પ્રદેશમાં થતી બદામનો એક પ્રકાર, જેમાં કોચલા કરતાં મીંજનું વિશેષ પ્રમાણ હોય અને જે સર્વોત્તમ બદામ તરીકે ગણાય છે. તેની મીંજ લંબગોળ હોય છે, કોચલું કાગળ જેવું સફેદ હોય છે.

**non-pathogenic.** અ-રોગોત્પાદક, રોગજનક ન હોય તે.

**non-persistent virus.** ઉપદ્રવવાળી વનસ્પતિમાંથી નીકળ્યા બાદ રોગવાહક શક્તિ ગુમાવી દેનાર વિષાણુ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**non-poisonous.** અ-વિષાક્ત, નિર્વિષ; ઝેર ન હોય તે.

**non-porous.** અ-છિદ્રિષ્ટ, અ-છિદ્રાળુ. **n.p. wood.** છિદ્ર વિનાનું કાષ્ઠ – ધા.કડું.

**non-positive clutch.** અપ્રત્યક્ષ કલચ.

**non-productive.** અનુર્વર, અનુત્પાદક. **n.p. loan.** અનુત્પાદક ધિરાણ, અનુત્પાદક ઋણ.

**non-protein.** અ-પ્રોટીન. **n.p. nitrogenous substance.** અ-પ્રોટીન નત્રલ દ્રવ્ય.

**non-saline alkali soil.** અ-લવણી ક્ષારીય જમીન.

**non-sampling error.** નમૂનાચયન વિનાની ત્રુટિ.

**non-scheduled bank.** અ-વર્ગીકૃત બેંક, અનનુસૂચિત બેંક.

**non-selective contact herbicide.** નિર્વિશેષ સ્પર્શીય શાકીય વનસ્પતિ-નાશક દ્રવ્ય.

**non-significant.** અ-વ્યંજક, અચોક્કસ, અવિશિષ્ટ નિર્વિશિષ્ટ.

**non-sitter.** સેવવા માટે ઈંડા પર ન બેસનારી (મરઘી).

**non-specific disease.** અનિશ્ચિત-અવિશિષ્ટ રોગ; કોઈપણ પ્રકારના ચેપ કે સંક્રમણ, પરોપજીવિતા, પોષકજનક કે આનુવંશિક કારક વિનાનો રોગ.

**non-spore forming bacteria.** અ-બીજાણુજનક જીવાણુ.

**non-stratified wood.** અસ્તરીય કાષ્ઠ. **n.s. cambium.** અસ્તરીય એધા.

**non-striated.** અ-રેખીય, સાદું. **n.s. wood.** અ-રેખીય કાષ્ઠ.

**non-symbiotic nitrogen fixer.** અસહજીવી નાઈટ્રોજન સ્થિરક.

**non-synthetic media.** અસંશ્લેષક માધ્યમ; એવા પ્રકારનાં સંયોજનો જેની રચના જાણવામાં આવી નથી.

**non-toxic.** વનસ્પતિ કે પ્રાણી માટે વિષાક્ત ન હોય (તે).

**non-uniform.** અસમાન, અસમાંગ.

**non-volatile acid.** અ-બાષ્પશીલ ઍસિડ.

**no profit farmer.** પોતાના વ્યવસાય માંથી નફો મેળવી ન શકનાર ખેડૂત, સીમાંત ખેડૂત.

**norm.** ધોરણ, પ્રારૂપ, નમૂનો, રિવાજ, રૂઢિ. (૨) નીતિશાસ્ત્ર, નીતિમત્તા, નીતિ સંહિતા, કાનૂન.

**normal.** ધોરણ સરનું, સામાન્ય, સાધારણ. **n. curve.** સામાન્ય વક્રરેખા. **n. erosion.** સાધારણ ધોવાણ – જે ભૂસ્તરીય ધોવાણ તરીકે પણ ઓળખાય છે. ગમે તે સ્થાનમાં જમીનનું થતું ધીમું અને સ્થિર ધોવાણ; જે ધરતીની સપાટી પર કોઈ ખાસ, મોટાં પરિવર્તનો લાવતું નથી. માટીના ધોવાણની સાથોસાથ નવી માટી કે જમીનની રચનાની પ્રક્રિયા પણ ચાલુ રહેવા પામતી હોય તેવું ધોવાણ. **n. fermentation.** સ્વાભાવિક આથવણ. **n. increment.** ચોક્કસ સ્થાનમાં, ચોક્કસ જાતિ દ્વારા મળી શકતો ઉત્તમ સરેરાશ વધારો, જે સાધારણ પેદાવારના કોઠામાં દર્શાવવામાં આવે છે. **n. moisture capacity.** સ્વતંત્ર રીતે કે ગુરુત્વાકર્ષણના બળદ્વારા પાણીનો અપવાહ થઈ ગયા બાદ પણ જમીનમાં સાધારણ રીતે રહેવા પામતા પાણીનું પ્રમાણ; જમીનની ભેજ સંઘરવાની ક્ષમતા. **n. presentation.** સાધારણ પ્રસુતિ. **n. soil.** સાધારણ પ્રકારની જમીન. **n. solution.** સાધારણ દ્રાવણ. **n. value.** સાધારણ મૂલ્ય. **normality.** તુલ્યભાર પ્રમાણ, સાધારણતા, સામાન્યતા.

**north-east monsoon.** ઈશાની ચોમાસું, નવેમ્બર – જાન્યુઆરીના ગાળામાં ઈશાન તરફથી વાતા પવન દ્વારા પડતા વરસાદની મોસમ, જે દરમિયાન પડતો વરસાદ વર્ષ દરમિયાનના કુલ વરસાદના માત્ર બે જ ટકા ધરાવે છે.

**Northern Dry Region.** ઉત્તરનો

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સૂકો પ્રદેશ; પંજાબ, દિલ્હી, પશ્ચિમ-ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશના કેટલાક વિસ્તારો, જેમાં 30 ઇંચ કરતાં ઓછો વરસાદ પડે છે તેવા પ્રદેશો, જેને પશુસંવર્ધનના પ્રદેશો ગણવામાં આવે છે. તેમાં ઊંટ, ઘોડા અને ગધેડાં મુખ્ય પ્રાણીઓ હોય છે. આ વિસ્તાર પ્રમાણમાં સૂકો અને ઘઉં પેદા કરે, જેના મોટા ભાગોમાં ઘાસચારો થાય અને ઘઉંના પૂળા ખૂબ જ પ્રમાણમાં ઉપલબ્ધ બની શકે છે.

**Northern spy.** ઊની મલોમશીનો સામનો કરવાની ક્ષમતા ધરાવતા સફરજનનો એક પ્રકાર, જેનાં સફરજનના પ્રકારોની કલમ કરવામાં ઉપયોગ થાય છે.

**nose.** નાક, નાસા; નસકોરાવાળું મોં ઉપરનું સૂંઘવા માટેનું માથા પરનું અંગ, તુંડ. (૨) હળના ફળની અણિ, **nostrils.** નસકોરાં. **n. ring.** બળદ જેવા પ્રાણીને નિયંત્રણમાં રાખવા માટે તેના નાકના હાડકામાં કાણું પાડીને તેમાં રાખવામાં આવતી ધાતુની નથની.

**Nosema** *bambycis.* રેશમના કીડાને થતા ભયાનક રોગ માટે જવાબદાર ફૂગનો પ્રકાર.

**notch.** ખાંચ, ખાંચો. (૨) પાણીના વહેવા માટે બંધમાં રાખવામાં આવતો ખાંચો. **notching.** સુષુપ્ત પાર્શ્વીય કલિકાની ઉપર છાલની સાંકડી પટીને સુષુપ્ત કલિકાની વાનસ્પતિક પ્રરોહ તરીકે અથવા પલ્લવ અને એમ બંનેની સાથે તેને ઊગવું પડે. આ પદ્ધતિનો ઉપયોગ મોટા ભાગે પાનખર વૃક્ષો માટે કરવામાં આવે છે. (૨) ઓળખ માટે પશુના કાનમાં ખાંચ કરવી.

**notifiable disease.** કેટલાક ચેપી અથવા સંક્રામક રોગો, જેની લાગતા વળગતા સત્તાવાળાઓને જાણ કરવી પડે છે,

**Notocotylidae.** *Trematoda* અથવા *flukes* નામનાં કૃમિ કુળનાં જંતુ, જે પશુના આંતરડાનાં પરજીવી બનીને રહે છે.

**Notonia** *grandiflora* **DC.** ગિદાર અથવા વાંદરા રોગી નામની વનસ્પતિ.

**Notopterus** *chitala.* ચિતલ પ્રકારની ખાદ્ય માછલી, જે ચાર ફૂટ સુધી વધે છે.

**nourishing layer.** પોષકસ્તર, પોષિતિ. **nourishment.** પોષણ; ખોરાક જેવું દ્રવ્ય, જે શરીરને શક્તિ આપે છે અને તેની પ્રવૃત્તિ અને અસ્તિત્વ જાળવી રાખે છે.

**novocaine.** નોવોકેઈન નામનું ઔષધ.

**noxious.** હાનિકારક, અનિષ્ટકારી, નુકસાનકર્તા.

**nozzle** નાળચું. (૨) છાંટણાં કે વહેણના પ્રવાહીને જવામાં સહાયભૂત બનતું સાધન.

**N.P.K.** નાઈટ્રોજન, ફોસ્ફરસ અને પોટેશિયમ તત્ત્વોની સંજ્ઞા, જે સંપૂર્ણ ખાતરના મહત્ત્વના ઘટકો છે.

**nubian.** લબડતા કાનવાળી દૂધ આપતી બકરીનો પ્રકાર.

**nucellar beak.** બીજાદેહ ચાંચ. **n. tissue.** બીજાદેહ પેશી. **nucelle.** આદિ બીજાદેહ **nucellus.** બીજદેહ, પ્રદેહ, પૂર્વ દેહ. **n. tissue.** બીજદેહ પેશી.

**nuciferous.** કાષ્ઠફળધારક.

**nuclear.** કોષકેન્દ્રીય, કેન્દ્રકીય. **n. division.** કોષકેન્દ્રીય વિભાજન, કેન્દ્રકીય વિભાજન **n. fission.** કેન્દ્રકીય વિઘટન. **n. membrane.** કોષકેન્દ્રીય કલા, કોષકેન્દ્ર ત્વચા. **n. plate.** કોષકેન્દ્ર પટ. **n. reticulum.** કોષકેન્દ્ર જાલ. **n. sap.** કોષકેન્દ્ર રસ. **n. spindle.** કોષકેન્દ્ર ત્રાક. **nucleated.** કોષ કેન્દ્રિત, કોષ કેન્દ્રવાળું, કેન્દ્રકવાળું. **nucleic acid.** ડીએનએ અને આરએનએ નામના કેન્દ્રકના એસિડ. **nucleolar.** કોષકેન્દ્રીય. **nucleoplasm.** કોષકેન્દ્ર રસ. **nucleoprotein.** ન્યૂક્લિઈક એસિડની સાથે મિશ્ર થયેલા હિસ્ટોન અને પ્રોટમીન જેવા સાદાં પ્રોટીનવાળાં પ્રોટીનોનો સમૂહ; આ પ્રોટીન વનસ્પતિ અને પ્રાણી, એમ બંનેના કોષકેન્દ્ર માટે લાક્ષણિક છે. **nucleus.** કેન્દ્રક, કોષકેન્દ્ર; મોટા ભાગના કોષના જીવન માટે આવશ્યક જટિલ લગભગ ગોળ દળ, જે સ્ટાર્ચ

For Private and Personal Use Only

દાણાના મૂળનું કેન્દ્ર છે. આ કેન્દ્ર અથવા કેન્દ્રીય ભાગની આસપાસ અન્ય દ્રવ્યો ભેગાં થાય છે. (૨) અંડાશય, બીજ, વનસ્પતિ–કોષ, પ્રાણી–કોષનો મધ્ય ભાગ. ચયાપચય, વૃદ્ધિ, પ્રજનન આનુવંશિક લક્ષણોના વાહક તરીકે તે મહત્ત્વનું અંગ છે. **n., male** નર કેન્દ્રક. **n., secondary** દ્વિતીયક અથવા ગૌણ કેન્દ્રક.

**nudicaulis.** નગ્ન કાંડ. **nudiflorous.** નગ્ન – અનાવૃત પુષ્પી.

**nullah.** કુદરતી નાળી, વહેણ, જલમાર્ગ, કોતર.

**null.** શૂન્ય. **n. hypothesis.** નિરાકરણીય પરિકલ્પના, શૂન્ય પરિકલ્પના. **n. point.** શૂન્ય બિંદુ. **nulliplex.** શૂન્ય પ્રભાવી. **nullisomic.** લુપ્ત સૂત્રકાય.

**numb.** સંવેદના અથવા ચલન શક્તિ વિનાનું.

**numeriacl.** સાંખ્યિક. **n. hybrid.** સાંખ્યિક સંકર.

**nuptial flight.** નર મધમાખની સાથે મધમાખ રાણીનું, રાણી ફલિત બની હોય ત્યારે થતું પલાયન.

**nursery.** પાદપ ઉછેરગૃહ, વનસ્પતિ ઉછેરગૃહ; ઉછેરગૃહ, જેમાં ફેર રોપણી કરવા માટે ધરુને વાવીને ઉછેરવામાં આવે છે. (૨) બગીચામાં છોડનો સમૂહ. **n. bed.** રોપ માટેની ક્યારી, ઉછેરગૃહમાં ધરુને વાવવામાં આવ્યાં હોય તેવી ક્યારી. **n. man.** ઉછેરગૃહનો કર્મચારી, ઉછેરગૃહનાં વિવિધ કામ કરનાર. **n. pond.** 50 ફૂટ × 50 ફૂટનું ચોખ્ખા પાણીનું જળાશય, જેમાં ફ્રાય નામની માછલીનો ઉછેર કરવામાં આવે છે. **n. sowing.** પાદપગૃહમાં ધરુની વાવણી.

**nurture.** વૃદ્ધિને ઉત્તેજન મળે તે માટે તેને ખવડાવવું, ઉછેરવું, પોષણ આપવું. (૨) ખોરાક, પોષણ.

**nut.** ગોટલી. (૨) એક બીવાળું ખાદ્ય મીંજવાળું, સખત, અસ્ફોટી કાષ્ઠફળ. (૩) નાળિયેર, બદામ, મગફળી ઇ. જેવાં ફળો પણ વનસ્પતિશાસ્ત્રની દૃષ્ટિએ તેમને કાષ્ઠ ફળ ગણી શકાય નહિ. **nutty.** કાષ્ઠ ફળનો સ્વાદ આપે તેવી સોડમ. **n. grass.** *Cyperus rotundus* **L.** (*C. hexastachyos* **Rottb**). નામનું અણગમતું કાયમી ઘાસ, જેને મૂળ દ્વારા ઉગાડી શકાય છે અને જે નાગમોથના નામે ઓળખાય છે, અને તેના ગંઠિલ મૂળ સુગંધી દ્રવ્યો બનાવવાના ઉપયોગમાં આવે છે. **n. structure.** ઝીણી માટીના કણ ચોકસ સ્વરૂપે ઘટ્ટ બને તેવી સંરચના.

**nutate.** મ્લાન થવું, નમી પડવું. **nutation.** ઊગતા છોડના પ્રકાંડનું પડી જવું કે વળી જવું. શિખાવર્તન.

**nutlet.** અષ્ઠિફળનો ઠળિયો.

**nutmeg.** જાયફળ; *Myristica fragrans* **Hontt.** નામનું જાયફળનું બીજથી વાવવામાં આવતું ગરમ પ્રદેશનું વૃક્ષ. જાયફળમાંથી કાઢવામાં આવતું તેલ ઔષધ, સાબુ અને સુગંધી દ્રવ્યો બનાવવાના કામમાં આવે છે. તેના પાનમાંથી મળતું બાષ્પશીલ તેલ ઘાસપાસ માટે ઝેરી છે, જે ચૂર્ણગમ, પ્રસાધનો ઇ.માં ઉપયોગી બને છે.

**nutramins.** પ્રજીવકો. **nutrient.** પોષક દ્રવ્ય, પોષક પદાર્થ. (૨) શરીરને પોષણ આપતું દ્રવ્ય, ખોરાક. (૩) વનસ્પતિની વૃદ્ધિ માટે આવશ્યક એવું જમીનનું તત્ત્વ કે સંયોજન. (૪) પશુ સંવર્ધન માટે ખોરાક કે ખોરાક સમૂહનું અગત્યનું ઘટક, જેમાં શર્કરા દ્રવ્યો – કાર્બોદિતો, પ્રોટીન, ચરબી, ખનિજ, પ્રજીવકો ઇ.નો સમાવેશ થાય છે અને જે જીવનને ટકાવી રાખે છે. **n., unavailable** અપ્રાપ્ય પોષક દ્રવ્ય. **n. agar.** પોષક અગાર દ્રવ્ય. **n. balance.** પોષક સમતુલા. **n. cycle.** પોષક દ્રવ્ય ચક્ર. **n. element.** પોષક તત્ત્વ. **n. immolization.** પોષક દ્રવ્ય સ્થિરીકરણ. **n. level.** પ્રાપ્તરૂપમાં જમીનમાં પોષક તત્ત્વોનું પ્રમાણ. (૨) પ્રાણીના ખોરાકમાં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગમે તે વિશિષ્ટ પોષક દ્રવ્યનું સંકેન્દ્રણ. **n. loss.** પોષક હાનિ. **n. medium.** પોષક માધ્યમ. **n. mobility concept** પોષક ગતિશીલતા અંગેની કલ્પના. **n. need.** પોષક દ્રવ્યની આવશ્યકતા. **n. solution.** સંવર્ધન સંયોજન તરીકે પણ ઓળખવામાં આવતાં. ઊગતી વનસ્પતિ માટેનાં ચોકસ પાત્રો કે બાટલીઓમાં રાખવામાં આવતાં માટી વિનાનાં સંયોજનો, જે વનસ્પતિનાં વૃદ્ધિ અને ફળ તથા બીના નિર્માણ માટે આવશ્યક બને છે, જે જમીન વિનાના ઉછેર, સંવર્ધન કે પ્રાયોગિક કાર્યોમાં ઉપયોગી બને છે. **n. spray** ચૂરિયા જેવું પ્રવાહી ખાતર અથવા વનસ્પતિ પર સીધું છાંટવા માટેનું વનસ્પતિ માટેનું ખોરાકી દ્રવ્ય, જેને વનસ્પતિ સીધું જ શોષી લે છે. **n. toxicity.** ખોરાકી તત્ત્વો વધારે પ્રમાણમાં આપવાથી વનસ્પતિને થતી હાનિકારક અસર, જેના પરિણામે વનસ્પતિનો લીલો રંગ ઊડી જાય છે, લીંબુ જેવાં ખટમધુરાં ફળોનાં પાન ખરી પડે છે, બીટનાં મૂળમાં કોહવાટ થાય છે, ટમેટાંના પ્રકાંડ સોનેરી બને છે. આવી વિવિધ પ્રકારની અસરો આવી વનસ્પતિ પર પડે છે. **nutriments.** વનસ્પતિ અને વનસ્પતિ જીવનનાં વૃદ્ધિ અને વિકાસ પ્રેરનાર દ્રવ્યો. **nutrition.** પોષણ; ખાદ્ય પદાર્થોનું પ્રાણી અને વનસ્પતિ દ્વારા અંતર્ગ્રહણ, પાચન અને સમાંગીકરણ. **nutritional** પોષણ અંગેનું **n. requirements.** પોષણ માટેની આવશ્યકતાઓ. **n. roup.** ખોરાકમાં પ્રજીવકોની ઊણપથી મરઘાં–બતકાંને થતા રોગનો એક પ્રકાર, જેના પરિણામે આ પ્રાણીઓ લંગડાય છે. અડબડિયાં ખાય છે, નાક અને આંખમાંથી ચીકણો સ્રાવ કરે છે અને આંખની આગળ સોજો ચડે છે. **n. status.** પોષણ અંગેની સ્થિતિ. **nutritionist.** પોષણવિદ્. **nutritive.** પોષક, ખોરાકની ગરજ સારનાર, ખોરાકી દ્રવ્ય, જેને પોષણની સાથે સંબંધ છે. **n. ratio.** પોષક ગુણોત્તર, જેને નાઈટ્રોજનીય ગુણોત્તર કે એક્બ્યુમીનોઈડ ગુણોત્તર પણ કહે છે. કોઈ ખોરાકી દ્રવ્યનું મેદીય ઘટક, સ્ટાર્ચ એટલે કાંજીમાં પરિવર્તન પામે અને અપ્રોટીનની સામે પ્રોટીન પોષક દ્રવ્યોની સમતુલ્ય સ્થપાય તે રીતે, આ મેદીય ઘટકને 2.25 ગુણવાથી આવતો ગુણોત્તર. આ ગુણોત્તર પ્રાણી કે વનસ્પતિના દેહના ઘડતર માટે ખોરાકનાં શક્તિ મૂલ્યનો ગુણોત્તર દર્શાવે છે. પચાવી શકાય તેવા ખોરાકનાં પ્રોટીન અને બિન–પ્રોટીન ઘટકો વચ્ચેનો ગુણોત્તર. **n. value.** પોષણનું મૂલ્ય; પશુને પ્રોષણ આપે તેવી ખોરાકની સાપેક્ષ શક્તિ, જે 'ઉચ્ચ' કે 'નિમ્ન' એ રીતે ગણાય છે. **nutro-biscuit.** ઘઉંના લોટ કે મેદાની સાથે 40 ટકા મગફળીનો ભૂકો મિશ્ર કરીને બનાવવામાં આવતા બિસ્કીટ, આમાં પ્રોટીનનું પ્રમાણ વધે છે.

**nux vomica** ઝેર કચોલું; *Strychnos nuxvomica* **L.** નામનું બિહાર, ઓરિસા, આન્ધ્રપ્રદેશ અને તામિલનાડુમાં થતું વૃક્ષ. (૨) આ વૃક્ષનાં સુકાયેલાં ફળમાં સ્ટ્રિક્નીન નામનું ઝેરી દ્રવ્ય હોય છે, જે પ્રવાહી તત્ત્વ તરીકે કડવા ટૉનિક અને ચેતાની ઉત્તેજના માટે ઉપયોગમાં લેવામાં આવે છે. પીણાંને માદક બનાવવા તેમાં ઝેર કચોળાને ઉમેરવામાં આવે છે. **n.v. tincture** ઝેર કચોળામાંથી બનાવવામાં આવતું ટિંકચર.

**nyagrodha.** ન્યગ્રોધ નામનું વૃક્ષ, વડ.

**nyctalopia.** નિશાંધતા, રતાંધતા; સૂર્યાસ્ત પછી જોવાની શક્તિનો થતો અંશતઃ લોપ; જુઓ *night blindness.*

**Nyctanthes** *arbor-tristis* **L.** પારિજાતક.

**nyctitropic movement sleep.** સ્વપ્નગતિ.

**nymph.** અર્ભક; જંતુના જીવનની એક અવસ્થા, જે ઈતડી જેવા સ્વરૂપની હોય છે; ફૂટતી પાંખવાળાં જંતુ; પુખ્તતા પહેલાંની અવસ્થા, કીટ શિશુ.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**Nymphaea** *alba* **L.** સફેદ પોયણું; જે જલજ વનસ્પતિ છે, જેનાં મૂળ ખવાય છે અને જે કાશ્મીરમાં થાય છે. **N.** *esculenta* **Roxb.** સફેદ કમળ, જે પાણી પર તરતું જોવામાં આવે છે, જેનાં કંદ અને બી ખાવાના કામમાં આવે છે. **N.** *lotus.* પોયણું, કમળ. **N.** *nelumbo* **L.** કમળ, જેનાં મૂળ, બી અને કુમળાં પાન ખવાય છે. **N.** *nouchali* **Burm f.** [Syn. *N. lotus* **Hook f.**; *N. lotus* var. *pubescens* **Hook f. Thoms.**]. કમળ કાકડી; તરલ, શોભાની વનસ્પતિ, જેનાં મૂળ અને ફલ ખાદ્ય છે. **N.** *pygmaea.* ઝીણકા કમળ નામની વનસ્પતિ. **N.** *stellata* **Willd.** નીલકમળ; જેનાં મૂળ અને બી ખવાય છે.

**Nymphoides.** *indicum* **(L.) O. Kuntze** [Syn. *Limnanthemum indicum* **Griseb.**]. શાકીય વનસ્પતિનો પ્રકાર જે તાવ અને કમળામાં ઉપયોગી બને છે.

**nymphomania.** સ્ત્રીઓમાં સંભોગ માટે થતી અત્યંત કામેચ્છા; મોટા ભાગે વંધ્ય પ્રાણીમાં આવા પ્રકારની ઇચ્છા જાગે છે.

**Numphula** *depunctalis.* ડાંગરનું જંતુ.

# O

**oak.** ઓક; *Quercus incana* **Roxb.** નામનું મધ્યમથી મોટા કદનું પાનખર, વિશાળ શાખાવાળું, ગોળ ઘટા ધરાવતું, 1,220થી 2,440 ફુટની ઊંચાઈ ધરાવતું વૃક્ષ. તે હિમ સહન કરે છે, તેને બી વાવીને, અથવા ધરુ રોપીને ઉગાડી શકાય છે, તેનાં પાનનો ચારો અને ખાતર બને છે અને તેનાં હળ અને કોલસા બનાવવામાં આવે છે.

**oat.** ઓટ, જવ. **o. meal.** ઓટનાં છોડા કાઢી, તેને ઉકાળી, વાટીને બનાવવામાં આવતી ભડકા જેવી વાનગી, જેને નાસ્તા તરીકે ખાવામાં આવે છે. **o. porridge.** ઓટનું ભડકું, **oats.** તૃણકુળનું *Avena sativa* **L.**; *Indian oats A. sterilis* **L.** Var. *culta.* નામનું મૂળ સમશીતોષ્ણ પ્રદેશનું ભારતમાં પણ થતું, તેલી અને ખનિજ દ્રવ્યના કારણે ઉપયોગી બનતું ધાન્ય. તેમાં લોહ હોઈ, તેની સવિશેષ અગત્ય છે. મુખ્યત્વે આ ધાન્ય ઘાસચારા માટે વાવવામાં આવે છે અને ક્યાંક ક્યાંક અનાજ મેળવવા માટે પણ તેને ઉગાડવામાં આવે છે. દુગ્ધ પેદાશની સાથે તેનો ખોરાકમાં સમાવેશ કરવામાં આવે છે. તેમાં તંતુનું પ્રમાણ અન્ય ધાન્યોની તુલનામાં વિશેષ હોઈ તેનું ખાદ્યમૂલ્ય ઓછું ગણવામાં આવે છે. ઘોડા તથા દૂધાળાં ઢોરને માટે તે સારુ ગણાય છે. તેનું ભડકુ–*oat porridge* કે *oat meal* બનાવવામાં આવે છે. તેનો પાક મુખ્યતે ઉત્તર પ્રદેશના પશ્ચિમ વિસ્તારો અને પંજાબમાં થાય છે. બધાજ પ્રકારની જમીનો તેને માફક આવે છે. પણ પાણીનો સારો નિકાલ ધરાવતી, જમીનમાં તેને રવિપાક તરીકે ઉગાડવામાં આવે છે. **o. covered smut.** *Ustilago kolleri* **Wille.** નામની ફૂગથી ઓટને થતો અંગારિયાનો રોગ. **o. leaf blotch.** *Heminthosporium avanae.* નામના જંતુથી ઓટને થતો એક રોગ. **o. loose smut.** *Ustilago avenae* થી ઓટને થતો એક રોગ, જેમાં ઓટના દાણાનો ભૂકો થઈ જાય છે. **o. stem rust.** *Puccinia graminis avenae.* નામના જંતુથી ઓટને થતો ગેરુનો રોગ. **o. straw.** પાકા ઓટના છોડ-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માંથી દાણા કાઢી લીધા પછી શેષ રહેતાં તેનાં સૂકાં પાન અને સાંઠામાં અન્ય પ્રકારના ધાન્યનાં પાન અને સાંઠા કરતાં ઊંચા પ્રકારનું ખોરાકી મૂલ્ય હોય છે.

**obcordate.** ટોચની ઉપર ખાંચ હોય તેવું હૃદયાકાર.

**oberea** *brevis*. સોયાબીનના પ્રકાંડને કોરતો એક પ્રકારનો કીટ.

**obdiplostemanous.** પ્રતિદ્વિપુંકેસરી.

**oblanceolate.** પ્રતિભાલાકાર.

**oblate.** બંને ધ્રુવો તરફ ચપટું ગોળાકાર. (૨) લગભગ ગોળાકાર.

**obligate.** અનિવાર્ય, વિશિષ્ટ પ્રકારની દેહધર્મીય પ્રવૃત્તિને સીમિત; જીવન કે કાર્યની રીતે સીમિત, અવિકલ્પી. (૨) યજમાન નથી સ્વતંત્ર રીતે જીવી ન શકનાર (પરજીવી). **o. aerobe.** નિયત–અવિકલ્પી વાયુ જીવ. **o. anaerobe.** અવિકલ્પી અવાયુજીવ. **o. parasite.** સદા પરજીવી, અનિવાર્ય અપરજીવી; જીવંત યજમાન કે પોષક વિના જીવી ન શકનાર પરજીવી. **o. saprobe.** અવિકલ્પી મૃતજીવી. **o. saprophytes.** જીવંત કોષની સાથે સંબંધ ધરાવતા ન હોય તેવા સૂક્ષ્મ સજીવો, જે મૃત કાર્બનિક પેશીઓ અથવા પ્રાપ્ત અકાર્બનિક દ્રવ્યો મારફતે પોષણ મેળવતા હોય છે. **o. symbiont.** અવિકલ્પી સહજીવી. **o. symbiosis.** અનિવાર્ય સહજીવન. **obligatory aerobic.** અવિકલ્પી–અનિવાર્ય વાયુજીવી. **o. anaerovic.** અવિકલ્પી – અનિવાર્ય અવાયુજીવી.

**oblique.** તિર્યક, ત્રાંસુ, વિષમાકાર. **o. arrangement.** તિર્યક વિન્યાસ. **o. inflorescence.** તિર્યક પુષ્પવિન્યાસ.

**obliteration.** અભિલોપન, વિલોપન; રદ કરવું તે.

**oblong.** દીર્ઘગોળ, લંબગોળ, અંડાકાર.

**obnoxious.** હાનિકારક; ઘૃણાજનક. **o. weed.** દૂધાળાં ઢોરના ખાવામાં આવતી એવી વનસ્પતિ, જેના કારણે ખાનારનું દૂધ ખરાબ વાસ મારે.

**obovate.** વ્યસ્ત અંડાકાર, પ્રતિઅંડાકાર, ટોચ તરફ પહોળા અંત્યભાગવાળું.

**observation.** પ્રેક્ષણ, નિરીક્ષણ, અવલોકન.

**observatory.** વેધશાળા.

**obsolescent.** કાળગ્રસ્ત (બનતું), બિન ઉપયોગી (બનતું).

**obstretric double hook.** માદા ઢોરને પ્રસવ કરાવવા ઉપયોગમાં લેવામાં આવતો બેવડો અંકોડો. **o. instrument.** પ્રસવ કરાવવા અંગેનું ઉપકરણ. **obstretrics.** પ્રસૂતિ વિજ્ઞાન, પ્રસૂતિતંત્ર. (૨) પશુચિકિત્સા વિજ્ઞાનની બચ્ચાંના જન્મ અને ગર્ભિણી માદાની સારવારનું વિજ્ઞાન.

**obtuse.** કુંઠાગ્ર, કુંઠિન અગ્ર; બૂઠા કે વળેલા છેડાવાળું, આવા છેડા ધરાવતું (પાન).

**obverse.** ટોચ કરતાં સાંકડું (તળિયું.).

**obvolute.** અતિવ્યાપક, એક બીજાની ઉપર છવાયેલું.

**occipital bone.** પશ્ચકપાલાસ્થિ, પશ્ચશીર્ષાસ્થિ. **occiput.** શીર્ષ–માથાનો પાછલો ભાગ, પશ્ચકપાલ, અનુકપાલ.

**occlude.** અટકાવવું, બંધ કરવું, આડે આવવું; શોષવું અને જાળવી રાખવું. **occlusion.** અધિધારણ, સંરોધ, રુકાવટ. (૨) ઝાડને કાપીને કે તેના કાર્ય–અંગને તોડીને થતા ઘાને બંધ કરવો કે તે રુઝાવવાની પ્રક્રિયા કરવી. (૩) રંધ્ર કે વાહિનીને બંધ કરવી તે.

**occupancy (of land).** (જમીનનો) ભોગવટો, (જમીનનો) ધારણાધિકાર. **o. rights.** ભોગાધિકાર, ભોગવટાનો અધિકાર, ધારણાધિકાર, **o. tenant.** ભોગવટો-ધારણાધિકાર ધરાવતો ગણોતિયો. **occupation.** અધિભોગ, ભોગવટો. (૨) વ્યવસાય, ધંધો.

**ocellus.** નિમ્નકક્ષાનાં પ્રાણીઓની સરળ આંખ. (૨) ઘણાં જંતુઓ તથા માછલીઓમાં જોવામાં આવતું આંખ જેવું ચિહ્ન

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૩) પ્રકાશગ્રહણ કરવાની ક્ષમતા ધરાવતા પર્ણના અધિચર્મનો મોટો કોષ.

**Ochlandra** *travancorica* **Benth. (Bedd.) ex Gamble.** હાથીઘાસ નામની કાષ્ઠીય વનસ્પતિ, જે પશ્ચિમ ઘાટ અને ત્રાવણકોરમાં થાય છે અને જેનો ઉપયોગ કાગળ બનાવવા માટે થાય છે.

**Ochna** *squrrosa* **L.** કનકચંપો નામનો શોભા માટે વાવવામાં આવતો છોડ.

**ochreaceous.** પરિવેષ્ટક. **o. stipule.** પરિવેષ્ટક ઉપપર્ણ.

**Ochrocarpus** *longifolious* **(Wight) Benth & Hook.** રાતું નાગકેસર નામનું દ. ભારતમાં થતું એક ઝાડ, જેનાં ફળ ખાદ્ય છે અને જેની સૂકી પુષ્પ મંજરીમાંથી લાલ રંગ મળે છે, જે રેશમ રંગવા માટે ઉપયોગી છે.

**Ochroma** *lagopus* **Sw.** તામિલનાડુમાં થતું એક ઝાડ, જેનું કાષ્ઠ રેફ્રિજરેટરો અને વિમાનોમાં અવાહક તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે.

**Ocimum** *americanum*. **L.** કૃષ્ણ તુલસી નામની વનસ્પતિ. **O.** *basilicum* **L.** વનતુલસી, મરવો, સબ્જો ડમરો; ભારતભરમાં ઉગાડવામાં આવતો શોભાનો છોડ, જેનાં પાન સુવાસ આપવા માટે ઉપયોગમાં આવે છે, અને બી મરડા અને દીર્ઘકાલીન અતિસારમાં ઉપયોગી બને છે. **O.** *canum* **Sims.** કૃષ્ણતુલસી, તકમરિયાં. **O.** *gratissimum* **L.** આવચી – બાવચી, તકમરિયાં; નામની શોભા માટેની વનસ્પતિ, જેને મચ્છરને ભગાડવા માટે ખપમાં લેવામાં આવે છે અને મચ્છરના જૈવ નિયંત્રણ માટે આ વનસ્પતિને વાવવાની ભલામણ કરવામાં આવે છે. **O.** *kilimandscharicum* **Guerke.** કપૂર તુલસી; જેનાં પાનમાંથી કપૂર બનાવવામાં આવે છે. પશ્ચિમ બંગાળ, આસામ તામિલનાડુ અને દહેરાદૂનમાં નાના પાયા પર તેને વાવવામાં આવે છે. **O.** *sanctum* **L.** તુલસી, પવિત્ર મનાતો તુલસીનો છોડ. **O.** *lectarius* **Soland.** કામકસ્તૂરી નામનો છોડ, જેનાં પાન દાદર પર કામમાં આવે છે, કાનના દુખાવા, પરમિયો અને દીર્ઘકાલીન અતિસારમાં ઔષધ તરીકે પણ તેને ઉપયોગમાં લેવામાં આવે છે.

**octa-.** આઠ, અષ્ટ અર્થસૂચક પૂર્વગ

**octagynous.** અષ્ટ સ્ત્રીકેસરીયુક્ત. **octamerons.** અષ્ટભાગી, અષ્ટાવયવી, અષ્ટદલકી. **octandrous.** અષ્ટપુંકેસરયુક્ત. **octant.** અષ્ટમ. **o. stage.** અષ્ટમ અવસ્થા. **octastichous.** અષ્ટ પંક્તિક.

**octroi** નગર શુલ્ક, શહેર કે નગરમાં પ્રવેશતી ચીજ-વસ્તુઓ પર લેવામાં આવતો વેરો. (૨) આવો વેરો લેવામાં આવતો હોય તે સ્થાન.

**ocular.** આંખ કે દૃષ્ટિને લગતું, દૃશ્ય, ચાક્ષુષ **o. lymphomatosis.** પક્ષીની આંખની કીકીમાં રંજક દ્રવ્યનો અભાવ, પરિણામે આવું પક્ષી નજર ગુમાવી દે છે.

**odd.** વિષમ. (૨) એક. **o. number.** વિષમ સંખ્યા. (૨) એકી સંખ્યા. **o. pinnate.** વિષમ પક્ષવત્.

**Odina** *wodier*. **Roxb.** મવેડો– નામનું ભારતભરમાં થતું એક વૃક્ષ, જેનાં કુમળાં પાન ભાતની સાથે ખાવામાં આવે છે, જેના કાષ્ઠના માવા કાગળના બનાવવામાં આવે છે, પ્રકાંડની છાલને છેદીને તેથી મળતા ગુંદરનો ઉપયોગ મીઠાઈ બનાવવા માટે થાય છે, અને તેના ચીકણા દ્રવ્યનો શાહી બનાવવા માટે ઉપયોગ થાય છે.

**Odioporus** *longicollis* **Ol.** નામનું કેળનો પ્રકાંડને કોરતો કીટ, જેની ક્રિયાથી કેળ કરમાઈ જાય છે.

**odonata.** વાણિયા નામના જંતુઓની શ્રેણી.

**odontomata.** સામાન્ય રીતે દાંત પેદા કરતી પેશી પર થતો અર્બુદ.

**Odontotermes** *assumathi*. શેરડીની કળીમાં થતી ઊધઈ. **O.** *obesus*. શેરડીની

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઊધઈ. **O.** *taprobanes* **Wlk.** શેરડીમાં પડતી ઊધઈ.

**odoriferous.** સુવાસિત, સુવાસ પ્રસરાવનાર. **odour.** સારી કે નરસી વાસ.

**oecology. ecology.** પરિસ્થિતિ વિજ્ઞાન. (૨) જીવંત સજીવોના તેમનાં પર્યાવરણો સાથેના સંબંધો, ટેવ ઇ. અંગેની જીવ વિજ્ઞાનની એક શાખા.

**oecophylla** *amaragdina* **Fabr.** લાલ કીડી, સિંદૂરિયા કીડી.

**oedema** સોજો, શોથ. (૨) લોહી અને લસિકાના પાણીની પેશીના લસિકા અવકાશમાં થતી અસાધારણ જમાવટ. (૩) અતિશય પાણીનું શોષણ કરવાથી વનસ્પતિમાં આવતો અસાધારણ સોજો. (૪) એક પ્રકારનું જલંદર. **o. of the udder.** આંચળ પર થતો સોજો. **oedematous.** સોજાવાળું.

**oenanthe** *javanica* (**Blume**) **DC.** [Syn. *O. stolonifera* **DC.**). એક દીર્ઘાયુ છોડ, જે સામાન્ય રીતે કાશ્મીર, પંજાબ અને આસામમાં થાય છે, જેના કુમળા પ્રરોહ મસાલા તરીકે ઉપયોગમાં આવે છે.

**Oesophagostomum** *asperum.* ઘેટાં અને બકરાંના આંતરડામાં પડતાં કૃમિ. **O.** *brevicandum.* ડુક્કરનાં આંતરડામાં પડતાં કૃમિ. **O.** *columbianum.* ઘેટાં અને બકરાંનાં આંતરડામાં પડતાં કૃમિ. **O.** *dentatum.* ડુક્કરનાં આંતરડામાં પડતાં કૃમિ. **O.** *radiatum.* ઢોરનાં આંતરડાંમાં પડતાં કૃમિ. **O.** *venulosum.* ઘેટાં અને બકરાંનાં આંતરડામાં પડતા કૃમિ.

**oesophageal.** અન્નમાર્ગીય, અન્નનળીય, અન્નનળી કે અન્નમાર્ગનું – ને લગતું. **oesophagus.** અન્નમાર્ગ. અન્નનળી; ગ્રસની અને જઠરની વચ્ચે રહેલો પાચન માર્ગનો એક ભાગ.

**oesteofibrosis.** કેલ્શિયમ લવણની ઊણપના કારણે શરીરમાં નીપજતો પ્રાણીઓનાં હાડકાં બરડ થઈ જાય તેવા રોગનો એક પ્રકાર; અસ્થિ તંતુભવન.

**Oestridae.** ષટ્પાદ જંતુનુ કુળ, જેમાં બોટ માખ, અશ્વબોટ, માથાનાં પાંખ વિનાનાં ડિમ્ભ, ઊંટમાં પડતું બોટ જંતુ ઈ.નો સમાવેશ થાય છે; જેનાં ડિમ્ભ ઢોર, ઘેટાં, ઊંટ અને ઘોડાને ભારે હાનિ પહોંચાડે છે.

**oestrogen.** ગાયનો એક અંતઃસ્રાવ, જે તેનામાં કામેચ્છાનો મદ કે કામોષ્માને જાગ્રત કરે છે, અને સીધી કે આડકતરી રીતે દુગ્ધોત્પાદક પેશીમાં કંકિલ વિકાસ માટે જવાબદાર બને છે અને દુગ્ધોત્પાદક અંતઃસ્રાવ પેદા કરે છે. **oestrogenic hormones.** **oestrogen** નામનો ગાયોમાં મદ અથવા કામોષ્મા પેદાકરનાર ત્રણ અંતઃસ્રાવોનો સમૂહ; એકને પ્રસ્થગ્રંથિ પેદા કરે છે, બીજા બેને અંડાશયમાં રહેલું *corpus luteum* (એક નલિકારહિત ગ્રંથિ) અને જરાયુ પેદા કરે છે. **oestrum** મદકાલ, મદચક્ર, કામોષ્માનો સમય. **oestrus.** મદ, કામોષ્મા; નરની સાથે સંભોગ કરવા માટે માદામાં જાગ્રત બનતી ઇચ્છાના પરિણામે તેનામાં આવતી એક પ્રકારની ગરમી, ઋતુકાળ. **o., mono** વાર્ષિક મદકાળ. **o., seasonal** મોસમી મદકાળ, ચોક્કસ સમયમાં માદામાં જાગતી કામેચ્છાની ગરમી. **o. cycle.** મદચક્ર.**o-period.** મદકાળ.

**Oestrus ovis.** ઘેટાં બકરાંનાં નસકોરાંમાં ડિમ્ભ મૂકતી માખની એક જાતિ. આ ડિમ્ભ નસકોરાં વાટે શરીરમાં આગળ વધે છે.

**offal.** કસાઈખાનાનો કચરો; કતલ કરેલા પ્રાણીનાં પાચનમાર્ગ, ફેફસાં, પગ ઇ. જેવાં અખાદ્ય ભાગ. (૨) અનાજને છડયા પછી શેષ રહેતી છોડાં, કુશકીકોરમા જેવી આડપેદાશ. (૩) કચરો, એંઠવાડ. (૪) તળિયે જામતો અથવા એકઠો થતો કચરો.

**off- centre.** ઈંડાના કેન્દ્રની ઉપર, નીચે કે બાજુએ આવેલી (જરદી).

**off-feed.** સાધારણ ખોરાક લેવાની પ્રાણીને ગમે તે કારણસર થતી અનિચ્છા.

**off-season.** વર્ષની ઋતુ, જ્યારે સાધારણ રીતે પાક પાકતો નથી કે થઈ શકતો નથી.

**offset.** ભૂસ્તરી પ્રશાખા. (૨) વાનસ્પતિક

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રજનન માટે સાધનરૂપ બનતો પાર્શ્વ ફણગો.

**off-shoot.** પ્રશાખા, પાર્શ્વપ્રકાંડ.

**off-spring.** સંતાન, સંતતિ, ફરજંદ. (૨) પરિણામ.

**off-type.** વનસ્પતિ કે પ્રાણીના સાધારણ પ્રકારમાં જણાતું વિપથન. **o.t. strain.** પ્રરૂપ બહારનો પ્રકાર.

**off-year.** એકાંતર ફળતાં છોડ ફળે નહિ તે વર્ષ.

**Ohm.** ઓહમ, વીજ અવરોધનો એકમ.

**Oidiopsis sp.** કપાસના છોડનો એક રોગ.

**Oidium cell.** કણવાવસ્થા કોષ. **O.** *erysiphoides*. શણનો રોગકારક કીટ. **O.** *heveae* **Steinm.** રબરનો રોગ કારી કીટ. **O.** *mangiferae* **Bodhet** આંબાનો રોગકારી કીટ. **O.** *tingitanium* **Carter.** ખટમધુરા ફળોમાં રોગ કરનાર જંતુ.

**oil.** તેલ; પાણી કરતાં હલકું પણ તેમાં અદ્રાવ્ય અને સહેલઈથી બળતું, કાર્બન અને હાઇડ્રોજનવાળું મેદીય ચીકણું પ્રવાહી. તે શ્યાન, સળગી ઊઠે તેવું, રાસાયણિક રીતે તટસ્થ, ઈથર અને આલ્કોહોલમાં દ્રાવ્ય છે. પ્રાણી કે વનસ્પતિનું સ્થિર કે મેદીય તેલ, ચીકણા અને આસવન થઈ ન શકે તેવું હોય છે. શુષ્કન તેલને વાર્નિશમાં ખુલ્લું રાખવાથી સખત બને છે, જ્યારે બિનશુષ્કન તેલ ખુલ્લું રાખવાથી આથવણ કરે છે અને તે ઊંજણ, દીવાબત્તી અને સાબુ બનાવવામાં ઉપયોગમાં લેવામાં આવે છે, અર્ક કે બાષ્પશીલ તેલ મોટા ભાગે વાનસ્પતિક હોય છે અને તેને નિસ્યંદિત કરી શકાય છે. તે તીખો અને કડવો સ્વાદ ધરાવે છે અને સુગંધી દ્રવ્યો, ઔષધો બનાવવાના કામમાં આવે છે. **o. base,** આધાર દ્રવ્ય તરીકે અથવા વિષ કે જંતુઘ્ન છાંટવાના વાહક તરીકે ઉપયોગી બનતું તેલ. **o.-bearing crops.** સોયાબીન, ભોંયસિંગ, કપાસિયા, અળશી ઇ. જેવાં તેમાં રહેલા તેલી દ્રવ્ય માટે ઉગાડવામાં આવતા પાક, તેલીબિયાંનો પાક. **o. cake.** ખોળ; જેમ કે ભોંયસિંગ કે અળશીને ખોળ. તેલ કાઢી લીધા બાદ દબાયેલા શેષ રહેવા પામતા તેલીબીના ખોળમાં નાઈટ્રોજન ઉપરાંત ફોસ્ફોરિક એસિડ, પોટાશ અને કાર્બનિક દ્રવ્યો હોય છે, તેમાં 2થી 3 ટકા તેલ રહી જવા પામે છે પણ તેથી ખાતર તરીકેનો તેનો ગુણ ચાલી જતો નથી. લીંબોળી, મહુડા, કરંજ જેવાં અખાદ્ય બીના ખોળને રાસાયણિક ખાતરોની સાથે ખાતર તરીકે ઉપયોગ કરવાની ભલામણ કરવામાં આવે છે. **o. cell.** વિશિષ્ટીકૃત અને વિસ્તૃત બનાવેલાં મૃદૂતક કોષ અથવા કિરણકોષ, જેમાંથી તેલ સ્રવે છે. **o. crusher.** તેલીબિયાંને પીલીને તેલ કાઢનાર યંત્ર. **o. engine.** તેલચાલિત એન્જિન. **o. gland.** પક્ષીનાં પૂંછડામાં આવેલી તૈલગ્રંથિ, જેના સ્રાવનો ઉપયોગ પક્ષી તેનાં પીંછાંને સાફ રાખવા માટે કરે છે, આ રીતે પીંછાંને તેલ મળી રહેતું હોઈ, પીંછાં પર પડતું પાણી સહેલાઈથી સરકી જઈ શકે છે. **o. globule.** તૈલ બિંદુ. **o. meal.** ખોળને દળીને તેનો બનાવેલો ભૂકો અથવા લોટ. **o. of chaulmoogra.** ચૌલ-મૂગ્રાનું તેલ, જેને રક્તપિત્તમાં ઔષધ તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે. **o. of chenopodium.** વમંસીડનું તેલ **o. of lemon.** લીંબુની છાલમાંથી કાઢવામાં આવતું તેલ, જેનો ઉપયોગ સેંડમ આપવા તથા સુગંધી દ્રવ્યોની બનાવટમાં થાય છે. **o. palm.** *Elaeis guineensis* **Jacq.** નામનું મૂળ પ. આફ્રિકાનું પણ અહીં કેરળમાં થતું ઝાડ, જેના કાષ્ઠફળનું તેલ સાબુ, માર્ગેરીન બનાવવા તથા બળતણ તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે. **o.s. and fats.** ખોરાક અને ખાદ્ય પદાર્થોમાં રહેલાં ગ્લિસરોલ અને મેદીય એસિડોનાં એસ્ટર, આ પૈકીનાં તેલ ઓરડાના ઉષ્ણતામાનમાં પ્રવાહી અવસ્થામાં હોય છે. **o. spray.** ઇમલ્શન તેલની સાથે ભેળવેલા ઝેરવાળા સ્પર્શીય જંતુઘ્ન દ્રવ્યનો છંટકાવ. **o. terpene.** ટર્પેન્ટાઈનનું તેલ.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ointment.** મલમ.

**Okhar.** *Leea edgeworthii* **Santapu** (*Leea aspera* **Edg non Wall**). નામનો હિંદીમાં કુમલી તરીકે ઓળખાતા વાયવ્ય હિમાલયમાં થતો ખાદ્ય ફળનો ક્ષુપ.

**okra.** ભીંડા.

**olak.** ઉલટકંબલ નામનું *Abroma augusta* **L.f.** નામનું નાનું ઝાડ, જેની છાલના રેસાનાં દોરડાં બનાવવામાં આવે છે.

**Oldenlandia** *corymbosa* **L.** પિત્ત પાપડો. **O.** *herbacea* (**L.**) **Roxb.** પરિપટ નામની વનસ્પતિ. **O.** *umbellata* **L.** સાયા નામની ઓરિસા, પ. બંગાળ અને આસામમાં થતી દીર્ઘાયુ વનસ્પતિ, જેના કુમળા પ્રરોહનો ઉપયોગ મસાલા તરીકે કરવામાં આવે છે.

**old wood** ઓછામાં ઓછા એક વર્ષની વય ધરાવતી, કાષ્ઠીય વનસ્પતિની શાખા.

**Oleaceae.** જાત્યાદિ વર્ગની વનસ્પતિઓનો સમૂહ.

**Olea** *europaea* **L.** જૈતુન, ઓલિવ નામનું, મૂળ ભૂમધ્ય સમુદ્રના પ્રદેશોનું પણ અહીં ઉ. ભારતમાં થતું ખાદ્ય ફળનું ઝાડ. **O.** *ferruginea* **Royle.** કાઉ નામનું ભારતીય ઓલિવનું ઝાડ, મોટા ભાગે તે પ. હિમાલયમાં થાય છે; તેના કાષ્ઠના બોલ, હથોડી અને લાકડીઓ બનાવવામાં આવે છે. **O.** *fragrans* **Thunb.** શોભાનો ક્ષુપ. **olivaceous.** ઓલિવ જેવું હરિત લીલા રંગનું. **olivary.** ઓલિવ-આકારનું, અંડકાર. **olive.** જૈતુન, ઓલિવ; **Olea** *europeae* **L.** નામનું સાંકડાં પાન, સફેદ નાનાં ફળ, સખત ઠળિયાવાળું સદાહરિત ઝાડ; જેનાં ફળ કડવો સ્વાદ ધરાવે છે, જેમાંથી તેલ કાઢવામાં આવે છે, જે ખાદ્ય છે. આ ઝાડનું મૂળ વતન ભૂમધ્ય સમુદ્રના પ્રદેશો છે પણ હવે અહીં તેને ઉત્તર ભારતમાં ઉગાડવામાં આવે છે. **o-oil.** જૈતુનનું તેલ, ઓલિવ ઝાડનાં ફળમાંથી કાઢવામાં આવતું ખાવાના ઉપયોગમાં લેવામાં આવતું તેલ, આ તેલમાં ઓલિક, પામિટિન, થોડુંક સ્ટીઅરિન અને લિનોલીન આવેલાં છે. **o. tree.** ઓલિવનું ઝાડ.

**Oleaginous.** તૈલી દ્રવ્યો ધરાવતું કે તેલ પેદા કરતું, તૈલી, મેદીય, ચીકણું

**Oleaster.** રૂદ્રાક્ષ વર્ગનું *Elaeagnus augustifolia* **L.** [*E. hostensis* **Bieb.**]. નામનો પ. હિમાલય અને કાશ્મીરમાં થતો ક્ષુપ કે નાનું ઝાડ, જેમાં ફળ ખાદ્ય છે.

**oleic acid.** તીખો સ્વાદ ધરાવતું, મોટા ભાગની, ચરબીમાં જોવામાં આવતું રંગ વિનાનું તૈલી પ્રવાહી, જેને સાબુ બનાવવાના ઉપયોગમાં લેવામાં આવે છે. **olein.** મોટા ભાગની ચરબી અને મિશ્ર તેલોમાં જોવામાં આવતું રંગ વિનાનું ગ્લિસરીન કે ઓલીક એસિડનું તૈલી સંયોજન.

**Olenecambtus** *biolobus* **Fab.** અંજીરમાં પડતું એક પ્રકારનું જંતુ

**oleoresins.** બાષ્પશીલ તેલો અને રેઝિનો – રાળોનું મિશ્રણ.

**olericulture.** વનસ્પતિ સંવર્ધન.

**oleum morrhuae.** કોડ નામની માછલીના યકૃતમાંથી કાઢવામાં આવતું તેલ, કોડલિવર ઓઇલ.

**olfaction.** ઘ્રાણ, ઘ્રાણેંદ્રિય. **olfactory.** ઘ્રાણને લગતું, ઘ્રાણેંદ્રિયને લગતું. **o. lobe.** ઘ્રાણપિંડ.

**Oligonychus** *indicus*. શેરડીમાં પડતી ઈતડી.

**oligophagus parasite.** ગાઢ સંબંધ ધરાવતી યજમાન જાતિઓ પર જીવતા પરજીવીઓ

**olitorius** *jute*. *Corchorus olitorius* **L.** નામનાં મીઠાપાટ, કોશતા, છુછ્છે ઈ. નામોથી ઓળખાતાં શણનો એક પ્રકાર. ભારતના શણ પકવતા કુલ વિસ્તારના ચોથા ભાગમાં આ જાતનું શણ થાય છે. પૂરવાળા વિસ્તારમાં તે ઉગાડી શકાતું ન હોઈ, ઊંચા વિસ્તારમાં તેને ઉગાડવામાં આવે છે, તેનાં પાન ખાદ્ય છે. તેના રેસા ઝાંખા રંગના હોય છે.

**olivine.** ફેરોમેગ્નેશિયમ સિલિકેટ, જે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિર્જલ મેગ્નેશિયમ સિલિકેટની સાથે પૃથ્વીના એક ટકા જેટલા પ્રમાણમાં ખનિજરૂપે આવેલું છે.

**omasum.** વાગોળતા સસ્તન પ્રાણીઓનું ત્રીજુ આમાશય, જે ચતુર્થ આમાશય અને દ્વિતીય આમાશયની વચ્ચે આવેલું હોય છે. ગાયના તૃતીય આમાશયમાં સેંકડો ગડીઓ આવેલી હોય છે.

**omelet. omelette.** આમલેટ; ઇંડાનો મસાલેદાર પુડો.

**omentectomy.** જઠરની સાથે સંકળાયેલી એક ત્વચાના થોડા ભાગનું છેદન.

**omentum.** જઠરને અન્ય અંગોની સાથે જોડતી પરિતન ગડી. આ ગડીમાં સંઘરાયેલી ચરબી, વેપારી ધોરણે મળતી ચરબીનો ભાગ હોય છે અને તે ઢોર, ઘેટાં અને ડુક્કરની ગડીઓમાં રહેલી હોય છે.

**omnivora.** સર્વાહારી; વનસ્પતિ અને માંસ એમ બંનેને ખાનાર.

**omphalophlehitis.** જન્મની સાથેજ ડૂંટીમાંથી થતા રક્તસ્રાવનો એક રોગ.

**omum.** અજમો; *Trachyspermum ammi* (L.) **Sprague** (*Curum copticum* **Benth & Hook. f.**; *Sison ammi* **L.**). નામનો ગુજરાત, મધ્યપ્રદેશ, આન્ધ્ર પ્રદેશ, મહારાષ્ટ્ર અને ઉત્તર પ્રદેશમાં થતો વર્ષાયુ છોડ, જેમાંથી ઔષધીય ગુણ ધરાવતું તેલ કાઢવામાં આવે છે, જેનો ઉપયોગ મેન્થોલના સ્થાને કરવામાં આવે છે. તેનામાંથી મળતા અજમાને મસાલા તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે. તે અપચા અને વાયુના રોગની સામે અસરકારક બને છે.

**Onchocera.** *Filariidae* કુળનું હાથીપગારોગના કારક જંતુની પ્રજાતિ, આ જંતુ ઢોર અને ભેંસને હાથીપગાનો રોગ કરે છે. **O.** *armillata.* ઢોર અને ભેંસને લાગુ થતું હાથીપગા રોગનું કારક જંતુ. **O.** *fasciata.* ઊંટને થતા હાથીપગા રોગનું કારક જંતુ. **O.** *gibsoni.* ઢોરને થતા હાથીપગા રોગનું કારક જંતુ. **O.** *indica.* ઢોરને થતા હાથીપગા રોગનુંકારક જંતુ. **O.** *reticulata.* ઘોડાને થતા હાથીપગા રોગનુંકારક જંતુ. **Onchocercosis.** ચામડીની હેઠળ અને કોઈક વાર મહાધમનીની દીવાલમાં તંતુમય ગંડિકા બનાવનાર પ્રાણીઓને લાગુ થતા રોગનો એક પ્રકાર. આ રોગનું કારક *Onchocerca* પ્રજાતિનાં જંતુઓ હોય છે.

**onchosphere.** ઇંડાના કોચલામાં પુરાતા છ અંકુશવાળા કૃમિનું પ્રથમ ડિમ્બ.

**one crop system.** એક પાક લેવાની પદ્ધતિ.

**Ongole.** આન્ધ્ર પ્રદેશના ગંતુર જિલ્લામાં થતું એક ભારવાહી પશુ.

**onion.** કાંદો, ડુંગળી; *Allium cepa* **L.** નામની શાકીય કંદિલ વનસ્પતિ, જેના કંદ ડુંગળી કહેવાય છે અને તે તીખી વાસ અને સ્વાદ, પ્રજીવકો 'બી' અને 'સી', લોહ તથા કેલ્શિયમ ધરાવતો શાકીય કંદ છે, જેમાંથી એલિલ પ્રોફિલડાયસલ્ફાઈડ નામનું બાષ્પશીલ તેલ નીકળે છે, જે તેની તીખી વાસ માટે જવાબદાર હોય છે. આ વનસ્પતિનું મૂળ વતન ભૂમધ્ય સમુદ્રના પ્રદેશો છે અને તેના કંદનો આધાર તેની પક્વતાની અવસ્થા, તેની જમીનનો પ્રકાર, જમીનમાં રહેલો ભેજ, ઉષ્ણતામાન, સંઘરવા માટેના સમયની અવધિ ઇ. પર છે. છોડ દ્વિ-વર્ષાયુ છે. કંદની પાંદડીઓ એક બીજી પર ચડેલી રહે છે. અતિ તાપ કે ઠંડી ન હોય તેવી નરમ મોસમમાં આ પાક સારો ઊગે છે. એક જ જગ્યા પર વર્ષમાં તેના ત્રણ પાક લઈ શકાય છે. **o. leaf blight.** *Alternaria palanduii* **Ayyangar.** અને *A. porri.* નામનાં જંતુથી ડુંગળીને થતો એક રોગ. **o. smut.** *Urocystis cepulae* **Frost.** નામના જંતુથી ડુંગળીના રોપાને લાગુ થતો રોગ. **o. thrip.** ડુંગળીને થતું *Thrips tabaci* **L.** નામનું જંતુ, જેનાં ડિમ્બ અને પુખ્ત જંતુ ડુંગળીનાં નિમ્ન પાનનો રસ ચૂસે છે. ડુંગળી ઉપરાંત આ જંતુ કોબી કોલિફ્લાવર, ટર્નિપ અને કપાસના છોડમાં પણ ઉપદ્રવ કરે છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**Onosma** *echioides* **L.** રતનજોત નામની કુમાંઉ અને કાશ્મીરમાં થતી એક શાકીય વનસ્પતિ, જેનાં મૂળમાંથી લાલ રંગ મળે છે, જે ઊની કાપડ, તેલ અને ચરબીને રંગવા માટે ઉપયોગી છે.

**on the cob.** કવચ વિનાનો મકાઈનો ડોડો. (૨) લીલી, તાજી અને કુમળી મકાઈ, જેને રાંધીને ખાવાના કામમાં લેવામાં આવે છે.

**ontogenesis.** જીવ વિકાસ, જીવ વિકાસવાદ. **ontogeny.** વ્યક્તિવૃત્ત, વ્યક્તિ ઇતિહાસ; જીવ વિકાસ, ભ્રૂણવિદ્યા. (૨) ફલિત અંડથી માંડીને પુખ્તાવસ્થા સુધીના સજીવના વિકાસનો ઇતિહાસ.

**on year.** એકાંતર કે દ્વિવર્ષાયુ વનસ્પતિ, જે વર્ષે ફળ આપે તે વર્ષ.

**onyx.** શેષમણિ; અકીકની સાથે સંબંધ ધરાવતો પણ તેના સ્તરોમાં જુદા જુદા રંગોવાળો એક પ્રકારનો કાચમણિ–ક્વાર્ટ્‌ઝ.

**oo-, o-.** ઈંડું, અંડ અર્થસૂચક પૂર્વગ.

**oocyst.** અંડકોષ્ઠ; પ્રજીવની અંડ જેવી અવસ્થા, જે ચરકની સાથે ઉત્સર્જિત થાય છે; યુગ્મકપુટિકા.

**oocyte-egg-mother cell.** બે સમવિભાજનમાંથી પસાર થતો કોષ, પ્રાથમિક અંડકોષ્ઠ તરીકે અંડકવચ બનાવવા માટે અંડજનન પ્રથમ સમવિભાજન પૂરું થાય તે અગાઉની અવસ્થા અને પ્રથમ સમવિભાજન પૂરું થયા પછીની દ્વિતીય અંડ કોષની અવસ્થા.

**ooecium.** પોલિઝોઆ(બહુજીવ)માં અંડને ફલિત કરવા તથા તેને ગ્રહણ કરવા માટેનો કલી જેવો સંપુટ.

**oogamete.** સ્ત્રીજન્યુ. **oogamous.** સ્ત્રીજન્યુક, વિયુગ્મી; નર અને માદા કોષના સંયુગ્મનથી થતું (પ્રજનન). **oogamy.** સ્ત્રીજન્યુતા, શુક્રાણુ કોષ અને અંડ કોષમાં વિભિન્ન બન્યા હોય તેવા જન્યુઓનું લિંગી પ્રજનન. **oogenesis.** માદા દ્વારા જન્યુકોષ ઉત્પન્ન થવાની પ્રક્રિયા; અંડ જનન, અંડ નિર્માણ અને વિકાસ. **oogonial.** સ્ત્રીજન્યુધાનીય. **o. cell.** સ્ત્રીજન્યુધાનીય કોષ. **o. sorus.** સ્ત્રી જન્યુધાની ગુચ્છ. **oogonium.**(એ.વ.). **oogonia** (બ.વ.). સ્ત્રી જન્યુધાની, અંડધાની; ફૂગ જેવી એકાંગી વનસ્પતિમાં માદા પ્રજનન લિંગી અવયવ. **oogoniophore.** સ્ત્રી જન્યુધાનીધર.

**ookite.** ચલયુગ્મજ.

**oolite.** દાણાદાર ચૂનાનો પથ્થર, જેનો પ્રત્યેક દાણો કાર્બોનેટ ઑફ લાઈમમાં રેતીનો કણ હોય છે.

**Oomras.** મધ્ય પ્રદેશ, ખાનદેશ અને આન્ધ્ર પ્રદેશમાં થતા કપાસનો એક પ્રકાર.

**oophorectomy.** સ્વસ્થ અંડાશય શલ્યક્રિયા.

**Oosikappal.** કોઈમ્બતુરમાં સિગાર માટે ઉપયોગમાં લેવામાં આવતી તમાકુનો એક પ્રકાર, જે ચાવવા માટે પણ ઉપયોગમાં લેવામાં આવે છે.

**oosperm.** ફલિતાંડ કે ફલિત અંડકોષ.

**oosphere.** અંડ, અંડકોષ, અંડગોલ.

**oospore.** અંડકોષ, અંડબીજાણુ, નરજન્યુ સાથેની યુતિબાદનો ફલિત દ્વિકીય કોષકેન્દ્રવાળો અંડકોષ; લિંગી પ્રજનનથી પેદા થતો વિરામી બીજાણુ.

**oostegite.** અંડછાદ.

**ootheca.** અંડકવચ.

**opalescent.** દૂધિયું.

**open.** બેધાપી. (૨) ખુલ્લું, વિવૃત; અનાવૃત. (૩) પ્રાકૃતિક છિદ્ર–વિવર. (૪) બૃહત્ કંકચ. **o. bundle.** વર્ધી પુલ, વિવૃત પૂલ. **o. centre.** ફળઝાડની કરવામાં આવતી એક પ્રકારની માવજત, જેમાં છોડના મુખ્ય પ્રકાંડને ચોક્કસ ઊંચાઈ સુધી વધવા દેવામાં આવે છે, જ્યારે તેને રોપ્યા પછીના એક વર્ષ બાદ તેની ટોચ કાપી તેની પાર્શ્વીય શાખાઓને વધવા દેવામાં આવે છે, જેના પરિણામે છોડ જમીનથી બહુ ઊંચો વધતો નથી પણ તેની શાખાઓ ફેલાય છે. **o. community.** ખુલ્લો – વર્ધમાન વનસ્પતિનો સમાજ – સમુદાય. **o. drainage.** ખુલ્લો જલ-નિકાલ, ખુલ્લી મોરી, ખુલ્લી નીક. **o.**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**end harrow.** ખુલ્લા છેડાની રાંપડી. **o. market.** ખુલ્લું – પ્રતિસ્પર્ધી બજાર. **o. pollinated.** સાધારણ કે કુદરતી રીતે પરાગનયનિત. **o. winter.** હિમ-વર્ષા વિનાનો શિયાળો. **opening.** ઉન્મિલન, દ્વારક.

**Opercullela** *padwickii.* ચણાના મૂળને થતા સડાના રોગ માટે જવાબદાર જંતુ

**opercular cell.** ઢાંકણકોષ. **operculated** ઢાંકણવાળું. (૨) માછલીનું ચૂઈ.

**operculum.** પિધાન, ઢાંકણ. (૨) માછલીની ચૂઈ નો પડદો.

**Operculina** *turpethum* **(L.) Silva-Manso** [Syn. *Ipomoea turpethum* **(L.) R. Br.** નસોતર; જેનું રેઝિન જેવું દ્રવ્ય મૂળની છાલમાંથી કાઢવામાં આવે છે અને જેનો ઉપયોગ જુલાબ લેવા માટે કરવામાં આવે છે.

**Ophicephalus** *marulius.* ૩ ફૂટ સુધી વધતી મ્યુરેલ વર્ગની એક પ્રકારની માછલી. **O.** *punctatus.* એક પ્રકારની માછલી. **O.** *striatus.* દ. ભારતનાં ઘણાં સ્થાનોનાં તળાવમાં થતી માછલીનો પ્રકાર.

**ophthamia.** અક્ષિકોપ, આંખ આવવી. **ophthalmic.** આંખને લગતું, અક્ષિકોપવાળું.

**opiate.** અફીણવાળું કે અફીણમાંથી બનાવેલું ઔષધ. (૨) નિદ્રાપ્રેરક, ઘેન લાવનારું, પીડાહારક, શામક. **opium.** અફીણ, અફીણના છોડનાં ડૂંડાંના રસમાંથી બનાવવામાં આવતું લાલાશ પડતા બદામી રંગનું કડવા સ્વાદવાળું દ્રવ્ય; જે ઉત્તેજનાકારક, ઘેન લાવનારું, માદક તથા પીડાશામક ઔષધ છે. **o. poppy.** અફીણનો છોડ; *Papaver somniferum* **L.** નામનો ઉત્તર પ્રદેશ, પંજાબ, રાજસ્થાન અને મધ્ય પ્રદેશમાં થતો વર્ષાયુ છોડ, જેના કાચા ફળ – ડૂંડામાંથી કાઢવામાં આવતા આક્ષીર રસમાંથી અફીણ બનાવવામાં આવે છે, જેનો ઉપયોગ નિદ્રા પ્રેરવા, નશો કરવા, દર્દ અને પીડા દૂર કરવા શામક તરીકે થાય છે. તેમાંથી મોર્ફીન, કોડીન, નાર્કોટીન જેવા ઘણાં આલ્કેલોઈડ દ્રવ્યો મળે છે. **o. tincture.** અફીણનું ટિંક્ચર.

**Opisthorchidae.** કૂતરાં, બિલાડાં અને ડુક્કરમાં પડતાં જંતુનું કુળ, જેમાં મુખ્યત્વે *Pseudamphistomum truncatum, Opisthorchis noverca* તથા *O. tenuicollis* છે. **Opisthorchis** *noverca.* કૂતરાં, બિલાડાં અને ડુક્કરમાં પડતાં જંતુ **O.** *tenuicollis.* કૂતરાં, બિલાડાં અને ડુક્કરમાં પડતાં જંતુ.

**Oplismenus** *burmanii* **(Retz.) P. Beauv.** એક પ્રકારની વનસ્પતિ.

**Opopanax** *chironium* **Koch.** એક છોડ, જેનાં મૂળમાંથી ઓપોપેનાક્સ નામનો ગુંદર મળે છે, જે સુગંધી દ્રવ્યોમાં ઉપયોગી બને છે.

**oppilate.** રોકવું, અડચણ કરવી.

**opposite.** સંમુખ; પ્રકાંડ પર એક જ તલ પર સામસામે આવેલાં પર્ણો.

**opsonin.** રક્તરસમાં આવેલું એક દ્રવ્ય, જે પ્રતિવિષ તરીકે જીવાણુને કાર્યરત બનાવે છે.

**optic.** દૃષ્ટિવિષયક, આક્ષિક, દૃષ્ટિગત, ચાક્ષુષ, આંખ – નેત્રસંબંધી. (૨) પ્રકાશ સંબંધી. **optical.** (૧) પ્રકાશ પથ પ્રેરિત, પ્રાકાશિક, પ્રકાશીય. (૨) ચાક્ષુષ, આક્ષિક. (૩) નેત્ર વિજ્ઞાન – પ્રકાશ વિજ્ઞાન સંબંધી. (૪) દૃષ્ટિ સાહાયાર્થ (૫) દૃગ્વિદ્યા સંબંધી. **o. activity.** પ્રકાશીય સક્રિયતા. (૨) ચાક્ષુષ સક્રિયતા. **o. illusion.** દૃષ્ટિભ્રમ. **o. system.** પ્રકાશતંત્ર. **o. nerve.** દૃષ્ટિચેતા. **optics.** પ્રકાશ વિજ્ઞાન.

**optimum.** ઇષ્ટતમ. (૨) સજીવના પૂર્ણ વિકાસ માટેનું પર્યાવરણીય અતિ યોગ્ય પ્રમાણ. (૩) સર્વોત્તમ પ્રક્રિયા મેળવી શકાય તેવું સ્થાન – બિંદુ. **o. conditions.** સજીવનાં વૃદ્ધિ અને પ્રજનન માટે આવશ્યક બનતાં પોષણ, પ્રકાશ, ઉષ્ણતામાન

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઇ. સંબંધનું આદર્શ પર્યાવરણ; ઇષ્ટતમ સંજોગો. **o. doze.** ઇષ્ટતમ માત્રા. **o. fruitfulness.** ફળઝાડની અનુકૂળ પરિસ્થિતિ, જેમાં પુષ્કળ પ્રમાણમાં ફલિકાસર્જન થાય છે. **o. pH range.** છોડ તેનો ઉત્તમ ફાલ આપી શકે તેવી તેના **pH**ની મર્યાદા, કેટલાકમાં તે ઓછી હોય તો વળી કેટલાકમાં તે વધારે જોઈએ. **o. size of plot.** જમીનનો ઇષ્ટતમ કદનો પ્લોટ. **o. temperature.** ઇષ્ટતમ ઉષ્ણતામાન. (૨) ચોક્કસ વનસ્પતિ કે પ્રાણીનાં વિકાસ અને વૃદ્ધિ માટે અન્ય સંજોગો અનુકૂળ હોય તેની સાથે રહેલું ઇષ્ટતમ ઉષ્ણતામાન. **o. value.** ઇષ્ટતમ મૂલ્ય. **o. water content.** વનસ્પતિની ઇષ્ટતમ વૃદ્ધિ માટે આવશ્યક બનતું જમીનમાંના પાણીનું પ્રમાણ.

**opulent.** વિપુલ, સારી રીતે સંઘરેલું.

**Opuntia.** *coccinellifera salm-Dyc.* હાથલા થોરનો બીજો પ્રકાર. **O.** *dillenti* **Haw.** હાથનો થેર, કાંટાળી વનસ્પતિ, જે મૂળ અમેરિકાની છે પણ અહીં વાડ તરીકે વાવવામાં આવે છે. તેનાં ફળ અને પ્રકાંડ ખાદ્ય છે.

**Orach.** ચકવાત; *Atriplex hortensis* **L.** નામની શાકીય વનસ્પતિ, જેનાં કુમળાં પ્રકાંડ અને પાન ખવાય છે, આ વનસ્પતિ મહારાષ્ટ્ર અને કર્ણાટકમાં થાય છે.

**oral.** મૌખિક, મોંનું – ને લગતું. **o. groove.** મુખખાંચ.

**orange.** સંતરાં, નારંગી; *citrus* પ્રજાતિનું ઉષ્ણ કે ઉપોષ્ણ પ્રદેશનું ઝાડ. જેનાં ફળ, એટલે સંતરાં કે નારંગી મોટાં, ગોળ, ઘણા કોષવાળાં, રસદાર, અમ્લ કે મીઠાં,' ચળકતી લાલ છાલથી આવરિત હોય છે. **o. oil.** નારંગીનું તેલ, સમગ્ર સંતરાને અથવા તેની છાલને પીલીને કાઢવામાં આવતું તેલ **o. pekoe.** ચાનો એક પ્રકાર. **o. rust.** સંતરાનો ગેરુનો રોગ. **o. stem borer.** *Stromatium barbatum* **Fabr.** નામનો *Citrus* પ્રજાતિનાં ઝાડમાં પડતાં ડોળ, જે ઝાડનાં ડાળખાં કોરે છે, અંદર દર બનાવે છે, જેથી ઝાડ ચીમળાઈ જાય છે, આ ડોળ સંતરાં, પોમેલો, રોપફ્રૂટ અને માલ્ટા જેવાં ફળોને હાનિ પહોંચાડે છે. **orangeade.** સંતરાના રસનું ફીણવાળું કે ફીણ વિનાનું પીણું.

**orb.** પિંડ, ગોળ, ચકતી, ગોળદ્રવ્ય–પદાર્થ, ચક્ર. **orbicular.** ચક્રાકાર, વલયાકાર. **o. muscle.** વલયાકાર સ્નાયુ.

**orbit** આંખનો ખાડો, નેત્ર–ગુહા. (૨) પક્ષી કે જંતુની આંખની આસપાસની કિનારી. (૩) ગતિમાર્ગ, કક્ષા.

**orchard.** ફળની વાડી, ફલોદ્યાન; ફળ ઝાડનો વિસ્તાર. **o. grass.** *Dactylis glomerata* **L.** નામનું દીર્ઘાયુ ઘાસ, જે પંજાબ, કાશ્મીર, આસામ અને નીલગિરિમાં થાય છે અને જેનો ઘાસચારો થાય છે.

**orchadist.** ફલોદ્યાની.

**orchis.** *Orchis latifolia* **L.** નામની ખાદ્ય કંદવાળી વનસ્પતિ, જે કાશ્મીરમાં થાય છે.

**order.** વર્ગ, ક્રમ, શ્રેણી, ગોત્ર; વર્ગીકરણમાં ગાઢ રીતે સંકળાયેલા સજીવોનો કુળ અને વર્ગ વચ્ચેનો સમૂહ. **o., soil** મૃદાક્રમ, જમીનનો ક્રમ. **o. buyer.** વરધી આપીને ખરીદ કરનાર. **o. of terms in fertilizers.** ખાતરનાં નામોનો નાઇટ્રોજન, ફૉસ્ફરસ ઍસિડ અને પોટાશ અનુસારનો ક્રમ. **orderly marketing.** વ્યવસ્થિત લે-વેચ.

**ordinance.** અધ્યાદેશ.

**ordinate.** ઊર્ધ્વ ભુજ, કોટિ.

**ordure.** છાણ ઈ.

**ore.** અસલ – કાચી ધાતુ, અયસ્ક કે અર્ધ-ધાતુ, જેને શુદ્ધ કરી કિંમતી કે ઉપયોગી દ્રવ્ય કાઢવામાં આવે છે.

**Oreocnide** *integrifolia* **Miq.** [Syn. *Villebrunea integrifolia* **Gaud.**]. પૂર્વહિમાલય, આસામ, મણિપુર અને આંદામાન – નિકોબારમાં થતું નાનું

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઝાડ, જેના મજબૂત રેસાનાં દોરડાં, જાળ અને જાડું કાપડ બનાવવામાં આવે છે.

**Oreodoxa** *oleracea* **Mart.** ઊંચો અને ચાડ માટે વાવવામાં આવતા તાડનો એક પ્રકાર. **O.** *regia.* **H. B. & K.** બોટલપામનામનું ઊંચું વૃક્ષ.

**organ.** અંગ. (૨) પર્ણ કે અંડાશય જેવો વનસ્પતિ કે પ્રાણીના ચોક્કસ કાર્ય માટેનો અને સંરચનાનો ભાગ. **organelle.** અંગિકા.

**organic.** જૈવ, કાર્બનિક, સેંદ્રિય. (૨) પ્રાણી અને વનસ્પતિએ પેદા કરેલું; પ્રાણી કે વનસ્પતિનું. (૩) કાર્બન ધરાવતું, કાર્બન-વાળું, કાર્બનિક. **o. acid.** કાર્બનિક એસિડ. **o.a. radical.** કાર્બનિક એસિડ મૂલક. **o. chemical.** કાર્બનિક રસાયણ. **o. chemistry,** કાર્બનિક રસાયણવિજ્ઞાન. **o disease.** શરીરની કોઈ પેશી કે તેના કોઈ અંગના સંરચનાત્મક ફેરફારથી થતો રોગ, આંગિક રોગ. **o. drug.** સેંદ્રિય ઔષધ, કાર્બનિક ઔષધ. **o. evolution.** જૈવ ઉત્ક્રાંતિ. **o. excretion.** સેંદ્રિય, કાર્બનિકઉત્સર્જન. **o. insecticide** ક્લોરિનેટેડ હાઇડ્રોકાર્બન અને ઓર્ગેનોફોસ્ફરસ સંયોજનો ધરાવતું જંતુઘ્ન રસાયણ, અથવા પાયરેથ્રિન અથવા નિકોટિન જેવું વનસ્પતિમાંથી બનાવેલું જંતુઘ્ન રસાયણ; કાર્બનિક જંતુઘ્ન. **o. manure.** જૈવ – સેંદ્રિય – કાર્બનિક ખાતર. **o. matter.** કાર્બનિક જૈવ દ્રવ્ય કે પદાર્થ. (૨) જીવંત વનસ્પતિ કે પ્રાણીએ પેદા કરેલું કે તેમાં જોવામાં આવતું દ્રવ્ય, જેમાં કાર્બન, હાઈડ્રોજન, ઑક્સિજન અને ઘણીવાર નાઈટ્રોજન અને ગંધક પણ હોય છે. **o. mercury compound.** ઇથિલ મર્ક્યુરી જેવા પારા સાથેનું કાર્બનિક સંયોજન, જે છંટકાવ કરવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે. **o. nitrogenous fertilizers.** ખોળ, માછલીનું ખાતર અને કતલખાનામાંથી મેળવવામાં આવતાં સુકવેલાં લોહી જેવાં નાઇટ્રોજન-યુક્ત ખાતર તરીકે વપરાતી વાનસ્પતિક અથવા પ્રાણીજ પેદાશ, જેનો ઉપયોગ કરતાં તેમાં રહેલા નાઇટ્રોજન દ્રવ્યોને જીવાણુઓ ઉપયોગમાં લઈ શકે તેવા એમોનિયમ નાઈટ્રોજન, નાઈટ્રાઈટ નાઈટ્રોજન અને નાઈટ્રેટ નાઈટ્રોજનમાં પરિવર્તિત કરે છે; જોકે તેની અસર ધીમી હોય છે, પરંતુ તે લાંબા સમય માટે નાઈટ્રોજન આપ્યા કરે છે, ઉપરાંત તે તેનામાં રહેલાં કાર્બનિક ઉત્પ્રેરકોને પણ થોડા પ્રમાણમાં આપે છે. **o. phosphorus.** કાર્બનિક સંયોજન કે કાર્બનિક સંયોજનોના સમૂહના ઘટક તરીકે રહેલું ફૉસ્ફરસ જેવું કે ગ્લિસેરો ફૉસ્ફોરિક એસિડ, ઈનોસિટલ ફૉસ્ફોરિક એસિડ ઇ. **o. soil.** ખાદમાટી એટલે હ્યુમસ ધરાવતી જમીન; કાર્બનિક દ્રવ્યો ધરાવતી જમીન.

**organization.** તંત્ર, વ્યવસ્થા. (૨) સંસ્થા. **organized exchange.** વ્યવસ્થિત વિનિમય. **o. ferment.** વ્યવસ્થિત આથવણ. **o. market.** વ્યવસ્થિત બજાર.

**organism.** સજીવ, જીવપિંડ; સૂક્ષ્મજીવ. (૨) સમાન જીવનના ભાગીદાર જેવા સંકળાયેલા સ્વતંત્ર ભાગ ધરાવતું વ્યવસ્થિત પિંડ. (૩) ગમે તે જીવંત પ્રાણી કે વનસ્પતિ; જીવનની પ્રક્રિયા ચલાવવાની ક્ષમતા ધરાવનાર ગમે તે (પ્રાણી કે વનસ્પતિ). **organogen.** જૈવ તત્ત્વ, નાઈટ્રોજન, કાર્બન, ઑક્સિજન, ફૉસ્ફરસ ઇ.જેવું ગમે તે રાસાયણિક તત્ત્વ, જેના વિના સજીવ તેનું જીવન નભાવી કે ટકાવી ન શકે; જીવન તત્ત્વ.

**organogenesis.** ઇંદ્રિય વિકાસ વિજ્ઞાન (૨) અંગ વિકાસ **organographic.** ઇંદ્રિય વિકાસ સંબંધી. (૨) અંગ વર્ણન સંબંધી. **organography.** ઇંદ્રિય વિજ્ઞાન. (૨) અંગવર્ણન. **organoleptic.** ખાવા અને પીવાની સાથે સંકળાયેલી ઐંદ્રિય સંવેદના. **organolphic test.** ગંધ, સોડમ, સ્વાદ ઇ. વડે દૂધના નમૂનાની કરવામાં આવતી કસોટી. (૨)

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દૂધની જેને પ્લેટ ફોર્મ કસોટી કહે છે, તેવી કસોટી. **organology.** અંગ વિજ્ઞાન. **organotropic.** ઇંદ્રિયક્રિયાત્મક.

**orientation.** અનુસ્થાપન, અભિવિન્યાસ, સ્થિતિજ્ઞાન, દિગ્જ્ઞાન. **oriented planting.** અણિ નીચે હોય અને સપાટ બાજુ હારની સમાંતર રહે તે રીતે બીને વાવવાની પદ્ધતિ, જેથી પ્રથમ પર્ણજોડી હારના કાટખૂણે ઊગે અને ત્યાર પછીની પર્ણજોડી નીચેની પર્ણજોડી કરતા વામાવર્ત રીતે ઊગે.

**orifice.** રંધ્ર, છિદ્ર. (૨) મોં. (૩) નળી કે નલિકાનું દ્વારક, મોં કે ઉત્સર્જનનું રંધ્ર.

**Origanum** *majorana* **L.** ભારત ભરમાં થતી શાકીય વનસ્પતિ, જેનો ઉપયોગ ખાદ્ય સામગ્રીને સોડમ આપવા માટે કરવામાં આવે છે. **O.** *vulgare* **L.** વનતુલસી, રાનતુલસી, જે મીઠાઈ બનાવવાના કામમાં આવે છે, અને જેના બાષ્પશીલ તેલનો સાબુ બને છે.

**origin.** ઉદ્‌ગમ, સ્રોત, ઉગમ. (૨) આદિ મૂળ. (૩) પ્રસ્થાન સ્થાન, ઉદ્‌ભવ, ઉત્પત્તિ.

**original.** મૂળ, અસલ. **o. plant.** મૂળ છોડ.

**ornamental tree.** શોભાકારી, સુશોભન માટેનું ઝાડ; આકાર, દેખાવ, ફૂલ, ફળ ઇ.ની શોભા ધરાવતું ઝાડ.

**ornithodoros, ornithodorous.** *Argasidae* કુળની ત્રણ પ્રજાતિઓ પૈકીની એક; આમાં સામાન્ય જાતિ તરીકે ઢોર અને અન્ય પ્રાણીઓને ઉપદ્રવ કરતી *Ornithodoros savignyi* (કૂતરાં, ઢોર, ઘેટાં અને બકરાંને ઉપદ્રવ કરતી) અને *O. tholozani*. (*O. papillipes*), ઘેટાં, ઊંટ, ઢોર અને કૂતરાંને ઉપદ્રવ કરતી. *O. lahorensis*. ઘેટાંને ઉપદ્રવ કરતી.

**Ornithology.** પક્ષીય વિજ્ઞાન. **ornithophilous flowers.** પક્ષી પરાગિત પુષ્પો.

**orobanche.** *Orobanchaceae* કુળનું *Orobanche cernua*, *O.indica*. ઇત્યાદિ નામોવાળું પરોપજીવી જંતુ, જે તમાકુ, રીંગણી, રાઈ, સરસવ અને અન્ય બગીચા પાકને ભારે હાનિ પહોંચાડે છે. જમીનમાં વૃદ્ધિ પામી, યજમાન વનસ્પતિનાં મૂળ અને બીને ભારે નુકસાન કરે છે. *O. aegiptica* **Pers.** વાકુંબો.

**oromorphic.** મૂળ કે માતૃ જમીનનાં લક્ષણો જાળવી રાખતી (જમીન).

**Oroxylum** *indicum* **(L.) Vent.** [Syn. *Calosanthes indica* **Blume**]. સોનાપથ, આરલું નામનું પૂર્વ હિમાલય, પૂર્વ અને પશ્ચિમ દ્વીપકલ્પીય વિસ્તારોમાં થતું વૃક્ષ, જેની છાલ અને ફળ ચામડાં કમાવવાના કામમાં આવે છે.

**Orpington.** સામાન્ય હેતુલક્ષી સારાં ઈંડાં આપનાર મરઘાં - બતકાં.

**ortet.** મૂળ એકલ છોડ, જેમાંથી વાનસ્પતિક ઉદ્‌ભવ ધરાવતો છોડ મેળવી શકાય છે.

**orthoclase feldspar group.** પૃથ્વીના પોપડામાં રહેલાં ખનિજોનો 48 ટકા જેટલો હિસ્સો ધરાવતા મુખ્ય નિર્માણ સિલિકેટ ખનિજ, જે પોટેશિયમ, સોડિયમ અને કેઓલિની માટીનું મૂળ સ્રોત છે, જેના બે સમૂહ પૈકીનું એક સમૂહ.

**orthoeluvium.** પ્રાથમિક કે આગ્નેય ખડકના ખવાણની જમાવટમાંથી થતી અવશેષ પેદાશ, જે જમીનનું મૂળ દ્રવ્ય બને છે.

**Orthoptera.** કંસારી, તીતીઘોડો અને તીડ જેવી જંતુઓની શ્રેણી.

**orthostichous.** સરલ પંક્તિક. **orthostichy.** સરલ પંક્તિ.

**orthotropous.** ઉદ્‌ગ્રમુખી; સરળમુખી, ઊર્ધ્વમુખી.

**Orthrics** *materne*. ફળનો રસ ચૂસનાર ફૂદું.

**Oryctes** *rhinocerus* નાળિયેરનું જંતુ.

**Oryza** *rufipogon*. **Griff.** જંગલી ડાંગર; *Oryza sativa* **L.**ની સાથે સામાન્ય રીતે સંકલિત કરવામાં આવતી, તૃણકુળની પૂર્વભારતમાં ઉગાડવામાં આવતી ડાંગરનો એક પ્રકાર, જેના ચોખા અછતના સમયમાં ઉપયોગી બને છે, તેમ છતાં તેને હાનિ-

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કારક વનસ્પતિ તરીકે ગણવામાં આવે છે. **O.** *sativa* **L.** ડાંગર; એક મહત્ત્વનો ખાદ્ય પાક, ડાંગરના છોડના કાગળ અને પૂઠાં બનાવવામાં આવે છે અને તેમાંથી કાઢવામાં આવતા તેલમાંથી સાબુ બનાવવામાં આવે છે અને તેને ક્ષારણ વિરોધી દ્રવ્ય ગણવામાં આવે છે.

**Oryzaephilus** *surinamensis* **L.** લોટ, મેદા, બિસ્કીટ, અંજીર, ભોંયસિંગ અને નાળિયેર જેવા સંઘરેલા ખાદ્ય પદાર્થોમાં પડતું જંતુ; ડિમ્ભ આ પદાર્થો ખાઈ તેમાં બાચકાં બનાવે છે.

**oryzenin.** સરળ પ્રોટીનનો સમૂહ, જેમાં ઘઉંનું ગ્લુટેલિન અને ચોખાનું ઓરિઝેનિન દ્રવ્યોનો સમાવેશ થાય છે, ઉપરાંત આ સમૂહનાં દ્રવ્યો અન્ય પ્રકારનાં બી, શાકભાજીમાં પણ હોય છે, જે તટસ્થ દ્રાવણોમાં અદ્રાવ્ય છે પરંતુ ઍસિડ અને આલ્કલીમાં દ્રાવ્ય બને છે.

**oscillating pipeline.** ઢોળાણ પર સિંચાઈ આપવા માટેનું એક સાધન, જેમાં ખૂબ જ લાંબી નળી રાખવામાં આવે છે, તેની વચમાં વચમાં નાળચાં હોય છે અને પાણી આપતી વખતે નળી દોલાયમાન થાય છે, જેથી તેની બંને તરફ સિંચાઈ થઈ શકે છે. **oscillation.** દોલન, સ્પંદન. **oscillator.** દોલક. (૨) મધ્યે આવેલા નળ દ્વારા આપમેળે સિંચાઈ થઈ શકે તેવી દોલયમાન યુક્તિ, જેથી એક સરખી સિંચાઈ આપવામાં સગવડ રહે છે.

**oscular.** મોંનું, -ને લગતું.

**Osmanabadi.** ભારતની બકરાંની એક વિશિષ્ટ ઓલાદ.

**Osmanthus** *fragrans* **Lour.** [Syn. *Olea fragrans* **Thunb**]. મૂળ ચીન અને જાપાનનો પણ ભારતમાં કુમાઉ, ગઢવાલ અને સિક્કિમમાં થતો શોભા માટેનો ક્ષુપ, જેનાં ફળ ખાદ્ય છે અને પાન ચાને સુવાસિત કરવા ઉપયોગમાં આવે છે.

**osmose.** રસાકર્ષણ. **osmosis.** રસાકર્ષણ, આસુતિ, (૨) કલા કે ત્વચા દ્વારા સત્વ દ્રાવણ કે દ્રાવ્ય દ્રવ્યનું ઉપર ચડવું; જે રક્ત કેશાકર્ષણ નલિકાઓ, આંતરડાં, વનસ્પતિના મૂળ કે દુગ્ધોત્પાદક ગ્રંથિના સ્રાવક કે પેશી જેવી ત્વચા વિશિષ્ટ પેશીઓમાં બનતું હોય છે. **osmotic pressure.** રસાકર્ષણ દબાણ, આસુતિ દબાણ. (૨) વાતાવરણનું દબાણ, જે શુદ્ધ દ્રાવકને અર્ધપારગમ્ય ત્વચા દ્વારા દ્રાવણમાં જતું અટકાવે છે. **o. pull.** રસાકર્ષણ ઉત્કર્ષ.

**Osphronemus** *gorami*. જાવા અને મોરિશિયસમાં જોવામાં આવતી એક પ્રકારની માછલી.

**osseous.** અસ્થિવાળું, અસ્થિ – કંકાલ.

**ossicle.** નાનું હાડકું, ક્ષુદ્ર અસ્થિ. (૨) પ્રાણીના માળખામાં નાના હાડકા જેવું કે કાઈટીન અથવા કેલ્કેરિયસ દ્રવ્ય. **ossification.** અસ્થિરચના, કાસ્થિનું અસ્થિ બનવું. **ossify.** અસ્થિ બનવું, અસ્થિનું નિર્માણ થવું.

**osteoarthritis.** અસ્થિ-સંધિશોથ.

**osteofibrosis.** હાડકાંમાં કેલ્શિયમની ઊણપના પરિણામે હાડકાં બરડ બની જાય તેવા પ્રકારની રોગાવસ્થા. **osteomalacia.** હાડકામાં થતી કેલ્શિયમની ઊણપ; કેલ્શિયમ કે ફોસ્ફરસ કે બંનેની ઊણપ ધરાવતો ખોરાક પ્રાણીઓને આપવાથી તેને પ્રજીવક – 'ડી' મળતું બંધ થાય છે અને હાડકાં પોચાં પડવા માંડે છે; આથી થતી એક પ્રકારની રોગાવસ્થા, જેને અસ્થિમાર્દવ કહે છે.

**ostertagia.** ઢોર, ઘેટાં અને બકરાંમાં રોગાવસ્થા પેદા કરતાં કૃમિ, ગોળકૃમિ ઇ. જેવાં જંતુઓની પ્રજાતિ, આ પ્રજાતિમાં ઢોર અને ઘેટાંમાં પડતાં *O. ostertagi.* નામનાં કૃમિ; ઘેટાં અને બકરાંમાં પડતાં *O. cicumcincta*, *O. orientalis* અને *O. occidentalis* નામનાં કૃમિનો સમાવેશ થાય છે. ઉપદ્રવની અવસ્થામાં આ કૃમિનાં ડિમ્ભ રોગગ્રસ્ત પ્રાણીના ચતુર્થ અથવા સાચા આમાશય સુધી પહોંચી જાય છે અને તેમના કારણે આમાશયની ત્વચા પર ગ્રંથિલ સોજો આવે છે. સંક્રમણ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તીવ્ર પ્રકારનું બને તો રોગી પ્રાણીનું અવસાન સુદ્ધાં થાય છે.

**ostiole.** છિદ્ર, દ્વારક, મુખ. લીલ કે ફૂગના ફલન અંગનું રંધ્ર જે દ્વારા બીજાણુનું પ્રસરણ શક્ય બને છે.

**Ostodes** *paniculata* **Bl.** સિક્કિમ, ભુતાન અને ખાસી ટેકરીઓમાં થતું મોટું વૃક્ષ, જેમાંથી ગુંદર મળે છે જેનો ઉપયોગ કાગળ નિર્માણમાં કાંજી તરીકે કરવામાં આવે છે.

**otaheite gooseberry.** *Phyllanthus acidus* (**L.**)**Skeels.** [*Averrhoa acida* **L.**, *Cicca disticha* **L.**, *Phylanthus distichus* **Muell-Arg.**] નામના *Otaheite gooseberry leaf-flower* હરફરેવરી, હરિફુલ ઇ. નામોથી ઓળખાતો આંબળાના વર્ગનો છોડ, જેને શોભા માટે ઉગાડવામાં આવે છે, જેને આકર્ષક, ગોળ, હરિત, અમ્લીય ફળ થાય છે, જેનો મુરબ્બો બનાવવામાં આવે છે અને જેની છાલ ચામડાં કમાવવા ઉપયોગી બને છે.

**other fallows.** એકથી પાંચ વર્ષ સુધી (તેથી વધારે સમય માટે નહિ) પડતર રહેવા પામી હોય તેવી અને મહેસૂલી પત્રકમાં જેની નોંધ કરવામાં આવેલી હોય તેવા પ્રકારની જમીન.

**Othreis** *ancillia.* ખટ મધુરાં ફળનો રસ ચૂસતો કીટ. **O.** *fullonia.* ખટ મધુરાં ફળનો રસ ચૂસતો કીટ. **O.** *materna.* ખટ મધુરાં ફળનો રસ ચૂસતો કીટ.

**otitis.** એક પ્રકારનો ભેંસને લાગુ થતો રોગ, જેમાં તેના એક કે બે કાનને સોજા ચડે છે, શરીરનું ઉષ્ણતામાન ઊંચું આવે છે, ભૂખ મરી જાય છે અને રોગી ભેંસ દુગ્ધ ઓછું આપે છે. આ એક સંક્રામક રોગ છે અને ચોમાસામાં તેનો ફેલાવો માખીના કારણે થાય છે.

**Otobius** *megnini. Acarina* શ્રેણીની *Argasidae* કુળની *Ornithodoros megnini.* નામની એક પ્રકારની બગાઈ, જે બહારથી આયાત કરેલા ઘોડાના કાનમાં જોવામાં આવે છે અને જે ઢોર, ઘેટાં, બકરાં અને કૂતરાંને પણ વળગે છે અને, જેને વળગે તેનું લોહી ચૂસે છે.

**Ougeinia** *dalbergioides* **Benth.** તણછ; સંદન નામનું નક્કર, અને સખત પ્રત્યાસ્થ કાષ્ઠ ધરાવતું ઝાડ, જેના રેસા અને છાલ ઝેરી છે. **O.** *oojeinensis* (**Roxb.**) **Hocher** તણછ.

**ounce.** ઔંસ, $\frac{1}{16}$ પાઉંડ વજનનું એકમ.

**out-apiary.** મુખ્ય કે ઘરમાં બનાવવામાં આવેલું મધમાખ ઉછેર ગૃહ; આથી આ ઉછેરગૃહને યોગ્ય સ્થાન પર ખસેડવાની સુગમતા મળી રહે છે.

**out break.** (રોગ) ફાટી નીકળવો.

**out breeding.** ચારથી છ પેઢી સુધી બને પિતૃઓમાંથી કોઈ પણ પિતૃ સમાન હોય નહિ તેવા પિતૃઓવાળાં છોડ કે પ્રાણીઓની ઓલાદનું સંકરન કરવું, જેના કોટીકરણ, સંકર સંવર્ધન અને બાહ્ય સંકર એવા ત્રણ પ્રકાર હોય છે.

**outcrop** સપાટી પર સ્તર, શિલા કે શૈલનું બહાર આવવું.

**out crossing.** સજાતીય પરંતુ જુદા કુળની વ્યક્તિઓનું સંકરન.

**outdoor brooder** બચ્ચાંનો બહાર ઉછેર કરી શકાય કે ઇંડાંને સેવી શકાય તેવી યુક્તિ.

**outer** બહારનું. **o. bark.** ઝાડ કે કાષ્ઠીય વનસ્પતિના છેલ્લા પરિચર્મની બહાર ત્વક્ષા પ્રકારની સુકાયેલી મરેલી પેશી **o. cortex.** બહિ મધ્ય ત્વચા, બાહ્ય પ્રાંતસ્થા. **o. fleshy layer.** બાહ્ય માંસલ પડ–સ્તર **o. layer.** બહિ પડ, બાહ્ય સ્તર.

**outfall.** નાળી કે નહેરનું નિર્ગમદ્વાર; જળાશયનું મુખ જેમાંથી પાણી નીકળી શકે.

**outgrowth.** બહિરુદ્ભેદ, બહિર્વૃદ્ધિ.

**outlet.** મોરી, નીક; સાવ વિસ્તારમાં પડતા વધારાના પાણીને વહી જવા દેવાની વ્યવસ્થા, વધારાના પાણીનો નિકાલ કરવા માટે બધા બંધોમાં કરવામાં આવતી યુક્તિ કે વ્યવસ્થા.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**output.** પેદાશ, ઉત્પાદન.
**ova** (બ.વ.). ovumનું. (એ.વ.). અંડ.
**oval.** અંડાકાર, લંબગોળ. દીર્ઘગોળ. **o. lime.** કાગદી લિંબુ. **ovarian** અંડાશયનું. **o. cyst.** જન્મજાત લાભદાઈ અંડકોષ. **o. follicle.** અંડાશયમાં કોષ સદરા નાની સંરચના, જેમાં પૂરુ વિકાસ પામેલું અંડ હોય છે. **ovaritomy.** ડિમ્બગ્રંથિ છેદન. **ovaritis.** ડિમ્બગ્રંથિ શોથ. **ovary.** બીજાંડ ધરાવતો ફળનો ભાગ; અપકવ ફળ. (૨) માદા પ્રાણીની જનન ગ્રંથિમાંથી, જે અંડ પેદા કરે છે; અંડાશય. **ovate.** અંડાકાર.
**ovicide.** જંતુ કે અન્ય પરજીવી સજીવોનાં ઇંડાંનો નાશ કરનાર કારક. **oviparous** અંડ પ્રસવી; અંડદ્વારા બચ્ચાને જન્મ આપનાર. **o. reproduction.** શરીરની બહાર સેવાય તેવાં ઈંડાં દ્વારા પ્રજનન. **oviposit.** ઈંડાં મૂકવા. **ovipositor.** જંતુમાં વિશિષ્ટ સંરચના, જેમાં યોગ્ય સ્થાને ઈંડાં મુકાય; અંડ નિધાયક. (૨) માછલીમાં યોનિદ્વાર આગળ આવા પ્રકારનું સ્થાન હોય છે.
**ovisag.** અંડ સંપુટ. **ovitestis.** અંડ – પેશી અને વૃષણ પેશીની બનેલી જનનગ્રંથિ. **ovogenesis.** અંડાણુજનન.
**ovoviviparous reproduction.** મોલોમશી, શૃંગી જંતુ ઇ. જેવા જંતુઓ, જે તેમના શરીરમાં ઈંડાંને સેવી બચ્ચાને જન્મ આપે છે. અંડ – અપત્ય પ્રજનન. **ovulary.** બીજાશય, અંડાશય.
**ovulate.** બીજાંડ જેવું. (૨) અંડાશયમાંથી અંડમોચન કરવું. (૩) બીજાંડ ધારણ કરવું. **ovulation.** માદા પ્રાણી પકવ અંડનું મોચન કરે છે; મદ કાળ દરમિયાન આ રીતે થોડા થોડા સમયના અંતરે તે અંડમોચન કરે છે. અંડમોચન, બીજમોચન.
**ovule.** મહા બીજાણુધાની, બીજાંડ, માદા જન્યુધારક પિંડ, જે ફલન બાદ બીજમાં પરિણમે છે. (૨) નાનું ઈંડુ કે ઈંડા જેવી રચના. **ovuliferous.** બીજાંડ સદરા. **ovum** (એ.વ.) **ova** (બ.વ.). અંડાણુ, અંડકોષ, નારીજન્યુ, જેને એકકીય-કોષ હોય છે. અંડાશયમાં મૂળ ધરાવતા માદાનો પ્રજનન કોષ, જે મદકાળ દરમિયાન અંડવાહિનીમાં આવી ગર્ભાશયમાં પહોંચે છે; શુક્રાણુના મિલનથી ફલિત બન્યા બાદ નવી વ્યક્તિનું જે દ્વારા નિર્માણ થાય છે.
**ovine.** ઘેટાનું, ઘેટાસદરા. (૨) **ovidae** ઉપકુળનાં ઘેટાં, બકરાં ઇ. **ovina.** ઘેટાંને થતા શિતળાનો એક પ્રકાર.
**ovan-dry soil** 105થી 110 સે. ઉષ્ણતામાને સુકાયેલી મૃદા, જેમાં ભેજ રહેવા પામતો નથી. (૨) ભઠ્ઠીમાં તપાવેલી મૃદા.
**over churn.** અતિમંથન, અતિ વલોવેલું.
**over-feeding.** અતિશય ખવડાવવું.
**over-grazed land.** વનસ્પતિની વૃદ્ધિની શરૂઆત થતામાં તે પર ઢોરને ચરાવવા અને તેમને ચરાવવાનું ચાલુ રાખવું તથા આવી જમીનને વિરામ લેવા દેવો નહિ, ઢોરની અવર – જવરથી લીલું ઘાસ કે લીલી વનસ્પતિ પગ નીચે ચગદાઈ જઈને નાશ પામે છે, તાજા બળેલા વિસ્તાર પણ અતિ ચરાણ થયું હોવા જેવા દેખાય છે.
**over haul.** યંત્રોના વિવિધ ભાગોને છૂટા કરી યંત્રને સાફ કરી સુધારવું.
**overbead irrigation.** મથાળા પરના કે ટોચ પરના પાકને સિંચાઈ આપવાની યુક્તિ.
**over irrigation.** પાકને આવશ્યક હોય તે કરતાં વધારે પ્રમાણમાં કરવામાં આવતી સિંચાઈ.
**over mature.** અતિશય પકવ.
**over production.** અતિ ઉત્પાદન.
**over ripe.** અતિપકવ.
**over winter.** શીત શયન કરવું; શિયાળાના મહિનાઓ દરમિયાન, સુષુપ્તિ અવસ્થામાં પડી રહેવું.
**over working.** અતિ સંસ્કાર.
**owned capital.** સ્વમાલિકીની મૂડી. **o-farm.** પોતાનું – સ્વમાલિકીનું ખેતર – ફાર્મ.
**ox.** (એ.વ.). **oxen.** (બ.વ.). વૃષભ,

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાંઢ; *Zebu, Brahmani, Nandi, Bos indicus* ઇ. નામધારી ગોવંશનું, શૃંગધારી, ખૂંટેલી ખરી ધરાવતું, વાગોળનાર, ચોપગું, સ્તનધારી, પાલતું બનાવી શકાય તેવું પ્રાણી; જેનો, પાલતું બનાવીને ભાર ખેંચવા કે ખેતી કાર્યમાં હળ ચલાવવા ઇ. કામોમાં ઉપયોગ કરવામાં આવે છે, અને તેની માદા અર્થાત્ ગાય દૂધ આપે છે. **o. warble fly.** *Hypoderma lineatum* અને *H. bovis.* નામની માખ જે, ઢોરના પગના વાળમાં ઈંડાં મૂકે છે, જેનાં ડિંભ ચામડીમાં કાણાં પડવાથી, આવા ઉપદ્રવવાળું ઢોર મરી ગયા પછી તેના ચામડાનું ઓછું મૂલ્ય ઊપજે છે.

**oxalacelate.** શર્કરાદ્રવ્યો, ચરબી અને પ્રોટીનનું શક્તિ ઉત્પન્ન કરવા ઉપચયન એટલે ઓક્સીકરણ કરવા માટે જરૂરી બનતાં શર્કરા અને શર્કરા જેવાં શર્કરાજનક એમિનો એસિડમાંથી બનાવેલું વચગાળાનું સંયોજન.

**oxalic acid.** ઘણી વનસ્પતિઓમાં જોવામાં આવતો કાર્બનિક એસિડ.

**Oxalis** *corniculata* **L.** [Syn. *Xanthoxalis corniculata* **Small**]. ખાટી લૂણી; ચંપામેથી નામે ઓળખવામાં આવતી શાકીય વનસ્પતિ, જેનાં પાન અને ભી ખાઈ શકાય છે. **O.** *pes-caprae* **L.** [Syn. *O. cernua* **Thunb.**]. ખટ-મીઠી નામની મૂળ દ. આફ્રિકાની શાકીય વનસ્પતિ, જેનાં પાનને રાંધીને ભાજી બનાવી ખાઈ શકાય છે.

**oxen.** જુઓ *ox*.

**oxidation.** ઉપચયન, ઓક્સીકરણ; રાસાયણિક ફેરફાર, જેમાં ઑક્સિજન કે તેનું રાસાયણિક તુલ્ય દ્રવ્ય ઉમેરાય છે. **o. deterioration.** ઉપચયન – ઓક્સીકરણ હ્રાસ. **o. -reduction.** ઉપચયન – અપચયન.

**Oxya** *velox* **Fabr.** ડાંગરમાં પડતું જંતુ.

**Oxycarenus** *laetus* **Kirby.** કપાસમાં પડતું જંતુ, જેનાં ડિંભ અને પુખ્ત પ્રાણી જીંડવા ખાઈ રૂને હાનિ પહોંચાડે છે.

**oxygen.** સંજ્ઞા **o** ધરાવતું રાસાયણિક તત્ત્વ, જે રંગવિહીન, ગંધરહિત વાયુ છે, અને જે બધા જ પ્રકારની વનસ્પતિ અને બધા જ પ્રકારનાં પ્રાણીનાં વૃદ્ધિ અને વિકાસ માટે અતિ આવશ્યક છે, જેના વિના જીવન ટકી શકતું નથી, તે પ્રાણદાતા હોઈ તેને પ્રાણવાયુ કહેવામાં આવે છે. **oxygenate.** ઑક્સિજન આપનાર, તેથી મિશ્ર બનનાર, ઉપચયન કરનાર. (૨) લોહીને ઑક્સિજન પૂરો પાડવો, લોહીને ઑક્સિજનથી ભારિત બનાવવું.

**Oxystelma** *esculentum* **R. Br.** જળદૂધી.

**Oxytenanthera** *stocksii* **Munro.** પાતળા વાંસનો એક પ્રકાર.

**Oxyuridae.** ભારતમાં ઘોડાને ઉપદ્રવ કરનાર સૂત્રિકૃમિનું કુળ, જેમાં સર્વસામાન્ય જાતિમાં ઘોડાના મોટા આંતરડામાં થતું *Oxyuris equi.* નામનું કૃમિ છે, જેની માદા ગુદા આગળની ચામડીમાં ઈંડાં મૂકે છે, જેના કારણે પ્રાણીને સતત ખંજવાળ આવ્યા કરે છે, અને તે અસ્વસ્થ બની જાય છે.

**oyster.** શુક્તિ, છીપ જીવ; છીપલું; મૃદુઅંગી ખાદ્ય સજીવ. (૨) છીપ ઘાટનો મરઘીના મૃત દેહનો એક ભાગ. **o. shell.** શુદ્ધ કેલ્શિયમ કાર્બોનેટ ધરાવતું છીપલું. જેને દળીને જમીનને આપવાથી જમીનને ચૂનાનું દ્રવ્ય મળી રહે છે અને તે ઢોર અને મરઘાં – બતકાં માટે સારું ખાદ્ય બને છે.

**Ozonium** *texanum* var. *parasiticum.* ગવારમાં એક પ્રકારનો રોગ પેદા કરનાર જંતુ.



For Private and Personal Use Only

# P

**$P_1$**. પૈતૃક પેઢી. (૨) પ્રથમ સંકરમાં ઉપયોગ કરાયેલા પિતૃઓ.

**pacemaker of heart.** હૃદયની ગતિનો નિયામક.

**Pacha-draksha.** તામિલનાડુમાં થતી દ્રાક્ષનો એક પ્રકાર; ગુણ, દેખાવ અને ઉતારની દૃષ્ટિએ બોકરી દ્રાક્ષ જેવો આ પ્રકાર છે, જેનાં લૂમખાં લીલાં, મોટાં, ઘટ્ટ અને શંકુ આકારનાં છે; ઉતાર વધારે પણ જાત બહુ સારી નહિ.

**pachai pakku.** લીલી, ભેજવાળી સોપારીનો એક પ્રકાર.

**pachy-.** સ્થૂળ, જાડું અર્થસૂચક પૂર્વગ.

**pachyderm.** જાડી ચામડીનું, ખરીવાળું (વાગોળનાર ન હોય તેવું, હાથી કે ઘોડા જેવું ચોપગું પ્રાણી).

**Pachydiplosis** *oryzae* **Wood Mason.** ડાંગરનું ગંભીર પ્રકારનું જંતુ.

**Pachygone** *ovata* **Miers ex Hook. f. & Thoms.** ઊંચો, આરોહી ક્ષુપ, જેનાં સૂકાં ફળ કીડાનો નાશ કરવાના કામમાં આવે છે.

**pachymeningitis.** મગજ અને કરોડરજ્જુને આવરતી ત્વચાના સોજાનો એક રોગ.

**pachynema.** સ્થૂલ સૂત્રીભવન.

**Pachyplosis** *oryzae*. ડાંગરની ગાંઠિયા માખ.

**Pachyrhizus** *erosus* **(L.) Urb.** [Syn. *P. angulatus* **Rich ex DC.**] મૂળ મધ્ય અમેરિકાની પણ હવે અહીં પ. બંગાળ, બિહાર, આસામ, ઓરિસા અને આન્ધ્ર પ્રદેશમાં થતી દીર્ઘાયુ શાકીય વનસ્પતિ, જેનાં કંદ અને બી ખાદ્ય છે.

**pachytene.** દ્વિ-સૂત્રાવસ્થા; જ્યારે આગલી પ્રથમ ભાજનાવસ્થામાં હોય તેના કરતાં વધારે ટૂંકા અને કંઈક સ્થૂળ રંગ-સૂત્રો હોય તે અગાઉ પ્રથમ અર્ધ-સૂત્રી વિભાજનની મધ્ય પ્રથમભાજનાવસ્થા સમીપની અવસ્થા.

**pack.** કોઈપણ પદાર્થને પેક કરવાની રીત. (૨) ભારવાહી પ્રાણીનો બોજ. (૩) વિશિષ્ટ સાધનથી દબાવવું કે જમીનને સખત બનાવવી. **p. animal.** ભાર વહન કરતું ખચ્ચર, બળદ કે ઘોડા જેવું પ્રાણી, ભારવાહી પ્રાણી. **packing.** સંવેષ્ટન, કોઈ પદાર્થને પેક કરવાની-ભરવાની ક્રિયા.

**Package Programme.** સઘન જિલ્લા કૃષિ કાર્યક્રમ.

**pad.** ગાદી. (૨) ભરવું, ખાલી જગ્યા પૂરી દેવી. (૩) કેટલાંક પ્રાણીના પગને તળિયે ગાદી જેવી સખત સપાટી.

**paddam.** જંગલી ચેરી.

**paddock.** બળદ જેવા એક જ પ્રાણી કે નાનાં પ્રાણીઓના જૂથને ચરવા અને હરવા ફરવા માટેનો વાડો.

**paddy.** ડાંગર, છોતરા સમેતના છડયા વિનાના ચોખા. **p. blue beetle.** ડાંગરનું ભૂરું કાંસિયુ જંતુ. **p. climbing cutworm.** લશ્કરી કીટ તરીકે ઓળખાતી *Psaudaletia* (**Cirphis**) *unipuntulata* **Haw**; *P. albistigma* **M.** નામની ડાંગરની ઇયળ, જે ડાંગરનાં પાન ખાય છે, અને છોડને કાતરી નાખે છે. **p. cutworm.** જુઓ *paddy climbing cutworm*. **p. eelworm.** *Ditylenchus angustus* **Butler**. નામનું ડાંગરમાં પડતું કૃમિ, જેના ઉપદ્રવથી ડાંગરના છોડની વૃદ્ધિ કુંઠિત બને છે; છોડને *ufra* નામનો રોગ થાય છે. **p. gall fly.** *Pachydiplosis oryzae* **Wood Ma-**



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**son.** નામનો ડાંગરના કીટના પાંખ વિનાનાં બચ્ચાં ડાંગરના ઊગતા છોડમાં દર કરે છે અને તેના પર ગાંઠો જેવું થાય છે. આ કીટથી ડાંગરને થતો રોગ. **p. grasshopper.** ડાંગરનો તીતી ઘોડો. **pgreen jassids.** *Nephotettix bipunctatus* **Fabr;** *N. apicalis* **Mots.**, *Tettigoniella spectrar.* નામનાં ડાંગરમાં પડતાં તડતડિયાં; જેનાં બચ્ચાં અને પુખ્ત તડતડિયાં ડાંગરનાં પાનનો રસ ચૂસે છે, જેથી છોડ પીળો પડી સુકાઈ જાય છે. **p. leaf roller.** ડાંગરના પાનને વાળનાર ઈયળ. **p. stem borer.** ડાંગરની ગાભમારાની ઈયળ.

**padwal.** પરવળ.

**Paganum** *harmala* **L.** હરમર નામની વનસ્પતિ.

**pagota tree.** સફેદ ચંપો, ખડ ચંપો.

**pahadvel.** વેણીવેલ.

**pahari pudina.** *Mentha spicata* **L. Huds.** (Syn. *M. viridis* **L.**). નામનો પહાડી ફુદીનો, જેનાં પાનમાંથી કાઢવામાં આવતું ફુદીનાનું તેલ ખાદ્ય પદાર્થોને સોડમ આપવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે. આ વનસ્પતિ પંજાબ, ઉત્તરપ્રદેશ અને મહારાષ્ટ્રમાં થાય છે.

**paikar.** પ્રવાસી–ફરતો વેપારી, આડતિયો.

**pail.** ડોલ, લાકડા કે ધાતુનું ગોળપાત્ર, દૂધનું પાત્ર-વાસણ. **p.-feeding of calf.** ખુલ્લા પાત્ર-બાલદી કે ડોલ, જેમાં વાછરડાંને દૂધ ઇ. ખવડાવવામાં આવે છે; વાછરડાંના નાક કે મોંમાં આંગળા ખોસી, તે આંગળાં ચૂસવા માંડે તેમ તેને શીખવાડી તેમને પાણી પીતાં કરવામાં આવે છે.

**painted bug.** *Bagrada crucifera um* **Kirk.** નામનો રાઈ, સલગમ, કોબી, કોલિફ્લાવર, મૂળાના રસને ચૂસતો ચીટકો કીટક.

**pair.** યુગ્મ, જોડી. કોઈપણ જાતિની નર અને માદાનું યુગલ. **p. plot.** યુગ્મિત પ્લોટ. **paired fins.** માછલીના વક્ષીય અને નિતંબ મીનપક્ષો.

**Pairi.** પાયરી; ભારતના દક્ષિણના વિસ્તારમાં ઉગાડવામાં આવતો પાયરી નામની કેરીનો આંબો, જેની કેરી મહારાષ્ટ્ર-ભરમાં લોકપ્રિય બની છે.

**Pala chiku.** તામિલનાડુ અને આન્ધ્ર પ્રદેશમાં થતા લોકપ્રિય નાનાં, અંડાકાર સુવાસિત ચિકુનો પ્રકાર.

**palaeo (paleo)—.** પ્રાચીન —, પુરા અર્થસૂચક પૂર્વગ.

**palaeobiology.** પુરા – પ્રાચીન જીવ-વિજ્ઞાન.

**palaeontology.** પુરાઅશ્મીભૂત વિજ્ઞાન.

**palaeosol.** પ્રાચીન આબોહવા કે ભૂસ્તર યુગોમાં નીપજેલી જમીન-મૃદા

**palaeozoic era.** પુરાજીવ યુગ.

**palakisag.** પાલખની ભાજી; *Spanacia oleracea* **L.** નામની શાકીય વનસ્પતિ, જેનાં લીલાં પાનની ભાજી બનાવી ખાવામાં આવે છે.

**Palaquium** *ellipticum* (**Dalz.**) **Engl.** [Syn. *Bassia elliptica* **Dalz;** *Dichopsis elliptica* **Benth.**]. ભારતીય ગટ્ટાપર્ચા નામનું પશ્ચિમ-ઘાટ, ઉત્તર કાનડા અને તામિલનાડુમાં થતું ઊંચું વૃક્ષ; જેનાં બીને પીલીને કાઢવામાં આવતું તેલ સાબુ બનાવવા તથા દીવાબત્તી માટે ઉપયોગમાં આવે છે.

**palas.** પલાશ, કિંશુક; પલાશાદિકુળનું નારંગી લાલ રંગનો પુષ્પોદ્ભવ ધરાવતું પાનખર ઝાડ, ખાખરાનું ઝાડ.

**palatability.** સ્વાદિષ્ટતા, ખોરાક માટેની સુરુચિ, સ્વાદુતા.

**palatal.** તાલવ્ય, તાલુ – તાળવાને લગતું. (૨) સ્વાદુ. **palate.** તાળવું. **p., bard** સખત તાળવું. કઠોર તાળવું. **p., soft** નરમ તાળવું. **palatine bone.** તાળવાનું હાડકું; તાળવું બનાવનાર બે હાડકાં.

**palawat.** જંગલી ખજૂરી; કોરોમંડળના કાંઠાળ પ્રદેશમાં થતું ખજૂરીનું ઝાડ.

**pale.** વાડ માટેનો અણિયાળો થાંભિયો,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થાંભલો કે સ્તંભ.**palisade.**સ્તંભપંક્તિ. (૨) સ્તંભાવલિ. **p. cell.** લંબોતક કોષ. **p. layer.** પર્ણના અધિચર્મ પછીના મધ્યપર્ણના કોષ; આ કોષમાં પ્રકાશ-સંશ્લેષણની પ્રક્રિયા થાય છે. (૨) સ્તંભ પંક્તિના આકારનો સ્તર.

**palea.** અંતઃપુષ્પ કવચ.

**paleran.** તૃણકુળનું કાયમી ઘાસ.

**paleva.** જમીનને સમતળ બનાવવા ઉપયોગમાં લેવામાં આવતું બળદકર્ષિત લાકડું.

**pal land.** અમ્લીય માટી ધરાવતી કાંઠાળ વિસ્તારની જમીન.

**palledar.** હમાલ, ચાકર, બજારનો કર્મચારી.

**pallet.** પરાળ કે ઘાસની પથારી; ગોદડી.

**palliate.** મટાડયા વિના રોગનું જોર નરમ કરવું. વેદના ઓછી કરવી. **palliative.** મંદકારક, શામક.

**pallor.** ફીકાશ, ચામડીના સાધારણ રંગનો અભાવ, ચહેરાની ફીકાશ, પ હુરતા.

**palm.** તાડ; ઉષ્ણ કે ઉપોષ્ણ પ્રદેશનું ઝાડ કે ક્ષુપ, જેને તેનાં કાષ્ઠ, ફળ, રેઝિન, રેસા અથવા ઔષધ માટેનું દ્રવ્ય મેળવવા વાવવામાં આવે છે. મોટા ભાગે આ વૃક્ષ ટટાર ઊંચું ઊગે છે, તેના થડ અથવા પ્રકાંડને ડાળીઓ કે શાખા થતી નથી, ટોચ પર પંખાકાર પ્રસરેલાં લાંબાં પાન થાય છે. **p. beetle.** તાડમાં પડતું ઢાલપક્ષી જંતુ. **p.-grass.** તૃણ-કુળનું *Bahapatia, Setaria palmifolia* **(Koenig) Stapf.** નામનું પહોળાં પાનનો, મૂળ ઇન્ડોનેશિયાનો, અહીં ઘાસ-ચારા માટે ઉગાડવામાં આવતા ઘાસનો એક પ્રકાર. **p. jaggery.** તાડ ગોળ; શુદ્ધ કર્યા વિનાની બન વેલી ખડ; જે તાડી તાડીમાંથી ભેજ દૂર કરીને બનાવવામાં આવે છે. **p. oil.** ઊંજણ તરીકે તથા ખાવાંના કામમાં ઉપયોગમાં આવતું ખાદ્ય તેલ, જેનો સાબુ પણ બનાવવામાં આવે છે. **palmetto.** લઘુતાડ. **p. palmyra** તાડ; *Borassus flabellifer* **L.** (*B. flabelliformis* **Roxb.**). નામનો ઊંચો તાડ, જેને છેદીને નીરા, તાડી જેવા રસો કાઢવામાં આવે છે અને આ રસોમાંથી તાડગોળ, તાડ શકંરા જેવાં દ્રવ્યો બનાવવામાં આવે છે, વળી તેનાં પાનની સાવરણીઓ બને છે. તેનાં ફળ ખાદ્ય છે. તેના રેસામાંથી બ્રશ, ઝાડુ, પાનમાંથી છત્રી, પંખા, ટોપલા – ટોપલીઓ અને સાદડીઓ બનાવવામાં આવે છે. પાનના પ્રકાંડમાંથી લખવાની શાહી બનાવવામાં આવે છે. આ તાડનું વૃક્ષ પ. બંગાળ, બિહાર, દ. ભારતના અને કાંઠા પરના વિસ્તારોમાં થાય છે.

**palma christi.** દીવેલાં.

**palmarosa oil.** ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ, આન્ધ્રપ્રદેશ અને ઉત્તર પ્રદેશમાં થતી વનસ્પતિનાં પાનમાથી કાઢવામાં આવતું તેલ.

**palmate.** પંજાકારમાં ખંડિત.

**palmitic acid.** માખણનો એક મેદીય એસિડ.

**palmitin.** એડિપોઝ પેશી, દૂધ, પામ ઑઈલમાં રહેલી ચરબી.

**palp.** જંતુનું સંવેદનગ્રાહી જોડિયું અંગ, સ્પર્શક. **palpus.** જંતુનું સ્પર્શક અંગ.

**palpate.** દાક્તરી તપાસમાં ઉપયોગમાં લેવામા આવતો હાથો.

**palpation.** પ્રાણીના શરીરની સપાટી હેઠળના કોઈ ભાગની સમાંગતા પારખવા આંગળીના સ્પર્શથી કરવામાં આવતી તપાસ.

**palpebral.** આંખની પાંપણનું – તે અંગેનું, પક્ષ્મીય.

**palpitate.** સ્પંદન થવું, ધ્રૂજવું, ધડકવું. **palpitation.** સ્પંદન, ધ્રૂજારી, ધડકન, અનિયમિત સ્પંદન.

**palsy.** પક્ષાઘાત. લકવો.

**paludal.** ભેજવાળી કે કળણ (જમીન). **palustrine.** કળણ-ભેજવાળી જમીનમાં ઊગતી (વનસ્પતિ.)

**palwal.** પરવળ.

**pamaar.** કુવાડિયો.

**P-aminobenzoic acid.** પ્રજીવક – 'બી' સંકુલનું એક પ્રજીવક, જે મરચાંના

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બચ્ચાંનો વિકાસ અને વૃદ્ધિને ઉત્તેજે છે, પી - બેન્ઝોઈક ઍસિડ.

**pan.** ખૂબ જ સંઘનિત અને મૃદુ તત્ત્વ ધરાવતું જમીનનું સંસ્તર. (૨) છીછરાં મૂળવાળા છોડ, કંદ કે ધરુ ઉગાડવા માટેનું છીછરું કૂંડું. (૩) નાગરવેલનું પાન. (૪) સર્વ અર્થસૂચક પૂર્વગ.

**Panchayat Samiti.** ગ્રામ વિકાસના ખંડના સ્તર પર ગ્રામ પંચાયતોના સરપંચોની, ગ્રામ આયોજન અને ગ્રામ વિકાસના કાર્ય પ્રત્યે લક્ષ આપતી સમિતિ, પંચાયત સમિતિ.

**Pancratium** *triflorum* **Roxb.** ઉનાળા અને શિયાળામાં પુષ્પોદ્ભવ પામતો આકર્ષક અને સુવાસિત ફૂલનો છોડ.

**panchromatic.** સર્વ રંગી.

**pancreas.** સ્વાદુપિંડ, અગ્ન્યાશય; પ્રાણીઓના જઠરની પાછલી બાજુએ રહેલી, રસ સ્રવતી ગ્રંથિ, જે ઈન્સ્યુલીન પેદા કરે છે. **p. duct.** સ્વાદુપિંડ વાહિની. **pancreatic.** અગ્ન્યાસને લગતું. **p. fluke.** *Eurytrema pancreaticum.* નામનું ડુંગરાળ પ્રદેશોના ઢોરના અગ્ન્યાશયમાં રહેતું જંતુ. **p. juice.** સ્વાદુપિંડમાંથી સ્રાવ પામતો રસ, જે ખાધેલા ખોરાકના પાચનમાં સહાયભૂત બને છે. **pancreation.** સ્વાદુપિંડનો પ્રોટિયોલિટિક ઉત્સેચક – ટ્રિપ્સિન.

**Pandanus** *latifolius* **Perr.** મૂળ મલાયાની પણ અહીં પશ્ચિમ કાંઠા પર થતી, ભાતને સુવાસિત બનાવતી વનસ્પતિ. **P.** *tectorius* **Soland. ex Parkinson** [Syn. *P. odoratissimus* **Roxb.**]. કેવડો, સુગંધી કેવડો; શોભાનો ક્ષુપ, જે ભારતના દક્ષિણના બંને કાંઠાના વિસ્તારો, ઓરિસા, ઉત્તર પ્રદેશ, અને આંદામાનમાં થાય છે. તેના નર પુષ્પમાંથી કાઢવામાં આવતું બાષ્પશીલ તેલ સુગંધી દ્રવ્યો બનાવવાના કામમાં આવે છે. પાનના રેસાનાં દોરડાં, જાળ, સાદડીઓ અને કોથળા બનાવવામાં આવે છે, ઉપરાંત પાનના કાગળ બનાવવામાં આવે છે.

**pandemic.** દુનિયાભરમાં વ્યાપી જતો (રોગ કે સજીવ).

**Pandhari Sahebi.** ઉત્તમ પ્રકારની લાંબી, છ લ, સ્વાદિષ્ટ ગર, નરમ બી, મધ્યમ પ્રકારના લૂમખાંવાળી દ્રાક્ષનો એક પ્રકાર.

**Pandorea** *jasminoides* **(Lindl.) K. Schum.** [Syn. *Tecoma jasminoides* **Lindl.**]. મૂળ ઑસ્ટ્રેલિયાનો શોભા માટેનો આરોહી ક્ષુપ. *P. pandorana* **(Andr.)** v..n **Steenis** (Syn. *Tecoma australis* **R. Br.**). મૂળ ઑસ્ટ્રેલિયાનો બગીચામાં થતો છોડ.

**panformation.** કઠોર સ્તરની રચના.

**pangas.** *Pangasius pangasius.* નામની 4 ફૂટ લાંબી નદીમાં થતી ખાદ્ય માછલીનો પ્રકાર.

**pangene.** પેનજીન.

**pangla.** કાશ્મીર, પંજાબ અને ઉત્તર પ્રદેશમાં થતું *Aesculus indica* **Colebr. ex Wall.** નામનું ઝાડ, જેનાં પાનનો ચારો બને છે અને ફળ ખાદ્ય છે.

**pangra.** આસામ, તામિલનાડુ, ઓરિસા, આંદામાન અને નિકોબારનું ખાદ્ય ફળધારી ઝાડ.

**pani amla.** ખાદ્યફળનું ઝાડ.

**panibel.** જંગલી દ્રાક્ષ; *Ampelocissus latifolia* **(Roxb.) Planch.** (*Vitis latifolia* **Roxb.**). નામનો કાષ્ઠીય ક્ષુપ, જેનાં ફળ ખાદ્ય છે.

**panic grass.** *Panicum* પ્રજાતિનું, તૃણકુળનું ગમે તે ઘાસ.

**panicle.** પુષ્પ ગુચ્છ, સંયુક્ત કલગી, સંયુક્ત મંજરી. **paniculate.** પુષ્પગુચ્છી.

**Panicum** *antidotale* **Retz.** વંસી, ગુનારા, ઢું, ઢુંસકોઈ નામનું પંજાબ, ઉત્તર પ્રદેશ અને દ્વીપકલ્પના પશ્ચિમ વિસ્તારોમાં થતું ઊંચું કરકરિયું ઘાસ, જેને ઘાસચારા માટે તથા રેતીના ઢૂવાને સ્થિર કરવા ઉપયોગમાં લેવામાં આવે છે. *P. colo-*

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



*num* **L.** સામો, સામો ઘાસ; મુખ્યત્વે મહારાષ્ટ્ર અને આન્ધ્રપ્રદેશમાં થતી શાકીય વનસ્પતિ, જેનો દાણો – સામો અઠવાડિયાના સમયમાં ખાવાના કામમાં આવે છે, અને ઘાસનો ચારો થાય છે. **P.** *crus-galli* var. *frumentacea* **Roxb.** સામો; મુખ્યત્વે મહારાષ્ટ્ર અને આન્ધ્ર પ્રદેશમાં થતી તૃણકુળની ઘાસચારા અને ખાદ્ય પાકની વનસ્પતિ. **P.** *glaucum* **L.** *Setaria glauca* (**L.**) **Beauv.** નામનું ઘાસચારા માટે ઉગાડવામાં આવતું નાનું કુતેલી નામનું ઘાસ. **P.** *italicum* **L.** કાંગ, એક ઘાસચારો, જેના દાણા ગરીબ લોકો ખાય છે, અને જે ચોખાના સ્થાનમાં ભાત તરીકે ખાવામાં આવે છે. **P.** *maximum* **Jacq.** ગિનીઘાસ; મહારાષ્ટ્ર, તામિલનાડુ અને ઉ. ભારતમાં થતો તૃણકુળનો ઘાસચારો. **P.** *miliaceum* **L.** વરી, વારી, ચીણો નામની ઉત્તર પ્રદેશમાં થતી ઘાસચારાની વનસ્પતિ. **P.** *miliare* **Lamk.** ઝીણકો મણચો, સામો, નામનો ઉત્તર પ્રદેશ, અને મધ્ય પ્રદેશમાં થતો ઘાસચારો, જેનો દાણો ખાદ્ય છે. **P.** *repens.* **L.** ચીણો નામના ઘાસચારાનો એક પ્રકાર. **P.** *turgidum* **Forsk.** જમીનને સ્થિર કરવા અને રેતીના ઢૂવાના પ્રદેશને નવસાધ્ય કરવા માટે ઉપયોગમાં લેવામાં આવતી વનસ્પતિનો એક પ્રકાર.

**panisag** રાજીકાદિકુળનો ક્ષુપ.

**pan jambul.** વાંઝણા.

**panlata.** મહારાષ્ટ્ર, તામિલનાડુ, ઓરિસા, આસામ અને સુંદરવનમાં થતી, મૂળમાં જંતુઘ્ન દ્રવ્ય ધરાવતી *Derris-trifoliata* **Lour.** (*D. uliginosa* **Benth.**). નામની વનસ્પતિનો પ્રકાર.

**panphytotic.** દુનિયાભરમાં વિસ્તરેલો કે પથરાયેલો (વનસ્પતિને થતો એક રોગ).

**panshahi.** મધ્યમ પ્રકારની શેરડીનો એક પ્રકાર.

**pansukh disease of rice.** ડાંગરનાં પાન સુકાઈ જાય તેવો એક રોગ.

**pantandrous.** પાંચ પુંકેસરવાળું (ફૂલ).

**pantophagous.** સર્વભક્ષી, સર્વાહારી.

**pantothenic acid.** પ્રજીવક – 'બી' સંકુલનું એક પ્રજીવક, જે મરઘાં – બતકાં તથા ડુક્કરનાં વૃદ્ધિ અને વિકાસ માટે ઉપયોગી બને છે, પેન્ટોથેનિક ઍસિડ.

**pantropic.** ગમે તે દિશા તરફ ઝૂકી – નમી જઈ શકતું, સર્વ આવર્તના. (૨) અનેક પેશી પર આક્રમણ કરતું.

**panzootic.** કોઈ એક વિસ્તારનાં સઘળાં સંવેદનશીલ પ્રાણીઓને લાગુ પડતો રોગ.

**papain.** સૂકા, કાચા પપૈયાનું દૂધ. લીલા, કાચા પપૈયાને કોઈ અધાત્વીય સાધનથી આછો કાપ કરીને તેમાંથી સ્રવતાં દૂધને કાચના વાસણમાં એકઠો કરી સૂર્યના તડકામાં સૂકવવામાં આવે છે, જેથી આ દ્રવ્ય આકર્ષક સફેદ બને છે.

**Papaver** *rhoeas* **L.** લાલપોસ્ટ; અહિફેનાદિકુળની મૂળ યુરોપની પણ અહીં શોભા માટે વાવવામાં આવતી શાકીય વનસ્પતિ. **P.** *somniferum* **L.** અફીણ; મૂળ પ. એશિયાની પરંતુ અહીં ઉત્તર પ્રદેશ, જલંધર અને હોશિયારપુરમાં થતી શાકીય વનસ્પતિ. તેના કાચા ડોડામાં છેદ મૂકી કાઢવામાં આવતા અફીણનું અફીણ બને છે, જે નિદ્રાકારી, ચેન આપતું, વેદનાશામક, માદક દ્રવ્ય છે, તેનો ઔષધ તરીકે પણ ઉપયોગ કરવામાં આવે છે, તેના દાણા ખસખસ કહેવાય છે. **papaverous.** અફીણ જેવું.

**papaw.** પપૈયું. **papaya.** પપૈયું; *papaw, pawpaw, treemelon, Papita* વ. તરીકે ઓળખાતું. પપૈયા વર્ગનું *Carica papaya* **L.** નામનું મૂળ ઉષ્ણકટિબંધીય અમેરિકાનું પણ ભારતમાં સર્વત્ર વાવવામાં આવતું, ખૂબ જ પાચક ગુણ ધરાવતા, પ્રજીવકો 'એ' 'બી$_1$' 'બી$_2$' અને 'વાય' ધરાવતા ફળનું ઘર આંગણે પણ વાવવામાં આવતું ઝાડ. આ ઝાડનાં વૃદ્ધિ–વિકાસ માટે પાણીનો નિકાલ સરખો હોય તેવી જમીન અનુકૂળ પડે છે. તેના પુંકેસર અને સ્ત્રીકેસર ધરાવતાં જુદાં જુદાં ઝાડ હોય છે. આ ઝાડ બી વાવીને ઉગાડવામાં આવે છે. તેના મુરબ્બા બના-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વવામાં આવે છે, પેપીન નામનું તેનું દૂધ તેની એક અગત્યની આડ પેદાશ છે. **p. collar rot.** *Pythium aphanidermatum.* નામના જંતુથી પપૈયાને લાગતો સડો. **p. foot rot.** *Phytophthora parasitica* **Dastur.** નામના જંતુથી પપૈયાને સડો લાગવાનો થતો રોગ. **p. mosaic.** પપૈયાને થતો વિષાણુજન્ય રોગ.

**paper.** કાગળ. **p. mulberry.** *Broussonetia papyrifera* **(L.). 'He'ritier in Vent.** નામનું ઉત્તર ભારતમાં થતું કાગળ બનાવવાના કામમાં આવતું એક નાનકડું ઝાડ. **p. mulch.** છોડની હારની વચમાં જમીનને ઢાંકવા માટે કરવામા આવતા કાગળનો વીંટો. **P. Shell.** બદામનો એક પ્રકાર, જેમાં જાડી છાલવાળું, નરમ, લીસારા પડતી, સારી સુવાસ ધરાવતી કળીવાળું ફળ હોય છે. **papyraceous.** કાગળ જેવું.

**Papilionaceae.** ઉગાડેલી સિંગોવાળી વનસ્પતિઓનું પલાશાદિ નામે ઓળખાતું કુળ.

**papilionaceous.** પતંગિયા જેવું **papilionate.** પતંગિયા જેવું.

**papilla** (એ.વ.). **papillae** (બ.વ.). અંકુર, પિટિકા. (૨) કોઈપણ અંગ પર પેશીનો ડીંટડી જેવો થતો નાનો ઉભાર. (૩) પીંછાની શરૂઆતની જેમ પક્ષી પર થતી શંકુ આકારની રચના. **papillary artery.** પિટિકા ધમની.

**Papillio** *demoleus.* **L.** લીંબુનું પતંગિયું.

**papilloma.** મસો, ચામડીના અધિચ્છદ પર અથવા મોં પર શ્લેષ્મી ત્વચા પર થતો અર્બુદનો એક પ્રકાર; ઢોરમાં થતો સર્વસામાન્ય મસો; ગાયનાં આંચળ પર, વાછરડાના માથા અને ગરદનની બાજુ પર પણ આવા પ્રકારનો અર્બુદ – મસો થાય છે. આવાં ઢોર મરી ગયા પછી તેમના ઉતારવામાં આવેલા ચામડાનો આવા મસાવાળો ભાગ નબળો હોય છે અને ફૂદાએ આ ભાગ કરડી ખાધો હોય તેવું દેખાય છે.

**pappus.** ફળની ટોચ બતાવતું ઉપાંગ કે તોરો, જે બીના પ્રસરણમાં મદદરૂપ બને છે. (૨) રોમમય.

**papri.** *Holoptelea integrifolia* **(Roxb.) Planch.** નામનું પાનખર ઝાડ, જેના કાષ્ઠનાં ઓજિન, બળદની પીઠિકા, અને કૃષિ ઓજારો બનાવવામાં આવે છે.

**paprika.** કેચઅપ અને તેના જેવી ખાદ્ય વાનગી બનાવવામાં ભભરાવવામાં આવતી મરી મસાલાની ભૂકી.

**papule.** છોડનો નાનકડો માંસલ પ્રવર્ધ, પીટિકા. (૨) કાગળ જેવું પાતળું.

**para—.** પાર્શ્વિક, પારનું, ઓઠું, અનિયમિત ઇ. અર્થસૂચક પૂર્વગ.

**para-amino benzoic acid.** પેરા – એમિનો બેન્ઝોઈક એસિડ.

**parabolic weir.** પરવલયિત આડબંધ.

**paracasein.** દૂધમાં રેનેટ (વાછરડાના જઠરની શ્લેષ્મીય ત્વચા) નાંખતા અવક્ષિપ્ત થતું દૂધમાંનું પ્રોટીન દ્રવ્ય.

**parachute.** બીજોપાંગ, બીજશૌલ. (૨) પાંખા જેવા વાળ, કંટક, શીંગડાં વગેરેની વિશિષ્ટ પ્રકારની રચના, જે બીને પ્રસરાવવામાં સહાયભૂત બને છે.

**paraeluvium.** જલકૃત ખડકોની પેદાશને ખવાણ લાગતા થતા નિક્ષાલનમાંથી પરિણમતી અવશિષ્ટ પેદાશ.

**paraffin.** લાકડું, કોલસો, પેટ્રોલિયમ ઇ.ના શુષ્ક નિસ્યંદનથી મળતું રંગવિહીન, સ્વાદવિહીન, ગંધવિહીન મેદીય દ્રવ્ય, જેનો ઉપયોગ દીવાબત્તી, યંત્રોનું ઊંજણ કરવા તથા ફળની પેદાશ, મુરબ્બો ઇ.નાં બાટલા, બરણીઓ કે અન્ય પ્રકારનાં પાત્રોની ટોચને ચુસ્તબંધ કરવા માટે કરવામાં આવે છે.

**Parafilaria** *bovicola.* ઢોરને ખાસ કરીને ગરમીની ઋતુમાં થતા રોગનું કારક જંતુ. **P.** *multipapillosa.* ઘોડામાં હાથીપગાનો રોગ કરનાર જંતુ, જેમાં ઘોડાની ચામડીની નીચે એકાએક ગાંઠ થાય છે, જે ફાટી જતાં તેમાંથી લોહી નીકળે છે અને તે આપમેળે જ રુઝાઈ જાય છે.

For Private and Personal Use Only

**Paragonimus** *westermanii.* કૂતરાં, બિલાડાં, ડુક્કર અને અન્ય પ્રાણીઓનાં ફેફસાં તથા મગજમાં થતું જંતુ.

**para grass.** મોરિશિયસ ઘાસ, ભફેલો ઘાસ તરીકે ઓળખવામાં આવતું, તૃણકુળનું *Brachiaria mutica* (**Forsk.**) **Stapf.** (*Panicum purpurascens* **Raddi.**). નામનું તૃણકુળનું, ગરમ હવા-માનને અનુકૂળ, ગાઠો આગળથી પણ ફૂટતું, વાવ્યા બાદ માત્ર ત્રણ જ મહિનામાં કાપી શકાય તેવું, મૂળ દ. અમેરિકા તથા પ. આફ્રિકાનું પણ ભારતભરમાં બધે જ થતું એક પ્રકારનું ઘાસ, જે ઢોરને ભાવે છે.

**paraheliotropism.** સૂર્યનાં કિરણોને સમાંતર પર્ણ ફેરવવાની વનસ્પતિની વૃત્તિ.

**parallax.** દિગ્ભેદાભાસ લંબન. **p; stereoscopic.** ત્રિપાર્શ્વ દિગ્ભેદાભાસ –લંબન.

**parallel.** સમાંતર. **p. evolution.** સમાંતર ઉત્ક્રાંતિ. **p. venation.** સમાંતર શિરાવિન્યાસ, **parallelism.** સમાંતરતા.

**paralysis.** પક્ષઘાત, લકવો.

**Paramphistomidae.** યકૃત તથા જઠરમાં રહેતું પરજીવી જંતુ, જેનો ઉપદ્રવ વધતા, પ્રાણીનું મરણ નીપજે છે.

**paraplegia.** રોગ અથવા ઈજા થવાના પરિણામે કરોડરજ્જુને હાનિ પહોંચી હોય તેના કારણે ઢોર, ઘેટાં–બકરાંનાં પાછલાં અંગોને પતો સંપૂર્ણ લકવો.

**para rubber.** રબરનું ઝાડ.

**paraphysis.** વંધ્ય સૂત્ર; અપુષ્પ વન-સ્પતિમાં પ્રજનન લિંગી અવયવનું વંધ્યસૂત્ર.

**Parasa** *lepica.* ફૂટવેલ નામના ઝાડનાં પાન ખાતી ઈયળ.

**parasexual reproduction.** પરલિંગી પ્રજનન.

**parasite.** પરોપજીવી, પરજીવી; વર્ગી-કરણની દૃષ્ટિએ અન્ય સજીવ પર કે તેના દેહની અંદર, તેનામાંથી જીવનને આવશ્યક પોષણ મેળવી જીવન ટકાવતો સૂક્ષ્મ સજીવ, જે યજમાન પ્રાણી કે વનસ્પતિને રોગાવિષ્ટ બનાવે છે. (૨) અન્ય વનસ્પતિ પરની આરોહી વનસ્પતિ, જે યજમાન વનસ્પતિ-માંથી પોષણ મેળવી જીવન ટકાવે છે; અથવા યજમાન વનસ્પતિને વિંટળાઈ સ્વતંત્ર રીતે પોષણ મેળવી વિકાસ અને વૃદ્ધિ મેળવે છે. **p. root.** પરજીવી મૂળ. **p. stem.** પરજીવી પ્રકાંડ. **parasitic.** પરોપજીવીના કારણે (થતો રોગ); (આવા પ્રકારનો) વાહક. (૨) પરજીવીનું–તેને લગતું. **p. disease.** પ્રાણી કે વનસ્પતિ પર-જીવીના આક્રમણના પરિણામે વનસ્પતિ અથવા પ્રાણીના જીવનમાં પડતી ખલેલ કે પરજીવીના કારણે થતો રોગ. **p. fungus.** વનસ્પતિ અથવા પ્રાણી પેશીની ઉપર જીવતી અને અનેક પ્રકારના રોગનું કારણ બનતી ફૂગ; ઘણીવાર તે મંદ શબોપ-જીવી પણ બને છે. **prasiticide.** પરજીવી સજીવોનો નાશ કરતું દ્રવ્ય. **parasitism.** પરજીવિતા, પરોપ-જીવિતા. **parasitize.** અન્ય પર પર-જીવી બની યજમાનને રોગ કરવો. **Parasitology.** વનસ્પતિ અને પ્રાણીઓના પરજીવીઓના અભ્યાસનું વિજ્ઞાન.

**paraspipal.** પારસ પીપળો.

**parastichy.** બહુપંક્તિક.

**parasympathetic.** પરાનુકંપી.

**parasynapsis.** પાર્શ્વયુગ્મન.

**Paratetranychus** *indicus.* શેરડીને કોરતી ઈતડી.

**parathion** (**O=O-diethyl O-p-nitrophenyl phosphorothiolate**). ઓ–ઓ ડાઇ એથિલ ઓ પી-નાઈટ્રોફિનિલ ફોસ્ફોરોથાયોલેટ નામનું કાર્બનિક ફોસ્ફરસ સંયોજન, જે જઠરના કે સંસ્પર્શક જંતુનો નાશ કરે છે; જે ભૂકારૂપે, અવક્ષેપરૂપે કે પાયસરૂપે ઉપયોગમાં લઈ શકાય છે, જે ખૂબ જ બાષ્પશીલ છે, જેથી બહુ થોડા જ સમયમાં તેનો જંતુનાશક ગુણ ગુમાવી દે છે. આ સંયો-જન માનવી માટે અતિશય ઝેરી છે.

**parathomone** ઉપગલગ્રંથિ દ્વારા થતો એક અંતઃસ્રાવ. **parathyroid.** ઉપગલ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(ગ્રંથિ). **p. dysfunction.** ઉપગલ ગ્રંથિનું અપકાર્ય, જેના પરિણામે અસ્થિ રચનામાં પરિવર્તન આવે છે અને શરીરની પેશીઓની ઉપરવટ કેલ્શિયમ જમા થાય છે, અંગુલિગ્રહનો રોગ થાય છે તથા લોહીમાં કેલ્શિયમની ઊણપ વરતાય છે. **p. glands.** ગલગ્રંથિની આગળ, કેલ્શિયમના ચયાપચયની સાથે સંકળાયેલી ઉપગલગ્રંથિઓ.

**Paratuberculosis.** *Mycobacterium paratuberculosis.* નામના જંતુથી ઢોર, ભેંસ, ઘેટાં, બકરાં ઇ.ને થતા ક્ષયરોગનો એક પ્રકાર. **Parapuberculous enteritis.** જોનનારોગ નામે ઓળખવામાં આવતો ઢોર, ભેંસ, ઘેટાં–બકરાંને થતો ક્ષયરોગ, જેમાં પાતળા ઝાડા થાય, અતિસાર થાય અને જડબાની નીચે રોગી પ્રાણીને સોજો આવે.

**paratyphoid.** ઉપાંત્રજ્વર; અન્ન દંડાણુ, **Salmonella** સમૂહના જીવાણુથી પ્રાણીઓનાં આંતરડાંમાં સંક્રમણથી થતા રોગનો એક પ્રકાર, જેમાં અતિસાર થાય અને નબળાઈ આવે.

**parboiling.** છડયા વિના ડાંગરને ગરમ પાણીમાં ઉકાળી છાયામાં સુકાવા દેવાની પ્રક્રિયા, આ પ્રક્રિયા બાદ ડાંગરને છડવાથી સારા સરખા પ્રમાણમાં આખા ચોખા મળે છે.

**parched.** સેકેલું. **p. maize.** માનવીના ઉપભોગ માટે સેકેલા મકાઈના દાણા. **p. paddy.** હાજીખાની, પૌંઆ; ડાંગરને બાર કલાક તડકામાં સૂકવી, માટીના ઊંધા કરેલા વાસણમાં રાતભર રાખી, ભેજવાળી ડાંગરને તડકામાં સૂકવી, ભેજવાળી હોય ત્યારે તેને ગુંધા બાદ તેનાં ઝાલાં છોતરાં દૂર કરી કાઢવામાં આવતા ચોખા. **p. rice.** મમરા; માટીના તાવડામાં ચોખાને રેતીમાં વારંવાર હલાવી સેકવાની પ્રક્રિયાથી નીપજતી ચોખાની પેદાશ. આ પ્રક્રિયામાં ચોખા ફૂલે છે. ચોખા તતડવા માંડે ત્યારે તેને બહાર કાઢી, ચાળી લઈ હાથ ઘંટીમાં, ખાંડા છડવાથી મમરા બને છે.

**parchment coffee.** કોફીના બુંદ દાણા પર પ્રક્રિયા કરી બનાવવામાં આવતી કોફીનો એક પ્રકાર.

**pare.** ફળ ઇ.નાં છોતરાં કે પ્રાણીનાં નખ, ચામડી ઇ.ને દૂર કરના, કાપી નાંખવા.

**parechyma.** મૃદૂતક પેશી, કાષ્ઠ દીવાલોવાળા, મૃદુપેશી બનાવેલા સમવ્યાસી જીવંત પરિપકવ કોષો; સાદી, અવશિષ્ટ વાનસ્પતિક, પાતળી દીવાલ ધરાવતી સમવ્યાસી કોષ-ધરાવતી, પાન. ફળ ઇ.માં જણાતી પેશી. (૨) પ્રાણીઓમાં ગ્રંથિ જેવી અંગની આગત્યની પેશી. **parenchymatous.** મૃદૂતકીય. **p. cell.** મૃદૂતકીય કોષ. **p. tissue.** મૃદૂતકીય પેશી.

**parent.** પિતૃ.(૨) મૂળ. **p. material.** મૂળદ્રવ્ય; જમીન – મૃદ્ નિર્માણની પ્રક્રિયા દરમિયાન, જે મૂળ શૈલમાંથી મૃદ્ નિર્માણ થાય તે મૂળ શૈલ. **p. seed.** મૂળ-બીજ; સંકર, પ્રક્રિયાદ્વારા સંકર બીજ, જે મૂળ બીજમાંથી મેળવવામાં આવે તે મૂળબીજ. **parentage.** પૈતૃકતા. **parental generation.** વંશાનુક્રમ, પૈતૃક પેઢી. **p. stock.** પૈતૃકકુળ. **p. tree.** પૈતૃકઝાડ.

**parentaral.** આંત્રદ્વારા ન હોય તેવું, મોં કે આંતરડાં સિવાય અંતઃક્ષેપથી પેશી કે શિરામાં (ઔષધ આપવું.).

**paresis.** આંશિક લકવો – પક્ષઘાત જેનો પ્રભાવ સ્નાયુઓનાં હલનચલન પર સંવેદના પર નહિવત્ પડે છે. **paretic.** આંશિક પક્ષાઘાતવાળું.

**paries** વનસ્પતિ કે પ્રાણીના વિવર કે ગર્તની દીવાલ.

**parietal.** ચર્મવર્તી, સીમાંત. (૨) વિવર, ગર્તોની દીવાલનું – તે પરનું. (૩) ખોપરીની બાજુ કે ટોચપરના (યુગ્મિત અસ્થિ). **p. placenta.** ચર્મવર્તી જરાયુ.

**paripath.** પરિપથ.

**paripannate.** યુગ્મ પિચ્છાકાર, બેકી સંખ્યાવાળી પર્ણિકા ધરાવતા યુક્ત પર્ણો; અંત્યપર્ણિકા વિનાનું પિચ્છાકાર.

**Paris Green.** એસીટો આર્સેનાઇડ ઑફ કોપર; લીલો કરકરો ભૂકો, પર્ણખાનાર જંતુઓ માટે જઠરવિષ તરીકે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપયોગમાં આવતું સોમલ સંયોજન, જેનો ભૂકા કે પ્રવાહીરૂપે છંટકાવ થઈ શકે; તે ઝેરી હોઈ ફળઝાડ પર તેનો છંટકાવ કરવામાં આવતો નથી.

**Paritium** *tiliaceum* **St. Hil.** ચેવલા નામનું સુંદરવનમાં થતું ખાદ્ય પાનનું વૃક્ષ; જેની છાલના રેસામાંથી દોરડાં અને ચટાઈઓ બનાવવામાં આવે છે.

**parity.** સમાનતા, સમમૂલ્યતા, સમમૂલ્ય. **p. index number.** સમ સૂચકાંક. **p. of exchange.** વિનિમય સમતા. **p. price.** સમતા કિંમત. **p. p. forenula**–સમતા કિંમત સૂત્ર.

**Parkia** *roxburghi* **G Don.** આસામમાં થતું નાનું ખાદ્યફળનું ઝાડ.

**Parkinsonia** *aculeata* **L.** રામતરુ, રામબાવળ, વિલાયતી કિંકર નામનો મૂળ અમેરિકાનો વાડ તરીકે ઉગાડવામાં આવતો છોડ.

**Parkinsonism.** પાર્કિન્સન નામનો વ્યાધિ.

**Parmentiera** *cereifera* **Seem.** મીણબત્તી વૃક્ષના નામે ઓળખાતો પનામાનો વાડ તરીકે વાવવામાં આવતો છોડ.

**parotid.** લાળ સ્રવતી કાનની બાજુની ગ્રંથિ.

**paroxism.** આવેગ.

**parparan.** સૂરજવેલ.

**parrot.** પોપટ; *Psittacula cyanocephala.* નામનું જામફળ, કેરી, સફરજન, ધાન્ય પાકના કણસલાં, ફૂલ ઇ.નો હાનિ પહોંચતું પક્ષી.

**pars distailis** દૂરસ્થ ખંડ.

**parsley.** *Petroselinm crispun* **(Mill.) Nym.** [Syn. **P.** *sativum* **Hoffm;** *Carum petroselinum* **(L.) Beth.**]. નામની મૂળ યુરોપની પણ અહીં ઉગાડવામાં આવતી શાકીય વનસ્પતિ, જેનાં પાનની શાકભાજી બનાવવામાં આવે છે.

**parsnip.** *Pastinaca sativa* **L.** [Syn. *Peucedanum sativum* **(L.) Hook.** f. ]. નામની ગુજરાત, કોંકણ અને આન્ધ્ર પ્રદેશમાં થતી પીળાં ફુલ અને પીળાં મૂળવાળી પાન ધરાવતી ભાજી.

**parthenocarpy.** અપરાગફલન, અનિષેકફલન; ફલન વિના કે બીજ વિના કે ભ્રૂણ વિનાના બીજથી થતું ફલીભવન. **parthenogamy.** બે જન્યુઓનું યુગ્મન. **parthenogenesis.** અનિષેકજનન, અસંયોગીજનન, અફલિતાંડજનન; અફલિત અંડમાંથી નવા સજીવની ઉત્પત્તિ; લૈંગિક તત્ત્વોના યુગ્મન વિનાનું પ્રજનન; **parthenogonidium.** અનિષેક અલિંગીપ્રકણી બીજાણુ. **parthenospore.** અપરાગ બીજાણુ, અનિષેકી બીજાણુ.

**partial.** આંશિક, અપૂર્ણ. **p. dominance.** આંશિક પ્રભાવ. **p. etiolation.** અલ્પ પ્રકાશના કારણે કોઈ વનસ્પતિના સમગ્ર કે થોડા ભાગ પર થતું અલ્પ હરિત દ્રવ્ય. **p. parasite.** આંશિક પરજીવી-ટેવવાળી અપુષ્પ વનસ્પતિ. **p. pressure.** આંશિક દબાણ. **p. sterilization.** આંશિક રીતે કરાયેલું જંતુઘ્નીકરણ; વરાળથી જમીનને બાફ આપીને કે નકામાં દ્રવ્યોને બાળીને અથવા ટોલ્યુઈન, કાર્બનડાયોક્સાઈડ જેવાં જંતુઘ્નો ઉમેરીને કરવામાં આવતું જંતુઘ્નીકરણ.

**particle.** કણ, કોઈપણ દ્રવ્યનો સૂક્ષ્મ ભાગ કે નાનામાં નાનું તેનું પ્રમાણ. **p. density.** કણ ઘનત્વ. (૨) પ્રત્યેક ઘન સે.મી. દીઠ જમીનના કણનું ઘનત્વ, જે ઘણીવાર વાસ્તવિક ઘનત્વ કે જમીનના દાણા કે કણનું ઘનત્વ કહેવાય છે.

**partner.** ભાગીદાર, હિસ્સેદાર. **partnership.** ભાગીદારી.

**partowner.** અંશમાલિક.

**parts per million (PPM).** માટીના દસ લાખ વજન એકમદીઠ વજનના એકમો. દસ લાખગ્રામ માટી દીઠ એક ગ્રામ માટી અથવા દસ લાખ પાઉન્ડ મૃદા દ્રાવણોના સંબંધમાં દ્રાવણના દસ લાખ વજનનો એકમ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**parturient.** જન્મ આપવાની તૈયારીમાં, પ્રસવ થવાની હાલતમાં **p. apoplexy.** દૂધાળાં ઢોર, ઘેટાં, બકરાંને પ્રસવોત્તર લાગુ પડતો લકવાનો વ્યાધિ. **p. hypocalcaemia.** દૂધાળાં ગાય, ભેંસ, બકરાં ઇ. જેવાં પ્રાણીઓને પ્રસવોત્તર થતો લકવાનો વ્યાધિ, જેમાં રોગી પ્રાણીનાં પાછલાં અંગો સંવેદના ગુમાવે છે. **p. paresis.** પ્રસવોત્તર અંગઘાત; દૂધાળાં ગાય, ભેંસ, બકરાં ઇ.ને પ્રસવ બાદ થતો પાછલાં અંગોના સંવેદનાહરણનો રોગ. **parturition.** પ્રસવ, વિયાવું, અપત્ય પ્રસવી પ્રાણીઓનું વિયાવું. **p. house.** પ્રસૂતિગૃહ, પ્રસવશાળા.

**parwa.** ઘાસચારા માટેનો દીર્ઘાયુ ઘાસનો એક પ્રકાર.

**pasati.** શ્રીલંકાનો મૂળ પણ દ. ભારતમાં ઉગાડવામાં આવતો છોડ, જેનાં પાનની ભાજી થાય છે.

**Pascal's law.** પુરાયેલા પ્રવાહી પર લગાડવામાં આવતું બળ, જે એક સરખી રીતે, તેની બધી બાજુ પર લાગુ પડે તે દર્શાવતો પાસ્કલનો નિયમ.

**Pashmina.** પશ્મિના અને કાશ્મીર ઓલાદનાં બકરાંનું અંતર્ચર્મ. (૨) શાલ બનાવવા ઉપયોગમાં લેવામાં આવતું કાપડ.

**paspalum.** *Paspalum* પ્રજાતિના તૃણકુળનાં ઘાસનો ગમે તે પ્રકાર.

**Paspalum** *ancylocarpum* **Neel** ex **Steud.** બ્રાઝિલનું ઘાસચારા માટે અહીં ઉગાડવામાં આવતું એક પ્રકારનું ઘાસ, જે જમીનના ધોવાણને રોકે છે. **P.** *conjugatum* **Berg.** ઘાસનો એક પ્રકાર. **P.** *dilatatum* **Poir.** એક પ્રકારનો ઘાસચારો. **P.** *notatum* **Fluegge.** મૂળ અમેરિકાનો ઘાસચારો. **P.** *scrobiculatum* **L.** કોદરો. **P.** *vaginatnm* **Sw.** જમીનને જકડી રાખનાર ઘાસ.

**passage cell.** જલમાર્ગ કોષ.

**Passer** *domesticum.* ધાન્ય ખાઈ જતી ચકલી.

**Passiflora** *edulis* **Sims.** કૃષ્ણ-કમળ, જંબુક લતા નામનો મૂળ બ્રાઝિલનો પરંતુ અહીં ઉત્તર પ્રદેશ, પંજાબ અને તામિલનાડુમાં થતો ખાદ્ય ફળનો વેલો. **P.** *foetida* **L.** મૂળ અમેરિકાની શોભા માટે ઉગાડવામાં આવતી આરોહી વનસ્પતિનો એક પ્રકાર. **P.** *incarnata* **L.** ત્રિખાંચિયું કૃષ્ણ કમળ. **P.** *laurifolia* **L.** ખાદ્યફળની આરોહી વેલ. **P.** *quadrangularis.* **L.** ખાદ્યફળનો વેલો. **P.** *raddiana* **DC.** શોભાની વનસ્પતિનો પ્રકાર. **passion fruit.** કૃષ્ણ કમળ; *Jhumklata, Passifilora edulis* **Sims.** નામનું સ્કવાશ બનાવવા માટેનું નીલગિરિ, પંજાબ, હિમાચલ પ્રદેશ ઇ. ના સમશીતોષ્ણ હવામાનમાં થતું અમ્લીફળ.

**passive.** નિષ્ક્રિય. **p. immunity.** નિષ્ક્રિય રોગ પ્રતિરક્ષા; બીજા પ્રાણીના પ્રતિપિંડોનો અંતઃક્ષેપ કરીને પ્રાણીમાં રોગોત્પાદક સજીવોની સામે મેળવવામાં આવતી રોગપ્રતિરક્ષા. **p. process.** નિષ્ક્રિય પ્રક્રિયા.

**pastan.** અંબાડી.

**pastern.** ઘોડાના પગના હાડકાને, તેના દાબલાના હાડકાની સાથે જોડતો તેના શરીરનો ભાગ.

**paste.** લેપ. **paste up.** મરઘીનાં નાનાં બચ્ચાંની ગુદા આગળ તેમની ચરકતો જામી જતો ભાગ.

**Pasteurella.** મુવરંગી દંડાણુ. **P.** *aviseptica.* મરઘાં બતકાંને થતા કોલેરા માટે જવાબદાર મુવરંગી દંડાણુ. **P.** *septica.* ઢોર અને ભેંસને થતા રોગ માટે જવાબદાર દંડાણુ. **pasteurellosis.** મરઘાં – બતકાંને થતો કોલેરાનો રોગ.

**pasteurism.** ઉપરા ઉપરી રસી આપીને કરવામાં આવતું રોગ નિવારણ – ઉપચાર.

**pasteurization.** પાશ્ચરીકરણ; દૂધ, ફળના રસ, ઇ. જેવાં દ્રવ્યોને $140^{0}$થી $185^{0}$ ફે. ઉષ્ણતામાન આપીને ઠંડાં પાડી, વાનસ્પતિક જીવાણુઓનો નાશ કરવાની પ્રક્રિયા. તે પાશ્ચરીકૃત દ્રવ્યોની તાજગીને જાળવી રાખે છે. **pasteurized milk.**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાશ્ચરીકૃત દૂધ; હોલ્ડર પદ્ધતિથી 30 મિનિટ સુધી 143° ફે. ઉષ્ણતામાન આપવામાં આવેલું દૂધ અથવા ઉચ્ચ ઉષ્ણતામાન અને અલ્પાવધિ પદ્ધતિથી 15 સેકંડ સુધી 163° ફે. ઉષ્ણતામાન આપીને 40° ફે. જેટલું ઠંડું કરવામાં આવતું દૂધ. આવા પ્રકારની પ્રક્રિયા કરવાથી તેના રોગોત્પાદક સઘળા જીવાણુઓનો નાશ થાય છે છતાં તેનાં ભૌતિક, રાસાયણિક કે પોષક મૂલ્યોને કોઈ પણ પ્રકારની માઠી અસર પહોંચતી નથી અને દૂધને તે તાજું રાખે છે. **pasteurizer.** પાશ્ચરીકરણ કરનાર યંત્ર.

**Pastinaca** *sativa* **L.** [Syn. *Peucedanum sativum* (**L.**) **Hook. f.**]. ગુજૅર; મૂળ યુરોપની પણ અહીં વાવવામાં આવતી ખાદ્ય મૂળની શાકીય વનસ્પતિ.

**pastoral.** પશુ ચારણ, ગોપ. (૨) ગ્રામ. (૩) ઘેટાં, બકરાં ઇ. પ્રાણીઓને ચારીને નિર્વાહ મેળવવાનો પ્રકાર. **p. stage.** પશુ ચારણ ગોપ અવસ્થા.

**pastry.** ભૂંજેલી લોટની પેસ્ટ; લોટની કણકમાં માખણ નાંખીને શેકેલી પેચી રોટી પૂરણપોળી જેવું પકવાન.

**pasturage.** ઢોર કંઈ લીલોતરી ચરતાં હોય તે સઘળું, જેમાં ઘાસ ડાળાં પાંખળાં ઇ. નો સમાવેશ થઈ જાય છે. **pasture.** ચરાણભૂમિ; ઢોરને ચરાવવાનું સ્થાન. (૨) ગામ કે નગરની નજીકની ધાન્ય અને રોકડિયા પાક હેઠળની ફળદ્રુપ જમીનથી માંડીને જંગલની વનસ્પતિ સિવાયની અન્ય કોઈ કામમાં આવે તેમ ન હોય તેવી દૂરની ટેકરીઓ પરની જમીન સુધીની વિવિધ પ્રકારની જમીનો, (૩) મધમાખો પહોંચી જઈ શકે તેવી મધુરસ ધરાવતી વનસ્પતિ. **p. crop.** ઘાસચારા માટે ઉગાડવામાં આવતો પાક. **p. grass.** ચારા માટે ઉપયોગમાં લેવામાં આવતો ગમે તે ઘાસ-ચારો, જેવાં કે *dhub* ધરો, ધ્રોખ (*Cynodon dactylon*) અંજન (*Pennisetum cenchroides*), (*Andropogon pertuseus*) ખેતરાઉ જિંજ્યો, (*Iscilema laxum*), સ્ટાર, (*Cynodon plectostachyum*), સરવાલો, *Heteropogon contortus*), જરિયા (*Chrysopogon montanus*). *speargrass* (*Andropogon contortus*, અને દીર્ઘાયુ *rye grass* (*Loluim perenne*). **p. land.** ચરાણ હેઠળની – ઘાસ ચારા માટેની જમીન, ચરાણભૂમિ.

**pat.** શણ.

**pata.** ક્યારીને ઠીક કરવા માટેનું ઉપકરણ.

**patagium.** ચામાચીડિયા કે તેના જેવા પ્રાણીની પક્ષકલા.

**patala.** ક્યારીને ઠીક કરવાનું અને ઢેફાં ભાંગવાનું ઉપકરણ. **p. tumbi.** પતાળ તુંબી; *Ceropegia tubersosa* **Roxb.** નામની ખાદ્ય કંદવાળી આન્ધ્રપ્રદેશની વનસ્પતિનો એક પ્રકાર.

**Patana oak.** *Kali katbhi.* કુંભી, *Careya arborea* **Roxb.** નામનું પં. બંગાળ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને ઓરિસામાં થતું વિશાળ વૃક્ષ, જેના રેસાનાં દોરડાં અને કોથળા બનાવવા આવે છે. ઉપરાંત તેની છાલ ચામડાં કમાવવા અને રંગ કામમ ઉપયોગી બને છે. તેનાં પાન બીડી બનાવવા ઉપયોગમાં આવે છે અને ખી ખાઈ શકાય છે.

**Patanga** *succinata.* બોમ્બે લોકસ્ટ તરીકે ઓળખાતી તીડની એક જાતિ.

**patch.** વનસ્પતિ સંવર્ધનના હેતુ માટે અલગ કરવામાં આવતો જમીનનો એક ટૂકડો. **p. budding.** ફળ અને અન્ય પ્રકારના છોડનું અંકુરણ.

**patella.** જાનુ ફલક, ઘૂંટણની ઢાંકણી.

**paternal.** પૈતૃક.

**Pathankot orange.** મોટું, ટટ્ટાર, પટ્ટ ઘટાદાર નારંગીનું ઝાડ.

**pathiri.** હલકા પ્રકારનું જાયફળ.

**Pathobiology.** રોગ પ્રક્રિયાનું વિજ્ઞાન, રોગજીવવિજ્ઞાન. **pathogen.** રોગજનક, રોગોત્પાદક ગમે તે સૂક્ષ્મ જીવ કે દ્રવ્ય. **pathogenesis.** રોગજનન. **pathogenic.** રોગજનક, રોગોત્પાદક, વિકૃતિકારક, રોગ કરી શકે તેવું. **p. organism.** રોગોત્પાદક સજીવ. **pa-**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**thologist.** રોગોનાં કારણો, પરિવર્તનો-વિકૃતિઓનો અભ્યાસ કરનાર રોગ શાસ્ત્રી. **Pathology** રોગવિજ્ઞાન, વિકૃતિવિજ્ઞાન; રોગના પ્રકાર અને તેનાં સંરચનાત્મક અને કાર્યાત્મક પરિવર્તનો ઇ.ના અભ્યાસનું વિજ્ઞાન.

**pat nimbu** લીંબુ.

**patol.** પરવળ.

**patta.** પટ્ટો, જમીન ધારણ કરવાના હકનો દસ્તાવેજ, જમીન ધારણાધિકાર પટ્ટો. **pattadar.** જમીનનો માલિક, જમીનદાર. **pattagar.** પટ્ટાદાર; દ. ભારતનો મોટો જમીનદાર.

**pattern.** નમૂનો, પ્રરૂપ.,

**patulent.** ખુલ્લું, વિસ્તરતું. **patulous.** ખુલ્લું, વિસ્તૃત, વિસ્તરતું.

**patwa.** તંતુ ઉત્પાદક ક્ષુપ.

**paunch.** વાગોળનાર સસ્તન ચોપગા પ્રાણીનું પ્રથમ આમાશય.

**pause.** વિરામ. (૨) ઈંડાં મૂકતી મરઘીએ ઈંડા મૂકવા લીધેલો વિરામને. થોડો સમય.

**pausntic atta.** પૌષ્ટિક લોટ; 90 ટકા ઘઉંના લોટમાં 10 ટકા મગફળીના લોટનું કરવામાં આવતું મિશ્રણ. ઘઉંના લોટ કરતાં તે વધારે પૌષ્ટિક માનવામાં આવે છે.

**Pavetta** *indica* **L.** પાપડી નામની વનસ્પતિ.

**pavna.** *Sehima nervosum* **(Rottl.) Stapf.** (*Andropogon nervosus* **Rottl**). ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને તામિલનાડુનું દીર્ઘાયુ ઘાસ.

**paw.** નખ કે નહોર ધરાવતો પશુના પગનો પંજો.

**paw paw.** પપૈયું.

**PDB.** પેરાડાઈક્લોરો બેન્ઝીન નામનું જમીનને ધૂમાડો આપવાનું રાસાયણિક સંયોજન, જે સફરજનના ઝાડ પરના ઊની મલોમશીના નિયંત્રણ માટે આપવામાં આવે છે. આ રસાયણના સ્ફટિકો મંદ બાષ્પશીલ છે. ખૂબ જ નજીકમાં તેને આપવામાં આવે તો વનસ્પતિના મૂળને તે હાનિ પહોંચાડે છે.

**pea.** વટાણા; *Pisum* પ્રજાતિનો વર્ષાયુ કે દીર્ઘાયુ શાકીય છોડ. **p. aphid.** વટાણા પર પડતું મોલોમશી નામનું જંતુ. **p. beetle.** *Laria affinis* **Frol.** નામનું ખેતરમાં ઉગાડેલા કે કોઠારમાં સંઘરવામાં આવેલા વટાણામાં પડતું જંતુ, જે સિંગને ફોલી લીલા વટાણાને ખાઈ જાય છે. **p.berry coffee.** ચાળણીથી ચાળી સાફ કરી વર્ગીકૃત કરેલી કોફી, જેમાં લાલ મોટા બુંદ દાણાને ઊંચા પ્રકારના ગણવામાં આવે છે અને તેની સારી સરખી કિંમત ઊપજે છે. **p. comb.** મરઘીની સમાંતર કલગી. **p. damping off.** *Pythium spp.* નામના જંતુથી વટાણાને થતા રોગનો એક પ્રકાર. **p. downy mildew.** *Peronospora pisi.* નામના જંતુથી વટાણાને થતો એક રોગ, જેમાં તેનાં પાન પર સફેદ ભૂકા જેવા કણો દેખાય છે. **p. eating caterpillar.** વટાણાનાં પાન ખાઈ જતી ઈયળ. **p. foot rot and blight.** *Ascochyta pinodella. A. pisi* અને *A. pirodes.* નામનાં જંતુઓના કારણે વટાણાની ફળી અને પ્રકાંડને થતા રોગનો એક પ્રકાર. **p. leaf miner.** *Phytomyza atricornis* **Meign.** નામનો વટાણાનાં પાનને કોરનાર કીટ. **p. mosaic.** વટાણાને થતો વિષાણુજન્ય રોગ. **p. pod borer.** વટાણાની સિંગોને કોરનાર ઈયળ. **p. powdeny mildew.** *Erysiphe polygoni* **DC.** નામના જંતુથી મગફળીને લાગુ પડતા રોગનો એક પ્રકાર.

**peach.** પીચ નામનું ફળ; *Prunus persica* **(L.) Stocks** (*Amygdalus persica* **L**; *Persica vulgaris* **Mill.**). નામનું હિમ લયમાં થતું જુદાં જુદાં કદ, આકાર, મુલાયમ છાલ, સફેદ કે પીળો ગર ધરાવતા ફળનું ઝાડ; બીને પીલી કાઢવામાં આવતું તેલ રસોઈ અને દીવાબત્તી માટે ઉપયોગમા લેવામાં આવે છે. **p. fruit-fly.** *Dacus zonatus* **Saunders.**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પીચ, કેરી, અંજીર, જામફળ, બોર, લીંબુ, દૂધી, ટમેટાં, તડબૂચ, રીંગણી, સીતાફળ ઇ.નો કીટ. **p. leaf curl.** *Taphrina deformans* **Terl.** નામના જંતુથી પીચને થતો એક રોગ. **p. leaf curling aphid.** *Anruaphis helichrysi* **Kalt.** નામનો પીચ અને પ્લમને રોગ કરનાર કીટક. **p. scale.** *Pseudaulacaspis pentagona* **Targ.** નામનો પીચના ડાળખાને વળગીને તેનો રસ ચૂસનો કીટ. **p. sun scald.** વસંતઋતુની શરૂઆતમાં, પીચના ઝાડની સૂર્ય તરફની નૈઋત્ય બાજુએ થતી હાનિ, જેથી તેની છાલ તૂટી ખરી પડવા માંડે અને ખુલ્લા વ્રણ જેવું લાગે.

**peacock flower.** શંખેશ્વર, શંખાસુર નામનું ફૂલ.

**peanut.** ઝૂમખા પ્રકારની ખાનદેશ નામધારી મગફળીની એક જાત; પાતળા ફોતરાવાળી, એક કે બે સિંગદાણાવાળી જાત, જેમાં તેલનું પ્રમાણ 48 ટકા હોય છે. **p. n. butter.** મગફળીમાં 4 ટકા મીઠું ઉમેરી તેને વાટીને તેનું કાઢવામાં આવતું માખણ, જેમાં ઠીક પ્રમાણમાં ખાદ્ય તત્ત્વ હોય છે, એક પાઉન્ડ આવા માખણમાં 2,825 કેલરી, 29 ટકા પ્રોટીન, 46 ટકા ચરબી અને 17 ટકા કાર્બોદિત શર્કરા દ્રવ્ય હોય છે.

**pear.** નાસપતી. **p. pink disease.** નાસપતીને થતા રોગનો એક પ્રકાર. **p. sooty blotch and fly-speck.** નાસપતિને થતો એક રોગ. **p. stem black.** નાસપતીને થતા રોગનો એક પ્રકાર.

**pearl** મોતી, મોતી જેવા દાણા. **p. barley** જવના નાના દાણા. **p. millet.** બાજરી. **p. spot** *Etroplus suratensis.* ખાબરા અને મીઠા પાણીમાં થતી ઘેરા લીલા ભીંગડાંવાળી ખાદ્ય-માછલીનો એક પ્રકાર.

**peat.** કળણો, સરોવરો અને કેટલીક ભેજવાળી જમીનોમાંના ભૂસ્તરીય નિક્ષેપો, જેમાં પૂરું વિઘટન થવા પામ્યું ન હોય તેવાં કાર્બનિક દ્રવ્યો રહેલાં હોય છે. **p. bog.** પીટવાળી દળદળ – કળણવાળી ભૂમિ. **p. humus.** પીટ ધરાવતી ખાદમાટી. **p. low land.** સરોવરનો નિક્ષિપ્ત કાર્બનિક પદાર્થ, પીટવાળી નીચી ભૂમિ. **p. moss.** કળણમાંની લીલ. **peaty soils.** મોટા પ્રમાણમાં કાર્બનિક દ્રવ્યના એકઠા થવાથી ભેજવાળા વિસ્તારોમાં નિર્માણ પામતી વિશિષ્ટ પ્રકારની જમીન, જેમાં દ્રાવ્ય લવણ પણ હોય છે, જેને કેરળમાં ખારી કહેવામાં આવે છે, જે વાદળી જેવી અને હલકા વજનવાળી અને પાણી ધારણ કરવાની ક્ષમતા ધરાવતી હોય છે.

**pebble.** પાણીના ઘસારાના કારણે નાના અને ગોળ બનતા પથ્થર, કંકર.

**pebrine.** *Nosema bombycis.* નામની ફૂગથી રેશમના કીડાને લાગુ પડતો એક પ્રકારનો રોગ, જેમાં આ કીડાનું મરણ પ્રમાણ વિશેષ હોય છે; તેમનો વિકાસ અનિયમિત બને છે, સ્પર્શમાત્રથી તેમનાં ભીંગડાં ખરવા માંડે છે.

**pecan nut.** *Carya illinoensis* **(Wang.). Koch.** (*C pecan* **Eng. & Graeb**; *C. olivaeformis* **Nutt.**). નામનું મૂળ અમેરિકા અને મેક્સિકોનું પણ અહીં ઉત્તરપ્રદેશ, હિમાચલ પ્રદેશ અને પંજાબમાં ઉગાડવામાં આવતું કાષ્ઠ ફળનું ઝાડ, જેના કાષ્ઠ ફળનાં 12.05 ટકા પ્રોટીન, 71.43 ટકા ચરબી, 3.59 ટકા પાણી, રાખ, 0.23 ટકા ફોસ્ફોરિક ઍસિડવાળી રાખ અને 0 12 ટકા ચૂનો હોય છે. આ વૃક્ષ 3,000 – 6,000 ફૂટની ઊંચાઈ ધરાવતી જમીનો પર ઊગે છે અને બી વાવીને તેને ઉગાડવામાં આવે છે.

**pectase.** *pectinase* નામ ધરાવતું વનસ્પતિનું ઉત્સેચક. **pectinase.** જુઓ *pectase.*

**pecten** વિવિધ પ્રકારના પ્રાણી – શરીર પરની કાંસકી જેવી સંરચના.

**pectic acid.** સફેદ, ખાટો, જલદ્રાવ્ય ભૂકો, જે મંદીકૃત આલ્કલીથી જલવિશ્લે-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બણથી પેક્ટિનમાંથી બને છે. **pectin.** ફળ પાકવા માંડે ત્યારે પેક્ટોસમાંથી મળતાં ફળરસનાં દ્રવ્યો, જે પાણીમાં કલિલરૂપ ધારણ કરે છે; તે ખટમધુરાં ફળો અને સફરજનના અવશેષમાંથી મળે છે અને જેલી બનાવવા માટે તે ઉપયોગી છે.

**pectocellulose.** પ્રોટોપેક્ટિન.

**pectoral.** વક્ષનું, વક્ષીય. **p. fins.** વક્ષીય મીનપક્ષો, માછલીઓના ખભાની સપાટી પર રહેલી મીનપક્ષની જોડી.

**pectose.** પ્રોટોપેક્ટિન.

**pecularities.** વિશેષતાઓ, ખાસિયતો.

**pecuniary.** નાણાંકીય.

**ped.** માટીનાં કણ, રેતી, કાંપ અને માટીનો કુદરતી મિશ્રિત સમૂહ.

**Pedalium** *murex* **L.** મોટું ગોખરું નામનો કાંકણ, આન્ધ્ર પ્રદેશ તથા ગુજરાતમાં થતો છોડ; જેનાં પાન શાક તરીકે ખાવાના ઉપયોગમાં લેવામાં આવે છે.

**pedate.** પગધારી, આંગળીઓ અથવા પક્ષીના નહોર જેવા અંગવાળું.

**pedicel.** પુષ્પવૃંત, પુષ્પમાં પરિણમતું પાર્શ્વપ્રકાંડ, જે સામાન્ય રીતે નિપત્રના અક્ષપર થાય છે; પર્ણ, ફૂલ, ફળ કે બીજાણુધાનીનું નાનું વૃંત. (૨) પ્રાણીનું નાનું પ્રકાંડ જેવું અંગ. **pedicelle.** પુષ્પવૃંત.

**Pediculus.** જૂ જંતુનું, જૂને લગતું, જૂના ઉપદ્રવવાળું. **P.** *humani capitis.* માનવીના માથાના વાળમાં થતી જૂ.

**pedigree.** વંશાવળી, વ્યક્ત પ્રકાર ઇ.ના પૂર્વજોનું વૃત્ત; વંશાવલીનો કોઠો, જાણીતી પેઢીનો સંદર્ભ ધરાવતો કોઠો. **p. bull.** ઓલાદી સાંઢ, ધણખૂંટ. **p. stock.** ઓલાદી પશુ. **p. record.** વંશાવળી પત્રક. **p. selection.** સંવર્ધન અને સુધારણા માટે પસંદગી પામતી તંદુરસ્ત, વધુ ઉતાર આપતી વનસ્પતિનાં બીની વનસ્પતિ. પ્રત્યેક વનસ્પતિનું આવા પ્રકારનું બી અલગ અલગ હારમાં વાવવામાં આવે છે, તેના છોડની અન્ય છોડની સાથે તુલના અને પસંદગી કરવામાં આવે છે. **p. system.** વંશાવલી પદ્ધતિ. **p. trees.** સારી વનસ્પતિનાં પસંદ કરેલા બીથી ઉગાડવામાં આવેલાં ઝાડ.

**pedocal.** જમીનની પરિચ્છેદિકામાં એકઠા થયેલા કાર્બોનેટવાળું સ્તર ધરાવતી પરિપક્વ બનેલી જમીન. (૨) મરુ કે અર્ધ – મરુ પ્રદેશની જમીન. **pedogenic.** જમીન નિર્માણની પ્રક્રિયા ધરાવતું.

**pedological phase.** ભૂ – રચનાત્મક – ભૂનિર્માણાત્મક અવસ્થા. **Pedology.** ભૂવિજ્ઞાન; જમીનની ઉત્પત્તિ, તેનો મૂળ પ્રકાર અને તેના વર્ગીકરણને લગતું વિજ્ઞાન. **pedosphere.** પૃથ્વીનું મૃદાવરણ, જેની અંદર અને ઉપર સજીવ જીવન અસ્તિત્વ ધરાવે છે.

**peduncle.** પુષ્પવિન્યાસ દંડ, પુષ્પ વિન્યાસનો મુખ્ય દંડ, પુષ્પાવલી વૃંત.

**peal.** છાલ; ફળ કે શાકભાજીનું બાહ્યાવરણ. (૨) ફળ કે શાકભાજીને છોલવી, તેની છાલ ઉતારવી.

**Peerless.** બદામનો એક પ્રકાર, જેની છાલ કઠણ અને મોટી હોય છે અને જેની મીંજ નાની રહે છે.

**peg.** ભોંયસિંગ વાવવાની એક રીત, જેમાં ફલિત પુષ્પવૃંત અંડાશયને જમીનમાં ધકેલે છે, ત્યાં તેની મગફળી થાય છે. **p. tooth harrow.** ખીલાના દાંતાવાળી ખરપડી.

**peka.** *Bombusa tulda* **Roxb.** નામનો આસામ અને પ. બંગાળમાં થતો કાગળ, ટોપલા – ટોપલીઓ અને પંખા બનાવવાના કામમાં આવતો વાંસનો એક પ્રકાર, જેના કુમળા પ્રકાંડનું શાક થાય છે.

**pekoe.** ચાની પ્રક્રિયાનો એક પ્રકાર

**pelage.** ચોપગા પશુનાં રુવાટી, વાળ, ઊન ઇ.

**Pelargonium** *capitatum* **(L.) Ait.** તામિલનાડુની શેવારોયની ટેકરીઓમાં થતો નાનો છોડ, જેના પર્ણીય અંકુરમાંથી બાષ્પશીલ તેલ મળે છે, જેનો સાબુ તથા સુગંધી દ્રવ્યો બનાવવામાં ઉપયોગ કરવામાં આવે છે. **P.** *gravoelens* **L.' Hèrit.** તામિલનાડુની શેવા-

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રેતની ટેકરીઓમાં થતો છોડ, જેનું બાષ્પશીલ તેલ સાબુ તથા સુગંધી દ્રવ્યો બનાવવાના ઉપયોગમાં આવે છે.

**pelite.** માટી જેવો ઝીણા કણવાળો શૈલ, જેનું ખવાણ થવાના પરિણામે કાંપ અને માટીનું નિર્માણ થાય છે.

**pellet.** ગોળ, રોટી ઇ.નો નાનો ગોળો કે ગોળી.

**pelleted.** વધારે સારી રીતે ઉપયોગમાં લઈ શકાય તે રીતે ખાતર, બી, ખોરાક ઇ.ને એક સરખા ધટકોમાં યોજવાની પદ્ધતિને લગતું.

**pellicle.** પાતળું પડ, કલા, ત્વચા, મલાઈ જેવો પાતળો થર.

**Pellicularia** *filamentosa*. બેંચસિંગ, ચણા, રીંગણી, ટમેટા, બટાટા, વટાણા, મરચી, કોફી, ઇ.ને થતા એક પ્રકારના રોગ માટે જવાબદાર જંતુ. **P.** *kol rga*. કોફીને થતા રોગ માટે જવાબદાર જંતુ. **P.** *rolfsii*. રીંગણી, ટમેટા, જવ, ઘઉં, મગફળી, શણ, તમાકુ, રાગી, ગવાર, કપાસ ઇ.નો રોગકારી કીટ. **P.** *salmonicolor*. સફરજન, રબર, ચા, કોફીનો રોગોત્પાદક કીટ.

**pellicular water.** આણ્વીય આકર્ષણના કારણે દીવાલની તિરાડને વળગી રહે તેવું અવલંબિત પાણી.

**pelophyte.** માટીવાળી જમીનમાં ઊગતી વનસ્પતિનો એક પ્રકાર.

**pelf. felt.** નાના પ્રાણીનું વાળ, ઊન કે રુવાટી સમેતનું બાહ્ય કુદરતી સળંગ રીતે આવરતું ચર્મ.

**peltate.** છત્રાકાર.

**Peltophorum** *pterocarpum* **(DC.) Backer ex K. Heyne** [Syn. **P.** *ferrugineum* **(Decne.) Benth;** *Inga pterocarpa* **DC**]. ચળકતા પીળા ફૂલનું ઝાડ.

**pelvic** શ્રોણિને લગતું. **p. horn.** શ્રોણિ દ્વારા જન્મેલું. **p. fins.** શ્રોણિ મીનપક્ષ. **p. girdle.** શ્રોણિ મેખલા. **p. plexus.** શ્રોણિ જાળ. **pelvis.** મેખળાથી બનતી પુચ્છાસ્થિ અને ત્રિકાસ્થિ સમેતની અસ્થિમય ગુહા, શ્રોણિ.

**Pempheres** *affinis* **F.** કપાસનો કીટ.

**pemphigus.** શરીરની ચામડી પર થતી ફોડલી, જેમાં પાણી ભરાયેલું હોય છે.

**pen.** ઢોર, બકરાં, ઘેટાં, ડુક્કર કે અન્ય પ્રાણીઓને પુરવાનો વાડો.

**pencil cedar.** ધૂપ.

**pendent.** લટકતું. **pendulate.** લોલકની માફક દોલાયમાન થવું. **pendulous.** લટકતું. **p. udder.** લટકતાં, ઢીલાં આંચળ. **pensile.** લટકતું, લોલક જેવું.

**peneplane.** સમતળ ભૂમિ.

**penetrability.** પ્રવેશ્યતા. (૨) જમીનમાં એકમ અંતરે, તપાસાર્થે સાધનને પ્રવેશ કરાવવા માટે જરૂરી બનતું કાર્ય. (૩) જમીનના ભૌતિક ગુણધર્મોને માપવાની એક પદ્ધતિ. **penetrance.** અભિવ્યાપ્તિ, અંતઃપ્રવેશ. **penetration.** અંતઃપ્રવેશ. **penectrometer.** જમીનમાં તપાસાર્થે દંડને પ્રવેશવા દેવા માટે જરૂરી બનતા બળને માપવાની યુક્તિ; જેનો ઉપયોગ માટી કે જમીનની ઘટ્ટતા કે સંઘનતા માપવા માટે પણ કરવામાં આવી શકે છે.

**penicillate.** પેન્સિલ કે બ્રશ જેવા નાના ગુચ્છાવાળું.

**penicillin.** પેનિસિલીન; અલ્પ વિષાક્તતાવાળું પ્રતિજૈવ દ્રવ્ય, જે *Penicillium notatum*. નામની ફૂગ અથવા ઊબમાંથી બનાવવામાં આવે છે રોગ કારકોની સામે દૈહિક અસંક્રામક તરીકે તે કામમાં આવે છે, ઉપરાંત પ્રાણીઓના પૂરક ખોરાકમાં પણ તેને ઉપયોગમાં લેવામાં આવે છે.

**Penicilium** *notatum*. પેનિસિલીન નામનું પ્રતિજૈવ દ્રવ્ય.

**penis.** શિશ્ન, મૈથુન માટેનું નર પ્રાણીનું પ્રજનન અંગ.

**pen mating.** ઓલાદી પ્રજનનની એક રીત, જેમાં ઘણી માદા મરઘીઓની સાથે મરઘાને રાખવામાં આવે છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**penniform.** પિચ્છાકાર.

**Pennisetum** *ciliare* **Link.** અંજન નામનું ઘાસ, લોકો જેનાં બીને અછતના સમયમાં ખાય છે. **P.** *clandestinum* **Hochst. ex Chiov.** ઘાસનો એક પ્રકાર. **P.** *nervosum* **Trin.** મૂળ ફરુગ્વેનું પણ અહીં ઉગાડવામાં આવતું એક ઘાસ. **P.** *pedicellatum* **Trin.** નાતાલઘાસ નામનું ઘાસ. **P.** *purpureum* **K. Schum.** આસામ, પ. બંગાળ, બિહાર, ઉત્તર પ્રદેશ, અને પંજાબમાં ઉગાડવામાં આવતું હાથી ઘાસ કે નેપિયર નામના ઘાસનો એક પ્રકાર. **P.** *typhoides* (**Burm. f.**) **Stapf & C. E. Hubb.** (Syn. **P.** *typhoideum* **Rich**; *Alopecurus typhoides* **Burm. f.**). બાજરો; ગુજરાત, ઉત્તરપ્રદેશ, પંજાબ, આન્ધ્રપ્રદેશ, તામિલનાડુ, રાજસ્થાન અને મહારાષ્ટ્રમાં થતા ધાન્ય પાકનો એક પ્રકાર, જેના સાંઠાનો ઘાસચારો થાય છે.

**penstock.** દબાણ હેઠળ પાણી આપનાર બંધ નહેર; પુરદ્વાર.

**penta—.** પાંચ, પંચ સૂચક પૂર્વંગ.

**pentagynous.** પંચ સ્ત્રીકેસરી (પુષ્પ).

**pentalocular.** પંચકોટરીય, પંચસ્થાનીય, પંચકોષ્ઠીય.

**Pentalonia** *nigronervosa*. કેળનું કાળો મહોમશી નામનું જંતુ.

**pentameresis.** પંચાવયવી.

**pentandrous.** પાંચ પુંકેસરીય, પંચ–પુંકેસરીય.

**pentapetalous.** પંચદલીય.

**pentapetes** *phoeticea* **L.** બપોરિયા નામનો શોભાનો છોડ.

**pentaploid.** પંચકીય, પંચગુણિત.

**pentarch.** પાંચ દારૂવાહિની અંશવાળું (મધ્યરંભ).

**Pentas.** *lanceolata* (**Forsk.**) **K. Schum.** [Syn. **P.** *carnea* **Benth**; *Ophiorriza lanceolata* **Forsk.**]. શોભાનો છોડ.

**pentastichous.** પંચપંક્તિક.

**pentatomic.** પંચ પરમાણ્વીય, અણુનાં કોઈ દ્રવ્યના પાંચ પરમાણુ ધરાવતું.

**Pentatropis** *microphylla*(**Roxb.**) **Wight & Arn.** સૂરજવેલ નામની શાક્ષીય વનસ્પતિ.

**pentavalent** પંચસંયોજક, પંચયુક્ત; (૨) હાઇડ્રોજનના પાંચ પરમાણુની શક્તિ-સંયોજનવાળું.

**pepo.** હલકા પ્રકારનું એકકોષી, ઘણાં બીવાળું, ગરવાળું ફળ.

**pepper.** મરી, કાળાં મરી; *Piper nigrum* **L.** નામનો મૂળ મલાયાનો પશ્ચિમઘાટ, કર્ણાટક, મહારાષ્ટ્ર, આસામ અને કેરળમાં થતો છોડ, જેનાં ફળ એટલે કાળાં મરી, મસાલા તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે, તેનો આલ્કલોઈડ પિપરીન બીના વજનના 5 થી 8 ટકા હોય છે, અને ઝપકવફળનું બાષ્પશીલ તેલ 1 થી 3 ટકા હોય છે. મરીના પાક માટે અતિ ભેજવાળી ગરમ આબોહવા માફક આવે છે, તે ટેકરીઓના ઢોળાવ પરની રાતી લેટરાઈટ જમીનમાં થાય છે. **p. anthracnose.** મરીને લાગતો એક પ્રકારનો રૂક્ષ રોગ. **p. black root rot.** *Rosellinia bunodes*. નામનાં જંતુથી મરીને થતા રોગનો એક પ્રકાર. **p. corn.** સૂકવેલાં કાળાં મરી. **p. flea beetle.** *Longitarsus nigripennis* **M.** મરીનો એક પ્રકારનો કીટ. **p. pollu.** પીપરને થતો એક પ્રકારનો રૂક્ષ રોગ, જે મોટા ભાગે *Colletotrichum piperi* **Roy.** નામના જંતુથી થાય છે. **p. wilt.** *Sclerotium rolfsii* **Sacc** *and* **P.** નામના જંતુથી મરીને થતો એક રોગ.

**peppered.** ભૂખરા અને કાળા ધાબાંવાળું (પક્ષીનું પીંછું).

**peppermint.** વિલાયતી ફુદીનો; *Mentha piperita* **L.** નામની મહારાષ્ટ્ર, કાશ્મીર, અને પંજાબમાં થતી સુવાસિત શાક્ષીય વનસ્પતિ, જેનાં પાનમાંથી પીપર-

ફ. કો. ૨૮

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મિંટનું તેલ મળે છે, જેને સાબુ તથા સુગંધી દ્રવ્યો બનાવવા ઉપયોગમાં લેવામાં આવે છે. ઉપરાંત પીપરમિંટનું તેલ ઊબકા, માંદગી ઇ.માં કામમાં લેવામાં આવે છે.

**pepsin.** પેપ્સિન, જઠરીય રસનો ઉત્સેચક, જે પ્રોટીનનું જલવિશ્લેષણ કરી તેનું પેપ્સિનમાં પરિવર્તન કરે છે. પાચક રસ તરીકે તે ઔષધીય ગુણ ધરાવે છે. **peptic.** પાચક, પાચન કરતું (અંગ). **p. glands.** જઠરરસ સ્રવતી ગ્રંથિઓ. **peptones.** ગરમ કરતાં ઘટ્ટ બનતા ન હોય તેવા સરળ, જલદ્રવ્ય, પ્રોટીન એબ્લ્યૂમીન દ્રવ્ય પરની ઉત્સેચકની ક્રિયાથી તે બને છે; તેનો ઉપયોગ પાચક પોષક તત્ત્વ તરીકે અથવા સંવર્ધન માધ્યમ તરીકે કરવામાં આવે છે.

**peracute.** અતિતીવ્ર, સાધારણ કરતાં ઘણા વહેલા અને ચોક્કસ પ્રકારનાં રોગનાં લક્ષણો ધરાવતો (રોગ).

**per capita.** માથાદીઠ, પ્રતિવ્યક્તિ.

**per cent.** ટકા, પ્રતિશત. **percentage.** ટકાવારી. **p. error.** ટકાવારી ત્રુટિ. **p. of base saturation.** બેઇઝ સંતૃપ્તિની ટકાવારી. **p. of bydrogen saturation.** હાઈડ્રોજન સંતૃપ્તિની ટકાવારી. **p. return.** મળતરની ટકાવારી.

**perch.** પક્ષી, મરઘાં, બતકાં, ઇ.ને બેસવા માટેનું સ્થાન; ટોચ અને તળિયે લાકડાના ટુકડા જડેલું અને સમક્ષિતજ ગોઠવેલું સ્થાન.

**percolate.** સ્રવવું, ઝરવું. **percolation.** અંતઃસ્રવણ, ક્ષરણ, અલ્પ સંતૃપ્ત અવસ્થામાં, ગુરુત્વાકર્ષણના બળના કારણે પાણીનું જમીનમાં થતું સ્રવણ, જેનો આધાર આબોહવા, વરસાદ અને બાષ્પીભવન પર રહે છે. **p. ratio.** અંતઃસ્રવણ ગુણોત્તર.

**percuss.** રોગના નિદાન માટે આંગળી અથવા કોઈ હલકા સાધનથી રોગ લાગે તેવા સ્થાન પર ટપારવું. **percussion.** આઘાત, પ્રઘાત, ટપારવું તે.

**percutaneous** ત્વચાથી, ત્વચાદ્વારા બનેલું કે બનાવેલું.

**Peregrine.** બધી રીતે સારામાં સારું, મોટું, ચમકતી છાલ, મધુર સ્વાદ અને સુવાસિત પીચનો એક પ્રકાર.

**perennation.** ચિરંજીવિતા, દીર્ઘજીવિતા.

**perennial.** ચિરંજીવી, બહુવર્ષાયુ, દીર્ઘાયુ, ચિરસ્થાયી. (૨) એક વર્ષ કરતાં વધારે વર્ષનું આયુષ્ય ધરાવતી (વનસ્પતિ). **p. buck wheet.** *Fagopyrum cymosum* **Meissn.** નામનો શમશીતોષ્ણ હિમાલય અને ખાસી ટેકરીઓમાં થતો છોડ, જેનાં પાનની શાકભાજી બનાવવામાં આવે છે. **p. canal.** બારમાસી નહેર. **p. Indian hemp.** દોરડાં બનાવવા માટે ઉપયોગમાં આવતા રેસાવાળું નાનું વૃક્ષ. **p. rye grass.** *Lolium perenne* **L.** નામનું ખૂબ જ જથ્થામાં ઊગતું દીર્ઘાયુ ઘાસ; જેનો સારો ઘાસચારો બને છે, જે હિમનો સામનો કરી શકે છે અને જેને બી વાવીને ઉગાડવામાં આવે છે. **p. tree onion.** ડુંગળીનો એક પ્રકાર.

**Pereskia** *aculeata* **Mill.** ખાદ્યફળધારી કાષ્ઠીય વેલ.

**perfect.** પૂર્ણ, સંપૂર્ણ. (૨) પુંકેસર અને સ્ત્રીકેસર–બંને ધરાવતું (પૂર્ણપુષ્પ). **p. flower.** પુંકેસર અને સ્ત્રીકેસર એમ બંને ધરાવતું પૂર્ણપુષ્પ.

**perfoliate.** વેધી, પર્ણધાર, જે પુષ્પના પર્ણની મુખ્ય અક્ષની આસપાસ ઊગે છે. પુષ્પ સંબંધી; પર્ણમાંથી પસાર થતો સ્કંધ.

**perforation.** છિદ્ર, વેધ, રંધ્ર. (૨) પ્રાણી શરીરમાં રંધ્ર અથવા રંધ્ર–શ્રેણિ, જે કોઈ હથિયારથી ચાંદુ, વિદ્રધિ, શોથ જેવા રોગના પરિણામે બનવા પામે.

**pergola.** મંડપ, લતામંડપ, વનસ્પતિ આચ્છાદિત વીથિ, કુંજલતા. **p. system.** લતામંડપ તંત્ર પદ્ધતિ.

**Pergularia** *daemia* (**Forsk.**) **Chiov.** [Syn. **P.** *extensa* **N. E. Br**; *Daemia extensa* **R. Br.**]. ચમાર દૂધેલી નામની વનસ્પતિ.

**peri —.** પરિ અર્થસૂચક પૂર્વગ.

**perianth.** પરિકોષ, પરિદલપુંજ, પરિ-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પુષ્પ, બાહ્યપુષ્પપર્ણો; પુંકેસર અને સ્ત્રીકેસરની આસપાસનાં વજ્ર અને પુષ્પમુગટ; પુષ્પીય આવરણ; બાહ્ય પુષ્પીય ગુચ્છ, જેમાં વજ્ર અને મુગટનો સમાવેશ થાય છે.

**periblem.** બાહ્યજનક, મધ્યભ્રૂણીય વર્ધનશીલ પેશી, જે પાછળથી બાહ્યક બને છે.

**pericarditis.** બાહ્ય વસ્તુથી થયેલી ઈજાના કારણે હૃદ-સંપુટને થતો શોથ, પરિહૃદશોથ. **pericardium.** હૃદયાવરણ, હૃદાવરણ, હૃદયસંપુટ, હૃદયગુહાને આવરતી ત્વચા કે કલા.

**pericarp.** ફલાવરણ પરિપક્વ બનેલી અંડાશયની દીવાલમાંથી બનતું ફળનું આવરણ, જેનાં બાહ્યાવરણ, મધ્યાવરણ અને અંતરાવરણ જેવા ત્રણ સ્તર બને છે. (૨) પરિસ્તર ફળ-દીવાલ.

**perichaetium.** પરિકલા, શેવાળમાં નિપત્રચક્રીય પર્ણો.

**periclinal.** કેન્દ્રમાંથી બધી બાજુ પર ઢળતું. **p. chimaera.** પરિવેષી વિચિત્રોતકી. **p. division.** અંગની બાહ્ય સપાટીની સમાંતર બનતી દીવાલોથી પેશીનું થતું વિભાજન,

**pericondrium.** કાસ્થિને આવરતી ત્વચા.

**pericranium.** ખોપરીનું ત્વચીય આવરણ.

**periderm.** બાહ્ય વલ્ક, ત્વક્ષા, કાગ ત્વચા, પરિત્વક્. (૨) વૃક્ષ પ્રકાંડ કે મૂળની બાહ્ય મૃતપેશી કે ત્વક્ષા.

**peridolite.** આગ્નેય શૈલનો એક પ્રકાર.

**Perigaoa** *capensis* **G.** કરડીમાં પડતી ઈયળ.

**perigonium.** પરિધાની.

**perigynium.** અધિવેશન, લિવરવર્ટની અંડધાનીની આસપાસની પેશી.

**perigynous.** પરિજાય, પરાગાશયના પાર્શ્વીય વિસ્તાર પરના પુષ્પીય ભાગો અંગેનું. **perigyny.** પરિજાયતા.

**perikinetic flocculation.** પરિગતિક ઊર્ણતા.

**Perilla** *frutescens* **(L.) Britt.** [Syn. **P.** *ocymoides* **L.**]. ભંજિરા, ભાસિદા; મૂળ ચીન અને જાપાનની પણ અહીં કાશ્મીર, ભુતાન અને ખાસી ટેકરીઓમાં થતી વનસ્પતિનો એક પ્રકાર, જેનાં પાન સુવાસ આપવા ઉપયોગી બને છે, બીમાંથી કાઢવામાં આવતું તેલ ખાદ્ય છે અને તે વાર્નિશ, રંગ, મુદ્રકની શાહી અને વોટરપ્રૂફ કાપડ બનાવવાના કામમાં આવે છે.

**perimeter.** પરિમાપ.

**perineum.** ગુદા અને વૃષણ કે યોનિ વચ્ચેનો શરીરનો ભાગ.

**period.** સમય, અવધિ. **p. of growth.** વૃદ્ધિનો સમય. **p. of lactation.** પ્રાણીનો દુગ્ધ ઉત્પાદન માટેનો સમય. **periodic.** આવધિક, સામયિક. **p. annual increment.** કોઈ ચોકસ સમય માટે – સામાન્ય રીતે 10-20 વર્ષના સમય માટે વૃક્ષરાજીની થતી વર્ષોમાં ભાગી શકાય તેવી વૃદ્ધિ. **p. block.** ચોકસ સમયે પુનર્જીવિત કરવા કે માવજત આપવા અલગ રાખવામાં આવતો જંગલનો કોઈ ભાગ કે ભાગો. **p. increment.** જુઓ *periodic annual increment.* **p. ophthalmia.** સામયિક અક્ષિકોપ; વારંવાર આંખ સૂજી આવવી – આંખ આવવી; ઘોડા અને ખચ્ચરની આંખોને થતો વિષાણુજન્ય એક રોગ. માખીના મારફતે આ રોગકારી વિષાણુ ફેલાતો હોવાનું માનવામાં આવે છે, જેના પરિણામે આંખનો ચુક્ષુકોપ થતો લાગે છે. આમાં આંખમાંથી પાણી સ્ત્રવ્યા કરે છે. આમાં પણ એક આંખ પર આ વિષાણુજન્ય રોગની વિશેષ અસર થતી હોય છે. **p. parasite.** નિયતકાલીન પરજીવી. **periodicity.** નિયતકાલિકતા–સામયિકતા.

**periople.** ઘોડાના ડાબલાનું પાતળું બાહ્ય પડ.

**periosteum.** હાડકાની સપાટીને આવરતી જાડી તંતુમય ત્વચા, પર્યસ્થિ, પરિઅસ્થિ, અસ્થિપરિચ્છદ.

**peripheral.** પરિકેન્દ્રીય, પરિધવર્તી,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરિસરીય. (૨) શરીર કે વનસ્પતિની સપાટીને લગતું. **p. cell** પરિકેન્દ્રીય કોષ. **p. nervous system.** પરિધવર્તી ચેતાતંત્ર. **periphery.** પરિમા, પરિધ.

**periplasm.** પરિજીવરસ, પરિજીવદ્રવ્ય.

**perishable.** નાશવંત, વિકારી, વિકારશીલ, વિનાશશીલ, ક્ષણભંગુર. (૨) સડો, રોગ, કોહવાટ કે અપઘટનના કારણે સરળ કે ઝડપથી નાશ પામનાર (શાકભાજી, ફળ કે માંસ).

**perisperm.** કેટલાંક બીજની પેશી, જે અંડકનો બીજદેહ સૂચવે છે. (૨) કેટલાંક બીજમાં ભ્રૂણ સંપુટની બહારનું એલ્બ્યૂમીન.

**peristalsis.** ક્રમ આકુંચન, ક્રમ સંકોચ. (૨) આંતરડામાં થતો એકાંતર સંકોચ અને શિથિલીકરણ, જેથી તેમાં રહેલાં દ્રવ્યો આગળ ધકેલાય છે. (૩) પક્ષીમાં વાહિનીની દીવાલોમાં સ્નાયવીય થતી તરંગિત ગતિ, જેથી અંડવાહિનીમાં ઈંડું આગળ ધકેલાય છે.

**peristome.** દંતબિંબ, પરિતુંડ. (૨) શેવાળ સંપુટના મુખની આસપાસ જણાતા આર્દ્રતાજન્ય દાંતનું બેવડું વલય. (૩) અપૃષ્ઠવંશી પ્રાણીઓના મોંની આસપાસનો ભાગ.

**Peristrophe** *bicalyculata* (**Retz.**) **Nees.** કાળી અંઘેડી નામની વનસ્પતિ. **P.** *bivalvis* (**L.**) **Merr**; (**P.** *tinctoria* **Nees.**). પીળી અંઘેડી; જેનાં પાન અને કુમળા પ્રરોહમાંથી પીળો-નારંગી રંગ મળે છે.

**perithecium.** પરિસ્રાવક. (૨) ફૂગમાં ધાનીવાળું ચંબુ આકારનું અંગ. (૩) ગોળ અથવા અંડાકાર ધાનીવાળું ફૂગ નિર્માણક અંગ.

**peritoneum.** પરિતન. (૨) જઠરની દીવાલની બેવડી લસિકાયુક્ત ત્વચાવાળું સંપુટ, જેમાં ઉદરીય અંગો આવરાય છે. **peritonitis.** પરિતનશોથ, પરિતનકોપ, જે ઘણીવાર પ્રાણઘાતક નીવડે છે.

**permanent.** કાયમી, ચિરસ્થાયી. **p. buffer strip cropping.** પાળાપટ્ટી વાવણીની યોજના અનુસાર ખૂબ જ ઝેખમી, ઢાળવાળું કે ભારે ધોવાણ થતું હોય તેવા પાકની સંભાળ લેવા માટે કાયમી શિંગબી કુળની વનસ્પતિ, ઘાસ કે ક્ષુપની પટ્ટી જેવી રચના કરી જમીનના સંરક્ષણ માટે આવશ્યક પગલાં લઈ શકાય છે **p. cover.** વનસ્પતિનું કાયમી આવરણ. **p. gas** ક્રાંતિક તાપમાન ધરાવનાર ઑક્સિજન જેવો વાયુકાયમી વાયુ. **p. leaf base.** કાયમી પર્ણતળ. **p. parasite.** કૃમિ કે ઈતડીની માફક યજમાન પર કે યજમાનમાં રહી પોતાનો જીવનક્રમ પૂરો કરનાર પરજીવી; કાયમનો પરજીવી. **p. pasture.** કાયમી ચરાણભૂમિ. **p. p. and other grazing lands.** મહેસૂલી વર્ગીકરણ માટે કાયમી તૃણભૂમિ, ચરાણની અનામત સાર્વજનિક ભૂમિ અને અન્ય ચરાણ ભૂમિ એવા પાડવામાં આવતા અનેક વર્ગો. **p. pipeline.** સ્થાયી નાલી વ્યવસ્થા. **p. roots.** વનસ્પતિના જીવન દરમિયાન મોટા ભાગનું તેનું મૂળ તંત્ર બનાવનાર સોટી અને પાર્શ્વીય મૂળો. **p. settlement.** કાયમી જમાબંધી. **p. teeth,** કાયમી – સ્થાયી દાંત; દૂધિયા દાંત પડી ગયા પછી આવતા કાયમી દાંત. **p. wilting percentage.** સ્થાયી મ્લાનીભવનાંક. **p. w. point.** જમીનની અંદર રહેલો ભેજ, જેના કારણે વનસ્પતિ કરમાઈ જાય અને જલબાષ્પવાળા વાતાવરણમાં લાવી મૂકતા પણ સચેતન થાય તેવી ટકાવારી. (૨) મ્લાનીભવનની ટકાવારી.

**permanganate of potash.** $KMnO_4$ સૂત્ર ધરાવતું મંદ ફૂગનાશક, જંતુનાશક, ગંધહારક અને ઑક્સીકરણ માટે ઉપયોગમાં લેવામાં આવતું રસાયણ, પોટાશપરમેન્ગેનેટ.

**permatode.** પાણી કે જમીનમાં રહેતું ગોળકૃમિ.

**permeabilily.** પ્રવેશ્યતા, પારગમ્યતા.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૨) જળસ્થિત દબાણ હેઠળ માટીના દળમાં પ્રવાહીના વહેણનો ગુણધર્મ. (૩) હવા, પાણી અને વનસ્પતિનાં મૂળ જમીનનાં છિદ્રોમાં પ્રવેશ મેળવે તેવો તેનો ગુણ. (૪) છિદ્રાળુ માધ્યમ પ્રવાહીઓને પસાર થવા દે તેવો તેનો ગુણ. (૫) ધોરણસરના કે પ્રમાણિત સંજોગોમાં છિદ્રાળુ માધ્યમ, જે દરે પ્રવાહીને પસાર થવા દે તે દર.
**permeable.** પારગમ્ય. **permeate.** પ્રવેશવું, પારગમન કરવું, ફેલાવું, સંતૃપ્ત બનવું, કણકણમાં પ્રસરવું.

**permissible.** સહ્ય, સ્વીકાર્ય. **p. velocily.** નહેર કે અન્ય પ્રકારની નાળીમાં થઈને, તેની બાજુઓને હાનિ પહોંચાડ્યા વિના વધારેમાં વધારે વેગપૂર્વક પાણીને વહેવડાવવા દેવું; સ્વીકૃત – માન્ય વેગ. **permission.** સ્વીકૃતિ, અનુજ્ઞા, રજા, પરવાનગી. **permissive standard.** અનુજ્ઞાત – સ્વીકૃત ધોરણ.

**permutation.** રેખીય રીતે ગોઠવેલી વસ્તુઓના ક્રમમાં કરવામાં આવતું પરિવર્તન, ફેરફાર; ક્રમ પરિવર્તન. **permute.** ક્રમમાં પરિવર્તન લાવવું.

**Pernambuco cotton.** સી-આઈ-લેંડનો કપાસ.

**pernicious.** વિનાશકારક, અનિષ્ટકારક, હાનિકારક.

**Pernospora** *aestavalis*. રજકામાં રોગ કરનાર જંતુ. **P.** *arboresens*. અફીણના છોડને થતા રોગનું કારક જંતુ. **P.** *lathyri falustris*. લાંગનો રોગકારક કીટ. **P.** *parasitica*. રાઈના રોગનો કીટ. **P.** *pisi*. વટાણાનો રોગોત્પાદક કીટ. **P.** *trigonella*. મેથીને રોગ કરનાર જંતુ.

**Perosis.** મેન્ગેનીસની ઊણપથી મરઘીનાં બચ્ચાંને લાગુ પડતો પગનો એક રોગ, જેમાં તે પગ પરનો કાબૂ ગુમાવી દે છે, આમાં ઉપદ્રવ વધતા રોગ અસાધ્ય બને છે.

**peroxidase.** દૂધમાંનો રહેલો ઉષ્મા-વિરોધી ઉત્સેચક.

**perpelic.** ભૂરા જમીનમાં ઊગતી એક પ્રકારની વનસ્પતિ.

**perpendicular.** લંબ, ઊર્ધ્વાધાર.

**perpetual.** કાયમી. **p. strawberry.** આલ્પાઈન સ્ટ્રૉબેરી; *Fragaria vesca* **L.** તરીકે પણ ઓળખાતી સ્ટ્રૉબેરી.

**Persea** *americana* **Mill.** મૂળ દ. અમેરિકાનું પરંતુ બેંગ્લોર, પુલની ટેકરીઓ, નંદી હિલ અને નીલગિરિમાં થતું એવોકાડો નામનું ખાદ્ય ફળનું નાનું ઝાડ.

**Persian** ઈરાનનું. **P. clover.** શફતલ; *Trifolium resupinatum* **L.** નામનો ઉત્તર ભારતમાં થતો શિમ્બી વર્ગનો વર્ષાયુ ઘાસચારો, જે વધારે ઠંડા અને ડુંગરાળ વિસ્તારને અનુકૂળ આવે છે. **P. insect flower.** *Chrysanthemum coccineum* **Willd.** નામની આસામમાં થતી શાકીય વનસ્પતિ, જેનાં સુકાયેલાં ફૂલ જંતુઘ્ન તરીકે ઉપયોગમાં આવે છે. **P. lilac.** લીમડો. **P. walnut.** અખરોટ. **p. wbeel.** ઉત્તર ભારતમાં ઉપયોગમાં લેવામાં આવતો રેંટ. 15–30 ફૂટ ઊંડાં કૂવામાંથી પાણી ખેંચવા માટેનો જૂના સમયથી ઉપયોગમાં લેવામાં આવતી સાંકળનો રેંટ, જેમાં કાયમી સાંકળની સાથે ગેલ્વેનાઇઝ કરેલી લોખંડની બાલદીઓ બાંધવામાં આવે છે. આ રેંટ બળદ કે ઊંટની મદદથી ચલાવવામાં આવે છે, અને તેથી સાંકળ ફરતાં કૂવામાંથી બાલદીઓ પાણી ભરી ઉપર આવી ઠલવાય છે.

**Persica** *vulgaris*. પીચફળનો એક પ્રકાર.

**persimmon.** *Diospyros* પ્રજાતિનું ખાદ્યફળનાં ઝાડનો સમૂહ.

**persistent.** પરિપક્વ થાય ત્યાંસુધી દલપુંજની માફક ચોંટેલું રહેનાર. (૨) દીર્ઘકાલીન અને અસાધ્ય (રોગ). (૩) ચિરલગ્ન. **p. effect.** કાયમી પ્રભાવ. **p. milker.** કેટલીક વધારે દૂધ આપતી ગાયોનો વસૂકી નહિ જવાનો અને એક પ્રસૂતિ બાદ બીજી પ્રસૂતિ આવે ત્યાં સુધીની વચગાળાની અવસ્થામાં પણ દૂધ સ્રવવાનો ગુણ. **p. virus.** એક દિવસ કરતાં વધારે સમય માટે બિનઅસરકારક

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રહેતા વિષાણુનો રોગવાહક ગુણ.

**personal contact method.** વૈયક્તિક રીતે સંપર્ક સાધવાની રીત.

**perspiration.** પ્રસ્વેદ, પરસેવો, ચામડીના છિદ્રમાંથી થતો સ્રાવ.

**pervious.** છિદ્રાળુ, છિદ્રવાળું, પ્રવેશક્ષમ, પ્રવેશ્ય. **p. soil.** ખુલ્લી જમીન. (૨) મોટાં છિદ્રોવાળી, પાણીના પ્રવેશને શક્ય બનાવતી, મોટા ભાગે રેતાળ કે કાંકરીવાળી જમીન.

**perwal.** પરવળ.

**pest.** હાનિ કે ઉપદ્રવકારક કીટ, જંતુ; પ્રાણી, અને વનસ્પતિને અન્ય પ્રકારના સજીવ હાનિ પહોંચાડે છે અને પાલતુ પ્રાણીઓ કે માનવીઓને ઉપદ્રવ કરે છે. **p. control.** જંતુઘ્ન, વનસ્પતિઘ્ન, કીટકઘ્ન રસાયણોને ઉપયોગ અને નિયામક કીટ સંવર્ધનની રીત અને વ્યવસ્થા. કીટ નિયંત્રણ. **pesticide.** વનસ્પતિ અને પ્રાણીના જંતુ અને કીટકોને અંકુશમાં લેવા માટે ઉપયોગી બનતું દ્રવ્ય, જેમાં જંતુઘ્ન, વનસ્પતિઘ્ન, ફૂગનાશક, કૃમિનાશક અને ઉંદર જેવાં કૃંતક પ્રાણીઓના નાશ માટેનાં દ્રવ્યોનો સમાવેશ થાય છે.

**Pestalotia** *palmarum.* નાળિયેરનો રોગકારી કીટ.

**Pestalotiopsis** *psidii.* જમરૂખનો રોગકારી કીટ.

**pestilence.** ગમે તે રોગચાળો. **pestilent.** ઉપદ્રવી, જીવનનો નાશ કરનારું.

**pestle.** મુશળી, ખાયણીમાં ખાંડવા માટેનું પરાઈ કે મુશળી જેવું સાધન.

**pestox III.** મૂળને લગાડવામાં આવતું રંગ અને વાસ વિનાનું તેલી પ્રવાહી.

**pet.** લાડકું કે પાળેલું પ્રાણી.

**petal** પુષ્પમણિ પર્ણ, પાંદડી, દળ, પાંખડી, દળપત્ર. (૨) અંતઃ પરિપુષ્પ ગુચ્છનું એકમ, દલપુંજનો પ્રત્યેક ભાગ. **petalody.** ફૂલના અન્ય ભાગોનું દળમાં પરિવર્તન, આકારીય ફેરફાર, જે વધારે પડતા પોષણના પરિણામે બનવા પામે છે. **petaloid.** દળાભ, દળસદૃશ. **p. bract.** પુષ્પમણિ સદૃશ પુષ્પપર્ણ, દલાભ પુષ્પપર્ણ. **p. calyx.** દલાભ વજ્ર.

**potha.** કોળુ. *ashgourd. pumpkin, water squash.*

**petiolar.** નાના પર્ણવૃંત ઉપર ઊગતું.

**petiolate.** પર્ણદંડી, સંવૃત સદંડી.

**petiole.** પર્ણવૃંત, પર્ણદંડ, પર્ણનો ભાગ પણ પ્રકાંડનો અક્ષનો નહિ. (૨) કીટના વક્ષને જઠરની સાથે જોડતો ભાગ.

**petite agriculture.** નાના પાયા પરની ખેતી.

**petitgrain oil.** મીઠા લીંબુનાં પાનનું તેલ, જે સૌંદર્ય પ્રસાધનો અને મીઠાઈમાં ઉપયોગમાં આવે છે.

**Petrea** *volubilis* **Jacq.** મૂળ અમેરિકાનું પણ અહીં શોભા માટે વાવવામાં આવતું નાનું ઝાડ.

**petro—.** શૈલ શિલા ઇ. અર્થસૂચક પૂર્વગ.

**petrography.** ખડકો–શૈલોની રચના ઇ.નું વૈજ્ઞાનિક વર્ણન.

**petrolatum.** વેસેલાઈન, પેટ્રોલિયમ જેલી, પેરાફીન જેલી ઇ. નામે ઓળખાતું ક્રૂડ પેટ્રોલિયમમાંથી મેળવેલું હાઇડ્રોકાર્બનોનું અર્ધ-ઘન મિશ્રણ. **petroleum jelly.** જુઓ *petrolatum.*

**Petrology.** શૈલ વિજ્ઞાન; ખડકોનાં નિર્માણ, રચના ઇ.નું વિજ્ઞાન. **petrous.** શૈલનું-ના જેવું. (૨) ગંડાસ્થિનો (સખત ભાગ).

**Petroselinum** *crispum* **(Mill.) Nym.** [Syn. **P.** *sativum* **Hoffm.**]. મૂળ યુરોપની પણ હવે ભારતભરમાં ઉગાડવામાં આવતી શાકીય વનસ્પતિ, જેનાં પાનની શાકભાજી થાય છે.

**Petunia** *axillaris* **(Lamk) B. S. & P.** (Syn. **P.** *nyctaginiflora* **Juss.**). મૂળ આર્જેન્ટિનાની શોભા માટે વાવવામાં આવતી વનસ્પતિ.

**Peucedanum** *graveolens* **(L.) Hiren.** [Syn. *Anethum graveolens* **L.**]. સવા. **P** *sativum* **(L.) Hook.**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુજરાત, કોંકણ અને આન્ધ્રપ્રદેશમાં થતી લીલાં પાનની એક પ્રકારની ભાજી.

**pH.** જમીનમાં હાઇડ્રોજન આયનોની સક્રિયતા; **p** એટલે *power* એટલે શક્તિ કે બળ; અને **H** એટલે હાઇડ્રોજન, અર્થાત્ સક્રિય હાઈડ્રોજન. મૃદા દ્રાવણમાં સક્રિય હાઇડ્રોજનનું પ્રમાણ અલ્પ હોઈ, તેને દર્શાવવા માટે હાઇડ્રોજન આયનોના સંકેંદ્રણથી એકને ભાગીને અને તેનો લઘુગુણક લેવામાં આવે છે. તટસ્થ મૃદા દ્રાવણમાં એક લિટર દીઠ 0.0000001 ગ્રામ સક્રિય હાઇડ્રોજન આયનો હોય છે. આ સંખ્યા વડે 1 ને ભાગતા 1,00,00,000 આવે છે, જેનો લઘુગુણક 7 થાય, જે તટસ્થ મૃદુ દ્રાવણની pH ગણાય છે. 6pH 7pH કરતાં 10 ગણો અમ્લ છે. 0 થી 7 સુધીનું pH મૂલ્ય અમ્લતાનું સૂચક છે અને 7 થી 14 સુધીની pH અલ્કલિયતાનું સૂચક છે. તટસ્થ દ્રાવણમાં રહેલાં અમ્લીય અને અલ્કલીય દ્રવ્યોનો સૂક્ષ્મ તફાવત એટલે pH મૂલ્ય થાય છે.

**phadka grasshopper** *Hieroglyphus nigrorepletus.* **Boisd.** નામનો બાજરી ઇ. ધાન્ય અને મકાઈ, ડાંગર અને શેરડીનાં પાન ખાનાર કીટ.

**phage.** સૂક્ષ્મ જીવોનો નાશ કરનાર કે સૂક્ષ્મ-સજીવોનું વિશ્લેષણ કરનાર કારક. **phagocyte.** ભક્ષણ કોષ. (૨) બહારના દ્રવ્યને દાખલ કરનાર શ્વેતકોષ કે રંગવિહીન રક્તકણ. **phagocytic.** શરીરના કેટલાક કોષોનો નાનાં દ્રવ્યોને પચાવવાનો ગુણ અને તે દ્વારા તેમને હાનિરહિત બનાવવા અંગેનું. **phagocytosis** જીવાણુભક્ષણ.— **phagous.** — ભક્ષક અર્થસૂચક અનુગ.

**Phakdi.** દ્રાક્ષનો એક પ્રકાર, જે સફેદ, અંડાકાર, પાતળી છાલ, સ્વાદિષ્ટ ગર, મોટું ઢીલું અને વચમાં લટકતું હોય તેવું લૂમખું ધરાવતી સારી જાતની દ્રાક્ષ. **Phakospora** *vites.* દ્રાક્ષના વેલાને રોગ કરનાર જંતુનો પ્રકાર.

**phalanx.** પુંકેસરનો તંતુથી જોડાયેલો સમૂહ. (૨) પૃષ્ઠવંશી પ્રાણીઓની આંગળીઓનાં અસ્થિ, અંગુલ્યસ્થિ.

**Phalaris** *arundinacea* **L.** var. *picta* **L.**બરૂ.**Ph.** *coerulescens* **Desf.** ભૂમધ્ય સમુદ્રના પ્રદેશનો મૂળ પણ અહીં ઉગાડવામાં આવતો એક પ્રકારનો ઘાસચારો. **Ph.** *minor* **Retz.** ચીરિયા બાજરા નામે હિંદીમાં ઓળખાતો તૃણકુળનો ઘાસચારો. **Ph.** *paradoxa* **L.** var. *praemorsa.* શોભા માટેનું ઘાસ. **Ph.** *tuberosa* **L.** મૂળ ભૂમધ્યસમુદ્રના પ્રદેશનું પણ અહીં ડુંગરાળ વિસ્તારોમાં ચરાણ માટે વાવવામાં આવતું ઘાસ. **Ph.** *zizanioides* **L.** ખસ વાળો. રાજસ્થાન, ઉત્તરપ્રદેશ અને પશ્ચિમના કાંઠાળા વિસ્તારોમાં વાવવામાં આવતું એક પ્રકારનું ઘાસ, જેના સુકાયેલા મૂળની સુવાસિત સાદડીઓ, ટટ્ટીઓ ઇ. બનાવવામાં આવે છે. મૂળમાંથી કાઢવામાં આવતું બાષ્પશીલ તેલ સુગંધી દ્રવ્યો, સૌંદર્ય પ્રસાધનો અને સાબુ બનાવવા તથા શરબતોને સુવાસિત કરવા ઉપયોગી બને છે તથા તેના કાગળ પણ બનાવવામાં આવે છે.

**phalsa** ફાલસા; *Grewia asiatia* **L.** [Syn. **G.** *elastica* **Royle**). નામનું રસ અને સિરપ બનાવવા માટે ઉપયોગમાં લેવામાં આવતું એક ખટમધુરું ફળ; તેનું કર્તન કરવાથી તેને રોગ થતા નથી. અનાવૃષ્ટિનો સામનો કરનાર આ નાનકડો છોડ, બધા જ પ્રકારની જમીનોમાં બી વાવીને ઉગાડી શકાય છે.

**phalwara.** મહૂડો. ઉત્તરપ્રદેશના ખાસ ફૂલ ધરાવતા ઝાડનો એક પ્રકાર.

**phanerogam.** સપુષ્પ વનસ્પતિ, જેનાં ફૂલમાં પુંકેસર અને સ્ત્રીકેસર વિકસે છે. **phanarogamia subkingdom.** સપુષ્પ વનસ્પતિની ઉપસૃષ્ટિ.

**pharmacopoeia.** સત્તાવાર ઔષધો, અને તે બનાવવા તથા તેના ઉપયોગો દર્શાવતો ગ્રંથ; ભેષજગ્રંથ. **pharmacy.** ઔષધશાળા.

**pharsa.** ખાલફળનું ઝાડ,ધામણ, ધનુર્વૃક્ષ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**pharyngitis.** ગ્રસની કોપ. **pharynx.** ગ્રસની; મોં વિવર અને અન્નનળી વચ્ચેના પાચનમાર્ગનો ઉપરનો ભાગ.

**phase.** કલા. (૨) અવસ્થા. (૩) વિકાસમાં પરિવર્તનનો તબક્કો. (૪) જમીનનો એક પ્રકાર, જેનાં લક્ષણો સાધારણ પ્રકાર કરતાં સહેજ જુદાં હોય છે. **ph., soil** મૃદા પ્રાવસ્થા.

**Phaseolus** *aconitifolius* **Jacq.** (Syn **Ph.** *tribolus* **Wall**; *Dolichos dissectus* **Lamk.**).મઠ, ~**Ph.** *aureus* **Roxb.** (Syn. **Ph.** *mungo* **Auct; non L.**). મગ મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, બિહાર, રાજસ્થાનમાં થતી કઠોળ વર્ગની વનસ્પતિ. **Ph.** *cunatus* **L.** જેની સિંગો શાક તરીકે ઉપયોગી બને છે. લિના બીન નામની શાકીય વનસ્પતિ. *Ph. mungo* var. *radiatus* **L.** અડદ. **Ph.** *tribolus* **Wall** મઠ. **ph.** *vulgaris* **L.** વાલ, કઠોળ પ્રકારની આન્ધ્રપ્રદેશ, મહારાષ્ટ્ર, ઉત્તરપ્રદેશ, પંજાબ, બિહાર અને પ. બંગાળમાં થતી શાકીય વનસ્પતિ.

**phellem.** ત્વક્ષા. **phellogen.** ત્વક્ષેધા, કાગ એધા, ત્વક્ષા નિર્માણ વર્ધનશીલ પેશી.

**Phenacoccus** *iceryoides.* ચિકુના પ્રરોહ અને પ્રકાંડનું રસ ચૂસતું જંતુ. **Ph.** *insolitus.* રીંગણીનો રસ ચૂસતો કીટ.

**phenic acid.** જુઓ. *phenol.* **phenol.** ફીનોલ; $C_6H_6OH$ સૂત્ર ધરાવતો કાર્બોલિક ઍસિડ અથવા ફેનિક ઍસિડ; લાક્ષણિક વાસ ધરાવતું ડામરનું વ્યુત્પન્ન, જે ચેપનાશક, જંતુઘ્ન અને સ્થાનિક સંજ્ઞાહારક દ્રવ્ય છે.

**Phenology.** આબોહવાના સંદર્ભમાં સજીવોના અભ્યાસનું વિજ્ઞાન. (૨) ઋતુ જૈવચર્યા વિજ્ઞાન. **ph. observation.** ઋતુ જૈવચર્યા નિરીક્ષણ.

**phenospermy.** પ્રજનન અક્ષમ બીનું નિર્માણ.

**phenothiazine.** ફેનોથાયેઝીન; કાર્બનિક જહર વિષ, જે ઝાંખા, બદામી કે કેટલીક વાર લાલ રંગનું, સ્ફટિકીય રસાયણ છે, અને જેનો ઉપયોગ ઢોર પર પડતા પરજીવીઓને દૂર કરવા માટે થાય છે.

**phenotype.** સરખા દેખાવવાળો પણ સમાનજનિન બંધારણ નહિ ધરાવતો સમૂહ. (૨) દૃશ્યરૂપ, સમરૂપ પ્રકાર.

**pheny acetic acid.** ફીની ઍસેટિક ઍસિડ.

**phenyl.** ફિનાઇલ.

**phlebitis.** શિરાકોપ. **phlebotomy.** લોહીને વહી જવા દેવા માટે થતું શિરાનું છેદન.

**phlegm.** શ્લેષ્મ; ગળા અને નાકનું ચીકણું શ્લેષ્મીય સ્રવણ.

**phloem.** અન્નવાહિની, અન્નવાહક પેશી; એધાની બહાર વાહકતંત્રનો એક ભાગ; કાષ્ઠીય વનસ્પતિની એધા નજીકની છાલનો ભાગ; આમાં અન્નવાહિનીમાં ચાળણી નલિકા, સાથી કોષ, તંતુ, મૃદૂતક પેશી અને આવી કોષોનો સમાવેશ થાય છે.

**Phoenicophorium** *sechellarum* **H. Wendl.** ખજેરો; પ્રકાંડવિહીન શોભાની ખજૂરી.

**Phoenix** *acaulis* **Roxb. ex Buch.-Ham.** થાકલ નામની બિહાર, ઉત્તરપ્રદેશ અને ઉત્તર પ. બંગાળમાં થતી પ્રકાંડ વિનાની ખજૂરી, જેનાં ફળ ખાદ્ય છે. **Ph.** *dactylifera* **L.** ખજૂરી, આરબ ખજૂરી, પિંડ ખજૂરી; પંજાબ, રાજસ્થાન, ઇ.માં થતું ખાદ્યફળનું ઊંચું ઝાડ, જેનાં પાનના રેસામાંથી દોરડાં, ટોપલા-ટોપલીઓ ઇ. બનાવવામાં આવે છે અને પાનના દંડમાંથી લાકડીઓ બનાવવામાં આવે છે. **Ph.** *pusilla* **Gaertn.** (Syn. **Ph.** *farinifera* **Roxb.**). જંગલી ખજૂરી, પલાવત; કોરોમંડલ કાંઠા પરનું ઝાડ; એનાં બીનો માવો ખાવાના કામમાં આવે છે, થડમાં કાંજી બને છે અને પાનના ટોપલા-ટોપલીઓ અને સાદડીઓ બનાવવામાં આવે છે. **Ph.** *rupicola* **T. Anders.** શોભાની ખજૂરીનો એક પ્રકાર. **Ph.** *sylvestris*

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(L.) **Roxb.** [Syn. *Elate sylvestris* **L.**] જંગલી ખજૂરીનું ઝાડ.

**phok.** *Ephedra gerardiana* **Wall.** નામનો નાનો ક્ષુપ, જે કાશ્મીરથી સિક્કિમ સુધીના હિમાલયમાં થાય છે અને જે દમ, શરદી અને હે ફીવર નામની વ્યાધિમાં ઔષધ તરીકે ઉપયોગી બને છે. એફીડ્રિન.

**Phomopsis** *vexans.* રીંગણીનો રોગો ત્પાદક કીટ.

**Phormium** *tenax* **Forst.** ચળકતા નરમ અને સુનમ્ય રેસા આપતાં પાનનું વૃક્ષ.

**Phosdrin.** ડાઈમીથિલ – કાર્બોમીથોક્સી 1–પ્રોપીનિલ – 2 –ફોસ્ફેટ નામનું કાર્બનિક ફૉસ્ફરસ સંયોજન, જે મોલોમશી, ઈતડી અને વેધક કીટનો નાશ કરનારું રસાયણ છે.

**phosphatase.** ફૉસ્ફરક એસિડ અને મધાર્ક જેવાં સંયોજનોની આંતરક્રિયાથી કેટલાક કાર્બનિક સંયોજનોનું વિભાજન કરનાર ઉત્સેચકનો એક વર્ગ. **Ph. Test.** દૂધના નમૂનાના પાશ્ચરીકરણમાં ગરમી આપવાની કાર્યક્ષમતા જાણવા માટે કરાતી કસોટી.

**phosphate rock.** પૂરતી શુદ્ધતાવાળાં એક કે વધારે કેલ્શિયમ ખનિજવાળા કુદરતી શૈલ, જે વ્યાપારી ધોરણે ફૉસ્ફરસ ધરાવતું ખાતર બનાવવા માટે ઉપયોગી બને છે. **phosphates.** સોડિયમ, પોટૅશિયમ અને કેલ્શિયમની સાથે ફૉસ્ફોરિક એસિડનું સંયોજન થવાથી બનતા ફૉસ્ફોરિક એસિડનાં લવણો; સામાન્ય રીતે ફૉસ્ફેટ શૈલની સલ્ફ્યુરિક એસિડની સાથે માવજત કરીને ફૉસ્ફેટના ખાતર તરીકે વિનિયોગ કરવામાં આવે છે. **phosphatic fertilizer** મુખ્યત્વે ફૉસ્ફેટ ધરાવતું અને જમીન તથા વનસ્પતિને ફૉસ્ફરસનું તત્ત્વ આપનાર ખાતર.

**phosphatide.** કોલીન, ફૉસ્ફોરિક એસિડ અથવા એમિનોઈથિલ ફૉસ્ફોરિક એસિડવાળું કાર્બનિક સંયોજન સંકુલ.

**phosphoproteins.** ન્યૂક્લિઇક એસિડ સિવાયનું દ્રવ્ય ધરાવતું ફૉસ્ફરસના પ્રોટીનનું સંયોજન; આ દ્રવ્યોમાં દૂધનો કેસીનોજેન અને ઈંડાની જરદીનો વિટેલીન હોય છે.

**phosphorescence.** સ્ફુરદીપ્તિ.

**phosphoric acid.** $H_3PO_4$; ઑર્થોફૉસ્ફોરિક એસિડ; સલ્ફ્યુરિક ઍસિડની માવજત આપીને તેને દ્રાવ્ય એસિડ લવણમાં ફેરવવામાં આવે છે. ફૉસ્ફરસ પેન્ટૉક્સાઇડ –($P_2O_5$) કરતાં લવણોને પસંદ કરવામાં આવે છે. **phosphorolysis.** ફૉસ્ફરીવિશ્લેષણ.

**phosphorus.** ફૉસ્ફરસ; $H_2PO_4$ – આયનના રૂપમાં વિલયન પામે તેવું વનસ્પતિનું ખાદ્ય તત્ત્વ. કોષકેન્દ્રના કેન્દ્રક–ન્યૂક્લિઅસ અને ફૉસ્ફોલિપિડ જેવાં જટિલ દ્રવ્યોનું તે ઘટક બને છે. વનસ્પતિનું જોમ વધારે છે, પાકની જાતને સુધારે છે, નવા કોષના નિર્માણમાં ભાગ ભજવે છે, મૂળતંત્રની વૃદ્ધિ કરે છે, પર્ણના વિકાસને ત્વરિત બનાવે છે, કણસલાં, બીજ અને દાણાના નિર્માણને વેગ આપી પાકને પરિપક્વ બનાવે છે, રોગનો પ્રતિકાર કરવાની શક્તિમાં વધારો કરે છે, ધાન્ય પાકોના પ્રકાંડને મજબૂત બનાવે છે, અતિ નાઈટ્રોજનની ખરાબ અસરોને દૂર કરે છે અને નાઇટ્રોજનને સ્થિર કરનાર જીવાણુનો વિકાસ કરે છે. **pb. deficiency.** ફૉસ્ફરસની ઊણપથી નીપજતી વનસ્પતિની અવસ્થા, જેમાં ઘણી રીતે નાઇટ્રોજનની ઊણપથી થતાં લક્ષણો વરતાય છે. ટોચ અને મૂળની વૃદ્ધિ કુંઠિત બને છે, પાન નાનાં થાય છે અને અકાળે પર્ણપાત થવા માંડે છે. (૨) પ્રાણીના ખોરાકમાં ફૉસ્ફરસની ઊણપ રહે અથવા પ્રાણી પૂરતા પ્રમાણમાં ફૉસ્ફરસ ન લે તો ભૂખ ઓછી લાગે, દૂધ ઓછું આપે, વૃદ્ધિ અને વિકાસના ક્રમમાં મંદતા આવે. લાંબા સમય માટે ફૉસ્ફરસની ઊણપ રહેવા પામે તો ચાલ કડક બને, લંગડાપણું આવે, લાંબાં હાડકાં નરમ પડી વળવા માંડે. ફૉસ્ફરસની ઊણપને દૂર કરવા માટે પ્રાણીઓને ખોળ અને શિમ્બી વર્ગની વનસ્પતિનું ભૂસું પૂરક ખોરાક તરીકે આપવું જોઈએ અને સાથે સાથે ખનિજ દ્રવ્યોના

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મિશ્રણને આપી શકાય. (૩) વનસ્પતિની ઈષ્ટતમ વૃદ્ધિ માટે જરૂરી હોય તે કરતાં ઓછા પ્રમાણમાં જમીનને ફૉસ્ફરસ આપવામાં આવ્યું હોય તો ઇચ્છવાયોગ્ય પ્રમાણમાં અને વેપારી રીતે પરવડી શકે તેવો ઉતાર મળે નહિ.

**phosphorite.** તંતુમય એપેટાઇટનો એક પ્રકાર.

**photo—.** પ્રકાશસૂચક પૂર્વગ.

**photoactivation.** પ્રકાશસક્રિયીકરણ, પ્રકાશસક્રિયતા.

**photobiology.** પ્રકાશ જીવવિજ્ઞાન.

**photocatalyst.** પ્રકાશઉત્પ્રેરક–ઉદ્દીપક.

**photochemical action.** રાસાયણિક પ્રક્રિયા માટે ઊર્જાનો ઉપયોગ થઈ જાય ત્યારબાદ ઈલેક્ટ્રૉન તેની અસલ અવસ્થા મેળવે ત્યારે પ્રકાશ અવશોષણનો થતો ગૌણ પ્રભાવ; પ્રકાશ–રાસાયણિક પ્રક્રિયા.

**photoelectric cell.** પ્રકાશ–વિદ્યુત કોષ; પ્રકાશઊર્જાનું વિદ્યુત ઊર્જામાં પરિવર્તન કરતો કોષ. **ph. e. effect.** પ્રકાશ–વિદ્યુત પ્રભાવ; પ્રકાશ અવશોષણના પ્રાથમિક પ્રભાવ સ્વરૂપ થતું પરમાણુનું ઈલેક્ટ્રૉનિક ઉદ્દીપન.

**photoinduction cycle.** વિદ્યુત કોષપ્રેરક પ્રકાશાવધિ ચક્ર.

**photolysis.** પ્રકાશને ગ્રહણ કરવાના પરિણામે થતા રાસાયણિક ફેરફારો. (૨) વનસ્પતિ જે પ્રમાણમાં પ્રકાશ ગ્રહણ કરે તે પ્રમાણમાં હરિત કણોનો રચાતો સમૂહ.

**photometry.** પ્રકાશમિતિ; પ્રકાશની તીવ્રતા માપવાનું વિજ્ઞાન.

**photooxidation.** પ્રકાશ ઑક્સીકરણ, પ્રકાશ ઉપચયન.

**photoperiod.** દૈનિક પ્રકાશ મેળવવાનો વનસ્પતિનો સમય, પ્રકાશાવધિ. **photoperiodic adaptation.** દૈનિક પ્રકાશમાં ખુલ્લા રહેવા માટેનું વનસ્પતિનું અનુકૂલન. **ph. cycle.** પ્રકાશાવધિ ચક્ર. **photoperiodicity.** દૈનિક પ્રકાશ મેળવતાં પ્રાણીઓને પ્રતિભાવ. (૨) પ્રકાશાવધિતા. **photoperiodism.** પ્રકાશાવધિ પ્રભાવ, પ્રકાશ સામયિકતા; દૈનિક પ્રકાશાવધિની સાથે પુષ્પોદ્ભવ, કંદોદ્ભવ, માંસલ મૂળ ઇ.ના વિકાસ માટે જોઈતા સમયનો સંબંધ.

**photosensitive.** પ્રકાશ સંવેદનશીલ. **photosensitization.** આછા રંગના કે સફેદ પ્રાણીઓના રોગનો એક પ્રકાર. સૂર્યના પ્રકાશમાં આછા રંગવાળા ભાગ પર અસર થવાના પરિણામે આ રોગ થાય છે, જેના કારણે સૂર્યનો પ્રકાશ સહન ન થાય, સ્નાયુઓ ફૂલે, બંધકોશ થાય; આંખ, નાક, પોપચાં, યોનિ, ગુદા, આંચળ પર સોજા આવે અને ભૂખ મરી જવા પામે.

**photosynthesis.** પ્રકાશ સંશ્લેષણ; વનસ્પતિ તેના હરિત દ્રવ્ય અને સૂર્યના પ્રકાશના સંપર્કથી હવા અને જમીનમાંથી મેળવેલા કાર્બન ડાયૉક્સાઇડ અને પાણીનું સંશ્લેષણ કરે તે પ્રક્રિયા; સૂર્યના પ્રકાશની હાજરીમાં વનસ્પતિના હરિત અંગો શક્તિના નિર્માણ માટે કાર્બન ડાયૉક્સાઇડ અને પાણીમાંથી શર્કરાદ્રવ્યોનું સંશ્લેષણ કરી ઑક્સિજનને મુક્ત કરે છે.

**phototropic.** પ્રકાશાનુવર્તી, પ્રકાશ તરફ નમતી કે વળતી (વનસ્પતિ). **phototropism. heliotropism.** પ્રકાશાનુવર્તિતા, પ્રકાશાનુવર્તન; પ્રકાશના ઉદ્દીપન અનુસાર વનસ્પતિનાં વૃદ્ધિ પામતાં અંગોનો થતો ઝુકાવ, વળાંક કે અભિનતિ.

**Phragmites** *karka* (**Retz.**) **Trin ex Steud.** [Syn. **Ph.** *maxima* (**Forsk.**) **Blatt. M.C.**]. નરકુળ, બરુ; સર્વસામાન્ય, દીર્ઘાયુ વનસ્પતિ; જેના પ્રકાંડનાં બરૂ બનાવવામાં આવે છે, તથા તેની લખવા માટેની કલમ પણ બનાવવામાં આવે છે, તેની ચીપો વડે ખુરસીની બેઠક ભરવામાં આવે છે તથા ટોપલા – ટોપલીઓ પણ બનાવવામાં આવે છે.

**phragmobasidium.** બહુખંડી પ્રકણીધર. **phragmosome.** બહુખંડી પિંડ – કાય.

**phreatic water.** સંતૃપ્તિના ક્ષેત્રમાં

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવતું ભૂમિગત પાણી; ભૂગર્ભજલ. **phreatophyte.** ભૂમિગત – ભૂગર્ભ પાણી સુધી મૂળને મોકલનાર વનસ્પતિ.
**phrenic.** ઉદરપટલનું – ને અંગેનું.
**phthisis.** ફેફસાના ક્ષય જેવો રોગ.
**Phthorimaea** *glapsigona* **M.** રીંગણીમાં પડતું જંતુ.
**phulan.** સોલાહેટ બનાવવામાં ઉપયોગી બનતા પોચા કાષ્ઠની વનસ્પતિ, જે કાશ્મીર, પ. બંગાળ, આસામ અને દ. ભારતમાં થાય છે.
**Phulwa.** ઉત્તર ભારતમાં થતી ગોળ, ઊંડી આંખોવાળા બટાટાની એક જાત.
**phunt.** એક નાનું ફળ-ઝાડ.
**phupriyangu.** *Aglaia roxburghiana* **Miq.** નામનું રાજસ્થાન અને પશ્ચિમ ભારતમાં થતું મોટું ઝાડ, જેનાં ફળ ખાદ્ય છે અને જેનાં સુગંધીદાર પુષ્પો સુગંધી દ્રવ્યો બનાવવામાં ઉપયોગી બને છે.
**phutki.** શોભા માટેનું મોટું ઝાડ.
**phycocyanin.** વાદળી હરિત લીલમાં તે રંગનું દ્રવ્ય. **Phycology. Algology.** લીલ વિજ્ઞાન. **phycoerythrin.** લાલ લીલનું લાલ રંગ દ્રવ્ય. **phycomycetes.** નિમ્ન પ્રકારની ફૂગ. **phycoxanthin.** લીલનું પીળું – બદામી રંગ દ્રવ્ય.
**phycodes minor.** અંજીરનાં પાન ખાનાર ઇયળ
**phylectic.** સમુદાયનું -ને લગતું. (૨) જાતિનું -ને લગતું.
**Phyllanthus** *acidus* **(L.) Skeels.** [Syn **Ph.** *distichus* **Muell-Arg.**]. હરફરવરી, હરિફૂલ; પ. બંગાળ અને દ. ભારતમાં થતું ખાદ્ય પાનનું નાનું ઝાડ, જેની છાલ ચામડાં કમાવવામાં ઉપયોગી બને છે. **Ph.** *emblica* **L.** આંબળાં, રાય આંબળાં. ખાદ્ય ફળનું ઝાડ, જેનાં ફળ એટલે આંબળાં અતિસાર અને મરડામાં ઉપયોગી બને છે અને જેનાં પાન, છાલ અને ફળ એટલે આંબળાં ચામડાં કમાવવા ઉપયોગમાં લેવામાં આવે છે. **Ph.** *leucopyrus* **Koen ex Roxb.** હાથૌ નામનું ઉત્તરપ્રદેશ, પંજાબ, મહારાષ્ટ્ર અને તામિલનાડુમાં થતું ખાદ્ય ફળનું ઝાડ. **Ph.** *reticulatus* **Poir.** પંજોલી નામનો આરોહી ક્ષુપ., જેનાં મૂળમાંથી લાલ રંગ મળે છે.
**phylliform arrangement.** પર્ણ વિન્યાસ.
**phyllocaline.** પર્ણની વૃદ્ધિનો પ્રેરક, પર્ણ વૃદ્ધિપ્રેરક.
**Phyllocnistis** *citrella* **Stainton.** લીંબુમાં પડતું જંતુ.
**phyllode.** પર્ણ સદશ પર્ણ દંડ, પત્રાકાર પર્ણદંડ. **ph. petiole.** પર્ણ સદશ-પર્ણદંડ.
**phyllody.** વનસ્પતિના કોઈ અંગનું પર્ણમાં થતું રૂપાંતર.
**Phyllophaga** *longipennis* **Bl** બટાટા, ડાંગર, શેરડી અને મકાઈમાં પડતું સફેદ ડોળ નામનું જંતુ.
**phyllophagan.** પર્ણભક્ષક પ્રાણી, પાંદડાં ખાનારું પ્રાણી.
**Phyllostachys** *bambusoides* **Sieb. & Zucc.** આસામની મિશમી ટેકરીમાં થતું ઝાડ, જેના કાષ્ઠની લાકડીઓ તથા લખવા અને છાપવાના કાગળો બનાવવામાં આવે છે. **Ph.** *mannii* **Gamble.** ખાસી ટેકરીમાં થતું ઝાડ, જેના કાષ્ઠની લાકડીઓ બનાવવામાં આવે છે.
**phyllotaxis.** અક્ષ અને પ્રકાંડમાં થતો પર્ણવિન્યાસ.
**Phyllotreta** *cruciferae.* પરીલાદિ-કુળની વનસ્પતિમાં પડતું જંતુ.
**phylogenesis.** વનસ્પતિ અને પ્રાણીઓનો જાતિ વિકાસ, જાતિવૃત્ત. **Phylogeny.** જુઓ *phylogenesis.*
**phylum.** સમુદાય; સમાન પેઢીનાં પ્રાણીઓ અને વનસ્પતિનો સમુદાય. વર્ગીકરણનો પ્રાથમિક વિભાગ.
**Physalis** *edulis* **Sims.** ટંકારી, ટિપરી નામનું ભારતભરમાં ઉગાડવામાં આવતું ફળ ઝાડ. **Ph.** *ixocarpa* **Brot.** મૂળ મેક્સિકોનું પણ અહીં થતું ફળ ઝાડ. **Ph.** *minima* **L.** પરપોટી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોપટી નામની ખાદ્ય ફળધારી વનસ્પતિ. **Ph.** *peruviana* **L.** [Syn. **Ph.** *edulis* **Sims.**]. ટંકારી, ટિપરી નામનું ખાદ્ય ફળનું ઝાડ.

**physical.** ભૌતિક, શારીરિક. **ph. assets.** પ્રત્યક્ષ અસ્કયામતો, ભૌતિક અસ્કયામતો. **ph. balance.** રોકડ પુરાંત. **ph. poison.** ખનિજ અને નિષ્ક્રિય ભૂકાની માફક ભૌતિક અસર નીપજાવનારાં ઝેરી દ્રવ્યો. **ph. weathering.** ભૌતિક-ખવાણ. **physio-chemical.** ભૌતિક-રાસાયણિક. **physiogenic disease.** પ્રતિકૂળ પર્યાવરણીય કારણોથી થતો રોગ.

**physiognomy** પ્રભાવી જાત દ્વારા નિર્ણાયક બનતો વનસ્પતિ સમુદાયનો સામાન્ય બાહ્ય દેખાવ. (૨) મુખાકૃતિ.

**physiography.** કુદરત, કુદરતી ઘટનાનું વર્ણન અથવા વસ્તુઓના કોઈ વર્ગનું વર્ણન; ભૌતિક ભૂગોળ.

**physiologic.** સંરચનાત્મક. (૨) દેહધર્મીય. **ph. races.** સંરચનાત્મક રીતે જુદાં પાડી ન શકાય પરંતુ દેહધર્મીય વર્તનમાં ખાસ કરીને ચોક્કસ યજમાન પર પરજીવી થવાની ક્ષમતા ધરાવનાર એક જ જાતિ અને પ્રકારના સૂક્ષ્મ જીવો, જે કુદરતમાં ઉત્પરિવર્તન અને સંકરનના કારણે પેદા થતા હોય છે. **physiological.** દેહધર્મીય, શરીરક્રિયા-વિષયક, દેહવ્યાપારિક. (૨) દેહધર્મ વિજ્ઞાન અંગેનું. (૩) વનસ્પતિ કે પ્રાણીઓનાં અંગોનાં કાર્યો અંગેનું. **ph. abnormal milk.** પોષણમૂલક અસાધારણ દૂધ. **ph. acidity.** ક્રિયાત્મક અમ્લતા. **ph. change.** દેહધર્મીય પરિવર્તન. **ph. disorder.** દેહધર્મીય વિકાર. **ph. drought.** ક્રિયાહીનતા-જન્ય શુષ્કતા. **ph. phase.** દેહધર્મીય અવસ્થા. **Physiology.** દેહધર્મવિજ્ઞાન, શરીરક્રિયાવિજ્ઞાન; જીવન, જીવંત સજીવો, તેમનાં કાર્યો અને પ્રવૃત્તિનું શાસ્ત્ર. **ph. of nutrition.** પોષણની દેહધર્મવિદ્યા.

**physiopath.** પારિસ્થિતિક રોગકારક.

**Physoderma** *alfalfae.* રજકાને રોગ કરનાર જંતુ. **Ph.** *trifolii.* *clover* નું રોગકારી જંતુ. **Ph.** *zeamaydis.* મકાઈ નો રોગકારી કીટ.

**phyto—.** વનસ્પતિસૂચક પૂર્વગ.

**-phyte.** વાનસ્પતિક સજીવ અંગેનું. (૨) વનસ્પતિ અર્થસૂચક અનુગ.

**phytobenzoar.** અપાચ્ય તંતુવાળો ખોરાક ખાવામાં આવ્યો હોય અને તે દડાના રૂપે પ્રથમ આમાશય કે પેટમાં ભેગો થઈ ગયો હોય તે.

**phytoedaphon.** જમીનની સૂક્ષ્મ વનસ્પતિ.

**phytogenesis.** વનસ્પતિનાં ઉત્પત્તિ અને વિકાસ. **phytogenetics.** વનસ્પતિ જનિનવિજ્ઞાન.

**phytography.** વર્ણનાત્મક વનસ્પતિ-વિજ્ઞાન.

**phytohormone.** પાદપ અંતઃસ્રાવ, વનસ્પતિનો વૃદ્ધિપ્રેરક અંતઃસ્રાવ.

**Phytolacca** *acinosa* **Roxb.** કાશ્મીર અને ભુતાનમાં થતી પહોળા પાનની વનસ્પતિ, જેનાં પાનની ભાજી બનાવવામાં આવે છે. **Ph.** *dioica* **L.** અહીં શોભા માટે વાવવામાં આવતું નાનું ઝાડ.

**phytome.** વનસ્પતિનું શાકીય દ્રવ્ય.

**phytomer.** વનસ્પતિ ઘટક.

**phytometer.** દેહધર્મીય પ્રવૃત્તિની દૃષ્ટિએ કોઈ પણ સ્થાનનાં ભૌતિક કારકો માપવા માટે ઉપયોગમાં લેવામાં આવતા છોડ.

**phytomorphic soil.** વનસ્પતિના આગળ પડતા પ્રભાવ હેઠળ વિકાસ કરવામાં આવતો હોય તેવી જમીનોનો સમૂહ.

**Phytomyza** *atricornis* **Meign.** વટાણાનો કીટ.

**phyton.** પ્રારંભિક વનસ્પતિ; પ્રજનન ઘટક, જેમાંથી બીજી વનસ્પતિ ઊગી નીકળે તેવો વનસ્પતિનો છૂટો નાનામાં નાનો ભાગ.

**phytopathogenic.** વનસ્પતિ–રોગ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કારક. **Phytopathology.** વનસ્પતિ રોગવિજ્ઞાન.

**phytoperiodism.** વનસ્પતિ સામયિકતા; દિવસ દરમિયાનના સૂર્યના પ્રકાશના કક્ષાકોની પુષ્પોદ્ભવ માટેની ગણતરી.

**phytophagus.** વનસ્પતિ ભક્ષક, વનસ્પત્યાહારી.

**Phytophthora** *aricae*(**Coleman**) **Pethi.** સોપારીના ઝાડની રોગકારક ફૂગ. **Ph.** *cambivora.* પાશ્ચેઝ્મનો રોગોત્પાદક કીટ. **Ph.** *colocasiae* **Rach.** અળવીનો રોગકારી કીટ. **Ph.** *infestans.* ટમેટામાં રોગ પેદા કરનાર જંતુ. **Ph.** *palmivora.* લીંબુ, નાળિયેરી, બ્રેડ–ફ્રૂટ, રબર, ફણસ, ભીંડા ઇ. વનસ્પતિઓમાં રોગ પેદા કરનાર કીટ. **Ph.** *parasitica.* એરંડા, કપાસ, લીંબુ, અને પપૈયાનો રોગકારી કીટ. **Ph.** *parasitica* var. *piperina.* નાગરવેલમાં રોગકારી કીટ. **ph.** *parasitica* var. *nicotianae.* તમાકુમાં રોગ કરનાર જંતુ.

**phytoplankton.** પાણી પર તરતી અને તેનો ડહોળાયેલા જેવો દેખાવ કરતી અને ઝડપથી વધતી એકકોષી સૂક્ષ્મ વનસ્પતિ, જેમાં હરિત, આસમાની–હરિત લીલ, ડાયેટોમ ઇ.નો સમાવેશ થાય છે. આ વનસ્પતિનું પાણીમાંના ઉચ્ચ પ્રાણીજ સજીવો ભક્ષણ કરે છે પરંતુ માછલી તેને ખાતી નથી.

**phytoplasm.** જીવરસ, જીવદ્રવ્ય.

**phytosis.** ફૂગ જેવા વનસ્પતિઓના પરજીવી સજીવો દ્વારા ફેલાવવામાં આવતો ગમે તે રોગ

**phytosterol.** વાનસ્પતિક ચરબીમાં રહેલું સર્વસામાન્ય સ્ટેરોલ.

**phytotomy.** વનસ્પતિ દેહરચના વિજ્ઞાન.

**phytotoxic.** વનસ્પતિ માટે ઝેરી.

**phytotoxin.** વનસ્પતિમાં પેદા થતું ગમે તે વિષ.

**phytotron.** ખૂબ જ ચોકસાઈપૂર્વક. પ્રકાશ, ઉષ્ણતામાન અને ભેજને આપમેળે નિયંત્રિત કરી શકાય તેવું ઉછેરગૃહ.

**phytotype.** વનસ્પતિનો પ્રકાર.

**phyxis.** પર્ણવલન.

**piaz.** ડુંગળી, કાંદા, પ્યાજ. **piazi.** ડુંગળી વર્ગની વનસ્પતિ.

**pica.** ફોસ્ફરસની ઊણપના કારણે પ્રાણીઓમાં ખાદ્ય દ્રવ્યો સિવાયનાં અન્ય દ્રવ્યો ખાવાની જાગતિ વિકૃત વૃત્તિ.

**Picea** *smithiana* (**Wall.**) **Boiss.** (Syn. **P.** *morinda* **Link**). પશ્ચિમ હિમાલયમાં થતું એક ઝાડ, જેના કાષ્ઠને. ઉપયોગ નિર્માણ કામમાં, રેલવેના સલેપાટ, કબાટ, પેકિંગ માટેની પેટીઓ અને લાકડાનો માવો બનાવવા માટે થાય છે.

**pick.** લણેલો કુલ પાક અથવા કોઈ એક ઝાડની કુલ પેદાવાર. (૨) બોર, કપાસ, સફરજન ઇ. જેવાં પાકાં ફળ ઉતારવાં કે ચૂંટવાં. (૩) પક્ષીનાં પીંછાં ખેંચવાં. (૪) ખોરાકને મોંમાં મમળાવવો. (૫) અણીદાર વળેલા પાનાવાળું કોદાળી જેવું ઓજાર. **p. -axe.** કોદાળી.

**pickle.** મીઠાના દ્રાવણમાં મસાલો દઈને આથવેલાં ફળ, વનસ્પતિ કે માંસ. (૨) અથાણાં. (૩) ખોરાકને જાળવવાનો જૂનામાં જૂનો પ્રકાર.

**Picrasma** *javanica* **Blume** var. *nepalensis* (**Benn.**) **Badhwar** (Syn. **P.** *nepalensis* **Benn**). આસામમાં થતું એક ઝાડ, જેનાં કુમળાં પાનનો ભૂકો ડિંભને મારવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે. **P.** *quassioides* (**D. Don**) **Benn.** ચારંગી નામની ગઢવાલ, હિમાચલ પ્રદેશ અને કુલુમાં થતી એક વનસ્પતિ, જેના પ્રકાંડનો ઉપયોગ જંતુઓને મારવા માટે કરવામાં આવે છે.

**Picrorhiza** *kurroa* **Royle ex Benth.** કડુ નામની હિમાલયના પર્વતીય વિસ્તારોમાં થતી એક પ્રકારની વનસ્પતિ, જેનાં મૂળ પેટની ગરબડમાં, ટોનિક તરીકે અને જુલાબ લેવાના કામમાં આવે છે.

**piebald.** સફેદ અને કાળા રંગનો ઘોડો.

**Pierardia** *sapida* **Roxb.** લટકુઆ નામની આસામ, આંદામાન અને પં. બંગાળમાં થતી ખાદ્ય ફળની વનસ્પતિ.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**Pieris** *brassicae* **L.** કોબીનું જંતુ.

**Piestah.** કુવામાંથી પાણી ખેંચવાની તામિલનાડુ, ઉત્તર પ્રદેશ અને બિહારમાં ઉપયોગમાં લેવામાં આવતું એક સાધન.

**Pig.** ડુક્કર.

**pigeon pea.** તુવેર; દાળ તરીકે ઉપયોગમાં લેવામાં આવતું. (**Cajanus** *cajan* (**L**·) **Milsp.** (*C. indicus* **Sprensg.**). નામનું લોકપ્રિય કઠોળ; જેનાં લીલા પાન, તુવેરનાં છોડાં ઇ. ઢોર માટે ચારો બને છે, ઉપરાંત તેનો ખાતર તરીકે ઉપયોગ પણ કરવામાં આવે છે. તેના સાંઠાના ટોપલા-ટોપલીઓ બનાવવામાં આવે છે, બળતણ તરીકે તેને કામમાં લેવામાં આવે છે અને તેનાથી છાપરાંને પણ છાવવામાં આવે છે. તુવેરનાં મૂળ જમીનમાં ઊંડે સુધી જતાં હોઈ તે જમીનને જકડી રાખવામાં ઉપયોગી બને છે. કુવાનાં પાણી, ભેજવાળી અને ઊંડી જમીન તેને વધારે માફક આવે છે. તે સૂકા અને ભેજવાળા એમ બને પ્રકારના હવામાન હેઠળ ઉગાડી શકાય છે. જુવાર, બાજરી, મકાઈ, રાગી, કપાસ, મગફળી અને અન્ય ખરીફ પાકની સાથે તેને જુન-જુલાઈમાં વાવવામાં આવે છે; ક્યારેક રવિ પાક તરીકે પણ તેને ઉગાડવામાં આવે છે. **p. p. podfly.** *Agiomyza obtusa* **Mall.** નામનો તુવેરની સિંગમાં પડતો કીટ, જેનાં ડિંભ તુવેરનો દાણો ખાઈ જાય છે. **p. p. wilt.** *Fusarium udam* **Bulter.** નામના જંતુથી તુવેરને થતો રોગ, જેમાં તેનાં પાન પીળાં થઈ છોડ અકાળે ચીમળાઈ જાય છે.

**pigment.** વનસ્પતિ અને પ્રાણીઓમાં રહેલું તેમને રંગ આપનાર રંજક દ્રવ્ય.

**pig mouth carp.** *Labeo kontius. Karimulee. kalchel* અથવા *Pannivayi kendai.* નામની મધ્યમ કદની લાંબા તુંડવાળી કાર્પ માછલી, તેનો રંગ ઘેરો સિલેટિયો હોય છે.

**Pig weed.** ચીલની ભાજી-ટાંકો; *Chenopodium album* **L.** નામની મેદાનો અને ડુંગરા પર થતી શિયાળુ ભાજી. જેનું શાક થાય છે અને જે ગૌણ ધાન્ય પાક તરીકે પણ ઉગાડવામાં આવે છે.

**Pila** *virens.* વનસ્પતિને નુકસાન કરતી ગોકળગાયનો એક પ્રકાર.

**pilcorn.** દાણાની સાથે છોડા વળગેલા રહેતા ન હોય તેવા ઓટનો એક પ્રકાર.

**pile** અણી કે શંકુના આકારનો થાંભલો-સ્તંભ. (૨) ઢગલો.

**Pilea** *microphylla.* (**L.**) **Liebm.** (Syn **P.** *muscosa* **Lindl**). પેટ અને આંતરડાંની ગરબડમાં ઉપયોગી બનતી વનસ્પતિ.

**piliferous.** રોમયુક્ત, રોમવાળું, વાળવાળું. **p. layer.** રોમયુક્ત સ્તર.

**pilose.** વાળથી આવરિત, રોમિલ.

**pilous.** વાળથી આવરિત.

**pili grass.** ઢોરના ચારા માટેનું એક પ્રકારનું ઘાસ.

**pilikapas.** આન્ધ્રપ્રદેશ, બિહાર, મધ્યપ્રદેશમાં થતું તંતુવાળું ઝાડ, જેના તંતુઓનો ઉપયોગ ગાદલા કે ઓશીકાં ભરવા માટે કરવામાં આવે છે.

**Piliu.** ગુજરાતમાં ઉગાડવામાં આવતી બીડી માટેની તમાકુનો એક પ્રકાર, જેનાં પાન ટટાર રહે છે અને બીજા પ્રકારની તમાકુનાં પાન કરતાં નાનાં હોય છે.

**pill.** મોં વાટે લેવામાં આવતી દવાની ગોળી, ગુટિકા, નાની ગોળી.

**pillipesara.** જંગલી મગ; *Phaseolus trilobus* **Ait.** નામનો બહુ પ્રયોજનવાળો પાક, જે લીલા ખાતર, ઘાસચારો ઇ. માટે કામમાં આવે છે, ડાંગરને લણી લીધા પછી તેની ભીની ક્યારીમાં તેને વાવવામાં આવે છે.

**Pimpinella** *anisum* **L.** ઉત્તરપ્રદેશ, પંજાબ, આસામ અને ઓરિસ્સામાં ઉગાડવામાં આવતી શાકીય વનસ્પતિ, જેનાં ફળનું તેલ સાબુ અને સુગંધી દ્રવ્યો બનાવવામાં ઉપયોગી થાય છે. ફળ વાતહર છે અને શરીરમાં મેદ થવા દેતાં નથી.

**pimple.** ચામડી ખાસ કરી મોંની

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચામડી પર થતો ખીલ.

**pimply gut.** ઘેટાને થતો એક પ્રકારનો આંતરડાનો રોગ, જેમાં રોગગ્રસ્ત અંગ પર ગાંઠો ગાંઠો જેવું થાય છે.

**Pinanga** *dickisonii* **Bl.** [Syn. **Areca** *dicksonii* **Roxb.**]. કાનડા, મલબાર અને ત્રાવણકોરમાં થતું એક ઝાડ, જેનાં ફળ સોપારીની જગ્યાએ ખાવામાં આવે છે. **P.** *hookeriana* **Becc.** ખાસી ટેકરીઓમાં થતું ખાદ્યફળનું ઝાડ.

**pin bone.** ગોવંશનાં પ્રાણીઓના પાછલા ભાગના પૂછડાની ટોચ પરના બંને બાજુના ભાગ, જેમની વચ્ચે અંતર હોય છે અને જે સ્પષ્ટ રીતે નજરે પડે છે; જઘનાસ્થિ અંગ.

**pinching.** વનસ્પતિની વૃદ્ધિના પ્રારંભિક તબક્કામાં ફૂલ ન બેસે તે માટે પ્રકાંડના અંત્ય ભાગને હાથથી દૂર કરવો કે તેને ચૂંટવો.

**pind.** ખજૂરની પકવાવસ્થા.

**pine.** સોયાકાર પાનવાળું ગમે તે સદા-હરિત શંકુદ્રુમ. *Pinus* પ્રજાતિ અને *Pinaceae* કુળનું વૃક્ષ, જે ઈમારતી લાકડું અને ટર્પેન્ટાઈન આપે. દેવદાર, ચીડ. **p. oil.** અનેક પ્રકારનાં ચીડના ઝાડના થડનું નિસ્યંદન કરીને કે પીલીને કાઢવામાં આવતું તેલ, જે વાસ દૂર કરવા, જંતુનો નાશ કરવા અને દ્રાવક તરીકે ઉપયોગમાં આવે છે. **pinus.** ચીડ વર્ગના ઝાડની પ્રજાતિ. **Pinus** *gerardiana* **Wall.** ચીલગોઝા નામનું વૃક્ષ, જેનાં બી ખાદ્ય છે. **P.** *insularis* **Endl.** [Syn. **P.** *khasya* **Royle ex Parl.**]. દિગસા, તરુ નામનું ખાસી અને જૈંતિયા ટેકરીઓમાં થતું ચીડનું ઝાડ, જેના પ્રકાંડમાંથી મળતું રેઝિન ટર્પેન્ટાઇન અને વાર્નિશ તરીકે ઉપયોગમાં આવે છે. **P.** *merkusii* **Jungh. & de Vriese.** એક ઝાડ, જેમાંથી સારી ગુણવત્તા ધરાવતું રેઝિન મળે છે, જેના કાષ્ઠનો કેન્દ્રસ્થ ભાગ લાલ અને પીળો હોય છે; કાષ્ઠને નિર્માણ કામ અને સામાન્ય સુથારી હેતુઓ માટે ઉપયોગમાં લેવામાં આવે છે. **P.** *roxbughii* **Sar** (Syn. **P.** *longifolia* **Roxb.**). લાંબા ત્રણ પર્ણનું ગુચ્છ ધરાવતું ચીડનું ઝાડ, જેના પ્રકાંડમાંથી મળતો રેઝિન વાર્નિશ અને રંગ બનાવવા માટે કામમાં આવે છે, કાષ્ઠ નિર્માણ કામ, રેલવેનાં સલેપાટો, માલ પેક કરવાની પેટીઓ, ફર્નિચર અને દીવાસળી બનાવવા માટે તે ઉપયોગી બને છે. તેનું રેઝિન સાબુ બનાવવા તથા કાગળને કાંઠ આપવા માટે ઉપયોગી બને છે. ઉપરાંત તેનો લિનોલિયમ બનાવવા માટે પણ ઉપયોગ કરવામાં આવે છે. સીલ કરવાની રાળ, ઊંજણ અને અનેક પ્રકારની શાહી બનાવવા માટે પણ તેનો ઉપયોગ કરવામાં આવે છે. આ ઉપરાંત વાર્નિશ અને રંગમાં તેનો શુષ્કક તરીકે ઉપયોગ થાય છે. તેનાથી ધાતુને રેણ પણ કરવામાં આવે છે. **P.** *sylvestris* **L.** ડામર નામનું સ્કૉચ પાઈન તરીકે ઓળખાતું ઝાડ. **P.** *wallichiana* **A. B. Jackson** (Syn. **P.** *excelsa* **Wall; P.** *griffithii* **M'Clell**). ચિલ નામનું પંચ-પર્ણ ચીડનું ઝાડ, જેનું રેઝિન ટર્પેન્ટાઈન અને વાર્નિશ બનાવવા માટે ઉપયોગમાં આવે છે, જેના કાષ્ઠનો વધારે પ્રમાણમાં રેઝિન ધરાવતો ભાગ મશાલ બનાવવા માટે ઉપયોગી બને છે. તેના કાષ્ઠની પેન્સિલો, હોલ્ડરો, ચાપો, દીવાસળીની પેટીઓ, રેલવેનાં સલેપાટ અને ફર્નિચર બનાવવામાં આવે છે. ઉપરાંત તે નિર્માણ કામમાં પણ ઉપયોગી બને છે. તેના રેઝિનના સાબુ બનાવવામાં આવે છે, ઉપરાંત કાગળને તેનાથી આર આપવામાં આવે છે. તેનાથી સીલ કરવામાં આવે છે, ઑઈલ ક્લોથ, ઊંજણના સંયોજનો અને અનેક પ્રકારની શાહી પણ તેનાથી બનાવવામાં આવે છે.

**pineal.** શંકુ આકારનું.

**pineapple.** અનેનાસ. *Ananas sativus* **Schult.** *f.* [**A.** *comosus* (**L.**) **Merr.** *Bromelia comosa* **L.**]. નામના વૃક્ષનું વ્યાપારી અગત્ય ધરાવતું મોટા પ્રમાણમાં થતું, પ્રજીવકો 'એ', 'બી' અને 'સી'વાળું ફળ; જે તાજું ખાઈ શકાય

For Private and Personal Use Only

અને અથાણાં કે મુરબ્બો બનાવીને પણ તેને ખાઈ શકાય છે, ડબામાં ભરી તેને લાંબો સમય જાળવી પણ રાખી શકાય છે. તે દ્વિવર્ષાયુ છે અને ગમે તે પ્રકારની જમીન અને હવામાનમાં તેને ઉગાડી શકાય છે. **p. crown.** અનેનાશ-ફળ પર થતાં નાનાં પાન, ઉછેરગૃહમાં, જેનો બીજા વર્ષે વાવવામાં ઉપયોગ કરી શકાય છે. **p. gill.** અનેનાસના ઝાડ પર ફળધારી શાખા પર થતો ફણગો. **p-guava.** *Feijoa sellowiana* **Berg.** નામનો એક ફળધારી છોડ, જેનાં ફળ અંડાકાર, હરિત અને સુવાસિત હોય છે. બી વાવીને ઝાડ ઉગાડવામાં આવે છે. **p. mealy bug.** *Psecedococcus brameliae* **B.** નામનો નાનો લાલાશ પડતો ચીકટો કીટ. જે પ્રરોહ અને ફળમાં ઉપદ્રવ કરી તેનો રસ ચૂસી જાય છે. **p. orange.** ભારતમાં થતો મીઠાં સંતરાંનો એક પ્રકાર, જેનું ફળ મધ્યમ કદનું, પાકુ થતાં નારંગી રંગનું બને, ઝાલ પાતળી, સખત, સુંવાળી, અને ચળકતી હોય છે. ગર પીળાશ પડતો, દાણાદાર અને વિપુલ પ્રમાણમાં મળે છે. અને તેમાં 0.5 ટકા અમ્લતા હોય છે. **p. scale.** અનેનાસનો ભીંગડાંવાળો કીટ. **p. slip.** જુઓ *pineapplegill.* **p. soft rot.** જુઓ **p.** *stem-endrot. Cerotostomella paradoxa* (**de seynes**) **Dade.** નામના જંતુથી અનેનાસને લાગતો સડાનો એક રોગ. **p. storage rot.** *Cerotostomella paradoxa.* નામના કીટથી ગોદામ કે ભંડારમાં સંઘરેલા અનેનાસને લાગતો સડાનો રોગ. **p. sucker.** અનેનાસના પાનના અક્ષ પર અથવા ઝાડના તળિયે થતો પ્રરોહ, જે વાવવામાં ઉપયોગી બને છે.

**pinfeather.** પક્ષીની ચામડીની બહાર આવતું અથવા તેમાં રહેલું કુમળું પીંછું.

**pinion.** પક્ષીની પાંખનો અંત્ય ભાગ, પક્ષાંત. (૨) પક્ષી ઊડી ન જાય તે માટે તેની પાંખનો આ ભાગ કાપી નાંખવામાં આવે છે (૩) મોટા ચક્રની સાથે જોડવામાં આવેલો નાના ચક્રનો દાંતાવાળો ભાગ.

**pinjrapole.** પાંજરા પોળ, સર્વ પ્રકારનાં પ્રાણીઓ માટેનું સાર્વજનિક હેતુ માટે રાખવામાં આવતું આશ્રય સ્થાન.

**pink bauhinia.** દેવકંચન; *Bauhinia purpures* **L.** નામનું લાલ કચનાર તરીકે પણ ઓળખાતું ઝાડ, જેની છાલ ચામડાં કમાવવા તથા રંગવા માટે ઉપયોગી બને છે. **p. ballworn.** ગુલાબી ઈયળ; *Platyedra gossypiella* **Saund.** નામની કપાસની કળી, જીંડવાં અને રૂના તંતુને કાપી ભારે હાનિ પહોંચાડતી ઈયળ. **p. borer.** *Sesamia inperens* **Walk.** નામનો ઘઉં, ચોખા, મકાઈ, જવ, ઓટ, શેરડી, જુવાર અને બાજરામાં પડતી ગુલાબી રંગની ઈયળ, જે આ પાકને કાતરી તેમાં દર બનાવે છે, જેથી ઘઉં અને ડાંગરના છોડ પર કણસલાં બાઝતાં નથી અને છેવટે છોડ સુકાઈ જાય છે. **p. disease of apple.** સફરજનને થતો ગુલાબી રોગ. **p. rot.** ગુલાબી સડો. **p. stage.** છોડ પરનાં ટમેટાં કળી તરફના ભાગ પર થયેલા ગુલાબી રંગથી સમસ્ત ટમેટું લાલ લાલ બની જાય તેવી તેની અવસ્થા.

**pinna** (એ.વ.) **pinnae** (બ.વ.). પર્ણિકા. (૨) કર્ણ પલ્લવ. (૩) પક્ષીનું પીંછું. (૪) મીન-પક્ષ. **pinnate.** પીંછાકાર, પક્ષવત્, અક્ષની મધ્ય શિરાની બે બાજુ પર રહેતી પર્ણિકાની જોડ. **p.-leaf.** પિચ્છાકાર પર્ણ. **pinnatifid.** પિચ્છાકાર ફાટેલું. **pinnisect.** પક્ષ ખંડિત. **pinnule.** પિચ્છાકાર પર્ણનું દ્વિતીયક વિભાજન; નાની પાંખ કે મીનપક્ષ જેવું અંગ. **pin reed grass.** તૃણકુળનું *Exianthus arundinaceus* (**Retz.**) **Jesw. ex Heyne** (*Saccharumarundinaceum* **Retz.**). નામનો ભારતમાં થતા ઘાસનો એક પ્રકાર, જેના રેસાનાં દોરડાં તથા કાગળ બનાવવામાં આવે છે,

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રકાંડની ખુરશીઓ, સ્ટૂલ, ટેબલ, ટોપલા–ટોપલીઓ અને પડદા બનાવવામાં આવે છે.

**pint.** ગેલનના 1/8 ભાગનું પ્રવાહીનું માપ.

**pintado.** ગિની પક્ષી.

**pinto.** ધાબાંવાળો ઘોડો. **p. bean.** એક પ્રકારના વાલ.

**pinworm.** ઘોડાને ઉપદ્રવ કરનાર પરજીવી કૃમિ, જેના કારણે ગુદા આગળ ઘોડાને ખજવાળ આવ્યા કરે છે.

**pioneer plant.** વેરાન વિસ્તારોમાં ઊગવા, ફેલાવા અને ટકવાની ક્ષમતા ધરાવતી વનસ્પતિની જાતિ, જે વનનિર્માણ કે વૃક્ષ નિર્માણ માટે પુરોગામી કે પ્રારંભિક વનસ્પતિની ગરજ સારે છે.

**pip.** યદૃ પુષ્પોદ્ભવ ધરાવતી એક કળી. (૨) અનેનાસની સપાટીનો વિષમ કોણ ચતુર્ભુજાકાર ખંડ. (૩) સફરજનનું બી. (૪) મરઘાની જીભના ટેરવા પર થતો ચેપજન્ય સૂકો ભાગ, જેના કારણે મરઘાને મોં વડે શ્વાસ લેવો પડે.

**pipar.** લીંડી પીપર.

**pipe.** નળ, પાઈપ. **p., delivery** નિર્ગમ નળ, પાણી જવા માટેનો નળ. **p., suction** ચૂષણ નળ. **p., T 'ટી'** આકારનો નળ. **p. bend.** નળનો વળાંક, વાંકિયું.

**Piper** *betle* **L.** નાગરવેલ. **P.** *chaba* **Hunter.** મસાલા તરીકે ઉપયોગી બનતાં બીની વનસ્પતિ. **P.** *cubeba* **L. f.** શીતલચિની. (Syn. **P. cubeba** *officinalis* **Raf.**). એક વેલો, જેનાં બદરી ફળમાં ઔષધીય ગુણ છે અને તેને મસાલા અને સુગંધી દ્રવ્ય તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે. **P.** *longum* **L.** પીપરીમૂળનો વેલો, જેમાં ઔષધીય ગુણ છે. **P.** *nigrum* **L.** કાળાં મરી. **piperine.** યોગ્ય રસાયણની સહાયથી મરીમાંથી કાઢવામાં આવતું આલ્કેલોઈડ દ્રવ્ય, જેનો ઉપયોગ વાતહર ઔષધ તરીકે કરવામાં આવે છે અને તેમાંથી પિપરાઈન, પિપરિક ઍસિડ અને પિપર્ડીન બનાવવામાં આવે છે. **piplamul.** પીપરીમૂળ.

**pipli.** પિપળી; પૂર્વ હિમાલય અને ખાસી ટેકરીઓમાં થતું *Symingtonia populnea* **(R. Br.) van Steenis (Bucklandia** *populnea* **R. Br. ex Griff.).** નામનું ઝાડ, જે વનનિર્માણના કામમાં આવે છે અને ઢોળાવનું રક્ષણ કરે છે, જેની છાલ ચામડાં કમાવવા ઉપયોગી બને છે.

**pipped egg.** મરઘી કે કોઈ પણ પક્ષીનું બચ્ચું ઈંડામાંથી બહાર નીકળવાની પૂર્વ તૈયારી રૂપે કોચલામાં ચાંચ વડે કાણું પાડે તેવું છિદ્રવાળું ઈંડું.

**Pippin.** અનેક પ્રકાર ધરાવતું લોકપ્રિય સફરજન.

**Piricularia** *oryzae* **Cab.** ડાંગરનો રોગકારી કીટક.

**piriya halim.** શાકભાજી માટે ઉપયોગમાં લેવામાં આવતી એક પ્રકારની વનસ્પતિ.

**piroplasmosis.** સૂક્ષ્મ પરજીવી સજીવોથી પ્રાણીઓને લાગતા ચેપનો એક પ્રકાર, જેમાં ઘોડાને પિત્તનો તાવ આવે છે, કૂતરાંને કમળો થાય છે. આ ચેપનો ફેલાવો *Babesia* પ્રજાતિના સૂક્ષ્મ પ્રજીવથી થાય છે. **piroplasms.** *Babesia* પ્રજાતિના સૂક્ષ્મ પ્રજીવ સમુદાયના સજીવ, જે *piroplasmosis* નામનો ચેપ ફેલાવે છે.

**piscatory.** મત્સીય, મત્સ્ય – માછલીનું –ને લગતું. **piscicutture.** કૃત્રિમ પરિસ્થિતિમાં કરવામાં આવતું મત્સ્ય સંવર્ધન, મત્સ્ય ઉછેર. **piscivorous.** મત્સ્ય ભક્ષક, ખોરાક તરીકે માછલીને ખાનાર.

**pishanam.** સપ્ટેમ્બર – ઑક્ટોબરથી ફેબ્રુઆરી – માર્ચમાં ઉગાડવામાં આવતો ટૂંકા અને મધ્યમગાળાનો ડાંગરનો પાક.

**pisiform.** વટાણા આકારનું.

**Pisonia** *alba* **Span.** દ. ભારત અને પ. બંગાળમાં થતું નાનું ઝાડ, જેનાં પાનની ભાજી થાય છે.

**pista.** *green almond* તરીકે ઓળખાતાં પિસ્તાં. **Pistacia** *khinjuk* **Stocks** [Syn. **P.** *integerrima* **Stew. ex**



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**Brand.**]. વાયવ્ય હિમાલય અને પંજાબમાં થતું એક ઝાડ, જેનાં પાનનો ચારો થાય છે અને છાલ ચામડાં કમાવવાના કામમાં આવે છે. **P.** *lentiscus* **L.** રૂમીમસ્તિકી નામનું ઝાડ. **P.** *oleosa.* લાખનું ઝાડ **P.** *vera* **L.** પિસ્તા; મૂળ પ. એશિયાનું પણ ઉત્તર ભારતમાં થતું ઝાડ, જેનાં બી – એટલે પિસ્તાંને મીઠાઈને સુવાસિત અને સુમધુર બનાવવા ઉપયોગમાં લેવામાં આવે છે. **Pistachio.** પિસ્તાં. **Pistia** *corniculata.* જળકુંભી. **P.** *stratioetes* **L.** var *cuneata* **Engl.** જળકુંભી.

**pistil.** સ્ત્રીકેસર ચક્ર, સ્ત્રીકેસર અંડાશય, પરાગવાહિની અને પરાગાસનવાળો ફૂલનો ભાગ. **p. abortion.** સ્ત્રીકેસરવૃદ્ધિ-અવરોધ. **pistillate.** સ્ત્રીકેસરી. **p. flower.** માદાપુષ્પ, સ્ત્રીકેસર ધરાવતું પુષ્પ; પુંકેસર વિનાનું પણ સ્ત્રીકેસર ધરાવતું પુષ્પ, અપૂર્ણપુષ્પ. **p. plant.** માદા છોડ, માદા વનસ્પતિ, સ્ત્રીકેસરી છોડ. **pistillody.** પુંકેસરનું સ્ત્રીકેસરમાં થતું પરિવર્તન.

**piston pump.** પ્રણોદક (પિસ્ટન) ઉપર નીચે જઈ શકે તેવા હવારુદ્ધ બેરલવાળો પાણી ખેંચવા – ચડાવવા માટેનો પંપ.

**Pisum** *sativum* **L.** var. *arvense* **(L.) Poir.** [Syn. **P.** *arvense* **L.**]. મટર, વટાણા; મુખ્યત્વે પંજાબ, ઉત્તર પ્રદેશ, દિલ્હી અને હિમાચલ પ્રદેશમાં થતો છોડ, જેનાં બી – વટાણા ખાવાના કામમાં આવે છે.

**pit.** ખાડો, ગર્ત. (૨) ફળનો બીજવાળો ઠળિયો, અષ્ઠિ ફળનું અંતઃફલાવરણ. (૩) કોષ દીવાલનો ગર્ત. **p. and mound sowing.** ખાડામાં બીની કરવામાં આવતી વાવણી. (૨) ઢાળવાળી જમીનનું વનીકરણી કરવામાં હાથ ધરવામાં આવતી યુક્તિ. **p. planting.** તૈયાર કરેલા અને ભેજ જળવાઈ રહે તે માટે થયેલા કુદરતી ખાડામાં કરવામાં આવતી વાવણી. **p. silo.** જમીનમાં જોઈતા માપવાળો બનાવવામાં આવતો ખાડો, જેમાં લીલું ઘાસ ભરી, તે દ્વારા બનાવવામાં આવતો સાઈલો.

**pita.** જંગલી કુંવાર, જેમાંથી રેસા કાઢવામાં આવે છે.

**pitakara.** *Chrysophyllum cainito* **L.** એક શોભાનું ઝાડ.

**pitanga.** *Eugenia uniflora* **L.** નામના ઝાડનું ફળ. **P. Brazil cherry.** જુઓ *pitanga.*

**pitasara.** ખિચો, ખીખડાં.

**pitch.** શંકુદ્રુમ વૃક્ષોમાં સ્રવતું રેઝિન. (૨) કોલસો, કાષ્ઠ, રેઝિન અને પેટ્રોલિયમના નિસ્યંદન દ્વારા પ્રાપ્ત થતું ભારે, કાળું, શ્યાન અને કંઈક અંશે ઘન દ્રવ્ય; ડામર, જેમાં ઘણાં સંયોજનો હોય છે.

**pitcher.** કળશ, ચંબુ. **p. leaf.** કળશપર્ણ નામની કીટાહારી વનસ્પતિ. **p. plant.** કીટાહારી વનસ્પતિનો એક પ્રકાર.

**pitchfork.** ઘાસ ઇ.ને એકઠું કરવા માટેની ઢંતાળી.

**pith.** ગર, માવો. (૨) મજ્જા. (૩) દ્વિદળી વનસ્પતિના પ્રકાંડનો મધ્ય ભાગ. (૪) વાદળી જેવી કોષીય પેશી. (૫) સંતરાંની કોષીય પેશી. (૬) કરોડરજ્જુ. **p. worm.** સૂત્ર કૃમિ. **pithy.** ગરવાળું, માંસલ.

**Pithecellobium** *dulce* **(Roxb.) Benth.** (Syn. **Mimosa** *dulcis* **Roxb., Inga** *dulcis* **Willd.**). વિલાયતી આંબલી, જંગલ જલેબી નામનું ભારતભરમાં ઉગાડવામાં આવતું ઝાડ, જેનાં ફળ ખાદ્ય છે.

**Pithecolobium** *saman* **Benth.** વિલાયતી શિરીષ નામનું કર્ણાટકમાં થતું ઝાડ, જેનાં ફળનો ચારો થાય છે.

**pitman.** યંત્રનો એક મહત્ત્વનો ભાગ.

**pitting.** ધાતુના, તેમાં પણ એલ્યુમિનિયમના પાત્રમાં દૂધના અવશેષ રહેતા તેમાં જીવાણુઓના કારણે પડતા ખાડા. (૨) ફળની પ્રક્રિયામાં ફળના કે બીના ઠળિયા કાઢી લેવા.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**pituitary gland.** બહુગ્રંથિ, પિયુષ-ગ્રંથિ; મસ્તિષ્કના નીચલા ભાગમાં રહેલી, નાની, અંતરસ્રાવી, નલિકારહિત ગ્રંથિ, જે લોહીમાં સીધો જ તેનો અંતઃસ્રાવ ઠાલવે છે; જે ગલગ્રંથિ, લિંગી અંગો અને દુગ્ધ-ગ્રંથિઓને સક્રિય બનાવવામાં સહાયભૂત બને છે.

**pivot.** કીલક.

**piyala.** એક ખાદ્ય ફળવાળું ઝાડ.

**placenta.** જરાયુ, ઓર, બીજસ્થાન. (૨) ગર્ભાશયનું પ્રમાણમાં મોટું, ગોળ અને સપાટ અંગ, જે નાળ અથવા નાઈડા દ્વારા માતા અને તેના ગર્ભમાં રહેલા બચ્ચાની સાથે સંબંધ જાળવે છે; બચ્ચાના જન્મ બાદ બહાર આવેલી ત્વચાની સાથે આ અંગને દૂર કરવામાં આવે છે, જેને પ્રસવો-ત્તર કહેવામાં આવે છે. (૩) વનસ્પતિના બીજાંડ ધરાવતો અંડાશયનો ભાગ. **placental.** જરાયુનું કે જરાયુ અંગેનું. **p. cell.** જરાયુ કોષ. **p. relention.** બચ્ચાના જન્મ બાદ રહી જવા પામતું જરાયુ અને ત્વચાનો અન્ય ભાગ. **placentation.** જરાયુવિન્યાસ.

**plagioclase feldspar group.** પોટાશફેલ્ડસ્પાર અને આલ્બાઈટ કે સોડા ફેલ્ડસ્પાર સમૂહ ધરાવતો ફેલ્ડસ્પાર.

**plain bearing.** સાદું બેરિંગ – ધારક.

**plains.** મેદાન, વિસ્તૃત, સપાટ જમીન –ભૂમિ, જેનું કાંપ નિર્મિત, કાંઠાળ, રણ ઇ.માં વર્ગીકરણ કરી શકાય. **pl. bamboo. Bambusa** *balcooa* **Roxb.** નામનો પ. બંગાળ, આસામ, બિહાર અને ઉત્તર પ્રદેશમાં થતો વાંસ, જેનો ઉપયોગ નિર્માણ કામો અથવા ઈમારતી હેતુઓ માટે કરવામાં આવે છે.

**plaksha.** પિલ્ખન.

**plan.** યોજના, આયોજન. **planned-production.** યોજનાબદ્ધ ઉત્પાદન. **planning commitlee.** યોજના સમિતિ.

**plane.** સમતળ, તળ, સપાટ.

**plani—.** સમતળ, સુંવાળું, સપાટ ઇ. અર્થસૂચક પૂર્વગ.

**planimeter.** ક્ષેત્રફળનું માપ લેવા માટેનું સાધન.

**planipetalous.** સપાટ પાંખડીઓવાળું.

**plank.** પાટિયું. **planker.** પટ, પટલ; બીના ક્યારા, માટીનાં ઢેફાં ભાગવાં અને જમીનને સરખી કરવા વાપરવામાં આવતું 6થી 7 ફૂટ લાંબુ બળદ-કર્ષિત લાકડાનું ભારે પાટિયું. **planking.** બીના ક્યારા, માટીનાં ઢેફાં ભાંગી જમીનને સમતળ કરવાની પ્રક્રિયા.

**plankton.** દરિયો, સરોવર, તળાવ ઇ. જળાશયો પર તરતી સૂક્ષ્મ સજીવ વનસ્પતિ કે જીવ, જે રતરકવચી, મૃદુકાય અને નાની માછલીઓનો ખોરાક બને છે.

**planosols.** આંતરક્ષેત્રીય જમીનનો સમૂહ.

**plant.** છોડ. (૨) વનસ્પતિ. (૩) પ્રવાહી દ્રાવણ દ્વારા પોષક ખોરાક મેળવતો વાન-સ્પતિક સજીવ. (૪) જમીનમાં છોડ કે રોપો રોપવો–વાવવો. **pl. association.** વનસ્પતિ મંડળ. (૨) રહેઠાણ, દેખાવ, વાતાવરણીય રચના અને પુષ્પ-રચનાની દૃષ્ટિએ સમાનતા ધરાવતું કુદરતી વનસ્પતિનું ઘટક. **pl. bed.** બી વાવવા અને રોપવા માટે ધરુને ઉછેરવા માટેનો ક્યારો કે ક્યારી. **pl· breeding.** પસંદગી, અંતઃપ્રજનન અને સંકરની પ્રક્રિ-યાઓ દ્વારા અને અન્ય વાનસ્પતિક કૃષિ – પદ્ધતિ દ્વારા કરવામાં આવતું વનસ્પતિનું સંવર્ધન. **pl. certificate.** ચોક્કસ ધોરણ પ્રમાણેની કોઈ એક વનસ્પતિ હોવા વિષે માન્ય અથવા અધિકાર પ્રાપ્ત સંસ્થા દ્વારા આપવામાં આવતું પ્રમાણપત્ર. **pl. community.** વનસ્પતિ સમાજ. **pl. cover.** જમીનનું લીલોતરી દ્વારા થતું આવરણ. **pl. crop.** રોપેલો પાક. **pl. density.** વનસ્પતિ દ્વારા આવરિત થતા જમીનના વિસ્તારની ટકાવારી. **pl. disease.** વનસ્પતિને લાગુ થતો રોગ; પાક પેદાશ કે તેના પ્રમાણ કે બંનેને હાનિ-કારક થઈ પડે તેવી સમગ્ર પાક કે તેના

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કોઈ ભાગની થતી વિકૃતિ, જેમાં તે તેનાં સાધારણ કાર્યો કરી શકતી ન હોય. આ વિકૃતિના પરિણામે સમગ્ર છોડ કે તેનો કોઈક ભાગ અકાળે મરી જાય. આવા પ્રકારની વિકૃતિ કે રોગ ફૂગ, જીવાણુ, વિષાણુ અથવા ઊંચું કે નીચું ઉષ્ણતામાન, જમીનમાં રહેલા ભેજનો અભાવ અથવા વિપુલતા, પોષક દ્રવ્યોનો અભાવ કે અતિશયતા, જમીનની અમ્લતા કે ક્ષારીયતા જેવાં દેહધર્મીય કારણોથી પરિણમે છે. **pl. ecology.** વનસ્પતિ પરિસ્થિતિ વિદ્યા; પરિસ્થિતિ સાથેના વનસ્પતિના સંબંધના અભ્યાસનું વિજ્ઞાન. **pl. epidemic.** વનસ્પતિનો રોગચાળો. (૨) રોગોત્પાદક જીવાણુની અતિશય વૃદ્ધિ થવાના કારણે વનસ્પતિના રોગનો થતો વિસ્તૃત ફેલાવો. **pl. food.** વનસ્પતિની અંદર જ તૈયાર થતા અને તેના કોષને પોષણ આપતાં કાર્બનિક સંયોજનો. (૨) વનસ્પતિ ગ્રહણ કરે અને તેની વૃદ્ધિ માટે આવશ્યક ખનિજ દ્રવ્યોનો પણ આમાં સમાવેશ થાય છે. **pl. f. elements.** જમીન, પાણી, અને હવામાંથી પોતાનો ખોરાક બનાવવા માટે જે તત્ત્વોનો વનસ્પતિ ઉપયોગ કરે, અથવા અન્ય પ્રક્રિયા કરવા માટે તે જે તત્ત્વોને ઉપયોગમાં લે તેવાં તત્ત્વો. જમીનમાંથી મેળવવામાં આવતાં કુલ 90 તત્ત્વોમાંથી માત્ર 16 જ તત્ત્વો વનસ્પતિની વૃદ્ધિ માટે આવશ્યક છે. આ તત્ત્વોમાં કાર્બન, હાઈડ્રોજન, ઑક્સિજન, નાઈટ્રોજન, ફૉસ્ફરસ, પોટૅશિયમ, સલ્ફર એટલે ગંધક, કૅલ્શિયમ, લોહ, મૅગ્નેશિયમ, બોરોન, મૅન્ગેનીઝ, તાંબુ, જસત, મોલિબ્ડેનમ તથા ક્લોરિનનો સમાવેશ થાય છે. **pl. formation.** એક જ પર્યાવરણ હેઠળ રહેતી વનસ્પતિનો સમૂહ, જેની મર્યાદા વાતાવરણથી રચાય છે અને તેમાં બે કે વધારે વનસ્પતિ સમુદાયોનો સમાવેશ થાય છે. **pl. growth regulators.** વનસ્પતિની વૃદ્ધિના નિયામકો. **pl. hormones.** વનસ્પતિ અંતઃસ્રાવો. **pl. hybrid.** જનિનીય રીતે બે જુદી જુદી વનસ્પતિના સંકરથી થતી વનસ્પતિ. **pl. immunity.** વનસ્પતિએ કેળવેલી રોગ પ્રતિરક્ષા, જેના કારણે રોગોત્પાદક તત્ત્વની તેના પર કોઈ અસર થતી નથી. **pl. indicator.** વનસ્પતિની કોઈ વિશિષ્ટ જાતિ કે સમુદાય, જે તેની પોતાની ઉપસ્થિતિથી જમીનની સ્થિતિ, ભેજનું ઊંડાણ, આબોહવા અને તત્સ્થાનનાં લક્ષણોનું સૂચક બને છે. **pl. insecticides.** વનસ્પતિ, ફૂલ, મૂળ, પ્રકાંડ, પાંદડાં, અને બીમાંથી કાઢવામાં આવેલું જંતુનાશક દ્રવ્ય, જેનો ઉપયોગ સંશ્લેષિત જંતુઘ્ન દ્રવ્યો કરતાં સલામત છે પરંતુ તેમાં જંતુઓનો નાશ કરવાનો ગુણ અલ્પ હોઈ સંશ્લેષિત દ્રવ્યો વધારે સારાં, અસરકારક અને આર્થિક રીતે પરવડે તેવાં હોય છે. **pl. kingdom.** જીવંત વસ્તુઓના બે પ્રાથમિક વિભાગો પૈકીનો એક વિભાગ, વનસ્પતિસૃષ્ટિ, બીજો વિભાગ પ્રાણીસૃષ્ટિનો છે. **pl. let.** અત્યંત નાનો છોડ. **pl. lice.** મોલોમશી નામના વનસ્પતિ પર પડતા સૂક્ષ્મ સજીવો. **pl. life.** પ્રાણી સજીવોથી ભિન્ન એવા નિમ્નથી ઉચ્ચતર કોટિના ગમે તે પ્રકારના વનસ્પતિ સજીવો. **pl. louse.** જુઓ *plant lice*. **pl. nutriens.** જુઓ *plant food elements*. **pl. parasite.** પ્રાણી પરના પરજીવીથી ભિન્ન એવા વનસ્પતિ પરના ચોક્કસ પ્રકારના પરજીવી. **Pl. Pathology.** વનસ્પતિનાં રોગ અને વિકૃતિઓના અભ્યાસની વનસ્પતિ વિજ્ઞાનની એક શાખા. વનસ્પતિ રોગ વિજ્ઞાન. **Pl. Physiology.** ભેજ, ઉષ્ણતામાન, પ્રકાશ જેવા પર્યાવરણીય કારકો સામેના વનસ્પતિના પ્રતિભાવ-પ્રતિચારને લગતું વિજ્ઞાન, વનસ્પતિ દેહધર્મવિજ્ઞાન. **pl. quarantine.** સુસ્થાપિત સત્તાવાળાઓ દ્વારા વનસ્પતિ અને દ્રવ્યોના ઉત્પાદન, હેરફેર, અથવા અસ્તિત્વ પર અંકુશ લાદવો અને તેનો અમલ કરવો, જેથી કીટક કે જંતુ દાખલ થાય નહિ, ફેલાય નહિ અથવા તે નિયંત્રણ હેઠળ આવે અને કીટ કે જંતુ દાખલ થઈ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચમાં હોય તો તેથી થનાર શક્ય હાનિને મર્યાદિત બનાવી વધારે થતા નુકસાનને અટકાવી શકાય અથવા જંતુધ્નો છાંટવા ઇ. ચાલુ રાખી તે દ્વારા વધતા જતા ખર્ચને મર્યાદિત બનાવી શકાય. **pl. regulators.** વનસ્પતિના નિયામકો. (૨) કાર્બનિક રાસાયણિક સંયોજનો, જેનો થોડી થોડી સંકેંદ્રિત માત્રામાં ઉપયોગ કરવાથી વનસ્પતિની દેહધર્મીય પ્રક્રિયાનું યોગ્ય રીતે નિયમન થાય છે. છોડના જુદા જુદા ભાગ પર આ સંયોજનોનો ઉપયોગ કરવાથી તેનું ઝડપથી વનસ્પતિની પેશીમાં અવશોષણ થાય છે અને તે વનસ્પતિના દેહમાં ફેલાય છે. આ સંયોજનો બાગાયત વનસ્પતિના નિર્માણ, પુષ્પોદ્ભવ ઇ.નું નિયમન કરે છે. ફળનો બેસારો સારો થાય છે. ભારતમાં વનસ્પતિ નિયામકોમાં ઇન્ડોલેબ્યુટિરિક ઍસિડ (**I B A**), નેફ્થેલીન ઍસેટિક ઍસિડ (**N A A**), નેફ્થેલીનએસીટેમાઇડ, અને 2.4- ડાયક્લોરોફીનોક્સીએસેટિક ઍસિડ (2,4-ડી)નો વનસ્પતિના ઉત્પાદનમાં ઉપયોગ કરવામાં આવે છે. પુષ્પોદ્ભવ માટે આલ્ફાનેફ્થેલીન ઍસિડનો ઉપયોગ થાય છે. ફળના બેસારા તથા અપરાગ ફલન માટે 2,4-ડીનો ઉપયોગ કરવામાં આવે છે. બી વિનાનાં ફળ મેળવવા માટે 2,4,5 ટ્રાયક્લોરોફીનોક્સી એસેટિક ઍસિડ અને આલ્ફાનેફ્થેલીન ઍસેટિક ઍસિડનો ઉપયોગ કરવામાં આવે છે. લણણી પૂર્વેના ફળ પાક માટે 2,4-ડી અને નેફ્થેલીન ઍસેટિક ઍસિડ અને તેનાં સોડિયમ લવણો ઉપયોગી બને છે. કળી તંતુકરણ માટે 3, ક્લોરોઆઇસોપ્રોફીલ એનફીનાઇલ કાર્બેનિટ અને નેફ્થેલીન એસેટિકઍસિડ ઉપયોગી બને છે. આલુ અને પીચની કેટલીક જાતોમાં ફળને પરિપક્વ બનાવવા 2,4-5 ટ્રાયક્લોરોફીનોક્સી ઍસેટિક ઍસિડ ઉપયોગી બને છે. સક્કરજનને ઝડપથી પકવવા માટે 2,4-5 ટીપીને કામમાં લેવામાં આવે છે. ઘાસપાતના નિયંત્રણ માટે 2,4 ડીનો ઉપયોગ કરવામાં આવે છે. **pl. residue.** પાક લણ્યા પછી ખેતરમાં રહી જવા પામતાં પાંદડાં, મૂળ, પરાળ, ઘાસ, ઠૂંઠાં, ઘાસપાત જેવા વનસ્પતિનાં અવશિષ્ટ દ્રવ્યો. **pl. tissue.** વનસ્પતિ પેશી; સમાન પ્રકાર અને મૂળ ધરાવતા કોષવાળું દ્રવ્ય. પેશીથી વનસ્પતિ તંત્ર અને તેનાં અંગો રચાય છે. **pl. t. test.** નાઇટ્રેટ, ફૅાસ્ફરસ અને પોટૅશિયમ માટે પ્રત્યેકનાં વિશિષ્ટ કારકો દ્વારા વનસ્પતિના રસની કસોટી કરી, જમીનની ફળદ્રુપતા જાણવા માટેની ગુણાત્મક કસોટી પ્રત્યેક પોષક તત્ત્વની ગુણાત્મક રંગ પરથી જાણી શકાય છે. આવા જ પ્રકારની કસોટી માટી માટે પણ હાથ ધરવામાં આવે છે. **pl. to-row testing.** એક જ છોડની સંતતિને એક પંક્તિમાં રોપવા, જેથી તેની બીજા વર્ષે પૂરતી કસોટી થઈ શકે. **pl. virus.** વનસ્પતિ વિષાણુ. **planter.** એક સરખી રીતે અને કાર્યદક્ષતાપૂર્વક બી કે રોપ વાવવાનું યાંત્રિક સાધન. (૨) બાગાયત પાક લેતો ખેડૂત. **planting.** પાક હેઠળનો વિસ્તાર. (૨) પાક હેઠળના વિસ્તારમાં છોડની સંખ્યા. (૩) બી, અંકુર, કંદ, ઝાડ, પાક ઇ.ને જમીનમાં મૂકવા, જેથી તે અંકુરિત થઈને ઊગે. (૪) નદીનાં માછલાંનાં બચ્ચાં, ઓઇસ્ટર ઇ. **pl., flat** સમતલ રોપણી. **pl., pit** ખાડામાં રોપણી. **pl., ridge** કિનાર અથવા ધાર પર રોપણી. **pl., trench** ખાઈમાં રોપણી. **pl. board.** ચોકસ સ્થાન દર્શાવે તેવો ખાંચાવાળા પાટિયાની મદદથી રોપવું-વાવવું. **pl. bricks.** સરખા પ્રમાણમાં લાલ માટી, રેતી અને ખાતરને લઈ તેની લાકડાના ઢાળામાં ઈંટ બનાવી, સૂર્યના તડકામાં સૂકવવામાં આવે અને પાસે પાસે તેને મૂકી સૂકાં પાનના થર પર થર અથવા ક્યારી બને તેમ જમીન પર મૂકી બી નાખવામાં આવે. રોપ માફકસરનો મોટો થાય ત્યારે તેને બહાર કાઢી અગાઉથી તૈયાર કરેલા રેતીના કૂવાના ગર્તમાં ફરી રોપી પાણી પાવામાં આવે છે. આમ સૂકા અને વેરાન વિસ્તારો કે સરકતી રેતી અથવા રેતીના

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દ્રુઆમાં વન નિર્માણ કરી શકાય છે. **pl. distance.** ચોક્કસ અંતરે રોપાને રોપવા અથવા બીને વાવવા. **pl. out.** ઉછેરગૃહમાં તૈયાર કરેલા રોપને કાઢી વનમાં રોપવા. (૨) કુંડા કે ઉછેરગૃહમાંથી રોપાને ખેતરમાં ફેરવવા. **pl. peg.** રોપણ ખૂંટી. **pl. season.** વનસ્પતિની સફળ વૃદ્ધિ થાય તે માટે કૃષિ પાક, ઝાડ, ક્ષુપ કે શાકીય વનસ્પતિને વાવવા કે તેના ધરુને રોપવાનો ઉત્તમ સમય. **pl. stock.** જેનાં પ્રકાર, વય, પ્રમાણ નિવેદન, મૂળ સ્થાન અને અન્ય ઉપયોગી માહિતીની જાણ હોય તેવાં બીનો સંગ્રહ. **pl. time.** વાવવાનો સમય, રોપવાની મોસમ. **plantule.** સૂક્ષ્મરોપો.

**Plantogo** *ovata* **Forsk.** ઈસબગુલ.

**plantain.** કેળ અને કેળાં જેવાં ફળની શાકીય વનસ્પતિ.

**plasm.** કોષનું જીવંત દ્રવ્ય. (૨) કેન્દ્રકથી ભિન્ન જીવરસ.

**plasma.** અભિસરણ કરતા લોહી અને લસિકાનો રંગ વિનાનો પ્રવાહી ભાગ, જેમાં જળ ફિબ્રિનોજન અને લવણોનો સમાવેશ થાય છે; રક્તજળ. (૨) કાચમણિ ક્વાર્ટ્ઝનો હરિત પ્રકાર. **plasmin.** રક્તજળમાંથી મેળવવામાં આવતું પ્રોટીન. **plasmogamy.** રસ યુગ્મન. **plasmogen.** સત્ય કે નિર્માણક જીવરસ. **Plasmology.** જીવંત દ્રવ્યના અંતિમ કણના અભ્યાસનું વિજ્ઞાન. **plasmolysis.** કોષ વધારે પ્રબળ લવણ દ્રવ્યના સંપર્કમાં હોય ત્યારે રસાકર્ષણ દ્વારા કોષમાંથી જીવરસનું થતું અલગીભવન, જેમાં છેવટે મૃત્યુ થાય છે.

**plasmodiophora** *brassicae.* વનસ્પતિનું રોગકારી જંતુ.

**plasmodium.** અમીબા જેવા પિંડો એકત્ર થવાથી અથવા તેમના સંલયનથી થતું જીવરસનું દળ. (૨) મલેરિયા – ટાઢિયો તાવ થયો હોય તેવા દર્દીના લોહીમાં જણાતા પરજીવી સજીવ. (૩) મલેરિયાનો રોગ કરનાર સજીવ, **pl.** *bubalis.* પક્ષી અને ભેંસોમાં મલેરિયાનો રોગ કરનાર સજીવ. **pl.** *gallinaceum.* પક્ષી અને ભેંસોમાં મલેરિયાનો રોગ કરનાર સજીવ. **pl. infection.** મલેરિયાના રોગના ઉત્પાદક પ્લાઝમોડિયમનો લાગતો ચેપ.

**Plasmopara** *viticola*. દ્રાક્ષના વેલાનો રોગકારી કીટ.

**plaster of paris.** સુકાયેલું કૅલ્શિયમ સલ્ફેટ $CaSO_4$, પ્લાસ્ટર ઑફ પેરિસ.

**plastic.** સુનમ્ય, સુઘટ્ય; તૂટ્યા વિના આકાર – પરિવર્તન પામનાર. **pl. soil.** ઈષ્ટતમ પાણી હોય ત્યારે આકાર પામવાની ક્ષમતા ધરાવતી માટી. **plasticity.** સુનમ્યતા, સુઘટ્યતા. આર્દ્ર સંજોગોમાં બહારનું બળ લગાડતા મૃદા દ્રવ્યોની આકાર પરિવર્તનની અને બળને ખસેડી લેતા કે સુકાઈ જતાં પરિવર્તિત આકાર જાળવવાની ક્ષમતા, જેનો આધાર કલિલ દ્રવ્યનાં પ્રમાણ અને પ્રકાર પર છે.

**Platanus** *orientalis* **L.** ચિનાર નામનું મૂળ યુરોપ અને કાશ્મીરમાં વાડ માટે ઉપયોગમાં લેવામાં આવતું ઊંચુ ઝાડ.

**plateau.** ઉચ્ચ સમતળ ભૂમિ.

**plate budding.** કલિકાઉદ્ભવ દ્વારા કલમ કરવાની પદ્ધતિ, જેમાં છોડની છાલ પર ઊભા બે છેદ મૂકી તેમાં કલમ બેસાડવામાં આવે છે અને ત્યાર બાદ છેદ અને કલમ બંનેને બંધ કરી દેવામાં આવે છે.

**platform test.** દૂધની ગુણવત્તા ચકાસવા માટે દૂધ જ્યાં એકઠું કરી સ્વીકારવામાં આવતું હોય તેવા મંચ પર પ્રત્યેક નમૂનાની કરવામાં આવતી કસોટી.

**platy.** સમક્ષિતિજ અક્ષની સાથે આગળ પડતી રીતે વિકસિત થતી જમીન.

**Platyedra** *gossypiella* **Saund.** કપાસમાં પડતો, તેને ગંભીરહાનિ પહોંચાડતો કીટ.

**Pleocyta** *sacchari*. શેરડીનો રોગકારી કીટ.

**pleotropic.** બહુ પ્રભાવક. **pleotropism.** બહુ પ્રભાવિતા.

**plerocercoid.** કેટલાંક પટ્ટીકૃમિની

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ડિંભીય અવસ્થા.

**pleron.** રંભજનક, રંભજન, મધ્યરંભનું નિર્માણ કરનાર વર્ધનશીલ પેશી.

**pleura.** ફુપ્ફુસાવરણ; ફેફસાં અને વક્ષીય વિવર અને ઉદરપટલની ઉપરની સપાટીને આવરતી લસીય ત્વચા. **pleurisy.** ફુપ્ફુસાવરણ શોથ; ફુપ્ફુસાવરણની ઉપર શરદી અથવા ભેજવાળા હવામાન કે પાંસળીના અસ્થિભંગના કારણે આવતો સોજો, જેમાં સ્નાયુઓ અક્કડ બને, ઝડપી શ્વાસોચ્છ્વાસ લેવાય અને તાવ જેવાં લક્ષણો જણાય. **pleuro-pneumonia.** ઢોરનાં ફેફસાં અને ફુપ્ફુસાવરણ ઉપર સોજો આવવાથી તેમને થતો રોગ.

**plexus.** પ્રાણીના દેહમાં તંતુ અથવા વાહિનીઓનું જાળ-તંત્ર.

**pliant.** સુનમ્ય, લચીલું.

**plicate.** ગડીવાળું, સળવાળું.

**pliers.** તાર વાળવા માટેના સમાંતર તળનાં લાંબાં જડબાંવાળું સાધન કે ઉપકરણ.

**Plocaederus** *ferrugineus* **L.** ઘેરા બદામી રંગનો કાજુનો ચીકટો.

**Plodia** *interpunctella* **Hubn.** સંગ્રહ કરેલા ખાદ્ય પદાર્થો પર પડતું પાંખવાળું કૂદું, જેની ઇયળ લોટ અને અનાજમાં પડે છે.

**plot.** જમીનનો ટૂકડો, પ્લૉટ. (૨) ચોક્કસ આકાર અને લગભગ ચોરસ માપ ધરાવતો જમીનનો ટૂકડો, જે કૃષિ સંશોધન કાર્ય અંગે વિવિધ પ્રકારના પાકના ઊપજની તુલના કરવા માટે અને ખેતીની વિવિધ પદ્ધતિઓની તુલના કરવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે.

**plough.** હળ; બી રોપણી અને અન્ય પ્રકારનાં કૃષિ કાર્યોની તૈયારી રૂપ જમીનના થરને ભાંગવા અને ઉથલાવવા માટે ઉપયોગમાં લેવામાં આવતાં વિવિધ પ્રકારનાં સાધનો. અનાદિકાળથી ભારતમાં લાકડાનું દેશી હળ ઉપયોગમાં લેવામાં આવે છે, જેને મોલ્ડબોર્ડ નથી, જ્યારે બીજાં હળવાં, મધ્યમ અને ભારે મોલ્ડબોર્ડ હળ હોય છે. (૨) હળ વડે ખેડવું. **pl., country** દેશી હળ. **pl., digging** ઊંડું ખેડાણ – ખોદવા માટેનું હળ. **pl., disc** તકતી ધરાવતું હળ. **pl., drainage** જળવાહ કે પાણીના નિકાલ માટે નાળી કે નીક બનાવવા માટે ઉપયોગમાં લેવામાં આવતું હળ. **pl., Meston** મેસ્ટન હળ. **pl., mole** મોલ હળ. **pl., monsoon** ચોમાસામાં ઉપયોગમાં લેવામાં આવતું હળ. **pl., mouldboard** મોલ્ડબોર્ડ હળ. **pl., multiple furrow** બહુચાસ પાડી શકે તેવું હળ. **pl., polydisc** બહુ તકતીવાળું હળ. **pl., reversible** પ્રત્યાવર્તી હળ. **pl. ridging** કિનારી બનાવતું હળ. **pl., single disc** એક તકતીવાળું હળ. **pl., soil inverting** માટીને ઉથલાવતું હળ. **pl., stump dump** ઠેકમી હળ. **pl., three furrow** ત્રણચાર બનાવનાર હળ. **pl., tractor mounted.** ટ્રૅક્ટર કર્ષિત હળ, ટ્રૅક્ટર આરૂઢ હળ. **pl., turn about** વિપરિવર્તિક હળ. **pl. beam.** મોલ્ડબોર્ડ હળનો, બળદ દ્વારા કર્ષિત થતો દંડ. **pl. bottom.** માટીને ઊંચકવા, ફેરવવા અને ઉથલાવવા માટે ઉપયોગમાં આવતો મોલ્ડબોર્ડ હળનો તળિયાનો ભાગ. **pl. draught.** ચોક્કસ પરિસ્થિતિમાં જમીનમાં હળના તળિયાના ભાગને ખેંચવા માટે જોઈતા બળનું પ્રમાણ, જેનું માપ ડાયનેમો મીટરથી લઈ શકાય છે. **pl. layer.** હળ દ્વારા કર્ષિત થતી જમીનની 5થી 8 ઇંચ જેટલી જમીન ખેડવામાં આવેલી જમીનનો ઉપરનો થર કે ટોચ. **pl. pan.** 6થી 8 ઇંચની ઊંડાઈએ હળના તળિયાના દબાણથી થયેલું સઘનિત પડ. **pl. under.** લીલું કે અન્ય ખાતર કે વનસ્પતિનાં ઠુંઠાને જમીનની અંદર ભરવા.

**Pluchea** *lanceolata* **Oliver & Hiern.** રાસના નામનો નાનો છોડ, જે મોટા ભાગે પંજાબ અને ઉત્તર પ્રદેશમાં ઘાસચારા માટે ઉપયોગમાં લેવામાં આવે છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**plum**. આલુ; *Prunus* પ્રજાતિનું ફળ અને આ ફળનું ઝાડ. ભારતમાં યુરોપિયન પ્રકારનું **Prunus** *domestica* **L. subsp** *insititia* **(L.) Schneid** (**Pl.** *communis* **Huds** var. *insitia* **Hook f.**) અને જાપાની **Pl.** *salicina* **Lindl.** (**Pl.** *triflora* **Roxb.**). ઉગાડવામાં આવે છે, જેનું ઝાડ નાનું હોય છે અને તેને મોટાં સફેદ ફૂલ થાય છે. આ ઝાડ અને તેનાં ફળ કાશ્મીર, પંજાબની ટેકરીઓ, હિમાચલ પ્રદેશ કુલુ અને કુમાંઉની ટેકરીઓ તથા નીલગિરિમાં થાય છે. **pl. leafspot.** *Coccomyces prunophorae.* નામની ફૂગથી આલુને થતો એક રોગ. **pl. sun scald.** આલુને થતો દેહધર્મીય રોગનો એક પ્રકાર.

**plummage**. પક્ષીનાં પીંછાં.

**Plumbago** *auriculata* **Lamk** [Syn. **Pl.** *capensis* **Thunb**]. કાળો ચિત્રો. મૂળ દ. આફ્રિકાના શોભા માટે ઉગાડવામાં આવતો ક્ષુપ. **Pl.** *indica* **L.** (**Pl.** *rosea* **L.**). રાતો ચિત્રો; એને લાલ ફૂલો માટે બગીચામાં ઉગાડવામાં આવે છે. **Pl.** *zeylanica* **L.** ચિત્રો, ચિત્રક.

**plume**. પિચ્છક, પીંછું કે પીંછાં જેવી સંરચના. **pl. grass.** મુંજ; *Erianthus ravennae* **(L.) P. Beauv.** (*Andropogon ravennae* **L.**; *Saccharam ravennae* **L.**). નામનું મજબૂત, ઊંચું ઊગતું ઘાસ, જેના પ્રકાંડના રેસાને ખુરસી, મુંડા, છાપરા અને દોરડાં બનાવવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે, અને જેને સુંવાળો ગુચ્છો થાય છે. **plumose** પિચ્છાદાર, પીંછાં જેવું.

**Plumeria** *alba* **L.** એક નાનું ઝાડ, જેને શોભા માટે ઉગાડવામાં આવે છે. **Pl.** *rubra* **L.** લાલ ચંપો; નામનું ઝાડ. **Pl.** *rubra forma acutifolia* **(Ait.) Woodson** [Syn. **Pl.** *acutifolia* **Poir.**]. ગોબર ચંપો નામનો મૂળ મેક્સિકોનો પણ અહીં શોભા માટે ઉગાડવામાં આવતો ખાસ ફૂલનો છોડ.

**plump grain.** સારો ભરાયેલો દાણો, જે સારી જાત, સારા વજનવાળા દાણાનું સૂચક છે.

**plumule.** (૧) આદિ સ્કંધ, આદિપ્રરોહ, ભ્રૂણાગ્ર, પ્રાંકુર. (૨) બી અંકુરિત બનતાં બીનો ફૂટતો પ્રથમ અંકુર, જે પ્રાથમિક પ્રકાંડમ વિકસિત બને છે.

**plunger-type duster.** નાના વિસ્તારોમાં કે સ્થાનીય માવજત માટે જંતુઘ્ન ભૂકો છાંટવાનું યંત્ર.

**plurennial.** ઘણાં વર્ષો સુધી જીવંત રહેવા પામતી વનસ્પતિ.

**Plusia** *chaceytes.* મગફળની ઘોડિયા ઈયળ. **Pl.** *orichalcea.* વટાણાનો કીટ. **pl.** *peponis* **F.** પરવળમાં પડતું જંતુ.

**Plutella** *maculipennis* **Curt.** રાઈ-કાદિકુળની વિવિધ વનસ્પતિઓમાં પડતી ઈયળ, જે પાન ખાઈ વનસ્પતિમાં છિદ્રો પાડે છે.

**plutonic rock.** પૃથ્વીના પેટાળમાં ઓગળેલો રસ ઠરી જવાના પરિણામે બનેલો અને ધરતીની સંચલન પ્રક્રિયાના પરિણામે ઉપર આવી ગયેલો અગ્નિકૃત શૈલનો એક પ્રકાર, જે નાના મોટા સ્ફટિકો ધરાવે છે.

**Plymouth Rock.** સારું કદ, સરસ માંસ અને ઠીક પ્રમાણમાં ઈંડાં મૂકતા અમેરિકાની અતિ લોકપ્રિય મરઘાંની જાત, જેનું અહીંના દેશી મરઘા સાથે સંકર કરતાં અહીંની મરઘાની ઓલાદમાં સુધારો થાય છે.

**pneumatic.** હવા-વાયુ ચાલિત. **pn. lift.** વાયુ ચાલિત લિફ્ટ. **pn. sprayer.** પાકનાં જંતુઓ અને રોગને અંકુશમાં લાવવાના પદાર્થો છાંટવા માટેનું હાથ ચાલિત હવા દાબવાળું યંત્ર. **pn. tyred wheel.** હવાપૂરિત ટાયરવાળું પૈડું.

**pneumoencephalitis.** રાનીખેત અથવા ન્યૂકેસલ નામનો પ્રાણીઓને થતો મસ્તિષ્ક શોથનો એક રોગ.

**pneumoenteritis.** વાછરડાંને થતો એક પ્રાણઘાતક રોગ. અનેક પ્રકારના

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જીવાણુઓથી આ રોગ થાય છે.

**pneumonia.** ફેફસાંના સોજાનો રોગ, જેમાં હવા કોષોમાં સ્રવતું દ્રવ્ય ભરાઈ જાય છે, જેથી ફેફસાંની પેશી કઠણ બની હવા વિનાની બને છે, આ પછી તરત જ (બ્રોન્કાઇટિસ) શ્વાસનળી પર સોજો આવે છે. આ રોગ જીવાણુ, વિષાણુ, પરજીવી, ફૂગ, હવાની રજ ઇ. ઘણાં કારણોથી થાય છે; ન્યૂમોનિયા.

**pneumothorax.** ફુપ્ફુસાવરણ-વક્ષ.

**pneumatophora.** શ્વસનમૂળ.

**Poa** *cynosuroides* **Retz.** દુર્વા, કુશ; તૃણકુળનું છાપરાં છાવવા તથા જાડી દોરડીઓ બનાવવા ઉપયોગમાં લેવાતા ઘાસનો એક પ્રકાર. હિંદુઓ આ દુર્વાને ધાર્મિક વિધિઓમાં કામમાં લે છે. ઉપરાંત મરડામાં તે ઔષધ તરીકે ઉપયોગમાં આવે છે.

**pock.** શીતળા જેવા રોગમાં થતો ચાઠાનો રોગ. **p. diseases.** માનવીઓ, પ્રાણીઓ અને પક્ષીઓને થતા અનેક પ્રકારના માતાના શીતળાના રોગો.

**pod.** સિંગફળી, એક સિંગવાળું અથવા બે ખાનાંવાળું સ્ફોટક પ્રકારનું શિમ્બી કુળનું ફળ. (૨) રેશમના કીડાનો કોશેટો. (૩) તીડનાં ઈંડાંનું વેષ્ટન. (૪) પક્ષીઓ અને પ્રાણીઓનું જૂથ. **p. borer.** *Adisura atkinsoni* **M.** નામની કઠોળમાં પડતી ઈયળ, જે કુમળી ફળીમાં કાણાં પાડી, દાણા ખાઈ જાય છે. કર્ણાટક બાજુએ આ ઈયળનો ભારે ઉપદ્રવ વરતાય છે. **p. maize.** મકાઈ. **Zea** *mays* var. *tunicata.* નામની ભારતમાં ન થતી તૃણકુળની એક પ્રકારની મકાઈ. **podded.** સિંગવાળું.

**Podocarpus** *wallichianus* **Presl** [Syn. **P.** *latifolia* **Wall. non R. Br.**] વીથિ માટે ઉગાડવામાં આવતું નાનું ઝાડ.

**Podophyllum** *hexandrum* **Royle** (Syn. **P.** *emodi* **Wall ex Hook. f. & Thoms.**). પાપડા નામની કાશ્મીર, હજારા અને સિક્કિમમાં થતી એક પ્રકારની શાકીય વનસ્પતિ, જેનાં મૂળમાંથી મળતું ઔષધ જુલાબ તરીકે ઉપયોગી છે.**P.** *peltatum* **L.** મેનડ્રેક તરીકે હિંદીમાં ઓળખવામાં આવતી, ઔષધીય વનસ્પતિ, જે સિક્કિમથી હજારા સુધીના હિમાલયના 2,000થી 4,000 મી.માં થાય છે.

**Podosphaera** *leucotricha* (**Eu & Everh**) **Salm.** સફરજનમાં રોગ કરતું જંતુ.

**podu cultivation.** તામિલનાડુ, ઓરિસા, આસામ અને આન્ધ્ર પ્રદેશમાં હજુ પણ આદિવાસીઓ દ્વારા વારાફરતી જંગલના ભાગોને બાળીને હાથના ઓજાર વડે બી વાવીને કરવામાં આવતી ખેતીનો એક વિશિષ્ટ પ્રકાર. એક ઠેકાણે આમ પાક લઈ લીધા પછી ડુંગરની બીજી બાજુ પર એવા પ્રકારની પ્રક્રિયા કરી બીજે વર્ષે ખેતી કરવામાં આવે છે. આ કૃષિ પદ્ધતિ એકંદરે નુકસાનકારક હોઈ તેને હવે પ્રોત્સાહન આપવામાં આવતું નથી.

**podzol.** ભસ્મમાટી જમીન; ઘણા પાતળા ખનિજ થરવાળી રાખ જેવી જમીન, જે કાળી, બદામી કે પીળાં સંસ્તર ધરાવે છે. **podzolic soil.** પોડઝોલ પ્રક્રિયાથી સંપૂર્ણ રીતે કે અંશતઃ બનેલી જમીન. **podzolization.** જમીનનું કુદરતી રીતે ક્ષારવિહીન અમ્લીકરણ થવું, જેથી તેનાં 'એ' અને 'બી' પ્રકારનાં સંસ્તરની રચના થાય. છે.

**Poecilocerus** *pictus* **Fab.** પપૈયા, અંજીર, રીંગણી, એરંડા, ટમેટાં, ઇ.માં પડતો કીટ.

**Poeciloneuron** *indicum* **Bedd.** દક્ષિણ કાનડાથી ત્રાવણકોર સુધીના પશ્ચિમ ઘાટમાં થતું મોટું ઝાડ, જેના કાષ્ઠનાં સાબેલાં રેલવેનાં સલેપાટ, થાંભલા ઇ. બનાવવામાં આવે છે.

**Pogostemon** *perilloides* **(L.) Mansf.** [Syn.**P.** *heyneanus* **Benth; P.** *patchouli* **Hook f. non Pellet.**]. પચોલી નામની કાનડા, પશ્ચિમ ઘાટ અને નીલગિરિમાં થતી શાકીય વન-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્પતિ, જેનાં પાનમાંથી કાઢવામાં આવતા બાષ્પશીલ તેલના સાબુ અને સુગંધી દ્રવ્યો બનાવવામાં આવે છે, સુકવેલા પાનને કપડાં અને શાલમાં રાખી તે દ્વારા કપડામાં જંતુને પડતા અટકાવવામાં આવે છે.

**pohli. Carthamus** *oxycanthus* **M. Bieb.** નામનું વર્ષાયુ કાંટાળું ઘાસપાત, જેનાં બીમાંથી કાઢવામાં આવતું તેલ દીવાબત્તી કરવા તથા ખાવાના કામમાં આવે છે, એક પ્રકારની જંગલી કરડી.

**poi.** પોઈ.

**poic.** તૃણભૂમિનું –ને લગતું.

**Poinciana** *elata* **L.** સફેદ ગુલમહોર; શોભા માટે ઉગાડવામાં આવતું ઝાડ. **P.** *pulcherrima* **L.** [Syn. **Caesalpinia** *pulcherrima* **Sw.**]. ગુલમહોર શોભા માટેનું ઝાડ. **P.** *regia* **Boj ex Hook.** ગુલમહોર શોભાનું ઝાડ.

**Poinsettia** *pulcherrima* (**Willd ex Klotzsch**) **R. Grah.** નાગલા દૂધેલી નામનું શોભા માટે ઉગાડવામાં આવતું ઝાડ.

**point.** બિંદુ, અણિ. (૨) સ્થાન. **p. of buttock.** પ્રાણીના પાછલા છેડાનો ભાગ. **p. of hock.** પ્રાણીના પાછલા પગના પાછલા ઘૂંટણનો એક ભાગ. **p. of shoulder.** પ્રાણીના ઉપલા ભાગ અને ખભા આગળનું સ્થાન. **pointed gourd.** પરવળ. *Trichosanthes dioica* **Roxb.** નામનો ગરમ અને ભેજવાળા વાતાવરણમાં થતો ખાદ્યપાનવાળો એક વેલો, જેનાં ટૂકડા કરીને કે મૂળને કાપીને ઉગાડી શકાય છે.

**poison.** વિષ, ઝેર. (૨) તંદુરસ્તી તથા સ્વાસ્થ્યને હાનિ પહોંચાડનાર કે જીવંત સજીવનું મૃત્યુ નીપજાવનાર ગમે તે દ્રવ્ય. **p. bait.** ચૂલ્હ, ગોળ, દાણા કે અન્ય આકર્ષક દ્રવ્યની સાથે ઝેર ભેળવી જંતુ કીટ ઇ.ને આકર્ષતું દ્રવ્ય. (૨) ઝેરી પ્રલોભન. **p. sac.** વિષધાની. **poisonous weed.** ઝેરી ઘાસપાત.

**poke.** પ્રાણીની ગરદન પર મૂકવામાં આવતી અણીદાર સાધન ધરાવતી ધૂંસરી.

**polar bodies.** માદા પ્રાણીઓમાં અર્ધીકરણ દરમિયાન બનતું નાનું કોષકેન્દ્ર, જેથી ઈંડું બની શકતું નથી. (૨) ધ્રુવિત પિંડો. **polarity** ધ્રુવતા.

**pole.** છાતી સરસી ઉંચાઈ પર 4 કે તેથી વધારે ઇંચના વ્યાસવાળો છોડ. (૨) ગમે તે ગોળ કે અંડાકાર અંગના મુખ્ય અક્ષનો અંત્ય ભાગ. (૩) હળનો દંડ. (૪) ધ્રુવ. **p. bean.** ફણસી. **p. shaff** વળી.

**Polemonium** *rubrum* **L.** દીર્ઘાયુ શોભાની શાર્કીય વનસ્પતિ.

**Polianthas** *tuberosa* **L** .શોભા માટે ઉગાડવામાં આવતો ગુલછબુ, ગુલછડી નામનો છોડ,

**poll.** ઝાડની ટોચ કાપવી. (૨) ઢોરનાં શિંગડાં કાપવાં. **pollard.** વૃક્ષની ટોચ અંકુરિત થાય તે માટે તેની ટોચ કાપવામાં આવી હોય તેવું (વૃક્ષ). **polled.** કુદરતી રીતે શિંગડાં વિનાનું (ઢોર).

**pollen.** પરાગ; પરાજરજ; બીવાળું વનસ્પતિનું ફલનકારી નરદ્રવ્ય, જે પરાગાશયમાં પીળાશ પડતા રંગવાળું રજ જેવું હોય છે. **p. basket.** પરાગગ્રાહી અંગ. (૨) મધમાખના પાછલા પગના નલાસ્થિમાં રહેલો ખાડો, જેમાં ફૂલ પરની પરાગરજ ચોંટે છે. **p. brush.** પરાગ બશ. **p. chamber-** પરાગકોષ. **p. grain** પરાગકણ, પરાગરજ. (૨) લઘુ બીજાણુ, જે અંકુરિત બની નરજન્યુજનક બને છે અને જેમાં ત્રણ કેન્દ્રક હોય છે, એક કેન્દ્રક અંડને ફલિત કરે છે, બીજું કેન્દ્રક ભ્રૂણપોષ બનાવવા માટે બે ધ્રુવીય કેન્દ્રકની સાથે જોડાય છે અને ત્રીજું કેન્દ્રકનું અપઘટન કરે છે. **p. mother cell.** પરાગ માતૃ કોષ. **p. nucleus.** પરાગ કેન્દ્રક. **p. sac.** પરાગધાની **p. sterile.** એક પ્રકારની વનસ્પતિની જાતિ, જેનાં સ્ત્રીકેસર ફળદ્રુપ હોય છે પરંતુ પુંકેસર વંધ્ય હોય છે, જેથી અંતર્યુગ્મન થઈ શકતું નથી. **p. tube.** પરાગનલિકા, પુષ્પની પરાગવાહિનીમાં પરાગરજ મુકાયા પછી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થતો બહિર્દુદભેદ. **pollenizer.** જુઓ *pollinizer*. **pollinate.** પરાગનયન થવું, પરાગનયન કરવું. **pollination.** પરાગનયન, પરાગણ. (૨) ફૂલના પરાગાશયમાંથી પરાગરજને એકજ ફૂલના કે બીજા ફૂલના સ્ત્રી કેસરમાં મૂકવા, જે ફળ કે બી નિર્માણનું પહેલું પગથિયું બને છે. (૩) પુષ્પના પુંકેસરમાંથી સ્ત્રીકેસરમાં પરાગરજનું થતું સ્થાનાંતર. **p., cross** પરપરાગનયન. **p., insect** કીટવાહિત પરાગનયન. **p., self** સ્વપરાગનયન. **p., water** જળવાહિત પરાગનયન. **p., wind** પવનવાહિત પરાગનયન. **p., constant** ફળનો એક પ્રકાર, જેમાં પરાગનયન તેની સુવાસ સમેત અનેક લક્ષણોમાં પરિવર્તન લાવતું નથી. **pollinator.** ફલીકરણ માટે એક વનસ્પતિમાંથી પરાગરજ કાઢીને બીજી વનસ્પતિના ફૂલમાં મૂકવાનું સાધન. (૨) વનસ્પતિનું પરાગનયન શક્ય બનાવતાર કારક. **pollinizer.** એક ફૂલ પરથી બીજા ફૂલ પર ફરી પરાગરજ લઈ જનાર અને એ રીતે પરાગનયનની પ્રક્રિયામાં ભાગ ભજવતા જંતુ કે કીટક. (૨) સ્વ-અફળદ્રુપ ફળને પરાગરજ આપનાર. **pollinium.** પરાગપુંજ, પરાગપિંડ. (૨) ઓર્કિડ કુળની વનસ્પતિનાં પુષ્પોમાં પરાગજનો સમૂહ.

**pollu disease.** પીપરને થતો એક રુક્ષરોગ.

**pollute.** મલિન કરવું, બગાડવું, દૂષિત કરવું. **pollution.** દૂષણ, પ્રદૂષણ.

**poly—.** બહુ, અનેક અર્થસૂચક પૂર્વગ.

**Polyalthia** *cerasoides* (**Roxb.**) **Bedd.** ઊમરો, કુદ્દમી નામધારી બિહાર અને પશ્ચિમ ઘાટમાં થતું નાનું ઝાડ, જેનાં ફળ ખાવામાં આવે છે. **P.** *fragrans* (**Dalz.**) **Bedd.** ગૌરી નામનું પશ્ચિમ ઘાટમાં થતું ઝાડ, જેના કાષ્ઠના બિલિયર્ડના ક્યુ અને ક્રિકેટના સ્ટંપ બનાવવામાં આવે છે. **p.** *longifolia*, (**Sonner.**) **Thw.** આસોપાલવ, માર્ગની બંને બાજુ પર શોભા માટે વાવવામાં આવતું ઝાડ.

**polyandrous.** ફૂલદીઠ 20 કે તેથી વધારે સંખ્યામાં પુંકેસર ધરાવતું, બહુ પુંકેસરી.

**polycarpellary.** બહુ અંડપી, બહુ સ્ત્રીકેસરી. **p. fruit.** બહુ સ્ત્રીકેસરવાળું ફળ, બહુ સ્ત્રીકેસરી ફળ. **polycarpous.** બહુ સ્ત્રીકેસરવાળું, બહુ સ્ત્રીકેસરી.

**polyembryonic mango.** આંબાનો એક પ્રકાર, જેમાં બીજને ઘણાં ભ્રૂણ હોય છે અને આના કારણે તે ઘણા છોડને ઉત્પન્ન કરે છે, અંકુરિત બનતા તે પ્રત્યેક અંકુરને છૂટા પાડી ફરી તેની રોપણી કરવામાં આવે છે. સંકર – પરાગનયનથી બે પ્રકારોની વચ્ચે એક નીપજ આવે છે અને તેમાં પણ ઘણીવાર તે કુંઠિત બને છે અને અનુપસ્થિત રહે છે; આથી રોપ સાચો પ્રકાર નીપજાવે છે. આવો પ્રકાર કેવળ કેરળમાં જ જોવા મળે છે.

**polyembryony.** બહુભ્રૂણતા; એક જ બીજમાં ઘણાં ભ્રૂણની હાજરીની ઘટના; જેમાં એક ભ્રૂણનું લૈંગિક રીતે નિર્માણ થાય છે, જ્યારે બાકીનાં ભ્રૂણ વાનસ્પતિક રીતે ઉત્પન્ન થાય છે.

**Polygala** *chinensis* **L.** ભોંય શણ.

**polygamons.** એકજ છોડમાં પૂર્ણ અને અપૂર્ણ ફૂલની હાજરી હોય તે, બહુ લિંગધારી, સર્વલિંગી.

**polygenesis.** બહુમૂલ ઉત્પત્તિ; અનેક સ્વતંત્ર પુરોગામી પિતૃઓ દ્વારા કોઈ જાતિનો થતો ઉદ્ભવ. **polygenous.** અનેક પ્રકારના શૈલોનું બનેલું. (૨) બહુજનક. **polygeny.** બહુજની.

**polygonal soil.** સમાંગ માટીની રચનાથી અનિયમિત પડેલાં ચોસલાં.

**Polygonum** *bistorta* **L.** દીર્ઘાયુ શાકીય વનસ્પતિ, જેનાં મૂળ ચામડાં કમાવવા માટે ઉપયોગી બને છે. **P.** *chinense* **L.** અમેતા, નામની શોભા માટેની વનસ્પતિ. **P.** *fagopyrum* **L.** (Syn. **P.** *esculentum* **Moench**). કુટુ, નામની ઉત્તરભારતમાં થતી વનસ્પતિ,

For Private and Personal Use Only

જેના દાણા ખાવાના કામમાં આવે છે. **P.** *glabrum* **Willd.** રગતરોહિડો, નામની વનસ્પતિનો પ્રકાર. **p.** *phoberum.* **R.** **Br.** રતનજોત, ઝીણકો એખરાટ નામની વનસ્પતિ.

**polygynous.** અનેક સ્ત્રીકેસર, સ્ત્રી કેસરયુક્ત કે પરાગાસન ધરાવનાર.

**polyhaploid.** બહુ અર્ધસંખ્યક, બહુ એકગુણિત.

**polyhybridization.** બહુવિધ સંકરન.

**polymer.** બહુઅવયવ. (૨) બે કે વધુ અણુથી બનેલું સંયોજન. **polymeric gene.** બહુલક જીવ, બહુ અવયવી જીવ. **polymerization.** બહુલકીકરણ, બહુ અવયવીકરણ. (૨) સાપેક્ષ રીતે ઊંચો અણુભાર ધરાવતા સંયુક્ત અણુ. (૩) સરળ અણુમાંથી થતી પ્રતિક્રિયા. **polymerous.** બહુઅવયવી, બહુભાગી.

**polymorphic.** બહુરૂપી, બહુ આકારીય. (૨) ક્રમિક પરિવર્તનોમાંથી પસાર થવું. **polymorphonuclear leucocytes.** સફેદ રક્તકોષ, જેના કોષકેન્દ્રનો આકાર અનિયમિત હોય છે. (૨) બહુઆકારીય સફેદ રક્તકોષ. **polymorphous.** બહુરૂપી. **polymorphy.** બહુરૂપી.

**polyneuritis.** બહુ ચેતારુજા, એક સાથે અનેક ચેતાઓ પર આવતો સોજો.

**polynutrient fertilizer.** બહુપોષક ફળદ્રુપક, બહુપોષક ખાતર.

**polynymous.** બહુનામી, ઘણાં નામથી જાણીતું.

**poloyoestrous.** બહુ મદકાલીય.

**Polyommatus (Cosmolyce)** *barticus.* **L.** કઠોળમાં પડતા ઝાંખાં લીલા રંગની ઇયળ, જે ઝાડનાં પાન, ફૂલ અને દાળ ખાય છે.

**polyose.** આંબલીના કચૂકામાંથી મેળવવામાં આવતું દ્રવ્ય, જે ફળ પ્રોટીનની સારી ગરજ સારે છે.

**polyp.** શ્લેષ્મ ત્વચામાંથી થતી સરળ, દંડીય વૃદ્ધિ. (૨) કોશેટ.

**polypetalous.** ઘણી અથવા પૃથક પૃથક પાંદડીઓવાળું, સંયુક્તદલા. **p. corolla.** મુક્તદલા પુષ્પમણિ.

**polyphagous parasite.** ખાઉધરો પરજીવી, અનેક યજમાનો પરથી પોષણ મેળવતો પરજીવી.

**polyphyletic.** બહુમૂલોદ્ભવી. (૨) વિવિધ પૂર્વજોમાંથી ઉદ્ભવેલું.

**polyphyllous.** બહુપર્ણી. મુક્ત પરિકોષ પર્ણો ધરાવતું (પુષ્પ).

**polyploid.** બહુગુણિત, બહુકીય, જેમાં કોષકેન્દ્રને દ્વિકીય સંખ્યાનાં રંગસૂત્રો વિશેષ હોય છે. **polyploidy.** અનેક સંકર વનસ્પતિમાં સાધારણ રીતે બેવડી સંખ્યાનાં રંગસૂત્રો હોય તે ઘટના. (૨) બહુકીયતા, બહુરંગસૂત્રતા, બહુગુણિતતા.

**polyporous.** બહુ રંધ્રી, બહુ છિદ્રી.

**polysaccharides.** બહુશર્કરા દ્રવ્યો. (૨) કાર્બોદિતો, ડેકિસ્ટ્રનો, ગ્લાઈકોજન વગેરે જેવાં સ્વાદવિહીન, જલદ્રાવ્ય, અસ્ફટિકીય દ્રવ્યો અને અદ્રાવ્ય સેલ્યુલોસ અને સ્ટાર્ચ જેવાં વિવિધ દ્રવ્યો ધરાવતું કાર્બોદિત, જે જલ વિભાજનથી બે કે વિશેષ સરળ શર્કરા કે એક શર્કરા (મોનો સેકેરાઈડ)માં વિઘટિત થાય છે.

**polysepalous calyx.** અનેક વજ્રપત્રી વજ્ર.

**polysiphonous.** બહુનાલી.

**polysomic.** બહુકાયી, બહુસૂત્રકાય, બહુસૂત્ર દેહ.

**polyspermous.** બહુશુક્રકોષી. **polysperm).** બહુશુક્રાણુ નિષેચન.

**polystalic.** બહુ મધ્યરંભી.

**polythalamous.** અનેક ખંડી, બહુખંડી, બહુકોષી.

**polyvoltine.** એક જ વેતરમાં અનેક બચ્ચાં જણનાર. (૨) વર્ષ દરમિયાન અનેક કોશેટા બનાવનાર (રેશમના કીડા).

**polyxylic.** બહુદારૂક.

**pomace.** રસ કાઢી લીધા બાદ શેષ રહેવા પામતાં ફળ અને વનસ્પતિનાં અવશેષ.

**pome.** સફરજન, પીઅર, કિવન્સ જેવાં

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનેક બી ધરાવતાં, હલકા પ્રકારનાં, અરફેટી. બે કે ત્રણ કોષી ગરવાળાં ફળ.

**pomegranate.** દાડમ, અનાર; **Punica** *granatum* **L.** નામના, મૂળ ઈરાનના પણ ભારતભરમાં થતા ઝાડનું ફળ: જે સોનેરી કે નારંગી રંગની છાલ ધરાવે છે, ઠંડક આપે છે અને ઔષધીય ગુણ ધરાવતું મોટું ફળ છે. તેની છાલ મરડો અને અતિસારમાં તથા રંગ કામમાં ઉપયોગી બને છે. તેનો રસ અમ્લીય છે અને તેમાં સુંદર-સફેદ અથવા લાલ કળીઓ આવેલી હોય છે. ઠંડા શિયાળાની કે ગરમ સૂકી આબોહવા તેને વધારે અનુકૂળ પડે છે. શિયાળામાં દાડમડીનાં પાન ખરી પડે છે, જ્યારે ગરમ હવામાનમાં તે સદાહરિત રહે છે. હિમાલયમાં થતાં દાડમ ખાવાના કામમાં આવતાં નથી પરંતુ તેનું અનારદાણા નામનું મસાલાનું દ્રવ્ય બને છે. **p. butterfly.** દાડમનું પતંગિયું. **p. melon.** મસ્કમેલન; તડબૂચ.

**pomelo.** જુઓ *pummelo.*

**pomiculture.** ફળ સંવર્ધન. **pomological section.** ફળવિજ્ઞાન વિભાગ. **Pomology.** ફળવિજ્ઞાન, વિશેષ કરીને ફળઝાડ પર થતાં ફળને અંગેનું વિજ્ઞાન.

**Poncirus** *trifoliata* (**L.**) **Raf.** [Syn. **Citrus** *trifoliata* **L.**]. નામનું નાનું પાનખર, કાંટાવાળું અખતરા માટે વાવવામાં આવતું ઝાડ, જેનો ઉપયોગ વાડ બનાવવા માટે થાય છે.

**pond.** કુદરતી કે માનવે બનાવેલું જલાગાર; તળાવ. **p. life.** તળાવમાં રહેતા અપૃષ્ઠવંશી પ્રાણીઓ. **pondage.** તળાવની પાણી સંઘરવાની ક્ષમતા.

**pongam.** કરંજનું ઝાડ; મધ્યમ કદનું, લગભગ સદાહરિત, નદી કાંઠા પર વાવવામાં આવતું, જાડી છાલ, સફેદ કાષ્ઠવાળું ઝાડ, જેનાં બીને પીલીને કાઢવામાં આવતા તેલના સાબુ બનાવવામાં આવે છે, ઉપરાંત તે દીવાબત્તી માટે તથા ઔષધ બનાવવામાં ઉપયોગી બને છે. તેનાં પાન અને તેલ કાઢી લીધા બાદ બીના અવશેષ – ખોળનો ખાતર તરીકે ઉપયોગ કરવામાં આવે છે. તેનાં ફળ ખાદ્ય છે, કાષ્ઠ બળતણ આપે છે. આ વૃક્ષને છાયા અને શોભા માટે ઉગાડવામાં આવે છે, જે વેરાન અને સૂકા વિસ્તારોને વૃક્ષમય બનાવવા ઉપયોગી છે. અનેક પ્રકારની જમીનોમાં થતું આ ઝાડ સુકારાનો ઠીક ઠીક સામનો કરી શકે છે.

**Pongamia** *pinnata* (**L.**) **Pierre** [Syn. **P.** *glabra* **Vent.**]. કરંજ; દક્ષિણ ભારતના બંને કાંઠા, પ. બંગાળ અને ત્રાવણકોરની નદીઓના કાંઠા પર થતું ઝાડ, તેનાં બીને પીલીને કાઢવામાં આવતું તેલ સાબુ બનાવવા તથા દીવાબત્તીના કામમાં આવે છે ઉપરાંત ચામડીના રોગોમાં તેનો ઉપયોગ કરવામાં આવે છે. તેનાં પાન ખાતર તરીકે કામમાં આવે છે અને ફળ ખાદ્ય છે.

**pony.** ટટ્ટુ.

**pool.** વ્યવસાય એકીકરણ. (૨) પાણીનો કુદરતી સંગ્રહ, જળાશય. **p. frost.** તુષાર, હિમના બે પ્રકારમાંનો એક પ્રકાર, જેમાં *hill frost* ડુંગરાળ હિમ તરીકે પણ ઓળખાય છે. **pooling.** એકત્રીકરણ.

**Poona Budded.** ગ્રેપફ્રૂટનો એક પ્રકાર.

**Poonch sheep.** કાશ્મીરમાં થતી ઘેટાની ઓલાદનો એક પ્રકાર, તેનું ઊન ભારે અને નરમ હોય છે.

**poonspar.** બોબી; **Calophyllum** *apetalum* **Willd** (**C.** *Wightianum* **T. Anders.**). નામનું મહારાષ્ટ્ર, કર્ણાટક અને કેરળમાં થતું ઝાડ, જેનું ફળ ખાદ્ય છે અને કાષ્ઠ પેક કરવાનાં ખોખાં, પેટીઓ, ફર્નિચર, વેનિયર અને પ્લાયવૂડ બનાવવા માટે ઉપયોગી છે.

**poor.** મંદશક્તિ કે જોમહીન. **p. conductor.** મંદવાહક. **p. drainage.** જલસંતૃપ્ત જમીનમાં પાણી ભરાઈ રહેવાની કુદરતી અવસ્થા, વનસ્પતિને આવશ્યક હોય તે કરતાં વધારે પ્રમાણમાં ભરાઈ રહેતું પાણી. **p. land.** ચોકસ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રકારના કૃષિ કામ માટેની ગુણવત્તા નહિ ધરાવતી જમીન. **p. man's cow.** બકરી. **p. soil.** ફળદ્રુપતાની ઊણપ કે કોઈ પ્રતિકૂળ ભૌતિક પરિસ્થિતિના કારણે ચોક્કસ પ્રકારની વનસ્પતિ માટે અનુકૂળ ન હોય તેવા પ્રકારની જમીન. **p. stand.** ગમે તે પાકનો રોપ, જેનું અંકુરણ બરાબર થતું નથી અને પરિણામે છોડ કે રોપ અસમાન રીતે ઊગે છે. **p. tilth.** જમીનની કંગાળ ભૌતિક સ્થિતિ, અથવા સખત અને ઢેફાંવાળી જમીન.

**Poovan.** નાનું ફળ, પીળી અને પાતળી છાલ, મીઠા ગરવાળું હાલ એલચી કેળું; આવાં કેળાંની લૂમ 50 રતન વજન અને લગભગ 225 કેળાંવાળી હોય છે.

**pop corn.** મકાઈની ધાણી, **Zea** *mays-var. everta.* સેકવાથી ફૂલીને ધાણી બનાવે તેવો ગમે તે મકાઈ નો દાણો. આવી મકાઈ ભારતમાં થતી નથી.

**popped rice.** મમરા.

**poppy.** અફીણનો છોડ, જુઓ **opium-***poppy.* **p. downy mildew.** *Pernospora arborescens.* નામના જંતુથી અફીણના છોડને થતા રોગનો એક પ્રકાર. **p. powdery mildew.** *Erysiphe polygoni.* નામના જંતુથી અફીણના છોડને થતા રોગનો એક પ્રકાર.

**population.** વસ્તી, જનસંખ્યા. **p. density.** વસ્તીની ગીચતા.

**Populus** *alba* **L.** સફેદ પોપ્લર નામનું ઝાડ, જે વાયવ્ય હિમાલયમાં થાય છે અને જેના કાષ્ઠની દીવાસળીની પેટીઓ અને પેક કરવાનાં ખોખાં બનાવવામાં આવે છે. **P.** *ciliata* **Wall.** કાશ્મીરથી ભુતાન સુધીના હિમાલયમાં થતું ઝાડ, જેના કાષ્ઠની દીવાસળીઓ બનાવવામાં આવે છે. **P.** *euphratica* **Olive.** વાયવ્ય હિમાલયનાં 4,000 મી.ની ઊંચાઈ પર અને પંજાબની નદીઓના કાંઠા પર થતું ઊંચું ઝાડ, જેનું સારું ઇમારતી લાકડું બને છે. **P.** *nigra* **L.** વાયવ્ય હિમાલયમાં થતું ઝાડ, જેના કાષ્ઠનાં પેક કરવાનાં ખોખાં, દીવાસળીઓ, પ્લાયવૂડ અને લાકડાનો માવો બનાવવામાં આવે છે.

**Porana** *paniculata* **Roxb.** રેશા નામનો શોભા માટે ઉગાડવામાં આવતો વેલો.

**porcupine.** શાહુડી. *Hystricidae* કુળનું ટચાર-શૂળ ધરાવતું કૃંતક પ્રકારનું બંધ, ટેકરીઓ અને નદી કિનારે જૂથમાં રહેતું, વનસ્પત્યાહારી ચોપગું પ્રાણી, જે બગીચા અને વનને નુકસાન પહોંચાડે છે.

**pore.** છિદ્ર, રંધ્ર. (૨) પ્રાણી અને વનસ્પતિની ત્વચીય પેશીમાંનું સૂક્ષ્મ છિદ્ર, જે અવશોષણ અને ઉત્સ્વેદન કરવામાં સહાયભૂત થાય છે. **p. space.** છિદ્રાવકાશ. (૨) સ્થૂલ કણ સિવાયની જમીનની કુલ જગ્યા; રેતીમાં 30 ટકા, હળવી કાંપવાળી જમીનમાં 35 ટકા, મધ્યમ કાંપવાળી જમીનમાં 40 ટકા, ભારે કાંપવાળી જમીનમાં 45 ટકા, મૃદા કાંપવાળી જમીનમાં 47 થી 50 ટકા, માટીમાં 50 ટકા અને ભારે માટીમાં 66 ટકા છિદ્રાવકાશ હોય છે. રેતી કરતાં માટીમાં છિદ્રાળુતા વધારે હોય છે અને તેથી અપવાહ અને વાત વિનિમય માટે તે વધારે અનુકૂળતા ધરાવે છે. દાણાદાર રચના અને કાર્બનિક દ્રવ્યની હાજરીને વધારે પ્રમાણમાં છિદ્રાળુ જગ્યા લેઈ એ.

**porogamy.** બીજછિદ્ર ફલન. **porosity.** છિદ્રાળુતા, ઘનકણોએ રોકેલી ન હોય તેવી કુલ જમીનનો આંશિક ભાગ, જે કુલ ઘનફળના ખાલી ઘનફળ સાથેના ગુણોત્તર દ્વારા દર્શાવવામાં આવે છે, આ તેની ટકાવારી ગણાય છે. **p., soil.** જમીનની છિદ્રાળુતા. **porous.** છિદ્રાળુ.

**pork.** ડુક્કરનું માંસ. **porker.** માંસ માટે ઉછેરવામાં આવતું ડુક્કર

**pormal.** પરવળ.

**poromboke.** પડતર સરકારી જમીન.

**Portia tree.** પારસ પીપળો; **Thespesia** *populnea* **(L.) Soland. ex Corr.** નામનું નાનું, સદા હરિત મધ્યમ કદનું, કાઠાળ વિસ્તારો, છિદ્રાળુ જમીનમાં ઝડપથી ઊગતું, મોટાં પીળાં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ફૂલવાળું ઝાડ, જેની છાલ દોરડાં બનાવવા માટે કામમાં આવે છે. બીને પીલીને કાઢવામાં આવતા તેલની દીવાબત્તી કરવામાં આવે છે, કાષ્ઠ કૃષિ ઓજારો, હોડીઓ, ફર્નિચર અને પેટીઓ બનાવવામાં ઉપયોગી થાય છે.

**Portulaca** *grandiflora* **Hook.** એક થાકીય વનસ્પતિ, **P.** *meridiana* **Blancoi.** ખાટીલૂણીની ભાજી. **P.** *oleracea* **L.** લૂણીની ભાજી. **P.** *polosa* **Madr.** મોટીલૂણીની ભાજી. **P.** *quadrifolia* **L.** ખાટી લૂણીની ભાજી, ઝીણી લૂણીની ભાજી. **P.** *tuberosa* **Roxb.** ધોળી લૂણીની ભાજી, રુંછાળી લૂણીની ભાજી.

**Portulacaria** *afra* **Jacq.** બગીચામાં વાવવામાં આવતો ક્ષુપ.

**position effect.** સ્થિતિ પ્રભાવ. (૨) રંગસૂત્ર પર જનિન કે જનીન સમૂહની સ્થિતિમાં ફેરફાર થવાથી તેના સમરૂપ પ્રકારમાં થતો ફેરફાર.

**positive.** અનુલોમ, ધન. **p. ion.** વીજળીનો ધનભાર ધરાવતો આયન, કેટાયન. **positively.** અનુલોમ, ધન. **p. charged.** ધનવીજભારિત. **p. geotropic.** ભૂમ્યાવર્તિક. **p. heliotropic.** પ્રકાશાનુવર્તિક, સૂર્યાનુવર્તિક.

**possession.** કબજો.

**post—.** પશ્ચ, ઉત્તર અર્થસૂચક પૂર્વગ.

**post axial.** પશ્ચઅક્ષીય.

**post cenum.** ખવડાવ્યા બાદ. (૨) વૈજ્ઞાનિક લખાણમાં તેનું સંક્ષિપ્તરૂપ **p.c.** થાય છે.

**post-climacteric.** અવસ્થા પરિવર્તન બાદ, અવસ્થા પરિવર્તન આવી ગયા પછીની અવસ્થા અંગેનું. **p-cl. stage.** પકવફળના શ્વસન વક્રરેખાની અવસ્થા, જે દરમિયાન અવસ્થા પરિવર્તનની પરાકાષ્ઠા આવ્યા પછી શ્વસનવેગ ઓછો થતો જાય છે.

**post-climax.** પશ્ચપરાકાષ્ઠા, ઉત્તર ચરમાવસ્થા.

**post – emergence** પાક પાકી ગયા પછીની અવસ્થા. **p. e. application.** પાક પાકી જાય ત્યારપછી રાસાયણિક દ્રવ્ય (ખાસ કરીને ઘાસપાતનો નાશ કરનાર દ્રવ્યોનો છંટકાવ. **p. e. damping off.** જમીન પર રોપ દેખાય ત્યારબાદ તેનો કરવામાં આવતો નાશ. **p. e. treetment.** જમીનમાંથી વનસ્પતિ ઊગી નીકળે ત્યાર બાદ તેની કરવામાં આવતી માવજત. **p. e. weedicide.** પાક ઊગી નીકળે ત્યાર બાદ ઘાસપાતનો નાશ કરી શકે પણ પાક સહન કરે તેવા દ્રવ્યનો છંટકાવ.

**post-fertilization tissue.** નિષેચનોત્તર–ફલનોત્તર પેશી.

**post-monsoon rains.** ઑક્ટોબર–નવેમ્બરમાં પડતો વરસાદ, જે નૈઋત્યના વરસાદની મોસમ પૂરી થઈ ગયા બાદ પડે છે, જેની સમગ્ર વર્ષ દરમિયાન પડતા કુલ વરસાદમાં માત્ર 13 જ ટકાવારી થાય છે.

**post-mortem.** મરણોત્તર.

**postpartum.** પ્રસવોત્તર. **post-parturient dyspepsia.** પ્રસવોત્તર અજીર્ણ–અરુચિનો ગાયોને લાગુ પડતો એક પ્રકારનો રોગ. **p. p. ketosis.** પ્રસવોત્તર અજીર્ણ.

**postulate.** ગ્રહીત સિદ્ધાંત.

**pot.** વાસણ, પાત્ર.

**p.– bellied.** અયોગ્ય ખોરાક કે અયોગ્ય પોષણના કારણે પેટ ફૂલી જાય તેવા પ્રકારનું (પ્રાણી). **p. bound.** ગૂંચવાયેલા મૂળવાળો કુંડામાં ઉગાડવામાં આવતો (છોડ). **p. culture.** કુંડામાં કોઈ છોડ ઉગાડવો. **p. garden.** કુંડામાં છોડ વાવવાથી થતી શોભા. (૨) કુંડામાં છોડ વાવી રચાતો નાનકડો ઉદ્યાન. **p. layering.** જુઓ *air layering*. **p. mixture.** ઉછેરગૃહના રોપ ઉછેરવામાં આવતા હોય તેવા કુંડાને ભરવા માટે ઉપયોગમાં લેવામાં આવતાં મિશ્ર દ્રવ્યો, જેમ કે, મોટા ભાગે 2થી 3 ભાગ કાંપ, 2 ભાગ સડેલું મિશ્ર ખાતર કે ગાયનું છાણ, એક ભાગ નદીની ઝીણી રેતી, 3 ભાગ પાનની ફૂગ ઇ.નો સમાવેશ થાય

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. **p. test.** જમીન પર ઉગાડેલા છોડ કરતા કુંડામાં ઉછેરવામાં આવતા રોપની પોષણ ઇ. જાણવા માટે કરવામાં આવતી કસોટી. **potting.** છોડના ઉછેર માટેના મિશ્રણવાળી કુંડામાં ધરુની ફેર રોપણી

**potash.** પોટાશ. (૨) પોટેશિયમ અને તેનાં સંયોજનોને લાગુ કરવામાં આવતો શબ્દ પ્રયોગ; રાસાયણિક ખાતરના સૂત્ર અનુસાર તે $K_2O$ થાય છે; જુઓ *potassium.*

**potassium.** વનસ્પતિ માટેનું મહત્વનું પોષકદ્રવ્ય, જેનું વનસ્પતિ પોટેશિયમ ($K+$) આયન તરીકે અવશોષણ કરે છે. રોગ પ્રતિકાર, જંતુ ઉપદ્રવ, ઠંડી અને પ્રતિકૂળ સંજોગોમાં વનસ્પતિની ક્ષમતા વધારે છે. કાંજીના નિર્માણમાં અને શર્કરા દ્રવ્યોની હેરફેરમાં તે અગત્યનો ભાગ ભજવે છે. તમાકુ, ખટમધુરાં ફળો ઇ.ની ગુણવત્તામાં સુધારો લાવે છે અને અનાજના કણ અથવા દાણાને પૂરેપૂરા ભરી દે છે. પોટેશિયમની ઊણપ ધરાવતી જમીનોને અથવા તેનો અનુકૂળ રીતે સ્વીકાર કરી શકે તેવી જમીનોને પોટેશિયમયુક્ત ખાતર આપવામાં આવે છે. તે ઉપરાંત તમાકુ, ડુંગળી, ટમેટાં જેવાં પાક અને ફળ ઝાડને પણ તે આપવામાં આવે છે. પોટાશનાં મ્યુરિયેટ, પોટાશનાં સલ્ફેટ, લાકડાની રાખ, ઢોરનાં મળમૂત્રની રાખ, પાંદડાંનો સડો, તમાકુના છોડના ઠૂંઠાં ઇ. દ્વારા આ મહત્વનું ખાતર આપવામાં આવે છે. **p. chloride.** ખાતરમાં સામાન્ય રીતે ઉપયોગમાં લેવામાં આવતું લવણ. **KCl.** **p. deficiency.** પોટેશિયમની ઊણપ; પાકની પરિસ્થિતિનો આધાર આ દ્રવ્ય કેટલા પ્રમાણમાં છે અથવા તેની કેટલા પ્રમાણમાં ઊણપ છે તેના પર છે. **p. fixation.** જલદ્રાવ્ય અને વિનિમયક્ષમ પોટેશિયમનું ઓછા ઉપલબ્ધ સ્વરૂપમાં પરિવર્તન કરવાની પ્રક્રિયા. **p. iodide** KI; આયોડાઈન પૂરક તરીકે કૃષિ સાથે સંકળાયેલાં પ્રાણીઓને આપવામાં આવતું સફેદ જલદ્રાવ્ય રસાયણ. **p. nitrate.** 13 ટકા નાઇટ્રોજન અને 44 ટકા પોટાશ ધરાવતું ખાતરનું સંયોજન. **p. permanganate.** $KM_n O_4$: ઘેરું, ભૂરું, સ્ફટિકીય દ્રવ્ય, જેનો ઉપયોગ જંતુનાશક અને ચયાપચયક દ્રવ્ય તરીકે કરવામાં આવે છે. કાર્બનિક દ્રવ્યમાં નાઈટ્રોજનનું પ્રમાણ નક્કી કરવા તેનો ઉપયોગ કરવામાં આવે છે. **p. phosphate.** પોટેશિયમ મોનોફોસ્ફેટ જેવું, ખાતર તરીકે ઉપયોગમાં લેવામાં આવતું પોટેશિયમનું ગમે તે ફોસ્ફેટ. **p. sulphate.** $K_2SO_4$ સૂત્ર ધરાવતું મિશ્ર ખાતર બનાવવામાં ઉપયોગમાં લેવામાં આવતું એક પોટાશવાહક દ્રવ્ય.

**potato.** બટાટા; **Solanum** *tuberosum* **L.** નામની ખાદ્ય કંદ – એટલે બટાટાની શાકીય વનસ્પતિ. મોટા ભાગે તેનો પાક ઠંડા, ભેજવાળાં પ્રદેશોમાં થાય છે. આખો કંદ – બટાટા કે આંખવાળા ભાગને કાપી-તેને વાવવામાં આવે છે. ઊંચી ટેકરીઓમાં તેને માર્ચ-એપ્રિલના ગાળામાં, નીચી ટેકરીઓમાં ડિસેમ્બર-જાન્યુઆરીના ગાળામાં અને મેદાની પ્રદેશમાં સપ્ટેમ્બર-ઑક્ટોબરના ગાળામાં તેની વાવણી કરવામાં આવે છે. **p. aphid. Myzus** *persicae* **Sulz.** નામનો બટાટાનો મોલોમશી કીટ, જે તેના અંકુર પર હલ્લો કરે છે અને તે અનેક પ્રકારના વિષાણુજન્ય રોગોનો વાહક બને છે. **p. bacterinl wilt.** જુઓ *Potato brown-rot.* **p. bangle diseses.** જુઓ *potato brown rot.* **p. bean.** શકરિયા **Pachyrhizus** *angulatus* **Rich.** [**P.** *erosus* (**L.**). **Urb.**]. નામની કંદ અને બી પેદા કરતી દીર્ઘાયુ શાકીય વનસ્પતિ, જેનું મૂળ વતન મધ્ય અમેરિકાનું પણ અહીં પ. બંગાળ, બિહાર, આસામ, ઓરિસા અને આન્ધ્ર પ્રદેશમાં વાવવામાં આવે છે. પાણીનો સારો નિકાલ ધરાવતી અને ભીની જમીનમાં તેને વાવવામાં આવે છે. **p. beetles. Epilackna** *vigintioctopunctata* **Fabr; E.** *dodecastigma* **Muls; E.** *ocellata Rdt;*

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**E.** *circularis* **Kobs.** નામના બટાટામાં પડતા ઢાલપક્ષ જંતુ, ખાસ કરીને ટેકરીઓ પર ઉગાડવામાં આવતા આ પાક માટે તે ગંભીર હાનિ પહોંચાડે છે. તેનાં પીળાં, મજબૂત, કાંટાળ ડોળ અને મોટાં જંતુ પાન ખાય છે અને તેને ખેરવી નાખે છે. **p. black heart.** ઓછા હવા ઉજાશવાળા ભંડારમાં લાંબો સમય રાખવામાં આવેલા બટાટાને, ખાસ કરીને ઢગલા હેઠળના બટાટાને ઑક્સિજન નહિ મળવાના કારણે લાગુ પડતો બિનજીવાણુ રોગ, જેમાં બટાટા છેવટે કાળા પડે છે. **p. black leg and soft rot.** *Erwinia carotovara.* નામના જંતુથી બટાટાને થતો રોગ, જેમાં બટાટાનો છોડ પીળો, લીલો કે ફીકો પડી જાય છે અને છેવટે કરમાઈ મરી જાય છે. **p. black scurf.** *Pellicularia filamentosa.* નામના જંતુથી બટાટાને થતો રોગ, જેમાં અંકુરનાં અંગો મરી જાય છે. **p. brown rot.** બટાટાનો રોગ જે *potato bacterial wilt, potato ring disease, potato bangle disease* ઇ. નામે પણ ઓળખાય છે અને જે *Pseudomonas solanacearum* (**Smith**) **Dowson.** નામના જંતુથી થાય છે, જેમાં છોડનાં પાન ખરે છે, અને ત્યાર બાદ છોડ કરમાવા માંડે છે. **p. charcoal rot.** *Macrophomina phascoli.* નામના જંતુથી બટાટાને થતો એક રોગ, જેમાં તેનાં મૂળને સડો લાગે છે અને પ્રકાંડની છાલ કોલસા જેવી કાળી પડે છે. **p. dry rot.** *Fusarium coeraleum.* થી બટાટાને થતો રોગ, જેમાં છોડની નીચેની તરફનાં પાન પીળાં પડે છે, પ્રકાંડ ઝડપથી કરમાવા માંડે છે અને કંદ બદામી બને છે. **p. early blight.** *Alternaria solani* (**Ell. & Mart.**) **Jones and Grout.** નામના જંતુથી બટાટાને થતા રોગનો પ્રકાર, જેમાં તેનાં પાન ખરે છે. **p. golden nematode.** *Synchytrium endobioticum.* નામના કૃમિથી બટાટાને થતો રોગ, જેમાં ભોંય ભીતરના બટાટાના કંદ પર ઢેકા જેવું થાય છે. **p. harvesting plough.** એક પ્રકારનું હળ, જે કઠણ જમીન પર ઉપયોગમાં લેવામાં આવે છે, જેના કાર્યથી બટાટાના કંદ છૂટા પાડી શકાય છે. **p. jassid. Empoasca** *kerri* var. *motti* **Pruthi.** નામના બટાટાના પાક પર લીલા રંગના નરમ શરીર વાળા પડતા તડતડિયા; જે છોડનાં પાન અને અન્ય નરમ ભાગનો રસ ચૂસે છે. **p. late blight. Phytophthora** *infestans* (**Mont**) **De Bary.** નામના ફૂગથી બટાટાને થતો ગંભીર પ્રકારનો રોગ. **p. leaf curl.** બટાટાને થતો વિષાણુજન્ય રોગ, જેમાં તેનાં પાન ઉપર તરફ વળવા માંડે છે, જેથી છોડ વધતો નથી. **p. mosaic.** બટાટાને થતો વિષાણુજન્ય એક રોગ. **p. powdery scab. Spongospora** *subterranea.* નામના જંતુથી બટાટાને થતા રોગનો એક પ્રકાર, જેમાં રોગવાળા છોડની પેશી જેલી જેવી નરમ થાય છે, છાલ ખરવા માંડે છે, અને ભંડારમાં રાખવામાં આવેલા બટાટા સડવા માંડે છે. **p. ring disease.** જુઓ *potato brown rot.* **p. scab. Streptomyces** *scabies.* થી બટાટાને થતો રોગ, જેમાં તેની ત્વચા જેવી પેશીઓ ખરબચડી બને છે. **p. tuber moth. Gnorimoschema** *operculella* **Zell.** નામનો ખેતરના તથા ભંડારના બટાટાને ગંભીર હાનિ પહોંચાડતો કીટ, જે બટાટાના કંદને કોરી તેમાં દર બનાવે છે અને બને ઠેકાણેના બટાટાને ભારે નુકસાન કરે છે. **p. wart. Synchytrium** *endobioticum.* નામનું, બટાટાની સમગ્ર મોસમ દરમિયાન તેને ભારે નુકસાન કરતું જંતુ, જેથી બટાટાને થતા રોગમાં બટાટાના કંદ કાળા પડે છે. **p. yam.** રતાળુ, વારાહીકંદ; **Dioscorea** *bulbifera* **L.** (**D.** *sativa* **Thunb.**). નામનો ભારતભરમાં થતો ક્ષુપ, જેનાં મૂળનું શાક બનાવવામાં આવે છે.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને ઊનને ધોવા માટે તે ઉપયોગી બને છે.

**potency.** જનનક્ષમતા, ફળદ્રુપતા, ઉર્વરતા.

**potential.** સ્થિતિમાન, વિભવ. (૨) એક બિંદુ સુધી એક ઘટક દ્રવ્યને બળની સામે ખસેડવા માટે જરૂરી બનતું કાર્ય. (૩) અંતર્નિહિત; સંભાવ્ય. **p. acidity.** અંતર્નિહિત અમ્લતા. **p. electricity.** અનંત અંતર પરથી એકમ ધનવીજભાર મેળવવા માટે જરૂરી બનતા કાર્યથી કોઈ પણ બિંદુએ માપવામાં આવે તેવી વિભવ વિદ્યુત. **p. energy.** સંભાવ્ય અથવા બીજભૂત ઊર્જા. **p. soil acidity.** જમીનમાંના વિનિમયક્ષમ હાઈડ્રોજન આયન કે જેને કેટાયનિક વિનિમય દ્વારા જમીનમાં મુક્ત કે સક્રિય બનાવી શકાય, જમીનમાં રહેલી એનાયન અમ્લતા. **p. value.** સંભાવ્ય-અંતર્નિહિત મૂલ્ય. **potentiometer.** વિવિધ વોલ્ટેજ નોંધવા અને તેનું નિયમન કરવા માટેનું ઉપકરણ.

**potherb.** ખાદ્ય ટોચકાંવાળી વનસ્પતિ, જેનાં ટોચકાંને રાંધીને ખાવામાં આવે છે. **p. jute.** એક કુમળો છોડ, જે ખાવાના કામમાં આવે છે.

**Pothos** *scandens* **L.** શોભા માટે ઉગાડવામાં આવતી આરોહી કે ભૂસ્તરી શાકીય વનસ્પતિ.

**potometer.** વૃદ્ધિ પામતી વનસ્પતિને ભેજગ્રહણ કરવાનો દર માપવાનું સાધન.

**poudrette.** વિષ્ટાચૂર્ણ; મળના ભેજને બરાબર દૂર કરી તેમાં માટી, રાખોડી, કોલસાની ભૂકી, લાકડાનો વહેર ઇ. ભેળવીને બનાવવામાં આવતું ખાતર અથવા સુકવેલા મળમાં તેટલા જ પ્રમાણમાં રાખોડી અને 10 ટકા કોલસાની ભૂકી ઉમેરતા ગંધ વિનાનું દ્રવ્ય બને છે, જેમાં 1.52 ટકા N (નાઈટ્રોજન), 2.8 ટકા $P_2O_5$, (ફોસ્ફરસ પેન્ટોક્સાઈડ) 4.1 ટકા $K_2O$ (પોટેશિયમ ઑક્સાઈડ) અને 24.2 ટકા ચૂનો હોય છે. મળમાં 40થી50 ટકા રાખોડી ઉમેરવામાં આવે તો સૂકું 2 થી 3 ટકા નાઈટ્રોજન ધરાવતું અમ્લીય ખાતર બને છે;

**poult.** નર કે માદા તરીકે પારખી ન શકાય અથવા જેની સ્પષ્ટ જાતીયતા જણાઈ ન હોય તેવું મરઘી અથવા કોઈ પણ પક્ષીનું બચ્ચું. **poulterer.** મરઘાં-બતકાંનો વિક્રેતા. **poultry.** માંસ, ઈંડાં અથવા પીંછાં માટે ઉછેરવામાં આવતાં મરઘાં-બતકાં, જેમાં મરઘીનાં બચ્ચાં, બતક, ટર્કી અને ગિની પક્ષીઓનો સમાવેશ થાય છે. **p. band.** મરઘાં-બતકાંને અથવા ગમે તે પક્ષીની ઓળખ માટેની વિગતો દર્શાવતી, તેના પગે લગાડવામાં આવતી મોટા ભાગે ઍલ્યુમિનિયમની વીંટી. **p. farm.** મરઘાં-બતકાંનું ફાર્મ. **p. husbandry.** મરઘાં-બતકાં સંવર્ધન; મરઘાં-બતકાં અને તેમની માંસ, ઈંડા જેવી પેદાશનાં ઉત્પાદન, વિતરણ સમેત તેમનાં ઉછેર, સંવર્ધન, પાલન, ઈંડાં સેવન, વિક્રી અને વ્યવસ્થા અંગેનું વિજ્ઞાન. **p. keeper.** મરઘાં-બતકાંનો રખેવાળ-પાલક. **p. lice.** *Mallophaga* શ્રેણીની મરઘાં-બતકાંના શરીર પર થતી જૂ. **p. man.** મરઘાં-બતકાં અંગેનું કામકાજ કરનાર વ્યક્તિ. **p. manager.** મરઘાં-બતકાંના ફાર્મનો વ્યવસ્થાપક-સંચાલક. **p. manure.** મરઘાં-બતકાંનાં ચરક અને મૂત્રનું મિશ્રણ, જેમાં વનસ્પતિના પોષક તત્ત્વો હોય છે. જો તે તાજું હોય તો તેમાં 80 ટકા ભેજ, 1 ટકો નાઈટ્રોજન, 0.8 ટકા ફૉસ્ફોરિક ઍસિડ અને 0.5 ટકા પોટાશ હોય છે. તાપના કારણે તેનો ભેજ દૂર થતાં આ મિશ્રણ વિઘટિત બને છે. **p. netting.** તાર બાંધીને તેમાં પાંજરાં બનાવી તૈયાર કરવામાં આવતો, મરઘાં-બતકાંનો વાડો. **p. officer.** મરઘાં-બતકાંનો અધિકારી. **p. picker.** મરઘાં-બતકાંનાં પીંછાં દૂર કરવાનું યંત્ર. **p. range.** લીલો ખોરાક અને હરવા-ફરવા માટેનું મરઘાં-બતકાંનું સ્થાન.

**pound.** વજનનું 16 ઔંસ વજનનું એકમ. (૨) પ્રાણીઓ માટેનો વાડો. **poundal.** એક પાઉંડ વજન લગાડતા પ્રત્યેક સેકંડે

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એક ફૂટ જેટલો મળતો પ્રવેગ.

**pouzolzia** *tuberosa.* **Wight.** દ. ભારતનો ખાદ્ય મૂળનો ક્ષુપ.

**powder.** ભૂકો, પાઉડર. **p. duster.** એન્જિન કે ટ્રેક્ટર દ્વારા સંચાલિત પાઉડર છાંટવાનું યંત્ર; જામાં ઝાડ પર છાંટવા, સ્વયંચાલિત તથા બહુહેતુક છંટકાવ યંત્ર ઉપલબ્ધ બને. **powdered milk.** દૂધની ભૂકી. **powdery mildew.** અનેક જાતિના ફૂગના કારણે ઘણી વનસ્પતિઓને લાગુ પડતો રોગ. આવી ફૂગ પાન, પ્રકાંડ અને ફળ પર થાય છે અને વનસ્પતિના કોષમાંથી રસ ચૂસે છે અને પરિણામે વનસ્પતિની ઉપર સફેદ ભૂકા જેવાં દ્રવ્યો દેખાય છે.

**power.** બળ, શક્તિ. **p. duster.** શક્તિચાલિત ભૂકી છાંટનારું યંત્ર. **p. lift.** યંત્રચાલિત લિફ્ટ. **p. machine.** યંત્ર. **p. take off.** ટ્રેક્ટરદ્વારા તેને સંલગ્ન ઘટકને શક્તિ પ્રદાન કરનાર દંડ અને બે કે તેથી વધારે સાંધાવાળું સાધન.

**pox.** ઉષ્ણતામાન અને ભેજની અયોગ્ય પરિસ્થિતિમાં આવેલાં ખટમધુરાં ફળોની છાલપર પડતા ખાડાના ડાઘ. (૨) શીતળા જેવાં પ્રાણીઓને લાગુ પડતો સંક્રામક રોગ.

**p. p. m.** દસ લાખ દીઠ ભાગના અંગ્રેજી શબ્દો *parts per million*નું સંક્ષેપ રૂપ.

**prairy soil.** વૃક્ષરહિત તૃણભૂમિ.

**pre-.** પૂર્વ અર્થસૂચક પૂર્વગ.

**preaxial.** પુરક્ષ.

**prebloom.** અંકુરિત બનતો (છોડ).

**precipitation.** અવક્ષેપ; વરસાદ, બરફ, કરા ઇ. સ્વરૂપે, વાતાવરણમાંનો ભેજ સંઘનિત થઈ ને જમીન પર વરસે; આ પ્રમાણેનો અવક્ષેપ દૈનિક દરે ઇંચ કે મિ.મી.માં માપવામાં આવે છે. **pr. effectiveness.** અવક્ષેપ-વરસાદનો પ્રભાવ.

**pre-climecteric stage.** અવસ્થા પરિવર્તનની પરાકાષ્ઠા આવે ત્યાં સુધી પરિપક્વ બનતા ફળની શ્વસનક્રિયાની વક્રરેખાની સ્થિતિ; અવસ્થા-પરિવર્તન પૂર્વેની અવસ્થા.

**precocious.** નિયત સમય અગાઉ વનસ્પતિનો પુષ્પોદ્ભવ થાય કે તેને ફળ બેસે તે સંબંધી.

**pr--combustion chamber.** દહન પૂર્વકક્ષ.

**preconditioning.** પૂર્વપ્રેરણ, પૂર્વારોપણ.

**precursor.** પૂર્વદ્રવ્ય, પુરોવર્તી.

**predacious.** પરભક્ષી, અન્ય જીવને પોતાનો ભક્ષ્ય બનાવનાર.

**predatism.** વધગાળાનું પરજીવી; જેમકે પ્રાણીઓ પર મચ્છરો આક્રમણ કરે તે. **predator.** અન્ય પ્રાણી પર જીવનાર, તેને ખાનાર ગમે તે પ્રાણી, જેમાં જંતુનો પણ સમાવેશ થાય છે. રોગિષ્ઠ વનસ્પતિને ખાનાર પરભક્ષી ઉપકારક બને છે.

**predisposition.** એક અથવા વિશેષ પર્યાવરણીય કારણોસર રોગ લાગુ થવાની શક્યતા.

**predominate.** પ્રભાવ પામવો. (૨) પ્રભાવી.

**pre-emergence application.** પાક વાવ્યા પછી અને તેનો અંકુર ફૂટે તે અગાઉ જંતુઘ્ન દ્રવ્યનો કરવામાં આવતો છંટકાવ. **pre. e. weed control.** પૂર્વોદ્ભેદ ઘાસપાત નિયંત્રણ. **p.e. weedicide.** પાકના અંકુર ફૂટે તે અગાઉ જમીન પર ઘાસપાતનાશક દ્રવ્ય લગાવવાં.

**preen.** ચાંચ વડે પક્ષી પોતાનાં પીછાંને સરખાં કરે અથવા સાફ કરે તે ક્રિયા. **pr. gland.** મોટા ભાગનાં પક્ષીઓની પૂછડીમાં આવેલી તેલનો સ્રાવ કરતી ગ્રંથિ, જેનું તેલ સ્રવણ પીછાંને સરખા અને જલ-સહ બનાવે છે.

**pre-fertilization tissue.** નિષેચનપૂર્વ પેશી.

**preformation.** નિર્માણપૂર્વ.

**pregnancy.** ગર્ભાવસ્થા, ગર્ભધારણાવસ્થા. (૨) શુક્રાણુથી અંડફલિત થયા બાદ માદા પ્રાણીના ગર્ભાશયમાં જીવંત ભ્રૂણની રચના થાય તે અવસ્થા. **pr. test.** માદા પ્રાણીએ ગર્ભધારણ કર્યો છે કે નહિ તે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાણવાની કસોટી; ગર્ભ રહ્યા બાદ 40થી 150 દિવસ સુધીમાં ગર્ભવતી માદાની જનનગ્રંથિ ગોનેડોટ્રોફિનનો સ્રાવ કરે તે. તેણે ગર્ભધારણ કર્યો છે તેની સાબિતીરૂપ થાય છે. **pregnant.** સગર્ભા, ગર્ભિણી.

**preharvest estimate.** લણણી અગાઉ પાક અંગેનો કાઢવામાં આવતો અંદાજ- અડસટ્ટો.

**prehension** પરિગ્રહણ.

**pre-infective stage.** પરજીવીના જીવનચક્રમાં અંડ કે ડિંભાવસ્થા, જેમાં તે યજમાન પ્રાણી પર લાગી શકતું નથી. (૨) પરજીવી સંક્રમણ પૂર્વાવસ્થા.

**preirrigation.** છોડ ઊગ્યા બાદ પહેલી સિંચાઈ કરવામાં આવે તે અગાઉની સિંચાઈ. (૨) વાવ્યા પૂર્વે કરવામાં આવતી સિંચાઈ.

**Preiz - Nocard** *bacillus.* નામનો ઘેટાં અને ક્યારેક બકરાંમાં દીર્ઘકાલીન રોગ કરનાર દંડાણુ.

**pre-lamellar chamber.** પૂર્વ પટગુહા.

**premature.** પૂર્વ પક્વ, અપક્વ. **pr. m. drop.** પરિપક્વ થવા અગાઉ ઝાડ પરથી ફળનું પડી જવું. **pr. m. decay.** અકાલ અપક્ષય. **pr. m. grazing.** સમય પૂર્વે ચરાવવું, ઢોરને ચરવા દેવા. **pr. m. seeding.** નિયત સમય પહેલાં અથવા અન્ય ભાગ પરિપક્વ બને તે અગાઉ બીજના પ્રરોહનું ફૂટવું; જેથી પાકને ખાસ કરીને બીટ, રેપાઈ નેક, તમાકુને થતું નુકસાન. **pr. m. s. of cobbage.** કોબીને શીર્ષ ભાગ થાય તે અગાઉ જ તેનાં બીજ–પ્રકાંડનો થતો વિકાસ અથવા તેનાં પાન તેનો શીર્ષ ભાગ બનાવવા અસમર્થ નીવડે તે; નિયત સમય પહેલાં બી વાવવાં, ગરમ શિયાળામાં વાવણી કરવી, આબોહવામાં મોટા ફેરફાર થવા, બીની દશ્યતા અપૂર્ણ થવી, જમીન હલકા પ્રકારની હોવી, ઘાસપાતનો ઉપદ્રવ થવો, પૂરતા પ્રમાણમાં ખાતર ન મળવું: આ સૌ કારણોથી શીર્ષનો બેસારો, ઉદ્ભવ અટકી જાય છે.

**premilking.** પ્રસવપૂર્વ દોહવું. (૨) દોહવા પહેલાંની તૈયારીઓ કરવી.

**Premna** *arborea* **Roth.** ગંભરી; શીવણ નામનું મહારાષ્ટ્ર, પ. બંગાળ, તામિલનાડુ, આન્ધ્રપ્રદેશ અને મલબારમાં થતું મોટું ઝાડ, જેનાં ફળ ખાદ્ય છે અને કાષ્ઠ નિર્માણકામ અને ફર્નિચર બનાવવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે. કાષ્ઠનો માવો વિંટાળવા, લખવા અને છાપવા માટેના કાગળ બનાવવા ઉપયોગી બને છે. **Pr.** *latifolia* **Roxb.** બાકર નામનું દ. ભારત અને પ. ભારતમાં થતું નાનું ઝાડ, જેનાં પાન કઢીમાં નાખવામાં આવે છે.

**pre-molar.** અગ્રદાઢ.

**pre-monsoon rains.** ચોમાસા અગાઉ અર્થાત્ માર્ચથી મે મહિનાના ગાળામાં થતો વરસાદ; વર્ષભર થતા કુલ વરસાદનો તે માત્ર 10 ટકા જ વરસાદ હોય છે.

**prenatal comtamination.** જન્મપૂર્વે લાગતું દૂષણ, ચેપ.

**preparatory cultivation tillage.** પૂર્વ તૈયારીરૂપ કરાતું પ્રારંભિક ખેડકાર્ય.

**preparturient.** જન્મપૂર્વ, પ્રસવપૂર્વ (બનતું.).

**prepink.** સફરજનના કલિકોદ્ભવની એક અવસ્થા, જેમાં કલિકાથી દૂર પર્ણો ફેલાયાં હોય પણ ફૂલનાં ઝુંડ જુદાં પડયાં ન હોય. આ અવસ્થામાં કલિકા ગુલાબી દેખાતી નથી.

**preplanting treatment.** પાક વાવવા અગાઉ બી, જમીન, અન્ય દ્રવ્યો દ.ની કરવામાં આવતી માવજત.

**prepotency.** અધિક્ષમતા. **prepotent.** પોતાની સંતતિને આગળ પડતી રીતે પોતાનાં લક્ષણો આપનાર (પ્રાણી); અધિક્ષમ (પ્રાણી).

**prepuce.** શિશ્નમણિ કે ભગનું ચર્માવરણ શિશ્નાગ્રચ્છદ, ભગ્નાગ્રચ્છદ.

**prescription.** ઔષધપત્ર; દવા આપવાની લેખિત સૂચના–નોંધ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**presentation.** ગર્ભપ્રસ્તુતિ. **pr., abnormal** અસામાન્ય ગર્ભપ્રસ્તુતિ. **pr., anterior** અગ્ર ગર્ભપ્રસ્તુતિ. **pr., dorso-lumbar** કટિ – પૃષ્ઠ ગર્ભપ્રસ્તુતિ. **pr., normal** સાધારણ, સામાન્ય ગર્ભપ્રસ્તુતિ. **pr., posterior** પ્રશ્ચ ગર્ભ પ્રસ્તુતિ.

**preservative.** સડો કે હાનિ થતી અટકાવનાર કારક. (૨) શર્કરા કે લવણ જેવું સડો કે હાનિને અટકાવનાર દ્રવ્ય, પરિરક્ષક. **pr. tablet.** પરિરક્ષક ટિકડી.

**preserve.** ફળ અથવા શાકીય વનસ્પતિનો બનાવવામાં આવતો મુરબ્બો; ફળ કે શાકીય વનસ્પતિના યોગ્ય પ્રમાણમાં ટુકડા બનાવી તેને ચાસણીમાં તે પારદર્શક બને પણ તૂટી ન જાય તેમ ચાસણીની શર્કરા પરિક્ષક ક્ષમતા આવે ત્યાં સુધી તેને ઉકાળવા. (૨) ચોક્કસ પ્રદેશ, જેને શિકાર કે તેના અન્ય શોષણથી મુક્ત રાખવામાં આવ્યો હોય તેવો અનામત વિસ્તાર. (૩) વિઘટન અટકાવવા માટે પરિરક્ષક દ્રવ્યોની સાથે કોઈ ખાદ્ય સામગ્રીને રાંધવી અથવા તૈયાર કરવી.

**presprouting.** પૂર્વાંકુરણ.

**press.** ફળમાંથી રસ કાઢવો કે બીમાંથી રસ અથવા તેલ કાઢવા તેને દબાવવાની યુક્તિ. (૨) ઢીલી કે મોટી વસ્તુને યોગ્ય રીતે ભરવા કે તેને પેક કરવાની યુક્તિ. (૩) દાબયંત્ર – પ્રેસ. (૪) કોલુ. **pr. cake.** ફળનો રસ કાઢી લીધા પછી બીનો રહેવા પામતો, ખાદ્ય તત્ત્વ પણ તેમાં હોય તેવો તેનો અવશેષ. **pr. mud.** શેરડીના કોલુની આડ પેદાશ, જે ખાતર તરીકે કામમાં આવે છે. **pressing.** દબાવવું તે. (૨) દાબ, દબાણ. **pressure.** દબાણ; એકમ ક્ષેત્રફળ દીઠ લગાડવામાં આવતું બળ. **pr., low** ન્યૂન દબાણ. **pr. gauge.** દબાણ માપવાનું સાધન. **pr. lever.** દબાણ ઉત્તોલક. **p. regulator.** દબાણ નિયંત્રક. **pr. -retaing sprayer.** દબાણની માત્રા જાળવનાર છંટકાવ કરવાનું સાધન.

**pre-stratification method.** દેશી માખણમાંથી ઘી બનાવવાની પદ્ધતિ, જેમાં માખણને તપાવવામાં આવે છે, જેથી તેનાં છારી, પારદર્શક ઘી અને છાશનો અવશેષ એવા ત્રણ થર થાય છે; આમાંથી છાશના રગડાને તથા છારીને દૂર કરી ફરી તપાવી શુદ્ધ ઘી બનાવવામાં આવે છે.

**presumptive diagnosis.** સંભાવ્ય પુરાવા પરથી કરવામાં આવતું નિદાન.

**prevailing wind.** મોસમી અથવા વાર્ષિક ગમે તે ચોક્કસ પ્રકારનો વાતો પવન.

**preventive disease.** નિરોધાત્મક – અટકાવી શકાય તેવો રોગ. **prevention.** અટકાવ, નિરોધ.

**price.** કિંમત. **pr., adjusted** સમાયોજિત – ઠીક કરેલી કિંમત. **pr., consumer** ઉપભોક્તાની – ગ્રાહકની કિંમત. **pr., floor** ન્યૂનતમ – નિમ્નતમ કિંમત. **pr., forward** વાયદાનો ભાવ, વાયદાની કિંમત. **pr., rigid** દૃઢ – અફર કિંમત. **pr., spot** હાજર કિંમત. **pr., sticking** દૃઢ – અફર કિંમત. **pr., support** ટેકાની કિંમત, ધારક કિંમત. **pr. cycle.** કિંમત ચક્ર. **pr. elasticity.** કિંમતની સાપેક્ષતા **pr. fixing.** કિંમત ઠરાવવી તે, કિંમત. નિર્ધારણ. **pr. fluctuation.** કિંમતમાં થતી વધઘટ. **pr. index.** કિંમતમાંથી વધઘટ દર્શાવતો સૂચક અંક. **pr. inelasticily.** કિંમતની નિરપેક્ષત . **pr level.** કિંમતસ્તર. **pr. list.** કિંમત સૂચિ. **pr. margin.** કિંમતનો ગાળો. **pr. marking.** કિંમત છાપવી. **pr. movemont.** કિંમતની વધઘટ – ચડઊતર. **pr. parity.** કિંમતની સમતુલ્યતા. **pr. setting.** કિંમત ઠરાવવી. **pr. spread.** કિંમતનો વિસ્તાર; કોઈ ચીજ-વસ્તુની તેના ઉત્પાદકને આપવામાં આવતી કિંમત અને ગ્રાહકની પાસેથી લેવામાં આવતી કિંમતની વચ્ચેનો ગાળો – તફાવત; ઉત્પાદક અને

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આહકની કિંમતો વચ્ચેનાં તફાવત. **pr. stabilization.** કિંમતને સ્થિર કરવી તે. **pr. support.** કિંમતને ટેકો. **pr. system.** કિંમત ઠરાવવાની પદ્ધતિ. **pr. tag.** કિંમત દર્શાવતી ચિઠ્ઠી. **pr. valorization.** કિંમત નિયત કરવી તે; કિંમત નિર્ધારણ.

**pricking.** ભોંચવું. **prickle.** કાંટો, કંટક. (૨) સ્થૂલ બહુકોષી બહિરુદ્‌ભેદ. **prickly** કાંટાવાળું. **pr. amaranthus.** કાંટાળી ભા.જી. **pr. lettuce.** કાંટાળુ લેટ્યૂસ. **pr. pear.** નાગફણીથોર ફુળની વાડ બનાવવા માટે ઉપયોગમાં લેવામાં આવતી કાંટાળી વનસ્પતિ, જેનાં ફળ અને પ્રકાંડ ખાદ્ય છે.

**Pride of India.** કાબીનો એક સુધારેલો પ્રકાર.

**primaries.** સામાન્ય રીતે 10 હોય તેવાં, પક્ષીનાં બહારનાં પીછાંનો સમૂહ. પક્ષી જ્યારે તેની પાંખ પસારે નહિ ત્યારે આ સમૂહ ઢંકાઈ જાય છે; આ પીછાંને ઉડ્ડયન પીછાં પણ કહેવામાં આવે છે.

**primary.** પ્રથમ, પ્રાથમિક, મુખ્ય, પ્રધાન, મૂળ. **pr. antherozoid mother cell.** આદિ પુંજન્યુ માતૃકોષ. **pr. axis.** પ્રાથમિક અક્ષ. **pr. bud.** પ્રરોહની સંયુક્ત કળીમાં મોટામાં મોટી અને સૌથી મજબૂત કળી. (૨) દ્રાક્ષની વેલની સોટી. **pr. canal cell.** પ્રાથમિક નલિકાકોષ. **pr. capitate cell.** પ્રાથમિક મુંડક કોષ. **pr. credit society.** પ્રાથમિક શાખ સમિતિ; પ્રાથમિક ધિરાણ સહકારી મંડળી. (૨) સૌ સભ્યોની સામૂહિક જામીનગીરી પર ધિરાણ મેળવવા માટે એક ગામ કે તેની આસપાસના લોકોએ રચેલી સહકારી મંડળી, જેમાથી વ્યક્તિગત સભ્યો લોન – ધિરાણ મેળવી શકે છે. **pr. cultures.** બીમાર પ્રાણીમાંથી બનાવવામાં આવતું પ્રથમ જીવાણુ સંવર્ધન. **pr. current.** પ્રાથમિક વહેણ, પ્રાથમિક પ્રવાહ. **pr. derived protein.** પ્રાથમિક વ્યુત્પન્ન પ્રોટીન. **pr. drainage.** સમગ્ર જળછાયાનું અપવાહ તંત્ર, પ્રાથમિક અપવાહ તંત્ર. **pr. era.** પ્રથમ યુગ. **pr. feather.** જુઓ *primaries.* **pr. fertilizer components.** નાઈટ્રોજન, ફૉસ્ફેરિક ઍસિડ અને પોટાશ જેવાં પ્રાથમિક વનસ્પતિ પોષકો: ખાતર માટેના પ્રાથમિક ઘટકો. **pr. growth.** પ્રથમ વૃદ્ધિ. **pr. infection.** વિરામ કે સુષુપ્ત અવસ્થા બાદ રોગોત્પાદક કારક તરફથી લાગતો પહેલો ચેપ, રોગને પ્રસરાવવા માટે જવાબદાર બનતું સંક્રમણ, જે બાદ ગૌણ કે દ્વિતીયક ચેપ લાગે છે. **pr. inoculation.** પ્રથમ સંક્રમણ, પ્રાથમિક ચેપ. **pr. insect.** અન્ય કોઈ જંતુ અથવા રોગોત્પાદક સજીવની મદદ વિના ઊગતી જીવંત વનસ્પતિને ઉપદ્રવ કરવાની, તેને હાનિ પહોંચાડવાની કે તેને મારી નાખવાની ક્ષમતા ધરાવનાર ગમે તે જંતુ, કીટ, કૃમિ કે કોઈપણ સજીવ. **pr. market.** પહેલું બજાર, પ્રાથમિક બજાર. **pr. mineral.** મૂળ ખનિજ. **pr. neck.** પ્રથમ ગ્રીવા. **pr. particles.** માટીના દળના વ્યક્તિગત કણો. **pr. phloem.** પ્રાથમિક અન્નવાહિની. **pr. plant foods.** જુઓ *primary fertilizer components.* **pr. production.** આડપેદાશ ન હોય તેવું મૂળ કે પ્રથમ ઉત્પાદન. **pr. pyenium.** આદિ પુંજન્યુજનિકા. **pr. root.** પ્રથમ મૂળ; પ્રાથમિક મૂળ, આદિ મૂળ; વનસ્પતિનું જમીનમાં ઊતરતું પ્રથમ અક્ષ. (૨) પ્રરોહની સામેના ભ્રૂણનો દાંડો. **pr. selection.** પ્રથમ પસંદગી. **pr. society.** પ્રાથમિક – પ્રથમ સહકારી મંડળી. **pr. soil.** તત્સ્થાનીય શૈલના વિઘટનના પરિણામે નીપજતી પ્રથમ ધરતી, ભૂમિ, જમીન. **pr. sporogenous cell.** આદિ બીજાણુજનક કોષ. **pr. symptom.** પ્રથમ લક્ષણ, મુખ્ય લક્ષણ, પ્રધાન લક્ષણ. **pr. winding.** મુખ્ય લપેટ. **pr. xylem.** વૃક્ષ કે ક્ષુપ, જે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રથમ કાષ્ઠ-પેશીનું નિર્માણ કરે તે; પ્રથમ જલવાહક પેશી, પ્રથમ જલવાહિની, પ્રથમ દારૂવાહિની.

**prime.** પ્રથમ કોટિ, ઉચ્ચ કોટિ.

**priming.** તમાકુનાં પાન જેમ જેમ પાકતાં જાય તેમ તેમ તેમને ચૂંટવાં, જેથી લણેલાં સઘળાં પાન સરખાં પાક્યાં હોય કેમકે નીચેનાં પાન ઉપરનાં પાન કરતાં ચડતા ક્રમમાં પાકતાં હોય છે; પૂર્વપાતભંજન.

**primordial utricle.** જીવંત પરિપકવ કોષમાં જીવરસનું સ્તરીય પડ. **primordium.** વનસ્પતિની અગ્રજ અંગ કે તેનો ભાગ.

**principle.** નિયમ, સિદ્ધાન્ત. **pr. of independent assortment.** પ્રભાવી અથવા નિષ્પ્રભાવી જેવાં જુદાં પડતાં લક્ષણો યથેચ્છ રીતે પુનઃ ભેગા મળે છે, તેવો ગ્રેગોર મેંડલનો નિયમ. **pr. of rotation of crop.** પાકની ફેરબદલી–આવર્તનનો સિદ્ધાંત. **pr. of segregation.** પ્રજનન કોષમાં એકાંતર વિકલ્પો અલગ રહે છે તેવો ગ્રેગોર મેંડલનો આનુવંશિકતા અંગેનો પ્રથમ સિદ્ધાંત. **pr. of soil conservation.** જમીન સંરક્ષણનો સિદ્ધાંત. **pr. of substitution.** પ્રતિસ્થાપન સિદ્ધાંત.

**prism.** ત્રિપાર્શ્વ, પ્રિઝમ. **prismatic.** પાસાદાર, ત્રિપાર્શ્વીય, ત્રિપાર્શ્વાકાર. **pr. arrangement.** પાસાદાર ગોઠવણી–વિન્યાસ. **pr. layer.** ત્રિપાર્શ્વીયસ્તર. **pr. soil structure.** જમીનની ત્રિપાર્શ્વીય સંરચના, જેમાં ઊર્ધ્વ અક્ષ સમક્ષિતિજ અક્ષ કરતાં લાંબો હોય છે.

**private** ખાનગી માલિકીનું. **pr. ownership.** ખાનગી માલિકી. **pr. sector.** ખાનગીક્ષેત્ર, ખાનગી વિભાગ.

**pro—.** પૂર્વક, આદિક, પ્રાક્, ઇ. અર્થસૂચકપૂર્વગ.

**probabilily distribution.** પ્રાયિકતા વિતરણ. **probable error.** સંભાવ્ય ત્રુટિ.

**probang.** ગ્રસની કે અન્નનળીમાં હરકત કરતી વસ્તુને દૂર કરવા જઠર નળીના છેડે ખોસેલાં પાતળાં, વાળી શકાય તેવો લાકડાનો દાંડો.

**probe.** એષણી; અનાજના દાણાનો નમૂનો લેવાનું – કાઢવાનું સાધન.

**proboscis.** સૂંઢ; જંતુઓમાં લાંબુ તુંડ કે નલિકાકાર લંબાયેલો મોંનો ભાગ.

**procaine hydrochloride.** પ્રોકેઈન હાઇડ્રોક્લોરાઇડ.

**procambium.** વાહી અંગવાળું પ્રાથમિક રંભજનકનો એક ભાગ.

**procarp.** પૂર્વફળ, પૂર્વફલાવરણ, આદિફળ.

**Procerus** *indicus*. શેરડીના સાંઠાને કોરનાર કીટ.

**process.** ઉપભોગ માટે અથવા વેચાણ માટે ખેતીની પેદાશને તૈયાર કરવી, તેને માટેની પ્રક્રિયા કરવી. (૨) પ્રવર્ધ. **pr. tankage.** પ્રક્રિયા ગત વિશેષ. **processed.** તૈયાર, પ્રક્રિયાકૃત. **processing.** તૈયારી કરવી તે.

**procedure.** કાર્યવિધિ, વિધિ.

**Procontarinia** *matteiana*. આંબાનો એક કીટ, જેનું ડિંભ પાન ખાય છે.

**procumbent.** ભૂસ્તરી, જમીન પર પથરાતી પણ જમીનમાં મૂળ ન કરનાર (વનસ્પતિ).

**Prodenia** *litura* **F.** અળવીનાં પાન ખાનાર કીટ.

**producer's price.** ઉત્પાદકની કિંમત. **production.** વનસ્પતિ કે પ્રાણીની કુલ પેદાશ, ઉત્પાદન. **pr. coefficient.** કોઈ પણ પ્રાણીને આપવામાં આવતા ખોરાકના એકમનું માપ. (૨) ઉત્પાદન ગુણાંક. **pr. control.** ઉત્પાદન નિયંત્રણ. **pr. efficiency.** ઉત્પાદન કુશળતા. **pr. ration.** કોઈ પ્રાણીને આપવામાં આવતો ખોરાક, જે તેનામાં શક્તિ પેદા કરે, તેનાં કાર્ય, માંસ, દૂધ કે ઈંડાં ઉત્પન્ન કરવામાં મદદરૂપ થાય અને તેનો

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નભાવ જાળવી રાખે; આનાં પ્રકાર અને પ્રમાણનો આધાર પ્રાણીના ઉપર જણાવી તે પેદાશ પર રહે છે. **pr. technique.** ઉત્પાદન માટે આવશ્યક બનતી પ્રવિધિ. **productive.** ઉત્પાદક. **pr. animal unit.** ઉત્પાદક પ્રાણીઓનો એકમ. **pr. canal.** ઉત્પાદક નહેર. **pr. energy.** પ્રાણીના શરીરમાં ગરમી ઉત્પન્ન કરે તેવા તેના ખોરાકનો ઉપલબ્ધ હિસ્સો; પ્રાણીના જીવનનાં કાર્યો અથવા કામ માટે જરૂરી બનતી શક્તિ, ઉત્પાદક શક્તિ. **pr. land.** પુષ્કળ અથવા પ્રમાણમાં વધારે પેદાશ આપતી જમીન, જેના માટે જમીનની કુદરતી ફળદ્રુપતા, અનુકૂળ સ્થાન, કુશળ કામગીરી અને તેનું સંચાલન જેવી બાબતો કારણભૂત હોય છે. **pr. soil.** ચોક્કસ વિસ્તારનો આર્થિક દૃષ્ટિએ ફાયદાકારક પાક પેદા કરવા માટે જરૂરી રાસાયણિક, ભૌતિક અને જૈવ સંજોગો અનુકૂળ હોય તેવી જમીન. **pr. value.** ઉત્પાદક મૂલ્ય. **pr. work unit.** ઉત્પાદક શ્રમ એકમ. **productivity.** ચોક્કસ પ્રકારના સંચાલન હેઠળ ચોક્કસ વનસ્પતિ અથવા વનસ્પતિનું અનુક્રમણ પેદા કરવા માટે સાધારણ પર્યાવરણમાં જણાતી ક્ષમતા, જેનું માપ પેદાવારના એકમ દ્વારા દર્શાવી શકાય છે. જમીન, પ્રાણી કે ઈંડાં મૂકનાર પક્ષીની ઉત્પાદન ક્ષમતા. **pr. rating of soil** જમીનની ઉત્પાદન ક્ષમતાનું નિર્ધારણ.

**proembryo.** આદિભ્રૂણ, આદિગર્ભ, પૂર્વભ્રૂણ.

**proenzyme.** **zymogen.** કાર્યે ઉત્પન્ન કરેલો અક્રિય ઉત્સેચક.

**profile.** જમીનની પરિચ્છેદિકા. (૨) પ્રાણી શરીરની સામાન્ય રૂપરેખા. (૩) પાર્શ્વ દૃશ્ય.

**progametangium** પૂર્વજન્યુધાની.

**progenitor.** સંતતિમાં પિતૃનાં ચોક્કસ પ્રકાર કે લક્ષણોના સ્રોત કે મૂળ તરીકે ઓળખાય તેવી વ્યક્તિગત વનસ્પતિ અથવા પ્રાણી; સંતતિનો જનક; પિતૃ; પ્રજનક.

**progeny.** સંતતિ, વનસ્પતિ અથવા પ્રાણીનું ફરજંદ. **pr. test.** નિયંત્રિત સંવર્ધન દ્વારા સંતતિના અભ્યાસ વડે વ્યક્તિગત વનસ્પતિ અથવા પ્રાણીના આનુવંશિક તત્વનું મૂલ્યાંકન, સંતતિ પરીક્ષણ.

**progesterone.** પાલતું પ્રાણીના અંડાશય અને ગર્ભાશયના ચોક્કસ રોગના ઉપચારમાં ઉપયોગમાં લેવામાં આવતો એક પ્રકારનો અંતઃસ્રાવ. (૨) સ્ત્રીઓ કે માદા પ્રાણીઓનો એક અંતઃસ્રાવ. **progestin.** ગર્ભાધાન શક્ય બનાવનાર અંતઃસ્રાવ; *corpus luteum* દ્વારા પેદા થતો અંતઃસ્રાવ, જે ગર્ભાવસ્થા દરમિયાન ચાલુ રહેવા પામે છે અને દુગ્ધ-ગ્રંથિઓની નલિકાઓના ઉત્પાદનને પ્રેરિત કરે છે.

**proglottids.** શીર્ષ અને ગરદન પ્રદેશ સિવાયનો પટ્ટીકૃમિનો ખંડ કે ભાગ.

**prognosis.** પ્રાણીને થયેલા રોગનાં વિકાસ અને પરિણામ વિષેની આગાહી – પૂર્વાનુમાન. (૨) ફલાનુમાન.

**progress.** પ્રગતિ. **progressive** વર્ધમાન, વધતું, પ્રાગતિક. **pr. average.** વર્ધમાન સરેરાશ. **pr. mutation.** વર્ધમાન – પ્રગામી ઉત્પરિવર્તન.

**projection.** પ્રક્ષેપ.

**prolactin.** અગત્યનો દુગ્ધોત્પાદક અંતઃસ્રાવ.

**prolamines.** પ્રોટીન સમૂહ; અનાજના દાણાનો લાક્ષણિક પ્રોટીન, જે પૈકી ઘઉં અને રાઈ ધાન્યના દાણા માટેનો *gliadin*, મકાઈ માટેનો *zein* અને જવ માટેનો *hordein* છે. શાકભાજીમાં પણ તે જોવામાં આવે છે. આ પ્રોટીન પ્રાણી, એબ્સોલ્યુટ આલ્કોહોલ અને અન્ય તટસ્થ દ્રાવણોમાં અદ્રાવ્ય છે.

**prolapse.** અંતઃસ્થ અંગનું પડી જવું – નીચે સરકી આવવું; અંગભ્રંશ. **pr. of rectum.** હરસ. **pr. of uterus.** ખાસ કરીને પ્રસુતિ બાદ ગર્ભાશયનું પૂર્ણ કે અંશતઃ ઊંધું થઈ જવું; ગર્ભાશય વિપર્યય. **pr. of vagina.** (ગાયની) યોનિ ઊંધી થઈ જાય, કે અંશતઃ કે પૂર્ણપણે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બહાર ખેંચાઈ આવી લબડી પડે તે. ગર્ભમાંના બચ્ચાને બહાર કાઢવા માટે ગાય ભારે શ્રમ કરે અથવા બચ્ચાને જન્મ આપતી વખતે જરાયુને દૂર કરતા અરવાસ્થ્યકર સાધનનો આશરો લેવામાં આવે ત્યારે યોનિના વિપર્યયની અવસ્થા ઊભી થાય છે.

**proleg.** પ્ર-પાદ, પ્ર-પગ, ઉપપાદ.

**proliferate.** સમાન રૂપોનું પ્રજનન કરી તે દ્વારા વૃદ્ધિ પામવી. **proliferation.** પ્રચુરોદ્ભવ, બહુપ્રસવતા, વિસ્તાર, બહુપ્રજનન. (૨) વનસ્પતિના રોગનું દ્યોતક હોય તે રીતે ગાઢી જેવી વૃદ્ધિ થવી. (૩) રોગિષ્ઠ કોષનું પ્રગુણન. **proliferous.** ઓફ્સેટ, કલિકા અને અન્ય વાનસ્પતિક સાધનો દ્વારા વનસ્પતિનું પુનરુત્પાદન - પ્રજનન જેવું. (૨) જૂની શાખામાંથી નવી શાખાના ઉદ્ભવ જેવું. **pralific** વિસ્તૃત – બહુ સંતતિ પેદા કરનાર, બહુઉર્વર, બહુ પ્રજનનશીલ.

**prolongation.** દીર્ઘિત ભાગ; દીર્ઘીભવન.

**promeristem.** પ્રવિભજ્યા, આદિ વર્ધનશીલ પેશી.

**prominent.** આગળ પડતું.

**promiscuous.** મિશ્રિત અને અવ્યવસ્થિત રચના. (૨) ભેળસેળ થઈ ગયેલા ઘણા પ્રકારનું, ફાવે તેમ.

**promycelium.** (એ. વ.) **promycilia.** (બ.વ.) આદિકવક સૂત્ર, પૂર્વકવક જાળ; અંગારિયા અને ગેરુનું પ્રકણીધર, પૂર્વ મિસિતંતુ.

**prong budding.** દાંત આકારનું કલિકાસર્જન જેવું, જેમાં ટૂંકા પ્રવર્ધ અથવા શૂળનો ઉપયોગ કરવામાં આવે છે.

**pronamatus.** બોરમાં પડતી ઈતડી.

**pronotum.** અગ્રવક્ષ.

**pronucleus.** પૂર્વ કોષકેન્દ્ર, આદિ કોષ કેન્દ્ર. (૨) ઈંડું, શુક્રકોષ કે પરાગરજનું કોષકેન્દ્ર.

**prop.** ટેકો, આધાર.

**propagate.** લિંગી અથવા અલિંગી પ્રજનન કરવું. **propagating part.** કંદ, છોડ, પાન ઇ. જેવો વનસ્પતિનો અલિંગી પ્રજનન કરતો ભાગ. **propagation.** પ્રવર્ધન, પ્રચારણ. **propagula.** પ્રસરણાંગ, વર્ધદ્વિક.

**propeller pump.** ટર્બાઈન પંપ.

**property.** ગુણ, ગુણધર્મ. (૨) સંપત્તિ, મિલકત. **pr., farm** કૃષિ સંપત્તિ – મિલકત. **pr., immoveable** સ્થાવર મિલકત. **pr., landed** ભૂસંપતિ, જમીન–જાગીરની મિલકત.**pr., moveable** જંગમ સંપત્તિ – મિલકત.

**profase.** પૂર્વાવસ્થા; પૂર્વભાજના; અર્ધીકરણ કે સમસૂત્રીકરણ દરમિયાન રંગસૂત્ર દેખાવા માંડે ત્યારથી ભાજનાવસ્થા સુધીની અવસ્થા; રંગસૂત્ર નિર્માણ થાય તે અગાઉ સમ કે અર્ધવિભાજનની પ્રથમાવસ્થા.

**prophylactic.** રોગરોધન, રોગની સામે રક્ષણ આપનાર અથવા રોગ થતો અટકાવનાર. **prophylaxis.** રોગ રોધન, રોગનિરોધ. (૨) પરજીવી ઉપદ્રવ અથવા રોગ સામેની રાસાયણિક, ઓષધ, રસી કે યાંત્રિક સાધન વડે હાથ ધરવામાં આવતી માવજત.

**propless.** ટેકાવિનાનું, નિરાધાર.

**propolis.** કેટલાંક ઝાડની કળી કે પાન અક્ષમાંથી સ્રવતું ચીકણું દ્રવ્ય, જે વડે મધમાખીઓ મધપૂડાના ખડો અથવા તિરાડોને પૂરી દે છે; મક્ષી ગુંદર.

**proportion.** અનુપાત, પ્રમાણ. **proportional weir.** મથાળાના પ્રમાણમાં પાણીના વહેણનું નિયંત્રણ કરતો આડબંધ.

**proprietary right.** માલિકી હક્ક.

**proprietor.** માલિક.

**prop root.** સ્તંભમૂળ; મકાઈ જેવા પ્રકાંડમાંથી જમીનમાં ઊગતાં મૂળ.

**prosenchyma.** મુખ્યત્વે અવલંબન માટે સૂક્ષ્માગ્રવાળા લંબાયેલા કોષની પેશી, તંતુવાહિની પેશી.

**proso millet** ચેણો.

**Prosopis** *juliflora* **(SW.) DC.**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



[Syn. **Mimosa** *juliflora* **Sw.**]. હિંદીમાં કાબૂલી તરીકે ઓળખાતું. વાડ તરીકે વાવવામાં આવતું ઝાડ, જે વેરાન ભૂમિમાં સારી રીતે ઊગી નીકળે છે અને પવનના સપાટાને રોકવા માટે તે ઉપયોગી બને છે. રણને આગળ વધતું અટકાવવા માટે તેને રાજસ્થાનમાં વાવવામાં આવે છે. તેનાં ફળ પશુઓને ખાવા માટે આપવામાં આવે છે. **Pr.** *spicigera* **L.** સમી, ખીજડો, વાડ તરીકે ઉપયોગી ઝાડ.

**prosthetic group.** સંલગ્ન પૂરકસમૂહ.

**prostrate.** અનુસર્પી, ભૂશાયી. **pr. stem.** ભૂશાયી પ્રકાંડ. **prostration.** નિર્બળતાના કારણે અથવા શક્તિ ચાલી જવાથી બેઠું થઈ ન શકે તેવું જમીનપર બેઠેલું કે સૂતેલું પ્રાણી, જે પ્રાણીની બીમારીના એક લક્ષણ રૂપે હોય છે.

**protamines.** સરળ પ્રોટીનોનો સમૂહ, જેમાં વિપુલ પ્રમાણમાં નાઈટ્રોજન હોય છે, પણ ગંધક હોતો નથી અને જે પરિપક્વ શુક્રકોષ હોય કે અંડકોષમાં હોય છે. આલ્કોહોલ અથવા ઈથરમાં અદ્રાવ્ય પણ પાણીમાં દ્રાવ્ય બનતું દ્રવ્ય.

**protandrous.** પૂર્વ પુંપક્વ, જાયાંગ અગાઉ પુંકેસર પક્વ બને તેવું પુંપૂર્વી. **protandry.** પૂર્વપુંપક્વતા, પુંપૂર્વતા; સ્ત્રીકેસર ગ્રહણ કરે તે અગાઉ પરાગ રજમાં થતો સ્ફોટ.

**prolease.** એક પ્રકારનો ઉત્સેચક, જે પ્રોટીનને પ્રભાવિત કરે છે.

**protectants.** ગંધક અથવા કાર્બનિક સંયોજનો જેવાં રાસાયણિક દ્રવ્યો, જેનો છંટકાવ કરવાથી કે જે બી, પ્રકાંડ પાન કે ઘા પર લગાડવાથી ફૂગ કે જીવાણુના પ્રવેશને અટકાવે છે અને સડો થવા દેતો નથી. **protective.** સંરક્ષણાત્મક. **pr. action.** સંરક્ષણાત્મક ક્રિયા. **pr. foods.** શરીરની સામાન્યવૃદ્ધિ અને સ્વાસ્થ્યને જાળવવા જરૂરી બનતાં વધારાના ખનિજ, પ્રોટીન અને પ્રજીવકો પૂરાં પાડનાર ખોરાક.

**protein.** પ્રોટીન; કાર્બન, હાઇડ્રોજન, ઑક્સિજન અને કયારેક ફૉસ્ફરસ કે ગંધક કે બંને ધરાવતું અતિ જટિલ રાસાયણિક દ્રવ્ય, જે વાનસ્પતિક કે પ્રાણીજ કોષને માટે અતિઆવશ્યક છે અને જે સંખ્યાબંધ એમિનો ઍસિડ (જે પોતે પણ પ્રોટીન પાચનની અંત્ય પેદાશ છે તે) ના વડે બને છે. આ શબ્દનો અર્થ ક્રૂડ પ્રોટીન થાય છે અને તેનાં સ્નાયુ ઘડતરમાં તેની ભાંગફોડને સમી કરવા અને શરીર તથા ભ્રૂણની વૃદ્ધિ અને દૂધ તથા ઇંડાંના ઉત્પાદન માટે આવશ્યક નાઈટ્રોજન સંયોજનોનો સમાવેશ થાય છે. માંસ, માછલી, લોહી, ખોળ, કઠોળ, તેલીબિયાં, શિમ્બી વર્ગની વનસ્પતિનાં ઘાસ, અનાજ અને તેની આડ પેદાશોમાં પ્રોટીન હોય છે; પોતદ્રવ્ય; નત્રલ પદાર્થ દ્રવ્ય. **pr. deficiency.** પ્રાણીના ખોરાકમાં પ્રોટીનની ઊણપના કારણે તેનાં વૃદ્ધિ અને વિકાસ ધીમાં થાય છે, રુચિ જોખમાય છે, નબળાઈ આવે છે અને માદા પ્રાણી દૂધ ઓછું આપે છે. **pr. equivalent.** પ્રાણીઓના ખોરાકનાં ઘટકો જાણવા સુપાચ્ય પ્રોટીનને ગર્ભા અપાચ્ય બિનપ્રોટીનમાં મિશ્રકરી મેળવવામાં આવતો આંક, પ્રોટીન તુલ્યાંક. **pr. metabolism.** પ્રોટીન ચયાપચય. **pr. rich foods.** શિમ્બી વર્ગની વાનસ્પતિનાં બી, અને તેલીબિયાંના ખોળ જેવા અતિ ઉચ્ચ પ્રોટીન દ્રવ્યવાળાં ખોરાકી દ્રવ્યો હોય છે. **pr. synthesis.** પ્રોટીન સંશ્લેષણ.

**proteolysis.** સજીવની ક્રિયાના પરિણામે પ્રોટીનનું થતું પૃથક્કરણ; પ્રોટીન વિશ્લેષણ, ઉત્સેચકની ક્રિયાથી પ્રોટીનનું થતું ભંજન. **proteolytic flavour.** પ્રોટીન અને એમિનો ઍસિડ દ્રવ્યોના ભંજનના પરિણામે માખણ અને દૂધની અન્ય પેદાશોની આવતી અપ્રિય વાસ. **pr. organism.** પ્રોટીનનું ભંજન-વિઘટન કરનાર સજીવ કે સૂક્ષ્મ જીવ. **proteoses.** પ્રોટીનભંજક ઉત્સેચકો દ્વારા થતા પ્રોટીન અણુના ભંજનની પ્રથમાવસ્થા.

**prothalial cell.** પૂર્વદેહ કોષ, પૂર્વસુકાયક કોષ. **prothallus.** સુકાયક,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૂર્વ સુકાય, પૂર્વદેહ. **pr. illicum.** પૂર્વ દેહ.

**prothorax.** અગ્રવક્ષ.

**Protium** *serratum* **(Wall ex Colebr.) Engl.** [Syn. *Bursera serrata* **Wall ex Colebr.**]. હિંદીમાં મિરતગ તરીકે ઓળખાતું આસામ, બિહાર અને ઓરિસ્સામાં થતું ખાદ્ય ફળધારી ઝાડ.

**proto—.** પૂર્વ, આદિ, પાક્ ઇ. અર્થસૂચક પૂર્વગ.

**protocotyledon.** આદિબીજપત્ર.

**protoderm.** પ્રચર્મ, પ્રત્વચા.

**protoembryo.** આદિભ્રૂણ, આદિગર્ભ.

**protogenetic.** રચના અથવા વૃદ્ધિના પ્રથમ સમયનું. **protogenic.** જુઓ *protogenetic*.

**protogynous.** પુંકેસર અગાઉ સ્ત્રી કેસરનું પરિપકવ બનવા અંગેનું. **protogyny.** પૂર્વ સ્ત્રીકેસર પકવતા પુંકેસર પકવ બને તે અગાઉ જ સ્ત્રીકેસરની થતી પરિપકવતા, સ્ત્રીપૂર્વતા.

**protoleaf.** આદિપર્ણ.

**protonema.** પ્રતંતુ.

**protopectin.** પેક્ટિનનું આદિ દ્રવ્ય.

**protophloem.** આદિ અન્નવાહિની.

**protophyta.** એક કોષવાળી અતિ સરળ વનસ્પતિ. **protophyte.** સમરૂપ વનસ્પતિ; પ્રોટોફાઈટા વર્ગની વનસ્પતિ.

**protoplasm.** જીવરસ, જીવદ્રવ્ય. (૨) સઘળાં વાનસ્પતિક અને પ્રાણીજ કોષનું કલિલીય દ્રવ્ય, જેમાં પાણી, પ્રોટીન અને આવશ્યક દ્રવ્યોનો સમાવેશ થાય છે, અને જે ઈંડાની સફેદી જેવું લાગે છે. **protoplasmic.** જીવરસનું–તે અંગેનું. **p. resistance.** જીવરસમૂલક પ્રતિરોધ. **protoplast.** જીવદ્રવ્ય ઘટક, જીવરસ એકમ.

**protostele.** આદિ મધ્ય રંભ.

**Protostrongylus** *rufescens.* બકરાં, ઘેટાંમાં ઉપદ્રવ કરતું કૃમિ, જે ફેફસામાં ઈંડાં મૂકી પાચનમાર્ગમાં વૃદ્ધિ અને વિકાસ પામે છે. શ્વાસનળીનો ન્યુમોનિયાના અથવા ફુપ્ફુસ ન્યુમોનિયા રોગનું કારક બને છે, જેના ઉપદ્રવના કારણે છેવટે રોગી પ્રાણીનું મૃત્યુ નીપજે છે.

**prototroph.** પ્રાથમિક પોષણતંત્રવાળી (વનસ્પતિ).

**prototype.** પ્રથમ અને પ્રાથમિક પ્રકાર – પ્રતિરૂપ, આદ્યરૂપ. (૨) અસલ નમૂનો.

**protoxylem.** આદિ જલવાહિની, આદિ દારૂવાહિની.

**protozoa.** આદિજીવ, પ્રજીવ. (૨) એક કોષી સજીવ. (૩) અત્યંત સરળ પ્રકારના સૂક્ષ્મ, સ્વતંત્ર રીતે જીવન જીવવાની ક્ષમતા ધરાવતા સજીવો, જેમાના કેટલાક પરજીવી બને છે, જ્યારે બીજા રોગોત્પાદક થાય છે. (૪) પ્રાણીસૃષ્ટિના નિમ્નતમ જીવો. **protozoacide.** પ્રજીવ પરજીવીનો નાશ કરી શકે તેવું ગમે તે રાસાયણિક દ્રવ્ય. (૨) પ્રજીવ પરજીવીના સંક્રમણને અથવા ચેપનું નિવારણ કરે તે ગમે તે કારક. **protozoan parasite.** પ્રાણી સમુદાય પ્રજીવવર્ગનું એક કોષી પરજીવી. **Protozoology.** પ્રજીવ વિજ્ઞાન.

**protractile.** વિસ્તાર કરી શકાય તેવા અંગનું -ને લગતું.

**protuberant.** પ્રોદ્દવર્ધિત. (૨) ફૂલેલું.

**provascular.** પ્રવાહિકી.

**proved bull.** જેની પ્રજનનક્ષમતા પુરવાર થઈ ચૂકી છે તેવો સાંઢ; એવા પ્રકારનો સાંઢ, જેની દુહિતા, અન્ય પિતૃની દુહિતા કરતા વધારે દૂધ, માંસ ઇ. આપે છે; પોતાની સંતતિમાં વધુ ઉત્પાદન ક્ષમતા આપ્યાનું જેણે પુરવાર કર્યું હોય તેવો સાંઢ.

**provender.** પાલતું પ્રાણીઓનું સૂકું ખાણ કે ઘાસ.

**provenience.** બી અને અંતઃક્ષેપનું ખાસ કરીને ભૌગોલિક મૂળ.

**proventriculitis.** બંધ બારણે ઉછેરવામાં આવતાં મરઘાંનાં બચ્ચાંને થતો જઠરનો સોજો; ઘણીવાર મોટાં મરઘાંને પણ આવું દર્દ થાય છે. **proventriculus.** પક્ષીની અન્નવાહિનીની કોથળી અને તેની જઠરથંટીની વચમાં થવા

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પામતું ગ્રંથિલ જઠર.

**proximal.** સમીપસ્થ, મુખ્ય અક્ષ પાસેનું (અંગ). **proximity.** સમીપતા, નજીકતા.(૨) સ્થળ અને સમયની નજીકતા.

**pruinose.** રજ કે ભૂકીથી આવરિત.

**prune.** જીવતી કે મરેલી ડાળીઓ, ડાળખાં અથવા વૃક્ષઝૂંડમાંથી વધારાનાં ઝાડ દૂર કરવાં, જેથી વૃક્ષ કે તેના કાષ્ઠની જાત સુધરે. (૨) આલુની કોઈ પણ જાતિ; જેના ફળને આથવણ આવ્યા વિના, સૂકવીને સાચવી રાખી શકાય. (૩) સૂકવેલું આલુ; તેના રસનો ઘેરી લાલાશ પડતો રાખોડી રંગ. **pruning.** વનસ્પતિની વાર્ષિક વૃદ્ધિની કાપકૂપ કરવી, જેથી ઝાડના રૂપ-રંગમાં કોઈ ફેર પડતો નથી પણ તેનાં વૃદ્ધિ અને વિકાસ સરળ બને છે. આ કાપકૂપ સામાન્ય રીતે બે પ્રકારે કરવામાં આવે છે. કોઈ પણ પ્રકારનું ઠૂંઠું ન રહેવા પામે તેવી રીતે ઝાડનાં થોડાં ફણગા અથવા ડાળીઓ કે ડાળખાંને દૂર કરવામાં આવે છે અને બધી ડાળીઓના અંત્ય છેડા દૂર કરી તળનો ભાગ રહેવા દેવામાં આવે છે. વનસ્પતિના એક ભાગની શક્તિ બીજા ભાગ તરફ વળે અથવા જાય તેમ કરવું. ઝાડનાં વૃદ્ધિ અને વિકાસ તથા ફળના બેસારાના પ્રકાર પર કાપકૂપની પદ્ધતિ નક્કી કરવામાં આવે છે અને કેટલા પ્રમાણમાં કાપકૂપ કરવી તેનું પણ કોઈ ચોક્કસ પ્રમાણ હોતું નથી. આંબા, અને ફણસ જેવા વૃક્ષની કાપકૂપ કરવાની જરૂર નથી; જ્યારે લીંબુ જેવાં ખટમધુરાં ફળોનાં ઝાડ, જામફળી અને લાછીના ઝાડની એક બીજા પર ગૂંથાઈ કે ગૂંચવાઈ જતી ડાળીઓની છટણી કરવી પડે છે; જ્યારે પાનખર ઝાડમાં પુષ્પોદ્ભવ થવા અગાઉ છટણી કરવી પડે છે અથવા કરવી જોઈએ.

**Prunus** *amygdalus* **Batsch** [Syn. **Pr.** *communis* **(L.) Arcang;** *Amygdalus communis* **L.**]. બદામ; મૂળ ભૂમધ્યના પૂર્વીય પ્રદેશનું પરંતુ અહીં મુખ્યત્વે પંજાબ અને કાશ્મીરમાં ઉગાડવામાં આવતું તેનાં ખાદ્યફળ એટલે બદામનું ઝાડ. આ ઝાડમાં કડવી અને મીઠી એમ બંને પ્રકારની બદામો થાય છે. આ બંને પ્રકારની બદામોને પીલીને કાઢવામાં આવતું તેલ સુગંધી દ્રવ્યો બનાવવામાં ઉપયોગી બને છે. **Pr.** *armeniaca* **L.** [(Syn. **Armeniaca** *vulgaris* **Lamk.**]. જરદાળુ. મૂળ એશિયાનું પણ અહીં કાશ્મીર, હિમાચલ પ્રદેશ, કુળુ અને કુમાંઉમાં થતું ઝાડ, જેનાં ફળ-જરદાળુ ખાવાના કામમાં આવે છે, અને તેનાં બીને પીલીને કાઢવામાં આવતું તેલ રસોઈના કામમાં, બળતણ માટે અને વાળમાં નાંખવા માટે ઉપયોગી બને છે. **Pr.** *avium* **L.** મીઠી ચેરી. કાશ્મીર, કુળુ, કુમાંઉ અને હિમાચલ પ્રદેશમાં થતું ખાદ્યફળ એટલે ચેરીનું ઝાડ. **Pr.** *cerasoides* **D. Don** (Syn. **Pr.** *puddum* **Roxb. ex Wall.**). ખાદ્યફળ પદમનું ઝાડ, જેની ગોટલીઓ અથવા બીની માળા અને કંઠી બનાવવામાં આવે છે, કાષ્ઠની લાકડીઓ બનાવવામાં આવે છે. આ ઝાડ સાધારણ રીતે ગઢવાળથી સિક્કિમ સુધીના સમશીતોષ્ણ હિમાલય તથા ઉટાકામંડમાં થાય છે. **Pr.** *cerasus* **L.** આલુ; પંજાબ, કાશ્મીર, હિમાચલ પ્રદેશ અને કુમાંઉમાં થતું ખાદ્ય ફળનું ઝાડ. **Pr.** *domestica* **L.** *subsp insititia* **(L.) Schneid.** [Syn. **Pr.** *communis* **Huds** var. *insititia* **Hook f.**]. આલુ; પંજાબ, હિમાચલ પ્રદેશ, કુળુ અને કુમાંઉના ડુંગરાળ પ્રદેશમાં થતું ખાદ્યફળ – આલુનું ઝાડ. **Pr.** *jenkinsii* **Hook f.**[Syn. **Cerasus** *jenkensii* **Hook f & Thoms.**]. આસામ અને ખાસી ટેકરીઓનું ખાદ્ય ફળનું ઝાડ. **Pr.** *padus* **L.** (Syn. **Pr.** *avium* **Mill.**). હિંદીમાં જમના તરીકે ઓળખાતું સમશીતોષ્ણ હિમાલયમાં થતું ખાદ્ય ફળ આલુનું ઝાડ. **Pr.** *persica* **(L.) Batsch** [Syn. **Amygdalus** *persica* **L;** **Persica** *vulgaris* **Mill.**]. પીચ, કાશ્મીર પંજાબ, હિમાચલ પ્રદેશની ટેકરીઓ અને

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ફુળુ તથા કુમાંઉમાં થતું પીચનું ઝાડ, જેનાં બીને પીલીને કાઢવામાં આવતું તેલ રસોઈના કામમાં તથા દીવાબત્તીના કામમાં આવે છે. **Pr.** *salicina* **Lindl.** [Syn. **Pr.** *triflora* **Roxb.**]. નીલગિરિમાં ઉગાડવામાં આવતું જાપાની આલુ નામના ફળનું ઝાડ.

**prussic acid.** ધુમાડો આપવા બહોળી રીતે ઉપયોગમાં લેવામાં આવતું દ્રવ્ય.

**Psara** *bipunctalis.* રીંગણીમાં પડતી ઈયળ.

**Pseudaletia** *albistigma.* ડાંગરનું આરોહી જંતુ. **Ps.** *unipunctata.* ડાંગરમાં પડતું જંતુ.

**Pseudamphistomum** *truncatum.* કૂતરાં અને બિલાડાંમાં પડતાં કૃમિ.

**pseudo—.** કૂટ,–અસત્ય,–આભાસી ઇ. અર્થસૂચક પૂર્વંગ.

**pseudo annulus.** કૂટ વલયધર.

**pseudo- anthrax.** કૂટ ગુલ્મરોગ. *Clostridium chauvoei.* નામના જંતુથી થતો રોગ, જેથી રોગી ઢોરનું 48 કલાકમાંજ મરણ નીપજે છે.

**pseudobulb.** કૂટ કંદ; જમીનની ઉપર પ્રકાંડની નીચલી વાયવીય ગાંઠનું ફૂલવું. જેમાં વનસ્પતિનાં ખોરાક અને ભેજ સંગ્રહાય છે.

**pseudocarp.** સહરજન જેવું કૂટફળ, જેમાં અંડાશય સિવાયના અન્ય ભાગ તેની રચના કરે છે. (૨) પુષ્પના અન્ય ભાગની સાથે સંલગ્ન અંડાશયવાળું ફળ.

**Pseudococcus** *bromeliae* **B.** અનેનાસમાં થતું ન નું લાલાશ પડતું જંતુ. **Ps.** *lilacinus* **C.** સીતાફળમાં થતું લાલાશ પડતું જંતુ. **Ps.** *virgatus.* સીતાફળનું જંતુ.

**pseudocortex.** કૂટ બાહ્યક, કૂટ પ્રાંતસ્થા

**pseudocyst.** કૂટ કોષ્ઠ

**pseudogamy.** કૂટ યુગ્મન, અસત્યલિંગ પ્રજનન. (૨) બીજાણુનો અનિષેક વિકાસ, જેમાં પરાગયનને પ્રેરવું પડે છે.

**pseudohaploid.** કૂટ એકકીય, આભાસી એકગુણિત.

**pseudolinkage.** રંગસૂત્રીય પરિવર્તન માટે વિષમ યુગ્મકનાં કારકોનો આભાસી મેળ.

**Pseudomanas** *mangiferae–indicae.* આંબાને થતા એક પ્રકારના રોગનો કારક કીટ. **Ps.** *rubrilineans.* શેરડીમાં રોગ કરનાર એક પ્રકારનો કીટ. **Ps.** *solanaccarum.* રીંગણાનો રોગોત્પાદક કીટ.

**pseudomycorrhiza.** કૂટ કવકજાળ. વનસ્પતિના ફળને નુકસાન કરે તેવી તેને વળગતી ફૂગ.

**pseudoparasite fungi.** કૂટ પરજીવી ફૂગ.

**pseudoparechyma disc.** કૂટ મૃદૂતક ચકતી.

**Pseudoperonospora** *cubensis.* વનસ્પતિઓમાં રોગકારક કીટ.

**Pseudopeziza** *medicaginea.* રજકાના રોગનો કારક કીટ.

**pseudopod.** કૂટપાદ. (૨) કેટલાક ડિંભમાં પગ જેવી દેહ દીવાલ પર થતો પ્રવર્ધ.

**pseudoplasmodium.** કૂટ પ્લાઝ્મોડિયમ.

**pseudopragnancy.** મિથ્યાગર્ભ.

**Pseudostachyum** *polymorphum* **Munro.** નદીના કાંઠા પર, તેરાઈની ખીણમાં, આસામ, ગારો ટેકરીઓ અને છેક ઉત્તર બ્રહ્મદેશ સુધી વિસ્તરેલી નિમ્ન ટેકરીઓના વિસ્તારોમાં થતા વાંસનો એક પ્રકાર, જેનો ઉપયોગ ચાના બગીચાવાળાઓ ચાની પેટીઓ બનાવવા માટે કરે છે, ઉપરાંત તેનાં છત્રીના દાંડા અને લાકડીઓ બનાવવામાં આવે છે.

**pseudosperm.** કૂટબીજ કે ફળ, જેના કાષ્ઠની પેટીઓ બનાવવામાં આવે છે.

**pseudostem.** કૂટપ્રકાંડ, આભાસી સ્તંભ.

**Pseudostreblus** *indicus* **Bur** ખાસી ટેકરીઓમાં થતું એક ઝાડ.

**pseudo-tuberculosis in sheep**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



*caseo – lymphadenitis*. નામનો ઘેટાંને અને કેટલીકવાર બકરાને થતો એક પ્રકારનો દીર્ઘકાલીન રોગ, આ રોગ *Corynebacterium ovis* અથવા *Preiz-Nocard bacillus*. નામના જીવાણુઓથી થાય છે, જેમાં મરણ પ્રમાણ ઓછું હોય છે.

**pseudoyeast**. બીજાણુ બનાવી ન શકે તેવું યીસ્ટ.

**Psidium** *cattleyanum*. **Sabine** [Syn **Ps.** *littorabe* **Raddi.**]. ખાદ્ય ફળ માટે ઉગાડવામાં આવતું વૃક્ષ.

**ps.** *guajava* **L.** જામફળ; ઉત્તરપ્રદેશ, પંજાબ, બિહાર, મહારાષ્ટ્ર અને આન્ધ્રપ્રદેશમાં થતું જામફળનું ઝાડ, જેનાં પાન અને છાલ ચામડાં કમાવવા ઉપયોગી બને છે.

**psittacosis**. શુક–પોપટ કુળનાં પક્ષીઓ, કબૂતરો, મરઘાં બતકાં, ટર્કી અને જંગલી પક્ષીઓમાં ફેલાતો વિષાણુજન્ય એક રોગ. આ રોગના વિષાણુ કૂતક જેવા સસ્તન પ્રાણીઓમા હોય છે, અને પોપટ મારફતે માણસોમાં પણ તે વિસ્તરે છે. પરંતુ આ રોગ ભારતમાં થયો હોવાનું જાણવામાં આવ્યું નથી.

**Psophocarpus** *tetragonolobus*(**L.**) **DC.** ચોધારી ફળી, નામનો વેલા, જેની કાચી ફળીનું શાક થાય છે.

**Psoralea** *corylifolia* **L.** બાવચી નામની શાકીય વનસ્પતિ, જેનું ઓલિયોરેઝિન દ્રવ્ય રક્તપિત્ત અને ચામડીના અન્ય રોગોમાં ઉપયોગી બને છે. **Ps.** *gonolova*. ગુવાર. **P.** *plicata* **Delile.** એક ક્ષુપ, જેની સિંગોમાથી પીળો રંગ મળે છે.

**Psoroptic mange. Psoroptes** *communis*. નામની ઈતડા મારફતે ઢોરને થતો એક સંક્રામક રોગ, જેમા ઢોરનાં ઉપરનાં અંગો વ્રણ જેવા બના તે સમસ્ત શરીર પર ફેલાય છે, જેથી ઢોરને ખજવાળ આવે છે, અને ખજવાળ્યા કરવાથી શરીર પર ભીંગડા વળે છે.

**psorosis**. છાલ રોગ.

**Psychodidae**. મચ્છર ઇ. વર્ગનું જંતુ.

**Psychotria** *ipecacuanha* **Stokes.** દાર્જિલિંગ, નીલગિરિ અને સિક્કમમાં થતો ક્ષુપ, જેનાં મૂળ વમનકારી છે અને કફ નિસ્સારક તરીકે તેનો ઉપયોગ કરવામાં આવે છે. અમીબિક મરડા માટે તેનો ઔષધ તરીકે ઉપયોગ કરવામાં આવે છે.

**Psychroenergetics**. વાતાવરણીય ઉષ્ણતામાન અને ભેજની ખોરાકની શારીરિક ઉષ્મા કે શક્તિમાં થતાં પરિવર્તનના અભ્યાસનું વિજ્ઞાન. **psychrometer**. વાતાવરણમાં સાપેક્ષ ભેજ માપવાનું સાધન, આર્દ્રમાપક સાધન.

**psyllid**. *Psylla* પ્રજાતિ અને *Chermidae* કુળની વનસ્પતિની ફુદતી જૂ.

**Pteridology**. પર્ણાંગ વિજ્ઞાન.

**Pteridophyta**. ત્રિઅંગી વનસ્પતિ.

**pterocarpus**. પાંખ ધરાવતું એક જંગલી ફળ.

**Pterocarpus** *echinatus* **Pers.** મધ્યમ કદનું શોભા માટે ઉગાડવામાં આવતું એક ઝાડ. **Pt.** *indicus* **Willd. non Baker.** [Sy... **Pt.** *dalbergioides* **Roxb.**]. આંદામાન રોઝવુડ અને બર્મી રોઝવૂડ તરીકે ઓળખવામાં આવતું એક ઝાડ, જેના કાષ્ઠનું ફર્નિચર, કબાટ ઇ. બનાવવામાં આવે છે. **Pt.** *marsupium* **Roxb.** બીજસર, પિતાસર નામનું પાંશ્રમધાટ અને દ. ભારતમાં થતું ઝાડ, જેનું કાષ્ઠ ફર્નિચર અને કબાટ બનાવવા માટે ઉપયોગી છે. પ્રકાંડને છેદતાં મળતો ગુંદર અતિસાર અને દાંતના દુખાવામાં ઉપયોગી બને છે; ફળ અને બી ખાદ્ય છે. **Pt.** *santalinus* **L. f.** લાલચંદન નામનું દ. ભારતમાં થતું ઝાડ, જેનું કાષ્ઠ નિર્માણ કામમાં ઉપયોગમાં આવે છે, ઉપરાંત કાપડ, કાષ્ઠ અને ચામડું રંગવા માટે પણ તેને કામમાં લેવામાં આવે છે.

**Pterocymbium** *tinctorium*(**Blanco**) **Merr.** (Syn. **Sterculia** *campanulata* **Wall. ex Masters**). આંદામાનમાં થતું એક પ્રકારનું

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઝાડ, જેના કાષ્ઠની દીવાસળીઓ અને પેક કરવાની પેટીઓ બનાવવામાં આવે છે, તથા તેના માવાના છાપવાના કાગળ અને પૂઠાં બનાવવામાં આવે છે.

**Pteropus** *giganteus* **Brunnich.** હસ્તપક્ષ (ચામાચીડિયા) શ્રેણીનું જાળવાળી પાંખો ધરાવતું ઊડતું પક્ષી.

**Pterospemum** *acerifolium* **Willd.** [Syn. **Pt.** *aceroides* **Wall.**]. કનકચંપો; મહારાષ્ટ્ર, મણિપુર, ઉત્તર પ. બંગાળ, બિહાર અને આસામમાં થતું એક ઝાડ, જેનાં પાનની પત્રાવલી બનાવવામાં આવે છે અને તમાકુને બાંધવા માટે પણ તેનો ઉપયોગ કરવામાં આવે છે. તેનું કાષ્ઠ પેક કરવાનાં ખોખાં કે પેટીઓ, પાટિયાં, અને પ્લાયવૂડ બનાવવામાં ઉપયોગી બને છે.

**pterygoid.** ક્ષારાભ, ક્ષારગંધ. (૨) સડતાં પ્રાણીઓ અને વનસ્પતિનું ક્ષારીય વિષવાળું અંગ. (૩) પૃષ્ઠવંશીઓની ખોપરીનું ગુમ્ફિત કાસ્થિ

**ptosis.** ઉપલા પોપચાનું નીચે ઊતરી આવવું.

**ptyalin.** કાંજી-સ્ટાર્ચને પચાવનાર લાળમાં રહેલો એક ઉત્સેચક.

**ptyxis.** કળીમાં કુમળા પાનનું વળી જવું.

**puberty.** યૌવનારંભ, યૌવનપ્રવેશ. (૨) પ્રજનન કાર્ય માટે ક્ષમતા પ્રાપ્ત કરવાની અવસ્થા. **pubescence.** મૃદુ લોમશતા. (૨) કેટલીક વનસ્પતિ અને પ્રાણીમાં થતું વાળ જેવું આવરણ. **pubescent.** વાળ જેવા રોમવાળું.

**pubic bone.** જઘનાસ્થિ, ઉપસ્થાસ્થિ.

**pubis.** જઘનાસ્થિ, ગુહ્યાસ્થિ, ઉપસ્થાસ્થિ.

**Puccinia** *carthami.* નામનું જંતુ, જેથી કરડીને થતો ગેરુનો રોગ. **Pu.** *chrysanthemai.* પાઈરેથ્રમ નામની વનસ્પતિનો રોગકારી કીટ. **Pu.** *erianthi.* નામનું જંતુ, જેથી શેરડીને થતો ગેરુનો રોગ. **Pu.** *kuenhii.* નામનું જંતુ જેથી શેરડીને થતો ગેરુનો રોગ. **Pu.** *glumarum.* નામનું જંતુ જેથી જવ અને ઘઉંને થતો ગેરુનો રોગ. **P.** *graminis tritici.* નામનાં જંતુ, જેથી જવ અને ઘઉંને થતો રોગ. **Pu.** *hordei.* નામનું જંતુ, જેથી જવનાં પાનની વિકૃતિ લાવતો તેને રોગ થાય છે. **Pu.** *parri.* બીડાનું રોગકારી જંતુ. **Pu.** *penniset.* બાજરાને ગેરુનો રોગ કરતું જંતુ. **P.** *purpurea.* જુવાર અને જોનસન ઘાસમાં રોગ કરનાર જંતુ. **Pu.** *rubigovera tritici.* ઘઉંમાં ગેરુનો રોગકારી જંતુ. **Pu.** *sarghi.* મકાઈ નો રોગકારી કીટ. **Pu.** *striformis.* જવને રોગ કરનાર જંતુ.

**puddle.** ગંદા પાણીનું ખાબોચિયું. (૨) માટીના કણને તોડવા અને તાપથી ધરતી સુકાઈ ગઈ હોય તેવી પરિસ્થિતિ. **puddling.** ડાંગરના ધરુ રોપવા ક્યારો બનાવવો. (૨) રોપને રોપવા અગાઉ પ્રવાહી પંકમાં તેના મૂળ રોપવાં.

**pudina.** ફુદીનો.

**Pueraria** *lobata* (**Willd.**) **Ohwi** [Syn. **Pu.** *thunbergiana* **Benth.**]. ઘાસચારા તથા જમીનને સ્થિર કરવા વાવવામાં આવતો ક્ષુપનો એક પ્રકાર. **Pu.** *phaseoloides* (**Roxb**) **Benth.** પૂર્વ હિમાલય, આસામ અને ખાસી ટેકરીઓમાં થતો વેલો, જેના રેસાનાં દોરડાં અને દોરા બનાવવામાં આવે છે. **Pu.** *tuberosa.* (**Roxb** *ex* **willd**) **DC.** વિદારીકંદ, સિયાલી,ફુગિયો ઇ. નામની પશ્ચિમ હિમાલય, કુમાઉંમાં થતી ખાદ્ય પાનની વનસ્પતિ.

**puff.** ટમેટામાં થતી દેહધર્મીય ગરબડ, જેથી ટમેટા વજનમાં હલકાં બને છે અને તેની બાજુઓ દબાણને વશ થઈ જાય છે. (૨) પ્રાણીની કંડરા અને તેના સાંધામાં આવતા નરમ સોજા.

**puffed rice.** મમરા; ચોખામાંથી તરત જ ખાઈ શકાય તેવું તેનું કરવામાં આવતું પરિવર્તન. (૨) ચોખાની મમરા બનાવવાની પ્રક્રિયાથી ચોખાના દાણા ફૂલે છે અને તે છિદ્રાળુ બને છે અને પાણીમાં પલાળવામાં આવવાથી તરત જ ભીંજાઈ જાય છે.

**pukka arhatiya.** પાકો આડતિયો.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૨) જથ્થાબંધ વેપારી, દલાલ, આડતિયો. જે જથ્થાબંધ બજારમાં માલની ખરીદી કરી, તેનું ગ્રાહક બજારમાં વેચાણ કરે છે.

**pulasan.** *Nephelium mutabile* **Blume.** નામનું ખાદ્ય ફળનું ઝાડ.

**Pulicaria** *wightiana* **CB.** સોનાસળિયા.

**pulled wool.** કતલ કરેલાં ઘેટાંમાંથી કાઢી લીધેલું ઊન, ઘેટાની કતલ કર્યા પછી મળતી તેની આડપેદાશ. **pulling.** રૂના તંતુની હાથ વડે લંબાઈ માપવાની પ્રક્રિયા.

**pullet.** એક વર્ષ કરતાં ઓછી વયની મરઘી, મરઘીનું માદા બચ્ચું.

**pulley.** ગરગડી.

**Pulli.** કુર્ગમાં થતી નારંગીનો એક પ્રકાર.

**pullorum disease.** મરઘાનાં બચ્ચાંને લાગુ પડતો જીવાણુજન્ય સફેદ દસ્તનો રોગ.

**pullulate.** ફણગો ફૂટવો.

**pulmo-bronchiate.** હવાનો શ્વાસ લેવા માટે ચૂર્ણના રૂપાંતરવાળું.

**pulmonary.** ફેફસાનું – તે અંગેનું. **pu. disease.** ફેફસાનો રોગ. **pu. empbysema.** આધ્માત ફુપ્ફુસ નામનો રોગ. **pu. mite.** હવાના કોષ્ઠની ઉતડી. **pu. parasitism.** ફેફસામાં પરજીવીની હાજરી. **pulmonate.** ફેફસાં કે ફેફસાં જેવાં અંગ ધરાવતું.

**pulp.** ગર, ફળનો નરમ માવો. (૨) દાંતનો મસા જેવો ભાગ. (૩) કાષ્ઠનો આકાર વિનાનો નરમ ભાગ. **pulpy juice.** કેરી, પપૈયા, અને જમરૂખને છીણીને બનાવવામાં આવતો રસ. **pu. kidney disease.** આંત્રવિષાક્તતા.

**pulsate.** તાલબદ્ધ રીતે વિસ્તરવું અને સંકોચાવું, સ્પંદ થવો, ધબકારા થવા. **pulsation.** સ્પંદન, ધબકારા. **pulse.** કઠોળ; ભારતીય જનોના ખોરાકમાં મહત્ત્વનું સ્થાન પામતું ખાદ્ય દ્રવ્ય; મુખ્યત્વે કાંજીવાળા ખોરાકમાં તે દ્વારા વાનસ્પતિક પ્રોટીન મળે છે. હવામાથી નાઈટ્રોજનને તે સ્થિર કરે છે અને તેમ કરીને ફળદ્રુપતામાં વધારો લાવે છે. (૨) હૃદયની ક્રિયાથી નાડીમાં થતા ધબકારા. (૩) નાડી. **pu. beetle.** કોઠાર કે ગોદામમાં સંઘરેલાં ચણા, વટાણા, દાળ, તુવેર, મગ, મઠ, અડદ અને સોયાબીનમાં પડતા *Colloso-bruchus chinensiss* **L.**, *Bruchus analis* **Fabr.**, **Bh.** *phaseoli* **Gyll.**, *Laria affinis* **Frot.** નામનાં ઢાલપક્ષ કીટ, ખેતરમાંથી કે ગોદામમાથી આ જંતુ લાગુ થાય છે, તેનાં ડિંભ. દાણાને કોરી ખાય છે અને તેમાં જ તે મોટું થાય છે.

**pulverise.** ભૂકો–ચૂર્ણ બનાવવું. દળવું. **pulverulent.** ભૂકા–ચૂર્ણ જેવું, ભૂકા કે ચૂર્ણથી આવરિત, નરમ ઢેફાં અને દાણાદાર દળવાળી જમીન. **pulvis.** પાઉડર, ભૂકો, ચૂર્ણ.

**Pulvinaria** *psidii* **Muskell.** નામનું જામફળનું જંતુ.

**pulvinate.** ગાદી જેવા સોજાવાળું. **pulvinus.** અક્ષ અને પર્ણવૃંતના સાંધા આગળ કોષીય ફુલાવો.

**pummelo.** પપનસ; ચિકોત્રા; *Citrus-maxima* (**Burm.**) **Merrill** (*C. grandis* **Osbeck;** *C. decumenus* **L.,** *C. aurantium* subsp. *sinensis* var. *decumana* **Engl.,** *Aurantium decumana* **Mill;** *A. maximum* (**Burm.**). નામનું તાજું ખાવાલાયક ખટમધુરું ફળ – જેમાં પ્રજીવકો 'એ', 'બી' અને 'સી' આવેલાં હોય છે. ભારે વરસાદમાં તે ટકે છે પણ તેને ગરમ વાતાવરણની જરૂર પડે છે.

**pump.** પંપ; કૂવા કે નદીમાંથી પાણીને ખેંચવા કે કાઢવા કે વહેવડાવવા માટે ઉપયોગમાં લેવામાં આવતું હાઈડ્રૉલિક યંત્ર. **pu., turbine** ટર્બાઈન પંપ.

**pumpkin.** કોળું; *Cucurbita moschata* **Duchesne ex Poir.** નામની પ્રજીવક 'એ' ધરાવતી, ભારે ભેજ અને નીચા તાપમાનમાં થતી શાકીય વનસ્પતિ. **pu. caterpillar.** બધા પ્રકારની

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરોલાદિકુળની વનસ્પતિમાં પડતી *Margarania indica* **S.** નામની લીલી ઈયળ.

**pundendal nerve.** ઉપસ્થ ચેતા.

**punchiform.** બિંદુરૂપ.

**pundrika.** પુંડરિક; – મેનફળ; **Mayna** *laxiflora* **Robyns (Vangueria** *spinosa* **Roxb.).** નામનું ખાદ્ય ફળનું ઝાડ.

**puneala plum.** પાણી આંબળાં, તાલિસપત્ર, **Flacourtia** *jangomas* **(Lour.) Raeusch (F.** *cataphracta* **Roxb ex Willd.).** નામનું ખાદ્ય ફળધારી વૃક્ષ.

**Punica** *granatum* **L.** દાડમ, અનાર, ભારતભરમાં થતું દાડમનું ઝાડ. દાડમની કળીઓ ખાદ્ય છે. દાડમ અને ઝાડની છાલ ચામડાં કમાવવાના ઉપયોગમાં આવે છે. દાડમની છાલ ઔષધીય ગુણ ધરાવતી હોઈ, અતિસાર અને મરડામાં ઉપયોગમાં લેવામાં આવે છે.

**punja.** ડિસેમ્બર–જાન્યુઆરીમાં વાવવામાં આવતો અને માર્ચ–એપ્રિલમાં લેવાતો ડાંગરનો ત્રીજો પાક.

**pupa** (એ.વ.). **pupae** (બ.વ.). કોશિત-કીટ, જંતુ જીવનની ત્રીજી અવસ્થા. **pu. cell.** કોશિત કોષ. **pupal stage.** કોશિત અવસ્થા. **puparium.** ડિંભ પુખ્ત કીટ બને તે અગાઉ કોશિત અવસ્થા દરમિયાન તેનું કઠણ રહેઠાણ, કોશિત ઘર, કોશિતાવરણ. **pupate.** સક્રિય અપક્વ જંતુમાંથી નિષ્ક્રિય કોશિત અવસ્થામાં પરિવર્તન પામવું. **pupation.** કોશિત નિર્માણ. **pupiparous.** કોશિત અવસ્થા સુધી પહોંચેલા બચ્ચાને જન્મ આપવો.

**pupil.** આંખની કીકી, આંખની પૂતળી.

**pupping.** ગલુડિયાંને જણવા–જન્મ આપવો. **puppy.** ગલુડિયું, કુતરીનું બચ્ચું.

**Purbi Litchi.** બિહારમાં થતી લીચીનો એક પ્રકાર.

**pure** શુદ્ધ; અમિશ્ર. **pu. bred.** પોતાની જ જાતના પિતૃથી પેદા થયેલું (પ્રાણી), શુદ્ધ ઓલાદવાળું (પ્રાણી). **pu. breeding.** સારી ઓલાદના પ્રાણીનું સંવર્ધન. **pu. culture.** અન્ય જીવંત જાતિ કે પ્રકારના સહયોગ વિના કોઈ એક જાતિ કે પ્રકારની વૃદ્ધિ. (૨) મિશ્ર પાકની તુલનામાં એક જ જાતિના પ્રકારનો પકવવામાં આવતો પાક, શુદ્ધ સંવર્ધન. **pu. dominant.** શુદ્ધ પ્રભાવી. **pu. forest.** એક જ જાતિના વૃક્ષો ધરાવતું વન, વ્યવહારમાં 80 ટકા એક જ જાતિનાં ઝાડ હોય તેવું વન. **pu. line.** શુદ્ધ વંશક્રમ, અંતર્યુગ્મન કે સ્વ-ફલનથી એક જ પ્રકારની ઓલાદ ઊભી થઈ હોય તેનો વંશક્રમ. **pu. selection.** શુદ્ધ વંશક્રમ પસંદગી. **pu. stand.** 80 ટકા એક જ પ્રકારનાં ઝાડ જે વૃક્ષજૂથમાં હોય તેવું વૃક્ષજૂથ. **purification.** શુદ્ધતા, શુદ્ધીકરણ. **purity.** શુદ્ધતા, ભેળસેળ વિનાની શુદ્ધતા.

**purgative.** રેચક; દીવેલ, ખળશીનું તેલ, ક્રોટોન તેલ, વિલાયતી મીઠું, સોડિયમ સલ્ફેટ ઇ. ધરાવતું રેચક (દ્રવ્ય).

**purines.** કાર્બન, હાઈડ્રોજન અને નાઈટ્રોજન ધરાવતાં કાર્બનિક રાસાયણિક સંયોજનોનો સમૂહ, જેવાં કે પક્ષીઓના મળમાં રહેલા યૂરિક એસિડ અને નાઈટ્રોજન સંયોજનો.

**purple granadilla.** કૃષ્ણ કમળ. **pu. passion fruit.** કૃષ્ણ કમળ; જુઓ *passion fruit.* **Pu. Tephrosia.** સારપંખો; *Tephrosia purpurea* **Pers.** નામની ખાદ્ય ઓ વાળી, લીલાખાતર અને શોભા અને છાયા મેળવવા માટે વાવવામાં આવતી વનસ્પતિ. **Pu. Top.** ઉત્તર ભારતમાં થતો ટર્નિપનો યુરોપીય પ્રકાર. **Pu. vetch. Vicia** *benghalensis* **L.** નામની ઘાસચારા માટેની વનસ્પતિ.

**purslane.** લુણીની ભાજી; *Portulaca oleracea* **L.** var. *sativa* **DC.** નામની નાની શાકીય વનસ્પતિ જેની ભાજી બનાવવામાં આવે છે, જેમાં પ્રજીવક 'સી' છે.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**purulent.** પરુવાળું, પરુમય, પરુ બનાવતું. **pu. discharge.** પરુનો સ્રાવ. **pu. exudate.** પેશીમાંથી પરુવાળો થતો સ્રાવ. **pus.** પરુ; પાતળા શ્વેત કોષવાળી સોજાની પેદાશ, વિદ્રધિ ઇ. રોગમાં સંક્રમણના પરિણામે થતું પરુ. **pustular.** ગૂમડાંવાળું. **pustule.** પરુવાળું ગૂમડું કે ફોડલો, જે સુકાઈ જાય ત્યારે પોપડી બાઝે, નાની ફોલ્લી હોય તો તેને ખીલ કહેવામાં આવે છે.

**Putranjiva** *roxburghii* **Wall.** પુત્રંજીવ નામનું ઊંચું ઝાડ, જેના કાષ્ઠ-ફળની માળા બનાવવામાં આવે છે.

**putrefaction.** સૂક્ષ્મજીવના કારણે પ્રોટીનનું થતું વિઘટન, જેના પરિણામે ઘન, પ્રવાહી કે વાયુમય ગંધ મારતી પેદાશ નીપજે છે. (૨) સડો. **putrefactive.** સડો પેદાકરનાર. **putrefy.** સડવું, કોહવાવું, અપકર્ષ પામવો. **putrescent.** સડો લાવવા કે આવવાની અવસ્થામાં. **putrid** કોહવાયેલું, ગંધ મારતું, ઘૃણાજનક. **pu. flavour.** પરુની દુર્ગંધ, સડા કે કોહવાટની દુર્ગંધ.

**puzzolonic.** સગઠન કે સંશ્લેષણ દર્શાવતું જમીનોનું નામકરણ.

**py—, pyo—.** પરુ અર્થ સૂચક પૂર્વંગ. મૂળ ગ્રીક **pyon.**

**pyaemia. pyemia.** પૂયરક્તતા.

**pycnidium** (એ.વ.) **pyacnidia** (બ.વ.).કેટલીક ફૂગમાં અલગી બીજાણુવાળા, ચબુ આકારના ફલીકરણ ધરાવતા પિંડો.

**pye-,** વૃક્ક-, મૂત્રપિંડ અર્થસૂચક પૂર્વંગ.

**pyelitis.** વૃક્કદ્રોણ કોપ. **pyelocrystitis.** વૃક્કદ્રોણ અને મૂત્રાશય કોપ. **pyelonephritis.** સદ્રોણ વૃક્કકોપ; વૃક્ક અથવા મૂત્રપિંડ અને નિતંબનો સોજો; પશુઓમાં આવા પ્રકારનો રોગ. *Corynebacterium renale.* નામના જીવાણુથી થાય છે, જેને કારણે ભૂખ મરી જાય છે, મૂત્રમાં લોહી પડે, વૃક્ક મોટું બને અને છેવટે રોગગ્રસ્ત પ્રાણીનું મરણ નીપજે.

**pyemia. pyaemia.** પૂયરક્તતા.

**pygostyle.** પક્ષીના શરીરના પાછલા ભાગમાં પૃષ્ઠવંશના હાડકાંના મિલનથી થતો.ત્રિકોણ, જે પૂંછડીના મુખ્ય પીંછાને ટેકો આપે છે.

**pylorus.** જઠરમાં આવેલું રંધ્ર, જે દ્વારા ગ્રહણીમાં ખોરાક ઠલવાય છે. (૨) નિજઠર. (૩) પૃષ્ઠવંશીઓના જઠરનું એવું સ્થાન જ્યાંથી જઠર આંતરડામાં પ્રવેશ મેળવે છે.

**pyo—.** પરુ અર્થસૂચક પૂર્વંગ.

**pyogenic.** પરુ પેદા કરનાર.

**pyometra.** ગર્ભાશયમાં પરુ થવું-પરુનું જામી જવું.

**pyopneumothorax.** ફુપ્ફુસાવરણમાં વાયુ અને પરુની હાજરી.

**pyorrhoea. pyorrhea.** દાંતમાં કે દાંતના અવાળામાં પરુ થવું.

**pyosalpingitis. pyosalpinx.** અંડનલિકામાં પરુ થવું, પરુ થવાથી તેમાં આવતો સોજો.

**pyosepticaemia.** *white scour, pneumoenteritis* ઇ. નામોથી ઓળખાતો નાનાં વાછરડાંને જીવાણુથી થતો એક જીવલેણ રોગ, જેમાં વાછરડું ધાવવાનો ઇનકાર કરે, હરવા-ફરવાની તેને કોઇ ઇચ્છા ન થાય, ચીકણા, સફેદ ઝાડા થયા કરે, તાવ આવે, શરીર ધીમે ધીમે ગળવા માંડે અને છેવટે તેનું મરણ નીપજે.

**pyrene.** ફળનો ઠળિયો કે બીજ.

**pyrethrin.** *Chrysanthemum* પ્રજાતિના કેટલાક છોડમાંથી મેળવવામાં આવતું જંતુઘ્ન દ્રવ્ય. **pyrethrum.** *Damatian pyrethrum, D. insect flowers* પણ જાણીતી *Chrysanthemum cinerariifolium* (**Trev.**) **Vis,.Pyrethrum** *cinerariifolium* **Trev.**). નામની એક વનસ્પતિ, જેનાં ફૂલમાંથી પાઇરેથ્રમ નામનું જંતુઘ્ન દ્રવ્ય કાઢવામાં આવે છે. આ વનસ્પતિ 6,000 થી 8,000 ફૂટની ઉંચાઈ પર ઊગે છે અને તેને **DDT,** *lindane* કે *dieldrin* જેવાં જંતુઘ્ન દ્રવ્યોમાં ઉમેરવામાં આવે છે. **Py. damping-off.** પાયરેથ્રમને થતો એક પ્રકારનો રોગ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**Py. dust.** કોલસો અને શંખજીરની ભુકીમાં પાયરેથ્રિન ભેળવીને બનાવવામાં આવતો જંતુઘ્ન ભૂકો. **Py. extract.** *Chrysanthemnm cineraribolium.* નાં ફૂલોને વાટીને બનાવવામાં આવતો તેનો અર્ક. **py. rust.** *Puccinia chrysanthemai.* નામના જંતુથી પાયરેથમને થતો ગેરુનોરોગ. **py-wilt.** *Phytophthora palmivora* અને *Rhizoctonia solani.* નામનાં જંતુથી પાયરેથ્રમને થતો એક રોગ.

**pyretic.** તાવ લાવનાર, ગરમી લાવનાર.

**pyrexia.** તાવ.

**pyric** આગથી જમીન અને વનસ્પતિમાં થતું (રૂપાંતર).

**Pyricularia** *oryzae* **Cab.** ડાંગરને રોગ કરનાર જંતુ **Py.** *eleusine* **Cab.** રાગીનો રોગકારી કીટ.

**Pyridoxine.** પ્રજીવક – 'બી' સંકુલનું એક ઘટક, જે ત્વચા શોથ મટાડે છે, જે પ્રજીવક 'બી'6 અને પ્રજીવક 'વાય' તરીકે પણ ઓળખાય છે.

**pyriform.** જામફળાકાર.

**Pyrilla** *perpusilla* **Wlk.** શેરડીમાં પડતું જંતુ.

**pyrogeneous.** આગ્નેય (ખડક). (૨) અન્યના ઘર્ષણથી પેદા થતું દ્રવ્ય. **pyroligneous.** લાકડા પર અગ્નિ કે ઉષ્માથી પેદા થતું. **py. acid.** જુઓ *acetic-acid.* **Pyrology.** આગથી જંગલને બચાવી લેવાનું વિજ્ઞાન. (૨) અગ્નિવિજ્ઞાન.

**pyrolysis.** ઉત્તાપ વિશ્લેષણ.

**pyrophyte.** આગનો સામનો કરી શકે તેવી છાલવાળું વૃક્ષ.

**pyroplasmosis.** રક્તમૂત્રતા, રક્તમૂત્રનો રોગ.

**Pyrostegia** *venusta* (**Ker - Gawl**). **Miers** [Syn. **Bignnia** *venusta.* **Ker - Gawl.**]. શોભા માટે ઉગાડવામાં આવતો વેલો.

**Pyrus** *aucuparia* **Gaertn.** બટુલ; કાશ્મીરથી કુમાંઉની સમથીતોષ્ણ હિમાલયમાં થતું ખાદ્યફળનું ઝાડ **Py.** *baccata* **L.** જંગલી સફરજન; કાશ્મીર અને ખાસી ટેકરીઓમાં થતું ખાદ્ય ફળનું નાનું ઝાડ.**Py.** *communis* **L.** પીઅર; કાશ્મીર, કુળુ, કુમાંઉ અને હિમાલય પ્રદેશમાં થતું ખાદ્ય ફળનું ઝાડ. **Py.** *indica* **Wall.** પૂર્વહિમાલય અને ખાસી ટેકરીઓમાં થતું ખાદ્ય ફળનું ઝાડ. **Py.** *malus* **L.** સફરજન; હિમાચલ પ્રદેશ, કાશ્મીર, કુળુ, કુમાંઉ, આસામ અને નીલગિરિમાં થતું ખાદ્ય ફળનું નાનું ઝાડ. **Py.** *pashia* **Buch.-Ham.** મહેલ; નામનું પશ્ચિમ હિમાલયમાં થતું એક ઝાડ. **Py.** *pyrifolia* (**Burm f.**) **Nakai** var *culta* (**Mak. Nakai** [Syn. **P.** *serotina* **Rehd.** var. *culta* **Rehd.**]. નાસપતી, આસામ, દાર્જિલિંગ, કાશ્મીર, કુમાંઉ, નીલગિરિ, હિમાચલ પ્રદેશ અને દિલ્હીમાં થતું ખાદ્ય ફળનું ઝાડ. **Py.** *vestita* **Wall.** મોલી; ખાસી ટેકરીઓ અને પૂર્વ હિમાલયમાં થતું ખાદ્ય ફળનું એક ઝાડ.

**Pythium** *aphanidermatum.* નામનો મરચી, ભીંડાં, રીંગણી, તમાકુ, પપૈયામાં પડતો રોગકારક કીટ. **Py.** *debaryanum.* નામનો તમાકુમાં રોગ કરનાર કીટ. **Py.** *graminicolum.* નામનો ઘઉં, હળદર ઇ. નો રોગકારક કીટ.

**pyxidium** (એ.વ.), **pyxidia** (બ.વ.). પેટીના ઢાંકણાની માફક ખુલી શકે તેવા ટોપચાવાળું.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# Q

Q. 10 ઉષ્ણતાગુણાંક.

**quadrant.** ચતુષ્ક, ચતુર્થાંશ.

**Quadraspidiotus** *perniciosus* **Comstock.** નામનો સફરજન, પીચ, નાસપતી, ગુઝબેરી, આલુ, કરંટ, કિવન્સ, અખરોટ, ચેરી અને બદામનાં ઝાડ પર હુમલો કરતો સપાટ, ગોળ ભીંગડાવાળો કીટ, જેના ડિંભ અને પુખ્ત કીટ ફળ-ઝાડના પ્રકાંડ અને ડાળીઓનો રસ ચૂસે છે, ફળ ગુલાબી બને છે.

**quadrate.** ચતુષ્કકોણ ખંડ, ચતુષ્કકોણક.

**quadratic.** દ્વિઘાત.

**quadri flagellate.** ચતુ:પક્ષ્મ, ચતુ:કશાંગી, ચાર કશાધારી.

**quadrifoliar spur.** ચતુ:પર્ણિ શંકુ–પ્રવર્ધ.

**quadrigemina.** ચતુ:પિંડો.

**quadriplex.** ચતુર્ગુણિત.

**quadrivalent.** ચતુ:સંયોજક, ચાર સહયોગી સમાંગી (રંગસૂત્રોનો સમૂહ).

**quadruped.** ચોપગુ – ખાસ કરીને સસ્તન પ્રાણી.

**quadruplex.** ચતુ:પ્રભાવી.

**quagmire.** કાદવ, કીચડ, પંક, કળણ-વાળી જમીન.

**quail.** *Odontophoridae.* કુળનું શિકાર માટેનું પક્ષી, ભૂલથી જેને તેતર તરીકે ઓળખવામાં આવે છે.

**quail grass. Celosia** *argentea.* લાંપડી નામે ઓળખાતું વર્ષાયુ ઘાસપાસ.

**qualitative.** ગુણાત્મક. **q. analysis.** ગુણાત્મક વિશ્લેષણ; કોઈ પણ સંયોજનમાં કેટલા પ્રમાણમાં નહિ પરંતુ કયા કયા ઘટકો આવેલા છે તે સૂચવતું પૃથક્કરણ. **qualily** કક્ષા, ગુણ. (૨) કોઈ પણ પદાર્થના વ્યક્તિગત ઘટકો, ઉપભોક્તાને માફક આવશે કે નહિ તે સમજવા માટે જુદાં પાડતાં લક્ષણોનો સમૂહ, જેમકે વસ્તુનાં રંગ, પોત, પરિપક્વતા, ડાઘ કે અપક્ષયનો અભાવ છે.

**Quamoclit** *coccinea* **Cooke non Moench.** લાલ ફૂલ માટે બગીચામાં વાવવામાં આવતો વેલો **Q.** *lobata* **(Cerv.) House.** શોભા માટે વાવવામાં આવતી શાકીય વનસ્પતિ. **Q.** *pennata* **(Desr.) Boj.** કામલતા નામની આરોહી શોભા માટે વાવવામાં આવતી વેલ. **Q.** *vulgaris* **Choisy.** કામલતા નામની શોભાની વેલ.

**quantitative.** માત્રાત્મક, જથ્થાત્મક, પ્રમાણાત્મક. **q. analysis.** માત્રાત્મક – જથ્થાત્મક પૃથક્કરણ. (૨) કોઈ પણ સંયોજનમાં રહેલા ઘટકો અને સંયોજન-માંના તેમના પ્રમાણ દર્શાવતું પૃથક્કરણ. **q. character.** માત્રાત્મક લક્ષણ, પ્રમાણલક્ષી લક્ષણ. **quantity.** જથ્થો, પ્રમાણ, માત્રા.

**quantum.** રાશિ; પ્રમાણ.

**quarantine.** સંગજ્વરોધ, સગરોધ. (૨) સંક્રામક અથવા ચેપી રોગના કારણે પ્રાણીનો કામચલાઉ પૃથગ્વાસ. (૩) પૃથગ્વાસનું સ્થાન. (૪) હાનિકારક જંતુ કીટ કે વનસ્પતિના પ્રવેશ સામેનો પ્રતિબંધ. **q. stable.** સંગરોધ વાડો.

**quart.** ક્વાર્ટ, ગેલનનો ચોથો ભાગ કે બે પાઈંટનું માપ.

**quarter.** વજનનું એક એકમ 1/4 **cwt.** (૨) ગોવંશના પ્રાણીનું ચારમાંનું એક આંચળ.

**quarters.** છાતી અને બગરાની જેમ



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રાણીના શરીરનો પગ ઉપરનો ભાગ, ધડ. **q., fore** અગ્રધડ. **q., hind** પશ્ચ ધડ.

**quartet.** બે સૂત્ર વિભાજનથી બનેલા ચાર બીજાણુઓનો સમૂહ.

**quartz.** સ્ફટિક, કાચમણિ, ક્વાર્ટ્‌ઝ, $SiO_2$, અતિ સામાન્ય શૈલનો મહત્ત્વનો ઘટક સિલિકા અથવા સિલિકોન ડાયોક્સાઈડ, જેની કઠિનતા 7 અને વિશિષ્ટ ગુરુત્વ 2.65 છે અને તે રંગવિહીન, અપારદર્શક અને બેવડા પિરામિડાકાર સ્ફટિક બનાવે છે. જમીનના રેતાળ કણનો તે મુખ્ય ઘટક છે. **quartzite.** ક્વાર્ટ્ઝાઈટ.

**quaternary era.** ચતુર્થ યુગ, તૃતીય-ટર્શિયરી યુગ પછીનો આધુનિક ચતુર્થ યુગ.

**Queen.** ત્રણથી પાંચ પાઉન્ડ વજન ધરાવતા વહેલા પાકતા અનેનાસનો એક પ્રકાર, જેનો ગર સ્વાદિષ્ટ હોય છે. તેનું કેનિંગ કરી શકાતું નથી. **q. bee.** પૂરી વિકાસ પામેલી સંયુગ્મન પામેલી મધમાખની રાણી, જે ચાકર મધમાખ કરતાં લાંબી અને મોટી હોય છે અને જેનું મુખ્ય કર્તવ્ય ઈંડાં મૂકવાનું છે. **q. cage.** મધપૂડાથી ટેવાઈ જાય ત્યાં સુધી રાણીને સુરક્ષિત રાખવા માટેનું પાંજરું. **q. cell.** મધમાખની રાણીને ઉછેરવામાં આવે તેવો લાંબો મીણનો, મોટા ભાગે મધપૂડાના તળિયે રહેતો કોષ. **q. c. protector.** રાણી વિનાની વસાહતમાં રાણી–કોષ દાખલ કરવા તેને સલામત રાખવાની યુક્તિ; મધમાખો રાણી-કોષનો સ્વીકાર કરે ત્યાં સુધી આ યુક્તિને ચાલુ રહેવા દેવામાં આવે છે. **q. chamber.** રાણીનો કોષ. **q. excluder.** ચાકર મધમાખને જવા દે પણ રાણીને રોકી શકે તેવી જસત કે ગૂંથેલા તારની છિદ્રવાળી જાળી. **q. installation.** રાણી મધમાખની સ્થાપના. **q. introduction.** રાણી મધમાખ પ્રતિષ્ઠાન. **queenlessness.** રાણી ગુમાવી બેઠેલો મધપૂડો.

**Queensland arrowroot.** આરારુટ, કેનાં, **Canna** *edulis* **Ker Gawl.** મૂળ દક્ષિણ અમેરિકાની પણ અહીં થતી એક શાકીય વનસ્પતિ, જેનાં મૂળમાંથી કાંજી–સ્ટાર્ચ બનાવવામાં આવે છે.

**Queensland nut.** *Macadamia ternifolia* **F.** *müell* નામનું નાનું ગંડાકાર, નાની ચંચુવાળું લીલાશ પડતાં રંગનું કાષ્ઠીય ફળ, જેની બીજ સફેદ અને સ્વાદિષ્ટ છે.

**Quercus** *dilatata* **Lindl.** મોરુ, મારું; પશ્ચિમ હિમાલયમાં થતું ઝાડ, જેનું કાષ્ઠ નિર્માણકામ, કૃષિ ઓજાર બનાવવા માટે ઉપયોગી બને, જેનાં પાનનો ઘાસચારો બને છે. **Q.** *incana* **Roxb.** બંજ; શ્વેત ઓકનું હિમાલયમાં થતું ઝાડ, જેના કાષ્ઠના કોલસા અને બળતણનાં લાકડાં બને છે.

**quick.** ઝડપી. **qacting manure.** શીઘ્ર પ્રભાવી ખાતર. **q. freezeng.** પેદાશ, ફળ, શાકભાજી, મરઘાં–બતકાં, માંસ, દુગ્ધાલયની પેદાશ ઇ.ને જાળવી રાખવા 20° ફે.થી 15°ફે સુધી ઉષ્ણતામાન ઉતારી છે તેમને ઠારવાની પ્રક્રિયા. **q. growing.** ચોક્કસ પ્રકારની આબોહવામાં પ્રમાણમાં વહેલી ઊગતી (વનસ્પતિ). **q. beat.** ગભરાટ કે ગરમીનાં કોઈ લક્ષણો વિનાની ગાયની ગરમી–મદાવસ્થા. **q. lime.** કળી ચૂનો; CaO, કેલ્શિયમ ઓક્સાઈડ. **q. tests.** ત્વરિત કસોટી; જમીનમાં રહેલાં પોષક તત્ત્વો તથા અન્ય રાસાયણિક દ્રવ્યો કે સંયોજનોના પ્રમાણનું નિર્ધારણ કરવા કેટલાંક રાસાયણિક ધોરણસરના સંપૂર્ણ કે ચોક્કસ ન હોય તેવાં પરીક્ષણો, જે ખાતર અને જમીન સુધારણા માટે સૂચનો કરવા માટે ઉપયોગી બને છે.

**quescence.** મંદ ક્રિયાશીલતા. **quescent.** મંદ ક્રિયાશીલ, સુષુપ્ત.

**quill** ઝાડમાંથી ઉખેડી લીધા બાદ સુકાઈ જવાથી નળાકાર બનતી તજ. (૨) પીંછાનો પોલો અથવા શૃંગીભાગ. **q. feal-**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**hers.** પક્ષીની પાંખ અને પૂંછડી પરનાં પીછાં.

**quince. Cydonia** *oblonga* **Mill. C.** *vulgaris* **Pers.).** નામનું પંજાબ, કાશ્મીર અને નીલગિરિમાં થતું ઝાડ, જેને ખાદ્ય ફળ માટે ઉગાડવામાં આવે છે.

**quincunx system of planting** જુઓ *diagonal system of planting.*

**quinine.** સિંકોના વૃક્ષની છાલમાંથી બનાવવામાં આવતું મલેરિયા (ટાઢિયાતાવ) નિવારક ઔષધ–કિવનાઈન.

**quintal.** 100 કિ. ગ્રા.નું વજન.

**Quisqualis** *indica* **L.** રંગૂનવેલ નામનો ક્ષુપ, જેના કુમળા પ્રરોહ ખવાય છે.

# R

**rab** ડાંગરનાં બીની ક્યારીમાં કાર્બનિક દ્રવ્યોનો ઢગલો બનાવી તેને બાળવો.

**rabbit** સસલું; *hare*ની સાથે ગોટાળો કરવું *Leporidae*–શશક કુળનું, જમીનમાં દર બનાવી રહેતું, કૃંતક વર્ગનું, સ્તનધારી પ્રાણી; તેને ટૂંકા અને નાના પગ તથા લાંબા કાન હોય છે. તે વાળ વિનાનાં. આંખ ખુલી ન હોય તેવાં બચ્ચાંને જન્મ આપે છે. આ પ્રાણી પાકને નુકસાન પહોંચાડે છે. **r.-adapted vaccine.** શીતળા-રિન્ડરપેસ્ટ રોગની સામે આપવામાં આવતી રસીનું વિષાણુ.

**rabbri.** રબડી; ઉકાળેલું ગળ્યું દૂધ ઠંડું પડતા તેના પર બાઝતી જાડી મલાઈમાંથી તૈયાર કરવામાં આવતી એક પેય વાનગી.

**rabi.** રવિ પાકની મોસમ; જેમાં ઘઉં, ઘાસચારો, સરસવ ઇ. જેવા કઠોળ સમેતના ધાન્ય પાક વાવવા માટેની ઓક્ટોબર–નવેમ્બર વચ્ચેની શિયાળુ મોસમ, જેમાં તૈયાર થયેલો મોલ માર્ચ–એપ્રિલમાં લણવામાં આવે છે. **r. crop** રવિ, શિયાળુ મોસમમાં વાવવામાં આવતો પાક. **r. fodders.** રવિ મોસમમાં વાવવામાં આવતો ઘાસચારા માટેનો પાક.

**rabies.** હડકવા નામનો કૂતરાં, બિલાડાં શિયાળ અને અન્ય માંસાહારી પ્રાણીઓ તથા માણસોનો, ઝડપથી પ્રાણઘાતક નીવડતો, હડકવા લાગેલા પ્રાણીના કરડવાથી થતો ચેપી રોગ, જેના તીવ્ર હડકવા અને મંદ હડકવા એવા બે પ્રકાર થાય છે. રોગનાં લક્ષણોમાં વિષાદ, ઉશ્કેરાટ, હિંસક વૃત્તિ અને લકવો થાય. હડકવાવાળી વ્યક્તિ કે પ્રાણીને પાણી પીવાની ઘણી ઇચ્છા થાય પણ પાણી પીવાય નહિ અને પાણી જોઈને ભડક લાગે, જેને *hydrophobia* એટલે જલભીતિ પણ કહે છે.

**race.** જાતિ; સમાન પૂર્વજના કારણે કેટલાંક સમાન લક્ષણો ધરાવતાં વ્યક્તિગત પ્રાણીઓ અને વનસ્પતિઓનો સમૂહ, જે જાતિનો પેટા–વિભાગ બને છે. (૨) એક જ જાતિના રોગોત્પાદકો, જેમને તેમની સંરચનાના કારણે જુદાં પાડી શકાય નહિ પરંતુ તેમનાં દેહધર્મીય વર્તન જુદાં હોય છે. **racial.** જાતિને લગતું, જાતિનું.

**raceme.** સમાન અક્ષ અને અગ્રાભિસારી ક્રમમાં ફૂલોના ગુચ્છાવાળો પુષ્પોદ્ભવ; અચોક્કસ વૃદ્ધિવાળો પુષ્પીય અક્ષ, જેનાં તાજાં પુષ્પો ટોચ પર હોય છે. (૨) એકવર્ધી અક્ષ. (૩) અપરિમિત પુષ્પોદ્ભવ. **racemose.** ગુચ્છામાં ફૂલોવાળું, એકવર્ધી અક્ષ, અપરિમિત. (૨) પ્રાણી દેહમાં સંયુક્ત ગ્રંથિઓ. **r. inflorescence.** પરિમિત અહંડી પુષ્પવિન્યાસ.

**racbilla.** ઘાસ દાણામાંનો અક્ષ, જેની સાથે કડક હોય છે.

**rachis.** પત્રાક્ષ, પિચ્છાક્ષ, લંબાયમાન અક્ષ, જેની સાથે પુષ્પવિન્યાસનાં પુષ્પવૃંત જોડાયેલો હોય છે. (૨) પર્ણવૃંતનો

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિસ્તાર, જેની સાથે સંયુક્ત પર્ણની પર્ણિકા જોડાયેલી હોય છે. (૩) કરોડરજ્જુ કે પુષ્પવંશ. (૪) પિચ્છદંડ.

**rachitis.** પ્રજીવક–'ડી'ની ઊણપથી પ્રાણીઓનાં બચ્ચાં અને મરઘાં–બતકાંને લાગતો સૂકતાનનો રોગ.

**rack.** વસ્તુઓ મુકવા માટેનો ઘોડો. **r. curing.** વસ્તુઓ રાખવાના ઘોડા પર સૂકવવું. **r. renting.** વધારે પડતું ભાડું-ગણોત લેવું, ભાડે કે ગણોતે આપવું.

**Radermachera** *xylocarpa* **(Roxb.) K. Schum.** ખારસિંગ નામનું વૃક્ષ.

**radhuni.** અજમો.

**radial.** કિરણોનું, -ને લગતું. (૨) ત્રિજ્યાનું -તેની માફક ગોઠવેલું, ત્રિજ્યાની અવસ્થા-દિશા હોવી. (૩) અરીય. **r. bundle.** અરીય–ત્રિજ્ય પૂલ. **r. extracter.** કેન્દ્રાપસારી બળથી મધપૂડામાંથી પ્રવાહી મધ કાઢવાનું સાધન. **r. lateral symmetery.** અરીય પાર્શ્વીય સમમિતિ. **r. load.** અરીયવ જન-બોજો. **r. symmetry.** અરીય સમમિતિ. **r. wood surface.** અનુદૈર્ધ્ય અથવા સમગ્રતયા અથવા અંશતઃ મધ્યભાગથી છાલ તરફ વિસ્તરેલું કાષ્ઠતળ.

**radiant.** કિરણોત્સારી, વિકિરણશીલ, વિકીર્ણ. (૨) દીપ્તિ-કેન્દ્ર, વિકિરણશીલ (પદાર્થ). **r. energy.** વિકિરક ઊર્જા. **radiation.** કિરણોત્સાર, વિકિરણ. (૨) વિખેરણ. **r. frost.** બે પ્રકારના હિમ, જે પૈકીનું એક, જેમાં ઠારબિંદુ કરતાં પણ વધારે ઠરી ગયેલું જમીનની સાથેનું હિમનું સ્તર રહે છે. **radiator.** વિકિરક. (૨) ઉષ્મા વિકિરક કક્ષ. (૩) રેડિયેટર.

**radical.** જમીનની પાસેના મૂળતંત્રમાંથી તલપર્ણ અને પુષ્પદંડ તરીકે નીકળતો ફણગો. **r. leaf.** ભૂમિજાત પર્ણ, મૂળ પર્ણ.

**radicle.** નાનું મૂળ, પ્રાથમિક મૂળ, ભ્રૂણનું પ્રારંભિકમૂળ, આદિ મૂળ, ભ્રૂણ મૂળ, મૂલાંકુર, મૂલક. (૩) ચેતા કે શિરાનો મૂળ સદૃશ પેટા–વિભાગ. **r. pocket.** ભ્રૂણમૂળ ગોઠ.

**radio—.** ત્રિજ્યા અને રેડિયમનું સંયુક્તરૂપ.

**radio-activated milk.** દૂધનું ઉષ્ણતામાનમાં વધારો લાવ્યા વિનાજ, તેને જંતુરહિત બનાવવાની ખાસ પ્રકારના બીજ સાધન દ્વારા કે થોડાં કિરણો વડે દૂધ પર કરવામાં આવતી પ્રક્રિયા, જેને શીતજંતુરહિતતા પણ કહેવામાં આવે છે. **radio-active.** કિરણોત્સર્ગી, વિકિરણશીલ. (૨) રેડિયમ, યુરેનિયમ, પોલોનિયમ ઇ.ના વિકિરણ દ્વારા ઇલેક્ટ્રોમીટર પર અસર પાડવાને ક્ષમ, જે અપારદર્શક દ્રવ્યને ભેદી પેલીપાર જતાં કિરણોનું ઉત્સર્જન કરવાને તથા બીજ–પ્રભાવ પેદા કરવાને સમર્થ હોય છે. **r. a. half life.** રેડિયો–એક્ટિવ–કિરણોત્સાર અર્ધ આયુ. **r. a. soil.** સૂક્ષ્મ પ્રમાણમાં કિરણોત્સર્ગવાળી જમીન. (૨) વનસ્પતિની વૃદ્ધિમાં કિરણોત્સારી ફોસ્ફરસ અને અન્ય પોષક દ્રવ્યોની કામગીરી જેવાં જમીનમાં ઉમેરાતાં દ્રવ્યો. **radio-isotope.** કિરણોત્સારી સમસ્થાનિક. (૨) વૈજ્ઞાનિક કૃષિ સંશોધન કાર્યમાં આવશ્યક અલ્પ-દ્રવ્ય-ટ્રેસર તરીકે આવાં સમસ્થાનિકોનો વિસ્તૃત ઉપયોગ થાય છે.

**radish.** મૂળો; **Raphanus** *sativus* **L.** નામની રાખ્યા વિના ખાઈ શકાય તેવાં મૂળ ધરાવતી ભારતભરમાં ઉગાડવામાં આવતી વનસ્પતિ, જેમાં પ્રજીવકો 'બી' અને 'સી' હોય છે. કાચા મૂળાનું કચુંબર પણ થાય છે. મૂળાનો છોડ ગરમી સહન કરી શકે છે પરંતુ ઠંડી તેને વધારે અનુકૂળ આવે છે. બધાજ પ્રકારની જમીનોમાં તેને ઉગાડી શકાય છે. તેને ખૂબ જ પાણી જોઈએ.

**radium.** કિરણોત્સારી ગુણના કારણે રેડિયમ નામધારી બેરિયમ જેવું **Ra** સંજ્ઞાવાળું ધાત્વીય તત્વ.

**radius.** અરિયારિથ, ભુજા અને મણિબંધ વચ્ચેનું હાડકું. (૨) વર્તુળના કેન્દ્રથી પરિમા સુધીની સીધી રેખા, ત્રિજ્યા; વ્યાસનો અર્ધો ભાગ. (૩) ફોકસ–કેન્દ્રથી વર્તુળના ગમે તે સ્થાન સુધીની રેખા. (૪) સંયુક્ત

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



–પુષ્પશીર્ષની બહારની કિનારી. (૫) છત્રકની અરીય શાખા. **r. rod.** અરીય દંડ.

**rag.** કેટલાંક ફળોમાં જણાતી ચર્મ-સદૃશ કક્ષા કે ત્વચા; સંતારા કે ખજૂરમાં આવા પ્રકારની ચર્મ-સદૃશ ત્વચા હોય છે. **r. millet.** બાજરી.

**ragged.** ખરબચડ, લબડતા (પ્રાણીના વાળ). **r. cutting.** ખરબચડ કર્તન. **r. bips.** કોઈપણ પ્રાણીનું અનિયમિત પાછલું અંગ.

**ragi.** નાગલી, બાવટો. **r. blast.** *Pyricularia eleusine* **Cav.** નામના જંતુથી નાગલીને થતો એક પ્રકારનો રોગ, જેમાં તેનાં પાન પર ત્રાક જેવાં ધાબાં પડે છે, જેથી પાન મરી જાય છે, કણસલાને ચેપ લાગે તો દાણાનો વિકાસ થતો નથી. **r. charcoal rot.** *Macrophomina phaseoli.* નામના જંતુથી નાગલીને થતો એક રોગ, જેમાં તેનાં પાન ખરે છે અને પ્રકાંડ સડવા માંડે છે. **r. downy mildew.** *Schlerophthora macrospora.* નામના જંતુથી નાગલીને થતો એક રોગ. **r. helminthosporium leaf blight.** *Helminthosporium leucostylum, H. nodulosum* અને *H. tetramera.* નામનાં કૃમિથી નાગલીને થતો રોગ, જેમાં પાનની બને બાજુ પર ધાબાં દેખાય છે, જેમાં *Hilminthosporium nodulosum.* ના ઉપદ્રવના કારણે તળ, મૂળ ઇ. પર સડો લાગે છે અને *Helminthosporium leucostylum.*થી પાન ખરવા માંડે છે. **r. schlerotial root-rot.** *Pellicularia rofsii.* નામના જંતુથી નાગલીને થતા રોગનો એક પ્રકાર, જેમાં છોડ ફીકો થઈ વામન રહી જાય છે. **r. smut.** *Melanopsichium eleusinis.* નામના જંતુથી નાગલીને થતો અંગારિયાનો રોગ.

**rahat.** રેંટ, 15–20 ફૂટ ઊંડા કૂવામાંથી પાણી કાઢવા માટેનો સાંકળવાળો રેંટ.

**rai.** રાઈ.

**raiba.** અંજન નામનું વાયવ્ય અને દક્ષિણ ભારતમાં થતું ખાદ્ય ફળનું ઘાસ.

**rain.** વરસાદ; વાતાવરણમાંથી સંઘનિત બનીને ટીપાંરૂપે થતો પાણીનો અવક્ષેપ. **r. belt.** સરેરાશ કરતાં વધારે વરસાદ પડતો હોય તેવો પ્રદેશ. **r. fall.** ચોક્કસ સમયમાં થતાં વરસાદનું પ્રમાણ, જે સામાન્ય રીતે ઈંચ અથવા મિ.મી અને સે.મી.માં માપવામાં આવે છે. **r. f. intensity.** ઈંચ કે સે.મી.માં દર્શાવવામાં આવતો વરસાદનો દર. **r. f. interception.** સામાન્ય રીતે ઈંચ કે સે.મી.ના માપ અનુસાર જમીનમાં પાણી જતું હોય તે રીતે ગણીને વૃક્ષરાજી કે વનસ્પતિના અવશિષ્ટના કારણે વરસાદના અવક્ષેપને નડતો અંતરાય. **r. f. penetration.** વરસાદના ચોક્કસ પ્રમાણમાં સપાટી પરથી જમીનની નીચે પહોંચતું કે પ્રવેશતું વરસાદનું પાણી. **r. forest.** 2,032થી 2,540 મિ.મી. કરતાં વધારે પ્રમાણમાં વરસાદ પડતો હોય તેવું વિષુવવૃત્ત વિસ્તારનું વન, વર્ષા-વન. **r. gauge.** વરસાદનું પ્રમાણ માપવાનું સાધન. **r. glass.** બેરોમીટર. **r. maker.** ખેતરની સપાટી પર ટીપાં દ્વારા પાણી પહોંચાડવા માટે ઉપયોગમાં લેવામાં આવતું વર્ષા ઉત્તેજક. **r. shadow.** વર્ષાછાયા; પવનની વિરુદ્ધ દિશાવાળા પર્વતના ઢોળાવ તરફ પડતો વરસાદ. **r. storm.** વરસાદની સાથે થતું વાવાઝોડું. **r. tree.** વિલાયતી શિરીષ; **Samanea** *saman* **(Jacq) Merr. (Pithecolobium** *saman* **Benth; Enterolobium** *saman* **Prain ex King.).** નામનું શોભા માટે અથવા વીથિ માટે ઉગાડવામાં આવતું, ઝડપથી ઊગતું ઝાડ, જેનાં ફળ ચારા તરીકે ઉપયોગી બને છે. **r. worm.** અળસિયું. **rains.** વરસાદની ઋતુ, ચોમાસું. **rainy.** વધારે પ્રમાણમાં અથવા સતત રીતે વરસાદ વરસતો હોય તેવી અવસ્થા. **r. season.** વર્ષાઋતુ, ચોમાસુ. **r. spell.** લાંબા સમયાંતરે થતો વરસાદ. **r. weather.**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વરસાદનાં ઝાપટાંવાળો ટૂંકો સમય, વરસાદની આબોહવા.

**raise.** (પાક) ઉગાડવો અથવા લેવો.

**raisin.** સૂકી દ્રાક્ષ, દ્રાક્ષ પ્રકારનું સૂકું ફળ, સૂકો મેવો. (૨) તાજા ફળને ખાવું સારું હોવા છતાં તેને સૂકા મેવારૂપે ખાવું વધારે સારું છે. **r. variety.** સૂકા મેવા તરીકે બનાવી શકાતી મરકત અથવા બી વિનાની ટૉમસન પ્રકારની દ્રાક્ષ. **r. wine.** સુકાયેલી દ્રાક્ષ ઉમેરીને તેના આથવણથી બનાવેલું પીણું.

**Rajeli.** રાંધવા માટે ઉપયોગમાં લઈ શકાય તેવાં કેળાં.

**Rajigara.** રાજગરો.

**rake.** સૂકું ઘાસ ભેગું કરવા માટેનું દાંતાવાળું પંજેટી નામનું સાધન; નાનું પંજેટી હાથથી ચલાવી શકાય છે, જ્યારે મોટાને ચલાવવા યાંત્રિક બળની જરૂર પડે છે.

**ram.** ખસી કર્યાં વિનાનો ઓલાદ માટે ઉછેરવામાં આવતો પુખ્ત ઘેટો. **r. lamb.** એક વર્ષની વયનું ઘેટાનું બચ્ચું.

**rama.** તંતુવાળો છોડ.

**ramal.** શાખિત: શાખાને લગતું. **ramification.** વૃક્ષનો શાખાવિન્યાસ. (૨) ઝાડના શાખાવિન્યાસની સાથે સરખાવી શકાય તેવો જટિલ સંરચનાનો પેટા-ભાગ. **ramose.** ઘણી શાખાવાળું. **ramify.** શાખા વડે વિસ્તૃત થવું; શાખા, પેટાભાગ કે પ્રરોહમાં ફેલાઈ જવું.

**Rambegun.** રામબેગન; **Solanum** *ferox* **L.** નામની નાની, કાંટાવાળી, આસામ અને દ. ભારતમાં થતી શાકીય વનસ્પતિ.

**Rambel.** કડવા પંડોળા, જંગલી પંડોળા; **Trichosanthes** *cucumerina* **L.** નામની ભારતભરમાં થતી શાકીય વનસ્પતિ, જેના ફળ – પંડોળાનું શાક બનાવવામાં આવે છે.

**Rambouillet.** સ્પેનિશ મેરિનામાંથી ફ્રાન્સમાં સારા ઊન અને માંસ માટે ઉછેરવામાં આવતા ઘેટાનો એક પ્રકાર.

**rambutan.** *Nephelium lappaceum* **L.** નામનું લીચી જેવું ફળ, જેનો ગર સફેદ અથવા પીળાશ પડતો હોય છે. બી વાવીને આ છોડ ઉગાડવામાં આવે છે. અને થોડા પ્રમાણમાં તેને નીલગિરિમાં ઉગાડવામાં આવે છે, ઝાડ દીઠ તેનો 20 પાઉંડ જેટલો ઉતાર મળે છે.

**ramdana. Amaranthus** *caudatus* **L.** નામની ભાજી.

**ramgoah.** તાડ.

**ramie. Boehmeria** *nivea* **Gaud.** નામનો ચિનાઈ તૃણ તરીકે ઓળખાતો, દીર્ઘાયુ ક્ષુપ, જેના રેસાને કાંતી વણવામાં આવે છે, જે સફેદ, મજબૂત અને રેશમ જેવા ચળકતા હોય છે. જેનાં કોથળા, દોરડાં અને ગૅસ મૅંટલ બનાવવામાં આવે છે.

**ramkel.** લાલ કેળાં.

**ramkurthi.** સોયાબીન.

**Ramontchi.** તાલિસપત્રી; **Flacourtia** *indica* (**Burm f.**) **Merr.** (**F.** *ramontchi* **L.,' Herit**). નામનું આસામ, મહારાષ્ટ્ર, અને પ. બંગાળમાં ઉગાડવામાં આવતું ખાદ્ય ફળનું ઝાડ.

**Rampatri.** હલકા પ્રકારનું જાયફળ.

**Ramphal.** રામફળ.

**Rampur-Bhushiar sheep.** હિમાચલ પ્રદેશમાં થતા ઘેટાનો એક પ્રકાર, જેનું ઊન બદામી રંગનું હોય છે.

**ramsar.** ભારતભરમાં ઉગાડવામાં આવતું દીર્ઘાયુ ઘાસ.

**ramtal.** રામતલ નામનો તેલીબિયાનો પાક.

**Ramularia** *areola* **AFK.** નામનું કપાસમાં એક પ્રકારનો રોગ કરનાર જંતુ.

**Ramulispora** *sorghi.* નામનું સુદાન તૃણમાનું રોગકારી જંતુ.

**ranbhindi.** રાનભીંડી નામનો, **Hibiscus** *surattensis* **L.** નામની ખાદ્યપાનની પ. બંગાળમાં થતી શાકીય વનસ્પતિ. જેના રેસાનું બરછટ કાપડ અને દોરડાં બનાવવામાં આવે છે. (૨) **Hibiscus** *ficulneus* **L.** (**Abel-**

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**moschus** *ficulneus* **Wight & Arn.**). નામની, રણભીંડી નામે ઓળખાતી શાકીય વનસ્પતિ, જેના સફેદ, ચળકતા રેસા હોય છે, જેના ચીકણા સાવનો ઉપયોગ ગોળ બનાવવા માટે શેરડીના રસને સાફ કરવા માટે થાય છે. (૩) **Abelmoschus** *manihot* (**L.**)**Medic**(**Hibiscus** *manihot* **L.**). નામનો રણભીંડીનો એક પ્રકાર, જેના રેસાનું બારદાનનું કાપડ બનાવવામાં આવે છે અને જે પ. બંગાળ, પશ્ચિમઘાટ, કર્ણાટક અને કેરળમાં થાય છે.

**Ranchi papaya** દ. ભારતનું લોકપ્રિય પપૈયું, જેમાં ફળઝાડની છેક નીચે તરફના ભાગ પર થાય છે અને તેનો આકાર લંબગોળ હોય છે.

**rancid.** ખોરું, ખોરીવાસવાળું.

**Randia** *dumetorum* **Lamk.** [Syn. **Gardenia** *dumetorum* **Roxb.**]. મીનફળ, મીંઢોળ નામનું ગુજરાત, મહારાષ્ટ્ર, ઉત્તરપ્રદેશ અને તામિલનાડુમાં થતું નાનું ઝાડ, જેનાં ફળ–મીંઢોળ ખાદ્ય છે, અને જેનો ગર મરડામાં દવા તરીકે આપવામાં આવે છે. **R.** *uliginosa* **DC** [Syn.**Gardenia** *uliginosa* **Retz**; **Posoqueria** *uligonosa* **Roxb.**]. પિંડાળું, ગાંગડ; નામનું ભારતભરમાં થતું ખાદ્યફળનું ઝાડ.

**random.** યાદૃચ્છિક. **r. sampling.** નમૂનાની પસંદગી, જેમાં વ્યક્તિગત પ્રકાર કે પ્રાયોગિક ઘટકને પસંદ કરવાની સરખી તક રહે છે. **randomization.** યાદૃચ્છીકરણ. **randomized block.** પાકના વિવિધ પ્રકારના નાના નાના સમૂહોમાં પેટાવિભાગ પાડી, તે પ્રત્યેકના ઘટકને યાદૃચ્છિક માવજત આપીને પાકની કસોટી કરવાની એક યુક્તિ.

**range.** મર્યાદા, પરિસર, ક્ષેત્ર. (૨) કેટલાક છોડ કે પ્રાણીવાળો કુદરતી ભૌગોલિક વિસ્તાર. (૩) જંગલની ભૂમિ સમેત ઢોર માટે ચારો પેદા કરતી વણખેડાયેલી જમીન. **Ranger.** લાંબુ કદ, રાખોડી રંગની છાલ, પીળાશ પડતા ગરવાળાં અમેરિકન પ્રકારનાં શક્કરિયાં. (૨) જંગલની જમીનના એક ઘટકનો વન અધિકારી, રેન્જર.

**Rangoon creeper.** રંગૂની વેલ.

**Rangpur lime.** ખાટા સ્વાદવાળાં, સંકર કાગદી લીંબુની ભારે ફાલ આપતી અને હિમને સહન કરતી દખ્ખણમાં થતી એક જાત.

**Ranikhat.** વિષાણુથી બધી જાતનાં અને બધી જ વય ધરાવતાં મરઘાં–બતકાંને લાગુ પડતો ચેપી, પ્રાણઘાતક રોગ; કેટલાક કિસ્સામાં રોગ પરખાય તે અગાઉ જ બચ્ચાં મરી જાય છે, અને બચી જવા પામે તો તેને અતિસાર, ધગ અને પાંખનો લકવો ઇ. થાય છે. આ રોગમાં 80 - 90 ટકા મરણનું પ્રમાણ ગણાય છે.

**rank.** અતિ વિપુલ, જોરદાર અને ખરબચડી (શાકીય વૃદ્ધિ). (૨) દરજ્જો.

**Ran-mogara.** રણ મોગરો, બટમોગરો.

**Rantulsi.** રણતુલસી.

**Raoiella** *indica* **Hirst** નામનો સોપારીને રોગ કરતાં કીટક

**rape.** સરસવ.

**raphae.** સેવની, સંધિ રેખા, અંડક દંડ.

**Raphanus** *sativus* **L.** ગુજરાત, પંજાબ, મહારાષ્ટ્રમાં થતી શાકીય વનસ્પતિ, જેનાં મૂળ એટલે મૂળા, કુમળાં પાનનું શાક થાય છે. **R.** *sativus* **L.** var. *caudatus* **L.** મોગરી.

**raphide.** સૂચિસ્ફટ.

**Raphimatopus** *ablutella* **Zell.** શેરડીના સાંઠાને વેધનાર કીટ.

**rapid dye reduction test.** દૂધના નમૂનામાં રહેલા જીવાણુની સંખ્યા અને તેમની કામગીરી જાણવા માટે કરવામાં આવતી કસોટી, જેનો આધાર તેને માટે ઉપયોગમાં લેવામાં આવતા સૂચક સાધન પર છે; જેનાં *Methylene Blue Reduction Test. Ten Minutes Resazurin Test* અને *Tetrazolium Test*નો સમાવેશ થાય છે.

**rare elements.** વિરલ, અલ્પ પ્રમાણમાં પણ વૃદ્ધિ – વિકાસ માટે અતિ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવશ્યક તત્ત્વો, જેમાં આયોડીન, કોબાલ્ટ, તાંબું, જસત, વેનેડિયમ, અને મેન્ગેનીઝનો સમાવેશ થાય છે.

**rash.** થોડા સમય માટે ચામડી પર આવતો સોજો.

**rashari.** નીલગિરિમાં થતું ફળનું ઝાડ.

**rasorial.** મરઘાંની માફક જમીનને ખોતરીને ખોરાક શોધનાર (પ્રાણી).

**rasp.** પ્રાણીની ખરી કે હાલડાને છોલવા માટે ઉપયોગમાં લેવામાં આવતું કાનસ જેવું સાધન.

**raspberry.** *Rubus*ની વિવિધ જાતિનું રાતા, કાળા અને પીળા ગરવાળું બદરી ફળ, જેમાં હિમાલયન રાસ્પબેરી, યુરોપિયન બ્લેક બેરી, સિલોન રાસ્પબેરી, બ્લેકબેરી, મોરિશિયસ રાસ્પબેરી જેવા વિવિધ પ્રકારોનો સમાવેશ થાય છે.

**Rasthali.** રસ્થલી નામનો દક્ષિણ ભારતનો કેળાનો એક પ્રકાર, પ. બંગાળનાં લોકપ્રિય ખાદ્ય કેળાં, જે ભારે વરસાદના પ્રદેશમાં થાય છે. આ કેળાંનું ફળ મધ્યમ કદનું, જાડું, સખત પાતળી છાલનું, પણ પાકે ત્યારે હાથીદાંત જેવો ચળકતો સફેદ રંગ ધારણ કરે, સ્વાદિષ્ટ અને સફરજનની સુવાસ ધરાવતું હોય છે. આ કેળાની લૂમમાં લગભગ 130 કેળાં થાય છે અને લૂમનું વજન લગભગ 20 કિ.ગ્રા. થાય છે.

**rat.** ઉંદર, મૂષક; *Rattus* જાતિ અને *Muridae* કુળનું લાંબી પૂંછડીવાળું, કૃંતક પ્રાણી, જે પાકને ભારે હાનિ પહોંચાડે છે. **r. bait.** ઉંદરને લલચાવી મારવાનું ઝેરી દ્રવ્ય. **r. fumigation pump.** પ્લંજર પ્રકારનો પંપ, જેમાં હવાદાબ સાધન, જંતુઘ્ન ભૂકી રાખવાની પેટી જેવું સાધન અને ભૂકીને છાંટવામાં સરળતા થાય તેવી ટયૂબ હોય છે. આ પંપ વડે ઉંદરના દરમાં ઝેરી ભૂકી હવાદાબ યુક્તિથી નાખવામાં આવે છે. **r. killer.** ઉંદરને મારનાર, ઉંદરનો નાશ કરનાર. **r. trap.** ઉંદરને પકડવાનું પાંજરું, ઉંદરિયું, કોળવાઈ.

**ratala.** **Coleus** *rotundifolius* **(Poir) A. Cheval.** [Syn. **C.** *parviflorus* **Benth; Plectranthus** *tuberosus* **Blume**]. નામની મુખ્યત્વે દ. ભારત અને મહારાષ્ટ્રમાં થતી શાકીય વનસ્પતિ, જેના કંદનું શાક થાય છે.

**ratan cane.** નેતર.

**ratanjot.** રતનજોત, **Arnebia** *hispidissima* (**Lehm.**)**DC.** નામની વનસ્પતિ, જેનાં મૂળમાંથી મળતો લાલ રંગ માથાના તેલમાં વાપરવામાં આવે છે.

**rate** દર. **r. of change.** ફેરફાર-પરિવર્તનનો દર. **r. of growth.** વૃદ્ધિ દર; વૃક્ષે સંપાદન કરેલા કાષ્ઠનો થડથી અરીય રીતે અને કાપેલા વૃક્ષના થડથી માપવામાં આવતો દર, આ દર ઇંચમાં વૃક્ષ વલયોની ગણતરી કરીને આપવામાં આવે છે. (૨) પ્રાણી જે દરે ઊંચાઈ અને વજન મેળવે તે દર. **r. of planting.** બી દર. ચોક્કસ વિસ્તારના ઘટકમાં વાવણી કરવા માટે આવશ્યક બનતો બીનો જથ્થો. **r. structure.** દરનું માળખું, દર પદ્ધતિ.

**Rath.** અલવર, અને તેની આસપાસમાં થતી, હરિયાણા, નાગોરી. અને મેવાતીની સંકર ઓલાદના મધ્યમ કદનાં, શક્તિશાળી, ભારે હળ ખેંચવાની ત કાતવાળાં હરિયાણા પ્રકાર કરતાં નાનાં પ્રાણી.

**rathalu.** રતાળુ.

**ratio.** ગુણોત્તર, અનુપાત.

**ration.** રેશન, રાશન. (૨) પ્રાણી માટેનું મુકરર પ્રમાણ-માપ. **r., balanced** સમતોલ રાશન. **r., maintenance** નિર્વાહપૂરતું રાશન. **r., productive** વર્ધક-ઉત્પાદક રાશન.

**rato baval.** રાતો બાવળ.

**ratoon.** પ્રકાંડના તળમાંથી કે વનસ્પતિના મૂળમાંથી ઉગાડવા માટે કાપેલો પ્રાંકુર, જે કાપી લીધા પછી બીજી કે ત્રીજી રોપણી માટે પણ ઉપયોગી બને છે.

**rat-tail radish.** મોગરી; *Raphanus sativus,* **L** var. *caudatus* **L.** વાર્ષિક કે દ્વિવાર્ષિક શાકીય વનસ્પતિ. (૨) સેંગરી નામની મેવારી મૂળી, જેના ફળની

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શાકભાજી થાય અને જેનો મુરબ્બો બને.

**Rattus** *rattus*. સર્વાહારી ઘરમાંનો ઉંદર. **R.** *norvegicus*. નોર્વેનો ઉંદર.

**Rauvolfia** *serpentina* **(L.) Benth. ex Kurz** [Syn. **Ophioxylon** *serpentinum* **L.**]. સર્પગંધા, આસામ, દહેરાદૂન, બિહાર, પશ્ચિમઘાટ અને પ. બંગાળમાં થતો છોડ, જેનાં મૂળ ઔષધીય ગુણ ધરાવતાં હોઈ તે, લોહીના ઊંચા દબાણ, માનસિક ગરબડ ઇ.માં કામમાં આવે છે.

**Ravenala** *madagascariensis* **J. F. Gmel.** મૂળ માદાગાસ્કીનો શોભાનો છોડ.

**Ravenna grass.** ઊંચું ઊગતું એક પ્રકારનું ઘાસ.

**ravine.** કોતર; ઝડપથી દોડતા પ્રવાહના ઘસારાના કારણે લગભગ સમાંતર પડેલા કોતર; આ પ્રવાહ મોટી નદી કે તેની સહાયક નદીમાં પડે. (૨) ગુજરાત, મધ્યપ્રદેશ, રાજસ્થાનમાં આવાં કોતરો જોવામાં આવે છે; આવાં કોતરો હેઠળ 60થી 70 લાખ એકર જમીન રોકાયેલી રહે છે.

**raw** કાચું, અપક્વ. **r. bone meal.** 4 ટકા મંદકારી નાઈટ્રોજન અને 20થી 25 ટકા અદ્રાવ્ય ફૉસ્ફૉરિક ઍસિડ ધરાવતો હાડકાંનો ભૂકો, જે ખાતર તરીકે ઉપયોગી બને છે. **r. cane sugar.** ખાંડસરી; કાચી, પીળાશ પડતી કે બદામી રંગની શુદ્ધ કર્યા વિનાની ખાંડ. **r. cotton.** શુદ્ધ કર્યા વિનાનું રૂ. **r. hide.** કમાવ્યા કે કેળવ્યા વિનાનું ચામડું. **r. humus.** અપક્વ ખાદમાટી–હ્યુમસ. **r. material.** તૈયાર માલ બનાવવા માટે ઉપયોગમાં લેવામાં આવતો કાચો માલ. **r. milk.** દુધાળાં ઢોરમાંથી લીધેલું તાજું પણ પ્રક્રિયા કર્યા વિનાનું દૂધ. **r. rice.** છડ્યા પૂર્વે કોઈ પણ પ્રકારની પ્રક્રિયા કર્યા વિનાની ડાંગર–ચોખા. **r. rock phosphate.** પ્રક્રિયા કર્યા વિનાનો ઝીણો દળેલો ફૉસ્ફેટ–રૉક, જે ખાતર તરીકે ઉપયોગી બને છે. **r. silk.** કાચું રેશમ. **r. sludge.** કાચો – પ્રક્રિયા કર્યા વિનાનો અવમલ. **r. wool.** તૈલી પદાર્થ કે બીજ કાઢી લીધા પહેલાંનું ઊન.

**ray.** પટ્ટ પુષ્પ વિન્યાસમાંથી નીકળતાં નાનાં ફૂલોમાંનું એક ફૂલ. (૨) એવા દ્વારા રિબન આકારની પેશીની થતી અને ત્રરીય રીતે. વિસ્તરતી પટ્ટી. (૩) કિરણ. **r. florets.** સંયુક્ત પુષ્પનું બહારનું સારી રીતે વિકસિત બનતું પુષ્પક. (૨) કિરણ પુષ્પક. **r. fungus.** કિરણકવક; *Actinomyces bovis*. કુદરતમાં વિશાળ રીતે પથરાયેલો સૂક્ષ્મ સજીવ, જે પ્રાણીના અંગમાં પ્રવેશતા હાડકાં કે પેશીમાં સોજો લાવે છે. **r. f. disease.** કિરણકવક રુજા.

**reabsorption.** પુનઃઅવશોષણ.

**reaction.** પ્રતિક્રિયા, અભિક્રિયા. **reactor.** રોગની કસોટી દરમિયાન બાહ્ય દ્રવ્ય પ્રત્યે પ્રાણીની થતી પ્રતિક્રિયા. (૨) ક્ષય રોગવાળુ પ્રાણી, જે ટ્યુબરક્યુલિન પ્રત્યે પ્રતિક્રિયા કરે છે.

**reagent.** અન્ય દ્રવ્યમાં રાસાયણિક પ્રતિક્રિયા નીપજાવનાર દ્રવ્ય; અભિકારક (દ્રવ્ય), પ્રતિકારક (દ્રવ્ય).

**readjustment.** પુનઃ સમાયોજન.

**ready reckoner.** તત્કાલ ગણક.

**real.** વાસ્તવિક, સાચું, યથાતથ. **r. density.** કણની ઘનતા–ઘનત્વ, વાસ્તવિક ઘનત્વ. **r. specific gravity.** વાસ્તવિક વિશિષ્ટગુરુત્વ.

**reap.** કાપણી કરવી, લણણી કરવી. **reaper.** કાપણી કરનાર. **reaping.** કાપણી.

**rear.** પાછલું, પાછળ આવેલું. (૨) પાળવું, ઉછેરવું. **r. quarter.** કોઈ પણ પ્રાણીનો પાછલો ચોથો ભાગ. (૨) ગૌવંશી પ્રાણીનાં આંચળનો પાછલો ચોથો ભાગ, પાછલું એક આંચળ. **r. udder.** ગાયનાં આંચળનો પાછલો ભાગ. **rearer.** માતાનું ધાવણ છોડાવ્યા પછી બચ્ચાને ઉછેરવા માટેનો પ્રકાશ કે ગરમીના બીજા કોઈ સાધન વિનાનો વિશિષ્ટ કોષ્ઠ. **rearing.** પાલન, ઉછેર. **r. coop.**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મરઘાનાં બચ્ચાંને 8-10 અઠવાડિયાં સુધી મોટાં થાય તે માટે તેમને રાખવા માટેની, જમીનથી સહેજ ઊંચી જાળીવાળી જગ્યા. **r. pond.** નાની માછલીઓ મોટી થાય ત્યાં સુધી તેમને રાખવા માટેનું કાયમી કે મોસમવાર જલાગાર.

**reba.** 12 ઈંચ સુધી લાંબી થતી, શંકુ આકારના માથાવાળી, બંને બાજુએ કાળાં ટપકાંવાળી, પ્લેન્કટોન ખાતી કાર્પ માછલી *Cirrhina reba, aringan, elemoose, podha, khorkebata,* ઇ. તેનાં વિવિધ નામો છે.

**receiving platform.** દૂધ લેવાના સ્થાન કે ડેરી પરનું દૂધ સ્વીકારવાનું મંચ.

**recent.** તાજેતરનું, હમણાં જ નીપજેલું. **r. and sub-recent rocks.** ભારતમાં શૈલ નિર્માણ, જેથી જમીનનું સંચલન શક્ય બન્યું છે; આમાં જૂના ઇન્ડો-ગેન્જેટિક, નવા ઇન્ડો ગેન્જેટિક જલકૃત, લેટેરાઇટ અને મરુ નિક્ષેપિત શૈલોનો સમાવેશ થાય છે. **r. soil.** તાજેતરમાં જ નિક્ષેપિત થયેલી જમીન.

**receptacle.** પુષ્પાસન, પુષ્પધર, પુષ્પાધાર; વજ, પુષ્પમણિ, પુંકેસર અને સ્ત્રીકેસરચક્રો ધારણ કરનાર પુષ્પવૃંતની ટોચ પરનો ભાગ; વનસ્પતિનો પુષ્પાધાર બનતો ફુલેલો ભાગ. (૨) પુષ્પવિન્યાસનું પ્રકાંડ. (૩) ગ્રાહી સાધન. **receptive.** આદાનીય, ગ્રહણશીલ. **r. region.** આદાન પ્રદેશ. **r. spot.** આદાન સ્થાન. **r. surface.** આદાન તલ. **receptivity.** ગ્રહણશીલતા.

**recession.** અપ્રભાવી અવસ્થા. (૨) સંકર જાતમાં સદ્યઃ પુરોગામી પિતૃ પૈકી એકનાં લક્ષણ બીજાનાં પ્રભાવી લક્ષણોના કારણે પ્રચ્છન્ન રહે તે. **recessive.** નિષ્પ્રભાવી (લક્ષણ).

**rechurned.** પુનર્મંથિત.

**reciprocal.** પારસ્પરિક, અન્યોન્ય. **r. cross.** પારસ્પરિક સંકર. **r. hybrid.** પારસ્પરિક સંકર. **r. translocation.** પારસ્પરિક સ્થાનાંતર.

**reclamation.** (જમીનની) નવસાધ્યતા, (જમીન) ઉદ્ધરણ.

**recombination.** પુનઃ સંયોજન. (૨) સદ્યઃ પુરોગામી દ્વારા વ્યક્ત થતા સંયોજન કરતાં, લક્ષણોની દૃષ્ટિએ દેખાતું નવું સંયોજન, પુનઃ સંયોગ.

**reconnaissance soilsurvey.** થોડા થોડા સમયાંતરે કરવામાં આવતાં અવલોકનોના આધારે જમીનનું તથા સરહદોનું કરવામાં આવતું સર્વેક્ષણ.

**recostituted milk.** પુનર્ગઠિત દૂધ. (૨) દૂધની ચરબી અને ચરબીવિહીન કે ચરબીવાળા દૂધના પાઉડરના મિશ્રણથી બનાવવામાં આવતું દૂધ. (૩) દૂધની ભૂકી અને સાધારણ દૂધમાં હોય તેટલા અને તેવા ઘટકો થાય ત્યાં સુધી પાણી ઉમેરીને બનાવેલું દૂધ.

**reconstitution of cream.** પાયસીકારકોની મદદથી દૂધમાં માખણનું પુનઃ પાયસીકરણ કરીને બનાવવામાં આવતું માખણ.

**record of rights.** અધિકાર પત્ર, પહાણીપત્રક.

**recovery.** પુનઃ પ્રાપ્તિ. (૨) સ્વાસ્થ્યની પુનઃ પ્રાપ્તિ. **r. period.** પુનઃ પ્રાપ્તિનો સમય. (૨) સ્વાસ્થ્યની પુનઃ પ્રાપ્તિનો સમય.

**recrement.** રક્તમાંથી પ્રવાહી જુદું કરી પુનઃ તેમાં ભેળવવામાં આવે તે, જેમ કે લાળ, પિત્તરસ ઇ.

**recrudesce.** રોગ, વ્રણ ઇ.નું પુનઃ ફાટી નીકળવું.

**rectal** મલાશયનું, —ને અંગેનું. **r. gland.** મલાશય ગ્રંથિ. **rectum.** મલાશય, ઋજવંત્ર; મોટા આંતરડાનો ગુદામાં પૂરો થતો પાછલો છેડો. **r. eversion.** ઉરસ.

**rectangular** ચોરસ. **r. checks.** સિંચાઈ માટે ચોરસ બનાવવામાં આવેલા દ્વાર અથવા સ્તંભ. (૨) પાસેની સપાટીને અનુકૂળ આવે તેમ પાણી સંગ્રહી શકાય તે માટે ખેતરમાં કરવામાં આવતા ચોરસ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કપારા. **r. weir.** શીરસ્ત આડબંધ.
**rectifier.** સરખું કરનાર.
**rectilinear.** સરળ રેખાવાળું, રેખાંકિત.
**rectrix.** પક્ષીના પુચ્છનું પીછું.
**recumbent.** આડું પડેલું (૨) —ની ઉપર રહેલું.
**recuperate.** થાક, રોગ, માંદગી, ખોટ ઇ.માંથી ઊગરવું, પુનઃ પૂર્વ અવસ્થા કે પૂર્વ સ્થિતિને પ્રાપ્ત કરવી. **recuperative crop.** ફળદ્રુપતા જાળવતો પાક.
**recur.** ફરી બનવું, પુનરાવૃત્ત થવું. **recurrent.** પુનરાવર્તક, વારંવાર બનતું, આવર્તક. **r. ophthalmia.** પુનરાવર્તક નેત્રરોગ. **r. parent.** આગલા જનકની સાથે પુનઃ અથવા વારંવાર કરવામાં આવતી સંકર પ્રક્રિયા. **r. section.** મકાઈ સંવર્ધનમાં અજમાયશ ખાતર કરેલા એકલ સંકરનું પુનરાવર્તન.
**recurved.** પુનંવક્રિત.
**red.** લાલ, રાતું. **r. algae** લાલ લીલ, લાલ શેવાળ. **r. and white cabbage.** લાલ અને સફેદ કોબી. **r. ant.** ઝીમેલો; *Oecophylla amaragdina* **Fabr.** નામની પાતળી સિંદૂરિયા અથવા લાલ આંબાની કીડી, જે તાજાં પાનને હાનિ પહોંચાડી માળાની માફક સાંધી દે છે; ઉપરાંત લીંબુ, ચીકુ, જામફળ, લાછી અને કાજુ પર પણ ઉપદ્રવ કરે છે. **R. Astrachan.** ભારતમાં ઉગાડવામાં આવતા રશિયન સફરજનનો એક પ્રકાર, જેનું ફળ મધ્યમ કદનું, ગોળ, પાતળી, નાજુક પીળાશ પડતાં રંગની છાલ, સફેદ ગર, ધરાવે છે, અને જે સુવાસિત છે. **R. Banana.** લાલ કેળાં. **r. blood-cell.** લાલ રક્ત કોષ, લાલ રક્તકણ, જેને અંગ્રેજીમાં *red corpuscle* કે *erythrocyte* કહે છે. સૂક્ષ્મદર્શકમાં જોતાં તે ગોળ ચકતી જેવો દેખાય છે ને તેમાં રક્તરંજક દ્રવ્ય હોય છે. **R. Cabbage.** લાલ રંગની કોબીનો એક પ્રકાર. **R. Cap.** મરઘાંની ઇંગ્લિશ ઓલાદ, જેને મોટી, લાલ કલગી હોય છે. **r. cedar.** રાતો દેવદાર. *Shingle tree, Acrocarpus fraxinifolius* **Wight & Arn.** નામનું આસામ, પ. બંગાળ, પશ્ચિમઘાટ, કર્ણાટક ઇ.માં થતું વૃક્ષ, જેના કાષ્ઠમાંથી પ્લાયવૂડ, પાટિયાં, ફર્નિચર ઇ. બનાવવામાં આવે છે. **r. cherry** શેરી. **r. clover.** *Trifolium pratense* **L.** હિંદીમાં ત્રિપત્ર નામનું ઘાસ, જેનાં ફૂલમાંથી લાલ રંગ બનાવવામાં આવે છે. **r. corpuscle.** લાલ રક્તકોષ; જુઓ *red blood cell.* **r. cotton bug.** કપાસનાં *Dysdercus koenigi* **Fabr.** નામનો કપાસનાં પાન, ફૂલ, જીંડવા, કપાસિયાનો રસ ચૂસતો કીટ, જેના કારણે છોડની વૃદ્ધિ કુંઠિત બને છે અને રૂને હાનિ પહોંચે છે. (૨) કપાસ ઉપરાંત પણ તે ભીંડી, શણ ઇ.ને પણ નુકસાન પહોંચાડે છે. **r. currant.** *Ribes rubrum* **L.** નામનો હિમાલયમાં થતો ખાદ્ય ફળનો ક્ષુપ. **R. Danish.** ખૂબ દૂધ આપનાર, રાતા રંગની તાજેતરમાં જ સંવર્ધિત કરેલી દુધાળા ઢોરની ઓલાદનો એક પ્રકાર. **R. Delicious.** મધ્યમથી મોટા કદનું, શંકુ આકારનું, સફેદ ગર, સ્વાદુ અને સુવાસિત, સારી જાતનું હિમાચલ પ્રદેશ, કાશ્મીર અને પંજાબમાં થતું સફરજન. **r. dysentry.** મરઘાંનો એક પ્રકાર જેને *Coccidiosis* કહેવામાં આવે છે. **r. earth.** ઊંડી, અલ્પસિલિકા ધરાવતી લાલ માટી. **R.-faced Minorca.** ભૂમધ્ય પ્રદેશની મરઘાંની એક ઓલાદ. **r. fescue.** સમશીતોષ્ણ હિમાલય અને ખાસી ટેકરીઓમાં જોવામાં આવતું *Festuca rubra* **L.** નામનું ચારા માટેનું ઘાસ. **r. gourd.** કોળું. **r. gram.** તુવેર. **r. g. plume moth.** *Exeiastis atomosa* **W.** નામની તુવેરના દાણાને કોલી ખાતી રાતી ઈયળ. **r. gum.** *Murray red gum; Eucalyptus rostrata* **Schlecht.** નામનું સમમિતિ ધરાવતું, ગોળ થડવાળું, ઈમારતી કામ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માટે મજબૂત, ટકાઉ કાષ્ઠવાળું, ઝડપથી ઊગતું અને ભેજવાળી જમીનમાં થતું ઝાડ. ઉછેરગૃહમાં તૈયાર કરેલા રોપને પુનઃ વાવીને ઉગાડવામાં આવતું ઝાડ. **r. hairy caterpillar.** જુવાર, મકાઈ, બાજરી, મગ, તલ, મગફળી, કપાસ, ગુવાર, શણ ઇ.ને લાગુ પડતી પાન ખાનારી અને આ સૌના પાકને ભારે હાનિ પહોંચાડતી *Amsacta moorei* **But.,** *A. albistriga* **Moore.** નામની ઇયળો કે લાલ કાતરા. **r. heart.** શાકુદ્રુમ અને અન્ય વૃક્ષોમાં ફૂગના કારણે વૃક્ષના કેન્દ્ર-કાષ્ઠનો થતો રાતો રંગ. **r. hot cats tail.** એકલિફા. **r. leaf of cotton.** કપાસનું લાલ પર્ણ. **R. Mauritius.** અનેનાસનો મોરિશિયસ નામનો એક પ્રકાર. **r. milk.** લાલ દૂધ. **r. mite.** લાલ ઇતડી; *Tetranychus bioculaetus* **Wood Mason.** નામનો શણ અને ચાનાં પાનનો રસ ચૂસતો કીટ. (૨) *Chicken mite, roost mite, Dermanyssus gallinae.* નામધારી મરઘાં-બતકાંને લાગુ પડતાં ટાંકણીના માથા જેટલાં જંતુ, જેના ઉપદ્રવના પરિણામે છેવટે પ્રાણીનું મરણ નીપજે છે, જે *fowl spirochaetosis.* નામના રોગ માટે જવાબદાર બને છે. **R. mulberry.** *Virginia mulberry, Morus rubra* **L.** નામનું ઊંચું, કાચા, લાલ અને પાકા કાળા શેતૂરવાળું શેતૂરનું ઝાડ. **R. Natal.** લાલ મગફળીનો *lal doua, Small japanese.* નામનો 41 ટકા તૈલી દ્રવ્ય ધરાવતો એક પ્રકાર. **r. oat.** ઉત્તરપ્રદેશ, પંજાબ, બિહાર, પ. બંગાળ, ઓરિસા અને તામિલનાડુના ડુંગરાળ પ્રદેશોમાં થતી ઘાસચારાની શાકીય વનસ્પતિ. **r. oil palm.** જુઓ *African oil palm.* **r. pepper** લાલ મરચાં. **r. pumpkin beetle** *Aulacophora foveicollis* **Lucas.** *A. intermedia* **Jac.** નામનું લાલાશ પડતું, પાનખાતું, દર બનાવતું, મૂળને પણ કોરી ખાતું દ્વિપક્ષ કીટ, જે પરોળાદિ કુળની વનસ્પતિને ભારે હાનિ પહોંચાડે છે. **r. rust.** વનસ્પતિને થતો લાલ ગેરુ નામનો રોગ. **red sandalwood.** લાલ ચંદન, *Pterocarpus santalinus* **L.** નામનું દ. ભારતમાં થતું ઝાડ, ચંદન કે સુખડના ઝાડનું કાષ્ઠ જે ઇમારતી કામમાં તથા કાપડ, લાકડ, અને ચામડાં રંગવા માટે ઉપયોગી બને છે. અને જે પર કોતરકામ થાય છે. **r. sanderwood.** જુઓ *r. sandal wood.* **r. silk cotton.** શીમળો, રાતો શીમળો; *Bombax ceiba* **L.** [Syn. *B. malabaricum* **DC.,** *Salmalia malabarica* **(DC.) Schott & Engl.**]. નામનું વૃક્ષ, જેનાં ફૂલાં રૂ્ાઈ, ઓશીકાં ભરવાના કામમાં આવે છે; કાષ્ઠ દીવાસળી બનાવવાનાં કામમાં આવે છે; જેને ઊગવા માટે વિશાળ જગ્યા જોઈએ. આ વૃક્ષ પ્રમાણમાં ભેજવાળી જગ્યામાં થાય છે. **R. Sindbi.** પાકિસ્તાનની લાલ સિંધી નામની ઓલાદ. **r. soils.** દામ્પણ અને કાંઠાળ કાંપની જમીનોને બાદ કરતાં, સમસ્ત તામિલનાડુ, કર્ણાટક, અગ્નિ મહારાષ્ટ્ર, પૂર્વ આન્ધ્રપ્રદેશ, મધ્ય પ્રદેશના પૂર્વ વિસ્તારો, ઓરિસા, છોટા નાગપુર, સમેત દ. ભારતને આવરી લેતી જમીનો. ઉત્તર ભારતમાં બિહારના મોટા ભાગના સાંથાલ પરગણા, પ. બંગાળનો બીરભૂમ જિલ્લો, ઉત્તર પ્રદેશના મિરજાપુર, ઝાંસી અને હમીરપુર જિલ્લા અને મધ્ય ભારતના બુંદેલખંડ એજન્સીમાં આવી જમીનો આવેલી છે, જે જલકૃત નિર્માણ પામેલી વરસાદના ધોવાણથી બને છે. તેની પરિચ્છેદિકામાં ચૂનાના કંકર, અને મુક્ત કાર્બોનેટ નથી, જ્યારે 0.05 ટકા કરતાં પણ વધારે ન હોય તેવું મંદદ્રાવ્ય લવણ હોય છે. આ લાલ રંગની રેતાળ માટીની બનેલી હોય છે અને ઉંડાણ અને રૂપ-રૂપતાની દૃષ્ટિએ તે વિભિન્ન હોય છે. તેમાં નાઇટ્રોજન, ફોસ્ફોરિક ઍસિડ, ખાદ-માટી અને ચૂનાની ઊણપ વરતાય છે; જ્યારે માટીવાળા ભાગમાં કે ઓલીન

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રકારનાં ખનિજ દ્રવ્યો સારા પ્રમાણમાં હોય છે. **R.Sussex.** સસેક્સ ઓલાદના, સફેદ ધારી ધરાવતાં પીંછાંવાળાં મરઘાં, નર અને માદા બંનેનો અંતઃત્વચાનો રંગ સિલેટિયો હોય છે. **r. tinged aonla.** રાયમાંબળાં. **R. Water.** *Babesia bigemina.* નામની જૂથી ઢોરને લાગતો ચેપી રોગ. જેમાં તાવ, રક્તક્ષીણતા, કમળો, અતિસાર જેવાં લક્ષણો થાય છે.

**redia.** ફ્લુક નામના કીટના વિકાસમાં આવતી દ્વિતીય અવસ્થા.

**reducr.** જુદા જુદા માપના પાઇપોને જોડતી કપલિંગ; મોટા ભાગે છંટકાવ કરવા માટે આવા પાઈપોને ઉપયોગમાં લેવામાં આવે છે.

**reductase.** મીથિલીન બ્લ્યૂને વિરંજિત કરતું ઉત્સેચક.

**reduction.** અવકરણ, અર્ધસૂત્રીકરણ. (૨) અપચયન. **r. division.** અર્ધીકરણ, અર્ધસૂત્રીકરણી; અપચયન.

**reed.** નરકુલ, બરુ; લાંબા, ખરબચડા, સંયુક્ત પ્રકાંડ ધરાવતી વનસ્પતિનો એક પ્રકાર **r. cane.** *Saccharum barberi* **Jesweit.** નામની બરૂ જેવી મજબૂત, અલ્પ વરસાદ અને હિમનો સામનો કરી શકતી, ઉત્તર ભારતમાં થતી શેરડીનો પ્રકાર.

**reel.** વીંટવું. (૨) દોરો વીંટવાનું રીલ, ફિરકી. **reeling machine.** દોરો વીંટવાનું યંત્ર.

**refined foods.** મેંદો, યંત્રમાં છડેલા ચોખા જેવાં ખાદ્ય ધાન્યો, જેને તૈયાર કરતાં તેમાંથી ખનિજ. પ્રજીવકો અને/અથવા અન્ય દ્રવ્યો દૂર કરાયેલાં હોય છે. **r. jaggery.** કારખાનામાં ગોળને શુદ્ધ કરી બનાવવામાં આવતી દાણાદાર ખાંડ.

**reflection. reflexion.** પ્રતિબિંબ. **reflex action.** ચેતા ઉત્તેજનાથી થતી અનૈચ્છિક પ્રતિવર્તી ક્રિયા. પ્રતિવર્ત.

**reforestation.** અગાઉના વનવિસ્તારનું પુનઃ કરવામાં આવતું વનીકરણ.

**refractive index.** વક્રીભવનાંક.

**refractory wood.** પ્રક્રિયા દરમિયાન ફાટવાની શક્યતા ધરાવતું કાષ્ઠ.

**refrigerant.** પ્રશીતકર. **refrigeration.** આસપાસના વાતાવરણ કરતાં ઓછું ઉષ્ણતામાન નભાવવા માટે, બંધ સ્થાનમાં કોઈ પણ વસ્તુનું ઉષ્ણતામાન ઓછું કરવાની પ્રક્રિયા; આ બરફ, ઘન કાર્બનડાયોક્સાઇડ કે રેફ્રિજરેટરથી શક્ય બને છે; પ્રશીતલન.

**regeneration.** કુદરતી અથવા કૃત્રિમ રીતે વન્ય પેદાશોનું પુનર્નિર્માણ કરવું કે આવી પેદાશ મેળવવી. (૨) નવિનીકરણ.

**region** પ્રદેશ.

**registered society.** નોંધાયેલી (સહકારી) મંડળી.

**regma.** સ્થિતિસ્થાપક બીજદર્શક ક્રિયાતંત્રથી ખુલે તેવું વેશ્મફોટી ફળ.

**regolith.** આવરણ પથ્થર; પૃથ્વીના પડ પર ધસારો પામેલા શૈલનું અસંગીભૂત આવરણ; ઘન શૈલ પરની ઢીલી માટી. **regolity.** જુઓ *regolith.*

**regorge.** ફરી ઉપર લાવવું, વમન કરવું, કાઢવું. (૨) ખાડામાંથી પુનઃ પાણી વહેવું. (૩) પુનઃ ગળવું.

**regosol.** ચોક્કસ પ્રકારના સંસ્તર વિનાની અંતઃસ્થ ખનિજ નિક્ષેપોમાંથી બનેલી જમીન.

**regrassing.** કોઈ વાતાવરણીય કારણોથી નાશ પામેલી તૃણભૂમિમાં પુનઃતૃણ ઉગાડવું.

**regression.** સમાશ્રયણ; પ્રતિક્રમણ, વ્યુત્ક્રમણ, પ્રતિગમન. (૨) અગ્નિ, ચરાણ, કાપવા જેવી ક્રિયાઓથી વનસ્પતિનો થયેલો નાશ તથા ત્યારબાદ જમીન ખુલ્લી રહેવાથી પોષક દ્રવ્યોના વિનાશ ઇ થી જમીનનો થતો હ્રાસ, આથી કેવળ સરળ પ્રકારની વનસ્પતિ જ તે પર ઊગી નીકળે છે. **r. co-efficient.** પ્રતિગમન ગુણાંક.

**regrowth.** ચરાણબાદ કે વનસ્પતિ તેની સુષુપ્તાવસ્થાથી પસાર થઈ ગઈ હોય ત્યાર પછી પુનર્વૃદ્ધિ (પામતી વનસ્પતિ).

**regular.** નિયમિત. **r. calyx.** નિયમિત વજ્ર. **r. flower.** સમમિત પુષ્પ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**r. market.** શોષણથી ખેડૂતનું રક્ષણ કરે તથા તેને વાજબી અને સ્પર્ધાત્મક ભાવ મેળવી આપે તેવું બજાર સમિતિનું નિયમન મેળવતું બજાર. **r. marketing.** નિયંત્રિત ખરીદ-વેચાણ. **regalation cut.** સમયાંતરે કે અગાઉથી કાપવા ધારેલાં વૃક્ષોનું નિયમન. **regulator.** નિયામક. (૨) પોષક દ્રવ્ય સિવાયનું ગમે તે રાસાયણિક નિયામક, જે વનસ્પતિ કે તેના કોઈ ભાગની વૃદ્ધિમાં વધારો કે ઘટાડો કરે છે.

**regur.** વિશેષ મૃત તત્ત્વવાળી, કાળી ફેકેરિયસ આંતર-ક્ષેત્રીય કાચમણિ-ક્વાર્ટ્ઝની બનેલી, મોટા ભાગે દખ્ખણ પ્લેટોની જમીન.

**regurgitate.** વાગોળનારાં પ્રાણીઓ અપાચિત ખોરાક પેટમાંથી બહાર કાઢે તે.

**reh.** ઉસર જમીન; *saline and alkaline soils* અને *usar soil.*

**reinfect.** અમાક ચેપ લાગ્યો હોય તેવાં પ્રાણી કે વનસ્પતિને ફરી ચેપ લાગવો.

**reinforced point.** પ્રબલિત, પુનઃ તીક્ષ્ણ બનાવેલી અણિ.

**reinsemination.** વીર્ય સ્થાપનની ફરી કરાતી પ્રક્રિયા.

**reinvigoration.** પુનઃ પ્રબલીકરણ.

**Reinwardtia** *indica* **Dum** [Syn. **R.** *trigyna* (**Roxb.**) **Planch;** *Linum trigynum* **Roxb.**]. વસંત, બાલવસંત; પંજાબમાં થતો શોભાનો છોડ.

**rejuvenation.** પુનર્નવિનીકરણ, પુનઃ શક્તિ પ્રદાયન.

**relational.** સંબંધિત. **r. balancing.** સંબંધિત સમતુલાનિર્માણ. **r. coiling.** સંબંધિત આવેષ્ટન.

**relative** સાપેક્ષ. (૨) સંબંધિત **r. abundance.** સાપેક્ષ પ્રચુરતા. **r. humidity.** સાપેક્ષ આર્દ્રતા. (૨) ચોક્કસ ઉષ્ણતામાનમાંના ભેજના તથા તે ઉષ્ણતામાનમાં અને દબાણ હેઠળ વધુમાં વધુ રહી શકતા ભેજના પ્રમાણના ગુણોત્તરની ટકાવારી. **r. price.** સાપેક્ષ કિંમત. **r. value.** સાપેક્ષ મૂલ્ય.

**relax.** ઢીલું બનવું. (૨) વિરામ કરવો.

**reliable.** ભરોંસાપાત્ર.

**relic.** અવશેષ.

**relief.** જમીનતલની ઊંચાઈની વિભિન્નતા. (૨) જમીનતલનાં ભૌતિક અને ભૌમિતિક લક્ષણો. (૩) રાહત.

**relish.** સુવાસ, વિશિષ્ટ સ્વાદ, કોઈ ગુણની ઝાંખી, રુચિકર સુવાસ. (૨) ખાદ્ય પદાર્થ રુચિકર બને તે માટે તેમાં ઉમેરવામાં આવતું કોઈક દ્રવ્ય. (૩) સ્વાદ માણવો.

**remedy.** કોઈ દર્દ કે પરજીવિતા અટકાવવા અથવા દૂર કરવા કે તેનાં લક્ષણોને ઓછાં કરવા માટે લેવામાં આવતી કે આપવામાં આવતી માવજત. (૨) ઉપચાર, ઉપાય, ઈલાજ.

**remission of revenue.** મહેસૂલ માફી કે તેની છૂટ.

**remnant teeth.** ઘોડાના, અવાળાની અંદર રહેતી પણ ઘણી વાર બહાર આવતી પ્રથમ દાઢ.

**renewal.** નિકાલ. (૨) નવિનીકરણ. **r. spur.** એપ્રિલમાં કરેલી છટણી બાદ પણ એક કળી ધરાવતો ફળ – છોડનો પ્રવર્ધ.

**rennet.** જન્મ પછી ચાર અઠવાડિયાંમાં કતલ કરવામાં આવેલા ધાવતા વાછરડાના ચતુર્થ આમાશયમાંથી તૈયાર કરેલો રેનિનનો અર્ક, જેમાં સક્રિય ઉત્સેચકો રહેલાં હોય છે, જેથી તરત જ દહીંની ઘટ્ટ જમાવટ થાય છે, જેથી આવા ઘટ્ટ દહીંના ચોસલાં પણ પાડી શકાય છે. જે ચીઝ કે પનીર બનાવવા માટે ઉપયોગી બને છે. (૨) દહીં જમાવવા વાછરડાના આંતરડામાંથી મેળવવામાં આવતું દ્રવ્ય. **r. curd.** ચોક્કસ પ્રકારની જીવાણુની વૃદ્ધિ દ્વારા રેનેટથી જમાવેલું દહીં. **r. stomach.** ચતુર્થ આમાશય. **rennets.** બાલ્ડુકર, વાછરડાં અને ઘેટાનાં સૂકવેલાં અને મીઠા દીધેલાં જઠર. **rennin.** દહીં જમાવવાનું, જઠરીય રસનું ઉત્સેચક.

**renovation.** નવિનીકરણ.

**rent.** ગણોત, ભાડું. **r., due** ચડેલું



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગણોત, ભાડું. **r., theooy of** ગણોત–ભાડાનો સિદ્ધાંત. **r. contract.** ગણોત–ભાડાનો કોન્ટ્રાક્ટ. **r. free grant.** ગણોતમુક્ત અનુદાન; માફી. **r. f. holding.** ગણોતમુક્ત ખાતું. **r. f. land.** ગણોતમુક્ત જમીન. **r. roll.** ગણોતપત્રક. **r. suit.** ગણોત અંગેનો મુકદ્દમો, દાવો. **rental.** ગણોત અથવા ભાડા આધારિત. **r. assessment.** ગણોત આકારણી. **r. decree.** ગણોત આજ્ઞાપત્ર-હુકમનામું. **r. value.** ગણોત – ભાડા મૂલ્ય. **rented farm.** ગણોતધારી ખેતર–ફાર્મ. **rentier.** ગણોત–ભાડા ઉપજીવી.

**rep.** ફર્નિચર, ગાદી, તકિયા ઇ.માં ઉપયોગમાં આવતું કાપડ.

**repair.** મરામત.

**repaying capacity.** પ્રતિદાન ક્ષમતા, ઋણ–ધિરાણ કે કોઈ પણ લીધેલી વસ્તુ કે દ્રવ્ય પાછું આપવાની ક્ષમતા. **repayment.** પ્રતિદાન.

**repeat.** પુનરાવૃત્તિ કરવી, બેવડાવવું. **repeated heat.** પુનઃ તાપ પદ્ધતિ. **repeating spore.** ગેરુના જીવનચક્રમાં થતો એકમાત્ર બીજાણુ–નિદાઘ બીજાણુ, જે વનસ્પતિની ઉપર થયો હોય તેને પુનઃ ચેપ લગાવે છે.

**repellent.** પ્રતિકર્ષક. (૨) જંતુઓને દૂર રાખતું અથવા ભગાડતું અને પ્રક્રિયા કરવામાં આવેલા પદાર્થને જંતુઓના આક્રમણથી મુક્ત રાખતું દ્રવ્ય. (૨) ડામર, ક્રીઓસોટ, સિટ્રિઓનેલ તેલ ઇ.

**replacement.** સંપૂર્તિ, પ્રતિસ્થાપન. **r. stock.** સામાન્ય રીતે ઓલાદ સંવર્ધનના કામ માટે, ઘરડાં પ્રાણીઓના સ્થાને ઉપયોગમાં લેવામાં આવતાં જુવાન પ્રાણીઓ.

**replication.** પુનરાવૃત્તિ, પુનર્રચના, પુનઃપ્રયોગ. (૨) જમીનની ફળદ્રુપતા તથા અન્ય વાતાવરણીય કારકોની પરીક્ષા કરવા માટે પ્લોટ પાડવા કે પંક્તિ બનાવવી. **r. of bacterial virus.** જીવાણુના વિષાણુની પુનરાવૃત્તિ.

**replum.** કૂટ પટ્ટી, આભાસી પટ્ટી.

**repointing.** નવી અણિ ચડાવવી.

**repository.** પાત્ર; સ્થાન, જેમાં વસ્તુઓ રાખવામાં આવે છે.

**repot.** કૂંડા કે પાત્રમાં ઊગતા છોડનાં મૂળ બંધાઈ ન જાય તે માટે તેને મોટા કૂંડા અથવા મોટા પાત્રમાં ફરી રોપવો.

**representative sampling.** પ્રતિનિધિરૂપ નમૂનાચયન, વિશિષ્ટ નમૂનાચયન.

**reproduce.** નવાં બચ્ચાં કે નવા છોડ ઉત્પન્ન કરવાં, પુનરુત્પાદન કરવું. **reproduction period.** કુદરતી અથવા કૃત્રિમ રીતે વૃક્ષોના પુનરુત્પાદન માટે જોઈતો સમય. (૨) પ્રજનન સમય. **reproductive.** પુનરુત્પાદક. **r. organ.** જનનદ્રિય, પ્રજનન અંગ. **r. vitamin.** પુનરુત્પાદક પ્રજીવક; પ્રજીવક 'ઇ'.

**reptant.** સરકતું.

**reptile.** સરીસૃપ, પેટે ચાલતું, સરકતું, પેટે ચાલતાં પ્રાણીઓનો સમુદાય, જેમાં સાપ, ગરોળી, મગર, કાચબા ઇ.નો સમાવેશ થાય છે. **reptiliform.** સરકતું.

**Reptonia** *buxifolia* **A.DC.** [Syn. *Monotheca muscatensis* **A.DC.** *Edgeworthia buxifolia* **Falc.**]. પંજાબમાં થતું નાનું ઝાડ, જેનાં ગુરગુરાં ફળ ખાદ્ય છે.

**repullulate.** ફરી ફણગો ફૂટવો.

**repulsion.** અપાકર્ષણ, પ્રત્યાકર્ષણ. (૨) સંકલિત જનિનની બે જોડીના વિષમ ફલિતાંડવાળી એક વ્યક્તિ, તેને તેના એક પિતૃ તરફથી તથા બીજા પિતૃ તરફથી પણ પ્રભાવ અંશ મળે તે અવસ્થા.

**requeen.** જૂની રાણી મધપૂડામાં કામ આપતી ન હોય તો તેના સ્થાને નવી રાણીને દાખલ કરવી.

**rescue brome. rescue grass.** *Schraders brome, rescue brom,e*

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



*Ceratochloa cathartica* (**Vahl**) **Hert.** [Syn. *Bromus catharticus* **Vahl**]. નામનું ઘાસચારા તરીકે ઉપયોગમાં લેવામાં આવતું વર્ષાયુ કે દ્વિવર્ષાયુ ઘાસ.

**research.** સંશોધન; નવી માહિતી મેળવવા માટે અને/અથવા જાણીતાં તથ્યોનો વિસ્તૃત રીતે ઉપયોગ કરી શકાય તે માટે તેની ગોઠવણી કરવાના હેતુથી હાથ ધરવામાં આવતા રીતસરનાં અને સભાનપૂર્વકનાં અભ્યાસ, અખતરો, તપાસ અને અન્ય ઉપાયો.

**Reseda** *odorata* **L.** શોભા માટે ઉગાડવામાં આવતી વનસ્પતિનો એક પ્રકાર.

**reseed.** પહેલું રોપેલું બિયારણ નિષ્ફળ જાય તો બીજી વાર બી વાવવાં.

**resemblance between electricity and magnetism.** વિદ્યુત અને ચુંબકત્વ વચ્ચે આકર્ષણ અને પ્રત્યાકર્ષણ તથા માત્રાત્મક અભિવ્યક્તિ અંગેનું સામ્ય.

**resembling.** પ્રતિરૂપ.

**reserve.** ચોક્કસ ઉપયોગ માટે અલગ રાખવામાં આવતી કોઈ એક જમીનનો ટુકડો. (૨) ચોક્કસ સમય માટે કોઈ ઝાડ કે ઝાડોના જૂથને કાપ્યાં વિના રહેવા દેવામાં આવ્યાં હોય તે. (૩) અનામત. **r. acidity.** માટીના કલિલમાંના વિનિમયક્ષમ આયન અંતર્નિહિત અમ્લતા. **r. food.** ગમે તે વનસ્પતિમાં તેના પોષણ માટે રહેતો ખોરાકનો અનામત જથ્થો. **r. fund.** અનામત નિધિ. **r. product.** સંચિત પેદાશ. **r. soil acidity.** જમીનની અંતર્નિહિત અમ્લતા.

**reservoir.** જળાશય. (૨) ગમે તે સંગ્રહનું સ્થાન, ભંડાર. **r. host.** આશ્રયદાતા; પરજીવીઓનો વાહક, પોતાને હાનિ થયા વિના પોતાની અંદર પરજીવીને રાખનાર પ્રાણી અને અન્ય પ્રાણીને નુકસાન થાય તેમ તેના પર પરજીવીને મોકલી આપનાર.

**reset.** ફરી રોપણી કરવી.

**residual.** બાકી રહેલું, અવશેષ રહેલું, અવશિષ્ટ. **r. action.** જંતુઓને મારી નાંખવાનો જંતુઘ્ન રસાયણોનો ચાલુ રહેવા પામતો ગુણ. **r. effect.** પ્રારંભિક ઉપયોગ કરી લીધા બાદ પણ ચોક્કસ દ્રવ્યનો ચાલુ રહેવા પામતો પ્રભાવ. **r. fertilizer.** પાકને આપવામાં આવ્યા હોય પણ ઉપયોગમાં લીધા ન હોય તેવાં ખાતરનો બાકી વધેલો અવશિષ્ટ ભાગ. **r. genera.** અવશિષ્ટ પ્રજાતિઓ. **r. infection.** અવશિષ્ટ – બાકી રહી જવા પામેલો ચેપ. **r. material.** ચોક્કસ સ્થાનમાં સંગ્રથિત શૈલના વિઘટનથી એકત્ર થયેલા અસંગ્રથિત અને અંશતઃ ખવાણ પામેલાં ખનિજ દ્રવ્યો, અવશિષ્ટ દ્રવ્ય. **r. meristem.** અવશિષ્ટ વર્ધનશીલ પેશી. **r. pre-emergence.** અવશિષ્ટ પૂર્વોદ્ભવ. **r. soil.** અવશિષ્ટ જમીન. (૨) શૈલ ખવાણ પામે ત્યારે તેનું અવશિષ્ટ દળ અથવા તેમાંથી ઉત્પન્ન થયેલી જમીન, જે તેના અસલના જ સ્થાન પર રહેવા પામે છે. અંદરના શૈલમાંથી તત્સ્થાને નિર્માણ પામેલી જમીન, જે ભૂસ્તરીય દૃષ્ટિએ જૂની જમીન ગણાય છે. **r. spray.** વનસ્પતિની સપાટી પર જંતુઘ્ન દ્રવ્ય છાંટવામાં આવે ત્યાર બાદ પણ તેની અસર રહેવા પામતી હોય તેવો અવશિષ્ટ છંટકાવ. **r. valency.** અવશિષ્ટ સંયોજકતા. **residue.** અવશેષ, બાકી, શેષ.

**resilient.** દબાવતા પોતાનું અસલ સ્વરૂપ પુનઃમેળવનાર – પ્રાપ્ત કરનાર.

**resin.** રેઝિન, રાળ. (૨) સંખ્યાબંધ વનસ્પતિમાંથી સ્રવતો ઘન કે અર્ધ-ઘન સળગી ઊઠે તેવો અસ્ફટિકીય પદાર્થ. (૩) જળ – અદ્રાવ્ય, ઓક્સીકૃત અને અથવા પોલિમર થયેલું ટર્પિન ધરાવતું સંશ્લેષિત દ્રવ્ય. **r. canal.** રેઝિનવાળી વનસ્પતિમાં આંતરકોષીય રેઝિન ધરાવતી નલિકા. **r. cell.** શંકુદ્રુમ વૃક્ષોમાં કાષ્ઠિત મૃદૂતકીય કોષ. **resinosis.** શંકુદ્રુમ વૃક્ષોમાંથી રેઝિનનો અતિસ્રાવ અથવા આવાં વૃક્ષોની પેશીઓ પર થતી રેઝિનની જમાવટ.

**resinous.** રેઝિન–રાળ જેવું.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**resistance.** પ્રતિરોધ; યજમાન પ્રાણી અથવા વનસ્પતિની રોગોત્પાદક કે અન્ય કારકની પ્રવૃત્તિને દાબી દેવાની ક્ષમતા. **r. block.** પ્રતિરોધ ખંડ. (૨) ભૂમિગત ભેજ માપવાનું સાધન; આ સાધન ચિરોડી, તંતુ કાચ, માટીનું પાત્ર કે નાઈલોન જેવા છિદ્રિષ્ઠ દ્રવ્યનું, બે ઈલેક્ટ્રોડ – વીજાગ્ર ધરાવતું બનાવેલું હોય છે. આ સાધનને જમીનમાં મૂકવામાં આવે છે, અને વીજાગ્રના તારને મીટરની સાથે જોડી દઈ જમીનમાંના ભેજમાં થતા ફેરફારને નોંધવામાં આવે છે, જેથી જાણકારને સિંચાઈ નિયંત્રણમાં ઉપયોગી માહિતી મળે છે. **resistant.** પ્રતિરોધક વનસ્પતિ કે પ્રાણી, જે રોગ, પ્રતિકૂળ હવામાન કે અન્ય પર્યાવરણીય બાધાઓનો સામનો કરી શકે છે.

**resonance.** અનુનાદ.

**resperine.** સર્પગંધા – *Rauwolfia serpentina*નાં મૂળમાંથી મેળવવામાં આવતું ઔષધ.

**resolution.** વિયોજન. (૨) ઠરાવ. **resolving power.** વિયોજન શક્તિ.

**resorption.** પુનઃ શોષણ.

**respiration.** શ્વસન; સજીવ અને તેના પર્યાવરણની વચ્ચે પ્રાણીઓનાં ફેફસાં દ્વારા અથવા સૂક્ષ્મ સજીવોનાં શરીરની સપાટી દ્વારા વાયુની થતી આપ લે. જીવંત કોષો ઑક્સિજન એટલે પ્રાણવાયુને ગ્રહણ કરી કાર્બન ડાયોક્સાઈડ એટલે અંગારવાયુને મુક્ત કરે, એવા પ્રકારનો થતો વાયુઓનો વિનિમય. (૨) જીવંત સજીવોમાં શર્કરા દ્રવ્યોનો ઉપચય – એટલે ઑક્સિડેશન અને તેના પરિણામે મુક્ત થતી શક્તિ, કાર્બન ડાયોક્સાઈડ અને પાણી. **r. apparatus.** શ્વસન ઉપકરણ. **respirator.** ધૂળના રજકણો અથવા છંટકાવનાં દ્રવ્યોની સામે રક્ષણ આપે તેવું નાક અને મો પર મૂકવામાં આવતું સાધન. (૨) ઔષધીય બાષ્પના ગ્રહણ કે શ્વસન માટેનું સાધન–યુક્તિ. **respiratory.** શ્વસનીય. **r. cavity.** શ્વસન વિવર. **r. centre.** શ્વસન કેન્દ્ર. **r. chamber.** શ્વસન કોષ – ખંડ. **r. infection.** ફેફસાં કે શ્વાસનળીને લાગતો ચેપ. **r. ratio.** શ્વસન ગુણોત્તર **r. quotient.** શ્વસન ગુણાંક; શ્વસન ક્રિયા દરમિયાન ઑક્સિજનના પ્રમાણ અને મુક્ત થયેલા કાર્બન ડાયોક્સાઈડના પ્રમાણ વચ્ચેનો ગુણોત્તર. **r. root.** શ્વસન ક્રિયા કરતું મૂળ, શ્વસન મૂળ. **r. stimulant.** શ્વસન ઉદ્દીપક. **r. system.** શ્વસન તંત્ર; શ્વાસ લેવા અંગે પ્રાણી અથવા વનસ્પતિના દેહમાં રહેલું વ્યવસ્થા તંત્ર; પ્રાણીઓમાં આ વ્યવસ્થાતંત્રમાં શ્વાસનળી અને ફેફસાંનો સમાવેશ થાય છે; આ તંત્ર દ્વારા દેહની જીવંત પ્રક્રિયાઓને ચાલુ રાખવા માટે જરૂરી ઑક્સિજન મળે છે અને દેહધર્મીય પ્રક્રિયાઓના અંતે મુક્ત થતા કાર્બન ડાયોક્સાઈડને દૂર કરે છે. વનસ્પતિઓમાં તેના સમગ્ર દેહ દ્વારા આ વ્યવસ્થાતંત્ર શ્વસન ક્રિયા કરે છે. **respiroscope.** શ્વસન દર્શક સાધન.

**respond to.** ખાતર અથવા અન્ય પ્રકારની માવજત, કોઈ પણ ઉદ્દીપનની અનુકૂળ પ્રતિક્રિયા કે વધુ–વૃદ્ધિ. (૨)–ને પ્રતિભાવ આપવો. **response.** અનુક્રિયા, પ્રતિભાવ. **r. of crop** પાકનો પ્રતિભાવ.

**rest.** વિરામ, આરામ; પ્રવૃત્તિમાંથી થોડા સમય માટે નિવૃત્તિ–અક્રિયા–ક્રિયારહિતતા. (૨) બાકીનું. **resting.** વિરામી, સુષુપ્ત. **r. land.** પડતર જમીન. **r. nucleus.** વિરામી કેન્દ્રક. **r. period.** વિરામાવસ્થા સુષુપ્તાવસ્થાનો સમય. **r. spore.** વિરામી કે સુષુપ્ત બીજાણુ, થોડા સમય સુધી સુષુપ્તાવસ્થામાં રહી શકે અને ત્યાર બાદ અંકુરિત બની શકે તેવો કે સંક્રમિત થઈ શકતો મોટા ભાગે જાડા આવરણવાળો બીજાણુ. **restlessness.** ચંચળતા.

**restitution.** પુનઃસ્થાપન.

**restock.** નવાં પશુ કે મત્સ્યનો સંગ્રહ કરવો.

**restorative.** શક્તિપ્રદાયક કે સ્વાસ્થ્યદાયક (ખોરાક, ઔષધ કે કારક); શક્તિ કે સ્વાસ્થ્યને પુનઃ સ્થાપવા કે પુનઃ ઉપયોગમાં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લેવા અંગેનું. **r. crop.** વાતાવરણમાં રહેલાં નાઈટ્રોજનને સ્થાપિત કરી જમીનમાં તેની ઉમેરણી કરવામાં મદદરૂપ બની જમીનની ફળદ્રુપતા જાળવતો પાક; દા.ત. કઠોળ અને શિંબી વર્ગની વનસ્પતિ. **r. farming.** ફળદ્રુપતાપૂરક ખેતી.

**restraint.** અવરોધ, બાધા, પ્રતિબંધ.

**restricted feeding.** દિવસના ચોકસ સમયે જ ખોરાક કે ખાણ આપવાની – પ્રતિબંધક વ્યવસ્થા.

**result demonstration.** (ચોકસ કે વિશિષ્ટ પ્રક્રિયા, પ્રયોગ કે કાર્યના) પરિણામનું નિદર્શન.

**resupinate.** વળેલું (પર્ણ).

**ret.** પાણીમાં પલાળવું, તંતુ ધરાવતી વનસ્પતિને તેના તંતુ કે રેસા કાઢવા માટે અથવા તેની છાલને દૂર કરવા માટે હાથ ધરવામાં આવતું પ્રથમ કાર્ય. **retting.** શણ જેવા તંતુ પેદા કરનાર છોડમાંથી રેસાને છૂટા કરવા, આ કરવા માટે, રેસ ને બાંધનાર પેક્ટિનનું વિઘટન કરવા જીવાણુનો કરવામાં આવતો ઉપયોગ.

**retailer.** છૂટક વેચાણ કરતો વેપારી. **retail market.** છૂટક માલની વિક્રી કરતું બજાર.

**retardation.** મંદન, અવરોધ.

**retention.** ધારણક્ષમતા. (૨) વહનક્ષેત્રમા થતો કુલ અવક્ષેપ અને તેમાંથી થતું કુલ વહેણ વચ્ચેનો તફાવત; ચોકસ સમય પૂરતો વિચાર કરવામાં આવે તો, ઉપયોગમાં લેવાનું પ્રમાણ થાય. **r. of after birth.** જન્મોત્તર જરાયુનું ગર્ભાશયમાં રહી જવું. **r. of placenta.** વાછરડાને ગર્ભાશયની સાથે જોડતું જરાયુ વાછરડાના જન્મ બાદ ખરી પડવાને બદલે કોઈ ચેપ કે અન્ય કારણોને લીધે રહી જવા પામે તે અવસ્થા, જેના પરિણામે ગર્ભાશયને ચેપ લાગે કે રક્તવિષાક્તતા થાય; જનનાંગથી લબડતી ગંધ મારતી ત્વચા. **r. of foetal membrane.** ભ્રૂણીય ત્વચાનું બાકી રહી જવા પામવું. **retentiveness.** ધારણક્ષમતા.

**retentivity.** ધારણતા.

**reticulate.** જમીનની રચનાનો એક પ્રકાર, જેમાં ઓછે અંશે નિયમિત કદનાં ખંડો હોય છે, આ ખંડો વચ્ચે વાળ જેવી તિરાડો રહેલી હોય છે, જાલિકા જેવું. (૨) વાહિનીઓની દીવાલના સ્થૂલનના પરિણામે નીપજતી જાળી જેવી અવસ્થા. (૩) જાલતંત્ર. **r. mottling.** જુદા જુદા રંગના પટ્ટાવાળી લેટેરાઈટ પ્રકારની જમીન. **r. venation.** જાલાકાર શિરાવિન્યાસ. **reticulated.** જાલીકૃત, જાલકૃત. **reticule.** જાળ, જાળી. **reticuloendothelial system.** જાલક અંતચ્છદ તંત્ર. (૨) રક્તકોષ નિર્માણ, પિત્તરસ નિર્માણ અને બાહ્ય દ્રવ્ય ગ્રહણ કરવા માટેનું શરીર પર પથરાયેલું જાલતંત્ર, જેમાં અસ્થિ મજ્જા લસિકા, પ્લીહા અને યકૃતનો સમાવેશ થાય છે. **reticulum.** જાળ, જાળી. (૨) કોષરસનું નાજુક જાલતંત્ર. (૩) તાડમાં પર્ણદંડ પર રહેલા જાળીદાર તંતુઓ. (૪) વાગોળનાર પ્રાણીનું દ્વિતીય આમાશય.

**retina.** નેત્રપટલ, બાહ્ય સંદેશા ઝીલનાર આંખની અંતઃ ચેતા ત્વચા. **retinitis.** નેત્રપટલ કોપ.

**retractor.** પ્રતિકર્ષક.

**retreating monsoon.** મધ્ય સપ્ટેમ્બરમાં વિદાય થઈ રહેલું નૈઋત્યનું ચોમાસુ.

**retroflected.** પાછું વળેલું.

**retrogression.** પાછા વળવાની અવસ્થા. (૨) પોતાની ઉચ્ચ કુદરતી અવસ્થા પરથી નિમ્ન અવસ્થા તરફ; જૈવ કે માનવીએ કરેલા કાર્ય દ્વારા પ્રભાવના પરિણામે પાછો ફરતો વનસ્પતિ સમુદાય.

**retrophangial lymphgland.** પૃષ્ઠ ગ્રસની લસિકા ગ્રંથિ.

**retropulsion.** બાહ્ય રોગનો અંતઃ પ્રવેશ.

**return on farm capital.** ખેતી અંગે ખેડૂતની મજૂરી ઇ. જેવી મૂકીને બાદ કરતાં તેને મળી રહેતું મળતર.

**reunion.** પુનઃ સંયોગ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**revand chini.** ઔષધમાં કામ લાગતી હિમાલયમાં થતી એક વનસ્પતિ.

**revegetation.** કુદરતી રીતે કે માનવી કર્તૃત્વથી વનસ્પતિની થતી પુનઃ સ્થાપના.

**revelation.** આવિષ્કાર.

**revenue.** મહેસૂલ. **r. administration.** મહેસૂલી વહીવટ. **r. collection.** મહેસૂલની વસૂલાત. **r. farmer.** મહેસૂલી ખેડૂત, મહેસૂલ ભરતો ખેડૂત. **r. officer.** મહેસૂલ ખાતાનો અધિકારી.

**reverse.** વિરુદ્ધ, ઊલટું. **r. gear.** પાછી ગતિ શક્ય બનાવનાર ગિયર-દાંતાચક્ર. **r. T. budding.** જુઓ *Shield budding*. **reversible plough.** જમણી બાજુ પરથી ડાબી બાજુ તરફ અને ડાબી બાજુ પરથી જમણી બાજુ તરફ ફેરવી શકાય તેવું સિંચાઈના ઢાળા બનાવવામાં ઉપયોગમાં લેવામાં આવતું હળ. **reversion.** એક કે બે પેઢી બાદ પૂર્વજનાં લક્ષણોની થતી પુનરાવૃત્તિ. **reverted phosphate.** પરિવર્તિત ફૉસ્ફેટ.

**revolving fund.** પરિક્રામી નિધિ.

**reworking.** પુનઃ સંસ્કરણ.

**Rhamnus** *nummularia* **Burm, f.** ઝરબર; વાયવ્ય ભારતમાં થતી ખાદ્ય-ફળની વનસ્પતિ, જેની છાલ, ચામડાં કમાવવા ઉપયોગી બને છે.

**Rhapis** *excelsa* (**Thunb**) **Henry -ex Rehd.** [Syn. *Rh. flabelliformis* **L' Herit ex Ait.**]. નાનો તાડ, આ પ્રકાંડની લાકડીઓ બનાવવામાં આવે છે.

**rhea.** તંતુ ધરાવતી એક વનસ્પતિ.

**rheum.** શરદી, શ્લેષ્મ.

**Rheum** *emodi* **Wall. ex-Meissn.** રેવંદ ચિનિ;હિમાલયના ઉપ પર્વતીય પ્રદેશમાં થતી શાકીય વનસ્પતિ. જેનાં મૂળમાંથી મળતું ઔષધ મંદ જુલાબ માટે ઉપયોગમાં આવે છે, ઉપરાંત તે ટૉનિક પણ છે. **Rh.** *rhabarbarum* **L.** [Syn. *Rh. undulatum* **L.**]. એક વનસ્પતિ, જેનાં પાનની ભાજી બનાવવા માં આવે છે. **Rh.** *rh ponticum* **L.** તામિલનાડુ અને પ. બંગાળમાં થતી શાકીય વનસ્પતિ, જેનાં પાનની ભાજી થાય છે.

**rheumatic arthritis.** વાતજ સંધિવા. **rheumatism.** આમવાત, સંધિવા; સાંધા કે સ્નાયુઓનો સોજો કે દુખાવો.

**Rhinacanthus** *communis* **Nees.** ગજકરણી નામની વનસ્પતિ.

**rhinal.** નસ્કોરાં અથવા નાકનું -ને લગતું. **rhinitis.** નાસામાર્ગની ત્વચાનો સોજો.

**rhinoceros beetle.** નાળિયેરીનું ઢાલપક્ષ જંતુ.

**Rhipiphorothrips** *cruentatus* **M.** દ્રાક્ષની વેલનો થ્રિપ નામનો કીટ.

**Rhizobium.** શિંબી વર્ગની વનસ્પતિની સાથે સહજીવન ગાળતા, તેનાં મૂળની અંદર ઘૂસી જઈ પ્રવેશ સ્થાનની આગળ ગ્રંથિ બનાવતા, અને તેમાં જ વૃદ્ધિ પામી આ વનસ્પતિમાંથી શર્કરા દ્રવ્યો અને ખનિજ દ્રવ્યો તથા વાતાવરણમાંથી પ્રોટીન જેવાં નાઈટ્રોજન ધરાવતા સંયોજનો મેળવતા જમીનના જીવાણુ. આમ નાઈટ્રોજન મેળવી વનસ્પતિને તે આપે છે આ જીવાણુ-સમૂહમાં *Rhizobium japonicum*, (જે સોયાબીન પર ગાંઠ બનાવે છે), *Rhizobium leguminosarum* (વટાણા); *Rhizobium meliloti*, *Rhizobium phaseoli* (વટાણા) નો સમાવેશ થાય છે.

**rhizocarp.** કાયમી મૂળ અને નાશ પામતા પ્રકાંડવાળી કાયમી વનસ્પતિ.

**Rhizoctonia** *bataticola*. કપાસિયાનાં મૂળમાં રોગ કરનાર કીટ. **Rh.** *soloni*. કૉફી, કપાસ અને પાયરેથ્રમનો રોગોત્પાદક કીટ.

**rhizodermis.** મૂલીય સ્તર.

**rhizoid.** કોઈ પણ તળની સાથે ચોંટાડી જવાની ક્ષમતા ધરાવતી મૂળ જેવી સંરચના; મૂળ સદૃશ, કેશમૂળ, મૂલાંગ, જલ અવશો-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થક તંતુમય રોમ. **rhizoidal initial.** અગ્રજ મૂલાંગ. **rhizomatous.** ગાંઠા મૂળ સદૃશ. **rhizome.** પ્રકંદ, શિફ્કંદ; જમીનની ઉપર કે તેની અંદર મૂળ જેવું દેખાતું પ્રકાંડ, જે ઉપર તરફ પ્રરોહ મોકલે છે; ઘણીવાર તે શાખા જેવું આદુ, હળદર જેવું દેખાય છે. **rh. vegetables.** ખાદ્ય કંદ ધરાવતી શાકભાજીનો સમૂહ, જેમાં સૂરણ ઇ.નો સમાવેશ થાય છે. આ શાકભાજીના કંદમાં શર્કરા દ્રવ્યો હોય છે. તેને ગરમ અને ભેજવાળી જમીન અનુકૂળ પડે છે. જ્યાં સમૂહની ખાળવી બધે જ થાય છે. તેનાં પાન એટલે પત્તરવેલિયા તથા કંદ ખાવામાં આવે છે. સૂરણ ઉત્તરના ડુંગરાળ પ્રદેશો અને દક્ષિણમાં નાના પાયા પર થાય છે. **rhizophore.** પ્રકાંડ અને મૂળની વચ્ચેનું અંગ, જે જમીનને સ્પર્શતાં જ મૂળ બને છે. **rhizosphere.** મૂળની પાસે આવેલી જમીનનો ભાગ, જેમાં રહેલા સૂક્ષ્મ જીવો પર મૂળનો પ્રભાવ પડે છે અને જ્યાં સૂક્ષ્મ વનસ્પતિ પ્રકાર જોવા મળે છે.

**rhizomorph.** કવકસૂત્રનો રેસા જેવો એક સમૂહ, કેટલીક ફૂગ અને શૈવાક–લાઇકનમાં જણાતા જળઅવશોષક સંધિ રેખીય તંતુઓ.

**Rhizopertha** *dominica.* અનાજને કોરતો કીટ.

**Rhizophora** *candelaria* **DC.** [Syn. **Rh.** *conjugata* **Hanslow non L.**]. સુંદરવનમાં થતો ક્ષુપ, જે ચામડાં કમાવવા ઉપયોગી બને છે. **Rh.** *corniculata* **L.** સુંદરવન અને આંદામાનમાં થતો ક્ષુપ, જેને ચામડાં કમાવવા ઉપયોગમાં લેવામાં આવે છે. **Rh.** *gymnorrhiza* **L.** કાંકરા, પશ્ચિમ ભારતની ભેજવાળી જમીનમાં, પ. બંગાળ અને આંદામાનમાં થતું ઝાડ, જેની છાલ ચામડાં કમાવવા ઉપયોગી બને છે. **Rh.** *mucronata* **Lam.** કાંડેલ; સુંદરવન અને કોરોમંડલ કાંઠા પર થતું ઝાડ, જેની છાલનાં ચામડાં કમાવવામાં આવે છે.

**Rhizopus** *artocarpi.* બ્રેડફ્રૂટ અને ફણસનો રોગકારી કીટ. **Rh.** *nigricans.* નામનો શક્કરિયાનો રોગોત્પાદક કીટ.

**Rhode Island Red.** અમેરિકન વર્ગનાં સર્વાંગ સંપૂર્ણ, મજબૂત, સારાં ઈંડાં અને માંસ આપતાં એક કલગી ધરાવતા મરઘાં, જેનાં ઈંડાં બદામી રંગના લંબગોળ હોય છે. **Rh. I. White.** અમેરિકન વર્ગના રાતી કલગી અને સફેદ પીંછાવાળાં મધ્યમ વજનનાં મરઘાંનાં બચ્ચાં.

**Rhodes grass.** આફ્રિકાવાસી *Chloris gayana* **Kunth.** નામની ઘાસચારા માટે ઉપયોગી તૃણકુળની રેતાળ જમીનમાં થતી વનસ્પતિ.

**Rhodesian kudzu vine.** *Glycine javanica* **L.** નામનો દ. ભારતમાં થતો ક્ષુપ, જે જમીન સંરક્ષણ અને છાયા માટે ઉપયોગી બને છે.

**Rhododendron** *spp.* શોભા માટે વાવવામાં આવતું નાનું ઝાડ. **Rh.** *arboreum* **Smith.** સમશીતોષ્ણ હિમાલયમાં તથા ખાસી ટેકરીઓ અને ત્રાવણકોરમાં થતું નાનું ઝાડ, જેનાં ફૂલાં પીણાં અને મુરબ્બો બને છે.

**Rhodomyrtus** *parviflora* **Alston** [Syn. **Rh.** *tomentosa* **Wight non Hassk.**]. નીલગિરિ અને પુલની ટેકરીઓમાં થતો ખાદ્યફળનો ક્ષુપ, જેનાં પ્રકાંડની લાકડીઓ બનાવવામાં આવે છે અને છાલ ચામડાં કમાવવા ઉપયોગી બને છે.

**Rhoeo** *spathacea* **(Swartz) Stearn** [Syn. **Rh.** *discolor* **(L' Herit) Hance;** *Tradescantia discolor* **(L' Herit]**. મૂળ મેક્સિકોની પણ અહીં પ. ભારતમાં થતી શાકીય વનસ્પતિ, જેને શોભા માટે ઉગાડવામાં આવે છે.

**rhuburh.** *Rheum rhaponticum* **L.** નામની દીર્ઘાયુ વનસ્પતિ, જેને મૂળ વિભાજન માટે વાવવામાં આવે છે, અને જેને સોસ ઇ. બનાવવા કામમાં લેવામાં આવે છે. તેનાં ફળના મુરબ્બાની સાથે મિશ્ર કરવામાં આવે છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**Rhus** *chinensis* **Mill.** [Syn. **Rh.** *semialata* **Murr**]. તાતરી, નામનું ખાસી અને નાગ ટેકરીઓમાં થતું ઝાડ, જેનાં ફળ ખાવા માટે ઉપયોગી છે. **Rh.** *cotinus*. **L.** ચુંગલ નામનો વાયવ્ય હિમાલયમાં થતો ક્ષુપ, જેનાં પાનનાં ચામડાં કમાવવામાં આવે છે. **Rh.** *mysuriensis* **Heyne ex Wight & Arn.** ધનસરા દસન નામની રાજસ્થાન, પંજાબ અને આન્ધ્રપ્રદેશમાં થતી વનસ્પતિ, જેનાં ફળ ખાદ્ય છે અને છાલ ચામડાં કમાવવા ઉપયોગી બને છે. **Rh.** *punjabensis* **J. L. Stew. ex Brand.** તિતરી નામની કાશ્મીરથી કુમાંઉ સુધીના પશ્ચિમ હિમાલયમાં થતી ખાદ્ય ફળની વનસ્પતિ, જેનાં પાનનાં ચામડાં કમાવવામાં આવે છે. **Rh.** *succedanea* **L.** કાકડાસિંગી નામની સમશીતોષ્ણ હિમાલય, કાશ્મીર, સિક્કિમ અને ખાસી ટેકરીઓમાં થતી વનસ્પતિ, જેનાં ફળના મધ્યાવરણમાંથી મળતું પ્રવાહી વાર્નિશ, મલમ અને ફર્નિચરનું પાલિશ બનાવવાના કામમાં આવે છે; પાનની ગાંઠો ચામડાં કમાવવામાં ઉપયોગી બને છે અને બીમાંથી મળતા મીણની મીણબત્તીઓ બનાવવામાં આવે છે. **Rh.** *verniciflua* **DC** (Syn. **Rh.** *succedanea* var. *himalaica* **Hook f.**). લાખનું ઝાડ; મૂળ ચીનનું પણ અહીં કુમાંઉ અને ગઢવાલમાં થતું ઝાડ, જેની છાલમાંથી મળતા પ્રવાહીનું વાર્નિશ બનાવવામાં આવે છે અને તેના તેલની મીણબત્તીઓ બનાવવામાં આવે છે.

**Rhynchelytrum** *repens* (**Willd.**) **C. E. Hubb.** [Syn. *Saccharum repens* **Willd.**]. બગીચામાં ઉગાડવામાં આવતું ઝાડ.

**Rhynchophorus** *dominica*. સંઘરેલાં અનાજ, લોટ, સૂકા મેવા ઇ.માં પડતું ચાંચવું. **Rh.** *ferrugineus*. નાળિયેરનું ચાંચવું.

**Rhynchosia** *capitata* **DC.** ઘાસચારા માટેનો પાપડો.

**Rhynchospermum** *jasminoides* **Lindl.** ચીનાઈ જસમીન નામનો શોભા માટે ઉગાડવામાં આવેલો વેલો.

**rhyolite.** અગ્નિકૃત શૈલ.

**rib** પાંસળી. પર્શુકા; પ્રાણીઓની કરોડથી છાતી સુધી પહોંચતાં વળેલાં હાડકાં. (૨) જાડા પદાર્થ પર, તેને ટેકો આપતી, લાંબી કિનાર અથવા ધાર, જેમકે પાંદડાંની શિરા કે નસ, પિચ્છ દંડ. (૩) પર્વતની ધાર. (૪) બે ચાસ વચ્ચેની કિનારી. **ribbed.** કિનાર–ધારવાળું, ખાડા ટેકરાવાળું.

**Ribes.** કરંટ અથવા ગૂઝબેરી વર્ગની વનસ્પતિ. **R.** *glaciale* **Wall.** કારુધાક નામનો કાશ્મીરથી ભુતાન સુધીના હિમાલયમાં થતો ખાદ્યફળનો ક્ષુપ **R.** *grossularia* **L.** વૈકુંઠી નામની કુમાંઉથી કાશ્મીર સુધીના હિમાલયમાં થતી ખાદ્યફળની વનસ્પતિ. **R.** *nigrum* **L.** નાબર નામની કાશ્મીરમાં થતી ખાદ્ય ફળની વનસ્પતિ. **R.** *rubrum* **L.** [Syn. *R. sylvestre* **Syme**]. દાક નામની કુમાંઉથી કાશ્મીર સુધીના હિમાલયમાં થતી ખાદ્યફળની વનસ્પતિ.

**riboflavin.** $C_{17}H_{20}N_4O_6$ સૂત્ર ધરાવતું પ્રજીવક–'બી' સંકુલનું પ્રજીવક–'બી' પ્રજીવક-'જી' અથવા લેક્ટોફ્લેવિન, જે નારંગી રંગના સ્ફટિકરૂપે હોય છે અને જેનો ઉપયોગ પ્રાણીના પૂરક ખોરાકમાં થાય છે. **r. supplement.** રિબોફ્લેવિન દ્રવ્ય ધરાવતી પુરક ખાદ્ય વસ્તુ.

**ribonucleic acid** (RNA). કેન્દ્રકનું મહત્ત્વનું અમ્લદ્રવ્ય.

**ribosome.** કોષની સાથે પ્રોટીનનું સંશ્લેષણ કરનાર 25 માઈક્રોન વ્યાસ ધરાવતો જટિલ કણ.

**rice.** ડાંગર; તૃણકુળનું *Oryza sativa* **L.** નામનું ભારત અને અગ્નિએશિયાનું તેના સઘળા ધાન્ય પાકોનો મોટામાં મોટો અર્થાત્ 95 ટકા હિસ્સો ધરાવતો, તથા આ વિશાળ પ્રદેશની પ્રજાઓનો મુખ્ય ખોરાક બનતો ધાન્ય પાક. ભારતના નદી ત્રિકોણ પ્રદેશોથી માંડીને 5,000 ફૂટની

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઊંચાઈ ધરાવતા કાશ્મીરના પ્રદેશોમાં પણ થતો પરંતુ મોટા ભાગે ગાંગેય પ્રદેશમાં ઉગાડવામાં આવતો પાક.ખાસ કરીને ગુજરાત, પ. બંગાળ, તામિલનાડુ, બિહાર, મહારાષ્ટ્ર, આન્ધ્રપ્રદેશ, મધ્યપ્રદેશ, ઓરિસા, કેરળ અને ઉત્તરપ્રદેશમાં આ પાક થાય છે અને ભારતભરમાં તેની ટકાવારી લગભગ 95 ટકા થવા જાય છે. આ પાકને પુષ્કળ પાણી તથા ભારે વરસાદ ધરાવતા પ્રદેશોમાં ધરુની ફેર રોપણી કરીને ક્યારીઓમાં ઉગાડવામાં આવે છે. આસામ અને પ. બંગાળમાં વધારે પાણીમાં ડાંગર થાય છે. ભારતમાં બધા મળીને ડાંગરના 4,000 પ્રકાર થાય છે. ટૂંકા, લાંબા સમય ગાળાના એકાંતરે પણ ડાંગરને વાવવામાં આવે છે, અને તે નીચાણવાળી અને ભેજધરાવતી, ઊંચી અને સૂકી જમીનમાં વવાતી એમ બે પ્રકારની ડાંગર ગણાય છે. ડાંગરની ત્રણ ઋતુઓ ગણાય છે: (૧) શિયાળુ અથવા અમન, જુન–જુલાઈવાળી, નવેમ્બર, ડિસેમ્બરમાં પાક લેવાની ઋતુ. (૨) શરદ, મે જુનમાં વવાતા અને સપ્ટેમ્બર – ઑક્ટોબરમાં લેવાતા પાકની ઋતુ; અને (૩) ગ્રીષ્મ, નવેમ્બર – ડિસેમ્બરમાં વાવવામાં આવતા અને માર્ચ – એપ્રિલમાં લણાતા પાકની ઋતુ. આ ત્રણ મોસમના ડાંગરના પાક એક જ ભૂમિમાં થતા નથી, તેમ છતાં બેવડો પાક લેવાની પણ પ્રથા છે. પાણી સંઘરી શકે તેવી ભારે જમીનમાં ડાંગર થાય છે. અમ્લીયથી માંડીને અલ્કલી જમીનમાં ડાંગર થાય છે. તેનો એકર દીઠ ઉતાર 1,000થી 5,000, પાઉન્ડ ગણાય છે.**r. bacterial leaf blight.** *Xanthomonas oryzae* **(Uyeda & Isbiyama) Dowson.** નામના જંતુથી ડાંગરને રોપ્યા બાદ ત્રણ-ચાર અઠવાડિયાંમાં તેને લાગતો રોગ, જેમાં તેનાં પાન પીળાં પડે છે, અને રોગનો ભારે ઉપદ્રવ હોય તો આગ લાગ્યા જેવો દેખાય થાય છે. **r. bast.** *Pyricularia oryzae* **Cav.** નામના જંતુથી ડાંગરને લાગુ પડતો એક વિનાશક રોગ, જેમાં પાન પર ત્રાકાકાર ધાબાં થાય છે, ગાંઠો કાળી બને છે અને કણસલામાં દાણો ભરાતો નથી. **r. bran.** ડાંગરનું ભૂસું. ડાંગરને મિલમાં છડવામાં આવે તો, તેમાંથી 10 ટકા જેટલું ભૂસું પડે છે, જેમાં ભૂસા ઉપરાંત અંકુર, છોડાં ઇ. પણ રહે છે. **r. b. oil.** ડાંગરના ભૂસાને પીલીને કાઢવામાં આવતું તેલ; ભૂસામાંથી ભેજને દૂર કરવા માટે તેને ગરમ કરીને સૂકવવામાં આવે છે ત્યાર બાદ તેમાં આલ્કોહોલ ભેળવી અર્ધો કલાક ગરમ કરતાં આલ્કોહોલમાં તેલ ઓગળી જાય છે. આલ્કોહોલમાંથી તેલને છૂટું પાડવા તેનું નિસ્યંદન કરવામાં આવે છે; પરિણામે બદામી રંગનું સુવાસવાળું, સ્વાદુ તેલ મળે છે, જે પોષક ગુણ ધરાવે છે અને તેનો ઉપયોગ ચામડાના ઉદ્યોગમાં અને સાબુ બનાવવા માટે થાય છે. **r. brown eye spot.** *Helminthosporium oryzae* **Breda de Haan.** નામના કૃમિથી ડાંગરને *Helminthosporium blight* નામે પણ ઓળખવામાં આવતો રોગ થાય છે. આ રોગ *Cochliobolus miyabeanus* **Ito et Kurib.** નામના જંતુથી પણ થાય છે, જેમાં ડાંગરના છોડના હવાઈ ભાગ પર કાળાં ધાબાં થાય છે, ભારે ઉપદ્રવમાં દાણાપર હાનિકારક અસર થાય છે. **r. bug.** *Leptocorisa varicornis* **Fabr**; **L.** *accuta* **Thunb.** નામનો ડાંગરને ગંભીર હાનિ પહોંચાડતો ચીકટો, જેનાં ડિંભ અને પુખ્તકીટ કણસલામાં દાણા દૂધ જેવા હોય ત્યારે તેનો રસ ચૂસે છે. **r. caseworm.** *Nymphula depunctalis* **Guen.** નામનો ડાંગરનો કૃમિ. **r. dressing.** ડાંગરને મિલમાં છડવામાં આવે ત્યાર બાદ ચોખા એક સરખા દેખાય, નાના મોટા અને ભેળસેળવાળા પરખાય નહિ તે માટે તેને હળદર અને ગેરુનો રંગ આપવાની પ્રક્રિયા. ચોખાનો દાણો સફેદ દેખાય તે માટે ઘઉંનો લોટ, અન્ય અનાજનો લોટ, શંખજીરુ, સિંધાલૂણનો ભૂકો, દિવેલ, મગફળીનું તેલ અને સફેદ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખનિજ તેલના મિશ્રણનો હાથ દેવામાં આવે છે, જેથી તે સફેદ, ચળકતો જણાય. લાંબા સમય સુધી ચોખાના દાણાને વરાળ આપવાની પણ એક પ્રકારની પ્રક્રિયા કરવામાં આવે છે. **r. dust.** ચોખાની કુશકી. **r. ear head bug.** ડાંગરના કણસલાંનો ચીકટો. **r. false smut.** *Ustilaginoidea virens.* નામના જંતુથી ડાંગરનો લાગતો એક રોગ, જેમાં ચોખાના દાણા લીલાશ પડતા કાળા બને છે. **r. foot rot.** *Fusarium moniliniformes* **Held**; *Gibberella fujikuroi* **Saw.** નામનાં જંતુથી ડાંગરને થતો રોગ જે *seedling blight, bakanae disease* નામે પણ ઓળખાય છે, જેમાં ઉછેરગૃહમાં જ રોપ પીળા પડે છે, સુકાઈ જઈ છેવટે મરી પણ જાય છે, જેનું કારણ આ રોગમાં મૂળને લાગતો સડો હોય છે. **r. grass.** *Leersia hexandra* **SW.** નામની ઘાસચારા માટેની વનસ્પતિ. **r. grasshopper.** *Hieroglyphus banian* **Fabr.** *Oxya velox* **Fabr.** નામના ડાંગરના જંતુ, જે પાન ખાઈ પાકને ભારે નુકસાન કરે છે. **r. gundhy bug.** ડાંગરનો ગંધી નામનો ચીકટો. **r. hispa.** ડાંગરના *Hispa armigera* **Oliv.** નામના કાળાં, શૂળિલ કીટ. **r. hulls.** ડાંગરનું પોષણ વિનાનું, અપાચ્ય, બાહ્યાવરણ, છોડું. **r. huller bran.** ડાંગરનાં છોડાં અને અંકુર ધરાવતી છડ્યા પછી મળતી ડાંગરની પેદાશ. **r. husk.** મિલમાં ડાંગરને છડવામાં આવે ત્યાર પછી તેનાં મળતાં છોડાં, જેનો ઉપયોગ, બૉઈલરમાં બાળવા માટે થાય છે અને તેને બાળ્યા પછી મળતી રાખ ખાતર તરીકે ઉપયોગી બને છે. **r. irregular stem rot.** *Helminthosporium sigmoideum* var. *irregularae.* નામના કૃમિથી ડાંગરને થતો એક રોગ. **r. leaf smut.** ડાંગરનાં પાનને *Entyloma oryzae* **H & P.** નામના જંતુથી ડાંગરને થતા અંગારિયાનો રોગ. **r. moth.** *Corcyra cephalonica* **Staint.** નામનું ગોદામમાં સંઘરેલાં ડાંગર, ચોખા, જુવાર, તલ, તલનો ખોળ, નાળિયેર, સૂકોમેવો તથા ઘઉંના લોટમાં પડતું કૂદું, જે આ અનાજ અને લોટમાં કેશોટા બનાવે છે. **r. narrow brown leaf spot.** *Cercospora oryzae.* નામના જંતુથી ડાંગરને થતા રોગનો એક પ્રકાર. **r. pan sukh.** ડાંગરના છોડ સુકાઈ, ફૂલ વંધ્ય બને તેવો તેને લાગુ પડતો એક દેહધર્મીય રોગ. **r. polishings.** છડવાની મિલમાં ચોખાને પોલીશ કરવાની પ્રક્રિયા. **r. stack burn.** *Trichoconis padwickii* **G.** નામના જંતુથી ડાંગરને લાગુ પડતો એક રોગ, જેમાં તેના રોપ નાના થાય છે અને મૂળ પર કાળા ડાઘ પડે છે. **r. stem borer.** *Tryporyza incertellus* **Wlk.** નામની ડાંગરના પ્રકાંડને કોરતી ઈયળ, જેના ઉપદ્રવના પરિણામે કણસલાં પીળાં પડી ચોખાવિહીન બની જાય છે. **r. stem rot.** *Sclerotium oryzae* **Cat.** નામના જંતુથી ડાંગરના પ્રકાંડને લાગતો સડો. **r. sugar.** ડાંગરનું તેલ કાઢી લીધા પછી તેમાંથી સોલ્વંટ દૂર કરતાં તેમાં શેષ રહેતું પ્રજીવક 'બી' વાળું સુક્રોઝ અને ગ્લુકોઝની શર્કરા ધરાવતું દ્રવ્ય, જે ઔષધ ઉદ્યોગમાં કામ લાગે છે. **r. udbatta disease.** *Balaasia oryzae.* નામના જંતુથી ડાંગરને થતો એક રોગ, જેમાં ડાંગરનાં કણસલાં કાંટા જેવાં બને છે અને ટોચ પર ફૂગ બાઝે છે. **r. wax.** ડાંગરના ભૂસાના તેલને એક કે બે દિવસ ઠરવા દેવામાં આવતાં, તેની નીચે જામતો આછા બદામી રંગનો મીણ જેવો રગડો કે મલ, જે પોલીશ અને પાયસીકરણમાં ઉપયોગી બને છે. **r. weevil.** *Sitophilus oryzae* **L.** નામનું સંઘરેલાં ડાંગર, ઘઉં, ચોખા, મકાઈ, જુવાર, જવ અને બાજરામાં પડતું ધનેડું, જે આ ધાન્યોને ભારે નુકસાન પહોંચાડે છે.

**Richmond formula.** દૂધમાંના

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્નેહલ દ્રવ્યને ઘનીભૂત કરવાનું સૂત્ર.

**richness.** સ્નેહાધિક્ય.

**ricinis.** $C_8H_8N_2O_2$, દિવેલામાં જણાતું સ્ફટિકીય આલ્કેલોઈડ. **Ricinus** *communis* **L.** એરંડાનો છોડ; આન્ધ્રપ્રદેશ, મહારાષ્ટ્ર, કર્ણાટક અને ઓરિસામાં થતું નાનું ઝાડ, જેનાં બી દિવેલામાંથી દિવેલ કાઢવામાં આવે છે, જે જુલાબ લેવા માટે તથા ઊંજણ તરીકે કામ લાગે છે; ઉપરાંત પારદર્શક સાબુ, કાપડના સાબુ, ટાઈપરાઈટરની શાહી, સુગંધી દ્રવ્યો, વાર્નિશ અને રંગ બનાવવા તેનો ઉપયોગ કરવામાં આવે છે. તેલ કાઢી લીધા પછી દિવેલના અવશેષનો ખોળ બને છે, જે ખાતર તરીકે કામમાં લેવામાં આવે છે. ઝાડના કાષ્ઠના માવાના લખવા તથા છાપવા માટેના કાગળો બનાવવમાં આવે છે. એરંડાના પ્રકારનાં પૂંઠા બનાવવામાં આવે છે.

**rick.** સૂકા ઘાસ કે અનાજની કરવામાં આવતી ગોળ ગંજી.

**rickets.** સૂકતાન; *rachitis* નામે ઓળખાતો, પ્રજીવક 'ડી', કેલ્શિયમ અથવા ફૉસ્ફરસની ઊણપથી જુવાન પ્રાણી અને મરઘાં-બતકાંને લાગુ પડતો એક રોગ, જેમાં રોગિષ્ટ પ્રાણીની વૃદ્ધિ કુંઠિત બને છે, પગનાં હાડકાં જાડાં બને છે અને વળવા માંડે છે. પ્રજીવક ડી' આપવાથી આ રોગની અસરકારક સારવાર થઈ શકે છે. **rickety.** સૂકતાન બીમારીનો ભોગ બનેલું (પ્રાણી). (૨) નબળું, સુકાયેલું, આડબડિયાં ખાતું અને નબળાં સાંધાવાળું (પ્રાણી).

**rickettsia.** પૂર્વજીવરાણુ નામનો રોગકારી સૂક્ષ્મ સજીવ.

**rictus.** પ્રાણીનો મોં અને પક્ષીના ચાંચનો ખુલ્લો રહેવા પામતો ભાગ. (૨) દ્વિઓષ્ઠ ફૂલ.

**ridge.** ધાર, કિનાર; હળ ફેરવવના પરિણામે થતી માટીની કિનારી, અથવા બે ચાસની વચ્ચેની ધાર. (૨) પાણીને વહી જતું અટકાવવા ઢોળાવ પર કરવામાં આવતી સોપાન રચનાની ધાર કે પાળા. **r.-and ditch sowing.** પાણીને વહી જતું અટકાવવા ટેકરીના ઢોળાવ આગળ કરેલી ખાઈના સૂકા વિસ્તારમાં ઝાડનાં બી વાવવાં; જમીનનો વધુમાં વધુ લાભ મળે તે રીતે ખાઈના છેડે ધારની ટોચ પર બી વાવવાં. **r. planting.** ચાસના કારણે થયેલી કિનારીમાં બી વાવવાં, જે કેટલાક પાક માટે ઉપયોગી બને છે. **r. plough.** બંને બાજુ પર મોલ્ડબોર્ડ હોય તેવું હળ, જેથી પાળા બનાવી શકાય. **R. Shaper.** નવા બનાવેલા ચાસને એક સરખા બનાવવા તથા પાળા કે ક્યારી બનાવવા માટેનું સાધન. **R.S.-cum. Hand Drop Planter.** હળની સાથે જોડી શકાય તેવું પ્લાયવૂડ અને લોખંડના ભાગોનું બનાવેલું સરળ સાધન, જે જરૂરી ઊંડાઈએ બી વાવે અને ખાતર પાથરી શકે છે.

**ridged sponge gourd.** તુરિયાં. *Luffa gourd* તરીકે ઓળખાતું *Luffa acutangula* **(L.) Roxb.** (= *Luffa acutangulus* **L.**).નામની શાકીય વનસ્પતિ જેના બે પ્રકાર છે: એક પ્રકારના લાંબાં ધારવાળાં, ઘેરા લીલા રંગના તુરિયાં થાય છે. સુકાયેલું જાળીદાર તુરિયું નાહવા માટે કામમાં આવે છે.

**rift crack.** ગર કે માવાથી અનુદૈર્ઘ્ય રીતે છૂટું પાડતું (લાકડું), કે લાકડાની તિરાડ.

**rigescent.** કઠણ – કડક બનતું, કઠણ, કડક. **rigid.** કડક, અનમ્ય. **r. drawbar.** ટ્રેક્ટરની સાથે સખત રીતે જોડવામાં આવતી કોદાળી, જેને ઉપકરણોને જોડવા માટે અનેક કાણાં હોય છે. **r. harrow.** સખત ખરપડી.

**rigor.** કઠિનતા, કડકાઈ. **r. mortis.** મૃત્યુબાદ, શરીરનું વિઘટન થવા માંડે તે અગાઉ તેના અંગોનું કડક – સખત થઈ જવું.

**rill.** નાનકડો વહેળો. **r. erosion.** એક પ્રકારનું દ્વિતીયક ધોવાણ, તળ ધોવાણ અને ગલી ધોવાણ વચ્ચેની ધોવાણની અવસ્થા.

**rim.** પૈડાની બહારનો લોખંડનો પાટો.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૨) તળાવ કે કુદરતી ગર્તની ધાર – કિનારી.

**rind.** છાલ; બહારનું આવરણ, પેશી પ્રાંતરથા.

**rinderpest.** પશુને લાગુ થતી પશુ-પ્લેગ નામે ઓળખવામાં આવતી બીમારી. ગાય, ભેંસ, ઘેટાં, બકરાં જેવા ફાટવાળાં ખરી ધરાવતાં પશુઓને લાગુ થતો વિશિષ્ટ પ્રકારનો આ જીવલેણ વ્યાધિ છે. આ વ્યાધિમાંથી ઉગરી જનાર પ્રાણી દૂધ, માંસ અને કામ આપવા અંગે બિનકાર્યશીલ બને છે. બીમારી દરમિયાન રોગગ્રસ્ત પ્રાણીને ભારે તાવ આવે, સુસ્તી લાગે, આંખમાંથી પાણી ઝર્યાં કરે, ઢુંડ સુકાઈ જાય, પીઠ બળી જાય, અરુચિ અને બંધ-કોશ થાય, મોં અને આંતરડાં પર વ્રણ પડે અને છેવટે મૃત્યુ નીપજે છે.

**rind gall.** યાંત્રિક ઈજા કે દાઝવાના કારણે મરી ગયેલી એધા પર વ્રણનો ડાઘ વધવાથી કાષ્ઠક વનસ્પતિ પર સ્થાનિક રીતે જણાતી અનિયમિત બાહ્યાવસ્થા.

**ring.** ઝાડનાં થડ, ડાળીઓ કે મૂળ આગળનો કાપ કે વલય. (૨) ઝાડનાં થડ પરના અનુચ્છેદ પર જણાતાં વૃદ્ધિ વલયો, જે પરથી વૃક્ષની વય જાણી શકાય છે. (૩) વલય. **r. budding.** વનસ્પતિની છાલ પર ½ થી 3/4 ઈંચનો કાપ મૂકી તેમાં કલમ રોપવી. આવા પ્રકારની કલમ પીચ, પ્લમ, બોર, શેતૂરનાં વૃક્ષોના થડ પર કરવામાં આવે છે. **r. chromosome.** વલયાકાર રંગસૂત્ર. **r. spot.** એક વિષાણુજન્ય રોગ, જેમાં વલયની અંદરની પેશી લીલી બને છે. **r. test.** ગાયોને થતા ગર્ભપાતને અટકાવવા માટેની દૂધ કસોટી. **ringing.** વલયીકરણ; ઝાડની અન્નવાહિની દ્વારા મૂળ તરફ જતાં શર્કરા દ્રવ્યોને રોકી શકાય તે રીતે થડ કે ડાળી પર સંપૂર્ણ ગોળ કાપો મૂકી, શર્કરા દ્રવ્યોનો રસ કાપની ઉપરની કિનારી પર એકઠો થવા દેવો; આ પ્રક્રિયાના પરિણામે મોટાં ફળ કે ફૂલ બેસે છે; મેખલાકરણ.

**ringworm** દાદર; એક નાના સ્થાન પર થતો ગોળાકાર ફેલાતો જતો વાળવાળા અધિચર્મને લાગુ પડતો *Microsporum, Trichophyton* અને *Achorion* પ્રજાતિ-ની ફૂગથી થતો એક રોગ.

**rinse.** ધોળવું, મસળવું.

**Rio – de – Janeiro.** બ્રાઝિલમાં થતા આદુનો એક પ્રકાર. ભારતીય આદુ કરતાં બ્રાઝિલમાં આ આદુનો બેવડો ઉતાર થાય છે.

**riparian.** નદી કે મોટા જળાશયના કાંઠાનો (પ્રદેશ). સરિતીય. **r. deposit.** સરિત નિક્ષેપ. **r. right.** કાંઠાળ વિસ્તાર અંગેનો અધિકાર.

**ripe.** વાવવા માટે યોગ્ય રીતે પરિપક્વ (થયેલાં બી). (૨) પૂરેપૂરું પાકેલું (ફળ). **r. honey.** પાણી અથવા ભેજ ઊડી જવાથી ઘટ્ટ બનેલું મધ. **ripened cheese.** પક્વ પનીર – ચીઝ. **ripening.** પરિપક્વ થવું – બનવું. (૨) પક્વ ફળ કે અનાજનું ખાવા યોગ્ય બનવું. (૩) વાપરવા માટે સંઘરી શકાય તેવી અવસ્થાએ પહોંચવું. (૪) કુદરતી રીતે દૂધ ખાટું બની દહીં થવાની યોગ્યતા). (૫) વયવૃદ્ધિની અવસ્થાએ પહોંચવું. **r. stage.** પરિપક્વાવસ્થા; ટમેટાં બહારથી પૂર્ણ રીતે લાલ બને તોપણ નરમ ન થાય તેવી અવસ્થા.

**ritha.** અરીઠાં; જુઓ *soap nut.*

**river.** નદી; ઠીક કદ ધરાવતું વહેળા કે ખાડી કરતાં મોટું એવું પાણીનું વહેણ. **r. bank.** નદીનો કિનારો, નદીની બંને કે એક બાજુ પરનો જમીનનો ઊભો ઢાળ. **r. red gum.** મધ્યમ કદનું, રાખોડી રંગની છાલ ધરાવતું અને ટકાઉ કાષ્ઠ ધરાવતું યુકેલિપ્ટસનું ઝાડ. **riverine.** નદીનું, નદી અંગેનું, નદીના કાંઠાનું કે તે અંગેનું. **rivulet,** નાનો વહેળો.

**rivet.** ધાતુની પટ્ટીઓને સજ્જડ રીતે જકડી રાખનાર, જડાઈ ગયા પછી બંને છેડે ટીપીને માથાને ચપટાં બનાવ્યો હોય તેવો ખીલો કે બોલ્ટ; રિવેટ. **r. wheat.** *Triticum turgidum.* નામના તૃણ-કુળના ભારતમાં થતા ઘઉંના પાંચ પ્રકાર પૈકીનો એક પ્રકાર.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**Rivina** *humilis* **L.** શોભા માટે વાવવામાં આવતો ક્ષુપનો એક પ્રકાર.

**roach.** વંદો.

**roan.** રંગીન અથવા ધોળા વાળવાળો પ્રાણીનો રંગ.

**robber bee.** અન્ય મધપૂડામાંથી ખોરાક ચોરી જતી મધમાખી.

**robber's cultivation.** અનુર્વર ખેતી, અફળદ્રુપ ખેતી.

**Robinia** *grandiflora.* ગુજરાત અને ભારતનાં, અન્ય રાજ્યોમાં થતી ફળ, ફૂલ ઇ. ધરાવતી વનસ્પતિનો એક પ્રકાર. **R.** *pseudoacacia* **L.** પ. હિમાલયમાં થતું એક ઝાડ, જેના કાષ્ઠનું ફર્નિચર, રેલવેનાં સલેપાટો ઇ. બનાવવામાં આવે છે.

**robust.** સારી રીતે વૃદ્ધિ પામેલું (પ્રાણી અથવા વૃક્ષ). (૨) ખડતલ, સુદૃઢ, મજબૂત.

**robusta coffee.** કેરળમાં થતી કોફીનો *Coffea robusta.* નામનો એક પ્રકાર, જેના બુંદદાણા *arabica coffee* નામની કોફીના પ્રકાર કરતાં નાના હોય છે.

**rock.** ખડક, શૈલ. (૨) માટી હેઠળ રહેલું ધરતીનું સખત પડ. (૩) એક કે વધારે ખનિજ દ્રવ્ય કે દ્રવ્યો ધરાવતું દૃઢ કે ઢીલું દળ. **r., acidic** અમ્લીય શૈલ. **r. 'basic** અલ્પ સિલિક શૈલ. **r., decomposed** અપઘટિત શૈલ. **r., igneous** અગ્નિકૃત અથવા આગ્નેય શૈલ. **r. 'metamorphic** વિકૃત અથવા કાયાંતરિત શૈલ. **r., sedimentary** જલકૃત શૈલ, અવસાદજન્ય શૈલ; સ્તરિત શૈલ. **r., bed.** શૈલાધાર, શૈલતલ. **r. bee.** *Apis dorsata* **F**; *giant bee.* નામની ખડકો, મોટાં ઝાડ, ઝાડની ડાળીઓ પર 5–7 ફૂટ મોટો લટકતો મધપૂડો બનાવતી, મોટું કદ ધરાવતી ઝનૂની મધમાખી. **r. crystal.** ષટ્કોણીય પારદર્શક રંગવિહીન સિલિકા કે ક્વાર્ટ્ઝ – કાચમણિ. **r. disintegration.** વિસ્તરણ કે સંકોચન, વનસ્પતિના મૂળનાં રાસાયણિક અને યાંત્રિક કર્મ, પથ્થરના ટૂકડાનું સંચલન, વહેતું પાણી કે બરફ ઇ. જેવાં કુદરતી કારકોના પ્રભાવ હેઠળ સખત શૈલનું થતું અપઘટન કે વિઘટન. **r. melon.** એક પ્રકારનું તડબૂચ. **r. minerals.** શૈલ ધરાવતું ચોક્કસ રાસાયણિક ભૌતિક સંયોજનવાળું ખનિજ; ભૌતિક સંયોજનમાં તેનાં રચના, રંગ, દૃઢતા, વિશિષ્ટ ગુરુત્વ જેવી બાબતોનો સમાવેશ થાય છે. આવા શૈલ ખનિજોમાં એલ્યુમિનિયમ, પોટેશિયમ, સોડિયમ, કેલ્શિયમ અને મેગ્નેશિયમના એક અથવા બે બેઝવાળા સિલિકેટનો સમાવેશ થાય છે. **r. grain.** શૈલ કણ. **r. phosphate** મોરોક્કો, અમેરિકાનાં સંયુક્ત રાજ્યો એટલે યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા, પોલૅન્ડ, રશિયા, ટ્યુનિસિયા, બ્રાઝિલ, ઈજિપ્ત, નૉરુ, પ્રશાંત અને હિંદી મહાસાગરના કેટલાક દ્વીપો પર જોવામાં આવતો કુદરતી શૈલ નિક્ષેપ, જેનો ભૂકો ખાતર તરીકે ઉપયોગી બને છે અને સુપર ફૉસ્ફેટ બનાવવા તેનો ઉપયોગ કરવામાં આવે છે **r. plants.** શૈલ બગીચામાં ઉગાડવામાં આવતી વનસ્પતિ. **r. salt.** સિંધાલૂણ, સ્તરિત અવસ્થામાં મળતું લવણ; કાળું મીઠું, સોડિયમ ક્લોરાઈડ. **r. weathering.** શૈલ – ખડકોનું કુદરતી રીતે થતું રાસાયણિક અને ભૌતિક વિઘટન – ખવાણ, જેના પરિણામે થતું મૃદા – માટીનું નિર્માણ.

**rocket salad.** પંજાબમાં થતા તેલીબિયાં.

**rocketing prices.** ઝડપભેર વધતી કિંમતો.

**rocking type sprayer.** હાથ વડે ચલાવવામાં આવતું, પંપ અને હાઉઝકોઝ ધરાવતું છંટકાવ માટેનું સાધન, જેના પાઈપનો એક છેડો છંટકાવ માટેના સંયોજનમાં બોળી પંપ ચાલુ કરી છંટકાવ કરવામાં આવે છે. આ સાધન મધ્યમ કદના ફળઝાડ, પાક અને બાગાયત છોડ માટે સુગમ પડે છે.

**rod.** ઝાડ પર પાતળી, સીધી, ગોળ, ફૂટતી શાખા કે તેવી કાપી લીધેલી શાખા કે લાકડામાંથી બનાવેલો તેવો દંડ, શલાકા કે દાંડો. **r. cell.** દંડકોષ. **r. mould**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**board.** દંડ ધરાવતું મોલ્ડબોર્ડ હળ.

**rodenticide.** ઉંદરાદિ કૃંતક પ્રાણીઓનો નાશ કરવા ઉપયોગમાં લેવામાં આવતું ઝિંક ફોસ્ફેટ, વોર્ફેરિન, સ્ટ્રિકનિન હાઈડ્રોક્લોરાઈડ, બેરિયમ કાર્બોનેટ અને કૅલ્શિયમ સાયેનાઈડ ધરાવતું રાસાયણિક સંયોજન.

**rodents.** ઉંદર, કોળ, ખિસકોલી, સસલાં ઇ. જેવાં *Rodentia* કૃંતકવર્ગના ફરશી જેવા કૃંતક – કાપવા માટેના દાંતનાં જડબાં ધરાવતાં, સસ્તન પ્રાણીઓ, જેમને રાક્ષી દાંત હોતા નથી. આ પ્રાણીઓના દાંત સતત વધતા રહેતા હોઈ સતત કરડયા કરીને આ પ્રાણીઓ દાંતને વધતા અટકાવે છે. તેઓ કરડવાની આ ક્રિયા ન કરે તો દાત વધે અને છેવટે પ્રાણી મરી જાય.

**Rodolia** sp. ખટમધુરા ફળનો કીટ.

**roe.** માછલીનાં ઈંડાં કે વૃષણ; જેના બે પ્રકાર છે: માદા ઈંડું કે સખત વૃષણ અને નરવૃષણ કે નરમ ઈંડું ખાવામાં ઉપયોગી છે.

**Roentgen.** ક્ષ-કિરણ કે ગામા કિરણનું પ્રમાણ; ક્ષ-કિરણના શોધક **Roentgen** પરથી ક્ષ-કિરણને આપવામાં આવેલું નામ.

**roghan.** રોગાન; કરડીના તેલને 300° ફે. ઉષ્ણતામાને તપાવી, બે કલાક ઠરવા દઈ, ઠંડા પાણીમાં રેડીને તેનો બનાવવામાં આવતો સરેસ જેવો પદાર્થ, જે કાચ સાધવા માટે સીમેંટ અથવા ટાઈલ કે પથ્થર બેસાડવા પ્લાસ્ટર ઑફ પેરિસની ગરજ સારે છે.

**rogue.** નિમ્ન પ્રકારનો કે વાંધાજનક ગુણવત્તા ધરાવતો રોપ અથવા છોડ. (૨) પાક યોગ્ય રીતે બરાબર ઊગે તે માટે તેને હરકત કરતી વનસ્પતિ (ને દૂર કરવી).

**Rohu.** *Labeo rohita.* નામ ધરાવતી અન્ય કાર્પ માછલી કરતાં વધારે સ્વાદિષ્ટ કાર્પ માછલીનો એક પ્રકાર, જે *Rui, Rohi, Bocha-gandumeenu* ઇ. તરીકે પણ ઓળખાય છે અને ખૂબ જ ઝડપથી વધે છે.

**roll.** રોલર હેઠળ દાણાને મૂકીને તેને ચપટા બનાવવા. **r. over plough.** ફરતું હળ. **roller.** જમીનને, તેના પરના ખાડા, ટેકરા, ઢેફાં વ.ને દબાણ આપી સમતળ કરનાર રોલર નામનું યંત્ર, જેને બળદ અથવા યંત્રશક્તિથી ચલાવવામાં આવે છે. (૨) વેલણ. **r., chain** સાંકળવાળું રોલર. **r., conical** શંકુ આકારનું રોલર. **r., ridge** પાળા – કિનારનું રોલર. **r. bearing.** રોલર બેરિંગ – ધારક. **r. chain.** રોલરની સાંકળ. **r. gin.** રોલર, સ્થિર છરી અને ફરતી છરી દ્વારા કપાસિયામાંથી રૂ લોઢવાનું સાદું યંત્ર. **rolling.** ગોળ ફેરવવું, રોલર ફેરવવું. **r. friction.** ગોળ ફરતા થતું ઘર્ષણ. **r. leaves.** પર્ણ વ્યાવર્તન, પાંદડાં વાળવાં, પર્ણવલન. **r. resistance.** રોલર પ્રતિરોધ.

**Rome Beauty.** જાડી છાલવાળું, મોટું, ગોળ, રાતા પટાવાળું, પીળું સફરજન, જેનો સ્વાદ મંદ અમ્લીય છે.

**ronj.** ચારા તરીકે ઉપયોગમાં લેવાતાં પાનની વનસ્પતિ.

**rooi grass.** ઘાસચારા માટે ઉપયોગી બનતી તૃણકુળની વનસ્પતિ.

**room temperature.** પ્રયોગશાળાના કાર્ય પૂરતું 68°થી 70° ફે. ઉષ્ણતામાન.

**roost.** પક્ષીઓને બેસવા કે વિરામ કરવા માટેનું સ્થાન, ખાસ કરીને મરઘી ઘર. **r., mite.** લાલ ઈતડી. **rooster.** મરઘો, મરઘીનાં નરબચ્ચાં. **roosting house.** બસેરા ઘર, વસવાનું ઘર. **r. space.** પક્ષીના કદ અનુસાર પ્રત્યેક મરઘા માટેની જગ્યા.

**root.** મૂળ, જડ, વનસ્પતિને સ્થિર કરતાં, તેને ભેજ અને પોષણ પહોંચાડાવવાનો વનસ્પતિનો જમીનમાં ઊતરતો ભાગ, જેને મૂળ રોમ હોય છે, જે પાણી અને ખનિજ દ્રવ્યોનું શોષણ કરે છે. તે પૂરું કે અંશતઃ હવાઈ હોય છે. **r., adventitious** અસ્થાનિક મૂળ. **r., aerial** હવાઈ મૂળ. (૨) વડવાઈ જેવું મૂળ. **r., breathing** શ્વસન મૂળ. **r., climbing** આરોહી મૂળ. **r., conical** શંકુ આકારનું મૂળ. **r., fibrous** તંતુ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મૂળ. **r., lateral** પાર્શ્વિય મૂળ. **r., respiratory** શ્વસન મૂળ. **r., secon-day** દ્વિતીયક મૂળ. **r., tertiary** તૃતીયક મૂળ. **r., tuberous** કંદિલ મૂળ. **r. antagonism.** અન્ય જાતિની વનસ્પતિનાં મૂળ આગળ ઊગેલી વનસ્પતિથી પ્રથમ વનસ્પતિને થતી હાનિ અથવા એક જ ક્ષેત્રમાં એકને ઉગાડયા બાદ બીજીને ઉગાડવામાં આવે. **r. aphids.** *Aphidae.* મુળનો ચૂસક મોલો નામનો સૂક્ષ્મ જીવ, જે વનસ્પતિને ભારે હાનિ પહોંચાડી તેનાં મૂળ પર જીવે, અને જે મધ જેવો ચીકણો સ્રાવ કરે, જેને ખાવા કીડીઓ ઊભરાય છે. **r. borer.** મૂળ વેધક. **r. cap.** મૂળની ટોપી, મૂલ-ગોપ, મૂલાગ્રને આવરતી શ્લેષ્મીય બાહ્ય દીવાલ ધરાવતી રક્ષક પેશી. **r. climber.** મૂલારોહી, મૂળશ્લેષ્મ. **r. collar.** પ્રકાંડ અને મૂળ વચ્ચેનો સહેજ ફુલેલો ભાગ. **r. crop.** ખાદ્ય મૂળ ધરાવતી મૂળા, ટર્નિપ, બીટરૂટ જેવી શાકીય વનસ્પતિનો પાક. **r. cutting.** જડ-મૂળની કલમ; નવો છોડ મેળવવા મૂળની કરવામાં આવતી કલમ. **r. development.** મૂળની થતી વધારે વૃદ્ધિ અને વિકાસ, જે સફરણ દ્વારા શક્ય બનાવી શકાય છે. **r. exposer.** ચોક્કસ ઋતુમાં ફળનો બેસારો થાય તે માટે મૂળને ખુલ્લાં કરવાની પ્રથા, આ પ્રથાથી વર્ષમાં ત્રણ વાર મોસંબી જેવાં ફળ બેસે છે. **r. gall.** મૂળને થતો એક પ્રકારનો રોગ. **r. gapper.** મૂળ-અંતરક. **r. grafting.** રોપાનાં મૂળ કે મૂળના કોઈ ભાગ પર કલમ ચડાવવી. **r. growth.** મૂળનાં વધુ થતાં વૃદ્ધિ અને વિકાસ. **r. hair.** મૂળરોમ, મૂળકેશ; જલ અવશોષણ માટે મૂળની એક કોષી બહિર્વૃદ્ધિ. **r. h. region.** મૂળરોમ પ્રદેશ. **r. hardy.** સુરક્ષિત રીતે શિયાળો વટાવી જનાર વનસ્પતિનાં મૂળ. **r. inhabiting. fungi.** મૂળવાસી ફૂગ. **r. knot.** મૂળ તંત્રને મોટું બનાવી, તે પર ગાંઠ જેવું બનાવનાર; ગોળકૃમિના કારણે મૂળને થતો ગાંઠ જેવો રોગ; ઘણી વનસ્પતિ પરજીવીઓની પોષક બને છે; આવા પ્રકારના ઉપદ્રવનો ભોગ બનનાર વનસ્પતિ દુબળી બની છેવટે કરમાઈ નષ્ટ છે. **r. k. eelworm.** *Meloidogyne* **sp.** નામનો રીંગણી, ટમેટી, બટાટા, ચા, શણને લાગુ પડતો ગોળકૃમિ, જે મૂળ અને કંદ પર હુમલો કરી વનસ્પતિને કરમાવી દે છે; આના ઉપદ્રવનો ભોગ બનનાર છોડ વામણા બને છે અને ટોચ પરનાં પાન નાનાં થઈ જાય છે. **r. let.** લઘુમૂળ, મૂળની શાખાનો અંત્યભાગ. **r. lodging.** નબળાં મૂળ તંત્ર, સડેલાં મૂળ, હાનિ પામેલાં મૂળ ઇ.ના કારણે છોડનું મૂળ આગળ નમી જવું. **r. louse.** મૂળનો મોલોમશી નામનું જંતુ. **r. nematode.** મૂળનો ગોળ કૃમિ. **r. nodule.** મૂળગાંઠ. **r. n. bacteria.** મૂળની ગાંઠમાં રહેતા જીવાણુ. **r. parasite.** મૂલોપજીવી, અન્ય વનસ્પતિનાં મૂળ પર પરજીવી તરીકે રહેતી ગમે તે વનસ્પતિ. **r. pocket.** મૂળગોઠ. **r. pressure.** મૂળ દાબ; મૂળ અને પ્રકાંડ પર પાણી ચડી શકે તે માટે મૂલતંત્રમાં થતું દબાણ વનસ્પતિનાં પ્રકાંડ દ્વારા ઉપર પાણી ચડે અથવા વનસ્પતિના રંધ્રમાંથી પાણી સ્રવે તે માટે જરૂરી બનતો દાબ; જે *Sap pressure, endodermal pressure, bleeding pressure, exudation pressure* (અનુક્રમે રસ-દાબ, અંતઃચર્મ દાબ, સ્રાવદાબ ઇ.) તરીકે ઓળખાય છે. **r. pruning.** વામન ફળઝાડના સંવર્ધન માટે અપનાવવામાં આવતી એક પ્રથા; જેમાં આગલા વર્ષે કરેલી ગર્તાથી થોડે દૂર ગર્તા કરી, આગલા વર્ષમાં થડથી બે એક ઈંચ દૂર મૂળને છાંટી છૂટા હાથે ગર્તાને ખાતરથી ભરી દેવામાં આવે છે. આ પ્રમાણે કરવાથી ઝાડને વર્તુલાકારે તંતુ-મૂળનો વિકાસ થઈ મૂળ પરિપક્વ બને છે અને ઝાડ ભરાવદાર થાય છે. (૨) કુંડાનાં છોડને સાંકડી જગ્યામાં રોપતાં મૂળનું કરવામાં આવતું કર્તન. **r.**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**region.** મૂળનો પ્રદેશ. **r. reserves.** પ્રોટીન, કાર્બોહિડ્રેટો ઇ. જેવા વનસ્પતિના ખોરાકને મૂળ આગળ સંઘરવા. **r. rot.** સજીવોના મોટા સમુદાયના કારણે મૂળને લાગતો સડો. **r. spread.** કોઈ ઝાડ કે છોડના મૂળનો થતો ફેલાવો કે વિસ્તાર, મૂળ-વિસ્તરણ. **r. stock.** રોપ કે છોડ, જેના પર પ્રરોહની કલમ કરવામાં આવે છે; સામાન્ય રીતે કલમ કરવાની આ પ્રક્રિયા પીચ માટે પીચ, પ્લમ માટે પીચ, નાસપતી માટે ફ્રેંચ નાસપતી, જરદાળુ માટે ક્વિન્સ જરદાળુ, બદામ માટે બદામ કે પીચ ઇ.ની કલમનો ઉપયોગ કરવામાં આવે છે. આંબાના રોપ માટે જોમદાર વૃક્ષના બીનો ઉપયોગ કરવામાં આવે છે. **r. sucker.** કાષ્ઠીય છોડનાં મૂળમાંથી થતો પ્રરોહ. **r. swell.** ઝાડને વધારે સ્થિરતા મળે તે માટે તેના તલ આગળ ક્રમશઃ મૂળનો થતો ફુલાવો. **r. system.** મૂળ તંત્ર; વનસ્પતિનો સોટી મૂળથી માંડીને તંતુ મૂળ સુધીના સઘળા પ્રકારનાં મૂળનું તંત્ર. **r. tail.** મૂળ પુચ્છ. **r. tip.** મૂલાગ્ર, મૂલગોપ. **r. to seed.** ટર્નિપ અંગે હાથ ધરવામાં આવતી એક પ્રથા, જેમાં અનેક રોપ ચોક્કસ ઊંચાઈએ પહોંચે ત્યારે તેમને ઊપાડી, યોગ્ય રોપને બી માટે ખાસ તૈયાર કરેલા બીજા ખાડામાં રોપવામાં આવે છે; જેથી સારાં બી મળી શકે. **r. tubercle.** મૂળ-ગંડિકા, મૂળ પર થતો ફુલાવો. **r. tubers.** કેટલીક વનસ્પતિનાં ફુલેલાં મૂળ. **r. tumour.** મૂળ-અર્બુદ. **r. vegetables.** મૂળા, ગાજર, બીટ રૂટ ઇ. જેવી કંદવર્ગીય શાકભાજી. **r. weevil.** મૂળ ખાનાર કીટ. **r. with velamen tissue.** જલશોષક પેશીવાળા મૂળ, વાદળી સદૃશ મૂળ. **r. worm.** વનસ્પતિનાં મૂળ ઉપર ઉપદ્રવ કરનાર કૃમિ, કીટ, કે જંતુ. **r. zone.** વનસ્પતિનાં મૂળવાળો જમીનનો પ્રદેશ. **rooting.** વનસ્પતિ દ્વારા થતું મૂળનું નિર્માણ. (૨) ડુક્કરની માફક તુંડથી જમીન ખોદવી. (૩) પ્રજનન માટે ઉપયોગમાં લેવામાં આવતું મૂળ. (૪) કલમ કે કર્તન દ્વારા મૂળ મેળવવાં – પેદાં કરવાં. **r. medium.** મૂળ મેળવવા માટેનું રેતી જેવું માધ્યમ. **rooty.** છાલવાળું કે દૃઢ તલવાળું; મૂળ બાજુએ લક્ષ્મા કે ખ.લ વલ્કના ઘેરા પટાવાળા શણના તંતુ કે ચીકણા મૂલાગ્ર, જેના કારણે છોડ મજબૂત બને છે; દૃઢમૂળવાળું. જેને *barky* અથવા *hardy bottom* પણ કહે છે.

**rope.** દોરડું, રજ્જુ. **r. belt.** રજ્જુ પટ્ટો. **r. burn.** કોઈ ભારવાહી કે અન્ય પ્રકારના પ્રાણીના શરીર પરના દોરડાના દબાણવાળા સંપર્ક કે હલનચલનથી તેની ચામડીને આવતી બંજવાળ. **r. controlled scrapper.** દોરડાથી નિયંત્રિત કરવામાં આવતી ખુરપી. **ropiness.** સૂત્રતા. **ropy fermentation.** રજ્જુવત કિણ્વન – આથો. **r. milk.** દૂધની એક પ્રકારની વિકૃતિ, જેમાં દૂધ ફાટી જતાં તેનાં સૂત્ર જેવાં થતાં ફોદાં ફોદાં.

**roquette,** *Eruca sativa* **Mill.** નામનુ *rocket-salad, Taramira,* તરીકે પણ ઓળખાતાં એકલું અથવા જવની સાથે ઉગાડવામાં આવતાં તેલી બી, જેનો એકર દીઠ 500 – 600 પાઉન્ડ ઉતાર થાય છે અને તેમાંના તેલી દ્રવ્યની 12 – 25 ટકાવારી હોય છે. છોડ ઘાસચારા માટે પણ ઉપયોગમાં લેવામાં આવે છે.

**Rorippa** *armoracia.* મસાલા તરીકે ઉપયોગમાં લેવામાં આવતી એક પ્રકારની વનસ્પતિ. **R.** *nasturtium–aquaticum* **(L.) Hayek.** બ્રાહ્મણી સાગ, નામની શાકીય વનસ્પતિ, જે પ. બંગાળ, ઓરિસા અને પંજાબમાં થાય છે અને જેની શાકભાજી થાય છે.

**Rosa** *alba* **L.** સફેદ ગુલાબ, શોભા માટેનો છોડ. **R.** *banksiae* **R. Br.** ચીનમાં થતો ગુલાબનો છોડ. **R.** *centifolia* **L.** ગુલાબ; મુખ્યત્વે ઉત્તર પ્રદેશ અને બિહારમાં થતો ગુલાબનો છોડ, જેની

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાંદડીઓમાં બાષ્પશીલ તેલ નીકળે છે, જેને સુગંધી દ્રવ્યો અને સૌંદર્ય પ્રસાધનો બનાવવા ઉપયોગમાં લેવામાં આવે છે. **R.** *chinensis* **Jacq.** (Syn. *R. sinica* **L.**, *R. indica* **Hook f. non L.**). દેશી ગુલાબ, ચિનાઈ ગુલાબ નામનો મુખ્યત્વે કનોજ, કાનપુર અને હાથરસમાં થતો ગુલાબનો છોડ, જેની પાંદડીઓનું ગુલાબજળ બનાવવામાં આવે છે, તથા બાષ્પશીલ તેલ અને ગુલકંદ પણ બનાવવામાં આવે છે. **R.** *damascena* **Mill.** દમારક ગુલાબ નામનો ગુલાબ; જે મુખ્યત્વે અલીગઢ, ગાઝીપુર અને કનોજમાં ઉગાડવામાં આવે છે. જેની પાંદડીઓમાંથી મળતા બાષ્પશીલ તેલનું ગુલાબનું અત્તર બનાવવામાં આવે છે. ઉપરાંત આ ગુલાબનું ગુલાબજળ, ગુલકંદ, પાનખુરી ઇ. બનાવવામાં આવે છે. તેની સૂકી પાંદડીઓ પાનખુરી કહેવાય છે અને તેનાં ઠંડાં પીણાં બનાવવામાં આવે છે. **R.** *moschata* **Herrm.** મસ્કગુલાબ, મૂળ દ. યુરોપ અને ઉત્તર આફ્રિકાનો પણ ભારત ભરમાં થતો ગુલાબનો છોડ, જેના ફૂલમાંથી બાષ્પશીલ તેલ મળે છે. **R.** *odorata*. ગુલાબ.

**Rose apple.** ગુલાબ જાંબુ, *jambo*, *Gulab jaman*, *Syzygium jambos* **L.** [Syn. *Eugenia jambos* **L.**]. નામની ગરમ પ્રદેશની, મોટી, સુંદર, વિશાળ મથાળાવાળી, વિસ્તરતી, લગભગ ગોળફળ ધરાવતી એક વનસ્પતિ, જેનાં ફળની જેલી બનાવવામાં આવે છે; આ ઝાડ બી વાવીને ઉગાડવામાં આવે છે.

**Rose-comb Ancona.** એન્કોના ઓલાદનાં મરઘાંનાં બચ્ચાં, જેની માદાની કલગી લેઘોર્ન પ્રકારની મરઘીની કલગી જેવી હોય છે, જ્યારે નરની કલગી લેઘોર્ન નરની કલગી કરતાં નાની હોય છે.

**roselle.** પટવા, ફૂંજ, લાલ અંબાડી; *Hibiscus sabdariffa* **L.** નામની *Jamaica sorrel*, *rama*, *Patwa*, *lalambari* ઇ. નામે પણ ઓળખવામાં આવતી તંતુવાળી વનસ્પતિ, જે ગરમી, ભેજવાળા વાતાવરણને અનુકૂળ છે અને જેનું અધિવજૂ ખાદ્ય છે.

**Rosellinia.** ચા, ફણસ, સિંકોનાને સડો કરતો કીટ. **R.** *bunodes*. મરીમાં રોગ કરનાર કીટ.

**rosemary.** રોઝમેરી. *Rosmarinus officinalis* **L.** નામની બગીચાની શાકીય વનસ્પતિ, જેનાં સુવાસિત પાનમાથી બાષ્પશીલ તેલ મળે છે, જે ઔષધીય હેતુ માટે ઉપયોગમાં લેવામાં આવે છે.

**Rose of Sharon.** *Hibiscus syriacus*. નામની સમસ્ત દેશમાં ઉગાડવામાં આવતી ખાદ્ય ફૂલધારી વનસ્પતિ.

**rose-scented litchi.** પ. ઉત્તર પ્રદેશમાં ઉગાડવામાં આવતી લીચીનો એક પ્રકાર.

**rosette.** ગુચ્છ; ગુલાબ જેવું, ગુલાબના ગોટા જેવા અંગોનો ગુચ્છ. (૨) કેન્દ્રમાંથી નીકળતો પર્ણવિન્યાસ. (૩) કોઈ રોગનાં પરિણામે વિકૃત બનતી પર્ણ રચના. **r. disease of ground nut.** મગફળીનો ગુચ્છરોગ.

**rosewood.** જંગલી શિરીષ. *Dalbergia latifolia* **Roxb.** નામનું કાળો શિરીષ તરીકે પણ ઓળખાતું ઝાડ, જેનું કાષ્ઠ કઠણ અને ટકાઉ હોય છે અને તેના ફર્નિચર, પાટિયાં, અને કૃષિ ઓજારો બનાવવામાં આવે છે, આ વૃક્ષ ખેતરમાં અને ગામનાં અન્ય સ્થળો પર ઉગાડી શકાય છે, સારી અને કાળી જમીનમાં તે સારી રીતે ઉગે છે.

**rosin.** રેઝિન; ટર્પેન્ટાઈનનું નિસ્યંદન કરતાં શેષ રહેતું રાળ રેઝિન જેવું ધૂપ દ્રવ્ય. **r. wash.** રાળધોળ.

**rosulate.** ગુલાબની પાંદડીઓની માફક એક બીજા પર ગોઠવાયેલાં (પાંદડાં).

**rot.** સડો, વનસ્પતિના માંસલ ભાગને રોગના કારણે લાગતો અપક્ષય. **rotten manure.** સડેલું ખાતર.

**rotar.** પરિભ્રમક, ભ્રમક, ચકાલ. **rotary.** ભમતું, ફરતું. **r. cultivator.** ભ્રમણશીલ – પરિભ્રામી હળ. **r. dus-**



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ter.** ભ્રમણશીલ – પરિભ્રામી – ફરતું ભૂકો છાંટવાનું સાધન. **r. hoe.** મૂળધરી પર ફરતાં અણીદાર દાંતાવાળું, વળેલું ખોદવા તથા ઘાસપાતને દૂર કરનારું સાધન. **r. mill.** યંત્રથી ગોળ ચાલતું લોખંડનું સાધન. (૨) યંત્રચાલિત લોખંડની ઘંટી. **r. motion.** પરિભ્રામી ગતિ. **r. paddy weeder.** જાપાની પેડીવીડર તરીકે ઓળખાતું દાંતાદાર બે નેડી રોલરવાળું હોડી આકારનું. ડાંગરની ક્યારી માટે ઉપયોગમાં લેવામાં આવતું સાધન. **r. sprinkler.** પરિભ્રામી – ફરતું છંટકાવ કરતું સાધન.

**rotate.** ચક્રાકાર ફરવું, ફેરવવું. (૨) ચક્રાકાર. **rotated pasture.** વારાફરતી ચરાણ માટે ખુલ્લા મૂકવામાં આવતાં, ચરાણનાં વાડાબંધી સ્થાનો; જે સ્થાન ચરાણ માટે ઉપયોગમાં લેવામાં આવે તે સમયે તેની વાડ ખોલી નાંખવામાં આવે છે, જ્યારે બાકીનાં સ્થાનોની વાડ બંધ રાખવામાં આવે છે. **rotation.** પરિભ્રમણ, આવર્તન. (૨) પોતાની ધરી પર થતું કોઈપણ પિંડનું પરિભ્રમણ. (૩) વારાફરતી અને યોજનાપૂર્વક એક જ પ્લોટમાં પાક વાવવા, જેનો આધાર પાણીની ઉપલબ્ધતા, પ્રત્યેક પાકની અવધિ જેવાં કારણ પર રહે છે. (૪) ચોકસ પ્રકારની પરિપક્વતાની પરિસ્થિતિનું નિર્માણ થાય ત્યાં સુધી ઈમારતી પાકને ઊગવા દેવા માટે જોઈતો સમય. **r. of crops.** વારાફરતી પાક લેવા. **rotational grazing.** સતત ચરાણ કરાવવાના પરિણામે થતા નુકસાનને નિવારવા માટે, ચરાણભૂમિના વધારે ખંડો પાડી, દરેકની ફરતે વાડ બનાવી વારા ફરતી વાડને ચરાણ માટે ખોલવામાં આવે અને આમ બાકીના ખંડોને વિરામ આપવામાં આવે, આવા પ્રકારની વારાફરતી ચરાણની પ્રક્રિયા.

**Rotenone.** એક વનસ્પતિના મૂળમાંથી બનાવવામાં આવતું, મોલોમશી, થ્રિપ, ચાંચડ અને ઈયળો ઇ. વનસ્પતિને ઉપદ્રવ કરનાર જંતુઓ, કીટ ઇ.નો નાશ કરવા માટે ભૂકા રૂપે કે પાયસરૂપે બનાવવામાં આવતું દ્રવ્ય, જે માછલી માટે પ્રાણઘાતક છે.

**rotifer.** સ્થિર અને વહેતા પાણી અને જમીનમાં પુષ્કળ પ્રમાણમાં જોવામાં આવતાં બહુકોશી સૂક્ષ્મ સજીવો.

**Rottboellia** *hirsuta* **Vahl.** રેતીના ઢૂવાને સ્થિર કરવા અને તેને નવસાધ્ય બનાવવા ઉપયોગી બનતી એક પ્રકારની વનસ્પતિ.

**rottlera.** રોમિલ ફળ ધરાવતું વૃક્ષ.

**rough.** બરછટ, ખરબચડું. **r. grading.** બુલડોઝર જેવા પશુકર્ષિત સાધનથી જમીનને સમતળ બનાવી તેનું વર્ગીકરણ કરવું, જમીનને સમતળ બનાવવા માટે હાથ ધરવામાં આવતું પ્રથમ પગલું. **r. lemon.** ખટમધુરાં ફળનો એક પ્રકાર. **roughage.** સ્થૂલ, બરછટ ખાદ્ય; અતિ તંતુ-દ્રવ્ય ધરાવતું ઘાસ, તૃણ જેવું ખાદ્ય. **roughening.** બરછટ બનવું, સ્થૂલ બનવું.

**Roult's Laws for the depression of the freezing point.** ઠારબિંદુને નીચું લઈ જવાના રાઉલ્ટના નિયમો. **R. L. for the elevation of boiling point.** ઉત્કલન બિંદુને ઊંચે લઈ જવાના રાઉલ્ટના નિયમો.

**round.** ગોળ. **r. gourd.** પ્રજીવક 'એ' ધરાવતું ગોળ ફળ. **r. muscle.** ગોળ – સ્નાયુ. **r. podded cassia.** જંગલી ફુલ ટિયો. **r. worm.** ગોળકૃમિ; *Nematodes*; ગોળાકાર નાના મોટા કદનું દોરા જેવું એક ઈંચથી એક ફૂટ જેટલું લાંબુ, નર અને માદા એમ બંને જાતિવાળું, પ્રાણીના શરીરમાં પરજીવી જીવન ગાળતું સૂત્રકૃમિ.

**roup of fowls.** ચોરી શરદી.

**routine count.** નિત્યની ગણના.

**rove beetle.** રોવબીટલ નામનું જંતુ.

**roving wool.** કાંતવા માટે જરૂરી ઘટ્ટતા ધરાવતા ઊનના રેસા કાઢવા, જેના તાર બનાવવા વળ આપવાનું જરૂરી બને છે.

**row.** હાર, કતાર, પંક્તિ. (૨) ધાન્ય

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છોડ, ક્ષુપ, ઝાડ અને અન્ય પ્રકારની વનસ્પતિને હારમાં વાવવી – રોપવી. **r. application.** પાકની હારમાં ખાતર જેવાં દ્રવ્યને છાંટવા, ઉગાડવા કે પાથરવા. **r. crop.** હારમાં વાવવામાં આવતો પાક. **R. Planter.** મકાઈ, જુવાર, કપાસ, વટાણા ઇ. જેવા પાકને હારમાં વાવી શકાય તે માટેનું સાધન. **r. planting.** બીને વેરવા કરતા તેમને પંક્તિબંધ વાવવાં. **r. sowing.** હારબદ્ધ – પંક્તિબદ્ધ વાવવું.

**Royal.** બ્લેનહીમ નામે પણ ઓળખવામાં આવતો જરદાળુનો એક પ્રકાર, જેનું ફળ મોટું, ગોળ, અંડાકાર, ઝાંખુ પીળાશ પડતું, પીળા ગરવાળું પરિપક્વ બને ત્યારે રસાળ સૂકવણ ડબાપેક માટે અનુકૂળ ફળ. **r. cells.** મધમાખની રાણીને પેદા કરતા મધપૂડાના કોષ. **r. jelly.** મધમાખ-દૂધ; રાણી મધમાખમાં પરિણમનાર ડિંભને આહાર મધમાખ દ્વારા આપવામાં આવતો ખોરાક.

**Roystonea** *oleracea* **(Mart.) O. F. Cook** [Syn. *Oreodoxa oleracea* **Mart.**]. હેજપામ તરીકે ઓળખાતો વાડ બનાવવા માટે વાવવામાં આવતો ઊંચો તાડ. **R.** *regia* **(H. B. & K.). O. F. Cook.** [Syn. *Oreodoxa regia* **H. B. & K.**]. ક્યૂબન રોયલપામ, બોટલપામ નામે ઓળખાતું વાડ માટે વાવવામાં આવતું ઝાડ.

**rozelle stem rot.** *Sclerotinia sclerotiorum.* નામના જંતુથી લાલ અંબાડીને થતા રોગનો એક પ્રકાર.

**rubber.** રબર. (૨) પેરા રબર, હીવિયા રબર, જેમ થી રબર બનાવવામાં આવતું હોય તે ખાક્ષીર સ્રવતું રબરનું ઝાડ, *Hevea brasiliensis* **(H. B. & K.) Muell. – Arg.** નામનું રબરનું ઝાડ ખૂબ જ મહત્ત્વનું છે. રબરના ઝાડનું મૂળ વતન બ્રાઝિલનો પારા પ્રાંત છે. ભારતમાં રબરની ખેતી આ સદીના શરૂઆતમાં કરવામાં આવી પરંતુ જરૂર કરતાં તેની પેદાશ ઓછી છે; રબરનું ઝાડ બી વાવીને અને વાનસ્પતિક પ્રક્રિયા એમ બે રીતે વાવવામાં આવે છે. **ru. abnormal leaf-fall.** *Phytophthora palmivora* **Butler.** નામના જંતુથી રબરના ઝાડને થતો એક રોગ, જેમાં તેનાં પાન ખરવા માંડે છે. **ru. bird's eye spot.** *Helminthosporium heveae.* નામના કૃમિથી રબરને થતો રોગ, જેમાં તેનાં પાન પર ડાઘા જણાય છે. **ru. black stripe.** જુઓ *rubber abnormal leaf-fall.* **ru. brown rot.** *Formes noxius.* નામના જંતુથી રબરને થતો રોગ. **ru. charcoal rot.** *Ustulina zonata.* થી રબરને થતો રોગ. **ru. die back.** જુઓ *rubber abnormal leaf fall.* **ru. dry rot.** *Ustulina deusta.* થી રબરને થતો રોગ. **ru. pink disease.** *Pellicularia salmonicolor* **(B. & Br.) Dastur.** થી રબરના ઝાડને થતો એક રોગ. **ru. pod rot.** જુઓ *rubber abnormal leaf-fall.* **ru. powdery mildew.** *Oidium heveae* **Steinm.** થી રબરના ઝાડને થતો રોગ, જેમાં તેનાં કુમળાં પાન અને પ્રરોહ પર પાઉડર જેવી ઊબ વળે છે. **ru. processing.** રબર મેળવવાની પ્રક્રિયા. રબરના ઝાડ પરથી ખાક્ષીર કાઢી લીધા બાદ, ત્રણ તબક્કામાં તેમાંથી રબર બનાવવા માટે પ્રક્રિયા કરવામાં આવે છે. ઝાડમાંથી કાઢી લીધેલા ખાક્ષીરમાં એસેટિક એસિડ અથવા ફોર્મિક એસિડ ભેળવી મિશ્રણને હલાવીને ઘનીભૂત બનાવવામાં આવે છે. ત્યારબાદ ઘનીભૂત બનેલા મિશ્રણને પાણીથી ધોઈ રોલર યંત્રમાંથી પસાર કરી પાણી અને અશુદ્ધિઓને દૂર કરવામાં આવે છે, જેના પરિણામે થતા પડને તડકામાં સૂકવવામાં આવે છે. આવી રીતે થતી નીપજને સકેંદ્રિત ખાક્ષીર, ક્રીપ રબર અને સોલક્રીપ રબર તરીકે વેચવામાં આવે છે. **ru. spear-head drying** *Diplodia sp.* થી રબરના ઝાડને થતો રોગ. **ru. tapping.**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રબરના ઝાડ પરથી આક્ષીર કાઢવા માટે તેને છેદવાની પ્રક્રિયા. રબરનું ઝાડ વાવવામાં આવ્યા પછી 7–8 વર્ષ વીતી જાય ત્યારપછી જમીનથી આશરે ત્રણ ફૂટની ઊંચાઈ પર, ઝાડ 20 ઇંચ કે વધારે જાડું બન્યું હોય ત્યારે તેના અર્ધ વર્તુળ પર ડાબેથી જમણે કુંતલાકાર એકાંતર દિવસે ઝાડની એધાને હાનિ પહોંચે નહિ તે રીતે એધા પર કાપ મૂકવામાં આવે છે. આવી રીતે મૂકવામાં આવતા કાપમાંથી સ્રવતા આક્ષીરને કાપની હેઠળ લગાડવામાં આવેલા પાત્રમાં એકઠો કરવામાં આવે છે. ઝાડનાં પાન ખરવા માંડે ત્યારપછી નવાં પાન આવે ત્યાં સુધીના સમગ્ર ગાળામાં આક્ષીર મેળવવાની આ પ્રક્રિયાને થંભાવી દેવામાં આવે છે. વર્ષ દરમિયાન આમ એક ઝાડને 200–300 કાપ મૂકવામાં આવે છે. **ru. termite.** *Glyptotermis dilatatus* **Havil.** નામની રબરના ઝાડના થડને કોરની ઊધઈ.

**rubefaciant.** ચામડીને લાલ લાલ કરી મૂકનો લેપ, લિનિમેંટ કે પ્લાસ્ટર. **rubefy.** લાલ બનાવવું, લાલ કરવું; ચામડીને લાલ બનાવવી.

**Rubia** *cordifolia* **L.** મજીઠ; એક ઝાડ, જેમાં મજીઠનો રંગ મળે છે. **Ru.** *khasiana* **Kurz.** ખાસીઆ મજીઠ નામનું ઝાડ, જેનાં મૂળમાંથી રંગ મળે છે. **Ru.** *sikkimensis* **Kurz.** એક ઝાડ, જેના મૂળમાંથી મળતો લાલ રંગ સૂતર અને વાળ રંગવાના કામમાં આવે છે. **Ru.** *tinctorum* **L.** યુરોપિયન મજીઠ નામનું કાશ્મીરમાં થતું ઝાડ, જેનાં મૂળમાંથી મેળવવામાં આવતો રંગ કાપડ રંગવા ઉપયોગી બને છે. ઝાડનું ખાતર પણ બનાવવ માં આવે છે.

**Rubus** *ellipticus* **Smith.** લાલ અંચુ નામનો પ. હિમાલય, દ. ભારત અને પશ્ચિમઘાટમાં થતો એક છોડ, જેના ફળ ખાવા છે. **Ru.** *fruticosus* **L.** વિલાયતી અંચુ નામનો કાશ્મીરમાં થતો ફળનો છોડ. **Ru.** *lanatus* **Wall.** હિસાલુ નામનો ખાદ્ય ફળનો છોડ. **Ru.** *lasiocarpus* **Sm.** કાળુ હિસાલુ નામનું પશ્ચિમઘાટ, સિક્કિમ, પશ્ચિમ હિમાલય કર્ણાટક અને પુલની ટેકરીઓમાં થતો ખાદ્ય ફળનો છોડ. **Ru.** *moluccanus* **L.** કરસોલ, કાળી ચેરી નામનો આસામ, ખાસી ટેકરીઓ, નીલગિરી અને ત્રાવણકોરમાં થતો ખાદ્ય ફળનો છોડ. **Ru.** *rosaefolius* **Sm.** ચેહુલ નામનો કુમાંઉ, ખાસી ટેકરીઓ અને મણિપુરમાં થતો ખાદ્યફળનો છોડ.

**rubygrass.** નાતાલ ઘાસ.

**rudiment.** અંશતઃ વિકાસ પામેલું કોઈ અંગ કે કોઈ એક ભાગ. **rudimentary.** અવિકસિત, અલ્પવિકસિત, પ્રાથમિક, અવશેષ સ્વરૂપ. **ru. copulatory organ.** *urodaeum* અને *proctodaeum*ની વચ્ચે ગુદાના મધ્યભાગનો ચળકતો, ઉપસેલો ભાગ, જેની તપાસ કરવાથી બચ્ચું નર કે માદા છે તેની પરખ કરી શકાય છે. **ru. teat.** અવિકસિત આંચળ, જે દુગ્ધસ્રાવી પેશીની સાથે જોડાયેલો ન પણ હોય.

**rudrak.** રુદ્રાક્ષનું ઝાડ. **Rudrakshi.** એક પ્રકારનું ગોળફળ, જેના ઝાડને ઉગાડવામાં આવતું નથી.

**rue** ઔષધમાં ઉપયોગી વનસ્પતિ.

**Ruellia.** *tuberosa* **L.** એક પ્રકારની શાકીય વનસ્પતિ, જેને શોભા માટે અમેરિકામાં ઉગાડવામાં આવે છે.

**ruff.** પક્ષી કે પશુની ગરદનની આસપાસ આગળ પડતા રંગીન પીંછાંનું વલય.

**ruffing.** પર્ણધારની અનિયમિતતા.

**rugged.** પ્રાણીના દેહની બાંધણીનાં કદ, મજબૂતી અને જોમ અંગે.

**rugose.** લહેરદાર (વનસ્પતિ).

**rui.** રૂ.

**Rumani.** રેસા વિનાના રસવાળી કેરીનો એક પ્રકાર.

**rumen.** વાગોળનાર સસ્તન પ્રાણીનું, મોટામાં મોટો ખંડ ધરાવતું પ્રથમ આમાશય. **ru. flora.** પ્રથમ આમાશયના સૂક્ષ્મ સજીવો. **rumenotomy.** બહારનું દ્રવ્ય કાઢવા માટે કે અસ્વસ્થતાની

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કસેટી કરવા માટે પ્રથમ આમાશયની કરવામાં આવતી શસ્ત્રક્રિયા.

**Rumex** *acetosa* **L.** ચૂકા નામની પ. હિમાલયની, ખાદ્ય પાનની શાકીય વનસ્પતિ. **Ru.** *crispus* **L.** ચૂકા. **Ru.** *dentatus* **L.** લાલ બીબી, ખારી પાલખ નામની વાયવ્ય ભારત, કુમાઉં, દ. ભારત, અને પ. ઘાટમાં થતી શાકીય વનસ્પતિ, જેનાં મૂળમ થી લાલ રંગ મળે છે. **Ru.** *hastatus* **D. Don.** ભિલ્લમોરા નામની વનસ્પતિ, જે મસાલા તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે. **Ru.** *hymenosepalus* **Torr.** કંદિલ મૂળવાળી, ચામડાં કમાવવા માટે ઉપયોગી બનતી એક વનસ્પતિ. **Ru.** *vesicarius* **L.** ચૂકા.

**ruminant.** વાગોળનાર પ્રાણી, જેમાં ઢાર, ઘેટાં, બકરાં, હરણ, સાબર, ઊંટ ઇ.નો સમાવેશ થાય છે અને જેમના જઠરના ચાર સ્પષ્ટ ખંડો પડે છે, જેમાંથી ખાધેલો ખોરાક પાચન દરમિયાન પસાર થાય છે. **ruminate.** વાગોળવું. **rumination.** પ્રથમ આમાશયમાંથી ખોરાકને ગોળાના રૂપમાં બહાર કાઢી તેને બરાબર ચાવવો, વાગોળવો; વાગોળવાની પ્રક્રિયા.

**rump.** કોઈ પ્રાણી કે પક્ષીની પૂંઠનો, નિતંબ સમેતનો છેડો. (૨) ઢૂંઢું.

**run.** મરઘાં–બતકાંના વાડાની બહાર, મરઘાં–બતકાંને હરવા–ફરવા માટેની જગ્યા; મોટા ભાગે તેને તાર બાંધીને સુરક્ષિત બનાવેલી હોય છે.

**runcinate.** તળિયા તરફ વળેલા કરવતના દાંતાવાળું.

**Rungia** *repens*, (**L.**) **Nees.** મોટો ખડશેળિયો નામની વનસ્પતિ. **Ru.** *parviflora* **Nees.** પિત્ત પાપડો નામની એક વનસ્પતિ.

**runnel.** છેક થડ સુધી બધી શાખાને છાંટી કે કાપી નાંખી હોય તેવું ઝાડ. (૨) નાની નહેર, મોરી.

**runner.** ભૂ-પ્રસારી; લાંબી આંતરગાંઠવાળી વનસ્પતિની પાતળી લાંબી જમીન પર ફેલાતી અને ગાંઠોમાંથી મૂળ ફોડતી શાખા; મૂળ નિર્માણ કરે તેવી આંતરગાંઠવાળું પ્રકાંડ, જેમાંથી નવા નવા છોડ ઊગી નીકળે છે. **ru. bean.** ફણસી. **ru. groundnut.** ભોંયસિંગ. **ru. plant.** આંતરગાંઠ દ્વારા ઊગતી વનસ્પતિ. **runners.** શણના તંતુ, જેની સાથે પરિચર્મ સળંગ રીતે ચોંટેલું હોય છે. **run-off.** અપવાહ; કુલ વરસાદનો ઝરણું, નદી, કે જળાશયો તરફ વહી જતો હિસ્સો, જે સપાટીના પ્રવાહ તરીકે પણ ઓળખાય છે. (૨) સપાટી પરની કે ભૂગર્ભ નાળી કે નીક દ્વારા પાણીનો થતો નીકાલ. **ru. o. coefficient.** ચોક્કસ તીવ્રતાવાળા તોફાનમાં થયેલા વરસાદના પ્રવાહનો ગુણાંક –ટકાવારી. **ru. o. loss.** અપવાહ નુકસાન. **ru. o. velocity.** અપવાહ વેગ.

**rupture.** કોઈ ભાગ કે અંગનો બળપૂર્વકનો છેદ, વિચ્છેદ. (૨) અંગવૃદ્ધિ, સારણગાંઠ.

**rural.** ગ્રામ, ગ્રામ જીવનનું, ગ્રામ જીવનને લાગતું. **ru. community.** ગ્રામ સમુદાય. **ru. credit.** ગ્રામશાખ. **ru. cr. society.** ગ્રામ શાખમંડળી. **ru. cr. survey.** ગ્રામ શાખ સર્વેક્ષણ – તપાસ. **ru. culture.** ગ્રામ સંસ્કૃતિ. **ru. debt.** ગ્રામ – ઋણ. **ru. development.** ગ્રામ વિકાસ. **ru. economy.** ગ્રામ અર્થવ્યવસ્થા. **ru. exodus.** ગ્રામ હિજરત. **ru. finance.** ગ્રામ નાણાં વ્યવસ્થા. **ru. improvement.** ગ્રામ સુધારણા. **ru. income.** ગ્રામ આવક. **ru. indebtedness.** ગ્રામ ઋણગ્રસ્તતા. **ru. industry.** ગ્રામોદ્યોગ. **ru. insolvent.** ગ્રામ દેવાદાર. **ru. institution.** ગ્રામ સંસ્થા. **ru. life.** ગ્રામજીવન. **ru. organisation.** ગ્રામ સંગઠન. **ru. planning.** ગ્રામ આયોજન. **ru. policy.** ગ્રામ નીતિ. **ru. progress.** ગ્રામપ્રગતિ. **ru. reconstruction.** ગ્રામ પુનર્નિર્માણ. **ru. rehabilita-**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**tion.** ગ્રામ પુનર્વાસ, ગ્રામ પુનર્વસવાટ. **ru. society.** ગ્રામ સમાજ. **ru. sociology.** ગ્રામ સમ જવિજ્ઞાન. **ru. survey.** ગ્રામ સર્વેક્ષણ. **ru. welfare.** ગ્રામ કલ્યાણ.

**rusk.** રોટલાનો ટૂકડો, રોટી – બ્રેડનો ટૂકડો.

**rusmari.** જુઓ *rosemary*.

**Russelia** *coccinea* (**L.**) **Wetts.** [Syn. **Ru.** *sarmentosa* **Jacq. pro parte**]. રાતા ફૂલનો બગીચામાં ઉગાડવામાં આવતો છોડ. **Ru.** *equisetiformis* **Schlecht & Cham.** શોભા માટેની વનસ્પતિ.

**russet.** ફળની છાલનો ભૂરો, ખરબચડો ભાગ. (૨) કુદરતી ભૂરા રંગના સફરજનનો એક પ્રકાર.

**rust.** ગેરુ નામનો વનસ્પતિને થતા રોગનો એક પ્રકાર, જેમાં પાનનો રંગ લાલ કે ગેરુ જેવો થાય છે; વધારે પડતા કે ઓછા પોષણના કારણે આવા પ્રકારનો રોગ થવા પામે છે. (૨) ઉચ્ચ પ્રકારની વનસ્પતિની પરજીવી ફૂગ. (૩) કાટ. **ru. coloured.** લોખંડના કાટના રંગવાળું. **ru. – red flour beetle.** *Tribolium castaneum* **Herbst.** નામનો લાલાશ પડતા ભૂરા રંગનો ઢાલપક્ષ કીટ, અન્ય જાતની સાથે અનાજ, ધાન્ય, જુવાર, બાજરી, કઠોળ, તલ, કપાસ, મગફળી, સૂકો મેવો, કોપરાં; ગોળ ઇ. પર ઉપદ્રવ કરે છે, જે ભાગેલા અનાજના દાણા, લોટ, ઇ. ગમે તે ધાન્યને ખાવા માટે અયોગ્ય બનાવી મૂકે છે. **rusty-gray.** ઘોડાની ચામડીનો રંગ.

**rut** *Oestrus*, પ્રાણીની માદાને થતો કામ-મદ, તે દરમિયાનની ગરમી. **rutter.** કોઈ દેહધર્મીય વિકૃતિના કારણે મદ-કામગરમીમાં રહેતું પ્રાણી. **rutting season.** પ્રાણીઓની મદ-કામાવસ્થાની વરસો વરસ આવતી મોસમ.

**Ruta** *graveolens* **L.** સદાબ નામની શાકીય વનસ્પતિ, જેનાં પાન મસાલા તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે અને જેનો ઔષધીય ઉપયોગ પણ થાય છે.

**rutile.** (ટિટેનિયમ ઑક્સાઈડ નામનું જમીનમાંથી મળતું એક ખનિજ.

**ryania.** *Ryania sp.* નામની વનસ્પતિ-માંથી મેળવવામાં આવતું સ્પર્શીય કે જઠરીય જંતુઘ્ન રસાયણ, જેનું સક્રિય ઘટક રાઈનોડાઈન છે જે આ વનસ્પતિના મૂળ અને પ્રકાંડમાં હોય છે. આ જંતુઘ્ન ભૂકા રૂપે કે જલદ્રાવ્ય સંયોજનરૂપે મળી શકે છે. **ryanodine.** *Ryania*માંથી કાઢવામાં આવતું સક્રિય જંતુઘ્ન સત્વ.

**rye.** રાઈ ધાન્ય; *Secale cereale* **L.** નામની ઊંચી ભૂમિ પર થતી વનસ્પતિ, ભારતમાં તે કોઈ અગત્યનું ધાન્ય નથી પણ અર્ગટ માટે તેને પકવવામાં આવે છે. **r. ergot** *Claviceps purpurea.* નામની ફૂગથી રાઈ ધાન્યને થતો એક રોગ, જેમાં થતા સ્રાવથી મધ જેવો ચીકણો પદાર્થ એકઠો થાય છે, જેમાંથી બનતાં કેટલાંક રાસાયણિક સંયોજનો ઔષધીય ગુણ ધરાવે છે. **r. grass** *Lolium temulentum* **L.** નામનું ઘાસ, જેમાં હાઇડ્રોસાયનિક ઍસિડ હોય છે.

## S

**Sahai grass.** બેઈખ નામનું ઘાસ.

**Sabbajaya.** એક પ્રકારની વનસ્પતિ, જેના કંદનું શાક બનાવવામાં આવે છે

**sac.** સ્યૂન, પુટી, ગુહા. (૨) પ્રાણી કે વનસ્પતિમાં કોથળી આકારની ત્વચા આવરિત ગુહા. (૩) સારણમાંહનું કોષ્ઠ,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૪) અર્બુદ, રસોળી ઇ. નું ત્વચિકા આવરણ. (૫) કોથળો, કોથળી. **saccate.** પુટાકાર, (૨) સ્યૂનમાં રહેલું. (૩) કોથળી કે સ્યૂન જેવું ફુલાવેલું. **sacciform.** કોથળા આકારનું.

**Saccharic.** શર્કરાવિષયક. **Saccharicoccus** *sacchari* **Ckll.** નામનો શેરડીનો ચૂસક કીટ. **Saccharides.** શર્કરા દ્રવ્યો; જટિલતા અનુસાર **mono** (એક-), **di-** (દ્વિ-), **tri-** (ત્રિ-), અને **poly**(બહુ-) **Saccharides** (શર્કરા) તરીકે વિભાજિત – વર્ગીકૃત કરવામાં આવતાં શર્કરા દ્રવ્યો. **Sacchariferous.** શર્કરાવાળું, શર્કરયુક્ત. **Saccharify.** શર્કરામાં પરિવર્તન કરવું. શર્કરિત બનાવવું–કરવું. **Saccharimetr.** કોઈ પણ દ્રાવણમાં રહેલી શર્કરાની સાંદ્રતા નક્કી કરવાની પોલારિમીટર જેવું કોઈ સાધન. **Saccharine.** શર્કરાયુક્ત, શર્કરાવાળું. **Saccharoid.** ખાંડ જેવું દાણાદાર. **Saccharolytic.** શર્કરાવિશ્લેષક, શર્કરા સંયોજનનું વિઘટન કરનાર **Saccharometer.** કોઈ પણ આસણી અથવા સિરપમાં વિશિષ્ટ ગુરુત્વ દ્વારા શર્કરાનું પ્રમાણ જાણવાનું સાધન.

**Saccharomyces** *cerevisiae.* બ્રેડ અને આલ્કોહોલ બનાવવા ઉપયોગમાં લેવામાં આવતું સર્વ સામાન્ય યીસ્ટ; **S.** *ellipsoideus.* એક પ્રકારનું યીસ્ટ, **S.** *marianus.* આવરણ બનાવવા ઉપયોગમાં લેવામાં આવતો યીસ્ટનો પ્રકાર. **S.** *pastoriamus.* આવરણ લાવવા ઉપયોગમાં લેવામાં આવતો યીસ્ટનો પ્રકાર.

**Saccharum** *arundinaceum* **Retz.** રામસર, સરકંદ, સર નામનું દીર્ઘાયુ ઘાસ, જેનાં પાનમાંથી મળતા રેસાનાં દોરડાં, દોરા, કાગળ બનાવવામાં આવે છે, સાંઠાનો ઉપયોગ ખુરશીઓ, સ્ટૂલ, ટેબલ, ટોપલા–ટોપલીઓ બનાવવા માટે થાય છે. **S.** *barbari.* સરૂ જેવી પાતળી શેરડી. **S.** *fuscum* **Roxb.** ઘાસનો એક પ્રકાર, જેનો ઉપયોગ સસ્તા દરના કાગળ, વિંટાળવાનાં પૂંઠા અને અન્ય કાષ્ઠક–પદાર્થો બનાવવા માટે થાય છે. **S.** *munja* **Roxb.** સરપત, સરકંદ મુંજ નામનું પંજાબ અને ઉત્તર પ્રદેશમાં થતું ઘાસ; જેના રેસાના ટોપલા – ટોપલીઓ, સાદડીઓ ઇ. બનાવવામાં આવે છે, પાનનો ઉપયોગ છાપરાં છાવવા માટે કરવામાં આવે છે, ઉપરાંત તેના કાગળ પણ બનાવવામાં આવે છે. **S.** *narenga* **Wall. ex Hack.** કાગળ બનાવવા ઉપયોગમાં લેવામાં આવતું ઘાસ. **S.** *officinarum* **L.** શેરડી; મુખ્યત્વે ઉત્તર પ્રદેશ, બિહાર, અને પંજાબમાં ઉગાડવામાં આવતી શેરડીનો પ્રકાર જેની આડપેદાશોના વેપારી દૃષ્ટિએ અનેક પ્રકારના ઉપયોગો કરવામાં આવે છે. પુરાણ જની તેની આડ પેદાશ જેવો ગોળ રસોઇ અને મિષ્ટ વાનગીઓ બનાવવા ઉપયોગમાં લેવામાં આવે છે; તેના બનાવતા મળતી આડ પેદાશ – મોલાસીસ એટલે કાકવીમાંથી મદ્યાર્ક તથા રબર બનાવવામાં આવે છે, ઉપરાંત બેગના કાગળો, છાપકામ માટેના કાગળો પણ બનાવવામાં આવે છે. **S.** *procerum* **Roxb.** કાગળ બનાવવાનો માવો બનાવવા ઊપયોગી ઘાસ. **S.** *ravennae* **L.** રેવેના નામનું ઘાસ, જેને મુંજ અને સંકર ઘાસ પણ કહેવામાં આવે છે, જેનાં પ્રકાંડના રેસાની ખુરશીઓ, મુડા, છાપરા અને દોરડાં બનાવવામાં આવે છે; **S.** *repens* **Willd.** બગીચામાં વાવવામાં આવતી એક પ્રકારની વનસ્પતિ. **S.** *spontaneum* **L.** કાંસ, કાસ નામનું રેતીને બાંધનાર અને કાગળ બનાવવા ઉપયોગમાં આવતું ઘાસ, જેના વડે છાપરાં પણ છાવવામાં આવે છે.

**Sacciolepis** *interrupta* **(Willd.) Stapf** [Syn. *Panicum interruptum* **Willd.**]. ભેજવાળી જગ્યામાં થતું એક પ્રકારનું ઘાસ, જેના દાણાને લોકો અછતના સમયમાં ખાય છે.

**Saccopetalum** *tomentosum* **Hook. f. & Thoms.** કારી નામનું ગુજરાત ઓરિસા, આન્ધ્રપ્રદેશ, રાજસ્થાન, ઉત્તર-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રદેશ અને બિહારમાં થતું એક ઊંચું ઝાડ, જેના કાષ્ઠનાં વહાણો, ફર્નિચર, પેટીઓ અને બિલિયર્ડ રમતનાં સાધનો બનાવવામાં આવે છે.

**succule. sacculus.** નાનો કોથળો. **sack.** કોથળો; ખરબચડા અથવા બરછટ શણનો એક તરફ ખુલ્લો રહે તેવો, લંબગોળ, માલ–સામાન, અનાજ ઇ. ભરવા માટે બનાવવામાં આવતો કોથળો. **sacking.** હલકા પ્રકારના શણના તંતુઓનું બનાવેલું. ભારે કાપડ, જેમાંથી શણના કોથળા બનાવવામાં આવે છે.

**sacral.** ત્રિક, ત્રિકનું, -ને લગતું. **s. vertebra.** ત્રિકકશેરુક.

**sacrum.** ત્રિકાસ્થિ, મેરુદંડ – કરોડસ્તંભના છેડે આવેલું ઘણા કશેરુઓ ભેગા મળ્યા હોય તેવું સંયુક્ત હાડકું, જેની સાથે શ્રોણિ મેખળા જોડાયેલી હોય.

**sadab.** સુગંધિત પરંતુ કડવા સ્વાદવાળાં પાનનો નીચો ક્ષુપ.

**sadanitya.** ખાદ્ય પાન ધરાવતી વનસ્પતિનો એક પ્રકાર.

**sadda.** કૃષિ કામમાં ઉપયોગમાં લેવામાં આવતું એક ઓજાર, જેને હારમાં બી વાવવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે. **sadde. mogha.** કૃષિ કામમાં ઉપયોગમાં લેવામાં આવતું એક પ્રકારનું ઓજાર.

**saddle.** જીન, પલાણ; ઘોડાની પીઠપર બંધ બેસે તેવું, સવારી કરવામાં સરળ પડતું, બેસવા માટેનું જીન. (૨) મરઘાના નર બચ્ચાનો પૂંછ સુધીનો પીઠનો ભાગ. **s. feather.** મરઘાના નર બચ્ચાની પીઠ પરનાં પીંછાં. **s. grafting.** શરૂઆતમાં પ્રકાંડને આડું કાપી, ત્યારબાદ ફાચર આકારના બંને બાજુ પર છેદ મૂકી, શાકીય વનસ્પતિ માટે કલમ કરવાની રીત. **s. horse.** સવારી કરવાને યોગ્ય ઘોડો, જેમાં ત્રણ–પાંચ ચાલ ધરાવતા, આનંદ માટેના, શિકારી અને પોલો રમત માટેના ઘોડાનો સમાવેશ થાય છે. **s. mule.** સવારીયોગ્ય ખચ્ચર.

**safe.** પવનની અવર–જવરવાળું, સલામત, હાનિ અને ભયમુક્ત કબાટ. (૨) તિજોરી. (૩) સલામત.

**safed.** શ્વેત, ધોળું. **s. ak.** આન્ધ્ર પ્રદેશ અને પંજાબમાં થતી વનસ્પતિનો એક પ્રકાર, જેના પ્રકાંડના રેસાનાં દોરડાં ઇ. બનાવવામાં આવે છે; **s. chandan.** સફેદ ચંદન. **s. jeera** સફેદ જીરું. **s. kaddu.** કોળું. **s. kikar.** *Acacia leucophloea* (**Roxb.**) **Willd.** [*Syn. Mimosa leucophloea* **Roxb.**]. નામનું વૃક્ષ, જેનાં પાનનો શ્વાસચ્યારો બને છે, છાલ ચામડાં કમાવવા ઉપયોગી બને છે, ઉપરાંત તેમાંથી રેસા મળે છે. શર્કરા અને તાડીમાંથી સ્પિરિટ બનાવવા તે ઉપયોગમાં લેવામાં આવે છે. આ વૃક્ષ પંજાબ, રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં થાય છે. **s. rai** સફેદ રાઈ. **s. simal.** સફેદ સીમળો **s. siris.** સફેદ શિરિષ. *Albizia procera* **Benth.** નામનું એક મોટું વૃક્ષ, જેનું કાષ્ઠ ઘર માટેના ટેકા, કૃષિઓજારો અને ફર્નિચર બનાવવા ઉપયોગી બને છે. મોટા ભાગે આ વૃક્ષ કાંપવાળી જમીનમાં થાય છે.

**Safeda guava.** ઉ. પ્રદેશનું લોકપ્રિય જામફળ, જે ગોળાકાર, સુંવાળી છાલ, સફેદ ગરવાળું, સ્વાદે મીઠું હોય.

**safety release hitch.** સુરક્ષા સાધન. (૨) હળ જેવા કૃષિ સાધનની સાથે લગાડવામાં આવતું ઉપકરણ; સખત આડશની સાથે અથડાય ત્યારે તેને છૂટું કરવાની યુક્તિ.

**safflower.** કોસંબી, કરડી નામની આબીસિનિયા અને અફઘાનિસ્તાનમાં મૂળ વતન ધરાવતી પણ ચીન. ઇજિપ્ત, દ. યુરોપ, અમેરિકા અને ભારતમાં ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, આન્ધ્રપ્રદેશ અને કર્ણાટક રાજ્યમાં થતી *Carthamus tinctorius* **L.** નામની વનસ્પતિ, જેનાં બીને પીલીને તેલ કાઢવામાં આવે છે. આ તેલ રસોઈમાં કામમાં લેવામાં આવે છે, બીમાં 24–30 ટકા તેલ હોય છે. કરડી રવિ પાક છે અને તેનો સરેરાશ ઉતાર

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એકર દીઠ 400–500 પાઉંડ છે. **s. alternaria blight.** *Alternaria carthami.* નામનાં જંતુથી કરડીને થતો એક રોગ, જેમાં તેનાં પાન પર ઘેરા અને નરમ બદામી રંગનાં વર્તુળો જેવા ડાઘ લાગે છે. **s. cake.** કરડીનાં છાલ કાઢી લીધેલાં કે છાલવાળાં બીને પીલીને કાઢેલા તેલને લઈ લીધા બાદ રહેતું તેનું અવશેષ દ્રવ્ય, જે કરડીના ખોળ તરીકે ઓળખાય છે, જેનો ઢોરના ખોરાક તરીકે અને પાક માટેના ખાતર તરીકે ઉપયોગ કરવામાં આવે છે. **s. carmin.** કરડીનાં ફૂલોમાંથી કાર્બોનેટ સોડિયમથી બનાવવામાં આવતો લાલાશ પડતો રંગ, જેનો ઉપયોગ સુતરાઉ અને રેશમી કાપડને રંગવા માટે થાય છે. આ રંગ પ્રકાશમાં ઝાંખો પડે છે. અલ્કલી, ક્લોરીન, સલ્ફ્યુરિક ઍસિડને તે સંવેદનશીલ છે અને રમકડાં, પ્રસાધન સામગ્રી, ખોરાક અને મીઠાઈ બનાવવા તેનો ઉપયોગ કરવામાં આવે છે. **s. caterpillar.** *Perigoea capensis* **G.** નામની કરડીમાં પડતી ઈયળનો પ્રકાર. **s. dye.** કરડીનો રંગ, દરેક બીજા અથવા ત્રીજા દિવસે કરડીનાં ખુલતાં ફૂલોને ચૂંટી, સૂકવી, સાફ કરી તેનો બનાવવામાં આવતો રંગ, જેને પણ સૂકવી તેનાં ચોસલાં બનાવવામાં આવે છે અને જેમાં પાકો રંગ બનાવવા માટેનું દ્રવ્ય હોય છે. **s. fly.** *Acanthiophilus helianthi* **Rossi.** નામનો કરડીનો કીટક, જેનાં પાંખ વિનાનાં બચ્ચાં કરડીનાં અંકુર અને કળીઓને ભારે હાનિ પહોંચાડે છે. **s. leaf spot.** *Cercospora carthami.* નામનો કરડીને લાગુ પડતો એક પ્રકારનો રોગ, જેમાં તેનાં પાન પર ઘેરા બદામી રંગનાં ચાંઠાં પડે છે. **s. oil.** કરડીનું તેલ. કરડીનાં બીને ઘાણીમાં પીલીને અથવા નિસ્યંદન પ્રક્રિયા દ્વારા કાઢવામાં આવતું તેલ, જે રસોઈ, દીવાબત્તી, સાબુ, માથાના વાળમાં નાખવા માટે, સૂકા તેલી રંગો, વાર્નિશ, લિનોલિયમ અને વેપારી વસ્તુઓ બનાવવાના કામમાં લેવામાં આવે છે. ઉપરાંત વોટરપ્રૂફ વસ્ત્ર બનાવવા માટે પણ તેનો ઉપયોગ કરવામાં આવે છે. **s. o. cake.** કરડીનાં બીને પીલીને તેલ કાઢી લીધા પછી શેષ રહેતો ખોળ, જેને ખાતર અને પશુ આહાર તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે. **s. rust.** *Puccinia carthami.* નામના જંતુથી કરડીને લાગુ પડતો ગેરુનો રોગ. **s. yellow.** કરડીનાં ફૂલમાંથી બનાવવામાં આવતો પીળો રંગ, જેનો કોઈ વિશેષ પ્રકારનો ઉપયોગ નથી.

**saffron.** કેસર, કેસરનો છોડ; *Saffron crocus.* છોડના સુકાયેલા તંતુ. આ છોડ કાશ્મીર, અને ઉત્તર પ્રદેશમાં થાય છે. કેસરનો ઉપયોગ રંગકામ અને ખાદ્યસામગ્રીને સુવાસિત બનાવવા માટે થાય છે. **s. teak.** હળદરવો; *Adina cordifolia* **(Roxb.) Hook f. Brandis.** નામનું કર્ણાટક અને મધ્યપ્રદેશમાં થતું ઝાડ, જેનું કાષ્ઠ નિર્માણ કામમાં, ફરસ તથા રેલવેના ડબા બનાવવાના કામમાં આવે છે.

**sag.** ભાજી, શાક, ખોરાકમાં ઉપયોગમાં લેવાતું અમે તે ભાજીનું પાન. (૨) લગભગ સપાટ કે ખાડા ટેકરાવાળી જમીનમાં પડેલો ખાડો.

**sage.** માંસને સુવાસિત બનાવતાં પાન ધરાવતી વનસ્પતિનો એક પ્રકાર. (૨) રસોઈ માટે ઉપયોગી બનતી શાકીય વનસ્પતિનો એક પ્રકાર.

**Sageraea** *elliptica* **(A.DC.) Hook f. & Thoms.** આંદામાનમાં થતું એક ઝાડ, જેનું કાષ્ઠ માછલાં પકડવાની દાંડી, બિલિયર્ડની રમતના ક્યૂ, ગોલ્ફ રમતના દાંડા, ફર્નિચર અને પેટીઓ બનાવવાના ઉપયોગમાં લેવામાં આવે છે.

**Sagittaria** *sagittifolia* **L.** ભારતભરમાં થતી એક પ્રકારની શાકીય વનસ્પતિ, જેનાં કંદ શાક તરીકે ખાવાના ઉપયોગમાં લેવામાં આવે છે.

**sagittate.** બાણાકાર.

**sago.** સાબુચોખા; ઈસ્ટ ઇન્ડિઝમાં ઉગતા સાગોપામ નામના ઝાડના ગરમાંથી બના-

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાવામાં આવતા દાણાદાર સાબુચોખા, જેના લોટ કે દાણાનો ઉપયોગ કાપડને કાંજી કરવા માટે થાય છે. **s. palm.** ઈસ્ટ ઇન્ડિઝમાં થતું સાબુચોખા આપતું *Metroxylon sagu* **Rottb.** (*M. rumphii* **Mart.**). નામનું ઊંચું ઝાડ.

**sagwan.** સાગવન, સાગનું ઝાડ.

**Sahaderi.** સહદરી.

**Saharanpur Special.** ચેપફૂટનો એક પ્રકાર.

**Sahiwal.** પાકિસ્તાનની એલાદનું પણ સારા પ્રમાણમાં દૂધ આપતું, લાલસિંધીના નામે ઓળખાતું દુધાળું ઢોર.

**Sai Japuriu.** ગુજરાતમાં થતો પહોળાં પાનનો તમાકુનો છોડ, જેની તમાકુ ખાવા તથા બીડી બનાવવાના ઉપયોગમાં આવે છે, જેનાં સૂકવેલાં પાન પીળાશ પડતાં હરિતથી ઘેરા બદામી રંગનાં હોય છે.

**sajje.** બાજરી.

**sakhalu.** શક્કરિયા.

**sakhuya.** જુઓ *sal*. **sal.** સાલ; ઉત્તર ભારતનાં જંગલોમાં થતું *Shorea robusta* **Gaertn.** નામનું ઈમારતી લાકડાનું, સાગ પછી મહત્ત્વનું સ્થાન ધરાવતું એક વૃક્ષ: જેનું કાષ્ઠ બધા જ પ્રકારનાં નિર્માણ કામમાં ઉપયોગમાં આવે છે, તદુપરાંત તેનાં રેલવેના સ્લીપાટ બનાવવામાં આવે છે. આ વૃક્ષ માટે રેતાળ, કાંપવાળી ભેજ ધરાવતી જમીન ઘણી અનુકૂળ થાય છે; વૃક્ષના થડમાંથી સાલ નામનો રાળ જેવો પદાર્થ મળે છે, જેનો ઉપયોગ વહાણોને રંગવા માટે થાય છે, અને તેનું નિસ્યંદન કરવાથી સુગંધી દ્રવ્યો બનાવવાના કામમાં આવે તેવું તેલ નીકળે છે. આ વૃક્ષનાં બીનું તેલ રસોઈમાં તથા દીવાબત્તી કરવાના ઉપયોગમાં લેવામાં આવે છે અને છાલ ચામડાં કમાવવાના કામમાં આવે છે. **s. butter.** સાગના વૃક્ષના બીમાંથી મળતું માખણ. **s. dammar.** સાલનો ડામર.

**salad.** સલાડ, કચુંબર; કાચાં શાકભાજી અને ઠંડા પાડેલા રાંધેલા શાકભાજીનું કચુંબર. (૨) કચુંબર બનાવવા ઉપયોગમાં લેવામાં આવતી ગમે તે શાકભાજી. **s. dressing.** તેલ, વિનેગર, માખણ ઇ. સાથે બનાવવામાં આવતું કચુંબર. **s. oil.** ઊંચા પ્રકારનું ઓલિવનું તેલ. **s. plant.** ખાદ્યપાન;પ્રકાંડ કે ખાવા માટે ઉપયોગમાં લઈ શકાય તેવા વનસ્પતિના કોઈ પણ ભાગ માટે વાવવામાં આવતી શાકીય વનસ્પતિ. જેમાં લેટયુસ, કોથમીર ઇ. નો સમાવેશ થાય છે.

**salari.** કચુંબર અને શાકભાજી માટે ઉપયોગી બનતી શાકીય વનસ્પતિ.

**salai.** ચામડું કમાવવામાં ઉપયોગમાં લેવામાં આવતું પંજાબ અને પ. ભારતનું એક ઝાડ.

**sale.** વેચાણ, વિક્રી.

**Salem** *c*. તામિલનાડુના સાલેમ, કોઈમ્બતુર અને તિરુચિરાપલ્લીમાં થતો કપાસનો એક વિશિષ્ટ પ્રકાર.

**saleratus.** સોડિયમ બાયકાર્બોનેટ; પોટેશિયમ બાયકાર્બોનેટ.

**salgam.** સલગમ, ટર્નિપ.

**sali.** શિયાળામાં થતી ડાંગરનો એક પ્રકાર.

**salicylic acid.** સેલિસિલિક ઍસિડ; ઘણી વનસ્પતિઓ અને ફળમાંથી મળતું એક અમ્લદ્રવ્ય, જેનો ઉપયોગ આરક્ષક અને ફૂગનાશક તરીકે કરવામાં આવે છે, ને જેનું સૂત્ર $C_6H_4(OH)CO_2H$. છે.

**saliferous.** ઘણા લવણવાળું કે લવણ નિર્માણક. **salimeter.** લવણમાં રહેલી ખારાશનું પ્રમાણ જાણવાનું સાધન.

**saline.** ક્ષારીય, ક્ષાર; ક્ષાર દ્રવ્યવાળું, ખારું. s. **-alkali soil.** ખારવાળી કે ઊસર જમીન. (૨) મોટા ભાગની વનસ્પતિનાં વૃદ્ધિ-વિકાસમાં બાધારૂપ બનતી વિનિમેય સોડિયમ અને દ્રાવ્ય ક્ષાર ધરાવતી જમીન; વિનિમેય સોડિયમનું પ્રમાણ 15 ટકા કરતાં વધારે અને pH 8.5 કરતાં ઓછું હોય છે. આ જમીન પર ક્ષારયુક્ત પોપડા પણ બાઝતા હોય છે અને ઘણીવાર તેના પર ભરતીનાં પાણી પણ ફરી વળતાં હોય છે. **s. soil.**

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાગ્યે જ અહકલી લવણના નાઈટ્રેટ તત્ત્વ હોય પરંતુ ક્લોરાઈડ અને સલ્ફેટ દ્રવ્યો ધરાવતી ખારાપાટ જમીન, જેના પર સૂકી ઋતુમાં રાખોડી રંગના ક્ષારીય પોપડા બાઝે છે. **s. s. reclamation.** ક્ષારીય જમીનની નવસાધ્યતા; ખારાપાટ જમીનમાં રહેલો ક્ષાર દૂર કરી તેને ખેડવાયોગ્ય બનાવવાની પ્રક્રિયા, જેમાં જમીનમાં રહેલાં ક્ષારીય દ્રવ્યોનું ધોવાણ થઈને તે વહી જાય તે માટે ઠીક ઠીક પ્રમાણમાં તેને પાણી આપવામાં આવે છે. નદીના પાણીનો પ્રવાહ વહેવડાવવાથી જમીનનું આ ક્ષારીય દ્રવ્ય ધોવાઈ જવા પામે છે. **s. water.** ખારું પાણી. **salinity.** લવણતા, ખારાશ, ક્ષાર, ક્ષારીયતા. **salinization.** ક્ષારીયીભવન; જમીનમાં ખારાશની સાંદ્રતા, જે નીચાણવાળી જમીનમાં ખારું પાણી વહી જઈ એકઠું થવાથી શક્ય બને છે અલ્પ વરસાદ, વેરાન અને બાષ્પીસ્રવનનો ઊંચો આંક ધરાવતી જમીનમાં આ પ્રમાણે બને છે. ઉપરાંત દરિયા કાંઠા પર આવેલી જમીનોમાં પણ આ પ્રમાણે બને છે. **salinometer.** ચોક્કસ લવણીય દ્રાવણમાં રહેલી ખારાશનું પ્રમાણ માપવાનું સાધન. **salometer.** હાઈડ્રોમીટર જેવું, માપક્રમના આંકાવાળું સાધન, જે ચોક્કસ લવણીય દ્રાવણમાં રહેલા ખારાશ આપતા દ્રવ્યનું પ્રમાણ નક્કી કરવા માટે ઉપયોગી બને છે. આ સાધન પરના ચાર અંશ બરાબર દ્રાવણના લવણીય દ્રવ્યનો એક ટકો થાય છે.

**saliva.** લાળ, મોંમાં રહેલી લાળ અને શ્લેષ્મીય ગ્રંથિઓમાંથી સ્રવતો રંગ વિનાનો મૃદુ અલ્કલીય રસ, જે ખોરાકને ચાવવામાં મદદરૂપ બને છે.**salivery secretion.** લાળનો સ્રાવ, લાળનું થતું સ્રવણ. **salivation.** લાળનું સ્રવણ. (૨) કેટલાંક પ્રાણીઓમાં આ એક પ્રકારના રોગનું સૂચક બને છે, જેમાં વધુ પ્રમાણમાં ચીકણો લાળ રસ સતત સ્રવ્યા કરતો હોય છે.

**Salix** *alba* **L.** બિસ; નામનું વાયવ્ય હિમાલયમાં થતું એક ઝાડ, જેનાં કાષ્ઠનાં ટોપલા-ટોપલીઓ, ક્રિકેટના બેટ બનાવવામાં આવે છે. **S.** *babylonica* **L.** મજનૂન, અંગ્રેજીમાં જેનો *weeping willow* કહે છે તેવો ઉત્તર ભારતમાં થતો એક છોડ, જેનાં ડાળખાંનાં ટોપલા-ટોપલીઓ બનાવવામાં આવે છે. **S.** *daphnoides* **Vill.** મજનૂન નામની વનસ્પતિનો એક પ્રકાર. **S.** *tetrasperma* **Roxb.** સુકુલ બેત; નામનું ભારતભરમાં થતું એક પ્રકારના નેતરનું ઝાડ, જેનાં ટોપલા – ટોપલીઓ બનાવવામાં આવે છે.

**sallow.** ચામડીનો નબળાઈ સૂચક પીળો ફીકો રંગ.

**Salmalia** *insignis* (**Wall.**) **Schott & Endl.** [Syn. *Bombax insigne* **Wall.**]. સિમુલ નામનું પ. ઘાટ, આસામ અને આંદામાનમાં થતું એક મોટું વૃક્ષ, જેના કાષ્ઠની દીવાસળીઓ, સામાન ભરવાની પેટીઓ, હોલ્ડરો, વેનિયર અને પ્લાયવૂડ બનાવવામાં આવે છે. **S.** *malarbarica* (**DC.**) **Schott & Endl.** રાતો શીમળો, સિમુલ ઇ. નામનું ઊંચું ઝાડ, જે પંજાબ, ઉત્તર પ્રદેશ, પૂર્વ અને પ. ઘાટમાં થાય છે, જેનાં ફૂલ અને વજ્ર ખાદ્ય છે, બીનો પશુ આહાર બને છે અને તેનાં રેશમ જેવા રૂછાં ગાદી ભરવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે. ગુંદર અને સુકાયેલો રસ ગુંદરના ઉપયોગમાં લેવામાં આવે છે.

**salmonella.** અન્નદંડાણુ નામનો સૂક્ષ્મ સજીવ. **S.** *anatum*. બતકમાં રોગ કરનાર અન્ન દંડાણુ નામનો સૂક્ષ્મ સજીવ. **salmonellosis.** પેરાટાઈ ફોઈડ, આંત્રરુગ્ન, પક્ષીઓને લાગુ પડતો ટાઈફોઈડ ઇ. જેવા અન્ન દંડાણુ પ્રજાતિના જીવાણુઓથી થતો રોગ.

**salmon gum.** *Eucalyptus salmonophloia.* નામનું યુકેલિપ્ટસનું ઝાડ, જેની છાલ પાતળી, સુંવાળી અને એક સરખા રંગની હોય છે. આ પ્રકારના યુકેલિપ્ટસમાંથી સારા પ્રમાણમાં યુકેલિપ્ટસનું

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેલ મળે છે. વૃક્ષ છાયો આપે છે અને તે બળતણ માટે તથા નિર્માણ કામ માટે લાકડું આપે છે.

**salpingitis.** અંડવાહિની કોપ; અંડવાહિની-ફેલોપિયન ટ્યૂબમાં આવતો સોજો. (૨) મરઘાં–બતકાંની અંડવાહિનીમાં આવતા સોજામાંથી થતો સ્રાવ મળદ્વારમાં બળતરા કરે છે.

**salsify.** હિમાચલ પ્રદેશ અને મહારાષ્ટ્રમાં થતી લાંબા, ગરવાળાં *Tragopogon porrifolium* **L.** નામની શાકીય ખાદ્ય મૂળ ધરાવતી વનસ્પતિ, જે વાનસ્પતિક ઓઈસ્ટર તરીકે પણ ઓળખાય છે.

**salt soda.** સોડિયમ કાર્બોનેટનો એક પ્રકાર.

**Salsola** *baryosma* **(R. & S.) Dandy** [Syn. *S. foetida* **Del ex Spreng.**). લૂનુક નામની પંજાબ અને ઉત્તર પ્રદેશની ઘાસચારા માટેની શાકીય વનસ્પતિ. **S.** *kali* **L.** સાજીબૂટી; નામની પંજાબ અને કાશ્મીરમાં થતી શાકભાજીનાં પાન ધરાવતી વનસ્પતિ.

**salt.** મીઠું, લવણ. (૨) સોડિયમ ક્લોરાઇડ. ઢોર માટેના ખાદ્ય માટે એક ઉપયોગી દ્રવ્ય; ખાદ્ય વસ્તુને સ્વાદુ બનાવનાર અગત્યનો કારક. (૩) માંસ, શાકભાજીની જાળવણી તથા ચામડાં કમાવવા ઉપયોગમાં લેવામાં આવતું દ્રવ્ય. (૪) અધાતુ અથવા ઍસિડ મૂલકની સાથે ધાતુ કે ધાત્વીય મૂલકના જોડાણથી બનતું સંયોજન. **s. balance.** લવણ સમતુલા. **s. block.** નિત્યની વપરાશમાં લેવામાં આવતો મીઠાનો ગાંગડો, જે ઢોરને મીઠું પૂરું પાડવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે. **s. cedar.** ભૂરી પ્રાંસ નામની વનસ્પતિ, જેનાં ડાળખાં ટોપલા–ટોપલીઓ બનાવવા ઉપયોગી છે. **s. deficiency.** પ્રાણીઓના ખોરાકમાં મીઠાનું અપૂરતું પ્રમાણ. (૨) ખોરાકમાં મીઠાના અપૂરતા પ્રમાણથી પ્રાણીઓના સ્વાસ્થ્યમાં થતો ફેરફાર, જેથી તેમને અરુચિ થાય, દેખાવ ગભરાટિયો બને, આંખનું તેજ ન રહે, ચામડી બરછટ થાય, વજનમાં ઘટાડો આવે અને દૂધનો ઉતાર ઘટે. **s. imbalance.** ખોરાક–ખાણમાં મીઠાની અસમતુલા. **s. licks.** પ્રાણીના ખોરાક અને પાણીમાં સોડિયમ ક્લોરાઈડ તત્ત્વની પૂર્તિ થાય તે માટેના ઉપયોગી બનતા મીઠાના ગાંગડા. **s. marsh.** ક્ષારીય કલણભૂમિ. **s. peter, saltpetre.** સુરોખાર; સફેદ સ્ફટિકીય લવણ અને નાઈટ્રોજન, જેની કૂપે ખાતર માટે અગત્ય છે અને જે માંસની સાચવણી માટે ઉપયોગી બને છે; પોટેશિયમ નાઇટ્રેટ. **s. poisoning.** લવણ વિષાક્તતા; વધારે પડતા મીઠાવાળા ખોરાકથી અપચો થતાં ઢોર અને મરઘાં બતકાંની મરણ સુધી પહોંચતી અવસ્થા. **s. sick.** ખોરાક અને ચારામાં તાંબું, લોહ, કોબાલ્ટ જેવાં ખનિજ દ્રવ્યોની ઊણપથી પ્રાણીઓના સ્વાસ્થ્ય પર થતી માઠી અસર, જેના પરિણામે અરુચિ થાય, રક્તક્ષય થાય અને છેવટે મરણ સુદ્ધાં નીપજે. **s. tree.** વેરાન પ્રદેશનું અગત્યનું એક ઝાડ, જેનું કાષ્ઠ પૈડાં, શોભાની વસ્તુઓ અને બળતણમાં કામ લાગે છે. **salted.** મીઠાવાળું, મીઠું પાયેલું, મીઠાની સહાયથી રક્ષિત કરાયેલું **s. butter.** મીઠાવાળું માખણ. **salting action.** લવણક્ષેત્ર પ્રભાવ.

**saltation.** પવન કે પાણીની ક્રિયાથી જમીનની સપાટી પર જમીનના કણોની કૂદવા, ગબડવા ઇ. જેવી થતી વિવિધક્રિયા, જેના પરિણામે 0.1 થી 0.15 મિ. મિ.ના વ્યાસવાળા જમીનના ઝીણા કણો ઘસડાઇ જાય છે.

**Salum.** ચારા તરીકે ઉપયોગી વનસ્પતિનો એક પ્રકાર.

**Salvadora** *indica.* મોટું પિલું. **S.** *oleoides* **Decne.** મોટું પિલું; પંજાબ રાજસ્થાન અને ઉત્તર પ્રદેશમાં થતું ખાદ્ય ફળનું નાનું ઝાડ. **S.** *persica* **L.** નાનું પિલું નામનું ગુજરાત, પંજાબ, રાજસ્થાન, કોંકણ અને ઉત્તર કાનડામાં થતું નાનું ઝાડ,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેના પાનની ભાજી બનાવવામાં આવે છે.

**salve.** શામક ગુણ ધરાવતો મેદીય કે જેલી જેવા માધ્યમમાં ઔષધીય દ્રવ્યોના મિશ્રણથી બનાવવામાં આવતો એક પ્રકારનો લેપ.

**Salvia** *officinalis* **L.** નામનું શોભા માટેનું મૂળ ભૂમધ્ય પ્રદેશનું. ઝાડ.

**sal volatile.** બાષ્પશીલ એમોનિયમ કાર્બોનેટ.

**salza.** કામ કસ્તુરી; *Ocimum tectorius* **Soland.** નામનો વિસ્તૃત રીતે ઉગાડવામાં આવતો એક છોડ, જેના પાન દાદર અને કર્ણશૂળના રોગમાં ઉપયોગી બને છે, અને જેના બી પરમો, મરડો, અને દીર્ઘકાલીન અતિસારમાં ઔષધીય ગરજ સારે છે.

**Samadera** *indica* **Gaertn.** દ. ભારતનું શોભાના પાનનું નાનું ઝાડ.

**samak.** ચારા અને ધાન્ય પાક તરીકે મહારાષ્ટ્ર અને આન્ધ્ર પ્રદેશમાં ઉગાડવામાં આવતી એક પ્રકારની વનસ્પતિ.

**samandra phen.** સમુદ્ર ફીણ; દરિયા વેલ.

**Samanea** *saman* **(Jacq.) Merr.** વિલાયતી શિરીષ, ઝડપથી ઊગતું, મધ્યમ કદ ધરાવતું ઝાડ, જેનાં ફળ પશુ આહાર તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે.

**samara.** એક બીજધારી, પંખયુક્ત, અસ્ફોટી ફળ, જેની પાંખ બીના પ્રસરણમાં ઉપયોગી બને છે.

**samari.** આસામ, મધ્ય પ્રદેશ, દ. ભારત અને આંદામાનમાં થતું એક ઝાડ. જેની છાલના રેસામાંથી દોરડા બનાવવામાં આવે છે, અને જેનાં પાનનો ઘાસચારો બને છે.

**samba.** ઑગસ્ટ–જાન્યુઆરીમાં વાવવામાં આવતો મધ્યાવધિ કે દીર્ઘાયુ પાક.

**Sambucus** *ebulus* **L.** કાશ્મીરમાં થતો એક ક્ષુપ, જેનાં ફળમાંથી મળતો આસમાની રંગ ચામડાં અને સૂતર રંગવા માટે ઉપયોગી બને છે. **S.** *nigra* **L.** ખાદ્ય ફળના ઝાડનો એક પ્રકાર.

**sambalu.** ઝરણાં અને પડતર જમીનની કિનારીઓ પર થતી વનસ્પતિનો એક પ્રકાર; જેનાં ડાળખાંનાં ટોપલા – ટોપલીઓ બનાવવામાં આવે છે.

**samo grass.** સામો.

**sample.** નમૂનો, સમગ્ર જથ્થામાંથી કાઢી લીધેલું એક પ્રતિરૂપ નંગ, જે સમગ્ર જથ્થાની ગુણવત્તાના પ્રતિનિધિ રૂપ હોય છે, પ્રતિદર્શ. **s. bottle.** નમૂનારૂપ બાટલી. **s. plot.** અખતરા માટે કે માપણી કરવા માટે કાયમ માટે કે થોડા સમય પૂરતો અલગ કાઢી રાખેલો જમીનનો ટૂકડો – પ્લૉટ. **sampling.** નમૂનો લેવો, નમૂનાચયન, પ્રતિદર્શ. **s. dipper.** નમૂનાપાત્ર. **s. error.** નમૂના ત્રુટિ. **s. method.** નમૂના પદ્ધતિ. **s. number.** નમૂનાચયન સંખ્યા. **s. technique.** નમૂના પ્રવિધિ. **s. tube.** નમૂનારૂપ નલિકા – ટ્યૂબ

**san.** પાકના આવરણ અને લીલા ખાતર માટે ભારતભરમાં ઉગાડવામાં આવતું શણ.

**sanctuary.** અભયારણ્ય; શિકાર, પજવણી સામે પ્રાણીઓ તથા પક્ષીઓને રક્ષણ મળે તે માટે અલગ તારવવામાં આવતો વિસ્તાર, જેમાં પ્રાણીઓ અને પક્ષીઓનો શિકાર કરવાની મનાઈ હોય છે, અને જેમાં પ્રાણીઓ અને પક્ષીઓ નિર્ભય બની રહે છે અને યથેચ્છ રીતે હરી ફરી શકે છે. આવા અભયારણ્યમાં પશુ–પક્ષીઓને તેમના કુદરતી નિવાસસ્થાનમાં જોઇ શકાય છે.

**sand.** રેતી, વાલુકા. કાંપ અથવા માટી કરતાં જાડા પણ કાંકરા કરતાં ઝીણાં, કાચમણિ – ક્વાર્ટ્ઝ અને કંઈક અંશે અભ્રકમાંથી ઉદ્ભવતા કણ, જેમાં વનસ્પતિ વૃદ્ધિ માટે આવશ્યક ખનિજ દ્રવ્ય નહિવત્ હોય છે અને જમીનની રાસાયણિક પ્રક્રિયામાં તે ખાસ કોઇ પ્રકારનો ભાગ ભજવતા નથી પણ માટીના કણની વચ્ચે વધારે અવકાશ આપીને પાણી અને હવાની અવર – જવરને શક્ય બનાવે છે. **s., coarse** જાડી રેતી. **s., fine** ઝીણી રેતી. **s. bath.** રાસાયણિક પ્રક્રિયામાં

For Private and Personal Use Only

ઉપયોગમાં લેવાતું ગરમ કરેલી રેતીનું પાત્ર. **s. binder.** રેતીને સ્થિર કરતી અને તેને વેરાઈ જતી કે સરકી જતી અટકાવતી વનસ્પતિનો પ્રકાર. (૨) વાલુકા બંધક. **s. cap.** બાલુ ટોપી. **s. culture.** બાલુ કૃષિ. **s. dune.** રેતીના ઢૂઆ. **s. fly.** બાલુ મક્ષિકા, માદા માખ લોહી ચૂસે અને કેટલાક વિસ્તારોમાં પ્રાણીઓને ઉપદ્રવ કરે. **s. hill.** રેતીની ટેકરી. **s. pear.** નાસપતી. **s. stone.** રેતિયો પથ્થર; સિલિકા અને કેલ્શિયમ કાર્બોનેટ જેવાં દ્રવ્યો ધરાવતા રેતીના કણોનો જળકૃત શૈલ – પથ્થર. **s. storm.** જોવામાં અડચણરૂપ બનતું, મોટા પ્રમાણમાં રેતીવાળું પવનનું તોફાન, વાવાઝોડું. **sandy.** રેતાળ, રેતીવાળું, રંગ અને પ્રકારમાં રેતી જેવું કરકરું. **s. bay,** ઘોડાનો રેતી જેવો રંગ. **s. clay.** 45 ટકા રેતી, 35 ટકા માટી અને 20 ટકા કરતાં ઓછા કાંપવાળી માટી. **s. c. loam.** 20 થી 35 ટકા માટી, 24 ટકા કરતાં ઓછો કાંપ અને 45 કે તેથી વધારે ટકા રેતી ધરાવતી જમીન. **s. loam.** કરકરી 20 ટકા માટી, 50 ટકા કરતાં ઓછો કાંપ અને 43 થી52 ટકા રેતીવાળી જમીન. **s. soil** 70 ટકા કરતાં વધારે રેતી અને 45 ટકા કરતાં ઓછી માટીવાળી જમીન.

**sandalwood.** ચંદન, સુખડ. (૨) ચંદનાદિ કુળનું *Santalum album* **L.** નામના ઝાડનું *White sandal wood* (સફેદ ચંદન) નામનું કાષ્ઠ; જેનું ઝાડ નાનું અને સદાહરિત હોય છે. ચંદન અથવા સુખડનું મૂલ્યવાન સુગંધી લાકડું તે આપે છે, દુનિયામાં તે એકમાત્ર કાષ્ઠ છે, જેનું વજનના હિસાબે વેચાણ થાય છે. ચંદનનું ઝાડ કર્ણાટક, મહારાષ્ટ્ર અને તામિલનાડુમાં થાય છે. ચંદનની ચીપો, અને ભૂકો કરવામાં આવે છે અને તેના થડના નિસ્યંદનથી તેલ – સુખડનું તેલ કાઢવામાં આવે છે, જે સુગંધી દ્રવ્યો અને સાબુ બનાવવાના ઉપયોગમાં આવે છે. સુખડનો ભૂકો સૌંદર્ય પ્રસાધનો બનાવવા ઉપયોગમાં લેવામાં આવે છે. જુઓ *Santalum album* **L.**

**sandan.** તણછ; *Ougeinia dalbergioides* **Benth.** નામનું ઝાડ, જેના કાષ્ઠનાં કૃષિ ઓજારો, ગાડાંનાં પૈડાં અને ઘરના થાંભલા બનાવવામાં આવે છે;ઉપરાંત ડુંગરાળ જમીનને નવસાધ્ય કરવા તેનો ઉપયોગ કરવામાં આવે છે. આ ઝાડ પર લાખનાં જંતુઓ વસાહત બનાવીને રહે છે. આ ઝાડ કપાસની કાળી જમીન ઉપરાંત રાતી અને કંકર જમીનમાં થાય છે.

**sandkhol carp.** *Thynnichthys sandhkol, aku chapa.* નામની મધ્યમ કદ ધરાવતી, ૨ ફૂટ જેટલી લાંબી થતી, ચપટી, મોટા માથાની, નાનાં ભીંગડાંવાળી રૂપેરી રંગની માછલીનો એક પ્રકાર.

**sandhor.** એક પ્રકારનું દીર્ઘાયુ ઘાસ.

**Sandoricum** *indicum* **Caw.** ખાદ્ય ફળ માટે પ. ભારતમાં ઉગાડવામાં આવતું એક વૃક્ષ. **S.** *koetjape* (**Burm. f.**) **Merr.** સંટોલ. નામનું પશ્ચિમ ભારતમાં થતું એક ઝાડ, જેનાં ફળખાદ્ય છે.

**sanguification.** ખોરાકનું લોહીમાં થતું પરિવર્તન. (૨) રક્તનિર્માણ. **sanguine.** લોહી જેવું લાલ. **sanguineous.** લોહીનું, લોહીના રંગનું, સંપૂર્ણ લોહીયાળું. **sanguivorous.** જૂના જેવું લોહી પીતું (જંતુ); લોહીનું ભક્ષણ કરતું (જંતુ).

**sanicle.** જીરકાદિ કુળની એક વનસ્પતિ.

**sanify.** તંદુરસ્ત બનાવવું, સ્વાસ્થ્ય સુધારવું. **sanitary.** સ્વાસ્થ્યકારક, તંદુરસ્તીને લગતું અથવા સ્વાસ્થ્ય પર પ્રભાવ પાડનાર, ખાસ કરીને ચેપ જેવાં તંદુરસ્તીને હાનિ પહોંચાડે તેવા પ્રકારની અસરથી મુક્ત. **s. pipeline.** પરિશોધ નળતંત્ર. **sanitation.** સ્વાસ્થ્ય, તંદુરસ્ત સંજોગો જાળવનાર કે તેની પુનઃપ્રાપ્તિમાં મદદરૂપ થનાર ઉપાયોનો વ્યવહારુ અમલ કે વિકાસ. આ ઉપાયોમાં ઈલાજ, દૂષિત કે ચેપી, ચેપના સ્રોત બનનાર દ્રવ્યોનો નાશ ઇ.નો સમાવેશ થાય છે. સુખાકારી. **sanitize.**

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચેપ રહિત કરવું અને સ્વાસ્થ્યમય બનાવવું.

**San Jose scale.** *Quadraspidiotus perniciosus* **Camstock.** નામનું ચપટું ગોળ અને ભીંગડાંવાળું જંતુ, જે સફરજન, પીચ, નાસપતી, ગૂઝબેરી, પ્લમ, અખરોટ, ચેરી અને બદામના ઝાડને લાગુ પડે જે.

**sankru.** બારમાસી. એક શાકીય વનસ્પતિ.

**sannhemp. sunhemp.** *Crotalaria juncea* **L.** નામની *Bombay hemp* તરીકે પણ ઓળખાતી તંતુ તથા લીલા ખાતર તરીકે ઉગાડવામાં આવતી વનસ્પતિ. તેના તંતુ આછા રંગના કંઈક અંશે જાડા, મજબૂત અને ટકાઉ હોય છે, જેનો ઉપયોગ દોરડાં, જાળીઓ, અને અનાજના કોથળા માટેનું કાપડ બનાવવા માટે થાય છે. તેના કાષ્ઠક-સેલ્યુલોજનો ઉપયોગ વિંટાળવા માટેના કાગળ બનાવવા માટે થાય છે અને તેનાં સાંઠા અને પાન ઢોરના ચારા તરીકે ઉપયોગી બને છે. ભારતભરમાં ઉષ્ણ કે ઉપોષ્ણ પ્રદેશમાં 30 ઈંચ સુધીનો વરસાદ મેળવતી જમીનમાં તેનો પાક લેવામાં આવે છે. તેના રેસા મેળવવા માટે ઠીક ઠીક પાણીનો નિકાલ ધરાવતી, કાંપવાળી જમીનમાં તેને ઉગાડવામાં આવે છે, જ્યારે તેનું લીલુ ખાતર મેળવવા માટે સારો વરસાદ મેળવતી જમીન તેને અનુકૂળ થઈ પડે છે. બે અઢી મહિનામાં તેનું લીલું ખાતર તૈયાર થાય છે. પાક સારો ઊતરે તો 8–12 ટન ખાતર મેળવી શકાય છે. આ ખાતરમાં ફૉસ્ફરસ અને પોટાશ ઉપરાંત નાઈટ્રોજન હોય છે. ત્યારથી સાડા ચાર મહિનામાં તેના રેસા તૈયાર થાય છે. એકર દીઠ 1,200 રતલ ઉપરાંત તેના રેસા મળે છે. **s. h. caspid bug.** શણનું ચૂસિયું જંતુ. **s. h fibre extraction.** શણના છોડમાંથી રેસા મેળવવાની પ્રક્રિયા. આ છોડને, તેનાં પાંદડાં સુકાઈ જઈ ખરી પડે ત્યાં સુધી થોડા દિવસ માટે જમીન પર પડયો રહેવા દેવામાં આવે છે. શણના આમ છેવટે સુકાઈ જવા પામતા સાંઠાના જરૂરી ઝૂડા બનાવી તેને ઝૂડવામાં આવે છે, ત્યાર બાદ સ્થિર અથવા મંદ વહેતા પાણીમાં એકાદ અઠવાડિયા સુધી તેને પલાળી રાખવામાં આવે છે; જે દરમિયાન સાંઠા નરમ બને ત્યારે તેની નીચેથી ઉપર તરફ ખેંચીને રેસા કાઢવામાં આવે છે. આવી રીતે ખેંચવામાં આવેલા રેસાને, પાણીથી સાફ કરી, બે ત્રણ દિવસ સુધી તડકામાં સૂકવવામાં આવે છે, ત્યાર બાદ તેની આંટીઓને વેચવા માટે કોથળામાં ભરવામાં આવે છે. **s. h. flea beetle.** શણની ચાંચડી. **s. h. hairy caterpillar.** *Utethesia pulchella* **L.** નામના શણના છોડનાં પાન ખાનાર, તેની સિંગો કોરનાર અને છોડને પર્ણ વિનાના બનાવી દેનાર કાતરા. **s.h. mosaic.** શણને લાગુ પડતો વિષાણુજન્ય રોગ, જેમાં શણના છોડનાં પાન ખરી પડે છે. **s. h. powdery mildew.** *Oidium erysiphoides* અને *Loveillula taurica.* નામનાં જંતુથી શણના છોડને થતો એક રોગ, જેમાં તેના પર ભૂકા જેવી ઊબ વળે છે. **s. h. rust.** *Uromyces decoratus.* નામની ફૂગથી શણના છોડને થતો રોગ, જેના કારણે, છોડના વાતીય ભાગ પર ગેરુના ડાઘ લાગે છે અને તેની પેશીઓ સુકાઈ જાય છે. **s. h. stem-borer.** શણની ગાભમારા ઈયળ, જે તેના સાંઠાને કોરી ખાય છે. **Sansevieria** *hyacinthoides* (**L.**) **Willd.** [Syn. *S. zeylanica* (**Jacq.**) **Willd.**]. મુરવા નામનું પ. બંગાળથી મદ્રાસ સુધીના ભારતના કાંઠાળા પ્રદેશોમાં થતા શણના છોડનો એક પ્રકાર, જેનાં પાનમાંથી કાઢવામાં આવતા રેસાની સાદડીઓ, દોરડાં અને કાગળ બનાવવામાં આવે છે. **S.** *roxburghiana* **Schult f.** મુરહરી; કોરોમાંડલ કાંઠાપર થતી શાકીય વનસ્પતિ, જેનાં પાનમાંથી મળતા રેસાની સાદડીઓ અને કાગળ બનાવવામાં આવે છે.

**santaline dye.** *Pterocarpus santalinus.* **L.** નામનો વૃક્ષના કાષ્ઠમાંથી તૈયાર કરવામાં આવતો વાનસ્પતિક રંગ.

**Santalum** *album* **L.** [Syn. *Sirium*

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



*myrtifolium* **L.**]. સફેદ ચંદન; પશ્ચિમ દ્વીપકલ્પીય પ્રદેશ. કર્ણાટક અને તામિલનાડુમાં થતું એક વૃક્ષ, જેમાંથી કાઢવામાં આવતું બાષ્પશીલ તેલ સુગંધી દ્રવ્યો બનાવવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે, જેનો ભૂકો સૌંદર્ય પ્રસાધનો બનાવવા કામમાં આવે છે અને ફળ ખાઈ શકાય છે.

**Santa Rosa.** મોટા ફળવાળા આલુનો એક પ્રકાર, જેનો ગર સફેદ અને ખૂબ જ મીઠો હોય છે.

**santhi.** *horse purslane.* નામની એક સામાન્ય રસાળ શાકીય વનસ્પતિ.

**santol.** ખાદ્ય ફળ માટે પ. ભારતમાં થતી *Sandoricum koetjape* (**Burm f.**) **Merr.** (*S. indicum* **Cav.**). નામની એક વનસ્પતિ.

**santonin.** સેન્ટોનિન નામનું એક ઔષધ.

**sanwa.** બાજરી વર્ગનું એક ધાન્ય.

**sap.** રસ; વનસ્પતિ – ખાસ કરીને કાષ્ઠીય વનસ્પતિમાં વહેતો મહત્ત્વનો રસ. (૨) તૈયાર કર્યા વિનાના કાષ્ઠનો ભેજ અને તેના દ્રાવ્ય ઘટકો. **s. pressure.** મૂળદાબ.

**sapid.** સુવાસિત, મીઠું, રુચિકર.

**Sapindus** *detergens.* **Roxb.** વાયવ્ય ભારત, પ. બંગાળ અને આસામમાં થતું અરીઠાનું ઝાડ. **S.** *emarginatus* **Vahl.** [Syn.*S. trifoliatus* **Hiern in part non L.**]. ઉત્તર ભારતમાં થતું અરીઠાનું ઝાડ, જેના અરીઠાં ઊન ધોવાના ઉપયોગમાં આવે છે. **S.** *laurifolius* **Vahl.** અરીઠાનું ઝાડ. **S.** *mukorossi* **Gaertn** [Syn. *S. detergens* **Roxb.** જુઓ *Sapindus detergens* **Roxb.**

**Sapium** *insigne* **Trimen.** દૂધલા નામની વનસ્પતિ. **S.** *sebiferum* (**L.**) **Roxb.** વિલાયતી સીસમ નામનું ઉત્તર ભારતમાં થતું શોભાનું ઝાડ, જેનાં બીમાંથી મળતા મરનો ઉપયોગ મીણબત્તીઓ અને સાબુ બનાવવા માટે કરવામાં આવે છે.

**sapling.** રોપ; ત્રણ ફૂટ સુધી ઊંચો થતો અને નીચેનાં પર્ણો ખરવા માંડે ત્યાં સુધી ઊગતો બાલ છોડ.

**sapodilla.** ચીકુ. **s.** (**chiku**) **sooty mould.** *Capnodium sp.* નામનાં જંતુથી ચીકુને થતા રોગનો એક પ્રકાર. **sapota.** ચીકુ. **s. mealy bugs.** ચીકુના ઝાડના થડ અને પ્રરોહના રસને ચૂસનાર.

**saponaceous.** સાબુનું, સાબુના જેવું, સાબુવાળું. **saponification.** સાબૂનીકરણ; મેદીય તત્ત્વનું સાબુમાં થતું રૂપાંતર. **s. number.** એક ગ્રામ મેદીય તત્ત્વ, ચરબી, તેલ કે તેવા પ્રકારના દ્રવ્યનું સાબૂનીકરણ કરવા માટે જરૂરી બનતા પોટેશિયમ હાઈડ્રૉક્સાઈડની મિ.લિ.ગ્રામમાં સંખ્યા. **s. value.** ક્ષીણજનક મૂલ્ય, સાબૂનીકરણ મૂલ્ય. **saponified.** સાબૂકૃત. **saponify.** અલ્કલીની માવજતથી ચરબી કે તેલનું સાબુમાં પરિવર્તન કરવું.

**saponin.** સેપોનિન; ઘણા છોડમાં જોવામાં આવતું ગ્લુકોસાઈડ કે ગ્લિકોસાઈડ તત્ત્વ, જે પ્રક્ષાલક તરીકે, પાયસીકારક તેલમાં પાણીનું પૃષ્ઠતાણ ઓછું કરવા માટે અને ઝાગ હોલવવા માટે અને પાણીમાં ક્ષીણ બનાવવા ઉપયોગી બને છે.

**sappanwood.** **sapanwood.** પતંગ, *Caesalpinia sappan* **L.** નામનું પ. ભારતમાં બગીચામાં વાવવામાં આવતું નાનું ઝાડ, જેનું તેલ સંધિવામાં ઉપયોગી બને છે, અને જેના અંતઃસ્થ કાષ્ઠમાંથી નીકળતો લાલ રંગ સુતરાઉ અને ઊની કપડાંને રંગ કામમાં લાગે છે.

**sapraemia.** સંક્રામક વિષાક્તતા.

**sapro** (ગ્રીક)–. સડેલું અર્થસૂચક પૂર્વગ.

**saprogen.** મૃતકાષ્ઠ જેવા અજીવંત કાર્બનિક પદાર્થમાં સડો કરનાર (દ્રવ્ય). **saprogenesis.** મૃતજીવન; રોગજનક સજીવના જીવનચક્રનો સમય, જેમાં તે જીવંત યજમાનની સાથે સંકળાયેલો હોતો

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી અને તેમાં કાંતો સુષુપ્ત હોય છે અથવા મૃતભક્ષક હોય છે. **saprogenic.** કોહવાટજનક કે કોહવાટજન્ય. (૨) એક પ્રકારનું શૈલ પાષાણ, જેથી શૈલનાં દ્રવ્યો છૂટાં પડી અસલના સ્થાન પર રહે છે. **sapropel.** તળાવો અને અન્ય જળાશયોના તળિયે રહેતો, મંદ મારતો, ચીકણો જલજ વનસ્પતિ અને પ્રાણીઓના કાર્બનિક અવશિષ્ટોનો પદાર્થ. **saprophagous.** મૃતોપજીવી, મૃતજીવી, મૃતભક્ષક. (૨) સડેલાં દ્રવ્યો ખાનાર. **saprophyle.** સડેલાં દ્રવ્યોમાં રહેનાર. **saprophyte.** ફૂગ, બીજાણુ જેવાં મરેલાં અને કોહવાતા કાર્બનિક દ્રવ્યો પર જીવતા સજીવો. **saprophytic.** મૃતોપજીવી, મૃતોપજીવી સજીવોનાં લક્ષણો ધરાવતું. **s. fungus.** મૃતોપજીવી ફૂગ; વનસ્પતિ કે પ્રાણી અંગની મૃત કે સડતી પેશી પરની ફૂગ, અન્ય રીતે પરજીવી ફૂગ જેવી, જેના પરિણામે લાકડું, ચામડું, કાગળ, કાપડ, સંઘરેલાં ફળ, શાકભાજીને સડો લાગે છે, અને જે નિર્બળ પરજીવી તરીકે વર્તે છે. **s. parasite.** મૃતજીવી પરજીવી. **saprophytism.** મૃતોપજીવિતા. (૨) સડેલા દ્રવ્યો પર જીવવાની વૃત્તિ. **saproplankton.** સ્થિર પાણી પર તેની નીચે તરતાં જોવામાં આવતાં જલજ વનસ્પતિ અને ખનિજ દ્રવ્યો – પ્લૅન્કટૉન.

**sapsund.** નારવેલ.

**sap-wood.** પરિકાષ્ઠ, વૃક્ષોનું ઉપરછલ્લું, છાલ અને અંતઃસ્થ કેન્દ્ર કાષ્ઠની વચ્ચે આવેલું ફીકું અને નરમ કાષ્ઠ.

**sara.** ભારતભરમાં ઉગાડવામાં આવતું દીર્ઘાયુ ઘાસ.

**Saraca** *asoca* **(Roxb) de Wilde** [Syn. *Jonesia asoca* **Roxb**; *Saraca indica* **auct non L.**). અશોક નામનું ઝાડ. **S.** *declinata* **(Jacq.) Miq.** નું સુમાત્રામાં નારંગી – પીળા રંગનાં ફૂલ માટે, શોભા તરીકે ઉગાડવામાં આવતું ઝાડ. **S.** *indica* **L.** [Syn. *Jonesia asoca* **Roxb.**]. અશોક; બગીચામાં શોભા માટે ઉગાડવામાં આવતું ઝાડ.

**Sarana.** મંજેલી નામની મધ્યમ કદની એક ફૂટ જેટલી લાંબી, ભારતભરમાં મળતી ખાઉધરી મૂછાળી માછલી.

**sarcina.** ચોરસ ગુચ્છમાં જોવામાં આવતા સૂક્ષ્મ સજીવ.

**sarc—.** માંસ અર્થસૂચક પૂર્વંગ.

**sarcocarp.** મધ્ય ફલાવરણ, ફલાવરણનું મધ્ય પડ.

**Sarcocystis infection.** ઢોર અને ભેંસમાં જોવામાં આવતો *sarcosporidiosis.* નામનો એક રોગનો ચેપ.

**sarcode.** પ્રાણીઓનું જીવદ્રવ્ય – જીવ રસ.

**sarcodina.** સાર્કોડિના.

**sarcoma.** દુષ્ટાર્બુદ.

**Sarcoptes scabiei.** ઢોરને થતા એક રોગ માટે જવાબદાર ઈતડી. જુઓ *sarcoptic mange.* **sarcoptic mange.** *Sarcoptes scabiei.* નામની ઈતડીથી ઢોરને લાગુ પડતો ગંભીર પ્રકારનો ચામડીનો રોગ, જેમાં આ ઈતડી ચામડીમાં ઘૂસી વાળ વિનાના ભાગ પર હલ્લો કરી ચામડીને જાડી બનાવે છે, જેથી તેના પર કરચલીઓ પડે છે અને સૂકી પોપડી બાઝે છે. ઘેટાંને આ રોગ ક્વચિત્ જ થાય છે અને માથાને જ તેના કારણે થતા વ્રણ જણાય છે. બકરાંને તેની ગંભીર અસર થાય છે. કાન અને માથાથી શરૂ થઈ તે ગળા, છાતી અને પેટ સુધી ફેલાઈ જાય છે. આ રોગનો પ્રતિકાર કરવામાં ન આવે તો મોટા ભાગની ચામડી પર તેની માઠી અસર થાય છે, જેના પરિણામે રોગી પ્રાણીનું મરણ પણ નીપજે છે. ઘોડા, ઊંટ અને કુક્કરને પણ આ રોગ થાય છે. **sarcosporidiosis.** *sarcocystic infection.* તરીકે પણ ઓળખાતો આ રોગ ઢોર અને ભેંસમાં સામાન્ય રીતે જોવામાં આવે છે, જે *Sarcocystis.* નામના જંતુના કારણે થાય છે અને તેની અસર સ્નાયુ પર થતી જોવામાં



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવે છે. **sarcous.** ચામડી કે સ્નાયુનું – તે અંગેનું, તેને લગતું, સ્નાયવીય.

**Sarcostemma** *acidum* (**Roxb.**) **Voigt.** [Syn. *S. brevistigma* **Wight & Arn.**]. સોમલ, સોમલતા, સાંઢિયા વેલ નામનો પાન વિનાનો છોડ, જે મોટા ભાગે આન્ધ્રપ્રદેશ, તામિલનાડુ, અને કર્ણાટકના સૂકા વિસ્તારોમાં થતો જોવામાં આવે છે, જેનો ઉપયોગ શેરડીની ઊધઇને મારવા માટે કરવામાં આવે છે.

**saretha.** પાતળી બરુ જેવી શેરડીનો પ્રકાર,

**sarkanda.** મુંજઘાસ.

**sarkara.** જુઓ *plume grass.*

**sarmentose. sarmentous.** લાંબા, પાતળા પ્રરોહનું.

**saroli.** વાયવ્ય હિમાલય અને પંજાબનું ઝાડ, જેના કાષ્ઠમાંથી દીવાસળીઓ બનાવવામાં આવે છે.

**sarota.** હારમાં બી વાવવા માટેનું સાદું ઉપકરણ.

**sarpagandha.** સર્પગંધા. *Rauvolfia serpentina* (**L**). **Benth. ex Kurx** (*Ophioxylon serpentinum* **L.**). નામનો નાનો ટટાર, બારમાસી છોડ; જેનાં મૂળ ઊંચા લોહીના દબાણ, માનસિક બેચેની અને આનુષંગિક રોગોમાં ઔષધ તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે. આ છોડમાંથી પ્રકાંડ અથવા મૂળને રોપીને તેને વાવી શકાય છે. બે વર્ષ બાદ તેનાં મૂળને કાઢવામાં આવે છે, પૂરેપૂરી રીતે તે સુકાઈ જાય ત્યાં સુધી પવનમાં ખુલ્લા રાખવામાં આવે છે. આ છોડ આસામ, ઉત્તર પ્રદેશ, બિહાર, પ. બંગાળ અને ભારતના પશ્ચિમના પ્રદેશોમાં થાય છે.

**Sarpanch.** ગ્રામ પંચાયતનો અધ્યક્ષ, સરપંચ.

**sarphonka.** લીલું ખાતર મેળવવા ઉગાડવામાં આવતી એક પ્રકારની વનસ્પતિ.

**sarsaparilla.** સારસાપરિલા; *Smilax* જાતિના ઝાડના મૂળમાંથી કાઢવામાં આવતો રસ, ખાસ કરીને આ જાતિમાં *Smilax aristolochiifolia* અને *S. offinalis* મહત્ત્વનાં છે. સારસાપરિલાના સ્થાને *Hemidesmus indicus* **R. Br.** નામની સારિવા ઉસાગમ ગરબી અથવા ભારતીય સારસાપરિલા તરીકે ઓળખાતી વનસ્પતિના રસનો ઉપયોગ કરવામાં આવે છે. એ જ પ્રમાણે *Smilax zeylanica* **L.** (*S. macrophylla* **Roxb.**). નામની કુમાંઙ, બિહાર, મધ્યપ્રદેશ અને આસામમાં થતી વનસ્પતિનાં મૂળનો પણ ઉપયોગ કરવામાં આવે છે.

**sarson.** સરસવ. **s. sag.** ઉત્તર ભારતના મેદાની અને ડુંગરાળ પ્રદેશોમાં પર્ણીય વનસ્પતિ તરીકે ઉગાડવામાં આવતો રાઈનો છોડ; છોડનાં શરૂઆતના સમયમાં પાન અને વર્ષાઋતુમાં તેના પ્રકાંડનો લીલી ભાજી તરીકે ઉપયોગ કરવામાં આવે છે.

**sarva.** ડાંગરની શિયાળુ મોસમ.

**satawar.** સતાવરી *Asparagus racemosus* **Willd.** નામની શાકભાજી તરીકે ઉપયોગમાં લેવામાં આવતી વનસ્પતિ.

**satawari.** સતાવરી.

**Satha.** નાનાં કંદ ધરાવતા બટાટાનો બિહારમાં થતો એક પ્રકાર.

**Sathgudi.** ભારતભરમાં ઉગાડવામાં આવતી મોસંબીનો એક પ્રકાર, જેનાં ફળ મધ્યમ પ્રકારનાં, છાલ મધ્યમ જાડી, અર્ધ ચળકતી, સુંવાળી, પીળા રંગની હોય છે. આ મોસંબીનો રંગ ઘાસના જેવો હોય છે.

**sathi.** સાઠી, 60 દિવસની અવધિ ધરાવતી વનસ્પતિનો એક પ્રકાર.

**Satsuma orange.** સહરાનપુર, અને પતિયાળામાં થતું નારંગીનું ઝાડ, જેનાં ફળ બી વિનાનાં હોય છે. નારંગીનું આ ઝાડ જલદી ફળે છે, તે કાંટા વિનાનું, મજબૂત અને ઠંડીનો સામનો કરી શકે છે.

**Satar.** આરબો.

**saturant.** અન્ય દ્રવ્યને સંતૃપ્ત કરનાર દ્રવ્ય. **saturate.** સંતૃપ્ત કરવું. (૨) જમીનનાં બધાંજ ખાલી – અવકાશીય સ્થાનોમાં પાણી ભરી દેવું, જમીનને પાણીથી તરબોળ કરી દેવી. (૩) ચોકસ ભૌતિક

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરિસ્થિતિમાં શક્ય એવું સાંદ્ર દ્રાવણ બનાવવું. **saturated.** સંતૃપ્ત. **s. air.** ઘટ્ટ થયા વિના શક્ય એટલી વધારેમાં વધારે માત્રામાં જળબાષ્પ ધરાવતી હવા; સંતૃપ્ત હવા. **s. atmosphere.** સંતૃપ્ત વાતાવરણ. **s. fat.** સંપૂર્ણ રીતે જલાન્વિત કરેલી ચરબી – મેદીયદ્રવ્ય. **s. soil.** પૂરેપૂરી ક્ષમતાપૂર્વક પાણીથી તરબોળ બનેલી જમીન; કેટાયનો અને એનાયનોથી રાસાયણિક રીતે સંતૃપ્ત બનેલી જમીન. **s. solution.** સંતૃપ્ત દ્રાવણ; લવણ જેવા કોઈ ઘન દ્રવ્ય અને પાણીનું સંયોજન. **saturation.** સંતૃપ્તિ. **s. deficit.** સંતૃપ્તિ ન્યૂનતા. **s. percentage.** સંતૃપ્તિ ટકાવારી. **s. point.** સંતૃપ્તિ બિંદુ. (૨) વધુ ઉમેરો શક્ય બને નહિ કે તે ઉપયોગી બની શકે નહિ કે તેને સમાવી શકાય નહિ, તેવી અવસ્થા. **s. pressure.** સંતૃપ્તિ દબાણ.

**Satureja** *hortensis* **L.** (Syn. *Calamintha hortensis* **L.**). નામની કાશ્મીરમાં થતી વનસ્પતિ.

**sauce.** સૉસ, ચટણીના જેવા જ ઘટકોમાંથી બનાવવામાં આવતી પણ પાતળી, સમાંગ, સુંવાળી વાનગી; ચટણીનો એક પ્રકાર.

**saunf.** વરિયાળી.

**sausage.** સૉસેજ, ડુક્કર, કે ગાયના માંસની વાટેલી કે કાપેલી, મોટા ભાગે નળાકાર પાત્રમાં કે પ્રાણીનાં આંતરડાંમાં રાખવામાં આવતી મસાલેદાર વાનગી. **s. casing** સૉસેજને ભરવા માટે સાફ કરેલાં ડુક્કર, ઢોર કે ઘેટાનાં નાનાં અને મોટાં આંતરડાં.

**Saurauia** *roxburghii* **Wall.** વન પસોલા; નામનું પ. બંગાળમાં થતું ઝાડ; જેનાં પાનમાંથી મળતો શ્લેષ્મ રસ વાળ માટે ઉપયોગી બને છે.

**Sauropus** *androgynus* **(L.) Merr.** નાની, દીર્ઘાયુ શાકીય વનસ્પતિ, જેનાં પાનની ભાજી બનાવવામાં આવે છે.

**Saussurea** *lappa* **C. B. Clarke** [Syn. *Aucklandia costus* **Falc.**]. કઠ, ઉપલેટ નામની કાશ્મીર, હિમાચલ પ્રદેશ, અને ગઢવાલમાં થતી એક શાકીય વનસ્પતિ, જેના મૂળમાંથી કાઢવામાં આવતું બાષ્પશીલ તેલ સુગંધી દ્રવ્યો બનાવવામાં ઉપયોગમાં આવે છે. મૂળ વાતહર, ઉત્તેજક, અને દમમાં ઔષધ તરીકે કામમાં આવે છે. ઉપરાંત તેનો ઉપયોગ ઊની કપડાંને સાચવવા માટે પણ કરવામાં આવે છે.

**savannah grassland.** સવાના તૃણભૂમિ.

**savoy cabbage.** ગડી વળેલાં પાનવાળી કોબીનો એક પ્રકાર.

**saw.** કરવત. **s. dust.** કરવત ચલાવવાથી લાકડાનો પડતો વહેર, જેનો ઉપયોગ ઢોર તથા મરઘાં – બતકાંનો પથારો કરવા માટે થાય છે. વહેરમાં ખાતરનું મૂલ્ય હોતું નથી. **s. fly.** *Tenthredinidae, Pamphiliidae, Cimbicidae, Diprionidae* અને અન્ય સંબંધિત કુલોનાં જંતુ, જેની માદાને કરવત જેવાં અંગો હોય છે, જે વડે તે, વનસ્પતિનાં પાનમાં કાણાં પાડી તેમાં ઈંડાં મૂકે છે. **s. gin.** રૂ લોઢવા માટેનું કરવતના આરા જેવું યંત્ર, જેની મદદથી કપાસિયામાંથી રૂના તંતુઓને છૂટા કરવામાં આવે છે અને પરિણામે તંતુ અને કપાસિયા – બંને સાફ મળે છે. 30 સે.મી.વાળી 80 હાર ધરાવતી ચકતીઓની મદદથી 10 ટન જેટલું રૂ લોઢી શકાય છે. **s.-toothed grain beetle.** *Oryzaephilus surinamensis* **L.** નામનું સંગ્રહેલા લોટ, મેંદો, કાજુ, અંજીર, મગફળી, અને નારિયેળમાં જોવામાં આવતું જંતુ, જેનાં ડિંભ ચીકણો સ્રાવ કરે છે, જેથી લોટમાં બાચકા બાઝે છે.

**sawai.** 25 ટકા વ્યાજે પાછાં વાળવાની શરતે બીની આપવામાં આવતી લોન.

**sawana.** પશ્ચિમ હિમાલયના નિમ્ન ઊંચાઈવાળા પ્રદેશની તૃણભૂમિ. **sawandar.** તૃણભૂમિ સવાનામાં ચરાણ માટેનો

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માલિકી હક ધરાવનાર.

**sawank.** સામો.

**saxatile.** ખડકોમાં રહેતું, તેમાં જ વૃદ્ધિ પામતું (જંતુ).

**scab.** ઘા કે ઉઝરડા પર બાઝતું ભીંગડું. (૨) પ્રાણીઓને ખાસ કરીને ઘેટાંને લાગુ પડતો જૂ અથવા ઈતડીથી થતો એક પ્રકારનો રોગ. (૩) ફૂગ કે જીવાણુજન્ય વનસ્પતિને થતો એક રોગ, જેમાં રોગિષ્ઠ વનસ્પતિની ઉપર ભીંગડાં બાઝે છે. **s. mite.** સ્કેબનો રોગ કરનાર ઈતડી. **scabies.** ભીંગડાંવાળું. (૨) ખજવાળ ધરાવતું. **scabrous.** ખરબચડ સપાટીવાળું.

**Scabiosa** *atropurpurea* **L.** મૂળ દ. યુરોપની પણ અહીં શોભા માટે ઉગાડવામાં આવતી વનસ્પતિનો એક પ્રકાર.

**scaffold.** માંચડો, મંચ. **s. branches.** જોઈતું કદ અને આકાર મેળવવા માટે બાહ્ય ફળઝાડને છાંટીને કરવામાં આવતી પાર્શ્વીય શાખાઓ. (૨) ટોચ પરનો મજબૂત મંચ.

**scalariform.** જંતુઓની પાંખમાં નિસરણી આકારની શિરાઓ. (૨) કોઈ સંરચનામાં એકાંતરે જાડા કે પાતળા પટ્ટાઓ.

**scald.** દાઝ; દાઝી જવાની ઘટના (૨) ઉકળતા પ્રવાહીના સંસર્ગમાં આવતાં પ્રાણીના શરીરની થતી વિકૃતિ. (૩) વનસ્પતિનાં પાન, ફળ કે અન્ય ભાગ પર તાપની ગંભીર પ્રકારની થતી અસર. (૪) ગરમ પ્રવાહીમાં અંગને બોળવાથી કે ગરમ પ્રવાહી શરીરના કોઈ અંગ પર પડવાથી દાઝી જવાની બનતી ઘટના. **scalding.** ટમેટાં કે પીચ જેવાં ફળની ગરમ પ્રવાહીમાં કરવામાં આવતી પ્રક્રિયા, જેથી તેની છાલ દૂર કરી શકાય છે. (૨) તારની ટોપલી અથવા ઝીણા કપડાની કોથળીમાં ફળને મૂકી તેને ત્રણેક મિનિટ માટે ગરમ પાણીમાં બોળી રાખીને છાલ ઢીલી કરવાની પ્રક્રિયા, જેથી છાલનેસરળતાથી દૂર કરી શકાય છે.

**scale.** ભીંગડું, શલ્ક; ત્વચીય કે અંતઃત્વચીય સપાટ, નાની પ્લેટ જેવી બાહ્ય સંરચના. (૨) શૃંગી કે કાઈટિનના બહિરુદ્ભેદવાળું શરીર. (૩) અલિંગી પુષ્પનું નિપત્ર, કેટલાક ફૂલોનું છત્ર જેવું અંગ અથવા કેટલાંક પાનના રોમ. (૪) છોડ કે ફૂલનો કલામય – ત્વચીય ભાગ. (૫) માછલીનાં ભીંગડાં. (૬) સપાટ, કડક રોમ અથવા વાળ. (૭) અર્ધીકૃત પર્ણ કે નિપત્ર. (૭) માપક્રમ. **s. caliper.** વિવિધ લંબાઈ અને વ્યાસવાળા લાકડાના ઢીમચાને ખસેડવા માટેની નાક ધરાવતી શલ્કી લાકડી. **s. carp.** *Cyprinus carpio var. communis.* નામની ભીંગડાંવાળી કાર્પ માછલી. **s. cide.** ભીંગડાંવાળાં જંતુઓને નિયંત્રણમાં રાખવા માટેનો છંટકાવ. **s. insect.** ભીંગડાંવાળું ચૂસિયું જંતુ, જેની માદાના શરીર પર શલ્ક અથવા ભીંગડાં હોય છે અને તે મીણ જેવા સ્રાવથી યજમાન પર ચોંટી રહેવામાં સહાયભૂત બને છે. મોટા ભાગે વાવેલી વનસ્પતિને તે ઉપદ્રવ કરે છે. મોટાં ભીંગડાંવાળાં ચૂસિયાંથી ડાળીઓ તૂટી જાય છે અને છેવટે છોડ મરી પણ જાય છે. **s. leaf.** શલ્કી પર્ણ, જે કલિકાનું રક્ષણ કરે છે. **scaly.** શલ્કી, ભીંગડાંવાળું, ભીંગડાં ધરાવતું. **s. bract.** શલ્કી નિપર્ણ, શલ્કી નિપત્ર. **s. bulb.** શલ્કી કંદ. **s. leaf.** શલ્કી પર્ણ. **s. leg.** સૂક્ષ્મ જૂ કે ઈતડીના ઉપદ્રવથી મરઘીનો રોગિષ્ઠ પગ. પગને ખોતરવથી ભીંગડાં વળે છે અને આવી રીતે વળેલાં ભીંગડાંની હેઠળ, રાખોડી રંગની ભૂકો થતાં ભીંગડાં છૂટાં થઈ જાય છે અને ઘા–વ્રણનો વિસ્તાર વધે છે.

**scallion.** રોગ, જંતુ કે પોષણના અભાવે આભાસી નિમ્ન કંદ ધરાવતો કાંદો.

**scalpriform.** છેદક દાંત જેવું ફરશી આકારનું.

**scanner.** અંવેક્ષણ કર્તા.

**scansorial.** આરોહી, ઉપર ચડવાને ટેવાયેલું.

**scape.** પુષ્પાક્ષ, ભૂમિજાત પુષ્પ વિન્યાસ-દંડ. (૨) એન્ટિના અથવા પીછાંનો નીચેનો – તળનો ભાગ.

For Private and Personal Use Only

**scaphoid.** હોડી આકારનું.
**scapula.** મુખ્ય સ્કંધાસ્થિ, સ્કંધાસ્થિ ફલક. (૨) સ્કંધ મેખળાનું મુખ્ય હાડકું – અસ્થિ.
**scar.** ક્ષત. ચિહ્ન, ડાઘ, ચાઠું, ઘાવ-ચિહ્ન. (૨) પ્રાણી કે વનસ્પતિનો ઘા. (૩) દાઝવાની રૂઝ આવી ગયા પછી દેખાતાં ડાઘ – ચાઠું. (૪) પાન ખરી પડ્યા પછી વનસ્પતિ પર તે સ્થાન પર જણાતાં ડાઘ. (૫) બીજ નાભિ.
**scarf.** કલિકા-સર્જન માટે પ્રકાંડમાં કરવામાં આવતો કાપ કે મૂકવામાં આવતો છેદ, જેમાં કલમને આરોપવામાં આવે છે.
**scarified** કર્તન કરેલું, ઢીલું બનાવેલું. **s. seed.** અંકુરણ ઝડપી બને માટે સખત બીજાવરણવાળા બીની યોગ્ય માવજત કર્યા પછીનું બી. **s. soil** છીછરી રીતે ઢીલી કરેલી માટીવાળી જમીન. **scarify.** પાણીનું બરાબર શોષણ કરી શકે તે માટે, બી પર કાપ મૂકવાની કે તેની જરૂરી માવજત કરવાની પ્રક્રિયા. (૨) ઊઝરડો કરવો. (૩) માટી ઢીલી કરવી, જમીન વાવવા યોગ્ય બને તે માટે તેને ઢીલી કે નરમ બનાવવી. (૪) ચામડી પર ઉપરછલ્લી રીતે ક્ષત કરવાં. **scariose.** મણી, ક્ષતિયુક્ત, ઘાસદૃશ, ઘા ધરાવતું – વાળું **scarious.** કેટલાંક છોડમાં પાતળો સૂકી નિપર્ણ જેવો ત્વચીય, ગઠી કે કરચલીવાળો બાહ્ય દેખાવ.
**scarlet.** નારંગી જેવો લાલ રંગ. **sc. fever.** લોહિત જ્વર, તાવનો સ્કાર્લેટ-ફીવર નામનો પ્રકાર. **sc. runner bean.** *Phaseolus multiflorus* **Willd.** નામની શિમ્બી વર્ગની ઉષ્ણ કટિબંધની, દીર્ઘાયુ, શાકીય વેલ, જેને બી તથા શાકભાજી માટે વાવવામાં આવે છે. **sc. sterculia** *Firmiana colorata* (**Roxb.**) **R. Br.** [Syn. *Sterculia colorata* **Roxb.**]. નામનું આસામ, મધ્ય પ્રદેશ, દ. ભારત અને આંદામાનમાં થતું એક વૃક્ષ, જેની છાલના રેસાના દોરડાં બનાવવામાં આવે છે અને પાનનો ચારો થાય છે.
**scatophagous.** છાણ ભક્ષક, છાણ ખાનાર. **scatos** (ગ્રીક)—. છાણ અર્થ-સૂચકપૂર્વંગ.
**scattered holdings.** છૂટાં છવાયાં જમીનનાં ખાતાં.
**scavenger.** શબ અથવા મૃત કાર્બનિક દ્રવ્યોપજીવી ગને તે સ્તનધારી પ્રાણી, પક્ષી કે સજીવ.
**Schima** *wallichi* (**DC.**) **Choisy.** ચિર્લાની નામનું આસામ, ખાસી ટેકરીઓ અને મણિપુરમાં થતું એક ઝાડ, જેનું કાષ્ઠ વેનિયર, પ્લાયવૂડ અને પેન્સિલો બનાવવાના ઉપયોગમાં લેવામાં આવે છે.
**Schinus** *molle* **L.** શોભા માટે ઉગાડવામ આવતું નાનું ઝાડ. **Sc.** *terebinthifolius* **Raddi** [Syn. *Sc. aroeira* **Vell.**]. ક્રિસ્ટમસ બેરી ટ્રી નામનો શોભા માટે ઉગાડવામાં આવતો છોડ.
**Schistosomatidae.** વિવિધ પ્રાણીઓની જાતિની રક્તવાહિનીમાં ઇંડાં મૂકતું અને તેમાં રહેતું જંતુ, જે પેશીઓમાં ફેલાઈ જઈ છેવટે મળ, મૂત્ર કે લીંટ દ્વારા ઉત્સર્જિત થાય છે. જલજ ગોકળગાય જેવા સૂક્ષ્મજીવો આવાં જંતુના વચગાળાના યજમાન બને છે. જંતુ લોહી ચૂસી રક્તક્ષીણતા પેદા કરે છે. તેનાં ઇંડાં શરીરના વિવિધ અંગોમાં ગાંઠો બનાવે છે અને પ્રાણીની સાધારણ પ્રકારની પ્રવૃત્તિમાં બાધા નાખે છે. **schistomiasis** પ્રાણીને તેમના લોહીમાંના *Schistosomatidae* કુળનાં જંતુના કારણે થતો એક પ્રકારનો રોગ.
**schists.** ગ્રેનાઈટમાંથી બનેલા વિકૃત સ્તરિત શૈલ, *gneiss*.
**Schizanthus** *pinnatus* **Ruiz & Pav.** શોભા માટેનું એક ઝાડ, જેને પતંગિયા જેવાં ફૂલો થાય છે.
**Schizaphis** (*Toxoptera*) *graminum* (**R.**) ઘઉંનો કીટક જે કુમળા દાણાનો રસ ચૂસે છે અને પ્રકાંડ પર જીવન ગુજારે છે.
**schizo–schizein** (ગ્રીક). નિદારવું.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિદારવું, બે ભાગ કરવા ઇ. અર્થસૂચકપૂર્વગ.

**schizocarp.** અસ્ફોટી ફળ, પરિપક્વ બનતાં જે અસ્ફોટી ફળ એક બીજવાળા ભાગમાં વિભિન્ન બને, તે. **schizogenous.** સ્ફોટન જાત, વિયુક્ત જાત. (૨) મધ્ય સ્તર આમળ કોષો પરસ્પરથી છૂટાં પડવાના કારણે નિર્માણ થતો (આંતર કોષીય અવકાશ). **sc. parenchyma.** પૃથગ્જન્ય વાયુ સ્તર. **Sc. cavity.** સ્ફોટન જાત કૂપ – વિવર. **schizogony.** ખંડ ગુણન.

**Schizolobium** *excelsum* **Vog.** બસંતી નામનું મોટું ઝાડ, જેને તેનાં ચમકતાં પીળા રંગનાં ફૂલો માટે બગીચામાં વાવવામાં આવે છે.

**schizomycete.** વિખંડનથી પ્રજનન પામતાં એકકોષી લીલ અને ફૂગ વચ્ચેના સજીવો, દંડાણું અને બીજાણુ સમેત લીલ અને ફૂગ વચ્ચેના એકકોષી વાનસ્પતિક સજીવોનો એક સૂક્ષ્મ વર્ગ.

**schizont.** ગુણનપૂર્વ. (૨) કેટલાક પ્રજીવના જીવનચક્રની એક અવસ્થા, જેમાં ફલન વિના કોષ સંખ્યાબંધ નવી નવી જાતો ઊભી કરે છે.

**schizophyceae.** વાદળી – હરિતલીલ.

**Schleichera** *oleosa* (**Lour.**) **Oken** [Syn. *Sc. trijuga* **Willd. & Klein**; *Pistacia oleosa* **Lour.**]. કુસુમ તથા કોસિંબ નામે ઓળખાતું ૩૫ હિમાલય વિસ્તાર, બિહાર, પંજાબ, મધ્ય પ્રદેશ અને દ. ભારતમાં થતું એક ઝાડ, જે પર લાખનાં જંતુઓ વસાહત બનાવી રહે છે, જેનાં બીને પીલીને કાઢવામાં આવતું તેલ દીવાસળી, સાબુ અને સુગંધી દ્રવ્યો બનાવવાના કામમાં આવે છે. કુમળાં ફળ ખાઈ શકાય છે. તેનાં બીનો ભૂકો પ્રાણીઓના વાળમાંથી જંતુઓનાં પાંખ વિનાનાં બચ્ચાંને દૂર કરવા વિદ્રધિ પર વાપરવામાં આવે છે. **Sc.** *trijuga* **Willd.** જંગલી આંબા નામનું એક ઝાડ, જે પર લાખનાં જંતુઓ વસાહત બનાવીને રહે છે,

**Schley.** મધ્યથી મોટા કદનું પાતળું કવચ ધરાવતું શુષ્ક ફળ.

**schradan.** જે *Pestox iii*; *N. N, N'*, – *tetramethyelphosporodiamedic anhydride.* નામનું કાર્બનિક – ફોસ્ફોરિક સંયોજન, જે રંગ વિનાનું, વાસ વિનાનું, મૂળમાં નાખવા માટેનું તેલી દ્રવ્ય છે, જે જંતુઓ અને કૃમિનો નાશ કરે છે, અને મોલોમશી અને ઈતડીના ઉપદ્રવની સામે તેનો છંટકાવ કરવામાં આવે છે.

**sciatic.** નિતંબનું.

**scientific.** વૈજ્ઞાનિક, શાસ્ત્રીય. (૨) નિષ્કર્ષની સંગીનતા ચકાસવાના નિયમો અનુસારનું વ્યવસ્થિત, ચોક્કસ.

**Scilla** *indca* **Roxb.** જંગલી કાંદો, પાણકંદો નામની ૫. હિમાલય, બિહાર, કોંકણ અને કોરોમંડલ કાંઠા પર થતી શાકીય વનસ્પતિ, જેના કંદ ઉંદરનો નાશ કરે છે, અને તેમાંથી બનાવવામાં આવતું ઔષધ કફનિસ્સારક અને ઉત્તેજનાકારક છે.

**scio—.** છાયા અર્થસૂચક પૂર્વગ.

**scion. scion bud.** કલમ, કલમાંકુર. અન્ય વનસ્પતિના મૂલીય ભાગ અથવા થડ પર કલમ કરીને ઉગાડવામાં આવતો વનસ્પતિનો હવાઈ ભાગ; સાંકુર ડાળી.

**sciophilous.** છાયામાં વૃદ્ધિ વિકાસ સાધતી (વનસ્પતિ). **sciophyte.** છાયાવાળી જગ્યામાં ઊગતી અથવા તેનું અનુકૂલન ધરાવતી વનસ્પતિ.

**Sciropbaga** *nivella* **Fabr.** શેરડીનો ટોચવેધક કીટ.

**Scirpus** *kysoor* **Roxb** ખરારે, કશેરુ બીટ.

**Scirrhous cord.** ખસી કરવામાં આવેલા પ્રાણીના શુક્રરજ્જુ પર મૂકેલા કાપના ચેપના કારણે આવતો અસાધારણ સોજો, જેના કારણે વ્રણમાંથી ઘાડું સફેદ પરુ નીકળે છે અને તે દીર્ઘકાલીન વ્યાધિનું રૂપ ધારણ કરે છે.

**scirrbus.** કેન્સરની પૂર્વાવસ્થામાં થતો કઠણ કે સખત અર્બુદ.

**Scirtothrips** *dorsalis* **Hood.** મરચીમાં પડતું થ્રિપ નામનું જંતુ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**sclera.** શુક્લા; સ્વચ્છાને બાદ કરતાં સમસ્ત ડોળાને આવરી લેતું કઠણ, સફેદ આવરણ.

**sclerenchyma.** દૃઢોતક, કાષ્ઠમય બનેલી અને જીવંત દ્રવ્યની દીવાલોવાળી આલંબક પેશી; વનસ્પતિના કોચલા કે તેના બીજાવરણની પેશી. **sclerenchymatous bundle.** દૃઢોતકપૂલ. **sc. fibre.** દૃઢોતક તંતુ.

**Scleria** *pergracilis* **(Nees) Kunth.** ગઢવાલ, બિહાર, આસામ અને આન્ધ્રપ્રદેશમાં થતી દીર્ઘાયુ વનસ્પતિ, જેમાં લીંબુની સુવાસ પ્રસરાવતાં પાનનો ઉપયોગ મચ્છરોને ભગાડવામાં માટે કરવામાં આવે છે.

**scleriasis.** સંયોજક પેશીના વધવાથી અથવા લિગ્નિનથી આવતી કઠિનાઈ.

**sclero—.** સખત, દૃઢ અર્થસૂચક પૂર્વગ.

**sclerocarp.** બીનું કઠણ આવરણ કે ઠળિયો. (૨) સામાન્ય રીતે ગરવાળાં ફળનું અંતરાવરણ.

**sclerodermatous. sclerodermous.** સરીસૃપો અને માછલીના જેવી કઠણ બાહ્યત્વચાવાળું.

**sclerogen.** અખરોટના કવચના જેવું વનસ્પતિ કોષની અંદર કિનારી પરનું કઠણ દ્રવ્ય.

**scleroid.** કઠણ રચનાયુક્ત.

**scleroma.** પ્રાણીઓની પેશીઓની રોગજન્ય કઠિનતા, જરઠય, જરઠતા. (૨) વનસ્પતિની કોષ દીવાલની જઠરતા.

**sclerophthora** *macrospoa.* નામનો રાગીમાં એક રોગ કરતો કીટ.

**sclerophyllus.** દૃઢપર્ણ, રૂક્ષપર્ણ.

**sclerosis.** જુઓ *scleroma.*

**scleroskeleton.** ટર્કીના પગની માફક બંધની કઠણ થઈ જતાં કઠણ બની જતાં અંગો.

**Sclerospora** *graminicola* **(Sacc.) Schroter.** નામનું જંતુ જે બાજરી વર્ગની વનસ્પતિને રોગવાળી બનાવે છે. **Sc.** *philippinensis* **Weston.** નામનું જંતુ, જે મકાઈ, ઇ.ને રોગ કરે છે. **Sc.** *sorghi* (**Kulk**) **West and Uppal.** નામનું જંતુ, જે જુવાર અને જોનસન તૃણમાં રોગ કરે છે.

**sclerosteous.** કઠણ થઈ જતાં (અંગો).

**sclerotic.** જરઠયવાળું. (૨) નેત્રપૂતળીને આવરતી ત્વચા, શુક્લા સંબંધી. (૩) દૃઢક; ટેકા માટેના કાષ્ઠક દીવાલવાળા સખત (કોષ કે પેશી). **sc. cell.** દૃઢોતક કોષ. **sc. tissue** દૃઢોતક પેશી.

**Sclerotinia** *fructigena* **Aderh & Rahl.** નામનું સફરજનનું રોગોત્પાદક જંતુ. **Sc.** *sclerotiorum.* નામનું ચણાનું રોગોત્પાદક જંતુ.

**sclerotium** (એ.વ.). **sclerotia** (બ.વ.). સામાન્ય રીતે બીજાણુરહિત, લગભગ ગોળાકાર ફૂગ-પેશીનું વિરામી દળ. **Sc.** *oryzae* નામનો ડાંગરનો રોગકારી કીટ. **Sc.** *rolfsii.* નામની ફૂગ, જે રીંગણી ટમેટાં, મરી, ઇ.માં રોગ કરે છે.

**sclerous.** અસ્થિમય.

**scolex.** ફીતાકૃમિનું માથું કે કોઈ અંગ, જે યજમાન પ્રાણીના આંતરડાની દીવાલને ચોંટે છે.

**scolid wasp.** *Scolia* પ્રજાતિની ભમરી, જે વિવિધ વંદા જેવા કીટના ડિંબ પર ઈંડાં મૂકે છે. આમ તે આવા કીટના ઉપદ્રવને પહોંચી વળવામાં સહાયભૂત થાય છે.

**scoliosis.** પાર્શ્વવક્રતા, કરોડરજ્જુની પાર્શ્વવક્રતા.

**scoop.** કડછો. (૨) ખોદવા, અંદર મૂકવા, રેડવા, માટી ઇ.ને ખસેડવા કે બહાર કાઢવા માટેનું પાવડા જેવું ઓજાર. (૩) માટી ભેગી કરવા અને ખસેડવાનું યાંત્રિક સાધન.

**scopa.** ખાસ કરીને મધમાખના પગ પરના બ્રશ જેવા રોમ. (૨) વાળનો નાનો ગુચ્છો. **scopula.** વાળનો ગુચ્છો, જુઓ *scopa.* **scopulate.** ગુચ્છાકાર. ઝાડુ કે બ્રશના આકારનું.

**scorch.** પેશીનું દાઝી જવું. (૨) વન

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્પતિનાં અંગો પર અનિયમિત જોવામાં આવતાં બદામી રંગના ચાઠાં, જે ફૂગ કે જીવાણુના ચેપ, તાપ, પાણીનો અભાવ, જંતુઘ્ન રસાયણોનો અયોગ્ય ઉપયોગ જેવાં કારણોના પરિણામે બને છે. **sc. disease.** ફૂગના એક પ્રકારના જીવાણુથી વનસ્પતિને થતો રોગ. (૨) રૂક્ષરોગ.

**score card.** ગુણાંકન પત્ર. **scoring,** ગુણાંકન.

**scoria.** છિદ્રાળુ ખડક અથવા જ્વાળામુખીજન્ય ખડકના ટુકડા.

**scorpioid.** ઉભયતઃ વિકાસી, કુંડલિત એકશાખી પુષ્પાગ્ર પુષ્પવિન્યાસ. (૨) વીંછીની પૂછડીની માફક એક છેડે થતો પુષ્પવિન્યાસ.

**scour.** ઘસીને કે ધોતાં કરીને મેલ, તેલના ડાઘ ઇ.ને દૂર કરવા. (૨) જુલાબથી પ્રાણીનાં પેટ અને આંતરડાંને સાફ કરવાં. (૩) ચામડીને ચોંટેલુ માંસ દૂર કરવું. જુઓ *scours.* **scoured wool.** કુદરતી અશુદ્ધિઓ અને કચરાથી શુદ્ધ કરેલું ઊન. **scouring.** ધોવાણથી માટી ઇ. દૂર કરવાનું કાર્ય. (૨) સાબુ, ગરમ પાણી અને અલ્કલીથી ઘસીને ઊનને સાફ કરવાની પ્રક્રિયા. **scourings.** સાફ કરવાની પ્રક્રિયાના અંતે દૂર કરવામાં આવતાં દ્રવ્યો, ખાસ કરીને અનાજને યંત્રમાં સાફ કરતાં છૂટાં પડતાં તેનાં છાલ, ફોડાં, છોતરાં અને અન્ય દ્રવ્યો.

**scours.** પ્રાણીને આવતા અતિસારના હુમલા; *calf scours, bloody scours.*

**scrag.** સુકાઈ ગયેલું પ્રાણી. (૨) પ્રાણીના શબનો હાડકાનો ભાગ, ખાસ કરીને ગરદનનો ભાગ.

**scraped ginger.** છાલરહિત બનાવેલું આદુ – સૂંઠ. **scraper.** ખોતરવા, સાફ કરવાનું સાધન. (૨) એક મોટું લોખંડનું પાત્ર. (૩) એક સાધન, જેનો ઉપયોગ જમીન ખોદવા અને સરખી કરવા માટે થાય છે. (૪) ખુરપી, ક્ષુરક.

**scratch feed.** મરઘાં–બતકાંના ચણનો દાણાનો ભાગ, જે કોઈ પાત્રમાં કે જમીન પર આપવામાં આવે છે.

**screenings.** અનાજ કે બીને સાફ કરતાં અથવા ચાળતા કે ઝાટકતાં મળતું અનેક દ્રવ્યોનું મિશ્રણ અથવા જુદાં જુદાં પ્રમાણમાં દ્રવ્યોનો સમુદાય. પુનઃ સાફ ન કરાય તેવા નકામા પદાર્થો. (૨) એક વાર અથવા ફરી ફરી સાફ કરતાં મળતા ભાંગેલા અને હલકા પ્રકારના દાણા.

**screw.** સ્ક્રૂ, પેચવાળો ખીલો. **sc. driver.** સ્ક્રૂને દાખલ કરનાર સાધન, ઉપકરણ. **sc. pine.** કેવડો, સુગંધી કેવડો; ઓરિસા, ઉત્તર પ્રદેશ અને આંદામાનના દરિયા કાંઠા પર થતાં વૃક્ષ, જેમાંથી સુગંધી દ્રવ્યો બનાવવા માટે ઉપયોગમાં લેવા માટે તેલ કાઢવામાં આવે છે અને જેનાં પાનમાંથી મળતા રેસાનાં દોરડાં, સાદડીઓ અને કોથળા બનાવવામાં આવે છે; એનું આંતરરાષ્ટ્રીય લેટિન નામ *Pandanus tectorius* **Soland. ex** *Parkinson; P. odoratissimus* (**Roxb.**). છે. **sc.-press.** બીમાંથી તેલ કાઢવા સમક્ષિતિજ મૂકેલી લોખંડની પ્લેટ ધરાવતું અને સ્ક્રૂથી ચલાવવામાં આવતું સાધન, બીનો ભૂકો બનાવી કોથળામાં ભરી પ્લેટ વચ્ચે સ્ક્રૂ ફેરવવામાં આવવાથી નીપજતા દબાણના પરિણામે તેલ નીકળે છે. ભૂકાને ખુલ્લા અગ્નિથી તપાવવામાં આવે છે. **sc. worm fly.** એક પ્રકારની માખી, જે પ્રાણીની ચામડીને ખોતરી અંદર દર બનાવે છે, જેથી થતો વ્રણ દુર્ગંધ મારે છે.

**scrobiculate.** ખાડો અથવા દર કરાયેલું.

**scrotum.** અંડકોષ, વૃષણકોષ. (૧) મોટા ભાગનાં નર પ્રાણીઓની જાંઘ વચ્ચેની કોથળી, જેમાં વૃષણ રહે છે. (૩) જંતુઓનું વૃષણ આવરણ.

**scrub.** નકામું. (૨) કોઈ પણ પ્રકાર વિનાનું સંકર પ્રાણી. (૩) નિમ્ન કોટિની વ્યક્તિ. (૪) ક્ષુપ અથવા વામન કુંઠિત વૃદ્ધિ ધરાવતાં વૃક્ષોની ભૂમિ. **sc. animal.** શુદ્ધ ઓલાદનું ન હોય તેવું સંકર પ્રાણી.

**scruff.** ગરદન, ગળાનો પાછળનો ભાગ.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**scum.** મલ, મેલ. (૨) સ્થિર પાણીની ઉપર ભેગા થતા નિમ્ન વનસ્પતિ જીવનનાં સૂક્ષ્મ સ્વરૂપો અને અશુદ્ધ દ્રવ્યો. (૨) પ્રવાહીને ગરમ કરતાં કે ઉકાળતા ઉપર વળતી છારી.

**scurf.** ભીંગડાં અથવા પોપડા વળેલી ચામડી. (૨) નીચેથી નવી ચામડી આવતાં બાહ્ય ત્વચાનાં વળતાં પોપડા કે ભીંગડાં.

**scutellum.** વરૂથિકા; એકદળી વનસ્પતિમાં બીજપત્રોનો ભાગ, જ્યાં ભ્રૂણપોષથી ભ્રૂણ જુદું પડે છે. (૨) મકાઈના બીમાં કાંજીવાળા ભ્રૂણપોષ બાજુનું એક મોટું બીજપત્ર. (૩) ઘાસના બીમાં ભ્રૂણપોષથી ભ્રૂણને છૂટું પાડનાર બીજપત્ર. (૪) વનસ્પતિઓ, પ્રાણીઓ, જંતુઓ, પક્ષીઓ ઇ.માં જોવામાં આવતું નાનું કવચ, પ્લેટ અથવા ભીંગડું. (૫) પક્ષીઓનાં પગમાંના ભીંગડાં.

**scutiform.** ઢાલાકાર. **scutum.** ઘૂંટણની ઢાંકણી. (૨) ઢાલાકાર પ્લેટ કે ભીંગડું. (૩) ઇતડી અને તેવાં જંતુઓના વક્ષ ભાગને ઢાંકતાં ઢાલાકાર ભીંગડાં.

**scythe.** દાતરડું; ઘાસ કે ઘાસપાતને કાપવા માટેનું હાથાવાળું દાંતાદાર પાનાવાળું ઓજાર.

**sea.** દરિયો, સમુદ્ર. **s. blight.** લુણી. (૨) મોરસ.

**Sea Island cotton.** એક કાષ્ઠક છોડ, જેના તંતુ કાપડ બનાવવા માટે ઉપયોગી બને છે. (૨) ઇજિપ્ત પ્રકારનો કપાસ. *Gossypium barbadense* (**L.**). **s. weed.** સમુદ્રનું ઘાસ. **Seashore Paspalum.** જમીનને સ્થિર કરતું *Paspalum vaginatum* **sw.** નામનું ઘાસ.

**seal** મોહર, સીલ. (૨) લાખની મુદ્રા, સીલ. (૩) લાખ વડે દ્રવ્યને સીલ કરવું. **sealed.** સીલ લગાવેલું, સીલ કરેલું. મહોરબંધ. **s. check.** ગર્ભાશયની અંડવાહિનીમાં જ ઇંડું ભાંગી જાય અને તેની ફાટ પર કચરો જામે તે. **sealing.** ભારે વરસાદ આવવાના પરિણામે થતું અરક્ષિત જમીનના દાણાદાર કણોનું વિઘટન, જેથી કણિકા વિખૂટું પડતાં થતી ખાલી જગ્યામાં મોટા કણો ભરાઈ જાય અને આમ જડું અપ્રવેશ્ય પડ બની જાય. (૨) મોહરબંધી, સીલ લગાડવું. **s. wax.** લાખ અને ટર્પેન્ટાઈનનું સીલ કરવા માટેનું રંગીન મિશ્રણ, જે ઠરી જતાં જામી જાય છે.

**seam.** સાંધો. (૨) બખિયો. (૩) બે ધાર અથવા બે કિનાર વચ્ચેના જોડાણની રેખા. (૪) બે સ્તરોને જુદા પાડતી રેખા. (૩) સિવની.

**sear.** ચિમળાયેલું, સુકાયેલું. (૨) ડામ. (૩) ગરમ લોખંડથી ડામ દેવો, બાળવું.

**season** ઋતુ, મોસમ. (૨) ઉષ્ણતામાન, વરસાદ, વનસ્પતિ ઇ. વિભિન્ન લક્ષણો ધરાવતા વર્ષનાં વસંત, ગ્રીષ્મ, વર્ષા, શરદ, હેમંત, શિશિર (શિયાળો, ઉનાળો, ચોમાસુ) જેવા વિભાગો. (૩) ભારતમાં કૃષિ માટેના રબિ, ખરિફ, ઉનાળુ, વર્ષા જેવા મોસમી વિભાગો; વાવણીને અનુકૂળ બનતી મોસમ. (૪) કોઈ વસ્તુ વધારે ઉપયોગી બને તેમ તેની માવજત કરવી. (૩) મસાલા ઇ.થી ખાદ્ય સામગ્રીઓને સ્વાદુ બનાવવી. **seasonal.** મોસમી, ઋતુ અનુસારનું. (૨) ઋતુના સામયિકચક્ર અનુસારનું. **s. breeder.** વર્ષની ચોક્કસ ઋતુમાં કુદરતી રીતે પ્રજનન કરતું પ્રાણી. **s. canal** મોસમી નહેર. **s. cover crop.** ઋતુ આવરક પાક. **s. demand.** મોસમી માંગ. **s. distribution.** ઋતુ અનુસારનું વરસાદ, પવન ઇ.નું વિતરણ. **s. factor.** મોસમ અંગેનું કારક, **s. fluctuations.** ઋતુગત વધ-ઘટ. **s. grazing.** વર્ષની ચોક્કસ ઋતુ કે ઋતુઓમાં ઉપલબ્ધ બનતું ચરાણ. **s. oestrus.** પશુમાદાને આવતો મોસમી મદકાળ **s. variation** મોસમી વિવિધતા.

**seasoning.** વસ્તુને વધારે ઉપયોગી બનાવવાની પ્રક્રિયા કે માવજત. (૨) ખાદ્ય સામગ્રીને મસાલેદાર બનાવવી.

**seat shift cultivation.** ચલપીઠ કૃષિ નિયંત્રણ.

**seb.** સકરજન.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**sebaceous.** મેદીય દ્રવ્ય ધરાવતું અથવા સ્રવતું. (૨) તેલી, ચીકણું. **s. glands.** ત્વચાગ્રંથિઓ, જે સીબમ નામના તેલી દ્રવ્યનો સ્રાવ કરે છે. **sebacic acid.** સીબેસિક ઍસિડ. **seborrhea.** તેલી સ્રાવ, ત્વચાની તેલ ગ્રંથિ અંગેના ચામડીના દર્દોનો સમૂહ, જેના પરિણામે તેલી દ્રવ્યોની ચામડી પર થતી જમાવટ. **sebum.** ત્વચા ગ્રંથિઓમાંથી થતો ચીકણો સ્રાવ.

**sebestan. sebesten.** *clammy cherry, Indian cherry* તરીકે પણ ઓળખાતું *Cordia dichotoma* **Forst. f.** [Syn. *C. myxa* **auct plur; non L**; *C. obliqua* **Willd.**]. નામનું લસુરા તરીકે ઓળખાતું પંજાબ, રાજસ્થાન, મધ્ય પ્રદેશ, પશ્ચિમ દ્વીપકલ્પીય વિસ્તારો અને ખાસી ટેકરીઓમાં થતું ઝાડ, જેનાં ફળ ખાદ્ય છે.

**Secale** *cereale* **L.** કુસુમ; ખાદ્ય મૂળ ધરાવતું એક ધાન્ય; જુઓ *rye.*

**Sechium** *edule* **(Jacq.) Sw.** ચૌંકુ નામનો એક વેલો, જે મોટા ભાગે ઉત્તર ભારતના ડુંગરાળ પ્રદેશોમાં જ થાય છે, અને જેનાં ફળની શાકભાજી બનાવવામાં આવે છે.

**second.** બીજું, અન્ય. **s. joint.** પક્ષીના પગની જાંગ કે માંસલ ભાગ. **s. stomach.** વાગોળતા પ્રાણીનું *reticulum* નામનું દ્વિતીય આમાશય. **s. year cane.** *Rubus* **sp.**ની બીજા વર્ષે થતી શેરડી, જે ફલદ અંકુર બનાવી, ફળ પેદા કરી મરી જાય છે. **secondaries.** પક્ષીના દ્વિતીય પાંખના સાંધા પરના પાંખનાં મોટાં પીછાંનો અંતઃસ્થ સમૂહ; જે ઊડતા પક્ષીની પાંખની સપાટીને સહાયભૂત બને છે. **secondary** ગૌણ. (૨) દ્વિતીયક, મહત્ત્વ કે સ્થાનની દૃષ્ટિએ દ્વિતીય, બીજું. (૩) વર્ધનશીલ સ્થાનેથી નહિ પરંતુ અન્ય પેશીમાંથી ઊગતું – નીકળવું – ફૂટવું. (૪) જંતુના પાછલા પગનું. **s. association.** ગૌણ સંયોગ. (૨) બીજો – દ્વિતીયક સહસંબંધ. **s. branch.** છોડ કે ઝાડની મુખ્ય શાખામાંથી નીકળતી બીજી શાખા. **s. bud.** સાધારણ કળીની સહાયક અથવા વધારાની કલિકા. **s. cell.** અનુષંગી કોષ. **s. cortex.** દ્વિતીયક બાહ્યક – પ્રાંતસ્થા. **s. derived protein.** દ્વિતીયક વ્યુત્પન્ન પ્રોટીન. **s. feathers.** જુઓ *secondaries.* **s. felling.** બીજને અંકુર ફૂટી શકે તે માટે ઘટાટોપ વૃક્ષની ટોચના ભાગને દૂર કરવાની અને છેવટની ઝાડ પાડવાની પ્રક્રિયાઓ વચ્ચેની પ્રક્રિયા, જેથી ઊગતા પાકને વધારે પ્રમાણમાં પ્રકાશ મળી રહે. **s. fertilizer components.** નાઇટ્રોજન, ફૉસ્ફરસ અને પોટૅશિયમ સિવાયના પરંતુ વનસ્પતિનાં વૃદ્ધિ અને વિકાસ માટે આવશ્યક કૅલ્શિયમ, મૅગ્નેશિયમ, સલ્ફર (ગંધક), મૅન્ગેનીઝ, ઝિંક (જસત), કૉપર (તાંબુ) અને બોરોન જેવાં ખાતરના ઘટકો; ખાતરના દ્વિતીયક અથવા ગૌણ ઘટકો. **s. filial growth.** દ્વિતીયક સંતતિ. **s. growth.** દ્વિતીયક વૃદ્ધિ, પરિવર્તી વૃદ્ધિ, પુનર્વૃદ્ધિ. (૨) કાષ્ઠક. (૩) દ્વિદળ વનસ્પતિની માફક બંને બાજુ પર નવી પેશીનું નિર્માણ કરતી દ્વિતીયક વર્ધનશીલ પેશી અથવા એધાનો થતો વિકાસ. (૪) પહેલા પ્રરોહનો નાશ થયા પછી ગૌણ કળીમાંથી ક્ષુપો અને વૃક્ષમાં થતી વૃદ્ધિ. (૫) કળી અથવા વર્ધનશીલ સ્થાનમાંથી થતો પ્રરોહ. **s. host.** દ્વિતીયક પોષક અથવા યજમાન (વનસ્પતિ અથવા પ્રાણી). **s. infection.** દ્વિતીયક સંક્રમણ અથવા ચેપ. (૨) વચગાળાના નિષ્ક્રિય ગાળા વિના અન્ય કોઈ ગૌણ ચેપથી અથવા પ્રથમ ચેપની રસીથી લાગતો ચેપ. (૨) યજમાન વનસ્પતિ અથવા પ્રાણીમાં પ્રથમ સજીવ દાખલ પડી ગયા બાદ બીજા અથવા જુદા સજીવના આક્રમણ અથવા સંક્રમણથી લાગતો ચેપ. **s. inoculation.** પ્રથમ ચેપ કરનાર સજીવમાંથી બનાવેલી રસી. (૨) પ્રથમ સંક્રામક સજીવથી ઉત્પન્ન થયેલા બીજાણુ અથવા અન્ય પુનરુત્પાદક કોષોમાંથી બનાવવામાં આવતી રસી. **s.**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**insect.** યજમાનને એક સજીવના કારણે ચેપ લાગી ગયો હોવા છતાં ત્યારબાદ ચેપ લગાડનાર બીજું જંતુ, જે પોતાની રીતે હાનિ પહોંચાડવાને અસમર્થ હોય છે. **s. lamella.** દ્વિતીયક પટ્ટી. **s. market.** બીજું – ગૌણ બજાર. **s. material.** ઉત્તરજાત પદાર્થ. **s. mineral.** દ્વિતીયક, ગૌણ અથવા ઉત્તરજાત ખનિજ. **s. mycelium.** દ્વિતીયક કવકજાળ. **s. nucleus.** અનુષંગી કેન્દ્રક. **s. pairing.** ગૌણ સમાગમ. (૨) દૈહિક સમસૂત્ર ભાજન કે અર્ધસૂત્રભાજનના સમયે સાધારણ રીતે ધારવામાં આવે તે કરતાં વધારે સંખ્યામાં એજ પ્રકારનાં રંગસૂત્રો હોય. **s. phloem.** દ્વિતીયક અન્નવાહિની. **s. polyploidy.** ગૌણ બહુગુણતા, પર બહુસંખ્યક કે જેનાં મહત્વના સમૂહમાં બીજા કરતાં વધારે આવર્તનમાં કેટલાંક રંગસૂત્રો હોય. **s. particle.** દ્વિતીયક કણ. **s. protonema.** દ્વિતીયક પ્રતંતુ. **s. roots.** પ્રાથમિક મૂળની જ પેશીઓમાંથી નીકળેલી શાખાઓ, જે તૃતીય મૂળનું નિર્માણ કરે છે. (૨) મૂળ ઉદ્ગમસ્થાન કરતાં અન્ય સ્થાનોમાંથી ફૂટતાં મૂળ; દ્વિતીયક મૂળ. **s. scaffold.** દ્વિતીયક મંચ – માંચડો. (૨) પ્રાથમિક મચાની સાથે જોડાયેલી મોટી શાખા. **s. sexual character.** ગૌણ લૈંગિક લક્ષણ; લૈંગિક અંતઃસ્રાવોનું નિયંત્રણ મેળવતી પણ પ્રજનન કાર્ય કરવાને અસમર્થ અભિવ્યક્તિ. **s. shoot.** દ્વિતીયક પ્રરોહ; એકજ વર્ધમાન ઋતુ દરમિયાન પ્રાથમિક કે મુખ્ય શાખાની પાર્શ્વીય શાખા, બંને એક સાથે વિકાસ પામતી હોય છે. **s. supporter.** દ્વિતીયક નિલંબ – આલંબન આપનાર. **s. symptom.** ગૌણ લક્ષણ. **s. thickening.** દ્વિતીયક સ્થૂલીભવન – સ્થૂલન. **s. tissue.** અનુષંગી પેશી. **s. tracheid.** દ્વિતીયક જલવાહક કોષ. **s. vascular tissue.** દ્વિતીયક વાહકપેશી, દ્વિતીયક વાહિની. **s. winding.** ઉપવેષ્ટન. **s. xylem.** દ્વિતીયક જલવાહિની. **s. zygote.** દ્વિતીયક યુગ્મક – ફલિતાંડ.

**secrete.** ખાનગી કે ગુપ્ત રાખવું. (૨) સ્રવવું. **secretin.** ગ્રહણી અથવા અંત્રાંત્રનો અંતઃસ્રાવ, જે અગ્ન્યાશયના સ્રાવ અથવા ઉત્સેચકોનું નિયમન કરે છે. **secretion.** સ્રાવ, સ્રવણ. (૨) લાળ અને દૂધ જેવું દ્રવ્ય, જેને પ્રાણીઓના કોષો અલગ કરે અથવા જેનો વિસ્તાર કરે. (૩) આવા અલગીકરણની પ્રક્રિયા. **secretory cell.** બાષ્પશીલ તેલ, ગુંદર, રાળ, ઇ.નાસ્રાવ સાથે પ્રત્યક્ષ રીતે સંકળાયેલો કોષ (૨) પાચન, ચયાપચય ઇ.ની સાથે સંકળાયેલાં સ્રાવનાં અંગો. (૩) સ્રાવી કોષ.

**sect.** મૂળ અંગથી અલગ કરાયેલો ભાગ.

**section.** છેદ, કાપ. (૨) ખટમધુરાં ફળનો અંતઃસ્થ ખંડ. (૩) કાપ અથવા છેદથી થયેલી વિયુક્તિ, આમ કપાયેલો ભાગ. (૪) એકાદ ભાગ, જેમાં દ્રવ્યનું ગમે તેમ અથવા કુદરતી રીતે વિભાજન કરાયેલું કે થયેલું હોય. (૫) ઊભા, આડા અથવા અનુપ્રસ્થ કાપથી આંતરિક સંરચનાનું દૃશ્ય. (૬) ઉપજાતિનો અનુભાગ. (૭) કોઈ એક વિભાગનો અનુભાગ. (૮) પ્રજાતિની ઉપજાતિનો ઉપવિભાગ **s., longitudinal** આયામ છેદ, અનુદૈર્ઘ્ય છેદ. **s., transverse** અનુપ્રસ્થ છેદ. **s., comb honey** ચોરસ અથવા લંબ ચોરસ. ચોકઠા કે ફ્રેમમાં તૈયાર થયેલું મધ. **sectional.** વિભાગીય, અનુભાગીય. **s. variegation.** ભિન્ન સંક્રામક હરિતહીનતા, જેમાં પાન અને પ્રકાંડની ઉપર પીળા કે હરિત વિસ્તાર પ્રસરેલા હોય.

**sectorial chimaera.** ત્રિજ્યખંડી વિચિત્રોતકી.

**secundines.** ઉત્તરજન્મ. (૨) જરાયુ.

**securiform.** કુહાડી આકારનું.

**Securi nega** *leucopyrus* (**Willd.**) **Miicll.—Arg** [*Syn. Phyllanthus leulcopyrus* **Koen. ex Roxb**; *Flueggea leucopyrus* (**Koen.**)

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**Willd.**]. હારઘો નામનો ઉત્તર પ્રદેશ, પંજાબ, મહારાષ્ટ્ર અને તામિલનાડુમાં થતો છોડ, જેનાં ફળ ખાદ્ય છે.

**sedative.** પ્રશમક, શામક. (૨) ચેતના કે ઉશ્કેરાટને શાંત પાડનાર કે કોઈ અંગની-વધારે પડતી ક્રિયાશીલતાને નરમ કે મંદ પાડનાર (ઈલાજ, ઔષધિ અથવા દ્રવ્ય).

**sedentary.** બેઠાડુ; એક જ સ્થાનનું કે એક જ સ્થાનમાં પડી રહેનારું. (૨) ગતિમાન નહિ બનનારું. **s. soil.** મૂળ સ્થાનીય જમીન; અંતઃસ્થ મૂળ શૈલ પર તરતજ જામતી – થતી જમીન, જેમાં અવશિષ્ટ અને કાર્બન પ્રધાન માટીનો સમાવેશ થાય છે. **s. s. cumulose.** કાર્બન પ્રધાન મૂળ સ્થાનીય જમીન. **s. s. residual.** અવશિષ્ટ મૂળસ્થાનીય જમીન.

**sedge.** તૃણ જેવી કલણો કે પાણીની બાજુએ થતી વનસ્પતિ. (૨) આવા પ્રકારની વનસ્પતિનું સ્થાન.

**sediment.** કોઈ પણ પ્રવાહીને તળિયે ઠરતો, જામતો કચરો, દ્રવ્ય. (૨) કીટું. (૩) પાણીથી નિક્ષેપિત થતું માટી કે કાંપવાળું કે કાર્બનિક દ્રવ્ય. **s. test,** દૂધ ઉત્પાદનની બિનસ્વાસ્થ્યકારક પરિસ્થિતિના કારણે તેમાં રહી જવા પામતી અશુદ્ધિ કે કચરા અંગે કરવામાં આવતી કસોટી, જેમાં ગળણીથી દૂધને ગાળવામાં આવે છે, જેના પરિણામે ગળણીમાં જે કચરો છૂટો પડે તેનું પ્રમાણ, વજન અને કુલ દૂધના જથ્થાની સાથેની ટકાવારી કાઢવામાં આવે છે. (૨) દૂધની ગુણવત્તા ચકાસવા વિવિધ સ્થાનો પરથી આવતા દૂધની તેના ગ્રહણ સ્થાન જેવા મંચ કે પ્લેટફોર્મ પર કરવામાં આવતી કસોટી. જુઓ *platform test.*

**sedimentary.** નિક્ષેપ નિર્મિત. (૨) જલકૃત **s. rocks.** જલનિર્મિત અથવા જલકૃત. શૈલ – ખડકો. (૨) પવન, પ્રવાહ અને ગુરુત્વાકર્ષણના કારણે વિઘટન પામેલા શૈલ ખંડકો એકત્રિત બની ઉપરાઉપરી થર બની ખડક અથવા શૈલ રૂપે રૂપાંતર પામે તે. (૨) પ્રાથમિક આગ્નેય ખડકોમાંથી વ્યુત્પન્ન થયેલાં દ્રવ્યોમાંથી બનવા પામેલા આવા ખડકો, આ કારણે તે દ્વિતીયક ખડકો ગણાય છે. આના દૃષ્ટાંત તરીકે ચૂનાના શૈલો, ડોલોમાઈટ, રેતિયા પથ્થર, શેલ ઇ. ને ગણી શકાય. પૃથ્વીના પડ પર જોવામાં આવતા ખડકો અને શૈલો પૈકી આવા જલકૃત અથવા જલવાહિત કે જલનિર્મિત ખડકો – શૈલોનું પ્રમાણ લગભગ 80 ટકા જેટલું થવા જાય છે, પરંતુ એકંદરે સૌ પ્રકારના ખડકોમાં તેમનો હિસ્સો માત્ર પાંચ જ ટકા હોય છે. બાકીના 95 ટકા ખડકો આગ્નેય અથવા અગ્નિકૃત હોય છે. (૩) સ્તરિત શૈલો.

**sedimentation.** ઠારણ. (૨) કુદરતી કે યાંત્રિક રીતે જામી જવું, ઠરવું, તળિયે બેસવું. **s. test.** જુઓ *sediment test.*

**seed.** બીજ. (૨) ફલિતાંડ, બીજાંડ, જેમાં બીજાવરણ યુક્ત ભ્રૂણ, કોઈક વાર ભ્રૂણકોષ અને કવચિત પ્રદેહકોષનો સમાવેશ થયો છે. (૩) અનુકૂળ પરિસ્થિતિ મળતાં અંકુરણ પામવા સજ્જ હોય તેવું ભ્રૂણ ધરાવતું પક્વ ફળ. (૪) બી સિવાયનો વનસ્પતિનો પ્રજનન માટે ઉપયોગમાં આવે તેવો ભાગ. (૫) સંતતિ કે પ્રજા. (૬) શુક્રાણુ કે વીર્ય. **s. analysis.** બીજ વિશ્લેષણ. (૨) ચોખ્ખાં બી અને ધોરણસર વજન ધરાવતાં બીની સંખ્યા વચ્ચે ટકાવારીનો નિર્ણય અથવા નીંદણની અથવા બીજા પાકનાં બીજની અશુદ્ધિઓ અને ચોક્કસ બીના નમૂનામાં રહેલા અક્રિય દ્રવ્યની ટકાવારી. **s. attachmant.** બીજની સાથે સંકળાયેલું સાધન – દ્રવ્ય. **s. bearing plant.** બીજધારી વનસ્પતિ. **s. bed.** બીજ માટે કરેલી ક્યારી. (૨) બી મેળવવા માટે તથા અંકુરણ અને વૃદ્ધિને અનુકૂળ બને તે માટે તૈયાર કરવામાં આવેલી જમીનનું ઉપલું પડ. **s. b. sowing** ક્યારીમાં બીજની કરવામાં આવતી વાવણી. **s. borne disease.** બીજદ્વારા સંક્રામિત થતો–વાહિત બનતો વનસ્પતિનો રોગ. **s. b. infection.** બીજવાહિત ચેપ – સંક્રમણ. **s. box.** બીજધાની. (૨) વાવણી માટેનું સાધન – બીજ રાખ-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાની પેટી. (૩) બીને ઓરતી વખતે કેટલાંક બી છિદ્ર વાટે બહાર પડી ઓરાય તે માટે સાધનને સરળ બનાવવા, હળની સાથે જોડવામાં આવતી બી માટેની પેટી. s. **bud.** બીજાંડ, મહાબીજાણુ ધાની, જેમાં ભ્રૂણપુટનો સમાવેશ થાય છે. s. **capsule.** બીજ સંપુટ. (૨) સૂકું સ્ફોટક બે કે તેથી વિશેષ કોષ ધરાવતું, સાધારણ રીતે ઘણાં બીજનું પાત્ર. s. **case.** સિંગ કે બીવાળું સંપુટ અથવા પોલું ફળ. (૨) પ્રદેહકોષ. (૩) ફળી. s. **certificate.** શુદ્ધતા અને બીજવાહિત જંતુ વિહીનતાના નિયંત્રણ માટે, પેદા થયેલા કે વેચવા માટેનાં બી માટેનું પ્રમાણપત્ર, બીની શુદ્ધતાની ખાતરી આપતું પ્રમાણપત્ર. s. **coat.** બીજાવરણ, બીજ કવચ, બીજચોલ, બીજ બાહ્યાવરણ. (૨) અંડકના આવરણમાંથી બનતું બીજાવરણ. (૩) છડેલા ધાન્યનું ભૂસું, છાલ કે ફોતરાં. s. **coating.** બીજ લેપન, બીજાવરણ. s. **cotton.** લોઢ્યા વિનાનો કપાસ, જેમાં કપાસિયા અને રૂ બંને હોય છે. કપાસનું કાલું. s. **crop.** મુખ્યત્વે બી મેળવવા ઉગાડવામાં આવતો પાક. s. **device.** બીને વાવવાનું સાધન. s. **dispersal.** બીજનું પ્રસારણ, બીજ વિકિરણ. s. **dissemination.** બીજ પ્રસારણ. s. **drill.** જમીનમાં એક સરખી ઊંડાઈએ અને વચગાળાની જગ્યા રહે તેવી રીતે બીને ઓરવા માટેનું સાધન કે શારડી. s. **eliminator.** તંદુરસ્ત દાણાને, જંતુના ઉપદ્રવવાળા દાણાથી ચાળી જુદા પાડવા માટેનું હાથચાલિત યંત્ર; ઝીણાં છિદ્રોવાળા સાધનમાં મૂકીને આ સાધનને ગોળ ગોળ ફેરવી દાણાને તારવવા-આવે છે. જેથી રોગગ્રસ્ત દાણા ચળાઈને દૂર થાય અને તંદુરસ્ત દાણા અલગ પડે. એક દિવસમાં આ રીતે 450 – 800 રતલ દાણા પર પ્રક્રિયા કરી શકાય છે. s. **farm.** ખેતર – ફાર્મ, જેમાં માત્ર બીજ પેદા કરવામાં આવતાં હોય. s. **formation.** બીનું થવું – બનવું; બીજ નિર્માણ. s. **germination.** બીજનું અંકુરણ. (૨) ભ્રૂણની વૃદ્ધિનો પ્રારંભ. s. **harrow.** જમીનને સરખી બનાવવી-સમતલ કરવી. (૨) બીને દાબનાર ઓજાર-ઉપકરણ s. **hopper.** બીજધાની, બીજ રાખવા માટેનું કે જેમાં બીજ પડે તેવી પેટી, જેની સાથે જડાયેલી નળીઓ અને ટાયર હોય, જેથી બીજ જમીન પર પડે. s. **leaf.** બીજખંડ, બીજપત્ર. s. **lac.** લાક્ષાચૂર્ણ, લાખના દાણા. s. **multiplication**. બીજવર્ધન, બીજ વૃદ્ધિ, ગુણન. s. **pan.** ઘડેલું કૂંડું, છીછરું, માટીનું પાત્ર, જેમાં ધરું કરવામાં આવે છે અને બીને રાખવામાં આવે છે. s. **plant.** બીજ ધરાવતો છોડ, વનસ્પતિ, બીજધારી વનસ્પતિ. s. **plate.** બીજ પ્લેટ. s. **plot.** બીને પેદા કરવા માટે અલગ રહેતો પ્લોટ કે જમીનનો ભાગ. s. **potato.** વાવવા માટે રાખેલો કે યોગ્ય રીતે કાપેલો આંખવાળો બટાકો. s. **processing.** બીને યંત્રથી વાવવાની પ્રક્રિયા સરળ બને તે માટે બીજની અશુદ્ધિઓ ઇ.ને દૂર કરવાની પ્રક્રિયા. (૨) વેચાણ માટે બીને સાફ કરવા, ચકાસવા, તેની આવશ્યક તદર્થ માવજત કરવી અને તેમને પેક કરવા વગેરેની પ્રક્રિયા. s. **production.** કેવળ બીજ મેળવવા માટેનો પાક લેવો; બીજ નિર્માણ. s. **purity.** બીજના નમૂનામાં આખા અને શુદ્ધ બીની ટકાવારી, બીની શુદ્ધતા. s. **rate** બીજદર. s. **rot.** ફૂગ, પાણીનો ભરાવો કે અન્ય કારકોથી વાવ્યા પછી બીજને લાગતો સડો. s. **scarification.** સખત બીજાવરણવાળા બીજને અંકુરણ યોગ્ય બનાવવા. s. **selection** વાવવા માટે યોગ્ય બીની કરાતી પસંદગી. s. **stalk.** બીજ નાળ, બીજ વૃંત. (૨) અંડાશયના જરાયુમાંથી નીકળતો દંડ, જેમાં અંડક હોય છે. s. **stock.** સારી જાતના ઓલાદનું પ્રાણી. (૨) ભાવિ સારી વનસ્પતિ માટે ખાસ પસંદ કરેલું ઉત્તમ પ્રકારનું બીજ. s. **stratification.** વાવતી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વખતે બી અંકુરિત બને તે માટે તેના વિરામ સમયમાં વિક્ષેપ કરવાની પદ્ધતિ, જે સફરજન, ચેરી, પીચ, ક્વિન્સ, ફ્રેન્ચ નાસપતી, પ્લમ ઇ. અંગે હાથ ધરવામાં આવે છે. આ પદ્ધતિ અનુસાર બીને રેતીના થર બનાવી શિયાળામાં તેને ઠંડક મળે તે માટે તારથી બંધ કરેલી પેટીમાં મૂકવામાં આવે છે. શિયાળા બાદ વાવણી માટે બીને બહાર કાઢવામાં આવે છે. **s. testing.** શુદ્ધતા, ફલનયોગ્યતા અને ચોક્કસ પ્રકારના બીજ માટેની આવશ્યકતાની કરાતી ચકાસણી-પરીક્ષા. **s. -to-seed.** મૂળ ધરુમાંથી બીને કાઢ્યા વિના, તત્સ્થાનીય રીતે બીને ઉગાડવાની રીત. **s. treatment.** રાસાયણિક પાઉડર, સંયોજનો, ગરમી ઇ.-થી બીજવાહિત સંક્રમણની સામે બીજની કરવામાં આવતી માવજત. **s. tree.** બીજધારી વૃક્ષ. **s. tube.** બીજનલિકા. **s. vessel.** શિંગ જેવી બીજવાહિની, પાત્ર. **s. wool.** રૂના તંતુ કાઢી લીધા વિનાના લોઢ્યા વિનાના કપાસિયા. **s. year.** પુષ્કળ બી આપનાર વર્ષ. **seeded.** વાવેલું, બીજ ઓરેલું. (૨) બીજાણુ, ઉત્સેચક, સંવર્ધક દ્રવ્યોની સાથે વાવેલું કે પૂરું પાડેલું. (૩) બીજ કે બીને કાઢી લીધેલું. **seeding.** બીજથી કે શાકીય રીતે વનસ્પતિ ઊગશે કે નહિ તે બાબતથી નિરપેક્ષ રીતે વાવવાની પદ્ધતિ. **s. felling.** પક્વ વૃક્ષઘટાને ખુલ્લી કરવી, જેથી બીજમાંથી પુનઃ અંકુરણ થઈ શકે. **seedless.** બીજ વિનાનું, બીજરહિત. ***S.* Early litchi.** ઉત્તર પ્રદેશમાં ઉગાડવામાં આવતી બી વિનાની લીચીનો એક પ્રકાર. **s. guava.** એક કે બે અથવા મુદ્દલે બીજ ન હોય તેવા અનિયમિત ઊગતા વેપારી મહત્ત્વ વિનાનાં જામફળ. **S. Late litchi.** પ. ઉત્તર પ્રદેશમાં ઊગતી, બીજવિહીન પરંતુ સારી જાતની ન હોય તેવી લીચીનો એક પ્રકાર. **seedlessness.** અબીજધારિતા, બીજવિહીનતા. **seedling.** બીજાંકુર, બાલ પાદપનો ટોપો. (૨) જમીનની સપાટીથી સહેજ ઊંચે આવતી અને બીજમાંથી ઊગતી વનસ્પતિની શરૂઆતની અવસ્થા. (૩) ઉછેરગૃહમાં પુનઃરોપણ ન થયો હોય તેવો રોપો. (૪) સંકર અથવા કલમ કરવામાં આવી ન હોય તેવું ઝાડ. **s. blight.** ડાંગરનો એક રોગ; જુઓ *rice foot rot.* **s. rootstock.** કલમ અથવા સંકર કર્યું હોય તેવાં બીજમાંથી ઊગેલો મૂળનો કલમ સ્કંધ. **seedsman.** બીજનો વ્યાપાર કરનાર, જે બીને સાફ અને શુદ્ધ કરવા, તેને ચકાસવા, પેક કરવા ઇ. કાર્યો કરે છે. **seedy.** પુષ્કળ બીજધારી. (૨) બીજવાળું. (૩) વાનસ્પતિક લક્ષણો વિનાનું. (૪) બીજ બનવું.

**seep.** જમીનમાંથી પાણીનું ધીમું સ્રવણ થઈ ખાડામાં ભરાઈ જવું. (૨) છિદ્રો મારફતે ભીંજવું. (૩) વહનદ્વારા પાણી ગુમાવવું. **seepage.** સ્રવણ. પાણીના સ્રોતમાંથી જમીનમાં પાણીનું ભિતરવું. **s., effluent.** બહિઃસ્રવણ. **s., influent** અંતઃસ્રવણ.

**seet muli.** નાની નાજુક શાકીય વનસ્પતિ, જેનાં કુમળાં પ્રાંકુર શાકભાજી તરીકે ખવાય છે.

**segment.** ખંડ. (૨) કુદરતી રીતે પદાર્થને વિભાજિત-ખંડિત કરી શકાય તેવો તેનો કોઈ એક ભાગ. (૩) અન્ય ભાગથી જુદો કરવામાં આવતો કે જુદો થઈ શકે તેવો પદાર્થનો ભાગ. (૪) નારંગી, ફળ કે જંતુઓનો ખંડ. **segmental.** ખંડીય, ખંડને લગતું. **s. appendages.** ખંડીય ઉપાંગો. **s. exchange.** ખંડ વિનિમય. **segmentation.** ખંડ અથવા વિભાગોમાં થતું વિભાજન અથવા ખંડીભવન. **s. of characters.** ગુણધર્મવિશ્લેષણ.

**segregate.** અન્યમાંથી અલગ કરવું, પૃથક્ કરવું, જુદું પાડવું. (૨) સંયોજિત ન હોય તેવું એકલ. **s. polyploidy.** પૃથગ્ બહુગુણતા. **segregation.** પૃથક્કરણ, પૃથગ્ભવન. (૨) અલગ અલગ સમૂહોમાં જાતિઓ અથવા પ્રકારોનું થતું

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કે કરાતું અલગીકરણ. (૨) જનકકોષમાં સમજનિનિક જનિનોનું પૃથક્કરણ.

**Sehima** *nervosum* (**Rottl.**) **Stapf.** [*Andropogon nervosus* **Rottl.**]. પાવના, શેડા; તૃણકુળની ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર અને તામિલનાડુમાં થતી ઘાસચારા માટેની વનસ્પતિનો એક પ્રકાર.

**seismograph.** ભૂકંપ જાણવ નું સાધન. **Seismology.** ભૂકંપ વિજ્ઞાન. **seismometer.** ભૂકંપ માપવાનું સાધન. **seismonasty.** કંપ, સ્પંદન વૃત્તિ.

**sejugous.** પર્ણિકાની ૬ જોડ ધરાવતું.

**selection.** પસંદગી. (૨) ચયન. (૩) સરેરાશ પ્રકારને સુધારવા, તેમાં પરિવર્તન આણવા અથવા તેને વાવવા માટે ઇચ્છિત લક્ષણો ધરાવતા વ્યક્તિગત પ્રકારની સમગ્ર સમૂહમ થી કરવામાં આવતી પસંદગી. **s. basis.** પસંદગીનો આધાર. **s. forest.** સઘળાં વયવર્ગો ધરાવતું જંગલ. **selective.** પસંદ કરવાને યોગ્ય, પસંદ કરવાને પાત્ર, પસંદગીયુક્ત. **s. absorption.** પસંદગીયુક્ત થતું અવશોષણ. **s. breeding.** ચોક્કસ લક્ષણો માટે પસંદ કરેલા વનસ્પતિ અથવા પ્રાણીના પ્રકારનું (અનિયમિત કે યાદૃચ્છિકની વિરુદ્ધ) પસંદગીયુક્ત સંવર્ધન. **s. contact herbicide.** પસંદગી અનુસારનું વનસ્પતિનાશક સ્પર્શક દ્રવ્ય. **s. cutting.** અન્ય વૃક્ષોની વાવણી, વૃદ્ધિ અથવા વિકાસમાં આડે આવ્યા વિના પસંદ કરવામાં આવતાં વૃક્ષોને દૂર કરવા – આવાં વૃક્ષોને કાપી નાખવાં. **s. fertilization.** પસંદગીયુક્ત ફલિનીકરણ. **s. grazing.** બીજી વનસ્પતિને છોડીને ચોક્કસ પ્રકારની વનસ્પતિને ચારા તરીકે પસંદ કરવાની પ્રાણીઓની વૃત્તિ. (૨) પસંદગીયુક્ત ચરાઈ. **s. harvesting.** પસંદગી અનુસાર કરવામાં આવતી લણણી કે કાપણી અથવા મોલ લેવો. **s. herbicide.** પસંદગી અનુસાર શાકીય વનસ્પતિનો નાશ. (૨) મુખ્ય પાકનો નાશ કર્યા વિના ઘાસપાત કે નીંદણ જેવી નકામી વનસ્પતિનો નાશ કરે તેવું ઝેરી રસાયણ. **s. maturation.** પસંદગીયુક્ત પરિપક્વતા. **s. oil spray.** પસંદગી અનુસાર તેલનો છંટકાવ.

**selenite.** પારદર્શક પાતળા પડમાં સ્ફટિકીય કે શલ્કી સલ્ફેટ ઑફ લાઈમ, સોલે નિયમ લવણ. **selenium.** ગંધકની સાથે સંકળાયેલું અને જમીનમાં રહેલું, બિનધાત્વીય તત્ત્વ, જેનું વનસ્પતિ શોષણ કરે છે પરંતુ પ્રાણીઓ માટે તે ઝેરવાળુ છે.

**Selenothrips** *rubrocinctus*. કાજુનાં પાનને લાગુ પડતો ચિપ કીટ.

**self.** સ્વ. **s. analysis.** સ્વ-ઉત્સેચન, સ્વ-વિશ્લેષણ. **s.-blanching.** આપમેળે હરિતપણું ગુમાવવાં. **s.-cleaning harrow.** સ્વતઃ રીતે સાફ કરતું કૃષિ ઉપકરણ. **s.-compatible.** સ્વતઃ ફલનક્ષમ; આપ મેળે ફલિત બનતું. **s.-cultivation.** સ્વતઃ ખેડાણકામ. **s.-duplicating.** સ્વયં દ્વિગુણિત થતું. **s.-evident.** સ્વતઃ સિદ્ધ. **s.-fed.** આત્મ પરાગનયન, સ્વ-પરાગનયન. (૨) સ્વ-પૂરિત. **s. f. lime.** વનસ્પતિ અથવા પ્રાણીઓની અંતઃ ફલન – અંતઃ સંવર્ધિત પેઢી: (૨) જનક વનસ્પતિ કે પ્રાણી શુદ્ધ ઓલાદના ગુણ પ્રાપ્ત કરે ત્યાં સુધી અંતઃ સંવર્ધન ચાલુ રહેતું ધારવામાં આવે છે. **s.-feeder.** પક્ષીઓ ચણી શકે તે માટે તેમના ચણના પાત્રમાં આપમેળે પડતું ચણ. **s.-feeding.** સ્વેચ્છાએ પ્રાણી પોતાનો ખોરાક અથવા ચારો મેળવી લે તેવી ચરાણની વ્યવસ્થા. **s.-fertile.** પોતાના જ નર તત્ત્વથી ફલિત બનવાની ક્ષમતા. (૨) સ્વ-ઉર્વર. **s.-fertility.** અન્ય પ્રકારના ફળમાંથી પરાગરજ મેળવ્યા વિના ફળની ફલનક્ષમ બી પેદા કરવાની શક્તિ. **s. fertilization.** સ્વ-પરાગનયન દ્વારા ફલિત બનવાની ક્ષમતા. **s. -fruitfulness.** બીજા પ્રકાર દ્વારા પરાગરજ મેળવ્યા વિના જ ફળને પક્વ કરવાની વનસ્પતિની નીજી ક્ષમતા; સ્વ-પરાગનયન દ્વારા ફળ પેદા કરવાની –

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ફલિત બનવાની વનસ્પતિની ક્ષમતા. **s.-incompatible.** સ્વફલન માટે અયોગ્ય – અક્ષમ; સ્વતઃ અસંમતતા – અસમર્થતા. **s.-induced.** સ્વપ્રેરિત. **s. mulching soil.** સ્વતઃ કર્ષિત બનતી – ખેડાતી જમીન. (૨) ઊંડી ફાટમાં વિભાજિત થતી અને સુકાઈ જતી સપાટી પર દાણાદાર બનતી જમીન, વરસાદ આવતા, જેના દાણાદાર કણો ફાટે છે. **s.-ploughing soil.** જુઓ *selfmulching soil.* **s.-polinated.** સ્વ પરાગિત, આત્મ પરાગિત. **s.-pollinatien.** સ્વ-પરાગનયન, સ્વતઃ પરાગનગતા. (૨) એક જ ફૂલના પરાગાશયમાંથી તેની જ પરાગ નલિકામાં પરાગરજનું જવું અથવા, એ જ છોડનાં બીજા ફૂલની પરાગનલિકામાં તેનું જવું. (૩) અલિંગી પ્રજનન ધરાવતી વનસ્પતિ. **s.-propagation.** સ્વ-વર્ધન, સ્વ-પ્રગુણન. **s.-propelled high clearance sprayer.** છંટકાવ માટેનું સ્વચાલક સાધન. (૨) ઊંચી જમીન પરના પાક પર છંટકાવ કરતું જળચાલિત છંટકાવનું સાધન, જે 5–8 ફૂટ ઊંચા છોડ પર સહેલાઈથી છંટકાવ કરી શકે છે, અને આ રીતે દિવસમાં 10–15 એકર જમીનને આ હેતુ માટે આવરી લઈ શકે છે. **s.-pruning.** કુદરતી છટણી (૨) પ્રકાશ અને પોષણ, અપક્ષય, જંતુ, પવન ઇ.થી જીવંત વનસ્પતિમાંથી કુદરતી રીતે જ ડાળાં પાંખળાં કે શાખાઓનું થતું પતન કે મૃત્યુ. **s.-seed.** સ્વત બીજ રોપણી-ઓરણી. (૨) આપમેળે જ પોતાનાં જ બીને પ્રસારિત કરવાની ઘટના. **s.-seeded.** આપમેળે વવાયેલું. **s.-seeding.** ખુદ વનસ્પતિ પોતે જ પોતાનાં બીને પ્રસારિત કરે તે ઘટના કે ક્રિયા. (૩) પોતાનાં જ બીજ પ્રસારિત કરતી (વનસ્પતિ). **s.-sterile.** સ્વવધ્ય, પોતાના જ નરદ્રવ્યથી ફલિત બનવાની અક્ષમતા ધરાવતી (વનસ્પતિ). **s. sterility.** સ્વવધ્યતા. **s. sustaining.** સ્વાવલંબી. **s. unfruitfulness.** પરાગનયન માટે પોતાના જ પ્રકારનો ઉપયોગ કરતાં ફલિત થવાની વનસ્પતિની અક્ષમતા.

**sem.** વાહ.

**sematic.** દુશ્મનને ભગાડી મૂકવા – ચેતવવા અથવા તેનું ધ્યાન ખેંચવા પ્રાણી પરના વિવિધ પ્રકારના રંગો કે ચિહ્નો.

**Semecarpus** *anacardium* **L. f.** [*Syn. Anacardium orientale* **L.**]. કાકમારી, ભીલામું નામનું પંજાબ, આસામ, ખાસી ટેકરીઓ, મધ્ય પ્રદેશ અને પશ્ચિમ દ્વીપકલ્પીય પ્રદેશોમાં થતું એક વૃક્ષ, જેના ફળના પરિઆવરણમાંથી મળતું કાળું રેઝિન, કાપડ પર ચિહ્ન લગાવવાના કામમાં આવે છે. તેનાં બીને પીસીને કાઢવામાં આવતું તેલ ઊધઈ સામે ઉપયોગમાં લેવામાં આવે છે તથા તેનાથી ફરસને શોભાયમાન બનાવવામાં આવે છે. તેના કાષ્ઠફળ ચામડાં કમાવવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે.

**semen.** વીર્ય, શુક્ર. (૨) શુક્રાણુ કે શુક્રકોષ ધરાવતું પ્રજનન તંત્રના નરના વૃષણમાંથી સ્રવાતું જાડું, સફેદ પ્રવાહી. **s. collection funnel.** કૃત્રિમ બીજ-રોપણ અથવા વીર્યસ્થાપન માટે વીર્ય એકઠું કરવા માટે યોનિની સાથે જોડેલી રબરની ટ્યૂબ, જે દ્વારા વીર્ય વહન થાય છે. **s. collector.** કૃત્રિમ વીર્ય સ્થાપન માટે પાલતુ નરપ્રાણીનું વીર્ય એકઠું કરવા માટેનું સાધન અથવા તે માટેનું પાત્ર, જેમાં કૃત્રિમ યોનિ અને ટેસ્ટ ટ્યૂબ જેવા ભાગ હોય છે. **s. plasma.** વીર્યરસ, વીર્યનું પ્રવાહી દ્રવ્ય. **seminal.** બીજ, વીર્ય અથવા પ્રજનન અંગેનું, પ્રજનનીય, અંકુરક્ષમ. (૨) વીર્યનું -ને અંગેનું. **s. fluid.** વીર્ય. **s. roots.** અંકુરિત બનતી મકાઈ કે અન્ય ધાન્યમાંથી પાર્શ્વીય રીતે ઊગતાં નાનાં મૂળ. **s. state** અવિકસિત અવસ્થા. **s. vesicles.** શુક્રવાહિનીના છેડે આવેલી ગ્રંથિઓ, જે પ્રત્યેક મૂત્ર માર્ગની સાથે જોડાયેલી હોય છે; આ ગ્રંથિઓનો સ્રાવ શુક્રાણનું વહન કરતો હોવાનું મનાય છે. **semination.** વનસ્પતિની બી પ્રસારણની

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રક્રિયા. (૨) શુક્રાણુનું સ્ખલન, વીર્યસ્રાવ.

**seminiferous.** બીજધારણ, વીર્યનું વહન.

**semi—.** અર્ધ અર્થસૂચક પૂર્વગ.

**semi-annual.** અર્ધ-વાર્ષિક (વનસ્પતિ); અર્ધા વર્ષ માટેજ ઊગતી અથવા દર છ મહિને પુનરાવર્તિત બનતી (વનસ્પતિ.)

**semi-arid.** અર્ધ-શુષ્ક અથવા અર્ધ-વેરાન (ભૂમિ). સત્ય રણ અને ફળભેજ ધરાવતા વિસ્તારો વચ્ચેનો પ્રદેશ. **s. a. climate.** અર્ધશુષ્ક આબોહવા.

**semicell.** અર્ધકોષ.

**semidry date.** ઉચ્ચ શર્કરા દ્રવ્ય પણ અલ્પ ભેજ ધરાવતા ખજૂરનો એક પ્રકાર. (૨) ખારેક. **s. drying oil.** 90 થી 120 આયોડીન મૂલ્ય ધરાવતું તેલ, જે હવામાં ખુલ્લું રાખવામાં આવે તો, ધીમી ગતિએ સુકાય છે, જેમ કે કપાસિયાનું તેલ અથવા તલનું તેલ.

**semifluid sol.** અર્ધદ્રવ સોલ.

**semigami.** અર્ધયુગ્મન.

**semi-hard wood.** નરમ કાષ્ઠ અને દૃઢ અથવા સખત કાષ્ઠની વચ્ચેનો વય અને ધ્રિગ્નીભવનની દૃષ્ટિએ વનસ્પતિના પ્રરોહ. **s.-h. cutting.** પ્રજનન માટે અર્ધદૃઢ કાષ્ઠના કરવામાં આવતાં ટૂકડા. **s. hardy.** વધારે મજબૂત વનસ્પતિ, જેટલા પ્રમાણમાં અતિશય ઠંડીને સહન કરે તેટલી ઠંડી સહન કરી ન શકનાર (વનસ્પતિ).

**semilethal factor.** આંશિક-અર્ધ-ઘાતક કારક

**semipermeable.** અર્ધપારગમ્ય, અર્ધ પ્રવેશશીલ. **s. p. membane.** અર્ધ-પારગમ્ય કલા અથવા ત્વચા.

**semi-quantitative method.** અર્ધપ્રમાણાત્મક પદ્ધતિ.

**semeiology. semiology. semeiotics. semiotics.** રોગ લક્ષણ વિજ્ઞાન.

**semola. semolina.** ડ્યૂરમ પ્રકારના ઘઉંમાંથી બનાવવામાં આવતી એક પ્રકારની ખાદ્ય વાનગી.

**semur.** શીમળો.

**sena.** ટિંકચર બનાવવામાં ઉપયોગમાં લેવામાં આવતું એક પાનધારી વૃક્ષ; જુઓ *Indian senna.*

**sengri.** વાર્ષિક કે દ્વિવાર્ષિક શાકીય વનસ્પતિ. (૨) મોગરી.

**senji.** રણમેથી.

**senna.** જુઓ *Indian senna.*

**sense.** સંવેદના જગાડનાર વિશિષ્ટ દૈહિક શક્તિ. (૨) દૃષ્ટિ, શ્રવણ, ગંધ, સ્વાદ અને સ્પર્શની પાંચ જ્ઞાનેંદ્રિયો પૈકીની ગમે તે એક જ્ઞાનેંદ્રિય. (૩) સંવેદન અનુભવવું. (૪) સમજવું. **s. organ.** બાહ્ય સંવેદના ઝીલનાર ક્રિયાશીલ અંગ, સંવેદનશીલ અંગ. **sensibility.** સંવેદના. **sensitive.** સુગ્રાહી, સંવેદનશીલ. (૨) ઇંદ્રિયોનું, ઈંદ્રિયોને લગતું. (૩) યોગ્ય કારકનો ઝડપથી પ્રતિચાર કરનાર. **s. plant.** લજામણી, રિસામણી. **s. wood sorrel.** ઝરેરો. **sensitization.** સુગ્રાહીકરણ. **sensorial.** સંવેદનશીલ. (૨) જ્ઞાનેંદ્રિયોને લગતું. **sensorium.** મુખ્યત્વે દૃષ્ટિ, ગંધ, શ્રવણ, સ્વાદ અને સ્પર્શ (જેમાં સંવેદનાનો પણ સમાવેશ થઈ જાય છે, તે)નું પ્રાણીઓનું સમગ્ર સંવેદનતંત્ર. (૨) સંવેદનાનું સ્થાન; મગજ, કરોડરજ્જુ અથવા આ સૌનું ધૂસર દ્રવ્ય. (૩) સમગ્ર મજ્જાતંત્ર. **sensory.** સંવેદનાવાળું, સંવેદનાતંત્રનું, સંવેદનાનું અથવા જ્ઞાનેંદ્રિયોનું (૨) મજ્જા તંતુનું, સંવેદનાવાહક.

**sentha.** મુંજ ઘાસ, મુંજતૃણ.

**sepal.** બાહ્ય દળ, વજ્રપત્ર, બાહ્ય ભ્રમિચક્ર કે વજ્રનો પુષ્પીય ભાગ, ફૂલના વજ્રનો ખંડ. **sepaloid.** વજ્રપત્ર સદૃશ, બાહ્ય દળ જેવું.

**separate.** પૃથક્કરણ વર્ગ. (૨) એક જ વ્યાસમ જમીનના કણોનો સમૂહ. (૩) અલગ મૂકવું, જુદું પાડવું, વિમુક્ત કરવું. સંપર્ક અથવા યુગ્મ-જોડીથી દૂર કરવું. (૪) દૂધને તેના ઘટકોમાં વિભાજિત કરવું. દૂધમાંથી સ્નેહલ દ્રવ્યો છૂટાં પાડવાં. (૫)



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ફળ, દાણા ઇ.ને કદ અનુસાર છૂટાં પાડવા. **separated milk.** મલાઈ–માખણ – સ્નેહલ દ્રવ્ય કાઢી લીધેલું દૂધ. માંત્રિક રીતે સઘળાં સ્નેહલ દ્રવ્યોને કાઢી લેવામાં આવ્યાં હોય તેવું દૂધ, સેપરેટ દૂધ. **separation.** પૃથક્કરણ, વિયુક્તિ, વિયોજન, વિયોગ. **s. layer.** વિચ્છેદક પડ. **separator.** મલાઈ ને કાઢી લેવાની યુક્તિ જેવું ઘટકોને અલગ અથવા દૂર કરનાર માંત્રિક અથવા અન્ય પ્રકારનું સાધન – ઉપકરણ.

**sepsis.** પરુ કારકોની હાજરીના કારણે અને અન્ય રોગોત્પાદક સૂક્ષ્મ સજીવો અથવા લોહી કે પેશીમાંના તેમના વિષ અથવા કોહવાટથી થતા સંક્રમણ, ચેપ કે વિષાક્તતાની અવસ્થા.

**septa** (બ.વ.). **septum** (એ.વ.). પડદો, પડ. (૨) ફળ, હૃદય, નાક, જિહ્વા ઇ.ને બે વિવરોમાં વિભાજિત કરતી ત્વચા, કલા કે પડ. (૩) ફૂગતંતુ કે બીજાણુમાંના અનુપ્રસ્થ ખંડ. (૪) **septal.** પડદાનું. **septate.** પડદા કે પડથી વિભાજિત. (૨) અંડાશય, તેના ખંડોમાં વિભાજિત હોય તેવું (ફળ). (૩) કૂગ, તંતુ કે અનુપ્રસ્થ દીવાલવાળો બીજાણુ. (૪) પડ અથવા પડદાવાળું.

**septicaemia. septicemia.** જીવાણુરક્તતા જીવાણુ રક્તસંક્રમણ; રક્ત વિષાક્તતા. (૨) લોહીમાં સૂક્ષ્મ જીવાણુઓએ નિર્માણ કરેલી વિષાક્તતાની અવસ્થા; જુઓ *haemorrhagic septicaemia.*

**Septoria** *chrysanthemella.* એક જંતુ, જે પાર્ઇ રેશમને રોગાવિષ્ટ બનાવે છે. **S.** *nodorum.* ઘઉંનો રોગોત્પાદક કીટ. **S.** *tritici.* ઘઉંનો રોગોત્પાદક કીટ.

**septuple planting.** ષટ્કોણીય વાવણી.

**sequela.** રોગના હુમલા બાદ રહી જવા પામતી માંદગીની અસર.

**sequence.** ક્રમ, ક્રમાનુબદ્ધ ક્રમ.

**sequester agent.** પૃથક્કારક.

**sera** (બ.વ.). **serum** (એ.વ.). રક્તજળ. રક્તરસ; લોહી ઘનીભૂત થયા બાદ રહેતો લોહીનો પ્રવાહી ભાગ; લોહીના શેષ અવલંબિત હોય તેવો ગોળાઓ ઘાસના જેવા રંગવાળો લોહીનો પ્રવાહી ભાગ. (૨) ત્વચાને દ્રવિત કરનાર જળમય પ્રવાહી. (૩) જીવાણુની રસીનો કે વિષનો અંતઃક્ષેપ કરેલા પ્રાણીનો પ્રતિરક્ષા માટેનો રસ, જેનો ઉપયોગ રોગ પ્રતિરક્ષા મેળવવા માટે કરવામાં આવે છે. (૪) રસી. **s. inoculation.** અન્ય પ્રાણીના લોહીમાં પ્રતિપિંડો ઊભા કર્યા હોય તેવી રસી કાઢીને, રોગોત્પાદક ચોક્કસ પ્રકારના સજીવોની સામે નિષ્ક્રિય રોગ પ્રતિરક્ષા મેળવવા, તંદુરસ્ત પ્રાણીના શરીરમાં તેનો કરવામાં આવતો અંતઃક્ષેપ. **s. protein.** રક્તજળ પ્રોટીન. **s. sickness.** રસીનો અંતઃક્ષેપ કર્યા પછી આવતી માંદગી – શરીરની દેહધર્મીય અસ્વસ્થતા, રક્તજળ માંદગી.

**sero—.** *serum* (એટલે રક્તજળ) માટે વપરાતું પૂર્વગ. **sero-agglutination test.** કેટલાક રોગની પરીક્ષા કરવા માટે લોહીમાં એગ્લ્યૂટિનિન નામના પ્રતિપિંડો છે કે નહિ તે લેવા માટે રક્તજળની કરવામાં આવતી પરીક્ષા – કસોટી. **serologic(-al).** રક્તજળ અથવા લોહીના પ્રવાહી દ્રવ્યનો ઉપયોગ આવશ્યક બનતો હોય તેવી સજીવો અથવા સક્રિય દ્રવ્યોની પરીક્ષા કરવા લોહીની કસોટી અંગેનું. (૨) રક્તજળનું – તે અંગેનું. **s. diagnostic test.** વિવિધ રોગોનું નિદાન કરવા માટે પ્રાણીઓના રક્તજળનો કરવામાં આવતો ઉપયોગ. **s. reaction.** રક્તજળ પ્રતિક્રિયા. **Serology.** રક્તજળ અને તેનાં કાર્યોના અભ્યાસનું વિજ્ઞાન. **seropurulent.** રક્તરસ અને પરુનું. **serotype.** રક્તજળની કસોટીના ઉપયોગના પરિણામે એક જ પ્રજાતિમાંથી અન્ય સજીવોથી જુદા પડતા સજીવોનો એક પ્રકાર. **serous.** જળમય, જળ જેવું; પનીર જળ જેવું. (૨) રક્તરસ અંગેનું, રક્તરસ સંબંધી. (૩) રક્તરસ પેદા કરનાર કે રક્તરસધારી

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(શરીર). s. **exudate.** ઘાના કારણે પેશીમાંથી થતો રક્તરસ જેવો સ્રાવ. s. **inflamation.** રક્તાભ શોફ. s. **membranc.** દ્રવત્વચા, દ્રવકલા.

**serang.** *Castanopsis indica* **A.DC.** નામનું સારંગ તરીકે ઓળખાતું ખાસી ટેકરીઓ અને પ. બંગાળમાં થતું એક ઝાડ.

**sere.** ક્રમ, શ્રેણી, કોટિ. (૨) સંચક. (૩) ખડકાળ જમીન, જળાશય કે સામાન્ય જમીન પર એક સરખો વનસ્પતિ વિકાસનો અનુક્રમ. s. **climax.** સંચક પરાકાષ્ઠા કે ચરમાવસ્થા; વનસ્પતિ વિકાસના અનુક્રમની ચરમાવસ્થા. **serial.** ક્રમવાર, ક્રમાનુસાર, ક્રમિક, ક્રમબદ્ધ. s. **dilution.** ક્રમિક તનુકરણ, ક્રમિક મંદીભવન. **seriate.** શ્રેણીબદ્ધ, ક્રમાનુસાર.

**series.** શ્રેણી. સંબધિત પરિણામો અથવા મૂલ્યો ધરાવતો સમૂહ, જેમાં લાક્ષણિક પ્રારૂપ કે વિવરણની વૃત્તિ હોય છે; પુરોગામી સદશ પ્રત્યેકનો સમૂહ. (૪) ક્રમ, વ્યવસ્થા, અનુગામિત્વ, હાર, સટ, સંબધિત પ્રજાતિ કે કુળની સાથે સંબંધ ધરાવનારની સંખ્યા. (૫) સમાન ગુણધર્મોવાળાં તત્ત્વોનો સમૂહ કે સમાન મૂલકોનું સંયોજન. (૬) સમાન લક્ષણોવાળાં સ્તરોનો સમૂહ. s. **cutting.** પ્રજનન અને રક્ષણની જોગવાઈ થઈ શકે તે રીતે વૃક્ષોની કરવામાં આવતી કાપણી.

**serf.** ભૂદાસ, ખેત-ગુલામ. s. **labourer.** ભૂદાસ કામદાર, ખેતગુલામ-મજૂર. **serfdom.** ભૂદાસતા, ખેતગુલામી.

**sericate.** મુલાયમ રેશમ જેવા વાળથી આચ્છાદિત, મુલાયમ સપાટીવાળું. **sericeous.** જુઓ *sericate.* **sericulture.** રેશમ ઉત્પાદન, રેશમના કીટોનો ઉછેર. (૨) રેશમના ઉત્પાદનના કાચા માલનું સંવર્ધન.

**Serissa** *foetida* (**L.F.**) **Willd.** [*Syn. S. japonica* **Thunb.**]. આકર્ષક ફૂલોની શોભા માટે વાવવામાં આવતો છોડ.

**serotinous.** મોડાં ફૂલ આવે અથવા મોડાં ફળ બેસે તેવી (વનસ્પતિ). (૨) બીજે પક્વ થવાનો સાધારણ સમય વીતી જાય ત્યારબાદ બીનું વિતરણ કરતી (વનસ્પતિ).

**serpent gourd.** પરવળ.

**serpentine.** સર્પિલ. (૨) જલાન્વિત મેગ્નેશિયમ સિલિકેટ, ઓલિવીન પ્રકારની સાથે ધરતીના પોપડામાં મળતું એક ટકા જેટલું ખનિજ. (૩) દ્વિતીયક ખનિજ તત્ત્વ. s. **layering.** સર્પિલ સ્તરીભવન.

**serra.** દાંતાદાર અંગ, સંરચના અથવા કિનારી કે ધાર. **serrated.** કિનારી પર દાંતાદાર ખાંચ, કરવત જેવી કિનારી ધરાવતાં પાનવાળી (વનસ્પતિ). s. **dentate.** આરાવત દંતુરિત. **serrulate.** ઝીણા દાંતાદાર, નાની ખાંચ અથવા દાંતાની હારવાળું.

**service.** મૈથુન, સંયુગ્મન ક્રિયા. (૨) સેવા. s. **period.** સંયુગ્મન – મૈથુન અને ગર્ભાધાન વચ્ચેનો સમય. (૨) સેવાનો સમય

**sesame.** તલ; *Sesamum* તિલાદિકુળનું. *Sesamum indicum* **L.** [*Syn. S. orientale* **L.**]. નામનો ભારતનો અગત્યનો તેલીબિયાંનો છોડ, જેનાં બી એટલે તલને શેકીને, ખાંડની સાથે ભેળવીને અથવા મીઠાઈની સાથે ખાવામાં આવે છે. તલ કાળા અને સફેદ એમ બે પ્રકારના હોય છે. તેને પીલીને કાઢવામાં આવતું તલનું તેલ રસોઈમાં તેમ જ સાબુ, સૌંદર્ય પ્રસાધનો, માથાનું તેલ, વનસ્પતિ ઘી બનાવવાના કામમાં આવે છે. તેલ કાઢી લીધા બાદ રહેલો ખોળ પશુ આહાર અને ખાતર તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે. s. **leaf and pod caterpillar.** તલના છોડનાં પાન અને શિંગોને ઉપદ્રવ કરતી ઈયળ. s. **oil.** તલને પીલીને કાઢવામાં આવતું તેલ – તલનું તેલ, જેનો રસોઈમાં, શરીરને માલીશ કરવા, સુગંધી દ્રવ્યો અને સૌંદર્ય પ્રસાધનો, સાબુ, વનસ્પતિ ઘી બનાવવા ઉપયોગ કરવામાં આવે છે. તેનો ઔષધીય ઉપયોગ પણ થાય છે. તેમાંથી *sesamin* નામનું

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દ્રવ્ય મળે છે. **s. oilcake.** તલનો ખોળ; તલને પીલી લીધા પછી રહેતો અવશેષ, જેને પશુઆહાર તથા ખાતર તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે. **sesamin.** તલના તેલમાં રહેતું સફેદ, સ્ફટિકીય સંયોજન, જે પોતે જંતુઘ્ન ન હોવા છતાં, તેમાં પાયરેથ્રમ બનાવટોને ઉમેરવાથી, જંતુઘ્ન ગુણ વધુ બને છે. **sesamoid.** તલ જેવું, તલ સદૃશ. (૨) પ્રાણીય સંરચનાની બંધની પર થતાં નાનાં હાડકાં. **sesamum.** તલ. **s. blight.** *Cercospora sesami* **Zimm.** નામના જંતુથી તલીને થતો એક રોગ. **s. cake.** તલનું તેલ કાઢી લીધા પછી અવશેષ રહેતો તલનો ખોળ, જે પશુ આહાર અને ખાતર તરીકે ઉપયોગી છે. **s. dry root rot.** તલના છોડનાં મૂળને *Macrophomina phaseoli.* નામના જંતુથી તલના છોડને થતો રોગ. **s. (til) gall fly.** તલને લાગુ પડતી મચ્છરના જેવી માખ અને તેનાં ડિંભ ફૂલની કળી પર સોજા જેવી ગાંઠ બનાવી, છોડને સૂકવી નાંખે છે. **S.** *indicum* **L.** [Syn. *S. orientale* **L.**]. તલનો ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ, રાજસ્થાન, આન્ધ્રપ્રદેશ, તામિલનાડુ અને મહારાષ્ટ્રમાં થતો છોડ, જેનાં બીને પીલીને તેલ – તલનું તેલ કાઢવામાં આવે છે, જે રસોઈમાં, સુગંધી દ્રવ્યો, સાબુ, સૌંદર્ય પ્રસાધનો અને વનસ્પતિ ઘી બનાવવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે, તેલ કાઢી લીધા બાદ અવશેષ રહેતો તલનો ખોળ પશુ આહાર અને ખાતર તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે. **S.** *laciniatum.* અડબાઉ વગડાઉ તલ. **s. phyllody.** જુઓ *sesamum rosette.* **S.** *prostratum,* અડબાઉ–વગડાઉ તલ. **s. rosette.** તલને લાગુ પડતો વિષાણુજન્ય રોગનો એક પ્રકાર, જેમાં છોડ કુંઠિત બને છે, તેની ટોચ પર રિબન જેવાં નાનાં પાન થાય છે. **s. wilt.** *Fusarium vasinfectum.* નામનાં જંતુથી તલને થતો એક રોગ, જેના કારણે છોડ કરમાઈ જાય છે.

**Sesamia** *inferens* **Walk.** ધઉં, ડાંગર, મકાઈ, જવ, ઓટ, શેરડી, જુવાર, બાજરી ઇ.માં પડતી ગુલાબી ઇયળ.

**sesban.** સેવની, જયંતિનું ઝાડ. **sesbania.** જયંતિ; *Sesbania bispinosa* (**Jacq.**) **W. F. Wight** [Syn. *S. aculeata* **Pers.**]. નામનું ઝાડ, જેનાં પાન ડાંખળાં ખાતર તરીકે ઉપયોગમાં લેવાય છે; લીલા ખાતરમાં આ ઝાડનું ખાતર અગ્રસ્થાને છે. **S.** *cannabina* (**Retz.**) **Pers.** [Syn. *S aculeata* **Pers.** var. *cannabina* **Baker**]. ઇક્કડ નામનો ઊંચો છોડ, જેના રેસાની માછલી પકડવાની જાળ બનાવવામાં આવે છે. ઉપરાંત છાયા માટે તથા લીલા ખાતર માટે તેને વાવવામાં આવે છે. **S.** *grandiflora* (**L.**) **Poir.** [Syn. *Robinia grandiflora* **L**; *Agati gradiflora* **Desv.**]. અગથિયો નામનું આસામ, પ. બંગાળ, ગુજરાત, આન્ધ્રપ્રદેશ અને તામિલનાડુમાં ઉગાડવામાં આવતું ઝાડ, જેના પાનની શાકભાજી બનાવવામાં આવે છે. ઉપરાંત નાગરવેલના પાનને ટેકો આપવા તથા છાયા માટે તેનો ઉપયોગ કરવામાં આવે છે. **S.** *sbean* (**L.**) **Merr.** [Syn. *S. aegyptiaca* **Pers**; *Aeschynomene sesban* **L.**]. જયંતિ, સેવરી નામનો ભારતભરમાં થતો મોટો છોડ, જેના પ્રકાંડના રેસાનાં દોરડાં બનાવવામાં આવે છે, પાનનો પશુ આહાર બનાવવામાં આવે છે, અને પવનના સપાટાને ખાળવા તેને વાવવામાં આવે છે. **s. bacterial disease.** *Xanthomonas sesbaniae.* નામના જંતુથી જયંતિ નામના ઝાડને થતો એક રોગ. **s. leaf spot.** *Cercospora sesbaniae.* નામના જંતુથી જયંતિ નામના ઝાડનાં પાનની ઉપલી સપાટી પર નાના પીળાશ પડતા ડાઘને થતો રોગ. **s. seedling blight.** *Collectotrichum capsici.* નામના જંતુથી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જયંતિ નામના ઝાડને થતા રોગનો એક પ્રકાર.

**Seseli** *diffusum* (**Roxb. ex Sm.**) **Santapau & Wagh** [Syn. *S. indicum* **Wight & Arn.**]. વન-જેબન નામની ઉત્તર પ્રદેશ, પ. બંગાળ અને આસામમાં થતી શાકીય વનસ્પતિ, જેનાં ફળ પેટની ગરબડ અને કૃમિના ઉપાય તરીકે કામમાં આવે છે.

**sessile.** અવૃંત, અદંડી; દંડ કે વૃંત વિનાનાં અંગો ધરાવતું. (૨) પ્રકાંડની માફક કોઈ ટેકા વિના આધારની સાથે સીધું જ જડાયેલું. **s. flower.** અદંડી પુષ્પ. **s. leaf.** અદંડી પર્ણ.

**set.** કલમ, પ્રજનનક્ષમ નાનો ભાગ. (૨) કંદ. પ્રરોહ કે ગોલક ઇ. (૩) પાંખડી કે દળના ખરી જવા પછી તરત જ અંડાશય પર જોવામાં આવતો શોથ. (૪) ઈંડાંને સેવવાના હેતુસર મરઘીની હેઠળ અથવા ઈન્ક્યુબેટરમાં તેમને મૂકવાં. **s. out.** બગીચા, ઉછેરગૃહ ઇ.માં છોડ રોપવો. **s. seed.** કૂલમાંથી બી બનાવવું.

**seta** (એ.વ.). **setae** (બ.વ.). કડક વાળ, કાંટો કે અણીવાળું અંગ અથવા ઉપાંગ. (૨) શેવાળના સંપુટને ટેકો આપનાર દાંડો. (૩) ઈયળના વાળ. (૪) શલાકા, દંડ, વજ્રકેશ **setaceous.** કાંટાળુ, કાંટા આકારનું. **setiferous.** કાંટાવાળું. **setiform.** શલાકાકાર, કાંટાળું. **setose.** કાંટાળું.

**Setaria** *glauca* (**L.**) **Beauv.** [Syn. *Panicum glaucum* **L.**]. તૃણકુળનું મુખ્યત્વે આન્ધ્ર પ્રદેશ અને તામિલનાડુમાં થતું કુતેલી નામનું ઘાસ. **S.** *italica* (**L.**) **Beauv.** [Syn. *Panicum italicum* **L**; *Chaetochloa italica* (**L.**) **Scribn.**]. કાંગની, મોટી કુતેલી કે મોટી કુંચી નામનું ઘાસ, જે આન્ધ્ર પ્રદેશ અને તામિલનાડુમાં થાય છે, જેનો ઉપયોગ અતિમૂત્રતા તથા વાતરોગ તથા સંધિવાની સામે કરવામાં આવે છે. **S.** *pallide-fusca* (**Schumach.**) **Stapf & C. E. Hubbard.** ચારા તરીકે ઉપયોગમાં આવતી એક વનસ્પતિ, જેના દાણા ખાવાના કામમાં આવે છે. **S.** *palmifolia* (**Koenig**) **Stapf.** એક પ્રકારનો ઘાસચારો. **S.** *sphacelata* (**Schumach**) **Stapf & Hubbard ex Moss.** ઘાસચારા માટે ઉગાડવામાં આવતી વનસ્પતિનો પ્રકાર. **S.** *verticillata* (**L.**) **Beauv.** તામિલનાડુ અને આન્ધ્રપ્રદેશની તૃણકુળની વનસ્પતિ, જેના દાણા ખાવામાં આવે છે; મોટી કુતેલી, મોટીકુંચી.

**setting pen.** ઈંડાં સેવતી મરઘી.

**settled area.** સ્થિર વસ્તીનો વિસ્તાર.

**settlement.** વસ્તી, વસાહત. (૨) બંદોબસ્ત. (૩) નિકાલ, સમજૂતી. **s. officer.** મહેસૂલી – બંદોબસ્તી અધિકારી. (૨) વસાહતનો અધિકારી. **settler.** અધિવાસી, વસાહતી.

**seville orange.** ખાટી મોસંબી

**sewage.** ગટર, નાળી, મોરી ઇ. માં વહેતો મેલ, કચરો. **s. farm.** મળ અને અપવાહનું પાણીવાળું ફાર્મ. **s. irrigation.** મળ–જળ સિંચાઈ. **s. sickness.** મળ-જળની સતત સિંચાઈ મેળવનાર, ખાસ કરીને રેતાળ જમીન અથવા બધા પ્રકારની જમીનની અવસ્થા, જેના પરિણામે ઉત્તરોત્તર પાક ઓછો ઊતરતો જાય. આ અવસ્થાના ઈલાજ તરીકે જમીન પર એકઠા થયેલા મળને દૂર કરી પાણીને વહેતા દેવામાં આવે અથવા તેનો નિકાલ કરી તેનું જમીનમાં શોષણ થાય તેવું કરવામાં આવે. જમીનની સુધરણા કરવા માટે હાથ ધરવાના અનેક ઉપાયો ઉપરાંતનો આ એક ઉપાય છે. **s. sludge.** મળ ઇ. ના નિકાલ માટે મળ પ્રક્રિયા કરવામાં આવી હોય ત્યારબાદ અવશિષ્ટ રહેતું કાર્બનિક દ્રવ્ય, જેનો ઉપયોગ ખાતર તરીકે કરવામાં આવે છે. **s. water.** મળનો પ્રવાહી ભાગ. જુઓ *effluent*.

**sex.** નર, નારી કે ઉભયલિંગી જાતિ; જાતિ, લિંગ. (૨) એકગુણિત જન્યુના

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંયુગ્મનથી દ્વિતીય કોષ ફલિતાંડ નિર્માણ કરવાનું સાધન-યુક્તિ. **s. characters.** પ્રજનન કે લિંગી અંગોની ઉપસ્થિતિ ઉપરાંત અન્ય લક્ષણો, જેથી એક જાતિની વ્યક્તિને અન્ય જાતિની વ્યક્તિથી અલગ તારવી શકાય. (૨) ગૌણ લિંગી લક્ષણો. **s. chromosome.** લિંગ-રંગસૂત્ર; ગર્ભસ્થ બાળકની જાતિ નક્કી કરતું રંગસૂત્ર; પ્રત્યેક પ્રાણીને આવા રંગસૂત્રની એક જોડ હોય છે. **s. differentiation.** લિંગ-વિભિન્નતા. **s. feathers.** મોટા ભાગનાં બતકોની પૂછડીનાં પીછાંનો અગ્રભાગ, જે નર પ્રાણીની પુખ્તતા જાણવા માટે ઉપયોગી બને છે. **s. glands.** લિંગ-ગ્રંથિઓ, જે નરમાં વૃષણ અને માદામાં અંડાશય હોય છે. **s. hormones.** લિંગ અંતઃસ્રાવો; સ્ટેરોઈડ સમૂહનાં અંતઃસ્રાવો, જે લિંગી અંગો અને ગૌણ લિંગ લક્ષણો અને આવિષ્કારનું નિયમન કરે છે. **s. linkage.** લિંગ બંધન. (૨) લિંગ રંગસૂત્રમાં રહેલા ચોક્કસ જનિનના કારણે જાતિની સાથે સંકળાયેલાં લક્ષણોનો સહસંબંધ. **s. ratio.** કોઈ એક સમૂહ કે વસ્તીમાં સ્ત્રી અને પુરુષ વસ્તી વચ્ચેનો ગુણોત્તર-પ્રમાણ. **sexed chicks.** ઇંડાને સેવતી વખતે જાતિ અનુસાર બચ્ચાંને અલગ તારવવાં, જેથી નર બચ્ચું કે માદા બચ્ચું ખરીદવાનું સરળ બની શકે. બચ્ચાંની અવસારણીને ઉલટાવીને લિંગી અંગો દૃશ્યમાન થતાં, બચ્ચાંની નર કે માદા સૂચક જાત નક્કી કરી શકાય છે. આ જાણવા માટે બચ્ચાંનો રંગ પણ સહાયભૂત બને છે. **sexual.** લિંગી. લિંગીય જાતીય, યૌન. **s. copulation.** લિંગી સંયુગ્મન, મૈથુન. **s. method of tree propagation.** બી માંથી વનસ્પતિને ઉગાડવાની પદ્ધતિ. આ રીતે ઉગાડવામાં આવતા છોડને રોપ કહેવામાં આવે છે. આ પદ્ધતિ દ્વારા ઉગાડવામાં આવતાં વૃક્ષો લાંબી આવરદા ધરાવતાં હોય છે. તે વધારે નીપજ આપે છે, પ્રમાણમાં વધારે મજબૂત હોય છે. તેથી ધાન્ય ખેતી અને ફળ-ખેતીને ખૂબ જ લાભ થાય તેવાં ઉચ્ચ કોટિનાં બી પ્રાપ્ત થાય છે. આ પ્રથાના ગેરફાયદા એ છે કે રોપ દ્વારા ઉગાડવામાં આવતાં વૃક્ષ એક સરખાં વૃદ્ધિ વિકાસ ધરાવતાં હોતાં નથી, નીપજ અને ફળ આપતાં ઘણો સમય લે છે, એટલાં મોટાં થાય છે કે તેની જાળવણી આર્થિક રીતે મોંઘી થઈ પડે છે, અને ઉચ્ચ કોટિના ગુણધર્મો કાયમ કરવાનું લગભગ અશક્ય બને છે. **s. phase.** યૌવનાવસ્થા, યૌવન, જુવાની. **s. reproduction.** લિંગીય પ્રજનન; અલિંગી અથવા વાનસ્પતિક પ્રજનનથી ભિન્ન એવું જન્યુથી થતું પ્રજનન. **s. r. cell.** લિંગી પ્રજનન કોષ. **sexupara.** ફલન વિના નવી વ્યક્તિ પેદા કરવાના માદા અંગનું એકરૂપ.

**shaddock.** તાજું ખાવા લાયક એક ખટમધુરું ફળ, જુઓ *pummelo*.

**shade.** છાયા, સીધાં સૂર્યનાં કિરણો-તડકાથી રક્ષાયેલો વિસ્તાર કે સ્થાન. વચ્ચે આવતા પદાર્થ વડે અત્યંત કે પ્રખર પ્રકાશ સામેનું આવરણ. **sh. bearer.** છાયા હેઠળ ટકતાં અને વૃદ્ધિ તથા વિકાસ પામતાં વૃક્ષની જાતિ. **sh. demander.** સાધારણ વૃદ્ધિ અને વિકાસ માટે, ખાસ કરીને પ્રારંભના સમય માટે કેટલાક પ્રમાણમાં છાયાની આવશ્યકતા ધરાવતા વૃક્ષોનો પ્રકાર. **sh. density.** જંગલોમાં વૃક્ષોના ઘટાટોપથી આવતા પ્રકાશના વ્યસ્ત પ્રમાણમાં છાયાનું પ્રમાણ; છાયાની ગીચતા. **sh. plant.** છાયા વનસ્પતિ; છાયામાં ઊગતી અથવા છાયાને સહી શકતી વનસ્પતિ. (૨) છાયાની આવશ્યકતા ધરાવનાર પાક અથવા વનસ્પતિને છાયા મળે તે માટે ઉગાડવામાં આવતાં છાયાવાળાં વૃક્ષો. **sh. tolerant.** ખુલ્લા સૂર્યના પ્રકાશમાં થતી અને સંતોષકારક વૃદ્ધિ અને વિકાસ પામતી વનસ્પતિ). **sh. tree.** વિસ્તૃત ઘટાટોપવાળાં, ખાસ કરીને છાયા માટે જ ઉગાડવામાં આવતાં વૃક્ષો. **shady.** છાયા આપનાર કે છાયામાં રહેનાર.

**shaft.** દાંડો દંડ. (૨) પત્રાક્ષ પુષ્પની મુખ્ય ધરી. (૩) પીછાંના દાંડાથી દૂરનો

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાગ. (૪) વાળનો પ્રકાંડ. (૫) યંત્રની શક્તિનાં સ્રોત અને ગરગડીને જોડતો દાંડો અને શક્તિ વિતરણને શક્ય બનાવનાર ગિયર અને અન્ય યુક્તિ. (૬) હાડકાંનો સીધો નળાકાર ભાગ. **s. louse.** સસ્તન પ્રાણીઓ અને પક્ષીઓને કરડતી જૂ.

**shaftal.** હિમાલય અને નીલગિરિમાં થતી એક શાકીય વનસ્પતિ.

**shag.** અસ્તવ્યસ્ત વૃદ્ધિ અથવા વાળનો ગુચ્છો. (૨) કાપેલી તમાકુનો હલકો પ્રકાર. **shggy.** વાળવાળું, બરછટ વાળ ધરાવતું, બરછટ, અત્યંત પ્રમાણ ધરાવતા હોળ્યા વિનાના વાળ. (૨) જંગલ અને વનસ્પતિનો ભરાવો. (૩) બરછટ ડાળીઓ અથવા ડાળખાંવાળાં (ઝાડ).

**shakarkandi.** શક્કરિયાં.

**shake.** લાકડાના દાણામાં પડેલી ફાટ. (૨) ખાસ કરીને નીચા ઉષ્ણતામાનથી ઝાડના થડ કે કોઈ અંગમાં પડેલી ફાટ. (૩) હલાવવું. **sh. culture.** સજીવોનું એકધારું આલંબન મેળવવા હલાવીને તૈયાર કરવામાં આવતું સંસ્કરણ–સંવર્ધન. **sh. gourd.** પરવળ..

**shale.** સ્લેટ શૈલ. (૨) સરસ સ્તર ધરાવતો અથવા સંરચનામાં સ્તર ધરાવતો માટી કે કાંપનો બનેલો જળકૃત ખડક, જે રંગ અને કોટિની દૃષ્ટિએ વિવિધતા ધરાવે છે; સ્લેટ શૈલના સુકાવાથી સંરચનામાં કાંપ અને માટી બનેછે. (૩) કપાસનું કાલુ ખૂલે તે પહેલાં તંતુને છૂટા પાડતું ચાંદી જેવું મણિબંધનું અસ્તર. **shaly.** સ્લેટ શૈલનું–તે અંગેનું.

**shalgam. saljam** ટર્નિપ, શલગમ.

**shallot.** *Allium ascalonicum* **L.** નામની ગંધન નામે ઓળખાતી સુવાસિત સફેદ પ્રરોહ ધરાવતી, કંદવાળી તામિલનાડુમાં થતી વનસ્પતિનો એક પ્રકાર.

**shallow.** છીછરું, ઉપર છલ્લું. **sh. cultivation.** પાંચ ઈંચ કરતાં પણ ઓછી અર્થાત્ છીછરી ભૂમિમાં કરવામાં આવતી ખેતી. **sh. digging body.** છીછરું ખોદનાર–છીછરા ચાસ બનાવનાર હળ. **sh. ploughing.** છીછરી ખેતી–હળ ક્રિયા. **sh. rooted.** જમીનની સપાટી પર લગભગ બધાં જ મૂળ ધરાવતી (વનસ્પતિ). **sh. r. crop.** બધાં જ કે લગભગ બધાં જ મૂળ છીછરાં હોય તેવો પાક. **sh. soil.** ખડક અથવા સખત જમીન પર માત્ર થોડાંજ ઈંચ માટીનું પડ ધરાવતી જમીન. **sh. well.** છીછરો કૂવો.

**shama millet.** સામો, *Echinochloa colonum* (**L.**) **Link** (*Panicum colonum* **L.**). નામનું મહારાષ્ટ્ર આન્ધ્રપ્રદેશ, અને ઉત્તર પ્રદેશના તરાઈ વિસ્તારમાં થતું ઘાસચારાનું ઘાસ, જેના દાણા એટલે સામો અક્તના સમયમાં અને વર્ષના ચોક્કસ દિવસોએ શ્રદ્ધાળુ હિંદુઓ ખાય છે.

**shamouti orange.** પેલેસ્ટાઇનનાં બી વિનનાં-જાફા નામે મશહૂર સંતરાં, જેનું ફળ લંબગોળ, મધ્યમ કદનું, નારંગી રંગ ધરાવતું, જાડી અને સખત છાલ અને નક્કર ગર અને મધ્યમ પ્રકારના રસવાળું હોય છે.

**Shanghai fowl.** મોટાં ઇંડાં આપનાર એશિયન ઓલાદનાં મરઘાંનો પ્રકાર.

**shank.** નળો, નલાસ્થિ, ઘૂંટણથી એડી સુધીનો પગ. (૨) પક્ષીના પગનો ઉપર તરફનો ભાગ. (૩) શીંગડાંવાળો પશુના પાછલા પગના ઘૂંટણના પાછલા ભાગનો સાંધો. (૪) વનસ્પતિનો ગમે તે સાંધતો ભાગ. (૫) માથું અને હાથા વચ્ચેનો ઓજારનો ભાગ, વચલી દાંડી. **sh. feathering.** કોચીન, બ્રહ્મા, જેવાં કેટલાંક પક્ષીના બહારના પગનાં પીંછાં. **sh. plough.** શંકુ પ્રકારનું હળ.

**shape.** રૂપ, આકાર.

**share.** મોલ્ડબોર્ડ હળનો એક ભાગ, ફળું, જે જમીનને તોડવા કે ભાગવામાં સહાયભૂત બને છે. (૨) હિસ્સો; ભાગિયા ગણોતિયાનો પાકમાં હિસ્સો–ભાગ. (૩) ભાગીદારી સંસ્થાનો શેર. **sh., bar point** દંડફળું. **sh. capital.** શેર મૂડી. **sh. crop.** પાક નીપજે તેનો ભાગ લેવાની શરતે પાક પકવવામાં આવે તે; ભાગીદારી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાક. **sh. cropper.** ભાગીઓ, પાકમાં ભાગ મેળવનાર ગણોતિયો ખેડૂત;સાથી. **sh. cultivation.** ભાગીદારી ખેતી. **sh. pitch.** ફળનો ઝુકાવ. **sh. rent.** ભાગીદારી ગણોત. **sh. tenant.** ભાગીઓ ગણોતિયો.

**sharifa.** સીતાફળ;

**shark liver oil.** શાર્ક માછલીના યકૃતનું પ્રજીવકો 'એ' અને 'ડી' ધરાવતું તેલ.

**sharpen.** ધાર કાઢવી.

**sharp flavour.** અમ્લ, સુવાસ, તીવ્ર સુવાસ.

**Shata.** *Iseilema laxum* **Hack.** નામના ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, બિહાર. અને દ. ભારતમાં થતા ઘાસનો એક પ્રકાર.

**shatter.** કરેળા દાણા પડવા. (૨) પાન, દાણા અથવા બીને લણણી અગાઉ છૂટાં કરવાં. **shattering.** વિખેરણ.

**sheaf.** દાણા કાઢી લીધા હોય તેવો પૂળો.

**shearing** કાતરથી ઘેટા કે બકરાંનું ઊન કે વાળ ઉતારવાં–કાપવાં. (૨) ઝાડ અથવા છોડની છટણી કરી તેને પાતળાં બનાવવાં. **shearling.** કતલ કરવા અગાઉ, ઊન કાઢી લીધું હોય તેવા ઘેટાનું ખેંચી કાઢેલું ઊન. (૨) વાળ કાપી કે ઉતારી લીધા હોય તેવું ઘેટું. **shears.** કાપવાનું ઓજાર. કાતર.

**sheath.** આવરણ, વેષ્ટન, કવચ. (૨) રક્ષણાત્મક આચ્છાદન – આવરણ; ત્વચા, પેશી, ચામડી ઇ.નું આવરણ. (૩) પ્રકાંડ અથવા ડાળીને ઢાંકતું પર્ણતલ. (૪) ઘાસનાં નિમ્નપાન. (૫) શિશ્નચ્છદ; નળાકાર સંરચના. જેમાં પ્રાણીનું શિશ્ન પાછું ફરે છે. **sheathing.** વેષ્ટનશીલ, આવરણ ધરાવતું.

**sheave** ગરગડીનું ચક્ર ખાંચો, જેમાં ગરગડી ચલાવવાનું દોરડું કે પટો ફરે છે, ચરખી.

**shed.** છાપરી, કોઢ. (૨) પ્રાણીઓનાં ખાણ અથવા ખેતી માટેનાં ઓજારો સાચવી રાખવા માટેની એક બાજુ પર અથવા બધી બાજુએ ખુલ્લું સ્થાન. (૩) પાંદડાં, વાળ, પરાગ, બી, પીછાં ઇ.ને ખંખેરી નાંખવા.

**sheda.** તૃણકુળનું બારમાસી ઘાસ.

**sheen.** સુંદર, ઝળહળતી કાંતિ ધરાવવું.

**sheep.** ઘેટું, બકરાંની સાથે સંબંધિત *ovis* પ્રજાતિનું વાગોળનારું પ્રાણી, જેની ઊન, ખાદ્ય માંસ અને ચામડાં માટે જાણીતી ઘણી ઓલાદ છે. **sh. bot fly.** *Oestrus ovis.* નામની માખી, જે ઘેટાં-બકરાંના નસકોરાં આગળ ઈંડાં મૂકે છે, જેમાંથી બચ્ચાં બહાર નીકળી છેક નાસા વિવર સુધી પહોંચી જાય છે, પરિણામે ઉપદ્રવગ્રસ્ત પ્રાણીના નાકમાંથી સતત શ્લેષ્મીય સ્રાવ થયા કરે છે. **sh. dung.** ઘેટાની લાદ. **sh. fescue.** તૃણકુળનું *Festuca ovina* **L.** નામનું ઘાસચારાનું તૃણ. **sh. foot rot.** *Fusiformis nodosus.* નામના દંડાણુથી ઘેટાના પગને લાગતો એક રોગ, જેમાં પગના શૃંગી ભાગ, નરમ ભાગોથી છૂટા પડી પગ અને આંગળાં પર અસર કરે છે, પરિણામે ઘેટાં લંગડાય છે. તેમના પગની વિકૃતિ આવે છે અને સંપૂર્ણ કે અંશત: શૃંગ છૂટાં પડે છે. **Sh. ked.** *Melophagus ovinus* **L.** નામની પાંખ વિનાની ઘેટાંને લાગુ પડતી માખ, જેનાં ડિંભ અને પુખ્ત માખી ઘેટાંનું લોહી ચૂસે છે, પરિણામે ઘેટાં સતત રીતે શરીરને ખણ્યા કરે છે, બચકાં ભરે છે, જેથી ઊનને ભારે હાનિ પહોંચે છે. **sh. lice.** ઘેટામાં પડતી *Bovicola ovis* અને *Linoganthus pedalis.* નામની ઘેટામાં પડતી લોહી ચૂસતી જૂ, જે ઘેટાંને ઘેનમાં નાખે છે. **sh. manure.** ખાતર તરીકે ઉપયોગમાં લેવામાં આવતી ઘેટાની લાદ, જેમાં 1.4 ટકા નાઇટ્રોજન, 1.0 ટકા ફૉસ્ફૉરિક ઍસિડ અને 3.0 ટકા પોટાશ હોય છે. **sh. nasal fly.** જુઓ *sheep bot fly.* **sh. pelt.** ઘેટાનું ચામડું.**sh. pox.** વિષાણુથી ઘેટાને લાગુ પડતો બળિયા વર્ગનો *ovinia* તરીકે પણ ઓળખાતો ભયંકર રોગ, જેમાં ઘેટાંને તાવ આવે, ન્યુમોનિયા થાય, ચામડી તરડાય અને છેવટે મૃત્યુ નીપજે. **sh. scab.** ઘેટાના ઊનવાળા ભાગમાં લાગુ પડતો એક રોગ, જેથી ઘેટાં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બેચેની અનુભવે. **sh. skin.** ઘેટાનું ઊન કાઢી લીધેલું ચામડું. **sh. tag.** ઓળખ માટે ઘેટાના કાન પર પહેરાવવામાં આવતી ધાતુની પટ્ટી. **sh. tick.** ઘેટાને લાગુ પડતી જૂ. **sh. trail.** ગાડરિયો પ્રવાહ; ઘેટાનો માર્ગ.

**sheetal-chini.** આરોહી વનસ્પતિનો એક પ્રકાર, જુઓ *culeb.*

**sheet erosion.** પૃષ્ઠ ઘસારો. (૨) વરસાદ દરમિયાન પાણીના વહેણમાં જમીનના કણો પડનું થતું ધોવાણ, ઘણી-વાર આખું ખેતર ઘસારાનો ભોગ બનતું હોય છે, જેનાં માઠાં પરિણામથી ખેડૂત અજ્ઞાત હોય છે; કાદવવાળું પાણી આવા ધોવાણનું સૂચક છે. **sheet wash.** પૃષ્ઠવાહ.

**shelf life.** ફળ અને શાકભાજી તાજાં અને આકર્ષક રહી શકે તેવો સમય, જે અથાણાં અને મુરબ્બાને પણ લાગુ પડે છે.

**shell.** કાચબો અને મૃદુકાય પ્રાણીઓની માફક પ્રાણીઓનું બહિઃકંકાલ કે કોચલું. (૨) ફળ કે કાષ્ઠફળની બહારની જાડી કાષ્ઠમય છાલ. (૩) ફોતરાં. (૪) પખ-આવરણ. (૫) ફારિતનું આવરણ. (૬) ઈંડાંનું ચૂનામય કોચલું. (૭) બી કે બીજને સિંગો કે કોચલામાંથી બહાર કાઢવાં કે ફોલવાં. **sh. egg.** ભાંગ્યા વિનાના કોચલા સહિતનું ઈંડું. **sh. membranes.** ઈંડાના દ્રવ્યની આસપાસની કોચલાની પાછળની ત્વચા અથવા કલા. **sh. oil.** કાજુના કઠણ આવરણની બહાર સ્રવતું ઘેરા બદામી રંગનું શ્યાન તેલ, જેનો ઉપયોગ વોટરપ્રૂફના કારક તરીકે અને બોટ, માછીમારોની જાળ અને હલકા લાકડાકામનાં સંરક્ષણ માટે થાય છે. આ ઉપરાંત તેનો ઉપયોગ વાર્નિશ, ઔદ્યોગિક ફરસનાં ટાઇલ્સ, એસિડ પ્રૂફ સીમેન્ટ, ટાઈપરાઈટરના રોલ, મોટરના અસ્તર, ગુંદર, રંજકો, શાહી, વોટર-પ્રૂફ કાગળ, પૂંઠાં ઇ. માટે થાય છે. બીજાં તેલની સાથે મિશ્ર કરીને એનેમલ – મીના તરીકે પણ તે ઉપયોગમાં આવે છે. **sh. quality.** જાડાઈ, છિદ્રાળુતા, ઇ. જેવી ઈંડાંના કોચલાની ગુણવત્તા, જેમાં પસંદગી યુક્ત સંવર્ધનથી સુધારો લાવી શકાય છે. **shelled maize.** ડૂંડાંમાંથી છૂટા પાડેલા મકાઈના દાણા. **sheller.** બીજને કોચલાંમાંથી બહાર કાઢવી, મગફળીને ફોડવાની યુક્તિ. **shelling.** બીજને કોચલામાંથી બહાર કાઢવી, દ્રાક્ષને છૂટી કરવી. **sh. percentage.** ડૂંડાં, કોચલાં, સિંગો ઇ.ના પ્રમાણમાં બીજ, ફળ, દાણા ઇ.ની ટકાવારી.

**shellac.** લાખ, વાર્નિશ બનાવવા પીગાળેલી લાખ. (૨) લાખથી વાર્નિશ કરવું

**Shella orange.** આસામમાં થતાં સંતરાંનો એક પ્રકાર.

**shelter belts.** પવનની સામે વિશાળ વિસ્તારનું રક્ષણ કરતાં ઝાડની હારનો પટ્ટો; શતરંજના પાટિયાંની માફક યોજના-પૂર્વક ચારે બાજુએ ઝાડની હાર બનાવીને ઊભી કરવામાં આવતી રક્ષણ વ્યવસ્થા. પવન સતત વાયા કરતો હોય તો આવો પટ્ટો ઝાડની ઊંચાઈ કરતાં 15 થી 30 ગણા વિશાળ વિસ્તારનું રક્ષણ કરે છે. બે દિશામાંથી પવન વાતો હોય તો ત્રિકોણાકાર હાર બનાવવામાં આવે છે, વચમાં મોટાં અને ક્રમશઃ બાજુમાં નાનાં વૃક્ષો અને ક્ષુપો બનાવીને વધારે રક્ષણની વ્યવસ્થા કરી શકાય છે.

**she-oak.** જંગલી સરુ.

**Shetland.** સ્કૉટલૅન્ડના શેટલૅન્ડ ટાપુમાં વતન ધરાવતી નાના, મજબૂત ટટ્ટુની એક ઓલાદ, જે ખડતલપણા, ધીરજ, ચોકસ પગલાં અને ભારે વજન ઊંચકવા માટે જાણીતી છે.

**sheu-shong.** નીલગિરિનું નાનું સદા હરિત ઝાડ, કે છોડ.

**shevra.** *Alysicarpus rugosus* **DC.** નામનો ઘાસચારો.

**shevri.** શેવરી, જયંતિનું ઝાડ; મહારાષ્ટ્રમાં પવનના સપાટાને રોકવા માટે અથવા કેળના રક્ષક પટ્ટા તરીકે બેવડી હારમાં, કેળથી 13 ફૂટના અંતર પર વાવવામાં આવતું *Sesbania sesban*

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**(L.) Merr.** [*Syn S. aegyptiaca* **Pers.**]. નામનું વૃક્ષ, જેના પ્રકાંડના રેસામાંથી દોરડાં બનાવવામાં આવે છે અને પાનનો ઉપયોગ ચારા તરીકે કરવામાં આવે છે.

**Shiajira.** શાહજીરુ નામની બિહાર, ઓરિસા, પંજાબ, પ. બંગાળ અને આન્ધ્રપ્રદેશમાં થતી વનસ્પતિ, જેનાં ફળનો મસાલા તરીકે તથા ઔષધીય હેતુ માટે ઉપયોગ કરવામાં આવે છે.

**shialkanta.** ભારતભરમાં ઊગતી દીર્ઘાયુ વનસ્પતિ.

**shield.** ઢાલ, આવરણ, કવચ. (૨) યંત્રની રક્ષણાત્મક પ્લેટ અથવા જાળી. (૩) વનસ્પતિ અથવા પ્રાણીનો ઢાલાકાર ભાગ. (૪) કલિકા પ્રજનનનો કલમાંકુર. (૫) પુષ્ત કૂકરનો જાડો, શૃંગી ખભા પરનો ભાગ. **sh. budding.** અંગ્રેજી વર્ણ 'ટી' (**T**) આકારનું કલમાંકુર પ્રજનન. (૨) લીંબુ, સફરજન, અને બોર વાવવાની પ્રચલિત પદ્ધતિ, જેમાં કલમાંકુરને કાપવા અગાઉ પાનને કાપવામાં આવે છે; જેમાં 1 થી 1½ ઇંચ જેટલો, છાલના ઢાલાકાર સાંધામાં કાપ મૂકવામાં આવે છે, ત્યાર બાદ કાષ્ઠથી છાલને ઢીલી કરીને, કલમાંકુરને 'ટી' આકારમાં છાલની પાછળ ગોઠવવામાં આવે છે. બાદ નાહીં થયેલ સાંધાને લપેટવામાં આવે છે. આ પ્રક્રિયા પતી જાય ત્યારપછી તરતજ કલમાંકુર પ્રજનનના સ્થાનથી સહેજ ઉપર કાપ મૂકવામાં આવે છે. કલમ અઠવાડિયામાં બરાબર જોડાઈ જાય છે. **sh. grafting.** ઉપરોક્ત સંકર માટે અંગ્રેજી વર્ણ 'ટી' (**T**) આકારનો કાપ, જેમાં કલમાંકુર મૂકી સાંધાને કે કલમને બાંધી લેવામાં આવે છે.

**shifting cultivation.** તામિલનાડુ, ઓરિસા, આસામ અને આન્ધ્રપ્રદેશમાં પર્વતાળ કે ડુંગરાળ ભાગોમાં હજુ પણ વન બાળીને ખેતી કરવાની પુરાણી પદ્ધતિ.

**shikakai.** શિકાકાઈ, અરિઠાં.

**shin.** ઘૂંટણ અને પાની વચ્ચેનો પગનો ભાગ. (૨) ગમખાનો નીચેનો ભાગ. (૩) મોલ્ડબોર્ડની કાપની કિનાર. **sh. bone.** નલાસ્થિ. **sh., double** મોલ્ડબોર્ડનું બેધારું પાનું. **sh., share** મોલ્ડબોર્ડનું પાનું.

**shingle.** વહેરેલું કે કાઢેલું પાતળું, લંબગોળ લાકડાનું પાટિયું, જેનો એક છેડો બીજા છેડા કરતાં પાતળો હોય છે અને જેનો ઉપયોગ પશ્ચિમના દેશોમાં છાપરાને જડવા માટે કરવામાં આવે છે. (૨) નદી અથવા દરિયા કિનારે જોવામાં આવતા પથ્થર અથવા ગોળાશ્મના ટૂકડા. **sh. tree.** દેવદાર, રાતો દેવદાર.

**Shipley Early.** જરદાળુ – એપ્રિકોટનો એક પ્રકાર, જેમાં ફળ મધ્યમ કદનું ગોળાકાર, સફેદ છાલ, સ્વાદિષ્ટ ગરવાળું હોય છે. સૌ પ્રકારોમાં આ પ્રકારમાં વહેલાં ફળ આવે છે.

**shipper.** વહાણમાં માલ ચડાવનાર, ઉતારનાર અને મોકલનાર દલાલ. **shipping fever.** બજારમાં એક સ્થાન પરથી બીજા સ્થાન પર ઢોર કે અન્ય જાનવરોને મોકલતાં તેમને લાગુ પડતો એક પ્રકારનો રોગ, જેમાં રક્તસ્રાવી જીવાણુરક્તતા કે ન્યુમોનિયા થાય છે.

**shisham.** સીસમ.

**shiulik.** ખાદ્યફળવાળું હિમાલય અને કાશ્મીરમાં થતું એક ઝાડ.

**shiver.** ધ્રૂજારી, ઠંડીથી કે તાવમાં સહેજ કંપન થતું હોય તેવી ધ્રુજારી.

**shoal.** છીછરું. (૨) પાણી હેઠળનો રેતીવાળો કિનારો. (૩) ઝૂંડમાં તરતી માછલીઓનો સમૂહ.

**shoat.** જુઓ *shote.*

**shock.** ધક્કો, મર્માઘાત, આઘાત, જે નરમ, ગંભીર, અને જીવલેણ પણ હોય, જેમાં ભારે ઉશ્કેરાટ થાય અને ઘા, તીવ્ર લાગણી, બાહ્ય પ્રોટીનનો અંતઃક્ષેપ જેવાં વિવિધ કારણોના પરિણામરૂપે તે હોય છે.

**shod.** પગરખાં સજ્જિત.

**shoddy.** ઊનનો (નકામો) ભાગ, નકામું.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**shoe.** નાળ; પ્રાણીઓના ડાબલામાં જડવામાં આવતી ધાતુની નાળ. (૨) કેટલાંક કૃષિ ઓજારોનો જમીનમાં કે જમીનની ઉપર ફરતો ભાગ. (૩) પગરખું. **sh. flower.** જાસૂદ, જબાકુસુમ. **sh. furrow opener.** ચાસને ખોલનાર સાધન. **shoeing.** ડાબલાને નાળ જડવાની ક્રિયા.

**shola.** નીલગિરિનો સદા હરિત સમશીતોષ્ણ પ્રદેશ.

**shoot.** ફણગો, અંકુર, પ્રાંકુર, પ્રરોહ. (૨) આદિ સ્કંધની વૃદ્ધિથી નિર્માણ થતો વનસ્પતિનો ભાગ, જે મોટા ભાગે વાનીય હોય છે, અને જે આગળ વધતાં પ્રકાંડ, પર્ણો અને પાછળથી પ્રજનનાંગો ધરાવે છે. (૨) ફળ છોડમાં ચાલુ મોસમમાં થતી કુમળી વૃદ્ધિ. (૩) વનસ્પતિનું મૂળ સાથેનું પ્રકાંડ. (૪) કળીમાંથી ફૂટતું નવું પર્ણ. (૫) નવા પ્રકાંડ ફૂટવાં – ઊગવાં. **sh. and bark borer.** થડની ડાળી અને છાલમાં કાણાં પાડનાર ઈયળ. **sh. borer of peach.** પીચનો પ્રાંકુર વેધકકીટ. **sh. bud.** કલિકા, જેમાં સૂક્ષ્મ પ્રરોહ હોય છે અને જે છેવટે પ્રરોહ બને છે. **sh. cutting.** ડાળી કલમ.

**shore.** કિનારો, કાંઠો. (૨) પાણીના વિશાળ સમૂહની આસપાસની જમીન, ઉચ્ચ અને નિમ્નજલાંકો વચ્ચેની જમીન.

**Shorea** *assamica* **Dyer.** એક વિશાળ વૃક્ષ. જેના કાષ્ઠનાં રેલવેનાં સલેપાટો, માલ – સામાન ભરવાનાં ખોખાં, ફર્નિચર, કમાડ અને પ્લાયવૂડ બનાવવામાં આવે છે. **Sh.** *robusta* **Gaertn. f.** સાલ નામનું પંજાબ, ઉત્તરપ્રદેશ, મધ્યભારત, કોરોમાંડલ કાંઠો અને આન્ધ્રપ્રદેશમાં થતું વિશાળ વૃક્ષ; જેનો સાલ ડામર નામનો, પ્રકાંડમાંથી મળતો ઓલિયો રેઝિન, વહાણો રંગવા માટે, વાર્નિશ બનાવવા તથા ધૂપ કરવા માટે ઉપયોગમાં આવે છે. આ ડામરનું નિસ્યંદન કરવાથી જે તેલ મળે છે તેને સુગંધી દ્રવ્યો બનાવવામાં કામમાં લેવામાં આવે છે. સાલનાં બીને પીલીને કાઢવામાં આવતું માખણ રાંધવા તથા દીવાબત્તી માટે ઉપયોગી બને છે. સાલનું કાષ્ઠ સાગના કાષ્ઠ પછી નિર્માણ કામમાં બીજું સ્થાન ધરાવે છે અને તેનો મુખ્યત્વે ઉપયોગ રેલવેનાં સલેપાટો બનાવવા તથા ઈમારતી કામમાં થાય છે. તેની છાલ ચામડાં કમાવવા ઉપયોગી બને છે. **sh.** *siamensis* **Miq.** [Syn. *Pentacme suavis* **A. DC.**]. એક શાલાદિ ઝાડ, જેનું કાષ્ઠ મજબૂત અને ટકાઉ હોય છે અને ઘનફૂટ તેનું વજન 52 રતલ જેટલું થાય છે. **Sh.** *stellata* **Dyer** [Syn. *Parashorea stellata* **Kurz**]. ઈમારતી કામમાં ખૂબ જ ઉપયોગી બનતું વૃક્ષ. **sh.** *talura* **Roxb.** દક્ષિણ ભારતનાં કર્ણાટક, તામિલનાડુ, મલબાર અને મહારાષ્ટ્રમાં થતું ઝાડ, જેના પર લાખનાં જંતુઓ વસાહત બનાવી રહે છે. **Sh.** *tumbuggaia* **Roxb.** કાલા ડામર નામનું દ. ભારતનું એક ઝાડ. જેમાંથી નીકળતો ડામર જેવો ગુંદર, ડામરના સ્થાને ઉપયોગમાં લેવામાં આવે છે, ઉપરાંત તેનો ધૂપ પણ કરવામાં આવે છે.

**shorn.** વાળ કે ઊન કાઢી લીધેલું (બકરું કે ઘેટું).

**short.** ટૂંકું, લઘુ. **sh. chain.** લઘુ શૃંખલા. **sh. crop.** સરેરાશ ઓછી પેદાશ આપતો પાક. **sh. day** ક્રાંતિક પ્રકાશાવધિ કરતાં પ્રકાશના ઓછા કલાકનો દિવસ; અલ્પાવધિ પ્રકાશ દિન. **sh. d. cycle.** અલ્પાવધિ પ્રકાશ ચક્ર. **sh. d. plant.** અલ્પાવધિ પ્રકાશમાં થતો છોડ, અલ્પ પ્રકાશ અવધિ વનસ્પતિ. (૨) એવા પ્રકારની વનસ્પતિ, જેને પુષ્પોદ્ભવ સરેરાશ દિવસના પ્રકાશ કરતાં ઓછા સમયના પ્રકાશમાં ઝડપી બને છે. સરેરાશ પ્રકાશની અવધિ સામાન્ય રીતે 12 કલાકની ગણવામાં આવે છે. **sh.-horned breed.** પાર્શ્વિય રીતે ઊગતાં, ઉપર બાજુ અને અંતઃ રીતે વળતાં અર્ધ-ચંદ્રાકાર શીંગડાં ધરાવનાર ભારતીય ઢોરની ઓલાદ, આમાંનું લાક્ષણિક પ્રાણી હરિયાણાનું ગણાય છે, જ્યારે મિશ્ર

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઓલાદમાં હિસ્સાર. રય, મ્હેરતી, કૃષ્ણા-વેલી, ઓનગોલે, શાહબાદી ઇ. ઢોરનો સમાવેશ થાય છે. **sh.-staple.** રૂ, જેના તંતુની લંબાઈ $^{3}/_{8}$થી 1 ઇંચ જેટલી હોય છે. **sh. st. cotton.** ટૂંકા તંતુ-વાળું રૂ. **sh. term.** અલ્પાવધિ. **sh. t. credit.** અલ્પાવધિ શાખ, અલ્પાવધિ ઋણ. **sh. t. farm credit.** અલ્પા-વધિ કૃષિ શાખ. **sh. t. finance.** અલ્પાવધિ નાણાં વ્યવસ્થા. **sh. t. loan.** અલ્પાવધિ લોન-ઋણ. (૨) ચાલુ કૃષિ-કાર્ય માટે સહકારી શાખ મંડળીઓએ આપેલી લોન, આ માટેની સામાન્ય મુદત 18 મહિના કરતાં વધારે હોતી નથી. **sh. t. settlemat.** અલ્પકાલીન – અલ્પાવધિ પતાવટ. **sh. udder.** ગાયનાં ટીલાં, લબડતાં આંચળ. **sh. wavelen-gth.** સૂક્ષ્મ તરંગલંબાઈ. **sh. wool.** ટૂંકા તંતુવાળું ઊન; આવું ઊન આપનાર ઘેટાની ઓલાદ અંગેનું. **sh. yearling.** એક વર્ષ કરતાં ઓછી વયનું બચ્ચું.

**shortening.** પેસ્ટ્રી, કેક ઇ. બનાવવાની ગુણવત્તા ધરાવતી ગમે તે તળવા યોગ્ય ચરબી.

**shote.** 15 : રતલ કરતાં ઓછા વજનનું ડુક્કરનું નર કે માદા બચ્ચું.

**shot holing.** વનસ્પતિને થતો એક રોગ, જેમાં બંદૂકની ગોળીઓ વાગી હોય તેવી રીતે પાનના ગોળાકાર ભાગ ખરી પડે. (૨) કાષ્ઠને કોરનાર જંતુથી કાષ્ઠ કે કાષ્ઠની બનાવટમાં પડતાં કાણાં.

**shoulder.** સ્કંધ, ખભો. (૨) શરીરનો એવો ભાગ, જ્યાં, ગરદનની પાછળ કે હેઠળ પાર્શ્વીય રીતે હાથ, અગ્રપાદ કે પાંખ જોડાયેલાં હોય છે. (૨) બંધનીની આસપાસ સ્કંધ જેવું પ્રવર્ધ. (૩) માર્ગની કિનારી અથવા ધાર. (૩) (ખભાથી) ધક્કો મારવો. (૪) ખભા પર ઊંચકી લેવું. (૫) જવાબ-દારી લેવી-સ્વીકારવી. **sh. blade.** સ્કંધાસ્થિ, ખભા અથવા સ્કંધનું સપાટ હાડકું. **sh. spot.** કેટલીક માછલીઓમાં ખભાના પ્રદેશ પરનો રંજક ભાગ.

**shovan.** મજરો, સવા. *Panicum miliare* **Lamk.** નામની વનસ્પતિ.

**shovel.** પાવડો; માટી ઇ. ઉપાડવા કે ખસેડવા માટેનું હાથાની સાથે જડેલા ધાતુના પહોળાં પાનાવાળું ઓજાર. **sh. 'double pointed** દ્વિ-કોણી પાવડો. **sh. 'straight** સીધો પાવડો. **sh. 'twisted** વળદાર – વળેલો પાવડો. **sh. cultivator.** પાકની આંતરખેડ માટેનું મજબૂત ચોકઠાવાળું હળ; ઊંડી ખેડ અને હારની વચ્ચે જરૂરી જગ્યા રાખી શકાય તેવી રીતે અણિવાળા ભાગને ફેરવી શકાય તેવી તેમાં વ્યવસ્થા હોય છે. **sh. foot.** જમીનની સાથે અલ્પ કોણ બને તે રીતે પ્રાણીના ડાબલાનું સપાટ થઈ જવું, જે અવસ્થા *fluorosis* રોગના પરિણામ સ્વરૂપ હોય છે. **sh. spearhead.** ભાલાના માથા જેવો પાવડો.

**show.** પ્રાણીઓ, કૃષિ પેદાશ ફૂલો, અથવા ફળોનું જાહેરમાં યોજવામાં આવતું નિદર્શન. **sh. cattle.** ઊંચી ઓલાદના જાહેરમાં નિદર્શન માટે યોગ્ય ઢોર. **sh. ring.** જાહેર નિદર્શનમાંનું સ્થાન, જ્યાં પ્રાણીઓનું નિદર્શન યોજાય છે અને તેની ગુણવત્તા ઇ. અંગેની કસોટી કરી, નિર્ણય કરવામાં આવે છે.

**shower.** ટૂંકા સમય માટેની સ્થાનિક વર્ષા, ઝરમર ઝરમર વરસાદ.

**Shravania.** શ્રાવણિયા નામની શ્રાવણ મહિનામાં મળતી કેરી. (૨) પ. ભારતમાં પથરાયેલા આંબા, જેને માર્ચ મહિનામાં મોર બેસે છે અને ઑગસ્ટમાં કેરી થાય છે. આ ઋતુ અર્થાત્ શ્રાવણ માસમાં સાધારણ રીતે કેરીઓ મળતી નથી અને મળે તો તેની ઊંચી કિંમત ચૂકવવી પડે છે. આવા પ્રકારની કેરીઓ શ્રાવણ માસમાં મળતી હોઈ તેને 'શ્રાવણિયા' નામે ઓળખવામાં આવે છે, અને તેના આંબાને પણ શ્રાવણિયો આંબો કહેવામાં આવે છે.

**shred.** લાંબા, સાંકડા ટૂકડા.

**shredding.** વસ્તુના લાંબા, સાંકડા ટૂકડા કરવાની પ્રક્રિયા.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**shrimp.** શ્રિમ્પ નામનું કવચધારી લાંબી પૂંછડી અને દસ પગવાળું ખારા પાણીનું દરિયાઈ પ્રાણી.

**shrink.** પરિમાણ, વજન કે ઘનફળમાં સંકોચાવું. **shrinkage.** સંકોચ. (૨) પરિમાણ, વજન કે ઘનફળમાં સંકોચાવાની પ્રક્રિયા. (૩) ઊનને સાફ કરવાની પ્રક્રિયામાં ચીકણાં દ્રવ્યો દૂર થતાં તેના વજનમાં આવતો ઘટાડો જેની સાફ કર્યા વિનાના કુલ ઊનની સાથેની કરવામાં આવતી ટકાવારી. **sh. limit.** સંકોચાવાની મર્યાદા. **sh. ratio.** સંકોચાવાનો ગુણોત્તર. **shrivel.** પાંદડાં, દાણા ઇ.નું સંકોચાવું અને ચીમળાવું, સુકાઈ જવું.

**shrub.** ક્ષુપ, ઝાડી. (૨) જમીનની નજીક અથવા જમીનની આગળથી શાખાઓ થતી હોય તેવી 10 ફૂટ કરતાં ઓછી ઊંચી થતી દીર્ઘાયુ કાષ્ઠીય વનસ્પતિ. **shrubby allhacca.** ખાદ્યફળધારી ચીન અને જપાનનો ક્ષુપ.

**shruval.** ચારા માટે અને રેસાની સાદડીઓ બનાવવામાં ઉપયોગી દીર્ઘાયુ ઘાસનો એક પ્રકાર.

**shuck.** કેટલાંક કાષ્ઠ ફળનું બાહ્યાવરણ. (૨) મકાઈના ડોડાનું આવરણ. (૩) છોતરાં કે સિંગ. (૩) ઠળિયાવાળા ફળનું, ફળને ઢાંકનાર પણ ફળ મોટું થતાં સુકાઈ જઈને ફાટે તેવું વજ. (૪) આવરણને દૂર કરવું.

**shut-off nozzle.** છંટકાવના પ્રવાહને નિયંત્રિત રાખનાર વાલ્વ ધરાવતું નાળચું. **sh. o.valve.** પ્રવાહી કે અન્ય દ્રવ્યોને બહાર વહી જતા અટકાવનાર વાલ્વ.

**shy.** ઝડપથી ભડકી જનાર, (૨) પકડવું મુશ્કેલ. **sh. bearing.** હલકું બેરિંગ. **sh. breeder.** નિમ્ન ઉત્પાદક કાર્યદક્ષતા ધરાવતું નર કે માદા પ્રાણી. **sh. producer.** ઓછી કે હલકા પ્રકારની પેદાશ આપનાર ઝાડ અથવા છોડ.

**siali.** પ. હિમાલય, કુમાઉ, ઓરિસા અને પ. ભારતનો વિદારીકંદ; *Pueraria tuberosa* **DC.** નામનો ખાદ્ય કંદ તથા પાનનો ક્ષુપ.

**siallite.** હાઈડ્રોક્લોરિક એસિડમાં 2:1 કરતાં વધારે ગુણોત્તર ધરાવનાર સિલિકા – એલ્યુમિનાવાળી જમીનનો સમૂહ.

**sib.** જનિન વિજ્ઞાનની દૃષ્ટિએ ભાઈ અથવા બહેન, સહોદર. **sibbing** ભાઈ અને બહેનનું સહોદર પ્રજનન. **siblings.** એક જ મા–બાપની સંતતિ, જે એક જ સાથે જન્મી હોતી નથી. **sibmating.** અંતઃ સંયુગ્મનની પદ્ધતિ. (૨) એક જ જનકના બીમાંથી ઉગાડેલાં ભાઈ–બહેન જેવા છોડનું સંયુગ્મન – અંતઃ પ્રજનન. પપૈયા જેવામાં છોડની જાતનો સવાદ ઉકેલવાની યુક્તિ.

**Siberian crab apple.** ચેરી સફરજન, ચેરી, કેબ, પરોલ, જંગલી સફરજન; *Malus baccata* (**L.**) **Borkb.** [Syn. *Pyrus baccata* (**L.**); *Pyrus baccata* **L.**var. *Sibirica* **Maxim.**]. નામનું કાશ્મીર અને ખાસી ટેકરીઓમાં થતું વૃક્ષ, જેનાં સફરજનના એક પ્રકાર જેવાં ફળનો શાકભાજી તરીકે ઉપયોગ કરવામાં આવે છે.

**sick.** ગમે તે પ્રકારની માંદગીવાળું. (૨) તંદુરસ્ત કે સ્વસ્થ ન હોય તેવું. (૩) રોગનો ચેપ લાગવાથી અથવા ઊણપ કે કેટલાંક દ્રવ્યોના વધારે પડતા પ્રમાણથી નફાકારક ઉત્પન્ન આપી ન શકે તેવી (જમીન). **sickly.** અસ્વસ્થ, માંદું.

**sickle.** દાતરડું; ટૂંકા હાથાની સાથે જડેલું ઘાસ કાપવા માટેનું વળેલું દાંતાવાળી ધારદાર કિનારવાળું ઓજાર. **s. clip.** દાતરડાની ક્લિપ. **s. senna.** કુવાડિયો; *Cassia tora* **L**; *Pamaar. chakunda.* નામનો ભારતભરમાં થતો એક શાકીય ક્ષુપ, જે મીઠાઈ બનાવવામાં કામમાં આવે છે અને જેનાં પાનની શાકભાજી બનાવવામાં આવે છે. **sickles.** મરઘીના નર બચ્ચાનાં લાંબાં, વક્ર પૂછડીનાં પીછાં.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**Sida** *acuta* **Burm f.** બલારેલ, ડંગરા, ઊબલ, નામની એક શાકીય વનસ્પતિ, જેના રેસાનાં દોરડાં બનાવવામાં આવે છે. **S.** *canariensis* **Willd.** મહાબલા નામની વનસ્પતિ. **S.** *cordifolia* **L.** બલા નામની વનસ્પતિ, જેમાંથી એફેડ્રિન મળે છે, જે દમના દર્દોમાં ઉપયોગી બને છે. **S.** *rhombifolia* **L.** [Syn. **S.** *canariensis* **Willd.**]. સહદેવી; મહાબલા, ખેતરાઉ બલા, નામની ભારતભરમાં થતી વનસ્પતિનો એક પ્રકાર, જેના પ્રકાંડના રેસાનાં દોરડાં બનાવવામાં આવે છે. **S.** *spinosa* **L.** કાંટાળી બલા. **S.** *veronicaefolia* **Lamk.** ભોયબલા, ભોંયબલ નામની ભારતભરમાં થતી એક વનસ્પતિ, જેના પ્રકાંડના રેસાનાં દોરડાં બનાવવામાં આવે છે, અને પાનની ભાજી બનાવવામાં આવે છે

**side.** કોઈ પણ પ્રાણીનાં ખભાથી નિતંબ સુધીના ભાગની પાર્શ્વીય બાજુ, પડખું. **s. arm.** દ્રાક્ષનો મૂત બાહુ. (૨) પાર્શ્વ-બાહુ. **s. cap.** પડખાની પટ્ટી **s. draft.** બોજ અથવા પ્રતિકારનું કેન્દ્ર સાચી રેખાથી ખસ્યું હોય ત્યારે ખેંચવાનો ઝોક બાજુ તરફ વળે તેવી અવસ્થા. **s. -dressing.** કલમ કરવાનો એક પ્રકાર, જેમાં મૂળના સ્કંધનો ટોચનો ભાગ દૂર કરવામાં આવતો નથી. એક બાજુ બીજીથી સહેજ લાંબી હોય, જેમાં ફાચર આકારની કલમ બનાવવામાં આવે છે અને 20°થી 25°નો સ્કંધમાં કાપ મૂકી તેમાં કલમ દાખલ કરી, તેને મજબૂત રીતે બાંધી દેવામાં આવે છે. દ. ભારતમાં કલમની આવા પ્રકારની પદ્ધતિ અપનાવવામાં આવે છે, જેનો આંબામાંનો પ્રયોગ સફળ બને છે. ઉપરાંત અંજીર, કાજુ ઇ.માં પણ કલમના આ પદ્ધતિ હાથ ધરવામાં આવે છે. (૨) ફસલમાં એક પડખે ખાતર આપવાની પ્રથા. **s. grafting.** પડખામાં કલમ કરવાની પદ્ધતિ. **s. land.** પડખાની ભૂમિ – છૂટ. **s. leak.** મશના આંચળના બાજુમાં પડેલું અકુદરતી છિદ્ર, જેમાંથી દૂધ સ્રવે છે. દૂધાળાં ઢોરની આ એક ખોડ ગણાય છે. **s. spur.** સફરજનના ઝાડની માફક ટૂંકી કાષ્ઠમય ડાળી સામાન્ય રીતે જેની ઉપર કળી અથવા ફળ બાઝે છે.

**Sideroxylon** *tomentosum.* વનસ્પતિનો એક પ્રકાર.

**sieva bean.** જુઓ *lima bean.*

**sieve.** ચાળણી; જાડા કણ અથવા દાણાથી ઝીણા કણ કે દાણાને છૂટા પાડવાનું ઝીણા વેહવાળું ધાતુ કે કપડાનું સાધન. **s. area.** ચાળણીનો વિસ્તાર. **s. cell.** ચાળણી કોષ. **s. element.** ચાળણી એકમ – ઘટક. **s. plate** ચાળણી પટ્ટી. (૨) અનુપ્રસ્થ અને કોઈવાર પાર્શ્વીય દીવાલનો રચીય ભાગ. **s. tube.** અન્ન લઈ જવા માટેની અન્નવાહિનીનો લંબાયમાન કોષ. (૨) ચાળણી નલિકા. **sift.** ચાળવું, ચાળણીની મદદથી ઝીણા અને જાડા કણને છૂટા પાડવા. **sifting.** ચાળવું, ચાળણ.

**sigmoid.** અવગ્રહાકાર, અંગ્રેજી વર્ણ 'એસ' (s) બરાબર, ગ્રીક વર્ણમાળાનો 'સ' ઉચ્ચારનો વર્ણ.

**significance test.** વ્યંજકતા – મહત્વકસોટી – પરીક્ષણ. **significant.** મહત્વનું વ્યંજક.

**sight glass.** નિરીક્ષણ બારી – કાચ.

**Sikkim orange.** નેપાળ અને આસામનાં સતરા જેવાં કલકત્તાનાં લોકપ્રિય બનતાં સતરા.

**silage.** લીલા ઘાસની જરૂર હોય અથવા તે ઉપલબ્ધ બનવું ન હોય ત્યારે ઉપયોગમાં લેવા માટે સારી રીતે કાપવામાં આવેલા લીલા ઘાસને તેની રસાળ અવસ્થામાં જાળવી રાખવાની 'સાઇલેજ'ના નામે ઓળખાતી એક પ્રક્રિયા જેમાં ભોંયતળિયાતર ખાડો કરીને અથવા ખાસ તૈયાર કરવામાં આવેલા ટાવરમાં, હવા લાગે નહિ તે રીતે લીલા ઘાસને આવરિત કરી દબાણ આપી સાચવવામાં આવે છે. આ પદ્ધતિથી ઘાસને આથો ચડે છે, જે ઢોરને ભાવે છે. **s. crop.** સાઇલેજ કરવા જુવાર, ઘાસ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઇ.નો તૈયાર કરવામાં આવતો પાક, જેને તે લીલો હોય ત્યારે કાપીને, સાઇલોમાં જાળવવામાં આવે છે. **silo.** પ્રમાણમાં નિર્વાત. ખાડો, ખાઈ કે જમીન પર સમક્ષિતિજ પાત્ર અથવા ઊભું નળાકાર ઘર, જેમાં આથો ચડી સાઈલેજ થાય તે માટે લીલા ઘાસને રાખવામાં આવે છે. આવી રીતે તૈયાર થયેલું સાઈલેજ ઘાસ જ્યારે લીલું ઘાસ ઉપલબ્ધ બની શકતું ન હોય ત્યારે ઢોરને ખાવા માટે આપવામાં આવે છે. **s. pit.** સાઈલેજ બનાવવા માટે કરવામાં આવતો ખાડો. **s. tower.** સાઈલેજ બનાવવા જમીન પર સમક્ષિતિજ તૈયાર કરવામાં આવતો ટાવર, મિનારો કે ઘર.

**silencer.** મૂક કરનાર, સાઇલેન્સર.

**silent.** મૂક, શાંત. **s. chain.** મૂક શૃંખલા. **s. heat.** માદા પ્રાણીની મૈથુન માટેની એક ચક્રીય અવસ્થા, જેમાં બીજ-મોચન થાય છે પણ માદામાં સંભોગ કામનાની ગરમી – મદનાં કોઈ બાહ્ય લક્ષણો જોવામાં આવતાં નથી.

**Silene** *armeria* **L.** મૂળ દ. યુરોપની પણ અહીં શોભા માટે ઉગાડવામાં આવતી શાકીય વનસ્પતિનો એક પ્રકાર

**silica.** સિલિકા. $SiO_2$; સિલિકાન ડાયોક્સાઈડ, ક્વાર્ટ્ઝ, ચકમક, રેતી ઇ.માં જોવામાં આવતું ધરતીના પોપડાનું સર્વ-સાધારણ ખનિજ દ્રવ્ય. **s.-alumina ratio.** જમીન, માટી કે અન્ય એલ્યુ-મિનો – સિલિકા દ્રવ્યમાંનો એલ્યુમિનિયમ સાથેનો સિલિકાનો આણ્વીય ગુણોત્તર. **s. -sesquioxide ratio.** સિલિકા સેસ્કવી – ઑક્સાઈડ ગુણોત્તર. **silicated.** સિલિકાનું આવરણ, મિશ્રણ અથવા સંયોજન ધરાવનાર. **silico-fluoride.** સોડિયમ ફ્લુઓસિલિકેટ. **silicon.** Si. સુત્ર ધરાવતું કુદરતમાં અને તે પણ વિપુલ પ્રમાણમાં સંયોજિત રૂપમાં મળી આવતું અધાત્વીય રાસાયણિક તત્ત્વ; તે માટીમાં મળી આવે છે અને સિલિકા બનાવવા માટે ઑક્સિજનની સાથે સંયો-જાય છે; વનસ્પતિનો એક ઘટક પણ ખાતરમાં તે મહત્ત્વનું ગણાતું નથી.

**siliqua. silique.** રાઈ કુળના છોડની સિંગ. (૨) દ્વિ-સ્ત્રીકેસરીય સંપુટ, જેમાં ફૂટપટી ખંડને બે ખંડમાં અલગ કરે છે અને જે બાજુની સેવનીમાં ખુલે છે.

**silk** રેશમ; શેતુરના પાન ખાનાર રેશમના કીડા કે ફૂદાના કોશેટામાં તૈયાર થતા મૃદુ, ચળકતા, ઝીણા રેસ. (૨) મકાઈના છોડના પુંકેસરવાળા લાંબા રેશમ જેવા પરાગવાહિની, જેમાંની પ્રત્યેક વાહિની કણસલાના અંડાશયની સાથે જોડાયેલી હોય છે, અને પ્રત્યેક પૂરા પક્વ દાણા બનવા માટે પરાગનયનિત થવું જોઈએ. **s., artificial** કૃત્રિમ રેશમ, સશ્લેષિત રેશમ. **s. cotton.** ધોળો શીમળો. **s. c. tree.** શીમળો, શેમળો. **s. fowl.** રેશમ જેવાં પીછાંવાળું પક્ષી. **s. gland.** રેશમનો સ્રાવ કરતા, રેશમના કીડા કે અન્ય જંતુમાં રહેલી ગ્રંથિ, રેશમ-ગ્રંથિ. **s. grower.** રેશમ ઉત્પાદક. **s. moth.** રેશમનું ફૂદું – પતંગિયું. **s. worm.** રેશમનો કીડો; *Bombyx mori* **L.** નામનું શેતુરનાં પાન ખાતું, મોટી ઈયળમાં પરિણમતું, મૃદુ, મજબૂત, વાળી શકાય તેવા તંતુમાં પરિવર્તન પામતી લાળનો કોશેટો બનાવતું ડિંભ. કોશેટાના તંતુને કુશળતાપૂર્વક કાઢી તેની આંટીઓ બનાવી કાચું રેશમ તૈયાર કરવામાં આવે છે. આ કીડાનું મૂળ વતન ચીન છે. **s. w. rearing.** રેશમના કીડાનો ઉછેર– **s. w. fly pest.** ઘરમાખ જેવી પણ સહેજ મોટી, *Tricocyga bombycis.* **fly.** નામની માખ, જે રેશમના કીડા પર ઈંડાં મૂકે છે, જે 24 કલાકમાં સેવાઈ જઈ તેમાંથી સૂક્ષ્મ કીટ નીકળી રેશમના કીડામાં છિદ્રો પાડી અંદરનો રસ ચૂસે છે, અને બહાર આવવા કોશેટામાં છેદ પાડે છે.

**silky.** રેશમ જેવું, નરમાઈ, સુંવાળાશ, સૂક્ષ્મ રચના અને ચળકાટમાં રેશમના જેવું. **s. oak.** જુઓ *silver oak.*

**silt.** કાંપ. (૨) મુખ્યત્વે ક્વાર્ટ્ઝ અને

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ફેરફાર ખનિજમાંથી વ્યુત્પન્ન: જમીનના કણ, જેનો મધ્ય ભાગ ખવાણ પામેલો હોતો નથી પણ કિનારીઓ ખવાણ પામેલી હોય છે, અને ખવાણની આગળ વધેલી અવસ્થા ધરાવતો હોઈ રેતી કરતાં ખનિજ પોષક તત્ત્વો પૂરાં પાડવાની તે સારી ગરજ સારે છે. (૩) 80 કે તેથી વિશેષ ટકાવારી ધરાવતા કાંપ અને 12 ટકાવારી કરતાં ઓછી રેતીવાળી માટી. (૪) જલવાહિત કચરાથી નાળીને ભરી દેવી અથવા તેમાં બાધા ઉત્પન્ન કરવી. (૫) 0.05 (કે 0.02) મિ.મી.થી **0.02** મિ.મીના વ્યાસવાળા નાના, ખનિજ મૃદ્ કણો. **s. basin.** જલવાહિત કચરાને એકઠું કરવા માટેની ખાડી, બાજુની ઊંડી અને વિશાળ સંરચના કે જલ નિકાલની નાળી. **s. clay.** 40 કે તેથી વધારે ટકાવારી ધરાવતી માટી અને 40 કે તેથી વધારે ટકાવારી ધરાવતો કાંપ. s. **c. loam.** 27 થી 40 ટકા માટી, 20 ટકા કરતાં ઓછી રેતી ધરાવતી જમીન. **s. diposition.** કાંપ નિક્ષેપ. **s. loam.** 50 ટકા કે તેથી વધારે કાંપ અને 12 થી 27 ટકા માટી ધરાવતી જમીન.

**siltimber.** પૂર્વ હિમાલય અને ખાસી ટેકરીઓમાં જાણીતી *Litsea cirtrata* **Bl.** નામની સિલ્ટિમ્બર તરીકે ઓળખાતી વનસ્પતિ, જેનાં પાન રેશમના કીડાના ઉછેર માટે ઉપયોગી બને છે.

**silvan.sylvan.** વનનું,–ને લગતું.(૨)ગ્રામ્.

**silvics** જંગલનાં વૃક્ષો ઇ.ના અભ્યાસનું વિજ્ઞાન. **silvicultural.** વન સંવર્ધન. **s. rotation.** વધુમાં વધુ જેમ અને પુનરુત્પાદન જાળવી રાખવા માટેનો ઈમારતી વૃક્ષોનું કરવામાં આવતું ચક્રીય વાવેતર.

**silver.** રજત, ચાંદી. **s. fish.** કંસારી, *Lepisma saccharina* **L.** નામનું બંને બાજુ પર અણીદાર બનતા શરીરવાળું, પાંખવિહિન, ચળકતું લોટ અને અન્ય ખોરાકી દ્રવ્યો પર જીવતું જંતુ **s. grey.** આછા, ભૂખરી ચાંદી જેવી સફેદ વાળ ધરાવતા ઘોડાનો રંગ. **s. leaf.** શ્વેતપત્ર નામનો એક રોગ. (૨) ચાંદીનો વરખ. **s.-leaved iron-bark.** મૂળ ઓસ્ટ્રેલિયાનું પણ અહીં દાખલ કરવામાં આવેલું *Eucalyptus melanophloia.* નામનું વૃક્ષ, જેના કાષ્ઠનું બળતણ તથા થાંભલા બનાવવામાં આવે છે. **s. oak.** *Grevillea robusta* **A. Cunn.** નામનું શંકુ આકારનું ઘેરારંગની છાલવાળું સિલ્વર ઓક નામે ઓળખાતું વૃક્ષ, જેને વીથિ માટે, પવનના ઝપાટા રોકવા માટે તથા કોફી, ચા અને સિંકોનાના બગીચાઓમાં છાયો આપવા માટે ઉગાડવામાં આવે છે. તેનું કાષ્ઠ પેટીઓ અને પાટિયાં બનાવવા, ઘરની અંદરની શોભા–અંતઃસજાવટ માટે ઉપયોગી બને છે. આ ઝાડને ભેજ અને ગરમ વાતાવરણ અનુકૂળ થઈ પડે છે. તેનાં પાન ચા અને કોફીના બગીચામાં લીલા ખાતર તરીકે ઉપયોગમાં આવે છે. **s. wattle.** *Acacia decurrens* **Wild.** var. *dealbata* **F. Miell** (*Acacia dealbata* **Link**). નામનું નીલગિરિમાં ઉગાડવામાં આવતું ઊંચું અને પવનને સહન કરી ન શકનાર, ઉછેરગૃહમાં સંવર્ધિત બનતું વૃક્ષ, જેનું કાષ્ઠ બળતણ માટે, અને છાલ ચામડાં કમાવવા માટે ઉપયોગી બને છે. તેનાં ફૂલોમાંથી સુગંધી દ્રવ્ય મળે છે.

**silvicide.** વૃક્ષોનો નાશ કરનાર ગમે તે સ્પર્શીય વિષ ધરાવતું રસાયણ.

**Silybum** *marianum* (**L.**) **Gaertn.** [Syn. *Carduus marianum* **L.**]. બગીચામાં શોભા માટે ઉગાડવામાં આવતો છોડ.

**simple.** સરળ, સાધારણ, સાદું, સંયોજનથી ભિન્ન એવું એકજ તત્ત્વ ધરાવતું, એક પ્રક્રિયા કે શક્તિની આવશ્યકતાવાળું, (૩) વિભાજિત બન્યું ન હોય તેવું. **s. acid.** ચરબી, તેલ અને મીણ જેવા વિવિધ પદાર્થો સમેત ચરબીયુક્ત ઍસિડ. **s. eye.** નિમ્ન કોટિનાં પ્રાણીઓમાં જોવામાં આવતી સાદી આંખ, કે આંખસૂચક ચિહ્ન. (૨) ઘણાં જંતુઓ અને માછલીઓમાં જોવા-આવતાં આંખ જેવાં ચિહ્નો; જુઓ *ocellus.* **s. effect.** સરળ પ્રભાવ. **s. fracture.** સાધારણ અસ્થિ-ભંગ; કેવળ તરડ-

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પડી હોય કે બે ભાગમાં તૂટયો હોય તેવા પ્રકારનો અસ્થિભંગ. **s. fruit.** એકલ ફળ, સાદું ફળ. **s. harmonic motion.** સરળ પ્રસંવાદી ગતિ. **s. layering.** સ્તરીકરણની એક પદ્ધતિ, જેમાં વિકાસ સાધવા ધારેલા છોડના પ્રકાંડને નમાવીને તેના અંત્ય ભાગો ખુલ્લા રહે તેવી રીતે દાટવામાં આવે છે. દાટેલા ભાગમાં મૂળ ફૂટે તે માટે તે પર ઘણા કાપ મૂકવામાં આવે છે. **s. leaf.** એકદળનું પર્ણ, સરળ પર્ણ, **s. muscle.** અરેખિત સ્નાયુ. **s. pinnate.** એક પક્ષવત્. **s. pit.** સાદો ખાડો, સાદો ગર્ત. **s. pistil.** એક સ્ત્રીકેસરનું. **s. protein.** સાદું પ્રોટીન. **s. translocation.** સરળ સ્થાનાંતર. **s. umbel.** સાદું છત્રક.

**simplex.** એક પ્રભાવી.

**simsapa.** સીસમ.

**simul.** શીમળો, રાતો શીમળો.

**simulant.** -ના જેવા દેખાવવાળું. (૨) પાંદડી જેવા પુંકેસરની જેમ.

**Simuliidae.** *Diptera* શ્રેણીના ડાંસનું કુલ.

**Sind.** સિંધી ઓલાદનાં ઢોર.

**sindhour.** સિંધોલ.

**sinduriya.** સિંદૂરિયા રંગનું ઝાડ.

**sinew.** હાડકાંની સાથે પેશીને જોડનાર સખત તાન્તવીય પેશી, સ્નાયુ બંધની.

**singe.** સહેજ અથવા ઉપરછલ્લી રીતે દાઝી જવું. (૨) વાળ દૂર કરવા ડુક્કર ઇ.ના શબને ઝાળ આપવી. (૩) ફૂલોની તાજગી ટકાવવા તેની દાંડીના છેડા પરના ચીકણા રસને દૂર કરવો.

**singhara.** શિંગોડા, જુઓ *water chestnut*. **s. beetle.** *Galerucella birmanica* **Jac.** નામનું શિંગોડાને લાગુ પડતું એક પ્રકારનું જંતુ, જેથી શિંગોડાના પાકને હાનિ પહોંચે છે.

**Singhi.** *Heteropnuestes fossilis*, નામની વાતાવરણના ઑક્સિજનને ગ્રહણ કરી શકતી એક ફૂટ લાંબી ભક્ષક માછલી.

**single.** એક, એકલ. (૨) બેવડું અથવા અનેકવિધ ન હોય તેવું. (૨) સંયુક્ત, અવિભાજિત, એક જ (પ્રકાંડ પર ઊગતું). **s. action atomizer.** પંપ અને રસાયણની ટાંકીવાળું છંટકાવનું સાધન, જે પંપના એક ધક્કાથી રસાયણના સૂક્ષ્મ બુંદ બનાવીને છંટકાવ કરે છે. **s. bottom plough.** એક તળનું હળ. **s.-comb.** ચાંચથી છેક ગરદન સુધી પહોંચતી એકજ, માંસલ, દાંતાદાર મરઘાની કલગી. **s. -comb Ancona.** એકોના ઓલાદનાં મરઘાં. **s. compound pistil.** બી ધારણ કરનાર ફૂલનું સ્ત્રીકેસર ચક્ર, જે બે કે વધારે સ્ત્રીકેસર ધરાવે છે. **s. crop.** એક ફસલી. (૨) એક પાક. **s. cross.** વનસ્પતિ કે પ્રાણીનો એક જ પ્રકાર કે એક જ જાત. (૨) અંતઃ ફલનક્ષમ પેઢી કે ઓલાદનો બીજા પ્રકાર, જાત કે અંતઃ ફલનક્ષમ પેઢીની સાથેનું સંકર. **s. disc plough.** એક ચકતીવાળું હળ. **s. -eye cutting.** એક આંખ કે કળીનો સમાવેશ થાય તેમ પ્રકાંડ કે કલમાંકુરને મૂકવામાં આવતો છેદ કે કાપ. **s. -grained structure.** એક જ પ્રકારની દાણાદાર સંરચના. (૨) કણી ન હોય તેવી (જમીન). **s. phase.** એક કલા, એક પ્રાવસ્થા. **s. purpose society.** એક ઉદ્દેશ ધરાવતી (સહકારી) મંડળી. **s. roller gin.** તદ્દન સાદા પ્રકારનું કપાસ લોઢવાનું યંત્ર, જેમાં ચામડું મઢેલું રોલર અને છરી હોય છે. કપાસને રોલર પર ખેંચતાં કપાસિયા છૂટા પડે છે. યંત્રમાં લોઢવા માટે કપાસને હાથથી મૂકવામાં આવે છે; કલાકમાં આથી 55થી 75 રતલ કપાસને લોઢી શકાય છે. **s. row.** બે હારની વચમાં એક સરખી જગ્યા રાખી સીધી રેખામાં વાવણી કરવા માટેની હાર. (૨) એક જ હારની વાવણીમાં રોપનાર, ખેડનાર કે લણણી કરનાર યંત્ર. **s. r. cattle shed.** ઢોરની છાપરીની એક હાર. **s. stage.** એક અવસ્થા. **s.**



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**stake system.** દ્રાક્ષની વેલના સંવર્ધન માટેની એક પદ્ધતિ. **s. state.** એકલ અવસ્થા. **s. stem umbrella system.** કોફીના છોડની શાખા તોડવાની પદ્ધતિ. **s. superphosphate.** 16થી 20 ટકા ફૉસ્ફૉરિક ઍસિડ ધરાવતો સુપરફૉસ્ફેટનો એક પ્રકાર, જે ખાતર તરીકે ઉપયોગી બને છે. **s. value constant.** એકલમૂલ્ય સ્થિરાંક. **s. yoke.** એકલ ધૂરા-ધૂંસરી.

**sinigrin.** કોબી અને કોબિફ્લાવરમાં મોટા પ્રમાણમાં થતો સલ્ફર-ગંધક સમેતનો ગ્લુકોસાઈડ, જેથી ગરમ પરિસ્થિતિમાં પાક લેવામાં આવે તો પેદાશ તીખી બને છે.

**sinistrocerebral.** મસ્તિષ્કના ડાબા ગોળાર્ધનું.

**sinistrorse.** જમણેથી ડાબી તરફ વળ લેતું પ્રકાંડ ધરાવતી (વનસ્પતિ).

**sinking.** ગળતું, ડૂબતું, ડૂબક. **s. fund.** ઋણ શોધન નિધિ.

**sino-auricular node.** કોટર-અલિંદ પિંડ-ગ્રંથિ.

**sinuate.** કિનારી પર, અંદર અને બહારની બાજુ પર વળાંક લેતું, લહેરદાર (કિનારી). (૨) તરંગી, તરંગિત પર્ણ કિનારીવાળું. **sinuosity.** વળાંક. **sinuous.** ઘણાં વળાંકવાળું, સર્પિલ, ઊંચુંનીચું, લહેરદાર.

**sinus.** નાસાવિવર, વિવર. (૨) હાડકાં કે પેશીમાં ખાડો. (૩) નસકોરાંની સાથે જોડાયેલાં ખોપરીના હાડકાંમાંનો ખાડો. (૪) એક જ પાનમાં બે ખંડો વચ્ચેનો ખાડો. (૫) ખાંચ કોટર. **sinusitis.** નાસાવિવર કોપ, ખોપરીના વિવરમાં આવતો સોજો. **sinusoid.** વિવરાસ્થિ.

**Sioux.** ટમેટાનો એક પ્રકાર; મધ્યમ કદનું, કાચું હોય ત્યારે શ્વેત-હરિત રંગનું અને પાકે ત્યારે લાલ રંગનું. ગોળાકાર, લીસું, ભારે ઉતાર આપનાર ફળ.

**siphon.** બકનળી, નિતાલ. (૨) ઊંચી સપાટી પરથી નીચી સપાટી તરફ પાણી વહે તે માટેની ઊંધા અંગ્રેજી વર્ણ 'વી' (**V**) આકારની નળી, જે દ્વારા વાતાવરણના દબાણથી પાણી નીચલી સપાટી તરફ વહે છે. (૩) મૃદુકાય કે છીપલાની નલિકા. (૪) કેટલાંક જંતુની ચૂસકનળી. **s. stele.** સુષિર મધ્યરંભ.

**Siphonaptera.** ચાંચડ પ્રકારનાં જંતુની શ્રેણી.

**siphonet.** હનીડયૂનો સ્રાવ કરે, તેવી મોલોમશી જંતુની નલિકા.

**Siphunculata.** *Anoplura.* શ્રેણીની ઉપશ્રેણી, જેમાં ચૂસક જૂનો સમાવેશ થાય છે.

**siran.** *Albizia chinensis* (**Osbeck**) **Merr.** [Syn. *Al. stipulata* **Boiv.**]. નામનું ઇ. ભારત, આસામ,પ. બંગાળ-અને 1,200 મી.ની ઊંચાઈના હિમાલયના પ્રદેશોમાં થતું બી અથવા રોપથી ઊગતું પાનખર વૃક્ષ; જેનું કાષ્ઠ નિર્માણ કામમાં, બળતણ તરીકે, ફર્નિચર અને ઘરગથ્થુ વાસણો બનાવવામાં કામ લાગે છે અને ડાળાં-ડાંખળાં તથા પાનનો ઢોર માટેનો ચારો બને છે.

**sire.** નરજનક, જનક સાંઢ. (૨) પિતા બનવું, પિતા તરીકે જન્મ આપવો.

**siriasis.** લૂ લાગવી, સૂર્યાઘાત.

**siris.** પીળો શિરીષ.

**Sirium** *myrtifolium*, **L.** સફેદ ચંદન.

**sirup. syrup.** સિરપ, ચાસણી.

**sis.** વગડાઉ શણ, ઘુઘરિયા; *Crotalaria burhia* **Buch.-Ham.** સિસ નામે ઓળખાતું, શબ્દપર્ણીય ઉપક્ષુપ, જે પંજાબ, ઉત્તરપ્રદેશ, રાજસ્થાન અને ગુજરાતમાં જોવામા આવે છે, અને જેની ડાળીઓ અને પાનનો ઢોર માટેનો ચારો બને છે અને પ્રકાંડના રેસાનાં દોરડાં બનાવવામાં આવે છે.

**sisal agave.** મેક્સિકો અને મધ્ય અમેરિકાનું મૂળ વતન ધરાવતું *Agave sisalana* **Perr.** નામનું ઝાડ, જેનાં પાનના રેસાનાં દોરડાં બનાવવામાં આવે છે, જેનું મીણ પોલીશ કરવા અને કાર્બન કાગળ બનાવવા માટે ઉપયોગમાં આવે છે; આ વૃક્ષ આસામ, બિહાર, પ. બંગાળ, તામિલનાડુ,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મહારાષ્ટ્ર અને કર્ણાટકમાં થાય છે. **s. hemp.** રામવાંસ, કેતકી. **s.h. anthracnose.** *Colletotrichum agaves.* નામના જંતુથી કેતકીને થતા રોગનો એક પ્રકાર, જેમાં પાન પર કુંડાળાં થાય, પાન ચિમળાય અને તંતુ તથા પાન સુકાઈ જાય છે; કેતકીનો રુક્ષરોગ.

**Sison** *ammi.* અજમો.

**sissoo.** સીસમ; *Dalbergia sissoo* **Roxb.** નામનું ભારતનું ઈમારતી લાકડાનું મહત્ત્વનું વૃક્ષ, જે 900 મીટર સુધી હિમાલયના પ્રદેશોમાં અને નદીના તળના કાંપનાં સ્થાનોમાં ઊગે છે, તે હિમનો સામનો કરી શકે છે. તેને સીધું ખી વાવીને ઉગાડી શકાય છે. તેનાં કાષ્ઠનાં ફર્નિચર, કૃષિનાં ઓજારો બનાવવામાં આવે છે, ઉપરાંત તેનું બળતણ પણ બનાવવામાં આવે છે.

**sister gamete.** ભગિની જન્યુકોષ.

**sitaphal.** સીતાફળ.

**site.** ચોકસ હેતુ માટેનું સ્થાન. (૨) આબોહવાકીય અને જમીનની પરિસ્થિતિનો સમન્વય, ઊંચાણ; સ્થાન વિશેષતા, જમીન, જળ સાધનોનું સાંનિધ્ય ઇ. સૂચક સ્થાન.

**Sitophilus** *oryzae.* ચોખાનું ચાંચવું. ગોદામમાં સંગ્રહેલાં ઘઉં, ચોખા, મકાઈ, જુવાર, જવ અને બાજરીને નુકસાન કરનાર કીટક.

**Sitotroga** *cerealella* **Olive.** ઘઉં, જવ, ચોખા, મકાઈ અને જુવાર-બાજરી જેવાં ગોદામમાં સંઘરવામાં આવેલાં ધાન્યને હાનિ પહોંચાડતો કીટક.

**sitter.** ઇંડાં સેવવા માટે તેની ઉપર બેસતી મરઘી.

**six.** છ. **s. cane kniffin system.** દ્રાક્ષના વેલના ઉછેરનો એક પ્રકાર, જેમાં ત્રણ સમાંતર તારની જમણી અને ડાબી બાજુએ લાકડી રાખવામાં આવે છે. **s. -row barley** જવને ઉગાડવાનો એક પ્રકાર, જેમાં પ્રત્યેક ગાંઠની આગળ ત્રણ સૂકી ફળકુપ હોઈ દાણાની છ હાર બને છે. **s. -tooth sheep.** ત્રણ વર્ષની ઉંમરનું ઘેટું.

**size.** કદ, માપ. (૨) કાગળને ચળકાટ આપવા, કાપડને કડક બનાવવા અને ઉત્પાદનની અન્ય પ્રક્રિયાઓમાં ઉપયોગમાં લેવામાં આવતું જીલેટીનનું સંયોજન, કાંજી, ખેળ. **sizing.** કદ – માપ અનુસાર જુદા પાડવા તથા ગોઠવવાનું કાર્ય. (૨) કાપડને ચળકતું અને કડક બનાવવું, કાંજી પાવી, ખેળ ચડાવવી.

**skein.** સૂતર દોરી, રેશમ ઇ.ના દડાનો જથ્થો. (૨) ભાગતા જંગલી હંસનું જૂથ.

**skeletal soil.** ભૌતિક ખવાણ–ધોવાણના પરિણામે ખરબચડાં દ્રવ્યોની બનેલી જમીન **skeleton.** હાડપિંજર, કંકાલ. (૨) વનસ્પતિ અને પ્રાણીના દેહના નરમ અંગો અથવા ભાગોને ટેકો અને રક્ષણ આપતું બાહ્ય અને/અથવા અંતઃ માળખું; કુદરતી ગોઠવણીમાં હાડકાં; અસ્થિ-પિંજર. **s. system.** કંકાલતંત્ર. **s. wheel.** સાદું પૈડું - ચક્ર. **skeletonizer.** પર્ણોના હરિત માંસલ ભાગ ખાઈ જઈ માત્ર તેની શિરા અને પારદર્શક કક્ષાને રહેવા દેનાર જંતુ.

**skilled worker.** કુશળ કારીગર – કામદાર

**skim.** પ્રવાહીની સપાટી પરની તર, છારી કે તરતી ગમે તે વસ્તુ લઈ લેવી. **skimmed milk.** બધા પ્રકારની ચરબી કાઢી લેવામાં આવી હોય તેવું દૂધ. **skimming.** મેલ, છારી, તર ઉતારી લેવાની પ્રક્રિયા. **sk. disc.** ક્રિમ, મલાઇ અથવા માખણ કાઢી લેવામાં સહાયભૂત બનતી ચકતી. **sk. ladle.** મલાઈ કાઢી લેવા માટેનો લાકડાનો મોટો ચમચો – કડછો.

**skin.** ચામડી, ત્વચા, ચર્મ. (૨) વાછરડાં, ઘેટાં અને બકરાં જેવાં નાનાં પ્રાણીનું બાહ્યાવરણ. (૩) કોઈપણ પ્રાણીનું બાહ્ય-આવરણ બનાવનાર સુનમ્ય ત્વચા. (૪) ત્વચા, ચામડી, છાલ ઇ. ઉતારી લેવું–કાઢવું. (૫) ફળની છાલ જેવું સ્વભાવ અને ઉપયોગમાં ત્વચા જેવું, **sk. abration.**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઘસવાથી કે કોઇ બાહ્ય ઘર્ષણથી ચામડી પર થતો ઉઝરડો કે વ્રણ. (૨) ફાવે તેમ ઘસવાથી મરઘાં-બતકાંની ચામડીને લાગતો ઉઝરડો. **sk. bound.** ચરબી પર સખત ખેંચાયેલી ચામડી ધરાવતું. **sk. formation** મલાઈ થવી-વળવી, તર બાઝવી. (૨) ત્વચા અથવા કલાનું નિર્માણ થવું. **sk. rash,** ત્વચા છાંટ. (૨) ચામડી પર થતાં ચકામાં. **sk. tumour.** મસો કે ચામડીનો કેન્સર જેવો અર્બુદ. **sk. wool.** ખેંચી કાઢવામાં આવેલું ઊન. **skinning.** મલાઈ, તર, છારી, છાલ, ખાલ ઉતારવી.

**skipped infertile egg.** ફલન ચૂકી જનાર ઇંડાં; ક્રમની દૃષ્ટિએ આવાં અફલિત ઈંડાંની સંખ્યા ઓછી હોય છે પરંતુ તેનું નિર્માણ વારવાર થતું રહે છે.

**skirt.** ઉદરપટલનો સ્નાયુ. (૨) જઠર વિવર અને વક્ષ વિવરને છૂટાં પાડનાર ત્વચાનો સ્નાયવીય ભાગ. (૩) ઊનના ઢગલામાંથી હલકી કોટિનું ઊન દૂર કરવું. **skirting.** બરછટ અથવા હલકી કોટિના ઊનને કાપેલા ઊનમાંથી દૂર કરવું.

**skittish.** ઉશ્કેરાયેલા જ્ઞાનતંતુવાળું, શરમાળ. (૨) જલદી ઉશ્કેરાઈ જતું (જંતુ). (૩) રમતિયાળ, અસ્વસ્થ.

**skive.** ચામડાં કે ચર્મનો ટૂકડો. (૨) રબર અથવા ચર્મને પાતળી પટ્ટીમાં કાપવું.

**skull.** ખોપરી, કરોટિ; મસ્તિષ્ક કે મગજની અસ્થિમય સંદુક અથવા પેટી, માથા અને ખોપરીનું માળખું.

**slab.** પથ્થરની છાંટ. (૨) પાતળો, સપાટ, સાધારણ રીતે ચોરસ અથવા લંબચોરસ પથ્થર કે અન્ય કોઈ ખરબચડી વસ્તુનો ટૂકડો. (૩) લાકડાના ઢીમચામાંથી વહેરેલી બાહ્ય ચીપ. (૪) અનાકર્ષક, અતિપક્વ અથવા તૂટેલું સૂકું ફળ.

**slag.** ધાતુમલ.

**slaked lime.** CaO સૂત્ર ધરાવતો કળી ચૂનો કે જલાન્વિત ચૂનો બનાવવા પાણીની પ્રક્રિયાવાળો બાળેલો ચૂનો, જેનો ઉપયોગ જમીનની સુધારણા માટે થાય છે, જે કેલ્શિયમ હાઇડ્રોક્સાઈડ, હાઈડ્રેટેડ લાઈમ – જલાન્વિત ચૂના તરીકે ઓળખાય છે.

**slant culture.** તિરછું સંરકરણ, ઘન માધ્યમની ઢળતી સપાટી પરનું સંરકરણ.

**slat.** વસ્તુઓને ભરવા બનાવવામાં આવતા લાકડાના ચોકઠા, અર્થાત્ ક્રેટ માટેની લાકડાની પાતળી સાંકડી પટ્ટી. (૨) ઊન કાઢી લીધા પછીની પ્રક્રિયા કર્યા વિનાનું ઘેટાનું ચામડું.

**slate.** સ્લેટનો પથ્થર.

**slaughter.** કતલ. (૨) ખોરાકી પદાર્થ મેળવવા પ્રાણીની કતલ કરવી. **sl. house waste.** કતલ ખાનાનું અવશિષ્ટ દ્રવ્ય.

**slaughtered hide.** પ્રાણીનું તેની કતલ કર્યા પછી મેળવવામાં આવતું ચામડું.

**slaw.** કાપેલી કોબીનું કચુંબર.

**sleep.** ઊંઘ, નિદ્રા. **s. movement.** નિદ્રાગતિ. **sleeping.** સૂતેલું, સુષુપ્ત; જુઓ *dormant.*

**sleeve.** બાંય.

**slice.** (૧) કતલ. (૨) ટૂકડો.

**slick spot.** ક્ષાર-સ્થાન.

**slide.** કાચની પટ્ટી. (૨) ટેકરીના ઢોળાવ કે પડખે ખડક કે ધરતીનું સરકવું. **s. pump sprayer.** એક પ્રકારનું છંટકાવ કરવા માટેનું સાધન, જેમાં રસાયણ કે પ્રવાહીમાં નળીનો છેડો મૂકી પંપને ચાલુ કરવાથી પ્રવાહીનો છંટકાવ થાય છે. આવા પ્રકારનું સાધન શોભા કે વાડામાં વાવવામાં આવતાં શાકભાજી માટે વધારે અનુકૂળ થઈ પડે છે.

**slime** ઝરણું, ઝીણા કાદવ કે તેવા પ્રકારનાં દ્રવ્ય ધરાવતું પ્રવાહી. (૨) શ્લેષ્મ. **sl. fungi** શ્લેષ્મી ફૂગ. **sl. flux.** શ્લેષ્મ સ્રાવ. (૨) અવપંક સ્રાવ. **slimy fermentation.** શ્લેષી આથવણ.

**sling.** ગોફણ

**slink.** અકાળ અથવા ગર્ભસ્રાવના પરિણામે જન્મેલું બચ્ચું, ખાસ કરીને વાછરડું. (૨) આવી રીતે જન્મેલું પ્રાણી અથવા તેનું માંસ.

**slip.** પ્રરોહ; કોઈપણ છોડના પ્રકાંડનાં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નીચલા ભાગ કે કોષ્ઠરમાંથી નીકળેલો ફણગો, જે પ્રજનન માટે ઉપયોગી છે. (૨) અપૂર્ણ રીતે ખસી કરવામાં આવેલું નર પ્રાણી. (૩) ફાટી ગયેલું દૂધ. (૪) ગર્ભપાત કરવો. (૫) સર્પણ. **sl. erosion.** અતિ વરસાદના કારણે ઢોળાવ પરની માટીનું સરકી જવાથી થતું ધોવાણ – ધસારો. (૨) પાણીથી તરબોળ થવાના પરિણામે માટી અને નાના મોટા કાંકરા અને પથ્થરનું સરકી જવું. આવા પ્રકારની ઘટનામાં ઘણીવાર ટેકરી અથવા ડુંગરનું આખું પડખું સરી પડે છે. **slipped tendon.** અંશભ્રંશ.

**sliver.** લોઢવાના યંત્રમાંથી બહાર આવતું ઢીલું રૂ કે ઊનની પૂણી.

**slit.** ચિરાડ, ફાટ.

**slobber.** અતિશ્રમ, ઉશ્કેરાટ અથવા અમુક પ્રકારનો ખોરાક ખાધા પછી અથવા ચેપના પરિણામે પ્રાણીના મોંમાંથી ટપકયા કરતી લાળ.

**slop.** પાલતુ પ્રાણીઓનો પ્રવાહી ખોરાક.

**slope.** પ્રવણતા, ઢાળ, ઢોળાવ. (૨) ઊંચી અથવા ઢળતી જમીન. (૩) આરોહ અથવા અવરોહ દર્શાવતી જમીન. (૪) ફૂટમાં ઊભા અંતરને 100થી ગુણી, ફૂટમાં સમક્ષિતિજ અંતરને ભાગીને આવતી ગુણોત્તરની ટકાવારી. **sloping bench terrace.** ઢળતી બેંચ વેદિકા. (૨) પાછળના ટેકણથી અગ્રભાગે ઢળતી બેંચ.

**sloppy attachment.** ગાયના આંચળનો અનિચ્છનીય ઘાટ.

**slotted pipe.** જાળીવાળો નળ.

**slough.** કળણ, ભેજવાળી જમીન. (૨) જીવંત ચરબીમાંથી ખરી પડતો અથવા નિર્મોચન પામતો અમે તે ભાગ. **sl. -sickness.** આછા રંગના અથવા સફેદ પ્રાણીઓને લાગુ પડતો એક પ્રકારનો રોગ.

**slow** મંદ, ધીમું. **sl. acting manure.** ધીમે કામ લાગતું – અસર અજમાવતું ખાતર. **sl. breeding.** ગર્ભાધાન અથવા વીર્યસ્થાપન બાદ તેની થતી વિલંબિત અસર. (૨) મંદ લિંગી કામવાસના ધરાવતું પ્રાણી.

**slub.** કાંતવા માટે સહેજ વળ આપેલું ઊન.

**sludge.** અવમલ; ગંદા પાણીની નીચે જામતાં ઘનદ્રવ્યો, જે ખાતર તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે; જાડો ચીકણો અવમલ. **sl. ,activated** સક્રિય બનાવેલો અવમલ. **sl. ,digested** સાફ કરેલો કે પાચિત અવમલ. **sl. ,raw.** કાચો – અપ્રક્રિયાકૃત અવમલ.

**slug.** ગોકળ ગાયની સાથે સંબંધિત પરંતુ અ–રેતરકવચી, મૃદુ, ભૂખરા કે બદામી રંગનું ઉદરપાદ (પ્રાણી). (૨) વાનસ્પતિક દ્રવ્ય અથવા જીવંત કે મૃત સજીવ પર નભતું પ્રાણી, જે શાકભાજી, ફળો તથા કુમળી વનસ્પતિને નુકસાન પહોંચાડે છે. (૩) 5 ટકા કેલ્શિયમ આર્સેનેટ કે ૨ ટકા મેટાલ્ડિહાઈડને ગોળના દ્રાવણ વડે નરમ કરેલા ભૂસામાં નાખી બનાવેલું સંયોજન, જે આવા પ્રકારનાં ઉદરપાદ જંતુઓ પર નિયંત્રણ લાવે છે. **sluggisb.** આળસુ, જડ, નિષ્ક્રિય, મંદમતિક.

**sluice.** મોરી; પાણી વહેવા માટેની કૃત્રિમ નાળી; પૂર દ્વાર.

**slump.** મંદી, ભાવ ગગડી જવાની અવસ્થા.

**small.** નાનું, લઘુ. **sm. black cricket.** નાની, કાળી કંસારી. **sm. bitter-gourd.** જંગલી કારેલાં; *Minusops dioica* **Roxb. ex Willd.** નામનો ખાદ્ય ફળનો આરોહી વેલો. **sm. fennel** કાળીજીરી; પંજાબ, પ. બંગાળ, આસામ અને બિહારમાં થતી વનસ્પતિ, જેનાં બી એટલે કાળીજીરી મસાલામાં અને ઔષધ તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે; જુઓ *Nigella sativa* **L. sm. gourd.** તડમક; નામની *Cucumis melo* var. *agrestis* **Naud.** નામની ભારતમાં થતી દીર્ઘાયુ, ખાદ્યફળની વનસ્પતિ. **sm. intestine.** ક્ષુદ્રાંત્ર, નાનું આંતરડું. **Sm. Japanese.** એક અથવા બે જ શિંગ ધરાવતી મગફળીનો એક પ્રકાર. **sm. liverfluke.** *Dicrocoelium sp.* નામનું ઢોર, ભેંસ, ઘેટાં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને બકરાંને લાગુ પડતું પાતળું ભાલાકાર જંતુ, જે જમીન પરની ગોકળગાય અને કીડીઓમાં વચગાળાના યજમાન પર પર-જીવી જીવન ગાળે છે. **sm. scale farming.** નાના પાયા પરની ખેતી. **sm. sc. production.** નાના પાયા પરનું ઉત્પાદન.

**smear.** ચોપડવું, લેપ કરવો. (૨) ચીકણા કે તેલી દ્રવ્ય કે રંજકથી ચોપડવું. (૩) ચિહ્નિત કરવું; અભિરંજિત કરવું. (૪) દૂધ, લોહી કે સંવર્ધનમાંથી મેળવેલા જીવાણુનો કાચની તકતી પર લેપ કરી, સૂક્ષ્મદર્શકમાં તેને તપાસવા માટે તેનું કરવામાં આવતું અભિરંજન. **smearing.** લેપ; અભિરંજન.

**smegma.** શિશ્નમલ; શિશ્નત્વચા કે ચામડીના પડમાંથી સ્રવતું, તૈલી કે સાબુ જેવું દ્રવ્ય; આવા પ્રકારનાં સ્રાવ વધારે પ્રમાણમાં જામે તો અસ્વસ્થતા નીપજે.

**smierkase.** *cottage cheese* તરીકે ઓળખાતી ઘરમાં બનાવવામાં આવતી ચીઝ.

**Smilax.** સારસાપરિલા આપતી આરોહીક્ષુપની એક પ્રજાતિ. **Smilax** *aristolochiifolia*. સારસાપરિલા. **sm.** *macrophylla* **Roxb.** ઘોટવેલ, રામદાતણ નામનો ક્ષુપ. **sm.** *offinalis*. ઉપરસાલ, ઉપલસરી, સારસાપરિલા. **sm.** *prolifera* **Roxb.** રામદાતણ; શોભા માટે ઉગાડવામાં આવતો, કાંટાવાળો, આરોહી વેલો. **Sm.** *Zeylanica* **L.** [Syn. *Smilax macrophylla* **Roxb.**]. રામદાતણ, ઘોટવેલ. નામની કુમાંઉ, બિહાર, મધ્યપ્રદેશ અને આસામમાં થતો ક્ષુપ; જેનાં કુમળાં પાન અને ડાળખાંની શાકભાજી બનાવી ખાવામાં આવે છે, જેનાં મૂળ સારસાપરિલાની અવેજીમાં રતિજન્ય રોગોના ઉપચારમાં કામમાં લેવામાં આવે છે, ઉપરાંત, સંધિવા અને લોહી વિનાના મરડામાં પણ તેનો ઉપયોગ કરવામાં આવે છે.

**smoke.** ધુમાડો. (૨) ધુમાડો આપવો. માંસ, માંસની બનાવટ, મચ્છી કે અન્ય ખાદ્ય સામગ્રીની જાળવણી અથવા ઇચ્છવા-યોગ્ય સુવાસ આપવા તેમને બિન રેઝિનનો આપવામાં આવતો ધુમાડો. **sm. house.** ધૂમઘર. **smoker.** મધપૂડાને ધુમાડો આપવો. (૨) ધુમાડો આપનાર. **smoking.** ધુમાયન. (૨) ધૂમ્રપાન.

**smudge.** જંતુને ભગાડી મૂકવા માટે કરવામાં આવતો ધુમાડો. **smudging.** ધુમાડો આપવાની પ્રક્રિયા. (૨) મોસમ વિનાનાં ફળ મેળવવા આંબા જેવાં વૃક્ષને ધુમાડો આપવામાં આવે તેવી પ્રક્રિયા; આ પ્રક્રિયા આપણા ભારતમાં કારગત નીવડતી નથી.

**smooth.** સરળ, લીસું. સુંવાળું. **Sm. cherimoyer.** સુંવાળાં હૃદયાકાર ફળ ધરાવતી ચેરીમોયરનો એક પ્રકાર. **sm. leaved pongamia.** કરંજનું ઝાડ. **sm. muscle.** લીસો સ્નાયુ **sm. sponge gourd.** એક પ્રકારનાં ગલકાં; *luffa gourd, vegetable sponge, Torai, ghia torai*, ઇ. નામનું *Luffa cylindrica* (**L.**) **M. Roem.** [Syn. *L. aegyptiaca* **Mill**; *Momordica cylindrica* **L.**]. નામે ઓળખાતી ગરમઋતુના ભેજવાળા વાતાવરણમાં થતી પ્રજીવક 'એ', 'બી' અને 'સી' ધરાવતી, સુંવાળાં ફળવાળી શાકીય વનસ્પતિ.

**smother.** ગૂંગળાવી મારી નાંખવું, દાબી દેવું, અન્ય વનસ્પતિની વૃદ્ધિને કુંઠિત બનાવી મારી નાખતી ઝડપથી ઊગતી ગાઢી વનસ્પતિ. **sm. crop.** અન્ય પાકની વૃદ્ધિને કુંઠિત કરે કે તેને મારી નાંખે એ રીતે તેની બાજુમાં ઊગતો ગાઢો, મજબૂત પાક.

**smut.** અંગારિયો; અંગારિયા નામની ફૂગથી ધાન્ય અને અન્ય પ્રકારના પાકને, તથા તેનાં પાનને પણ લાગતો રોગનો એક પ્રકાર. રોગગ્રસ્ત વનસ્પતિની પેશી પર, આ રોગ થવાના પરિણામે કાળાં છિદ્ર પડે છે અને તેમાંથી ભૂકા જેવું દ્રવ્ય નીકળે છે.

**snail.** ગોકળ ગાય. (૨) સર્પિલ છીપવાળું મૃદુકાય નાનું પ્રાણી. આ પ્રકારના પ્રાણીના

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



*Achatina fulicar* (*African giant snail*). જેવા પ્રકારો છે; આ સજીવો પાન ખાય છે. ડાંગર અને શાકભાજીને ભારે હાનિ પહોંચાડે છે.

**snake gourd.** પરવળ નામનું *Trichosanthes anguina* **L.** નામની વર્ષાઋતુમાં થતી શાકીય વનસ્પતિ, જેનાં ફળ – પરવળમાં પ્રજીવકો 'એ', 'બી' અને 'સી' હોય છે. સમુદ્ર અને રેતાળ જમીનમાં આ શાકભાજીને ક્યારી બનાવી ઉગાડવામાં આવે છે. **sn. g. semi-looper.** *Plusia penonis.* **F.** નામનું પરવળનાં પાનખાતું અને પાનમાં દર બનાવતું જંતુ. **sn. root.** સર્પકંદ, સર્પમૂળ.

**Snapbean.** વાલ. શ્વાનમુખ. તડબૂચ.

**snap melon.** *Cucumis melo* **L.** var. *momordica* **Duth. Full,** નામનું ઉત્તર ભારતમાં થતું ખાદ્યફળ.

**snout.** તુંડ. (૨) માછલીના માથામાં આંખ આગળથી લંબાયેલું અંગ. (૩) પ્રાણીના નાક અને જડબાં ધરાવતું મોં પર લંબાયેલું અંગ. (૪) કેટલાંક જંતુઓનું સૂંઢ જેવું ચૂસક અંગ.

**snow.** હિમ, તુષાર. **sn. ball.** મોડી વાવણી કરવા માટેનું ઉત્તરભારતનું સુધારેલા પ્રકારનું કોબિ-ફ્લાવર. **sn. drop.** હિમબિંદુ. **sn. fall.** હિમપાત.

**soap.** સાબુ, ફીણ. **s. nut.** અરીઠાં; *Sapindus emarginatus* **Vahl** (*S. trifoliatus* **Hiern** *in part non* **L.**). નામનું ઉત્તરભારતમાં થતું વૃક્ષ, જેનાં ફળ એટલે અરીઠાં, માથાના વાળ તથા રેશમી અને ઊની વસ્ત્રો ધોવા માટે કામમાં આવે છે. **s. n. tree.** અરીઠાનું ઝાડ. **s. pod.** ચિક્કાકાઈ. વન અરીઠાં, *Acacia concinna* **DC.** નામનું ઝાડ, જેનાં ફળ વાળ, રેશમી અને ઊની વસ્ત્રો ધોવાના કામમાં આવે છે. આ ઝાડ પ. ભારત, આન્ધ્રપ્રદેશ, આસામ અને બિહારમાં થાય છે

**socket.** કુદરતી અથવા કૃત્રિમ ખાડો, જેમાં કોઈ વસ્તુ બરાબર અથવા સ્થિર રહે. (૨) (આંખનો) ખાડો, ગોખલો, અક્ષિગુહા, અક્ષિવિવર.

**sod.** મૂળ, પ્રકંદ અને પ્રરોહની સાથે ગૂંથાયેલી જમીનનું માટીવાળું પડ. (૨) ઢેફું, સતૃણભૂમિ. **s. culture.** સતૃણભૂમિકૃષિ. (૨) ખેડ વિના કાયમી તૃણવાળી ભૂમિમાં પાક વાવવાની એક પ્રથા; અન્ય કોઈ પદ્ધતિ અનુકૂળ ન હોય કે અવ્યવહારુ હોય તેવી ભૂમિ માટે આવા પ્રકારની કૃષિ પદ્ધતિ યોગ્ય નીવડે છે, જે ભારતનાં મેદાનોને માફક આવે છે. **s.-forming crop.** આવરણ પાક. **s. grass.** વિરોહ કે પ્રકંદ અથવા અન્ય રીતે આપ મેળે ઊગતું તૃણ. **s. land.** તૃણ, માટી અને અન્ય પ્રકારની વનસ્પતિથી આવરિત બનેલી જમીન. **s. mulch.** ફળઝાડની આસપાસ કાપેલું ઘાસ મૂકવું. **s. strip.** જલમાર્ગમાં ધોવાણ અટકાવવા માટે ઘાસવાળી જમીનની સાંકડી પટ્ટીનો કરવામાં આવતો ઉપયોગ. **s. water way.** તૃણ સંકુલિત જલમાર્ગ.

**sodium. Na.** સંજ્ઞા ધરાવતું રાસાયણિક તત્ત્વ – સોડિયમ, જે વનસ્પતિ માટેનું પોષક તત્ત્વ છે પણ સૌ છોડ કે વનસ્પતિ પ્રકારને તે જરૂરી બનતું નથી. જમીનમાં પોટેશિયમની ઊણપ હોય તો દ્રાવક સોડિયમ લવણથી બીટ, સેલરી, કોબી, નોલકોલ, મૂળા, સલગમ જેવા પાકને ફાયદો થાય છે. દરિયા કાંઠા અને સિંચાઈવાળા વેરાન પ્રદેશોમાં તેનો સીધો લાભ મળે છે. સોડિયમનાં લવણ વિનિમય સંકુલમાંથી વધારે પ્રમાણમાં પોટેશિયમને મુક્ત કરે છે અને ઉપલબ્ધ સ્વરૂપમાં ફૉસ્ફરસને જાળવી રાખે છે. બટાટા અને કપાસ માટે અંશતઃ અરેજીની તે ગરજ સારે છે. **s. adsorption ratio.** સોડિયમના અધિશોષણનો ગુણોત્તર. **s. arsenate.** જંતુઓને લલચાવવા માટેના દ્રવ્યમાં ઉપયોગમાં આવતું અતિદ્રાવ્ય આર્સેનિક (સોમલ). **s. benzoate.** સોડિયમ બેન્ઝોએટ. **s. bicarbonate.**

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સોડિયમ બાયકાર્બોનેટ. **s. bromide.** સોડિયમ બ્રોમાઈડ. **s. chloride.** સોડિયમ ક્લોરાઈડ NaCl એટલે નિત્યની વપરાશનું, વનસ્પતિ અને પ્રાણી માટે ઉપયોગી મીઠું. **s. citrate.** સોડિયમ સાઇટ્રેટ. **s. fluosilicate.** છંટકાવ માટે નહિ પરંતુ કીટ અથવા જંતુને લલચાવવા માટે ઉપયોગમાં લેવામાં આવતું સફેદ દાણાદાર જંતુઘ્ન રસાયણ. **s. hydrochloride.** કોસ્ટિક સોડા. **s. nitrate.** ચિલિયન નાઇટ્રેટ એટલે સુરોખાર તરીકે પણ ઓળખવામાં આવતું એક રસાયણ; નાઇટ્રોજન ખાતર. ઉત્તર ચિલીમાં કુદરતી નિક્ષેપ તરીકે મળી આવે છે અને તેની પરદેશો ખાતે નિકાસ કરવા અગાઉ તેને શુદ્ધ કરવામાં આવે છે. આમ શુદ્ધ કરેલી આ પેદાશમાં 16 ટકા નાઇટ્રોજન હોય છે અને નાઇટ્રેટના રૂપમાં તે વનસ્પતિને સીધેસીધું મળે છે. નાના ઝાડ, બગીચામાં ઉગાડવામાં આવતી શાકભાજીને તે વધારે ઉપયોગી છે. તે સરળતાપૂર્વક દ્રાવ્ય છે. મકાઈ, ઘઉં, જવ, શેરડી, કપાસ ઇ.ને ખાસ કરીને અગ્લીય ભૂમિ માટે તે વધારે અનુકૂળ થઈ પડે છે. તેનો વધારે પડતો કે સતત ઉપયોગ કરવામાં આવે તો જમીનને હાનિ પહોંચે છે. **s. percentage.** સોડિયમની ટકાવારી. **s. soil.** સોડિયમયુક્ત – સોડિયમવાળી – સોડિયમ ધરાવતી જમીન. **s. sulphate.** સોડિયમ સલ્ફેટ.

**sofia.** ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ, આન્ધ્ર પ્રદેશ અને ઉત્તર પ્રદેશમાં ઊગતું એક પ્રકારનું *ginger grass* નામધારી ઘાસ.

**soft.** નરમ, કોમળ, મૃદુ. **s. centre share.** ત્રણ સ્તરની પોલાદની પ્લેટવાળું હળ, જેમાં મધ્ય પ્લેટ નરમ અને બહારની પ્લેટ ઉચ્ચ કાર્બન પોલાદની હોય છે. **s. cheese.** 55 ટકાથી પણ વધારે પ્રમાણમાં ભેજ ધરાવતી ચીઝ, જેમાં ઘરગથ્થું ચીઝ અને ક્રીમ ચીઝનો સમાવેશ થાય છે. **s.-curd milk.** અગ્ન્યાશયના ઉત્સેચકોથી મર્યાદિત રીતે નરમ કરવામાં આવતું દૂધ, જેમાં દૂધનું પ્રોટીન નરમ બને છે પણ મેદીય દ્રવ્ય પર કોઈ અસર થતી નથી. આમ દૂધને નરમ બનાવ્યા પછી તેનું પાશ્ચરીકરણ કરી, તેને બાટલીઓમાં ભરવામાં આવે છે, આવા પ્રકારનું દૂધ બાળકો અને પેટનાં દર્દીવાળાં મોટેરાંઓને ઉપયોગી થઈ પડે છે. **s. date.** નરમ ખજૂર. (૨) જલીય દ્રવ્ય વધારે અને શર્કરા દ્રવ્ય ઓછું હોય તેવું ખજૂર. **s. dough.** નરમ પિંડ. **s. d. stage.** પોંક. (૨) મકાઈ અને અન્ય ધાન્ય પાકની એવા પ્રકારની અવસ્થા, જેમાં દાણાને તોડી ખોલવામાં આવે ત્યારે નરમ કાંજી કે ચીઝ જેવું લાગે. **s. palate.** નરમ તાળવું, મૃદુતાલુ. **s. matrix.** નરમ આધાર દ્રવ્ય. **s. ripe.** પૂરેપૂરું પક્વ બનેલું, નરમ (ફળ). **s. rot.** નરમ સડો. (૨) વનસ્પતિના અંગોમાં જીવાણુ અને ફૂગથી લાગતો સડો, જેમાં વનસ્પતિની પેશીઓ નરમ બને છે. **s. scale.** ભીંગડાવાળાં જંતુ. (૨) અનાવરિત અ-શૃંગી ભીંગડું. **s.-shell-egg.** અપૂર્ણ રીતે કેલ્શીભૂત કાચલાવાળું ઈંડું, જે પોષણ, ફોસ્ફરસ અથવા પ્રજીવકની ઊણપ, કાચલા નિર્માણ માટે જવાબદાર ગ્રંથિના અકાર્યક્ષમતા, અથવા ગર્ભાશયની કોઈ પરિસ્થિતિના પરિણામરૂપ હોય છે. **s. steel.** નરમ પોલાદ. **s. wart** નરમ મસો. (૨) ચામડી અથવા શ્લેષ્મી કલામાંથી થતો નરમ અર્બુદ, જેને શૃંગી આવરણ બનતું નથી. **s. water.** નરમ પાણી, જે કાર્બોનેટ કેલ્શિયમથી મુક્ત હોય છે. આવા પાણીમાં પાણીને કઠણ બનાવતાં દ્રવ્યો હોતાં નથી. આવું પાણી રાંધવા, પ્રક્ષાલન અથવા ધોવામાં ઉપયોગી બને છે. **s. wood.** નરમ કાષ્ઠ, મૃદુ કાષ્ઠ. (૨) સહેલાઈથી કાપી અથવા વહેરી શકાય તેવું લાકડું. (૩) આવા પ્રકારનું લાકડું ધરાવતું ગમે તે વૃક્ષ. (૪) અપક્વ રસાળ કાષ્ઠ. (૫) તાજી વૃદ્ધિવાળી વનસ્પતિનાં પાનયુક્ત પ્રરોહ. **s. w. cutting.** પ્રજનન માટે મૃદુ-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાષ્ઠમાંથી ખાસ કરીને પ્રાંકુરના અંત્ય ભાગમાંથી લીધેલો ભાગ.

**soggy.** સંતૃપ્ત. **s. potato.** પાણીની ઊંચી ટકાવારી અને સ્ટાર્ચની નીચી ટકાવારી ધરાવતો બટાટો, જે રાંધ્યા બાદ પણ ભારે અને ભેજવાળો રહે છે.

**sohaga.** સોહાગ, રોહિડા નામનું *Aphanamixis polystachya* (**Wall.**) **Parker.**(*Amoora rohituka* **Wight & Arn.**). નામનું પ. બંગાળ અને આસામમાં થતું એક પ્રકારનું વૃક્ષ, જેનાં બીને પીલીને કાઢવામાં આવતું તેલ દીવાબત્તી માટે કામમાં લેવામાં આવે છે

**Soh-niamtra orange.** આસામમાં થતું મધ્યમ કદનું ખાસી ઓરેંજ નામનું મોસંબીનું ઝાડ.

**soil.** જમીન, ભૂમિ. (૨) મૃદા, મૃત્તિકા, માટી. (૩) પૃથ્વીના પોપડા પરનું જુદા જુદા કદ ધરાવતા કણોનું બનેલું, ઢીલું બાહ્ય પડ, જે 6થી 7 ઇંચ જેટલું હળના પાના-ફળુથી ખેડાય તેટલું ઊંડું હોય છે. આ પડમાં ખનિજિક અકાર્બનિક દ્રવ્યો, જીવંત અને મૃત કાર્બનિક દ્રવ્યો, પાણી અને વાયુ, એમ ચાર મુખ્ય ઘટકો હોય છે. સપાટી પરનું ખાદમાટી – હ્યુમસ ધરાવતું કૃષિક્ષમ પડ, તેની હેઠળના ભૂમિગત પડ કરતાં વિશિષ્ટ રીતે જુદું તરી આવે છે. (૪) ઈજનેરીશાસ્ત્રની દૃષ્ટિએ સખત ખડક અથવા શૈલથી ભિન્ન હોય તેવો ધરતીનો ભાગ. **s. ,acidity** અમ્લીય જમીન. **s. ,aeolin** વાતોઢ જમીન. **s., alkaline** ક્ષારીય–ઊસર જમીન. **s. 'alluvial.** જલોઢ જમીન. **s. ,black** કાળી જમીન. **s.,b. cotton** કપાસ માટેની કાળી જમીન. **s., clayey.** માટી ધરાવતી જમીન. **s., clayey loam** મટિયારી દુમટ જમીન. **s., coarse** બરછટ જમીન–માટી. **s. ,fine** ઝીણાં કણની માટી. **s., laterite.** લેટરાઈટ પ્રકારની જમીન. **s. ,loam** રેતીમિશ્રિત કાંપવાળી જમીન. **s., loamy clay** કાંપવાળી જમીન. **s., medium.** મધ્યમ પ્રકારની જમીન. **s. ,mellow** નરમ માટીવાળી જમીન. **s. ,organic** કાર્બનિક – સેંદ્રિય દ્રવ્યો ધરાવતી જમીન. **s., residual** અવશિષ્ટ જમીન. **s. ,sandy** રેતાળ જમીન. **s., s. loam** રેતાળ કાંપવાળી જમીન. **s. ,sedimentary.** જલોઢ – જલનિર્મિત જમીન. **s. ,surface** પૃષ્ઠ જમીન. **s., transplantaed** વાહિત માટીની બનેલી જમીન. **s. acidity.** જમીનની અમ્લતા, જમીનમાં હાઇડ્રોક્સિલ (OH) આયન સંકેન્દ્રણ કરતાં H આયનનું પ્રમાણ વિશેષ હોય તેવી જમીન, જેમાં 7.01 કરતાં ઓછી સક્રિય pH હોય છે ક્ષારીયતાની વિરુદ્ધ બેઇઝ વિનિમય નિર્ણાયિકોની દૃષ્ટિએ સક્રિય તત્ત્વ હોય છે. **s. aeration.** જમીનમાં રહેલા વાયુઓની અવરજવર શક્ય બનતી પ્રક્રિયા, જેનો આધાર જમીનની છિદ્રાળુતા અને છિદ્રોને પાણી પૂરી દઈ શકે તે પર છે. **s. aggregate.** ઢેફુ; દાણા ઇ. જેવા ·ણોનો સમૂહ. **s. air.** પાણી ભરાયું ન હોય તેવા જમીનનાં છિદ્રામાંના વાયુઓ – હવા, જમીનનાં છિદ્રોમાં જે હવા અને પાણી હોય તો તેને વનસ્પતિની વૃદ્ધિ ·માટે ખૂબ જ અનુકૂળ પરિસ્થિતિ ગણવામાં આવે છે. આવા પ્રકારની હવામાં મોટા ભાગે નાઇટ્રોજન અને ઑક્સિજન હોય છે, પરંતુ વાતાવરણની હવામાં હોય તે કરતાં વધારે ભેજ અને કાર્બન ડાયોક્સાઈડ અને ઓછો ઑક્સિજન હોય છે. મુક્ત હવા ઉપરાંત જમીનમાં કલિલમાં રહેલી અથવા સંયોજનમાં દ્રાવ્ય બનેલી હવા હોય છે. **s. alkalinity.** જમીનમાં H આયનના સંકેન્દ્રણ કરતાં હાઇડ્રોક્સિલ (OH) આયનનું પ્રમાણ જમીનની ક્ષારીયતા કરતાં વધારે હોય છે. **s. amendments.** જમીન સુધારણા. જમીનની પ્રતિક્રિયામાં પરિવર્તન – સુધારો લાવવા અને તેની ભૌતિક પરિસ્થિતિને સુધારવા માટે તેમાં ઉમેરવામાં આવતાં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દ્રવ્યો. જમીનને સુધારવા તેમાં સીધી અથવા આડકતરી રીતે ઉમેરવામાં આવતાં દ્રવ્યો. અમ્લતાને સુધારવા માટે જમીનમાં સાધારણ રીતે ચૂનો ઉમેરવામાં આવે છે, જેથી જીવાણુ સાક્રિયતાને વેગ મળે છે. ક્ષારીય જમીનની નવસાધ્યતા માટે ચિરોડી – જિપ્સમ ઉમેરવામાં આવે છે, આથી કાળી માટીવાળી જમીનમાં પણ સુધારો લાવી શકાય છે. **s. analysis.** જમીનમાંના જુદા જુદા ઘટકોના રાસાયણિક, યાંત્રિક અને ખનિજીય દ્રવ્યોનું પ્રમાણ જાણવા માટેનું મોટા ભાગે પ્રયોગશાળામાં અને ક્યારેક જમીન ઉપર કરવામાં આવતું વિશ્લેષણ. **s. association.** જમીનનો વર્ગ. સમાન ગુણધર્મો ધરાવતી અથવા તે સિવાયની જમીનનો ભૌગોલિક રીતે ચોકસ રૂપમાં ગોઠવાયેલો સમૂહ. જમીનનો નકશો તૈયાર કરવામાં અથવા તેવા પ્રકારનું સર્વેક્ષણ કરતાં તેને કુદરતી પ્રકાર અથવા ભૌગોલિક ઘટક તરીકે દર્શાવવામાં આવે છે. **s. auger.** ક્ષેત્ર અથવા પ્રયોગશાળામાં પરીક્ષણ કરવા માટે જમીનમાંથી શારકામ કરી નમૂનો મેળવવા માટેનું સાધન – ઑગર, શારડી. **s. bacteria.** જમીનમાં રહેતા જીવાણુઓ, જે પૈકી જટિલ કાર્બનિક દ્રવ્યોમાંથી શક્તિ અને કાર્બન મેળવતા પરપોષી જીવાણુઓ મહત્ત્વના છે, જ્યારે સ્વપોષી એટલે *autotrophic* જીવાણુઓ અકાર્બનિક અથવા સંયોજન દ્વારા શક્તિ મેળવે છે. **s. ball.** ઝાડ, ક્ષુપ અથવા રોપને પુનઃ રોપણી માટે જમીનમાંથી કાઢી લેતી વખતે પાછળ રહેવા પામતો માટીનો દડો જે જમીનના ભેજને ઊડી જતો અટકાવે છે, અને વનસ્પતિને ધક્કો લાગવા દેતો નથી. **s. bank.** ટેકરીની પડખેનું સોપાન, જેની સપાટ જમીનમાં ખેડ કરવી સરળ પડે છે. **s. belt.** જમીનનો પટ્ટો. **s. binder.** ગાઢું માટીનું આવરણ ધરાવનાર અથવા મૂળ મારફતે માટીને અને પરિણામે જમીનના પડને જકડી રાખનાર વનસ્પતિ. **s. blanching.** વનસ્પતિને મળતો પ્રકાશ અટકાવવા તેની આસપાસ માટીના થર બનાવવા. **s. -borne plant disease.** બી અથવા વનસ્પતિ પર આક્રમણ કરતી ફૂગથી તેને લાગુ પડતો રોગ; આવી ફૂગના નાશ માટે ફૉર્માલ્ડિહાઇડ અને ફૉર્મેલિન જેવાં જંતુઘ્નો મદદરૂપ નીવડે છે. **s. buffer compounds.** માટી, કાર્બોનેટ અને ફૉસ્ફરસ જેવાં સંયોજનો અને કાર્બનિક દ્રવ્યો, pHના મૂલ્યના ફેરફારને અટકાવે છે. **s. building.** ખાતર, ચૂના ઇ. જેવાં દ્રવ્યો વડે જમીનની ઉત્પાદકતામાં વધારો કરવો. **s. b. plant.** શિમ્બી વર્ગની વનસ્પતિ, જે જમીનમાં પોષક તત્ત્વો ઉમેરવાની ક્ષમતા ધરાવે છે. **s. chambermethod.** જમીન – મૃદાકક્ષ પ્રથા. **s. characteristics.** જમીનના ગુણધર્મો – લક્ષણો. **s. chemist.** જમીનના રાસાયણિક તત્ત્વોનો જાણકાર – અભ્યાસી, ભૂમિરસાયણવિજ્ઞાની **S. chemistry.** જમીનના રાસાયણિક ઘટકો અને તેમની વચ્ચેના આંતર સંબંધોનો અભ્યાસ કરતી વિજ્ઞાનની એક શાખા, જમીન રસાયણવિજ્ઞાન. **s. class.** જમીનનો વર્ગ, માટીના ઘટકો અનુસાર જમીનના રચવામાં આવતા વર્ગો. **s. classification.** જનિનિક ધોરણ અનુસાર કે અંતર્ગત ગુણધર્મો અથવા બંને પ્રકારે જમીનનું કરવામાં આવતું વર્ગીકરણ. પાણીના નિકાલની આવશ્યકતા, પાકનાં અનુકૂલનો ધોરી માર્ગની રચના અથવા વન માટેની જરૂરિયાતો જેવા હેતુઓ માટે વર્ગીકરણના ઘટકોનું પુનઃ સામૂહીકરણ કરવામાં આવે છે. **s. climate.** જમીનની અંદરનાં ભેજ અને ઉષ્ણતામાનની પરિસ્થિતિ. **s. cohesion.** માટીના કણોની પરસ્પર સાથે વળગી રહેવાનો ગુણ; પ્લાસ્ટિક-સુનમ્ય માટીમાં આ ગુણ રહેલા છે. **s. colloid.** દળના પ્રત્યેક ઘટક દીઠ પ્રમાણમાં વિશાળપૃષ્ઠ ધરાવતું ઝીણા કદનું અકાર્બનિક કે કાર્બનિક દ્રવ્ય.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**s. colour.** કાળો, ઘેરો બદામી, લાલ, રતાશ પડતો બદામી, પીળો, આસમાની, હરિત, હરિત ભૂખરો: આ સૌ વિવિધતા ધરાવતા જમીનના રંગો, જમીનની મહત્ત્વની બાબત સૂચવે છે. સામાન્ય રીતે ઘેરા બદામીથી કાળો રંગ જમીનમાં ઠીક ઠીક પ્રમાણમાં ખાદમાટી – હ્યુમસ તથા પુરતા પ્રમાણમાં કેલ્શિયમ અને નાઇટ્રોજનયુક્ત રચના સૂચવે છે. ભેજવાળું નીચાણ પણ કાળી જમીન હોવાનું સૂચવે છે. રાતી અથવા બદામી રંગની જમીન વાયુની આપલે અને પાણીનો સરળ નિકાલ સૂચવે છે. પાણીનો નિકાલ ધરાવતી જમીનોમાં લોહનાં સંયોજનો હોવાથી તે લાલ અને બદામી રંગની બને છે. અપૂરતા પાણીના નિકાલવાળી જમીનોમાં આયનઑક્સાઈડ જમા થતો હોવાથી તે જમીનને પીળી બનાવે છે. ભેજવાળા પ્રદેશોમાં રાતી અને પીળી જમીનો મોટા પ્રમાણમાં કાર્બનિક દ્રવ્યો મેળવીને બદામી રંગ ધારણ કરે છે. રેતાળ રણ વિસ્તારોની જમીનોનું નિર્માણ કરનાર શૈલનો રાખોડી – ભૂરો રંગ આપે છે; ક્ષાર જમા થવાથી જમીન ક્ષારના પ્રમાણ અનુસાર સફેદ અથવા કાળી બને છે. **s. conditioner.** જમીનના કણોને સ્થિર કરી શકનાર અને જમીનના બંધારણની સુધારણા કરનાર સંશ્લેષિત રસાયણ. **s. conservation.** જમીન સંરક્ષણ; જમીનને બગડતી અટકાવવા, તેમાં પણ વિશેષ કરીને તેનું ધોવાણ થતું અટકાવવા અને તેની ફળદ્રુપતા અને ઉત્પાદકતા વધારવા માટેના ઉપાયો, જેમાં પાણીના વિવિધ પ્રકારના ઉપયોગો ઇ.નો સમાવેશ થાય છે. **s. consistence(-y).** મૃદા દ્રવ્યોનું સંસજન કે સંગઠનના પ્રકાર અને પ્રમાણ અથવા માટીના દળને તોડનાર કે બગાડનાર બળોનો કરવામાં આવતો સામનો. આ બાબતનો આધાર જમીનનાં કાંપરચના કે ગઠન, પ્રકાર, પ્રકૃતિ, અને તેમાં રહેલાં કાર્બનિક અને અકાર્બનિક કલિલો, સંરચના અને ખાસ કરીને ભેજના પ્રમાણ પર રહે છે. ભૂમિ સંગઠનને સાધારણ રીતે ઢીલી કે ખુલ્લી, સાધારણ રીતે કે વધારે પ્રમાણમાં સંગઠિત, નરમ, તૂટી જઈ શકે તેવી પ્લાસ્ટિક, ચીકણી, મૃદુ, દૃઢ, સખત ઇ. રીતે દર્શાવવામાં આવે છે. **s. core tube.** જમીનની અંદરનો નમૂનો મેળવવા તેમાં દાખલ કરવામાં આવતી ધાતુની નળી, **s. creep.** ગુરુત્વાકર્ષણના બળના પરિણામે ઢોળાવ પરથી જમીન કે માટીની નીચાણ તરફની ધીમી ગતિ. **s. degradation.** એક પ્રકારની પક્વ જમીનનું નિમ્ન પ્રકારમાં પરિવર્તન. **s. depleting crops.** જમીનમાં કે તેની અંદર મુદ્દલે અવશિષ્ટ રહેવા દીધા વિનાજ લણણી કરવામાં આવતા પાક. (૨) જમીનમાંથી મોટા પ્રમાણમાં જમીનમાં રહેલાં પોષક તત્ત્વોને દૂર કરતા પાક. **s. depletion.** પાક લઈ લેતા વનસ્પતિને જરૂરી પોષક દ્રવ્યોના નાશથી જમીનની ઉત્પાદકતાને પહોંચતી હાનિ **s. depth.** જમીનની પરિચ્છેદિકા 'સી' અને 'ડી' પ્રકારના સંસ્તરથી સ્વતંત્ર રીતે મૃદાની સ્થૂલતા, કૃષિ યોગ્ય જમીનનું ખાદમાટી – હ્યુમસયુક્ત પડ. **s. deterioration.** ધોવાણ, પાણીનો ભરાવો અને હાનિકારક લવણો ભેગાં થઈ જવાં ઇ.નાં કારણોથી જમીનની ઘટતી જતી ઉત્પાદકતા, ભૂમિ હ્રાસ. **s. development.** જમીન રચનાની કુદરતી પ્રક્રિયાના કારણે જમીનનું તેના સંસ્તરો કે તેની પરિપક્વતામાં થતું સંપૂર્ણ પરિવર્તન, ભૂમિ વિકાસ. **s. environment.** ભૂમિ પર્યાવરણ. **s. erosion.** પવન અથવા પાણીથી જમીનના ઉપલા પડનું થતું ધોવાણ. – ઘસારો. **s. exhaustion.** ભૂશ્રાંતિ – અવક્ષય – થાક. **s. extract.** માટીના અવલંબનમાંથી છૂટું પાડવામાં આવેલું સંયોજન અથવા સ્રવણ કે વિસ્થાપનથી ભેજવાળી માટીનો નમૂનો. **s. family.** જમીનની શ્રેણીની બનેલી જમીનના વર્ગીકરણ સમૂહો. **s. fertitity.** પાકની પોષક આવશ્યકતા પૂરી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાડવાની જમીનની ક્ષમતા, વનસ્પતિની સારી વૃદ્ધિ માટે જરૂરી બનતા બધાંજ 16 પોષક તત્ત્વો ધરાવતી જમીન. (૨) માટીની પરીક્ષાથી જમીનની ફળદ્રુપતાને પારખી શકાય છે. આ અંગે અસર પાડી શકે તેવાં કુદરતી અથવા કૃત્રિમ કારકો હોઈ શકે; આમાં ભૌતિક, આબોહવાકીય, વાનસ્પતિક ઇ. કારકોનો સમાવેશ થાય છે. જેમાં ખાતર, પાકની ફેરબદલી જેવી બાબતોનો પણ સમાવેશ થાય છે. **s. formation.** જમીનનું ઉપલું મૃદામય સ્તર બનાવવા માટે ખડકનું વિઘટન અને રાસાયણિક અપક્ષય; ભૂમિ નિર્માણ. **s. framework.** જમીનનું માળખું–તેની સંરચના. **s. fumigant.** જમીનમાંનાં જંતુઓ, કીટકો, તેમાં પણ ખાસ કરીને તેમાં રહેલાં હાનિકારક વિવિધ સૂક્ષ્મ સજીવો તથા કૃમિના નિયંત્રણ માટે જમીનને ધુમાડો આપવા ઉપયોગમાં લેવામાં આવતાં ઇથીલીન ડાઇબ્રોમાઈડ અથવા હેકઝાક્લોરોપ્રોપેન જેવાં રસાયણો; વાયુવિષ. **s. genesis.** અસંઘટિત વાનસ્પતિક દ્રવ્યમાંથી સત્ય જમીનની રચના માટે જવાબદાર પ્રક્રિયા અંગેની જમીનની રચનાની રીત; જમીન ઉત્પત્તિ. **s. geologist.** જમીનનો ભૂ-વિજ્ઞાની. **s. heat.** જમીનનું ઉષ્ણતામાન; સૂર્યનું સીધું વિકિરણ, જમીનમાંથી અકાર્બનિક દ્રવ્યોનું વિઘટન, ઇ. દ્વારા જમીનને મળતી ઉષ્મા ઉપરાંત જમીનના પેટાળમાંથી પ્રાપ્ત થતી ઉષ્મા. જમીનનાં રંગ, પોત, પ્રવણતા અને જલજ ઘટક પણ ઉષ્મા આપે છે. જમીનનો કાળો રંગ વધારે ગરમીને શોષે છે, રેતાળ જમીન રાતના ઝડપથી ગરમી ગુમાવે. સારી ખેડ, પાણીનું બાષ્પીભવન કે તેની ઠંડક ધીમી પાડે અને તેને ગરમ કરે છે. **s. heterogeneity.** જમીનની વિષમાંગતા. **s. horizon.** જમીનનું સંસ્તર; ખવાણ પામ્યા ન હોય તેવા કઠણ શૈલ પ્રકાર સુધી જમીનની સમક્ષિતિજ સ્તરોવાળો જમીનનો વિભાગ, જેમાં રંગ, સંરચના ઇ.ના કારણે વિવિધતા આવે છે. કેટલીક વાર આમાં લોહ અને ચૂનાનાં સંયોજનો સંકેન્દ્રિત થયેલાં હોય છે. જમીનની પરિચ્છેદિકામાં સામાન્ય રીતે 'એ', 'બી' અને 'સી' પ્રકારના સંસ્તરો હોય છે. કાર્બનિક દ્રવ્યવાળું પૂરેપૂરું ધોવાણ પામેલું સંસ્તર 'એ' પ્રકારનું સંસ્તર હોય છે. આ સંસ્તરની હેઠળનું સમૃદ્ધ સંસ્તર 'બી' પ્રકારનું બને છે, જ્યારે મૂળ અંશતઃ 'સી' સંસ્તર હોય છે. **s. humus.** જમીનની ખાદમાટી. **s. improvement.** જમીનની સુધારણા. વનસ્પતિને ઉગાડવા જમીનને વધારે ઉત્પાદક બનાવવા માટે હાથ ધરવામાં આવતી કામગીરી; જેમાં ખાતરો, જરૂરી જળ નિકાલ, સિંચાઈ ઇ.નો સમાવેશ થાય છે. **s. inhabiting fungi.** જમીનમાં વાસ કરીને રહેતી ફૂગ. **s. injector.** જમીનનાં કીટ, જંતુ ઇ. પર નિયંત્રણ લાવવા જમીનમાં 5થી 7 ઈંચ સુધી ઊંડે સુધી ધુમાડો આપવો અથવા જંતુઘ્ન રસાયણોને અંતઃક્ષેપ કરવા માટેનું હાથચાલિત સાધન અથવા યંત્ર. **s. inoculation.** જમીનમાં કરવામાં આવતો અંતઃક્ષેપ. **s. insecticides.** જમીનમાં રહેતાં જંતુ, કીટ, ફૂગ ઇ.ને નિયંત્રિત કરવા માટે જમીનને આપવામાં આવતાં જંતુઘ્ન રસાયણો. **s. inverting plough.** જમીન પરની માટીનાં પડ ઉથલાવનાર હળ. **s.-less gardening.** માટી વિના બગીચા નિર્માણ; જુઓ *hydroponics*. **s. management.** જમીન અંગેની કામગીરી; લાભદાયક રીતે જમીનને તૈયાર કરવી, જેમાં જમીનની ભૌતિક સંરચના, કાર્બનિક દ્રવ્ય, પ્રાપ્ય પોષક તત્ત્વો, જૈવ પ્રક્રિયા અને જમીન તથા પાણીનું સંરક્ષણ ઇ. બાબતોનો સમાવેશ થાય છે **s. mantle.** મૃદા આવરણ. **s. map.** પૃથ્વીના પડનાં ભૌતિક અને સંવર્ધક અંગો સંબંધમાં જમીનના પ્રકારોનું વિતરણ દર્શાવતો નકશો. **s. maturity.** જમીન તેનાં પર્યાવરણીય કારકોનો પ્રભાવ દર્શાવી શકે તેવી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેની જે મૂળ શૈલમાંથી તે બની હોય તેવી તેની અંતીમ અવસ્થા; જમીનની પક્વતા – પ્રૌઢતા. **S. microbiology.** જમીનમાંના સૂક્ષ્મ સજીવોનું વિજ્ઞાન. **s. mineral.** ચોક્કસ ભૌતિક પ્રમાણ, સ્ફટિકીય રચના અને રાસાયણિક સંયોજન ધરાવતું કુદરતી અકાર્બનિક સંયોજન. **s. m. matter.** મૂળ શૈલમાંથી જે જમીનનું નિર્માણ થયું હોય તે જમીનનું ખનિજ-દ્રવ્ય; જુદાં જુદાં પ્રકારની જમીનોનાં જુદાં જુદાં ખનિજ દ્રવ્યો, મૂળ શૈલમાંનો રાસાયણિક તત્ત્વો અનુસાર હોય છે. **s. mixture.** ખાતર, શતેની લીલ, પાંદડાંની ભૂળ, રેતી ઇ.નું મિશ્રણ, જે રોપની વૃદ્ધિને શક્ય બનાવે છે. **s. moisture.** જમીનનો ભેજ; મૃદા આર્દ્રતા; વિવિધ સ્વરૂપમાં જમીનમાં પાણીની હાજરી; આ સૌ pF મૂલ્ય દ્વારા દર્શાવવામાં આવે છે. હાઇડ્રોજન આયન, સંકેન્દ્રણ દર્શાવતા pH સાંખ્યિક મૂલ્ય જેવું આ pF મૂલ્ય છે, જે અનુસાર 7 સાંખ્યિક મૂલ્ય ભઠ્ઠીમાં સૂકવેલી માટી, 4.6 સાંખ્યિક મૂલ્ય હાઇગ્રોસ્કોપિક બિંદુ, 4.2 સાંખ્યિક મૂલ્ય અપક્ષય બિંદુ અને 2.5 સાંખ્યિક મૂલ્ય ક્ષેત્ર-ક્ષમતા બિંદુ દર્શાવે છે. **s. m. capacity.** ગુરુત્વાકર્ષણના બળના કારણે જમીનના કુલ શુષ્ક વજનની તુલનામાં જમીનમાં રહેલી આર્દ્રતા કે પાણીના સંગ્રહની ટકાવારી. **s. m. stress.** ભૂમિઆર્દ્રતા તનાવ; જમીનમાંથી પાણીને શોષવા માટે જે બળોના વિરોધનો સામનો કરવો પડે તે માટે વનસ્પતિને જરૂરી બનતી સઘળી ક્ષમતા. **s. monolith.** જમીન – પરિચ્છેદિકામાંથી નિદર્શન કે અભ્યાસના હેતુ માટે કાઢી લેવામાં આવેલો જમીનનો ઊભો ભાગ **s. morphology.** જમીન આકારવિદ્યા. જમીનની પરિચ્છેદિકામાં સંસ્તરો કે વિભિન્ન કુદરતી સ્તરોનાં પ્રકાર અને ગોઠવણી. **s. mulch.** જંગલની જમીન પર મૃત વાનસ્પતિક દ્રવ્યોનું કુદરતી આવરણ. **s. nutrients.** વનસ્પતિની વૃદ્ધિના માટે આવશ્યક બનતાં પોષક દ્રવ્યો.

**s. order.** જમીનનો ક્રમ – પ્રકાર. **s. particle.** એકત્ર થયા ન હોય કે સખત રીતે બંધાઈ ન ગયા હોય તેવા કણ. **s.p. density.** જમીનના ઘન ભાગના એકમ ઘનફળ દીઠ વજન, જેનો આધાર જમીનના વ્યક્તિગત કાર્બનિક અને અકાર્બનિક ઘટકોના કુલ ઘટત્વ પર છે. મોટી વજનદાર ખનિજોની હાજરીથી આ ઘટત્વ ઊંચું કહેવાય છે અને કાર્બનિક દ્રવ્યોનો વધારો થતાં તે ઘટે છે. **s.p. size.** માટીના કણનું ધોરણ ઇન્ટરનેશનલ સોસાયટી ઑફ સાઇલ સાયંટિસ્ટો (જમીન વિજ્ઞાનીઓના આંતરરાષ્ટ્રીય મંડળ) એ ઠરાવ્યું છે, જે અનુસાર ગ્રેવેલ કણનો વ્યાસ 2.0 મિ.મી કે વધુ, કાંકરાનો વ્યાસ 2.2 મિ.મી કે વધારે, જાડા કણનો વ્યાસ 2.0થી 0.2 મિ.મી, ઝીણી રેતીનો વ્યાસ 2.0થી 0·02 મિ.મી. કાંપના કણનો વ્યાસ 0.02થી 0.002 અને માટીના કણનો વ્યાસ. 0.002 કે તેથી ઓછો ગણાય છે. **s. phase.** જમીનની પ્રાવસ્થા; જમીનના પ્રકારનો પેટાવિભાગ અથવા તેની વિભિન્નતા; સાધારણ પ્રકારથી ભૌતિક અથવા રાસાયણિક તફાવત પર વર્ગીકરણનો આધાર રહે છે **s. physics.** જમીનના અભ્યાસમાં ભૌતિકશાસ્ત્રના નિયમો, જ્ઞાન અને પ્રવિધિઓનો સ્વીકાર કરતી વિજ્ઞાનની એક શાખા; જમીન ભૌતિક વિજ્ઞાન. **s. physicist.** ભૂ-જમીન ભૌતિક વિજ્ઞાની. **s. plasticity.** માટીની સુઘટ્યતા; બળના કારણે આવી જમીનનું સ્વરૂપ કે તેનો આકાર બદલાય અને બળને ખસેડી લેવામાં આવતા તે તેનું અસલ સ્વરૂપ કે આકાર ધારણ કરી શકે તેવો તેનો ગુણધર્મ. ઓછી રેતી કે રેતાળ માટી જેવી ઓછી સુઘટ્યતા ધરાવતી માટીને ચોકઠામાં નાખી આર્દ્રાવસ્થામાં તેને દબાણ આપવામાં આવતા, તે ચોક્કસ ઘાટ ધારણ કરે છે પણ સ્પર્શ માત્રથી તેનો આ ઘાટ તૂટી જાય છે. **s. population.** જમીનવાસી સઘળા સજીવો, જમીનમાં રહેતા કુલ પ્રાણીજ અને

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાનસ્પતિક સત્ત્વો. **s. porosity.** જમીનની છિદ્રાળુતા; જમીનના છિદ્રો અથવા વિવરે નુ પ્રમાણ, જેમાં કણ ન હોય તેથી માટીના ઘનફળની ટકાવારી. **s. probe.** જમીનમ કેટલા પ્રમાણમાં પાણી પ્રવેશ્યું છે તે નક્કી કરવા માટે ઉપયોગમા લેવામાં આવતો લોખંડનો દંડ કે નળીનો ટૂકડો. આ સાધન કેટલી ઉંડાઈ સુધી જાય છે તે પરથી પાણીની પ્રવેશ્યતાનું પ્રમાણ જાણી શકાય છે. **s. productivity.** જમીનની ઉત્પાદકતા; વાવેલા પાકની એકર દીઠ પેદાશના સંબંધમાં જમીનની માવજતનો મળતો પ્રતિભાવ; સારી પેદાશ મળે એજ તેની ઉત્પાદકતા કહેવાય છે. જમીન ફળદ્રુપ હોય પણ પાણીની ઊણપ જેવા અન્ય કારણોથી ઉત્પાદક ન હોય; જે માટીની પરીક્ષાથી જાણી ન શકાય. **s. p. factors.** જમીનની ઉત્પાદકતાના કારકો; પર્યાવરણની બધી જ ભૌતિક રાસાયણિક અને જૈવ પરિસ્થિતિ, જેમાં પાક વૃદ્ધિ પામે છે. જમીનની ફળદ્રુપતા પાણી અને હવાને અસર કરતી બધી જ કામગીરી ઉપરાંત જંતુઓ અને કીટકો, રોગ અને સૂક્ષ્મ સત્ત્વો જેવાં જૈવ કારકો આ સૌ જમીનની ઉત્પાદકતાનાં કારકો છે. **s. profile.** જમીનનું પાર્શ્વચિત્ર - પરિચ્છેદિકા; ભીતરના ખવાણ પામ્યા ન હોય તેવા ખડક (અથવા કાંપવાળી જમીનના ૭ ફૂટ) સુધીનો જમીનનો ઊર્ધ્વ વિભાગ, જેને જમીનની પરીક્ષા માટે સાધારણ રીતે તપાસવામાં આવે છે. આવા વિભાગમાં રંગ, પોત, સંરચના ઇ.ની રીતે ભિન્ન ભિન્ન સમક્ષિતિજ પડો હોય છે. **s. protozoa.** જમીનના પ્રજીવો. જમીનનાં સેંદ્રિય દ્રવ્યો અથવા જીવાણુ પરનભતા એક કોષી જંતુઓ – સત્ત્વો. મોટાં કદનાં જંતુઓ ભેજવાળી જમીનો અને કળણમાં હોય છે. **s. pulverization.** જમીનનું ચૂર્ણીભવન. **s. quality.** જમીનનો પ્રકાર, તેના ગુણધર્મો. **s. reaction.** pH સૂચની દૃષ્ટિએ મૃદા – સંયોજનના પ્રતિકારનું માપ; માટીના સમપ્રમાણમાં અમ્લીય અને ક્ષારીય આપતો હોય તો તે તટસ્થ ગણાય છે. H આયનો આપતો હોય તો અમ્લીય અને કેલ્શિયમ અને મેગ્નેશિયમ જેવાં ક્ષારીય આયનો આપતો હોય તો તે ક્ષારીય કહેવાય છે. 7pH હોય તો તટસ્થ પ્રતિકાર, 7 કરતા pH ઓછી હોય તો તે અમ્લીય, અને તે કરતાં વિશેષ હોય તો તે ક્ષારીય કહેવાય છે. 4 pH કરતા વધારે ક્યારેય જમીન અમ્લીય નથી હોતી. pH 9 કરતાં વધારે હોય તો તે ક્યારે પણ ક્ષારીય નથી હોતી. જમીનની pH 6.5 અને 7.0ની વચ્ચે ન હોય તો વનસ્પતિની વૃદ્ધિ માટે જમીનના રાસાયણિક અને જૈવ સંજોગો સારા નથી હોતા. અમ્લીય જમીનને ચૂનો આપીને અને ક્ષારીય જમીનને ગંધક આપીને આવશ્યક pH તરફ લઈ જઈ શકાય છે. **s. sampling.** જમીનના નમૂનાનું ચયન; જે જમીનની તપાસ કરવાની હોય તેના નમૂના લેવામાં આવે છે. પ્રત્યેક ખેતરને નમૂનાના એકમ તરીકે ગણવામાં આવે છે, અને એક જ ખેતરમા પ્રવણતા, પાણીનો નિકાલ, પોત, રંગ અને જંતુની માવજત અંગે વિભિન્નતા હોય તો જુદા જુદા નમૂના લેવામાં આવે છે અને આ હેતુ માટે મોટા ખેતરની એવી રીતે વગેણી કરવામાં આવે છે કે પ્રત્યેક નમૂનો 10 એકર કરતાં વધારેને આવરતો હોવો ન જોઈએ. નલિકા, ઓજાર, ખુરપી, ખરપડી જેવાં સાધનોથી જમીનની નમૂના લેવામા આવે છે. ખેતરનાં દરેક સ્થાનો પરથી હળનું ફળું જાય ત્યાં સુધીનો નમૂનો લઈ તેને સ્વચ્છ પાત્રમાં બરાબર મિશ્ર કરીને અર્ધા પાઈન્ટ જેટલો મૂકવામાં આવે છે. આવા પ્રકારના નમૂનાચયનમાં જૂના બંધ, કળણવાળાં સ્થાનોને બાકાત રાખવામાં આવે છે. હળ ખેડયા પછી પણ ચૂનો અથવા રાખ કે ખાતર નાખ્યા પછીના ત્રણ મહિના કરતાં ઓછી મુદતનો હોવો ન જોઈએ. નમૂનાને પેક કરવા અગાઉ ઢેફાને ભાગી નાખવામાં આવે છે અને માટીને ઠીક ઠીક સૂકી થવા દેવામાં આવે છે. **s. science.** ભૂમિ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિજ્ઞાન; કુદરતી પિંડ અને આર્થિક સાધન તરીકે જમીનના અભ્યાસનું વિજ્ઞાન ભૂમિ વિજ્ઞાન. **s. separate.** માટીના કણ. **s. series.** કુળ અને પ્રકારની વચ્ચેનો જમીનનો વર્ગીકરણીય સમૂહ. **s. sickness.** પરજીવી સજીવોની હાજરીના કારણે જમીનની થતી અનુત્પાદકતા. **s. slip.** સંપૂર્ણ સંતૃપ્તતાના પરિણામે ટેકરાના ઢાળ પર જમીનનું થતું અધિગતિક સંચલન. **s. slope.** જમીનની સપાટીની પ્રવણતા – ઢોળાવ. **s. solution.** જમીનનું પ્રવાહી ઘટક; જેમાં વનસ્પતિનાં મૂળ શોષે તેવાં સંયોજનોમાં એ ગળી ગયાં હોય તેવા વિવિધ માત્રામાં પાણીનો સમાવેશ થાય છે. **s. sterilization.** વનસ્પતિને ઝેરી નીવડે તેવું દ્રવ્ય જમીનની સાથે ભેળવવાની પ્રક્રિયા. વનસ્પતિના રોગોત્પાદક સજીવો અને જંતુઓનો નાશ કરવા વરાળ, ધુમાડો અથવા સીધી ગરમીનો પ્રયોગ. **s. structure.** જમીનનું માળખું, જમીનની સંરચના, માટીના દળમાં કણોની ગોઠવણી સૂખી અને જાડી રેતીમાં જુદી જુદી દાણાદાર સંરચના, જેનો પાણીના નિકાલ, સરળ ખેડ, મૂળની પ્રવેશ્યતા, સામાન્ય ઉત્પાદકતા, પવન અને પાણીના ધોવાણના વિરોધની સાથે અગત્યનો સંબંધ ધરાવે છે. **s. surface.** જમીનનું તળ, જમીનના સઘળા કણોને સાથે રાખેલું બાહ્યતળ. **s. survey.** જમીનનું સર્વેક્ષણ, જમીનનાં સાધનોનો નકશો બનાવવા માટે પદ્ધતિસર તેનું કરવામાં આવતું સર્વેક્ષણ. જમીન સંશોધનથી અને લાંબા ગાળાની જમીનની ઉપયોગિતાથી પ્રારંભ થાય. એક પ્રકારની વર્ગીકરણ પદ્ધતિની પ્રણાલીમાં જમીનનું વર્ગીકરણ કરવાનો વિશાળ હેતુ હોય, જેથી વિવિધ વર્ગોનો બીજા વિસ્તારોની તેવી જમીનોની સાથે સહસંબંધ સ્થપાય. નકશામાં તેનું વિતરણ દર્શાવવામાં આવે તથા વિવિધ પાકોના સંબંધમાં તેની અનુકૂળતા, વ્યવસ્થાનાં સાધનો અને વિવિધ પ્રણાલીવાળી જમીનોની નીપજ પણ દર્શાવવામાં આવે. **s. temperature.** જમીનનું ઉષ્ણતામાન, જેમાં જમીનની ઉંડાઈ અને સ્થાનિક હવામાનના કારણે વિભિન્નતા હોય. આ સૌ વનસ્પતિનાં વૃદ્ધિ – વિકાસના માટે આવશ્યક છે. **s. testing.** જમીનનું પરીક્ષણ વનસ્પતિ માટે આવશ્યક પોષક તત્ત્વોનાં પ્રકાર, ઉપલબ્ધતાનું પ્રમાણ ઇ.નું માપ લેવા ખેતરમાં અથવા પ્રયોગશાળામાં માટીના નમૂનાની કરવામાં આવતી કસોટી. **s. t. set** જમીનની પરીક્ષા કરવા માટે ઉપયોગમાં લેવામાં આવતાં સાધનો માટીનું ઝડપથી ગુણાત્મક તેમ જ માત્રાત્મક પરીક્ષણ કરી શકાય તે માટે વિવિધ રસાયણો, સરંજામ અને સૂચના સમેત સાધનોની નાનકડી પેટી. **s. texture.** જમીનનું પોત; જમીનમાં રેતી, કાંપ અને માટીનું સાપેક્ષ પ્રમાણ. મોટા પ્રમાણમાં રેતી હોય તો જમીન ખરબચડી બને છે. વધારે પ્રમાણમાં કાંપ હોય તો જમીન ફરશ જેવી લાગે છે અને માટીનું પ્રમાણ વિશેષ હોય તો ભીની થતાં જમીન ચીકણી બને છે, અને સુકાઈ જતાં સખત બને છે. **s. tilth.** કૃષિક્ષમતા; વનસ્પતિના અંકુરણ અને તેની વૃદ્ધિ માટે અનુરૂપ સંરચના અને ભૌતિક પરિસ્થિતિ, જેનું નિર્માણ કૃષિ સાધનોના ઉપયોગ અને સુયોગ્ય કૃષિ વિષયક વ્યવહારથી શક્ય બને છે. **s. type.** ભૂમિ-પ્રકાર; ચોક્કસ અસલ ખડક અથવા શૈલમાંથી નિર્માણ પામેલી જમીનનો સમૂહ. **s. water.** મુક્ત, કેશાકર્ષીય અને બંનેની સામૂહિક રીતે જમીનમાં રહેલા બધા પ્રકારના પાણી; વાતાયનના વિભાગમાં ભૂ-તલ હેઠળનું પાણી બાષ્પીભવન, બાષ્પોત્સર્જન અને અંતઃસ્રવણથી ઊડી જાય છે. **s. w. pF.** જુઓ *soil moisture*. **s. weight.** માટીનું નિરપેક્ષ વજન. (૨) ડિસ્ટિલ્ડ એટલે નિસ્યંદિત કરેલા પાણીના એક ઘનફૂટના 62.5 રતલની તુલનામાં એટલા માપની અર્થાત્ એક ઘનફૂટ માટીનું વજન 50થી 120 રતલ થાય. સમૃદ્ધ બાગાયતી જમીનની

For Private and Personal Use Only

એક ઘનફૂટ માટીનું વજન 70 રતલ થાય, સાધારણ ખેડવા યોગ્ય જમીનની એક ઘનફૂટ માટીનું વજન 80થી 90 રતલ થાય, જ્યારે તેટલી સૂકી રેતીનું વજન 110 રતલ થાય. **soiled.** બગડેલું, જેના પર કચરો હોય તેવું, કચરાવાળું. **soiling.** ઘાસ ઊગતું હોય તે સ્થાન પર ઢોરને ચરવા દેવાને બદલે, જ્યાં ઢોર રાખવામાં આવ્યાં હોય ત્યાં આગળ ઘાસને કાપીને લઈ જવામાં આવે તે

**soja.** સોયાબીન. **s. max.** સોયાબીન.

**sola.** પ્રવાહી અવસ્થા.

**sola.** જુઓ *sola pith*. **s. pith.** પ. બંગાળના ભેજવાળા પ્રદેશો અને દ. ભારતમાં થતો ઊંચો ક્ષુપ, જેના નરમ કાષ્ઠમાંથી સનહૅટ, રમકડાં, બનાવટી ફૂલો, વિવિધ નમૂના બનાવવામાં આવે છે. તે બાટલીના બૂચનું સ્થાન લે છે.તેનાં પાન ખાઈ શકાય છે.

**solanaceous fruits.** વનસ્પતિનો એક પ્રકાર, જેમાં ટમેટાં, રીંગણા જેવાં ફળ કે શાકભાજી, વિષાણુ, હિમ અને ઠંડી સહન કરી ન શકનાર ગરમ ઋતુની વનસ્પતિનો સમાવેશ થાય છે. **solanine.** પ્રકાશમાં બટાટાના કંદને ખુલ્લાં કરતાં તે હરિત બનવાના કારણે થતો આલ્કેલોઈડ, જે માનવીઓ અને અન્ય પ્રાણીઓ માટે ઝેરી બને છે અને બટાટાની છાલ નીકળતાં 70 ટકા જેટલો તે દૂર થાય છે.

**Solanum** *betaceum* **Cav.** ટમેટાં; પ. બંગાળ, આસામ, મહારાષ્ટ્ર, તામિલનાડુ, કર્ણાટકમાં થતો છોડ, જેનાં ફળ – ટમેટાં ખાઈ શકાય છે. **S.** *ferox* **L.** રામરીંગણ નામની આસામ અને દ. ભારતમાં થતી ખાદ્યફળની કાંટાવાળી શાકીય વનસ્પતિ. **S.** *grandiflorum* auct pl. non **Ruiz and Pav.** "પોટેટો ટ્રી" નામે બગીચામાં વાવવામાં આવતું આસમાની ફૂલોનું ઝાડ. **S.** *indicum* **L.** વાડ રીંગણી, મોટી રીંગણી નામની હિમાલય, આસામ અને ખાસી ટેકરીઓમાં થતી ખાદ્યફળની શાકીય વનસ્પતિ. **S.** *jasminoides* **Paxt.** "પોટેટો વાઈન" નામનો શીતગૃહ માટેનો પાનખર વેલો, જેને વિવિધરંગી ફૂલો થાય છે. **S.** *melongena* **L.** રીંગણી; રીંગણીનું ઝાડ, જેનાં ફળ – રીંગણાંનું શાક બનાવી તે ખાવામાં આવે છે. **S.** *nigrum* **L.** પીલુડી. **S.** *pseudocapsicum* **L.** 'જેરૂસલેમ ચેરી' નામનો શોભા માટે ઉગાડવામાં આવતો છોડ. **S.** *rantonnetii* **Carr.** બગીચામાં ઉગાડવામાં આવતો, રંગરંગીન ફૂલોનો છોડ. **S.** *torvum* **Swartz.** તિતરીંગણી નામની ઓરિસા, પ. બંગાળ, બિહાર અને મણિપુરમાં થતી ખાદ્યશાકની વનસ્પતિ. **S.** *tuberosum* **L.** બટાટા. આસામ, ઉત્તર પ્રદેશ, પ. બંગાળ, બિહાર અને પંજાબમાં ઉગાડવામાં આવતી શાકીય વનસ્પતિ, જેના કંદ એટલે બટાટાનું શાક થાય છે અને તેમાંથી સ્ટાર્ચ-કાંજી મળે છે. **S.** *xanthocarpurm* **Schrads Wendl.** કટેલી ભોંય રીંગણી નામની સામાન્ય વનસ્પતિ, જેનાં મૂળ શરદી અને દમમાં ઉપયોગી બને છે અને પાન સંધિવામાં કામમાં આવે છે.

**solar.** સૂર્યનું–ને લગતું. **s. heat treatment.** સુર્યોપચાર; સૂર્યની ગરમીનો ઉપચાર. (૨) રોગોત્પાદક ફવક બીજાણુનો ઊંડે ઉતરેલા ચેપવાળાં બીની માવજત કરવાનો એક પ્રકાર, જેમાં ઉનાળાના દિવસે સવારના 8.થી બપોરના 12 વાગ્યા સુધી બીને ભીંજવી ગુણપાટ કે કપડાંમાં પાથરી બપોરના 12 થી 4 વાગ્યા સુધી તડકામાં સૂકવવામાં આવે છે. **s. propagation frame.** બી સંવર્ધન માટેનું ઉછેરગૃહ. **s. treatment.** સુર્યોપચાર. **s. radiation.** સૌર વિકિરણ. **solarization. heliosis.** સૂર્યના તડકાના કારણે વનસ્પતિનાં પાન પર ચાઠાં પડે તે.

**solder.** ઝારણ. (૨) ઝારણ કરવું.

**sole.** હળનું તળિયું સરકે તેવું ચાસનું તળિયું. (૨) પ્રાણીના પગનું તળિયું. (૩)

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તળિયું બેસાડવું. (૪) એકલું, એકજ.

**Solenoptes** *capillatus*. લોહી પીતી જૂ.

**solenostele.** અખંડ નળાકાર રંભ.

**solid.** નક્કર, ઘન, મજબૂત. **s. bamboo.** નક્કર વાંસ; *Dendrocalamus strictus* (**Roxb.**) **Nees.** ઉ. ભારત, મધ્ય પ્રદેશ અને દ. ભારતમાં થતો સર્વસાધારણ રીતે ખૂબજ ઉપયોગી વાંસ, જેનો ઉપયોગ નિર્માણ કામમાં, ફર્નિચર, દાંડા, કાગળનો માવો ઇ. માટે કરવામાં આવે છે. ખૂબજ સમૂહમાં થતા પુષ્પોદ્ભવનું ચક્ર 20થી 30 વર્ષનું હોય છે. **s.-cone nozzle.** નળીકમાંથી છંટકાવ કરવાનું સાધન. **s. manure.** ઘન ખાતર. **s. phase.** ઘન અવસ્થા. **s. planting.** નળીક નળીક વાવણી. **s. ungular. s. ungulate.** સખત ડાબલાવાળાં અશ્વ વર્ગનાં પ્રાણીઓ. **solidified honey.** ઘનીભૂત મધ, દાણાદાર મધ. **solids.** દ્રવ સિવાયના પ્રવાહી પેદાશ તથા દ્રાવણોના સઘળા ભાગ, જેમાં ચરબી, શર્કરા કેસીન અને ખનિજોનો સમાવેશ થાય છે. **s. not-fat.** દૂધના અચરબીજ ઘન ઘટકો

**Solidago** *canadensis* **L.** સોનઝડી નામનો વાર બનાવવા ઉપયોગી થતો છોડ.

**solifluction.** પાણીથી સંતૃપ્ત થવાના પરિણામે ઢોળાવ પર ખડક અને જમીનની થતી ધીમી ગતિ.

**soliped.** અશ્વ વર્ગનાં પ્રાણીઓ.

**solisequious.** સૂર્યમાર્ગાનુસારી.

**solodized soil.** સોલોનેટ્ઝ જમીનના કઠણ પડ ઘરનું ઘેરા કાળા રંગનું ભૂખરું નિક્ષારિત પડ.

**Solonetz.** સ્તંભીય સંરચના અને મોટા પ્રમાણમાં આલ્કલી કાળી બનેલી ભૂમિપૃષ્ઠ હેઠળની વિવિધ સપાટીઓ ધરાવતી જમીનોનો આંતરક્ષેત્રિય સમૂહ.

**soluble.** દ્રાવ્ય, વિલેય, વિલયનશીલ. (૨) ખાસ કરીને પ્રવાહીમાં દ્રાવ્ય બનતું (દ્રવ્ય). **s. ash.** દૂધની પાણીમાં દ્રાવ્ય બનતી રાખ. **solute.** વિલેય; મુક્ત, ઢીલું. ઓગાળવું, દ્રાવ્ય કરવું. **solution.** (૨) દ્રાવણ. (૨) રાસાયણિક અને ભૌતિક રીતે બે કે તેથી વધારે દ્રવ્યોનું સમાંગ મિશ્રણ. **solvate.** દ્રાવક,વિલાયક મિશ્રણ. **solutive.** દ્રાવક વિલયશીલ મિશ્રણ. **solvation.** દ્રાવ્ય, વિલેય, વિલાયક મિશ્રણ. **solvent.** દ્રાવક; કોઈ દ્રવ્યને દ્રાવ્ય બનાવવા માટેનું પ્રવાહી. **s. debtor.** સમર્થ દેવાદાર, દેવું ચૂકતે કરી શકનાર દેવાદાર. **s. process.** ભીન,તેલીબિયાંમાંથી તેલ કાઢવાની પ્રક્રિયા.

**solum** (એ. વ.). **sola** (બ. વ.). 'એ' અને 'બી' સ્તરો સમેતનો સૌથી ઉપરની પરિચ્છેદિકાનો ખવાણ પામેલો ભાગ, જેમાં જીવંતમૂળ અને જીવન પ્રક્રિયાનો સમાવેશ થાય છે.

**soma.** દેહ, કાયા. **s. cell.** દેહકોષ; જીવંત શરીરની વૃદ્ધિ કરવા વધતી સંખ્યાવાળો કોષ; અંકુર અથવા અંકુર રસથી ભિન્ન એવો દેહ. **somatic.** દૈહિક (૨) શરીર-પેશીને લગતું. જનેતા અને જનક એમ પ્રત્યેકમાંથી એક એક કરી બે રંગસૂત્રો ધરાવતા અંગનું. **s. cell.** દૈહિક કોષ, કાયકોષ. **s. layer.** દેહ-સ્તર. **s. mutation.** કાયિક-દૈહિક ઉત્પરિવર્તન. **s. variation** દૈહિક વિભિન્નતા. **somatization.** દેહિકયુગ્મન. **somatogenic.** દેહજનિત, શરીરમાં ઉત્પન્ન થતું. **Somatology.** દેહવિજ્ઞાન, ભૌતિક રીતે જીવંતપિંડોનું વિજ્ઞાન. **somatoplasm.** દેહરસ, કાયદ્રવ્ય, દેહપેશી. **somatoplastic sterility.** કાયદ્રવી વંધ્યતા. **somatotrophin.** વૃદ્ધિ અને યૌવનારંભ અવસ્થામાં પ્રાણીઓની બ્રહ્મગ્રંથિમાં ઉત્પન્ન થતો અંતઃસ્રાવ, જે જનનવ્યવસ્થાના વિકાસની પ્રક્રિયા સાથેના અન્ય અંતઃસ્રાવોનું પ્રમાણ વધારે છે, આ અંતઃસ્રાવો ત્યારબાદ સ્રવવા માંડે છે.

**somite.** પ્રાણી શરીરનો સંધિપાદ અથવા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પુષ્પવસધારીનો ખડ.

**somniferous.** નિદ્રાજનક, નિદ્રાપ્રેરક, ઘેનપ્રેરક. **somnolent.** નિદ્રાળુ. આળસુ. **soporific.** નિદ્રાજનક, નિદ્રાપ્રેરક.

**son champa** સોન ચંપો.

**Sonchus** *asper* **Vill.** દુધાળી સોનકી. **s.** *oleraceus* **L.** દુધાળી સોનકી.

**son-kel.** સોનેરી કેળાં.

**son-khair.** સોન ખેર. *Acacia forruginea* **DC.** નામનું ગુજરાત, આન્ધ્રપ્રદેશ, અને પશ્ચિમઘાટમાં થતું ગુંદરનું વૃક્ષ.

**Sonneratia** *caseolaris* (L.) **Engl.** સુંદરવનમાં તથા દ્વીપકલ્પીય પ્રદેશના કાંઠાળા અને ભરતીનાં સ્થાનોમાં થતું ઝાડ, જેનાં મૂળ બૂચની અવેજીમાં ઉપયોગમાં લેવામાં આવે છે.

**sonki.** સોનકી.

**sonth.** સૂંઠ.

**soom tree** *Machilus bombycina* **King ex. Hook f.** મધ્યમકદનું આસામના શિવસાગરમાં થતું ઝાડ, જેનાં પાન મુગા રેશમના કીડાને ખવડાવવામાં આવે છે.

**soot.** કાજળ, મેશ.

**Sophora** *secundiflora* **DC.** સુગંધી ફૂલો માટે ઉગાડવામાં આવતું ઝાડ. **S.** *tomentosa* **L.** પીળારંગનાં ફૂલો માટે બગીચામાં ઉગાડવામાં આવતો છોડ. **S.** *vicifolia* **Hance.** શોભા માટે ઉગાડવામાં આવતી વનસ્પતિ.

**Sorbus** *aucuparia* **L.** [Syn. *Pyrus aucuparia* **Gaertn**; *Mespilus aucuparia* **Web.**] સમશીતોષ્ણ હિમાલયમાં થતું ખાદ્ય ફળધારી વૃક્ષ.

**sore.** નાજુક, ચાંદું. (૨) છોલાયેલું કે ચાંદું સ્થાન. (૩) દુઃખ થાય એવી રીતે. **s. eye.** ઈજા, ચેપ કે બાહ્ય પદાર્થની હાજરીના કારણે પ્રાણીઓને થતો આંખનો એક રોગ, જેના પરિણામે આંખના ડોળાને વિદ્રધિ થાય અને છેવટે અંધાપો પણ આવે. (૨) આંખનો દુખાવો, આંખમાં આવતો સોજો. **s. head.** મરઘાને થતો બળિયાનો રોગ. **s. mouth.** ઘેટાંનાં બચ્ચાંને લાગુ પડતો મોંનો એક રોગ. (૨) ગળું આવવું. **s. neck.yoke gall.** ભારવાહી પ્રાણીને ધૂસરી ઘસાવાથી તેમની ગરદનને થતો એક રોગ. **s. teats.** માદા પ્રાણીના આંચળને સોજો આવવાથી અથવા દુખાવો થવાથી આંચળને થતો એક રોગ.

**soredium** કેટલીક શેવાળમાં થતી વનસ્પતિ રચના.

**sorgho** ગળ્યું પ્રકાંડ ધરાવતું સોરગમ-જુવાર વર્ગનું ધાન્ય. **sorghum.** (મૂળ શબ્દ *sorgo* એટલે ઊંચો થતો) અન્ય ધાન્ય પાકો કરતાં ઊંચો ઊગતો તૃણાદિવર્ગનો ખરીફ ધાન્ય પાક, જે જુવાર નામે ઓળખાય છે અને જુવારવર્ગના પાકોમાં કદ અને દાણાની દૃષ્ટિએ તે મોટામાં મોટો પાક છે. ભારતમાં ચોખા પછી વધારેમાં વધારે વિસ્તારમાં આ ધાન્ય પાકને વાવવામાં આવે છે. ભારતના મધ્ય અને દક્ષિણના પ્રદેશોના ગરીબ વર્ગના લોકોનો એક મુખ્ય ખોરાકનો પાક છે. જુવારના દાણાને ભરડીને ભાતની સાથે રાંધીને ખાવામાં આવે છે, ઉપરાંત તેના દાણાને દળીને થતા લોટના રોટલા બનાવવામાં આવે છે. જુવારના લોટની બીજી પણ ખાવાની વાનગીઓ બનાવવામાં આવે છે. બીમાર અને બાળકો માટે પણ તેની વાનગીઓ બનાવવામાં આવે છે. જુવારની ધાણી બનાવવામાં આવે છે. દાણા કાઢી લીધા પછીના જુવારના સાંઠા ઢોરનો ચારો બને છે. સાધારણ વરસાદ અને મેદાનની ભૂમિ તેના પાકને વધારે અનુકૂળ આવે છે. જૂનથી ઑક્ટોબરના ગાળામાં ખરીફ પાક તરીકે અને ઑક્ટોબરથી ફેબ્રુઆરી–માર્ચના ગાળામાં રવિ પાક તરીકે તેને ઉગાડવામાં આવે છે. **S.** *cernum* **Host** var. *globosum.* દક્ષિણમાં થતી જુવારનો એક પ્રકાર. **S.** *dochna* var. *obvatum.* દક્ષિણ ભારતમાં થતી જુવારની એક જાત. **S.** *dochna* var. *irungu* and *melliferum.* દક્ષિણમાં થતો જુવારનો એક પ્રકાર. **S.**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



*durra* **Stapf.** જુવારનો એક પ્રકાર. **S.** *durra var. nediore.* દ. ભારતમાં થતી જુવારની એક જાત. **S.** *durra* **Stapf.** var. *Coimbatoricum* **Snow.** મધ્યમ પ્રકારની ડૂંડાવાળી દ. ભારતમાં થતી એક પ્રકારની જુવાર. **S.** *holepense* (**L.**) **Pers** [Syn. *Holcus halepensis* **L.**]. તૃણકુળનું જોનસન તૃણ નામે ઓળખાતું દીર્ઘાયુ ઘાસચારા માટેનું ઘાસ. **S.** *roxburgii* **Stapf** [Syn. *Arodropogon sorghum* **Brot** var. *roxbarghii* (**Hack**). **Hook** *f.*]. તૃણકુળનો દ. ભારતમાં થતો જુવારનો એક પ્રકાર. **S.** *saccharatum.* તૃણકુળની, ગળ્યાં સાંઠાવાળી જુવારનો એક પ્રકાર. **S.** *subglabrescens* (**Steud**) **Schwein** *and* **Aschers.** દ. ભારતમાં થતી જુવારની એક જાત. **S.** *sudanense* (**Piper**) **Stapf.** સુદાનતૃણ તરીકે ઓળખાતું મહારાષ્ટ્ર, આસામ અને પંજાબમાં થતું વર્ષાયુ ઘાસ, જેનો ઘાસચારો બને છે. **S.** *vulgare* **Pers** [Syn. *Andropogon sorghum* (**L.**) **Brot**; *Holcus sorghum* **L.**]. જુવાર; ઉત્તરપ્રદેશ, પંજાબ, મધ્યપ્રદેશ, આન્ધ્રપ્રદેશ, મહારાષ્ટ્ર અને રાજસ્થાનમાં થતી જુવાર, જેના દાણા ખોરાકમાં કામમાં કામમાં આવે છે અને સાંઠા અને પાનનો ઘાસચારો બને છે. તેના દાણામાંથી સ્પિરિટ બનાવવમાં આવે છે. **S.** *vulgare* **Pers** જુવાર, જેના દાણા ખોરાક તરીકે અને સાંઠા ઘાસચારા તરીકે ઉપયોગમાં આવે છે. **S.** *vulgare* **Pers** var. *saccharatum* **Koern.** [Syn. **S.** *saccharatum* **Pers.**]. દેવધાન જુવાર, જેના દાણા ખોરાક તરીકે ઉપયોગી બને છે. સાંઠામાંથી મળતો રસ મીઠો છે, અને પાનનો ઘાસચારો બનાવવામાં આવે છે. **s. downy mildew.** *Sclerospora sorghi* (**Kulk**) **West** and **Uppal.** નામના જંતુથી જુવારને થતો રોગ, જેમાં તેનાં અંકુર પીળાં પડે છે, પાન સાંકડાં થાય છે. **s. earhead bug.** *Calocoris angustatus* **Leith.** નામનો જુવારનો કીટ, જેનાં ડિંભ અને મોટાં કીટ જુવારના કુમળા ભાગનો રસ ચૂસે. **s. grain smut.** *Sphacelotheca sorghi* (**Link**) **Clinton.** નામના જંતુથી જુવારને થતો અંગારિયાનો એક રોગ, જેમાં તેના કણસલામાંના દાણા કાળા પડે છે. **s. head smut.** *Sphacelotheca reiliana.* નામના જંતુથી જુવારને થતો એક પ્રકારનો અંગારિયાનો રોગ **s. long smut.** *Tolyposporium ehrenbergii.* નામના કીટથી જુવારને થતો એક પ્રકારનો અંગારિયો. **s. loose smut,** *Sphacelotheca cruenta* (**Kuhn.**) **Potter.** નામના જંતુથી જુવારને થતો અંગારિયાનો એક પ્રકારનો રોગ. **s. poisoning.** હાઇડ્રોસાયેનિક ઍસિડ ધરાવતા જુવારના સાંઠા ખાવાથી ઢોરને થતી વિષાક્તતા. **s. red leaf spot.** *Colletotrichum graminicolum.* નામના જંતુથી જુવારને થતો રોગ, જેમાં જુવારનાં પાન પર રાતાં ચાઠાં પડે છે. **s. rust.** *puccinia purpurea.* નામના જંતુથી જુવારને થતો ગેરુનો રોગ **s. sooty stripe.** *Ramulispora sorghi.* નામના જંતુથી જુવારને થતો એક પ્રકારનો રોગ.

**sorosis.** સરસાક્ષ: પાઈન એપલવૃક્ષમાં જણાતો માંસલ પુષ્પ વિન્યાસ.

**sorption.** શોષણ.

**sorrel.** *Rumex* પ્રજાતિની *Jamaica switch sorrel; Jamaica sorrel, garden sorrel* જેવી જાતિઓ.

**sorting.** ફળ, શાકભાજી અને અન્ય નીપજોનું કદ અને ગુણવત્તાના પ્રમાણે કરવામાં આવતું વર્ગીકરણ,

**sorus** (એ. વ). **sori** (બ. વ). ધાનીગુચ્છ, બીજાણુ ધાનીપુંજ. (૨) ગેરુ અને અંગારિયાનો સમૂહ.

**sound.**સંગીત. **s.grain.** અક્ષત દાણો.

**sour.** ખાટું. (૨) અપક્વતા કે આથવ-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ણુના પરિણામે થતો ખાટો સ્વાદ. **s. aroma.** ખાટી વાસ. **s. cherry.** રાંધવા માટે અને મુરબ્બો બનાવવાના કામમાં આવે તેવી ચેરીનું પંજાબ, હિમાચલ પ્રદેશ, અને કુમાંઉમાં થતું ઝાડ. **s. egg.** ખાટી વાસવાળું ઈંડું. **s. flavour.** ખાટાં સ્વાદ અને ખાટી વાસ ધરાવતી દુગ્ધ પેદાશની એક ખામી. દુગ્ધશર્કરા ઓછી થઈ લેક્ટિક ઍસિડનું પ્રમાણ વધતાં આવા પ્રકારની ખામી પેદા થાય છે. **s. lime.** કાગદી લીંબુ *Citrus aurantifolia* (**Christm.**) **Swing.** [Syn. *Limonia aurantifolia Christm; L. acidisima* **Houtt;** *Citrus lima* **Lun;** *C. acida* **Roxb;** *C. medica* var. *acida* **Hook f;** *C. hystrix* subsp *acida* **Engl.**]. નામનું ઉષ્ણ કટિબંધની આવશ્યકતા ધરાવતું ઝાડ, જે હિમ સહન કરતું નથી, જેને કાંટા થાય છે અને જેને બી વાવીને ઉગાડવામાં આવે છે. **s. milk.** લેક્ટિક ઍસિડનું નિર્માણ કરતાં જીવાણુની અસરથી ખાટું બનેલું દૂધ. **s. orange.** ખાટું સંતરું. **s. soil.** અમ્લીય જમીન. **souring.** જીવાણુ-દ્વારા લેક્ટિક ઍસિડ–દુગ્ધામ્લનું નિર્માણ.

**Soursop.** મામફળ; *Annona muricata* **L.** નામનું મોટામાં મોટાં ફળ આપતું ઝાડ, જેનું ફળ હૃદયાકાર, પ્રાયઃ 5 રતલ જેટલું વજન ધરાવતું, સફેદ રસાળ ગર અને કેરી જેવી સુવાસ ધરાવતું હોય છે. આ ઝાડ બી વાવીને ઉગાડવામાં આવે છે. તેના ગરનો મુરબ્બો બને છે, રસનું પીણું બનાવવામાં આવે છે અને તેમાં શર્કરાનું પ્રમાણ 11 થી 14 ટકા હોય છે.

**Southdale.** *Southdown* અને *Corriedale.* ઓલાદના સંકરણથી પેદા કરવામાં આવતાં ઘેટાંનો એક પ્રકાર.

**Southdown.** ઊંચાં પ્રકારના માંસ માટે વિખ્યાત ઘેટાંની એક જાત, જેનું મૂળ વતન ઇંગ્લંડનું સાઉથડાઉન ગણાય છે.

**Southern Millet Region.** કૃષિ સંશોધનના કામને સમન્વિત બનાવવા ભારતના પાડવામાં આવેલા પેટા-વિભાગો માંનો એક પેટા-વિભાગ, જેમાં ગુજરાત, ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, પશ્ચિમ આન્ધ્રપ્રદેશ, પશ્ચિમ તામિલનાડુ, પૂર્વ મહારાષ્ટ્ર, અને કર્ણાટકના કેટલાક વિસ્તારનો સમાવેશ થાય છે, જેમાં 20 થી40 ઈંચ વરસાદ થાય છે અને જેમાં કાળી કપાસની અને લેટેરાઈટ જમીનોનો સમાવેશ થાય છે અને જેમાં મુખ્ય પાકમાં જુવાર, બાજરી, કપાસ અને મગફળીનો સમાવેશ થાય છે.

**Southerns.** કર્ણાટક અને આન્ધ્રપ્રદેશમાં થતા કપાસને આપવામાં આવેલું વ્યાપારી નામ.

**southwester.** નૈઋત્યમાંથી વાતો પવન. **south-west monsoon.** નૈઋત્યનું ચોમાસું; ભારતના પશ્ચિમ કાંઠા પર, દક્ખણ અને મધ્ય વિસ્તારો પર વહેતો નૈઋત્યનો પવન, જે જુન-સપ્ટેમ્બરના સમય દરમિયાન ભારતમાં થતા કુલ વરસાદનો પોણા ભાગનો વરસાદ લાવે છે.

**sow.** ભૂંડને જન્મ આપનાર અથવા ગર્ભિણી ભૂંડણ. (૨)બી વાવવાં. **sowing.** વાવણી, પાકને ઉગાડવા કયારી અથવા ખેતરમાં હાથથી અથવા ઓજારની મદદથી બી વાવવા, વાવણી કરવી.

**sowa. soya.** સવા.

**soya bean.** સોયાબીન; *Glycine max* (**L.**) **Marrill.** [Syn. *Gl. soja* (**L.**) **Sieb. & Zucc.** *Gl. hispida* **Maxim;** *Sojo max* **Piper.**]. નામની વર્ષાયુ આરોહી, ગાઢા રોપ ધરાવતી ઉત્તર ભારતમાં થતી શિમ્બી વર્ગની વનસ્પતિ જેનાં બી એટલે સોયાબીનમાં ઘણાં પોષક તત્વો રહેલાં છે, જેને કઠોળ તરીકે ખાવામાં આવે છે અને જેનો ઘાસચારો ઢોરને ખૂબજ ગમે છે. તેનાં બીને પીલીને કાઢવામાં આવતું તેલ રસોઈમાં, મીણબત્તીઓ. વાર્નિશ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાબુ, રંગ, જંતુનાશક દ્રવ્યો ઇ. બનાવવામાં ખૂબજ ઉપયોગી બને છે. તેલ કાઢી લીધા પછી અવશેષ રહેતો ખોળ પશુ આહાર તરીકે ઉપયોગમાં આવે છે. **s. b. bacterial disease.** *Xanthomonas phaseoli sojense.* નામના જંતુથી સોયાબીનને થતો એક રોગ. **s. b. downy mildew.** *Peronospora spp.*થી સોયાબીનને થતો એક રોગ, **s. b. dry root rot.** *Macrophomina phaseoli.* થી સોયાબીનનાં મૂળને હાનિ કરતો રોગ. **s. b. grey weevil.** *Myllocerus sp.* નામનો સોયાબીનનો કીટક, જે તેનાં પાન ખાય છે. **s. b. leaf miner.** *Stomopterynerteria* **M.** નામનો સોયાબીનનાં પાન કોરનાર કીટક. **s. b. leaf spot.** *Cercospora sojina.* નામના જંતુથી સોયાબીનને થતો એક રોગ. **s. b. meal.** સોયાબીનનું તેલ કાઢી લીધા પછી અવશેષ રહેતો ખોળ અથવા ખોળનો લોટ, જેનો ઉપયોગ ખોરાક અને કૃષિઉદ્યોગોમાં કરવામાં આવે છે. **s. b. oil.** સોયાબીનને પીલીને કાઢવામાં આવતું તેલ, જેનો રંગ પીળાશ પડતો હોય છે, અને જેનો ઉપયોગ રસોઈના માધ્યમ તરીકે અને કચુંબર બનાવવામાં થાય છે. **s. b. stem borer beetle.** *Oberea brevis* **S.** નામનું સોયાબીનના પ્રકાંડને કોરતું જંતુ. **soybean.** સોયાબીન. **soy flour.** સોયાબીનનો લોટ, જેને ઘઉં અને બીજાં ધાન્યના લોટની સાથે ભેળવી બેકરીની પેદાશો તૈયાર કરવામાં ઉપયોગમાં લેવામાં આવે છે. **soy milk.** સોયાબીનનું દૂધ; સોયાબીનને પાણીમાં પલાળી તેને ફણગા ફૂટે ત્યાર બાદ છાલને દૂર કરી સોડિયમ બાયકાર્બોનેટ અથવા ગ્લિસરાઈનના દ્રાવણમાં ઉકાળવામાં આવે છે. ત્યારબાદ મીઠા સ્વાદવાળું પીળા રંગનું દૂધ બને છે, જેને ગાય-ભેંસના દૂધની માફક ઉપયોગમાં લઈ શકાય છે. **soy sprouts.** લીલાં શાકભાજી તરીકે ઉપયોગમાં લેવામાં આવે તેવા સોયાબીનના પોષક ફણગા.

**Soymida** *febrifuga.* **A. Juss.** રોહન નામનું પશ્ચિમ દ્વીપકલ્પીય વિસ્તારો, રાજસ્થાન અને બિહારમાં થતું 'ઈન્ડિયન રેડ-વૂડ' તરીકે ઓળખાતું ઝાડ, જેની છાલમાંથી મળતા લાલ રેસાનાં દોરડાં બનાવવામાં આવે છે, છાલનો ઉપયોગ ચામડાંને કમાવવા માટે થાય છે અને અતિસાર અને મરડામાં તે ઓષધની ગરજ સારે છે.

**sp. spp.** *species* (જાતિનું) એકવચન અને બહુવચનનું સંક્ષેપરૂપ.

**space.** બિયાં અથવા બીના સમૂહો વચ્ચે થોડો સમય ગાળો મળી રહે તેવી વનસ્પતિનાં બી વચ્ચે જગ્યા છોડવી. (૨) છોડ વચ્ચે સમયનો રાખવામાં આવતો ગાળો. (૩) અવકાશ. **spacing** સમય ગાળો રાખવાની પ્રક્રિયા. (૨) અંતર્યોજન. **sp. lever.** અંતરાળ ઉત્તોલક. **spatial.** જગ્યા – અવકાશનું – ને લગતું. **sp. resolution.** ક્ષેત્રિય ચોકસાઈ.

**spade.** કોદાળી; જુદા જુદા આકાર અને કદ ધરાવતું તીક્ષ્ણ ધારવાળું સપાટ, ખોદવાનાં કામ માટેનું ઓજાર. **spading** કોદાળીની મદદથી માટીને ઉથલાવવાની ક્રિયા.

**spadix.** માંસલ પુષ્પ વિન્યાસ, અક્ષ સાથેની સૂકી અપરિમિત લાંબા અક્ષની સાથે અદડી પુષ્પવિન્યાસ અને આવરણ કરતું પૃથુપર્ણ.

**spangle.** નક્કર રંગીન પીંછાંના છેડે સ્પષ્ટ રંગ ધરાવતું ચિહ્ન. **spangled.** રંગીન ચિહ્નવાળાં પીંછાં ધરાવતાં (મરઘીનાં બચ્ચાં).

**Spanish cherry.** બોરસલી, બકુલ. *Minusops elengi* **L.** નામનું દક્ષિણ ભારતનું તારાકાર સુગંધી ફૂલવાળું વીથિની શોભા માટે ઉગાડવામાં આવતું વિશાળ છાયા આપતું વૃક્ષ, જેનું કાષ્ઠ ટકાઉ છે અને તે અનેકવિધ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપયોગમાં આવે છે. તેનાં પાકાં ફળ ખાઈ શકાય છે. બીજમાંથી તેલ કાઢવામાં આવે છે, છાલમાંથી ટૅનિન મળે છે; છાલ, ફૂલ, ફળ અને તેનાં બીનું તેલ ઔષધીય ગુણવત્તા ધરાવે છે.

**Spanish Merino.** સ્પેનમાં ઉછેરવામાં આવતાં ભારે કિંમતી ઊનવાળાં ઘેટાંની એક ઓલાદ.

**Spanish Ruby.** પાતળી છાલ, નાનાથી મધ્યમ કદના દ. ભારતના લોકપ્રિય દાડમનું ઝાડ. દાડમના દાણા નાનાથી મધ્યમ કદના નરમ હોય છે.

**spanner.** પાનું, એક ઓજાર.

**spar.** સહેલાઈથી તરડ પડી શકે તેવું ચળકાટ વિનાનું કૅલ્કેરિયસ સ્પાર જેવું સ્ફટિકીય ખનિજ.

**sparse,** આછું, વેરાયેલું, છૂટુંછવાયું, પાંખું. (૨) વિરલ. (૩) લાંબા અને અનિયમિત અંતરે બનતું.

**spark.** તણખો, સ્ફુલિંગ, ચિનગારી. **sp. plug.** તણખા ઝરતું પ્લગ.

**spasm.** તાણ, ખેંચ, આંચકી; એકાએક આવતી વેદનાકારક અનૈચ્છિક સ્નાયવીય આંચકી. **spasmodic.** અવારનવાર જોર કરતું, ઉભરાઈ આવતું. (૨) ઓચિંતુ અને જોરપૂર્વક બનતું. **spastic.** જુઓ *spasmodic.*

**spate.** નદીનું પૂર.

**spathe.** મોટું નિપત્ર કે માંસલ પુષ્પ વિન્યાસને આવરતાં નિપત્રોની જોડી કે પુષ્પગુચ્છ.

**spathic.** તિરાડ પડેલા સ્ફટિકીય ખનિજ જેવું.

**Spathodea** *campanulata* **Beauv.** ઊંચુ વીથિની શોભા માટે ઉગાડવામાં આવતું એક ઝાડ. **Sp.** *nilotica* **Seem.** શોભા માટેનું એક નાનું ઝાડ,

**Spatholobus** *roxburghii* **Benth.** મલબારમાં થતું એક ઝાડ, જેના રેસાનો ઉપયોગ ડાંગરના ઝૂડા બાંધવા માટે થાય છે.

**spatula.** બુઠ્ઠા પાનાવાળી છરી, ચમચા જેવું ઉપકરણ. (૨) પાઉડર, મલમ ચોપડવા માટેની પહોળા પાનાની છરી. **spatulate.** ચમચાકાર.

**spatule.** પક્ષીની પૂંછડીના છેડે ચૅકેટ આકારનો ભાગ.

**spawn.** ઈંડાં-ખાસ કરીને માછલીનાં ઇંડાં મૂકવાં. (૨) માછલી અને નિમ્ન કોટિનાં પ્રાણીઓનાં ઇંડાં. (૩) વાનસ્પતિક પ્રજનન માટે ઉપયોગમાં લેવામાં આવતી બિલાડીના ટોપ જેવી કવકજાળ. **spawning ground.** ઈંડાં મૂકવા માછલીઓ જતી હોય તે પસંદગીયુક્ત સ્થાન.

**spay.** અંડાશયનો નાશ કરવો, કાપવું; વંધ્ય બનાવવું કે કરવું. **spaying.** અંડાશય વધ્યીકરણ.

**spear.** ઘાસના પાન જેવો અંકુર કે પ્રકાંડ. (૨) શતાવરીનું કુમળું પ્રકાંડ. (૩) ભાલો. (૪) ભાલા વડે ભોંકવું. **sp. grass.** *Heteropogon contortus* (**L.**) **Beauv. ex Roem. & Schult.** [Syn. *Andropogon contortus* **L.**]. નામનું દીર્ઘાયુ ચારા માટેનું ઘાસ, જેને જમીન સંરક્ષણના હેતુ માટે, કાગળ અને પૂંઠાં બનાવવા માટે ઉગાડવામાં આવે છે, અને જેના રેસાની સાદડીઓ બનાવવામાં આવે છે. **sp. head shovel.** ભાલાકાર માથાવાળો પાવડો. **sp. mint.** ફૂદીનો, પહાડી ફુદીનો; *Mentha spicata* **L**; *M. viridis* **L.**]. નામની વનસ્પતિ, ઉત્તરપ્રદેશ અને મહારાષ્ટ્રમાં થતી વનસ્પતિ, જેનાં પાનમાંથી ફૂદીનાનું તેલ કાઢવામાં આવે છે, જેનો ઉપયોગ ખાદ્ય સામગ્રીને સુવાસિત બનાવવા માટે કરવામાં છે.

**special.** ખાસ, વિશિષ્ટ. **sp. purpose.** દૂધ, સવારી, શક્તિ ઇ. જેવા વિશિષ્ટ હેતુ (માટે રાખેલાં પ્રાણી); વિશિષ્ટ પ્રકારનો હેતુ. **sp. p. crop.** આવરણ, બી, રેસા કે તંતુ, લીલું ખાતર ઇ. જેવા કોઈ ખાસ હેતુ માટે ઉગાડવામાં આવતો પાક. **specialist.** ચોક્કસ વ્યવસાય કે વિદ્યાનો જાણકાર,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિષ્ણાત. **specialization.** વિશિષ્ટીકરણ. **specialize.** અનુકૂલિત થવું. ચોકસહેતુ માટે વિશિષ્ટીકરણ કરવું. **specialized** વિશિષ્ટીકૃત. **sp. farm.** વિશિષ્ટ ફાર્મ, વિશિષ્ટીકૃત ફાર્મ. **sp. farming.** ખેતી કાર્ય, જે પૈકી તેના એક જ સાહસ–એકજ વિશિષ્ટ પ્રકાર દ્વારા મોટા ભાગની આવક મેળવવી; વિશિષ્ટ કૃષિકાર્ય.

**speciation** જાતીકરણ, જાતિ ઉદ્ભવ.

**species.** જાતિ; એકજ પ્રજાતિનું ગાઢ સામ્ય ધરાવતી પણ પરસ્પરથી ભિન્ન હોય તેવી વ્યક્તિનો, પ્રજાતિનો પેટા-સમૂહ. જાતિ. **sp., hybrid** ખૂબજ સરખાં પરંતુ એક કે વધારે રંગ-સૂત્રોની જોડી કે સ્થાનમાં ભિન્ન જાતિ-વાળાં મા–બાપની સંતતિ.

**specific (-al).** જાતિનું –ને લગતું. (૨) નિશ્ચિત, ચોકસ, વિશિષ્ટ, વિશિષ્ટ ગુણ-વાળું. (૩) ચોક્કસ પ્રકારના રોગ અથવા પરજીવીની સારવાર માટેનો ચોકસ ઉપાય. (૩) ચોકસ સૂક્ષ્મ જીવે ઉત્પન્ન કરેલું. **sp. combining ability.** ચોકસ પ્રકારના સંકરમાં બે અંતઃપ્રજનનિતના સંયુગ્મનની ક્ષમતા. **sp. gravity.** વિશિષ્ટ ગુરુત્વ; કોઈ પદાર્થ કે દ્રવ્યના વજન અને એટલાજ ઘનફળવાળા પાણીના વજનને ધોરણ તરીકે સ્વીકારવામાં આવેલા અન્ય પદાર્થનો ગુણોત્તર. **sp. heat.** વિશિષ્ટ ઉષ્મા. **sp. humidity.** વિશિષ્ટ આર્દ્રતા. **sp. name.** જાતિ– નામ.

**specimen.** પ્રતિરૂપ. નમૂનો. (૨) આદર્શ. (૩) વૈજ્ઞાનિક તપાસ માટે વર્ગ અથવા સમગ્રમાંથી લીધેલી વ્યક્તિ કે વિભાગ, ખાસ કરીને વ્યક્તિગત પ્રાણી અથવા વનસ્પતિનો પ્રકાર.

**speck.** નાનો ધબ્બો, બિંદુ, ડાઘ. (૨) ફળના સડાનું બિંદુ. **speckle.** નાનો ધબ્બો, ડાઘ અથવા રંગનું બિંદુ. **specky and knotty.** ઊનના રેસાની એક પ્રકારની ખામી, જેમાં છાલના નાના રેસા કે ચોંટી ગયેલા ભાગ હોય.

**spectra** (બ.વ.). **spectrum** (એ. વ.). વર્ણપટ. **spectrogram.** વર્ણક્રમ લેખ, વર્ણક્રમ ચિત્ર; વર્ણક્રમ આલેખ. **spectrometer.** વર્ણક્રમને માપવાનું સાધન. (૨) મિશ્ર તરંગ લંબાઈના એક કિરણને તેના વિવિધ ઘટકોમાં વિભાજિત કરતું સાધન, જેના આધારે કોઈ વસ્તુ કે પ્રવાહી અથવા ઘન પદાર્થ કેટલાર પ્રમાણમાં પ્રકાશને અવરોધે છે તે જાણી શકાય છે. આ સાધન કાર્બનિક સંયો-જનો અને વનસ્પતિ તથા પ્રાણીની પેશીમાં રહેલા અકાર્બનિક તત્ત્વને જાણવામાં મદદરૂપ બને છે.

**speculation.** સટ્ટો. (૨) ધારણા, પૂર્વ-ધારણા. **speculative market.** સટ્ટા બજાર.

**speculum.** શરીરમાં રહેલા માર્ગો, વિવરો, કોષ્ઠને જોવા તથા તેને વિસ્તૃત કરવા માટેનું સાધન. **sp. method of insemination.** વીર્યસ્થાપનની એક પદ્ધતિ, જેમાં ધાતુ અથવા કાચની નળી–સ્પેક્યુલમને યોનિમાં દાખલ કરી, પ્રકાશની મદદથી ગર્ભાશય ગ્રીવાનું સ્થાન જોઈ લઈ તેમાં નળી દાખલ કરી વીર્યને રેડવામાં આવે છે.

**spent.** સંપૂર્ણ રીતે થાકી ગયેલું, ઘસાઈ ગયેલું, ખતમ થઈ ગયેલું. (૨) ખર્ચાઈ ગયેલું. **sp. bone-char.** બંધ બકયંત્રમાં હાડકાંને બાળી તેનો ભૂકો કરવામાં આવે, જે કેલ્શિયમ અને ફૉસ્ફરસનું સ્રોત બને છે.

**sperm.** પુંજનન કોષ, શુક્રાણુ, શુક્રકોષ, નરજનન કોષ, વીર્ય. **spermaphyta.** બીજધારી વનસ્પતિ. **spermary.** શુક્રગ્રંથિ, વૃષણ કે તેવા પ્રકારનું અંગ. **spermatheca.** ઈંડાંનું ફલન કરવા માટે ઉપયોગમાં આવતા મોટી સંખ્યાના શુક્રાણુને રાખવા માટેનો જંતુઓ, અને પૃષ્ઠવંશધારી પ્રાણીની યોનિમાં રહેલો નાની નળીની સાથે જોડાયેલો ગોળ સંપુટ. **spermatiation.** શુક્રાણુજનન. **spermatic.** શુક્રાણુ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અથવા શુક્રગ્રંથિને લગતું. **sp. cord.** વૃષણ કોષમાં વૃષણને રાખનાર રજ્જુ જેવી રચના, જેમાં શુક્રવાહિની, રક્તવાહિની, વૃષણની ચેતા અને નાનો સ્નાયુ ઇ. આવેલા હોય છે. **spermatids.** પ્રાથમિક શુક્રકોષમાંથી બનેલા ચાર શુક્રકોષ, જેનું આકારીય પરિવર્તન થયા બાદ પકવ શુક્રાણુ અથવા વીર્ય બને છે. **spermatism.** વીર્યોત્સર્જન. **spermatium.** શુક્રધાનીમાંનો બીજાણુ, જે નરજન્યુ તરીકે કામ કરે છે. **spermatization.** શુક્રીકરણ. **spermatocyte.** શુક્રમાતૃકોષ. (૨) પ્રાણીઓમાં નરજન્યુના વિકાસમાં પેદા થયેલા કોષપૈકીનો એક કોષ. **spermatogenesis.** શુક્રાણુનો વિકાસ. **spermatogonia.** શુક્રાણુધાની, શુક્રધર, શુક્રધાની. (૨) પ્રાથમિક પુંજન્યુ કોષ, જે સામાન્ય અર્ધીકરણના પરિણામે પ્રાથમિક શુક્રમાતૃકોષનું નિર્માણ કરે છે. **Spermatology.** શુક્રાણુવિજ્ઞાન. **spermatophore.** પુંજન્યુધર, શુક્રાણુ–પુજન્યુ ધરાવતો સંપુટ. **spermatophyta.** બીજધારી વનસ્પતિ. **spermatozoa** (બ.વ.). **spermatozoon** (એ.વ.). પ્રાણીઓનો પરિપક્વ પુંજન્યુ કોષ, આવું જ નિમ્ન વનસ્પતિનું તત્ત્વ. **sperm-mother cell.** શુક્ર–માતૃ કોષ. **spermogonium.** શુક્રધાની, શુક્રધર. (૨) ફૂગમાં નર પ્રજનન અંગ.

**sphacelate.** પેશી મૃત્યુ કે પેશી ક્ષીણતાનો પ્રભાવ.

**Sphacelotheca** *cruenta.* જોનસન ઘાસનો રોગ કરનાર એક કીટ. **Sph.** *destruens.* બાજરી વર્ગના ધાન્યમાં અંગારિયાનો રોગ કરનાર કીટ. **Sph.** *reiliana.* જોનસન ઘાસમાં અંગારિયાનો રોગ કરનાર કીટ. **Sph.** *sorghi.* જોનસન ઘાસ અને જુવારમાં રોગ કરનાર કીટ.

**Sphaeranthus** *indicus* **L.** ગોરખ મુંડી, બોડિયો કલ્હાર.

**sphagnum.** મોટા પ્રમાણમાં ભેજને સંઘરવા માટેની ક્ષમતા ધરાવનાર પાનની સંરચના ધરાવનાર એક પ્રકારની લીલ, જે ઉછેરગૃહના કર્મચારીઓ અને વિતરકો માટે ખૂબ જ ઉપયોગી છે, અને જે *moss peat* અને *sphagnum moss.* તરીકે પણ ઓળખાય છે.

**Sphenarches** *caffer* **L.** નામની નાની રોમિલ ઈયળ, જે પરોળાદિકુળની વનસ્પતિને ખાઈને જીવે છે.

**sphenoid.** ખોપરીના તળિયાના હાડકા જેવું, ફાચર આકારનું.

**Sphenoptera** *gossypii* **G.** કપાસમાં પડતો કીટ. **Sph.** *perroteti.* મગફળીના પ્રકાંડનો કોરતો કીટ

**spherical.** ગોળાકાર. **spheroid.** ગોળાકાર પરંતુ તદ્દન ગોળ ન હોય તેવું.

**spherulite** કેટલાક શૈલોના ઘટક જેવો કાચિત ગોલક.

**sphincter muscle.** સંકોચક સ્નાયુ. (૨) ગાયના આંચળના નીચલા છેડે જોવામાં આવતો સ્નાયુ, જેને દબાવતા દુગ્ધવાહિનીની ઉઘાડ–વાસ થાય તેવા પ્રકારના રંધ્ર–છિદ્રને બંધ કરનાર વીંટી જેવો સ્નાયુ. (૩) મૂત્રવાહિનીમાં આવેલો સ્નાયુ, જેની ઉઘાડ–વાસ મૂત્ર-સ્રવણમાં મદદ રૂપ થાય છે.

**sphygmus.** નાડી, નાડીનો ધબકાર.

**spicate.** શૂકીવત્.

**spice.** મસાલો; ખોરાકી દ્રવ્યોને સુવાસિત બનાવનાર, લવંગ મરી, મરચાં તજ, એલચી જેવાં ગરમ મસાલા

**spicule.** કેટલીક ફૂગમાં બીજાણુધાની કોષ પરનું ગમે તે બિંદુ. (૨) નાની અથવા દ્વિતીય ફૂલ–મંજરી.

**spider mite.** વનસ્પતિનાં પ્રકાંડ અને પાન પર જીવતી *Tetranychidae* કુળની ઈતડી.

**spika.** શૂકી, અઈંડી પુષ્પની કલગી. **spike.** ફળની માફક અક્ષ પર અઈંડી પુષ્પની કલગી. (૨) કડબના અભિદાર દાંતાની માફક મોટી ખીલી અથવા ખીલી જેવું કણુક, શૂકી. (૩) ઘઉં, જવ, રાઈ ધાન્ય,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કેટલાંક ઘાસ અને અન્ય વનસ્પતિઓમાં જોવામાં આવતો શૂકી ગુચ્છ. (૪) આર. (૫) લાંબો મજબૂત ખીલો. (૫) વીંધવું. (૬) દટ્ટો મારીને બંધ કરવું. **sp. chain harrow.** ખૂંટીવાળું શૃંખલા હેરો નામનું કૃષિ ઓજાર. **sp. tooth harrow.** અણિદાર કે ખીલા જેવા દાંતાવાળું હેરો નામનું કૃષિ ઓજાર, જેના દાંતાને ફેરવવાની યુક્તિ હોય છે. **sp. top.** જીવંત વૃક્ષનો અણિદાર પણ મૃત શંકુ.

**spiked millet.** બાજરી, બાજરો.

**spiladophilous.** મૃદા-માટીવાસી વનસ્પતિ અથવા પ્રાણી.

**Spilanthes** *acmella* var. *oleracea* **Hook f.** અક્કલકરો અથવા અક્કલગરો નામની વનસ્પતિ, જેનાં પાન દાંતના દુખાવાને દૂર કરવા ઉપયોગી બને છે, અને જે મચ્છરને પણ દૂર કરે છે.

**spiles.** પાણીના વિતરણ અને નિયંત્રણ માટે સિંચાઈના બંધ અથવા કિનારી પર આવતી વાંસ, લાકડું, ધાતુ, પ્લાસ્ટિક માટી અથવા કોંક્રીટની નળી, જે ઉપયોગમાં આવે ત્યારે પાણીમાં ડૂબી જાય છે.

**spillway.** ઊંચેથી નીચી સપાટી તરફ પાણી વહેવડાવવા માટેની હાઈડ્રોલિક સંરચના.

**spin.** કાપડ અથવા વસ્ત્ર બનાવવા માટે રૂ, રેશમ, ઊન, કે શણના તંતુનો દોરો બનાવવા તેને વળ આપવો, અથવા કાંતવું. **spinning count.** ઊન કે રૂના તાંતણા કે સૂતરની બારીકાઈદર્શક આંક. **spinning value.** કાંતણમૂલ્ય; એક પાઉંડ કાંતેલા રૂના સૂતરની 840 વારની આંટીની સંખ્યા, જેની ગણતરી 40, 60, 80 ઇ. નંબર ધરાવતા આંક પ્રમાણે થાય છે. સૂતર જેમ ઝીણું અથવા બારીક તેમ તેનું કાંતણમૂલ્ય ઠરે છે.

**spinach.** કંદવાળી પાલખ, વિલાયતી પાલખ, કાંટાવાળી પાલખ, જરીદાર પાલખ; પાલખની ભાજી. *Spinacia oleracea* **L.** નામની વર્ષાયુ હરિત પાન ધરાવતી પ્રજીવકો 'એ' 'બી' તથા લોહ ધરાવતી ભાજી, જેનાં પાનને શાકભાજી તરીકે રાંધીને ખાવામાં આવે છે. આ ભાજીને માર્ચ-એપ્રિલ, સપ્ટેમ્બર-ઓક્ટોમ્બર ગાળામાં વાવવામાં આવે છે. મુખ્યત્વે તેને ભારે કાંપવાળી જમીન વધારે અનુકૂળ આવે છે.

**spinal.** પૃષ્ઠવંશનું – ને લગતું; કરોડસ્તંભનું-ને લગતું. **sp. cord.** કરોડરજ્જુ. **sp. bug.** ખોપરીનું જંતુ. **spine.** પૃષ્ઠવંશ, કરોડસ્તંભ. (૨) વનસ્પતિ કે પ્રાણીના દેહપર થતો કંટક. (૩) તીક્ષ્ણ અણિદાર પ્રવર્ધ. **spineless.** કરોડવિહીન; અપૃષ્ઠવંશી (પ્રાણી). **spinescent.** કંટકવાળું, કંટકીય. **spinicerebrate.** મગજ અને કરોડરજ્જુ ધરાવનાર; પૃષ્ઠવંશધારી. **spiniferous.** કંટકમય. **spinule.** લઘુ કંટક. **spinulous.** લઘુકંટકમય. **spiny.** કંટકમય. (૨) શલ્યમય. **sp. bamboo.** કંટકમય વાંસ. **sp. stipule.** કંટકીય ઉપપર્ણ.

**Spinifex** *littoreus* (**Burm. f.**) **Merr.** (Syn. *Sp. squarrosus* **L.**). રેતીને જકડી રાખનારી વનસ્પતિનો એક પ્રકાર.

**spinnert.** વછનાગ.

**spirability.** સૂતર કે દોરી બનાવવા માટે તંતુ અથવા રેસાને વળ આપવાની ક્ષમતા, વળદાયી ક્ષમતા.

**spiracle.** પ્રાણીઓના શ્વસન માટેનાં રંધ્રો – છિદ્રો. (૨) દરિયાઈ સ્તનધારી પ્રાણીમાં ફૂંકણછિદ્ર

**spiral.** કુંતલ, સર્પિલ, ગૂંચળાવાળું. (૨) વળવું અને કેન્દ્રથી દૂર જવું. (૩) વળદાર, સર્પાકાર. (૪) કુંતલાકાર. (૫) એકાંતર રહેતાં પર્ણો ધરાવતી (વનસ્પતિ). **spiralism.** કુંતલાકારિતા. (૨) વનસ્પતિની અસાધારણ પરિસ્થિતિ, જેમાં સાધારણ રીતે સીધાં પ્રકાંડ હોવાં જોઈએ પરંતુ, તેનાં બદલે તે સપાટ અથવા કુંતલાકાર રચના ધરાવતાં હોય છે.

**spirilla.** કુંતલાકાર (જીવાણુ).

**Spiraea** *cantoniensis* **Lour.** શોભા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માટે ઉગાડવામાં આવતો નાનો ક્ષુપ. *Sp. corymbosa* **Rafin.** બગીચામાં વાવવામાં આવતો શોભાનો ક્ષુપ. *Sp. prunifolia* **Sieb & Zucc.** શ્રીનગરનો શ્વેત ફૂલધારી શોભાનો ક્ષુપ. જેને *Laughing face flower, Bridal wreath.* પણ કહેવામાં આવે છે.

**spirit of ether** ઈથરનો સ્પિરિટ.

**spirochaete.** કુંતલાણુ, લહરદાર કે સૂત્રાકાર જીવાણુ. **spirochaetosis.** કુંતલાણુ રુજા; કુંતલાણુ નામના જીવાણુના કારણે થતો અમે તે ચેપી રોગ. (૨) મરઘાના બચ્ચાંને *Borrelia anserina*.ની હાજરીથી લાગુ પડતો જીવલેણ રોગ, જે *Argas persicus*. નામની જૂથી સંક્રમિત થાય છે. આ રોગમાં સખત તાવ આવે છે, પીછાં અસ્ત-વ્યસ્ત થઈ જાય છે, ભૂખ મરી જાય છે અને ખૂબ તરસ લાગે છે. રોગનો ઉપદ્રવ વધતા રોગ-ગ્રસ્ત પ્રાણીને અતિસાર થાય છે.

**spirurid worms.** પ્રાણીઓ અને પક્ષીઓમાં પરજીવી જીવન જીવતાં ગોળ કૃમિનો એક સમૂહ, જે જઠરની દીવાલ પર અર્બુદ પેદા કરે છે, જઠરની દીવાલને જાળી બનાવે છે, પરિણામે ઝાડા થાય છે અને ચેપી મણનો વિસ્તાર વધે છે.

**Spiti.** *Spiti* પ્રદેશના ઘોડાની એક ઓલાદ, જેના ઘોડા ઘીંગુ શરીર, સરસ શીર્ષ, સતેજ કાન, સારાં હાડકાં, ગોળ પગ, અને લાંબા બરછટ વાળ ધરાવે છે. આ ઓલાદના ઘોડા પહાડ ચડવાની ક્ષમતા ધરાવતા હોઈ તેમનો ઉપયોગ ભાર વહન માટે થાય છે.

**spittlebug.** એક પ્રકારનું ચૂસિયું જંતુ.

**splash erosion.** વરસતા વરસાદના કારણે માટીના કણો વિખરાઈ જઈને થતું ધોવાણ.

**spleen.** બરોળ, પ્લીહા; જઠર અને ઉરોદર પટલ વચ્ચે આવેલી ગ્રંથિ. જે નકામાં રક્તકોષનો નાશ કરે છે. હેમોગ્લોબીન છૂટું કરે છે અને નવા રક્તકોષોનું નિર્માણ કરે છે. **splenic fever.** *Anthrax* નામનો રૂક્ષ રોગ.

**splice grafting.** સફરજનને કલમ કરવાની એક પદ્ધતિ.

**splint.** પાતળી ચીપ. (૨) ભાંગેલા હાડકાને બાંધવા માટેનું ખપાટિયું. (૩) ઘોડાના આગલા પગને થતું ગુમડું.

**split** ફાટ. (૨) ફાટેલું ફૂલ. (૩) ચામડું તૈયાર કરતી વખતે ચામડાને તેના પટમાં વિભાજિત કરવું. **spl. comb.** એક કે બે અણિવાળી મરઘાની એકલ કલગી અથવા આગળા ભાગથી પાછલા ભાગ સુધી લંબ તોડેલું કે કાપેલું ફૂલું અથવા પાનું. **spl. crotch.** ઝાડમાં બે મોટાં અંગના સાંધા આગળની તિરાડ. **spl. peas.** બીજપત્રો જુદાં થાય તે રીતે વટાણાને સૂકવવામાં આવે તે. **spl. tail.** પૂછડીમાં પીછાં વચ્ચે જણાતી ફાટ. **spl. wing.** પક્ષીની પ્રાથમિક અને દ્વિતીયક પાંખમાં ફાટ દેખાય તેવી તેની અસાધારણ રચના. **spl. worm** બટાટાના કંદનો કૃમિ. **splitting.** રજૂના બે ખંડોની વચમાં થયેલી ઊભી ફાટના કારણે ફૂલનો થતો ખરાબ દેખાવ.

**spodium.** હાડકાં અથવા પ્રાણીજ દ્રવ્યનો કોલસો, જેનો ઉપયોગ સુપર-ફોસ્ફેટ બનાવવામાં થાય છે.

**Spodoptera** *mauritia* **Boisd.** જથ્થબંધી ઈયળ.

**spoil.** સડાના કારણે બગડી જવું, બગાડી મૂકવું, બગાડ થવો. (૨) સડો. **spoilage.** અયોગ્ય રીતે સાફ કરેલું કે સંઘરેલું સૂકું ઘાસ. (૨) ખોરાકી વસ્તુઓ, ચારો કે ડબ્બામાં ભરેલી વસ્તુઓનું બગડી જવું.

**spokes.** આરા.

**Spondias** *cytherea* **Sonn** [Syn. **Sp.** *dulcis* **Soland. ex Forst.**]. અમર, નામનું ખાદ્યફળનું ઝાડ. **Sp.** *mombin* **L.** [Syn. *Sp. lutea* **L.**]. દ. ભારતમાં થતું ખાદ્યફળના ઝાડનો એક પ્રકાર. **Sp.** *pinnata* (**L.f.**) **Kurz.** [Syn. **Sp.** *mangifera* **Willd;** *Mangifera*

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



*pinnata* **L. f.**]. અમર નામનું પંજાબ, મહારાષ્ટ્ર, પ. બંગાળ અને આસામમાં ખાદ્યફળ માટે ઉગાડવામાં આવતું ઝાડ, જેની છાલનો ઉપયોગ ચામડાં કમાવવા માટે કરવામાં આવે છે.

**spondyle. spondyl.** કમરના હાડકાનો સાંધો. (૨) કશેરુકા.

**sponge gourd.** ગલકાં.

**Spongospora** *subterranea.* નામનો બટાટાને રોગ કરનાર કીટ.

**spongy.** છિદ્રાળુ, છિદ્રિષ્ટ. (૨) દબનીય, પ્રત્યાસ્થ, અવશોષક. (૩) વાદળી જેવું. **sp. bone.** છિદ્રિષ્ટ અસ્થિ – હાડકું.

**spontaneous.** સ્વયંભૂ, સ્વતઃ (૨) કૃષિ કામ કર્યા વિના કુદરતી રીતે ઊગતું. (૩) વનસ્પતિમાં સંરચનાત્મક પરિવર્તન અંગેનું. (૪) નાનાં પ્રાણીનું સ્નાયવીય (હલનચલન). (૫) સ્વતઃજાત. **sp. combustion.** સ્વતઃ જ્વલન. (૨) સંઘરેલા સૂકા ઘાસમાં થતા ઉપચય–ઑક્સિડેશનથી ખનિજ અથવા વાનસ્પતિક દ્રવ્યનું થતું જ્વલન. **sp. generation.** સ્વયંભૂ જનન. **sp. growth.** સ્વવૃદ્ધિ. **sp. movement.** સ્વયંગતિ. **sp. mutation.** સ્વતઃ ઉત્પરિવર્તન.

**spool.** ફરકડી, ફીરકી, રીલ. (૨) સૂતર વીંટવાની ફરકડી. (૩) સરળતાપૂર્વક કામ લેવામાં સુગમતા પડે તે માટે દોરડું ઇ. વીંટવાનું સાધન. (૪) ડિસ્ક હેરોની છૂટી છૂટી ચકતી.

**sporadic.** છૂટું છવાયું, આમતેમ. (૨) ક્યારેક બનતું. (૩) ક્યારેક જોવામાં આવતું. (૪) વિકીર્ણ. **sp. disease.** છૂટો છવાયો અથવા રડ્યા ખડ્યા કિસ્સામાં લાગતો રોગ. **sp. flowering.** સમૂહની વિરુદ્ધ રડ્યા ખડ્યા છોડનો થતો પુષ્પોદ્ભવ. **sp. pest.** રડ્યો ખડ્યો કીટક.

**sporangiophore.** બીજાણુધાની ધર, બીજાણુધાની વૃંત, બીજાણુધાની તંતુ. (૨) બીજાણુધાનીમાં થયેલો બીજાણુ. (૪) બીજાણુધાની ધરાવતો ક્વકતંતુ જેવો તંતુ. **sporangium** (એ.વ.). **sporangia** (બ.વ.). લગભગ ગોળાકાર દીવાલમાં અલિંગી બીજાણુ પેદા કરતું અંગ. (૨) બીજાણુધાની. **sporation.** બીજાણુ નિર્માણ. **spore.** બીજાણુ. (૨) ઉગ્ર ઉષ્ણતામાન અથવા આર્દ્રતામાં જીવિત રહેવા માટે જીવાણુ અથવા અન્ય સજીવોએ કોષ દ્રવ્યમાંથી નિર્માણ કરેલી સંરચના. (૩) ફૂગે તેના ક્વકતંતુ પર નિર્માણ કરેલા પિંડો, જે પરિપક્વ બને ત્યારે, પવન પ્રસરી જાય અને અનુકૂળ સ્થાન મળતાં અંકુરિત બને. (૪) ઉચ્ચ વનસ્પતિનો સમકક્ષ પિંડ. (૫) સૂક્ષ્મ કાર્બનિક પિંડ, જે નવા સજીવ તરીકે વૃદ્ધિ અને વિકાસ પામે છે. (૬) નવી અવસ્થા અથવા નવી પેઢી પેદા કરી શકે તેવો અલિંગી અથવા લિંગી, એકગુણિત કે દ્વિ-ગુણિત બીજાણુ. **sp. forming.** બીજાણુ નિર્માણથી પુનર્જનન પામતા (જીવાણુ અથવા અન્ય સજીવો). **sp. mat.** ક્વકજાળનું બીજાણુ નિર્માણ કરનાર પડ. **sp. mother cell.** સૂક્ષ્મ બીજાણુ (પરાગ)ના નિર્માણમાં કોષનું થતું એક સમવિભાજન. (૨) બીજાણુ માતૃકોષ. **sp. sac.** બીજાણુપુટ. **sporidium** (એ.વ.). **sporidia** (બ.વ.). ફુગદ પિંડ પર નિર્માણ થતો ગેરુ અથવા અંગારિયા ફૂગનો પ્રકણી બીજાણુ. **sporiferous.** બીજાણુમય. **sporoblast.** બીજાણુપ્રસૂ. **sporocarp.** બીજાણુપ્રાવર, બીજાણુ ફલિકા. **sporocyst.** બીજાણુ કોષ, બીજાણુ માતૃકોષ. (૨) પર્ણકૃમિમાં (બીજી અને કેટલીક ત્રીજી ડિંભાવસ્થા); વચગાળાની અલિંગી સંતતિ. (૩) કોક્સિડિયાનાં અંડકોષ્ઠમાં બનતો કોષ્ઠ. **sporogenous.** બીજાણુજન્ય, બીજાણુ ઉત્પાદક, બીજાણુ ધારક. **sp. cell.** બીજાણુજન્ય કોષ. **sp. tissue.** બીજાણુજન્ય પેશી. **sporogonium.** દ્વિ-અંગી વનસ્પતિમાં અલિંગી દ્વિગુણિત અવસ્થા. **sporogony.** બીજાણુ જનન. **sporophore.** બીજાણુ દંડ, બીજાણુધર. **sporophyll.** બીજાણુ પર્ણ, બીજાણુપત્ર. (૨) બીજાણુધાની બનાવનાર અનુકૂલિત થયેલું પર્ણ. (૩) એક

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રકાર કરતાં વધારે પ્રકારના બીજાણુધર ધરાવનાર વનસ્પતિ. **sporophyte.** અ-લિંગી પ્રજનનીય બીજાણુ નિર્માણ કરતી વનસ્પતિ. **sporovibrio.** બીજાણુ અલ્પવિરામ દંડાણુ. **sporozoa.** ઘણી પરજીવી જાતિઓ ધરાવતો જટિલ જીવનચક્રવાળો પ્રજીવ. **sporozoite.** *coccidia, plasmodia* ઇ. જેવા સંક્રમણજનક–ચેપ લગાડનાર પ્રજીવની અવસ્થાનો એક પ્રકાર. (૨) સૂત્ર બીજાણુ. **sporulate.** બીજાણુ ઉત્પન્ન કરવા. **sporulation.** બીજાણુ નિર્માણ, બીજાણુ જનન. (૨) જીવાણુના શરીરમાં બીજાણુનું થતું નિર્માણ. (૩) *coccidia*માં જ એક પ્રકારનું પ્રજનન, જેમાં ફલિત કોષ અંડકોષ્ઠની દીવાલમાં વિભાજિત બની નવા સૂત્રબીજાણુ બને છે. (૩) વનસ્પતિ અને પ્રાણીઓમાં બીજાણુ નિર્માણની પ્રક્રિયા. **sporule.** બીજાણુ, લઘુબીજાણુ. **sporulated.** વિકસિત અનેક બીજાણુવાળી (વનસ્પતિ કે પ્રાણી).

**Sporobolus** *diander* (**Retz.**) **Beauv.** એક દીર્ઘાયુ ઘાસ, જેનો ઘાસચારો બને છે. **Sp.** *orientalis* **Kunth.** ઉસરી ઘાસ, ઘાસનો એક પ્રકાર.

**sport.** વનસ્પતિ અને પ્રાણીઓનું ઉત્પરિવર્તન, એક એકરૂપ પરિવર્તન.

**spot.** ચિહ્ન, ડાઘ. (૨) મેલ, ડાઘવાળું. (૩) પાન, ફળ કે વનસ્પતિના કોઈ એક ભાગ પર ઈતર ભાગ કરતાં જુદો તરી આવે તેવો દેખાવ, લક્ષણથી ભિન્ન સ્થાનીય ડાઘ. (૪) હાજર મૂલ્ય આપવાની વ્યવસ્થા. **sp. cotton.** રોકડથી ખરીદેલું અથવા વેચેલું રૂ. **sp. infestation.** નાના વિસ્તારમાં મર્યાદિત સ્થાનીય રીતની જંતુજન્ય હાનિ. **sp. market.** હાજર–રોકડનો સોદાનું બજાર. **sp. price.** હાજર કિંમત, વેચાણ પર તરત જ રોકડમાં ચૂકવવી પડતી – આપવી પડતી કિંમત. **sp. treatment.** ચોક્કસ અથવા તત્સ્થાનીય વિસ્તાર અથવા વનસ્પતિની કરવામાં આવતી માવજત. **sp. wool.** હાજર સોંપણી માટેનું ઊન. **spotted.** દેખાવ અને લક્ષણમાં અન્ય ભાગ કરતાં સ્થાનીય રીતે પ્રાણી, વનસ્પતિ અથવા પેદાશનો અલગ તરી આવતો (ભાગ). **sp. boll worm.** કપાસના છોડના પ્રકાંડને કોરતો કીટ, જેની આવા પ્રકારની ક્રિયાથી જિંડવા, કલિકા, ફૂલ ઇ.ને નુકસાન પહોંચે છે. આવા પ્રકારનું કપાસને નુકસાન કરનારા કીટકોમાં *Earias fabia* **Stall**; *E. insulana* **Boisd.**નો સમાવેશ થાય છે. **spotty stand.** અનિયમિત રીતે ઊગેલા પાકનો જથ્થો.

**sprain.** મોચ, મચકોડ. (૨) પ્રાણીઓના સ્નાયુ, કંડરા અથવા બંધનીમાં એકાએક આંચકો આવવાથી થતી અવસ્થા, જેમાં સોજો આવે છે પણ અંગભંગ થતો નથી પણ વેદના થાય છે.

**spray.** ફુવારો, છંટકાવ. (૨) ફૂગનાશક, જંતુઘ્ન, ઘાસપાસનાશક ઇ. જેવા પ્રવાહી, સંયોજન અથવા આલંબિત દ્રવ્યનો છંટકાવ. (૩) નાનાં અથવા ઊગતાં અથવા અલગ થયેલા પ્રરોહ, ડાળખું અથવા પાન, ફૂલ, બેરી–બદરીફળ ઇ. સાથેની ડાળી. (૪) છંટકાવના સાધનનાં બારીક કાણાંવાળા નાળચામાંથી દબાણની મદદથી કરવામાં આવતો છંટકાવ. **sp. boom.** એક જ સમયે વિશાળ વિસ્તારને છંટકાવ કરવા માટે ઘણાં નાળચાંવાળું સાધન. ફળ ઝાડ માટે આ અંગે થતા ઊભા છંટકાવ માટેનું સાધન. **sp. cone.** સપાટી પર છંટકાવ દ્રવ્યનું વિશાળ રીતે અને વધારે પ્રમાણમાં કરવામાં આવતું વિતરણ. **sp. drying process.** દૂધ, રિફાઇન્ડ દૂધ અથવા છાશને ગરમ હવા દ્વારા સૂકવવાની પ્રક્રિયા; આથી ભેજ દૂર થતાં ઘન દ્રવ્યો તળિયે પડે છે. **sp. duster.** છંટકાવ કરવા માટેનું સાધન, જે પ્રવાહી તથા ભૂકો એમ બંને પ્રકારનાં દ્રવ્યનો છંટકાવ કરી શકે છે. **sp. gun.** નજીકની અથવા ઊંચા ઝાડની ટોચ પર છંટકાવ કરવા માટેની ટૂંકા, મોટા, હાથે ચલાવી શકાય તેવા નાળચાવાળું, દંડ અથવા સળિયાવાળું

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાધન **sp. injury.** રસાયણોના છંટકાવથી પાન, કળી, ફળ, ફૂલ, ડાળખાં અથવા સમસ્ત વનસ્પતિને થતી હાનિ, જેના પરિણામે ઘણીવાર વનસ્પતિનું મરણ સુદ્ધાં નીપજે છે. **sp. irrigation.** જમીનની સપાટી પરથી નળીદ્વારા ફુવારા જેવી કરવામાં આવતી સિંચાઈ. **sp. machine.** છંટકાવ માટેનું દ્રવ્ય છાંટવા માટેનું યંત્ર **sp. mast.** છંટકાવ માટેનો દંડ. **sp. nozzle.** છંટકાવ માટેના દ્રવ્યનાં ટીપાંને યોગ્ય રીતે વિભાજિત કરતું છંટકાવ કરતા સાધનની સાથે જડેલું નાળચું. **sp. pump.** નાળચામાંથી દબાણ દ્વારા પ્રવાહીનો છંટકાવ કરી શકે તેવો પંપ. **sp. rig.** છંટકાવ કરવા માટેનું સંપૂર્ણ એકમ. **sp. rod.** ½ ઇંચ વ્યાસવાળી લાંબી નળી અથવા દંડ. **sp. solution.** છંટકાવ માટેનું જંતુઘ્ન રસાયણોનું દ્રાવણ. **sp. tower.** છંટકાવ કરવા માટેનો ટાવર-મિનારો. **sp. washer.** શાકભાજી, મરઘાં-બતકાંને બજારમાં વેચવા માટે મોકલવા પહેલાં ધોવાનું કે સાફ કરવા માટેનું પાણી અથવા કોઈ વિશિષ્ટ પ્રવાહી.

**sprayer.** પાક પર છંટકાવ માટેનું યંત્ર, જે જરૂરી કદમાં પ્રવાહીનાં ટીપાંને તોડી રક્ષા કરવા ધારેલી સપાટી પર તેને સરખી રીતે પાથરે છે. વધારે પડતો છંટકાવ થઈ હાનિ ન પહોંચે તે માટે છંટકાવના પ્રમાણનું નિયંત્રણ કરે છે, આવા છંટકાવની અસરકારકતાનો આધાર આવા યંત્રના નાળચા તથા જંતુઘ્ન પ્રવાહીના સંકેન્દ્રણ પર રહે છે.

**spread.** વિસ્તૃત વિસ્તાર. (૨) કોઈ પણ રોગનો વિસ્તાર થવો. (૩) પરજીવી અથવા રોગનો વાહક બનવાની ક્ષમતા ધરાવતું પ્રાણી અથવા અન્ય કારક. (૪) પાથરવું. **sp. lever.** વિસ્તારક ઉત્તોલક. **spreader.** પાથરવા માટેનું ફૂગનાશક અથવા જંતુઘ્ન દ્રવ્ય. (૨) ખાતરને પાથરવા માટે ઉપયોગમાં લેવામાં આવતું યંત્ર. (૩) પરજીવી કે રોગોત્પાદક તરીકે કામ કરતું પ્રાણી અથવા અન્ય કારક. (૪) પ્રસારક દ્રવ્ય. **spreading agent.** પ્રવાહીનું પૃષ્ઠતાણ ઓછું કરી સપાટી પર ટીપાંરૂપે પડવાના બદલે પ્રસારી દેનાર અથવા વ્યાપ્ત કરનાર કારક. **sp. ground nut.** પ્રસરતી – ફેલાતી ભોંયસિંગ.

**sprig.** પ્રરોહ, અંકુર, ડાળખું કે વનસ્પતિનો વિસ્તાર. (૨) પ્રકાંડનો એક ભાગ અને ઘાસનું મૂળ, જેનો ઉપયોગ ફેર રોપણી માટે કરવામાં આવે છે. (૩) પ્રરોહથી વાવવું. **sp. budding.** કલિકાસર્જન. **sp. grafting.** કલિકાકલમ.

**spring.** વસંતઋતુ, ગ્રીષ્મની પુરોગામી ઋતુ. (૨) જમીનમાંથી થતો કુદરતી પ્રવાહ, ઝરણું. (૩) વસંત પાકને લણવામાં આવે તેવી ઋતુ. (૪) કમાન. (૫) બહાર આવવું. **sp. bolt.** કમાનવાળો બોલ્ટ. **sp. chicken.** થોડા જ મહિનાની વય ધરાવતું મરઘીનું બચ્ચું. **sp. cultivation.** વસંતકૃષિ, વસંતખેડ કાર્ય. **sp. flowering.** વસંતમાં થતો પુષ્પોદ્ભવ, વસંત બહાર. **sp. ploughing.** વસંત ખેડકાર્ય. **sp. season.** વસંતઋતુ. **sp. steel.** કમાનવાળું પોલાદ. **sp.-tooth harrow.** કમાનદાર બળદચાલિત દાંતાનું હેરો. **sp. trip** સ્પ્રિંગ ચાલ. **sp. well.** ઝરણવાળો કૂવો, સોતકૂપ. **sp. wood.** વસંતકાષ્ઠ.

**springer.** 3½ થી 4½ પાઉન્ડ વજનવાળું મરઘીનું બચ્ચું. (૨) બંને છેડા ફૂલેલા હોય તેવું સીલ કરેલું પાત્ર. (૩) બગડેલું પાત્ર.

**sprinkle.** છાંટવું, પ્રવાહી અથવા ભૂકાને નાનાં ટીપાં અથવા કણમાં છાંટવા કે વેરવા, હળવો છંટકાવ કરવો. **sprinkler.** લોનમાં પાણીનો છંટકાવ કરવાનું સાધન. (૨) પાણી છાંટવાની ઝારી. **sp. irrigation.** હવામાંથી, ઉપરથી કરવામાં આવતી સિંચાઈ.

**sprocket.** સાંકળની સાથે સંકળાયેલાં પૈડાનો પ્રત્યેક દાંતો. **sp. wheel.** સાંકળની સાથે સંકળાઈ શકે તેવા દાંતાવાળું ચક્ર અથવા પૈડું.

**sprout.** ફણગો, અંકુર; બી અથવા મૂળના

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રરોહમાંથી નીકળતો અંકુર. (૨) વૃદ્ધિમાં અંકુર જેવું દેખાતું ગમે તે અંગ. (૩) ફણગો અથવા અંકુર ફૂટવો, અંકુરિત બનવું; વનસ્પતિમાં કળી અથવા અંકુર ફૂટવા. (૪) અંકુરને દૂર કરવા. **sp. irrigation.** વાવણી કરી લીધા પછી 3જા અથવા 4થા દિવસે ફણગો ફૂટી શકે તે માટે જમીનને નરમ બનાવવા માટે કરવામાં આવતી સિંચાઈ. સુકાઈ જઈ પોપડી વળતી જમીન માટે આવા પ્રકારની સિંચાઈની ખાસ જરૂર છે.

**spud.** લાંબા હાથાવાળું, સાંકડું પાવડા જેવું અણિદાર ઓજાર, જેનો ઉપયોગ ઊંડાં મૂળ ધાવેલા ઘાસપાસ અથવા ઘાસપાતને ઉખેડવા માટે અથવા વૃક્ષારોપણ માટે થાય છે.

**spume.** ઊભરો, ફીણ.

**spur.** પ્રવર્ધ. (૨) શંકુ, નખ. (૩) વહેતા અથવા પ્રવાહીમાં લંબાતા થાંભલા, શિલા કે અન્ય સામગ્રી, જેનો ઉપયોગ નિક્ષેપને પ્રેરવા અથવા કિનારાનું રક્ષણ કરવા માટે થાય છે. (૩) ફળ પર બેસતો ટૂંકો પ્રવર્ધ. (૪) પક્ષીની અંદર કે બાજુએ થતો શૃંગી પ્રવર્ધ. (૫) જંતુ અથવા કીટને આકર્ષતો, મધુ દ્રવ્ય સ્રવતો પોલો નળાકાર ફૂલનો ભાગ. **sp. gear.** સ્પર ગિયર. **spurred.** શંકુ સહિત.

**sputum.** શ્લેષ્મવાળો ગળફો.

**squab broilers.** કશાકમાં હળવાં વજન. (૨) સામાન્ય રીતે કૂંથી 1 રતલ જેટલું વજન ધરાવતા 8થી 12 અઠવાડિયાંની વય ધરાવતાં મરઘીનાં નાનાં નર બચ્ચાં.

**squama.** ભીંગડું, શલ્ક; ભીંગડા જેવું પીંછું કે હાડકાનો કોઈ ભાગ. **squarmose.** ભીંગડાં જેવા પ્રવર્ધોથી રૂક્ષ બનેલું.

**square.** ચોરસ, સમચોરસ, ચારે બાજૂ સરખી હોય તેવું. (૨) વર્ગ. **sq. root.** વર્ગમૂળ. **sq. system of planting.** ફળઝાડ વાવવાની એક પદ્ધતિ. જેમાં અંતર ગમે તે હોય તેમ છતાં ચોરસ વિસ્તારના પ્રત્યેક ખૂણા પર ઝાડ રોપવામાં આવે છે, જેથી બંને દિશામાં આંતર-વાવણી કે અન્ય પ્રકારની વાવણી શક્ય બને છે.

**squash.** સ્ક્વોશ, થોડા પ્રમાણમાં ફળના ગરવાળો ફળનો રસ, જેમાં પાણી, ખાંડ અને ફળ-ઍસિડ ઉમેરવામાં આવે છે. (૨) દ્રાક્ષની વેલ જેવી કુમળી વર્ષાયુ વનસ્પતિનું શાકભાજી તરીકે કામમાં લેવામાં આવતું ફળ. **sq. gourd.** લાલ કોળું. **sq. melon.** *Citrullus vulgaris* **Schrad.** var. *fistulosus* **Duth. & Full.** નામ ધરાવતું *roundgourd, Indian squash* ઇ. નામોથી પણ ઓળખાતું ભારતમાં લોકપ્રિય બનેલું ઉનાળાનું ફળ શાક, જેમાં પ્રજીવક 'એ' હોય છે અને જેને ગરમ અને સૂકું હવામાન અનુકૂળ આવે છે. ઉભારેલી ક્યારીમાં તેને ઉગાડવામાં આવે છે અને એકરદીઠ આ ફળનો 6થી 10 હજાર નંગ જેટલો ઊતાર મળે છે.

**squill.** *scilla* પ્રજાતિની કંદિલ શાકીય વનસ્પતિ; જંગલી કાંદો.

**stab culture.** વેધ સંવર્ધન

**stability.** સ્થિરતા. **stabilization.** સ્થિરીકરણ, સ્થાયીભવન. (૨) વનસ્પતિનાં વૃદ્ધિ – વિકાસનો તબક્કો, જેમાં તે આબોહવાની સાથે સમતુલા મેળવે છે. **st. fund.** સ્થાયીકરણ નિધિ. **stabilized grade.** સ્થિરીકૃત પ્રવણતા. (૨) નાળીની એવી પ્રવણતા, જેથી ઘસારો અથવા કાંપની જમાવટ થતી નથી. **stabilizer.** સ્થિર કરનાર. (૨) પેદાશની ગુણવત્તા અથવા પોતને સુધારવા માટે ઉપયોગમાં લેવામાં આવતું જીલેટીન અથવા સોડિયમ આલ્જિનેટ આધાર જેવું ખોરાકનું યૌગિક. (૩) પદાર્થ ખોરો ન થાય કે બગડી ન જાય તે માટે તેમાં ઉમેરવામાં આવતું દ્રવ્ય.

**stable.** સ્થિર. (૨) તબેલો, પ્રાણીને રાખવા તથા તેને ખવડાવવા માટે બાંધવામાં આવતું તેનું ઘર. (૩) ચોક્કસ પ્રકારનાં કારકો અથવા સંજોગોના કાર્યથી તરત જ પરિવર્તન પામતાં ન હોય તેવાં દ્રવ્યો, રાસાયણિક સંયોજનો અથવા સંયોગો અંગેનું. **st. fly.** *Stomoxys calcitrans*

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**(L.).** નામની, ઘરમાખ કરતાં કદમાં નાની, થોડી પીળી, તબેલા અથવા પશુશાળામાં થતી માખ; આ માખના કરડવાથી આવતી ખંજવાળથી પ્રાણી વજન ગુમાવે છે અને દુધાળાં ઢોર ઓછું દૂધ આપે છે. **st. manure.** તબેલા ખાતર. (૨) ખેતરનું ખાતર. (૩) ઘાસ અને ઢોરના પથારાનાં અન્ય દ્રવ્યોની સાથે મિશ્ર થયેલાં તેનાં મળ-મૂત્રનું બનેલું ખાતર. **st. price.** વધઘટ થયા વિનાની, સ્થિર કિંમત. કોઈ પણ ફેરફારોની સાથે સ્થિર રહેતી કિંમત.

**Stachylidium** *theobromae.* નામની કેળમાં રોગ કરતી ફૂગનો એક પ્રકાર.

**Stachytarpheta** *indica auct. non* **Vahl.** આસમાની રંગનાં ફૂલો માટે બગીચામાં ઉગાડવામાં આવતી વનસ્પતિનો એક પ્રકાર.

**stack.** શંકુ આકારનો ચોરસ અનાજ, પૂળા, સાંઠા ઇ.નો ઢગલો.

**staddle.** ટેકો, અવલંબન. (૨) નાનું, ખાસ કરીને જંગલનું ઝાડ.

**stag.** હાથ અથવા અન્ય મોટા હરણનો નર. (૨) ખસી કરવામાં આવેલો બળદ.

**stage.** અવસ્થા. (૨) પાણીને કાઢવા માટેના પંપનું માળખું. **st. of alongation.** લંબવૃદ્ધિની અવસ્થા. **st. of differentiation.** વિભિન્નીકરણની અવસ્થા.

**staggers.** ઘેટાં – બકરાંને ગિડ બ્લેડર નામના કૃમિથી થતા રોગનો એક પ્રકાર.

**stagnate.** વહેતું, ગતિ કરતું અટકવું. (૨) સ્થિર થઈ જવું. **stagnicolous.** કળણ અથવા સ્થિર – બંધિયાર પાણીમાં રહેતું.

**stain.** અભિરંજન. (૨) બાહ્ય પદાર્થથી અવરંજન – વિવર્ણીકરણ કરવું. (૨) સૂક્ષ્મદર્શકમાં અતિ સૂક્ષ્મ પદાર્થને દૃશ્યમાન બનાવવા અથવા પેશીઓને જુદી પાડવા ઉપયોગમાં લેવાતું અભિરંજક દ્રવ્ય કે તેનું મિશ્રણ. **stained egg.** બગડવા પામેલું ઈંડું, રંગવાળું બનેલું ઈંડું. **st. wool.** મૂત્રથી બગડેલું ઊન, જેને દૂર કરી ચોખ્ખું બનાવી ન શકાય. **staining.** અભિરંજન, અભિરંજન કરવું.

**stake.** એક છેડા પર અણીદાર બનાવી ટેકો આપવા અથવા હદના નિશાન તરીકે લાકડાને જમીનમાં રોપવો. (૨) વનસ્પતિને ટેકો આપવો. (૩) સરહદ દર્શાવતો લાકડાનો થાંભલો. **st. out.** બગીચામાં સ્તંભો વડે છોડની સ્થિતિ–અવસ્થાને ઓળખવી.

**stalk.** વનસ્પતિ, તેમાં પણ ખાસ કરીને શાકીય વનસ્પતિનો પ્રકાંડ અથવા મુખ્ય અક્ષ. (૨) પાંદડાં, ફૂલ, ફળ ઇ.ને ટેકો આપનાર ગમે તે પ્રકાંડ કે વનસ્પતિનો ભાગ. (૩) પુષ્પદંડ, પર્ણવૃંત, અથવા દાંડી. **st. cutter.** વૃંત કે પ્રકાંડ–કર્તક. **stalked.** સદંડી, સવૃંત. (૨) પ્રકાંડયુક્ત. (૩) સદંડ. **st. flower.** સદંડીપુષ્પ. **st. gland.** સદંડી ગ્રંથિ. **st. out method.** સિગાર, ચિરૂટ, કિકણી બીડી, હુકાની તમાકુની લણણી કરવાની એક પદ્ધતિ, જેમાં જમીન સમીપના છોડને કાપવામાં આવે છે.

**stall.** કોઠાર અથવા છાપરીમાં એક પ્રાણીને ખવડાવવા ઇ. માટેની જગ્યા.

**stallion.** ઘોડો, વછેરો.

**St. Ambroise.** 6,000 ફૂટ ઊંચાઈ સુધીના વિસ્તારમાં થતા જરદાળુનો એક પ્રકાર, ફળ મોટું, અંડાકાર, સમમિત, નારંગી પડતા પીળા રંગની છાલ ધરાવતું, તેવા જ રંગના નરમ ગરવાળું હોય છે.

**stamen.** પુંકેસર. (૨) પરાગાશયને નિર્માણ કરતું, સપુષ્પ વનસ્પતિનું નરઅંગ, જેમાં પરાગ રજ, તંતુઓ અને પરાગ દંડ હોય છે. **staminal.** પુંકેસરીય, પુંકેસર વાળું. (૨) બળ કે ઓજસવાળું. **st. column.** પુંકેસર સ્તંભ–દંડ. **st. corona.** પુંકેસર કિરીટ. **st. leaf.** પુંકેસરપર્ણ. **staminate.** પુંકેસરી, કેવળ પુંકેસર (સ્ત્રીકેસર નહિ) ધરાવનાર (પુષ્પ), જે કારણે તે અપૂર્ણ (પુષ્પ) કહેવાય. **st. flower.** પુંકેસરી, પુંકેસર ધરાવતું પુષ્પ. **st. plant.** નરછોડ, પુંકેસરી છોડ–વનસ્પતિ.

**staminiferous.** પુંકેસર નિર્માણક.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**stamina.** સહનશીલતા.(૨) બળ, ઓજસ.

**stanchion.** સ્ટૉલમાં પ્રાણીને રાખવાનો સ્તંભ, થાંભલો, ઊભો ટેકો, ટેકણ ઇ.

**stand.** ઓછાયુક્ત, અંકુરણ, રોપ, અને વાતાવરણીય પરિસ્થિતિ અને વનસ્પતિના રોગો ઇ. કારણોસર વચ્ચે વચ્ચે ખાલી પડતી જગ્યાને બાદ કરતાં લણવા માટે ઉપલબ્ધ ખેતરના એકર દીઠ છોડ ઇ.નીસંખ્યા, ઊભો પાક. આને સારો, મધ્યમ પ્રકારનો કે નિમ્ન ઊભો પાક કહેવામાં આવે છે. **st. density.** ઝાડની સંખ્યા અથવા એકર દીઠ કુલ આધાર વિસ્તાર દ્વારા દર્શાવવામાં આવતું વૃક્ષોનું ઘનત્વ.

**standard.** ધોરણ, માનક. (૨) તુલના માટે પસંદ કરેલો એકમ. (૩) શિમ્બી વર્ગની વનસ્પતિમાં સીધી ઊભી પાંદડી. (૪) રોપ અથવા તંદુરસ્ત અંકુર. (૫) માન્ય લક્ષણોને અનુરૂપ (પેદાશ). (૬) વૃક્ષ જેવા પ્રકાંડવાળો ટેકા વિનાનો છોડ, કુદરતી કદનું ફળ ઝાડ. (૭) લોખંડના હળનો ખીમથી લંબાતો ભાગ. (૮) ધજા. (૯) ધજા જેવો વનસ્પતિ છોડ પરનો ભાગ. **st., bacterial** જીવાણું ધોરણ. **st.,legal** કાયદેસરનું (લઘુણી ધોરણ).**st., permissible** અનુજ્ઞેય–માન્ય ધોરણ. **st. contract terms.**સંખ્યાબંધ કૃષિ પેદાશો માટે ધોરણ સરની ઠરાવેલી શરતો, જેમાં માન્ય ધોરણસરની માત્રા તથા હાનિપામતા માલની નુકસાનીની ગણતરી કરવામાં આવે છે. **st. deviation.** ધોરણસરનું વિચલન. **st. error.** ધોરણસરની ત્રુટિ. **st. milk.** કાયદા કે માન્ય નિયમાનુસાર ચરબી અને કુલ ઘન ઘટકો અથવા જીવાણુકીય આવશ્યકતાને અનુરૂપ બનાવવામાં આવેલું દૂધ, ધોરણીકૃત દૂધ. **st. of living.** જીવનધોરણ. **St. Plate Count.** દૂધના જીવાણુવિજ્ઞાનની દૃષ્ટિએ ગુણધર્મો જાણવાની કસોટી; જેમાં પ્રજનનક્ષમ જીવાણુની સંખ્યા જાણવી પડે છે. **st. soil mixture.** ત્રણ ભાગ માટી અને એક ભાગ કાર્બનિક દ્રવ્યની પર્ણ ઊભ, ખાતર અથવા રેતી જેવું દ્રવ્ય, જેની કુંડામાં છોડ વાવવા માટે જરૂર પડે છે. **st. tractor.** મોટા ભાગની કૃષિ પ્રવૃત્તિ કરવા માટે જરૂરી 15-40 અશ્વશક્તિ ધરાવતું પૈડાંવાળું ટ્રેક્ટર, જેનો ઉપયોગ ભારે માલ ખેંચવા માટે (પાકની હાર બનાવવા માટે નહિ) થાય છે. **st. wage.** ધોરણસરનું વેતન – મજૂરી. **st. weights and measures.** ભારત સરકારના 1951ના *Weights and Measures* (વજન અને માપ અંગેના) અધિનિયમ અનુસારની વજન અને માપની મેટ્રિક પદ્ધતિ. **st. yield.** ધોરણસરની ઊપજ. **standardization.** ધોરણીકરણ. (૨) કોઈક ધોરણસર બનાવવાની પ્રક્રિયા. (૩) કોઈપણ પદાર્થ કે સંરચના માટે અત્યંત યોગ્ય પરિમાણ, પ્રમાણ કે લક્ષણોની પસંદગીનું કૃત્ય. (૩) માન્ય ટકાવારી અનુસાર દુગ્ધાલય પેદાશની ચરબી અને અન્ય ઘટકોનું સમાયોજન. **standardize.** ચોક્કસ અથવા માન્ય ધોરણને અનુરૂપ કરવું – બનાવવું. (૨) પૃથક્કરણ-દ્વારા તુલનાના હેતુ માટે વિશિષ્ટમૂલ્ય મેળવવું, ધોરણસરનું બનાવવું. **standardized milk.** ધોરણીકૃત દૂધ. (૨) ચોક્કસ પ્રમાણમાં એક કે તેથી વધારે ઘટકવાળું દૂધ બને તેવો તેમાં ફેરફાર કરવો. **st. method.** ધોરણસરની પદ્ધતિ, ધોરણીકૃત પદ્ધતિ.

**standing**. ઊભું, સ્થિર. **st. crop.** ઊભો પાક, લણણી કરી લીધા પહેલાનો ખેતરમાં થયેલો પાક. **st. rent.** સ્થિર ગણોત, સ્થિર ભાડું. **st. water.** જમીનના તળ પર ચોક્કસ સમયગાળા માટે ભેગું થતું અથવા સ્થિર રહેતું પાણી.

**Staphylococcus** (એ.વ.). **Staphylococci**(બ.વ.). પુંજગોલાણુ; દ્રાક્ષના લૂમખા જેવા અનિયમિત સમૂહમાં થતા બીજાણુ, જે સામાન્ય રીતે પરુમાં જોવામાં આવે છે.

**staple.** રૂ, ઊન ઇ.નો ખાસ કરીને લંબાઈના અનુસંધાનમાં રેસો કે તાંતણો.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૨) ભારતભરમાં રૂના કરવામાં આવતા વર્ગીકરણમાં સર્વોત્તમ પ્રકારમાં 1 ઈંચ કે તેથી વધારે લાંબા તંતુવાળા, લાંબા; 28/32 ઈંચથી 31/32 ઇંચવાળા તંતુવાળા ઉત્તમ મધ્યમ. 13/16 ઇંચથી 27/32 ઈંચ લાંબા તંતુવાળા મધ્યમ; 23/32 ઈંચથી 25/32 ઇંચ લાંબા તંતુવાળું અને ટૂંકા 11/16 ઇંચ કે તેથી ઓછા ઇંચ લાંબા તંતુવાળા રૂનો સમાવેશ થાય છે. આ માપ રેસાને ખેંચ્યા વિના લેવામાં આવે છે. (૩) ઊનનો ગુચ્છો, તંતુ ઇ. (૪) મુખ્યત્વે (ખોરાક). **st. crop.** સામાન્ય રીતે વાવવામાં આવતો અને તૈયાર બજાર મેળવતો પાક, મુખ્ય પાક. **st. food.** મુખ્ય ખોરાક. **st. length.** આપેલા રૂના નમૂનાના વધુમાં વધુ તંતુની લંબાઈ. **st. wool.** ઝીણું, તંતુને છૂટા પાડી શકાય તેવું ઊન. **stapling.** તંતુ અથવા રેસાની લંબાઈના આધારે રૂ અથવા ઊનનું વર્ગીકરણ.

**star.** તારો, તારક. **st. anise.** અનસફળ: બાદિયાન ખટાઇ નામનું *Illicium verum* **Hock. f.** નામનું ઝાડ, જેનું તેલ રસોઈ. મીઠાઈ તથા સુગંધી દ્રવ્યો અને ઔષધિ બનાવવા માટે ઉપયોગી બને છે. **st. apple.** *Chrysophyllum cainito* **L.** નામનું મુખ્યત્વે ગુજરાત અને મહારાષ્ટ્રમાં ઉગાડવામાં આવતું મધ્યમ કદનું ઝાડ, જેનો આડછેદ તારાકાર લાગે છે. આ ઝાડનો બીજો પ્રકાર *Chrysophyllum roxburghii* **G. Don.** મધ્ય પ્રદેશ, તામિલનાડુ અને આન્ધ્રપ્રદેશમાં થાય છે અને તેનાં ફળ ખાવ છે. **st. burr.** *Acanthospermum hispidum*. નામનો ભારતભરમાં મધ્યમ અને હળવી જમીનોમાં થતો, તૃણપાક, જે બગીચામાં થાય છે અને જેને કાંટાળાં એક બીજધારી ફળ થાય છે, જેનાં બીજનો ઢોર અને માણસો સહેલાઈથી પ્રસાર કરે છે. **st. gooseberry.** શોભા માટેની *otheite gooseberry* નામની વનસ્પતિ.

**starch.** મંડ, મેંદો, કાંજી, સ્ટાર્ચ. (૨) ધાન્ય શર્કરા બંધનમાં ડી-ગ્લુકોઝના એકમોમાંથી રચાતું પોલિમર. (૩) વનસ્પતિનાં બી, પાન અને મૂળમાં સંઘરેલું ખૂબજ અગત્યનું સફેદ, ગંધવિહીન, સ્વાદવિહીન, અથવા ભૂકારૂપ કાર્બોદિત – શર્કરા દ્રવ્ય; પ્રત્યેક વનસ્પતિ તેની પોતાની આગવી લાક્ષણિક કાંજી પેદા કરે છે. સ્ટાર્ચ ઉત્સેચકોની સહાયથી શર્કરામાં પરિવર્તન પામે છે. **St. Equivalent.** કાંજી તુલ્યાંક; જેટલા પ્રમાણમાં કાંજી હોય તેને એટલા જ પ્રમાણમાં ચરબીમાં પરિવર્તિત કરવા માટે જરૂરી બનતું ખોરાકનું ઊર્જામૂલ્ય. **st. value.** સ્ટાર્ચ – કાંજી મૂલ્ય. **starchy.** કાંજીવાળું, મંડમય.

**starter.** પ્રવર્તક. (૨) વિવિધ પેદાશોની બનાવટમાં દૂધ કે મલાઈ ક્રીમનો અંતઃક્ષેપ કરવા માટે ઉપયોગમાં લેવામાં આવતું ઇચ્છિત સજીવોનું તૈયાર કરવામાં આવેલું સંવર્ધન. (૩) દૂધમાં એક અથવા વધુ દુગ્ધામ્લ (લેક્ટિક ઍસિડ) સજીવો, સાધારણ રીતે માલાગોલાણુનું સંવર્ધન. (૪) વનસ્પતિ અવશિષ્ટોના વિઘટન માટે ઉપયોગી બનતું દ્રવ્ય, જેમ કે મળ, છાણ, મૂત્ર, આપવાહનો કચરો, પ્રક્રિયાકૃત અવમલ ઇ. **st., mother** મૂળ વેગક. **st. culture.** આથવણ પર નિયંત્રણ લાવવા તથા ડાયએસીટીલ અને એસીટીલ મીથાઈલ કાર્બિનોલ જેવા બાષ્પશીલ સુવાસ ધરાવતાં સંયોજનો, દુગ્ધામ્લ (લેક્ટિક ઍસિડ) મેળવવા માટે દુગ્ધામ્લ (લેક્ટિક ઍસિડ)ની જીવાણુના ખાસ સંવર્ધનો દૂધમાં ઉમેરવામાં આવે છે અને આમ કરીને દૂધને ગાઢું, ઘન અથવા અર્ધઘન, થોડી અમ્લતા કે ખટાશવાળું અને મનગમતી સુવાસવાળું બનાવવામાં આવે છે. આથી દૂધમાં પ્રજીવકો પણ વધે છે. આવું દૂધ ખાવાથી કેલ્શિયમ જેવા દૂધના ઘટકોને પચાવવામાં સહાય મળે છે. **starting mash.** પાણી, દળેલાં ધાન્ય કે ધાન્ય નીપજનું પ્રોટીન અને પ્રજીવકની સાથેનું મિશ્રણ, જેમાં ખનિજ દ્રવ્યો ઉમેરવામાં આવે છે.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



5-6 અઠવાડિયાંના બચ્ચાં માટે પૂર્ણ ખોરાક.

**State or Apex Cooperative Bank.** રાજ્ય અથવા ટોચની સહકારી બેંક, જે રાજ્યની સઘળી સહકારી બેંકોનાં કાર્યોનો સમન્વય કરે છે.

**static.** સ્થિર. **st. head.** પ્રવાહીના સ્તંભની ટોચ અને સંદર્ભ સપાટી વચ્ચેનું ઊભું અંતર. (૨) વેગ શીર્ષ અને નુકસાની બાદ કરીને કુલ શીર્ષક. **st. load.** વિરામી ભાર. (૨) સ્થિર શીર્ષના કારણે પંપના પ્રણોદક પર થતું દબાણ. **st. suction lift.** ચિકટ પંપો અંગે પંપની મધ્ય રેખાથી ખેંચવા માટેના પ્રવાહીથી મુક્ત સપાટી સુધીનું ફૂટમાં ઊભું અંતર. **stationary.** સ્થિર, સ્થાયી, અચર. **st. return.** સ્થિર મળતર. **statospore** સ્થિર બીજાણું.

**statistical.** આંકડાકીય, સાંખ્યિકીય. **st. abstract.** આંકડાકીય સાર. **st. analysis.** સંખ્યાત્મક વિશ્લેષણ. **st. average.** સંખ્યાત્મક સરેરાશ. **st. constant.** સંખ્યાત્મક સ્થિરાંક. **st. error.** સંખ્યાત્મક ત્રુટિ. **st. frequency.** સંખ્યાત્મક આવર્તન. **st. statement** આંકડાકીય વિવરણ. **Statistics.** આંકડાશાસ્ત્ર; વ્યવસ્થિત અને વૈજ્ઞાનિક રીતે સંખ્યાત્મક હકીકતો એકઠી કરવી, આ હકીકતોને વર્ગીકૃત કરવી, અને તેનો ઉપયોગ કરવા અંગેનું શાસ્ત્ર.

**statocyst.** ગુરુત્વાકર્ષણને લીધે સંવેદનશીલ વનસ્પતિ કોષ. **statospore.** સ્થિર બીજાણુ.

**statutary tenant.** કાયદેસરનો ગણોતિયો અથવા બાકૂત.

**Stayman Winesap.** સફરજનનો એક પ્રકાર, જેમાં ફળ મોટું, ગોળ, શંકુ આકારનું, મૃદુ, દાણાદાર, મીઠો ગર હોય છે. પાકી જતાં આપમેળે જ તે ઝાડ પરથી ખરી પડે છે.

**steady market.** કિંમતમાં વધઘટ થયા વિનાનું સ્થિર બજાર.

**steam.** વરાળ, બાષ્પ. **st. distillation.** પાણી અને અમિશ્ર પ્રવાહીને ઉકાળીને કરવામાં આવતું નિસ્યંદન અથવા કોઈ પ્રવાહીમાંથી વરાળને પસાર કરી તે દ્વારા નિસ્યંદિત પાણી અને દ્રવ્ય એકઠાં કરવાં. **st. engine.** બાષ્પચાલિત એન્જિન. **st. sterilization.** બાષ્પજંતુરહિતતા, વરાળથી કરાતી જંતુરહિતતા. **steamed bonemeal.** દબાણ હેઠળ વરાળ આપ્યા બાદ થતો હાડકાંનો ભૂકો, આ બાષ્પ પ્રક્રિયાથી હાડકાંમાંથી નાઇટ્રોજન, ચરબી, તેલ અને ગુંદર ઉત્પાદક દ્રવ્યો દૂર થાય છે અને તેમાં 1થી 2 ટકા નાઇટ્રોજન, 25થી 30 ટકા ફૉસ્ફૉરિક ઍસિડનો સમાવેશ થાય છે; જે ખાતર તરીકે ઉપયોગી બને છે, બાષ્પોપચારિત હાડકાંનો ભૂકો. **steaming.** બાષ્પોપચાર.

**steapsin.** અગ્ન્યાશય દ્વારા સ્રવતો ઉત્સેચક, જે ચરબી દ્રવ્યોનું જલવિભાજન કરી તેમનું મેદીય અમ્લ અને ગ્લિસરોલમાં રૂપાંતર કરે છે.

**stearic acid.** પ્રાણીજ અને વાનસ્પતિક તેલોમાં રહેલો સંયુક્ત મેદીય ઍસિડ, જેનો વ્યાપારી ઉપયોગ રબરનાં સંયોજનો અને સાબુ, મીણ તથા રસાયણો બનાવવામાં થાય છે.

**stearin. stearine.** શરીરના ઉષ્ણતામાને ઓલીનથી પિગળેલું રહેતું ચરબીનું ઘનદ્રવ્ય; ઘણાં પ્રાણીજ અને વાનસ્પતિક તેલોનો ઘટક.

**steatite.** ટાલ્ક – શંખજીરાનો એક પ્રકાર, સોપસ્ટોન.

**steckling.** બીજનિર્માણ માટે બીજી વસંતઋતુમાં વાવવાના હેતુસર સાચવી રાખેલ બીટ, ગાજર, ટર્નિપ, અળવી ઇ.નાં મૂળ કે કંદ.

**steel.** પોલાદ. **st. bakhar.** *guntaka* નામનું માટી કાપવાનું એક ઓજાર. **st. chain.** પોલાદની સાંકળ. **st. grey** (ઘોડાનો) પોલાદ જેવો ભૂખરો રંગ. **st. plough.** મજબૂત પોલાદના મોલ્ડબોર્ડ અને પાનાવાળું હળ. **st. yard.** પોલાદનો

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાડો, પોષાણનાં ઓનરો રાખવાનું સ્થાન. **steep land.** ઢોળાવવાળી જમીન. **steepy cream.** પાતળી મલાઈ.

**steer.** દ્વિતીયક અથવા ગૌણ લૈંગિક લક્ષણો વિકસે તે અગાઉ જ ખસી કરી લેવામાં આવેલું ગોવંશનું નરપ્રાણી. (૨) ફેરવવું. (૩) સંચાલન કરવું. **steering.** સંચાલક. **st. arm.** સંચાલક બાહુ. **st. clutch.** સંચાલક ક્લચ. **st. column.** સંચાલક સ્તંભ. **st. device.** સંચાલક યુક્તિ – સાધન. **st. head.** સંચાલક શીર્ષ. **st. spindle.** સંચાલક ત્રાક. **st. wheel.** સંચાલક ચક્ર.

**stele.** રંભ. (૨) વનસ્પતિમાં મૂળ અને પ્રકાંડની વાહક પેશીનો મોટો તાંતણો અને નલિકા. (૩) વાહિનીધારી વનસ્પતિમાં પ્રકાંડ અને મૂળની મધ્ય નલિકા. (૪) કાષ્ઠક વનસ્પતિઓમાં વાહિની તંત્રવાળા પ્રકાંડનો ભાગ.

**stellar.** તારાનું, તારાકીય. **stellary system** તારામંડળ. **stellate.** તારાકાર, પ્રકાંડમાંથી નીકળતા પાનની માફક તારાકાર. **stellular.** નાના તારા જેવું, તારાની માફક વિન્યાસિત.

**Stellaria** *aquatica* **(L.) Scop.** સફેદ ફૂલધારી શિયાળુ ઘાસપાત.

**stem.** સ્તંભ, પ્રકાંડ. (૨) વનસ્પતિ, ક્ષુપ કે વૃક્ષનો મુખ્ય અક્ષ, જેમાંથી કળી અને પ્રરોહ વિકાસ પામે છે. (૩) ઝાડનાં થડ, સ્કંધ કે ડાંડી અથવા વૃંત. (૪) પર્ણ, ફળ, ફૂલને ટેકો આપનાર નાજુક ડાંડી. (૫) ભૂમિગત પ્રકાંડ, કંદ, મૂળસ્તંભ, જેનો ઉપયોગ વનસ્પતિના પ્રજનન માટે કરવામાં આવે છે. (૬) કાપવું. (૭) અવરોધ કરવો, રોકવું. **st., aerial** વાયવીય પ્રકાંડ. **st. analysis.** ઝાડની વૃદ્ધિના તબક્કા દરમિયાન તેનાં વૃદ્ધિ અને વિકાસનો અંદાજ કાઢવા, તેના આડછેદનું લેવામાં આવતું માપ; સ્કંધ વિશ્લેષણ. **st. black apple.** પ્રકાંડ કાળુ સફરજન. **st. borer.** ગાભમારા ઈયળ. (૨) પ્રકાંડનો કોરનાર કીટ. **st. blister.** પ્રકાંડ ફોલ્લો. **st. break.** ધાન્યોનો એક પ્રકારનો સડો. **st. bud.** પ્રકાંડ કલિકા **st. cabbage.** નોલકોલ. **st. canker.** ફૂગથી લાગેલો ચેપ, જેથી પ્રકાંડનો રંગ ઊડી જઈ, રોગથી ઉપરના ભાગમાં પ્રકાંડ મરી જાય છે; પ્રકાંડ કીટ. **st. climbing.** પ્રકાંડ આરોહક. (૨) સ્તંભ પ્રતાન. **st. cutting.** પ્રકાંડની ઉપર મૂકવામાં આવતો કાપ કે કરવામાં આવતો છેદ. (૨) પુનર્વાવણી માટે પ્રકાંડ પર કરવામાં આવતો છેદ, જે ત્રણ પ્રકારનો હોય છે; (અ) વનસ્પતિ પર્ણ અવસ્થામાં હોય અને પ્રકાંડ રસાળ હોય ત્યારે તેના નરમ કાષ્ઠ કે લીલા પ્રકાંડ પર મૂકવામાં આવતા છેદનો એક પ્રકાર. (આ) સુષુપ્ત વનસ્પતિના પર્ણરહિત સખત કાષ્ઠ પર મૂકવામાં આવતો છેદ અને અર્ધ – સખત કાષ્ઠ પર મૂકવામાં આવતો છેદ – જે નરમ અને સખત છેદ વચ્ચેનો બીજા પ્રકારનો છેદ બને છે. (ઇ) સખત પ્રકાંડ પર મૂકવામાં આવતો છેદ ત્રીજા પ્રકારનો હોય છે **st. end.** વનસ્પતિની સાથે જે જગ્યાએ ફળ જોડાયું હોય ત્યાં મોટા ભાગે ફૂગના કારણે લાગતો સડો. **st. gap.** સ્તંભાવકાશ, પ્રકાંડાવકાશ. **st. grass.** છૂટા કે એકલ પ્રકાંડમાં ઊગતું ઘાસ. **st. lettuce.** ખાદ્ય પર્ણો અને જાડા, દળદાર ખાદ્ય પ્રકાંડવાળા લેટ્યુસનો એક પ્રકાર. **st. rot.** જીવાણુ કે ફૂગના કારણે રસાળ પ્રકાંડને લાગતો સડો. **st. r. of papaya.** પપૈયાના પ્રકાંડને થતો સડો. **st. tendril.** પ્રકાંડ સૂત્ર. **st. vegetable.** પ્રકાંડવર્ગીય શાકભાજી. **stemmed.** સંખ્યાબંધ પ્રકાંડવાળું. **stemmy** મોટા ભાગે થડવાળું.

**stemma.** પ્રાણીની ગુચ્છિત આંખની (સરળ આંખ)

**Stenocarpus** *sinuatus* **Endl.** બગીચામાં વાવવામાં આવતું ઊંચું ઝાડ.

**Stenolobium** *stans* **(L.) Seem.** વાડ માટે ઉગાડવામાં આવતો એક પ્રકારનો છોડ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**Stenotaphrum** *secundatum* **(Walt.) Kuntze** [Syn. **St.** *americanum* **Sw.**]. ઘોન માટે ઉગાડવામાં આવતું ઘાસ.

**Stephanotis** *floribunda* **Brongn.** શોભા માટે ઉગાડવામાં આવતા વેલાનો એક પ્રકાર.

**Stephanurus** *dentatus*. વૃક્કનાં કોષ્ઠ કે વિવર ઇ.માં થતો કૃમિ, જે આ અંગોને હાનિ પહોંચાડે છે.

**Stephegyne** *parvifolia* **Korth.** કદમ નામનું ઝાડ, જેના પ્રકાંડના રેસામાંથી દોરડાં બનાવવામાં આવે છે, કાષ્ઠનાં ફર્નિચર, કૃષિ ઓજારો અને કોતરકામની વસ્તુઓ બનાવવામાં આવે છે.

**step interval.** વર્ગ અંતરાલ.

**Sterculia** *balanghas* **L.** દ. ભારત અને મહારાષ્ટ્રમાં થતું ખાદ્ય બીનું ઝાડ. **St.** *campanulata* **Wall ex Masters.** આંદામાનમાં થતા ઝાડનો એક પ્રકાર, જેના કાષ્ઠની દીવાસળીઓ અને માલ ભરવાનાં ખોખાં કે પેટીઓ બનાવવામાં આવે છે, ઉપરાંત છાપવાના કાગળ અને પૂંઠાં બનાવવામાં પણ તેનો ઉપયોગ કરવામાં આવે છે. **St.** *colorata* **Roxb.** સમારી નામનું આસામ, મધ્યપ્રદેશ, દ. ભારત, પશ્ચિમઘાટ અને આંદામાનમાં થતું એક પ્રકારનું ઝાડ, જેના પ્રકાંડના રેસાનાં દોરડાં બને છે અને પાનનો ઘાસચારો થાય છે. **St.** *foetida* **L.** જંગલી બદામ નામનું ખાદ્ય બીનું ઝાડ. **St.** *guttata* **Roxb.** પશ્ચિમઘાટ, આસામ અને ત્રાવણકોરમાં થતું એક ઝાડ, જેની છાલના રેસાનું કાપડ બનાવવામાં આવે છે. **St.** *urens* **Roxb.** કતિરા નામનું સામાન્ય રીતે ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, રાજસ્થાન અને બિહારમાં થતું ઝાડ, જેના પ્રકાંડમાંથી મળતા ગુંદરનો ઉપયોગ કાપડને રંગવા માટે કરવામાં આવે છે, જેની છાલમાંના રેસાનાં દોરડાં અને બરછટ કાપડ બનાવવામાં આવે છે. બીને સેકીને ખાવામાં લેવાય છે. **St.** *villosa* **Roxb.** ઉદલ, ઉદર નામનું પંજાબ, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, આસામ ખાસી ટેકરીઓ અને દ્વીપકલ્પીય પશ્ચિમ વિસ્તારમાં થતું ઝાડ, જેના પ્રકાંડના રેસાનાં દોરડાં અને કાથળા બનાવવામાં આવે છે.

**Stereospernum** *personatum* **(Hassk) Chatt.** [Syn. **St.** *chelonoides* **auct A. DC.**] પાટલા, હોડીઓ બનાવવા ઉપયોગી કાષ્ઠની વનસ્પતિ.

**sterigma.** પ્રકણી બીજાણુ, કણીવૃંત.

**sterile.** અનુર્વર, પ્રજનન અક્ષમ, વંધ્ય. (૨) જંતુ અથવા ચેપરહિત. (૩) અનુત્પાદક, વેરાન (જમીન). (૪) સજીવો અથવા સુક્ષ્મ જીવોના ચેપ અથવા સંક્રમણરહિત (જૈવ પેદાશો). (૫) વૃદ્ધિ પામવા કે દ્વિગુણિત થવા અક્ષમ (સજીવ અથવા સુક્ષ્મ જીવ). (૬) વિસંક્રમિત, ચેપરહિત. **st. bract.** વંધ્ય નિપત્ર. **st. ovule.** વંધ્ય બીજાંડ. **st. spore.** વંધ્ય બીજાણુ.

**sterility.** અનુર્વરિતા, વંધ્યતા; સાધારણ રીતે પ્રજનન કરવાની પ્રાણીની કામ ચહાણ અથવા કામમી નિષ્ફળતા. (૨) ફળઝાડની ફળોને પરિપક્વ બનાવ્વાની અસફળતા. **steritization.** વંધ્યીકરણ, પ્રાણીનાં લિંગી અંગોને દૂર કરીને કે તેના કાર્યને નિરોધિત કરીને તેને સંતતિને જન્મ આપવા અથવા પેદા કરવામાં નિષ્ક્રિય બનાવવું. (૨) કોઈપણ વસ્તુને જંતુરહિત બનાવવાની પ્રક્રિયા. (૩) બધા જ પ્રકારનાં ફૂગ, જીવાણુ ઇ.ના પ્રકારો અને તેમના બીજાણુને મારી નાંખવાની પ્રક્રિયા. (૪) સામાન્ય રીતે જંતુરહિત કરવા ધારેલા પદાર્થોને તપાવીને, તેને અગ્નિની ઝાળમાંથી અથવા દબાણની હેઠળ વરાળમાંથી પસાર કરીને અથવા અતિ અસર કરતાં જંતુઘ્ન રસાયણમાં ઠીકઠીક સમય માટે રાખીને આ પ્રક્રિયા કરવામાં આવે છે. **steritize.** પ્રજનન, ચેપ કે સંક્રમણ કરવાને કોઈપણ વસ્તુને કે પ્રાણીને અક્ષમ બનાવવું, વંધ્યીકૃત કરવું. (૨) જંતુ અથવા ચેપરહિત કરવું. **sterilized.** વંધ્યીકૃત. (૨) જંતુ કે ચેપરહિત બનાવેલું.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**st. milk.** 212 ફે. ઉષ્ણતામાને વારંવાર ઉકાળીને બધાજ પ્રકારના જીવાણુઓ વિનાનું બનાવવામાં આવેલું દૂધ. આવા પ્રકારનું દૂધ ઘણા સમય માટે જાળવી શકાય છે અને તેનું સહેલાઈથી પાચન થઈ શકે છે. **sterilizer.** જંતુ, ઊબ, બીજાણુ, જીવાણુ ઇ. રહિત બનાવવાનું સાધન. **steritizing solution.** જીવાણુ કે અન્ય સજીવો કે સૂક્ષ્મ જીવોનો નાશ કરી શકે તેવું ગમે તે રાસાયણિક દ્રાવણ.

**sterioscopic scanner.** ત્રિપાર્શ્વ – ત્રિપરિમાણી અંવેક્ષક.

**steriotropism.** સ્પર્શાનુવર્તન.

**sternum.** ઉરોસ્થિ, પ્રાણીના વક્ષપિંજરની પાંસળીઓને આગળના ભાગે જોડનાર અસ્થિ, જે વક્ષના ભાગરૂપે હોય છે.

**sterols.** વનસ્પતિ અને પ્રાણીઓમાં જોવામાં આવતાં પિત્તઘન – કોલેસ્ટેરોલ અને ફાઇટોસ્ટેરોલ જેવા મદ્યાર્કો. (૨) અંશતઃ મુક્તાવસ્થામાં અને અંશતઃ મેદીય એસિડોમાં એસ્ટરીકૃત રીતે જોવામાં આવતાં તટસ્થ અને પ્રમાણમાં સ્થિર દ્રવ્યો. આમાનાં કેટલાંક સ્ટેરોલનું કિરણીભવન થવાથી પ્રજીવક 'ડી'નો એક પ્રકાર નીપજે છે.

**sterome.** અવલંબન પેશી.

**Stevensonia** *grandifolia* **J. Dunc.** [Syn. *Phoenicophorium sechellarum* **H. Wendl.**]. પ્રકાંડ વિનાનો, શોભા માટે ઉગાડવામાં આવતા તાડનો એક પ્રકાર.

**stew** થોડા પ્રવાહીમાં બંધ વાસણમાં લાંબા સમય માટે ઉકાળીને રાંધવું. (૨) માછલીઓને જીવતી રાખવા માટેની ટાંકી કે જલસંગ્રહ સ્થાન.

**Sthenias** *grisator* **Fabr.** દ્રાક્ષની વેલનો કીટક.

**stichidium.** લાલ લીલમાં ચતુર્ષ બીજાણુ ધાનીવાળી શાખા.

**stick.** ઝાડના પ્રકાંડમાંથી અનુકૂળ લંબાઈમાં કાપેલો ભાગ. (૨) લાકડી. **st. lac.** કાચી લાખ, લાખનો કુદરતી પ્રકાર, લાખનાં જંતુઓનો રાળ જેવો સખત સ્રાવ, જેને જે ઝાડ પર કે ડાળખા પર તે થતો હોય ત્યાંથી ઉખેડી લઈ સાફ કરી, પિગાળી યોગ્ય આકાર આપવામાં આવે છે.

**sticker.** જંતુઘ્ન કે ફૂગનાશક રસાયણો સારી રીતે ચોંટે કે લાગે તે માટેનું દ્રવ્ય, સંલગ્નક. **sticking agent.** સંલગ્નકારી કારક. (૨) છંટકાવનું પ્રવાહી અથવા તેની ભૂકી યોગ્ય રીતે ચોંટી રહી શકે તે માટેનું દ્રવ્ય; પાણીદ્વારા વિસરિત થનાર ભૂકીઓમાં પોલિથિલીન પોલિસલ્ફાઈડ, પોલિવિનિલ એસીટેટ અને પોલિવિનિલ ક્લોરાઈડ ઇ. ઉમેરવામાં આવે છે. **sticky.** જેને સ્પર્શે તેને ચોંટી રહેવાનો ગુણધર્મ – ચીકણું, સ્નિગ્ધ, શ્યાન. (૨) કાષ્ઠ અને લાકડાના ટૂકડાની સાથેના (શણના તંતુઓ). **st. butter.** શ્યાન માખણ. **st. cleome.** કઢી બનાવવામાં ઉપયોગી બનતાં બીવાળી વનસ્પતિ. *Cleome viscosa* **L.** નામની વનસ્પતિ. **st. price.** નક્કી – દૃઢ કિંમત.

**stiff.** કડક, અ–નમ્ય, જાડું અને શ્યાન, અ-પ્રવાહી.

**stifle.** પ્રાણીના પાછલા પગના નલાસ્થિનો ઉપરનો સાંધો. (૨) ગૂંગળાવી મારવું.

**stigma** (એ.વ.). **stigmata.** (બ.વ.). પરાગને ગ્રહણ કરનાર પરાગવાહિની અથવા અંડાશયની સપાટી; પરાગાસન, સ્ત્રી કેસરાગ્ર, વર્તિકાગ્ર. (૨) કલંક. (૩) વારંવાર લોહી નીકળતું હોય તેવું ચામડી પરનું સ્થાન.

**Stigmaphyllon** *ciliatum* **(Lamk.) A. Juss.** સોનેરી ફૂલો માટે શોભા તરીકે વાવવામાં આવતો ક્ષુપ. **St.** *periplocifolium* **(Desf.) A. Juss.** સુંદર પીળાં ફૂલ માટે વાવવામાં આવતો ક્ષુપ.

**still.** નિસ્યંદન અથવા આસવન માટે પ્રવાહી અથવા અર્ધપ્રવાહીને મૂકવાનું પાત્ર, આસવન પાત્ર. (૨) શાંત, સ્થિર. (૩) શાંત કે સ્થિર કરવું. **st. birth.** મૃતાવસ્થામાં બચ્ચાનો થતો જન્મ. **st. born.** મૃત જન્મેલું, મૃત પ્રસવ, જન્મ સમયે મૃત (બચ્ચું).

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**stilt roots.** અવલંબન મૂળ.

**stimulant.** ઉત્પ્રેરક, ઉત્તેજક, ઉત્તેજના કરનાર. **stimulation.** ઉત્પ્રેરણા, ઉદ્દીપન. **st. of demand.** માગને ઉત્તેજન. **stimulative parthenocarpy.** ઉત્તેજિત અપરાગફલન. **stimuli** (બ.વ.) **stimulus** (એ. વ.). ઉત્તેજન, ઉદ્દીપન, ઉત્પ્રેરણ; સક્રિયતા કે શક્તિને ઉત્તેજિત કરનાર વસ્તુ. **st. of milking.** દુગ્ધસ્રાવ – ઉત્પ્રેરણા.

**sting.** દંશ, ડંખ. (૨) ચોક્કસ વનસ્પતિનો સ્પર્શ કરતાં આવતી ખંજવાળ. (૩) કેટલાંક જંતુનો તીક્ષ્ણ અંગથી થતો વ્રણ. (૪) અંડસ્થાપક અથવા જંતુના મુખાગ્રતા કારણે ફળની છાલમાં પડતું કાણું. (૫) વીંછી અને મધમાખનાં પૂંછડે, મચ્છરના માથા પર, કાનખજૂરા જેવા શતપાદ પ્રાણીના નહોરમાં હોય છે તેવું નલાકાર, તીક્ષ્ણ અણીવાળું અને કેટલાંક જંતુઓ અને પ્રાણીઓની વિષગ્રંથિની સાથે જોડાયેલું શસ્ત્ર. **stingless bee.** ડંખ વિનાની મધમાખ.

**stink.** બદબો, ખરાબ વાસ, દુર્ગંધ. (૨) ખરાબ વાસ કે દુર્ગંધ મારવી.

**stion.** સંયુક્ત રીતે ઊગતાં સ્કંધ અને કલમાંકુરવાળી વનસ્પતિ. **stionic.** સંયુક્ત રીતે ઊગતાં સ્કંધ અને કલમોવાળી (વનસ્પતિ).

**Stipa** *sibrica* **(L.) Lamk.** ચીડનાં વનમાં ઊગતું ઘાસ, જે વિપુલ પ્રમાણમાં થાય છે કેમ કે તેના ઝેરી પ્રકાર વિષે પશુઓ જાણકાર હોય છે.

**stipate.** ગીચ.

**stipe.** વૃંત અથવા પ્રકાંડ. (૨) સ્ત્રી-કેસરનાં વૃંત જેવો ટેકો. (૩) બિલાડીના ટોપ અથવા ફૂગનો વૃંત – દાંડી.

**stipel.** સંયુક્ત પર્ણમાં પાનના તલ પર થતું દ્વિતીયક ઉપપર્ણ. **stipular thorn.** ઉપપર્ણીય કંટક. **stipulate.** ઉપપર્ણીય. **st. leaf.** ઉપપર્ણીય પર્ણ. **stipule.** ઉપપત્ર, ઉપપર્ણ, અનુપત્ર. (૨) પર્ણદંડના તલ પર જોડીમાં થતો બહિરુદ્ભેદ. (૩) પર્ણદંડના તલ પર પર્ણ સદૃશ કે ત્વચારૂપ થતો પ્રવર્ધ, જે ઘણીવાર તંતુ અથવા કંટક જેવો હોય છે.

**stirpiculture.** વિશિષ્ટ પશુધન કે વનસ્પતિ પ્રકારનું સંવર્ધન.

**stirps.** પ્રાણી વિજ્ઞાનમાં વર્ગીકૃત કરવામાં આવતો એક સમૂહ.

**stirrer.** વલોવવા માટેનું સાધન, વલોણું. **stirring rod.** વલોવવા – હલાવવા માટેનો દંડ.

**stirrup.** પેંગડું, ઘોડેસવારનો પગ રાખવા માટેની જીનની સાથે ચામડાના પટાથી જોડાયેલી લોખંડની પાયદાની.

**stir the soil.** કોઈ સાધનની મદદથી ધરતીના ઉપલા પડને ઉપર નીચે કરવું, જેથી તેની ભૌતિક સ્થિતિ સુધરવા પામે, વધારે પ્રમાણમાં વનસ્પતિનાં મૂળ સુધી હવા પ્રવેશી શકે, ધરતીમાં ભેજ જઈ શકે. નકામા અને હાનિકારક ઘાસપાત પર નિયંત્રણ મૂકી શકાય અને માટી અથવા જમીનનાં જંતુઓને ખુલ્લાં કરી શકાય.

**Stizolobium** *deeringianum* **Bort.** આવરણ તરીકે ઉપયોગમાં લેવામાં આવતો શાકીય વેલો, જે ખાતર અને ઘાસચારા માટે પણ ઉપયોગી બને છે.

**stock.** મૂળધારી વનસ્પતિ, જેના પર કલમ કરવામાં આવે છે; સ્કંધ, કલમ સ્કંધ. (૨) પશુધન, પાલતું કૃષિ ઉપયોગી પ્રાણીઓ. (૩) પ્રજનન માટે કાપ કરી શકાય તેવો વનસ્પતિનો ભાગ. (૪) વનસ્પતિનો મુખ્ય પ્રકાંડ, થડ. (૫) હથિયાર, ઓજારના કાર્યકારી ભાગનો હાથો. (૬) કાચો માલ કે તૈયાર માલનો સ્રોત. (૭) લઈ શકાય તેવો માલ. (૮) પ્રકંદ કે મૂળનું ભૂમીય પ્રકાંડ, મૂળ વૃંત. **st. account.** માલ સામાનની વહી, જેમાં મેળવેલા અને વાપરેલા માલનો હિસાબ રાખવામાં આવે છે. **st. breeder.** પશુધન સંવર્ધક. **st. broker.** બીજા માટે દલાલીથી લે-વેચ કરનાર દલાલ, શેરદલાલ. **st. cutting.** પ્રકાંડને કાપ મૂકવાની ક્રિયા. **st. feed.** પશુ માટે ખાસ તૈયાર

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરેલો કે તેમના માટેનો ખોરાક. **st. figure.** ચોક્કસ જળાગરમાં રાખી શકાય તેવી માછલીઓની સંખ્યા. **st. food.** પશુની તંદુરસ્તી અને જોમ વધારવા માટે વિવિધ પ્રકારનાં પશુ આહાર, ખનિજ દ્રવ્યો અને ઔષધીય સંયોજનોનું મિશ્રણ. **st. mortgage.** મિલકતગીરો. **st. scion compatibility.** સ્કંધ અને અંકુર જોડાણ, જેમાં અંકુરનો પ્રકાર સ્કંધની સાથે મેળ સાધે છે. સ્કંદ અને અંકુર વચ્ચે મેળ. **st. seed.** વ્યાપારી ધોરણે બી ઉત્પન્ન કરવા માટે વાવવામાં આવતાં બી. **st. solution.** સંકેન્દ્રિત સંઘા-જન, જેમાં થોડું થોડું લઈ તેને જરૂર પડે મંદ કરી છાંટવામાં આવે છે; મૂળ સંયો-જન. **st. vaccine.** જેની રોગ પ્રતિ-રક્ષા કરવાની હોય તે સિવાયના અન્ય પ્રાણીમાથી અથવા સંવર્ધનમાંથી જંતુ મેળવી તેની બનાવવામાં આવતી રસી. **st. yard.** પશુઓને રાખવાનો વાડો, પશુ-વાડો. **st. y. fever.** રક્તસ્રાવિત જીવાણુ-રક્તતા. **stocking.** ચોક્કસ સમયે એકમ વિસ્તારદીઠ પશુધનની સાપેક્ષ સંખ્યા. (૨) પ્રાણીની ગીચતા, વનપ્રદેશમાં વૃક્ષોની ગીચતા. **st. pond.** માછલીઓ રાખવા માટેનો ૭ ફૂટ ઊંડા પાણીવાળું $^1/_3$ એકર કે તેથી વધારે વિસ્તાર આવ-રતું જળાગાર. **stocky.** બાંધી દડીનું જાડું અને ભારેખમ.

**stolon.** ભૂસ્તરી. (૨) વડવાઈ જેવો વિરોહ. (૩) લંબાયમાન બનેલું પ્રકાંડ, જેનો અગ્રભાગ મૂળ બનવાની ક્ષમતા ધરાવે અને જેમાંથી વાનસ્પતિક રીતે નવો છોડ ઊગી નાકળે. (૪) મૂળ સદૃશ સરકતી વૃદ્ધિ. (૫) પ્રકાંડના તળ ભાગે જમીનમાં થતો અંકુર, જે લાંબી, ટૂંકી અને ભૂગર્ભીય શાખારૂપે સમાંક્ષતિજ વૃદ્ધિ પામે છે. **stoloniferous.** વિરોહની માફક વધતો કે ફેલાતો (વનસ્પતિનો ભાગ).

**stoma** (એ.વ.). **stomata** (બ.વ.). નાનું છિદ્ર – રંધ્ર. (૨) પર્ણરંધ્ર. (૩) વન-સ્પતિના અધિચર્મમાં ખાસ કરીને પાંદડાંના પાછલા તળમાંનું સૂક્ષ્મ છિદ્ર, જેની પ્રકાશ સંશ્લેષણ, ઉત્સ્વેદન અને શ્વસન માટે જરૂર પડે છે. (૪) બે હરિતપર્ણીય રક્ષક – કોષથી આવૃત બાહ્યત્વચાનું છિદ્ર, આ રક્ષક-કોષ છિદ્રની ઉઘાડ – વાસને શક્ય બનાવે છે, જેથી બાહ્યવાતાવરણના તથા અંતઃસ્થ વાયુઓની આપ-લેને શક્ય બને છે. **st., water** જલરંધ્ર. **stomatal transpiration.** રંધ્રીય ઉત્સ્વેદન – બાષ્પોત્સર્જન. **stomatitis.** મુખ-કોપ, મુખશોથ; મોંમાં ચાંદાં પડવા. હાઈ-સોલ્ઢ, એમોનિયા, ક્લોરલ હાઈડ્રેટ, કાર્બો-લિક એસિડ અને ટર્પેન્ટાઈન જેવાં દાહ કરે તેવાં ઔષધો અથવા દ્રવ્યોનું અંતર્ગ્રહણ કરવાથી મોંમાં સોજા આવે છે અને તેમાં ચાંદાં થાય છે. આવા પ્રકારનું દર્દ અથવા રિબોફ્લેવિનનો અભાવ મોંખરવાસાના રોગનાં સૂચક છે. **stomium.** મોં.

**stomach.** જઠર; પૃષ્ઠવંશીય પ્રાણીઓમાં અન્નનળીનું કોથળી જેવું અંગ, જે પાચન-ગુહાનું કામ કરે છે. (૨) સાચાં વાગોળ-નાર પ્રાણીમાં તેનાં પ્રથમ, દ્વિતીય, તૃતીય અને ચતુર્થ અથવા સત્ય આમાશય એવા ચાર ખંડો પડે છે. (૩) પક્ષીઓનું ગ્રંથીય પૂર્વજઠર અને પક્ષ્મરનાયવીય જઠર. **st. ball.** પ્રાણીના જઠરમાં વાળ, તંતુમય દ્રવ્યો ઇ.નો ગોળારૂપે બની રહેતો અપાચિત જથ્થો. (૨) પ્રાણીઓ પોતાના કે અન્યના શરીરને ચાટવાથી પેટમાં વાળ જઈ ગોળાનું રૂપ ધારણ કરે તેવો વાળનો જથ્થો. **st. bot** ઘોડાના શરીરમાં થતો કીટ. જુઓ *horse stomach bot.* **st. fluke.** *Amphistome*નું વાગોળનાર પ્રાણીના પ્રથમ આમાશય અને યકૃતમાં રહેતું શંકુ આકારનું જંતુ, જેથી સુસ્તી આવે છે અને જડબા હેઠળ સોજો ચડે છે. **st. insecticide.** પાચન માર્ગમાં લેવાથી અસરકારક બનતું, જંતુનાશક રસાયણ. **st. poisons.** જંતુઓ દ્વારા અંતઃક્ષેપ – અંતર્ગ્રહણ થવાથી રસાયણોની થતી વિષમય અસર. (૨) કીટ, જંતુઓ ઇ.ના નિયંત્રણ માટે ઉપયોગમાં લેવામાં આવતો

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભૂકો, છંટકાવ અથવા કીટને લોભાવનાર દ્રવ્ય. લેડ આર્સેનેટ, કેલ્શિયમ આર્સેનેટ, બેન્ઝીન હેક્ઝાક્લોરાઈડ, ડીડીટી : આ સૌ જંતુનાશક સામાન્ય રસાયણો છે. **st. tube.** સારવાર માટે પ્રાણીઓના પેટમાંનાં દ્રવ્યોને દૂર કરવા અન્નનળી અથવા નાસા માર્ગમાંથી જઠરમાં દાખલ કરવામાં આવતી નળી – ટ્યૂબ. **st. worms.** *Trichostrongyles.* નામનાં વાગોળનાર પ્રાણીના ચતુર્થ આમાશયમાં પરજીવીઓ સમેત પ્રમાણમાં નાનાં સૂત્ર જેવાં કૃમિ, જે જઠરની દીવાલની ત્વચાને આળી બનાવે છે, લોહી ચૂસે છે અને પાચનક્રિયામાં અંતરાયરૂપ બને છે. જે પ્રાણીના પેટમાં આ રીતે કૃમિ પડ્યાં હોય તેમને રક્તક્ષીણતાનો રોગ થાય છે અને નીચલા જડબા અને પેટ પર સોજા આવે છે. **stomachic.** જઠર – ઉત્તેજક અથવા જઠર ટૉનિક. (૨) જઠરરસનો સ્રાવ ઉત્તેજિત કરી ખોરાકનું પાચન કરવામાં સહાયભૂત બનનાર.

**Stomopteryx** *nerteria* **M.** ભોંયસિંગનાં પાન કોરનાર કીટ.

**Stomoxys** *calcitrans* **(L.).** તબેલામાં થતી નાની માખ.

**stone.** પથ્થર. (૨) ધરતીથી વિખૂટા પડેલા શૈલનો ગમે તે આકારનો – મોટા આકારનો ન હોય તેવો ટુકડો. (૩) જમીનની ઉપર કે તેની અંદર શૈલનો છૂટો ટુકડો. (૪) જમીનના સર્વેક્ષણ નકશામાં 10 ઇંચના વ્યાસ કરતાં મોટો પણ 15 ઇંચ કરતાં લાંબો ન હોય તેવો શૈલ ખંડ. (૫) ગોટલો, ગોટલી, અષ્ઠિ, અષ્ઠિલા, ઠળિયો, કેરી જેવા ગરવાળા ફળનું કઠણ બી. **st. cell.** અષ્ઠિ કોષ; વનસ્પતિની દેહ રચનામાં વિકૃત દૃઢોતક કોષ, જે ટૂંકા, લગભગ સમવ્યાસી અને ભારે લિગ્નીભૂત દીવાલવાળો હોય છે. **st. crop.** પથ્થરચટ્ટા. **st. fruit.** અંતઃકોષાવરણવાળું ફળ, અષ્ઠિફળ; સખત અંતરાવરણવાળું ફળ. **st. lime.** કેલ્શિયમ ઑક્સાઈડ. **st. trap.** પથ્થર – પિંજર. **stoniness.** પીઅરની માફક દાણાદાર કોષનો વિકાસ. **stony tissue** પાષાણ પેશી, (પથ્થર જેવી) સખત – કઠણ પેશી.

**stool.** વનસ્પતિના મુગટમાંથી કે તેના પ્રકાંડમાંથી ઘણા પ્રરોહનો વિકાસ થવો. (૨) પાદપીઠ, સ્ટૂલ. **st. layering.** *mound layering* નામની સકૃજનના પ્રરોહ અંગેની એક પ્રક્રિયા. **st. shoot.** થડ પર વર્ણિત કેલસની પેશીની કળીમાંથી ઊગતો પ્રરોહ. **stooling.** પ્રરોહનું નીકળવું.

**stop bud.** મુગટ કલિકા.

**storage.** સંગ્રહ; વનસ્પતિનાં મૂળ જેમ પોષક દ્રવ્યો ઉપયોગમાં આવી શકે તેવી પરિસ્થિતિમાં કોઈ પદાર્થને સંઘરવા, સાચવવા કે અનામત રાખવા. (૨) ભાવિ વેચાણ કે ઉપયોગમાં, શીતાગારની જેમ પેદાશોનો કરવામાં આવતો સંગ્રહ. **st. battery.** સંગ્રાહક બેટરી. **st. bin.** કોઠી. (૨) કૃષિ પેદાશોને સંઘરી રાખવા માટેનો ખંડ, ઓરડો, પાત્ર કે સંરચનાત્મક સ્થાન, કોઠાર. **st. chamber.** સંગ્રહકક્ષ. **st. organ.** વનસ્પતિનું ગમે તે અંગ, જેમાં ખાદ્ય દ્રવ્યોનો સંગ્રહ થતો હોય. **st. stock.** સંગ્રહિત માલ. **store.** ભાવિ ઉપયોગ માટે કોઈ જગ્યામાં સલામત રીતે પેદાશને સંઘરી રાખવી. (૨) ભંડાર, સંગ્રહનું સ્થાન. **st., grain** ધાન્ય ભંડાર, ધાન્ય ગોદામ. **storing.** કોઠારમાં માલ ભરવો.

**storm.** તોફાન, ઝંઝાવાત. **st. flow.** તોફાનમાંથી પ્રવાહ. **stormy fermentation.** પ્રવાતી આથવણ.

**stove.** ચૂલો.

**straggler.** અનિયમિત રીતે ઊગતી વનસ્પતિ અથવા તેની શાખા.

**straight.** સીધું, સરળ. **st. chain.** સીધી – સરળ સાંકળ – શૃંખલા. **st. run.** ઈંડાને વર્ગીકૃત કર્યા વિના તેમનું કરવામાં આવતું વેચાણ. (૨) લિંગભેદ પરખાયા વિનાનાં મરઘીનાં બચ્ચાં.

**strain.** તાણ, ખેંચ, ભારે દબાણ. (૨)

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વધારે પડતું કામ લેવાયેલા યંત્રની અવસ્થા. (૩) એક સમાન વંશના જાતિ કે પ્રકારથી વર્ગીકરણની દૃષ્ટિએ જુદી ન હોય તેવી વનસ્પતિનાં સમૂહ, જે ઉત્પાદકતા, જોમ, હિમ, કડી, રોગ ઇ.નો સામનો કરવા જેવા ગુણધર્મોની દૃષ્ટિએ કે પરિસ્થિતિકીય દેહધર્મીય લક્ષણોથી અન્યથી અળગા પડતા હોય. (૪) એક જ ઓલાદમાંથી ઊતરી આવેલાઓનો સમૂહ, એ જ ઓલાદના અન્ય સભ્યો કરતાં એક અથવા વધુ લક્ષણોથી અલગ પડતા હોય. (૫) જાતિ અને પ્રકારમાં અન્યથી જુદો પડતો સજીવ કે સજીવનો સમૂહ. (૬) વિષાણુનો એક પ્રકાર, જેનાં ગુણધર્મો અને વર્તાવ તેના પ્રકારની સાથે સંબંધ ધરાવતાં હોય, જેથી તેને અલગ તારવીને પારખી શકાય. (૭) ઝીણા કપડાથી કોઈ પ્રવાહીને ગાળવું. (૮) પ્રભેદ. (૯) એક જ અલગીકરણની પેઢી ધરાવતું જીવાણુનું શુદ્ધ સંવર્ધન. **strained.** ગાળેલું, ચાળેલું. (૨) જાળી અથવા અન્ય માધ્યમ દ્વારા ગાળી ઘન દ્રવ્યોથી છૂટું પાડેલું (પ્રવાહી). **strainer.** ચાળણી, ગળણી. (૨) શુદ્ધીકરણ માટે કે ઘનદ્રવ્યથી પ્રવાહીને અલગ પાડવાનું સાધન.

**strand.** દોરી અથવા તંતુ, સુતર, તાર ઇ.ના ઘટકો કે જેને વળ આપીને અથવા વણીને દોરડું, કેબલ, તાર ઇ. બનાવી શકાય. (૨) સૂત્રક. (૩) પુષ્પતંત.

**strata** (બ.વ.). **stratum** (એ.વ.). કોષ અથવા પેશી જેવા પડ – સ્તર. (૨) ખડકના સ્તર. (૩) જમીન પર વનસ્પતિના ઊભા થર. **straticulate.** ભૂ–વિજ્ઞાનમાં પાતળા સ્તરમાં ગોઠવેલું. **strtification.** સ્તરવિન્યાસ, સ્તરીકરણ. (૨) 35°થી 45° ફે. ઉષ્ણતામાનમાં એકાંતર સ્તરમાં અથવા સુષુપ્તતા દૂર કરવા ભેજવાળી રેતીમાં બીને સંઘરવાની પદ્ધતિ. **stratified rock.** સ્તરિત શૈલ, સ્તરરૂપમાં ખડક. **stratify.** થર, પડ અથવા સ્તરમાં ગોઠવવું, સ્તરીકરણમાં બીને ઉદ્‌ભાસિત કરવાં.

**stratus.** વાદળનું સતત સમક્ષિતિજ પડ.

**straw.** ઉપણ્યા બાદ અનાજના પાકના બાકી રહેતા સાંઠા, ઘાસ, પરાળ ઇ. **st., rice** ડાંગરની પરાળ – ઘાસ. **st. binder.** ઘાસના પૂળાને બાંધનાર. **st. carrier.** ઘાસવાહક. **st. rack.** ઘાસ રાખનાર. **st. spreader.** ઘાસ પ્રસારક. **st. stacker.** ઘાસ – સંગ્રાહક. **strawed.** ઘાસવાળું.

**strawberry.** પ્રકાંડ વિનાની *Fragaria* પ્રજાતિની દીર્ઘાયુ શાકીય વનસ્પતિ, જેને તેનાં રસાળ ફળ માટે વાવવામાં આવે છે, આનાં અનેક પ્રકારો હોય છે. **st. clover.** ઘાસચારા માટે વાવવામાં આવતી *Trifolium fragiferum* **L.** નામની વનસ્પતિ. **st. guava.** જામફળ. **st. virus disease.** સ્ટ્રોબેરીને થતો વિષાણુજન્ય રોગ, જેમાં તેનાં પાન પીળાં પડી વળી જાય છે અને તેના ઉપર બદામી ડાઘ પડે છે.

**streak.** વર્ણરેખા. (૨) ખનિજના ભૂકાનો રંગ. **streaked canal.** દૂધ દોહતા આંચળના નીચેના ભાગની વાહિની (માંથી નીકળતું દૂધ). (૨) રેખાનલિકા.

**stream.** પ્રવાહ, કુદરતી અથવા કૃત્રિમ નહેરમાં વહેતું પાણી. (૨) નાળચામાંથી નીકળતું પાણી. (૩) પવન, હવા, પાણી, દ્રવ્યો ઇ.નો ચાલુ પ્રવાહ. **st. bank.** પ્રવાહની બેમાંથી એક બાજુ. કિનારો, કાંઠો. **st. b. erosion.** ઝડપી પ્રવાહના કારણે પ્રવાહ, ઝરણા કે નદીના કિનારાનું થતું ધોવાણ કે ઘસારો, જેમાં કિનારાની બાજુ કોરાઈ જાય અને પ્રવાહ ધીમો પડતાં ઘસડાઈ આવેલાં કાંપ, માટી અને પ્રવાહવાહિત અન્ય દ્રવ્યોનો કિનારા પર નિક્ષેપ થાય, પ્રવાહોના માર્ગ સરળ ન રહેતાં વાકાંચૂકાં બને, જેથી જમીનના નાના નાના ટુકડા પડી જાય, નાના દ્વીપો કે બેટો બને. ધોવાણક્ષમ કિનારા પર વનસ્પતિને ઉગાડીને અથવા યાંત્રિક યુક્તિ દ્વારા ધોવાણ પર કાબૂ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મેળવી શકાય. **st. b. management.** પ્રવાહના બંને કિનારા પરની વનસ્પતિનો વિકાસ અને તેનું સંરક્ષણ. **st. erosion.** કુદરતી કિનારાને તોડતું નદી અથવા પ્રવાહના ઘસારાના કારણે થતું ધોવાણ. **streaming.** પ્રવાહિત. **st. movement.** પ્રવાહગતિ. **st. double refraction.** કલિલ કણોનું પ્રકારાના સ્રોતની દિશામાં લંબકોણે થતું વક્રીભવન.

**Streblus** *asper* **Lour.** [Syn. *Epicarpurus orientalis* **Blume**]. ખરોટી નામનું પંજાબ, ઉત્તર પ્રદેશ, પ. બંગાળ, બિહાર અને દ. ભારતના બંને કિનારા પર થતું ઝાડ, જેનાં ફળ ખાદ્ય છે અને જેનાં પાનનો ઉપયોગ હાથીદાંત અને લાકડાંને પોલીસ કરવામાં થાય છે.

**strength.** સામર્થ્ય. (૨) બળનો વિરોધ કરવાની ક્ષમતા. (૩) શારીરિક અથવા સ્નાયવીય શક્તિ, બળ, જોમ. (૪) પ્રવાહી અથવા અન્ય દ્રવ્યની શક્તિ, પ્રમાણ શક્તિ. **strengthening tissue.** બળદાયી પેશી.

**Streptococci** (બ.વ.). **Streptococcus** (એ.વ.). માલાગોલાણુ, સૂક્ષ્મ ગોળાકાર જીવાણુ, એક જ તળમાં ગને વિભાજન પામ્યા વિના સંલયનથી પ્રજનન પામતા ગોલાણુ, જે આ પ્રક્રિયા દ્વારા માળા – સાંકળ – શૃંખલા જેવું રૂપ ધારણ કરે છે અને જે પ્રકારના અનેક પ્રાણીરોગોના ઉત્પાદક બને છે. આમાંના કેટલાક માલ ગોલાણુઓનો ચીઝ બનાવવા માટે ઉપયોગ કરવામાં આવે છે. **St. lacticus.** લેક્ટિકસ નામના માલા ગોલાણુ, દધી માલાગોલાણુ. **St mastitis.** સ્તનકોપ – આંચળ પર સોજો લાવવા માટે જવાબદાર માલાગોલાણુ. **st. infection.** માલાગોલાણુથી થતો ચેપ – સંક્રમણ.

**streptomyces.** સ્ટ્રેપ્ટોમાઈસીસ નામના સજીવ. **St.** *rimosus.* ટેરામાઈસીન અને ટેટ્રાસાઇક્લિન નામના પ્રતિજૈવ ઔષધ બનાવવા માટે ઉપયોગમાં લેવામાં આવતા સજીવ. **St.** *scabies.* એક સજીવ જે બટાટામાં રોગ પેદા કરે છે.

**streptomycin.** એક્ટિનોમાઈસીસ (સ્ટ્રેપ્ટોમાઈસીસ) જેવા કેટલાક સૂક્ષ્મ સજીવોથી પેદા થતો જીવાણુરોધક કારક, જે વનસ્પતિમાં થતા કેટલાક પ્રકારના રોગોની સામે ખોરાકના પૂરક તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે.

**stress.** ભાર, દબાણ, બલાઘાત.

**stretched.** ખેંચેલું, કર્ષિત.

**stria** (એ.વ.). **striae** (બ.વ.). સપાટી પરનું રેખાકાર ચિહ્ન, પટો, સીધી કિનારી અથવા ધાર, ચાસ દા. કાંઠી – મંડકણ પરની રેખા. **striated.** સમાંતર, સાંકડી રેખા અથવા ખાંચ ધરાવતું, રેખિત, રેખાંકિત. **st. muscle.** રેખિત સ્નાયુ. **striations.** કાષ્ઠની કોષ દીવાલમાં ઝીણાં રેખિત ચિહ્નો, રેખાંકન.

**Strickland's gum.** *Eucalyptus stricklandi.* નામનું ભારતના સૂકા વિસ્તારોમાં વાવવામાં આવતા યુકેલિપ્ટસના ઝાડનો એક પ્રકાર, જેની છાલ ખરબચડી છે, કાષ્ઠ બળતણ તથા ટેકા માટે ઉપયોગી બને છે.

**stricture.** શરીરમાં વાહિનીમાં અસાધારણ પેશીના સંકેન્દ્રણ કે નિક્ષેપથી થતો અસાધારણ સંકોચ. (૨) ટીકા.

**striga.** તારફૂલ, રાતો આગિયો; *Striga lutea* **Lour.** [Syn. **St.** *asiatica St. euphrasoides*]. નામની જાણીતી વર્ષાયુ પરજીવી વનસ્પતિ, જે જુવાર, બાજરી, મકાઈ શેરડી અને અન્ય તૃણવર્ગીય વનસ્પતિ પર પરજીવી બની રહે છે અને તેનાં વૃદ્ધિ – વિકાસને કુંઠિત બનાવે છે. આ પરજીવી વનસ્પતિ તેનું મોટા ભાગનું જીવન જમીન પર અને શેષ ભોંયભીતર ગાળે છે.

**strigose.** રૂક્ષ રોમી, રૂક્ષ વાળવાળું, કડક વાળ ધરાવતું.

**strike root.** જમીનના તળ પર અથવા તેની સહેજ નીચે પ્રધાન મૂળમાં પાશ્વ'

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મૂળ, મુગટ પ્રકાંડ ઇ. ફૂટવાં – ઊગવાં. **st. stage.** પ્રકવાવસ્થા. **striking.** મૂળ નીકળવું – ફૂટવું, મૂળનું ઊગવું. (૨) ઊગવું.

**string beans.** ફણસી.

**stringiness.** રેસાદાર. **stringy.** દોરી, રેસા કે તંતુ જેવું. (૨) કેટલીક શાકભાજીમાં અથવા ફળમાં જોવામાં આવતાં તંતુમય (રેસા). **st. milk.** ચેપવાળા આંચળમાંથી દોહેલા દૂધમાં જણાતાં દોરી જેવાં ઘન દ્રવ્યો.

**strip.** પટ્ટી, પટ્ટો. (૨) જમીનની પ્રમાણમાં સાંકડી પટ્ટી. (૩) દોહવાના દૂધની સેર, ધાર. (૪) આંચળમાંથી મોટા ભાગનું દૂધ દોહી લીધા પછી દૂધની પતી છેલ્લી ધાર, સેર. **st. a cow.** (ગાયના) આંચળમાંથી છેલ્લી ધાર સુધી દૂધ દોહી લેવું. **st. cropping.** પટ્ટીદાર ખેતી; વ્યવસ્થિત પટ્ટામાં વાવણી કરવી. (૨) પવન અને/અથવા પાણીનો ઘસારો અટકાવવા માટે હાથ ધરવામાં આવતી પટ્ટાની ખેતી. **st. cup** પ્રાણી માદાના આંચળને લાગેલા સોજા કે અન્ય પ્રકારના ચેપની પરીક્ષા કરવા, પ્રથમ દૂધ લેવા માટેનો તારની જાળીવાળો પ્યાલો. **st. c. test.** કાળા કપડા અથવા તારની જાળીવાળા પ્યાલામાં દૂધની બે અથવા ત્રણ ધાર દોહવી, જેથી પ્યાલાના આવરણ પર, આંચળના રોગની કસોટી – પરીક્ષા કરવી સુગમ પડે અને ઘન દ્રવ્ય મળી આવે. **st. farming.** જળધોવાણથી રક્ષણ મેળવવા મોટાં ખેતરો કે લાંબા ઢોળાવ પર કરવામાં આવતી સોપાન ખેતી. **st. grazing.** ચક્રીય ચરાણ. **st. sowing.** કછેરગૃહોની પદ્ધતિ અનુસાર વાવણી કરવી. (૨) થોડું થોડું અંતર છોડીને બી વાવવાં, જેથી બી નકામાં ન જાય અને ઘાસપાતને દૂર કરવાનું સરળ બને. **stripe.** એક સરખી પહોળાઈ ધરાવતી અને પાસેની જમીનના રંગ કે પોતથી અલગ પડી જતી રેખા અથવા સાંકડી પટ્ટી. **striped feather,** કિનારીના રંગ કરતા જુદા રંગનું લાંબું પીંછું.

**stripping.** હાથથી દુધાળાં ઢોરને દોહવાની ક્રિયા; જેમાં આંચળનો ઉપરનો ભાગ હથેલીમાં લેવામાં આવે છે અને તર્જની આંગળીથી આંચળને ધીમે ધીમે નીચેની તરફ દબાવતા જઈ ને દૂધની સેર મેળવવામાં આવે છે. (૨) પ્રત્યેક આંચળમાંથી દૂધની છેલ્લી સેર દોહવી. (૩) કૃત્રિમ ફલીકરણ માટે માછલીની પ્લીહા કે અંડકોષને દબાવવા. (૪) વાવણી કરવા અગાઉ નકામાં ઘાસપાત અને અન્ય દ્રવ્યોને દૂર કરવાં. (૫) વનસ્પતિ પરથી નકામાં પાંદડાં અને/અથવા વનસ્પતિના અન્ય ભાગોને દૂર કરવાં. (૬) છોલવું, છાલ ઉતારવી.

**striped crotalaria.** શણ, આવરણ પાક અથવા લીલા ખાતર માટે ઉપયોગી બનતી *Crotalaria mucronata* **Desv.** [Syn. *Cr. striata* **DC.**]. નામની વનસ્પતિ.

**Strobianthes** *callosus.* કારવી નામની વનસ્પતિ. **St.** *heyneanus* **Nees.** આકરા, ઈટરી નામની વનસ્પતિ. **St.** *ixiocephalus* **Benth.** દરમોડી નામની વનસ્પતિ.

**strobila.** માથું, ગરદન અને ખંડો ધરાવતો પુખ્ત ફીતાકૃમિ.

**strobile.** પાઈન–ચીડ વૃક્ષનો શંકુ.

**strobilus.** પુંકેસર અને સ્ત્રીકેસરનો ઘટ્ટ પ્રરોહ. (૨) કેટલીક વનસ્પતિમાં શંકુ – આકારની પ્રજનનક્ષમ સંરચના

**stroke.** ધક્કો, તાણ અથવા લકવાનો એકાએક અને સખત લાગતો ધક્કો.

**stroma.** ઘનકાય. (૨) બીજાણુ ધરાવતા કવકસૂત્રનો જથ્થો.

**Stromatium** *barbatum* **Fabr.** નામનો ખટમધુરાં ફળોને લાગુ પડતો મોટો કીટ, જે આ ફળઝાડને ભારે હાનિ પહોંચાડે છે.

**strong.** જલદ, મજબૂત, **st. acid.** જલદ ઍસિડ, ઉચ્ચ આયતીકરણ, સ્થિરાંક ધરાવતો ઍસિડ. **st. cotton.** કાંતવામાં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સારાં પરિણામ આપતું સખત રૂ, જે નરમ, અનિયમિત અથવા લહેરદાર રેસાવાળું હોતું નથી. **st. electrolyte.** પ્રબળ વિદ્યુત વિભાજ્ય. **st. fleece.** ઘેટાના સમગ્ર શરીર પર થતું એક સરખું અને ગાઢું ઊન. **st. flour.** સખત ઘઉંનો રોટલા બનાવવામાં ઉપયોગી બનતો લોટ.

**strongyle worms.** ઘોડા અને અશ્વવર્ગનાં અન્ય પ્રાણીઓના આંતરડાંની દીવાલને હાનિ કરતા, આ પ્રાણીઓનું લોહી ચૂસતા, અતિસાર, રક્તક્ષીણતા અને થાક લાવતા કૃમિ.

**Strophanthus** *gratus* **(Hook) Franch.** શોભા માટે ઉગાડવામાં આવતો વેલો.

**strontium.** સ્ટ્રોન્શિયમ; વનસ્પતિ અને જમીનમાં જોવામાં આવતું કૅલ્શિયમ સમૂહનું દ્વિસંયોજક ધાત્વીય તત્ત્વ, જેને વનસ્પતિનાં વૃદ્ધિ અને વિકાસ માટે બહુ મહત્ત્વનું ગણવામાં આવતું નથી.

**structural** સંરચનાનું – ને લગતું, સંરચનાકીય. **st. formula.** સંરચનાત્મક સૂત્ર. **st. hybrid.** સંરચનાત્મક સંકર. **st. isomerism.** ઘન ઘટકાત્મક, સંરચનાત્મક સમાવયવી. **st. profile.** જમીનની સંરચનાત્મક પરિચ્છેદિકા. **structure.** સંરચના, માળખું, વિન્યાસ. **st., columnar** સ્તંભીય – સ્તંભાકાર સંરચના. **st., crumby** મૃદૂકરણ સંરચના. **st., granular** દાણાદાર – કણદાર સંરચના. **st., prismatic** ત્રિપાર્શ્વીય – પ્રિઝમ જેવી સંરચના. **st. factor.** સંરચનાકારક. **st. of clay colloid.** મૃદાકલિલની સંરચના. **st. of milk.** મેદીય ગોલકો, દુગ્ધશર્કરા, લવણ, એલ્બ્યૂમીન, ગ્લોબ્યુલીન, અને કલિલાવસ્થામાં અથવા સૂક્ષ્મ રીતે વિભાજિત કણ – કેસીન અને કેલ્શિયમ ફૉસ્ફેટ સહિત દુગ્ધગ્રંથિમાંથી આવતું દૂધ. આ ઉપરાંત આંચળમાંથી નીકળતા દૂધમાં ક્યારેક શ્વેતકોષ અને થોડા બિનહાનિકારક જીવાણુ પણ હોય છે; દૂધની સંરચના.

**strychnine.** ઝેરકચોલા – *Strychnos nux-vomica* **L.**નાં બીમાંથી બનાવવામાં આવતું એક ઔષધ, ખૂબ જ કડવા સ્વાદ ધરાવતું ખૂબ જ ઝેરી આલ્કેલોઈડ, જે ઉંદર, ચકલાં ઇ.ને મારવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે. આ ઉપરાંત પણ ઉત્તેજના માટે તેનો ઔષધ તરીકે ઉપયોગ કરવામાં આવે છે. **Strychnos** *colubrina* **L.** ઘાઘરલાકડી. કાનલ, કાજરાવેલ નામની વનસ્પતિ. **St.** *nux-vomica* **L.** ઝેરકચોલુ. ઓરિસા, બિહાર, આન્ધ્રપ્રદેશ અને તામિલનાડુમાં થતું એક ઝાડ, જેનાં બીમાંથી નક્સવોમિકા એટલે ઝેર કચોલાનું ઔષધ બનાવવામાં આવે છે, જે ટૉનિક, ઉત્તેજક દ્રવ્ય તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે, ઉપરાંત તેનો લકવા અને ચેતાતંત્રની ગરબડમાં ઔષધ તરીકે ઉપયોગ કરવામાં આવે છે. પીણાંને માદક બનાવવા તેનાં બી ઉમેરવામાં આવે છે.

**St. Thomas-tree.** જંગલી પીળો ચંપો, પીળો આસુન્દ્રો.

**Stuart.** અનેક પ્રકારની જમીનોને અનુકૂળ બનેલું અખરોટ પ્રકારનું પેકનનટનું ઝાડ, જેનાં કાષ્ઠ ફળ – પેકનનટ મધ્યમથી મોટા કદનાં, મધ્યમ જાડાઈનાં કોચલાવાળાં વહેલાં પાકતાં હોય છે.

**stub.** સ્થૂલ પ્રકાંડ, ડાળી કે મૂળનો આગળ પડતો બુઠ્ઠો ભાગ, ઠૂંઠું. **st. grafting.** ફળ ઝાડનું માળખું બનાવવાની ઉપરોપ કલમની એક પદ્ધતિ; જે ઝાડની કલમ કરવાની હોય તેની 1/4 થી 3 ઇંચ વ્યાસ ધરાવતી પાર્શ્વીય શાખાઓને બાદ કરતાં, બાકીના પાર્શ્વીય પ્રવર્ધોને દૂર કરવામાં આવે છે. ફાચર આકારના સ્કંધ બનાવવામાં આવે છે, જે પાર્શ્વીય શાખાની કલમ કરવાની હોય તેને ઉપરની બાજુએ કાપવામાં આવે છે. પાર્શ્વીય પ્રરોહને નમાવીને કાપને ખુલ્લો કરવામાં આવે છે અને તેમાં તૈયાર કરેલા સ્કંધને દાખલ કરવામાં આવે છે અને દાખલ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરવામાં આવેલા સ્થાન આગળના સ્કંધના પાર્શ્વીય ભાગને કાપવામાં આવે છે. બાદ કાપવાળા ભાગને મીણથી બંધ કરી દેવામાં આવે છે. **stubbing.** સખત કાપકૂપ કરવાના કારણે ઝાડનો ઘસાતો પાછળનો ભાગ. **stubble.** પાકને લણી લીધા પછી પાકનો રહી જવા પામતો તળ ભાગ, ઠંઠું. **st. bottom.** કૃષ્ણભૂમિ. **st. crop.** આગલી મોસમનાં ઠુંઠાંમાંથી થતો પાક. **st. mulch.** બી વાવવા માટે ક્યારી બનાવવામાં આવે ત્યારે અથવા તે અગાઉ, જમીનને તે સ્થાને રહેતાં પાકનાં ઠુંઠાં અથવા પાકના અવશિષ્ટ ભાગો. **st. parer.** ઠુંઠાં કાપનાર.

**stuck yolk.** ઈંડાની દીવાલને જરદી ચોંટી જવા પામી હોય તેવી ઈંડાની સ્થિતિ, જે ઈંડું બગડી ગયું છે તેની નિશાનીરૂપ છે.

**stud.** નર ઘોડો અથવા ઘોડા અને ઘોડીનો ઓલાદ માટે અથવા સવારી, શિકાર અથવા ઘોડદોડની રમત માટેનો સમૂહ. ઓલાદી નર ઘોડો. **st. farm.** ઓલાદી નરના ઉછેર અને ઓલાદ માટેનું ફાર્મ. **st. flock.** ઓલાદના હેતુ માટે ભાવિ-નર ઘેટા મેળવવા માટે ચૂંટેલી ઘેટીનું ધણ. **st. mating.** મરઘા-બતકાના વાડામાં ઓલાદની સુધારણા માટે નર અને માદાના જુદા જુદા વાડા રાખવા, પરંતુ માદાના વાડામાં નરને સંયુગ્મન માટે મોકલવામાં આવે છે, જે હેતુ પતી ગયા પછી નરને પાછો તેના વાડામાં મોકલી દેવામાં આવે છે. **st. ram.** ઓલાદના હેતુ માટેનો ઘેટો.

**stump.** ઝાડને કાપી લીધા પછી બાકી રહેતો તેના તળનો ભાગ, ઝાડનું ઠુંઠું. **st.-to.** વાવવા માટે મૂળ અને પ્રરોહનો છેદ કરવો. **stumping.** કાષ્ઠીય વનસ્પતિ અથવા કાષ્ઠીય ક્ષુપના પ્રરોહના મૂળને ઉગાડવાની પદ્ધતિ, જેમાં જમીનના તળ પરના જુના પ્રરોહને દૂર કરવામાં આવે છે. રૈતી ઇ.નો ઢેર બનાવવામાં આવે છે.

**stunt.** પ્રાણી અથવા વનસ્પતિના પ્રવાહને કુંઠિત બનાવવા; વામન વૃદ્ધિ. **stunted.** અવરોધિત, કુંઠિત. (૨) વામન. **st. growth.** કુંઠિત વૃદ્ધિ.

**stupeous.** લાંબા, ઢીલા ભીંગડાવાળું.

**stupor.** આળસ, સુસ્તી, અંશતઃ બેશુદ્ધિ; ગભરાયેલી અવસ્થા.

**sty.** ડુક્કરનો વાડો, ડુક્કર રાખવાનું સ્થાન, શૂકર શાળા. (૨) લાંબા વાળવાળું, ગુચ્છાવાળું.

**style.** અંડાશય અને પરાગનયન વચ્ચેનો સ્ત્રીકેસરનો લાંબો ભાગ; પરાગવાહિની, સ્ત્રીકેસર ચક્રનો અંડાશય અને પરાગાસનને જોડતો ભાગ. (૨) લાંબું અણિવાળું (ગમે તે સાધન કે ઉપકરણ). **stylet** શૂકિકા.

**stylo.** *Stylosanthes guianesis* **Sw.** નામનું બ્રાઝિલના રજકા તરીકે ઓળખાતું, બિહારમાં ઉનાળામાં ઉગાડવામાં આવતો ઘાસચારો; તે દીર્ઘાયુ, શિમ્બી વર્ગનો, આવરણ માટેની વનસ્પતિ તરીકે પણ ઉપયોગમાં આવે છે; બી વાવીને તેને ઉગાડવામાં આવે છે.

**Styrax** *benzoin* **Dryand.** લુબાન; મૂળ મલાયાનું એક ઝાડ, જેમાંથી ગમ બેન્ઝોઈન મળે છે, અને તેમાંથી બેન્ઝોઈન એસિડ બનાવી શકાય છે.

**Suada** *fruticosa* (**L.**) **Forsk ex Gmel** [Syn. *Chenopodium fruticosus* **L.**]. કેનિયા નકસન, પંજાબ અને રાજસ્થાનમાં થતો ઘાસચારો. **S.** *maritama* (**L.**) **Dumost.** લુણો, લાણું, ખારીલા નામની વનસ્પતિ. **S.** *nudiflora* **Moq.** મોરસ નામની વનસ્પતિ.

**sub** – ઉપ અર્થ - સૂચક પૂર્વગ.

**subacute.** તીવ્ર અને દીર્ઘકાલીન (રોગ વચ્ચેની અવસ્થા).

**subapocarpus.** ઉપવિલગ્ન, પેટા-વિલગ્ન.

**subaerial.** ઉપહવાઈ, ધરતીથી સહેજ ઊંચે (ઊગતું).

**subaborescent.** કંઈક વૃક્ષસદૃશ.

**subartisan well.** ઉપ – પાતાળ કૂવો.

**subbaric rock.** 50 થી 60 ટકા

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સિલિસિલિક ઍસિડવાળો શૈલ.

**subbreed.** મોટા પશુધનની ઓલાદની પેટા-ઓલાદ.

**sub-class.** ઉપવર્ગ. (૨) વર્ગનું પ્રાથમિક વિભાજન.

**sub-climax.** ઉપપરાકાષ્ઠા, ઉપચરમાવસ્થા.

**sub-clinical.** રોગનાં લક્ષણો જણાય તે અગાઉની (રોગાવસ્થા). **s.cl. form.** નૈદાનિક લક્ષણો વિનાની રોગાવસ્થા અથવા રોગનો પ્રકાર.

**subculture.** અનુસંવર્ધન, ઉપસંવર્ધન.

**supcutaneous.** અંતઃ ચર્મીય, અંતઃ ત્વચીય, અંતઃ ત્વચીય; ચામડીની હેઠળ બનતું અથવા રહેતું. **s.c. emphysema.** પક્ષીની ચામડીમાં હવા ભરાવાથી તેનાં અંગો લબડી પડે તેવી અવસ્થા, જેથી પક્ષી ફૂલી ગયા જેવું લાગે, રોગ ગંભીર સ્વરૂપ પકડતાં પક્ષીનું મરણ સુદ્ધાં નીપજે. **s.cu. injection.** અધઃ ત્વચા અંતઃક્ષેપ – ઇન્જેક્શન. **s.cu. oedema.** અધશ્ચર્મ શોથ. **subcutis.** અધશ્ચર્મ, અધઃ ત્વચા, શરીરની અંદરનાં અંગોની સાથે સંલગ્ન ત્વચાની હેઠળની પેશીઓ.

**subdivision.** ઉપ – વિભાગ, ઉપ – વિભાજન.

**subdominant.** ઉપપ્રભાવી.

**suber.** ત્વક્ષા, ત્વક્ષીય પેશી. **suberine.** ત્વક્ષા, કાષ્ઠ દીવાલ પર જામતું જળ – અપ્રવેશ્ય દ્રવ્ય. **suberous.** ત્વક્ષીય, ત્વક્ષા જેવું. **suberose.** જુઓ *suberous*.

**subfamily.** ઉપકુળ.

**subgenous** ઉપ-પ્રજાતિ.

**sub-irrigation.** જમીનનો મૂળ પ્રદેશ આર્દ્ર થાય ત્યાં સુધી પાણીની સપાટી ઊંચી આવે તેટલું ખુલ્લી નાળી ઇ.માં પાણી આપવું.

**subjacent.** અંદર, નીચે રહેલું.

**subkingdom.** (પ્રાણી અથવા વનસ્પતિની) ઉપસૃષ્ટિ.

**sublethal.** અસરની દૃષ્ટિએ ઘાતક અને તેના કરતાં ઓછું.

**sublimated sulphur.** ઊર્ધ્વપાતિત ગંધક.

**sublittoral.** ઉપતટવર્તી.

**submarginal land.** આર્થિક રીતે ઉપયોગમાં લઈ શકાય તેવી ક્ષમતા નહિ ધરાવતી જમીન, ઉપ-ઉપાંત જમીન.

**submaxillary.** જડબાની નીચે આવેલું, અધિહનુ હેઠળનું.

**submerge.** પાણીના પૂરની હેઠળ. (૨) પાણીથી ભરપૂર બનાવવું, ડુબાડવું. **subsmerged plants.** *Hydrilla, Otellia, Vallisneria Potamogeton, Naias* અને *Lagarosiphon* ઇ. જેવી મજ્જિત વનસ્પતિ.

**submicroscopic.** સૂક્ષ્મ:તીત.

**submucosa.** અવશ્લેષ્મકલ.

**subnormal.** સરેરાશ અથવા સાધારણ અપેક્ષા કરતાં ઓછું.

**subordr.** ઉપશ્રેણી; વનસ્પતિ અને પ્રાણીના વર્ગીકરણમાં શ્રેણીની નીચેનો અને કુળની ઉપરનો વિભાગ – કોટિ.

**subplot.** પેટા-ખંડ, પેટા-પ્લોટ.

**subphyllum.** ઉપસમુદાય.

**subsidiary.** ઉપ, ગૌણ, સહાયક. **s. cell.** ઉપકોષ, ગૌણકોષ. **s. crop.** મુખ્ય પાકની સાથે વાવવામ આવેલો બીજો – કે ગૌણ પાક. **s. industry.** સહાયક ઉદ્યોગ. **s. occupation.** સહાયક કે ગૌણ વ્યવસાય.

**subsidy.** નાણાં સહાય, ઉપદાન. (૨) સરકાર તરફથી મળતી આર્થિક મદદ.

**subsistence.** જીવન નિર્વાહ, પ્રાણીજીવન ટકાવી રાખવા જરૂરી બનતાં દ્રવ્યો, ગુજારો. **s. farmer.** ખેતરની એકલી જ માત્ર પેદાશ, જે પર માંડ ગુજારો કરી શકનાર ખેડૂત અને તેનું કુટુંબ.

**subsoil.** અધોભૂમિ. ભૂગર્ભ. (૨) સ્પષ્ટ પરિચ્છેદિકાવાળું જમીનનું 'બી' વર્ગીકૃત સ્તર; ખેડવામાં આવેલી જમીનની હેઠળની જમીન. **s. s. compaction.**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખેડવામાં આવી ન હોય અને હવા મળવાના અભાવે, ઉપરનાં પડોના ભારથી અધો-ભૂમિનું સખત બની જવું. આવી ભૂમિના ભાગ તરીકે જૂનાં મૂળના સડી જવાથી થયેલી નાળીઓ જળવાઈ રહે છે, જેના કારણે પાણીનું અંદર સ્રવણ શક્ય બને છે. **s. s. enrichment.** કાર્બનિક દ્રવ્યો, માટીના ઝીણા કણો અને દ્રાવ્ય લવણો જેવાં દ્રવ્યોથી અધોભૂમિ સમૃદ્ધ રહી શકે છે. **subsoiling.** સાધારણ રીતે 12થી 24 ઈંચ ઊંડાઈએ 2થી 5 ફૂટનું અંતર જાળવી સખત જમીનને છરી જેવા સાધનથી તોડવી.

**subspecies.** ઉપજાતિ; ભૌગોલિક જાતિ. (૨) કોઈ જાતિનો ચોક્કસ વિસ્તારમાંનો ઉપવિભાગ, જે જાતિના અન્ય – ઉપવિભાગોથી વર્ગીકરણ અને જમીન દૃષ્ટિએ ભિન્ન દેખાય.

**substance gene.** દ્રવ્ય, દ્રવ્ય જીન.

**substandard.** માન્ય અથવા સ્વીકૃત કે અધિકૃત ધોરણથી ઓછું, અવમાનક.

**substitutes.** પ્રતિસ્થાપિત વસ્તુઓ ઇ. અવેજી વસ્તુઓ ઇ. **substitution.** પ્રતિસ્થાપન.

**substrate.** કિણ્વભોજ. (૨) કોઈ સૂક્ષ્મ જીવ કે તેમનો સમૂહ જીવંત હોય અને પોષણ મેળવતો હોય તેવું દ્રવ્ય. (૨) અભિક્રિયા લક્ષ્ય, જીવનાધાર પદાર્થ, જેના પર ઉત્સેચક પ્રક્રિયા કરી શકતું હોય તેવું દ્રવ્ય.

**substratum.** અધઃસ્તર, ગૌણસ્તર, અવાધાર. (૨) જમીનના 'સી' અને 'ડી' કરતા સ્તર.

**subsurface flow.** ઉપસ્તર પ્રવાહ. **s. s. irrigation.** જમીનની સપાટી હેઠળની કુદરતી અથવા માનવસર્જિત સિંચાઈ. શરૂઆતમાં આવા પ્રકારની સિંચાઈ ખર્ચાળ હોય છે પરંતુ તેના નભાવ પાછળનું ખર્ચ ઓછું રહે છે, ઉપરાંત આવા પાણીનું બાષ્પીભવન થતું નથી તથા કૃષિ ઓજારોના વપરાશની આડે આવતું હોઈ તે વધારે ઉપયોગી બને છે. **s. s. drainage.** ખુલ્લી નીક-મોરી. **s. s. water.** જમીનની અંદર જતું અને જમીનની સપાટી અને શૈલ નિર્માણના નિમ્નસ્તર વચ્ચેની ઊંડાઈ જેટલા વિસ્તારમાં રહેતું વરસાદનું પાણી.

**subtending leaf.** કક્ષક પત્ર.

**subterraneau clover.** *Trifolium subterraneum* **L.** નામની મૂળ ઑસ્ટ્રેલિયાની શાકીય વનસ્પતિ. **s. termite.** ભૂમિગત ઊધઈ, જમીનની હેઠળ વિસ્તૃત ખડો, માર્ગોવાળા, ઊગતી વનસ્પતિ, ઈમારતનાં કાષ્ઠ, સૂકાં પર્ણો અને ઘાસની સાથે સંલગ્ન રાફડા બનાવનાર ઊધઈ.

**subtreatment.** ઉપમાવજત.

**subtropical climate.** મધ્ય ઉષ્ણીય ઉષ્ણતામાનવાળી આબોહવાનો વિસ્તાર.

**subulate.** શંકુ આકાર.

**suburb.** ઉપનગર, પરૂ.

**Success.** નિયમિત થતું પણ સારી જાતનું પેકનનટ નામનું કાષ્ઠફળ. (૨) સફળતા.

**succession.** ક્રમ, અનુક્રમણ. (૨) જાતિના વિકાસમાં વંશક્રમ. (૩) પરાકાષ્ઠા તરફ વનસ્પતિનો ક્રમિક વિકાસ. (૪) વનસ્પતિના એક સમુદાયના સ્થાને આવતો બીજો સમુદાય. **s. cropping.** મોસમમાં જમીનને એક અથવા બીજા પાક હેઠળ લાવવી, મોટાં શહેરોની નજીકની જમીનમાં શાકભાજી ઉગાડવા, આ પદ્ધતિને હાથ ધરવામાં આવે છે પરિણામે વર્ષમાં ચાર પાક લઈ શકાય છે.

**succory.** ચિકોની.

**succose.** રસાળ, રસવાળું. **succulence.** રસાળતા. (૨) વનસ્પતિની રસાળ, મૃદુ અને તાજી હોવાની અવસ્થા, જે પ્રાણીઓને આકર્ષે છે. **succulent.** સ-રસ, રસાળ, રસયુક્ત, રસદાયી, રસદાર. **s. feeds.** લીલું ઘાસ કે લીલ મૂળ જેવા રસવાળા પશુ આહાર. **succulents.** પાણીની ઊણપ ટાળી શકનાર માંસલ તાજાં પર્ણો અથવા પ્રકાંડ ધરાવતી વનસ્પતિ, આવા પ્રકારની વનસ્પતિમાં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થોર જેવી કાંટાળી વનસ્પતિનો સમાવેશ થાય છે. **succus.** સજીવોમાંથી સ્રવતા કે કાઢવામાં આવતાં રસ કે પ્રવાહી દ્રવ્યો.

**suck.** હોઠના સ્નાયુઓથી મોંમાં શૂન્યાવકાશ બનાવી દૂધ કે પ્રવાહી ચૂસવું. (૨) ધાવવું. **sucker.** ચૂસ. (૨) આગંતુક અંકુર કે કેટલાંક ઝાડના પ્રકાંડના ભૂમિગત ભાગમાંથી ઊગતી વનસ્પતિ. (૨) મુખ્ય થડની બાજુમાં જામફળ કે દાડમના છોડનું ઊગવું, એ જ પ્રમાણે કેળ પણ ઊગે છે. (૩) સંસંજક અંગ, જેની સાથે યજમાનને પરજીવી વળગી રહે. (૪) અંતઃભૂસ્તરી.

**suckering.** તમાકુના છોડ પર ઊગતી પાર્શ્વશાખાઓ અથવા ચૂસકોને દૂર કરવા; આવા પ્રકારની પ્રક્રિયાથી સારાં પાન ઊગી શકે છે. પાંચ અથવા છ પર્ણ અક્ષની ટોચ પર બ્રશની મદદથી કોપરેલનું ટીપું મૂકવામાં આવે છે. (૨) ચૂસકો ઉગાડનાર (વનસ્પતિ).

**sucking.** ચૂસવું. **s. insects.** ચૂસક અંગોવાળા, ભીંગડાં ધરાવતાં કીટકો કે જૂ જેવાં જંતુઓ. **s. lice.** *Anoplura* શ્રેણીની ઉપશ્રેણી *Siphunculata sp. Linognathus sp.* અને *Solenoptes* sp. ઢોર, ભેંસો, ડુક્કર, ઘોડા, બકરાં, ઘેટાં અને કૂતરાંને લાગતી જૂ. **suction.** ચૂસણ, શોષણ, અવશોષણ. (૨) હવાનો અંશતઃ શૂન્યાવકાશ પેદા કરવો, જેથી વાતાવરણના દબાણથી પ્રવાહી પ્રવેશી શકે. (૨) મોલ્ડબોર્ડ હળનું વળેલું ફળું. **s. fan.** ઉપણવાનું યંત્ર, જેમાં ફોતરાં ભૂસાને ચૂસીને દાણાને જુદા પાડનાર યંત્ર. પંખા જેવાં પાનાં. **s. head.** ચૂસક શીર્ષ. **s. pump.** ચૂસક પંપ. (૨) લંબ કે સમક્ષિતિજ સિલિંડરવાળા પિસ્ટન કે વાલ્વની મદદથી પાણીને ઉપર ખેંચનાર પંપ. **sucktorial.** ચૂસક, ચૂસવાની ક્ષમતાવાળું.

**suckle.** ધવરાવવું, સ્તનપાન કરાવવું, દૂધ પીવરાવવું. **sucklings.** માદા પ્રાણીનું દૂધ-ધાવણ પીતાં-ધાવતાં બચ્ચાં, ધાવણ છોડાવવામાં આવ્યું ન હોય તેવાં (બચ્ચાં)

**sucrose.** $C_{12}H_{22}O_{11}$ સૂત્ર ધરાવતું શર્કરા દ્રવ્ય, શેરડીની એટલે ઇક્ષુ શર્કરા. શેરડી, જુવાર અને સામાન્ય રીતે વનસ્પતિના રસમાંથી બનાવવામાં આવતી શર્કરા; કેટલાક સંજોગોમાં તેનું ડેક્સ્ટ્રોઝ અને લેવ્યુલોસમાં વિભાજન થાય છે.

**Sudan grass.** *Sorghum sudanense* (**Piper**) **Stapf.** નામનું સુદાન ઘાસ તરીકે ઓળખાતું મૂળ આફ્રિકાનું, ગરમ પ્રદેશને અનુકૂળ બનતું, વર્ષાયુ ઘાસ, જે ઊંચી કે આલ્કલાઈન ભૂમિમાં થઈ શકતું નથી **S. g. ascochyta leaf spot.** *Ascochyta sorghi.* નામના જંતુથી સુદાન ઘાસને થતો એક રોગ. **S. g. red leaf spot** *Collectotrichum graminicolum.* નામના જંતુથી સુદાન ઘાસને થતો એક રોગ. **S. g sooty stripe.** *Ramulispora sorghi*, નામના જંતુથી સુદાન ઘાસને થતો એક રોગ.

**sudor.** પરસેવો. **sudorific.** સ્વેદકારક, પરસેવો કરનાર (ઔષધ).

**suds.** સાબુ અને પાણીનું ફીણ.

**suet.** ઢોર અને ઘેટાં જેવાં પ્રાણીઓના મૂત્રાશય અને કમરનો કઠણ, ચરબીયુક્ત મીણ જેવો માંસલ ભાગ, જે રસોઈમાં તથા ટેલો બનાવવા ઉપયોગી થાય છે.

**suffrutescent.** તળ આગળ અંશતઃ કાષ્ઠક અને દીર્ઘાયુ હોય અને ઉપર શાકીય હોય તેવી વાર્ષિક વૃદ્ધિ ધરાવતી વનસ્પતિ.

**sugandh rohisha.** મહારાષ્ટ્ર, કર્ણાટક અને કેરળમાં થતું એક પ્રકારનું ઘાસ, જેનાં પાનમાંથી સુગંધી તેલ મળે છે.

**sugar.** શર્કરા, ખાંડ, સાકર. (૨) કાર્બોહિત – કાર્બોહાઇડ્રેટ સમૂહનું જલદ્રાવ્ય પાસાદાર અને ગળપણવાળું ગમે તે દ્રવ્ય. **s. apple.** સીતાફળ. **s. beet.** બીટ: *Beta vulgaris* **L.** var. *rapa* **Dum.** નામની દ્વિવર્ષાયુ શાકીય વનસ્પતિ, જેનાં મૂળનો ઉપયોગ ખાંડ બનાવવા માટે થાય છે અને જેમાં 12 થી 18 ટકા શર્કરા

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોય છે. **s. palm.** ગોમતીપામ નામનું વૃક્ષ, જેના રસમાંથી ખાંડ બનાવવામાં આવે છે. **s. sorghum.** દેવધન; એક પ્રકારની જુવાર, જેના સાંઠા અને પાંદડાંમાંથી ગળપણ મળે છે.

**sugarcane.** શેરડી; *Saccharum officinarum* L. નામનો ગુજરાત, મહારાષ્ટ્ર, ઉત્તરપ્રદેશ અને પંજાબમાં થતો ભારતનો મહત્ત્વનો એક રોકડિયો પાક; જેના રસમાંથી ખાંડ બનાવવામાં આવે છે. ભારતમાં 50 લાખ એકર કરતાં વધારે વિસ્તારમાં આ પાકને ઉગાડવામાં આવે છે, તેના રસમાંથી ગોળ પણ બનાવવામાં આવે છે. ભારતમાં વિસ્તારની દૃષ્ટિએ 60 ટકા અને ઊપજની દૃષ્ટિએ 50 ટકા જેટલું આ પાકનું મહત્ત્વ છે. મધ્યમ પ્રકારની પાણીનો નિકાલ ધરાવતી ભારે જમીન અથવા ખૂબજ કાર્બનિક દ્રવ્યો અને ભેજ ધરાવતી હલકી જમીન તેને વધારે અનુકૂળ છે. તેને 30–40 ઈંચ વરસાદ આવશ્યક છે અને 10–12 માસની તેની મર્યાદા છે. પંજાબ અને ઉત્તર પ્રદેશના પર્વતીય વિસ્તારોમાં ઉગાડવામાં આવતી શેરડી વહેલી પાકે છે. એક સાલી શેરડીને ઉગાડવા માટેનો અનુકૂળ સમય ડિસેમ્બરથી એપ્રિલ સુધીનો ગણાય છે. **s. c. black bug** *Macropes excavatus* **Dist.** નામનો શેરડીનો કીટ જેનાં ડિંભ અને પુખ્ત સજીવ શેરડીનો રસ ચૂસે છે. **S. C. Breeding Institute.** તામિલનાડુના કોઈમ્બતુરમાં સ્થાપવામાં આવેલી શેરડીના સંશોધન માટેની સંસ્થા, જેમાં શેરડી અંગેની અનુસ્નાતક તાલીમ આપવામાં આવે છે. **s. c. brown leaf spot.** *Cercospora longipes.* નામના જંતુથી શેરડીને થતો એક રોગ, જેમાં શેરડીનાં કેન્દ્ર વલયોમાં લાલ ડાઘા દેખાય છે અને મધ્યમાં ઘાસ જેવો રંગ થાય છે. **s. c. bunga.** *Aeginetia indica.* નામનો શેરડીનાં મૂળનો પરજીવી. **s. c. eye spot.** *Helminthosporium sacchari.* થી શેરડીને થતો રોગ. **s. c. grasshopper.** શેરડીનો તીતીઘોડો. **s. c. grassy shoot.** શેરડીને થતો વિષાણુજન્ય રોગ, જેમાં પાર્શ્વીય કલિકા થાય છે અને સાંઠો સુકાઈ જાય છે. **s. c. gummosis.** *Xanthomonas vasculorum.* નામના જંતુથી શેરડીને થતો એક રોગ **s. c. internode borer.** શેરડીની પેરાઈનો ગાંઠ વેધક કીટ. **s. c. leaf hopper.** *Pyrilla perpusilla* **Wlk.** નામનો શેરડીનો કીટક. **s. c. mealy bug.** શેરડીનો ચીકટો. **s. c. mite.** *oligonychus (Paratetranychus) indicus* **Hirst.** નામની શેરડીની રાતી ઈતડી. **s. c. mosaic.** શેરડીને થતો એક વિષાણુજન્ય રોગ. **s. c. pineapple disease.** *Ceratostomella paradoxa.* નામના જંતુથી શેરડીને થતો એક રોગ, જેમાં છાલની નીચેની બહારની પેશી લાલ થાય છે અને મધ્યભાગ મેશ જેવો કાળો બને છે. **s. c. pink mealy bug.** *Saccharicoccus sacchari.* નામના કીટનો શેરડીને થતો ઉપદ્રવ, જેમાં કીટ શેરડીનો રસ ચૂસે, જેથી શેરડી સુકાઈ જાય છે. **s. c. red rot** *Glomerella tucumanensis* **Ark and Muller.** તથા *Colletotrichum falcatum* **Went.** નામના જંતુથી શેરડીને થતો એક રોગ. **s. c. rind disease.** *Pleocyta sacchari.* નામના જંતુથી શેરડીને થતો રોગ, જેમાં શેરડીના પ્રકાંડ પર અનિયમિત કાળા ડાઘા લાગે છે, ગર સડવા માંડે છે, તેની ગાંઠો સંકોચાવા માંડે છે. અને છાલ પર કાળા સૂંચળાં જેવી રેખા થાય છે. **s. c. root borer.** *Emmalocera depressella* **Swinh.** નામનો શેરડીનાં મૂળને કોરતો કીટ. **s. c. rust.** *Puccinia kuehnii* અને *Puccinia erianthi.* નામનાં જંતુથી શેરડીને થતો ગેરુનો રોગ. **s. c. shoot borer.** *Chilotraea infuscatellus* **Snell.** નામના ડૂંખવેધક



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જંતુથી પ્રકાંડને થતી હાનિ, આ જંતુ-ઈયળ પ્રકાંડને કોરી એક કરતાં વધારે ગાંઠોને હાનિ પહોંચાડી શેરડીમાં દર બનાવે છે. **s. c. stalk borer.** *Chilotraea auricilia* **Ddgn.** શેરડીને હાનિ પહોંચાડતો કીટક. **s. c. stem borers.** *Bissetia steniella* **Hmps.** નામની શેરડીના સાંઠા પર, જમીનથી 2 થી 4 ફૂટ ઉપરના ભાગમાં પડતી ઈયળ જે ઉપરની તરફ દર બનાવી તેનો રસ ચૂસ્યા કરે છે, પરિણામે શેરડી પવનનો જપાટો લાગતા પડી જાય છે જ્યારે *Procerus indicus* **Kapur**; *Chilo tumidicostalis* **Hmps.** *Raphimatopus ablutella* **Zell.** નામની ઈયળો પણ શેરડીને ભારે હાનિ પહોંચાડે છે. **s. c. stem canker.** *Ustilago sacchari.*થી શેરડીને થતો રોગ, જેમાં શેરડીમાં કાળાં ભૂકા જેવું થાય છે. **s. c. termites.** શેરડીની કળીઓને ખાઈ જતી ઊધઈ. **s. c. top shoot borer.** *Scirpophaga nivella* **Fabr.** નામનો કીટ, જે શેરડીના ટોચનાં પાન ખાઈ જાય છે. **s. c. trash.** શેરડીનાં સૂકાં પાન. **s. c. whip smut.** *Ustilago scitaminea* **Syd.** નામના જંતુથી શેરડીને થતો એક રોગ, જેમાં તેના પ્રત્યેક સાંઠા પર ચાબુક જેવી રચના બને છે અને શેરડી છેવટે મરી જાય છે. **s. c. white fly.** *Aleurolobus barodensis* **Mask.** શેરડીમાં પડતો કીટ, જે તેનાં પાનનો રસ ચૂસી જાય છે, અને તેને ફીકાં બનાવી દે છે. **s. c. wilt.** *Cephalosporium sacchari.*થી શેરડીનાં પાનને લાગતો સુકારાનો રોગ. **s. c. yellowing disease.** શેરડીને પીળી બનાવી દેતો તેને થતો એક દેહધર્મીય રોગ, જેમાં ટોચથી છેક મૂળ સુધી શેરડી પીળી પડે છે, મધ્ય ભાગ લીલો રહે છે અને છેવટે પડી જાય છે. **s. c. yellow leaf spot.** *Cercospora kopkei.* નામના જંતુથી શેરડીને થતો એક રોગ, જેમાં તેનાં પાન પર પીળાં ડાઘ પડે છે.

**sugared honey.** દાણાદાર મધ.

**suilline.** ડુક્કરના કુળનું પ્રાણી. **suine.** ડુક્કરના માંસમાંથી મળતું ચરબીજ દ્રવ્ય, જેનું માખણ બનાવવામાં આવે છે.

**suint.** ઘેટાની પ્રસ્વેદગ્રંથિમાંથી સ્રવતો જલદ્રાવ્ય પરસેવો, આ અશુદ્ધિ ઊનની સાથે રહેવા પામે છે.

**sulcate.** ખાંચાવાળું.

**sullage. sewage.** મળમલ; પ્રવાહી કચરો, જેમાં મોટા પ્રમાણમાં વનસ્પતિનાં પોષક દ્રવ્યો હોય છે, અને જે શેરડી, શાકભાજી અને ચારા માટેનું ઘાસ ઉગાડવાના કામમાં આવે છે. આ કચરાને મંદિત કર્યો ન હોય તો તે વનસ્પતિની વૃદ્ધિને નુકસાન પહોંચાડે છે.

**sulphadiazine.** સલ્ફાવર્ગનું સલ્ફાડાયાઝાઈન નામનું ઝેરી રસાયણ, જેને પક્ષીઓ અને પ્રાણીઓથી થતા અનેક પ્રકારના સંક્રામક રોગોમાં ઉપયોગમાં લેવામાં આવે છે, **sulpha drug.** આક્રમણકારી સૂક્ષ્મજીવોની સામે પ્રતિજૈવ અસર નીપજાવવા માટે પ્રાણીઓને આપવામાં આવતાં જીવાણુ સ્થિરક ઔષધોનો સમૂહ, જેમાં સલ્ફા નિલામાઈડ, સલ્ફાડાયાઝાઈન, સલ્ફાથાયાઝોલ, સલ્ફાપિરિડીન, સલ્ફાગ્વાનિડીન સલ્ફામેટાઝાઇન, સલ્ફાક્વિનોક્સેલીન ઇ.નો સમાવેશ થાય છે. **sulphamate.** સલ્ફામિક ઍસિડનું ઘાસપાત નિયંત્રક રસાયણ. **sulphanilamide.** જે પેરા-એમિનો બેન્ઝીન –સલ્ફાનિલામાઈડ તરીકે ઓળખાતું દ્રવ્ય, જેમાંથી સલ્ફોનેમાઈડ બનાવવામાં આવે છે અને તેનો ઉપયોગ પ્રાણીઓનાં અનેક દર્દો પર કરવામા આવે છે

**sulphate.** એમોનિયમ સલ્ફેટ જેવું સલ્ફ્યુરિક ઍસિડનું લવણ. **s. of aluminium.** એલ્યુમિનિયમ સલ્ફેટ. **s. of ammonia.** એમોનિયમ સલ્ફેટ. **s. of copper.** કૉપર સલ્ફેટ, એટલે મોરથૂથુ, જે જંતુનાશક દ્રવ્ય છે. **s. of iron.** ફેરસ સલ્ફેટ. **s. of lime.**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કૅલ્શિયમ સલ્ફેટ. **s. of potash.** પોટૅશિયમ સલ્ફેટ નામનું પોટૅશિયમ ક્લોરાઈડની મૅગ્નેશિયમ સલ્ફેટની સાથે પ્રક્રિયા કરીને બનાવવામાં આવતું રસાયણ, જેમાં 48થી 52 ટકા $K_2O$ હોય છે, જે જલદ્રાવ્ય છે અને પાકને તે તરત જ આપવામાં આવે છે. મ્યુરિયેટ પોટાશ કરતાં તમાકુ, મરચી, બટાટા અને ફળ ઝાડને તે વધારે ઉપયોગી નીવડે છે. જમીનમાં તે ઍસિડ અવશેષને રહેવા દે છે. **s. spoilage.** ડબામાં પેક કરવામાં આવતી વસ્તુઓમાં થતો બગાડ, જેમાં હાઈડ્રોજન સલ્ફાઈડ બને છે તેથી પેક કરેલી વસ્તુઓ કાળી પડે છે.

**sulphitation.** ગંધકનાં લવણો અથવા સલ્ફ્યુરસ ઍસિડોનાં દ્રાવણોમાં શાકભાજી જેવા પદાર્થોને બોળવાની પ્રક્રિયા.

**sulphite.** સંઘરેલાં બટાટા, ગાજર ઇ.નું ઑક્સિડેશન – ઉપચયન થતું અટકાવવા ઉપયોગમાં લેવામાં આવતું સલ્ફ્યુરિક ઍસિડનું લવણ.

**sulphofication.** મોટા ભાગે સૂક્ષ્મ જીવોનાં કાર્યથી કાર્બનિક અથવા અકાર્બનિક સંયોજનોથી સ્વતંત્ર રીતે ગંધકનું થતું ઑક્સિડેશન.

**sulphonamide.** પશુ રોગનાં ઉપયોગમાં લેવાતા સલ્ફાનેમાઈડ અને તેનાં વ્યુત્પન્ન ઔષધો, જેમાં સલ્ફાનિલમાઈડ, સલ્ફાપિરિડીન અને સલ્ફાથાયેઝોલનો સમાવેશ થાય છે.

**suphonated oil.** અંશતઃ જલદ્રાવ્ય બનાવવા માટે સલ્ફ્યુરિક ઍસિડ અથવા તેની સાથે ગાઢ રીતે સંકળાયેલાં અન્ય દ્રવ્યોનું બનાવવામાં આવતું તેલ, જે જંતુનાશક છંટકાવ માટેના સંયોજનમાં ઉમેરવામાં આવે છે.

**sulphur.** ગંધક; **S.** સંજ્ઞા ધરાવતું જલ અદ્રાવ્ય, પીળું ખનિજ તત્ત્વ, જેને વનસ્પતિ સલ્ફેટ ($So_4$) આયન તરીકે ગ્રહણ કરે છે; ઘણાં પ્રોટીન, જીવદ્રવ્ય, પાસ અને વનસ્પતિ – પ્રકાંડોનું ઘટક છે, હરિત દ્રવ્યના નિર્માણમાં તે સહાયભૂત બને છે, સમ્પોષિત તેલમાં તે સહાયભૂત થાય છે. શિમ્બીવર્ગની વનસ્પતિઓમાં ગાંઠના નિર્માણમાં તે ઉપયોગી બને છે. ભૂકારૂપે જંતુઘ્ન તથા ફૂગમારક તરીકે તે વર્તે છે. ધુમાડો આપવા અને રંગહારક તરીકે તે ઉપયોગમાં આવે છે. જમીનની અમ્લતામાં તે વધારો કરે છે, માટે જમીનની આલ્કલીયતા ઓછી કરવા માટે તેને ઉપયોગમાં લેવામાં આવે છે. કાંદા, લસણ, કોબી, મૂળા, ટર્નિપ, મગફળી, ચણા, તથા આલ્ફાલ્ફા જેવી શિમ્બી વનસ્પતિમાં તે મોટા પ્રમાણમાં હોય છે. એ જ પ્રકારની વનસ્પતિ ગંધકવાળી જમીનમાં સારી રીતે વૃદ્ધિ પામે છે. **s. bacteria.** ગંધક જીવાણું: જમીનમાં ગંધકને સલ્ફ્યુરિક ઍસિડમાં પરિવર્તિત કરતા જીવાણુ અને આમ કરીને વનસ્પતિ દ્રાવ્ય માટે આવશ્યક અન્ય કેટલાંક ખનિજ પૂરાં પાડે છે. **s. deficiency.** ગંધકની ઊણપના પરિણામે વનસ્પતિમાં નીપજતી અવસ્થા, જેના કારણે નવાં પાન પીળાં પડે છે, મૂળ અને પ્રકાંડ ખૂબ લાંબાં થાય છે, ફળઝાડમાં ફળ લીલાશ પડતાં થાય છે, તેનો રસ ઘટે છે અને છાલ જાડી થાય છે. **s. dioxide.** $So_2$ ગંધકને બાળતાં નીપજતું સંયોજન, જેનો ઉપયોગ કેટલાક પ્રકારનાં જંતુઓને નિયંત્રણમાં લેવા ધુમાડો કરવા માટે થાય છે. સૂકાં ફળ પર બાઝેલી ઊબને તે દૂર કરે છે અને ઊનને ધોવા માટે ઉપયોગી બને છે. **s. dust.** જંતુઓની સામે ઉપયોગમાં લેવામાં આવતો ખૂબ જ ઝીણો બનાવવામાં આવતો ગંધકનો ભૂકો, જે ફૂગનાશક તરીકે પણ ઉપયોગમાં આવે છે. **s. fume.** ગંધકનો ધુમાડો. **s. fungicides.** ફૂગનો નાશ કરવા ઉપયોગમાં લેવામાં આવતો ગંધકનો ભૂકો. **s.-lime spray.** જલાન્વિત – હાઈડ્રેટેડ ચૂનો અને ગંધકના ઝીણા ભૂકાનું મિશ્રણ, જે ફૂગ મારક પ્રક્રિયામાં ઉપયોગમાં લેવામાં આવે છે. **s. powder.** સફરજન પરની ઊબ, જંતુઓ ઇ.ની સામે ઉપયોગમાં લેવામાં આવતો ગંધકનો ભૂકો.

For Private and Personal Use Only

**sulphurate.** રંગહારક તરીકે ગંધકની માવજત આપવી. **sulphurous.** ગંધક જેવું, ગંધકના રંગ જેવું, ગંધક સદૃશ. **sulphuratted.** ગંધકવાળું (સંયોજન). **sulphuric.** અતિ ઉચ્ચ મિશ્ર પ્રમાણમાં ગંધક ધરાવતું, સલ્ફ્યુરિક. **s. acid.** ગંધકનો તેજાબ; સલ્ફ્યુરિક ઍસિડ; $H_2SO_4$ સૂત્ર ધરાવતો ગાઢો, ભારે, અતિશય ક્ષારક, પ્રાણી અને વનસ્પતિ પેશીઓનું વિઘટન કરનાર તૈલી પ્રવાહી, જે જલબંધુતા ધરાવે છે અને સુપરફૉસ્ફેટ ખાતર બનાવવા માટે કામમાં આવે છે. આ માટેની પ્રક્રિયા અદ્રાવ્ય રૉક ફૉસ્ફેટને દ્રાવ્ય અને ઉપલબ્ધ રૂપમાં ફેરવવાથી શક્ય બને છે. **sulphuring.** ફળ અને શાકભાજીની વનસ્પતિને સલ્ફરડાયૉક્સાઈડની માવજત આપવી, જેથી આ દ્રવ્યોનું રંગહરણ થાય છે, ઉત્સેચકીય અને ઑક્સિડેટીવ પરિવર્તનો ઓછાં થાય છે અને જંતુ સંક્રમણ – ચેપ નિયંત્રિત થાય છે. સલ્ફ્યુરિક ઍસિડનાં દ્રાવણોમાં બોળીને ફળ અને શાકભાજીને ગંધકની માવજત આપવામાં આવે છે. આ માટે સોડિયમબાયસલ્ફાઈટ અને પોટૅશિયમ મેટાબાયસલ્ફાઈટનો પણ ઉપયોગ કરવામાં આવે છે. ગંધકને બાળીને સલ્ફર ડાયૉક્સાઈડનો ધુમાડો પણ આ સૌ પદાર્થોને આપી શકાય છે. **sulphurize.** જુઓ *sulphurate*. **sulphurous.** નિમ્ન સંયોજિત પ્રમાણમાં ગંધકયુક્ત (દ્રવ્ય). **s. acid.** $H_2SO_3$; સલ્ફર ડાયૉક્સાઈડ અને પાણીના મિશ્રણથી રંગહારક તરીકે તથા ફળોના રસોને જાળવવા માટે ઉપયોગમાં લેવામાં આવતો ઍસિડ.

**sultry.** ધામ, ગરમ (વાતાવરણ).

**summer fallow.** ભાવિ પાકની પૂર્વ તૈયારી રૂપ ઉનાળા અગાઉ કે તે દરમિયાન હાથ ધરવામાં આવતી ખેડ-પ્રક્રિયા. **s. house.** છાયાવાસ, ગ્રીષ્મઘર. **s. pot-herbs or greens.** ઉનાળા દરમિયાન પાન માટે કૂંડામાં ઉગાડવામાં આવતાં શાકભાજી. **s. savory.** *Satureia hortensis*. **L.** (*Calamintha hortensis* **L.**). કાશ્મીરમાં થતી શાકીય વનસ્પતિ, જેનાં પાન અને પ્રકાંડનો ઉપયોગ ખાદ્ય સામગ્રીને સુવાસિત બનાવવા માટે થાય છે. **s. squash.** કોળું, સફેદકોળું; *Cucurbita pepo* **L.** નામનું સુંવાળી છાલ, મલાઈ જેવું સફેદ, લગભગ નળાકાર, ચળકતા ગરવાળું, મોટું, ચટાપટાવાળું ફળ, જે રાંધવામાં ઉપયોગી બનતું નથી, તેમાં પ્રજીવક – 'સી' છે.

**sun.** સૂર્ય, સૂરજ. **s. berry.** પરપોટી, પોપટી. **sburn.** ફળના ઝાડને અતિ ગરમીથી પહોંચતી હાનિ, જેમાં તેનાં પાન અને ફળને ઝાળ લાગે છે. અલ્પ આર્દ્રતા અને ભારે પવન ફૂંકાતો હોય ત્યારે દહનની ભારે અસર થાય છે. ઝાડના થડને આવરણ લપેટીને, નાનાં ઝાડ કે છોડને છાયા આપીને, પવનના મારાને અટકાવતી વનસ્પતિને ઉગાડીને, યોગ્ય સમયાંતરે સિંચાઈ આપીને, થડ પર ચૂનો લગાડીને: આવા પ્રકારની પ્રક્રિયાઓ કરીને ગરમીની સામે ફળઝાડને રક્ષણ આપી શકાય છે. **s. clover.** રણમેથી. **s. – curing.** કૃત્રિમ ગરમીથી નહિ પણ સૂર્યના તડકામાં સૂકવવાની હાથ ધરવામાં આવતી પ્રક્રિયા. **s. drying.** ઉષ્ણતામાન, આર્દ્રતા કે પવનના પ્રવાહ જેવા નિયંત્રિત પરિસ્થિતિનું નિર્માણ કર્યા વિના ફળ જેવી પેદાશને સૂર્યની ગરમીમાં સૂકવવાની પ્રક્રિયા. **s. - scald.** સૂર્યની ગરમીથી કેટલાંક ઝાડને લાગતી ઝાળ. **s. stroke.** લૂ લાગવી, જેથી પ્રાણીઓ તૂટી પડે છે. (૨) સૂર્યાઘાત. **sunny.** સૂર્યના પ્રકાશ જેવું પ્રકાશિત, સૂર્યના તડકામાં ખુલ્લું કરેલું અથવા તેથી ગરમ બનાવેલું.

**sunflower.** સૂર્યમુખી, *Helianthus annuus* **L.** નામનો મૂળ કૅનેડાનો, પણ અહીં થતો ટટાર, ખરબચડો, રૂંમિલા થડ અને બગીચા વનસ્પતિ તરીકે ઉગાડવામાં આવતો શોભા માટેનો છોડ, જેનાં બી ઢોર, મરઘાં-બતકાં, ડુક્કર માટે પોષક

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખોરાકની ગરજ સારે છે. અને જેને પીલીને કાઢવામાં આવતું તેલ રસોઈ, કચુંબર, સાબુ, રંગ, રોગાન, વાર્નિશ, ઇ. બનાવવા ઉપયોગી છે. તેલ કાઢી લીધા પછી અવશેષ રહેતા ખોળનું ખાતર બને છે, જેમાં પ્રોટીન દ્રવ્ય હોઈ ઢોરના ખોરાકની પણ તે ગરજ સારે છે. સૂર્યમુખીનાં છાલ-છોતરાંનો ઢોરનો પથારો બનાવી શકાય છે. **s. f. leaf spot.** *Alternaria tenuis*. નામના જંતુથી સૂર્યમુખીને થતો રોગ.

**sunn hemp.** શણ, જુઓ *sann-hemp* **s. h. hairy caterpillar.** *Utethesia pulchella* **L.** નામની શણમાં પડતી પાન ખાતી ઈયળ. **s. h. mosaic.** શણને થતો વિષાણુજન્ય રોગ, જેમાં પાન ચીમળાઈ જાય છે. **s. h. powdery mildew.** *Oidium erysiphoides* અને *Leveillula taurica*. નામના જંતુથી શણને થતો રોગ. **s. h. rust** *Uromyces decoratus*.થી શણને થતો ગેરુનો રોગ. **s. h. wilt.** *Fusarium udum* var. *crotalariae*. થી શણને થતો રોગ, જેમાં છોડ કવેળા પરિપક્વ બને છે અને તેનાં પાન પીળાં પડી ચીમળાઈ જાય છે.

**super.** મધપૂડામાં ઉમેરાયેલો ઉપરનો અથવા વધારાનો ખંડ, જેમાં મધમાખી મધ અને ફળનો રસ મૂકે છે. (૨) સુપર ફૉસ્ફેટ માટેનું સામાન્ય પૂર્વપદ. (૩) ઉપરિ અર્થસૂચક પૂર્વગ. **s. compost.** જુઓ *farmyard manure*.

**superciliary.** ભ્રમરનું, આંખ ઉપરનું.

**supercritical flow.** ક્રાંતિક વેગમાન કરતાં વધારે વેગમાન ધરાવતો પ્રવાહ.

**superfecundation.** જુઓ *superfetation*. **superfetation.** ગર્ભાવસ્થા દરમિયાન, એકવાર ગર્ભ રહ્યા પછી, ગર્ભિણીને બીજીવાર ગર્ભિણી બનાવવી.

**superficial.** બાહ્ય, ઉપરછલ્લું, સપાટી પરનું, ઊંડે જતું ન હોય તેવું, ઊંડાણરહિત. **s. scald.** સડો કરનાર ફૂગથી વનસ્પતિને થતા દાહનો વિસ્તાર. (૨) ઉપરછલ્લી દાઝ.

**superheat.** ઉત્કથન બિંદુ કરતાં વધારે ગરમી. (૨) અતિ ઉષ્ણ.

**superhive.** મધપૂડાનો, ઉપર તરફનો ખસેડી શકાય તેવો ખંડ.

**superincumbent.** કશાકની ઉપર રહેલું. (૨) ઉપરિસ્થિત.

**superinduce.** વધારા તરીકે વિકસિત કરવું – પ્રેરવું.

**supermarket.** સર્વવસ્તુબજાર.

**superior.** ઉપરનું, ઉત્કૃષ્ટ, અન્ય અંગ પર ચડતું, ઊગતું. **S. Bold.** સૌરાષ્ટ્રની 'કાઠિયાવાડ બોલ્ડ' નામે જાણીતી ભોંયસિંગ, જેમાં એક અથવા બે સિંગ હોય તેવાં મોટાં ફોફાં હોય છે. આ મગફળીમાં 47 ટકા જેટલું તૈલીદ્રવ્ય હોય છે. **s. cervical.** અધિગ્રીવા. **s. vena cava.** ઊર્ધ્વ મહાશિરા.

**supermolecule.** સંયુક્ત અણુ. (૨) ભૌતિક ઘટક તરીકે વર્તતા અણુઓનું સંયોજન.

**supernatant.** સપાટીની ઉપર તરતું.

**superparasitism.** પ્રાથમિક જાતિના બે કે તેથી વધારે પરજીવીઓની પરિસ્થિતિ.

**superphosphate.** સુપરફૉસ્ફેટ; ભારતમાં વ્યાપક રીતે ઉપયોગમાં લેવામાં આવતું ફૉસ્ફૉરિક ખાતર; સલ્ફ્યુરિક ઍસિડની સાથે રૉક ફૉસ્ફેટના ભૂકાની પ્રક્રિયા કરીને સુપરફૉસ્ફેટ બનાવવામાં આવે છે. આ મિશ્રણમાં મોનોકૅલ્શિયમ ફૉસ્ફેટ અને કૅલ્શિયમ ફૉસ્ફેટ લગભગ સરખા પ્રમાણમાં હોય છે, તેને સિંગલ ફૉસ્ફેટ, ડાયકૅલ્શિયમ ફૉસ્ફેટ અને ટ્રિપલ સુપરફૉસ્ફેટ એવી ત્રણ કોટિમાં બનાવવામાં આવે છે. ફૉસ્ફૉરિક ઍસિડ જલદ્રાવ્ય છે પણ જ્યારે તેને જમીનમાં નાંખવામાં આવે છે ત્યારે કૅલ્શિયમ, લોહ અથવા ઍલ્યુમિનિયમ ફૉસ્ફેટનો અવક્ષેપ થતાં તરત જ અદ્રાવ્ય ફૉસ્ફેટના રૂપમાં ફેરવાય છે; આ પ્રક્રિયાનો જમીન આલ્કલીય કે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ક્ષારીય છે તે પર આધાર રહે છે. બધા જ પ્રકારના પાક અને બધા જ પ્રકારની જમીનોને તે અનુકૂળ બને છે. અમ્લીય જમીનોમાં સેન્દ્રિય ખાતરની સાથે, વાવણી કરવા અગાઉ કે તે દરમિયાન, તેનો ઉપયોગ કરવામાં આવે છે.

**supersonic.** પરાશ્રાવ્ય, પરાધ્વનિક.

**supervisor.** પર્યવેક્ષક.

**suphaid-khus.** કફ નિસ્સારક તરીકે તથા ઉત્તેજના આપવા માટે ઉપયોગમાં લેવામાં આવતો જંગલી કંદ.

**supota.** *Parkia roxburghii* **G. Don.** નામનું આસામમાં થતું ખાદ્યફળનું નાનું ઝાડ.

**supplement.** પૂરક, અનુપૂરક. (૨) અન્ય દ્રવ્યની ઊણપ પૂરવા ઉમેરવામાં આવતું દ્રવ્ય. (૨) ઉમેરો કરવો. (૩) મૂળભૂત રીતે વિશિષ્ટ પોષક તત્ત્વની દૃષ્ટિએ વધારે સમૃદ્ધ ખાદ્ય મિશ્રણ, જેનો પશુ આહારમાં ઉમેરો કરવામાં આવે છે, અને જે એક કે બે પોષક દ્રવ્યો પૂરાં પાડે છે. **supplemental irrigation.** સાધારણ રીતે સારો વરસાદ થયો હોય તેમ છતાં વર્ષના અમુક સમયે કેટલાક પાક માટે પૂરતો ન હોય તેવા પાક માટે તેના વિસ્તારોમાં વધારે પેદાશ મેળવવા આપવામાં આવતી પૂરક સિંચાઈ. **supplementary crop.** પૂરક પાક. **s. host.** પૂરક યજમાન.

**supply** પૂરું પાડવું, પૂર્તિ અર્થસૂચક. **s. bowl.** પૂર્તિપાત્ર, પ્રદાયપાત્ર. **s. line.** પ્રદાય રેખા. **s. schedule.** પૂર્તિ અનુસૂચિ – પરિશિષ્ટ.

**support.** આધાર, ટેકો, અવલંબન. (૨) ટેકો આપવો, આધાર આપવો. **supporting structure.** અવલંબક માળખું – સંરચના – અવયવો. **s. tissue.** અવલંબક પેશી.

**suppression.** કોઈ ભાગ કે અંગનો અ-વિકાસ, નિરોધ. **suppressive.** નિરોધક, દમનકારક.

**suppuration.** પાકવું, પરુ થવું.

**supra,—.** ઉપરિ, અધિ અર્થસૂચક પૂર્વગ.

**supraaxillany.** અધિઅક્ષીય.

**supraclavicle.** હાંસડીની ઉપર આવેલું.

**supracortical.** ઊર્ધ્વ પ્રાંતસ્થ, અધિબાહ્યક.

**supramammary lymp gland.** અધિદુગ્ધ લસિકાગ્રંથિ.

**supramaxillary.** ઊર્ધ્વ અધિહન્વીય.

**supraorbital.** અધિનેત્ર ગોલકીય.

**suprarenal.** અધિવૃક્ક.

**surajmukhi.** સૂર્યમુખી, સૂરજમુખી.

**suran.** *Ziziphus rugosa* **Lamk.** નામનું ઉત્તર પ્રદેશ, બિહાર, મધ્ય પ્રદેશ, ઇ.માં થતું ખાદ્ય બદરી ફળ. (૨) સૂરણ.

**surculose. surculous.** ચૂસક પેદા કરનાર.

**Surehead.** કોબીની સુધારેલી જાત.

**surface.** પૃષ્ઠ, સપાટી, કોઈપણ પિંડ કે દ્રવ્યની બહારની બાજુ. (૨) ઘન-વસ્તુના છેડાની મર્યાદા. **s. colour.** પાકતા કે પાકેલા ફળનો લાલ રંગ – બાહ્ય રંગ. (૨) પૃષ્ઠ-સપાટી પરનો રંગ. **s. cooler.** પૃષ્ઠશીતક. **s. creep.** હવાના ઘસારા દરમિયાન થતું એક પ્રકારનું ભૂમિ સંચલન. **s. cultivator.** જમીનનું પડ, પૃષ્ઠ કે સપાટી ખેડનાર હળ. **s.— floating weeds.** મત્સ્ય જલાગારના પાણીની ઉપર તરતી વોટરહાયાસિન્થ નામની વનસ્પતિ. *Wolffia Lemma* અને *Azolla.* પાણીની સપાટી પર પૂરા આવરણરૂપે છવાઈ જાય છે, જે મત્સ્ય સંવર્ધન માટે આવશ્યક નથી. **s. flow.** પૃષ્ઠપ્રવાહ, પૃષ્ઠ અપવાહ. **s. friction.** પૃષ્ઠઘર્ષણ. **s. grasshopper.** ખપેડી. **s. heater.** પૃષ્ઠતાપક. **s. irrigation.** પાકના ઉપયોગ માટે જમીનના પૃષ્ઠ પર પાણીનું વિતરણ અથવા સંગ્રહ માટે ચાસમાં પાણી ભરી દેવું. **s. organism.** પૃષ્ઠ સૂક્ષ્મ જીવ – સજીવ. **s. run-off.** પૃષ્ઠ અપવાહ. **s. sea-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ling. પાણીને અપ્રવેશ્ય બનાવવા પૃષ્ઠ પરના કણોને સઘનિત બનાવવા. s. soil. પૃષ્ઠજમીન. (૨) સામાન્ય રીતે ખેડ દરમિયાન ખસેડાતી માટી. s.-sown. જમીનના પૃષ્ઠ પર વાવવામાં આવેલાં (બી). s. tension. પૃષ્ઠતાણ; માટીના કણની આસપાસના પાણીના કણ પર અંદરની બાજુએ થતું ખેંચાણ, આ ખેંચાણ માટીના કણના સપાટીની વક્રતા પર વધે છે. s. water. નદીનાં વહેતાં પાણી દ્વારા અથવા તળાવ, સરોવર, જળાશયો કે કૃત્રિમ જળાગારોમાંથી આપવામાં આવતું પાણી; નદીનું પાણી તે પર બાંધવામાં આવેલા બંધમાંથી નીકળતી નહેર દ્વારા અને મોસમ અનુસાર આપવામાં આવે છે. તળાવોને વરસાદ દ્વારા પાણી મળે છે અને વનસ્પતિ તળાવની બાજુઓનું રક્ષણ કરે છે. આ જળાશયોમાંથી ગુરુત્વાકર્ષણના બળે વહેવડાવીને પાણી આપવામા આવે છે.

**surgery.** શલ્યચિકિત્સા, શસ્ત્રક્રિયા, વાઢકાપ.

**surinam cherry.** *Eugenia uniflora* L. નામનો પિતંગા તરીકે ઓળખાતો નીલગીરી પર 1500થી 2000 ફૂટની ઊંચાઈ પર થતો વાડ બનાવવા માટે ઉપયોગી બનતો છોડ. આ છોડનાં ફળ પાતળી ડાળીઓ પર ઝૂમખામાં થાય છે, જેનો ગર નરમ, રસાળ હોય છે. છોડ બી વાવીને ઉગાડવામાં આવે છે. s. purslane. *Ceylon spinach.* નામની શાકીય વનસ્પતિ.

**surmainil.** ઘાસચારા માટે ઉગાડવાની વનસ્પતિ.

**surplus.** વધારાનું, માંગ કરતાં વધારે જત-પુરવઠો ધરાવનાર.

**surra.** સુરા, *Trypanosoma evansi*થી ઘોડા, ખચ્ચર, ઊંટ, ભેંસ, કૂતરા અને હાથીને થતો પ્રાણઘાતક રોગ; જો ઢોરને પણ તે લાગુ પડે છે પણ તેની અસર હળવી હોય છે. રોગ તીવ્ર બનતાં ઘણો તાવ ચડે છે, ભારે ચેતામય ઉશ્કેરાટ થાય છે, પ્રાણી ગોળ ગોળ ફર્યા કરે છે, ફરે છે ને પછી જાય છે, દાંત કચકચાવે છે, લોહી ચૂસતા ચાંચડના કારણે આ રોગ થાય છે.

**Surti.** સુરત, વડોદરા અને ભરૂચ જિલ્લામાં થતાં રૂને આપવામાં આવતું વેપારી નામ. (૨) કર્ણાટકના નિપાણી વિસ્તારમાં થતી બીડી માટેની તમાકુ, જેનાં પાન ઠીક ઠીક કુમળાં હોય છે. (૩) ગુજરાતમાં થતી ભેંસનો એક પ્રકાર, જે મધ્યમ કદ ધરાવે છે, જેને દાતરડાં જેવાં વળેલાં શિંગડાં હોય છે અને તે આર્થિક રીતે લાભ થાય તેમ દૂધ આપે છે.

**survey.** સર્વેક્ષણ. surveyor. ક્ષેત્રફળસૂચક. (૨) સર્વેક્ષક.

**survival.** ઉત્તરજીવિતતા.

**suscept.** ચોક્કસ રોગોત્પાદક દ્વારા સંક્રમણ-ચેપનો ભોગ બનનાર ગમે તે વનસ્પતિ કે પ્રાણી, રોગ માટે સંવેદનશીલ (વનસ્પતિ-કે પ્રાણી). susceptibility. રોગ માટે સંવેદનશીલતા. હાનિકારક કે રોગોત્પાદક કારકનો સામનો કરવાની અશક્તિ - અસમર્થતા; સુગ્રાહ્યતા, ગ્રહણશીલતા. susceptible. સુગ્રાહ્ય, હાનિકારક અથવા રોગોત્પાદક કારકનો સામનો કરવા માટે અસમર્થ.

**susnialu.** ખાદ્યમૂળધારી વનસ્પતિ.

**suspended compounds.** નિલંબિત સંયોજનો. suspension. પ્લવન, નિલંબત, આલંબન. (૨) કોઈ પ્રવાહી અથવા માધ્યમમાં ઓગળી ગયા વિના વ્યાસૃત અવસ્થામાં રહેતા વિભાજિત ઘનકણો. (૩) પવનના ઘસારા દરમિયાન 0.1 મિ.મી. નો વ્યાસ ધરાવતા રેતી કે ઝીણા કણવાળી માટી કે રેતીનું સંચલન. (૪) પવનના પ્રવાહમાં નિલંબિત બનતા કણો, જે લાંબા અંતરે વહી જાય છે. suspensoid. વ્યાસરક્ષતા, માધ્યમની સાથે સંબંધ ધરાવે નહિ અને દ્રાવણમાં ભળી પણ ન જાય તેવી અવસ્થા. suspensor. પ્લવનકારક, આલંબક.

**Sussex.** અંગ્રેજી વર્ગના મરઘાં-બતકાં, જેના ત્રણ વર્ગ પડે છે: લાઈટ સસેક્સ, રેડ સસેક્સ અને સ્પેકલ્ડ સસેક્સ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**sustained yield management.** કાયમ માટે, વાર્ષિક અથવા આવર્તક ઈમારતી લાકડું અને અન્ય વન્ય પેદાશ મળી રહે તેવી જંગલના કોઈ ઘટકની વ્યવસ્થા.

**sustenance.** જીવન નિર્વાહનો ગુણ, ખોરાક.

**suture.** સિવની, સંધિરેખા, ટાંકા. (૨) ખસી ન શકે તેવા બે ભાગો જોડાયેલા હોય ત્યાં આગળની સંધિરેખા. (૩) પાતળી તાંત, રેશમના દોરા કે તારથી, શસ્ત્રક્રિયા બાદ ચીરવામાં આવેલા અંગોને ટાંકા દઈ જોડી દેવામાં આવે તેવી સ્થિતિ. (૪) વનસ્પતિવિજ્ઞાનના જોડાણની અથવા સ્ફોટન રેખા. (૫) અષ્ઠિફળનો અનુદૈર્ઘ્ય ફુલાવો (૬) સ્ત્રીકેસરની સંધિ રેખા.

**Suvarnarekha.** સુવર્ણરેખા નામની આંબાની કેરી.

**swab.** કપડાનું ઝાડું; સાફ કરવા માટેના સાધનમાં દ્રાવણ ભરાઈ રહે તેવી વ્યવસ્થા.

**swallow.**(૧) ગળવું. (૨) ચકલી. **sw.-wart.** દોરડાં થઈ શકે તેવા રેસાવાળી વનસ્પતિ.

**swamp.** આર્દ્ર, છિદ્રાળુ, કળણવાળી જમીન. (૨) કાયમી કે લાંબા સમય સુધી પાણી ભરાઈ રહે અને ઉપર વનસ્પતિનું આવરણ હોય તેવી કુદરતી જમીન. **sw. cabbage.** કલમી સાગ. *Ipomoea aquatica* **Forsk.** [Syn. *I. reptans* **Poir. non** *Convolvulus reptans* **L.**]. નામનો જલજ, મધ્યમકદ, સુંવાળાં પાનધારી સદાહરિત વનસ્પતિ, જેને જમીન અને જલના સંરક્ષણ માટે વાવવામાં આવે છે. **sw. oak.** *Casuarina suberosa* **Ott. & Diet.** નામની નીલગીરીમાં થતી વનસ્પતિ, જેની છાલ ચામડાં કમાવવાના કામમાં આવે છે. **sw. soil.** અનૂપ, કળણવાળી જમીન.

**swan.** હંસ.

**swarm.** મધમાખોનું ઝુંડ. (૨) જંતુઓ, પક્ષીઓ, નાનાં પ્રાણીઓ ઇ.નું જૂથમાં ફરતું ઝુંડ. (૩) સમૂહમાં જોવામાં આવતા સૂક્ષ્મ જીવો. (૪) એક મધપૂડામાંથી બીજા મધપૂડા તરફ જતી મધમાખીઓ. **sw. catching.** ઝુંડને પકડવું. **sw. cell** મધમાખની રાણી દ્વારા મધપૂડાના તળિયે, બચ્ચાં પેદા કરવા રચાતો ખંડ. **sw. spore.** કશાથી પ્રચલન પામતો અલિંગી પ્રજનન કોષ; ચલબીજાણુ જે *Zoospore* ચલકોષ તરીકે ઓળખાય છે. **swarmer.** ચલ બીજાણુ, ચલજન્યુ *Zoospore.*

**swarming caterpillar.** જૂથધારી ઈયળ; *Spodoptera mauritia* **Boisd.** નામની ડાંગરનો મુખ્ય કીટ, જે જુવાર, મકાઈ, ઘઉં, જવ, શેરડીમાં પણ પડે છે. રાતના આ કીટ આ પાકને હાનિ પહોંચાડે છે, તેનાં પાન ખાય છે, અને વનસ્પતિને પાન વિહોણી બનાવી દે છે.

**swath.** કર્તક કે કાપણીયંત્ર દ્વારા પાકનો કાપવામાં આવતો પટો; કપાયા પછી રહેવા પામેલી ઘાસ અથવા ઘઉંની કિનારી અથવા એક પટી પરથી પાક લીધા બાદ ખાલી પડતી જગ્યા. **sw.-cured.** સાફ કરવા માટે ખાલી જગ્યામાં રહેતા (ઘાસ કે અન્ય પાક).

**sweat.** પ્રાણીના દેહનાં છિદ્રોમાંથી નીકળતો ભેજ, પરસેવો. **sw. gland.** પ્રસ્વેદ ગ્રંથિ.

**sweeny.** ઘોડાના સ્કંધના સ્નાયુનો અપક્ષય.

**sweep.** વિસર્પ, પ્રસર્પ.

**sweet.** મીઠું, મધુરું. **sw. acacia.** શિકાકાઈ. **sw. basil.** મરવો, રેન, તકમરિયા. **sw. bread.** પ્રાણીના દેહની યૌવનારત અને અગ્ન્યાશયની ગ્રંથિઓ. **sw. cherry.** *Prunus avium* **L.** ગિલાસ નામે ઓળખાતું કાશ્મીર, કુલુ, કુમાંઉ અને હિમાચલ પ્રદેશમાં થતું ગોળ ચેરી નામનાં ફળનું પાનખર ઝાડ.

**sw. clover.** વનમેથી રણમેથી. *Melilotus indica* **All.** [Syn. *M. parliflora* **Desf.**]. નામનો પંજાબ, અને ઉત્તરપ્રદેશમાં થતો રબિપાક, જે જવ અથવા ઓટની સાથે મિશ્ર પાક તરીકે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાવવામાં આવે છે. તેને ઘાસચારા માટે ઉપયોગમાં લેવામાં આવે છે; તેના અપ્રિય સ્વાદ માટે ઢોરને ટેવાઈ જવું પડે છે. બરાબર તે પાકયું ન હોય ત્યારે ઢોરને ખવડાવવામાં આવવાથી ઢોરને ઝરત થાય છે. ખાતર તરીકે પણ તેનો ઉપયોગ કરવામાં આવે છે. **sw. c. bacterial disease.** *Xanthomonas alfalfae.* નામના જીવાણુથી રજમેથીને થતો એક રોગ. **sw. c. downy mildew.** *Peronospora aestivalis.* અને *P. meliloti.* નામના જંતુથી રજમેથીને થતો એક રોગ. **sw. c. leaf. spot.** *Cercospora davisii.* નામના જંતુથી રજમેથીને થતો રોગ. **sw. c. powdery mildew.** *Erysiphe polygoni.* નામના જંતુથી રજમેથીને થતો એક રોગ. **sw. corn.** *Zea mays* var. *saccharata.* નામનો મકાઈનો એક સમૂહ, જેનું બી કાચું હોય ત્યારે તેનો શૃંગી દેખાવ હોય છે. સુકાઈ જતાં તેને કરચલીઓ પડે છે. તેના કુમળા દૂધ જેવા દાણા ખાવામાં અને પેક કરવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે. **sw. curding.** મધુ દહીકરણ, અમ્લતા વિનાનું દહીં. **sw. flag.** ઘોડાવજ *Acorus calamus* **L.** નામની સુગંધિત મૂળવાળી ભેજવાળી જમીનમાં થતી વનસ્પતિ, જેનું તેલ સુગંધી દ્રવ્યોમાં ઉપયોગમાં લેવામાં આવે છે, અને તેનાં મૂળ એટલે ઘોડાવજ ઔષધ તરીકે કામમાં આવે છે. **sw. indrajav.** મીઠાં ઇંદ્રજવ. **sw. jaba.** સુગંધી ફૂલનો છોડ. **sw. lime.** મીઠું લીંબુ; *Citrus limettioides.* **Tanaka.** (*C. medica* var. *limetta* **Wight & Arn.**). નામનું નારંગી કુળના મોસંબી કે મીઠાં લીંબુ, કાગદી લીંબુનું ઝાડ, અમ્લ સ્વાદ વિનાનું, ઉત્તર ભારત, મધ્ય પ્રદેશમાં વાવવામાં આવતું લીંબુનું ઝાડ, જેનાં પાનમાંથી કાઢવામાં આવતું તેલ સૌંદર્ય પ્રસાધનો બનાવવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે. **sw. locust.** *Gleditschia triacanthos* **L.** ત્રણ ધારવાળાં, કાંટાળાં બાવળ; જેની પાકી સિંગો પશુઆહાર તરીકે ઢોરને ખાવા માટે આપવામાં આવે છે. **sw. oil.** મગફળી, તલ અને સૂર્યમુખીનાં બીના મિશ્રણનું તેલ, જે રસોઈના માધ્યમ તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે. **sw. orange.** *Citrus sinensis* **(L.) Osbeck** *C. aurantium* var. *sinensis* **L;** *Aurantium sinensis* **Mill;** *C. aurantium* **Lour;** *C. auratium* var. *aurantium proper* **Hook. f.** *C. aurantium* **sub sp.** *decumana* var. *sinensis* **Thell.).** દખ્ખણ, મહારાષ્ટ્ર, પંજાબ અને રાજસ્થાનમાં થતી મોસંબી; આન્ધ્રપ્રદેશ અને તામિલનાડુમાં થતી સતગુડી નામનું મોસંબી પ્રકારનું ઉત્તરપ્રદેશ અને રાજસ્થાનમાં થતું માલ્ટા નામનું ઝાડ. **sw. palm juice.** નીરા; તાડીનો તાજો રસ; જેનો તાડગોળ બનાવવામાં આવે છે. **sw. potato.** શક્કરિયાં. **sw. p. blackrot.** *Ceratostomella fimbriata.* નામના જંતુથી શક્કરિયાંને લાગતો સડો. **sw. p. leaf eating caterpillar.** શક્કરિયાનાં પાન ખાતી ઇયળ. **sw. p. leaf spot.** *Cercospora batatae* અને *C. bataticola.* નામનાં જંતુજન્ય શક્કરિયાને થતો રોગ. **sw. p. soft rot.** *Rhizopus nigricans.* નામના કીટથી શક્કરિયાને થતો એક રોગ. **sw.p.sphinx.** *Herse convolvuli* **L.** નામની શક્કરિયામાં પડતી ઇયળ. **sw. p. weevil.** *Cylas formicarius* **Fabr.** નામનો પોલાદના જેવા રંગનો શક્કરિયાનો કીટ. **sw. soil.** pH 7 ધરાવતી અમ્લીય ન હોય તેવી જમીન. **sw.sop.** સીતાફળ. **sw. Sudan grass.** સુદાન તૃણનો એક પ્રકાર; જે મીઠા સ્વાદના સાંઠાની જુવાર અને સુદાનતૃણના સંકરની પેદાશ છે, જે સ્વાદુ, રસાળ અને ભારે પેદાશ આપતી વનસ્પતિ છે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**sw. toddy.** નીરા, તાડીનો તાજો રસ. **sw. water.** ખારું કે અરુચિ વિનાનું કૂવા ઝરણા કે અન્ય સપાટી પરનું પાણી.

**sweetened condensed milk.** મિષ્ટ સંઘનિત દૂધ.

**Swertia** *chirayita* (**Roxb. ex Flem.**) **Karst.** કરિયાતું, કડવી નાઈ; સમશીતોષ્ણ હિમાલય, ખાસી ટેકરીઓમાં થતી શાકીય વનસ્પતિ, જે પેટની ગરબડમાં અને મંદ જુલાબ માટે ઉપયોગી છે.

**Swietenia** *mahogani* (**L.**) **Jacq.** મહોગની; તામિલનાડુનું વાડ માટે ઉગાડવામાં આવતું એક ઝાડ.

**swelling.** સોજો, શોથ.

**swill.** પશુનો, ખાસ કરીને ડુક્કરનો પ્રવાહી ખોરાક; દૂધ, પાણી કે રસોઈમાં અવશિષ્ટની સાથે વાટેલો ખોરાક.

**swimming spore.** પ્લવ બીજાણુ.

**swine.** ડુક્કર, ભૂંડ, (૨) ભિન્ન વાગોળનાર, ખરીધારી, ખાદ્યમાંસ, ચરબી, ચામડી ઇ. માટે ઉછેરવામાં આવતું પ્રાણી. **sw. fever** ડુક્કરના કોલેરા તરીકે ઓળખાતો ડુક્કરને લાગુ પડતો સંક્રામક વિષાણુજન્ય રોગ, જેમાં રોગિષ્ઠ પ્રાણીને તાવ આવે, ભૂખ મરી જાય, ખૂબ જ નબળાઈ આવે, આંખો સુઝી જાય, ઊલટી થાય, તાણ આવે અને રોગ ઉગ્ર બનતા છેવટે મરણ નીપજે; આ રોગ દરમિયાન ન્યુમોનિયા કે ઝાડા થાય તો રોગ ગંભીર રૂપ ધારણ કરે છે.

**swing basket.** ઝૂલતી ટોપલી.

**swirt.** પશુને ચૂંચળામાં ઊગતા વાળ.

**switch.** ગોવંશના પશુના પૂછડાના છેડા પર ઊગતા વાળ. (૨) એક છેડા પર અણીવાળા વાળી શકાય તેવા ઝાડના પ્રકાંડમાંથી કાપવામાં આવેલો ભાગ.

**swollen joint** ચોંટી સંધિવા, જેમાં સાંધા પર સોજા ચડે છે.

**sword bean.** *Canavalia gladiata* (**Jacq.**) **DC.** *C. ensiformis* **Baker non DC;** *Dolichos gladiatus* **Jacq.**). તરવાડી તરીકે ઓળખાતી, ભારત ભરમાં થતી શાકીય વનસ્પતિ, જેની સિંગોનો લીલા ખાતર તરીકે ઉપયોગ કરવામાં આવે છે. **sw. b. anthracnose.** *Glomerella lindemuthianum* અને *Colletotrichum capsici*. નામનાં જંતુથી તરવાડીને થતો ફૂગરોગ. **s. b. leaf spot.** *Cercospora canavaliae*.થી તરવાડીને થતો એક રોગ.

**sword sucker.** કેળની સાથે જ ઊગતો કેળનો નાનો છોડ.

**sychnocarpous.** દીર્ઘાયુ, મરવા અગાઉ ઘણા ફળ આપનાર.

**syconium.** અંજીરની માફક માંસલ પોલું પુષ્પધર, જે અનેક ફળોમાં પરિણમે છે.

**syenite.** ફેલ્ડસ્પારનો ભૂખરો સ્ફટિકીય શૈલ.

**Sylepta** *derogata* **Fabr.** કપાસનો હાનિકારક કીટ.

**Sylvia.** સ્વીડનમાં વતન ધરાવતી ઊંચી ઊગતી પાતળા પ્રકાંડધારી વનસ્પતિ.

**symbion. symbiont.** સહજીવી. **symbiosis.** સહજીવન, પ્રાણી સહવાસ, જેમાં બે સૂક્ષ્મ જીવો દેહધર્મીય ગાઢ સહવાસમાં રહી અન્યને હાનિ પહોંચાડયા વિના પરસ્પરમાંથી લાભ મેળવે છે. (૨) બે કે તેથી વધારે સૂક્ષ્મ જીવો કે વનસ્પતિઓનો લાભપ્રદ સહવાસ. **symbiotic.** સહજીવી. **s. bacteria.** શિમ્બી વર્ગની વનસ્પતિનાં મૂળ પર ઊગતી ગાંઠ કે ગોલકમાં રહેતા જીવાણુ, જે વનસ્પતિ ઉપયોગમાં લઈ શકે તેવા નાઈટ્રોજનને હવામાંથી લઈ વનસ્પતિને પૂરો પાડે છે. **s. mange.** થી ઢોરને થતો એક રોગ. **s. organism.** સહજીવી સૂક્ષ્મજીવ–સજીવ.

**symbol.** પ્રતીક. (૨) સામાન્ય સંમતિથી સ્વાભાવિક રીતે, સમાન ગુણો દર્શાવતી કોઈ વસ્તુ, જેને માટેનું પરંપરાગત કોઈ ચિહ્ન કે લક્ષણને સ્વીકારવામાં આવ્યું હોય.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**Symingtonia** *populnea* (**R. Br.**) van **Steenis** [Syn. *Bucklandia populnea* **R. Br. ex Griff.**]. પીપળી નામનું જંગલ ઊભું કરવા પૂર્વહિમાલય અને ખાસી ટેકરીઓમાં થતું એક ઝાડ.

**symmetry.** સમમિતિ. (૨) એક સંખ્યાના ગુણકમાં વજ્રપત્ર પાંખડી, પુંકેસર અને સ્ત્રીકેસરવાળું ફૂલ. **s., bilateral** દ્વિપાર્શ્વીય સમમિતિ. **s., radial** અરીય સમમિતિ. **s. value** સમમિતિ મૂલ્ય. (૨) અવશોષિત આયનમાં તેટલી જ સંખ્યામાં અવસ્થાપન માટેના આયનો ઉમેરવામાં આવે ત્યારે મુક્ત થતા આયનની ટકાવારી.

**sympelmous.** એક બિંદુએ અંગુઠાની સ્નાયુ બંધથી જોડાતું હોય (તેવું પક્ષી).

**sympetalous.** જોડાયેલી પાંદડીવાળું.

**symphylid.** નાનું, સફેદ, ઝડપથી ગતિમાન બનતું, સહસ્રપાદ કીટ, જે મૂળ કે મૂળના રોમ પર રહે છે અને વનસ્પતિની વૃદ્ધિને કુંઠિત કરે છે.

**symphyllous.** સંયુક્ત પાનવાળું.

**symphysis.** સાથે વૃદ્ધિ પામતું. (૨) બે સમાન હાડકાં કે અન્ય ભાગ વચ્ચેના જોડાણની રેખા અથવા તેનું સ્થાન. (૩) જોડાણ.

**Symplocos** *crataegoides* **Buch.-Ham ex D. Don** [Syn. *paniculata* **Miq.** કાશ્મીરથી આસામ સુધીના હિમાલયમાં થતું નાનું ઝાડ, જેનાં પાન અને છાલમાંથી મળતા પીળા રંગને મજીઠની સાથે ભેળવવામાં આવે છે. **S.** *racemosa* **Roxb.** લોધર નામનું ઈરાન, ભારત, કુમાંઉ, આસામ અને બિહારમાં થતું એક ઝાડ. જેની છાલ અને પાન રંગવાના કામમાં આવે છે. **S.** *sumuntia* **Buch.-Ham. ex D. Don.** આસામ, ખાસી ટેકરી અને સિક્કિમમાં થતું ઝાડ, જેમાં પાન અને છાલમાંથી પીળો રંગ મળે છે.

**sympodium.** સંયુક્તાક્ષ; અસત્ય અક્ષ; અનેક ઉત્તરોત્તર પાર્શ્વીય અક્ષ પર રચાતો પ્રકાંડ અક્ષ. (૨) પ્રકાંડના ઉત્તરોત્તર ખંડને થતી શાખા, જે તેના પ્રત્યેક પુરોગામીમાંથી દ્રાક્ષના વેલાની માફક પ્રગટે છે.

**symtom.** લક્ષણ, શરીરના ગમે તે ભાગ કે તેનાં કાર્યોમાં જોવા મળતો રોગસૂચક ફેરફાર. **Symtomatology.** રોગના લક્ષણનું વિજ્ઞાન, રોગલક્ષણ વિજ્ઞાન.

**synagamy** ફલનક્રિયામાં જન્યુઓનું જોડાણ.

**synantherous.** પરાગાશયમાંથી જોડાયેલા પુંકેસર. **synanthous.** એક સાથે ફૂલ અને પર્ણો દેખાય તે.

**synapsis.** સૂત્રયુગ્મન. (૨) અર્ધીકરણ, અર્ધવિભાજન.

**synarthrosis.** ખોપરીના સાંધા કે જડબામાં દાંતના જોડાણની માફક અચલ સંધિ.

**syncarp.** શેતૂર અને અનેનાસની માફક અંડકની સાથે સંયુક્ત ફળ.

**synchondrosis.** કરોડના મણિની માફક હાડકાની અચલ સંધિ.

**Synchytrium** *endobioticum.* નામનો બટાટાનો રોગોત્પાદક કીટ.

**syncop.** મૂર્છા.

**syncotyledonous.** સંયુક્ત બીજપત્ર વાળું.

**syncytium.** અનેક કોષકેન્દ્રો ધરાવતો પણ એક કોષવાળો જીવરસ.

**syndactylous.** જોડાયેલી આંગળીઓવાળું.

**syndesmosis.** બંધનીવાળું જોડાણ.

**syndrome.** એક સાથે દેખાતાં અને રોગનું સૂચન કરતાં લક્ષણો. (૨) લક્ષણ સમુચ્ચય.

**synecologoy.** સંપરિસ્થિતિ વિદ્યા, સમુદાય પરિસ્થિતિ વિદ્યા.

**synergism.** સાહચર્ય, સહક્રિયતા, યોગવાહિતા. (૨) શર્કરા માધ્યમમાં બે સજીવોનું સંયુક્ત કાર્ય. **synergist.** સહક્રિય. (૨) જંતુઘ્ન સંયોજનમાં, તેની

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જંતુનાશકતા વધારવા માટે ઉમેરવામાં આવતું જંતુઘ્ન ન હોય અથવા અલ્પ-પ્રમાણમાં જંતુઘ્ન હોય તેવું રસાયણ. **synergistic.** એક સાથે કાર્યરત બનતાં (બે કારકો અથવા ઔષધો). **synergized.** અન્ય કારકોને ઉમેરીને એક કારકને વધારે કાર્યક્ષમ બનાવવામાં આવે તે.

**syngamy.** સંયુગ્મન, ફલનમાં બે જન્યુઓનું જોડાણ.

**syngenesis.** અંશતઃ નર અને અંશતઃ માદા તત્ત્વોથી ગર્ભ–ભ્રૂણની રચના.

**syngnathous.** નળાકાર તુંડમાં જડબાનું–માછલીની માફક જોડાવું.

**synoecious.** સંયુક્ત પુષ્પ કે લીલમાં હોય તે પ્રમાણે એક જ પુષ્પોદ્ભવ કે પરાગાસનમાં નર અને માદાનાં અંગો હોવાં.

**synonym.** એક જ વસ્તુનું જુદું નામ.

**synovia.** શ્લેષક તેલ, સંયુક્ત તેલ. (૨) બંધપેશીમાં સપાટી અને સાંધા માટેનું ઊંજણનું કામ કરતું સ્થાન તેલ, જે ઈંડાની સફેદી જેવું જળ અને શ્લેષ્મવાળું હોય છે.

**synthesis.** સંશ્લેષણ; તત્ત્વો અથવા સાદાં સંયોજનો જેવા સાદાં ઘટકોના જોડાણથી થતું સંયોજન. **synthetic.** સંશ્લેષિત. (૨) કૃત્રિમ રીતે બનાવવામાં આવેલું. (૩) રાસાયણિક રીતે નિર્માણ કરેલું. (૪) સંકર પ્રકારો બનાવવા ઉપયોગી બનાવેલી પદ્ધતિ. (૫) વધારે ઉત્કૃષ્ટ અંતર્જનન વંશના વિકાસ માટેનું ઉપયોગી નિધિ. **s. detergent.** ડિટર્જંટના ગુણ ધરાવતું બિનસાબુ સંયોજન. **s. farmyard manure.** સંશ્લેષિત છાણિયું ખાતર. **s. insecticide.** સંશ્લેષિત જંતુઘ્ન. **s. manure.** પાંદડાં, ઘાસ, ઇ. જેવાં સેન્દ્રિય દ્રવ્યોમાં વિઘટનની ક્રિયાને ઉત્તેજવા ખનિજ ખાતર અને ચૂનો ઉમેરવામાં આવેલાં હોય તેવું સંશ્લેષિત ખાતર.

**syringe.** પિચકારી.

**syrups.** ફળનો મિષ્ટ જળ અર્ક અથવા ઓછામાં ઓછા 65 ટકા જેટલાં શર્કરા દ્રવ્યો ધરાવતો ફળનો મિષ્ટરસ, જેમાં અલ્પ અમ્લતા હોય તેવું ફળનું મળખ્ય ઉમેરવામાં આવેલું હોય. (૨) ચાસણી.

**syssarcosis.** વચમાં આવતા સ્નાયુ-વડે હાડકાંનું થતું જોડાણ.

**systaltic.** વારાફરતી સંકોચાતું અને વિસ્તરતું, આકુંચન અને વિસ્તરણવાળું.

**system.** તંત્ર, વ્યવસ્થા, પ્રણાલી. **s., cropping** પાકક્રમની પદ્ધતિ.

**systemic.** સમગ્ર સજીવ અથવા તંત્રને લગતું. (૨) સાર્વદૈહિક, શારીરિક સર્વાંગીણ. **s. disease.** એક જ ચેપથી થયેલો પણ સમગ્ર શરીરને આવરી લેતો રોગ. **s. effects.** સમગ્ર શરીર પર પડતી અસર. **s. fungi.** સમગ્ર પેશી પર થતી ફૂગ. **s. infection.** સમગ્ર શરીરમાં ફેલાઈ જતાં સૂક્ષ્મ જીવાણુઓવાળો ચેપ. **s. insecticide.** મૂળ, થડ, પાન, ફળ અને બી દ્વારા વનસ્પતિની આંતરિક પેશીઓમાં પ્રવેશતું જંતુઘ્ન રસાયણ, જે ઉપરનામાંથી વનસ્પતિના ગમે તે ભાગને લગાડવામાં આવ્યું હોય છતાં સમગ્ર વનસ્પતિને આવરી લઈ તેને અસર કરે છે.

**systole.** હૃદયનું આકુંચન જે વ્યાકોચ સાથે વારાફરતી બને છે.

**systox.** *Demenion; O, O. diethyl S – (2 ethylthio) ethyl phosphorothioate, organo–phosphorous compound*, રંગવિહીન, શ્યાન, ગંધવાળુ પ્રવાહી, જેને પાણી, કાર્બનિક દ્રાવકો અને સૌરભીય તેલોની સાથે ભેળવી શકાય છે, પરંતુ પેરાફીન ભેળવી શકાતું નથી. તડતડિયાં અને મોલોમશી જેવી જીવાતની સામે તે જંતુઘ્ન તરીકે ઉપયોગમાં આવે છે અને સમગ્રતયા અસરકારક નીવડે છે.

**systylous.** પરાગવાહિનીની સાથે જોડાયેલું.

**Syzygium** *aqueum* **(Burm. f.) Alston** [Syn. *Eugenia aquea* **Burm f.; E.** *javanica* **Lamk.**]. લાલ જમરૂલ; ખાસી ટેકરીઓમાં થ ખાદ્ય ફળનું એક નાનું ઝાડ. **S.** *aromaticum*

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(L). **Merr & Perry.** [Syn. *Eugenia aromatica* **O. Kuntze; E.** E. *caryophyllata* **Thunb**]. લવંગ; નીલગિરિ અને કેરળમાં થતું ઝાડ, જેના સુકાયેલાં ફૂલ એટલે લવંગ મસાલા તથા ઔષધ તરીકે ઉપયોગમાં આવે છે, જે વાતહર છે. **S.** *cumini* **(L.) Skeels** [Syn. *Myrtus cumini* **L; *Eugenia jambolana*** **Lamk.**]. જાંબુ, ભારતભરમાં થતું ખાદ્યફળ એટલે જાંબુનું મોટું વૃક્ષ, જાંબુના ઠળિયા પણ આહાર તરીકે ઉપયોગી બને છે. *S. fruticosum* **(Roxb.) DC.** [Syn. *Eugenia fruticosa* **Roxb.**]. જંગલી જાંબુ, (વિથિ માટે ઉગાડવામાં આવતું ઝાડ. **S.** *heyneana* **Wall.** [Syn. *heyneana* **Wall**]. વાંઝણા નામનું ઝાડ. **S.** *jambos* **(L.) Alston** [Syn. *Eugenia jambos* **(L.)**. ગુલાબજાંબુ, આસામ, બિહાર, આન્ધ્રપ્રદેશ, તામિલનાડુ, મહારાષ્ટ્ર અને પ. બંગાળમાં થતું ખાદ્ય ફળનું ઝાડ. **S.** *malaccense* **(L.) Merr. & Perry.** [Syn. *Eugenia malaccensis* **L.**]. મલાયા જામ; મૂળ મલાકાનું ખાદ્ય ફળનું ઝાડ. **S.** *mappaceum* **(Korth.) Mansf.** જામફળ, આસામ અને પ. બંગાળમાં થતું ખાદ્ય ફળનું ઝાડ. **S.** *samarangense* **(Bl.) Merr & Perry** [Syn. *Eugenia javanica* **Lamk.**]. જમરૂખ, આંદામન અને નિકોબારમાં થતું ખાદ્ય ફળનું ઝાડ.

# T

**tab.** વનસ્પતિ અથવા પ્રાણીની ઓળખ માટે તેને લગાડવામાં આવતું લેબલ

**Tabebuia** *pentaphylla* **(L.) Hemsl** [Syn. *Bignonia pentaphylla* **L.**]. વીથિમાં ઉગાડવામાં આવતું એક ઝાડ. **T. rosea (Bertol.) DC.** એક શોભાનું ઝાડ. **T.** *spectabilis* **Nichols.** વસંતરાણી નામનું ચળકતાં પીળાં ફૂલનું ઝાડ.

**tabefaction.** રોગના કારણે આવતી ક્ષીણતા, કૃશતા. **tabes,** કૃશતા, ક્ષીણતા.

**Tabernaemontana** *divaricata* **(L.) R.Br. ex Roem (Schult)** [Syn. *Ervatamia coronaria* **Stapf.** ટગર ચાંદની નામનો શોભાનો છોડ, જેનાં બીમાંથી નીકળતા ગરનો ઉપયોગ રંગ તરીકે કરવામાં આવે છે.

**tager.** ટગર ચાંદની.

**tabi** જાન્યુઆરી–મેના ગાળામાં લેવાતો ડાંગરનો બીજો પાક.

**table.** કોઠો, સરળ રીતે સમન્વય અને સંદર્ભ માટે કામ લાગે તે માટે, ખાસ કરીને, કોઠામાં વ્યવસ્થિત રીતે ગોઠવવામાં આવતા આંકડા, તથ્યો ઇ. (૨) તળ વિસ્તાર, ઉચ્ચ ભૂમિ. (૩) ટેબલ, મેજ. **t. butter.** પાકું અને મીઠા માખણને વનસ્પતિ રંગ આપીને કે તે વિના વલોવીને તૈયાર કરેલું માખણ; ઘણીવાર સ્વાદ માટે તેમાં મીઠું ઉમેરવામાં આવે છે અને તેનો ઉપયોગ ખાવા માટે થાય છે. **t. fish.** ઠીક કદ ધરાવતી ખાવા માટેની માછલી. **t. fowl.** ખાદ્ય મરઘું. **t. grape.** ખાવા માટેની દ્રાક્ષ. **t. land.** સપાટ ઉચ્ચ ભૂમિ. **t. poultry.** માંસ માટે ઉછેરવામાં આવતાં મરઘાં–બતકાં. **t. top terrace.** વરસાદના પ્રમાણ અને પાણીને શોષવાની જમીનની ક્ષમતા અનુસાર ઉચ્ચ ભૂમિના ઢાળની રચના. **t. use.** માનવીના ઉપભોગને યોગ્ય.

**tabular** કોઠાકાર. **tabulate,** કોઠાના

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રૂમમાં ગોઠવેલું. (૨) કોઠો બનાવવો. **tabulation** કોઠાકરણ, કોઠાની રચના.

**tablet.** ટિકડી.

**tabula.** હાડકાંની બાહ્ય સખત સપાટી.

**Tacca** *leontopetoides.*(L) **O. Kuntze** (Syn. **T.** *pinnatifida* **Forst.**). દિવા નામનું ભારતીય આરારૂટ, દેવકંદ.

**taccavi** તગાવી, સરકાર તરફથી કૃષિ માટે આપવામાં આવતી લોન.

**Tachinid fly.** પ્રાણીની ચામડી સુધી ઈંડાં મૂકતી અને પ્રાણીઓને ત્રાસરૂપ બનતી *Tachinidae* કુળની *blow fly, screwworm fly, flesh fly* ઇ. નામોથી ઓળખાતી માખ.

**tachula** બંજુરા નામનો દીર્ઘાયુ ઘાસનો એક પ્રકાર.

**tactic movement.** પર પ્રેરિત ગતિ.

**tactile.** સ્પર્શગત, સ્પર્શીય; સ્પર્શની સંવેદના અંગેનું, તેના અનુભવવાળું, તેની સાથે સંકળાયેલું, જેમ કે સ્પર્શીય પ્રભાવ, સ્પર્શ–અંગ.

**tadpole.** બાલ મેડક; ઈંડાનો ત્યાગ થાય ત્યારથી, ચૂઈ અને પૂછડી ગુમાવે ત્યાં સુધીની અવસ્થા ધરાવતું ડિંભ-બચ્ચું.

**taenia.** મસ્તિષ્કનો પટ્ટી-રિબન જેવો ભાગ, પાટાનો વીંટો. (૨) પટ્ટી કૃમિ, પૃથુકૃમિ.

**Taeniotbrips** *cardamomi* **R.** એલચીનો થ્રિપ નામનો કીટ.

**tag.** ઘેટાનું ગંદુ, છાણ મિશ્રિત ઊન. (૨) પ્રાણીની વસ્તુઓ, વનસ્પતિ, પાત્ર ઇ.થી ઓળખ માટે તેમને લગાડવામાં આવતી ધાતુની પટ્ટી. (૩) વસ્તુઓને ચિઠ્ઠી અથવા પટ્ટી ચોંટાડવી.

**Tagetes** *erecta* **L.** બગીચામાં વાવવામાં આવતો ગલગોટો કે હજારી ગોટો, જેમાંથી પીળો રંગ મળે છે. **T.** *patula* **L.** નાના ગલગોટા, નાના હજારી ગોટાનો છોડ.

**Tahiti gooseberry.** વેસ્ટ ઇન્ડિઝમાં થતી ગૂઝબેરી.

**tail.** પુચ્છ, પૂછડું. (૨) પૂછડવાળી પ્રાણીનું વાળવાળું પશ્ચ-પાછલું અંગ, જે બાકીના શરીરથી આગળ લંબાય છે. (૩) પક્ષીના પાછલા ભાગનું પીંછાવાળું અંગ, પુચ્છ પીછાં. **t. cloth.** માછલી પકડવાના સાધનના પૂંઠ ભાગનું કપડું, જેમાં માછલી સપડાઈ જાય છે. **t. coverts.** પક્ષીની આગલી અને પાર્શ્વ બાજુએ આવેલાં વળેલાં પીછાં. **t. head.** પ્રાણીની પૂછડીનો આધાર ભાગ. **t. setting.** પ્રાણીની પૂછડીના શરીર સાથેના જોડાણની રીત, પ્રકાર ઇ. **t. water.** હેઠવાસનું પાણી. (૨) જલવિદ્યુત નિર્માણ બાદ વહી જતું પાણી. **tailing** અનાજને યંત્રમાં પહેલી વાર છડતાં પાછળ રહી જવા પામતો વણછડ અને અનાજના દાણા સમેતનો ભાગ.

**taint.** ડાઘ લગાડવો, રંગનો ઓપ આપવો. (૨) સડા કે રોગનો ધબ્બો. **tainted milk.** દૂષિત બનેલું દૂધ. (૨) રંગવાળું દૂધ.

**take.** કલમ કર્યા પછી અથવા કલિકા-સર્જન બાદ સ્કંધની સાથે કલમાંકુર જોડવો. (૨) રસી મૂકવામાં આવે ત્યાર પછી લાગતો હળવો ચેપ. (૩) પકડવામાં આવેલો માછલી અથવા પ્રાણીનો જથ્થો સંખ્યા. (૪) સ્વીકારી લેવું-સ્વીકારવું-ગ્રહણ કરવું. **t. root.** મૂળ બાઝવાં, મૂળ જામવાં; તંદુરસ્ત અને સાધારણ મૂળતંત્રનું ગોઠવાઈ જવું.

**tal.** તાડમાંથી મળતા રેસા.

**Talauma** *mutabilis* **Blume.** બહુરુચંપો. **T.** *pumila* **H. B. S. T.** ચંપા લેહર.

**talc.** અભ્રકનો ઝીણો દળેલો ભૂકો (૨) ફેરોમેગ્નેસિયમ સિલિકેટ (૩) શખજીરૂ.

**talcite.** અભ્રકનો મોટો પ્રકાર.

**Taldavand.** તેલદાવંદ.

**taliera.** *Corypha taliera* **Roxb.** તાડ, તામિલનાડુમાં ઈશાન કાંઠા પર થતો ઊંચો તાડ; જેના પાનનાં છાપરાં છાવવામાં આવે છે, ઉપરાંત તેની ચટાઈ અને ટોપલા–ટોપલીઓ બનાવવામાં આવે છે.

**Talinum** *traingulare* **Willd.** દ. ભારતમાં થતી ભાજી.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**taliped.** અસાધારણ રીતે વળી જવા પામેલા પગ, મુદ્‌ગરપાદ.

**talispatri.** આસામ, મહારાષ્ટ્ર અને પ. બંગાળમાં ખાદ્ય મધુરાં ફળો માટે ઉગાડવામાં આવતું નાનું ઝાડ.

**tall coconut palm.** ભારતભરમાં થતું ઊંચું, લાંબા પાનવાળું 8–10 વર્ષમાં નારિયેર આપતું નારિયેરનું વૃક્ષ, જેનાં નારિયેર મધ્યમથી મોટા કદનાં થાય છે. આ પ્રકારની નારિયેરીમાં કાપડમ, આંદામાન વિશાળ, આંદામાન, લક્ષદ્વીપ સાધારણ, લક્ષદ્વીપ મધ્યમ, લક્ષદ્વીપ સૂક્ષ્મ, ગંગાબવાની, રંગૂન કોબ્બરાઈ ઇ. પ્રકારોનો સમાવેશ થાય છે.

**tallow.** ગાય અને ડુક્કરનાં માંસની ચરબી–ટેલો. (૨) બળદ અને/અથવા ઘેટાની બાજુ કે પીઠના અંતસ્થમાંથી કાઢવામાં આવતી ચરબી. ખાદ્ય પ્રકાર સફેદથી ઝાંખો પીળો, સ્વાદ અને દુર્ગંધ વિનાનો હોય છે. મટનનો ટેલો ગાયના ટેલો કરતાં સખત હોય છે. માર્ગરાઈન, સાબુ, મીણબત્તી બનાવવામાં તેનો ઉપયોગ કરવામાં આવે છે. **tallowing.** ટેલો મેળવવા માટે પ્રાણીઓને પુષ્ટ કરવાં.

**tallura.** કાળી મુસળી. મુસળી કંદ; પશ્ચિમઘાટમાં થતી વનસ્પતિ, જેનાં મૂળને દળીને તેનો લોટ ખાવાના કામમાં લેવામાં આવે છે.

**tall variety.** વનસ્પતિની ઊંચી જાત-પ્રકાર.

**talon.** નહોર, શિકારી પક્ષીનો અણીવાળો નહોર. (૨) આંગળીનો લાંબો, તીક્ષ્ણ નખ. (૩) હરણ, ડુક્કર, ઘોડા જેવા પ્રાણીની ખરી અથવા પગનો પાછલો ભાગ.

**taluk.** તાલુકો; જિલ્લાનો એક વહીવટી અથવા મહેસૂલી ભાગ.

**talus** (એ.વ.). **tali** (બ.વ.). મધ્ય ગુલ્ફાસ્થિ, ઘૂંટિકાસ્થિ. પગનું ઘૂંટીનું હાડકું. (૨) ઢોરીના તળિયે સેલના ખવાણથી ચૂંથેલા ટૂકડાનો ઢળતો ભાગ.

**tamarind.** આંબલીનું ઝાડ. *Tamarindus indica* **L.** આંબલીનું ઝાડ ભારતભરમાં સર્વત્ર થતું ઝાડ, જે વીથિ તરીકે પણ ઉપયોગમાં આવે છે. તેનાં ફળ એટલે આંબલી ખાદ્ય છે, રસોઈની વાનીઓને અમ્લીય સ્વાદ આપવા તેનો ઉપયોગ કરવામાં આવે છે. ઉપરાંત તે વાતહર અને જુલાબ માટે પણ ઔષધ તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે. કાચી આંબલીમાં ટાર્ટરિક એસિડ વિપુલ પ્રમાણમાં હોય છે, જેના ક્ષારનો વિસ્તૃત રીતે વિવિધ ખાદ્ય સામગ્રીમાં તથા રાસાયણિક અને ઔષધ ઉદ્યોગમાં ઉપયોગ કરવામાં આવે છે. આંબલીના કચૂકાનો ભૂકો અને કાપડ અને શણના ઉદ્યોગોમાં કાંજી આપવામાં ઉપયોગમાં લેવાય છે. તેમાંથી મળતો પેક્ટિઓસ, ફળ પેક્ટિનની અવેજીમાં ઉપયોગી બને છે. આંબલીના ઝાડની છાલ તથા તેનાં પાન ચામડાં કમાવવા માટે ઉપયોગી બને છે.

**tamarisk.** *Tamarix* પ્રજાતિનું ગમે તે ઝાડ કે ક્ષુપ.

**Tamarix** *aphylla* **(L.) Karst.** [**T.** *articulata* **Vahl.**]. લાલ ઝાવ, ફરશ, મધ્યકદનું, સામાન્ય રીતે પંજાબ અને ઉત્તર પ્રદેશમાં થતું ઝાડ, જેની શાખા પર થતી ગાંઠોનો ઉપયોગ ચામડાં કમાવવા માટે કરવામાં આવે છે, અને લાંબા ડાળખાંનાં ટોપલા–ટોપલીઓ બનાવવામાં આવે છે. **T.** *dioica* **Roxb.** ઝાઉ, મોટી માઈ નામનું ઉત્તર ભારત, પ. બંગાળ અને આસામમાં થતું છોડ, જેના ડાળખાંના ટોપલા–ટોપરીઓ બનાવવામાં આવે છે. **T.** *troupii* **Hole** [Syn. *T. gallica* **auct non L.**]. છોટી માઈ, પ્રાંશ પડવાશ, નામનો પંજાબ, ઉત્તર પ્રદેશ ઇ.માં થતો છોડ, જેની ડાળીઓ પરની ગાંઠો ચામડાં કમાવવા ઉપયોગી બને છે.

**tamatar.** ટમેટાં

**tambaku.** તમાકુ.

**tame.** પાલતું, પાળેલું. (૨) વાવેલું, કેળવેલું. (૩) નમ્ર, આજ્ઞાધારી. (૪) પાળવું.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**tamp.** ધરુની પુનઃ રોપણી દરમિયાન ખોદેલી જમીનને સખત બનાવવી. (૨) આ રીતે જમીનને સખત બનાવવા માટે ઉપયોગમાં લેવામાં આવતું ઉપકરણ.

**tampala.** ખાદ્યભાજીનો એક પ્રકાર.

**tampon.** રક્તસ્રાવને બંધ કરવા માટે ઉપયોગમાં લેવામાં આવતો રૂનો દાટો, વાદળી અથવા ગૉજ.

**tamthar.** *Grewia villosa* **Willd.** નામનું પારેખેડા તરીકે ઓળખાતો ગુજરાત, પંજાબ, રાજસ્થાન, આન્ધ્રપ્રદેશ અને તામિલનાડુમાં થતો ખાદ્ય ફળનો છોડ.

**tan.** કાચાં ચામડાંને કેળવવું, કમાવવું. (૨) કેટલાંક પ્રાણીઓનો પીળાશ પડતો બદામી રંગ. (૩) સૂર્યના પ્રકાશમાં બદન ખુલ્લું રાખવું, જેથી શરીરને બદામી રંગ લાગે. **t. disease.** જમીનમાં અતિશય ભેજના પરિણામે વનસ્પતિમાં થતી દેહધર્મીય ગરબડ, જેમાં મૂળ ફૂલી જાય અને છાલમાં તિરાડ પડે છે. **tannage.** ચામડાં કેળવવા ઉપયોગમાં લેવામાં આવતાં દ્રવ્યો. (૨) ચામડાં કેળવવા-કમાવવા માટેની પ્રક્રિયા. **tannery** ચર્મશાળા, ચામડાં કેળવવાનું કારખાનું-સ્થળ. **tannic acid.** ઘણાં ઝાડમાંથી કાઢવામાં આવતું ટૅનિન નામનું દ્રવ્ય, ગૅલિક ઍસિડ; આ ઍસિડ જલ દ્રાવ્ય છે અને પ્રાણીઓનાં ચામડાંના પ્રોટીનની સાથે ભળવાની ક્ષમતા ધરાવે છે, જેના પરિણામે કાચું ચામડું કેળવાઈ શકે છે. ટૅનિક ઍસિડ. **tannin.** જુઓ *tannic acid*. **tanning.** ચામડાંને કમાવવા અથવા કેળવવાની પ્રક્રિયા, જેથી કાચું ચામડું કેળવાય છે. **tan stuff.** ચામડાંને કેળવવા માટે ઉપયોગમાં લેવામાં આવતાં જંગલનાં ચોક્કસ વૃક્ષોની છાલ જેવાં દ્રવ્યો, આવી છાલ ધરાવતાં વૃક્ષોમાં મુખ્યત્વે આવળ. બાવળ, તરવાર, ગરમાળો, અર્જુન, આંબલી ઇ. જેવાં વૃક્ષોનો સમાવેશ થાય છે.

**Tanaka.** જાપાની-ચિનાઈ ફળના વૃક્ષનો એક પ્રકાર, જે ઉત્તર પ્રદેશ, જમ્મુ અને કાશ્મીરમાં થાય છે અને જેનાં ફળ વિપુલ ગરવાળાં હોય છે.

**tandulja.** તાંદળજાની ભાજી.

**tang.** તીવ્ર સ્વાદ કે સોડમ.

**tangerine.** સંતરાનો એક પ્રકાર, જે મોટા ભાગે તાન્જેરમાં થાય છે.

**tangle root.** અનેનાસની દેહધર્મીય એક વિકૃતિ, જેમાં મૂળ ફેલાઈ જવાને બદલે આદિ મૂળની આસપાસ ગૂંચવાઈ જાય છે.

**tangent.** સ્પર્શ જયા, વર્તુળને સ્પર્શતી રેખા, સ્પર્શરેખા. **tangential.** સ્પર્શરેખાનું સારી.

**tangible.** મૂર્ત, સ્પર્શગમ્ય.

**tank.** તળાવ; કુદરતી અથવા માનવ સર્જિત સિંચાઈ માટે ઉપયોગમાં લેવામાં આવતું જલાગાર. (૨) પ્રવાહી રાખવા માટેની ધાતુ કે લાકડાની ટાંકી. **t. agriculture.** મૃદાહીન સંવર્ધન. (૨) માટી વિના રસાયણ ધરાવતા પાણીમાં છોડ કે વનસ્પતિને ઉગાડવાનો કૃષિનો એક પ્રકાર. **t. farming** જુઓ *tank agriculture*. **t. gardening.** જુઓ *tank agriculture*. **t. sprayer.** ટાંકી અથવા રસાયણો રાખવામાં આવેલી ટાંકીમાંથી કરવામાં આવતો રાસાયણિક દ્રવ્યોનો છંટકાવ. **tankage.** તળાવ કે ટાંકીનો જલસંગ્રહ. (૨) તળાવ કે ટાંકીમાં પ્રવાહી અથવા પાણીનો જથ્થો. (૩) વધ કરવામાં આવેલાં અથવા કુદરતી રીતે મરી જવા પામેલાં પ્રાણીનાં માંસ અને હાડકાંમાંથી બનાવવામાં આવતું ખાતર.

**tankari.** નીલગીરીમાં 6,000 ફૂટની ઊંચાઈ પર થતી એક વનસ્પતિ.

**tantani.** ઈંદ્રધનુ.

**Tanymecus** *indicus* **Faust.** ઘઉં, ખસખસ, જવ, વટાણા, ચણા, ડાંગર, રાઈ, ઇ.માં પડતાં ધનેડાં, જેવાં કીટ, જે જુવાર, મકાઈ, કપાસ, શણ, કઠોળ, સૂર્યમુખી, બટાટા, તમાકુ, કોબી, ફ્લાવર, ઇ.ને પણ હાનિ પહોંચાડે છે.

**tap.** કોઈ પણ ઝાડની છાલમાં તેનો રસ લેવા માટે કરવામાં આવતો છેદ કે કાપ,

For Private and Personal Use Only

જેમકે તાડના ઝાડને તાડી લેવા અને રબરના ઝાડને બાક્ષીર લેવા કરવામાં આવતો છેદ. (૨) છેદ કે કાપ કરવો. **tapping.** ઝાડનો રસ લેવા તેના પર છેદ મૂકવો અને છેદમાંથી રસ લેવા કોઈ પાત્રને લટકાવવું.

**taper.** છેડા તરફ ક્રમશઃ પદાર્થ કે વસ્તુનો વ્યાસ ઘટતા ઘટતા અણીદાર બનવાની પ્રક્રિયા. (૨) ક્રમશઃ શંકુ આકાર બનવો. **tapered roller bearing.** અંત્ય ભાગે એટલે છેડા પર પાતળી રોલર બેરિંગ. **t. saw.** અણીદાર કરવત.

**tapetum.** બીજાણુજનક કોષની આસપાસની પોષક પેશી.

**tapeworm.** પટ્ટી કૃમિ, ફીતા કૃમિ. (૨) મરઘાંનાં બચ્ચાંનાં આંતરડાની દીવાલને અંકુશ જેવા અંગથી ચોંટી રહેનાર, પટ્ટી જેવા ખંડવાળું પરજીવી, $\frac{1}{16}$ થી $\frac{1}{8}$ ઈંચ લંબાઈ ધરાવતું કૃમિ. ગોકળ ગાય, તમરાં, અળસિયાં, જૂ અને ચાંચડ જેવાં વચગાળાના પરપોષી દ્વારા આ કૃમિ, આંતરડામાં પ્રવેશ મેળવે છે.

**Taphrina** *deformans* **Terl.** નામનો પીચનો રોગકારી કીટ. **T.** *muculans.* હળધરનો રોગકારી કીટ.

**tapioca.** *Manihot esculenta* **Crantz.** *M. utidissima* **Pohl.** કસાવા નામના છોડનાં મૂળમાંથી બનાવવામાં આવતા સાબુદાણા, સાબુચોખા. આ વનસ્પતિ મૂળ બ્રાઝિલની છે અને તે ઉષ્ણકટિબંધમાં દીર્ઘાયુ થાય છે, જેનાં મોટાં, કાંજીયુક્ત મૂળ થાય છે. મૂળની છાલ કાઢી લીધા પછી તેને સૂકવી, તેનો લોટ બનાવવામાં આવે છે. તેમાંથી કાંજી, સાબુચોખા અને અન્ય પેદાશો બનાવવામાં આવે છે. તેનાં પાનનો ચારો બનાવવામાં આવે છે. **t. pearls.** સાબુદાણા જેવા દાણા; ઝાડના ભાગ પ્લાસ્ટિક અવસ્થામાં હોય ત્યારે ચાળણીના તારની સાથે ઘસવાથી દાણાદાર મળતું દ્રવ્ય **t. starch.** ટેપિયોકા–કસાવાની કાંજી; જેરીથી કસાવાની છાલ ઉતારી તેનો માવો બનાવી તેમાં પાણીને ભેળવી જોરથી હલાવવામાં આવે છે, આમ કરવાથી પાણી ડહોળાય છે, જેને ત્યાર પછી પાત્રમાં લેવામાં આવે છે, જેથી અવશેષ તરીકે તંતુમય દ્રવ્ય રહેવા પામે છે. પ્રવાહી ઠરે ત્યારપછી ઉપરના પાણીને દૂર કરી ચોખ્ખા પાણીથી શેષ રહેલી કાંજીને ધોઈ સૂર્યના તડકામાં સૂકવવામાં આવે છે, જે સુકાઈ જતાં ભૂકા રૂપે કાંજી મળે છે.

**tapoun.** મૂળનો ખંડ–ભાગ.

**tappet.** યંત્રની ઘુણ.

**tappoon.** આડબંદ.

**tap root.** સોટીમૂળ, ખીલામૂળ. (૨) મજબૂત રીતે વિકાસ પામતું પ્રાથમિક મૂળ, જે કંદમાં દ્વિતીયક મૂળથી ભિન્ન હોય છે; અધોગામી પ્રાથમિક મૂળ, જેમાંથી પાર્શ્વીય મૂળો ફૂટે છે. **t. r. system.** સોટીમૂળ તંત્ર.

**tar.** તાડ *palmyra palm.* (૨) કાષ્ઠ, કોહવાયેલી બળતણની વનસ્પતિ, એટલે પીટ, કોલસો ઇ.નું નિસ્યંદન કરીને મેળવવામાં આવતું હાઈડ્રોકાર્બન અને તેના વ્યુત્પન્નોનું કાળું, શ્યાન પ્રવાહી મિશ્રણ; કાષ્ઠ કે કોલસાનો ડામર.

**tara.** જુઓ *taliera.*

**tarai bamboo.** *Melocanna bambusoides* **Trin.** [*Bambusa baccifera* **Roxb.**]. કાષ્ઠીય તૃણ, જે ખાસી ટેકરીઓમાં થાય છે, અને જેનો ઉપયોગ ટોપલા–ટોપલીઓ અને કાગળ બનાવવા માટે થાય છે.

**Taraktogenos** *Kurzii* **King** [Syn. *Hydnocarpus kurzii* **(King) Warb**; ]. ચોલ મુગરા તરીકે ઓળખાતો છોડ, જેનાં બીને પીલીને કાઢવામાં આવતું ચોલમુગરા નામનું તેલ ભારતમાં ઘણા લાંબા સમયથી રક્તપિત્ત તથા ચામડીનાં દર્દોમાં ઉપયોગમાં લેવામાં આવે છે; ઉપરાંત યુરોપ અને અમેરિકામાં પણ તે ઔષધ તરીકે મળે છે, આ ઝાડ, આસામ,

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચટગાંવ અને બ્રહ્મદેશમાં થાય છે. ચટગાંવના આદિવાસીઓ બીને એકઠા કરે છે અને કલકત્તા મોકલી આપે છે, જ્યાં જલદાબ યંત્રથી તેને પીલીને તેલ કાઢવામાં આવે છે.

**tarbooz.** તડબૂચ.

**tare.** બારદાનનું વજન, બારદાન.

**tarnish.** ઝાંખું કરવું, ચળકી ગુમાવવી –દૂર કરવી. (૨) ખનિજની ખુલ્લી સપાટી પર થતું રંગનું પડ.

**taro.** અળવી,

**tarphul.** ધોળો આગિયો; જુવાર, બાજરી, મકાઈ, શેરડી અને અન્ય તૃણાદિ કુળની વનસ્પતિ પર આક્રમણ કરનાર અર્ધ–પરજીવી વનસ્પતિ.

**tarragon.** *Artemisia dracunculus* L. સુગંધી, તીખી અને સુવાસિત અર્ક માટેની દીર્ઘાયુ વનસ્પતિ, જેનો ઉપયોગ સલાડ ઇ. બનાવવા માટે થાય છે.

**tarsus.** ગુલ્ફ, ગુલ્ફિકાસ્થિ. (૨) પક્ષીના પગનું હાડકું. (૩) કોઈ અંગનો અંત્ય ભાગ. (૪) આંખના પોપચામાં સંયોજક પેશીની પ્લેટ.

**tartar.** પોટેશિયમ એન્ટિમોનિક ટાર્ટેટ. (૨) ફળમાંખ અને થ્રિપ નામના કીટને અટકાવવા તથા કીડીના વિષમાં વપરાતું જંતુઘ્ન રસાયણ, જે ગોવંશી પ્રાણીઓમાં રુચિને પ્રદીપ્ત કરે છે. **t. emetic**, જુઓ *tartar*. **tartarate.** ટાર્ટરિક ઍસિડનું લવણ. **tartaric acid.** વનસ્પતિમાંથી મળતું અમ્લ, જેનો ઉપયોગ રંગકામ, ફોટોગ્રાફી, ઔષધ ઇ. માં થાય છે; **tartarized antimony.** જુઓ *tartar emetic*.

**tartory buck wheat.** રાજગરો.

**Tasmanian blue gum.** ઑસ્ટ્રેલિયાનું યુકેલિપ્ટસનું ઝાડ.

**tassel.** નર મંજરી, પ્રગુચ્છ. (૨) મકાઈનું નર પુષ્પ, જે મુખ્ય અક્ષના અંત્ય છેડા પર થાય છે અને જેને પુગ્ન પુષ્પિત પુંકેસરી કલગી થાય છે.

**taste.** સ્વાદ.

**tatri.** ખાસી અને નાગ ટેકરીઓમાં થતું ખાદ્યફળનું ઝાડ.

**tattooing.** ઓળખ માટે કૃષિ પ્રાણીઓને ચિહ્નિત કરવાં, જેના માટે ઊડી ન જાય તેવાં રંજકો, વર્ણો વાપરવામાં આવે છે, જેની આકૃતિ ચામડીની અંદર દોરવામાં આવે છે, (૨) છૂંદણાં ત્રોફવાં.

**tautomerism.** ચલાવયવતા.

**taw.** ફટકડી, લવણ અને મૃદુકારક અને પ્રક્ષાલક કારકોમાં ડુબાડીને ઘેટાં બકરાં, અને બંનેનાં બચ્ચાંનાં ચામડાને તૈયાર અને નરમ બનાવવા. (૨) ઠોકી ઠોકીને શણ બનાવવું.

**taxation.** કર, કરનિર્ધારણ.

**taxis.** અનુચલન, અભિવર્તન, (૨) બાહ્ય ઉદ્દીપન અનુસારની સજીવોની નતિ. **taxism.** ક્રમિક ગતિ.

**taxon.** વર્ગક. **taxonomic.** વર્ગીકરણને લગતું. **Taxonomy.** વર્ગીકરણ વિજ્ઞાન. (૨) વનસ્પતિ અને પ્રાણીઓનાં આકાર, ગુણધર્મો ઇ.ની દૃષ્ટિએ તેમાનું વર્ગીકરણ કરવાનું શાસ્ત્ર. (૩) તે અનુસારનું વર્ગીકરણ.

**'T' budding.** અંગ્રેજી વર્ણ 't' ટી (T) પ્રમાણે કલમ કરવી,

જુઓ: *shield budding*.

**TCA.** ટ્રાયક્લોરોઍસેટિક ઍસિડનું સોડિયમ લવણ, જે ઘાસપાનનો નાશ કરે છે, પાણીને શોષે છે અને તેમાં પીગળે છે.

**T.D.N (Total digestible nutrients.)** કુલ પાચક પોષક દ્રવ્યોનું સંક્ષિપ્તરૂપ.

**tea.** ચા; બગીચાના ધોરણે ઉગાડવામાં આવતો સદાહરિત છોડ, જેનાં પાન પર પ્રક્રિયા કરી ચા તરીકે પીણારૂપે ઉપયોગમાં લેવામાં આવે છે. વેચવા માટેની ચા લીલી એટલે આથવણ વિનાની અથવા કાળી એટલે આથવણવાળી હોય છે. ચાનાં પાનમાં કેફીન અને ટેનિન નામના દ્રવ્યો હોય છે. ભારતમાં તે આસામ, દાર્જિલિંગ, કેરળ, નીલગિરી અને ઉત્તર બંગાળમાં થાય છે. સામાન્યરીતે બી વાવીને,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેમ કરીને કે કલિકા રોપણથી ચાના છોડને ઉગાડવામાં આવે છે. ચાના છોડ ચાવર્ગીયવનસ્પતિમાં *Camellia sinensis* (**L.**) **C. Kuntze** [Syn. **C.** *thea* **Link;O.** *theifera* **Griff;** *Thea sinensis* **L.**]. ઇ. નામ ધરાવે છે. **t. bagworm.** *Clania crameri* **West.** નામની ચાની ઈયળ, જે નાના છોડના પાનને કોરવી નાંખે છે. **t. bird's eye spot.** *Cercosporella theae.* નામના કીટથી ચાને તેના ઉછેર ગૃહમાં જ લાગુ થતો રોગ. **t. black root rot.** *Rosellinia* spp. નામના જંતુથી ચાના છોડનાં મૂળ પર થતો એક રોગ. **t. black rot.** *Corticium invisum.* નામના જંતુથી ચાના છોડને થતો રોગ, જેમાં તેનાં કુમળાં પાન કાળાં પડી કોહવાવા માંડે છે. **t. blister blight** *Exobasidium vexans* **Massee.** થી ચાને થતો રોગ, જેમાં છોડનાં પાન પર પીળા ડાઘ પડે છે. **t. branch canker.** વિવિધ પ્રકારની ફૂગથી ચાના છોડને થતો એક રોગ. **t. brown blight.** *Colletotrichum camelliae.* નામના જંતુથી ચાના છોડને થતો રોગ, જેમાં તેનાં પાન પીળાં પડે છે. **t. brown root disease.** *Fomes noxius.* થી ચાના છોડને થતો રોગ. **t. charcoal rot.** *Ustulina zonata.* નામનાં જંતુથી ચાના છોડનાં મૂળને થતો રોગ. **t. copper blight** *Guignardia camelliae* તથા *Laestadia theae.* નામનાં જંતુથી ચાના છોડને થતો રોગ. **t. dieback.** *Nectria cinnabarina.* નામનાં જંતુથી ચાના છોડને થતો એક રોગ, જેમાં તેના નવા પ્રરોહ નાના થઈ જાય છે. **t. looper.** ચાના છોડને લાગુ પડતી *Biston suppressaria* **Guen.** નામની હાનિકારક ઈયળ. **t. mosquito.** ચાના છોડને *Helopeltis theifera* **Wlk.** અને **H.** *antonii* **Sign.** નામનાં ચાને લાગુ થતા મોટા કીટક, જે છોડને વિસ્તૃત રીતે હાનિ પહોંચાડે છે, આમાંના નાના કીટ કુમળાં પાન અને કળીઓનો રસ ચૂસે છે. આ કીટ કાજુના છોડને પણ નુકસાન કરે છે. **t. pink diease.** *Pellicularia salmonicolor* થી ચાના છોડને થતો રોગ જેમાં તેની કાષ્ઠીય ડાળીઓ પરથી પાન ખરી પડે છે. **t. plantation.** ચાના છોડ વાવવા. (૨) ચાનો બગીચો. **t. plucking.** ચાના છોડનાં પાનને ચૂંટવાં. અંત્ય કળી અથવા યુગ્મિત પાનને જ ચૂંટવામાં આવે છે. **t. processing.** ચાના છોડનાં પાનને કાળાં બનાવવાની પ્રક્રિયા, જેમાં ચૂંટવામાં આવેલાં પાનને 18 થી 24 કલાક સુધી સુકાવામાં આવે છે, તેના કોષને તોડવા માટે એક કલાક સુધી યાંત્રિક પ્રક્રિયા કરીને આ પાનને વાળવામાં આવે છે. ત્રણ કલાક સુધી 80°. ફે. ઉષ્ણતામાં તેને આથો આપી તેનું ઉપચયન (ઓક્સિડેશન) કરવામાં આવે છે. તેની વિશિષ્ટ પ્રકારની સુવાસ લાવવા માટે પુનઃ તેને 180° થી 220° ફે. ઉષ્ણતામાનમાં સુકવવામાં આવે છે. જુદા જુદા વેહવાળી ચાળણીઓમાંથી આ સઘળી પ્રક્રિયાઓ કર્યા પછી, ચાનાં પાનને ચાળવામાં આવે છે જેથી આખા અને તૂટેલાં પાન અને પાનનો ભૂકો જુદાં પડે છે. આવાં છૂટાં કરાયેલા પાનને ઑરેંજ પીકો, પીકો અને ફ્લાવરીંગ પીકો, બ્રોકન ઓરેંજ પીકો ઇ. વર્ગોમાં ફાળવવામાં આવે છે. **t. prunning.** ચાના છોડનો યોગ્ય દેખાવ જળવાય અને તેનાં પાનને ચૂંટવામાં સરળતા રહે તે માટે છોડ 3 થી 4 ફૂટ સુધી ઊંચો રહે તે માટે તે 18 ઈંચ જેટલો ઊંચો આવે ત્યારથી છોડ પુખ્ત બને ત્યાં સુધી તેને છૂંપવાની પ્રક્રિયાની શરૂઆત કરવામાં આવે છે. નવી પાર્શ્વીય કુપળો ફૂટવા માંડે તે માટે આ પ્રક્રિયા શરૂ કરવામાં આવી હોય ત્યારથી તે જરૂરી ઊંચાઈ મેળવે ત્યાં સુધી ચાલુ રાખવામાં આવે છે. **t. red mite.** *Tetranychus bioculatus* **Wood Mason.** *Oligonychus coffeae*

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**Niet.** નામના ચાના છોડમાં પડતા કીટ, જેનાં ડિંભ અને પુખ્તકીટ છોડનો રસ ચૂસે છે. **t. red rust and algal red spot.** *Cephaleuros parasiticus.* નામના સહજીવોથી ચાને થતો રોગ. **t. red slugs.** *Heterusia cingala* **Moore, H.** *magnifica* **Butl.** નામની ચાના છોડમાં પડતી ઇયળો, જે તેનાં પાનને કોરવી નાંખે છે. **t. root rot.** *Botryodiplodai theobromae.* નામના જંતુથી ચાને થતો રોગ, જેમાં નવા અંકુર ફૂટતા નથી અને છોડ કરમાઈ મરી જાય છે. **t. stump rot.** *Irpex destruens.* નામના જંતુથી ચાના છોડને થતો રોગ.

**teak** સાગ, સાગનું ઝાડ, *Tectona grandis* **L. f.** નામનું ભારતનું અગત્યનું ઇમારતી લાકડાંનું ઝાડ, જેના કાષ્ઠનો ઉપયોગ વહાણ બાંધવા, નિર્માણ કામ રેલવેના ડબ્બા તથા ફર્નિચર ઇ. બનાવવામાં થાય છે. પાણીનું સારું પ્રમાણ ધરાવતી ઊંડી ફળદ્રુપ જમીન આ વૃક્ષને માટે આદર્શ મનાય છે, તેમ છતાં, ભૂગર્ભ પાણીવાળી ગમે તે જમીનમાં પણ તે થાય છે. નૈઋત્યનું ચોમાસું અને ત્યાર બાદ લાંબી સૂકી ઋતુ તેને અનુકૂળ પડે છે. સાગ મુખ્યત્વે પશ્ચિમઘાટ, તામિલનાડુ, મધ્ય પ્રદેશ, ઓરિસા, કર્ણાટક અને અને બિહારમાં થાય છે. **t. wood.** સાગનું લાકડું.

**teal.** મીઠા પાણીનું નાનકડું બતક.

**team.** જોડી. (૨) બળદની જોડીની માફક બે અથવા વધારે સંખ્યામાં જોતરવામાં આવતા કૃષિ અંગેનાં જાનવરો. (૩) વિજ્ઞાનીઓની જૂથની માફક સાથે મળીને કામ કરતી વ્યક્તિઓનો સમૂહ.

**tease.** પ્રાણીને સંભોગ માટે ઉત્તેજિત કરવું. (૨) ખીજવવું, પજવવું. (૩) તંતુઓ અથવા રેસાનાં તંતુકો, કક્ષી, છીન ઇ.ને જુદાં કરવાં. (૪) છૂટા અથવા શિથિલ તંતુઓને ઉપકારવા. **teaser.** વિરોધી લિંગી પ્રાણીને સંભોગ માટે ઉત્તેજિત કરનાર પ્રાણી, જેમકે મદમાં આવેલી માદાને શોધી કાઢવામાં નર પ્રાણીનો કરવામાં આવતો ઉપયોગ.

**teat.** ડીંટડી, થાઈ. (૨) સસ્તન પ્રાણીના સ્તનમાંથી દૂધ દોહવામાં કામમાં આવતું અંગ, આંચળ, થાન. **t. canal.** ડીંટડીમાં દૂધ જવા માટેની નલિકા. **t. cistern** દુગ્ધ સંગ્રહ. **t. cup.** ગાયના આંચળ માટે ઇલાજ કરવા તેને લગાડવામાં આવતું પ્યાલું. **t. dilator.** આંચળને ફુલાવવા કે તેને ઇજા થતાં તે બંધ પડી જાય તે માટે દુગ્ધ વાહિનીમાં મૂકવામાં આવતો દાટો.

**technical.** પ્રાવિધિક, ચોકસ કલા કે વિજ્ઞાનનું, તે સંબંધી. **technically.** પ્રાવિધિક રીતે. **technique.** પદ્ધતિ, પ્રવિધિ. (૨) કોઈ યોજના અથવા કાર્યની વ્યવહારુ બાજુના અમલની રીત, ફાવટ. **technologist.** પ્રાવિધિજ્ઞ, કોઈ યોજના અથવા કાર્યના વ્યવહારુ અમલનો નિષ્ણાત. **Technology.** પ્રવિધિ શાસ્ત્ર, યાંત્રિક કાર્યવિધિ દર્શાવતી વિજ્ઞાનની એક શાખા.

**Tecoma** *australis* **R. Br.** બગીચામાં ઉગાડવામાં આવતું ઝાડ. **T.** *grandiflora* **Lois.** શોભા માટે ઉગાડવામાં આવતું ઝાડ. **T.** *jasminoides* **Lindl.** બગીચામાં ઉગાડવામાં આવતો ચમેલી-બિગ્નોનિયાનો વેલો. **T.** *radicans* **Jass.** [Syn. *Campis radicans* **Seem.**]. તિલોકા નામની વનસ્પતિ. **T.** *stans* **(L.) H. B. & K.** [Syn. *Bignonia stans* **L**; *Stenolobium stans.* **(L.). Seem.**]. વાડ તરીકે વાવવામાં આવતો છોડ. **T.** *undulata* **G. Don.** રગતરોહિડો નામની એક વનસ્પતિ.

**Tecomaria** *capensis* **(Thunb) Spach** (Syn. *Bignonia capensis* **Thunb.**). બગીચામાં વાવવામાં આવતી એક પ્રકારની વનસ્પતિ.

**Tecomella** *undulata* **(Smith) Seem.** [Syn. *Bignonia undulata*

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**Smith**; *Tecoma undulata* **G. Don.**) રગતરોહિડો, વાડ તરીકે ઉગાડવામાં આવતો છોડ.

**Tectona** *grandis* **L. f.** સાગ, સાગવન; પશ્ચિમઘાટ, તામિલનાડુ, મધ્યપ્રદેશ, ઓરિસ્સા, કર્ણાટક અને બિહારમાં થતું મોટું વૃક્ષ, જેના કાષ્ઠનો ઉપયોગ નિર્માણ કામમાં, કબાટ અને ફર્નિચર બનાવવામાં થાય છે, તેની છાલમાંથી મળતા પીળા રંગથી ટોપલીઓને રંગવામાં આવે છે.

**tectology.** સંરચનાત્મક આકારવિદ્યા, જેમાં સજીવનો જીવંત વ્યક્તિ તરીકે અભ્યાસ કરવામાં આવે છે.

**ted.** ઘાસ સુકાય તે માટે તેને વારંવાર ઉથલાવવું અને પાથરવું.

**teeth** (બ.વ.). **tooth** (એ.વ.). દાંત. (૨) દંતાળી ઇ. જેવાં કૃષિ ઓજારોનાં દાંતા. **t., canine** રાક્ષીદાંત. **t., deciduous** દુધિયાદાંત. બાળકના પહેલા આવેલા પણ કાયમી દાંત આવે ત્યારે પડી જતા દાંત. **t., milk.** દુધિયાદાંત. **t., mollar** દાઢ. **t. set.** દંતાવલી.

**Teff love - grass.** તૃણકુળનું *Eragrostis tef* (**Zuccagni**) **Trotter** [Syn. *E abessinica* **Link**]. નામનું ગુજરાત, મહારાષ્ટ્ર અને ઉત્તર પ્રદેશમાં થતું ઘાસ, જેના દાણા, અછતના સમયમાં ખાવામાં આવે છે.

**teg.** બે વર્ષની વયનું ઘેટું, આવા ઘેટાનું ઊન.

**tegmen.** અંતઃકવચ, અંતચ્છદ, અંતઃબીજાવરણ.

**tegument.** પ્રાણી શરીરનું કુદરતી આવરણ, ત્વચા.

**tehsil.** તાલુકા જેવો જિલ્લાનો પેટા–વિભાગ, તેહસિલ.

**Teinostachyum** *dullooa* **Gamble.** આસામ અને પ. બંગાળમાં થતો ઊંચો વાંસ, જેના પ્રકાંડના કટકીના દાંડા, ટોપલા ટોપલીઓ, સાદડીઓ અને કાગળ બનાવવામાં આવે છે.

**tejput.** તમાલપત્ર.

**tela.** જાળ, જાળ જેવી ત્વચા, શરીરની પેશી.

**Telanthera** *amoena*. બંગાળ, ઓરિસ્સા અને તામિલનાડુમાં થતી વનસ્પતિ, જેની શાકભાજી બનાવવામાં આવે છે.

**Telfairea** *pedata* (**Smith ex Sims)Hook.** મલબારમાં થતી શાકીય વનસ્પતિ, જેનાં બી ખાદ્ય છે અને બીના તેલના સાબુ અને મીણબત્તી બનવવામાં આવે છે.

**Tella Chakkerakel.** આન્ધ્ર પ્રદેશમાં થતાં કેળાંનો એક પ્રકાર, જેમાં કેળું લાંબુ અને પીળા રંગનું હોય છે અને તેનો માવો નરમ, મીઠો અને સોડમવાળો હોય છે.

**telophase.** સમસૂત્રભાજનાની, અંતિમ અવસ્થા, જ્યારે કોષકેન્દ્રીય ત્રાકના વિરોધી ધ્રુવો તરફ રંગસૂત્રો ખસે છે.

**Telosynapsis.** અંતર્યુગ્મન.

**Telosma** *pallida* **Craib** [Syn. *Pergularia pullida* **W. & O**]. વસંતાવરી, કડીના ફૂલ.

**Telugo potato.** સુરણ, રતાળું.

**temburi.** ટિંબરુ.

**tempala.** એક પ્રકારની ભાજી.

**temper.** પાણી ચડાવવું, (૨) મૃદુ કરવું, નરમ પાડવું. (૩) હસ્તક્ષેપક કરવો. **tempered. steel.** પાણી પાયેલું પોલાદ **tempering.** મૃદુકરણ; પ્રકાંડને હવામાનનાં ફેરફારોની સાથે અનુકૂળ બનાવવો. (૨) ઓજારો, હથિયારો અને ઉપકરણોની ધાતુઓને પાણી આપી સખત અથવા નરમ બનવવાની પ્રક્રિયા કરવી.

**temperament.** પ્રાણીનો સ્વભાવ–પ્રકૃતિ– મિજાજ.

**temperate.** સંયમી. શાંત, સ્થિર. (૨) સમશીતોષ્ણ. **t. climate.** સમશીતોષ્ણ આબોહવા. **t. fruit.** 4,000 ફૂટની ઊંચાઈની ટેકરીઓ અથવા ઠંડીઋતુમાં થતાં ફળના પ્રકાર જેમાં સફરજન, પીઅર, અખરોટ, જરદાળુ, પીચ, જાપાની પ્લમ, બદામ, વિલાયતી, દ્રાક્ષ જેવાં ફળોનો

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમાવેશ થાય છે. **T. Himalayan region.** હિમાલયનો સમશીતોષ્ણ (કુવિયોષ્ય) પ્રદેશ; જેના પૂર્વીય હિમાલય અને પશ્ચિમી હિમાલય એવા બે વિભાગો પડે છે. પૂર્વીય હિમાલય પ્રદેશમાં આસામમાં આવેલી મિશ્મી ટેકરીઓ, સિક્કિમ, ભુતાન અને નેપાળનો સમાવેશ થાય છે. આ પેટા-વિભાગમાં બહારના પ્રદેશોમાં ભારે વરસાદ થાય છે. અને તેમાં સાલનાં જંગલો આવેલાં છે. પશ્ચિમના પેટા-વિભાગમાં ઉત્તર ભારતનો સૂકો પર્વતાળ વિસ્તાર આવેલો છે અને તેમાં બટાટા, મકાઈ અને ડાંગર મુખ્ય હોય તેવાં બાગાયતી પાકો થાય છે.

**temperature.** ઉષ્ણતામાન, તાપમાન; ફેહરેનહાઈટ, સેન્ટિગ્રેડ અથવા સેલ્સિયસ કે કેલ્વિન અનુસાર અંકમાં દર્શાવવામાં આવતું ગરમી અથવા ઠંડીનું પ્રમાણ દરિયાથી સપાટી પર 32°ફે. પાણી ઠરે અને 25° ફે. અથવા 100°સે. એ પાણી ઉકળવા માંડે છે. અક્ષાંશોના આધાર ભારતના વિસ્તારોની રચના ઉષ્ણ અર્થાત્ શિયાળા વિનાના, સમશીતોષ્ણ એટલે ઠંડા સમેત ઠંડીવાળો શિયાળો અને ટૂંકા ઉનાળા અને લાંબા સખત શિયાળા અને હિમ સમેતનો પર્વતીય વિસ્તાર એ પ્રમાણે કરવામાં આવે છે.

**temporal** ગંડસ્થળને લગતું **t. bone.** શંખાસ્થિ. ગંડાસ્થિ. **t. muscle.** શંખ સ્નાયુ. ગંડસ્નાયુ. **temporary.** કામચલાઉ, અલ્પકાલીન, અસ્થાયી. **t. buffer strip cropping.** શિમ્બી વર્ગની વનસ્પતિ, તૃણ અને ક્ષુપને કામચલાઉ વાવવામાં આવે તે સિવાય ખેતરના ખૂબજ ઢોળાવ પામતા અથવા ઢોળાવવાળા ભાગોની સંભાળ લેવા વનસ્પતિના ઊભા પટા કરવાની વ્યવસ્થા. **t. goods.** કામચલાઉ માલ. **t. parasite.** જળો જેવું પ્રાણી, જે યજમાનના શરીરની બહાર રહેવા છતાં પોષણ મેળવવા યજમાન પર હલ્લો કરે છે. (૨) અસ્થાયી પરજીવી. **t. teeth.** દૂધિયા દાંત.

**tenacious.** ધારણશીલ, આગ્રહી; પોતાની પકડ અથવા કાબૂ મજબૂત રાખનાર, વળગી રહેનાર, ચોંટી રહેનાર. **t. soil.** સખત રીતે વળગી રહેતું જમીનનું દળ, તિરાડ પડવા સામેની જમીનની શક્તિ. **tenacity.** ધરિષ્ણુતા, વળગી-ચોંટી રહેવાની ક્ષમતા-શક્તિ.

**tenai.** કાંગ; આન્ધ્ર પ્રદેશ, કર્ણાટક, મહારાષ્ટ્ર, ગુજરાતમાં થતું જુવાર, બાજરી વર્ગનું એક ધાન્ય.

**tenancy.** જમીન અથવા ઘરનો ભોગવટો, ખેડ કબજો, ભાડા કબજો. **t. law.** ગણોતધારો. **t. legislation.** ગણોતધારો. **tenant.** ગણોતિયો, ભાડૂત, ભાડવાત. **t., cash** રોકડમાં ગણોત અથવા ભાડું ચૂકવનાર ગણોતિયો અથવા ભાડૂત. **t. at will.** ઈચ્છાનુસારી ગણોતિયો અથવા ભાડૂત. **t. farmer.** ગણોતિયો ખેડૂત, ગણોત આપતો ખેડૂત. **t. farming.** ગણોત આધારી કૃષિ-ખેતી. **tenantry.** ગણોતિયાનો વર્ગ.

**tench.** ટેંકટર ફિશના નામે ઓળખાતી 22 ઈંચ લાંબી ઠંડા પાણીની માછલીનો પ્રકાર.

**tend.** સંભાળ લેવી, માવજત કરવી. (૨) બાગબગીચા અથવા ઘેટાં-બકરાંની સંભાળ લેવી. **tending.** વન્ય પાકની, તેના જીવનના ગમે તે તબક્કે કરવામાં આવતી પાક પરના અથવા તેને નડતી અન્ય વનસ્પતિના સંબંધમાં લેવામાં આવતી સંભાળ.

**tender.** મૃદુ, કોમળ. (૨) હિમનો સામનો કરી ન શકનાર વનસ્પતિ. (૩) નબળા તંતુવાળું (ઊન). **t. annual.** વર્ષાયુ કોમળ વનસ્પતિ.

**tendon.** કંડરા, હાડકાંની સાથે સ્નાયુને સખત રીતે વળગેલો રાખનાર તંતુઓનો રજ્જુ અથવા પટ્ટો. **tenotomy.** કંડરાછેદન.

**tendril.** પ્રતાન, સૂત્રતંતુ. (૨) પાતળું, પર્ણહીન સૂત્ર જેવું વનસ્પતિનું અંગ, જે ગમે તેને સ્પર્શે તેને વળગી જાય છે અથવા વિંટળાઈ જાય છે અને વનસ્પતિને ઊંચે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચડવામાં મદદરૂપ બને છે, સૂત્રાંગ. **tendrillar.** સૂત્રીય, સૂત્રમય.

**tendron.** વનસ્પતિની કોમળ કળા, પ્રાંકુર અથવા ફણગો

**tendu.** ટિમરુ.

**Tenebriodes** *mauritanicus* **L.** ઘઉં અને ઓટના ભાંગેલા દાણા અને લોટમાં પડતું ઉધઈ જેવું જંતુ.

**Tenebrio** *molitor.* **L.** અંધારા ગોદામમાં ભરેલા દાણાના ટુકડા અને લોટ ખાતા જંતુનો પ્રકાર.

**Ten Minutes Resazurin test.** નબળા પ્રકારના દૂધની રેસાઝુરીન નામના સૂચકથી 10 મિનિટ માટે કરવામાં આવતી કસોટી, જે દરમિયાન, રેસાઝુરીન રંગવિહીન લેવામાં આવે તો દૂધને નબળું ગણવામાં આવે છે.

**tense.** તંગ, સખત ખેંચાયેલું, તંગ અવસ્થા ધરાવતા (રજ્જુ, ત્વચા, કલા અથવા ગૈતા). **tensile.** તન્ય, ખેંચીને લાંબુ કરી શકાય તેવું, પ્રતન્ય. **t. strength.** તનાવબળ, તનાવ ક્ષમતા, આતન્યતા, પ્રતન્યતા. **tensiometer.** પૃષ્ઠ તનાવ માપક સાધન, તલસ્થાનીય જમીનમાં રહેલા ભેજનું પ્રમાણ જાણવા માટેનું ઉપકરણ; રબરની નળી ધરાવતાં સાંકડા મોંવાળુ પાણીથી ભરેલું અને જરૂરી ઉડાઈએ મૂકેલું માટીનું છિદ્રાળુ પાત્ર. રબરની નળીના બીજા છેડા પર પારાવાળું થર્મોમીટર અથવા નિર્વાત ગાજ લગાડેલો હોય છે. છિદ્રાળુ પાત્રમાં પાણીનું હલન ચલન થયા બાદ જમીનમાં રહેલા ભેજ અને પાત્રના પાણીની વચ્ચે સમતુલ સ્થપાય છે; ભૂ-ગર્ભ પાણીમાં વધારો થતાં તનાવમાં ઘટાડો થાય છે અને ગાજના અંક દર્શક પારામાં વધારો અથવા ઘટાડો નોંધાય છે. આ કસોટી દ્વારા એક સાથે જમીનના જુદા જુદા સ્તરોનો ભેજ-તનાવ પારખી શકાય છે અને અતિ ભેજ અવસ્થામાં જ તેનું વાચન ખાતરીદાયક બનતું હોઈ તેનો મર્યાદિત ઉપયોગ કરી શકાય છે. **tension.** તનાવ. (૨) વાયુ અથવા બાષ્પનું વિસ્તારક બળ. **t. soil water.** ભૂમિના ભેજ-આદ્રતાનો તનાવ. **tensor muscle.** શરીરના કોઈ અંગને ખેંચતો અથવા કડક બનાવતો સ્નાયુ.

**tentacle.** સ્પર્શક, સ્પર્શિકા, ગ્રંથિકેશ. (૨) જંતુનું લાંબું, પાતળું, વળી શકે તેવું મૂછ જેવું પ્રવર્ધ અથવા ઉપાંગ, જેનો ઉપયોગ સજીવ આગળ વધવા માટેની અનુકૂળતા જાણવા, વસ્તુને ગ્રહણ કરવા, પ્રચલન કરવા માટે કરતું હોય છે. (૨) વનસ્પતિનું સંવેદનશીલ રોમ અથવા તંતુક. (૩) સૂત્રાંગ.

**tentative.** કસોટી, અખતરો અથવા પ્રયોગ માટે કરવામાં આવેલું, પ્રયોગ માટેની (દરખાસ્ત અથવા સિદ્ધાંત). (૨) અસ્થાયી, પ્રયોગાત્મક, અજમાયશી.

**tent caterpillar.** શરૂઆતમાં પડતી ઈયળ, જે ડાળખાં પર જાળ બનાવી તેની અંદર રહે છે અને પાન ખાય છે.

**tentul.** આંબલીનું ઝાડ.

**tenure.** જમીન ધારણ કરવાનો અધિકાર કે હકપટ્ટો, ગણોતપટ્ટો. (૨) મિલકત ધારણ કરવા, તેના કબજાનો ભોગવટો કરવા, તેનો ઉપભોગ કરવા માટેના અધિકારનો કબજાહકનો સમય અથવા અવધિ. **t. holder.** કબજાહક ધારક. **t. of land.** જમીન ધારણ કે ભોગવટા હક-અવધિ. **t. of property.** મિલકત ભોગવટા-કબજા હક કે આ હકની અવધિ.

**teosinte.** *Euchlaena mexicana* **Schrad.** મકાઈ જેવું વર્ષાયુ એક પ્રકારનું ઘાસ; ત્રણ માસે પહેલીવાર, સાત સપ્તાહમાં બીજીવાર તેને કાપવામાં આવે છે. એકર દીઠ તેનો ઉતાર 22 ટન સુધી મળે છે. સૂકા ઘાસ કે સાઈલેજ તરીકે તે ઉપયોગી બને છે.

**tepefy.** કોકરવાયુ બનાવવું, સહેજ ગરમ કરવું, **tepid,** કોકરવાયુ, સહેજ ગરમ.

**tephrite.** અર્વાચીન જવાળામુખીનો એક પ્રકાર.

**Tephrosia** *purpurea* **Pers.** સરપંખા, વનનીલ; લીલું ખાતર બનાવવા માટે વાવવામાં આવતી વનસ્પતિ, જેનાં બી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખાવામાં આવે છે. **T.** *vogelii* **Hook. f.** એક જંતુઘ્ન વનસ્પતિ, જેને લીલા ખાતર તથા આવરણ માટે વાવવામાં આવે છે.

**T. E. P. P** ટેટ્રાઇથિલ પાઇરોફૉસ્ફેટનું સંક્ષિપ્તરૂપ, આ રસાયણનો ઉપયોગ માંકણ, ઈતડી, મોલોમશી, થ્રિપ, ભીંગડાંવાળાં જંતુ કે કીટ, ચોટમાં પડતી ઈયળ ઇ.ને મારવા માટે કે તેમનું નિયંત્રણ કરવા માટે થાય છે. આ રસાયણ ભૂકારૂપે મળી શકે છે. સ્તનધારી પ્રાણીઓ માટે તે ખૂબ જ ઝેરી છે.

**terai.** હિમાલયની તળેટીએ આવેલો તરાઈનો પ્રદેશ.

**Teramnus** *labialis* **Spreng.** મશોની નામની આવરણ અને ચારા માટે ઉપયોગમાં લેવાતી વનસ્પતિ.

**teratoma.** વિકટાંગ, કોમળ મૂળ અથવા પ્રરોહાંગ સાથે વિવિધ પેશીવાળું. વનસ્પતિનું કંદ. (૨) દાંત, વાળ જેવા જન્મજાત ભ્રૂણીય અવશેષ ધરાવતો અર્બુદ.

**terebene.** ટર્પેન્ટાઈન તેલની સાથે સલ્ફ્યુરિક ઍસિડની માવજત કરીને બનાવવામાં આવતો હાઈડ્રોકાર્બન, જેનો ઉપયોગ ચેપરોધક તરીકે કરવામાં આવે છે.

**terebra.** કેટલાક કીટકોનો વેધક અંડસ્થાપક.

**terete.** અનુપ્રસ્થ છેદમાં ચક્રીય.

**tergal.** પૃષ્ઠીય.

**tergeminate.** પ્રત્યેક શાખા પર જોડાતી, પર્ણતલ પરનું યુગ્મિત પર્ણિકાવાળું (પર્ણ).

**term.** અવધિ, (૨) ગર્ભની અવધિ, ગર્ભાવધિ. (૩) છ માસની મુદત. (૪) પદ, શબ્દ **t. policy.** મુદતી પોલિસી.

**terminal.** અંત્ય, છેડાનું, અંત લાવતું; પ્રકાંડના છેડા પર થયેલું; અંત્ય સાંધાની જેમ શ્રેણીમાં પૂરું થતું. (૨) આવધિક, ત્રૈમાસિક. **t. bud.** અંત્યકલિકા, અંત્યકળી; શાખા અથવા પ્રકાંડના છેડા પર ફૂટતી કળી. **t-market** સીમાંત બજાર. **t. morain.** અંત્યઃસ્થહિમોઢ.

**terminology.** પરિ, શબ્દોના યથાર્થ ઉપયોગનું વિજ્ઞાન. (૨) પારિભાષિક શબ્દો.

**termerol.** હળદરના શિફ્રકંદમાંથી કાઢવામાં આવતું બાષ્પશીલ તેલ.

**Terminalia** *arjuna* (**Roxb.**) **Wight & Arn.** [Syn. **T.** *glabra* **Wight & Arn**; *Pentaptera arjuna* **Roxb**; અર્જુન; મધ્યપ્રદેશ, બિહાર અને પશ્ચિમ દ્વીપકલ્પીય પ્રદેશમાં વીથિ માટે ઉગાડવામાં આવતું વૃક્ષ, જેની છાલ ચામડાં કમાવવાં તથા રંગકામ કરવામાં ઉપયોગમાં આવે છે. **T.** *bellirica* (**Gaertn**) **Roxb.** [Syn. *Myrobalanus bellirica* **Gaertn.**]. બહેડા, વિભિતક; વીથિ માટે ઉગાડવામાં આવતું વૃક્ષ, જેનાં ફળ એટલે બહેડાં રંગકામ કરવામાં, ચામડાં કમાવવા અને સ્પિરિટની શક્તિ વધારવા માટે ઉપયોગી બને છે. બહેડાનો રસ ચોંટાડવા માટે ઉપયોગી છે. **T.** *bialata* **Steud.** આંદામાનમાં થતું એક ઝાડ, જેનું કાષ્ઠ કબાટો, વેનિયર, ફર્નિચર અને ઘરની અંદરનાં ફિટિંગ કામમાં ઉપયોગી બને છે. **T.** *catappa* **L.** જંગલી બદામ, દેશી બદામ, લીલી બદામ; અર્જુનાદિ કુળનું ભારતના ગરમ પ્રદેશોમાં થતું ઝાડ, જેની બદામ ખાદ્ય છે, બદામ અને છાલ બને ચામડાં કમાવવા ઉપયોગી બને છે. **T.** *chebula* **Retz.** હરડે, હરિતકી; ઉત્તર ભારતમાં થતું વૃક્ષ, જેનાં ફળ એટલે હરડે ઔષધીય ગુણ ધરાવે છે, ઉપરાંત તેનો ઉપયોગ ચામડાં કમાવવા માટે થાય છે **T.** *citrina* **Roxb. & Flem.** હરડે; આસામ અને ખાસી ટેકરીઓમાં થતું ઝાડ, જેની હરડે, ચામડાં કમાવવામાં ઉપયોગી બને છે. **T.** *manii* **King.** આંદામાન અને નિકોબારમાં થતું એક ઝાડ, જેનું કાષ્ઠ માછલીઓ પકડવાના દાંડા બનાવવા કામમાં આવે છે. **T.** *myriocarpa* **Heurck and Muell. Arg.** સામાન્ય રીતે આસામમાં લેવામાં આવતું ઝાડ, જેના કાષ્ઠની ચાની પેટીઓ અને પ્લાયવુડ બનાવવામાં આવે છે. **T.**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



*procera* **Roxb.** બદામ; આંકડામાનમાં થતું ઝાડ, જેના કાષ્ઠનું ફર્નિચર સાંધા અને ઘરની અંદરની શોભાની વસ્તુઓ બનાવવામાં આવે છે. **T.** *tomentosa* **Wight & Arn.** સાજડ, સાજડિયો, ધોળો સાજડ ઇ. નામનું વૃક્ષ, જેનાં ફળ રંગકામ, ચામડાં કમાવવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે; અને કાષ્ઠનાં સાંબેલા અને હોડીઓ બનાવવામાં આવે છે.

**terminalization.** સમસૂત્ર ભાજનની દ્વિસૂત્રાવસ્થા અને ભાજનાવસ્થા વચ્ચેના સૂક્ષ્મ વિભાજનનું સંચલન, જેમાં અંત્ય છેડા તરફ સંચલન થાય છે.

**terminate.** ક્રિ. (૧) અંત લાવવો, પૂરું કરવું.

**termitarium.** ઊધઈ નો માળો, વસાહત. **termite.** ઊધઈ. (૨) કાષ્ઠ, મૃતપ્રાણી, લાકડાંની સંરચના ઇ.ને કોરનાર કીટક, અંગ્રેજીમાં જેને સફેદ કીડી તરીકે ઓળખવામાં આવવા છતાં રંગે ન તો તે સફેદ છે, કે ન તો તે કીડી છે. વનસ્પતિનાં મૂળ, પ્રકાંડ, થડ ઇ.ને તે હાનિ પહોંચાડે છે, કુમળા ધાન્ય છોડ અને ફળ ઝાડ પર તે આક્રમણ કરે છે. ઊધઈ સામાજિક સજીવ છે અને તે વસાહતો બનાવીને સમૂહજીવનમાં રહે છે, તેના સમુદાયમાં રાજા, રાણી, કામદાર, સિપાઈ જેવા શ્રમવિભાજનથી થતા વર્ગો હોય છે. તેની વસાહતો ભૂગર્ભરાફડા રૂપે હોય છે. ઉપરાંત ભેજવાળા કાષ્ઠ ઇ.ની પણ વસાહતો બનાવવામાં આવે છે. ઊધઈ કૃષ જેવી હોઈ તે સૂકે સડો અને વિનાશ સર્જે છે.

**ternary.** ત્રિવિભાગીય, ત્રિમય, ત્રિમયાત્મક, ત્રણનું બનેલું. **ternate.** ત્રિપત્રી, ત્રણ પર્ણિકાવાળું, સંયુક્તપર્ણ ત્રણમાં ચક્રીય.

**terpency.** ટર્પેન્ટાઈનનાં વાસ અને સ્વાદને લગતું. **terpentine.** ટર્પેન્ટાઈન.

**terra.** પૃથ્વી. **terrain.** ચોક્કસ વિસ્તાર કે પ્રદેશનું સામાન્ય સ્થળાકૃતિક અંગ, ભૂપ્રદેશ, ભૂમિ. **terraneous.** જમીન પર ઊગતું.

**terrene.** પાર્થિવ, પૃથ્વીનું, જમીનનું; મૃત્તિકામય. **terrestrial.** સ્થલજ, પૃથ્વીવાસી, સ્થલચર. **t. soil.** પ્રમાણમાં શુષ્ક પરિસ્થિતિમાં જમીન પર ખનિજ કે અકાર્બનિક દ્રવ્યવાળો મૃત્તિકાનો વિકાસ.

**terricolous.** ભૂમિ નિવાસી; અળસિયા સમેત નૂપુરક જેવા જમીનમાં રહેતાં સજીવો અને અન્ય પ્રાણીઓ. **terrigenous.** પૃથ્વીએ નિર્માણ કરેલું, પૃથ્વીજ.

**terrace.** સોપાન. (૨) પાણીને વહી જતું અટકાવવા અથવા જમીનના થતા ધોવાણને રોકવા ઢોળાવ અથવા ધાર પર રચવામાં આવતી લાંબી, નીચી કિનારી, જેના બે પ્રકાર છે : બેંચ અને ધાર. (૨) પાકને વાવવા માટે એક બાજુ પર કિનારી, દીવાલ અથવા બંધને ઊભાં કરી ટેકો આપી ઊંચું લેવામાં આવતું જમીનનું તળ, આવા તળના સ્તર એક પર બીજા આવે તે પ્રમાણે કરી શકાય છે. **t., bench** બેંચ પ્રકારનું સોપાન. **t., drainage** પાણીનો નિકાલ કરવા માટેનું – અપવાહ સોપાન. **t., graded** પ્રવણીય સોપાન. **t., level** સમતલ સોપાન. **t. cultivation.** સોપાન ખેતી. **t. system.** (કૃષિની) સોપાન પદ્ધતિ. **terracing.** સોપાન રચના. (૨) ઢોળાવ પર કિનારી બાંધીને, ક્રમિક નાળીની કરવામાં આવતી રચના, જેમાં પાણીનો યોગ્ય નિકાલ થવા સાથે સરળતાપૂર્વક ખેતી કરી શકાતી હોય છે.

**terramycin.** ટેરામાઈસીન; ઑક્સિટેટ્રાસાઈકલીન હાઇડ્રોક્લોરાઈડ; *Streptomyces rimosus* નામના સજીવની જીવાણુ અને વિષાણુ પ્રતિબંધક પ્રતિજૈવ નીપજ; જેનો પ્રતિજૈવ પૂરક ખોરાક તરીકે પણ ઉપયોગ થાય છે.

**terry.** કાપ્યા વિનાના પાશવાળું વસ્ત્ર, ઉત્પારાવસ્ત્ર.

**tertiary.** તૃતીયક, તૃતીય, તૃતીય શ્રેણીનું. (૨) તૃતીય (ભૂસ્તરીય યુગ). (૩) ત્રીજી પંક્તિનું ઉડનાર (પક્ષી).. **t and mesozoic sedimentay rocks.** તૃતીય

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને મધ્ય જીવયુગમાં નિર્માણ થયેલા જલકૃત ખડકો; નાના ટેકરાળ વિસ્તારો અને નિમ્ન ભૂમિનો પર્વતાળ પ્રદેશ અને ખીણ પ્રદેશમાં રેંધ નિર્માણ. **t. capitate cell.** તૃતીય સશીર્ષ કોષ. **t. mycelium.** તૃતીય કવકજાળ. **t. root.** તૃતીય મૂળ. **t. shoot**-દ્વિતીયક પ્રરોહનું નિર્માણ થાય તે જ વર્ષ દરમિયાન તેમાંથી ફૂટતો ફણગો કે ડાળી.

**test.** પરીક્ષા, કસોટી. **t. of significance.** વ્યંજકતા – મહત્ત્વ પરીક્ષણ – કસોટી. **t. tube.** કસનળી. **testing,** પરીક્ષણ, કસોટી.

**testa.** બાહ્યાવરણ, બીનું બાહ્ય વેષ્ટન, બીજકવચ. **t. cell.** બીજાવરણ કોષ.

**testes.** વૃષણ, શુક્રકોષ અને નર અંતઃસ્રાવનું નિર્માણ કરતી ગ્રંથિઓ. (૨) નરપ્રાણીનું મુખ્ય પ્રજનન અંગ, શુક્રાણુ અથવા પુંજન્યુ પેદા કરનાર અંડાકાર પિંડ.
**testicles.** વૃષણ; જુઓ **testes.**
**testicular activity.** અંડ સક્રિયતા, વૃષણ સક્રિયતા. **t. cord.** વૃષણીય રજ્જુ, શુક્રીય રજ્જુ. **testiculate.** વૃષણવાળું, વૃષણ સદૃશ, વૃષણ જેવું વનસ્પતિમાં યુગ્મ અંગોવાળું. **testis.** એક વૃષણ.

**testosterone.** વૃષણ અંતઃસ્રાવ, નરલિંગ અંતઃસ્રાવ; જેનું સંશ્લેષિત તરીકે પણ નિર્માણ કરી શકાય છે. **t.compound.** વૃષણસ્રાવ સંયોજન.

**tetanic.** તીવ્ર સ્નાયુ સંકોચને લગતું. (૨) ધનુર્વાને લગતું **tetanus.** ધનુર્વા,ધનુર્વાત; પહેલાં આ વ્યાધિ ઘોડાને થતો માનવામાં આવતું હતું, પરંતુ ઢોર, ભસ, બકરાં, ઊંટ, કૂતરાં અને મરઘાં–બતકાં સુદ્ધાંને પણ લાગુ પડે છે, મનુષ્યને પણ તે થાય છે, જે *Clostridium tetani.* નામના જીવાણુના વિષની ચેતાતંત્ર પર અસર થાય છે, પરિણામે કાનના સ્નાયુ ખેંચાય છે, આંખની ઉઘાડવાસના સ્નાયુઓ સૂજી જાય છે, સામાન્ય ઉશ્કેરાટ થાય છે જડબાંના સ્નાયુઓ કડક બને છે, જેથી મોંની ઉઘાડવાસ મુશ્કેલ બને છે અને છેવટે શ્વાસોચ્છ્વાસના સ્નાયુઓ પર અસર પડતાં મરણ નીપજે છે.

**tetany.** અંગુલીગ્રહ; પ્રાણીઓમાં સ્થાનિક રીતે થતો આકસ્મિક આવેગાત્મક સ્નાયુ સંકોચ.

**tether.** બાંધવું, ગાય જેવાં પ્રાણીના ગળે દોરડું અથવા સાંકળ બાંધી દોરડા અથવા સાંકળનો છૂટો છેડો કોઈ થાંભલાની સાથે બાંધવો, જેથી પશુ ચરી શકે અને છૂટથી હરી ફરી શકે.

**tetra—.** ચાર, ચતુઃ, ચતુર્, ચતુષ્ અર્થસૂચક પૂર્વગ.

**tetrachloroethane.** ટેટ્રાક્લોરોઈથેન, જમીનને ધુમાડો આપવા કૃમિ અને નકામી વનસ્પતિને દૂર કરવા માટે ઔષધોમાં લેવામાં આવતું $CH_2$ $CCL_4$ સૂત્ર ધરાવતું સંયોજન.

**Tetracera** *scandens* **Merr** [Syn. *Delima sarmentosa* **L.**]. ૫. બંગાળ, આસામ અને આંદામાનમાં થતો ક્ષુપ. જેનાં પાન ધાતુને પોલીસ કરવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે.

**tetracyclic.** ચતુષ્ચક્રીય, ચતુર્વલયિત.

**tetracycline.** ટેટ્રાસાઈક્લીન, એક્રોમાઈસીન, પોલિસાઇક્લીન ઇ. નામો હેઠળ વેચવામાં આવતું સ્ટ્રેપ્ટોમાઈસીન રિમોસસ નામના સજીવમાંથી બનાવેલું પ્રતિજૈવ દ્રવ્ય, જેમાંથી ઘણાં પ્રતિજૈવ દ્રવ્યો બનાવવામા આવે છે.

**tetrad.** ચતુષ્ક

**tetradactyl.** ચાર આંગળિયોવાળું (પ્રાણી).

**tetradecenoic acid.** દુગ્ધમેદમાં થોડા પ્રમાણમાં જણાતો અસંતૃપ્ત મેદીય અમ્લ.

**tetradynemous.** ચાર લાંબા પુંકેસરવાળું પુંકેસર મંડળ.

**tetraethylpyrophosphate.** ટે-ટ્રાઈથિલપાઈરોફોસ્ફેટ; માકણ, ઈટ્ટી, મોલોમશી, ત્રિપ, બીંગડાવાળા કીટ, લોટની ઈયળ મારવા માટેનું રસાયણ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**tetragon.** ચતુઃકોણ.

**Tetragonia** *expansa* **Murr.** એક શાકીય વનસ્પતિ, જેનાં પાનની ભાજી બનાવવામાં આવે છે. **T.** *tetragonioides* **(Pall.). O. Kuntze** [Syn. *T. expansa* **Murr.**]. ઉત્તરભારત, કર્ણાટક અને હાઈલેન્ડમાં થતી શાકીય વનસ્પતિ.

**tetragynous.** ચાર સ્ત્રીકેસરવાળું.

**tetrahedral.** ચતુષ્ફલકીય, ચતુઃપાર્શ્વીય.

**tetra locular.** ચતુઃકોટરીય, ચતુર્વિવરીય.

**tetramerous.** ચતુઃઅવયવી, ચાર ભાગ – અંગોવાળું.

**Tetrameres** *fissipina*. જુઓ *tetramere stomach worm*. **tetramere stomach worm.** મરઘીનાં બચ્ચાં તથા ટર્કીના જઠરમાં જોવામાં આવતું લોહી ચૂસતું *tetrameres fissipina*. નામનું કૃમ, જેના ઉપદ્રવના કારણે બચ્ચાં મરી જાય છે.

**tetrandrous.** ચાર પુંકેસરવાળું.

**Tetraneura** *histala* **B.** મૂળમાં થતો મોલો.

**Tetranychus** *bioculatus* **Wood Mason.** શણ અને ચાને ગંભીર હાનિ પહોંચતો કીટ. **T.** *telarius.* કપાસ, આંબો, રીંગણી ઇ.નો કીટ.

**tetrapetalous.** ચતુર્દલીય.

**tetraphylous.** ચતુઃપર્ણી.

**tetraploid.** ચતુર્ગુણિત, ચતુઃકીય; રંગસૂત્રના ચાર એકકીય સટવાળા કોષનો સજીવ.

**tetrareh.** ચતુઃસૂત્રી. (૨) ચાર કાષ્ઠવાહિની સમૂહોવાળું મધ્ય રંભનું.

**tetrasomic.** ચતુષ્ક સૂત્ર ક.ય. (૨) એક પ્રકારના રંગસૂત્રના ચાર સહયો અને બાકી દ્વિકીય ધરાવતા કોષવાળો સજીવ.

**tetrasporangium.** ચતુર્બીજાણુધાની. **tetraspore.** ચતુર્બીજાણુ, બીજાણુધાનીમાં ચાર સમૂહોમાં બીજાણુઓ. **tetrasporophyte.** ચતુર્બીજાણુ અવસ્થા.

**tetravalent.** ચતુઃસંયોજક, ચતુર્યુક્ત.

**Tetrazolium Test.** ત્રિફીનાઈલ ટેટ્રાઝોલિયમ ક્લોરાઈડનો ઉપયોગ કરીને દૂધનો હલકો પ્રકાર જાણવાની એક કસોટી, જેમાં ઓક્સિજન સપાટી નીચી ઊતરતા રંગવિહીન સૂચક લાલ બને છે. અર્ધા કલાકમાં લાલ બને તો દૂધ હલકા પ્રકારનું ગણાય છે.

**Tettigoniella** *spectra*. ડાંગરનો કીટ.

**Texas.** બદામ જેવાં બીજવાળા ખરાબ દેખાવના કાષ્ઠફળ.

**textural class.** ગઠનાત્મક વર્ગ. **t. soil classes.** વિવિધ કદના સમૂહોના કણોના વિવિધ પ્રમાણ અનુસાર જમીનોનું વર્ગીકરણ. સાધારણ રીતે ખેતરની જમીન રેતી, દુમટીય રેતી, રેતાળ દુમટ, દુમટ, કાંપયુક્તદુમટ, મૃદુદુમટ અને માટીના મિશ્રણવાળી હોય છે. વર્ગીકરણ કરતી વખતે જમીનમાં રહેલી રેતી, માટી અને કાંપની ટકાવારીને ધ્યાનમાં લેવામાં આવે છે. **texture.** કણરચના, પોત રચના, ગઠન. (૨) સમગ્ર અંગોની ગોઠવણી અને રચના. (૩) કાપડમાં સૂતરની રચના અનુસાર તેનું પોત નક્કી કરવામાં આવે છે. **t., coarse,** સ્થૂળ પોત – ગઠન – રચના. **t., fine** બારીક – ઝીણું પોત. **t., medium** મધ્યમ પ્રકારનું પોત.

**thakal.** *Phoenix acaulis* **Buch.-Ham ex Roxb.** નામનો બિહાર, ઉત્તર પ્રદેશ અને ઉત્તર બંગાળમાં થતો પ્રકાંડ વિનાનો તાડ, જેની કૂપળો અને પાન ખાય છે.

**thakur.** ઠાકુર, નામે ઓળખાતી રાજપૂતોમાં મોભાદાર વ્યક્તિ.

**thaladi.** સપ્ટેમ્બર-ઓક્ટોબરથી ફેબ્રુઆરી–માર્ચ દરમિયાન ઉગાડવામાં આવતો અલ્પાવધિક પાક.

**thalamus.** સંવેદન પિંડ, મસ્તિષ્કમાંથી નીકળતી ચેતાનું સ્થાન, ચેતક. (૨) ફૂલનું સંગ્રાહક પુષ્પાસન.

**thalloid.** સુકાય સદશ, સુકાયક. **tha-**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**llophyte.** એકાંગી વનસ્પતિ. (૨) સંવાહક પેશી વિનાની અને મૂળ તથા પ્રકાંડની વિભિન્નતા વિનાની વનસ્પતિ, જેના માદા જન્યુઓનું માદા જન્યુધાનીમાં નિર્માણ થાય છે. આ એકાંગી વનસ્પતિ સમૂહમાં લીલ, ફૂગ, શેવાકનો સમાવેશ થાય છે. આ એકાંગી વનસ્પતિના નિમ્ન પ્રકારો એક કોષીય છે અને તેમનું પ્રજનન બીજાણુ કે શાખીય રીતે થાય છે. ઉચ્ચ પ્રકારની એકાંગીમાં લિંગીય કે અલિંગીય રીતે પ્રજનન થાય છે અને તેનાં અંગો વિભિન્નીકરણ ધરાવતાં નથી. **thallospore.** અલિંગી બીજાણુ પ્રકાર, જેમાં બીજાણુ અગ્રસ્થાને ઉદ્ભવે છે અને તેની દીવાલ પાતળી હોય છે. **thallus.** સુકાય; મૂળ અને પ્રકાંડની ભિન્નતા તથા વાહક પેશી વિનાની વનસ્પતિનો એક પ્રકાર. (૨) મૂળ, પ્રકાંડ અથવા પાન વિનાની વનસ્પતિની કાય.

**Thames Pride.** ઑસ્ટ્રેલિયામાંથી લાવી અહીં ઉગાડવામાં આવેલા લોકેટ નામના ફળનું વૃક્ષ, જેનું ફળ મોટું, માખણ જેવા પીળા રંગનું અને રસાળ હોય છે.

**Tharparkar.** કચ્છ, જોધપુર અને જેસલમેરમાં જોવામાં આવતું દુધાળું તથા ભારવાહી પ્રાણી; જે સરકારી ફાર્મમાં સંવર્ધન પામે છે અને વરસે ચારથી છ હજાર રતલ દૂધ આપે છે.

**thatch.** ઘાસનો પ્લૉટ. (૨) છાપરાને છાવવામાં કામમાં આવતું ઘાસપાત. (૩) છાપરાને ઘાસપાનથી છાવવું. **t. grass.** કાંસ, કાંસડો ઘાસ; *Saccharum spontaneum* **L.** નામની મધ્ય ભારતની ઊંચી ભૂમિનું દીર્ઘાયુ, કપાસની ભેજવાળી કાળી જમીનમાં થતું ભૂમિગત પ્રકાંડ ધરાવતું અને અન્ય વનસ્પતિઓને ગૂંચવતું ઘાસ. રેતીને બાંધી રાખવામાં આ ઘાસનો ઉપયોગ કરવામાં આવે છે. શેરડીની સાથે સંકરિત કરવાથી તેનામાં અલ્પ વર્ષા, હિમ અને રોગનો પ્રતિકાર કરવાની ક્ષમતા આવે છે.

**thaw.** બરફ પીગળવો. (૨) પ્રવાહી અવસ્થામાં પરિવર્તન પામવું, ઓગળવું.

**thawing.** હિમદ્રવણ, બરફ, હિમ ઇ.નું પીગળવું.

**Thea.** *sinensis* **L.** ચા; આસામ, દાર્જીલિંગ, ત્રાવણકોર, નીલગિરિ, મલબાર, ઉત્તર બંગાળ, દેહરાદૂન અને કુમાઉંમાં થતો છોડ, જેનાં સુકવણી કરેલાં પાનનાં પીણાં બનાવવામાં આવે છે.

**The Agricultural Produce (Grading and Marketing) Act.** કૃષિ પેદાશ (વર્ગીકરણ અને વેચાણ) અધિનિયમ; કૃષિ અને અન્ય પેદાશનાં વર્ગીકરણ અને વેચાણનું નિયમન કરવા ભારત સરકારે 1937માં પસાર કરેલો ધારો.

**theca.** કોષ પ્રાવરણ, વેષ્ટન. (૨) શેવાળનું પ્રાવર.

**the lentil.** મસૂર.

**the leek.** વિલાયતી લસણ.

**Themeda** *arundinacea* (**Roxb.**) **Ridley** [Syn. *Anthistiria* **Hack.**]. *arundinacea* **Roxb. gigentee Hack. subsp.** ઉત્તર ભારતનું ઘાસ, જેના માવામાંથી લખવા માટેના કાગળ બનાવવામાં આવે છે. **Th.** *cymbaria* **Hack** [Syn. *A. cymbaria* **Roxb.**]. ઊંચું, દીર્ઘાયુ હાથીઘાસ, જેનાં લખવા તથા છાપવાના કાગળો બનાવવામાં આવે છે. **T.** *gigantea* (**cav**) **Hack** [Syn. *A. gigantica* **Cav.**]. સરખર નામનું આસામ, બિહાર અને ખાસી ટેકરીઓમાં થતું ઘાસ, જેના લખવા અને છાપવાના કાગળો બનાવવામાં આવે છે. **T.** *triandra* **Forsk.** [Syn. *A. imberbis* **Retx.**]. રૂઈ ઘાસ નામનો ઘાસચારો, જેના દાણા ખવાય છે. **T.** *villosa* (**Poir**) **A. Camus.** કાગળો બનાવવા માટેનું ઘાસ. **themeda grass.** તૃણકુળનું ઘાસ.

**Theobroma** *cacao*. કોકો.

**theoretical.** સૈદ્ધાંતિક. **theory.** વાદ, સિદ્ધાંત; કંઈકની ખાસ કરીને ઘટનાની સ્વતંત્ર પણ સિદ્ધાંતના આધારે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને પરિકલ્પનાથી વિરુદ્ધ રીતે સમજૂતી આપવાની પદ્ધતિ. (૨) વિજ્ઞાનના સિદ્ધાંતોની સમજૂતી. (૩) કોઈ પણ વિષયના સિદ્ધાંતોને સમજાવવાના હેતુસર પરિણામોને એકત્રિત કરવાની પ્રક્રિયા. **t. of corresponding state.** અનુરૂપ અવસ્થાનો સિદ્ધાંત. **t. of evolution.** ઉત્ક્રાંતિવાદ, ઉત્ક્રાંતિનો સિદ્ધાંત. **t. of pangenesis.** સર્વજનનવાદ. **t. of recapitulation.** પૂર્વ આવર્તનવાદ, ઉપસંહારવાદ, પૂર્વજન્માવર્તનવાદ. **t. of rent.** ભાડા – ગણોતનો સિદ્ધાંત. **t. of sampling.** નમૂનાચયનવાદ, પ્રતિદર્શ સિદ્ધાંત. **t. of special creation.** વિશિષ્ટ સર્જનવાદ.

**The papaw.** પપૈયું.

**The purple** *bauhinia.* દેવકંચન, રક્તકંચન.

**therapautic.** ચિકિત્સાવિષયક. (૨) વનસ્પતિ અને પ્રાણીઓના રોગનું નિવારણ માટેના ઉપાય અંગેનું. **Therapeutics.** ચિકિત્સાવિજ્ઞાન, રોગનિવારણના ઉપાયો હાથ ધરીને રોગની સારવાર અંગેની આયુર્વિજ્ઞાનની શાખા. **therapy.** ચિકિત્સા, વનસ્પતિ અને પ્રાણીના રોગ નિવારણની ચિકિત્સા.

**The Red and Black pumpkin beetle.** લાખ અને કાળા કોળાના કીટ.

**thermal.** ઉષ્મીય, ઉષ્માસંબંધી. **t. analysis.** ઉષ્મીય વિશ્લેષણ. **t. capacity.** ઉષ્માધારિતા, ઉષ્માને ધારણ કરવાની ક્ષમતા. **t. conductivity.** ઉષ્માવાહકતા, કોઈ પદાર્થ ઉષ્માનું કેવી રીતે વહન કરે છે તે દર્શાવતું પ્રમાણ. **t. energy.** ઉષ્મા ઊર્જા. **t. fog applicator.** છંટકાવ કરવાની એક પ્રક્રિયા, જેમાં જંતુઘ્ન તૈલ સંયોજનનું ગરમ હવાના મારાથી સૂક્ષ્મ ચૂર્ણ કરવામાં આવે છે. **t. induction.** ઉષ્મીય પ્રેરણ.

**thermoactinomyces.** ઉષ્મીય કિરણકવક.

**thermo-chemical effect.** ઉષ્મ-રાસાયણિક પ્રભાવ. **thermo ouple.** ઉષ્માનું વિદ્યુત ઊર્જામાં રૂપાંતર કરનાર સાધન, ઉષ્માંતર સાધન.

**thermoduric.** ઉષ્માજીવી, તાપજીવી. **th. bacteria.** ઉષ્માસહિષ્ણુ જીવાણુ, તાપ સહન કરે પણ ઊંચા પ્રકારની ગરમી સહી ન શકનાર જીવાણુ.

**thermodynamic.** ઉષ્માગતિક.

**Thermodynamics.** ઉષ્માગતિ વિજ્ઞાન.

**thermogenic bacteria.** ઉષ્માજનક જીવાણુ.

**thermometer.** થર્મોમીટર. **th. dry-bulb** શુષ્ક બલ્બ થર્મોમીટર. **th. maximum** અધિકતમ થર્મોમીટર. **th. minimum** ન્યૂનતમ થર્મોમીટર. **th. wet and dry bulb** શુષ્કાર્દ્ર થર્મોમીટર. **thermometry.** ઉષ્મામિતિ.

**thermonastic.** ઉષ્માપ્રેરિત. **thermonasty.** ઉષ્માપ્રેરણા.

**thermoperiod.** ઉષ્ણતામાનાવધિ. **thermoperiodicity.** ઉષ્મા સામયિકતા.

**thermophase.** ઉષ્માવસ્થા.

**thermophilic bacteria.** ઊંચું ઉષ્ણતામાન સહન કરનાર જીવાણુ, પાશ્ચરીકરણ પ્રક્રિયામાં આવા જીવાણુનો સામનો કરવો પડે છે. **th. micro-organism.** ઉષ્મારાગી સૂક્ષ્મજીવ.

**thermos.** થર્મોસ, ઉષ્માની માત્રા જાળવતું સાધન.

**thermostat.** ઉષ્માસ્થિરક, ઉષ્માનું સ્વતઃ નિયમન કરનાર યુક્તિ – સાધન.

**thermotaxis.** ઉષ્માનુચલન, તાપાનુચલન. **thermotaxy.** ઉષ્માક્રમગતિ.

**thermotropism.** ઉષ્માભિવર્તન.

**thermophytes.** ઉષ્માસહ વનસ્પતિ. વર્ષાયુ વનસ્પતિ અને તૃણ, જે બીજાવસ્થાની પ્રતિકૂળ મોસમમાંથી પસાર થઈ જાય અને એક મોસમમાં જીવનચક્ર

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૂરું કરે. **therology** સરેતન પ્રાણીવિજ્ઞાન **therophytes.**

**The scanted oleander.** હાનળુ.

**The sebestan.** મોટાં ગુંદાં.

**thesis.** મહાનિબંધ, ઉપાધિ–ડિગ્રી મેળવવા ઉત્સુક તૈયાર કરેલો નિબંધ. (૨) સમર્થનીય દરખાસ્ત.

**Thespesia** *lampas* **(Cav.) Dalz & Gibs** [Syn. *Hibiscus lampas* **G. Cav**]. વનકપાસ, દ. ભારતનો છોડ, જેના પ્રકાંડના રેસાના દોરડાં બનાવવામાં આવે છે. **T.** *macrophylla* **Bhume.** રણભીંડી.

**T.** *populnea* **(L.) Soland. ex Corr.** પારસભીંડી, પારસપીપળો; કોંકણ, પ. બંગાળ અને આંદામાનમાં થતું નાનું ઝાડ, જેની છાલના રેસાનાં દોરડાં બનાવવામાં આવે છે, અને બીનું તેલ દીવાબત્તીના કામમાં આવે છે. કાષ્ઠનાં કૃષિ ઓજારો, હોડીઓ, ફર્નિચર, કબાટ, ઓજારના હાથા બનાવવામાં આવે છે.

**The tree of heaven.** અરડૂસો.

**Thevetia** *peruviana* **(Pers.) K. Schum** (Syn. **Th.** *neriifolia* **Juss. ex Steud**; *Cerbera peruviana* **Pers.**). પીળી કરેણ, જેને વાડ તરીકે વાવવામાં આવે .છે.

**The spotted hall worm** ચપકાંવાળી ઈયળ.

**thews.** સ્નાયુ.

**thiamin.** પ્રજીવક-'બી' સંકુલનો એક ઘટક, જે બેરીબેરીના દર્દનો વિરોધી છે; આ ઉપરાંત પ્રજીવક 'બી', પ્રજીવક 'એફ' તરીકે પણ તે ઓળખાય છે, જે એન્યૂરીન, પ્રતિચેતાકના કારક તરીકે પણ જાણીતું છે.

**thick.** જાડું, સ્થૂલ. **th. cane.** શેરડી, મજબૂત નરમ અને રસવાળી, વિપુલ પ્રમાણમાં ઊગતી શેરડી જેને ફળદ્રુપ જમીન, ઠીક ઠીક ખાતર અને પુષ્કળ સિંચાઈની જરૂર પડે છે. દ. ભારતમ તે થાય છે. **th. fleshed.** સારા પ્રમાણમા સ્નાયુ અને ચરબી ધરાવતું (પ્રાણી). **th. neck.** અસાધારણ પ્રકાંડવાળી (ડુંગળી). **th. set.** નાનું મજબૂત શરીર. (૨) પાસે પાસે ઉગાડેલું. **th. walled.** સ્થૂલ ભિત્તીય, જાડી દીવાલવાળું. **th. white.** શ્યાન કે જેલી જેવી ઈંડાની સફેદી.

**thickening substance.** દૃઢક.

**thickner.** દૃઢકારક, ખોરાકની શ્યાનતા સુધારવા અને દૃઢ દેહ મળે તે માટે જીલેટીન જેવું ખોરાકમાં ઉમેરવામાં આવતું સહાયક દ્રવ.

**thicket.** નેડાનેડ સંખ્યાબંધ ઉગતા ક્ષુપો, ઝાડ. (૨) ગીચ ઝાડી ઝાંખરાં.

**thigh.** ઉરુ, જાંગ, ઘુંટણીય સાંધો અને ધડ વચ્ચેનો પ્રાણીનો ભાગ.

**thigmotropisin.** ઘન સપાટીની સાથેના સ્પર્શની પ્રતિક્રિયાથી વનસ્પતિની વૃદ્ધિને મળતો વળાંક.

**thin.** પાતળું, છીછરું, પારદર્શક. (૨) જમીનને ગોડી, હાથ વડે ખેંચીને એક જ હારમાનાં કે પ્લાટમાનાં સંખ્યાબંધ છોડને દૂર કરવા. (૩) કેટલાંક ફૂલો અથવા ફૂલગુચ્છો કે ફળો બેઠાં પછી કુદરતી રીતે ખરવા માંડે ત્યારે કેટલાંક ફળોને દૂર કરવા. (૪) વૃક્ષોની ટોચની જીવંત ડાળીને દૂર કરવી. (૫) રોપવાની વિધિ પતી જાય ત્યાર બાદ અપકવ રોપને દૂર કરવા જેથી બાકીના રોપ કે છોડ વૃદ્ધિ પામી શકે. **th. layer chromatography.** તનુસ્તરીય વર્ણ લેખન. **Th. Napier grass.** હાથી ઘાસ. **th. out.** જુઓ *thin*. **th. sheet.** પાતળી ચાદર, પાતળું પડ-સ્તર. **Th. Shelled.** હલકી મોટી બદામનો એક પ્રકાર, જે આકર્ષક, સુંવાળી અને તલવાર આકારની હોય છે અને જેનું કોચલું પાતળું, બીજ બદામી, મીઠી અને સ્વાદિષ્ટ હોય છે. **th. shell egg.** નરમ કે પાતળા કોચલા અથવા મુદ્દલે કોચલા વિનાનું ઈંડું. **th. soil.** અનુત્પાદક પાતળા સ્તરવાળી જમીન. **th. stand.** કોઈ વિસ્તારમાં જોઈએ તે કરતાં પ્રમાણમાં ઓછી વનસ્પતિ. (૨) છોડ કે ઝાડની કંગાળ રચના. **th. white.**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઈંડાનો પ્રવાહી ભાગ, ઈંડાની સફેદી પાતળા અને જાડા થરની હોય છે, જે પૈકીનું સફેદ સ્તર બહારના ભાગમાં પાતળું હોય છે. **thining.** વનસ્પતિની ગીચતા દૂર કરવા ધાન્યપાકને આછા કરવા.

**thionate dust.** ગંધકના સંયોજનવાળી જંતુઘ્ન ભૂકી.

**thiphsis.** રક્તવાહિનીનો સંકોચ.

**third filial generation.** તૃતીય સંતતિ.

**thixotrophy.** ક્ષોભજન્ય સ્થાનતા. (૨) ક્ષોભજન્ય ન્યૂનીકરણ.

**Thomas phosphate.** બેઝિક ધાતુમલ. **Th. slag.** બેઝિક ધાતુમલ.

**Thompson.** મધ્યમ કદનું, પીળી છાલવાળું, દાણાદાર ગર અને સુવાસિત પીઅરનો એક પ્રકાર.

**thong.** લગામ. કે ચાબુક તરીકે કામમાં આવતો ચામડાનો પટ્ટો.

**Thoory.** પંજાબમાં વાવવામાં આવતી, મોડી પાકતી, ઝાડ દીઠ 200-250 રતલ ખજૂર આપતી ખજૂરી.

**thoracic.** વક્ષીય. **th. cavity** વક્ષવિવર. **th. vertebra.** વક્ષકશેરૂક. **th. viscera.** વક્ષ અંતરંગ. **thoractomy.** વક્ષચ્છેદન. **thorax.** વક્ષ, છાતી; ઉચ્ચ પૃષ્ઠધારી પ્રાણીઓનું ગરદન અને જઠર વચ્ચેનું અંગ અથવા હૃદય અને ફેફસાવાળું પુચ્છ, અન્ય પ્રાણીઓનું મસ્તક પાછળનું અંગ.

**thorium.** થોરિયમ, પરમાણુ ક્રમાંક 90 ધરાવતું એલ્યુમિનિયમ જેવું રુપેરી, રેડિયો વિકિરક રાસાયણિક તત્ત્વ,

**thorn.** કાંટો, કંટક. (૨) સખત, તીક્ષ્ણ અણીવાળી પર્ણહીન વનસ્પતિની શાખા; ગમે તે કાંટાળો ક્ષુપ કે છોડ. **thorny.** કાંટાળ, કાંટાવાળું. **th. amaranth.** કાંટાળા ડાભો કાંટાળો દ્દીમચો; *Amaranthus spinosus* L. શાકભાજી અને ચારા તરીકે ઉપયોગમાં આવતી સઘળી ઋતુમાં અને ભારતભરમાં થતી વર્ષાયુ વનસ્પતિ. **th. bamboo.** કાંટાળો વાંસ, ભારતભરમાં વિશેષ કરીને નદી તટ પ્રદેશમાં અને ભેજવાળાં સ્થાનોમાં થતો વાંસ, જે કાગળ બનાવવામાં ઉપયોગી બને છે અને જેની કુંળી કૂંપળો ખાવામાં આવે છે **th. Shrub.** કાંટાળી ઝાડી, કાંટાળો ક્ષુપ.

**Thoroughbred.** ઝડપ, સુંદર દેખાવ, જુસ્સો અને સહનશીલતા ધરાવતો ઊંચી ઓલાદનો ઇંગ્લેંડનો ઘોડદોડનો અશ્વ.

**thrashing.** જુઓ *threshing.*

**thread.** રૂ, શણ, ઊન, રેશમનો કાંતેલો દોરો; પાતળું સુતર કે દોરી. **th. worm.** સૂત્રકૃમિ, પ્રાણીઓના નાના આંતરડામાં રહેતો પરજીવીકૃમિ, જેનું ડિંભ ચામડીનો રોગ કરે છે, જ્યારે પુખ્ત કૃમિ પરજીવીજન્ય મરડો અને પાંડુરોગ કરે છે.

**three.** ત્રણ. **th. cornered acacia.** કાંટાળુ વૃક્ષ, જેની સિંગો ચારા તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે. **th. day fever.** ભાગ્યેજ પ્રાણઘાતક નીવડતો ઢોર અને ક્યારેક ઘેટાને લાગુ પડતો વિષાણુજન્ય રોગનો એક પ્રકાર. **th. dimensional.** ત્રિપરિમાણી. **th. furrow plough.** ત્રિકૂળીહળ. **th. quarter bred.** જેની એક જ માતા અને એક જ પિતાના સાવકા ભાઈઓ પિતા હોય તેવું પ્રાણી. **th. ranked.** ત્રિપંક્તિક. **th. way.** ત્રિધાર. **th. w. cross.** ત્રિસંકરણ; એક સારી પરાગ જનક અંતર્જાત રેખાનો જનક તરીકે અને એકલ સંકરનો માતા તરીકે ઉપયોગ કરી તેથી બીને પેદા કરવાની પદ્ધતિ; આ સંકરમાં અતિ એકાંગતા લાવી શકાય છે.

**Thremmatology.** પ્રાણી અને વનસ્પતિના સંવર્ધનનું વિજ્ઞાન.

**thresher.** ઉપણવા ઝૂડીને દાણાને છૂટા પાડવાનું યંત્ર. **threshing.** ઊપણવું, ઝૂડવું. (૨) દાણાને વનસ્પતિના અન્ય ભાગોથી હાથ વડે અથવા યંત્રથી છૂટા પાડવા. **tr. floor.** ઉપણવા અથવા ઝૂડવા માટે મોટા ભાગે ખેતરમાં જ માટી વડે લીંપીને તૈયાર કરવામાં આવતી સખત પણ સુંવાળી જમીન;

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઘણીવાર આ હેતુ માટે વપરાતું વાવેતર ઘરના ઘરની બાજુનું સીમેન્ટવાળું તળ.

**thrift.** મિતવ્યયતા, કરકસર. (૨) ખીલતી સમૃદ્ધ વનસ્પતિ, વનસ્પતિ અને પ્રાણીઓની સ્વાસ્થ્યપૂર્ણ સ્થિતિ. **thrifty.** ખીલતું (પ્રાણી અથવા વનસ્પતિ). (૨) ઉત્પાદક (ભૂમિ).

**thrip injury.** થ્રિપના ચેપથી વનસ્પતિને પહોંચતી હાનિ, જેમાં અંત્ય કલિકાનો નાશ થાય છે, પાન તૂટેલાં, વળેલાં કે વિકૃત બનેલા જણાય છે, જેમ ઘટવા માંડે છે અને વનસ્પતિ ઝડપથી રોગનો ભોગ બને છે. **thrips.** *Thysanoptera.* શ્રેણીના મોટા ભાગે વનસ્પતિને હાનિકારક નાનાં જંતુઓ. **Th. oryzae.** ડાંગરનો થ્રિપ. **th. tabaci L.** ડુંગળીનો થ્રિપ.

**thrive.** તંદુરસ્ત અને ઉત્પાદક હોવું, જોમદાર હોવું.

**throat.** ગરદન, ગ્રીવા શ્વાસનળી. (૨) શ્વાસનળી અને અન્નનળી જેમાંથી પસાર થાય છે તે, ગરદનનો અગ્રભાગ. (૩) નલિકા, ખાંચ.

**throb.** ધબકવું, સ્ફુરણ પામવું, ખાસ કરીને સાધારણ બળ અને જોર કરતાં વધારે ધબકવું.

**thrombus.** લોહીનો ગઠ્ઠો.

**throttle.** ગળું દબાવવું, ગૂંગળાવી નાખવું, પ્રાણીને પ્રાણવાયુ-ઓક્સિજન મળતો બંધ કરવો. (૨) એન્જિનને બળતણનો પુરવઠો મળતો રહે તે માટેનું નિયંત્રણ. (૩) પ્રાણીની ગરદન.

**throw.** ફેંકવું (૨) નાળ ચડાવવા, માર્કો લગાવવા અથવા હાનિની સારવાર કરવા પ્રાણીને જમીન પર સુવાડવું. (૩) ખાણ અને ભૂવિજ્ઞાન અનુસાર ભૂસ્તરમાં ભંગ કે તિરાડ. (૪) ઝાડની ચક્રીય ગતિ કરનાર યંત્ર અથવા યુક્તિ. **th. back.** એક કે બે પેઢી પસાર થઈ ગયા બાદની સંતતિમાં જણાતાં પૂર્વજનાં લક્ષણો, પૂર્વજ ગુણ પુનરાવર્તન **th. out.** કેટલીક જરૂરિયાતો કે ચોક્કસ કાર્યો માટે નિષ્ફળ નીવડનાર પ્રાણીને દૂર કરવું. **th. up.** વનસ્પતિના મુગટની આજુબાજુ માટી એકઠી કરવી. (૨) વમન કરવું. **throwing.** ફેંકવું, બેસાડવું. **thrown.** પ્રાણીને ફરજિયાત બેસાડવાની પ્રક્રિયા.

**thrust.** પ્રક્ષેપ, એકાએક જોરદાર ધક્કો. **th. load.** પ્રક્ષેપભાર.

**Thuarea** *involuta* **(G. Forst.) R. Br. ex Roem and Schult.]** દીર્ઘાયુ ઘાસ, જે જમીનને જકડી રાખે છે

**Thuja** *orientalis* **L.** બગીચામાં ઉગાડવામાં આવતું નાનું મોરપંખી નામનું ઝાડ.

**thumb feather.** પક્ષીનું પ્રાથમિક અને દ્વિતીય સમૂહનાં પીંછાની વચ્ચેનું પીંછું, જે જ્યારે પક્ષી ઉડતું હોય ત્યારે તે વચ્ચેની ખાલી જગા પૂરે છે.

**thumping.** તડબૂચ પાકું છે કે નહિ તે જોવા માટે તડબૂચને આંગળીથી ઠપકારી જોવાની કસોટી, જેમાં પોકળ અવાજ આવે તો ફળ પાકું ગણાય છે.

**Thunberg kudza vine** *Pueraria lobata* **(Willd). Ohwi** (*Pueraria thumbergiana* **Benth**). નામની ઘાસચારા અને જમીન સુધારણા માટે વાવવામાં આવતી વનસ્પતિ.

**Thunbergia** *alata* **Boj. ex. Sims** ગ્રીષ્મ ઘરને અનુકૂળ થતો બારેમાસ ફૂલ આપતો વેલો. **Th.** *coccinea* **Wall.** લોકપ્રિય શોભાની વનસ્પતિ. **Th.** *fragrano.* **Roxb.** બગીચામાં ઉગાડવામાં આવતી વનસ્પતિ. **Th.** *grandiflora* **(Roxb. ex Rottl.) Roxb.** ખાદ્યપાનની શોભાની વનસ્પતિ.

**thunder storm.** મેઘગર્જના સાથેનું ઝડપથી વર્ષા અને વીજળીનું તોફાન.

**thurl.** દુગ્ધાલયની ગાયનો નિતંબના સાંધા અને જઘનાસ્થિ વચ્ચેનો ભાગ.

**thur soil.** પંજાબની ક્ષારીય જમીન.

**Thyme.** સુગંધિત પલ્લવ માટે ઉગાડવામાં આવતો સુવાસિત દીર્ઘાયુ છોડ.

**thymol.** બાષ્પશીલ તેલ આપતી વનસ્પતિનો પ્રકાર.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**thymus gland.** સ્વાદુપિંડ.

**Thymus** *serpyllum* **L.** હાશા; નામની કાશ્મીરથી કુમાંઉ સુધીના હિમાલયમાં થતી ખાદ્ય પાનવાળી શાકીય વનસ્પતિ. **Th.** *vulgaris* **L.** અહીં વાવવામાં આવતી વનસ્પતિ. જેનાં પાન મસાલા તરીકે વપરાય છે, અને જેમાંથી કાઢવામાં આવતું થાઇમોલ નામનું બાષ્પશીલ તેલ દાંતનાં દર્દો અને ટૂથપેસ્ટમાં ઉપયોગમાં આવે છે. ઉપરાંત તે અંકોડાકૃમિની સામે પણ ઉપયોગમાં લેવામાં આવે છે.

**Thynnichthys** *sandhkol*. એક પ્રકારની માછલી.

**thyroid gland.** ગલગ્રંથિ; ચયાપચયની પ્રક્રિયાનું નિયમન કરતી તથા વૃદ્ધિ અને પ્રજનન પર પ્રભાવ પાડતા, થાઇરૉક્સિન નામના અંતઃસ્રાવને સ્રવનાર, ગરદનમાં આવેલી નલિકારહિત ગ્રંથિ. (૨) દુધાળાં ઢોરમાં આ ગ્રંથિનો સ્રાવ દૂધ અને માખણ તત્ત્વમાં વધારો કરે છે. **thyrotropic hormone.** ગલટુ પ્રભાવી અંતઃસ્રાવ. **thyroxin.** ગલગ્રંથિનો અંતઃસ્રાવ.

**Thysanolaena** *maxima* (**Roxb.**) **O. Kuntze.** એક ઊંચું ઘાસ, જેની સાવરણીઓ બનાવવામાં આવે છે.

**Thysanoptera.** થ્રિપ જંતુઓની શ્રેણી.

**tibia.** નલાસ્થિ; ઘૂંટણ અને પાની વચ્ચેનું અંતઃ અને બહિરસ્થિ. (૨) જંતુઓના પગનો ચોથો સાંધો.

**tick.** અષ્ટપાદ વર્ગ અને કૃમિ શ્રેણીના નાના સજીવો, જે પશુ અને પક્ષીના શરીરને વળગીને તેમનું લોહી ચૂસતા પરજીવી હોય છે, જેના કારણે રક્તક્ષીણતા, બેચેની, સ્વાસ્થ્યહાનિ, દૂધ અને ઇંડાંનો ઓછો ઉતાર, ચામડી પર કરચલી જેવી અવસ્થા થાય છે. આ શ્રેણીમાં ગિંગોડી, બગાઈ, ઈતડી ઇ. જંતુઓનો સમાવેશ થાય છે. **t. borne.** ઈતડી ઇ. જેવા પરજીવીવાહિત (રોગ), જેના પરિણામે પ્રાણીને તાવ આવે છે. **t. fever.** *Borrelia galinarum.* નામના સૂચ કાઢવા ઉપયોગમાં લેવાતાં સર્પાકારનાં જંતુથી થતો જીવાણુરક્તતાનો રોગ. મરઘીનાં બચ્ચાં પરના પરજીવી જંતુથી આ રોગ થાય છે, જેમાં ભૂખ મરી જાય છે, તરસ લાગે છે, પીંછાં અસ્તવ્યસ્ત થઈ જાય છે, તાવ આવે છે, અતિસાર થાય છે, અને પગ તથા પાંખને લકવો થાય છે અને છેવટે બચ્ચું મરણ પામે છે. **t. fly** વનમાખી; જે માખીથી પણ ઓળખાતું સસ્તન પ્રાણીઓ અને પક્ષીઓ પરનું પરજીવી જંતુ.

**tidal** ભરતીનું – ને લગતું. **t. air.** પ્રત્યેક શ્વાસોચ્છ્વાસની વખતે ફેફસામાં જતી અને ત્યાંથી બહાર આવતી હવા.

**tie.** રૂની ગાંસડીને દોરી, દોરડું, ધાતુની પટી કે તારથી બાંધવી; સજ્જડ અને સલામત બનાવવું. (૨) સામાન્ય રીતે પ્રાણીની પીઠમાં પડતો ખાડો. **t. control.** બંધ નિયંત્રણ. **t. point.** બંધનની ગાંઠનું સ્થાન. **t. rod.** બંધ – દંડ, બંધન માટેનો દાંડો.

**Tientsin jute.** ચીની શણ તરીકે ઓળખાતું શણ.

**tier.** ઢગલામાં પેટીઓ, બેગ ઇ.નો થર. નિઃશ્રેણી. **t. of cells.** કોષ નિઃશ્રેણી.

**Tie Shin Tun.** તાઈવાનના સફેદ છાલ અને ગરવાળાં શક્કરિયાં.

**tifan.** એક જ સાથે ત્રણ ચાસમાં બી ઓરવામાં મદદરૂપ થતું દેશી સાધન; જેને ત્રણ છિદ્રો, ત્રણ નલિકાઓ હોય છે અને જે હળના ફળની સાથે જોડાયેલું હોય છે.

**tige.** પ્રકાંડ, થડ.

**tiger's claw.** વીંછુડો.

**tigbt.** સજ્જડ. **t. pulley.** સજ્જડ ગરગડી. **t. soil.** સજ્જડ માટીવાળી, પ્રમાણમાં મુશ્કેલ ખેડવાળી અને ધીમું પાણી શોષતી જમીન. **t. – wooled.** શરીર અને ગરદન ઉપર મોટી કરચલીઓવાળા ઘેટાનો પ્રકાર; ગમે તે પ્રકારનું ઘેટું, જેનું ઊન ટૂંકા રેસાવાળું અને ગાઢું હોય છે.

**tikar.** બિહારમાં થતી એક પ્રકારની



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વનસ્પતિ, જેનાં થિકંદમાંથી કાંજી-સ્ટાર્ચ મળે છે.

**tikhar.** એક પ્રકારનું આરારૂટ.

**tikiokra.** ગુજરાત અને તામિલનાડુમાં થતો તંતુ આપતો પ્રકાંડ અને ખાદ્ય પાનનો ક્ષુપ.

**til.** તલ. **t. gall fly.** તલની ગાંઠિયા માખ. **t. leaf roller.** તલની પાન-વાળનારી ઇયળ. **t. sphinx moth.** તલનું ભૂતિયું ફૂદું.

**tile.** માટી અથવા કોંક્રીટની વધારાના પાણીના નીકાલ માટેની મોરીનું ટાઇલ-નળિયું

**Tiliacora** *acuminata* (**Lamk.**) **Miers.** [Syn. *T. racemosa* **Colebr;** *Menispermum acuminatum* **Lamk.**]. પ. બંગાળ અને આસામમાં થતો આરોહી ક્ષુપ, જેનાં ડાળખાં છાપરાં છાવવા અને ટોપલા–ટોપલીઓ બનાવવાના કામમાં આવે છે.

**till.** ગોળાશ્મ માટી. (૨) હિમનદીએ ઘસડી આણેલાં અને તેમાં દબાયેલાં માટી, રેતી, કાંકરી અને ગોળાશ્મના મિશ્રણના નિક્ષેપો. (૩) ખેડવું, ખેતી કરવી, હાથથી ખેડ કરવી, વાવવું, જમીનમાં વાવણી કરવી. **tillage.** કર્ષણ, ખેડ, વાવણી. (૨) વનસ્પતિની વૃદ્ધિ માટે વધારે અનુકૂળ પરિસ્થિતિનું નિર્માણ થાય તે માટે જમીનને, ભૌતિક લક્ષણોને સુધારવાના તથા જમીનની રાસાયણિક અને જૈવ પ્રવૃત્તિઓને ઝડપી બનાવવાના હેતુ-વાળી બધાજ પ્રકારની પ્રવૃત્તિ, પ્રક્રિયા, ક્રિયા–વિધિ; જેમાં નીંદણ, રોગ અને જંતુના નિયંત્રણનો પણ સમાવેશ થાય છે. **tiller.** છોડના મુગટમ થી નીકળતો ફણગો; ઝાડના પ્રકાંડમાંથી ફૂટતો અંકુર. (૨) રોપ, ચૂસક. (૩) ખેડ કરનાર, ખેતી કરનાર, ખેડૂત. **tillering.** એક જ છોડના પ્રાથમિક પ્રકાંડના તળની પાસેથી એક કરતાં વધુ પ્રકાંડ વિસ્તારવાં. **t. stage.** વૃદ્ધિ અવસ્થા. **tilth.** ખેડ ખેડ કે ખેતીના પરિણામે નીપજતી જમીનની કૃત્રિમ સ્થિતિ; પૂરતી હવા અને પાણી મેળવવાની ક્ષમતા ધરાવતી જમીનની ખેડયોગ્યતા. સિંચાઈ અને વરસાદ આવવા વચ્ચેના ગાળામાં પૂરતા પ્રમાણમાં ભેજ કે પાણી જાળવવાની જમીનની ક્ષમતા; વનસ્પતિની વૃદ્ધિ માટે જમીનની ભૌતિક અનુકૂળતા.

**Tilletia** *caries* (**DC.**) **Tul.** એ નામનું જંતુ, જે ઘઉંને રોગ કરે છે. **T.** *foetida* (**Wallr.**) **Liro.** નામનું ઘઉંમાં રોગકારી જંતુ.

**tilt.** પ્રવણ અવસ્થા બનાવવી–મેળવવી. (૨) અવનત અવસ્થા, ઢોળાવ. **tilted udder.** આંકને બરાબર લાગ્યો ન હોય તેવો આંચળ. **tilting lever.** અવનત કરવા અથવા ઊલટાવવા માટેનું ઉત્તોલક.

**timal.** બિહાર, ઓરિસા, ખાસી ટેકરીઓ અને મણીપુરમાં થતી વનસ્પતિ, જેની છાલમાંથી દોરડાં બનાવવામાં આવે છે; જેનાં ફળ ખાદ્ય છે; જેનાં પાન કઢી અને મુરબ્બો બનાવવા તથા ચારા માટે કામમાં આવે છે.

**timar mazenga.** *Fagara oxyphylla* (**Edgew**) **Engl.** (*Zanthoxylum oxyphyllum* **Edgew.**). નામનો કુમાઉં અને ખાસી ટેકરીઓમાં થતો ક્ષુપ, જેની કુમળી કળી ખાવામાં કામમાં આવે છે.

**timber.** ઈમારતી નિર્માણ-કામમાં ઉપયોગમાં લેવામાં આવતું કાષ્ઠ. (૨) ઈમારતી વૃક્ષોનો સમૂહ. (૩) ઈમારતો, સુથારી કામ ઇ. માટે ઉપયોગમાં લેવામાં આવતું કાષ્ઠ. **t. line.** વૃક્ષ રેખા. પર્વતો પર ઝાડ અથવા જંગલ થવા માટેનું ઊંચામાં ઊંચું સ્થાન, જે પછીના સ્થાનમાં પર્યાવરણના કારણે વનવૃદ્ધિ શક્ય બનતી નથી. **t. marking.** કાપવા યોગ્ય અથવા કાપવાને પાત્ર હોય તેવાં વૃક્ષોને ચિહ્નિત કરવાં. **t. stand improvement.** વૃક્ષવનની રચના, પરિસ્થિતિ અને તેની વૃદ્ધિ દરને સુધારવા માટે મોટા પ્રમાણમાં ઝાડ પાડવાની પ્રવૃત્તિને બાદ કરતાં, ઝાડ કાપવાની સઘળી પ્રવૃત્તિ. **timbered.** ઈમારતી વૃક્ષોના

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જંગલ સંબંધી. **timberland.** વન પ્રદેશ, જંગલ પ્રદેશ-વિસ્તાર.

**time.** સમય, કાળ, અવધિ. **t. factor.** સમયકારક, કાલકારક. **t. lag in agricultural production.** કૃષિ ઉત્પાદનમાં વિલંબ. **timely.** વેળાસર, સવેળા, મોસમી, યોગ્યતક, સંપન્ન. **timing gear.** આવાધિક ગિયર.

**timla.** ખાદ્યફળવાળું ખિહાર, ઓરિસા, ખાસી ટેકરીઓમાં થતું એક ઝાડ.

**timsa.** તણછ.

**tin.** કથાઈ, ટિન. (૨) ડબ્બો.

**Tincta** *Tincta.* એક પ્રકારની માછલી.

**tinctorial.** રંજક, રંગઉત્પાદક.

**tincture.** ટિંકચર; મદ્ય કે ઈથર અને મદ્યાર્ક વડે બનાવવામાં આવતું ઔષધીય સંયોજન; જેમાં વનસ્પતિ દ્રવ્યો કે રસ ચઢ્યો હોય છે. **t. iodine.** ટિંકચર આયોડીન.

**tinda.** ઉત્તર ભારતનું ઉનાળા દરમિયાનના લોકપ્રિય ફળનો એક પ્રકાર.

**tindupara.** *Toddalia asiatica* (**L.**) **Lamk.** [Syn. *T. aculeata* **Pers.**]. નામનો ખાસી ટેકરીઓ, તામિલનાડુ, કુમાંઉનો ક્ષુપ, જેનાં મૂળમાંથી પીળો રંગ મળે છે અને જેનાં મૂળ અને ફળ ખાદ્ય છે.

**tine.** દંતાળી, ફોર્ક કે હળ જેવાનાં દાંતા, કાંટા કે શૂળ. **tined** દાંતાવાળું **t. cultivator.** ગોડ અને ખેડ કરવા માટેનું દાંતા અને પૈડાની હેરફેર કરી શકાય તેવું ઓજાર. **t curved point,** વક્ર અણિવાળું કાંટાળુ ઓજાર. **t. harrow.** કાંટાળી ખરપડી – રાંપડી.

**tinge.** રંગ, આભા.

**Tinnevellis.** તામિલનાડુના મદુરાઈ, રામનાથપુરમ અને તિરુનેલવેલી જિલ્લાઓમાં થતા કપાસનો એક પ્રકાર.

**Tinospora** *cordifolia* (**Willd.**) **Miers. ex. Hook f. & Thoms** ગળો; આરોહી ક્ષુપ, જે ઔષધીય ગુણ ધરાવે છે, અને અતિસાર અને દીર્ઘકાલીન મરડામાં તેને ઉપયોગમાં લેવામાં આવે છે.

**tinted egg.** સફેદ અથવા બદામી ન હોય તેવું ઈંડું.

**tip.** ટોચ, અગ્રાંત્ય. (૨) ઊનના તંતુનો ખુલ્લો ભાગ. (૩) ડાળી કે ડાળખાંનો છેડો. (૪) ડાળીઓ, પ્રકાંડ, ડાળખાંનો ટોચનો ભાગ દૂર કરવો. (૪) પાતળો, બળેલો છેડો. **t. burn.** અગ્રદાહ; વનસ્પતિનો એક પ્રકારનો રોગ, જેમાં પાનની કિનારી અને તેના અગ્રભાગને દાહ લાગે અને બદામી થઈ જાય. અનેક પ્રકારના વાતાવરણીય કારકોથી વનસ્પતિને આ રોગ લાગે છે. **t. cutting.** નરમ લાકડાં–કાષ્ઠને કાપવાં. **t. deterioration.** અંતઃશુષ્કતા રુગ્ન. **t. layering.** સ્તરીકરણની પદ્ધતિ, જેમાં પ્રકાંડનાં અગ્રાંગોને જમીનમાં એક અથવા બે ઈંચ જેટલા દાટવામાં આવે છે, જ્યાં તે વિસ્તાર પામી, તંતુમય પ્રરોહનું નિર્માણ કરે છે અને તેમાંથી નવો છોડ ફૂટે છે. મૂળ વિકાસ પામે ત્યારે પ્રકાંડને કાપવામાં આવે છે. આ રીતે બ્લેકબેરી અને લોગાનબેરીના સંબંધમાં પણ અજમાવવામાં આવે છે. **tipped.** પીંછાનો ભાગમય છેડો, જેનો રંગ બાકીનાં પીછાં કરતાં જુદો હોય તેના સંબંધી.

**Tipping.** જુઓ *Topping.*

**tippy wool.** ઊનનો કઠણુ ચીંગડા જેવો ભાગ.

**tire (tyre.)** ટાયર, પૈડાની ગોળ ફરતે જડેલી ધાતુ કે રબરની પટ્ટી, જેથી પૈડાની આવરદા વધે અને કર્કશ અવાજ ન થાય. (૨) થાકી જવું, થાક લાગવો **tired soil.** શ્રાંત જમીન; પોષણ વિના અનુત્પાદક બનેલી – થાકી ગયેલી જમીન.

**tirmal.** જુઓ *eve's apron.*

**tissue.** ઊતક, ઊતિ, પેશી. (૨) પ્રાણી અને વનસ્પતિના દેહની સંરચના, જેમાં આંતરકોશીય દ્રવ્યોથી કોષ અલગ થાય. (૩) સમાન કાર્ય અને સમાન ઉદ્દભવવાળો

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કોષોનો સમૂહ. (૪) સુંદર, ઝીણું વણેલું ગમે તે કાપડ. **t., conducting** સંવહન પેશી, વાહક પેશી. **t., connective.** સંયોજક પેશી. **t., epidermal** અધિસ્તરીય – અધિચર્મીય પેશી. **t., fundamental** આધાર પેશી. **t., ground** આધાર પેશી. **t., mechanical** યાંત્રિક પેશી. **t., vascular** વાહક પેશી. **t. biopsy.** જીવોતિ પરીક્ષા. **t. culture.** પેશી સંવર્ધન. **t. section.** પેશીચ્છેદન. **t. system.** પેશી તંત્ર. **t. tension.** પેશીનો તનાવ.

**titanium.** લોહ જેવું પરમાણુ અંક 22 ધરાવતું ધાત્વીય તત્વ. **t. dioxide.** $TiO_2$; ટાઇટેનિકમ ડાયોક્સાઈડ, પૃથ્વીના પોપડામાં રહેલું એક ખનિજ.

**titer.** કોઈ દ્રવ્યનું ઓછામાં ઓછું પ્રમાણ, જે અન્ય દ્રવ્યની ચોક્કસ માત્રાથી વિશિષ્ટ પ્રતિક્રિયા મેળવવા માટે જરૂરી બને છે. કોઈ દ્રવ્યનું અનુમાપન કરવા જરૂરી બનતું અન્ય દ્રવ્ય. **Titrable Acidity and pH.** અનુમાપનીય અમ્લતા અને pH; દુગ્ધ શર્કરામાં જીવાણુ ક્રિયાથી દૂધમાં અમ્લતા આવી છે કે નહિ તે આલ્કલીની સામે અનુમાપનથી જાણવાની કસોટી. કેટલાંક સૂચકો ઉમેરીને થતા રંગથી pH પરિવર્તન નક્કી કરી શકાય છે. pH 7.6 થી બ્રોમ-થાઈમોલ આસમાની બનશે, pH 6.0 થી તે પીળું બનશે; **pH** 5.2 થી બ્રોમ-ક્રેસોલ પીળું અને **pH** 6.8 થી ઘેરુ જાંબુડિયું થશે. **T. A. of milk.** દૂધની અનુમાપનીય અમ્લતા. તાજા દૂધની અમ્લતા તેમાંના ફોસ્ફેટ (કેસીન અને આલ્બ્યૂમીન) પ્રોટીન અને તેમાં નજીવા પ્રમાણમાં રહેલા કાર્બન ડાયોક્સાઈડ અને લીંબુના ક્ષારના કારણે હોય છે. આથી પ્રમાણિત આલ્કલી સામે અનુમાપન કરવાથી તેની સાચી અમ્લતાનું માપ નીકળી શકતું નથી. **titrate.** અનુમાપન કરવું, કોઈ સંયોજનના ચોક્કસ ઘટકની ગુણવત્તા, આ સંયોજન બીજું રૂપ ધારણ કરે તેવા અન્ય કોઈ પ્રમાણિત દ્રાવણ વડે જાણવી. **titration.** અનુમાપન. **t., qualitative** ગુણાત્મક અનુમાપન. **t., quantitative** માત્રાત્મક અનુમાપન. **t. curve.** અનુમાપન વક્રરેખા. **titre.** અનુમાપન અંક.

**tivar.** તિવાર.

**tivas.** તણછ.

**toad.** મેડક, દેડકો; પૂંછડી વિનાનું એક કીટભક્ષી ઉભયચર પ્રાણી. **t. stool.** પ્રકણી ફૂગનો ફૂલનાવસ્થાનો એક પ્રકાર; આ ફૂગના વાનસ્પતિક ભાગમાં, જમીન, કાષ્ઠ, ખાતર કે ગમે તે વાનસ્પતિક અકાર્બનિક દ્રવ્યમાં ઊગતા તંતુના કોષનો સમાવેશ થાય છે. હવામાં થતું ફળ ગર-વાળું, ઝેરી પ્રકણી ફૂગ ટોડસ્ટૂલ તરીકે ઓળખાય છે, જ્યારે ખાવામાં ઉપયોગી છત્રક અથવા બિલાડીનો ટોપ ગણાય છે.

**tobacco** તમાકુ; *Nicotiana rustica* **L.** (વિલાયતી તમાકુ); *N. tabacum* **L.** તમાકુ નામનો મૂળ મધ્ય અમેરિકાનો પરંતુ અહીં ગુજરાત, પંજાબ, બિહાર, પ. બંગાળ. આન્ધ્ર પ્રદેશ, મહારાષ્ટ્ર, કર્ણાટક અને ઉત્તર પ્રદેશમાં થતો છોડ; જેના પાનમાં આલ્કલોઈડ હોય છે, જેનો ઉપયોગ જંતુઘ્ન તરીકે થાય છે. તમાકુનાં બીને પીલીને તેલ કાઢવામાં આવે છે, જે દીવા-બત્તી ઉપરાંત રંગ અને વાર્નિશ બનાવવા માટે કામમાં આવે છે. તેલ કાઢી લીધા પછી શેષ રહેલાં બીનાં ખોળનું ખાતર બને છે. તમાકુના ભૂકા અને અન્ય અવશેષોમાંથી છીકણી અને જંતુઘ્ન નિકોટીન સલ્ફેટ બનાવવામાં આવે છે. ટર્કીશ કે ઈસ્ટ ઈન્ડિયન રોબેકો, વિલાયતી અને કલકત્તી આ નામના તમાકુના પ્રકારોને પીળાં ફૂલ થાય છે. તમાકુનાં પાન ચાવવા ઉપરાંત બીડી, સિગાર, સિગારેટ, હુક્કા ઈ.માં ફૂંકવામાં આવે છે, તેના ભૂકામાંથી બનાવવામાં આવતી છીકણી સુંઘવાના કામમાં આવે છે. **t. bacterial wilt.** *Pseudomonas solanacearum.* નામના જંતુથી તમાકુને થતો રોગ, જેમાં તેનાં નિમ્ન-

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાન કરમાઈ જાય છે. t. **black leg.** જુઓ *totacco black shank.* t. **black shank.** *Phytophthora parasitica* **Dastur** var. *nicotianae* **Tucker.** નામનાં જંતુથી તમાકુને થતો રોગ, જેમાં તમાકુના પ્રકાંડને બદામી અને કાળા ડાઘ, અને નરમ સડો થાય છે, રોપ સંકોચાઈને પીળા પડી મરવા માંડે છે. t. **borer beetle.** *Lasioderma serricorne* **Fabr.** નામની, સિગારેટ, સિગાર, સંગ્રહ કરેલી તમાકુ, કઠોળ, ધાણા, હળદર, સૂંઠ અને છોરામાં પડતી એક પ્રકારની જાત. t. **capsule borer** તમાકુના પ્રાવર કોરનારી ઈયળ. t. **caterpillar.** *Prodenia litura* **Fabr.** નામની ટમેટાં, રાઈ, મરચી, કોબી, કોલીફ્લાવર, નોલકોલ અને તમાકુમાં પડતી ઘેરા બદામી રંગની ઈયળ, જે તમાકુનાં પાન ખાઈ છોડને નુકસાન કરે છે. t. **cutworm.** તમાકુના થડ કાપી ખાનારી ઈયળ. t. **damping off.** *Pythium aphanidermatum* **(Edson) Fitz.** *Pythium debaryanum* **Hesse.** નામનાં જંતુથી તમાકુના રોપને લાગુ પડતો રોગ. t. **decoction.** તમાકુનો કાઢો. t. **frog-eye leaf spot.** *Cercospora nicotinae* **Ell. and Ever.** થી તમાકુને થતો રોગ, જેમાં તેનાં પાન રાખોડી રંગનાં, સાંકડી બદામથી કાળી કિનારીવાળાં ડાઘવાળાં થાય છે અને છેવટે રોપ મરી જાય છે. t. **ground beetle.** *Tenebrionidae* sp. તમાકુમાં પડતું જંતુ. t. **leaf caterpillars.** *Laphygma exigua* અને *Prodenia litura.* નામનાં તમાકુમાં પડતાં જંતુ, જે ઉછેરગૃહમાં તમાકુના રોપાને ભારે નુકસાન પહોંચાડે છે. t. **l. curl.** તમાકુને થતો વિષાણુજન્ય રોગ. t. **mosaic.** તમાકુના પાનને ચીમળાવી દેતો વિષાણુજન્ય એક રોગ, જેની કસોટી કરતાં વિષાણુ વિષે માહિતી સાંપડે છે. t. **powdery mildew.** *Erysiphe cichoracearum.* થી તમાકુને થતો રોગ, જેમાં તેનાં પાન પર સફેદ ભૂકા જેવી ફૂગ વળે છે. t. **soap decoction.** 2 રતલ તમાકુનાં પાન, પ્રકાંડ વ.ને 20 રતલ પાણીમાં ઉકાળી ત્યારબાદ 2 રતલ સાબુને ઉમેરીને બનાવવામાં આવતું જંતુઘ્નપ્રવાહી, જે બદામી રંગ ધારણ કર્યા પછી ગાળી લેવામાં આવે છે. આ પ્રવાહીનો છંટકાવ કરવા અગાઉ પ્રકાંડમાં મૂળ દ્રાવણનું 10 થી 15 ગણું વધારે પાણી ઉમેરવામાં આવે છે. t. **stem borer.** *Gnorimoschema heliopa* **Low.** નામની તમાકુના છોડના પ્રકાંડને કોરતી ગાંઠિયા ઈયળ. t. **stem rot** *Pellicularia rolfsii.* નામના જંતુથી તમાકુને થતો રોગ, જેમાં તમાકુના પ્રકાંડના જમીન તરફના ભાગ વળી જાય છે અને છોડ પીળો પડી જાય છે. t. **topping.** તમાકુના છોડના ટોચ પરનાં પાન ચૂંટવાની પ્રક્રિયા, જેથી છોડ અને પાન મોટાં થાય, કાળાશ પડતાં પાનવાળા છોડને આ પ્રક્રિયા અનુકૂળ નથી.

**to break land.** ખેતી કરવા માટે જમીનને તોડવી.

**Toddalia** *asiatica* **(L.) Lamk.** [Syn. *T. aculeata* **Pers.**]. હિમાલય, ખાસી ટેકરીઓ, તામિલનાડુ અને કુમાંઉમાં થતો ક્ષુપ, જેનાં મૂળમાંથી પીળો રંગ મળે છે અને પાન તથા ફળ ખાય છે.

**toddy.** તાડી; તાડના ઝાડને છેદીને લીધેલા નીરાને આથો આવ્યા પછી થતું માદક પીણું, જે સરકો બનાવવામાં ઉપયોગી થાય છે. t. **palm** તાડ; *Caryota urens* **L.** નામનો ઓરિસા, ઉત્તર બંગાળ અને આસામમાં થતો તાડ, જેનાં પાનમાંથી મળતા રેસાનાં દોરડાં, ટોપલા-ટોપલીઓ, નરમ બ્રશ બનાવવામાં આવે છે. તાડની તાડી માદક પીણું છે, અને તેમાંથી તાડગોળ બનાવવામાં આવે છે. t. **tapping.** તાડ છેદન; તાડના ચોક્કસ ભાગમાંથી રસ સ્રવવા માટે ઘાવ કરવામાં આવતી એક પ્રક્રિયા. કેટલાંક

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તાડકુળનાં ખજૂરી જેવા ઝાડના વૃદ્ધિજનક ભાગને છેદવામાં આવે છે, અને છેદેલા ભાગમાં ખાડો કરવામાં આવે છે, જેમાં સ્રાવ એકઠો થાય છે. કુમળાં જંગલી તાડ અને આફ્રિકન પામિરા વૃક્ષના પડખાને છેદવામાં આવે છે. બીજાં કેટલાંક આ વર્ગનાં ઝાડના પુષ્પોદ્ભવ ભાગને છેદવામાં આવે છે, જેથી તેમાંથી રસ સ્રવે છે.

**toe.** પાદાંગુલ; પગનાં આંગળાં. (૨) ખરીનો અગ્રભાગ. (૩) લોહનો ટૂકડો. **t. feathering.** મરઘીનાં બચ્ચાંનાં આંગળાંને ઊગતાં પીંછાં.

**tohar sem.** આચ્છાદન પાક અને લીલા ખાતર માટે ઉગાડવામાં આવતી એક વનસ્પતિ, જેની સિંગોના દાણા ખાવા માટે ઉપયોગી બને છે.

**tola.** તોલા, તોલાદ. (૨) નીરા, તાડીવાળું વૃક્ષ.

**tolerable.** સહ્ય, ટકાઉ અને ઠીક ઠીક સારું. **tolerance.** સહ્યતા, સહનશીલતા, સહિષ્ણુતા. (૨) અન્ય વૃક્ષોની છાયા હેઠળ ઊગવાની અને તેની હરીફાઈ કરવાની વનસ્પતિની ક્ષમતા. (૨) કોઈ પણ પ્રાણી જાતિની પ્રતિકૂળ પ્રાકૃતિક સંજોગોમાં જીવવા અને વધવાની ક્ષમતા. (૩) વિષ ગ્રહણ કરી તેની મારક અસરથી બચવાની કોઈ પણ પ્રાણી કે જંતુની ઉપાર્જિત ક્ષમતા. (૪) ચોક્કસ વર્ગની વનસ્પતિ, તેના વર્ગની વિશિષ્ટતા ધારણ ન કરે ત્યારે તેને વધવા દેવાની અનુકૂળતા. **tolerant.** સહિષ્ણુ. (૨) ગંભીર હાનિ ભોગવ્યા વિના કે પાકનો નાશ થયા વિના રોગનો પ્રતિકાર કરવાની વનસ્પતિની ક્ષમતા. **t. species.** સહિષ્ણુજાતિ.

**tolu balsam tree.** *Myroxylon toluiferum* **H B K.** નામનું શિમ્બી વર્ગનું ઝાડ, જેમાંથી બદામી કે પીળા રંગનું, ટોલુ બાલ્સમ નામનું ગુંદર કે રાળ જેવું દ્રવ્ય મળે છે, જેનો ઉપયોગ ઔષધ અને કફસિરપ બનાવવામાં થાય છે.

**Tolyposporium** *ehrenbergii.* નામનો જુવારનો શિરોત્પાદક કીટ. **T.** *penicillariae.* નામની બાજરીમાં અંગારિયાનો રોગ કરતી ફૂગ. **T.** *senegalense.* નામની બાજરીમાં અંગારિયાનો રોગ કરતી ફૂગ.

**tom.** નર ટર્કી પક્ષી. (૨) કેટલાંક પ્રાણીઓનો નર.

**tomatillo.** *Physalis ixocarpa* **Brot.** નામની મૂળ મેક્સિકોની વનસ્પતિ, જેનાં ટમેટાં જેવાં ફળ થાય છે, જેનાં સલાડ, કઢી અને સુપ બનાવવામાં આવે આવે છે; ઉપરાંત તેનો મુરબ્બો પણ બને છે. **t. groundcherry.** જુઓ *tomatillo.* **tomato.** ટમેટાં; *Lycospersicon esculentum* **Mill.** (**L.** *esculentum* **Mill**; *Solanum lycospersicum* **L.**). નામનો વિશ્વમાં ત્રીજા નંબરનું સ્થાન ધરાવતો શાકીય પાક, જેમાં પ્રજીવકો 'એ', અને 'સી', કેલ્શિયમ હોય છે અને ડબામાં સંગ્રહ કરાયેલો તે પહેલો ગરમ ઋતુનો પાક છે. દક્ષિણ અને મધ્ય અમેરિકામાં તેનો ઉપયોગ ખોરાક તરીકે થાય છે. સૂકા અને અર્ધ-સૂકા પ્રદેશમાં સિંચાઈ આપીને તેને ઉગાડવામાં આવે છે. ગોરાડુ અને સારી માટીવાળી જમીન આ પાકને વધારે અનુકૂળ થઈ પડે છે. વારાફરતી પાક લેવાનાં બટાટા, મરચી અને રીંગણીનો પાક ટમેટા લીધા પછી તરત વાવવો ન જોઈએ. **t. bacterial leaf spot.** *Xanthomonas vesicatoria.* નામના જંતુથી ટમેટાને થતો રોગ **t. b.wilt.** *Psudomonas solanacearum.* નામના જંતુથી ટમેટાને થતો રોગ, જેમાં તેનાં નિમ્ન પાન ચિમળાઈ જાય છે, છોડ પણ ચિમળાઈ ને નાશ પામે છે. **t. blossom-end rot.** ટમેટાને થતો બિનજીવાણુ રોગ. **t. damping off and foot rot.** *Pythium spp., Phytophthora spp.; Pellicularia filamentosa.* નામનાં જંતુથી ટમેટાંને થતો રોગ, જેમાં છોડનું છેવટે મૃત્યુ થાય છે. **t. early blight.** *Alternaria solani.* નામના જંતુથી ટમેટાને થતો રોગ. **t. foot rot and wilt.**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



*Pellicularia (Sclerotium) rolfsii.* નામના જંતુથી ટમેટાને થતો રોગ, જેમાં તેનાં પાન એકાએક ચિમળાઈ જાય છે. **t. fruit rot.** *Phytophthora* spp. નામનાં જંતુથી ટમેટાને થતો રોગ. **t. fusarium wilt.** *Fusarium oxysporum.* નામના જંતુથી ટમેટાને થતો રોગ, જેમાં તેનાં પાન પીળાં પડે છે **t. late blight** *Phytophthora infestans.* નામના જંતુથી ટમેટાને થતો એક રોગ. **t. leaf curl** ટમેટાને થતો એક વિષાણુજન્ય રોગ. **t. L. mould.** *Cladosporium fulvum* નામનાજં તુથી ટમેટાને થતો રોગ, જેમાં તેની સપાટી પર લીલા રંગની ઊબ થાય છે. **t. mosaic.** તમાકુને થતો વિષાણુજન્ય રોગ. **t. powdery mildew.** *Leveillula taurica* થી ટમેટાંને થતો રોગ, જેમાં તેનાં પાન પર લોટ જેવી બૂગી થાય છે. **t. root rot and charcoal rot.** *Macrophomina phaseoli.* નામના જંતુથી ટમેટાના મૂળને લાગતો સડો. **t. stem and fruit canker.** *Corynebacterium michiganense.* નામના જંતુથી ટમેટાને થતો એક રોગ.

**tomatose.** ગૂંચવાયેલા વાળ અને તંતુકથી આવરિત. **tomentum.** ગૂંચવાયેલા ઊનવાળું, ઊનનો ગુચ્છો.

**ton.** ટન, 2,000 રતલ ધરાવતાં વજનનો ઘટક, મેટ્રિક પદ્ધતિમાં એક હજાર કિ. ગ્રામનો ઘટક. **tonnage.** ટનમાં ગમે તે વસ્તુનું વજન. **tonne.** એક હજાર કિ. ગ્રામ વજન ધરાવનારને.

**tone.** સ્વાસ્થ્ય, કોઇ સજીવ અને તેના વાતાવરણ વચ્ચેની સમતુલા.

**toned milk.** તાજા મલાઈ કાઢી લીધેલા દૂધની સાથે અથવા દૂધના પાવડરના બનાવેલા દૂધના સાથે દૂધનું મિશ્રણ, ટોન્ડ મિલ્ક.

**tongs.** સાંડસી. ચીપિયા; વસ્તુ પકડવા કે ઝાલવાનું બે પાંખિયાંવાળું સાધન.

**tongue.** જીભ, જિહ્વા. (૨) ચરબીજ સ્નાયુનું બનેલું મોંનું એક અંગ, જેની ઉપર સ્વાદાંકુરો આવેલા હોય છે: જે સ્વાદેંદ્રિયનું કાર્ય કરે છે, અને જે ખોરાકને ચાવવા તથા ગળામાં ધકેલવામાં મદદ કરે છે. **t. cell.** જિહ્વા કોષ. **t. grating.** કલમનો એક પ્રકાર, જેમાં સ્કંધ અને કલમાંકુરમાં જીભ જેવાં કાપ મૂકી, કાપમાં કલમાંકુર પ્રવેશી શકે તેવી રીતે બંનેને પાસે લાવી બંનેને જોડી દેવામાં આવે છે.

**tonic.** પૌષ્ટિક: સાધારણ જોમ અને સ્ફૂર્તિ લાવવા માટેનું કારક. (૨) સ્નાયવીય સંકોચને લગતું. (૩) બાહ્ય અસરો પ્રત્યે સાધારણ પ્રતિભાવ દર્શાવતી (વનસ્પતિ).

**tonoplast.** અંતઃ કોષ રસ ત્વચા, રસધાની ત્વચા.

**tool.** ઓજાર, સામાન્ય કામ કરવા માટેનું સાધન, ઉપકરણ. **t. bar.** યંત્ર યોજક દંડ, ટ્રેક્ટર પરનું ભારે ચોકઠું, જેની સાથે ઓજારો જોડેલાં-મૂકેલાં હોય છે.

**toom.** એક ખાદ્ય ફળધારી વૃક્ષ, જેનાં પાન ચામડાં કમાવવા કામ લાગે છે.

**toon.** ભેજવાળી અને નદી જેવા ઝરણાંના કિનારે ઊગતું, નરમ કાષ્ઠ ધરાવતું ફર્નિચર; ચા, સિગરેટ ઇ.ની પેટીઓ બનાવવા માટે ઉપયોગી વૃક્ષ જેનાં ફૂલમાંથી કાપડ રંગવા માટે પીળો રંગ નીકળે છે. આ વૃક્ષ ઉત્તર પ્રદેશ, પંજાબ અને દ. ભારતમાં થાય છે.

**Toona** *ciliatia* **M.J.Roem** [Syn. *Cedrela toona* **Roxb ex. Rottl.& Willd.**]. નામનું શોભા માટેનું ઝાડ, જેના લાલ, નરમ અને ચળકતા કાષ્ઠનાં ફર્નિચર, ચાની પેટીઓ' સિગારની પેટીઓ બનાવવામાં આવે છે, જે ભેજવાળી જમીન અને ઝરણાંના કાંઠા પર થાય છે, જેમાંથી મળતા પીળાશ પડતા લાલ રંગથી સુતર રંગવામાં આવે છે અને છાલનાં ચામડાં કમાવવામાં આવે છે.

**tooth** (એ.વ.). **teeth** (બ.વ.). દાંત, (૨) સ્તનધારી પ્રાણીઓનાં જડબાંમાં થતો, કઠણ ભાગ, જે ચાવવાના કામમાં આવે છે. (૩) ગિયર-ચક્ર, કરવત, ઇ. જેવાં ઓજારોનાં અણીવાળા દાંત આકારના ભાગો દાંતા. **t. bar.** દાંતાવાળો સળિયો

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ટોરો. **t. brush tree.** નાનું પીછું. **t. set.** દંતાવલી. **toothed bur clover.** *Medicago denticulata* **Willd.** નામની ઘાસચારા માટેની વનસ્પતિ.

**top.** ટોચ, કેટલીક વનસ્પતિઓનો પાન જેવો ટોચનો ભાગ. (૨) વનસ્પતિનો ટોચનો ભાગ અને પાન કાપી નાંખવા, ઝાડનો ટોચનો ભાગ દૂર કરવો. (૩) ઊનને સાફ કરી નકામાં તંતુને દૂર કરવા. **t. borer.** ટોચ–વેધક કીટ; ગાભમારાની ઈયળ. **t. -bottom ratio.** શેરડીની ટોચ અને નીચેના ભાગમાંના રસની ઘનતા વચ્ચે પડતો ફરક, જે શેરડીની પકવતા પારખવાનાં કામ લાગે છે. બંને પ્રકારના રસની ઘનતા સરખી થાય ત્યારે શેરડી પાકી ગયેલી અને પીલવા યોગ્ય ગણાય છે. બંને પ્રકારના રસની વચ્ચે નિમ્ન ગુણોત્તર પકવતા સૂચવે છે અને ઉચ્ચ ગુણોત્તર અતિ પકવતા સૂચવે છે. **t. cross.** ક્રમ-પ્રક્રિયા નિર્માણની એક રીત, જેમાં એક જ પ્રકારની સંતતિને ખુલ્લા પરાગનયનવાળા પ્રકારની સાથે સંકર કરવામાં આવે છે. (૨) શુદ્ધ ઓલાદની અન્ય માદાની સાથે સંકર પ્રક્રિયા. **t. disc.** ઉપરની તકતી-ચકતી. **t. dressing.** ખેતરમાં પાક ઊભો હોય ત્યારે ખાતરને વેરવું. **t. gear.** ઉપરનું ગિયર. **t. grade.** વિક્રી યોગ્ય પેદાશ, જે ઉત્તમ કે ત્યાર પછીની કોટિની હોય છે. **t. grafting.** ટોચ કલમ પ્રક્રિયા. **t. growth.** જમીનની ઉપરનો વનસ્પતિનો ભાગ. **t. necrosis.** વનસ્પતિની કળી, શાખા કે સમસ્ત ટોચના ભાગનું થતું ઝડપી મરણ. **t. onion.** દ. ભારતમાં ઊગતો ડુંગળીનો એક પ્રકાર, જેના કંદ નાના હોય છે. **t. set.** એક પ્રકારના કાંદાનાં કેટલાંક કે બધાં પુષ્પના ઠેકાણે નાના કંદનું થતું નિર્માણ. **t. soil.** જમીનનું ઉપલું પડ. (૨) સંસ્તર. **t. working.** અનિચ્છનીય વનસ્પતિને ઉપયોગી પ્રકારમાં ફેરવવાની અથવા ચાલુ પ્રકારની વચમાં પરાગનયનના હેતુસર ઈચ્છનીય પ્રકાર ઉગાડવાની પદ્ધતિ. (૨) જંગલી ફળોનું વેપારી ધોરણમાં પરિવર્તન લાવવાની કૃષિ પદ્ધતિ. **topiary.** ક્ષુપનું સુશોભન થાય તેવી તેની કરવામાં આવતી કાપકૂપ. **topical.** સ્થાનિક અથવા ચાલુ બાબતો અંગેનું. (૨) શરીરના કોઈ અંગને સ્પર્શતું. **topped.** મૂળ, કંદ ઇ. દૂર કરાયેલાં હોય તેવી વનસ્પતિ અંગેનું. (૨) ઝાડ પાડયાં અગાઉ કે ત્યાર પછી ટોચને દૂર કરવા અંગેનું. **topping.** સિગારેટની તમાકુનો પુષ્પવિન્યાસ દૂર કરવો, જેથી પ્રકાર બગડયા વિના પાનનો ઉતાર વધે છે, પાન વધારે કાળાં થાય છે. સામાન્ય લીલાં પાનવાળા છોડમાં ઉત્તમ પરિણામ આવે છે. (૨) છોડના ટોચ ભાગનું કર્તન, જેથી બાકીના તેના ભાગ વિકાસ પામે છે. (૩) કલિકાનો વિકાસ થાય તે માટે, કલિકાની ઉપરના સ્કંધને દૂર કરવો. (૪) ડાળીઓના છેડાનું કર્તન. (૫) વનસ્પતિની ટોચના ભાગનું કર્તન.

**topioca.** મોગો, સફેદ કંદ.

**topography.** સ્થળવર્ણન, નકશામાં પહાડ પર્વતો, નદી–નાળાં, ભૂમિ સ્વરૂપોનું વિગતવાર વર્ણન. (૨) પ્રાણીના શરીરનાં અંગોનું નકશાકરણ. **topotype.** સ્થાનરૂપ.

**torai.** ગલકાં.

**toran.** તોરણ.

**Torenia** *asiatica* **L.** તોરણિયા નામની વનસ્પતિ.

**torfaceous.** કળણ અથવા ભેજવાળી જમીનમાં ઊગતી (વનસ્પતિ).

**toria.** સરસવ. **toriva.** કાળી સરસવ.

**torose.** જુઓ *torus*.

**torous.** થોડે થોડે અંતરે ઉપસેલા ભાગની સાથે નળાકાર પુષ્પાસન.

**torpedo grass.** ગીણાં; *Panicum repens* **L.** નામની વનસ્પતિ.

**torpid.** સુષુપ્ત, શિથિલ, મંદ.

**torquate.** વિશિષ્ટ રંગના વલયવાળું, અથવા ગરદન આગળનો ગુચ્છો.

**torrent.** ઝડપથી દોડતો પ્રવાહ. **tor-**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**rential rain.** ભારે વરસાદ, વરસાદની હેલી.

**torrid.** સૂર્યના તાપથી સુકાઈ ગયેલી, ગરમ (જમીન). **t. zone.** કર્ક અને મકરવૃત્તો વચ્ચેનો ભાગ.

**torsion.** મરોડ, વલયન, વળ, સર્પિલ આંટો. **t. fork.** ફેરવવાનો વળ આપવાનો કાંટો. **tortile.** વળ આપેલું, વક્ર.

**tortoise.** કાચબો; જમીન અને પાણીના કાચબાનો એક પ્રકાર. પેટી આકારનાં હાડકાં કે ચર્મિત ઢાલ ધરાવતું સરીસૃપ પ્રાણી.

**tortulous.** મણકાકાર.

**torula.** ફળના રસને આથો ચડાવવા માટે ઉપયોગી યીસ્ટનો સમૂહ; દુગ્ધાલય પેદાશોમાં અનિચ્છનીય પરિવર્તન લાવનાર દુગ્ધ શર્કરાનું આથવણ બનાવનાર ખમીર-યીસ્ટ.

**toruliform.** નાનું પુષ્પાસન. **torus.** પુષ્પાસન, પ્રકાંડનો નરમ ભાગ. (૨) સ્નાયુની નરમ કિનાર, પુષ્પાધાર, કિનારીવાળી ગર્તના મધ્યમ પટની સ્થૂલતા.

**tossa jute.** શણનો એક વ્યાપારી પ્રકાર, જે ભારતમાં શણનો ચોથો વિસ્તાર રોકે છે.

**total.** કુલ. **t. assets.** સમસ્ત અસ્કયામતો. **t. digestive nutrients.** પચાવી શકાય તેવાં કુલ પોષક દ્રવ્યો. (૨) પ્રાણીને અપાતા ખોરાકનું કુલ ખાદ્ય મૂલ્ય. (૩)પાચક, પ્રોટીનસમ દ્રવ્યનો પાચ્ય ચરબીજ દ્રવ્ય સાથેનો અઢી ગણો ગુણાકાર કરી તેમાં સુપાચ્ય શર્કરા દ્રવ્યો અને તંતુઓને ઉમેરી પાચનક્ષમ દ્રવ્યોનો ખ્યાલ આવે. **t. dynamic head.** કુલ બળશક્તિશાલી શીર્ષ. **t. heat.** કુલ ઉષ્મા–ગરમી. **t.parasite.** પરજીવી લક્ષણો ધરાવતી સપુષ્પ વનસ્પતિ. **t. solids.** કુલ ઘન દ્રવ્યો. (૨) સૂકાં દ્રવ્યો. **t. water requirement.** પાક માટે પાણીની કુલ આવશ્યકતા; પાણીની ઉપભોગ્ય વપરાશ, જમીનમાં ઝમવાથી પડતી ખાધ, સપાટી પરથી નકામું વહી જવું અને પાણી પાતી વખતે થતો બગાડ–આ સૌનો કુલ સરવાળો.

**Totapuri.** કેરીનો તોતાપુરી નામનો પ્રકાર.

**touch-me-not.** લજામણિ નામની પ્રસરણશીલ કાંટાળો *Mimosa pudica* L. નામનો શીર્ષપુ છોડ.

**tough.** નરમ પણ બરડ નહિ. (૨) કાપી કે ભાંગી ન શકાય તેવું. (૩) કડક, સજ્જડ અને મજબૂત.

**tourmaline.** અલ્કલી ધાતુ અને લોહ તથા મેગ્નેશિયમ સાથેના એલ્યુમિનિયમ બોરો સિલિકેટ ધરાવતું ખનિજ, જે જમીનમાં હોય છે.

**tourniquet.** ટૂર્નિકેટ નામનો વહી જતા લોહીને બંધ કરવાના પાટાનો એક પ્રકાર.

**tow.** શણને સાફ કર્યા પછી પાછળ રહેવા પામતા ટૂંકા તંતુ. (૨) મજબૂત દોરડું, રજ્જુ.

**towel gourd.** તુરિયાં–ગલકાં પ્રકારની વનસ્પતિ.

**tower silo.** લીલા ઘાસનો સંગ્રહ કરવા તેનો સાઈલો બનાવવા, લાકડું, ઈંટો અથવા કૉંક્રીટનો જમીનની સપાટીની ઉપર બનાવવામાં આવેલો કોઠો; અન્ય પ્રકારની સંરચના કરતાં આ સંરચનામાં સારા પ્રકારનું સાઈલો બને, જે પાણીની ઊંચી સપાટી તથા ઘણા ઢોર ધરાવતા ડેરી ફાર્મ માટે આ સાઈલો માટેનો અતિ આવશ્યક પ્રકાર છે.

**town.** શહેર, નગર. **t. compost.** 3 થી 4 પહોળી, 2 ફૂટ ઊંડી અને અનુકૂળ લંબાઈની ખાઈમાં સુધરાઈ અથવા સ્થાનિક સંસ્થા દ્વારા તૈયાર થતું શહેરના કચરા તથા મળમૂત્રનું મિશ્ર ખાતર–કમ્પોસ્ટ. ખાઈમાં ક્રમિક રીતે મળ, કચરો અને માટીના ઉપરાઉપરી થર કરવામાં આવે છે અને કંપોસ્ટ ખાતર ત્રણેક મહિનામાં તૈયાર થાય છે. **t. refuse.** શહેર અથવા નગરનો કચરો.

**townet.** પાણીમાંથી પ્લેન્કટન નામના સૂક્ષ્મ જીવોને ગાળી લેવા માટેની ઝીણા કપડાની જાળી.

**toxaemia. toxemia.** વિષરક્તતા,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જીવવિષરક્તતા; જીવાણુ સંક્રમણના પરિણામે લોહીમાં થતી વિષાક્તતા. **toxaemic. toxemic.** વિષરક્તમય. **toxaphene.** 67 થી 69 ટકા ક્લોરીનવાળું ડીડીટી કરતાં સહેજ મંદ જંતુઘ્ન રસાયણ, જલદ્રાવ્ય ભૂકારૂપે અને પાયસીકારક કોન્સેન્ટ્રેટ તરીકે તે મળી શકે છે. માનવી માટે તે ડીડીટી કરતાં ચાર ગણું ઝેરી છે. **toxic.** વિષાક્ત, વિષમય, ઝેરીલું. **t. elements.** જરૂર કરતાં વધારે મોટા પ્રમાણમાં પ્રાણીઓ ખોરાક તરીકે એવાં તત્ત્વો લે, જે પાચન ક્રિયામાં અંતરાય ઊભો કરે છે અને ઝેરી અસરો નીપજાવે છે. **t. mineral.** વિષાક્ત ખનિજ દ્રવ્ય. **t. residue.** પ્રવાહી અથવા ભૂકાના છંટકાવ બાદ પ્રાણી, વનસ્પતિ અથવા જમીનમાં રહેવા પામતું ઝેરી અવશિષ્ટ. **t. substance.** વિષાક્ત પદાર્થ. **toxicity.** વિષાક્તતા. **Toxicology.** વિષવિદ્યા, વિષવિજ્ઞાન. (૨) ઝેર, મારણો, વિષ અને વિષના પ્રભાવનો અભ્યાસ કરતી વિજ્ઞાનની એક શાખા. **toxin.** જીવવિષ, વિકૃત-રોગિષ્ટ સજીવો દ્વારા સ્રવતું કાર્બનિક વિષ, જેનો પ્રાણી શરીરમાં અંતઃક્ષેપ કરતાં પ્રતિપિંડ ઊભાં થાય છે.

**Toxoptera** *aurantii* **Fab.** ખટમધુરા ફળોનાં પ્રકાંડ અને પાનમાં રહેતું મોલોમશી. **T.** *citricidus* **Fab.** ખટમધુરા ફળોનાં પ્રકાંડ અને પાનમાં રહેતું મોલોમશી. **T.** *graminum* **(R.).** ઘઉંમાં પડતું જંતુ, જે કુમળાં દાણાનો રસ ચૂસે છે.

**trabecula.** દંડિકા. (૨) આંતરકોષીય અવકાશમાં જતી-આવતી કોષની શૃંખલા કે કોષદંડ.

**trace.** રેડિયો સમસ્થાનિકોની મદદથી વનસ્પતિ અને પ્રાણીમાં પોષણનો માર્ગ જોવો. **tr. bud.** સુષુપ્ત કલિકા. **tr. elements.** અંશ તત્ત્વ; અલ્પ પ્રમાણમાં જોઈતું આવશ્યક વિરલ તત્ત્વ, ઉદ્દીપક દ્રવ્ય. (૨) વનસ્પતિ અને પ્રાણીના પોષણ માટે અલ્પ માત્રામાં જોઈતાં તત્ત્વો, જે વૃદ્ધિ, વિકાસ અને સ્વાસ્થ્યની જાળવણી માટે જરૂરી છે. (૩) જીવંત કોષમાં રાસાયણિક તત્ત્વો અને સંયોજનોને જોવા કૃષિ સંશોધન કાર્યમાં ઉપયોગી તત્ત્વો. જુઓ *essential elements.* **tr. of precipitation.** માપી શકાય તેમ ન હોય તેટલા અતિ અલ્પ પ્રમાણમાં થતો અવક્ષેપ—વરસાદ. **tracers.** જુઓ *trace-elements.*

**tracer technique.** અનુજ્ઞાપક પ્રવિધિ.

**trachea.** શ્વાસનળી, જે સસ્તન પ્રાણીઓમાં ગળાથી ફુપ્ફુસ કોષ્ઠ સુધી વિસ્તરેલી હોય છે. (૨) જંતુઓમાં અને અષ્ટપાદ પ્રાણીમાં બહારથી હવા લેવાનો માર્ગ. (૩) વનસ્પતિમાં નલિકા, વાહિની ક.

**tracheid.** જલવાહક પેશી, કાષ્ઠનલિકા, જલવાહક કોષ, જલવાહક લંબાયમાન કોષ. (૨) વનસ્પતિમાં જલવાહક પેશીનો નળી જેવો કોષ, જે આધાર અથવા ટેકા તરીકે પણ કામમાં આવે છે.

**Trachelospermum** *divaricatum* **(Thunb.) K. Schum.** [Syn. *T. jasminoides* **Lamk;** *Rhynchospermum jasminoides* **Lindl.**]. શોભા માટે વાવવામાં આવતો એક આરોહી ક્ષુપ. **Tr.** *lucidum* **(D. Don) K. Schum.** [Syn. *T. fragrans* **Hook. f.**], સફેદ સુગંધી ફૂલો માટે વાવવામાં આવતો છોડ.

**Trachycarpus** *excelsus* **Wendl.** અગ્નિ એશિયામાં થતો તાડ, જેની છાલના રેસાનાં દોરડાં અને બ્રશ બનાવવામાં આવે છે, અને પાનની હેટ બનાવવામાં આવે છે.

**Trachyspermum** *ammi* **(L.) Sprague ex Turill** [Syn. *Sison ammi* **L.**; *Carum copticum* **(L.) Hiern.**]. ભારતભરમાં થતી શાકીય વનસ્પતિ, જેનાં ફળ અજમો મસાલા તરીકે તથા વાતહર ઔષધ તરીકે ઉપયોગમાં આવે છે, ઉપરાંત તે ઉત્તેજક, ટૉનિક છે અને અપચામાં ઉપયોગમાં લેવામાં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવે છે. **Tr.** *roxburghianum* **(DC.) Craib** [Syn. *Carum roxburghianum* **Benth. ex Kurz**]. અજમોદ; મહારાષ્ટ્રમાં થતી વનસ્પતિ, જેનાં બી વાતહર અને ઉત્તેજક તરીકે ઉપયોગમાં આવે છે અને વમનમાં પણ તેને કામમાં લેવામાં આવે છે. **Tr.** *stictocarpum* **Wolff.** અજમો અજવાણ નામની વનસ્પતિ.

**tract.** ચોક્કસ વિસ્તારવાળો પ્રદેશ, વિસ્તાર. (૨) શ્વસનમાર્ગની જેમ અંગનો અથવા તંત્રનો પ્રદેશ—માર્ગ.

**tractable.** સરળતાથી કામ પાડી શકાય તેવું, વિનેય, વશ્ય, નમ્ર.

**traction.** કર્ષણ, તળ પ્રદેશ પર કોઈ પિંડને ખેંચવું તે. **tr. duster.** કર્ષણ યંત્ર, ભૂકો છાંટવાનું યંત્ર, જે તેનાં પૈડાં દ્વારા ખેંચી શકાય અથવા ચલાવી શકાય. કે જેને તેની શક્તિ તેનાં પૈડાં દ્વારા મળે છે. **tr. sprayer.** છંટકાવ માટેનું કર્ષણ સાધન.

**tractor.** ટ્રેક્ટર, યાંત્રિક હળ; સ્વયંચાલિત અથવા ડીઝલ ચાલિત એંજિનવાળુ વાહન, જે બીજા યંત્રોને કર્ષકદંડ, ગરગડીને જોડેલા પટા, હાઇડ્રોલિક શક્તિ કે ટ્રેક્ટર પર જનરેટર હોય તો વીજળીક શક્તિ આપે. (૨) અન્ય વાહનો અથવા સાધનોને ખેંચવું એંજિનવાળું વાહન. **tr. drill.** ટ્રેક્ટર શારડી. **tr. mounted plough.** ટ્રેક્ટર આરૂઢ હળ. **tr. power.** ટ્રેક્ટર શક્તિ. **tr. shed.** ટ્રેક્ટર રાખવાની છાપરી કે ઘર. **tr. trailed plough.** ટ્રેક્ટરની સાથે જોડાયેલુ–ટ્રેક્ટરથી કર્ષિત થતું હળ.

**trade.** ગુજરાન અથવા નફા માટે કરવામાં આવતો વ્યાપાર અથવા વ્યવસાય. (૨) દ્રવ્ય અથવા ચીજ-વસ્તુઓ મેળવવા માટે વસ્તુઓનો કરવામાં આવતો વિનિમય. **tr. balance.** વ્યાપારની સમતુલા. **tr. mark.** વ્યાપાર ચિહ્ન. **tr. name.** વ્યાપાર નામ.

**Tradescantia** *discolor* **L' Herit.** શોભા માટે વાવવામાં આવતી શાકીય વનસ્પતિ.

**traffic.** વાહન વ્યવહાર. **tr. pan.** વાહન વ્યવહારનું કઠોર સ્તર.

**Tragopogon** *porrifolium* **L.** સીમલા અને મહારાષ્ટ્રમાં થતી શાકીય વનસ્પતિ, જેનાં મૂળ ખાવામાં આવે છે.

**trail.** પગદંડી, વન વિસ્તારમાં આવેલો માર્ગ, કેડી, ચાલવાથી કે ઘાસ નમી જવાથી થતો માર્ગ. (૨) પાછળ ઘસડવું. (૩) શિથિલ રીતે લટકવું. (૪) જમીન કે દીવાલ પર થોડે સુધી ઊગવું. **trailed.** અનુકર્ષ, ઘસડાયેલું. **tr. cultivator.** અનુકર્ષ હળ. **trailer.** પ્રવાસી વનસ્પતિ. (૨) અન્ય વાહનથી ખાસ કરીને ભારવહન કરવા માટે ખેંચવામાં આવતું વાહન. **trailing.** અનુગામી. (૨) લાંબા અવલંબી પ્રકાંડ ધરાવતી (વનસ્પતિ). **tr. indigo.** *Indigofera enneaphylla* **Jacq.** નામની આવરણ તરીકે લીલા ખાતર માટેના પાક તરીકે અને ઘાસચારા માટે વાવવામાં આવતી વનસ્પતિ.

**train.** છોડ કુમળો હોય ત્યારે તેને કાપીકૂપી અથવા પ્રકાંડ અને ડાળીઓને કોઈ આધારની સાથે બાંધીને તેનાં વૃદ્ધિ તથા વિકાસને ઈચ્છનીય રીતે પ્રેરવા. **trainer.** વચગાળાનું અથવા ઉપર પ્રસરતું ઝાડ, જે તેની છાયાથી પાક માટેનાં વૃક્ષોનું કુદરતી કર્તન શક્ય બનાવે છે. **training.** સાધના. (૨) કોઈ વનસ્પતિને બાંધવી, સંક્રમ કરવી, જાળી કે માંડવા પર ચડાવવી કે તેનો ટેકો અથવા આધાર મેળવવો, અથવા વનસ્પતિ ચોક્કસ આકાર મેળવે તે માટે તેની કાપ-કૂપ કરવી. આવી માવજત દ્રાક્ષના વેલાને આપવામાં આવે છે, જેમાં તેની ડાળીઓને સમક્ષિતિજ તારની જાળી જેવા માંડવા પર ચડાવવામાં આવે છે. એ જ પ્રમાણે કુમળાં શકરજનના ટોચની ડાળીઓની કાપ-કૂપ કરીને વામન રાખવામાં આવે, જેથી સહેલાઈથી તેનાં ફળ ચૂંટી શકાય અને સૂર્યનો પ્રકાશ અને હવા આપી શકાય. આવાજ પ્રકારની

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માવજત સીતાફળ, અંજીર, ફાલસા ઇ.ને આપવામાં આવે છે.

**trait.** લક્ષણ, વિશેષ ગુણ.

**trama.** કેટલીક ફૂગમાં ઉત્પન્ન થતું પ્રજનન પડ.

**trampling.** પગ તળે ચગદવું. (૨) માટીને સઘનિત બનાવવી.

**Trapa** *bispinasa* **Roxb.** શિંગોડાં; જલીય વનસ્પતિ, જે ભારતભરમાં, ખાસ કરીને કાશ્મીરમાં થાય છે. કાચાં શિંગોડા ખાવાના કામમાં આવે છે, સુકવેલા શિંગોડાના લોટની કાંજી બને છે અને સાત્વિક હિંદુઓ અનાજના બદલે ધાર્મિક પર્વોના દિવસે ખાય છે. **Tr.** *natans* **L.** var. *bispinosa* **(Roxb.) Makino** [Syn. *Tr. bispinosa* **Roxb.**.]. ખાદ્ય બીધારી વનસ્પતિ.

**tranquilizer.** શામક, ક્ષોભ શામક.

**transduction.** કોષાંતર નયન. (૨) યજમાન જીવાણું કોષમાંથી જનિન દ્રવ્યને જીવાણુભોજી વિષાણુની અસર થઇ ન હોય તેવાં કોષમાં મૂકવું.

**transect.** નકશાકરણ અથવા વનસ્પતિ અને તેના ઉપયોગના અભ્યાસાર્થે કોઈ વિસ્તારના આડછેદનો ઉપયોગ કરવો.

**transfer.** સ્થાનાંતર, સ્થાનાંતર કરવું. **transference of pollen.** પરાગનયન.(૨) પરાગનું સ્થાનાંતરણ. **transformation.** રૂપાંતર, પરિવર્તન.

**transfusion.** સંક્રમણ. **tr.tissue.** સંક્રામક પેશી.

**transgressive.** અતિક્રામક. **tr. segregation.** અતિપૃથક્કરણ, પછીની પેઢીની કોઈ વ્યક્તિમાં તેના માતા-પિતામાંથી એકેયનાં ન હોય તેવાં અંતિમ લક્ષણોનો આવિર્ભાવ.

**transient.** ક્ષણજીવી, ક્ષણભંગુર.

**transition.** સંક્રાંત અવસ્થા, સંક્રાંતિ. **transional soil.** બે જુદી જુદી માટીનું સામ્ય ધરાવતી અને તેમાંથી જ નીપજેલી જમીન. **transitory.** અલ્પકાલીન, ઝડપથી પસાર થતું-ખલાસ થતું. **tr. phase.** સ્થિત્યંતરાવસ્થા, અલ્પકાલીન અવસ્થા.

**translocated herbicide.** સ્થાનાંતરિક વનસ્પતિઘાતક. **translocation.** સ્થાનાંતર, સ્થળાંતર. (૨) વનસ્પતિના એક ભાગમાંથી બીજા ભાગમાં ચયાપચયની પેદાશનું થતું પરિવર્તન. (૩) રંગસૂત્રના એક ખંડનું એ જ રંગસૂત્રના બીજા ભાગ તરફ સ્થળાંતર. **tr., reciprocal** અન્યોન્ય સ્થળાંતર. **t., simple** સરળ સ્થળાંતર.

**translucent.** પ્રકાશ પાર જઈ શકે પણ પારદર્શક નહિ; પારભાસક.

**transmission.** સંચાર, સંચારણ, પ્રેષણ. **transmit.** મોકલવું, પાર મોકલવું, પ્રેષવું. **transmitted.** પારગત, પ્રેષિત.

**transmutation.** તત્ત્વાંતરણ. (૨) અન્ય સ્વરૂપ, પ્રકાર કે દ્રવ્યમાં પરિવર્તન; એક જાતિનું બીજી જાતિમાં થતું પરિવર્તન. **transmute.** સ્વરૂપ કે દ્રવ્યનો ફેરફાર કરવો, તત્ત્વાંતર કરવું.

**transparent.** પારદર્શક.

**transpiration.** બાષ્પોત્સર્જન, ઉત્સ્વેદન. (૨) વાત-રંધ્ર દ્વારા વનસ્પતિમાંના વધારાના પાણીનું ઊડી જવું. (૨) જીવંત વનસ્પતિનું વાતાવરણમાં બાષ્પનું નીકળી જવું, જેમાં ત્વચીય ઉત્સ્વેદન અથવા ત્વચાદ્વારા ભેજયુક્ત કક્ષામાંથી વાતાવરણમાં સીધાં ઉત્સ્વેદનનો અને વાત રંધ્રદ્વારા ઉત્સ્વેદનનો સમાવેશ થઈ જાય છે. **tr. current stream.** ઉત્સ્વેદન પ્રવાહ. **tr. ratio.** વનસ્પતિ જે માત્રામાં પાણીનો ઉપયોગ કરે તેનો નિર્માણ થયેલા તેના સુકા દ્રવ્યનો ગુણોત્તર, જે ભેજવાળા પ્રદેશમાં સુકા પ્રદેશ કરતાં 200થી 500 ગણા સુધી હોય છે. ડાંગર, શેરડી, કેળ અને બટાટાનો આ ગુણોત્તર ઊંચો હોય છે; જ્યારે ઘઉં, જવ, બાજરી અને કપાસનો મધ્યમ અને નાના જુવારાદિ ધાન્યોનો ગુણોત્તર નીચો હોય છે. (૨) બાષ્પોત્સર્જન ગુણોત્તર. **transpire.** ત્વચા અથવા ફેફસાના ઉત્સર્ગ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અંગો દ્વારા ઉત્સર્જન કરવું. (૨) બાષ્પરૂપે બહાર કાઢવું. (૩) હવાના હેઠળ ફેરાફરવંણ નલિકા દ્વારા ગતિમાન કરવું, પાણીની વરાળને મુક્ત કરવી. **transpirometer.** ઉત્સ્વેદન માપક.

**transplant.** હરિતગૃહમાં ધરુની એક અથવા વધારે વાર ફેર રોપણી કરવી. (૨) હરિતગૃહમાંથી કાઢીને ધરુને જમીનમાં રોપવો. **transplantation.** ફેર રોપણી; પ્રતિરોપણ. **tradsplanter.** પ્રતિરોપક, ફેર રોપણી માટે ધરુ અથવા છોડને ઉખેડવાનું ઉપકરણ.

**transport.** પરિવહન, પરિવહન કરવું. **transportation.** પરિવહન, પાર-પ્રેષણ. **transported soil.** અસલથી અન્ય જગ્યાએ માટીની જમાવટ, રચના; સામાન્ય રીતે પાણી, પવન કે હિમદ્વારા માટીનું પરિવહન; વાહિત માટી.

**transudate.** પારસ્રુત. **transude.** છિદ્રો કે ત્વચાનાં રંધ્રો દ્વારા પસાર થવું (પ્રવાહી).

**transversal.** કેટલાક ભાગ પર અનુપ્રસ્થ રીતે રહેલા (સ્નાયુ, સંરચના ઇ.). **transverse.** અનુપ્રસ્થ, આડું. (૨) અનુપ્રસ્થ ધમની, ધમની, ઇ.ની માફક આડું રાખેલું, મૂકેલું, ગોઠવેલું કે પ્રવૃત્ત કરેલું-થવું. **tr. dishiscence.** અનુપ્રસ્થ સ્ફોટન. **tr. fissure.** અનુપ્રસ્થ ફાટ–ચિરાડ. **tr. presentation.** અનુપ્રસ્થ ગર્ભ પ્રસ્તુતિ, બાળકનો થતો આડો જન્મ. **tr. section.** અનુપ્રસ્થ છેદ, કાપ. **tr. septum.** અનુપ્રસ્થ પડ.

**trap.** પાશ. (૨) સ્તંભીય સંરચના ધરાવતો કાળા રંગનો પ્રસ્ફોટક્ષમ શૈલ. **tr. crop.** પાસેના અન્ય છોડથી દૂર જતો કૃમને આકર્ષવા રોપેલો છોડ. **tr. door.** છટકા માટેનું દ્વાર–બારણું. **tr. nest.** મરઘી દાખલ થયા બાદ આપોઆપ બંધ થઈ શકે તેવું પાંજરાનું બારણું, જે વ્યક્તિગત મરઘીની પેદાશને નોંધવા આવશ્યક છે. **trapping,** ફસાવવું.

**trapa.** શિંગોડા.

**trash.** લણણી કરી લીધા બાદ જમીન પર પડી રહેતાં પાંદડાં, ડાળખાં, ભૂસું, પરાળ ઇ. (૨) બિનઉપયોગી અને તે કચરો ઇ. **tr. farming.** આગલા પાકના સાંઠા કે પાકના અવશિષ્ટ પર પછીના પાકની ખેતી. **t. twist propping.** શેરડીનો ઉતાર એકરે 40–45 ટન જેટલો પણ મળવાની આશા ન હોય ત્યાં ખેતરમાં શેરડી ટટ્ટાર રહી શકે તે માટે વળેલા સાંઠાને ટેકો કરવો; પાસે પાસેની શેરડીની હારને નકામી શેરડીના સાંઠાને વળ આપીને બનાવવામાં આવેલા રજ્જુ સાથે બાંધી અથવા જોડી રાખવી. આવી રીતે ટેકો આપવા માટે બે પર બનાવવામાં આવે છે. **trashing.** શેરડીના નીચેના ભાગનાં સૂકાં પાનમાં પાણી ભરાઈ જઈ અક્ષીય મૂળ અને કલિકા કાર્યમાં અંતરાય ઊભો ન કરે અને શેરડીની પરિપક્વ બનવાની પ્રક્રિયામાં આડાં ન આવે તે માટે પાનને દૂર કરવાં; જે વિસ્તારમાં સૂર્યની ગરમી કે કિરણો પ્રખર હોતાં નથી અને જ્યાં પુષ્કળ વર્ષા થાય છે ત્યાં આ રીત અપનાવવામાં આવે છે.

**trauma.** આઘાત, વ્રણ, ઘાત, ચોટ, ક્ષત, ઘા. (૨) બાહ્યઘાત અથવા ઘાના પરિણામે ઘાના સ્થાને થતી રોગાવસ્થા. **traumatic.** ઘાનું, વ્રણીય, અભિઘાતીય. **tr. arthritis.** વ્રણીય સંધિકોપ. **tr. heartwood.** ઝાડના ઘાની બાજુમાં વિકાસ પામતું મધ્યકાષ્ઠ. **tr. pericarditis.** હૃદ-સંપુટના બાહ્યાવરણનો સોજો, જે બહારના કોઈ દ્રવ્ય અથવા પિંડના કારણે પણ આવ્યો હોય, ઘાતજન્ય પરિહૃદકોપ. **traumatotropism.** આઘાતાનુવર્તન.

**tray.** રકાબી, તરતરી. **tr. farming.** રકાબીમાં છોડ ઉગાડવા; જુઓ *hydroponics.*

**treacle.** ગોળનો રસ. (૨) શેરડીની ચાસણી, પાતળા મધ જેવો પટ બનતાં તેનો 107°સે' ઉષ્ણતામાને ઘટ્ટ કરી દેવાનાં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવતી નથી, જેને રાખી મૂકતા આથો આવતો નથી, અને ખાદ્ય પદાર્થોને મિષ્ટ બનાવવાના જે કામમાં આવે છે. (૨) કેટલીક વનસ્પતિના રસની ચાસણી અથવા મીઠો રસ.

**tread.** જમીન પર રહેતો પૈડા અથવા ટાયરનો ભાગ. (૨) છેડા વિનાનો ફરતા ટ્રૅક્ટરનો પટો.

**treat.** માંદા પ્રાણી કે વનસ્પતિની સંભાળ લેવી–માવજત કરવી. (૨) જમીન, વનસ્પતિ કે પ્રાણીમાં પરિવર્તન લાવવા કે તેનો અભ્યાસ કરવા માટે ઉપયોગમાં લેવામાં આવતુ ચોક્કસ રસાયણ અથવા હાથ ધરવામાં આવતી પ્રક્રિયા. **treatment.** માવજત, ઉપચાર, ઉપાય, સંપ્રયોગ. (૨) ઇચ્છવાયોગ્ય પરિવર્તન કે ફેરફાર લાવવા માટે વનસ્પતિ, જમીન કે પ્રાણીઓની કરવામાં આવતી માવજત. **tr., empirical** અનુભવસિદ્ધ ઉપચાર. **tr. mean.** સરેરાશ માવજત.

**treble superphoshate.** બેવડો એટલે ડબલ સુપરફૉસ્ફેટ.

**tree.** ઝાડ, વૃક્ષ, પાદપ. (૨) એક જ ટેકા આપતા કાષ્ઠિત પ્રકાંડ અથવા થડ ધરાવતી, જમીનથી થોડે ઊંચે સુધી શાખા ન હોય તેવી દીર્ઘાયુ વનસ્પતિ. **tr. age.** વૃક્ષવય. (૨) બીનું અંકુર થાય અથવા કલિકાસર્જનથી વાનસ્પતિક વિકાસ સધાય ત્યાં સુધીનો વનસ્પતિની સમયઅવધિ. **tr. basin.** ઝાડ માટેનું પાણી સંગ્રહાયેલું રહે તે માટે તેની આસપાસ કરવામા આવતો છીછરો ગોળ ખાડો. **tr. caliper.** ઝાડના થડનો વ્યાસ. **tr. cotton.** *Gossypium arboreum* **L.** [Syn. *G. nanking* **Meyen;** *G. indicum* **Tod;** *G. neglectum* **Tod.**]. નામના કપાસ, રૂ, દેશી કપાસ, દેવકપાસ, ઇ. નામે ઓળખાતી, તથુ માટે ભારતભરમાં ઉગાડવામાં આવતી વનસ્પતિ, જેમાં વર્ષાયુ તથા દીર્ઘાયુ છોડોનો પણ સમાવેશ થાય છે. આ પ્રકારના ભારતભરમાં અનેક છોડ થાય છે. **tr. fruit.** પીચ, સફરજન, કેરી, આલુ ઇ. જેવા વૃક્ષનાં ફળ. **tr. injection.** ઝાડને મારી નાખવા, તેને લાગેલા કોઈ રોગનો ઉપચાર કરવા, તે પર થતાં કીટનું નિયંત્રણ કરવા અથવા તેની હરિતહીનતા દૂર કરવા, તેના રસમાં કરવામાં આવતો વિશિષ્ટ રસાયણનો અંતઃક્ષેપ–ઇન્જેક્શન. **tr. lettuce.** પ. બંગાળ અને દ. ભારતમાં થતું એક નાનું ઝાડ, જેનાં પાન શાકભાજી તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે. **tr. melon.** પપૈયું. **Tr. of Heaven.** અરડૂસો; *Ailanthus excelsa* **Roxb.** નામનું ઝાડ, જેના કાષ્ઠની દીવાસળીઓ અને વર્તમાનપત્રો માટેના કાગળો બનાવવામા આવે છે. આ ઝાડ 40-50 ફૂટ સુધી વધે છે, અને મોટો ઘટાટોપ ધરાવે છે. તેના પાન ઘેટાં, ઢોર અને બકરાંને ખવડાવાય છે, અને જે પવનને રોકવા તથા જમીનને જકડી રાખવા માટે ઉગાડવામાં આવે છે. **tr. onion.** જુઓ *top onion.* **tr. paint.** ઝાડને આપવામાં આવતો રંગ. **tr. plantatiou.** વૃક્ષારોપણ. **tr. pruner.** વૃક્ષનાં અંગોને કાપવા માટેનું લાંબા વાંસ કે દંડને છેડે ધારદાર પાનું, આંકડો ઇ. ધરાવતું, દોરડાને જોડેલું સાધન. **tr. ripe.** ઝાડ પર હોય ત્યારે જ પાકેલું (ફળ); વૃક્ષ–પક્વ (ફળ). **tr. stool.** કાપેલા ઝાડનું સમતલ ઠૂંઠું. **tr. sugar.** મેપલ નામના ઝાડની શર્કરા; વૃક્ષ–શર્કરા. **tr. surgery.** ઝાડની, તેને કાપી-કૂપી, ઘાના કરવામાં આવતી ચિકિત્સા, છંટકાવ ઇ. જેવી શસ્ત્રક્રિયા. **tr. tomato.** નીલગિરિમાં થતું, અંડાકાર ફળ ધરાવતું નાનું, નાજુક ઝાડ; જેના ફળનો ગર નારંગી રંગનો તથા બી કાળાં હોય છે; જે ફળને કાચાં અથવા રાંધીને ખવાય છે અને જેનો મુરબ્બો પણ બનાવવામ આવે છે. બી વાવીને અથવા કલમ કરીને આ વૃક્ષને ઉગાડવામાં આવે છે. ઝાડ દીઠ વર્ષે દરમિયાન 40 રતલ ફળ ઉતરે છે. **tr. top.** ઝાડનો

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થડ રોપ. **tr. trunk** થડ, ઝાડનું પ્રમુખ પ્રકાંડ.

**trefoil.** ત્રિદલી, ત્રણદલ કે પાંખડીવાળું પાન કે ફૂલ. (૨) ત્રણ પર્ણિકા ધરાવતું શિંગની ફળનું ઝાડ.

**trellis.** જાળી; દ્રાક્ષના વેલાને ટેકો આપવા, લાકડાના ચીપો અથવા તારની બનાવવામાં આવતી જાળી.

**Trema** *orientalis* **Blum** [Syn. *Celtis orientalis* **L.**). બિહાર, મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશ, આસામ, અને પ. બંગાળમાં થતું ખાદ્યફળનું નાનું ઝાડ.

**trematode.** ઘેટાના યકૃતમાં રહેતો કૃમિ જેવો ચપટો કૃમિ, પટ્ટી કૃમિ.

**tremellose.** જેલીની માફક ધ્રુજતી જેલી માછલી.

**tremor.** સ્નાયુ અથવા પાનનું કંપન, કંપ.

**tremulous air cell.** ઈંડાને બરાબર પકડવામાં ન આવે કે બે ઈંડાં સખત રીતે અથડાઈ જતાં સાધારણ વાયુકોષની પારની પેલી પાર, અંતઃ અને બાહ્ય કોચલાનું તૂટી જવું, જેની તેની ગુણવત્તા પર કોઈ જ અસર થતી નથી પરંતુ તેને સેવતી વખતે અડચણ થાય છે.

**trench.** ખાઈ; લાંબું અને સાંકડું ખોદકામ. **tr. layering.** ખાઈ સ્તરીકરણ; ફળઝાડ અંગે થર બનાવવા, જે પ્રક્રિયામાં જેના થર બનાવવાના હોય તેવા ફળઝાડ છોડને કલિકા પ્રજનન થાય તે અગાઉ 45°ના ખૂણે હારબંધ 3 ફૂટના અંતરે રાખી ખાઈમાં મૂકવા અને છોડ પર 6-8 ઈંચ સારી માટી ઉમેરવી. આથી છોડના નીચલા ભાગમાં અંકુર ફૂટે છે. આ પ્રમાણે મૂળ ફૂટયાં હોય તે છોડને પછીની મોસમમાં ખસેડવો. **tr. plough.** જમીનમાં પાણીનો નિકાલ કરવા ખાઈ ખોદવા માટેનું હળ. **tr. silo.** સાઈલોનો એક પ્રકાર; નીચેનો ભાગ ઉપરના ભાગ કરતાં સહેજ સાંકડો હોય તેવી એક તરફ ઢળતી, પાણીના નિકાલના માટે અનુકૂળ ખાઈમાં કરવામાં આવતો સાઈલો. **tr. sowing.** ખાઈ અથવા નાળીમા કરવામા આવતી વાવણી. **trenching.** ખાઈ બનાવવી; લાંબુ અને સાંકડું ખોદકામ કરવું.

**trend.** વલણ, વૃત્તિ.

**trepatra.** ઘાસચારા માટેના તૃણનો એક પ્રકાર.

**Trevesia** *moluccana* **Miq.** મૂળ મોલ્યુકાસનું પણ અહીં શોભા માટે ઉગાડવામાં આવતું નાનું ઝાડ.

**Trewia** *nudiflora* **L.** ખમાર, પિંડાર નામનું કુમાંઉ, બિહાર, પ. બંગાળ અને આસામમાં થતું ખાદ્યફળનું મોટું વૃક્ષ, જેના કાષ્ઠની દીવાસળીઓ બનાવવામાં આવે છે.

**triad.** ત્રિક.

**triadelphous.** ત્રણ જૂથ–સટના પુંકેસરવાળું.

**triage** કોફીના ભુક્કાનો કચરો, તૂટેલા કોફીના બંદ.

**trial.** પરખ, કસોટી, અજમાયશ. (૨) ગમે તે વસ્તુની ગુણવત્તાને ચકાસવા, અજમાયશ અથવા કસોટી કરવા માટે હાથ ધરવામાં આવતી પ્રક્રિયા કે પદ્ધતિ. **tr. period.** કસોટીનો – અજમાયશનો સમય.

**Trialeurodes** *ricini.* દીવેલામાં પડતી સફેદ માખી.

**triandrous.** ત્રિપુંકેસરી, ત્રણ પુંકેસર ધરાવનાર.

**triangular.** ત્રિભુજાકાર, ત્રિકોણીય. **tr. harrow.** ત્રિકોણ–હેરો. **tr. peg harrow.** લાકડાના ચોકઠા પર ત્રિકોણીય ખૂંટાવાળી હેરો. **tr. planting.** ચાર ઝાડને ચોરસ ઘાટમાં અને પાંચમું ઝાડ કર્ણ આકારે વાવવાની પદ્ધતિ. **tr. type draw-bar.** ત્રિકમકર્ષણ દાંડો. **tr. weir.** ત્રિકોણસમ આડબંધ.

**traingulate.** ત્રિકોણ જેવું, ત્રિકોણીય.

**Triantbema** *pentendra*, (Syn. *Tr. monogyna* **L.**). વિસળપરા નામની વનસ્પતિ. **T.** *portulacastium* **L.** [Syn. *Trianthema. monogyna* **L.**]. સાઠી, લાલ સુબની નામને ઓળખાતી.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રસાળ, વનસ્પતિ, જેની શાકભાજી બનાવવામાં આવે છે. પથ્થર ચટ્ટા.

**triarch.** ત્રણ દારૂવાહિની સમૂહના મધ્ય રંભવાળું.

**tribe.** ઉપકુલ, વનસ્પતિનું ઉપકુલ. (૨) પ્રજાતિ અને શ્રેણીની વચ્ચેનો વનસ્પતિ અને પ્રાણીનો સમૂહ. (૩) ચોક્કસ પ્રજનનથી માતામાંથી ઊતરી આવેલાં પ્રાણીઓના સંયોગીકરણનો સમૂહ.

**Tribolium** *castaneum* **Herbst.** સંગ્રહ કરેલા ધાન્ય, લોટ, કઠોળ, જુવાર, બાજરી, તલ, કપાસ, નાળિયેર પર પડતું લાલાશ પડતું જંતુ.

**Tribulus** *terrestris* **L.** ગોખરુ નામની વનસ્પતિ.

**tricalcium phosphate.** $Ca_3(PO_4)_2$ ખડકો અને હાડકાંમાં રહેલું ફૉસ્ફૉરિક ઍસિડનું લવણ, જે બધા જ પ્રકારના ફૉસ્ફેટ અને ફૉસ્ફરસ ધરાવતાં દ્રવ્યોનું મૂળ છે.

**tricarpellary.** ત્રિઅંડપી, ત્રિસ્ત્રી કેસરી

**tricarpous.** ત્રણ બીજપત્રવાળાં અંડક ધરાવતું, ત્રણ ફળવાળું.

**trichiasis.** પાંપણો વળી જવી, વક્રચિત પક્ષ્મનો વ્યાધિ.

**tricbina worm.** *Trichinella spiralis.* નામનું માણસો, ડુક્કર, અને અન્ય સસ્તન પ્રાણી તથા પક્ષીઓના આંતરડામાં રહેતું પરજીવી ગોળકૃમિ, જેના ઉપદ્રવને કારણે સોજા ચડે, અતિસાર થાય, સ્નાયુઓનો અપકર્ષ થાય તથા શ્વસનના સ્નાયુઓને લકવો લાગુ પડતાં છેવટે રોગગ્રસ્ત પ્રાણીનું મરણ નીપજે છે. **Trichinella** *spiralis.* જુઓ *trichina worm.* **trichiniasis.** જુઓ *trichinosis.* **trichinosis.** *Trichinella spiralis* નામના પરજીવી ગોળકૃમિથી પ્રાણીઓ, પક્ષીઓ અને માણસોને થતો એક રોગ.

**trich(o)—,** કેશ, વાળ ઇ. અર્થસૂચક પૂર્વગ.

**trichobezoar.** વાળનો દડો.

**Trichoconis** *padwickii* **G.** નામનો ડાંગર અથવા ચોખાનો રોગોત્પાદક કીટ.

**Trichodectes** *canis.* સસ્તન પ્રાણીઓ અને પક્ષીઓમાં પડતી જૂ.

**Trichodesma** *indicum* **R. Br.** ઊંધી ફૂલી નામની વનસ્પતિ.

**trichogyne.** યોનિકેશ.

**trichome.** વનસ્પતિના રોમ અને તેના અધિસ્તરમાંનો કોઈ પણ પ્રવર્ધ, ત્વચાકેશ, રોમિકા, રુવાટી.

**trichomomonal antigen.** પાલતું પ્રાણીઓને કશા જેવાં વળગતાં જંતુ. *trichomonad*ના ચેપની સામે શરીરમાં ઊભા થતા પ્રતિજન. **trichomonad.** *Trichomonas* પ્રજાતિના સૂક્ષ્મ એક કોષી કશાથી પ્રચલન કરતાં જંતુ, જેના કારણે પાલતું પ્રાણીઓને ચેપ લાગે છે. **Trichomonas foetus infection.** *trichomonads.* નામના સૂક્ષ્મ એક કોષી જંતુથી ઢોરને લાગુ પડતો કામચલાઉ વંધ્યતાનો રોગ, જેમાં ભ્રૂણ શોષાઈ જાય છે અથવા ગર્ભાવસ્થાના શરૂઆતના સમયમાં ગર્ભસ્રાવ થઈ જાય છે; આ રોગ ભારતમાં ભાગ્યે જ જોવા મળે છે. **trichomoniasis.** *trichomonas* નામના સૂક્ષ્મ, એક કોષી જંતુથી પાલતું પ્રાણીઓને લાગુ થતો *Trichomons foetus infection* જેવો ચેપ; જુઓ *Trichomonas foetus infection.*

**Trichosanthes** *anguina* **(L.)** પરવળ, પંડોળાં; ભારત ભરમાં થતો વેલો, જેનાં ફળ એટલે પરવળનું શાક બનાવી ખાઈ શકાય છે. **Tr.** *cucumerina* **L.** કડવાં પંડોળાં, રાની પરવળ નામની શાકીય વનસ્પતિ. **Tr.** *dioica* **Roxb.** ખાદ્ય પાન ધરાવતા પહેલાં પરવળ. **Tr.** *palmata* **Roxb.** ઈંદ્ર વરણાં. **Tr.** *resupinatum* **L.** શફતલ નામનો ઘાસચારો. **Tr.** *subterraneum* **L.** ઉગાડવામાં આવતો ઘાસચારો.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**trichosis.** વાળનો ગમે તે રોગ.

**triclinic.** ત્રિનતાક્ષ, બહુ થતા ત્રણે ત્રણ અક્ષો અસમાન હોય તેવી ઘટના.

**Tricolyga** *bombyeis*. રેશમના કીડામાં થતી, ઘરમાખ કરતાં સહેજ મોટી માખ.

**tricophytobezoar.** વાગોળનાર પ્રાણીના પ્રથમ આમાશયમાં જતા વાળ અને બીજા પદાર્થો, જે ગોળાના રૂપમાં, આ આમાશયમાં એકઠા થાય છે.

**tridactyl.** ત્રણ આંગળિયોવાળું, ત્રિઅંગુલિક. **tridactylous.** ત્રિઅંગુલિક.

**tridax.** એક દંડી પરદેશી ભાંગરો. **Tr.** *procumbens* **L** એક દંડી પરદેશી ભાંગરો.

**triennial.** ત્રિવાર્ષિક, દર ત્રણ વર્ષે થતું, દર ત્રણ વર્ષે કરવામાં આવતું, ત્રિવર્ષાયુ.

**trier.** કોથળામાં ભરેલા અનાજના દાણાનો નમૂનો કાઢવાનું ધાતુનું અણીવાળું સાધન.

**trifid.** પૂર્ણ રીતે અથવા આંશિક રીતે ત્રણ ભાગમાં વિભાજિત; ત્રિદર, ત્રિશાખી, ત્રિખંડિત.

**trifoil.** ત્રિપર્ણ. **trifoliar spur.** ત્રિપર્ણી શંકુ. **trifoliate.** ત્રિપત્રી, ત્રણપર્ણિકા ધરાવતું સંયુક્ત પર્ણ, ત્રિપર્ણી વનસ્પતિ. **tr. orange.** કાંટાળું પાનખર, ખટમધુરા ફળવાળું વામનવૃક્ષ, જેને અતિશય હિમવાળા પ્રદેશમાં રોપવામાં આવે છે, પણ ભારતમાં તે થતું નથી. **trifoliolate.** ત્રિપર્ણી.

**Trifolium** *alexadrinm* **L.** બરસીમ નામનું ઘાસ, જેનો ઘાસચારો અને લીલું ખાતર બનાવવામાં આવે છે. **Tr.** *fragiferum* **L.** અહીં ઉગાડવામાં આવતું ઘાસ. **Tr.** *incarnatum* **L.** મૂળ અમેરિકાનો અહીં વાવવામાં આવતો ઘાસચારો. **Tr.** *lappaceum* **L.** મૂળ યુરોપનો પણ અહીં વાવવામાં આવતો ઘાસચારો. **Tr.** *pratene* **L.** એક પ્રકારનો ઘાસચારો, જેનાં ફૂલનો પીળો રંગ મળે છે. **Tr.** *repens* **L.** શફતલ નામનો નીલગિરિ અને હિમાલયમાં થતો એક પ્રકારનો ઘાસચારો. **Tr.** *resupinatum* **L.** શફતલ નામનો આવતો ઘાસચારો. **Tr.** *subterraneum* **L.** મૂળ અહીં ઉગાડવામાં આવતો ઘાસચારો.

**trifurcate.** ત્રણ કાંટામાં વિભાજિત.

**trigamous.** એક જ શીર્ષમાં નર, માદા અને ઉભય લિંગી ફૂલોવાળું.

**trigeneric hybrid.** ત્રણ જુદી જુદી પ્રજાતિઓની વનસ્પતિનો સંકર.

**trigen of bladder.** બસ્તી ત્રિકોણ.

**trigenome.** ત્રિજનિન સમૂહ.

**Trigonella** *carniculata.* કાસુરી મેથી. **Tr.** *foenum-graecum* **L.** મેથી, મેથી દાણા; ઉત્તર ભારતમાં ઉગાડવામાં આવતી વનસ્પતિ, જેનાં પાનની શાકભાજી થાય ઉપરાંત તે ઢોરને ખવડાવવામાં આવે છે; જેનાં બી એટલે મેથી મસાલા તરીકે ઉપયોગમાં આવે છે. ઉપરાંત વાતહર અને ટૉનિક તરીકે પણ તેનો ઉપયોગ કરવામાં આવે છે. **Tr.** *polycerata* **L.** જંગલી મેથી, રણમેથી; પંજાબ અને પશ્ચિમ હિમાલયમાં થતી શાકભાજી તરીકે ઉપયોગમાં આવતી શાકીય વનસ્પતિ.

**trigometrical point.** ત્રિકોણમિતીય બિંદુ.

**trigynous.** ત્રણ સ્ત્રીકેસરી, ત્રિસ્ત્રીકેસરી.

**trihedral.** ત્રિફલકીય, ત્રિતલીય.

**trihybrid.** ત્રિસંકર, ત્રણ જનિન યુગ્મનો સંકર. **trijugate.** ત્રણ યુગ્મોમાં વિન્યાસિત.

**trilibiate.** ત્રિઓષ્ઠીય

**trilobate.** ત્રિખંડીય.

**trilocular.** ત્રિવિવરીય, ત્રિકોષ્ઠીય, ત્રિકોટરીય, ત્રણ કોષ-કોષ્ઠવાળું.

**trimerous.** ત્રિ-અવયવી, ત્રણ અવયવવાળું.

**trim.** વનસ્પતિના નકામા ભાગની છટણી કરવી. **trimming.** વનસ્પતિના નકામા ભાગ કાપી નાંખવા, છાંટવું; છટણી, કાપકૂપ.

**trimorphic.** ત્રિરૂપી. **trimorphism.** ત્રિરૂપતા. **trimorphous.**



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્રણ સ્વતંત્ર રૂપમાં અસ્તિત્વ ધરાવવું.
**trimorphy.** ત્રિરૂપતા.
**Trinevitermis** *heimi* **Wasm.** ઊધઈ.
**trinodal.** ત્રણ સાંધાવાળું ત્રિગ્રંથિલ.
**trioecious.** જુદા જુદા છોડ પરના નર, માદા અને ઉભયલિંગી ફૂલો ધરાવતું.
**trioxide.** ઑક્સિજનના ત્રણ પરમાણુવાળું સંયોજન.
**tripartite.** ત્રણ ભાગમાં વિભક્ત. પર્ણ તલમાં, ત્રણ ખંડમાં વહેંચાયેલું પર્ણ.
**tripe.** બળદના જઠરનો ખોરાક જેવો મહત્વનો ભાગ.
**tripetalous.** ત્રણ પાંખડીઓ – ત્રણ દળવાળું, ત્રિદલી.
**triphali.** ત્રિફલી, ત્રણ ફળાં–પાનાંવાળું ઓજાર.
**Triphasia** *aurantiola.* **Lour.** ચિનાઈ લીંબું. **Tr.** *trifolia* (**Burm f.**) **P-Wilson.** [Syn. **Tr.** *trifolia* **DC**; *Limonia trifolia* **Burm f.**]. ચિનાઈ નારંગી, ખાદ્ય ફળનો ક્ષુપ.
**triphyllous.** ત્રિ-પર્ણી.
**tripinnate.** ત્રિપક્ષવત્, ત્રણ શ્રેણિની પર્ણિકાવાળું.
**triple** ત્રણ ગણું. **t. crossing.** ત્રિસંકરન. **tr. fusion.** ત્રિમિલન ત્રિસંયોગ, ત્રિકેન્દ્રકસમેકન, ત્રિસંયોગ, ત્રિવિલયન. **tr. superphosphate.** 44 થી 49 ટકા ફોસ્ફેરિક ઍસિડ અને અલ્પ પ્રમાણમાં કૅલ્શિયમ ફૉસ્ફેટવાળું ફૉસ્ફેટ, જેનો ઉપયોગ સંકેન્દ્રિત મિશ્ર ખાતર બનાવવા માટે થાય છે. **tr.-yolk egg.** ત્રણ જરદીવાળું ઈંડું.
**triplex.** ત્રિપ્રભાવી.
**triploid.** ત્રિસંખ્યક, ત્રણ સંખ્યાના ત્રણ ગણાં રંગસૂત્રોના કોષકેન્દ્ર અંગેનું, આવૃત બીજધારી વનસ્પતિમાંનાં, ભ્રૂણપોષ અને ષટ્સંખ્યક વનસ્પતિમાં જન્યુઓ. **tr. apple.** સ્વપરાજિત ન થતું પણ તે માટે અન્ય પ્રકારની જરૂર ધરાવતાં સફરજનનો એક પ્રકાર.
**tripod method of hay-making.** વાતાવરણ પ્રતિકૂળ હોય ત્યારે સૂકું ઘાસ બનાવવાની એક રીત.
**Tripogon** *bromoides* **Roth ex Roem. & Schult.** જમીન પર શેતરંજી પાથરી હોય તેવું ઝડપથી વધતું દીર્ઘાયુ, જમીનને જકડી રાખતું એક પ્રકારનું ઘાસ, જે 3,500 ફૂટ ઊંચી ભેજવાળી જમીનમાં થાય છે.
**Tripsacum** *laxum* **Nash.** ભારતમાં ઉગાડવામાં આવતો ઊંચો ઘાસચારો.
**triquestrous.** ત્રણ અલ્પકોણીય પ્રકાંડવાળું.
**triradiate.** ત્રિઅરીય. **tr. r. edge.** ત્રિઅરીય કિનારી.
**trisaccharide.** ત્રિશર્કરા.
**trisepalous.** ત્રિવજ્રપત્રી.
**triseriate.** ત્રણ દિશા તરફ વિકિરિત થતું. (૨) ત્રિશ્રેણિબદ્ધ.
**trisomic.** ત્રિકાયી. (૨) એક પ્રકારનાં ત્રણ રંગસૂત્રોવાળો (સજીવ).
**trispermous.** ત્રણ બીવાળું. **trisporic.** ત્રિછિદ્રિષ્ઠ, ત્રણ છિદ્રો-રંધ્રોવાળું. **trisporous.** ત્રણ છિદ્રોવાળું.
**tristichous.** ત્રિપંક્તિક, ત્રણ ઊભી હારમાં ગોઠવાયેલું.
**tristigmatic.** ત્રણ પુંકેસરીય.
**tristylous.** ત્રણ પરાગવાહિનીવાળું.
**trisulcate.** ત્રણ પર્ણિકાવાળું
**triternate.** ત્રિ-ત્રિકાત્મક.
**Triticum** *aestivum* **L.** *emend.* **Thell.** [Syn. *T. sativum* **Lamk;** *Tr vulgare* **Vill.**]. ઘઉં; મુખ્યત્વે ઉત્તર પ્રદેશ, પંજાબ, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, બિહાર અને રાજસ્થાનમાં થતો ઘઉંનો પ્રકાર, જેનું ઘાસ કાગળ બનાવવા ઉપયોગમાં લેવામાં આવે છે. **Tr.** *compactum* **Host.** ક. ભારતમાં થતા ઘઉંનો એક પ્રકાર, આ વનસ્પતિના ઘાસનો ઘાસચારો થાય છે. *Tr. dicoccam* **Schuhl.** [Syn. *Tr. dicoccuon* **Schrank;**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



*Tr. amybum* **Ser.**). ઘઉંને એક પ્રકાર. *Tr. durum* **Desf.** કુરમપ્રકારના ઘઉં, જેને મેકેરોની નામની વાનગી બનાવવા ઉપયોગમાં લેવામાં આવે છે; મહારાષ્ટ્રમાં તેને ધાન્ય પાક તરીકે ઉગાડવામાં આવે છે. **Tr.** *repens* **L.** કાશ્મીરમાં થતા ઘાસને એક પ્રકાર, જેનાં મૂળને કાઢો મૂત્રવર્ધક છે અને જનન-મૂત્ર માર્ગના દર્દમાં ઔષધ તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે. **Tr.** *sphaerococcum* **Perciv.** ભારતના વામન ઘઉં, પંજાબમાં થતા પીસી ઘઉં. **Tr.** *vulgare.* **Vill.** સામાન્ય ઘઉં.

**triturated.** કણી કણી થઈ તેમાં દળવામાં આવેલું અથવા ઘૂંટેલું.

**Triumph.** પીચને પીળો રંગ ધરાવતો એક પ્રકાર.

**trivalent.** त्रिसंयोजक, त्रिसंयुज, त्रियुक्त.

**trocar.** કોઈપણ પ્રાણીમાં થયેલા ગેસને દૂર કરવા અથવા નાસુર-ભગંદર, ગુહા, અથવા વ્રણની તપાસ કરવા માટે ઉપયોગમાં લેવામાં આવતું બે બાજુએ ખુલ્લી ધાતુની નળીમાં ગોઠવેલું તીક્ષ્ણ અણિવાળું શસ્ત્રક્રિયા માટેનું સાધન.

**trochanter.** ઉર્વસ્થિની ઉપર દેખાતા અસ્થિમય પ્રવર્ધ પૈકીનું કોઇ એક પ્રવર્ધ.

**trochoid.** પોતાનાજ અક્ષ પર ફરતું

**Trogoderma** *granarium* **Everts.** બદામી રંગનું અંડાકાર ઢાલ પક્ષ, જેનાં ડોળ સંઘરેલા ઘઉં, અનાજ, જુવાર, બાજરી અને કઠોળને ભારે નુકસાન કરે છે.

**Tropaeolum** *majus* **L.** શોભા માટે ઉગાડવામાં આવતી વનસ્પતિ. **Tr.** *peregrinum* **L.** બગીચામાં ઉગાડવામાં આવતો,

**trophic.** પોષક, પોષણ અંગેનું. **tr. fibre.** સંકોચક તંતુ. **trophoblast.** બીજપોષક ગર્ભાવરણ.

**tropic.** અનુવર્તી. **tropism.** આવર્તન, અનુવર્તન. (૨) અનેક પ્રકારના આંતરિક અને બાહ્ય ઉદ્દીપનો-(જેવાં કે પ્રકાશ આવર્તના (**phototropism**) ભૂ આવર્તના **geotropism**) રસાયણ આવર્તના (**chemotropisa**) પ્રત્યેની વનસ્પતિની વૃદ્ધિ અંગેની પ્રતિક્રિયા.

**tropical.** ઉષ્ણ કટિબંધીય; ઉષ્ણ કટિબંધમાં થતા (રોગ કે વનસ્પતિ), ઉષ્ણ કટિબંધનું.-તે અંગેનું. **tr. almond.** જંગલી બદામ. **tr. carpet-grass.** ઘાસચારા અથવા લોન માટેના ઘાસનો એક પ્રકાર. **tr. chernosem.** કાળી જમીન. **tr. chimate.** ઉષ્ણ કટિબંધની આબોહવા **tr. fowl mite.** મરઘાને લાગુ પડતી ઈતડી. **tr. kudzu.** ઢોળાવવાળી ભૂમિમાં જમીનના સંરક્ષણ માટે ઉગાડવામાં આવતી અને ઝડપથી વધતી શિમ્બી કુળની વનસ્પતિનો એક પ્રકાર. **tropicopolitan.** ઉષ્ણ કટિબંધનાં પ્રાણીઓ, વનસ્પતિ ઇ. **tropicoseasonal rainforest.** ઉષ્ણ કટિબંધીય મોસમી વર્ષા જંગલો.

**tropics.** કર્કવૃત્ત અને મકરવૃત્તની વચ્ચે આવેલા ઉચ્ચ ઉષ્ણતામાન અને ઉચ્ચ ભેજ ધરાવતા પ્રદેશો, ઉષ્ણ કટિબંધના પ્રદેશો.

**trot.** ઘોડાની સ્વાભ ચાલ. (૨) ચાલવા કરતાં ઝડપી પરંતુ સ્થિરગતિ. (૩) માણસની ધીમી દોડ.

**trough.** હવાડો (૨) પ્રાણીનું પાણી કે દાણ રાખવા માટેનું લાંબુ, સાંકડું અને ટોચે ખુલ્લું પાત્ર-સ્થળ. (૩) ખુલ્લું હોય તેવું અંગ્રેજી વર્ણ વી (**v**) અથવા યુ (**u**) આકારનું પાણી રાખવાનું સ્થાન.

**trowel.** પ્રમાણમાં સાંકડા અંતર્ગોળ અને તીક્ષ્ણ અણીવાળા પાનાનું ફેર રોપણી માટે તથા કંદ વાવવા માટેનું ટૂંકા હાથાવાળું ઓજાર, (૨) લેલુ, કરણી.

**truck crop.** સઘન ખેતી દ્વારા અને બજારથી દૂરના મોટા વિસ્તારમાં મોકલવા માટેનો શાકભાજીનો પાક. **tr. gard-**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ening.** બનરથી દૂર હોય તેવા વિશાળ વિસ્તાર માટે ઉગાડવામાં આવતા વિશિષ્ટ પ્રકારના લાંબા અંતરે મોકળતા બગડે નહિ તેવો પાક.

**true.** વાસ્તવિક, સત્ય, સાચું. (૨) બિજ-રૂપે પરિવર્તન પામ્યા વિનાનું, પિતૃના જેવું. **tr. breeding.** પિતૃ પ્રાણીનાં રંગ, રોગ, પ્રતિકાર શક્તિ ઇ. જેવાં કેટલાંક લક્ષણો ધરાવતાં (પ્રાણી). **tr. bunt.** જુઓ *Wheat Bunt*. **tr. cinnamon.** તજ. **tr. density.** માટીના ઘટત્વનો સંસંજન ગુણ. **tr. density of soil.** જમીન કે માટીની સાચી સંસંજનતા, જે જમીનના વ્યક્તિગત ઘટકોની સંસંજનતા, અને જમીનમાં તેના વિતરણ પર આધાર રાખે છે. **tr. dithotomy.** સત્ય દ્વિશાખિત, સત્ય યુગ્મશાખિત. **tr. digestibibty.** વાસ્તવિક પાચન ક્ષમતા. **tr. flavour.** કુદરતી સોડમ. **tr. fruit.** અસલ-સત્યફળ. **tr. lavveder.** લવંડર. **tr. mangrove.** કાંડેલ. **tr. squash.** લાલ કોળું. **tr. stomach.** સાચું આમાશય; (૨) વાગોળનાર પ્રાણીઓનું ચતુર્થ આમાશય, જેમાં ખાધેલા ખોરાક પર જઠરીય રસોની પ્રતિક્રિયા થાય છે. **tr. to type.** કદી પણ પરિવર્તન પામ્યા વિનાનો, જનકના જેવો પ્રકાર. (૨) અસલ નમૂનાનું પારૂપ. **tr. yeast.** યથાર્થ યીસ્ટ.

**trumpet.** પુષ્પ મુગટ. **tr. flower.** જુઓ *trumpet vine*. **tr. vine.** તિલોત્રા.

**truncate.** ખંડિત; અંત્ય છેડા આગળ કપાયેલું હોય તેવું એકાએક છેડો આવ્યો હોય તેવું. (૨) ઝાડ, શરીર અથવા સંકુની ટોચ કે અંત્ય ભાગ કાપવો. **truncated soil.** ખંડિત ભૂમિ. **tr. s. profile.** ખંડિત ભૂમિ પરિચ્છેદિકા. **truncation.** ભૂમિ-ખંડન.

**trunk.** થડ, સ્કંધ, પ્રકાંડ, સ્તંભ, થડ. (૨) વૃક્ષ અથવા વેલનું મૂળ અને શાખા એથી ભિન્ન એવું મુખ્ય પ્રકાંડ. **tr. scald.** સૂર્યના તાપના કારણે કેટલાંક ઝાડને પહોંચતી હાનિ.

**truss.** ઝૂડો, (૨) સારણગાંઠનો પટ્ટો.

**trustee.** ટ્રસ્ટી, ન્યાસી, વાલી. **trusteeship.** ન્યાસધારિતા, વાલીપણું.

**tryma.** બે ખંડવાળું ઉપલા પ્રકારનું અખરોટ જેવું અષ્ઠિ ફળ. (૨) ઠળિયાવાળું ફળ.

**trypanosome.** *Trypanosoma* પ્રજાતિનો ત્રાકાકાર, કશાધારી, સૂક્ષ્મ પ્રજીવ, જે પ્રાણીઓમાં રોગ પેદા કરે છે.

**Tryposomiasis.** *tryponosome*. નામના સૂક્ષ્મ પ્રજીવથી પ્રાણીઓને લાગુ પડતા રોગનો એક પ્રકાર.

**Tryporyza** *incertellus* **Wlk.** ડાંગરની ગાભમારા ઇયળ.

**trypsin.** સ્વાદુપિંડના સ્રાવનો એક પ્રોટીનભંજક ઉત્સેચક.

**tryptophan.** પ્રોટીનનું ઘડતર કરનાર મૂળભૂત ઘટકો ધરાવતાં રાસાયણિક દ્રવ્યો –એમિનો ઍસિડનો એક સમૂહ, જે પેશી રચના અને તેના સમારકામમાં ઉપયોગી બને છે; આવશ્યક એમિનો ઍસિડ.

**tsetse.** ત્સેત્સે નામની માખીની એક પ્રકાર.

**tuba.** આસામ, કેરળ, કર્ણાટક, તામિલનાડુ અને પંજાબમાં થતો એક આરોહી ક્ષુપ.

**tuber.** અગ્રકંદ, ગ્રંથિલ કંદ. (૨) બટાટા જેવું જમીનમાં થતું માંસલ પ્રકાંડ, જે ખાદ્ય દ્રવ્ય ધરાવે છે અને નવા છોડને કે વનસ્પતિને જન્મ આપવામાં કારણભૂત બને છે. **t. vegetables.** બટાટા, શક્કરિયાં, અળવી ઇ. જેવી કંદ ધરાવતી શાકભાજી, જેના કંદ ખાઈ શકાય છે અને જેમાં સારા પ્રમાણમાં કાંજી–સ્ટાર્ચ હોય છે. અને જેને ઠીક ઠીક સમય માટે સંઘરી રાખી શકાય છે; બટાટા શિયાળુ પાક છે, જ્યારે શક્કરિયાં ખૂબ ગરમી માંગતો ઉનાળુ પાક છે.

**tubercle.** ગાંઠ, ગંડિકા, ગ્રંથિ, અર્બુદ. (૨) નાનું ગોળ, ખાસ કરીને હાડકા પરનું પ્રવર્ધ. (૩) કોઈ અંગમાં થતી નાની,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગાણાદાર ગાંઠ કે અર્બુદ, જેમાં સડો પેદા થાય છે. (૪) વનસ્પતિમાં મસા જેવું પ્રવર્ધ. **tubercular.** ક્ષયરોગ થયો હોય તેવું ક્ષયરોગ માટે સંવેદનશીલ. **tuberculin.** કૃત્રિમ દ્રવ્ય; પ્રાણીઓ કે પક્ષીઓને થતા ક્ષયરોગને પ્રાથમિક અવસ્થામાં પારખવાના કામમાં લેવામાં આવતું દ્રવ્ય. **tuberculosis.** ક્ષય, યક્ષ્મા, *Mycobacterium tuberculosis.* નામના સૂક્ષ્મ સજીવથી માણસો, ખાસ કરીને ગરમ લોહીવાળા સસ્તન પ્રાણીઓ અને પક્ષીઓને લાગુ પડતો દીર્ઘકાલીન, સંક્રામક રોગ, જેમાં શરીરના ગમે તે ભાગમાં ગાંઠ જેવી વિકૃતિ થાય છે. **tu. of birds.** પક્ષીના પ્રકારના *Mycobacterium tuberculosis.* નામના સૂક્ષ્મ સજીવથી પક્ષીઓને લાગતો સંક્રામક ક્ષય રોગ, જેમા બચ્ચાંની છાતી પરનાં હાડકાં પર નજીવું માંસ હોય, કલગી ઇ. ફીકી પડે અને પગનો લકવો થાય અને બચ્ચાં ખોડગાય છે. **tuberculous.** ક્ષયરોગી, ક્ષયના રોગ, સંક્રમણ અથવા ચેપવાળું.
**tuberization.** કંદનિર્માણ, કંદીભવન. **tuberose.** કંદ ગ્રંથિથી આવરિત, કંદ પ્રકારનું, કંદ ધારણ કરતું, ગુલછડી. **tuberous.** કંદિલ, કંદવાળું. **root.** કંદિલ મૂળ.

**Tuberculate Cherimoyer.** હૃદયાકાર અને ટોચે ગાંઠ ધરાવતા લક્ષ્મણ ફળનો એક પ્રકાર.

**tube well.** પાતાળ કૂવો; જમીનમાં શારકામ કરી, ભૂગર્ભ પાણીને નળ દ્વારા બહાર લાવતો કૂવો.

**tubula.** નલિકા. **tubular.** નળીવાળું કે નળી કે નલિકામાં. **tu. cooler.** નળીદાર શીતક. **tu. heater.** નળીદાર તાપક. **tu. glands.** નલિકાદાર ગ્રંથિ. **tu. milking.** નલિકા દુગ્ધદોહન. **tubule.** નલિકા. **tubuliferous.** નલિકાદાર.

**tufa.** જ્વાળામુખીજન્ય અથવા અન્ય પ્રકારના ખડક અથવા શૈલની ખરબચડી અને કાણીય સંરચના. **tuff.** સ્તરીકરણ અને સંઘનીકરણની જ્વાળામુખીય વિવિધ રચના.

**tuft.** મૂળ ગૂંચવાયેલાં હોય તેવો ઘાસ જેવો ગુચ્છો. **tufted.** ગુચ્છાદાર (વનસ્પતિ).

**tumid.** ફૂલેલું. **tumify.** ફુલાવવું, ફુલાયેલા હોવું.

**tumour.** અર્બુદ. રસોળી. (૨) ચોક્કસ પ્રકારની પેશી ધરાવતો પ્રાણીના શરીરમાં થતો સ્વયંસ્ફુરિત અર્બુદ—ગાંઠ; આવા પ્રકારનો અર્બુદ, યજમાનની વૃદ્ધિના નિયમોથી સ્વતંત્ર રીતે વિકાસ પામે છે; જેમાં દુષ્ટાર્બુદનો પણ સમાવેશ થાય છે.

**tundu.** ઘઉંના કણસલાને લાગુ પડતો એક સડો, જે *Corynebacterium tritici.* નામના જીવાણુથી પેદા થાય છે. *Anguina tritici.* નામના કૃમિથી તે ફેલાય છે. આ રોગમાં ફૂટતાં પાન વળવા માંડે છે અને પીળા રંગનો શ્લેષી અથવા ગુંદર જેવો રસ પુષ્પોદ્ભવ અને પ્રકાંડને લાગે છે અને ટોચ પરનું પ્રકાંડ વિકૃત બને છે.

**tung.** જુઓ **tung oil.** **tung oil.** ટુંગ ઑઇલ; ટુંગ ઑઇલ નામના ઝાડનાં બીને પીલીને દ્રાવકોની મદદથી કાઢવામાં આવતું સૂકવન તેલ, જેનો ઉપયોગ વાર્નિશ અને રંગ બનાવવામાં થાય છે. **tu. o. tree.** આસામ, પ. બંગાળ, બિહાર અને કર્ણાટકમાં ઉગાડવામાં આવતું ઝાડ, જેના બીમાંથી કાઢવામાં આવતું તેલ ટુંગતેલ કહેવાય છે.

**tunic.** આવરણ, સમાવૃતપડ.

**tunnel.** સુરંગ; દર; પ્રાણીના શરીરમાં ઈતડી જેવાં કેટલાંક જંતુએ બનાવેલું સુરંગ જેવું પોલાણ. (૨) કપાસના જીંડવાની છાલ.

**tup.** નરઘેટો.

**turaphid.** તુવેરમાં પડતો મોલોમશી નામનો સૂક્ષ્મ સજીવ.

**turbid.** પંકિલ, ડહોળાયેલું, મલિન. **turbidity.** મેલ, ડહોળાયેલાપણું. **tu. test.** પંકિલપણાની કસોટી.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**turbine pump.** ટર્બાઈન પંપ; સિંચાઈ માટે પાણી ખેંચતો પંપ, જેનાં ઊભા દંડમાં પાણીને બહાર લાવવા માટેનું ઈમ્પેલર હોય છે અને તે ચક્રગતિ કરે છે. ઊંડા જળાશય કે કૂવામાંથી પાણીને ખેંચવા શ્રેણિબદ્ધ બે અથવા વધારે તબક્કાની રચના કરવી પડે છે. આવા પંપમાં સેન્ટ્રીફ્યુગલ, મિક્સફ્લો અને પ્રોપેલર પ્રકારના પંપોનો સમાવેશ થાય છે.

**turf.** ગૂંચવાયેલા ઘાસનાં મૂળ ધરાવતી જમીનનું તળ. (૨) આવા પ્રકારની જમીનનો એક ટૂકડો, ઢેકું.

**turgescence.** તાનમયતા. **turgid.** ફૂલેલું, સોજો ચડ્યો હોય તેવું. **turgidity.** તાનમયતા, શોથયુક્તતા, સોજો. **turgor.** આશૂનતા, શોથયુક્તતા, સોજો. (૨) વનસ્પતિના જીવરસ અને કોષ દીવાલમાં પ્રવાહીના કારણે આવતો ફુલાવો, જે વનસ્પતિની વૃદ્ધિ માટે આવશ્યક છે. **tu. pressure.** આશૂન દબાણ.

**turion.** શતાવરીની માફક જમીનમાંથી ફૂટતો શાકી પ્રરોહ – ફણગો.

**turkey.** ટર્કી નામનું પક્ષી; મોટું, જંગલી કે પાળેલું, ખુલ્લા માથા, મજબૂત પગ અને પાંખો તથા વિસ્તારિત પુચ્છવાળું, સ્વાદિષ્ટ માંસ ધરાવતું પક્ષી. **tu. poult.** નર કે માદા લક્ષણો ધરાવતા અગાઉનું ટર્કી પક્ષીનું બચ્ચું.

**Turkish filbert.** જુઓ *Turkish hazelnut.* **Tu. hazelnut.** કાશ્મીર અને કુમાંઉમાં ઊગતું એક ઝાડ, જેનાં ખાદ્ય કાષ્ઠીય ફળો ભૂતિયા બદામ તરીકે ઓળખાય છે.

**turmas.** ઘાસચારા કે લીલા પડવાશ માટે ઉગાડવામાં આવતી વનસ્પતિ.

**turmeric.** હળદર. *Cucuma domestica* **Valet.** [Syn. *c. longa* **Auct non L.**]. નામની વનસ્પતિ, જેનો સિફ્રંદ-ગાંગડા, મસાલા અને રંગકામમાં ઉપયોગી છે. દુખાવો થયો હોય તેમાં બાહ્ય લેપ કરવા અને ઉદ્દીપન માટે, આંતરિક રીતે તે ઉપયોગી છે. અગાઉના સમયમાં સ્ત્રીઓ સૌંદર્ય પ્રસાધન માટે તેનો ઉપયોગ કરતી હતી. ભારતનાં લગભગ બધાં જ રાજ્યોમાં, આ વનસ્પતિને ઉગાડવામાં આવે છે. પૂર્વ અને પશ્ચિમઘાટના પ્રદેશોમાં છાયાવાળી ખીણો અને ડુંગરાળ જંગલોમાં તે થાય છે અને તેને ગરમ અને ભેજવાળુ હવામાન માફક આવે છે. આ વનસ્પતિના પાકને માટે ફળદ્રુપ, રેતાળ, મધ્યમ કાળી હલકી અથવા કાંપવાળી, વાતોઢ, ખાદમાટીવાળી જમીન વધારે અનુકૂળ પડે છે. હળદરના ગાંગડામાં 5 થી 6 ટકા તેલ હોય છે. **tu. curing.** વેચાણ માટેની હળદર પર કરવામાં આવતી એક પ્રકારની પ્રક્રિયા, જેમાં હળદરના ગોળ અને લાંબા કંદને છૂટા પાડી તેને વળગેલા કચરો, માટી ઇ.ને છૂટાં પાડી, જરૂર જણાય તો માટીનાં મોટા વાસણમાં એક કલાક સુધી ઉકાળવામાં આવે છે, ત્યાર બાદ નરમ બનેલા કંદને સૂર્યના તડકામાં 10 થી 15 દિવસ સુધી, તે પૂરેપૂરા સુકાઈ જાય ત્યાં સુધી ખુલ્લા રાખવામાં આવે છે અને વાંસની ટોપલીઓમાં કાંકરા કે પથ્થરના ટૂકડાઓની સાથે રાખીને હિંચોળવામાં આવે છે. **tu. leaf bloch.** *Taphrina deformans* **(Berk) Tul.** નામના જંતુથી હળદરના છોડને થતો એક રોગ, જેમાં તેનાં પાનની બંને બાજુ પર પીળા રંગનાં ધાબાં પડે છે અને આખરે પાન સુકાઈ જાય છે. **tu. leaf spot.** *Colletotrichum capsici* **(Syd) Butl. & Bisby.** નામના જંતુથી હળદરના છોડનાં પાનને લાગુ થતો એક રોગ, જેમાં છેવટે પાન મરી જાય છે. **tu. polisher.** ઘર્ષણ દ્વારા હળદરના કંદને પોલિશ કરવાની પ્રક્રિયા. **tu. rhizome and root rot.** *Pythium raminicolum.* નામના જંતુથી હળદરનાં કંદ અને મૂળને લાગતો સડો, જેમાં પાનની કિનારી અને પ્રકાંડ સુકાઈ જાય છે.

**turnabout plough.** વિપરિવર્તીય હળ, પાછું ફેરવી શકાય તેવું હળ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**turning.** ફરવું. **tu. pink stage.** છોડ પરના ટમેટાને લાગુ પડતા રોગનો એક પ્રકાર. **t. plough** મોલ્ડ બોર્ડ હળ.

**turnip.** શલગમ, ટર્નિપ, સરસવ. *Brassica rapa* **L.** [Syn. *Br. campestris* **L.** var. *rapa* **Hartm.**]. નામની દ્વિવર્ષાયુ વનસ્પતિ, જેનાં કંદિલ મૂળ શાક તથા ઢોરના ચારા તરીકે ઉપયોગી બને છે. તેનાં પાનમાં પ્રજીવકો 'એ', 'બી' અને 'સી' તથા લોહ અને કેલ્શિયમ સારા પ્રમાણમાં છે. ભારતમાં માર્ચ-મે અને ઑગસ્ટ-સપ્ટેમ્બરમાં અમે તે પ્રકારની જમીનમાં તેને ઉગાડવામાં આવે છે. **tu. cabbage.** નોલકોલ. **tu-greens.** શલગમનાં પાન. **tu. rooted cabbage.** નોલકોલ. **tu. tops.** ટર્નિપનાં પાન.

**turnout.** પાર્શ્વીય સિંચાઈ નાલીમાંથી જલાશયમાં અને જળાશયમાંથી ખેતરમાં પાણી કાઢવાની યુક્તિ. **t. over.** કુલ વેચાણ, વકરો. (૨) મૂડી અને પેદાશનો ગુણોત્તર. **tu. plough.** મોલ્ડબોર્ડ હળ. **tu. row.** હળ અથવા અન્ય કૃષિ સાધનોને પાછાં વાળી શકાય તેવી ખેતરની કિનારી પર આવેલી વણખેડેલી પટ્ટી. **tu. under.** જમીનના નીચલા સ્તરને ઉલટાવીને સપાટી પરના થર પર લાવવું.

**turpentine.** વિવિધ પ્રકારનાં ચીડનાં ઝાડનો તેલી રેઝિન, જેમાંથી ટર્પેન્ટાઈન તેલ બનાવવામાં આવે છે, અને જે કેટલાક પ્રકારનાં જંતુઘ્નોનો ઘટક બને છે. **tu. oil.** ટર્પેન્ટાઈન તેલ. **turpentining.** ચીડના ઝાડમાંથી તેલી રેઝિનને ભેગું કરવાની ક્રિયા.

**turplum moth.** તુવેરનું પીછિયું કુદું. **turpod bug.** તુવેરનું ચૂસિયું જંતુ.

**Tussar silk.** ટસર રેશમના કીડાના કોશેટામાંથી કાઢવામાં આવતું તાંબાવર્ણી રેશમ, જેનું ભારતમાં થતું સારું સરખુ ઉત્પાદન. **Tu. s. worm.** *Antheraea mylitta.* નામનો ટસર રેશમ પેદા કરતા સાલ, અર્જુન અને કુસુ નામના વૃક્ષોનાં પાન ખાનાર રેશમનો કીડો, જેનો ઉછેર બિહાર, પ. બંગાળ, ઓરિસા અને મધ્ય પ્રદેશના આદિવાસીઓ કરે છે.

**Tussilago** *farfara* **L.** કાશ્મીરથી કુમાઉં સુધીના હિમાલયના પ્રદેશમાં થતી વનસ્પતિ, જેનાં પાનની શાકભાજી થાય છે.

**tussock.** ઘાસનાં ઝાડી, ઝાંખરાં કે ટેકરી.

**twine.** રસી, દોરડું, દોરી, પેચ, મરોડ, વળ. **twining.** વેષ્ટન, વલયન, વળ આપવો. (૨) વેષ્ટનશીલ. (૨) વળગવા માટે પ્રકાંડ પર ઉપસ્થિત થતી અવસ્થા. **tw. plants.** વેષ્ટનશીલ વનસ્પતિ.

**twinning.** સાધારણ રીતે એક પ્રસુતિમાં બચ્ચાંને જન્મ આપનાર પ્રાણી, તેની એક પ્રસૂતિમાં બે બચ્ચાંને જન્મ આપે તેવી ઘટના.

2,4-D. **2,4-dichlorophenoxy-acetic acid.** નીંદણ અથવા ઘાસપાતનો નાશ કરવા માટે ઉપયોગમાં લેવામાં આવતો સંશ્લેષિત અંતઃસ્રાવ, જે સોડિયમ સોલ્ટ, એમાઈન સોલ્ટ, અને ઍસિડના એસ્ટરનાં ત્રણ વ્યાપારી સંયોજનોમાં મળે છે. ઍસિડ પાણીમાં દ્રાવ્ય ન હોઈ નીંદણનો નાશ કરવા માટે વાપરી શકાય નહિ. સોડિયમ સોલ્ટ પાણીમાં દ્રાવ્ય અને સસ્તામાં સસ્તું છે પણ દ્રાવ્ય હોવાથી તેના વપરાશ બાદ તરત વરસાદ આવે તો તે ધોવાઈ જાય છે. એમાઈન સોલ્ટ પાણીમાં દ્રાવ્ય છે અને પાનને પલાળવા માટેનું દ્રાવણ બનાવી શકે તેમ છે. તે અબાષ્પશીલ છે, માટે સંવેદનશીલ વનસ્પતિની બાજુમાં તેને છાંટી શકાય છે તથા વરસાદ પડવાં તે ધોવાઈ જતું નથી. 2·4Dનાં એસ્ટરો ઘણા આલ્કોહોલ સાથેના ઍસિડનાં સંયોજનો છે અને પાણીની સાથે તેને ભેળવવામાં આવતાં તે પાયસીકરણ બનાવે છે અને વનસ્પતિની અંતઃત્વચા સુધી પ્રસરી જઈ કાષ્ઠમય વનસ્પતિ તથા ચીકણાં પાનવાળાં નીંદણ માટે તે ઉપયોગી છે પણ સંવેદનશીલ વનસ્પતિ આગળ તે વાપરી શકાય નહિ. તેમ છતાં નિમ્ન

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બાષ્પશીલતાવાળાં સ્વરૂપો ઉપલબ્ધ છે.

**2,4,5-T. 2,4-5. trichlorophenoxyaceticacid.** 2,4-Dની સાથે ગાઢ રીતે સંકળાયેલું આ અંતઃસ્રાવી ઍસિડ, જે નીંદણનાશક એમાઈન સોલ્ટ અને એસ્ટરના રૂપમાં મળી શકે તેમ છે તથા મોટા ભાગની શાકીય વનસ્પતિ માટે 2,4-D જેટલું અસરકારક ન હોવા છતાં કાષ્ઠમય વનસ્પતિ માટે તે વધારે અસરકર્તા નીવડી શકે તેમ છે. તેના છંટકાવ અને માત્રા 2,4-D જેટલાં જ છે.

**two-trunk Kniffin system.** દ્રાક્ષની વેલના એક પ્રકાંડને નીચલા તાર પર અને બીજાને ઉપલા તાર પર રાખી પ્રત્યેક તારની જમણે અને ડાબે હાકડી રાખી દ્રાક્ષના વેલાને ઉછેરવાની એક પદ્ધતિ.

**twoway plough.** ઉભયમાર્ગી હળ.

**Tylophora** *indica* **(Burn f.) Merr.** પ. બંગાળ, આસામ અને દ. ભારતમાં થતી શાકીય વનસ્પતિ, જેનાં પાન અને મૂળ ઔષધીય ગુણ ધરાવે છે.

**Tylopod.** ઊંટ જેવું, ખરીવાળું નહિ પણ ગાદી ધરાવતા પગવાળું પ્રાણી.

**tympan.** ત્વચાનું ખેંચાયેલું પડ અથવા પાતળું દ્રવ્ય.

**tympanites.** આમાશયમાં પહેલા બે કોઠામાં ગેસ ભરાઈ જવાથી ઢોર અને ઘેટાને સહેલાઈથી આથો ચડે તેવો લીલો ચારો ખાવાના પરિણામે લાગુ પડતો એક રોગ. **tympany of crop.** પક્ષીની એક શારીરિક અવસ્થા, જેમાં તેનામાં વાયુનું ભારણ થાય છે અને તેનાં એક અંતરંગને ફુલાવે છે.

**Typhaceae.** કંટકાદિ કુળની દ્વિવવનસ્પતિ.

**Typha** *australis* **Schum & Thonn.** [Syn. *Ty. angustata* **Bory and Chaub;** *Ty. elephantina* **Grah, non Roxb.**]. સરોવરો, તળાવો, ધીમા વહેણ ધરાવતી નદીઓ અને વહેળાઓમાં થતી હીર્ષાયુ વનસ્પતિ. **Ty.** *elephantina* **Roxb, non Grah, nec. Schimp ex Rohrb.** [Sy. *Ty. angustifolia* **Watt, non L.**]. હાથીઘાસ.

**Typhonium** *trilobatum* **(L.) Schott.** દ. ભારતની એક વનસ્પતિ, જેના કંદ ખાદ્ય છે.

**typical.** ચોકસ પારૂપ-પ્રકાર કે લાક્ષણિક કે પ્રતિકાત્મક. **typify.** એક પ્રકારનો નમૂનો દર્શાવવો-નું દૃષ્ટાંત કે લક્ષણ દર્શાવવું.

**Tyrophagus** *asiaticus* **Evans.** આંબાના પ્રરોહની ઈતડી.

# U

**uba.** ઉત્તર પ્રદેશમાં થતી પાતળી અને મધ્યમ કદની શેરડી.

**udder.** આઉ; આંચળ. (૨) સસ્તન પ્રાણીઓનું દુગ્ધ-ગ્રંથિઓ અને આંચળ ધરાવતું બચ્ચાને ધવડાવવાનું અંગ. **u. pendulous.** લટકતાં આંચળ. **u., attachment** માદા પ્રાણીના શરીરને વળગેલા રહેતા આંચળની અવસ્થા. **u. cannula.** આંચળ દ્વારા, આઉમાં અંતઃક્ષેપ મારફતે કોઈ દ્રાવણ દાખલ કરવા માટેની ધાતુ, પ્લાસ્ટિક કે સખત રબરની નળી. **u. mammary gland.** દુગ્ધ-ગ્રંથિ.

**udometer.** વરસાદ માપવાનું સાધન.

**udumbara.** ઉમરો.

**ulcer.** ચાંદી, વ્રણ. (૨) યાંત્રિક અથવા રાસાયણિક હાલથી સૂક્ષ્મ ટ્વાણુ કે દુષ્ટ અર્બુદના કારણે થતું વ્રણ, જે રુઝાઈ મથા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બાહુ પણ પાછળથી ડાઘ રહેવા દે છે.

**ulcerate.** વ્રણનો એક પ્રકાર, જેની અસર વ્રણ રુઝાઈ જાય ત્યારપછી પણ જણાય; વ્રણવાળું.

**uliginose.** કાદવવાળી થતી વનસ્પતિ અંગેનું.

**Ulmus** *wallichiana* **Planch.** વાયવ્ય હિમાલયમાં થતી એક વનસ્પતિ, જેના કાષ્ઠનું ફર્નિચર બને છે, અને ઈમારતી કામમાં તેનો ઉપયોગ થાય છે તેની છાલના રેસાના દોરડાં બને છે.

**ulna.** અંતઃપ્રકોષ્ઠાસ્થિ; અગ્ર બાહુનું અંદરના ભાગનું હાડકું.

**ultimate analysis.** અંતિમ પૃથક્કરણ. (૨) પૂર્વ પૃથક્કરણની તુલનામાં માટીના કોઈ દ્રવ્ય કે મિશ્રણમાં રહેલાં તત્ત્વો–ઘટકો અંગેનો નિર્ણય. **u. price.** અંતિમ-ગ્રાહક અથવા ઉપભોક્તાને આપવી પડતી કિંમત.

**ultra.** વિશેષ, અતિ, અતિશય. **u. centrifugation.** દ્રુતભ્રમી અપકેન્દ્રન. **u. filter.** અતિ નિસ્યંદક. **u. freezing.** અતિહિમીકરણ. **u. full traconi.** સૂક્ષ્મ ગાળણ. **u. hight temperature short time process.** ખાસ કરીને પાશ્ચરીકરણમાં હાથ ધરવામાં આવતી અતિ ઉચ્ચ ઉષ્ણતામાને અલ્પકાલીન પ્રક્રિયા. **u. motivity.** તત્ક્ષણિક ગતિની શક્તિ, અતિ પ્રેરકતા. અતિચાલકતા. **u. sonic wave.** પારશ્રાવ્ય તરંગ. **u. structure.** અતિ સૂક્ષ્મ સંરચના. **u. violet light.** પારજાંબલી પ્રકાશ. (૨) વર્ણપટનો અદૃશ્ય પ્રકાશ; જાંબલી પ્રકાશ તરંગ કરતાં ટૂંકા પ્રકાશ તરંગો ધરાવતો વર્ણપટનો ભાગ, જેનો ઉપયોગ કિરણીકરણ, પ્રતિક્ષેપ અને જંતુનાશક પ્રક્રિયા માટે થાય છે.

**ulu.** પંજાબ, મધ્ય પ્રદેશ, આસામ, અને દ. ભારતમાં થતા નીધિયું ઘાસનો એક પ્રકાર.

**umbel.** પુષ્પગુચ્છ, છત્રક. (૨) એક સમાન કેન્દ્રમાંથી નીકળતી પાંદડીઓ, અંતર્ગોળ અથવા બહિર્ગોળ રીતે ફેલાઈ જાય તેવા પ્રકારની અવસ્થા.

**umbellifer.** ગાજર જેવો છત્રકાદિ કુળનો છોડ. **umbellifera.** છત્રકાદિ કુળની વનસ્પતિ, જેમાં, ભાજી પાલા ઇ.નો સમાવેશ થાય છે.

**umbilical.** નાભિ, ડૂંટી પાસેનું કે તે અંગેનું, નાભીય, નાળી સંબંધી. **u. cord.** નાભિરજ્જુ, સસ્તનપ્રાણીઓમાં જરાયુ-ઓરની સાથે ભ્રૂણને જોડતું રજ્જુ, કે નાયડો. **umbilicate.** નાભિ જેવું, ડૂંટી સદૃશ. **umbilicus.** નાભિ, ડૂંટી. **umbiliform.** નાભિસદૃશ, નાભિસ્વરૂપ, ડૂંટી જેવું.

**Umbo.** ગઠ્ઠો, મોગરો, ઉપસી આવેલો ભાગ.

**umbonate.** ફડદી. *Cherimoyer.* અનેનાસ જેવી સોડમવાળું, જાડી છાલ ધરાવતું અમ્લ સ્વાદવાળા ગરનું અને ઘણા બી વાળું ઝાડનું ફળ.

**umbraculum.** છત્રી આકારનું ઉપાંગ.

**umbrella** છત્રી. **u. Kniffin system.** દ્રાક્ષને માવજત આપવાનો એક પ્રકાર. **u. system.** છત્રક તંત્ર.

**umbriferous.** છાયા આપનાર.

**umtao.** હિમાલય, આસામ અને પ. બંગાળમાં થતું, દોરડાં બનાવવાના ઉપયોગમાં આવતું ઝાડ.

**unarmed.** કાંટા વિનાનો (છોડ), નિષ્કંટક.

**unavailable.** અનુપલબ્ધ. વનસ્પતિ અથવા પ્રાણીના ઉપયોગ માટે ઉપલબ્ધ ન હોય તેવા જમીન કે ખાણમાંનાં સંયોજનો કે રાસાયણિક તત્ત્વો.

**unbalanced udder.** અસમતોલ આંચળ; ગાયના શરીરની સાથે અસાધારણ રીતે જોડાયેલાં આંચળ.

**unbiased.** અનભિનત, નમેલું ન હોય તેવું; અક્કડ.

**unbranched.** શાખા વિનાનું, શાખા રહિત.

**unbroken.** વણતૂટ, ચિરાડ વિનાનું

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અથવા ભાગ્યા વિનાનું, અખંડિત (ફળ). (૨) વણ ખેડ (જમીન). (૩) વણ પલોટાયેલો (ઘોડો.)

**uncap.** મધ કાઢવા માટે મધપૂડામાંથી કોષ્ઠલનાં ઢાંકણને દૂર કરવું. **uncapping knife.** સાદી પોલાદની છરી, જેને મધને મધ કાઢનાર સાધનમાં મૂકવા અગાઉ મધપૂડાના કોષકોનું ઢાંકણ દૂર કરવા માટે વરાળથી ગરમ કરવામાં આવે છે.

**Uncaria** *gambier* **(Hunt.) Roxb.** કાથો; મલાયા અને ઈન્ડોનેશિયાનો આરોહીક્ષુપ, જેનાં પાન અને શાખામાંથી મળતો રેઝિન જેવો રસ, જે ચામડાં કમાવવા, રંગકામમાં અને ચાવવા માટે કામમાં આવે છે.

**uncinate.** અંકુશિત, વાંકું, વક્ર, અંકુશાભ.

**Uncinula.** *necato* **(Schw) Burr.** દ્રાક્ષની વેલને રોગ કરનાર જંતુ.

**unconfined ground water.** હાઈડ્રોસ્ટેટિક દબાણ હેઠળ ન હોય તેવું ભૂમિગત જળ, જેની સપાટી, સંગ્રહેલા પાણીની વધઘટ અનુસાર ઊંચી નીચી થાય છે

**unconsolidated sedimentary rocks.** અસંગઠિત જળકૃત સંકોખડકો.

**unctuous.** ચીકણું, સ્પર્શ કરતાં ચીકણું (ખનિજ).

**uncoupling.** અયુગ્મન.

**unculturable waste land.** કૃષિ ક્ષમ બની ન શકે તેવી પડતર ભૂમિ.

**uncumbered ownership.** અબાધિત–બોજારહિત માલિકી.

**uncured.** કેળવ્યા વિનાનું, સાફ–શુદ્ધ કર્યા વિનાનું.

**undari.** ઉંદરી.

**under**— ઉપ, અવ, નીચે અર્થસૂચક પૂર્વગ.

**underbrush.** જંગલમાં વૃક્ષોની હેઠળ ઊગતી ટૂંકી સંરચના ધરાવતી વનસ્પતિ.

**undercooling.** શીતીભવન હેઠળ.

**under cultivation.** ખેડ હેઠળ, ખેતી હેઠળ.

**under churn.** અવમંથન.

**under cut.** પાડવા ધારેલા ઝાડના મોટા કાપ હેઠળ કરવામાં આવેલા કાપ. **u. cutting.** ઝાડનાં ઉપરનાં પાન વધે કે કટે તે માટે નીચેની નહિ જોઈતી ડાળીઓને દૂર કરવી.

**underdrainge.** જમીનમાં ઊંડે ખોદેલી નાળી અથવા ગટરની સાથે વધારાનું પાણી વહી જવા દેવા માટે કરવામાં આવતી ગોઠવણ, જેથી અંતરાય વિના જમીનને ખેડી શકાય.

**underfeeding.** ઓછું ખવડાવવું, અલ્પપ્રાશન.

**under flow.** પ્રવાહનાં દર અથવા ભૂમિગત પાણીનો નિકાલ, સપાટીની હેઠળ પાણીનો પ્રવાહ કે પાણીનું વહેણી.

**under ground.** ભૂમિગત. **u. g. growth.** ભૂમિગત વૃદ્ધિ. **u. g. stem.** સાચું ભૂમિગત પ્રકાંડ, કંદ, શિફકંદ.

**under-irrigalion.** અલ્પ સિંચાઈ.

**under planting.** બગીચામાં જૂનાં અને જીર્ણ થવા માંડતાં વૃક્ષોની વચમાં ઝાડના રોપ વાવવા, જેથી રોપ મોટા થવા આવે તે દરમિયાન જનાં વૃક્ષોને કાપી શકાય.

**underpressure.** અલ્પ દબાણ.

**undershrub.** અનુક્ષુપ.

**under stock.** રોપા કે છોડ, જેના ઉપર પ્રરોહની કલમ કરી શકાય. **u. stocking.** મત્સ્ય સંવર્ધનમાં જલાગારની ક્ષમતાં કરતાં ઓછા પ્રમાણમાં માછલીઓને રાખવી.

**undiffterentiated.** અભિન્નીકૃત. (૨) અવિશિષ્ટીકૃત.

**undulate.** તરંગિત ગતિવાળું કે તેના જેવું, તરંગિત. (૨) તરંગિત બનવું, કરવું. **undulating.** ઊંચી નીચી – તરંગિત ભૂમિવાળું, સપાટ કે સમતલ ન હોય તેવું, અસમતલ, લહેરદાર. (૨) (પાનની) કિનાર-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાળું. **undulatory.** તરંગિત, લહેરદાર.

**uneconomic holding.** અલાભપ્રદ ખાતું. (૨) અનર્જક ખાતું.

**uneven land.** અસમતલ ભૂમિ–જમીન.

**unfertile.** અફળદ્રુપ અનિષિક્ત. **unfertiled egg.** અફલિત ઇંડું, અનિષિક્ત ઇંડું.

**unfold.** ઉન્મિલન, ખોલવું. **unfolded** ઉન્મિલિત, ખુલ્લું કરેલું.

**unfree water.** બાંધેલું- બંધિકૃત જળ

**ungraded.** અકોટિકૃત, અવર્ગીકૃત.

**ungrouped data.** અવર્ગીકૃત આધાર સામગ્રી, અવર્ગીકૃત આંકડા.

**ungual.** નખ, ખરી કે નહોર જેવું. **ungula.** નહોર, ખરી, નખ. **ungulate.** ખરીવાળાં પ્રાણીઓ; ઘોડા, ઝીબ્રા, ગધેડાં, અને એક અંગુલીવાળાં ઊંટ, જિરાફ, ઘેટાં, બળદ, બકરાં તથા ડુક્કર, બે આંગળીવાળાં ખરી ધરાવતાં પ્રાણીઓ છે.

**unguent.** મલમ. (૨) ઊંજણ માટે વપરાતું ગમે તે દ્રવ્ય. **unguentum.** મલમ. (૨) બાહ્ય ઉપયોગ માટેનો લેપ, જે મેદીય અને જળ દ્રવ્ય માધ્યમમાં દવાના રૂપમાં હોય છે.

**unhardy.** નાજુક, કોમળ.

**unhitch.** ઓજાર અથવા વાહનની સાથે જોડવામાં આવેલા પ્રાણીને છૂટાં કરવાં. (૨) ટ્રેક્ટરને વાહન કે ઓજારથી છૂટું કરવું.

**unhulled seed.** બીજાશય, દીવાલ, પુષ્પપર્ણ, નિપત્ર અને પુષ્પકના અન્ય ભાગોથી છૂટું કરવામાં આવ્યું ન હોય તેવું બી. (૨) અનાવૃત ધાન્યફળ બનાવવા પ્રક્રિયા થઈ ન હોય તેવું બી.

**unhumified.** ખાદમાટી–હ્યુમસ બનાવી ન હોય તેવું.

**uni-**એક અર્થસૂચક પૂર્વગ

**uniarticulate.** એક સંધિકૃત, એક સાંધાવાળું.

**uniaxial.** એક અક્ષીય; એક અક્ષવાળું.

**unimeral.** એક જ ખંડ–કોષ્ઠ–કોટરવાળું.

**unicapsular.** એક જ સંપુટવાળું.

**unicellar.** એક જ કોષવાળું.

**unicostate.** એક શિરી.

**uniflorous** એક જ પુષ્પવાળું.

**unifoliate.** એકપત્રી, એકપર્ણી.

**uniform.** એક સમાન, એકરૂપ, સમાંગ. **uniformity.** એકરૂપતા. **u. of size.** કદની એક રૂપતા. **u. trial.** સમાંગતા પ્રયોગ.

**unilateral.** એકપક્ષીય (૨) એક પાર્શ્વીય. (૩) પાન પ્રકાંડની બાજુ પર જ ઢળે તેમ એક જ બાજુ તરફ વિન્યાસવાળું. **u. horizontal cordon.** દ્રાક્ષના વેલા કે વામન વૃક્ષો એક સમસ્તરીય બાહુ કે એક પાર્શ્વીય શાખા તરીકે વિકસે તેવી તેમના પર પ્રક્રિયા કરવી.

**unilayered.** એક સ્તરીય.

**unilocular.** એક કોટરીય.

**union.** યુગ્મન. (૨) એક સ્કંદની સાથે કલમને બરાબર જોડવી. (૩) પ્રકાંડ પરનું સ્થાન, જ્યાં આવી જોડ, આવું સંમિલન કે યુગ્મન કરવામાં આવે.

**uniparous.** એક ગર્ભપ્રસવી. (૨) એક ગર્ભમાં એક જ બચ્ચા કે ઇંડાને પેદા કરનાર. (૩) એક અક્ષ કે એક બાહુવાળું. **unipera.** એક પ્રસવમાં માત્ર એક જ બચ્ચાને જન્મ આપનાર પ્રાણી

**unipartite.** ંઅવિભાજિત, અવિભક્ત.

**unipinnate.** એક પક્ષવત્, એક જ પિચ્છાકાર.

**unipolar.** એક ધ્રુવીય, એક જ ધ્રુવ ધરાવનાર.

**unique.** નિરાળું, અપ્રતિમ.

**uniradiated.** એક જ હાથ, કિરણ કે પ્રવર્ધવાળું.

**unirrigated.** અસિંચિત.

**uniserial.** એક હારમાં ગોઠવાયેલું. **uniserriate** એક પંક્તિક, એક શ્રેણિબદ્ધ.

**unisexual.** એક લિંગી, કેવળ નર અથવા કેવળ માદા હોય તેવી વનસ્પતિ, અથવા વનસ્પતિ અંગો, અલગ પુષ્પી. (૨) નર, માદા એક જ લિંગધારી.

**unit.** એકમ, ગણતરીની રીતે એક જ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કે સંપૂર્ણ તરીકે લેખવામાં આવતી વ્યક્તિગત વસ્તુઓ કે સમૂહો. (૨) એક ધોરણ તરીકે સ્વીકારેલી માત્રા કે પ્રમાણ, જેની દૃષ્ટિએ અન્ય માત્રા કે પ્રમાણને દર્શાવી શકાય. **u. all.** લેટિસનાં લક્ષણ ધરાવતો તેનો નાનામાં નાનો અંશ. **u. charater.** એકલ લક્ષણ. **u. of measurement.** માપનું એકમ, માપઘટક. **u. of value.** એકમ મૂલ્ય, મૂલ્યનું ઘટક. **u. requirements.** ચોક્કસ કૃષિ પેદાશના એકમ માટે ઉત્પાદનનાં કારકોનું આવશ્યક બનતું પ્રમાણ અથવા કૃષિ માટે આવશ્યક શક્તિનું કાર્ય. **u. stream.** 100 ફૂટ લંબાઈની એક ફૂટ પહોળી ભૂમિ-પટ્ટી માટે આવશ્યક બનતું ક્યુસેક પાણી, જેનો આધાર પાણીના અવશોષણનો દર, જમીનના ઢાળ ઇ. પર રાખે છે.

**univalent.** એક સંયોજક.

**univariate.** એક ચર. **u.v. distribution.** એકચર વિતરણ.

**univoltine.** વર્ષે એક ફાલ આપનાર રેશમના કીડાનો એક પ્રકાર.

**universal joint** સર્વસામાન્ય સાંધો.

**unlimited liability.** અમર્યાદ જવાબદારી, અસીમિત દેયતા.

**unloading.** ઉતરામણ.

**Unona** *longiflora* **Roxb.** આસામમાં થતું ખાદ્યફળનું એક ઝાડ.

**unpolished rice.** અણછડ ચોખા.

**unproductive.** અનુત્પાદક. **u. debt.** અનુત્પાદક ઋણ. **u. expenditure.** અનુત્પાદક ખર્ચ. **u. land.** વણઉપજાઉ ભૂમિ.

**unregulated market.** અનિયંત્રિત બજાર.

**unreliabillty.** અવિશ્વસનીયતા.

**unripe honey.** સીલ કર્યા વિનાના મધપૂડાનું ભેજવાળું મધ, અપક્વ મધ.

**unsalted butter.** મીઠા વિનાનું માખણ.

**unsaturated.** અસંતૃપ્ત. **u. fats.** વનસ્પતિ તેલ, વનસ્પતિ તેલની ચરબી. **u. soil.** અસંતૃપ્ત જમીન.

**unseptate.** પટહીન.

**unsex.** વંધ્ય કરવું, ખસી કરવી. (૨) માદા પ્રાણી કે પક્ષીનું અંડાશય અને નરપ્રાણી કે પક્ષીનાં વૃષણ દૂર કરવાં.

**unslaked lime.** બાળેલો ચૂનો.

**unskilled labour.** અકુશળ મજૂર.

**unstable.** અસ્થિર.

**unwashed wool.** અપરિષ્કૃત ઊન, ચીકાશવાળું ઊન.

**upbreeding,** ઉપલા વર્ગમાં મૂકવું. જુઓ *upgrading.* (૨) નિમ્ન પ્રકારનાં પ્રાણી કે વનસ્પતિનું ઉચ્ચ પ્રકારનાં પ્રાણી કે વનસ્પતિની સાથેનું સંયુગ્મન, જેથી ઊંચા પ્રકારની પેદાશ-સંતતિ મળે.

**upcountry.** દરિયાકાંઠાથી અંદરના ભાગનો પ્રદેશ, અંતઃપ્રદેશ.

**upkeep.** નિભાવ ખર્ચ.

**upland.** ઉચ્ચ ભૂમિ, ડુંગરાળ પ્રદેશ. **u. cotton.** ૧. કપાસ; *Gossypium hirsutum* **L.** [Syn. *G. mexicanum* **Tod.**]. નામનો મુખ્યત્વે પંજાબ, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, મધ્યપ્રદેશ, તામિલનાડુ, અને મહારાષ્ટ્રમાં થતો કપાસનો છોડ. **u. rice.** સિંચાઈ વિનાનો ડાંગરનો પાક.

**upright.** આડા પ્રકાંડની સીધી-ઊભી ટટાર. (શાખા), **u. method.** દ્રાક્ષની વેલને આપવામાં આવતી માવજતનો એક પ્રકાર. **u. silo.** સાઈલો બનાવવા લાકડા અથવા કોંક્રીટનો ઊભો ખાડો. **u. tree.** સીધાં-ઊભાં અંગ ધરાવતું ઝાડ.

**uproot.** નિર્મૂળ કરવું.

**upset.** વનસ્પતિ અથવા પ્રાણીનાં સાધારણ કાર્યોમાં ખલેલ કરવી.

**upstream.** વહેણની વિરુદ્ધ દિશામાં (જવું). (૨) નદી અથવા ઝરણાનો ઉપરવાસ.

**Up-to-date.** સફેદ, મધ્યમ લંબગોળ કદના બટાટાનો એક પ્રકાર, રાંધતા કે બાફતા જેના કંદ ફાટી જાય છે.

**uraemia.** મૂત્રરક્તતા; લોહીમાં નકામાં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દ્રવ્યો, ખાસ કરીને યુરિયા એકઠાં થવાનો એક રોગ, જેથી મૂત્રપિંડ બરાબર કાર્ય ન કરે ચક્કર આવે, શ્વાસમાં ગરબડ થાય, મૂત્ર બંધ થાય, આંચકી આવે અને બેશુદ્ધ થઈ જવાય. **uraemic poisoning.** મૂત્રરક્તતાની વિષાક્તતા.

**uranium.** વિકિરક તત્ત્વ–યુરેનિયમ.

**urate.** યુરિક ઍસિડની સાથે થતું કેટલાંક રસાયણોનું સંયોજન.

**urban.** નગરીય, શહેરનું, શહેરને લગતું.

**urceolate.** ઘટાકાર, કલશાકાર, જેમાં મોં સાંકડું અને પેટ મોટું હોય છે.

**urd.** અડદ.

**urea.** (૧) યુરિયા; 45થી 46 ટકા બિન–પ્રોટીડ કાર્બનિક નાઈટ્રોજન ધરાવતું ખૂબ જ સંકેન્દ્રિત નાઈટ્રોજ–દાણાદાર, સફેદ સ્ફટિક ધરાવતું રાસાયણિક ખાતર, જે ભેજગ્રાહી છે. જમીનમાં આ ખાતરને નાંખતાં નાઈટ્રોજનનું ઝડપથી અક્રિય એમોનિયામાં પરિવર્તન થાય છે, જેની કાર્યક્ષમતા એમોનિયમ ફોસ્ફેટ જેવી બને છે. ઘણાખરા પાક અને મોટા ભાગની જમીન માટે આ એક સુયોગ્ય ખાતરની ગરજ સારે છે. (૨) સસ્તન પ્રાણીના મૂત્રમાં રહેલું નાઈટ્રોજનનું સંયોજન.

**Urediospore.** બાહ્યકીટ, પુનરાવર્તિત બીજાણુ, (૧) લાલ ગેરુ અથવા ગ્રીષ્મ બીજાણુ. **uredosorus.** યુરીડો બીજાણુ પુંજ. **uredospore.** યુરીડોસ્પોર નામનો બીજાણુ; (૨) નિદાઘ બીજાણુ.

**Urena** *lobata* **L.** [Syn. *U. sinuata* **L.**]. વગડાઉ ભીંડી; પ. બંગાળમાં થતી વિલાયતી શણના નામે ઓળખાતી વનસ્પતિ, જેના પ્રકાંડના રેસા શણની ગરજ સારે છે, અને જેનાં દોરડાં અને બરછટ કપડું બનાવવામાં આવે છે. તેનાં સ્લેષી બીના સાબુ બનાવવામાં આવે છે.

**ureter.** મૂત્રવાહિની. **urethra** મૂત્ર માર્ગ, મૂત્રાશયમાંથી મૂત્રને જવા માટેનો માર્ગ. (૨) નર પ્રાણીઓનું શુક્ર પણ તે દ્વારા બહાર આવે છે. **urethral bougie.** મૂત્રમાર્ગને પહોળો કરવાનું સાધન-બૂગી. **uretic.** મૂત્ર સ્રાવિત. **uric.** મૂત્રીય, મૂત્રનું, ને લગતું. **u. acid.** મૂત્રામ્લયુરિક ઍસિડ. (૨) ચોપગા પ્રાણીઓના મૂત્રમાં જોવામાં આવતું સફેદ સ્ફટિકમય સંયોજન, જે પક્ષીઓ અને સરીસૃપોનાં મૂત્રનો ઘટક બને છે અને તેમાં 33 ટકા નાઇટ્રોજન હોય છે. **urinary.** મૂત્રીય, મૂત્રનું,–ને લગતું. **u. calculi** મૂત્રાશય-મૂત્રીય પથરી, (૨) ફોસ્ફેટ યુરેટ, ઓક્ઝેલેટ અને લાઈમ સોલ્ટ જેવાં દ્રવ્યોની પથરી, જે ઢોર, ઘોડા અને ઘેટાના મૂત્રમાર્ગમાં જામે છે, જેના પરિણામે તેમને બેચેની થાય છે, વારંવાર પેશાબ કરવાની વૃત્તિ થાય છે, મૂત્ર અવરોધ અને લોહીવાળાં પેશાબ થાય છે. આ પ્રકારની બીમારી પ્રજીવક, 'એ'ની ઊણપ, કેલ્શિયમ ફોસ્ફેટની અસમતુલા, અલ્પ પાણી-સંગ્રહ, અતિશય ધઉનાં ભૂસાનો ખોરાક ઇ. કારણોથી થાય છે. **urine.** મૂત્ર, પેશાબ, સસ્તન પ્રાણીઓના મૂત્રપિંડમાંથી સ્રવતું, ઝાંખા પીળા રંગનું ઉત્સર્જન. પક્ષીઓ અને સરીસૃપોનો પેશાબ ઘન અથવા અર્ધઘન હોય છે. મૂત્રપિંડમાં દ્રવ્યને, લોહીમાંથી ખેંચીને મૂત્રાશયમાં લાવે છે અને મૂત્ર માર્ગ દ્વારા તે ઉત્સર્જિત થાય છે. **u. earth.** ઢોરની ગમાણમાં મૂત્ર શોષવા માટે તેના પથારામાં થતો માટીનો ઉપયોગ **u. soaked earth.** મૂત્રસિક્ત માટી, મૂત્રવાળી માટી. **urinometer.** મૂત્રનાં દ્રવ્યોનું માપ લેવાનું સાધન

**Urginea** *indica* **(Roxb). Kunth** [Syn. *Scilla indica* **Roxb.**]. જંગલી ડુંગળી, જંગલી કાંદો, પાણકંદો; પ. હિમાલય, બિહાર. કોંકણ અને કોરોમંડલ કાંઠાપર થતી વનસ્પતિ, જેનો કંદ ઉંદરને મારવા માટે ઉપયોગી બને છે, અને જેનો કફ-નિસ્સારક તરીકે ઉપયોગ કરવામાં આવે છે.

**urni.** ભૂતિયાબદામ નામનું કાશ્મીરમાં થતું ઝાડ.

**Urochloa** *panicoides* **Beauv.** એક

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રકારનો ઘાસચારો, જેના દાણા ખવાય છે. **u.** *reptans* **Stapf.** એક પ્રકારનો ઘાસ ચારો, જેના દાણા ખવાય છે.

**Urocystis** *cepulae* **Frost.** નામનો કીટ જેથી ડુંગળીને ગેરુનો રોગ થાય છે. **U.** *tritici* **Koern.** નામનો કીટ, જે ઘઉંમાં રોગ કરે છે.

**urodeum.** પક્ષીની અવસારણીનો ભાગ,. જેમાં જનન-નલિકા અને મૂત્રવાહિની ઠલવાય છે.

**urogenital system.** મૂત્ર-જનનતંત્ર.

**urolithiasis.** મૂત્રમાર્ગમાં પથરીની રચના.

**Uromyees** *anthylidis.* નામનું જંતુ. જે મેથીમાં રોગ પેદા કરે છે. **U.** *appendiculatus.* નામની વાલમાં રોગ કરતી લીલ. **U.** *cicerisorietini.* નામનું ચણામાં રોગ કરતું જંતુ. **U.** *decoratus* નામનું શણનું રોગોત્પાદક જંતુ. **u.** *falae.* નામનું શાગનું રોગોત્પાદક જંતુ. **U.** *minor.* શિંબી કુળની વનસ્પતિમાં રોગ કરનાર કીટ. **u.** *mucunae.* નામની બીટરૂટમાં રોગ કરતી લીલ. **U.** *pisi.* વટાણામાં ગેરુનો રોગ પેદા કરનાર જંતુ. **U.** *setariae italicae.* નામનું કાંગનું રોગોત્પાદ જંતુ **U.** *trifoli* ક્લોવર વનસ્પતિનો કીટ.

**uropygial gland.** તેલગ્રંથિ. પક્ષીનાં પીંછાને સુંવાળાં રાખતી, તેના છેડા પર આવેલી ગ્રંથિ જેમાંથી તેલ જેવો રસ સ્રવે છે, જે પીંછાંને સુંવાળાં રાખે છે.

**ursine.** જાડા કાંટાથી આવરિત.

**urticeae.** એક વનસ્પતિ, જેમાં વડ અસૂદ ઇ.નો સમાવેશ થાય છે.

**Urtica** *dioica* **L.** કવર નામની વનસ્પતિ.

**urticaria.** પિત્તી.

**Urticularia** *strellaris* **L.** ઝકેં ઝવર

**urucu.** સિહિરિકા મોટા ક્ષુપ કે નાના વૃક્ષ જેવી વનસ્પતિ.

**usage.** હમેશનો રિવાજ કે કાર્ય પદ્ધતિ.

**usar soil.** ઊસર જમીન; સૂકી ઋતુમાં સફેદ અથવા રાખ જેવા ખારા સ્તર જેવી જમીન.

**ushtahak.** કુમળાં પ્રકાંડવાળી પંખયુક્ત મહારાષ્ટ્ર અને કર્ણાટકમાં થતી વનસ્પતિનો પ્રકાર.

**Ustilaginoidea** *virens.* ચોખાનો રોગોત્પાદક ફૂગ.

**Ustilago.** ફૂગ સજીવ માટેની પ્રજાતિ. *U. avenae.* નામની ઓટમાં રોગ કરનારી ફૂગ. *u. crameri* નામની કાંગની રોગકારી ફૂગ. *u. crusgalli.* નામની ફૂગ, જે તૃણકુળની વનસ્પતિમાં રોગ જમાવે છે.

*U. hordei* **(Perh) Lagerh.** નામની જવમાં રોગ કરનારી ફૂગ. *U. kolleri* **Wille.** નામનું જંતુ, જે ઓટમાં રોગ કરે છે. *U. nuda.* નામની જવમાં રોગ કારી ફૂગ. *U. panicifrumentacei.* નામની તૃણકુળની વનસ્પતિમાં રોગ કરતી ફૂગ. *U. paradoxa.* તૃણકુળની વનસ્પતિમાં થતી રોગકારી ફૂગ. *U. scitaminea.* શેરડીની રોગકારી ફૂગ. *U. tritici.* ઘઉંની રોગકારી ફૂગ. *U. zeae.* મકાઈની રોગકારી ફૂગ.

**Ustutina** *deusta.* નામનું રબરમાં રોગ કરનારું જંતુ. *U. zonata.* નામનું ચા, રબર ઇ.માં રોગ કરનારું જંતુ.

**usufruct.** ભોગાધિકાર, અન્યની મિલ્કત નાશ કર્યા વિના કે તેને નુકસાન પહોંચાડ્યા વિના તેનો ઉપયોગ કરવાનો અધિકાર.

**usufrutuary.** ભોગાધિકારી.

**uterine** ગર્ભાશયનું,-ને લગતું. **u. insemination.** કૃત્રિમ વીર્યસ્થાપન પ્રક્રિયામાં ગર્ભાધાનમાં વીર્ય દાખલ કરવાની ક્રિયા, જે ક્રિયા યોનિ કે ગર્ભાશય ગ્રીવામાં વીર્ય મૂકવાની ક્રિયાથી ભિન્ન છે. **u.** *burgie,* ગર્ભાશય શસ્ત્ર. **u. dystokia.** ગર્ભાશય કષ્ટપ્રસવ. **uterus.** ગર્ભાશય, સસ્તન માદા પ્રાણીનું અંગ, જેમાં ભ્રૂણ વિકસે છે અને જન્મ પહેલાં પોષણ મેળવે છે. અંડ અથવા બીજવાહિનીનો લંબાયેલો ભાગ, જેમાં બચ્ચું કે ઇંડું વિકાસ પામે છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**Utethesia** *pulchella*. શણની રોમિલ ઇયળ.

**utility**. ઉપયોગિતા. **utitization value**. ઉપયોગિતા મૂલ્ય, વન વ્યવસાયમાં બીની શુદ્ધતા અને અંકુરિત બનવાની શક્તિ અંગે આ મૂલ્ય ગણાય છે.

**utrasum head-tree**. રુદ્રાક્ષનું વૃક્ષ; બિહાર, પ. બંગાળ, આસામ અને મધ્ય પ્રદેશમાં થતું ઝાડ, જેનાં ફળ ખાદ્ય છે, અને જેના કઠણ કાષ્ઠ ફળની માળા, રૂદ્રાક્ષની માળા બનાવવામાં આવે છે.

**utricle**. પ્રાણી અથવા વનસ્પતિનો કોષ, શરીરમાં નાનું કુહર કે સંપુટિકા, ખાસ કરીને કર્ણગુહા.

**Utromyces** *appendiculatus*. ચિમાબીનમાં રોગ કરનારો કિટ.

**uva**. કુમળું અસ્ફોટી ખુલે નહિ તેવું દ્રાક્ષ જેવું ફળ, સૂકી દ્રાક્ષ.

**Uvaria** *cordata* (**Dunal**) **Alston**. આસામમાં થતી એક કાષ્ઠીય વનસ્પતિ, જેના કંદ ખાદ્ય છે.

# V

**vaccinate**, રસી ટાંકવી; કેટલાક રોગની સામે પ્રતિરક્ષા મેળવવા માટે રસી ટાંકવી અથવા રોગનો ગંભીર હુમલો અટકાવવા, મંદ પ્રકારનો રોગ થાય તે માટે તેના કોઈ વિષાણુને રસી દ્વારા શરીરમાં દાખલ કરવા. **vaccination**. રસી ટંકામણ; ચોક્કસ રોગની સામે રક્ષા મેળવવા માટે અથવા તેની સામેનો પ્રતિકાર વધારવા, કોઈ પ્રાણી કે પક્ષીનું પ્રતિ રક્ષણ રસીનું ટંકામણ. **vaccine**. રસી; રોગોત્પાદક જીવંત પણ નબળા પડેલા કે મંદ જોર અને મંદ માત્રાવાળા સજીવોની પેદાશ, જેનો પ્રાણીના શરીરમાં અંતઃક્ષેપ કરવામાં આવે છે, જેથી તેને મંદ–પ્રકારનો રોગ થાય અને તેના શરીરમાં રોગ મારક પ્રતિપિંડો પેદા થાય. v., **BCG** ક્ષય રોગની સામે પ્રતિરક્ષા મેળવવા માટે નાખવામાં આવતી રસી, જેમાં રોગોત્પાદક મંદીકૃત સજીવો હોય છે અને જેને તંદુરસ્ત પ્રાણીના શરીરમાં દાખલ કરવામાં આવે છે; જેથી મંદ પ્રકારનો રોગ થઈ પ્રતિપિંડો ઊભા થાય છે

**Vaccinium** *neilgherrence* **Wight**. નીલગિરિ અને પુલની ટેકરીઓમાં થતું નાનું ઝાડ, જેનાં ફળ ખાઈ શકાય છે.

**vacillate**. ઢચુંપચું થવું, અચકાવું, ખચકાવું. (૨) દોલાયમાન થવું, મનમાં અસ્થિર હોવું–બનવું.

**vacreation**. માખણની ખરાબ વાસ દૂર કરવા 200° ફે. ઉષ્ણતામાને તેને ગરમ કરવું. **vacreator**. બાષ્પધર; દૂધ અથવા માખણની અપ્રિયવાસને દૂર કરવા માટેનું વરાળ જેટનું કે શૂન્યાવકાશી બાષ્પધર.

**vacuolar**. રસધાનીનું.—ને લગતું. **v. sap**. રસધાની રસ. **vacuolation**. રસધાનીભવન. **vacuole**. રસધાની; કોષરસથી ભરેલો પરિપકવ જીવંત કોષનો એક ભાગ. (૨) અંગમાં આવેલું સૂક્ષ્મ વિવર, જેમાં હવા અને પ્રવાહી હોય છે. **v., cytoplasmic** કોષરસસ્તર રસધાની.

**vacuous**. શૂન્ય, ખાલી **vacuum**. કોઈપણ દ્રવ્ય વિનાનો અવકાશ. (૨) પંપ દ્વારા હવા ખેંચી લેવામાં આવતો હોય તેવો અવકાશ કે તેવું પાત્ર. (૩) પોકળ, વાયુશૂન્ય જગ્યા, નિર્વાત જગ્યા; શૂન્યાવકાશ. **v. desiccator** શૂન્યાવકાશ શુષ્કક. **v. pasteurizer**. નિર્વાત પાશ્ચરીકરણ કરવાનું યંત્ર.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**vade kunte.** બળદકર્ષિત ખાવડો, ખરપડી, જેનું પાનું 6થી 10 ઈંચ લાંબુ અને 1થી 1½ પહોળું હોય છે, જુઓ *daura.*

**vagal.** પીળો શિરીષ; સફેદ ફૂલો, લાંબી ચપટી સિંગોવાળું, ઘેરા બદામી રંગનું પાનખર વૃક્ષ; જેનું કાષ્ઠ સખત છે અને ઉપયોગી કૃષિ ઓજાર, પૈડા વગેરે બનાવવા તથા ઝીણાં કોતર કામ કરવા માટે તે ઉપયોગી બને છે.

**vagary.** તરંગ, લહેર; વર્ષાની અચોકસતા.

**vagina.** યોનિ; માદા પ્રાણીની એક બાજુએ લગ અને બીજી બાજુએ ગર્ભાશયનું મુખ આવેલું હોય તેવી સ્નાયવીય નલિકા. (૨) આવરણ, વેષ્ટન. (૩) પ્રકાંડની આસપાસ પર્ણતલથી બનતું આવરણ. (૪) પર્ણતલનો વિસ્તાર થવાથી બનતું પર્ણાવરણ. **v., artificial** કૃત્રિમ યોનિ. **v., cylinder** કૃત્રિમ વીર્યસેચન માટે સાંઢના વીર્યને એકઠું કરવા માટે બનાવવામાં આવતી કૃત્રિમયોનિ. **v. jelly.** સાંઢના શિશ્નને ઈજા ન થાય તે માટે કૃત્રિમયોનિને સુંવાળી બનાવવા ઉપયોગમાં લેવામાં આવતું જલ દ્રવ્ય વનસ્પતિજ સંયોજન. **vaginitis.** યોનિશોથ, યોનિકોપ; યોનિને થતા રોગનો એક પ્રકાર.

**vagus nerve** લામણી ચેતા.

**valance.** પ્રમાણિત–માનક હાઈડ્રોજન પરમાણુની તુલનામાં પરમાણુની સંયોજવાની કે પ્રતિસ્થાપનની શક્તિ.

**valency.** સંયોજકતા. (૨) ઇલેક્ટ્રોન ગ્રહણ કરવાની કે તેનો ત્યાગ કરવાની શક્તિ.

**valerian.** *Valeriana officinalis* **L.** નામની કાશ્મીરમાં થતી એક પ્રકારની વનસ્પતિ, જેનાં સુકાયેલાં કંદ અને મૂળમાંથી બાષ્પશીલ તેલ કાઢવામાં આવે છે, જેનો ઉપયોગ સુગંધી દ્રવ્યો બનાવવા માટે કરવામાં આવે છે. તેના કંદમાંથી બનાવવામાં આવતું ઔષધ આંચકી અથવા તાણ, અને ઉધરસમાં ઉપયોગમાં લેવામાં આવે છે, ઉપરાંત તે શક્તિદાયક અને ઉત્તેજક છે.

**Valeriana** *officinalis* **L.** ટગર નામની કાશ્મીરમાં થતી વનસ્પતિ. **V.** *wallichii* **DC.** સમશીતોષ્ણ હિમાલય, કાશ્મીર અને ખાસી ટેકરીઓમાં થતી એક વનસ્પતિ, જેના કંદમાંથી બાષ્પશીલ તેલ કાઢવામાં આવે છે, જેને સુગંધી દ્રવ્યો બનાવવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે અને જેને *Valeriana officinalis* **L.** ની અવેજીમાં ઔષધ તરીકે લેવામાં આવે છે.

**valid.** માન્ય, નક્કર, મજબૂત, પ્રમાણભૂત. **validity.** માન્યતા, પ્રમાણભૂતતા, મજબૂતી.

**Vallaris** *heynei* **Spreng.** મનમાલતી નામની વનસ્પતિ.

**Vallaris** *solanacea* (**Roth**) **O. Kuntze.** [Syn. *V. heynei* **Spreng.** *Peltanthera solanacea* **Roth.**]. રામસર નામનો શોભા માટે ઉગાડવામાં આવતો છોડ.

**vallecula.** ખાંચ, ચાસ.

**valley.** ખીણ; મોટા ભાગે ટેકરીઓથી આવૃત અને જેમાંથી પ્રવાહ કે કોઈ વહેણ નીકળતું હોય તેવો નિમ્ન ભૂમિભાગ, ગમે તે નિમ્ન પ્રદેશ.

**Vallisneria** *spiralis* **L.** જલ સરપોલિયા નામની વનસ્પતિ.

**Valmonai.** તામિલનાડુની સામાન્ય ચાવવાની તમાકુનો એક પ્રકાર.

**valuation.** મૂલ્યાંકન. **value base.** મૂલ્ય આધાર.

**valve.** કપાટ, વાલ્વ. (૨) પ્રવાહી, વાયુ કે એવા કોઈ દ્રવ્યના નલિકામાંના માર્ગનું અન્ય રીતે નિયમન કરતું સાધન. (૩) એક જ દિશામાં–બીજી તરફ નહિ, લોહી કે અન્ય પ્રવાહીને પારગમ્ય થવા દેનાર અંગત્વચા. (૪) પ્રત્યેક ખંડ, જેમાં પ્રાવર સંપુટિકાનો સ્ફોટ થાય છે. **v., exhaust** બહિર્ગામી વાલ્વ. **v., intake** અંતર્ગ્રાહી વાલ્વ. **v. assembly.** વાલ્વ ગોઠવણી. **v. seat.** વાલ્વ આસન. **v. spring.** વાલ્વ સ્પ્રિંગ. **v. timing.**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાલ્વનું નિયમન. **valvular disease.** હૃદયના કપાટ–વાલ્વનો રોગ.

**Vamankeli.** વામન કેળાં.

**Vanadium.** V સંજ્ઞા ધરાવતું, પરમાણુ અંક 23 નું સખત સફેદ, ધાત્વિક તત્ત્વ.

**Vanda** *tessellata* **(Roxb.) Hook. ex. G. Don** [Syn. *V. roxburghii* **R. Br.**]. રાસ્નાના નામની વનસ્પતિ.

**vane.** પક્ષીના પીંછાનો પાતળો નાળ જેવો ભાગ. (૨) પવનચક્કી. (૩) સેન્ટ્રીફ્યુગલ યંત્રનું પાનું.

**Vangueria** *madagascariensis* **J. F. Gmel.** [Syn. *V. edulis* **Vahl**]. ખાદ્ય ફળ માટે ઉપયોગમાં આવતું નાનું ઝાડ. **V.** *pubescens* **Kurz.** મેનફળ; મેયેના નામનું પ. બંગાળ, સિક્કિમ અને ખાસી ટેકરીઓમાં થતું નાનું ઝાડ, જેનાં કુમળાં પાન શાકભાજી તરીકે ખાવાના કામમાં આવે છે, અને જેનાં ફળ પણ ખાદ્ય છે. *V. spinosa.* **Hook.** પુડરિક, મેનફળ, નામનું પ. બંગાળ અને દ. ભારતનું નાનું, ખાદ્ય ફળનું ઝાડ.

**Van Der Waals equation.** વન ડર વાલ્સનું વાયુનાં ઘનફળ, દબાણ અને ઉષ્ણતામાન અંગેનું સમીકરણ.

**vanilla.** વેનિલા, કોઈ પદાર્થને સ્વાદિષ્ટ બનાવવા માટે ઉપયોગમાં આવતા અર્ક કે ફળવાળું આરોહી વૃક્ષ, જેને છાયાની જરૂર હોય છે અને જે નીલગિરિ અને કર્ણાટકમાં થાય છે. (૨) વેનિલાની સિંગોમાંથી કાઢવામાં આવતો અર્ક. **v. bean.** વેનિલાનું લાંબુ બીન જેવું સંપુટ; વેનિલાની સિંગોનું બી. **v. extract.** વેનિલાની સિંગોનાં બીમાંથી કાઢવામાં આવતો અર્ક; 10 ગ્રામ સિંગોમાંથી 100 સી. સી. અર્ક નીકળે છે. *V. fragrans* **(Silisb) Ames** [Syn. *V. planifolia* **Andr.**]. નીલગિરિ, કુર્ગ, અને કર્ણાટકમાં થતો આરોહી ક્ષુપ, જેનાં બીનો ઉપયોગ મીઠાઈ અને સુગંધી દ્રવ્યોને સોડમ આપવા કરવામાં આવે છે. *V. pompona* વેનિલા. **vanillism.** વેનિલા ક્ષુપનો ઓકઝેલિક એસિડના પરિણામે માણસોને લાગુ પડતો ચામડીને થતી ખંજવાળનો રોગ, જેમાં માથું ભારે થાય છે.

**Vanjai.** હરિયાઈ અરણી.

**Vant Hoff's theory of solution.** દ્રાવણને લગતો વાન્ટ હોફનો સિદ્ધાંત.

**vaporization.** બાષ્પીભવન. **v. point.** બાષ્પીભવન બિંદુ. **vapour.** બાષ્પ, વરાળ, હવામાંનો ભેજ. (૨) સામાન્ય રીતે પ્રવાહી અથવા ઘન દ્રવ્યનું બાષ્પ રૂપ, રોગના ઉપચાર તરીકે નાસ તરીકે લેવામાં આવતું બાષ્પીભૂત દ્રવ્ય. **v. compressor evaporator.** બાષ્પ સંપિડક બાષ્પક. **v. movement.** બાષ્પ સંચલન. **v. pressure** બાષ્પ દબાણ. **v. separator.** બાષ્પને અલગ કરનાર.

**var.** *variety* (પ્રકાર)નું સંક્ષિપ્ત રૂપ.

**variable.** ચલ, ચર, પરિવર્તનશીલ, અસ્થિર, અસલ પ્રકારથી ભિન્ન થતા ઘટકો કે સમૂહો, સંરચના અને કાર્યની દૃષ્ટિએ પરિવર્તનશીલ. **v. costs.** ફેરવાતાં ખર્ચો, કૃષિમાં વધારાના નિવેશ કરવાથી ખર્ચમાં થતો ફેરફાર. **variance.** વિચરણ, ફેરફાર, પ્રસરણ. **variant.** અસલ પ્રકારથી સંરચનાત્મક અથવા કાર્યાત્મક લાક્ષણિકતાની દૃષ્ટિએ પરિવર્તન પામતી (વ્યક્તિ અથવા જાતિ). **variation.** ભિન્નતા, પરિવર્તન, વિચરણ, વિવિધતા. (૨) વંશાગત ઘડતરના કારણે એક જ જાતિની વ્યક્તિઓની વચ્ચે ઊભો થતો ગુણ કે લક્ષણનો ફેરફાર. **v., continuous** સતત ચાલુ વિભિન્નતા. **v., discontinuous** અસતત વિવિધતા. **v., functional** કાર્યાત્મ વિભિન્નતા. **v., germinal** પ્રારંભિક વિભિન્નતા; ભ્રૂણીય વિભિન્નતા. **v., hereditary** વંશાનુગત વિભિન્નતા. **v., range of** વિચરણ–વિભિન્નતા મર્યાદા. **v., somatic**



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દૈહિક વિભિન્નતા. v. **by enzyme adoptation.** ઉત્સેચક આધારિત વિભિન્નતા. v. **coefficunt** વિભિન્નતા – વિચરણ ગુણાંક.

**variegate.** વિવિધરંગી, વિવિધ રંગોનાં ચિહ્નોથી વિવિધ રંગી. (૨) વનસ્પતિનાં વ્યક્તિગત પાન અથવા ફૂલોમાં તેનાં સામાન્ય પાન અથવા ફૂલોનાં રંગ ઇ.થી દેખાતી વિભિન્નતા. **variegation.** કેટલીક વાર રોગ અથવા પર્યાવરણીય કારણોને લીધે જણાતા જુદા જુદા રંગના ડાઘ કે ધબ્બાં. (૨) ફેરફાર. (૩) ભિન્નતા. (૪) જુદા પ્રકાર. v., **acclimatized** પર્યાનુવરણાનુકૂલિત પ્રકાર. **variety.** પ્રભેદ, વિભિન્નતા, વિવિધતા, નાનાવિધપણું. (૨) જાણીતી જાતથી જરા ભિન્ન પ્રકારની વનસ્પતિ કે પ્રાણી. (૩) વસ્તુઓના અનેક પ્રકારો પૈકીનો એક પ્રકાર. (૪) સંરચના અથવા કાર્યથી સમૂહથી વ્યક્તિગત રીતે કે વિશાળ સમૂહમાંથી કોઈ એક જૂથની જુદા પડવાની આકારીય ભિન્નતા, એક રૂપતાનો અભાવ. (૫) ઉપજાતિ. (૬) એક જાતિની વ્યક્તિ કે જૂથની સાથે ફલિત થઈ શકનાર વ્યક્તિગત ઘટક અથવા જૂથની સંરચના કે લાક્ષણિકતામાં થતો આનુવંશિક ફેરફાર. v., **approved** સ્વીકૃત પ્રકાર. v., **coarse** મોટો પ્રકાર. v., **dwarf** વામન પ્રકાર. v., **exotic** વિદેશી પ્રકાર. v., **hard** કઠોર પ્રકાર. v., **high yielding** અધિક ઉતાર આપતો પ્રકાર. v., **improved** ઉન્નત–સુધારેલો પ્રકાર. v., **indegenous** દેશી પ્રકાર. v., **late** વિલંબિત, મોડો પડતો પ્રકાર. v., **local** સ્થાનિક–સ્થાનીય પ્રકાર. v., **low yielding** ઓછી પેદાશ આપતો પ્રકાર. v., **medium** વચલો પ્રકાર. v., **resistant** પ્રતિરોધક પ્રકાર. v., **soft** નરમ–મૃદુ પ્રકાર. v., **tall** લાંબો-ઊંચો પ્રકાર. v. **hybrid.** એક જ જાતિના વિભિન્ન પ્રકાર વચ્ચે થતો સંકર. **variform.** ભિન્ન સ્વરૂપ. **various factors.** વિવિધ ઘટકો; વિવિધ કારકો.

**Variegated Bauhinia.** ભારતનું એક પુષ્પોદ્ભવિત વૃક્ષ, જેનું કાષ્ઠ કૃષિ ઓજારો બનાવવા, ચામડાં કમાવવા, પાન અને ફૂલની કળી શાકભાજી બનાવવા ઉપયોગી બને છે.

**variola.** ગાય અને કોઈવાર ભેંસનાં આંચળ અને વાળ વિનાના ભાગ પર લાગતો વિષાણુનો ચેપ, જેથી તાવ આવે, લાલ ચાઠાં પડે અને ફોલ્લા થાય, જે આપમેળે જ મટી જાય છે. **variole.** બળિયા જેવા પડતા નાનકડા ખાડા. **variolite.** બળિયાના ખાડા પડ્યા હોય તેવા દેખાવવાળા શૈલનો એક પ્રકાર.

**varnish tree.** જંગલી અખરોટનું ઝાડ.

**vas** (એ.વ.). **vasa** (બ.વ.). વાહિની. નલિકા. v., **efferent** શુક્રવાહિની. **vasectomize.** શુક્રવાહકને દૂર કરીને, કાપીને અથવા બાંધી દઈ ને નર પ્રાણીની ખસી કરવી, જેમાં વૃષણને દૂર કરવામાં આવતા નથી. **vasectomy.** શુક્રવાહિનીચ્છેદન.

**vasaka.** વસાકા, અરડૂસો.

**vasan.** બોંયવેલ, વેલડી.

**vascular.** વાહી, વાહિન્ય, વાહિની. (૨) શિરા, દારૂવાહિની, અન્નવાહિની, એધા કે મધ્યમ કિરણને લગતું. (૩) રસ અથવા લોહીનું પરિભ્રમણ કરનાર વાહિની, નલિકા ઈ. v. **bundle.** વાહિની સમૂહ, વાહિની પૂલ, વાહી પૂલ. v. b., **bicollateral** સમદ્વિપાર્શ્વ વાહી પૂલ. v. b., **collateral** પાર્શ્વીય વાહી પૂલ. v., **concentric** સંકેન્દ્રિત વાહી પૂલ. v. b., **conjoint** સંયુક્ત વાહી પૂલ. v. b., **fibro** સતંતુ વાહી પૂલ. v. b., **open** ખુલ્લા–વર્ધમાન વાહી પૂલ. v. b., **radial** અરીય વાહી પૂલ. v. b., **cambium** વાહી એધા. v., **cylindrical** વાહિની રંભ. v. **cryptogam.** વાહી અપુષ્પ વનસ્પતિ. v.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**plant.** તંતુક-વાહી પેશી ધરાવતી વનસ્પતિ, જેની આવી પેશી દ્વારા પાણી અને ઓગળેલાં કાર્બનિક ખોરાકી દ્રવ્યો, જલવાહિની અને અન્નવાહિની દ્વારા પરિભ્રમણ કરે છે. **v. strand.** વાહી પટ્ટી. **v. supply.** વાહી પ્રદાય. **v. tissue.** વાહિની પેશી. **vasculose.** વનસ્પતિની વાહિનીઓનું મુખ્ય દ્રવ્ય.

**vaseline.** વેસેલાઈન, પેટ્રોલિયમમાંથી મળતું વ્યુત્પન્ન.

**vasicular.** ફોલ્લાવાળું.

**Vateria** *indica* **L.** [Syn. *V. malabarica* **Blume.**]. સફેદ ડામર; પશ્ચિમઘાટ અને દ. ભારતમાં થતા ઝાડનો એક પ્રકાર, જેના થડમાંથી નીકળતા રેઝિન જેવા દ્રવ્યનો ધૂપ કરવામાં આવે છે, ઉપરાંત તેમાંથી રંગ અને વાર્નિશ બનાવવામાં આવે છે. તેનાં બીને પીલીને કાઢવામાં આવતું તેલ દીવાબત્તી, સાબુ અને મીણબત્તી બનાવવાના કામમાં આવે છે. તેન ફળનાં કોચલાં ચામડાં કમાવવાના કામમાં આવે છે, અને કાષ્ઠની ચાની પેટીઓ, માલ ભરવાનાં ખોખાં અને ઘરની અંદરનાં ફિટિંગ બનાવવામાં આવે છે.

**Vatica** *lanceaefolia* **Blume.** આસામમાં થતું નાનું ઝાડ, જેની છાલમાંથી સફેદ, સુવાસિત ઓલિયો રેઝિન નામનું દ્રવ્ય નીકળે છે, જેને ધૂપ આપવા તથા તમાકુને સુવાસ આપવા ઉપયોગમાં આવે છે. તેના કાષ્ઠના રેલવેના સલેપાટા બનાવવામાં આવે છે અને તે નિર્માણ કામમાં ઉપયોગી બને છે.

**Vavivalasa.** દ. ભારતમાં થતું એક પ્રકારનું ચિકનું વૃક્ષ.

**v-ditcher.** સિંચાઈ માટેની તથા નકામું પાણી વહી જવા દેવા માટેની ખેતરની નાળીઓને સાફ કરવા માટે કે તેને બનાવવા માટેનું લાકડાનું એક ઓજાર.

**vector.** સદિશ. (૨) રોગ વાહક, રોગકારક સૂક્ષ્મ સજીવોનું વહન કરનાર અને તેમ કરીને રોગ ફેલાવનાર સાધારણ રીતે કીટકો કે અન્ય સજીવો, જેના યજમાન પક્ષીઓ કે મનુષ્ય હોય છે.

**vegetable.** શાકભાજી, શાક, શાકીય વનસ્પતિને ખાવાલાયક ભાગ. (૨) કાચો કે રાંધીને ખાવામાં આવતો વનસ્પતિનો કોઈ ભાગ. (૩) વનસ્પતિ ઘી. **v. acid.** શાકામ્લ, વનસ્પતિ અમ્લ-ઍસિડ. **v. cover.** વનસ્પતિનું આવરણ. **v. crop.** ગમે તે વનસ્પતિ પાક, જેમાંથી શાકભાજી ખાવામાં આવે છે. **v. dyes.** વનસ્પતિ રંગો; વિવિધ વનસ્પતિ કે વૃક્ષોમાંથી બનાવવામાં આવતા રંગો, જે, જે વનસ્પતિમાંથી બનાવવામાં આવતા હોય તેનું નામ ધારણ કરે છે. **v. forcing.** સાધારણ મોસમની અગાઉ વાવવામાં આવતી વનસ્પતિ. **v. gardening.** શાકભાજી ઉગાડવાની કલા અને વિજ્ઞાન. **v. kingdom.** વનસ્પતિ સૃષ્ટિ. **v. marrow.** સફેદ કોળું. **v. matter.** વનસ્પતિ પેશીનું ગમે તે દ્રવ્ય. **v. oil.** વનસ્પતિ તેલ, વનસ્પતિમાંથી મેળવવામાં આવતું ગમે તે તેલ. **v. oyster.** હિમાલય પ્રદેશ અને મહારાષ્ટ્રમાં થતી એક પ્રકારની વનસ્પતિ. **v. sponge.** ગલકાં. **vegetal.** શાકભાજીનું,-ને લગતું, શાકીય. **vegetate.** બી અથવા કલિકામાંથી, પ્રકાંડ અને પાંદડાં પેદા કરવાં. (૨) વનસ્પતિની માફક વૃદ્ધિ પામવી, વનસ્પતિનાં કાર્ય કરવાં. **vegetation.** વનસ્પતિ,વૃક્ષ અને છોડ,વનસ્પતિ સમૂહ, સામાન્તઃ છોડ અને વૃક્ષ, વનસ્પતિ જીવન. **v. strip.** વનસ્પતિ ઉગાડવામાં આવ્યાં હોય તેવી ખેતરમાં લાંબી પણ સાંકડી પટ્ટી. **vegetative.** વાનસ્પતિક, શાકીય, વર્ધી, પ્રજનનેતર. (૨) વાનસ્પતિમાં થતી વૃદ્ધિની અવસ્થા, ફળ વિકાસ અને બી નિર્માણથી ભિન્ન અથવા વિરુદ્ધ વનસ્પતિનાં પ્રકાંડ અને પાનની વૃદ્ધિ અને જીવન સંબંધી. **v. body.** વર્ધી કાય. **v. branch.** ફળ અથવા બી નહિ, પરંતુ પાંદડાં ધારણ કરતી વનસ્પતિની

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શાખા અથવા ડાળી. **v. cell.** વર્ધી અથવા વર્ધમાન કોષ, વાનસ્પતિક કોષ. **v. cover.** જમીન પર આવરણ બનાવતી વનસ્પતિની વૃદ્ધિ. **v. division.** વર્ધીભાજન, વાનસ્પતિક વિભાજન. **v. form.** વર્ધીરૂપ, વાનસ્પતિક રૂપ. **v. growth.** જમીનથી ઉપર રહેતાં પ્રકાંડ અને પાંદડાં જેવી વૃદ્ધિ. **v. mantle.** વનસ્પતિથી પૂર્ણ રીતે જમીન છવાઈ જવી. **v. organ.** વાનસ્પતિક અંગ. **v. part.** વાનસ્પતિક–વર્ધી ભાગ. **v. parthenocarpy.** વર્ધી અપરાગ ફલન, વાનસ્પતિક અપરાગ ફલન. **v. period.** વાનસ્પતિક કાળ, વર્ધી કાળ. **v. pole.** વર્ધી–વાનસ્પતિક ધ્રુવ. **v.propagation.** વાનસ્પતિક પ્રજનન, અલિંગી પ્રજનન; બી સિવાય અન્ય રીતે વનસ્પતિનું કરવામાં આવતું અથવા થતું પ્રજનન, જેમાં વનસ્પતિનાં પાન, પ્રકાંડ અથવા મૂળ જેવા ભાગને, નવો છોડ ઊગે તેવા વાતાવરણમાં રોપવાનો સમાવેશ થાય છે. આ રીતે ઊગતી વનસ્પતિ એક સરખી વૃદ્ધિ, ફલનક્ષમતા ઇ.ની બધી જ રીતે માતૃ વનસ્પતિ જેવી થાય છે. સાધારણ વૃદ્ધિ પામતી વનસ્પતિ કરતાં તેની વૃદ્ધિ ઝડપી હોય છે. તેને વહેલાં ફળ બેસે છે અને તે વહેલાં બી આપે છે. આ રીતે રોગનો સામનો કરી શકે તેવી વનસ્પતિને ઉગાડી શકાય છે. વાવણીની ખોટી રીત, અને ભૂલોને આ રીતે સુધારી શકાય છે. **v. reproduction.** કલિકા કલમ, કાપ પ્રકાંડ, સ્તર ઇ.દ્વારા વનસ્પતિનું અલિંગી પ્રજનન, વાનસ્પતિક પ્રજનન. **v. stage.** વર્ધનાવસ્થા. **v. state.** સામાન્ય રીતે સૂક્ષ્મ સજીવોને લાગુ પડતી સક્રિય સ્થિતિ, જેમાં તેમના બીજાણુ સુષુપ્તાવસ્થામાં અથવા વિશ્રામાવસ્થામાં હોય ત્યારે, તેમની સંખ્યામાં ઝડપથી વધારો થાય છે. **v. structure.** વાનસ્પતિક વર્ધી–સંરચના.

**vehicle.** વાહન. (૨) વાહક. (૩) રંગકો, રંગ ઇ. માટે માધ્યમ તરીકે વપરાતું પ્રવાહી ઇ. **v. (drug) ratio.** વાહક (ઔષધ) ગુણોત્તર.

**veil.** મધમાખની સાથે કામ પડતાં, તે ડંખ મારે નહિ તે માટે મોં પર અને શરીરનાં અન્ય અંગોને ઢાંકતું આવરણ. (૨) પડદો.

**vein.** નિલા, શિરા. (૨) પ્રાણીના શરીરમાં લોહીનું હૃદય તરફ વહન કરતી શાખાયુક્ત નલિકા. (૩) વનસ્પતિનાં પાનની શિરા–નસ. (૪) આગ્નેય ખડકની પટ્ટી કે રેખા, જે સાંકડી ફાટ અથવા તિરાડને ઢાંકી દે છે. **v. clearing.** પાનની શિરા–નસની બાજુમાં અથવા પેશીમાં હરિત દ્રવ્યના અભાવે આવતી ફીકાશ. **veining.** શિરાનો પ્રકાર અથવા તેનું તંત્ર. **veinlet.** સૂક્ષ્મ શિરા, શિરિકા. **veinous plexus.** શિરાજાળ. **veins.** હૃદય તરફ લોહીનું વહન કરતી શાખાયુક્ત શિરાઓ. (૨) પર્ણની વાહી પેશીની શિરાઓ **venation** શિરા વિન્યાસ, શિરારચના. (૨) પાનમાંનું કે જંતુની પાંખમાંનું શિરાતંત્ર. **vena cava.** મહાશિરા.

**velamen.** જલ શોષક સ્તર, જલ પોષક કે જલશોષક ત્વચા. (૨) કેટલાંક ઓર્કિડમાં જોવામાં આવતું તંતુમય સ્થૂલિત બાહ્ય સ્તરીય કોષનું આવરણ, જે જળનું શોષણ કરે છે.

**Vellavazhai.** તામિલનાડુમાં ડિંડીગલમાં જ ઉગાડવામાં આવતી સિગરેટ માટેની ઊંચા પ્રકારની તમાકુ.

**Vellodu.** દ. ભારતમાં થતા દાડમનો એક પ્રકાર.

**velocity.** વેગ, દર સેકંડે ફૂટમાં થતા પ્રવાહનો દર. (૨) સામાન્ય રીતે નિર્જીવ વસ્તુઓની ગતિનો દર, ઝડપ.

**velum.** ત્વચાના પ્રકાર અથવા ત્વચીય આવરણ. (૨) છાઇન અરકલા, બિલાડીના ટોપ જેવી પ્રજનનશીલ શીર્ષની હેઠળ કવકજાળની પેશીનું આવરણ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**velutinous.** વેલ્વેટ જેવું, મખમલ જેવું સુંવાળું. **velvet.** પૂર્ણ પણે અથવા અંશતઃ રેશમનું, એક તરફ તંતુવાળું ઘટ્ટ વણવામાં આવેલું કાપડ; મખમલ, વેલ્વેટ. **v. bean.** ખાદ્ય બી વાળી આંદામાન, સુંદરવન અને કેરળમાં થતી વનસ્પતિનો એક પ્રકાર. **v. b. bacterial leaf spot.** *Xanthomonas stizolobiicola.* નામના જીવાણુથી વેલ્વેટ બીનને લાગુ પડતો એક રોગ, જેમાં વનસ્પતિનાં પાન પર કોણીય બિંદુ આકારનાં ધાબાં પડે છે, જે પાછળથી ઘેરા બદામી બને છે. **v-b. leaf spot.** *Cercospora stizolobii.* નામનાં જંતુથી વેલ્વેટ બીનને થતો એક રોગ. **v. flower.** ઉત્તર ભારતમાં થતી એક પ્રકારની ભાજી. **velvety.** સુંવાળી નરમ સપાટી ધરાવતી ગમે તે પેશી.

**veneer.** પાતળા, સુંદર લાકડાથી કોઈ વસ્તુ અથવા ફર્નિચરને લગાડવામાં આવતું આવરણ. (૨) હલકા પ્રકારના લાકડા પર સુંદર પ્રકારના લાકડાનું બલકો લાવવા જડવામાં આવતું પડ. **v. grafting.** સામાન્ય રીતે આંબામાં હાથ ધરવામાં આવતી કલમ કરવાની રીત, જેમાં વૃદ્ધિ કરવા ધારેલા માતૃછોડના પ્રરોહને માતૃ-છોડમાંથી કાપી ઉછેરગૃહમાં બાલ-પાદપની સાથે કલમ કરવામાં આવે છે.

**venenate.** વિષાક્ત.

**venereal disease.** રતિજન્ય રોગ, યૌન રોગ, રતિ રોગ.

**Venidium** *fastuosum* **Stapf.** એક શાકીય વનસ્પતિ, જેને શોભા માટે ઉગાડ-વામાં આવે છે.

**venom.** વિષ ઝેર; વીંછી ઇ. જેવાં પ્રાણીઓનો વિષાળુ સ્રાવ. **venomous.** ઝેરીલું. ઝેરી. (૨) ઝેર-વિષ સ્રવનાર (પ્રાણી).

**vent.** ગુદા, પૃષ્ઠવંશીય પ્રાણીનું અવસ્કર-રીય-અવસારણીય છિદ્ર. (૨) સંવાતન માટેનું રંધ્ર. (૩) મળત્યાગ અંગ. **v. gleet.** અવસ્કર-અવસારણી શોથ, (૨) મરઘાં-બતકાની અવસારણીમાં થતું ચાંદુ, જેની આસપાસની ચામડીને સોજો આવી લાલ થાય અને તેની ચરક ગંધ મારે. **v. louse.** સસ્તન પ્રાણીઓ અને પક્ષી-ઓને લાગુ પડતી જૂ. **v. picking.** અન્ય બચ્ચાંના ગુદાની ત્વચા ખેંચતાં મરઘીનાં બચ્ચાં.

**Ventilago** *madraspatana* **Gaertn.** મહારાષ્ટ્ર અને તામિલનાડુમાં થતા ક્ષુપ, જેનાં મૂળની છાલમાંથી લાલ રંગ મળે છે, જે સુતરાઉ કાપડ અને તસર રેશમને રંગવાના કામમાં આવે છે. તેનાં પાન અને બી ખાદ્ય છે.

**ventilate.** મુક્તહવાની હેરફેર કરવી, તેને ઑક્સિજનવાળી બનાવવી. **ventilation.** અશુદ્ધ અથવા બંધિયાર હવાને દૂર કરી, બહારની શુદ્ધ હવાની હેરફેરને શક્ય બનાવવી. (૨) સંવાતન. **ventilator.** હવાની મુક્ત હેરફેરના નિયમન માટેનું જડિત અથવા ગોઠવી શકાય તેવું સાધન કે સ્થાન

**ventral.** પૃષ્ઠીય. અક્ષની તદ્દન સમીપનું. (૨)અધ્યુદરી, અધ્યક્ષ. (૩) મીનપક્ષનો પાછલો ભાગ. **v. canal cell.** અધ્યુદરી નલિકાકોષ, પૃષ્ઠીય નલિકા કોષ. **v. fins.** માછલીનું પૃષ્ઠીય મીનપક્ષ, માછલીના પૃષ્ઠીય મીનપક્ષની નીચે કે પછવાડે આવેલા યુગ્મિત મીનપક્ષો. **v. raphe.** અધર સંધિરેખા. **v. suture.** અધર પૃષ્ઠીય સેવની. **ventrolaterel,** અધરપાર્શ્વ.

**ventricle.** કર્ણક, નિલય. (૨) શરીરના પોલા ભાગ કે અંગની નીચે આવેલું ગમે તે વિવર.

**ventricose.** ફુલેલું. **ventricous.** ફુલેલું.

**Venturia.** *inaequalis* **(Cooke) Wint.** સફરજનનું રોગોત્પાદક જંતુ.

**Verbascum** *thapsus* **L.** જંગલી તમાકુ.

**Verbenaceae.** એક વનસ્પતિ, જેમાં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તિવાર, અરણી, ભારંગમૂળ ઈ. નો સમાવેશ થાય છે.

**Verbena** *officinalis* **L.** એક બળિના નામની વનસ્પતિ. *V. venosa.* બળિના નામની વનસ્પતિ.

**verdant.** હરિત, લીલું, તાજું રંગેલું. (૨) તૃણ આવરિત, વનસ્પતિથી હરિત બનેલું વન અથવા ખેતર. **verdure.** વનસ્પતિની હરિયાળી, હરિત વનસ્પતિ.

**verge.** અંત્ય કિનારી અથવા ધાર.

**vermian.** કીટ, જંતુયુક્ત, જંતુ-કીટ જેવું. **vermicide** કૃમિઘ્ન, જઠર અને આંતરડાના માર્ગ–પાચન માર્ગમાંના કૃમિને મારનાર અને તે કૃમિઘ્ન. **vermicular.** આકાર અને હલન ચલનમાં કૃમિ જેવું; દેખાવથી કૃમિએ કરડયા જેવું, પાસે પાસે લહેરિયા જેવું. **vermiculate.** કૃમિએ કરડેલું, સમાંતર વાળના જાડા ગુચ્છા ધરાવતું. **vermiculation.** કૃમિ જેવુ હલન ચલન, કૃમિએ ખાધેલું – કરડેલું હોય તેવી અવસ્થા. **vermiculite.** એવા પ્રકારનું ખનિજ, જેને ઊંચા ઉષ્ણતામાને તપાવતાં કૃમિના ભીંગડાની માફક વિસ્તૃત બને અને શિથિલ સ્વ-શોષક દ્રવ્ય બને, જેને અબરખની સાથે વર્ગીકૃત કરવામાં આવે છે. કૃમ્યશ્લક, કીટશ્લક. **vermiculose.** કૃમીય, કૃમિ-વિષયક, કીટ સંબંધી, કૃમિએ ખાધેલું. **vermiculous.** જુઓ *vermiculose.* **vermiform.** કૃમિ સ્વરૂપી કૃમિરૂપ, કીટકાકાર. **vermifuge.** કૃમિ નિસ્સારક, કૃમિનાશક, કૃમિને મારી નાંખ્યા વિના તેને દૂર કરનાર કારક. **vermigrade.** કૃમિગામિક, કૃમિની માફક હલન–ચલન કરનાર. **vermilion.** કીટ વર્ણ. (૨) સિંદૂર, સિંદૂરને દળીને અથવા સંશ્લેષિત રીતે બનાવવામાં આવતો રંગ. (૩) સિંદૂરી લાલ. **vermin.** ચાંચડ, જૂ, મગતરું, ઈતડી ઇ. જેવા બાહ્ય પરજીવી, ઉપરાંત ઉંદર, શિયાળ, અને અન્ય પ્રકારનાં ઉપદ્રવ કરતાં પ્રાણી. **verminate.** કૃમિ કીટની વૃદ્ધિ કરવી, કૃમિ-કીટમય બનવું-થવું-બનાવવું-પેદા કરવું. **verminous.** કૃમિ કીટમય, કૃમિ-કીટજનક, કૃમિ-કીટ ભરેલું. **v. bronchitis.** કૃમિજ શ્વસનનલિકા શોથ. **vermivorous.** કૃમિ-કીટાહારી, કૃમિ-કીટને ખાનાર.

**vernal.** વાસંત, વસંતી, માધવી, વસંત ઋતુમાં જણાતું. તેમાં બનતું અથવા થતું. **vernalizaion.** વાસંતીકરણ. (૨) પ્રકાશ અને ઉષ્ણતામાન સંબંધી વનસ્પતિની દેહધર્મીય આવશ્યકતામાં અગાઉથી ફેરફાર કરીને અંકુરણ કલિકા-સર્જન કે પુષ્પોદ્‌ભવ માટેનું નિયંત્રણ; ઓછા ઉષ્ણતામાને બીની પૂર્વ-માવજત કરીને વનસ્પતિનો વહેલો પુષ્પોદ્‌ભવ શક્ય બનાવવો. હિમ, ઠાર, અલ્પ વરસાદ, અછત અને પૂર જેવાં ઉપદ્રવથી બચવા વનસ્પતિ વહેલી પુષ્પોદ્‌ભવ પામે અથવા પરિપક્વ બને તે માટેની પ્રક્રિયા, અતિ-અલ્પ ઉષ્ણતામાન ધરાવતા પ્રદેશમાં વનસ્પતિ ઊગી શકે તે માટે કરવામાં આવતી વિશિષ્ટ પ્રક્રિયા.

**venation.** કિસલય વિન્યાસ. (૨) કલિકા વિન્યાસ. (૩) કલિકામાં પુષ્પીય ભાગો કે પર્ણોનું વળવું, પર્ણવલય, પર્ણ-કલિકામાં પાનનો વિન્યાસ.

**Vernonia** *anthelmintica* **Willd.** કાળીજીરી, શાકીય વનસ્પતિ, જેનાં બી કોઢ અને ચામડીના અન્ય દર્દોમાં ઉપયોગમાં લેવામાં આવે છે, ઉપરાંત કૃમિ સાથે પણ તે ઉપયોગી બને છે. *V. cinerea* **(L.) Less.** સેદરડી, સહદેવી.

**Veronica** *beccabunga* **L.** પ. હિમાલય અને કાશ્મીરમાં થતી શાકીય વનસ્પતિ, જેનાં કુમળા પ્રકાંડ ખાદ્ય છે.

**verricule.** ઊભા વાળનો ગુચ્છો, ઊભા રોમનો ગુચ્છો.

**verruca.** મસો, મસા જેવો ચામડી પર ઉપસેલો ભાગ, ચર્મકીલ.

**versant.** જમીનનો ઢાળ, એક બાજુ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પર ઢળતી જમીનનો વિસ્તાર.

**versatile.** મધ્ય ડોલી, પરાગ કોષ તેમના કેન્દ્રમાં તંતુની સાથે જડાયેલા રહે અને એમ સમતુલા જાળવે તે સંબંધી, બહુવિધ. (૨) મધ્ય ડોલી પરાગાશયની માફક આધાર પર આમ તેમ, ઉપર નીચે ડોલનાર, પરિવર્તનીય, અસ્થિર. **v. anther.** મધ્ય ડોલી પરાગાશય.

**versicolour.** શબલ. બહુ રંગી અનેક રંગી. (૨) જુદા જુદા પ્રકાશમાં એકમાંથી બીજા રંગમાં થતા પરિવર્તન સંબંધી.

**version.** અપસામાન્ય સ્થિતિ. (૨) ગર્ભ વર્તન.

**vert.** વનમાં ઊગતો અને લીલા પાન-વાળો ગમે તે છોડ.

**vertebra** (એ. વ.). **vertebrae** (બ.વ.).પૃષ્ઠવંશાસ્થિ, કશેરૂ, કશેરૂક, મેરુદંડ અથવા કરોડનો મણકો. **v., cervical** ગ્રીવા કશેરૂકા. **v., coccygeal** પુચ્છ કશેરૂકા. **v., sacral** ત્રિક કશેરૂકા. **v., thoracic** વક્ષ કશેરૂકા. **vertibral.** કશેરૂક, પૃષ્ઠવંશીય. **v. column.** મેરુદંડ, પૃષ્ઠવંશ. **vertebrate.** મેરુ દંડાત્મક કે કશેરૂકી, પૃષ્ઠ-વંશીય, કરોડુયુક્ત. (૨) પૃષ્ઠવંશી-મેરુદંડી પ્રાણી. **vertebrates.** પૃષ્ઠવંશ અથવા કરોડુકધારી સમગ્ર પ્રાણી સમુદાય, જેમાં સસ્તન પ્રાણીઓ, પક્ષીઓ, સરીસૃપો, ઉભયજીવીઓ અને માછલીઓનો સમાવેશ થાય છે. **vertebration.** કશેરૂકા તંત્ર, મેરુ ગઠન, મેરુદંડવત્ ખંડોમાં વિભાજન.

**vertex.** સર્વોચ્ચ બિંદુ, ઊર્ધ્વબિંદુ. (૨) માથાનો ઊર્ધ્વ ભાગ. (૩) શીર્ષ, શીખા, શિખર, મુર્ધા, શિરો બિંદુ. **verticle.** શિરો બિંદુ. ઊર્ધ્વ બિંદુ કે તે તરફનું, શીર્ષ સ્થાનીય, શિરોવૃત્ત, દિગંત-વૃત્ત, ઉદગ્ર, ઊર્ધ્વાધાર રેખા, ઊર્ધ્વ, શિરો-લંબ, ઢુંબ, ઊભું. **v-coil pasteurization.** લંબ કુંડલિત પાશ્ચરીકરણ. **v. drainage.** વધારાના પાણીનો ભૂ-પૃષ્ઠ પરની નાલીઓ કે કૂવા દ્વારા અંત-સ્તરમાં નિકાલ. **v. engine.** ઊભું એન્જિન. **v. hitch.** ઊભું યોજક. **v. interval.** એક તલની રેખા, ધાર અથવા નાળીના કેન્દ્રથી બીજા તેવા જ તળના સ્થાને વચ્ચેનું ફૂટમાં અંતર. **v. lift mower.** લંબ લિફ્ટ ઘાસ કાપનાર યંત્ર. **v. section.** લંબચ્છેદ. (૨) લંબ પરિચ્છેદ. **v. storage.** પહોળાઈ કે વ્યાસ કરતાં વધારે ઊંચાઈવાળી વખાર-ભંડાર, સંધાન-કક્ષ. **v. suction.** મોહડઓડે હળનો ફળુંદા તેના પાછલા ભાગ સુધીનો વળાંક. **v. T. budding.** કલિકા કલમ, જેમાં સ્કંધની છાલમાં 1½ ઇંચ લાંબો છેદ કરવામાં આવે છે અને અંગ્રેજી વર્ણ 'ટી' (T) આકારનો એવોજ બીજો પહેલા છેદમાં કાટકોણ છેદ કરવામાં આવે છે; આ છેદની અંદર કલિકાને મૂકીને તેને બાંધવામાં આવે છે.

**verticil.** ભ્રમિચક્ર, અક્ષમાંથી પંખાકાર નીકળતા ભાગ. **verticillaster.** ભ્રમિયુગ્મ, અદંડી ભ્રમિચક્ર, અક્ષીય પુષ્પ વિન્યાસ.

**vertigo.** ચક્કર; સમતુલા ગુમાવવા પ્રાણીને આવતા ચક્કર અને સમતુલા જાળ-વવાની તેની અસમર્થતા.

**Very Heavy breeds.** બ્રહ્મ, લંઘન, કોચીન, ઓર્પિંગ્ટન, કોર્નિસ અને જર્સી જાયંટ જેવી ઊંચી ઓલાદનાં મરઘાનાં બચ્ચાં.

**vesica.** કોથળી, ખાસ કરીને મૂત્રાશય.

**vesicant.** સ્ફોટ-ફોલ્લો કરે તેવું દાહક-પીડાકાર. **vesicate.** ફોલ્લો-સ્ફોટ કારક. **vesicle.** સ્ફોટ, ફોલ્લો, ફોલ્લી, પુટિકા. નાનો કોષ. (૨) બુદબુદ અથવા પોલી રચના. **vesicular.** પુટિકામય, સ્ફોટગર્તી. **v. exanthema.** ડુક્કરમાં થતો તીવ્ર, અતિ ચેપી વિષાણુજન્ય મોવા ખરવાસાના જેવો રોગ, આવો રોગ ભારતમાં નોંધાયો નથી. **v. mole.** પ્રાણીઓના ગર્ભાશયમાં દ્રાક્ષ જેવો થતો અર્બુદનો રોગ. **v. stomatitis.** ઢોરને થતો

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને ભારતમાં નોંધાયો ન હોય તેવો પગ અને મોંનો રોગ. **v. structure.** ગોળ અથવા અંડાકાર વિવર જેવી સંરચના.

**vespertine.** સંધ્યા સમયે કળિકાનું ખીલવું કે પક્ષીઓનું ઊડવું. (૨) સાંધ્ય, સાંધ્યકાલીન.

**vespiary.** ભ્રમરઘર, ભ્રમરાનો માળો.

**vespine.** ભ્રમરીય.

**vessel.** લોહી, લસિકા ઇ.નું શરીરમાં પરિભ્રમણ કરાવતી નલિકા, વાહિની ઇ. (૨) વનસ્પતિમાં પાણી અને પોષક દ્રવ્યોનું વહન કરતી નલિકા. (૩) પ્યાલો, વાસણ, રકાબી, શીશી, ઇ. જેવું ખાલી પાત્ર.

**vestibule.** પ્રવિવર, મધ્ય ગુહા, કોટર, છિદ્ર. (૨) કર્ણ વિવર ઇ. જેવું પરસ્પરને જોડતું વિવર, કોષ્ઠ ઇ.

**vestige.** અવશેષ, અપક્રાંત કે મુદ્દલે અથવા નહિવત્ ઉપયોગી થાય તેવું પરંતુ વંશાનુગત પૂરું વિકસેલું અંગ કે ભાગ. **vestigial.** નાનું અને અપૂર્ણ રીતે વિકાસ પામેલું, અવશેષ સદૃશ.

**vestiture.** બહારના ભાગને આવરતાં વાળ, ભીંગડાં ઇ.

**vet.** *veterinary* (પશુ ચિકિત્સા)નું સંક્ષેપરૂપ. **Veterinarian.** પશુ ચિકિત્સા વિજ્ઞાનનો નિષ્ણાત કે માન્ય પશુ ચિકિત્સક. **veterinary.** પશુ ચિકિત્સા વિજ્ઞાનને લગતું. (૨) પાલતું પ્રાણીઓના રોગ અથવા ઈજા સંબંધીનું, અથવા તેના માટેનું, પશુચિકિત્સા વિષયક. **V. science.** પશુચિકિત્સા વિજ્ઞાન; પશુઓના રોગની સારવાર અંગેનું વિજ્ઞાન અને કલા, જેમાં પશુઓનાં દેહરચના, દેહધર્મ, સંવર્ધન, પોષણ, રોગ સારવાર અને માણસો દ્વારા તેમના કરવામાં આવતા ઉપયોગ ઇ.નો સમાવેશ થાય છે.

**vetch.** જંગલી અથવા ઉગાડેલા હોય તેવા શિમ્બીકુળની વનસ્પતિના પશુ–આહાર તરીકે કામમાં આવતા ભાગ. **vetching.** લઘુ.

**vetiver.** ખસ; *Vetiveria zizanioides* (**L.**) **Nash.** [Syn. *Anatherum zizanioides, Phalaris zizanioides* **L**; *Andropogon muricatus* **Retz.**]. નામની ભારતમાં ઘણા લાંબા સમયથી ઉગાડવામાં આવતી તેલ ધરાવતી વનસ્પતિ; જેના તેલનો ઉપયોગ સુગંધી દ્રવ્યો, ઔષધ, સાબુ અને સૌંદર્ય પ્રસાધનો તથા શોભાની વસ્તુઓ બનાવવામાં થાય છે. આ વનસ્પતિ દીર્ઘાયુ તૃણ છે અને સમૃદ્ધ તથા ભેજવાળી જમીનમાં તે ઉછરે છે, અને તેનાં મૂળ સુવાસિત લઘુ મૂળોમાં ફેલાય છે. **Vetiveria** *zizanioides* (**L.**) **Nash** [Syn. *Phalaris zizanioides* **L**; *Andropogon muricatus* **Retz.**]. ખસ; રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, પંજાબ અને પશ્ચિમ કાંઠાના પ્રદેશોમાં થતી દીર્ઘાયુ વનસ્પતિ, જેનાં સૂકાં મૂળ અર્થાત્ ખસની ટટ્ટીઓ, પંખા, શોભાની ટોપલીઓ બનાવવામાં આવે છે. ઉનાળામાં ટટ્ટીઓને લટકાવી પાણી છાંટતાં તેમાંથી સુવાસિત શીત લહર આવે છે. તેનાં મૂળમાંથી કાઢવામાં આવતું બાષ્પશીલ તેલ સૌંદર્ય પ્રસાધનો, સાબુ અને શરબતોને સુવાસિત બનાવવામાં વાપરવામાં આવે છે. ઘાસનાં કાગળો અને પૂઠાં બનાવવામાં આવે છે. મૂળનો સોજા પર વાટીને લેપ કરવામાં આવે છે.

**vettu pakku.** એક પ્રકારની સોપારી.

**vexillum.** ધ્વજક, ધ્વજદલ.

**viability.** અંકુર થવાની ક્ષમતા, જીવ્યતા, જીવિતતા. (૨) જન્મ બાદ અથવા તરત જ જીવવા અને ટકી રહેવા માટેની ક્ષમતા. (૩) બીની અંકુરણની ક્ષમતા. (૪) જીવંત હોવાની સ્થિતિ—અવસ્થા. **viable.** અંકુરણક્ષમ. (૨) સાધારણ રીતે જીવંત હોવા કે જીવંત રહેવાની ક્ષમતા. (૩) અંકુરણ પામવાની ક્ષમતા ધરાવનાર. (૪) ચોકસ વાતાવરણ અથવા પરિસ્થિતિમાં જીવતા રહેવાની ક્ષમતા ધરાવનાર.

**vial.** પ્રવાહી, ખાસ કરીને ઔષધ રાખવાનું પાત્ર, કાચપાત્ર, કૂપિકા, શીશી. ઇ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**vibraculum.** ચલાંગ, કીટ ચૂંઠ. (૨) જલચર જેવા સજીવનું તંતુક ઉપાંગ, જેનો ઉપયોગ હલન-ચલન દ્વારા ખોરાક ગ્રહણ કરવામાં આવે છે.

**vibrate.** પેંડ્યુલમ-લોલકની માફક એક બાજુથી બીજી બાજુ તરફ દોલાયમાન થવું, દોલવું. (૨) સ્પંદિત થવું-બનવું.

**Vibrio.** અલ્પવિરામ દંડાણુ. *V. cholerae.* કોલેરા-વિષૂચિકા અલ્પ વિરામ દંડાણુ. *V. coma.* કોમા નામના અલ્પ વિરામ દંડાણુ. *V. foetus.* ભ્રૂણ અલ્પ વિરામ દંડાણુ, જેના કારણે ઢોર અને ઘેટામાં ગર્ભસ્રાવ થાય પછી આ પ્રાણીને આ અલ્પ વિરામ દંડાણુની સામે પ્રતિરક્ષા મળે છે. **Vibrionic** *abortion.* ભ્રૂણ અલ્પ વિરામ દંડાણુથી થતો ગર્ભસ્રાવ.

**vibriosis.** અલ્પ વિરામ દંડાણુ રુજા.

**vibrissa.** ઘણાં સસ્તન પ્રાણીઓમાં મોં આગળ થતા કડકવાળ; એ જ પ્રમાણે ઘણાં પક્ષીઓને પણ થતાં કંટાગ્ર પીંછાં.

**vice.** સકંજો. (૨) કોઈ પણ પશુ કે પક્ષીની અનિચ્છનીય કુટેવ. (૩) સ્ક્રૂની મદદથી જોડવાળા પાનાથી કોઈ પણ વસ્તુને પકડવાનું સાધન, પકડ.

**Vicia** *benghalensis* **L.** ચારા તરીકે ઉપયોગમાં લઈ શકાય તેવો અસલ ઑસ્ટ્રેલિયાનો પણ અહીં ઉગાડવામાં આવતો એક છોડ. *V. biennis* **L.** મૂળ ઑસ્ટ્રેલિયાનો પણ અહીં ઉગાડવામાં આવતા ઘાસચારાનો એક પ્રકાર. *V. cassubica* **L.** અહીં ઉગાડવામાં આવતો મૂળ ઑસ્ટ્રેલિયાનો ઘાસચારો. *V. faba* **L.** [Syn. *Faba vulgaris* **Moench**]. ઘોડબીન; બકલા નામની વાયવ્ય ભારતમાં થતી વનસ્પતિ, જેની શાકભાજી થાય છે. *V. michauxii* **Spreng.** મૂળ ઑસ્ટ્રેલિયાનો પણ અહીં ઉગાડવામાં આવતો ઘાસચારો. *V. sativa* **L.** આકરા નામનો વાયવ્ય ભારતમાં થતો ઘાસચારો.

**vicinism.** પ્રતિવેશી.

**vicinity.** આજુબાજુનો વિસ્તાર, જગ્યાની સમીપતા. (૨) નજીકનો સંબંધ.

**vicious** કુટેવ-ખરાબ આદત ધરાવતું.

**Vicoa** *auriculata* **Cass** [Syn. *V. indica* **DC.**]. સોનાસળી નામની વનસ્પતિ.

**Victoria.** ઠળિયાવાળા ફળનો એક પ્રકાર, પ્લમનો એક પ્રકાર, જેનું ફળ મોટું, અંડાકાર, ઘેરા લાલ રંગની છાલવાળું, ડબ્બામાં સંઘરવા, રાંધવા અને ભોજનાંત અલ્પાહાર માટે ઉત્તમ છે. *V. amazonica* **Lindl.** હાથ કમાન.

**victual.** ખોરાક, અન્ન સામગ્રી.

**Vigna** *capensis* (E. Mey) **Walp.** [Syn. *vexillata* (**L.**) **A Rich**]. ચોખા, ચોળા, શાકીય વનસ્પતિ, જેનાં મૂળ અને બી ખાય છે. *V. sinensis* (**L**) **Savi ex Hassk** [Syn. *Dolichos sinensis* **L.** *V. catjang* **Walp.**]. ચોળી, શાકીય વનસ્પતિ, જેની સિંગોના દાણાનું શાક અને કઠોળ થાય છે.

**vigour.** બળ, જોમ; પ્રાણી અને વનસ્પતિની શક્તિ, સક્રિય ભૌતિક બળ.

**Vilaiti.** વિલાયતી. **v. afsaintin.** જુઓ *wormwood.* **v. anchu.** યુરોપિયન બ્લેક બેરી. **v. baingan.** ટમેટાં, બટાટા અને શકરિયા પછી આવતો દુનિયાનો મોટામાં મોટો શાકીય પાક, જેમાં પ્રજીવક 'એ' અને કેલ્શિયમ વિપુલ પ્રમાણમાં હોય છે. **v. baval.** વિલાયતી બાવળ. **v. imli.** વિલાયતી આંબલી; ખાદ્ય ફળ ધરાવતું, મધ્યમ કદનું એક વૃક્ષ, જેની છાલમાંથી સ્રવતો ગુંદર વાર્નિશ બનાવવા માટે કામમાં લેવામાં આવે છે; છાલ, પાન અને ફળ વિરેચક તરીકે ઉપયોગી છે. **v. kikar.** રામ બાવળ, રામ તરુ, વિલાયતી બાવળ, જેનો ઉપયોગ વાડ બનાવવા માટે કરવામાં આવે છે. **v. lasan.** વિલાયતી લસણ નામની દ્વિવર્ષાયુ વનસ્પતિ. *V.* **mehndi.** વિલાયતી મેંદી. ભારતમાં સૂકાં પાન ખરતાં વિસ્તારમાં થતો એક ક્ષુપ, જેમાંથી બળતણ માટેનું લાકડું મળે છે; દાવાનળ પછી ખુલ્લા પથરાળ વિસ્તારમાં

For Private and Personal Use Only

વનસર્જન તથા જમીન સંરક્ષણ માટે ઉપયોગમાં લેવામાં આવતી વનસ્પતિ. **v. pudina.** વિલાયતી ફુદિનો (પિપરમિંટ, કાશ્મીર, પંજાબમાં થતી વનસ્પતિ, જેનાં પ્રરોહ અને પાનમાંથી પિપરમિંટનું તેલ કાઢવામાં આવે છે, પાન સુવાસ આપવા માટે ઉપયોગી છે. ઊલટી, ઊબકામાં તે શમનકારી ગરજ સારે છે. **v. siris.** વિલાયતી શિરીષ, ઝડપથી ઊગતું, મધ્યમ કદ ધરાવતું છાયા અને શોભા માટે ઉગાડવામાં આવતું એક ઉપયોગી વૃક્ષ. **v. tobacco.** ટૂંકાં, ગોળ વહ્યિત પાન અને પીળાં ફૂલવાળો છોડ, જેનાં પાન હુક્કા માટે, ખાવા તથા છીંકણી તરીકે સુંઘવા માટે ઉપયોગી છે, જે કલકત્તિયા તરીકે પણ ઓળખાય છે.

**Villa Franca.** લીંબુનું એક પ્રકારનું બહારથી અહીં લાવી ઉગાડવામાં આવતું ઝાડ.

**village.** ગામડું, ગ્રામ વિસ્તારમાં ઘરોનો સમૂહ, જેમાં ગ્રામ વસ્તી રહે છે. **v. administration.** ગ્રામ વહીવટ. **v.-and cottage industry.** ગ્રામ અને ગૃહઉદ્યોગ. **v. authorities.** ગ્રામ અધિકારી વર્ગ, ગ્રામ અધિકારીઓ. **v. autonomy.** ગ્રામ સ્વશાસન, ગ્રામ સ્વાયત્ત શાસન. **v. community.** ગ્રામ સમુદાય. **v. headman.** ગ્રામ મુખી, ગામડાનો મુખી. **v. industry.** ગ્રામોદ્યોગ. **v. map.** ગ્રામ નકશો, ગામડાનો નકશો. **v. uplift.** ગ્રામોદ્ધાર. **villager**. ગ્રામજન, ગ્રામ નિવાસી.

**Villebrunea** *integrifolia* **Gaud.** પૂર્વ હિમાલય, આસામ, મણિપુર, અને આંદામાનમાં થતું નાનું ઝાડ, જેના મજબૂત રેસાનાં દોરડાંની જાળ બનાવવામાં આવે છે.

**villi** (બ.વ.). **villus** (એ.વ.). નાના આંતરડાના અંતઃસ્તરના આંગળી જેવા જરાયુ અને ગ્રસારાયના જોડાણ સાથેનો પ્રવર્ધ. (૨) ફૂલ, ફળ ઇ.નું રોમિલ આવરણ.

**villiform.** રસાંકુર રૂપ, લોમવત્, અંગુલિકાકાર, વેલ્વેટ, મખમલના આકાર અને દેખાવ જેવું. **villose.** અતિરોમી, રોમયુક્ત. **villus.** રોમાંકુર, રસાંકુર, ફળોનો કોમળ ભાગ.

**viminal.** પ્રશાખા કે પ્રાંકુર–પ્રરોહનું કે તેને પેદા કરનાર.

**vinaceous.** દારૂ કે દ્રાક્ષનું, દારૂ જેવું લાલ, દ્રાક્ષીય, શોણિત,

**Vinca** *alba.* સફેદ બારમાસી, સફેદ સદા સુહાગણ નામનો એક છોડ. *V. major* **L.** શોભા માટેની કાષ્ઠીય વનસ્પતિ. *V. pussila* **Murr.** પર્વતીય રાઈ. *V. rosea* **L.** રાતી બારમાસી; સદા સોહાગણ નામનો મૂળ વેસ્ટ ઇન્ડિઝનો પણ અહીં શોભા માટે ઉગાડવામાં આવતો છોડ. **vinea.** રાતી બારમાસી.

**vine.** દ્રાક્ષ. (૨) પાતળુ પ્રકાંડ ધરાવતી કાષ્ઠીય અથવા શાકીય આરોહી વનસ્પતિ. (૩) દ્રાક્ષનો વેલો. **vinery.** દ્રાક્ષ ઉછેર-ગૃહ, દ્રાક્ષભવન. **viney.** દ્રાક્ષના વેલા જેવી શાખા ધરાવતા છોડનો એક પ્રકાર. **vineyard.** દ્રાક્ષવાટિકા, દ્રાક્ષનો માંડવો, દ્રાક્ષ બગીચો. **vineyardist.** દ્રાક્ષ સંવર્ધક. **viniculture.** દ્રાક્ષ સંવર્ધન. **vinifacteur.** દ્રાક્ષ બનાવવાનું ઉપકરણ. **viniferous.** દ્રાક્ષોત્પાદક, દારૂ નિર્માણ. **vinificator.** દારૂની બનાવટ દરમિયાન આલ્કોહોલની બાષ્પને ગ્રહણ કરવાનું સાધન. **vinometer.** દારૂના મદ્યાર્ક, આલ્કોહોલનું પ્રમાણ માપવાનું સાધન. **vinous.** દારૂનું, દારૂ જેવું. **vintage.** દ્રાક્ષને એકત્ર કરવાની મોસમ, મોસમની દ્રાક્ષમાંથી બનાવવામાં આવતો દારૂ. **viny.** દ્રાક્ષના વેલાને લગતું, દ્રાક્ષની વેલનું, દ્રાક્ષની લતા સંબંધી ઘણી દ્રાક્ષ હોવી અથવા પેદા કરવી.

**vinegar.** સરકો, કેટલાક છોડમાંથી મળતું અમ્લ પ્રવાહી. શર્કરા દ્રવ્યમાંથી અમ્લીય વન પેદાશ, જેમાં ખનિજ લવણ ઉપરાંત ઓછામાં ઓછા ટકા જેટલો એસેટિક એસિડ હોય છે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**Viola** *cinerea.* ઝીણકો વનફસા નામની વનસ્પતિ. *V. odorata* **L.** વનફસા; મૂળ યુરોપની પણ અહીં કાશ્મીરમાં ઉગાડવામાં આવતી શાકીય વનસ્પતિ. જેનાં ફૂલ સુગંધી દ્રવ્યો બનાવવા તથા ઔષધ તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે. *V. tricolor* **L.** પેન્સી નામનો શોભા માટે ઉગાડવામાં આવતો છોડ.

**Violaceae.** બનફસાદિ કુળની વનસ્પતિ.

**Violaceous.** જાંબલી રંગનું નીલ પુષ્પના કુળનું.

**Virachola** *isocrates.* દાડમનું પતંગિયું. દાડમને લાગુ પડતી, વાળવાળી, સફેદ ધાબવાળી ઈયળ, જે ફળમાં દર બનાવી અંદર ખાઈ જાય છે.

**viral.** વિષાણુયુક્ત વિષાણુ અંગેનું. **virogenic.** વિષાણુગ્રસ્ત, વિષાણુજન્ય રોગ અંગેનું. **Virologist.** વિષાણુ વિજ્ઞાનનો નિષ્ણાત. **Virology.** વિષાણુ વિજ્ઞાન, વિષાણુ અને વિષાણુજન્ય રોગોના અભ્યાસનું વિજ્ઞાન. **viros** વિષાણુમય. **virosis.** વિષાણુ રુજા વિષાણુજન્ય રોગ. **virostatic.** વિષાણુ વૃદ્ધિ રોકવાની ક્ષમતા ધરાવનાર. **virucidal.** વિષાણુને સંપૂર્ણપણે અક્રિય બનાવનાર. **virucide.** વિષાણુને અક્રિયાશીલ બનાવનાર અને તેનો નાશ કરનાર કારક. **virulence.** તીવ્રતા, પ્રચંડતા; વિષાણુ કે અન્ય સૂક્ષ્મ સજીવની રોગોત્પાદક શક્તિ. (૨) વિષયુક્ત હોવાનો ગુણધર્મ અથવા તીવ્ર ઝંઝાની માફક વિષાણુ ધરાવતા વિષનો ગુણધર્મ. **virulent.** જીવાણુ કે વિષાણુ જેવા સૂક્ષ્મ સજીવોની વૃદ્ધિ કે સંવર્ધન, આવા સૂક્ષ્મ સજીવો જીવતા હોય અને તેમની શક્તિ મંદ કરાયેલી ન હોય, વૃદ્ધિક્ષમ હોય અને યજમાનમાં રોગ પેદા કરે તેવા હોય. **v. culture.** જીવાણુ કે વિષાણુ જેવા સૂક્ષ્મ સજીવોની વૃદ્ધિ કે સંવર્ધન, આવા સૂક્ષ્મ સજીવો જીવતા હોય અને તેમની શક્તિ મંદ કરાયેલી ન હોય, વૃદ્ધિક્ષમ હોય અને યજમાનમાં રોગ પેદા કરે તેવા હોય છે. **v., latent** એક પ્રકારના સુષુપ્ત સૂક્ષ્મ સજીવો, જે ક્ષત-વ્રણ માટે જવાબદાર બને તેવા હોય છે. **viruliferous.** વિષાણુ ચેપના વાહક, ખાસ કરીને જંતુ વાહકો અંગેનું. **virus.** વિષાણુ, જીવંત યજમાન કોષમાં સ્વવૃદ્ધિ કરી શકે તેવા, ખૂબ જ મંદ અવસ્થામાં પણ રોગોત્પાદક શક્તિ ધરાવતા પણ ભૌતિક અથવા રાસાયણિક કારક દ્વારા અક્રિય બનતા સૂક્ષ્મ સજીવો; આ સજીવો વનસ્પતિ અને પ્રાણીઓમાં રોગોનો ફેલાવો કરે છે અને તે જીવંત દ્રવ્યનાં લક્ષણો ધરાવે છે. **v. antagonism.** જુઓ *virus interference* **v. disease.** વિષાણુના કારણે થતો ચેપી રોગ, ફૂગ અથવા જીવાણુના કારણે થતા રોગની તુલનામાં વિષાણુના કારણે થતો રોગ સામાન્ય રીતે સમગ્ર તંત્રને સ્પર્શે છે અને એક જ ચેપ સમસ્ત શરીરમાં ફેલાઈ જાય છે. ભાગ્યે જ તે વનસ્પતિનો નાશ કરે છે પરંતુ તેની શક્તિ હરી લે છે. **v. indexing.** વિષાણુ માટે સંવેદનશીલ હોય તેવી જાતની કે પ્રભાવી વનસ્પતિ, બીમાં વિષાણુ વિરોધી રસીનો અંતઃક્ષેપ કરીને વનસ્પતિમાં વિષાણુ છે કે નહિ તે નક્કી કરવાની યુક્તિ. **v. indicator plant.** વિષાણુસૂચક વનસ્પતિ. ચોક્કસ પ્રકારના વિષાણુજન્ય રોગની સામે દેખાય તે રીતે પ્રતિક્રિયા કરતી વનસ્પતિની વિશિષ્ટ જાત, આ વનસ્પતિ ઓછી સંવેદનશીલ વનસ્પતિમાં વિષાણુની હાજરી કે ગેરહાજરી છે નહિ કે તે માટે નિદર્શન કરવામાં ઉપયોગી બને છે. **v. interaction.** અન્ય વિષાણુ કે વિષાણુની જાતની સાધારણ વૃદ્ધિમાં પરિવર્તન લાવતું વિષાણુનું કાર્ય. **v. interference.** અન્ય વિષાણુ અથવા વિષાણુની જાતને પૂર્ણ અથવા અંશતઃ કુંઠિત કરે તેવા એક વિષાણુ કે વિષાણુની જાતનું કાર્ય.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**virescence.** પાંદડીઓનો અસાધારણ લીલો રંગ.

**virgate.** ઘણી શાખાવાળા, પાતળા, ઊભા છોડ સંબંધી.

**virgin.** કુંવારું, સંભોગ કર્યા વિનાનું, ગમે તે માદા પ્રાણી, જેમ કે મધમાખની રાણી. (૨) વણખેડાયેલી જમીન. **v. forest.** માનવીનો જેમાં હસ્તક્ષેપ થયો ન હોય તેવું વન. **v. land.** વણખેડાયેલી જમીન. **v. queen.** અક્ષત અયુગ્મિત મધમાખની રાણી. **v. soil.** અક્ષત–વણખેડાયેલી ભૂમિ, માનવીની કોઈ પણ પ્રકારની પ્રવૃત્તિથી વંચિત, કુદરતી અવસ્થાવાળી ભૂમિ.

**Virginia mulberry.** લાલ શેતૂર.

**Viriparus** *variatus.* સર્પિલ કોચલાવાળું, મૃદુ શરીર, પાનભક્ષક, શાકભાજી તથા ડાંગરને નુકસાનકારક કીટ. **viruppu.** એપ્રિલ–સપ્ટેમ્બરની પાકની પ્રથમ મોસમ.

**viscera.** અભ્યંતરાંગ, અંતરંગ, પાચન માર્ગ, હૃદય, યકૃત, મૂત્રપિંડ, સ્વાદુપિંડ, પ્લીહા અને ફેફસાં જેવાં શરીર ગુહામાં રહેતાં અંગો. **v., abdominal** જઠરાંગ, ઉદરાંગ. **v., thoraic** વક્ષાંગ. **visceral tymphomatosis.** એક પ્રકારનો પક્ષીઓમાં થતો શ્વેત રક્તતાનો રોગ, જેમાં અંતરંગમાં અર્બુદ જેવી ગાંઠ થાય છે, અને જેના કારણે અતિસારનો ભોગ બનાય છે આમ છતાં આ રોગનાં કોઈ બાહ્ય લક્ષણો જણાતાં નથી. **viscerate.** અંતરંગ દૂર કરવાં.

**viscid.** શ્યાન, અર્ધ પ્રવાહી, ચીકણું. **viscocity.** શ્યાનતા, ઘટ્ટતા, વહનાવરોધ. ઘટ્ટ હોવાનો અને ઝડપથી નહિ વહેવાનો ગુણધર્મ; આંતરિક ઘર્ષણ, અણુની રચનામાં પરિવર્તનનો વિરોધ કરવાની શક્તિ. **v. of cytoplasm.** કોષરસની શ્યાનતા. **viscometer.** પ્રવાહીની શ્યાનતા માપવાનું સાધન. **viscous.** શ્યાન.

**Viscum** *album* **L.** કિસમીસ કાવલો નામની વનસ્પતિ. *V. articulatum* **Burm f.** બેડોવાંદો નામની વનસ્પતિ.

**vishnu krantha.** કાળી શંખાવલી; *Evolvulus alsinoides.* નામની પરજીવી વનસ્પતિ.

**visitation.** અસાધારણ અને મોટા પાયા પર પ્રાણીઓનું સ્થાનાંતર, સ્થળાંતર. **visitings.** પ્રસૂતિબાદ તરત જ લેવામાં આવતું ગાયનું દૂધ, જેનો રંગ લાલાશ પડતો પીળો હોય છે. તેનાં વાસ અને સ્વાદ તીવ્ર હોય છે.

**visual.** દૃશ્ય.

**vitaceae.** દ્રાક્ષાદિ કુળની વનસ્પતિ, જેમાં દ્રાક્ષ, ખાટાં મધુરાં ફળ ઇ.નો સમાવેશ થાય છે.

**vital.** પ્રાણમૂલક, જીવનાવશ્યક, ચેતનાત્મક. (૨) જૈવ, જીવકર. (૩) મહત્ત્વપૂર્ણ. (૪) કાર્બનિક જીવનનું, કાર્બનિક જીવનને લગતું, કાર્બનિક જીવનને આવશ્યક. **v. parts.** ફેફસાં, હૃદય, મસ્તિષ્ક જેવાં આવશ્યક અંગો. **vitality.** જીવનાવશ્યક શક્તિ અથવા જીવન ટકાવવાની શક્તિ, જીવંત રહેવાની તથા પ્રવૃત્તિ, સક્રિયતાની ક્ષમતા, પ્રાણ શક્તિ, જીવન શક્તિ. **vitalize.** જીવિત કરવું, જીવનનો સંચાર કરવો, જીવનશક્તિ આપવી, સતેજ કરવું.

**vitamin.** પ્રજીવક, પ્રાણીઓના જીવન અને આરોગ્ય જાળવવા માટે અતિ અલ્પ માત્રામાં આવશ્યક બનતા કાર્બનિક જલ અને તેલ દ્રાવ્ય પ્રજીવક અથવા તેલ દ્રાવ્ય દ્રવ્યો, જે શક્તિનું પરિવર્તન કરે છે. **v., fat soluble** તેલદ્રાવ્ય પ્રજીવક **v., water soluble** જલદ્રાવ્ય પ્રજીવક. **v. A.** પ્રજીવક 'એ', કોલેસ્ટેરોલ અથવા પિત્તધન

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અથવા અર્ગોસ્ટેરોલ સાથે સંબંધ ધરાવતું તેલ દ્રાવ્ય પ્રજીવક; વાત વિનિમયદ્વારા નહિ પરંતુ ઉષ્માથી તે નાશ પામે છે. આ પ્રજીવક તેલ, મેદ, ચરબી, માખણ હેલિબટ લીવર તેલ, કૉડલીવર તેલ, પ્રાણીઓનાં કોષીય અંગો, દૂધ, દૂધની પેદાશો, ઈંડાં, ધાન્ય, શાકભાજી, લીલાં પાન, ફળ ઇ. માંથી પ્રાપ્ત થાય છે, પ્રાણીઓની વૃદ્ધિ અને તેમના સ્વાસ્થ્ય માટે તે આવશ્યક છે. મુખ્યત્વે તંદુરસ્ત અધિચ્છદીય સંરચનાની જાળવણી માટે આ પ્રજીવક અત્યંત જરૂરી. **v. 'A'. deficiency.** પ્રજીવક 'એ'ની ઊણપ; પ્રાણીઓના ખોરાકમાં આ પ્રજીવકની ઊણપના પરિણામે વૃદ્ધિ કુંઠિત થાય છે. ચાક્ષુષ એટલે નેત્ર વિષયક, ચયાપચયિત અને વિશિષ્ટ ઊતિ ફેરફારો થાય છે. આંતરડાંમાં ચાંદાં પડે છે. લોહીના મૂલ્યમાં ફેરફાર થાય છે, પથરી થાય છે, ચેપી અવસ્થામાં પ્રતિકારક શક્તિ મંદ પડે છે અને ફેફસાને ચેપ જલદી લાગી જાય છે. **v. 'B'.** પ્રજીવક 'બી'. બેરી બેરીના દર્દને દૂર કરવા માટે કાચી બનાવટને શરૂઆતમાં આપવામાં આવેલું નામ પરંતુ પાછળથી આ નામધારી પ્રજીવકમાં અનેક ઘટકો જાણવામાં આવ્યાં. આ પ્રજીવક જલ દ્રાવ્ય છે. **v. 'B'. complex.** પ્રજીવક 'બી' સંકુલ, પ્રજીવક 'બી' તરીકે ઓળખાતાં અનેક કારકોનો સમૂહ, જેમાં બાયોટિન (પ્રજીવક-એચ), કોલિન, ફોલિક ઍસિડ, ઇનોસિટોલ, નિયાસિન, પી-એમિનો બેન્ઝોઈક ઍસિડ, પેન્ટોથેનિક ઍસિડ, પિરિડૉક્સિન, રિબોફ્લેવિન, થાયેમિન, (પ્રજીવક 'બી$_1$' અને પ્રજીવક 'બી$_{12}$' નો સમાવેશ થાય છે, જેનાં વધારે મહત્ત્વનાં 'બી' 'બી$_2$' અને 'જી' છે. વાત વિનિમયથી નહિ પણ ઉષ્માથી આ પ્રજીવક નાશ પામે છે. પ્રતિચેતાક્ષીય પ્રજીવકોનો પણ આ સંકુલમાં સમાવેશ થાય છે. પ્રજીવક 'બી' પ્રતિવક્કચર્મ (antipallagric) છે અને તે ઉષ્માનો પ્રતિકાર કરી શકે છે તથા વૃદ્ધિમાં સહાયભૂત થઈ શકે છે. પ્રજીવક-'બી' ધાન્ય યીસ્ટ, ઈંડાંની જરદી, તાજાં શાકભાજી, ફળ, કઠોળ, કાષ્ઠફળ (**nut**), સિંગો, દાળ અને દૂધમાંથી મળી રહે છે. પ્રજીવક-'બી' દૂધ, યીસ્ટ, ધાન્ય, પ્રાણીની પેશી, શાકભાજી અને ફળમાંથી મળી રહે છે. **v. 'B'. deficiency.** પ્રજીવક-'બી'ની ઊણપથી થતી દેહધર્મીય અવસ્થા, આ પ્રજીવક પૂરતા પ્રમાણમાં ખોરાક મારફતે ન મળે તો તેથી બેરી બેરી નામનો રોગ થાય છે. સંરચનાત્મક અને ચયાપચયિક વ્યવસ્થા, તેમાં પણ ખાસ કરીને ચેતાતંત્ર અને હૃદયનાં કાર્યોમાં ખલેલ પહોંચે છે. **V. 'B'$_{12}$**. પ્રજીવક-'બી'$_{12}$ દુષ્ટ પાંડુરોગનો પ્રતિકાર કરવા માટે અતિ અગત્યનું છે. આ કારક પ્રજીવક'બી' સંકુલનો એક મહત્ત્વનો ઘટક છે. **V. 'B'. deficiency.** પ્રજીવક-'બી' ની ઊણપ, આ પ્રજીવકની ઊણપના પરિણામે વક્ક ચર્મ (**pallagra**) નામનો રોગ, વૃદ્ધિ અવરોધ, જઠર અને આંતરડાંની અશક્તિ, ચામડી પર ક્ષત અને મધ્યસ્થ ચેતાતંત્રમાં અપક્ષય જેવી દેહધર્મીય અવસ્થા પેદા થાય છે. **v. 'C'.** પ્રજીવક-'સી'; ઍસ્કોર્બિક ઍસિડ; આ પ્રજીવક જલદ્રાવ્ય છે, તે આવશ્ક રીતે વનસ્પતિ સૃષ્ટિની પેદાશ છે, અને અપક્વ બી, અંકુરિત થતાં બી, ફળ, શાકભાજી, ખાદ્યપાન, આંબળાં, લીંબુ, ખટમધુરાં ફળો, લીલાં શાકભાજી, ફળ, શાકભાજીના તાજા રસ ઇ. દ્વારા મળી રહે છે પણ ઉકળતાં પાણીમાં તે નાશ પામે છે. **v. 'C'. deficiency.** પ્રજીવક 'સી' ની ઊણપ; આ મહત્ત્વના પ્રજીવકની ખોરાકમાં ઊણપ રહે તો કૃષિ ઉપયોગી પ્રાણીઓમાં વંધ્યતા અને મંદફલન ક્ષમતા ઊભી થાય છે. આ પ્રજીવકની ખોરાકમાં જરૂર પડતી ન હોય તેની ખામી ગંભીર પ્રકાર ધારણ કરતી નથી. **v. 'D'.** પ્રજીવક-'ડી' તેલ દ્રાવ્ય છે. આ પ્રજીવક માછલીનાં તેલ, ઈંડાંની જરદી, માખણ, દૂધ ઇ.માંથી મળી રહે છે, ઉપરાંત તે સૂર્ય પ્રકાશ દ્વારા મળતાં પાર જાંબલી કિરણોથી પ્રાણીના શરીરમાં બને

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે; તે સ્વાસ્થ્યને સહાયભૂત બને છે અને અને કેલ્શિયમ અને ફૉસ્ફરસના ચયાપચયમાં ઉપયોગી થાય છે. ઉષ્માના કારણે તેનો નાશ ઝડપી બનતો નથી. તે ઑક્સિડેશન અથવા ઉપચયનો પ્રતિકાર કરે છે. **v. 'D'. deficiency.** પ્રજીવક-'ડી'ની ઊણપ; પ્રાણીઓના ખોરાક દ્વારા આ પ્રજીવક તેમને ન મળે તો તેમનાં વિવિધ અંગો, સાંધા, ધૂંટણ ઇ. જકડાઈ જાય છે, સાંધામાં સોજા આવે છે, વાળ તેની કુમાશ ગુમાવી બરછટ બને છે અને નાનાં પ્રાણીઓને સૂકતાનનો રોગ થાય છે; જેમ પગનાં હાડકાં વળે છે. **v. 'D'. enriched milk.** પ્રજીવક 'ડી' થી સમૃદ્ધ બનેલું દૂધ, દુધાળાં પ્રાણીને પૂરક ખોરાક તરીકે પ્રકિરિણિત યીસ્ટ (પ્રજીવક ડી'માં જે વિપુલ પ્રમાણમાં હોય છે.) આપવાથી દૂધ પ્રજીવક 'ડી'થી સમૃદ્ધ બને છે. **v. 'E'** પ્રજીવક 'ઈ'. આ પ્રજીવક ફળદ્રતા પ્રેરક અને વંધ્યતા અવરોધક છે, જે ઘઉંના અંકુર, તેલ, લીલાં પાન, લેટ્યુસમાંથી મળી રહે છે અને તેના પર પ્રકાશ, વાત વિનિમય કે ઉષ્માની કોઈ માઠી અસર થતી નથી. **v. 'E'. deficiency.** પ્રજીવક-'ઈ'ની ઊણપ: પુરુષોમાં નપુંસકતા પ્રેરે છે, કેટલાક કિસ્સામાં ગર્ભસ્રાવ કરાવે છે તથા પ્રજનનની ક્રિયામાં ખલેલ પહોંચાડે છે. **v. 'G'.** જુઓ *vitamin B. complex.* **v. 'H'.** જુઓ *Vitamin B. Complex.* **v. 'K'.** પ્રજીવક-'કે'; લોહીનું ગઠન કરવા માટેનું એક કારક, તે પ્રોથ્રોમ્બિનના નિર્માણ માટે આવશ્યક છે.

**vitellin.** ઈંડાની જરદીનાં મુખ્ય પ્રોટીન ઘટક. **v. membrane.** ઈંડાની જરદાને આવરતી ત્વચા-કલા. **vitellus.** ઈંડાની જરદી, અંડાશયના જીવરસનો ઘટક.

**Vitex** *agnus-castus* **L.** રેણુકબીજ નામધારી વનસ્પતિ. *V. altissima* **L. f.** નૈઋત્ય ભારતમાં થતું એક ઝાડ, જેનું કાષ્ઠ ઈમારતી કામમાં ઉપયોગી બને છે. *V. negundo* **L.** નગડ, નગોડ, નિર્ગુંડી નામનો વન નવસાધ્ય કરવા માટે ઉપયોગી ક્ષુપ; જેનાં ડાળખાંનાં ટોપલા-ટોપલીઓ બનાવવામાં આવે છે. *V. peduncularis* **Wall.** એક વૃક્ષ, જેનાં પાનમાંથી ઔષધ બનાવવામાં આવે છે.

**viticide.** દ્રાક્ષનો નાશ કરતાં જંતુ. **viticolous.** દ્રાક્ષ પર જીવનાર. **viticulture.** દ્રાક્ષ ઉગાડવાનું વિજ્ઞાન અને કલા; દ્રાક્ષ સંવર્ધન.

**Vitis** *auriculata* **Wall.** કાળી વેલ, જંગલી કલેરાણી નામની વનસ્પતિ. *V. carnosa* **Wall.** ખાટ ખટુંબો નામની વનસ્પતિ. *V. labrusca* **L.** કાળી વેલ નામની કર્ણાટકમાં થતી કાષ્ઠીય વેલ, જેનાં ફળ ખાદ્ય છે, જેનો દારૂ બનાવવામાં આવે છે. *V. latifolia* **Roxb.** પાણીવેલ; જંગલી દ્રાક્ષ નામનો કાષ્ઠીય આરોહી ક્ષુપ, મુંબઈથી નીલગિરિ સુધી અને આંદામાનમાં તે થાય છે. *V. quandrangularis* **Linn.** હાડસાંકળ નામની વનસ્પતિનો પ્રકાર *V. respanda.* **W & A.** ગાંઠો વેલો નામની વનસ્પતિ. *V. trifolia* **Roxb.** ખાટ ખટુંબો નામની વનસ્પતિ *V. vinifera* **L.** દ્રાક્ષ, અંગુર; પંજાબ, ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર, આન્ધ્ર પ્રદેશ અને તામિલનાડુમાં થતો કાષ્ઠીય વેલો, જેની દ્રાક્ષમાંથી બ્રાંડી નામનો દારૂ બનાવવામાં આવે છે.

**vitreous.** કાચાભ, કાચ સદૃશ, કાચિત, કઠણાઈ, બરડતા, પારદર્શકતા ઇ.ની દૃષ્ટિએ કાચના જેવું. **v. humour.** કાચિત દેહદ્રવ્ય, કાચ સદૃશ દેહ રસ.

**vitriol.** સલ્ફ્યુરિક ઍસિડ અથવા તેનાં કેટલાંક સંયોજનો બ્લ્યૂવિટ્રિયોલ જલાન્વિત કૉપરસલ્ફેટ છે. **vitriolation.** સલ્ફ્યુરિક ઍસિડ વિષાક્તીકરણ, સલ્ફ્યુરિક ઍસિડનો દાહ; વિટ્રિયોલનું ઝેર, દાહ. **vitriolize.** ગંધકનું લવણ બનાવવું, સલ્ફેટમાં પરિવર્તિત કરવું.

**vitta.** કેટલીક વનસ્પતિની તેલ-નલિકા, રંગના પટા.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**vitular.** વત્સ્ય, વાછરડાનું, વાછરડા જેવું.

**vivacious.** સજીવ, પ્રફુલ્લ, ઓજસ્વી. (૨) શિયાળો વટાવી જનાર, દીર્ઘાયુ.

**vivarium.** પશુ શાળા, મત્સ્યાલય જેવી કાચની પેટી, જેમાં પ્રાણીઓ કે વનસ્પતિને રાખી ઉછેરવામાં આવે છે. **vivary.** જુઓ *vivarium*.

**vivianite.** જમીનમાં ખાસ કરીને કચ્છમાંથી હાઈડ્રસફેરસ નામનું ખનિજ અને તેનાં સંબંધિત ઉપચાયક–ઑક્સિડેશન સ્વરૂપો.

**viviparous.** જરાયુજ; અપત્યપ્રસવી, જીવંત બચ્ચાને જન્મ આપનાર. (૨) માતૃ વનસ્પતિની સાથે સંલગ્ન હોવા છતાં અંકુરિત થનાર. **v. reproduction.** જંતુઓમાં થતું એક પ્રકારનું પ્રજનન, જેમાં જંતુઓના જ શરીરમાં ગર્ભનો વિકાસ થાય અને પુખ્ત પ્રાણી જેવું જ બચ્ચું જન્મે. આ પ્રકારની ઘટના કેટલાંક પ્રકારની માખીઓમાં જોવા મળે છે. **vivipary.** જીવંત બચ્ચાને જન્મ આપવો, અપત્યપ્રસવ, જરાયુજતા, સજીવ સંતાન જનન. (૨) નવા છોડ રૂપે વિકસાવાની ક્ષમતા ધરાવનાર વાનસ્પતિક બહિરુદ્ભેદ પુષ્પીય સંરચનાનું સ્થાન લેવું.

**vivisect.** જીવતા પ્રાણીને ચીરવું, જીવિત અંગનો છેદ કરવો. **vivisection,** જીવિત અંગનું છેદન, જીવતા પ્રાણી ચીરવા, ફાડવા કે તેવા પ્રકારની ક્રિયા કરવી.

**Voandzeia** *subterranea* **(L.) Thou.** મૂળ દ. આફ્રિકાની શાકીય વનસ્પતિ, જેનાં બી ખાદ્ય છે.

**vocation.** વ્યવસાય, રોજગારી, વ્યાપાર, ધંધો. **vocational agriculture.** વ્યવસાયી કૃષિ, એક વ્યવસાય તરીકે કૃષિનું કામકાજ.

**void.** મળ અને/અથવા મૂત્રનું ઉત્સર્જન કરવું, માલોત્સર્જન કરવું. **v. space.** દાણાના સમૂહમાં ગર વચ્ચેનાં અવકાશ, જે પુંજ જથ્થાના ટકાની દૃષ્ટિએ ગણાય છે.

**volant.** ઊડતું, ઊડવાની ક્ષમતા ધરાવનાર. **volatile.** ઉડ્ડયનશીલ, જલદી ઊડી જાય તેવું. **v. oil** બાષ્પીશીલ તેલ. **volatilization.** બાષ્પીકરણ, ઘન કે પ્રવાહી દ્રવ્યનું બાષ્પીભવન.

**volcanic rocks.** જવાળામુખીજન્ય ખડક–શૈલ; જવાળામુખીમાંથી નીકળતા લાવાના ઠરવાના પરિણામે રચાતા બે વર્ગના આગ્નેય શૈલ પૈકીનો એક, જે સંરચનામાં કાચ સદૃશ છે અને ક્વચિત શૈલમાં સૂક્ષ્મ સ્ફટિક પ્રસરિત જોવામાં આવે છે. **v. soil** જવાળામુખી શૈલથી બનેલી ભૂમિ.

**vole.** એક પ્રકારનો ઉંદર.

**voltage.** વોલ્ટતા, વોલ્ટેજ, વોલ્ટમાં દર્શાવવામાં આવતું વિદ્યુત પ્રેરક બળ.

**voltine.** રેશમના કીડાની વાર્ષિક બચ્ચા જણવાની વારંવારતા.

**volume.** ઘનફળ, આયતન, આયામ, ઘન અંતર્દ્રવ્ય.

**volunteer.** સ્વતઃ બી રોપીને ઊગતા છોડ અંગેનું. (૨) સર્પિલ કવચમાં ચક્ર, પરિવલન વ્યાવર્ત. **volution.** પરિવલય, વ્યાવર્તન, સર્પિલ આંટો.

**vomer.** સીરિકા.

**vomit.** ઊલટી, વમન; મોં કે નાક વાટે ઉત્સર્જિત થતું જઠરમાંનું દ્રવ્ય. (૨) આવા દ્રવ્યનું વમન કરવું. **vomitory.** વમનકારક.

**voracious,** ખાઉધરું.

**vulnerable.** ઘા કરી શકાય તેવું, ઈજા પામી શકનાર; ભેદ્ય; ભેદી શકાય તેવું. **vulnerary.** ઘા, ક્ષત, ક્ષતને રૂઝાવનાર ઔષધિ.

**vulva.** ભગ, માદા પ્રાણીના જનનાંગનું બાહ્ય દ્વાર; યોનિદ્વાર; જંતુ અથવા અપૃષ્ઠવંશી પ્રાણીનું અંડાશયનું બાહ્ય દ્વાર.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# W

**wabble. wobble.** ધ્રુજવું, કંપવું. (૨) વારંવાર નિર્ણય બદલવો.

**waddle.** બતક અથવા હંસની જેમ, ટૂંકા, જાડા પગવાળા પક્ષીની માફક, ડોલતા ડોલતા ચાલવું.

**wag.** હલાવવું. (૨) દોલાયમાન કરવું-થવું.

**Wagatea** *spicatca* **Dalz**. વાકરી નામની વનસ્પતિ.

**wage.** વેતન; દિવસ, અઠવાડિયું કે મહિના દીઠ આપવામાં આવતી રકમ. **w. earner.** કામદાર, વેતન મેળવનાર. **w. scale.** વેતન ધોરણ. **w.system.** વેતન પ્રથા.

**Wahlenbergia** *marginata* (**Thunb.**) **A.DC.** [Syn. *W. gracilis* (**Forst**). **DC.**]. ફેરડી નામની વનસ્પતિ.

**waif.** નધણિયાતું પશુ, ગુમ થયેલું ઢોર.

**waingan.** ચોખા, ઉનાળામાં મહારાષ્ટ્રમાં થતી ડાંગર.

**walking.** પરિભ્રમણ. (૨) ઓજાર, ઉપકરણ કે હથિયારનો ઉપયોગ કરતી વખતે તેની પછવાડે પછવાડે અથવા સાથે સાથે ચાલવું. **w.-type tractors.** ખેડ કરવા, રોપણી કરવા, પરિવહન કરવા, ઘાસપાત કે નીંદણને દૂર કરવા, અને સ્થિર ખેડકામ કરવા વાપરવામાં આવતા શક્તિથી ચાલતા ત્રણ પ્રકારનાં હળ, પરિભ્રામી, કેન્દ્ર અને સ્ક્રૂ પ્રકારો, જેને $2\frac{1}{2}$ થી 3 અશ્વશક્તિ હવાશીતક સિલિન્ડર, ચાર સાયકલ ગેસોલીન અથવા કેરોસીન એન્જિનો હોય છે.

**wall.** ભીંત, દીવાલ. **w., cell** કોષ દીવાલ. **w., creaper** દીવાલ પર ચડનાર, ભિત્તિવિસર્પી. **w. plant.** દીવાલ ઝાડ-વનસ્પતિ.

**Wallago** *attu*. મીઠા પાણીમાં થતી સાફ માછલી.

**Wallophaga.** કરડતી જૂની શ્રેણીના જંતુ.

**wallow.** આળોટવું, કાદવ, રેતી કે પાણીમાં ગબડવું.

**walnut.** અખરોટ; *Juglans regia* **L.** નામનું મૂળ ઈરાનનું પણ અહીં કાશ્મીર, હિમાચલ પ્રદેશ, ખાસી ટેકરીઓ અને પંજાબના ડુંગરાળ પ્રદેશોમાં થતું મોટું વૃક્ષ, જેનાં બી ખાય છે અને છાલ રંગ કામ અને દંત મંજન તરીકે ઉપયોગી બને છે, કાષ્ઠ સંગીતનાં વાદ્યો અને પેટી-કબાટ ઇ. બનાવવાના કામમાં આવે છે. અખરોટનું વૃક્ષ દરિયાની સપાટીથી 4 થી 5 હજાર ફૂટની ઉંચાઈવાળી જમીનમાં થાય છે. કલિકારોપણ કે કલમ કરીને આ વૃક્ષને ઉગાડવામાં આવે છે. વૃક્ષ દીઠ 300-400 અખરોટ ઉતરે છે.

**walsuri.** વાલસુરી.

**wampee.** અગ્નિજળ, *Clausena excavata* **Burm f.** (Syn. *Cookia punctata* **Retz.**). નામનું દ્રાક્ષ જેવાં ખાઈ શકાય તેવાં ફળવાળું ઓરિસા અને બિહારમાં થતું ઝાડ.

**warble-fly.** પ્રાણીના શરીરને લાગતું એક પ્રકારનું જંતુ, જેના કારણે પ્રાણીના શરીરની ચામડીને હાનિ પહોંચે છે.

**warehouse.** વખાર; અનાજ, ફળ જેવી કૃષિ પેદાશોને સંઘરવાનું સુરક્ષિત સ્થાન.

**warfarin.** ઉંદર વર્ગનાં ઉપદ્રવી પ્રાણીઓને મારવા માટે 3 આલ્ફા-ફીનાઈલ બીટા-એસેટિલ ઈથીલ 4 હાઈડ્રોક્સી ક્યુમેરિન નામનું સક્રિય દ્રવ્ય, ઉંદર પર



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેનો ધીમે પ્રભાવ પડે છે.

**warm-blooded.** ઉષ્ણરક્તી–ગરમ લોહીવાળાં (પ્રાણી); પર્યાવરણના ઉષ્ણતામાન કરતાં ઊંચું સ્થાયી ઉષ્ણતામાન ધરાવનાર (પ્રાણી). **w. b. animal.** ગરમ લોહી ધરાવતું પ્રાણી; પર્યાવરણના ઉષ્ણતામાન કરતાં વધારે 36°–43° સે. ઉષ્ણતામાન ધરાવતું પ્રાણી. **w. deciduous forests.** ઉષ્ણ કટિબંધનાં પાનખર જંગલો. **w. soil.** સોષ્ણ જમીન. **w. temperature rain forests.** સમશીતોષ્ણ કટિબંધનાં વર્ષા જંગલો. **w. test.** અંકુરણ કસોટી, જેમાં ત્રડપી અંકુર ફૂટી શકે તેવા ઉષ્ણતામાન ધરાવતા માધ્યમમાં બીને મૂકવામાં આવે છે. **w. up.** સંતોષકારક ઉષ્ણતા મેળવી ટ્રૅક્ટરને કામમાં લઈ શકાય તે માટે ટૂંકા સમય સુધી તેને ગરમ થવા દેવું.

**warp.** તાણો.

**warren.** સસલાંને રાખવા તથા તેને ઉછેરવા માટેનો વાડો, સ્થાન કે જગ્યા.

**wart.** મસો; કોઈ પ્રાણીના શરીર પર સ્થાનિક રીતે થતો નાનો અર્બુદ; આવા પ્રકારનો અર્બુદ સામાન્ય રીતે વાછરડાને, માદા પ્રાણીના આંચળ પર, ગળા અને ખભા પર થાય છે પરંતુ તે વેદનાકારી બનતો નથી. (૨) વનસ્પતિ પર સ્થાનિક રીતે પ્રાણીને થતા અર્બુદ જેવો કોષના એકત્રીકરણથી આવા પ્રકારનો રોગ થાય છે.

**washer.** વોશર, વાઈસર. (૨) ચામડા અથવા રબરની ચકતી. **washing.** ક્ષાલન, પ્રક્ષાલન, ધોવું. **w. soda.** ધોવા માટેનો સોડા, સોડિયમ કાર્બોનેટ, જેને ગરમ પાણીમાં પિગાળી ઉપયોગમાં લેવામાં આવતા તેલના ડાઘ, મેલ ઇ.ને દૂર કરી શકાય છે. વાસણો અને ઘરની ફરસને ધોવામાં ઉપયોગી છે પરંતુ જંતુને મારવાની તે ક્ષમતા ધરાવતો નથી.

**Washington.** વૉશિંગ્ટન. **W. Navel.** કેલિફોર્નિયા સંતરાંના જેવાં સુવાસિત રસવાળાં સંતરાનો એક પ્રકાર, જેની વાવણી ભારતમાં સફળ બનવા પામી નથી. **W. Payaya.** પપૈયું, મોટા ભાગે પ. ભારતમાં થતું લોકપ્રિય પપૈયું, જેનું ફળ મધ્યમ પ્રકારનું, ગોળ અથવા લંબગોળ હોય છે અને જે મીઠો સ્વાદ ધરાવે છે.

**wasby.** ખૂબ જ પાણીવાળું, પાતળું અને ફીકું.

**wasp.** ઝેરી ડંખવાળો ભમરો.

**wastage.** બગાડ. **waste.** કુદરતી અથવા અન્ય કારણોસર થયેલી વેરાન અણખેડ (જમીન)- (૨) બિનઉપયોગી અવશિષ્ટ (વસ્તુઓ), કચરો, નકામાં(દ્રવ્યો), ઠીકરાં ઇ. (૩) કોઈ પણ પેદાશનો બિનઉપયોગી (ભાગ). **w. bank.** પાણીના નિકાલ માટે ખોદેલી નાળી–નીકની સમાંતર કિનારી–ધાર. **w. disposal.** નકામી વસ્તુઓનો નિકાલ. **w. gate.** જળાશય કે બંધના વધારાના પાણીનો નિકાલ કરવા માટેનો દરવાજો, **w. land** ખરાબો, ખેડવા માટે ઉપયોગમાં લઈ ન શકાય અથવા જેના પર પ્રક્રિયા કરવાથી ઉપયોગી દ્રવ્ય અથવા સેવા મળી શકે તેમ ન હોય તેવા પ્રકારની જમીન. (૨) પડતર જમીન. **w. weir.** બિનઉપયોગી પાણીનો નિકાલ કરવા માટેનો આડબંધ. **wasty wool.** ટૂંકા, નબળાં અને ગૂંચવાયેલા તંતુવાળું ઊન.

**water.** $H_2O$; હાઈડ્રોજન ઑક્સાઈડ પાણી, જળ. (૨) ખૂબ જ ઉપયોગી કુદરતી સાધન અને પાકને મર્યાદિત બનાવતું મોટામાં મોટું કારક. (૩) સિંચાઈ આપવી, પાણી પાવું, પિયત કરવી. **w. absorption.** જળ અવશોષણ. **w. application efficiency.** પાકના મૂળતંત્રવાળી જમીનમાં ભેજ વધારવા જરૂરી બનતા પાણીનું પ્રમાણ. **w. a. rate.** સિંચાઈ આપતી વખતે કલાક દીઠ ઈંચ પ્રમાણે આપવામાં આવતો પાણીનો દર. **w. bath.** જળ ઉષ્મક. **w. blister.** ચામડી પર ઊઠતો પાણીવાળો ફોલ્લો.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**w. boatman.** એક પ્રકારનું જળ-વાસી જંતુ. **w. borne.** જળ-વાહિત. **w. bound.** જળ-આબદ્ધ. **w. buffaloe.** ભેંસ-પાડો. **w. can.** પાણી ભરેલો ડબ્બો. **w. chestnut.** શીંગોડાં; *Trapa bispinosa* **Roxb.** નામની જલીય વનસ્પતિ; કાચાં શીંગોડાં નરમ, અને મીઠાં હોય છે; તે કાચાં, ઉકાળીને કે સેકીને ખાઈ શકાય છે. વાનસ્પતિક પ્રજનનથી તે ઊગે છે, ઝડપથી વધે છે અને પાણીની સમસ્ત સપાટી પર છવાઈ જાય છે. સુકાયેલાં શીંગોડાંમાંથી કાંજી મળે છે, તેનો લોટ હિંદુઓના પર્વના દિવસે ઉપવાસમાં ખાવામાં લેવામાં આવે છે. (૨) કાશ્મીરમાં થતાં એક પ્રકારનાં શીંગોડાં ખાઈ શકાય છે. **w. coconut.** ગોળ-ફળ; *Nipa fruticans* **Thunb.** નામનું સુંદરવન અને આંદામાનમાં થતી ભૂસ્તરી નાળિયેરી જેવું વૃક્ષ, જેના પાન છાપરાં છાવવા, હેટ અને ટોપલા-ટોપલીઓ, સાદડીઓ અને સિગરેટનાં આવરણ બનાવવા માટે ઉપયોગી છે. તેની પુષ્પ મંજરીમાંથી શર્કરા દ્રવ્ય મળે છે. **w. conservation.** જળ-સંરક્ષણ. (૨) ઉપયોગમાં લાવી શકાય તે રીતે પાણીની કરવામાં આવતી બચત, તેનું સંરક્ષણ અને પુનઃપ્રાપ્તિ. **w. content.** જમીનમાં રહેલું-ભૂગર્ભ પાણી, ઉપલબ્ધ અથવા મળી શકતા પાણીનો જથ્થો, પ્રમાણ. (૨) કોઈ પણ દ્રવ્યના શુષ્ક વજનના ગુણોત્તરમાં તેમાં રહેલા પાણીનો જથ્થો. **w. couch.** કોદરી, મોટી કોદરી, જંગલી કોદરી. **w. course.** જળ-નલિકા, પાણીની નીક, પાણીનાં ધોરિયાં. **w. cress** બ્રાહ્મી સાગ, પાણી સાગ, ભાજી; *Nasturtium fantanum* **Aschers;** *Rorippa nasturtium-aquaticum* **(L.) Hayek,** *Nasturtium officinale* **R. Br.**]. નામની સ્વચ્છ, ઠંડા, છિછરા પાણીમાં થતી શાકીય વનસ્પતિ, જેનાં લીલાં પાનની ભાજી બનાવીને ખાવામાં આવે છે. **w. culture.** જળ સંવર્ધન. (૨) માટીના માધ્યમ વિના પાણીમાં વનસ્પતિ કે છોડ ઉગાડવો. (૩) વિશાળ અર્થમાં બાલુ (રેતી) સંવર્ધન પણ થાય છે. જુઓ *Hydroponics.* **w. cushion.** બંધારે અથવા પાણીના બાંધકામમાંથી છલકાઈ જતા પાણીના સીધા મારાનું જોર નરમ કરવા જાળવવામાં આવતો જળ સંચય. **w. dispersible powder.** અક્રિય દ્રવ્યવાળું જંતુઘ્ન સંયોજન, જેનો એક ઘટક પાણીમાં નિલંબિત હોય છે અને જેનો છંટકાવ કરવામાં આવતો હોય છે. આ સંયોજનમાં સક્રિય ઘટકનું મોટું પ્રમાણ હોય છે. **w. dropwort.** *Oenanthe javanica* **(Bl.) DC.** [Syn. *O. stolonifera* **DC.**]. કાશ્મીર પંજાબ અને આસામમાં થતી દીર્ઘાયુ શાકીય વનસ્પતિ, જેનાં કુમળા અંકુર મસાલા તરીકે કામમાં આવે છે. **w. economy.** જળ વ્યવસ્થા. **w. equilibrium.** જળ સમતુલા. **w. equivalent.** જળ તુલ્યાંક. **w. erosion.** પાણીના કારણે જમીનને લાગતો ઘસારો. **w. fountain.** પાણીનો ફુવારો. (૨) મરઘાં-બતકાં કે તેવાં નાનાં પક્ષી અથવા પ્રાણીને પાણી પીવા માટે કરવામાં આવતી વ્યવસ્થા, જેનાં રકાબી જેવા પાત્રમાં એક સરખી સપાટી જળવાઈ રહે તે પ્રમાણે તેમાં સતત ચાલુ રહેતી પાણીની આવક. **w. furrow.** જળ ચાસ; ઊંચા ક્યારાની વચમાં સિંચાઈ માટે અથવા જળ નિકાલ માટે કરવામાં આવતી નીક કે નાળી. **w. gate.** જળ દ્વાર, વધારાના કે નકામા, છલકાતા પાણીનો નિકાલ કરવા માટેનો દરવાજો. **w. gauge.** પાણીનું સ્તર, પાણીની સપાટી માપવાનું સાધન; કોઈ પણ જળાશયમાં રહેતા પાણીની સપાટી માપવા માટે ઊભું કરવામાં આવતું અંશ દર્શાવતું અંકાંકિત સાધન. (૨) સંવૃત જળતંત્રમાં પાણીનું દબાણ માપવાનું સાધન. (૩) ખુલ્લી નાળીમાં પાણીનું સ્તર માપવાનું કોઈ પણ સાધન. **w. grass.** સામો તૃણ. **w. gully.** જળ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નાલિકા. w. **hardness.** પાણીની કઠીનતા. w. **head.** નદી કે ઝરણાનું મૂળ. w. **holding capacity.** જળ ધારણ ક્ષમતા. w. **hyacinth.** જળકુંભી, *Echhornia crassipes* **Solms.** નામની દીર્ઘાયુ, તરતી મૂળધારી, મીઠાભાગે તળાવો, ખાબોચિયા, નહેરો અને ધીમી વહેતી નદીઓમાં, ભારતભરમાં જોવામાં આવતી જળીય વનસ્પતિ, જે પ. બંગાળ અને અન્ય વિસ્તારોમાં ડાંગરના પાકને માટે ભયજનક બને છે, જે નહેરો અને અન્ય પ્રકારના વહેતાં જળ સાધનોમાં અવરોધ ઊભો કરી, સિંચાઈ અને જળ અપવાહમાં રુકાવટ ઊભી કરે છે. પાંદડાંના વિવરો કે અન્ય ખાડામાં આથી પાણી એકઠું થવાથી મચ્છરોનો ઉપદ્રવ પેદા થાય છે. આ વનસ્પતિ બી અને વાનસ્પતિક રીતે ઝડપથી પ્રજનન પામી વિસ્તાર પામે છે, તેને ઢોરના ચારા અને ખાતર તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે. w. **injury.** જમીન પર અથવા જમીનની અંદરના જરૂર કરતાં વધારે પ્રમાણમાં રહેતાં પાણીના કારણે વનસ્પતિને પહોંચતી હાનિ. w. **intake.** જળ અંતર્ગ્રહણ. (૨) જમીનમાં થતા પાણીના અવશોષણનો દર. અન્ય બાબતો સરખી હોય તો પાણીને પચાવવાની–પાણીનું અવશોષણ કરવાની જમીનની ક્ષમતા તેના પોતાના પર આધાર રાખે છે. માટી વાળી જમીન ધીમે ધીમે પાણીને શોષે છે; જ્યારે રેતાળ જમીનમાં પાણી પચવાનો દર ઊંચો રહે છે. (૩) તળાવ અથવા જળાશયમાં જ્યાંથી પાણી પ્રવેશતું હોય તે સ્થાન. (૪) પાણીનો અંતઃક્ષેપ. w. **jacket.** જળખાની. w. **lemon.** *Passiflora laurifolia* **L.** નામનો મૂળ અમેરિકાનો ખાદ્ય ફળનો આરોહી વેલો. w. **level.** જળ સ્તર, પાણીની સપાટી. (૨) ઝરણાં કે જળાશયના પાણીની સપાટી, જે પરથી પાણીનું ઊંડાણ માપી શકાય છે. (૩) કાચની અંશાંકિત નળી, જેમાંનું પાણી જળાશયના પાણીની સપાટી જેટલું દેખાય અને નળી પરના માપકથી આંકથી પાણીનું ઊંડાણ જાણી શકાય છે. w. **lettuce.** જળકુંભી, *Pistia corniculata.* નામની છિછરા પાણીમાં થતી તરતી પ્રકાંડ વિનાની વનસ્પતિ, જે મોટા ભાગે વાનસ્પતિક રીતે પ્રજનન પામી ખૂબ જ ઝડપથી વધે છે. આ વનસ્પતિ ડાંગરની ક્યારીઓ, તળાવો અને ધીમે વહેતી નદીઓમાં ઊગતી જોવામાં આવે છે. **w.-logged.** વનસ્પતિની વૃદ્ધિને હાનિ પહોંચે તેટલી સપાટી પર રહેતાં પાણીના જથ્થાવાળી (જમીન). (૨) અતિશય સિંચાઈ આપવાથી, અતિશય પાણી આવી જવાથી, કે પાણીના અપવાહની વ્યવસ્થાના અભાવના કારણે આ પ્રમાણે બનવા પામે છે. **w. l-soil.** જળરુદ્ધ જમીન; પાણીનો અતિશય ભરાવો થઈ જવા પામ્યો હોય તેવી જમીન. **w. -logging.** જળરુદ્ધતા; કામ ચલાઉ અથવા કાયમી રીતે પાણીની અતિ સંતૃપ્તતાના કારણે થતી જમીનની અવસ્થા. w. **melon.** તડબૂચ; *Citrullus vulgaris* **Schrad ex. Eckl. and Zeyh.** નામનું, મૂળ આફ્રિકાનું પણ અહીં ભારતમાં થતું મહત્વનું, રસાળ અને મિષ્ટ ગરવાળું ફળ, જેને ઊંચું ઉષ્ણતામાન અને લાંબી મોસમ અનુકૂળ છે. w. **nut.** ચેસ્ટનટ, ચળકતું બદામી ફળ. w. **pan.** મરઘાં–બતકાંને પાણી પાવા માટેનું છિછરું પાત્ર. w. **plant.** જળજ–જળીય વનસ્પતિ. w. **pollination.** જળ પરાગનયન. w. **proof.** જલસહ. w. **quality.** સિંચાઈ માટે ઉપયોગમાં લેવામાં આવતા પાણીના ગુણધર્મો, જેનો આધાર પાણીમાં રહેલાં પંક, કાર્બનિક કચરો, ક્ષારીય તત્ત્વ ઇ. પર છે. પાણીમાંનાં આ તત્ત્વોના પ્રકાર અને ગુણ જમીન અને તેથી થતા પાક પર અસર કરે છે. નદી અને તળાવનાં પાણીમાં દ્રાવણ અને નિલંબનનાં સ્વરૂપમાં આવાં દ્રવ્યો હોય છે. દ્રાવણ રૂપે જે દ્રવ્ય હોય છે તેમાં મોટા ભાગે સલ્ફેટ, ક્લોરાઈડ, કાર્બોનેટ,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બાયકાર્બોનેટ અને કેટલીક વાર કેલ્શિયમ નાઈટ્રેટનાં ક્ષારો અને પોટેશિયમ હોય છે. કેટલાંક પાણીમાં ગંધક અને લોહ પણ હોય છે. ઉપરાંત તેમાં બોરોન, ફ્લોરાઈડ, સેલેનિયમ જેવાં વિરલ તત્ત્વો પણ અલ્પ પ્રમાણમાં હોય છે. પાણીમાં લવણ હોય તે રીતે જ નહિ પણ તેમાં રહેલા તેના જથ્થા અનુસાર પણ પાણીના પ્રકાર ભિન્ન ભિન્ન હોય છે. કાંપવાળું પાણી ફળદ્રુપતાની દૃષ્ટિએ વધારે સારું હોય છે. **w. rate.** ખેતી માટે આપવામાં આવતા પાણીનો–સિંચાઈ દર. **w. requirement.** જળ–આવશ્યકતા; જમીનની જાત અનુસાર, ચોક્કસ સમયમાં પાકને ઉગાડવા માટે જરૂરી બનતી પાણીના માત્રા, જેમાં સપાટી પરથી થતાં બાષ્પીભવન અને પાણીના અનિવાર્ય બગાડ જેવી બાબતોનો સમાવેશ થાય છે. (૨) વનસ્પતિદ્વારા બાષ્પોત્સર્જન થતાં પાણીના પ્રવાહ અને તેનાથી પેદા થતા શુષ્ક દ્રવ્ય વચ્ચેનો ગુણોત્તર. **w. reservoir.** જળાગાર, જળસંગ્રહ, જળકુંડ. **w. resistance.** જળાવરોધ. **w. resources.** ચોક્કસ વિસ્તારમાં ઉપલબ્ધ બનતું સપાટી પરનું સઘળું તથા ભૂગર્ભ જળ. **w. retaining capacity.** જળધારણ ક્ષમતા. **w. retention.** જમીનની પાણીને શોષવાની–પચાવવાની ક્ષમતા, **w. rights.** જળાધિકાર, પાણીનો ઉપયોગ કરવા અંગેનો અધિકાર. **w. root** જળીયમૂળ. **w. run-off.** જમીન પરથી વરસાદના પાણીનું વહી જવું. **w. shed.** નદી અથવા તળાવને પાણી પૂરું પાડનાર વિસ્તારમાંથી પાણીનું પૂરેપૂરું વહી જવું. (૨) સ્રાવ વિસ્તાર. (૩) જળ પરિવહન બેઝિન. (૪) જળ વિભાજક. **w. s. management.** સ્રાવ વિસ્તારની, પાણી માટે કરવામાં આવતી પૂરેપૂરી વ્યવસ્થા, જેમાં ધસારો, પૂર જેવી ઘટનાઓના નિયંત્રણનો પણ સમાવેશ થાય છે. **w. shoots.** ફળ ઝાડના મુખ્ય શાખાના ઉપરના વિસ્તારમાંથી મૂળ શાખાના ભોગે ફૂટતા મજબૂત ફણગા, જેને વેળાસર દૂર કરવામાં આવે નહિ તો, તે ફેલાઈ જાય છે અને પ્રકાશનાં માર્ગમાં અવરોધ ઊભો કરે છે. આવા પ્રકારની ઘટના બધાં જ પ્રકારનાં ખટ-મધુરાં ફળોના ઝાડના સંબંધમાં બનવા પામે છે, જે માટે આવશ્યક કાળજી લેવી જરૂરી બને છે. **w. slaked lime** $C_a(OH)_2$; કેલ્શિયમ હાઈડ્રોક્સાઈડ, જે જમીનનું pH મૂલ્ય જાળવવામાં જરૂરી બને છે. **w.-soaked.** વનસ્પતિ પરના વ્રણ, જેમાં પાણી ભરાયેલું જોવામાં આવે છે. **w. soluble.** જળદ્રાવ્ય, પાણીમાં ઓગળવા–પીગળવાનો ગુણ ધરાવવું. **w. solution.** જળદ્રાવણ. **w. softening,** જળ મૃદુકરણ. **w. sprouts.** જુઓ *watershoots.* **w. stoma.** જળરંધ્ર. **w. storing tissue.** જળ સંગ્રાહક પેશી. **w. stress.** વનસ્પતિની તાજગીનો હ્રાસ. **w. sucker.** માતૃ વનસ્પતિની બાજુમાં ઊગતો બાળ છોડ. જે માતૃ–વનસ્પતિ માટેનું પાણી શોષી લે છે, ચૂસી લે છે. **w. suffocation.** અત્યંત પાણી પાવાથી વનસ્પતિનું મરણ થઈ જાય તેવી ઘટના. (૨) અંત્યત પાણીનો ભરાવો થતાં વનસ્પતિને જીવંત રહેવામાં પડતી બાધા, તેના શ્વસન તંત્રમાં ઊભો થતો અવરોધ. **w. suspension spray.** છંટકાવ માટે પાણીમાં ઉપયોગમાં લેવામાં આવતા જંતુઘ્ન દ્રવ્યો, જેમાં જળ–દ્રાવ્ય અને જળ–વિસરિત દ્રવ્યોનો સમાવેશ થાય છે. આ દ્રવ્યોમાં 50 ટકા જંતુઘ્ન અને એટલા જ પ્રમાણમાં અક્રિય દ્રવ્યો હોય છે. દ્રાવ્ય ભૂકાને ગમે તે સંકેન્દ્રણમાં ઓગાળવામાં આવે છે, જ્યારે જળ–વિસ્તરિત ભૂકાને કેટલાંક પ્રમાણમાં ઓગાળવામાં આવે છે. **w. table.** અંતર્ભૂમિ જળ-સ્તર; નીચાણની ભૂમિમાં એકઠાં થતાં પાણીનો થર, અથવા રેતી, કંકરમાં જમા થતા પાણીનો થર, જે ઝામીને ઝરણા અથવા કુવામાં જાય છે. **w.-tolerant.** ઠીક પ્રમાણમાં ભેજને સંઘરતી જમીનમાં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઊગતી (વનસ્પતિ). **w. utilization.** વનસ્પતિ દ્વારા પાણીનો થતો ઉપયોગ. **w. way.** જળમાર્ગ; પાણીના વહેણ માટેનો કુદરતી અથવા માનવ નિર્મિત માર્ગ. **w. value.** જળમૂલ્ય. **w. yield.** પરિવહન એન્જિનમાંના પાણીનું વિપુલ વહી જવું. **waterer.** પ્રાણીઓ અથવા વનસ્પતિઓને પાણી પૂરું પાડવાનું ગમે તે સાધન. **watering.** પ્રાણીઓ અને વનસ્પતિના ઉપયોગ અથવા ઉપભોગ માટે તેમને પાણી પૂરું પાડવાની યુક્તિ, પાણી પાવું. **watery.** પુષ્કળ પાણીવાળું, અતિશય પાણી ધરાવતું. (૨) અતિ દ્રવ, જળ સંતૃપ્ત. (૩) આંખમાંથી પાણીનું વહેવું. **w. egg.** જરૂર કરતાં ઓછી શ્યાનતા ધરાવતા એલ્બ્યુમેનવાળું ઈંડું, પ્રવાહી ઈંડું. **w. rose-apple.** લાલ જમરુખ તરીકે ઓળખાતું એક પ્રકારનું ફળ. *Syzygium acqeum.* **Burm. f,** *Alston.* [Syn. *Eugenia aquea* **Burm. f.** *E. javanica* **Lamk.**]. નામનું ખાસી ટેકરીઓ તથા સિક્કિમમાં થતું ખાદ્ય ફળનું એક ઝાડ. **w. white.** જરૂર કરતાં ઓછી શ્યાનતા ધરાવતાં એલ્બ્યુમેનવાળું ઈંડું.

**watt.** વૉટ, વિદ્યુતશક્તિનો એકમ, અર્થાત્, એક સેકંડે એક જુલ, (એક જુલ=107 અર્ગ=0.2390 કેલરી).

**wattle.** તોરો, કલગી, ગલગર્ભ. (૨) કેટલાંક પક્ષીઓના માથા પરનો અથવા ગળાની નીચેનો માંસલ ભાગ. (૩) કેટલીક માછલીની જીભ પર લટકતો માંસલ ભાગ. (૪) પરસ્પર ગૂંથાઈ ગયેલાં ડાળખાં.

**wave.** તરંગ. **w. length.** તરંગ લંબાઈ. **wavy.** તરંગિત, લહેરદાર. **w. cambian.** લહેરદાર એધા વલય.

**wax.** મીણ, મેદ કરતાં વધારે સખત પણ ઓછા તૈલી મેદીય અમ્લ અને ઉચ્ચ મધાર્કનાં બનાવેલાં સંયોજનો, જે જંતુઓના નિક્ષેપ કે વનસ્પતિ દ્વારા બને છે. (૨) રાખની પેદાશ રોઝિન અને મધપૂડાના મીણમાંથી બનાવવામાં આવતું સંયોજન, જેનો ઉપયોગ ફળ ઝાડની કલમ માટે કરવામાં આવે છે. ધીમે ધીમે ઓગાળીને તેમાં ચોથા ભાગનું અળશીનું તેલ ભેળવીને બનાવવામાં આવતું લાખ મીણ. **w. bee.** મધપૂડાનું મધ, મધમાખીઓએ બનાવેલું મીણ. **w. bean.** એક પ્રકારના વાલ. **w. cloth.** મીણિયું કાપડ, કલિકા-કલમ કરી હોય ત્યારે કલિકા સુકાઈ ન જાય તે માટે તેને તૈયાર કરવામાં આવતું મીણ પાયેલું મલમલનું કાપડ. **w. gland.** મીણ સ્રવતી મધમાખની ગ્રંથિ. **w. gourd.** એક પ્રકારના આરોહી વેલાનું કઠિન ફળ, જે શાકભાજી તરીકે ખાવામાં આવે છે. **w. moth.** મીણનાશક કૂદું. **w. packet.** મીણ સંપુટ, મીણધાની. **waxy.** મીણ જેવું, મીણ જેવી અવસ્થા ધરાવતું. **w. coating.** મીણ આવરણ. **w. maize.** મીણ જેવા દેખાવવાળી એક પ્રકારની *Zea mays ceratina.* નામની મકાઈ, જેની કાંજી સાબુ ચોખા જેવી ચીકણી હોય છે. મકાઈનો આવો પ્રકાર ભારતમાં થતો નથી.

**weak.** અશક્ત, નબળું, મંદ. **w. acid.** મંદ ઍસિડ, મંદ દ્રાવક આંક ધરાવનાર ઍસિડ. **w. base.** નિમ્ન આયનીકરણ સ્થિરાંક ધરાવનાર બેઈઝ. **w. crotch.** એક જ બિંદુમાંથી નીકળતી શાખાઓને કુદરતી રીતે વધવા દેવામાં આવે ત્યારે, ફળ ઝાડમાં થતો સાંધો, જે ભારે પવનનો મારો હોય ત્યારે લાંબા ગાળે તૂટી જાય છે. **w. stem.** અશક્ત–નબળું પ્રકાંડ.

**weaning.** બચ્ચાને માતાનું દૂધ લેવું., કે ધાવતું અટકાવવું, ધાવવા ન દેવું. **weanling.** ધાવણ છોડાવી લીધું તેવું બચ્ચું.

**weather.** હવામાન, મોસમ. (૨) ચોક્કસ સમય માટે ઉષ્ણતા, શરદી, નિરભ્રતા, વાદળનો ઘટાટોપ, ભેજ, શુષ્કતા, પવન, ઊંચું કે નીચું પવનનું દબાણ, સ્થાનિક વાતાવરણ વિષે કરવામાં આવતું નિવેદન.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૩) વાતાવરણીય સંજોગો, વરસાદ, ઝાકળ. (૪) ઑક્સિજન અને અન્ય વાયુઓ ધરાવતા વાતાવરણનો પ્રભાવ. **w. bureau.** હવામાન વિભાગની કચેરી. **w. chart.** હવામાન આલેખ; વિશાળ વિસ્તારની ઉપરોક્ત હવામાનની સ્થિતિ દર્શાવતો આલેખ. **w. cock.** વાતા પવનની દિશા દર્શાવનાર, મોટી ઈમારતની ઉપર મૂકવામાં આવતું, મરઘાના આકારનું સાધન. **w. forecast.** હવામાન અગ્રસૂચન, આગાહી. હવામાન વિભાગની કચેરી પર લગાવવામાં આવતી અથવા વર્તમાન પત્રોમાં પ્રગટ કરવામાં આવતી હવામાન અંગેની આગાહી. **w. glass.** હવાનું દબાણ માપવાનું સાધન–બેરોમીટર. **w. man.** હવામાનની આગાહી કરનાર મોસમ વિજ્ઞાની. **w. service.** હવામાન અંગેનું નિરીક્ષણ કરનારું તંત્ર. **w. vane.** જુઓ *weather cock*. **weathering.** અપક્ષય, ખવાણ. (૨) ભૌતિક અને રાસાયણિક પ્રક્રિયાથી મૂળ શૈલનો થતો અપક્ષય. **w. by heat.** ઉષ્મા નિર્મિત અપક્ષય; સમશીતોષ્ણ અને શીતકટિબંધોમાંના ખડકોમાં રહેલા ખનિજોનાં સંકોચન અને વિસ્તરણની વિષમતાના પરિણામે થતા આંતરિક તનાવથી થતો શૈલભંગ, મોટા ભાગે ઉચ્ચ સરેરાશ ઉષ્ણતામાન અને ભેજવાળી અવસ્થામાં આ બનવા પામે છે. **w. by water.** જળ નિર્મિત અપક્ષય, પાણીના ભારે વહેણ, પૂર, હિમ, તુષાર ઇ.ના કારણે તથા એક સરખા અને સતત વહેતા પાણીથી થતો અપક્ષય. **w. complex.** અપક્ષય સંકુલ. (૨) દ્વિતીયક પ્રકારનો જમીનનો વિભાગ, જેમાં રાસાયણિક અપક્ષયની દ્રવીભૂત બનેલી અવશિષ્ટ અથવા પરિવર્તક પેદાશો અને તત્સ્થાનીય દ્રવ્યો હોય છે.

**weave.** વણવું, તંતુના તાણાવાણાને યોગ્ય રીતે સાંકળી કાપડ બનાવવું.

**web.** જાળ વણેલું કપડું. (૨) એક ટુકડામાં વણાયેલો જથ્થો. (૩) ખાસ કરીને પાણીમાં વસતાં પ્રાણીઓ અથવા ચામાચીડિયાનાં આંગળાને જોડતી ત્વચા. (૪) સંયોજક પેશી. (૫) કરવતનું પાનું. (૬) પીછાનો સપાટ ભાગ. (૭) ઘેટાનાં પેટ અને આંતરડાની આસપાસનું માંસલ દ્રવ્ય. **w. of feather.** પીછાનો સપાટ ભાગ.

**Wedelia** *biflora* **DC.** સોનકી નામની વનસ્પતિ.

**wedge.** ફાચર. (૨) ફાચર મારવી.

**weed.** ઘાસપાત, અપતૃણ, નીંદણ. (૨) મુખ્ય પાકની સાથે અને એકંદરે તેને હાનિ પહોંચાડે તેવી રીતે ઊગતી નકામી વનસ્પતિ, જે મુખ્ય પાકને પ્રકાશ, જમીનમાંનાં ખનિજ તત્ત્વો, ભેજ, ખાતર અને પોષણ મેળવવામાં અંતરાય રૂપ બને છે અને ખેતીવાડી અંગેના ખર્ચમાં વધારો કરે છે, પાકની ગુણવત્તા નબળી પાડે છે અને વનસ્પતિના રોગના પ્રસાર માટે કારણભૂત બને છે. **w. control.** ઘાસપાત નિયંત્રણ. કૃષિ સંવર્ધનની રીત, નીંદણનાશક યુક્તિ ઇ. દ્વારા નીંદણની વૃદ્ધિ રોકવાની અને તેનો નાશ કરવાની પ્રક્રિયા. **w.-dwelling fauna.** પાણીમાં નીંદણની સાથોસાથ જોવામાં આવતા કૃમિ, ડિંભ, ગોકળગાય, જેવાં રોટિફર, પટ્ટીકૃમિ જેવાં જંતુઓ, જે સર્વાહારી માછલીઓના ખોરાકની ગરજ સારે છે. **w. killer.** ઘાસપાત કે નીંદણનો નાશ કરનાર. **w. seed screen.** ઘાસપાત બીજ ચાળનાર સાધન. **w. spray.** નીંદણ છંટકાવ, વનસ્પતિ છંટકાવ; નીંદણ કે ઘાસપાતનો નાશ અને વિકાસમાં બાધારૂપ નીવડે છે. **w. tree.** આવશ્યક ન હોય ત્યાં ઊગતું નકામું ઝાડ, જે ઉપયોગી ઝાડનાં વૃદ્ધિ અને વિકાસમાં બાધારૂપ નીવડે છે. **weeder.** ઘાસપાસને દૂર કરવા ઉપયોગમાં લેવામાં આવતું યાંત્રિક અથવા અન્ય પ્રકારનું ઉપકરણ, સાધન, ઓજાર, ખુરપી ઇ. **weedicides.** ઘાસપાતને નિયંત્રણમાં લાવવા માટે ઉપયોગમાં આવતાં સંશ્લેષિત રસાયણો. **weediness.** ઘાસપાત, નીંદામણ, બિનજરૂરી ઘાસપાત,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અપતૃણ. (૨) ઘાસપાત ઇ.ને દૂર કરવાની પ્રક્રિયા. **weedy.** પુષ્કળ પ્રમાણમાં ઘાસપાત ધરાવતું (ખાસ કરીને ફૂલ ઝાડવાળું ખેતર).

**weep.** વનસ્પતિની સપાટી પર કરાયેલો અથવા થયેલો કાપ કે છેદ પરથી રસ કે ભેજનું પડતું સ્રવણ. (૨) આંસુ સારવાં. (૩) પાણી કે રસનાં ટીપાં બાઝવાં. (૪) નમી જતી શાખા હોવી. **weeping.** રસસ્રાવી, ઝમતું. **w. eczema.** ચીકણું દ્રવ્ય સ્રવતું ખરજવું. **w. love grass.** *Eragrostis curvula* **(Schred) Nees.** નામનું ગાઢ ઝૂંડાંવાળું, ઊંચું ટટ્ટાર, ઘાસચારા માટે ઉગાડવામાં આવતું ઘાસ, જેનો સ્વાદ નિમ્ન પ્રકારનો હોય છે પણ જમીનને જકડી રાખવાનો ગુણ ધરાવે છે.

**weevil.** ધનેડું, પાકને નુકસાન પહોંચાડનાર તુંડ ધરાવતું જંતુ, જે પાક ઉપરાંત બી, અનાજના દાણા ઇ.ને પણ નુકસાન પહોંચાડે છે. **weevily.** ધનેડાના ઉપદ્રવવાળું.

**weft.** વાણો, વણાટમાં લેવામાં આવતો આડો સૂતરનો તાતણો.

**weigh-bridge.** જમીનની સપાટી સાથે રાખેલી, ગાડા સમેત કૃષિ કે અન્ય પેદાશનું વજન કરવાની તુલા–કાંટો.

**weight.** વજન, ભાર. **w., molar** મોલર વજન. **w. box.** ભાર પેટી, વજનનાં કાટલાંની પેટી.

**weir.** પાણીને વહેવા દેવા માટે બંધમાં આવેલું મોટું રંધ્ર કે ખાંચો.

**welding.** વેલ્ડિંગ, ધાતુ યોજન, ધાતુ સાંધન.

**well.** કૂપ, કૂવો. (૨) સારું, ઠીક. (૩) સ્વાસ્થ્યની દૃષ્ટિએ સાજું, સારું. **w., artisan** પાતળ કૂવો. **w., bored** વેધકૂપ, બોરિંગ કરેલો કૂવો. **w., deep** ઊંડો કૂવો. **w., shallow** છિછરો કૂવો. **w., subartisan** અવબંધ કૂવો **w. irrigated.** કૂવાના પાણીની સિંચાઈ મેળવનાર. **w. bred.** સારી ઓલાદ, પ્રાણી અથવા સારાં પૂર્વજ ધરાવનાર વનસ્પતિ. **w.-centred yolk.** ઈંડાનાં કેન્દ્રની સાથે આવેલી જરદી. **w.-drained.** કેશાકર્ષણ દ્વારા ભેજ મેળવનાર જમીન.

**wen.** ખરાબ પ્રકારનું લગભગ કાયમી અર્બુદ.

**Western Wet Region.** પશ્ચિમનો ભેજ ધરાવતો વિસ્તાર, જેમાં તામિલનાડુ, મહારાષ્ટ્ર, પ. કાંઠાનો પ્રદેશ, કેરળ, ઇ. અને 50 ઇંચ કરતાં વધારે વર્ષા મેળવતા ભારતના પણ સંવર્ધનવાળા વિસ્તારનો સમાવેશ થાય છે.

**West India mahogany.** જુઓ *mahogany.*

**West Indian arrowroot.** આફ્રિકામાં મૂળ વતન ધરાવનાર પણ હવે ભારતમાં પણ વાવવામાં આવતી દીર્ઘાયુ વનસ્પતિ. *Maranta arundinaceae.* નામની આરારૂટ નામે ઓળખાતી વનસ્પતિ, તેનાં કંદ ખાય છે. કંદના રંગ મુજબ તેના આસમાની અને પીત આરારૂટ કહેવામાં આવે છે.

**West Indian gherkin.** *Cucumis anguria* **L.** નામની કાકડી જેવી શાકીય વનસ્પતિ, જેનાં ફળ લંબગોળ, ઝાંખી લીલી બરછટ છાલ ધરાવે છે, જેને વાવવા માટેની અનુકૂળ મોસમ વસંત અને વર્ષા છે. વનસ્પતિ મુરબ્બો અને સલાડ બનાવવા ઉપયોગી છે.

**West Indian gooseberry.** *Pereskia aculenta* **Mill.** નામની ખાદ્યફળની કાંટીય વેલ.

**West Indian lemon grass.** સુગંધ તૃણ, લીલિયા તરીકે ઓળખાતી, *Cymbopogon citratus* **Stapf** [Syn. *Andropogen citratus* **DC.**). નામનું મહારાષ્ટ્ર, કર્ણાટક અને કેરળમાં થતું તૃણ; જેનાં પાનમાંથી મળતું બાષ્પશીલ તેલ સુગંધી દ્રવ્યો બનાવવામાં તથા અન્ય દ્રવ્યોને સુવાસિત બનાવવાના કામમાં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવે છે. **W. I. l. gr. oil.** *Cymbopogon citratus* **Stapf.** નામના તૃણનાં પાનમાંથી કાઢવામાં આવતું લેમન તૃણ તેલ, જેમાં 75 થી 86 ટકા અમ્લીય દ્રવ્ય છે; પણ તેની માત્રા મંદ કરવા અન્ય આલ્ડીહાઈડ દ્રવ્યોની સાથે તેને ભેળવવામાં આવે છે.

**wet.** પલાળેલું, ભીંજવેલું, ભેજવાળું, આર્દ્ર, ભીનું. (૨) પાણી કે અન્ય પ્રવાહીમાં બોળેલું-તરબોળ કરેલું. **w. and dry bulb ther mometer.** શુષ્ક અને આર્દ્ર બલ્બવાળું થર્મોમીટર. **w. box.** જળપેટી. **w. bundh.** કાર્પ નામની તળાવમાં થતી માછલીના ઉછેર માટેનું બારમાસી જળાગાર. **w. climate.** વર્ષાયુ વનસ્પતિને અનુકૂળ થતી ભેજવાળી આબોહવા. **w. down.** મૂળની આજુબાજુની જમીન ભેજ મેળવે તેવી રીતે વનસ્પતિને પાણી પાવું. **w. feet.** નિકાલ થઈ શકે તે કરતાં પણ વિશેષ પાણી હોય તેવી વનસ્પતિની અવસ્થા. (૨) એવાં વૃક્ષો કે છોડ, જેનાં મૂળની જમીન પાણીથી સંતૃપ્ત હોય. **w.-hand milking.** માદા પશુને દોહતા પહેલાં તેનાં આંચળ નરમ બને તેવી રીતે હાથનાં આંગળાંને ભેજવાળાં કરવાં; હાથ વડે દોહવાની આ રીતે અસ્વાસ્થ્યકર છે. **w. heart wood.** જળયુક્ત અંતઃકાષ્ઠ. **w. land.** આર્દ્ર ભૂમિ; ગુરુત્વાકર્ષણના બળે સિંચાઈનું પાણી મેળવતી જમીન. (૨) મોટા ભાગે તળાવ અને નદીની સિંચાઈ ધરાવતી જમીન. (૩) સામાન્ય રીતે ભરાઈ રહેલા પાણી વાળીને ડાંગરનો પાક મેળવવાતી જમીન. (૪) કેળ, શેરડી, હળદરના પાકવાળી અને પાણીનો નિકાલ ધરાવતી જમીન. (૫) કળણવાળી જમીન. **w. l. puddler.** ભેજવાળી જમીનમાં સરસ જળયુક્ત નિમ્નભૂમિ બનાવવાનું ઉપયોગી, સરલ અને મહેનત બચાવતું સાધન, ઉપકરણ અથવા ઓજાર, જેનો ઉપયોગ બે ત્રણવાર ખેડ કર્યાં પછી કરવામાં આવે છે. **w. mash.** પ્રાણીને ખવડાવવા માટે દૂધ અથવા પાણી પાયેલો ચારો અથવા પશુ આહાર. (૨) એક પ્રકારનું ગોતું. **w. milking.** જુઓ *wet hand milking.* **w.-mix feed.** જુઓ *wet mash.* **w. processing of coffee** કોફીના ભુંદને ઉતારવામાં આવે ત્યાર બાદ તેનો ગર કાઢવો, તેનું આથવણ થવા દેવું, તેમને ધોવા, સૂકવવા ઇ. પ્રક્રિયા દ્વારા તેને આપવામાં આવતી માવજત, જે યંત્ર દ્વારા અને અન્ય ઉપકરણો દ્વારા પણ કરવામાં આવે છે અને વિશાળ એસ્ટેટ પર જ તે શકય બને છે. **w. salt-curing.** ચામડાને મીઠાથી કેળવવાની સૂકવણી કરવાની પ્રક્રિયા. એક વાર ચામડાને સાફ કરી તેને ઢાળવાળા પ્લેટફોર્મ પર પાથરવામાં આવે છે, જ્યાર બાદ તેની તાજી બાજુ પર મીઠું ભભરાવવામાં આવે છે. બીજી વાળવાળી બાજુ નીચી રહે તે રીતે બીજા ચામડાને પહેલા ચામડાની ઉપર પાથરી તે પર મીઠું ભભરાવવામાં આવે છે. આમ એક પર બીજાની માવજત કરી તેનો ઢગલો કરવામાં આવે છે. આ સિવાય પણ મીઠાવાળા પાણીમાં ચામડાને ચોવીસ કલાક પલાળીને પણ તેની માવજત કરવામાં આવે છે. **w. season.** મોટા ભાગે વરસાદ વરસતો હોય તેવી ઋતુ. **w. sheep.** બચ્ચાને દૂધ પાતી-ધવડાવતી ઘેટી. **w. soil.** ટૂંકા અથવા લાંબા સમય સુધી ભેજવાળી બની રહેતી કે પાણીના નિકાલની કોઈ પણ વ્યવસ્થા ન ધરાવતી જમીન. (૨) કળણ કે કછાર ભૂમિ. **w. wbetber.** ભેજવાળું હવામાન. **w. year.** સરેરાશ કરતાં વધારે વરસાદ પડ્યો હોય તેવું વર્ષ. **wettability** આર્દ્રતા; ભેજગ્રાહિતા. **wettable.** તરતજ પાણીમાં ઓગળી જાય તેવો (ભૂકો). (૨) સહેલાઈથી ભીંજવી શકાય તેવું. **w. powder.** ભૂકા અથવા પાઉડર જેવું ગમે તે દ્રવ્ય, જે સહેલાઈથી પાણીમાં પીગળી જતું હોય અથવા વ્યાસુત રહેતું

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોય. **w. sulphur.** વિક્ષેપક્ષમ અથવા દ્રાવ્ય ગંધક. દળેલો કણરૂપ ફૂગનાશક ગંધક, જેનો ઉપયોગ કરવાની આવશ્યકતા જણાય ત્યારે અન્ય ફૂગનાશક કે અન્ય જંતુઘ્ન દ્રવ્યોની સાથે તેનું સંયોજન કરવામાં આવે છે. **wetting agent.** છંટકાવ માટેનાં દ્રવ્ય, અને જેના પર તેનો છંટકાવ કરવાનો હોય તે બેની વચ્ચે સરળ સંપર્ક શક્ય બનાવનાર કારકો, આ કારકોમાં આલ્કલી ક્ષારો, આલ્કિલી સલ્ફેટ અથવા સલ્ફેટેડ જેવાં સંશ્લેષિત દ્રવ્યો સલ્ફોનેટ અને કેસીન સેપોનિત તથા સ્પ્રેડિન ઇ.નો સમાવેશ થાય છે. **w. power.** સાફ કરવા ધારેલા સાધનને વરબોળ કરી, તેનો મેલ, અસ્વચ્છતા ઇ.ને દૂર કરી શકે તેવાં પ્રક્ષાલક ડીટર્જન્ટ દ્રવ્યની ક્ષમતા.

**wether.** ખસી કરાયેલો ઘોડો.

**wheat.** ઘઉં; *Triticum sativum* **Lamk.** [Syn. *T. aestivum* **L**]. નામનો ભારતમાં ત્રણ કરોડ એકર કરતાં પણ વધારે વિસ્તારમાં વાવવામાં આવતો પાક, ઑક્ટોબરના પાછલા ભાગમાં શરૂ થયેલી આ પાક માટેની વાવણી મધ્ય નવેમ્બર સુધી પહોંચે છે. વર્ષા પાકથી એકર દીઠ તેનો ઉતાર 400 થી 700 રતલ અને સિંચાઈ પાકથી 900 થી 1,200 રતલ જેટલો થાય છે. ઉત્તર ભારત અને મધ્ય ભારતમાં લગભગ 88 ટકા વિસ્તાર, ધાન્ય પાકના કુલ વિસ્તારના 12 ટકા રોકે છે. ઘઉંનો *Triticum vulgare* **Vill.** નામનો પ્રકાર રોટલા માટેના ઘઉંનો પ્રકાર છે અને આ પ્રકાર પંજાબ, ઉત્તર પ્રદેશ, બિહાર, ઉત્તર રાજસ્થાનમાં ઉગાડવામાં આવે છે. ત્યાર પછી અગત્યની દૃષ્ટિએ આવે તે *Triticum durum* **Desf.** નામનો પ્રકાર છે, જેને મધ્ય અને દ્વીપકલ્પીય ભારતના કાળી જમીનના વિશાળ વિસ્તારોમાં વાવવામાં આવે છે, જે મેકરોની નામની વાનગી બનાવવા માટે ઉપયોગી ઘઉંનો પ્રકાર કહેવાય છે. ગુજરાત, મહારાષ્ટ્ર અને દ. ભારતના નીલગિરિ, કર્ણાટક, આન્ધ્રપ્રદેશના વિસ્તારોમાં *Triticum dicoccum* **Schrk.** પ્રકારના ઘઉંનો પાક લેવામાં આવે છે. *Triticum vulgare*.ની સાથે સાથે *Triticum sphaerococcum* **Perc.** પ્રકારના ઘઉં વાવવામાં આવે છે. સિંધુ-ગંગાના કાંઠા વિસ્તારના મેદાનનો પ્રદેશ ઘઉં માટેનો ઉત્તમ વિસ્તાર ગણાય છે. **Wh. aphid.** *Schizaphis* (*Toxoptera*) *gramimum* (**R.**). નામના ઘઉંમાં પડતાં મોલોમશી જંતુ, જે કુમળાં દાણાનો રસ ચૂસે છે, **wh. black mould.** *Cladosporium herbarum.* નામના જંતુથી ઘઉંને થતો એક રોગ. **wh. black rust.** *Puccnia graminis triticina* (**Pers.**) **Eriks. & Henn.** નામના જંતુથી ઘઉંને થતો કાળા-ગેરુનો રોગ. **wh. bran.** ઘઉંને દળ્યા પછી તેની બનતી એક આડ પેદાશ, ઘઉંનું ભૂસું, થૂલું; જેનો ઉપયોગ ઘોડા, દુધાળાં ઢોરના ખાણ તરીકે થાય છે. પશુ આહાર જેવા ગોતામાં તેને ભેળવતા રેચકની તે ગરજ સારે છે. ભૂસામાં તેનું પ્રમાણ વિશેષ હોય છે અને લોટ કરતાં તેમાં વધારે પ્રમાણમાં પ્રોટીન હોય છે, પણ કૅલ્શિયમ અને ફૉસ્ફરસની દૃષ્ટિએ તે અસમતોલ છે. **wh. broad bran.** ઘઉંને જાડા દળવાથી પડતા ઘઉંના જાડા અને બરછટ ટૂકડા, જેમાં પોષક તત્ત્વો ઓછાં હોય છે. **wh. brown rust.** *Pūccinia rubigovera tritici.* નામના જંતુથી ઘઉંના પાનને થતો ગેરુનો રોગ. **wh. bunt.** *Tilletia foetida* (**Wallr.**) **Liro** અને *T. caries* (**DC.,**) **Tul.** નામના જંતુથી ઘઉંને થતા રોગનો એક પ્રકાર, જેમાં ઘઉં કહોવા પાકે છે, તેનાં કણસલાં પર ઘેરો લીલો રંગ થાય છે અને દાણા કાળામેશ બને છે. **wh. ear-cockle disease.** *Anguina tritici* **G.** નામના કૃમિથી ઘઉંના કણસલાને થતો એક રોગ, જેમાં તેનાં પાન વળી જાય છે અને તે પર ગાંઠા ગાંઠા થઈ જાય છે. **wh. flag smut.** *Urocystis tritici*

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**Koern.** નામના જંતુથી ઘઉંને થતો અંગારિયાનો રોગ, જેમાં પાન પર કાળા પટા જેવું થાય છે. **wh. germ.** ઘઉંનો અંકુર કે તેની કૂણપી, કે ભ્રૂણાવસ્થા, જેમાં પ્રજીવક 'બી' વિપુલ પ્રમાણમાં હોય છે. **wh. glume blotch.** *Septoria nodorum.* નામના જંતુથી ઘઉંને થતો એક રોગ. **wh. leaf blotch.** *Septoriga tritici.* નામના જંતુથી થતો રોગ. **wh.leaf rust** જુઓ *Wheat brown rust.* **wh. loose smut.** *Ustilago tritici.* **(Pers.) Rostr.** નામના સજીવથી ઘઉંને થતો અંગારિયાનો રોગ, જેમાં ઘઉંના દાણા કાળા ભીંગડાં જેવા બની જાય છે. **wh. mamni.** ઘાસપાસનાં બીજ સાથે ભેળવાઈ ગયેલી ઘઉંના નાના દાણા, જેનો, જોકે પશુ આહારમાં ઉપયોગ કરવામાં આવે છે પરંતુ લાંબા સમય માટે તેનો આહાર આપવો હાનિકારક છે. **wh. medium bran.** ઘઉંને જાડું દળતાં તેની નીપજતી આડ પેદાશ, જે પ્રમાણમાં બારીક હોય છે અને તેમાં વધારે ભ્રૂણપોષ અને લોટ હોય છે. **wh. pollards.** ઘઉંને જાડું દળતાં મળતી બીજી આડ પેદાશ. **wh. powdery mildew,** *Erysiphe graminis.*થી ઘઉંને થતા રોગનો એક પ્રકાર. **wb. products.** ઘઉંની ઉપર પ્રક્રિયા કરી તેમાંથી મેળવવામાં આવતી આટો (35 ટકા), મેંદો (42 ટકા), સોજી (6 ટકા) અને ભૂસું (17 ટકા) જેવી વિવિધ પેદાશો. **wh. pythium root rot.** *Pythium graminicolum.* નામના જંતુથી ઘઉંને થતો એક રોગ, જેમાં ઘઉંના છોડનાં મૂળ સડવા માંડે છે, પાન ફીકાં પડે છે અને છોડની વૃદ્ધિ કુંઠિત બને છે. **wh. sclerotial disease.** *Pellicularia rolfsii.* નામના જંતુથી ઘઉંને થતો એક રોગ, જેમાં તેનાં મૂળ આગળ ચીકણો પદાર્થ જમા થાય છે. **wh. sorts.** ચોક્કસ પ્રકારના ઘઉં તરીકે ઘઉંની વિશિષ્ટ ખાસિયતને લક્ષમાં લીધા વિના જ અનેક પ્રકારના ઘઉંને એક સાથે વાવવામાં આવે તે. **wh.stem-borer.** ઘઉંની ગાભમારા ઈયળ. **wh. stem rust.** જુઓ *wheat black rust.* **wh. stripe rust.** *Puccinia glumarum* **(Schem). Eriks & Hern** તથા *P. striiformis.* નામના જંતુથી ઘઉંનો થતો પીળા ગેરુનો રોગ. **wh. tempering.** લોટથી સારી રીતે ઘઉંનું ભૂસું જુદું પડી શકે તે રીતે દળવા માટે ઘઉંની કરવામાં આવતી પ્રક્રિયા, જેમાં ઘઉંને પલાળી થોડા કલાક માટે રાખી મૂકવામાં આવે છે, જેથી લોટવાળો માવો સખત બને છે, અને દળતી વખતે ઘઉંનો ભૂસાવાળો ભાગ સારી રીતે જુદો પડે છે. **wh. tundu.** *Corynebacterium tritici* **(Hutch.). Berg et al.** નામના જીવાણુથી ઘઉંને લાગુ પડતો જીવાણુજન્ય રોગ, જેમાં છોડનાં પાન વળી જાય છે અને તે પર ચીકણો સ્રાવ ઝરે છે. **wh. yellow ear rot** જુઓ *wheat tundu.*

**wheel.** ચક્ર, પૈડું. (૨) વાહન કે વિવિધ યાંત્રિક પ્રક્રિયાના સંચાલનમાં ઉપયોગમાં લેવામાં આવતું ધરી–અક્ષ પર ફરતું ગોળ સાધન. **wh. and axle.** ચક્ર અને ધરી. **wh. barrow.** ઠેલણ ગાડી, એક કે બે પૈડાંવાળી અને હાથથી ચલાવી શકાય તેવી ભાર વહન કરવાની ગાડી. **wh. b. sprayer.** એક કે બે પૈડા પર ચડાવવામાં આવેલી છંટકાવ માટેના દ્રાવણ ભરેલી ટાંકી, જેની સાથે ઉત્તોલક જેવા હાથથી ચલાવવા માટેનો પંપ જોડેલો હોય છે. **wh. b. type duster.** એક કે બે પૈડાંવાળા સાધન પર વિશાળ વિસ્તાર પર ભૂકો કે પાઉડર વેરવા માટેનું સાધન. **wh. hoe cultivator.** બાગાયતી કામ માટેનું હળ. **wh. plough.** પૈડાં પર બેસાડેલું ગમે તે પ્રકારનું હળ. **wh. type tractor.** સામાન્ય ખેતીનાં વિવિધ કામો કરવા માટે ભાર વહન કરવા માટે ઉપયોગમાં લેવામાં આવતું ટ્રેક્ટર.

For Private and Personal Use Only

**wheeze.** સાંભળી શકાય તેવી રીતે ઘસાતો શ્વાસ લેવો, શ્વાસ લેતા થતો અવાજ, શ્વસન ધ્વનિ.

**whelping.** કૂતરાં-બિલાડાંનું વિયાવું.

**whet.** ઘસીને અથવા પથ્થરની મદદથી ધાર કાઢવી. (૨) ઉત્તેજિત કરવું.

**whey.** છાશ. (૨) પનીર જળ. (૩) દૂધ સંઘનિત થતાં છૂટો પડતો દૂધનો ઘાસ જેવાં પીળા રંગનો પ્રવાહી ઘટક. **wh. cheese.** વે પનીર. **wh. powder.** છાશનો પાઉડર-ભૂકો. **wh. protein.** પાણીમાં દ્રાવ્ય પરંતુ તપાવતા સંઘનિત થતા પ્રોટીનનો એક પ્રકાર; દૂધમાં રહેલા કુલ નાઈટ્રોજનનો 10 ટકા અંશ આ પ્રોટીનનો રહેલો છે.

**whip.** કશા. (૨) કાષ્ઠ-વનસ્પતિનો ખાસ કરીને એક વર્ષની વૃદ્ધિ દરમિયાન શાખા બન્યા વિના નીકળતો પ્રાંકુર. (૩) એક પાતળું ઊંચું વૃક્ષ. (૪) ફીણ ચડાવવા માખણ, ઇંડાની સફેદી ઇ.ને હલાવવા માટેનું સાધન-હલામણું. **wh. and tongue graft.** જુદાં જુદાં સંકરજન માટે ઉપયોગમાં લેવામાં આવતી કલમ કરવાની રીત, જેમાં કલમાંકુરને તળિયે 1½ ઈંચ જેટલો આડો કાપ મૂકવામાં આવે છે, અને જમીનની સપાટીથી 2 થી 3 ફૂટ ઊંચા એવા મૂળ સ્કંધને મૂકી બંને કાપને પરસ્પર બેસી જાય તે રીતે ગોઠવીને જોડી બાંધી દેવામાં આવે છે, અથવા મીણથી તેને સીલ કરી દેવામાં આવે છે. **wh. grafting.** જુઓ *whip and tongue grafting.* **wh. worm.** વાગોળનાર પ્રાણી, ડુક્કર અને કૂતરાંના મોટા આંતરડામાં રહેતાં કશા આકરનાં *Trichuris* **sp.** નામનાં ગોળ કૃમિ, જેના કારણે આ પ્રાણીઓના આંતડામાં દીર્ઘકાલીન સોજો આવે છે.

**white.** સફેદ, શ્વેત, ધોળું. (૨) કોઈ પણ દૃશ્ય કિરણોનું અવશોષણ કર્યા વિના સૂર્યના પ્રકાશનું થતું પરાવર્તન. (૩) પ્રાણી અથવા પક્ષીના પિચ્છ કલાપનો રંગ. (૪) ઇંડાનું એલ્બ્યૂમેન, ઇંડાની સફેદી. **wh. alkali.** ક્ષારીય જમીન, જેમાં પાણી શોષાઈ જાય અને સપાટી પર સફેદ ક્ષાર જામે તે. **wh.a. soil,** સફેદ અલ્કલીવાળી જમીન. (૨) વેરાન પ્રદેશની ક્ષારીય થર પડવાળી જમીન **wh. ant.** ઊધઈ. **wh. arsenic.** $As_2 O_3$; આર્સેનિકનું રાસાયણિક સંયોજન, જેનો ઉપયોગ જંતુઘ્ન રસાયણ તરીકે થાય છે. **Wh. Bigarreau.** ચેરીનો એક પ્રકાર, જેનું ફળ મોટું લાલછાલ અને મિષ્ટ સ્વાદ હોય છે. **wh. blood-corpuscle.** શ્વેત રક્ત કણ. **wh. carp.** *Cirhina cirrhosa,* **kendai** કે *venkendai.* નામની તામિલનાડુમાં કાવેરી નદીમાં થતી નાનું માથું, બૂઠું તુંડ, રૂપેરી શરીર, રાતાં કેન્દ્રવાળાં ભીંગડાં વાળી સફેદ કાર્પ નામની માછલી. **wh. cast iron.** સફેદ ઢાળેલું લોખંડ. **wh. clover.** શફતલ; *Trifolium repens* **L.** નામની શાકીય વનસ્પતિ, જે સમશીતોષ્ણ હિમાલય અને નીલગિરિમાં ઉગાડવામાં આવે છે અને જેનો ઘાસચારા તરીકે ઉપયોગ કરવામાં આવે છે. **wh. comb.** મરઘાં-બતકાંને લાગુ પડતો, ફૂગજન્ય એક રોગ, જેમાં તેમની કલગી, કાન વગેરેની ઉપર સફેદ ડાઘ દેખાય છે અને ધીમે ધીમે કરતાં રોગ ફેલાઈ જાય છે અને સૂકાં ભીંગડાં વળે છે. **wh. damar.** સફેદ ડામર. **wh. dead nettle.** *Lamium album* **L.** નામની પંજાબ, કાશ્મીર, કુમાઉ ઇ.માં થતી દીર્ઘાયુ શાકીય વનસ્પતિ, જેના પ્રકાંડની ટોચ ખાદ્ય છે. **wh. diarrhoea.** સફેદ અતિસાર; મરઘાંના બચ્ચાંને લાગુ પડતો જંતુજન્ય સફેદ અતિસારનો રોગ. **Wh. Dotted Red.** ઈમ્પીરિયલ તરીકે પણ ઓળખાતા, રાંધવા માટેની ભોજનાંતે ખાવાની સફરજનની એક જાત; જેનું ફળ મધ્યમ કદનું, ગોળ, સુંવાળી છાલવાળું, ચળકતું અને રાતા પટાવાળું હોય છે, ગર પીળાશ પડતો સફેદ, કોમળ, રસાળ અને સ્વાદમાં સહેજ અમ્લ હોય

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. **wh. eggs.** બદામી કરતાં સફેદ કોચલાંવાળાં ઇંડાં. **Wh.-faced Black Spanish.** એનેમલ જેવા સફેદ મોં, ચળકતાં, લીલાશ પડતાં પીછાં, સફેદ ચામડી ધરાવતા ભૂમધ્ય પ્રદેશમાં થતાં મરઘાંનો એક પ્રકાર; મોટા ભાગે પ્રદર્શન માટે તેને ઉછેરવામાં આવે છે. **wh. fibrous tissue.** સફેદ તંતુક પેશી. **wh. fish meal.** સફેદ મચ્છીનાં માથા અને હાડકાંને 280° ફે. ગરમીમાં 10 કલાક કોઈ વાસણમાં તપાવી તેની બનાવવામાં આવતી એક વાનગી, જેમાં 55 ટકા પ્રોટીન, અને 25 ટકા ખનિજ-દ્રવ્ય હોય છે અને જેમાં પ્રજીવક 'એ', 'બી' અને 'ડી' સારા પ્રમાણમાં ધરાવે છે. **wh. flowered gourd.** દૂધી. (૨) ઉત્તર ભારતમાં થતો અગત્યનો આરોહી વેલો, જેનું ફળ – દૂધી શાક તરીકે ખાવામાં આવે છે, જેમાં પ્રજીવક 'બી' હોય છે, તથા જે ગરમ, ભેજવાળા હવામાનમાં થાય છે. **wh. fly.** સફેદ માખી. **wh. gourd.** એક આરોહી વેલો, જેનાં ફળનું શાક થાય છે, પાકાં ફળની પૂરી બનાવવામાં આવે છે. ફળમાં પ્રજીવકો 'એ', 'બી' અને 'સી' હોય છે. મેદાની પ્રદેશ અને સહેજ ઊંચી ભૂમિમાં તે ઊગે છે. **wh. gray.** લગભગ વાળ વિનાનાં કેટલાંક પ્રાણીઓનો ભૂખરો રંગ. **wh. grub.** સફેદ ડોળ, ઘૈણ નામનું બટાટા, ડાંગર, શેરડી અને મકાઈને નુકસાન પહોંચાડનાર, *Phyllophaga longipennis* **Bl**; *Holotrichia longipennis* **Bl**; *Xylotrupes gideon* **L**; *Anomala polita* **Bl**; *A. rugosa*, *A. dimidiata* **Hope**; *Lachnosterna consanguinea* **Blanch.** ઈ. નામનાં જંતુઓ, જે જમીનની હેઠળ વનસ્પતિને કાપે છે, તેનાં કંદ અને સફરજન, પીઅર, પ્લમ, પીચ, ચેરી ઇ. જેવાં ફળોમાં દર બનાવી તેમનો રસ ચૂસે છે. **wh. gr. of ground nut.** મગફળીમાં પડતો ડોળ. **wh. gulmohar.** સફેદ ગુલમહોર. **wh. jute.** ભારતમાં શણ ઉગાડતા વિસ્તારો પૈકી પોણા ભાગના વિસ્તારોમાં, તેમાં પણ ખાસ કરીને પ. બંગાળ, આસામ, બિહાર, ઉત્તર પ્રદેશ અને ઓરિસામાં થતો શણનો એક પ્રકાર; તે નીચી અને ઊંચી એમ બંને પ્રકારની જમીનોમાં ઊગે છે. **wh. leghorn.** વ્હાઇટલેઘોર્ન પ્રકારની મરઘાંની ઊંચી જાત. **wh. lorrel.** ચંપા લેહર. **wh. lotus.** કમળકાકડી, કમલાદિ ફુળનું *Nymphaea nouchali* **Burm f.** [Syn. *N. pubescens* **Willd**; *N. lotus* **Hook f. & Thoms**; *N. lotus* var. *pubescens* **Hook f. & Thoms.**]. નામનું સફેદ કમળ; જેનાં શિંકંદ કમળ કાકડી કહેવાય છે. **wh. lupine.** *Lupinus albus* **L.** નામની વનસ્પતિ, જેનો ચારો અને લીલું ખાતર બને છે. **wh. mangrove.** તિવાર; *Avicennia officinalis* **L.** [Syn. *A. tomentosa* **Jacq**; *A. resinifera* **Forst.**]. નામનું કોરોમંડલ કાંઠા પર, સુંદરવન અને આંદામાન નિકોબારમાં ઊગતું એક ઝાડ, જેની છાલનાં ચામડાં કમાવવામાં આવે છે. **wh. matter.** શ્વેતદ્રવ્ય. **wh-Mulberry.** સફેત શેતૂર; શેતૂર કુળનું મૂળ ચીનનું, *Morus alba* **L.** નામનું પાનખર ઉત્તર પ્રદેશ, પંજાબ અને કાશ્મીરમાં છાયા હેઠળ થતું અલ્પાયુષી પાનખર ઝાડ; સૂકા વિસ્તારમાં પણ તેને સિંચાઈ આપીને ઉગાડી શકાય છે. તેનું કાષ્ઠ બળતણ, ઓજારના હાથા, ખેતીવાડીનાં ઉપકરણો, હોડીઓ અને ફર્નિચર બનાવવાના કામમાં આવે છે. તેનાં પાન ચારા તરીકે તથા રેશમના કીડાના ખોરાક તરીકે ઉપયોગી બને છે; અને તેનું ફળ શેતૂર મીઠા સ્વાદવાળું ખાઈ શકાય તેવું હોયછે. **wh. mustard.** સફેદ રાઈ; *Brassica hirta* **Moench** (Syn. *B. alba* **(L.) Boiss**]. નામનો તેલીબિયાંનો પાક, જે મોટાભાગે ઉત્તર પ્રદેશમાં ઘઉં અને ચણાના પાકની સાથે ઉગાડવામાં આવે છે, તેનો એકરે સરેરાશ ઉતાર 500

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રતલ રાઈ જેટલો થાય છે. સફેદ રાઈ ને કાળી રાઈની સાથે ભેળવવામાં આવે છે પરંતુ તેલ કાઢવા માટે તેનો ભાગ્યે જ ઉપયોગ કરવામાં આવે છે. **wh.nut tree.** અરીઠાનું ઝાડ. **wh.oak.** સફેદ ઓક; સાધારણથી માંડીને મોટું કદ ધરાવતું સદાહરિત વિશાળ ઘટાટોપ ધરાવતું 2,30 સે.મી. જેટલો વરસાદ ધરાવતા 2,440 મીટર સુધીની ઊંચાઈ ધરાવતા હિમાલયના પ્રદેશમાં આ પાનખર વૃક્ષ થાય છે. તેનું કાષ્ઠ કઠણ છે અને હળ બનાવવા ઉપરાંત તેનો કોલસો બનાવવામાં આવે છે અને પાનનો ચારો અને ખાતર બને છે. **wh.Orpington.** ઓર્પિન્ગટન પ્રકારના મરઘાં, તેનાં પગ અને આંગળાં સફેદ હોય છે. **wh. pepper.** *Piper nigrum* **L.** નામનો કાળા મરીનો છોડ. **wh. popinac.** હાસો બાવળ અને વિલાયતી બાવળ તરીકે ઓળખાતું, [*Leucaena leucocephala* (**Lamk.**) **de Wit**[Syn. *L. glauca* (**L.**)**Benth.**] નામનું મૂળ અમેરિકાનું પણ અહીં ભારત ભરમાં થતું ખાદ્યફળ અને ખીવાળું ઝાડ; જેનાં પાનનું ખાતર બને છે. પાસેપાસે ઉગાડવામાં આવતા, જમીનને આવરી લે છે. તેનો ઉપયોગ મુખ્યત્વે વાડ બનાવવા તથા પવનના સપાટાને રોકવા માટે થાય છે. **wh.poplar.** સફેદાનું ઝાડ. **wh. pumpkin.** સફેદ કોળું. **Wh. root.** સફેદ મૂળ. **wh. rose.** સફેદ ગુલાબ. **wh.rust.** સફેદ ગેરુ. **wh. sandalwood.** સફેદ ચંદન; તોલ દ્વારા વેચવામાં આવતા મૂલ્યવાન કાષ્ઠ ધરાવતું, સદા હરિત, કર્ણાટક, મહારાષ્ટ્ર અને તામિલનાડુમાં થતું ઝાડ. તેના કાષ્ઠની ચીપો તથા ભૂકો બનાવવામાં આવે છે તથા તેને વરાળથી નિસ્યંદિત કરી તેનું તેલ – સુખડનું તેલ કાઢવામાં આવે છે, જેનો ઉપયોગ સુગંધી દ્રવ્યો, અને સાબુ બનાવવા માટે કરવામાં આવે છે. તેનાં ફળ ખાદ્ય છે. **wh. sapote;** *Casimiroa edulis* **La Llave.**-નામનું મૂળ મેક્સિકો અને મધ્ય અમેરિકાનું પણ અહીં દક્ષિણ ભારતમાં થતું નાનાં અને લીલાં પાન ધરાવતું નાનું ઝાડ, જેનાં ફળ ખાઈ શકાય છે **wh. scours.** વાછરડાને થતો, મૃત્યુજનક, દંડાણુજન્ય, અતિસારનો રોગ, જેમાં રોગગ્રસ્ત બચ્ચું ધાવે નહિ, સુસ્ત બની પડયું રહે. શરૂઆતમાં માટી જેવા રંગના અને પાછળથી સફેદ ઝાડા થાય; તાવ આવે અને છેવટે મરી જાય. **wh. silk cotton.** પીળો કપાસ, કુંભી; *Cachlospermum religioum* (**L.**) **Alston** [Syn. *C.gossypium* **DC.**]. નામનો આન્ધ્રપ્રદેશ, બિહાર, મધ્યપ્રદેશ ઇ.માં થતો છોડ, જેનાં ફૂલમાંથી મળતા રેસા ઓશીકાં ઇ. ભરવા માટે ઉપયોગી બને છે. **wh. sqill.** પાણકંદો, જંગલી કાંદો નામે ઓળખાતી *Urginea indica* (**Roxb.**) **Kunth** [Syn. *Seilla indica.* **Roxb**]. નામની પ. હિમાલય, બિહાર, કોરોમાંડલ કિનારા પર થતી શાકીય વનસ્પતિ, જેના કંદ કફ નિસ્સારક તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે. **wh.-streaked aonla.** આંબળાંનો એક પ્રકાર. **wh. sweet clover.** મૂળ યુરોપની પણ અહીં શિમ્બીવર્ગની વનસ્પતિ તરીકે ઉગાડવામાં આવતી વનસ્પતિ. *Hubum clever.* **wh. yam.** સફેદ રતાળું. **wh. y. greater yam.** સફેદ રતાળુ, ગુજરાત, આસામ, તામિલનાડુ, પ. બંગાળ, અને મધ્ય પ્રદેશમાં થતી વનસ્પતિ, જેના કંદ ખવાય છે.

**whole.** સમગ્ર, આખું. **wh. grains.** ભાંગ્યા વિનાના ધાન્યના દાણા. **wh. milk.** પાણીનો ભેગ કર્યાં વિનાનું અથવા મલાઈ કાઢ્યા વિનાનું દૂધ. **wh.-root graft.** કલમ કરવા આખા મૂળનો તેનો કોઈ ભાગનો નહિ – થતો ઉપયોગ.

**whorl.** ભૂમિચક્ર. (૨) વનસ્પતિના એક સરખા ભાગોનો સમૂહ અથવા ચક્રાકાર અવસ્થા. (૩) વનસ્પતિના એક જ બિંદુ – સ્થાનમાંથી ઊગતાં ફૂલ કે પાનનું ચક્ર. **whorled.** ચક્રિલ, ચક્રાકાર,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભ્રમિરૂપ. **wh. leaf.** ભ્રમિ-પર્ણ. **wh. of bracts.** નિપત્ર પ્યાલીઓ.

**wicker.** ટોપલીઓ, ચારાડીઓ રક્ષણાત્મક આચ્છાદન ઇ. બનાવવા માટે ગૂંથેલાં ડાળખાં ઇ.

**wicket.** બારીબારું, મોટા દરવાજામાં કે તેની પાસે બનાવવામાં આવતો નાનો દરવાજો. (૨) નહેરના નાળામાંથી પાણી જવા દેવા માટે કરવામાં આવતું નાનું દ્વાર.

**Wickson.** હૃદયાકાર, મોટું, ચેરી જેવું, લાલ રંગનું, રસાળ, મીઠું, સુવાસિત, એક ફળ, જેને પ્લમના એક પ્રકાર તરીકે ઓળખવામાં આવે છે.

**wide** વિશાળ. **w. nutritive ration.** ખિનનાઇટ્રોજનયુક્ત પોષક તત્ત્વની તુલનામાં ઓછું પ્રોટીન ધરાવતો પશુ માટેનો આહાર. **w. ration.** જુઓ *wide nutritive ration.* **w. spread.** વ્યાપક, વિસ્તૃત.

**wier.** આડબંધ. (૨) સિંચાઈ માટેના જલાગારની ટોચે વધારાનું પાણી વહી જાય તે માટે એક બાજુ પર બાંધવામાં આવેલી પથ્થરની દીવાલ અથવા પ્લેટફોર્મ.

**wight's sago palm.** *Arenga wightii* **Griff.** નામનો કેરળ, કર્ણાટક અને નીલગિરિમાં થતો તાડ, જેમાંથી તાડી મળે છે.

**wild** જંગલી, રાની. (૨) માનવીના પ્રયત્ન વિના ઊગતી, વણખેડ (વનસ્પતિ). (૨) પાળ્યા વિનાનું (પ્રાણી). **w. almond.** જંગલી બદામ, જુઓ Hill almond. **w. ber.** જંગલી બોર; *Ziziphus* **sp.** જાતિનું દીર્ઘાયુ નાનું ઝાડ, જે સૂકા પ્રદેશોમાં ખેડવામાં આવેલાં ખેતરોમાં આક્રમણ કરે છે. તેનાં મૂળ ઊંડાં જતાં હોઈ તેને નિર્મૂળ કરવું મુશ્કેલ છે અને એકવાર કાપી લીધા પછી પુનર્જીવિત બનવાની તે તાકાત ધરાવે છે. **w. bitter gourd.** જંગલી કડવાં કારેલાં. **w. cherry.** જંગલી ચેરી; જંગલી હિમાલયની ચેરી; *Prunus cerasoides* **D. Don** [Syn. *P. puddum* **Roxb ex Wall.**]. નામની ચેરીનો એક પ્રકાર, જેનું ફળ ખાઈ શકાય તેવું હોય છે. કંઠિયાની માળા બનાવવામાં આવે છે, કાષ્ઠની લાકડીઓ બને છે અને તે ગઢવાલથી સિક્કિમ સુધીના હિમાલયના વિસ્તારો અને નીલગિરિમાં થાય છે. **w. date.** જંગલી ખજૂરી; *Phoenix pusilla* **Gaertn.** [Syn. *ph* **Ph** *farinifera* **Roxb.**]. નામની કોરોમંડળના કાંઠે થતી ખજૂરીનો એક પ્રકાર. (૨) આન્ધ્રપ્રદેશ, કર્ણાટક અને મધ્ય પ્રદેશમાં થતું ખાસ ખજૂરધારી વૃક્ષ. **w. d. palm.** ખલેલાનું ઝાડ, જંગલી ખજૂરી. **w. fenugreek.** જંગલી મેથી; *Trigonella polycerata* **L.** નામની ઉત્તર ભારતની ત્રિપર્ણી શિયાળુ શાકીય વનસ્પતિ, જેનાં પાનની ભાજી બનાવવામાં આવે છે. **w. fowl.** જંગલી પક્ષીઓ; જંગલી જલવાસી પક્ષીઓ. **w. Himalayan cherry.** જુઓ *wild cherry.* **w. Jamun.** જંગલી જાંબું; *Syzygium fruticosum* (**Roxb.**) **DC.** [Syn. *Eugenia fruticosa* **Roxb.**]. નામનું વીધિ માટે ઉગાડવામાં આવતું ઝાડ. **w. lettuce.** સલાડ. *Lactusa serriola* **L.** નામનું પૂર્વ હિમાલયમાં થતું ઝાડ, જેનાં બીમાંથી અર્ધ-શુષ્ક તેલ મળે છે. **w. life.** ઝાડ, ઝાડી અને જંગલમાં વસતાં શિકાર માટેનાં પક્ષી અને પશુ. **w. l. area improvement.** વન્ય પ્રાણીને રક્ષણ અને પાણી મળી રહે તે માટે તેમના વિસ્તારમાં ઝાડ વાવી, અવ્યવસ્થિત ચરાણ, પાણી અને આગની સામે રક્ષણાત્મક પગલાં લઈ તેની કરવામાં આવતી સુધારણા. **w. l. a. management.** વન્ય પ્રાણી વિસ્તારનો વહીવટ કે પ્રબંધ; વન્ય પ્રાણીના લાભમાં, તેમનાં વિસ્તારના જળ અને વનસ્પતિ જેવાં સાધનોની કરવામાં આવતી યોગ્ય વ્યવસ્થા. **w. l. conservation.** વન્ય જીવન સંરક્ષણ; અસાધારણ તથા લુપ્ત થઈ જવા આવતાં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વન્ય પ્રાણીઓની સુરક્ષા અને તેમનું સંરક્ષણ. w. **jute.** જંગલી શણ. w. **mustard.** જંગલી સરસવ, જંગલી રાઈ; *Brassica sinensis.* નામના રવિ મોસમના ઘાસપાતનો એક પ્રકાર. w. **oat.** જંગલી ઓટ; તૃણકુળની *Avena fatua.* નામની વનસ્પતિ. w. **orange tree.** જંગલી નારંગી કુળનો *Toddalia aculeata* **Pers.** નામનો હિમાલય, ખાસી ટેકરીઓ, તામિલનાડુ અને કુમાંઉમાં થતો ક્ષુપ, જેનાં મૂળમાંથી પીળો રંગ મળે છે અને જેનાં પાન અને ફળ ખાદ્ય છે. w. **passion-flower** મૂળ ઉત્તર અમેરિકાની પણ અહીં *Passiflora incarnata* **L.** નામે ઉગાડવામાં આવતી ખાદ્ય ફળની વનસ્પતિ. w. **rice.** જંગલી ડાંગર; *Oryza rufipogon* **Griff.** નામની વનસ્પતિ, જે શરૂઆતમાં વ્યવસ્થિત રીતે ઉગાડવામાં આવેલી ડાંગરથી જુદી તરી આવતી નથી તથા છૂટથી તેનું વ્યવસ્થિત ડાંગરની સાથે સંકરન થઈ શકે છે. તે વ્યવસ્થિત ડાંગરના દાણા ખેરવી નાંખતી હોઈ તેને પારખવામાં આવતાં જ તેને દૂર કરવાથી અસલ ડાંગરનાં વૃદ્ધિ–વિકાસનો માર્ગ મોકળો બને છે. w. **safflower.** જંગલી કરડી, જંગલી કસુંબી; *Carthamus oxycanthus* **M. Bieb.** નામનું વર્ષાયુ, સૂકા વિસ્તારમાં થતું, કાંટાળું ઘાસપાત; જેનાં બીમાંથી કાઢવામાં આવતું તેલ ખાદ્ય છે અને દીવાબત્તી કરવામાં તેનો ઉપયોગ કરવામાં આવે છે. w. **strawberry.** જંગલી સ્ટ્રોબેરી; હિમાલયમાં થતી *Fragaria* **sp.** નામનું નાનું અને નિમ્ન કોટિનું ફળ. w. **tea.** જંગલી ચા; *Camellia kissi* **Wall.** નામનું નાગ ટેકરીઓમાં થતું નાનું ઝાડ, જેનાં પાન ચાની અવેજીમાં ઉપયોગમાં લેવામાં આવે છે. w. **turmeric.** આંબાહળદર.

**wilderness.** રણ, વેરાન, અકૃષ્ય અને વસ્તી વિનાની ભૂમિ.

**wilding.** ગમે તે જંગલી પ્રાણી અથવા વનસ્પતિ. (૨) ઉગાડેલી પણ જંગલી બનેલી અને ખેડકાર્ય વિના વધતી વનસ્પતિ. (૩) ઉછેરગૃહની સહાય વિના, જંગલમાં કુદરતી રીતે ઉગતો રોપ.

**William Bon Chritien.** મોટું કદ ધરાવતા, પીળી છાલના અને માખણ જેવા મીઠા, દાણાદાર, રસાળ ગરવાળા નાસપતી ફળનો ઉચ્ચકમાં થતો એક પ્રકાર.

**wilt.** મ્લાન થવું, મ્લાન બનવું, કરમાઈ જવું. (૨) પૂરતા પ્રમાણમાં ભેજ ન મળવાથી કે અતિશય બાષ્પીભવનથી અથવા રોગ લાગુ પડવાથી વનસ્પતિની તાજગી ચાલી જવી કે વનસ્પતિ નમી જવી. **wilting** મ્લાનીભવન, વનસ્પતિની તાજગી ચાલી જવી. w. **coefficient**- મ્લાનતા ગુણાંક; વનસ્પતિ કરમાવા માંડે ત્યારે મૂળતંત્રને પોષણ આપતી જમીનની ભેજ સંઘરવાની ટકાવારી; ભેજ તુલ્યાંકને 1.84થી ભાગતા આ માટેનો ગુણાંક પ્રાપ્ત થાય છે. w. **percentage.** મ્લાનીભવન ટકાવારી; જે જમીનમાં ઉગેલી વનસ્પતિનું મ્લાનીભવન થાય અથવા તે કરમાઈ જાય તે જમીનના ભેજની ટકાવારી. આવી જમીનમાંથી કાઢી આ વનસ્પતિને ભેજવાળા વાતાવરણમાં મૂકવા છતાં તે તેની અસલ તાજગી મેળવી શકતી નથી. w. **point**; જુઓ *wilting coefficient.* w. **range.** જુઓ *wilting coefficient.* w. **resistant.** મ્લાનતા વિરોધી; મ્લાનતા લાગે લેવા પ્રકારના રોગનો જલદી ભોગ ન બનનાર વનસ્પતિ. **wilts.** વનસ્પતિના એવા પ્રકારના રોગ, જેમાં વનસ્પતિના પોષક રસમાં બાધા નાંખતા સજીવોના કારણે વનસ્પતિ કરમાઈ જાય છે.

**winch.** યંત્ર ફેરવવા માટેનો હાથો.

**wind.** પવન, વાત; ધરતીની સપાટી પર થતી પવનની સમસ્તર ગતિ. w. **blast.** પંખો અથવા ફૂંકણી કે ધમણથી ચાલુ કરવામાં આવતો પવનનો ઝપાટો. w. **blower.** દાણા ઊપણવાના યંત્રની સાથે

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જોડવામાં આવતું સાધન, જેમાં ભૂંગળી હોય છે, જે દ્વારા પવનનો મારો ચલાવીને દાણા તથા ફોતરને જુદાં પાડવામાં આવે છે. **w. blown.** પવનના કારણે વહાવાયેલું, વાતોઢ. **w. borne.** વાતોઢ, પવનનીત, પવનવાહિત, પવનથી ધસડાઇ આવેલું, પવનની ગતિના કારણે ધસડાઈ આવેલાં (બી, બીજાણુ, રોગ ઇ.) **w. breaks.** પવન શોધક; પવનના સપાટા અથવા તેના જોરને તોડી પાડવા ખેતર ની આસપાસ ઉગાડવામાં આવતાં વૃક્ષો; ખેતરના કુલ વિસ્તારના સાત ટકા જેટલા વિસ્તારમાં આવી રીતે વૃક્ષોને ઉગાડી શકાય છે અને તે પવનના સપાટાની સામે, ખેતરમાં ઉગાડવામાં આવેલા પાકની રક્ષા કરવા માટે પૂરતાં થઈ પડે છે. આવાં પવનશોધક વૃક્ષોમાં સીસમ. શેતૂર, આંબો, જાંબું, જંગલી જાંબું, યુકેલિપ્ટસ, કરંબોલા, બાવળ, લીમડો, વાંસ, કાજુ, સિલ્વર ઓક ઇ.નો સમાવેશ થાય છે. **w. burn.** પવનના ઝપાટા કે ગરમ વાતી લૂના કારણે અથવા બાષ્પીભવનની સાથોસાથ મળતા અપૂરતા પાણીના પરિણામે વનસ્પતિની મ્લાનીભવન જેવી નીપજતી અવસ્થા. **w. colic.** વાત શૂળ નામનો પ્રાણીને લાગતો એક પ્રકારનો રોગ; જેમાં વાયુના કારણે પેટ ફૂલી જાય છે અને તેના પર ધીમી ટપલી મારતા નગારા જેવો ધીમો ધ્વનિ નીકળે છે. **w. erosion.** વાતજ ઘસારો; વનસ્પતિ વિનાના સૂકા વિસ્તારમાં વાતા પવનના સીધા મારાના પરિણામે, જમીનને લાગતો ઘસારો, આના પરિણામ સ્વરૂપ જમીનની સપાટી પરના રેતી અને માટીના કણ છૂટા પડે છે, અને ધૂળનાં તોફાનમાં તે ફંગોળાય છે. પવનનું જોર ધીમું પડતા એક વારની ફળદ્રુપ જમીનની ઉપર વાતોઢ –વાતવાહિત રેતી પથરાઈ જાય છે અને તેમાંની ફળદ્રુપતામાં ઘટાડો થાય છે. જમીનનું ઉપલું પડ ખસી જતાં તેની હેઠળ રહેલું સખત પડ છતું થાય છે. **w. fall.** વૃક્ષ મેળવવાના સમય અગાઉ ઝાડ પરથી ફળનું ખરી પડવું. (૨) નિર્મૂળ બનેલું ઝાડ કે પવનના કારણે ઊખડી પડતાં ઝાડવાળો વિસ્તાર. **w. gall.** ઘોડાના પગના સાંધા પર થતો અર્બુદ. **w. gap.** જમીનની કુદરતી અવસ્થા; વહેળા અથવા ઝરણાથી જમીનની કિનારીમાં પડેલા ભંગ કે તેમાં થતો ખાંચો. **w. gauge.** પવનના વેગ અને તેની તીવ્રતા માપવાનું સાધન, વાયુવેગ માપક. **w. indicator.** પવન નિર્દેશક; પવનની દિશા અને વેગ દર્શાવનાર સાધન. **w. mill.** પવન ચક્કી, ઊર્જાના સાધન તરીકે ઉપયોગ કરી, તે દ્વારા પાણી ખેંચવા કે ઘંટી ચલાવવાનું સાધન. પવનચક્કીના કાર્યથી નીપજતું બળ અલ્પ હોય છે. આવા પ્રકારના સાધનને કામમાં લેવા માટે કલાકે છ માઈલ જેટલા વેગથી ફૂંકાતા પવનની ઝડપ જરૂરી બને છે. 70 ફૂટના મિનારા પર મૂકવામાં આવેલી 12 ફૂટની પવનચક્કી દિવસ દરમિયાન 50 હજાર ગેલન જેટલું પાણી ખેંચી શકે છે. **w. pipe.** શ્વાસ નળી. **w. pollinated.** વાત પરાગિત. (૨) જંતુ દ્વારા નહિ પરંતુ પવનના વહેવાની સાથે સ્થળાંતર પામતા પરાગથી થતું પરાગનયન. **w. power.** વાત શક્તિ; ગતિમાન વાતાવરણનું બળ, જેનો ઉપયોગ પવનચક્કી જેવા સાધનને કામમાં લેવા માટે થાય છે. **w. pressure.** વાત દબાણ; આડશની સામે પવનનું કચડી નાખતું દળ. **w. puff.** છાલ અથવા ચામડી હેઠળની હવા. **w. row.** નીચી, લાંબી પંક્તિ–હારમાં ઘાસ અથવા પૂળાને, પવનથી સુકાવા માટે ગોઠવવા. **w. rowing.** બી માટે ઉપયોગમાં લેવા ધારેલી શેરડીની કલિકાને હિમની સામે રક્ષણ આપવાની યુક્તિ; આમાં મૂળની સાથે છોડને ખેંચી કાઢી, ખાડામાં ગોઠ ઘાસ અથવા માટીથી ૨થી૩ મહિનાના સમય પૂરતાં ઢાંકી રાખવામાં આવે છે. પંક્તિ બનાવવી. **w. storm.** સખત વાતો પવન, સામાન્ય રીતે તેની સાથે વરસાદ પડતો નથી.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**w. strip cropping.** જુવાર, બાજરી અને મકાઈ જેવા ઊંચે ઊગતા અને નીચે ઊગતા પાકને એકાંતરે અને સીધી પવનની દિશામાં, પંક્તિમાં વાવવાની પ્રક્રિયા; જમીન સંરક્ષણની એક યુક્તિ તરીકે પણ આ યુક્તિનો ઉપયોગ કરવામાં આવે છે. **w. ward.** પવન વાતો હોય તે દિશા તરફ. **windy.** વાતવાહિત, વાતોઢ, પવનથી ધસડાઈ આવેલું. (૨) વાતજ, વાયુના રોગવાળું.

**Windsor bean.** પૃથુશિંગબી; વાયવ્ય ભારતમાં વાવવામાં આવતી એક વનસ્પતિ, જેની સિંગો શાકભાજી તરીકે ઉપયોગમાં લેવાય છે.

**wine.** દારૂ, મુખ્યત્વે દ્રાક્ષમાંથી બનાવેલું કિણ્વિત મદ્યાર્કીય પીણું. **w. grape.** દારૂ બનાવવાને યોગ્ય દ્રાક્ષનો એક પ્રકાર. **w. palm.** તાડી આપતું તાડનું વૃક્ષ.

**wing** પક્ષ, પાંખ. (૨) વનસ્પતિનો પર્ણ જેવો સૂકો, ત્વચીય વિસ્તાર કે ઉપાંગ. (૩) ફૂલની પાર્શ્વીય પાંદડી. (૪) પક્ષી, કીટક અને ચામાચીડિયાનું ઊડવા માટેનું અંગ. (૫) હળની જમીન કાપતી કિનારનો બહારનો ખૂણો. (૬) પંખો કે ફૂંકણીનું પાનું. (૭) પવનચક્કીનું પાનું. **w. band.** પક્ષીને ઓળખવા માટેની પાંખની આસપાસ મૂકેલું ધાતુ અથવા પ્લાસ્ટિકનું સાધન. **w. bar.** વિવિધરંગી મરઘાંનાં બચ્ચાંની પાંખની વચ્ચે જણાતો પટ્ટો. **w. bay.** મરઘાંનાં બચ્ચાંની પાંખ બિડાઈ ગઈ હોય ત્યારે પાંખના દંડની નીચે દ્વિતીયક પાંખનાં પીછાંના કારણે જોવામાં આવતો ત્રિકોણીય ભાગ. **w. bearing.** હળના પાનાની પાંખની સપાટ બાજુ, જે જમીનના સંપર્કમાં રહી ઊંડે ઊતરે છે. **w. beat** પાંખનો ફફડાટ, પાંખનો થડકાર. **w. bow.** મરઘાંના બચ્ચાંના ખભાની નીચે અને પાંખની આગળ પાંખનો ઉપરનો ભાગ. **w. case** શૃંગી આવરણ અથવા કેટલાંક જંતુઓમાં ઊડવામાં મદદરૂપ બનતી પાંખનું રક્ષણ કરતી અગ્ર-પાંખ. **w. coverts.** પક્ષીની પાંખના વળાંકને ઢાંકતાં નાનાં, પાસે પાસે આવેલાં પીંછાં. **w. feathers.** પક્ષીના પાંખ પ્રદેશનાં મોટાં, પ્રાથમિક અથવા દ્વિતીયક પીંછાં, જે ઊડવામાં મુખ્ય પાંખના ભાગ બને છે. **w. finisher.** પક્ષીની પાંખમાંથી પીંછાંને દૂર કરવાનું સાધન. **w. front.** પક્ષીના ખભા આગળ તેની પાંખની ઉપલી ધાર-કિનારી. **w. louse.** પક્ષીની પાંખમાં પડતું જૂ જેવું જંતુ. **w. seed.** સપક્ષબીજ. **w. sheath.** જુઓ *wing case*. **w. spread.** પક્ષીની પાંખનું માપ. (૨) પાંખ પહોળી થાય ત્યારે એક પાંખના છેડાથી બીજી પાંખના છેડા સુધી તેનો વિસ્તરેલો ભાગ. **w. stroke.** પાંખનો ફફડાટ. **winged.** પંખાકાર. (૨) સપક્ષ, પાંખવાળું. **w. furrower.** સપક્ષ ચાસ પાડનાર સાધન. **w. fruit.** સપક્ષ ફળ. **w. pea.** ચારા માટે ઉગાડવામાં આવતી વનસ્પતિ. **w. petiole.** પાંખાકાર પર્ણદંડ. **w. seed.** સપક્ષ બીજ. **w. yam.** સફેદ રતાળું.

**winnow.** પવન કે કૃત્રિમ રીતે પવનનો સપાટો આપીને ફોતરા-ભૂસાથી દાણાને છૂટાં પાડવાં – ઊપણવાં. (૨) ચાળી તથા વીણીને હલકા દાણા અને ભૂસાથી મુખ્ય દાણાને છૂટા પાડવા. **winnower.** ઊપણનાર, ઊપણવાનું સાધન અથવા યંત્ર.

**winter** શરદ અને વસંત વચ્ચેની ઋતુ, હેમંત, શિયાળો. (૨) શીત અને ઉત્તર-ધ્રુવ પ્રદેશમાં વર્ષ દરમિયાન આવતી ઠંડી ઋતુ. **w. annual.** શિયાળાની શરૂઆતમાં અંકુરિત બનતી વર્ષાયુ વનસ્પતિ, જે વસંતના પાછલા ભાગમાં કે ગ્રીષ્મની શરૂઆતમાં મરી જાય છે. **W. Banana.** ફીકું, પીળી છાલ અને લાલ અને કુમળા ગરવાળું એક પ્રકારનું સફરજન. **w. crop.** શિયાળુ પાક, શિયાળુ ફસલ. **w. cultivation.** શીતકાલીન-શિયાળુ ખેતી. **w. dormancy.** શીતનિદ્રાળુતા, શીત સુષુપ્તાવસ્થા. (૨) શિયાળાની સુષુપ્તાવસ્થા. **w. fallow.** શિયાળા દરમિયાન પડતર રાખવામાં આવતી જમીન.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**w. grafting.** શિયાળા દરમિયાન કરવામાં આવતી કલમ. **w. green.** હેમંત હરિત. (૨) ખાસી ટેકરીઓ, નીલગિરિ, પાલની ટેકરીઓ અને કેરળમાં થતી ખાદ્ય ફળવાળી સૌરભિક વનસ્પતિ, જેનાં પાનમાંથી મળતું બાષ્પશીલ તેલ સુગંધકારક તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે. **w. g. oil.** વિન્ટરગ્રીન વનસ્પતિનું તેલ. (૨) *Gaultheria fragrantissima.* નામની વનસ્પતિનું બાષ્પશીલ તેલ. જેમાંથી એસ્પિરિન બનાવવા સેલિસિલિક ઍસિડનો ઉપયોગ કરવામાં આવે છે. આ તેલ જંતુઘ્નોની બનાવટમાં ઉપયોગમાં લેવામાં આવે છે. **w. hardy.** શિયાળાની કઠોરતાને સહન કરનાર વનસ્પતિ. **w. injury.** શિયાળાની કઠોરતાના કારણે વનસ્પતિને પહોંચતી હાનિ. **w. killing.** શીત મારણ. **w. lettuce.** મુખ્યત્વે ઉત્તર ભારતમાં ઊગતી વનસ્પતિ, જેનાં પાનની શાકભાજી થાય છે. **W. Nelis.** બેલ્જિયન પ્રકારનું, મધ્યમ કદનું મિષ્ટ સ્વાદ ધરાવતું પીળી છાલવાળું નાસપતી ફળ. **w. onion.** એક પ્રકારના કાંદા, જેના કંદ પ્રમાણમાં નાના હોય છે. **w. pause.** ઈંડા મૂકવામાં શિયાળામાં આવતો વિરામનો સમય. **w. plum.** એક પ્રકારની વનસ્પતિ. **w. pot herbs.** પાલખ, બીટ, ઇ. જેવી શાકીય વનસ્પતિ, જે શિયાળા દરમિયાન ઉત્તર ભારતમાં થાય છે અને જેનાં પાન પ્રજીવકો અને ખનિજ દ્રવ્યની દૃષ્ટિએ સમૃદ્ધ છે. **w. rape.** હેમંતમાં–શિયાળામાં થતા સરસવ. (૨) પંજાબ, પ. બંગાળ, અને બિહારમાં થતી વર્ષાયુ વનસ્પતિ, જેનાં પાનની ભાજી બનાવી ખાઈ શકાય છે. **w. season.** શીતઋતુ, શિયાળો. **w. squash.** ગોળાકાર, મધ્યમ કદનું લાંબું કોળું. **w. storage.** શીયાળુ પોષણ મેળવવા અથવા પછીની મોસમ માટે પોષક તત્ત્વોની વનસ્પતિ દ્વારા થતી સાચવણી. **w. vegetables.** શિયાળા દરમિયાન થતાં શાકભાજી. **w. wood.** હેમંત કાષ્ઠ. **wintry.** શિયાળા જેવું ઉષ્ણતામાન, તોફાન, ઠંડી અને પવનના જેવું વાતાવરણ ધરાવતી (અવસ્થા).

**wire** તાર, તંતુ અથવા પાતળું, ગોળ કે ચોરસ અથવા પટ્ટી–ટેપ જેવા નરમ દંડની માફક ખેંચવામાં આવેલી ધાતુ, જેના વિવિધ ઉપયોગો છે. **w. basket.** ઈંડાંને ભેગાં કરવાં અથવા અન્ય હેતુ માટે બનાવવામાં આવતી તારની ટોપલી. **w. cutter.** તારને કાપવા માટેનું કાતર જેવું ઓજાર. **w. entrance.** દ્વાર-રોધક તારનો પડદો. **w. fence.** કાંટાળા, ગૂંથેલા કે વણેલા તારની આડશ તરીકે બનાવવામાં આવતી વાડ. **w. grass.** બમ્બૂંડા તૃણ જેવું, પાતળું લાંબું અને તાર જેવાં પાનવાળું ઘાસ. **w. grub.** સૂત્રકૃમિ. **w. stem.** કોબીના વૃંતને લાગુ પડતો ફૂગનો એક પ્રકારનો રોગ. **w. worm.** સૂત્રકૃમિ, જે બી, છોડનાં મૂળ, પાન ઇ.ને ખાઈ જાય છે.

**wishbone.** પક્ષીની છાતીના આગલા ભાગમાં આવેલું પાંખિયાવાળું કે અંગ્રેજી વર્ણ 'વી' (v) આકારનું હાડકું.

**wisp.** નાનકડું પોટલું કે ઘાસને આપવામાં આવેલો વળ.

**Wisteria** *sinensis* **Sweet.** આસમાની બાવળ તરીકે ઓળખાતો, મૂળ ચીનનો પણ અહીં વાડ તરીકે ઉગાડવામાં આવતો છોડ.

**witches broom.** શાકીય વનસ્પતિનો એક પ્રકારનો વિકૃત વિકાસ, જેમાં સામાન્ય રીતે સુષુપ્તાવસ્થામાં રહેતી કલિકા અંકુરિત થાય છે અને તેનો દેખાવ સાવરણી – ઝાડું જેવો દેખાય છે.

**witch weed.** એક અર્ધ-પરજીવી વર્ષાયુ શાકીય વનસ્પતિ, જે જુવાર, બાજરી, મકાઈ, શેરડી અને અન્ય દાણાવાળા પાક પર આક્રમણ કરી તેમના વિકાસને કુંઠિત બનાવે છે.

**Withania** *coagulons* **(stokes) Dunal.** આકરી; મૂળ પાકિસ્તાનનો પણ અહીં મુખ્યત્વે પંજાબમાં થતો છોડ, જેનાં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ફળ નો ઉપયોગ દૂધમાં મેળવણ તરીકે દહીં બનાવવા અથવા દૂધને ફાડી નાખવા કે રકંદિત બનાવવા માટે થાય છે. **W.** *somunifera* **Dunal.** અશ્વગંધા, ઘોડા આશૂન, આસોડ નામનો દેશના સૂકા વિસ્તારમાં જોવામાં આવતો ક્ષુપ, જેમાં નશાકારી અને નિદ્રાપ્રેરક દ્રવ્યો આવેલાં હોય છે.

**with calf.** ગર્ભિણી ગાય. (૨) પેટમાં બચ્ચું વિકસી રહ્યું હોય તેવી ગાભણી ગાય.

**wither.** કરમાવું, સુકાઈ જવું, તાજગી અને જોમ ચાલ્યા જવાં. **withering.** સુકારાથી કે તેથી નમી જવાની વનસ્પતિની અવસ્થા.

**withers.** ઘોડા, ગાય, ઘેટા ઇ.ના સ્કંધાસ્થિની ટોચ પરની કિનારી.

**wobble.** કંપવું, ધ્રૂજવું. (૨) જુદી જુદી નમ્યતાથી ભ્રમણ કરવું, ધ્રૂજવું, અડબડિયાં ખાવાં.

**womb.** ગર્ભાશય, સસ્તન પ્રાણીઓનું અંગ, જેમાં ગર્ભને ધારણ કરવામાં આવે છે, અને બચ્ચાનો જન્મ થાય ત્યાં સુધી જેમાં બચ્ચું વિકાસ પામતું હોય છે.

**wood.** ઊગતાં વૃક્ષો જમીનનો ઠીક ઠીક ભાગ રોકે તે, વન. (૨) વૃક્ષ કે ક્ષુપના ગર અને છાલ વચ્ચેનો ભાગ, કાષ્ઠ. (૩) જળવાહક પેશી, જળવાહિની, રસવાહિની જુઓ *heart wood* અને *sap wood*. **w. apple** કોઠું, બીલું; *Feronia limonia* **(L.) Swingle** [Syn. *F. elephantum* **Correa.**]. નામનું, ભારત-ભરમાં ઊગતું ઝાડ, જેનું ફળ ખાય છે અને જેમાં થડ અને શાખામાંથી ગુંદર મળે છે. **w.-a. slug caterpillar.** બીલીનાં પાન ખાતી *Parasa lepida* Cr. નામની ઇયળ. **w. ash.** લાકડાને બાળ્યા બાદ શેષ રહેતી રાખ; જે પોટાશ ખાતર તરીકે ઉપયોગમાં આવે છે. અનિક્ષાલિત કાષ્ઠની રાખમાં પોટેશિયમ કાર્બોનેટના રૂપમાં 5થી6 ટકા પોટાશ હોય છે અને 25થી30 ટકા ચૂનો (CaO) છે; બંને દ્રવ્યો જમીનની અમ્લતાની વિરુદ્ધ કાર્યરત બને છે. **w. cellulose.** કાષ્ઠની રાસાયણિક પ્રક્રિયા કરી તેમાંથી લિગ્નિન, અર્ધકાષ્ઠક (હેમી સેલ્યુલોસ) કાઢી લીધા પછી રહેતો શેષ ભાગ. **w. charcoal.** લાકડાને અર્ધાં બાળ્યા પછી મળતું કાર્બન બળતણ, કોલસો, જે બળતણ ઉપરાંત મરઘાં–બતકાંના ખાણમાં એક ઘટક તરીકે ઉપયોગમાં લેવાય છે. **w. fibre.** કાષ્ઠ તંતુ; છોડ અને એકંદર વનસ્પતિની રક્ષા કરતા અને તેને ટેકો આપતા પાતળા તંતુમય ભાગ અને જાડી દીવાલરૂપ લંબાયેલા કોષ, પુખ્તાવસ્થામાં જેમાં સજીવતા હોતી નથી. **w. lots.** બળતણ માટેનું લાકડું અને કૃષિની અન્ય જરૂરિયાતો મેળવવા વનભૂમિમાં અલગ કરવામાં આવતો ભાગ. મોટા ભાગે આ ભાગ પડતર હોય છે કે કૃષિ કામમાં આવે તેવો નથી હોતો અને તેમાં ઇમારતી લાકડાં, બળતણ માટેની કાઠીનાં વૃક્ષો, પર્ણખાતર અને ચારા માટેની વનસ્પતિ ઉગાડવામાં આવતી હોય છે. **w. pin.** લાકડાનો ખીલો, કાષ્ઠ ખીલો. **w. parenchyma.** કાષ્ઠ મૃદૂતક, કાષ્ઠ મૃદૂતક. **w. ray cell.** કાષ્ઠ કિરણ કોષ. **w. rot.** કાષ્ઠ સડો. **w. vessel.** કાષ્ઠ વાહિની. **w. wool.** કાષ્ઠઊર્ણ, કાષ્ઠઊન.

**woody.** કાષ્ઠીય, કાષ્ઠમય. (૨) કાષ્ઠનાં લક્ષણો ધરાવતું (છોડ). (૩) કાષ્ઠથી ભરપૂર. (૪) લિગ્નિનનું વિશેષ પ્રમાણ ધરાવનાર (છોડ કે વનસ્પતિ).

**woodland.** મુખ્યત્વે કાષ્ઠીય વૃક્ષોની ભૂમિ, વનભૂમિ. **w. l. pasture.** ચરાણ ધરાવતો વનભૂમિનો એક ભાગ, જેમાં પશુઓ ચરે છે.

**Woodfordia** *fruticosa* **(L.) Kurz** [*W. floribunda* **Satish**]. શોભાનો એક છોડ, જેમાં ગુંદર મળે છે. ફૂલમાંથી પીળો અને લાલ રંગ મળે છે. છાલ અને પાન ચામડાં કમાવવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે.

**wool.** ઊન; ઘેટાં, બકરાં, આલ્પાકા જેવાં પ્રાણીઓના તરંગિત સંરચના ધરાવતા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને શલ્કી સપાટી ધરાવતાં ઝીણા વાળ, જેની સાથે સાધારણ વાળ પણ ભળ્યા હોય છે. (૨) રૂ પછીનું સ્થાન મેળવતાં કાપડ, શેતરંજી, જાજમ ઇ. બનાવવા માટેના કુદરતી તંતુ. **w. ball.** ઘણીવાર ઘેટાના પેટમાં મળી આવતો ઊનનો ગોળ પિંડ, જે તેની પાચનક્રિયામાં ગંભીર અવરોધ ઊભો કરે છે. **w. carding.** ઊન પીંજણ; ઊન કાંતવાના ઉપયોગમાં લઈ શકાય તે માટે તેની ગૂંચ ઉકેલી તેના તંતુઓને સમાંતર બનાવવાની પ્રક્રિયા. **w. classing.** ગુણવત્તા, રંગીનતા, લંબાઈ, રંગપ્રકાર ઇ. અનુસાર ઊનના તંતુઓની વર્ગીકૃત ગોઠવણી. **w. clip.** ઊનનો વાર્ષિક ઉતાર. **w. crimp.** ઊનના તંતુની કુદરતી લહેર. **w. fat.** ઘેટાની ચામડીમાંથી થતો તરંગિત, ચીકણો અને ઊનના તંતુને ચોંટી રહેતો સ્રાવ. (૨) ઘેટાના ઊનમાથી નીકળતું ચરબી જેવું સાફ કરેલું દ્રવ્ય-લિનોલિન, જે અદ્રવિત, પીળાશ પડતું, અર્ધ ઘન અને પાણીમાં અદ્રાવ્ય છે અને જે મલમના આધાર દ્રવ્ય તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે. **w. fell.** ઊન ઉતારી લેવામાં આવ્યું ન હોય તેવા મરેલા કે કતલ કરેલા ઘેટાનું ચામડું. **w. fibre.** ઊનનો તંતુ; પ્રત્યાસ્થ, ટકાઉ, ભેજગ્રાહી, ઝડપથી ન બળે તેવો, કુદ રીતે જલ-સહ-વૉટરપ્રૂફ અને ગરમાવો આપતો, કાષ્ઠક (સેલ્યુલોસ) સંરચના ધરાવતો, કાંતીને તાર બનાવી શકાય તેવો ઘેટાના ઊનનો તંતુ. **w. grading.** ઊનનાં ઉપયોગો, જાતિ, રંગ, ટકાઉપણું ઇ. અનુસાર તેનું કરવામાં આવતું વર્ગીકરણ. **w. grease.** ઊનનું ચરબી તત્ત્વ. **w. sorting.** ઊનની જાત, પ્રકાર ઇ. અનુસાર તેને જુદા પાડવાની અને સખું કરેલા ઊનને દડામાં વિંટાળવાની પ્રક્રિયા. **w. top.** સમાંતર બનાવેલા અને રજ્જુ આકારમાં વીંટેલા ઊનના તંતુ. **w. type.** મુખ્યત્વે ઊન માટે ઉછેરવામાં આવતાં ઘેટાંનો પ્રકાર. **w. value.** ઊનનું મૂલ્ય, જેનો આધાર તેની ગુણવત્તા અને પ્રકાર પર રહે છે. **w. washing.** ઊન પ્રક્ષાલન. (૨) ઊનને ધોવાની કે સાફ કરવાની પ્રક્રિયા, જેમાં ઘેટાં પરથી ઉતારવામાં આવેલા ઊનમાંથી કચરો, ચીકણાં દ્રવ્યો, સ્નેહલ પદાર્થો ઇ. ને દૂર કરવામાં આવે છે અને જેમાં સાબૂકરણ કરવા આલ્કલાઈન મલાકનો ઉપયોગ કરી ઊનને ધોવામાં આવે છે. **w. wax.** ઊનનું મેદીય દ્રવ્ય, ઊનની ચરબી. **wooled.** ઊન પ્રચુર, જેમાં વિપુલ પ્રમાણમાં ઊન હોય અથવા જે ઊનથી આવરિત હોય. **woollens.** ઊનના તંતુમાંથી સંપૂર્ણપણે કે અંશતઃ બનાવવામાં આવેલાં હોય તેવાં કપડાં. **woolly.** ઊની, ઊન જેવાં નરમ, ઢીલાં અને ગૂંચવાયેલાં. (૨) ઊનથી આવરિત કે વિપુલ પ્રમાણમાં ઊનવાળું. **w. aphids.** *Eriosoma lanigerum* **Hausm.** નામનો ડુંગરાળ પ્રદેશોમાં થતો સફરજન પર પડતો મોલોમશી; જેનાં ડિંભ અને પુખ્ત જંતુ સફરજનના ઝાડની ડાળીઓ તથા થડનો રસ ચૂસે છે, જેથી ફળની જાત બગડે છે. **w. oak.** *Quercus lanata.* નામનું સદાહરિત વૃક્ષ, જે ગઢવાલ, કુમાંઉ અને ભુતાનમાં થાય છે, અને જેને સીધું વાવીને કે ફેર રોપણી દ્વારા ઉગાડાય છે.

**Worcester Pearmain.** મધ્યમ કદના, નારંગી રંગની છાલ અને વિપુલ પ્રમાણમાં ગર ધરાવતા સફરજનનો એક પ્રકાર.

**work.** કાર્ય; બળ લગાડવાની પ્રક્રિયા. (૨) ઉત્પાદન પ્રક્રિયા કે કાર્યની કોઈ પણ બજવણી, ઉત્પાદક કાર્ય. **w. animal.** કામ માટે ઉપયોગમાં લેવામાં આવતું ઘોડું, ખચ્ચર, બળદ ઇ. જેવું ગમે તે પાલતું પ્રાણી, **w. shop.** ખેતર પરનું સ્થાન અથવા છાપરી જેવાં યંત્ર સામગ્રી, ઓજારો, ઉપકરણો ઇ. રાખવામાં આવતાં હોય અને જ્યાં સમારકામ જેવાં કામ કરવામાં આવતાં હોય. **w. stock.** ખેતર પર કામમાં લેવામાં આવતાં પ્રાણી-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઓની કુલ સંખ્યા. **workability.** કાર્યક્ષમતા, આકાર આપવાનો કે કામ કરવાનો ગુણ કે તે માટેની અવસ્થા. **worker.** કામદાર, મજૂર, કાર્યકર. (૨) મધમાખ અથવા ઊધઈ જેવાં જંતુઓની વસાહતમાંની અફળદ્રુપ માદા–કામદાર મધમાખ કે કામદાર ઊધઈ. **w. cell.** મધપૂડામાંનું અફળદ્રુપ માદા કામદાર માટેનું ઉછેરખાનું. **working day.** કામનો દિવસ, સામાન્ય રીતે જે આઠ કલાકનો ગણાય છે. **w. farm capital.** કૃષિ કાર્યકર મૂડી. (૨) કૃષિ-વ્યવસાયમાં ઉપયોગમાં લેવામાં આવતાં ઢોર–ઢાંખર, યંત્રસામગ્રી, ઉપકરણ, સરંજામ, ખાણ અને અન્ય પુરવઠો તથા રોકડ રકમ. **w. plan.** વન સંરક્ષણ, ઉછેર અને તેના વૃદ્ધિ–વિકાસ અંગેની નીતિ અને કાર્યને ચાલુ રાખવા તથા વનની માવજતનું નિયમન કરવા માટેની લિખિત યોજના.

**worm.** કૃમિ; ડિંભ, કીટક, ઈયળ, અળશિયું, રેશમનો કીડો જેવાં નરમ શરીરવાળાં, નાનાં, અપૃષ્ઠવંશી, અધિશી, પેટે ચાલતાં, વલયોના ખંડો ધરાવતાં અને અન્ય પ્રાણીઓનાં આંતરડાં કે પેશીઓમાં પરજીવી જીવન ગાળતાં સજીવ. (૨) સ્ક્રૂનો પેચવાળો ભાગ. **w. gear.** સર્પિલ-ગીઅર. **w. screw.** સર્પિલ સ્ક્રૂ, પેચવાળો સ્ક્રૂ. **w. wheel** સર્પિલ ચક્ર. **w. wood.** *Artemisia obsinthium* **L.** નામની કાશ્મીરમાં થતી એક પ્રકારની શાકીય વનસ્પતિ, જેનાં ફૂલમાંથી સેન્ટોનીન નામનું ઔષધીય દ્રવ્ય કાઢવામાં આવે છે, જેનો ઉપયોગ કૃમિનાશક, શક્તિદાયક અને ઉત્તેજનાકારક તરીકે કરવામાં આવે છે. **worming.** પ્રાણીના દેહમાંથી તેના અંતઃસ્થ કૃમિને દૂર કરવા, પ્રાણીને પરજીવી કૃમિથી છૂટું પાડવું. **wormy.** જંતુઓ અથવા કૃમિનો ઉપદ્રવ ધરાવતાં પ્રાણીઓ, વનસ્પતિ કે અન્ય પેદાશ.

**worsted yarn.** સાફ કરેલા ઊનમાંથી બનાવેલું સુતર.

**wound.** ઘા, ક્ષત, વ્રણ. (૨) આંતરિક અથવા બાહ્ય પેશીની સળંગતામાં બળપૂર્વક કરાયેલો–થયેલો–પડેલો વિક્ષેપ. **w. cambium.** ક્ષતના સ્થાને ઊભી થતી અસ્થાનિક એધા અને ત્યાં થતું નવી પેશીનું નિર્માણ. **w. parasite.** ઘા દ્વારા યજમાનના શરીરમાં પ્રવેશતો કોઈ પણ પરજીવી સજીવ.

**wrapper leaf.** સિગારેટની બનાવટમાં આવરણ તરીકે ઉપયોગમાં લેવામાં આવતું તમાકુનું પર્ણ.

**wrench.** ઝાટકો.

**wriggle.** કીડાના વળ જેવી ગતિ.

**Wrightia** *tinctoria* **R. Br** [Syn. *W. rothii* **G Don;** *Nerium tinctorum* **Roxb.**]. મીઠો ઈંદ્ર જવ, દૂધી નામનું રાજસ્થાન. મધ્યપ્રદેશ અને તામિલનાડુમાં થતું એક ઝાડ, જેનાં ફળ અને ફૂલમાંથી વાદળી રંગ મળે છે. *Wr. tomentosa* (**Roxb.**) **Roem & Schult** [Syn. *Wr. mollissima* **Wall;** *Nerium tomentosum* **Roxb.**]. ધરોલી, દૂધી, નામની પંજાબ, રાજસ્થાન, બિહાર, આસામ અને પશ્ચિમઘાટમાં થતી વનસ્પતિ, જેનાં બી અને મૂળમાંથી પીળો રંગ મળે છે, જેનાં પાન અને કુમળાં ફળ ખાય છે.

**wrinkle.** કરચલી; ચામડી અથવા સુનમ્ય સપાટી પર થતા સળ, કરચલી ઇ. જેવી અવસ્થા. **wrinkled grain.** કરચલીવાળા દાણા.

**wrought iron.** ઘડતર લોખંડ.

**wry.** એક બાજુ પર વળેલું–નમેલું. **wr. tail.** કાયમી, એક બાજુએ વળેલું રહેતું મરઘીનાં બચ્ચાં કે સરેતત પ્રાણીનું પૂછડું.

**wumb.** ખાદ્ય ફળ માટે દક્ષિણ ભારત, આસામ અને પં. બંગાળમાં ઉગાડવામાં આવતા વૃક્ષનો એક પ્રકાર.

**Wyandotte.** માંસ અને ઇંડાં માટે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉછેરવામાં આવતા અમેરિકન વર્ગના એક પ્રકારનાં મરઘાં; આ પ્રકારનાં મરઘાની કલગી લાલ, ચામડીનો રંગ પીળો, પીછાં વિનાનાં પગ ઇ. હોય છે.

# X

**xanth** (o). પીતક, પીળું અર્થસૂચક પૂર્વગ.

**xantheine.** ફૂલોમાં પીળો રંગ આપતા દ્રાવ્ય ભાગનું દ્રવ્ય.

**xanthic.** પીત, પિળાશ પડતું.

**xanthin.** ફૂલોનું અદ્રાવ્ય રંગ બનાવવા માટેનું પીળું દ્રવ્ય. (૨) લોહી, મૂત્ર, યકૃત ઇ.માં જણાતા યુરિક ઍસિડની સાથે સંબધ ધરાવતું દ્રવ્ય.

**Xanthium** *strumarium* **L.** ગાડર, ગાડરડી નામની વનસ્પતિનો એક પ્રકાર.

**Xanthomonas** *alfalfae.* નામનો રજકાનો રોગોત્પાદક કીટ. *X. compestris* **(Pammel) Dowson.** નામનું કોબીનું રોગોત્પાદક જંતુ. *X. citri* **(Hass) Dowson.** નામનું ખટમધુરાં ફળોનું રોગોત્પાદક જંતુ. **X.** *cymopsidis.* નામનું ગવારમાં રોગ કરતું જંતુ. *X. malvacearum* **(Smith) Dowson.** નામનું કપાસનાં રોગોત્પાદક જંતુ. *X oryzae.* નામનું ડાંગરમાં રોગ કરતું જંતુ. *X. phaseoli indicus.* નામની વાલમાં રોગ કરતી ફૂગ. *X. phaseoli sojense.* નામની સોયાબીનમાં રોગ કરતી ફૂગ. *X. sesbaniae.* નામનું સેસબેનિયામાં રોગ કરતું જંતુ. *X. stizolobiicola.* નામનું વેલવેટ બીનનું રોગકારી જંતુ. *X. vasculorum.* શેરડીનું રોગકારી જંતુ. *X. vignicola.* નામનું ચોળીમાં રોગકારી જંતુ.

**xanthone.** $C_{13}$ $H_8$ $O_2$. સૂત્રવાળું બમીચામાં થતી ઇતડી અને તેનાં ઈંડાંનો નાશ કરતું જંતુઘ્ન રસાયણ.

**xanthophyll.** $C_{43}$ $H_{56}$ $O_2$ સૂત્રવાળું ચામડીમાંના આવશ્યક રંગ માટે જરૂરી બનતું કેરોટીન રંજક દ્રવ્ય, જેની ઊણપથી ચામડી જરૂરી રંગ ધારણ કરતી નથી. (૨) વનસ્પતિમાં હરિત દ્રવ્ય અને કેરોટીનની સાથે સંબંધ ધરાવતું અને વનસ્પતિના સોનેરી પીળા રંગ માટે જવાબદાર આવશ્યક રંજક દ્રવ્ય, પીતપર્ણ.

**Xanthoxalis** *corniculata.* એક પ્રકારની વનસ્પતિ.

**x. chromosome.** એક્સ રંગસૂત્ર, જે ગર્ભસ્થ શિશુની માદા જાતિ નક્કી કરે છે.

**xenia.** પર પરાગ પ્રભાવ. (૨) માતૃકોષ પર જનકનો પ્રભાવ. (૩) આવૃત બીજધારી વનસ્પતિમાં યુગ્મિત કોષકેન્દ્રની સાથે જોડતો પરાગરજનો નરજન્યુ. પ્રભાવી જનિનને સાથે લઈ જાય, જેના પરિણામે ભ્રૂણપોષ જનકને મળતો આવે છે.

**xenogamy.** સંકર ફલીકરણ.

**xenopsylla.** *cheopis.* ચાંચડ.

**xer**(o). શુષ્ક અર્થસૂચક પૂર્વગ.

**xeric.** શુષ્ક, અલ્પપ્રમાણમાં ભેજ ધરાવનાર (જમીન), તથા સૂકી કે મરુભૂમિમાં થતી (વનસ્પતિ). **x. environment.** શુષ્કપર્યાવરણ.

**xeromorphic.** શુષ્કાનુરાગી. **xerophilous.** ગરમ અને શુષ્ક પર્યાવરણને અનુકૂલિત.

**xerophthalmia.** શુષ્કનેત્ર રુજા. (૨) પ્રજીવક 'એ'ની ઊણપથી પ્રાણીઓ અને મરઘાંને લાગુ પડતો આંખનો રોગ, જેમાં આંખ લાલ લાલ થઈ જઈ સૂઝ આવે છે અને ડોળો સૂકો લાગે છે.

**xerophytes.** શુષ્કઉદ્ભિદ વનસ્પતિ, મરુ નિવાસી વનસ્પતિ, જે જમીનના ભેજનું

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બાષ્પીભવન ઝડપી હોય છે અને પાણીની આવક ઓછી હોય છે તેવી જમીનમાં ઊગતી વનસ્પતિ. **xerophytic vegetation.** કાંટાળા ક્ષુપ, ઝાડી ઝાંખરા જેવી મરુનિવાસી વનસ્પતિ. **xerophytism.** શુષ્કોદ્ભિદતા.

**xerosere.** શુષ્ક સંચક. (૨) શુષ્ક ભૂમિમાં વનસ્પતિ વિકાસની એક અવસ્થા.

**Ximenia** *americana* **L.** ઈંચુરી નામનો દ. ભારત, અને આંદામાનમાં થતો ક્ષુપ, જેનાં ફળ ખાદ્ય છે અને જેનું કાષ્ઠ સુખડના લાકડાની અવેજીમાં ઉપયોગમાં લેવામાં આવે છે.

**x-ray.** ક્ષ-કિરણ.

**Xyleborus** *compactus* **H.** નામનો રોબસ્ટા કોફીનો કીટ. *xy. morstatti* **H.** નામનો રોબસ્ટા કોફીનો કીટ.

**xylem.** જળવાહક પેશી, જળવાહિની, દારૂવાહિની. (૨) વનસ્પતિના જળવાહિની પુલનો લિગ્નિનવાળો ભાગ, **x. bundle.** જલવાહિની પુલ. **x. fibre.** દારૂતંતુ, જલવાહિની તંતુ. **x. vessel.** દારૂવાહિની.

**Xylia** *xylocarpa* **(Roxb.) Taub.** [Syn. *X. dolabriformis* **Benth.**]. જાંબુ; પશ્ચિમ દ્વીપકલ્પીય પ્રદેશ, ઓરિસા, આન્ધ્ર પ્રદેશ અને મધ્ય પ્રદેશમાં થતું ઝાડ, જેનું કાષ્ઠ રેલવેના સ્લીપરો, વહાણ બાંધકામ અને પુલો બનાવવાના કામમાં લેવામાં આવે છે.

**xylocarp.** સખત, કાષ્ઠમય ફળ .**xylocarpous.** સખત કાષ્ઠમય ફળ જેવું.

**Xylocarpus** *gangeticus* **C. E. Parkinson.** પુસુર નામનું ઝાડ, જેની છાલને ચામડાં કમાવવાના ઉપયોગમાં લેવામાં આવે છે. *X. moluccensis* **(Lamk.) Roem** [Syn. *Carapa moluccensis* **Lamk.**]. પુસુર, નામનું આંદામાનમાં થતું ઝાડ, જેનાં બીમાંથી મળતું તેલ સાબુ બનાવવા તથા દીવાબત્તી માટે ઉપયોગમાં લેવામાં આવે છે.

**xylophagous.** લાકડું કોરી ખાનાર (જંતુ).

**Xylopia** *parvifolia* **Hook. f. & Thoms.** કેરળમાં થતું એક ઝાડ, જેનાં ફળ અને ફૂલ ખવાય છે. કાષ્ઠનું હલકા પ્રકારનું ફર્નિચર, ક્રિટિંગ અને પ્લાયવૂડ બનાવવામાં આવે છે.

**Xylotrechus** *quadripes* **Chev.** અરેબિકા કોફીમાં પડતું જંતુ.

**Xylotrupes** *gideon.* સફેદ રોલ નામનાં જંતુ; જે ખટાટા, ડાંગર, શેરડી અને મકાઈને કોરી ખાય છે.

# Y

**yak.** ગોવંશનું *Bos grunniens.* નામની ચમરી ગાય. (૨) દૂધ, ચામડું અને વણી શકાય તેવા વાળ આપતું, પાલતું તિબેટ અને મધ્ય એશિયાનું પ્રાણી.

**yam.** રતાળુ, *Dioscorea* પ્રજાતિ અને *Dioscoreaceae* એટલે વારાહીકુળની ખોરાક અને શોભા માટે ઉગાડવામાં આવતી શાકીય વનસ્પતિ. **y., white** સફેદ રતાળું. **y. bean.** શક્કરિયું.

**yard.** વાર. (૨) રૈખિક માપનો 3 ફૂટ, કે 36 ઈંચના માપનો એકમ. (૩) ઘરનું પ્રાંગણ. (૪) પ્રાણીઓ કે પક્ષીઓને રાખવાનો બંધ વાડો.

**yarn.** સૂતર; કાંતીને કપાસના તંતુને વળ આપી તૈયાર કરવામાં આવતું સૂતર.

**yasbul.** કુમાંઉ, ખાસી ટેકરીઓ અને મણિપુરમાં ઉગાડવામાં આવતી એક ખાદ્ય વનસ્પતિ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**y-chromosome.** નર બાળકના નિર્માણ માટે નિર્ણાયક બનતું 'વાય'– રંગસૂત્ર, લિંગ-રંગસૂત્ર.

**yean.** ઘેટી કે બકરીના બચ્ચાને જન્મ આપવો. **yeanling.** ઘેટી કે બકરીનું બચ્ચું.

**yearling.** એક વર્ષનું આયુષ્ય ધરાવતી માછલી. (૨) એક વર્ષ કરતાં વધુ પરંતુ બે વર્ષ કરતાં ઓછી વય ધરાવતું પ્રાણી.

**yearly.** વાર્ષિક; વર્ષમાં એક વાર, પ્રત્યેક વર્ષે કે એક વર્ષ માટે (થતું).

**yeast.** ચીસ્ટ, કિણ્વ, ખમીર. (૨) ફૂગ, સૂક્ષ્મ કદ ધરાવતું એક કોષી પિંડ, જેને વૃદ્ધિ માટે સાધારણ ઉષ્ણતામાન, ભેજ અને કાંજી તથા શર્કરા દ્રવ્યની જરૂર પડે છે, અને જે કાર્બન ડાયોક્સાઈડ બનાવી, શર્કરાનું કિણ્વન કરી મદ્યાર્ક બનાવે છે. ફળના રસો અને કણકનું પણ જે આથવણ શક્ય બનાવે છે.

**yellow.** પીળું, પીત. **y. bauhinia.** સેંટ ટોમસ તરીકે પણ ઓળખાતું, *Bauhinia tomentosa* **L.** નામનું જંગલી પીળા ચંપા કે પીળા આસુન્દ્રાનું ઝાડ; જેની છાલનાં દોરડાં બનાવવામાં આવે છે. દ. ભારત, આસામ અને બિહારમાં આ વૃક્ષ સર્વસામાન્ય છે. **y. body.** પીતપિંડ; અંડપાત બાદ સસ્તન પ્રાણીના અંડાશય પર રહેતો અંતઃસ્રાવી પિંડ, જે ગર્ભાધાન ચાલુ રહે ત્યાં સુધી સામાન્ય રીતે વિકાસ પામે છે અને જ્યાં સુધી તે ચાલુ રહે ત્યાં સુધી પ્રાણીમાં લૈંગિક ઇચ્છા જાગતી નથી. **y. corn.** પીત ધાન્ય; પીળા ગરવાળી મકાઈ; જેમાં રહેલું કેરોટીન નામનું રંગ દ્રવ્ય પ્રાણીમાં પ્રજીવક – 'એ'નું નિર્માણ કરે છે. **y. galt.** માદા પ્રાણીના આંચળ પર આવતો સોજો. **y. grandilla.** તડબૂચ. **y. lupine.** લીલા ખાતર માટે ઉગાડવામાં આવતી *Lupinus luteus* **L.** નામની વનસ્પતિ. **y. Mauritius.** અનેનાસનો એક પ્રકાર, જે લંબગોળ હોય છે અને પાકતાં વેરો પીળો રંગ ધારણ કરે છે. **y. mealworm.** *Tenebroides mauritanicus* **L.** નામનો ઘઉં અને લોટ ધાન્યના ભાંગેલા દાણા અથવા લોટમાં પડતાં ડોળ જંતુ. **y. myrobalan.** હરડે, હરિતકી; *Terminalia chebula* **Retz.** નામનું મધ્યમ કદનું, પાનખર જંગલમાં ઊગતું ઉત્તર ભારતમાં થતું ઝાડ; જેનાં ફળ એટલે હરડે, ચામડાં કમાવવાનાં કામમાં આવે છે, અને જેનું કાષ્ટ સામાન્ય નિર્માણ કામ માટે ઉપયોગી બને છે. **Y. Newton.** સહેજ ચપટું પણ ગોળાકાર, મોટું એક પ્રકારનું સફરજન, જેની છાલ લીલાશ પડતા પીળા રંગની હોય છે. **y. oxide.** પીળો મર્ક્યુરસ ઓક્સાઈડ. **y. passion fruit.** *Passifloraceae* કુળનું *Passiflora flavicarpa.* નામનું એક પ્રકારનું મૂળ શ્રીલંકાનું ફળ, જે ગોળાકાર, સહેજ પીળાશ પડતા રંગનું છે. **y. phosphorus.** પીળો ફૉસ્ફરસ; ઉંદર મારવા માટે જંતુઘ્ન રસાયણનો એક ઘટક. **y. Podzolic soil.** હલકી ફળદ્રુપતા ધરાવતી પીળી બરમમાટીવાળી જમીન. **y. rust.** પીળોકાટ. **y. sarson.** પીળો સરસવ; ઉત્તર પ્રદેશ, આસામ, પંજાબ, પ. બંગાળ અને બિહારમાં ઉગાડવામાં આવતી, *Brassica compestris* **L.** var. *sarson* **prain.** [Syn. *Brassica campestris* **L.** var. *glauca* **Duth and Full.**]. નામની વનસ્પતિ, જેનાં બીમાં 45 ટકા જેટલું મીઠી સુવાસ ધરાવતું તેલ હોય છે, જે રસોઈ, અથાણાં, દીવા-બત્તી અને સૌંદર્ય પ્રસાધનો માટે ઉપયોગમાં લેવામાં આવે છે. તેલ કાઢી લીધા બાદ અવશેષ રહેતો બીનો ખોળ ઢોરને ખવડાવવામાં આવે છે. તેનાં કુમળાં પાન અને પ્રરોહની શાકભાજી બનાવવામાં આવે છે. **y. sweet clover.** *Melilotus officinalis* **(L.) Lamk.** નામની મૂળ યુરોપની પણ અહીં ઘાસચારા માટે ઉગાડવામાં આવતી વનસ્પતિ. **y. teak.** હળદરવા; *Adina cordifolia* (**Roxb.**) **Benth and Hook.** નામનું 40

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઇંચ જેટલો વરસાદ મેળવતી ભૂમિમાં ઊગતું ઝાડ, જે કર્ણાટક અને મધ્ય પ્રદેશમાં થાય છે અને જેનું કાષ્ઠ ખેતીનાં ઓજારો, ફર્નિચર, બોબિન ઇ. બનાવવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે. **y. vegetable.** ગાજર જેવા પીળા ભાગ ધરાવતી શાકભાજી. **y. vet chling.** જંગલી વટાણા; *Lathyrus aphaca* **L.** નામનો પંજાબ, ઉત્તર પ્રદેશ, પ. બંગાળ અને મધ્ય પ્રદેશમાં થતો આરોહી વેલો, જે ઘાસચારા તરીકે ઉપયોગી છે. **y. yellowing.** અપક્ષય કે હરિતપર્ણ કે હરિતકણની ગરબડના કારણે વનસ્પતિના હરિત રંગને થતી હાનિ; જુઓ *chlorosis*.
**yellows.** વનસ્પતિનો એક પ્રકારનો રોગ, જેમાં હરિત દ્રવ્યનો હ્રાસ એટલે પીળા પડવું અને વૃદ્ધિ કુંઠિત બને આ છે તેનાં મુખ્ય લક્ષણો.

**yemma budding.** એક પ્રકારનું કલિકા રોપણ.

**Yerba de mate.** વિષમ લિંગી પ્રાણીનું પ્રજનન માટે સંયુગ્મન અથવા વનસ્પતિનું પરાગનયન.

**yield.** ઉતાર, ઊપજ, નીપજ, પેદાશ; ખેતી કરવાના પરિણામે નીપજતો પાકનો કુલ જથ્થો. (૨) પરાભવ. **y., annual** વાર્ષિક નીપજ–ઉપજ. **y., periodic** સામયિક–આવધિક ઊપજ. **y. inelasticity.** ઊપજતી અસ્થિરતા. **y. per acre.** એકર દીઠ ઊપજ. **y. point.** પરાભવ બિંદુ. **y. table.** ઊપજ દર્શાવતો કોઠો. **yielder.** ઊપજ આપનાર (પ્રાણી અથવા વનસ્પતિ).
**yielding abilily.** ઊપજ આપવાની ક્ષમતા.
**yoghurt.** દહીં, અર્ધ-ઘટ્ટ કિણ્વન દુગ્ધ પેદાશ.
**yoke.** ધૂંસરી, ઝૂંસરી. (૨) બે બળદની જોડી સાથે કામ કરી શકે કે ગાડું ખેંચી શકે તે માટે તેમની ગરદન પર લાદવામાં આવતું, જુદા જુદા આકારનું લાકડાનું સાધન. **y. gall.** ગાડા અથવા હળ માટે બળદની જોડીને ગરદન પર લાદવા આવેલી ધૂંસરીથી બળદને લાગુ પડતો એક પ્રકારનો રોગ. **y. pin.** ધૂંસરીનો ખીલો.
**yolk.** જરદી, ઈંડાનો પીળો ભાગ; જેમાં માદા પ્રજનન કોષ હોય છે અને જે સમૃદ્ધ ખાદ્ય તત્ત્વ ધરાવે છે. (૨) ઘેટાનું ઊન કાઢવામાં આવે ત્યારે પ્રસ્વેદ સમેત તેમાં જોવામાં આવતાં સઘળાં દ્રવ્યો. **y. sac.** જરદીનો સંપુટ, જેમાં ઈંડાંમાં રહેલું ખાદ્યદ્રવ્ય હોય છે અને જે ઈંડાને સેવવામાં માદાને મદદરૂપ બને છે. **y. shadow.** ઈંડાની શુદ્ધતા પારખવા માટે પ્રકાશની સામે ઈંડાને ધરવામાં આવતાં તેમાં જોવામાં આવતી છાયા, જરદીના રંગ પરથી તેની ઘટ્ટતા પારખી શકાય છે.
**Yorkshire.** યોર્કશાયર નામના વધુ માંસ આપતા ડુક્કરની એક જાત.
**young.** તરુણ, જુવાન. **y. root.** તરુણ મૂળ. **y. seed.** તરુણ બી. **y. stem.** તરુણ પ્રકાંડ. **y. stock.** તરુણ પશુધન.
**Yncca** *gloriosa* **L.** મૂળ મધ્ય અમેરિકાનો, પણ અહીં વાડ માટે ઉગાડવામાં આવતો એક છોડ.

## Z

**zaffran.** કેસર, *Saffron crocus.*
**zaid.** રબિ અને ખરિફ વચ્ચેની – માર્ચથી જુન સુધીની મોસમ.
**Zaidi.** પંજાબમાં ઉગાડવામાં આવતી, ઈરાની જાતની ખજૂરી, જેનાં ખજૂરમાં ભેજનું પ્રમાણ ઓછું રહે છે અને ખજૂરી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દીઠ 200–300 રતલ ખજૂર ઉતરે છે.

**zaid.-kharif.** શરદઋતુમાં કરવામાં આવતી વાવણી.

**zaid.-rabi.** વસંતઋતુમાં કરવામાં આવતી વાવણી.

**zaitun.** જૈતુન, ઓલિવનું ઝાડ.

**zamindar.** સરકારને મહેસૂલ આપતો અને ગણોતિયાની પાસેથી સાંથ અથવા ગણોત લેતો જમીનનો માલિક જમીનદાર.

**zamin kand.** સૂરણ.

**Zentedeschia** *aethiopica* (**L.**) **Spreng.** [Syn. *Calla aethiopica* **L.**]. શાકીય વનસ્પતિ, જેને બગીચામાં શોભા માટે ઉગાડવામાં આવે છે.

**Zanthium** *strumarium* **L.** ગાડર ગાડરડી નામની વનસ્પતિ.

**zanthoxylum** *alatum* **Roxb.** તેજબલ; નારંગી કુળનું પંજાબ, કુમાંઉ અને ખાસી ટેકરીઓમાં થતું નાનું ઝાડ, જેનાં સુવાસિત બી શક્તિ માટે ઉપયોગી છે અને જેના કાષ્ઠની લાકડીઓ બનાવવામાં આવે છે, જેનાં કુમળાં ડાળખાંનાં દાતણ બનાવવામાં આવે છે. *Z. oxyphyllum* **Edgew.** તિવાર; નારંગી કુળનો કુમાંઉ અને ખાસી ટેકરીઓમાં થતો ક્ષુપ, જેના કુમળા પ્રકાંડની ભાજી થાય છે. *Z. rhetsa* (**Roxb**) **DC.** [Syn. *Fagara budrunga* **Roxb.**]. ચિરફળ; નારંગી કુળનું બદરંગા તરીકે ઓળખાતું પશ્ચિમઘાટ અને પ. બંગાળમાં થતું ઝાડ, જેનાં બીમાંથી બાષ્પશીલ તેલ નીકળે છે. કાષ્ઠના શટલ, લાકડી ઇ. બનાવવામાં આવે છે.

**zardalu.** જરદાળુ.

**zarga.** ઝીંઝવો.

**Zataria** *multiflora* **Boiss.** એક શાકીય વનસ્પતિ, જેનો ઔષધ તરીકે ઉપયોગ કરવામાં આવે છે.

**Zea** *mays* **L.** મકાઈ; વર્ષાયુ, ઊંચી, મૂળ દ. અમેરિકાની વનસ્પતિ, જેને ખાદ્ય પાક તરીકે ઉત્તર પ્રદેશ, પંજાબ, મધ્ય પ્રદેશ, બિહાર, આન્ધ્ર પ્રદેશ, જમ્મુ અને કાશ્મીરમાં ઉગાડવામાં આવે છે. મકાઈના કાચા દાણાને શેકીને ખાવામાં આવે છે. મકાઈના લોટના રોટલા બનાવવામાં આવે છે, ઉપરાંત મકાઈમાંથી કાંજી-સ્ટાર્ચ અને મદ્યાર્ક બનાવવામાં આવે છે. *Z. mays* var. *ceratina.* મીણ જેવા દેખાવવાળી મકાઈનો એક પ્રકાર, જેની કાંજી પણ સાબુચોખાની કાંજી જેવી ચીકણી હોય છે. *Z. mays* var. *everta.* મકાઈનો પ્રકાર જેના દાણાને શેકતા, ધાણી બને છે. *Z. mays* var. *saccharata.* મકાઈનો એક પ્રકાર; *Z. mays* var. *tunicata.* એક પ્રકારની મકાઈ.

**zebu.** સાંઢ

**zedoary.** *Curcuma zadoaria* **Rosc** [*C. zerumbet* **Roxb.**]. નામની તેના કંદ માટે, ભારતભરમાં ઉગાડવામાં આવતી શાકીય વનસ્પતિ, જેનાં કંદ સુગંધી દ્રવ્યો અને સૌંદર્ય પ્રસાધનો બનાવવાના ઉપયોગમાં લેવામાં આવે છે.

**zein.** મકાઈમાંથી મળતું, મદ્યાર્કમાં દ્રાવ્ય પ્રોટીન.

**zeolites.** ઝિયોલાઈટ, પોટાશ અને સોડા ધરાવતું, ઝાંખા રંગવાળું, ભેજ ધરાવતું સિલિકેટ; જે દ્રાવ્ય છે અને જમીનમાં બેઈઝ વિનિમયમાં અગત્યનો ભાગ ભજવે છે.

**Zephyranthes** *grandiflora* **Lindl.** મૂળ દક્ષિણ અમેરિકાની શાકીય વનસ્પતિ, જેને શોભા માટે ઉગાડવામાં આવે છે.

**zerubet ginger.** *Zingiber zerumbet* (**L.**). **Rosc.** નામનું એક પ્રકારનું આદું; જે મસાલા તરીકે ઉપયોગમાં આવે છે.

**Zeuzera** *coffeae* **Niet.** નામની કૉફીના પ્રકાંડને કોરતી ઈયળ. કૉફીની ગાળમારા ઈયળ.

**zho.** ગાય અને યાક (ચમરીગાય)ની સંકર સંતતિ, જેને ઉત્તર ભારતના ડુંગરાળ વિસ્તારોમાં પાળવામાં આવે છે.

**Zila Parishad.** જિલ્લા પરિષદ; વહીવટના વિકેન્દ્રીકરણમાં ત્રિશ્રેણી વ્ય-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્થામાં મહત્ત્વનો વહીવટી એકમ.

**zinc.** જસત; આસમાની ઝાંયવાળું, સફેદ ધાત્વીય તત્ત્વ, જે વનસ્પતિના ઝિંક આયૅન $(Zn^{++})$ તરીકે અવશોષી પોષક તત્ત્વ પૂરું પાડે છે, વનસ્પતિના ચયાપચય માટે અગત્યના ઉત્સેચક તરીકે પણ તે મહત્ત્વનો ભાગ ભજવે છે. વનસ્પતિની વૃદ્ધિ માટે જવાબદાર અંતઃસ્રાવના નિર્માણમાં તે ઉપયોગી છે અને પ્રાણીઓ માટે પણ તે મહત્વનું રસાયણ છે. **z. arsenate.** $Zn_3(A_5O_4)_2$. જંતુઘ્ન રસાયણના એક ઘટક તરીકે ઉપયોગમાં આવતું સંયોજન. **z. arsenite.** $Zn(A_5O_2)_2$. કેટલાંક જંતુઘ્ન રસાયણના એક ઘટક તરીકે ઉપયોગી સંયોજન. **z. chloride.** $ZnCl_2$. ફૂગનાશક અને કાષ્ઠ સંરક્ષક તરીકે ઉપયોગી બનતું સંયોજન. **z. deficiency.** પૂરતા પ્રમાણમાં જસત ન મળવાથી વનસ્પતિ પર પડતી માઠી અસર. **z. oxide.** $ZnO$. ફૂગનો નાશ કરવા અને જંતુ રહિત બનાવવા અને ઢોર ઢાંખરના ખોરાક માટે જસત પૂરું પાડનાર સંયોજન. **z. phosphate.** $Zn_3P_2$. ઉંદર અને જંતુ મારવા માટેનું રાસાયણિક સંયોજન. **z. p.-lime mixture.** જસતની ઊણપના પરિણામે થતા રોગની સામે વનસ્પતિ પર છંટકાવ કરવા માટે ઉપયોગમાં લેવામાં આવતું એક રાસાયણિક સંયોજન; સાધારણ પ્રકારનો ઉપદ્રવ હોય તો 5 રતલ ઝિંક સલ્ફેટ, 2 રતલ કળી ચૂનો અને 100 ગેલન પાણીનું મિશ્રણ ઉપયોગી બને છે. પરંતુ ઉગ્ર અથવા દીર્ઘકાલીન જસતની ઊણપની અવસ્થા હોય તો 10 ઝિંક સલ્ફેટ, 5 રતલ કળી ચૂનો અને 100 ગેલન પાણીનું મિશ્રણ પૂરતું થઈ પડે છે.

**zingiberaceae.** અદ્રકાદિ (આદુ) કુળની વનસ્પતિ.

**Zingiber** *cassumunar* **Roxb.** જંગલી આદું; અદ્રકાદિ કુળની દીર્ઘાયુ શાકીય વનસ્પતિ, જેનાં મૂળ–આદુ મસાલા તરીકે ઉપયોગમાં આવે છે. *Z. officinale* **Rosc;** આદું; મૂળ અગ્નિ એશિયાની પણ અહીં કેરળ, ઉત્તર પ્રદેશ, પ. બંગાળ, મહારાષ્ટ્ર, હિમાચલ પ્રદેશ અને આન્ધ્ર પ્રદેશમાં ઉગાડવામાં આવતી શાકીય વનસ્પતિ, જેનું આદુ મસાલા તરીકે ઉપયોગમાં આવે છે, ઉપરાંત તે વાતહર ઔષધ તરીકે ઉપયોગી બને છે. તેમાંથી મળતું બાષ્પશીલ તેલ સુવાસ આપવા વપરાય છે. *Z. zerubet* **(L.) Rosc. ex Smith.** વનઆદુ; ભારતભરમાં થતી વનસ્પતિ.

**Zinnia** *elegans* **Jacq.** અહીં ઉગાડવામાં આવતી શાકીય વનસ્પતિ.

**zinvo.** એક પ્રકારનું ઘાસ, જે પશુ આહારમાં ઘણું ઉપયોગી બને છે.

**ziram.** $ZnC_6H_{12}N_2S_4$. સૂત્રવાળો ફૂગના નાશ-મારેના સંયોજનમાં ઉપયોગી ઘટક;

**zircon.** જમીનમાં મળતું ઝિરકોનિયમ સિલિકેટ નામનું ખનિજ.

**Zizania** *latifolia* **Turez ex Stapf.** દુષ્કાળના સમયમાં એકઠો કરવામાં આવતો દાણો, યાયાવર જળ નિવાસ પક્ષીઓનો ખોરાક હોય છે.

**Ziziphus** *jujuba* **(L.) Lam non Mill** [Syn. *Z. mauritiana* **Lamk.**]. બોરડી, મૂળ ચીનનું પણ હવે અહીં પંજાબ, ઉત્તર પ્રદેશ, બિહાર અને રાજસ્થાનમાં ઉગાડવામાં આવતું નાનું કાંટાળું ઝાડ, જેનાં ફળ એટલે બોર ખાઈ શકાય છે; જેની છાલ ચામડાં કમાવવામાંઉપયોગી બને છે. પાનનો ચારો બને છે ઉપરાંત બોરડી પર લાખના જંતુ વસાવત બનાવીને રહે છે. *Z. nummularia* **(Burn. f.) Wight and Arn.** [Syn. *Z. rotundifolia* **Lam**; *Rhamnus nummularia* **Burm. f.**]. ચણી બોર-ખેતરાઉ બોરડી; વાયવ્ય ભારત અને આન્ધ્ર પ્રદેશમાં થતી બોરડી, જેનાં બોર ખવાય અને છાલનાં ચામડાં કમાવવા ઉપયોગમાં લેવામાં આવે *Z. oenoplia* (L.). **Mill.**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જંગલી બોરનું ઝાડ; ઉત્તર પ્રદેશ, બિહાર, મધ્ય પ્રદેશ ઇ.માં થતું, ખાદ્ય બોરનું ઝાડ. *Z. rugosa* **Lam,** તોરણ, સુરણ. *Z. sativa* **Gaertn** [Syn. *Z. vulgaris* **Lamk.**]. સામાન્ય બોર, ખારેક બોરનું ઝાડ, પંજાબ અને પ. બંગાળમાં થતું એક ઝાડ. *Z. xylopyra* **Willd.** ઘૂંટ બોરડી, મધ્ય પ્રદેશમાં થતું લાખના કીડાના યજમાનરૂપ ઝાડ, જેનાં ફળ ચામડાં કમાવવા ઉપયોગી બને છે.

**Zoysia** *matrella* (**L.**). **Merr.** રેતીના ઢૂઆની જમીનને નવસાધ્ય બનાવવા ઉપયોગમાં લેવામાં આવતું તૃણ કુળનું દીર્ઘાયુ ઘાસ.

**zonal soil.** જમીન નિર્માણનાં સક્રિય કારકોના પ્રભાવથી ચોકસ પ્રકારની બનતી જમીન; જેવી કે પ્રેરી જમીન, રાખ માટી જમીન, ટુંડ્ર જમીન, મરુ ભૂમિ, ક્ષેત્રીય જમીન **zonation.** પ્રદેશ ન્યાસ. **zone.** કટિબંધ, વિષુવવૃત્તની ઉત્તરે અને દક્ષિણે સમાંતર વૃત્તોથી પડતા વિભાગો, જેમકે ઉષ્ણ કટિબંધ, સમશીતોષ્ણ કટિબંધ, શીત કટિબંધ ઇ. **z. of aeration.** શૈલ ભંગનો ઉપરનો પ્રદેશ, જેમાં ભૂ-જળનો પટો, વચગાળાના પટાનું જળ અને કેશાકર્ષણ જલનો સમાવેશ થાય છે. **z. of elongation.** દીર્ઘભાવી પ્રદેશ. **z. of saturation** સંતૃપ્ત પ્રદેશ, શૈલ ભંગનો નિમ્ન પ્રદેશ, જેમાં ભૂ- જળ ઇ. નો સમાવેશ થાય છે. **z. of veg etation.** વનસ્પતિનો પ્રદેશ. **z. of weathering.** ખવાણનો પ્રદેશ, ભૂગર્ભનો એવો પ્રદેશ, જેમાં ખવાણ થયું હોય.

**zoo.** પ્રાણી સંગ્રાહાલય. (૨) ચલ. **z. chemistry.** પ્રાણી રસાયણ; પ્રાણી દેહના અભ્યાસનો રસાયણ વિજ્ઞાનનો એક વિભાગ. **z. dynamics.** પ્રાણી દેહધર્મ વિજ્ઞાન. **z. gamete.** ચલ જન્યુ. **z. gamy.** લિંગી પ્રજનન. **z. geny.** પ્રાણી અંગોનું નિર્માણ. **z. geography.** પ્રાણી ભૂગોળ, પ્રાણીઓના વિતરણ દર્શાવતો પ્રાણી વિજ્ઞાનનો વિભાગ. **z. gonidium.** ચલ બીજાણુ. **z. graphy.** વર્ણનાત્મક પ્રાણી વિજ્ઞાન.

**zooid.** પ્રાણી સમ, પ્રાણીનાં અપૂર્ણ લક્ષણો ધરાવતું; પૂર્ણ રીતે પ્રાણી અથવા વનસ્પતિ ન હોવા છતાં સજીવ દેહ અને કોષ જેવું.

**zoological garden.** પ્રાણી ઉદ્યાન; પ્રદર્શન માટે પ્રાણી સંગ્રાહલય.

**Zoology.** પ્રાણી વિજ્ઞાન; પ્રાણીઓનું પ્રાકૃતિક ઈતિવૃત્ત, પ્રાણીઓનાં સંરચના, દેહધર્મ વિદ્યા, વર્ગીકરણ, ટેવ અને વિતરણના અભ્યાસનું વિજ્ઞાન.

**zoonosis.** પ્રાણી રોગ; એક પ્રાણી પરથી બીજા પ્રાણીને અથવા માનવીને લાગુ પડતો રોગ. (૨) પ્રાણી પરજીવીના કારણે થતો રોગ. **zoophagus.** પ્રાણીભક્ષી. **z. parasite.** પ્રાણીભક્ષી પરજીવી; પ્રાણીના શરીરમાં કે શરીરની ઉપર જીવતું પરજીવી.

**zoophilous.** પ્રાણી પરાગિત. **z. flower.** પ્રાણી પરાગિત પુષ્પ.

**zoophyte.** વનસ્પતિ જેવાં પ્રાણીઓનો એક પ્રકાર.

**zooplankton.** પ્રજીવો અથવા એક કોષી પ્રાણીઓ, રોટિફેરા, સ્તરકવચી ઇ. ના જળજ વનસ્પતિના પ્રાણીઓના એક ભાગ જેવા સજીવો.

**zoosperm.** ચલ બીજાણુ.

**zoosporangium.** ચલ બીજાણુધાની.

**zoospore.** ચલ બીજાણુ, અલિંગી ચલ પ્રજનનક્ષમ કોષ, જે ઉત્તરોત્તર થતા વિભાજન દ્વારા નવી વનસ્પતિનું નિર્માણ શક્ય બનાવે છે.

**zootaxy.** પ્રાણીનું વર્ગીકરણ.

**zootechny.** પ્રાણીઓનું વૈજ્ઞાનિક સંવર્ધન અને/અથવા તેમને પાળવાની પ્રક્રિયા.

**zootomy.** પ્રાણી વ્યવચ્છેદન અથવા પ્રાણી દેહ રચના.

**zwitter ions.** ઝિવટર આયન, વિદ્યુતભાર વિનાનાં આયનો

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**zygapophysis.** અન્ય પ્રાણીની સાથે જોડવા માટે પ્રાણીના કશેરૂકા પર કરવામાં આવતી પ્રક્રિયા.

**zygodactyl.** બે આગળ અને બે પાછળ રહે તેમ આંગળીઓની જોડી. **zygodactylous.** બે આગળ અને બે પાછળ રહે તેવી જોડ આંગળીઓવાળું.

**zpgomatic bone.** ગંડાસ્થિ.

**zygomorphous.** એકજ તળ પર સરખાં અડધિયાંમાં વિભાજિત થઈ શકતાં (પુષ્પ).

**xygonema.** યુગ્મ સૂત્રણ.

**zygospore.** યુક્ત બીજાણુ, એક સરખા બે જન્યુના સંયોગથી બનતું વિશ્રામી બીજાણુ.

**zygote.** ફલિતાંડ; નિષેચિતજ ફલિતાંડ; પ્રજનન દરમિયાન નર અને માદા જન્યુઓના સંયોગથી રચાતો કોષ, ફલિત અંડકોષ. (૨) આવા કોષમાંથી નિર્માણ પામતો વ્યક્તિગત સજીવ. **zy. nucleus.** ફલિતાંડ કોષકેન્દ્ર, યુક્તકોષકેન્દ્ર.

**zygophyllaceae.** ગોક્ષુરાદિ કુળની વનસ્પતિ, જેમાં ધમાસો, ગોખરુ ઇ.નો સમાવેશ થાય છે.

**zygotene.** સમ વિભાજન દરમિયાનની બીજી અવસ્થા, જેમાં રંગતંતુઓ જોડીમાં એક સરખા બને અને પાયારૂપ ધારણ કરે છે.

**zymogen.** કોષે અક્રિય રૂપે નિર્માણ કરેલો પ્રાથમિક ઉત્સેચક, પુરોગામી ઉત્સેચક.

**zymogenic bacteria.** આથવણ બીજાણુ. **zy. flora.** વિઘટિત કાર્બનિક પદાર્થ અથવા ખાતરના પરિણામે જમીનમાં ઉગતી વનસ્પતિ.

**zymogenous.** કિણ્વજ સૂક્ષ્મ (વનસ્પતિ).

**xymosis.** આથવણ, સામાન્ય રીતે અથવા ગમે તે પ્રકારનો આથવણનો રોગ. **zymotic.** આથવણનું-તે સંબંધી. **zy. diseases.** બહારથી પ્રવેશેલાં જંતુઓના પ્રગુણનના કારણે વ્યાપક અથવા પ્રાદેશિક રીતે પેદા થતો રોગચાળો.

**zymurgy.** આથવણ અંગેની પ્રયોજિત રસાયણ વિજ્ઞાનની એક શાખા.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ખિસ્સાકોશ

આ લઘુકોશમાં, જેમની જોડણી જોવી પડે એવા તેરથી ચૌદ હજાર શબ્દોની વ્યાકરણ સાથે માત્ર જોડણી આપવામાં આવી છે. લેખકો, વિદ્યાર્થીઓ, શિક્ષકો વગેરેને એ ખૂબ ઉપયોગી થશે.

કિં. રૂ. ૮–૦૦

## ગુજરાતી–હિન્દી કોશ

સંપા. મગનભાઈ દેસાઈ

લોકોપયોગિતાને ધ્યાનમાં લઈ ને, હિંદી શિક્ષણ અને પ્રચારની ગુજરાતની માંગને પહોંચી વળે એટલી શબ્દસામગ્રી એટલે લગભગ ૨૫ હજાર જેટલા શબ્દો આ કોશમાં સંઘરાયા છે. હિંદી–હિન્દુસ્તાની ભાષાનો સવિશેષ ઉપયોગ, શબ્દપ્રયોગ, શબ્દોની વ્યાખ્યા તેના પર્યાય વગેરેથી સભર રાષ્ટ્રભાષાના અભ્યાસીઓને આ કોશ ઘણો ઉપયોગી છે.

કિં. રૂ. ૮–૦૦

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ખિસ્સાકોશ

આ લઘુકોશમાં, જેમની જોડણી જોવી પડે એવા તેરથી ચૌદ હજાર શબ્દોની વ્યાકરણ સાથે માત્ર જોડણી આપવામાં આવી છે. લેખકો, વિદ્યાર્થીઓ, શિક્ષકો વગેરેને એ ખૂબ ઉપયોગી થશે.

કિં. રૂ. ૮–૦૦

## ગુજરાતી–હિન્દી કોશ

સંપા. મગનભાઈ દેસાઈ

લોકોપયોગિતાને ધ્યાનમાં લઈ ને, હિંદી શિક્ષણ અને પ્રચારની ગુજરાતની માગને પહોંચી વળે એટલી શબ્દસામગ્રી એટલે લગભગ ૨૫ હજાર જેટલા શબ્દો આ કોશમાં સંઘરાયા છે. હિંદી–હિન્દુસ્તાની ભાષાનો સવિશેષ ઉપયોગ, શબ્દપ્રયોગ, શબ્દોની વ્યાખ્યા તેના પર્યાય વગેરેથી સભર રાષ્ટ્રભાષાના અભ્યાસીઓને આ કોશ ઘણો ઉપયોગી છે.

કિં. રૂ. ૮–૦૦

Serving JinShasan
076583
gyanmandir@kobatirth.org

For Private and Personal Use Only